૪૨૪૫

૧૧૨-૧-૨૩

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી

વર્ષ ૭

અંક ૧-૨-૩

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

સાતમા વર્ષના પ્રારંભે

વિશેષાંક

જૈનરત્ન શ્રમણોપાસિકાઓ

પરમ ઉપકારી ગુરુદેવ શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધમશી નથુભાઈ (કાનાલુંશ-હાલાર) તથાતેમના પૌત્રસ્વ. ચન્દ્રકાન્તભાઈ તથા સ્વ. નરેન્દ્રભાઈ જુઠાલાલભાઈ શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમશી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ સહ પરિવાર

14 WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)

શ્રી જૈન શાસન કાર્યાલય, શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર, સૌરાષ્ટ્ર, INDIA PIN - 361005

હાલાર દેશના મહાન ઉપકારી પરમ ગુરુદેવ કવિરત્ન આચાર્ય દેવ શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર અમારા સદાના માર્ગદર્શક ગુરુદેવ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પરમ સદુપદેશથી।

જૈનશાન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

અમારૂં સત્સંગ મંડલ

મંડલ ના એકે એક ભાઈ બહન ખૂબ ભાવિક છે ધર્મ પ્રેમી દયાલુ છે. આ મંડલ ને ૨૦ વર્ષ નજીકમાં પુરા થાય છે. છેલ્લા ૧૪ વર્ષથી એક જ જગ્યાએ હોલમાં સત્સંગ છે દર ગુરુવારે ૧૨-૩૦ થી ૩-૩૦ સુધી હોય છે તે સિવાય પેખવાડિક ચાલે છે. મંગલવારે રાત્રિ ૮ થી ૧૦ એજ હોલ માં રાખીએ છીએ. કોઈ વાર શુક્રવારે કે શનિવારે પણ સત્સંગ હોય. કોઈ ના ઘેર પણ સત્સંગ હોય, પૂજા પણ હોય, દર પખ્ખી પ્રતિક્રમણ શ્રીમતી ચંદ્રિકા બેનને ત્યાં કોઈ વાર શ્રીમતી દેવકુંવર બેન કુલચંદ ને ત્યાં કે કોઈ વાર જીવીબેન રાયશી ને ત્યાં હોય મહીને, ૩ મહીને કે ૬ મહીને દેસાવગાસિક વ્રત રાખીએ અને બીજી પણ જુદી ધાર્મિક પ્રવત્તિઓ ચાલે છે.

સોના શુભભાવો વધે એજ અભિલાષા

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડલ

(લંડન) ના ભાઈઓ તથા બહેનો....

64A The Limes Ave Arnos Grove, London-N-II-IRL (U.K.)

ભાઇઓ

(૧) રતિભાઈ ડી. ગુઢકા (૨) પ્રેમચંદભાઈ દેપાર શાહ (૩) વેલજીભાઈ
(૪) લાલજીભાઈ (૫) કાંતિભાઈ (૬) પોપટભાઈ
(૭) હિંમતભાઈ (૮) જમનાદાસભાઈ (૯) લખમશીભાઈ
(૧૦) છોટુલાલભાઈ

બહેનો

(૧) ચંદ્રીબેન આર. શાહ (૨) દેવકુંવરબેન વી. શાહ (૩) જીવીબેન રાયશી ભુવા (૪) મોતીબેન પ્રેમચંદભાઈ (૫) હંસાબેન (૬) સૂર્યાબેન મહેતા (૭) મનુબેન (૮) રણિયાતબેન (૯) શારદાબેન ટોલીયા (૧૦) રમાબેન એસ. શાહ (૧૧) પદ્માબેન (૧૨) સવિતાબેન (૧૩) કંચનબેન (૧૪) ભાનુબેન (૧૫) જીવીબેન જુઠાભાઈ (૧૬) મણિબેન દેવચંદભાઈ (૧૭) મણિબેન કાંતિભાઈ (૧૮) મોંઘીબેન (૧૯) વાલીબેન (૨૦) નર્મદાબેન માણેકચંદભાઈ (૨૧) શાંતાબેન (૨૨) લલિતાબેન પત્તાણી (૨૩) દેવકુંવરબેન દેવચંદભાઈ (૨૪) શાંતાબેન હેમરાજભાઈ (૨૫) ભાનુબેન રતિલાલ (૨૬) લક્ષ્મીબેન (૨૭) મણિબેન ગોસરભાઈ (૨૮) મણિબેન રાયચંદભાઈ (૨૯) લાભુબેન શાહ (૩૦) રતનબેન મહેતા (૩૧) શાંતાબેન રતિલાલ ગુઢકા (૩૨) વિજયાબેન (૩૩) હસુમતીબેન (૩૪) સોનાબેન (૩૫) મોતીબેન મેઘજીભાઈ (૩૬) મણિબેન શામજીભાઈ (૩૭) અમૃતબેન જેસંગભાઈ (૩૮) અમૃતબેન દેવચંદભાઈ (૩૯) ઈંદુબેન (૪૦) જયાબેન (૪૧) કસ્તુરબેન (૪૨) કસ્તુરબેન પ્રેમચંદભાઈ (૪૩) જશોદાબેન (૪૪) શિવકુંવરબેન પારેખ (૪૫) મોતીબેન છોટુભાઈ (૪૬) કુમુદબેન (૪૭) મણિબેન ગોર્વીદજી (૪૮) લતાબેન (૪૯) હિમાબેન (૫૦) કંકુબેન (૫૧) દેવકુંવરબેન કુલચંદ (૫૨) કંચનબેન મોતીસિંહ શાહ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુદકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વડોદરા)
ચાંદમલ પદમશી ગુદકા (થાણા ગઢ)

વર્ષ ૭ | ૨૦૫૦ ભાદરવા સુદ-૧ મંગળવાર તા. ૬-૯-૯૪ [અંક ૧-૨-૩

-: સમ્યગ્દૃષ્ટિ માતાની મનોહર મનોદશા :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

સમ્યગ્દૃષ્ટિ આત્માઓ કર્મસંયોગે સંસારમાં રહેવા છતાં પણ તેઓના હૈયાની ભાવના કઈ હોય છે, મનોદશા કેવી હોય છે તે આર્યરક્ષિતની માતાના પ્રસંગથી સારી રીતના જાણી શકાય છે. પૂ. પ્રવચનકારશ્રીજીની પ્રસંગને મર્મસ્પર્શી છણાવટ હોય એટલે પૂછવા જ શું ! 'શ્રી 'જૈનપ્રવચન'માંથી અક્ષરશઃ ઉતારા સાથે.

સૌ વાચકો 'કર્મને સંસાર અને મનપૂર્વક ધર્મ' કરનારા બને તો જ (કલ્યાણને સાથે, તે જ ભાવના— —સંપા૦)

આર્યરક્ષિત, ચૌદ વિદ્યાનો પારગામી થઇ, બાર વર્ષે ઘેર આવ્યો. આખું નગર સામે ગયું. ખુદ રાજા પણ સામે ગયો, માએ આ બધું સાંભળ્યું. મા વિચારે છે કે, 'દીકરો, પુણ્યવાન તો ખરો કે આખું નગર, રાજા સહિત લેવા સ્હામે ગયું. પણ બધા ભેગી હું જાઉં તો મારા દીકરાનો બેલી કોણ ? બધાની સાથે હું જાઉં, તો એના પરલોકનું શું થાય ? મારો દીકરો પંડિત થઇ આવ્યો, એ પંડિતાઇથી જો દુર્ગતિમાં જાય તો મારી કુખ લાજે, મારે સામે જવું નથી.' મા સામે ન ગઇ.

આર્યરક્ષિતનું આખું કુટુંબ મિથ્યાદૃષ્ટિ હતું. માત્ર મા એકલી સમ્યગ્દૃષ્ટિ હતી. એ સમ્યગ્દૃષ્ટિમા સામાયિક લે છે. આજની મા તો સામાયિક લીધું હોય તો પણ ઉભી થઇને જોવા જાય ! દીકરો ચારે તરફ જુએ છે કે મા કયાં ? માને ન

દેખવાથી દીકરાને શંકા થાય છે કે મા ન આવી તે જરૂર કારણસર. નહિ તો આખું નગર આવે, ખુદ રાજા આવે અને મા કેમ ન આવે ? બધે ફરી વળી આવી સંવે. ઓરડામાં ગયો. દીકરો પગે પડયો. મા ઉદાસીન હતી, દીકરો કહે છે–મા ! આખું નગર, ખુદ રાજા બધાને આનંદ, આખા નગરમાં આનંદની લહેરો ઉછળી, અને તું આવા ઉદાસીન ભાવે કેમ છે ? જાણે મને ઓળખતી જ નથી, માએ કહ્યું–આખું નગર એ **તારી મા નથી, હું તારી મા છું. નગર તારી બાહ્ય સાહ્યબી પર રાચે, પણ તારા યોગ્ય ગુણો પ્રગટ ન થાય ત્યાં સુધી હું ન રાચું. તું વિદ્યા તો ભણી આવ્યો પણ એ પેટની વિદ્યા. દૃષ્ટિવાદ ન ભણે ત્યાં સુધી મને આનંદ ન થાય.'**

દીકરાએ વિચાર્યું. કે, 'કેવું મજેનું નામ ! દૃષ્ટિવાદ. વળી મા રાજી ન થાય ત્યાં સુધી નગર રાજી થાય એ શું કામનું ?' દીકરા કેવા ? માતાને રાજી કરવા તૈયાર દીકરાએ પૂછયું, 'માતા ! એ ભણાવે કોણ ?' તમે જાણો છો, દૃષ્ટિવાદ શું ? બારમું અંગ, સાધુ થાય એ ભણે. આ મા ભણવા મોકલે છે. માએ કહ્યું–'તારા મામ જૈનાચાર્ય છે. ત્યાં જા. એ જેમ કહે તેમ કરજે પણ ભણીને આવજે.'

રાત્રે આર્યરક્ષિત ઊંઘ્યો નહિ, પ્રભાતમાં વહેલો ઉઠયો, માને કહ્યા વિના ચાલવા માંડયું. રસ્તામાં, સામેથી બાપનો મિત્ર બ્રાહ્મણ, જે આર્યરક્ષિતને મલવા આવતો હતો તે મલ્યો, એના હાથમાં સાડાનવ શેલડીના સાંઠા હતા. તે આર્યરક્ષિતને ભેટ કર્યા, આર્યરક્ષિતે કહ્યું કે–'હું બહાર જાઉં છું ને આ સાંઠા મારી માતાને આપજો ને કહેજો કે આર્યરક્ષિત ગયો.' આર્યરક્ષિત બુધ્ધિનો નિધાન હતો, સમજ્યો કે, સાડાનવ ટુકડા જેટલું ભણાશે. પેલા બ્રાહ્મણે એની માતાને જઇ સંદેશો આપ્યો તથા શેલડીના સાંઠા આપ્યા. માતાએ પણ નકકી કર્યું કે, દીકરો સ્હાડાનવ પૂર્વ ભણશે. સવા દશ પૂર્વ ભણી શકશે નહિ.

ઉપાશ્રયની બહાર ઉભો રહ્યો, વિધિ જાણતો ન હતો માટે. એક શ્રાવક અંદર ગયો, નિઃસીહી કહીને, તે એણે જોયુ. આચાર્યાદિને તમામને વંદન કરી, તે શ્રાવક આચાર્યની પાસે બેઠો. આર્યરક્ષિતે બધું જોયું ને તરત શીખી ગયો. તે મુજબ સૂત્રોચ્ચારપૂર્વક વિધિ કરીને તે શ્રાવકની પાસે જઇ બેઠો. આચાર્યે તરત કહ્યું કે–આ કોઇ નવો શ્રાવક છે ? આચાર્યે પૂછયું કે–આ કોણ ? પાસેના સાધુએ જણાવ્યું કે–કાલે રાજાએ જેનો નગરમાં પ્રવેશ મહોત્સવ કર્યો તે. આચાર્ય કહે–અહો ! કેમ આવવું થયું ? આર્યરક્ષિત–મહારાજ ! દૃષ્ટિવાદ ભણવા. આચાર્ય–બહુ સારી વાત, પણ એ આ રીતે ન ભણાય. આર્યરક્ષિત–સાહેબ ! કહો એ રીતે. મારે માના વચનને પાળવું

છે. આચાર્યે કહ્યું-આ કપડાં (સંસારી વેષ) કાઢો અને આવાં (સાધુ વેષના) પહેરો, પછી ભણે. આર્યરક્ષિતે બધું જેમ કહ્યું તેમ કર્યું અને ભણવા માંડયું. તેમાંએ પહેલું આ ભણવો એમ નહિ, ગુરૂ કહે એમ જ ભણવાનું. આર્યરક્ષિત ગુરુને કહે કે, મહારાજ! મને બેસાડયો તો ખરો પણ મારી પૂંઠે બહુ છે. રાજા સુદ્ધાં છે માટે ચાલો. રાજા ઉપદ્રવ કરે માટે અહીંથી પધારો, ગુરૂ નીકળી ગયા, અને આર્યરક્ષિત ક્રમે ક્રમે ભણવું હતું એ બધું ભણ્યા.

બાપ જ્યારે ઘેર આવ્યો ત્યારે આર્યરક્ષિતની માને પૂછ્યું કે, આર્યરક્ષિત કયાં ગયે ? મા કહે કે, કયાંક ગયો હશે ? મા મનમાં જાણતી હતી કે મારા દીકરાને દૃષ્ટિવાદ ભણવામાં જરા પણ તકલીફ આવે નહિ. એક વખત મા વિચારે છે કે એક તો ગયે પણ નાનો ફલ્ગુરક્ષિત બાકી છે. આ, મા ! જિનશાસનની આ, મા ! તમારે મા છે કે નહિ ? એક દિવસ મા આર્યરક્ષિતના બાપને કહે છે, આર્યરક્ષિત ગયો તે ગયો. મેં સાંભળ્યું છે કે અમુક સ્થળે છે. એ તો કાગળ પણ લખતો નથી. જો ફલ્ગુને મોકલો તો એ લઇને આવે. બાપે કહ્યું ભલે જાય.

મા એ કહ્યું-'દીકરા ફલ્ગુ ! જો, આર્યરક્ષિતને કહે જે કે, તમારા વિના મા-બાપ ઝુરે છે. લીધા વિના આવતો નહિ. એને અહિં લાવવા માટે જે કરવું પડે તે બધું કરજે. અને કહેજે કે તમે આવો તો બધા કહેશો તેમ કરશે, એ કહે એમ કરવામાં તું જરાએ આંચકો ખાઇશ નહિ.' મા સમ્યગ્દૃષ્ટિ હતી. જાણતી હતી કે આ દીકરો આખા કુટુંબને તારે એવો છે.

ફલ્ગુરક્ષિત ત્યાં ગયો અને કહે છે, ભાઇ ચાલો ! માતા પિતા તમારા વિના ઝુરે છે. આર્યરક્ષિત-મારે તો અહિં મજા આવે છે, ભણાય છે હું નહિ આવું. ફલ્ગુરક્ષિત-'તે એમ નહિ ચાલે, મા એ મને કહ્યું છે કે લીધા વિના આવીશ નહિ અને કહેવરાવ્યું છે કે તમે આવશો તો બધાએ તમે કહેશો તેમ કરીશું.' આર્યરક્ષિત-એની ખાત્રી શી ? હું કહું છું તેમ તું કરે તો મને ખાત્રી થાય. ફલ્ગુરક્ષિત-આપ કહો તેમ કરવાને કબુલ છું. તરત ફલ્ગુરક્ષિત પણ સાધુ થયા. માએ કહ્યું હતું કે મોટા ભાઇને લાવવામાં જે કરવું પડે તે બધું કરજે, જોયા દીકરા !

ફલ્ગુરક્ષિતે એક વાર કહ્યું કે તમે તો અહીંને અહીં રહો છો, મા પાસે તો ચલો. હવે આર્યરક્ષિત આચાર્ય ગુરૂની રજા લઇ પાંચસેં સાધુના પરિવાર સાથે, જગતના પૂજ્ય થઇને આવ્યા. આજે માતા મહોત્સવપૂર્વક સામે લેવા આવે છે. માને મહોત્સવનો આજે સમય છે. દીકરો દૃષ્ટિવાદ ભણીને આવ્યો. કેમ મહોત્સવ

ન કરે ? આજે પણ આખું નગર, રાજા સુદ્ધાં સામે જાય છે. મા આર્યરક્ષિતના બાપને પણ સાથે લે છે, એના બાપને હજી એ ખબર નથી કે આર્યરક્ષિત કયા રૂપે આવે છે ? જ્યાં નજરે જોયો ત્યાં બાપ કહે છે છે, આ તો સાધુ થઈને આવ્યો, પણ બોલી શકે ? પાંચસે શિષ્યના પૂજ્ય ગુરુ, આચાર્ય હવે બોલવાની તાકાત કેની ? એ પ્રભાવ જુદો છે. આર્યરક્ષિતની દેશનાથી એમનું આખું કુટુંબ દીક્ષિત થયું. માત્ર એક બાપ નહિ. બાપ પાકો મિથ્યાદૃષ્ટિ હતો. બાપ કહે છે કે-તેં આ કર્યું ? મારું આખું ઘર ખાલી કર્યું ? હું નહિ આવું. આર્યરક્ષિત-તમારી મરજી. બાપ-પણ એકલો ઘરમાં રહું શી રીતે ? હૃદયમાં ઇચ્છા વિના બાપે પણ આર્યરક્ષિતને કહ્યું કે હું પણ દીક્ષા લઉં પણ હું કહું તેમ કરો તો. હું કમંડળ રાખીશ, જનોઇ પહેરીશ, છત્રી રાખીશ, ચંપલ પહેરીશને ધોતીયું પહેરીશ. આચાર્યે કહ્યું કે, તેમ ચાલો. એમને તો બાપને પણ સુધારવા જ હતા ને ! પિતાના ઉપકારનો બદલો વાળવો હતો.

આચાર્ય જ્યાં જાય ત્યાં ગામના છોકરાને શીખવી રાખે કે બધાને વંદન કરજો પણ પેલા ડોસાને વંદન કરતા નહિ. એ ચીડાય અને પૂછે તો કહેજો કે છત્રી મૂકો તો વાંદીએ, પહેલે ગામ એવી રીતે છત્રી મૂકાવી, એમ બીજાં ગામ બીજું. એવી રીતે ચાર ચીજ તો મૂકાવી પણ ધોતીયું ન મૂકે. એ કહે કે ભલે મને ન વાંદો પણ ધોતીઉં તો પહેરવાનો. આચાર્યે વિચાર્યું કે આ શી રીતે નીકળે ? એક વખત એક સાધુ કાળ-ધર્મ પામ્યા. આચાર્યે કહ્યું કે, આ સાધુના શબને ઉપાડી લઈ જાય એને બહુ લાભ થાય. ડોસા કહે કે હું ઉપાડું. આચાર્ય કહે કે તમારું કામ નહિ. એમ ગમે તેવા ઉપસર્ગ થાય તો યે હેઠે મૂકાય નહિ, હાથ ખસેડાય પણ નહિ. ડોસા કહે કે-એમાં શું ? પણ મને લાભ લેવા દો. આચાર્યે છોકરાઓને શીખવી રાખ્યું કે બજારમાં ધોતીઉં ખીંચી લેવું. સાધુઓને શીખવી રાખ્યું કે એ વખતે તરત ચોળપટ્ટો પહેરાવી દેવો. બરાબર બજાર વચ્ચે છોકરાઓએ ધોતીયું ખીચ્યું અને સાધુઓએ ચોળપટ્ટ પહેરાવી દીધો. ઉપાશ્રયે આવ્યા એટલે આચાર્યે કહ્યું કે-આ શું ? ચોળપટ્ટો કેમ પહેર્યો ! ધોતીયું પહેરી લ્યો. ડોસા કહે કે હવે નહિ. હવે તો એ જ. એક આદમી તરે તે કેટલાને તારે ! **આ બધાનું નિદાન કોણ ? સમ્યગ્દષ્ટિ માતા.**

હજી એક વાત બાકી રહી, ડોસા ભીક્ષા લેવા જતા નથી. માગું એ કેમ બને ? આચાર્યે વિચાર કર્યો કે ભીક્ષા લાવનાર ઘણા છે પણ ભીક્ષા લાવવામાં સંકોચ એ ધર્મ નહિ એક દિવસ આર્યરક્ષિતસૂરિ સવારમાં ઉઠીને બીજે ગયા. શિષ્યોને કહેતા ગયા હું બહાર જાઉં છું. આજે ડોસાને કોઇ ભીક્ષા લાવી આપશો નહિ. તમે તમારું કરજો, તે દિવસે ડોસાને

કોઇએ ભીક્ષા લાવી આપી નહિ. ડોસાએ કહ્યું આજે આર્યરક્ષિત નથી એટલે તમે ભીક્ષા નથી લાવી આપતા, આવવા દો એમને કપકો ખવરાવું. બીજે દિવસે આર્યરક્ષિત આવ્યા એમને ડોસાએ કહ્યું–આ જોયા તમારા શિષ્યો, કોઇએ મને ભીક્ષા ન લાવી આપી. આચાર્યે કહ્યું લાવો હું લાવી આપું. ડોસા કહે તમારાથી ન જવાય, તમે આચાર્ય છો. આચાર્યથી ન જવાય. હું જઈશ. ડોસા પોતે ગયા. પુણ્યવાન એવા કે પહેલે જ દિવસે એક જ ઠેકાણેથી ભીક્ષામાં બત્રીશ મોદક મલ્યા, આચાર્યે વિચાર્યું કે, એમને બત્રીશ મહાન શિષ્ય મળશે. પછી આચાર્યે ભીક્ષા કેમ લાવવી, એ સમજાવ્યું નિર્દોષ ભીક્ષાની સમજ આપી, આખું કુટુંબ તર્યું.

જૈન શાસનની મા આવી હોય ! આજ તો માબાપને મોઢે દીકરો વૈરાગ્યનો વિચાર પણ પ્રગટ ન કરી શકે. વાત કરતાં પહેલાં મોઢે ડૂચો દેવાના પ્રયત્નો થાય. જૈનશાસનમાં આજે આવી માતાઓની ઘણી જ જરૂર છે.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

मांसास्वाद न लुब्धस्य, देहिनं देहिनं प्रति ।
हर्त्तुं प्रवर्तते बुद्धि, शाकिन्या रुव दुर्धियः ।
માંસ ભક્ષણના લુલચુઓ, દુર્બુદ્ધિ વાળાઓ દરેક જીવને
મારવાની બુદ્ધિમાં શાકિની ની જેમ પ્રવર્તે છે.

ZALAWAD

Ceramics Industries

MFG : Sanitarywares

Tarnetar Road, Thagadh-

Phone F : 20326 R : 20526

ASIAN

Ceramic Industries

Manufacturers of Fine sanitaryware
& GlaZed tiles

Navagam Road,

Thangadh- (Gujrat)

F : 20926 R : 20526

પ.પૂ. કેસરસાગર ગણિ જ્ઞાન મંદિર

હાસમપુરા તીર્થ (ઉજ્જૈન) (મધ્યપ્રદેશ)માં
પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

ઉપધાન તપ

ભાવભર્યું ખાસ આમંત્રણ

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રભુ મ સાથ જણાવવાનું જે તીર્થની નૈસર્ગિક ભૂમિમાં દોષ ન લાગે તેવા વાતાવરણમાં પ્રાચીન ઐતિહાસિક હાસમપુરા તીર્થમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુના સાનિધ્યમાં પૂજ્ય હાલારદેશોદ્ધારક આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં આયોજન કર્યું છે.

આ ઉપધાન તપમાં દેશમાંથી તથા પરદેશ આફ્રીકા લંડન અમેરિકા વિગેરેથી પણ પધારીને તપમાં જોડાવા ખાસ નમ્ર વિનંતિ છે.

ફ્ર ઉપધાન તપના મુહૂર્તો ફ્ર

પ્રથમ મુહૂર્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૦ સોમવાર તા. ૨૮-૧૧-૯૪
બીજું મુહૂર્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૨ બુધવાર તા. ૩૦-૧૧-૯૪

લિ.
શાહ નથમલ ટેકચંદજી (વાસાવાળા)
C/o. મગનલાલ વીરચંદ શાહ
૬૫ સર હુકમચંદ માર્ગ ઇંદોર-૪૫૨૦૦૧ (M.P.)

હાસમપુરા તીર્થ ઉજ્જૈનથી ૧૩ કિ.મી. છે ઉજ્જૈન આવવા ટ્રેનો ૮ સો બધી બાજુથી મળે છે. કારતક સુદ પાંચમ સુધી નામ આવી જાય તેમ કરવા વિ. તી.

નામ લખાવવાના સ્થળ :- (૧) ઉપધાન કરાવનાર (૨) અર્બુદગિરિ જૈ। ઉપાશ્રય ઇંદોર (૩) શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (૪) પ્રેમચ દ ભારમલ દોઢીયા ધર્મેધર ૬૫-૬૯ એચ.કે. માર્ગ મા.ટુંગા બી.બી. મુંબઇ (૫) મહાવં ર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા બજાર અમદાવાદ (૬) મેઘજી વીરજી દોઢીયા નાઇરોબી (૭) ચંતિલાલ ડી. શુદકા ૧૧૭ સડબરી મીડલસેક્ષ લંડન (૮) ઓસવાળ યાત્રિક ગૃહ તળેટી રોડ, પાલીતાણા

પ.પૂ. પરમ શાસન પ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. હાલાર દેશોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી

સફળતાના માર્ગે આગળ વધતી

જૈન શાસન વિશેષાંક કાયમી યોજના

જૈન ધર્મના સિદ્ધાંત અકાટ્ય છે અને તેની રજુઆત તથા સિદ્ધિ શાસ્ત્રોમાં છે તેની શ્રધ્ધા આરાધના અને રક્ષા એ જીવની શિવસાધનાનું અંગ છે. તે માટે પરાપૂર્વથી પૂજ્ય પુરુષો તે શાસ્ત્રોનું અધ્યયન આરાધન દ્વારા સંરક્ષણ કરી રહ્યા છે.

તે સિદ્ધાંતો અંગે અજ્ઞાન આદિના ઉદયથી વિપરીત રીતે લખે બોલે અને આચરે ત્યારે તે સામે સત્ય રજુઆત કરી શાસ્ત્રોના સિદ્ધાંતોની તથા આરાધનાની અખંડ શ્રધ્ધાની જાળવણી કરવી પડે છે. તે માટે મહાપુરુષો એ ફરજ બજાવતા આવ્યા છે.

વર્તમાનમાં નૂતન યુગ પ્રવાહ, કેળવણી, શ્રધ્ધાની ખામી અને અનીતિ અન્યાયનું દ્રવ્ય અને જીવન દ્વારા આ દોષ જે ફેલાય છે તેને રોકવા અગર સત્યને જાળવવા શક્તિ પ્રયત્ન કરે છે તે પ્રયત્નોમાંનો એક પ્રયત્ન શ્રી મહાવીર શાસન માસિક દ્વારા પરમ પૂજ્ય હાલારદેશોધ્ધારક આચાર્યદેવ શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી રાસંગપૂર (હાલાર)માં નકી થયો અને શાખાબાવળ (હાલાર)થી પ્રારંભ થયો, તે શ્રી મહાવીર શાસનને અઠવાડિક રાખવાની પૂજ્યશ્રીની પ્રેરણા છતાં સંયોગવશ પાક્ષિક શરૂ કર્યું અને પછી માસિક કર્યું.

શાસનના પ્રશ્નો અને પ્રભાવનાના સમાચારો માટે માસિક ઘણું લાંબુ પડી જાય રજુઆત અને પ્રચાર માટે તરત થાય તો જ મહત્વ રહે, એ માટે પૂર્વે શ્રી વીર શાસન હતું, તે રીતે થાય તે જરૂરી ગણાય.

અઠવાડિક શરૂ કરતાં શ્રી મહાવીર શાસનને જ અઠવાડિક કરવા વિચારણા કરી પરંતુ તેના પરદેશમાં સેંકડો ગ્રાહકો કાયમી ગ્રાહકો હોવાને કારણે તેમ કરવા જતા તેના લવાજમથી ડબલ પોસ્ટેજ થાય અને અંકોનો વળી જુદો ખર્ચ થાય તેને પહોંચી ન વળાય અને પરદેશના સેંકડો ગ્રાહકોમાં થતો પ્રચાર બંધ થાય તેથી નૂતન અઠવાડિક શાસનના પ્રશ્નો માટે શરૂ કર્યું તેનું નામ શ્રી જૈન શાસન છે.

૭ વર્ષમાં શ્રી જૈન શાસનને રક્ષાનો અને પ્રચારનો પ્રયત્ન કર્યો અને આગવું

સ્થાન લીધું. અને જેઓને જૈન સિધ્ધાંતોનો પ્રેમ છે અને સમજ છે તેના સહકાર મળતો રહયો. એ માટે તે સહકાર આપનારા શ્રી જૈન શાસનના પ્રાણ છે : નિઃશંક છે. નહિંતર આ પત્ર ચાલી શકે નહિ.

જુદા જુદા કાર્યો કે પ્રસંગોમાં દાન આપનારને તે તે લાભ મળે છે તેમ જૈન શાસનને સહકાર આપનારને જ્ઞાન પ્રચાર, ધર્મ શ્રધ્ધાની સ્થિરતા અને ધર્મ ના સિદ્ધાંતોના રક્ષણનો મહાન લાભ મળે છે. અને તેથી વિઘ્ન કે અવજ્ઞાના પરિબળે વચ્ચે પણ શાસન જયવંતુ રહ્યું છે તે તેના શુભેચ્છકોને આભારી છે.

દર વર્ષે તેની યોજનામાં ૧૦૦–૫૦૦ વિગેરે લખાવવા તે કેટલાને પસંદ ન પડે અને તેથી અવજ્ઞા અનાદર, કે વિરોધ પણ કરે તેમ બને. છતાં શાસન રક્ષા માટે તે બધું સહન કરીને આ કાર્ય ચાલુ રહ્યું છે.

દર વર્ષે તે યોજના ના કરવી પડે તે માટે કાયમી વિશેષાંક યોજના કરી અને તે પરમ પૂજય પરમ શાસન પ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તથા પરમ પૂજય હાલારદેશોધ્ધારક પૂજય આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી તથા પરમ પૂજય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અને માર્ગદર્શનથી સફળતાના માર્ગે આગળ વધી છે. અને ભવિષ્યમાં તે પરિપૂર્ણ સફળતા પામશે એવી આશા રખીએ છીએ

આ યોજનામાં પૂજય આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી અનેક ભાવિકોએ પોતાની જૈન ધર્મની શ્રધ્ધાના બળે સારો પ્રયત્ન કરીને સહકાર અપાવ્યો છે તે અમારે માટે ઘણા આનંદની વાત છે. તે સૌના અમે ઋણી છીએ અને તેઓ સૌને અમે ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ.

ખાસ કરીને ભાઇશ્રી રતિલાલ દેવચંદ ગુદકા (લંડન) તેમણે પરિવાર સાથે સારો પ્રયત્ન કર્યો તે રીતે શ્રીમતી જયાબેન પ્રેમચંદ શાહ (લંડન) તેમણે પોતે ત્રીઓ સાથે સારો પ્રયત્ન કર્યો શ્રીમતી કંચનબેન મોતીચંદ એસ. શાહએ પણ સુંદર પ્રયત્ન કર્યો છે શ્રી જૈન શાસનના તંત્રી ભાઇશ્રી પ્રેમચંદ મેઘજી ગુદકા (પરેલ–મુંબઇ)એ પણ તેવો જ પ્રયત્ન કરીને આ કાર્યને વેગ આપ્યો છે બીજા પણ ભાવિકોએ જે પ્રયત્ન કર્યો છે ભાઇશ્રી મુકુંદભાઇ રમણલાલ શાહ (અમદાવાદ) ભાઇશ્રી અશોકભાઇ પટવા (મલાડ) આદિએ પણ પ્રેરણા કરી છે બીજા પણ ભાવિકોએ પ્રેરણા કરી છે તે તે યાં ત્યાં લખી છે તે સૌનો પણ આભાર માની તે સૌને ધન્યવાદ આપીએ છીએ અને ભાવિમાં આ યોજનાનામાં જોડાવા યોગ્ય ભાવિકોને પ્રેરણા કરતા રહેશે તે આશા રાખીએ છીએ.

શ્રીપુર નગર હતું ત્યાં શ્રીશ્રેષ્ણ પ્રજાવત્સલ રાજા હતો. તેને પુત્ર થયો દેવરાજ નામ આપ્યું. તેને જન્મથી જ દુષ્ટ કોઢ રોગ લાગુ પડયો. ઘણા ઉપચાર કર્યા પણ નિષ્ફલ ગયા.

કર્મના નાશ વિના ઉપચાર પણ ફાવે નહિ.

સાત વર્ષ રોગ ન ગયો ત્યારે નગરમાં ઢોલ પીટી ઘોષણા કરી કે–મારા પુત્રનો રોગ જે કોઈ દૂર કરી આપશે તેને અર્ધું રાજ આપીશ.

તે નગરમાં યશોદત્ત વેપારીને લક્ષ્મીવતી નામે પુત્રી હતી. ધર્મવાન, શીલવાન હતી. તેણે પોતાના શીલની પરીક્ષા કરવા ઢોલને રોકયો.

મૃગ સુંદરીની શ્રદ્ધામાં દૃઢતા

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

તેને રાજાએ બોલાવી. તે ગઇ અને પોતાના શીલના પ્રભાવે હાથ લગાડવા માત્રથી રોગ દૂર કરી દીધો.

રાજાએ પણ અનુક્રમ દેવરાજ કુમારના લગ્ન તે લક્ષ્મીવતી સાથે કર્યા.

યુવાન કુમારને રાજ્યગાદી સોંપી રાજા શ્રીષેણુએ દીક્ષા સ્વીકાર કરી. ઉત્તમ પુરુષો સમયને પારખી શકે છે.

એકવાર પુટ્ટીલાચાર્ય મહારાજ ત્યાં પધાર્યા, વંદન કરી ઉપદેશ સાંભળી દેવરાજે પૂછયું. હે સ્વામી મારે કયા કર્મથી જન્મતાં જ કોઢ રોગ થયો અને એ રોગ આ લક્ષ્મીવતીના સ્પર્શ માત્રથી કેમ ચાલ્યો ગયો ? ગુરુદેવે કહ્યું–તમારો પૂર્વભવ સાંભળો.

પૂર્વભવમાં દેવદત્ત નામે શેઠ હતો તેને ગોપા, દેપા, શિવા અને શુરા નામના ચાર પુત્ર હતા. ચારે મિથ્યામતિવાળા હતા તેમાં જે ચોથો શુર છે તે તારો જીવ છે. તેણે કપટથી મૃગસુંદરી નામની શ્રાવક પુત્રી સાથે લગ્ન કર્યા.

મૃગસુંદરી સંસ્કારી શ્રધ્ધાળુ અને આરાધક હતી. તેને ત્રણ નિયમ હતા. (૧) જિનેશ્વરદેવની પૂજા કરી, (૨) ગુરૂને વહોરાવી પછી ભોજન કરવું. (૩) રાત્રે ભોજન નહિ કરવું.

તે આ પ્રમાણે કરી રહી છે પરંતુ ઘરમાં તેના સાસુ આદિ કોઇને ગમતું નથી. એકવાર બધા ભેગા થયા અને કહ્યું–આ પાખંડ છોડ, જિન પૂજા નહિ થાય, સાધુને નહિ વહોરાવાય અને રાત્રે તો ખાવું જ પડશે. જો આમ ન કરવું હોય તો અમારા ઘરમાંથી ચાલી જા.

મૃગસુંદરી પોતાના વ્રત ભાંગવા તૈયાર નથી તો સામે પૂજા, ગુરૂભક્તિ કરવા દેતા નથી. દિવસે ખાવા દેતા નથી. મૃગસુંદરીને ત્રણ ઉપવાસ થઇ ગયા.

તેની શ્રદ્ધા અડગ હતી. ગુરુદેવ પાસે જઇને વાત કરી.

ગુરુદેવે કહ્યું કે–હે શ્રાવિકા, પાંચ તીર્થની યાત્રા કરવાથી તથા પાંચ સાધુને વહોરાવવાથી જેટલું પુન્ય થાય છે તેટલું પુન્ય ચૂલા ઉપર કાણા વિનાનો ચંદરવો બાંધવાથી થાય છે.

મૃગ સુંદરીએ તે વાત જાણી સ્વીકારીને ઘેર ગઇ. છિદ્ર વિનાનું વસ્ત્ર લઇ ચૂલા ઉપર ચંદરવા તરીકે બાંધ્યું અને પછી ભોજન કર્યું.

ચંદરવો જોઇને તેનો સસરો બોલ્યો. હે પાપિણી મારા કુલના ક્ષય માટે આ શું કર્યું છે?

મૃગ સુંદરી કહે, પિતાજી આ તો જીવોની રક્ષા માટે ઉપર ચંદ્રવો બાંધ્યો છે જેથી રસોઈમાં જીવાત ઉપરથી ન પડે.

'બચ્ચા બચ્ચા જીવ.' તેણે મરકરી કરી ત્યાં સુંદરીના પતિએ તે ચંદરવો ઉતારીને બાળી નાખ્યો.

ફરી સુંદરીએ બાંધ્યો તો ફરી પતિએ તે સળગાવી દીધો. આમ સાત વખત ચંદરવો બંધાયો અને સળગાવાયો.

પછી તો સસરાનો પારો અધ્ધર ચડી ગયો અને અત્યંત ક્રોધ કરીને કહ્યું 'તારા પિતાને ઘેર ચાલી જા.'

મૃગ સુંદરી વિચારે છે કે સામે બોલવું તે અવિનય છે. અને કહે કે આપ મને કુટુંબ સાથે આવીને લઇ આવ્યા છો, તો તેવી રીતે કુટુંબ સાથે મુકી જાવ તો જવા તૈયાર છું. બધા તૈયાર થયા, પ્રયાણ કર્યું વચ્ચે ગામ આવ્યું. ત્યાં શેઠન સંબંધી હતા. રાત પડી ગઇ. સંબંધીએ રસોઇ કરી જમવા બોલાવ્યા. શેઠ કહે વહુ જમે તો અમે જમીએ.

તેમણે મૃગસુંદરીને વિનંતી કરી. તેણી કહે મારે તો રાત્રિ ભોજન બંધ છે. તેથી સસરા આદિએ પણ ન ખાધું.

ઘરના જગ્યા. સવાર થઇને સસરા વિ. જાગ્યા જોયું તો ઘરના જમનારા મરણ પામ્યા હતા. તપાસ કરી તો ત્યાં મરેલો સાપ પડયો હતો. સૌને ખબર પડી કે ધૂમાડાથી વ્યાકુળ બનેલો સર્પ રસોઇમાં પડી ગયો હતો.

ખરેખર સસરા આદિને લાગ્યું કે ઉપર ચંદરવો ન હતો તેથી આમ બન્યું. અમે

બાધું કાંત તો મરી જાત. પુત્રવધૂને પ્રતાપે બચી ગયા. તેણે અમને જીવાડયા. ખરેખર આ પુત્રવધૂ તો દેવી છે. તેની પાસે આવી બધાએ માફી માગી અને અત્યંત આદરથી પાછા પોતાને ઘેર લઇ ગયા. બધા શ્રાવક બન્યા અને રાત્રિભોજન ત્યાગ તથા જિનપૂજા ગુરૂ ભક્તિ કરતા થયા. મૃગ સુંદરીએ કહ્યું.

भद्राः पञ्चशतव्याधैर्यावत् पापं विधियते ।
तावच्चन्द्रोदयाऽबंधे गृहिणो ज्ञानिनो जगुः ।।

હે કલ્યાણકામીઓ પાંચશો માછીમારોને જે પાપ લાગે તે પાપ ગૃહસ્થોને ચંદ્રવો ન બાંધવાથી લાગે છે તેમ જ્ઞાનીઓએ કહ્યું છે.

ગુરૂદેવે રાજા દેવરાજને કહ્યું-હે રાજન્ પૂર્વભવમાં તે ૭ વાર ચંદરવા બાંધ્યા તો સાત વર્ષ કોઢ રહ્યો. અને ધર્મ કર્યો હતો તે રાજા થયો. મૃગ સુંદરી તે લક્ષ્મીવતી બની. તેના સ્પર્શથી તારો રોગ ગયો. આ સાંભળી રાજા રાણી જાતિ સ્મરણ પામ્યા. પુત્રને રાજ સોંપી દીક્ષા લીધી અને સદ્ગતિના ભાગી બન્યા. અટલ શ્રદ્ધા, જીવદયા, પ્રેમ એ ખરેખર મૃગ સુંદરીના જીવનની મહત્તા છે. ધન્ય તે પુણ્યાત્માને.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

न सा सभा यत्र न सन्ति वृद्धा, वृद्धा न ते येन वदन्ति धर्मम् ।
धर्मः स नो यत्र न चास्ति सत्यं, सत्यं न तद्यत्कृतानुविद्धम् । प्र. वि.

તે સભા નથી જ્યાં વૃધ્ધ પુરૂષો નથી, તે ધર્મ નથી જેમાં સત્ય નથી,
જે સત્ય નથી જે પાપકારી છે, હિતને હણે છે.



卐 ♦ બીમલ અગરબત્તી વર્કસ ♦ 卐

૨૩, પ્રહલાદ પ્લોટ,

રાજકોટ

'समेतशिखर प्रसंग और दिगंबरत्वकी प्राचीनता'

એ હેડીંગવાળા પરિપત્રમાં સુભાષ જૈન કેટલુક વિવાદાસ્પદ લખાણ કર્યા બાદ શ્વેતાંબરોમાં પ્રસિદ્ધ 'કલ્પસૂત્ર તથા પંચાશક પ્રકરણ શાસ્ત્રના પાઠથી દિગંબર મત પ્રાચીન છે એવી ભ્રમણ પૂર્ણ રજુઆત કરી છે જે લોકોને ભ્રમિત કરનારી છે અને એ રજુઆત બાંબર સમ્મેતશિખર તીર્થને પોતાની માલીકીનું બનાવવા માટે ગોઠવેલી એક માયાજાલ છે.

શ્વેતાંબરો કેવલ કલ્પસૂત્ર નામના આગમને જ માને છે એવું નથી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ આચારાંગાદિ પીસ્તાલીસ આગમોને સ્વીકારે છે પીસ્તાલીસ આગમો અર્થ રૂપે શ્રી તીર્થંકરોએ પ્રરૂપેલા છે અને સૂત્ર રૂપે ગણધર ભગવન્તોએ સાક્ષાત્ રચેલા છે આ આગમોમાં અનેક સ્થળે સાધુઓના સંયમ પાલન માટે ઉપકારક એવા વસ્ત્રપાત્રાદિ ૧૪ ઔધિક ઉપકરણો તથા ઔપગ્રહિક ઉપકરણો સાધુઓને રાખવાના જણાવ્યા છે અમારે ત્યાં એવું નથી કે એક શાસ્ત્રમાં સર્વથા દિગંબરપણું બતાવ્યું હોય અને બીજા આગમોમાં વસ્ત્રપાત્રાદિ રાખવાનું જણાવ્યું હોય, જૈન શાસનમાં એક બીજા આગમ શાસ્ત્રોમાં પરસ્પર વિરોધ આવે એવી કોઇ પ્રરૂપણા હોતી નથી.

શ્વેતાંબરોથી દિગંબરોને પ્રાચીન સિદ્ધ કરવાનો ભ્રમ

—શ્રી મુક્તિપથ પથિક

શ્રી ઋષભદેવ તીર્થંકર ભગવન્તના શાસનમાં પણ સાધુઓને માનોપેત અલ્પ મૂલ્યવાળા જીર્ણપ્રાય શ્વેત તુચ્છ એવા સંયમ સાધનામાં ઉપયોગી વસ્ત્રાદિ રાખવાનું વિધાન હતું.

શ્રી અજીતનાથ આદિ જિનેશ્વરોના શાસનમાં જીર્ણ પ્રાય અલ્પ મૂલ્ય માનોપેત શ્વેત જીર્ણ પ્રાયઃ તુચ્છ વસ્ત્રાદિ રાખવાનું વિધાન હતું અને રંગ બેરંગી બહુમૂલ્ય વસ્ત્રાદિ સાધુઓને રાખવાનું વિધાન હતું તેમજ ભગવાન શ્રી મહાવીર દેવાધિદેવના શાસનમાં જીર્ણ પ્રાય તુચ્છ શ્વેત વસ્ત્રાદિ રાખવાનું સાધુઓ માટે વિધાન છે.

જૈન શાસનમાં જિનકલ્પ તથા સ્થવીરકલ્પ નામના બે કલ્પો છે તીર્થંકરો આદિના કાલમાં જિનકલ્પ પ્રચલિત હતો પૂર્વકાલમાં જિનકલ્પનો સ્થાવર કલ્પમાં અભ્યાસ કરી કેટલાક સત્વશીલ મહાત્મા સાધુ પુરૂષો સ્વીકારતા હતા શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ બાદ કેટલા કાલ પછી જિન કલ્પનો વિચ્છેદ થયો છે વર્તમાન કાલમાં જિન કલ્પ સ્વીકારાતો નથી અને સ્વીકારેલા કોઇ સાધુ હોતા નથી જિન કલ્પીઓ પણ વસ્ત્ર પાત્ર લબ્ધિ વગરના જે હતા તેઓ વસ્ત્રાપાત્રાદિ ૧૪ ઉપકરણો રાખતા હતા.

પાત્ર લબ્ધિવાળા (હાથમાં વાપરી શકે જરા પણ ટીપું જમીન ઉપર ન પડે) પાત્રા રાખતા ન હતા.

વસ્ત્ર લબ્ધિવાળા (નગ્ન ન દેખાય) વસ્ત્ર રાખતા ન હતા.

બન્ને લબ્ધિવાળા માત્ર રજોહરણ અને મુહપત્તિ બે જ ઉપકરણ રાખતા હતા.

સ્થવીર કલ્પીઓને માટે પણ ઔદ્ધિક અને ઔપગ્રહિક સંયમોપકારક ઉપકરણો રાખવાનું શ્વેતાંબરોના ૪૫ આગમ શાસ્ત્રમાંથી અનેક આગમોમાં વિધાન છે.

દરેક તીર્થંકરોના શાસનમાં સાધુઓને કક્ષા મુજબના વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો રાખવાના હોય જ છે.

જે આ. શ્રી હરિભદ્ર સૂ. મ.ના પંચાશક પ્રકરણ ગ્રન્થનો પાઠ સુભા. જૈને સાક્ષી તરીકે આપીને દિગંબરત્વની પ્રાચીનતા સિદ્ધ કરવા જે મનઘડંત પ્રયત્ન કર્યો છે તે સુભાષ જૈનને માલુમ નથી કે આ. હરીભદ્ર સૂ. સાધુઓને વસ્ત્રપાત્ર રાખવાની માન્યતા ધરાવતા હતા અને શ્વેત, વસ્ત્રાદિને ધારણ કરનારા શ્વેતાંબર આચાર્ય હતા.

તેમણે પંચાશક પ્રકરણ ગ્રન્થની માફક પંચ વસ્તુપ્રકરણ વગેરે ગ્રન્થો પણ રચ્યા છે જેમા સાધુઓના આચારો બતાવ્યા છે.

પંચવસ્તુ પ્રકરણ વગેરે ગ્રન્થોમાં સાધુને સંયમોપકારી કેટલા અને કેવા વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો રાખવા જોઇએ તેનું સ્પષ્ટ રીતે નિરૂપણ કર્યું છે એથી એજ સિદ્ધ થાય છે કે શ્વેતાંબર માર્ગ જ પ્રાચીન અને સત્ય છે.

પંચાશક પ્રકરણ ગ્રન્થ અને કલ્પસૂત્રનો જે પાઠ દીગંબરત્વની પ્રાચીનતા સિધ્ધ કરવા માટે આપ્યો છે તેનાથી દિગંબરત્વની પ્રાચીનતા કોઇ રીતે સિદ્ધ થઇ શકે એમ નથી એના દ્વારા તો શ્વેતાંબરત્વની જ પ્રાચીનતા સિદ્ધ થાય તેમ છે.

એ પાઠો ઉપર સુભાષ જૈન દ્વારા જે રીતનો વિચાર કરાયો છે તે ઉડતી નજરે જ કરાયા છે ઐદંપર્યાર્થ સુધી (તાત્વિક રીતે) વિચાર કરાયો હોત તો તેમનુ પક્ષાંધપણુ નિર્મુલ નષ્ટ થઇ જાત, અને દિગંબરત્વ પ્રાચીન છે એ સિધ્ધ કરવ માટે તથ્ય વગરનો પ્રયત્ન ન કરત.

દરીયાના પાણીની ઉંડાઇ પાણીની સપાટી ઉપરથી જણાતી નથી તેના માટે તો કોઇ સાધનનો ઉપયોગ કરવો પડે તેમ. તીર્થંકર–ગણધર ભગવન્તો કે પ્રાચીન મહા પુરૂષોના શાસ્ત્રોને કે તેના પાઠોને ઉડતી નજરે ઉપર ઉપરથી જોવા દ્વારા શાસ્ત્ર પાઠોના રહસ્યને પામી શકાતું નથી.

કલ્પસૂત્ર તથા પંચાશક પ્રકરણના પાઠો ઉપર ઉંડાણથી વિચાર કરવામાં આવે તો શ્વેતાંબર મત જ પ્રાચીનતમ લાગ્યા વગર ન રહે.

દીગંબરની માન્યતા છે કે વસ્ત્રપાત્રાદિ ન રાખે તે સાધુમાં જ સાધુતા હોય છે વસ્ત્રાદિ રાખનાર સાધુમાં સાધુતા હોતી નથી તે સાધુ જ નથી.

તો તેમના મતે તો કલ્પસૂત્રના એમણે આપેલા પાઠથી તો એવું સિદ્ધ થાય કે ભગવાન મહાવીર દેવાધિદેવ એક વરસ વસ્ત્રવાળા હતા ત્યારે સર્વસંગનો ત્યાગ કરીને કરેમિ ભંતેની પ્રતિજ્ઞા પૂર્વક સંયમનો સ્વીકાર કરવા છતા એ સાધુ ન હતા એમનામાં ૬-૭મા ગુણઠાણાની પરિણતિ રૂપ સાધુતા નહોતી.

સાધિક એક વરસ બાદ વસ્ત્રરહિત થયા પછી જ એઓ સાચા સાધુ બન્યા એવું સિદ્ધ થાય એ વાત પણ શું દીગંબરોને પણ માન્ય છે ખરી ? કે–સંયમ જીવનનો સ્વીકાર કર્યા બાદ ૧ વરસ ભગવાન મહાવીર દેવાધિદેવ, સાધુ ન હતા અને વરસ બાદ વસ્ત્ર ચાલ્યા જવાથી એમનામાં સાધુતા આવી. સાધુ બન્યા.

શ્રી ઋષભદેવ ભગ. માટે પણ આવું જ બન્યું છે તેમને પણ સાધિક વરસ વસ્ત્ર રહ્યું હતું ત્યાર બાદ વસ્ત્ર વગરના થયા હતા તો તેઓ પણ શું સાધિક વરસ સાધુ ન હતા. વરસ પછી જ તેમનામાં સાધુતા આવી હતી ?

શ્રી અજીતનાથ આદિ ૨૨ તીર્થંકરોને સંયમ જીવનનો સ્વીકાર કરતી વખતે ઇન્દ્રે અર્પિત કરેલ દેવદૂષ્ય વસ્ત્ર જીવનના અંત સુધી રહ્યું હતું તો તેઓ વસ્ત્રવાળા હોવાથી શું એમનામાં જીવનના અંત સુધી સાધુતા હતી જ નહી. ?

ભગવાન મહાવીર પાણીપાત્ર (હાથમાં જ ભોજન કરનારા બન્યા પછી જ તેમનામાં શું સાધુતા આવી તે પહેલા તેમનામાં સાધુતા ન હોતી, તેઓ શું સાધુ ન હતા ?

૨૨ તીર્થંકરોને જીવનના અંત સુધી ઇન્દ્ર અર્પિત દેવદૂષ્ય વસ્ત્ર રહ્યું હતું ઋષભદેવ કે મહાવીર ભગવાને સાધિક એક વરસ વસ્ત્ર રહ્યું હતું ત્યાર બાદ સંયમની પ્રાપ્તિમાં અંતરાય કરનાર છે માટે વસ્ત્ર ફેંકી દીધુ છે ? એવુ નથી પણ સંયોગવશ એક વરસ બાદ વસ્ત્ર ચાલ્યુ ગયું છે જો રહ્યું હોત તો જીવનના અંત સુધી રાખત જ.

માર સાધુઓએ નગ્ન જ રહેવાનું છે નગ્નપણામાં જ સાધુતા છે એ બતાવવા કે પ્રરૂપણા કરવા માટે ભગ. મહાવીરે કે ઋષભદેવે વસ્ત્ર ફેંકી દીધુ છે એવું નથી જ અને આવુ કરવું હોત તો ઇન્દ્ર અર્પિત વસ્ત્ર ન સ્વીકારત વસ્ત્ર રાખવાથી સાધુપણું ન રહેતું હોય તો કમન્ડલું અને મોર પીછુ રાખનારા દીગંબર સાધુઓમાં પણ સાધુપણું નહે ખરૂ ? એ સાધુ કહેવાય ખરા ?

સુભાવ જોને બુદ્ધિનો સદુપયોગ કરીને જરાક કલ્પસૂત્રના પાઠ ઉપર ઉંડાણથી વિચાર કર્યો હોત તો તીર્થંકરો વસ્ત્રને પ્રારંભથી જ ધારણ કરનારા હોય છે દીગં-

બરત્વ નથી હોતું એથી દીગંબરત્વ પ્રાચીન નથી અર્વાચીન જ છે કેમકે દીગંબર મત મહાવીરના નિર્વાણ પછી કેટલાક વરસો બાદ જ નીકળેલો છે અનાદિકાલિન પ્રાચીન મત કોઇ હોય તો શ્વેતાંબરોનો જ છે દરેક તીર્થંકરો સવસ્ત્ર પાત્રનો જ ધર્મ પ્રરૂપે છે અને પોતે પણ દેવદુષ્ય વસ્ત્રને ધારણ કરે છે એ વાતની કલ્પસૂત્રાદિ અનેક આગમો ગવાહી પૂરે છે.

ઋષભદેવ અને મહાવીરદેવને સાધિક વરસ બાદ વસ્ત્ર ચાલ્યું ગયું એટલા માત્રથી એમના શાસનમાં દિગંબરત્વ ચાલ્યું છે એમ કહી ન શકાય. કલ્પસૂત્રાદિ શાસ્ત્ર પાઠનો મનઃ કલ્પિત અર્થ કરીને દીગંબરત્વને પ્રાચીન તરીકે પ્રચારવું એ કલ્પ સૂત્રાદિ શ્વેતાંબરોના આગમ શાસ્ત્રોને અન્યાય કરવા બરોબર છે.

પરંતુ માધ્યસ્થ્ય જેણે ગુમાવી દીધુ છે એવા માણસો ઉંડાણથી પોતાના કે પરના શાસ્ત્રોનો વિચાર કરવા માંગતા જ નથી, ઉપર ઉપરથી જ શાસ્ત્રપાઠો વિચારીને પોતાની માન્યતા કે પક્ષનું ગૌરવ વધારવાના જ નિષ્ફળ પ્રયત્નો કરતા હોય છે.

સુભાષ જૈન પણ આવી જ કોઇ ઉંડી અટવીમાં અટવાઇ ગયા હોય એમ લાગે છે.

अचेलक्को धम्मो पुरिमस्सय पच्छिमस्स य जिणस्स

આદિ પંચાશકના પાઠમાં અચેલકકોનો અર્થ સર્વથા વસ્ત્ર રહિત નગ્ન પણું એવો અર્થ હોવાતો નથી શ્વેતાંબરના અનેક શાસ્ત્રોમાં આવો અર્થ હોવાયો પણ નથી 'અચેલક' શબ્દનું સ્પષ્ટીકરણ કરતા શ્વેતાંબર શાસ્ત્રોમાં અચેલકનો અર્થ અલ્પ મુલ્ય-વાળા માનોપેત શ્વેત જીર્ણપ્રાય તુચ્છ એવા વસ્ત્રો હોવાનું જણાવ્યું છે આવા વસ્ત્રને ધારણ કરનારા સાધુઓ અચેલક કહેવાય.

૨૨ તીર્થંકરોના સાધુઓ રંગબેરંગી કિમ્મતિ વસ્ત્રો પણ ધારણ કરનારા હતા તેથી તેઓ શાસ્ત્રમાં સચેલક કહેવાયા અને ઉકત જીર્ણ પ્રાય તુચ્છ વસ્ત્રને ધારણ કર-નારા સાધુઓ અચેલક કહેવાયા.

પ્રથમ-પશ્ચિમ તીર્થંકરના સાધુઓ ઉકત જીર્ણપ્રાય તુચ્છ વસ્ત્રો ધારણ કરનારા હોવાથી અચેલક કહેવાય છે.

આગમાદિ શાસ્ત્રોમાં વસ્ત્રપાત્રાદિ ઉપકરણો સાધુઓને રાખવાનુ વિધાન હોવાથી અચેલક ધર્મનો અર્થ ઉકત જીર્ણપ્રાય વસ્ત્રાદિ ધારણ કરવું એવો કરાયો છે સંપૂર્ણ નગ્નત્વ-દીગંબરત્વ કરાયો જ નથી.

બૌધના મઝીમનીકાય ગ્રન્થમાં જૈનસાધુઓ કેવો હોય છે એનું વર્ણન કરતા

અગ્રાવતાર કટિપટ (ચોલપટ્ટો)ને ધારણ કરનારા જૈન સાધુઓ હોય છે એવું જણાવ્યું છે એથી પણ એ સાબિત થાય છે કે શ્વેતાંબરત્વ જ પ્રાચીનતમ છે દીગંબરત્વ નહીં!

દીગંબર મત તો ભગવાન મહાવીરના નિર્વાણ બાદ કેટલાક વરસો બાદ નીકળ્યો છે એની પ્રાચીનતા કઇ રીતે સિધ્ધ થઇ શકે!

એક અંગ્રેજ વિદ્વાન **એચ. એચ.** વિલ્સન **એમ. એ.** પણ પોતાના પુસ્તકમાં દીગંબર મતની પ્રાચિનતાને પુષ્ટ કરવા જે કહ્યું છે તે તેની ટુંકી દૃષ્ટિનું જ સૂચન કરનાર છે સુભાષ જૈનની માફક એમણે પણ દરેક મતના શાસ્ત્રોનું ઉંડાણથી અવલોકન કર્યું નથી એમ જણાય છે.

સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રોમાં સ્ત્રીમુક્તિ કેવલીભૂક્તિ વસ્ત્ર વગેરેની વાતો આવે છે એ વાતોને ન માનનાર દીગંબરાચાર્યોએ પોતાના મતની પુષ્ટિ કરવા સર્વજ્ઞના આગમોનો અસ્વીકાર કરીને જેમાં ભૂલ થવાની શકયતા છે એવા છદ્મસ્થ દીગંબરાચાર્યોએ જે નુતન શાસ્ત્રો રચ્યા છે એને પ્રમાણ તરીકે કઇ રીતે મનાય? એમાં આસ્થા પણ કઇ રીતે રખાય!

દીગંબરત્વની પ્રાચીનતા સિધ્ધ કરવા શ્વેતાંબરોના કલ્પસૂત્ર વગેરે શાસ્ત્રમાં હાથ ઘાલ્યો તે કોઇ રીતે સુભાષ જૈને ઉચિત કર્યું નથી કેમકે એ શાસ્ત્રોથી તો શ્વેતાંબરત્વની જ પ્રાચીનતા સાબિત થાય તેમ છે.

આ બધી વાતોનો પૂરી જાણકારી મેળવીને સુભાષ જૈન વગેરે દીગંબરોએ દીગંબર મતની પ્રાચીનતાનો પોતાનો ભ્રમ દૂર કરી દેવો જોઇએ.

શ્વેતાંબરોને તો કોઇ જાતનો ભ્રમ નથી એટલે ભ્રમને દુર કરવાની વાત જ રહેતી નથી. ભ્રમ તે દીગંબર સુભાષ જૈન વગેરેને જ છે જે દીગંબરત્વની પ્રાચીનના શ્વેતાંબરોના શાસ્ત્રાધારથી સિદ્ધ કરવા નીકળી પડયા છે એણે પોતે જ પોતાનો ભ્રમ દૂર કરવા મધ્યસ્થ બનીને પ્રયત્ન કરવો જોઇએ અને સત્ય હકીકતને હૈયામાં અંકિત કરવી જોઇએ.

अकारणमधीयानो ब्राह्मणस्तु युधिष्ठिरः । दुष्कुलेनाप्यधीयन्ते, शीलं तु मम रोचते ।।

હે યુધિષ્ઠિર વિના કારણ બ્રાહ્મણ ભણે તેમ દુષ્કુલવાળો પણ ભણે છે પરંતુ મને તો શીલ ગમે છે અર્થાત્ શીલવાન બ્રાહ્મણ ન ભણે તો પણ ચાલે શીલહીન દુષ્કુલ ભણે તો પણ શું?

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

सयं पमज्जणे पुण्णं सहस्सं च विलेवणे ।
सयसाहस्सिवा माला अणन्तं गीयवाइए ।।

જિનમંદિરમાં ઝાડો લેતાં સો ઉપવાસનો લાભ થાય પ્રભુજીને વિલેપન કરતાં હજાર ઉપવાસનો લાભ થાય, પ્રભુજીને માળા પહેરાવતા લાખ ઉપવાસનો લાભ થાય અને પ્રભુજી પાસે ગીત અને વાજીંત્ર પૂજા કરતાં અનંત ઉપવાસનો લાભ થાય.

ચંદુલાલ પદમશી
રતિલાલ પદમશી
પાનાચંદ પદમશી
અશોકકુમાર પદમશી
પિયુષકુમાર ચંદુલાલ
લાખાબાવળવાળા

Mfg. & Exporters of Fine Sanitary Ware
OSWAL POTTERY WORKS
Factory : Amarapar, THANGADH-363530
Dist. Surendranagar. (Gujarat) India
Phone : S.T.D. (02750)
F. 20476, 20576, 20774
O. 20674 R. 20776
Parimal Navrang

માલવદેશમાં ઉજ્જયિણી નામની નગરી હતી.

ઉજ્જયિણી નરેશ પ્રજાપાલ આજે ખુબ જ પ્રસન્ન હતા. ચોસઠ કળાઓમાં પારંગત બનેલી પોતાની બન્ને પુત્રીઓની વિદ્વાના આજે પારખાં હતા. નગરજનોથી રાજસભા હકડેઠઠ ભરાઇ હતી.

રાજપુત્રી સુરસુંદરીને શૈવધર્મ માતા પાસેથી વારસામાં મળ્યો હતો. તેમાં વૈદિક પંડિતે ચોસઠકળા ભણાવતાં ભણાવતાં સાથે વેદશાસ્ત્રનો પાકો રંગ લગાડી દીધો. આ બધાના સરવાળા સ્વરૂપે સુરસુંદરી સંસારરસિક બની ગઇ.

રાજકન્યા મયણાસુંદરીએ પોતાની માતા પાસેથી જૈનધર્મને વારસામાં મેળવ્યો હતો. અને ભણાવનાર પંડિત એવા સુંદર હતા કે મયણાસુંદરીની ચોસઠ કળા ઉપર જિનમત પ્રભુત્વ જમાવીને બેઠો હતો. આ કારણથી મયણા સુંદરી મોક્ષરસિક બની હતી.

પ્રજાપાલ રાજાએ પોતે બન્ને કન્યાઓની પરીક્ષા લીધી. જાતજાતની સમસ્યાઓ મૂકાઇ. કન્યાઓએ સમસ્યા પૂછાય કે તરત જવાબ દેવા માંડયા. બરાબરનો રંગ જામ્યો હતો. સભાના પ્રેક્ષકોના તો કોઇ હોશ જ રહ્યા ન હતા. આ બધુ તેઓની કલ્પના બહારનું હતું. જ્યારે સર્વકળાઓમાં બન્ને પુત્રીઓ પારંગત બની ગઇ છે એવી પ્રજાપાલ રાજાને ખાતરી થઇ ત્યારે તેમણે ધર્મકળાની પરીક્ષા લેતું એક સમસ્યાપદ રજુ કર્યું. :



મહાસતી મયણા સુંદરીના જીવનનો સંદેશ

'પુણ્યથી આ મળે છે.'

સુરસુંદરીએ આ સમસ્યાપદ એ રીતે પૂર્ણ કર્યું કે તે ભોગરસિક છે તેની ખબર પડી જાય, જ્યારે મયણાસુંદરીએ કરેલી સમસ્યાપૂર્તિથી તે ધર્મરસિક હોવાની જાણ થઇ જાય.

પ્રજાપાલ રાજાની ખુશીનો પાર નથી, બન્ને પુત્રીની ચતુરાઇ જોઇનેતે મની છાતી ગજગજ ફુલી રહી હતી. તેઓ અભિમાનના શિખરે ચઢયા : 'પુત્રીઓ, આજે હું તમારા ઉપર ખુશ થયો છું. તમે જે ઇચ્છો તે હું આપીશ. મારી શક્તિની તમને જાણ છે ? હું નિર્ધનને ધન આપું, રંક હોય તો તેને રાજા બનાવી દઉં, અરે, મારી મહેરબાનીથી જ તો આ બધા લોકો સુખ ભોગવે છે. હું જેના ઉપર તુષ્ટ થાઉં તેને સર્વ સુખનો ભોકતા બનાવું. હું જેના ઉપર રુષ્ટ થાઉં તેને ખેદાન-મેદાન કરી નાખું. હું સર્વ શક્તિમાન છું.'

ચંચળ સુરસુંદરી તરત બોલી ઉઠી : 'પિતાજી, તમે સાવ સાચી વાત કરી. જગતને ચલાવનાર બે જ તત્ત્વો છે : એક રાજા, બીજો મેઘ.' સભાજનોએ પણ સુરસુંદરીની હામાં હા મીલાવી.

રાજા પ્રજાપાલ ખરા અર્થમાં 'રાજા પાઠ'માં આવી ગયા : 'માંગ, માંગ, માંગે તે આપું', બેટા સુરસુંદરી, તારી મનોકામના પ્રગટ કર.'

સુરસુંદરીની આંખ અને વચન દ્વારા પ્રગટ થયેલી તેની મનોકામનાને જાણીને પ્રજાપાલ રાજાએ રાજકુમાર અરિદમન સાથે તેના વિવાહ નક્કી કર્યા.

રાજપુત્રી મયણાસુંદરી આ બધો તમાસો મૂંગા મોઢે જોયા કરતી હતી. પોતાના પિતાજી ગર્વાંધ બનીને જે બોલ્યા અને પોતાની બેન સહિત સર્વ સભાએ જે રીતે તેમના ગર્વને વધાવી લીધો એ જોઇને મયણાસુંદરી માથું ધુણાવવા લાગી. આ જોઇને રાજા પ્રજાપાલે કહ્યું :

'બેટા મયણાસુંદરી, શું તારા મનને આ વાત નથી રૂચતી ? હું ધારૂં છું કે આખી સભાથી સોગુણી ચતુરાઇ તારામાં છે. તું નિઃશંકોચ તારી ચતુરાઇ પ્રગટ કર'

'અહીં કંઇ પણ બોલવું ઉચિત જણાતું નથી, મહારાજ.' મયણાસુંદરીએ કહ્યું: 'વિષય અને કષાયોથી માણસોનું મન મોહિત બની જાય છે. જ્યાં રાજા ખુદ વિવેક વિનાનો છે, શાસ્ત્ર જ્ઞાનનો જ્યાં અંશમાત્ર ઉપયોગ નથી અને સભાજનો જ્યાં હાજી હા કરનારા છે આવા માહોલમાં સાચી વાતો પણ ઉંધી પડે છે. છતાં આપનો આગ્રહ જ છે તો હવે કહું છું. :

'પિતાજી ખોટું અભિમાન ત્યજો-વિવેકને ધારણ કરો. આ બધી રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ તો સમુદ્રના તરંગો સમાન અસ્થિર છે. આ સંસારમાં કર્મના પ્રભાવે જ સૌ સુખ કે દુઃખને અનુભવે છે. પોતે ધારે તેને સુખ કે દુઃખ આપી શકે છે એવો મિથ્યાગર્વ કોઇ માણસે ન કરવો જોઇએ'

મયણાસુંદરીની કર્મસિધ્ધાંતની વાત સાંભળી રાજા ગુસ્સે થયો. તેણે કહ્યું : 'તું મારી પુત્રી નથી, શત્રુ છે. આજ સુધી તને રત્નના રમકડે રમાડી, ભાવતા ભોજન ખવડાવ્યા, મનગમતા વસ્ત્રો પહેરાવ્યા, કીમતી અલંકારો અપાવ્યા. આ બધ ઉપકારનો આ બદલો ?'

'નાહક ગુસ્સે ન થાવ, પિતાજી–બધી વાતોના રહસ્યો ઉંડાણથી સમજો. આપના કુળમાં અવતરવા માટે હું કંઇ જોષ જોઇને આવી નથી, મારા પૂર્વકર્મે જ મને આપના કુળમાં જન્મ દીધો છે. વધુ શું કહું ? આપનો મારા ઉપર સ્નેહ છે અને મને જે કંઇ

લાડ લડાવે. છો એ પણ મારા કર્મના કારણે છે. કર્મ પ્રતિકૂળ બને તો એક ક્ષણમાં બધુ વિપરીત થઇ જાય.' મયણાસુંદરીએ કહ્યું.

રાજા મનમાંને મનમાં ધુંધવાયો. મંત્રીઓ પણ અચાનક ઉભી થયેલી પરિસ્થિતિથી અકળાયા-સભાજનો જાતજાતનું બોલવા લાગ્યા. કેટલાક કહે-આ છોકરી બહુ ચિબાવળી છે. બાપની સામે તે આમ બોલાતું હશે ? કોઇ કહે-એ બિચારી શું કરે ? એના પંડિતે જ એને આવું ઉંધું ભણાવ્યું તેનો આ પ્રતાપ છે, કોઇ કહે-પંડિત પણ કયાં ઘરનું ભણાવે છે. એ ધરમમાં જ એવું લખ્યું હશે ત્યારે એણે આવું શીખવાડયું હશે ને ? એ જૈન ધર્મ જ ખોટો ! માથાં એટલા મતો પડવા લાગ્યા.

પ્રસંગ તો હજી આગળ વધે છે પણ આપણે અહીં જ ઉભા રહી જઇએ જે બનાવ બન્યો તેના ઉપર થોડો વિચાર કરીએ, થોડું તારણ કાઢીએ.

એક, ભોગરસિક અને મોક્ષરસિક : આ બે વચ્ચે જ્યારે વિવાદ થાય છે. ત્યારે મોટેભાગે ભોગરસિકની પાટલી ઉપર બેસનારા ઝાઝા માણસો હશે ? દુનિયામાં મોટો હિસ્સો ભોગરસિકોનો વસે છે તેથી ભોગરસિકોનું મોટું ટોળું જોઇને મુંઝાવાની જરૂર નથી. ઉત્તમ આત્માઓ મોક્ષરસિકને હંમેશ માટે ટેકો આપતા હોય છે. સંસારપ્રિય માણસો કે મતોની બોલબોલા જોઇને કોઇએ અધીર કે અસ્થિર બનવું નહિ.

બે, જીહજુરીયાઓથી ટેવાયેલા માણસોના કાન, પોતાનું ગર્વખંડન કરતી સાચી વાતને સાંભળવાની ક્ષમતા ગુમાવી બેઠા હોય છે. માટે આવા માણસોને ઉપદેશ આપીને જલદી જલદી સુધારી દેવાના કોડ કરવા નહિ. મોટેભાગે તો એનું પરિણામ વિપરીત જ આવે છે. પણ એવો અવસર જ આવી ગયો હોય તો છેવટે મોં બોલવું પડે. એવા અવસરે અન્ય વાત રજુ કર્યા પછી જે પરિસ્થિતિનું નિર્માણ થાય તેને સહજપણે સ્વીકારી લેવાની આત્મામાં સરળતા હોવી જોઇએ.

ત્રણ, પિતા-પુત્રનો સંબંધ આમ તો કર્મજન્ય છે, છતાં ધર્મ પિતૃભક્તિનો ઉપદેશ આપે છે. શરીર અને સ્વાર્થથી ઘસાઇને પૂર્ણશક્તિથી પિતૃભક્તિ કરવામાં કોઇ બાધ નથી. પણ ધર્મ-આત્મહિતને રસ્તે આડે આવનાર કે આત્માને અવળે રસ્તે લઇ જનાર માતા કે પિતાની વાત, ભક્તિને નામે સ્વીકારી લેવી એ વાસ્તવમાં પિતૃભક્તિ નહિ, પણ અભક્તિ છે. આને માટે માતા-પિતા સાથે ચર્ચા કરવી, સ્નેહથી સમજાવવા કયારેક કડક શબ્દોમાં વાત કરવી પડે તો કરે, તેને નિંદા ન કહેવાય. ભરસભામાં પણ અવસરે તેમની સાથે વાદ કરવો પડે તો તેને માતા-પિતાની સામે પડયા કહેવાય નહિ. જેમાં સ્વ-પરનું આત્મહિત સમાયેલું હોય તેવી વાતોને નિંદા સમજનારા કયાં તો મૂર્ખ છે, કયાં તો મુગ્ધ છે કયાં તો દૃષ્ટિરાગથી આડામાર્ગે ફંટાઇ ગયેલા છે.

પુણ્યા શ્રાવકની સમર્પિત પત્ની

-શાહ રતિલાલ દેવચંદ ગુદકા, લંડન

પુણ્યા શ્રાવક રાજગૃહીમાં નામાંકિત છે ધનવાન નથી પરંતુ તેની સામાયિકના ભગવાન મહાવીરે શ્રી મુખે વખાણ કર્યા અને રાજા શ્રેણિક નરક નિવારવા તેના ઘરે ગયો સામાયિક લેવા, તે પુણ્યા શ્રાવકે જિનદેશનામાં સાંભળ્યું એક બાજુ સાધર્મિક ભક્તિ અને એક બાજુ સઘળી ધર્મભક્તિ.

બસ તેણે મહાવીરદેવ પાસે એક સાધર્મિકને જમાડી જમવું તે નિયમ કર્યો.

પરંતુ તેને ૧રા દોકડાની આવક હતી. બે જ માણસોનું પોષણ થાય તેમ હતું.

તે ઘેર ગયો અને પત્નીને સાધર્મિક ભક્તિની વાત કરી. પત્ની કહે બહું સારૂં કર્યું. નિયમ ન લીધો હોત તો ભક્તિ ના કરી શકત.

પુણ્યો કહે પણ આપણી પાસે ત્રીજા માણસને જમાડવાની શક્તિ નથી.

પત્ની કહે, સ્વામી તેમાં શી ચિંતા, એક દિવસ હું ઉપવાસ કરૂં એક દિવસ આપ ઉપવાસ કરો, બસ ઉપવાસીનું ભોજન સાધર્મિક ભક્તિમાં જશે.

પુણ્યો ખુશ થઈ ગયો ધર્મશીલા પત્નીની ધર્મપ્રીતિએ તેના નિયમનું અખંડ પાલન કરાવ્યું અને સાધના માર્ગના બંને મહા મુસાફર બની ગયા ધન્ય પુણ્યો ધન્ય તેની પત્ની.

ચાર, કર્મસિદ્ધાંતની સિધ્ધિ માટે મયણાસુંદરી જેવી કન્યા જો પિતા સહિત સર્વ નગરજનોનો રોષ વહોરી લેતી હોય, તો જેમના મસ્તકે ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને સમજાવવાની જવાબદારી છે, એવા ધર્મોપદેશક મહાત્માઓએ લોકોને શુદ્ધમાર્ગ સમજાવવામાં અજ્ઞાનીઓના રોષનો ભોગ બનવું પડતું હોય તો ગભરાવું ન જોઈએ. એ વાત પણ એટલી જ સત્ય છે કે આ દુષમ કાળમાં સત્યમાર્ગ બતાવનારા ઉપર કેવળ જડ માણસો જ નહિ, કહેવાત. પંડિતોનું પણ આક્રમણ આવવાનું જ. સત્યને ઉચ્ચારવું જેમ સહેલું નથી એમ સત્યને પ્રરુપવું કે પ્રચારવું પણ સહેલું નથી. સત્યના પ્રચારથી અયોગ્ય આત્માઓ જો ધર્મની નિંદા કરવા જેવા હીનમાર્ગે પણ પહોંચી જતાં હોય તોય અશઠ ગીતાર્થને એનો દોષ લાગતો નથી. અન્ય અન્ય કાલ્પનિક ભયોને આગળ કરી માર્ગરક્ષામાં શિથિલ બની રહેલાઓ, મહાસતી મયણાસુંદરીના ચારિત્રમાંથી પ્રેરણા મેળવે તો આજે પણ ઘણું કામ થઈ શકે તેમ છે.

શ્રમણી વૃંદ એટલે તારક તત્ત્વ

-પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્ર વિજયજી મ. વડોદરા

શક્રસ્તવન. નાથની સ્તવના-આઇગરાણું-પદથી કરીને ઇંદ્રે સૂચવી દીધું કે દરેક તીર્થંકર પરમાત્મા પોતે સ્થાપેલ મહાશાસનની આદિ કરનારા છે. પ્રવાહે કરી અનાદિ શાસનની સામાન્યથી પણ સ્તુતિ સ્તવના કરવાને મહાસામર્થ્યની આવશ્યકતા છે.

સામર્થ્યયોગનો નમસ્કાર પણ ઊંચા ગુણસ્થાને થઇ શકે છે. આવા મહાશાસનમાં આચાર્યાદિ શ્રમણસંઘની પ્રધાનતા છે. તુર્ત બીજે નંબરે મહા પવિત્રા શીલ સંપન્ન શ્રમણ વૃંદનું અનોખું પણ શાસન મર્યાદાયુકત અનુપમ સ્થાન છે.

શ્રીકૃષ્ણ મહારાજાની અગ્રમહિષીઓ કે સ્થુલભદ્ર સ્વામીની ભગિનીઓ શ્રમણી રત્નોમાં અગ્રેસર છે. પંચમહાવ્રત, પંચાચાર, પાંચસમિતિ આદિ એક સરખા હોવા છતાં શ્રમણી વૃંદની જ્ઞાનમર્યાદા-કેવળજ્ઞાન સિવાય-શાસ્ત્રકારે છદ્મઅવસ્થામાં જે બાંધી છે, તે સ્વપર કલ્યાણાર્થે મહાહિતકારી છે.

આજના બહુમંગ યુગમાં, મહાભયંકર ઝેર ઓકતા ઝેરી જમાનામાં પ્રત્યક્ષ અનુભવાય છે કે મર્યાદાનું ઉલ્લંઘન કેવા માઠા વિપરીત અને મહાહાનિકર પરિણામ નીપજાવી રહેલ છે.

વિશ્વની ટોચે બેસી શકે એવા શ્રમણીવૃંદની ઉપેક્ષા પણ છેલ્લા ૬૦-૭૫ વર્ષમાં અનુભવાય છે એના કારણો ગીતાર્થની જ્ઞાનગોચરીમાં રહેવા દઇએ છતાં થઇ રહેલી ઉપેક્ષા આત્માની પરિણતિ માટે ઘાતક બની રહે એ સ્વાભાવિક છે.

શ્રમણીવૃંદનો અમુક ભાગ જમાનાની લહેરે ચઢી શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન કરી જે રીતે વહી રહ્યો છે અને તે વહેણને ઉત્તેજન ગણવેષધારીઓ તરફથી અપાય છે. એ ખતરનાક છે

બાકિ શ્રમણી રત્નો તો આજે પણ દેદિપ્યમાન છે જ. શકય સઘળું ધ્યાન પંચમહાવ્રતના પાલનમાં રાખી, શ્રાવિકા સમુદાયને જ્ઞાનધ્યાન અને ક્રિયા યોગમાં જે શાસ્ત્રીય પધ્ધતિથી દોરી રહેલ છે. એજ એમની વડાઇ અને શાસન ગૌરવનું સંરક્ષણ છે.

શ્રાવિકા સમુદાય માટે શ્રમણીવૃંદ એક જબરજસ્ત તારક તત્ત્વ છે. પાયાથી માંડીને ટોચ સુધી, સંબંધિત સાધનામાં, સહાયક બનવામાં જે ઉમંગ આનંદ અને ઉત્સાહ દાખવે છે, તેમાં સ્વપર કલ્યાણનોજ એક હેતુ અનુભવાય છે, સાથેજ અભિમાનનું નામ નહિ, વાહવાહની કે કીર્તિલાલસાની ઇચ્છા નહિં નાથની આજ્ઞા એ જ,

શિરોધાર્ય આવા શ્રમણીવૃંદ વડેજ શાસનની દીપ્તિ અને ઓજસ્ તેજસ્ ખીલી રહ્યા છે.

તપ તો શ્રમણવૃંદમાં ઓતપ્રોત બની ગયો છે. કાયાની પરવા નહિ. માંદગીમાં પણ તપની જ ઉપાસના, આ કાંઇ નાનીસૂની વાત નથી, ચારે બાજુ મોહની ધાંધી સદંવ ચઢેલ રહે છે છતા મોહને ટકકર મારી આત્મસાધનામાં રત, એ શ્રમણીવૃંદનું ગજબ પરાક્રમ છે.

શાસન અને શ્રમણીવૃંદ તાણા વાણાથી વણાએલ છે. એક પવિત્ર સાધ્વીજી, એટલે વિશ્વની અણમોલ મુડી, સમાજ–સંસ્કૃતિ અને ધર્મને સતેજ રાખનાર પૂ સાધ્વી-વૃંદ છે કંચન સમ કાયાની માયા નહિ. ખાનપાનનો શોખ નહિ. સ્વાદનો આસ્વાદ નહિ હર મી ઓળીજી ચાલતી હોય, મેલાઘેલા કપડામાં ૧૦ વાગે ગામડામાં પહોંચે જૈનનું ઘર નહિ. રોટી અને પાણીનું આયંબિલ અને સંયમ શરીરનો પોષણ. માણસની જરૂર નહિ. કૃષકાયાએ હાથમાં પાણીનો ઘડો અને શરીર ઉપર ઉપધિ અંદર જીવદયાનું પાલન અને મનમાં સ્વાધ્યાય કે અરિહંત પરમાત્માનું ધ્યાન. ધન્ય જીવન ! ધન્ય સમતા.

આવા પવિત્ર–સંયમશીલ શ્રમણીવૃંદની મુંગી તારક છાપ કેવો ઉત્તમ ઉઠે ? સ્વ શિષ્યાઓને અને ભાવી દીક્ષાર્થી બાળાઓને મીઠી–મધુરી વાણીથી ઘડણ આપે અને સંયમમાર્ગની સક્રિય–પ્રેકટીકલ કળા ખીલવે, એમના ચારિત્રની અદ્‌ભુત છાપ આજુ બાજુના આત્માઓમાં ઉઠે જ ઉઠે.

આવા વિશ્વ શ્રેષ્ઠ શ્રમણીવૃંદ માટે કવિ નાનાલાલના હૈયામાંથી નીકળેલા શબ્દો, એમની ભાષામાં અજબ ગજબનો મહિમા ગાય છે, મહાતારક એવા સ્થાનને પવિત્র-શ્રેષ્ઠ–આશ્રમ તરીકે ઓળખાવી ભૂરી ભૂરી પ્રશંસા કરી છે અને લાક્ષણિક પદ્ધતિથી રજુઆત કરી છે.

કાળ મહા ભયંકર ચાલી રહ્યો છે રાજકારણ મહાદૂષિત બનં ગયું છે. તેવા સમયે આવા પવિત્ર સર્વ હિતકર શ્રમણી વૃંદની રતિભાર પણ ઉપેક્ષા ચલાવી લેવાય નહિ. પૂજ્ય સ્થાને રહેલા પદસ્થો, ઉપાસક ભકત જનો, આ બાબતમાં અજ્ઞાન નથી, પણ ઉપર કહ્યું તેમ કારણો ગીતાર્થને પહલે રાખીને, પણ આવશ્યક, શાસ્ત્રીય પદ્ધતિથી, ઉત્થાન–રક્ષણ અને પ્રગતિ માટે સો ટકાનો પ્રયાસ–ઉદ્યમ અને પાકી સહાયતા જરૂરી છે.

મહા ભયંકર લુંડા કાળમાં, અજબ કોટિનું શીલરક્ષણ, તે માંની મર્યાદાઓનું પાલન, જ્ઞાન ધ્યાન અને તપોધર્મમાં રકતતા હોવા છતાં દુષિત હવા પાણી, વાયરસ,

(અનુ. પાન ૪૮ ઉપર જુઓ)

'ઠેર વર્ત્તીવે કાળેઃ કેર, કરશેા ના કયાંય વૈર,
સિંચેા સમતા નીર, વડી રહે ક્ષમાના શીતલ સમીર.'

વૈર-ઝેરના ભાવેાનું વમન કરવના, કષાયેાની કાતીલતાનું શમન કરવાનેા, વિષય વાસનાનું દમન કરવાનેા અને આત્માને નિર્મલ કરવાના આ પર્વાધિરાજના પુનીત પ્રસંગે, સૌ પુણ્યાત્માઓએ આજ્ઞા મુજબ ની આરાધનામાં ઉજમાળ બનવું જોઇએ.

સાચા આરાધક ભાવને કેળવવા—પામવા માટે વૈરના વિપાકેાનેા વિચાર કરવેા જોઇએ. વૈરના અનુબંધેા આત્માને સંસારમાં રઝળાવે છે. ધર્મક્રિયા માત્ર કરવા છતાં પણ કૃષ્ણ સર્પરાજના કાતીલ વિષ-ઝેર કરતાં પણ વૈર ભયંકર છે. કેમકે, વિષધરનું વિષ એક ભવને મારે છે જ્યારે વૈર નું વિષ અનેક ભવેા સુધી આત્માને મારે છે. વિષ તેા માત્ર ખાનારને મારે છે જ્યારે વૈર તેા પાસે ઉભેલાને ય ખતમ કરે છે. દુનિયામાં કહેતી છે કે, ઝેરના પારખ ન કરાય તેમ આત્મહિતેષી પરમર્ષિઓ કહે છે કે—વૈરની વસુલાત ન કરાય.

: ક્ષમાપનાથી આત્માને અજવાળીએ :

—પ્રજ્ઞાંગ

'જાગતા રહેજો'ની ટહેલ પાઠતા રેાણીયાની જેમ આત્માની સાચી અમીરીનેા માર્ગ બતાવતા મહાપુરુષેા કહે છે કે, આરાધનાના આ સુવર્ણ અવસરે આત્મામાંથી વૈર—ઝેરના બીજને જડમૂળમાંથી ઉખેડી, સમતા સુધાનું સીંચન કરી ક્ષમા ધર્મને પામવેા જોઇએ જેથી મેાક્ષરુપી મહેલાતના રત્ન સિંહાસને આત્મરૂપી રાજા સદૈવને માટે આત્મગુણેામાં રમણુતા કરનારેા બને.

આવી અનુપમ અમીરાતને પામવા સૌએ, બીજાના નહિ પણ પેાતાની જ ભૂલ—દોષેા જોવા જોઇએ, દોષદૃષ્ટિ અને દૃષ્ટિદોષરૂપ દુર્ગુણને દેશવટો દેવેા જોઇએ. 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ' અને 'સમજ્યા ત્યારથી સાચું ભણીએ' માનેા હેયા પૂર્વક સૌને સાચા ભાવે ખમી—ખમાવી, સાચેા આરાધક ભાવ કેળવી ક્ષમાપના પર્વને ઉજાળીએ. દિલમાં ક્ષમાના દીપકેા પ્રગટાવી,

આતમનાં અજવાળાં કરી, આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોમાં રમણુતા કરનારા બનીએ તે જ હાર્દિક મંગલકામના સહ ભુલનો એકરાર મુશ્કેલ છે તે અંગે કવિની કૃતિનો સાભાર ઉલ્લેખ કરી વિરમું છું,

'દુનિયા મહીં વાતો ઘણી ભૂલી જવી મુશ્કેલ છે.
લાગ્યો હૃદયમાં ડંખ તે, વીસરી જવો મુશ્કેલ છે.
ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપકારને,
ભૂલી જવું મુશ્કેલ છે, આપણાં અપમાનને,
ભૂલી જવા મુશ્કેલ છે, વચન કડવાં ઝેરને,
ભૂલી જવા મુશ્કેલ છે, વિરોધીઓના વેરને,
ચાહો જો તમે દુનિયા મહીં, શાંતિ અને સુખને,
ચાહો તમારા જીવનમાં શાંતિ અને આનંદને.
દુનિયા મહીં આ બધું ભૂલી જવામાં માલ છે.
તે ભૂલી જતાં શીખવું એ એક આશીર્વાદ છે.'

પાન ૪૬ નું ચાલું)

અને વિચિત્ર ખોરાક પાણી, વિ. અનેક વ્યધિઓના કારણો બની રહ્યા છે, માનસિક વિકાસને અટકાવનાર બની, જ્ઞાનતંતુઓ પર માઠી અસર કરી રહ્યા છે, તેવે વખતે ગુણ સંપન્ન આત્માઓએ શાસનના શણગાર રૂપ, જ્ઞાનની તેજસ્વી દીપિકાઓના રક્ષણ માટે સામુહિક રીતે વિચાર કરી સુબધ્ધ યોજનાઓ માટે સતર્ક બની જાગૃત બનવામાંજ શાસનનું ગૌરવ છે.

શ્રમણ રત્નોના તેજને તારક બનાવી રાખી, તે કલ્યાણ કામી આત્માઓની સાધનામાં સૌ કોઈ સર્વાંગી સહાયક બન્યા રહો એજ મીઠી ભલામણ અને સાથે જ શાસન પતિને ઉત્કર્ષ માટે પ્રાર્થના શાસન જયવંતું છે શાસનનો જયકાર બોલવવામાં એક મહાન્ વિભાગને હૈયા નમન.

તો નાશ જ છે

सर्वे यत्र विनेतारः, सर्वे पण्डितमानिनः ।
सर्वे महत्त्वमिच्छन्ति, तद्वृन्दमवसीदति ।।

જ્યાં બધા નાયક હોય, સઘળા પોતાને પંડિત માનનારા હોય અને સઘળા મહત્તાને ઈચ્છનારા હોય તે સમુદાય સીદાય છે અર્થાત્ નાશ પામે છે.

ધર્મતત્વજ્ઞા નયનાદેવી

-શ્રી જૈનેન્દ્ર

શ્રી જૈન મન્દિરોના શ્રેણીથી અલંકૃત વલ્લભીપુર નગર ભારત ભરમાં શ્રી સિદ્ધગીરિરાજની તલાટી અને શ્રદ્ધાવંત વ્રતધારી શ્રાવકજનની ઉત્તમ મોક્ષમાર્ગની કરણીથી પ્રસિદ્ધિને વરેલું. આ નગરમાં ૧૬ સૈકા ની સદીમાં લાવણ્ય-રૂપ અને સતીત્વના તેજથી શોભતી પરમ શ્રાવિકા નયનાદેવી ભૂતકાળના બનાવોમાં કયાંય લુપ્ત બની ગઈ છતાંય જેનું જીવન કવન સુવર્ણાક્ષરે આલેખાએલું અનેક ભવ્ય આત્માઓને અનેરો આદર્શ પુરો પાડે છે.

આ નયનાદેવી ધર્મરંગે રંગાએલ માતાપિતાના સુસંસ્કારથી શ્રી જિને લખેલા જીવાદિ ૯ તત્વો અને કર્મ વિષયક સુજ્ઞાનથી બાલ્ય અવસ્થામાં જ સુજ્ઞાન બન્યાં. ભાલ અને આંખમાં અનેરૂ સતિત્વનુ તેજ : દેહે અપૂર્વ લાવણ્ય-હૃદયમાં અવિહડ ધર્મશ્રદ્ધા અને વ્યવહારિક જ્ઞાન તો શિક્ષકોના ગુરૂ બને એવું છતાંય જીવન પરમાત્મભક્તિ-ગુરૂ બહુમાન-વિનય-વિવેક-ઔદાર્ય-ગંભીરતા ગુણાનુરાગ-સહનશિલતા આદિ ગુણોનું દેદીપ્યમાન સાથે અનેકની આંતરડી ઠારનાર હતું.

૧૬ વર્ષની વયે તેજ નગરમાં ૧૨ વ્રતધારી; પરોપકાર-સદાચાર અને શ્રાવક ધર્મનું સુન્દર પાલન કરનાર શ્રેષ્ઠીવર્ય શ્રી નેમચંદભાઇની સાથે લગ્ન ગ્રન્થીથી જોડાયાં.

ઉભય દમ્પતી ત્રિકાળ પરમાત્મભક્તિ-સામાયિક-ઉભયકાળ આવશ્યક આદિ ધર્મકરણીથી જીવનને ઉજવળ બનાવી રહ્યાં છે. સંસાર સાધનાના ફળ તરીકે ક્રમશ: બે પુત્રરત્નોની પ્રાપ્તિ થઇ એક અજય બીજો વિજય; બંને બાળકો માતાની ધર્મ કેળવણીથી બચપણથી જ 'રામ-લક્ષ્મણ' તરીકે ગામમાં ઓળખાવવાં લાગ્યા. વિનય-વિવેક તો એમની પ્રત્યેક કરણીમાં દર્શન કરાવ્યાં વિના ન રહે.

શ્રેષ્ઠીવર્ય નેમચંદભાઇ ગર્ભશ્રીમન્તાઇને વરેલા-એમાં અચાનક અશુભ કર્મનો ઉદય થઇ ગયો. એમના વિશ્વાસુ ધર્મશીલ મહેતાજી કે જેઓ કુટુંબના મુરબ્બી તરીકે હતાં તેઓ ઘોડા ઉપર બેસીને પેઢીએ આવ્યાં, અને શેઠને કહે છે કે અંદર રૂમમાં પધારો...ગભરાઇ થઇ ગયો... કહેતા જીભ ચાલતી નથી... નેમચંદભાઇનો નિયમ પેઢી ઉપર બપોરે ૧૨ થી ૪ સુધી જ કારભાર સંભાળવો. બાકીનો સમય ધર્મ આરાધનામાં પસાર કરવો... ખૂબ શાન્તચિત્તે શેઠ કહે છે કે, પહેલા પરમાત્માની પૂજા કરી. ભોજન કરી આવો પછી વાત સાંભળીશ. મહેતાજી ઝટપટ પૂજા-ભોજન પતાવી પેઢીએ આવ્યાં અને શેઠને કહે છે કે રૂ, ૭ લાખના કરીયાણાથી ભરેલા વાહણો દરિયામાં ડુબી ગયાં છે.

શેઠે કહ્યું નાશવંત વસ્તુ નાશ પામે, એમાં દુઃખ કેવું ? આ તો કર્મપરિણામ છે. ધર્મ-શ્રદ્ધા અને વિરાગભાવ વધુ દૃઢ બનશે. તમો રહેજે ય ચિંતા ન કરતા ૪ દિ' બાદ શેઠનો વિશ્વાસુ કારભારી ઉંટની ખેપ કરી આવ્યો. ભીની આંખે શેઠને કહે છે કે, પરદેશની સાતે ય વખારો આગમાં સ ફ થઇ ગઇ છે, શેઠે એજ સ્વસ્થતાથી જવાબ આપ્યો. કે ભાઇ ! વખાર સળગી ગઇ એમાં શી ચિંતા !, ધર્મશ્રધ્ધા નાશ ન થવી જોઇએ. જરાય ચિંતા ન કરતાં સૌ સારા વાના થશે. એમાંય ૭ લાખનો માલ હતો. શેઠે મહેતાજીને કહ્યું કે 'મોડી રાતે હવેલીએ આવજો' જી,' કહી સાંજે દેવદર્શન-પ્રતિક્રમણાદિ કરી મધ્યરાત્રિના સમયે મહેતાજી શેઠની હવેલીએ આવ્યાં. શેઠ અને મુનિમ મન્ને જણા ગુપ્ત ભોયરામાં ઉતરીને ૨ ઓરડા વટાવી ત્રીજા ઓરડાનું તોતીંગ તાળુ જે કળવાળુ હતું તે ઉઘાડ્યું. શેઠે મુનિમને કહ્યું અંદર પેટારાઓમાં ૭ લાખનું સુવર્ણ છે તે બહાર કાઢો. મશાલ લઇને મહેતાજી અંદર ગયાં, શેઠ બહાર રહી કર્મ પરિણામનો વિચાર કરે છે. મુનિમ જ્યાં પેટારા ખોલીને જુવે છે તો એમાં સુવર્ણના બદલે કોલસા અને વીંછી જોયાં, જોતાજ ત્યાં બેભાન બની ઢળી પડયાં. ધબાકાનો અવાજ સાંભળી શેઠ અંદર ગયા. કર્મે સર્જેલી પરિસ્થિતિ પામી ગયાં. મુનિમનું માથું ખોળામાં લઇને ચંગરખાથી પવન નાંખે છે. થોડીવારમાં મુનિમ શુધ્ધિમાં આવ્યાં ત્યાં શેઠ કહે છે કે કર્મસત્તા' બળવાન છે, સમજુએ આત્મસત્વ ક્ષીણ ન કરવું જોઇએ. ચિંતા છોડી દો, સમતાથી અશુભ કર્મ ભોગવવામાં જ અશુભ કર્મ નાશ પામે...

મુનિમ શેઠ ઉભય હવેલીના બેઠક ખંડમાં આવે છે...મુનિમજી શું રસ્તો કાઢવો એની ચિંતા કરે છે. ત્યાં અચાનક શેઠાણી નયનાબેન આવે છે. શેઠ મુનિમની વાત સાંભળી પરિસ્થિતી સમજી જાય છે. અને પ્રસન્નચિત્તે સ્મીત રેલાવી કહે છે કે; તમો નાહક ચિંતા કરી આર્ત્તધ્યાન ન કરો. હું હમણાજ થોડી વારમાં તમારી પાસે આવું છું એમ કહીને શયનગૃહમાં જઇ અલંકાર ડાબડો લઇ આવે છે, જે અલંકારો પાણીદાર મૂલ્યવાન હીરા-માણેક-નિલમ-મોતીથી જડેલાં હતાં,-અલંકારો અને ગળામાં એક મંગળસૂત્ર રાખીને શરીર ઉપરથી બધાજ દાગીના ઉતારી ઢગલો કરી દીધો અને કહ્યું કે, બીજો વિચાર ન કરો આ અલંકારો વેચીને બધુ દેવું વ્યાજ સાથે ચૂકતે કરી દો, આવી પરિસ્થિતીમાં માથે દેવું હોય તો આપના નિમિત્તે ધર્મ નિંદાય અને બોધિદુર્લભ બને. શેઠે મૂક સમ્મતિ આપી મુનિમ એ અલંકારો લઇને બીજા દિને શહેરમાં જઇ યોગ્ય મૂલ્ય ઉપજાવી આવ્યો. સૌને પ્રેમથી બોલાવી વ્યાજ સાથે દેવું ચૂકતે કરી દીધું. દાસ-દાસીઓને ૧૨-૧૨ માસનો પગાર આપી રજા આપી. દાસ દાસી રડતી આંખે

વિદાય થયાં. પરિસ્થિતિ ક્ષીણ બની છતાંય પ્રભુભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મ-કરણીમાં જરાય ઓટ ન આવવાં દીધી.

થોડા દિ' બાદ મુનિમ રાત્રે શેઠ પાસે આવી હાથ જોડી વિનંતી કરે છે કે, શેઠ ! 'માગો પાસે જે છે એ આપની જ કૃપાનું ફળ છે. આ પાંચ લાખની પોટલી સ્વીકારી વ્યવસાય કરો...ના પાડી મને દુઃખી ન કરતાં, પણ શેઠે કહ્યું, જુવો ભાઈ, જો પાપોદય ન હોત તો સેનું કોલસા બનત ! જ્યારે પાપોદય ચાલતો હોય ત્યારે કોઈ સાહસ ન જ કરાય...

હવે સાંભળો, પાછલી પહોરે ભાગ્ય જ્યાં લઈ જશે ત્યાં જઈશું તમો આ હવેલી સંભાળજો, યોગ હશે ત્યારે ભેગા થઈશું. 'જિનભક્તને કયારે ય ચિંતા ન હોય, તમો ધરપત રાખો... મુનિમ રડતા હૃદયે ઘેર પોંહચ્યો, ત્યાં શેઠાણીએ કહ્યું કે નાથ ! તમોએ યોગ્ય જ નિર્ણય કર્યો છે, જે નગરમાં પુણ્યોદયના કાળમાં પરમાત્મભક્તિ સહિત શાસનની સુંદર આરાધના-પ્રભાવના કરી અનેક સાધર્મિકને ધર્મવાત્સલ્યથી સ્થીર કર્યા એ નગરમાં આવી પરિસ્થિતિમાં રહેવું ઉચિત નથી જ, 'ધર્મો રક્ષતિ રક્ષીતઃ' શુધ્ધ આચરેલો ધર્મ જ આપનું કલ્યાણકારી સાચું રક્ષણ કરશે. શેઠને અપૂર્વ ધીરજ આપી પાછલી રાતે બન્ને બાળકોને ઉઠાડી સાથે લઇને શેઠ-શેઠાણી નિકળ્યાં. અને ૨૦ માઇલ સુધી સતત ચાલી એક નગરનાં પાદરે ઘેઘુર વડલો દેખીને થાક ઉતારવાં બેઠા...સૌ શ્રમિત બની ગયાં. બન્ને બાળકો તો ખૂબ જ થાકી ગયાં. પણ કોઇ બાળક રડતું નથી કે મા બાપ પાસે ખાવાનું માગતાં નથી. પણ શાન્તચિત્તે માતા નયનાદેવીના ખોળામાં આરામ કરે છે. પછી થોડો આરામ કરીને સૌ પ્રતિક્રમણ શાન્તચિત્તે કરી શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં લીન બની ગયાં.

માતા, નયનાદેવીએ બન્ને બાળકોને કેવા ઉત્તમ ધર્મ સંસ્કાર આપેલા કે જેથી આપદ્કાળમાં પણ બાળકો સુન્દર સમતાને જાળવી શકે છે. પણ આ આપત્તિ આચરેલ ધર્મપ્રભાવે અલ્પકાલીન બની... થોડીક જ વારમાં તે નગરના શેઠ માણેકચંદભાઈ દેહ-શુદ્ધિનું કાર્ય પતાવી ચાંદીનો કળશો હાથમાં પકડી નગરમાં જતાં હતાં ત્યાં અચાનક નેમચંદભાઇ શેઠ અને એમના બાળકો અને નયનાદેવી એમની નજર પડી. નેમચંદ-ભાઇના ભાલે કેસર ચાંદલો દેખી વિચારે છે કે, કોક મારો સાધર્મિકબન્ધુ દુઃખના ભારે દબાએલું આવું બેઠું છે. સાધર્મિક પરિવારને જોતા જ રોમરાજી વિકસ્વર બની...શેઠ પ્રત્યે અપૂર્વ બહુમાન પેદા થયું.પાસે આવી હાથ જોડીને વિનયપૂર્વક નમન કરેછે અનેવિનંતી કરે છે કે, પૂજ્ય વડિલબન્ધુ, આજે સોનાનો સૂરજ ઉગ્યો. પરમ ભાગ્યોદયથી જ આપશ્રીના

પુણ્યદર્શન થયાં. મારી ઉપર કૃપા કરીને મારા આંગણાને પાવન કરો, વિનંતીનો અસ્વીકાર કરી મને દુઃખી મા કરશો. થોડીવારમાં જ ઘોડાગાડી લઇ આવું છું શેઠ મૌન રહ્યાં–મૌનમાં જ સમ્મતી માની માણેકચંદભાઇ શેઠ બે ઘોડાની બગી લઇને આવ્યાં... શ્રેષ્ઠી નેમચંદભાઇનો હાથ પકડી બહુમાનથી બગીમાં બેસાડે છે. બન્ને બાળકો ઉપર પુત્રવાત્સલ્ય વરસાવી જાતે ઉચકીને બેસાડે છે. નયનાદેવી બગીમાં બેસીને બાળકો પાસે સ્થાન લીધું–માણકચંદભાઇ શેઠ સામી બાજુએ વિનયપૂર્વક બેસી ગયાં...

નગરના સુપ્રસિદ્ધ શેઠ માણેકચંદભાઇની હવેલી આવતાં વિમલા શેઠાણી સૌને અક્ષતથી વધાવી ઓવારણા લે છે. નયના શેઠણી તો ધર્મનો જાગ્રત પ્રભાવ કેવો અદ્ભૂત–આહ્લાદકારી હોય છે એના જ વિચારમાં મગ્ન છે.

હવેલીમાં પ્રવેશ કરી સૌ સ્વસ્થતાથી બેઠા છે. ત્યાં માણેકચંદ શેઠ વિનંતી કરે છે કે શીરામણ. પ્રાતઃ ભોજન માટે પધારો–આ સાંભળી અજય અને વિજય બન્ને બાળકો એકી સાથે બોલી ઉઠયાં કે, ભગવાનની પૂજા કર્યા વિના અમે મોંમાં પાણી નહી નાંખીયે. આ સાંભળી માણેકચંદ શેઠ વિચાર કરે છે કે ધન્ય છે મારા સાધર્મિક પરિવારને, કે જેઓ પ્રભુભકિત અને શ્રાવકધર્મથી રંગાએલા છે. ધિક્ છે મને કે વ્યવસાયના પ્રપંચમાં હું ધનનો ગુલામ બની પરમાત્માની પૂજા–ભકિત પણ કરતો નથી.... આજે હું આ સૌની સાથે જ ભકિતભર્યા હૈયે દેવાધિદેવની પૂજા ભકિત કરૂં" આમ વિચારી કહે છે કે સ્નાન સામગ્રી તૈયાર છે. સાથે પૂજા સેવા કરવાં સર્વપૂજન સામગ્રી હાજર કરી દીધી. સ્નાનાદિકથી પરવારી નેમચંદભાઇ શેઠના પરિવાર સાથે માણેકચંદભાઇ જિનાલયે પધાર્યા સૌએ ભૂરી ભાવે વિધિ પૂર્વક પરમાત્માની સુન્દર પૂજા–ભકિત કરી ભાવ પૂજા...ચૈત્યવંદન ચઢતા ભાવે એવી રીતે કર્યું કે, માણેકચંદભાઇએ શુભ સંકલ્પ કર્યો કે સ્વદ્રવ્યથી પરમાત્માની પૂજા કર્યા વિના હવેથી હું મૂખમાં પાણી નહિ નાંખું.

ધર્મના રંગે રંગાએલા ભાગ્યવાનની છાયામાં જે આવે તે પણ ધર્મ પામ્યા વિના રહે જ નહિ૦

માણેકચંદ શેઠે હવેલીએ આવ્યા બાદ કેશરીયા દૂધ આદિ ઉત્તમ દ્રવ્યોથી સુન્દર ભકિત કરી...ચાંદલા કરી સુંદર સાધર્મિક બહુમાન સૌનું કર્યું. ત્યાં શેઠ નેમચંદભાઇ જવાની રજા માગે છે. માણેકચંદભાઇ પગમાં પડી વિનંતી કરે છે કે મોટા ભાઇ હવે હું જવા નહિ જ દું.! આપના પુન્ય પગલે મારા હૈયામાં જે ધર્મ આંદોલન પેદા થયું છે. એનું શું વર્ણન કરૂ? આ નાનાભાઇને જૈનધર્મનું તત્વજ્ઞાન, આપવું જ

પડશે–હવે મારે મારૂ જીવન ધર્મમાર્ગે જ વાળવું છે. દાક્ષિણ્ય ગુણના સ્વામી નેમચંદ શેઠ સ્નેહભાવે રોકાયાં....

રોજ બપોરે અને રાત્રે પ્રતિક્રમણ બાદ ધર્મચર્ચા ચાલે, નેમચંદભાઇ શ્રાવકધર્મ અને દાનાદિ ૪ પ્રકારનો ધર્મ એવી સહેલાઈથી સમજાવે કે માણેકચંદભાઇ મધુરૂ અમીપાનની મસ્તી માનતાં. મનોમન એમણે મોટાભાઇને ધર્મદાતા ગુરૂ સ્થાને હૈયામાં સ્થાપિત કર્યાં.

નયનબેન અને વિમળાબેન સહોદર ભગિની–સખી અને કલ્યાણમિત્ર બની ગયા. વિમળાબેને બન્ને બાળકોને એવો પ્યાર આપ્યો કે, માતાની જેમ જ વિમળાબેનના લાડલા અને માનીતા બની ગયાં.

એક' દિ' માણેકચંદભાઇએ વંદન કરી કહ્યું કે, મોટાભાઇ ! આ મેળવેલી બધી લક્ષ્મી આપની જ છે, આ લક્ષ્મી મેળવવામાં મેં આજ દિ' સુધી કોઇ અધર્મ આચર્યો નથી, પુન્યોદયથી મળેલી સંપત્તિનો સાચો સદુપયોગ ધર્મ કાર્યોમાં–દાનમાં જ થાય. આપ હવે દાનગંગા' વહેતી મૂકો કે જેથી મારામાં વિરાગભાવ જન્મે. લોભ નબળો પડે અને સ્વસ્થચિત્તે પરમાત્માના શાસનની સુંદર આરાધના કરી શકું. નાનાભાઇની હૃદય પરિણતી જોઈને બીજા જ દિ'થી પવિત્ર દાનગંગાનો પ્રવાહ શરૂ કર્યો. સાતેય ક્ષેત્રો લીલાછમ બની ગયાં...

સાધર્મિકવાત્સલ્યથી નગરનાં શ્રાવકો સ્વસ્થ અને ધર્મમાં દૃઢ બન્યાં. અઢારે ય કોમ દાનપ્રભાવે ધર્મપ્રશંસક અને નિર્વ્યસની બનવાં સાથે ભદ્રિક પરિણામી બની, જ્યાં જુવો ત્યાં એક જ વાત સંભળાય કે 'માણેકચંદશેઠના ઉદાર ચિત્ત દાનશૂર મોટાભાઇ આવ્યાં છે. આખાય નગરમાં ધર્મશાસનની શિતલ છાયા પસરાવી દીધી... કીર્તિ તો ગામ સીમાડ વટાવી આજુબાજુના પ્રદેશમાં રમવા લાગી. આ વાત નગરનાં રાજાના કાને પહોંચી, રાજા પણ ગુણગ્રાહી–ગુણાનુરાગી અને પ્રજાવત્સલતા સાથે ધર્મરાગી અને શ્રદ્ધાળુ હતો. રાજાએ પ્રધાન સહિત અધિકારીઓને માણેકચંદભાઇના ત્યાં મોકલ્યાં અને રાજા વતી વિનંતી કરાવી કે, મોટાભાઇ રાજ દરબારે પધારે, રાજા ધર્મગોષ્ઠી અને ભાગ્યવાનના દર્શનને અને સહવાસને ઇચ્છે છે, માણેકચંદભાઇ મોટાભાઇ સાથે રાજ દરબારે પધાર્યા, રાજા સિંહાસન ઉપરથી ઉભા થઇ મોટાભાઇને ભેટી પડયાં, અને યોગ્ય આસન બેસવા આપ્યું.

રાજાએ હાથ જોડી એકજ માગણી કરી કે, મારે ધર્મતત્ત્વ જાણવું છે. મોટાભાઇએ રાજનીતિ–ધર્મનીતિના એવી મધુરીવાતો દૃષ્ટાન્તો–દલીલો–તર્ક સાથે કરી કે

આખી રાજસભા આશ્ચર્ય પામીને ધર્મવાસિત ચિત્તવાળી બની ગઈ. રાજાએ ઉચિત બહુમાન કરી રાજસભાએ રોજ આવવાં આગ્રહ કર્યો. જે શેઠ નેમચંદભાઈએ સહર્ષ સ્વીકાર્યો...

એક દિ' નેમચંદ શેઠ જવાની રજા માગી પણ માણેકચંદ ભાઈ હા પાડતા જ નથી. વિનમ્રભાવે કહે છે કે, ભાઈ ! મારી ધર્મ જિજ્ઞાસા આપ નહિ સંતોષો તો કોણ સંતોષશે, શેઠ નેમચંદભાઈ અત્યાગ્રહથી રોકાઈ ગયાં.

બીજી બાજુ પરમ શ્રાવિકા નયના શેઠાણી વિમળાબેનને રોજ ધર્મસ્વરૂપ પ્યારથી સમજાવે છે જેના પ્રભાવે વિમળાબેન પણ પરમશ્રમણોપાસિકા બની પરમાત્મભક્તિ સાથે અનેકવિધ ધર્મ સાધનાથી જીવન ધન્ય બનાવે છે અને સ્વભાવને સ્વ-પર ઉપકારક બનાવે છે. આમને આમ બે મહિના પસાર થયા પણ માણેકચંદભાઈ ! મોટાભાઈને પૂછતા પણ નથી કે આપશ્રીનું શું નામ છે ? કે કયા ગામથી પધાર્યા છો ? જે પરમાત્મ શાસનને પામે એની ગંભીરતા સમુદ્રને પણ ઓળંગે એમાં શું આશ્ચર્ય !

એક દિ' મધ્યાહ્ન સમયે બન્ને ધર્મબન્ધુઓ ધર્મગોષ્ઠી કરી રહ્યાં છે ત્યાં ચોકીદાર આવી હાથ જોડી કહે છે કે કોઈ વૃધ્ધજન મોટા શેઠને મળવાં ઇચ્છે છે શેઠે રજા આપતાં વૃધ્ધપુરૂષ કે જે શેઠ નેમચંદભાઈના મુનિમ હતાં તે આવીને મોટ શેઠને નમી પડે છે. શેઠ ભારે બહુમાન આપી અબર અંતર પુછે છે. કહે છે કે શેઠ ! દેવ ગુરૂ કૃપાથી કુશળ છું...હવે પુન્યોદય આપશ્રીનો ૧૬ કળાએ મધ્યાહ્ને તપે છે... ત્યાં માણેકચંદ શેઠ મુનિમજીને એક નજરે જુવે છે ત્યાં ભૂતકાળ નજર સામે ખડો થઇ ગયો કે, વર્ષો પહેલા હું ભારે આર્થિક મુશ્કેલીમાં આવી પડેલ. કોઇ પાઈની મદદ કરવા તૈયાર ન હતું. આબરૂ સાચવવાં જો તાત્કાલીન ૧૫ હજાર રૂપીયા ન મળે તો વર્ષો જુની પેઢીની નાલેશી થાય અને જીવન ટુંકાવવું પડે...ત્યાં શેઠ નેમચંદભાઈની નામના યાદ આવી. એમના ગામે પેઢીએ પોંહચી ગયો. શેઠ તો યાત્રાએ ગએલા પણ એમના આ મુનિમે વાત સાંભળી વગર ઓળખાણે વગર લખાણે ૧૫ હજાર રૂ. તુરત ગણી આપ્યાં અને આશ્વાસન આપ્યું કે જરાય મુંઝાવ મા' વધુ જરુર હોય તો આપું-મે ના પાડી શેઠ નેમચંદભાઈની લક્ષ્મી મારા હાથમાં આવવાની સાથે મારો પુન્યોદય વધુને વધુ સતેજ બની ગયો. એ રકમ વ્યાજ સાથે અલગ રાખી મુકી છે. આજે ઋણમુકત બનીશ. એમ વિચારી માણેકચંદભાઇ ઉભા થઇ પગમાં પડી કહે છે કે મોટા ભાઇ ! અણીના અવસરે ધર્મનિષ્ઠ આપના મુનિમે જો મને ૧૫ હજાર રૂ. ન આપ્યા હોત તો આજે મારૂ જીવતરજ ન હોત ! આમ આ રકમ સ્વીકારી મને ઋણમુકત કરો... પણ મોટાભાઇ કાંઈ નાનાભાઇ

પાસેથી ૨૬૬૬ લે ? મોટાભાઈએ કહ્યું કે આ તો ખીચડીમાં ઘી પડયું. તું ૨૬૬૬ની વાત કરી મને લજ્જાસ્પદ ન બનાવ ! તું તો મારે માડી જાયા ભાઇ કરતા વધુ પ્રાણપ્રિય છે. મારૂ એ તારૂ જ છે.

ત્યાં મુનિમે સસ્મીત વાત કરી કે, શેઠ ભારે પુન્યોદય તમારો શરૂ થયો છે નાશ પામેલા જાણવા મળેલા વાહણો સાતેય સહિસલામત બંદરે આવી પુગ્યાં. ભાવ પણ વધી ગયાં ૭ લાખના ૧૪ લાખ ઉપજ્યાં છે. મોટાભાઇ તરીકે દાનની સુવાસ આપના ગામમાં ફેલાણી, મને વિચાર આવ્યો કે, આટલા મુલુકમાં આપના જેવા કોઇ દાનેશ્વરી નથી એ વિશ્વાસે આવ્યો. આપના પુન્ય દર્શન થયાં.

આ સાંભળી માણેકચંદ શેઠે મોટાભાઇના ખૂબ ગુણ ગાયાં, ત્યાં બન્ને બાળકો પંડિતજી પાસે. ભણીને આવી ગયાં મહેતાજીને જોતા જ પગે લાગી દાદા દાદા કહીને વળગી પડયાં હવેલીમાં આનંદ મંગળ વર્તાઇ ગયો.

રાત્રે પ્રતિક્રમણ બાદ આત્મ-કર્મ-પુન્ય-પાપ આદિ તત્વો મોટાભાઈએ સવિસ્તર સમજાવ્યા પછી શેઠે મુનિમને કહ્યું કે, ભાઇ હવે પુન્યોદય જાગ્યો છે. આવતીકાલથી પ્રભુભક્તિનો અટ્ઠાઇ મહોત્સવ સાધર્મિકભક્તિ સાથે શરૂ કરો-મુનિમ આ સાંભળી નાચી ઉઠયો. નયનાબેનને તો અંગમાં આનંદ સમાતો નથી, શ્રી સંઘની રજા લઇ બીજા જ દિવસથી ઉદારચિત્તે મહોત્સવ મંડાણા... માણેકચંદભાઇતો પોતાનો જ પ્રસંગ સમજીને આ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાય એ માટે કામે લાગી ગયાં-રાજા રાણીને ભાવભર્યું આમંત્રણ અપાયું. નગરમાં અમારિ પાલન અને દાનનાં ઢોલ પીટાયાં...મહોત્સવમાં આખુ નગર ઓચ્છવમય બની ગયું, દરેક પ્રસંગે રાજા-રાણીએ હાજર રહી પ્રભુભક્તિનો સુંદર આસ્વાદ અનુભવ્યો, રાજાએ રાજ દરબારમાં ભારે સન્માન કર્યું, પછી નેમચંદભાઇએ વિદાયની તૈયારી કરી માણેકચંદભાઇને ભારે વિયોગનું દુઃખ.....વિમળાબેનતો વિદાય પ્રસંગે મૂર્ચ્છિત બની ગયાં...મૂર્છા ઉતર્યાબાદ નયનાબેને ભારે આશ્વાસન આપ્યું વિમળાબેને-અજય-વિજય બન્ને બાળકોને અલંકારથી મઢી દીધાં. બન્ને બાળકો પગે લાગી વિનયથી આશીર્વાદ માંગે છે. વિમળાબેને બન્ને બાળકોને પવિત્ર આશીર્વાદ અને વાત્સલ્યથી નવરાવી દીધાં. નયનાદેવી અને વિમળાબેન ભેટી પડયાં. બન્નેની આંખમાંથી વિયોગના આંસુ સુકાતા નથી. રાજાને સમાચાર મળતાં રાજા રાણી ઉભય વિદાય આપવાં આવી ગયાં. ગામની સીમ સુધી આંખુય નગર વળાવવાં આવ્યું. દુઃખી દિલે સૌ પાછા ફર્યા. નેમચંદભાઇ શેઠ પરિવાર સાથે સ્વનગરે આવતાં નગરજનોએ જોરદાર સ્વાગત કર્યું. વઢવીપુરના રાજાએ રાજ દરબારમાં સન્માન કરી શેઠની ધર્મ શ્રધ્ધા-સહિષ્ણુતા-દાનાદિગુણોની પ્રશંસા કરી કહ્યું કે તમારા

જેવા ધર્માત્મા'થી જ આ નગર ધન્ય બન્યું છે હવે શેઠની પેઢી જોરદાર ચાલવાં લાગી. –દેશ–વિદેશનો વેપાર ગુણાકારે વધવા માંડયો. ત્યાં એક દિ' પરદેશથી સમાચાર આવ્યા કે, વખારો બળી ગઇ હતી પણ ભોંયરાઓમાં માલ સલામત હતો. ભાવ વધી જવાથી ૭ લાખ રૂ. ના ૧૪ લાખ ઉપજ્યાં છે. આ સાંભળી શેઠ ગંભીર વિચારે ચઢી ગયાં. ત્યાં ધર્મપત્ની નયનાદેવીએ કહ્યું કે સ્વામિનાથ! લક્ષ્મી પ્રાપ્ત થઇ એનો સાચો સદુપયોગ પ્રભુભક્તિમાં જ છે. હવે તમો એવું દેવવિમાન જેવું સુન્દર જિનાલય બાંધો કે જેથી અનેક ભવ્યાત્માઓ પ્રભુદર્શન–વંદન અને પૂજનથી સમ્યક્ત્વાદિ ગુણોને મેળવીને મોક્ષમાર્ગની સુંદર આરાધના કરે જેનો લાભ આપણને સતત મળતો જ રહે આ સાંભળી શેઠનું હૈયું નાચી ઉઠયું. અને વિચાર કર્યો કે આ શુભ ભાવનાથી જરૂર મારી આ અર્ધોદ્ગના નિકટ મોક્ષગામી છે. 'शुभस्य शीघ्रम्' આ ન્યાયે મુનિમજીને જાત કરી કે, ભવ્ય જિનમન્દિર બાંધવા માટે કુશળ કારીગરોને બોલાવો. નગરના મધ્યભાગે વિશાળ રમણીય જિનાલય વહેલામાં વહેલી તકે બાંધવાનું છે. ખર્ચા સામે ન જોતાં–જિનાલય તીર્થસ્વરૂપ બનવું જોઇએ,–મુનિમે આજ્ઞા સ્વીકારી કુશળ કારીગરો–શીલ્પીઓને તેડાવ્યાં અને શુભ મુહૂર્તે નૂતન જિનાલય બાંધવાનું કામ શરૂ કર્યું. કારીગરો પણ ઇચ્છા કરતાં અધિક મહેનતાણું મળતું હોવાથી દીલ દઇને ઝડપી કામ કરે છે. જિનાલય નિર્માણની વાત માણેકચંદભાઇ પાસે આવી. સમાચાર આપનારને અલંકાર આપી ખૂશ કર્યા. અને શ્રાવિકા વિમળાબેન સાથે વલ્લભીપુરે આવીને મોટાભાઇને મળ્યાં. મોટા ભાઇએ ખૂબ આગતા સ્વાગતા કરી રાત્રે પ્રતિક્રમણ બાદ માણેકચંદ શેઠ,નેમચંદ શેઠને હાથ જોડી કહે છે કે, મોટાભાઇ મારૂ જીવન પૈસા કમાવવામાં જ વહી ગયું. આપ તો ધર્માત્મા છો આ તમારો નાન્હોભાઇ ભવ હારી ન જાય માટે મને આ દેરાસર ખર્ચનો લાભ આપો. મોટાભાઇ કહે છે કે, હું જીવનમાં પહેલીજ વાર આ જિનાલય બાંધુ છું. આ લાભ કેમ છોડુ? લોભ પિશાચ મને ધનનો રખેવાળ બનાવી ભારે કર્મી બનાવશે, માટે આમાં તું આગ્રહ ન કર! ત્યાં નાન્હાભાઇએ કહ્યું કે રંગમંડપનો લાભ મને લેવા દો, તું નાન્હોભાઇ લક્ષ્મીનો પ્રભુભક્તિમાં સદુપયોગ કરે એમાં આપ રાજી ન થાવ? શેઠે ધર્મપત્નીની સલાહ લઇને કહ્યું કે, એક શર્તે હું હા' પાડું જો આ જિનાલયને 'માહેશ્વસહી' નામ આપવા હા' પાડે તો માણેકચંદભાઇએ ઘણી વાતચીત અને અણાકાની બાદ હા' પાડી, મોટાભાઇના ૧૫ લાખ નાન્હાભાઇના ૫ લાખ દ્રવ્યથી ભવ્ય દેવ વિમાન જેવું સૂક્ષ્મ કોરણીથી યુકત જિનાલય નિર્માણ પામ્યું. સાથે ભવ્ય ઉપાશ્રય પણ બાંધ્યો. વિધિપૂર્વક પ્રતિષ્ઠા કાર્ય માટે મહાપ્રભાવિક શાસન રક્ષક પૂજ્ય આચાર્યવર્ય શ્રી નિરંજનસૂરિ મ.

ને પરિવાર સહિત તેડાવ્યાં, ભવ્ય નગર પ્રવેશ કરાવ્યો. ૨૧ દિવસનો ભવ્ય મહોત્સવ મંડાણો.

ભારતભરના સંઘોને આમંત્રણથી તેડાવ્યાં. ઉદારતાના શા વર્ણન કરવાં–રોજ સાધર્મિકવાત્સલ્ય–વિધિશુધ્ધ ક્રિયાઓ, વાજિંત્રના જયઘોષ–ઢોલ પીટાવી દાન છૂટા હાથે અપાય. પ્રતિષ્ઠાદિને અઢારે ય આલમનો સામૂજન અપાયું. અમારિપ્રવર્ત્તન નગરમાં અને આજુબાજુના પ્રદેશમાં અદ્‌ભૂત કરાવ્યું. સૌના મુખે શ્રી જિનશાસનનો મહિમા ગવાય છે. આ શુભ પ્રસંગે સપરિવાર માણેકચંદ શેઠ, રાજા રાણી પધાર્યા...એકાળે મહોત્સવમાં ૩ લાખ સુવર્ણમુદ્રાનો વ્યય થયો. ભોયરામાં રહેલું ધન પણ પુન્યયોગે સૂવર્ણમય બની ગયું...

જ્યારે આવા ભાગ્યવાનોની ધર્મપરિણતી વિચારીએ ત્યારે ભારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ઔદયિક ભાવથી સાધુવેશ પહેરેલા કહેવાતા સમયજ્ઞ–ચતુર વિદ્વાન્ સાધુઓ ગળુ ફાડીને શ્રી જિન સંઘોમાં ઉન્માર્ગદેશના આપી રહ્યાં છે કે, આજના કાળમાં દેરાસર માટે પૈસા ન ખર્ચો...શૈક્ષણિક કાર્યો અને અમે જે તમારા બાળકો માટે તપોવન ઉભુ કરી રહ્યા છે એમાં જ ધન આપો, આજે તપોવન વિના ભગવાનનું શાસન જોખમમાં છે.' વિગેરે વિગેરે શંકા હોય તો રાજકોટથી નિકળતું સાંજ સમાચાર તા. ૮–૭–૯૪નું દૈનિક વાંચી જાવ, સુધારાવાદી સાધુના વિચારો જાણી હૈયું કંપી જશે. એમના મલીન અને શાસન વિઘાતક પ્રવૃત્તિનો ખ્યાલ આવશે વસ્તુતઃ આની પાછળ એમના ગુરૂનો પુરો સહકાર છે. તમો જો સાવધ નહિ બનો તો જે લક્ષ્મી જિનાજ્ઞા મુજબ ધર્મઅનુષ્ઠાનમાં વપરાઈ ભવાન્તરમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીનું શ્રેષ્ઠ કારણ બને એજ તમારી લક્ષ્મી શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ સુધારક સાધુઓના સડેલા વિચારો અને કાર્યોમાં વપરાઇ દુર્ગતિ અને બોધિદુર્લભનુ કારણ બનશે એમાં કોઇ શંકા નથી. **આજ્ઞારાધ્ધા વિરાધ્ધા ચ શિવાય ચ ભવાય ચ'** આ શ્રી કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવન્તના વચનને યાદ કરો હવે પ્રસ્તુતમાં આવીએ,

પ્રભુપ્રતિષ્ઠાના આગલા દિને રાગે શેઠ ધર્મવિચારમાં મગ્ન છે. ત્યાં ધર્મ પત્ની નયનાદેવી આવીને વિચારે છે કે સ્વામિનાથ! પ્રભુપ્રતિષ્ઠાના મંગલ પ્રસંગે આપના મૂખ ઉપર ગંભીરતા કેમ? શેઠ કહે છે કે પ્રભુભક્તિનું સાક્ષાત્ આ જન્મમાં ફળ શું? નયનાદેવી કહે છે કે સર્વસંગનો ત્યાગ કરી આપણે બન્ને સાચા સંયમી બનીએ તો. જો આપ સત્ત્વ ફોરવો તો આપણે બન્ને પ્રભુપ્રતિષ્ઠાના શુભ દિને જ દીક્ષા અંગીકાર કરી જીવનને ધન્ય બનાવીએ. સાંભળી નેમચંદભાઇએ કહ્યું કે, તેં મારી હૃદયચક્ષુ

ઉઘાડી છે. સંયમ ધર્મની મજેની જયાં વાત આલે છે ત્યાં અચાનક રાજા-રાણી પધાર્યા. ઉભય દંપતીએ ઉચિત સત્કાર-બહુમાન કરી કહ્યું. કે માનવભવની સાચી સાર્થકતા નિઃપાપ સંયમ ધર્મ અંગીકાર કરી રત્નત્રયીની સાધનામાં છે આપ ઉભય અમોને ચારિત્ર લેવા રાજા આપો, અને અમારા બન્ને બાળકોને આપ સંભાળો-રાજા-રાણી આશ્ચર્ય સાથે સંવેગભાવમાં ચઢી ગયાં. ત્યાં અજય-વિજય બન્ને બાળકો કે જે જાગતાં હતાં અને માતા પિતાની સંયમની વાતો સાંભળીને બન્ને જણાએ દૃઢ નિશ્ચય કર્યો કે માતા પિતાની સાથે જ ચારિત્રગ્રહણ કરવું, એ નિશ્ચયને અમલમાં મૂકવાં ત્યાં આવી વિનયથી રાજા-રાણીને વંદન કરી માતા પિતાને પગે લાગી વિનંતી કરે છે કે, આપની ધર્મ કેળવણી અને ધર્મચર્ચા રોજની સાંભળીને અમો બન્ને આપની સાથે જ દીક્ષા લેવાના છીએ. આપ ઉદારતાથી રજા આપો. આપના આ બાળકો સંયમ સ્વીકારી ઝટ મોક્ષે જાય એમાંજ આપની શોભા છે. ત્યાં શેઠે પરીક્ષા કરવાં કહ્યું કે, તમો સારી રીતે ધર્મ કરી શકો માટે પાંચ લાખ અને સુખથી જીવન જીવો માટે ૨૦ લાખ એમ ૨૫ લાખ મુકી દીધા છે. ત્યાં વિજયે કહ્યું. પૂજ્ય પિતાશ્રી ભોગ વિલાસ કરી અમારે ૮૪ લાખ યોનિમાં ભટકવું નથી. આ ૮૪ના ફેરા બંધ કરવાં તો દીક્ષા લેવી છે અમારે ઝટ કેવળજ્ઞાન રોળવી મોક્ષે જવું છે આમ આનંદથી રજા આપો. આ સાંભળી માતા નયનાદેવીની આંખમાં હર્ષના આંસુ આવ્યા.

બન્ને બાળકોને ભેટી પડયાં અને કહ્યું કે હું રત્નકુક્ષી માતા બની મારા આશીર્વાદ છે તમારા પિતાશ્રી પણ હા' જ પાડશે, ત્યાં પિતા નેમચંદ શેઠે કહ્યું આજે મને સાચો આનંદ આવ્યો છે, પ્રભુભક્તિ ફળી છે, તમો ઝટ મોક્ષે જવા દીક્ષા લો એમાં હું રાજી જ છું. તૈયાર થાવ સુપુત્રો.. ત્યાં રાણીએ કહ્યું કે નયનાબેન, તું શરીરે કોમળ છે સંયમ માર્ગ કઠીન છે. ઉતાવળ ન કરો...

નયનાદેવીએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષથી વિરાગભાવે જીવું છું. શેઠ પણ સંવેગભાવમાં જ મસ્ત છે. શરીર ભલે કોમળ રહ્યું પણ મારો આત્મા તત્વપરિણતીથી વજ્ર જેવો કઠોર છે... સંયમપાલનનું કષ્ટ એ તો આરાધકને અક્ષયપદે પોંહચાડે છે. આપ અંતરાયની વાત કરો મા, ત્યાં રાજાએ કહ્યું કે તમો નગરના અકલંક મોતી છો. નાક છો. હું પણ તમારી સાથે જ રાજપુત્રને રાજ્યગાદી સોંપી ચારિત્રગ્રહણ કરીશ. અને તમારા જેવા કલ્યાણમિત્રના યોગને પામીને સુંદર ચારિત્ર ધર્મનું પાલન કરીશ. ત્યાં રાણીએ પણ પોતાનો દૃઢ નિશ્ચય જણાવ્યો કે હું હવે એક ક્ષણ પણ સંસારમાં ન રમું, નયનાબેન જેવા કલ્યાણ મિત્રનો યોગ પામી સંયમયોગની અપ્રમત્તભાવે પાલના કરીશ આમ ૬ ભાગ્યવાનો પરિણતે હણવાં દીક્ષા ગ્રહણ માટે સજ્જ બન્યાં.

પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યરીતે ઉજવાયો. માણેકચંદ શેઠ વિમળા શેઠાણી અને તે નગરનાં રાજા રાણી સંયમ લેવાની અશક્તિથી ભારે દુઃખી થયાં પણ સમ્યકત્વ સહિત ૧૨ વ્રતધારી બનવાં સજ્જ બની ગયાં.

નેમચંદ શેઠે ૨૫ લાખ રૂપીયા ૭ ક્ષેમમાં જાહેર કર્યા. ગુરૂવર્ય શ્રી નિરંજનાચાર્યે કાઢેલા શુભ મુહૂર્ત્તે પ્રતિષ્ઠાના બીજા જ દિને ભવ્ય મહોત્સવપૂર્વક ૬ એ ભાગ્યવાનોએ ભારે ઉમંગથી ચારિત્રગ્રહણ કર્યું. આ શુભ પ્રસંગને પામીને નગર જનોએ કાયમી માંસાહાર–દારૂ આદિ વ્યસનોનો ત્યાગ કર્યો....

૬ એ દીક્ષાગ્રહણ કર્યા બાદ સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રનું પાલન અને ૧૨ પ્રકારના તપથી ચડતે પરિણામે સંયમધર્મનું પાલન કર્યું અને પંડિત મરણે અપૂર્વ સમાધિ પૂર્વક નશ્વરદેહને ત્યજી સ્વર્ગને અલંકૃત કર્યું. અને મુકિત પ્રાપ્તિને નજીક બનાવી. માણેકચંદ શેઠ–વિમલા શેઠાણી અને તે નગરનાં રાજા–રાણીએ ૧૨ વ્રતમય શ્રાવક ધર્મનું સુંદર પાલન કરી અપૂર્વ શાસન પ્રભાવના કરી સમાધિપૂર્વક મરીને સદ્ગતિને પામ્યાં અને મુકિતપ્રાપ્તિની સુલભતાને પામ્યાં.

તત્ત્વજ્ઞા–ધર્મપરિણત–શીલધર્મ અલંકૃતા એવી નયનાદેવીએ સ્વ જીવનને ધન્ય તો બનાવ્યું જ સાથે સ્વપતિ અને ઉભય સુપુત્રો, રાજા–રાણીના જીવનને પણ ધન્ય બનાવ્યું. અનેક ભવ્યાત્માઓનાં હૃદયમાં સમ્યગ્દર્શન અને યોગ બીજોનુ વાવેતર કર્યું. આ ધર્મ પરિણત નયનાબેનના જીવનને હૃદયસ્થ કરી સૌ વાચકો જિન વચનદ્વારા સદ્ગુરૂના યોગને સફળ બનાવે યથાશકિત ધર્મસાધનાદ્વારા માનવજીવનને ધન્ય બનાવે અને શાશ્વત શિવસુખ પામવાનાં લોકોત્તર સૌભાગ્યના સ્વામી બને એજ એક શુભાભિલાષા.

ઉપકાર કરવામાં આળસ ન કરવી

लच्छी सहावचवला तओवि चयलं च जीविअं होइ ।
भावो तओवि चवलो उवयार विलंबणा किस ।।

લક્ષ્મી સ્વભાવથી ચપલ છે, લક્ષ્મી કરતાં જીવિત ચપલ છે અને તેના કરતાં મનના પરિણામ ચપલ છે માટે અન્યના ઉપકારમાં વિલંબ ન કરવો જોઇએ.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી -

- શાસ્ત્ર રક્ષણ કોનું કરે ? એના શાસનને જે સહન કરે તેનું. પહેલાં એ શાસન કરે, એને માને તેનું તે રક્ષણ કરે.
- દુરાગ્રહી જીવોને ઉપદેશનો પ્રયત્ન કરવો તે કુતરી પર કસ્તુરીના લેપનો બરાબર છે. એ તો કસ્તુરીને ધુળમાં રગદોળે ત્યારે જ એને ચેન પડે!
- આજે બુદ્ધિમાં ભેદ થઈ ગયો છે સાચી શીખામણને લાયક આજે તમે નથી રહ્યા. ભૂલ કાઢનારને ઉપકારી માનવાને બદલે દુશ્મન માનવાને ટેવાઈ ગયા છો. પણ ભૂલ કરનારને નમવાનો ભાવ નહિ આવે ત્યાં સુધી આ સંસાર સાગર તરી નહિ શકાય.
- આપણા દેવ પણ બધું મૂકીને નીકળેલા. ગુરૂ પણ મુકીને નીકળેલા ભગવાન મહાવીરને પણ ઘર નહિ તેમની આજ્ઞામાં વિચરતા સાધુઓને પણ ઘર નહિ. જે વસ્તુ એ મહાપુરુષોએ તજી, ત્યાજય તરીકે જાહેર કરી તેમની પાસે તે જ વસ્તુની માગણી કરવી એ બુદ્ધિમત્તા કે મુર્ખતા ? પણ તમે અર્થ-કામની લાલસામાં એટલા બધા ચકચૂર બન્યા છો કે બીજી વસ્તુઓ સાંભળવા તમારી પાસે હૃદય નથી, શક્તિ નથી.
- સત્ય અને અસત્યનો વિવેક કરવા માટે તૈયાર થાઓ. સાંભળો નહિ, વિચારો નહિ અને વર્તન માટે તૈયાર ન કરો તો માર્ગની પ્રાપ્તિ કયાંથી થાય ?
- શરીર ઉપર, ઇન્દ્રિય ઉપર વિચારો ઉપર, અને ભાવનાઓ ઉપર તમારી માલીકી નહિ તો તમે સ્વતંત્ર શી રીતે ?
- જ્યાં સુધી વિષય વિલાસની લાલસાઓ તોડશો નહિ, ભરાઈ રહેલી તુચ્છ માન્યતાઓનો નાશ કરશો નહિ, અર્થ-કામમાં જ રાચી-માચી રહેશો ને તે માટે અન્યાય, અનીતિ-પ્રપંચ, પાપ, હિંસા, જીવોની કતલ આ બધું કરતાં કંપશો નહિ ત્યાં સુધી જિનેશ્વરના ધર્મને માટે તમે નાલાયક છો. દુઃખ લાગે તો ભલે લાગે, આ બધું તમારામાં ન હોય તો હું રાજી થાઉં પણ હું જોઉ રહ્યો છું કે તમને પાપનો ભય નથી. તમારાથી ન બને તો તમે હાથ જોડો પણ પાપને મારું ન માનો.

મહાસતી રોહિણી

—ગુણદર્શી

શ્રી જૈનશાસનનો કથાનુયોગ પણ રત્નોનો ભંડાર છે. જેની એક એક કથા પણ આત્માને ધર્મભિમુખ બનાવનારી છે. કથા માત્ર કાનને સારું લગાડવા સાંભળવાની કે વાંચવાની નથી પણ કથાપાત્રના પરમાર્થને જાણી તે તે ગુણાભિમુખ થવા સાંભળવાની છે. બાકી તો વ્યવહારમાં પણ અમો ભગતે કહેલી 'કથા સુણી સુણી કુટયાં કાન તો યે ના થયું બ્રહ્મજ્ઞાન' વાત સાચી પડે! માટે જ ઉપકારી તારક મહાપુરુષો કહે છે કે– ભાગ્યશાલીઓ! જૈનશાસનની નાનામાં નાની કથા પણ એટલા માટે સાંભળવાની છે કે, આત્મા, અર્થ--કામની લાલસામાં જે ફસ્યો છે તે છૂટી જાય, પાપવાસનાઓ ઘટે, વિષય તૃષ્ણાઓ નાશ પામે અને આ અસાર એવા સંસારનો પ્રેમ સર્વથા છૂટી જાય અને મોક્ષનો જ પ્રેમ પેદા થઇ જાય!' આવા શુભ ઈરાદે કથાઓ સાંભળવા–સંભળાવવામાં આવે તો તે આત્મામાં એવું અપૂર્વ શ્રદ્ધા બળ પેદા થાય કે, 'મરવું પસંદ કરે પણ પોતે ગ્રહણ કરેલ નાનામાં નાના ધર્મનો ત્યાગ હરગીજ ન જ કરે.' ધર્મનું પ્રાણોની આપત્તિમાં પણ રક્ષણ કરનારા આત્માઓ સ્વ–પરના કલ્યાણના ભાગી બને છે. આ અંગે મહાસતી રોહિણીની વાત કરવી છે.

પાટલીપુત્ર નામના પ્રખ્યાત નગરમાં શ્રી નંદનામનો પરાક્રમી રાજા રાજ્ય કરે છે. કુબેર સમ ન ઋદ્ધિવાળો એવો ધનાવહ નામનો મહાશ્રીમંત ત્યાં વસે છે. તેને કલંકિત ચન્દ્રમાનો ત્યાગ કરીને રોહિણી જાણે પૃથ્વી ઉપર મનુષ્યદેહે ન આવી હોય તેવી રોહિણી નામની પત્ની હતી.

માણસના લોભને થોભ હોતો નથી. દરેક કાળમાં લોભી–અસંતોષી એવા આત્માઓ રહેવાના જ. આ ધનાવહ શ્રેષ્ઠી પણ વેપારને માટે પોતાની પ્રાણપ્રિયા પત્નીની રજા લઇ અન્ય દેશમાં ગયો, સતિ શિરોમણિ એવી રોહિણી પણ પોતાની સખીઓ સાથે ધર્મકાર્યોમાં જ મગ્ન બની દિવસો પસાર કરવા લાગી, સતી સ્ત્રીઓનો આ જ ધર્મ હોય કે, પતિ પરદેશ હોય ત્યારે ધર્મકર્મમાં લયલીન બનવું જેથી ચંચલ એવું મન રૂપી મર્કટ કયાંય ભટકે નહિ કે કુદાકુદ કરે નહિ. ગ્રીષ્મઋતુ આવી, તે વખતે તેમાં ગ્રીષ્મઋતુના તાપથી બચવા ઉદ્યાનમાં ક્રીડા કરવા જતા શ્રીનંદ રાજાએ, પરસેવાથી પીડિત ઠંડક માટે બાળીયામાં ઉભેલી આ સતી રોહિણીને જોઇ, સુંદર રૂપ લાવણ્યવાલી તેણીને જોતાં જ રાજા કામથી અત્યંત પીડિત થઇ ગયો અને ક્રીડા કરવા

જવાનું બંધ રાખી. કામાગ્નિથી અતિ સંતાપ પામતો પોતાના ઘરે પાછો ફર્યો. કામી પુરુષમાંથી વિનય-વિવેક-લજ્જા દેશવટો જ લે છે, સારાસારની વિચારણા પણ વિદાય લે છે. ચારે બાજુ અત્ર-તત્ર-સર્વત્ર પોતાનું કામનું પાત્ર જ દેખાય છે. આવું હોવા છતાં પણ કામથી વિરામ પામનારા વિરલા જ હોય છે પોતાનું સ્થાન માન ભોજો ભૂલેલા રાજાએ. વિશ્વાસુ દાસી દ્વારા ભેટ-સોગાદ સાથે સંદેશો રોહિણીને મોકલાવ્યો.

ત્યારે દાસી આવીને રોહિણીને કહ્યું કે-'હે દેવી! આજે તમને સાક્ષાત્ કામદેવ પ્રસન્ન થયા છે. હે. સુભ્રુ! ખુદ નંદરાજા પોતે તારી ઇચ્છા કરે છે તો તેમના સંગથી તારી આ પવિત્ર એવી યૌવનવસ્થાને સફળ કર.' શીલ ધર્મમાં અગ્નિ મૂકનારાં આવાં વચનો સાંભળતાં જ સતી રોષને પામી પણ તેને ગોપવી પોતાનાં મનમાં વિચારવા લાગી કે-'અહો! પોતાના કુલનો ય વિચાર નહિ કરનારો આ રાજા, સાંકળના બંધન વિનાના મદોન્મત હાથીને પેઠે મારા શીલ રૂપ વૃક્ષને ઉખેડી નાખશે. માટે જ્યાં સુધી તે પોતાની ધારણા ન છોડે ત્યાં સુધી તેને ઉપાયથી સમજાવું.' આવું વિચારી સતીએ મધુર વાણીથી દાસીને કહ્યું કે-'હે સખી! સ્ત્રીઓ સ્વભાવથી જ સારા પુરુષની ઇચ્છા કરે છે અને આ તો રાજા પોતે જ મારી પ્રાર્થના કરે છે તે દૂધમાં સાકર ભળ્યા જેવું થયું. વળી રાજાનું અને મારું કુલ નિર્મલ છે. માટે સૌભાગ્યવંત રાજા આજે જ રાત્રિમાં ગુપ્ત રીતે અહીં મારા ઘેર આવે.' આ પ્રમાણે પ્રગટ કહી રાજાની ભેટ ગ્રહણ કરી, સામી બીજી ભેટ મોકલવી આનંદથી તે દાસીને રવાના કરી. રાજા પણ તે સાંભળી આનંદિત થઈ ગયો. આંખો દિવસ જેમ તેમ પસાર કર્યો!

રાત્રિના સમયે રાજા પણ શ્રંગાર સજીને રોહિણીના ઘેર આવ્યો. રોહિણીની દાસીઓએ તેનો આદર સત્કાર કર્યો. સિંહાસન ઉપર બેસાડાયો. થોડીવારમાં રોહિણી પણ તૈયાર થઇને આવી, જમીન તરફ નીચી નજર નાખી ઉભી રહી, રાજા તેને જોતાં જ જડ જેવો બની ગયો. રાજા કાંઇ બોલે તે પહેલાં જ રોહિણીએ દાસીઓને આજ્ઞા કરી-રાજાને માટે રસોઇ લાવો! રોહિણીએ જાતે જ દાસીઓ જમવા માટે લાવેલ થાળને ફળાદિથી ભરી દીધો. અને રોહિણીએ પહેલેથી જ સમજાવેલ દાસીઓએ નવાં નવાં વસ્ત્રોથી ઢાંકી રાખેલા થાળો રાજાની આગળ મૂક્યા, પછી જુદા જુદા થાળોમાંથી જમતાં રાજાએ રસોઇનો એક સરખો સ્વાદ જાણી, આશ્ચર્યથી રોહિણીને પૂછ્યું કે-'હે મુગ્ધે! શાકના સ્વાદની જેમ આ સર્વ પદાર્થો જુદા જુદા દેખાય છે પણ પરિણામે સ્વાદ તો એક જ માલુમ પડે છે.'

આ જ અવસરની રાહ જોતી રોહિણીએ રાજાને કહ્યું-'હે રાજન્! વિવેક સહિત

વિચારવાથી માલમ પડશે કે, ઝાંઝવાના જલ પ્રત્યે દોડતા એવા મૃગની પેઠે કયા પુરુષની મુગ્ધતા છે? જો સ્થાન અને ઢાંકણના ભેદથી રસમાં કાંઇ વિશેષ નથી તો પછી રૂપ અને વેષાદિકના ભેદથી સ્ત્રીઓને વિષે શો ભેદ છે? જેમ કોઇ માણસ ભ્રાંતિથી આકાશને વિષે અનેક ચંદ્રો દેખે છે, તેમ કામના ભ્રમથી ભ્રાંતિ પામેલા કામી પુરુષો સ્ત્રીઓને વિષે મોહ પામે છે. જેમ જેમ સૂર્ય સામું જોઇ રહેવાથી તેજવંત પત્થર બળતો દેખાય છે, તેમ મૂઢ પુરૂષોને સ્ત્રીના દર્શનથી કામાગ્નિ ઉત્પન્ન થાય છે. વળી હે દેવ! **તમે પ્રજાને માટે પિતાતુલ્ય છો** અને સર્વનું સરખી રીતે રક્ષણ કરનાર છો છતાં પણ જો તમારાથી જ અન્યાયની પ્રવૃત્તિ ઉત્પન્ન થશે તો પછી અમૃતના સમૂહથી અંગારાની વૃષ્ટિ થઇ એમ કહેવાશે. વિષયસુખ નરકના દુઃખોની ખાણ, સુગતિ સંપત્તિઓની હાનિ અને પાપીઓને પડવાનું સ્થાન છે. વળી અન્યાયમાં પડેલાઓને વધારે શું કહીએ? માટે હે રાજન્! પોતાના કુલાચારનું સ્મરણ કરી આ અવલા માર્ગનો ત્યાગ કરો.'

ભાગ્યશાલીઓ! વિચારો કે સતી સ્ત્રીઓના હૈયામાં પોતાના શીલધર્મ ઉપર કેવો અવિહડ પ્રેમ હોય છે. શીલધર્મના રક્ષણ વખતે તેમના હૈયામાંથી કેવી અદ્ભૂત વાણી નીકળે છે. સામામાં જો થોડી ય યોગ્યતા હોય, તો તે ય ખરેખર સુધરી જાય છે. પોતાની જાતને દુર્ગતિના ખાડામાંથી બચાવે છે. આજે તો વિચાર-વાતો અને વર્તન સદાચારોમાં અગ્નિ મૂકનારા થયા છે અને વિકારી-વિલાસી વાતાવરણે એવી વિષમ પરિસ્થિતિ પેદા કરી છે કે જેનું વર્ણન ન થાય! આપણી આવી દશા ન થાય માટે દરેક જો પોતાની જ જાતથી સુધરવાનો પ્રયત્ન કરે અને જગત સુધરે તો અમે સુધરીએ તે ભાવનાને અળગી કરો તો આ કાળમાં પણ પોતાના ધર્મનું સારામાં સારું પાલન-રક્ષણ-આરાધન થઇ શકે, આ જ ભાવના આપણે આ કથાનકમાંથી લેવાની છે.

મહાસતી રોહિણી દેવીના આવાં મનોહર, પ્રબોધક વચનો સાંભળીને દૂર થયું છે અજ્ઞાન અને મોહનાં પડલ જેના ઉત્પન્ન થયો છે વિવેકનો અંકુરો જેને, અને ઉઘડ્યાં જ્ઞાન નેત્ર જેના એવા રાજાએ અન્યાયરૂપ છિદ્રને મટાડનારી એવી રોહિણીની ક્ષમા માગી અને કહ્યું કે-'હે ભદ્રે! પગલે પગલે દુરાચારનો ઉપદેશ કરનારા ઘણાં હોય છે, પણ સારા આચારનો ઉપદેશ કરનારા કોઇ જ હોય છે. હવે આજથી પરમાર્થે કરીને તું મારી બેન અથવા ગુરુ છો. કારણ કે તે મારો દુષ્ટ યશરૂપ અંધારા કુવામાંથી ઉદ્ધાર કર્યો.' આ પ્રમાણે સતીની હૈયાપૂર્વક પ્રશંસા કરી, પુનઃ પુનઃ ખમાવી યથાયોગ્ય સત્કાર કરી રાજા પોતાના ઘરે ગયા.

હવે ઘણા કાળ બાદ ધનાવહ પણ ઘણું ધન કમાઈને સ્વગૃહે આવ્યો, અને સતી એવી રોહિણીને ઘણો જ સંતોષ પમાડયો. એકવાર વાચાલ દાસી પાસેથી ધનાવહે, પોતાને ત્યાં આવેલા રાજાની વાત સાંભળી અને મનમાં વિચાર કર્યો કે, 'શું ભૂખ્યો થયેલો વાંદરો પ્રાપ્ત થયેલા મધપુડાને અને કાગડો એકાંતમાં પ્રાપ્ત થયેલાં દહીંના પાત્રને ચાખ્યા વિના છોડી દે ખરો ? તો લાવણ્યરૂપ અમૃતના ઘડા સરખી આ મારી પ્રિયા નંદરાજાનાં નેત્રના અતિથિપણાને પામી તો પછી તે શુધ્ધ શીલવાળી કેમ રહી હશે ?' ત્યારથી તે સંકલ્પ-વિકલ્પોથી વ્યાકુલ હૃદયવાળો થયો.

વર્ષાઋતુમાં જાણે બારે મેઘ ખાંગા ન થયા હોય તેમ સાત દિવસ સુધી અખંડ ધારાએ વરસાદ વરસ્યો જેથી ગંગાનદીનું પૂર પાટલીપુત્ર નગરના દરવાજા પાસે આવ્યું. અને પરચક્રના ભયથી જ ન હોય તેમ નગરજનો ભયથી બચવા પૂરને કલ-નૈવેદ્યથી વધાવવા લાગ્યા પણ નદીનું પૂર જરા પણ પાછું ન હઠ્યું. પણ દરવાજાની નજીક આવી પહોંચ્યું. રાજાએ નગરીનો દરવાજો બંધ કરાવ્યો. સમુદ્ર જેમ મર્યાદા ઉપર ચઢવા તૈયાર થાય તેમ નદીનું પૂર નગરીના કોટ ઉપર ચઢવાને તૈયાર થયેલું જોઈ ભયથી રાજાએ ઇષ્ટ દેવતાનું સ્મરણ કર્યું અને ઇષ્ટ-દેવતાના કહેવાથી રાજાએ તત્કાલ રોહિણીને બોલાવીને નગરીના દરવાજા ઉપર ચઢાવી.

પછી રોહિણીએ પંચ પરમેષ્ઠીને નમસ્કારપૂર્વક હાથમાં જલ લઈને કહ્યું કે-'હે ગંગે ! જો હું મન, વચન અને કાયાએ કરીને તારી પેઠે શુધ્ધ શીલવાળી હોઉં તો ગરૂડથી નાગની સેનાની પેઠે આ નગરથી નિવૃત્તિ પામ.' આટલું કહી પોતાના હાથને વિષે રહેલું પાણી નદીમાં નાખવા માટે તૈયાર થાય છે તેટલામાં માયાની પેઠે તે પાણીનું પૂર અદૃશ્ય થયું અને લોકોના હૈયામાંથી ભય પણ નિવૃત્ત થયો. તે વખતે 'શીલનો મહિમા અપૂર્વ છે' એમ દેવતાઓએ જયઘોષ કર્યો અને ધનાવહ શેઠના હૃદયમાંથી પણ ખોટા કુવિકલ્પો દૂર થઈ ગયા.

રોહિણીના ઉપદેશથી રાજા પણ જૈનધર્મમાં પ્રીતિવાળો થયો. મહોત્સવપૂર્વક તેના ઘેર સૌ ગયા. ધનાવહ શેઠ આદિ અનેક નગરજનોએ સાક્ષાત શીલધર્મનો પ્રભાવ નજરે જોવાથી મોક્ષલક્ષ્મીના કારણભૂત જૈનધર્મનો સ્વીકાર કર્યો. આ પ્રમાણે રોહિણીએ જૈનધર્મની સુંદર પ્રભાવના કરી, પોતાના મનુષ્ય જન્મને સફળ કરી સદ્ગતિને પામી અને પરંપરાએ નિર્વાણ સુખને પામશે.

શીલધર્મના આરાધક આત્માઓને 'તુજ્ઝ નમો તુજ્ઝ નમો તુજ્ઝ નમો' કહી આપણેય આવાજ બનીએ તે ભાવના.

ચિંતન

तं दाणं सो य तवो, सो भावो तं वयं खलु पमाणं ।
जत्थ धरिज्जइ सीलं, अंतररिउहियय नघकीलं ।।

રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓના મૂળને ઉખેડી નાખવા નવા ખીલા સમાન શીલ વ્રત જેને વિષે ધારણ કરવામાં આવે છે તે જ દાન, તે જ તપ, તે જ ભાવ અને તે જ વ્રતને પ્રમાણ ગણાય છે. અર્થાત્ શીલગુણથી રહિત દાન-શીલ-તપ-ભાવ કે વ્રત કરવા છતાં પણ નિષ્ફળ જાય છે.

શીલગુણનો તો જૈન દર્શનમાં જ નહિ પરન્તુ દરેકે દરેક આસ્તિક દર્શનોમાં ય એટલો જ મહિમા ગાવામાં આવ્યો છે. શીલરહિત એક પણ ગુણની પણ કિંમત આંકવામાં આવી નથી, એટલું નહિ પણ તેની ભારોભાર નિંદા કરવામાં આવી છે.

વાસ્તવમાં આત્મગુણોમાં રમણતા કરવી તેને જ સાચું શીલ કહેવાય છે. પરન્તુ દુનિયામાં શીલ શબ્દ બ્રહ્મચર્યપાલન અર્થમાં અભિપ્રેત છે. તેનું જેઓ નિર્મલ પાલન કરે તેઓ જ આત્માના બધા જ ગુણોને પામી તેમાં રમણતા કરી શકે.

જેમ ઇન્દ્રિયોમાં રસના જીતવી કઠીન છે, કર્મોમાં મોહનીય કર્મ જીતવું કઠીન છે તેમ વ્રતોમાં બ્રહ્મચર્ય જીતવું કઠીન છે.

હજારો યુદ્ધોને જીતનારો સુભટ પણ વામનયણાના કટાક્ષોથી જીતાઈ જાય છે. ત્યારે આ વાતની સત્ય પ્રતીતિ થાય છે. માટે જ શીલગુણની મહત્તા સમજવી-સમજાવવી જરૂરી છે. કારણ કે સઘળા ય અધર્મોનું મૂળ અબ્રહ્મસેવન છે તેમાંથી જ બધા પાપો જન્મે છે. પણ જેઓને બ્રહ્મચર્યનો મહિમા સમજાયો છે. તેવા આત્માઓને કશું જ દુષ્કર નથી. પોતાના શીલ ગુણના કારણે તેઓ ઇતિહાસમાં અમર થઈ ગયા છે. એટલું જ નહિ દુનિયામાં પણ સતી સ્ત્રીઓએ પોતાના પ્રાણોની આહુતિ આપીને સતીત્વનો જય જયકાર કરાવ્યો છે.

શ્રી જૈનશાસનમાં તો આવશ્યક કરનારા અને પ્રાતઃકાળમાં ભરહેસરની સજ્ઝાયને બોલનારા આત્માઓ હંમેશા મહાપુરુષો અને મહાસતીઓને યાદ કરે જ છે. જે ઘરોમાં આવા પાઠનો નાદ ગુંજતો હોય ત્યાંનું વાતાવરણ પણ સ્વાભાવિક સુંદર હોયજ તેમાં નવાઇનથી.

એક નિર્મલ શીલગુણના ધારક નારદ બીજા વ્રતાદિ નહિ કરવા છતાં મુક્તિ સુખને પામે છે. તેથી-

શીલગુણનું મહત્ત્વ ગાતાં મહા મહાપુરુષો ફરમાવે છે કે, 'મથી નાખી છે સઘળી

(અનુ. પાન ૬૯ પર જુઓ)

આ વિશ્વની અંદર અજબ ગજબના પ્રશ્નો ત્રણે કાળ સર્જાતા રહે છે. તેનું નિરાકરણ સમાધાન સમયસર મળી જાય તો ભયંકર હોનારત સર્જાતી અટકી જાય છે. વિશ્વની અંદર બનતા બનાવોમાંથી કયારેક સુંદર પ્રેરણાઓ મળતી રહે છે. આ લેખની અંદર મનનો સદુપયોગ કરી લેવા જબરજસ્ત માર્ગદર્શન મળેતેવું છે. મનનો દુરુપયોગ કરીને, તન-મન-ધન-સમય શકિત વડે માનવીઓ મોટેભાગે ભારે કર્મને બાંધે છે. આ મુલ્યવાન જીવન હારી જાય છે. દુર્ગતિઓમાં પરિભ્રમણ કરે છે. જન્મ-મરણ દુઃખ-રોગ -ભય-વિવિધ યાતનાઓ ભોગવ્યાજ કરે છે. સાચું શાશ્વત અને સ્વાધિન અપેક્ષા વિનાનું આત્મિક સુખ એક માત્ર મોક્ષમાં જ છે તેનો ઉપાય ધર્મ છે. આ વાતની અસાધારણ શ્રદ્ધા હૈયામાં ઉત્પન્ન થયા વિના જોઈએ તેવો ઉત્સાહ અને ઉલ્લાસ હૈયમાં પ્રગટ થતો નથી. મોક્ષ જ જલ્દી પામવો છે. તેનો ઉપાય જિનાજ્ઞા મુજબ આરાધના છે. જડએ સલાક આ વાત સમજાઇ ગયા પછી ધર્મ પુરૂષાર્થ વધી જાય છે. અને જયાં સુધી મુકિત મળે. નહિ ત્યાં સુધી જીવ ગુણવાન-પુણ્યવાન-બનતો ચાલે છે. આત્મ વિકાસમાં આગળ વધતા વધતા એક વખત જીવ ! સિધ્ધિપદનો અધિકારી બને છે.

પર્યુષણ પર્વનો રહસ્ય

દુશ્મનનો નહી પરંતુ આપણા દુષ્ટ મનનો નાશ કરીએ,

પૂ.આચાર્યદેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

શસ્ત્રથી દુશ્મનનો દેખીતી દૃષ્ટિએ નાશ થાય છે. પણ તેનાથી દુશ્મનાવટ અને દુશ્મન વધે છે. જે દુશ્મન સીદાય છે, મરે છે, રીબાય છે તેના લાગતા વળગતા દુશ્મન બન્યા વગર રહેતા નથી. છતાં તમારા પુન્યથી તે સામે પ્રતિકાર કરે નહી તો પણ છૂપા દુશ્મન કયારે ઘા કરે તે કહેવાય નહી. અણધારી આફત આવીને પડે તેવું બને.

પર્યુષણ પર્વ દુશ્મનનો નાશ કરવા માટે નથી દુશ્મનાવટનો નાશ કરવા માટે છે. એટલે પર્યુષણનો અર્થ સમજી લેવા જેવો છે અને મિચ્છામિ દુક્કડંનો અર્થ આત્મસાત્ કરી લેવા જેવો છે.

પરિ+ઉર્ષણ આત્માંની ચારે બાજુ વસવું તેનું નામ પર્યુષણપર્વ છે.

પર્વ એટલે ગાંઠ, શેરડીની ગાંઠને પર્વ કહેવાય છે. શેરડીની ગાંઠના ભાગો વાવીએ તેમાંથી અનેક શેરડીઓ તૈયાર થાય છે. તેવી રીતે એક રાગ દ્વેષની ગાંઠ ઉભે-

ડવા રૂપ પર્વ વાવીએ તો કર્મની અનંત ગાંઠ ઉખાડયા વગર રહેતી નથી. રાગ અને દ્વેષે જ બધી હોનારત ઉભી કરી છે.

તાડવૃક્ષમાં ઉપરના ભાગમાં ટોચ જગ્યાએ એક મર્મ ભાગ હોય છે કે ત્યાં એક સોયની ટાંકણી મારો તો આખા તાડવૃક્ષને ખતમ કરે તેવી રીતે પર્યુષણ પર્વનો મર્મ એ મર્મ ભાગ દુશ્મનાવટનો નાશ કરવા માટે છે. મિ-મૃદુતા મ્છા-ઢાંકવું મિ-મૈત્રીપૂર્વક કડં-દુષ્કૃત--ડં-દઉં છું.

મૃદુતા પૂર્વક બીજાના દોષને ઢાંકીને મૈત્રીપૂર્વક પોતાના દુષ્કૃતને દેવું તેનુ નામ મિચ્છામિ દુક્કડં છે. હવે અહીં પ્રશ્ન એ થાય છે કે સામા માણસની ભૂલ હોય તો આપણું દુષ્કૃત કયાં આવ્યું ? પરંતુ આપણા કર્મ વગર આપણું કોઇ ખરાબ કરી શકતું નથી અને આપણું પૂર્વભવનું પાપ છે તે દુષ્કૃત ખમાવું છું. આવી અનુપમ વાત મિચ્છા મિ દુક્કડંમાં રહેલી છે.

આપણી ભૂલ ન હોય અને સામેનો ખમાવતો ન હોય તો પણ ગમે તે ઉપાયે તે ખમાવે તેવો પ્રબંધ કરવો જોઇએ કેમકે કયા ટાઇમે કોનું કયું આયુષ્ય બંધાય ? જોગાનું જોગ વેર રાખનારા અને ખમનાર કર્મવશથી દુર્ગતિમાં ગયા તો દુશ્મનાવટના સંસ્કારથી સામેનો માણસ તો આપણને હેરાન કરશે, પરંતુ આપણો પશુના જાતિ સ્વભાવથી ત્યાં દુશ્મનાવટ કરશું અને પછી વૈર પરંપરા સર્જવાની શકયતા છે. અને શકયતા એ મોટું પાપ છે. માટે, શકયતાને કાઢવા જોરદાર પ્રયત્ન કરવો જોઈએ.

એક સાધક હતા. વગર કારણે તેના ઉપર એક માણસ ગાળો આપતો હતો. સાધકે લીંબુનું પાણી આપ્યું. ગાળ દેનાર કહે છે તમને કાંઇ લાગતું નથી અને મને લીંબુનું સરબત આપો છો. સાધક કહે છે તારી પાસે જે વસ્તુ હતી તે તેં આપી મારી પાસે જે વસ્તુ હતી તે મેં આપી. તારી વસ્તુ મને ગમી નહી મે રાખી નહી અને મારી વસ્તુ તને ગમી તો તેં રાખી. મામલો ખતમ થયો. આવી મીઠી સમજ આપવાથી ગાળ દેનારો કાયમી શિષ્ય બની ગયો.

એક વાર એક સંત સ્નાન કરીને બહાર આવે અને એક ઓછી સમજવાળો માણસ તેના ઉપર થૂંકે, જેટલીવાર પેલો થૂંકે તેટલીવાર પેલા સંત સ્નાન કરી આવે. ૨૧ વખત આ પ્રમાણે બન્યું. પેલા ભાઇએ કહ્યું, તમને ગુસ્સો નથી આવતો ? સંતે કહ્યું તમારો સ્વભાવ થૂંકવાનો છે. મારો સ્વભાવ થૂંક ન રાખવાનો છે. માટે હું સ્નાન કરી આવું છું. પેલો માણસ ચરણે પડી ગયો. ચોધાર આંસુએ રડી પડયો. બોલી ઉઠયો પથ્થર જેવા મને આપના વર્તને પીગળાવી દીધો.

એક યુવક હતો. તેને ત્રણ ચાર દુશ્મન બની બેઠેલા ત્રણ ચાર મિત્રો હતા. જન્મ દિવસ આવ્યો યુવકનો તેણે ચારે મિત્રોને આમંત્રણ પત્રિકા મોકલી તેમાં લખ્યું આપણે દુશ્મન હોઇએ તેમ દરરોજ વર્તન કરીએ છીએ. પરંતુ દુશ્મનાવટને છોડીને મારી જન્મ પાર્ટીના દિવસે પ્રેમાળ હૃદયથી આમંત્રણ પાઠવું છું. મારી આ ભવ ભરી હૈયાની વિનંતી જરૂરથી સ્વીકારશોજી, દુશ્મનાવટ ભૂલી મિત્રો આવ્યા વર્ષોની દુશ્મનાવટ ખત્મ થઇ ગઇ, જે નમે છે તેને દરિયા જેવો દરિયો પણ ક્રાંઇ કરી શકતો નથી. વાંસના ઝાડ વરેલા હોય છે તો ભેંકાર દરિયો, મોટા મોટા પથ્થરને ફાડી નાખે છે. પણ નેતર નમેલું હોય છે તેને કાંઇ કરી શકતું નથી. નમે તે સહુને ગમે અને જાય તો અર્હંમ્ આવ્યા વગર રહે નહિ. કોઇપણ ગુંચ નથી ઉકલતી તેમાં અહંકાર-સ્વાર્થ -અભીમાન-ભાગ ભજવે છે, અહંકાર-અભિમાન અને સ્વાર્થનું બલિદાન અપાય તો પર્યુષણ પર્વના હાર્દને પામી શકાય અને આત્માની સાચી આઝાદી પ્રાપ્ત થાય

ક્રોધ કષાય એ જુગાર જેવો છે. હાર્યો જુગારી બમણું રમે અને અંતે ઘર ખત્મ કરે. આ જુગારી જેવા કષાયો છે. આત્મગુણોને રફે દફે કરી નાખનાર છે.

જયપુરના રાજાએ મુંબઇના બે કારીગરોને કામ માટે બોલાવ્યા કુદરતી ધર્મદાસ કારીગરને રાજાએ કામે રાખ્યો, ધનદાસનો નંબર ન લાગ્યો. ધર્મદાસને વગોવવા ધનદાસે ખુબ મહેનત કરી, તે નિષ્ફળ ગઇ, ધર્મદાસની કળા કારીગરી આંખે વળગીને ચોટે તેવી હતી. રાજાના મિત્રને કારીગરની જરૂર પડી એટલે ધર્મદાસને પત્ર લખ્યો મળી જવા જણાવ્યું. ધર્મદાસને ઘણી જગ્યાએ કામ ચાલતું હોઇ પોતે નહિ આવી શકે તેમ જણાવ્યું સાથે ધનદાસ ને બોલાવવા સૂચન કર્યું. ધનદાસને બોલવવામાં આવ્યે. ધનદાસે શું શું કર્યું છે તે વાત રાજા, મિત્ર અને ધર્મદાસ સારી રીતે જાણતા હતા. ધર્મદાસની ઉદારતા જાણી રાજા અને તેનો મિત્ર આનંદિત બન્યા. ધનદાસ આવ્યો ત્યારે રાજાના મિત્રે ધનદાસને કહ્યું ધર્મદાસના કહેવાથી તને બોલાવ્યો છે. આ વાત ધનદાસે જાણી ત્યારે ધર્મદાસ પાસે જઇ કહે છે ઇર્ષા-અદેખાઇ-નીંદા-કુથલી અને ગમે તેવા પત્રો લખી મેં તમને કેવું દુઃખ આપ્યું ! તે ટાઇમે ધર્મદાસ કહે છે ભાઇ મારી પણ કેટલીકવાર સમજફેર થઇ જાય છે. મારી તમને ક્ષમાપના છે. ધનદાસ ગળગળો થઇ ગયો. પરમમિત્ર બની ગયો.

તામિલનાડુમાં વિદ્વિલપુથુરવાર નામના એક મહાન પંડિત થઇ ગયા. તેઓને એક નાનો ભાઇ હતો. બાપા મરી ગયા પછી બન્નેના ભાગ પાડી દીધા બાદ એક ક્ષુલ્લક બાબતમાં ભાગ પાડવામાં મતભેદ થયો. વેર કેવું છે પંડિતને પલિત બનાવે, ઝઘડો

રાજા પાસે આવ્યો. અને રાજાએ તેનો ચૂકાદો મહિના પછી આપવાનું કહ્યું. સાથે સાથે મહાભારતના ગ્રંથનું ભાષાંતર લખવા કહ્યું. અને પંડિત ખુશ થઈ ગ્રંથ લખવા બેઠા, જ્ઞાનનો રસ એવો પડી ગયો કે વેરનો રસ ક્રામચલાઉ ભુલી ગયા. ભાષાંતર કરતાં કરતાં કૌરવો અને પાંડવોના રાજ્ય અંગેની વહેંચણીનો પ્રસંગ આવ્યો. દુર્યોધને પાંડવોની વ્યાજબી માંગણી અવગણી. શ્રી કૃષ્ણ મધ્યસ્થી બન્યા તો ન માન્યું. અને મહાભારતનું યુદ્ધ થયું.

પંડિતજી વિચારમાં પડી ગયા. આ દુર્યોધન કેટલો બધો નીચ પાંડવની વ્યાજબી માંગણી ઠુકરાવી, પરંતુ એ નીચ કે હું નીચ એક નાની બાબતમાં સગા ભાઈના ભાગમાં મેં ઝઘડો કર્યો. વંશની, પિતાની અને રાજ્યની આબરૂને ધક્કો પહોંચાડ્યો. નાના ભાઈને કહે છે તમને ગમે તે પ્રમાણે આપણે નિર્ણય કરીએ, નાનો ભાઈ કહે છે તમે બે સરખા ભાગ પાડો મને ગમશે તે લઈશ. એ પ્રમાણે ભાગ પડી ગયા. મહાભારત લખતાં ઝઘડો ઉકલી ગયો.

વિદ્વિલ્લાથુરવાર પંડિત રાજા પાસે આવ્યો. રાજા કહે છે તમારો ઝઘડો ઉકેલવાનો હું ભુલી ગયો. રાજા કહે છે મારો ગ્રંથ લખાવવાની યુક્તિ સફળ થઈ, આજ ગ્રંથ આચરણ પછી લખાયો તો આ પંડિતનું મહાભારત ઘર ઘરમાં અને ઘટ ઘટમાં, લોકપ્રિય બન્યું છે. આપણે અંતરને શુધ્ધ કરવા પુરૂષાર્થી બનીએ, આવી ક્ષમાપના કરી જીવનની સફળતા પામીએ.

જાતને ગુન્હેગાર ઠેરવો વિજય વરમાળા લઈને તમને જોતું આવશે. બીજાને ગુન્હેગાર ગણીશું વિજયની બાજી હારમાં ફેરવાઈ જશે. કર્મ સંગ્રામમાં તમે ગુન્હેગાર તરીકે જાહેર થઈ જાવ, કર્મ કાંઈ કરી શકશે નહિ.

ક્ષમાના શિખરે બેસનારા સિદ્ધિના શિખરે, પહોંચ્યા છે.
ક્રોધના શરણે જનારા ભવમાં ભટકયા છે.

(અનુ. પેજ ૬૫ નું ચાલુ)

ય હીલના જોઈએ, દુઃખ રૂપી વેલડીના મૂલોને ઉખેડવા માટે ખીલા સમાન, કરાવે છે મોક્ષ સુખનો મેલાપ જે, એવા નિર્મલશીલને હંમેશા પાલવું જોઇએ'

શીલગુણના પાલનથી આ લોકમાં પણ લક્ષ્મી, યશ, પ્રતાપ, માહાત્મ્ય, આરોગ્યતા, ગુણસમૃદ્ધિ અને સઘળા ય ઇચ્છિતોની સિધ્ધિ થાય છે તેમ જ પરલોકમાં પણ દેવ-મનુષ્યોના સુખોને ભોગવીને સઘળા ય કર્મોથી રહિત થઇ સિધ્ધિ સુખને પામે છે.

આવા નિર્મલ-અખંડ શીલગુણના ધારક આત્માઓને કોટિશઃ વન્દના ! —પ્રજ્ઞાંગ

૦ શલ્યવાળાનો તપ-જપ બધો નિષ્ફળ જાય છે. આ અંગે શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે-

'सल्लं पि भन्नइ पावं, जं नालोइय-निंदियं ।
न गरहियं न पच्छित्तं, कयं जं ज हय भणियं ।।'

શાસ્ત્રમાં કહ્યા મુજબ જેની આલોચના, નિંદા, ગર્હા અને પ્રાયશ્ચિત કર્યું નથી, તે પાપને શલ્ય કહેવાય છે.

વળી કહ્યું પણ છે કે, શલ્ય સહિત આત્મા હજારો દિવ્ય વર્ષો સુધી ઉગ્ર અને ઘોર તપને આચરે તો પણ તે નિષ્ફળ જાય છે.

૦ કાઉસ્સગ્ગનું ફળ શું છે તે અંગે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીશમા (૧૯) અધ્યયનમાં કહ્યું છે કે-

卐 જ્ઞા ન ગુ ણ-ગં ગા 卐

-શ્રી પ્રજ્ઞાંગ

'काउसग्गेणं भंते ! जीवे किं जणयइ ?

काउसग्गेणं तीयपडुप्पन्नं पायच्छित्तं विसोहेइ, विसुद्धपायच्छित्तो य जीवे निव्वुयहियए ओहरिय भरुव्वभारवहे धम्मज्झाणोवगए सुहं सुहेण विहरइ ।।१२।।

હે ભગવંત ! કાઉસ્સગ્ગથી જીવને શું લાભ થાય ? તેનો ઉત્તર આપતાં ભગવંતે કહ્યું છે કે-કાઉસ્સગ્ગથી ભૂતકાળ અને વર્ત્તમાનકાળના પ્રાયશ્ચિત્ત યોગ્ય અતિચારોની શુદ્ધિ થતાં, તે જીવ ભાર ઉતારી નાખેલા મજૂરની પેઠે હળવો બનીને પ્રશસ્ત અધ્યવસાયોમાં વર્તતો સુખપૂર્વક વિચરે છે.

૦ જેના વડે પ્રકાશ કરાય તેનું નામ ઉદ્યોત છે. જ્ઞાન તે ભાવ ઉદ્યોત છે. તે અંગે શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે-નાણું ભાવુજ્જોઓ-આ અંગે પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ તેની ટીકામાં કહ્યું છે કે-

ज्ञायतेऽनेन यथावस्थितं वस्तु इति ज्ञानं तज्ज्ञानं भावोद्द्योतः ।'

જેના વડે યથાવસ્થિત રીતે વસ્તુ જણાય તે જ્ઞાન છે. તે જ્ઞાન એ જ ભાવ ઉદ્યોત છે.

જ્યારે શ્રી ચૈત્યવંદન મહાભાષ્યમાં કહ્યું છે કે-કેવલનાણુજ્જોવો ભાવો— કેવલજ્ઞાનથી ઉત્પન્ન થનારો ઉદ્યોત તે ભાવ ઉદ્યોત છે.

૦ જિન શબ્દ 'રાગ-દ્વેષાદિને જીતે તે જિન' તે અર્થમાં મુખ્યતયા અભિપ્રેત -પ્રસિદ્ધ છે, પરંતુ-

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં-

'जियकोहमाणमाया, जियलोहा तेण ते जिणा हुंति ।'

જેમણે ક્રોધ-માન-માયા અને લોભને જીત્યા છે તે કારણે તે જિન કહેવાય છે.

૦ શ્રી આવશ્યકની શ્રી હારિભદ્રીય ટીકામાં 'राग-द्वेषकषायेन्द्रियपरीषहोपसर्गाष्ट प्रकार कर्मजेतृत्वाज्जिनाः ।'

રાગ-દ્વેષ-કષાયો-ઇન્દ્રિયો-પરિષહો-ઉપસર્ગો અને આઠ પ્રકારનાં કર્મોને જીતનારા તે જિન કહેવાય છે.

જ્યારે શ્રી ચૈત્યવંદન મહાભાષ્યમાં 'जिणेति जेसत्थो जियरागदोसमोहे'- જેઓએ રાગ-દ્વેષ અને મોહને જીત્યો છે તે જિન કહેવાય છે.

૦ તાત્ત્વિક દૃષ્ટિએ આત્મા જ સામાયિક છે તે અંગે શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે-'आया खलु सामाइयं'

૦ 'રજ' અને 'મલ'ની વ્યાખ્યા કરતાં શ્રી આવશ્યક સૂત્રની શ્રી હારિભદ્રીય ટીકામાં કહ્યું છે કે-'

'तत्र, बध्यमानं कर्म रजो भण्यते पूर्वबद्धं तु मल इति, अथवा बद्धं रजः निकाचितं मलः, अथया इर्यापथं रजः साम्परायिकं मलः इति ।'

બંધાતું કર્મ તે રજ અને પૂર્વે બંધાયેલ કર્મ તે મલ. અથવા તો બંધાયેલ કર્મ તે રજ અને નિકાચિત કરેલ કર્મ તે મલ. અથવા તો ઇર્યાપથિક કર્મ તે રજ અને સાંપરાયિક કર્મ તે મલ.

જ્યારે શ્રી ચૈત્યવંદન મહાભાષ્યમાં કહ્યું છે કે-

'कम्मं रयत्ति वुच्चइ, बज्झंतं बद्धयं मलं होइ ।'

બંધાતું કર્મ તે રજ છે અને બંધાયેલું કર્મ તે મલ છે.

૦ મન તે આત્માથી ભિન્ન છે. તે માટે શ્રી ભગવતીસૂત્રના ૧૩મા શતકના

સાતમાં ઉદ્દેશામાં કહ્યું છે કે-'ગોયમા ! નો આયા મણે, અન્ને મણે ' હે ગૌતમ ! આત્મા એ મન નથી, પણ મન અન્ય છે.

વળી મન દેહવ્યાપી છે તે અંગે વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે-'દેહ વાવિત્તાણુઓ ન દેહ બાહિં' (ગા. ૧૨૫) તે (મન) દેહ વ્યાપી હોવાથી દેહની બહાર નથી.

૦ ભાવસંવરની વ્યાખ્યા કરતાં શ્રી યોગશાસ્ત્ર (પ્ર. ૪ ગા. ૮૦ મી) જણાવ્યું છે કે-'**भवहेतुक्रियात्यागः स पुनर्भाव संवरः ।**' સંસારવૃદ્ધિમાં કારણભૂત ક્રિયાઓનો ત્યાગ એ ભાવસંવર છે.

શ્રી સ્થાનાંગસૂત્રના પાંચમા સ્થાનના બીજા ઉદ્દેશામાં ભાવસંવરના પાંચ દ્વાર આ પ્રમાણે કહ્યા છે-

'पंच संवरदारा पण्णत्ता, तं जहा-सम्मत्तं, विरई, अप्पमाए, अकसाया, अजोगया ।' સંવર દ્વારો પાંચ પ્રકારનાં કહ્યાં છે તે આ પ્રમાણે-સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગતા (મન-વચન-કાયાના યોગનો ત્યાગ)



શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ ૧ લો

આ ગ્રન્થ માટે મેટર વિગેરે તૈયાર કરવામાં સમય ગયો અને પછી પ્રેસમાં પણ ખૂબ વિલંબ થયો છે તે માટે ઘણી તાકીદ કરવા છતાં પ્રેસમાંથી કામ બહાર આવ્યું નથી એક બે મહિના થશે તેમ કરતે ઘણો સમય નીકળી ગયો છે. પહેલા ભાગનું મેટર વિ. કયારનું'ય પુરૂં થઇ ગયું છે પ્રેસમાં પણ ખૂબ દબાણ રાખવા છતાં તે પ્રગટ થઇ શકયો નથી, તે માટે છેલ્લે પણ ૧-૨ મહિનાનો સમય પ્રેસમાંથી મલ્યો છે.

જેઓ અગાઉથી ગ્રાહક થયા છે તેમના તરફથી ખૂબ તાકીદ આવે છે ઠબકો પણ મળે છે તે માટે ક્ષમા માગીએ છીએ છતાં કોઇને વધુ એવું લાગતું હોય તો આપેલી રકમ પાછી પણ આપી દેવાનું જણાવશો તો તે માટે વ્યવસ્થા કરીશું.

આ ઘણું મોટું સાહસ છે. તેથી તેમાં સૌને સહકાર આપવા વિનંતિ છે.

વ્યવસ્થાપક

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

શ્રાવિકા રત્નોના જીવન પ્રસંગો

—પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

(શ્રાવિકાઓ પણ ચતુર્વિધ શ્રી સંઘનું ત્રીજું મહત્ત્વનું અંગ છે. 'શ્રી જૈન શાસનના પરમાર્થને પામેલી શ્રાવિકાઓ કસોટીના કાળમાં પણ કેવી અપૂર્વ ધીરતા, અડગ દૃઢતા, શીલસંપન્નતા અને ચારિત્રનો પ્રેમ રાખે છે અને પોતાનું અને પરિચયમાં આવનારાઓનું પણ કલ્યાણ કરે–કરાવે છે.

પ્રવચનકારશ્રીજીની કથાશૈલીનું નિરૂપણ અનુપમ છે તેનો વાચકોને સારો અનુભવ છે. 'જૈન પ્રવચન' વર્ષ–૧ માંથી આવા કેટલાક જુદા જુદા પ્રસંગોનું અક્ષરશઃ અવતરણ અત્રે આપવામાં આવે છે.

જો શ્રાવિકાઓ પણ પ્રાણ કરતાં ધર્મને જ અતિ વહાલો માનતી હોય તો શ્રી સંઘના બાકીના ત્રણ અંગો તો તેમાં ઊણા ન જ ઊતરે તે સહજ વાત છે. સૌ ધર્મની દૃઢતા–મક્કમતા કેળવે તે જ ભાવના —સંપા૦)

પ્રસંગ—પહેલો

યુગબાહુ અને મદનરેખા

મોટાભાઇ વિષયવાસનાને આધીન થયેલા. નાના ભાઇની પત્ની પર કુદૃષ્ટિ કરી નાના ભાઇને મારવાની પેરવીમાં પડેલા. સતીના શીયલને લુંટવાના ઇરાદાવાળા થયેલા, અને એ મહાસતી મદનરેખા પણ ભરયુવાનીએ ચઢતી, દુનિયા જેને વિષયનો સંયોગ કાળ કહે છે તે અવસ્થાવાળી, રાજકુળમાં ઉછરેલી, પેટમાં ગર્ભ છે, આ સંયોગોમાં મોટાભાઇએ નાનાભાઇને મારવાના ઇરાદાથી તરવાર મારી. શ્રીમતી મદનરેખા પોતાની જીંદગી ઝેખમમાં જુએ છે. જાણે છે કે પતિના મરણ બાદ લુંટવાનો બળાત્કાર કરશે, કહો, પતિની આ અવસ્થામાં મદનરેખાને શું થાય? પણ એ શ્રાવિકા હતી. શ્રી જિનેશ્વરદેવનો ધર્મ એને જચેલો હતો. સંસારના સ્વરૂપને એ સમજતી હતી. સતીપણાની એને કિંમત હતી, પત્નીની પતિ પ્રત્યેની ફરજ એ જાણતી હતી. પતિ ઘાયલ હતો. યુગબાહુ અત્યારે કષાયને આધીન થયેલો હતો. આંખો લાલ હતી. નક્કી મોટાભાઇને મારી નાખું, એ એની ભાવના હતી. એવા વખતે બીજી પત્ની હોય તો શું કહે? મારું શું થશે? તો તે વખતે પણે શું થાય? આ તમારો ભાઇ જોયો? એમ કહે તો ગુસ્સો એવડો થાય? એ રૌદ્ર પરિણામે મરીને કયાં જાય?

મદનરેખા આ બધું જાણે છે. એ કહે છે કે-'ક્ષત્રીય છો! ક્ષાત્રીયનો ધર્મ છે કે મરેલાને મારે નહિ, જેના પર તમે ગુસ્સો કરો છો, તે તો તેની પાપબુદ્ધિએ, એની પાપ કાર્યવાહીથી મરેલો જ છે. મરેલા પર ગુસ્સો હોય? સાચા ક્ષત્રીય હો તો ક્ષમા આપો. કહો કે-તારું પણ કલ્યાણ થાઓ, અત્યાર સુધી જિંદગીમાં કરેલા એકે એક પાપની આલોચના કરો. સમય ટુંકો છે. કાળ આવી લાગ્યો છે. ભાઇને મારવાના કે રાજ્યના આડાઅવળા વિચારો, તમને દુર્ગતિમાં લઇ જશે. પાપ કરનાર તો મરેલો પડેલો છે, એને ક્ષમા આપો. વીરતા હોય તો એનું પણ ભલું ઇચ્છો. ભાઇ પ્રત્યેના અત્યાર સુધી થયેલા દુષ્ટ વિચારોને કાઢી મૂકો. પ્રામાણિકપણે ભાઇનું ભલું ઇચ્છો. એની પણ માફી માગો. અરિહંત, સિદ્ધ, સાધુ અને શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મનું શરણ લ્યો. ચારે આહારનો ત્યાગ કરો.'

યુગબાહુ પલટાયો. એકદમ પલટાયો. હાથ જોડે છે. હૃદયથી નમે છે. વિચારે છે કે આવી પત્ની ન મળી હોત તો મારી દશા શું થાત? આ મહાસતી મદનરેખાએ ભયંકર રૌદ્રધ્યાનમાં ચઢેલા પતિને એવો બનાવી મૂક્યો, કે એ મરીને પાંચમા દેવલોકે ગયો.

પ્રસંગ-બીજો,
વિજય શેઠ અને વિજયા શેઠાણી

જ્ઞાની પુરુષોએ બહુ બહુ શીખામણો દીધી છે. કોઇ વરફથી ખરાબ શબ્દ આવે તો ગુસ્સે ન થાઓ. જો એ કહે છે તે સાચું હોય તો તમે સુધારો કરો અને ખોટું હોય તો એની કિંમત ન આંકો. મનુષ્યપણાની ભાવના નાશ પામી જાય ત્યાં જૈનત્વ આવે કયાંથી? અને જૈનત્વ વિના ધૂનન થાય ત્યારે શી રીતે ધૂનન? થાય તો બધું હાલે. સ્થિર જગ્યામાં એ ન ટકી શકાય તો ધરતીકંપ થાય ત્યાં શું થાય? મજબુત ન રહી શકાય તો પાયાનાં મૂળીયાં હલે ત્યાં શું થાય?

ત્રણે લોકના નાથની પાસે જે જાતિની માગણી કરો છો તેમાં એકતાન બનો, એ ભાવના, એ સંસ્કાર, ઘરમાં કુટુંબમાં ફેલાય તો પાપ આપોઆપ નાશ થાય. આજે જ એ પાપ ચાલી જાય. બધા એમ જ કહે કે, 'જીંદગી નાની છે. માટે પાપની જરૂર નથી. થોડું મળશે તો થોડું ખાઇશું, લુખું ખાઇશું, પણ પાપ નથી કરવું.' સ્નેહી, મા-બાપ, શેઠ-નોકર બધા આમ કહે તો આત્મા કોઇ કોઇ અપવાદરૂપ આત્માઓ બાદ કરતાં-

અવશ્ય સુધરે. જમતાં સ્ત્રી પણ એ જ કહે કે, 'શા માટે પાપ કરો છો ? અનીતિ ન કરો, પ્રપંચ ન કરો, કાળાં ધોળાં ન કરો, મારે સાડી તથા અલંકાર ન જોઇએ. પાપમાં, પ્રપંચમાં પડી જિંદગી ન બગાડો, પણ જેટલું મળે તેટલામાં સંતોષ માની પ્રભુના માર્ગની આરાધના કરી આત્મકલ્યાણ સાધો.'

વિજય શેઠ અને વિજયા શેઠાણી, એ દંપતી યુગલ કેવું પુણ્યવાન ! પુણ્યાનુબંધી પુણ્ય હોય તો એવો સુયોગ મળે ને ! વિજય શેઠને કૃષ્ણ પક્ષમાં શીયલ પાળવું એવો નિયમ હતો. ભવિતવ્યતાના યોગે પત્ની પણ એવી જ મળી કે જેને શુકલ પક્ષમાં શીયલ પાળવું એવો નિયમ હતો. એ બેનો સંયોગ થયો. એ બેનાં લગ્ન થયાં વિજયા જ્યારે તૈયાર થઇ, પતિ પાસે ગઇ, ત્યારે વિજય શેઠ કહે છે કે-'મારે કૃષ્ણ પક્ષમાં શીલ પાળવું' એવો નિયમ છે અને તેના ત્રણ દિવસ બાકી છે, માટે મહારા નિયમમાં સહાયક થાવ' વિજયા શેઠાણી વિચારે છે કે એમને ત્રણ દિવસ બાકી છે અને પછી મારે પંદર દિવસ બાકી છે. પોતે ખિન્ન થાય છે. વિજય શેઠ ખિન્નતાનું કારણ પૂછે છે. કારણ જાણ્યા બાદ ખુશી થાય છે. બે ય પવિત્ર આત્મા છે. બે ય પોતાને ધન્ય માનીને કહે છે. ભવતુ. સોનું અને સુગંધ મળ્યું. જોઈતું હતું ને વૈદ્યે કહ્યું. ભાવના હતી તે ફળી, આમાં હાનિ શી ? અમારે બેયને સર્વદા સર્વથા બ્રહ્મચર્ય હો. બેયના વિચાર કયા ? વિષય ખરાબ છે, એમ બે ય માનતા હતાં માટે તો નિયમ લીધો હતો. સુયોગ મળ્યો એટલે માન્યું કે વિષયથી બચ્યાં. નિર્ણય કર્યો કે અખંડ બ્રહ્મચારી રહેવું અને એ વાતની ખબર માતાપિતાને પડે કે ઘરબાર છોડી નીકળી જવું. બેયના આવા રીતના દરેક વાતમાં પુણ્ય વિચારો હોય એ ઘર-સંસાર પણ કેવો ચાલે ?

પ્રસંગ-ત્રીજો

શ્રી શાલિભદ્રજીની ભદ્રામાતાનો

શ્રી જિનેશ્વરદેવના ત્યાગમાર્ગની છાયા નીચે, જે પુણ્યાત્માઓ જીવે તે સ્થાનમાં કલેશ હોય જ નહિ. શ્રી શાલિભદ્રજીની માતા, જ્યારે પેલા વેપારી સોળ રત્નકંબલ લાવ્યા ત્યારે કહે છે કે, મારે વહુ બત્રીસ છે, તરત બત્રીસ ટહુકા કરી એકેક ટુકડો આપી દે છે. પોતાનું શું ? મોટું કોણ ? સાસુ કે વહુ ? સારી ચીજ પહેલું કોણ વાપરે ? સાસુ કે વહુ ? પણ કહેવાય છે કે આજની સાસુ તો ઘી-દૂધ પણ તાળામાં

રાખે. છોકરા પોતાનો, સ્ત્રી પોતાના જ છોકરાની અને એનાથી ઘી-દૂધ તાગામાં. પેલી વહુ પણ વિચારે કે, લાગ આવવા દો, હાથમાં આવે ત્યારે પીવાય નહિ તો ઢોળી તો નાંખુ જ હાનિ થોડી–કળીયો ઘણો આ બધું શાથી ? શ્રી જિનેશ્વરદેવના શાસનનો ત્યાગ અને પ્રભુમાર્ગને અનુસરતી ઉદારતા, પ્રેમ, વાત્સલ્યનાશ પામ્યા તેથી. તમે કહો છો, શાંતિ લાવો કયાંથી લવાય ? જરા પણ ઉદારતા ન આવે, જરા પણ ત્યાગ ન રૂચે, તો શાંતિ આવે કયાંથી ? અશાંતિનાં કારણોથી શાંતિ મળે ? સાસુ એમ કહે, કે દીકરાની વહુ પહેલી તો ઝટપેલી પણ પગે પડે કે ના, માજી, તમે પહેલાં હું પછી. આવડત જોઇએ. માણસાઇ જોઇએ. પણ આ તો બધી ભાવના જ જૂદી, શ્રી શાલિભદ્રજીની માતા બત્રીસની આટલી બધી ચિંતા કરતી હતી, તો બત્રીસે પણ એની મર્યાદામાં કેટલી રહેતી ! કેવલ સાસુ જ નહિ, પણ માતા તરીકે માનતી અને પૂજતી, જયારે શ્રી શાલિભદ્રે દીક્ષાની રજા માગી અને માતાએ હા કહી, ત્યારે બત્રીસમાંથી કોઇની તાકાત નહિ કે વચ્ચે બોલે. સમજે કે માતા જે કહે–કરે તે વ્યાજબી જ હોય. થોડી ઉદારતા કહેવાય, થોડો સદ્‌ભાવ રાખવામાં આવે, તો અપવાદ તરીકે કોઇ આત્મા અયોગ્ય હોય તેની વાત જુદી, બાકી પરિણામ ઘણું જ સુંદર આવે. શ્રી જિનેશ્વરદેવના માર્ગથી છેટા થવાય, ત્યાગને, ઉદારતાને વેગળી કરવામાં આવે, એટલે ઉત્પાત સિવાય બીજું શું થાય ?

પર્યુષણા પર્વ આવે છે તો તે તે વારે શું કરશો ?

—પૂ. સાધ્વી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ–ઘાટકોપર

o

શુક્રવારે– શમ ઉપશમભાવમાં રહી ક્રોધાદિને દૂર કરશું.
શનિવારે–શાંત પ્રશાંત ઉપશાંત રસના સાગરમાં સ્નાન કરી અનાદિના કર્મમળો ધોઇ નાંખીશું.
રવિવારે–રતિ અરતિના કાદવમાંથી બ્હાર નીકળી સમભાવમાં વર્તીશું.
સોમવારે-સત્યના પૂજારી બની અસત્ય બોલવાની પડેલી કુટેવને ભગાડી દઇશું
મંગળવારે–આત્માનું સાચું ભાવમંગલ સમજી પાપને ગાળી દઇશું.
બુધવારે–બુરા ફેરા ફરાવે તેવા બુઢ્ઢેના જમણને હંમેશ માટે તિલાંજલિ આપીશું.
ગુરૂવારે–ગુર્વાજ્ઞાનો સ્વીકાર કરી ભવજલ તરવા કટીબદ્ધ થઈશું.
શુક્રવારે–શતશતવાર સહસ્ત્રવાર લાખ લાખવાર સર્વજીવોને ક્ષમાપના આપી વેર ઝેર દૂર કરી સાચો મૈત્રીભાવ સ્થાપી આત્માને કર્મમુકત બનાવશું.

o

અનંત ઉપકારી શ્રી તિર્થંકર પરમાત્માઓ કેવલજ્ઞાન પામ્યા પછી જગતના ભવ્યજીવોના કલ્યાણને માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે. દુર્ગતિમાં પડતા આત્માને ધારી રાખીને સદ્ગતિમાં સ્થાપે તેનું નામ ધર્મ છે. અને 'તિર્યતેઅનેન ઇતિ તીર્થમ્' એ વ્યુત્પત્તિ પ્રમાણે તારે તેનું નામ તીર્થ સંસાર સાગર જેના વડે તરાય તેનું નામ તીર્થ છે. તીર્થ શબ્દ ચતુર્વિધ શ્રમણસંઘ કે પ્રથમ ગણધરના અર્થમાં પણ વપરાય છે તે માટે પાંચમા અંગ શ્રી ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે–

'तित्थंपुण चाउवण्णे समणसंघे पढम गणहरेवा'

ચારે પ્રકારનો શ્રી સંઘ એ શ્રી તીર્થંકર પરમાત્માઓ માટે પણ પૂજ્ય છે. પણ તે આજ્ઞા મુજબ ચાલતો હોય તે. તેવા જ શ્રી સંઘને પચ્ચીશમો તીર્થંકર કહેવાય છે જે શ્રીસંઘ, સંઘમાં રહેલા દરેક આત્માઓને મોક્ષમાર્ગમાં સહાયક બને. તેમાંની ધર્મ આરાધનામાં જે જે અંતરાયો આવે તે બધા દૂર કરવા પ્રયત્ન કરે. ચારે પ્રકારનો શ્રી સંઘ, સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ છે. માટે શ્રાવિકાઓ પણ ચતુર્વિધ શ્રી સંઘનું એક મહત્ત્વનું અંગ છે.

: શાસન દીપિકા અનુપમાદેવી :

—શ્રી ગુણપરાગ.

'સ્ત્રીપણું' અનંતીપાપરાશિના ઉદયે પ્રાપ્ત થાય' તેમ કહી સ્ત્રીઓની નિંદા કરી નથી પણ કર્મ સિદ્ધાન્તની એક સત્ય હકીકત જ જણાવી છે. બાકી સ્ત્રીઓ તો શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરુષોની જનની પણ છે તેથી ખુદ ઇન્દ્રાદિ દેવો શ્રી તીર્થંકર પરમાત્માની માતાની પણ 'જગત જનની' 'જગત–દીપિકા' 'ત્રિલોકપૂજ્યા' જેવા વિશેષણોથી સ્તવના કરે છે.

દરેકે દરેક શ્રી તીર્થંકર પરમાત્માની સાધ્વીઓ અને શ્રાવિકાઓની સંખ્યાની નોંધ મહાપુરુષોએ કરી છે અને તે સાધુઓ અને શ્રાવકો કરતાં વધારે જ હોય છે, દરેક કાળમાં સ્ત્રીઓ વધારે ધર્મશીલ હોય છે તે નિર્વિવાદ હકીકત છે. તેથી જ શ્રી જૈન શાસનમાં એવા એવા ઉત્તમ શ્રાવિકા રત્નો પણ થયા છે જેમનું જીવન દરેકને માટે પ્રેરણાદાયી બને છે. પોતાના ધર્મમાં મક્કમ રહી અનેકને ધર્મ પમાડનારી પણ બને છે.

અત્રે શ્રીમતી અનુપમા દેવીની સામાન્ય વાત કરવી છે. આખા ગુજરાતની રોનક બદલનાર, ધર્મનું ઝેલી જગાડનાર ચાણક્યબુદ્ધિના નિધાન શ્રી વસ્તુપાલ મહામંત્રી પણ ધર્મની બાબતમાં અનુપમા દેવીની જ સલાહ લેતા. અનેક અનુપમ કાવ્યોના સર્જક ખુદ

શ્રી વસ્તુપાલ મહામંત્રી માનતા કે હું ભલે ગુજરાતનો મહામંત્રી ગણાવું પણ ધર્મની બાબતમાં જેટલી નિપુણતા મારા નાનાભાઇ તેજપાલના ધર્મપત્ની અનુપમાદેવીમાં છે તેટલી મારામાં નથી. માટે ધર્મના કાર્યો તેમને પૂછીને જ કરવા.

તેથી જ જ્યારે શ્રી સિદ્ધાચલજી આદિ તીર્થોની યાત્રાએ જવાનો મનોરથ થયો ત્યારે તેની સલાહ લીધી કે આપણે શું કરવું ? તો શ્રીમતી અનુપમાદેવી કહે કે–આપણે પાછા આવીએ ત્યારે આજીવિકાને વાંધો ન આવે તેટલું ધન રાખી, બાકી બધું લઇને ચાલો ? તીર્થયાત્રા પણ કેવી રીતના કરાય તે આના ઉપરથી બહુ જ સારી રીતના સમજી શકાય છે. એટલું જ નહિ પણ ભગવાનની પૂજા–ભક્તિ પણ સ્વદ્રવ્યથી કરવાથી જે ભાવોલ્લાસ આવે અને જે લાભ થાય તે અનુપમ હોય છે. પણ આજે ઘણાંને સ્વદ્રવ્યથી પૂજા–ભક્તિ કરવી તે જાણે નવી વાત લાગે છે ! પછી બન્ને મંત્રીશ્વરો તેમની વાત માની, આજીવિકા પૂરતું ધન દાટવા માટે ગયા તો નવું નિધાન મલ્યું. તો શું કરવું તેમ તેણીને પૂછ્યું તો કહે કે–'હવે બધું જ લઇ લો. તમારું પુણ્ય જાગતું છે.' ભગવાનના વચનોની અનુપમ શ્રદ્ધાને કારણે જે નિર્મલબુદ્ધિ પેદા થાય છે તે કેવી વિવેકી અને માર્ગસ્થ હોય છે જે પ્રમાણે કરવાથી સ્વ–પરનું કલ્યાણ કરવા સાથે શાસનની પણ પ્રભાવના અનુપમ કરે છે.

શ્રી અર્બુદગિરિ–આબુ ઉપર 'લુણવસહી' જિનાલય પણ તે જ શ્રાવિકા રત્નની જગતને અનુપમ ભેટ છે. તે જ રીતે એકવાર સાધુ મહારાજનું પાત્ર ઘીથી ભરાઇ ગયું અને ખરડાયું તો પોતાની ભારે કિમતી સાડીથી સાફ કર્યું. તે વખતે સેવક કહે કે–આ શું કર્યું ? ત્યારે કહે કે, જો ધાંચીના ઘેર જન્મી હોત તો રોજની આ હાલત હોત, આ તો ત્રિલોક પૂજ્ય મુનિભગવંતના પાત્રને સાફ કરવાનો લાભ કયાંથી ? એક નિર્મલ માર્ગાનુસારી પ્રજ્ઞા કેવો અનુપમ પ્રવચન રાગ પેદા કરે છે તે આના પરથી સારી રીતના સમજી શકાય છે.

જીવનભર આવી રીતના ધર્મની સુંદર આરાધના કરી, મનુષ્યપણાનું આયુષ્ય ઉર્પાજી હાલ તેઓશ્રી મહાવિદેહમાં ઉત્પન્ન થયા અને આઠવર્ષે ચારિત્ર લઇ ૧૭મા વર્ષે કેવલજ્ઞાન ઉર્પાજી હાલ કેવલી પર્ષદામાં બીરાજી રહ્યા છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની તારક આજ્ઞા મુજબ જેઓ આરાધના કરે છે, તેઓ આવી રીતના પોતાનું આત્મકલ્યાણ સુનિશ્ચિત કરે છે.

આવા શ્રાવકરત્નના જીવનમાંથી આપણે સૌ વાચકો આવો અનુપમ શાસન રાગ કેળવી આપણા આત્માની મુક્તિ નજીક બનાવીએ તે જ મંગલ કામના સાથે શ્રાવિકા રત્નોને હૈયાથી નમસ્કાર કરી તેમના જેવા બનીએ–બનવાની ભાવના પણ પેદા કરીએ એટલે કે તેમના આ ગુણો પામીએ તે જ ભાવના.

[આપત્તિના સમયે એકાકી અબળા પણ જે ધર્મભાવનાથી ભાવિત થઇ અપૂર્વ ધૈર્યથી કસોટીના કપરા કાળને પસાર કરે છે તે શ્રીમતી નર્મદા સુંદરીના દૃષ્ટાંતથી સમજાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. સદાચાર વૃક્ષના સીંચન માટે નિર્મલવારિ સમાન ભાવનાને ભાવિ ધર્મમલથી મુકત બનીએ તે જ ભાવના– —સંપા.]

અનાદિકાળથી આત્મા સંસારમાં ભટકી રહ્યા છે. આત્મા ઉપર સમયે સમયે સાત કર્મો બંધાયા કરે છે મિથ્યાત્વ, અવિરતિ કષાય અને તે ત્રણને આધીન મન-વચન કાયાના યોગે આત્મા ઉપર કર્મો બંધાયા કરે છે. જીવે જાણતાં કે અજાણતાં હાંસી, મશ્કરી, મજાકથી પણ જે કર્મો બાંધ્યાં હોય તેના વિપાકો ભોગવવા જ પડે છે. તેમાં પણ દેવ-ગુરુ અને ધર્મની અવહીલના, આશાતના કરવાથી જે તીવ્ર કર્મો બંધાય છે તેના વિપાકો એવા ભયંકર ભોગવવા પડે છે જેનું વર્ણન ન થાય. માટે જ મહાપુરૂષો કહે છે–'હસતાં તે બાંધ્યા કર્મ, રોવતાં છૂટે નહિ.' જે જીવો જ્ઞાનીઓની આ વાત સમજી જાય છે તેઓ પછી સાચી સમાધિ-શાંતિનો અનુભવ કરે છે. ખરેખર ધર્મમ પણ

: આપત્તિમાં અદીનતા :

—પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.મ.

તે જ કહેવાય જે કર્મસંયોગે ગમે તેવી પરિસ્થિતિ પ્રાપ્ત થાય તેને અનુકૂળ થઈને મજેથી જીવે. અને તેને આધીન ન થતાં પોતાની ધર્મ આરાધના કરી, પોતાનું કલ્યાણ સાધે છે. આવાં અનેક દૃષ્ટાન્તો આત્માને જાગતો કરનારાં જૈનશાસનમાંથી મળવાના છે પણ તે દૃષ્ટાન્ત વાંચી-વિચારી આત્મા સાથે વિચારણા ન કરે તો લાભ શું થાય? દૃષ્ટાન્તથી વસ્તુ સારી રીતના ગ્રાહ્ય બનાવી શકાય છે માટે ચાર અનુયોગમાં ધર્મકથાનુયોગને પણ સ્થાન અપાવામાં આવ્યું છે.

તેમાં મહાસતી નર્મદા સુંદરીની પ્રાસંગિક વાત કરવી છે. પુણ્યોદયે દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી સંપન્ન મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ છે પણ જે આત્માઓ મનુષ્ય ભવને પામ્યા પછી તેનો કેવો ઉપયોગ કરે છે તેના પરથી તેના જન્મની કિંમત આંકી શકાય છે.

નર્મદાસુંદરીનો ધર્મીકુટુંબમાં જન્મ થયો. ધાર્મિક સંસ્કારોથી વાસિત બની, સમયે સ્ત્રી યોગ્ય સઘળી ય કલાઓને પ્રાપ્ત કરી અને યોવનવયે માતા-પિતાદિએ મહેશ્વરદત્તની સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. પોતાની ગુણસંપત્તિથી સસુરાલમાં પણ બધાના

દિલ જીતી લીધા, બધાનો પ્રેમ સંપાદન કર્યો. એકવાર ઝરૂખામાં બેસી નગર થયો નિહાળી રહી છે મોંમાં તાંબુલ ચાવી રહી છે, તેનું થુંક અકસ્માત્ નીચે જતાં મહ મુનિ ઉપર પડયું, તેણીને પણ ખ્યાલ નથી. ત્યારે મુનિના મુખમાંથી પણ સહસા શબ્દો સરી પડયા કે-'આવું કામ કરનારીનો પતિ સાથે વિયોગ થશે.' નર્મદાસુન્દરીને ખબર પડી, મુનિ પાસે જઈ ભુલ ખમાવે છે, વારંવાર માફી માગે છે. મુનિ પણ તેનો વિનય ભક્તિભાવ જોઈ કહે છે કે-'હે ભદ્રે ! મેં તેને શાપ નથી આપ્યો પણ મારા મોંઢામાંથી સહસા શબ્દો નીકળી ગયા છે. ભાવિભાવ અન્યથા થાય નહિ, ધર્મકાર્યમ જ ઉજમાલ બનજે.'

વેપાર માટે પરદેશ જતાં પતિની સાથે તેણી પણ જઇ રહી છે. તે વખતે જહાજમાં એકવાર રાત્રિના સમયે કોઇ એક માણસ સુંદર ગીત ગાય છે. તે વખતે પોતાના પતિ પાસે બેસેલી તે પતિને કહે છે કે, આ ગાનારાના સ્વર ઉપરથી તે કેવો હશે તેનું વર્ણન કરી શકું છું. પતિએ પણ કુતુહલથી પૂછયું તો જોયા-જાણ્યા વિના તેણીએ તે પુરુષનું આબેહુબ વર્ણન કર્યું. તે સાંભળી શંકિત બનેલા પતિએ તે પુરુષની તપાસ કરી તો સતી સ્ત્રીએ કરેલા યથાર્થ વર્ણન પ્રમાણેનો નીકળ્યો. તેથી મનમાં સંકલ્પ-વિકલ્પથી આકુલ વ્યાકુલ થયો કે-ચોકકસ મારી સ્ત્રી ભ્રષ્ટ લાગે છે નહિ તો આવું કઇ રીતના જાણે ! ખરેખર શંકિત અને ઇર્ષ્યાળુ માણસ આગળ ગુણ પણ દોષરૂપ બને છે. સ્વર વિજ્ઞાનની કલાથી જ તેણીએ તે પુરુષના સ્વર ઉપરથી જ વર્ણન કરેલ પણ તેના ઉપર કલંકરૂપ બન્યો, પતિ હવે પોતાની પ્રાણપ્રિયાનો ત્યાગ કરવા તૈયાર થયો. અપવાદ પણ ન લાગે તેમ કરવું છે. ભાગ્યયોગે બીજેજ દિવસે તેમનું જહાજ ભુતદ્વિપમાં આવ્યું અને નાવિકોના કહેવાથી બધા પાણી આદિ માટે ઉતર્યા. મહેશ્વર પણ પોતાની પત્નીને દ્વીપ બતાવવાની ઇચ્છાથી લઇ ગયો. દ્વીપમાં આમ તેમ ફેરવી થકવી નાખી અને વિશ્વાસી એવી તેણી ઝાડ નીચે ગાઢ નિદ્રાને પામી. તે જ વખતે અનુકૂળ તક પામી, ત્યાં જ સ્ત્રીને છોડી દઇ, હાંફળો ફાંફળો દોડતો બેબાકળો બનતો આવી બુમાબુમ કરવા લાગ્યો કે આ દ્વીપમાં કોઇ રાક્ષસી આવી અને મારી સ્ત્રીને ખાઇ ગઇ હું માંડ માંડ જીવ બચાવી આવ્યો. ભયના માર્યા બધા ટપોટપ જહાજમાં ચઢી ગયા અને નાવિકાએ પણ જહાજ ઉપાડયું. બધાએ મહેશ્વરદત્તને આશ્વાસન આપ્યું. મનમાં રાજી થયો કે-હાશ ટાઢે પાણીએ કાસ ગઇ.

સંસારમાં આવું બને જ. માટે જ જ્ઞાનીઓ કહે છે કે, આ સંસારમાં કોઇ કોઇનું સગું નથી. બધા સ્વાર્થના જ સગા છે, માટે કોઇના પર વિશ્વાસ પણ કરવા જેવો નથી.

નિદ્રા દૂર થયા પછી જાગેલી નર્મદાસુંદરીએ પતિને ન જોતાં આમ-તેમ તપાસ કરી વૃક્ષે વૃક્ષે ફરી વળી અને આવા વેરાન જંગલમાં નિર્જન અટવીમાં એક અબળા શું કરે! વૃક્ષોને પણ રડાવતી ન હોય તેમ વિલાપ કરવા લાગી. ખરેખર મોહની ગતિ ગહન છે. જ્ઞાનીઓના વિવેકને પણ લુપ્ત કરનારી છે. છેક કિનારા સુધી જઈ આવી રાને જડાજને પણ ન જોયું માટે પાછી વળી. રાત્રિ જેમ તેમ થરથર હૈયે કાંપતી પસાર કરી. સૂર્યોદયે પણ તપાસ કરી અને નિરાશાને પામી. તો સતી અને પતિ ભક્તાએ એક જ વિચાર કર્યો કે-

'जह परिचत्ता अहयं दुज्जणवयणेहिं मोहियमणेण ।
त ह मा जिणवरधम्मं एगंतसुहावहं चयसु ।।'

જો કે હે નાથ! મારો તો પરિત્યાગ કર્યો છે તો પણ દુર્જનોના વચનો વડે મોહિત મનવાળા તમે એકાન્તે સુખદાયી શ્રી જિનધર્મનો કયારે પણ ત્યાગ કરતા નહિ.' ભાગ્યશાલીઓ! વિચારો કે ધર્મ જ જેણે આધાર-ત્રાણ-પ્રાણ લાગે છે. તેવા આત્માઓની મનોદશા આપત્તિમાં પણ કેવી અવિચલ હોય છે!

કરૂણ સ્વરે વિલાપ કરે છે તેટલામાં આકાશવાણી થઈ કે-'હે મુગ્ધે! તે પાપમતિ નાશી-ભાગી ગયો તો તેના કારણે આ શુન્ય અરણ્યમાં શા માટે રડે છે, પ્રલાપ કરે છે.' આ સાંભળીને તેણી વિચારે છે કે, ચોક્કસ મારો પતિ મને છોડીને ચાલ્યો ગયો છે, કેમકે આવી વાણી ખોટી હોય જ નહિ. તે જ વખતે તેણીના હૈયામાં વિવેક પેદા થાય છે અને વિચારે છે -'આમાં મારા પતિનો દોષ નથી પરન્તુ મારું પૂર્વકૃત દારૂણ કર્મ જ ઉદયમાં આવ્યું છે. નહિ તો મુનિ મહારાજા પણ શ્રાપ શા માટે આપત! તેમના મોઢામાંથી પણ અનાયાસે તેવી વાણી શા માટે નીકળત! માટે મારા જ નિકાચીત કર્મોનો ઉદય આવ્યો છે. કેમકે ચંદનનાં પણ લાકડા વારંવાર ઘસવામાં આવે તો તેમાંથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે. માટે આવો શોક કરવાથી સર્યું. મારા જ આત્મહિતનો સર્વથા વિચાર કરું. જે કારણથી ધીરપુરૂષો એ કે કાયર પુરૂષોએ પણ પોતે જ કરેલાં સુખ અને દુઃખ પોતાને જ ભોગવવા પડે છે. જો કાયર બનીને મરી જાઉં તો તે દુષ્કર નથી. પરન્તુ આવાં મારણનો શ્રી વીરભગવાને નિષેધ કર્યો છે. ખરેખર આ જીવલોકને વિષે બાલ્યવયથી જ સાધ્વી થયેલા આત્માઓને ધન્ય છે જેઓ સ્વપ્નને વિષે પણ પ્રિયના વિયોગના દુઃખને ય જાણતા નથી. મેં પણ જો બાલ્યવયમાં જ શ્રી જિનમત શાસનની દીક્ષાને ગ્રહણ કરી હોત તો આવા પ્રકારનાં દુઃખનું નામ પણ ન જાણત! જો હજુ પણ જીવતી એવી હું જો કોઇપણ રીતે જંબૂદ્વીપને પામીશ તો યુગપ્રધાન શ્રી આર્ય સુહસ્તીસૂરિજી મહારાજાની પાસે દીક્ષાને જ ગ્રહણ કરીશ. આજથી મારો આ જ

નિયમ હોા કે ત્યાં સુધી હું છઠ્ઠના પારણે છઠ્ઠને કરીશ અને એકવાર પ્રાસુક ફલ–પુષ્પાદિ વડે પારણું કરીશ.' આ પ્રમાણે પોતાના હૈયાને આશ્વાસન આપી, ઘોર અભિગ્રહને ધારણ કરી, તેનું પાલન કરે છે. અને પોતાના આત્માને સંયમથી ભાવિત કરતાં વિચારે છે કે—

'શ્રી જિનધર્મ એ જહાજ છે, સાંયત્રિકમાં સહાય એવા શ્રી સાધુ ભગવંતો છે અને નિર્યામક પુદ્ગ શ્રી જિનેન્દ્ર ભગવાન છે તો આ ભવસમુદ્ર કઇ રીતના દુસ્તર બને ? ચાર મારે માટે મંગલ છે શ્રી અરિહંત પરમાત્મા, સઘળા ય શ્રી સિદ્ધ ભગવંતો, સઘળાય શ્રી સાધુ ભગવંતો અને શ્રી સર્વજ્ઞ ભગવંતે કહેલો ધર્મ. ખરેખર હું ધન્ય છું જે કારણથી લાખો ભવોમાં દુર્લભ અને સ્વર્ગ અને મોક્ષને પમાડનારી એવા દેવ–ગુરુ ધર્મની સામગ્રી મને પ્રાપ્ત થઈ છે. કેમકે હાલમાં ચાલ્યા ગયા છે રાગ–દ્વેષ-મદ અને મોહ જેના, સઘળા સુરાસુરોથી પૂજાયેલા, અતિશયની સમૃદ્ધિથી સમૃધ્ધ એવા શ્રી વીર-પરમાત્મા જ મારા દેવ છે. વળી સંસારથી ઉદ્વિગ્ન, ગુરુના ઉપદેશને વિષે એકાગ્રચિત્તથી લાગેલા, શુદ્ધ ચારિત્રને સેવનારા સાધુઓ મારા ગુરૂ છે અને શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા સઘળા ય જીવાજીવાદિ પદાર્થોની જ શ્રદ્ધા કરું છું અને એક ક્ષણવાર પણ કુતીર્થિઓના શાસ્ત્રને વિષે મારું મન જરાપણ રમતુ નથી. આવું ભયંકર દુઃખ આવે છતે પણ, હું જીવું કે મરું તો પણ આ સમ્યક્ત્વને વિષે જ મારું મન અતિદૃઢ અવિચલ હોા. શ્રી જિનાગમમાં સંભળાય છે કે, ધીરચિત્તવાળા મહાનુભાવ મહામુનિઓએ જે ૭૨ ઉપસર્ગો –પરિષહો દુઃખો વેઠયા છે–તેની આગળ મારું આ દુઃખ કેટલું છે ? કાંઇ જ નથી. જેમ કે, જેમના મસ્તક ઉપર લીલીવાધર વીંટાળવામાં આવી, જેથી જેમની બંન્ને આંખો બહાર નીકળી આવી તો પણ મંદરગિરિની જેમ શ્રી મેતાર્ય મહામુનિ સંયમથી જરાપણ ન ચલ્યા. શ્રી ચિલાતી પુત્ર મહામુનિનો અપૂર્વ ઉપશમ કોને માટે આશ્ચર્યકારી નથી ! તેવી જ રીતના શ્રી અવંતિ સુકુમાલ મહામુનિનું દુષ્કર ચરણ પણ કોને માટે આશ્ચર્યકારી નથી ! ધન્ય છે શ્રી ગજસુકુમાલ મહામુનિને જેમના મસ્તક ઉપર ખેરના અંગારા મૂકાયા અને પરિણામે લાંબા કાળથી ઉત્પન્ન થયેલું, ઉગેલુ કર્મરૂપી વન ક્ષણવારમાં બળી ગયું અર્થાત્ તેઓ મોક્ષને પામ્યા. ધન્ય છે મુનિપતિ સાધુને કે જેઓ ધર્મધ્યાનમાં નિશ્ચલ બની દાવાગ્નિથી બળીમર્યા પણ ધ્યાન ન જ છોડયું ! ઋષિદત્તા, સીતા, અંજના વગેરે મહાસતીઓએ પણ દુઃસહ દુઃખોને મજેથી સહન કર્યા એમ સંભળાય છે. માટે હે જીવ ! તું જરાપણ દુઃખ ન પામ, તારા મનમ જરાપણ ઉદ્વેગને ન કર ! કારણ દુઃખોને સારી રીતના સહન કરવાથી જ જીવ કલ્યાણના સુખોને પામે છે.' આ પ્રમાણે પોતાના આત્માને સમજાવતી આવી ભયંકર અટવીમાં એકાકી

નોંધારી અબળા એવી મહાસતી નર્મદા સુંદરી પોતાના કાળને પસાર કરે છે. અને જો જંબુદ્વીપમાં જનારો સથવારો મલી જાય તો સ્વજનાદિને મલીને ઉત્તમ એવા ચારિત્રને આરાધું આ પ્રમાણે વિચારતી દરરોજ સાગર કિનારે આવાગમન કરે છે. આ રીતના સાત મહિના પસાર થયા.

તેણીના પુણ્યોદયે બર્બરકુલ તરફ જતો તેના પિતરાઇ વીરદાસનો ભેટો થયો. તેની સાથે ચાલી, બર્બરકુલને પામી. ત્યાં પણ તે હરિણી નામની વેશ્યાની જાળમાં ફસાઇ. વેશ્યાનું અકસ્માત્ મરણ થયું. રાજાએ તેણીને વેશ્યાના સ્થાને નિયુકત કરી, ત્યાં ગાંડી નહિ હોવા છતાં પણ ગાંડી બની અને શ્રી જિનદાસને મલી. રાજા પાસેથી છોડાવી સ્વદેશને પામી અને સ્વજનોની સાથે મેળાપ થયો. તેણીનો જાણે ઉદયકાળ થવાનો ન હોય તેમ વિહાર ક્રમે પૂર્વધર શ્રી આર્યસુહસ્તિ સૂરિજી મહારાજા સપરિવાર નર્મદા નગરમાં પધાર્યા. માતા-પિતાદિ સ્વજનો સાથે દેશના સાંભળવા ગઇ. તેમની અમોઘ દેશનાથી ઘણા ભવ્ય પ્રાણિઓ પ્રતિબોધને પામ્યા. તે વખતે પ્રસંગ પામી તેના પિતા વીરદાસે પૂછયું કે-'હે ભગવન્! જિનવચનથી ભાવિત હૃદયવાળી, ચંદ્રમાના કિરણોની જેમ ઉજ્જવલ શીલવાળી મારી આ દિકરી કયા કારણે આવી આપત્તિને પામી?'

શ્રુતજ્ઞાનના ઉપયોગથી તેણીના પૂર્વભવને જાણીને શ્રુતધર મહાત્માએ કહ્યું કે-પૂર્વભવમાં કલિંગ દેશમાં, શ્રીમેલ નામના ગામમાં શ્રીપાલ નામનો કુલપુત્ર હતો તેની શ્રીપ્રભા નામની ભાર્યા હતા. શ્રીપાલે એકવાર એક નગરમાં ધાડ પડી અને ભટો વડે મરાયો. શ્રીપ્રભા ઘણી જ દુ:ખ પામી અને તાપસીઓએ પ્રતિબોધ કરેલી તાપસી થઇ. ત્યાંથી તે વ્યંતરનિકાયની દેવી થઇ. નર્મદા નદીનો કિનારો ગમી જવાથી સુખપૂર્વક ત્યાં જ રહેતી કાળ પસાર કરવા લાગી, એકવાર ધ્યાનમાં રહેલા શ્રી ધર્મરૂચિ નામના અણગારને જોઇને તેમને ધ્યાનથી ચલિત કરવા ઘણા પ્રકારના ઉપસર્ગો કર્યા. પણ મુનિ ધ્યાનથી જરાપણ ચલાયમાન ન થયા. પછી પશ્ચાત્તાપ કરતી તે મુનિના પગમાં પડી પોતાના અપરાધને ખમાવવા લાગી. તે વખતે મુનિએ ભદ્રકભાવ પામેલી નર્મદાદેવીને કહ્યું કે-'શ્રી જિનેશ્વરદેવ-સાધુ અને ચૈત્યાદિની આશાતના કરતો મૂઢ માણસ અનંત-સંસારનું કારણ ભયંકર એવા મહામોહરૂપ કર્મોને ઉત્પન્ન કરે છે તેથી નારક-તિર્યંચાદિ દુ:ખો વિના બીજાં દુ:ખોને પામતો નથી. હસતાં બાંધેલા કર્મ રોતાં પણ છૂટતા નથી. અન્યલોકોના વિષયમાં આ વાત સત્ય છે તો પણ શ્રી જિનમત-સાધુ આદિના વિષયમાં વિશેષથી સત્ય પડે છે. માટે જિન-સાધુ. ચૈત્ય આદિના પ્રત્યનીક નહિ બનવું જોઇએ.' આ પ્રમાણે સમજાવી તેણીને સમકિત પમાડયું. ત્યાંથી ચ્યવીને તમારી નર્મદાસુંદરી

નામની પુત્રી થઇ અને પૂર્વના અભ્યાસથી જ તમારી આ પુત્રી નર્મદામાં સ્નાનના દોહદથી વૃદ્ધિને પામી હતી. અજાણતાંથી પણ મુનિને કરેલા ઉપસર્ગથી બંધાયેલ ત્રણું કર્મ પશ્ચાત્તાપાદિથી ખપવા છતાં પણ જે બાકી રહ્યું હતું તેના પ્રતાપે જ અહીં નિર્મલ-નિષ્કલંક હોવા છતાં પણ આવા દુઃખને પામી.'

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળવાથી તેણીને જાતિ સ્મરણ જ્ઞાન થયું. પછી તરત જ દીક્ષા ગ્રહણ કરી. નિરૂપમ નિરતિચાર વ્રતનું પાલન કરી, અવધિજ્ઞાન પામી, પ્રવર્તિની બની, અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી અંતે અનશન કરી દેવલોકમાં ગઇ. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ચ્યવી, રાજ્ય લક્ષ્મીને ભોગવી દીક્ષા લઇને મોક્ષને પામશે. આવી નર્મદાસુંદરીનું નામસ્મરણ આપણને પણ ગુણની સન્મુખ બનાવનારું બને તેમાં નવાઇ નથી.

આ કથાનક વાંચી ભવ્યાત્માઓ અજાણતાં પણ દેવ-ગુરુ ધર્મની આશાતનાના ભાગી ન બને તેનો ખ્યાલ રાખે તો તેના હાથા તો બને જ નહિ. સૌ સદાચારનું સુંદર પાલન કરી, દેવ-ગુરુ-ધર્મના સાચા ઉપાસક બની આત્માનું કલ્યાણ સાધી મોક્ષસુખને પામો તે જ મંગલ મહેચ્છા.

જૈનશાસનને હાર્દિક શુભેચ્છા,

आयासशत लब्धस्य प्राणेभ्योऽपि गरीयसः ।
गतिरेकैव वितस्य दानमन्या वित्तस्यः ।

સેંકડો પ્રયત્નથી મેળવેલ, પ્રાણ કરતાં પણ વધુ વહાલા
એવા ધનની એક જ ગતિ દાન છે બાકી તો કષ્ટો છે.

મેસી ફર્ગ્યસન અને ટાફે ટ્રેકટર્સ

0 Tafe-25 DI 0 MF 1035
0 Tafe-30 DI 0 MF 1035 DI
0 MF-245 DI

: ડીલર :

વિકાસ કોર્પોરેશન

રઘુવીર ભવન, માલવીયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૨
ફોન : ૨૩૦૬૮-૨૬૪૧૧-૩૪૮૬૮
ગ્રામ : Vicas

: મહાસતી રાજીમતીનો વિરહ :

પ્રેમચર્યા અને નેમચર્યાની ગાથાઓથી છલોછલ ગીતોનું ભાવવિશ્વ

-પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.

ચોમાસું બેસે છે અને વિરહની અગનજાળ જાગે છે તેમ કાલિદાસ શીખવે છે. વિરહમાં આકાંક્ષા અને ઇચ્છાની અપૂર્તિ હોય છે. આક્રન્દ હોય છે અને આંસુનો આવેગ હોય છે. હતાશા પણ હોઇ શકે. નિશ્વાસ પણ હોઇ શકે—પરંતુ આ વિરહદર્શન તો સાવ ઉપર છલ્લું છે. એક અદમ્ય આવેશમાં અને વિરહમાં અનુભૂતિ શું છે તે તરફ નજર પહોંચવી જોઇએ. વિરહમાં પડનારનો પ્રતિભાવ, માનસિક પ્રત્યાઘાત તપાસવો જોઇએ. આંસુ વગેરે તો પ્રારંભિક તબક્કો છે. વિરહની શરૂઆત આંસુથી થાય છે તે માન્ય છે. આંસુ તો આંસુ સૂકાઇ જવાના છે. સાચા વિરહમાં આંસુ થીજી જાય છે. વ્યકિત નહીં બલકે લાગણી સ્તબ્ધ થઇ જાય છે. વિરહમાં મન વાસ્તવ સાથે બાથ ભીડે છે. મન વાસ્તવને અમાન્ય ઠેરવવા મથે છે. મનને અવાસ્તવિક શૈલીથી રજૂ થવું ફાવે છે.

રાજીમતીનું મન અવાસ્તવિક થઇને વિરહને પાછો ઠેલવા માંગે છે. વિરહ તો હકીકત છે. એ પાછો જાય તેમ નથી. રાજીમતી ભાંગી પડવાને બદલે સાવ જ અશકય ભાવનને શકય બનાવવાની મહેનત કરે છે. આ બધું હૃદયમાં બને છે. સાચો કવિ તે, જે હૃદયની ભાષા ચૂંથી શકે ઉપાધ્યાયજી મહારાજા રાજુલના હૃદયની ભાષા આબાદ ચૂથે છે આપણે કેટલાંક હૃદય શબ્દોને માણીએ.

અણધારી બાબતને સમજવી મુશ્કેલ છે. ઘટના બની તો જાય છે, પણ સમજી કે માની શકાતી નથી. ઘટના વિશે વિચારતાપૂર્વે એક અવાચક દશામાં મૂકાવું પડે છે. સાચેસાચી બાબતને માન્ય રાખવાની તૈયારી નથી હોતી અને એને અમાન્ય ગણવાના કોઇ સંયોગો નથી હોતા ત્યારે ચકડોળે ચડી જવાય છે. આવા વખતે આંખોમાં પ્રશ્ન ડોકાય છે : **'કહાં કિયો તુમ્હે કહો મેરે સાંઇ'** હે, પાવન પ્રીતમ ! તમે આ શું કર્યું છે તે મને સમજાવો. સાંઇને સંબોધવું એટલે હવાને બાથ ભીડવી. સાંઇ તો ચાલી ગયા છે. જવાબ આપનાર તો કોઇ છે જ નહી. પ્રશ્ન કોને પૂછવાનો ? પણ આ તો રાજુલનું પ્રેમચર્યા છે. એ વિયોગને માનવા જ તૈયાર નથી. એણે વિરહને માત્ર જોયો છે, સ્વીકાર્યો નથી. એ સાંઇને સંબોધીને બોલે છે કેમ કે એ માને છે કે સાંઇ આવુ કરી જ ન શકે. સાંઇ તો પરગજુ હોય, દયાળુ હોય એને તરછોડવાનું માફક ન આવે. સાંઇને એટલે જ પૂછવું પડે છે. તમે આ શું કર્યું'' સાંઇનું સંબોધન રાજુલ કરે છે તે સૂચવે છે કે, રાજુલ

સાંઈને સારી રીતે ઓળખે છે પરંતુ સાંઇની આ ઓળખાણમાં સાંઈનું આ વર્તન કોઇ રીતે ગોઠવાતું નથી. તો જ ગૂંચવણ થાય અને પછી જ પ્રશ્ન થાય. જવાબ તો નથી જ મળતો.

અનાથભાવ ઘટ્ટ થતો જાય છે. રાજુલનું હૃદય સૌથી પહેલું પ્રેમભાવ પામ્યું. પછી નેમભાવ પામ્યું. આ અનુપ્રાસનો રાસ જમાવટ સાધે તે પૂર્વે જ હૃદયને અભાવ દશા સાંપડી. જીવનનું લક્ષ્ય પ્રેમતત્ત્વ હતું. એનું લક્ષ્ય નેમ. નેમ તો હવે હાજર નથી. જીવાય તો પ્રેમના આધારે અને પ્રેમ ટકે નેમના આધારે, નેમ વિના જીવન ટકી જ ન શકે, પોતાની જાત પર ધિક્કાર ઉપજે છે.

પ્રાન ધરત મેં પ્રાનપિયા બિન, વજ્રહિંથે મોહિ કઠિન હિયેા. 'જીવવા માટેનું કોઇ જ કારણ શેષ નથી છતાંય હું જીવું છું. મારું હૃદય જ એવું છે. આવી પરિસ્થિતિ તો વજ્રજરને પણ પીગાળી દે. મારા હૃદયને કશું જ થતું નથી ? મારામાં લાગણીની કોઇ ચેતના જ બચી નથી. કદાચ, એટલે જ પ્રભુએ મારો સ્વીકાર ન કર્યો. અહીં મનમાં વિરહનો સ્વીકાર થઈ ચૂક્યો છે. એમાંથી શબ્દો સરે છે. **શ્યામ બિના કહા કાજ જિયેા ?** વિચારમાંથી વિચારો વહેતા રહે છે.

રાજુલનો આલીપો અનેક રીતે બહાર આવે છે. ક્યારેક પ્રીતમને ઠપકો. ક્યારેક પોતાને ઉપાલંભ. ક્યારેક સખીને નિવેદન. ક્યારેક સીધો જ ઉપદેશ રાજુલ પ્રભુને સમજાવવા માંગે છે કે તમે બહુ મોટી ભૂલ કરી છે સમજાવવા તૈયાર થઇ બાદ એ મૂંઝાય છે. પ્રભુને ઉપદેશ ? એ પોતાની મૂંઝવણ પ્રભુ આગળ જ મૂકી દે છે.

સીખામણ મુજ પ્રભુ તુજનહ્યું જીભ ભલામણ દંતનહ્યું 'તમને ઉપદેશ દેવો એ તો ગડમથલમાં મુકી દે એવી વાત છે. વાત છે એવી કે બોલી ન શકાય અને બોલ્યા વિના રહી ન શકાય જીભ દાંતને ઉપદેશ આપે તો કેવું લાગે ? હું નમણી જીભ બનીને કશુંક કહેવા માંગું છું. તમે કઠોર છો. તમે છોડીને જતા રહ્યા તે જ તમારી કઠોરતાની ગવાહી છે. તમારાથી કઠોર થવાય જ નહીં. તમે તો સમજુ છો, ન્યાયી. મને તો તમારી સમજણમાં અધૂરાશની અસર દેખાય છે.તમે જે દિશામાં આગળ જવા માંગો છો એ જ દિશાનો એક વિસામો બનવાની મારી ભાવના હતી. તમારી પ્રગતિમાં હું આડે તો ન જ આવત પરંતુ મને છોડી તેમાં તમારી પ્રગતિ અધૂરી રહેવાની તે નક્કી થઇ ગયું.

તમે કહેશો કે 'હું તો વિરાટ લક્ષ્યને સાધવા નીકળ્યો છું. નાના વિરામો પર અટકતો રહું તો મારું લક્ષ્ય જ ન સધાય. મારું લક્ષ્ય મેં બરોબર જાળવ્યું છે.' હું તમારી શબ્દ જાળમાં ફસાવાની નથી. તમે એટલું જ જણાવો કે ચૌદના આંકને શીખવા

ઇચ્છનારે ચારનો આંક યાદ રાખવો પડે કે નહી ?' રાજુલનું તર્કશાસ્ત્ર જબરું છે. એ કહે છે–

ચૌદ જાણ્યું તે ચ્યાર ન ભૂલ્યું. જે ચારનો આંક શીખ્યા વિના ચૌદના આંક પર કૂદકો મારવા જાય તે બાવાના બન્ને બગડે છે. તમને એમ લાગે છે કે મને ચૌદનો આંક આવડી જવાનો છે. હું કહું છું કે તમે ચારનો આંક નથી શીખ્યા તમને કયારેય ચૌદનો આંક નહીં આવડે. તમે આ સચ્ચાઇને ભૂલીને આગળ જવા માંગો છો તેથી તમારી જ હાંસી થવાની છે. તમને વધુ શું કહેવું તે પણ હવે સમજાતું નથી ,શ્યૂં કેવું તે સંતનઇ'

વાત જરા અટપટી છે રાજુલનો ભાવ એ છે કે 'તમે દુનિયાનો ઉદ્ધાર કરવા નીકળ્યા છો. હજી સુધી તો દુનિયા તમને ઓળખતી પણ નથી. જે ઓળખે છે તે બધા જ તમારા શરણાગત બન્યા છે તેવું પણ નથી. તમે જેમનો ઉદ્ધાર કરવા માંગો છો તેમાંથી ભાગ્યે જ કોઇ તમારાં શરણાગત હશે છતાં તમારો તેમને ઉદ્ધરવાનો ઉમંગ જબરો છે. તમને યાદ કરાવવું પડશે કે ઉદ્ધાર તો જે શરણે આવ્યા હોય તેનો થાય. બીજાનો નહીં. તમે આ વાત હજી સમજ્યા જ નથી. આ જ કારણે તમે મને છોડી દીધી. તમને જો ઉદ્ધાર કોનો થાય એની સમજણ હોત તો તમે મને તરત જ સ્વીકારી લેત. કેમકે હું તમારી શરણાગત છું. તમે મને છોડી ત્યારેપણ હું શરણાગત હતી અને આજે પણ છું. તમે મને સતત ઉવેખી રહ્યા છો અને ઉદ્ધાર કરવાની હોંશ ધરાવી તપ તપો છો તે વિચિત્ર લાગે છે. પહેલાં શરણાગતનો તો ઉદ્ધાર કરો. મારો ઉધ્ધાર કરશો તો એ જોઇને બીજા ઉધ્ધાર પામવા દોડી આવશે તમે યાદ રાખજો, પ્રભુ : કે તમારી પ્રથમ શરણાગત હું છું. મુજ સમ પાત્રને છોડીને તમે અન્ય અપાત્રોને ઉધ્ધરવા નીકળ્યા છો. આમાં તમારી હાંસી થશે.' આવો તીખો ઉપાલંભ રાજુલ જ આપી શકે.

એક ઉદ્બોધક પંક્તિ યાદ આવે છે. **એક જણાને ગમો પછી આખી દુનિયાને ગમજો, મારો પ્રેમ હજી પણ સમજો.** તમારે અનેકને પામવા હશે તો આરંભ એકથી કરવો પડશે. અનેકના પ્રિય થવું હશે તો આરંભ એકના પ્રિય થવાથી પ્રારંભ કરવો પડશે.

અનેકનો ઉધ્ધાર કરવો હશે તો આરંભ એકના ઉધ્ધારથી કરવો પડશે તમે એકને જ પામી નથી શકતા તો અનેકને તો કેવી રીતે પામશો. એકને પામવું તે ચારનો આંક છે. અનેકને પામવાં તે છે ચૌદનો આંક. રાજુલની રજૂઆત કમાલની છે. અલબત, ઉપાધ્યાયજી મહારાજની રજૂઆત કમાલની છે એમ કહેવું જોઇએ. પહેલા રાજુલનું ભાવચિત્ર ગમે છે. પછી રાજુલના ભાવચિત્રને સજીવ કરનાર ઉપાધ્યાયજી મહારાજની

સર્જકતા પર મુગ્ધ થઈ જવાય છે. આ ભાવચિત્રમાં જો एग जाणइ सो सव्वं जाणइनो પડઘો પડે છે.

રાજુલની લાગણી વિચારોથી રસાયેલી છે, એ ભાવનામાંથી વિચારો વહાવે છે કેમકે એ મનથી નહી પણ હૃદયથી વિચારે છે છતાં એ હજી ભોળપણ ધરાવે છે. ક્યારેક એ ગૂંચવાઇ જાય છે: **કહા ન પરત કછુ કહા કહું બતીયા.** તમને મોટે ઉપાડે શીખામણ દેવા નીકળી છું પણ મારી હાલત કેવી છે. તે તો જુઓ. મને સમજાતું નથી કે હું શું વિચારું છું, શું કહું છું અને શું કહેવા માગું છું ? તમને મારે પ્રશ્નો પૂછીને મૂંઝવવા છે પણ હાલત એ છે કે કયા પ્રશ્નો પૂછવા તે મૂંઝાઇ રહી છું તમે મળવાના છો–તે આશાના બળે જીવું છું. તમે મળશો તે પળે મારાથી કશું પણ બોલી નહીં શકાય તેમ લાગે છે. આ પળે તમારા મેળાપની કલ્પના કરું છું અને માનસિક સંચલનો થંભી જાય છે ખરેખર જો તમે મળી જશો તો હું શું વાત કરીશ તેની મને અત્યારે જ ગભરામણ થાય છે. શી ખબર તમે મળશો ત્યારે મારા હાલ કેવા હશે ? **કહા કહું બતીયા.** હું એવી મૂઢ છું કે તમને કહેવાની એક પણ વાત મે તૈયાર રાખી નથી. મારા માથે મૌન જ ઝળુંબે છે. પ્રભુ મારું મૌન તમે વાંચશો ?'

આ પંક્તિ બીજી રીતે પણ વિચારી શકાય. **'કહા ન પરત કછુ'** મારી સમીપમાં તમે નથી તે કારણે મારે શું વેઠવું પડે છે તે મારે તમને સમજાવવું છે: તમે તો જ કદાચ પીગળશો, પરંતુ મારે શું વેઠવું પડે છે તે હું સ્પષ્ટ રીતે સમજી શકતી નથી. તમને સમજાવવા માટે મારે તો સમજવું પડે ને. અહીં તો હું જ મૂંઝવણ અનુભવું છું. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ આ હાલતને ઉદ્ગ્લેખે છે.

કહા દીખાઉં ઔરકું કહાં સમજાઉં ભોર, તીર અચૂક હૈ પ્રેમકું લાગે સો રહે ઠોર. એક તો શું બન્યું છે તે પૂરેપૂરું સમજાતું જ નથી. બીજું જે બને છે તે કારણે હોશ રહેતા નથી આવી હાલત પ્રેમનું તીર અનુભવનારની હોય છે. આ બે દ્વારા તો બેભાન દશા જ મળે. રાજુલ કહે છે. હું પોતે જ બેભાન છું તો તમને તમારી ફરજનું ભાન કેવી રીતે કરાવું ? હું કેટલી હદે દયાપાત્ર છું તે મારી સમજ બહાર છે. જરૂર, હું દુઃખી છું પણ મારો અફસોસ મારી કલ્પનાનો વિષય રહ્યો નથી તેથી જ 'કહાં કરું બતીયાં ? હું મારી અવસ્થાનું નિવેદન કેવી રીતે કરું તે પ્રશ્ન બને સતત નડે છે. મારી વાત હું સમજાવી નથી શકતી અને હું મનોમન ગૂંચવાઇ રહી છું.'

વિરહની વ્યથા રજૂ કરતા બાહ્ય વર્ણનો ઘણા જોવા મળે છે. એ એટલા બધા જાણીતા બની ગયા છે કે એની ઉપર્યુંહણા કરવાનું મન થતું નથી હાલતમાં ખરાબી બતાવવા નબળાઈ બતાવાય છે, યંત્રનો પ્રકાશ દઝાડે છે તેમ જણાવાય છે ચન્દનનો લેપ પણ શીતલ નથી લાગતો તેમ કહેવાય છે. આ બધાને પાછળ મૂકી દે તેવું નિવેદન સખી રાજુલને સંભળાવે છે. એ જોતી રહી છે કે રાજુલ એકલપંડે પ્રભુને પ્રાર્થના કરે છે અને પ્રશ્ન પણ કરે છે. એ સમજે છે કે આ દ્વારા રાજુલને સંતોષ મળે છે. પણ આ સંતોષ અન્તે તો અસંતોષમાં ભળી જાય છે. એ રાજુલને સમજાવવા પ્રશ્ન પૂછે છે.

યા ગતિ કૌન હે સખી ! તોરી. તારી આવી હાલત ? આ બધું છે શું ? તું સૂધબૂધ ગુમાવી બેઠી છે કે શું ? **ઇતઉત યૂંહી ફિરત હે ગહેલી'** મહેલના ઝરૂખે, ઘાએ તું દિવસમાં દશ વાર જઈ આવે છે. બગીચામાં જવા છતાં તું એક ખૂણે ઊભી રહી જાય છે ફોડ પાડીને કહું તો સાવ બાવા જેવું વર્તન દાખવી રહી છે. તું સાવ જ ગહેલી કહેતા ઘેલી છે. તું તો બહુ ચકોર હતી. આવું પરિવર્તન શીઘ્ર આવ્યું તે હું જાણું છું. **'કંત ગયો ચિત્ત ચોરી'** તારું ચિત કંત ચોરી ગયો છે. તેથી તું આવું છેલું વર્તન દાખવે છે.' ઘેલછાનો પ્રકાર બતાવતાં સખી કહે છે, આગ ઠારવા માટે પાણી છાંટવું જોઇએ એ નિયમને અનુસરીને તું વિરહની આગ પર આંસુના નીર છાંટે છે. પણ તું અહીં પણ થાપ ખાઇ ગઇ છે. તને ખબર નથી.

ઉહાંહે, વડવાનલ જલણ જલ્યો ચિહું ઓરી. વિરહની આગ તો વડવાનલ છે. એના પર નીર છાંટવાથી તો એ પોતાની જાળ વધુ જોરથી ચોમેર ફેલાવે છે. અહીં અનુભૂતિ કરતાં કલ્પનાને વધુ અવકાશ મળ્યો છે. રાજુલની અવસ્થાનુ ચિત્રણ થતું રહે છે. પ્રભુને મળવા કે મેળવવા રાજુલને જે મનોમંથનમાંથી પસાર થવું પડયું તે સમજવું સરળ નથી. પૂર્વપુરૂષોની સર્જકતા આની પર પ્રકાશ પાથરે છે ત્યારે રાજુલની અદ્ભુત લાગણીને સમજવાનો મોકો મળે છે, અને પૂર્વપુરૂષોની રાજુલ સંબંધી સહાનુભૂતિનો મીઠો અનુભવ પણ.

રાજીમતી સામાન્ય પ્રેમિકા નથી કે રડારોળ કરતી કરતી માથું કૂટીને ખતમ થઇ જાય. એના આંખમાં આંસુ છે ને સાથોસાથ પ્રભુની નાયિકા હોવાનું ગૌરવ પણ છે. રાજીમતીનો વિલાપ જાજરમાન લાગે છે તેમાં પણ આજ કારણ મુખ્ય છે. રાજુલ પ્રેમચર્યથી પોતાની પ્રગતિ શરૂ કરે છે. નેમચર્યમાં તે અનર્ગળ અનુભૂતિ પામે છે. આગળ જતાં તે આત્મચર્ય પામે છે પરમાત્મા સાથે તે અહીંથી અભેદ સાધે છે. સંબંધો વિનાનો સનાતન સંબંધ. આખરે તે ધાર્યું સાધી લે છે એટલે ઉપાધ્યાયજી મહારાજ લખે છે : **રાજુલ શિવસુખ અમૃત દિયો.**

શ્રીમતીની શ્રદ્ધાલુતા

—પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

શેઠશ્રી, તમારી પુત્રી ગુણવાન છે તે અમોને આપો, મારે તેની ગુણવાન પત્ની જોઇએ.

શેઠ કહે–આપું જરૂર પણ અમે જૈન તમે બીજા, પછી પાછળથી મુશ્કેલી ન થાય.

યુવાને કહ્યું, નહી થાય.

સુગત શેઠે પોતાની પુત્રી શ્રીમતીના લગ્ન તેની સાથે કર્યા.

શ્રીમતી શુદ્ધ શ્રદ્ધા અને શીલને ધારણ કરનાર હતી. અને શ્વસુર ગૃહે ગયા પછી એમાં કયાંય ખામી આવવા દેતી નથી.

પરંતુ માછીમારો માછલાના નિષ્કારણ વૈરી હોય તેમ સમ્યગ્ધર્મ સહન ન થવાથી સાસુ નણંદ વિગેરે તેનો દ્વેષ કરવા લાગ્યા પરંતુ શ્રીમતી તો શ્રીમતી–હતી તે જરા પણ ચલિત ન થઈ.

તેનો પતિ પણ ક્ષુદ્રબુધ્ધિવાળો હતો તે પણ શ્રીમતી પ્રત્યેનો પ્રેમ ઓછો કરી નાખે છે, ખરેખર દૃષ્ટિરાગ ભયંકર છે.

શ્રીમતી હોય ત્યાં સુધી બીજી પ્રિયા મળે નહિ અને આ ગમતી નથી, તેથી શ્રીમતીને મારી નાખવા તેના પતિએ એક ભયંકર નાગ મંગાવી ઘડામાં મુકાવ્યો, અને તે ઘડો અંધારામાં મુકાવ્યો.

પતિએ કહ્યું, શ્રીમતી ઘડામાંથી પુષ્પમાળા લઇ આવ;

સતીને પતિના વચન પરમાર્થ લાગે તે તરત ગઇ અંધારામાં તે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરે છે. ઘડો ખોલે છે તેમાં ખરેખર પુષ્પમાળા નીકળી તે લઇને પતિને આપે છે પતિ આશ્ચર્ય પામી ગયો સર્પને બદલે કુલમાળ કેવી રીતે બની, ખરેખર કુલમાળ જ છે. તેણે સર્વ કુટુંબીજનોને ભેગા કર્યા અને આશ્ચર્યકારી વાત કરી.

શ્રીમતીને તો બધું નવું લાગે છે પતિ કહે તને મારવા ઘડામાં સર્પ નાખેલો તે કુલમાળા બની ગઇ.

તે કહે હું તો નવકારમંત્ર ગણતી અંધારામાં ગઇ હતી. મેં તો સાપ જોયો નથી.

પતિ કહે તારા નવકારના પ્રભાવથી આ સર્પ માળા બની ગયો.

સૌ ચકિત થયા અને શ્રીમતી પ્રત્યે આદરવાળા બન્યા, સૌએ શ્રી નવકાર તથા જૈન ધર્મ સ્વીકાર્યો.

ધર્મ પ્રાપ્તિનો પોતનપુર નગરના જિનમંદિરમાં મહોત્સવ કર્યો અને શ્રીમતીને સૌ અભિનંદન આપી રહ્યા.

ધન્ય શ્રીમતી ધન્ય તેના શીલ અને ધન્ય નવકાર મંત્રમા એકાગ્રતા.

એક રત્નપુર નામનું નગર હતું તેમાં રતીસેન નામનો રાજા હતો અને તે નગરમાં જુગલજોડી સમાન ધનસુંદર અને ધનવતી રહેતા હતા. ધનવતી સંસ્કૃતિ અને શીલની સોહાગણ હતી છેલ્લા કેટલાય મહિના થયા તેના પતી ધનસુંદરને પરદેશની સફર કરવાની લગન લાગી ને તે જ નગરમાં પોતાના મિત્ર જે પુરોહિત હતા તેનું નામ સોમદેવ હતું તેને વાત જણાવી હવે શેઠે નક્કી જ કર્યું. પરદેશ જવાનું તો મિત્ર એવા સોમદેવ ઉપર અખુટ કે અતૂટ વિશ્વાસ હતો જેથી તેને પોતાના ઘરની સારસંભાળ લેવાનું કહ્યું. હવે શેઠ તો પરાંશ ગયા હવે જ્યાં સુધી શેઠ હતા ત્યાં સુધી તો મિત્ર પત્ની ધનવતીનું સૌન્દર્યવાન પુરોહિત સોમદેવને જોવા નતુ મલ્યું પણ હવે મિત્ર પરદેશ ગયા વલી ઘરની સારસંભાળ લેવાનું કહી ગયા જેથી અવાર નવાર જવા આવવાનું થાય તેમાં એક વખત તેની નજરમાં ધનવતી આવી એટલે ધનવતીને જોઈને તેને મનમાં વિકાર ઉત્પન્ન થયો અને આવું રૂપ અને આવું સૌન્દર્ય! એમ વિચાર કરતા હંમેશાં તેની આંખ સામે તેની જ તસ્વીર દેખાવા લાગી જેથી પુરોહિત એવો સોમદેવ જ્યારે મિત્ર ધનસુંદર હતા ત્યારે તે તેના ઘરે કયારેક જતા જેથી તેની આંખે ધનવતી ન આવી હવે આંખે આવ્યા પછી રોજ ધનવતીના ઘરે આવવા લાગ્યો.

❋ એકાન્તે શીલની રક્ષક સતી ધનવતી ❋

–પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

હવે પોતાને વિકાર ઉત્પન્ન થયો છે. તે ઢાંકીને ધનવતી સાથે વાતો કરે વળી કામકાજનું પૂછે. એક દિવસ વાત કરતા કહે મિત્રના કંઈ ખબર છે આતો સાગરની મુસાફરી એટલે મોતની મુસાફરી એમ વાત કરતો અને રૂપનું પાન કરતો પોતાને ઘેર ગયો.

વળી ઘણીવાર આવતો હવે કેટલા દિવસ આમ ચાલે! એક દિવસ ઢાંકેલ વિકાર ખુલ્લો થયો અને ધનવતીને કહે એક માંગણી કરું તો ધનવતી કહે છે એક શું બે માંગણી કરોને. માંગણી ના હોય આપણો તો આદેશ હોય. એમ સાંભળી સોમદેવ પુરોહિત આગળ આવ્યો ને ભોગની માગણી કરી. આ સાંભળી ધનવતી તો સન્ન થઇ ગઇ અને બોલી ઉઠી. આ શું પણ સોમદેવ પુરોહિત આજે ભાન ભૂલો બન્યો હતો અને બોલ્યો આજ રાતે મને મારી આશા નહિ ફળે તો કદાચ હું મરી જઈશ.

ધનવતી સમજી ગઇ પ્રેમની માત્રા વધી ગઇ છે. હવે [શીલધર્મ] શીલરક્ષા થઇ શકે એમ વિચારી તેણીએ કહ્યું, હે સોમદેવ, રાતના પહેલા પહોરે આવવું. તે સાંભળી ખુશ થતો ઘરે ગયો. હવે ધનવતી વિચારોમાં ગરકાવ થઇ વિચાર કરતા તેને રસ્તો જડયો

અને તે કોટવાળને ત્યાં ગઇ. જ્યાં કોટવાળના આંગણે પહોંચી ત્યાં ધનવતીના સૌન્દર્ય જોતા કોટવાળ પણ વાસનાવાળો થયો. ત્યાં જ તેના કાને અવાજ સંભરાયો હે કોટવાળજી મદદ માગવા આવી છું. કારણ તમે નગરની રક્ષા કરો છો. તેના કરતા ધર્મરક્ષા ઘણા ફલને આપનારી છે. આ શબ્દ સાંભળી કોટવાળ બોલ્યો. ધર્મરક્ષાનું પુન્ય મને વળી કયાંથી ?

આ સાંભળી ધનવતીને વિશ્વાસ બેઠો. એટલે તેણીએ કહ્યું તમો જાણો છો કે મારા પતિદેવ પરદેશ ગયા છે. ત્યાં કોટવાળ બોલ્યા હા હા ધનસુંદર શેઠને ? ત્યાં ધનવતી બોલ્યા, હા હા પણ જ્યારે તે ગયા ત્યારે તેમના એટલે પોતાના મિત્રને સાર સંભાળનું કહેતા ગયા છે. ત્યાં કોટવાળ બોલ્યા તેમના મિત્ર તો પુરોહિત સોમદેવને ? ત્યાં ધનવતીએ કહ્યું, હા પણ એ તો મારા રૂપમાં પાગલ બન્યા છે. મેં તેમને સમજાવ્યા પણ તે એટલા પાગલ બન્યા છે તે સમજવું ઘણું કઠીન છે. તે રક્ષા માટે હતા તેના બદલે મારા રૂપમાં અંધ બન્યા છે. માટે હું તમારી મદદ માંગવા આવી છું.

હવે આ બાજુ કોટવાળની પણ પુરોહિત જેવી જ દશા હતી. તેણે પણ શરમ છોડીને કહ્યું, તું સૌન્દર્યની પુતલી છો તો હું કયારે સૌન્દર્ય માલવા આવું ? આ સાંભળી ધનવતી ચૂપ થઇ ગઇ. પણ કોટવાળ બોલ્યો, જો તું મને સૌન્દર્ય માલવા દે તો પુરોહિતથી તને છુટકારો કરું.

ધનવતી મનમાં વિચારે છે જ્યાં રક્ષાની આશા હતી ત્યાં પણ ભક્ષણ. કોટવાળને ધનવતીએ ઘણું ઘણું કહ્યું પણ પત્થર પર પાણી જેમ નીવડી. હવે ધનવતી કળક્ષેપ કરવા કહ્યું. હે કોટવાળજી રાત્રિના બીજા પહોરે તમારી પ્રતીક્ષા કરીશ. પછી તમો રૂપ-રંગની મોજ ઉડાવજો.

બંધનમાંથી છુટવા આવેલી ધનવતી વધારે બંધનમાં આવી. હવે પહેલો પહોર પુરોહિતનો અને બીજો કોટવાળજીનો. હવે આ બંધનથી છુટવા કયાં જાવું ? ત્યાં યાદ આવ્યું હવે મહાઅમાત્ય પાસે જાઉ. ત્યાં યાદ આવતાં જ તે ધનવતી અમાત્ય પાસે પહોંચી. જ્યાં તે ત્યાં પહોંચી ત્યાં મહાઅમાત્ય પણ તેના રૂપમાં ગાયબ થઇ ગયો. અને મનોમન વિચારવા લાગ્યો આની સાથે મારો મનોરથ પુરો થાય. મારી ગમવાસના કેમ પુરાશે ? એ વિચારમાં જ્યાં છે ત્યાં ધનવતી બોલી, હે મહામંત્રી, હું ધર્મની ભીક્ષા માગવા માટે આવી છું. ત્યાં મંત્રી બોલ્યા તારી ભીક્ષાની ઝોળી ભરવ તૈયાર છું. આમ સાંભળી એટલે ધનવતીને થયું હવે હું અહિં આવી તો મુકિત મને મલશે. પકડમાંથી. ત્યાં તો મંત્રી બોલ્યો, તું મારી પત્ની થા એમાં તને શું વાંધો છે ?

આમ સાંભળી ધનવતી મનમાં વિચારે છે હવે તો મારા રૂપમાં અંધ બનેલાને

ત્યાં કામરૂપી આગ પ્રગટી છે. હવે ત્યાં સમતારૂપી બાગ બને તો સારૂં. આમ વિચારી ધનવતી કહે છે કે-તમો આખા રત્નપુરનું સુકાન ચલાવો છો. આજે તમે તમારો ધર્મ ભૂલશો ? આમ કહેતા પણ મંત્રી ન સમજ્યો જેથી ધનવતીએ કહ્યું—

હે અમાત્ય ! ત્રીજા પ્રહરે હું તમારી આંખના કરીશ. એમ કહી હવે વિચારે છે કે, એક રાજાજી રહ્યા, ચાલ ત્યાં જાઉં. અને હાવ છેલ્લો ફેંકી જોઉં. જો લાગે તો તીર નહિંતર થોકું. એમ વિચારી રાજભવન તરફ ચાલી. એના હૈયામાં હિંમત હતી અને આશા હતી કે હવે હું બધા બંધનથી મુકત થઇ એમ વિચારતી રાજા રત્નસેન પાસે પહોંચી જય ધનવતી તેની આંખ સામે દેખાઇ ત્યાં તો રાજાને અંતઃપુર ઉકરડા જેવો દેખાવા લાગ્યો. કારણ કે ધનવતીનું રૂપ સૌંદર્ય ઘણું જ સુંદર હતું. જેથી તેની આગળ અંતઃપુર ઉકરડા જેવું દેખાવા લાગ્યું.

આમ જ્યાં રાજા એ કેમ મલશે તેમ ચિંતામય છે ત્યાં ધનવતીએ મધુર વાણી વડે કહ્યું કે—હે મહારાજા ? આ અબળાનો હાથ પકડશોજી, એમ કહી ધનવતી રડી પડી. આસું ભર્યા એના નેત્રો જોઇને રાજા બોલ્યા, તું રડમાં તું જંગલમાં નથી મહેલમાં છે. એમ સાંભળી ધનવતી હિંમતમાં આવી એને શાંતિ થઇ. હવે મારી સમસ્યા પતી જશે એમ ધારી તેણે પોતાની અંતરની વ્યથા કહી જ્યાં તે વ્યથા કહી રહી ત્યાં રાજા પણ તેના પ્રેમનું ભૂખ્યો બની ગયો હતો. જેથી તે રાજાએ કહ્યું હું ભગવાન નથી અને પત્થર પણ નથી. તું સમજ હું તારા પ્રેમનો પ્યાસી છું. જેથી તું મારો સ્વીકાર કર.

આમ સાંભળી ધનવતીની ધીરજ ખુટી ગઇ અને તે ઘણું સમજાવે છે પણ રાજા ન સમજ્યો તે ન જ સમજ્યો. અંતે ધનવતીને બોલવું પડયું—મહારાજ ! આજની રાતનો ચોથો પહોર તમારા માટે. બસ. એમ કહી ધનવતી પોતાના ઘરે આવી અને પ્રુજવા લાગી કે આજે મારૂ શીલ કેવી રીતે સચવાશે ત્યાં તેને પાડોશી વૃદ્ધા યાદ આવી. તેને તેણે બોલાવ્યા પછી થોડી મંત્રણા કરી કારણ કે તે વૃદ્ધાની બુધ્ધિ સારી હતી. પછી વૃધ્ધા બોલી કે ભાગ્યને હાથ છે જો ભાગ્ય સારૂં હશે તો જરૂર તારૂં શીલધર્મ સચવાશે એમ કહી વૃધ્ધા પોતાના ઘરે ચાલી ગઇ.

આ બાજુ ધનવતી આવનાર પ્રેમીને માટે સામગ્રી તૈયાર કરવા લાગી ત્યાં પહેલો પહોર શરૂ થયો ત્યાં ધનવતીને ત્યાં અવાજ આવ્યો. તે અવાજ પુરોહિતનો હતો. ધનવતીએ દરવાજે બોલ્યો ત્યાં સૌન્દર્યનું પાન કરતો પુરોહિત ઘરમાં પ્રવેશ્યો અને બોલ્યો કે આવ આવ પ્યારી તારા પ્રેમનો પ્યાલો પીવા આવ્યો છું. તારા પ્રેમનો પ્યાસી છું. ત્યાં ધનવતી પણ પ્રેમનો ડોળ કરતી બોલી પહેલા સ્નાન કરો. ષટ્ રસવતી આરોગો પછી મારા નાચગાન જુવો ને સાંભળો હું તમારી જ છું. તમે મારા છો પછીની રાત

આપણી જ છે ત્યાર પછી સોમદેવ સ્નાન કરવા બેઠા ત્યાં તો ભાતભાતના અંતરો અત-જાતના તેલ મહેંકી રહ્યાં ત્યાં જ તેની બે ઘડી વ્યતીત થઇ ત્યાર પછી જ્યાં ષટ્-રસવતી જમે છે ત્યાં તો ધનવતીએ જવાબ આપ્યો પધારો નાથ કેટલો સમય થઇ ગયો ત્યાં તો સોમદેવ શય્યાપર બેઠો ધનવતી તેની સામે બેઠી. ત્યાં ૨-૪ મીનીટ થઇ ત્યાં બારણે ટકોરા પડયા. સોમદેવના રંગમાં ભંગ પડયો. જેથી તે ગુસ્સે થઇ બોલ્યો કોણ આવ્યું ત્યાં તો અવાજ આવ્યો જલ્દી ખોલો. આ અવાજ સાંભળી કોટવાળનો લાગે છે. આવી આનંદલહરી રાત્રે શું આવ્યો એમ કહી ધનવતીને કહે છે, મારી આબરૂ તારે હાથ છે. એમ સાંભળી ધનવતી બેબાકળી થઇ ગઇ હોય તેમ દેખાવ કરતી ચારે બાજુ જોયું ત્યાં પુરોહિતે એક ખુણામાં એક પેટી પડી હતી તે જોઇ પેટી પાસે જઇને એણે પૂછયું આની આવી કયાં છે. પેટી મોટી છે એમાં હું પૂરાઇ જાઉં. એમ સાંભળતા જ ધનવતીએ પેટી ખોલી અને એ પુરોહિત પેટીમાં પુરાયો. પછી ધનવતી હસતી હસતી બારણું ખોલ્યું ત્યાં કોટવળ ઉંબરામાં પગ મુકતા જ આવ સુન્દરી તારી પ્રતીક્ષા મા। માટે યુગ જેવડી થઇ છે.

હવે ધનવતી સ્નાનખંડનું બારણું ખોલતા કહ્યું. કોટવાળજી શી ઉતાવળ છે પહેલા સ્નાન કરો પછી ખાવાપીવાની મોજ ઉડાવો પછી આપણું જ રાજ્ય છે ને ?

કોટવાળ સ્નાન પતાવીને જ્યાં બહાર આવ્યા ત્યાં ઘણો સમય થઇ ગયો પછી ખાનપાનમાં એ મસ્ત હતા ત્યાં ધનવતી બોલી તમારી ઝંખનામાં મારી આંખો પણ દુઃખવા આવી. ત્યાં કોટવાળ જલ્દી ઉભો થઇ શય્યા પર બેઠો અને ધનવતી શય્યામાં બેસવા જાય છે ત્યાં દરવાજે અવાજ આવ્યો. દરવાળે ખોલો. એ સાંભળી કોટવાળ ગભ-રાઇ ગયો ને બોલી ઉઠયો. મંત્રીનો અવાજ છે એમ સાંભળીને જાણે ધનવતી પણ ભયભીત બની ગઇ. તેમ દેખાવ કર્યો. પછી કહે, હવે કોટવાળજી આબરૂ રાખવી હોય તો પેટીમાં છુપાઇ જાવ. જયાં કોટવાળ પેટી પાસે ભાંગેલા હૃદયે ગયો ત્ય ધનવતીએ પેટીનું બીજું બાનું ખોલ્યું, તેમાં કોટવાળ પુરાઇ ગયો.

પછી ધનવતીએ દરવાળે ખોલ્યો અને મહાઅમાત્યનું સ્વાગત કર્યું, ધનવતીને જોતાં જ મંત્રી બોલ્યા. ચાલ સુંદરી આજે દેહનું મીલન કરીએ ત્યાં તો ધનવતી જેમ ઉપર વિધિ કરી તેમ મંત્રી આગળ પણ કરી. સ્નાનપાન ? ખાનપાન આ બધી વિધિ થતા ત્રીજો પહોર પુરો થવા આવ્યો. મંત્રી શય્યા ઉપર આવ્યા ને ધનવતી સાથે થોડીક વાતચીત કરી. ત્યાં તો દરવાજે ટકોરો થયો. દરવાળે ખોલો આ સાંભળતા તો મંત્રી ગભરાયા ને રડતા અવાજે બોલ્યા, રાજાજી આવ્યા લાગે છે. એમ જયાં મંત્રી બોલ્યા

ત્યાં ધનવતીએ પેટી ફેરવીને ત્રીજું ખાનું ખોલ્યું. કારણ પેટીના ચાર ખાના હતા. મંત્રી ગુલામની જેમ પેટીમાં પૂરાયા !

પણ ધનવતી ખુશ હતી કે મારો શીલધર્મ તો રહ્યો. એમ મનમાં મલકાતી કરવાળે બોલી ને રાજાને વધાવતી બોલી. રત્નપુરના રાજા પધારો. આજની રાત આપના વિરહર્થી મેં ઝુરીઝુરીને વીતાવી એમ કહેતી પહેલાની જેમ સ્નાન, ખાનપાન વિ. વિધિ કરી ત્યાં ચોથો પહોર પુરો થવાની તૈયારી હતી ત્યાં ધનવતી બોલી આપશ્રીએ તો ખાનપાનમાં વિતાવ્યું. હું તો આપની પ્રતીક્ષામાં તત્પર છું. આ સાંભળતા જ રાજા જલ્દી શય્યા તરફ ઢોઢયો હવે જ્યાં ધનવતી પણ શય્યા તરફ જવા પગ ઉપાડે છે ત્યાં એક અતિકરૂણ રુદન સંભળાયું.

આ સાંભળતા રાજા ઓલો બની ગયો ત્યાં એક વૃદ્ધાનો દુઃખ ભર્યો અવાજ આવ્યો. અલે ધનવતી હજુ તને ઉંઘ આવે છે ? તારો પતિ લાંબી નિદ્રામાં પોઢયો તોય હજું તું ઉંઘે છે. બહાર આવ તુરત ધનવતીએ પોક મુકી રાજા ગભરાઇ ગયો. અને ધનવતીને કહે તું પહેલા મને બચાવ પછી રોવાનું કરજે. ધનવતીએ તેને પેટી તરફ ફેરી ને ચોથા ખાનામાં તેને પણ મુકયો.

રડતી રડતી બારણું ખોલ્યું મનમાં હર્ષ છે કે મારો શીલધર્મ સચવાયો ઘરની બહાર તો મેળુ ટોળું લોકો થઇ ગયું અને બધાની આંખોમાં આંસુ ધનવતીએ રૂદન શરૂ કર્યું. વાતાવરણ ગમગીન થઇ ગયું અને ધનવતીને પુત્ર નથી આવી વાત જ્યાં ચારે બાજુ ફેલાતી-ફેલાતી રાજમહેલ સુધી પહોંચી.

રાણીએ આજ્ઞા કરી જાવ કોટવાળને કહો કે ધનસુંદરને પુત્ર નથી ને તે મરી ગયા જેથી તેનું ધન લઇ અત્રે હાજર થાય. સેવકો કોટવાળને બોજવા નીકળ્યા તેના ઘરે ગયા ત્યાં ન મલ્યા. ગામમાં ગોત્યાં ત્યાં પણ પત્તો ન લાગ્યો. પાછા રાણી પાસે આવી કહે અમો કોટવાળને બધે શોધ્યા પણ ન મલ્યા. રાણી કહે હેં કોટવાળ બેપત્તા? રાણીને આશ્ચર્ય થયું. પણ માલ (ધન) જોતું હતું જેથી કહે જાવ મંત્રીને કહો કે ધનવતીનું ધન લઇ હાજર થાય. આદેશ પામેલ સેવકો બુદ્ધિધન મંત્રીના ઘરે ગયા. ઘરે પૂછયું તો પત્તો જ ન મલ્યો. પાછા આવી રાણીબાને કહ્યું. મંત્રી ગાયબ. રાણી બોલ્યા મંત્રી બુદ્ધિધન પણ ?

હવે રાણી કહે જાઓ રાજાજીને મળો. સેવકો ગયા અને ધોયે મોઢે પાછા આવ્યા ને કહ્યું રાણીબા-રાણીબા રાજાજી ખુદ નથી. આમ સાચું નહિ માનો પણ નગરના અધિષ્ઠાતાઓ જ ગુમ છે. રાણીજી બોલ્યા. શું થવા બેઠું છે ? એમ કહી થંભી ગયા.

પછી આજ્ઞા કરી જાઓ તમે જ ધનવતીના ધનને લઇને હાજર થાઓ.

સેવકો દોડયા. ધનવતીના ઘરે. ત્યાં કરૂણા ભર્યું વાતાવરણ હતું અને સૌ આંખે આંસુ સારી રહેલા હતા. સેવકોએ ધનવતીને કહ્યું, બહેન ? રાણીજીની આજ્ઞા છે આપનું ધન રાજભવનમાં લઈ જવાનું. જેથી અમો લેવા આવ્યા છીએ.

ધનવતી આંસુ લુંછતા બોલી રાજાની આજ્ઞા તો માનવી જ રહી. એમ જયાં ધનવતી કહે છે ત્યાં સેવકો ધનમાલ વિ. શોધવા લાગ્યા. પણ ચારે બાજુ ઘરમાં સૂમસામ હતું જેથી રાડપાડી સેવકો બોલ્યા. ધનસુંદર શેઠ તો ધનવાન હતા ધન કયાં છે ? ધનવતી રડતા અવાજે બોલી આ એક પેટી છે મેં જોઇ નથી અંદર શું છે બીજું મને કાંઇ ખબર નથી.

સેવકો પેટી પાસે આવ્યા ને માંહોમાંહે બોલે છે ત્યાં અંદર પુરાયેલા ફફડયા હવે આપણું આવી બન્યું. ત્યાં તો સેવકોએ પેટી ઉપાડી પેટી વજનવાળી હતી. જેથી સેવકો સમજયા કે આજે રાજભવનનું ભાગ્ય ઉઘડી ગયું. એમ કરતા પેટી રાજભવન લઇને આવી ગયા. રાણીબાના આનંદનો પાર નથી રાણીજી પેટી ખોલવા માટે ઉતાવળ કરે છે પણ રાજા નહિ મંત્રી પણ ન હતા હવે કોટવાળ પણ બેપત્તા છે કેટલીવાર રાહ જોવી. એમ વિચારી રાણીજી પેટી પાસે આવ્યા ધીરજ ના રહેતા પેટીમાં ચાર ઢાંકણા હતા તેમાં પહેલું ઢાંકણું ખોલ્યું ત્યાં તો અંદર વિલે મુખે બેઠેલા પુરોહિતને જોયા. અને રાણીજીએ સહસા પૂછયું. આપ વળી અહિં શું વિધિ કરવા બેઠા " પુરોહિત શરમાઇ ગયો ને બોલ્યો બીજું ખાનું ખોલો એટલે વિધિનો ખ્યાલ આવશે. જયાં બીજું ખોલ્યું ત્યાં કોટવાળજી. વલી ત્રીજું ખોલ્યું ત્યાં પ્રધાનજી. પ્રધાનજીને જોઇ રાણીબા બોલ્યા તમારૂં આસન્ન તો રાજાજી પાસે હોય. વલી તમે શું ગુપ્ત મંત્રણા કરવા એકલા બેઠા ?

ત્યાં મંત્રી બોલ્યા મારૂં આસન્ન રાજાજી જોડે જ છે. ચોથું ખાનું ખોલો પછી જે કહેવું હોય તે કહેજો. ત્યાં રાણીજીએ ચોથું ખાનું ખોલ્યું ત્યાં રાજાજી નીચું મોઢું રાખીને બેઠા હતા ત્યાં રાણીએ ટોણો માર્યો. આપ નામદાર સાહેબને વલી શા માટે આ પેટીમાં આવવું પડયું? શું રત્નપુરીમાં બીક હતી જેથી આ પેટીમાં જઇ બેઠા ?

રાજાજી બહાર નીકળ્યા અને રાણીજીને કહ્યું આ બધાનો જવાબ ધનવતી જ આપશે. રાણીએ ધનવતીને બોલાવવા સેવકો મોકલ્યા. ધનવતી વાટ જોઇને જ બેઠી હતી. સેવકોએ આવી ધનવતીને કહ્યું. ચાલો આપને રાણીબા બોલાવે છે. તે રાજદરબારમાં આવી રાણીજીએ સ્વાગત કર્યું.

(જુઓ અનુ. ૬૮ પાન ઉપર)

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

ધી સરદારગંજ મર્ક. કો. ઓપ. બેંક લી.

સરદારગંજ પાટણ. (ઉ. ગુ.) ૩૮૪૨૬૫ (સ્થાપના : ૧૯૭૪)

—: બેંકની પ્રગતિની રૂપરેખા (તા. ૩૧-૩-૧૯૬૪) :—

ભરપાઈ શેર ભંડોળ...	રૂા. ૫૦-૦૦	લાખ
રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો...	રૂા. ૧૬૮-૦૦	,,
થાપણો (ડીપોઝીટસ)...	રૂા. ૧૪૪૮-૮૦	
ધીરાણો..	રૂા. ૧૦૩૨-૬૮	,,
વર્કીંગ કેપીટલ....	રૂા. ૧૬૬૬-૪૦	,,
ચોખ્ખો વાર્ષિક નફો... (તા. ૩૧-૩-૬૪)	રૂા. ૧૭-૫૫	,,

—: ભાગ્યલક્ષ્મી કેશ સર્ટીફીકેટ યોજના :—

રૂા. ૧૦૦૦-૦૦ના રોકાણ ઉપર મળવાપાત્ર રકમ

૨ વર્ષે	રૂા. ૧૨૩૦—	૬ વર્ષે...	રૂા. ૧૮૬૨—
૩ વર્ષે...	રૂા. ૧૩૬૪—	૬.૩/૪ વર્ષે...	રૂા. ૨૦૧૩—

બજાર બ્રાંચ :—બડવાવાડો, હીંગળાચાચર, પાટણ, ☎ : ૨૦૨૨૧

હેડ ઓફીસ :- સરદારગંજ, પાટણ, ,, : ૨૦૨૬૫-૨૦૬૨૬

,, : ૨૦૩૫૩

,, : ૨૨૦૪૬ (ચેરમેન)

જસવંત બી. પટેલ

ભરત કે. ખત્રી — મેનેજર

અંબાલાલ આર. પટેલ — મેને ડીરેકટર

ભાઈલાલભાઈ એન. પટેલ — પ્રમુખ

(અનુ. પાન ૬૬ નું ચાલુ)

રાણીજીએ ધનવતીને રહસ્ય પૂછયું. ધનવતીએ બધી હકીકત કહી સંભળાવી.

ધર્મની રક્ષક અને ધર્મની પૂજારણ એવી ધનવતીને ચરણે રાણી પડી. આખા નગરના લોકો ધનવતીને જોતા હતા ત્યાં જાણવા મળ્યું કે ધનવતીના સેંથાનું સિંદૂર અને હાથનો ચૂડલો અખંડ છે. ત્યારે સૌના આશ્ચર્યની સીમા ન રહી. શીલધર્મની રક્ષાની ભીક્ષામાંથી સરજાયેલી આ કથા ધનવતી ધન્ય બની તેમ શીલસોહાગણ સ્ત્રીઓ વાંચી ધન્ય બને.

એક શ્રાવિકાએ પણ શીલધર્મ માટે સજજ બની જીવન દીપાવ્યું. પિતા અને પતિની શોભા વધારી,

ધનસુંદર શેઠ પણ પરદેશથી આવ્યા વૃધ્ધા પાસેથી સર્વ હકિકત જાણી શીલની રક્ષક ધનવતી પ્રત્યે સદભાવ વધાર્યો. બંને ધર્મ સાધી સદ્ગતિ અને પછીથી સિદ્ધિપદના ભોકતા બન્યા.

ધન્ય સુશીલા શ્રાવિકા ધનવતીને.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

राज्ञि धर्मिण धर्मिष्ठा पापे पापाः समे समाः ।
राजानमनुवर्तते यथा राजा तथा प्रजा ।।

રાજા ધાર્મિક હોય તો પ્રજા ધાર્મિક, રાજા પાપી હોય તે પ્રજા પણ જેવો તે તેવી હોય પ્રજા રાજાની પાછળ ચાલે છે. જેવો રાજા તેવી પ્રજા.

મીરલ સીરેમિક ઈન્ડસ્ટ્રીઝ

થાનગઢ

જી. સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

અખંડિત એવા શીલે કરીને નિર્મલ એવી નારી પોતાના માતા, પિતા અને સસરાના ત્રણે ય કુલોને ઉજ્જવલ કરે છે અને આ લોકમાં યશ અને પરલોકમાં અસમ એવા સુખને પામે છે.

તેથી જ આવી મહાસતીઓના ગુણગાન મહર્ષિઓ પણ કરે છે. શ્રી ભરહેસરની સજ્ઝાયમાં પણ આવા જ મહાપુરુષો અને મહાસતીઓના નામસ્મરણ પૂર્વક રોજ યાદ કરવામાં આવે છે. કેમકે આવા મહાપુરુષો-મહાસતીઓને યાદ કરવાથી તેમના જેવા ગુણો આપણામાં આવે છે. કમમાં કમ તે ગુણોનો અનુરાગ જન્મે તો ય કલ્યાણ થઇ જાય.

યુગાદિદેવ શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનની પુત્રી બાહુબલિજીની બેન સુંદરીદેવીની વાત કરવી છે. શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ અને ભગવાનની દેશનાથી પ્રતિબોધ પામી અનેક પુણ્યાત્માઓએ દીક્ષાને અંગીકાર કરી. ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી. શ્રી ભરત મહારાજાથી અનુજ્ઞા પામેલ બ્રાહ્મીએ દીક્ષા લીધી. શ્રી બાહુબલિજીર્થ રજા અપાયેલ પણ શ્રી ભરત મહારાજાએ નિષેધ કરેલી સુંદરી દેવી આકંઠ દીક્ષા લેવાની ભાવનાવાળી હોવા છતાં દીક્ષાને ન પામી શકી. દીક્ષા એ જ ભવ-સાગર તરવા નૌકા સમાન છે. આ વાત જાણવા છતાં આ સુંદરી મારું સ્ત્રીરત્ન બનશે

મહાસતી સુંદરી દેવી !

-શ્રી પ્રજ્ઞાંગ

એવી ભાવનાથી શ્રી ભરત મહારાજાએ નિષેધ કર્યો તે ખરેખર કર્મની વિચિત્રતા અને મોહની પ્રધાનતા જ માનવી પડે. મોહ સમજુ માણસને મૂંઝવે તો સામાન્ય ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવે તેમાં નવાઇ નથી ! મોહ જ આત્મા પાસે અધર્મ કરાવે છે, ધર્મને પણ મલિન બનાવે છે.

જે આત્મા મક્કમ હોય છે તેને મોહ મૂંઝવી શકતો નથી, તે મોહનો ગુલામ નહિ બનતા મોહનો માલિક બને છે અને મોહની પાસે નોકર જેવું કામ કરાવી પોતાનું કામ સિદ્ધ કરે છે. સુંદરીદેવીજી પણ મક્કમ જ હતા. તેથી શ્રી ભરત મહા-રાજા સાઇઠ હજાર [૬૦,૦૦૦] વર્ષે છ ે ખંડ જીતીને આવ્યા. ચક્રવર્ત્તીપણાનો બાર વર્ષ સુધી અભિષેક થઇ ગયો. પછી પોતે સુંદરી મલવા ઉત્સુક બન્યા. તો હિમ પડવાથી કરમાઇ ગયેલી કમલીની જેવી, સુકાઇ ગયેલી કેળ સમાન, દિવસે ચંદ્રની કલા સમાન, મ્લાન થયેલ રૂપ અને લાવણ્યવાળી ફકત હાડકાં જ બાકી રહેલી સુંદરી જોઇ પોતાના

સેવકોને ઠપકો આપવા લાગ્યા કે આ શું ? આપણા ઘરમાં ધાન્યાદિની સંપત્તિ નથી ? રસ–કસ–પુષ્ટિવાળી વસ્તુઓનો અભાવ થયો છે ? આ રોગાદિથી વ્યાપ્ત તો નિરોગી કરનાર ઔષધિઓ નથી ?' તે વખતે સેવકોએ પ્રણામ કરીને કહ્યું કે–'હે રાજન્ ! આપ જ્યારથી છ ખંડને સાધવા નીકળ્યા ત્યારથી આ સુંદરી આયંબિલનો તપ કરે છે અને ભાવથી સાધ્વીની જેમ રહે છે.'

મહાસતીનો ચારિત્રના સ્વીકારનો અટલ નિર્ણય જાણી તે જ વખતે જેમના હૈયામાં વિવેકના અંકુરો ફુટયા છે તેવા શ્રી ભરત મહારાજા ખેદપૂર્વક વિચારવા લાગ્યા કે–'ખરેખર મુગ્ધપણાથી પ્રમાદથી આ મહાસતીને વ્રત લેવામાં વિઘ્ન કર્યું. વળી મદીરાથી ઉન્મત્ત થયેલાની પેઠે વિષયમાં આસક્ત થયેલા અને હિતાહિતને નહિ જાણનારા અમને ધિક્કાર થાઓ કે અમે માત્ર રાજ્ય સંપત્તિમાં જ મૂર્ચ્છા પામી રહ્યા છીએ. ઉત્તમપુરુષો નાશવંત એવા જે દેહવડે મોક્ષ સાધે છે તે જ દેહવડે અમો અહીં રંડેલા નાશ પામેલા સુંગધીવાળા પુષ્પથી ભોગની વાંછા કરનારા મનુષ્યની જેમ ભોગને ઇચ્છીએ છીએ. મન–દેહ સંબંધી પીડા, મલ–મૂત્ર–પરસેવા–દિથી અશુચિમય આ શરીર, લસણની જેમ સુગંધીવાળું કરી શકાતું નથી. માટે આ દેહથી ઉત્તમ એવું ચારિત્ર રૂપ ફલજ ગ્રહણ કરવું જોઇએ. કારણ કે બુદ્ધિમાન પુરુષો રેતીમાંથી પણ સુવર્ણના કણને જ ગ્રહણ કરે છે.'

ત્રિકાલજ્ઞાની એવા શ્રી ઋષભદેવસ્વામિ ભગવાન શ્રી અષ્ટાપદ ઉપર સમોસર્યા. રાજાને ખબર પડી. ઋદ્ધિ સાથે વંદન કરવા ગયા. તે વખતે સુંદરીએ ભગવાનને પ્રણામ કરી ગદગદ વાણીથી કહ્યું કે–'હે ત્રિજગત્પતિ ! આપે ઘણાં કાલે અમને દર્શન આપ્યા તે અમારૂં મહાભાગ્ય ! ઘણા પુણ્યોદયે આપના દર્શન થયા. ભરત રાજાએ આગ્રહથી આટલો સમય મને દીક્ષા ન લેવા દીધી, તેથી હું પોતાની મેળે જ છેતરાયેલી છું. મારી બેન બ્રાહ્મીએ, ભાઇના પુત્રોએ, તેમના પુત્રોએ દીક્ષાને ગ્રહણ કરી છે માટે તે સર્વને ધન્ય છે. હે વિશ્વવત્સલ ! મને પણ દીક્ષા આપીને તારો. જગતને પ્રકાશ કરનારો સૂર્ય શું ઘરમાં પ્રકાશ નથી કરતો ?'

ભગવાને સ્વહસ્તે દીક્ષા આપી.

"आ जन्ममरणांतं हि, यस्यावाच्यं न जायते ।
सुसूक्ष्मं सा महाभागा, विज्ञेया क्षितिमंडले ।।"

જન્મથી માંડીને મરણ સુધી, જેનો જરાપણ અપયશ થતો નથી તેને જ પૃથ્વીમાં મહાભાગા કહેવાય છે. આવી મહાભાગા મહાસતી સુંદરીદેવીજીએ દીક્ષા લઇ નિરતિચાર ચારિત્રનું પાલન કરી, તપથી કાયાને દમી, કેવલજ્ઞાન પામી અને અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષને પામી સંયમને ગ્રહણ કરી નિરતિચાર પણે પાલન કરવું તેમાંજ સાચી પ્રજ્ઞાશીલતા છે. સૌ આવી દશાને પામી અજરામર પદને પામો તે જ મંગલભાવના.

આ ભયાનક એવા સંસાર સાગરથી તરવા માટે વર્તમાનમાં જો વિદ્યમાન આલંબન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઈ હોય તો તે શ્રી જિનબિંબ અને જિનાગમ છે. પૂજામાં જેમ કહ્યું કે 'જિનબિંબ જિનાગમ ભવિયકું આધારા, તેમાં પૂ. શ્રી ક્ષમા વિજયજીકૃત શ્રી મહાવીરસ્વામિ-પરમાત્માના સ્તવનમાં પણ કહ્યું છે કે—

"હુંડા અવસર્પિણી દૂષિત ભરતે, બહુ મતભેદ કરાલજી.
જિનકેવલી પૂરવધર વિરહે, ફણીસમ પંચમ કાલજી.
તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી.

આ પ્રમાણે હૈયાથી તારક માનીને સુદેવ-સુગુરૂ-અને સુધર્મની સેવા-ભક્તિ-ઉપાસના કરવામાં આવે તો તે સંસાર સાગરથી તારનારી બને છે. અને તેની જો આશાતના કરવામાં આવે તો તેજ તારક ચીજપણ જીવની અયોગ્યતાના કારણે સંસારમાં ડૂબાડનારી બને છે.

'कृत कर्मक्षयो नास्ति ।'

—વાગડવાળા પૂ.સા. શ્રી અરૂણશ્રીજી મ.

આશાતનાનો વ્યુત્પત્તિ અર્થ કરતા પણ કહ્યું છે કે સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના લાભનો જે નાશ કરે છે તેનું નામ આશાતના છે. ઝેર જાણીને કે અજાણપણે પણ ખાવાથી જીવિતનો નાશ કરનારૂં બને છે તેમ જાણીને કે અજાણપણે કરાયેલી આશાતન આત્માના સંસારને વધારવાની સાથે એવા ચીકણાં કર્મો બંધાય છે કે જેના વિપાકોનો વિચાર કરતાં ય કમકમા આવે છે.

કરેલા કર્મોને ભોગવ્યા વિના છૂટકો જ નથી.

આ અંગે શ્રીમતી અંજના સુંદરીના જીવનનો સામાન્યથી વિચાર કરવો છે. વિદ્યાધર રાજપુત્રી એવી અંજના સુંદરીનો વિદ્યાધર રાજપુત્ર પવનંજયની સાથે વિવાહ થયો. પાણિગ્રહણ પૂર્વે ઉત્સુકતાથી પોતાની ભાવી પત્નીને છૂપાઇને મિત્ર સાથે જોવા ગયેલા પવનંજયને સખીઓની મજાકમાં થયેલી વાતચીતથી અંજનાને પોતા પર સદ્ભાવ નથી તેવો પૂર્વગ્રહ બંધાયો અને લગ્ન તો થઇ ગયા પણ મનના પૂર્વગ્રહથી પોતે જોણીની સામુ પણ બાર બાર વર્ષો સુધી જોયું નથી.

જૈન શાસનને પામેલ અને સમજેલ આત્મા તો માને છે કે મારા જ ભૂતકાળના દુષ્કર્મોનો પ્રભાવ છે માટે પરણવાની સાથે જ મને ત્યજી દીધી છે. આવા શ્રી જિનવચ-

નોના આલંબનથી પોતાના હૈયાની સમાધિ અને શાંતિ ગુમાવી શકે છે.

પૂર્વગ્રહથી પીડિત વ્યકિતની હાલત તો સૌ સારી રીતના સમજી શકે છે. અને તેમાંય જેઓ કદાગ્રહી બને છે તેઓ તો સર્વથા અયોગ્ય ગણાય છે. કદાગ્રહી આત્મા માટે તો મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ લખ્યું છે કે કદાગ્રહીને ઉપદેશ આપવાનો પ્રયત્ન કરવો તે કુતરીના શરીરે કસ્તૂરીના વિલેપન કરવા સમાન છે. કુતરીના શરીરે કસ્તૂરીનું વિલેપન કરવામાં આવે તોપણ તેને ધૂળમાં ન રગદોળે ત્યાં સુધી ચૈન ન પડે તેવી હાલત કદાગ્રહીની હોય છે.

બાર વર્ષે અંજના સુંદરીનો અશુભોદય પુરો થયો.

પવનંજયને યુદ્ધમાં જવાનો પ્રસંગ આવ્યો અને રાત્રીના પોતાની છાવણીમાં ચક્રવાક દંપતિના વિરહને જોતાં પોતે પોતાની પત્ની અંજના સુંદરી સાથે કરેલો વ્યવહાર યાદ આવ્યો. પોતાની ભૂલ સમજાઇ. કોઇને ખબર ન પડે તે રીતે અંજના સુંદરીના આવાસે આવ્યો વર્ષો બાદ બન્નેનું મિલન થયું. પોતાની આવ્યાની નિશાની તરીકે પોતાના નામથી અંકિત મુદ્રા યાદગિરિ-સ્મૃતિ નિમિત્તો આપીને યુધ્ધમાં ગયો તે જ સમયે ઋતુસ્નાતા એવી અંજના સુંદરીને ગર્ભ રહ્યો. ગર્ભ રહ્યાની બધાને ખબર પડી સાચી વાત સ્વીકારવા કોઇ જ તૈયાર ન થયું. બધાએ તેના પર કુલટા વ્યભિચારિણી એવા ખોટા આક્ષેપો કલંકો આપી નિંદા કરી પણ નિઃસહાય એવી પતિવ્રતા એવી પણ મહાસતી અંજનાને કર્મે રઝળતી કરી દીધી. સાસુ સસરાએ તો જાકારો આપ્યો પણ માતા-પિતા-ભાઈએ પણ જાકારો આપ્યો. જ્યારે કર્મ ઉદયમાં આવે ત્યારે રાજકુમારી ગર્ભવતી એવી તેણીને પણ રાન રાન ભટકવાનો સમય આવ્યો.

માટે જ જ્ઞાનીઓ વારંવાર પોકારે છે કે ભાઇ ! 'બંધ સમયે ચિત્ત ચેતીએ, હસતા તે બાંધ્યા કર્મ રોતાં છૂટે નહિ.

આ રીતે મહાસતી એવી અંજના સુંદરીને એક માત્ર સહાયમાં છે પોતાની સખી વસંત તિલકા તેની સાથે કોઇ એક જંગલમાં રહેવા લાગી અને પોતાના નિર્મળ શીલ વ્રતના પ્રભાવે જંગલમાં નિર્ભયપણે ફરતી હતી. ત્યાં કાલક્રમે વૈડુર્ય ભૂમિ જેમ વજ્ર મણિને તેમ સૂર્ય સમાન તેજસ્વી પુત્ર રત્નને જન્મ આપ્યો.

ભાગ્યવાનો ! વિચારો કે જેના જન્મથી આખા રાજ્યમાં મહોત્સવ થાય એવી રાજરાણી માત્ર જંગલમાં જ પુત્રને જન્મ આપે છે. તેમાં ભૂતકાળની કર્મ વિના બીજું કયું કારણ મનાય ! જેના જન્મોત્સવમાં બધા ગાંડાઘેલા બને ત્યાં આનંદ વ્યકત કરનાર પણ કોઇ નથી. ખરેખર કર્મની ગતિવિધિ કેવી ગહન છે ! માટે કર્મને પરવશ

બનેલા જીવોએ ખેદ કર્યા વિના તેવાં કર્મો નવાં ન બંધાય માટે હરપળ જાગૃત રહેવું જોઇએ.

હવે તેણીનો શુભોદય જાગૃત થઇ રહ્યો છે ત્યાં મહામુનિનો સુયોગ થાય છે. મહાસતીને ધર્મોપદેશ આપતાં તે મહામુનિ ફરમાવે છે કે–હે ભદ્રે ! હે મહાભાગે ! આ અપાર દુઃખથી ભરેલા સંસારમાં આશાને આધીન બનેલા પ્રાણીઓને શ્રી જિનેશ્વર દેવોએ કહેલા ધર્મ વિના બીજું કોઇજ શરણભૂત નથી.

સંયોગ અને વિયોગ કર્મને જ આધીન છે છતાં મોહને વશ પડેલા જીવો બીજા બીજાને વ્યર્થ દોષ આપે છે. ભોગવવાં યોગ્ય કર્મ કોઇપણ પ્રાણી ફેરવી શકતો નથી. કરેલા કર્મ ભોગવવાં જ પડે છે માટે આ મનુષ્ય જન્મને સફળ કરવા ધર્મની આરાધના કરવી જરૂરી છે તે ધર્મ સાધુ અને શ્રાવકના ભેદથી બે પ્રકારનો છે જે સદ્ગતિની પરંપરા સાધાવી મોક્ષસુખને અપાવે છે.

આ પ્રમાણે દેશનાથી આનંદિત થયેલી મહાસતી શ્રીમતી અંજનાસુંદરીએ ત્યાં સમ્યકત્વ ધર્મનો સ્વીકાર કર્યો અને મહામુનિના જ્ઞાનનું અતિશયપણું જાણી પોતે આવી અવસ્થા પામી માટે પામી, કયા કર્મના કારણે મારો વખત આવો આવ્યો તેમ મુનિને જણાવવા વિનંતિ કરે છે. ત્યારે મુનિ કહે છે કે–'હે ભદ્રે ! પૂર્વભવમાં તું એક શેઠની સ્ત્રી હતી. તારે જૈન ધર્મમાં પ્રીતિવાળી એવી બીજી શોકય હતી. તેણીને એવો અભિગ્રહ હતો કે તે હંમેશાં શ્રી જિનેશ્વર દેવનું ધૂપ–દીપક આદિ અનેક ઉપહારોથી પૂજન-ભકિત કરતી હતી. તેથી તું એના ઉપર ફોગટનો દ્વેષ વહન કરતી હતી. હૈયાથી બળતી હતી. ઇર્ષ્યા રાખતી હતી. એક દિવસ ઇર્ષ્યાના કારણે તેનેદ્વેષથી બળતી તેં ગુસ્સામાં આવી શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાને ઉકરડામાં દાટી દીધી. શ્રાવિકા એવી તારી શોકયે મૂર્તિ ન પૂજવાથી બાર ક્ષણ સુધી ભોજન કર્યું નહિ. છેવટે તેં તેને પ્રભુની પ્રતિમા પાછી આપી. તે કર્મનું ફળ આ તને પ્રાપ્ત થયું છે કે બાર વર્ષ સુધી પતિનો વિયોગ થયો હવે તે કર્મ પૂર્ણ થવા આવ્યું છે. ફરી હાથ જોડી પૂછે છે કે મારી સખી સમાન દાસી એવી આ વસંત તિલકા કયા કર્મથી પીડા પામે છે ?

ત્યારે તેનું સમાધાન આપતા મુનિશ્રીએ કહ્યું કે હે ધર્મશીલે ! જે વખતે તું શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાને–ઉકરડામાં દાટતી હતી. તે વખતે એક બાજુથી ઉઘાડી રહેલી તે પ્રતિમાને જોઇને આ તારી તે વખતની પણ સખીએ તને વારંવાર કહ્યું કે આ બાજુથી આ પ્રતિમા ઉઘાડી રહી જાય છે તેના આવા વચનથી તેં પ્રતિમાને વધારે દાટી દીધી. તે કારણથી આ તારી દાસી પણ પૂર્વના કર્મનું ફલ ભોગવે છે, ત્યાર પછીનો

પ્રસંગ આપણે સારી રીતના જાણીએ છીએ. ભગવાનની મૂર્તિની આશાતના ના પ્રભાવે જે કટુ વિપાકો અંજના સુંદરીને વેઠવા પડયા અને તેના શુભોદય માટે જ્ઞાની મુનિ-મહારાજ સમજાવ્યા અને ધર્મ માર્ગે જોડાઇ પોતાનું શ્રેય સાધી ગઇ. તો આજના વિષમકાળમાં ભગવાનની પૂજા ભક્તિના નામે ભગવાનની જે રીતની આશાતના થઇ.-કરાઇ રહી છે ત્યારે કેટલા સાવધ બનવાની જરૂર છે.

કરેલાં કર્મો તો ખૂદ શ્રી તીર્થંકર પરમાત્માના આત્માને પણ છોડતા નથી તો આપણને છોડે ! માટે આવા કર્મ ન બંધાઇ જાય માટે મન-વચન-કાયાના યોગોને જ્ઞાનીના કહ્યા પ્રમાણે પ્રવર્તાવવા જરૂરી છે. આશાતના ના ભાગી ન બનાય, આ દશ દૃષ્ટાંતે દુર્લભ માનવ ભવ હારી ન જવાય માટે સખત સાવધ-સાવચેત અને જાગૃત રહેવા ભલામણ છે. મહા પૂન્યોદયે મળેલી આ બધી ધર્મ સામગ્રીને સફળ કરી આત્માના સાચા અભ્યુદયને પ્રગટાવીએ તે જ ભાવના સાથે વિરમું છું.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા,

सावज्जणवज्जाणं वयणाणं जो ण याणइ विसेसं ।
वोत्तुं पि तस्स न खमं किमंग पुण देसणं काउं ? ।।

પાપવાળા અને પાપ વિનાના શબ્દોના વિશેષ (ભેદ)ને જે જાણતા નથી તેઓને બોલવું તે પણ દોષ છે તો પછી ધર્મદેશના કરવી કેમ કહ્યે અર્થાત્ તેવાને માટે ધર્મ દેશના કરવી તે મહા દોષ છે.

પૂ. મુનિરાજશ્રી મુક્તિધન વિજયજી મ. તથા
પૂ. મુનિરાજશ્રી પુણ્યધન વિજયજી મ.ના
સદુપદેશથી

એક ગુરુભક્ત

શ્રી જૈન શાસન જગતમાં જયવંતુ છે અને જયવંતુ રહેવાનું છે. શ્રી જૈન શાસનનો મુખ્ય આધાર શ્રી જિનબિંબ, શ્રી જિનમંદિર અને શ્રી જિનાગમ છે અને તે ત્રણેના સેવક, પૂજક અને ઉપાસક એવા સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા છે, એ ત્રણને જે સેવ્ય, પૂજ્ય કે ઉપાસ્ય માને નહિ તે, તે ત્રણેના રક્ષણાદિમાં કયારેય પ્રવૃત્ત બની શકે નહિ, તે ત્રણ જ સેવ્ય, પૂજય અને ઉપાસ્ય લાગે તે જ તેના માટે બધું કરી છુટવા તૈયાર હોય. કારણ ભયંકર એવા આ સંસાર સાગરને તરવા તે ત્રણ વિના બીજું કોઇ જ શ્રેષ્ઠ આલંબન નથી. માટે આજ્ઞા મુજબ જીવતા સાધુ-સાધ્વી જેમ પોતાના આત્માનું કલ્યાણ સાધે છે તેમ આજ્ઞા પ્રમાણે જીવતા અને જીવવા પ્રયત્નશીલ બનતા શ્રાવક-શ્રાવિકા પણ પોતાના આત્માનું કલ્યાણ સાધે છે.

❋ ધન્ય માતા ! ધન્ય દીકરી ! ❋

—અ. સૌ. ભદ્રાબેન મનહરલાલ (કાંદીવલી-મુંબઇ)

શ્રી જૈન શાસનમાં ચતુર્વિધ શ્રી સંઘમાં શ્રાવિકાઓ પણ તેટલું જ મહત્વનું અંગ છે. જે શ્રાવિકાઓ ધર્મને સારી રીતના સમજે છે તેઓ પોતાનું અને પોતાના પરિવારનું હંમેશા હિત જ ઇચ્છે છે. તેથી જ પોતાના પરિવારમાં એવા ધર્મસંસ્કારોનું સુંદર સીંચન કરે છે જેમને મન ધર્મ જ સર્વસ્વ લાગે છે, પ્રધાન લાગે છે, સંસાર તો ગૌણ લાગે છે, કરવા જેવો લાગતો જ નથી. દુનિયાની સુખ-સાહ્યબી, શ્રીમંતાઇનો વારસો તો જખ મારીને પણ આપવો પડે છે પણ ધર્મની સંપત્તિનો વારસો આપવો એજ સાચો વારસો છે. બાહ્ય દૃષ્ટિએ કદાચ ગરીબ દેખાય પણ ધર્મથી સંસ્કારિત હોવાથી સાચે. અમીર તે જ હોય છે. આવી અમીરાતને આપવાનું કામ શ્રાવિકાઓ સારી રીતના કરી શકે છે. દુનિયામાં પણ કહેવાય છે કે-એક સંસ્કારિત માતા સો શિક્ષકની ગરજ સારે છે.

આવી જ એક પરમશ્રાવિકાના જીવનની સામાન્ય વાત કરવી છે. તે પ્રસંગ છે નાનો પણ ઘણો જ બોધદાયક છે તે જો સમજાઇ જાય તો આજનું વાતાવરણ આત્માને પાયમાલ કરવા કે બગાડવા સમર્થ બની શકતું નથી.

શ્રી નવપદના આરાધક તરીકે શ્રીપાલ અને મયણાનું નામ સુપ્રસિદ્ધ છે. શાશ્વતી ઓવી નવપદજીની ઓળીમાં દર વર્ષે બે વાર તેમનું ચરિત્ર, રાસ આદિનું વાંચન કરાય છે અને સૌ વાંચે-સાંભળે પણ છે. તે પરમવિદુષી સત્ત્વશાલિની, તત્ત્વવેદી શ્રીમતી મયણાસુંદરીનં. માતા પરમ શ્રાવિકા રૂપસુંદરીની વાત કરવી છે. કુવામાં હોય તો હવાડામાં આવે તેની જેમ મયણાસુંદરી આવી પાકી તેમાં તેમની માતા રૂપસુંદરીનો ફાળો

પણ નાનોસુનો નથી. સમ્યગ્દૃષ્ટિ માતાએ શિક્ષણ-સંસ્કારનો વારસો એવો અદ્ભૂત આપ્યો-અપાવરાવ્યો જેથી મયણાસુંદરી અમર બની ગઈ. અને માતાને પણ અમર બનાવી ગઈ.

ભગવાનની આજ્ઞા મુજબની શ્રી નવપદજીની આરાધનાના પ્રતાપે શ્રીપાલમહારાજાનો કોઢ રોગ ગયો, સુવર્ણ સરખી કાયા બની, માતા સાથે પણ મેળાપ થયો. એકવાર શ્રીપાલકુમાર તેમની માતા અને પત્ની મયણાસુંદરી સાથે દ્રવ્ય-પૂજા કરી પછી ભાવપૂજા કરી રહ્યા છે તે જ અવસરે મયણાસુંદરીની માતા રૂપસુંદરી-જેવી જ્યારે રાજસભામાં મયણાસુંદરીએ કોઢિયા એવા શ્રીપાલનો હાથ પકડયો ત્યારે રાજાથી રિસાઈ પોતાના ભાઈ પુણ્યપાલ રાજાના ઘરે જઈને રહી અને ભગવાનના વચનોની વિચારણાથી પોતાનો શોક દૂર કરી ધર્મમાં મગ્ન બની છે. અને જ્યાં શ્રી આદિનાથ ભગવાનનું મંદિર છે ત્યાં દર્શનાર્થે આવે છે અને આ ત્રણને જુએ છે ત્યારે ક્ષોભર સ્તબ્ધ બની જાય છે. મયણાને જોતાં ભ્રમ તો નથી થતો ને તેથી બરાબર નિરખીને નક્કી કરે છે કે-ચોકકસ આ નાની વહુ જેવી દેખાતી સ્ત્રી મારી દીકરી મયણા જ છે. તે વખતે તેના હૈયામાં એવો આઘાત થાય છે અને વિચારે છે કે-'આને મારી કુક્ષિને લજવી. મારા નિર્મળકુળને મલીન કર્યું. પહેલા માને કે મયણાને વિષે આ સંભવિત નથી પણ વિચારે કે આ સંસારમાં કશું અસંભવ નથી. ખરેખર આ દીકરીએ આવું કુકર્મ કર્યું તેના કરતા મરેલી જન્મી હોત તો સારૂં હોત ! મારે પેટે પથરો પાકયો હોત તો સારૂં હોત.'—આ આઘાતના દુઃખથી એકદમ જોરથી રડાઈ ગયું.-મયણાએ પાછું વળીને જોતા માતાને જોઈ અને કેમ રડે છે તે સમજી ગઈ.

ખરેખર શીલ એજ સ્ત્રીઓનું સાચું આભૂષણ છે, શીલધર્મ પ્રાણથી પ્યારો હોય, શીલ રક્ષણ માટે મરવું પસંદ કરે તેવા આત્માને જ આ વાત સમજાય. બાકી આજના વિલાસી અને વિકારી વાતાવરણમાં આ વાતની આચરણા તો ઠીક પણ વિચારણા કરનારા પણ બહુ જ વિરલ મળે ! જે વાતાવરણે સારા આચારોનો નાશ કર્યો બધાને ભટકતા જેવા કર્યા તેની અસરમાં આવેલા આ બધુ ન સમજી શકે તેમાં નવાઈ નથી. આપણો નંબર તેમાં ન આવી જાય તેટલી કાળજી રાખીએ તો ચોકકસ આપણે આપણી જાત બચાવી આપણું હિત અને કલ્યાણ સાધી શકીએ, તે માટે જ આ પ્રસંગ વિચારાય તો લાભ થઈ જાય. પછી તો મયણાએ માતાજીની અસમાધિ જે રીતના દૂર કરી તે વાત સુવિદિત છે પણ માતાજીનો જે શીલ ધર્મ ઉપર અપૂર્વ પ્રેમ હતો તેટલી જ મહત્તા ગાવી છે. પરમ શ્રાવિકા માતાના હૈયાની ભાવના શું હોય છે તે આ પ્રસંગ પરથી સારી રીતના સમજી શકાય છે અને તેટલો મર્મ જો આપણા હાથમાં આવી જાય તોય આ સંસાર આપણા માટે ભયંકર ન બનતા ભદ્રંકર બની જાય, મનોહર બની જાય, સૌ પોતાના આત્માનું ભદ્ર કરનારા બનો તે જ હૈયાની શુભ ભાવનાથી વિરમું છું.

શિવમસ્તુ સર્વ જગતઃ

બળેજતીર્થ

ગીરનારના ઉચ્ચ શીખરોનાં સહારે...!
વેરાવળનાં સમુદ્ર કિનારાનાં ઓથારે...!!
પ્રાચીન-ચમત્કારીક
બળેજ પાર્શ્વનાથ ભગવાનની યાત્રાર્થે પધારો.

આ તીર્થનાં જીર્ણોદ્ધારનું
કામ ચાલુ છે.
ધર્મશાળા આદિ પણ
ભવ્ય બની રહેલ છે.

બસ જોઇએ છે આપનો અંતરંગ, શુભભાવ... કે, જેથી આ પ્રાચીન તીર્થ અને તીર્થાધિપતિની ભક્તિ દ્વારા આપણે સૌ મુક્તિગામી બનીએ.
તીર્થની વ્યવસ્થા પોરબંદર સંઘ સંભાળે છે.

બળેજ તીર્થ
મુ. બળેજ
તા. પોરબંદર
જી. જુનાગઢ

—: સહકાર માટે :—
શ્રી પોરબંદર જૈન શ્વેતાંબર
તપગચ્છ સંઘ ટ્રસ્ટ
પારેખ ચકલો, પોરબંદર.

'હે પાપીણિ ! એક સાધ્વી થઇને તેં આ પેટ વધારી દેનારૂ પાપ શા માટે કર્યું?'

'હે મહાસતી ! શરીરથી શીયલ-ખંડનની વાત તો દૂર રહો. મેં તો કયારેય મનથી પણ શીયલ ખંડિત નથી કર્યું.'

'તો પછી તારા પેટમાં આ પાપ કોનું છે ? શેનું છે? તારૂ પેટ વધેલુ કેમ છે ?'

'હે ભગવંત ! આ સાધ્વી સતી છે કે અસતી છે ?'

'આ સાધ્વી સર્વે સતીઓમાં શિરોમણિ છે.'

જેને ગમે તેવા ખૂંખાર-પ્રાણુ સટોસટના સંગ્રામ સમયે પણ માત્ર એક જ બાણ છોડવાની ભીષ્મ પ્રતિજ્ઞા છે એવા વૈશાલિના ધણી ચેટક મહારાજાની પુત્રી મહાસતી સાધ્વી સુજ્યેષ્ણાની આ અણુદાગશીયલવ્રતની યશોગાથા છે.

વૈશાલિ નગરીના નાથ મહારાજા ચેટકની પરસ્પર પ્રીતિથી એકબીજામાં વણાઇ ચૂકેલી સુજ્યેષ્ણા અને ચેલ્લણા નામે બે પુત્રીઓ હવે પિયુઘરે જવામાં આડી હતી.

મહાસતી સાધ્વી સુજ્યેષ્ઠા

—રાજુભાઇ પંડિત (ચંદ્રરાજ)

સુરંગો દ્વારા આવીને શ્રેણિક રાજાએ સુજ્યેષ્ણાને પરણવાની હતી. પરંતુ વિધાતાના લેખ જુદા નીકળ્યા, છેક છેલ્લી ઘડી સુધી સુજ્યેષ્ઠા જ શ્રેણિક સાથે સુરંગ દ્વારા ગુપ્ત રીતે અપહરણ દ્વારા પરણવાની હતી. પણ ચેલ્લણાનું અપહરણ થયુ અને સુજ્યેષ્ણા રહી ગઇ.

એક બીજા વિના જિંદગી ગુજારવી અશકય બને તેટલી હદ સુધી શ્રેણિક અને સુજ્યેષ્ણા એકબીજાના ચિત્રપટો જોઇને એકબીજા તરફ આકર્ષાયા હતા. બન્નેના સંકેત મુજબ શ્રેણિક રાજાનો રથ છેક સુજ્યેષ્ણાના રાજમહેલ સુધી સુરંગ દ્વાર આવ્યો, ચેલ્લણા પણ શ્રેણિકરાજાને પતિ તરીકે સ્વીકારી સુજ્યેષ્ણાની સાથે જ આવી. ચેલ્લણા રથમાં ચડી ગઇ, પણ રત્નનો કરંડીયો લેવા સુજ્યેષ્ણા રાજમહેલ તરફ પાછી ફરી ત્યાંજ 'શત્રુના રાજ્યમાં વધુ રહેવું સારૂ નથી.' આમ સુલસાના બત્રીશ પુત્રોએ જણાવતા શ્રેણિકરાજા ચેલ્લણાને સુજ્યેષ્ણા સમજી લઇને રવાના થયા.

પણ...પતિ અને બેન વગરની થઇ ગયેલી સુજ્યેષ્ણાએ હોહા મચાવી મૂકી. આથી તેમના ભાઇ વીરંગકે સૈન્ય સાથે આવીને શ્રેણિકનો પીછો પકડયો, અંગરક્ષક બનેલા સુલસા શ્રાવિકાના ૩૨-૩૨ પુત્રોએ બહાદૂરી પૂર્વક વીરંગકનો સામનો કર્યો પણ આખરે

તે દરેક રથમાં રગદોળાઈ ગયા. ચેલ્લાણાની સાથે શ્રેણિકરાજા સલામત રીતે રાજગૃહી પહોંચી ગયા. પણ...ચેલ્લાણાની સેંથાનું સિંદુર સુલસા જેવી શ્રાવિકાના ૩૨-૩૨ પુત્રોના શોણિતથી લાલ બન્યું હતું.

ચેલ્લાણાની માંગ (સેંથો) ત્યારે સિંદુરથી નહિ શોણિત-રકતથી ખરડાયેલી હતી. એની માંગના સિંદૂરમાં ૩૨-૩૨ દેવપુત્રોના બલિદાન હતા.

ચેલ્લાણા વગરની સુજ્યેષ્ટને આ અસાર સંસાર ઉપર નફરત થઈ ગઇ, વૈરાગ્યના રંગે રંગાઇ ગયેલા સુજ્યેષ્ઠા આખરે આર્યા શ્રી ચંદનબાળા પાસે સંયમનો સ્વીકાર કરી તીવ્ર તપશ્ચર્યા તપવા લાગ્યા.

અને ..

એક દિવસ....

મુકામના કોઈ ગુપ્ત-એકાંત સ્થાનમાં આ મહાસતી સાધ્વી સુજ્યેષ્ઠા સૂર્યના તાપમાં આતાપના કરતા હતા.

આ બાજુ એક પેઢાલ નામનો વિદ્યાધર કે જે પરિવ્રાજક હતો. તેની પાસે જેટલી અનવદ્ય-નિર્દોષ વિદ્યાઓ હતી તે વિદ્યાઓ કોઇને આપવા માટે યોગ્ય પાત્રની શોધમાં હતો.

'પરિવ્રાજિત-દીક્ષિત અને નિષ્કામી-વાસના રહિતની બ્રહ્મચારીનો જે પુત્ર થાય તે આ વિદ્યા આપવા માટે યોગ્ય પાત્ર ગણાય.

તેથી જે દિવસે આર્યા સુજ્યેષ્ઠા આતાપના કરતા હતા તે જ દિવસે આ વિદ્યાસિદ્ધ વિદ્યાધર વિમાનમાં બેસીને પસાર થતો હતો ત્યારે તપ કરતાં આ સાધ્વી સુજ્યેષ્ટાને તેણે જોઇ.

એક તો અખંડ બ્રહ્મવ્રતધારી હતા, રાજકુળના રાજકુમારી હતા, સૌન્દર્ય સભર હતા, અને અત્યારે તપશ્ચર્યાના તેજ અને આતાપનામાં તેમની વૈરાગ્યની ખુમારી સંસારની હળહળતી નફરતનું કથન કરતી હતી.

આવા મહાસતી સાધ્વી સુજ્યેષ્ઠાને જોતાં જ પેઢાલ વિદ્યાસિદ્ધ વિદ્યાધર તેમના ઉપર મોહિત થઈ ગયો. કામાતુર બનેલા તે વિદ્યાધરે મકુર-ભમરાનું રૂપ વિકુર્વીને (લઇને) આતાપના કરતાં એ મહાસતી સાધ્વી સાથે ભોગ કર્યો મહાસતીને તો કશી ખબર નથી.

સમય જતાં અન્ય સાધ્વીઓએ સુજયેષ્ઠાના ઉદરમાં ગર્ભ રહેલો જાણ્યો. તે સાધ્વીઓએ સુજયેષ્ઠાનો કારમો તિરસ્કાર કરીને કહ્યું–

'હે પાપીણિ ! એક સાધ્વી થઈને આ પેટને વધારી દેનારૂ પાપ તે શા માટે કર્યું ?'

મહાસતી સુજયેષ્ઠા બોલ્યા–'હે મહાસતી ! શરીરની વાત તો દૂર રહો મેં તો મનથી પણ કયારે ય શીલખંડન થવા નથી દીધુ.'

મહા આર્યા સુજયેષ્ઠાનો આ જવાબ હતો છતાં ગર્ભ હતો તે પણ હકિકત હતી. આથી તે સાધ્વીઓએ જ્ઞાની ભગવંતને પૂછયું કે–'હે ભગવંત આ સુજયેષ્ઠા સાધ્વી સતી છે કે અસતી છે. ?'

જ્ઞાની ભગવંતે કહ્યું–'આ સાધ્વી સુજયેષ્ઠા સર્વે સતીઓમાં શિરોમણિ છે. વિદ્યાધરે પોતાનું વીર્ય શુધ્ધ રીતે નાંખ્યુ છે, તેની આને કશી ખબર નથી.

સમય જતાં સાધ્વી સુજયેષ્ઠાએ પુત્રને જન્મ આપ્યો. શ્રાવકોના ઘરે તે બાળક વૃદ્ધિ પામ્યો, અને તેનું નામ પડયુ. સત્યકિ-સત્યકિ.

એક વખત આ બાળ સત્યકિ સાધ્વીઓ સાથે શ્રી વીરજિનેશ્વર પાસે ગયો. ત્યારે કાલસંદીપ નામના એક વિદ્યાધરે સમવસરણમાં પ્રભુને પૂછયું–'હે ભગવાન્ ! મારો હત્યારો કોણ થશે ?' ભગવાને કહ્યુ–'આ સત્યકિથી તારૂ મૃત્યુ થશે.' તેથી 'અહો આશ્ચર્ય છે કે આ બાળક મારો હત્યારો થશે' આમ કાલસંદીપે મનમાં વિચાર્યું.

તે બુદ્ધિશાળી બાળક આર્યાઓથી લાલન-પાલન કરાતો સાંભળતા સાંભળતા જ અગિયાર અંગોને ભણી ગયો. પૂર્વજન્મના તીવ્ર સંસ્કારથી અનેક મહાવિદ્યાઓ તેનામાં આવી.

દેવીના કહેવાથી તેણે પૂર્વના ૬–૬ ભવ સુધી સાધેલી રોહિણી વિદ્યા સાધવા માટે–બોલ્યો કે–'હું રોહિણી વિદ્યાની સાધના માટે આ સળગતી ચિતમાં પ્રવેશીને સળગી જઈશ, તેથી રોહિણી વિદ્યા મને સિદ્ધ થાવ.' આમ બોલીને સળગી ઉઠેલી ભડભડ્યમાન ચિતામાં ચાલતો સત્યકિ રોહિણીનો મંત્રજાપ કરવા લાગ્યો.

આ સમયે કાલસંદીપ ત્યાં આવીને સળગતી ચિતામાં વધુને વધુ લાકડા નાંખવા લાગ્યો એમ માનીને કે–'આ સળગતી આગમાં આ મારો હત્યારો સળગીને ખાક થઈ જાય.' આ રીતે કાલસંદીપનું સાત દિવસ સુધી વિઘ્ન ચાલુ રહ્યું પ્રત્યક્ષ થઈને દેવીએ તેને અટકાવ્યો. અને સત્યકિને કહ્યુ–મને એક પ્રતીક આપ કે જયાંથી હું તારા શરીરમાં

પ્રવેશ કરૂં. સત્યકિએ પોતાનો ભાલ (લલાટ દેશ આપતાં રોહિણી લલાટમાંથી સત્યકિના શરીરમાં પ્રવેશી ત્યારે સત્યકિને કપાળમાં ત્રીજું નેત્ર થયું. ત્યારથી તે ત્રિનેત્ર તરીકે પ્રસિદ્ધ થયો. જેને લોકો શંકર તરીકે ઓળખે છે.

'અખંડ બ્રહ્મચર્યવ્રતમાં અણનમ રહેલી મારા માતાના બ્રહ્મચર્યને કલંકિત આ પેઢાલે કરેલું' આમ વિચારીને સત્યકિએ પેઢાલને હણી નાંખ્યો.

સત્યકિથી ફફડી ઉઠીને ડરતા ફરતાં કાલસંદીપના ત્રણે નગરોને ભસ્મસાત્ કરી નાંખતા ભાગીને સમુદ્રમાં ભરાઇ ગયેલા કાલસંદીપને હણી નાંખ્યો. અને તે કાલસંદીપ મરીને નરકે ગયો.

કાળક્રમે વિદ્યાના બળથી સત્યકિએ અનેકાનેક તપસ્વીઓની પત્નિઓમાં ભોગો ભોગવ્યા. જે કોઇ તપસ્વી પત્ની સત્યકિનો વિરોધ કરે તેને તે અગ્નિથી સળગાવી મારતો હતો. વિદ્યાના બળથી ઉદ્ધત બનેલો સ્ત્રી લંપટ સત્યકિ જે જે શ્રેષ્ઠ-સુંદર સ્ત્રીને જોતો તે દરેકનો ભોગવી નાંખતો. ભિક્ષુવેષ ધારણ કરીને વિશ્વ આખામાં ઘૂમવા લાગ્યો.

સત્યકિને નન્દી અને નંદીકેશ નામે બે મિત્રો હતા.

ઉજ્જયિની નગરીના ચંડ પ્રદ્યોત રાજાની એક શિવાદેવીને છોડીને બાકીની બધી જ રાણીઓને સત્યકિએ ભોગવી લીધી. તેથી તેને સ્ત્રી લંપટ જાણીને રાજાએ સત્યકિને હણી નાંખવા તેવી વ્યકિતની તપાસ આદરી.

ઉમા નામની વેશ્યાએ સત્યકિને હણી નાંખવા માટે બીડું ઝડપ્યું. ઉમાએ પોતાના લાવણ્ય-યૌવનથી આકર્ષીને સત્યકિને વશ કર્યો. સત્યકિ ઉમા સાથે ભોગો ભોગવવા લાગ્યો. ઉમાએ છોડેલા પાંચ બાણો વડે સત્યકિએ વિશ્વને વશ કર્યું.

વિશ્વાસુ બની ગયેલા સત્યકિને ઉમાએ પૂછયું.-'વિદ્યાઓ તારા શરીરમાં સદાકાળ માટે રહે છે કે અમુક સમય સુધી ?' સત્યકિએ કહ્યું-'રતિક્રીડા-ભોગ ક્રીડાના સમય સિવાયના સર્વકાળે વિદ્યાઓ મારા શરીરમાં જ રહે છે.

ત્યાર પછી છૂપી રીતે ચંડપ્રદ્યોતને વેશ્યાએ કહ્યું કે-'સત્યકિ જ્યારે મારી સાથે ભોગ ભોગવે છે ત્યારે રોહિણી વિદ્યાને તેના ખડ્ગમાં મૂકે છે. માટે તે સમયે તે હણી શકાશે. અન્યથા કયારે ય નહિ.'

રાજાએ એક વિચક્ષણ સેવકને ઉમા ન હણાઇ જાય તે રીતે સત્યકિને જ હણવા આદેશ કર્યો.

તે સેવક સત્યકિને હણવા ગયા. ઉમા સાથે ભોગ ભોગવવાની શરૂઆત કરતાં

પહેલા તેણે તલવારમાં રોહિણીને મૂકી. અને જેવી ભોગક્રીડા શરૂ કરી તેવો જ સેવક સત્યકિને જ હણવા જતો જ હતો તેવામાં જ એક બીજા સૈનિકે તેને અટકાવ્યો, અને કહ્યું કે-માત્ર સત્યકિનો જ નહિ પણ ઉમા સહિત સત્યકિને હણી નાંખ. રોવકે ઉમા સહિત સત્યકિનો હણી નાંખ્યો.

પોતાના સ્વામી સત્યકિ હણાયેલો જાણીને નંદીશે નગર ઉપર શિલા વિકુર્વીને ચંડ પ્રદ્યોતને કહ્યું-'યાદ રાખજે રાજન્! તેં મારા સ્વામી સત્યકિને હણી નાંખ્યો છે તો હવે આખા નગર સહિત તને મારી નાંખ્યા વિના હું નહિ રહું.'

ચંડપ્રદ્યોતે કહ્યું-'તું કરીશ તેમ હું કરીશ પણ આ નગર ઉપર ગોઠવેલી શીલાને પહેલા દૂર કર'.

નંદીશે કહ્યું-'મારા સ્વામી સત્યકિ જેવી અવસ્થામાં હણાયો છે તેવી જ અવસ્થામાં (ઉમા સાથે ભોગભોગવતી દશામાં) તારા મહેલમાં તું પરિવાર સહિત પુજીશ તો જ હું તને જીવતો છોડીશ.'

ચંડપ્રદ્યોત રાજાએ-ઉમા સહિત ભોગ ભોગવતા સત્યકિની મૂર્તિ બનાવીને પરિવાર સહિત તેની પૂજા કરી. ત્યાર પછી તે જ ચંડપ્રદ્યોત દ્વારા નંદીશે પોતાના સ્વામી સત્યકિની આ જ દશામાં ગામો ગામ પૂજા કરાવડાવી, ત્યારથી માંડીને આજ સુધી લોકોમાં આ ઉમા-સત્યકિ-ઉમા-ત્રિનેત્ર-ઉમા-શંકર-શંકર પાર્વતી તે જ દશામાં (ભોગ ભોગવતી દશામાં) પૂજાય છે. (હાલ તો સમય જતાં અથવા તો અશિષ્ટ લાવતા માત્ર શિવલિંગ પુરૂષ તથા સ્ત્રીનું માત્ર જોડાયેલુ લિંગ જ પૂજાય છે. આ બધુ જ મિથ્યાત્વ છે.)

આ બાજુ મહાસતી સાધ્વી સુજયેષ્ઠા ભગવાન શ્રી મહાવીર સ્વામીના ઉપદેશથી અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરતાં કરતાં ક્રમે કરીને સર્વકર્મોના ક્ષયથી કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

ચંડપ્રદ્યોત રાજાના શુદ્ધ શીલવાળા પત્ની શિવાદેવી પણ શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષા લઈને સર્વકર્મનો ક્ષય કરીને મુક્તિ પામ્યા.

મનસા-વાચા-કર્મણા અખંડ શીલવ્રતના આરાધક મહાસતી સાધ્વી આર્યા સુજયેષ્ઠાના ચરણોમાં કોટિશઃ વંદના.

अश्वमेधसहस्रं च, सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि, सत्यमेव विशिष्यते ।। उ० शांति नू०टी०

હજારો અશ્વમેધ યજ્ઞો અને સત્ય ત્રાજવામાં જોખવામાં આવે તો હજારો અશ્વમેધ યજ્ઞ કરતા સત્ય શ્રેષ્ઠ છે.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા,

શિવમસ્તુ સર્વજગતઃ

હાલારતીર્થ....??

દોઢ વર્ષનાં ટુંક સમયમાં દોઢ લાખથી વધુ ભાવિકોએ
પરમકૃપાળુ, દેવાધિદેવ, ધીર-વીર-ગંભીર

શ્રી મહાવીરસ્વામિ ભગવાનના
દર્શન-વંદન-પૂજનથી
પોતાના આત્માને પવિત્ર કર્યું છે.
એવા આ ભવ્ય-તીર્થમાં
આપ સૌ પણ પધારો....

ભારતના પશ્ચિમ સમુદ્રના કિનારે...!
દ્વારકા રોડ ઉપર...!!
સિંહણ ડેમની સામે...!!!
અત્યંત આહ્લાદક, વનરાજીની વચ્ચે
દેવવિમાન તુલ્ય ઉ-તુંગ-ભવ્ય જિનાલયમાં
બીરાજમાન...! પરમાત્માનાં દર્શન...વંદન પૂજન
કરીને પાવન બનો...

* હાલારતીર્થ-આરાધના ધામ *



મુ. વડાલીયા સિંહણ
તા. જામખંભાલીયા જી. જામનગર (સૌરાષ્ટ્ર)



'મુનિવર પેખે રે ઇરિયા, જીવન જતન કરંત;
તરણું ખૂંચ્યુ રે આંખમાં, નયણે નીર ઝરંત. મુનિવર૦...૧
કલ્પતરૂ જેણે ઓળખ્યો, આંગણે ઉભો રે એહ;
જીલે તરણું રે કાઢીયું, સાસુને પડયો સંદેહ. મુનિવર૦...૨

શ્રી જૈન શાસન એટલે સંસાર સાગરથી પાર પમાડનાર શાસન. શ્રી જૈન શાસનની કથાઓ એટલે વૈરાગ્ય રસની પ્રેરક-પોષક કથાઓ. વૈરાગ્યના રંગથી આત્માને રંગી નાખનાર કથાઓ ! આત્મામાં વૈરાગ્યની છોળો ઉડાડનાર કથાઓ ! આત્માને સંવેગ રંગતરંગમાં ઝીલાવનાર કથાઓ ! આપણને અનોખો આદર્શ બતાવી, આત્માને સદ્ધર્મમાં જોડી-સ્થિર કરનારી કથાઓ ! મહાપુરુષો અને મહાસતીઓની કથાઓ થી ભરપુર એવો કથાનુયોગ છે. જે વાંચતા જ આપણું હૈયું પુલકિત થાય છે, મન પ્રસન્ન બને છે અને આત્મા પુનીત થાય છે.

સતીઓમાં શિરોમણિ રત્ન એવા મહાસતી સુભદ્રાદેવીજીની સામાન્ય વાત કરવી છે. જૈન ધર્મના પરમાર્થને પામવા સાથે ધર્મમાં જ અતિ દૃઢ-ટેકીલી છે. મુશીબતોને

: સતી શિરોમણિ સુભદ્રા :

—શ્રી મંજુલાબેન રમણલાલ (અમદાવાદ)

મજેથી સહીને, સાસરિયાઓના મહેણા-ટોણાને પણ સહીને પોતાના ધર્મમાં જ મક્કમ રહેવું તે નાનીસૂની વાત નથી. 'જિનધર્મ જ તારણહાર છે, રક્ષણહાર છે, શરણભૂત છે' આવી અવિહડ શ્રધ્ધા આવ્યા વિના ધર્મમાં મક્કમતા આવવી સંભવિત નથી.

જગતમાં ધર્મના આરાધકોની જેમ, ધર્મના દ્વેષી જીવો પણ રહેવાના. ધર્મના દ્વેષી જીવો છિદ્રના અન્વેષી હોય જ. તેમાંય ધર્મીની મહત્તા સહી ન શકે એટલે તેના તરફ દ્વેષ દૃષ્ટિ હોય જ. તેનું ધ્યાન તેના દોષો તરફ જ ખામી શોધવામાં મશગૂલ હોય.

સતી સુભદ્રાદેવીજી પોતાના ધર્મની જ આરાધનામાં મસ્ત બની. સાધુ-સાધ્વીજીની ગોચરી-પાણીથી ભક્તિ કરતા. તેથી તેના સાસુ પણ પુત્રને ચઢાવતા કે—આ તારી સ્ત્રી સાધુઓ સાથે ક્રીડા કરે છે. તો પુત્રે બચાવ કર્યો કે આ શીલવતી છે માટે આવું કહેવું બરાબર નથી. પણ ધર્મદ્વેષી આત્માઓ આ વાત માને નહિ જ.

એકવાર એક મહામુનિ તેણીને ત્યાં વહોરવા આવ્યા. તેમની આંખમાં પવનથી ઉડેલું તૃણ પડેલું. પોતાના શરીરને વિષે નિસ્પૃહ એવા તેમણે કાઢયું કઢાવ્યું નહિ.

સતીએ તેમના નેત્રની પીડા જોઇ પોતાની લાઘવ કળાથી જીભથી તૃણ કાઢી નાખ્યું પણ પોતાના સેંથ.ના સિંદુરનો સ્પર્શ સાધુના કપાલે થયો. સાધુ તો ચાલ્યા ગયા. પણ તેની સાસુ જે તકની રાહ જોતી તે મલી. પોતાના પુત્ર બુધ્ધ દાસને તે બતાવી કહેવા લાગી 'આ તારી સતી સ્ત્રી !'

અશુભ કર્મના ઉદયે ખોટું કલંક આવ્યું. પણ સાચને કયારે આંચ આવતી નથી, સહન કરવું પડે તે બરાબર. બુધ્ધદાસ પણ સતી સ્ત્રીથી વિમુખ થયો. આવા કસોટીના કપરાકાળમાં જ ધર્મી આત્માઓની મનોહર મનોદશા સમજાય છે. ત્યારે મહાસતીજી વિચારવા લાગ્યા કે-'દોષના મુલરૂપ ગૃહસ્થાશ્રમમાં કલંક આવવું તે કાંઇ નવાઇ નથી. પરન્તુ સર્વ ઉપાધિથી શુદ્ધ એવા શ્રી જિનેશ્વર, દેવના શાસનમાં અકસ્માત્ અપવાદ પ્રાપ્ત થયો એ જ મારા હૃદયમાં ખેદ ઉપજાવે છે. માટે જયાં સુધી શ્રી જિનશાસન ઉપર આવેલું કલંક ઉતરે નહિ ત્યાં સુધી હું કાઉસ્સગ્ગને પારીશ નહિ.' શાસનદેવીનું ધ્યાન ધરી કાઉસ્સગ્ગમાં ઊભી રહી. તે જ વખતે ખેંચાયેલી શાસનદેવીએ પ્રત્યક્ષ થઇને કહ્યું કે-'હે વત્સે ! તપની જેમ તારા સત્ત્વથી ખેંચાયેલી હું આવી છું. માટે કહે બોલ તારું શું કામ કરું ?' મહાસતી સુભદ્રાદેવીએ પણ કાઉસ્સગ્ગ પાળી હર્ષથી પ્રણામ કરીને કહ્યું કે-'હે દેવિ ! જૈન શાસનને લાગેલું કલંક ઉતારો.' દેવીએ કહ્યું કે-'હે વત્સે ! ખેદ ન કર. તારી શુધ્ધિ વડે ધર્મની પ્રભાવના કરીશ.' આમ કહી શાસનદેવી અંતર્ધાન થઇ ગઇ. અને સુભદ્રાસતીજીએ બાકીની રાત્રિ શુભ ધ્યાનમાં પસાર કરી.

બીજે દિવસે સવારે દ્વારપાલોએ નગરીના દરવાજા ઉઘાડવા માંડયા પણ તે ઉઘડયા નહિ. ઘણાંજ પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફલ ગયા. આખા નગરમાં કોલાહલ મચી ગયો. બુદ્ધ રાજા આવ્યો. ડાહ્યા માણસોની સલાહથી રાજાએ પવિત્ર થઇ, ધૂપ-દીપ આદિ કરી, હાથ જોડીને કહ્યું કે-'હે દેવ અને દાનવો ! સાંભળો. તમારામાંથી જે કોઇ ક્રોધ પામ્યા હોય તે મારા ઉપર પ્રસન્ન થાઓ. અમારી ભૂલ માફ કરો !' તે જ વખતે આકાશવાણી થઇ કે-'જે કોઇ મહાસતી. કાચા સુતરના તાંતણાથી બાંધેલી ચાલની વડે કુવામાંથી પાણી કાઢી, ત્રણ અંજલી નગરના દરવાજાને છાંટશે તો તરત ઉઘડી જશે.'

આ સાંભળી રાજાની અંતઃપુરની, મંત્રી, શ્રેષ્ઠી આદિ નગરજનોની બધી સ્ત્રીઓ તૈયાર થઇ પણ તેમાંની એવી એક ન નીકળી જે પાણી કાઢવામાં વિલક્ષી ન બની હોય. અર્થાત બધી નિષ્ફળતાને પામી. આ જોઇને બધા હવે શું થશે ? તેવી ચિંતામાં પડી ગયા.

તેજ વખતે મહાસતી સુભદ્રાદેવીજી વિનયપૂર્વક મધુરવાણીથી પોતાની સાસુના

પગમાં પડીને કહ્યું-કે'હે માતા ! તમે રજા આપો તો હું મારા આત્માની પરીક્ષા જોવા માટે જાઉં.' સાસુએ હસીને મશ્કરીમાં કહ્યું-'તારું સતીપણું અમે પ્રથમથી જ જાણ્યું છે, માટે તું હવે અમને નગરવાસીજનોમાં વગોવીશ નહિ. એ બધી સતીઓ નગરના દ્વાર ઉઘાડવામાં સમર્થ બની નથી તો પછી નિરંતર જૈન સાધુની સેવા કરનારી તું ખરેખરા તે કૃત્યને કરવામાં સમર્થ થઇશ !' તો પણ મુંઝાયા વિના મહાસતીએ ફરીથી કહ્યું" માતા ! તમે કહ્યું તે તો યોગ્ય છે. કારણ શીલવ્રત પાલવું બહુ દુર્લભ છે. તો પણ હું તો પંચની સાક્ષીએ આત્મપરીક્ષા કરીશ.'

આમ કહી સ્નાનાદિ કરી પવિત્ર વસ્ત્રાદિ પહેરી, શ્રી નવકાર મહામંત્રના સ્મરણ પૂર્વક જ્યાં નગરજનો હતા ત્યાં ગઇ. પછી પોતાના ગુણ સરખા કાચા સુતર વડે ચાલણીને બાંધી. બધાના આશ્ચર્ય વચ્ચે, તેના વડે કુવામાંથી પાણી કાઢયું. તે જ વખતે રાજા પણ ત્યાં આવ્યો અને પ્રશંસા કરતાં કહેવા લાગ્યો કે-'હે સતી ! તમોએ ઘણું સારું કર્યું. હવે નગરના દરવાજાને ઉઘાડો.' તે પછી બધા તેને આગળ કરીને, રાજા, મંત્રી, સામંતો આદિ મહામાન્ય નગરજનોથી અનુસરાતી, રાજહંસ સમાન ગતિવાળી, વિકસીત મુખ કમલવાળી, બંદીજનોથી સ્તવાતી, વાજિંત્રોના મધુરનાદો વાગી રહ્યા છે તેવે વખતે તેણી પૂર્વના દરવાજા તરફ જઇ, શ્રી નવકાર મહામંત્રના સ્મરણ પૂર્વક તે જલની ત્રણ અંજલિ છાંટી. તે જ વખતે વિધથી આંધળા બનેલા મનુષ્યનાં નેત્ર, જાંગુલી મંત્રના જાપથી ઉઘડી જાય તેમ નગરનું દ્વાર ઉઘડી ગયું, આકાશમાં દેવદુંદુભિ વાગવા લાગી, બધા તેની પ્રશંસા કરવા લાગ્યા અને જૈન ધર્મનો જય જય શબ્દમય આકાશ બની ગયું. તે જ રીતના દક્ષિણ-પશ્ચિમ તરફના દરવાજાને ઉઘાડયા.

સાસુ આદિનો પૂર્વગ્રહ દૂર થઇ ગયો. બધા જૈન ધર્મમાં પ્રીતિવાળા બન્યા. મહાસતી સુભદ્રાદેવીજી ગૃહસ્થ ધર્મને પાળી અંતે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરી સદ્ગતિ ગામી થયા અને થોડા જ ભવોમાં મોક્ષને પામશે.

આ પ્રમાણે જે આત્માઓ મન-વચન અને કાયાથી નિર્મલ એવા શીલધર્મનું પાલન કરે છે તેઓ ઉપર પૂર્વકર્મના કારણે કલંકાદિ આવે તો તે પણ દૂર થાય છે, જગતમાં શાસનનો જયજયકાર થાય છે અને અંતે તેઓ પોતાનું કલ્યાણ સાધે છે.

શાસનને પામેલા સૌ પુણ્યાત્માઓ આ રીતના નિર્મલશીલધર્મના પાલક બની આત્મકલ્યાણને સાધનારા બનો !

મહાસતી સુભદ્રાદેવીજીને ત્રિકરણયોગે પુનઃ પુનઃ પ્રણામ કરી વિરમું છું.

जब देता कामान्ध नर सभी विवेक बिसार ।
पुत्रवधू की भूप ने सही सभी फटकार ।।

એક શેઠની પુત્રવધૂ બુદ્ધિમતી હતી, સાથેસાથ રૂપ સૌંદર્ય પણ ઘણું જ હતું. કહેવાય છે કે રૂપ અને બુદ્ધિ બેય કોઇ જ વિરલા આત્માને હોય છે. પણ આ બુધ્ધિમતી કેવી છે સોનામાં સુગંધ જેવી છે. કારણ રૂપ અને બુધ્ધિ બેય તેની પાસે છે. જેથી તેના પરિવાર પણ બહુ જ ખુશ હતો.

એક વાર શેઠના મનમાં પોતાના ધનની અભિલાષ આવી જેથી તેના મનમાં થયું હું રાજા અને સારા પરિવારને જમાડું જેથી બધાને ખ્યાલ આવે મારી પાસે ધન છે.

આ વાત સાંભળી વહુએ ના પાડી આવું આપણે નથી કરવું. પણ શેઠ માન્યા નહિ એટલુ જ નહિ શેઠે કીધું રાજાને ભોજન પણ તમારે પીરસવું જોશે. એમ કહી શેઠે રાજા અને પરિવારને જમવાનું કીધું.

બુદ્ધિમતી પુત્રવધુ

—પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.

જમવાના ટાઇમે રાજા મુખ્ય પ્રધાન સેનાધિપતિ પુરોહિત આદિ સાથે આવ્યા, રાજા વિ. જમવા બેઠા અને શેઠની પુત્રવધુ પીરસવા લાગી તો રાજા પીરસતી એવી શેઠની પુત્રવધુના રુપ લાવણ્ય દેખીને મુગ્ધ થઇ ગયો.

ભોજન કરી રાજા રાજમહેલમાં આવી ગયો પણ તેમના મનમાં શેઠની પુત્રવધૂના રૂપ લાવણ્ય બેસી ગયા, જેથી તેના વિચારમાં જ રાજા ચક્કરમાં પડી ગયા અને શેઠની પુત્રવધૂ કેમ મારી થાય, તે વાત મનોમનમાં મુંઝાવી રહી.

રાજાએ વિચાર કર્યો કોઇ બાનું કાઢી શેઠને ગુનેગાર કરૂં પછી વાંધો નહિ જેથી મન્ત્રીને શીખવી રાજાએ શેઠને બેલતું ઘી લાવવાનું કહ્યું શેઠ મુંઝાણા ગભરાયા, શેઠે પુત્રવધૂ પાસે આ વાત કરી કે રાજાનો હુકમ છે કે બેલતું ઘી લાવવાનુ, પુત્રવધૂને સમજમાં તરત આવી ગયું કે મને વસમાં લેવા માટે આ પ્રપંચ છે જેથી સસરાજીને કહે છે ગભરાવો નહિ. બધી વ્યવસ્થા હું કરી લઇશ પણ તમારે ઘરમાં જ રહેવાનું બહાર કયાંય ન જવું.

શેઠ બહાર ન જાવાનું નકકી કર્યું. જેથી રાજસભામાં પણ ન જતા ૨-૪ દિવસ શેઠ રાજસભામાં ન ગયા તો ત્યાંથી રાજાએ માણસ મોકલ્યો કે શેઠને બેલતું ઘી લાવવાનુ કહ્યું હતું હજુ લાવ્યા નથી. માણસે શેઠના ઘરે જઇ કહ્યુ. શેઠ કયાં છે ?

રાજાએ શેઠને બેલનું ઘી લાવવાનું કીધું હતું તો રાજાજી બોલાવે છે તો શેઠની પુત્રવધૂ બોલી–હા એ બેલનું ઘી લેવાને માટે જવાના હતા પણ એને (શેઠને) બચ્ચા થયા એટલે જચ્ચા ને બચ્ચા બેય સકુશલ પ્રસુતિ ઘરમાં છે.

સીપાઇએ કહ્યું–શું શેઠને પ્રસૂત્તિ થયા કરે છે, તો શેઠની પુત્રવધૂ બોલી તમે રાજાજીને પૂછો કે બેલને ઘી થયા કરે છે ? સીપાઇ રાજા પાસે જઇને બધી વાત કરી. રાજા અને મંત્રી બેય હૈરાન થયા. વળી વિચાર કર્યો કંઇ વાંધો નહિ, નાજી કિવસો છે વલી ફરી કહેવડાવ્યું ધૂમના ધોતિયા જોઇએ છીએ જેથી જ્યાં હોય ત્યાંથી શેઠ લઇ હાજર કરે તો શેઠની પુત્રવધૂએ કહ્યું ઘુમાડાના ધોતિયા જોઇએ તેટલા હાજર કરી શકાય છે પણ પવનનો સુત એટલે દોરો (ધાગો) જોઇએ માટે તમે મોકલજો, એટલે આપે કહ્યું. તે પ્રમાણે આપની આજ્ઞાનુસાર ધોતીયાં તૈયાર કરી મોકલી આપીશું.

રાજા નિરુત્તર થઇ ગયો, તો પણ મનને સમજાવી ન શકયો ફરી શેઠને બોલાવીને ચાર વ્યકિતયોને દરબારમાં હાજર કરવા માટે કહ્યુ ૧ ભોળો ૨ સાણો ૩ લુચ્ચો અને ૪ નમકહરામ.

આ અવસરે શેઠની પુત્રવધૂતો ગૌરવપૂર્વક શેઠને લઇને રાજસભામાં પહોંચી અને કહ્યુ રાજાજી આપની સામે ચાર વ્યકિત હાજર છે કહીને બોલી :–

ભોલા મારા સસરાજી, ઘરમાં સાણી હું । લુચ્ચો તારો કામદાર, નમકહરામી તું ॥

ભોળા તો મારા સસરાજી છે. જેને મેં ના પાડી હતી કે રાજાજીને ઘરે નહિ બોલવવા. તો પણ તેમણે આપને બોલાવ્યા અને હું શિયાણ કે સાણી હું છુ અને લુચ્ચા આપના કામદાર છે વળી નમકહરામી આપ છો.

અમારા ઘરનુ નમક ખાઇને પણ આપ મારા ઉપર ખરાબ દૃષ્ટિ રાખી રહ્યા છો. આપને વિચાર થવો જોઇએ કે પિતા બનીને 'કારણ રાજાએ પ્રજાનો પિતા' તો આપ મારા પિતા બનીને પુત્રી એવી હું તો આપ મારા પર બુરી નજર રાખો છો છી.છી.છી.

રાજા તો સાંભળીને જાણે કાન ન કપાયા હોય તેમ થઇ ગયું. અને સાંભળવાવાળા અને જોવાવાળાને મુખ પર એક જ વાત ને ચર્ચા શેઠની પુત્રવધૂએ ગજબ કરી.

શેઠની પુત્રવધૂ ચતુર અને હોશિયાળ હતી એવું નહિ પણ તેના મનના શીયલ એ સર્વસ્વ હતું જેથી તેને પહેલેથી પોતાના સસરાને રાજા બાબત ના પાડી, ભોળા શેઠે વાત ધ્યાનમાં ન લીધી, તો આફતમાં આવ્યા, પણ પુત્રવધૂ હોશિયાર હતી સાથે વિનય વિવેક હતા, નહિતર સસરાજીને પણ કહી શકે ને મે પહેલેથી જ આપને ના પાડી ને ન માન્યા હ્યો હવે ઉકેલ કરો. તેમ ન કર્યું ને બધા રસ્તા કાઢયા પોતે શીયલ સાચવ્યું ને સસરાજીને પાર ઉતાર્યા. શીલવાન ગુણવાન સદા જય પામે છે.

ચંપા નગરીમાં દધિવહન નામે રાજા રાજ્ય કરતો હતો તેને ચેટક રાજાની પુત્રી પદ્માવતી નામે પ્રિય પટ્ટરાણી હતી તે રાણી ગર્ભવતી થતાં દોહદ ઉત્પન્ન થયો કે હું પુરૂષનો વેષ ધારણ કરૂં, મારા પતી મારા પર છત્ર ધારણ કરે અને હું હાથી પર બેસી બગીચામાં ફરૂં આ દોહદ રાજાને કહી શકી નહિ તેથી તે દુર્બળ થવા લાગી, રાજાએ દુર્બળતાનું કારણ પૂછતાં તેણે દોહદની વાત કરી, રાજાએ રાણીના કહેવા મુજબ તેને હસ્તિ પર બેસાડી તેના મસ્તક પર છત્ર ધારણ કરતો રાજા પાછળ બેઠો તે સમયે મેઘ વરસવાથી વનનાં પુષ્પોની ગંધથી અને જળથી ભીંજાયેલી માટીની ગંધથી હાથી ઉન્મત્ત થઇ અટવી તરફ દોડવા લાગ્યો, પાછળ ઘોડેસ્વારો અને સૈનિકો દોડયા પણ હાથીને પહોંચી શકયા નહિ એ હાથી જંગલમાં ઘણો દૂર ગયો જાણી રાજાએ રાણીને કહ્યું કે આગળ જે વડ આવે છે તેની એક શાખા તું પકડીને ટીંગાજે હું પણ ડાળી પકડી લઇશ પછી ભલે હાથી ગમે ત્યાં જાય વડ આવતાં રાજાએ ડાળ પકડી લીધી પણ રાણી સગર્ભા હોવાથી ડાળ પકડી શકી નહી. તેથી હાથી તેણીને ઘણે દૂર જંગલમાં લઇ ગયો. રાજાનું સૈન્ય આવતાં રાજા દુઃખીત હૃદયે ચંપાનગરીમાં ગયો અને હાથી સરોવરમાં પાણી પીવા ઉતરતાં રાણી વૃક્ષની શાખાને પકડી નીચે ઉતરી.

卐 પદ્માવતી 卐

— પ્રેષક —

પૂ.સા.શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.

તે વિચારવા લાગી કે હિંસક પ્રાણીઓથી પ્રમાદવશાત્ મારૂં મૃત્યું થાય તો દુર્ગતિ થશે, એમ માની અપ્રમત્ત બની આરાધના કરવા લાગી. સર્વ જીવોની ક્ષમાપના દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના અને ચાર શરણાંને યાદ કરવા લાગી પછી મનમાં નવકારનું સ્મરણ કરતી એક દિશા તરફ જવા લાગી ત્યાં આવેલ તાપસે તેને જોઇ પૂછયું કે હે વત્સે ? તું કોની પ્રિયા છે અને કોની પુત્રી છે ? તે કહે અમારાથી કોઇ જાતનો ભય રાખીશ નહિ રાણીએ તાપસને બધી હકીકત કહી. ત્યારે તાપસે કહ્યું કે ચેટક રાજા મારા મિત્ર હતા. તેથી આ તારૂં પોતાનું ઘર સમજી આશ્રમમાં આવીને રહે. એમ કહી તાપસ પોતાના આશ્રમે લઇ ગયો અને ફળાહાર કરાવી તેની ક્ષુધાશાંત કરી પછી તે તાપસ રાણીના દેશને સીમાડે મુકી આવ્યા અને કહ્યું કે, હળ ખેડેલી સદોષ ભૂમિ અમારે ઓળંગાય નહી તેથી હું અહીંથી પાછો જઇશ. આ માર્ગ દંતપુર જાય છે દંતપુરમાં દંતવકત્ર રાજા છે ત્યાંથી સારો સાથ મળે તેની સંગાથે તારા દેશમાં જે જે એમ કહી તાપસ પોતાના આશ્રમે ગયો.

રાણી અંતપુરમાં જઇ એક સાધ્વીઓનો ઉપાશ્રય જોઇ તેમાં ગઇ સાધ્વીએ પૂછતાં

તેણીએ પોતાની બધી હકીકત કહી પણ પોતાને ગર્ભ રહ્યો છે તે વાત કરી નહી અને સાધ્વીના ઉપદેશથી તે જ વખતે દીક્ષા ગ્રહણ કરી થોડા વખત પછી તેનું ઉદર વધેલું જોઇ સાધ્વીએ પૂછયું, ત્યારે તેણીએ કહ્યું કે વ્રત લેવામાં વિઘ્ન થાય તેથ કહ્યું નહી. સાધ્વીએ તેને એકાંત પ્રદેશમાં રાખી દિવસો પસાર કર્યા તે પદ્મવતી સાધ્વીને પુત્ર જન્મ્યો. તે પુત્રને રાતા ધાબળામાં વીંટી પિતાની નામવાળી મુદ્રિકા ચિન્હિત કરી સ્મશાનમાં મૂકી આવી. ત્યાં સ્મશાનનો રખેવાળ ચંડાળ આવ્યો ને ધાબળામાં વીંટેલા બાળકને જોઇ પોતાના ઘેર લઇ જઇ પત્નિને સોંપ્યો આ બધું ગુપ્ત રીતે ઉભી રહેલી સાધ્વીએ જોયું પછી તેણે ઉપાશ્રયે આવી ગુરીણીને કહ્યું કે મને મરેલું બાળક અવતરેલું હતું તેથી સ્મશાનમાં મૂકી આવી છું.

ચંડાળે તે બાળકનું ઘણું તેજ જોઇ તેનું અવણિંક નામ પાડયું. સાધ્વી પણ પુત્ર સ્નેહને લીધે ચાંડાલવાસમાં જઇ પુત્રની ખબર હેતી આવે છે પુત્રને આખા શરીરે ખંજવાળ આવતી જોઇને તેણીએ વિચાર્યું કે મેં ગર્ભવાસમાં શાકાદિનું બહુ ભોજન કરેલું તેનું આ પરીણામ છે. હવે તે બાળક રમતમાં બીજા છોકરાઓને કહે છે કે હું તમારો રાજા છું તમે મારા સામંત છો, તેથી મને તમારે કર આપવો જોઇએ માટે મારા શરીરે ખણો આમ કહી પોતાના શરીરને ખણાવતો હોવાથી તેનું કરકંડું નામ પાડયું. સાધ્વી તેના માટે મોદક વગેરે વહોરી લાવી તેને અવરાવતી અને રાજી થતી હતી. એમ કરતાં તે બાળક છ વર્ષનો થતાં તેના પિતાએ સ્મશાનની રક્ષાનું કામ તેને સોંપ્યું.

એક વખતે તે બાળકે ત્યાંથી જતા બે સાધુને પરસ્પર વાત કરતા સાંભળ્યા કે આ સ્મશાનમાં ઉગેલો વાંસ મૂળથી ચાર આંગળ કાપીને પોતાની પાસે રાખે તો અવશ્ય રાજા થાય. આ વાત ત્યાં ઉભેલા એક બ્રાહ્મણે પણ સાંભળી તે વાંસ કાપીને લઇ જવા મંડયા. ત્યારે તેના હાથમાંથી કરકંડુએ ઝુંટાવી લઇ કહ્યું કે મારા સ્થાનમાં ઉગેલો વાંસ તું કેમ લઇ જાય છે ?

પછી તે બંને વચ્ચે કજીયો થતાં તેઓ નગરના અધિપતીઓ પાસે ગયા. તેઓએ બાળકને કહ્યું કે આ વાંસને તારે શું કરવું છે ? તેથી તેણે કહ્યું કે એ વાંસ મને રાજ્ય અપાવશે. અધિકારીઓ હસીને તે બાળકને કહેવા લાગ્યા કે ભલે વાંસ તુ લે પણ જ્યારે તને રાજ્ય મળે ત્યારે એક ગામ આ બ્રાહ્મણને જરૂર આપજે.

બાળકે તે વાત કબૂલ કરી વાંસ લઇ પોતાને ઘેર ગયો પેલો બ્રાહ્મણ બીજા બ્રહ્મણો સાથે મળીને કરકંડુને મારવાની તૈયારી કરતા જોઇ તેનો ચંડાળ પિતા પોતાનાં ઝીરા છોકરાં લઇને આ દેશ છોડી પરદેશ ચાલ્યા ગયા, અને કંચનપુર આવ્યા, ત્યાંનો રાજા અપુત્રીઓ ગુજરી જવાથી મંત્રીઓએ ઘોડાને અધિવાસિત કરી છૂટો મૂકયો તે

ઘોડો નગર બહાર જ્યાં ચંડાળ કુટુંબ સુતું હતું ત્યાં આવી કરકંડુ સામે જોઇ હેષારવ કર્યો એટલે નાગરિકોએ કરકંડુને શુભ લક્ષણવાળો જાણી જય જય શબ્દ કર્યો વાજીંત્રો વાગ્યાં, તેના મસ્તક પર છત્ર ધરાયું મંત્રીઓએ નવાં વસ્ત્ર પહેરાવી કરકંડુને ઘોડા પર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો.

બ્રાહ્મણો આ તો મ્લેચ્છ છે એમ કહી તેની અવગણના કરવા લાગ્યા, ક્રોધ પામેલા કરકંડુએ પોતાની પાસે જે દંડ હતો તે ઉગામ્યો એટલે તેના અધિષ્ઠાયિક દેવોએ આકાશવાણી કરી કે જે કોઇ આ રાજાની અવગણના કરશે તેના મસ્તકે આ દંડ પડશે, આમ કહી કરકંડુ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી ? તે જોઇ બ્રાહ્મણો કરકંડુની સ્તુતી કરવ લાગ્યાં અને આશીર્વાદ આપવા લાગ્યા. કરકંડુએ બ્રાહ્મણોને કહ્યું કે આ બધા ચંડાળોને સંસ્કાર આપીને બ્રાહ્મણ બનાવો. કારણ તમારા શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જાતિથી બ્રાહ્મણ નહિ પણ સંસ્કારથી બ્રાહ્મણ કહેવાય છે.

આથી ભયભીત બનેલા બ્રાહ્મણોએ રાજાના હુકમથી બધા ચંડાળોને બ્રાહ્મણ બનાવ્યા મંત્રીઓએ કરકંડુનો રાજ્યાભિષેક કર્યો તે બહુ પ્રતાપી થયો. તેની ખબર પડતાં પેલો બ્રાહ્મણ કરકંડુ રાજા પાસે આવ્યો, રાજાએ તેને ઓળખી વરદાન માગવા કહ્યું. તેણે કહ્યું કે, ચંપાનગરીમાં મારૂં મોટું ઘર છે, તો તેની નજીકનું કોઇ ગામ આપો કરકંડુએ ચંપાનગરી દધિવાહન પર આજ્ઞા પત્ર લખ્યો કે આ બ્રાહ્મણને એક ગામ તમારા દેશમાંનું આપશો. દધિવાહન રાજાએ ઇન્કાર કરતાં કરકંડુ ક્રોધ પામ્યો ને પોતાના તમામ સૈન્ય સાથે ચંપાનગરી આવી શહેરને ઘેરો ઘાલીને રહ્યો, દધિવાહન પણ રક્ષણ માટે કિલ્લામાં બધો બંદોબસ્ત કરી બહાર સૈન્ય લઇને લડવા માટે આવ્યો.

યુદ્ધની વાત સાંભળી કરકંડુની માતા પદ્માવતી સાધ્વી કરકંડુ પાસે આવી કહેવા લાગી કે કરકંડુ ! હું તારી માતા છું અને દધિવાહન રાજા તારા પિતા છે. અને જે ચંડાળ માતાપિતા છે તે તો પાલક માતપિતા છે. એમ કહીને મુદ્રારત્ન બતાવી સાચી વાત સમજાવી છતાં કરકંડુ પિતાને નમવા તૈયાર થયો નહિ. તેથી સાધ્વી દધિવાહન રાજા પાસે ગઇ અને કરકંડુ તમારો પુત્ર છે એમ કહી બધી હકીકત સમજાવી.

દધિવાહન રાજા પ્રસન્ન થયો અને પોતે ચાલીને કરકંડુની પાસે આવ્યો અને વત્સ ઉઠો કહીને તેણે આલિંગન આપી ભેટી પડયો. કરકંડુ પણ પિતા જાણી દધિવાહને નમી પડયો પછી દધિવાહને પોતાનું રાજ્ય કરકંડુને આપી દીક્ષા ગ્રહણ કરી.

કરકંડુ બંને રાજ્યનું પાલન કરતો ચંપાનગરીમાં રહેવા લાગ્યો.

કરકંડુને ગાયોના ટોળાં બહુ જ ગમતાં હોવાથી ઘણાં ગોકુળ બનાવ્યાં હતા. તે

એક વાછરડાને સ્ફટિક સમાન જોઇને ગોવાળોને ભલામણ કરી કે આ વાછરડાને પેટ ભરીને ધવરાવજો હવે તે વાછરડો ખુબ રૂષ્ટ પુષ્ટ બની બીજા બળદોને ત્રાસ આપતો હતો. છતાં રાજા તેના પર પ્રેમ દર્શાવતો હતો ?

રાજા કેટલાક વર્ષ સુધી ગોકુળમાં જઇ શકયા નહી. એક વખત તેમનો વાછરડો યાદ આવતા તે ગોકુળમાં ગયા અને તેના દેખવાથી ગોવાળોને પૂછતાં જીર્ણ વૃદ્ધ અને પડી ગયેલા દાંતવાળો તે વાછરડો બતાવ્યો. આ ઉપરથી રાજાને વૈરાગ્ય થયો કે સંસાર અનિત્ય છે. જે વસ્તુ આજે સુંદર દેખાય છે તે કાળે કરીને ખરાબ થઇ જાય છે. અને અયળ વસ્તુ સારી થઇ જાય છે. પર્યાયો ફર્યા કરે છે. મોક્ષ અવસ્થામાં ફેરફાર થતો નથી. સાદી અનંત સ્થિતિ મોક્ષમાં જ છે. એમ વિચારી તેઓ પ્રત્યેકબુદ્ધ વૈરાગી થયા શાસન દેવીએ તેમને સાધુ વેશ આપ્યો.



જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

जह जउगोल्लो अगणिस्स णाइदूरे ण आवि आसन्ने।
सक्कइ काऊण तहा संजमगोलो गिहत्थाणं ।।

જેમ લાખનો ગોળો અગ્નિથી બહુ દુર નહિ તેમ કે બહુ નજીક નહિ તેમ રખાય છે તેમ સંયમ રૂપી ગોળો ગૃહસ્થ રૂપી અગ્નિથી બહુ દુર નહિ તેમ બહુ નજીક પણ નહિ તેમ રાખવો જોઇએ. બહુ નજીક રાખવાથી સંયમ ગોળો પીગળી જાય—નાશ પામે અને બહુ દુર રાખવાથી કઠણ થઇ જાય.



ભગવતી પેપર માર્ટ
રાજકોટ

જૈન શાસન સદા વિજયવંતુ છે.

સોહામણું છે, રળિયામણું છે. મનોહર છે.

તે જૈન શાસનમાં અનેકાનેક આત્માઓ પરમાત્માની આજ્ઞાની-પગદંડી પર વિહરતાં આ ભયાનક ભવસાગરનો પાર પામી ગયા છે. મુખ્યમાર્ગ પરમાત્માનો સાધુધર્મ છે. તે પામવાની શક્તિ ન હોય તો બીજા નંબરમાં શ્રાવકધર્મ છે.

શ્રાવક-શ્રાવિકા તેને જ કહેવાય જે ક્ષણેક્ષણ સર્વવિરતિ માટે તલસતો હોય, જેમ નિર્ધનને ધનનો કેવો તલસાટ હોય ? નવોઢા સ્ત્રીને પતિનો કેવો તલસાટ હોય, તેવો તલસાટ શ્રાવક-શ્રાવિકાને હોય, એટલે ક્રમે ક્રમે અવિરતિના બંધનને તોડવામાં ને સર્વવિરતિના શુભ બંધનોમાં જોડાવાનો પ્રખર પુરૂષાર્થ હોય. છેવટે સર્વથા કર્મથી મુકત બની શાશ્વતી આનંદની ઘડીઓમાં સદાય માટે સ્થિર બની જાય તેવો પ્રયત્ન હોય.

અત્ર જૈન રત્ન શ્રમણોપાસિકા વિશેષાંકમાં સુશ્રાવિકા જયંતી શ્રાવિકાને સ્મૃતિપથમાં લઇ આગળ વિહરીએ.

જ્યાં શ્રી સર્વજ્ઞ ભગવંત ત્રણલોકના નાથ પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવંત

જૈન રત્ન શ્રમણોપાસિકા શ્રી જયંતી શ્રાવિકા

—આલેખિકા : પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજી. મ. ઘાટકોપર (વેસ્ટ)

વિચરતાં હતાં તે સમયે વિચરતાં વિચરતાં ભગવાન મહાવીર પરમાત્મા કૌશાંબી નગરીમાં પધાર્યા.

જે નગરી વત્સ દેશની રાજધાની હતી. કૌશાંબીનું રાજકુટુંબ પરમાત્મા પ્રત્યે સવિશેષ ભક્તિભાવ ધરાવતું હતું. અને સાંસારિક સંબંધે પણ નીકટપણું હતું.

શતાનિકનો પુત્ર ઉદયન એ વખતે કૌશાંબીનું શાસન ચલાવતો હતો. જ્યારે પરમાત્મા પધાર્યા ત્યારે ઉદયને ભવ્યાતિ-ભવ્ય પરમાત્માનો સત્કાર સન્માન કરેલ.

પરમાત્મા ચંદ્રોત્તરાવણ નામના ઉદ્યાનમાં ઉતરેલ હતા.

એકવાર ઉદયનકુમાર, તેમની માતા અને તેની ફોઈ જયંતી શ્રાવિકા ભગવાનના દર્શને ગયા. ભગવંતના શ્રીમુખેથી કેટલોક ધર્મોપદેશ સાંભળ્યો. બાદ તેઓ પાછા ફર્યા.

પણ જયંતી શ્રાવિકાને કેટલીક શંકાઓનું સમાધાન મેળવવાનું હોઇ તેઓ ત્યાં રોકાયા. એવું તે આ શ્રાવિકાને શું પૂછવું હશે ? તે પરમાત્માને પૂછવા રોકાઇ.

સામાન્ય રીતે સ્ત્રીઓને મોટા ભાગે પોતાના ઘરની–પરિવારની–કહેવાની ચિંતા સિવાય બીજી ચિંતા હોતી નથી. કાં તો પોતાના શરીરના દર્દ–રોગ વગેરેની ચિંતા હોય, કાં પુત્ર કે પતિના સંબંધમાં ઉદ્વેગ હોય, અગર બીજી કોઇ પણ આપત્તિ માથે ઝઝુમતી હોય, તેના લીધે આત્મામાં અશાંતિ જ ઉભરાતી હોય, તે બધાના નિવારણ માટે ઉપાયો શોધતા હોય, પણ આત્મચિંતાની વાતો કે આત્મચિંતાના વિચારોને કયાંથી અવકાશ હોય ?

શ્રમણોપાસિકામાં રત્નરુપ જયંતી શ્રાવિકા પરમાત્માની પરમ અનુરાગિણી હતી, પરમાત્મા પ્રત્યે અડગ શ્રધ્ધા ધરાવનારી હતી, જીવાદિ તત્ત્વોની જાણનારી હતી. તેનો સમ્યગ્દર્શનનો દીવડો ચોતરફ પ્રકાશના પુંજ ફેલાવતો હતો.

જયંતી પરમશ્રાવિકા, પરમાત્માને કોઇ સંસારી અંગત જીવનના પ્રશ્નો પૂછતી ન હતી, સંસારના સુખ દુઃખ, સગવડ અગવડ–આપત્તિ સંપત્તિ–ભરતી ઓટ વગેરેની પરિપૂર્ણ જાણકાર હતી, એટલે જીવનની મુશ્કેલીઓ તેને મુંઝવતી ન હતી.

એને તો જાણવું હતું ભારેકર્મી અને લઘુકર્મી કોણ કહેવાય ? એટલે શ્રાવિકાએ પૂછયું, ભગવન્ ? જીવો ભારેકર્મી કેમ થતાં હશે ? ભગવંતે જવાબ આપ્યો હે જયંતી ?

હિંસા જૂઠ ચોરી મૈથુન પરિગ્રહ—ક્રોધ માન માયા લોભ રાગ–દ્વેષ કલહ અભ્યાખ્યાન ચાડી ચુગલી રતિ અરતિ પરપરિવાદ માયા–મૃષાવાદને મિથ્યાત્વશલ્ય એ અઢાર દોષો એવા છે જે જીવોને ભારે બનાવે છે.

જયંતી સમજી ગઇ ભારેકર્મી કોને કહેવાય ? અને સમજી કે આવા કુસંસ્કારોથી જ આત્મા ભારે બને છે. માટે અહિંસા સત્ય આદિ ધર્મોનું સેવન કરવું જોઇએ.

જયંતી શ્રાવિકાએ બીજો પ્રશ્ન પૂછયો,

ભગવન્ ? જીવોને ભવસિદ્ધિપણું સ્વભાવથી હશે કે પરિણામથી ? ભગવંતે કહ્યું, સ્વભાવથી જ છે. પરિણામથી નહિં.

વળી પૂછે છે ભગવન્ જો સર્વ ભવસિદ્ધિક જીવો સ્વભાવથી જ યોગ્યતા વાળા હોય તો ગમે ત્યારે પણ બધા જીવો મોક્ષે જવાના.

ત્યાર પછી મોક્ષની યોગ્યતાવાળા કોઇ આ જગતમાં નહિ રહે ! મોક્ષની અયોગ્યતાવાળા એવા જ જીવો રહેવાના ને ?

ભગવંતે કહ્યું, ના, એમ નથી. આકાશની અનંત શ્રેણીમાંથી પરમાણુ–પુદ્ગલ જેટલા ખંડ કાઢતાં કાઢતાં અનંતકાળ વીતી જાય તો પણ તે શ્રેણી કદાપિ ખાલી ન

થાય, તે પ્રમાણે બધાય ભવસિદ્ધિક જીવાત્માઓ સિદ્ધ થવાની યોગ્યતા વાળા છે તો પણ લોક ભવસિદ્ધિક જીવ વિનાનો થાય નહિં.

વળી જયંતી પ્રશ્ન પૂછે છે, ભગવન્ ! જીવ સૂતો સારો કે જાગતો ? ભગવન્ કહે છે, અધર્મી પ્રાણીઓ, જે બીજાને દુઃખ આપે છે, પાપની પ્રવૃત્તિમાં ડુબેલા છે, તેવા માનવીઓ સૂતેલા સારા, બીજાઓ જે પાપથી ડરનારા છે, ધર્મકરણીમાં રંગાયેલા છે, બીજાને સાચી ને શાણી આત્મહિતચિંતક દોરવણી આપનારા છે, તે જીવો જાગતા સારા.

વળી આગળ પૂછે છે, હે પરમાત્મા ? સબળપણું સારૂં કે નિર્બળપણું સારૂં ? ઉદ્યમીપણું સારૂં કે આળસુપણું સારૂં ? ભગવંતે કહ્યું, અધર્મીનું આળસુપણું ને નબળાઈ સારી. ધર્મીનું ઉદ્યમપણું ને સબળપણું સારૂં...

આ રીતે પરમશ્રમણોપાસિકા જયંતીએ પરમાત્માને વિવિધ પ્રશ્નો પૂછી મનનું સમાધાન મેળવ્યું.

કેવી પરમ શ્રદ્ધાવાન ? પરમાત્મા પર કેવો અનહદ ભક્તિ રાગ ? વૈભવવંતા અંતઃપુરમાં રહેનારી હોવા છતાં કેવી જિજ્ઞાસુ ? ને કેવી આત્માની ચિંતાવાળી ? સંસાર જેને રોમે રોમે ભુંડો લાગે છે, રહેવા જેવો નથી જ. ભયંકર ખતરનાક છે, આવા હળુકર્મી આત્માઓને જ પરમાત્મા મળ્યા ને ફળ્યા.

તે સમય એવો હતો કે ભલભલાના મનને શંકાના વમળમાં ફસાવી દે એવા સેંકડો પાખંડીઓની હારમાળા મોજુદ હતી. છતાંય પરમ શ્રાવિકા જયંતી પરમાત્માની વાણીના ઘુંટ ઘુંટનું અમૃત પાન કરતી, આત્મધ્યાનમાં મસ્ત હતી. કોઈના ફંદામાં ફસાતી ન હતી, ફસાઈ નહિં.

આજના કાળની ગણાતી સુશ્રાવિકાઓએ જયંતી શ્રાવિકાની અડગ શ્રધ્ધાને ધ્યાનમાં લઈ મિથ્યાત્વીઓના ફંદામાં ફસાવું નહિ. ખાસ ખ્યાલ રાખવો.

જૈન સાધુના વેષમાં પણ સુગુરૂઓ કહેવાતાઓથી પણ સાવધ રહેવાનો સમય આવી ગયો છે.

પ્રાંતે જયંતી શ્રાવિકાએ પરમાત્મા પાસે પુનિત પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. અગિયાર અંગનો અભ્યાસ કર્યો. અંતે અણસણ સ્વીકારી સઘળા કર્મોનો ક્ષય કરી અજર અમર અવ્યાબાધ સુખની ભોકતા બની !

આપણે પણ સૌ આ રીતે સકલ કર્મોનો ક્ષય કરી–કયારે શાશ્વતા સુખના સ્વામી બનીએ ! એ જ અભ્યર્થના.

આજથી લગભગ ૮૭૦૦૦ વર્ષ પહેલાં શ્રી નેમિનાથ પ્રભુ પૃથ્વીપટને પાવન કરતા કરતા એક વખત દ્વારિકામાં પધાર્યા. ઉદ્યાનમાં સમોસરેલા પરમાત્માને જોઈને વનપાલક રાજીરાજી થઈ ગયો. શ્રી કૃષ્ણ મહારાજાને વધાઈ આપવા તે દોડી ગયો. વધાઈ સુણીને શ્રી કૃષ્ણ મહારાજાએ સારાય નગરમાં ઘોષણા કરાવી અને પોતાની પટ્ટરાણી સહીત પ્રભુજીને વાંદવા ચાલ્યા. ત્રણ પ્રદક્ષિણા અને પંચાંગ પ્રણિપાત પૂર્વક વંદન કરીને ભગવાન શ્રી નેમિનાથની રૂડી ને રઢીયાળી વાણી સાંભળવા બેઠા. સાકરથી પણ અધિક મીઠી ને મધુરી દેશનાના અંતે પટ્ટરાણી શ્રી રુકમણી દેવીએ ઉભા થઈને વિનય પૂર્વક પ્રભુજીને પ્રશ્ન પુછયો.

'આજે સમય જુદો થઈ ગયો. અમુક આચાર્યો કે મહાત્માઓ ચાલુ પ્રવચનમાં બહેનોને પ્રશ્ન પૂછે છે. બહેનો પણ રાજી થઈને પોતાની વિદ્વતા બતાવવા માટે ઉત્તરો આપે છે. વળી કોઈ શંકા-કુશંકા પડે તો ભરસભામાં પ્રશ્ન પણ પૂછી લે છે. ને આચાર્ય ભગવંત કે મુનિશેખર તેનો ઉત્તર પણ મઝેથી આપે છે. આ જોઈને એક ભાગ્યશાળીએ પ્રશ્ન કર્યો, હે ભગવંત ! સુશ્રાવિકાઓને પ્રવચનમાં પ્રશ્ન પૂછાય ખરો ? તેઓથી આપશ્રીને પણ પ્રશ્ન પૂછી શકાય ખરો કે ઉત્તર પણ આપી શકાય ખરો ?

'કર્મ ભોગવવા પડશે ?'

–શ્રી રત્નપ્રજ્ઞ

ત્યારે મહાન્ આત્મા ગાડી ઉંધે પાટે લઈ જતાં બોલ્યા, તમારે કયાં કોઈને ભણવું છે ? તમે સૌ ભણેલા છો ! આ બહેનો તો ભણેલી છે. તેઓ સાચો અને સચોટ ઉત્તર આપી શકે તેમ છે, તમે તો બધા બારખડીનો ચૌદમો અક્ષર છો. તમારી આગળ પ્રવચન કરવું એટલે સેંસ આગળ ભાગવત કરવા જેવું છે. આવા પથ્થરાં ફેંકીને શા માટે વ્યાખ્યાન ડોળાવો છો ? તમને આવડતું હોય તો આપો મારા પ્રશ્નના જવાબો ? કોઈની પ્રગતિ થતી હોય તો શા માટે અંતરાય કરો છો ? તમારા પેટમાં દુઃખતું હોય તો કાલથી...? પૂર્વના મહાપુરુષોનો ઇતિહાસ જાણો છો ? તેઓએ શું શું કર્યું છે તે જાણો છો ? જાણતા કશું જ નથી ને ખાલી ખોટા તરંગતુક્કા કરે જાવ છો.

ખરેખર, ભગવાને જે કર્યું તે આપણે નથી કરવાનું પરંતુ ભગવાન જે કહી ગયા છે તે પ્રમાણે આપણે કરવાનું છે. શ્રાવિકાઓને તથા શ્રાવિકાઓથી પ્રવચનમાં પ્રશ્ન પૂછી શકાય જ નહી ને ઉત્તર પણ આપી શકાય જ નહી. જાહેરમાં આ રીતે શ્રાવિકાઓ સાથે પ્રશ્નોત્તર કરવાથી શ્રી જૈન શાસનની ઘણી મોટી હીલના થાય છે.'

રૂક્મણી પૂછે છે કે હે ભગવંત ! મને પુત્રનો વિયોગ કયા કારણસર થયો ? પૂર્વભવમાં એવા શા કર્મો મેં કર્યા હશે ? પુત્રની યાદ ભુલાતી નથી. યાદ આવતાં આંસુઓ અનરાધાર વહી જાય છે. હે કૃપાળુ ! આપ કૃપા કરો. મારી સમાધિ જળવાઈ રહે તેવું કાંઈક કહો !

કેવળજ્ઞાની શ્રી નેમિનાથ પ્રભુ બોલ્યા, હે ભાગ્યવંતી ! હું તમારે પૂર્વભવ કહીશ. તમે જે પૂર્વ ભવમાં કર્મ બાંધ્યા છે તેના ફળ તમારે જ ભોગવવાના છે. કીધાં કર્મ ભોગવ્યા વગર છૂટતાં નથી.

પૂર્વભવમાં તમે એક રાજાની રાણી હતા અને પાછાં પ્રીતિપાત્ર પણ હતા. વહાલા એવા તમને એક વખત વનમાં ટહેલવાનું મન થયું. તમારા મનોરથ પૂર્ણ કરવા તમે રજા સાથે વનમાં ભમવા લાગ્યા. ફરતા ફરતા તમારા ચકોર નયનોએ એક ઘટ્ટાદાર સહકારને [આંબાનું વૃક્ષ] જોયો. તે સહકારમાં એક મોરલી વિહાણી હતી. સાત રંગોથી રંગાયેલા અને અદ્‌ભૂત ચિત્રામણ કરેલા ઈંડા જોઇને તમારી કાળી ભમ્મર કીકીઓ નાચવા લાગી. તમારા હાથ તેને પકડવા થનગની ઉઠયાં. ચોર ચાલે ચાલતા તમે ઈંડા પાસે પહોંચી ગયા. કોમળ સ્પર્શના વડે તમારા હાથે તે ઈંડા ગ્રહણ કર્યાં. ચારેય કોર ફેરવી ફેરવીને જોતાં તમારી રોમરાજી વિકસવા લાગી. તમારા નયનો મટકું પણ મારતા નથી. મનોહર ચિત્રામણ અને સપ્તરંગી ઈંડાને ઘરાઇ ઘરાઇને નિરખી લઉં તેવા ભાવો હૃદયકમલમાં ઉછરવા લાગ્યા. આપશ્રીના નાજુક હાથો ઈંડાને રમાડી રહ્યા છે તેવું અદ્ધર બેઠેલી મોરલીની તિરછી નજરમાં ઉતરી ગયું.

હાય, મારું બગ્યું ! અરે, મારા દિકરા ! શું તે મારા બાળકને લઇ જશે ? કંઈક દેવને ઓલંબા આપીને પુત્ર લીધો. ઝુરી ઝુરીને પુત્ર મેળવ્યો. હવે મારૂં શું થશે ? મારૂં ચિતડું વિકલ્પ-સંકલ્પમાં તણાઇ જાય છે. વિલયના વિકલ્પોએ મોરલીને શોર-બકોર કરતી કરી દીધી.

તમારા નાથ તમારી સાથે હતા. તેઓ સ્થિર બનીને તમારી ચેષ્ટા અને મોરલીનો કાળો કલ્પાંત નીહાળી રહ્યા હતા. ત્યાં એકાએક ઈંડાનો સપ્ત રંગ ગાયબ થઇ ગયો. જાણે કુંકુમ વર્ણથી ઈંડા રંગ્યા ન હોય તેવા થઇ ગયા. પલટાતા રંગો જોઇને તમે ગભરાઈ ગયા શંકા ભરી નજરે ઈંડા તરફ અને તમારા પ્રિયજન તરફ જોવા લાગ્યા, ધડકન દીલે ઈંડા પાછા મૂળ જગ્યાએ મુકી રસ્તે પડી ગયા. શોર-બકોર કરતી મોરલી નજીક આવી અસલી ઈંડા ન જોવાથી મોટેમોટેથી કલ્પાંત કરવા લાગી. ઈંડા મારા નથી તેવું માનતી મોરલીએ ઈંડા સેવવાના છોડી દીધાં. સમય-ઘડીઓ પસાર થવા લાગી.

જોતજોતામાં સોળ ઘડી પસાર થઈ ગઈ.

આકાશ વાદળોની ફોજથી ઘેરાઈ ગયું સામસામા વાદળાઓ ચઢી આવ્યા ચારેય દિશાઓ ચમકવા લાગી વિજળીના કડાકાભડાકા થવા લાગ્યા. મેઘધનુષના રંગોથી નભોમંડળ શોભવા લાગ્યું. મુશળધાર વર્ષા વર્ષવા લાગી. ધરતીના સ્થાને સ્થાને, ઝાડના પાંદડે પાંદડે અને બખોલે બખોલે અમી છાંટણાં થવા લાગ્યાં. અમૃતનું સીંચન થવાથી ઈંડા મૂળ રૂપમા આવી ગયા. મનોહર ઈંડા જોઈને મોરલી ટહુકાં કરવા લાગી ઘેલ કરવા લાગી. જાણે ઈંડાને ભેટી પડતી હોય તેમ ઈંડાને સેવવા લાગી. સોળ ઘડી પછી ઈંડાને બારૂ મળવા લાગ્યો.

હે પુણ્યવંતી, તમે હસતાં-હસતાં ઈંડા રમાડયાં અને મલકતાં મલકતાં ચીંકણા કર્મો બાંધ્યા છે. ગમે તેટલો કલ્પાંત કરો કે ગમે તેટલા આંસુ વહેવડાવશો તો પણ તે કર્મો છૂટવાના નથી. કોઇને અંતરાય કરીએ તો આપણને પણ અંતરાય નડવાનો જ છે. સોળ ઘડી રૂધી મોરલીને વિયોગ કરાવ્યો તેથી સોળ ઘડીના સોળ વર્ષ થયા. સોળ વર્ષ સુધી તમારે પણ પુત્રનો વિયોગ સહવો પડશે. કર્મો મજેથી બાંધ્યા છે તો ભોગવો પણ મજેથી. હાયવોય કરીને કે ચિત્તમાં ઉત્પાત કરીને દુઃખ દૂર કરવાનો પ્રયત્ન બાલીશ ચેષ્ટા કરવા જેવું છે. કયારેય આવી રીતે દુઃખ દૂર થતાં નથી પરંતુ નવા નવા કર્મો બંધાયે જાય છે. માટે શ્રી જિનધર્મને ઓળખો. તેમની આજ્ઞા પ્રમાણે ધર્મ કરવાથી આવેલા દુઃખોમાં સહન કરવાની શકિત મળે છે. પ્રાણી કાયરપણું છોડી દે છે. કર્મને ભાઇ સરખો માની સમતા પૂર્વક દુઃખને વેઠે છે. નવા કર્મો ન બંધાય તેની સતત કાળજી રાખે છે. અને એક દિવસ એવો આવે છે કે જે દિવસે સઘળા ઘાતી અને અઘાતી કર્મો નાશ કરીને શાશ્વતા સુખના ધામમાં બીરાજમાન થઇ જાય છે ત્યાં બીરાજમાન થતાં પહેલાં સંયમજીવન ગ્રહણ કરવું પડશે. સુંદર સંયમ-જીવનની આરાધના સિવાય મોક્ષે જવાતું નથી.

આ દેશના સાંભળી શ્રી રૂકમણીદેવી સંયમજીવન ગ્રહણ કરવા તલપાપડ બની ગયા. શુદ્ધ સંયમ જીવન સ્વીકારી, મન, વચન કાયાને સ્થિરી કરી ઘાતી, અઘાતી કર્મો ખપાવી શિવપુરીમાં ચાલ્યા ગયા.

ધન્ય છે શ્રી રૂકમણીદેવીને !!!

સં ૨૦૪૪ ના મુનિસંમેલનમાં કલ્પિત દ્રવ્યનો ઠરાવ કરી કલ્પિત દ્રવ્યનો ખોટો અર્થ કરી એ કલ્પિત દ્રવ્યમાંથી દેરાસરના વહીવટની છુટ આપી ઉત્સૂત્ર અને ઉન્માર્ગના પ્રવર્તનનું પાપ કરનારમાંના એક પં. ચન્દ્રશેખર વિ.જી મ. તેમના પોતાના પૂ. ગુરૂદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે મુંબઈના મધ્યસ્થસંઘ ઉપર વિ સં. ૨૦૦૮ માં લખેલા પત્રની દ્રહી કલમના આધારે સંમેલનમાં કરેલા ખોટા ઠરાવને સાચો ઠરાવવા મથે છે. પણ એ એમની મથામણ પાયા વગરની મહેલ જેવી છે. વાંચકોની જાણ માટે આખો પત્ર અહીં રજુ કરવામાં આવે છે. તે વાચકો વાંચે અને એના ઉપર મેં કરેલી સમીક્ષા પણ વાંચે અને સત્ય–અસત્યનો નિર્ણય કરે. આ અને આવી કેટલીએ ગંભીર બાબતોમાં પં.જી કેવી થાપ ખાય છે, કેવી ગરબડ કરે છે અને શ્રી સંઘને કેવો ઉંધા રવાડે ચડાવે છે. તે ખાસ સમજવા જેવું છે.

પરમારાધ્યપાદ પ્રાતઃ સ્મરણીય સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી.

શ્રી શ્વે. મૂર્તિપૂજક મધ્યસ્થ સંઘ સભાના સભાસદો જોગ ધર્મલાભ સાથે જણાવવાનું કે તમારો પત્ર મળ્યો હતો હાલમાં કેટલેક સ્થળે દેવદ્રવ્યમાંથી ઉધારી સાધારણના

* એક નવો કૂતરો (લેખાંક–૩) *

–શ્રી તત્ત્વદર્શી

ખર્ચમાં લેવામાં આવેલ રકમો. ટ્રસ્ટ એક્ટ વગેરેની વિરૂદ્ધમાં તમે દર્શાવેલી લાગણી નોંધ પાત્ર છે. પ્રભુ શાસનમાં મહાપવિત્ર માનેલા દેવદ્રવ્યની રક્ષા અને શાસ્ત્રાનુસારી ઉપયોગ માટે પ્રગટતી સાવધાની એ ખરેખર જૈન શાસન પ્રત્યેના સુંદર પ્રેમ અને વફાદારીનું પ્રતીક છે. તમારામાંના લગભગ બધાય કયાંકને કયાંક દેરાસર ઉપાશ્રય આદિના પુણ્ય વહીવટની જવાબદારી ધરાવે છે. કે જે જવાબદારીનું ઉંચું પાલન શાસનની સુરક્ષા પ્રભાવના તથા ભવ્ય જીવોને ધર્મ સગવડ વિગેરેમાં સારો ફાળો આપવા ઉપરાંત ઠેઠ તીર્થંકર નામ કર્મના વિશિષ્ટ લાભ પામવા સુધી લઇ જાય છે.

તમે મહાસદ્ભાગ્યે પ્રાપ્ત થએલી આ જવાબદારીને અનેક જીવોને ધર્મમાં ઉન્નત કરવા સાથે સ્વઆત્માને ઉન્નત કરવામાં સફળ કરો. એવી સંઘ આશા રાખે એ સ્વાભાવિક છે.

પ્રસ્તુતમાં તમે કરેલા ઠરાવ અંગે તમારી દેવદ્રવ્યની રક્ષાની ધગશ અનુસારે પહેલાં તો નિચે દર્શાવેલ મુદ્દા ખાસ ધ્યાન ખેંચે છે.

૧ શાસ્ત્રાધારે પ્રભુભક્તિ નિમિત્તે બોલાતું દ્રવ્ય દેવદ્રવ્યમાંજ જઇ શકે છે એને બદલે પોતપોતાની બુદ્ધિ અનુસારે આખુંને આખું, કે આઠ આની–દશ આની વિગેરે પ્રમાણમાં

સીધું સાધારણ ખાતામાં જે જમે કરવામાં આવે છે તે તદ્દન અશાસ્ત્રીય છે. પાપવાહી છે, તથા સંઘના અપકર્ષને કરનારૂં છે.

૨ વળી એના દેવદ્રવ્યમાંથી જે ઉપાશ્રય આદિના કાર્યમાં હજારોના હિસાબે ખર્ચાય છે તે, તથા

૩ પર્યુષણાદિમાં પ્રભાવનામાં ખર્ચાય છે તે

૪ ભાતા ખાતામાં ખર્ચાય છે તે, તથા

૫ આયંબિલ ખાતામાં રકમ આપ્યાનું જાણવામાં આવ્યું છે. તે જો સાચું હોય તો અતિઅનિચ્છનીય અને વહીવટદારપણાની જવાબદારીનું વિઘાતક છે.

૬ દેવદ્રવ્યમાંથી બીનજરૂરી મોટા મોટા પગારો આપી જે બીનજરૂરી વધારે પડતો સ્ટાફ રખાય છે એ અનુચિત છે અને દેવદ્રવ્યમાંથી પગાર ખાતા સ્ટાફના માણસોનો ઉપયોગ મૂર્તિ મંદિર કે તેની દ્રવ્ય વ્યવસ્થા સિવાયની બાબતોમાં કરવો એ દેવદ્રવ્યનો દુરૂપયોગ કહેવાય. તેમજ જોરવાજબી વધારે પડતો સ્ટાફ રાખવો એ પણ દેવદ્રવ્યને હાનિ પહોંચાડનારૂં કાર્ય બને છે.

૭ કેટલાક સ્થળોમાં દેવદ્રવ્યની ધરખમ આવક ચાલુ છતાં, એમાંથી બહાર જીર્ણોદ્ધાર વગેરેમાં નથી અપાતું, તથા પોતાની દેખરેખ નીચેના મંદિરના અને પ્રભુના પણ જરૂરી ઉપયોગમાં નથી લેવાતું અને એથી માત્ર શીલીક [મુડી]જ વધારે જવાય છે તે અત્યંત અનિચ્છનીય છે.

૮ કર્માદાન વિગેરે જોરવાજબી રીતિથી દેવદ્રવ્યની વૃદ્ધિને પણ શાસ્ત્રે-હેય ગણી છે, તો એવી વૃધ્ધિ તેમજ ઉપરોકત અનુચિત બાબતો એ બંને ઘોરપાપને લાવનારા તથા સમસ્ત સંઘને નુકશાન કરનારા છે.

અને જીર્ણોદ્ધારમાં ખરચાઈ ગયાની પરિસ્થિતિ ઉભી થાય છે ત્યારે નિર્માલ્ય દ્રવ્ય પણ એકજ દેવદ્રવ્યનાં ખાતામાં જમે કરવાથી એ પ્રભુના અંગ ઉપર ચઢવાની પરિસ્થિતિ જન્મે છે.

શ્રાદ્ધવિધિ વગેરેના હિસાબે દેવદ્રવ્યના બે વિભાગ છે.

૧ આદાન દ્રવ્ય ૨ નિર્માલ્ય દ્રવ્ય

પૂજા વિધિ માટે પંચાશકજીમાં સ્વદ્રવ્યથી પૂજા કરવાનું વિધાન છે. અને શ્રાદ્ધ વિધિ વગેરેના આધારે એવું વિધાન છે કે [૧] ઋધ્ધિમાન શ્રાવક સહપરિવાર આડંબર સાથે પોતાની પૂજાની સામગ્રી લઇ પૂજા કરવા જાય અને [૨] મધ્યમ શ્રાવક નાહકુટુંબ

પોતાનું દ્રવ્ય લઇ પ્રભુ પૂજા કરવા જાય. ત્યારે [૩] ગરીબ શ્રાવક સામાયિક લઇને પ્રભુના દેરાસરે જાય અને ત્યાં સામાયિક પારીને ફુલ ગુંથવા વિગેરેનું કાર્ય હોય તો કરે.

પ્રથમ જણાવેલ ૨–૩–૪–૫ નંબરની બાબતોમાં જે કાંઇ દ્રવ્યનો તોટો રહ્યા કરે છે તો તેને અંગે લખવાનું કે યોગ્ય રીતીએ એ તોટાને પહોંચી વળવું જોઇએ. પણ દેવદ્રવ્યમાંથી તો એક પાઇ પણ તે ક્ષેત્રમાં હરગીજ ન વપરાવી જોઇએ.

સરકારના વિચિત્ર કાયદા ધાર્મિક ખાતામાં જે ડખલગીરી કરી રહ્યા છે તો તે બદલ ટ્રસ્ટ ઓએ દેવદ્રવ્ય નુતન મંદિર જીર્ણોધ્ધાર, જીનભક્તિ વગેરેમાં [શાસ્ત્રીય રીતી મુજબ ઉપદેશપદાદિ ગ્રન્થોના આધારે] સારી રીતે ખરચતા રહેવું જોઇએ.

તા.ક. આ પ્રમાણેની વસ્તુસ્થિતિ તથા પૂર્વોકત આઠ ગંભીર મુદ્દાઓ તરફ કાંઇપણ વિચાર નહિ કરતાં જે ઠરાવ દેરાસર ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ ખાસ ધ્યાનમાં લાવવા જેવું છે કે દેવદ્રવ્ય એ દેવસંબંધી [દેવભકિત આદિ માટેનું] અતિપવિત્ર દ્રવ્ય કહેવાય તેથી તેનો ઉપયોગ દેવ કે દેવના મંદિરના કાર્ય સીવાય અન્યત્ર થવો ન જોઇએ. નહિતર બીજા ક્ષેત્રોમાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવાથી ભયંકર પાપનો બંધ થાય છે. અને જરૂર દેવદ્રવ્યની વ્યવસ્થા કરનાર પ્રત્યેક ટ્રસ્ટી તેનો હિમાયતીતો નજ હોય.

ઉપર કહ્યા મુજબ દેવદ્રવ્યના કરાયેલા અને કરાતા અયોગ્ય સંગ્રહ, અયોગ્ય હવાલા તથા દુરૂપયોગને જાણવાથી મારા હૃદયમાં વારંવાર દુઃખ થએલ છે માટે મારી તમોને લાગણીભરી ભલામણ છે કે–મુંબઇમાં બનતી આ વસ્તુઓ જે જૈન સમાજના કલ્યાણ અને અભ્યુદયની ઘાતક છે તેને દૂર કરવી જોઇએ.

તમારા ઠરાવને સ્પર્શીને વિચારતાં પણ પહેલી વાત તો એ છે કે સંબોધ પ્રકરણના હિસાબે દેવદ્રવ્યના ત્રણ જુદા ખાતા હોવા જોઇએ.

૧ પહેલા નંબરમાં આ જ્ઞાનદ્રવ્ય તે પ્રભુપૂજાદિ માટે અપાયેલ દ્રવ્યો પ્રભુ એટલે પ્રભુ પ્રતિમાની ભકિતના મુગટ, અંગરચના, કેશર, ચંદન, બરાસ કસ્તુરી આદિ કાર્યમાં ઉપયોગી થઇ શકે છે.

૨ નિર્માલ્ય દ્રવ્ય મંદિરનાં કાર્યમાં ઉપયોગી થઇ શકે છે અને દ્રવ્યાન્તર કરી પ્રભુના આભુષણ પણ બનાવી શકાય.

૩ કલ્પિત [આચરિત] દ્રવ્ય મૂર્તિ અને મંદિર બંનેના કાર્યમાં ઉપયોગી થઇ શકે છે.

સંબોધક પ્રકરણ મુજબ દેવદ્રવ્યના આવા શાસ્ત્રીય ત્રણ ખાતા જુદા ન રાખવાથી જુઓ કે કેવી પરિસ્થિતિ ઉભી થાય છે ? આદાન દ્રવ્યનું મંદિરમાં અને નિર્માલ્ય દ્રવ્યનું પ્રભુ પૂજામાં વપરાઇ જવાની પરિસ્થિતિ ઉભી થાય છે દા. ત. આદાન દ્રવ્ય

મંદિર કાર્ય તરફ દોરાયા છો તે કેટલું વિચાર પૂર્ણ છે. તે સ્વયં વિચારી જોજો. મને લાગતી શાસ્ત્રીય પદ્ધતિના અનુસારે દેવદ્રવ્યની વ્યવસ્થા અને પૂજાની વિધિ તમોને લખી જણાવી છે તો તમારે શાસનના બીજા ગીતાર્થ આચાર્યોની તે વિષયમ. સંમતિ લેવી જોઇએ કે જેથી જૈન સંઘમાં મોટો ઉહાપોહ કે કલહ ઉપસ્થિત થવા પ મે નહિ.

દેવદ્રવ્ય અંગે ઠરાવ કરતા પહેલાં ઉપરની બાબતોમાં સુધારણા કરવાનું અત્યંત આવશ્યક છે એ ન થાય ત્યાં સુધી તે માર્ગે કાંઇપણ કરવાથી દેવદ્રવ્યનો ઉપર જણાવેલા ક્ષેત્રોમાં ઉપયોગ થવાનો પ્રબળ ભય ઉભો થાય છે.

ધર્મ સાધવામાં ઉજમાળ બનવું.

પદ્મ વિજયના ધર્મલાભ

મુંબઇમાં આજથી ૪૦ વર્ષ પૂર્વે એક મધ્યસ્થ સંઘ નામના સંઘની સ્થ પના થઇ હતી. એ અરસામાજ એ સંઘ ઉપર લખાયેલો પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો પત્ર ઉપર આપ્યો છે તે તમે સહુએ વાંચ્યો. એ પત્રમાં શેઠ મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને તેઓએ તા. ૧૧-૧૦-૧૯૯૧ ની મીટીંગમાં કરેલા ઠરાવનો જવાબ છે.

તે ઠરાવ નીચે મુજબ છે.

ઠરાવઃ-'દેરાસરજીમાં આરતી પૂજા વગેરેનું જે ઘી બોલાય છે તે ઘીની ઊપજની આવકમાંથી સં. ૨૦૦૬ ના કા. સુ-૧ ને બુધવાર તા. ૩૧-૧૦-૫૧ થી નીચે મુજબના ઠરાવ પ્રમાણે તેની વપરાશ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવે છે.

દેવદ્રવ્યના પ્રકાર અંગે શ્રીમદ્ હરિભદ્રસૂરિજી પ્રણીતે "સંબોધ પ્રકરણ"ની ૧૬૩ વગેરે ગાથાઓમાં જે વ્યાખ્યાઓ કરી છે તેમાં ચૈત્ય દ્રવ્યના ત્રણ પ્રકારો પૂજા, નિર્માલ્ય અને કલ્પિત એમ દર્શાવે છે. કલ્પિત આચરિત દ્રવ્ય કે જેમાં જિનેશ્વરની ભક્તિ માટે આચરેલા સશાસ્ત્રીય જેવાં કે પૂજા, આરતી આદિ સાધનોની બોલી દ્વારા જે આવક થાય તે દ્રવ્ય આચરિત-કલ્પિત દ્રવ્ય ગણ્યું છે. અને તેવું દ્રવ્ય ચૈત્ય સંબંધી કાર્યમાં, ગોઠીના પગારમાં, કેસર, સુખડ આદિ સર્વ કાર્યમાં તથા શ્રી જિનેશ્વરના અલંકારો વગેરે બનાવવા માટે વાપરી શકાય છે એમ દર્શાવ્યુ છે તો ઉપર મુજબની વપરાશમાં ઘીની બોલીની ઊપજની જે આવક થાય તે આવકમાંથી આવી બાબતો અંગેના ખર્ચ કરવાનુ સર્વાનુમતે નકકી કરવામાં આવે છે.

આ ઠરાવના પ્રત્યુત્તરમાં પૂજ્યશ્રીએ આ ઠરાવ અંગે પોતાનો કોઇપણ પ્રતિભાવ આપતા પહેલાં મુંબઇના તે કાળનાં સંઘોનો અને ટ્રસ્ટોનો વહીવટ લક્ષ્યમાં આવ્યો ત્યારે

સર્વ પ્રથમ જે અગત્યના સૂચનો કરવા જેવા લાગ્યા તે સામાન્ય રીતે આઠ મુદ્દાઓમાં તેઓશ્રીએ કર્યો છે પૂજ્યશ્રીએ પોતાના પત્રમાં છઠ્ઠા મુદ્દામાં જે બાબત લખી છે તેથી પં. ચન્દ્રશેખર વિ.જી મ.ની વાતને કોઇજ ટેકો મળતો નથી.

પં.શ્રી લખે છે કે પ્રેમસૂરીશ્વરજી મહારાજે છઠ્ઠા મુદ્દામાં દેવદ્રવ્યમાંથી પૂજારીઓને પગાર આપવાનો વિરોધ કર્યો નથી. એમ કહીને પં.જી કલ્પિત દેવદ્રવ્યમાંથી પગાર આપવાની વાતને સાબિત કરવા મથે છે.

છઠ્ઠા મુદ્દામાં પૂજ્યશ્રીએ દેવદ્રવ્યમાંથી જે બિનજરૂરી પગારો આપી જે બિનજરૂરી વધારે સ્ટાફ રખાય છે તેને અનુચિત ગણાવ્યું છે. દેવદ્રવ્યમાંથી પગાર ખાતા માણસો પાસે મૂર્તિક મન્દિર સિવાયનું કામ કરાવવું તે દેવદ્રવ્યનો દુરૂપયોગ ગણાવ્યો છે તેમજ જોરદાર પૂજારી વધારે સ્ટાફ રાખવો તે દેવદ્રવ્યને હાનિ પહોંચાડવાનું કહ્યું છે આમાં તેઓશ્રીએ મુંબઇની પરિસ્થિતિ સામે ટકોર કરી છે. બાકી આમાં વિરોધનો કે સંમતિનો કોઇ સવાલ નથી. આ લેખમાંજ આગળ તેઓશ્રીના મંતવ્યની ખબર પડશે. પત્રમાં આઠ મુદ્દાઓ બાદ ઠરાવને સ્પર્શીને વિચારતાં...

એમ લખીને તેઓશ્રી આગળ વધતાં સંબોધ પ્રકરણના આધારે પહેલાં તો દેવદ્રવ્યના ૩ ભાગ પાડવા ઉપર ખાસ ભાર મૂક્યો છે. એ વાત અતિ મહત્વની છે.

સં. ૨૦૪૪ના મીની મુનિ સંમેલનને કલ્પિત દ્રવ્યનો ખોટો અર્થ કરી એ દ્રવ્યથી દેરાસરનો તમામ વહીવટ કરવાની છુટ આપતો ઠરાવ કર્યો તે પહેલાં ભારતભરના દરેક સંઘોમાં હરિભદ્રસૂરિ મહારાજાએ સંબોધ પ્રકરણમાં કહેલી ૩ પ્રકારના દેવદ્રવ્યની અલગ ગોઠવણ કરવાનો આદેશ કરવો જોઇતો હતો.

કલ્પિત દ્રવ્યની વ્યાખ્યા ખોટી થાય છે એમ જ્યારે એક આચાર્યશ્રી તરફથી સૂચન થયું ત્યારે તેના ઉપર મધ્યસ્થ ભાવે વિચાર કરવો જોઇતો હતો અને કલ્પિત દ્રવ્યનો ઉપયોગ જે રીતે આપવાદ માર્ગે કરવાનું શાસ્ત્રોક્ત સૂચન હતું તેને અવગણીને અપવાદ માર્ગને ઠરાવમાં રાજમાર્ગ બનાવી આપ્યો એ ગંભીર ભૂલ સંમેલનને હજુ પણ સમજાય તો ઘણું સારું.

પં. ચન્દ્રશેખરજી વિ.જી મ. પણ આવેશ મુકત બની એમના ગુરૂદેવ પ્રેમસૂરીશ્વરજી મ.ના મુંબઇના મધ્યસ્થ સંઘ ઉપરના પત્રની ૬ ઠ્ઠી કલમનો વાસ્તવિક અર્થ સમજી કલ્પિત દ્રવ્યથી દેરાસરના વહીવટની, પૂજારીઓના પગાર વગેરેની ખોટી કુદાકુદ ન કરે. કદાચ પ્રેમસૂરીશ્વરજી મ. કલ્પિત દ્રવ્યથી દેરાસરના વહીવટની કે પૂજારીઓના

પગારની હિમાયત કરત તો તમે કલ્પેલા કલ્પિત દ્રવ્યથી કે મુંબઈ જેવા સમુદ્ધ સંઘ માટે હિમાયત તો ન જ કરે.

જો તેઓ તેવા હિમાયતી હોત તો મુંબઇ ભૂલેશ્વર લાલબાગ દેરાસર ઉપાશ્રયમાં સં. ૧૯૮૪ની સાલથી માંડી સં. ૨૦૦૮ ની સાલ સુધી પૂજારીઓનો અને સ્ટાફનો અંદાજ પગાર ગણી જે ૩ લાખ રૂા. દેવદ્રવ્યમાં જમા કરાવ્યા, તે કરાવત ખરા ? દેવદ્રવ્યમાંથી પગારો અપાય એવી તેઓની માન્યતા હતી એ વાત આથી ઉડી જાય છે.

જગદ્‌ગુરૂહીરસૂરિ મ.ના સમયમાં કેટલાક ગ્રન્થોને જલશરણ કરાવવામાં આવ્યા હતા તેમ પં. ચન્દ્રશેખર વિ.ના ધાર્મિક વહીવટ વિચારને કે જેમાં આગળ પાછળ ઘણી અસંગતિ છે પરસ્પર વિરોધી વાતો છે શાસ્ત્ર સાપેક્ષતાનું ઠેકાણું નથી. આજના સુધારાવાદના યુગમાં ખોટી પકડો પકડાવી ઉન્માર્ગે દોરનારું છે તેથી એને જલશરણ કરાવવા જેવું છે. સંમેલનની પ્રવર સમિતિના આચાર્યોએ ન્યાય, નિષ્ઠા સિદ્ધાન્ત નિષ્ઠાથી શાસન રાગ સમયોચિત કર્તવ્ય જાણીને આ પુસ્તકને અવિશ્વસનીય અને અમાન્ય જાહેર કરવું જોઈતું હતું.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

उत्थायोत्थाय बोद्धव्यं किमद्य सुकृतं कृतम् ।
आयुषः खण्डमादाय रविरस्तं प्रयास्यति ।।

ઉઠી ઉઠીને જાણવું કે આજે મે શું સત્કાર્ય કર્યું. કેમકે આયુષ્યનો આજના દિનનો ટુકડો લઈ સૂર્ય ચાલ્યો જશે.

ફોન : ઘર ૭૮૭૯૬ – ૭૮૫૫૬ ફોન : ઓ. ૭૪૮૧૭ – ૬૮૮૩૬

— શાહ કાનજી હીરજી સન્સ —

૫–ગ્રેઇન માર્કેટ, જામનગર

श्वःकार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
मृत्युर्न हि परीक्षेत कृतं वास्य न वा कृतम् ।।

કાલપર મુકેલું ધર્મ કાર્ય આજ કરો, બપોર પછી કરવા ધારેલું સવારે કરો કેમકે આણે ધર્મ કાર્ય કર્યું છે કે નહિ તે બરોબર મૃત્યુ જોતું નથી.

કિષ્ના સા. રીપેરર્સ

રાજકોટ

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિ ફરમાવી રહ્યા છે કે–જ્યાં સુધી આ સંસારમાં મારે રહેવાનું થાય ત્યાં સુધી સદા માટે શ્રી જિનની ભક્તિ હોજો. સંસારથી ત્રાસ પામેલા જીવોને શ્રી જિનભક્તિ વિના બીજું કશું કરવા જેવું લાગતું નથી. આ સંસારનું દુઃખ રિબાવનારૂં છે અને સુખ ફસાવનારૂં છે તે વાત શ્રી જિનભક્તિ જેના હૈયામાં આવે તેને સમજાય.

દુઃખ મારા જ પાપનું ફળ, તેને મજેથી વેઠવું તે મારો ધર્મ–આ આજ્ઞા બરાબર સમજાઇ જાય તો દુઃખના કાળમાં આનંદ હોય, પુણ્યથી મળેલું સુખ ફેંકી દેવા જેવું છે, ન ફેંકાય તો સાવચેતથી જીવવા જેવું છે. આ આજ્ઞા પણ સમજાઇ જાય તો સંસાર નાશ પામે અને મુક્તિ અવશ્ય મલે.

શ્રી જિન ભક્તિ

પ્રવચન–આઠમું

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

૨૦૨૮, માગશર સુદિ–૪ સોમવાર, તા. ૨૨–૧૧–૧૯૭૧ બેડા

દુઃખ મજેથી વેઠવું આ વાત મગજમાં બેસે તેવી છે ? ન બેસે તો શ્રી જિનેશ્વરદેવ હૈયામાં આવે ? ભક્તિ પેદા થાય ? દુઃખ કાઢવા ધમાધમ કરે તો દુઃખ ભાગી જાય ? દુઃખમાં રિબાયા કરે તો સદ્ગતિ થાય ? દુઃખ મજેથી વેઠું તો જ દુઃખ જાય–આ વાત સમજાયા વિના ચાલે ?

આપણા ભગવાન ગમે તેવી ભક્તિથી રીઝે ? પાપ કરો તો ય તમારૂં દુઃખ નાશ પામો–તેવા આશીર્વાદ આપે ? ગુરુ પણ તેવા આશીર્વાદ આપે ? ધર્મ પણ તેવું કહે ? પાપ મજેથી, નાચીનાચીને કર્યાં છે તો દુઃખ પણ સારી રીતના વેઠતા શીખો તેમજ કહે કે બીજું કહે ?

શ્રી શ્રેણિક મહારાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમ ભગત, આવતી ચોવિશીમાં પહેલા શ્રી તીર્થંકરદેવ થવાના તેમનો આત્મા પણ આજે નરકમાં છે ને ? પાપ કર્યાં તો તેમને પણ નરકમાં જવું પડયું. ત્યાં દુઃખમાં રાડ પડાઇ જાય પણ તે હૈયાથી મજામાં છે. તેમને જેવાં દુઃખ છે તેના પ્રમાણમાં આપણને શું દુઃખ છે ? પાપ કર્યાં તો દુઃખ આવ્યું. તે મજેથી વેઠવું જ જોઇએ–આ વાત હૈયામાં બેસાડવામાં શું વાંધો છે ? શ્રી શ્રેણિક મહારાજા જેવા ભગત તમે છો ? તેમણે જેવી ભક્તિ કરેલી તેવી કરો છો ? દુઃખથી ડરે કામ ન ચાલે.

ખુદ શ્રી મહાવીર પરમાત્માએ કેવા ઘોર ઉપસર્ગો વેઠયા છે ! ભગવાનની ઇચ્છા

ન હોય તો કોઇ દુઃખ આપી શકે ખરૂં ? ભગવાન દુઃખો મજેથી વેઠે અને આપણે દુઃખથી ભાગાભાગ કરીએ તે કેમ ચાલે ? તમે બધા જો ભણવા માંડો અને તત્ત્વજ્ઞાન મેળવવા પ્રયત્ન કરો તો બધું સમજાય તેવું છે. ન સમજાય તો સમજવું કે તે પંડિત થવા, નામના મેળવવા કે સ્વાર્થ માટે ભણે છે. તે માટે ભણે તેને સાચું જ્ઞાન ન થાય. **જે જ્ઞાન આત્માને સુધારે તેનું નામ કેળવણી !** આત્માને લોભી, માયાવી, વિષયી બનાવે તે કેળવણી છે ?

દુઃખ પાપથી જ. સુખ, પુણ્યથી જ. તે સુખ ચાલે તો ફેંકી દેવા જેવું જ, ન ચાલે તો સાચવી-સંભાળીને રહેવા જેવું. બે ને બે ચાર જેવી આ વાતમાં તકરાર શું ? તે માનવામાં વાંધો છે ? આ સમજ આવી જાય તે માણસ ભગવાનની પૂંઠે જ ફરે, ભગવાન પાછળ ગાંડો ઘેલો થઇ જાય. તે જેવી ભક્તિ કરે તેવી તમે ન કરો. દરેક અવસ્થામાં આનંદિત રાખવાનો ભગવાને કેવો સુંદર કિમિયો બતાવ્યો છે આ યાદ આવતા આજ્ઞાની અનુભૂતિ થાય.

દુઃખમય સંસારમાં દુઃખ આવવાનું જ. બધા જ મનુષ્યો જો દુઃખ મજેથી ભોગવતા થઇ જાય તો લીલા લહેર થઇ જાય. દીન શોધ્યો ન જડે ! બધા હૈયાથી સુખી થઇ જાય. દુઃખ આવે અને ન ભોગવે તેના કપાળમાં દુઃખ લખાયેલું છે, મનથી ભોગવે તો જ દુઃખ નાશ પામે. આ વાત હૈયામાં વસી તે નરકમાં પણ સુખી અને આ વાત હૈયામાં નહિ તે નવમા ગ્રૈવેયકમાં પણ દુઃખી. આવી ભક્તિ હૈયામાં જાગે પછી તેને ભગવાનના દર્શન કરો, પૂજન તમારી પોતાની સામગ્રીથી કરો તે કહેવું ન પડે. તે કરતો જ હોય, આજે દર્શન-પૂજનના નિયમ આપવા પડે છે. રોજ ન થાય તો પાંચ-સાત દાંડા કરજો. તે નિયમને ભાંગનારા ઘણા, પાળનારા થોડા !

ભગવાનના દર્શન-પૂજનાદિ ભગવાન માટે કરવાના છે કે આપણા માટે ? આપણા બધા જ ભગવાન મહાસુખમાં જન્મેલા, સુખમાં ઉછરેલા છતાં ય બધા ય સુખોને છોડી, સાધુ થઇ, ઘોર દુઃખો વેઠી, મોહ મારી, વીતરાગ થઇ, કેવળજ્ઞાન પામી, મોક્ષમાર્ગ સ્થાપી, મોક્ષે ગયા. ભગવાનની આજ્ઞા મુજબ જીવો બીજા પણ અનંતા આત્માઓ સુખ છોડી, દુઃખ વેઠી મોક્ષે ગયા. તે આપણો **ઇતિહાસ. આપણો ધર્મ કથાનુયોગ એટલે ઇતિહાસ !** તે જાણનારા-સાંભળનારા દુઃખમાં રોવે ? સુખમાં ભટકે ? તેમાં ડહાપણ માને ! તેને ભગવાનનો સેવક કહેવાય ? આ સેવકપણું નથી માટે દર્શન-પૂજનમાં અંતરાય નડે છે. કયો અંતરાય ? જેટલા ખાલી હાથે પૂજા કરવા આવે તે બધા દુઃખી છે માટે ને ?

'દુઃખ મજેથી વેઠવું અને સુખ માત્રનો ત્યાગ કરવો'-આ બે આજ્ઞા સમજાઇ

જાય તો શક્તિવાળા સાધુ થાય, શક્તિ ન હોય તે શ્રાવક થાય. વ્રત-તપ-જપ આદિ કરવાની પણ શક્તિ ન હોય તે ભાવના ભાવે, ભગવાનના વચન ઉપર શ્રદ્ધા રાખે અને પોતાની ખામી જુએ. સમજાય છે ને કે-સાધુ, શ્રાવક, સમકિતી, સમકિત પામવાની ભાવનાવાળા માર્ગાનુસારી જીવો ભગવાનના શાસનમાં આવે. તે બધાને શું જોઇએ ? સમકિત વગરના કહે સમકિત જોઇએ, સમકિતી જીવો કહે દેશવિરતિ જોઇએ, દેશવિરતિવાળા કહે કે સર્વવિરતિ જોઇએ. બધા કહે કે અમારે મોક્ષ જ જોઇએ. તેમાં કોઇ દુઃખની ફરિયાદ કરવાવાળો અને સંસારના સુખની ભીખ માગનારો હોય ? દુઃખમાં રોનારો હોય ? સુખમાં પાગલ બનેલો હોય ? દોષ દૂર ન કરે તો ગુણ આવે ?

'મારે કોઇને દુઃખ થાય તેમ કરવું નથી' આવો નિર્ણય બધા કરે તો જગતમાં કોઇને ઉપદ્રવ થાય ખરો ? જગતને નિરૂપદ્રવ કરવું હોય તો શાસ્ત્રનું આ વચન જ પોષક છે. જગતને કોઇ સુખી કરી શક્યું નથી. અસાધ્ય રોગોમાં સારામાં સારા ડોકટરો ય હાથ ખંખેરી લે છે. ઔષધ શોધવા કેટલા જીવોનો વિનાશ કરે છે. તેની અનુમોદનાનો પણ પાર નથી. તેવા બધા સુખી થાય ખરા ? **બીજાને દુઃખી કરનારા કયારે ય સુખી હોય નહિ.**

આર્યસંસ્કૃતિના સંસ્કારને પામેલા કહેતા કે, મારા સુખ માટે મારે કોઇને ય દુઃખ દેવાય નહિ. એક કોઢથી નીતરતો માણસ હતો તેણે કોઇએ ઉપાય બતાવ્યો કે, કાળા નાગને પકડી, માટલામાં મૂકી તેને અગ્નિમાં રાખી મારી નાખે અને તેની રાખ શરીરે લગાવે તો આ કોઢ મટી જાય. આ સાંભળતા જ પેલો કંપી ઊઠયો કે, 'આવો ઉપાય ! મારી જાતને સુખી કરવા બીજાને જીવતો સળગાવું. ના નહિ બને.' આવા જીવો કેટલા મળે ?

આજે મોટા ભાગને બીજાના દુઃખે દુઃખ નથી, બીજાના સુખની ઇચ્છા ય નથી. આવાને સુખી કોણ કરે ? માત્ર શાંતિ બોલવાથી બધાને શાંતિ ન થાય. આગળના દુઃખી, સુખીને જોઇ કહેતા, પુણ્યશાલી જીવો છે. સારૂં કરીને આવ્યા માટે અહીં સુખી છે, અહીં પણ સારૂં કરે છે માટે ભવિષ્યમાં પણ સુખી થવાના છે. સુખી તેમનું સન્માન કરતા, દુઃખ દૂર કરતા. આજે બધાને એ શિક્ષણ આપ્યું કે, દુઃખી સુખીને જોઇ આંખો બાળે છે, હૈયું બાળે છે, ગાળો દે છે. સુખી તેમનો તિરસ્કાર કરે છે. બંને પરસ્પર લડે છે. સવર્ણો ને અવર્ણોને લડાવનાર તમારી સરકાર છે. શિક્ષણ જ ઊંધું આપ્યું. બધાની શાંતિ હરાઇ ગઇ. પરસ્પર કોઇને વિશ્વાસ રહ્યો નથી, આગળ જે ભાઇચારો હતો. સંપ હતો તેમાં આ લોકોએ અગ્નિ મૂકયો. આજે જગતમાં હૈયાના સુખી ભગવાનના માર્ગને સમજેલા વિના કોઇ જ નથી.

આગળ નિશાળેથી ભણીને આવેલા છોકરાને મા-બાપ પૂછતા કે, શું ભણીને આવ્યો છે ? જે મા-બાપને પગે ન લાગે, તેની સ્કુલ બંધ કરાવી દેતા. આવું ભણે છે ? આર્ય દેશના સંસ્કાર ભૂલી ગયો. માતા-પિતા, વડિલ-ગુરૂ આદિને પગે લાગ્યા વિના બહાર જવાય-અવાય નહિ. તે મર્યાદા જીવતી ત્યારે ઓછું ભણેલા પણ સારા હતા. જે પોતાના મા-બાપનું સન્માન ન કરે, મા-બાપનો ન થાય તે જગતનું ભલુ કરે ?

આજે તો ડોકટરો પણ સાચી વાત નથી કહેતા. ખોટા ઇન્જેકશનો આપે છે, ભારે દવાઓ આપે છે, કાયમના રોગી બનાવે છે, તમને પણ પૈસા ખર્ચીને રોગ વધારવાનું મન છે. આજના ડોકટરોને પનારે પડેલા નિરોગી થયા કે કાયમના રોગી થયા ? ખાવું-પીવું, હરવું-ફરવું ચાલુ અને દવા ખાવી તો રોગ જાય. આગળના વૈદ્યો તો તમારી દવા પણ ન કરે. તાવ આવે તો સાત દિવસ સૂવાડી રાખે. તરસમાં ગરમ પાણી લેવાનું કહેતા. સાતમે દા'ડે તાવ ન હોય. તે આજે રહ્યું નથી.

દુઃખ વેઠયા વિના, સુખનો ત્યાગ કર્યા વિના શરીર પણ સારૂં નથી રહેતું તો આત્માની તો શી વાત કરવી ? તમને ભૂખ લાગે તેવો અનુભવ થાય છે ? નીતિશાસ્ત્રે પણ લખ્યું છે કે, વગર ભૂખે ખાવું નહિ. ભૂખ લાગી, ખાવાની જરૂર પડી માટે ખાય તેવા કેટલા ? ભુખનું જરાય દુઃખ વેઠયા વિનાના ખાય અને તે નિરોગી રહે તે પુણ્યનો પ્રભાવ ! તેને રોગ ન થાય તે પુણ્યના કારણે.

ભગવાનની 'દુઃખ વેઠવાની અને સુખ છોડવાની' આજ્ઞા સમજાઇ જાય તો ભક્તિનો રસ જાગે. તે ભકિત મોક્ષ આપે જ. ત્યાં સુધી અમારે માત્ર ભાવભકિત કરવાની, તમારે દ્રવ્ય પૂર્વક ભાવભકિત કરવાની તમારા ઘરમાં કપ-રકાબી કેટલાં ? ઘરના મેમ્બર જેટલા કે વધારે ? પૂજાની થાળી-વાટકી કેટલી ? તે મલતી નહિ હોય ? બજારમાં ખોટ હશે ? તમારી પાસે પૈસા નથી ? તમારા ઘરમાં જેટલા મેમ્બર હોય તેટલી ધર્મની સામગ્રી હોવી જોઇએ, તેમ સાધુપણાની ય સામગ્રી હોવી જોઇએ, ઓઘો છે ? સાધુનો ઓઘો કોઇ ઉપાડી જાય કાં પડી-ખોવાઇ જાય અને તત્કાલ જોઇએ તો કયા ઘરમાંથી મળે ? તમારી ધર્મની ભાવના નાશ પામવાથી અમને નિર્દોષ વસ્તુ મલતી બંધ થઇ ગઇ.

ભગવાનના ભગતને સાધુ થવાનો જ ભાવ હોય, ઉલ્લાસ ન જાગે, શકિત ન હોય માટે ઘરમાં રહે. પણ જેમ રોજ ભગવાનના દર્શન-પૂજનાદિ કરે તેમ સાધુવેષને પણ હાથ જોડે.

દુઃખથી બચવાનો ઉપાય, દુઃખને મજેથી વેઠવું તે જ છે. માંદગી ન જોઇએ તો સારૂં-સારૂં ખાવ.-પીવાનું છોડો તેવી સલાહ આપનાર કોઇ ડોકટર મલ્યા છે ? સુખના ફાંફા મારવા છતાં ય સુખ ન મળે અને દુઃખ આવી આવીને પડે, કારણ ? ભિખારીને

સારૂં ખાવાનું મલ્યું, ખુશી થતો આવતો હોય અને કોઇ તગડો તેને મારીને બધું પડાવી લે તો શું કરે ? આપણે તેને સુખી કરવા ઇચ્છયો પણ તે બિચારો સુખી થઇ શકયો નહિ. માટે સુખી કરવા ઇચ્છીએ તો પણ સુખી કરી શકીએ નહિ તેવું પણ બને ને ? આપણું હૈયું નઠોર ન થાય, દયાના પરિણામ ચાલી ન જાય માટે દુઃખીને મદદ કરવી, દુઃખ દૂર કરવા પ્રયત્ન જરૂર કરવાનો છે. પણ મારૂં ખાઇને તે દોડતો થાય તેમાં રાજી થવા જેવું નથી. તેમના સુખની પંચાતમાં પડવા ગયા તો ઘણી હોળીઓ સળગશે.

ભગવાનનો જે ભગત બન્યો તેને કહેવું ન પડે કે, **'દર્શન ખાલી હાથે ન થાય ! પૂજા પારકી સામગ્રીથી ન થાય !! છતી શક્તિએ ઓછી શક્તિ ન વપરાય !!!** ભગવાનની પૂજામાં સારામાં સારા ફળ-નૈવેદ્ય મૂકવા જોઇએ. તેના પૈસા ઉપજાવવાના છે. તે બધું દેવદ્રવ્ય છે.

આગળ અમે જોયું છે કે, તમારા જેવી સામગ્રી નહિ હોવા છતાં પણ વૃદ્ધ ડોશીઓ સાંજિયા માટે અખંડ ચોખા વીણતી. હોટી કે કળશમાં દૂધ રાખતી. આજે આ જોવા મળે ? આજે તો એવું કહેનારા મળે કે, દેરાસરનું વાપરવામાં શું વાંધો ? બધાની બુધ્ધિ ફરી ગઇ છે. તેમાં જો અમે ય સંમત થઇ જઇએ તો તમે બધા તો રાજી રાજી થવાના છો. ઉપદેશકોએ બહુ જ સાવચેત થવા જેવું છે અને આ વાત ભારપૂર્વક સમજાવવાની છે. નહિ તો આ બધા વાણીયા પોતાના ઘરનું વાપરવું ન પડે, માટે અમારા પગ દાબતા દાબતા અમારી સંમતિ લઇ જશે જે સાધુઓ તેમાં આવી ગયા તેમનો તો દા'ડો ઊગી ગયો છે. પોતે ય ડુબશે અને અનેકને ડુબાડશે.

પોતાની જ સામગ્રીથી ભગવાનની પૂજા-ભક્તિ કરવાનું મન કોને થાય ? મારી સામગ્રીનો વધુમાં વધુ ધર્મમાં ઉપયોગ થાય તે જ સફળ છે આવું માને તેને. તમારે રોજ એક સાધર્મિકને જમાડીને જમવાનો નિયમ ખરો ? જો બધા આ નિયમ કરે તો એક સાધર્મિક ભુખ્યો સૂવે ખરો ? જે રોજ શોધી શોધીને સાધર્મિકને જમાડે તો તે પણ સાચો જિનનો ભકત બની જાય ! સુદેવની પૂજા-ભક્તિ કરવા છતાં, સદ્ગુરુને સાંભળવા છતાં અને ધર્મ કરવા છતાં ય હજી તમે કોરાને કોરા કેમ છો ? દુઃખ વેઠવું નથી અને સુખ બધા જ જોઇએ છે તે મનોવૃત્તિ જીવતી છે માટે.

'દુઃખ વેઠવા જેવું છે, સુખ છોડવા જેવું છે' આ આજ્ઞા સમજાયા વિના દુનિયાનું કોઇ શિક્ષણ કામ લાગે તેવું નથી. આ શિક્ષણ દુનિયાની કોઇ સ્કુલમાં મળે તેવું નથી. તમે બધા જો શ્રાવક થઇ જાવ, ધર્માત્મા થઇ જાવ, ધર્મના ખપી થઇ જાવ તો તમારા ઘરમાં મળે તેવું છે. પછી તેવા જીવો મહાસંતોષી બની જાય ખાવા કરતાં ખવરાવવામાં આનંદ માને. સુખમાં જાત ગૌણ અને દુઃખમાં જાત પહેલી હોય.

તમને તમારી 'મા'ના વર્તનથી પણ આ શિક્ષણ ન મલ્યું ? પોતાના સુખનો ભોગ આપી, દુઃખ વેઠી મોટા કર્યા તે ખબર છે ને ? જો નાના છોકરાને મોટો કરવામાં મા, માત્ર પોતાના જ સુખમાં લીન રહે તો છોકરૂં મરી જાય, પણ બધા કામ પડતા મૂકી મા છોકરાનું જ ધ્યાન રાખે.

ભગવાને પણ આત્માના માટે શીખવ્યું કે દુઃખ વેઠતા શીખો, સુખ છોડતા શીખો. આ જ મોટામાં મોટો ઉપકાર છે. ભલું પણ આ જ દશામાં થાય. શું વિચાર છે ?

તમારો ઘરનો ખર્ચો કેટલો ? અંગત ખર્ચો કેટલો ? અને ધર્મનો ખર્ચો કેટલો ? આજે સાધારણના ફાળા કેમ કરવા પડે છે ? કોઇને ભોગ આપવાનું મન નથી માટે. ગામમાં ઘર કેટલાં અને મંદિર કેટલાં ? બધાના ઘર બરાબર ચાલે અને મંદિર એક હોય તો ય તેમાં બધી ગરબડ ચાલે !

આગળ દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યની જેમ સાધારણના ય ભંડાર રહેતા. પોતાની શક્તિ મુજબ પોતાના દ્રવ્યથી પૂજા કરનારા પણ રોજ સાધારણમાં કાંઇને કાંઇ નાખતા જેમ મંદિર–ઉપાશ્રયના દર્શન કરે તેમ સાધારણના ભંડારના દર્શન કરતાં. તેનો ઉપયોગ સુખી માણસો કરતા નહિ જ્યારે કાંઇ આપત્તિ આવે, આસમાની સુલતાની થાય ત્યારે તેનો ઉપયોગ કરવાનો–તેમ માનતા.

વર્ષો પહેલાની મેં અનુભવેલી વાત છે. એક ગામમાં શ્રી સંઘે નિર્ણય કર્યો કે, દેવદ્રવ્યની ટીપ કરવા આવે તેને મંદિરનું દેવદ્રવ્ય થોડું–થોડું આપવું. પણ જેટલું મંદિરનું આપીએ તેટલું સંઘનું પણ આપવું. ત્યારે ત્યાંના આગેવાને કહ્યું કે, સંઘનું જે આપો તેમાં અર્ધું માફ અને અર્ધું સંઘનું આપવું. તે આગેવાનને પૂછ્યું કે આવો ઠરાવ કેમ કર્યો ? તો કહે કે, લોકોની ભાવના પણ ઓછી થાય છે, શક્તિ પણ ઓછી થાય છે. મંદિરનું બધું આલી કરીએ તે ઠીક નહિ માટે આ ઠરાવ કર્યો. અમે નહિ કરીએ તો કોણ કરશે ? જો દરેકે દરેક ગામના સુખી લોકો બરાબર આંકો મૂકે, તો મધ્યમો તો છલકાવી દે તેવા છે. તમે બધા શાણા થાવ તો કાલથી સુધારો થઇ જાય.

આ ઉત્સવ તો પૂરો થયો. ભગવાન ગાદીએ પણ બેસી ગયા. 'દુઃખ વેઠવા જેવું છે, સુખ છોડવા જેવું છે' આ આજ્ઞા હૈયામાં બેસી જાય તો જીવાય પણ સુખે, મરાય પણ સુખે, પરલોક પણ સુંદર બને અને મુક્તિ છેટી નથી. પછી તે શક્તિ મુજબ ભક્તિ કર્યા કરે. જેના હૈયામાં ભગવાનની આજ્ઞા રૂપી ભક્તિ હોય તે સુખી કે દુઃખી બેય સદ્ગતિમાં જવાના. આપણે ત્યાં દુઃખી માત્ર દુર્ગતિમાં જ જાય અને સુખી જ સદ્ગતિમાં જાય તેવું નથી. સારી રીતના જીવવું અને સારી રીતના આનંદથી મરવું તે આપણા હાથમાં છે. ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવી, સૌ જ્યાં ભગવાન ગયા ત્યાં વહેલામાં વહેલા પહોંચો તે ભાવના રાખી પૂર્ણ કરવામાં આવે છે.

કમઠો પ્રચારક ગેંગાની ક્ષમાપના.

અમદાવાદની કોઈ પોળમાં, પાડામાં, ખાંચામાં, શેરીમાં, ઓળમાં, ગલીમાં, ઓટલે, પાનના ગલ્લે, કે જાહેર માર્ગો ઉપર જ્યાં કયાંય પણ જો તમને 'ગેંગા જેવો જ છે આતો' આવા સુભાષિતનું શ્રવણ થઈ જાય તો તરત જ આ ભદ્રંભદ્રને વિના સંકોચે યાદ કરજો. કારણ કે અમદાવાદ આખાને 'ગેંગા' શબ્દની ભેટ ધરનાર હું જ છું. અને અમદાવાદની મહિલા મંડળે હવે તો ઉત્કર્ષ સાધ્યો હોવાથી તેમને દરેકને 'ઓ લલ્લુભાઇ અઈ' આવો' આવા ગોલ્ડન-વાકયનો સુવર્ણચંદ્રક મેં જ અર્પણ કર્યો છે. તારીખ ૩૨-૧૩-૦૧ ના રોજ.

જો કે આમ તો મેં દરેકને 'ઓ મહાયશ !' કે 'ઓ મહાશય,' 'ઓ વડિલ,' 'ઓ મુરબ્બી,' 'ઓ ભાગશાળી,' 'ઓ મહાભાગ' આવા રત્નોના, મણિના, કલર સ્ટોન (રત્નમણિના ના ચંદ્રકો મારા જ વરદ મેઢેથી એનાયત કર્યા હતા પણ લોકોને એ પસંદ પડયાં લાગતા નથી. તેનો સ્પષ્ટ-સચોટ-પુરાવો એ જ છે કે-લોકો એકાબીજાને 'ઓ બોશ !' 'બોલો સાહેબ,' 'બોલો માલિક,' બોલો પ્રભુ,' 'ઓ ગુરૂ !'. આવા શબ્દના ભૂષણોની ભેટ કરે છે.

ખોટું ન લગાડતા હો ને ?

—શ્રી ભદ્રંભદ્ર

પણ મારા 'ગેંગા' શબ્દએ તો અમદાવાદ આખાયમાં અને ત્યાંથી સુરત, મુંબઇ, વાપી, વલસાડ અડધુ ગુજરાત (દુબઈની ખબર નથી હોં ભઈ) એ આખી લાઇન ઉપર તરખાટ મચાવી મૂકયો છે. આથી મને નવાઇ લાગી કે-મારા સુંદર શબ્દ ચંદ્રકને ના પસંદ કરનાર લોકો જ મારા આવા અસુંદર શબ્દ પ્રયોગને કેટલા બધાં ઉમળકાથી વધાવી રહ્યા છે. આ હા હા ! સારા કરતાં ખરાબ સંસ્કારોની અસર જલદ અને જલ્દી થાય છે તેનું મને આ પ્રસંગ ઉપરથી તત્ત્વજ્ઞાન મળ્યું. મને મળેલા તત્ત્વજ્ઞાનથી જ પ્રેરાઇને જાણે પહેલાં સંસારના સુખો માટે ધર્મ ન થઇ શકે આવી વાતોનું દિવ્ય દર્શન કરાવનાર લોકોએજ હવે અસરકારક રામબાણ ઇલાજ જેવા શાસ્ત્ર વિરૂદ્ધ 'સંસારના સુખો માટે ધર્મ ના થાય તો શું પાપ થાય ?' આવા 'ગેંગા' જેવા વાકયોના રત્ન-ચાંદ, મણિ-ચાંદ, સોનુ-ચાંદ, રૂપુ-ચાંદ, જસત, ચંદ્રક, સીસા-ચંદ્રક, લોખંડ ચાંદ, તાંબા-ચંદ્રક સ્ટીલ, એલ્યુમિનિયમ-ચંદ્રકોની ઠેક-ઠેકાણે પ્રભાવના-લાણી કરવા માંડી છે. પછી તો સંમેલનના સજ્જનોએ આ 'ગેંગા-ભારતીની' સત્પ્રેરણાથી પ્રેરાઇને 'દેવદ્રવ્ય-થી પૂજા કરવાની, ગુરૂપૂજન સાધુ-સાધ્વીના કામમાં લેવાની' એવી તો કૈંક આકાશવાણી

અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભુજ ઉપર ચાલુ કરી.

અને બાપુ ! તમે નહિ માનો. આ ખરાબ-ખરાબ શાસ્ત્ર વિરૂદ્ધ વાતો સાંભળનારાઓ પણ કમળાની અસરમાં આવી ગયા. બધે હોં એમને બધે સોનુ જ દેખાવા માંડયુ. અને પછી તો એ લોકોને સોના ને પિત્તળમાં ભેદ જ ના લાગે હો અને બાપુ ! સોનુ સમજીને જ પિત્તળ લેવા લાગ્યા. મારા-તમારા જેવાથી લોકોત્તર ધર્મના સાધક આ શ્રેષ્ટિરત્નોને કમળાથી થતી પીડા જોઇ ના શકાઇ. અને એટલે જ ના છુટકે કમળા ઉપર દુઃખતા હૈયે કોરટમાં જઇને 'સ્ટે' મૂકવો પડયો.

જો કે 'સ્ટે'ની કમળા ઉપર અસર તો ના થઇ. પણ ઉપરથી વધુ રકયો. ૧૫ ટકાની સપાટી વટાવી જાત તો તો એ કમળી થઇ જાત. અને અમને હિતચિંતકોને જૈન સમાજને કમળી સુધી તો જવા જ નો'તો દેવો. જો કે કમળો ય મૂળથી ન કાઢવો'તો પણ પછી તો ખબર પડી કે-આ વકરેલો હતો તે તો કમળા એજ ઉથલો મારેલો. એ તો હોય હો. દીવો બુઝાવાનો હોય, ગેસ જવાનો હોય ત્યારે છેલ્લે છેલ્લે છેલ્લા શ્વાસ સુધી વધુ ઝળકતા હોય છે ને; એમ.

મને ખબર નઇ કે મારો ગેંગો ગેંગોને ઉભી કરશે. નહિતર હું તો ગેંગાને પાછો ખેંચી લેત. અરે ! પછી તો કમળો શાંત કેમ થયો ? તેની સી. બી. આઇ.ને તપાસ સોંપતા ચોંકાવનારી વિગતો બહાર આવી. સી.બી.આઇ.એ જણાવ્યુ કે 'ગેંગા પ્રસાદથી પ્રેરાઇને જેમણે પહેલા સપ્તધાતુના ચંદ્રકો ઠેકઠેકાણે એનાયત કરેલા તેમની કારકીર્દિ ખતમ થવાનું જોખમ ઊભું થયું. એટલે તેમણે કમળા માટે 'મિચ્છા મિ દુક્કડ'ની દવા મોકલી. અને જોતજોતામાં (નષ્ટ નહિ હોં) દબાઇ ગયો. અને પછી તો સમજદાર મહાનુભાવો ધીમે ધીમે આ કમળા-સમેલનના ચેમ્બરમાંથી રાજીમના થઇને રાજીનામા આપવા લાગ્યા. પછી તો કમળો કેટલીક સહીના જ ઓફિસજન ઉપર મરવાના વાંકે જીવતો હતો.

પણ 'જીવતો નર ભદ્રા પામે' આ સુભાષિતના સદુપદેશથી જ કમળાએ આપઘાત કર્યો નહિ હોય. રીબાતો રીબાતો ય બિચારો કમળો યમરાજ સામે મરણીયો મોરચો ખેલતો હતો. અને આ સાલે ૨૦૪૮/૪૯ ની સાલે તે કમળાને એક હજાર કે બે હજાર જેટલા ઓકિસજનના બાટલા ચડી ગયા. અને ફરી તે સજીવન થઇને જૈન સંઘનું નખ્ખદ ખેવાળવા બાંયો ચડાવીને બેઠો થઇ ગયો છે.

[આ લખાય છે ત્યાં સુધી ૨૮ દિવસથી અમદાવાદ શહેર ઉપર કમળાએ કરેલા કાતિલ હુમલામાં ૧૫૨૬ માંથી ૩૬ માણસો મૃત્યુ પામ્યાના સમાચાર ૧૫-૧૨-૯૩ ના છાપામાં આવ્યા છે. કમળા સંહારક ટીમ સામે શહેરીજનોએ આક્રોશ વ્યકત કરેલો કે- કમળાના મૂળ જેવી પહેલેથી ગંદકી દૂર કરવાની અમે બૂમો પાડી તોય ના માન્યા અને હવે કમળો દૂર કરવા નીકળ્યા છે. આ સમાચાર પણ છાપાના જ છે હોં] મારા ગેંગાએ ગેંગની ગંગા વહાવી ગેંગ વોર (વેર) કરાવ્યુ તે બદલ ક્ષમાયાચના.

(ગતાંકથી ચાલુ)

અંગ્રેજો પણ આ પહાડને પારસનાથના નામે જ ઓળખતા હતા અને સર્વેયર જનરલ ઓફ ઇન્ડિયાના રેકોર્ડમાં પણ તેનો ઉલ્લેખ પારસનાથ હિલ્સ તરીકે જ છે. છેલ્લી થોડી સદીઓમાં આ સ્થાનની ખ્યાતિ પાલગંજ પારસનાથ તરીકે હતી એમ બાદશાહી ફરમાન તેમ જ સરકારી દફ્તરની નોંધ પરથી જણાય છે, તેનું કારણ એ છે કે આ ગિરિરાજનો સંબંધ પાલગંજ સાથે ઘણો ગાઢ રહેલો છે. જેમ મેવાડમાં ઉદેપુરનું રાજ્ય કેશરિયાજીનું અને એકલિંગજીનું રાજ્ય ગણાતું તેમ પાલગંજનું રાજ્ય પારસનાથનું રાજ્ય ગણાતું અને તેના રાજાઓ પોતાને પારસનાથ ભગવાનના સેવક માનતા. તેઓ પોતાની રાજ્યમુદ્રામાં શ્રી પાર્શ્વનાથાય નમઃ એ શબ્દોનો ઉપયોગ કરતા. વળી એ કાળમાં પાલગંજ એ જ ગિરિરાજની તળેટી ગણાતું. બધા સંઘો પ્રથમ પાલગંજ આવી, ત્યાંના રાજાને ભેટણું ધરીને જ આ મહાતીર્થની યાત્રા કરતા.

શ્રી હેમવિમલસૂરિના આજ્ઞાધારક શ્રી કમલધર્મના શિષ્ય શ્રી હંસસોમે વિ. સં. ૧૫૬૫ (ઇ. સ. ૧૫૦૯)માં પૂર્વદેશીય ચૈત્યપરિપાટી લખી છે. તેમાં જણાવ્યું છે કેઃ

તલાટ્ટિ પાલઇગુંજા ગામ, સંઘઇ જઇનઇ કીધું મુકામ.
શાયક ઓ તિહાં લીધતુ જય જય રામ (૨૯)

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૫)

શ્રી વિદ્યાસાગરજીના પ્રશિષ્ય અને શ્રી સહજસાગરજીના શિષ્ય શ્રી વિજયસાગરજીએ સંવત ૧૬૬૪ (ઇ. સ. ૧૬૦૮) આસપાસ સમ્મેતશિખરજી તીર્થમાળા રચી હતી. તેમાં જણાવ્યું છે કેઃ

દીઠો ડુંગર ફરિથી અટવી અટક ઉલાંઘિ.
પાલીગંજા પિરિતલહરી પામી કુશલે સંગિ
સંઘપતિ ભૂપતિ ભેટિઓ, ભરિભરિ ભેટણુ પાત્ર
અમે બહુ દેસા ઉરી, દૈવે કરાવો જાત્ર

શ્રી કલ્યાણવિજયજીના શિષ્ય શ્રી જયવિજયજીએ સંવત ૧૬૬૪ (ઇ.સ. ૧૬૦૮)માં સમ્મેતશિખરજી તીર્થમાળા રચી છે. જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી અકબરને પ્રતિબોધ કરવા ગયા ત્યારે જયવિજયજી પણ તેમની સાથે હતા. આ તીર્થમાળામાં લખ્યું છેઃ

ઇમ જોતાં કૌતિક વટાઇ રે ઉતરીઇ વિસમઇ ઘાટઇ.
સમેતોચલ દીઠો નયણે રે સ્તવયો બહું અમૃત વયણે....(૩૯)

પં. શિવવિજયજીના શિષ્ય કવિ શીલવિજયજીએ સં. ૧૭૪૬ (ઇ સ. ૧૬૯૦) માં તીર્થમાળા રચી છે તેમાં જણાવ્યું છે કે:

પાલગંજ તલહટી વસઇ, રાજા ખત્રી મનિ ઉલ્હસિં
પાસનાથની ઓલગ કરિ, પ્રભુની આણ સદા સિર ધરિં.

પાલઇગુંજા, પાલિગંજા, પાલગંજઓ એ બધા પાલગંજનાં જ પ્રાચીન નામો છે. આ પાલગંજ અત્યારે પણ વિદ્યમાન છે તે મધુવનમાં ઉત્તર–પૂર્વમાં ૬–૭ માઇલ અને ગિરિડિહથી દક્ષિણ–પશ્ચિમમાં ૧૧–૧૨ માઇલ ઉપર આવેલું છે. એક કાળે તેના રાજાના તાબામાં ૮૦૦–૯૦૦ ગામો હતાં, એમ જાણવા મળે છે. હિન્દુ રાજયવ્યવસ્થામાં ધર્મસ્થાનો, તીર્થક્ષેત્રો, જોકે રાજાના રાજયમાં આવ્યાં હોય તો પણ તેની માલિકી રાજાની ન ગણાતાં તે તે ધર્મશાસનની જ ગણાતી. વ્યાસમુનિના મહાભારતના શાંતિપર્વમાં પણ આ મતલબના સપષ્ટ ઉલ્લેખો છે અને તેથી જ ભગવાન શ્રી ઋષભદેવના સમયથી આ સમગ્ર પવિત્ર પહાડની માલિકી જૈન શાસનની જ ગણાતી. અંગ્રેજોએ અ માં ગરબડ કરીને ૧૭૬૦માં રેકર્ડ ઓફ રાઇટમાં આ પહાડ પાલગંજના રાજાને નામે ચઢાવી દીધો. ત્યારથી પાલગંજના રાજા. સાથે નવો વિવાદ શરૂ થયો. 'કન્જિયાનું' મોં તાળું કરીને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તત્કાલીન પ્રમુખ અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઇ મણિભાઇએ વિવાદનો અંત આણવા ઇ. સ. ૧૮૧૮માં પહાડ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની શાસનની માલિકીનો હોવા છતાં પણ પાલગંજના રાજા પાસેથી અઢી લાખમાં આ પહાડ ખરીદી લીધો, ત્યારથી તો પ્રિવી કાઉન્સિલ સુધીની કોર્ટોએ પણ શ્વેતાંબર મૂર્તિપૂજકોની આ પહાડની સંપૂર્ણ માલિકી કબુલી. અગાઉના જમાનામાં એમ મનાતું કે પાલગંજ પહોંચ્યા એટલે પારસનાથ પહોંચ્યા. તેથી ઉત્તર–પશ્ચિમથી આવનાર યાત્રાળુઓ પટના, નવાદા અને ખડગવિહા થઇ પાલગંજ આવતા અને દક્ષિણ–પૂર્વ તરફથી આવતા યાત્રિકો માનપુર, જયપુર અને નવાગઢ થઇ પાલગંજ આવતા. ત્યાંથી તેઓ ગિરિરાજની યાત્રા કરતા. આજે તો યાત્રિકો મુખ્યત્વે મધુવન અને ઇસરી સ્ટેશનથી જ પહાડની યાત્રા કરે છે. ઇસરીને પારસનાથ હિલ સ્ટેશન પણ કહે છે.

પ્રકરણ—૬

બિહારનો સૂચિત વટહુકમ એટલે સમ્મેતશિખરજીની પવિત્રતાનો મૃત્યુઘંટ દિગંબરોની ખતરનાક રમત.

અદાલતના યુધ્ધ દ્વારા સમ્મેતશિખરજી તીર્થનો કબ્જો લેવામાં નિષ્ફળ ગયેલા દિગંબરોએ આખરી ઉપાય તરીકે બિહારની લલ્લુ પ્રસાદ યાદવની સરકારનો ઉપયોગ હથિ-

યાર તરીકે કરવાની ખતરનાક રમત શરૂ કરી છે, જેનો ખ્યાલ બિહાર સરકાર જે વટ-હુકમ બહાર પાડવા માગે છે, તેનો મુસદ્દો વાંચતાં આવે છે. બિહારની આખી સરકાર કઈ રીતે દિગંબરોના પ્યાદા તરીકે ભૂમિકા ભજવી રહી છે તેનો ખ્યાલ એ હકીકત ઉપરથી આવશે કે સમ્મેતશિખરજી વિશેના વટહુકમનો આખો મુસદ્દો જાણવા મળે છે તે પ્રમાણે કે. કે. જૈન નામના એક દિગંબર સભ્યે તૈયાર કર્યો છે, જેઓ એક વખત સરકારના કાનૂની સચિવ હતા. જો કે દિગંબરો એ વાત ભૂલી રહ્યા છે કે આ તીર્થ સરકારના અંકુશ નીચે આવશે તો પછી તેની પવિત્રતા જ ખલાસ થઈ જશે, એટલું જ નહિ, સંપ્રદાયને પણ તેનો લાભ નહિ મળે. બિહાર સરકારના સૂચિત વટહુકમની એક કરતાં વધુ કલમો એવી છે, જેના દ્વારા એવું સિધ્ધ થાય છે કે તેના વહીવટમાં આખરી સત્તા સરકારની જ રહેશે અને આ જૈનોનું તીર્થ નહિ રહેતાં ભ્રષ્ટાચારથી ખદબદતું એક સરકારી ખાતું બની રહેશે.

સૂચિત વટહુકમની કલમ ૪ (૨)(એ) પ્રમાણે સમ્મેતશિખરજી તીર્થના વહીવટ માટે જે બોર્ડની રચના કરવામાં આવશે તેના અધ્યક્ષની નિમણુક સરકાર દ્વારા કરવામાં આવશે. આ અધ્યક્ષ આઇ એ એસ. ઓફિસર હશે અને તેઓ જન્મે જૈન જ હોય તેવું જરૂરી નહિ ગણાય. કોઈ પણ ખ્રિસ્તી, મુસ્લિમ કે હરિજન અધિકારી પણ એમ કહે કે હું જૈન ધર્મના સિધ્ધાંતોમાં શ્રધ્ધા ધરાવું છું, તો તેને બોર્ડના અધ્યક્ષ બનાવી દેવામાં આવશે. આ અધ્યક્ષની નિમણુક શ્વેતાંબર સંઘ કે દિગંબર સંપ્રદાય નહિ પણ સરકાર દ્વારા કરવામ આવનાર હોવાથી તેઓ જૈન ધર્મના સિધ્ધાંતોને નહી પણ સરકારી નીતિ-નિયમોને જ વફાદાર હશે એ સ્વાભાવિક છે.

વટહુકમની કલમ-૩ મુજબ સમ્મેતશિખરજી તીર્થની માલિકી નવા રચાનારા બોર્ડની રહેશે, પણ બોર્ડના અધ્યક્ષ સરકારી ઓફિસર હોવાને કારણે તીર્થની વાસ્તવિક માલિકી તો સરકારની જ રહેશે.

વળી, વટહુકમનો અમલ થાય તે પછી શ્વેતાંબર સંઘ અને દિગંબર સંપ્રદાયના જે છ-છ સભ્યોની નિમણુક નવા બોર્ડમાં કરવામાં આવશે તે કલમ ૫(૧) દ્વારા સરકાર દ્વારા જ કરવામાં આવશે. આ રીતે આખું પ્રથમ બોર્ડ જે સભ્યોનું બનશે તે તમામ સરકારી મહેરબાનીથી જ પોતાના પદ ઉપર આવ્યા હશે.

બિહાર સરકારના સૂચિત વટહુકમની કલમ ૫ (૨) મુજબ પ્રથમ બોર્ડના સરકાર દ્વારા નિયુકત તમામ સભ્યોની મુદત ઓછામાં ઓછી બે વર્ષની રહેશે. જો બે વર્ષમાં સરકાર વિધિવત્ બીજું બોર્ડ ન બનાવે તો આ મુદત વધારી આપવામાં આવશે. આ રીતે પ્રથમ બે વર્ષ માટે તો આખું બોર્ડ માત્ર સરકારની દયા ઉપર જ જીવાનારૂં હશે

સમ્મેતશિખરજી બોર્ડના તમામ જૈન સભ્યોએ કાયમ માટે સરકારની દયા ઉપર જ જીવવાનું રહેશે, જે વાત સૂચિત વટહુકમની નવમી કલમ દ્વારા સિદ્ધ થાય છે. કલમ ૯ (૧) પ્રમાણે સરકાર નિયુક્ત કરાયેલા કે ચૂંટાયેલા કોઇ પણ સભ્યને અસભ્ય વર્તન, દેવાળું, શારીરિક કે માનસિક બોડખાંપણ અથવા જૈનત્વનો અનાદર વગેરે બહાનાં નીચે બોર્ડમાંથી હાંકી કાઢી શકશે. કલમ ૯ (૨) પ્રમાણે સરકારનો આ નિર્ણય અંતિમ રહેશે અને તેને કોઇ પણ અદાલતમાં પડકારી શકાશે નહિ.

વિચિત્ર બાબત એ છે કે નવમી કલમ દ્વારા જે સરકારી અધિકારીઓ પોતાના હોદ્દાની રૂએ બોર્ડના સભ્ય બન્યા હોય, તેમને દૂર કરવાની સત્તા સરકાર પણ ધરાવતી નથી. તેઓ જૈન ધર્મના સિધ્ધાંતોથી વિપરીત અસભ્ય વર્તન કરે તો તેમને પણ દૂર કરી શકાય એવી જોગવાઇ આ વટહુકમમાં નથી.

સમ્મેતશિખરજી તીર્થનાં માલિકી અને વહીવટ સરકાર દ્વારા રચાનારા બોર્ડના હાથમાં આવશે તે પછી તીર્થની જે કરોડો રૂપિયાની સ્થાવર-જંગમ સંપત્તિઓ છે તેનું શું થશે ? તેનો જવાબ સૂચિત વટહુકમની ૧૪ (૧) અને ૧૪ (૨) નંબરની કલમોમાં મળે છે. આ કલમો મુજબ વટહુકમ અમલમાં આવે કે તરત જ રચાનારું પ્રથમ બોર્ડ તમામ સ્થાવર-જંગમ સંપત્તિઓને પોતાના કબજામાં લેશે, જેમાં રોકડ રકમ, કીમતી ચીજો, આભૂષણો, દસ્તાવેજો, રેકોર્ડસ અને બીજી તમામ ચીજવસ્તુઓનો સમાવેશ થશે.

કલમ ૧૪ (૨) પ્રમાણે જો કોઇ વ્યકિત પાસે સમ્મેતશિખરજીની કોઇ સ્થાવર જંગમ મિલકત હોય તો તેણે સામે ચાલીને એ તમામ ચીજો બોર્ડના ચીફ એકિઝકયુટિવ ઓફિસરને સોંપી દેવાની રહેશે. આ રીતે બિહાર સરકાર આ પવિત્ર તીર્થના સેંકડો વર્ષોના અસ્તિત્વ દરમિયાન દેવદ્રવ્ય તરીકે શ્રધ્ધાળુઓએ જે કંઇ પણ અર્પણ કર્યું હોય એ તમામ સંપત્તિ કલમના એક જ ઝાટકે વહીવટદાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાંથી આંચકી લઇને સરકારી ઓફિસર દ્વારા સંચાલિત બોર્ડના હાથમાં મૂકવા ધારે છે. આ ઘટનાને સરકારી, સત્તાવાર લુંટ કહીશું કે બીજું કંઇ ? પવિત્રતમ દેવદ્રવ્યના મહાભક્ષણના સરકારના મનોરથ શું સફળ થશે ? આપણે તેમ થવા દઇશું ખરા?

સમ્મેતશિખરજી બોર્ડ દ્વારા જે કોઇ નિર્ણયો લેવામાં આવશે તે બહુમતીના ધોરણે લેવામાં આવશે, એવું સૂચિત વટહુકમની કલમ ૧૦ (૫)માં લખવામાં આવ્યું છે. પરંતુ કોઇ નિર્ણય બાબતમાં જો શ્વેતાંબરો અને દિગંબરોના મતો સરખા પડે તો અધ્યક્ષ પોતાનો નિર્ણાયક મત આપશે, એવી જોગવાઇ કલમ ૧૦ (૬)માં કરવામાં આવી છે. આ જોગવાઇ દ્વારા આખા બોર્ડનો વાસ્તવિક અધિકાર અધ્યક્ષના હાથમાં આવી જાય છે.

આખા ભારતમાં એક પણ એવું જૈન મંદિર નથી કે જેમાં પ્રવેશ મેળવવા માટે કે પૂજા કરવા માટે જૈનોને સરકારી અધિકારીને ફી ચૂકવવી પડે. સમ્મેતશિખરજી માટેના બિહાર સરકારના સૂચિત વટહુકમમાં એવી જોગવાઇ છે જેના દ્વારા ધાર્મિક વિધિઓ માટે પણ સરકારને ટેકસ ચૂકવવો પડશે.

કલમ ૧૬(એ) મુજબ પૂજા, સેવા, વિધિવિધાન, ધર્મિક ઉત્સવ વગેરેની ઉજવણી કરવી હોય તો તે માટેની ફી બોર્ડ દ્વારા મુકરર કરવામાં આવશે અને તેનો ઉપયોગ તીર્થના વહીવટ માટે કરવામાં આવશે. કઇ પૂજા માટે કેટલી ફી નકકી કરવી તેનો નિર્ણય પણ બોર્ડ દ્વારા લેવામાં આવશે. આ ફીમાંથી જે આવક થશે તેમાંથી સરકારી અધિકારીઓનો પગાર પણ ચૂકવવામાં આવશે. શ્રદ્ધાળુઓ દ્વારા દેવદ્રવ્યના ભંડારમાં નાખવામા આવનાર પૈસાનો ઉપયોગ આ સરકારી નોકરો પોતાના એશઆરામ માટે કરી શકશે.

સમ્મેતશિખરજીના વહીવટ માટે રચાનારા સૂચિત બોર્ડનો ખરેખરો અંકુશ બિહાર સરકારના જ હાથમાં રહેશે, તેનો એક વધુ પુરાવો ૨૭ (૧) નંબરની કલમમાં મળે છે. આ કલમ મુજબ આ તીર્થમાં સ્થાવર મિલકત ખરીદવી કે વેચવી હોય તો તે માટે બિહાર સરકારની આગોતરી મંજૂરી લેવી જરૂરી બની જાય છે. કલમ ૨૭(૨) મુજબ બોર્ડ જો દસ હજાર રૂપિયાથી વધુ રકમની જંગમ મિલકત, દાગીના વગેરે વેચવા કે ખરીદવા માગતુ હોય તો તેણે સરકારની આગોતરી મંજૂરી લેવાની રહેશે.

સૂચિત વટહુકમની કલમ ૪૧ (૧) મુજબ બોર્ડના ચીફ એકઝિકયુટિવ ઓફિસરને એવી શંકા જાય કે કોઇ પણ વ્યકિતએ પોતાને ત્યાં સમ્મેતશિખરજીની કોઇ સંપત્તિ, રકમ, આભૂષણો વગેરે રાખ્યાં છે તો તે તેની જાંચતપાસ કરવાની સત્તા ધરાવે છે અને આવી કોઇ વસ્તુ જપ્ત કરવાની પણ સત્તા ધરાવે છે. બોર્ડની રચના થયા પછી આ કલમનો ઉપયોગ કોઇ પણ ભૂતપૂર્વ વહીવટદાર ઉપર થવાની શકયતા રહે છે.

સૂચિત વટહુકમની ૩૨ મી કલમ તો અત્યંત ભયંકર અને વાંધાજનક છે. આ કલમ મુજબ જે કોઇ વ્યકિત બોર્ડની રચનાનો વિરોધ કરે અથવા તેને તીર્થની સ્થાવર જંગમ સંપત્તિઓનો કબજો લેતાં અટકાવે તેને એક વર્ષ સુધીની જેલની સજા અથવા દંડ અથવા બંને એકસાથે થઇ શકે છે.

હજી વધુ ભયંકર કલમ ૩૩ છે, જેમાં યાત્રાળુઓને પણ જેલની સજાની જોગવાઇ છે. સમ્મેતશિખરજી તીર્થમાં પૂજા, સેવા, ધાર્મિક મહોત્સવ, સ્નાત્રપૂજા વગેરે માટે જે કંઇ ફી બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તે ચૂકવવાનો કોઇ યાત્રિક ઇનકાર કરે તો તેને

પણ છ મહિનાની જેલની સજા અથવા એક હજાર રૂપિયાનો દંડ કરવામાં આવે અથવા તો ઉપરની બંને સજા એકસાથે કરવામાં આવે, એવી જોગવાઇ ૩૩મી કલમમાં છે.

સૂચિત વટહુકમની કલમ ૩૯ પ્રમાણે સરકારને જો એમ લાગે કે બોર્ડની અથવા તેના સભ્યની અથવા તેના કોઇ કર્મચારીની પ્રવૃત્તિ આ વટહુકમની જોગવાઇ મુજબ નથી તો સરકાર તે વિશેની નોંધો મગાવી શકે છે અને પોતાને યોગ્ય જણાય તે આદેશ ફરમાવી શકે છે. ઉપરની તમામ જોગવાઇઓ ઉપરથી સિદ્ધ થાય છે કે તીર્થનો ખરો અંકુશ બોર્ડના હાથમાં નહિ, પણ બિહાર સરકારના હાથમાં જ રહેવાનો છે. શ્વેતાંબરો પાસેથી પરંપરાગત અધિકારો ખૂંચવી તેની સોંપણી બોર્ડને કરવાને બહાને સરકાર પોતે જ પાછલે બારણે આ તીર્થમાં સર્વસત્તાધીશ બની તેની તમામ આવક ઓહિયાં કરી જવાનો મનસૂબો ધરાવે છે, એ વાતમાં કોઇ શંકા નથી.

બિહાર સરકારના સૂચિત વટહુકમ દ્વારા સમ્મેતશિખરજી તીર્થના વહીવટ માટે જે બોર્ડ બનાવવામાં આવશે. તેમાં શ્વેતાંબર સંઘ અને દિગંબર સંપ્રદાયના સભ્યોનો સરખી સંખ્યામાં સમાવેશ કરવામાં આવશે, એ દાવો પણ ખૂબ પોકળ અને ગેરમાર્ગે દોરાનારો છે. સરકાર દ્વારા જે બોર્ડ બનાવવામાં આવશે તેમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ઓછામાં ઓછા કેટલા પ્રતિનિધિઓ હશે, તે આપણે જોઇએ. સૂચિત વટહુકમની કલમ ૪ (૨)માં આ બોર્ડ કઇ રીતે બનશે તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે કલમ ૪(૨)(એ) મુજબ બોર્ડના જે અધ્યક્ષ હશે તે કમિશનરની કક્ષાના આઇ એ એસ ઓફિસર હશે અને તેઓ શ્વેતાંબર જૈન હોય તે જરૂરી નથી. કલમ ૪(૨)(બી) મુજબ બોર્ડના ઉપાધ્યક્ષ હશે બિહાર સ્ટેટ બોર્ડ ઓફ દિગંબર જૈન રિલિજિયસ ટ્રસ્ટ્સના અધ્યક્ષ, જેઓ પણ શ્વેતાંબર જૈન હોય તે જરૂરી નથી. કલમ ૪ (૨)(સી)(ડી) મુજબ ગિરિડિહ જિલ્લા ડેપ્યુટી કલેકટર અને ફોરેસ્ટ કોન્ઝર્વેટર પોતાના હોદ્દાની રૂએ બોર્ડના એકસ ઓફિશિયો મેમ્બર્સ બનશે, જેઓ શ્વેતાંબર જૈન હોય તે જરૂરી નથી. કલમ ૪(૨) (એફ) મુજબ ત્રણ પ્રતિનિધિઓ શ્વેતાંબર સંઘમાંથી લેવામાં આવશે, પણ તેમાંના માત્ર એક જ પ્રતિનિધિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું પ્રતિનિધિત્વ કરતા હશે, જ્યારે એક પ્રતિનિધિ સ્થાનકવાસી હશે અને બીજા તેરાપંથી હશે. હવે તેની સામે કલમ ૪ (૨)(ઇ) મુજબ દિગંબરોના ત્રણ પ્રતિનિધિઓ હશે, કલમ ૪ (૨)(જી)મુજબ શ્વેતાંબર અને દિગંબરના બે–બે પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં આવશે. શ્વેતાંબરોના બે પ્રતિનિધિઓ પૈકી બંને પ્રતિનિધિઓ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના ન હોય તે પણ શક્ય છે. સંભવ છે કે આ જોગવાઇ નીચે માત્ર સ્થાનકવાસી અને તેરાપંથી પ્રતિનિધિઓ પણ ચૂંટાઇ આવે. હવે એક વિચિત્ર વાત એ છે કે સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓ શ્વેતાંબ-

તિક રીતે મંદિરને, મૂર્તિને, ચરણપાદુકાને કે તીર્થયાત્રાને જ માનતા નથી. તેમ છતાં તેમને આ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપી તીર્થના અસલ માલિક અને વહીવટદાર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને ભારોભાર અન્યાય કરાયો છે. આ ગણતરીએ સૂચિત બોર્ડમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનો એક જ પ્રતિનિધિ ઓછામાં ઓછો હશે, જ્યારે દિગંબરોના ઓછામાં ઓછા પાંચ પ્રતિનિધિઓ તો બોર્ડમાં રહેવાના જ. ખરી રીતે તો બિહાર સરકાર દિગંબરોના એજન્ટ તરીકે આ તીર્થનો વહીવટ મૂર્તિપૂજક શ્વેતાંબરોના હાથમાંથી ખૂંચવી દિગંબરોને સોંપી રહી છે.

સમ્મેતશિખરજી તીર્થ પરંપરાથી, કાયદાથી, સરકાર સાથેના કરારથી અને અદાલતોના ચુકાદાઓથી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના હાથમાં રહ્યું છે, પણ બિહાર સરકાર એક જ વટહુકમ દ્વારા આ તમામ પરિબળોની અવેવાલના કરી તેને ખૂંચવી લેવા માગે છે. બિહાર સરકારના આ બદઇરાદાની ગંધ સૂચિત વટહુકમની ૪૫ મી કલમમાં આવે છે.

આ કલમ એમ કહે છે કે બીજો કોઇ કાયદો ભલે ગમે તે કહેતો હોય, રિવાજ પરાપૂર્વથી ભલે કોઇ પણ ચાલ્યો આવતો હોય, અગાઉ ભલે કોઇ પણ કરાર થયા હોય, અદાલતે ભલે ગમે તે ચુકાદાઓ આપ્યા હોય કે આદેશ ધરૂયા હોય, અદાલતે જ ભલેને વહીવટ માટેની રકીમ ઘડી આપી હોય, આ વટહુકમ દ્વારા એ બધી જ ચીજો નકામી બની જશે અને વટહુકમની જોગવાઇઓનો અમલ થશે. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે બિહાર સરકારના હિન્દુ રિલિજિયસ ટ્રસ્ટ એક્ટ [૧૯૫૦] અન્વયે આ વટહુકમ બહાર પાડવાનો છે, તે જૈનોને લાગુ જ નથી પડતો, કારણ કે જૈન ધર્મ એ હિન્દુ પ્રજાના વૈદિક ધર્મથી અલગ, સ્વતંત્ર ધર્મ છે. આ તમામ તથ્યોની અવગણના કરી બિહાર સરકાર શા માટે સમ્મેતશિખરજી તીર્થ પોતાને હસ્તક લેવા તલપાપડ બની છે એ ખરેખર અકળ અને રહસ્યમય બીના છે.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા :-

आशया बध्यते जन्तुः कर्मणा बहु चिन्तया
आयुःक्षयं न जानन्ति, तस्माज्जागृतजागृत
જીવ આશાથી કર્મ અને બહુ ચિંતાથી બંધાય છે
પણ આયુષ્યનો ક્ષય જાણતો નથી માટે જાગ જાગ.

શાહ સીન્ડીકેટ

૧૧૨-૧૩ સાહિલ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ,
નવસારી (ગુજરાત)

મુ.સ.ના જયજિનેન્દ્રના સંપાદકનું ભયંકર અજ્ઞાન

જય જિનેન્દ્ર (મું.સ.) તા. ૧૭-૫-૯૪ માં 'ધર્મપ્રિય' જણાવે છે કે, વૈશાખ સુદ ૩ ના દિવસે શ્રેયાંસકુમારને ત્યાં ઇક્ષુ (શેરડી)ના રસના ઘડાઓ આવેલા તે શુદ્ધ જાણી તેમણે ભગવાનને તે રસ વહોરાવ્યો અને ભગવાને તેના વડે પારણું કર્યું.

આ વસ્તુની યાદ માટે આપણે ત્યાં શેરડીના રસથી જ પારણું કરવાનો રિવાજ પડયો છે.

પરંતુ આ રીતે કરવામાં આપણે મુખ્ય વસ્તુ ભૂલી જઇએ છીએ કે ભગવાને તો સુઝતો આહાર ન મળ્યો માટે તપ ચાલુ રાખ્યું. જ્યારે આપણે તો શેરડી પીલાવીને રસ કઢાવીને છીએ.

તેમજ કેટલીક જગ્યાએ ભગવાનની મૂર્તિને ઇક્ષુરસથી પ્રક્ષાલ કરવામાં આવે છે તો આ વસ્તુ તદ્દન ખોટી છે આમ કરવાથી પ્રતિમાને નુકશાન પહોંચે છે અને કેટલાયે જીવજંતુઓ આવે છે તે મરી જાય છે. તેનો દોષ લાગે છે.

ધર્મપ્રિયને મુંબઇ સમાચાર જેવા પ્રૌઢ અખબારના જય જિનેન્દ્ર વિભાગનું મહાન સંપાદન મલ્યું છે પરંતુ તેઓ જે જૈન તરીકે તે સંપાદનમાં કેવા છબરડા વાળે છે તે ઉપરના લખાણથી સિદ્ધ થાય છે.

તેમને એ ખબર નથી કે શુદ્ધ અશુદ્ધ કે સૂઝતો અસૂઝતો આહાર તો સાધુ માટે છે. વરસીતપના પારણા કરનાર શ્રાવક શ્રાવિકા માટે નથી. વળી માસ ખમણ આદિના પારણા

સામયિક સ્ફુરણ

શ્રાવકો કરે ત્યારે પણ મગનું પાણી વિ. તેમને માટે જ બને છે તે તેમને માટે ન બનાવાય તેવું કોઇ વિધાન નથી. સામુદાયિક અઠ્ઠાઇ કે માસખમણ આદિના પારણા માટે પણ તપસ્વીઓ માટે જ રસોઇ બને છે.

ધર્મપ્રિયના આવા મહાન અજ્ઞાન વચ્ચેપણ વરસીતપના પારણા કરનારને મહાઉહાપણથી શિખામણ દેવાની રીત તે અજ્ઞાનતાની પરાકાષ્ટા છે.

મૂર્તિને ઇક્ષુરસથી પક્ષાલ થાય છે તે તે પ્રસંગને આશ્રીને છે દરરોજ નહિ. પરંતુ દરરોજ પણ જે પંચામૃત હોય છે તેમાં ઘી, દહી, દૂધ વિગેરે આવે છે તે પણ ચિકાસ છે તો શું પક્ષાલ જ બંધ કરવો તેમ ધર્મપ્રિય માને છે ?

દરેક વખતે વરસીતપના પારણા પ્રસંગે આમ લખવું તે ધર્મપ્રિયની 'કુતરાની

પૂછડી વાંકી' તેવો ન્યાય છે આ માટે અનેકવાર ખૂલાસા થયા છે પરંતુ 'ના હું તો ગાઇશ' એ જડતા ધર્મપ્રિયની જતી નથી તે ખેદની વાત છે.

આવી અનેક જડતાઓ તે સ્થાનકવાસી હોવાથી લખે છે તેના ખૂલાસા પણ થાય છે પરંતુ હજી સુધી તેમને કોઇ સ્વે. મૂ સંઘમાંથી ધર્મગુરુ મલ્યા નથી અને મલ્યા હોય તો તે પોતાને તેમનાથી સવાયા ગણતા હશે ? નહિંતર મુંબઇ સમાચારમાં આવી અજ્ઞાનતા અને જડતાનું લખાણ કરી શકે નહિ.

વિવાદનો ઉકેલ વિવેકથી કે જડતાથી.

મુંબઇ સમાચાર તા. ૨૪-૫-૬૪

જય જિનેન્દ્ર વિભાગમાં ભાઇશ્રી કાંતિલાલ પી. શાહ લંડનનો 'વિવાદનો ઉકેલ' લેખ છપાયેલ છે તે તેમની લાગણી અનુમોદનીય છે પરંતુ તે ઉકેલ જડતાથી આવે કે વિવેકથી તે વિચારવું જોઇએ.

શ્રી સુમતિનાથ પ્રભુજી માતાના ગર્ભમાં હતા ત્યારે એક સાર્થવાહ વહાણમાં મૃત્યુ પામ્યો તેને બે પત્ની હતી હતી તેમાં એકને પુત્ર હતો એકને પુત્ર ન હતો. મિલકત પુત્રવાળીને મળે તેથી બીજીએ પણ એ પુત્ર છે તે મારો છે તેમ વાત મુકે.

મેઘરાયની રાજસભામાં વિવાદ આવ્યો માતા મારો પુત્ર છે તેમ કહે છે પરંતુ નિર્ણય થતો નથી ભોજનનો સમય થયો રાજાને બોલાવ્યા તે કહે વિવાદ પતતો નથી તો પ્રભુજીની માતા આવ્યા બંનેની આગ્રહવાળી વાત સાંભળી મંગલાદેવી માતાએ મતિ લગાડીને અને કહ્યું બાળકના બે ટુકડા કરી બંનેને આપી દો. તરત સાચી માતા હતી તે કહે છે મારો બાળક જીવતો રહે માટે તેને સોંપી દો. તરત મંગળાદેવીએ કહ્યું કે સાચી માતા આ છે તેને બાળક સોંપી દો અને એ રીતે વિવાદ પૂર્ણ થયો.

આ શ્રી સંમેત શિખર તીર્થનો ઇતિહાસ વિવાદ, ચુકાદા સનદો વહિવટ, મરામત અને બધી વ્યવસ્થા શ્વેતાંબરો કરે છે તેમાં બંનેને સોંપી દેવાની કે દિગંબરને સોંપી દેવાની વાત કયાંથી આવે.

તીર્થો જુના છે શ્વેતાંબરના હાથમાં જ છે કોર્ટ વિ.ના ચુકાદા છે છતાં દિગંબરો તે પચાવી પાડવા પ્રયત્ન કરતા હોય તો વિવેકથી ઉકેલની વાત કરવી જોઇએ પણ અજ્ઞાનતાથી કે જડતાથી વાત કરવી ન જોઇએ. આ માટે એ વિવેકથી વીંચી શકો અને કદાગ્રહ કે ચાંચીયાગિરીમાં ન ફસાવ તે આ લેખ વાંચનાર અને લખનારને લલામણ છે.

"જૈન દર્શન મુજબ જેને આત્મજ્ઞાન થયું હોય એટલે કે જેણે પોતાના આત્માને

ઓળખ્યો હોય તે સર્વ જીવોને પોતાના સમાન માને છે. તે પોતાને અને બીજાને સમાન દૃષ્ટિથી જુએ છે.

જૈન દર્શનની આટલી સમજ આટલાં વર્ષો બાદ આપણામાં આવી હોય તો વટ या અહંની ખાતર શ્વેતાંબર અને દિગંબરમાં અગીઆર મંદિરો બાબતમાં ૬૦–૭૦ વર્ષો કરતાં પણ વધારે સમયથી ઝઘડા કેમ સંભવી શકે ? તેમાં પણ જૈનદર્શનના તત્ત્વ-જ્ઞાનના આધારે નહિં, પણ દુન્યવી કાયદા અનુસાર હોવાતા નિર્ણયોવાળી કોર્ટોમાં કેસો ચાલે !!!

અને ૧૯૩૭ માં હું બાર વર્ષનો હતો અને આફ્રોલામાં હિન્દી ભણતો હતો, ત્યારે, મને અંતરિક્ષજીની યાત્રા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે વખતે પણ આ તીર્થ યાત્રના બારામાં દિગંબર અને શ્વેતાંબર કોર્ટે ચઢયા હતા; જેનો ઉકેલ, ખેદ સાથે કહેવું પડે છે કે આજ સુધી આવ્યો નથી.

દિગંબર અને શ્વેતાંબરના જે લોકો નેતાઓ ગણાતા હોય તેમને હું હૃદયપૂર્વક આથી ગંભીરપણે અરજ અને વિનંતી કરું છું કે ભગવાન મહાવીરના તત્ત્વજ્ઞાન મુજબ આ તીર્થક્ષેત્રોના ઝઘડાનો આ ૧૯૯૪ના વર્ષ પહેલાં પોતે જ અંત લાવે.

દહેરાસરોનો મોહ રાખ્યા વગર, શ્વેતાંબર નેતાઓએ સામે ચાલીને દિગંબરોને આપી દેવાની દિલપૂર્વક વાત કરવી જોઇએ; અને તેવીજ રીતે દિગંબર નેતાઓએ કોર્ટોમાં કેસો માંડયા છે તે પાછા ખેંચી લઇ શ્વેતાંબરોને અંતઃકરણપૂર્વક કહેવું જોઇએ કે ભલે આ દહેરાસરો તમારા કબજામાં રહે. છેવટે તો આપણે બધા ભગવાન મહાવીરના અનુ-યાયીઓ છીએ. ભગવાન મહાવીરનો અનેકાન્તવાદ યાને સ્યાદ્વાદ આપણને એ શીખવે છે કે કોઈપણ વસ્તુને એકજ દૃષ્ટિથી જોઇએ તો Nothing is absolutely true or Nothing is absolutely wrong.

આ જાતનું વલણ સિદ્ધાંત બન્ને પક્ષના નેતાઓ લે તો ચોકકસ સમાધાન થઇ શકે.

અનેકાન્તના સિદ્ધાંત મુજબ આપણે ચોકકસપણે એ ન કહી શકીએ કે દિગંબર તદન સાચા છે या શ્વેતાંબર તદન સાચા છે. બન્નેમાં થોડા થોડા સત્યના અંશ સંભવી શકે છે; તેમ બન્નેમાં થોડી થોડી ભૂલ ભરેલી માન્યતાઓ પણ હોઇ શકે છે.

વર્તમાનમાં જે ઝઘડા છે તે તો બન્ને પક્ષે પોતાનો વટ જળવાવો જોઇએ એવી અહંઆધારિત માન્યતાઓને કારણે છે. અત્યારના આપણા વલણ ઉપરથી આપણે દુનિયા સમક્ષ એ વાત છતી કરીએ છીએ કે આપણે જન્મે જૈન છીએ; પરંતુ કર્મે જૈન નથી. જ્યારે ભગવાન મહાવીરે તો કહ્યું છે કે કોઇ પણ વ્યકિત જન્મથી જૈન

હોતી નથી, પણ કર્મથી બની શકે છે.

આથી બન્ને સંપ્રદાયોના સાધુઓ અને શ્રાવકોના નેતાઓને હું વિનંતી કરું છું કે શ્રી જિનશાસનના કાયદા મુજબ આ ઝઘડાઓનો તાત્કાલિક અંત લાવે.''

શ્રી કાંતિભાઇ પણ જરૂર જણાય તો શ્રી આણંદજી કલ્યાણજી પેઢી ઝવેરી વાડ પટણીની ખડકી અમદાવાદથી બધો ઇતિહાસ વિ. મંગાવી અને જાણકાર બને અને સત્ય નિષ્કર્ષ મેળવે.

૨૦૫૦ વૈશાખ વદ ૮
છોટાઉદેપુર
(વડોદરા) ગુ.

--જિને-દ્રસૂરિ

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

क्रोधावेशे नदीपुरे प्रवेशे पापकर्मणि ।
संभुक्तौ सर्वभीस्थाने कालक्षेपः प्रशस्यते ।।

ક્રોધનો આવેશ,, નદીનુ પુર, પાપનો પ્રવેશ, ભોગ, અને સર્વ ભય સ્થાનમાં કાલ વિલંબજ યોગ્ય બને છે.

DINEH PORWAL ☎ 2084309
PAYAL CARD
Mfg. of : Visitings & Invitation Cards
Wedding & Greeting cards.
177, Pratap Building, Dady Seth Agiary Lane,
Bombay-400002

[૨૩] પુનર્મિલન

અંજના સુંદરીની શોધમાં પવનંજયે વન-જંગલોની ખાક છાણી નાંખી. પણ કયાં ય અંજનાનો પત્તો ન લાગ્યો. આખરે હતાશ-હતાશ થઇ ગયેલા પવનંજયે ભૂત-વનમાં લાકડાની ચિતા તૈયાર કરીને તેને સળગાવી. ઘણે દૂર આકાશમાં વિમાનમાંથી પ્રહલાદ રાજાએ ચિતાના ભડ-ભડ બળતા ભડકાને નજરે જોયા. અને તેમના દિલમાં જાણે કે ફ્રાસકો પડયો.

જૈન રામાયણના પ્રસંગો

– શ્રી ચંદ્રરાજ

આ બાજુ ચિતા સળગાવીને પવનંજયે ચિતાની પાસે ઉભા રહીને વનદેવતાઓને હૈયાવરાળ કાઢતા કહેવા માંડયું કે-'હે વનદેવતા ! હું કેતુમતી અને પ્રહલાદનો પુત્ર છું. દુર્બુદ્ધિવાળા મેં લગ્નના દિવસથી જ માંડીને નિર્દોષ એવી મહાસતી અંજનાને મેં દુઃખી-દુઃખો કરી મૂકી. રાવણના કામ માટે વિજયયાત્રા માટે ચાલેલા મેં તે અંજનાનો તિરસ્કાર કર્યો, પણ ભાગ્યયોગે મને ભાન થયું કે મારી પત્ની અંજના નિર્દોષ છે. (તેના દિલમાં કોઇ અન્યને સ્થાન નથી.) તેથી હું તે રાત્રિએ અંજના પાસે ગયો. સ્વેચ્છા મુજબ તેની સાથે ક્રીઠા કરીને અને મારા આગમનની નિશાની આપીને હું માત-પિતાને ખબર ન પડે તે જ રીતે ફરી પાછો સૈન્યની છાવણીમાં પાછો આવી ગયો. મારા સંગના કારણે તે ગર્ભવતી બની અને નિર્દોષ એવી તે અંજના ઉપર કુલટાના દોષની શંકા કરનારા મારા વડીલજનો વડે કાઢી મૂકાઇ. વન-જંગલોમાં દિવસો પસાર કરનારી તે કયાં હશે ? તે સમજાતુ નથી. મારા જ અજ્ઞાનના કારણે પહેલા અને અત્યારે પણ નિર્દોષ એવ તે આવી ભયાનક દુર્દશાને પામી. બુદ્ધિ વગરના મને ધિક્કાર છે. સમુદ્ર-માંથી પ્રાપ્ત કરવા દુર્લભ રત્નની જેમ સારી યે પૃથ્વી ઉપર મેં અંજનાની શોધ કરી છતાં તે મંદભાગી-ભાગ્યહિન મને કયાંય પ્રાપ્ત થઇ નહિ. તેથી આજે હું મારા આ શરીરને આ સળગતા હુતાશનમાં હોમી દઉં છું. જીવતા એવા મને તેના વિરહનો અનલ જીંદગીભર દુઃસહ્ય છે. હે વનદેવતા ! જો કયાં ય અંજના તમારા દેખવામાં આવી જાય તો તેને મારો આટલો સંદેશો આપજો કે-'તારા વિયોગથી તારો પતિ અગ્નિમાં પ્રવેશીને ભસ્મ થઇ ગયો છે.'

આટલું કહીને એકદમ પ્રજ્વલિત થયેલી ચિતાની આગમાં ઝંપલાવવા માટે પવનંજય આકાશ તરફ ઉડયો.

પવનંજયના આ શબ્દો સાંભળીને ભૂતવનમાં પ્રવેશી ચૂકેલા પ્રહલાદ રાજાએ અત્યંત વેગથી ત્યાં આવી જઈને બળતી ચિતામાં ઝંપલાવવા માટે તૈયાર થઇ ગયેલા પવનંજયને સમય સૂચકતા વાપરીને અટકાવી દીધો.

'પ્રિયાના વિયોગની પીડાના ઇલાજ જેવા મૃત્યુમાં મને કોણ અટકાવી રહ્યું છે ? પવનંજયે આમ પૂછ્યું. ત્યારે પ્રહલાદ રાજાએ કહ્યું કે-'મારી નિર્દોષ પુત્રવધૂના નગરના નિષ્કાશન (ત્યાગ) કરાવવાના સમયે ઉપેક્ષા કરીને મૂંગો રહેલો તારો પાપી બાપ છે પુત્ર ! તને અટકાવી રહ્યો છે. તારી માતાએ તો એક અવિચાર્યું પગલું ભર્યું છે. હવે તું બીજું અવિચાર્યું પગલું ના ભરીશ. ચિતામાં પ્રવેશ ના કરીશ વત્સ ! ધૈર્ય ધારણ કર. મેં અંજનાની શોધમાં હજારો માણસોને ઠેક-ઠેકાણે રવાના કર્યા છે તે દરેકને આવી જવા જેટલી ધીરજ ધર વત્સ !

આ તરફ અંજનાની શોધમાં હનુપુર નગરમાં ગયેલા માણસોને અંજનાનો પત્તો લાગી ગયો. પણ હવે પળનો ય વિલંબ કરવો પવનંજયના પ્રાણ ગુમાવવા જેવું હતું. માણસોએ પવનંજયની અગ્નિ પ્રવેશની પ્રતિજ્ઞા સંભળાવતા જ મહાસતી અંજના સુંદરી મૂર્છા ખાઈને ઢળી પડી. કેમે કરીને ભાનમાં આવેલી અંજનાસુંદરી દીન વચનમાં બોલવા લાગી કે-'પતિવ્રતા સ્ત્રીઓ પતિના શોકથી અગ્નિમાં પ્રવેશ કરે છે. ભરથાર વિના તે સ્ત્રીઓનું જીવન દુઃખ માટે થાય છે. જ્યારે હજારો સ્ત્રીઓને ભોગવનારા ભરથારને તો પ્રેયસી-પત્નીનો શોક ક્ષણિક હોય છે. તો પછી હે નાથ ! તમારે અગ્નિ પ્રવેશની જરૂર શી પડી ? મારા વિરહમાં તમે અગ્નિપ્રવેશ કરો અને આટલા લાંબા કાળ સુધી હું જીવતી શું એ તો વિપરીત બન્યું. અલ્પસત્ત્વવાળી મારામાં અને મધુ-સત્ત્વવાળા પ્રાણનાથમાં કેટલું મોટું અંતર છે તે હવે મને જણાયું.

મારી આવી દુર્દશા થવામાં ન તો મારા સાસુ-સસરાનો દોષ છે, ન તો મારા માતા-પિતાનો. પરંતુ ભાગ્યહિન એવી મારા જ કર્મનો એ દોષ છે.' આ રીતે રડતી તેને પ્રતિસૂર્ય મામાએ અટકાવીને જલ્દીથી પવનંજયની શોધ કરતાં કરતાં તેઓ ભૂત-વનમાં આવી પહોંચ્યા. અંજનાએ શ્વસુર પ્રહલાદ રાજાને નમસ્કાર કર્યા. અને પ્રહલાદ રાજાએ હનુમાનને ઉંચકીને ખોળામાં બેસાડ્યો. પછી પ્રતિસૂર્ય રાજાને કહ્યું કે-સંકટના સમુદ્રમાં ડુબુ ડુબુ થઇ રહેલા મારા આખા કુટુંબનો તમે ઉદ્ધાર કર્યો છે. વાંક ન હોવા છતાં તરછોડી દીધેલી અમારી પુત્રવધૂનું રક્ષણ કર્યું તે તમે ઘણું સારૂં કર્યું છે.

અંજનાને જોતાં જ પવનંજય પણ ખુશ-ખુશ થઇ ગયો.

વિદ્યાના બળથી વિદ્યાધરોએ ત્યાં મોટો મહોત્સવ આદર્યો. ત્યાર પછી દરેક હનુપુરમાં ગયા ત્યાંથી બધાં સ્વજનો પોત પોતાની નગરી તરફ ગયા. અને પવનંજય અને અંજન-સુંદરી હનુપુરમાં જ રહ્યા.

બાળ-શિશુ હનુમાન ધીરે ધીરે કળાઓનો અને વિદ્યાનો ભાણકાર થયો. અને યુવાવસ્થાને પામ્યો.

આ બાજુ વરૂણને જીતી ન શકવાથી રાવણને સંધિ કરવી પડી હતી તે આંખના કણાની જેમ ખટકતું હતું. તેથી ઇર્ષ્યામાં સળગતા તે રાવણે વરૂણરાજા સાથે કરેલી સંધિમાં દૂષણ ઉભુ કરીને વરૂણને જીતવા ફરીથી તેના તરફ આક્રમણ લઇને ગયો.

રાવણને સહાય કરવા જ્યારે પિતા અને મામા ચાલ્યા ત્યારે હનુમાને તેમને જતાં અટકાવી પોતે જ યુદ્ધ કરવા પ્રયાણ કર્યું.

હનુમાનને આવેલો જોઇને ખુશ-ખુશાલ થયેલા રાવણે હનુમાનને હર્ષથી ખોળામાં બેસાડયો.

યુધ્ધ માટે ગયેલા રાવણે વરૂણ સામે યુધ્ધ શરૂ કર્યું. વરૂણના પ્રચંડ શકિતશાળી પુત્રોએ રાવણને યુદ્ધમાં હેરાન-હેરાન કરી મૂકયો. સુગ્રીવાદિ વીરો સાથે વરૂણ રાજા યુદ્ધ કરતા હતા. એટલામાં દારૂણ વીર્યશાળી હનુમાને વરૂણના પુત્રો સાથે ભીષણ સંગ્રામ શરૂ કર્યો. અને વિદ્યાના સામર્થ્યથી હનુમાને તે દરેક પુત્રોને સ્તંભિત કરી દઇને જીવતાં જ બાંધી લીધા. આ જોઇને ક્રોધથી ધૂંઆપૂંઆ થઇ ગયેલા વરૂણે હનુમાન તરફ દોટ મૂકી. પણ સુગ્રીવાદિ વીરોએ વરૂણનો માર્ગ રુંધી નાંખ્યો. પણ વરૂણે હાથી રસ્તાના વૃક્ષોને ઉખાડી નાંખે તેમ સુગ્રીવાદિ દરેકને માર્ગમાંથી હટાવી દીધા. પછી તો રાવણે જ વરૂણને હનુમાન તરફ આગળ વધતો અટકાવી દીધો. અને રાવણ-વરૂણનું ભીષણ યુદ્ધ શરૂ થયું. વરૂણના પુત્રોની બંધનાવસ્થાના કારણે રાવણ તેનું શુરાતન બતાવી શકયો. અને આખરે કંટાળીને સીધો રાવણ-વરૂણના હાથી ઉપર ચડી બેઠો અને ઇન્દ્રની જેમ વરૂણને જીવતો જ બાંધી લીધો. અને પોતાની છાવણીમાં લઇ ગયો.

પુત્રો સાથે વરૂણે રાવણની શરણાગતિ સ્વીકારતાં જ રાવણે દરેકને મુકત કરી દીધા.

વરૂણ રાજાએ પોતાની સત્યવાદી નામની કન્યાને હનુમાન સાથે પરણાવી. રાવણે પણ ચંદ્રનખા (શુર્પણખા)ની અનંગકુસુમા નામની પુત્રી, સુગ્રીવે પદ્મરાગા નામની, નલે હરિમાલિની નામની અને આ રીતે હજાર સંખ્યા સુધીની કન્યાઓને પરણીને હનુમાન હનુપુર નગરમ આવ્યો.

—o— —o— —o—

એક વખત રાજા ભોજ અને માઘ પંડિત ગુપ્તવેશે ગામની બહાર ફરવા નીકળ્યા વાતોમાં ને વાતોમાં ઘણે દુર ચાલ્યા ગયા. પાછા વળતા તેઓ બંને રસ્તો ભૂલી ગયા જેથી તેઓ બંને ચારે બાજુ નજર કરે છે કોઇ મલી જાય રસ્તો બતાવનાર. ત્યાં એક ખેતરમાં એક વૃદ્ધ ઘરડી ડોસીમાને જોઇ તે બંનેએ માજીને પૂછયું. 'આ રસ્તો કયાંનો છે.'

માજીએ સામું જોયું ત્યાં બંનેને ઓળખી ગયા અને મનોમન વિચાર્યું. બંને બુધ્ધિશાળી છે. તો લાવને જરા બુધ્ધિશાળીની બુધ્ધિ જોઉ એમ ચિંતવી બોલ્યા ભાઇ રસ્તો તો અહિંનો અહિંજ રહે છે પણ રસ્તા ઉપર ચાલનારા જાય છે.

માજીએ પૂછયું ભાઇ તમો કોણ છો તો તે બંનેને પોતે છતું નતું થવું જોથી કહે અમે મુસાફર છીએ.

માજી કહે–ભાઇ મુસાફર તો સૂર્ય અને ચંદ્ર જ છે કારણ સૂર્ય દિવસની મુસાફરી કરે અને ચંદ્ર રાતની મુસાફરી કરે છે તો તમે તે બંનેમાંથી એકેય નથી તો તમે સાચું કહો કોણ છો? તો પંડિતજી બોલ્યા માજી અમે તો મહેમાન છીએ, ત્યાં માજી

ડોસીમાની ચતુરાઈ

—પૂ.સા.શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી કનકમાલાશ્રીજી મ.

બોલ્યા–વાહભાઇ વાહ મહેમાન તો ધન અને યૌવન જેજ છે કારણ તે બંનેને સાચવવા પડે છે, ધન કોઇ લઇ ન જાય અને યૌવન પણ ચાલ્યો જાય છે માટે તે મહેમાન કહેવાય માટે સાચું કહો તમે કોણ છો?

રાજા બોલ્યા–અમે ગરીબ માણસો છીએ.

[વૃધ્ધ.] માજી બોલ્યા–ગરીબ જગતમાં દીકરી અને ગાય જેજ છે કારણ કે જયાં દોરીએ ત્યાં જાય માટે તે તમો નથી તો તમે કોણ છો તે સત્ય કહો.

રાજા ભોજ વિચાર કરે છે કે–આ માજી તો બહુ બુધ્ધિ સારી લાગે છે જે આપણે કહીએ છીએ તેનો અર્થ કાઢીને આપણને પ્રશ્ન પૂછે છે તમે કોણ છો? હવે હું સાચુ કહી દઉં એમ વિચારી કહે–હું રાજા છું.

માજી કહે–રાજા જગતમાં કેટલા છે તે આપ નથી જાણતા? એક રાજા ઇન્દ્ર અને બીજો રાજા યમ આ જેની જે શકિત છે તેવી શકિતવાળું કોઇ નથી તો તમો જેમાંથી કોણ છો ઇન્દ્ર કે યમ?

તો તેનો જવાબ શું આપે? જે માંથી એકે નથી જેથી રાજાને લાગ્યું કે આ વૃધ્ધા તો વાતે વાતે બાંધે છે. પછી આ બંને કહે છે, અમો તો ભદ્ર માણસો છીએ.

માજીએ કહ્યુ–ભદ્ર જગતમાં બે જ છે એક સાધુ અને બીજુ જન્મ આપનારી માતા. કારણ સાધુ સહુનું કલ્યાણ કરનાર છે ને માતા પોતાના સંતાનોનું અકલ્યાણ ઇચ્છતી નથી, માટે તમો કોણ છો ? આમ સાંભળી રાજા અને પંડિત વિચારે છે. વૃધ્ધા ગજબની લાગે છે. વળી તેના જ્ઞાન માટે માન પેદા થયું. પછી પંડિતજી બોલ્યા–માજી જે પ્રભુનું, દેશનું, અને ધર્મનું અહિત કરે તેને અમે શિક્ષા આપનારા 'શત્રુ છીએ એમ આપ માનો.

વૃધ્ધાએ કહ્યુ–બે જ શત્રુ છે! એક તો રાગ અને બીજો દ્વેષ, કારણ તે સત્ય એટલે સાચુ સમજવા દેતા નથી અને મુંઝાવી ને મારે છે માટે તમે કોણ છો તે સત્ય કહો.

બન્ને વિચારમાં પડયા જે કહીએ તેનો વળતો જ જવાબ આ માજી અજબ ગજબના છે હવે શું કહેવું ? ત્યાં સૂઝયું–માજી એમ તમે માની લ્યો કે અમો દુર્જનછીએ.

માજી બોલ્યા–જગતમાં બે જ દુર્જન છે એક કામ અને બીજો તેનો ભાઇ ક્રોધ કારણ તે જગતના જીવોને ભાન ભૂલાવે છે ને સંસારમાં રચ્યા પચ્યા બનાવી દુર્ગતિનો મહેમાન બનાવે છે. માટે કહો કે તમો કોણ છો ?

હવે બંને અંદરોઅંદર વિચારણા કરી કે ચાલો હવે આપણે મૂર્ખ બનીએ એટલે માજીને રહે–અમો મુર્ખ છીએ.

આમ સાંભળી માજી બોલ્યા, અલ્યા ભાઇ મૂર્ખ બે જ જણ્યા છે ? એક અવિચારી અને બીજો અભિમાની. કારણ આ બેય અવિચારી કાર્ય કરે અને વિચાર્યા વગરના પગલા ભરે છે, બોલો માટે તમો કોણ છો. ?

હવે બંને મુંઝાણા શું કહેવુ, બધુ કહી દીધુ, છતાં માજીના જવાબ તુરત જ છે. હવે આપણે માફી આપનાર, છીએ એમ કહીએ અને મનમા વિચારી કહે, માફી આપનાર છીએ.

વૃદ્ધાએ કહ્યુ. દુનિયામાં બેજ જણ માફી આપી શકે છે. પૃથ્વી અને સ્ત્રી નારી. બંને સહન શીલતાની પ્રતિમા છે તો તમો તો નર જાતિ છો. તો તમે કોણ છો ?

વૃધ્ધાના આવા સવાલના જવાબ સાંભળી રાજા અને પંડિત પણ મુંઝાઇ ગયા અંતે બંનેએ માજીને કહ્યુ–હે માજી અમો તમારી પાસે હારી ગયા.

માજીએ કહ્યુ–અરે ભાઇ, તમે હારેલા નથી જગતમાં હારેલા બે જ વ્યકિત છે. એક તો કરજદાર અને બીજો ઘણી દીકરીનો બાપ. કારણ કરજદાર હારેલો છે અને ઘણી દીકરીના બાપની જીંદગી સુખ વગરની છે, અને ચિંતામાંને ચિંતામાં રાતે સુખ પૂર્વક નિદ્રા પણ કરી શકતા નથી.

હવે રાજા અને પંડિત ખરેખર મુંઝાયા તેમણે કહ્યું-માજી હવ આપ જ કહો કારણ આપ ઘણું જ જાણો છો.

વૃદ્ધાએ હસતાં હસતાં કહ્યું, વાત તમારી ભાઇ સાચી છે. હું જાણું છું કે તમે ભોજ રાજા અને બીજા પંડિત માઘ. હવે હું તમને અવંતિનો રસ્તો બતાવું, એમ કહી માજીએ અવંતિ જવાનો રસ્તો બતાવ્યો.

જેથી બંને હર્ષ પામતા વૃદ્ધાને હાથ જોડી પ્રસન્ન વદને અવંતિના માર્ગે પ્રયાણ કર્યું.

આ ઉપરથી ઉપસંહાર કે દુનિયાનું ડહાપણ જેમણે પચાવ્યું છે તેઓ પંથ ભૂલ્યાને ઉચ્ચ પ્રકારનું માર્ગદર્શન આપી શકે છે. રાજા જેવા સમર્થ માણસને અને માઘ જેવા વિદ્વાન જનને પણ એક સાધારણ અશિક્ષિત ગામડીયાણી પાસેથી કેવું શીખવા મલે છે.

આવી ડહાપણ શકિત આવે તો શ્રાવિકા પણ પરમાત્માને ઓળખી તેમના માર્ગમાં મહાસતી સુલસાની જેમ સ્થિર રહે, પોતે તરે અને કુટુંબ પરિવારને પણ તારે, એવુ શ્રાવિકા રત્ન જૈન શાસનના પ્રાણનો અંશ બને છે.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા....

છસુ જીવનિકાએસું જે બુહે સંજાએ સયા ।
સે ચેવ હોઇ વિણ્ણેએ પરમત્થેણ સંજએ ॥

છ જીવ નિકાય (પૃથ્વીકાય આદિ)માં જે સદા સંયમવાળા છે તે જ પરમાર્થથી સાચા સાધુ જાણવા.

ફોન : ઓ. : ૨૦૧૮૦
રેસી : ૨૧૦૨૮

પટેલ ભરતકુમાર જીવાભાઈની કું.

(રંગ તથા લોખંડના વેપારી)
ગોળ શેરી, બજાર, પાટણ

ઘરનું : વેરાઇ માતાની પોળ, નાગરલીમડી, પાટણ (ઉ. ગુ.)

પૂ.મુ. શ્રી મુકિતધન વિ.મ. તથા પૂ.મુ. શ્રી મ.નીપુન્યધન વિ. પ્રેરણાથી

ઓ.-૨૨૩૨, ઘર-૨૨૩૪
એસ.ટી.ડી. ૦૨૭૧૮

નીકુંજ ટાયર્સ

'એપોલો'-ટાયરના એકસકલુઝીવ ડીલર

નીલકમલ કોમ્પલેક્ષ, શ્રીજી પેટ્રોલ પંપની બાજુમાં, ને.હા.નં. ૮, બારેજા-૩૮૨૪૨૫
જી. અમદાવાદ.



શ્રી જીવદયા મંડળ-રાપર

રાપર-કચ્છ ૩૭૦૧૬૫ ○ પોસ્ટ બોક્ષ નં. ૨૩

'શ્રી જીવદયા મંડળ, રાપર' સંચાલિત

રાપર પાંજરાપોળને મદદ માટે નમ્ર અપીલ

જીવદયાના કાર્યની જીવદયાના પ્રચારની અગાઉ કયારેય જરૂરત ન હતી તેટલી આજે જરૂરીયાત ઉભી થયેલ છે. કહેવાતા આપણા **લોકશાહી** એટલે કે લોકોનું, લોકોથી, લોકો માટેનું ચાલતું રાજય એટલે લોકશાહી પરંતુ આવી ઉત્તમ રાજય વ્યવસ્થા દુરભાગ્યે એવા માર્ગે ચડી ગયેલ છે કે લોકશાહીના માર્ગે વળેલા આપણા દેશમાં ન બનવાનું બની રહેલ છે. દૈનિક પેપર 'ગુજરાત સમાચાર' તા. ૨૮-૭-૧૯૯૪ના અંકમાં આશ્લેષ શાહ લેખીત લેખ પાના નંબર ૧૨ ઉપર વાંચતા જાણવા મળશે કે આ દેશ ઉપર શકો, હુણો, ફ્રેંચો, મોગલો અને અંગ્રેજોએ વર્ષો સુધી રાજય કર્યું પરંતુ તેઓના સમય કરતાં પણ અનેક ગણી હિંસા આ લોકશાહી એટલે કે આપણા પોતાના રાજયમાં આચરવામાં આવી રહેલ છે **'અલકબીર'** જેવા અત્યંત વિરાટ અને આધુનિક યંત્રોથી સજજ એવાં નવાંને નવાં કતલખાનાં ઉભાં કરવામાં આવી રહેલ છે હુંડિયામણના હુલામણાં નામે આજે દેશમાં રોજ લાખોની સંખ્યામાં અવિચારી પણે નિર્દોશ જીવો ગાય, બળદ, ભેંશ, પાડા, વેટાં, બકરાં વગેરેની બેહરમ કતલ કરવામાં આવી રહેલ છે. જો વેળાસર આ માર્ગેથી પાછા વળવામાં નહિ આવે તો આપણા સમાજ જીવનનાં મહત્વનાં અંગ સમાં અબોલ પશુઓનું નિકંદન નિકળી જશે અને સારોય સમાજ એક જબર દરત આફતમાં આવી પડશે.

આવી થતી હિંસા નિવારવા અમે અમારા ગામે **શ્રી જીવદયા મંડળ-રાપર દ્વારા પાંજરાપોળ** ચલાવીએ છીએ. આ સંસ્થાનું કાર્ય અબોલ, નિરાધાર, નિઃસહાય જીવોને આશ્રય આપવાનું તેમ કસાઇ વાડે જતા જીવોને બચાવવાનું છે.

અનેક આફતો અને તકલીફો વચ્ચે સંતો, મહંતોના આશીર્વાદથી જીવદયા પ્રેમી સંસ્થાઓ તથા મહાનુભાવોના અનન્ય સહકારથી તેમ કાર્યકરોના પ્રબળ પુરુષાર્થથી આ સંસ્થા બે દાયકાથી પણ વધુ સમયથી તેનું જીવદયાનું કાર્ય અવિરતપણે ચલાવી રહેલ છે.

(સામે જુઓ)

હાલ આ સંસ્થામાં ૨૭૦૦ આસપાસ અબોલ જીવો આશ્રય લઇ રહેલ છે. જીવદયાનું આ મહાન યજ્ઞમાં સૌનો સહયોગ અનિવાર્ય છે તો જીવદયા પ્રેમી ભાઇઓ, શ્રી સંઘો તથા સંસ્થાઓને આ સંસ્થાને મદદ કરવા નમ્ર પણે પ્રાર્થના કરીએ છીએ.

ચાલુ વર્ષે દુષ્કાળને લઇ આ સંસ્થા ખુબજ મુશ્કેલી ભરેલી સ્થિતિનો સામનો કરી સૌના ઉમદા સહયોગે સાંગોપાંગ બહાર આવેલ છે હવે ઉપરોકત ૨૭૦૦ જીવોના નિભાવ તથા સુશ્રુષા માટે આર્થિક સહયોગની ખૂબજ આવશ્યકતા છે તો પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ પ્રસંગે તથા ફંડમાંથી આ સંસ્થાને ઉત્તમોતમ સહયોગ આપી અપાવી આભારી કરી 'જીવો ને જીવવા દયો' ના સુત્રને ચરિતાર્થ કરીએ એજ મંગલ ભાવના...

પત્ર વ્યવહાર :—

શ્રી જીવદયા મંડળ
રાપર [વાગડ] કચ્છ ૩૭૦૧૬૫

લી.—

ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ-રાપર

ત. ક. :—શકય હોય તો સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી.

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

यथा मृगा मृत्युभयस्य भीता उद्विग्नवासा न लभन्ति निद्राम् ।
एवं बुधा ज्ञानविबोधितात्मा संसारभीता न लभन्ति निद्राम् ॥ उ०चूर्णि

જેમ મૃગલા મૃત્યુના ભયથી ભયભીત ભય પામેલ અને ઉદ્વેગવાળા નિદ્રાને પામતા નથી તેમ સજ્જનો જ્ઞાન બોધ પામેલા હોય તે સંસારથી ભય પામેલા નિદ્રાને પામતા નથી.

ડીલાઇટ પ્રિન્ટર્સ

૫ રજપુત પરા, મહેતા એસ્ટેટ રાજકોટ

જિનાલયો અને જિનમૂર્તિ સંસાર સાગર તરવા માટેનું પરમ આલંબન છે

—પૂ. મુનિરાજ જયદર્શનવિજયજી મહારાજ

શ્રી વર્ધમાનનગર શ્વેતાંબર મુર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન પૂ મુનિરાજ શ્રી જયદર્શનવિજયજી મહારાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ દુષમકાળમાં જિનમૂર્તિ અને જિનાગમ તો ભવ્ય જીવોને સંસાર સાગર તરવા માટેના પરમ આલંબનો છે. શ્રાવકોએ વિધિ મુજબ શ્રી જિનબિંબો અને જિનાલયો ઉભા કરવા જોઈએ એવો શાસ્ત્રકારોનો ઉપદેશ છે. આ ઉપદેશ મુજબ જૈનો જિનાલયોના નિર્માણ પાછળ લખલુંટ ખર્ચ કરતા હોય તેનો કોઇ મુર્તિપૂજક સંપ્રદાયના જૈન સાધુએ કટર વિરોધ કરવાની જરૂર નથી. પોતાની શુભ ભાવનાનુસાર શતાબ્દિ મહોત્સવમાં શ્રાવકો ભલે કરોડો રૂપિયા વાપરે તેમાં કોઇએ માથું શું કામ લગાડવું જોઈએ?

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે કેટલાક લોકોને ધર્મ અને ધાર્મિકોને ઉતારી પાડવાનો શોખ લાગ્યો છે અમુક સાધુઓ પણ સમજ્યા વિના તે વાતમાં ભળીને લોહેલોલ કરે રાખે છે. આ દેશમાં ધર્મ અને ધાર્મિકોએ પારાવાર નુકશાન કર્યું છે એમ કહેનારાઓને મારે પુછવું છે કે ધર્મ અને ધાર્મિકોએ દેશને નુકશાન કર્યું છે તો તમે જ કેમ ધર્મ પકડી રાખ્યો છે? તમે જશા માટે ધાર્મિક બનવાનો પ્રયત્ન કરો છો? ખરી વાત એ છે કે સાચા ધર્મ અને સાચા ધાર્મિકોએ કદી કોઇને નુકશાન કર્યું નથી અધર્મ અને અધાર્મિકોથી હંમેશાં દુનિયાને નુકશાન થયું છે જેઓને સારો આદર્શ બનાવતા આવડતું નથી તેઓએ બોલવા કરતા મુંગા રહેવું એજ વધારે હિતકર છે.

ધાર્મિકતાનો ક્રમાંક કેટલામો? એના માટે મુનિશ્રીએ જણાવ્યું હતું કે સાચો ધાર્મિક હંમેશાં માનવતાના ગુણોથી મઘમઘતો હોય રાષ્ટ્રને કદી એનાથી હાની પહોંચતી નથી જે ધાર્મિકતા માણસને ઉચ્ચ પંથે લઇ જતી હોય તેને ત્રીજા ક્રમાંકમાં મુકાય જ કેમ? અર્થ અને કામમાં લાલચુઓએ પણ ધર્મને પહેલો ક્રમાંક આપ્યો છે અને અર્થ કામ ને પાછળ મુકયા છે. તો પછી ધર્મધ્વજને હાથમાં લઇને ફરનારા સાધુ જો એક ધક્કે ધાર્મિકતાને ત્રીજા ક્રમમાં (થર્ડક્લાસ)માં હડસેલી દેતા હોય તો એ સાધુનો ધર્મધ્વજ લાજે. ધાર્મિક ક્ષેત્રમાં રહીને ધાર્મિકતાને તોડવાને બદલે પોતાના મનગમતા ક્ષેત્રની પસંદગી કરીને તે ક્ષેત્રમાં તેઓ શા માટે ચાલ્યા જતા નથી? યાદ રાખો ધર્મમાં રહીને ધર્મને નીચો દેખાડવો એ મહાપાપ છે.

[સાંજ સમાચાર–રાજકોટ તા. ૨–૮–૬૪]

"जैन जयति शासनम्" આ શ્રી જૈન શાસન જગતમાં જયવંતુ વર્તે છે. શાસનને જયવંતુ રાખવામાં પ્રભાવક આચાર્યાદિ સુવિહિત મહાત્માઓની જેમ શ્રાવક શ્રાવિકાઓનો પણ ફાળો છે જ. માટે જ અમારા પરમતારક અનંતોપકારી પ્રાતઃસ્મરણીય પૂ.પાદ પરમ ગુરૂભગવંત સુવિશાલ ગચ્છાધિપતિશ્રી પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા વારંવાર ફરમાવતા હતા કે 'જૈનો તો જગતનું જવાહીર છે.' જૈન જગતમાં રહે પણ જગતથી નોખો હોય. જૈન એટલે સંસારનો મહેમાન.'

ત્યાગમૂર્તિ પાહિણીદેવી

—પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

જે આત્માને આખો સંસાર છોડવા જેવો લાગે અને આત્માનું વિશુદ્ધ સ્વરૂપ મોક્ષ જ મેળવવા જેવો લાગે તે માટે સર્વવિરતિ ધર્મ જ આરાધના જેવો લાગે તેવો આત્મા કદાચ કર્મ સંયોગે સંસાર ન પણ છોડી શકે અને સાધુપણું પણ ન પામી શકે તો ય તેના જીવનમાં ધર્મ જ મુખ્ય હોય. પોતાને મળેલી સઘળી ય તન, મન અને ધનની શક્તિઓનો ધર્મની આરાધનામાં જ સદુપયોગ કરી પોતાના આત્માના કલ્યાણની કેડીએ કદમ ઉઠાવે છે. તપ, જપ, ત્યાગ આદિ દ્વારા પોતાના આત્માને ભાવિત કરે છે અને તેની છાપ અન્ય આત્માઓ ઉપર એવી પડે છે કે તેઓ પણ ધર્મ ઉપર ભક્તિ બહુમાનવાળા બને છે.

શ્રાવિકાઓમાં તપ, ત્યાગ, ધર્મ વિશેષ પ્રકારે જોવા મળે છે. તેઓ જો સમજુ હોય તો તેની છાપ સામી વ્યક્તિ ઉપર એવી સુંદર પાડે છે. જેનું વર્ણન ન થાય. તે માટે અકબર પ્રતિબોધક જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી વિ. હીરસૂરીશ્વરજી મહારાજાને બાદશાહ સુધી કળાપ કરાવવામાં નિમિત્તભૂત બનેલી ચંપા શ્રાવિકાનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

મારે એક ત્યાગમૂર્તિ શ્રાવિકાની સામાન્ય વાત કરવી છે. તે પ્રસંગ ઘણો નાનો છે પણ જો તેનો પરમાર્થ સમજાઈ જાય તો આત્માનો બેડો પાર થઇ જાય તેવો છે. આત્મામાં પરમાત્મદશાને પામવાનું બીજ અહીં જ પડી જાય છે. પરમાર્હત્ ગુર્જરધરિત્ર અઢાર દેશોના નરેશ શ્રી કુમારપાળ ભૂપાલ પ્રતિબોધક, કલિકાલ સર્વજ્ઞ, સર્વતોમુખી પ્રતિભા સંપન્ન પૂ. આ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના નામથી કોણ સુપરિચિત છે. જેઓએ ન્યાય, વ્યાકરણ, સાહિત્યની અજોડ એવી કૃતિઓનું અનોખું સર્જન કર્યું છે. જેથી દિગ્ગજ મૂર્ધન્ય જૈનેતર પંડિતોના મસ્તક પણ ડોલી ઊઠે છે જેમની વિદ્વદ્‌તાથી સૌ કોઈ આજે ય પણ તેટલા જ ચમત્કૃત છે. શ્રી જૈન શાસનની જય પતાકા જગતમાં અણનમ લહેરાતી કરનાર આ પુણ્ય પુરુષની ભેટ જગતને–જૈન શાસનને આપવામાં

નિમિત્તભૂત તેમની માતા પરમ શ્રાવિકા પાહિણીદેવીના ત્યાગની વાત કરવી છે.

મોટી મોટી મહેલાતો અને ગગનચૂંબી શ્રી જિનાલયોના અસ્તિત્વમાં પાયાના પત્થરોનું પણ તેટલું જ મહત્વનું યોગદાન મનાય છે. તેમ શ્રી જૈન શાસનમાં કલિકાલ સર્વજ્ઞને પેદા કરવામાં તેમની માતા પાહિણીદેવીનું પણ તેવું જ તેથી પણ અધિક યોગદાન છે. તેમ કહેવું જરાપણ અતિશયોક્તિ ભર્યું નથી.

આપણને ખબર છે કે પાહિણીદેવીએ ચાંગદેવ નામના તેજસ્વી પુત્ર રત્નને જન્મ આપ્યો છે. જે બાલક બાલ્યકાળથી જ સંસ્કારિત વિરાગી અને ધાર્મિક પ્રકૃતિનો છે. 'પુત્રના લક્ષણ પારણા'માંથી તે ન્યાયે તે બાલ્યકાળથી જ ઉમદા સ્વભાવનો હતો. તેમની માતા પાહિણીદેવી જેમ પરમ શ્રાવિકા હતી તેમ તેનો પિતા ચચ્ચ ધર્મ ભાવનાથી રહિત હતો. એકવાર શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં ચૈત્યવંદન વખતે પોતાની માતા સાથે દર્શનાર્થે આવેલા આ બાળક ચાંગદેવ, તે જ વખતે ચૈત્યવંદનાર્થે આવેલા પૂ આ. શ્રી વિ. દેવચંદ્ર સૂ. મહારાજાના આસન ઉપર બેસી ગયો. બાળકને જોતાં જ લક્ષણના જાણ પૂ. આચાર્યદેવને થયું કે આ બાળક લક્ષણવંતો છે અને શાસનનો મહાન પ્રભાવક થાય તેવો છે.

પોતાના શરીરને વિષે પણ નિસ્પૃહ એવા પરમર્ષિઓ શાસનને વિષે સ્પૃહાવાળા હોય છે. તેથી અવસર પામીને ચતુર્વિધ શ્રી સંઘ સાથે ખુદ પૂ. આ. શ્રી વિ. દેવચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા ધંધુકામાં પરમશ્રાવિકા પાહિણીદેવીના ઘરે પધાર્યા શાસનના મર્મને જાણનારી શ્રાવિકા રોમાંચિત થઈ, અંગે અંગ આનંદ ઉભરાયો કે મારા જેવી સામાન્યના ઘરે આવા પ્રભાવક પૂ. આચાર્યભગવંત સાથે શ્રી સંઘના પગલા કયાંથી ? આજે મારા આંગણે કલ્પવૃક્ષ ફળીયા !!! તેમ માની શ્રી સંઘની ઉચિત આગતા-સ્વાગતા કરી વિનયપૂર્વક આવવાનું પ્રયોજન પૂછયું.

તે વખતે શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવેશે ધીર-ગંભીર અવાજે કહ્યું કે 'હે શ્રાવિકે ! હે ભદ્રે ! તારો આ બાળક શાસનનો પ્રભાવક પાકે તેવો છે તેને શાસનને ચરણે સોંપવાનું કહેવા માટે શ્રી સંઘ સાથે હું આવ્યો છું.' તે વખતે નમ્રતાની મૂર્તિ એવી માતા પાહિણીદેવીએ વિનયપૂર્વક કહ્યું કે 'હે ભગવંત ! મારૂં અવું સૌભાગ્ય કયાંથી ! મારો બાળક આપની નજરમાં વસી ગયો. હું ધન્ય ધન્ય બની ગઇ. જગત્ પૂજ્ય એવા પુત્રને જોવા મારી આંખો તલસી રહી છે મારું હૈયું થનથની રહ્યું છે. મારો મનમયુર નાચી રહ્યો છે. તેથી મારા પુત્રને હું આપના ચરણે આપું છું. પરંતુ સાથે સાથે એટલી વિનંતિ પણ કરૂં છું કે, હે ભગવંત ! આનો પિતા આજે અહીં હાજર નથી. કામ પ્રસંગે દેશાંતર ગયા છે. તેઓ હજી ધર્મને પામ્યા નથી. તેથી વિરોધ પણ

કરે. પાછો લાવવા પ્રયત્ન કરે. પણ આના રક્ષણની જવાબદારી આપના શિરે છે. આમ કહીને પોતાના હૈયાના હાર, આંખોના રતન, ચાંગદેવને તારક ગુરુદેવને ચરણે સમર્પિત કર્યો.

તે પછી ચાંગદેવની દીક્ષા પણ થઇ અને અનુપમ શાસન પ્રભાવક પૂ.આ.શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના નામે જગત વિખ્યાત થયા તે આપણે સૌ સારી રીતના જાણીએ છીએ. પણ પોતાના પ્રાણ સમાન વહાલસોયી માતાના આ ત્યાગને બિરદાવવા મારી પાસે શબ્દો નથી. ખરેખર જૈન શાસનની માતાઓ જો આવી રીતના ત્યાગ કરનારી બને તો આજે પણ શાસનનો જય જયકાર પૂર્વકાળની ઝાંખી કરનારો બને તેમાં બે મત નથી.

આવી ત્યાગમૂર્તિ પરમશ્રાવિકા પાહિણીદેવીના ત્યાગની ભૂરિભૂરિ અનુમોદના કરી વિરમું છું.

❀

જૈન શાસનનાં હાર્દિક શુભેચ્છા.....

गतानुगतिको लोको न लोकः पारमार्थिकः ।
मदितं राजकुलं सर्वं कुंभकारमदने मृते ॥

લોક ગતાનુ ગતિક છે, લોક પારમાર્થિક નથી. કુંભારનો ગધેડો મરી ગયો તો આખું રાજકુલ શોકમાં પડી ગયું.

કુંભારનો ગધેડો એક બ્રાહ્મણ જાપ કરે ત્યારે લેવો તેથી તેને થયું આ ગધેડો યોગેશ્વર છે. તે મરી ગયો તો બ્રાહ્મણે શોકમાં મુંડન કરાવ્યું તે વધતે વધતે રાજકુલ સુધી શોક ફેલાયો.

☎ Offi. 2089983

Dhanjibhai Gada
Kantilal Gada

Varsha Paper Mart

Hous of News Print

121-123, Dadisheth Agiary Lane,

Bombay-400002

પૂર્વે કરેલા કર્મો સામુદાયિક હોવા છતાં એકને જ ઉદયમાં આવ્યું તેનું કારણ જે વ્યકિત મજબુત કર્મ બાંધ્યું અને બીજાએ અનુમોદન કર્યું તેના પરિણામે મહાસતી નંદયંતીને કર્મ ઉદયમાં આવ્યું તેને ભોગવી જે કરેલા કર્મોને આલોચના કરી ગૃહસ્થોના બારવ્રતોનું પાલન કરી અંતે ચારિત્ર સ્વીકારીને મોક્ષસુખને પામી.

પોતનપુર નામનું નગર હતું ત્યાં પ્રગટ પરાક્રમી નરવિક્રમ નામનો રાજા હતો. અને તે નગરમાં જાણે લક્ષ્મીની દાનશાળા હોય તેવો સાગરપોત નામનો શ્રેષ્ઠી હતો. તે શ્રેષ્ઠીનો પવિત્ર આચારોમાં કુશળ સમુદ્રદત્ત નામનો પુત્ર હતો. બાલ્યાવસ્થામાં સકલ કલાઓને ગ્રહણ કરી અનુક્રમે યૌવનવયને પામ્યો.

આ તરફ સોપારક નગરમાં ઉત્કર્ષનો ભંડાર એવો નાગદત્ત નામનો શેઠ હતો તેને નંદયંતી નામની કન્યા યૌવનભાવને પામેલી જિનધર્મમાં નિપુણ બુદ્ધિવાળી હતી. શીલરૂપી મણેક રત્નની ભૂમિ હતી કામદેવરૂપી રાજાની રાજધાની હતી શોભા સહિત યુવાનોના મનને આનંદ પમાડતી હતી. જાણે વિધાતાના યોગ્ય પ્રયત્નને સત્ય બનાવવા તત્પર

મહાસતી નંદયંતી

—પૂ. સા. શ્રી સુવર્ણ પ્રભાશ્રીજી મ. સુરત.

થયો હોય તેમ સાગરપોતે પોતાના પુત્રની સાથે નંદયંતીને પરણાવી જાણે ચિત્રવેલીને મેળવી હોય તેમ એકાંતે અત્યંત પ્રેમને ઇચ્છતી નંદયંતીને મેળવીને સમુદ્રદત્તના મનોરથો પૂર્ણ થયા.

બાલ્યકાલના સહદેવ નામના મિત્રની સાથે ક્રીડા કરતા કેટલોક કાળ વિલાસ કર્યો. એકવાર જુદાજુદા દેશનું વિજ્ઞાન અને ધન મેળવવાની ઉત્કંઠાથી તેણે વહાણ દ્વારા વેપાર કરવાની ઇચ્છાથી પિતાને પૂછયું પિતાજીએ કહ્યું મારી પાસે ઘણું ધન છે. તે તું ઇચ્છા મુજબ ભોગવ. આંગણામાં કલ્પવૃક્ષ હોય તો જંગલમાં કોણ જાય.

સત્પુરુષો પૂર્વજોએ મેળવેલી લક્ષ્મીનો ભોગ નથી કરતાં કારણ કે યૌવનમાં માતાને ધાવવી અને માતાની સાથે શયન કરવું વગેરે રીતે માતા ભોગવવા યોગ્ય નથી. તેમ પિતાની લક્ષ્મી ભોગવવા યોગ્ય નથી આ પ્રમાણે પુત્રની વાણીને સાંભળી સાગરપોત શોક અને આનંદ બન્નેથી યુક્ત બન્યો. તેણે ગદ્ગદવાણીથી આ પ્રમાણે કહ્યું પિતાએ ઉપાર્જન કરેલા ધનથી અપ્રશસ્ત મદવાલા બનેલા ઘણાં લોકો હોય છે. પિતાના ધનથી દાન કરનારા અને સુખ ભોગવનારા વિરલા જ હોય છે. આ પ્રમાણે બોલતા તેણે

માગનારા માગેલા ધનને પ્રમાણિક કરાવે તેમ પોતાનો આગ્રહ કોઈપણ રીતે પ્રમાણિક કરાવ્યો અને પછી મિત્રની સાથે જવા ઉત્કંઠિત થયેલા સમુદ્રદત્તો સ્વજનોને પૂછીને શુભનક્ષત્રમાં વહાણ કરિયાણાથી ભર્યું તે વખતે સમુદ્રદત્તો મિત્રને કહ્યું મેં પત્નીને પૂછયું નથી. કારણ કે તે વખતે પત્ની ઋતુવંતી હતી.

મિત્રે કહ્યું લાંબાકાળથી સ્નેહવાળો હું તારા પાસે હોવા છતાં જો તને ચિંતા પીડા કરે છે. તો કલ્પવૃક્ષોના સેવકો દીન બનેલા જાણવા જેમનો આત્મા દક્ષિણ્ય, કુલ મર્યાદા અને લજ્જાથી બંધાયેલો છે. એવા પુરૂષોને અને સ્વેચ્છા પ્રમાણે પ્રેમ કરનારાઓને મિત્ર સિવાય બીજું કોઈ ઔષધ નથી.

મર્યાદાવાળો હોવા છતાં રાગરૂપી સમુદ્રની લહરીઓને આધીન બનેલો સમુદ્રદત્ત રાતે કોઇને પણ ખબર ન પડે તે રીતે પોતાના ઘરના દ્વાર પાસે આવ્યો. ત્યાં તેણે સુરપાલ નામના દ્વારપાલને રત્નની વીંટી આપી અને વીંટીને સાચવવી એમ કહ્યું. પછી તો પોતાના વાસભવનની પાસે આવ્યો ત્યાં તેણે જાળીના આંતરામાંથી ઠંડા પાણીમાં માછલીની જેમ અત્યંત વ્યાકુલ બનેલી પત્નીને જોઇ પ્રિયા શું કરે છે. એમ વિચારીને સમુદ્રદત્ત પત્નીને જોઇ રહ્યો છે. તેટલામાં અરતિવાળી બનેલી મહાસતી નંદયંતી ઘણાં કાળથી નિદ્રા નહિં આવવાના કારણે શય્યામાંથી ઉઠીને ઉદ્યાનમાં ગઇ ઉદ્યાનનું શીલાતલ ચંદ્રના પ્રકાશથી ઉજ્જવલ બન્યું હતું પતિવિયોગની પીડાથી દુઃખી બનેલી પતિવ્રતા સતી તે શિલા ઉપર સૂતી. તેણે શીલાને અંગારાની ગાડી જેવી માની. હવે તે કોમળ સ્પર્શવાળા અશોકવૃક્ષના પાંદડાઓને શીલાતલ ઉપર પાથરીને સૂતી. ફરી તેણે ચંદ્રના કિરણોને દંડ જેવા જાણ્યાં વિલાપ કરતી તે બોલી હા! જલ્દી જવાની ઇચ્છાવાળા પતિએ તે વખતે મને બોલાવી પણ નહિં તેથી આ પ્રમાણે મારા નિરર્થક આ જીવનથી શું?

પતિના વિયોગથી વિહ્વલ બનેલી સતી નંદયંતી પતિના ગુણોને યાદ કરી કરીને ફાંસો ખાવાની ઇચ્છાવાળી થઇ અને એથી ઘરની પાસેના બગીચામાં વૃક્ષની પાસે ગઇ. ત્યાં ભવેભવે ગુણોનો ભંડાર તે જ મારો પતિ થાઓ. એમ બોલી પછી તે જેટલામાં પોતાના ઉપરના વસ્ત્ર એટલે સાડીથી વૃક્ષશાખામાં ફાંસો ખાવાના બંધનથી પોતાની કાયાને બાંધે છે. તેટલામાં સમુદ્રદત્તે કુદીને ફાંસાને છેદી નાખ્યો પછી સમુદ્રદત્ત તે જ વખતે ઉછળતા અતિશય રાગથી તે દિવસે નાહેલ તેને, જેમ લોહચુંબક લોઢાની કોશને ભેટે તેમ ભેટયો. અર્થાત્ સમુદ્રદત્તે તેની સાથે કામક્રીડા કરી. પછી પ્રસન્ન થયેલી પત્નીને પૂછીને ફરીને વહાણમાં આવ્યો.

કર્મની અનુકુળતાથી તે સમુદ્રના પારને પામ્યો. ગર્ભવતી અને ગુપ્ત ઉદરવાળી

નંદયંતીએ હર્ષ પામીને સુખપૂર્વક ત્રણ માસ પસાર કર્યા. જેમ વજ્રની ભૂમિમાં વજ્રની સળી અને ધરવાળી ભૂમિમાંથી નિધાન પ્રગટ થાય તેમ ક્રમે કરીને તેનોપૂર્ણ ભર્ભ પ્રકટ થયો. સસરાએ કલ્પના કરી કે મારી પુત્રવધૂ અસતી છે. કારણ કે પુત્રે પ્રયાણ કર્યું ત્યારે આ ઋતુવંતી હતી. એટલે તે અસ્પર્શ્ય હતી.

માત્ર ઉપરથી દેખાતા સદાચારવાળા વર્તનથી સ્ત્રીઓમાં વિશ્વાસ ન કરવો. તેવી સ્ત્રીઓ કિંપાકફળની ભક્ષણની જેમ પરિણામે અશુભફલવાળી થાય છે. તેથી ચોકકસ અને ચાંડાલની જેમ અમારી પંકિતમાંથી દૂર કરવી જોઇએ. જેથી નિષ્કલંક એવા અમારા કુલમ કાળી ટીલી ન લાગે. આ પ્રમાણે વિચાર્યા પછી પુત્રવધૂનો તત્કાલ ત્યાગ કરવાની ઇચ્છા વાળા શેઠે નિષ્કરૂણ નામના માણસને કહ્યું કે આ પુત્રવધૂનો વનમાં ત્યાગ કરો. તે પણ કોઇ બહાનાથી સતીને જંગલમાં લઇ ગયો જેમ સર્પની કાંચળીના ભ્રમથી મોતી ની માળાને મુકી દે તેમ સતીને જંગલમાં મુકી દીધી અને કહે છે કે કોઇ કારણથી તને જંગલમાં છોડી દેવા મને કહ્યું છે. હવે આપને ઇચ્છા મુજબ જ્યાં જવું હોય ત્યાં જાઓ. આ પ્રમાણે કહીને જેટલામાં તે પાછો ફરે છે તેટલામાં ઓચિંતા આવી પડેલા સંકટથી ગભરાયેલી મહાસતી મૂર્છા ખાઇને જમીન ઉપર પડી ત્યારબાદ વનના ઠંડા પવનથી તેની મૂર્છા દૂર થતાં તે બોલી હા હા કયા અપરાધથી મારો ત્યાગ કર્યો છે. પછી રડવા લાગી. તે વખતે વૃક્ષના અંતરે નિષ્કરૂણ જોઇ રહ્યો છે. ત્યારે સિંહ વાઘ વગેરે પ્રાણીઓ સતીને નમસ્કાર કરીને ચાલ્યા જાય છે.

આ બાજુ વિષ ભક્ષણ કરતી ગળે ફાંસો ખાતી પર્વત ઉપરથી ઝંપાપાત વિગેરેથી મરવાની ઇચ્છા વાળી તેણીના પ્રયત્નોને દેવીએ નિષ્ફળ બનાવ્યા. ત્યારે નંદયંતી વિચારે છે કે પતિ અને પિતાથી ત્યજાએલી એવી મને યમ પણ ગ્રહણ કરવાને ઇચ્છતો નથી હા હા ભાગ્ય મારૂં હજુ શું બીજું અનિષ્ટ કરશે ? આમ વિચારી ખિન્ન બનેલી પોતાને નીંદતી કર્મને જાણતી આગળ જાય છે. ત્યાં શિકારે નીકળેલા ભૃગુકચ્છના શ્રી પદ્મનાભના દયાળુ રાજાએ સતીને જોઇને મધુરવાણીથી બોલાવી સતીએ પોતાનું વૃત્તાંત જણાવ્યું અને તેને શ્રેન કરીને નગરમાં લઇ ગયો. અને કહ્યું કે ભગીનિ ! તારો પતિ ન મલે ત્યાં સુધી તું યાચકને દાન આપતી સુખપૂર્વક તું રહે હવે ત્યાં તે પતીને યાદ કરતી સુખપૂર્વક રહે છે.

હવે આ બાજુ નિષ્કરૂણે શેઠને સતીના શીલનો પ્રભાવ કહ્યો. પૂર્વે સાગર પોતે પોતાના કામ માટે સુરપાલને નંદયંતીના પિતાના ઘરે મોકલ્યો હતો તે પણ ઘણાં સમયે ત્યાંથી આવ્યો. તેની સાથે તેના પિતા નાગદત્તે પુત્રી માટે આભૂષણો વગેરે મોકલ્યાં હતા તે નંદયંતીને આપવા માટે સુરપાલે પૂછ્યું કે નંદયંતી કયાં છે ? સાગરપોતે બધો

વૃતાંત કહ્યો ત્યારે વિષાદવાળા સુરપાલે રડતા રડતા કહ્યું પતિવ્રતાનો નિરર્થક ત્યાગ કર્યો. તમારો પુત્ર ગુપ્તપણે આવેલો તેનો સંગ કરીને ફરી વહાણમાં ગયો. તે વખતે તમારા પુત્રે મને સોગંદ આપ્યા હતા કે મારા આગમનની વાત અનિવાર્ય કારણ વિના કોઇને જણાવવી નહિં અને નામથી અંકિત આ વીંટી આપી હતી તે સાગરપોતને બતાવી ત્યારબાદ પુત્રવધૂની શોધ કરવા તેને આજ્ઞા કરી અને પોતે પણ શોધવા લાગ્યો.

આ તરફ સમુદ્રદત્ત ઘણાં લાભયુક્ત અવસરે સુખપૂર્વક ઘરે આવ્યો. નંદયંતીનો વૃતાંત સાંભળી પોતાના ક્રોધાદિ ભાવોને અંતરમાં છુપાવી દીધા. પછી તે કેટલાક માણસો અને ભાતું સાથે લઇને નંદયંતીને શોધવા માટે ચાલ્યો. જંગલો ગામો નગરોમાં ઘણાં કાળ સુધી ભમ્યો ભાતું ખુટી જવાથી નોકરો પાછા જતાં રહ્યાં. રાંકલો પણ તે નંદયંતીને યાદ કરતો ઘણાં કાળ સુધી પૃથ્વી ઉપર ભમ્યો. કંદમૂલ અને ફલોનું ભક્ષણ કરીને નિર્વાહ કરતો. તેનું પેટ કૃશ થઇ ગયું શરીરનું તે જ થઇ ગયું હાથ અને પગ કૃશ થઇ ગયા. ફરતો ફરતો તે ભૃગુકચ્છ નગરમાં ગયો. ક્ષુધાર્થી ઘેરાયેલો તે ત્યાં જ દાનશાલામાં ગયો. નયનોમાં અમૃત સમાન પોતાની પ્રિયાને જોઇને રોળખી લીધી નંદયંતીને પણ તેને જોઇને આનંદ થયો. પ્રગટેલા અનુરાગથી આ પતિ છે તેવો નિર્ણય કરી લીધો. ઉભી થઇને પોતાનું ઔચિત્ય જાણીને નુંછણું કરતી હોય તેમ તેને દૃષ્ટિથી સ્પૃહા પૂર્વક જોયો. બન્નેની દૃષ્ટિ મળતાં સતીને પૂર્વની દુર્દશા યાદ આવતા જાણે ભાદરવા માસની વૃષ્ટિ હોય તેમ સતીની આંખોમાંથી અતિશય આંસુઓ પડવા લાગ્યા. તે વખતે આંસુવાળા પતિએ અમૃતવૃષ્ટિ જેવા પોતાના હાથકમળથી સતીની આંખો સાફ કરીને આશ્વાસન આપ્યું. લાંબા કાળના પ્રવાસથી ખિન્ન થયેલા સમુદ્રદત્તે પોતાની પત્નીના મુખરૂપી ચંદ્રને જોવાથી સમુદ્રની જેમ આનંદરૂપી જલતરંગોથી પરિપૂર્ણ બન્યો. નંદયંતીના પતિને આવેલો જાણી પદ્મરાજા આદરપૂર્વક તેની સામે ગયો વૈદ્યના ઔષધ પ્રયોગોથી ક્રમે કરીને પુષ્ટ બનાવ્યો ક્રમે કરીને સાગરપોત શેઠ અને સુરપાલ વગેરે જેમ આત્મામાં આઠ કર્મો ભેગા થાય તેમ, ત્યાં ભેગા થયા.

આ તરફ કેવલજ્ઞાની રૂપી સૂર્યનું ત્યાં આગમન થયું તેમને વંદના કરવા માટે સમુદ્રદત્ત વગેરે પરિવાર સહિત ગયા. દેશના પૂર્ણ થયા પછી નંદયંતીએ પૂછયું હે ભગવંત ? કયા કર્મથી મને કલંક આવ્યું ? આમ પૂછીને નંદયંતીએ પોતાનો પૂર્વ-ભવ પૂછયો.

ભગવંતે કહ્યું પૂર્વભાવમાં યજ્ઞના ઉત્સવમાં ભિક્ષા માટે આવેલા સાધુ ઉપર નંદયંતીના જીવે "આ શુદ્ર છે" એ પ્રમાણે દ્વેષારોપણ કર્યું એના સસરા વગેરે બધાએ

અનુમોદન કર્યું. આ કર્મ સામુદાયિક હોવા છતાં તારામાં જ દૃઢ બન્યું તેથી તું મહાસતી હોવા છતાં લોકો જેમ પૂર્ણચંદ્રમાં કલંકની સંભાવના કરે છે તેમ, સસરાએ તારા વિશે આ કલંકની સંભાવના કરી.

આ સંસારમાં જે ભાવોથી કર્મ બંધાયા હોય તે ભાવોની આલોચના ન કરવામાં આવે તો બંધાયેલા તે કર્મો તોફાની ઘોડાની જેમ જીવોને સંસારરૂપી અટવીમાં નિરંતર ભમાડે છે. પુન્યશાળી જીવો શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને આદરથી કરીને ક્રમે કરીને સ્વર્ગ અને મોક્ષના સંબંધવાળા થાય છે.

આ પ્રમાણે સાંભળીને નંદયંતી ગૃહસ્થના વ્રતોનો સ્વીકાર કરીને ગરીબોનો ઉદ્ધાર કરીને પોતાને જન્મ સફલ કર્યો નંદયંતી લાંબા કાળ સુધી ગૃહસ્થ ધર્મને પાળીને અંતે ચારિત્રને સ્વીકારીને આત્મ વિશુદ્ધિથી બધા કર્મોને ખપાવીને મોક્ષસુખને પામી.

શ્રદ્ધાંજલિ ગીત

(તર્જ : આવાઝ દે કે હમે તુમ બુલાઓ...)

૦ નયનો કૃપાને વરસાવનારા, વચનો જેના મીઠા-મધુરા
એવા હતા એ ગુરુજી અમારા, શ્રી રામચંદ્રસૂરિ સંઘ-પ્યારા નયનો...

૦ બોળે હુંફાળા તુજ રમતા'તા તુજ હાથ ઝાલી હજૂ ઘૂમતા'તા
કયારે હવે એ સોનેરી દિવસો, ઉગશે એનો અમને છે વરવસો નયનો...

૦ વીતી તુજ સંગાથ જે દિનરાતો, સદા યાદ આવે છે 'એ તારી વાતે'
જ્યાં જ્યાં ઠરે છે નજરો અમારી, ત્યાં ત્યાં ભરી છે યાદો તમારી નયનો...

૦ હતું તુજ શ્વાસો જીવન અમારું, હતું તુજ પ્રાણો રક્ષણ અમારું
તારી વિદાયે મુરઝાઇ પાંખો, દિલ પડી ભાંગ્યું, રડી પડી આંખો નયનો...

૦ શાસન કાજે શહાદત વહોરી, મહાપુરૂષોની ખોટ તેં પુરી
પાછા કદમ તેં ના કદી ભર્યા, જ્યાં જ્યાં ગયા ત્યાં જય શ્રી વર્યા નયનો...

૦ આશી અમે છીએ તારા ગુણોના, છીએ પ્રવાસી તારા મારગના
મોક્ષ છે મંજિલ સથવારો તારો, નાવિક તું છે ઉદ્ધારનારો નયનો...

૦ તુજ આદર્શો અમ આધાર, એની રક્ષા દૃઢ નિર્ધાર
ભૂષણ ભુવનના ઓ સૂરિરામ ! કરીએ તમોને કોટિ પ્રણામ નયનો...

વિ. સં. ૨૦૫૦ અ.વ. ૧૪ તા. ૬-૮-૧૯૯૪ શનિવાર આરાધના ભુવન, સુરેન્દ્રનગર

ગ્રામજી સમાચાર

ઇંદોર:—અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિનો અષાડ સુદ ૨ ના સત્કારગત પ્રવેશ થયો પ્રથમ પૂર્વ ધારા સભ્ય શ્રી લલિતજી જૈનને ત્યાં મંગલિક તથા સૌને કેશરીયા દૂધ પાયું અને રાજમલજી ખેમચંદજી ગુગલીઆ તથા છગનલાલજી મનાલાલજી જૈન તરફથી વરસે સંઘ પૂજનો થયા. ૨૫૦૦થી અધિક ભાવિકો સામૈયામાં જોડાયા હતા. અર્બુદગિરિ ઉપાશ્રયે પધારતાં મંગલ પ્રવચન થયું. બે ભાવિકો તથા હાલારી વીશા ઓસવાળ સમાજ તરફથી શ્રીફળ તથા ૨–૨ રૂા. ની પ્રભાવના થઇ. રતલામથી એક બસમાં ભાવિકો તથા બીજા ભાવિકો પ્રવેશ પ્રસંગે પધાર્યા હતા શ્રી હાલારી વીશા ઓસવાળ સમાજ તરફથી મહેમાનો તથા સમાજના સાધર્મિક ભક્તિ તથા પાઠશાળાના બાળ કોનું જમણ થયું હતું.

દરરોજ એક અઠમ તથા એક આંબેલ થાય છે તેમજ રોજ અઠમ કરનારનું બહુમાન શ્રી શાંતિલાલજી બમ (વર્ધમાન ચોવીશી તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી) તરફથી અને રોજ આંબેલ કરનારનું રમેશભાઈ નેનમલજી કોઠારી તરફથી બહુમાન થાય છે. દરરોજ પ્રા.ની પ્રભાવના આદિ થાય છે મહેમાનોનો ભક્તિ માટે ભાગ લખાવીને રસોહું ચાલું થયું છે.

પૂ. આ. ભ.નો મોતીયો અષાડસુદ ૩ના ઇંદોર પરાડીયા હોસ્પીટલમાં ડો. રાજેશ ચૌધરીએ ભાવથી ઉતાર્યો. અને ૮ દિવસના આરામ પછી પ્રવચન ચાલુ છે. વચ્ચે પૂ. મુ. શ્રી તત્ત્વરતિ વિજયજી મ. પ્રવચન આપતા હતા. ડોળીયા તીર્થના ટ્રસ્ટીઓ આદિ આવતાં ૫–૫ રૂનું સંઘ પૂજન થયું.

અષાડ વદ ૧૦ થી ઉપદેશમાળા સૂત્ર શરૂ થયું વહોરવવાનો લાભ ડો. પ્રકાશભાઇ બગાનીએ લીધો પ. પૂજા વિ. સારી બોલી થઇ.

શ્રા સુ. ૧ થી ૬ પંચરંગી તપ થયો. જેમાં ૨ શ્રેણી થતાં ૨૫–૨૫=૫૦ તપસ્વીઓ જોડાયા તેમનું બહુમાન તથા પારણા શા. છગનલાલજી મન્નાલાલજી જૈન તરફથી થયા.

અત્રે જનતા દલના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા સાંસદ શ્રી જ્યોર્જ ફર્નાંડીસ તા. ૬–૮–૯૪ના આવતાં અ. ભ. જૈન પ્રવે. મહા સભા તરફથી મોટી સંખ્યામાં ભાઇબહેનોએ જઇને સમેતશિખરજી તીર્થ પ્રવેનું છે વિ. આવેદન આપેલ તેમણે પણ કહેલ કે તેની ફાઇલ મારી પાસે છે હું ન્યાયના પક્ષમાં છું અને એ ન્યાય પ્રવેતાંબરોનો છે. તેમાં સહયોગ આપીશ.

બિહારમાં જનતા દળની સરકાર છે

તેણે તીર્થ કબજે લેવા વટહુકમ બહાર પાડેલ છે જે અમલમાં આવ્યો નથી અને આવી શકે તેમ નથી છતાં તે જ પક્ષના નેતાનું આ રીતે ધ્યાન દોરીને દિગંબરો દ્વારા થતા અન્યાયી આક્રમણ સામે જાગૃતિ રાખવામાં આવે છે.

અષાડ વદ ૧૪ના પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા થઈ જેમાં ડો. બગાની, શ્રી માંગીલાલજી મહેતા શ્રી મહેન્દ્રકુમારજી નાહર, શ્રી સુમતિલાલ જૈનાવત શ્રી પાનાચંદજી શા શ્રી મહેન્દ્ર કુમાર છોટુભાઇ આદિને સરસ ગુણાનુવાદ કર્યા. પછી પૂ. આ. ભ. ના ફોટા પાસે દીપક પ્રગટાવીને લાભ વિમલચંદજી સુરાણા ગુરુપૂજનનો લાભ પી. સી. જૈન તથા માળા પહેરાવવાનો લાભ શ્રેણિકકુમાર મીઠાલાલજીએ લીધો. બાદ પૂ. શ્રીનું ગુણાનુવાદ પ્રવચન થયું.

પછી શ્રી છગનલાલજી પન્નાલાલજી તરફથી શ્રીફળની પ્રભાવના તથા શ્રી રાજમલજી ગુગલીઆ તથા શ્રી શ્રેણિકકુમાર મીઠાલાલજી રોહિડાવાળા તરફથી સંઘ પૂજન થયા.

બોરીવલીને આંગણે ચાતુર્માસ પ્રવેશ

નીડર વકતા પ. પૂ અક્ષય વિજય મ. તથા પ. પૂ. શાંત, ધર્મભૂષણ વિ. મ. સા. તથા પ. પૂ. સા, શ્રી ભવ્ય દર્શના શ્રીજી મ. આદિ ઠાણાનો પ્રવેશ સુંદર રીતે થઇ ગયેા.

અષાઢ સુદિ ૨ ને રવિવારે પ. પૂ. અક્ષય વિ. મ. સા. આદિ સવારે શેઠ શ્રી કાંતીલાલ ગીરધરલાલ વોરા (રાધનપુરવાળા) ની વિનંતિ સ્વીકારતા સવારે તેમને ત્યાં પધાર્યા. ત્યાર બાદ ૨-રૂનું સંઘ પૂજન થયું. ૯ વાગે તેમના નિવાસ સ્થાનેથી મુખ્ય માર્ગો ઉપર થઇ ઉપાશ્રયમાં પધારેલ. ત્યાર બાદ મંગલાચરણ થયેલ. ગુરુપૂજનની ઉછામણી થઇ તેવો લાભ શ્રી શાંતીલાલ ભીખાભાઇએ લીધેલ. ત્યાર બાદ પૂજ્યશ્રીએ સુંદર છણાવટ કરેલ. ત્યારબાદ જુદાજુદા પુન્યશાળીઓ તરફથી રૂા. ૧૬ને લાડવાની પ્રભાવના થયેલ. અને પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. આયંબિલ તપમાં પણ સારામાં સારી સંખ્યા થયેલ.

બોરીવલી ચંદાવરકર લેન મધ્યે તૃતીય તિથિ દિન ઉજવણી

સ્વ. પ. પૂ. આ. ભ. વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની અ. વ. ૧૪ના રોજ ૩જી વાર્ષિક તિથિ દિન નિમિતે ત્રણ દિવસનો મહોત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયેા. અ. વ. ૧૩, ૧૪, ૦)) ત્રણ દિવસનો મહોત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયેા.

અ. વ. ૧૪ના સવારે ૧૨ ભાવિકો પૂજ્યશ્રીના સંસ્મરનો સાંભળવા માટે મોટી સંખ્યામાં પધાર્યા હતા. સૌ પ્રથમ ગુરૂગીત ત્યારબાદ પૂજનની ઉછામણીનો લાભ શેઠ શ્રી કાંતિલાલ ગીરધરલાલ ભાઈએ લીધેલ. તેની સાથે એક અનુમોદનીય પ્રસંગ તેજ વખતે થઇ ગયેા. જેટલો ગુરૂપૂજનનો ચઢાવો થયેા તેટલા જ રૂપિયા બે પુન્યશાળીઓએ નામ જાહેર કર્યા વગર તેમણે પણ લાભ લીધેા હતેા. ત્યાર બાદ પૂજ્યશ્રીએ પોતાની જોરદાર શૈલીમાં પૂજ્યશ્રીના ગુણાનુવાદ કર્યા હતા.

સુરેન્દ્રનગરના આંગણે પ. પૂ. ભારતદિવાકર આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની તૃતીય સ્વર્ગતિથિ નિમિત્તે અષાઢ વદ ૧૪ દિ: ૬-૮-૬૪ શનિવારના દિવસે બે કલાક ઉપર ચાલેલી ચિક્કાર ગુણાનુવાદ-સભા.

પ. પૂ સમતાનિધ્ધ આ. શ્રી વિ. નિત્યાનંદ સૂ. મ., પ. પૂ. વાત્સલ્ય મહોદધિ આ. શ્રી વિ. મહાબલ સૂ. મ., પ. પૂ. સિદ્ધાન્ત-પ્રભાવક આ. શ્રી વિ. પુણ્યપાલ સૂ. મ. ની શુભ નિશ્રામાં અષાઢ વદ ૧૪ તા. ૬-૮-૬૪ શનિવારના દિવસે (શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર પાસે, જૈન આરાધના ભવન) સુરેન્દ્રનગરમાં પ. પૂ. સુવિશાલ-ગચ્છાધિપતિ આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ત્રીજી સ્વર્ગતિથિ નિમિત્તે વિશાલ-ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ. એ સભા બે કલાક ઉપર ચાલી હતી. તેમાં વિદ્વાન મુનિભગવંત પ.પૂ. કમલરત્ન વિ.મ., પ.પૂ. દર્શનરત્નવિ.મ., પ.પૂ. વિમલરત્ન વિ.મ. પ.પૂ. ભવ્યભૂષણ વિ. મ., પ. પૂ ભુવનભૂષણ વિ. મ., પ. પૂ વજ્રભૂષણ વિ.મ. આદિ વિધવિધ મુનિભગવંતોએ પૂ.શ્રીના જીવન ઉપર વેધક પ્રકાશ પાડયો હતો અને સદ્‌ગૃહસ્થોએ પણ પોતાની શ્રદ્ધાંજલિ અર્પી હતી. પૂ.શ્રીના જીવનના અણમોલ પાસા દ્વારા એમના યથાર્થ ગુણોનું વર્ણન કર્યું હતું. ત્યાર પછી સ્થાનિક મંડલોએ પૂ.શ્રીના જીવન કવનને વણી લેતાં બે પ્રાસંગિક ગીતો ગાયા હતાં, જે સહુના દિલને હચમચાવી ગયા હતા, પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રતિકૃતિ (ફોટા) ને ગુરૂપૂજનની ઉછામણી પણ સારી થયેલ. સહુથી છેલ્લે પ. પૂ. મધુર પ્રવચનકાર આ. શ્રી પુણ્યપાલ સૂ. મ.એ પૂ.શ્રીના અદ્‌ભુત ગુણોનું સુરેખ દર્શન કરાવ્યું હતું અને પૂ.શ્રીની અંતિમ નિર્યામણાનું તાદૃશ વર્ણન કર્યું હતું. જે સાંભળીને લોકો ભાવવિભોર બની ગયા હતાં, પોતાની આગવી અને સુમધુર-શૈલીમાં પૂ.શ્રીને શ્રદ્ધાંજલિ આપતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, પૂ.શ્રીએ જે માર્ગ આપણને બતાવ્યો છે. એને જાળવવો એ આપણું કર્તવ્ય છે. પૂ.શ્રીના અગણિત ગુણોમાંથી સૌથી શિરમોર કોઇ ગુણ હોય તો બે ગુણ છે. એક શાસન સંરક્ષકતા અને બીજો શુદ્ધ પ્રરૂપકતા આ બે ગુણોને જાળવવા માટે તેઓશ્રીએ માનાપમાનની પણ પરવા કરી નહોતી તેમજ કોઇની પણ શેહ કે શરમ રાખી નહોતી. આપણે સૌ તેમના જેવા ન બની શકિયે તોય તેઓશ્રીએ આપેલા ભવ્ય અને અણમોલ વારસાને યથાર્થ રીતે જાળવી રાખીયે તો પણ તેઓશ્રીને પામ્યાં, સેવ્યાં અને ગુણાનુવાદ કર્યા સાર્થક થાય. પ્રવચન બાદ સંઘપૂજનાદિ થયેલ. બપોરે શાંતિસ્નાત્ર, મહાપૂજન તથા દેરાસરમાં ભવ્યાતિભવ્ય અંગરચના થયેલ. એકંદરે આ કાર્યક્રમ ભવ્ય હોઇ સુરેન્દ્રનગરના સુવર્ણ-ઇતિહાસમાં રેકાર્ડ રૂપ થયેલ.

પિપલ્યા મંડી (એમ.પી.) અત્રે પૂ. સા. શ્રી પુણ્યોદયાશ્રીજી મ. ના ચાતુર્માસથી સારો ઉત્સાહ થયો સામુદાયિક આંબેલ, નવકાર તપના એકાસણા થયા. પૂ. સા. શ્રી

હેમપ્રજ્ઞાશ્રીજી મ.ના નિગોદ નિવારણ તથા સંઘમાં તપ જપ થયા તે નિમિત્તે શ્રા. સુદ ૯ થી ૧૩ શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવ થયો.

નાસિક (મહા.)–અત્રે પ. પૂ આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ની ત્રીજી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. પ્રવચનકાર મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. ની નિશ્રામાં અષાડ વદ ૧૧ થી ૦)) સુધી શ્રી બૃહત્શાંતિસ્નાત્ર, શ્રી અર્હદ્ અભિષેક, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શ્રી વીશસ્થાનક પૂજન સહિત પંચાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન થયું હતું. વદ ૦)) ના ભવ્ય રામ ગુરુ રથયાત્રાનું આયોજન થયું હતું. જુદા જુદા ભાવિકો તરફથી પાંચે દિવસ સાધર્મિક વાત્સલ્ય થયું હતું.

દાંતરાઇ (આબુરોડ) અત્રે પૂ. મુનિરાજ શ્રી મલ્લિષેણવિજયજી મ. આદિની નિશ્રામાં સુંદર ધર્મ આરાધન થઇ રહ્યું છે, સાંકળી અઠ્ઠમ ચાલે છે જેના પારણા શ્રી સંઘના આદેશથી શા હજારીમલજી અદિંગજી તરફથી ચાલે છે. પૂ. આ. શ્રી વિજય લબ્ધિ સૂ. મ. સા., પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂ મ. સા. ની પુણ્ય તિથિયો તથા પૂ. આ. શ્રી પ્રદ્યોતન સૂ. મ., પૂ. મુ. શ્રી ચંદ્રયશ વિ. મ., પૂ. મુ. શ્રી ચંદ્રાંશુ વિ. મ. ની સંયમ જીવનની અનુમોદનાર્થે તથા ચાલતા ગુણ સંવત્સર આદિ વિવિધ તપ નિમિતે અષાડ વદ ૧૨ થી શ્રાવણ સુદ ૬ સુધી અષ્ટાન્હિકા મહોત્સવ ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સાથે ભવ્ય રીતે ઉજવાયેલ. પૂ. સા. શ્રી સુર્યરેખાશ્રીજી મ. ઠાણા ૧૨ તથા પૂ. સા. શ્રી વસંતશ્રીજી મ. આદિ સાધ્વીજી બિરાજમાન છે બહેનોમાં જાગૃતિ સારી છે.

અમદાવાદ–દોશીવાડા પોળમાં શ્રી ભાભા પાર્શ્વનાથ દેરાસરની ૨૫ મી સાલગિરી પ્રસંગે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી સ્નાત્ર આદિ દશાન્હિક મહોત્સવ શ્રાવણ સુદ ૧૪ થી શ્રાવણ વદ ૮ સુધી પૂ. આ. શ્રી વિજયસુદર્શન સૂ. મ. આદિ તથા પૂ. પં. શ્રી ગુણશીલવિજયજી ગણિવરની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો.

દાદર મુંબઇ–શ્રી લબ્ધિસૂરીશ્વર જ્ઞાન મંદિરમાં પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂ. મ. ની ત્રીજી પુણ્યતિથિ તથા પૂ. સા. શ્રી અધ્યાત્મરસાશ્રીજી મ. ના માસ-ક્ષમણ ઉદ્યાપન નિમિત્તે શ્રી સિદ્ધચક્ર પૂજન શાંતિસ્નાત્ર સહિત નવાન્હિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કનકશેખર સૂ. મ. ની નિશ્રામાં અષાડ વદ ૧૪ થી શ્રાવણ સુદ ૮ સુધી રાખવામાં આવ્યો હતો.

અમદાવાદ–શ્રી દાનસૂરીશ્વર જ્ઞાન મંદિરનાં આંગણે પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ.ની તૃતીય વાર્ષિક સ્વર્ગતિથિ નિમિતે અષાઢ વદ ૧૪ ના ગુણાનુવાદ સભા તેમજ ત્રણ દિવસ પૂજા આદિ કાર્યક્રમ પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ, પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂ. મ., પૂ. પં. શ્રી ગુણશીલ વિ. મ.ની નિશ્રામાં યોજાયેલ.

શ્રી મોતીશા લાલબાગ (મુંબઇ) જૈન સંઘના આંગણે

પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં

ચાતુર્માસિક આરાધનાઓનું આયોજન

દૈનિક પ્રવચન : સવારે ૯-૧૫ થી ૧૦-૩૦ શ્રી યોગશાસ્ત્ર ગ્રંથ ચતુર્થ પ્રકાશના આધારે પ્રવચન. પ્રવચનકાર : પૂ. આ. શ્રીમદ્ વિ. હેમભૂષણસૂરીશ્વરજી મ. બપોરે ૩ થી ૪ શ્રી પંચસૂત્ર ગ્રંથ પર વાચના પૂ આ. શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મ. આપશે. રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ ફકત પુરૂષો માટે તત્વજ્ઞાન ગોષ્ઠિ પ્રવચનકાર : પૂ.મુ. શ્રી ચન્દ્રભૂષણ વિ. મ. દર શનિવારે : સવારે ૯-૧૫ થી ૧૦-૩૦ પ્રશ્નોત્તર પ્રવચન. પ્રવચનકાર : પૂ.આ.ભ. શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મ. દર શનિવારે : બપોરે ૩ થી ૪ ફકત બાળકો માટે 'શિશુ સમૂહ સામાયિક' વાચનાદાતા : પૂ. મુ. શ્રી યુગચન્દ્ર વિ. મ. દર રવિવારે સવારે ૯-૧૫ થી ૧૦-૩૦ શ્રી ઉપાસક દશાંગ સૂત્રના આધારે "દશ મહા શ્રાવકોનું જીવન" પ્રવચનકાર : પૂ.આ.ભ. શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મ. દર રવિવારે : બપોરે ૨-૩૦ થી ૪ 'સામાયિકમાં આર્ય સંસ્કૃતિ' પ્રવચનકાર : પૂ. મુ. શ્રી યુગચન્દ્ર વિ.મ. દર રવિવારે સવારે ૭ થી ૮ ફકત બાળકો માટે "શિશુ સમૂહ સામાયિક" વાચનાદાતા : પૂ. મુ. શ્રી હિતદર્શન વિ. મ.

અષાઢ વદ દ્વિતીય ૮ તા. ૩૧-૭-૬૪ રવિવાર : શ્રી અરિહંતપદની આરાધના સામુદાયિક ખીરના એકાસણાં અષાઢ વદ ૧૪ તા. ૬-૮-૬૪ શનિવાર શ્રી આચાર્યપદની આરાધના સામુદાયિક ચણા ધાન્યના આયંબિલ અષાઢ વદ ૦)) તા. ૭-૮-૬૪ રવિવાર શ્રી આચાર્યપદની આરાધના સામુદાયિક ચણા ધાન્યના એકાસણા શ્રાવણ સુદ ૮ તા. ૧૪-૮-૬૪ રવિવાર શ્રી જ્ઞાનપદની આરાધના ફકત બાળક-બાલિકાઓ માટે સામુદાયિક દીપક એકાસણા શ્રાવણ સુદ ૧૫ તા. ૨૧-૮-૬૪ રવિવાર શ્રી અણાહારીપદ આરાધના સામુદાયિક દ્રવ્ય સંક્ષેપ એકાસણા શ્રાવણ વદ ૭ તા. ૨૮-૮-૬૪ રવિવાર શ્રી અવિકારપદ આરાધના સામુદાયિક લુખ્ખી નીવિ પર્યુષણા મહાપર્વમાં એક ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ સાથે ચોસઠ પ્રહરી પૌષધની સામુદાયિક આરાધના.

બોરીવલી-અત્રે ચંદાવરકર લેનમાં પૂ. મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ.ની નિશ્રામાં અ. વદ ૧ થી દ્વિ-૮ સુધી નવકાર મહામંત્રના એકાસણા ૯ દિવસ થયા ૨૨૫ આરાધકો જોડાયા ૧૦ રૂા. અને પ્લાસ્ટીકના વાટકાની પ્રભાવના થઇ. વ્યાખ્યાનમાં સંખ્યા બહુ થાય છે પ્રતિક્રમણમાં રોજ ૧૫ રૂા.ની પ્રભાવના થાય છે.

જામનગર–અત્રે પૂ.પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવરની નિશ્રામાં પ. પૂ.આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.ની પુણ્ય તિથિ સારી રીતે ઉજવાઈ. ચોરીવાળા દેરાસરે ભવ્ય સ્નાત્ર મહોત્સવ મહેતા મહેન્દ્રકુમાર મગનલાલ તરફથી તથા સામુદાયિક આંબેલ શાંતિભવનના આરાધકો તરફથી તથા અત્રે તથા પ્લોટ તથા ઓસવાળ કોલોનીમાં ગુણાનુવાદ સભા ગુરુ પૂજન સંઘ પૂજન થયા તથા આદિનાથ શેઠજી દેરાસર વર્ધમાન શાહ શાંતિનાથ દેરાસર તથા શાંતિભવન આદિનાથ દેરાસરજી તથા પ્લોટ તથા ઓસવાળ કોલોની દેરાસરોમાં સોનાના વરખની આંગી શાહ દિલીપકુમાર ભાઇચંદ સંઘવી તરફથી અત્રે દરેક ઉપાશ્રયે ગામ તથા પ્લોટમાં પણ દિલીપભાઇ તરફથી પ્રતિક્રમણમાં શ્રીફળની પ્રભાવના રાખી હતી.

લીંબડી–પૂ.મુ. શ્રી ધ્રુવસેન વિ.મ.ઠા ૨ અત્રે જેઠ વદ–૬ના પધાર્યા સાંકડી અઠ્ઠમ આંબેલ ચાલુ છે પ્રવચનનો લાભ લેવાય છે દર રવિવાર જાહેર પ્રવચન થાય છે.

ઉજ્જૈન–મુ શ્રી ચંદ્રશેખર વિ.મ. (થરાવાળા)નું અત્રે ચોમાસુ છે. રવિવારે બે જાહેર પ્રવચન તથા ત્રણ સ્કુલોમા પ્રવચન વિ. ચાલે છે.

રતલામ–અત્રે પૂ મુ. શ્રી યોગીન્દ્ર વિ મ.સા ની નિશ્રામાં પૂ. પાદ આ.ભ. શ્રી વિજયરામચંદ્ર સૂ.મ.સા.ની ત્રીજી પુણ્ય તિથિએ પૂ.મુ. શ્રી દિવ્યાનંદ વિ.મ.એ ગુણાનુવાદ પ્રવચન આપેલ સંઘ પૂજન થયું બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શ્રી ફળની પ્રભાવના વિ. થયા.

કરાડ (મહા)–અત્રે પુ.આ. શ્રી વિજય જયકુંજર સૂ.મ.ની નિશ્રામાં પૂ આ. શ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. તથા ગણિવરશ્રી શ્રેયાંસપ્રભ વિજયજી મ.ની પ્રવચન શ્રેણી ધર્મરત્નગ્રંથ તથા સમરાઇચ્ચ કહા ગ્રંથ તથા મહાભારત ગ્રંથ અંગે ગોઠવાયેા છે. રવિવારે શ્રી પૃથ્વીચંદ્ર ગુણસાગરના જીવન પ્રસંગ અંગે ખાસ પ્રવચનો પણ થશે રવિવારના પ્રવચનોમાં સાંગલીથી ખાસ બસ આવે છે. તથા કોલ્હાપુર કાસેગ તાંસગાંવ વીટા ભવાનીનગર ઓગલેવાડી મસુર આદિના ગામોના ભાવિકો પણ રવિ મંગળ પ્રવચનો સાંભળવા આવે છે.

પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની ત્રીજી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર આદિ ત્રણ દિવસનો મહોત્સવ ચોજાયેા વદ ૧૪ ના ગુરુગુણ સ્તુતિ તથા ગુણાનુવાદ કાર્યક્રમ રહ્યો હતો.

ભરૂચ–અત્રે પૂ. આ. શ્રી વિજય પુણ્યાનંદ સૂ.મ. પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂ. મ.ની નિશ્રામાં પૂ. પાદ લબ્ધિ સૂ.મ.ની તેત્રીશમી પુણ્ય તિથિ નિમિત્તે ભક્તામર પૂજન વિ. મહોત્સવ શ્રા. સુ. ૩ થી ૮ સુધી રાખેલ હતો.

—: નાસિકમાં ચાતુર્માસ પ્રવેશ :—

પૂ. જૈન શાસનના મહાન જ્યોતિર્ધર આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. સા. આદિ ઠાણા પૂ. તપસ્વી સમ્રાટ આ. ભ. શ્રી રાજતિલક સૂ મ. ના તથા પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી મહોદય સૂ મ. ના તારક આશિષ અને આજ્ઞા સ્વીકારી લાલબાગ મુંબઇ વૈશાખ વદ ૧૧ ના મંગલ પ્રભાતે નાસિક ચાતુર્માસાર્થે વિહાર કર્યો હતો.

મુંબઇના પરાઓમાં ફરતાં ફરતાં આગળ વધી ભીવંડી શાહપુરમાં ૨-૩ દિવસની સ્થિરતા કરી જેઠ વદ ૧ ના દિને ઘોટીમાં સસ્વાગત પધાર્યા હતા. અને ત્યાં ૧૧ દિવસ સ્થિરતા કરી હતી. સ્થિરતા દરમ્યાન ઘોટી સંઘમાં સુંદર આરાધનનાનું વાતાવરણ સર્જાયું હતું. અનેક બાળાઓએ શ્રીમતી ચંદનબાળાના અઠ્ઠમ કર્યા હતા. લગભગ બધા જ લોકો વ્યાખ્યાન પછી જ દુકાન ઉઘાડતા હતા. રોજ ગુરૂપૂજનો, સંઘપૂજનો થતા હતા. અને છેલ્લે જેઠ વદ ૧૦ ના દિને અતીતભવ પુદ્ગલ-વોસિરાવવાની ક્રિયા સામુદાયિક કરાવવામાં આવી હતી. જેમાં નાના-મોટા સૌ કોઇ જોડાયા હતા. ત્યાંથી ૧૧ સાંજે વિહાર કરી જેઠ વદ ૧૩ ના નાસિક મહાવીર સોસાયટી પધાર્યા હતા. ૧૩-૧૪ના ૧ ચારેય દિવસ નાસિકની અલગ-અલગ સોસાયટીમાં સાગૈયા સાથે વિચરણ થયું. ત્યાં સાધર્મિકોનાં ભક્તિ સંઘપૂજનો આદિ થયા હતા.

અષાઢ સુદ ૨ ના શુભદિને સર્વોદય સોસાયટીથી પૂ.શ્રીનો ચાતુર્માસ પ્રવેશોત્સવ શરૂ થયો હતો. સાગૈયામાં મંગલકુંભધારી બાળાઓ, ઘોડેસ્વારો, સ્થાનિક બેન્ડ અમદાવાદનું પ્રસિદ્ધ મીલન બેન્ડ પૂજ્ય-પરમ-ગુરૂદેવશ્રીની પ્રતિકૃતિવાળી ડોળી પૂ. મુનિગણ, શ્રાવકગણ, સાધ્વીવૃંદ વિશાળ માનવ મહેરામણ હતો.

ચાતુર્માસ પ્રવેશના પ્રસંગે ખાસ મુંબઇ, ચંદનબાળા, પાર્લા, મલાડથી બસો આવી હતી. સિવાય પણ ઘણા છુટક ભાવિકો તેમજ આસપાસના ગામના ઘોટી, ભગુર, રાજુર વગેરે સ્થળોએથી ભાવિકો વિપુલ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાગૈયામાં મુંબઇના તેમજ નાસિકના ભાવિકો મન મૂકીને નાચ્યા હતા. છેલ્લે ગુરુ મંદિર ઉપાશ્રયમાં સાગૈયું પૂર્ણ થતા વ્યાખ્યાન સભામાં સૌ કોઇ ફેરવાય ગયા હતા. ચિક્કાર મેદનીમાં સૌ પ્રથમ પૂ.શ્રીનું મંગલાચરણ થયા બાદ ગુરુગુણગીત ગવાયું હતું. બાદ પૂ.શ્રીએ માંગલિક પ્રવચન આપ્યું હતું. પ્રાંતે પરમતારક પરમગુરૂદેવશ્રીના ફોટાનું તથા પૂજ્ય સાધુ-સાધ્વીગણનું ગુરૂપૂજન કરવાની ઉછામણિ બોલાતાં-ઉછામણિનો લાભ શેઠશ્રી પ્રાણલાલ છગનલાલ મલાડવાળાએ ગુરૂપૂજન કર્યું હતું.

આજના આ પ્રસંગે જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૨૫ થી સંઘપૂજન થએલ. પાર્લાના ગુરૂભકતો તરફથી શ્રીફળની પ્રભાવના કરાયેલ. નાસિકના ભાવિકો તરફથી આજે સકળ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

સન્માર્ગ પ્રકાશનનો ઉદ્દેશ

સુવિશાળ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શુભ આશીર્વાદથી તેઓશ્રીના ઉપકારની સ્મૃતિ નિમિત્તે

- ગણધર રચિત દ્વાદશાંગી, પૂર્વાચાર્ય કૃત પંચાંગી તથા તદનુસારી અન્ય ધર્મશાસ્ત્રો લહિઆઓ દ્વારા લખાવવા.
- અપ્રકાશિત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના આધારે શુદ્ધ ગ્રંથોનું પ્રકાશન, પુનર્મુદ્રણ, અનુવાદ કરાવવા અને તેનું પ્રકાશન કરવું.
- સરળ ભાષામાં જૈન તત્વજ્ઞાન, જૈન ઇતિહાસ, આચાર ઘડતર, ઉત્તમ પ્રેરણા આદિ આત્મલક્ષિમુખ સાહિત્યનું પ્રકાશન.
- પૂજ્ય આચાર્યશ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.નાં પ્રવચનોનું આકર્ષણ રૂપરંગમાં પ્રકાશન. આદિ અનેકાનેક શ્રુતભક્તિના કાર્યો કરવા અને તે દ્વારા ઘરઘરમાં અને ઘટઘટમાં જૈન શાસનની શ્રદ્ધા દૃઢમૂળ કરવા આ સંસ્થાની સ્થાપના થઈ છે

યોજના

- રૂા. ૧૫,૧૧૧ આપનાર દાતા તરફથી પૂ.શ્રીના વ્યાખ્યાનોનું એક પુસ્તક છપાશે. તેમાં તેમનો નામોલ્લેખ થશે. ૧૦૮ પુસ્તકના ત્રણ સેટ તથા બીજા દરેક પુસ્તકની એક નકલ આપવામાં આવશે.
- રૂા. ૨,૫૦૧ આપનારને આજીવન પર્યંત સંસ્થાના દરેક પુસ્તકો ઘરબેઠાં પ્રાપ્ત થશે.
- ૧,૦૦૧ આપનાર દાતાને પાંચવર્ષ સુધી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી પુસ્તકો પ્રાપ્ત થશે.

—: સંપર્ક :—

બાબુલાલ કકલચંદ શાહ
ઠે. આરાધના ભવન, પાછીયાની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ–૧
ફોન : ૩૫૬૩૮૦

મહેતા જયંતકુમાર શાંતિલાલ
ઠે. જી. એસ. જવેલર્સ એન્ડ કું.
૬૨–૬૮ ગિરગામ રોડ,
રાજબહાદુર બન્સીલાલ બિલ્ડિંગ,
૩–એ, ૧લો માળ, ઓપેરા હાઉસ,
મુંબઇ–૪૦૦ ૦૦૪
ફોન : ૩૬૩૦૩૪૦

ડૉ. રમેશભાઈ શાંતિલાલ વોરા
પારીજાત ચિલ્ડ્રેન હોસ્પિટલ
દેવસાના પાડાની સામે
સ્વામીનારાયણ મંદિર રોડ
અમદાવાદ–૧

શાહ નવીનચંદ્ર તારાચંદ
ઠે. વિપુલ ડાયમંડ,
૨૦૫–૨૦૬ આનંદ, બીજે માળ,
જદાખાડી, મહીધરપુરા, સુરત–૩
ફોન : ૫૩૭૬૦

બારેજા (અમદાવાદ)–પૂ.મુ. શ્રી મુક્તિધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુન્યધન વિ. મ.ના પ્રવેશથી ચોમાસા ચૌદસથી સાંકળી અઠ્ઠાઈ ચાલુ છે દરેકને ૩૫ સ. પ્રભાવના તથા અષાઢ વદ-૮ નાં વામામાતાનો થાળનાં એકાસણા બે દ્રવ્યથી કરાવ્યા હતા ૧૨૫ ભાગ્યશાળીયોએ લ ભ લીધેલ. બીજુ તા. ૨ થી ૬ તા. સુધી મહોત્સવ અને તા. ૧૩ શ્રા. સુ. ૭ થી શત્રુંજયનાં ડુંગરની રચના તેની સામે શત્રુંજય તપ છઠ્ઠ-અઠ્ઠમ સાથે ૨૯ દિવસનો શરૂ થશે. તા. ૧૫ મી ઓગષ્ટના ભવ્ય રનાત્ર મહોત્સવ મુંબઈ વર્ધમાન જૈન સેવા મંડળ ભણાવશે તથા તા. ૧૮ મી ઓગષ્ટનાં પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ.મ.ની નવમી પુણ્યતિથિ પ્રસંગે રચના સાથે જ ૪૫ આગમની પૂજા રાખવામાં આવેલ છે.

બારેજા–અત્રે પૂ. મુ. શ્રી મુક્તિધન વિ.મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ.ની નિશ્રામાં પ્રવચનમાં ધર્મબિંદુ તથા સમરાઇચ્ચ કહા થાય છે પૂ.પાદ આ.ભ. શ્રી વિજય-રામચંદ્ર સૂ.મ.ની ત્રીજી પુણ્ય તિથિ તથા પૂ. સા. શ્રી રત્ન પ્રભાશ્રીજી મ.ની પ્રથમ માસિક તિથિ નિમિત્તે અ. વદ ૧૦ થી ૧૪ નવાણું અભિષેક ૧૮ અભિષેક તથા પંચાન્હિક મહોત્સવ યોજાયો વદ ૧૪ ના પૂ.શ્રીના ગુણાનુવાદ થયા.

વડોદરા–પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.સા.ની ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે રથયાત્રા, ગુણાનુવાદ સામુહાયિક આંબિલ સામાયિક, ભવ્ય અંગરચના તથા રાત્રે ભાવના વિ. ભવ્ય કાર્યક્રમ અ. વદ ૧૪ ના શ્રી રામચંદ્ર સૂ. આરાધના ભવન, શ્રી જૈન શાસન સેવા ગ્રુપ, શ્રી જૈન શાસન રક્ષા સમિતિ તરફથી પૂ. મુનિરાજશ્રી ભુવન ચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં યોજાયો હતો.

પાટણ–અત્રે શેઠશ્રી નગીનભાઇ પૌષધ શાળામાં પૂ.આ.મ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.સા.ની ત્રીજી પુણ્ય તિથિ પૂ. મુનિરાજશ્રી જયધ્વજ વિ.મ. આદિની નિશ્રામાં શ્રી વીશ સ્થાનક પૂજન સહિત ત્રણ દિવસ મહોત્સવ ઉજવાયો.

સરીગામ–અત્રે પૂ.આ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.સા.ની તૃતીય વાર્ષિક તિથિ નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનો મહોત્સવ પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ.મ. પૂ. મુ. શ્રી તત્વદર્શન વિ.મ આદિની નિશ્રામાં ઉજવાયો ગુણાનુવાદ પ્રવચન થયેલ અગે સૌ પ્રથમ ચાતુર્માસ થયુ છે ઉત્સાહ ઘણો છે.

–: પર્યુષણ પર્વ પર એકતિહાઈ મૂલ્ય મેં પ્રાપ્ત કરેં :–

વિશિષ્ટ જૈન શોધ પ્રબંધ 'મેઘ વિજયગણિ પ્રણીત સપ્ત સંધાન મહા કાવ્યકા સમીક્ષાત્મક અધ્યયન' જિસકા મૂલ્ય ૧૫૦ રૂ. હૈ। પર્યુષણ પર્વ પર વિતરણાર્થ ૧૦ પ્રતિયાં લેને પર ૫૦ રૂ. પ્રતિ ગ્રંથકે હિસાબસે દી જાયેગી।

મેઘરાજ જૈન
અરિહન્ત ઇન્ટરનેશનલ
૨૩૯, ગલી કુંજસ, દરીબા, દિલ્હી-૧૧૦૦૦૬

અમદાવાદ–નાગજી ભુદરની પોળ શ્રી રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રયે પૂ આ. ભ. શ્રી વિજય પ્રેમ સૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી ચરણપ્રભ વિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ અ. સુ. ૨ સસ્વાગત થયો. બપોરે ૨॥ થી ૪ સામુહિક જાપ થયો. દરરોજ ૯ થી ૧૦ પ્રવચન થાય છે.

બેંગલોર–અત્રે અકીપેઠ ચોખાપા લેન ખાતે પૂ. મુનિરાજ શ્રી અરુણ વિજયજી મ. આદિનો મા. સુ. ૫ ના સસ્વાગત પ્રવેશ થયો. દરરોજ તથા રવિવારના વિશિષ્ટ પ્રવચનો યોજાય છે.

અંધેરી પૂર્વ–જે. બી. નગરમાં પૂ. મુ. શ્રી સુબોધ વિજયજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અ. સુ. ૨ ના થયો. માનવ જીવનમાં આરાધનાની સફળતા વિષય ઉપર પ્રવચન થયું. સામુદાયિક આંબેલ તથા પ્રભુજીને આંગી થઇ.

હસ્તાગિરિ તીર્થ–પૂ. આ. શ્રી વિજય રવિ પ્રભ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તેઓશ્રીજીના શિષ્ય પૂ. મુ. શ્રી વિમલયશ વિજયજી મ. અષાડ સુદ ૭ના સવારે ૯–૧૦ કલાકે સુસમાધિ પૂર્વક કાલધર્મ પામ્યા મુનિશ્રી આચા રોશન મહોલ્લાના હતા. અને ખૂબ સારા આરાધક હતા.

જૈન નગર–અમદાવાદ–પૂ. તપસ્વી મુનિરાજ શ્રી આપૂર્વરત્ન સાગરજી મ.ની નિશ્રામાં શત્રુંજય મહાતપ અષાડ વદ ૭ તા. ૨૯–૭–૬૪ શુક્રવારથી શરૂ થયો. પાલડી વિસ્તારના સકળ સંઘોને તેમાં જોડાવા આમંત્રણ આપેલ હતું.

અમદાવાદ–પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી પૂ. સાધ્વી લાવણ્યશ્રીજી મ.ના સુશિષ્યા પૂ. સા. શ્રી કલ્યાણશ્રીજી મ. વૈ. સુ. ૧૨ના સમાધિ પૂર્વ કાલધર્મ પામ્યા તેમના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. આદિ પૂ. પં. શ્રી ગુણશીલ વિજયજી મ. આદિ તથા પૂ. મુ. શ્રી જિનયશ વિજયજી મ. આદિની નિશ્રામાં જહાંપનાહની પોળ શ્રી આદિનાથ મંદિરે અષાડ વદ ૧૧થી ૦)) સુધી પંચાન્હિકા મહોત્સવ બૃહત્ સિદ્ધચક્ર પૂજન શાંતિ સ્નાત્ર તથા સાધર્મિકવાત્સલ્ય પૂર્વક ભવ્ય રીતે ઉજવાયો.

થાણા–અત્રે તપસ્વી પૂ. મુ. શ્રી જિનસેન વિજયજી મ.ની નિશ્રામાં વકતા પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ.ની જાહેર પ્રવચનમાળા રામાયણમેં સંસ્કૃતિકા અમર સંદેશ તે રીતે દર રવિવારે થાય છે. દરરોજ પ્રવચન ૯ થી ૧૦ અને રાત્રે ૯ થી ૧૦ પુરૂષો માટે પ્રશ્નોત્તરી રખાય છે.

રાજકોટ–અત્રે પૂ. મુ. શ્રી લાભ વિજયજી મ.ની નિશ્રામાં પૂ. આ. ભ. શ્રી વિ.

રામચન્દ્ર સૂરીશ્વરજી મ.ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે વદ ૧૪ના ગુણાનુવાદ સભા સિદ્ધચક્ર પૂજન આદિ ત્રણ દિવસનો મહોત્સવ યોજાયો પ્રવચનકાર પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ.ના નિયમિત પ્રવચનો ચાલે છે જેનો સુંદર લાભ લેવાય છે.

બોરીવલી–અત્રે ચંદાવરકર લેનમાં વિદ્વાન પૂ મુનિરાજ અક્ષય વિજયજી મ. આદિનો અ. સુ. ૨નો ચાતુર્માસ પ્રવેશ ભવ્ય રીતે થયો ગુરુપૂજન બોલી ૭૬૬ રૂા. થઇ પ્રવચન બાદ ૧૫ રૂા. થી સંઘપૂજન તથા લાડુની પ્રભાવના થઇ પ્રવચનને સારો લાભ લેવાય છે અ. વ. ૧થી નવકાર મંત્રના ૯ એકાસણાનો સામુદાયિક તપ થયો.

નેલ્લુર (એ.પી.)–અત્રે પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂ. મ.ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી ચિત્ત પ્રસન્નાશ્રીજી મ. ઠા. ૪ અ. સુ. ૨ ના ચાતુર્માસ પ્રવેશ કર્યો છે.

ભાવનગર–અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય મેરુપ્રભ સૂરીશ્વરજી મ.ના ૬૯ વર્ષના દીક્ષા પર્યાય અનુમોદનાર્થે વીશસ્થાનક પૂજન શાંતિ સ્નાત્ર સહિત અઠાઇ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અશોકચંદ્ર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અષાડ સુદ ૯થી વદ સુધી ઠાઠથી શ્રી આદીશ્વર મંદિર (ટાવર પાસે) ઉજવાયો.

નવસારી–અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રીપુનીતયશાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી સ્નેહલતાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ–૨ના સસ્વાગત શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવન થયો છે.

ગ્રંથ વિમોચન સમારોહ–પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળાના ઉપક્રમે પૂજ્યશ્રીની સ્વર્ગતિથિએ પૂજ્યશ્રીનાં પ્રવચનોનાં ૨૧–૨૨ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરી પાંચ વર્ષમાં ૧૦૮ પુસ્તકો પ્રકાશિત કરવાની આપણી યોજના મુજબ પ્રથમ વર્ષે વિ. સં. ૨૦૪૮ની સાલમાં ૨૧ પુસ્તકોનો પ્રથમ સેટ આપણે નવા ડીસામાં પ્રકાશિત કર્યો હતો. એ એટલો બધો લોકપ્રિય બન્યો, કે ટુંક જ સમયમાં એની દ્વિતીયાવૃત્તિ પણ પ્રકાશિત કરવી પડેલ.

વિ. સં. ૨૦૪૯ની સાલમાં બીજા વર્ષની શ્રેણીનાં ૨૨ પુસ્તકોનું વિમોચન શ્રી વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવન, ગોપીપુરા, સુરતમાં કર્યું હતું.

વિ. સં. ૨૦૫૦ની ચાલુ સાલે 'વિશ્વ–વિજ્ઞાન' પુસ્તકનું વિમોચન તા. ૧૦–૭–૯૪ના રોજ લાલબાગ ખાતે થયેલ. સંસ્કૃત પ્રત સમ્યક્ત્વ પ્રકરણ તેમજ દીપોત્સવી–કલ્પનું વિમોચન શ્રીપાલનગર ખાતે રાખવામાં આવશે.

વિ. સં. ૨૦૫૦ની ચાલુ સાલમાં ત્રીજા વર્ષની શ્રેણીનાં ૨૨ પુસ્તકોનું વિમોચન મુંબઇ, વાલકેશ્વર, શ્રીપાળનગર, જૈન ઉપાશ્રયનાં આંગણે અષાઢ વદ દ્વિ. ૮ રવિવાર તા. ૩૧-૭-૯૪નાં સવારે ૯-૦૦ વાગે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે આપણા પુણ્યોદયે પૂ. વર્ધમાન તપોનિધિ આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજ તથા પૂ ગચ્છાધિપતિ આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ, પૂ. સિદ્ધહસ્ત લેખક આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. સા., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. સા. વર્ધમાન તપોનિધિ પૂ. મુનિરાજ શ્રી ગુણયશ વિજયજી ગણિવર તથા પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી ગણિવર, આદિ સુવિશાળ સંખ્યામાં પૂજ્યોની નિશ્રા મળી.

લી.

સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ, C/O. જૈન આરાધના ભવન
પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ.

નવસારી-નગરના શ્રી સંઘ ઉપર તથા ૨-છ આરાધના ભવન રત્નત્રયી જૈન સંઘ ઉપર જેમનો ઉપકાર છે તે મહાપુરૂષની ત્રીજી સ્વર્ગારોહણ તીથી અષાઢ વદ ૧૪ના રોજે ભવ્યાતિભવ્ય ઉજવાઇ સવારે પ્રભાતિયા. શરણાઇ વાદન ૯-૧૫ વ્યાખ્યાન જીતુભાઇ સંગીતકાર ગુરૂ ગુણ ગીત સુંદર રીતે ભાવવાહી રીતે શ્રી સંઘને ઝીલાવ્યું ત્યારબાદ ૨-છ આરાધના ભવનના ટ્રસ્ટી યુવાન કાર્યકર્તા શ્રી નરેશભાઇ શાહે પોતાના ઉપર પૂજ્યશ્રીના ઉપકાર સાથે સાહેબજીના ગુણાનુવાદ ભવ્ય રીતે કર્યા ત્યારબાદ કાર્યકર્તા શ્રી ભુપેન્દ્રભાઇ ઝાઝારી ડો. હેમંતભાઇ શાહ, ધીરૂભાઇ પંડિત તથા કીર્તિભાઇ ઝવેરીએ બધાજ વકતાઓએ સુંદર શૈલીમાં સાહેબજીના જીવન પ્રસંગોને અને આપણા સુધી આ માર્ગને શુધ્ધ રીતે ટકાવી રાખ્યો હોય તો તે આ મહાપુરૂષના પ્રતાપે. ત્યારબાદ પ્રભાવક પ્રવચનકાર નિડર વકતા પૂ. આ. દેવ શ્રી વિ.સોમસુંદર સૂરીશ્વરજી મ. સાહેબે સાહેબજીના જીવનના અનેક પ્રસંગોને યાદ કરાવીને એમને જે જે આદર્શ વર્તમાન શ્રી સંઘને અર્પેલ છે તે વારસાને આપણે સૌ જીવનભર જીવન સાત બનાવીએ ઘણી જ સુંદર રીતે ગુણાનુવાદ કર્યા બાદ શ્રી સંઘ તરફથી વ્યાખ્યાન બાદ શ્રીફળની પ્રભાવના બપોરે નવાણું પ્રકારની પૂજા ભવ્ય અંગરચના સેંકડો દીવાઓ તથા ફુલના ભરપુર શણગાર સાથે દેરાસર દેવ વિમાન જેવું શોભી રહ્યું હતું. અનુકંપાદાન તથા આયંબિલનો સામુદાયિક તપ અટ્ઠમ તપનું પણ આ પ્રસંગે આયોજન કરેલ તેમાં પણ સારી સંખ્યા થયેલ હતી.

સમ્મેદ શિખર તીર્થ વિવાદ કો કારસેવા કે બહાને ગહરા ઔર તનાવપૂર્ણ બનાને કા દિગંબર જૈન સમાજ કા પ્રયાસ આજ વિફલ હો ગયા ।

કથિત સમ્મેદ શિખર દિવસ કે ઉપલક્ષ્ય મેં હજારો દિગંબર જૈન ભાઈયોં કે જત્થે આજ યહાં પહુંચકર કાર સેવા કરને વાલે થે, લેકિન તીર્થક્ષેત્ર પારસનાથ પહાડી પર માત્ર ૪૭૦ દિગંબર ભાઈ હી પહુંચ પાએ, જબકિ કાર સેવા મેં શામિલ હોને કે લિએ દેશભર સે ૨૫ હજાર દિગંબર જૈનિયોં કે પહુંચને કી ઘોષણા કી ગઈ થી । જિલા પ્રશાસન ને સમ્મેદ શિખર તીર્થ કે ચૌપડા કુણ્ડ પરિસર મેં અવૈધ નિર્માણ કે લિએ લાઈ ગઈ કરીબ ૨૦ ટન નિર્માણ સામગ્રી બરામદ કી હૈ । પ્રશાસન દ્વારા કિસી તરહ કી હિંસક ઘટના ન હોને કા કારણ યહ બતાયા ગયા હૈ કિ શ્વેતાંબર સમાજ ને દિગંબર સમાજ કે ઇસ આહ્વાન કે ખિલાફ કિસી તરહ કા પ્રતિશોધાત્મક રવૈયા ન અપનાતે હુએ સંયમ સે કામ લિયા ।

સમ્મેદ શિખર :
દિગંબરોં દ્વારા કારસેવા કા પ્રયાસ વિફલ

ઉલ્લેખનીય હૈ કિ સમ્મેદ શિખર તીર્થ મેં બડી સપ્તમી કે અવસર પર આજ પહલે સે હી દિગંબર જૈન સમાજ કે આહ્વાન કો મદ્દેનજર રખતે હુએ તનાવપૂર્ણ વાતાવરણ પર નિયંત્રણ પાને કે લિએ બિહાર સરકાર ને ધારા ૧૪૪ કે તહત નિષેધાજ્ઞા જારી કર દી થી । આજ દિનભર તીર્થ ક્ષેત્ર મેં માહૌલ શાંતિપૂર્ણ રહા ઔર સન્નાટે કા વાતાવરણ ભી રહા । પાંચ સે અધિક વ્યક્તિયોં કે એક જગહ ખડે ન રહને દેને કી પ્રશાસનિક કાર્યવાહી કારગર હુઈ, લેકિન સૂત્રોં કા કહના હૈ કિ બિહાર કી લાલુ-પ્રસાદ સરકાર કો યહ કાર્યવાહી કેન્દ્ર સરકાર કે નિર્દેશ પર કરની પડી, જબકિ બિહાર સરકાર દિગંબર જૈન સમાજ કે પ્રતિ પિછલે કઈ દિનોં સે સહાનુભૂતિપૂર્ણ રુખ અપનાએ હુએ હૈ ।

ગૌરતલબ હૈ કિ દો દિન પૂર્વ દિગંબર સમાજ ને દિલ્લી મેં સમ્મેદ શિખર દિવસ મનાને કી તૈયારી ઔર ઉસકે લિએ જાને વાલે દિગંબર ભાઈયોં કી સંખ્યા બતાઈ થી । સમઝા જાતા હૈ કિ બિહાર સરકાર કે પ્રતિકૂલ રવૈયે કો દેખતે હુએ શ્વેતાંબર સમાજ કે પ્રમુખ નેતાઓં ને દિલ્લી મેં ગૃહ મંત્રી શ્રી શંકરરાવ ચવ્હાણ સે મિલકર સ્થિતિ કા બ્યૌરા દેતે હુએ બતાયા થા કિ દિગંબર સમાજ તીર્થ

ક્ષેત્ર મેં તનાવપૂર્ણ માહૌલ બનાને કે લિએ નિર્માણ કાર્ય કરને જા રહા હૈ, જિસ પર તરંત રોક લગાઈ જાની ચાહિએ અન્યથા સ્થિતિ નિયંત્રણ સે બાહર હો સકતી હૈ।

સમ્મેદ શિખર દિવસ મનાને કે લિએ બંબઈ, દિલ્લી, કલકત્તા સહિત દેશભર મેં પિછલે એક માહ સે દિગંબર સમાજ કી તૈયારિયાં ચલ રહી થી। કરીબ ૬૦ ટ્રકોં મેં તૈયારશુદા નિર્માણ સામગ્રી દિગંબર સમાજ દ્વારા ગિરિડીહ પહુચાઈ જા ચુકી થી ઔર ઉસે પહાડી પર એકત્ર કિયા જા રહા થા। દિગંબર જૈન સમાજ યહાં કરીબ આધા મિલ કે પરિસર મેં ફૈલા ચૌપડા કુણ્ડ પર નિર્માણ કાર્ય શુરુ કરના ચાહતા થા। સમ્મેદ શિખર પહાડ કે કઈ સ્થાનોં પર તૈયારશુદા શેડ લગાને, યાત્રિયોં કે લિએ ધર્મ શાલાને (જિન પર દિગંબર સમાજ કી ઔર સે લગાને કા ઉલ્લેખ અંકિત હૈ) જગહ-જગહ તખ્તિયાં લગાને કી પૂરી તૈયારી કે લિએ કઈ ટન સામાન પહાડ પર ઇકટ્ઠા કિયા જા ચુકા થા। જિલા પ્રશાસન ને અવૈધ નિર્માણ કે લિએ એકત્રિત ઇસ સામાન કો બરામદ કર લિયા હૈ।

બતાતે હૈ કિ નિર્માણ કાર્ય કે જરિએ દિગંબર સમાજ સમુચે જૈન સમાજ મેં યહ ધારણા પૈદા કરના ચાહતા થા કિ વહ સ્વતંત્ર રૂપ સે ઔર કિસી ડર કે પહાડ પર નિર્માણ કાર્ય કર સકતા હૈ। ઉલ્લેખનીય હૈ કિ પિછલે દિનોં શ્રમણબેલગોલા સ્થિત ગોમટેશ્વર બાહુબલી મેં દિગંબર આચાર્ય શ્રી વર્ધમાનસાગરજી મહારાજને દિગંબર નેતા સાહુ શ્રી અશોકકુમાર જૈન કો યહ કહતે હુએ આશીર્વાદ દિયા થા કિ વે સમ્મેદ શિખર પહાડ પર નિર્માણ કાર્ય કે લિએ આજાદ હૈ ઔર ઉન્હે કોઈ રોક નહી શકતા। પહાડ પર નિર્માણ કે માધ્યમ સે દિગંબર સમાજ કુછ ઐસે સાક્ષ્ય જુટાના ચાહતે હૈ જિસસે યહ સાબિત હો સકે કિ પહાડ પર ઉનકા પ્રાચીનતમ અધિકાર હૈ।

પિછલે દિનોં સે સિટી મજીસ્ટ્રેટ ડી.એલ.પી. ઔર અન્ય જિલાધિકારી પુલિસ બલ સહિત ગિરિડીહ ઔર સમ્મેદ શિખર તીર્થક્ષેત્ર કે ઇલાકે મેં તૈનાત થે। શ્વેતાંબર સમાજ કી ઓર સે યહાં કિસી તરહ કા પ્રતિરોધ યા પ્રતિશોધ વ્યકત નહીં કિયા ગયા, ક્યોંકિ ઉન્હોંને આત્મસંયમ સે કામ લિયા। તીર્થક્ષેત્ર કે લોગોં કા કહના હૈ કિ યદિ શ્વેતાંબર સમાજ કાનુન હાથ મેં લેતા તો ઉસકા ફાયદા ન કેવલ દિગંબર સમાજ કો મિલતા, બલ્કિ બિહાર સરકાર ઇસ વિવાદ કો ગંભીર બતાતે હુએ હસ્તક્ષેપ કરને કે લિએ સક્ષમ હો જાતી।

(ઇંદોર ચેતના ૧૪-૮-૬૪)

—: અનુક્રમણિકા :—

ક્રમ	લેખ	લેખક	પેજનં.
૧	સમ્યગ્દૃષ્ટિ માતાની મનોહરદશા	પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.	૧
૨	કાયમી યોજના અને આભાર		૭
૩	મૃગ સુંદરીની શ્રદ્ધામાં દૃઢતા	—પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ.	૧૧
૪	શુભેચ્છકોની નામાવલી	૧૫ થી	૩૪
૫	શ્વેતામ્બરોથી દિગંબરોને પ્રાચિન સિદ્ધ કરવાનો ભ્રમ	શ્રી મુક્તિપથ પથિક	૩૫
૬	વિચાર વસંત	પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ.	૪૧
૭	પુણ્યા શ્રાવકની સમર્પિત પત્ની	શાહ રતિલાલ ડી. ગુઢકા	૪૪
૮	શ્રમણીવૃંદ એટલે તારક તત્ત્વ	પૂ. મુ. શ્રી ભુવનચંદ્ર વિ. મ.	૪૫
૯	ક્ષમાપનાથી આત્માને અજવાળીએ	શ્રી પ્રજ્ઞાંગ	૪૭
૧૦	ધર્મ તત્વજ્ઞાનયના દેવી	શ્રી જૈનેન્દ્ર	૪૯
૧૧	પૂજ્યશ્રી કહેતા હતા કે	શ્રી ગુણદર્શી	૬૦
૧૨	મહાસતી રોહિણી	શ્રી ગુણદર્શી	૬૧
૧૩	એક ચિંતન	શ્રી પ્રજ્ઞાંગ	૬૫
૧૪	પર્યુષણ પર્વનો રહસ્ય	પૂ. આ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ.	૬૬
૧૫	જ્ઞાન ગુણ ગંગા	શ્રી પ્રજ્ઞાંગ	૭૦
૧૬	શ્રાવિકા રત્નોના જીવન પ્રસંગો	પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.	૭૩
૧૭	શાસન દીપિકા અનુપમાદેવી	શ્રી ગુણ પરાગ	૭૭
૧૮	આપત્તિમાં અદીનતા	પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિ. મ.	૭૯
૧૯	મહાસતી રાજીમતીનો વિરહ	પૂ. મુ. શ્રી પ્રશમરતિ વિ. મ.	૮૫
૨૦	શ્રીમતીની શ્રદ્ધાલુતા	પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ.	૯૦
૨૧	એકાંતે શીલની રક્ષકસતી ધનવતી	પૂ.સા.શ્રી સુરેન્દ્રપ્રભા.શ્રીજી મ.	૯૧
૨૨	મહાસતી સુંદરીદેવી !	શ્રી પ્રજ્ઞાંગ	૯૯
૨૩	કૃત કર્મક્ષયો નાસ્તિ !	પૂ. સા. શ્રી અરૂણાશ્રીજી મ.	૧૦૧
૨૪	ધન્ય માતા ! ધન્ય દીકરી !	અ. સૌ. ભદ્રાબેન મનહરલાલ	૧૦૫
૨૫	મહાસતી સાધ્વી સુજ્યેષ્ઠા	રાજુભાઇ પંડિત (ચંદ્રરાજ)	૧૦૮
૨૬	સતી શિરોમણી સુભદ્રા	શ્રી મંજુલાબેન રમણલાલ	૧૧૪
૨૭	બુદ્ધિમતી પુત્રવધુ	પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.	૧૧૭
૨૮	પદ્મમાવતી	પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.	૧૧૯

અનુ.	લેખ	લેખક	પેજ નં.
૨૯	શ્રં જયંતી શ્રાવિકા	પૂ.સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.	૧૨૩
૩૦	કર્મ ભોગવવા પડશે ?	શ્રી રમ્યપ્રજ્ઞ	૧૨૭
૩૧	એક નવો ફતવો (લેખાંક-૩)	શ્રી તત્ત્વદર્શી	૧૩૧
૩૨	શ્રી જિન ભક્તિ	પૂ.આ. શ્રી વિ. રામચંદ્ર સૂ.મ.	૧૩૭
૩૩	ખોટું ન લગાડતા હોને ?	શ્રી ભદ્રંભદ્ર	૧૪૩
૩૪	શ્રી સમ્મેતશિખર ઇતિહાસ ભાષો	—	૧૪૫
૩૫	સામયિક સ્ફુરણ	પૂ.આ.શ્રીવિ.જિનેન્દ્ર સૂ.મ.	૧૫૩
૩૬	જૈન રામાયણના પ્રસંગો	શ્રી ચંદ્રરાજ	૧૫૭
૩૭	ડોંગરીમાની ચતુરાઇ	પૂ.સા. શ્રી કનકમાલાશ્રીજી મ.	૧૬૧
૩૮	જિનાલયો અને જિનમૂર્તિ સંસાર તરવાનું આલંબન	પૂ.મુ. શ્રી જયદર્શન વિ. મ.	૧૬૬
૩૯	ત્યાગ મૂર્તિ પાહિણીદેવી	પૂ.સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.	૧૬૭
૪૦	મહાસતી નંદયંતી	પૂ.સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.	૧૭૧
૪૧	હા. વિ.ઓ. ધર્મશાળાના દાતાઓની નામાવલી		૧૭૭
૪૨	શાસન સમાચાર		૧૮૭

જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા...

माता नास्ति पिता नास्ति, नास्ति भ्राता सहोदरः ।
अर्थेनैव धनेनैव तस्माज्जागृत जागृत ।।

સ્વાર્થ અને ધન વડે માતા પિતા ભાઇ સહોદર નથી માટે તેનાથી જાગ જાગ.

O. 26976 R. 31782
Hasmukh Parekh
BHAVNA PRINTERS
Old Gandhiwad Soni Bazar
Rajkot-360001

ફોન : ૨૮૮૯૨
પેરેમાઉન્ટ આર્ટ પ્રિન્ટર્સ
મકકમ મોટર્સ સામે, ગોંડલ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧

—: જાહેર ખબર અનુક્રમ :—

નામ	ગામ	પેજ
અલાવાડ સીરેમીક ઇન્દ.	થાનગઢ	૫
મીકે ક્રીએશન	મુંબઈ	૯
ગુડલક પેપર માર્ટ	,,	૧૦
રીલાયન્સ ક્રીએશન	,,	૧૦
ભીમલ અગરબત્તી વર્કસ	રાજકોટ	૧૩
ચૂડીદાર	મુંબઈ	૧૪
ઓસવાળ પોટરી વર્કસ	થાનગઢ	૪૦
વિકાસ કોર્પોરેશન	રાજકોટ	૮૪
ધી સરદારગંજ મર્કે. કો. ઓપ. બેંક લી.	પાટણ	૯૭
મીરલ સીરેમિક ઇન્ડ.	થાનગઢ	૯૮
એક ગુરુભક્ત	—	૧૦૪
બળેજ તીર્થ	પોરબંદર	૧૦૭
હાલાર તીર્થ	વડાલીઆ સિંહણ	૧૧૩
ભગવતી પેપર માર્ટ	રાજકોટ	૧૨૨
ડી.એન.આર. ડાયમંડ	નવસારી	૧૨૬
કો.કો. બેંકની વિશિષ્ટતાઓ	જામનગર	૧૩૦
શાહ કાનજી હીરજી સન્સ	,,	૧૩૬
કિષ્ણા સા. રીપેરર્સ	રાજકોટ	૧૩૬
શાહ સીન્ડીકેટ	નવસારી	૧૫૧
એડમિરેકલ	રાજકોટ	૧૫૨
પાયલ કાર્ડ	મુંબઈ	૧૫૬
વિનોદ પેપર સ્ટોર્સ	,,	૧૬૦
પટેલ ભરતકુમાર જીવાભાઈની કું.	પાટણ	૧૬૩
નીકુંજ ટાયર્સ	બારેજા	૧૬૩
શ્રી જીવદયા મંડપ	રાપર	૧૬૪
ડીલાઇટ પ્રિન્ટર્સ	રાજકોટ	૧૬૫
વર્ષા પેપર માર્ટ	મુંબઈ	૧૬૯
સાર્વજનિક સેવા ટ્રસ્ટ	વીછીંયા	૧૮૫
૧ પુનમ પ્લાસ્ટીક મુંબઈ, ૨ સનરાઇઝ સીરેમિક ઇન્ડ. થાનગઢ		૧૯૬
૩ અશોક સી. પુરોહીત રાજકોટ, ૪ વિજય પ્રિન્ટરી, રાજકોટ		૧૯૬
૧ ભાવના પ્રિન્ટર્સ રાજકોટ, ૨ પેરેઉન્ટ આર્ટ પ્રિન્ટર્સ ,,		૨૦૩

હાલાર દેશ ના ઉદ્ધારક શ્રેષ્ઠફ્વીશ્વર નિસ્પૃહી શિરોમણિ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ ના પટ્ટધર અમારા પરમ ઉપકારી ગુરુદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી

જૈન શાસન ની રક્ષા અને પ્રચાર માટે નિડર અને અડગ

શ્રીજૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

સ્વ. શાહ ફુલચંદ લાલાજી નગરિયા શાહ (લાખાબાવલ વાલા) (લંડન) ના શ્રેયાર્થે સ્મરણાર્થે



જન્મ - સન ૧૯૨૪ લાખાબાવલ
સ્વર્ગવાસ તા. ૬-૩-૯૩ લંડન
તેઓ ઘણા ભાવિક અને ભદ્રિક હતા પેરેલાઇશ ના તકલીફ છતા ભાવ ઉચા હતા, ડોલિયા આવ્યા લાભ લીધો પછી પણ આરાધના હોલ પાસે સુતા હતા અને ના પાડવા છતા અત્યંત આગ્રહથી તેજ હોલ લખાવી પૂજ્ય આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ના. આશીષ લીધા, તેઓના બાલપણના મિત્ર પણ હતા. દેવકુંવર બેને પરમ ભકિત થી અંત સમય સુધી દૃષ્ટાંત રૂપ બની સવો કરી. પરીવાર પણ સેવા ભાવી છે. તેમના શ્રેયાર્થે સુકૃતની ભાવના સાર્થ શુભેચ્છા.
શ્રીમતિ દેવકુંવર બેન તથા સર્વે પરિવાર

MRS. Devkuvar Ben Fiulchand Shah
24, Frobisher Road
Hornsey
LONDON No. 4 OQU (U.K.)

Regd. No. G. SEN 84

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક પૂજ્ય **આચાર્ય દેવેશ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ** ના પટ્ટધર પરમ ઉપકારી ગુરુદેવ પૂજ્ય **આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ** ના પરમ ઉપકાર અને પરમ ઉપદેશ થી વિવિધ પ્રકાર ના શાસન ના ધર્મ ના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય પ્રતિષ્ઠા, યાત્રા સંઘો શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિ ના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે

તેઓ શ્રી પરમ સદ્ગુપદેશ થી

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા સાથે

વિશેષાંકે સોજન્ય ધન્યદાતાઓ

P.P. Gunratnasagar Surir Gyan Mandir

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા

(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા

(૩) સ્વ. ભાઈ વેલજી વીરજી હેમરાજ દોઢિયા

(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ

(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા

(૬) ભાઈ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતિ ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર.
કનસુમરા (હાલાર)
બૉકસ નં. ૪૯૬૦૬ નાઈરોબી (કેન્યા)

શ્રી જૈન શાસન અઠવાડિક પ્રકાશક, મુદ્રક, તંત્રી પ્રકાશન સ્થળ શ્રી જૈન શાસન અઠવાડિક C/o. (જામનગર) ટ્રસ્ટ દેરાસર મારફત પ્રિન્ટેડ બાય

~~૫૨૬૬~~ ૧૮-૬-૭-૫ Rec 7/91

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ જગતમાં તેઓ ધન્ય છે !

ते धन्याः पुण्यभाजस्ते, तैस्तीर्णः क्लेशसागरः ।
जगत्संमोहजननी, यैराशाऽऽशीविषी जीता ।।

જેઓ વડે જગતને સંમોહન કરનારી આશા રૂપી સર્પિણી જીતાઈ ગઈ (અર્થાત્ જેઓએ આશાને જીતી લીધી છે) તેઓ જ જગતમાં ધન્ય છે, પુણ્યને ભજનારા છે, તેઓ વડે કલેશરૂપી સાગર તરાયો છે.

વર્ષ ૭

અંક ૪ + ૫

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧/- પાંચ વર્ષ રૂા. ૨૫૧/-
૨ વર્ષ રૂા. ૧૦૧/- આજીવન રૂા. ૫૦૧/-

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

માતા કેવી હોય ?

શાનદાર સ્વાગત યાત્રાની તૈયારી થઇ રહી હતી. રાજા–સામંતો આદિની પધરામણી નગરના ઉદ્યાનમાં થઇ ચુકી હતી. કથા નાયક સુશોભિત વસ્ત્રો ઓઢીને સજ્જ થયા હતા, નગરજનો વિદ્યા ભણી આવનાર કથાનાયકનું હારતોરાથી બહુમાન કરતાં હતાં સૌને મન આનંદ અને ઉત્સાહ હતો. હોક ગાડું ઘેલ્યું બન્યું હતું. અવસર થતાં સ્વાગત યાત્રા નગરના મુખ્ય માર્ગે ફરવા લાગી.

સૌને ઉત્સાહ હતો પરંતુ કથાનાયક નિરુત્સાહી હતા. તેમની આંખો ચકરવકર ફરતી હતી કાંઇક ગોતી રહી હતી ? તે કાંઇક શોધી રહી હતી તેમના મનમાં કાંઇક શંકા, કુશંકાઓ રમતી હતી.

ખરેખર, મારી સ્વાગત યાત્રામાં નગર આખુંય ઉમટયું પરંતુ મારી મા મને કેમ નથી દેખાતી નથી ? શું તબીયત બરાબર નહિ હોય ? શું કાંઇ અમંગળ બન્યું હશે?


ના, ના ! એવું તો કાંઇ નહી બન્યું હોય ?

ફરતી સ્વાગત યાત્રા રાજય મહેલે આવી. રાજાદિકે યોગ્ય સ્થાને બેઠક લીધી. છડીદારે છડી પોકારી અને આજનો કાર્યક્રમ શરૂ થયો.

વિદ્યા પારંગત થઇ પધારેલા કથાનાયકશ્રીના ગુણાનુવાદ થવા લાગ્યા. અનેક મહાપંડિતો લાંબા અને ટુકા પ્રવચનો દ્વારા ભણતરની કિંમત સૌને સમજાવી રહ્યાં હતા. વિદ્યા ભણનાર જિજ્ઞાસુઓ માટે રાજાએ પોતાની તિજોરી ખુલ્લી મુકી છે. સૌ કોઇ એનો લાભ લેજો, રાજા તટસ્થ કથાનાયકને સારી એવી પહેરામણી પણ ઓઢાડવામાં આવી રાજાની ઉદારતા અને પંડિત શિરોમણી બની આવેલા કથાનાયકનો સૌ જય જય નાદ કરવા લાગ્યા કથાનાયક તો પહેરામણી લઇને સીધો દોડયો પોતાના ઘર બાજુ ગૃહમાં પ્રવેશ કરતાં જ બોલી ઉઠયો, મા, મા ! તું કયાં છે ? તું મારી સ્વાગત યાત્રામાં કેમ ન આવી. ગામ આખુંય પાગલ બન્યું પરંતુ તું કેમ પાગલ ન બની. શું તને હર્ષ ન હતો ?

મા, મા ! જરા તુ મને કહે તો ખરી કે શું મારી કોઇ ભૂલ થઇ છે. હે મા, તું તો મારા માટે તીર્થ સમાન છે. સો ગુરુઓની ગરજ સારનારી એ મા, તારી પ્રસન્નતા એજ મારી પ્રસન્નતા. મા ! તું જ ખરાનું ખરું કહી શકીશ, મા ! તું જ કડવી દવા પાઇ શકીશ. માટે કહે તો ખરી કેમ તું ન આવી.

બેટાના હાવભાવ અને કાલાવાલા જોઇને માતાના હૃદયમાં અતિ આનંદ ઉભરાયો જો બેટા, સાચું કહું ! (અનું. ટાઇટલ ૩ પર)



વર્ષ ૭] ૨૦૫૦ ભાદરવા સુદ-૧ મંગળવાર તા. ૨૦-૯-૯૪ [અંક ૪-૫

જિન ભક્તિ

– પ્રવચન નવમું –

૨૦૨૮, માગશર સુદ-૮ શુક્રવાર, તા. ૨૬-૧૧-૭૧ અમદાવાદ

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

જિનેભક્તિ જિનેભક્તિ જિનેભક્તિ દિનેદિને ।
સદામેઽસ્તુ સદામેઽસ્તુ સદામેઽસ્તુ ભવે ભવે ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહાપુરૂષના આ ઉદ્‌ગારો છે. જેના ઉપર ખરેખર શાસનની છાયા પડી હોય તેવા આત્માના હૈયની અનુભૂતિ છે. આ સંસારમાં માનસિક આનંદ ભોગવવો હોય, ગમે તેવી હાલતમાં આનંદમાં જીવવું હોય તો હૈયામાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ હોવી જોઇએ. **જેના હૈયામાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ પેદા થઇ નથી તે જીવ દુઃખમાં તો દુઃખી છે પણ સુખના કાળમાં ય દુઃખી છે.** માટે આપણે બધાને ભગવાનની ભક્તિ જોઇએ છે તે પણ કયાં સુધી ? આપણી મુક્તિ ન થાય ત્યાં સુધી. જે ખરેખરો ભગવાનનો ભગત બન્યો છે તે કદાચ સંસારનાં કામ પણ કરતો હોય તોય ભગવાનનો ભગત છે. કેમકે, તે સારી રીતના સમજે છે કે, દુઃખ મારાં જ પાપનું ફળ છે, માટે તે દુઃખ મજેથી ભોગવવાનું મન ન થાય તો મને જ નુકશાન થવાનું છે. તે જ રીતે પુણ્યથી મલતું સુખ પણ જો મજેથી ભોગવવાનું મન થાય તો ય મને નુકશાન થવાનું છે. આ વાત આપણા હૈયામાં લખાઇ ગઇ છે ? આ વાત જેના હૈયામાં લખાઇ ગઇ તે આત્મા ગમે ત્યાં રહ્યો હોય તો પણ ભગવાનનો સાચો ભગત છે.

દુનિયાનું સુખ મળે પુણ્યથી જ, ભોગવાય પણ પુણ્યથી જ. પુણ્ય ન હોય તે સુખ ભોગવી પણ ન શકે. કરોડપતિને ઘેર જન્મેલો કૂતરો પણ ન પચાવી શકે. માટે પુણ્યથી મળેલું સુખ તાકાત હોય તો છોડી દેવા જેવું છે. કદાચ ન છૂટી શકે તો તેની સાથે સાચવી-સંભાળીને રહેવા જેવું છે.

આપણે બધા ભગવાનના ભગત છીએ ને ? ભગવાનનાં દર્શન કરતાં મોક્ષ યાદ આવે ? સાધુના દર્શન કરતાં સાધુપણું યાદ આવે ? ધર્મ કરતાં પરિપૂર્ણ ધર્મ પામવાનું મન થાય ? બંગલામાં પેસતા બંગલો જેલ સમાન લાગે ? જે ગુણીજન લાગે તો તેના જેવા થવાનું મન થાય ? સંસારમાં હરિફાઈનું મન થાય છે તેમ અહીં કેમ થતું નથી ? જેનો ગુણ જોઈએ તો થાય કે મારામાં કેમ નહિ ? મને કેમ ન આવે ? સાધુને જોઈ સાધુપણું યાદ ન આવે તેનું પરિણામ એ આવ્યું કે જૈનોનો મોટો ભાગ 'મારે મરતાં પહેલાં સાધુ થવું' તે વિચારથી વાંઝીયો બની ગયો. સાધુને હાથ જોડે પૂજે પણ પોતાને સાધુ થવાનું મન નહિ. જે સાધુ થયા તે ગંડાને ! અને તમે ન થયા માટે ડાહ્યા!! **સાધુ થવાની ભાવના વિના સાચું જૈનપણું પણ આવે નહિ.** ભગવાનનો ભગત પણ નહિ.

આપણે ભક્તિ શું ચીજ છે તે વાત નક્કી કરવી છે. ભગવાનનો ભગત ગમે ત્યાં હોય પણ તે હૈયાથી સુખી જ હોય, નરકાદિમાં હોય તો ય. નરકમાં સમાધિ રાખવી તે બાપનો માલ હશે ! અહીં ૫૦ ડીગ્રી તાવમાં સમાધિ થઈ જાય છે તો ત્યાં છેલ્લી કોટિના તાવમાં સમાધિ રાખવી તે સહેલું કામ છે? વેદના-પીડાનો પાર નહિ અને ઉપરથી માર પડે તે જુદા. છતાં પણ જ્ઞાનિઓ કહે છે કે, **'ભગવાનનો ભગત નરકમાં હોય તો ય સુખી ! જે ભગવાનનો ભગત નહિ તે દેવલોકમાં હોય તો ય દુઃખી !** તમે કઇ રીતના ભક્તિ કરો છો તે જ સમજાતું નથી, તમે બધા જે રીતના મંદિર, ઉપાશ્રયમાં પેસો છો, નીકળો તમારી તો વાત થાય તેવી નથી. જ્યાં સ્વાર્થ સધાતો હોય, તો આચાર્યની જેટલી સેવા કરો છો તેવી તો ભગવાનની ય નથી કરતા. ભગવાનને ચઢાવવા સોંક સારું ફળ પણ તમને મળે નહિ. આનું એક જ કારણ છે કે, દુનિયાનું સુખ એટલું બધું સારું લાગ્યું છે, ગમ્યું છે, ભોગવવા જેવું લાગે છે તેથી ભગવાનની ભક્તિમાં સારી સામગ્રી પણ વાપરવાનું મન થતું નથી. કદાચ કોઈ સામગ્રી સારી પણ વાપરે તો તેના કરતાં વધુ સારી મળે માટે. માટે તમે તો હાથ જોડવા જેવા છો.

રોજ અહીં આવનારા મોટાભાગે નક્કી કર્યું છે કે, 'મંદિર-ઉપાશ્રયે જવું, વ્યાખ્યાન સાંભળવું પણ સાધુનું કહેલ કરવું નહિ. સાધુનું કહેલ કરવા માંડીએ તો

ઘર-બાર ઊઠી જાય.' અમે તો ગરજે ગધેડાને ય બાપ કહીએ, જરૂર ન પડે તો ભગવાનના મંદિરમાં પણ ન જઈએ. તમને ચાનક ચઢે તેવું કહીએ તો પણ તમે સંસારના સુખના જ એવા લોભી અને લાલચુ છો કે મંદિર-ઉપાશ્રય છોડવાના નથી અને ઘરનું કશું વાપરવાના નથી.

ભગવાનને ઓળખ્યા વિના સાચી ભક્તિ પેદા થાય નહિ. ભગવાન જ આપણા સાચા હિતૈષી છે, સાચા મા-બાપ છે, સાચા સ્નેહી-સંબંધી છે. તે સિવાય બીજા કોઇ જ આપણા સાચા સંબંધી નથી. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્મા થયા, તે બધાએ અમને મોક્ષમાં મોકલવાનો વિચાર કર્યો પણ અનંતા મા-બાપ થયા પણ એક મા-બાપે મોક્ષે મોકલવાનો વિચાર નથી કર્યો. તમને મોક્ષે જવાનું મન થયું છે? તમારા સંતાનોને મોક્ષે મોકલવાનું મન થયું છે?

તમે તમારાં સંતાનો માટે શું વિચાર કર્યો છે? તમે બધા સ્વાર્થી ભેગા થયા છો. પરસ્પરના હિતનો કોઇને વિચાર નથી. પાપ કરવું છે પણ દુઃખ ભોગવવું નથી. સુખ માટે પાપ કરવામાં બાકી રાખવું નથી અને મળેલું સુખ નીચોવી નીચોવીને ભોગવવું છે. તેમને ભગવાનના ભગત પણ કહે કોણ?

ભગવાનને ઓળખ્યા વિના ભલું કઇ રીતના થાય? પેઢી ઉપર કેમ જાવ છો? પૈસા માટે. ઘરે કેમ? ખાવા-પીવા, આરામ માટે, મંદિર-ઉપાશ્રયે કેમ, સાધુ પાસે કેમ, વ્યાખ્યાન કેમ સાંભળો છો, તેમ પૂછે તો જવાબ નથી. મોક્ષે જવું છે ને? ઘર-બાર છોડયા વગર મોક્ષ મલી જાય? હૈયામાં હોય તે બોલો. મોક્ષને માટે તો કાયા કસી નાખવી પડે. માત્ર વાતો કર્યે ન મળે. શ્રી અરિહંત પરમાત્માના આત્માને પણ પ્રબલ પુરુષાર્થ કરવો પડયો, તેઓ પણ ભૂલ્યા તો પછડાયા. પાછા ભાનમાં આવ્યા અને પછી ચઢયા. તમે કહો કે-'મંદિર-ઉપાશ્રયે મારી બધી કુટેવો કાઢવા જાઉં છું.' રાગ-દ્વેષને દૂર કરવા જાઉં છું.' (ક્રમશઃ)

○ પુણ્ય વિના પ્રાપ્તિ શક્ય નથી

जीवदया जिणधम्मो सावयजम्मो गुरूण पयभत्ती ।
एयं रयणचउक्कं पुण्णेहिं विणा न पावंति ।।

જીવદયા, શ્રી જિનધર્મ, શ્રાવક કુલમાં જન્મ, ગુરૂના ચરણ કમલમાં ભક્તિ, આ ચાર રત્નો, પુણ્ય વિના પ્રાપ્ત થતા નથી.

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ શ્રી સ્થાનાંગ સૂત્રમાં માતા, ભાઇ, મિત્ર, શોકય, આદર્શ, આરિસો, પતાકા, થાણુ અને ખરંટ સમાન એમ આઠ પ્રકારના શ્રાવકો કહ્યા છે. તે આ પ્રમાણે–

(૧) માતા સમાન શ્રાવકો–

चिंतइ जइ कज्जाइं न दिट्ठखलिओवि होइ निन्नेहो ।
एगंतवच्छलो जइजणस्स जणणीसमो सड्ढो ।।

જે સાધુ–સાધ્વીના કાર્યોનો વિચાર કરે છે, કયારેક સ્ખલના જોવે તો પણ જે સ્નેહ વિનાનો થતો નથી, યતિજનને વિષે એકાંતે વાત્સલ્ય વાળો હોય છે તેવા શ્રાવકો માતા સમાન કહેવાય છે.

(૨) ભાઇ સમાન શ્રાવકો :–

हिअए ससिणहोवि अ मुणीण तंदायरो विणयकम्मे ।
भाइसमो साहूणं पराभवे होइ ससहाओ ।।

હૃદયથી સ્નેહવાળો હોવા છતાં પણ મુનિઓના વિનયકર્મમાં જે મંદ આદર વાળો છે, તથા સાધુજનોના પરાભવમાં તેનું નિવારણ કરવા સહાયરૂપ થાય છે તે ભાઇ સમાન શ્રાવક કહેવાય છે.

(૩) મિત્ર સમાન શ્રાવકો :–

मित्तल्लसमाणो माणा ईसिं रूसइ अपुच्छिओ कज्जे ।
मन्नंतो अप्पाणं मुणीण सयणाउ अब्भहिअं ।।

જે પોતાને, મુનિઓના સ્વજનોથી પણ અધિક માને છે તેથી કોઇ કાર્યમાં નહિ પૂછાયેલો માનથી સહેજ રોષ પામે છે તે મિત્ર સમાન શ્રાવક કહેવાય છે.

(૪) શોકય સમાન શ્રાવકો :–

थद्धो छिद्दप्पेही पमायखलिआइं निच्चमुच्चरए ।
सड्ढो सवत्तिकप्पो साहुजणं तणसमं गणइ ।।

જે સાધુજનને તૃણ સમાન ગણે છે, માની છે, છિદ્રને જોનારો છે, પ્રમાદથી થતી સ્ખલનાઓ બોલીને હંમેશા ગાયા કરે છે તે શોકય સમાન શ્રાવક કહેવાય છે.

(૫) આદર્શ સમાન શ્રાવકો :–

गुरुभणिओ सुत्तत्थो बिंबज्जइ अवितहो मणे जस्स ।
सो आयंस समाणो सुसावओ देसिओ समये ।।

સદ્‌ગુરુએ કહેલા સૂત્ર અને અર્થ, યથાર્થપણે જેના મનમાં ઝીલાય છે તે આદર્શ આરિસા સમાન સુશ્રાવક સમય-આગમમાં કહેલો છે.

(૬) પતાકા સમાન શ્રાવકો :-

पवणेणं पडागा इव भामिज्जइ जो जणेण मूढेण ।
अविणिच्छिअ गुरुवयणो सो भवइ पडाइ आतुल्लो ।।

ગુરુ વચનમાં અનિશ્ચિત-અવિશ્વાસુ એવો જે મૂઢ લોક વડે, પવન વડે પતાકાની જેમ ભમાડાય છે તે પતાકા સમાન શ્રાવક કહેવાય.

(૭) સ્થાણુ સમાન શ્રાવકો :-

पडिवन्नमसग्गाहं न मुअइ गीअत्थसमणुसिट्ठोवि ।
थाणुसमाणो एसो अपओसी मुणिजणे नवरं ।।

જે મુનિજનને વિષે અપ્રદ્વેષી હોય છે પણ ગીતાર્થથી સારી રીતના સમજાવવા છતાં પણ પોતે ગ્રહણ કરેલા અસદ્‌ગ્રહને (પોતાની માન્યતાની પક્કડને) છોડતો નથી તે તે સ્થાણુ સમાન-થાંભલા જેવા-શ્રાવક કહેવાય છે.

(૮) ખરંટ સમાન શ્રાવકો :-

उम्मग्गदेसओ निनवोऽसि मूढोऽसि मंदधम्मोऽसि ।
इअ सोपि कहंतो खरंटए सो खरंटसमो ।।

તું ઉન્માર્ગદેશક છો, નિહ્નવ છો, મૂઢ છો, મંદધર્મી છો, આ પ્રમાણે કહેવા છતાં પણ જે સારી રીતના ખરડાય છે, પોતાની જાતમાં જરા પણ સુધારો કરતો નથી, તે ખરંટ સમાન શ્રાવક કહેવાય છે.

૦ ચરણસિત્તરિ અને કરણસિત્તરિનો ભેદ :-

ननु चरण-करणयोः कः प्रतिविशेषः ? उच्यते, नित्यानुष्ठानं चरणं यत्तु प्रयोजने आपन्ने क्रियते तत्करणमिति । तथा च व्रतादि सर्वकाळमेव चर्यते, न पुनर्व्रत शून्यः कश्चित्काल इति । पिण्डविशुद्धदयस्तु प्रयोजन एवापन्नेऽनुष्ठीयन्ते इति ।। ५९६ ।। ६७ ।। (પ્રવચન સારોદ્ધાર માંથી)

ચરણ સિત્તરિ અને કરણસિત્તરિમાં શું વિશેષતા છે ? કહેવાય છે, જે હંમેશનું અનુષ્ઠાન કરાય તે ચરણસિત્તરિ કહેવાય અને જે પ્રયોજન-કારણ પામ્યે છતે કરાય તે કરણસિત્તરિ કહેવાય છે. જેમ કે મહાવ્રતાદિ હંમેશા પળાય છે, મહાવ્રતાદિથી રહિત (સાધુનો) કોઈ કાળ-સમય હોતો નથી. જ્યારે પિંડવિશુદ્ધિ આદિ તો કારણ હોતે છતે જ આચરાય છે. આ પ્રમાણે ચરણસિત્તરિ અને કરણસિત્તરિમાં વિશેષતા છે.

હાસમપુરા તીર્થ (ઉજ્જૈન) (મધ્યપ્રદેશ) માં
પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

ઉપધાન તપ

ભાવભર્યું ખાસ આમંત્રણ

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે તીર્થની નૈસર્ગિક ભૂમિમાં દોષ ન લાગે તેવા વાતાવરણમાં પ્રાચીન ઐતિહાસિક હાસમપુરા તીર્થમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુના સાનિધ્યમાં પૂજ્ય હાલારદેશોદ્ધારક આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં આયોજન કર્યું છે.

આ ઉપધાન તપમાં દેશમાંથી તથા પરદેશ આફ્રીકા લંડન અમેરિકા વિગેરેથી પણ પધારીને તપમાં જોડાવા ખાસ નમ્ર વિનંતિ છે.

卐 ઉપધાન તપના મુહૂર્તો 卐

પ્રથમ મુહૂર્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૦ સોમવાર તા. ૨૮-૧૧-૯૪
બીજું મુહૂર્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૨ બુધવાર તા. ૩૦-૧૧-૯૪

લિ.
શાહ નથમલ ટેકચંદજી (વાસાવાળા)
C/o. મગનલાલ વીરચંદ શાહ
૬૫ સર હુકમચંદ માર્ગ ઇંદોર-૪૫૨૦૦૧ (M.P.)

હાસમપુરા તીર્થ ઉજ્જૈનથી ૧૩ કિ.મી. છે ઉજ્જૈન આવવા ટ્રેનો બસો બધી બાજુથી મળે છે. કારતક સુદ પાંચમ સુધી નામ આવી જાય તેમ કરવા વિનંતી.

નામ લખાવવાના સ્થળ :- (૧) ઉપધાન કરાવનાર (૨) અર્બુદગિરિ જૈન ઉપાશ્રય ઇંદોર (૩) શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (૪) પ્રેમચંદ ભારમલ ઢોઢીયા ધર્મેશ્વર ૬૫-૬૬ એચ.કે. માર્ગ માટુંગા બી.બી. મુંબઇ (૫) મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા બજાર અમદાવાદ (૬) મેઘજી વીરજી ઢોઢીયા નાઇરોબી (૭) રતિલાલ ડી. ગુઢકા ૧૧૭ સડબરી મીડલસેક્ષ લંડન (૮) ઓસવાળ યાત્રિક ગૃહ તળેટી રોડ, પાલીતાણા

મૈત્ર્યાદિ ભાવનાઓનું રહસ્ય

આપ્ત પુરુષોનું કથન છે કે પાંચ પ્રકારનું સાધુ સત્ ચેષ્ટાનું—સાધુઓના સુંદર આચારોનું પાલન કરનાર મુનિને મૈત્રી, કરુણા, પ્રમોદ, ઉપેક્ષા આ ચાર ભાવનાઓ સિદ્ધ થાય છે.

મૈત્ર્યાદિ ચારે ભાવનાઓના, પ્રત્યેકના ચાર, ચાર પ્રકાર છે ભાવ પરિણતિ રૂપ આ ચારે ભાવનાઓ પરમોત્કૃષ્ટ ભાવને પામે છે ત્યારે આત્માને મોક્ષની પ્રાપ્તિ થયા પછી ત્યાં આ ચાર ભાવનાઓ હોતી નથી.

૬૨૬ ભાવનાના ૪-૪ પ્રકાર

(૧) મૈત્રી ભાવના

૧. ઉપકાર મૈત્રી ૨. સ્વજન મૈત્રી ૩. પરજન મૈત્રી ૪. સામાન્યજન મૈત્રી

(૨) કરૂણા ભાવના

૧. મોહવશ જીવોની કરૂણા ૨. દુઃખી જીવોની કરુણા ૩. સંવેગ કરુણા ૪. અન્યહિતા કરુણા.

(૩) મુદિતા ભવના

૧. સુખ માત્ર ઉપર પ્રમોદ ૨. સદ્ હેતુ પ્રત્યે પ્રમોદ ૩. અનુબંધ પ્રમોદ ૪. પરતત્ત્વ પ્રમોદ.

(૪) ઉપેક્ષા ભાવના

૧. કરુણા ઉપેક્ષા ૨. અનુબંધ સારા ઉપેક્ષા ૩. નિર્વેદ સારા ઉપેક્ષા ૪. તત્ત્વ સારા ઉપેક્ષા.

૧ **ઉપકારી મૈત્રી** :- પોતાના કોઇ ઉપકારી હોય તેમની સાથે મિત્રતાનો સંબંધ રખવો, જે લોક પ્રસિદ્ધ છે.

૨ **સ્વજન મૈત્રી** :— કોઇ ઉપકાર ન કર્યો હોય પણ જેમની સાથે લોહી નો સંબંધ હોય એવા સ્વજનોનો દુઃખમાંથી ઉદ્ધાર કરવાની ભાવના.

૩. **પરજન મૈત્રી** :- ઉપકારી કે સ્વજન ન હોય, પણ પોતાના પૂર્વજોએ જેમને મિત્ર તરીકે સ્વીકાર્યા હોય તેમની સાથે મૈત્રી.

૪ **સામાન્યજન મૈત્રી** :- સર્વ સામાન્ય, પરિચિત, અપરિચિત જીવોના હિતના વિચારરૂપ મૈત્રી, આમાં ઉપકારી, સ્વજન, કે સ્વીકૃત—આ ત્રણમાંથી કોઈની અપેક્ષા હોતી નથી.

૧. **મોહવશ જીવોની કરુણા** :—બિમારના કુપથ્ય ખાવાના કાલાવાલાથી

પીગળી જઈ અજ્ઞાન કે મોહથી એને કુપથ્ય ખાવા દેવાની કરુણા.

૨. **અસુખ કરુણા** :- દુઃખી જીવોને જોઈને, લોકમાં પ્રસિધ્ધ આહાર, વસ્ત્ર, શયન આદિ આપવા રૂપ કરૂણા.

૩. **સંવેગ કરુણા** :- મોક્ષની અભિલાષાથી સુખી જીવો પ્રત્યે પ્રેમ ભાવના કારણે એમના સાંસારિક દુઃખ દૂર કરવાની ઇચ્છા. આવી છદ્મસ્થ જીવોને સ્વાભાવિક હોય છે.

૪. **અન્યહિતા કરુણા** :— સામાન્યથી પ્રીતિ સંબંધવાળા કે પ્રીતિસંબંધ વગરના જીવ માત્રના હિતની બુદ્ધિ, જેમ કેવલજ્ઞાની મહાપુરૂષોને સર્વ જીવો ઉપર અનુગ્રહની ભાવના હોય છે. તેવી મહામુનિઓની સર્વજીવોના અનુગ્રહની બુધ્ધિએ આ ચોથી કરુણા ભાવના છે.

૧. **સુખ માત્ર ઉપર પ્રમોદ** :- સ્વ. પરના વૈષયિક સુખના સારા કે નરસા પરિણામનો વિચાર કર્યા વગર એના ઉપર ખુશી.

૨. **સદ્‌હેતું પ્રત્યે પ્રમોદ** :- હિત, મિત અને પથ્ય આહારના ઉપભોગથી પ્રાપ્ત થતાં સુખ જેવા સ્વ-પરના આલોકના સુખનો સંતોષ.

૩. **અનુબંધ પ્રમોદ** :- દેવ-મનુષ્યભવની પરંપરામાં સ્વ-પરને પ્રાપ્ત થતાં અખંડ સુખોનો સંતોષ.

૪. **પરતત્ત્વ પ્રમોદ** :- મોહ ક્ષયાદિથી પ્રાપ્ત થતાં ઉત્કૃષ્ટ અનવદ્ય શાશ્વત સુખનો સંતોષ.

૧. **કરુણા ઉપેક્ષા** :- પોતાની મરજીથી કુપથ્યનું સેવન કરનાર બિમારને મોહ ગર્ભિત કરુણાથી એને કુપથ્ય ખાતાં રોકે નહીં પણ એની ઉપેક્ષા કરે.

૨. **અનુબંધ સારા ઉપેક્ષા** :—આળસથી ધન કમાવવાની પ્રવૃત્તિ ન કરનારને ધન કમાવવાની પ્રેરણા કરે પણ કયારેક પરિણામે અધિક લાભની દૃષ્ટિએ થોડા સમય રાહ જોવા જેવું લાગતું હોય તેટલા સમય પૂરતી એ આળસુની ઉપેક્ષા કરે.

૩. **નિર્વેદ સારા ઉપેક્ષા** :— પરિણામે નરકાદિ ગતિનું દુઃખ મળતું જોઈ દેવ-મનુષ્ય ગતિના સારામાં સારા પાંચ ઇન્દ્રિયોના સુખોની અસારતા જાણી તે સુખોની ઉપેક્ષા કરવી.

૪. **તત્ત્વ સારા ઉપેક્ષા** :—રાગ-દ્વેષ કરાવનારા જગતના સારાનરસા પદાર્થો નથી, પરંતુ પોતાના જ મોહનીય વગેરે કર્મો છે; એમ સમજી કાયમ માટે પોતાના સ્વરૂપમાં રહેતા એ જડ-ચેતન પદાર્થો પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ ધારણ કરવો એ તત્ત્વ સારા ઉપેક્ષા છે.

આગમ શાસ્ત્રોનાં વચનોને અનુસરનારાં ચારિત્રપાત્ર અને શ્રધ્ધાવંત આત્માઓને વારંવાર અભ્યાસ કરવાથી આ મૈત્ર્યાદિ ચારે ભાવનાઓ સારીરીતે આત્મસાત્ થાય છે.

શ્રી ષોડશક ગ્રન્થના આધારે —શ્રી વિજય ભિત્રાનંદ સૂરિ મ.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

ક્ષત્રિય કુળવટની શાન ખાતર...

"તું જે મોઢે બોલ્યો છે એ જ મોઢે રહેજે. બોલ્યા પછી ફરી ના જઇશ. પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવું એ ક્ષત્રિયોનો કુળ-ધર્મ છે."

એક હજાર કન્યાને પરણીને હનુમાન હનુપુરમ આવી ગયા.

આ તરફ મિથિલાનગરીમાં હરિવંશ-કુળમાં વાસવકેતુ રાજા થયો તેની વિપુલા નામની રાણીને વિષે જનક નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો.

બીજી બાજુ અયોધ્યામાં ઇક્ષ્વાકુવંશમાં અંતર્ભૂત થયેલા આદિત્યવંશમાં કેટલાંય રાજાઓ થઇ ગયા પછી વિજય નામનો રાજા થયો. તેને હિમચૂલા નામની પત્નીથી વજ્રબાહુ અને પુરન્દર નામના બે પુત્રો થયા હતા.

નાગપુર નગરમાં ઇભવાહન રાજાની ચૂડામણિ રાણીથી મનોરમા નામની પુત્રી ઉત્પન્ન થઇ હતી.

યુવાન થયેલી મનોરમાને વજ્રબાહુ સાથે પરણાવી લગ્ન પ્રસંગ પૂર્ણ થયા પછી બહુમાનપૂર્વક સાળો ઉદયસુંદર વજ્રબાહુને વળાવવા ૨૫ રાજકુમારો સાથે નીકળ્યો.

વન-જંગલના રસ્તાને પસાર કરતો કરતો રથ પસાર થઇ રહ્યો છે. એવામાં દૂર એક પર્વતની ટેકરી ઉપર ધ્યાન મુદ્રામાં રહેલા 'ગુણસાગર' નામના એક મહામુનિ-વરને જોતાં જ વજ્રબાહુએ રથને આગળ જતો અટકાવી દીધો. વાદળને જોઇને ખુશ-ખુશાલ થતાં મયૂરની જેમ મુનિવરને જોતાં વજ્રબાહુએ રથને આગળ જતો અટકાવી દીધો. વાદળને જોઇને ખુશ-ખુશાલ થતાં મયૂરની જેમ મુનિવરને જોતાં જ આનંદના ઉછરંગમાં આવી ગયેલા વજ્રબાહુ બોલ્યા કે-"અહો આ કોઇ મહાત્મા છે. તે મહા-મુનિ વંદનીય છે. મારાથી ઘણાં પુન્યના કારણે આજે આ અટવીમાં તેઓ જોવાયા છે.

ઉદયસુંદરે મશ્કરી કરતાં કરતાં વજ્રબાહુ કુમારને કહ્યું-શું તમને દીક્ષા લેવાની ઇચ્છા છે?

વજ્રબાહુ કહે-મારૂ એવું મન છે ખરૂ 'જો તમારૂ મન હોય તો હવે વાર કરવાની જરૂર નથી. હું પણ તમને સાથ આપીશ. (હું પણ તમારી સાથે દીક્ષા લઇશ.)

વજ્રબાહુ બોલ્યા-સાગર કદિ પોતાની મર્યાદાને છોડતો નથી. તું તારી પ્રતિજ્ઞાને તોડી નાંખતો નહિ. તું જે મોઢે બોલે છે એ જ મોઢે રહેજે. બોલ્યા પછી ફરી ના જઇશ.

ઉદયસુંદરે છેક સુધી મશ્કરી કરતાં જ કહ્યું કે-સારૂ.

અને મીંઢળ બાંધ્યા વજ્રબાહુ કુમારને રથમાંથી નીચે ઉતરતાં જોઈને જ તેમની દીક્ષાની વાસ્તવિક ભાવનાને પારખી જઈને ઉદયસુંદરે કહ્યું–કે સ્વામિન્ ! અત્યારે જ અત્યારે જ દીક્ષા લઇ લેશો નહિ.

હું તો મશ્કરીમાં બોલતો હતો. મશ્કરી કરનારા મને ધિક્કાર હો. મશ્કરી પૂર્વકની વાત તો હે સ્વામિન્ ! ધવલ ગીતોની જેમ સત્ય નથી બનતી માટે આવી મશ્કરી ભરેલી વાતનું ઉલ્લંઘન કરવામાં કોઈ દોષ લાગતો નથી. કુમાર ! તમે દીક્ષા ન લ્યો. હજી તો આ વિવાહનું મંગલ કંકણ તમારા હાથે બાંધેલું છે. તો વિવાહના ફળ જેવા ભોગોને એકાએક શા માટે તજી દો છો ? અને હે નાથ ! તમારાથી તૃણની જેમ તરછોડાયેલી આ સાંસારિક સુખના રસાસ્વાદથી વંચિત રહેલી મનોરમા શી રીતે જીવી શકશે ?

હવે રાજકુમાર વજ્રબાહુ એ કહ્યું કે– મનુષ્ય જન્મ રૂપ વૃક્ષનું સુંદરમાં સુંદર ફળ ચારિત્ર છે. મશ્કરીની વાણી પણ આપણા માટે તો સાચી જ ઠરી છે. અને જો તમારી બેન કુલીન (કુળવાન્) હશે તો તો તે મારી પાછળ પાછળ જ દીક્ષા ગ્રહણ કરશે. અને જો તે કુલીન નહિ હોય તો તેનો માર્ગ કલ્યાણકારી બનો. પણ મારે તો હવે ભોગો વડે સર્યું. તેથી તમે દીક્ષા માટે અનુમતિ આપો અને તું પણ મને અનુસર કારણ કે ક્ષત્રિયોનો એ કુળધર્મ છે કે બોલેલી પ્રતિજ્ઞામાંથી તે પાછા ફરે નહિ.

ઉદયસુંદરને આ રીતે પ્રતિબોધ પમાડી વજ્રબાહુ ગુણસાગર મુનિવર પાસે આવ્યા. અને એક સાથે એક-બે વ્યક્તિ એ નહિ પણ ૨૮-૨૮ આત્માએ ગુણસાગર મુનિવર પાસે પ્રવ્રજ્યા મહાવ્રતનો સ્વીકાર કર્યો. વજ્રબાહુ ઉદયસુંદર, અને મનોરમા તેમ જ સાથે આવેલા ૨૫/૨૫ કુમારોએ દીક્ષા લઈ જીવનની સફળતા કરી.

આ બાજુ વજ્રબાહુને દીક્ષિત થયેલા સાંભળીને તેમના પિતાએ વિચાર્યું કે આ બાળકને ધન્ય છે. મને ધિક્કાર છે. કે હું હજી સુધી બોધ પામ્યો નહિ. આમ વિચારતા વિચારતાં તે પણ વૈરાગ્ય પામ્યા. તેમણે વજ્રબાહુના ભાઇ પુરન્દરને રાજ્ય સોંપી નિર્વાણમોહ નામના મુનિવર પાસે દીક્ષા સ્વીકાર કરી.

પુરંદરે પણ પોતાના પુત્ર કીર્તિધરને અયોધ્યાની ગાદી ઉપર સ્થાપન કરી ક્ષેમંકર નામના મુનિવર પાસે દીક્ષા અંગીકાર કરી. જીવન સફળ કર્યું.

ક્ષત્રિય કુળધર્મની મર્યાદાની આબરૂ જાળવવા દીક્ષિત બનેલા તે આત્માઓને હૃદયના બહુમાનથી વંદના.

કુલધર્મઃ ક્ષત્રિયાણાં રવસન્ધાપ ક્ષનં ખલુ ।

પોતાની પ્રતિજ્ઞાનું (પ્રાણના ભોગે પણ) પાલન કરવું એ ખરેખર ક્ષત્રિયે નો કુલધર્મ છે.

❋ ખોટું નો લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

પર્વતિથિનો જીવન-વિમો ઉતરાવવો છે?

એક વખત સરદારજી ડાબા પ્લાસ્ટર લગાડેલા અભિનય સાથે જ બહાર ફરતાં હતા. ત્યાં તેના મિત્રે તેને પૂછયું–'અરે! યે કયા હુઆ.' સરદારજી કહે–'મિલકે સંચામેં હાથ આવી ગયા.' મિત્ર કહે–યે અચ્છા તો નહિ હુઆ. લેકિન ઇશ્વર કા પાડ માનો કિ તુમ્હારા ડાબા હાથ હી ફ્રેક્ચર મેં ફંસ ગયા.' તરત જ સરદારજી કહે-એમાં ઇશ્વરનો પાડ માનવાની જરૂર નથી. કેમ કે આમ તો મારો જમણો હાથ જ સંચામાં આવી જાત. પણ મેં જમણાના બદલે ડાબા હાથને જ રાખી દીધો. એટલે જમણા હાથની જિંદગી બચાવવા મેં જાતે જ ડાબા હાથકમળને કુરબાન થવા દીધો છે.

સરદારજીએ હજી આગળ ચલાવતા કહ્યું કે–આવું કરવાનું મને મારી જાતે નથી સૂજયું. પણ જેમ તમારા જૈન ગ્રંથી ગુરૂઓ મોટા મોટી તિથિ=પર્વતિથિઓનો ક્ષય કે વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તે પર્વતિથિની મૃત્યુ અને ડબલ આયુષ્યની વાત આવે ત્યારે ત્યારે તે બિચારી પર્વતિથિને મૃત્યુ પામતી કે વધુ આયુષ્ય જીવીને હેરાન થતી અટકાવવા માટે તે તે પર્વતિથિના નાશ અને જીવનને બદલે તે તેની પૂર્વની તિથિને નાશ અને જીવન ધરી દે છે ને? જાણે કે પર્વતિથિ તો સાવ વાંક ગુના વગરની જ હોય તેમ તેની મૃત્યુદંડની સજા પૂર્વની તિથિને નામે ચડાવી દે છે ને. એમ જ.

આ ય તે પાછુ પેલી અંધેરી નગરી. ગંડુરાજા જેવું જ હો પાછું. કેમ મિત્ર માણેક (મિત્રરત્ન તો બધા કહે હું મિત્ર માણેક, મિત્રમોતી, મિત્રહીરા વગેરે વગેરે વગેરે ઠહીશ.) તમને તો ગંડુરાજાની વાત ખબર છે ને? શું વાત કરો છો તમને ખબર નથી? તો તો તમારી સાત પેઢીનો જન્મારો એળે ગયો. એળે.

(હાંભળો ત્યારે. એ ગંડુરાજા પાસે એક ડોશીએ ફરીયાદ કરી કે મારો પુત્ર ચોરી કરવા ગયેલો. ખાતર પાડતા ભીંત પડી એટલે દટાઇને મરી ગયો. માટે તે ભીંતના માલિક શેઠને ફાંસીએ ચડાવો. હાજર થયેલા શેઠે કીધું કે ભીંત ચણનારા કડિયાને ફાંસી આપો. કડિયો કહે માલ કાચો બનાવનારને ફાંસી આપવી જોઇએ. માલ બનાવનાર કહે કે એ રસ્તેથી એક ભિખારી ભીખ માંગતો બોલતો જતો હતો એટલે માર ધ્યાન ત્યાં ગયું. એટલે મારાથી પાણી વધારે પડી ગયું. એટલે ભિખારીને બોલાવીને ફાંસીની સજા ફરમાવી. ભિખારીને ફાંસીના ગાળીયામાં ભીંસ્યો પણ તે સુકલકડી હતો. એટલે સેવકોએ રાજાને વાત કરી એટલે રાજાએ તરત હુકમ કર્યો કે તો પછી એવા જાડા માણસને શોધીને તેને ફાંસી આપો. કોઇકને

ફાંસી તો આપવી જ પડશે. તપાસ કરતાં એક જાડો લઠ્ઠ જેવો શિષ્ય મળી ગયો. તેને બરાબર ફાંસીના ફંદામાં ભીંસવાની તૈયારી જ હતી ત્યાં તેના ગુરૂએ આવીને કહ્યું કે–રાજન્! ઉભા રહો. આ સમયે ફાંસીએ મને ચડાવો. કેમકે આ સુંદર મુહુર્તે હું મૃત્યુ પામીશ તો સ્વર્ગે જઇશ. એટલે રાજા કહે ના... ના... તો તો મને જ ચડાવો. મારે સ્વર્ગે જ જવું છે. અને તેને ફાંસીના ફંદામાં ફીટ કરી દેવાયો.

બોલો મિત્રમોતી! કેવું થયું કેમ?) સેંકડો ગુનેગારો ભલે છટકી જાય પણ એક નિર્દોષને સજા થવી ના જોઇએ.' આવું કોર્ટની દિવાલનું સુવાકય ગંડુરાજાના સમયમાં શોધાયું ન હતું.

તમને તમારા જૈન સિદ્ધાંતની પણ પૂરી ખબર પડતી હોય તેવું લાગતું નથી. ચૈતર મહિને માનો કે ચૈતર સુદ પૂનમનો ક્ષય આવશે ત્યારે સાચા લોકો તો ચૈતર સુદ પૂનમનો જ ક્ષય કરશે. પણ પર્વતિથિને મૃત્યુદંડ કે ફાંસીની સજા ન જ અપાય આવું કહેનારા દયાળુઓ ચૈતર સુદ પૂનમના બદલે ચૌદસને પણ સજા નહિ કરે તે તો છેક તેરસને ફાંસી આપવામાં માનશે. આ તો ભૈ પાડાના વાંકે પખાલીને ડામ ફાગણ સુદ પૂનમ કે ચૌદશનો ક્ષય આવે ત્યારે જુઓ બાપુ, તમારો પાલિતાણાનો ડુંગરો બેઉ દિવસ છ ગાઉની જાતરા માટે ખુલ્લો રાખવો પડે છે કે નહિ?

આ ૨૦૫૦ ની સાલના ચૈતર સુદ ૧૩ ના ભગવાન શ્રી મહાવીર સ્વામીના બે દિવસ જન્મ કલ્યાણક ઉજવાયું. છેલ્લા ભવમાં ય ભગવાન જેવા ભગવાનને બે વખત જનમવાનું. બોલો. પેલા ગુરૂજીએ મોતના મોઢામાંથી શિષ્યને ઉગારી લઇને ગંડુરાજાના દુષ્ટ શાસનનો અંત લાવી દીધેલો. એટલે અરાજકતા અટકી ગયેલી.

તમને હે મિત્રહિરા! ખબર છે કે–૨૦૫૧ ની સાલમાં પણ સંવત્સરી પડીકમણા અલગ–અલગ બે દિવસે થશે.

પર્વતિથિને મૃત્યુદંડની સજા નો અપાય આવું કે'નારા જ કલ્યાણક તિથિઓ પર્વતિથિ હોવા છતાં તેને તો ફાંસીની સજા કરતા થઈ ગયેલા છે. સાચુ હમજીને બધી પર્વતિથિઓમાં હવે તે લોકો ક્ષય-વૃદ્ધિ કરવા માંડશે તેવી મારી ભવિષ્યવાણી બહુ જલ્દી સાચી પડશે.

ફાંસી ન હોય તેમ ડબલ આયુષ્ય પણ પર્વતિથિને ન હોય તેમ માનીને બિચારી પર્વતિથિના આયુષ્ય નામ કર્મનો બહુ જલ્દીથી અંત લાવી દેવામાં આવે છે. આ તો પેલી મધમાખીઓ જેવું. બિચારી જીવનભર મધ ભેગુ કર્યા કરે બને આખરે એ બધું મધ પેલા મધ બનાવનારા પડાવી જાય.

દાટ વાળી દીધો આ તો સરદારજી આટલુ બોલ્યા ત્યારે તેમના મિત્રે કીધુ કે–'કેમ આમાં શું ખોટું છે? પર્વતિથિને નફો ય નહિ અને નુકશાને ય નહિ.'

ઈ હાચુ બાબા, પણ તુમ ઇતના તો

સેા.ચેા કે પર્વતિથિના નફા ને નુકશાન કેાઇ બીજી તિથિના ચેાપડે જમા કરવા ઇ કેવું કે'વાય ? આમ કરવામાં શું થાય ખબર છે?

હા. તમ.રા જમણા હાથને બદલે ડાબેા હાથ ફસાઇ ગ્યેા એવું થાય.

હં. તું અબ બરાબર સમજ્યા, પણ મેં કર્યું એનું એમણે કરવાની કયાં જરૂર હતી ?

તુમ બી કયા સરદારજી ! ઈતના તેા સેા.ચેા કિ અપર્વતિથિકા કુદરતી મૃત્યુ ઔર એકસીડેન્ટ (પર્વતિથિના ક્ષયાદ્દિ વખતે અપર્વતિથિન ક્ષયાદ્દિ કરવા તે એકસીડેન્ટ) બાર-બાર હુઆ કરતા હૈ ઔર ઉનકી હી હમને એલ.આઇ.સી. ઉતરાઇ હુઇ હૈ પર્વતિથિકા એલ.આઇ.સી. વિમા નહિ હૈ ઇસ લિયે પર્વતિથિકા નફા-નુકશાન અપર્વતિથિ કે નામ પે હી ચલતા હૈ.

ફિર તુને ગંડુરાજા કી હી યાદ દિલાઇ ખેર તુમ મિત્રરત્ન ! એટલું વિચારેા કે એલ.આઇ.સી.ને લાયક તમારી પર્વતિથિ નથી રહી. રેાગિષ્ટોને કે નમાલાઓને એલ. આઇ.સી. ના સભ્ય બનાવાતા નથી. હવે તમે જે દિવસે પર્વતિથિ હેાય તે જ દિવસે તેનું પાલન-પેાષણ કરેા. અરે ! ભૂખ્યા રહીને પણ તેને બરાબર પાળેા. એટલે તંદુરસ્ત બનેલી પર્વતિથિઓ એલ.આઇ.સી. ને લાયક બનશે. તમે તેા જે દિવસે પર્વતિથિ નથી તેવું સમજવા છતાં તેને પર્વતિથિ માનીને પાછી પત્થરની ગાયની જેમ દેાહેા છેા ? દૂધ શું નીકળવાનું હતું. પત્થરા અને બુઓ એ લેાકેાને પૈસાની જરૂર હેાય ને, પર્વતિથિની એલ.આઇ.સી. માટે, તેા નાણાં પ્રધાન હું જ છું ને ? આવી જનેને તમ તમારે. પણ હવે આવી પર્વતિથિના નફા-નુકશાનીને અપર્વતિથિના હવાલે જમા-ઉધારનેા કરતા. કયાંક ગવરમેન્ટ જાણી જશે તેા તમારી અપર્વતિથિની પણ એલ.આઇ.સી. ની પેાલીશી રદ કરી નાંખશે.

હા હેા તમારી ઇ વાત હાચી કે-તિથિની કેાઇ પણ ભેળસેળ કર્યા વગર પર્વતિથિનું લાલન-પાલન કરીએ તેા તે તંદુરસ્ત બની શકે. બીજા લેાકેાને કરવું હેાય તેા કરે, હું તેા તમારી તંદુરસ્તીની પેાલિશી આજના વિજય મુહુર્તથી જ અમલમાં મૂકું છું.

બેાલેા કેાઇકની અવળી સલાહથી ડાબા હાથમાં ફેકચરનેા ફંદેા પામેલા પૈસા પ્રધાન એલ.આઇ.સી. સલાહક શ્રી સરદાર સિંગ કી જય...

પ્રેાપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગેાવિંદજી માટ

આશીષ કેાર્પેારેશન ૨૩-૩૧ બેાટાવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફેાન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯

,, ઘર :- ૫૧૩૨૨૨૩

(બપેારે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

ચૂંટેલું

खंती सुहाण मूलं मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव खंती दुरियाइं सयलाइं ।।

ક્ષમા એ સુખનું મૂલ છે, ધર્મનું મૂળ પણ ઉત્તમ ક્ષમા છે અને ક્ષમા જ મહા-વૈદ્યની જેમ સઘળાય દુરિતોનું હરણ કરનારી છે.

જગતના સઘળાય ધર્મોમાં ક્ષમાનો ઘણો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે. દુનિયામાં ય શિષ્ટ લોકોનો વ્યવહાર જોવામાં આવે છે કે ભૂલ થાય તો 'Sorry' 'Excuse me' 'Pardon me' કહે છે. તો તો લોકોત્તર ધર્મમાં ક્ષમાનો મહિમા ગવાયો હોય તેમાં નવાઇ નથી.

સમભાવમાં વર્ત્તતો આત્મા જ સાચા ભાવે ક્ષમાધર્મને ધારણ કરે છે. રાગના સંયોગોમાં કારણોમાં, રાગ ન થાય અને દ્વેષના કારણોમાં દ્વેષ ન થાય તે આત્મા સમભાવને પામી શકે છે. આવી આત્મપરિણતિનો સાધક આત્મા, ગમે તેવા વિષમ સંયોગોમાં પણ પોતાના ક્ષમા ધર્મને ગુમાવતો નથી અને ક્રોધરૂપી દાવાનલથી રખ્ખાતો નથી. કેમકે, ક્રોધના વિપાકો સારી રીતના સમજી શકે છે કે–ક્રોધને વશ પડેલો આત્મા કાર્યાકાર્યને જાણતો નથી, આત્માના હિતથી વિમુખ રહે છે અને આત્માના અહિતનો આદર કરે છે, પોતાના સ્વભાવથી મિત્રને પણ શત્રુ બનાવે છે. એટલું જ નહિ કે ધના કારણે આ લોકમાં પણ શારીરિક પીડા કલહ, વૈરને પામે છે અને પરલોકમાં ભયંકર દુઃખોને પામે છે.' માટે જ્ઞાનિઓ ભાર પૂર્વક કહે છે કે, પુણ્યયોગે પરમતારક થી જિનમતની પ્રાપ્તિ થઇ છે તો ધર્મ–અર્થ–કામ ભોગોનો નાશ કરનાર, સેંકડો દુઃખોનું કારણ, ભવની વૃદ્ધિને કરનાર ક્રોધને એક ક્ષણનો પણ અવકાશ આપવો જોઇએ નહિ.

પોતાની નિર્મળ પ્રજ્ઞાના પ્રકાશમાં પરમર્ષિઓના વચનના હાર્દને સમજનાર આત્મા ક્રોધથી સેંકડો યોજન દૂર રહી ક્ષમા ધર્મનો જ આશ્રય કરી પોતાનું કલ્યાણ સુનિશ્ચિત કરે છે. તેવા માટે જ ક્ષમા એ સઘળાય સુખોનું મૂલ કારણ બને છે. ક્ષમા ધર્મ આત્મસાત થવાથી ધર્મનું મૂળ પણ બને છે. આત્માના ભાવરોગોનો મૂળમાંથી નાશ કરનાર પણ ક્ષમા જ બને છે.

સૌ પુણ્યાત્માઓ પર્વાધિરાજના પુનીત પ્રસંગે સાચી હૈયાપૂર્વકની ક્ષમાપના આદરી આત્માની અનંતી ગુણલક્ષ્મીના ભાજનને પામો તે જ મંગળ કામના.

–પ્રજ્ઞાંગ

સમ્મેતશિખરજી તીર્થના વિવાદમાં અન્યના વિચારો

સામ્પ્રદાયિક મમત્વ અને આલિકીની ભાવના ન રહે તો જૈન તીર્થોના ઝઘડાનો તુરત અંત થઇ શકે : સી. સી. શાહ

જૈન જગતમાં ભિષ્મપિતા શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ૧૯૮૧ માં તીર્થોનાં ઝઘડાનો અંત આણવા સમાજ સમક્ષ માર્ગદર્શન રૂપે પોતાના વિચારો પ્રબુધ્ધ-જીવન દ્વારા રજુ કર્યા હતા. હાલમાં જયારે સમેતશિખરજી તીર્થોનો ઝઘડો તેની ચરમસીમાએ પહોંચ્યો છે ત્યારે મુરબ્બીશ્રીના વિચારો અત્યંત પ્રેરક મનનીય અને આશાવાદી જણાતા હોવાથી મહાવીર જયંતીના પવિત્ર દિવસે તે અત્રે રજૂ કરી રહ્યો છું.

'આ વિષયે લખતાં સંકોચ થાય એવું છે. સાંપ્રદાયિક મમત્વવાળા આવાં લેખોથી એમને દુઃખ થવા સંભવ છે. એ જોખમ વ્હોરીને પણ હવે લખવાની ફરજ છે એમ માનું છું. દિગ્મ્બર તથા શ્વેતાંબર મુર્તિપૂજક બન્ને સમાજનો બહુ મોટો વર્ગ અંતઃકરણપૂર્વક ઇચ્છે છે કે આ ઝઘડાઓનો અંત આવવો જોઇએ. છતાં બહુજન સમાજ નિરૂપાય થઇ ગયો છે–બન્ને પક્ષે. જેના હાથમાં આગેવાની છે તેઓ હિંમતથી કામ ન લે ત્યાં સુધી નિરાકરણ નહિ થાય. તાજેતરમાં અંતરિક્ષજી તીર્થ સંબંધે વાતાવરણ કેટલું ક ઉગ્ર થતું જાય છે. કેટલાક મિત્રોએ આગ્રહથી મને કહ્યું છે કે એક નિષ્પક્ષ વ્યકિત તરીકે મારે આ સંબંધે લખવું જોઇએ. જૈન સમાજના અંગ તરીકે જૈનોની એકતાના હિતમાં પણ કંઇક કહેવાના સમય પાકયો છે.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ પ્રસંગે અને તે ૩–૪ વર્ષનાં ગાળામાં એકતાનું સારું વાતાવરણ થયું. જેના પરિણામે આ બાબત સમાધાન માટે ઠીક

હાલમાં જૈન સમાજમાં સમેતશિખર અંગે ભારે ઉગ્ર વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે જૈન સમાજના ભિષ્મપિતા સમા સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ૧૯૮૧ માં 'પ્રબુધ્ધ-જીવન'માં તેમના માર્ગદર્શકવિચારો રજુ કર્યા હતા તે આજે પણ જૈન સમાજને તેટલા જ ઉપયોગી પુરવાર થાય તેવા છે. ભગવાન મહાવીર સેવા સંઘના ચેરમેન શ્રી. જે. શાહ દ્વારા અમને આ લેખ મોકલવામાં આવ્યો છે જે અમે અત્રે પ્રસિધ્ધ કરીએ છીએ. આશા છે જૈન સમાજને એમાંથી માર્ગદર્શન અને પ્રેરણા મળશે.

(મુ. સ.) –તંત્રી

પ્રયત્નો થયા. દુર્ભાગ્યે તેમાં સફળતા ન મળી.

તીર્થોના આ ઝઘડાઓ વિષે, ખાસ કરીને સમેતશિખર અને કેસરીયાજી તીર્થો વિષે, સારી પેઠે અભ્યાસ કરવાની મને તક મળી હતી. અંતરિક્ષજી વિશે પણ માહિતી

મળી હતી. લગભગ એક સદીથી ચાલતા આ ઝઘડાઓનો ઇતિહાસ જોઇ આશ્ચર્ય સાથે ઊંડો ખેદ થયો. ધર્મને નામે સમાજમાં વાતાવરણને કલુષિત કરતાં આવા પ્રસંગો બને તેમાં ધર્મની ગ્લાનિ છે. એ સૌ કોઇ સ્વીકારે છે. છતાં સામ્પ્રદાયિક મમત્વ એટલું ઊંડું છે કે લેશ પણ નમતું મુકી સમાધાન કરવાની વૃત્તિ થતી નથી. લાખો રૂપિયાની બરબાદી કરી. પ્રીવી કાઉન્સિલ અને સુપ્રીમ કોર્ટ સુધી અનેક વખત લડયા અને હજી પણ કોર્ટ કચેરીના મામલા ચાલુ છે, બીજી બધી રીતે શાણા અને વ્યવહારકુશળ ગણાતા જૈનોમાં આવું ધર્મ ઝનૂન હશે એવું કોઇ કલ્પી ન શકે. બન્ને પક્ષે આ સંબંધે ઉશ્કેરણી કરવામાં અને દુરાગ્રહ સેવવામાં કેટલાક મુનિઓનો ફાળો ઓછો નથી. આવા ઝઘડાની નિરર્થકતા અને હાનિકારકતા સમજવા છતાં જેઓએ આ બાબતમાં આગેવાની લીધી છે તેઓ રૂઢિચુસ્ત સમાજના અને કેટલાક મુનિઓના ભયથી અને નિર્બળતાથી, લેશ પણ નમતું ન મુકવું અને છેવટ સુધી લડવું જ એવી વૃત્તિના થઇ જાય છે.

કેટલાક તીર્થોનો વહીવટ શ્વેતામ્બર સમાજ હસ્તક છે. જેવા કે શત્રુંજય, આબુ, સાણકપુર, વિગેરે. કેટલાક તીર્થોનો વહીવટ દિગમ્બર સમાજ હસ્તક છે. જેવા કે શ્રવણ બેલગોલા. આ તીર્થોમાં અન્ય સમાજના ભાઇઓ, બહેનો અને સ્થાનકવાસી, તેરાપંથી પણ દર્શન માટે જાય છે. તેમાં કોઇ તકલીફ પડતી નથી. પણ કેટલાક તીર્થો એવા છે કે જે દિગમ્બર શ્વેતાંબર બન્નેપોતાના હોવાનો દાવો કરે છે. તેમાં મુખ્ય છે, સમેતશિખર, કેસરીયાજી, અંતરિક્ષજીવિગેરે. મે જે કોઇ અભ્યાસ કર્યો છે તે ઉપરથી મને લાગ્યું છે કે તકરારમાં ત્રણ મુખ્ય મુદ્દા છે (૧) તીર્થનો કબજો અને વહીવટનો અધિકાર માલિકીની ભાવના. (૨) મુર્તિનું સ્વરૂપ. (૩) પૂજાની વિધિ. પાયામાં માલિકીની ભાવના છે. મુર્તિનું સ્વરૂપ અને પૂજાની વિધિ તેમાં નિમિત્ત બને છે.

શ્વેતાંબર માન્યતા પ્રમાણે મુર્તિ આભૂષિત હોય છે કૃત્રિમ ચક્ષુ હોય છે. કછોટો કંદોરો હોય છે વિગેરે. દિગમ્બર માન્યતા પ્રમાણે મુર્તિને કોઇ આભૂષણ હોય નહિ. મુર્તિ દિગમ્બર હોય છે. પૂજાની વિધિમાં પણ થોડો ફેર છે. મને બધી વિગતોની ખબર નથી પણ દિગમ્બરોમાં આંગી વિગેરે નથી હોતી તેમજ મુર્તિનું પ્રક્ષાલન થાય છે.

એક રીતે વિચારીએ તો આ બીજુ બાબતો છે. મુર્તિ તીર્થંકરની જ હોય છે. ભગવાન મહાવીરની હોય, પાર્શ્વનાથની હોય, આદેશ્વર ભગવાનની હોય કે બીજી કોઇપણ હોય. દર્શન અને વંદન, પ્રાર્થના અને પૂજા સૌ કોઇ કરી શકે. પણ જ્યાં વહીવટ એક સંપ્રદાયના હસ્તક હોય ત્યાં મુર્તિનું સ્વરૂપ અને પૂજાની વિધિ તે સંપ્રદાયની માન્યતા પ્રમાણેની હોય છે અને હોવી જોઇએ એવો આગ્રહ હોય છે. અન્યત્ર કોઇ આવી દર્શન પ્રાર્થના કરે તેમાં બાધ નથી. છતાં આટલું બધું મમત્વ અને ઝઘડા શા માટે ? કારણ. માલિકીની ભાવના છે.

સમેતશિખર ઉપર ૨૦ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે તેમના ચરણો (ફુટ પ્રીન્ટસ) છે. એક સમય એવો હતો કે સમેતશિખર જવું બહુ વિકટ હતું. ગાઢ જંગલ હતું અને આદિવાસીઓથી લુંટાવાનો ભય હતો. અતિ રમ્ય સ્થળ છે. એમ લાગે છે કે સદીઓ પહેલાં, કલકત્તાના કેટલાક શ્વેતાંમ્બર જૈનો તેનો વહીવટ સંભાળતા. હજી પણ વહીવટ કલકત્તાના સમિતિ હસ્તક છે. ઓગણીસમા સદીના અંતમાં અથવા વીસમી સદીની શરૂઆતમાં દિગમ્બરોએ પોતાના હકકો માટે લડત શરૂ કરી. બે ત્રણ વખત પ્રીવી કાઉન્સીલ સુધી કેસો પહોંચ્યા. અહીં તો ઘણા દાવાઓ અને ફોજદારી કેસો થયા, છેવટે પ્રીવી કાઉન્સીલે ઠરાવ્યું કે બન્ને પક્ષને પોતાની રીતે પૂજા કરવાનો અધિકાર છે, પણ વહીવટ શ્વેતામ્બરો હસ્તક રહ્યો. પાર્શ્વનાથનું મંદિર અને જલ-મંદિર શ્વેતાંમ્બરોને હસ્તક જ છે. લગભગ ૧૯૨૦ આસપાસ સમેતશિખરના પહાડનો તેના તે વખતના જમીનદાર પાસેથી કબ્જો મેળવવા બન્ને પક્ષો વચ્ચે હરિફાઇથઇએમ કહેવાય છેકે શ્વેતાંબરસમાજે તે વખતના વાયસરોયની લાગવગ લગાડી, પહાડનો પટ્ટો મેળવ્યો. તેમાં પણ દાવાઓ થયા અને ખૂબ લડત ચાલી. બિહાર સરકારે ૧૯૫૦ના જમીન ટોચ મર્યાદાના કાયદા મુજબ પહાડનો કબ્જો લીધો. આણંદજીની પેઢીએ બિહાર સરકાર સાથે કરાર કરી, કેટલક હકકો મેળવ્યા. દિગમ્બરોએ મહેનત કરી. તેમને પણ બિહાર સરકારે એવા જ કરાર કરી આપ્યા. પરિણામે, બન્ને પક્ષોના હકકાવા થયા. જેથી લડત ચાલુ છે. શિખર ઉપર દિગમ્બરોને યાત્રાર્થીઓ માટે એક ધર્મશાળા (વિશ્રામસ્થાન) બાંધવી છે. ત્યાં કોઇ રાત રહેતું નથી. પણ તે માટે શ્વેતાંબરો આણંદજી કલ્યાણજીની પેઢીની મંજુરી મળતી નથી.

કેસરિયાજીનો પણ કાંઇક એવો જ ઇતિહાસ છે. તે પણ જંગલમાં છે, જ્યાં જવું બહુ કઠીન હતું. દિગમ્બરોના કહેવા પ્રમાણે આ દિગમ્બર તીર્થ હતું. ઉદેપુર રાજ્યમાં શ્વેતાંબરો અધિકાર પદે હતા ત્યારે આ તીર્થમાં તેમની લાગવગ અને વહીવટ થયાં. કેટલીય વખત તકરારો થઈ. ૧૯૬૫—૬૬ બાબત એટલી મોટી તકરાર થઇ કે કેટલાક મૃત્યુ થયા. ઉદેપુર રાજ્યે ૫૦-૬૦ વર્ષ પહેલા મંદિરનો વહીવટ પોતાના હસ્તક લીધો અને હજી પણ રાજય હસ્તક જ છે. પરિણામે અન્ય ધર્મીઓના સારી પેઠે પગ પેસારા થયો છે. થોડા વર્ષો પહેલા, શ્વેતામ્બરાએ વહીવટ પોતાના હસ્તક લેવા રાજસ્થાન હાઇકોર્ટમાં રીટ અરજી કરી. આ રીટ અરજીમાં રાજસ્થાન સરકારે એટલે સુધી કહ્યું કે આ હિન્દુ તીર્થ છે. રાજસ્થાન હાઇકોર્ટે તેને શ્વેતામ્બર તીર્થ ઠરાવી. શ્વેતામ્બરોને વહીવટ સોંપવો તેવો ચુકાદો આપ્યો. આ રીટ અરજીમાં દિગમ્બરો પક્ષકાર ન હતા તેથી આ ચુકાદો તેમને બંધનકર્તા ન હતા. રાજસ્થાન સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટમાં દિગમ્બરો હાજર થયા અને પૂરી હકીકતો રજુ

કરી. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો રદ કર્યો અને આ તીર્થ હિન્દુનું નહિ તેમજ કોઇ સંપ્રદાયનું નહિ પણ જૈનોનું છે એમ ઠરાવ્યું. રાજસ્થાનમાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ છે. તે મુજબ પોતાના તીર્થોનો વહીવટ દરેક ધર્મના અનુયાયીઓ પોતે કરે એવો પ્રબંધ છે. શ્વેતાંબર–દિગમ્બર બન્ને મળી, સરકારને અરજી કરે તો આ તીર્થનો વહીવટ જૈનો હસ્તક આવે અને બન્ને સાથે મળી વહીવટ કરી શકે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને સાત વર્ષ થયા પણ હજી એટલું કરી શકયા નથી. તેથી વહીવટ સરકારને હસ્તક જ છે અને અન્ય ધર્મીઓનો પગપેસારો વધતો જાય છે. જૈનો સવેળા નહિ જાગે તો સુપ્રીમ કોર્ટે જૈન તીર્થ જાહેર કર્યું હોવા છતાં, હકીકતમાં હિન્દુ તીર્થ બની જશે.

અંતરિક્ષજી તીર્થ પ્રમાણમાં નાનું છે. તેમાં શત્રુંજય, કે સમેતશિખરનું સૌંદર્ય નથી કે આબુ અથવા રાણકપુરની ભવ્યતા નથી. અરપુર નાનું ગામડું છે. મુર્તિ લોંયરામાં છે જૈનોની વસતિ પણ બહુ નથી. દિગમ્બરોના કહેવા મુજબ દિગમ્બર મૂર્તિ છે. શ્વેતાંબરના કહેવામુજબ શ્વેતામ્બર મુર્તિ છે, પ્રીવી કાઉન્સિલ સુધી લડયા છે,મારામારી અને ફોજદારી કેસો થયા છે. લંડનમાં બેઠેલ અંગ્રેજ જજોએ ચુકાદો આપ્યો કે બંને પક્ષ ત્રણ ત્રણ કલાક વારાફરતી પૂજા કરી શકે. એટલે ત્રણ કલાક ચક્ષુઓ ચડાવે, પાછા ઉતારી નાખે, વળી ચડાવે. મુર્તિ ઉપર લેપ હતો, ફરી લેપ કરવાની જરૂર અને હતો તે લેપ ઉખાડયો ત્યારે દિગમ્બરોએ કહ્યું કે હવે દેખાય છે કે દિગમ્બર મુર્તિ છે, એટલે ફરી દાવાઓની પરંપરા શરૂ થઇ અને ચાલે છે. એક ધર્મશાળા બાબત પણ કાંઇક તકરાર છે. અંતરિક્ષજીમાં શ્વેતાંબરોએ બીજું મોટું મંદિર પણ બાંધ્યું છે. હવે મુંબઇમાં એક શ્વેતાંબર મુનિરાજે આ લડત કરવા એક કરોડ રુપિયા ભેગા કરવાની જાહેરાત કરી છે અને જોરદાર પ્રચ્યનો થાય છે. દિગમ્બર સમાજ પણ નિર્વાણ મહોત્સવ દરમ્યાન સારી પેઠે સંગઠિત થયો છે અને તે પણ પુરું લડી લેવા તત્પર થયો છે.

આટલા બધા કેસો તેમાં કેટલાકમાં ખોટા દસ્તાવેજો ઉભા કરવા અને ખોટા સાક્ષીઓ લાવવાના કિસ્સાઓ પણ બન્યા છે. વહીવટ જેના હસ્તક હોય તેઓ મુર્તિનું સ્વરૂપ અથવા ચરણો બદલાવી નાખે એવું પણ બન્યું છે. એક વખત સમેતશિખર ઉપર એકે ચરણો બદલાવી નાખ્યા. મામલો પ્રીવી કાઉન્સીલ સુધી ગયો અને પૂર્વે હતા તેવા ચરણો મુકવા હુકમ થયો.

મેં આ બધું લખ્યું છે તે કોઇને દોષ દેવાના ઇરાદે લખ્યું નથી. ઊલ્ટો ખેદ થાય છે. શેને માટે આ બધું ? ધર્મને નામે ? ભગવાનને નામે ?

તટસ્થ ભાવે અને શુદ્ધ બુદ્ધિથી વિચાર કરીએ તો જરૂર લાગશે કે આ ઝઘડાનું સમાધાન અઘરું નથી. સાંપ્રદાયિક મમત્વ અને માલિકીની ભાવના ન રહે તો સમભાવપૂર્વક નિરાકરણ તુરત થઇ શકે.

(અનું પાન ૨૨૯ પર જુઓ।)

: સમકિતના સડસઠ (૬૭) બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

: દુહા :

સુકૃત વલ્લિ કાંદબિની, સમરી સરસ્વતી માત,
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત....૧
સમકિત દાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય,
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય...૨
દર્શનાદિક ક્રિયા નવિ દિયે, સમકિત વિણ શિવશર્મ,
તે માટે સમકિત વહું, જાણો પ્રવચન મર્મ...૩
દર્શન મોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણુ,
તે નિશ્ચય સમકિત કહું, તેહના એ અહિઠાણુ...૪

પ્ર૦ ૧ ગ્રન્થકારે પ્રારંભમાં કોને નમસ્કાર કર્યો છે ?

ઉ૦ શ્રી શ્રુતદેવી–શ્રી સરસ્વતી દેવીને.

પ્ર૦ ૨ તે કેવી છે ?

ઉ૦ સુકૃત–સદ્કાર્યો રૂપી જે વેલડી તેને માટે કાદંબિની મેઘની માલા સમાન છે.

પ્ર૦ ૩ તેને નમસ્કાર કરીને શું કહેવા માગે છે ?

ઉ૦ સમકિતના સડસઠ બોલની મધુરી–સુંદર વાત.

પ્ર૦ ૪ શ્રી સરસ્વતી દેવીને કેમ નમસ્કાર કર્યો ?

ઉ૦ શ્રી સરસ્વતી દેવી એ શ્રુતની અધિષ્ઠાત્રી દેવી છે. જેને નમસ્કાર કરવાથી શ્રુતની પ્રાપ્તિ થાય છે અર્થાત્ નિર્મલ શ્રુતની પ્રાપ્તિમાં તેણી સહાયક છે.

વળી તેમાં કર્ત્તાનું નામ પણ ગર્ભિત રીતે આવી જાય છે. 'ઐં' એ સરસ્વતીનો મંત્ર છે. આના કર્ત્તાના દરેક ગ્રન્થોનો પ્રારંભ 'ઐં' થી થતો હોય છે. જેમ 'ભવવિરહ' શબ્દ સાંભળતા કે વાંચતા પૂ. આ. શ્રી હરિભદ્ર સૂ. મ.ની તે કૃતિ છે તેમ જણાય છે તે જ રીતે 'ઐં'થી પ્રારંભાતા ગ્રન્થો મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સૂચિત થાય છે.

દરેકે દરેક શાસ્ત્રકાર ભગવંતો શ્રી જિનેશ્વરદેવને જ નમસ્કાર કરીને ગ્રન્થાદિનો પ્રારંભ કરે છે તો અહીં 'સરસ્વતી દેવીને' નમસ્કાર કર્યા અને જિનેશ્વરદેવને ન કર્યા

તેવી શંકા નહિ કરવી જોઇએ. કેમકે, શ્રી સરસ્વતી દેવી એ શ્રુત-જ્ઞાનની દેવી છે. જ્ઞાનની પ્રાપ્તિ સદ્‌ગુરુ પાસેથી થાય છે. સદ્‌ગુરુ જ સુદેવને ઓળખાવે છે. અને પરંપરાએ બધાનું મૂળ પણ શ્રી જિનેશ્વરદેવ જ છે. માટે ગર્ભિત રીતે શ્રી જિનેશ્વરદેવને પણ નમસ્કાર કર્યો છે.

પ્ર૦ ૫ કોના ઉપકારનો બદલોવાળી શકાય નહિ ?

ઉ૦ સમ્યક્‌ત્વનું દાન કરનારા ગુરૂ મહારાજના ઉપકારનો બદલો કરોડે ભવો વડે, સઘળું અર્પણ કરવા છતાં પણ વાળી શકાતો નથી.

પ્ર૦ ૬ આવું કેમ કહ્યું ?

ઉ૦ જીવને સદ્‌ધર્મ પમાડવો બહુ જ દુર્લભ છે. સંસારમાં જોડનારા, સુખ આપનારા હજી મળે પણ આત્માનો સંસારથી વહેલામાં વહેલો નિસ્તાર થાય તેવો સદ્‌ધર્મ આપનારા વિરલા જ હોય છે. વળી બીજાના ઉપકારનો બદલો બીજી રીતના પણ વાળી શકાય પણ સમકિતદાતા એવા ધર્મ પમાડનારા ગુરુના ઉપકારનો બદલો કોઇ જ રીતના વાળી શકાતો નથી.

પ્ર૦ ૭ કઇ ક્રિયાઓ મોક્ષસુખ શાથી ન આપે ?

ઉ૦ દાનાદિક બધી ક્રિયાઓ સમકિત ગુણને પામ્યા વગર કયારે પણ મોક્ષસુખ આપવા સમર્થ બનતી નથી.

પ્ર૦ ૮ આવો કોઇ આધાર જણાવી શકશો !

ઉ૦ સુવિહિત શિરોમણિ સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'વિંશતિકા' ગ્રન્થમાં કહ્યું છે.

'दाणाइ आओ एयम्मि चेव सहलाओ हुंति किरियाओ ।
एयाओ वि हु जम्हा, मोक्खफलाओ पराओ अ ॥ [૬-૨૦]

આ સમ્યક્‌ત્વ હોય તો જ દાનાદિ ક્રિયાઓ સફળ થાય છે. જે માટે ઉત્કૃષ્ટ એવી આ ક્રિયાઓ સમ્યક્‌ત્વપૂર્વકની હોય તો જ મોક્ષફલને આપનારી બને છે.

પ્ર૦ ૯ આનો ફલિતાર્થ શું થયો ?

ઉ૦ આત્માએ મોક્ષસુખ જ મેળવવા જેવું છે, બીજું નહિ. ધર્મ પણ તે માટે કરવાનો છે અને સમ્યગ્દર્શન ગુણ પામવાનો છે તે વિના બધું નકામું છે.

પ્ર૦ ૧૦ આ પોતાની મતિ કલ્પિત વાત છે ?

ઉ૦ ના પ્રવચન-આગમમાં પણ કહ્યું છે કે, સમ્યગ્દર્શન પામેલો જ આત્મા મુક્તિ પામે છે. કદાચ દ્રવ્યથી ચારિત્ર ન પામ્યો હોય પણ ભાવથી તો પામ્યો હોય. પણ સમ્યક્‌ત્વથી રહિત આત્મા તો કયારે ય મુક્તિસુખને પામી શકતો નથી.

નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામિ મહારાજાએ કહ્યું છે કે–

'दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झन्ति चरणहरिया, दंसणरहिया न सिज्झन्ति ।।'

પ્ર૦ ૧૧ નિશ્ચયથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કઈ રીતના થાય ?

ઉ૦ દર્શન મોહના વિનાશથી. અર્થાત્ દર્શનત્રિક તથા અનંતાનુબંધી કષાયના સંપૂર્ણ ક્ષયથી.

પ્ર૦ ૧૨ અત્રે તો સડસઠ બોલનું સ્વરૂપ સમજાવો છો તો કઈ રીતના ઘટે !

ઉ૦ કાર્યમાં કારણનો ઉપચાર કરવાથી.

શ્રદ્ધા વગેરે સડસઠ ભેદો છે. જેના વડે સમ્યક્ત્વનો નિશ્ચય થાય તે શ્રદ્ધા વગેરે લક્ષણો છે. શ્રદ્ધાદિના પરમાર્થ સંસ્તવાદિ પેટા ભેદો છે. તે ભેદો (બોલો)થી થી વિશુદ્ધ સમ્યક્ત્વ પારમાર્થિક છે.

સમ્યક્ શબ્દ પ્રશંસા કે અવિરોધના અર્થમાં કહ્યો છે, સમ્યક્ એટલે જીવ. તેનો જે ભાવ તે સમ્યક્ત્વ. અર્થાત્ જીવનો મોક્ષ તરફનો અવિરોધી પ્રશસ્ત જે સ્વભાવ વિશેષ તે જ સમ્યક્ત્વ છે. આ વાત શ્રી પ્રવચન સારોદ્ધારમાં 'સમ્યક્ત્વ'ના વર્ણનમાં ૧૬૮ મા દ્વારમાં કહી છે.

(ક્રમશઃ)

(અનુ પાન ૨૨૬ નું ચાલુ)

અનેકાન્ત અને સમત્વની વાતો કરવાવાળા જૈનો પોતાની બુદ્ધિનું આવું દેવાળું બતાવે ત્યારે શરમથી માથું નીચું નમે છે.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ દરમ્યાન આ બધા મતભેદોને દૂર રાખી, દીર્ઘદૃષ્ટિથી, ધર્મભાવનાથી, બધા જૈનોએ એક થઈ ભવ્ય ઉત્સવ ઉજવ્યો. અનેક સંસ્થાઓમાં વ્યવહારમાં, વ્યાપારમાં સંબંધોમાં, ગાઢ રીતે સંકળાયેલી આપણને સૌને એટલી સદ્બુદ્ધિ ન સુઝે કે ધર્મને નામે અને ભગવાનને નામે લડવામાં, ઉશ્કેરણી કરવામાં, ધર્મની હાંસી ઉડાવીએ છીએ, ભગવા અપમાન કરીએ છીએ. આપણી પાસે પૈસો થયો તેને સદુપયોગ કરવાનો બીજો કોઇ માર્ગ મળતો નથી કે લડવા માટે લાખો વેડફી નાખીએ ? હજી મોડું થયું નથી. જાગવાનો સમય પાકી ગયો છે.

પૂર્ણ સદ્ભાવપૂર્વક આ લખ્યું છે. 'કોઇને ખોટું લાગે તો ક્ષમા માંગી લઉ છું.'

ભગવાન મહાવીર સેવા સંઘ
સી. જે. શાહ
(મુ સં ૨૩–૪–૬૪) (ચેરમેન)

કયાં જશો પીર પાસે કે મહાવીર પાસે ?

–પૂ. મુ. શ્રી અજ્ઞશેખરવિજયજી મ.

એક હતો રાજા—ફળાહારનો ખૂબ શોખીન જીવડો, તેમાંય કેરી સાથે તો જાણે પરભવની પ્રીતડી ન હોય ! કેરી જુએ અને ભાન ભૂલી જાય, કેરી તો અતિરેક થવાથી શરીર રોગોથી ઘેરાઈ ગયું. વૈદ્યો હકીમો ડોકટરો ભુવાઓએ સેવામાં હાજર થઇ પોત પોતાનાં ક્ષયોપશમ મુજબ ટ્રીટમેન્ટ શરૂ કરી. છેલ્લે સર્વાનુમતે નિર્ણય લેવાયો કે કેરીના જ કારણે ત્રણે પ્રકૃતિ વિકૃતિ થઇ છે. હવે રાજાએ આ ખોળીયામાં ટકી રહેવું હોય તો કેરીને ખાવી તો ઠીક જોવી અને સુંઘવી તો બાજુએ રહી, પરંતુ જો કેરીનું સ્મરણ કરશે તો પણ રાજા વહેલાં પરલોકની વાટે ઉપડી જશે. તેમાં શંકા રાખશો નહિ, બળવાન જીજીવિષાના બળે કેરીનું વિસ્મરણ વધતું જ ચાલ્યું.

ઘણાં સમય બાદ વૈશાખનાં દિવસોમાં ઝાડ પર કેરીઓ ઝુલવા લાગી, ફરવા નીકળેલાં રાજાની નજર અચાનક કેરીનાં ઝાડ પર પડી અને કેરી ખાવાની ઇચ્છા ભીતરમાં સળવળવા માંડી. દિન–પ્રતિદિન રાજાની બેચેની વધતી જોઈને પરિવાર ચિંતાતુર બની જાય છે. પરિવાર વ્યથિત હૈયે રાજાને પૂછે છે ?

રાજાની એક જ માંગણી છે ગમે તેમ કરીને મારે કેરી ખાવી છે મને તાત્કાલિક કેરીનું ભોજન હાજર કરો. પરિવાર વૈદ્યરાજનાં યમદૂત સમાન વચનો સંભળાવીને સાવચેત કરે છે પણ રાજા જીદ લઇને બેઠો છે. છેલ્લે અકળાઇને રાજા છેલ્લું શસ્ત્ર ઉગામે છે કે હવે હદ થાય છે તમે મને કેરી ખાવાં આપો છો કે નહિ ? જો નહિં આપો તો હું આ ઝેર ખાઇને મરી જઇશ. મને જીવાડવો છે ? તો તરત કેરી હાજર કરો. પરિવાર મૂંઝાઈને તરતજ વૈદ્યરાજને વિનંતી હાજર કરે છે.

વૈદ્યરાજ પાસે પણ રાજાની એક જ માંગણી છે. બસ કેરી લાવો, જો કેરી આપે તો રોગનાં કારણે રાજા મરણ પામે અને ન આપે તો ઝેર ખાઇને મરી જાય તેમ છે, હવે આ વૈદ્યરાજ શું સલાહ આપે ? કેટલાંક વૈદ્યરાજ શાણી સલાહ આપે છે કે રાજા ઝેર ખાઇને મરે તે કરતાં કેરી ખાઇને મરે તો થોડો સ્વાદ તો મળશેને ? ઇચ્છા તૃપ્તિ થશે ને ?

આ વાત અત્યારે અમને એટલાં માટે યાદ આવી કે ધર્મક્ષેત્રમાં જૈન સમાજમાં જૈનાચાર્યો ધર્મોપદેશકો વિભાસણમાં મૂંડાયા છે કે (૧) ભૌતિક સુખોને મેળવવાં માટે ધર્મ કરવો કે પાપ કરવું ? પાપ કરીને દુર્ગતિમાં જાય તે કરતાં ધર્મ કરીને સદ્ગતિમાં થઇને દુર્ગતિમાં જાય તો થોડો સ્વાદ મળશે ને ? (૨) સંસાર સુખને મેળવવાં માટે અર્થ–કામ, ધન–ભોગની ભુખ સંતોષવા માટે મુસલમાનની મસ્જીદમાં ચર્ચમાં જવાં દેવા કે મહાવીરના મંદિરમાં

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ જેનું મન મોક્ષમાં હોય તેનું મન ધર્મમાં આવે. ધર્મમાં મન લાવવા માટે પહેલા મોક્ષનું મન કરવું પડે.

૦ 'મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મ' માટે સદ્ગતિમાં જવું છે પણ સુખ માટે નહિ. દુઃખથી ગભરાઈને દુર્ગતિ ન જોઈએ તેમ નહિ પણ ધર્મની સામગ્રી ન મળે માટે ન જોઈએ આવા વિચારવાળા હોય તે ધર્મધ્યાનની સંમુખ છે.

૦ સામાયિક-પ્રતિક્રમણાદિમાં ' હવા આવે તો સારૂ' આવો વિચાર પણ પાપ છે. હવા આવ્યા પછી 'હાશ' થાય તે તો મહાપાપ છે.

૦ રાગ પૂર્વકનો ત્યાગ તો મારી નાખ્યા વિના રહે નહિ.

૦ ધર્મ કોઈને માટે કરવાનો નથી-કરવો નથી. સારા દેખાવા પણ કરવો નથી. ઝટ આ સંસારથી છૂટી જવું છે અને મોક્ષે જવું છે તે માટે જ કરવો છે. દુનિયાનું સુખ ગમતું મટી જાય અને દુઃખ ગમતું થઈ જાય તે માટે ય ધર્મ કરવો છે. આપણે બધાએ ગભરાવવાનું દુનિયાના સુખથી જ છે, રાજી થવાનું આપણા જ પાપથી આવતાં દુઃખથી છે. દુઃખમાં રાજી હોય, આનંદમાં મજામાં હોય તે ગરીબ પણ બહુ સુખી છે અને માત્ર સુખમાં જ રાજી હોય તે મોટો શ્રીમંત પણ મહાદુઃખી છે.

૦ આરાધના સ્વ કલ્યાણ માટે છે, રક્ષા તે કાળના અને ભવિષ્યના જીવોના ઉપકાર માટે તથા અવિચ્છિન્નપણે શાસન જીવંત રહે તે માટે છે અને પ્રભાવના શાસનને અભિમુખ થનારા જીવો શાસનને પામે તે માટે છે.

૦ પુણ્યમ મૂંઝાય તે મર્યો સમજો ! પુણ્ય ઘણા લોકોને સ્વચ્છંદી બનાવે છે. પુણ્યવાળો સ્વચ્છંદી બને એટલે પાયમાલ થાય અને પાપવાળો તો રિબાઇ રિબાઇને પાયમાલ થાય.

૦ ધર્મના પ્રેમીને સંસાર જેલખાનું લાગે, વિષય-કષાય વૈરી જ લાગે.

૦ આત્મા જ સંસાર છે. આત્માજ મોક્ષ છે વિષય-કષાયથી જીતાયેલો આત્મા તેનું નામ સંસાર. વિષય-કષાયને જીતેલો આત્મા, તેનું નામ મોક્ષ.

૦ દુનિયાદારીની કોઈપણ ચીજપર અમને રાગ થાય તો અતિચાર લાગે, રાગ થાય તેનું દુઃખ પણ ન થાય તો આત્મા ધીમે ધીમે બગડવા લાગે અને પછી પતન પામે !

મોકલવાં. ? પૈસા અને પતિ મેળવવાં માટે પદ્માવતી ઘંટાકર્ણ, અજૈન દેવ-દેવીઓ પાસે મસ્જિદમાં ચર્ચમાં જાય તે કરતાં વીતરાગનાં મહાવીરનાં મંદિરમા જશે તો થોડુ પુણ્ય તો બંધાશે ને ? અને એનાથી એના આત્માનું કલ્યાણ તો થશેને ? સમજી ગયા ને ? પૂર્વાચાર્યોનાં શાસ્ત્રોનું ઉંડુ અવગાહન કરીને વર્ષો પછી આ નૂતન કીમતી દુકાન ખોલીને ઉંડી-(ઉંધી) સલાહ વેચનારા વેપારીથી જૈન સમાજે સાવધાન થવાં જેવું છે.

સંસાર સુખને મેળવવાની ઇચ્છા એજ મોટામાં મોટુ પાપ છે એ પાપને પુષ્ટ કરવા માટે મસ્જિદ-ચર્ચ-ઘંટાકર્ણ-પદ્માવતી પાસે જાય કે વીતરાગ મહાવીર પાસે જાય શું ફેર પડે છે ભલા ? ભિક્ષુકો યાચકો માંત્રણીયાની પાંજરાપોળ ઉભી કરવાની લાલચમાં લોભીયા ધર્મગુરુ ફસાયા છે. કોઇ બચાવો...

ભક્તિ ગીત

રાગ :- વાયરા વનવગડામાં વાતાતા-વા વા વંટોળીયા,
જ્યારે વીરપ્રભુ જંગલમાં વસતાતા- વા, વા, વંટોળીયા
ઘણા દુઃખોને હેતેથી સહેતાતા,- વા, વા, વંટોળીયા
કાટા વાગે કાંકરા વાગે, પગ કોમળને જોરથી વાગે,
લોહી લોહી તણાં બિન્દુઓ ઝરતાતા-વ', વા, વંટોળીયા,
ઉનાળાના ધોમધખારા- વરસે લાલ લાલ અંગારા
દેહ ખુલ્લોને વાયરા વિંઝાતા- વા, વા, વંટોળીયા,
શીયાળામાં સાંજ સવારે હોમાળામાં હાડ ગળાવે
એવી હડકડતી ઠંડીમાં વિહરતાતા- વા, વા, વંટોળીયા,
જ્યારે વિરપ્રભુ જંગલમાં વસતાતા- વા, વા, વંટોળીયા,

લી : જયંતિ બારભાયા,—ભાવનગર

○ ક્રોધનો કટુ વિપાક :-

मित्तंपि कुणइ सत्तुं पथ्थइ अहियं हियंपि परिहरइ ।
कज्जाकज्जं न मुणइ कोवस्स वसं गओ पुरिसो ।।

કોપને વશ થયેલો પુરુષ કાર્યાકાર્યને જાણતો નથી. હિતનો પણ ત્યાગ કરે છે અને અહિતને પ્રાર્થે-આદર કરે છે અને મિત્રને પણ શત્રુ કરે છે.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલું)

અરે મા, મા ! તારે જે કહેવું હોય તે ખુશીથી કહે. શા માટે સંકોચ રાખે છે. તું શા માટે મારાથી છુપાવે છે. યાદ રાખજે આ તારો દીકરો હજી કપુત્ર નથી પાકયો. 'બેટા, 'તું જે વિદ્યા ભણીને આવ્યો છે તેનાથી ધન મળશે, લાડી મળશે, ગાડી મળશે. અરે,માન અને સન્માનપણ મળશે.પરંતુ આ બધાથી શું ? આ બધું તો નાશવંત છે અંતે અત્રે છોડીને જ જવાનું છે, તેવું મેળવીને તું તારા આત્માને કર્મથી મલિન કરીશ તેના કરતાં તું એવી કોઇવિદ્યા ભણીને આવ્યો હોત કે જે તારા આત્માનું હિત સાધનારી બની હોત, તો હું ચોકકસ હર્ષ પામત, આનંદ પામત.' માએ પોતાની હૃદય વેદના દિકરા આગળ ઠાલવી.

મા, મા ! હજી કયાં સમય વહી ગયો છે.' હજી હું કયાં ઘરડો થઇ ગયો છું હજુ મારી બુદ્ધિ કાટ નથી ખાઇ ગઇ. મારી યાદશકિત હજી એવી ને એવી જ છે. જેવો ઘાટ ઘડવો હશે તેવો જરૂરથી ઘડાશે, બોલ મા, મને બતાવ કે હું કયું શાસ્ત્ર ભણું, કોની પાસે ભણું, ને ભણીને આવ્યા પછી તારી પ્રસન્નતા ભરેલી મુખ મુદ્રા જોઇને મને આનંદ થાય.

લોક પ્રસન્ન થાય કે ન થાય પરંતુ મા, મારે તને હર્ષના બિંદુઓ ટપકાવતી જોવી છે.

બેટા, તું દૃષ્ટિવાદ ભણે, તો મને ચોકકસ આનંદ થશે. અને આના અધ્યાપન માટે તારે તોસલી પુત્રાચાર્યની પાસે જવું પડશે.

હ , મા તારી આજ્ઞા શિરોધાર્ય, હજી આજે આવ્યો છું થોડા દિવસ આરામ કરૂં પછી વાત એવું ઉચ્ચાર્યા વગર જ માતૃભકત કથાનાયક શ્રી તત્ક્ષણગૃહ છોડીને ચાલી નીકળ્યા.

સદ્‌ગુરુને ભેટી, સાધુ બની, દૃષ્ટિવાદ ભણી આત્મ કલ્યાણ સાધી લીધું.

ધન્ય છે જનેતાને !

ધન્ય છે માતૃભકત આર્યરક્ષિતને અને ધન્ય છે. પુત્રના આત્મહિતની ચિંતા કરનારી માતાઓને ! —વિરાગ

સુધારો : પેજ ૨૩૦ નું અનું. ૨૩૨ ઉપર જુઓ

૦ ધર્મનો સાર શું ?

जं अप्पह न सुहायई, तं पुण परह न वंछिअई ।
धम्ह एहज मूलु, काहुं, वलि वलि पुच्छिअई ? ।।

જે પોતાના આત્માને સુખરૂપ થતું નથી, તે બીજાને માટે ન ઇચ્છવું જોઇએ. આ જ ધર્મનું મૂળ છે, શા માટે વારંવાર પૂછાય છે !



૦ દુઃખ આત્માને રિબાવીને પાપ કરાવનાર છે. સુખ આત્માને નચાવીને પાપ કરાવનાર છે.

૦ બહિરાત્માનું પુણ્ય હોય તો પાપનુબંધી જ હોય, તે ધર્મ કરે તો વિષય, કષાય માટે જ કરે. તેને વિષય, કષાયમાં જ મજા આવે, ધર્મમાં મજા આવે જ નહિ. અને મોક્ષ તત્ત્વને તો માને જ નહિ.

૦ આળસુપણું તે દોષ છે પણ અકાર્યની પ્રવૃત્તિમાં આળસુ બનવું તે ગુણ ! પરાંગ-મુખપણું તે દોષ કહેવાય પણ પરને પીડા દેવામાં પરાંગમુખપણું તે ગુણ ! અતિ-તૃષ્ણા તે દોષ કહેવાય. પણ ગુણ મેળવવામાં અતિતૃષ્ણ બને તે ગુણ !

૦ શાસ્ત્રે કહ્યું છે કે, પાંચે પ્રકારના પ્રમાદને આધીન જીવ ધર્મ કરી શકતો જ નથી. વાસ્તવિક રીતે તે ધર્મ સાંભળતો પણ નથી. મોટોભાગ મજા માટે સાંભળે છે પણ ધર્મ માટે સાંભળતો નથી.

૦ ધર્મી આદમી શરીરનો સેવક ન હોય પણ શરીરનો કસ કાઢનાર હોય, શરીરનો સ્વામી હોય.

૦ પ્રમાદ જીવ પાસે પાપ કર્મ બધા કરાવે, પાપકામમાં તે સહાયક છે અને ધર્મ કામ કરાવવામાં અંતરાય ભૂત છે.

૦ જે ચીજ કરવાનું મન ન થાય તે ગમી છે તેમ ન કહેવાય !

૦ જેની પાસે દાન દેવાની સામગ્રી હોય તે દાન ન કરે તોતે ગૃહસ્થ સાચો નથી પણ મજુર છે. તે ઘરનો માલીક નથી પણ ગધેડો છે.

૦ સંસારથી છૂટવા નવપદ વિના કોઇ જ આલંબન નથી.

૦ આ સંસાર એવો પાપમય છે જે અનેક પાપ કરાવ્યા વિના રહે નહિ. પણ જે જીવ આ નવપદ સમજે તેની પાસે સંસાર ઝાઝા પાપ કરાવી શકતો નથી.

૦ કોઇની ભક્તિથી રીઝે નહિ અને કોઇની ગાળથી ખીજે નહિ તેનું નામ વીતરાગ ! ભક્તિથી રીઝે અને ગાળથી ખીજે તે વીતરાગ કહેવાય ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૪૨૬૦ ... ૧૮-૮-૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ શ્રી જિનશાસનનો સાર શું !

તિત્થેસરાણં બહુમાણભત્તી,
સત્તીઇ સત્તાણ દયા વિરાગો ।
સમાણ ધમ્માણ ય વચ્છલત્તં,
જિણાગમે સારમુદાહરન્તિ ।।

પોતાની શક્તિ અનુસારે શ્રી તીર્થંકર પરમાત્માઓની હૈયાના બહુમાન પૂર્વક સેવા-ભક્તિ, પ્રાણીઓની દયા, વિરાગ, સાધર્મિકોનું વાત્સલ્ય-આને શ્રી જિનાગમમાં સાર કહ્યો છે.

વર્ષ ૭

અંક ૬

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

卐 પરોપકાર પ્રેમી ટ્રસ્ટ 卐

સદ્‌કાર્યો અને સુકૃતોના પ્રેમી મહાનુભાવ પરમાત્મપ્રેમી આત્મીય બંધુઓ ટ્રસ્ટીવર્યો નિપાણીથી 'પરોપકાર પ્રેમી ટ્રસ્ટના' પ્રણામ વાંચશોજી

આપણે સૌ અનેક આત્માઓના ઉપકારોથી માનવ જીવન ગુણવાસિત સંસ્કારી ઉત્તમ બનાવી શકયા છે, તેનો સ્વાનંદ અનુભવીએ છીએ.

અમારૂં ટ્રસ્ટ છેલ્લા કેટલાક સમયથી નીચેની પ્રવૃત્તિ ખુબ સારી રીતે કરી રહેલ છે તેને વધુ સુંદર રીતે કરવા આપના તરફથી તન-મન-ધન ઉત્તમ માર્ગદર્શનની સહાયની અમે અપેક્ષા રાખીએ છીએ.

- સેવા-ભક્તિ-વૈયાવચ્ચ-જીવદયા-અનુકંપા તેમજ જે દ્વારા વિશ્વના જિવમાત્રનું આત્મશ્રેય થાય તેવી પ્રવૃત્તિ.
- વિપુલ ઉત્તમ સાહિત્ય આજ સુધી પ્રગટ થયેલ છે, થઇ રહ્યું છે અને થયા કરશે. આ બધુ સાહિત્ય ઠેર ઠેર પડેલું હોય છે તેને વ્યવસ્થિત બનાવી તેનું સંરક્ષણ સંવર્ધન-સુયોગ્ય પ્રચાર-પ્રસાર.
- સુસાહિત્યના વાચનનાં પ્રેમી વધુને વધુ માનવીઓ બને તે દ્વારા તેઓનું જીવન ઉત્તમ બને. તેઓની શકિતઓ પણ ઉત્તમ કાર્યોમાં જોડનારી બને તેવા પ્રયાસ.
- ચોમેર-વ્યસન-ફેશન-બિન જરૂરી સાધનો દ્વારા માનવજિવન ગુંગળાઇ રહ્યું છે. ખરાબીઓ ઘોડાવેગે અને વિજળીવેગે ત્રાટકીને સારી વસ્તુઓને મૂળ માંથી ખતમ કરવા માંડી છે તેની સામે 'દિવાદાંડી' જેવા કાર્યો
- જેનામાં જે સારી શકતી હોય તેવાઓને ઉત્સાહ-ઉલ્લાસ-પ્રોત્સાહન-સહાયક બનવું.

આવા નાના પણ ખૂબ જ જરૂરી કાર્ય માટે આપનો સાથ સહકાર જરૂરથી મળી રહેશે. તેમજ આવા સુંદર કાર્યમાં સહાયજનક બનવા અન્યને પ્રેરણા કરશો તેવી આશા રાખીએ છીએ. ડ્રાફટ-ચેક-શેકડા 'પરોપકાર પ્રેમી ટ્રસ્ટના' નામે મોકલવા વિનંતી છે.

ખાસ વિનંતિ : ૦ આ પત્રિકા સુયોગ્ય સ્થાને લગાવવા વિનંતી છે. ૦ આપની પાસે પડેલ બિન જરૂરી પુસ્તકો-સાહિત્ય આદિ આપ અમોને ટ્રાન્સપોર્ટ-રેલ્વે દ્વારા મોકલી આપવા ખાસ વિનંતી. ૦ આવા કાર્યમાં રસ ધરાવતાં ભાગ્યશાળીઓએ અમને લખવા વિનંતી. ૦ જીવન ઉપયોગી સાહિત્ય આપ જ્યાંથી પણ મેળવો તેની બે નકલ અમોને જરૂરથી મોકલશો. ૦ અનેક મહાન પુરૂષો, ગુણાનુરાગી આત્માઓના આ કાર્યમાં અમોને હૈયાના આશિર્વાદ મળેલા છે. ૦ અમારી પ્રવૃત્તિની ઉંડાણુથી જાણકારી મેળવવા પત્ર લખશો. અમારી બેંકનું નામ : ઇન્ડીયન બેંક, અશોક નગર, નિપાણી

મોકલવાનું સરનામું : **સુરેશચંદ્ર શિવરામ શાહ** સટવાઇ રોડ, પો. **નિપાણી** જિ. બેલગામ પિન : ૫૯૧૨૩૭ ફોન : (૦૮૩૩) – ૨૦૮૫૭

સદ્‌વિચાર, સદાચાર, સુસાહિત્ય-સંસ્કાર ચોમેર-ચોફેર પ્રચાર પ્રસાર સંરક્ષણ-સંવર્ધન માટે કટિબદ્ધ સંસ્થા

લી. આપનો સેવક,

સુરેશચંદ્ર શિવરામ શાહ

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુંદ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ દોશી (પડધરી)
ચુનીલાલ પદમશી ગુંદા (થાનગઢ)

વર્ષ ૭] ૨૦૫૦ ભાદરવા વદ-૧૪ મંગળવાર તા. ૪-૧૦-૬૪ [અંક-૬

જિન ભક્તિ

- પ્રવચન નવમું -

૨૦૨૮, માગશર સુદ-૮ શુક્રવાર, તા. ૨૬-૧૧-૭૧ અમદાવાદ

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

(ગતાંકથી ચાલુ)

ભગવાનને ઓળખ્યા વિના ભલું કર્યે રીતના થાય ? પેઢી ઉપર કેમ જાવ છો ? પૈસા માટે. ઘરે કેમ ? ખાવા-પીવા, આરામ માટે. મંદિર-ઉપાશ્રયે કેમ, સાધુ પાસે કેમ, વ્યાખ્યાન કેમ સાંભળો છો-તેમ પૂછે તો જવાબ નથી. મોક્ષે જવું છે ને ? ઘર-બાર-છોડયા વગર મોક્ષ મલી જાય ? હૈયામાં હોય તે બોલો. મોક્ષને માટે તો કાયા કસી નાખવી પડે. માત્ર વાતો કર્યે ન મળે. શ્રી અરિહંત પરમાત્માના આત્માને પણ પ્રબલ પુરૂષાર્થ કરવે પડયો. તેઓ પણ ભૂલ્યા તો પછડાયા, પાછા ભાનમાં આવ્યા અને પછી ચઢયા. તમે કહો કે-'મંદિર-ઉપાશ્રયે મારી બધી કુટેવો કાઢવા જાઉં છું.' રાગ-દ્વેષને દૂર કરવા જાઉં છું.'

તમારા રાગ અને દ્વેષ કયાં છે ? આ રાગ અને દ્વેષની ગાંઠ જીવ ઉપર એવી બાઝેલી છે કે તેના કારણે સંસારમાં ભટકે છે. જીવ માત્રને સુખ ઉપર જ રાગ છે અને દુઃખ ઉપર દ્વેષ છે. આ રાગ અને દ્વેષની ગાંઠ ભેદાય તે માટે મંદિર-ઉપાશ્રયે આવો છો ને ? શક્તિ મુજબ ધર્મ કરો છો ખરા ? તમારા વર્ત્તન પરથી તો એમ લાગે કે તમારી બધી શક્તિ ઘર-પેઢી અને સંસારમાં ખર્ચાય છે. આજે મંદિર-ઉપાશ્રય, આત્મ કલ્યાણની ભાવના વગરનાઓએ બોહા, ઢોરની પાંજરાપોળ જેવા બનાવ્યા છે. માંદા માંદા ય પેઢી પર જાવ, બાઇ રસોઇ કરે પણ ધર્મમાં....!

ઘર-પેઢી માટે વિચાર કરનારી જાતને ધર્મમાં કશું કરવું નથી. હું રોજ મંદિર-ઉપાશ્રયમાં જાઉં છું તો શું અસર થઇ તેમ પૂછયું છે ? મંદિર-ઉપાશ્રયે નહિ જનારને જેવું ઘર લાગે છે તેવું મને લાગે છે તો મેં આજ સુધી શું કર્યું ? ઘર મારૂં નહિ તેમ કોઇ કહે' થયું છે ? મંદિર-ઉપાશ્રયમાં જઇને કમાયા શું ? પૂજા કરનારામાં પણ પોતાની સામગ્રીથી પૂજા કરનારા કેટલા મળે ? મંદિર-ઉપાશ્રય છે તો ઠીક છે બાકી ઊભાં કરનાર કેટલા મળે ?

રાગ-દ્વેષની ગાંઠે અનંતા જન્મ-મરણ કરાવ્યા. ખુદ શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષોની વાત પણ સમજવા દીધી નથી. તે ગાંઠ તો આંખ અને હૈયાને અંધાપો આપે તેવી છે, રોજ આત્માને પૂછો કે, મારા રાગ અને દ્વેષ કયાં છે ? મંદિરમાં આંટા મારું છું પણ ત્યાં રાગ હોય તે લાગતું નથી, સાધુ પાસે જવા છતાં સાધુપણા પર પણ રાગ થતો નથી, ધર્મ કરવા છતાં પણ ધર્મ ઉપર રાગ હોય તેમ દેખાતું નથી. માત્ર સંસારની સુખ-સામગ્રીમાં જ રાગ દેખાયા કરે છે. દ્વેષ પણ કયાં થાય છે ? તમને તમારાં કાળાં કામ, ખરાબ કામ ઉપર દ્વેષ થાય છે ? આવું ન થાય તેવ સંમૂર્ચ્છિમોને સંભળાવવાથી ફાયદો પણ શું થાય ?

મારે તમારી પાસે ગ્રન્થિ ભેદાવવી છે. તે માટે તમારા રાગ અને દ્વેષ ઓળખાવવા છે. હાલમાં તમારા રાગ અને દ્વેષ ખોટી જગ્યાએ છે તે ફેરવી દેવ-ગુરૂ-ધર્મ-ધર્મી અને ધર્મનાં સાધનો ઉપર રાગ અને તેના પ્રતિપક્ષી ઉપર દ્વેષ કરાવવો છે. તે માટે તમને આ ભકિતની વાત સમજાવી રહ્યો છું. તમારા રાગ અને દ્વેષ ખોટે જગ્યાએ છે તેમ ન સમજાય ત્યાં સુધી ગ્રન્થિ ઓળખાય નહિ. ગ્રન્થિ દેશે આવ્યા વિના તેની ના નથી. રાગ અને દ્વેષનો જે ગાઢ પરિણામ તેને જ જ્ઞાનિઓએ ગ્રન્થિ કહી છે તે ભેદાય નહિ ત્યાં સુધી સાચી સમજણ આવે નહિ.

તમને બધાને દુનિયાના અનુકુળ પદાર્થો ઉપર રાગ છે અને પ્રતિકુળ પદાર્થો ઉપર દ્વેષ છે જે કોઇ એમ કહે કે, અમને તો અમુક વ્યકિત ઉપર જ રાગ છે અને અમુક વસ્તુ ઉપર જ રાગ છે તો તે જૂઠો છે. જેના ઉપર તમને આજે રાગ છે તે કાલે પ્રતિકુળ બને તો તેના ઉપર રાગ રહે કે જાય ? એટલે બધાને અનુકુળતા ઉપર જ રાગ છે અને પ્રતિકુળતા ઉપર દ્વેષ છે. આ રાગ અને દ્વેષનો ભય લાગવા માંડયો છે ? જેને ભય લાગે તેને ગ્રન્થિ ઓળખાય. દુનિયાના સુખનો રાગ મને મારનારો છે, દુઃખનો દ્વેષ પણ મને મારનારો છે. સુખના ઉપર રાગ કરી કરીને અને દુઃખના ઉપર દ્વેષ કરી કરીને હું મારી જ ચોર મારા હાથે ખોદી રહ્યો છું-તેમ લાગે છે.

આપણે આ સુખનો રાગ મટી જાય અને દુઃખનો દ્વેષ મટી જાય તે માટે ધર્મ

કરવો છે. તે માટે ભગવાન પાસે જવું છે. સુખના માટે પાપ થાય છે. તો પાપ કરતી વખતે થાય કે, 'આનાથી દુઃખ આવશે. હું દુઃખને ખરીદી રહ્યો છું ?' મોટામાં મોટું પાપ જ રાગ છે. જો આ રાગ નામનું પાપ ન હોત તો બાકીના બધા પાપ તો મરેલા પડયા હોત દુઃખનો દ્વેષ અને સુખના રાગમાંથી બધા પાપ થાય છે. પાપની યોનિ જ આ બે પાપ છે બધા પાપના બાપ પણ આ બે પાપ છે. દુઃખ ઉપરનો દ્વેષ પાપ ઉપર કરાવવો છે. સુખ ઉપરનો રાગ કાઢી ધર્મ ઉપર રાગ કરાવવો છે. જો આવી દશા આવે તો ગ્રન્થિ ઓળખાય મિથ્યાત્વના મૂળિયા હાલવા માંડે. અનંતાનુબંધિના કષાય મરવા માંડે અને જીવ વધુ પ્રયત્ન કરે તો મિથ્યાત્વને મર્યે જ છૂટકો છે.

રોજ આત્મા સાથે વિચારતાં થાવ કે–'આ નાશવંતી ચીજો ઉપર આટલો બધો રાગ શો ? તે ચીજો મેળવવા આટલા બધા કષાય કરી કઇ ગતિમાં જવું છે ? જડ વસ્તુ પાછળ ચેતનને શા માટે કુટી રહ્યો છે ?' 'તારે દુઃખ જોઇતું નથી તો પાપ શા માટે કરી રહ્યો છે ? જે પાપ કરે છે તે જરૂર છે માટે કરે છે ? પાપ કરવા છે, મજેથી કરવા છે, દુઃખ આવે તો માથા પછાડે, પોક મૂકે કેમ ચાલે ?' ઘર ભૂંડું છે, પેઢી પાપનું સ્થાન છે, પૈસો નુકશાન કરનાર જ છે–આ વાત ગમ્યા વિના ગ્રન્થિ કોઇ કાળે ભેદાશે નહિ.

મારે તમારા રાગ અને દ્વેષ ફેરવવા છે. માટે ફેરવી ફેરવીને સમજાવી રહ્યો છું કે–દુઃખ ઉપરનો દ્વેષ ભૂંડો જ સુખ ઉપરનો રાગ ભૂંડો જ. દુઃખ ઉપરનો દ્વેષ ખસેડવા જેવો, સુખ ઉપરનો રાગ ખસેડવા જેવો. તો જ મિથ્યાત્વ જશે અને સમ્યક્ત્વ આવશે. સંસાર ભૂંડો લાગશે, સાધુપણું લેવા જેવું લાગશે, મોક્ષ જ મેળવવા જેવો સમજાશે.

ભગવાનની ભક્તિ કરવી છે તો તેમની આજ્ઞા સમજવી પડે ને ? ભગવાનની આજ્ઞા શી છે ? મિથ્યાત્વને કાઢો અને સમ્યક્ત્વને પામો. આજે જે હાલત છે તે 'વર વગરની જાન ચાલે છે' તેવી છે. તમારો ધર્મકરણીનો મોટો ઠસ્સો છે પણ હજી રાગ અને દ્વેષ ભૂંડા લાગ્યા નથી કે ભૂંડા લગાડવાની મહેનત પણ નથી. રાગ અને દ્વેષ ભૂંડા લાગે પછી જ આગળની વાતોમાં મજા આવે.

માટે મારી ભલામણ છે કે, દુનિયાના પદાર્થો ઉપરના રાગ અને દ્વેષ ભૂંડા જ છે તે વાત મગજમાં બેસાડો, હૈયામાં સ્થિર કરો. દુઃખની ગંભીરતાનો અને સુખના રાગનો વલોપાત કાઢો. પછી મંદિરમાં જઇ આત્મા સાથે વિચારણા કરો કે મારા રાગ અને દ્વેષ કેટલા ઘટયા ? આ પ્રમાણે મહેનત કરશો તો રાગ અને દ્વેષ ઓળખાશે. ગ્રન્થિ ભેદવાનું મન થશે અને પછી જે ગુણ આવશે તે આત્માને લાભ કરનારા બનશે. આવી દશા પામો તેટલી ભાવના સાથે પૂર્ણ કરવામાં આવે છે.

હાસમપુરા તીર્થ (ઉજ્જૈન) (મધ્યપ્રદેશ) માં
પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

ઉપધાન તપ

ભાવભર્યું ખાસ આમંત્રણ

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે તીર્થની નૈસર્ગિક ભૂમિમાં દોષ ન લાગે તેવા વાતાવરણમાં પ્રાચીન ઐતિહાસિક હાસમપુરા તીર્થમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુના સાનિધ્યમાં પૂજ્ય હાલારદેશોદ્ધારક આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં આયોજન કર્યું છે.

આ ઉપધાન તપમાં દેશમાંથી તથા પરદેશ આફ્રીકા લંડન અમેરિકા વિગેરેથી પણ પધારીને તપમાં જોડાવા ખાસ નમ્ર વિનંતિ છે.

ફ્ર ઉપધાન તપના મુહૂર્તો ફ્ર

પ્રથમ મુહૂર્ત :– વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૦ સોમવાર તા. ૨૮–૧૧–૯૪
બીજું મુહૂર્ત :– વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૨ બુધવાર તા. ૩૦–૧૧–૯૪

લિ.
શાહ નથમલ ટેકચંદજી (વાસાવાળા)
C/o. મગનલાલ વીરચંદ શાહ
૬૫ સર હુકમચંદ માર્ગ ઇંદોર–૪૫૨૦૦૧ (M.P.)

હાસમપુરા તીર્થ ઉજ્જૈનથી ૧૩ કિ.મી. છે ઉજ્જૈન આવવા ટ્રેન બસો બધી બાજુથી મળે છે. કારતક સુદ પાંચમ સુધી નામ આવી જાય તેમ કરવા વિનંતી.

નામ લખાવવાના સ્થળ :– (૧) ઉપધાન કરાવનાર (૨) અર્બુદગિરિ જૈન ઉપાશ્રય ઇંદોર (૩) શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (૪) ઉમરચંદ ભારમલ ઢોઢીયા ધર્મેશ્વર ૬૫–૬૯ એચ.કે. માર્ગ માટુંગા બી.બી. મુંબઇ (૫) મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા બજાર અમદાવાદ (૬) મેઘજી વીરજી ઢોઢીયા નાધરોબી (૭) રતિલાલ ડી. ગુઢકા ૧૧૭ સહબરી મીડલસેક્ષ લંડન (૮) ઓસવાળ યાત્રિક ગૃહ તળેટી રોડ, પાલીતાણા

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૨૫. સુકોશલ મુનિ

'ભગવાનનો ભેખ ધરીને સાધનાની પગદંડીએ ગુજરતાં ગુજરતાં આ દેશમાં ભિક્ષા માટે આવી ચડેલા તારા પિતા રાજર્ષિને જોઇને હે કુમાર! તું પણ દીક્ષા લઇ લઇશ આવા ભયથી તારી માતાએ તિરસ્કાર પૂર્વક તે રાજર્ષિને આ નગરમાંથી હાંકી કઢાવ્યા તે દુઃખદાયી પ્રસંગ યાદ આવે છે ને મારાથી રડી પડાય છે.'

પૂર્વજોના ઉજ્જ્વળ પરંપરામાં આવેલા અયોધ્યાની રાજગાદીના વારસદાર હવે કીર્તિધર રાજા બન્યા છે. સહદેવી રાણીની સાથે સંસારી સુખોને ભોગવતાં ભોગવતાં એક દિવસ કીર્તિધર રાજાને પણ આ સંસારથી વૈરાગ્ય થયો.

દીક્ષા લેવાની તીવ્ર-તમન્ના હોવા છતાં પુત્રના જન્મ સુધી રાહ જોવાનું કહીને મંત્રીઓએ તેમને અટકાવ્યા હતા.

સમય જતાં સહદેવીને પુત્ર પ્રાપ્તિ થઇ. પરંતુ પુત્રજન્મ જાણીને પ્રાણનાથ દીક્ષા લઇ લેશે તેમ માનીને સહદેવીએ પુત્રને છૂપાવી દીધો. પરંતુ રાજાને પુત્ર જન્મની ખબર પડી ગઇ. આથી તેમણે વિજયસેનસૂરીશ્વરજી પાસે દીક્ષાને ગ્રહણ કરી.

તીવ્ર તપશ્ચર્યા તપતા તપતા અને પરીષહોને સહેતા સહેતા ગુરૂ ભગવંતની અનુજ્ઞાથી એકાકી વિહાર કરવા લાગ્યા.

માસક્ષમણની કઠોર તપશ્ચર્યાને અંતે પારણાને અર્થે એકવાર પોતાની વતનભૂમિ અયોધ્યા તરફ પધાર્યા. મધ્યાહ્નના સમયે ગોચરી માટે તે રાજર્ષિ નગરીમાં ભમવા લાગ્યા.

અને મહેલના ઝરૂખામાં ઉભેલી રાણી સહદેવીની નજર ભિક્ષા માટે ભમતા રાજર્ષિ કીર્તિધર ઉપર પડી. અને હૈયાના અહોભાવથી આવકારીને ભિક્ષા આપવાના બદલે તે સંસારી સંસ્કારોભરી સહદેવીએ વિચાર્યું કે-'મારા આ પતિદેવે દીક્ષા લીધી ત્યારથી જ હું પતિ વિહોણી બની. હવે જો આ રાજર્ષિને મારો પુત્ર જોઇ જશે તો તે પણ દીક્ષા લઇ લેશે તો તો હું પુત્ર વિહોણી પણ બની જઇશ. તેથી નિરપરાધી હોવા છતાં પણ, પતિદેવ હોવા છતાં પણ અને વતધર હોવા છતાં પણ આ પુત્રને રાજગાદી ઉપર સ્થિર થવા માટે થઇને આ રાજર્ષિને આ નગરમાંથી કઢાવી મૂકવા સિવાય કોઇ રસ્તો નથી.'

આ રીતે વિચારીને રાણી સહદેવીએ અન્ય ભિક્ષુઓની સાથે આ રાજર્ષિને પણ તે નગરીમાંથી કઢાવી મૂકયા.

આ દુઃખદ પ્રસંગને જાણીને સુકોશલ

રાજકુમારની ધાવમાતા ચોધાર આંસુડે રડવા લાગી. સુકોશલ રાજાએ રડવાનું કારણ પૂછતાં ધાવમાતાએ કહ્યું કે–

ભગવાનનો લેખ ધરીને સાધનાની પગદંડીએ ગુજરતાં ગુજરતાં આ દેશમાં ભિક્ષા માટે આવી ચડેલા તારા પિતા રાજર્ષિને જોઇને હે કુમાર ! તું પણ દીક્ષા લઈ લઇશ. આવા ભયથી તારી માતાએ તિરસ્કારપૂર્વક તે રાજર્ષિને આ નગરમાંથી કાઢી મૂકાવ્યા તે દુ:ખદાયી પ્રસંગ યાદ આવે છે ને મારાથી રડી પડાય છે.

સુકોશલ પણ તે સાંભળીને પિતા પાસે જઈને વૈરાગ્ય પામેલા તેણે વ્રતનું દાન કરવા પિતા મુનિને પ્રાર્થના કરી.

પણ...મંત્રીઓ સાથે આવી પહોંચેલી સુકોશલની ગર્ભવતી પત્ની ચિત્રમાલાએ દીક્ષામાં વિઘ્ન ઉભું કર્યું. પુત્રના જન્મ સુધી રાહ જોવાની વાત કરી. ત્યારે વિરાગી રાજકુમારે ગર્ભમાં જ રહેલા પુત્રનો રાજ્યાભિષેક કરીને તરત જ દીક્ષા ગ્રહણ કરી.

જોગ–સંજોગની કેવી ઘટમાળ છે. પુત્રને જન્મેલો જાણીને પિતા દીક્ષા લઈ ના લે તે માટે સહદેવીએ પુત્રને સંતાડી દીધો હતો. છતાં પિતાની દીક્ષા અટકી નહિ. અને પિતા મુનિને જોઇને સુકોશલ દીક્ષા લઇ લે નહિ તે માટે પિતા–મુનિને પુત્રની નજરથી દૂર રાખવા આ નગરમાંથી અપમાન પૂર્વક કઢાવી મૂકયા હતા. છતાં પુત્રની પણ દીક્ષા અટકી નહિ. પહેલાં પિતા પુત્રને જોઇ જશે(જાણી જશે) તો પિતાની દીક્ષાનો ભય સહદેવીને હતો. અને પછી એજ સહદેવીને પુત્ર પિતાને જોઈ જશે તો પુત્રની દીક્ષાનો ભય હતો. આખરે પિતા–પુત્રની દીક્ષા તો થઇને જ રહી.

પોતાના શરીરમાં પણ નિ:સ્પૃહ બનેલા પિતા–પુત્ર મુનિવર પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

આ બાજુ પુત્રના વિયોગથી દુ:ખી દુ:ખી થઇને આર્તધ્યાન કરનારી સહદેવી મૃત્યુ પામીને વાઘણ બની. સહદેવી વાઘણ બની તેમાં પિતા–પુત્રની દીક્ષા નહિ પણ સહદેવીની મમતા–મોહાંધતા જ કારણ હતી.

એક વખત કાર્તિક મહિને પારણા માટે જતાં પિતા–પુત્ર મુનિને વાઘણે જોયા. અને તેમના તરફ તરાપ મારીને આવી પડી. વાઘણને જોતાં જ બંને મુનિવરો કાયોત્સર્ગમાં લીન બન્યા. વીજળીની જેમ ત્રાટકેલી તે વાઘણે સુકોશલ મુનિને ધરતી ઉપર પછાડયા. નહોર અને દાંતથી પૂરા ક્રોધ સાથે મુનિવરના શરીરની ચામડીને ઉતરડી નાંખી શરીરમાંથી માંસના લોચે લોચા ખેંચી ખેંચીને ખાવા લાગી. શરીરના હાડકાને આ વાઘણ કટ કટ કરતાં શેરડીના ટુકડાની જેમ તોડી તોડીને ખાઇ ગઇ. શરીરમાં પ્રાણ હતા ત્યાં સુધી મુનિવર ધ્યાનમાંથી ચલિત ન થયા. છેવટે કેવલજ્ઞાન પામીને સુકોશલ મુનિ મોક્ષે ગયા. અને કીર્તિધર મુનિવર પણ કેવલજ્ઞાન પામીને અનુક્રમે મોક્ષને પામ્યા.

કર્મક્ષયસહાયેયમિતિ મત્વા મુનિર્ન સ: । આ વાઘણ તો કર્મનો ક્ષય કરવામાં સહાયક બની છે એમ માનીને તે સુકોશલ મુનિ જરાય ગ્લાનિ પામ્યા ન હતા.

: સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(ઢાળ પહેલી)

ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે... ૫

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ;
છ જયણા છ આગાર ભાવના છવ્વિહા મન આણીએ...
છઠ્ઠાણ સમકિતતણા સડસઠ ભેદ એહ ઉદાર રે.
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવપાર એ... ૬

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે.
પ્રવચન માંહે જે ભાવિયા, લીજે તેહનો અત્થો રે... ૭

તેહનો અર્થ વિચાર કરીએ, પ્રથમ સદ્દહણા ખરી.
બીજી સદ્દહણા તેહની, જે જાણ મુનિગણ જ્હરી.
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા.
તેહની સેવા કીજીયે, જિમ પીજીયે સમતા સુધા ... ૮

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહછંદા રે,
પાસત્થા ને કુશીલિયા, વેષ વિડંબક મંદારે... ૯

મંદા અન્નાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી.
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી,
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે.
જ્યું જલધિ જલમાં ભળ્યું. ગંગાનીર લુણપણું લહે ... ૧૦

પ્ર૦ ૧૩–સમ્યક્ત્વના સડસઠ બોલ કયા કયા છે. તે જણાવો !

ઉ૦– ચાર સદ્દહણા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન આ પ્રમાણે સામાન્યથી કુલ સડસઠ બોલ છે.

પ્ર૦ ૧૪–આનો વિચાર શા માટે કરવાનો કહે છે ?

ઉ૦ તાત્વિક રીતના આ બધાનું સ્વરૂપ જાણી આ ભવસંસારથી વહેલામાં વહેલો પાર પામવો છે માટે.

પ્ર૦ ૧૫–સદ્દહણા એટલે શું ?

ઉ૦– શ્રધ્ધા.

પ્ર૦ ૧૬–સદ્દહણા કેટલી છે ?

ઉ૦– ચાર.

પ્ર૦ ૧૭–પહેલી સદ્દહણાનું નામ જણાવો !

ઉ૦– પરમાર્થ સંસ્તવ.

પ્ર૦– ૧૮–તેનું સ્વરૂપ સમજાવો.

ઉ૦– પરમ એટલે તાત્વિક, અર્થ એટલે જીવ–અજીવ આદિ જે પદાર્થો તેનો સંસ્તવ એટલો પરિચય અર્થાત્ શ્રી જૈનશાસનમાં કહેલા જીવાજીવાદિ પદ થોના બોધ માટે હૈયના બહુમાનપૂર્વક તેનો અભ્યાસ કરવો તેનું નામ છે પરમાર્થ સંસ્તવ.

જીવાજીવાદિક પદાર્થોના ભેદ–પ્રભેદાદિનું સ્વરૂપ જે રીતના નય–નિક્ષેપ–પ્રમાણ–પ્રવચન–શ્રી જિનાગમમાં કહેલું છે તેવું અન્ય મતોમાં કહ્યું નથી. માટે તાત્વિક સ્વરૂપ અહીં જ જાણવા મળે છે. તેથી તેના પ્રરુપક શ્રી જિનેશ્વરદેવ ઉપર અંતરંગ બહુમાન–પ્રીતિ પેદા થાય છે જે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણ બને છે.

પ્ર૦–૧૯ અભવ્યાદિ જીવો પણ દ્રવ્ય સાધુપણાનો સ્વીકાર કરે છે તો તેમને પણ આ શ્રધ્ધા કહેવાય ને ?

ઉ૦–ના. જ્ઞાનાવરણીય કર્મોના તીવ્ર ક્ષયોપશમના કારણે નવપૂર્વ સુધીનું જ્ઞાન પ્રાપ્ત થાય. પણ દર્શન મોહના ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ વિના સમ્યક્ત્વ આવે નહિ.

વળી અહીં તાત્વિક પરમાર્થ સંસ્તવનો અધિકાર છે. તેનો તેમને અસંભવ છે. બીજાને દેશનાદિ દ્વારા સમજાવે પણ પોતાના હૈયાને અડે જ નહિ.

પ્ર–૨૦ બીજી સદ્દહણાનું નામ જણાવો.

ઉ૦–સુદૃષ્ટ પરમાર્થ સેવન.

પ્ર૦–૨૧ તેનું સ્વરૂપ સમજાવો.

ઉ૦–સુ–સુષ્ઠુ–સમ્યગ્ નીતિપૂર્વક–સારી રીતે, દૃષ્ટ એટલે પ્રાપ્ત કર્યા છે, જાણ્યા છે, પરમાર્થ—જીવાજીવાદિ પદાર્થો જેમણે, તેમની જે સેવા—ભક્તિ કરવી. અર્થાત્ ભગવાનની આજ્ઞા મુજબ ગુર્વાદિની સેવા ભક્તિથી સારી રીતના જાણ્યા છે જીવાજીવાદિ પદાર્થોનું સ્વરૂપ જેમણે તેવા સુવિહિત આચાર્યાદિની સેવા–ભક્તિ કરવી તેનું જ નામ છે સુદૃષ્ટ પરમાર્થ સેવન, ગુણીજનની સેવા–ભક્તિ કરવાથી તેમના ગુણો સેવકમાં પણ આવે છે.

પ્ર૦–૨૨ મુનિજનને કયા કયા વિશેષણો આપ્યા છે ?

ઉ૦–રત્ન પારખુ ઝવેરી જેવા ઝવેરી, સંવેગમાં જ રમનારા, શુદ્ધ માર્ગ પ્રરૂપક ઝવેરી જેમ મૂલ્યવાન રત્નાદિની પરીક્ષા કરી શકે તેમ તેઓ પોતાની પાસે આવનારા જીવોની યોગ્યતાદિની પરીક્ષા કરી તેની યોગ્યતા પ્રમાણે ધર્મ આપે છે.

મોક્ષનો જ જે ઉત્કૃષ્ટ અભિલાષ તે સ્વરૂપ જે સંવેગ તેમાં જ મગ્ન હોવાથી પોતાની પાસે આવનારા જીવોને પણ સંવેગમાં ઝીલતા કરે છે.

જે પોતે જ સંવેગમાં જ મસ્ત હોય તે જ આત્મા સાચો માર્ગ બતાવી શકે છે. આ કાળમાં તો શુધ્ધ માર્ગ પ્રરૂપક શોધવા પડે તેવા છે. આ શુધ્ધમાર્ગ પ્રરૂપક ગુણ થકી તો શ્રી આચાર્ય ભગવંતોને શ્રી તીર્થંકર પરમાત્મા સમાન કહ્યા છે 'શુધ્ધ માર્ગ પ્રરૂપક થકી જે જિનવર સમ ભાખ્યા રે,'

પ્ર૦–૨૩ મુનિજનની સેવાનું ફળ શું કહ્યું છે ?

ઉ૦–સમતા રૂપી સુધા નામ જે અમૃત તેની પ્રાપ્તિ થાય છે.

પ્ર૦–૨૪ સમતારુપી સુધા એવી ઉપમાનું કારણ શુ ?

સુધા એટલે અમૃત. અમૃતપદની પ્રાપ્તિ એ સાધ્ય–ધ્યેય છે. અને અમૃતપદની પ્રાપ્તિમાં સમતાએ કારણ બને છે કે, શ્રી જિનેશ્વરદેવના શાસનમાં નાનામાં નાનો ધર્મ કે અનુષ્ઠાન મોક્ષપદને પામવા માટે જ કરવાનું છે.

માત્ર પુણ્ય–પાપ જ સાથે આવનાર છે.

गृहीत्वां पुण्यपापे द्वे नाणके स्वयमर्जिते ।
शेषं विमुच्य निःशेषं जीवा यान्ति भवान्तरे ।।

જીવો આ ભવમાં સ્ત્રી–પુત્ર–પરિવાર ધનાદિક સર્વ વસ્તુને છોડીને પોતે જ મેળવેલ પુણ્ય–પાપ રૂપી બે જાતના ધનને લઇ અન્ય ભવમાં જાય છે.

તો ધર્મની તત્પરતા આવે.

इहोपपत्तिर्मम केन कर्मणा क्व च प्रयातव्यमितो भवादिति ।
विचारणा यस्य न जायते हृदि कथं स धर्मप्रवणो भविष्यति ।।

દરરોજ આત્માએ વિચારવું જોઇએ કે–આ ભવમાં મારો જન્મ કયા કર્મથી થયો છે અને આ ભવમાંથી નીકળીને કયા ભવમાં મારે જવાનું છે. આવી વિચારણા જેના હૃદયમાં ~~આવે~~ તે મનુષ્ય ધર્મમાં તત્પર શી રીતે થાય ?

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ અનંતલબ્ધિનાથ શ્રી ગૌતમ સ્વામિને નમઃ

નમામિ નિત્યં ગુરૂ રામચન્દ્રમ્

(મુંબઇ) કાંદીવલી–દહાણુકરવાડી મધ્યે

નિર્માણાધિન શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત થનાર

તારક શ્રી જિન બિંબો ભરાવવાની ઉછામણીમાં લાભ લેવા

સકળ શ્રી સંઘને હાર્દિક આમંત્રણ

(મુંબઇ) કાંદીવલી (વેસ્ટ)માં દહાણુકર વાડી મહાવીરનગર વિસ્તારમાં જૈનોની થનાર વિશાળ વસતિને નજર સમક્ષ રાખી અમોએ 'શ્રી વાસુપૂજ્ય સ્વામી' ભગવાનના મનોરમ્ય શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કાર્ય એક વરસ ક્ષયા હાથ ધર્યું છે.

પૂ. જૈનશાસનના મહાન જ્યોતિર્ધર કલિકાલ કલ્પતરૂ સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની દિવ્ય કૃપાથી પૂ. તપસ્વિરત્ન આ.ભ. શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ના તથા પૂ. સુવિશાળ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા.ના મંગળ આશીર્વાદથી તેમજ પૂ. મુનિપ્રવર શ્રી નયવર્ધન વિજયજી મ.ની પ્રેરણા તથા માર્ગદર્શનથી ચાલી રહેલું આ નિર્માણ કાર્ય ટુંક સમયમાં પૂર્ણ થશે.

તે નવ નિર્મિત ભવ્ય જિનાલયમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧(૪૧") ઇંચના ભગવાન આદિ તથા બાજુમાં ૨૭" ઇંચના બે એમ તારક ત્રણ શ્રી જિનબિંબો પધરાવવાના છે તે તમામ જિનબિંબો ભરાવવાની ઉછામણી પૂજ્ય તપસ્વિ સમ્રાટ આ.ભ. વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ની તથા પૂ. ગચ્છસમ્રાટ આ.ભ. વિજય મહોદય સૂરીશ્વરજી મ.સા.ની પુનીત નિશ્રામાં શ્રી મોતિશા લાલબાગ ઉપાશ્રયમાં બોલાવવામાં આવશે. તો ઉછામણીના આ મંગલ પ્રસંગે પ્રભુભક્તિનો લાભ લેવા પ્રભુભક્તોને નેહભર્યું નિમંત્રણ છે.

દિવસ–કારતક વદી ૩ સોમવાર ૨૧–૧૧–૯૪ સવારે વ્યાખ્યાન સમયે.

પોસ્ટ સરનામું :
માણેકલાલ સી. શેઠ
૧૬, બોમ્બે ટોકીઝ કમ્પાઉન્ડ,
મલાડ (વેસ્ટ) ૪૦૦૦૬૪
ફોન : ૮૮૨૩૬૧૪

લી.
શ્રી શ્વેતાંબર મૂ.ત. ઉદય કલ્યાણ આરાધક
જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ



પ્યારા ભૂલકાંઓ,

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આવીને પાણીની જેમ સરી ગયા. ગામડે-ગામડે, શહેરે શહેરે, નગર-નગરે એ મહાપર્વનું ઉષ્માભેર સુસ્વાગતમ્ કરવામાં આવ્યું. તે આપણે સહુએ ચર્મચક્ષુ વડે જોયું.

અરે ! આ પર્વની ખ્યાતિ તો સંવત્સરી ક્ષમાપનાથી જ છે. સંવત્સરી ક્ષમાપનાની સમી સંધ્યા પહેલાં જ સહુને સહુએ ખમાવી દીધાં. એટલે ઘરમાં, મકાનમાં, સ્કુલોમાં, શેરીમાં, ગામમાં, દેશમાં કે દુનિયામાં રહેલો નાનામાં નાનો જીવ પણ આપણો દોસ્ત-મિત્ર બની ગયો. કોઈ આપણું દુશ્મન રહ્યું નહિં. સર્વે આપણા લાડકા-પ્યારા મિત્રો બની ગયા કેવું અદ્‌ભૂત કાર્ય આ પર્વે આપણી પાસે કરાવ્યું ?

તમે સૌએ સુંદર મઝાની આરાધના કરી જ હશે ! પણ, હવે સંવત્સરીના પારણા કરીએ ઉપાસનાના પારણા બંધ નહી કરતા.

નિત્ય દેવવંદન, સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાનાદિ શ્રવણાદિ ચાલુ રાખશો.

સુગુરુ ભગવંતના સત્સંગથી જીવનમાં શું શું ઉતારયું અને શું શું આચરણમાં મુકયું તે જણાવશો ? હું તમારા સૌની પ્રતિક્ષા કરું ને ? તો લખીશો મારું સરનામું.

—રવિશિશુ

ડે. જૈન શાસન કાર્યાલય, જામનગર—૩૬૧૦૦૫

શ્રદ્ધાંજલી

"જીવન હતુ તુજ શાસન કાજે, વચનમાં જીનઆજ્ઞા રમતી,
માન અને અપમાનમાં તારી અપૂર્વ સમતા દીપતી,
અંતિમ સમયે અરિહંત સ્મરણે મનડું દીધુ જોડી.
એવા ગુરૂવર રામચંદ્ર અમ ભવબંધન દેજો તોડી."

શ્રી મહાવીર પરમાત્માના શાસનના શણગાર, જૈન શાસનના અણનમ અણગાર, અગણિત ગુણોના આગાર, મુનિજન હૈયાનાં હાર, ભારત વર્ષોલંકાર, તપગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ પ.પૂ. આચાર્યદેવશ્રી રામચંદ્ર સૂરીશ્વરજીમ.સા. ભવિજન પૂજીત, મુનિગણ વંદીત, સૂરિગણ સેવીત, શ્રેષ્ઠીગણ ચૂમિત, મ.સા.ના સુપવિત્ર ચરણકમળમાં કોટી કોટી વંદના.

સત્તરમાં વર્ષે સંયમનો સ્વીકાર કરીને શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી ભગવાનની સત્યે તેરમી વાટને જીવનના અંત સુધી શોભાવનારા આ મહપુરૂષના ગુણગાન

શી રીતે ગાઇ શકુ ? શકિત નથી પરંતુ ગુરૂદેવ પ્રત્યેની ભકિતને વશ થઇ બાળચેષ્ટા કરી રહ્યો છુ મારી આ ક્ષતિને મહાપુરૂષો માફ કરે.

માતા સમરથબેન અને પીતા છોટાલાલના નંદન ત્રિભુવન વાલમાંથી રામવિજય બનેલ આ મહાપુરૂષના જીવનમાં દેવાંશી તત્વ હતુ. તેમના મુખમાં સરસ્વતિનો, હૃદયમાં અરિહંતનો, કરકમળમાં શાસ્ત્રનો, ચરણમાં લક્ષ્મીનો અને મસ્તકમાં જિનાજ્ઞાનો વાસ હતો. તેમની આંખોમાં કરૂણાનું અમૃત હતુ અને શાસ્ત્ર રક્ષા માટેની અચલતાનું નિષ્કમ્પ તેજ પણ હતું.

એક દિવ્ય તેજપુંજ સમાન આ તેજ "રામવિજય"થી માંડી "વિજય રામચંદ્ર સૂરિ" સુધી આઠ-આઠ દાયકા સુધી શ્રી સંઘે માણ્યુ. સેંકડો વર્ષોમાં ન જોવા મળી હોય તેવી અતિ ભવ્ય દિક્ષાઓ. અતિ પુન્યશાળી છતાં અતિ નિસ્પૃહિ એવા આ મહાપુરૂષની હયાતીમાં જોવા માટે આપણે ભાગ્યશાળી બન્યા. તેમની વૈરાગ્યવાહિનિ દેશના દ્વારા સેંકડો ભવ્યાત્માઓ મહાત્મા બન્યા. હજારો આત્મા ધર્માત્મા બન્યા.

બાળપણથી નિડરતા, મકકમતા અને સત્યના પક્ષપાતી હતા. સત્ય ખાતર તેમણે જીવનમાં અનેક સંઘર્ષોનો સામનો કર્યો હતો અને આયુષ્યની છેલ્લી પળ સુધી તેમણે સત્યને પકડી રાખ્યુ હતુ. અનેક મુશ્કેલીનો સામનો કરી તેમણે દીક્ષા માર્ગને જગતના કલ્યાણ માટે સુલભ બનાવ્યો.

"સવિ જીવ કરૂ શાસન રસી" જેવી ભાવના તેમના અંતરમાં અવિરત રમતી હતી અમારા જેવા અનેક બાળકોને વાત્સલ્યની અમિવર્ષા દ્વારા ભિંજવી, હૃદય જીતી લેનારા, અનેક યુવાનોને-સંસારની ભયંકરતા બતાવી, સંયમ માર્ગે લાવનારા. અનેક વૃદ્ધોને ધર્મની મહત્તા બતાવી, જીવન પવિત્ર કરાવનારા તથા સર્વ જીવો પ્રત્યે "છોડવા જેવો સંસાર, લેવા જેવો સંયમ, મેળવવા જેવો મોક્ષ" આ ત્રણેય પદો વડે ભાવકરૂણા થી આત્મ કલ્યાણનો સંદેશો આપી જીવનભર દર્શન પદની આરાધના, પ્રભાવના અને રક્ષા કરી. સ્વપ્નનું દર્શન નિર્મળ કરી. 'દર્શન' નામના બંગલામાં ક્ષાયીક દર્શનને પ્રાપ્ત કરવા સમાધિપૂર્વક પ્રયાણ કરી ગયા.

અંતમાં પરમતારણહાર ગુરૂદેવ પ્રત્યે મારી એકજ માંગણી છે કે–

"ગુરૂદેવ મુજ મન મંદિરે વારસ બની બેસી ગયા,
ગુરૂદેવ મુજ મન મંદિરે આરસ બની છાંઇ ગયા.
ગુરૂદેવ તુજ ગુણ રાજ્યનો વારસ મને જ બનાવજો,
તુજ ભકિતથી મુકિતથી મળે આશિષ એવા આપજો"

વળી હે ગુરૂદેવ આપ જ્યા બિરાજો છો ત્યાંથી એટલી જ કૃપા વરસાવજો કે

"આપે બતાવ્યા માર્ગથી મન મારૂ જરિયે ના ચલે,
ભાગ્યે મળ્યા ગુરૂ આપ હવે મુજ મન બીજે કયાંય ના ફરે

કરૂ વિનંતિ ભવોભવ હવે ગુરૂ એક આપજ મુજ થજો.
મુંજ હાથ ઝાલી સાથ તુમ મુક્તિ પુરીએ લઇ જજો"

-દર્શન હરેશભાઇ શાહ-રાજકોટ (ઉંમર ૧૧ વર્ષ)

જોડકણા (ધન્યવાદ સાથે નામ છાપવામાં આવશે)

૧ રાત્રિભોજન	૧ પારણા
૨ પાંચમા દિવસે	૨ પારણું
૩ ઇચ્છિત વસ્તુ આપે	૩ વડાકલ્પ
૪ સાતમા દિવસે	૪ કલ્પવૃક્ષ
૫ પહેલો ઉપસર્ગ	૫ આંતરા
૬ છઠ્ઠુતપ	૬ જન્મવાંચન
૭ અંતિમ કેવલી	૭ ગોવાળીઓ
૮ પાંચમે સવારે	૮ જંબુસ્વામી
૯ વીશ ઉપસર્ગ	૯ સંગમદેવ
૧૦ ૬૦ નવકારવાળી	૧૦ પ્રાયશ્ચિત

-ઉપેન્દ્ર સી. શાહ

હાસ્ય દરબાર

બાપા-પ્રદૂષણ એટલે શું ?

દિકરા-અમે ભણતા ત્યારે આવા કોઇ શબ્દ સાંભળેલા નહી અમે તો પાદના અને હસના.

-મેહુલ ટી. શાહ ખેતવાડી

"આ છે બાલવાટિકાનું ગૌરવ"

(આ નાનકડા ભૂલકાએ પૂજ્યપાદશ્રીની પૂણ્યતિથિએ સુંદર મજાના ગુણાનુવાદ કર્યા છે તે અંગે પ્રસ્તુત કરીએ છીએ. તમે પણ ગુણાનુવાદ, ગુરૂગુણ સ્તવન, આદિ બનાવ્યા હોય તો લખી મોકલશો તમને પણ ન્યાય મળશે.

ધન્યવાદ--નાનુડા ભૂલકાને...)

-શ્રી રવિશુશિ

બાળ-ગઝલ

હોય તુજ આયુ, સદી કે બે સદી અથવા હજાર
એક દિવસ તો જવું પડશે, તજી સૌ સંસાર
તું રંક હો કે રાજા, ફેર કંઇ પડશે નહિ
અંતમાં તો બેઉનો, સરખો જ બોલશે બજાર.

-ઈશીતા

નકામુ-નકામી

નિર વિનાની નકી નકામી
ભાવ વિનાની ભક્તિ નકામી
શાહી વિનાની પેન નકામી
પ્રાણ વિનાનું શરીર નકામું.
ધર્મ વિનાનું જીવતર નકામું
કાંડા વિનાનું ઘડીયાળ નકામું
ઉત્સાહ વિનાનો તહેવાર નકામો
જૈન શાસન પામ્યા વિનાનું જીવન નકામું
ભગવાન પાસે સુખની માગણી કરવી એ પણ નકામી
બાલવાટીકા વિનાનું જૈન શાસન નકામું.
અમી વિનાની દૃષ્ટી નકામી.

-અમી આર. શાહ [શાન્તિનગર]

કલિકાળનો પ્રભાવ

કલિકાળમાં જડ-બુદ્ધિવાળા લોકોની વૃદ્ધિ થાય છે.
કલિકાળમાં જગત શોભા વગરનું હોય છે.
કલિકાળમાં બે વચની લોકો ઘણાં હોય છે.
કલિકાળમાં સત્યમાર્ગનો ત્યાગ કરનારા ઘણા હોય છે.
કલિકાળમાં દુર્જનની પાંચશેરી ભારે હોય છે.

કલિકાળમાં ધનની તૃષ્ણા પૂર્ણ થતી નથી.
કલિકાળમાં દોષારંભ પણ હર્ષ માટે થાય છે
કલિકાળમાં વૈરની પરંપરાઓ લાંબી ચાલે છે
કલિકાળમાં જૂઠ બોલવાની પટુતા વધે છે.
કલિકાળમાં ચોરી કરવાનું ચિત્ત હોય છે.
કલિકાળમાં ખુશામતીઓ પોષાય છે.
કલિકાળમાં સિદ્ધાંતો સાથે બાંધ છોડ કરવાની
બુદ્ધિ પણ પેદા થાય છે.

(આ સર્વે કલિયુગ મહારાજાની પ્રસાદી છે. સમજીને તેનાથી દૂર રહેવા જેવું છે.)

–લબ્ધિ એન. શાહ (વાલકેશ્વર)

ધરાતો નથી ધરાતો

વેપારી વેપાર કરતા ધરાતો નથી.
ચોર ચોરી કરતા ધરાતો નથી
જુગારી જુગાર રમતા ધરાતો નથી
વકતા વ્યાખ્યા કરતા ધરાતો નથી.
ખેલાડી રમત રમતા ધરાતો નથી
અધર્મીજન અધર્મ કરતા ધરાતો નથી.
પ્રેસવાળો નવું–જુનું છાપતા ધરાતો નથી.
કર્મી કામ કરતા ધરાતો નથી
અગુણી અવગુણ જોવામાં ધરાતો નથી
કોષાધ્યક્ષ ધન ગણતા ધરાતો નથી
ભિખારી ભીખ માગતા ધરાતો નથી
રવિશિશુ બાળ લેખ જોતાં ધરાતો નથી
અમે બાલવાટીકા જોતા ધરાતા નથી.
પરંતુ, પ્રિય મિત્રો !

(હવે આપણે આ બધાથી ધરાઇ જઇશું તોજ સુંદર આકાંક્ષાના કરી મોક્ષે જઇશું.)

–કુનાલી એમ. શાહ (ચંદનબાળા)

ભુલભુલામણી

(પાઠશાળાના સાહેબે પરિક્ષામાં પ્રશ્ન પૂછવા માટે અમુક સતીઓની વાર્તા કહી હતી. પરંતુ રમત–ગમતમાં બધી સતીઓના નામો આડા અવળા લખાઇ ગયા હવે શું કરશું ? તમે મને મદદ કરશો ? યાદ રહે કોઈ અક્ષર લખવા ભૂલાય ગયા હોવાથી એકના એક અક્ષરનો ઉપયોગ ફરીવાર પણ કરવો પડે. કુલ્લે નવ સતીઓના નામ છે)

ધા	ર	નં	ગ	તી
રી	ધા	જ	દા	તી
ય	સુ	મા	ણી	ર
ણા	કુ	સુ	મૂ	ભ
ગા	ત્તી	વ	દ્રા	તી

–મેઘના પી. શાહ ભોરીવલી)

શ્રી જૈન જ્ઞાનભંડારો તથા ગૃહ ભંડારના પ્રેમી ભાગ્યશાળીઓ યોગ્ય અગત્યનું સૂચન

આપના જ્ઞાનભંડારમાં 'ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ પિંડવાડા' પ્રકાશિત કર્મ સાહિત્યની ગ્રંથ શ્રેણિના નોંધાયેલ (હાજર) ગ્રંથોની નામ નંબર સહિત એક નોંધ અમને નીચેના સરનામે મહેલી તકે પહોંચાડવા નમ્ર વિનંતી છે.

જેથી તમને અપ્રાપ્ત ગ્રંથ પ્રાપ્ત થઇ શકે. તેની વ્યવસ્થા અમે વિચારી યોગ્ય કરી શકીએ.

લિ.

ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ પિંડવાડા

શાહ લાલચંદ છગનલાલ

નોંધ મોકલવાનું ઠેકાણું :

પૂ. આચાર્યદેવશ્રી જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મ.
ઠે. શ્રી પ્રેમસૂરિ. ગુરુમંદિર–મંદિર પાછળ,
પો. પિંડવાડા–૩૦૭૦૨૨ જી.સિરોહી (રાજ.)

શાસન સમાચાર

માતૃ આશિષ (મુંબઇ) તપાગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી વિ. સમચન્દ્રસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્નો, સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિ.મહોદય સૂરીશ્વરજી મ.ની તારક આજ્ઞાથી પૂ.મુ.શ્રી પ્રશાન્ત દર્શન વિ.મ. તથા પૂ.મુ. શ્રી મતિરત્ન વિ.મ. શ્રી પર્યુષણા મહાપર્વનાં આરાધના માટે પધારેલા હતા. દરરોજ પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.મ.ના અઠ્ઠાઇધરા, શ્રી કલ્પસૂત્રના પ્રેરક પ્રવચનો થયા હતા સૂત્ર વાંચનાદિ બોલી તથા સ્વપ્ન ઉતારવાની બોલી સારામાં સારી થઇ હતી. અને પર્વની આરાધના ઉલ્લાસપૂર્વક થઇ હતી. રોજ પ્રભાવનાદિ થયેલ ભા.સુ ૩ના અ.સૌ. ભદ્રાબેન મનહરલાલ સંઘવી (કાંદીવલી) તરફથી સંઘપૂજન કરાયેલ.

પૂજ્યશ્રીજીના આજ્ઞાવર્ત્તિની પૂ.સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. પણ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. શ્રાવિકાઓને પણ સુંદર આરાધના કરાવી રહેલ છે.

ભા.સુ. ૬ાા ને રવિવારના પાંચ જિનાલયોની નૈત્યપરિપાટી નીકળેલ તે પછી તપસ્વીઓનું બહુમાન તથા માતૃઆશિષમાં વસતા દરેક જૈન-જૈનેતરભાઇ-બહેનોની, સંઘની સાધર્મિક ભક્તિ કરાઇ હતી.

પૂ.મુ. શ્રી મતિરત્ન વિ.મ. અત્રેથી રોજ વ્યાખ્યાન માટે પાવાપુરી (નવમી ખેતવાડી) આવ-જા કરતા હતા.

નાના સંઘના પ્રમાણમાં આરાધના ઉલ્લાસમય થયેલ.

ભા.સુ. ૮ના પૂ.સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી કલ્પશીલા શ્રીજી મ.ની ૭૪ મી ઓળીની તપશ્ચર્યાની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે શ્રી રજનીકાન્તભાઇ એમ. શાહના ગૃહે ચતુર્વિધ શ્રી સંઘ સાથે વાજતે-ગાજતે પધરેલ. તપ અંગે પ્રાસંગિક પ્રવચન બાદ તેઓ તરફથી ગુરુપૂજન સંઘપૂજનાદિ થયેલ.

ભરૂચમાં ભવ્ય ભાવવૃદ્ધિ-ભરૂચ ભક્તામર શકુનિકા વિહારમાં પૂ. શાન્ત તપોમુર્તિ આચાર્ય પુણ્યાનંદ સૂરિ.જી મ. પૂ. વિક્રવવિક્રમી તપસ્વી આ.શ્રી વારિષેણ સૂ.જી મ. પ્રવચનકાર મુનિશ્રી મહાસેન વિ.મ.ઠા. ૮ તથા પૂ.સા.શ્રી સરસ્વતી શ્રી મ.ઠા. ૭ ચાતુર્માસ પધારતા તા. ૧૦ ભવ્ય સામૈયુ થયેલ સમુહ આયંબિલ છ સંઘ પૂજનો આંગી આદિ સુંદર થયેલ પ્રતિદિન અખંડ અઠ્ઠમ આયંબિલો બહુમાન પર્વ ૩,થી ચાલુ છે. ઓંકાર તીર્થનું નિર્માણ છાણી વાસદ રોડ પર થઇ રહ્યું છે. વિહારમાં સુવિધા માટે ઉપાશ્રય બનશે, ભોજનશાળા ધર્મશાલા જિનાલય કલ્પસૂત્ર મંદિર સાથે નિર્માણ થશે જેનું ભૂમિપૂજન પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ સ્નાત્ર ઉત્સવ ઉજવાયેલ ભાતુ અપાયેલ છાણી અમીન નગરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા ઉત્સવ બાદ રોજ અમી ઝરણા ચાલુ છે. ભાવિકોનો ભક્તિભાવ વધી ગયો છે.

રતલામ નગરે આરાધના ભવન મધ્યે પર્વાધિરાજ પર્યુષણની આરાધના નિમિત્તે

પ. પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. તથા પ.પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ.મ. ની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ઘણી જ સુંદર રીતે થવા પામેલ. આર્હેય દિવસ વ્યા. બાદ જુદા જુદા ભાવિકો તરફથી પ્રભાવના કરવામાં આવેલ, સંવત્સરીના દિવસે પ્રાતઃ ૮ બજે ચૈત્ય પરિપાટી ત્યાર બાદ બારસા સૂત્રનું વાંચન થયેલ. તથા શ્રી સમેતશિખરજી તીર્થના રક્ષણ અંગેની રજુઆત થતાં, રૂા. વીસ હજારનું ફંડ થયેલ તથા સાંજે પ્રતિ. બાદ શ્રીફળની પ્રભાવના કરવામાં આ.વેલ.

ભા. સુદ ૮ ના રોજ પરમ પૂ. મુ. દિવ્યાનંદ વિ. મ.ની ૧૦૦+૮૫મી ઓળીની આરાધના નિમિત્તો શેઠશ્રી સુજાનમલજી જડાવચંદજી તરફથી ગુરૂપૂજન તથા શ્રી સંઘપૂજન કરવામાં આવેલ તથા શ્રેણિકકુમાર માંગીલાલજીના ૧૬ ઉપવાસ નિમિતે તે દિવસે પણ શ્રી ગુરૂપૂજન તથા સંઘપૂજન કરવામાં આવેલ. તથા પર્યુષણ પર્વમાં થયેલ વિવિધ તપશ્ચર્યા તથા પ. પૂ. મુ શ્રી દિવ્યાનંદ વિ.મ. ની ૧૦૦+૮૫ મી ઓળી ભા. સુદ ૧૪ ના પૂર્ણ થતી હોય તે નિમિતે ૫ દિવસનો શ્રી જિનેન્દ્ર ભકિત મહોત્સવ રાખવામાં આવેલ.

ભા. સુદ ૧૩ ના સવારે ૭–૩૦ વાગે કુંભસ્થાપન, દીપક સ્થાપન, જવારારોપણ, તથા ૮–૩૦ વાગે સાધ્વીશ્રીજી સુરલતાશ્રીના શિષ્યા પ્રશિષ્યાઓની તપશ્ચર્યા નિમિતે લક્ષ્મીબાઇ જૈન આરાધના ભવનની શ્રાવિકાઓ તરફથી ભવ્ય વરઘોડો નીકળેલ. તથા બપોરે વિજય મુહુર્તે પાટલા પૂજન ભા. સુદ ૧૪ ના વિજય મુહુર્તે શ્રે. ઝમકલાલ મિશ્રિમલજી કટારીયા તથા મિશ્રીમલજી માણેકલાલજી કાંકરીયા પરીવાર તરફથી શ્રી લઘુશાંતિ સ્નાત્ર, ત્યારબાદ સાકરની પ્રભાવના.

ભા. સુદ ૧૫ ના દિવસે સવારે ૮–૦૦ વાગે શ્રીમાન સમીરમલજી ચાંદમલજી લુણીયા પરિવાર તરફથી તપસ્વી સાધુ મહારાજ સાહેબ સાથે શ્રી ચતુર્વિધ સંઘમાં વાજતે ગાજતે તેમના ઘેર પગલા કરવાનાં આવેલ ત્યાં તેમના તરફથી શ્રી ગુરૂપૂજન અને શ્રી સંઘપૂજન થયેલ.

ભા. સુદ ૧૪ ના પ.પૂ મુ.શ્રી દિવ્યાનંદ વિ. મ. ૧૦૦+૮૫ મી ઓળીનો પૂર્ણાહુતી નિમિતે વ્યાખ્યાનમાં મુળ રહેવાસી હાલ નરોડાવાળા પ્રણીતકુમાર પોપટલાલ તરફથી ગુરૂપૂજન અને સંઘપૂજન રાખવામાં આવેલ

ભા. વદ ૧ ના ઓળીના પારણા નિમિતે પ. પૂ. મુ. દિવ્યાનંદવિજયજી મ. સા.ના સંસારીભાઇ મુળ રાજકોટ હાલ મુંબઇ વાળા શ્રી ત્રંબકલાલ મણીલાલ ટોળીયા તરફથી ગુરૂપૂજન અને સંઘપૂજન રાખવામાં આવેલ.

ભા. વદ ૨ના ઓળીના પારણા નિમિતે મુંબઇ નિવાસી વિનોદકુમાર રતીલાલ પારેખ તરફથી ગુરૂપૂજન તથા સંઘપૂજન રાખવામાં આવેલ.

નિયમીત વ્યાખ્યાન ચાલુ છે લોકો સારી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે.

જામનગર-દિગ્વિજય પ્લોટ-શેઠ **શ્રી** આણંદજી કલ્યાણજી પેઢી તરફથી તારીખ ૩-૮-૬૪ ના સરકયુલરના અનુસંધાને ઉપરોકત અમારી સંસ્થા (પેઢી) તરફથી અઠ્ઠમ તપની આરાધના ખૂબ જ ભાવ-આનંદ-ઉમંગથી કરાવવામાં આવેલ. પ. પૂ. પં. વજ્રસેનવિજયજી મ. સા. તથા પૂ. મુનિ કમલસેનવિજયજી મ.સા ની સાનિધ્યમાં આ તપની આરાધના ક્રિયા સાથે થયેલ. આ તપનાં અત્તરપારણાં તથા પારણા નીચે મુજબના ૪-ચાર ભાગ્યશાળીઓ તરફથી કરાવવામાં આવેલ.

(૧) શ્રી મેઘજી વિરપાર શાહ, (૨) શ્રી હેવચંદ ખીમચંદ શાહ, (૩) શ્રી કુલચંદ રામજી શાહ (૪) **શ્રી** વિરચંદ ગોસર શાહ. અઠ્ઠમતપની આરાધનાની કુલ સંખ્યા ૧૬૨ ની થયેલ છે. અત્તરપારણાં તથા પારણાનો લાભ લેનાર ભાગ્યશાળીઓ તરફથી તપસ્વીઓને ચાંદીનો સિક્કો આપી બહુમાન કરેલ. ઉપરાંત અન્ય ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૫૯૭ (અંકે રૂા. એગણસાંઇઠ) ની રોકડ પ્રભાવના થયેલ. ૩-ત્રણ દિવસ સુંદર આરાધના થયેલી. ૯૪ લોકોએ અઠ્ઠમ કરેલ નથી તેઓએ પણ ખૂબ જ સારી અનુમોદના તથા ૩-ત્રણ દિવસ શ્રી સમેતશિખર પાર્શ્વનાથાય નમઃ નો જાપ કરેલ. સારી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ છે.

અઠ્ઠમતપના ૩-ત્રણ દિવસ સુધી પ પૂ. પં-ન્યાસ વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ, પૂ. મુનિ હેમપ્રભવિજયજી મ. સા. તથા પૂ. મુનિ કમલસેનવિજયજી મ. સા. આદિ મુનિ ભગવંતોએ સુંદર શૈલીમાં આ બાબતે સવિસ્તાર વ્યાખ્યાન ફરમાવેલ. સમેતશિખર તીર્થ ઉપર જે આપત્તિ આવેલ છે તેનો વિસ્તારથી વ્યાખ્યાન વખતે દરેક વ્યકિતઓને સમજણ પડે તે રીતે સવિસ્તારથી વ્યાખ્યાનમાં વર્ણન કરેલ.

દરરોજ ૩-ત્રણ દિવસ સુધી સંઘપૂજન આદિ પ્રભાવના થયેલ.

આપના તરફથી જે તીર્થરક્ષા માટેનો ભગીરથ પ્રયાસ ચાલે છે તેમાં અમારો ઉપરોકત સંઘ સહભાગી થશે. અન્ય કોઇ બાબત વિશેષ પ્રકારે હોય તો અમોને જણાવશો.



જૈન શાસન તથા મહાવીર શાસન માટે

નવસારીના પ્રતિનિધિઓ

શ્રી ભરતભાઇ એમ. શાહ

ઠે. ડી. એન. આર. ડાયમંડ

આશાનગર ઓપ્પો હાઉસ સામે,


નવસારી ફોન નં. ૫૦૪૬૪ તથા ૫૯૫૯૧

શ્રી ભૂપેન્દ્રભાઇ ગભરૂચંદ કોઠારી

એ. જયશાલી એપાર્ટમેન્ટ,

ગ્રાઉન્ડ ફ્લોર નાગ તલાવડી

નવસારી



- ધર્મના મહિમાના વર્ણન સાંભળવા તમે ઉત્સુક છો પણ ધર્મ કરનાર કેવો હોય, તેની મનોદશા કેવી હોય તે ધ્યાનથી સાંભળતા નથી કે સાંભળ્યા પછી દરકાર પણ કરતા નથી માટે વર્ષોથી સાંભળવા છતાં હજી તમારામાં કાંઈ ફેર પડયો નથી.
- કર્મના હુકમથી જે આત્મા ધર્મ કરે તેને કદિ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતો નથી.
- સારી વાત માત્ર સાંભળવાની છે કે જીવનમાં ય ઉતારવાની છે ?
- દુઃખને ટાળવા પાપ કરે તેય ભૂંડું અને ધર્મ કરે તેય ભૂંડું.
- સંસાર કર્મથી છે. સુખ પુણ્યથી જ મળે, દુઃખ પાપથી જ આવે. અને ધર્મ કર્મના ક્ષયથી–ક્ષયોપશમથી કે ઉપશમથી આવે.
- સાધુને શું ખપે અને શું ન ખપે તે જાણે નહિ તે શ્રાવક પણ નહિ.
- પ્રમાદને પોષવા, પ્રમાદને જીવતો રાખવા પ્રમાદથી ધર્મ પણ થાય.
- મોક્ષે જવાનો રાજમાર્ગ સાધુપણું છે અને સાધુપણા માટે તલસે તેનું નામ શ્રાવક !
- ગૃહસ્થનું ઘર અભંગ દ્વાર કહેવાય. તોળી તોળીને રસોઇ બનાવે તે ગૃહસ્થનું ઘર ન કહેવાય ?
- લક્ષ્મી ડાકણ વળગે તેની પાસે નાગાઇ, લુચ્ચાઇ, બદમાશી કરાવે, ન કરવાના બધા કામ કરાવે. ભોગભૂત પણ ઘણાં મોટાં કામ કરાવે છે, ખાવા–પીવાદિ ભોગ જ નહિ પણ ઘણાં ઘણાં પાપ કરાવે છે. તેનો હિસાબ કાઢવા માટે પ્રતિક્રમણ છે. તે બધા પાપ બદ કરી કરીને માફી માંગવાની છે અને ફરીથી તીવ્ર ભાવે તે પાપ ન થાય તેની કાળજી રાખવાની છે.
- પ્રમાદ ગમે તે ધર્મનો વૈરી જ હોય.
- પ્રમાદ ભૂંડા ન લાગે તે ધર્મક્રિયા બરાબર કરી શકે જ નહિ. તેને ધર્મક્રિયામાં જ ઉતાવળ હોય.
- સાધુ પ્રમાદનો સંપૂર્ણ ત્યાગ કરે. ગૃહસ્થ તેની મર્યાદામાં ત્યાગ કરે. કમકે પ્રમાદ છોડયા વિના ધર્મક્રિયામાં સાચો ઉદ્યમ થઇ શકતો જ નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખ બાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Delivered
1/7/2001

૧૮-૭-૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ અમૃત ઢોળી વિષપાન કરે છે

यत्नेन पापानि समाचरन्ति,
धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।
आश्चर्यमेतद्धि मनुष्यलोके,
क्षीरं परित्यज्य विषं पिबन्ति ।।

અરેખર મનુષ્યલોકનું આ મોટું આશ્ચર્ય છે કે ક્ષીરનો ત્યાગ કરી વિષને પીવે છે કોણ? જેઓ યત્નપૂર્વક પાપોને આચરે છે અને અવસરે પણ ધર્મને આચરતા નથી.

વર્ષ ૭ અંક ૭

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

જ્ઞાન ગુણ ગંગા

—પ્રજ્ઞાંગ

૦ નિરૂપસર્ગ એટલે મોક્ષ. શ્રીલલિતવિસ્તરા ગ્રન્થમાં કહ્યું છે કે–
'નિરુપસર્ગો મોક્ષઃ જન્માદ્યુપસર્ગાભાવેન'

૦ શ્રદ્ધાના ભિન્નભિન્ન અર્થ–
–**શ્રદ્ધારૂચિ** : (પંચાશક વૃત્તિ) શ્રદ્ધા એટલે રૂચિ.
–**શ્રદ્ધાનિલોઽભિલાષ** : (શ્રી આવશ્યક ટીકા અ.૫) શ્રદ્ધા એટલે સ્વકીય અભિલાષા.
–શ્રધ્ધા એટલે ભક્તિ, 'સદ્ધા–ભક્ત્યાતિશય : સાભિલાષતા ઇત્યન્યે'
(આવ. ચૂર્ણિ અ. ૫)
–શ્રધ્ધા એટલે ચિત્તની પ્રસન્નતા, શ્રી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–
'શ્રદ્ધા મિથ્યાત્વમોહનીયકર્મક્ષયોપશમજન્યોદકપ્રસાદમણિ વ ચ્ચેતસઃ પ્રસાદજનની' શ્રદ્ધા મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી જલકાંતમણિની જેમ ચિત્તને સ્વચ્છ કરનારી છે.

૦ મેધાના અર્થ.
–મેધા એટલે મતિ, બુધ્ધિની, પટુતા.
–'**મેધા પટુત્વં ન પુનઃ ચલઃ**' (આવ. ચૂર્ણિ અ.૫)
–યોગશાસ્ત્રમાં 'મેધા ચ સચ્છાસ્ત્રગ્રહણપટુઃ પાપશ્રુતા–વજ્ઞાકારી જ્ઞાનાવરણીય–ક્ષયોપશમજચિત્તધર્મઃ–
મેધા એટલે સત્શાસ્ત્રને ગ્રહણ કરવામાં કુશલ, પાપશ્રુતની અવજ્ઞા કરનારે અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારો એક પ્રકારનો ચિત્ત ધર્મ.
અથવા મેધા એટલે મર્યાદાવર્ત્તિપણું પણ અસમંજસ પણાથી નહિ,
'અથવા મેધયા મર્યાદાવર્ત્તિતયા નાસમઞ્જસત્વેન !
–આવ. ચૂર્ણિમાં કેટલાક મેધાનો અર્થ '**તદ્ગુણપરિજ્ઞાનમ્**' તો કેટલાક આચાર્યો આશાતનાથી રહિત માર્ગસ્થિત 'આસાતણાવિરહિતો તચ્ચેય મગ્ગે ઠિતો ઇતિ' એ પ્રમાણે કરે છે.

૦ ધૃતિનો અર્થ.
–ધૃતિ એટલે મનનું પ્રણિધાન, ચિત્તની સ્વસ્થતા. આવ.ચૂ.માં કહ્યું છે કે–
'ધિતી મણોસુપ્પણિહાણં, ણ દુ રાગાદીહિં આકુલો–ધૃતિ એટલે મનનું સુપ્રણિધાન એકાગ્રપણું, નહિ કે રાગાદિથી આકુળ થવાપણું.

ત્રણ્ય થોયધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ મોહનલાલ ગુજરાતી (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણિલાલ શાહ (રાજકોટ)
ફૂલચંદ હરિચંદ દોશી (વઢવાણ)
પ્રાણલાલ પરમણી મુકીમ (ધોળકા)

વર્ષ ૭] ૨૦૫૦ આસો સુદ-૭ મંગળવાર તા. ૧૧-૧૦-૯૪ [અંક-૭

શ્રાવકપણું ક્યારે આવે ?

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા ઉપકારી પરમર્ષિઓ ફરમાવે છે કે—જે આત્માઓને આ સંસારનો જ રસ છે, મોક્ષની ઇચ્છા પણ પેદા થતી નથી, સંસારનું સુખ અને સંપત્તિ વિના તો ચાલે જ નહિ આવી માન્યતા જેની હોય તેવા જીવો પોતે તો ધર્મ કરે નહિ અને બીજા જે આત્માઓ ધર્મ કરતાં હોય તેને ય અંતરાય કર્યા વિના રહે પણ નહિ. આ વાત સમજાય નહિ ત્યાં સુધી આત્માને દુર્ગતિમાં જવું પડે.

આટલી સારી સામગ્રી પામેલા તમારે દુર્ગતિમાં જવું છે ખરું ? તમારા પરિવારને પણ દુર્ગતિમાં મોકલવો છે ખરો ? જો તમારે દુર્ગતિમાં ન જવું હોય અને તમારા પરિવારને પણ જો દુર્ગતિમાં ન મોકલવો હોય તો તમારે ય ધર્મશીલ બનવું જોઇએ અને પરિવારને પણ ધર્મશીલ બનાવવો જોઇએ. બને તો સાધુ ધર્મ પમાડવો જોઇએ અને કદાચ તે ન બને તો સાધુ ધર્મ પામવાની શક્તિ આવે તેવો ધર્મ પમાડવો જોઇએ તેવા જ આત્માઓ ઝટ આ સંસારથી છૂટે અને મોક્ષને પામે.

આપણી શી ઇચ્છા છે ? સંસાર ગમે છે કે મોક્ષ ગમે છે ? મોક્ષ ગમે તેને ધર્મ ગમે અને સંસાર ગમે તેને પાપ-અધર્મ ગમે. ધર્મ ગમે તે જ હૈયાપૂર્વક કહી શકે કે-સુદેવ-સુગુરુ અને સુધર્મ વિના કશું જ સારું પણ લાગતું નથી કે મેળવવા જેવું પણ લાગતું નથી, આ દુનિયાની રિદ્ધિ-સિદ્ધિ-સુખ-સંપત્તિ-સાહ્યબી તો ભયરૂપ લાગે છે. આપણે બધા સારા કુળમાં જન્મ્યા, સારી જાતિમાં જન્મ્યા, આવી સારી ધર્મસામગ્રીવાળો મનુષ્ય જન્મ

મળ્યો, આટલું સાંભળવા પણ મળે છે તો આપણને મોક્ષ ગમે છે કે સંસાર ગમે છે ? માંદગી ગમે છે ? તોય ભોગવવી પડે છે ને ? તેમ ધર્મી જીવ કદાચ સાધુ ન પણ થાય તેથી તેને સંસાર ગમે છે તેમ કહેવાય ? શ્રાવક-શ્રાવિકાને સંસાર ન ગમે, સુખ ન ગમે, સંપત્તિ-સાહ્યબી ન ગમે આ તેની ઓળખ છે. ભગવાનનું શાસન પામેલાને શું ગમે અને શું ન ગમે ? શ્રાવક-શ્રાવિકાને તો સાધુપણું જ ગમે જ અને ઝટ મોક્ષે જવાનું મન થાય. જે સાધુ-સાધ્વીને સંસારનું સુખ અને માન-પાનાદિ જ ગમત હોય તો તેની તો તમારા કરતાં ય વધારે ખરાબ હાલત થવાની છે સંસારનો પ્રેમ જ જીવતો જાગતો હોય, માન-પાનાદિનો જ ભુખ્યો હોય તેની તો વધુ ભયંકર દુર્ગતિ થવાની છે સુખ-સાહ્યબી-સંપત્તિ, માન-પાનાદિની જ ઇચ્છા ઘસડીને દુર્ગતિમાં લઇ જાય. તેવી ઇચ્છા તમારી પાસે શું શું કરાવે છે ? ઘણા ધર્મ પણ કરતા નથી તે શાથી ! ધર્મ ખરેખર સાધુપણું જ છે-તે કેટલાને ગમે છે ? સાધુપણું પણ નથી પમાતું તેનું દુઃખ પણ કેટલાને છે ? સાધુપણું ન ગમે તેને તો દુનિયાની સુખ સામગ્રી, ભોજમજાની સામગ્રી બહુ સારી લાગે. તેને મેળવવા-ભોગવવા આખી જિંદગી બરબાદ કરે.

શાસ્ત્રે તો માતા-પિતાદિને પણ ભયરૂપ કહ્યા છે. જેને તમે સારા માનો કા તેને ય ભયંકર કહ્યા છે. તે વાત સમજાય છે ? આખો સંસાર એવો છે. જે તમને દુર્ગતિમાં જ મોકલે. તમારી સદ્ગતિની ચિંતા તમને ય નથી, તમારા કુટુંબીને પણ નથી, તમારો પરિવાર દુર્ગતિમાં ન જાય તેની કાળજી તમે પણ રાખો ખરા ? આવી ચિંતા જેને ન હોય તે શ્રાવક-શ્રાવિકા કહેવાય ? ધર્મી પણ ? કહેવાય સાધુને પણ સુખ જ ગમે, માનપાનાદિ જ ગમે તો તેનું શું થાય ? આવી ચિંતા ભગવાન વિના બીજા કોણ કરે ? ભગવાન જ આપણા સાચા હિતૈષી છે, ઉપકારી છે તે વાત હૈયામાં સુનિશ્ચિત છે ?

આજના લોકો અધર્મ મજેથી કરે છે અને ધર્મને જાણી જોઇને ધક્કો મારે છે. શરીરના પ્રેમી જીવો ધર્મ કદાચ કરે તો કેવી રીતના કરે ? તમને ધર્મ કરવાનું ય મન થાય છે ? શક્તિવાળા પણ તપ કરે ? અમને તપમાં જ મજા આવે છે, ખાવા-પીવાદિમાં દુઃખ થાય છે તેમ કેટલા કહે ? સારું સારું ખાઇ-પીને કયા કયાં રખડીશું-તેમ થાય છે ? તમારે અહીંથી કયાં જવું છે ? ખોટાં કામ કરનારા પણ કહે કે મારે સદ્ગતિમાં જવું છે તો તેના જેવા નાલાયક બીજા કોણ ? અનેકને ઠગે, હિંસા ય કરે, ચોરીય કરે, જૂઠ પણ બોલે, બદમાશી ય કરે, બધા પાપ મજેથી કરે અને મારે સદ્ગતિમાં જવું છે તેમ કહે તે ચાલે ? જે માણસને કોઇના પણ લાવેલા પૈસા કયારે-આપું, કયારે આપું તે ચિંતા ન હોય તો તે શાહુકાર કહેવાય ? એવા પણ જીવે હોય

છે જે દેવાદાર હોય તો જમતી વખતે ધાનમાં ધૂળ નાખે છે. તે માને કે હું ધાન નથી ખાતો પણ ધૂળ ખાઉં છું. એવા પણ દેવાદાર છે જે પોતે લહેર કરે છે અને બીજાને દામ બગાવે છે. તમારો નંબર શેમાં છે ?

મોક્ષના રસિયા અને સંસારથી ઉદ્વિગ્ન બનેલા જીવોની આ વાત ચાલે છે. તમને સંસાર કેવો લાગે છે ? મીઠો સાકર જેવોને ? રોજ ખાવા-પીવા-પહેરવા-ઓઢવા મલે તમારી મુમારી કેટલી છે ? આવું-તેવું જોઈએ તેમ બોલો ત્યારે થાય કે, આ બધાના મોહમાં પડયા તો જઈશું કયાં ? ખાવા-પીવાદિના પ્રેમી બનેલા શું શું ખાય છે તેનું વર્ણન થાય તેમ છે ? ભક્ષ્યાભક્ષ્ય સમજી લીધું છે ? આટલો મોટો દા'ડો હોવા છતાં ય રાતે ખાવાની શી જરૂર પડી ? જેને રાતે ખાવામાં ભય લાગે નહિ, અભક્ષ્ય ખાવામાં ભય લાગે નહિ, જૂઠનો, ચોરીનો, તેમાં ય રાજ્યની ચોરીનો તો ભય જ લાગે નહિ તે બધા શ્રાવક હોય ? મોક્ષનો રસિયો બને તેનો જ સંસારનો રસ ઊઠવા માંડે તેનામાં શ્રાવકપણું આવે. તે જ આત્મા સાચા ભાવે ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરી પોતાનું-પરિવારનું આત્મ કલ્યાણ સાધી શકે.

० તે જ મોટી ભૂલ છે.

साङ्गे किं न विषद्यते वपुरिदं किं छिद्यते नामय-
र्मृत्युः किं न विजृंभते प्रतिदिनं दुह्यन्ति किं नापदः ।
सङ्गाः किं न भयानकाः स्वपनवद्भोगा न किं वञ्चकाः,
येन स्वार्थमवास्य किन्नरपुर प्रख्ये भवे वः स्पृहा ॥

વિષ આપવાથી જેમ શરીર બેભાન બની જાય છે તેમ વિષયો શરીરમાં રહીને આ દેહને ભાન વગરનો કરે છે, અનેક રોગો શરીરને ક્ષીણ કરે છે, મૃત્યુ પણ રાહ જોઈને બેઠું છે, આપત્તિઓ પણ હંમેશા દ્રોહ કરવામાં તત્પર છે, સ્ત્રી-પુત્રાદિના સંગો ભયાનક છે, સ્વપ્નમાં આવેલા પદાર્થોના ભોગોની માફક, નજરે જોવામાં આવતા ભોગો પણ વંચક બનાવનારા છે. કે જેથી સાચા સ્વાર્થને છોડીને ગંધર્વપુરના જેવા ખોટા આ સંસારમાં સ્પૃહા થાય એ જ મોટી ભૂલ કહેવાય !

० ધર્મમાં પ્રમાદ ના કરો !

तूरह धम्मं काउं मा हु पमायं खणंपि कुव्विज्जा ।
बहु विग्घो अ मुहुत्तो मावरण्हं पडिच्छाहि ।

ધર્મ કરવા માટે ત્વરા કરવી પણ જરાય પ્રમાદ ન કરવો કેમકે એક મુહૂર્ત પણ ઘણા વિઘ્નવાળું હોય છે માટે બીજા સમયની રાહ જોવી ઉચિત નથી.

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ　　અનંતલબ્ધિનાથ　　શ્રી ગૌતમ સ્વામિને નમઃ

નમામિ નિત્યં ગુરૂ રામચન્દ્રમ્

(મુંબઇ) કાંદીવલી–દહાણુકરવાડી મધ્યે

નિર્માણાધિન શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત થનાર

તારક શ્રી જિન બિંબો ભરાવવાની ઉછામણીમાં લાભ લેવા

સકળ શ્રી સંઘને હાર્દિક આમંત્રણ

(મુંબઇ) કાંદીવલી (વેસ્ટ)માં દહાણુકર વાડી મહાવીરનગર વિસ્તારમાં જૈનોની થનાર વિશાળ વસતિને નજર સમક્ષ રાખી અમોએ 'શ્રી વાસુપૂજ્ય સ્વામી' ભગવાનના મનોરમ્ય શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કાર્ય એક વરસ થયા હાથ ધર્યું છે

પૂ જૈનશાસનના મહાન જ્યોતિર્ધર કલિકાલ કલ્પતરૂ સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની દિવ્ય કૃપાથી પૂ. તપરિવરતન આ.ભ. શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ના તથા પૂ. સુવિશાળ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા.ના મંગળ આશીર્વાદથી તેમજ પૂ. મુનિપ્રવર શ્રી નયવર્ધન વિજયજી મ.ની પ્રેરણા તથા માર્ગદર્શનથી ચાલી રહેલું આ નિર્માણ કાર્ય ટુંક સમયમાં પૂર્ણ થશે.

તે નવ નિર્મિત ભવ્ય જિનાલયમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧(૪૧") ઇંચના ભગવાન આદિ તથા બાજુમાં ૨૭" ઇંચના બે એમ તારક ત્રણ શ્રી જિનબિંબો પધરાવવાના છે તે તમામ જિનબિંબો ભરાવવાની ઉછામણી પૂજ્ય તપસ્વિ સમ્રાટ આ.ભ વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ની તથા પૂ. ગચ્છસમ્રાટ આ.ભ. વિજય મહોદય સૂરીશ્વરજી મ.સા.ની પુનીત નિશ્રામાં શ્રી મોતિશા લાલબાગ ઉપાશ્રયમાં બોલાવવામાં આવશે. તો ઉછામણીના આ મંગલ પ્રસંગે પ્રભુભક્તિનો લાભ લેવા પ્રભુભકતોને નેહભર્યું નિમંત્રણ છે.

દિવસ-કારતક વદી ૩ સોમવાર ૨૧-૧૧-૯૪ સવારે વ્યાખ્યાન સમયે.

પોસ્ટ સરનામું :
પ્રભુલાલ સી. શેઠ
૧૯, બેસ્સે ટેકરીજ કમ્પાઉન્ડ,
મલાડ (વેસ્ટ) ૪૦૦૦૬૪
ફોન : ૮૮૨૩૬૧૪

લી.
શ્રી શ્વેતાંબર મૂ ત ઉદય કલ્યાણ આરાધક
જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

: સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

પ્ર૦– ૨૫ ત્રીજી સદ્દહણાનું નામ જણાવો.

ઉ૦ વ્યાપન્ન દર્શન વર્જન.

પ્ર૦–૨૬ ત્રીજી સદ્દહણાનું સ્વરુપ સમજાવો.

ઉ૦ વ્યાપન્ન એટલે નાશ પામ્યું છે દર્શન નામ સમકિત જેનું તેવા નિહ્નવ વગેરે વ્યાપન્ન દર્શન કહેવાય તેમનું વર્જન નામ ત્યાગ કરવો તે ત્રીજી વ્યાપન્ન દર્શન વર્જન નામની સદ્દહણા છે.

પ્ર૦–૨૭ પ્રાપ્ત થયેલું સમકિત ચાલ્યું જાય તેને શાસ્ત્રીય પરિભાષામાં શું કહેવાય છે ?

ઉ૦ સમકિતનું વમ્યું કર્યું કહેવાય છે.

પ્ર૦ ૨૮–સાધુવેષમાં રહેલા નિહનવ આદિને કેવા કહ્યા છે ?

ઉ૦ કુગુરૂ.

પ્ર૦ ૨૯–સાધુવેષમાં પણ કુગુરૂ હોય ને ?

ઉ૦–હા.

પ્ર૦ ૩૦–તે કુગુરૂ કેટલા છે ?

ઉ૦–પાંચ.

પ્ર૦ ૩૧–કયા કયા ?

ઉ૦–પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ.

પ્ર૦ ૩૨–પાર્શ્વસ્થ કોને કહેવાય ?

ઉ૦–જ્ઞાનાદિની પાસે રહે–પૃથક્ જુદો રહે, અથવા મિથ્યાત્વાદિ જે કર્મબંધના હેતુઓ તે રૂપી જે પાશ જેવા પાશોની પાસે જે રહે તેનું નામ પાર્શ્વસ્થ છે.

તેમાં સર્વથી પાર્શ્વસ્થ જે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રથી રહિત, કેવળ વેષધારી છે તે. તથા દેશથી પાર્શ્વસ્થ જે કારણ વિના પણ શય્યાતર-અભ્યાહૃત, રાજપિંડ, નિત્ય-પિંડ આદિને વાપરે અથવા આ મારા જ કુલો છે બીજાના નહિ તે રીતે કુલનિશ્રાથી વિચરે તે.

પ્ર૦ ૩૩–અવસન્ન કોને કહેવાય ?

ઉ૦–સામાચારીના સંબંધમાં જે પ્રમાદી હોય તે અવસન્ન કહેવાય છે તેના પણ સર્વ અને દેશથી એમ બે પ્રકાર છે. તેમાં સર્વથી અવસન્ન અવબદ્ધપીઠફલકવાળો અને સ્થાપના ભોજી હોય તે.

દેશથી અવસન્ન આવશ્યક, સ્વાધ્યાય, પડિલેહણા, ભિક્ષાચર્યા, ધ્યાન આદિ યોગોને સર્વથા ન પણ કરે અથવા હિત કે અધિક કરે.

પ્ર૦ ૩૪–કુશીલ કોને કહેવાય ?

ઉ૦–કુત્સિતં શીલમસ્યેતિ–કુશીલઃ અર્થાત્ ખરાબ છે શીલ જેનું તે કુશીલ કહેવાય છે. તે જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલ એમ ત્રણ પ્રકારે છે.

આઠ પ્રકારના જ્ઞાનાચાર અને આઠ પ્રકારના જે દર્શનાચાર છે તેને સારી રીતના ના કરે અને વિરાધનાદિ કરે તે જ્ઞાનકુશીલ અને દર્શનકુશીલ કહેવાય છે.

કૌતુક–ભૂતિકર્મ, પ્રશ્નના પ્રશ્ન, નિમિત્ત, વિદ્યા–મન્ત્રાદિ વડે જીવે તે ચારિત્રકુશીલ કહેવાય છે.

પ્ર૦ ૩૫–સંસક્ત કોને કહેવાય ?

ઉ૦–ગુણ–દોષોથી જે મિશ્રીત હોય તે સંસક્ત કહેવાય છે. જેમકે, ગાય આદિના ઘળમાં–આવામાં ઘેહું–જૂહું જે ભોજનાદિ હોય તે ખાય છે તેની જેમ મૂલ ગુણ અને ઉત્તરગુણોની સાથે ઘણા બધા દોષો પણ જેનામાં સંનિહીત હોય છે તે કારણથી તેને સંસક્ત કહેવાય છે. તે પણ સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ ભેદથી બે પ્રકારે છે.

તેમાં પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવમાં પ્રવૃત્ત હોય, રસ–ઋદ્ધિશાતા રૂપ ત્રણ ગારવમાં પ્રતિબદ્ધ હોય, સ્ત્રીનો પ્રતિ સેવી હોય, ગૃહસ્થના ધન–ધાન્ય, દાસ–દાસી, પશુ આદિની ચિંતા કરનારો હોય તે સંક્લિષ્ટ સંસક્ત કહેવાય છે.

પાર્શ્વસ્થાદિ મળે ત્યારે તેમના જેવો દેખાવ કરે અને સંવિગ્નો મળે ત્યારે તેમના જેવો દેખાવ કરે તેને અસંક્લિષ્ટ સંસક્ત કહેવાય છે.

પ્ર૦ ૩૬–યથાછંદ કોને કહેવાય ?

ઉ૦–જે સ્વયં ઉત્સૂત્રનું સેવન કરે અને બીજાઓની પાસે પણ તેની જ પ્રરૂપણા કરે તે યથાછંદ કે સ્વચ્છાછંદ કહેવાય છે. તે સ્વચ્છંદ મતિવાળો, સુખશીલીયે, વિગઇમાં પ્રતિબદ્ધ અને ગારવમાં લીન હોય છે. (ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૨૫. મહાસતી સિંહિકા દેવી

"હે પ્રાણનાથ ! તમારા વિના આ આંખોથી જો મેં કયારે ય પણ અન્ય પુરૂષને જોયો ન હોય તો તમારો આ દાહજ્વર દૂર થઇ જજો."

વાઘણ બનેલી માતાના મરણતોલ ઉપસર્ગને સહેતાં સહેતાં જ કેવલજ્ઞાન પામીને સુકોશલ મુનિ નિર્વાણ પામ્યા.

આ બાજુ સુકોશલ રાજાની પત્ની ચિત્રમાલાએ પુત્રને જન્મ આપ્યો. હિરણ્યગર્ભ ન મનો આ પુત્ર પણ પૂર્વજોની પરંપરાગત વારસામાં આવેલી રાજ ગાદી ઉપર પુત્ર નઘુષને સ્થાપન કરીને પૂર્વજોની પરંપરાગત વારસામાં આવેલી દીક્ષાને શ્રી વિમલમુનિ પાસે ગ્રહણ કરે છે.

આ નરસિંહ નઘુષને સિંહિકા નામની પત્ની હતી. તેની સાથે નઘુષ રાજાની સંસારી જિંદગી વીતી રહી છે.

એક દિવસ ઉત્તરાપથના રાજાઓને જીતવા માટે સિંહિકા દેવીને રાજ્ય સોંપીને નઘુષ રાજાએ યુદ્ધનું પ્રયાણ કર્યું "નઘુષ નથી" એમ નકકી કરીને દક્ષિણાપથના શત્રુ રાજાઓએ અયોધ્યા નગરીને ઘેરો ઘાલ્યો. અખી અયોધ્યા નગરી દક્ષિણાપથના શત્રુસૈન્યના ઘેરામાં ફસાઇ ગઇ.

નગરીને ઘેરાયેલી જાણીને સિંહિકા દેવી પુરૂષની જેમ એકલી જ એકલે હાથે શત્રુરાજાની ફોજોને સામનો કરવા લાગી. અને સિંહિકાના સિંહણ જેવા સત્ત્વની સામે હાથી જેવા શત્રુરાજાઓ પરાસ્ત થઈને ભાગી છૂટયા.

આ તરફ નઘુષ રાજા પણ ઉત્તરાપથને જીતીને પાછો ફર્યો અને તેણે પત્નીના વિજયના સમાચાર સાંભળ્યા. અને તેણે વિચાર્યું કે-"આ રીતે શત્રુરાજાઓ સામે સંગ્રામ ખેડવો એ ધૃષ્ટતા છે. મારી જેવાને પણ આવું શત્રુ સામે સંગ્રામ ખેડવાનું કામ દુષ્કર છે. તેથી મહાકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓને માટે તો સંગ્રામ ખેડવો કોઇ રીતે યોગ્ય નથી. તેથી ચોકકસ આ સિંહિકા અસતી છે. સતી સ્ત્રીઓ તો પતિને દેવતા માનનારી હોય છે. પતિની સેવા કરવા સિવાયનું તે કશું જાણતી પણ નથી હોતી તો આવો સંગ્રામ ખેડવાનું તો શી રીતે જાણે ?" આ પ્રમાણે વિચારીને ખંડિત થઇ ગયેલી પ્રતિમાની જેમ નઘુષ રાજાએ સિંહિકા દેવીનો તાત્કાલિક પરિત્યાગ કર્યો.

સતીત્વના અણુદાગ (કલંક વિનાના) રક્ષણ સામે જયારે અસતીત્વનો આક્ષેપ મૂકીને સતીત્વની ખાત્રી કર્યા વિના જ મહાસતીઓને તરછોડી દેવામાં આવે છે ત્યારે અસતીત્વનો આક્ષેપ તેમના માટે એક જીવતું મોત બની જાય છે.

નઘુષ રાજાએ સિંહિકાદેવીનો પરિત્યાગ કર્યો. કાળ વીતતો જાય છે. એક વખત નઘુષ રાજાને ભયંકર દાહજ્વર પેદા થયો.

(અનુ. પેજ ૨૬૫ ઉપર)

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

મસ્તક રેખા ખોવાઈ ગઇ છે.

સંદેશમાં જાહેરાતના શબ્દ દીઠ ૬ રૂપિયા હતા. એમાં ય જો ગુરૂવારે છપાવો તો તમને ૧૦ ટકા કમિશન મળે. આ જાહેરાતનો લાભ લેવા મેં વિચાર્યું. મારા મિત્રને મેં બરાબર ચડાવ્યો તો ના કે'વાય. પણ ઉત્સાહિત કર્યો.

મિત્રમોતી બોલ્યા–શું છપાઇએ ?

મેં કીધુ–લખાણની જવાબદારી તું મને સોંપી દે.

તે બોલ્યો–"તથાસ્તુ" (હાથ ઉંચો કરીને વિધિપૂર્વક બોલ્યો હો. જૈન શાસ્ત્રોમાં છ પ્રકારના રસ છે ને ૧) શૃંગારરસ ૨) વીર રસ ૩) બિભત્સ રસ ૪) હાસ્ય રસ ૫) કરૂણ રસ ૬) સાલુ હૈયે છે ને હોઠે નથી. કંઈ નહિ યાદ આવશે ત્યારે જણાવી દઇશ. એટલે વાત એ હતી કે આ હાસ્ય રસનો અમારો મિત્રહીરો કદરદાતા ખરો. અથવા તો મારા સંપર્કથી તે પણ...)

મેં મેટર તૈયાર કરીને મોકલી દીધુ. મારૂ મેટર ખોટી પાવલીની જેમ મને રીટન થયું. હું સાલી બહુ જ ગડમથલમાં પડયો. થયુ પણ ખરૂ કે સાલુ મારૂ મેટર આજ સુધી પાછુ નથી ફર્યું ને આજે આમ કેમ ? મેં પૈસા છપાય કે તરત જ આપી દેવાની તમારા સમ ખાવાપૂર્વક ખાત્રી આપેલી. અને મોતીના દાણાથી જ લખેલુ. કોઇને ખાનગી ના લાગે એટલે કાર્ડમાં જ લખેલુ. ખાનગી રાખવું હોત તો જાહેરાતમાં આપત જ નહિ ને. લખાણ પણ સો ટકા પૂરાવા સાથે સત્ય હતું. અને હજી તો કાર્ડનો ભાવ પણ વધ્યો નથી. અને આ જાહેરાત નનામી પણ ન હતી. અરે ! આગળ વધીને કહું તો આ તો ઇનામી જાહેરાત હતી.

મારા લેખથી ડરી જઈને છાપાવાળાને પ્રેસની જગ્યા બદલવી પડે તેવું પણ ન હતું. ટપાલી પણ બદલાયો ન હતે. પાંચ–દશ દિવસ પછી આવે તેવી તારીખ પણ ન હોતી લખી કે જેથી ચેકની જેમ રીટન થાય. પીન કોડ નંબર કે ટેલીફોન નંબર પણ બદલાયા નહતા. સો–બસો રૂપિયા સુધીનો કોઇપણ માણસ મને ઉધાર આપે તેવી મારી ચોમેર ક્રેડીટ ફેલાયેલી જ હતી.

ચિંતનના આ ગહેરા સમંદરમાંથી આખરે અનંત કાળે પણ મને સત્ય સમજાયું કે–"મેં પોસ્ટકાર્ડમાં સરનામુ મારા જ ઘરનું લખેલુ" આ કારણ જાણીને તમારી જેમ મને પણ હસવું આવ્યુ જ હશે. અને આ દુર્ઘટના પરથી મને "સંગ એવો રંગ" આ કહેવત જરા અળખામણી લાગી. કેમ ?

એનું કારણ–મેં જાહેરાતનું મેટર લખેલુ તે જ હતું મેં લખેલું કે–"અમારા મિત્રમોતીના હાથમાંથી કોઈ હસ્તરેખા નિષ્ણાત જીવતી યા મરેલી મસ્કતરેખા શોધી આપશે તેમને મારા મિત્ર તરફથી હજાર

હાસમપુરા તીર્થ (ઉજ્જૈન) (મધ્યપ્રદેશ) માં
પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

ઉપધાન તપ

ભાવભર્યું ખાસ આમંત્રણ

સુજ્ઞ ધર્મબંધુ,

સહુના સાથ સહકારથી જણાવવાનું જે તીર્થની નૈસર્ગિક ભૂમિમાં દોષ ન લાગે તેવા વાતાવરણમાં પ્રાચીન ઐતિહાસિક હાસમપુરા તીર્થમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુના સાનિધ્યમાં પૂજ્ય હાલારદેશોદ્ધારક આચાર્યદેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની પુનીત નિશ્રામાં આયોજન કર્યું છે.

આ ઉપધાન તપમાં દેશમાંથી તથા પરદેશ આફ્રીકા લંડન અમેરિકા વિગેરથ પણ પધારીને તપમાં જોડાવા ખાસ નમ્ર વિનંતિ છે.

卐 ઉપધાન તપના મુહૂર્તો 卐

પ્રથમ મુહૂર્ત્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૦ સોમવાર તા. ૨૮-૧૧-૯૪
બીજું મુહૂર્ત્ત :- વિ.સં. ૨૦૫૧ કારતક વદ ૧૨ બુધવાર તા. ૩૦-૧૧-૯૪

લિ.
શાહ નથમલ ટેકચંદજી (વાસાવાળા)
C/o. મગનલાલ વીરચંદ શાહ
૬૫ સર હુકમચંદ માર્ગ ઇંદોર-૪૫૨૦૦૧ (M.P.)

હાસમપુરા તીર્થ ઉજ્જૈનથી ૧૩ કિ.મી. છે ઉજ્જૈન આવવા ટ્રેનો બસો બધી બાજુથી મળે છે. કારતક સુદ પાંચમ સુધી નામ આવી જાય તેમ કરવા વિનંતી.

નામ લખાવવાના સ્થળ :- (૧) ઉપધાન કરાવનાર (૨) અર્બુદગિરિ જૈન ઉપાશ્રય ઇંદોર (૩) શ્રી વિમલનાથ જૈન દેરાસર ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (૪) પ્રેમચંદ લાભમલ દોઢીયા ધર્મેશ્વર ૬૫-૬૬ એચ.કે. માર્ગ માટુંગા બી.બી. મુંબઇ (૫) મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા બજાર અમદાવાદ (૬) મેઘજી વીરજી દોઢીયા નાઇરોબી (૭) રતિલાલ ડી. ગુઢકા ૧૧૭ સડબરી મીડલસેક્ષ લંડન (૮) ઓસવાળ યાત્રિક ગૃહ તળેટી રોડ, પાલીતાણા

પ્રવચન પરિજાત પત્રક

સ્વ પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- નવપદ સમજે તે સંસારનો વૈરી બન્યા વિના રહે નહિ.
- જૈન શાસનનો સાર નવપદ જ છે.
- શ્રી અરિહંત પરમાત્મા ન થયા હોત તો જગતનું શું થાત ? શ્રી અરિહંત પરમાત્મા થયા માટે દેવ-મનુષ્યગતિ જીવતી જાગતી છે નહિ તો મોટો ભાગ નરક-તિર્યંચમાં હોત !
- નવપદના આલંબનવાળો સુખમય સંસારમાં પણ દુઃખપૂર્વક વસે.
- ધર્મસામગ્રી સાધુ થવાનું, શ્રાવક થવાનું, સમકિત પામવ નું શીખવે, છેવટે નીતિ પૂર્વક જીવવાનું શીખવે. અનીતિથી રાતી પાઇ મેળવવી પડે તેના કરતાં મરવું સારું તેમ શીખવે.
- આખા જગતમાં મોહનું સામ્રાજ્ય ફેલાયું છે. મોહે બધાને મૂઢ બનાવ્યા છે. હું આત્મા છું તે જ ભૂલાઇ ગયું છે. શરીર તે જ આત્મા છે. ચોવીશે ય કલાક શરીરની ચિંતા કરે પણ આત્મામાં કયા કયા દોષ છે આત્માની કેવી સ્થિતિ છે તેની ચિંતા જ નથી.
- ભવિષ્યનો વિચાર ન કરે તે ડાહ્યો કહેવાય કે ગાંડો ?
- બાર ભાવનાવાળો સંસારના સુખમાં કદિ લેપાય નહિ, દુઃખમાં કદિ ગભરાય નહિ.
- શરીરના ધર્મો જુદા છે, આત્માના ધર્મો જુદા છે. શરીરના ધર્મોથી છૂટવું છે અને આત્માના ધર્મો પેદા કરવા છે. આત્માનો ગુણ જ્ઞાન છે. સુખ જેને સારું લાગે અને દુઃખ જેને ભૂંડું લાગે તે અજ્ઞાની છે.
- સુખ ભૂંડું લાગે તે માટે ધર્મ કરવાનો. દુઃખ સારૂં લાગે તે રીતે વેઠીને ધર્મ કરવાનો. સુખે ધર્મ કરનારા ધર્મ કરતા નથી. મારાથી આ આ ન થાય તે બાયલા શું ધર્મ કરવાના છે ?
- આ જનમ સુખ ભોગવવા માટે છે કે ધર્મ કરવા માટે છે ? ધર્મ કષ્ટ વેઠવાથી થાય કે કષ્ટ વેઠ્યા વગર થાય ?

જૈન શાસન અઠવાડિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન [illegible]વજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે [illegible] છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૨૪૯ આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર ૨૯-૯-૮

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વર્ષ ૭ અંક ૮

સંસારનું સર્જન રાગ-દ્વેષનો જ આભારી છે.

को दुक्खं पाविज्जा ?
कस्स व सुक्खे हि विम्हओ हुज्जा ?
को व न लहिज्ज मुक्खं ?,
रागद्दोसा जइ न होज्जा ॥

જો રાગ અને દ્વેષ ન હોત તો આ સંસારમાં કોણ દુઃખ પામત ! કોને સુખમાં વિસ્મય થાત ! મોક્ષને કોણ ન મેળવત ?

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

: સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

પ્ર૦ ૩૭–ચોથી સદ્દહણાનું નામ શું છે ?

ઉ૦–કુદર્શન વર્જન.

પ્ર૦ ૩૮ ચોથી સદ્દહણાનું સ્વરૂપ સમજાવો.

ઉ૦–કુ નામ ખરાબ છે દર્શન જેમનું એવા જે પરમતો–મિથ્યામતો–બૌદ્ધ–ચાર્વાક–વૈશેષિક–સાંખ્ય–ન્યાય–વેદાંતિક–મિમાંસક વ. તેમનું જે વર્જન નામ ત્યાગ કરવો તેનું નામ કુદર્શન વર્જન નામની ચોથી સદ્દહણા છે.

પ્ર૦ ૩૯–આવું કહેવાનું કારણ શું છે ?

ઉ૦–વ્યાપન્ન દર્શન અને કુદર્શન વર્જન કરવાનું કારણ એ છે કે, જે સમ્યક્ત્વ ગુણને મલીન કરનારા યાવત્ નાશ કરનારા છે. તેવું ન થાય માટે તે બંનેનો ત્યાગ કરવાનો છે જેથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ સ્થિર બને અને નિર્મલતાને પામે.

પ્ર૦ ૪૦–હીન જીવોના સંગનું ફળ જણાવો.

ઉ૦–ગુણની પ્રાપ્તિ ન થાય.

પ્ર૦ ૪૧–હીન જીવના સંગના ત્યાગનું ફળ શું ?

ઉ૦–ગુણની પ્રાપ્તિ.

પ્ર૦ ૪૨–કયા દૃષ્ટાંતથી આ વાત સમજાવી છે ?

ઉ૦–સમુદ્રમાં જતું નિર્મલ–મીઠું એવું પણ ગંગાનું પાણી ખારું થઈ જાય છે તે.

પ્ર૦ ૪૩–આવું દૃષ્ટાંત આપવાનું કારણ શું ?

ઉ૦–ગુણહીનોની સોબત સ્વાભાવિક જાતિ–કુલગત સુંદર ગુણોનો પણ ઘાત કરે છે માટે તેવાથી દૂર રહેવું જોઈએ. પ્રાપ્ત ગુણોની રક્ષા અને અપ્રાપ્ત ગુણોને પમાડવા માટે નિષ્કારણ ઉપકારી પુરૂષો કેટલી કાળજી રાખે છે તે સમજાય છે.

પ્ર૦ ૪૪–સદ્દહણાના પાલનથી કયો ગુણ પ્રાપ્ત થાય ?

ઉ૦–સ્થિરતા નામનો.

પ્ર૦ ૪૫–સદ્દહણાના અપાલનથી શું નુકશાન થાય ?

ઉ૦–સમકિતની પ્રાપ્તિ તો ન થાય પણ સ્થિરતાદિ ગુણો પણ ન આવે.

પ્ર૦ ૪૬–ત્રીજી સદ્દહણાને યથાર્થ સમજનારો જીવ માત્ર સાધુવેષ જ પૂજનીક એમ માને કે બોલે ?

ઉ૦–ના.

પ્ર૦ ૪૭–ત્રીજી અને ચોથી સદ્દહણાને કોણ ન પાળી શકે ?

ઉ૦–'સર્વ ધર્મ સમ અને મમ' માને તે 'આપણે તો બધાય સારા–પ્રાચા અને સરખા ! માને તે.'

(ક્રમશઃ)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર મોરચંદ શેઠ
(અમદાવાદ)
ખાનચંદ પદમશી ગુઢકા
(થાણા ગઢ)

વર્ષ ૭] ૨૦૫૦ આસો સુદ-૧૪ મંગળવાર તા. ૧૮-૧૦-૯૪ [અંક-૮

સારા કોણ ?

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

આ સંસાર જેમને સારો લાગે, મોક્ષની ઇચ્છા ય ન હોય, તેવા લોકો ધર્મ કરતા હોય તો ય નથી કરતા, ધર્મ કરીને ઘણો અધર્મ કરે છે. ધર્મ પણ એટલા માટે કરે કે, વધુ ને વધુ પૈસાટકાદિ મળે, ઘણી મોજમજા કરીએ. પછી તે એવા પાપી બને જેનું વર્ણન ન થાય. તેને એક પાપ તે પાપ પણ ન લાગે અને સંસારમાં ઘણો કાળ ભટકે.

આજે તમે વેપારાદિમાં પણ પ્રામાણિક છો ખરા ? ભલો ગ્રાહક આવે તો તેને તો ઠગો નહિ જ ને ? આજે તમારી ઉપર વિશ્વાસ રાખે તે નિર્ભય ખરો ? જેટલા લોભિયા તે સારા હોય જ નહિ. લોભને ભૂંડો માને તે સારા બને. જેટલા પૈસા-ટકાદિ મળે તે બધું ઓછું જ લાગે તેનું નામ લોભી ! લોભી બનેલો તો સગા મા-બાપને ય ઠગે. આજે તો તમારી ઘણીયાણી પણ તમારા પર વિશ્વાસ નથી રાખતી. તે તેના પૈસા તમારી પેઢીમાં ન મૂકે, બીજે-બેંકાદિમાં મૂકે. લોભી જીવ કોઇને ય ન છોડે. તો લોભ ભૂંડો જ ને ! તે કરતા ભય લાગે ખરો ? લોભ સારો લાગે તો નરકમાં જ લઇ જશે તેમ વિશ્વાસ છે ? તમે નરક માનો છો ? નરક માનતા હોત તો મોટા આરંભ કરત ! તે પણ મજેથી !! આજે મોટાં મોટાં કારખાનાવાળા મજેથી વેપારાદિ કરે છે કે દુઃખથી ? આ લોભ કયાં લઇ જશે તેવી ચિંતા થાય છે ? આવી ચિંતા થાય તે મરતા સુધી આવો વ્યાપાર કરે ? દિકરાને પણ સલાહ ન આપે કે આ કરવા જેવું નથી. ધંધો છોડેલા સુખી માણસો કેટલા છે ? દીકરા કમાતા થયા પછી પણ બાપ ધંધો ન કરે તેવા કેટલા છે ? જેની પાસે આજીવિકાનું સાધન હોય તેવા ધર્માત્માને વેપાર-ધંધાદિ કરવાનું મન હોય ખરું ? આજે તો ઘણા ધર્મ પણ લોભને સફળ કરવા માટે કરે છે. અહીં

આવનારા તમને લોભ કરવા જેવો નથી તેમ લાગે છે ? આજે મોટા ભાગને લોભ પાપ જ નથી લાગતો, અહીં આવનારને પણ. આજના ઘણા તો ભગવાનને ય ઠગે તેવા છે. ભગવાનને જે ઠગે તે અમને ય છોડે ? જેની પાસે પૈસા-ટકાદિ હોવા છતાં પણ વેપારાદિ કરે છે તે લોભ સતાવે છે માટે. પણ તેનું અમને ઘણું દુઃખ થાય છે તેવા કેટલા ? આવા હોય તેનો ય નંબર રાખવો છે, બાદબાકી નથી કરવી, પણ મને તો તેવા ય દેખાતા-મલતા નથી !

આજે તો વેપારાદિમાં અનીતિ વગર તો ચાલે જ નહિ તેમ અમને સમજાવવા સારા સારા માણસો મહેનત કરે છે. નીતિની વાત કરું તે ઘણાને પસંદ નથી. લોકોની પત્તર ખાંડે છે તેમ માને છે. શ્રાવકો પણ કહે કે-અનીતિ વગર તો વેપાર થાય જ નહિ, અનીતિ ન કરીએ તો ભુખે મરવું પડે, નીતિપૂર્વક જીવવા માંડીએ તો જીવ ય જ નહિ-' ત્યારે અમને ઘણું દુઃખ થાય છે કે, આવાને શ્રાવક પણ કઇ રીતના કહેવાય ! માની લો કે દુઃખી લોકો જ અનીતિ કરતા હશે પણ સુખી લોકો તો અનીતિ નહિ જ કરતા હોય ને ? આજે તો સુખી લોકો જ વધારે અનીતિ કરે છે, નહિ કરનારને બેવકુફ-મૂરખ કહે છે. અમને અણસમજુ કહે છે કે, સાધુઓને શી ખબર પડે, આગળ બેઠે ઉલાળ નહિ, પાછળ ધરાર નહિ. તમે બધા આવા ન હો તો આનંદ થાય, મારે તમને આવા બનાવવા છે.

તમે બધા રોજ સાંભળનારા, હા...જી...હા... કરનારા હજી સંસારમાં જ છો. સાધુ નથી થયા તે થવું નથી માટે કે થવાની શક્તિ નથી માટે ? શ્રાવક માત્ર સાધુ થવાની ઇચ્છાવાળો જ હોય, સમજુ થાય ત્યારથી સાધુ થવાની મહેનત કરે અને શક્તિ હોય તો થયા વિના રહે પણ નહિ, ન થવાય તેનું દુઃખ પણ હોય. તમને આવું દુઃખ છે ?

તમે બધા કહો કે-'અમે તો સંસારના સુખ અને સંપત્તિને તો દુર્ગતિમાં જ લઇ જનારા માનીએ છીએ, તેનો લોભ એ તો મોટામાં મોટું પાપ છે તેમ અમારી છાતીમાં લખાઇ ગયેલું છે. અમે સુખે જીવી શકીએ અને ધર્મ સારી રીતના કરી શકીએ તે પૂરતો વેપાર-ધંધાદિ કરીએ છીએ. અમારી ઇચ્છા તો ઝટ સાધુ થવાની છે અને ભગવાનની આજ્ઞા મુજબ સાધુપણું પાળી વહેલામાં વહેલા મોક્ષે જ જવાની છે.' આવું હૈયાથી બોલો તો આનંદ થાય. શ્રાવકપણું પામેલા શ્રાવકો માત્રની ઇચ્છા તો સાધુ થવાની જ હોય, ખરેખર શેઠ પણ કોણ કહેવાય ? જેની આંખ સામે જે કોઇ દુઃખી ચઢે તેને સુખી કરવાની શક્તિ હોય તો સુખી કર્યા વિના રહે નહિ તેનું નામ શેઠ !! કોઇને ઠગનારો શાહ લખાવી શકે ? જેટલી બુદ્ધિ મલી છે તે બીજાને ઠગવામાં ઉપયોગ

કરે તેને શાહ કહેવાય ખરો ?

ભગવાનનો ધર્મ સાચા ભાવે કરવો હોય તેને બધાથી માતા-પિતાદિ સ્નેહી સંબંધી આદિથી પણ સાવધ જ રહેવું જોઇએ. સાવધ ન હોય તે ફસી જાય તેને માટે તો માતા-પિતાદિ પણ ભયરૂપ બને. જેને દુનિયાનું સુખ કે સુખનું સાધન પૈસો ભયરૂપ ન લાગે તેને આ વાત શી રીતના સમજાય ? સુખ અને સંપત્તિ જેને ભયરૂપ ન લાગે તે માણસ બગડ્યા વિના રહે નહિ. બધા પાપ, અકરણીય પણ લાગે નહિ. પછી આ જીવન બગડે તેમાં કોનો વાંક ? તેનું ધર્મીપણું પણ ચાલ્યું જાય.

ખરેખર ધર્માત્માને તો આ દુનિયાની સુખ-સંપત્તિ ન છૂટકે મેળવવી પડે તો મેળવે અને ન છૂટકે ભોગવવી પડે તો ભોગવે. પણ તે બે ચાલે તો મેળવવા જેવી નથી, ભોગવવા જેવી નથી તે વાત તેના હૈયામાં લખાયેલી હોય. તેથી તે બેને જે છોડી દે તેને જ સારા માને. મારા જીવનમાં પણ આવો વખત કયારે આવે તે જ ઇચ્છા હોય. તમે બધા જો સુખ-સંપત્તિ ભૂંડી લગાડતા આવતા હોત તો અનીતિ કરતા જ ન હોત. તમે જ કહેત કે અનીતિ તો કરવા જેવી જ નથી. આવી દશા પેદા કરવા પ્રયત્ન કરો તેટલી ભલામણ છે.



૦ દુર્ગતિનાં સાધનો

धण-संचओ अ विउलो, आरंभ-परिग्गहो अ वित्थिण्णो ।
नेइ अवस्सं मणुसं, नरगं-तिरिक्खजोणिं वा ।।

વિપુલ-ઘણો પૈસો ભેગો કરવો અને વિસ્તીર્ણ-મોટા પાયે આરંભ-પરિગ્રહ-સંસારની પ્રવૃત્તિઓ કરવી અને માલમિલકત-આદિનો પરિગ્રહ કરવો, તે મનુષ્યને અવશ્ય નરક કે તિર્યંચ-યોનિમાં લઇ જાય છે.

૦ ત્યાં સુધી નિર્વાણ નથી.

'नादंसणिस्स नाणं, नाणेण विणा न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ।।

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્ય. ૨૮, ગા. ૩૦) માં કહ્યું છે કે-સમકિતથી રહિતને જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય અને ચારિત્રના ગુણો વિના મોક્ષ ન હોય. જેને મોક્ષ નથી તેનું નિર્વાણ પણ નથી.

એક ચિંતન

સમાધિની ચાવી

આ સંસારનું સર્જન સંક્લેશથી છે. જેને વિષે જીવો વારંવાર ક્લિષ્ટ પરિણામવાળા બને છે તેનું નામ સંક્લેશ છે. સાદી ભાષામાં વિચારીએ તો ચિત્તને જે સંતાપ-પીડા ઉપજાવે તેનું નામ સંક્લેશ છે. તે સંક્લેશનું મૂળ રાગ અને દ્વેષ છે. જીવને પીડા ઉપજાવનારા પણ જો ક્રોધ હોય તો આ રાગ અને દ્વેષ જ છે તે સૌના અનુભવની વાત છે. જેના જેના ઉપર રાગ થાય કે દ્વેષ થાય ત્યારે હૈયામાં શું શું વિચારો આવે છે તે બધા સારી રીતના જાણે છે અને તેનો ઇચ્છિત અંજામ ન આવે તો કેવી પીડાને પામે છે તેની ય ખબર છે. રાગ તે માયા અને લોભ સ્વરૂપ તો પ્રત્યક્ષ છે જ સાથે સાથે માન સ્વરૂપ પણ મનાયો છે. દ્વેષ તે ક્રોધ અને માન સ્વરૂપ પણ છે. તેથી જ્યારે તેમાં વાંધો આવે છે, પોતાનું ધાર્યું થતું નથી, પોતાનો અહંકાર ઘવાય છે કે નડે છે ત્યારે ચિત્તમાં સંક્લેશ પેદા થાય છે અને સંક્લેશને આધીન થયેલા ચિત્તવાળો જીવ જે જે વિચારો કરે છે–કલ્પનાઓના ઘોડાઓ દોડાવે છે તેથી વધુ ને વધુ દુઃખી થાય છે. પેટ ચોળીને ચૂલની પીડા કરે છે. ભાઈ! આવી પારકી પંચાતની પંચાઈમાં મજા નથી તેમ કોઇ હિતૈષીની સાચી વાત પણ કાને ધરતો નથી!

જેમ દ્વેષની યોનિ રાગ છે તેમ ક્રોધની યોનિ દ્વેષ છે. જેના ઉપર સકારણ કે અકારણ પણ ગુસ્સો આવે છે તે પૂર્વે અને પછી તેના માટે શું શું થાય છે, કેવો દુર્ભાવ, તિરસ્કાર કે નફરત થાય તે ક્રોધી અવસ્થાવાળાને અનુભવમાં છે. શાંતિથી વિચારે અને થોડી ય સમજ હોય તો તેને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યા વિના રહે નહિ!

વિચારીએ તો સમજાય તેવું છે કે ગુસ્સાનું મૂળ જાણતાં કે અજાણતા કરેલો અપરાધ છે. અને અપરાધનું મૂળ ભૂલ છે કાં કરેલી ભૂલને ન સ્વીકારવી તે છે ગેરસમજ અણસમજથી ભૂલ થવી પણ શક્ય છે, અપરાધ થવો પણ શક્ય છે, પણ તેનો બચાવ કરવો કે છુપાવવા પ્રયત્ન કરવો તે તો આત્માની પાયમાલીનો રસ્તો છે. કેમકે, એક ભૂલનો બચાવ સો ભૂલ કરાવે તેના કરતાં સરળતાથી જે થયું તેનો સ્વીકાર કરવો તે જ સુધરવાનો રસ્તો છે. પોતાની માનેલી વ્યક્તિથી ભુલ થઇ જાય તો તેને સુધારવા માટે કદાચ કઠોર બનવું તે જુદી વાત છે પણ હૈયાના પરિણામ તો ન જ બગડવા જોઇએ, માત્ર હિતબુદ્ધિ જ જોઇએ. આપણી સાથે આપણા નિકટના સ્નેહી સંબંધી કે અંગત વ્યક્તિઓનું જરા પણ અહિત ન થાય તેની કાળજી રાખવામાં આવે તો ગુસ્સાને તો સદૈવ દેશવટો મળી જાય. હિતબુદ્ધિ, વિવેક દૃષ્ટિ અને આત્મીય વાત્સલ્યતાથી જીવમાં સુધારો થવાનો જ છે. કોઇ અયોગ્ય હોય તેની વાત જુદી પછી સંક્લેશ પણ અસંભવ બનશે. માટે સંક્લેશથી મુક્ત થવા પરિસ્થિતિનો સાંગોપાંગ વિચાર કરી યોગ્ય પગલાં ભરવાથી સ્વ-પર અનેકનું હિત સાધી શકાય છે. તે જ સંક્લેશથી દૂર રહેવાનો અને સમાધિને પામવાનો સાચો માર્ગ છે. માટે સંક્લેશના કારણોને વિચારી તેનાથી અલિપ્ત બનવાનો ઉદ્યમ કરી સમાધિને કેળવી સૌ આત્મ કલ્યાણને નિશ્ચિત કરો તે જ મંગલ કામના.

—પ્રજ્ઞાંગ

સામયિક સ્ફુરણા

ઇતિહાસને ઓલવવાનો પ્રયત્ન ન કરો

આજ કાલ પોતાની બુદ્ધિ કે પોતાનો પક્ષ લગાડી ઇતિહાસને ઓલવવાનો પ્રયત્ન થાય છે તેમાં ગોત્ર, ગચ્છ, હસ્તપ્રતો, અને અનેક દૃષ્ટાંતો પ્રસંગોને પોતાની રીતે મૂલવીને ઇતિહાસની અવજ્ઞા કરવામાં આવે છે તે અનુચિત છે.

પન્નુસણ પછી મુ.સ. જય જિનેન્દ્ર કોલમમાં સાંવત્સરિક ક્ષમાપના લેખ છે તેમાં જણાવ્યું છે કે—

"અપણા કષાયો એટલે ક્રોધ, માન, માયા અને લોભ. એ ચારની અવધિ એક વર્ષની અંદર સમાપ્ત ન થાય તો તે કષાયો અનંતાનુબંધીના કહેવાય. જ્યાં સુધી અનંતાનુબંધીના કષાયો અસ્તિત્વમાં હોય ત્યાં સુધી જીવને સમ્યકત્વની પ્રાપ્તિ થાય નહિ. અને સમ્યકત્વ યાને સમકિત ન આવે તો પછી મોક્ષનો તો પ્રશ્ન જ કયાં રહ્યો ! એટલે ભવિ જીવોને સમકિતની પ્રાપ્તિ થાય તે માટે અનંતાનુબંધીના કષાયોનું નિવારણ કરવા માટે પૂર્વાચાર્યોએ સંવત્સરિ પ્રતિક્રમણની યોજના બનાવી છે. વળી, આ પ્રસંગે બધા એકત્ર થયા હોય અને ક્ષમાભાવની વિચારણા કરતાં કરતાં હૈયાં હળવાં થયાં હોય તો સામસામે મળે અને વેરઝેર નષ્ટ થઇ જાય એવો વિચાર પણ એની પાછળ રહ્યો હોવાનું અનુમાન થઇ શકે છે. માટે જ સંવત્સરિ પ્રતિક્રમણ સંઘમાં એટલે કે સમુહમાં કરવાનું વિધાન છે. કોઇ કારણસર કોઇથી સંઘમાં ન થઇ શકે એમ હોય તે વ્યકિત અલગ પણ કરી શકે છે.

આ માટે આ દિવસ કેમ પસંદ કરવામાં આવ્યો ? તેની પાછળ પણ કારણ રહેલ છે. કાળચક્રના વારાફેરા દરમ્યાન અવસર્પિણીના પાંચમા આરાને અંતે જે વિનાશ સર્જાયો હોય અને જમીનમાં રસકસ નષ્ટ થયા હોય તે પાછા આવે તે માટે ઉત્સર્પિણી કાળમાં પાંચ જાતના એક એક સપ્તાહના વરસાદ પડે અને વચમાં બે સપ્તાહ ઉઘાડ નીકળે એમ આ કુલ ઓગણપચાસ દિવસ ચાલે. દરેક આરો અષાઢ સુદી પૂર્ણિમાના દિવસે પૂરો થાય. એટલે ત્યારપછી, ઓગણ પચાસ કે પચાસમા દિવસ સંવત્સરિ આવે. બીજી રીતે ગણતાં કાર્તિક સુદી પૂર્ણિમાના પહેલાં સીત્તેર દિવસે સંવત્સરિ આવે.

આ રીતે દિવસોની ગણત્રી કરતાં ભાદરવા સુદી પંચમીના સંવત્સરિ પર્વની ઉજવણી કરવામાં આવતી.

એક વખત શ્રી કાલિકાચાર્યે પ્રતિષ્ઠાનપૂરમાં ચાતુર્માસ કરેલું. તે વખતે સંવત્સરિ આવી, ત્યારે, ત્યાંના રાજાએ કહ્યું કે–ભગવંત! ભાદરવા સુધી પંચમીના દિવસે રાજ્યનો તહેવાર છે. તો જો આપ તેની આગળ કે પાછળના કોઇ દિવસે સંવત્સરિનું આરાધના કરાવો તો હું તેમાં ભાગ લઇ શકું. કાલિકાચાર્ય તો મહાન યુગપુરૂષ હતા. તે વખતે રાજાશાહિનો જમાનો હતો. યથા રાજા તથા પ્રજા–ના એ કાળમાં તેમણે ધર્મવૃદ્ધિનું કારણ સમજી, રાજા ભાગ લે તો પ્રજા પણ ધર્મને માનતી આરાધતી થાય એટલે તેમણે પાંચમને બદલે ચોથના સંવત્સરિ કરાવી કે જેથી એક વર્ષ ઉપર એક દિવસ ન થાય. બીજે વર્ષે સંવત્સરિ આવે તે પહેલાં આચાર્યશ્રી કાળધર્મ પામ્યા. એટલે બીજે વર્ષે તેમના પટ્ટધરે કહ્યું કે ગતવર્ષે જેમ પાંચમની ચોથ કરી પણ છઠ ન કરી એવી રીતે હવે ચોથની પાંચમ ન થાય. આમ ત્યારથી જૈનોના એક વર્ગમાં ચોથની સંવત્સરિની પ્રથા ચાલુ થઇ.

જૈન શાસ્ત્રો મુજબ તો આજે કોઇ પંચાંગ છે જ નહિં. કેમકે, જૈન શાસ્ત્રો મુજબ પોષ અને અષાઢ એ શિવાય કોઇ બીજો મહિનો અધિક આવે જ નહિ. એટલે ચાતુર્માસ દરમ્યાન અધિક મહિનો ન આવે. આમ છતાં આપણે લૌકિક પંચાંગ સ્વીકારીને તે મુજબ પાંચ માસનું ચાર્તુમાસ કરીએ છીએ. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાઠ મુજબ અષાઢ, ભાદરવો, કારતક, પોષ, ફાગણ અને વૈશાખ એ છ મહિનામાં વદી પક્ષમાં એકેક તિથિનો ક્ષય થાય એટલે વર્ષ દરમ્યાન છ તિથિ ઘટે. આમ વર્ષ ૩૬૦ દિવસનું નહિ. પણ ૩૫૪ દિવસનું જ થાય છે. એટલે જ દેશી રીતે વ્યાજ કાઢવામાં સવા ગણી ૬૦ મો ભાગ એટલે મહિને અધો દિવસ કાપવામાં આવતો. લૌકિક પંચાંગમાં પણ જેટલી તિથિઓ બેવડાય છે, તેટલી વધારે ઘટાડવામાં આવે છે અને વર્ષ તો ૩૫૪ દિવસનું જ કરવામાં આવે છે. આ વર્ષ ચાંદ્ર વર્ષની ગણત્રીએ હોય છે.

જ્યારે સૌર વર્ષ ૩૬૫ દિવસનું હોય છે અને તેમાં દર ચાર વર્ષે એક લીપયર આવે એટલે એ વખતે સૌર વર્ષ ૩૬૬ દિવસનું થાય.

તો પછી ચાંદ્ર વર્ષ અને સૌર વર્ષનો મેળ કેવી રીતે મળે? એટલે એ બન્ને સરખા કરવા માટે આઠ વર્ષમાં ત્રણ અધિક માસ આવે એ યોજના થઇ. ત્રણસો પાંસઠ અને ત્રણસો ચોપ્પન એમ વર્ષે અગીયાર દિવસનો ફેર આવે તે તથા બે દિવસ લીપયરના મળી નેવું દિવસ થયા. ત્રણ અધિક મહિના આવતાં બન્ને સરખા થઇ જાય.

જૈન શાસ્ત્રોમાં જે મહિના આવે છે તે પૂનમીયા એટલે પૂર્ણિમાએ પૂર્ણ થતા મહિના આવે છે. અમાવાસ્યાએ પૂર્ણ થતા મહિનાની પ્રથા તો પાછળથી શરૂ થઇ છે. બાકી તો પૂર્ણિમા એટલે પૂર્ણમાસી અને અવમાસ્યા એટલે અર્ધમાસી એ એનો અર્થ છે.

વળી એક બીજી વાત એ છે કે આપણા તપશ્ચર્યાનાં જે પચ્ચકખાણ સૂરે ઉગે–નાં જ હોય છે."

[મુ. સ.)

જય જિનેન્દ્રના આ લખાણથી જો ખરેખર લખનાર અને વાંચનાર તટસ્થ હશે ? કે સમજુ હશે. તો ઘણા પ્રશ્નો હલ કરી શકશે. જેમકે–

(૧) અષાડ ચોમાસીથી સંવત્સરી ૦ દિવસે આવે અને કાર્તિક ચોમાસીથી સંવત્સરી ૭૦ દિવસ પૂર્વે આવે.

(૨) પાંચમની છઠ્ઠ સંવત્સરી ન કરી શકાય તેમ ચોથની પાંચમે પણ સંવત્સરી ન કરી શકાય.

(૩) જૈન ટીપ્પણા પ્રમાણે ત્રીજે વર્ષે પોષ અને પાંચમે વર્ષે અષાડ મહિનો અધિક આવે પરંતુ લૌકિક ટીપ્પણાના સ્વીકાર પછી દરેક મહિનાની વૃદ્ધિ આવે પરંતુ (નં. ૧) મુજબ જ સંવત્સરી થાય.

(૪) જૈન ટીપ્પણામાં પોષ અને અષાડ માસની જ વૃદ્ધિ આવતી. જ્યારે જૈનેત્તર ટીપ્પણામાં ગમે તે માસની વૃદ્ધિ આવે છે તો તે માન્ય રહી ગમે તે માસની વૃદ્ધિ માન્ય રહી તેમ ગમે તે તિથિની વૃધ્ધિ પણ જૈનેત્તર ટીપ્પણામાં આવે તો તે વૃદ્ધિ પણ માન્ય રાખીને આરાધના કરી શકાય જેમ બે ભાદરવા હોય તો બીજા ભાદરવામાં પજુસણ ઉજવાય છે તેમ થઇ શકે.

(૫) સૌર માસમાં વર્ષમાં છ તિથિની વૃધ્ધિ આવે છે.

(૬) આપણી તપશ્ચર્યાઓમાં જે જે પચ્ચક્ખાણો થાય છે તે સૂર્યોદય વખતે જે તિથિ હોય તે તિથિના પચ્ચક્ખાણો શાસ્ત્ર મુજબ છે તિથિને આઘી પાછી કરતાં સૂર્યોદય વખતે જે જે તિથિ હોય તે તે તિથિએ પચ્ચક્ખાણ ન થતાં શાસ્ત્ર મુજબ પચ્ચક્ખાણ ન થાય.

આટલું સ્પષ્ટતા આ લેખમાં થાય છે જ અને આ લેખ લખનાર પણ આટલું માનીને વર્તે તો આ લેખ વાંચનારાઓ પણ તે તરફ આગળ વધી શકે. અને વિસંવાદ દૂર થાય.

આ લેખમાં લખ્યું છે કે–

'બીજે વર્ષે સંવત્સરિ આવે તે પહેલાં આચાર્ય શ્રી કાલધર્મ પામ્યા. એટલે બીજે વર્ષે તેમના પટ્ટધરે કહ્યું કે ગત વર્ષે જેમ પાંચમની ચોથ કરી પણ છઠ્ઠ ન કરી એવી રીતે હવે ચોથની પાંચમ ન થાય આમ ત્યારથી જૈનોના એક વર્ગમાં ચોથની સંવત્સરીની પ્રથા ચાલુ થઇ.'

આ લખાણમાં પૂ. કાલકસૂ.મ.સા. કાલધર્મ પામ્યા તે વસ્તુ સંશોધનીય છે. જ્યારે 'ત્યારથી જૈનોના એક વર્ગમાં ચોથની સંવત્સરીની પ્રથા ચાલુ થઇ'–એવું જે લખ્યું છે તે ઇતિહાસ અને શાસ્ત્ર–ચુર્ણિ આદિમાં આવેલી વાતને પલટાવી નાખી છે. તે વખતે

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- જે જ્ઞાન વિવેકપૂર્વકનું પણ નથી અને જે જ્ઞાન વિવેકને પમાડનારું પણ નથી તે જ્ઞાન વસ્તુતઃ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે.
- આત્મ સેવક વગર ઇચ્છાએ પણ પરનો સેવક બનવાનો જ અને આત્માનો ઘાતક તો પરનો પણ ઘાતક જ નીવડવાનો.
- સંસારની રૂચિ કષાય નહિ તો દુઃખના નાશની અને સુખના સંયોગની ઇચ્છા ફળે નહિ.
- અર્થ–કામની આસક્તિ એ ભયંકર પાપ છે અને જેણે એનો સર્વાંશે ત્યાગ કર્યો હોય, તે જગતનો સાચો પિતા છે.
- અર્થ–કામની આસક્તિ મૂકવી, એમાં જ કહ્યાનુ છે અને એનો વિરોધ કરનારની જાળમાં ફસી પડવું, એ આત્માનો જ દ્રોહ કરવા બરાબર છે.
- જે મળે એમાં સંતુષ્ટ બનવું. પૌદ્ગલિક ઇચ્છાઓ ઉપર કાબુ કેળવવો, એ ઇચ્છા નિરોધ છે.
- સાધુ કયારેય સત્પુરૂષાર્થના વૈરી હોતા નથી.
- લોકવિરોધથી ડરવું એ તો ડરપોકવૃત્તિ છે, જયારે લોક વિરુધ્ધ કાર્યથી ડરવું એ પાપ-ભીરૂતા છે.
- અનુકૂળતાનું અર્થીપણું એટલે 'સદાચારની અવગણના અને અનાચારને આમંત્રણ !
- સંયમનો પ્રચાર એટલે સદાચારનો પ્રચાર ! સંયમનો વિરોધ એટલે અનાચારની તરફેણ.
- મોહક વસ્તુઓને જોવાનું મન થાય, એ પણ એક પતનનો રસ્તો છે.
- શરીરનો અતિરાગ અને રસનાની કારમી લોલુપતા આત્માને અનેક પાપોમાં નિઃશંક બનાવે છે અને પરિણામે દુર્ગતિને પમાડે છે.

સકલ સંઘ આ થૈાથ માન્ય કરી લેવા ઘણા પ્રમાણેા છે. છતાં 'ચેાથની સંવત્સરી એક વર્ગમાં ચાલુ થઈ' તેમ લખ્યું તે ઇતિહાસને ઓળખવાની વાત છે. છતાં તેઓ જણાવી શકે છે કે તે વખતે કયાં વર્ગમાં પાંચમની સંવત્સરી ચાલુ રહી તે પ્રમાણેા આપે. બાકી આટલું સ્પષ્ટ લખીને પોતાની ખોટી માન્યતાને પ્રાચીન ઠરાવી તે સત્યનો ઉપહાસ છે.

સં. ૨૦૫૦ આસો સુદ ૨ ગુરુવાર
અર્બુદગિરિ જૈન ઉપાશ્રય
૫૨ પીપલી બજાર, ઇંદોર

જિનેન્દ્રસૂરિ

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

न ब्रूयात् अप्रियं सत्यं

'બોસ ! તમે નનામીમાં માનો કે નહિ ?' મને નવાઇ લાગી. ભદ્રંભદ્રજેવા ભદ્રંભદ્રને કોઇ બોસ કહીને બોલાવે એટલે શું કે'વાય ? છતાં, સોક્રેટીસે પીધેલા હળાહળ ઝેર–કટોરાને યાદ કરીને મરણની રીબામણ થઇ છતાં હું 'બોસનો એ ઝેરી શબ્દ કણ્ઠ–કટોરાથી 'મને ઝેર મળો કે અમૃત મળો, મારે સર્વ સમાન' આવી સમાનતાથી સતત ભાવના ભાવતો ભાવતો જ પી ગયો.

એણે મને ગેંગો કીધો હોત તો હજી ચાલત, કેમકે મેં જ ફેલાવેલો છે ને એટલે. અરે ખુશ–ખુશ થાત. મને તેણે ગેંગો કીધો કે નઈ એ તરફ જરાપણ દ્વેષ ભાવ રાખ્યા વિના મારા ગેંગાનો એણે સ્વીકાર કર્યો એ બહલ. જેમ આ વિશ્વના સર્જનહારાને માનનારા વિશ્વના અનાડી લોકો ગાળો દે, તો પણ તેના તરફ કોઇ દ્વેષ ભાવ રાખ્યા વગર તે માન્યતા મુજબના જગતકર્તાએ જ બનાવેલી ગાળનો પ્રયોગ તેનાજ બનાવેલા માનવીએ કર્યો. તે જાણીને ગાળ દેનાર તરફ પણ સમભાવ કે પ્રસન્નભાવ વિશ્વના કર્તા રાખે છે. તેમજ બરાબર મેં ગેંગાના શ્રવણથી ખુશી અનુભવી હોત. આ રીતે ય જો કે ભદ્રંભદ્રાત્મા અને ભગવાનાત્મા વચ્ચે સામ્યભાવ પ્રાપ્ત થાત. પણ પેલા 'બોસવાળીએ મને ગેંગા'ના કીધો. એટલે એક થોડાક જ માટે ભગવાનાત્મા સાથે સામ્યભાવ પામતો પામતો હું બચી ગયો.

જો કે પેલા બોસનો મારે અવિરત–અવિહડ–અપરંપાર અહેસાસ માનવો જોઇએ કે 'ગેંગા' કહીને મારામાં ભગવત્સમાનતા આવતી અટકાવી દીધી. જો હું વિશ્વના સરજનારા જૈનેતરના ભગવાન સાથે સમાન બની ગયો હોત તો અત્યારે આ વિશ્વ ઉપર ભ 'ભદ્રના ઉપકારની બોટ પડત. બરેબર આ જગતમાં હું ભડભડતો અંગારો પ્રકાશ પાથર્યા વિના ને કોઇને બાળ્યા વિના જ જતો રહેત. છેલ્લે પ્રલયકાળ વખતે તો હું સંન્યાસાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમમાં ગયા વગર પણ મોક્ષ પામવાનો જ છુ ને ? શા માટે અત્યારથી ઉપકારના ઉત્કૃષ મોકાને ચૂકી જઉ. અને વાણિયેતરનો મોક્ષ એટલે તો જડ થવાના જ ધંધા. શી જરૂર છે ત્યાં જવાની.

જો કે જ્યારે જ્યારે ધર્મની વાત કરૂ ત્યારે મને મોક્ષ અચૂક સાંભરી આવે. થયા કરે કે–આટલો બધો ધરમ કરીને ય અંતે મોક્ષે જ જવાનું હોય, તો અરર–આ ધરમને હું કયાં વળગ્યો. જૈનોના સતત જ્ઞાનાનંદમાં જ રાખનારા મોક્ષમાં મારે તો જવું છે. પણ જૈનધર્મ પાળવા મંડુ તો સાલા મારી નાતના નેતા પુરૂષો મને નાત બારો કાઢે. મારી બોંત્તેર પેઢીનો બહિષ્કાર કરે. સાચુ સમજ્યા તો ય સાચુ કરી નથી શકાતુ આ ય સાલુ સમાજનું કેવું વલગન છે.

અને એય પાછુ મારી જેવા માત્ર ભદ્રાત્મા જ નહિ પણ ભદ્રંભદ્રાત્માને.

તમે જ જુઓ છો ને કે–આપણે શરૂઆત કેવી વાતથી કરી હોય છતાં કેટલા ઊંડા–ઊંડા ને ઊંચા–ઊંચા તત્ત્વજ્ઞાન સુધી એ વાતને ખેંચી જતાં મને આવડે છે. આટલી તાકાતવાળી વ્યક્તિને અને મને તો સવિશેષ નાત બારાનું વોરંટ આપવું ના જોઇએ. મારે સાચું ચોકકસ પાળવાની ઉત્કંઠ ઇચ્છા છે પણ સાલુ 'નાત બારા'નું લેબલ લાગી ના જાય તેની કાળજી રાખીને હોં. એટલે મને 'નાત બારા'ની સત્ય કરતાં વધુ પડી છે તેવું નઇ, પણ આ તો એમ કે એક સિત્તેર–સો વરસના નાના આયખામાં આવીને કોઇની સાથે શું કામ બગાડવાનું ? જીવવું બધાં હારે ને બોલીને બગાડવું એવું કોણે કીધું ? પડોશીનો નાતીલાનો, કે સ્વજન–બંધુજનના આત્માને સાચુ બોલીને દુભવવામાં એને ય કેટલું દુઃખ થાય ? બિચારાને

પેલા સલોકમાં પણ કીધું જ છે ને કે· "सत्यमपि अप्रियं मा वद" સત્ય પણ કોઇને અપ્રિય લાગે એવું હે ભદ્રંભદ્ર ! તું ના બોલીશ, એટલે એવું ય સાચુ કરવાની જરૂર નથી કે જેનાથી નાતબારા થવું પડે. પેલી વાત પણ છે જ ને (અરે વાહ ! મારૂ જ્ઞાન મને અણીના સમયે સાચા માર્ગે જતાં અટકાવવામાં ઉપયોગી બને છે બરૂ હોં) કે–"ઘર બાળીને તીરથ નો કરાય"

એટલો હવે કદાચ કોઇ મને એવું ય કહી દે (હું ય ભલેને એવું જ માનતો જ હોઉ તોય બીજાના નામે જ આવી વાત કરાય, માટે) કે–"તમને હે ભદ્રંભદ્ર ! સત્ય કરતાં "નાતબારા"ની બદનામી લાગી ના જાય તેનો વધુ ફફડાટ છે." તોય હવે તો હું આ વાતને કહું કે–'ભલ ! આ ઉપર બે–બે શાસ્તર પાઠો તો છે. પછી હું નાતબારાની બદનામીને કદાચ (એવું હોય જ નહિ છતાં) આગળ કરતો હોઉં તો ય તે મારી શિષ્ટ શૈલિ માત્ર શાસ્ત્રપાઠ જ નહિ કહેવત પાઠ સાથે પણ સંગત જ છે.

જો કે–"सत्यमपि अप्रियं मा वद" આ શાસ્ત્રપાઠની સામે જ બળવો કરે એવો "परो रुष्यतु वा तुष्यतु वा हिता भाषा भाषितव्या" એટલે કે સામો માણસ રોષે ભરાય કે રાજી થાય (જે કરવું હોય તે કરે) પણ હિતકારી વાત તો કહેવી જ જોઇએ" શાસ્ત્રપાઠ અક્ષરોની વધુ લશ્કરી ફોજ સાથે તૈયાર જ પડયો છે. અને તે હું જાણું પણ છું. પણ શું થાય ? આમ આવો તમને કાનમાં કઉં "બાવા સમયે એ શાસ્ત્રપાઠ યાદ કરવો પોષાય તેમ નથી" બેય વાતો કરીશું તો નઇ ઘરના ને નઇ ઘાટના જેવા થઇ જાશું. એટલે એ શાસ્ત્રપાઠને અને કહેવત પાઠના ય શત્રુ પાઠને હમણાં હંતાડી જ રાખો. કોઇ પૂછે તો પાનુ બોવાઇ ગયુ છે તેમ કહી દઇશું. લ્યો વા દેવા વગરના નાતબારા થવાની કયાં જરૂર છે ? લ્યો પણ નનામી તો–પડી રહી.



શાસન સમાચાર

નાસિકમાં પૂ. ગુરુભગવંતશ્રીની તૃતીય વાર્ષિક તિથિની

—: ભવ્ય—ઉજવણી :—

પૂ. જૈન શાસનના મહાન જ્યોતિર્ધર—તપાગચ્છાધિપતિ—પગલે પગલે સુવર્ણ ઇતિહાસના સર્જક આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તૃતીય વાર્ષિક સ્વર્ગતિથિની ભવ્યાતિભવ્ય ઉજવણી નાસિક સંઘના આંગણે પૂ. મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. ની નિશ્રામાં થઇ હતી.

નાસિક સંઘના ઘર—ઘરમાં અને ઘ—ટ ઘટમાં સુપ્રતિષ્ઠિત 'સૂરિરામ'ની સ્વ.તિથિના આ પ્રસંગને સંઘે એક મહાપર્વની અદાથી ઉજવ્યો હતો. આ પ્રસંગનું આમંત્રણ અર્પતી સુંદર—આકર્ષક બુકલેટ પત્રિકા છપાવી સર્વત્ર મોકલવામાં આવી હતી.

અ. વદ ૧૧ થી અ. વદ ૦)) સુધીનો પંચાન્હિકા મહોત્સવ મહોત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. પાંચેય દિવસો મહાપૂજનો ઠાઠમાઠથી ભણાવાયા હતા. વદ ૧૧ ૧૦૮ શ્રી પાર્શ્વનાથ અભિષેક મહાપૂ. વદ ૧૨ શ્રી કુંભસ્થાપન, પાટલાપૂજન, સત્તરભેદી પૂજા, વદ ૧૩ શ્રી વીશસ્થાનક પૂ., વદ ૧૪ શ્રી અર્હદ્અભિષેક મહાપૂજન વદ ૦)) શ્રી બૃહદ્—ોત્તરી સ્નાત્ર મહાપૂજન. આ બધાં જ પ્રસંગો ખૂબ જ ઠાઠથી ભણાવાયા હતા. અંગરચના પણ આકર્ષક બનતી હતી. પૂજા તથા ભાવનામાં ચિક્કાર જનમેદની ઉભરાતી હતી.

ગુરુભક્તિના આ પ્રસંગને પામી અત્રેના ગુરુમંદિર ઉપાશ્રયમાં રંગોળી વગેરેના પ્રદર્શનો ગોઠવાયા હતા. ઉપાશ્રયના નીચેના મુખ્યખંડમાં થર્મોકોલથી રાજસિંહાસન જેવી રચના કરી તેમાં પૂ. ગુરુભગવંતની વિશાળ પ્રતિકૃતિ પધરાવવામાં આવી હતી. તો બીજી બાજુ વિશાળ પટ ઉપર પૂ.શ્રીની ઉભી પ્રતિકૃતિ ગોઠવી બાજુમાં ગુરુશ્લોકો લખવામાં આવ્યા હતા. અંદરના અને બહારના ખંડમાં પૂ.શ્રીના જીવનના વિવિધ પાસાઓને મૂર્તિમંત કરતી ૮ રંગોળીઓની રચના કરવામાં આવી હતી. ત્યાં જ પૂ.શ્રીના પ્રવચનના પુસ્તકો—જૈન પ્રવચન—જિનવાણીની ફાઇલો વગેરે દર્શનીય રૂપે ગોઠવવામાં આવેલ. જેના વચનો જિનવચનનો પડઘો પાડતા હતા તેવા 'સૂરિરામ' ના ગેટલા ફોટાઓ ગોઠવવામાં આવેલ કે વાતાવરણ આખુય જાણે રામમય બની ગયું હતું.

ઉપાશ્રયના ઉપરના 'વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. પ્રવચન હોલ'ને પણ હાર—તોરણથી સુંદર શણગારવામાં આવ્યો હતો.

પાંચેય દિવસ વ્યાખ્યાનમાં પૂ. મુ. શ્રી નયવર્ધનવિજયજી મ. તારણહારા ગુરૂદેવશ્રીના વિશદ છણાવટ ભર્યા ગુણાનુવાદ કરી શ્રોતાઓને પૂ.શ્રીની અતિ નજીકમાં લઇ ગયા હતા... પૂ.શ્રીના જીવનના અનેકાનેક રહસ્યો, ગુણગરિમા, કરેલા અનેક શાસનના કાર્યો દીક્ષા–બાલદીક્ષા સંરક્ષણ–દેવદ્રવ્યાદિ સિદ્ધાંત રક્ષા કાજેની સિંહગર્જના અનેક ઝંઝાવાતોમાં શાસનનું કરેલું સમળનેતૃત્વ–ગુરૂભગવંતો પ્રત્યેનો આદર્શભૂત વિનય, અવિચલ જિનભક્તિ, વગેરે પૂ શ્રીના કેટ-કેટલાય જીવન પાસાઓ શ્રોતાઓ સમક્ષ ભક્તિસભર હૃદયે રજુ કર્યા હતા. 'તિત્થયર સમો સૂરિ'–જૈન શાસનમાં આચાર્યનું મૂલ્યાંકન અપેક્ષાએ તીર્થંકર તુલ્ય કરવામાં આવ્યું છે. વગેરે વિષયોની ખૂબ જ ચોંટદાર રજુઆત થતાં શ્રોતાઓ ભાવવિભોર બની ગયા હતા.

વદ ૧૪ ના દિવસે વ્યાખ્યાન સમયે પૂ.શ્રીના જીવન નિર્વાણનો સમય ૧૦–૦૦ કલાક થતાં પૂ.શ્રીના નામનો જાપ અને ધ્યાનનો પણ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.

વદ ૦)) ના દિવસે પૂ.શ્રીની અંતિમ માંદગીનું, અંતિમ સમયનું, અંતિમ યાત્રાનું, અંતિમ સંસ્કારનું એવું હુબહુ વર્ણન કરવામાં આવ્યું'તુ કે શ્રોતાઓ જાણે તાદૃશ ચિતાર જોઇ રહ્યા હતા.

વદ ૧૩ ના દિવસે પૂ.મુ. શ્રી નયવર્ધન વિ. મ. ના સંસારી પિતાશ્રી મુનિવ. પૂ. અનુપમ સમતા સાધક શ્રી નયદર્શનવિજયજી મ. સા. ની ચતુર્થ વાર્ષિક સ્વર્ગતિથિ હોવાથી વ્યાખ્યાનમાં તેઓશ્રીના પણ ગુણાનુવાદ કરવામાં આવ્યા હતા. પ્રાંતે આ નિમિતે ગુરૂભક્તો તરફથી રૂા. ૧૨ થી સંઘ પૂજન કરવામાં આવ્યું હતું. અને શ્રીયુત હેમચંદ્રભાઇ છબીલદાસભાઇ માદુંગાવાળાના શુભ હસ્તે 'સમાધિ જ્યોત' પુસ્તકની ત્રીજી આવૃત્તિની વિમોચનવિધિ કરાઇ હતી.

વદ ૧૪ ના પૂ.શ્રીની સ્વર્ગતિથિ નિમિતે પૂ.શ્રીની પ્રતિકૃતિના નવાંગી ગુરૂપૂજનની ઉછામણિ બોલવવામાં આવી હતી. જેમાં મોટી રકમ બોલી શ્રી રમેશચંદ્ર ભુરાલાલ પરીખે લાભ લીધો હતો. અને છેલ્લે શ્રી ચીનુભાઇ પાનાચંદ પરિવાર તરફથી સંઘ પૂજન થયેલ.

વદ ૦)) ના દિવસે 'શ્રી રમગુરૂ રથયાત્રા'નું એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું–અને તેના જ કારણે વ્યાખ્યાન વહેલું ૮–૩૦ થી ૯–૩૦ રાખવામાં આવ્યું હતું. ચિક્કાર માનવમેદની સમક્ષ પૂ શ્રી અભુતપૂર્વ ગુણાનુવાદ થયા બાદ પૂ.શ્રીની પ્રતિકૃતિના નવાંગી ગુરૂપૂજનની ઉછામણી બોલાવવામાં આવેલ જેનો લાભ શ્રી મોતીલાલ સ્વરૂપચંદ પરિવારે લીધો હતો. તેમજ આજે થનાર ભારતભરમાં રેકોર્ડરૂપ સંઘ પૂજનમાં સાધર્મિક ભાઇ–બહેનોને સંઘતિલક કરવાની પણ ઉછામણી બોલાવાતા, તેનો લાભ પણ પૂર્વોક્ત શ્રી મોતીલાલ સ્વરૂપચંદ પરિવારે લીધો હતો.

'શ્રી નાસિક સંઘની રગ રગમાં રામ વસે છે' તેની જાણે કે પ્રતિતિ કરાવતો

આજનો ભવ્ય પ્રસંગ હતો, ઐતિહાસિક સંઘપૂજન, ૨૦૦૦ ની માનવમેદનીનું રા. ૧૧૭ આપવા પૂર્વક ભાવભીનું સંઘપૂજન કરવામાં આવ્યું હતું. અને સકલસંઘમાં જયજયકાર વ્યાપી ગયો હતો. તો વળી આજનો વરઘોડો પણ એવો જ ભવ્ય હતો. હાથી, ઘોડા, ભિન્ન-ભિન્ન વાહનોમાં પૂ. શ્રીની શણગારયુકત મનમોહક પ્રતિકૃતિઓ, સ્થાનિક બેંડ મુંબઇનું મશહુર પાર્લાનું બેંડ, નાસિકના યુવાનોની રાસ મંડળી 'શ્રી મહાવીર-રામચંદ્રસૂરિ જૈન મિત્ર મંડળના યુવાનોની ભકિત રસની રમઝટ, નાના ભુલકાઓની રાસ મંડળી, આ અને આવું ઘણું આ વરઘોડાને ચિરસ્મરણીય બનાવતું હતું. મુખ્ય મુખ્ય રાજમાર્ગો પર વિશાળ કાય ફ્લોર પર પૂ શ્રીને વંદનાના લખાણ અને પૂ શ્રીના ફોટાઓ ગોઠવવામાં આવ્યા હતા. અને સૌથી વધારે મહત્વનો અને ઉડીને આંખે વળગે તેવો હતો લોકોનો અભૂત-અસાધારણ ઉત્સાહ ! કે જેણે વરઘોડાને અતિભવ્ય બનાવી દીધો હતો.

પૂજા અને ભાવનામાં ભકિતરસની રમઝટ મચાવવા રાજકોટથી શ્રીયુત અનંતભાઇ નગીનદાસ મંડળી સાથે પધાર્યા હતા અને તેમણે પોતાના બુલંદ અને ભકિતસભર કંઠથી સૌને ભકિત તરબોળ બનાવી દીધા હતા. તો વળી રોજ વ્યાખ્યાનમાં ગુરુ સ્તવના ગીત, ગુરુ વિરહ ગીત ગાઈને સૌની આંખો ભીંજવી દેતા હતા. પૂજનોમાં વિધિ વિધાન કરાવવા માટે માલેગામથી પંડિતજી શ્રી શાંતિભાઇ પધાર્યા હતા. આ પ્રસંગે જીવદયાની પણ સુંદર ટીપ થઇ હતી.

આખા ઉત્સવની ફલશ્રુતિ કહી શકાય કે 'સૂરિ રામ ગયા પણ પુણ્યરુપે સૂરિરામ અમર બની રહ્યા છે.'

મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, પાંજરાપોળ કમ્પાઉન્ડ, મુંબઇ

અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂ. મ. તથા પૂ.આ.શ્રી વિજય હેમભુષણસૂરી. મ. આદિની નિશ્રામાં પૂજ્યોની આજ્ઞા અને આશીર્વાદથી પર્વાધિરાજની આરાધના સારી થઇ તથા મુનિરાજ શ્રી ચંદ્રભુષણવિજયજી તથા મુનિરાજ શ્રી મોક્ષદર્શનવિ.ને ચીરા બજાર સંઘમાં મોકલ્યા હતા. તથા મુ. શ્રી યુગચન્દ્ર વિ. અને મુ.શ્રી જિનહર્ષ વિ.ને પ્રીન્સેસ સ્ટ્રીટ, ડેવકરણ મેન્શન મોકલ્યા હતા. પૂ. મુ. શ્રી ક્ષમા વિ. મ. ની સાથે મુ. શ્રી હિતદર્શન વિ.ને વડાલા મોકલ્યા હતા. દરેક સંઘોમાં પૂજ્યોની કૃપાથી આરાધના સુંદર થવા પામી છે.

પરમ તારક પૂ. ગુરુદેવોની કૃપાદૃષ્ટિથી અત્રે અષાઢ સુદ બીજે ચાતુર્માસ પ્રવેશ કર્યા બાદ પ્રવચન-વાચનના શ્રવણથી સંઘમાં અપૂર્વ જાગૃતિ આવતાં એક પછી એક અનુષ્ઠાનો ખૂબ જ ઉલ્લાસ અને ઉદારતા પૂર્વક ઉજવાયા વ્યકિતગત ત્રણ દિવસનો મહોત્સવ તથા પૂ.શ્રીની સ્વર્ગતિથિ નિમિતે ગુણાનુવાદ સહ ભવ્ય ત્રિદિવસીય મહોત્સવ તથા પર્વાધિરાજની આરાધના નિમિતે અટ્ઠાઇ

મહોત્સવ સુંદરી રીતે થયાં હતા.

અત્રે શ્રી સંઘમાં થયેલ અનુમોદનીય આરાધનાઓ, શ્રી શત્રુંજયતપ ૨૫૦, સ્વ. પૂ.શ્રીની સ્વર્ગતિથિ નિમિત્તક રત્નત્રયીના ૨૦૦ અઠ્ઠમ, શ્રી શિખરજી તીર્થરક્ષાના ૬૦૦ અઠ્ઠમો, શ્રેણિતપ-૨, સિદ્ધિતપ-૨, સમવસરણતપ-૧, ૩૬ ઉપવાસ-૧, ૩૧ ઉપવાસ-૧, ૩૦ ઉપવાસ-૨, ૨૧ ઉપવાસ-૧, ૧૬ ઉપવાસ-૭, ૧૫ ઉપવાસ-૬, ચત્તારિ અટ્ઠ દસ દોય-૨, ૧૧ ઉપવાસ-૭, ૧૦ ઉપવાસ-૧૧, ૯ ઉપવાસ-૧૪, અઠ્ઠાઈ-૧૫૦, સાંકળી અઠ્ઠમ, છઠ્ઠ અઠ્ઠમ અનેક મોક્ષદંડક તપ અનેક, ચોસઠ પ્રહરી પૌષધ ૬૧, શ્રી શિખરજી તીર્થરક્ષા ફંડમાં લાખો રૂા. નો માતબર રકમ તેમજ ૧ હજાર ગ્રામથી વધુ સોનામા અને ૨ કિલો ચાંદીના દાગીના ભાવિકોએ ખૂબ જ ઉલ્લાસથી દાનમાં નોંધાવ્યા, તે સિવાય બધેજ તીર્થ ફંડ, ઉપાશ્રય, સ્વપ્ન દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધર્મિક ભક્તિ, જીવદયા આદિ દરેક ક્ષેત્રોમાં ખૂબ જ ઉદારતાથી ધનનો સદ્વ્યય કર્યો હતો.

ગદગ-પૂ આ. દેવ શ્રી વિ. જીવનતિલક સૂ. મ. ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ઠા. ૫ ની નિશ્રામાં શ્રી પર્યુષણ પર્વની આરાધના દેવ-જ્ઞાન અને સાધારણમાં ઉપજ સારી. આ. શ્રી અભયરત્ન સૂ મ. અને શ્રી અમરસેન વિ. મ.એ વ્યાખ્યાનો વાંચ્યા હતા. શ્રી કલ્પસૂત્ર અને શ્રી વીર ભગવાનનું પારણું ઘેર લઇ જવાનો વરઘોડો રાત્રિના ભાવના. શ્રીફળ અને ગોળીની પ્રભાવના. નવ દિવસ બંને દહેરાસરમાં ભવ્ય આંગી રચના વ્યાખ્યાનમાં પ્રભાવના શુદ ૫ ના માસક્ષમણ સિદ્ધિતપ દશ નવ, આઠ ઉપવાસ, ધર્મચક્ર તપ, મોક્ષ દંડ આદિ તપસ્વીના પારણા, લગભગ ૨૦૦ પ્રભાવના થયા બે બેન્ડ હાથી ઘોડા કાર આદિ સાથે શ્રી રથયાત્રાનો ભવ્ય વરઘોડો. શ્રી કચ્છી દશા ઓસવાલ સંઘની વિનંતિથી શ્રી અમરસેન વિ. મ.ને પહેલા બે દિવસ વીર જન્મ વાંચન અને સંવત્સરીના દિવસે વ્યાખ્યાન આપવા મોકલ્યા હતા. વ્યાખ્યાન ચાલુ છે બહારગામથી સંઘો ગુરુવંદનાર્થે આવી રહ્યાં છે. શ્રી સંઘ સેવા મંડળ અને વીર બાલિકા મંડળ સેવા આપી રહ્યું છે. આસો સુદમાં મહાવીર સોસાયટી મંદિરમાં અને શ્રી પાર્શ્વનાથ મંદિરમાં મહોત્સવ થવાનો છે.

ઇન્દોર-અત્રે પીપળી બજાર અર્બુદગિરિ જૈન ઉપાશ્રયમાં પૂ.આ. શ્રી વિ.જિનેન્દ્રસૂ. મ.ની નિશ્રામાં ચોમાસાની તેમજ પજુસણની સુંદર આરાધના થઇ. પૂ.સા.શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ.એ માસક્ષમણ તપ કર્યો. સુદ ૯ના પારણું થયું બીડવાળા શા લીલાધર રામજી તરફથી ૬૮ અભિષેક મહાપૂજા આંગી શ્રીફળ પ્રભાવના થઇ. શ્રી શાંતિલાલજી બમ તરફથી શાંતિસ્નાત્ર શ્રીફળ પ્રભાવના વિ. થયા સંઘ પૂજનો તથા બહેનોમાં ૬ દિવસ ચોવીસી થઇ વિધિ શ્રી વેલજીભાઇ શા, શ્રી લક્ષ્મી વાલજી તથા પૂજા માટે શ્રી જામનગરથી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે રસ જમાવ્યો હતો. પૂ.શ્રીની નિશ્રામાં ચોમાસા પછી હાસમપુરા તીર્થનો છ'રી પાળતો ૩૦૦-૩૫૦ યાત્રિકોનો સંઘ નીકળવાનું નકકી થયું છે. હાસમપુરા તીર્થમાં કારતક વદ ૧૦ ના તા. ૨૮-૧૧-૯૪ થી ઉપધાન શરૂ થશે.



પ્યારા બાલમિત્રો,

થોડા દિવસમાં રૂમઝુમ કરતી દિવાળી આવશે. ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવનાં નિર્વાણ કલ્યાણક તથા શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાન કલ્યાણકના આ શ્રેષ્ઠ પર્વને તેમના સાચા સંતાનીઓ કઇ રીતે ઉજવશે ?

ફટાકડા ફોડવાથી શું આ પર્વ ઉજવાશે ? તો શું માલમલીદા ખાવાથી આ પર્વ ઉજવાશે ?

ના...ના...તે ફોડવાથી કે ખાવાથી આ પર્વ ઉજવાતું નથી. આ પર્વમાં ફટાકડા ફોડવાથી જીવની હિંસા થાય છે. આત્મિક તેમજ બાહ્ય દૃષ્ટિએ પણ એમાં ઘણું જોખમ અને નુકશાન છે.

તેમજ, બજારુ વસ્તુઓ ખાવાથી શરીર બગડે છે. રોગ ધીરે ધીરે કદમ માંડે છે. તંદુરસ્ત શરીર ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જાય છે. મોતની મારકણી સમશેર આંખ આગળ ઘૂમવા લાગે છે તેનો પડછાયો માત્ર હૈયાને હચમચાવી દે છે. આવા અભક્ષ માલમલીદા ખાઈને શા માટે આપણે આપણા આત્માને કર્મરાજાનો કેદી બનાવવો.

તેનાં કરતાં, કલ્યાણકની ઉજવણી શાસ્ત્રીય સૂચન પ્રમાણે કરીએ તો આત્મા હલકો ફૂલ જેવો બની જાય. બે દિવસ સુંદર રીતનો તપ કરીએ, દેવવંદન કરીએ ખરે ગણણું આદિ ગણીને પર્વની ઉજવણી કરીએ.

સાથે, સ્કૂલ-કૉલેજોમાં રજા છે તો તમે તમારી બાલવાડિકાને યાદ કરજો. તેના માટે ટુંકા લખાણો, રમૂજી ટુચકાઓ, સાદી, સરળ ભાષામાં અને સ્વચ્છ અક્ષરે લખી મોકલવા લક્ષ્યમાં-લખાણો લખો તો તેની સાથે તમારું નામ-ઠામ-વય આદિ લખવાનું ભૂલશો નહિ.

લખાણ મોકલવા માટે સરનામું નોંધી લો
રત્નશિશુ
જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાનભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર-૫

આજનો વિચાર

મકનને જીતી ગયેલા મદથી હારી જાય છે.

હાસ્ય ડોજ

(૧) એકમિત્ર : યાર, હવે તો દુનિયામાંથી ઈમાનદારી દૂર થતી જાય છે, કાલે એક સૂટકેશ લાવ્યો હતો તે મારો નવો નોકર એને લઈને ગાયબ થઇ ગયો.

બીજાએ : તારી સૂટકેશ કેવી હતી ? કયાંથી લીધી હતી ?

પહેલો : કોઇ એક માણસ રેલગાડીમાં છોડી ગયો હતો. (પરાઇ વસ્તુ લેવાની આદત પાડશો નહિ.)

(૨) ગ્રાહક : (નોકરને) ભાતમાં કાંકરી આવે છે, જા તારા માલિકને બોલાવ.

નોકર : જી. મારા માલિક તો સામેની હોટલમાં જમવાં ગયાં છે.

–હરેશ એચ. મહેતા
રાજકોટ

બાલ ગઝલ

જે નિરાશાને કદી જોતાં નથી.
આશા હૈયાની કદી ખોતાં નથી
ને પ્રયત્નો પર જીવી જાણે સદા
તે કદી પણ ભાગ્ય પર રોતા નથી.

–ઇશીતા

ઉત્તર જોડકણાના

૧ રાત્રિ જાગો	૧ પારણું
૨ પાંચમા દિવસે	૨ જન્મવાંચન
૩ ઇચ્છિત વસ્તુઓ આપે	૩ કલ્પવૃક્ષ
૪ સાતમા દિવસે	૪ આંતરા
૫ પહેલો ઉપસર્ગ	૫ ગોવાળીયો
૬ છઠ્ઠતપ	૬ વડાકલ્પ
૭ અંતિમ કેવળી	૭ જંબુસ્વામી
૮ પાંચમે સવારે	૮ પારણું
૯ વીશ ઉપસર્ગ	૯ સંગમદેવ
૧૦ ૬૦ નવકારવાળી	૧૦ પ્રાયશ્ચિત

ધન્યવાદ–અંકિત પી. શાહ
–મનીશ ચોવટીયા –ઉપેન્દ્ર સી. શાહ

માત્ર સાચું–ખોટું કરો.

૧ ભગવાન મહાવીર સ્વામીના મામા ચેટક હતા.
૨ જીવ પૂણ્ય કરવાથી સુખ અનુભવે છે.
૩ દહેરાસરમાં દશ ચંદરવા બાંધવામાં આવે છે.
૪ શત્રુંજય તીર્થની સ્પર્શના અભવ્યો કરે છે
૫ મહાવીર સ્વામી ભગવાન સમેતશિખર પર મોક્ષે ગયા.
૬ બનાસ નદીના કીનારે મ.વીરને કેવળજ્ઞાન થયું.
૭ આપણી ભાષા સંસ્કૃત હોય તો.
૮ નવરાત્રીમાં રાત્રે દાંડીયા રમાય છે.
૯ ભગવાનની પૂજા કર્યા પહેલા પોતાના કપાળે પૂજા કરવી જોઇએ.

–મીતેન પી. શાહ–અંકલેશ્વર

હાસ્ય ડોજ

સર : બોલ મનીષ, રણ પ્રદેશ એટલે શું ?
મનીષ : જેમાં કાંઇપણ ન ઉગે તે.
સર : બરાબર, રાજુ તું તેનો દાખલો આપીશ
રાજુ : જી સાહેબ, આપશ્રીનું ટાલવાળું માથું.
(ઉદાહરણ સમજીને આપો)

* *

દર્દી : મારે મેદ ઘટાડવો છે ?
ડોકટર : એમ, જ્યારે તમને કોઇ કામમાં, કોઇપણ માનવી મદદ કરવાનું કહે

ત્યારે તમારે તમારું માથું ડાબી તરફથી જમણી તરફ ફેરવવું.
(ઊટવૈદથી દૂર રહેા)

–મનીષા સમરથલાલ (પુના)

સમય-સમય

કયારેક પ્રગતિનેા સમય
કયારેક અધેાગતિનેા સમય
કયારેક સુખનેા સમય
કયારેક દુઃખનેા સમય
કયારેક ચડતીનેા સમય
કયારેક પડતીનેા સમય
કયારેક હાસ્યનેા સમય
કયારેક રૂદનનેા સમય
(બધી પુદ્ગલની બાજી છે.)

–પૂજા ધરલાલ [નવસારી]

ભુલભુલામણી

૧. પારણી ૨. ગંધારી ૩. નંદા ૪. જયંતી ૫. સુસીમા ૬. રેણા ૭. મૃગાવતી ૮. સુભદ્ર ૯. કુંતી

–મેાઘના પી. શાહ

પ્રેાપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ
શ્રી હરખચંદ ગેાવિંદજી મારૂ

આશીષ કેાર્પોરેશન ૨૩-૩૧ બેાટાવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨
ફેાન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપેારે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

વિવિધ વાંચનના આધારે

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

શ્રી સિદ્ધગિરિ ઉપર શાંતિનાથ ભગવાન ચેામાસુ રહ્યા. ત્યારે મુનિ અને ગૃહસ્થેા મળીને ૧૭ કેાડ મનુષ્યેા સિદ્ધ થયા હતાં. ને અજિતનાથ પ્રભુના હાથે દીક્ષિત ૯૯ હજાર સાધુઓ ચેામાસુ રહ્યા હતાં. તેમાંથી કાર્તિક પૂનમે ૧૦ હજાર મુકિત પામ્યા. આસેા સુદ પૂનમે ૨૦ કરેાડ સાથે પાંડવેા સિધ્ધ પદને પામ્યા.

શ્રી વાસુદેવની ૭૨૦૦૦ સ્ત્રીઓમાંથી ૩૫૦૦૦ સ્ત્રીઓ સિધ્ધગિરિ ઉપર મેાક્ષ પામી ૩૭૦૦૦ જુદા જુદા સ્થળે મેાક્ષ પામી.

કર્મમળને દૂર ન કરનાર ગંગાસ્નાન પણ શું કામનું ? દ્રવ્યસ્નાન તેજ વિહિત છે કે જે સ્નાન ભાવ સ્નાન લાવે. ભાવ-સ્નાનનું અવશ્ય કારણ બને તે દ્રવ્ય સ્નાન કામનું.

ધર્મ કરતેા માણસ જો સંસારના સુખેા માટે જ ધર્મ કરતેા હેાય તેા તેનું વલણ સંસાર તરફ ઝુંકયું છે એમ કહેવાય. જ્યારે સંસારના સુખેાને બંધન માનીને એનાથી છુટી જઇને મુકિતપદ પામવા માટે જે ભવ્યાત્માઓ ધર્મ કરતાં હેાય તેમનું વલણ મેાક્ષ તરફ ઝુકયુ છે. એમ કહેવાય.

સુધારેા

ગત ૪+૫ અંકમાં 'ભદ્ર ભદ્ર'ના લેખમાં '૫૧ માં સંવત્સરી બે આવે છે' તે હકિકત ફેર છે, ૫૧ માં સંવત્સરી ફેર આવતેા નથી તેમ જાણકારેાએ જણાવ્યું છે.

પ્રભુ વીર વચન પત્રિકા

પ પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- આજે ખોટું લખનાર કે બોલનારના મોંઢા પર દુઃખ નથી પણ હોંશિયારીની ખુમારી દેખાય છે.
- મિથ્યાત્વ મંદ પડે તો જ ધર્મક્રિયાથી લાભ થાય. બાકી ધર્મક્રિયાથી નુકશાન જ થાય. ધર્મને ઝેર બનાવીને જ કરે.
- ખાવા-પીવાદિમાં મજા માને તેને તપ ગમે જ નહિ. તે કદાચ તપ કરે તેય સારી રીતે ખવાય-પીવાય માટે.
- હિંસા-પરિગ્રહ વગર સંસાર ચાલે નહિ. તે બે પાપ ગૃહસ્થને કરવા પડે માટે તે બને ત્યાં સુધી અલ્પ જ કરે. બાકીના પાપની સામે જ ઉલ્લો હોય. તે બે પાપ કરવા પડે માટે-ઘર-બાર છૂટે, ગૃહસ્થપણું છૂટે, સાધુપણું આવે અને ઝટ મોક્ષે જવું આ ઇચ્છામાં તે હોય.
- સુખની ભુખ અને દુઃખના ભય પર કન્ટ્રોલ ન મૂકી શકીએ તો ધર્મ પમાડી શકીએ નહિ.
- ગાંડીયાઓને ધ્યાન શીખવવું એટલે ઇરાદાપૂર્વક ધર્મક્રિયાને ધક્કો મારવો.
- સાચા-ખોટાનો વિવેક હોય તો જ ધ્યાન આવે. સાચાં ખોટાના વિવેક વિના ધ્યાન કેવું! તે તો નાટક છે, પૈસા કમાવવાનો ધંધો છે.
- નિમિત્ત પણ આંધળાને દેખાય કે દેખતાને ?
- સંસારનું સુખ ભૂંડું ન લાગે તે કહે કે, સંસાર મને અસાર લાગ્યો છે તો તે જૂઠ્ઠો છે.
- ધર્મ નહિ સમજીએ, અધર્મ છોડીશું નહિ, ધર્મ કરીશું નહિ તો જિંદગી બરબાદ થશે, અહીંથી દુર્ગતિમાં જવું પડશે તેમ લાગે છે ?
- સુખ સારું લાગે છે માટે આટલાં પાપ થાય છે. તે સારું ન લાગ્યું હોત તો આટલાં પાપ થાત જ નહિ તેમ તમારી બુદ્ધિ કબુલ કરે છે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

~~૪૨૪૦~~ ૧૧-૬૭-૧૮

નમો ચઉવિસાए તિત્થયराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ ક્ષમાની મહાનતા

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरिआइं सव्वाइं ।।

સુખોનું મૂલ ક્ષમા છે, ઉત્તમ ધર્મનું મૂળ પણ ક્ષમા છે અને તે ક્ષમા મહાવિદ્યાની જેમ સઘળા ય દુરિતોનો નાશ કરે છે.

વર્ષ ૭ અંક ૯

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

નૂતન વર્ષની મંગલકામના

- પ્રજ્ઞાંગ

નૂતન વર્ષનો પ્રારંભ એટલે અંધકારનું ગમન અને પ્રકાશનું આવાગમન. નૂતન વર્ષમાં માત્ર સમયનું પરિવર્ત્તન નથી પરન્તુ આત્માના અવલોકન દ્વારા જીવનમાં પણ આમૂલ પરિવર્ત્તનની પ્રેરણા આપતું પર્વ છે. જે જીવનને નિરાશાના ગર્તામાંથી બહાર કાઢી સાચી આશાના મિનારાનું ચણતર કરાવે છે. સાચી દિશા બતાવી આત્માને ઉર્ધ્વ-ગામી બનાવે છે. જીવનને શ્રધ્ધાથી ઓતપ્રોત બનાવે છે. તેમાં પાયાનું કામ કરે છે દૃઢ સંકલ્પ અને અડગ આત્મવિશ્વાસ ! તેનો અભાવ જ જીવનમાં શ્રધ્ધાના મૂળિયા હચ-મચાવે છે. માટે અંધકાર રૂપી અજ્ઞાન અને વહેમના પડળો દૂર કરીને સમ્યગ્જ્ઞાન અને શ્રધ્ધાની જ્યોતિને ઝળહળતી રાખવાનો સંદેશ આપવાનું કામ કરે છે આ મંગલ પ્રભાત !

તેના માટે જીવન કિતાબના પાના ખુલ્લા રાખવા જરૂરી છે. દુનિયામાં સૌના અનુભવની વાત છે કે, વર્ષાન્તે બધું સરભર કરવા સરવૈયું કરી લેવું. સંસારમાં સૌ નફા-તોટાની માપણી માત્ર ભૌતિક સાધનોથી કરે છે પણ તે માપણી જરા પણ બરાબર નથી. કારણ કે સંપત્તિ-ધન-યૌવન-કુટુંબ-પરિવાર બધું જ નાશ પામનારૂં છે, રાખવા માગો તો ય રાખી શકાય તેમ નથી, તેવી રીતે તેની સાથે કાયમ રહેવું હોય તો ય રહી શકાય તેમ નથી અને મૂકીને ઇચ્છા હોય કે ન હોય તો પણ જવું પડે છે કાં તે આપણને મૂકીને ચાલી જાય છે. તો પછી જે વસ્તુ પોતે સ્વભાવથી પણ નાશવંત છે, પરિણામે પણ નાશ પામવાના સ્વભાવવાળી છે. તે મળે તો હર્ષ ન પામવો અને ચાલી જાય તો વિષાદ ન કરવો તે જ બુધ્ધિમાનનું સાચું લક્ષણ છે. બાકી હર્ષ અને વિષાદથી ઘેરાય તેની બુધ્ધિમત્તામાં પણ શંકા પડે તેવું છે. આવી નાશવંતી ચીજોના સરવૈયામાં સમયની બરબાદી વિના બીજું કાંઇ ફળ નથી. કદાચ વ્યવહારથી કરે તો ઠીક છે પણ તે સાચું સરવૈયું તો નથી જ. સાચું સરવૈયું તો જીવનમાં કેટલા આત્મિક ગુણો વધ્યા સદાચાર-સંતોષ-સાદાઇ-વિનય-વિવેક આદિ વધ્યા તેનો વિચાર કરવો તે છે. સાચી અભ્યંતર ગુણસંપત્તિની ક્ષય-વૃધ્ધિનો વિચાર ન કરે તે માનવતામાંથી પણ મરી પરવારે છે. બાહ્ય સંપત્તિ તો નાશવંત છે જ્યારે અભ્યંતર ગુણ સંપત્તિ એ જ અક્ષય સંપત્તિ છે. તેને પામવાનો સંકલ્પ કરવો એ જ આ નૂતન વર્ષનો સંદેશ છે. કેવળ ક્ષણિક સુખો-પદાર્થોની ચમક પાછળ આંધળી દોટ મૂકવી તે તો બરબાદી અને અધોગતિનો રસ્તો છે.

માટે સૌ પુણ્યાત્માઓ પોતાની પ્રજ્ઞાશીલતાનો સાચો ઉપયોગ કરી આત્માની ઉન્નતિમાં પ્રયત્નશીલ બની સાચી આત્મ સંપત્તિથી સમૃધ્ધ બનો અને તે માટે પુરુષાર્થની પ્રેરણાનો પથ આ જ પ્રભાત બનો તે જ હૈયાની મંગલ ભાવના.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા (અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ખાનચંદ પદમશી ગુડકા (ખારાઘોડા)

વર્ષ ૭] ૨૦૫૦ આસો વદ-પ.૬ મંગળવાર તા. ૨૫-૧૦-૬૪ [અંક-૬

--: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-પહેલું

જે શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં આપણે જીવીએ છીએ તેઓનું ગઇકાલે કેવલજ્ઞાન કલ્યાણક હતું અને આજે તીર્થ સ્થાપનાનો દિવસ છે.

શ્રી તીર્થંકર નામ કર્મ નિકાચિત કયારે થાય ? દરેકે દરેક શ્રી તીર્થંકર પરમાત્માઓ, શ્રી તીર્થંકરભવના પૂર્વના ત્રીજા ભવમાં શ્રી વીશસ્થાનક પદની કે તેમાંનાં કોઇ એક પદની આરાધના કરે છે. અને તે વખતે તેઓના હૈયામાં એવી ભાવના પેદા થાય છે કે- 'સંસારના જીવો સુખના અર્થી છે અને દુઃખમાં રિબાય છે. પણ સાચું સુખ કેમ મળે અને દુઃખથી કેમ છૂટાય તેની ખબર નથી. તેથી મારામાં જો શક્તિ આવે તો બધાના હૈયામાં રહેલો સંસારનો રસ નિચોવી દઉં અને શાસનના રસિયા બનાવી દઉં. જેના પ્રતાપે સૌ શાસનને સમજે, આરાધે અને વહેલામાં વહેલા મુક્તિપદને પામે. જેથી જે સુખ જોઇએ છે તે પામે."

આપણું કેવું સુખ જોઇએ છે ? જેમાં થોડું--ઘણું દુઃખ હોય તો ચાલે ? આપણી પાસે અધિક સુખ હોય તેના કરતાં બીજા પાસે અધિક સુખ હોય તો તે ફાવે ? આવેલું સુખ ચાલી જાય તો તે ગમે ? જેમાં જરાપણ દુઃખ ન હોય, જે પૂરેપૂરું હોય અને આવ્યા પછી કદિ નાશ ન પામે તેવું હોય-તેવું સુખ આ સંસારમાં છે ? બધા કહે કે-અમો સુખ જોઇએ છે તેમ બોલે છે પણ કેવું સુખ જોઇએ તેની ખબર નથી.

આ જોઇને ભગવાનના આત્માને વિચાર આવ્યો કે-"આ બિચારા સુખના અર્થી

છતાં ય સંસારમાં રખડશે અને પોતે માની લીધેલા સુખને મેળવવા જે જે પ્રવૃત્તિ કરશે તેથી દુઃખમાં રિબાયા કરશે અને મહાદુઃખી થશે. તેથી મારામાં જો શક્તિ આવે તો બધાને મોક્ષના રસિયા બનાવી દઉં.” આ ભાવનાના યોગે શ્રી તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું. તે શ્રી તીર્થંકર નામકર્મ નિકાચિત કરીને ભગવાન શ્રી મહાવીરદેવના આત્માએ આજના દિવસે મોક્ષ માર્ગ સ્વરૂપ ધર્મ શાસનની સ્થાપના કરી.

મોક્ષ માર્ગ કહો કે ધર્મશાસન કહો તે બે એક જ છે. શાસન કેમ સ્થાપ્યું ? શાસન પામીને, તેને આરાધીને આત્મા વહેલામાં વહેલો મોક્ષે જાય. મોક્ષે કયાંથી જવાય ? આ મનુષ્ય-જન્મમાંથી જવાય. મોક્ષે જવા જે સાધુપણું જોઇએ તે અહીં જ મળે અને અહીં જ પળાય. તમને બધાને મનુષ્યભવ મળ્યો છે તો કયાં જવું છે ? શું થવું છે ? આજે તો મોટા ભાગને પરલોકનો વિચાર નથી આવતો. ‘મરીને કયાં જઈશ.’ તેની ચિંતા છે ? શાસ્ત્રે કહ્યું છે કે–જેને પરલોકની ચિંતા ન હોય તે કયારે ય સાચો ધર્મી બને નહિ. મોક્ષનો અર્થી ન હોય તે જૈન હોય ? ભગવાનનો ભગત હોય ? તમે બધા ભગવાનની ભક્તિ કેમ કરો છો ? ઘણો વર્ગ તો ભગવાનના દર્શન-પૂજન પણ કરતો નથી. ભગવાનના દર્શન પૂજન પણ ન કરે તે જૈન હોઇ શકે ખરો ?

ભગવાનના દર્શન-પૂજન પણ કેમ કરવાના છે ? ભગવાન થવા. સાધુની સેવા કેમ કરવાની છે ? સાધુ થવા. નાનો પણ ધર્મ કેમ કરવાનો છે ? ઊંચો ધર્મ પામી વહેલામાં વહેલા મોક્ષે જવા. આ ભાવના ન હોય તો તમે બધા શ્રી જૈનશાસનમાં કે સંઘમાં ગણાવ ખરા ? શ્રી અરિહંત પરમાત્માને માને અને મોક્ષે જવાની ઇચ્છા નહિ, પરલોક ન બગડે તેની કાળજી નહિ, પરલોક સુધારવાની ઇચ્છા નહિ તો શું થાય ? **વ્યાખ્યાન પણ કેમ કરવાનું છે ? અમે વિદ્વાન છીએ તેમ બતાવવા; તમને ખુશ કરવા અમે જો વ્યાખ્યાન કરતા હોઇએ તો અમે પણ પાપી છીએ. વ્યાખ્યાન તમને સાચું ખોટું સમજાવવા કરીએ છીએ. અમે જે સાધુપણું પામ્યા છીએ, તે સાધુપણું બધાને પમાડવું છે તે માટે વ્યાખ્યાન કરીએ છીએ. પણ આજે તો અમે દીક્ષાની વાત કરીએ તેય ઘણાને ગમતી નથી. બસ ‘દીક્ષા જ લો, દીક્ષા જ લો. દીક્ષા જ લેવાની ! અમારા પુણ્યથી જે સુખ મળ્યું તે ભોગવીએ તેમાં તમારું શું જાય છે?’–એમ ઘણા પૂછે છે. અમે તો હિત-બુદ્ધિથી સાચી વાત સમજાવીએ છીએ. તમને ન રૂચે તો તમારે દુર્ગતિમાં જવું પડશે, તેમાં અમને નુકશાન નથી.**

શ્રી અરિહંત પરમાત્માઓ, જયારથી માતાના ગર્ભમાં આવે, ત્યારથી શ્રી ઇન્દ્રાદિ

દેવો તેઓની પૂજા કરે છે. તેવી સુખ-સાહ્યબીને પામેલા પણ તે પરમતારકોના આત્માઓ, સમય આવે તે બધી સુખ-સાહ્યબીને લાત મારી. સાધુ થઇ, ઘોર તપને તપે છે, અનેક કષ્ટોને, પરિસહોને મજેથી વેઠે છે. મોહને મારી, વીતરાગ થઇ, કેવળજ્ઞાન પામે છે અને આપણા બધા માટે મોક્ષ માર્ગને સ્થાપે છે અને આયુષ્ય પૂર્ણ થયે મોક્ષમાં જાય છે અને આપણનેસૌને આમંત્રણ આપે છે કે-'તમારે સાચા સુખી થવું હોય તો મોક્ષમાં જ જવા જેવું છે!' તમારે મોક્ષે જવું છે કે નહિ તેમ પૂછે તો શું કહો? આપણા બધા જ ભગવાન જયાં છે તે જગ્યા તો સારી હશે ને? કે હજી તેમાં પણ શંકા છે?

તમારે મોક્ષે જવું છે કે સંસારમાં રહેવું છે? મોક્ષે જ જવું છે તો સંસારમાં રહ્યા છો તે દુઃખથી રહ્યા છો કે મઝાથી રહ્યા છો? સંસારમાં મઝા આવી જાય તો દુઃખ થાય કે? તે મઝા મટી જાય તો સારૂં તેમ થાય છે? મને સંસારમાં મઝા આવવી જ ન જોઇએ. સમ્યગ્દૃષ્ટિને કદી સંસારમાં મઝા આવે નહિ, તેને ન છૂટકે સંસારમાં રહેવું પડે તો દુઃખથી રહે. ભગવાને કહ્યું છે કે-"સમ્યગ્દર્શનપૂતાત્મા ન રમતે ભવોદધૌ" અર્થાત્ "સમ્યગ્દર્શનથી પવિત્ર એવો આત્મા સંસારમાં રમે નહિ."

તમને બધાને આ સંસારમાં મઝા આવે છે કે આ સંસારથી છૂટવાનું મન થાય છે? આ પૂછવાનો અધિકાર અમને ખરો કે નહિ? તમને સંસારમાં મઝા આવે તો શું કહો? જે જીવ ધર્મ પામ્યો હોય તે તો એમ જ કહે કે-"અમારો પાપનો ઉદય છે તેથી હજુ સંસારમાં મઝા આવી જાય છે. ધર્મ દેખાવનો કરીએ છીએ. ધર્મમાં મઝા આવતી નથી. ધર્મ જેમ તેમ વેઠની જેમ પૂરો કરીએ છીએ." તમે બધા સામાયિકમાં ય ઝોકા ખાવ ને? આડી અવળી વાતો કરો ને? તમે બધા રોજ સામાયિક, પ્રતિક્રમણ, દર્શન, પૂજન આદિ ધર્મક્રિયા કરો તેવો નિયમ નહિ ને? 'આ બધી ધર્મક્રિયા થાય તો કરીએ. નહિ તો ન પણ કરીએ' આમ બોલે તેનામાં સમ્યગ્દર્શન હોય? જેનામાં સમ્યગ્દર્શન પણ ન હોય, તે મેળવવાની ઇચ્છા ય ન હોય-તે બધા સંઘમાં હોય ખરા? તેવા ન હોય અને સંઘના બધા હક ભોગવે તો સંઘના દેવાદાર થાય અને ઘરે ઘરે જનાવર થઇને પણ તે દેવું ભરપાઇ કરવું પડે-આટલી ચિંતા થાય તો ય ઘાયું કામ થાય. (ક્રમશઃ)

અમૂલ્ય તમારા ઘરની મૂડી રૂપ ભવ્યતમ અનુપમ ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ–પહેલો મૂલ્ય રૂા. ૬૫૦–૦૦

આ ગ્રંથના પહેલા ભાગમાં—ગુજરાત રાજસ્થાન અને વિદેશ-આફ્રિકા લંડન–જાપાનના ૩૭૮ તીર્થો જિનમંદિર અને મૂલનાયકોના ફોટા છે અને સંક્ષિપ્ત ઇતિહાસ છે. જીલ્લા અને રાજયના નકશાઓ છે જે યાત્રાએ જનારા માટે માર્ગદર્શક છે –૪ કલર ભવ્ય ચિત્રો–બોર્ડરો ડીઝાઇનોથી સુશોભિત છે. દર્શન કરતાં પ્રભુજીના ફોટા આદિ પાસે ઠેર ઠેર સ્તુતિઓ સ્તવનો મુકેલા છે જેથી ભકિત ભાવ સાથે તીર્થ દર્શન કરી શકાય.

બીજા ભાગમાં–શેષ ભારત ૧. બિહાર ૨. બંગાલ ૩. ઉત્તર પ્રદેશ ૪. મધ્ય પ્રદેશ ૫. પંજાબ ૬. હરિયાણા ૭. કાશ્મીર ૮. ઓરીસ્સા ૯. આંધ્ર ૧૦. તામિલનાડુ ૧૧. કેરાલા ૧૨. કર્ણાટક ૧૩. મહારાષ્ટ્રના તીર્થોને, મંદિરો, મૂલનાયકો આદિના ફોટા, નકશા અને સંક્ષિપ્ત ઇતિહાસ આવશે બંને ભાગનું સાથે અગાઉ મૂલ્ય રૂા. ૧૦૦૦/ છે.

આ બીજાભાગમાં એક પેજના શુભેચ્છકના રૂા. ત્રણ હજાર છે, એક પેજમાં નીચે એક લીટીમાં નામ આવશે તથા એક સેટ (ભાગ–૧–તથા ૨) તેમને મળશે. આ ગ્રંથની બે હજાર નકલ છપાશે તો તીર્થ ભકિત અને ભાવના માટે તીર્થનું નામ પસંદ કરીને રૂા. ૩૦૦૦/ મોકલી શુભેચ્છક બનો.

આ બીજો ભાગ સંવત્ ૨૦૫૧ દિવાળી સુધીમાં પ્રગટ કરવાની ભાવના છે.

આ મહાન ગ્રંથ માટે હિંદી અને અંગ્રેજી આવૃત્તિની માંગણીઓ આવી રહી છે તે અંગે પ્રયત્ન ચાલે છે જયારે નિશ્ચિત થશે ત્યારે તેની વિગત પ્રગટ કરવામાં આવશે.

આ ગ્રંથ તમારા ઘરની મૂડી બનશે.

દરેક બુક સેલરને મળો, અગર લખો.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

c/o. શ્રુતજ્ઞાનભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર સૌરાષ્ટ્ર (ગુજરાત)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(ઢાળ–બીજી)

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહિલું શ્રુત અભિલાષ
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાક્ષ રે.
પ્રાણી ધરીયે સમકિત રંગ, જિમ લહીએ સુખ અભંગ રે.
પ્રાણી૦...૧૧

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત,
તેહથી રાગે અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની રીત રે.
પ્રાણી૦....૧૨

ભુખ્યો અટવી ઊતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું લિંગ રે.
પ્રાણી૦....૧૩

વૈયાવચ્ચ ગુરૂદેવનું રે, ત્રીજું લિંગ ઉદાર રે.
વિદ્યા સાધક તણી પરે (પરે કરે) રે, આલસ નવિય લગાર રે.
પ્રાણી૦....૧૪

પ્ર૦ ૪૮–લિંગ કોને કહેવાય ?

ઉ૦–લિંગ એટલે ચિહ્ન. જે આવ્યાથી જણાય છે કે આ ગુણ–ગુણીમાં આવેલો છે કે આવવાનો છે. જેમ ધૂમથી અગ્નિનું અનુમાન કરાય તેમ.

પ્ર૦ ૪૯–સમકિતના લિંગ કેટલાં છે ?

ઉ૦–ત્રણ.

પ્ર૦ ૫૦–કયા કયા.

ઉ૦–શુશ્રુષા, ધર્મરાગ અને ગુરૂદેવની વૈયાવચ્ચ.

પ્ર૦ ૫૧–પહેલા લિંગનું સ્વરૂપ સમજાવો.

ઉ૦–પહેલું લિંગ શુશ્રુષા છે. શુશ્રુષા માટે કહ્યું છે કે,

"श्रोतुमिच्छाशुश्रूषा–सद्बोधावन्ध्यनिबन्धनधर्मशास्त्रश्रवणवाञ्छेत्यर्थः ।।'

શુશ્રુષા એટલે સાંભળવાની ઇચ્છા સદ્બોધના અવન્ધ્ય–સફળ કારણ રૂપ જે ધર્મ શાસ્ત્ર, તેને સાંભળવાની જે વાંછા–ઇચ્છા તેનું નામ શુશ્રુષા છે.

ચતુરાઇ ગુણોથી યુકત, સંગીતનો જાણુ એવો યુવાન સુખી પુરૂષ, સ્ત્રીથી પરિવરેલો હોય અને કિન્નર સુરના ગીતોને જે રાગપૂર્વક સાંભળે તેનાથી પણ અધિક રાગપૂર્વક સમકિતી જીવ શ્રી જિનવાણીનું શ્રવણ કરે.

પ્ર૦ ૫૨–સાંભળનારના રસને કઇ ઉપમા આપી છે ?

ઉ૦–સાકર અને દ્રાક્ષના રસની તેના રસપાનમાં જેમ એકતાન થાય તેના કરતા અધિક એકતાનતા ધર્મ સાંભળવામાં આવે.

પ્ર૦ ૫૩–પ્રાસંગિક શો ઉપદેશ આપ્યો ?

ઉ૦–હે ભવ્ય પ્રાણી ! સમકિતનો રંગ ધારણ કરો જેથી અભંગ એવુ –મોક્ષ સુખ પ્રાપ્ત થાય.

પ્ર૦ ૫૪–તે દૃષ્ટાંતનો ફલિતાર્થ કયો ? સમજાવો.

ઉ૦–દૃષ્ટાંત એકદેશીય પણ હોય, અત્રે શ્રવણ વિષયમાં સંગીતનો જાણુ–યુવાન–સ્ત્રી આદિથી પરિવરેલાને સુરગીતમાં જે રાગ હોય તેથી અધિક રાગ શ્રી જિનવાણી શ્રવણમાં હોય. સુરગીતના જ શ્રવણનો રાગ તો સંસારને વધારનારો બને છે. શ્રવણેન્દ્રિયના રાગમાં રકત બનેલા હરણિયા પોતાના પ્રાણ પણ ગુમાવે છે. જ્યારે હેયાપૂર્વક શ્રી જિનવાણી શ્રવણનો રાગ એ વિરાગનો અને વિતરાગતાનો જનક છે. માટે અપ્રશસ્ત રાગનો નાશ કરવા આવો પ્રશસ્ત રાગ કેળવવાનો છે જેથી રાગના મૂળિયાજ નાશ પામે.

પ્ર૦ ૫૫–બીજાં લિંગનું સ્વરૂપ સમજાવો.

ઉ૦–બીજું ધર્મરાગ નામનું લિંગ છે. ધર્મ શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ એમ બે પ્રકારનો છે. શ્રુતધર્મ શુશ્રુષા પદમાં આવી જતો હોવાથી અત્રે ધર્મરાગ પદથી ચારિત્ર ધર્મનો રાગ ગ્રહણ કરવાનો છે, તથાપ્રકારના કર્મોના કારણે ચારિત્ર ગ્રહણ ન પણ કરી શકે તો પણ ચારિત્ર ગ્રહણ કરવાનો રાગ અપૂર્વ હોય છે. તે વાતને દૃષ્ટાંતથી સમજાવે છે કે, જંગલમાંથી આવતો શ્રાન્ત થયેલો, ભુખ્યો અને તેથી દુઃખી એવા પણ દ્વિજ–બ્રાહ્મણને બીજું સુકુ–પાકું ગમે તેવું ખાવા મળે તો પણ ઘેબર આવાની જેવી ઇચ્છા હોય છે તેના કરતાં પણ અધિક ઇચ્છા આ ચારિત્ર ધર્મને ગ્રહણ કરવાની સમકિતી જીવને હોય છે.

પ્ર૦ ૫૬–અહીં આ દૃષ્ટાંત કેમ આપ્યું ?

ઉ૦–બ્રાહ્મણોને સ્વભાવ–જાતિથી ઘેબર અતિ પ્રિય હોય છે. તેમનામાં જાતિગત રસલોલુપતાનો દોષ અધિક પણ દેખાતો હોય છે. ગમે તેવું ખાવા મળે તે ય ઘેબરની ઇચ્છા ઉપલક્ષણથી મિષ્ટાન્ન ભોજનની ઇચ્છા ઘણી જ હોય છે માટે.

પ્ર૦ ૫૭–'ધર્મ' શબ્દથી શું અભિપ્રેત બને ?

ઉ૦–ચારિત્ર ધર્મ.

પ્ર૦ ૫૮-ત્રીજા લિંગનું સ્વરૂપ સમજાવો.

ઉ૦-ગુરૂદેવનું વૈયાવચ્ચ એ નામનું ત્રીજું લિંગ છે. તેમાં ગુરૂ એટલે ધર્મોપદેશક શ્રી આચાર્ય ભગવંતાદિ અને દેવ એટલે શ્રી અરિહંત પરમાત્મા તે ગુરૂદેવની વૈયાવચ્ચ-સેવા-ભક્તિ-વિશ્રામણા-પૂજા આદિ યથાશક્તિ કરવી. તે પણ વિદ્યાસાધકની જેમ અપ્રમત્ત બનીને કરવી પણ તેમાં જરા પણ આળસ કરવી નહિ. આળસ કરવાથી વિદ્યાની સિદ્ધિ ન થાય તેમ વૈયાવચ્ચમાં આળસ કરવાથી ગુરૂદેવની ભક્તિ થઇ શકે નહિ અને સમકિત ગુણની પ્રાપ્તિ પણ થાય નહિ.

અહીં ગુરુ અને દેવની વૈયાવચ્ચ કરવી એમ કહી ગુરુને પ્રથમ અને દેવને બીજા ક્રમે મૂકયા તે અ વિવક્ષાએ ગુરૂની પૂજ્યતા જણાવવા સાથે ગુરૂની સેવા-ભક્તિ ઉપાસના વગર શ્રી વીતરાગ દેવની ઓળખ થતી નથી. શ્રી વીતરાગ દેવનું યથાર્થ સ્વરૂપ જણાવનારા ગુરૂ છે તે અપેક્ષાએ ગુરૂને પ્રથમ ક્રમે અને દેવને બીજા ક્રમે મૂકયા છે. બાકી કર્તાને મન બંનેની પૂજ્યતામાં ભેદ હોય નહિ.-તેવો વિચાર પણ કરાય નહિ.

પ્ર૦ ૫૯-આ દૃષ્ટાંત શું શીખવે છે ?

ઉ૦-અપ્રમત્તતા ગુણ કેળવ્યા વિના ધર્મની સિદ્ધિ થતી નથી. અપ્રમત્ત બનવું જોઇએ.

પ્ર૦ ૬૦-ગુરૂ દેવનું વૈયાવચ્ચ કરવું તેમ કહ્યું તો વૈયાવચ્ચ ગુણને શાસ્ત્રે કેવો કહ્યો છે ?

ઉ૦-અપ્રતિપાતી.

પ્ર૦ ૬૧-તે ગુણ માટે બીજું શું કહ્યું છે ?

ઉ૦-જેમ ગોળના રવા આગળ માખીઓ બણબણે તેમ વૈયાવચ્ચનો પ્રસંગ આવે તો બધા અહં પૂર્વિકા કરે. 'મને લાભ મળે' મને લાભ મળે' તેમ થાય છે.

પ્ર૦ ૬૨-વિદ્યાસાધકના દૃષ્ટાંતમાં કયો દોષ કહ્યો છે ?

ઉ૦-આળસ નામનો.

પ્ર૦ ૬૩-આળસ દોષને ગુણરૂપ બનાવાય !

ઉ૦-હા.

પ્ર૦ ૬૪-કઇ રીતના બનાવાય તે જણાવો ?

ઉ૦-અકાર્યની પ્રવૃત્તિમાં આળસુ બનવું તે ગુણ છે.

પ્ર૦ ૬૫-આળસ દોષરૂપ કઇ રીતના બને ?

ઉ૦-ગુણ મેળવવા આળસ કરવી તે દોષ રૂપ બને.

પ્ર૦ ૬૬-આ લિંગ કઇ રીતના ઘટી શકે છે.

ઉ૦-આ સમ્યગ્દૃષ્ટિના-એટલે કે ધર્મ અને ધર્મીનો અભેદ ઉપચાર હોવાથી સમ્યકૃત્વના લિંગ છે, અર્થાત્ આ શુશ્રુષાદિ જોવાથી સમ્યકૃત્વ ઉત્પન્ન થયું છે કે ઉત્પન્ન થવાનું છે તેમ નિશ્ચય કરી શકાય છે. વળી ઉપશાંત મોહ ગુણઠાણે-કૃતકૃત્ય થવાથી જીવોને શુશ્રુષાદિ કદાચ પ્રત્યક્ષ ન દેખાય તો પણ ફળરૂપે હોય છે. ઉપશાંત વગેરે ગુણો શુશ્રુષાનું ફળ છે માટે. (ક્રમશઃ)

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ અનંતલબ્ધિનાથ શ્રી ગૌતમ સ્વામિને નમઃ

નમામિ નિત્યં ગુરૂ રામચન્દ્રમ્

(મુંબઇ) કાંદીવલી-દહાણુકરવાડી મધ્યે નિર્માણાધિન
શ્રી વાસુપૂજ્યસ્વામી જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત થનાર તારક
શ્રી જિન બિંબો ભરાવવાની ઉછામણીમાં લાભ લેવા.

સકળ શ્રી સંઘને હાર્દિક આમંત્રણ

(મુંબઇ) કાંદીવલી (વેસ્ટ)માં દહાણુકરવાડી મહાવીરનગર વિસ્તારમાં જૈનોની થનાર વિશાળ વસતિને નજર સમક્ષ રાખી અમોએ 'શ્રી વાસુપૂજ્ય સ્વામી' ભગવાનના મનોરમ્ય શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કાર્ય એક વરસ થયા પ્રારંભ થયું છે.

પૂ જૈનશાસનના મહાન જ્યોતિર્ધર કલિકાલ કલ્પતરૂ સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાથી પૂ. તપસ્વિરત્ન આ. ભ શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ના તથા પૂ સુવિશાળ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા.ના મંગળ આશીર્વાદથી તેમજ પૂ. મુનિપ્રવર શ્રી નયવર્ધન વિજયજી મ.સા ની પ્રેરણા તથા માર્ગદર્શનથી ચાલી રહેલું આ નિર્માણ કાર્ય ટુંક સમયમાં પૂર્ણ થશે.

તે નવ નિર્મિત ભવ્ય જિનાલયમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧(૪૧") ઇંચના ભગવાન આદિ તથા બાજુમાં ૨૭" ઇંચના બે એમ તારક ત્રણ શ્રી જિનબિંબો પધરાવવાના છે તે તમામ જિનબિંબો ભરાવવાની ઉછામણી પૂજ્ય તપસ્વિ સમ્રાટ આ.ભ. વિજય રાજતિલક સૂરીશ્વરજી મ.સા.ની તથા પૂ. ગચ્છસમ્રાટ આ.ભ. વિજય મહોદય સૂરીશ્વરજી મ.સા.ની પુનીત નિશ્રામાં ભૂલેશ્વર મોતિશા લાલબાગ જૈન દહેરાસર ઉપાશ્રયમાં બોલાવવામાં આવશે તો ઉછામણીના આ મંગલ પ્રસંગે પ્રભુભકિનો લાભ લેવા પ્રભુભકતોને સ્નેહભર્યું નિમંત્રણ છે.

યાદ રાખો દિવસ-કારતક વદી ૩ સોમવાર ૨૧-૧૧-૯૪ સવારે વ્યાખ્યાન સમયે

આપની ઓફર નીચેના ફોન નંબરમાં જણાવી શકો છો આદેશ તે દિવસે જ કારતક વદી ૩ ના આપવામાં આવશે. ઘીનો ભાવ ૩ રૂ મણના.

ફોન : ૮૮૨૩૬૧૪ લી. શ્રી શ્વેતાંબર મૂ. ત. ઉદય કલ્યાણ આ. જૈન ટ્રસ્ટના

પ્રાણલાલ સી. શેઠ ટ્રસ્ટીઓ

અશોકભાઇ પટવા ચંદુભાઇ પુંજાભાઇ નરેન્દ્ર જયંતિલાલ મુકુલભાઈ છેડા

ફોન : ૮૮૮૫૪૭૪ ફોન : ૮૦૭૪૯૩૫ રાત્રે **મહેતા** ફોન–૮૪૦૫૩૧૬ ફોન–૮૮૭૨૯૯

સરનામું : **પ્રાણલાલ સી. શેઠ** બોમ્બે ટોકીઝ કમ્પાઉન્ડ, મલાડ (વેસ્ટ) બોમ્બે–૪૦૦૦૬૪

❀ ખોટું નો લગાડતા હો ને ❀

—શ્રી ભદ્રંભદ્ર

સુંવાળી દોરીના બંધન આજે સૌ પ્રેમ થકી બાંધે.

આમ તો ઉનાળો હોય ત્યારે હું વહેલો ઉઠી જતો. અને તરત જ ઠંડા બોળ પાણીથી સાબુનો સંગાથ લઇને સ્નાનના સહરા રણમાંથી રોજે માત્ર કલાકમાં જ પસાર થઇ જતો.

થે ડાં મંત્રે. સાત વાર ભણીને રેશમી પૂજાની જોડ ઉત્તરદિશા તરફ મુખસરોજ (મુખકમળ, મુખ મંડલ, મુખ કમંડલ નહિ હોં) રાખીને સ્વસ્થ અને શાંત ચિત્તે તૈયાર થતો. આમ તો સુતરાઉ કે ખાદીની જ પૂજાની જોડ પહેરુ, પણ કહેવાય છે કે– 'ઉનાળામાં ખાદી કે સુતરાઉ પહેરવાથી ગરમી નથી લાગતી.' એટલે મને થયું કે– 'એક બે–અતી હાયના આ શરીરની આળપંપાળ કયા જનમ–ભવને કારણે કરવી. ગરમી લાગશે. તો હવેથી સહન કરવાની ટેવ પાડીશુ. નરકમાં આ આત્માએ એક સેંકડ શું એક સમયનો પણ પોરો નથી ખાતો દુઃખ સહન કરવામાંથી. અને અહીં ધંધા માટે ધમાધમ કરીને ધોમ ધખતાં ધખારાથી ધગધગી ગયેલી ધરા–ધરતી ઉપર ટેરીકોટન, પોલીસ્ટાર, કેમ્રીક, વુલનમાં કયાંય ગરમીની પરવા નહિ. અને સવારના પહોરમાં સૂરજ દાદા હજી તે આકાશમાં આવે એ પહેલાં ઠંડા–શીતળ વાયુની ખુશનુમા પ્રભાતમાં ઠંડો અને સુંવાળો સુખદાયક સ્પર્શ દેનારા રેશમી કપડામાં એ ય પાછા ઘરમના ઘામમાં ગરમીનો વિચાર કરવો. ખરેખર ધરમીજનની આ કરૂણ–કંગાળ ચિંથરેહાલ દશા ગણાય.

રેશમના એક તાંતણા પાછળ પ્રાણ કુરબાન કરી દેનારા કોસેટાની યાદ અચૂક રેશમની વાત આવતાં આવે જ. રેશમ વખતે જેને કોસેટો યાદ ન આવે એનો માનવજનમારો એળે ગયો. એળે.

એક સો ગ્રામ જેટલા રેશમમાં એક હજાર કોસેટાનું જીવન–બલિદાન છૂપાયેલું છે. જેમ એક રોટલીના ચાંદામાં અઢળક ગોધૂમ વર્ણના પ્રાણની કુરબાની છૂપાયેલી છે તેમ. [ત્રસ–સ્થાવરનો અહીં ભેદ છે.] પૂજાની એક જોડ કેટલા સો ગ્રામની હશે? અને દર સેંકડો ગ્રામે હજારોના બલિદાનો છૂપાયેલા છે. અરરર! કોસેટાની કાયાનું કલેવર ઓઢીને વીતરાગ જેવા વીતરાગ દેવની પૂજા કરવાની? આજે રેશમની ખેતીએ આ બાબતમાં આપણને વિચારતા કરી દીધા છે.

હું જાત–મહેનતથી જ ચિંતનધારામાં તણાયો. બ્રહ્મજ્ઞાન લાધે તેની મને પ્રતીક્ષા હતી અને 'ચાહ છે ત્યાં રાહ છે' એ પંક્તિએ મારી જિંદગીમાં આજે પ્રથમ ભવ્ય પ્રવેશ કર્યો. મને ચાહનો રાહ મળ્યો. [ચાનો રસ્તો નહિ હોં. સવાર સવારમાં ચા દેવી લગભગ બધાને આવે જ. મારી સિવાય. હું દૂધ પીઉ છું ને એટલે.] ચાહતમાં રાહત મળી.

મેં વિચાર્યું–'સાહલુ હજારો કેાસેટાના કલેવરેાનું કબ્રસ્તાન બની ગયેલી અઢી–ત્રણ વારની આ કબર જેવી પૂજાની રેશમી જોડ માત્ર–બસેા–અઢીસેા રૂપિયામાં મળે ખરી ?' હજારેાના દફનની કબર આટલી સસ્તી ? અસંભવ. સાવ અસંભવ, ન ભૂતેા ન ભવિષ્યતિ.

સસ્તી પૂજાની જોડેામાં હજારેા કેાસેટાના વધ માનવા જરા વધુ પડતા લાગ્યા. લાંબુ સ્ટેશન પસાર કરીને મારી ગાડી આગળ ચાલી. રેશમી વસ્ત્રેા તેા પવિત્ર ગણાય. ભાવધારાની વૃદ્ધિ પણ આ કપડામાં સારી થવાની શકયતા છે. આભડછેટવાળી બાઈને રેશમી કપડાવાળેા કેાઈ અડે તેા ય તે અપવિત્ર નેા ગણાય. [અરે ! પેલા રમણભાઈ નીલકંઠ નામના લેખકના પરમપવિત્ર ખલનાયક "ભદ્રંભદ્ર" પણ પીળું પીતાંબર પહેરે તે પેાલીસ્ટારનું કે સુતરાઉનું નહિ. રેશમનું કે શણનું જ. [જોવું જોઈએ] એની સાબિતી કે શાસ્ત્રપાઠ એજ કે–'ભદ્રંભદ્ર' નામની ચેાપડીમાં બ્રાહ્મણેાની નાતનેા જમણવાર હેતેા. પાથરણા ને પતરાળા પથરાઈ ગયેલા. દાળ પીવા માટે પડીયા પાંદડાના બનાવેલા હતા. (સ્ટીલની ધાતુનેા વિરેાધ કરતાં હશે કદાચ.) બધાં જમવા બેાઠવાઈ ગયા હતા. ત્યાં ગમે ત્યાંથી સૂતરનેા તાંતણેા ઉડતેા ઉડતેા આવ્યેા. અને લગભગ ઘણા બધાંને અડતેા જતેા હતેા. સૂતરનેા તાંતણેા અડવામાં આભડછેટ માનનાર એ બ્રહ્મસમાજે ફરી સ્નાન કર્યું અને જમવા બેઠા.

એટલે રેશમના તાંતણે સ્નેહના બંધનેા બાંધીને આખા શરીરને રેશમથી સજાવી દઈને હું ભગવાનની પૂજા કરવા નીકળ્યેા. વિશ્વભરના દેરાસરેામાં સૌથી પહેલેા પ્રક્ષાલ કરવાનેા [ભીનું અંગલૂછણું જ ભગવાન ઉપર ફેરવી દઈને દૂધ સીધુ જ પ્રક્ષાલ જળની–ન્હવણ જળની કુંડીમાં નાંખી દેવાનેા) વર્લ્ડ રેકેાર્ડ અમારા દેરાસરનેા નોંધાયેા છે. પણ અમે માંગવા છતાં ગીનીશબુકવાળાને નથી આપ્યેા. કેમકે અમારેા રેકેાર્ડ સાંભળીને પેાતાનેા રેકેાર્ડ નોંધવનારા ઘણાં ઉભા થઈ જાય તેા અમને દુઃખ થાય. બીજા દેરાસરેામાં અમારા કરતાં ય વહેલેા પ્રક્ષાલ થવા માંડશે તેા ? એના કારણે નહિ પણ અમારેા રેકેાર્ડ તૂટી જશે તેા ? એ ડરના કારણે અમને દુઃખ થાય.

ઉનાળામાં હું સવારમાં આટલેા બધેા વહેલેા પૂજા કરવા કેમ જાઉ છું ? તે હવે તમે સમજી ગયા ને ? કેમ કે અમારા ભગવાન બહુ જ વહેલા એટલે કે બ્રહ્મ મુહૂર્તે તેા જાગી જાય છે અને સૂર્યોદય થતાં સુધીમાં તેા સ્નાનાદિથી પરવારી જાય છે. એટલે મૂળનાયક ભગવાનના પહેલા પ્રક્ષાલ, પહેલી પૂજા વગેરેનેા લાભ મેળવવાના જ એક માત્ર શુધ્ધ આશયથી જાઉ છું. પણ જરા મેાડા જઈએ એટલે પગ બળે તેવા કેાઈ ડરથી નહિ. અને પગ બળતા કેાય તેા નવા નકકેાર પૂજાની જોડની જેમ અલગ થાનામાં સાચવી રાખેલા સ્લીપર કયાં નથી પહેરી જવાતાં ? આપણા પગ બળવાની કે બગડવાની ચિંતા સખવી એ જીવદયા જ ગણાય ને ? એટલે સ્લીપર પહેરીને જવામાં જીવદયાનેા જ પરિણામ હેાય છે. જો કે હું તેા સ્લીપર પહેરતેા જ નથી. માત્ર જરૂર પણ

ના પડે ને ? કેમકે ઉનાળામાં તો હું સવાર-સવારમાં જ પૂજા કરવાની લેબીટ-વાળો મહાભાગ છું.

અરે ! જૈનગ્રંથોમાં તો ભગવાનની પહેલી પૂજા પ્રક્ષાલ વગેરેની ઉછામણી બોલી-ને દેવદ્રવ્યની વૃધ્ધિ કરવાનું કહ્યું છે. જ્યારે મને તો વગર ઉછામણીએ જ આવો બધો લાભ અનાયાસે જ મળી જાય છે. આવો લાભ મારે તો ખરેખર ઉનાળામાં જતો કરવા જેવો નથી. મારે કોઇ ધંધા કે સરવીસની હાય-વોય છે માટે કંઇ હું ઉનાળામાં પૂજા કરવા વહેલો જઉ છું તેવું તો હરગીઝ નથી.

શિયાળામાં તો લગભગ બપોરે સાડા અગિયાર વાગે પૂજા કરવા જઉ છું. જો કે હું ગરમીની જેમ જ કકડતી ઠંડીને પણ સામી છાતી-સહન કરી શકું છું. પણ... કેમ, અષ્ટપ્રકારી પૂજા તો મધ્યાહ્ન સમયે જ કર-વાની શાસ્ત્રમાં કહી છે ને ?

ઉનાળામાં પહેલી પૂજા/પ્રક્ષાલનો લાભ લઉ છું [મફત] અને શિયાળામાં મધ્યાહ્ન પૂજાનો લાભ લઉ છું. શાસ્ત્રમાં જ શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક યથાશક્તિએ કરવાનું કહ્યું જ છે ને ? એટલે શકય એટલું કરીએ વળી. આ જીવનમાં આપણે બીજું તો શું કરવાના હતા. લોકો તો દીક્ષા લે છે. તો આપણે આટલું ના કરી શકીએ ? (હસતા નહિ હોં)

સ્વીકાર-સમાલોચના

ચારગતિના કરણો ભા-૧-પ્રવચનકાર પૂ.આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહા-રાજા સં. પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્ર સૂ મ. મોક્ષ માર્ગ પ્રકાશન ઠે. રમેશ આર. સંઘવી ૪૦૧ સમેત શિખર એપાર્ટમેન્ટ રામવાટિકા કાજીનું મેદાન ગોપીપુરા સુરત-૨ ડેમી ૮ પેજી પેજ ૨૫૮+ભા. ૨ પેજ ૨૭૦ મૂલ્ય રૂા. ૫૦] ભા. ૨ રૂા. ૫૦]

પૂ શ્રીના પ્રવચનો અદ્‌ભુત અને હૃદયં-ગમ છે પૂ શ્રીએ ૨૦૦૬ માં પાલીતાણામાં પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં આપેલા ચાતુ-માંસિક પ્રવચનો ચારગતિના કારણો રૂપે સંગ્રહિત થયેલા અને પૂર્વે તે પ્રગટ થયેલા તે પ્રવચનો ૧ લા ભાગમાં ૧ થી ૭ અને બીજા ભાગમાં આઠથી ૧૩ પ્રસિદ્ધ થયા છે જે બંને ભાગ અલભ્ય હતા જે મોક્ષ માર્ગ પ્રકાશન દ્વારા સારી રીતે આકર્ષક ગેટ અપ સાથે પ્રગટ થયા છે જે તરત વસાવી લેવા જેવા છે. પાછળથી તે અલભ્ય બને છે.

સમ્યકૃત્વ પ્રકરણ-ગ્રંથકાર પૂ. આ. શ્રી ચન્દ્રપ્રભસૂરીશ્વરજીમ. ટીકાકાર-પ્રારંભક પૂ.આ. શ્રી ચક્રેશ્વર સૂ. મ. પૂરક પૂ. આ. શ્રી તિલકસૂ. મ. સં. પૂ.મુ. શ્રી પુણ્યકીર્તિ વિ.જી મ. સર્વમાર્ગ પ્રકાશન આરાધના ભવન પાછીયા પોળ, અમદાવાદ

પ્રતાકાર પેજ ૭૫૨+૪૦

આ સમ્યકૃત્વ પ્રકરણ તેનું બીજુ નામ દર્શન શુધ્ધિ પ્રકરણ છે અપ્રગટ મહાગ્રંથને ઘણા પરિશ્રમપૂર્વક સંપાદક પૂ. મુનિવરશ્રી-એ સંપાદક કર્યું છે અને તેનો સ્વાધ્યાય વાંચન ખૂબ જરૂરી છે તે સાથે પૂ.આ. શ્રી મુનિચંદ્ર સૂ વિરચિત પાક્ષિક સપ્તતિકા પ્રકરણ મુકવામાં આવ્યું છે તે ઉપયોગી છે.

શાસન સમાચાર

કરાડ (મહારાષ્ટ્ર)માં સ્વર્ગતિથિની

—: ભવ્ય—ઉજવણી :—

જૈન શાસનના મહાનજ્યોતિર્ધર—મહારાષ્ટ્રદેશોદ્ધારક—સુવિશુદ્ધમોક્ષૈકલક્ષીદેશના—દાતા-સુવિશાળગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજની તૃતીય વાર્ષિક તિથિ નિમિત્તે—

સિંહગર્જનના સ્વામી સ્વ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.ના પટ્ટપ્રભાવક પ્રશમરસપયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મ. તથા તેઓશ્રીના પટ્ટધરરત્ન પ્રભાવક-પ્રવચનકાર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્યપાદ મુનિપ્રવરશ્રી શ્રેયાંસપ્રભવિજયજી ગણિવર આદિ ઠાણા—૧૫ તથા પરમ વિદુષી પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ.ના પરિવારના પૂ. સાધ્વીજી મેરૂકીર્તિશ્રીજી મ. આદિ ઠાણા—૬ ની પાવન નિશ્રામાં શ્રી કરાડ સંઘ તરફથી શ્રી શાંતિસ્નાત્રપૂજન સહ ભવ્ય ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવનું આયોજન અષાડ વદ ૧૩ થી થયેલ—

અષાડ વદ ૧૪ ના સવારે ૯—૦૦ કલાકે સ્વ. પૂજ્યપાદશ્રીજીના ગુણાનુવાદ કાર્યક્રમનો શુભારંભ થયેલ. સૌ પ્રથમ થમોકોલના ગુરુમંદિરમાં સ્થાપેલ સ્વ. પૂજ્યશ્રીની નયનાકર્ષક પ્રતિકૃતિ સમક્ષ ચતુર્વિધ સંઘ સાથે ગુરુગુણસ્તુતિરૂપ સ્તવના થયેલ. ત્યારબાદ પૂ. આચાર્યભગવંતે મંગલાચરણ કરેલ સૌ પ્રથમ ગુરુગુણગીત ગવાયેલ. ત્યારબાદ સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ પૂ. મુનિરાજશ્રી ભવ્યચન્દ્રવિ. મ સા. પૂ.મુ. શ્રી પુણ્યરક્ષિત વિ.મ. સા.. પૂ.મુ.શ્રી યોગદર્શન વિ. મ. સા. કરેલ. ત્યારબાદ પૂ.આ.વિ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિપ્રવરશ્રી શ્રેયાંસપ્રભવિજયજી ગણિવરે સ્વ. પૂજ્યશ્રીના વિસ્તૃત ગુણાનુવાદ કરેલ.

શ્રાવક સંઘમાંથી શ્રી બાબુભાઇ પદમશી શ્રી કાંતિભાઇ માસ્તર, શ્રી હેમકિરણભાઇ (સાતારા) આદિએ ગુણાનુવાદ કરેલ. ત્યારબાદ પ્રફુલભાઇ કોચીનવાળા એ ગુરુગુણગીત ખૂબ જ ભાવવાહી કંઠે ગાયેલ, ત્યારબાદ સ્વ. પૂજ્યશ્રીની પ્રતિકૃતિને ગુરુપૂજન કરવાનો ચઢાવો બોલાતા સારી બોલી બોલીને શા. ભવરલાલ કેસરીમલજી હિરણ-હ. હેમકિરણભાઇ સાતારાવાળાએ લાભ લીધેલ.

જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૦ નું સંઘપૂજન થયેલ. આ પ્રસંગે કોલ્હાપુર—સાતારા—સાંગલી આદિ સંઘોમાંથી ઘણા ગુરૂભક્તોની ઉપસ્થિતિ થયેલ.

પરમાત્મભક્તિ નિમિત્તે શા. મંગળદાસ લલ્લુભાઇ પરિવાર—કરાડવાલા તરફથી શ્રી

શાંતિસ્નાત્ર પૂજન ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયેલ.

ગુરુભક્તિ નિમિતે સ્વ. પૂ.શ્રીના વિવિધ જીવન પ્રસંગોને વર્ણવતા ચિત્રોનું આકર્ષક પ્રદર્શન કરવામાં આવેલ. કુમારિકા નીતાબેને પોતાના હૃદયભાવ વ્યકત કરવા શ્રાવિકા સંઘ વતી સ્વ. પૂ. શ્રીની એક રંગોળી બનાવી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

સ્વ. પૂ.શ્રીજીના ગુણાનુવાદ સાંભળવા માટે યુવાનભાઈઓની આગ્રહભરી વિનંતિ થતાં રાત્રે ખાસ ભાઈઓ માટે પૂ. મુનિપ્રવરશ્રી શ્રેયાંસપ્રભવિજયજી ગણિવરે દિવસ વિશેષ ગુણાનુવાદ કરેલ. ખૂબ જ સારી સંખ્યામાં ભાઈઓએ લાભ લીધેલ.

એકંદરે સ્વ. પૂ.શ્રીની તૃતીય વાર્ષિ સ્વર્ગારોહણ તિથિ નિમિતે કરાડના આંગણે ગુણાનુવાદ સભા પરમાત્મ ભકિત મહોત્સવાદિ ખૂબ જ અનુમોદનીય-યાદગાર થવા પામેલ.

રાનાપુર (માલવા) અત્રે પૂ. મુ. શ્રી નેમિચંદ્ર વિ. મ. ની નિશ્રામાં પર્યુષણ તથા ચોમાસાની સુંદર આરાધના થઈ.

ભાયખલા-અત્રે પૂ. પં. શ્રી હેમરત્ન વિ. મ. ની નિશ્રામાં પર્યુષણ આરાધના પ્રવચનો તપમાં સારો ઉત્સાહ હતો. તપ ઉપજ વિગેરે સારા થયા.

કોસેગાંવ (મહા.) અત્રે પૂ. ગણિવર્ય શ્રી શ્રેયાંસપ્રભ વિ.મ. ના શિષ્ય પૂ.મુ. શ્રી સૌમ્યદર્શન વિ.મ. ની નિશ્રામાં મહાપર્વની અનેકવિધ આરાધના થઈ. તે ઉદ્યાપન નિમિતે પૂજા ઉત્સવ સાધર્મિક વાત્સલ્યો વિ. સુંદર ભક્તિ થઈ.

પાલીતાણા-પૂ. સા. શ્રી સૌમ્યયશાશ્રીજી મ. ના એકાંતર ૫૦૦ આંબેલની પૂર્ણાહુતિ પ્રસંગ પૂ. આ. શ્રી વિજયવિબુધ પ્રભસૂરીશ્વરજી મ.ની નિશ્રામ નવહારાષ્ટ્ર ભવન ધર્મશાળામાં શ્રાવણ સુદ ૬ થી ઋષિમંડળ પૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ સુંદર ઉત્સવ ઉજવાયો.

કેરબિયતુર-અત્રે પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અષાડ સુદ ૨ ના પ્રવેશથી સુંદર આરાધના થાય છે પર્યુષણ સુંદર ઉજવાયા.

મુંબઇ--મલાડ ઇસ્ટ શ્રી હીર સૂ. જૈન ઉપાશ્રયમાં પૂ. આ. શ્રી વિ. ધનપાલ સૂ. મ. ની માસિકતિથિ તથા શ્રી શ્રેયાંસનાથ દાદાની સાલગિરિ નિમિતે પૂ. મુ. શ્રી નંદીપ્રવરવિજયજી મ. આદિ તથા પૂ.સા.શ્રી રાજરત્નાશ્રીજી મ. ની નિશ્રામાં શ્રાવણ સુદ ૬ થી ૩ દિવસનો મહોત્સવ ઉજવાયો.

બાડમેર (રાજ.) અત્રે પૂ.મુ.શ્રી સુયશ પ્રભસાગરજી મહારાજની નિશ્રામાં અક્ષય નિધિ સમવસરણ તપ તથા પર્યુષણમાં સારી આરાધના થઈ.

સરીગામ (વલસાડ) અત્રે પૂ.મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. આદિનું પ્રથમ ચાતુર્માસ થતાં ભવ્ય આરાધના થઈ તેની અનુમોદનાર્થે ભા. સુદ ૫ થી ૧૩ સુધી ભવ્ય અષ્ટાન્હિક મહોત્સવ ઉજવાયો.

ગ્વાલીયર (એમ.પી.) અત્રે શા. વીસુલાલજી પારમની પુણ્યતિથિ તથા શ્રીમતી અમરબાઇની પુણ્ય સ્મૃતિ નિમિતે શ્રી મનોજકુમાર બાબુભલજી હરણની પ્રેરણાથી તા. ૫-૧૦-૬૪ ના શ્રી ભકતામર પૂજન આદિ મહોત્સવ ઉજવાયો. વિધિ માટે વેલજીભાઈ શાહ ઇન્દોરથી તથા મહાસમુન્દથી સંગીતકાર દેવરાજ લુણિયા આવ્યા હતા.

બારેજા—પૂ.મુ.શ્રી મુક્તિધન વિ.મ., પૂ.મુ. શ્રી પુણ્યધન વિ.મ.ની નિશ્રામાં ભા. વદ ૧૪ તથા ભાદરવા વદ ૬))+૧ ના પૂ. પાદ સિદ્ધિ સૂ. મ. સા. તથા પૂ.પાદ મેઘસૂ. મ.ની પુણ્યતિથિ નિમિતે છઠ્ઠ પૂજાઓ તથા ગુણાનુવાદ સુંદર રીતે થયા.

ભાવનગર—અત્રે પૂ.આ.શ્રીવિ. ચંદ્રોદય સૂ. મ, પૂ.આ.શ્રી વિ. અશોકચંદ્ર સૂ. મ. આદિની નિશ્રામાં ૮૦ વર્ષની ઉપરના પૂ. પ્ર. શ્રી કુશલચંદ્ર વિ. મ. સંપાદિત 'એકસેસાઇઝ ઓફ જૈનીઝમ' પુસ્તકની અંગ્રેજી આવૃત્તિનું વિમોચન શ્રી કુમારપાલ દેશાઇના હસ્તે તા. ૧૬-૧૦-૯૪ ના થયું. આ બુકની બે લાખ છ-નું હજાર નકલો ગુજરાતી હિંદી અંગ્રેજી ભાષાંતર પ્રગટ થઈ ચુકી છે.

ભાઈંદર—અત્રે પૂ. આ. શ્રી સૂર્યોદય સૂ. મ. ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ આરાધના આદિ આરાધનાનિ ઉજવણી નિમિતે સિદ્ધચક્રપૂજન, ભક્તામરપૂજન, શાંતિસ્નાત્ર સહિત નવ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભાદરવા સુદ ૧૪ થી વદ ૬ સુધી ઠાઠથી ઉજવાયો.

સાબરમતી—અત્રે શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં પૂ. આ. શ્રી ત્રિ. મિત્રાનંદ સૂ. મ., પૂ.મુ. શ્રી હિતપ્રજ્ઞ વિ. મ. આદિનાં નિશ્રામાં ભાદરવા વદ ૮ થી વદ ૧૨ સુધી શ્રી શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

વઢવાણ શહેર (સૌ.) અત્રે પૂ. આ. શ્રી વિજયનરચંદ્ર સૂ. મ. આદિની નિશ્રામાં પૂ. મુ. શ્રી શાસનરતિ વિ.મ. ના ૩૬ ઉપવાસ આદિ નિમિતે તથા ચાતુર્માસ પર્યુષણ આદિ આરાધના નિમિતે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સહિત પંચાન્હિકા ભાદરવા વદ ૨ થી વદ ૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

અમદાવાદ—જૈન વિદ્યાશાળાએ પૂજ્ય બાપજી મહારાજશ્રી વિજયસિદ્ધિ સૂ. મ.ની ૩૫ મી તથા પૂ.આ.ભ.શ્રી વિજયમેઘ સૂ. મ. ની ૫૧ મી સ્વર્ગારોહણતિથિ નિમિતે પૂ.આ.શ્રી વિજય સુદર્શનસૂ.મ. આદિ તથા પૂ. પં. શ્રી ગુણશીલ વિ. ગ. ની નિશ્રામાં ભાદરવા વદ ૧૩ થી સુદ ૩ સુધી ગુણાનુવાદ શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

ઉદવાડા—અત્રે પૂ. મુ. શ્રી મોક્ષરતિવિ. મ. આદિની નિશ્રામાં શા ચુનીલાલ ઝીણાભાઇ મોરખીવાળા તરફથી વર્ધમાન તપ પાયા નવપદજી ઓળી તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વિગેરે સુંદર આરાધના થઈ.

મુંબઇ મુલુંડ-સર્વોદયનગરમાં પૂ. આ. ભ.શ્રી વિજયલલિતશેખર સૂ. મ. આદિની નિશ્રામાં સં. ૨૦૫૧ માગશર સુદ ૬ તથા માગસર સુદ ૮ ના પ્રવેશ મુહુર્તો પૂર્વક ઉપધાન તપનું આરાધન શ્રીમતી હીરાબેન જયંતિલાલ વોરા, શેઠ સોમચંદભાઇ જેઠાભાઇ શેઠ ધર્મનાથભાઇ સરદારમલજી તથા શેઠ અમૃતલાલ વીરચંદભાઇ પારેખ તરફથી થશે. (નાહુર રોડ).

જોરાવરનગરમાં ભવ્ય આરાધના

જોરાવરનગર પૂ. મુનિશ્રી રવિરત્ન વિ. મ. સા. ની શુભ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન

દૈનિક ઉપદેશમાળા પરપ્રવચન, યુવાનો માટે રાત્રિ પ્રવચનશ્રેણી, હાઇસ્કુલ અને રામાયણ ઉપર જાહેર પ્રવચનો થયા, તેમજ સંઘમાં દીપક એકાસણા, ખીરના એકાસણા, મગના આયંબિલ, સમેતશિખરજી તીર્થરક્ષા માટે અટ્ઠમતપ, સારી સંખ્યામાં થયા. પર્યુષણ મહાપર્વમાં જાણે ઉત્સાહ અને ઉમંગનો કોઇ પાર ન હતો. તેમજ મહાવીર સ્વામીના જન્મ વાંચન દિવસે સંઘજમણ, થયુ હતું રથયાત્રાનો ભવ્ય વરઘોડા સંઘજમણ અને પર્યુષણ પર્વમાં અટ્ઠાઇ અટ્ઠમ અને ચોસઠ પ્રહરી પોષધ સારી સંખ્યામાં થયા મુનિશ્રી અટ્ઠમ-તપ કરી આઠ દિવસના પ્રવચન અને બારસાસ્ત્રનું વાંચન સારી રીતે કર્યું હતુ. બહેનોની આરાધના સાધ્વી શ્રી ગુણરેખા-શ્રીએ કરાવી હતી. સુદ ૬ ના દિવસે ચૈત્ય-પરિપાટી કોવાથી સુરેન્દ્રનગરથી આચાર્ય ભગવંત શ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ. સા. પધાર્યા હતા સંઘપૂજન જાહેર વ્યાખ્યાન પ્રભાવના સારી થઇ હતી.

બારેજા (અમદાવાદ)–પૂ. મુક્તિધન વિ. તથા પૂ. પુન્યધન વિ. ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની ઉજવણી ખુબ જ ઉત્સાહ સાથે થયેલ તપશ્ચર્યા નાના એવા ગોબા જેવા ૪૦ ઘરની વસ્તી ધરાવતા એવા બારેજામાં ૯૫ તપશ્ચર્યા હતી. માસ-ક્ષમણ–૨૬, ૧૫, ૧૧, ૮, ૬, ૭. પાંચમનાં ભવ્યાતિભવ્ય વરઘોડો તથા આખા દિવસનો સ્વામિ વાત્સલ્ય થયેલ છે. તપસ્વીનું બહુ-માન ભા. સુ. ૮ નાં સામુદાયિક વ્યાખ્યા-

નમાં થયેલ, તપશ્ચર્યાની અનુમોદનાર્થે ભા. સુ. ૧૪ થી ભા. વ. ૩ સુધીનો બે પૂજન બે સંઘજમણ સાથેનો મહોત્સવ ઉજવાયેા ભા. સુ. ૧૪ નાં ભવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન ભાતા સાથે થયેલ છે. ભા. વ. ૧૪ ૦))+૧ નાં પૂ.આ.ભ. સિદ્ધિ સૂ. મ. ને પુન્યતિથિ પ્રસંગે છઠ્ઠ તપનો આરાધના પારણુ સાથે થશે સામુદાયિક નવપદની આરાધના થશે આસો વદ–૪નાં ગીરમઠાની ભવ્ય ચૈત્ય પરિપાટી પૂજા અને સાધર્મિક ભકિત સાથે થશે. કા. સુ. ૨ નાં બીડજની ભવ્ય ચૈત્ય પરિપાટી પૂજા–સાધર્મિક ભકિત સાથે થશે અને કા.સુ. પુનમ પછી બારેજાથી માતર તીર્થનો ભવ્ય છ'રી પાળતો સંઘ નિકળશે.

કાંદીવલી-અત્રે પૂ.મુ.શ્રી ભદ્રવિજયજી મ.ની નિશ્રામા ઇરાની વાડીમાં પર્વાધિરાજની આરાધનાના અનુમોદનાર્થે ભક્તામર પૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભા. સુ. ૧૫ થી ભવ્ય રીતે ઉજવાયેા.

નવસારી–શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવનમાં પર્યુષણ આરાધનાના અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય સોમ-સુંદર સૂરીશ્વરજી મ.ની નિશ્રામા શાંતિ-સ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ ભા. વદ૧૦થી વદ-૧૪ સુધી સુંદર રીતે ઉજવાયેા.

મુંબઇ–લાલબાગ–અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચન્દ્ર સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામા ચાતુર્માસ તથા પર્યુષણની વિવિધ આરાધનાદિના અનુમોદનાર્થે બૃહદ્શોત્તરી



- માણસ વિચાર વિના રહેતો નથી માટે સારા વિચારમાં સ્થિરતા તે સારું ધ્યાન. ખોટા વિચારમાં સ્થિરતા તે ખોટું ધ્યાન !
- સારા–ખોટા વિચારનું ભાન ન હોય તે અજ્ઞાની કહેવાય કે જ્ઞાની કહેવાય ? આવા અજ્ઞાની શું ધ્યાન કરે ?
- પાપથી બચાવનાર વર્તમાન કાળમાં સાચા સાધુ વિના કોઇ નથી.
- વર્ત્તમાનમાં જે રીતે મજેથી જીવાય છે તેને માટે દુર્ગતિ વિના બીજું સાધન છે. ? વેપાર કરતાં ન આવડે અને વેપાર કરે તો જેમ મુડી ગુમાવે તેમ ધર્મ વિધિ-મુજબ–આજ્ઞા મુજબ ન કરે તો લાભ તો ન થાય પણ નુકશાન જ થાય.
- દુનિયાનું સુખ એવું ભૂત છે, જેને વળગે તેને મોક્ષ–આત્મા, પુણ્ય–પાપ, પરલોક યાદ જ ન આવવા દે. પાપ કરવાનું મજેથી શીખવે, ધર્મ–પુણ્ય કરવનું શીખવે નહિ. કદાચ કરે તો નામના–કીર્તિ માટે કરે પણ આત્મકલ્યાણ માટે કરે જ નહિ.
- મોક્ષ માટે ક્રિયા કરે તેને ક્રિયારૂચિ કહ્યો છે. સંસારના સુખ માટે કરે તેને ક્રિયા-રૂચિ નથી કહ્યો.
- ગ્રન્થિને ન ઓળખે તે કદિ જૈન થાય નહિ.
- ગ્રન્થિને જે ઓળખે તેને આ સંસારમાં ન ફાવે, સુખ ન ફાવે, દુઃખ કજી ફાવે.
- ભગવાન ગમે તેને સંસારનું કશું ન ગમે. સંસારનું બધું ગમે તેને ભગવાન ગમ્યા છે તેમ કહેવાય ?
- સુખ અને સમકિતને વૈર છે.
- સર્વ ધર્મ સમ અને સર્વધર્મ મમ તે મહા મિથ્યાત્વ છે.
- ગ્રન્થિવાળો કદિ સંસારથી છૂટે નહિ, મોક્ષે જાય નહિ, ધર્મ કરવાનું મન થાય નહિ, ધર્મ કરે નહિ. ધર્મ કરે તો પોતાના સંસારને ખીલવવા કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૪૨૪૭
૧૯-૬-૯૭-૧૧
જા.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પેનજવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી

વર્ષ ૭૪
અંક ૭
૧૦+૧૧

પરમ ઉપકારી ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધમરશી નથુભાઈ (કાનાલુંશ-હાલાર) તથા તેમના પૌત્ર સ્વ. ચન્દ્રકાન્તભાઈ તથા સ્વ. નરેન્દ્રભાઈ જુઠાલાલભાઈ ના શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમસી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ શાહ પરિવાર ની શુભેચ્છા.

14 WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)

શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

શ્રી જૈન શાસન કાર્યાલય, શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર, સૌરાષ્ટ્ર, INDIA PIN - 361005

હાલાર દેશના મહાન ઉપકારી પરમ ગુરુદેવ કવિરત્ન આચાર્ય દેવ શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મહારાજા ના પટ્ટધર અમારા સદાના માર્ગદર્શક ગુરૂદેવ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ના પરમ સદુપદેશ થી.

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

અમારૂં સત્સંગ મંડલ

મંડલના એકે એક ભાઈ બહેન ખૂબ ભાવિક છે ધર્મપ્રેમી દયાલુ છે. આ મંડલ ને ૨૦ વર્ષ પુરા થયા છે. છેલ્લા ૧૪ વર્ષથી એક જ જગ્યાએ હોલમાં સત્સંગ કરે છે, દર ગુરૂવારે ૧૨.૩૦ થી ૩.૩૦ સુધી હોય છે તે સિવાય પ વાડિક ચાલે છે. મંગલવારે રાત્રિ ૮ થી ૧૦ એક હોલ માં રાખીએ છીયે. કોઈ વાર શુક્રવારે કે શનિવારે પણ સત્સંગ હોય કોઈ ના ઘેર પણ સત્સંગ હોય, પૂજા પણ હોય, દર પખ્ખી પ્રતિક્રમણ શ્રીમતી ચંદ્રિકાબેન ને ત્યાં કોઈ વાર શ્રીમતી દેવ વરબેન કુલચંદ ને ત્યાં કે કોઈ વાર જીવીબેન રાયશી ને ત્યાં હોય, મહિને, ૩ મહિને કે ૬ મહિને દેસાવગાસિક વ્રત રાખીએ અને બીજી પણ જુદી ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલે છે. સૌના શુભભાવો વધે એજ અભિલાષા.

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડલ

(લંડન) ના ભાઈઓ તથા બહેનો.....

64-A The Limes Ave Arnos Grove, London-N-II-IRL (U.K.)

ભાઈઓ

(૧) રતિભાઈ ડી. ગુઢકા (૨) પ્રેમચંદભાઈ દેપાર શાહ (૩) વેલજીભાઈ (૪) લાલજીભાઈ
(૫) કાંતિભાઈ (૬) પોપટભાઈ (૭) હિંમતભાઈ (૮) રમનાદાસભાઈ
(૯) લખમશીભાઈ (૧૦) છોટુલાલભાઈ (૧૧) ગોસરભાઈ (૧૨) વેલજીભાઈ સામત
(૧૩) ખીમચંદભાઈ મહેતા (૧૪) લાલજીભાઈ કચરાભાઈ (૧૫) વીરચંદભાઈ બાપા (૧૬) લામજીભાઈ કાંકા
(૧૭) પ્રભુલાલભાઈ (૧૮) ગોસર હીરાભાઈ (૧૯) મોતીચંદ એસ. શાહ

બહેનો

(૧) ચંદ્રીબેન આર. શાહ (૨) દેવકુંવરબેન વી. શાહ (૩) જીવીબેન રાયશી ભુવા (૪) મોતીબેન પ્રેમચંદભાઇ (૫) હંસાબેન (૬) સૂર્યાબેન મહેતા (૭) મનુબેન (૮) રળિયાતબેન (૯) શારદાબેન ટોલીયા (૧૦) રમાબેન એસ. શાહ (૧૧) પદ્માબેન (૧૨) સવિતાબેન (૧૩) કંચનબેન (૧૪) ભાનુબેન (૧૫) જીવીબેન જુઠાભાઈ (૧૬) મણિબેન દેવચંદભાઈ (૧૭) મણિબેન કાંતિભાઈ (૧૮) મોંઘીબેન (૧૯) વાલીબેન (૨૦) નર્મદાબેન માણેકચંદભાઈ (૨૧) શાંતાબેન (૨૨) રલિતાબેન પત્તાણી (૨૩) દેવકુંવરબેન દેવચંદભાઈ (૨૪) શાંતાબેન હેમરાજભાઈ (૨૫) ભાનુબેન રતિલાલ (૨૬) લક્ષ્મીબેન (૨૭) મણિબેન ગોસરભાઈ (૨૮) મણિબેન રાયચંદભાઈ (૨૯) લાભુબેન શાહ (૩૦) રતનબેન મહેતા (૩૧) શાંતાબેન રતિલાલ ગુઢકા (૩૨) વિજયાબેન (૩૩) હસુમતીબેન (૩૪) સોનાબેન (૩૫) મોતીબેન મેઘજીભાઈ (૩૬) મણિબેન શામજીભાઈ (૩૭) અમૃતબેન જેસંગભાઈ (૩૮) અમૃતબેન દેવચંદભાઈ (૩૯) ઈન્દુબેન (૪૦) જયાબેન (૪૧) કસ્તુરબેન (૪૨) કપુરબેન પ્રેમચંદભાઈ (૪૩) જશોદાબેન (૪૪) શિવકુંવરબેન પારેખ (૪૫) મોતીબેન છોટુભાઈ (૪૬) કુમુદહેન (૪૭) મણિબેન ગોવીંદજી (૪૮) લતાબેન (૪૯) હિમાબેન (૫૦) કંકુબેન (૫૧) દેવકુંવરબેન કુલચંદ (૫૨) કંચનબેન મોતીચંદ શાહ ।

હાલારદેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી શુદકા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી શુદકા (થાણા ગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ કારતક સુદ-૬ મંગળવાર તા. ૮-૧૧-૯૪ [અંક-૧૦-૧૧

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-પહેલું

(ગતાંકથી ચાલુ)

શ્રી તીર્થંકરદેવો એમને એમ નથી થયા. બધાને મોક્ષે જ મોકલવાનું મન થયું છે ત્યારે શ્રી તીર્થંકર થયા છે. આ જાણનાર જૈનને મોક્ષ વિના કશું ગમે નહિ. સંસાર જ ગમે તેનું નામ જૈન નહિ. સંસાર ગમે તો બહુ દુઃખ થાય છે ? શાસ્ત્રે કહ્યું છે કે, સાધુ પણ મિથ્યાદૃષ્ટિ હોઇ શકે છે. ખુદ ભગવાને કહ્યું છે કે-મારા શાસનમાં ઘણા મુંડાઓ મહા મિથ્યાદૃષ્ટિ પાકવાના છે. ભગવાને કહેલી આ વાતને ન માને, ભગવાનના 'આગમ'ને ન માને, તે બધા ગમે તેટલી ભક્તિ કરતા હોય તો ય ભગવાનને માનતા જ નથી. તે બધા હજી ભગવાનના શાસનને પામ્યા નથી, પામવાના નથી અને પામશે પણ નહિ. ભગવાને કહ્યા મુજબ આગમમાં કહ્યા મુજબ ધર્મ કરવાની વૃત્તિ ન થાય તે બધા સંસારમાં રખડી જવાના છે.

આજે શાસન સ્થાપનાનો દિવસ છે. ભગવાને શાસન કેમ સ્થાપ્યું ? લઘુકર્મી ભવ્ય જીવો આ શાસનને સમજે, સમજીને સંસારને છોડી, સાધુપણું સ્વીકારી, આજ્ઞા મુજબ આરાધી, વહેલામાં વહેલા મોક્ષે જાય અને જે સુખ જોઇએ છે તેમાં જ મગ્ન બને. તમારે કયું સુખ જોઇએ છે ? જેમાં દુઃખનો લેશ માત્ર ન હોય, આવ્યા પછી કદી ન જાય અને જે પરિપૂર્ણ હોય તે. તેવું સુખ આ સંસારમાં છે ? તમે બધા નવ તત્ત્વ ભણ્યા છો ? તેમાં મેળવવા જેવું તત્ત્વ કયું તે જાણો છો ? મોક્ષ તત્ત્વ જ મેળવવો

જેવું છે ને ? દુનિયાની સુખ-સંપત્તિ સાહ્યબી મેળવવા જેવી નહિ જ ને ? પુણ્યથી મળતી પણ તે સુખ સંપત્તિ છોડવા જેવી જ ને ? તમને તે લેવા જેવી નથી લાગતી ને ? કર્મયોગે તેની હજી જરૂર પડે છે, તે લેવી પડે છે, ભોગવવી પડે છે તો દુઃખ થાય છે ને ? તે માટે પાપ કરૂં તો મારી કઇ ગતિ થાય તેવી ચિંતા થાય છે !

જ્યાં સુધી અધ્યાત્મભાવ પેદા ન થાય ત્યાં સુધી સાચો ધર્મ આવે નહિ. અધ્યાત્મભાવ પામવા ગુણ પામવાના છે. તેમાંનો એક પણ ગુણ હજી તમારામાં દેખાતો નથી. એટલું નહિ તે નથી તેનું દુઃખ પણ નથી.

ધર્મથી સંસારમાં ઉપયોગી શું શું મળે તે સાંભળવા જ જો અહીં આવતા હો તો તે મહા મિથ્યાદૃષ્ટિ જીવો છે ! દુનિયાની સુખ-સંપત્તિ મેળવવા માટે જ ધર્મ કરે તો તેના જેવા પાપી એક નથી ! ભગવાનની પૂજા પારકે પૈસે, મફત કરે અને ભગવાન પાસે પૈસા માગે તો તેવા ભીખારી મંદિરમાં આવે તો લાભ થાય કે નુકશાન થાય ? ભગવાનની પૂજા-ભક્તિ માટે ટીપ કરવી પડે અને તમારા ખાવા-પીવાદિ માટે ટીપ કરે તો ? સારા સારા સુખી જીવો અહીં બેઠા હોય અને ભગવાનની પૂજા-ભક્તિ માટે ટીપ કરે તો તે સારૂં કહેવાય કે ખરાબ કહેવાય ? તે જ સૂચવે છે કે મોટા ભાગને પૈસા-ટકા મોજ-મઝા દિ ગમે છે પણ ભગવાનની પૂજા-ભક્તિ ગમતી નથી. તેવાને જૈન કહેવાય ?

આ શાસન સ્થાપીને ભગવાને કહ્યું છે કે-જેનામાં તાકાત હોય તેને સાધુ જ થવા જેવું છે. સાધુ થવાની તાકાત ન હોય તો તેવી શક્તિ આવે તે માટે શ્રાવક થવાનું છે. આ સંસારનો રસ નીકળી જાય અને મોક્ષનો રસ પેદા થાય તે માટે જ ધર્મ કરવાનો છે. સંસારમાં તો ન છૂટકે રહેવું પડે તો રહેવાનું છે. આવા જીવો શ્રી સંઘમાં આવે તે માટે અધ્યાત્મભાવનું, તે પામવાના ગુણોનું વર્ણન કર્યું છે. આ અધ્યાત્મભાવ ન આવે તો જીવ સાચી રીતે ધર્મ પામે નહિ. રોજ પૂજા કરે, વ્યાખ્યાન સાંભળે પણ આ ગુણો ન પામ્યો હોય કે પામવાનું મન પણ ન હોય તો તે જીવો હજી ભગવાનનો ધર્મ પામ્યા પણ નથી કે સમજ્યા પણ નથી. આજે ઘણા માને છે કે-અમે બધા રોજ ભગવાનના દર્શન-પૂજન કરીએ, નવકારશી કરીએ, વાર-તહેવારે સામાયિક-પ્રતિક્રમણ કરીએ એટલે ધર્મ કરી લીધો, ધર્મમાં વળી પામવાનું શું એમ કહે છે ? સાધુ જ થઇએ તો જ ધર્મ પામ્યો કહેવાય ? ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે. શ્રાવકપણાને તો ધર્માધર્મ કહ્યો છે, ત્યાં ધર્મ નામનો અને અધર્મ ઘણો. **જો તમારે સાધુપણાનો ખપ નથી તો ભગવાનની પૂજા વગેરે કેમ કરો છો ? પૈસા-ટકાદિ માટે ભગવાનની પૂજા-ભક્તિ આદિ ન જ થાય એમ જાણવા છતાં પણ જો તે માટે જ પૂજા-ભક્તિ કરતા હશો તો તે ધર્મ નુકશાનકારક જવાનો છે.**

ધર્મ પાસે દુનિયાની કોઇ ચીજ સમજદારથી માંગાય જ નહિ. ધર્મ ખાતર પૈસા-ટકાદિ બધું છોડાય પણ સંસારની સાધના માટે એક ચીજ પણ માંગાય નહિ. ભગવાને શાસન સ્થાપ્યું તે આ જ માટે કે ભવ્ય જીવો આ વાત સમજી જાય. ભગવાને જ્યારે શાસન સ્થાપ્યું ત્યારે વસતિ કેટલી હતી? છતાં પણ સંઘમાં કેટલા જીવોને લીધા? બધાને કેમ ન લીધા? ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સંઘમાં સાધુ ચૌદ હજાર, સાધ્વી છત્રીશ હજાર, શ્રાવક એક લાખ અને ઓગણ સાઇઠ હજાર અને શ્રાવિકા ત્રણ લાખને અઢાર હજાર, બાકીનાને કેમ મૂકી દીધા?

તમે બધા સંઘમાં છો? શાસનને પામેલા છો? જેને આ સંસાર જ ગમે સંસારની સુખ-સંપત્તિ જ ગમે તે બધા ભગવાનના શાસનને પામેલા જ નથી. જેને ભગવાનનું શાસન પામવું હોય તેને આ સંસાર ન જ ગમવો જોઇએ, મોક્ષ જ ગમવો જોઇએ, તે માટે ધર્મ જ ગમવો જોઇએ. ધર્મ એટલે સાધુપણું જ. સમ્યગ્દૃષ્ટિ એવા અનુત્તર વિમાનવાસી દેવો આ સંસારમાં બહુ સુખી છે. તેમના સુખનું વર્ણન થઇ શકે તેમ નથી. શ્રી અરિહંત પરમાત્માના પાંચે ય કલ્યાણકોને જાણીને, પોતાની શય્યામાં નાચી ઊઠે છે. કોઇ ભવ્યાત્માને દીક્ષા લેતા જુએ તો તેને થાય કે-હું ફસી ગયો છું. તેત્રીસ સાગરોપમની મને જેલ થઇ છે. આ ભવમાં હું સાધુપણું પામી શકું તેમ નથી. ત્યાંના સુખ પણ તેને ગમતાં નથી. તત્ત્વની ચિંતામાં જ પોતાનો કાળ પૂરો કરે છે. સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોને શાસ્ત્રે વીતરાગપ્રાયઃ જેવા કહ્યા છે. તે બધા એકાવતારી હોય છે. ત્યાંથી મનુષ્યમાં આવી સાધુ થઇ મોક્ષે જ જવાના છે. જેને આ દુનિયાનાં તુચ્છ સુખ ગમે તેનામાં સમકિત પણ શી રીતે આવે? ધર્મ પામેલાને સંસાર ગમે નહિ. સંસાર ગમે તે ધર્મ પામેલો જ નહિ. ધર્મ પામવા અધ્યાત્મભાવ જોઇએ.

ધર્મી જીવ કેવો હોય તે અબર છે? ગમે તેની સાથે બેસે-ઊઠે નહિ, આ જીવિકાનું સાધન હોય તો વેપારાદિ પણ કરે નહિ. તમારી સાથે બેસનારો-ઊઠનારો રાત્રિભોજન ન કરે. અભક્ષ્ય ભક્ષણ ન કરે તેવા સાથે જ તમારી બેઠક-ઊઠક પણ જોઇએ. ધર્મી થવું હોય તો જોખમદારી ઘણી છે. ગુણો જોઇએ છે કે જેમ જીવો તેમ જીવવું છે? અધર્મી અધર્મ કરે તેમ ધર્મી જીવ પણ અધર્મ કરે તો બેમાં ફેર શો? દુનિયામાં પણ સારા કોને કહેવાય અને ખરાબ કોને કહેવાય તે સમજો છો ને? ભગવાને ધર્મ-શાસન સ્થાપ્યું તે બધાને શાસનના રસિયા બનાવવા માટે, મોક્ષના રસિયા બનાવવા માટે. **મોક્ષનો રસી બને તે જ ખરેખર ધર્મી!** ધર્મીને સંસારમાં રહેવું પડે તો રહે ખરો પણ તેને સંસાર ગમે નહિ, ખાવા-પીવાદિની મોજમઝા પણ ગમે નહિ, માત્ર

ધર્મ જ ગમે. બધા જ માસક્ષમણ, ઉપવાસાદિ ન પણ કરી શકે, નવકારશી ય માંડ-માંડ કરી શકે છતાં પણ તે ધર્મી હોઇ શકે.

તમને બધાને ભગવાન થવાનું મન થયું છે? ભગવાનની આંગી-પૂજા કરતાં થાય કે-'ક્યારે આ સંસાર છૂટે? ક્યારે તારા જેવો થાઉં?' ભગવાનની આંગી-પૂજા કરતાં શું વિચારો? દેવ-ગુરુની ભક્તિ સંસારમાં મઝેથી લહેર કરવા-કરવા કરાય ખરી? તે માટે કરે તો તે ભક્તિ કહેવાય કે આશાતના કહેવાય? ભગવાનનો ધર્મ પામવો સહેલો છે કે કઠીન છે? ભગવાને અમને આહારની છુટ આપી છે પણ સ્વાદ કરવાની મના કરી છે. આધા વિના શરીર ન ચાલે, સંયમની સાધના સારી ન થઇ શકે માટે આહારની છુટ આપી, તે પણ આહાર બેંતાલીશ દોષથી રહિત લાવવ નો અને પાંચ દોષથી રહિત વાપરવાનો છે. પણ મારે 'આ-તે તો જોઇએ જ. આના-તેના વિના તો ચાલે જ નહિ'-એમ થાય તો સાધુપણું ટકે નહિ, સારી રીતે પાળી શકાય પણ નહિ. અને સાધુ થઇને પણ દુર્ગતિમાં જવું પડે તો તમારી દુર્ગતિ અટકે? જેને સંસાર ગમે, સંસારમાં મઝેથી રહે. સંસારનું સુખ મઝેથી ભોગવે, મોજમઝાદિમાં જ આનંદ પામે-તે બધા મોટે ભાગે દુર્ગતિગામી છે.

અહીં આવનારા પણ સંસારમાં ડુબી ન જાય તે માટે સમજાવવાની મહેનત કરીએ છીએ. તમે બધા અહીં આવનારા અન્યાય-અનીતિ આદિ પાપો મઝેથી કરો છો તેથી લોક કહે છે કે-ચાંલ્લાવાળાનો વિશ્વાસ જ ન કરવો. આ એક ભયંકર કલંક છે ને? સંસાર ગમે તે જ આવાં પાપો કરે. સંસાર ન ગમે તેવી દશા પમાડવા અધ્યાત્મ ભાવ પમાડવો છે, તે પામવાના ગુણો સમજાવવા છે. તમે અહીં આવનારા આવાને આવા સાવ કોરા રહો તે અમને ગમતું નથી. તમે જે રીતે જીવો છો તેથી દુર્ગતિમાં જ જશો તેમ લાગે છે-તેનું અમને દુઃખ થાય છે. તમને સદ્ગતિમાં મોકલવા, ધર્મ પમાડવા મહેનત કરીએ તે ખોટું નથી ને? તે માટે તમારી ખામી પણ બતાવવી પડે ને? ગુણ પામવા જોઇએ તે ય સમજાવીએ ને? તમને આ બધું ગમશે ને?

ધર્માને સંસારમાં રહેવું પડે પણ સંસાર ગમે નહિ. સંસારની સુખ સંપત્તિ ઋદ્ધિ-સિદ્ધિ જ ગમતી હોય તે ધર્મ પામેલો જ નથી. ધર્મ પામેલાનું લક્ષણ એક જ કે-પાપ માત્ર ગમે નહિ. પરિગ્રહ તે પાપ ખરું ને? પરિગ્રહ રૂપ પાપ ગમે તે ધર્મી હોય ખરો? મિથ્યાત્વ; અવિરતિ, કષાય અને યોગને આધીન બનેલા જીવો ધર્મ નહિ પામેલા કહેવાય. આટલી સામગ્રી પામેલા તમે ધર્મ ન પામો તે વાત ગમતી નથી. તમે બધા સંસારમાં કેમ રહ્યા છો? શ્રાવકને સંસારમાં રહેવું પડે તો રહે પણ સંસાર તેને ગમે નહિ. આ વાત તમારા મનમાં ઘાલવી છે. પેસે તેમ છે?

જેમ અમે તમને સુધારીએ, તેમ અમે ય ભૂલતા હોઇએ તો તમારે અમને ય સુધારવાના છે. આજે ઘણા સાધુ બગડયા હોય તેમાં તમારો મોટો પ્રતાપ છે. આજે બહુ જુલમ થયો છે. અમારામાં ખામી લાગે અને તમે ન કહો તો તમે અમારા ભગત નથી પણ દુશ્મન છો. અમે માત્ર સુખીને વખાણ્યા કરીએ તો અમે તમારા દુશ્મન છીએ. દુનિયાના સુખમાં મહાલતાને જોઇને અમને દયા આવે. અમને દુનિયાના સુખીને જોઇને આનંદ ન થાય, વિરાગીને જોઇને આનંદ થાય.

અધ્યાત્મભાવને પામવા શું કરવું જોઇએ તે વાત હવે અવસરે.



–: સ્વીકાર–સમાલોચના :–

પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વર સ્મૃતિ ગ્રંથમાલા—તૃતીય સેટ

(૪૪) આત્મસેવા (૪૫) કામના અને સિદ્ધિ (૪૬) પ્રગતિની દિશા (૪૭) ઉન્નતિના ઉપાયે (૪૮) લોક પ્રિયતા (૪૯) શેઠ સુદર્શન (૫૦) સદાચાર (૫૧) ઉદારતા (૫૨) લોકોત્તરવાદ (૫૩) દશ દૃષ્ટાંતે દુર્લભ માનવ જન્મ (૫૪) સાચા ઝવેરી (૫૫) ગુરુ વચનનો મહિમા (૫૬) તેર આંતરશત્રુઓ (૫૭) વિધિ માર્ગની સ્થાપના (૫૮) બીજાનું કરી છુટો (૫૯) વાણીનો વપરાશ (૬૦) દુઃખમાં દીન ન બનો સુખમાં લીન ન બનો (૬૧) આવક જાવકના સાચા ખોટા માર્ગો (૬૨) સાત વ્યસન (૬૩) માંસ, આહાર કે સંહાર (૬૪) જિનપૂજા અને તેનું ફળ (૬૫) શ્રેષ્ઠિપુત્ર સુજાત.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રવચનો તે અત્યંત ઉપદેશ સભર અને હૃદયંગમ છે તે પ્રવચનોના સેંકડો ગ્રંથો પ્રગટ થયા છે બાળ ભોગ્ય અને પ્રૌઢ ભોગ્ય પ્રકાશન તરીકે ૧૦૮ પુસ્તિકાઓનું આયોજન સન્માર્ગ પ્રકાશન આરાધના ભવન, પાછીયા પોળ, અમદાવાદ–૧ થી થયું છે. તેનું સંપાદન વિદ્વાન વકત પૂ. મુ. શ્રી કીર્તિયશવિજયજી મ.એ કર્યું છે. ૧૦૮ પુસ્તિકાના સેટની કિંમત ૬૨૦) રૂા. છે. આ ત્રીજા સેટની ૨૨ પુસ્તિકા છે તેની કિંમત ૧૨૫) રૂા. છે. આકર્ષક ગેટ અપ આર્ટ કાર્ડ ટાઇટલ આદિથી આ પુસ્તકો સુશોભિત છે અને દરેક ભાવિકોએ આ અમૃતપાન કરવા યોગ્ય છે.

નૂતન વર્ષની મંગલ કામના

સમયની સરિતા અવિરત વહ્યા કરે છે. જોત જોતામાં આંખના પલકારાની જેમ એક વર્ષ પૂર્ણ થઇ ગયું.

આસન્નોપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણને પણ ૨૫૨૯ વર્ષ પૂરા થઇ ગયા. અનેક પ્રકારના ચઢાવ-ઉતરાવ શાસને જોયા અને તે શાસન આજે પણ વિદ્યમાન છે અને હજી બીજા ૧૮૪૮૦ વર્ષ વિદ્યમાન રહેવાનું છે. શાસન તો પોતાના બળે જ ચાલે છે આપણે સૌ તો નિમિત્ત માત્ર જ છીએ.

આ ૨૫૨૧ મુ. નવું વર્ષ આપણને સૌને શાસનની આરાધના-રક્ષા અને પ્રભાવનાનું બળ આપે અને સૌ કોઇ ભગવાન શ્રી જિનેશ્વર-દેવોની આજ્ઞા મુજબ સાચી આરધના કરી-કરાવી જ્યાં આપણા સૌ ભગવાન ગયા તે મોક્ષ પદને પામે તેવી જ મંગલ ભાવના અમો સૌ ભાવીએ છીએ. સદ્ધર્મની આરાધના એ જ સૌના જીવનનું અંતિમ ધ્યેય બની રહો તેવી હાર્દિક ઇચ્છા છે.

આ પ્રસંગે અમારા હૈયાની પણ વાત કરીએ છીએ કે-અમારું આ 'જૈન શાસન' સાપ્તાહિક બાલ્યવયને પસાર કરી ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. તેમાં પણ નવા વર્ષમાં પૂજ્ય આચાર્ય ભગવંતે-સાધુ મહાત્માઓની પ્રેરણા પ્રચારકોની જહેમત અને વાચકોના સાથ-સહકાર જોઇ અમો અત્યંત ગદ્‌ગદ બની ગયા છીએ. આ સાપ્તાહિકને પોતાનું જ માની, પોતાના જ કુટુંબનું અંગ ગણી જે ઉત્સાહ અમોને આપ્યો છે તેના આભાર માટે અમારી પાસે શબ્દો નથી. સદૈવ આવો જ ઉત્સાહ વધારતા રહો તેવી અપેક્ષા અસ્થાને નથી જ.

હાલાર દેશોદ્ધારક કવિરત્ન સ્વ. પૂ.આ.શ્રી વિ. અમૃતસૂરીશ્વરજી મહારાજનું સ્વપ્ન સાકાર થયું અને શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ વીર શાસનના અણનમ રહેનાની અર્થ કામની લાલસાથી ઓતપ્રોત જડવાદના જમાનામાં નિડરપણે ભગવાનના સત્યસિદ્ધાન્તો સમજાવનાર, મોક્ષ માર્ગની નિર્ભયપ્રરૂપણા કરનારા, ત્યાગ માર્ગના સચોટ ઉપદેશક સિંહનાદ સમી જિનવાણીથી વિરોધીઓના મસ્તક માત્ર નહિ હૈયા સુદ્ધાં ડોલાવનારા, ધર્મશ્રદ્ધા પ્રત્યે ડગમગતા જમાનામાં જેઓ જૈન શાસનના સ્થંભરૂપ હતા તેવા અનંતોપકારી સ્વ. પૂ.આ.શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની અમીભરી કૃપાદૃષ્ટિથી જ અમો-અમારું સાપ્તાહિક પ્રગતિના પંથે છે તેમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. જેઓશ્રી સાચા અર્થમાં આના જેમ પ્રાણભૂત હતા તેમ ચાહક, પ્રશંસક અને શુભેચ્છક હતા, તો માર્ગદર્શક પણ હતા જ. જેઓશ્રીજીના અગ્રલેખ રૂપ પ્રગટ-અદ્યાવધિ અપ્રગટ પ્રવચનોથી જેઓ:આપણી વચ્ચે શબ્દદેહે વિદ્યમાનની જ પ્રતીતિ થાય છે. વાચકોએ જે પ્રતિભાવ આપ્યો છે તે ભૂલ્યો ભૂલાતો નથી. તે પૂ. ગચ્છાધિપતિ શ્રીજીએ 'પ્રકીર્ણ ધર્મોપદેશ' ગ્રન્થ ઉપર ૨૦૪૩ ના શ્રીપાલનગરના ચોમાસામાં જે પ્રવચનો આપેલા અને તેમાંના ત્રેપન (૫૩) પ્રવચનો જેઓએ પોતે જ તપાસેલાં છે તે જ પ્રવચનો અક્ષરશઃ હવે ટુંક સમયમાં પ્રગટ કરવામાં આવશે. તે પણ ઉપકારક તો બનશે જ પણ સૌ જરૂર વધાવશે તેટલી ભાવના ભાવી. આ નૂતન વર્ષ પરમપદના બીજ રૂપ બનો તેવી મંગલ કામના વ્યકત કરી વિરમીએ છીએ.

-સંપાદકો.

❋ જૈન શાસન વિશેષાંક કાયમી યોજના ❋

રૂા. ૧૧) હજાર આજીવન વિશેષાંક સૌજન્ય શુભેચ્છક

રૂા. ૫) હજાર આજીવન વિશેષાંક સહાયક શુભેચ્છક

રૂા. ૧) હજાર આજીવન વિશેષાંક શુભેચ્છક

આપનું નામ ન આવ્યું હોય તો આ કાયમી શાસન રક્ષા અને જ્ઞાન પ્રચારની યોજનામાં લખાવવાનું ચૂકશો નહિ–

મોતીચંદ એસ. શાહની પ્રેરણાથી

૧૧૦૦૦) આજીવન વિશેષાંક સૌજન્ય શુભેચ્છક–૧

(૧) શાહ ઝવેરચંદ વિઘાભાઇ તથા શ્રીમતી વિજયાબેન ઝવેરચંદભાઇ
3 Eosworth Road London No. 11 (U.K.)

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી–

૧૧૦૦૦) આજીવન વિશેષાંક સૌજન્ય શુભેચ્છક–૧

(૧) શા. ખેમચંદજી રાજમલજી ગુગલીઆ
રાજમોહન ટેક્ષટાઈલ્સ ૬૫, એમ. ટી. કલોથ માર્કેટ ઇંદોર (એમ.પી.)

૫૦૦૦) આજીવન વિશેષાંક સહાયક શુભેચ્છક–૪

(૧) છગનલાલજી મન્નાલાલજી જૈન બડનગરવાલા, ૪૦ બડા શરાફા ઇંદોર (એમ.પી.)

(૨) રસિકભાઇ છગનલાલજી ગાંધી, ૮/૧૬ મહેશનગર ઇંદોર (એમ.પી.)

(૩) બાબુલાલજી તેજકુમારજી ડોશી, ૨૧૪૪ સુદામાનગર ઇંદોર [એમ.પી.]

(૪) શાહ ગોસર વીરપાર ઢોઢીયા નવાગામવાળા C/o. વિનોદભાઈ ગોસરભાઇ
ખંભાલીઆ નાકા બહાર નાગપરા જામનગર

૧૦૦૦) આજીવન વિશેષાંક શુભેચ્છક–૭

(૧) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ–લાખાબાવળ [જામનગર]

(૨) શ્રી શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ–સોલા રોડ નારણપુરા અમદાવાદ–૧૩

(૩) ઉત્તમ ભાગ્ય ટ્રસ્ટ ઠે. કુમારપાલ દિનેશકુમાર સમદડીયા મુ. મંચર [પુના]

(૪) પ્રેમચંદ ભીખાલાલ શાહ ઠે. લોગીલાલ બી. શાહ એન્ડ બ્રધર્સ
શિયાગંજ તારદેવી રોડ, ઇંદોર

(૫) પિતાશ્રી જીવણલાલ જેતશીના શ્રેયાર્થે શ્રીમતી શાંતાબેન જીવણલાલ [વીંછીંયા]
શા. ભૂપતરાય જીવણલાલ ઠે. નીરજ મોટર એસેસરીઝ ૫૬૪ એમ.જી. રોડ, ઇંદોર

(૬) શા. રામજી ખેતશી માડુ તથા શ્રીમતી મણિબેન રામજી ડમાસંગવાળા
હ: વીરેન્દ્રકુમાર રામજી ૨૫૭ નયાપુરા મણિભવન ઇંદોર

(૭) શાહ લાલજી મુળજી સુમરીયા–પડાણા શાહ ઝવેરચંદ લાલજી શાહ નિવાસ
૭૮ રામબાગ તિલકપથ ઇંદોર

શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકાની પ્રેરણાથી

૧૦૦૧ રૂા. આજીવન શુભેચ્છક–૮

(૧) મહાવીર રેડીમેડ સ્ટોર્સ, ૧૦/૧૨ શ્યામ ભુવન, ડો. આંબેડકર રોડ, પરેલ મુંબઈ–૧૨

(૨) જયેશ ટ્રેડર્સ E 26–24 APMC Market II Pahase II Turbhe New Bombay
અનાજના વેપારી અને કમીશન એજન્ટ ☎ 7667507 : 7362918

(૩) કમલેશ ટ્રેડીંગ કું. C–14 APMC Market II Pahase II Turbe New Bombay

(૪) ચંદુલાલ રાયચંદની કું.
Shop No. 36 Pahase II APMc Market I Turbhe New Bombay–5

(૫) ગંગર ટ્રેડીંગ કું.
C–20 APMC Market II Pahase II Turbhe New Bomboy–400705

(૬) રમણિકલાલ તેજશની કું.
J–8 APMC Market II Pahase II Turbhe New Bombay

(૭) શાહ લાલજી લખમશીની કું.
No. 11 APMC Market II Pahase II Turbhe New Bombay

(૮) શ્રી રામજી વેલજી દલાલ
L–19 APMC Market II Pahase II Turbhe New Bombay

૧૦૦૧ રૂા. શુભેચ્છક–૨

(૧) પ્રભાત ટ્રેડીંગ કું.
L–35 APMC Market I Pahase II Turbhe New Bombay

(૨) શેઠ પ્રવીણચંદ્ર નાગજી ૩૪૫ ચંદાવરકરલેન,
પ્લોટ નં–૩૪૫ બીજે માળે, રૂમ નં–કે માટુંગા [સેન્ટ્રલ] મુંબઈ–૪૦૦૦૧૯

૧૦૦૧ રૂા. શુભેચ્છક

(૧) આફ્રીક કલર સ્ટુડીઓ, જેલી બંગલા સામે જામનગર

શા, હજારીમલજી અદીંગજી દાંતરાઇવાલાની પ્રેરણાથી

૫૦૧૧ આજીવન સભ્ય–૩

(૧) બી. કેસરીમલ ૭૬/૭૮ દાદી શેઠ અગીયારી લેન મુંબઈ–૨

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી -

- અર્થ-કામ સાથે તત્ત્વ ચિંતાને વૈર છે.
- આત્મધર્મને વેચીને રાષ્ટ્ર ધર્મ પણ થતો નથી.
- આત્મધર્મને વેચનાર, કોઇનું પણ ભલું વાસ્તવિક રીતિએ કરી શકતો જ નથી.
- જે જ્ઞાન મન, વચન અને કાયા ઉપર કાબૂ મેળવવામાં સહાય ન કરે તે વાસ્તવિક રીતે જ્ઞાન નથી.
- દયા એનું નામ નથી, જેનાથી આત્માનો ઘાત થાય.
- શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા સિવાયની ઇચ્છાઓ એ વિષય કષાયનાં જ રૂપકો છે.
- દુઃખમય સંસારના ક્ષય માટે જ આ શાસન છે.
- વિષય અને કષાય જેનાથી નાશ પામે તે જ ધર્મ. એવા ધર્મને આપે તે જ ગુરુ!
- પરોપકારના નામે પાપની રૂચિ અને પાપમાં પ્રવૃત્ત થવાની હોંશ એજ એક જાતની કરપીણ અકુલીનતા છે.
- સંયમ દૃષ્ટિ આત્માના હૃદયમાં બે જ વસ્તુ રમે, એક 'સંયમ' અને બીજી સંયમના ફલરૂપ 'મોક્ષ'.

---

(૨) કિશોરકુમાર ઠે. પી. કપુરચંદજી એન્ડ સન્સ
૫૭/૫૯ મદનમોહન પ્રથમ માળે ઝવેરી બજાર, મુંબઇ-૨

(૩) અમૃતલાલ સમરથમલજી
૧૦૩ સોના એપાર્ટમેન્ટ વૈશાલી રોડ, સુરત

(૪) મે. રણજીતકુમાર ગલચંદ ૮/૧૦ તેલવાડી બીજે માળે, વિઠલવાડી મુંબઇ-૨

૧૦૧] રૂા. શુભેચ્છક-૩

(૧) જસરાજ મહેરચંદ એન્ડ કું.
નં. ૭ કિષ્ણા ગોલ્ડ માર્કેટ શિવાલયમ વિજયવાડા-૫૨૦૦૦૧

(૨) શાહ બાબુલાલ નરસાજી જૈન ઠાંતરાઇ [વાયા-આબુ રોડ]

(૩) શાહ મીઠાલાલ ભુરમલજી ૩૧ રામવાડી ૧લી કાવેલ સ્ટ્રીટ લેન મુંબઇ-૨

૨૫૧] રૂા. શ્રી જૈન શ્વે. મૂ. સંઘ પૂ.આ. શ્રી વિજયપ્રભાકરસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી
ભેટ માલેગામ

૫૧] રૂા. શ્રીમતી મીનાબેન રમેશચંદ્ર હીરજી
જાંબરીયાની અટ્ઠાઇ નિમિત્તે ભેટ ઠાંતાવાલા મુંબા

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(ભાગ—૬)

(ઢાળ—ત્રીજી)

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ,
ચૈઇય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ,
ચતુર નર સમજો વિનય પ્રકાર, જિમ લહિયે સમકિત સાર,
ચતુર૦...૧૫

ધર્મ ક્ષમાદિક ભાખીયેાજી, સાધુ તેહના રે ગેહ,
આચાર્ય આચારનાજી, દાયક નાયક જેહ,
ચતુર૦...૧૬

ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણ હાર,
પ્રવચન સંઘ વખાણિયેજી, દર્શન સમકિત સાર,
ચતુર૦...૧૭

ભકિત બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન,
ગુણ સ્તુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનાની હાણ,
ચતુર૦...૧૮

પાંચ ભેદે એ દશતણેાજી, વિનય કરે અનુકુળ,
સિંચે નેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મુળ,
ચતુર૦...૧૯

પ્ર૦–૬૭ વિનય એટલે શું ?

ઉ૦– ગુર્વાદિ વડિલેાની હૈયાના બહુમાન પૂર્વક સેવા–ભકિત, સન્માન–ઉચિત પ્રતિપત્તિ આદિ કરવું તેને વિનય કહ્યો છે.

વળી આત્મા ઉપરથી આઠે પ્રકારના કર્મો જેનાથી દૂર થાય તેને ય વિનય કહ્યો છે. 'વિનીયતે–ક્ષિપ્યતે અષ્ટપ્રકારં કર્માનેનેતિ વિનયઃ ।'

પ્ર૦–૬૮ વિનય કેટલા પ્રકારનેા કહ્યો છે ? કયા કયા ?

ઉ૦– સાત પ્રકારનેા કહ્યો છે. જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય અને ઔપચારિક વિનય. (જુઓ પેજ ૪૨૮)

એક ચિંતન

स्वलाघा परनिन्दा च, मत्सरो महतां गुणे ।
असंबद्ध प्रलापित्वमात्मानं पातयत्यधः ।।

સ્વપ્રશંસા, પરનિંદા, મહાપુરૂષોના ગુણમાં માત્સર્ય, અસંબધ્ધ પ્રલાપીપણું આત્માને નીચે પાડે છે.

ઊંચે ચઢવું ઘણું કઠીન છે. દુનિયામાં પણ સૌના અનુભવની વાત છે કે આગળ આવેલો માણસ પણ અવસરે કહે છે કે, કેટલીય મુશીબતો' કેટલાય સંઘર્ષો વેઠીને, સામનો કરીને પછી હું આ સ્થિતિને પામ્યો છું. જ્યારે ઉંચે ચઢેલાને પડવું તે એકદમ સહેલું કામ છે. જ્ઞાનિઓ તો કહે છે કે, જેમ જેમ માણસ ઉંચા સ્થાને–પદે આવે તેમ તેમ તેની જોખમદારી ઘણી જ વધે છે. કારણ તેની છાયા મોટા ભાગના લોકો પર પડે છે. તે જો સાવધ ન રહે તો પોતે ય પડે અને પોતાના અનેક આશ્રિતોને પાડનારો બને છે.

ગુણ પામ્યા પછી ગુણને ટકાવવા જેમ કઠીન છે તેના કરતાં ય ગુણને પચાવવા તો બહુ જ કઠીન છે. હજી ગુણ ટકાવી શકાય પણ પચાવનાર તો કોક વિરલ જ આત્મા મળે. જે આત્માના ગુણની સુવાસ ચોમેર ફેલાયેલી હોય તો ય તેનાથી અલિપ્ત રહેનારા કો' જ મળે તેમ બીજાની નિંદા કરવા માટે તેની જીભ કયારેય ઉપડે નહિ અને અન્યના નાના ગુણને પણ મેરૂ સમાન જોનાર આત્મા કયારેય મહાપુરુષના ગુણોને વિષે માત્સર્ય ધારણ કરે તે અસંભવિત છે અને બોલતા આવડયું માટે જે–તે બોલવું–બકવું તે તેના સ્વભાવમાં પણ હોય નહિ. તેવો જે નાયક હોય તેનો ગણ કે સમુદાય હંમેશા શિષ્ટ પુરૂષોના માર્ગે ચાલી પોતાનું અને અનેકનું કલ્યાણ સાધનારો બને છે.

પણ જે કુલણજી ઢેડકાની જેમ વાત વાતમાં પોતાના મોઢે જ પોતાની પ્રશંસામાં ગૌરવ માને, બીજાની નિંદા ન કરે ત્યાં સુધી જીભની ચળ શાંત ન પડે તેવી હાલત હોય, પોતાના સિવાય બીજાના એક ગુણને સાંભળવાની પણ જેની ધીરજ નથી અને અધૂરા ઘડાની જેમ જ્ઞાનના લવલેશથી છલકાતો, જ્યાં ત્યાં ગાતો ફરે, પોતામાં જ બધી આવડત છે તેમ બતાવતો ફરે તેવો જીવ પોતે તો સન્માર્ગથી ચ્યુત થાય છે પણ અનેકને ચ્યુત કરવામાં ભાગી બને છે. એટલું જ નહિ પોતાની પાસે થોડી ઘણી પણ ઔદાયિક ભાવની મન–વચન–કાયાની જે શકિત મલી હોય તે મહાપુરૂષોના નામે, પોતાના મનગમતા મનઘડંત, સ્વચ્છંદી વિચારોને ફેલાવવા કર્યા વિના રહેતો નથી. તેમાં જ કર્ત્તવ્યપાલનની ઈતિશ્રી માને. આવા લોકોને સુધારવા તો ખુદ સમર્થજ્ઞાનિ પણ શકિતમાન ન બને તેમાં નવાઇ નથી. પણ તેવાની વિચારધારામાં આવી ન જવાય માટે બહુ જ સાવધ અને સાવચેત રહેવાની જરૂર છે. તે માટે આત્માનું પતન કરનારા આત્મપ્રશંસા, પરનિંદા, મહાપુરુષોના ગુણોમાં માત્સર્ય અને જેમ તેમ બકવાની ટેવનો પડછાયો પણ ન પડે, તેથી આત્મા અભડાઇ ન જાય તેવ મહેનત જે કરે તે ગુણોન્મુખ બની સ્વ–પર અનેકનું હિત કરનારો બને છે. જ્ઞાનમાં સમજી સૌ પુણ્યાત્મા આવી દશા પામો તે જ શુભેચ્છા. –પ્રજ્ઞાંગ

'नाणे दंसण–चरणे मण–वय–काओवयारिओ विणओ ।' (પેજ ૩૧૬નુ ચાલુ)

પ્ર૦–૬૯ અહીં કયા વિનયનો અધિકાર છે ?

ઉ૦– અહીં દર્શન વિનયનો અધિકાર છે.

પ્ર૦–૭૦ દર્શન વિનયનું સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ૦– શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિધ્ધ ભગવંત, ચૈત્ય–જિનપ્રતિમા, ક્ષમાદિક દશ પ્રકારનો ધર્મ, સાધુ આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન, સંઘ અને દર્શન–આ દશની ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ, અવગુણ ઢાંકવા, અને આશાતનાનો ત્યાગ કરવો, તે ટુંકમાં દર્શન વિનય છે.

પ્ર૦–૭૦ શ્રી અરિહંતાદિ દશનું સામાન્યથી સ્વરૂપ જણાવો.

ઉ૦ ૧–શ્રી અરિહંત પરમાત્મા એટલે ધર્મતીર્થના સ્થાપક, મોક્ષમાર્ગના પ્રરૂપક. ચોત્રીશ અતિશયના ધારક, આઠ પ્રતિહાર્ય સુકત વાણીના પાંત્રીશ ગુણોને ધરનારા. આત્માઓ.

૨–શ્રી સિદ્ધ ભગવંત–આઠે કર્મોથી મુકત અને શ્રી સિદ્ધિપદને પામેલ. આત્માઓ.

૩–ચૈત્ય એટલે શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાઓ, જે શ્રી તીર્થંકર પરમાત્માની અવિદ્યમાનતામાં સાક્ષાત્ શ્રી જિનેશ્વર દેવની બુધ્ધિને પેદા કરે છે. 'જિણપડિમા જિણ-સારિખી' એ વચનથી.

૪–ધર્મ–૧૦ ક્ષમા, માર્દવ, આર્જવ, મુકિત, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો યતિધર્મ છે. અન્યત્ર–'**अंती मुत्ती अज्जव मद्दव तह लाघवे तवे चेव ।**

संजम चियागअकिंचणु बोद्धव्वे बंभचेरे य ।।' લાઘવ એટલે દ્રવ્યથી અલ્પ ઉપધિ અને ભાવથી ગૌરવનો ત્યાગ; ત્યાગ એટલે સર્વ સંગોથી વિરામ પામવું કે સાધુઓને વસ્ત્રાદિનું દાન. ૧૦ ક્ષમા ક્રોધનો ત્યાગ, માર્દવ–માનનો ત્યાગ, આર્જવ માયાનો ત્યાગ, મુકિત–બાહ્ય–અભ્યંતર વસ્તુઓને વિષે તૃષ્ણાનો ત્યાગ અર્થાત્ લોભનો ત્યાગ, જેના વડે રસાદિ ધાતુઓ કે કર્મો તપે તેનું નામ તપ, જે અનશનાદિ બાર પ્રકારનો છે; સંયમ–આશ્રવોથી વિરામ પામવું, સત્ય એટલે મૃષાવાદથી વિરતિ, શૌચ સંયમ પ્રતિ નિરૂપલેપતા અર્થાત્ નિરતિચાર સંયમ, જેની પાસે કાંઈપણ દ્રવ્ય નથી તે અકિંચનપણું, અર્થાત્ શરીર–ધર્મોપકરણોને વિષે પણ નિર્મમત્વ, નવવાડોથી નિર્મલ, ઉપરક્ત સંયમ તેનું નામ બ્રહ્મચર્ય.

૫—શ્રી સાધુ ભગવંતો સઘળા જ પાપકર્મોથી વિરામ પામેલા અને આજ્ઞામુજબ અનુષ્ઠાન કરવામાં તત્પર જે કોઇ અર્થી આત્મા આવે તેને મોક્ષ માર્ગમાં સહાય કરનારા.

૬—શ્રી આચાર્ય ભગવંતો–જ્ઞાનાચાર દર્શનાચાર–ચારિત્રાચાર–તપાચાર અને

વીર્યાચાર આ પાંચે આચારનું સ્વયં પાલન કરનારા-કરાવનારા અને જે આવે તેને આ પાંચ આચાર જ જીવવા જેવું છે તેમ સમજાવનારા.

૭—શ્રી ઉપાધ્યાય ભગવંતો-શિષ્યોને સિદ્ધાંતનું પઠન કરાવનારા.

૮—પ્રવચન-શ્રી જિનાગમ-જૈનશાસન.

૯—સંઘ-સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચારે પ્રકારનો શ્રી સંઘ.

૧૦—દર્શન એટલે સમ્યક્ત્વ, દર્શન અને દર્શનીનો અભેદ ઉપચાર કરવાથી દર્શનવાળા પણ દર્શન કહેવાય.

પ્ર૦-૭૧ શ્રી અરિહંતાદિ દશનો જે ભક્તિ આદિ કરવાના છે તે ભક્તિ આદિ પાંચનું સ્વરૂપ સમજાવો.

ઉ૦-૧ ભક્તિ-ભક્તિઃ-બાહ્યા પ્રતિપત્તિઃ અર્થાત્ ભક્તિ એટલે સામે લેવા જવું, આસન આપવું, પર્યુપાસના-સેવા કરી, હાથ જોડવા, માથું નમાવવું, જાય ત્યારે મૂકવા જવું તેનું નામ ભક્તિ છે.

૨. બહુમાન-બહુમાન :-આન્તરઃ પ્રીતિવિશેષ :- હૈયાના બહુમાન-પ્રીતિ સદ્ભાવપૂર્વક વસ્ત્ર-પાત્રાદિ સત્કાર રૂપ પૂજા કરવી તે.

૩. ગુણ સ્તુતિ-તેમના ગુણોની પ્રશંસા કરવી, કેટલેક ઠેકાણે 'વર્ણવાદ' કે વર્ણોજ્વલન પણ કહ્યા છે. તો વર્ણવાદ એટલે પણ ગુણોની પ્રશંસા કરવી અને વર્ણોજ્વલન એટલે વર્ણ એટલે પ્રશંસા અને જ્વલન એટલે જ્ઞાનાદિ ગુણોનું પ્રકટીકરણ. પ્રશંસા કરવા પૂર્વક દશેસ્થાનના ગુણોને પ્રગટ કરવા તે.

૪. અવગુણ ઢાંકવા-તેમના કદાચ અવગુણ નજરે ચઢે તો તે ઢાંકવા, જ્યાં ત્યાં બોલ બોલ ન કરવા.

કેટલે ઠેકાણે અવર્ણવાદ ત્યાગ કહ્યો છે અર્થાત્ તેમની નિંદાનો ત્યાગ કરવો.

૫. આશાતનાની હાણ-મનવચન-કાયા વડે પ્રતિકૂળ વર્ત્તનનો જે ત્યાગ તેને આશાતના પરિહાર કહ્યો છે. અર્થાત્ અનાશાતના વિનય પણ કહ્યો છે.

આશાતના-જાત્યાદિ હીલના તદભાવોઅનાશાતના ! એટલે જાત્યાદિ હીલનાનો જેમાં અભાવ છે તેનું નામ અનાશાતના છે.

પ્ર૦-૭૨ આ રીતના વિનય કરવાથી શું પ્રાપ્ત થાય છે ?

ઉ૦-શ્રી અરિહંત પરમાત્માદિ દશનો ભક્તિ આદિ પાંચ ભેદે વિનય કરનારો આત્મા, અમૃતરસ વડે ધર્મવૃક્ષનાં મુળનું સિંચન કરે છે.

પ્ર૦ ૭૩ સુધારસથી સીંચન કરવાનું ફળ શું મળે ?

ઉ૦ અમૃતરસથી ધર્મવૃક્ષનાં મુળનું સીંચન કરવાથી અમૃતપદ-મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી મોક્ષપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દેવ-મનુષ્યના ભવોમાં પણ આજ્ઞા મુજબ ધર્મની જ આરાધના કરી અમૃતપદને નજીક બનાવે છે. (ક્રમશઃ)



પ્યારા બૂલકાઓ,

અવનવા લખાણો લઇને આવતી તમારી બાલવાટિકાને તમે સૌ સત્કારી રહ્યા છો તે તમારા પત્રો દ્વારા જાણવા મળ્યું. તે જાણી આનંદ, બાલવાટિકાને મધમધતી બનાવવામાં તમારા સૌનો મોટો ફાળો છે. તમારા પ્રશંસાના પુષ્પો વાંચી વાંચીને મારું અંતર નાચી ઉઠે છે, ખીલી ઉઠે છે, મારા લાડકા બૂલકાઓ કેવી કાલી કાલી ભાષામાં સુંદર લખાણો લખવાની મહેનત કરે છે.

તમારા થોકબંધ લખાણો આવી રહ્યા છે. વિપુલ સાહિત્યને રટોકમાં રાખીને અવસરે અવસરે તેમાંથી ચૂંટી ચૂંટીને આ વિભાગમાં છાપતો રહીશ, આનંદ !!!

વિવિધતા જળવાય રહે, નવું નવું જાણવા મળે, નવી નવી શોધખોળ કરવા મળે, કોયડાઓ આદિ ઉકેલવા મળે તે સઘળું ધ્યાનમાં લઇને કદાચ તમારા મોકલાવેલ લખાણો મોડા-વહેલા છપાય તો મારી ઉપર ગુસ્સે નહી થતાં, મુંઝવણમાં મુકાઈ નહી જતાં. અમારી મહેનત એળે નહી જાય. પ્રયત્ન કરી, વધુ શક્તિ ખીલવી. વધુ ને વધુ જ્ઞાન મળે તેવા ટુંકા લખાણો મોકલજો.

આ બાલવાટિકા વિષે તમારો ખાટો, ગળો, તીખો, કડવો કે નવો જે કાંઇ અભિપ્રાય હોય તે જણાવશો.

હવે કહેવા જેવું બાલવાટિકામાંથી વાંચી લેજો.

-રવિશિશુ

ઠે. જૈન શાસન કાર્યાલય-જામનગર

કથાનક

એક ડાળીથી બીજી ડાળીએ કુદકા મારતીને ઝુલા ખાતી વાનરસેનાને જોતાંજ પવનપુત્ર શ્રી હનુમાનની યાદ આવી. શ્રી હનુમાનની જનેતા મહાસતી હતા. ક્ષમાના અવતાર હતા. ચંડાલ ચોકડી તેમના કબજામાં હતી. પોતાનો કાંઇ વાંક કે ગુનો ન હોવા છતાં પણ અગમ્ય કર્મના કારણે એક નાનીશી વાતનું વિકરાળ વિરૂપ અપાઇ ગયું.

હસ્ત મેળાપના થોડા કલાકે પહેલાંજ શ્રી પવનંજયકુમારે મનોમન નકકી કર્યું કે "અંજના સામે ઊંચી નજર પણ ન કરવી અને જો તે સામે આવે તો અથવા નજર મેળવવા પ્રયત્ન પણ કરે તો અંગારા વર્ષાવ્યા વગર રહેવું નહિ."

કાચા સુતર-તાતણે બંધાયા પછી શ્રી

પવનંજયકુમારે અંજનાદેવીને ત્યજી દીધી. દુ:ખદ વિયોગે પણ પોતાની સમય મર્યાદા છોડી દીધી. વિયોગના ક્રારમાં દુ:ખને સહન કરતી અંજનાદેવી તેની સાહેલી વસંત-તિલકા સાથે પ્રભુનું ધ્યાન ધરવા લાગી. પ્રભુ ભક્તિમાં સમય નિર્ગમન થવા લાગ્યો.

એક વખત યુદ્ધનું તેડું આવ્યું પૂજ્ય પિતાશ્રીની આજ્ઞા મેળવી શ્રી પવનંજય-કુમારે યુદ્ધમાં જવાનું નક્કી કર્યું. શુભ દિવસે પ્રયાણ છે તેવા ઉડતા સમાચાર અંજનાદેવીને મળ્યા. વાહલસોયા પતિદેવ યુદ્ધે જઈ રહ્યા છે, "લાવ તેમનો માર્ગ નિષ્કંટક બને અને વિજયની શુભ કામના ઓના સુમને બીછાવી આવું."

શ્રી પવનંજયકુમારનો જય, જયકાર બોલાવતી સેના રાજભવનમાંથી બહાર પડી. અંજનાદેવીના મહેલ પાસેથી વિસેના ચાલવા લાગી. મહેલના ભૂતલે મહાસતી અંજનાદેવી પૂતળું બની ઉભાં રહ્યાં હતાં. તેમની સ્થીર નજર પતિદેવને શોધી રહી હતી. જ્યારે પ્યારા પતિદેવ મહેલની નજીક આવ્યા ત્યારે અંજનાસતી તેઓના ચરણકમળમાં પડી, અભિવાદનો કરવા લાગી. શુભકામનાઓના ફૂલો વીખેરવા લાગી.

આક્રોશ ઠાલવતા શ્રી પવનંજયકુમારે દેવી અંજનાની ભારે અવજ્ઞા કરી. ન બોલ-વાના શબ્દો સંભળાવ્યા. જીવતો માનવી ઉભો ઉભો બળી ઉઠે તેવી જવાલાઓ ઓકતા શબ્દો સાંભળીને અંજનાદેવી સમસમી ઉઠયા ચેતન વિહોણા બની ધરતીને ચૂંબવા લાગ્યા.

અંજનાદેવીને રઝળતી મુકી શ્રી પવનં-જયકુમાર ત્યાંથી ચાલી નીકળ્યા.

શીતોપચાર થતાં અંજનાદેવી ચેતન-વંતા બન્યા. મૂર્છા ઉતરતા અંજનાદેવી વિચારવા લાગ્યા.

"દોષનો ટોપલો શા માટે મારે કોઈને ઓઢાડવો પડે ? દોષ તો મારા કર્મનો છે ! વાહલા પ્રીતમનો દોષ શા માટે કાઢું ? જ્યારે મારા કર્મ નિશેષ થશે ત્યારે જ મારા જીવનની કમનીમાં સુખના છોડવાવો ખીલી ઉઠશે.

હડધૂત થઈ ગયેલ ક્ષમામુર્તિ અંજના-દેવીએ પોતાનું હૈયું કઠણ કર્યું. આવેલ દુ:ખોને સમતાપૂર્વક સહન કરવા લાગી. વિયોગના દુ:ખને ભૂલી વિરાગના સાચા સુખને પ્રાપ્ત કરવા ભગવાનની ભક્તિમાં લયલીન બની ગઇ.

અંતે, એક દિવસ સુખની સરિતાઓ વહેવા લાગી. જીવન વન નવ પલ્લવિત થઇ ગયો. દુ:ખનો દાવાનલ ઠરીને ઠામ થઇ ગયો.

"ક્ષમા ધારણ કરનાર અંજનાદેવીને ધન્ય છે."

—શ્રી રમ્ય

શબ્દ સંશોધન

સુચના:—જે શબ્દોના બીજા પર્યાય-વાચી એવા શબ્દ શોધવાના છે. કે જેના પ્રથમ અક્ષરથી નીચેનું વાકય બનવું જોઇએ.

"શ્રી રામચંદ્ર સૂરીજીને મારી વંદના હોજો"

૧ નાળીયેરનું બીજું નામ શ્રીફળ
૨ ખુશીનું બીજું નામ
૩ ઘરનું બીજું નામ
૪ હિમાંશુનું બીજું નામ
૫ ભીખારીનું બીજું નામ
૬ ભાષ્કરનું બીજું નામ
૭ પદ્ધતિનું બીજું નામ
૮ વિજયનું બીજું નામ
૯ નેનનું બીજું નામ
૧૦ પતિનું બીજું નામ
૧૧ પ્રથાનું બીજું નામ
૧૨ નમનનું બીજું નામ
૧૩ રત્નાકરનું બીજું નામ
૧૪ પ્રીયતમનું બીજું નામ
૧૫ પત્રનું બીજું નામ
૧૬ કૌવતનું બીજું નામ

–યતિન ઓ. શાહ–હલોઇ
બાળ–ગઝલ

ભક્તિના રંગ જેવો કોઇ રંગ નથી
સંતોના સંગ જેવો કોઇ સંગ નથી
માયાના જંગ જેવો કોઇ જંગ નથી
મહાવીરના ધર્મ જેવો કોઇ ધર્મ નથી

–દર્શન એચ. શાહ
રાજકોટ

"આ છે બાલવાટિકાનું ગૌરવ"

(આ નાનકડા ભૂલકાંએ પૂજ્યપાદશ્રીની પૂણ્યતિથિએ સુંદર મજાના ગુણાનુવાદ કર્યા છે તે અત્રે પ્રસ્તુત કરીએ છીએ. તમે પણ ગુણાનુવાદ, ગુરૂગુણ સ્તવન આદિ બનાવ્યા, ગાયા હોય તો લખી મોકલશો તો તમને પણ ન્યાય મળશે.

ધન્યવાદ...નાનુડા ભૂલકાંને...)

–શ્રી રવિશંકુ

"વર્ષ વિત્યા ત્રણ કિન્તુ,
યાદ તમારી ભૂલાયના,
ફુલ ચુંટયું પાંદડી સમ;
મહેક આપની વિસરાયના"
"કોણ કહે છે વિદાય લીધી;
અમ સજ્જનો માંહેથી,
ધુપસળી જો ખુદ જલે છે,
સુવાસ એની જાયના"
"ચીર વિદાય તો થઇ દેહની,
આત્મ જ્યોત જળહળતા,
કંઇકના જીવનબાગ ઉજળી,
નભ મહીં તમે જગમગતા,

રામ નામ લેતા આરામ થઈ જાય છે. રા...મ...બોલતાં જીવનનો બધો થાક ક્ષણવાર માટે ઉતરી જાય છે તેવા એ મારા ગુરુજી આપ જ્યાં હો ત્યાંથી મારી ઉપર અમીદૃષ્ટિ રાખી અમીવર્ષા વરસાવજો.

"આશા છે કે અમ જીવનપથ પર;
પ્રેરણા દિપ બની પ્રકાશ આપશો,
અમર સ્મૃતિની ધુપસળી બની,
અમ જીવનનો અંધકાર કાપશો."

પૂજ્યપાદશ્રી "સૂરિ રામ"નો પ્રાણપ્રિય મંત્ર–

"સુખમય સંસાર પણ છોડવા જેવો
મોક્ષ જ એક મેળવવા જેવો,
મોક્ષ માટે સંયમ જ લેવા જેવું"

પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના ચરણકમળોમાં મારી કોટી કોટી વંદના.

–નિરજ રમેશભાઈ શાહ
ઉંમર વર્ષ ૬॥
(વર્ધમાનનગર)

❋ ખોટું નો લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

પુસ્તક વિમોચન

વિમોચન એટલે મુક્તિ

હમણાં હમણાં જાત-જાતના કુલ-રંગી ટાઈટલો વાળા પુસ્તકોની ડગલે ને પગલે કોઈ ને કોઇ બંધનમાંથી (રેશમના રૂમાલના, કે મખમલની પેટીના કે પોથીના પોકિટના વગેરે વગેરે જેવા) કોઇને કોઇ મહાજન-પુરૂષના હાથે જમીનથી કે વગર જમીનથી શરતી કે બિન શરતી વિમોચન એટલે કે મુક્તિ થયા જ કરે છે.

કોઇ પણ વસ્તુ કે વ્યક્તિની મુક્તિ થવી એ તો ખરેખર આનંદની જ વાત છે.

પુસ્તક-વિમોચનના સમારોહ-કંકશનો, જોકે આપણે કોઇની નિંદા નો કરાય પણ બરાબર બુફે જમણની જેમ જ જૈન સમાજમાં એટલા બધાં થાય છે ને કે-વિશ્વ-ભરના પુસ્તક-વિમોચન (તથા બુફેના જમણ) નો જો દુનિયા-રેકોર્ડ-વર્લ્ડ વિક્રમ નોંધવાનો હોય તો સો ટકાની ચોક્કસ જ સાથે એ વિશ્વ-વિક્રમ નોંધનારને ભારત અને તેના ય આર્યકુળમાં ય જૈનકુળોનો જ સંપર્ક સાધવો જોઇએ. જોકે બધે ય એ રેકોર્ડ-નોંધરોને જવું હોય તો મારો કોઇ પ્રતિબંધ હોય જ નહિ. પણ તેમને ખોટાં ખર્ચોમાં ઉતરવું પડશે. અને ભટકી ભટકીને અંતે થાકીને પોથ-લોથ થઇને જૈન હાજનો પાસે જ આવવું પડશે. જોકે હું તો આગળ વધીને ત્યાં સુધી કહું છું કે-તેમણે ભારત સુધી પણ ધકકો ખાવાની જરૂર નથી. ત્યાં બેઠા બેઠા જ મને ફોનથી પૂછાવી લે, તો હું ય તેમને સરખી રીતે સમજાવી દઇશ. મારો ફોન નંબર પી.પી. છે. હું આખો દિવસ ઘેર જ હોઉ છું. અને હવે તો રહીશ જ. એક બાલી સવારે ૯ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ સુધી જ હું બહાર ગયો હોઉ. એટલે તેમણે મારી અનુકૂળના મુજબ જ ફોન કરવો. અને કહેવું કે—નીચેથી જરા ફલાણાભાઇને બોલાવો ને, એટલે મને તરત (હું ઘરે હોઉ કે ના હોઉ) બૂમ મારશે. ઓ. કે. ? બરાબર છે ?

હું જોકે આ લખ્યા પછીની પ્રત્યેક પળે રેકોર્ડ—રાઇટરના રીંગની રાહ જોતો રહ્યો. પણ કોણ જાણે કેમ એમને મારો જીરો, જીરો, વન, જીરો, જીરો, સેવન, નંબર જ લગાડતા નહિ આવડયો હોય. પણ મેં રાહ જોવાની ચાલુ જ રાખી.

મને આ પુસ્તક—વિમોચન અંગે એક બીજો વિચાર આવ્યો કે વિશ્વ—વિક્રમ નોંધાવે એવા આ વિમોચન સામે ઘણાં લોકો વિરોધ કરે છે. તે વિરોધકોનો એવો મુદ્દો હોય કે-"સુવિહિત સૂરી પુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ચૌદશો ચુમ્માલીશ ગ્રંથો રચ્યા તોય વિમોચન નથી કરાવ્યુ ને આપણે એક પાંચ—દશ વાર્તાઓ જોડ્સો, થોડું સ્વબુધ્ધિનું ડહાપણ આવું

આવું દિવસો સુધી ભેગું કરીને એક પુસ્તક રત્નને તૈયાર કર્યું હોય એમાં તો ફૂલાઈને ફાળકા થઇ જઈને પુસ્તક—વિમોચન-સમા રોહની રોનક પ્રગટાવીએ છીએ.”

તો આ મુદ્દો જ મુદ્દલ અવ્યાજબી છે. કેમ કે–તે શ્રી સૂરિ પુરંદરને તો પ્રાયશ્ચિત્ત રૂપે તે બધાં ગ્રંથો રચવાના જ હતા. અને એ પૂરુ કર્યા પછી નવું કૈંક રચ્યુ હોત તો તેનું વિમોચન ચોક્કસ ત્યારના સુશ્રાવકોએ ઉછામણી બોલીને કર્યું જ હોત. બીજા પણ મહાપુરૂષોને આવું જ કોઇને કોઇ પ્રાયશ્ચિત્ત આવેલુ હશે અથવા તો તે મહાપુરુષોને માથે સંઘનું અન્ન-જળ લુણનું ઘણું ઋણ ચડી ગયેલું હોવું જોઇએ. અથવા તો આજની જેમ તે મહાપુરૂષો સમાજના કામમાં, કુંડલી જોવાના, રાખડી—બાખડી બાંધવાના કે વાસક્ષેપ મોકલવાના કે એવા કોઇ સામાજિક—સમાજોપયોગી કામ નહિ કરતાં હોય. અથવા તો એમ પણ હોય કે તે મહાપુરૂષોએ ગ્રંથ રચનાનો આંકડો સેંકડોની સંખ્યામાં જ જણાવ્યો હોય તો પણ ત્યારના. શ્રાવકો આ બધાં અંદાજેલા કારણોસર પુસ્તક અરે ! પુસ્તક નહિ પણ ગ્રંથ—વિમોચન કરવામાં રસવાળા નહિ હોય. એટલે વર્તમાન સમયની વીશમી (વસમી નહિ હોં) સદીમાં પુસ્તક-વિમોચનની વ્યાજબીતા સિદ્ધ થતી હોવાથી તેનો વિરોધ કરવો તદ્દન અન્યાય્ય—અનુચિત છે.

પોતાના પુસ્તક—વિમોચનમાં કોઇને રસ ના હોય અને અન્યના પુસ્તક મુકિતમાં રસ હોય તો અન્યની ઇર્ષ્યા કરીને તે વિમોચન વખોડવું તે તો હરગીઝ ઉચિત નથી જ નથી. વિમોચન તમે ય ગોઠવો ને લોકે ? અમે કયાં ના પાડીએ છીએ. કેમ ભૈ ? દે તાલી. હુ.

આ તો આવું ય નહિ ને પાવા દેવું ય નહિ. એવું. એ તે કૈં ચાલતુ હશે. ચોપડી વિમોચન કરતાં પહેલાં ચોપડીને બંધનમાં ફસાવી દેવી પડે છે. આવું કહેવું કેટલું બેહુદુ કહેવાય. કેમ ? એ લોકો તો યાર આપણને પૂછયા ગાંછયા વિના હમજયા વગર જ વિરોધ કર્યા કરે છે. એમને વિરોધ કરવા સિવાય કંઇ આવડતું ય નથી. વાતે વાતે વિરોધ.

અરે ! ભદ્રંભદ્ર ! તમને ખબર છે ? પુસ્તક વિમોચન વિરોધના ઘણા બધા મેઇન મેઇન કારણો છે.

“ના હોય.”

ના હોય શું ? આમ ઓરા આવો. કોઇ પાછું હાંભળી જશે. જુઓ છે ને ચોપડી વિમોચન કરાવનાર સાધુ મહારાજને પહેલા ચોપડી છપાવવા માટે ધનની જરૂર પડે, લેખ માટે છાપા-છૂપી વાંચવાની જરૂર પડે. કોઇ જાણકારને વંચાવવા તેની ઝેરોક્ષ નકલો કરાવવી પડે, પેપરવાળા' કોમ્પ્યુટરવાળા, ઓપસેટ પ્રિન્ટીંગ વાળા ડીઝાઇનર વગેરે બધાંની જરૂર પડે આ બધુ ધન વગર નો થાય. એટલે સાધુ મહારાજને ગોચરીમાં આધાકર્મી દોષ તેમના માટે રસોઈ બની

(અનુ પેજ ૩૩૬ ઉપર)

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

(૨૭)

પૂર્વજોનો એક માત્ર વારસો, પ્રવજ્યા.

"સોદાસ ! ધ્યાનમાં રાખજે કે–શ્રી વીતરાગ પરમાત્માના અષ્ટાન્હિકા મહોત્સવ ના કારણે આખા રાજ્યમાં અમારિની ઉદ્ઘોષણા કરાઈ છે. તારા પૂર્વજોએ આ દિવસોમાં માંસ ભક્ષણ કર્યું નથી. તે રીતે તારાથી પણ અષ્ટાન્હિકા મહોત્સવ દરમ્યાન માંસનું ભક્ષણ કરી શકાશે નહિ."

"નહિ તો."

"નહિ તો, અયોધ્યા રાજ્યની આ રાજ્યગાદી ઉપરથી તું જંગલમાં "ફેંકાઈ" જઈશ

"ઠીક છે." આમ કહીને સોદાસે સભા વિસર્જન કરી.

મંત્રીશ્વરોની માંસ નહિ ખાવાની કડક ચેતવણીથી માંસલોલુપી રાજા સોદાસ ફફડી ઊઠ્યો હતો. અને તેથી જ કોઈને પણ ખબર ના પડે તે રીતે રાજાએ પોતાના રસોઇયાને ગમે ત્યાંથી પણ માંસ લાવી ને ગુપ્ત રીતે રાંધીને પોતાને આપવા સૂચના કરી.

રાજાનો રસોઇયો માંસની શોધમાં નીકળ્યો. આખા એ રાજ્યમાં અમારિ (–અહિંસા)ની ઉદ્ઘોષણા કરાયેલી હોવાથી તેને કયાંય પણ કોઇપણ જાતનું માંસ મળ્યું નહિ. બંને દિવસોમાં માંસ જાણે કે માત્ર શબ્દ–કોશમાં જ ટકી રહ્યું હતું.

આખા નગરમાં ફરવા છતાં કયાંય માંસ ન મળતાં રસોઇઓ એ રીતે મુંઝાયો કે–એક બાજૂ માંસની અપ્રાપ્તિ છે. અને બીજી તરફ માંસ લઈ આવવા માટેની રાજાની આજ્ઞા છે., હવે હું શું કરું ? મુંઝાયેલો રસોઇયો આ રીતે ફરતો હતો ત્યાં જ તેની નજર સામે કોઇ મૃત્યુ પામેલું મનુષ્યનું બાળક જોવામાં આવ્યું કોઈને ખબર ના પડે તે રીતે તે બાળકના મડદાને ઉઠાવી લાવીને રસોઈયાએ મસાલા ભભરાવી અતિ સ્વાદિષ્ટ બનાવ્યું અને રાજાને ભોજનમાં પીરસ્યું

આજ સુધી નહિ ચાખેલા આ અપૂર્વ સ્વાદને ચાખીને ખુશ-ખુશ થઇ ગયેલા રાજાએ આ સ્વાદના ખુબ જ વખાણ કર્યા અને રસોઈયાને પૂછ્યું કે આ ભોજનમાં કયા જીવનું માંસ હતું ?

રસોઇયાએ કહયુ–'આ મનુષ્ય બાળકનું માંસ હતું.

તરત જ રાજાએ કહ્યું.–હવે પછીથી દરરોજ આજની જેમ જ તું મને મનુષ્યનું માંસ જ ભોજનમાં આપજે.

રાજાની આ આજ્ઞાને પૂર્ણ કરવી શકય ન હતી. કેમ કે આ તો ઓચિંતુ એકવાર

મૃતબાળક મળી ગયું હતું. પરંતુ રસોઇયાએ રાજાની આજ્ઞાના ડારથી જરાય ડર રાખ્યા વિના નાના નાના બાળકોનું રોજે અપહરણ કરવા માંડયું. અને રોતા-કકળતા તે નિર્દોષ ભૂલકાંઓને ક્રુર રસોઇઓ જીવતાં ને જીવતાં જ કાપી નાંખીને તેના માંસનું ભોજન બનાવી રાજાને આપવા લાગ્યો.

રોજે રોજ થતાં બાળકોના અપહરણથી નગરજનોમાં કકડાટ પેઠો. મંત્રીઓએ તપાસ કરી તો આખો ભેદ ઉકેલાયો. દુષ્ટ-ક્રૂર-ખતરનાક કામ કરનારા માંસભક્ષી રાજાને મંત્રીઓએ ઝાલીને સીધો ઉંચકીને ઘરમાં નીકળેલા સાપની જેમ ભયંકર જંગલમાં ફેંકી દીધો.

અને અયોધ્યાની ગાદી ઉપર સોદાસ પુત્ર સિંહરથને બેસાડયો. આ બાજુ જંગલમાં ભટકતો ભટકતો પણ સોદાસ રાજા નિર્દય પણે માંસ ખાતો જીંદગી પસાર કરી રહ્યો છે.

ભમતાં ભમતાં દક્ષિણાપથ તરફ જઇ ચડેલા સોદાસને કોઇ એક સાધુ ભગવંતના દર્શન થઇ ગયા. બોધવા યોગ્ય જાણીને તે મહામુનિએ તેને મદ્ય-માંસના ત્યાગવાળો અરિહંતનો ધર્મ ઉપદેશ્યો. પશ્ચાત્તાપ કરતા સોદાસે પ્રસન્નતા પૂર્વક શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો કાળક્રમે તે મહાશ્રાવક બન્યો.

આ બાજુ 'મહાપુર' નામના પુરમાં અપુત્રીયો રાજા મૃત્યુ પામતા. પંચ દિવ્યોથી અભિષિકત થયેલો સોદાસ તે નગરનો રાજા બન્યો.

હવે સોદાસ રાજાએ દૂતને મોકલીને સિંહરથ પુત્ર રાજાને જણાવ્યુ કે-તું સોદાસની આજ્ઞા સ્વીકાર. દૂતનો તિરસ્કાર કરીને સિંહરથે દૂતને કાઢી મુકયો આ સમાચાર સાંભળતાં જ સોદાસ રોષાયમાન થઇ ગયો. અને સિંહરથ સામે સંગ્રામ લઇને ચાલી નીકળ્યો. યુધ્ધના સમરાંગણમાં સોદાસ અને સિંહરથ સૈન્ય સજજ બનીને સામ-સામે ટકરાયા. પિતા-પૂત્રનું ભીષણ યુધ્ધ થયુ. આખરે સોદાસ રાજાએ સિંહરથ રાજાને હરાવી દીધો. અને હાથ વડે પૂત્રને ગ્રહણ કરીને સોદાસ રાજાએ પૂત્ર સિંહરથને બન્ને રાજય ઉપર સ્થાપન કરીને પોતે પૂર્વજોએ વારસામાં આપેલી પ્રવ્રજયાને ગ્રહણ કરી. સિંહરથે પણ પૂત્રને રાજય સોંપી દીક્ષા ગ્રહણ કરી. આ રીતે દીક્ષાની પરંપરા છેક અનરણ્ય રાજા સૂધી ચાલતી આવી. અનરણ્ય રાજાએ પૂત્ર દશરથને રાજય ઉપર સ્થાપન કરીને મોટા પુત્ર અનંત રથ સાથે દીક્ષા અંગીકાર કરી

(અનુ. પેજ ૩૩૪ નું ચાલુ)

હોય તો લાગે. પણ ચોપડી વિમોચનમાં પૈસા માગવા કરવામાં બેતાલીશમાંથી એકેય દોષ ન લાગે એટલે પૈસા ૨. માગે. અને પાછું આખા દિવસમાં સ્વાધ્યાય કરવાનો હોયતે તો આ શાસનનું આગલ્યનું કામ હોવાથી હમણાં ના કરે તોય વાંધો નહિ એમ માની લેશે.'' બોલ. (કોઇને ઇચ્છા થાય તે શ્રાવક સ્વેચ્છાએ છપાવે એવા કેટલાં ? બહુ થોડા. બાપુ.)

શું વાત છે ? તો તો પૂર્વના મહાપુરૂષો વાણીયાને બોલાવામાં બોલા બણ હાથ છેટા રાખતા હતા તે આટલા માટે એમને. હવેથી આ ક્ષણથી તો હું ય પુસ્તક વિમોચન વિરોધી, બસ.

શ્વે. જૈન બન્ધુઓ સાવધાન:

—હમીરમલજી માણેકચંદજી પાલરેચા સાદડીવાળા
૨૬૧ માલેની મર્વેરોડ,મલાડ મુંબઇ ૬૪

અધમાધમ અધ્યાદેશ નો બહિષ્કાર થયો
વિકૃત દિગમ્બર બન્ધુઓનો ભયંકર. કાવતરૂહજી સાવધ બનો!

બિહાર સરકારે દિગ. આગેવાનોની દંભી પેરવાદ દરમ્યાનગિરિથી ૧૯૬૪ માં એક ખતરનાક અધ્યાદેશ. લાદી બેસાડવાનો પ્રસ્તાવ મૂકયો આ. અપકૃત્ય દિગમ્બર નેતાઓની લાલીમુરાદથી ભરેલો વિષરૂપ ષડયન્ત્ર છેઃ અનુચિત માલિકી હકનો હડકવા સાન્નિપાત છેઃ દર્શન પૂજન વન્દન ગુણગાનનો હક એમને નીરસ લાગે છે

શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી જે શ્વે. તીર્થરક્ષક, વ્યવસ્થાપક સર્વમાન્ય વિશાલ અધિકૃત વિશ્વાસુ ટ્રસ્ટને નેસ્ત નાબૂદ કરવા એને ઉડાવવા માટે તરકટી ચાલ છેઃ દિગ. આગેવાનો કરોડપતિ ઉદ્યોગપતિ સર્વે બિહાર સરકાર સાથે મલીને બિલ્લી પગે શ્વે. તીર્થના દસ્તાવેજો કોર્ટ કચેરીના ફેસલા, શાહી ફરમાનો રાજામહારાજા, બ્રિટીશ સરકાર ભારત સરકાર બિહાર સરકારના સમસ્ત કરારનામા વેચાણ ખતો. અધિકાર દસ્તાવેજી સહી સિકકા. વિશેષ ૧૯૬૫ નો માલિકી હકક શ્રી આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટનો બિહાર સરકાર માન્ય કરારનામાઃ હડપ ઝડપ કરીને બધી શ્વે. તીર્થની માલમિલકત. મન્દિર ટોંક ચરણકમલી ધર્મશાલા કોઠી વગેરેહ કાયદાના ચંગુલમાં ફસાવીને, આક્રમણ કરીને શ્વેઃ તીર્થોનો શ્વે. ચતુર્વિધ સંઘના બેહાલ કરવાના પેંતરા ગોઠવ્યા.

આપનાજ ૬૦૭૦ શ્વે. તીર્થોમાં આપનાજ માલિકો હકમાં શ્વે. મન્દિરોમાં માલમિલકતમાં દર્શનપૂજનમાં. હાહાગિરિ હાહાકાર મચાવ્યો છેઃ મેહતા મૂનીમ પૂજારીયોને મા૨ મારીને શ્વે. સંઘ ઉપર અત્યાચાર ગુજાર્યો છે. શ્વેતામ્બર મૂ. પૂ. સમાજને એમનો વિશ્વાસુ વિશાલ પેઢી. શેઠ શ્રી આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને તથા. ગામો ગામની શ્વે. પેઢિયો ને અર્થાત્ (આણંદજી કલ્યાણજીની પેઢી) કોર્ટ કચેરીમાં ધક્કા ખાય છેઃ શ્વે. સમાજના તીર્થોનો પક્ષો બરબાદ થઇ રહયો છેઃ દિગમ્બરોની શ્વે. તીર્થરક્ષક કમેટિ. દિગમ્બર આગેવાનો આજે જબરદસ્તી માલિક થઇ બેઠા છેઃ એમની તિકડમબાજી નિર્લજ્જ અડંગે બાજો નો અડડો છેઃ એમના કાલા કરતૂત અને તીર્થો ની પ્રતિમાઓની વ્યવસ્થાની દુર્દશા થી શ્વે. મુર્તિપૂજક સમાજની પેઢી. ત્રાહીઉઠી છેઃ આ સકલ શ્વે. સંઘની દર્દ ભરી પુકાર છેઃ ચોર કોટવાલને દણ્ડે છેઃ બહારવટિયો બહારવેટે ચઢયો છેઃ છાપાઓમાં ખોટા પ્રચાર કરે છેઃ શ્વેઃ તીર્થ ઘણીજગાએ દિગમ્બરોએ હડપ કીધા છેઃ પ્રતિમાઓને હડપ કરીને વિલત્સ કરીને શ્વે. તીર્થને દિગમ્બર જાહેર કર્યો છેઃ

એમના ઉપર કેશ–ફોજદારી ચાલુ છે. દિગંબરો કોરટના ફેસલાને–ન્યાયને કબુલ કરતા નથી. કોરટોમાં ન્યાયને ફેસલાને પડકાર કરે છે. કાયદા કાનુન ને અવગણીને આજે બેધડક કરે. તીર્થોમાં આતંગ ફેલાવી રહ્યા છે. આજ દિવસ સુધી પુરા (બાવન) જિનાલય–મંદિર દિગંબરોએ બંધાવ્યા નથી. છતાં એમની ઝપટબાજીની લુંટના. દેશ–વિદેશમાં બહુ વખાણ થાય છે. પ્રિવી કૌંસીલ તથા અનેક કોરટોમાં હારવા છતાં. દિગંબરોની ખુલ્લી નબરી ચાલ કરે. તીર્થોને પ્રતિમાઓને હડપ કરવા માટે. પોતાના–માલિકી હકક દિગંબર તીર્થોને આબાદ–આબાદ. રાખવા માટે દિગંબર તીર્થક્ષેત્ર કમેટિ. તન મન ધન. હરામ સ્વાહા કરે છે. રાતોરાત. કરે. તીર્થમાં નાગી. બિભત્સ. બાપદાદાની કબજેતી. જિન પ્રતિમાની આશાતના યુક્ત. બિંબ બેસાડીને. દિગંબરી હક જમાવીને. આખા તીર્થનો કબ્જો જાહેર કરે છે. દિગંબરોની ચાલ. માલિકી હક જાહેર કરવામાં દસ્તાવેજ પુરાવા ઘડે છે. પરંતુ જયારે કરે. આણંદજી કલ્યાણજી દરટ પેઢીના સામે કોરટમાં હારે ત્યારે અંદરના અંદર એમના દસ્તાવેજ ખોટા ભૂંગલી પૂરવાર થાય છે. પ્રત્યેક કોરટમાં ખુલાસા આવ્યા. પરંપરાથી માલિકી વહીવટી હકક ન્યાય અનુસાર કરે. મુર્તિપૂજકોં કા હૈ ઔર દિગંબર જૈન બંધુઓંકા દર્શન, પૂજન વંદન, ભક્તિકા અધિકાર હૈ. ભગવાનનો દરબાર જૈન શ્રધ્ધાળુ માટે સદા ખુલ્લો છે.

કોઈ ધર્મ હિન્દુ, સનાતન, જૈન, વૈષ્ણવ, શૈવ, ઇસાઈ, ષટ દર્શનવાલા પોતાના આરાધ્ય દેવની નગ્ન બિભત્સ પ્રતિમાઓ અને પૂર્વજોના નગ્ન ફોટાઓ પોતાના ગુરૂ ભગવંતોની નગ્ન મુર્તિઓ, ફોટાઓ સ્થાપ્યા નથી. ભગવાનના નામે ઘોર આશાતના રૂપ નવો ત્રાટક દિગંબરોએ કર્યો છે. કેવલી ભગવંતની પરમાત્માના પરમતેજ છે તો પણ નગ્ન કરી છે. લાખો વર્ષોની અતિ પ્રાચીન પ્રતિમાઓ તીર્થો શાશ્વતા તીર્થો પર જિનાલયો દિગંબરોના છે જ નહીં. આ મત મહાવીર વીરાત્ ૬૦૮ વર્ષે નિકલ્યો છે. ત્યારે જૈન ચતુર્વિધ સંઘનો વિશેષણ કરે. જૈન ચતુર્વિધ સંઘ લગાવા પડયો.

ભગવંત ચરમ તીર્થપતિ મહાવીરના ૧૪૦૦૦ શિષ્યો, ગણધર ગૌતમ સ્વામીના ૫૦૦૦ શિષ્યો અને ૩૬૦૦૦ ચન્દનબાલા પ્રમુખ સાધ્વીજી હતા. ચોવીસ તીર્થંકર પરમાત્માના ૧૪૫૨ ગણધરો, કેડો મુનિયો એમની પરંપરા આચાર્યો ચૌદ પૂર્વિયો, યુગપ્રધાનો બધા નિર્ગ્રન્થો સિધ્ધાંત અનુસાર વસ્ત્રધારી મુનિવેષને ધારણ કરનારા હતા. મહાન વૈરાગી, ત્યાગી, વીરતિવંત જૈન શાસનના કલ્પવૃક્ષ રત્નદીપ સૂર્યચંદ્ર સમાન છે. ચતુર્વિધ સંઘના સ્થાપક તીર્થપતિ પરમાત્મા જગદ્‌ગુરૂ કોઇ દહાડો નાવા પરમ તેજમાં નગ્નતા બિભત્સ રૂપ દશ્યમાન થયા નહીં. ખરા રત્નમાં ચમડી પણ જોવામાં આવે નહી. ચર્મચક્ષુ ઘણી આહાર નિહાર જોઇ શકે નહીં. એમની પાસે મુહપત્તિ ઓઘો (રજોહરણ) મોરપિચ્છું કમંડલ હોય નહીં ત્યારે કયા દિગંબરી સાધુ

મહારાજે આચાર્યે પુરૂષચિન્હ જોઇને આ નિન્દનીય જાગાજાગા માર ખાઉ, છિપાઉ, દિખાઉ, ભવાડા ઉભા કરીને, કપોલ કલ્પિત તુત ઉભો કર્યો. ભગવંતના ચતુર્વિધ સંઘને તોડીને સાધ્વી સંઘનો વચ્છેદ કરીને તિકડમ જૈન સંઘ સ્થાપ્યો. નાના મોટા મંદિરો નવા સ્થાપ્યા નગ્ન પ્રતિમાઓ ઉભી સ્થાપી. જોઠી પદ્માસન પ્રતિમાઓ પણ પુરૂષચિન્હ ચિતરીને નગ્ન બેસાડી આજે શ્રી વીસ પંથી, તેરાપંથી, કાનજી પંથી, દિગંબર તીર્થો પોતાના માલિકી હકક વહીવટ સાથે જોવામાં આવે છે. શ્વે. મુર્તિપૂજક જૈન સંઘથી જુદા પડયા અને પોતાનો પંથ જુદો પડયો. એમના વહીવટમાં શ્વે. મુ. જૈન સંઘ શેઠ શ્રી આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ છે. શ્વે. સ્થાનકવાસી, શ્વે. તેરાપંથી કોઇ ભી શ્વે. ગચ્છ સંપ્રદાયનો હકક નથી. ભરત ચક્રવર્તી, આદિનાથ ભગવંતના પુત્ર રત્નને આરિસાભુવનમાં કેવલજ્ઞાન સંસારી વેષમાં થયો હતો. એમના નાના ભાઇ બાહુબલિજીએ પંચમુષ્ટિ લોચ કરીને રણ મેદાનમાં દીક્ષા ગ્રહણ કરી નગ્નતાની વાત ખોટી છે. રાજપાટનો સંસારનો ત્યાગ કર્યો. દિગંબરો પણ ક્ષુલ્લક વસ્ત્રધારી દીક્ષા માને છે એ પ્રમાણે બાહુબલી દીક્ષિત થયા. વેલડીએ વીંટાણા. એક વર્ષ બાદ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. અને પોતાના પિતા તીર્થંકર આદિશ્વર ભગવંતની બાર પરષદામાં પધાર્યા.

આવા સચોટ પુરાવા હોવા છતાં ભરત બાહુબલિજીની પ્રતિમા દિગંબરોએ નગ્ન હાંસી પાત્ર આશાતના રૂપ સ્થાપીને પોતાના કદાગ્રહને મજબૂત કર્યો. શ્વે. તીર્થોનો પ્રતિમાઓનો બહિષ્કાર કર્યો. શ્વે. આગમ નષ્ટ હો ગયે, અમારા ષડાગમ હી સત્યરૂપ. મૌજુદ હૈ એમ કહી સુધર્માસ્વામીજીની પરંપરાનું એ ચતુર્વિધ સંઘનું દ્વાદશાંગીનું અંગ–ઉપાંગ પંચાગીનું અપમાન કર્યું. સખ્ત વિરોધ કર્યો જૈન શાસનની ઠેકડી ઉડાડી. જૈન શ્વે. સંઘથી છેડો ફાડી નાખ્યો અને દિગંબર નામ રાખ્યું. આજે સંપૂર્ણ જૈન સંઘ શ્વેતાંબર છે. ૧૦–૧૨ વસ્ત્રહીન દિગંબર સાધુ ભગવંત છે બાકી દિગંબર શ્વેતાંબર બધા શ્વેતાંબરી છે. દિગંબર પંડિત દિગંબર ગ્રંથમેં સ્વયં લિખતે હૈં કિ, પ. પૂ. કુન્દકુન્દાચાર્ય મહાવિદેહ ક્ષેત્રગામી સમયસાર કે રચયિતા સંવત ૪૯ મેં (યાને વીરાત ૫૫૦ વર્ષ પીછે હુવા) અપને આચાર્યો કી દિગંબર પરંપરા લિખતે હૈં.

વિશેષ ષડાગમ્ વીરાત ૬૦૦ વર્ષ કે પીછે પ. પૂ. દિગ. ધરસેનાચાર્ય કે શિષ્ય પુષ્પદંતજીને ષડાગમ્ કી રચના કી. ઔર શ્વે. આગમ સબ નષ્ટ હો ગયે. આવી રીતે શ્વે. સાથે દ્વેષમાં આવીને સવન્વય મૈત્રીભાવને તોડીને જૈન પરંપરાના ઇતિહાસને વિકૃત કર્યો: બાર હાથની કાકડી તેર હાથનો બીજ. ગમે તેમ દિગંબર પંડિતોએ શ્વેતાંબર પરંપરાને વગોવી પરંતુ શ્વે. જિનાબિંબ, જિનાગમ, જૈનાચાર્યો, ચતુર્વિધ સંઘ સમસ્ત શ્વે. તીર્થસ્થાનોની જાહોજલાલી, ઉન્નતિ, જૈન શાસનની પ્રભાવના થઇ. દેશ–વિદેશમાં પંડિત, વિદ્વાનો, જૈન જૈનેતરોના મુખે જિનાગમો ગ્રંથો, સંસ્કૃતિ, ભવ્ય શ્વે. તીર્થોની

જૈન પરંપરાની પ્રશંસા થવા લાગી. ફક્ત સંપ્રતિ મહારાજાએ ૧૧ કોડ પ્રતિમાજી ૧૧ લાખ મંદિરો શ્વે. બંધાવ્યા. આ જાહોજલાલી તીર્થોની માલમિલકત ભક્તિ શક્તિ દિગમ્બરો જોઈ શકયા નહીં. એ માટે સાહુ સાહુકાર દિગમ્બરોએ શ્વે.ભાઈનો આંચલ ઓઢીને શ્વે, તીર્થો ઉપર આજે ૯૦-૭૦ તીર્થો ઉપર અક્રમણ જૈન દિગમ્બર શ્વે ભાઈના નામે જેહાદ પુકારી દીધી. આ ગદ્દારી એમની આજે ચાલુ છે. અર્થાત્ શ્વે મુર્તિપૂજક સમેત શિખરજીના સામે અધમાઅધમ અધ્યાદેશ લાગુ કરાવા માટે બિહ્લી પગે-દીપડો છલાંગ મારી રહ્યો હાહાકાર ત્રાસ શ્વે. મિલકતનો નાશ હૈરાનગતિ વિશ્વાસુ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ ઉપર કાટ ખાઈને દિગ. તીર્થ ક્ષેત્ર કમેટી આગેવાનો સાહુ સાહુકારો કાયદેબાજો સમ્મેતશિખરજી તીર્થ ઉપર જબરદસ્ત એક ચોંપડા ટોક દિગ. બંધાવી રહ્યા છે. આ દાદાગિરિ તાનાશાહીના સામે કોરટે મનાઇ હુકમ કર્યો છે. આ અનધિકૃત બંધકામને તોડી પાડવાનો હુકમ દીધો છે. એમની અરજીને કોરટે રદ કરી છે. છતાં બિહાર સરકાર દિગ.ની તરફેણમાં રહી આવી દિગ.ભાઇઓની સૂફિયાની નીતિ. શ્વે.ની પ્રતિ કેવી હશે ? ચોરને લોકશાહી સરકારને કહે તમે લૂટ માર સતાનો દુરૂપયોગ કરો ચને આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ પેઢીને શ્વે. સંઘને કહે મારા બન્ધુઓ તમે સાવધાન રહેજો. અમે તમારી તન મન ધનથી સહાય કરશું. બિહાર સરકાર સમ્મેતશિખરજીનો કબ્જો દિગ. શ્વે. સંઘને આપવા માંગે છે. શ્વે. કેસરિયાજી તીર્થ (પર-જિનાલય પ્રાચીન. મંદિર) અંતરિક્ષજી મહાવીરજી વગેરહ મક્ષીજી તીર્થોમાં (૯૦ ૭૦) શ્વે.તીર્થોમાં રાતોરાત દિગ. પ્રતિમાઓ પણ સ્થાપીને ઘાલમેલ કરીને. જૈનેતર પંડા પૂજારી આદિવાસિયોને. ઉશ્કેરીને કોર્ટોના શ્વે. તરફી ફૈસલાને ફગાવીને નાદિરશાહી ઔરંગજેબી હક્ક જમાવ. સરકારને ત્યાંના કર્મચારિયોને ઉશ્કેરીને લાલચ આપીને શ્વે. પ્રતિમાઓને તીર્થના દિગ.ની વિભત્સ બનાવાની મેલી મુરાદ આદરી છે.

છાને છાને પ્રાચીન જિનપ્રતિમાઓને ઘસે છે. કંદોરા કછોટા નાબુદ કર છે. ચક્ષુ ટીકા કાઢી નાખ્યા છે. કમર-પલાઠીમાં સીમેન્ટ ચોંટાડીને પૂજા, પક્ષાલ પણ બન્દ કરીને શ્વે. આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓ સામે નિશાન તાકીને હાહાકાર મચાવ્યો છે. કોના બાપની દિવાલી: આ ત્રાસ ફેલ વીને શ્વે. ભીતોને પચાવી પાડવા માટે તીર્થોની મિલકત હડપ ગડપ બરબાદ કરલા માંગે છે: આજે સાક્ષાત તાજા. દાખલા મોજુદ છે: આ તીર્થોમાં શ્વે. ચતુર્વિધ સંઘ યાત્રા કરવા જાય. તો જૈનોને ખબર પડે. સરકારનો કબ્જો. વહીવટ હોય. જૈનેતરોનો પંડાઓનો ત્રાસ હોય. જેમ જેમ શ્વેતામ્બરો રીબાય. દુભાય. એમની પૂજા વિધિ નષ્ટ થાય. એમના-દસ્તાવેજી પરમ્પરાના પુરાવા શિલાલેખો નાશ થાય એમા સાહુ સાહુકાર દિગમ્બર સમાજનો વિજય અને આનંદ ઉભરાય. એમના દિગમ્બર આચાર્યો પ્રસન્ન થાય. આ દિગમ્બર જૈનોનો આન્તરિક લક્ષ છે: કોઈપણ

હિસાબે દિગમ્બરોની આ મેલી મુરાદ પાર પડશે નહીં. આ ઉથલપુથલમાં દિગમ્બરો લંગોટ ઘાણ કરશે. બાબો નાગો હોય ત્યાં સુધી ગમે તેમ બોલે મરતી. તોફાન કરે. એ વહુ જેવા લાગે. મા બાપને રિબાવે. હેરાન કરે. ટુટફૂટ કરે. પરન્તુ આ મોટો બાબલો જો નાગો થાય અને શ્વેતામ્બરોના કપડા ઉતારી નાખે. એ કેમ શોભે. શ્વેતામ્બર બન્ધુઓ સંગઠિત થઇને. આ દિગમ્બરોના તોફાનને ખતમ કરોઃ સૂનો સિંહ [સંઘ] જાગે તો ભૂતડા ભાગે.

હવે બિહાર સરકારના દિગમ્બરી અધમાધમ અધ્યાદેશ કાલા–કાનૂનને નિરસ્ત પરાસ્ત કરવામાં જૈન રત્ન શ્રી ગુમાનચંદજી લોઢા શ્રી હરખચંદજી નાહટા, શ્રી દીપચંદજી ગાર્ડીજી, શ્રી કિશોર વર્ધન, શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના મોવેરા અધ્યક્ષ શ્રે ણિકભાઇ કસ્તુરભાઈ દીર્ઘદર્શી શ્રી ચન્દ્રિકાબેન કેનિયા શ્રી પ્રકાશ જવેરી શ્રી જવાહર શાહ શ્રી પ્રતાપભાઇ લોગીલાલ શ્રી જૈન શ્વે કોન્ફરન્સ શ્રી બહદ્ જૈન શ્વે. મૂ. પૂ. મહામંડળના સક્રિય કાર્યકર્તાઓકો ધન્યવાદ.

ગામેગામ સંગઠન મજબૂત કરો. જૈન પરંપરા તીર્થોના ઇતિહાસને જગજાહેર કરો. વિશાલ વિશ્વાસુ શ્વે. શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી અનેક સંસ્થાઓ મંડળો ગ્રૂપોના હાથ મજબુત કરો. આગે બઢો બધી આપત્તિયો દૂર થશે. તન મન ધન ન્યોછાવર કરનેકા અવસર આયા હૈ દૈનિક પત્રો મેં સમાચાર પત્રોમેં શ્રી વિજય ઇન્દ્રસંદેશ. શ્રી જૈન શાસન પત્ર વગેરહ શ્રી સંજય વોરા શ્રી કમલચંદ નાહટા, શ્રી અતુલભાઇ વગેરહ કે માર્ગદર્શન વિશેષ જૈનાચાર્યો મુનિભગવંતો કે સદ્ઉપદેશ પુસ્તિકા લેખો દ્વારા પ્રચાર બહુ અનુમોદનીય છે. શ્વે. જૈન સંઘની સંપૂર્ણ જાગૃતિ જાણકારી છે. કવિ એક ઐસી તાન સુનાઓ ઉથલપુથલ મચજાએ. અધમાધમા તુચ્છ ઘાતક નાશક કંભી અધ્યાદેશકો દૂર ભગાએ. ગુજરાતી હિન્દી દૈનિક પત્રોમાં પ્રચાર કરો–

ગામો ગામના શ્વે. તીર્થોને એક આટકે પડાવી લેશે. શ્વે.ના હાથમાંથી બધી બાજી નિકલી જશે. આ અધ્યાદેશના કાવાદાવા સંપૂર્ણ ન સમાજ સમજી ગયો છે– દિગમ્બરોનો ગંદો ભ્રામક પ્રચાર ગંધાવા લાગ્યો છે. શ્વે. આગેવાનો તથા શ્વે. મુર્તિપૂજક સ્થાનક વાસી તેરાપંથી. સકલ શ્વે. ગચ્છ નૈતિક રીતે આ શ્વે. તીર્થ, જિન પ્રતિમા, શ્વે. સંઘ, ગચ્છ જિનાગમ ગ્રન્થ જૈન પરંપરા હસ્તાવેજો. શિલાલેખો. પ્રતો પ્રિવી કૌંસલ કોરટોનો પુરાવા નિકાલ. વિશાલ તીર્થરક્ષક વ્યવસ્થાપક આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટની રક્ષા માટે. ન્યાય અને સત્યને જીવંત રાખવા માટે જૈન શાસનની અજોડ કોરટમાં દિગમ્બર આગેવાનો સાફ દિગમ્બર તકરારી મુત્સદ્દિયોને કમસર આ અધમ અધ્યાદેશનો પાપી ઘડતરનો ઇતિહાસ પૂછો. મામા શકુનિ અમીચંદો જયચંદો, ગદ્દારો ધૂજવા માંડશે. બધાં ગોરખ ધિંધા પાપ લીલાના કાવાદાવા છિન્નભિન્ન થશે. એમનો અપકૃત્ય

છાપરે ચઢીને સાફ તકરારને પડકાર કરશે.

સમ્મેતશિખરજી તીર્થ વિકાસ માટે દિગમ્બર આગેવાનોએ આ અધમ અધ્યાદેશ ઘડીને ઘડાવીને ભાગીદારી માલ મિલકતની લાલચે બિહાર સરકાર શ્રી લાલુપ્રસાદજી પાસે ભીખ માંગી. સતાનો દુરૂપયોગ કરાવ્યો પઈસા પાથરીને આગેની વધુ લાલચ આપીને. શ્વેતામ્બર મુર્તિપૂજક ઉપર અનેક આક્ષેપો કરીને. આ અધમ અધ્યાદેશનો ચોખટો બેસાડયો. બિહાર સરકાર એમના કર્મચારિયોને અને શ્રી લાલુપ્રસાદજીને કરોડો રૂ.નો આવકનો રૂપ-બતાવ્યો અને સાહુકાર સાહુજીએ શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી ટ્રસ્ટ પરંપરાગત માલિકને કરોડો રૂ.નો ગપલો કરનાર તીર્થોના વિકાસને અટકાવનાર અર્થાત સંપૂર્ણ શ્વે. માલિકિ હક્કને પડકાર કર્યો. ખોટો ભ્રામક પ્રચાર કર્યો. આવા કંગડાઓએ લોકશાહી સરકારને ચાંદા-મારી મારીને ઘાયલ કરી દીધી. અને લોહીમારતા ઘાવઉપર લાખો રૂપીયાની પટ્ટી મારી દીધી અધમ અધ્યાદેશનો પ્રસ્તાવ. બિહાર સરકાર પાસે જારી કરાવીને. ઘોર અન્યાય કર્યો. આ વિસ્ફોટક કાલો સર્પ શ્વે. જૈન મુર્તપૂજક સંઘને આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને ડસવા માટે છુટોદોર મુકી દીધો. એની ઘોષણા ઘડતરમાં દિગ. સમાજ સપના જોવા લાગ્યો દુર્યોધન દુશાસન શકુનિ મામા બધા મદમાં ગાંડાતૂર બની ગયા કોર્ટોમાં વારંવાર હારવાથી જનૂની બની ગયા.

બિહાર સરકાર અધ્યાદેશકો જારી કરે: સમ્મેતશિખર તીર્થ હમાર હૈ આ દિગમ્બરી તીર્થ છે: અમારા વીસ તીર્થંકરો દિગમ્બરી હતા. અને ૪ તીર્થંકર શ્વેતામ્બર

૨ મુસલમાની કાલ મેં રાજ્ય મેં જો એક ધારા દિગમ્બરો સે નિકલી હૈ વહ શ્વેતામ્બર ધારા હૈ ઔર ૨૦ તીર્થંકર જો સિદ્ધહુએ વે દિગમ્બર થે.

૩ પહાડ પર જો ૨૦ ટોંક ચરણકમલ હૈ વે દિગમ્બર સમ્પ્રદાય કે હૈ !

૪ અકબર બાદશાહ કે શાહી ફરમાન કો કોરટને અમાન્ય કિયા હૈ વે ફરમાન ફરજી હૈ: ૫. તીર્થ કો બિકત નહીં લિયા જા સકતા

૬ સમ્મેતશિખરજી મેં ૯૦ ટકા દિગમ્બર આતે હૈ ૧૦ ટકા હી શ્વે. આતે હૈ એ માટે જે આવક થાય છે આ બધી અમારી છે. આ માટે અમારી ભાગીદારી જોઇએ, હમ ભી ભાગીદાર હૈ

૭ આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટ કા એકાધિકાર ગૈરવાજિબ હૈ.

૮ બિહાર રાજ્ય સરકારી બોર્ડ મેં છ છ દિ. શ્વે. પ્રતિનિધિ હોંગે. ૧ પ્રતિનિધિ સ્થાનકવાસી ૧ પ્રતિનિધિ તેરાપંથી ભી હોગા.

૯ આણંદજી કલ્યાણજી કો પેઢી ટ્રસ્ટ સારે અધિકાર દસ્તાવેજ પ્રત કોર્ટો કે ફૈસલે સરકારી બોર્ડ કો સુપર્દ કરે સારી તીર્થ કી માલ મિલકત વહીવટ બોર્ડ કે

અધિકાર ના હોગી અગર કોઇ ટ્રસ્ટી કર્મચારી યહ સબ સુપર્દ નહીં કરે તો સરકાર ઇનકો જેલ તથા કડી સજા હોગી બહુમતિ સે વિધિવિધાન વ્યવસ્થા ચલેગી હસ અધ્યાદેશ કે નિયમો કા પાલન કિયા જાયગા કોઇ વિરોધ યા ઇસકા હસ્તક્ષેપ નહીં કર સકતા અગર વિરોધ કરેગા તો અપરાધી જાહેર કિયા જાયગા સજા કે પાત્ર ઉસપર કારવાઇ હોગી:

આવો અધમ અધ્યાદેશ ઘડાવનાર દિગમ્બરો વર્ષોથી આવા પાપમાં ફાવી ગયા છે. આનુ પાપ હવે ફૂટતું જાય છે એમને પરંપરાગત આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ ખટકે છેઃ તીર્થોને વિકાસ કરવા જાય ત્યારે દિગમ્બરો રટે ઓર્ડર-વિરોધ કરે છે. શ્વેતામ્બર તીર્થોની મલિકી વહીવટ જાહોજલાલી એમને રગરગમાં ખૂંચે છે.

શાહી ફરમાન અકબર આદિલશાહના ભારત સરકારના પાલગંજ રાજાના વેચાણખત સહી સિક્કા બ્રિટિશ સરકાર બિહાર સરકારના કરારનામા લાલુપ્રસાદજીના પણ સહી સિક્કા કબુલાતો વિશાલ શ્વે. મુ. પૂ. સંઘની તરફેણમા શ્રી આણંદજી કલ્યાણજી પેઢી ટ્રસ્ટના સંપૂર્ણ હકકમાં સંવત ૧૯૬૫ નો બિ.સ. નો કરાર નામુ જોઇએ પ્રિવીકૌંસલ રાંચીકોરટ ગિરીડીહ કોર્ટ વગૈરહના શ્વે. હકક તરફી ફૈસલા દિગમ્બર સમાજને ગમતા નથી બધી કોર્ટોમાં પોતાના ગાભા ઉતરી જાય છે. એ માટે આ દિગમ્બર વર્ગ બહાર વટે ઉંધા રસ્તે ચઢયો છેઃ એને પંચ કલ્યાણક બે કલ્યાણક પૂજા દર્શન વન્દન ભકિત લુખેલુખી ગમતી નથી. એમને સરકાર સાથે રહીને મોટી ભાગીદારી જોઇએ છીએ. દિગંબર તીર્થોનો વિસ્તાર વધારવો છે. શ્વે. ની આવી મોટી મિલકતને પચાવ્યા સિવાય છૂટકો નથી. એમને તીર્થોનો વિકાસ પણ ગમતો નથી. એમને વિશાલ શ્વે. વહીવટ મિલકતની લુટ-ફાટ-બગાડ સરકાર દ્વારા અધ્યાદેશ દ્વારા કરાવીને પોતાના ખર્ચેલા આવેલા રૂપીયા વસુલ કરીને ધૂમ-નફો કરવો છે. જયાં જયાં શ્વે. તીર્થોમાં ધર્મશાળામાં વહીવટી દિવાલી હોય ત્યાં ત્યાં હોલી કરવી છે. વસ્ત્રહીન, મર્યાદાહીન, તાણ્ડવ નૃત્ય કરીને શ્વે. સામ્રાજ્યને ખતમ કરવો છે.

એક એક શ્વે. બનેલો દિગંબરો સાહુ સરદાર પાસે અધમ અધ્યાદેશનો ન્યાય પૂર્વક જવાબ માંગે છે. શું સમજીને આ અધ્યાદેશ ઘડયો શ્વે. સદિગંબર પ્રેમી હૈ, *લેકિન દિગંબર શ્વે પ્રેમી નહીં* હૈ યહ હમારા આપ દિગંબરો પર આક્ષેપ હૈ. સૌંકડો વર્ષો સે આપ શ્વે. તીર્થ મેં કાંટે બોતે હો વહાં વહાં હમારે ફુલ હોતે હૈ, શ્વેતાંબરો કે બગીચે ગુલાબ કે વહાં કાંટે મંજુર હૈ, પૂરા જૈન સમાજ વિશ્વ સમાજ સંઘ અંદર દિગંબર બાહાર શ્વે. ઇસ મર્યાદાશીલ વાકય કા સાહુજી જવાબ દો મૈત્રી ભાવ શ્રી જૈન ભારત મહામંડલ કી શાન બઢાઓ.

નોટ અશોક સાહુજી તથા બીજા આગેવાન દિગ. બન્ધુઓ સાંભળો-સમ્મેત શિખરજી તીર્થની ૧૬૦૦૦ એકર જમીન બધો રમણીય પહાડ, પવિત્ર તીર્થભૂમિ બધા મન્દિરો ચરણ કમળ પાદુકા ટોંક ૩૧ દેરી જલ મન્દિર ગન્ધર્વ નાલા ધર્મશાલા

મધુબન (જેમાં કોયલો ટહુંકે મોરલા નાચે) ભોમિયાજી મહારાજ જૈન કોઠી આ બધું જૈન શ્વે. સમુદાયનો પરંપરાગત વારસો છે. આ માલીકી હક શ્વે મુર્તિપૂજક આણંદજી કલ્યાણજીનો એકાધિકાર હોવા છતાં આપના દિગ. વડીલોનો પણ દર્શન-પૂજન વંદનનો ભક્તિ અધિકાર કબુલ કરીને વહીવટી, વ્યવસ્થાપક શ્વે. હોવા છતાં પાલગંજના રાજા પાસે ઉદારતા પૂર્વક એમને અઢી લાખ રૂપીયા આપીને સત્તાધીશોને સંતુષ્ટ કરીને આ વિશાળ તીર્થભૂમિ ખરીદી લીધી. આવી રીતે આવા સત્તાધીશોને સંતુષ્ટ કીધા. અને જ્યારે આક્રમણો-દખલગિરિ, આશાતના વિરાધના થતી ત્યારે શ્વે. સંઘે સામનો કર્યો. તન, મન ધન ન્યોચ્છાવર કરીને તીર્થ ભક્તિ રૂપે આપના પરંપરાગત વારસાને કર્તવ્યને અદા કર્યો. તીર્થની રક્ષા કરી જેના અનેક શાહી-રાજશાહી ભારત સરકાર, બ્રિટિશ સરકાર, બિહાર સરદારના ફરમાન-કરારનામા, વેચાણખત ૧૯૬૫ ના પણ બિહાર સરકારના કરારનામા દસ્તાવેજ સહી સિક્કા ચમકી રહ્યા છે. જેના સચોટ પ્રમાણ કોર્ટોના ન્યાય પ્રમાણ પ્રાણ છે.

આ માટે દિગ. આ અધમ અધ્યાદેશના બાંધી મુઠી લાખની સમજીને પોતાના ઘોરાતિ ઘોર અપરાધની ક્ષમા માંગીને ખોટા પ્રચાર, રિશવત, સામ-દામ ને બન્દ કરીને શ્વે. બન્ધુઓ સાથે વિચારણા મેલ સાધી લે એમા આણંદ કલ્યાણ શાશ્વત છે. વર્ના અકૃત અધ્યાદેશની ભૂમિકા અસત્યના ભારથી તુટી જશે. એનો મહાપાપ છાપરે ચઢયા લાગ્યો છે. બધા દિગંબરો શ્વે. છે અને શ્વેતાંબરો દિગ. શ્વે. છે. આંખની મર્યાદા કાનના પડદા, જ્ઞાનની લગામ નગ્નતાની મર્યાદા. આ પડદા શ્વે. દિગ.ના ચિન્હ છે. શ્વે. ૪૫ આગમમાં છે. આગમ જોડી દો. જૈન ચતુર્વિધ સંઘ કા સંપૂર્ણ સંગઠન જાહેર કરો. અપ અપને દિગ. તીર્થ સંસ્થા કા વહીવટ જો આપકે જન્મસિદ્ધ અધિકાર હૈ ઉસે સંચાલિત રખો. ઔર શ્વે તીર્થો કે વહીવટી અધિકાર કો તોડો મત. ઉસમે ભાગીદારી કી લાલસા છોડ દો. સારે શ્વે તીર્થોકા વિકાસ જો હો રહા હૈ ઉસે દખલંદાજી મત કરો. અપના અપના તીર્થસ્થળ ઘર સંભાલો. સરકારી તકરારી વહીવટ કો પ્રોત્સાહન દેકર પંચકલ્યાણુક વ્યવસ્થા કો બરબાદ મત કરો. તીર્થોકા વિકાસ જરૂર હોગા. હો રહા હૈ. આપને જો આક્ષેપ કિયે હૈ અબ અધમ અધ્યાદેશ કા ષડયંત્ર નષ્ટ કરો, ખતમ કરો. અકલબંદ કો ઈશારા મુડ મતિ બન્દ કો નગાડા. શ્વે. મંદિરોમે આપ અંગુઠે પૂજા કર સકતે હો. ફુલ ચઢા સકતે હો. પંચ કલ્યાણુક પૂજા, ઈચ્છા હોવે તો કરના નહી તો આપકી મરજી. શ્વે. પણ આપના દિગં. મંદિરોમાં ભગવાનની અંગુઠે પૂજા કરશે. આપના વહીવટી માલિકી તીર્થોના હકકને માન આપશે. અકલમંદકો ઈશારા કાફી. શ્વે. કે જો વસ્ત્ર કપડે બહુ જ જ્યાદા હૈ વો એક દમ કમ કર દેંગે ઔર આપકે ધડમુલ જો વસ્ત્ર નહીં હૈ. વહાં સાહુજી કે કહને સે મર્યાદા રખકર એક લંગોટ ઔર મુહપતિ ધારણ કરલો. વહાં આનંદ ઔર કલ્યાણ, ધર્મ ઔર દયા અહિંસા, સંયમ, તપો, મહામંગલ. જૈનં જયતિ શાસનમ. શ્વે. દિગ. મંગલં ભગવાન વીરો મંગલ ગૌતમ પ્રભુ. મંગલ સ્થુલિભદ્રાદ્યા. જૈન ધર્મો સ્તુ મંગલં. શ્વે. સ્થાનકવાસી તેરાપંથી દિગ. વીસપંથી તેરાપંથી સર્વ ગચ્છ. બધો વિશાળ સંગઠન થઇને ઘોર અંધકારને દૂર કરશો. આજે સમય આવી ગયો છે. અહિંસા પરમો ધર્મ.

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક પૂજ્ય **આચાર્ય દેવેશ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજા** ના પટ્ટધર પરમ ઉપકારી ગુરૂદેવ પૂજ્ય ***આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ***ના પરમ ઉપકાર અને પરમ ઉપદેશ થી વિવિધ પ્રકાર ના શાસન ના ધર્મ ના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિ ના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે. તેઓ શ્રી ના પરમ સદુપદેશ થી.

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા સાથે

વિશેષાંક સૌજન્ય ધન્યદાતાઓ

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા

(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા

(૩) સ્વ. ભાઈ વેલજી વીરજી હેમરાજ દોઢીયા

(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ

(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા

(૬) ભાઈ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર.
કનસુમરા (હાલાર) બૉક્સ નં. ૪૯૬૦૬ નાઈરોબી (કેન્યા)

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવલ) C/o શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ, સુરેશ પ્રિન્ટરી માંડવીથી ને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) થી પ્રસિદ્ધ કર્યું · ફોન ૨૪૫૪૬

૧૯-૧૨-૨૦૨૨

नमो चउवीसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

મંદિર
કોબા
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
૪૨૫૨

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૧૨

૦ કષાય માત્રનો ત્યાગ જ શ્રેષ્ઠ છે

जं अज्जियं चरितं
देसूणाए वि पुव्वकोडीए ।
तं पि कसाइयमित्तो,
हारेइ नरो मुहुत्तेणं ।।

જે ચારિત્ર દેશોનેક્રોડ પૂર્વ વર્ષ સુધી પણ પાળ્યું હોય તે સર્વ ચારિત્રને, કષાય માત્રથી પુરૂષ અંતર્મુહૂર્ત્તમાં હારી જાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

એક ચિંતન

-પ્રજ્ઞાંગ


चला विभूतिः क्षणभङ्गि यौवनं, कृतान्तदन्तारवर्ति जीवितम् ।
तथाऽप्यवज्ञा परलोकसाधने, अहो नृणां विस्मयकारि चेष्टितम् ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ આ આખા સંસારને, સંસારની સુખ સાહ્યબી, આબાદી-સંપત્તિ-સમૃધ્ધિને અસાર કહી છે. તેમના જ પગલે હિતૈષી મહાપુરુષોએ મોહનિદ્રામાં મસ્ત બનેલા આતમ રાજાને ઢંઢોળવા, સંસારની અસારતા ભિન્નભિન્ન રીતે સમજાવવા અનેક પ્રકારે પ્રયત્નો કર્યા છે ! પણ અબુજસુનો બેદી બનેલો આતમ રાજા એવો આંધળો બન્યો છે જાણે જાણ્યું ન જાણ્યું, સાંભળ્યું ન સાંભળ્યું કરી હિતના માર્ગે 'આળસુ' અને અહિતના માર્ગે 'ઉદ્યમી' બની ઉપકારીઓની કૃપા-દૃષ્ટિને ઝીલતો નથી કે કરૂણાને સમજી શકતો નથી, જગતમાં અનેક અજાયબીઓની ગણના થાય છે પણ તે બધા કરતાં ચઢિયાથી અજાયબી-આશ્ચર્ય આજના મનુષ્યો ખુદ છેઃ પણ તેનો વિચાર કરતાં નથી.

હું શરીર નથી પણ આત્મા છું. કોઁક જગ્યાએથી આવ્યો છું અને કોઁક જગ્યાએ જવાનું છે તે પણ અહીંની કારવાઇ પ્રમાણે 'આડો બોદે તે પડે' 'વાવે તેવું લણે' આવું બધું બોલવા અને અન્યને સમજાવવા છતાં પણ પોતાની જાતને સમજાવવાની બધાએ જાણે પ્રતિજ્ઞા લીધી હોય તેમ લાગે છે !!! ભૂતકાળમાં કાંઇ સારું કર્યું" માટે આટલી સારી સામગ્રીવાળી જગ્યાએ આવ્યો છું અને અહીં સારૂં કરું તો ભવિષ્ય પણ સારું થાય. જે જન્મે તે બધા મરે જ. જન્મની પાછળ મરણનિયત છે અનેકને મરતા જોવે, સ્મશાનમાં મૂકી પણ આવે તોય જાણે મારે મરવાનું નથી તેમ જ જીવે તે બધા આશ્ચર્યરૂપ કહેવાય ! પરલોક બગડે નહિ તેમ જીવનારા તો બહુ જ વિરલ આત્માઓ મળે.

માટે જ હિતૈષી મહાપુરુષે આત્મપ્રબોધ સાથે અનેકને જગાડવા પોતાના હૈયાની વેદનાને વાચા આપતાં કહ્યું છે કે-"વિભૂતિ-આબાદી સંપત્તિ ચપલ છે અર્થાત્ આજ છે ને કાલ નથી, યૌવન ક્ષણભંગુર છે. દુનિયા પણ કહે છે 'જવાની જવાની છે, ચાર દિનની ચાંદની છે.' અને જીવન યમના દાંતની વચમાં ભીંસાયેલું છે. આ બધું જાણવા-અનુભવવા છતાં ય પરલોકની સાધનામાં જે અવજ્ઞા કરાય છે અર્થાત્ પરલોક ન બગડે તેની ચિંતાથી જ મુકત બનાય છે-તેજ મનુષ્યોની મોટામાં મોટી વિસ્મયકારી ચેષ્ટા નથી ! અર્થાત્ છે જ.

માટે મહાપુરૂષના હૃદયના ભાવને સમજી પરલોકને સુંદર બનાવવા અને પરમ-પદને નજીક બનાવવા સૌ પુણ્યાત્મા પ્રબલ પુરુષાર્થ આદરી. સર્વથા નિઃસંગાવસ્થાના આનંદને પામો તેજ મંગલ કામના.



વર્ષ ૭] ૨૦૨૧ કારતક સુદ-પ.૧૩ મંગળવાર તા. ૧૫-૧૧-૬૪ [અંક-૧૨

— અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

પ્રવચન-બીજું

૨૦૧૬, વૈશાખ સુદિ-૧૨ રવિવાર તા. ૬-૫-૧૯૬૦ જ્ઞાનમંદિર અમદાવાદ

સંબંધો કાયવ્વો સદ્ધિં કલ્લાણહેઉમિત્તેહિં
સોઅવ્વં જિણવયણું ધરિયવ્વા ધારણા સમ્મં ॥૧॥

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માઓ આજ સુધીમાં અનંતા થઇ ગયા છે. વર્તમાનમાં વીશ શ્રી અરિહંત પરમાત્માઓ વિચરી રહ્યા છે અને ભવિષ્યમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થવાના છે. જે વાત અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે તે જ વાત વર્તમાનમાં વીશ શ્રી અરિહંત પરમાત્માઓ કહી રહ્યા છે અને ભવિષ્યમાં થનારા અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ પણ તે જ વાત કહેવાના છે. તે સૌએ એક જ વાત ફરમાવી છે કે—'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે અને તે માટે આ મનુષ્યજન્મમાં સાધુ જ થવા જેવું છે.'

આ સંસારમાં ભટકતા જીવોમાં અભવ્યો એવા છે કે જે કોઇ'દિ મોક્ષે જાય નહિ એટલું નહિ અભવ્યોને મોક્ષ રુચે પણ નહિ અને મોક્ષને માને પણ નહિ. દુર્ભવ્યજીવો પણ ભવ્યપણું પામે નહિ ત્યાં સુધી મોક્ષ પામે નહિ. ભવ્ય પણ ભારેકર્મી હોય ત્યાં સુધી મોક્ષ પામે નહિ, મોક્ષને માને નહિ. જે જીવો લઘુકર્મી બન્યા હોય તે ભવ્યજીવો મોક્ષને પામે. જે જીવનો સંસાર એક પુદ્ગલપરાવર્ત્તકાળની અંદર હોય તેને જ મોક્ષની ઇચ્છા થાય, તે જ મોક્ષ છે એમ માનતો થાય. તે જ મોક્ષને માટે

મહેનત કરે.

આપણે બધા મોક્ષ છે તેમ માનીએ ખરા કે તેમાં પણ શંકા છે? મોક્ષની ઇચ્છા થાય છે? મોક્ષની શ્રદ્ધા પણ છે? મોક્ષનું સ્વરૂપ સમજે છો? ત્યાં એવું સુખ છે કે જેનું વર્ણન ન થાય. જેમાં દુઃખનો લેશ નહિ, અધુરાશ નહિ, આવ્યા પછી જાય નહિ. આપણે કેવું સુખ જોઇએ છે? મોક્ષ છે–તેમ અનંતજ્ઞાનિઓ કહી ગયા છે તો તેની શ્રદ્ધા છે ખરી? તમને જે સુખ મળે તેમાં થોડું ય દુઃખ આવે તો ચાલે ને? તમારી પાસે જે સુખ ન હોય તે બીજા પાસે હોય તો તે જોઇને વાંધો ન આવે ને? તમારી પાસે આવેલું સુખ ચાલ્યું જાય તે ગમે ને? તમારે જે સુખ જોઇએ તેમાં દુઃખનો અંશ ન જોઇએ, બીજા પાસે અધિક પણ ન જોઇએ અને આવેલું સુખ જાય નહિ તેવું જોઇએ–આવું સુખ ક્યાં હોય? જે સુખની ઇચ્છા છે તેવું સુખ છે ખરું પણ ક્યાં છે? જો આવું સુખ હોય જ નહિ તે તેની ઇચ્છા જ થાય નહિ. આપણે જે આવું સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે માટે આપણે મોક્ષમાં જ જવું છે.

તમને બધાને મોક્ષની ઇચ્છા છે? મોક્ષની શ્રદ્ધા છે? આની ઇચ્છા અભવ્યને ન હોય, દુર્ભવ્યને પણ ન હોય અને ભારે કર્મીભવ્યને પણ ન હોય. આપણો નંબર શેમાં છે? મારે જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે–આ વાત પણ બેસે કોને? જેનો એક પુદ્ગલ પરાવર્ત્તની અંદર સંસાર બાકી હોય તેને, આપણો સંસાર કેટલો બાકી છે તે જાણવું હોય તો રોજ આત્માને પૂછવાનું કે–'તારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે કે મોક્ષ મળે ત્યારે ઠીક તેમ છે?' મોક્ષ મળે ત્યારે ઠીક તેમ માને તે બધા ભારે કર્મી જીવો છે. ભવ્ય વિના બીજા કોઇને મોક્ષની શ્રદ્ધા થવાની નથી.

જન્મે તેટલા બધાને મરવું પડે. જેને મોક્ષની શ પડતી હોય તે બધા ભગવાનની વાણી સાંભળવા પણ લાયક નથી, તે બધા તો સંસારમાં રખડવા જ સર્જાયેલા છે. ભગવાનનો ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે, સંસાર માટે કરવાનો નથી. સંસાર માટે ધર્મ કરનારા કદિ ધર્મ પામે નહિ. અભવ્યાદિ જીવો સારામાં સારો ધર્મ કરે, નવમાગ્રૈવેયકે પણ જાય છતાં પણ ધર્મ પામે જ નહિ. ધર્મ કરવા છતાં પણ ધર્મ પામે નહિ. સંસારના સુખ માટે જ ધર્મ કરે તે કદી ધર્મી બને નહિ. તમે બધા ધર્મ શા માટે કરો છો? તમને ભગવાન થવાનું મન છે?

પ્ર૦–'ભગવાન ભલે ધનવાન થવા' તેમ વિચારણા છે.

૭૦–આવું જાહેરમાં બોલે તે મૂર્ખામાં ખપે !

તમને બધાંને ભગવાનની કિંમત છે કે પૈસાની ? પૈસો તો આજે છે ને કાલે નથી ! કેટલા શ્રીમંતો ભીખારી બન્યા ? કેટલા રખડતા બન્યા ? આજે તો કેટિપતિ પણ કંગાળ છે ઘણાંને તો ખાવા–પીવાદિના પણ સાંસા પડે છે.

મરણથી બધા ગભરાય છે. મરણથી ગભરાય તેના જેવા બેવકુફ કોઇ નથી ! જન્મે તે બધા મરવાના છે. આપણે તો હસતા હસતા મરવું છે. હસતા હસતા કોણ મરે ? સારી રીતે. જીવે તે. સારી રીતે જીવવાનું મન પણ કોને થાય ? જેને આત્મ-કલ્યાણની ઇચ્છા હોય તેને આત્મકલ્યાણની ઇચ્છા પેદા કરવા માટે આધ્યાત્મભાવ જોઇએ. આધ્યાત્મભાવ પામવા માટે પંદર ગુણ જોઇએ તેનું વર્ણન કરવું છે.

તમારે મોક્ષે જવું છે ને ? મોક્ષ છે તેવી ખાત્રી છે ને ? આજસુધીમાં અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ મોક્ષે ગયા છે. તેમની પાછળ બીજા પણ અનંતા આત્માઓ મોક્ષે ગયા છે તે બેને રોજ 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' પદથી નમસ્કાર કરીએ છીએ. 'નમો અરિહંતાણં' બોલતી વખતે શ્રી અરિહંત થવાની અને 'નમો સિધ્ધાણં' બોલતી વખતે સિધ્ધ થવાની પણ ઇચ્છા ન હોય તેના જેવા મુર્ખા કેટલા ? શ્રી નવકારમંત્ર બોલે તેને મોક્ષની શ્રધ્ધા જોઇએ ને ?

મોક્ષમાં ગયા પછી કદી મરવાનું નહિ. અહીં તો શ્રીતીર્થંકર પણમરે. રાજા પણમરે. ચક્રી પણ મરે. શેઠ શાહુકાર પણ મરે. જે તમારું નથી તેને તમારું માનો તો તે મૂર્ખાઇ છે ને ? જે આપણું હોય તે મૂકીને જવું પડે અરું ? જે આપણા હોય તે મુકીને જાય ? મા–બાપ પણ ગયા ને ? જે સુખ જોઇએ તે સંસારમાં નથીપણ કશે હોવું જોઇએ. કેમકે, જે ચીજ જગતમાં ન હોય તેની ઇચ્છા પણ ન હોય. જે સુખ જોઇએ તે કયાં છે ? મોક્ષમાં, તમને મોક્ષે જવાની ઇચ્છા થઇ હોય તો તમે આધ્યાત્મભાવ પામ્યા છો તેમ કહેવાય. સંસારમાં રહેવું છે કે મોક્ષે જવું છે ?

આ સંસારમાં આજનો સુખી કાલે દુઃખી ! સુખ મેળવવા જે પાપ કર્યું તે ભોગવવું પડે. આજે કેટલાક એવા જીવો છે કે જેઓએ આ જન્મમાં ભૂંડું નથી કર્યું છતાં પણ ભૂંડામાં પકડાયા અને સજા તેને થઇ. ખૂન કોઇ બીજાએ કર્યું, પકડાયો બીજો અને સજા તેને થઇ. શાથી ? ભૂતકાળમાં જે પાપ કરેલું તે ઉદયમાં આવ્યું માટે.

આપણે જે સુખ જોઇએ તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આવું જો મનમાં ન હોય અને 'નમો અરિહંતાણં' 'નમો સિધ્ધાણં' બોલીએ તે જુઠું બોલીએછીએ. આ બે પદ બોલે તેને મોક્ષમાં શ્રધ્ધા ન હોય તે બને ? મોક્ષ ન માને તે બને ? (ક્રમશઃ)

અમૂલ્ય તમારા ઘરની મૂડી રૂપ ભવ્યતમ અનુપમ ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ–પહેલો મૂલ્ય રૂા. ૬૫૦--૦૦

આ ગ્રંથના પહેલા ભાગમાં—ગુજરાત રાજસ્થાન અને વિદેશ-આફ્રિકા લંડન–જાપાનના ૩૭૮ તીર્થો જિનમંદિર અને મૂલનાયકોના ફોટા છે અને સંક્ષિપ્ત ઇતિહાસ છે. જીલ્લા અને રાજયના નકશાઓ છે જે યાત્રાએ જનારા માટે માર્ગદર્શક છે –૪ કલર ભવ્ય ચિત્રો–બોર્ડરો ડીઝાઇનોથી સુશોભિત છે. દર્શન કરતાં પ્રભુજીના ફોટા આદિ પાસે ઠેર ઠેર સ્તુતિઓ સ્તવનો મુકેલા છે જેથી ભકિત ભાવ સાથે તીર્થ દર્શન કરી શકાય.

બીજા ભાગમાં-શેષ ભારત ૧. બિહાર ૨. બંગાલ ૩. ઉત્તર પ્રદેશ ૪. મધ્ય પ્રદેશ ૫. પંજાબ ૬. હરિયાણા ૭. કાશ્મીર ૮. ઓરીસ્સા ૯. આંધ્ર ૧૦. તામિલનાડુ ૧૧. કેરાલા ૧૨. કર્ણાટક ૧૩. મહારાષ્ટ્રના તીર્થોને, મંદિરો, મૂલનાયકો આદિના ફોટા, નકશા અને સંક્ષિપ્ત ઇતિહાસ આવશે બંને ભાગનું સાથે અગાઉ મૂલ્ય રૂા. ૧૦૦૦/ છે.

આ બીજાભાગમાં એક પેજના શુભેચ્છકના રૂા. ત્રણ હજાર છે, એક પેજમાં નીચે એક લીટીમાં નામ આવશે તથા એક સેટ (ભાગ–૧–તથા ૨) તેમને મળશે. આ ગ્રંથની બે હજાર નકલ છપાશે તો તીર્થ ભકિત અને ભાવના માટે તીર્થનું નામ પસંદ કરીને રૂા. ૩૦૦૦/ બોલી શુભેચ્છક બનો.

આ બીજો ભાગ સંવત્ ૨૦૫૧ દિવાળી સુધીમાં પ્રગટ કરવાની ભાવના છે.

આ મહાન ગ્રંથ માટે હિંદી અને અંગ્રેજી આવૃત્તિની માંગણીઓ આવી રહી છે તે અંગે પ્રયત્ન ચાલે છે જયારે નિશ્ચિત થશે ત્યારે તેની વિગત પ્રગટ કરવામાં આવશે.

આ ગ્રંથ તમારા ઘરની મૂડી બનશે.

દરેક બુક સેલરને મળો, અગર લખો.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

c/o. શ્રુતજ્ઞાનભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર સૌરાષ્ટ્ર (ગુજરાત)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(ગતાંકથી ચાલું)

પ્ર૦–૭૪ વિનય ગુણને શાસ્ત્રમાં કેવો કહ્યો છે ?

ઉ૦ સઘળા ય ગુણોનું મુળ વિનય ગુણ કહ્યો છે.

'सर्वेषां गुणानां भाजनो विनयः !

પ્ર૦–૭૫ વિનીત આત્મા કેવો હોય ?

ઉ૦–વિનયને યોગ્ય સ્થાનોમાં નમ્ર હોય, બધાનો યથાર્થ વિનય કરે જ અને અવિનયને યોગ્યમાં પહાડની જેમ અકકડ રહેવું તે પણ વિનય છે. જ્યાં-ત્યાં માથા મારનારો નમનારો–ન હોય, કેમકે, વિનયની સાથે વિવેક જોડાયેલો છે. વિનીત આત્માજ હોય—ઉપાદેયને વિવેક સારી રીતના કરી શકે.

(દાળ ચોથી)

નાણ શુધ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મનશુધ્ધિ રે,
કી જિન ને જિનમત્ત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે.
ચતુર વિચારો ચિત્તમાં રે....૨૦

જિનભકતે જે નવિ થયું રે, તે બીજાથી નવિ(કેમ) થાય રે,
ચોવું જે મુખે ભાખિયે રે, તે વચનશુધ્ધિ કહેવાય રે.
ચતુર૦...૨૧

છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહેતો અનેક પ્રકારે રે,
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયા શુધ્ધિ ઉદાર રે.
ચતુર૦...૨૨

પ્ર૦-૭૬ શુધ્ધિ કોને કહેવાય ?

ઉ૦– વાણી–વર્ત્તન અને વિચારની જે સુંદર પરિસ્થિતિ તેનું નામ શુધ્ધિ કહી છે અર્થાત્ મન-વચન-કાયાની જે નિર્મલ પરિસ્થિતિ તેનું નામ શુધ્ધિ. જેમ સ્નાન કરવાથી શરીરની શુધ્ધિ થાય છે તેમ સુંદર આચાર–વિચારથી આત્માની શુધ્ધિ થાય છે. જેવા વિચાર તેવી વાણી અને તેવું જ વર્ત્તન હોય છે. મનના ભાવો વચન અને આચારથી જણાઈ આવે છે.

પ્ર૦–૭૭ સમકિતની શુધ્ધિ કેટલી કહી છે ?

ઉ૦— ત્રણ,

પ્ર૦—૭૮ કઇ કઇ ?

ઉ૦—મન શુધ્ધિ, વચન શુધ્ધિ અને કાય શુધ્ધિ.

પ્ર૦—૭૯ મન શુધ્ધિ કોને કહેવાય ?

ઉ૦–શ્રી જિનેશ્વરદેવ અને શ્રી જિનમત અર્થાત્ સુદેવ–સુગુરુ–સુધર્મ, તે ત્રણેના આરાધક આત્માઓ અને તે ત્રણને આરાધવાનાં જે સાધનો તે સિવાય બધું જ જગતમાં ખોટું છે–અસાર છે, શ્રી જિન અને શ્રી જિન મતની આરાધના જ સાર છે તે સિવાય બધું અસાર છે આવા પ્રકારની જે નિર્મલ બુધ્ધિ તેને જ મનશુદ્ધિ કહી છે.

પ્ર૦–૮૦ મનશુધ્ધિવાળો આત્મા કેવો હોય ?

ઉ૦– જે દુનિયાના સઘળાય પદાર્થોને અસાર–ખોટા માને છે, તે કયારે ય તેના માટે ધર્મ કરે પણ નહી કે ધર્મ કરાય તેવું બોલે પણ નહિ, અગ્નિ બાવાનો હોય કે ચંદનનો પણ બાળે જ તેમ બાબુકાર ચંદનના અગ્નિમાં પણ હાથ નાખે ખરો ? દુનિયાના પદાર્થોની જરૂરને જ પાપ માને તે પાપની પુષ્ટિ માટે સુદેવાદિનો ઉપયોગ કરે ખરો ? ના.

પ્ર૦–૮૧ વચનશુધ્ધિ કોને કહેવાય ?

ઉ૦–'શ્રી જિનભકિતથી જે ન થાય તે અન્યથી તો થાય જ નહિ' આવું જે હૈયામાં અસ્થિમજ્જા હોય તે વચન પણ તેવા જ બોલે. જે શ્રી જિનભકિતનું મુકિતની દૂતી કહી તે શ્રી જિનભકિતથી શું શું ન થાય ? પણ શ્રી જિનેશ્વરદેવનો સાચો ભકત તો હોય અને ઉપાદેયનો વિવેક કરનારો હોય છે માટે શ્રી જિનભકિતથી મળતાં પદાર્થોમાં હેયમાં રાજી થાય નહિ કે હેયનો રાગી હોય પણ નહિ. કદાચ હેય પદાર્થો મલી જાય તો ય તેને છોડવાના વિચારમાં હોય. આવી રીતના વિવેકપૂર્વક શ્રી જિનભકિતનો મહિમા સમજાવવો તેનું નામ જ વચન શુધ્ધિ કહી છે.

પ્ર૦—૮૨ વચનશુધ્ધિનું ફળ શું કહેવાય ?

ઉ૦–હેય–ઉપાદેયનો વિવેક પ્રાપ્ત થવો તે. જે ધર્મ મોક્ષ સુખ આપે તે ધર્મ દુનિયાનું સુખ પણ આપે તેમાં નવાઇ નથી પણ ધર્મ હેયની પ્રાપ્તિ માટે ન કરાય ઉપાદેયની પ્રાપ્તિ માટે કરાય' તેનો વિવેક આ રીતના વચન શુધ્ધિથી થાય છે.

પ્ર૦–૮૩ કાય શુધ્ધિ કોને કહેવાય ?

ઉ૦ શરીરનાં અંગ–ઉપાંગોને છેદે, તીવ્ર માર મારે, ભાલાદિ શસ્ત્રોથી શરીરને ભેદે, પ્રાણાન્ત કષ્ટાદિ આપે તો પણ તે બધી વેદના–પીડા મજેથી વેઠે પણ શ્રી જિનેશ્વરદેવ વિના અન્ય બીજા કોઇપણ મિથ્યાદૃષ્ટિ દેવ–દેવીને ન જ નમે, નમવાનુ પસંદ કરે પણ મિથ્યાદૃષ્ટિને નમવાનું પસંદ ન કરે તેનું કાયશુધ્ધિ કહી છે.

પ્ર૦–૮૪ કાયશુદ્ધિનું ફળ શું કહેવાય!

ઉ૦–સ્થિરતા–ધીરતા–વીરતા, શ્રી જિનેશ્વરદેવ વિના અર્થાત્ સુદેવ–સુગુરૂ–સુધર્મની રક્ષા માટે, મરવાનું પસંદ કરે પણ ખોટા લોભ–લાલચોમાં લલચાય નહિ, મોહમા મૂંઝાય નહિ. અનંતા ભવોમાં દુર્લભ એવો ભવનિસ્તારક એવો જે આ સમ્યગ્ધર્મ પ્રાપ્ત થયો છે, તેની રક્ષા માટે આ દ્રવ્ય પ્રાણોની–જીવિતવ્યની કાંઇ કિંમત ન ગણે. ભાવપ્રાણોની રક્ષા એ જ આત્માની સાચી રક્ષા છે.

પ્ર૦–૮૫ અન્યત્ર ત્રણ શુદ્ધિ કોને કહી છે?

ઉ૦–શ્રી પ્રવચન સારોદ્ધાર ગ્રન્થમાં ત્રણ શુદ્ધિ આ પ્રમાણે પણ કહી છે.

मोत्तूण जिणं मोत्तूण जिणमयं जिणणयट्ठिए मोत्तुं ।
संसार कच्चवारं चिंतिज्जंतं जगं सेसं ।। ९३२ ।।

શ્રી જિન, શ્રી જિનમત અને શ્રી જિનમતમાં રહેલા સાધુ વગેરે સિવાય આખા જગતને સંસારના કચરા રૂપે વિચારે.

આ જગતમાં શ્રી જિનેશ્વરદેવાદિ ત્રણ જ સાર છે તે સિવાયનું બધું જ અસાર છે આવા વિચારથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે.

(ક્રમશઃ)

– સ્વીકાર અને સમાલોચના –

અઢાર પાપ સ્થાનક : લે. પૂ. પં. શ્રી પૂર્ણાનંદ વિજયજી મ પ્રકાશન ખુશાલભાઇ જગજીવનદાસ મશાલાવાલા બિલ્ડીંગ નં. ૧ મુગલસેન માહિમ મુંબઈ–૧૬ ડેમી ૮ પેજી ૧૯૮ પેજ અઢાર પાપ સ્થાનકનો પ્રકરણ વિભાગ પૂર્વક વિસ્તાર આલેખાયો છે જે આત્માને ૧૮ પાપની ઓળખ અને તજવા માટે માર્ગદર્શન આપે છે The key To happinenssIn life–રોચક પ્રકાશક ઉપર મુજબ, ક્રાઉન ૧૬ પેજી ૮૪ પેજ તત્ત્વજ્ઞાને આ.શ્રીને ૨૭ લેખો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે અંગ્રેજીના અભ્યાસીઓ માટે ઉપયોગી બને તેમ છે.

સાધના કી જ્યોત– લે. પૂ. મુ. જયાનંદવિજયજી મ. પ્રકાશક શ્રુ. રામચંદ્ર પ્રકાશન સમિતિ ભીનમાલ (જાલોર) રાજ. ડેમી ૮ પેજી ૧૮૦ પેજ.

દિશા દર્શક–(પ્રશ્નોત્તરી) લે. પ્ર. ઉપર મુજબ ડેમી ૮ પેજી પેજ–૮૦ બંનેમાં પ્રશ્નોત્તરનું સંકલન છે. પ્રથમ પુસ્તકમાં શાસ્ત્રના પાઠો સહિત ઉત્તરો આપ્યા છે.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી -

- જે સાધન એકાંત સાધ્યની સિદ્ધિ માટે સમર્થ હોય, તેને જ સાધન કહેવાય !
- શ્રી જિનેશ્વરદેવનું શાસન અનુપમ છે. એ શાસનમાં આવ્યો કે અને ભોગમાં
- રોગની જ ભાવના થાય, ઇન્દ્રિયના વિષયોને અને એ વિષયોની સામગ્રીને છોડવાની ઇચ્છા એને જાગૃત રહે.
- અર્થ-કામ સુખનાં સાધન નથી, એ છાતીમાં લખાઇ જશે ત્યારે જ શ્રી જિનેશ્વરદેવ કહેલા ધર્મ ઉપર સાચો પ્રેમ જાગશે.
- મુનિ અણગાર કહેવાય. કેમકે, એ ન ઘર ન હોય અને દુનિયા ય ન હોય,
- અહંભાવ એ પ્રભુશાસનની પ્રાપ્તિમાં અને સેવામાં મોટામાં મોટો પ્રતિબંધક છે.
- દુશ્મનભાવે કોઇને ય હલકો પાડવા દોષ કહેવો એ, નિંદા છે.
- જેનું ધ્યેય અર્થ અને કામને જ પોષા કરલાનું હોય તે શિક્ષણ પણ કુશિક્ષણ અને તે ધર્મ પણ કુધર્મ !
- સારી રીતે મરવાની તૈયારી કરે તેનું નામ જૈન !
- સમજુને મન સંસાર એ મારૂં ઘર નથી, મોક્ષ જ મારૂં ઘર છે.
- મુનિથી પૂર્વે અનુભવેલી દુનિયાદારીની એક પણ વાત યાદ ન કરાય, પૂર્વ સ્મરણનો
- ત્યાગ, એ મુનિ માટે વિધિ પૂર્વની જાતની, કુલની ઓળખાણ કે સ્મરણથી પાપની પ્રાપ્તિની શરૂઆત થાય.
- 'અમે તો સાધુ, આમના (શ્રાવકોના) આધારે નીભનારા' આ ભાવના આવી તો શુદ્ધ દેશના રૂઠી જ જાય.
- મુનિને શાસ્ત્રે નિસ્પૃહી કહ્યા છે. એ પોતે પરિગ્રહધારી તો ન જ હોય, પણ એમને દુનિયાની પણ પરવા ન હોય. જેમાંથી જન્મે, જેનાથી જીવે, તેને અસાર કહેવાની એ શક્તિ ધરાવે. જેની નિશ્રાએ જીવે, એને પણ ઢંઢોળવાની તાકાત એ ધરાવે, જ્યાં ચીજ લેવા જાય ત્યાં ધર્મલાભ જ આપે. જેનાં અન્નપાણી પર પોતે નભે છે, એને પણ-'પાપમાં પડયા છો'-એમ ખૂલ્લું કહેવાની શક્તિ મુનિ ધરાવે. જે આટલી તાકાત ધરાવે તે જ મુનિ શ્રી જિનેશ્વરદેવની શુદ્ધ દેશના કહી શકે.
- પૌદ્ગલિક સ્વાર્થની સિદ્ધિ માટે ધર્મનાં સાધનોનો ઉપયોગ, એ ભયંકર કોટિનો દુરૂપયોગ છે.

* ખોટું નો લગાડતા હોં ને *

—શ્રી ભદ્રંભદ્ર

ચાર દિવસના ચાંદરડા પર, જૂઠી મમતા શા માટે ?

(રાગ–ચાંદશી હો મહેબૂબા મેરી...)

મને એક ભાઇએ ચેતવ્યા. (આમે ય આવતી કાલે મારો પગ કુંડાળામાં પડયો હતો. એટલે કંઇ અમંગળ બનવાની મને ખબર તો પડી જ ગયેલી.) પેલા ભાઇએ મને કીધું કે–પહેલા જે 'ભદ્રંભદ્ર' નામનું પુસ્તક રમણભાઇ નીલકંઠે બહાર પાડેલુ તે હકિકતમાં અંગ્રેજી સરકાર વખતે તેના કેટલાયે વાંધાજનક ભાગો કપાયા પછી જ બહાર પાડેલ.

પછી એ ભાઇએ વધુમાં ઉમેર્યું કે–તમારા આ લેખોથી જૈનશાસનના સત્તાધારીઓ તમારા શરીરથાં સેન્સર–કેન્સર ઉભુ કરી દેશે. તમને કેન્સલ નહિ કરી નાંખે. કેમ કે જીવતું મોત બહુ ઓછાને જ અપાય છે.

આ ભાઇની વાતથી હું તો પેલું કુંડાળું યાદ કરીને ઝટપટ નવકાર, ઉવસગ્ગહરં, ભકતામર બધા પાઠો ભણી ગયો. સાલો મૃત્યુનો કે સજાનો ભય ઉભો થાય છે, ત્યારે શાસ્ત્રપાઠો ભૂલી જવાય છે હોં. (શાસ્ત્ર ખાતર પ્રાણની દરકાર નહિ કરનારા મહાપુરૂષોને મારા હૃદયના વંદના.)

સંસારના સુખ માટે નવકાર મંત્ર ના ગણાય. આ વાત ભૂલી ગયો, પણ પછી તો જાગૃતદશા પામ્યો એટલે ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી લીધુ. એ ય પાછુ સંસારના સુખ માટે ધર્મ કરવાનું કહેનારા મહાપુરૂષ પાસે જ હોં. અને તેમણે જરા ય આનાકાની, કર્યા વગર મને પ્રાયશ્ચિત્ત આપ્યું પણ ખરૂં.

આમ તો પાછા ભદ્રંભદ્ર તરીકે કટાક્ષ અરે ! ના હાસ્ય લેખક રૂપે મને ઓળખે. એટલે.....

'પાપુ...એમણે મને એક સ્ટીકર આપ્યુ. (તમને હું એક સમાચાર આપવાના ભૂલી ગયો. મારા ઉપર જે મૃત્યુનો મરણતોલ મરણાંત, મરણજનક ભય હતો તે એપ્રિલફુલ હતો. એટલે તમે કોઇ ચિંતા ન કરતા. મારી આયુષ્ય રેખા બળવાન છે. એક મસ્તક રેખા જરા નબળી ખરી. ઓ તો હવે હમજયાં.) પછી મને ઘરે જઇને જ જોવાનું કીધું. હું અમસ્તો ય આજ્ઞાંકિત ખરો. એટલે સ્ટીકર ઘેર જઇને જ જોયું,

સ્ટીકરમાં લખેલું કે–'સંસારના સુખો માટે ધરમ ના કરાય તો શું પાપ કરાય ? હું તો વાંચીને જ જમીનમાં જડાઇ ગ્યો.

'સાધુઓ એક ઠેકાણે રહેતા નથી.' આ શાસ્ત્રવચન મુજબ સ્ટીકરદાયક તો મુકામ ઉપર ન હતા. (મારાથી ગલરાવાની તેમને જોકે કોઇ જરૂર તો હતી જ નહિ.)

હું આ સુવર્ણ વાકય ઉપર ચિંતન કરવા બેઠો. અદબ-પલાંઠી મોં ઉપર આંગળી રાખીને જ હોં. (કીડી-મકોડી ચપોચપ' એની જેમ પણ મૌન રાખ્યું કે'વાય) બહું જ વિચારને અંતે મને સત્યજ્ઞાન પ્રાપ્ત થયું. જૈનશાસન સ્યાદ્વાદ તો માને જ છે. એટલે વાંધો નથી. આ સ્ટીકર-વચન તેમણે ધર્મસ્થાનોની અપેક્ષાએ નહિ પણ ધંધા-સ્થાનોની અપેક્ષાએ બનાવ્યું છે. બસ, હવે તમે જ વિચારો કોઇ ઘરાક તમારી દુકાને આ સ્ટીકર-વાંચે એટલે શું સમજે? એમ જ ને કે-'ધન કમાવવા, ખાવા. પીવા રૂપ સંસારના સુખો માટે હું અનીતિ રૂપ પાપ નથી કરતો, અપ્રમાણિકતા નથી બતાવતો, ઓછા તોલ-માપ નથી કરતો. પરંતુ નીતિ, પ્રમાણિકતા, બરાબર તોલવા રૂપ ધર્મ જ કરૂ છું. એટલે સંસારના સુખ માટે નીતિ ના કરાય, તો શું અનીતિ કરાય? આ જ અર્થ થાય.

ધર્મસ્થાનોમાં આ સ્ટીકર તમારા પગની છઠ્ઠી આંગળી જેવું છે. તે કામ કંઇ ના કરે. પણ તમને જ હેરાન કરે.

આ સ્ટીકર લાગે છે કે તેમણે માર્ગાનુસારી કે જે શ્રાવક કરતાય ઉતરતા સમ્યગ્-દૃષ્ટિ જીવ કરતાં ય ઉતરતા ગણાય તેમના માટે બનાવ્યુ લાગે છે. અને તેમણે ધંધો નોકરી કઇ રીતે કરવા તેની શીખામણ આપી છે. (મને ભૂલથી તેમનાથી સમજાઇ ગયું લાગે છે.)

દુકાનમાં ઘઉં બાજરાના કોથળા આગળ કંઇ પૂજાના કપડા પહેરીને કેશરના છાંટણાં કે દૂધના પ્રક્ષાલ કે 'પુષ્પં-પત્રં-ફલં-નૈવેદ્યં અક્ષતં સ્વાહા' બોલવાનું છે.? અને દેરાસરમાં પ્રક્ષાલ-પૂજા કરતાં કરતાં આ ઘઉં બાજરો થોડો યાદ કરવાના છે?

એટલે સંસારના સુખો માટે ધરમ કરવાનું કહેનારને આસ્તે રહીને જ પૂછવું કે-'મોક્ષના સુખો માટે ધર્મ ન કરાય તો શું પાપ કરાય?'

સાધુને સંસારના સુખો યાદ આવ્યા કરે ઇ સાલુ શ્રાવક થઇને આપણા માટે ય લાંછની તો ખરૂ જ હોં. એમને સંસારના સુખો આપણે જ મહેનત કરીને ભૂલાવવા જોઇશે. એ સુખોની યાદ તેમને સતાવે ઇ હારૂ તો નહિ જ. રાત-દા'ડો સંસારના સુખના જ વાતના સંપર્કમાં સાધુ રહે એ કેવું કે'વાય? (વૈરાગ્ય તો જ્ઞાન ગર્ભિત જ છે ને કે?)

સંસારના સુખો માટે તો ધર્મને બાધા ના પહોંચે તેવી મહેનત કરવાની, છતાં ય ભાગ્યમાં હશે એટલુ જ મળશે,

આટલી વાત તો લગભગ બધાં જ શ્રાવકોને અનુભવ સિધ્ધ હશે એટલે શ્રાવકો તો બિચારા આ સાચી વાત સમજી જશે.

અને.. સાધુઓ ના સમજે તો પછી આ છેલ્લા શસ્ત્ર તરીકે સ્ટીકર-વાકય આપું છું. તેનો (યુદ્ધમાં જેમ ગુરૂએ આપેલી અતિ ગુપ્ત વિદ્યા છૂટકો ન હોય ત્યારે વાપરવાની હોય તે રીતે) પછી ના છૂટકે ગુરૂમંત્રની જેમ જ ઉપયોગ કરજો. કામ પતી જાય પછી એ મંત્ર મને પાછો આપી જજો.

'સાધુ થઇને મોક્ષના સુખોની વાતો ના કરાય તો શું સંસારના સુખોની વાતો કરાય ?"

(એમ કહેને કે, 'હા' તો કહેજો કે-'ભટકવા'

આ બધી ખાનગી વાતો છે હોં ભાઇ આ આપણા બે સિવાય. (વાચક અને લેખક) સિવાય કયાંય લીક થાય નહિ હોં ભૈ જોજો. તમને અંગત સમજીને જ આ બતાવ્યું છે.

અરે ! ઉભા રો' ભાઇ ! એક વાત તો કે'વાની જ રહી ગઇ. આપણે ત્યાં મોહ ગર્ભિત, દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ વૈરાગ્ય ત્રણ પ્રકારના કીધા છે હોં. આ પાછુ ભૂલાય નહિ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળાનું બોલવું, બધુ મોક્ષ માટેનું જ હોય. બસ. હવે જાવ. તમારો ટાઇમ બગાડયો.

અરે ! હોય, આ તો સારી વાત કરી.

બસ ત્યારે આવજો...એ આવજો...જય જય જિનેન્દ્ર

જે ન આવે સંગાથે તેની જુઠી મમતા શા માટે ?

– સ્વીકાર અને સમાલોચના –

તત્વાર્થ સૂત્ર-પંચમ અધ્યાય-વિશ્વ વિજ્ઞાન પ્રાચીન અને નવીન-સં. પ્રકાશક પૂ. ગુ. શ્રી પુણ્યકીર્તિ વિ.મ. સનમાર્ગ પ્રકાશન, આરાધના ભવન પાછીઆની પોળ, અમદાવાદ. ડેમી ૮ પેજી ૧૭૬+૪૮ પેજ મૂલ્ય રૂા. ૫૦) પૂ. શ્રી ઉમા સ્વાતિ મ. વિરચિત તત્વાર્થ સૂત્રના પાંચ અજીવ અધ્યયનનું ટીકાકારો આદિના પ્રમાણપૂર્વક અને નવીન વિજ્ઞાનના આધારે નિરુપણ કરવામાં આવ્યું છે જે તત્વના અભ્યાસી અને વિજ્ઞાનની ચકાસણીને માનનારાને એક વિશિષ્ટ બોધ પેદા કરે છે.

ચંદ્ર જ્યોત દૃષ્ટાંત સંગ્રહ-ભા.૭મો શ્રી ચંદ્રશેખર વિ. મ. (થરાવાળા) પ્ર. ચંદ્રજ્યોત પ્રકાશન મંદિર ભીમજીપુરા ૧ ચંદ્રમૌલી સોસાયટી નવા વાડજ અમદાવાદ કિં. ૧૬ પેજી ૧૧૬ પેજ દૃષ્ટાંતોનો સંગ્રહ છે.

સમ્મેતશિખર પર અધિકાર જમાવવાના બિહાર સરકારના પગલાનો ઉગ્ર વિરોધ

બિહારમાં આવેલા જૈનોના અતિ પવિત્ર અને પ્રાચીન તીર્થસ્થળ સમેતશિખર પર્વતનાં મંદિરો અને મિલકતોનો વટહુકમ દ્વારા પોતાના કબજામાં લેવાની બિહારની લલ્લુપ્રસાદ યાદવ સરકારની હિલચાલને કારણે સમગ્ર જૈન સમાજમાં ભારે રોષની લાગણી ફેલાઇ છે અને ધાર્મિક સ્થળોમાં હસ્તક્ષેપ કરવાની બિહાર સરકારની આ મેલી મુરાદ સામે જોરદાર લડત આપવા દેશભરનાં જૈન સંગઠનો તૈયારી કરવા લાગ્યાં છે.

બિહાર રાજ્યમાં પારસનાથ સ્ટેશનથી નજીક આવેલ અને મધુવનથી ઓળખાતા આ પ્રાચીન તીર્થ સંમેતશિખરમાં જૈનોના ચોવીસ તીર્થંકરોમાં શ્રી આદિશ્વર ભગવાન, શ્રી વસુપૂજ્યસ્વામી, શ્રી નેમિનાથ ભગવાન અને શ્રી મહાવીરસ્વામી સિવાયના અન્ય વીસ તીર્થંકરો નિર્વાણ પદને પામ્યા છે. તેથી આ તીર્થનો જૈનોમાં ભારે મહિમા છે. આ તીર્થ પારસનાથ હિલથી પણ ઓળખાય છે. સત્તરમાં સૈકામાં થયેલા પં. શ્રી જયવિજયજી આ તીર્થનું વર્ણન કરતાં જણાવે છે કે–'સમેતાચલ શત્રુંજય તોલાઇ, સિદ્ધિવર જિનવર એમ બોલાઇ, એહ વયણ નવિ ડોલઇ.' અઢારમાં સૈકામાં થયેલ પં. શ્રી વિજયસાગરજી કહે છે કે–'અધિકો એ ગિરિ ગિરૂઅડે, શત્રુંજયથી જાણેજી.' પં. શીલવિજયજી 'તીર્થમાળા'માં નોંધે છે કે આ પહાડ સાત કોશ ઊંચો અને પાંચ કોશ પહોળો છે. આ ગિરિરાજમાં છૂટે હાથે જાણે નૈસર્ગિક સૌંદર્ય વેરાયેલ હોય તેમ ચોતરફ લીલાછમ વૃક્ષો અને વનરાજી નજર પડે છે. સંમેતશિખર ગિરિરાજની ઊંચાઇ સમુદ્રની સપાટીથી ૪૪૮૧ ફીટ ઊંચી છે.

સમ્મેતશિખર તીર્થની માલિકી વ્યવસ્થા, નિયંત્રણ અને કબજો શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સમાજ પાસે સેંકડો વર્ષોથી છે. થોડા સમય પહેલા બિહાર સરકારે એક વટહુકમ બહાર પાડીને તેને રાષ્ટ્રપતિની સહી માટે મોકલી આપ્યો છે. આ વટહુકમમાં સમેતશિખરજી તીર્થનાં સંચાલન, વ્યવસ્થા અને વહીવટ એક બોર્ડ દ્વારા કરવાની દરખાસ્ત છે. આ વહીવટી બોર્ડમાં શ્વેતાંબર મુર્તિપૂજક સમાજના છ પ્રતિનિધિઓ દિગમ્બર જૈન સમાજના છ પ્રતિનિધિઓ અને બિહાર સરકારના એક પ્રતિનિધિ એમ કુલ ૧૩ સભ્યોનો સમાવેશ થાય છે.

બિહાર સરકારનો આ વટહુકમ તદ્દન આપખુદીભર્યો, બદઇરાદાવાળો અને ધર્મમાં હસ્તક્ષેપ સમાન છે. આ વટહુકમની કલમ ૧૦ (૧) અને (૨) મુજિબ સમેતશિખર તીર્થનાં મંદિરોનું ઝવેરાત, રોકડ રકમ અને પ્રાચીન કૃતિઓ એ બધું જ ટ્રસ્ટીઓએ તત્કાલીન વહીવટી બોર્ડને સુપરત કરવું પડશે અને ટ્રસ્ટીઓ તેમ નહિ કરે તો વટ-

હુકમની કલમ ૪૧ મુજબ ટ્રસ્ટ અને મંદિરનાં અવેરાત અને મિલકતોનો કબજો લેવા સરકારી અધિકારી ટ્રસ્ટીઓના ઘરે એચિંતી ધાડ પાડી શકશે અને તળિયાઝાટક ઝડતી પણ લઈ શકાશે. કલમ ૩૨ પ્રમાણે ટ્રસ્ટીઓને આ ગુના સબબ એક વરસની જેલની સજા પણ થઇ શકશે. આ વટહુકમની જોગવાઈઓ મનસ્વી અને આપખુદ છે તેની સાબિતી આપતી એક જોગવાઇ એ છે કે વહીવટી બોર્ડને યોગ્ય જણાય તો સમેતશિખર તીર્થમાં પૂજા કરવા માટે ફી નકકી કરી શકશે અને તે ઉઘરાવી શકશે. જૈન ધર્મની પરંપરા પ્રમાણે ભગવાનની પૂજા માટે કોઇ પણ પ્રકારની ફી લેવી એ તદ્દન અયોગ્ય ગેરવાજબી અને ધર્મની લાગણી દુભવવા સમાન છે.

સમેતશિખર તીર્થ અંગે શ્વેતામ્બર-દિગમ્બર સમાજની જે તકરાર છે તેનો લાભ લઇ બિહાર સરકાર સમેતશિખર તીર્થ પર પોતાનો અધિકાર જમાવવાનો બદ ઇરાદો રાખતી હોય તેમ આ વટહુકમથી સ્પષ્ટ જણાય છે.

સમેતશિખર તીર્થમાં અશાંતિ ધાંધલધમાલ કે કાયદો અને વ્યવસ્થાના કોઇ પ્રશ્નો જ નથી સર્જાયા તોપણ જાડેર શાંતિ અને સલામતીના બહાના હેઠળ બિહાર સરકારે આ વટહુકમ કાઢીને સમેતશિખર તીર્થ હસ્તગત કરવાનું કદમ ઉઠાવ્યું છે. તેનાથી બિહાર સરકારના ઇરાદા તરફ શંકા-કુશંકા થાય તે સ્વાભાવિક છે.

સમગ્ર જૈન સમાજને આજે આ ગંભીર પ્રશ્નને એક મંચ પર આવવાની જરૂર છે.

કયારેય જરૂર ન હતી તેવા એકતા અને સંગઠનની જૈન સમાજને આજે જરૂર છે. સમગ્ર જૈન સમાજે ગચ્છ, સંપ્રદાય અને ફિરકાભેદ ભૂલીને એકતા માટે નક્કર કાર્ય કરવું પડશે. જૈન સમાજ જો સંગઠિત નહિ હોય તો આપણાં અનેક પ્રાચીન તીર્થ-સ્થળો પર સરકારી તવાઇ આવી શકે છે. આપણા પૂજય આચાર્ય ભગવંતો, પૂજય સાધુ-સાધ્વીજી મહારાજો, જૈન સમાજના અગ્રણીઓ અને કર્મઠ કાર્યકરોએ જૈનોનાં એકતા અને સંગઠન માટેની એક નક્કર ભૂમિકા તૈયાર કરવી પડશે. કોઇ પણ ધર્મ કે સમાજનું સંગઠન એ તેનું ત્રીજું નેત્ર છે. જો આપણે સંગઠિત હઇશું, એક હઇશું તો આપણી સામે નજર સુદ્ધાં કરવાની કોઇ હિંમત નહિ કરી શકે એ નિર્વિવાદ વાત છે.

જૈનો પોતાના તીર્થોનો, મંદિરોનો, ધર્મસ્થાનકોનો હજારો વર્ષોથી સુંદર વહીવટ કરતાં આવ્યાં છે. જૈનોનાં ધર્મસ્થાનકોના આ વહીવટમાં કદી કોઇ મુશ્કેલીઓ આવી નથી અને કદાચિત્ આવી હોય તો તેને કુનેહપૂર્વક ઉકેલવામાં આવી છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે છાશવારે આ દેશમાં જૈન ધર્મ સ્થાનકો ઉપર સરકારી તવાઇ શા માટે ? શું જૈન શાંત, સરળ અને સહન કરનારા છે એટલે જ તેમનાં પવિત્ર ધર્મસ્થળોમાં હસ્તક્ષેપ થઇ રહ્યો છે ? ધર્મમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર કોઇ સરકારને આપણા

(અનુ ટાઇટલ ૩ પર)

શાસન સમાચાર

ઇસ્લામપુર (મહા) અત્રે પં. પૂ. શ્રી ચંદ્રશેખર વિ. મ.ના શિષ્ય પૂ. મુ. શ્રી કીર્તિદર્શન વિ.મ આદિની નિશ્રામા અનેકવિધ તપ સાથે પર્યુષણની સુંદર આરાધના થઇ તપસ્વીઓ સુંદર થઇ પારણા સન્માન સારા ઉત્સાહથી થયા.

થાણા-ટીંબીનાકા શ્રી સંઘમાં પૂ. તપસ્વી મુનિરાજ શ્રી જિનસેન વિજયજી મ. તથા પ્રવકતા મુનિરાજ શ્રી રત્નસેન વિ. મ.ની નિશ્રામાં ચોમાસાની સારી આરાધના થઇ ૧૦૯ સિધ્ધિતપ વિ. જોરદાર તપસ્યા થઇ તે નિમિત્તે ભા. સુ. ૮ થી વદ ૧ સુધી શાંતિસ્નાત્ર ભકતામર પૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વીશસ્થાનક પૂજન સ્વામિવાત્સલ્ય વિ. ભવ્ય ઉત્સવ ઠાઠથી ઉજવાયો.

ગાંધિધામ (કચ્છ)-અત્રે પૂ. મુ. શ્રી દેવરત્ન સાગરજી મ.ની નિશ્રામાં, અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. ની છઠ્ઠી સ્વર્ગતિથિ તેમજ પર્યુષણ આરાધનાદિના અનુમોદનાર્થે ૧૧ છોડના ઉજમણા સહિત તથા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભક્તામર પૂજન, નમિઉણપૂજન આદિ પંચાન્હિકા મહોત્સવ તા.૨-૧૦-૬૪ થી ઉજવાયા તા. ૫-૬-૭ અઠ્ઠમ થયા અને તેમજ એ. પી. ચોધરી પરિવાર તરફથી શંખેશ્વરજીની યાત્રાનો લાભ નકી થયો. તા. ૭-૧૦-૬૪ના કચ્છ દેશના માસખમણના તપસ્વીઓનું બહુમાન કરવામા આવ્યું.

પુના કેમ્પ—શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનમંદિરે પૂ. મુ. શ્રી કર્મજિત્ વિજયજી મ.ની નિશ્રામાં ભાઇશ્રી અમૃતલાલ શોભાલાલ શાહ ભાઇ શ્રી સુરેન્દ્રભાઇ ગોરધનદાસ શાહ તથા ભાઇશ્રી શરદભાઇ ભોગીલાલ શાહના અનેકવિધ ધર્મકાર્યો તથા આદર્શભૂત જીવનની અનુમોદનાર્થે શ્રી સંઘ તરફથી શાંતિ સ્નાત્ર આદિ સહ શ્રી પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ચોજવામાં આવ્યો હતો આ ત્રણે ભાગ્યશાળીઓ પુના લશ્કર શ્રી સંઘના આધાર સ્તંભ અને શાસનના હીરલા હતા. શ્રી શરદભાઇ ઉગતા તેજસ્વી તારલા હતા તેઓ પુના માં ચાતુમાસાર્થે પધારનાર પૂજ્યોને વંદનાર્થે મંચર ગામે ગયેલ અને પાછા ફરતા નાકણ ગામ નજીક જીવલેણ અકસ્માતમાં, આવીજતાં સંસારથી વિદાય થયા શ્રી સંઘને તેમની ભારે ખોટ પડી છે.

બારેજા—અત્રે પૂ. મુ. શ્રી મુકિતધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામા ઐતિહાસિક રૂપ ચાતુર્માસ તથા પર્યુષણની માસખમણ-૪ આદિ આરાધના નિમિત્તે તથા તથા પૂ. સા. શ્રી મૃગનયનાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ. પૂ સા.શ્રીમુકિત પ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. ના નવ ઉપવાસ આદિ તપસ્યા નિમિત્તે ભા. સુ. ૧૪ થી વદ ૩ સુધી શાંતિ-

સ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન સ્વામિવાત્સલ્ય આદિ સાથે પંચાન્હિકા મહોત્સવ ભવ્યરીતે ઉજવાયેા.

ગીરમથી બોડજ ચૈત્યપરિપાટીઓ તથા પુનમ પછી માતર તીર્થના સંઘનુ આયેાજન થયું છે.

સુરત–છાપરીયા શેરી શ્રી આદીશ્વર જૈન મંદિરે પૂ આ. શ્રી વિજય અમર ગુપ્ત સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામા શૈલેશકુમાર નાનચંદ શાહ તરફથી તેમના પિતાશ્રી નાનચ દભાઇ નાથાજી તથા માતુશ્રી મંજુલાબેનના પુણ્યસ્મરણાર્થે આસો સુદ ૬ ના બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું વિધિ માટે ડભોઇથી શ્રી પરેશભાઇ શાહ પધાર્યા હતા.

અમદાવાદ–વીતરાગ સોસાયટી પાલડીમાં પૂ પં. શ્રી રત્નપ્રભ વિજયજી મ. ની નિશ્રામા ચાતુર્માસ તથા પર્યુષણ આરાધના ના ઉપધાન નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી શાંતિસ્નાત્ર આદિ અટ્ઠાઇ મહોત્સવ ભા. સુ. ૬ થી વદ–૧ સુધી ઠાઠથી ઉજવાયા.

રતલામ નગરે એકાંતરે ૫૦૭ આયંબીલના પારણા પ્રસંગે થયેલ શાસન પ્રભાવના—તખતમલ ચાંદમલ તાંતેડના અખંડ સૌ. ધર્મ પત્ની ગુલાબબેનના એકાંતર ૫૦૭ આયંબિલ મહાન તપસ્યા નિમિત્તે ભા. વ ૪ના બપોરે નવપદજીની પૂજા તથા સવારે સાધ્વીજી સ્મિત પ્રજ્ઞાશ્રીના સંસારી બનેવી પાટણવાલા મહેન્દ્રભાઇ તથા નરેશભાઇ તરફથી વ્યાખ્યાનમાં ગુરૂપૂજન તથા સંઘપૂજન કરવામાં આવેલ ભા. વ. ૫ ના સવારે ૫૦૭ આયંબિલના પારણા પ્રસંગે સવારે વરઘોડો ત્યારબાદ ગુજરાતી ધર્મશાળામાં વ્યાખ્યાન રાખવામાં આવેલ ત્યાર બાદ ગુરૂપૂજન તથા સંઘપૂજન કરેલ ભા. વ. ૮ના દિવસે કોલાપુરવાલા લીલાવંતીબેન હંશરાજજી તરફથી ગુરૂપૂજન તથા સંઘપૂજન કરવામાં આવેલ.

ભા. વ–૯ ના સવારે વ્યાખ્યાનમાં કાલુરામ સેવારામના ધર્મપત્ની રતનબેનના ધર્મચક્રપૂર્ણાહુતી નિમિતે બે રૂપિયાનુ સંઘપૂજન તથા ગુરૂ પૂજન કરેલ.

અમદાવાદ–નારણપુરા વિજય નગર શ્રી વાસુપૂજ્ય સ્વામી મંદિરે ૧૦૦+૨૫ ઓળીના તપસ્વી પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદ વિજયજી મ. આદિઠાણાની પુનીત નિશ્રામાં પૂ. પાદ આ. ભ. શ્રી વિજય કનકચંદ્ર સૂરીશ્વરજી મ. ની ૧૨ મી પુન્ય સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ૫૬ વર્ષની સંયમ પર્યાયની અનુમોદનાર્થે શ્રી શાંતિસ્નાત્ર તથા બે સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી નવપદ પૂજન શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ આસો સુદ ૫ થી આસો સુદ ૧૨ સુધી ભવ્ય રીતે ઉજવાયેા દરરોજ નવા નવા સંગીતકારો ભક્તિની રમઝટ બોલાવતા હતા અપૂર્વ રીતે આ ઉત્સવ ઉજવાયેા. ભા. સુ. ૬ના પૂ. આ.મ. ની સ્વર્ગતિથિ હતી તથા ભા. સુ. ૮ ના તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. ઉ. મ.ની પાંચમી સ્વર્ગતિથિ હતી.

અમદાવાદ–ધંસનપુર–સમ્રાટ નગરમાં

૧૦૮ પાર્શ્વનાથના ડેમોલ પાર્શ્વનાથ ૨૦૪૩ માં ડેમોલથી ધાવ્યા છે. ૨૦૫૦માં પર્યુષણમાં આઠે દિવસ ભગવંતની મુર્તિમાંથી એકધાર્યું અમી ક્યું હતું વિશેષમાં એક કુતરાને ભગવાનની મૂર્તિજોતા જાતિ સ્મરણ જ્ઞાન થવાની સંભવના છે મૂર્તિ જોયા પછી છેલ્લા પર્યુષણમાં તેણે અઠ્ઠમ તપ કરેલ છે. બચરાવાની ઘણી મહેનત કરવા છતાં કુતરો બાતો નહી કાચું પાણી સુંઘતો અને પીવાની ના પાડી દેતો અને ઉકાળેલું પાણી પીતો હતો ભાદરવા સુદ પાંચમના સહુની સાથે કુતરાએ અઠ્ઠમ તપનું પારણું કરેલ છે.

ભરૂચ–શ્રીમાળી પોળ પૂ. આ. શ્રી વિજય પુણ્યાનંદ સૂ. મ.ની નિશ્રામાં પર્યુષણ ભવ્ય રીતે ઉજવાયા પૂ. આ. શ્રી વારિષેણ સૂ. મ.ની ૯૪મી ઠામ ચોવીહાર ઓળી નિમિરો કાર્યક્રમ સારો થયો તે નિમિત્તે પુનમચંદ દેવચંદ શ્રોફને ત્યાં પ્રવચન આદિ થયા વેજલપુરમાં ભક્તામર પૂજન આદિ પંચ ન્હિકા ઉત્સવ થયો.

ખંભાત–અત્રે પૂ. મુ. શ્રી ભોવિરત્ન વિ. મ.ની નિશ્રામાં પર્યુષણની સુંદર આરાધના થઇ.

સમેતશિખરજી અત્રે પ્રેરણા થતા સારૂં ફંડ થયું પૂ. પાદ આ. ભ.શ્રી રામચંદ્ર સૂ. મ.ની સ્વર્ગતિથિ પ્રસંગે અષ્ટોત્તરી સ્નાત્રની કાયમી યોજના થઇ તેમજ તે દિવસે સાધર્મિક ભક્તિની યોજના રૂપે ટીપ થતાં ૫–૫ હજારના ત્રણ નામો લખાયા તથા આગળ ચાલુ છે જેથી સાવર્મિકવાત્સલ્ય પણ કરી શકાશે.

સુરેન્દ્રનગર—આરાધના ભવનમાં પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મ. સા. પૂ. આ. ભ. શ્રીમદ્‌વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. પૂ. આ. ભ. શ્રીમદ્‌ વિજય મહાબલ સૂરીશ્વરજી મ. સા. પૂ. આ. ભ. શ્રીમદ્‌ વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં પ. પૂ. તપસ્વી કમલરત્ન વિજયજી મ., પૂ. દર્શન રત્નવિજયજી મ., પૂ. વિમલરત્નવિજયજી ૨.ના ભગવતી જોગની અનુમોદનાર્થે તથા પૂ. સા. ક્રાન્તિશ્રીજી મ. ના પરિવારમા પૂ સાધ્વીજી લક્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. ના શિષ્યરત્ના પૂજ્ય સાધ્વીજી નિર્મોહદર્શનાશ્રીજી મ.ના લાગટ ૫૦૦ આયંબિલ તપની પૂર્ણાહુતિ નિમિત્તે

ભડથ (ગુજરાત–ડીસા નિવાસી સાધ્વીજીના સંસારી ભાઇ શાન્તિલાલજી તથા પિતાજી હુકમચંદજી જીવાજી તરફથી કાર્તિક-સુદ ૩–૪ રવિવાર તા. ૬–૧૧–૯૪ના નવા વર્ષે મંગલમય શ્રી સિદ્ધચક્રમહ પૂજન તથા અત્રે દેરાસરમાં મનોહર ભવ્ય અંગ રચના થયેલ.

સાવધાન

મગનલાલ ચત્રભૂજ મહેતાની નામે, તબીયત ખરાબ છે મુંબઇમાં ચેકઅપ કરાવવા આવ્યા છીએ, રૂા. ની જરૂર છે આમ બહાના કાઢી રૂપીયા મેળવવા પેતરા રચાયછે.

મગનભાઇ દરેક રીતે સુખી છે. એમને કોઇ આર્થિક સહાયની જરૂર નથી સર્વેને વિનંતિ કે આવા માણસોથી ચેતતા રહેજો

તા. ૩૦–૧૦–૯૪ લી. સંપાદક

— જામનગર કામદાર કોલોનીમા —

પરમપૂજ્ય, પંન્યાસપ્રવર શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્ય આદિઠાણાની નિશ્રામાં શ્રી નમિનાથજી આદિ જિન બિંબોની અંજનશલાકાનો મહોત્સવ યોજાય છે તેનો કાર્યક્રમ.

૧ કારતક વદ ૧૨ બુધવાર તા. ૩૦–૧૧–૯૪ સવારે ૮–૩૦ વાગ્યે જલયાત્રાનો વરઘોડો બપોરે ૨–૩૦ વાગ્યે શ્રી પંચકલ્યાણક પૂજા.

૨ કારતક વદ ૧૩ તા. ૧–૧૨–૯૪ ગુરૂવાર : કુંભસ્થાપના, અખંડદીપક, જવારારોપણ, ક્ષેત્રફલ સ્થાપના, માણેકસ્થંભ આરોપણ, જલયાત્રાનો વરઘોડો, નંદાવર્ત પૂજન, દશદિક્પાલ પૂજન, નવગ્રહપૂજન, ૧૬ વિદ્યાદેવીપૂજન, અષ્ટમંગલપૂજન, નવપદપૂજા, વીસસ્થાનકપૂજા, આંગી.

૩ કારતક વ. ૧૪–૦)) તા. ૨–૧૨–૯૨ શુક્રવાર : ચ્યવન કલ્યાણક ઉજવણી, વરઘોડો.

૪ માગસર સુદ ૧ તા. ૩–૧૨–૯૪ શનિવાર : જન્મકલ્યાણક વરઘોડો–જન્મકલ્યાણક વિધિ, અઠાર અભિષેક.

૫ માગસર સુદ ૨ તા. ૪–૧૨–૯૪ રવિવાર : પુત્રજન્મની વધાઇ, નામસ્થાપના, નિશાળ ગરણું, લગ્ન મહોત્સવ, રાજ્યાભિષેક.

૬ માગસર સુદ ૩ તા. ૫–૧૨–૯૪ સોમવાર : દીક્ષા કલ્યાણક વરઘોડો, દીક્ષાકલ્યાણક, દેવીપૂજન, અધિવાસના, અંજન, કેવળજ્ઞાન કલ્યાણક.

૭ માગસર સુદ ૪ તા. ૬–૧૨–૯૪ મંગળવાર : સવારે નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક બપોરે વિજય મુહુર્તે સિધ્ધચક્ર પૂજન.

૮ માગસર સુદ ૫ તા. ૭–૧૨–૯૪ બુધવાર : જિનબિંબ પ્રતિષ્ઠા શુભ મુહુર્તે, શ્રી શાંતિસ્નાત્ર તથા હાલાર સમસ્ત જામનગરના જૈનોની તથા મહેમાનોની સાધર્મિક ભક્તિ.

૯ માગસર સુદ ૬ તા. ૮–૧૨–૯૪ ગુરૂવાર : સવારે દ્વારોદ્ઘાટન, સત્તારભેદી પૂજા.

[પેજ ૩૬૧ નું ચાલુ]

બંધારણે હરગિજ આપ્યો નથી અને જૈનો શાંત, સરળ અને સહન કરનારા છે તે વાત સાચી હોવા છતાં તેઓ પોતાનાં ધર્મસ્થાનકો પર કોઇ પણ પ્રકારનો હસ્તક્ષેપ સહન કરી લેશે તે વાત માનવી તદ્દન ભૂલ ભરેલી છે. જૈનો આ પ્રશ્નને સંગઠિત બની જોરદાર લડત આપશે અને સરકારે આ પ્રશ્નને અવશ્ય પીછેહઠ કરવી પડશે એ વાત એટલી જ નિશ્ચિત છે.

સમેતશિખર તીર્થના બિહાર સરકારના વટહુકમ અંગે તાજેતરમાં જ જૈન અગ્રણીઓનું એક ડેપ્યુટેશન દિલ્હીમાં ગૃહપ્રધાન શ્રી શંકરરાવ ચહાણને મળ્યું હતું અને તેઓએ આ વટહુકમ અમલી નહિ બનાવાય તેવું આશ્વાસન આ પ્રતિનિધિ મંડળને આપ્યું હતું. —જન્મભૂમિ તા. ૨૧–૩–૯૪



- સુખ માટે કરેલા ધર્મથી એકવાર સુખ મળે પણ સાથે મિથ્યાત્વ એવું ગાઢ બંધાય કે તે સુખના કાળમાં એવા એવા પાપ કરાવીને દુર્ગતિમાં જ મેકલી આપે.
- ગ્રન્થિને ઓળખે કે ઓળખવાનું મન થાય તે જ શ્રી જૈનશાસનનો અર્થી થાય.
- સમકિત પામવા, ગ્રન્થિ ભેદવા જે ધર્મનો પુરૂષાર્થ કરે તે જ સાચો પુરુષાર્થ કરે છે. બાકીના જે પુરૂષાર્થ ધર્મનો કરે તે કેવળ સંસાર માટે જ કરે. તેને ધર્મ સાથે કાંઈ લાગેવળગે નહિ, તેના હૈયાને ધર્મ સ્પર્શે નહિ, તેને કોઈ ગુણ સાચા રૂપે આવે નહિ, તેનો ગુણ પણ દોષ.
- ગ્રન્થિ એટલે સંસારમાં ભટકાવનારી મૂડી, મોટામાં મોટી મિલકત !
- આપણે પૈસાથી પુણ્ય નથી માનતા પણ ધર્મ સામગ્રીથી પુણ્ય માનીએ છીએ.
- જગત પાપ કરે તેમાં નવાઈ નથી. આર્યદેશાદિમાં જન્મેલા પાપ કરે તે નવાઈ.
- આપણને દુઃખ ન આવે તે નવાઈ ! સુખ મળે તે નવાઈ !
- હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? શું કરવાનું છે ? શું નથી કરવાનું ? આ વિચાર જેને ન આવે તે અહીંથી દુર્ગતિમાં જ જવાના છે.
- ભયંકર ઉપસર્ગો જેના પર થયા તે શ્રી અરિહંત પરમાત્માઓએ આંખ ઊંચી પણ ઊંચું નથી કર્યું તો તેના સેવકો કોઈનું એક વાકય પણ ન સાંભળી શકે તે ચાલે ?
- આપણે શરીરના પ્રેમી કે આત્માના પ્રેમી ? ગુણના પ્રેમી કે દોષના પ્રેમી ? તપના પ્રેમી કે ખાવાના પ્રેમી ?
- મોહની મુઢતા વાળાનો ધર્મ શિથિલ જ હોય, સીદાતો જ હોય, માંદો જ હોય. તે સારી રીતે ધર્મ કરે જ નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

6250

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिध्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

आ. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा,
कि. गांधीनगर, पिन-382009.

० द्वादशांगीनो सार:

तत्त मिणं सारमिणं
दुवालसंगीइ एस परमत्थो ।
जं भवभमण सहाया इमे
कसाया चइज्जंति ।।

द्वादशांगीनुं એજ तत्त्व छे,
એજ सार छे, એજ परमार्थ छे
के-भवभ्रमणमां सहायक એवा
कषायोनो त्याग करी देवो.

卐

अठवाडिक

वर्ष	अंक
७	१३

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
अप, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

ચિંતન

–પ્રજ્ઞાંશ

सन्तोषस्त्रिषु कर्त्तव्यः, स्वदारे भोजने धने ।
त्रिषु चैव न कर्त्तव्यो, दाने चाध्ययने तपे ।।

પરોપકાર બુદ્ધિવાળા પરમર્ષિઓ, ભવ્યાત્માઓના હિતની ચિંતા જેવી કરે છે. તેવી જગતમાં કોઈએ કરી નથી. દેવોને દુર્લભ એવા મનુષ્ય જન્મને પામેલો પુણ્યાત્મા આ મનુષ્યજન્મ હારી ન જાય અને કમમાં કમ માણસાઈ ધર્મથી પણ ચ્યુત ન થાય. તેના માટે રેડસીગ્નલ બતાવતા કહે છે કે–ભાગ્યશાલી ! મહામૂલો આ મનુષ્ય જન્મ વેડફાઈ ન જાય, નિષ્ફળ ન જાય તે માટે માણસાઇ મેળવવા પ્રયત્ન કર. તે માટે સંતોષ ગુણને આત્મસાત્ કર. જો તું સંતોષી બન્યો તો બધી વિપત્તિ તારે માટે સંપત્તિ બનવાની છે અને અસંતોષી બન્યો તો સંપત્તિ પણ વિપત્તિ બનવાની છે.

ભગવાનનો સાધુધર્મ સ્વીકારવા તું સમર્થ નથી, સંસારમાં તારે રહેવું પડે છે તો ભાઈલા સંતોષને કેળવ અને માણસાઇને દીપાવવા સ્વસ્ત્રીમાં, ભોજનમાં અને ધનમાં તો અત્યંત સંતોષી બન. જો તારે શરીરને સારું રાખવું હોય, રોગનો પનારો ન પાડવો હોય તો ભોગમાં, ખાવા–પીવામાં સંયમી બની જા. ભોગનો અતિરેક અને ખાવા પીવામાં પશુવૃત્તિ એજ રોગને આમંત્રણ આપનારા પરિબળો છે. દુનિયામાં પણ કહેવાય છે કે, કમમાં કમ સારા બની રહેવું તો 'अति सर्वत्र वर्जयेत्' અર્થાત્ બધામાં અતિનો ત્યાગ કરવો.

અતિભોગ લોલુપતાના ભોરીંગે આજે જગત ઉપર એવો ભયંકર ભરડો લીધો છે જેના કારણે માણસાઇનું તો લીલામ થઇ ગઇ ગયું છે અને પાશવી વૃત્તિ તો એવી વકરી ગઇ છે જેનું વર્ણન ન થાય. તેથી સારા સારા લોકો પણ ચોંકી ઊઠયા છે કે આ વિલાસી–વિકારી વાતાવરણ માનવતાના ધર્મોનો વિનાશ કરનાર છે. શયતાનને પણ ભૂલાવે તેવા કારસ્તાનો કરાવનાર જો કોઈ હોય તો આ ત્રણમાં ભોગમાં, ભોજનમાં અને ભોગનાં સાધન ધનને મેળવવામાં અસંતોષ છે.

તેનાથી બચવા માટે જ ઉપાય બતાવતા કહે છે કે, ભાઇ દાનમાં અધ્યનન–સ્વાધ્યાયમાં અને તપમાં તું સંતોષી નહિ પણ અસંતોષી બને. ભોજનને નાથવા તપ છે, ભોગલોલુપતાને કાપનાર, સ્વાધ્યાય છે અને ધનના અતિલોભનો કાબુ રાખનાર દાન

(અનુ. ૩ જા ટાઇટલ ઉપર)

આગમોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેલાજી ગુલેચ્છા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ રાયચંદજી મુહકમ (ચાંદા ગઢ)

[વર્ષ ૭] ૨૦૫૧ કારતક વદ-૪ મંગળવાર તા. ૨૨-૧૧-૯૪ [અંક-૧૩

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-બીજું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૨ રવિવાર તા. ૬-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર અમદાવાદ

આપણે જે સુખ જોઇએ તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આવું જો મનમાં ન હોય અને 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' બોલીએ તે જુઠ્ઠું બોલીએ છીએ. આ બે પદ બોલે તેને મોક્ષમાં શ્રધ્ધા ન હોય તે બને ? મોક્ષ ન માને તે બને ? કોણ આવો હોય ? અભવી આદિ હોય તે. અભવ્ય જીવો શ્રી નવકારમંત્ર ગણે, નવપૂર્વ ભણે તે પણ શાસ્ત્રે તેને અજ્ઞાન જ કહ્યા. તે ચારિત્ર પણ લે, સારામાં સારૂં પાળે છતાં પણ તેને ચારિત્રનો સાચો પરિણામ ન આવે. તે તો સંસારના સુખનો જ ભીખારી છે. સુખ માટે બધા જ કષ્ટો વેઠે છે. તમે લોકો પણ દુનિયાના સુખ માટે કેટલાં કષ્ટો વેઠો છો ? કેટલા પાપ કરો છો ?

પ્ર.—મોક્ષનો અનુભવ નથી.

ઉ.—છે. આપણને જે સુખ મળે તે દુઃખ વિનાનું હોવું જોઇએ—તેવી ઇચ્છા ખરી ને ? જે સુખ મળે તે પૂરેપૂરૂં મળે તો સારૂં તેમ પણ મનમાં ખરૂં ને ? આવેલું સુખ ન જાય તેવી પણ ઇચ્છા ખરી ને ?

મોક્ષની ઇચ્છા વિનાના સાધુ, લોકોને ય સંસારના-પાપના માર્ગે જોડે પૈસાના અને સુખના જ રાગી બનાવે. આપણે જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે—આ વાત એક પુદ્ગલપરાવર્ત્તની અંદર સંસાર બાકી હોય તેને

જ બેસે. તમે બધા ચરમાવર્ત્તમાં છો કે નહિ તેની ખાત્રી કરાવવી છે તે વિના આ પંદર ગુણની વાત પણ નહિ ગમે.

પ્ર.–નવકાર ગણવા છતાંય હજી મોક્ષની શ્રદ્ધા નથી થતી તેનું શું કારણ ?

ઉ.–તે જીવ કાં ભારે કર્મી છે કાં દુર્ભવ્ય છે કાં અભવ્ય છે.

તમે બધા ભારેકર્મી ભવ્ય છો કે લઘુકર્મી ભવ્ય છો ? મોક્ષને માને અને મોક્ષે જવાની તીવ્ર ઇચ્છા હોય તે લઘુકર્મી કહેવાય. મોક્ષને ન માને તે ભારેકર્મી કહેવાય. તેવાને તો ખુદ ભગવાન પણ ઉપદેશ ન આપે. ભગવાન ભવ્ય જીવોને જ ઉપદેશ આપે પણ અભવ્યાદિને નહિ. મોક્ષ ન રૂચે તેને ઉપદેશ અપાય નહિ. મોક્ષની રૂચિ પેદા કરવા માટે વ્યાખ્યાન છે. મોક્ષની વાત આવે એટલે તેના માટે સાધુપણાની વાત આવે. જેનાથી સાધુપણું ન બને તેના માટે શ્રાવકપણું છે. શ્રાવકપણાની પણ શક્તિ ન હોય તેના માટે સમકિત છે. સમકિત પણ ભારે પડે તેના માટે માર્ગાનુસારિપણું છે. તે પણ આજે ઘણાને ભારે પડે છે. મોક્ષ અવશ્ય છે. તેના માટે મહેનત કરવી જ જોઇએ–આવી ભાવના હોય તેના માટે ઉપદેશ છે. ઉપદેશની વાતો પણ આજે મોટાભાગને ગમતી નથી. વ્યાખ્યાનમાં રોજ આવે પણ જે કહે તે કરવાના પચ્ચક્ખાણ ! આજે તો ધર્મ કરનારા દીન જેવા લાગે છે. મોક્ષ ન માને તે બધા દેખાવનો ધર્મ કરે છે. તે તો કહે છે કે 'સાધુઓ તો નવરા છે' 'મફતનું ખાવું' ને મસીદ સૂવું.'

જે ગુણો કહેવા છે તે માટે મોક્ષની શ્રધ્ધા જોઇએ. **આત્માને શુદ્ધ બનાવી મોક્ષે મોકલવાની ઇચ્છા તેનું નામ અધ્યાત્મ છે.** ખાવા-પીવાદિની ઉપાધિ ન હોત તો લોકો આટલી મજુરી કરત ! ખાવા-પીવાદિ માટે કેટલા પાપ થાય છે ? આજે ભક્ષ્યાભક્ષ્યની વાત ગમતી નથી. 'આ ખવાય અને ન ખવાય' તેમ કહીએ એટલે કહે કે-પંચાંત માંડી ખાવા-પીવાદિમાં વિવેક છે ? વિવેકી આદમી કદી હોટલમાં જઇને ખાય ખરો ?

મોક્ષની શ્રધ્ધા જેને ન હોય તેનો ધર્મ એ વાસ્તવિક ધર્મ નથી. મોક્ષની શ્રધ્ધા થયા પછી પણ મોક્ષની ઇચ્છા ન હોય દુનિયાની સુખ-સંપત્તિની ઇચ્છા હોય, તે માટે જ ધર્મ કરે તો તેનો ય ધર્મ, ધર્મ નથી પણ અધર્મનો ભાઇ છે.

પ્ર.–દુનિયાનું સુખ મેળવવા ધર્મ ન કરાય તો શું કરાય ? પાપ કરાય ?

ઉ.–બીજાં પાપ કરતાં, ભગવાને ના પાડી કે–'આલોકનાં અને પરલોકના સુખ માટે ધર્મ ન થાય–કરાય,' તે આજ્ઞાને ભાંગે તે મોટું પાપ ખરું ને ? તે સુખ માગીને મેળવ્યા પછી દુર્ગતિમાં જ જવું પડે. દુનિયાના સુખ માટે ધર્મ કરે અને તે સુખ મળે એટલે ધર્મ ભૂલી જાય.

દુનિયની સુખની ઇચ્છાથી ધર્મ કરનારા, પુણ્યયોગે સુખી થયા પણ ધર્મ ભૂલી ગયા. આજે મોટામાં મોટા પાપના ધંધા કોણ કરે છે? મોટા શ્રીમંતો. તે બધા મરીને લગભગ દુર્ગતિમાં જ જવાના છે. શાસ્ત્રે મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર અને પંચેન્દ્રિયઘાતને નરકના કારણ કહ્યાં છે. તમે બધા મોટા મોટા ધંધાદિ કરો છો તે શા માટે? ખાવા નથી મળતું માટે?

તમે બધા મોક્ષના અર્થી છો કે સંસારના સુખના અર્થી છો? સંસારના જ પ્રેમી તે બધ અધ્યાત્મ વિનાના છે. તેને આત્માની ચિંતા જ નથી. મર્યા પછી હું ક્યાં જઇશ તેની ચિંતા તમને થાય છે? જે રીતે જીવો છો તે રીતે જીવતાં જીવતાં મરો તો દુર્ગતિમાં જ જવું પડે ને? તિર્યંચો તો દેખાય છે પણ નરક પણ છે ને? આજે પશુઓને બચાવવાં હોય તો પણ બચાવી શકાય તેમ છે? પંખીઓ પણ દેખાય છે? ક્યાં ગયાં બધાં પક્ષિઓ? હુંડિયામણ કમાવા પક્ષિઓને પણ પરદેશ મોકલે છે હોય ને? અ તમારા નેતાઓએ અહિંસાથી રાજ મેળવ્યું તેમ કહેવાય છે અને તેઓએ હિંસા ધમધોકાર વધારી મૂકી!

તમારે સંસારની મજા કરવી છે કે ધર્મની મજા કરતા કરતા મોક્ષે જવું છે? ધર્મમાં મજા આવે તેને મોક્ષ ગમે. સંસારના સુખનો લોભીયો બન્યો એટલે ગયો તે સુખ માટે નોકરી કરે, મજુરી કરે, શેઠની ગાળો ય ખાય, બધા જ કષ્ટ મજેથી વેઠે પણ ધર્મ માટે કષ્ટ ભોગવો ખરા? કષ્ટ ભોગવ્યા વિના સારી રીતે ધર્મ થશે જ નહિ. સંસારમાં મજા કરનારા અને તેમાં જ આનંદ માનનારા સાચો ધર્મ કરી શકે જ નહિ. જેને ખાવા-પીવાદિમાં રસ આવે તેને ધર્મમાં રસ આવે જ નહિ. શ્રી અરિહંત પરમાત્માઓ અને શ્રી સિધ્ધભગવંતો જ્યાં ગયા છે. જ્યાં વસે છે તે સ્થાન સારૂં જ ને! રહેવા જેવું જ હોય ને? આપણે પણ ત્યાંજ જવું છે ને?

પ્ર.-મોક્ષે જવું છે પણ ત્યાં ન જવાય ત્યાં સુધી સંસારમાં સુખ મળે તેવી ભાવના રખાય ને?

ઉ.-સંસારનું સારામા સારૂં સુખ મળી જાય અને તે ગમે અને મજેથી ભોગવે તે ક્યાં જાય? સંસારનું સુખ ભોગવનારા કેવા ખરાબ બની જાય છે તેનું વર્ણન થાય તેવું છે! આજે જે રીતે ખાય છે. પીએ છે તે જોઇને થાય છે કે આ બધા માનવ છે કે જનાવર છે?

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી -

- સંયમ લીધા પછી અશુભોદયથી મૂંઝાઇ જનારાઓ તેમજ બીજી બાહ્ય અનુકૂળતાઓ ઇચ્છનારાઓ સંયમને હારી જાય છે.
- આત્મતત્ત્વને નિર્મલ કરવા માટે બારે પ્રકારનો તપ આચરવો જોઇએ.
- તપનો સર્વથા અભાવ, એ સંયમ રૂપી સ્ટીમરમાં લોઢાનો કાટ છે. એ કદી તારે નહિ પણ ડૂબાડે જ.
- અભિગ્રહો રૂપી બંધન ચંચળ ઇન્દ્રિયોને વશ કરનાર છે.
- મુમુક્ષુ માત્રે ત્યાગની પાછળ આરાધક ભાવની જે તૈયારી જોઇએ તે હોવી જોઇએ. 'હું સાધવા માટે નીકળ્યો છું" એ હૃદયમાંથી કદિ ભૂલાવું ન જોઇએ
- ધર્મદેશના એટલે મુક્તિપુરીમાં જવાનું આમંત્રણ !
- ધર્મ દેશના એટલે સમ્યક્ત્વનું મંડન અને મિથ્યાત્વનું ખંડન !
- ધર્મ દેશના એટલે દાતાર અને યાચકની સુંદરમાં સુંદર ગોષ્ઠી !
- જૈન ધર્મ એ માત્ર કુલાચાર જ નથી પણ ગુણની પરીક્ષાપૂર્વકનો સત્ય અને સારભૂત વસ્તુનો સ્વીકાર છે.
- આરંભ એટલે જીવઘાત સંમુખ જવું તે !
- સમ્યગ્દૃષ્ટિ આત્માઓ સંયમના પૂજારી હોય છે અને પાપથી ડરનારા હોય છે.
- દુનિયાને અર્થ અને કામમાં મસ્ત બનાવીને, કારખાનાં ખોલાવીને કે ધંધે લગાડીને લોકોને સુખી કરવાની ભાવના રાખવી એ મુનિનો ધર્મ જ નથી.
- મુનિઓ પાસે પેટની ચિંતા કરાવવાની ઇચ્છા જ સૂચવે છે કે અધઃપાતનું પગથીયું મોટું ખોદાઇ રહ્યું છે.
- આ સદી જાગતી નથી પણ ઉંઘતી છે. તમે જાગતા નથી પણ કુંભકર્ણની નિદ્રામાં ઘોરો છો, બાહોશ મટીને બેહોશ થયા છો.
- દુનિયાને માટે પોતાનો ધર્મ ભૂલવો એ જાગૃતિ નથી પણ આત્મભાન ભૂલવાનો ધંધો છે.
- મનગમતી ચાલે ચાલવું એટલે ઘર વેચીને વરો કરવાની વૃત્તિ થવી.
- ધર્મ કરવા માટે દુનિયાને એકવાર તદ્દન ભૂલી જવી પડશે. દુનિયાનાં આસકિત ઉપર કાતર મુકવી પડશે.
- શ્રાવક અનુકંપાદાન આપે તેમાં પણ ભાવ દયાનો ઝરોતો વહેતો જ હોય.
- વર્ષીદાનમાં ભાવના એ હોય છે કે-'આ સારી દુનિયા મોહની જાળમાં ફસી છે અને અજ્ઞાનતાથી સંસાર રૂપી ગર્તામાં પડી રહી છે તો આ દાનથી તેઓ પણ મોહનો નશો ઉતારીને કાંઇક ત્યાગનો મહિમા સમજે !

: ૐ હ્રીં શ્રી અર્હં નમ :

તપસ્યા કરતા કરતા હો કે ડંકા જોર બજાયા હો.

— પ્રેમપ્રિય

જૈન શાસનની અનુપમ પ્રભાવના જેનાથી થાય એવા અનુષ્ઠાનો જૈન શાસનમાં અપરંપાર છે એમાં તપ એ પણ શાસન પ્રભાવનનુ અનુપમ અનુષ્ઠાન છે.

આઠ પ્રભાવકોમાં તપસ્વીને પણ શાસન પ્રભાવક કહ્યો છે.

આ કાલમાં પણ માસક્ષમણાદિનો તપ તથા વર્ધમાનતપની ઓળીઓ ૫૦૦-૧૦૦૦ આયંબીલની સલંગ તપ કરનારા સારી સંખ્યામાં પુણ્યાત્માઓ હસ્તી ધરાવે છે.

લગભગ ૩૫૦ વર્ષ પૂર્વે આચાર્ય હીરસૂરીશ્વરજી મ.ના વખતમાં ચંપાબાઇએ ૬ મહીનાના ઉપવાસ કર્યા હતા એનાથી શાનદાર જૈન શાસનની પ્રભાવના થઇ હતી એના જ પ્રભાવે આ. દે. શ્રી હીર સૂરીશ્વરજી મહારાજે અકબર બાદશાહ દ્વારા અનુપમ કોટિનું અમારિ પ્રવર્તન કરાવ્યું હતું સુશ્રાવિકા ચંપાબાઇની પછી ૬ મહીનાનો શાસન પ્રભાવક તપ કોઇએ કર્યાનુ જાણમાં નથી.

ભગવાન મહાવીર દેવના શાસનમાં વર્ધમાનતપની સલંગ લગાતાર સો ઓળી કરનાર-સો કે સો ની ઉપરાંત વર્ધમાન તપની ઓળી કરનારા પુણ્યાત્માઓ થઇ ગયા પરન્તુ ૧૦૮+૧૦૦+૮૦=૨૮૦ ઓળીના આરાધક અજોડ તપસ્વી શાસનના સૌ-દર્ય વર્ધક સંયમમૂર્તિ સમતાનિષ્ઠ પ. પૂ. આચાર્યદેવ શ્રી રાજતિલક સૂરીશ્વરજી મહારાજ એક જ થયા છે એમણે લગભગ દરેક આયંબીલો ઠામ ચોવીહાર કર્યા છે વાપરતી વખતે જ પણી પીવાનું આયંબીલ કરતા પહેલા કે પછી પચ્ચક્ખાણ કર્યા બાદ પાણી પીવાનું નહિ વર્તમાનમાં પણ એ મહાપુરૂષનું જીવન તપતેજના પુંજથી ઝળહળી રહ્યુ છે શરૂઆતમાં આ મહાપુરૂષને આયંબીલ કરતા ઉલ્ટીઓ થતી હતી છતા એમણે મનને મક્કમ બનાવવા પૂર્વક અથક પ્રયત્ન કરવા દ્વારા આયંબીલ તપમાં અજોડ સિધ્ધિ પ્રાપ્તિ કરી છે એમાં આ એક જ કારણ હોઇ શકે કે સિદ્ધિપદને સર કરવાની લલસા ભરી તમન્ના.

આ મહાપુરૂષમાં રહેલી સંયમ સાધના-સ્વાધ્યાય લીનતા વગેરે પણ અવર્ણનીય છે ખરેખર એમણે આ જગતને એક સુન્દરતમ આદર્શ આપ્યો છે.

એઓશ્રીના તપના મનોરમ ગુણને જાણી દરેકે મનમાં એ ભાવ પૈદા કરવો જોઇએ કે આવો તપ ગુણ મારા જીવનમાં કયારે આવે. તેમજ એ માટે શકિત મુતાબિકે જીવનમાં તપ કરવાનો અભ્યાસ પણ કરવો જોઇએ.

જૈન શાસનમાં તપ ગુણનું પણ ઘણુજ મહત્વ છે. દશ વૈકાલિક સૂત્રમાં ઉત્કૃષ્ટ મંગલ તરીકે બતાવેલા ધર્મનુ સ્વરૂપ ફરમાવતા ૧૪ પૂર્વધર શ્રી શય્યંભવ સૂ. મ. ધર્મ અહિંસા–સંયમ–તપ સ્વરૂપ છે એમ જણાવે છે.

જેને અહિંસાનુ પાલન જીવનમાં કરવું હોય તેણે ઇન્દ્રિય અને મનનો સંયમ કેળવવો જોઇએ અને એ સંયમનુ પાલન તપથીજ થઇ શકે છે. જે પોતાના જીવનમાં તપ નથી કરતો તેની ઇન્દ્રિયો અને મન ખાવા–પીવાદિની મોજમજાનાં આસકત બને છે અને આસકત બનેલી ઇન્દ્રિયો અને મન તેની પાસે જીવોની હિંસાના પાપને કરાવે છે.

નવપદમાં પણ નવમા પદમાં તપપદ જે જણાવ્યું છે. તેનું પણ એક આગવું મહત્વ છે. તપથી જ ચારિત્ર પદનુ પાલન સુન્દર રીતે થઇ શકે છે ખાવા પીવા આદિની મોજ મજામાં આસકત બનેલો ચારિત્રનું યથાવસ્થિત પાલન કરી શકતો નથી. ચારિત્રથી ભ્રષ્ટ પણ થઇ જાય છે માટે ચારિત્ર પદની આરાધના જીવનમાં જવલંત રાખવા માટે તપ પદનુ આરાધન જીવન્ત રાખવું અતીવ અનિવાર્ય છે. ખાવાપીવાદિની મોજ-મજામાં આસકત બનેલો સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી કેમકે ખાવાપીવાદિની પ્રવૃત્તિમાં પડેલાને એ પ્રવૃત્તિમાંથી જ બહાર ન આવવાનુ થાય તો પછી શાસ્ત્રાભ્યાસ આદિનો સમય જ કયાંથી મળે અને જે કાંઇ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે પણ ખાવાપીવાદિમાં મશગુલ બનવાના કારણે નિદ્રાદિ પ્રમાદવશ બનવાથી સ્વાધ્યાયાદિ જીવનમાંથી નીકળી જવાના કારણે ભૂલી જાય છે. ૧૪ પૂર્વધરો પણ ખાવાપીવાદિની પ્રવૃત્તિમાં પડેલા સ્વાધ્યાયાદિ કરવાનુ છોડી દેવાથી ૧૪ પૂર્વનું અપૂર્વજ્ઞાન પણ ભૂલી જાય છે. માટે સમ્યગ્જ્ઞાન ગુણને પ્રાપ્ત કરવા અને ટકાવી રાખવા માટે પણ તપ પદની આરાધના કરવી જીવનમાં ખૂબજ જરૂરી છે.

ખાવાપીવાદિની મોજમજામાં આસકત બનેલો સમ્યગ્દર્શન પદને પ્રાપ્ત કરી શકતો નથી અને પ્રાપ્ત કર્યું હોય તો તેને ગુમાવી દેતા વાર લગાડતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-સ્થિરતામાં તપપદની આરાધના વિશિષ્ટ પ્રકારનો ભાગ ભજવે છે.

તપ ન કરનાર અને ખાવાપીવાદિ દ્વારા ઇન્દ્રિયો અને મનની મોજ—મજા માણનારનો પંચ પરમેષ્ટિમાં તો શું પણ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિમાં પણ તાત્વિક રીતે નંબર નથી લાગતો તેનો નંબર એ બધામાંથી બહાર જ રહે છે અને એથી ભયંકર દુઃખમય દુર્ગતિઓના દુરન્ત સંસારમાં જ તેને ભટકવું પડે છે. માટે તપ ગુણ ઘણોજ મહત્વનો છે જીવનમાં અપનાવવા જેવા છે. તપ કરનારાએ પણ તપ એ ગુણ રૂપ બને એ માટે તપ કેવો કરવો જોઇએ કેવો ન કરવો જોઇએ અને શા માટે કરવો જોઇએ અને શા માટે ન કરવો જોઇએ એ સમજવું પણ અત્યન્ત આવશ્યક છે

એના સમજનો સુકૃત સાગર નામના પેથડશાના ચરિત્ર ગ્રન્થમાં સાક્ષીરૂપે આવેલા બે પ્રાકૃત શ્લોકો સુન્દર ગરજ સારે એવા છે તે આ પ્રમાણે—

इंदियकसायविजओ जत्थ य पुओववास सीलाइं ।
सो हु तवो कायव्वो कम्मखयट्ठा न अन्नट्ठा ॥१॥
कित्तीइ मच्छरेण व पुआसक्कारवित्तपीडाए ।
सुबहुं पि तवच्चरणं दुग्गइगमणं वसाहइ ॥२॥

અર્થ:—જે તપમાં ઇન્દ્રિય-કષાયનો વિજય-પૂજા-ઉપવાસ-શીલ પાલવાનું છે તે તપ પણ કર્મક્ષય માટે જ કરવો જોઇએ પણ ધનપુત્રાદિ માટે નહિ.

કીર્તિ મેળવવાની ઇચ્છાએ-મત્સર વડે-પૂજાવાની ઇચ્છાથી સત્કાર-સન્માનની ઇચ્છાથી અને ધન મેળવવાની ઇચ્છાથી ઘણા તપનું આચરણ કર્યું હોય તો પણ તે તપ દુર્ગતિ ગમનને સાધી આપે છે.

પ્રથમ શ્લોકમાં-ઇન્દ્રિયો અને કષાયોના વિજય અરિહંત પરમાત્મા આદિની પૂજા, ઉપવાસ, શીલપાલન સહિત તપ કરવો જોઇએ તપમાં આમાંનું કાંઇ ન હોય તો તેની કોઇ કીંમત જૈન શાસનમાં નથી એ જણાવ્યું સાથે એ પણ જણાવ્યું કે તપ કર્મના ક્ષય માટે જ કરવો જોઇએ પણ ધનાદિ માટે નહી.

બીજા શ્લોકમાં ધનાદિ માટે કરેલા ધર્મનું ફળ દુર્ગતિ ગમનની પ્રાપ્તિ બતાવી છે.

તપધર્મ ધનાદિ અન્ય વસ્તુને છોડી માત્ર કર્મક્ષય માટે જ કરવાનું વિધાન આ શ્લોકો કરે છે.

જૈન શાસનમાં તપને નિર્જરા તત્વ રૂપે પ્રરૂપેલું છે. કર્મનિર્જરા બે પ્રકારની બતાવી છે. દેશથી અને સર્વથી, સર્વથી કર્મની નિર્જરા એ મોક્ષરૂપ છે સમસ્ત કર્મની આત્મામાંથી નિર્જરા થયે છતે આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે સમસ્ત કર્મની નિર્જરા રૂપ મોક્ષને મેળવવા માટે દેશથી કર્મ નિર્જરા રૂપ તપ કરવાનો છે. થોડી થોડી કર્મની નિર્જરા તપથી સાધના સાધતા સંપૂર્ણ કર્મ નિર્જરા રૂપ મોક્ષને પામી શકાય છે.

અત્રે તપના ઉપલક્ષણથી બીજા પણ દર્શનથી માંડી યાવત સંયમ સુધીના બધા ધર્મો પણ લઇ શકાય છે કેમકે તપ ધર્મ જેમ શ્રી અરિહંત પરમાત્માઓએ પ્રરૂપ્યો છે તેમ અન્ય સઘળા ધર્મો પણ અરિહંત પરમાત્માઓએજ પ્રરૂપ્યા છે.

એથી એ નિશ્ચિત થાય છે કે તપાદિ કોઇ પણ ધર્મ-ધન-કીર્તિ-પૂજા સત્કારાદિ માટે કરવાનો નથી. પરંતુ સકલ-કર્મના ક્ષય રૂપ મોક્ષ માટે જ કરવાનો છે મોક્ષ માટે કરેલા ધર્મર્થ મોક્ષની પ્રાપ્તિ થાય છે તેમ મોક્ષ ન મળે ત્યાં સુધી આ લોકના સારામાં

સારા સુખ સંપત્તિઓ મળે જ. કારણ કે તપાદિ ધર્મ ષોડશક ગ્રંથમાં શુદ્ધિ અને પુષ્ટિ કરનારો કહ્યો છે. શુદ્ધિ એટલે કર્મની નિર્જરા અને એનાથી થતી આત્માની શુદ્ધિ અને પુષ્ટિ એટલે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ તપાદિ ધર્મથી જેટલી શુદ્ધિ-કર્મ નિર્જરા વધારે થાય તેટલી જ પુણ્યાનુબંધી પુણ્યરૂપ પુષ્ટિ પણ જોરદાર થાય. તેમજ પુણ્યાનુબંધી પુન્યના બંધ રૂપ પુષ્ટિ જોરદાર થાય તો કર્મ નિર્જરા રૂપ શુદ્ધિ પણ જોરદાર થાય. એથી તપાદિ ધર્મ દ્વારા જીવનમાં આપત્તિ-વિઘ્ન સંકટ દુઃખો વગેરે ટળે તેમ આલોક-પરલોક સંબંધી સુખ-સંપતિ વગેરે મળે અને તે સંસારમાં ફસાવનારી ન બને પરંતુ ધર્મમાં ઉત્તરોત્તર પ્રગતિ કરાવનારી જ બને. તેથી તપાદિ ધર્મને સંસારના સુખ-સંપતિ આદિ માટે કરવાની જરૂર જ રહેતી નથી. છતા જેઓ સંસારના સુખ માટે પણ ધર્મ કરાય. સંસારના સુખ માટે ધર્મ ન કરાય તો શું પાપ કરાય ?'

આવી પ્રરૂપણા કરનારાઓના આ વાકયો કેટલા શાસ્ત્ર સિદ્ધાંતથી વેગળા અને વિરૂદ્ધ છે ? એ સારી રીતે સમજી શકાય છે. જેઓ સંસારના સુખ માટે પણ ધર્મ કરાય, આવું બોલનારા આચાર્ય કે સાધુ ખરેખર મુગ્ધ માણસોને મુઢ બનાવનારા તથા બુધ-મોક્ષ માટે ધર્મ થાય તેવી સમજ ધરાવનારા સમજદારને પણ મુઢતા તરફ ઢસડી જનારા બને છે.

શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં કેટલેક સ્થાને સર્વ અંગોની સુંદરતા જેનાથી પ્રાપ્ત થાય તે સર્વાંગ સુંદર તપ જેનાથી રોગનો અભાવ થાય તે નીરૂજ-શિખતપ । જેનાથી શ્રેષ્ઠ આભુષણ પ્રાપ્ત થાય તે પરમ ભુષણ-તપ । ભવિષ્યમાં અભિષ્ટ ફલની જેનાથી પ્રાપ્તિ થાય તે આયતિજનક તપ । ભવિષ્યમાં સૌભાગ્યની પ્રાપ્તિ માટે જે કલ્પવૃક્ષ સમાન છે તે સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ ઇત્યાદિ તપોનું નિરૂપણ કર્યું છે તે બધા તપો પણ મોક્ષ માર્ગના સ્વીકારનું કારણ હોવાથી મોક્ષ માર્ગ છે.

આ વાત પણ કેટલાક વિનેય એટલે તપનો અભ્યાસ કરતા જીવોની અપેક્ષાએ છે કારણ કે કેટલાક જીવો સ્વાભિષ્વંગ (સાંસારિક સુખાદિ પદાર્થોની આશંસાવાળા) અનુષ્ઠાનથી નિરભિષ્વંગ (સાંસારિક સુખાદિના પદાર્થોની આશંસા વગરના અને મોક્ષની જ એક ઇચ્છાવાળા) અનુષ્ઠાનને પ્રાપ્ત કરવા બને છે. આથી એમ પણ સમજી શકાય છે કે આ લોકાદિ સંબંધી ફળની આશંસાથી કરાતા તે તે તપો પણ નિરભિષ્વંગ અનુષ્ઠાનના કારણ બનતા હોવાથી તે તે તપોની મુગ્ધ જીવો માટે આવશ્યકતા જણાવી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મુગ્ધ જનોના તે તે અનુષ્ઠાનો આશંસા પૂર્વકના હોવા છતાં ક્રમે કરીને શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બનતા હોવાથી તે તે મુગ્ધ જીવોની અપેક્ષાએ શાસ્ત્રકારોએ બતાવેલા સ્વાભિષ્વંગ અનુષ્ઠાનોમાં પણ કોઈ દોષ નથી. મુગ્ધ જીવો સ્વાભિષ્વંગ અનુષ્ઠાનો તેના પરના બહુમાનની પ્રધાનતાએ કરતા હોવાથી તેમના તે અનુષ્ઠાનો નિયાણા રૂપ નથી કારણ કે બોધીબીજ રહિત એવા કેટલાક જીવોને તે તે અનુષ્ઠાનથી શુદ્ધ

અધ્યવસાયન. યોગે બોધીબીજ પ્રાપ્ત થાય છે અને ભવનો વિરાગ ઉદ્ભવે છે.

આ રીતની વાસ્તવિકતા હોવા છતાં પંચપરમેષ્ઠિ પદના તૃતીય કે પંચમ પદે બેઠેલા પણ કેટલે મુગ્ધની કક્ષામાંથી પણ બકાત થઇ ગયા હોય તેવું જાતનું દર્શન કરાવતા પોતાના ઉપદેશમાં કે લેખના લખાણમાં જણાવે છે કે-'સંસારના સુખ માટે પણ ધર્મ થાય. સંસારના સુખ માટે ધર્મ ન થાય તો શું પાપ થાય.' આવા આવા (એમના) અનેક ઉપદેશ વાકયો ખરેખર ભદ્રિક જીવોને ભ્રમણામાં નાખનારા જ બને તેવા છે.

આવા વાકયો ખરેખર ઉપદેશ વાકયો નથી શાસ્ત્ર દૃષ્ટિએ ઉત્સૂત્ર વાકયો છે કેમકે આવા વાકયોથી સંસાર માર્ગની જ પુષ્ટિ થાય છે. જૈન શાસનના સાધુ આદિનો ઉપદેશ મોક્ષ કે મોક્ષમાર્ગને સમજાવનારો જ હોય કે પુષ્ટ કરનારો જ હોય. સંસાર માર્ગની પુષ્ટિ કરનારો ન હોય.

એટલા જ માટે ઉપદેશપદ ગ્રંથના ઉપદેશ પદની વ્યાખ્યા કરતા તેની ટીકામાં આચાર્ય શ્રી મુનિસુન્દર સૂ. મ. ફરમાવે છે કે—

उपदेशपदानि-इह सकललोकपुरुषार्थेषु मोक्ष एव प्रधानः पुरुषार्थ इति तस्यैव मतिमतामुपदेष्टुमर्हत्वेन तदुपदेशानां भावत उपदेशत्वमामनन्ति तत उपदेशानां मोक्षमार्ग विषयाणां शिक्षाविशेषाणां पदानि-स्थानानि. मनुष्यजन्मदुर्लभत्वादीनि ।

તેનો અર્થ :—

લોકને વિશે પ્રસિદ્ધ સઘળા પુરુષાર્થોમાં મોક્ષ એજ પ્રધાન પુરૂષાર્થ છે એથી એ મોક્ષ પુરૂષાર્થનો જ ઉપદેશ મતિમાન (ગીતાર્થ) પુરૂષોએ આપવો યોગ્ય છે. એ મોક્ષ અને મોક્ષ માર્ગના ઉપદેશને જ વાસ્તવિક ઉપદેશ તીર્થંકર ગણધર ભગવંતો માને છે. તેથી મોક્ષ માર્ગને લગતા શિક્ષા વિશેષ રૂપ ઉપદેશના સ્થાનો મનુષ્ય જન્મ દુર્લભત્વાદિ છે.

આ પાઠમાં મોક્ષ અને મોક્ષમાર્ગના ઉપદેશને જ વાસ્તવિક ઉપદેશ રૂપે જ્ઞાનીઓ માને છે. આવી શાસ્ત્રની વાતો ચોકખી દીવા જેવી સ્પષ્ટ હોવા છતાં મુગ્ધ કે બુધપણામાંથી બાકાત થયેલા સાધુઓ 'સંસારના સુખ માટે ધર્મ થાય.' ઇત્યાદિ સંસાર માર્ગનું પોષણ કરનારો ઉપદેશ આપે તો એમજ માનવું રહ્યું કે-દરીયામાંથી દાવાનલ જ પ્રગટયો. એ દાવાનલ કેટલાને ભરખી જશે, કેટલાએ જીવોને ઉન્માર્ગે ચઢાવી ભયંકર દુઃખમય દુર્ગતિઓના સંસારમાં ભટકાવી જન્મ મરણાદિ દુઃખોના દાવાનલમાં બાલીને ખાખ કરી નાખશે ?

મુગ્ધ જીવો પણ આવા 'સંસાર સુખ માટે ધર્મ થાય ઇત્યાદિ સાધુ આચાર્યાદિના વાકયો સાંભળી એમજ માનતા થઈ જાય કે અમો જે સૌભાગ્ય આરોગ્ય આભુષણાદિ

(સુખ અને સંપત્તિ) માટે ધર્મ કરીએ છીએ તે બરોબર છે. આપણે કરીએ છીએ એમાં સાધુ-આચાર્યાદિની સંમતિ છે એટલે બીચારા મુગ્ધ જીવો પણ સુખ સંપત્તિ આદિ માટેના તપાદિ અનુષ્ઠાનોમાં જ અટવાયા કરશે. કયારે ય પણ મોક્ષ માટેના નિરભિષ્વંગ અનુષ્ઠાનમાં આવવાનું બનશે જ નહીં. અને બુધ (સમજદાર) માનવ પણ મોક્ષ માટે ધર્મ કરવાનું છોડી દઈ સંસાર માટે ધર્મ કરતો થઈ જશે.

માટે ખરેખર આવા સંસાર માર્ગ પોષક ઉપદેશકના વાકયો મુગ્ધ અને બુધ માણસને મુઢ બનાવનારા છે. જૈન શાસનના સાધુ-આચાર્ય આદિના પ્રયાસો મુગ્ધ જીવોને બુધ (સમજદાર) બનાવવાના જ પ્રયાસો હોવા જોઈએ જેથી એ જીવો મોક્ષના લક્ષવાળા બનેલા મોક્ષમાર્ગની સુંદર સાધના દ્વારા જલ્દી મોક્ષને પામી જાય.

સંસાર માર્ગના પોષક ઉપદેશકોના મગજમાં એવી ભ્રમણા પેદા થવા પામી છે કે જૈનેતર દેવી દેવલાઓ પાસે સાંસારિક પદાર્થો માગવા માટે જાય અને તેની ભકિત કરે તેના કરતા અરિહંત પરમાત્મા પાસે માગે અને તે માટે તેમની પૂજા ભકિત વગેરે કરે તો એમાં કાંઇ વાંધો નથી. અને આવી ભ્રમણા વ્યાખ્યાન આદિમાં પ્રરૂપી બીજાઓના મગજમાં પણ ભ્રમણા પેદા કરી નાખે છે પરંતુ આવા વકતા ઉપદેશકોને લૌકિક લોકોત્તર મિથ્યાત્વના સ્વરૂપનો તથા તેમાં કયુ મિથ્યાત્વ વધુ ભયંકર છે એનો ખ્યાલ નથી. અને ખ્યાલ છે તો તેની સામે આંખ આડા કાન કરે છે. કોઇ બાપ એવો નથી હોતો કે મારો દિકરો બહાર બજારમાં ગરલ જેવું થોડા કાલે મારનારૂં સામાન્ય ઝેર ખાય તેના કરતા ઘરમાં જ ભયંકર ખાતાવેત જ મારનારૂં તાલકુટ ઝેર ખવડાવું. અન્ય દેવી દેવલાઓને માનવા પૂજવા એમાં લૌકિક મિથ્યાત્વનું પાપ લાગે છે જયારે પૌદ્ગલિક સુખ સંપતિ માટે અરિહંત પરમાત્માને માનવા અને પૂજવા એમાં લોકોત્તર મિથ્યાત્વનું પાપ લાગે છે લૌકિક મિથ્યાત્વના પાપ કરતા લોકોત્તર મિથ્યાત્વનું પાપ વધુ ભયંકર છે. લૌકિક મિથ્યાત્વનું પાપ ગરલાદિ સામાન્ય ઝેર જેવું છે જયારે લોકોત્તર મિથ્યાત્વનું પાપ તાલકુટ ઝેર જેવું ભયંકર પાપ છે સાચો બાપ તો દીકરાને એમજ સમજાવે કે ઘરમાં પણ ઝેર ન ખવાય અને બહાર બજારમાં ય ઝેર ન ખવાય. બંને ઝેર મારનાર જ છે. તેમ જૈન શાસનના સાધુ આચાર્યાદિ એજ સમજાવે કે અન્ય દેવ દેવલાઓને પૂજાવા આદિમાં પાપ છે તેમ અરિહંત પરમાત્માને ભૌતિક પદાર્થોની ઇચ્છાથી પૂજવામાં પાપ છે પેલા કરતા આ પાપ વધુ ખરાબ છે માટે બંને પ્રકારના પાપ ન કરાય. પરંતુ એવું ન બોલે કે ભૌતિક પદાર્થો માટે અન્ય દેવી દેવલાઓને પૂજવાદિ માટે ન જાય. એટલા માટે અરિહંત પરમાત્માની ભૌતિક પદાર્થો પ્રાપ્ત કરવા માટે પૂજા-ભકિત કરે એમાં વાંધો નથી.

કોઇએ એ ભૂલ કરવા જેવી નથી કે સુકૃત સાગર ચરિત્રના એ બે શ્લોકો માત્ર

સાધુને કે વ્રતધારી ઉચ્ચ કોટીના શ્રાવકોને આશ્રયીને છે. પરંતુ દરેક તપાદિ ધર્મ કરનાર માટે છે. ગ્રંથકારોનો એક જ ઉદ્દેશ હોય છે કે જીવો અનર્થકારી એવા અર્થકામમાં ન ફસાય. અને તપાદિ ધર્માનુષ્ઠાનો કરી કર્મ ક્ષય કરવા દ્વારા સંસારથી મુકત બની મોક્ષને પામે આ બંને પ્રલોકો પણ પેથડશાના પિતા દેદશાની પત્ની વિજયશ્રીએ કરેલા જ્ઞાન પંચમીની કરેલી અનુપમ કોટીની આરાધનાના ઉપલક્ષમાં કહેલા છે.

સિરિ સિરિવાલ કહામાં (શ્રીપાલ મહારાજાના ચરિત્રના) પણ ગૌતમ સ્વામી રાજગૃહિ નગરમાં વિશાલ સંખ્યામાં ઉપસ્થિત સભાને ઉદ્દેશીને જણાવે છે કે ભાવ વિનાનું દાન નિષ્ફળ છે. ભાવ વિનાનું શીલ સિદ્ધિને આપનારૂ બનતું નથી અને ભાવ વિનાનો તપ ભવ વિસ્તારનું કારણ બને છે અહિ ભાવ પણ મુછાં ત્યાગ-દાનાદિ ધર્મ પ્રત્યે બહુમાન કે મોક્ષની ઇચ્છા રૂપ લેવો જોઇએ. આ વાત પણ ગૌતમ સ્વામી ગણધર મહારાજાએ માત્ર સાધુ કે વ્રતધારી શ્રાવકોને ઉદ્દેશીને જ નથી કરી પણ સર્વસામાન્ય સભાને ઉદ્દેશીને જ કરેલી છે. એમની એ સભામાં સાધુ શ્રાવકાદિ હશે તેમ અન્ય અત્યલ્પ કાલના ધર્મને આચારનારો હશે અને કાંઇ પણ ધર્મનું આચરણ નહી કરનારો પણ હશે ને.

માટે દરેક ભાવિકે તપાદિ જે કાંઇ ધર્મ કરવો હોય. તે ધર્મ દુર્ગતિ ગમનને સાધી આપનારો કે ભવ વિસ્તારનું કારણ ન બને એ રીતે જ કરવો જોઇએ.

આ પ્રભાવકોમાં તપસ્વીને પણ એક શાસન પ્રભાવક કહ્યો છે નિઃસ્વાર્થ ભાવે કે મોક્ષ લક્ષેથી તપ કરવામાં આવે તો તપ પણ વાસ્તવિક તપ ધર્મ બને છે અને વર્ધમાન તપ-સિદ્ધિતપ, માસક્ષમણાદિ તપો ખરેખર શાસન શાસનની અપૂર્વ પ્રભાવના કરનારા બને છે. અનેકને બોધી બીજાદિની પ્રાપ્તિ સાથે વિશિષ્ટ પ્રકારના આવા તપ કરવાની પ્રેરણા આપનારા પણ બને છે.

તપસ્વી રત્ન પૂ. આચાર્યપ્રવર શ્રી રાજતિલકસૂરીશ્વરજી મહારાજાએ પણ પોતાના સંયમ જીવન દરમ્યાન અનેકવિધ અન્ય સાધના સાથે આવા અનુપમ કોટીના અનેક તપો કર્યા છે એમના એ તપ ધર્મની જેટલી અનુમોદના કરીએ ઓછી છે અને એમના જેવા તપાદિધર્મની સાધના આપણા જીવનમાં પણ આવે અને એઓશ્રી આવી સુંદર તપાદિની આરાધના-સાધનાના ફળ રૂપે સમાધિને પામી જીવનને મંગલમય બનાવી રહ્યા છે. તેમ આપણે પણ આપણા જીવનને તપાદિના રંગે રંગીને મંગલમય બનાવીએ એવી અપેક્ષા તેઓશ્રીના તપાદિના ગુણગાન કરવા દ્વારા રાખવી ખરેખર અનિવાર્ય જ છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

(ભાગ - ૮)

(ઢાળ પાંચમી)

સમકિત દૂષણ પરિહરો, તેમાં પહેલી છે શંકા રે.
તે જિન વચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે.

સમકિત૦....૨૩

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીયે.
પામી સુરતરુ પરગડો, કેમ બાઉલ ભજીયે ?

સમકિત૦...૨૪

સંશય ધર્મના ફલતણો, વિતિગિચ્છા નામે.
ત્રીજું દૂષણ પરિહરો, જિન શુભ પરિણામે.

સમકિત૦...૨૫

મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ.
ઉન્માર્ગે થુણતાં હુવે, ઉન્માર્ગ પોષ.

સમકિત૦...૨૬

પાંચમો દોષ મિથ્યામતિ પરિચય નવિ કીજે.
એમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે.

સમકિત૦...૨૭

પ્ર૦-૮૬ દૂષણ કોને કહેવાય ?

ઉ૦-જે ગુણને દૂષિત કરે-મલીન કરે માટે તેને દૂષણ કહેવાય છે. દુષયતિ-મલિનયતિ સમ્યક્ત્વમનેનેતિ દુષણઃ' દૂષણને અતિચાર પણ કહેવાય છે.

પ્ર૦-૮૭ સમ્યક્ત્વના દૂષણ કેટલા છે ? કેમ ?

ઉ૦-સમ્યક્ત્વના દૂષણ પાંચ છે. સમ્યક્ત્વ ગુણને મલિન દૂષિત કરનારા હોવાથી તેને અતિચાર એટલે કે દૂષણ-દોષ કહેવાય છે.

પ્ર૦-૮૮ તે દૂષણના નામ જણાવો.

ઉ૦-શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યા દૃષ્ટિ પ્રશંસા, મિથ્યાદૃષ્ટિ સંસ્તવ અર્થાત પરિચય.

પ્ર૦-૮૯ પહેલા દૂષણનું સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ૦-પહેલું શંકા નામનું દૂષણ છે. શ્રી સર્વજ્ઞ ભગવંતે કહેલાં વચનોમાં સંશય કરવો તેનું નામ શંકા છે.

પ્ર૦-૯૦ શંકા કરનારો શું કરે છે ?

ઉ૦-રાજાને રંક સમાન ગણે છે. શ્રી જિનમત શ્રી જિન વચનો તે રાજા સમાન છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવે જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું છે. છતાં પણ તેના ઉપર અવિશ્વાસ આવ્યો તેથી તે રંક સમાન માને તેમ કહેવાય.

પ્ર૦-૯૧ શંકાનું વિશેષથી સ્વરૂપ સમજાવો.

ઉ૦-'संसयकरणं सङ्के'ति, શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા-સમજાવેલા અત્યંત ગુઢ ધર્માસ્તિકાયાદિ પદાર્થોને વિષે-ષડ્ દ્રવ્યોને વિષે-મતિની દુર્બલતાના કારણે સારી રીતના નહિ સમજી શકવાથી 'શું આમ હોય કે ન હોય ?' તેવા પ્રકારનો જે સંશય તેને જ શંકા કહી છે.

તે શંકા, દેશથી શંકા અને સર્વથી શંકા એમ બે પ્રકારની છે. તેમાં દેશથી શંકા તેને કહેવાય છે કે, જીવાજીવાદિ પદાર્થોમાંથી કોઇપણ એક જીવાદિ વિષયક શંકા જેમકે, જીવ છે. પણ તે જીવ સર્વગત છે કે અસર્વગત છે ? સપ્રદેશી છે કે અપ્રદેશી છે ? આવા પ્રકારની પદાર્થના એક દેશભૂત જે શંકા તેને દેશ શંકા કહેવાય.

સર્વથી શંકા સર્વવિષયરૂપ છે. જેમ કે, ધર્મ છે કે નહિ ?

પ્ર૦-૯૨ સંશય-શંકા પેદા થાય ત્યારે શું વિચારવું જોઇએ ?

ઉ૦-ભગવાન શ્રી જિનેશ્વર દેવોનાં વચનમાં અવિશ્વાસ થવાથી સંશય-શંકા પેદા થાય છે. પરન્તુ આગમના ગહન પદાર્થો જે શ્રદ્ધાગમ્ય છે, આપણા જેવા પ્રમાણાદિની પરીક્ષા કરવામાં અપટુ હોવાથી, પણ આપ્ત પુરુષોએ પ્રરૂપેલા હોવાથી તેમાં જરાપણ સંદેહ કરવો યોગ્ય નથી જ. તો પણ મતિની દુર્બલતા કે મોહની પરવશતા આદિના કારણે કદાચ તેમાં સંશય-શંકા થઇ જાય તો પણ વિચારવું કે—

'कत्थइ मइदुब्बल्लेण तव्विहायरियविरहओ वावि ।
नेयगहणत्तणेण य नाणावरणोदयेणं च ।।१।।
हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा ।
सव्वन्नुमयमवितहं तहावि तं चिंतए मइमं ।।२।।
अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जुगप्पवरा ।
जिअरागदोसमोहा य नन्नहावाइणो तेणं ।।३।।

કયારેક મતિની દુર્બલતાથી કે તેવા પ્રકારના સુવિહિત-માર્ગસ્થ આચાર્ય ભગવંતના વિરહથી, જ્ઞેય પદાર્થોના ગહનપણાને કારણે અને જ્ઞાનાવરણીયના ઉદયના કારણે પણ, હેતુ-દૃષ્ટાન્ત આદિનો સંભવ હોવા છતાં પણ જે પદાર્થો સારી રીતના ન સમજાય તો પણ બુદ્ધિશાલી પુરુષ સર્વજ્ઞમતને અવિતથ-સાચો જ -માને. કેમકે, ઉપકાર નહિ કરવા છતાં પણ બીજાના ઉપર અનુગ્રહ કરવામાં જ તત્પર, યુગમાં ાવર, જીતી લીધા છે રાગ-દ્વેષ અને મોહને જેમણે એવા શ્રી જિનેશ્વરદેવો-તે કારણથી અન્યથાવાદી હોતા જ નથી અર્થાત્ યથાર્થવાદી જ હોય છે.

પ્ર૦-૯૩ બીજાં દૂષણનું સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ૦ બીજું કાંક્ષા નામનું દૂષણ છે. અન્ય અન્ય દર્શનો એટલે ધર્મોની. જે ઇચ્છા તેનું નામ કાંક્ષા છે. અર્થાત્ કુમતની ઇચ્છા તેનુ નામ કાંક્ષા છે.

પ્ર૦-૯૪ તેમાં કયું દૃષ્ટાંત સમજાવ્યું. છે?

ઉ૦-સુરતરુને પામીને બાવળની ઇચ્છા કોણ કરે?

પ્ર૦-૯૫ તેનો ઉપનય શો થયો?

ઉ૦ શ્રી જિનમત તે સુરતરૂ સમાન છે, કુમતો તે બાવળ સમાન છે. કલ્પવૃક્ષને ત્યજીને બાવળનું સેવન કરનારો-બાવળને ઇચ્છનારો જેમ મૂરખ ગણાય તેવો ને ગણાય.

પ્ર૦-૯૬ કાંક્ષાનું વિશેષથી સ્વરૂપ સમજાવો.

ઉ૦ અન્ય અન્ય દર્શન-ધર્મોની જે ઇચ્છા તેનું નામ કાંક્ષા કહી છે. તે કાંક્ષા પણ સર્વવિષયક અને દેશ વિષયક એમ બે પ્રકારે છે. તેમાં સર્વ વિષયક કાંક્ષા બધા પાંખડી ધર્મોની ઇચ્છારૂપ છે જેમ કે, પરિવ્રાજક-ભૌતિક-બ્રાહ્મણ આદિ વિષય સુખમાં મગ્નબની પરલોકના સુખ માટે પ્રયત્ન કરે છે માટે તે બધા ધર્મો સારા છે.

દેશ વિષયક કાંક્ષા કોઇપણ એક દર્શન-મત વિષયક છે. જેમ કે, ખાવું-પીવું મજેથી સૂવું તે રીતના સુખે સુખે જરાપણ કલેશ પામ્યા વિના ધર્મ કરવાનો ભગવાન બુધ્ધે ભિક્ષુઓને ધર્મ ઉપદેશ્યો છે માટે તે ધર્મ સારો છે.

'मृद्वी शय्या प्रातरुत्थाय पेया, भक्तं मध्ये पानकं चापराह्णे ।
द्राक्षा खण्डं शर्करा चार्धरात्रे मोक्षश्चान्ते शाक्यसिंह दृष्टः।।'

પ્ર૦-૯૭ કાંક્ષાને દોષ કેમ કહ્યો છે?

ઉ૦-આ કાંક્ષા પણ પરમાર્થથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલ આગમ વચનો ઉપર અવિશ્વાસરૂપ હોવાથી, સમ્યક્ત્વને મલીન કરનાર હોવાથી દોષરૂપ છે.

(ક્રમશ:)

❋ ખોટું નો લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

કક્કા-પુરાણેભ્યો નમઃ

અરે ! મને તદ્દન પાકકુ યાદ છે. તમને વિસવાસ તો બેસતો હોયને તો હાલારદેશોદ્ધારકના ઝળહળતી પાટ પરંપરાના પટ્ટધર શાસનની ધગધગતી ધગશના ધણી, પડછંદ દેહધારી પૂ.આ દે. શ્રી જિનેન્દ્રસૂરી૦ મ.સા.ને જ પૂછી જોજો બસ.

અરે ! એમ હોય તો આપણા આ અમદાવાદના પાછીયાની પોળના ટ્રસ્ટીઓને પૂછી જોજો બસ.

અને આમ છતાંય વિશ્વાસ નો બેસે તો મને ખુદને પૂછી જોજો. ફરીથી. ઉલટ તપાસ કરીને. અરે ! તમારા સોગંદ ખવડાવીને મને પૂછજો બસ. અરે ! ઠંડા બરફની પાટ ઉપર (ઉનાળો એટલે નહિ હોં) સુવાડીને તમ તમારે પૂછજો...ને.

પણ શું પૂછે ? ધ તો કાટ મોઢામાંથી તમારે મને શું પૂછવાનું એ ય મારે તમને યાદ કરાવવાનું ? વાહ ! કંઇ નહિ. સારૂ, ચાલો, આવું પૂછજો કે-પૂ.આ.દે. શ્રી જિનેન્દ્રસૂરી. મહારાજ સાહેબે આવી વાર્તા કહેલી ?

હવે પાછા તમે કહેશો કે-પણ વાર્તા તો કહો. સાંભળો ત્યારે.

તે આચાર્ય ભગવંતે એવા ભાવની વાર્તા કહેલી કે-એક વખત ૧૦-૧૫ જણાં ચાલતા ચાલતા એક ગામથી બીજે ગામ જતાં હતા. રસ્તામાં ભૂખ્યા થયા. થોડેક દૂર બળેલા કાગડા પડેલા જોયા તેમાંનાં જુવાનીયાઓ કહે કે-આનું માંસ જ ખાઇ જઇએ. પણ વડીલોને આ ગમ્યુ નહિ. એટલે કીધું કે-શાસ્ત્રમાં માંસ ભક્ષણની ના છે. એટલે જુવાનીયા કહે-પણ કાગડાના માંસ ભક્ષણની હા છે. આ રહ્યો તેનો શાસ્ત્ર પાઠ. ક...ખ ગ...ઘ...ઙ ક એટલે કાગડા, ખ એટલે ખાવા ગ એટલે ગળુ મરડીને, ઘ એટલે ઘણા ઘણા ઙ એટલે ઙ શરીરની જેવા.

આ શાસ્ત્રપાઠથી વડીલો થોડા મૂંઝાયા. પણ તેમણે ય થોડીજ વારમાં શાસ્ત્ર પાઠ સાથે જ વાત કરી. અને કીધું કે ત-થ-દ-ધ-ન' આ શાસ્ત્ર પાઠ કહે છે કે-ત,થ એટલે તથાપિ તો પણ દધ એટલે દગ્ધ-દાઝેલા (બળેલા), ન એટલે નહિ ખાવા. આમ આ શાસ્ત્ર પાઠથી જુવાનીયાઓ કાગડાનું માંસ ખાવા જતા અટકી ગયા."

બોલો ભદ્રંભદ્ર પ્રેમીઓ ! આ વાર્તા કેવી કોમેડી છે ? આચાર્ય ભગવંત પણ કેવું કોમેડી સાથે ધારદાર-સચોટ બોધપાઠ ભણાવે છે તે ખબર પડીને ?

બસ હું આ વાર્તાની વાત કરતો હતો. ખરેખર જેણે આ સાંભળી હોય તેને તમે પૂછી જોજો. કે વાર્તા એ આચાર્ય ભગવંતે જ કહેલી છે ને ?

હું તો ખાલી એટલું જ વિચારૂ છુ કે આ વાર્તા તેઓશ્રીએ શા માટે કહી હશે ?

સાલો બોમ્બે જેવો કોઇ બોમ્બ ધડાકો બેય જૈન શાસનમાં ? થયો હોય એ શકય નથી લાગતો. જૈનો તો લગનના ય વરઘોડામાં ફટાકડા નો ફોડે. (દિવાળીની વાત જુદી છે હવે, બધાંની હારે હારે રહેવું તો પડે ને? અંદરથી અલિસ હોઇએ એટલે ચાલે.)

સાલુ વાર્તા કથનનું કારણ નથી મળતું તમને કોઇને કારણ ખબર હોય તો ભદ્રં-ભદ્રના સરનામે મોકલજો ને. રૂબરૂ આવશો તો ય ચાલશે. પ્રભુ ઉપવાસ કર્યો હોય તે આવશે તો મને ખૂબ આનંદ થશે. (ખવ-ડાવવું નો પડે એટલે નૈ હો આ તો તપસ્વીના પગલા મારે ઘેર કયાંથી ?)

તમે મને એવી સલાહ દેવા નો આવતા કે–વાર્તાનું કારણ તમે જ આચાર્ય ભ.ને પૂછી લો ને ? કેમ કે આ તો એક કોયડો કે'વાય. જવાબ તો આપણે જ શોધવાનો હોય ને ? (હું પૂછવાની ના મારૂ અજ્ઞાનનું પ્રાગટય થઈ જાય એટલે નથી પાડતો હોં પાછા. જોજો.)

'ધુમપાનં મહાપુન્યં ગેટે ગેટે ગીદાન" આવો ધૂમ્રપુરાણને વેદ જેટલું જ પ્રમાણ ભૂત માનનારા મારી જેવા ભદ્રંભદ્ર માટે તો આ વાર્તાકથન નહિ કર્યું હોય ને ?

તો તો પછી...અહો કષ્ટમ્...! અહો સંકટમ્ ! અહો ફસામણમ્.

[તા.ક :–સરળ, અને ગમે તેવા ગંભી-રની ગંભીરતા સામે ચેલેંજ ફેંકીને હસતા કરી દેનારી ભાષા વડે જડ મૂળમાંથી કટા-ક્ષના બાણોથી શાસનની સળગતી સમસ્યાને હચમચાવી દેવાની સુપર ફાસ્ટ પદ્ધતિ શીખવી હોય તો આ આચાર્ય ભગવંતના માત્ર ઓછામાં ઓછા પાંચ જ વ્યાખ્યાનો સાંભળો.]

સ્વીકાર અને સમાલોચના

સેનપ્રશ્ન–કર્તા પૂ. પં. શ્રી શુભશીલ-ગણિવર ગુર્જરાનુવાદ પૂ. આ. શ્રી વિજય-કુમુદ સૂરીશ્વરજી મ.સ. પૂ.આ. શ્રી વિજય-રાજશેખરસૂરીશ્વરજી મ. પ્રકાશક શ્રી મુલુંડ જૈન શ્વે.મૂ. સંઘ ઝવેર રોડ મુંબઇ ડેમી ૮ પેજી ૨૮૮ પેજ મુલ્ય રૂા. (૫)

સેનપ્રશ્ન એ અતિ ઉપયોગી ગ્રન્થ છે સંઘની આરાધના આદિમાં તેના સમાધાનમાં આગવું સ્થાન છે. પ.પૂ.આ.ભ. શ્રી વિજય-સેનસૂરીશ્વરજી મહારાજાએ આ સમાધાનો આપ્યા જે અને તેનું સંકલન પૂ.પં. શ્રી શુભવિજયજી ગણિવર કર્યું છે. આ ગ્રંથ અલભ્ય હતો તે સંપાદક પૂ. શ્રીએ અને પ્રકાશકે તે અંગે જે પ્રયત્ન કર્યો તે સફળ છે દરેક સાધુ સાધ્વીજીએ અને શ્રાવક શ્રાવિકાએ ખાસ મનન કરવા યોગ્ય ગ્રંથ છે.

પ્રોપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલ અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી આરૂ

આશીષ કોર્પોરેશન ૨૩–૩૧ ગોટાવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ–૨

ફોન :– ૨૦૬૧૫૮૫ : ૨૦૧૪૮૨૯

,, ઘર :– ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

છે. પણ આજે શીર્ષાસન જેવું થયું છે કે જેમાં સંતોષ જોઈએ તેમાં અસંતોષ જીવતો જાગતો છે અને જેમાં અસંતોષી બનવું તેમાં સંતોષની તૃપ્તિનો અમૃત ઓડકાર ખાઈએ છે પછી માનવ જેવો માનવ હેવાન બને તેમાં વાંક કોનો ! અને જગત અધઃપાતના માર્ગે જાય તેમાં પણ નવાઈ નથી !

માટે કે માનવ ! જો તારે સાચા માનવ તરીકે જીવવું તો માણસાઈને દીપાવનાર ગુણોને મેળવવા પ્રયત્ન કર તો આ માનવજન્મને સાર્થક કરીશ ! બાકી જો પશુતાનું આચરણ કરીશ તો અહીંથી તારે પશુ પણ થવું પડે–દુઃખના ગર્તામાં ગબડવું પડશે.

ઉપકારી પરમર્ષિ હિતૈષીઓ તો રસ્તો બતાવે છે. તારે અધઃપતનના માર્ગે જવું કે આત્મોન્નતિના માર્ગે ડગ ભરવા જાતે જ વિચાર કરી લે !

શ્રી શાન્તિનાથાય નમઃ　　પૂ. લબ્ધિભુવનતિલક ભદ્રંકર ગુરૂભ્યો નમઃ

ૐકાર તીર્થ ભદ્રંકરનગર

ખાત મુહૂર્ત ઉત્સવ તથા પૂ. મુનિ વિજયસેનવિજય મ. ગણીપદ પ્રદાન ઉત્સવ

- આશિષ–પૂ. લબ્ધિ ભુવનતિલક કૃપા પ્રાપ્ત પૂ. શ્રાવસ્તિ તીર્થોદ્ધારક આ. શ્રી ભદ્રંકર સૂ. મહારાજ પૂ.આ. શ્રી અરૂણપ્રભસૂરિ.મ.
- પ્રેરણા–પૂ. આ. શ્રી વીરસેનસૂરિ.જી મહારાજ સા. નિશ્રા–પૂ. છાણી ભૂષણ આ. શ્રી પુણ્યાનંદ સૂરિ.જીમ, પૂ. તપસ્વી આ. શ્રી વારિષેણસૂરિ.મ. પ્રવચનકાર મુનિ મહાસેન વિજયમ. ઠા. ૮ છાણીના આર્યાવૃંદો.
- નિમિત્ત–પૂ. મુનિ વિનયસેન વિ.મ. ગણીપદવી સમારોહ તથા ૐકાર તીર્થના જિનાલય ગુરૂમંદિર ઉપાશ્રય ધર્મશાળા ભોજનશાળા કલ્પ સૂત્રમંદિર ૯૮ પુત્ર પ્રતિબોધ મંદિર ખાત મુહૂર્ત વિધાન ૐકાર તીર્થદર્શન બુકનો પ્રકાશન વિધિ વિગેરે.
- સકલ સંઘની નવકારશી થશે.
- અતિથી–નરહરિ અમીન ગુજરાત રાજ્ય નાયબ પ્રધાન શ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઇ લાલભાઇ અમદાવાદ
- સમય–૪-૧૨–૯૪ રવિવાર સવારે ૮ વાગે.
- સ્થળ : છાણીથી ૬ કિ. મી. ૭ કિ. મી. પો. પદમલા ગામ પાસે ભદ્રંકર નગર હાઇવે રોડ પર.
- ૐકાર જૈન તીર્થ ભદ્રંકરનગર તીર્થ કમેટિ છાણી

છાણી ૩૨૦ વર્ષ પ્રાચીન શાંતિનાથ પ્રભુના, જિનાલય પ્રતિષ્ઠાનો શતાબ્દી ઉત્સવ મહા વદ–૬ ના પૂજ્યોની નિશ્રામાં ઉજવાશે. છાણી ૧૧ આચાર્યશ્રીઓ, ૧૪૦ પૂજ્યો સાધુ સાધ્વી મ.ની જન્મભૂમિ છે અત્રે ૫, જિનાલય જ્ઞાન મંદિર આયંબિલખાતા, પાઠશાળા સુંદર છે દર્શનનો લાભ લો.



- ધન સુખના લોભી મોટે ભાગે પાપી જ હોય.
- જગતને દુઃખ જોઇતું નથી પણ પાપ છોડવું નથી; સુખ જોઇએ છે પણ ધર્મ કરવો નથી.
- જે જીવો પાપથી દુઃખ ન સમજે, તેઓ કદિ પાપથી પાછા ફરી શકે નહિ.
- પૈસો અને પૈસાથી મળતાં સુખને જે પાપ ન માને તે કદિ પાપથી બચી શકે નહિ.
- જેને પાપનો ભય નથી અને ધર્મનો લોભ નથી તે માનવ માનવ નથી.
- ધર્મનો જ લોભી અને પાપનો ભીરૂ જીવ દુઃખમાં ય સુખી હોય; બાકી બધા સુખમાં ય દુઃખી હોય.
- સાચા-ખોટાનો વિવેક કરતા શીખવે તેનું નામ શ્રી વીતરાગદેવના શાસનની દેશના છે.
- સારા બનવા માટે ધર્મ છે-સારા દેખાવા માટે નહિ; સારા દેખાવા માટેનો ધર્મ તે ધર્મ નથી પણ અધર્મ છે.
- રાગ દ્વેષના અભાવમાં જે સુખ છે તે રાગ દ્વેષની સાથે રહેવામાં નથી.
- હવે આપણે સંસારમાં વસનારા નથી પણ સંસારના મહેમાન છીએ. સંસાર આગ્રહ કરે તો પણ આપણી રહેવાની ઇચ્છા નથી.
- સંસારમાં રહેવાનું મન ન હોય, ઝટ મોક્ષમાં જવાનું મન હોય તો બહું પુણ્ય પુણ્યાનુબંધી છે.
- દુનિયાની સારામાં સારી ચીજ પર પ્રેમ થાય તો તે વખતે થાય કે આ ખૂંડું છે તો તમારો અધ્યવસાય સારો અને અમને થાય કે લુંટાઇ જઇશું તો અમારો અધ્યવસાય સારો.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧૯૨૯૨ ૧૧૯૨.૧૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-૩૩૨૦૦૯.

સંસારમાં કશું નિશ્ચિત નથી

કિં નાસ્તિ મરણં તસ્મિન્શરણં
વાસ્તિ કિઞ્ચન ।
કિં નાનિત્યાશ્ચ સંયોગા નિશ્ચિન્તૈઃ
સ્થીયતે કથમ્ ? ॥

આ સંસારમાં મૃત્યુ કોને નથી, તથા શરણે જવા લાયક કોણ છે અને સ્ત્રી-પુત્ર-પરિવાર-ધનાદિ સંયોગો અનિત્ય છે તો નિશ્ચિતપણે કેમ રહેવાય ?

અઠવાડિક

વર્ષ	અંક
૭	૧૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

એક ચિંતન

-પ્રજ્ઞાંગ

यत्नेन पापानि समाचरन्ति, धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।
आश्चर्यमेतद्धि मनुष्यलोके, क्षीरं परित्यज्य विषं पिबन्ति ।।

એકાન્ત હિતવત્સલ ઉપકારી પરમર્ષિઓએ ભવ્યાત્માઓના હિતને માટે ભિન્ન ભિન્ન પ્રકારે ઉપદેશો ફરમાવ્યા છે. દર્દીના દર્દને બરાબર જાણી પછી તેની દવા કરવામાં આવે તો દર્દ નિર્મૂળ થયા વિના રહેતું નથી અને આરોગ્યની પ્રાપ્તિ પણ થાય છે. તેમ સંસાર રોગથી પીડાતા સઘળા ય સંસારીઓનું નિદાન મહાપુરુષોએ બહુજ સારી રીતના કર્યું છે. પણ રોગીને હું રોગી છું તેમ ભાન થાય તો તે નિરોગી થવા મહેનત કરે. પણ જે રોગીને હું રોગી જ નથી, નિરોગી છું તે કયાંથી મહેનત કરે તેવા પર ખુદ ધન્વંતરી પણ કઈ રીતના કામિયાબ નીવડે ?

સંસારનું સર્જન શાથી છે તેનું સચોટ નિદાન કરતાં એક પરમર્ષિ ફરમાવી રહ્યા છે કે-"જગતના જીવો પાપ પ્રયત્નપૂર્વક આચરે છે અને ધર્મ અવસરે પણ કરતા નથી. ખરેખર મનુષ્યલોકનું આ એક મહાન આશ્ચર્ય છે કે-દૂધનો ત્યાગ કરીને વિષપાન કરે છે.'

આ વાત સર્વાંગે સત્ય છે. જગતના સઘળા ય જીવો ધાર્યું કાલ્પનિક સુખ મેળવવા અને દુઃખોથી મુકત થવા પાપનું આસેવન કરે છે, છતાં પણ ધાર્યું સુખ કેટલાને મળે અને કેટલાં દુઃખથી મુકત થયા તે સારી રીતના જાણવા-સમજવા છતાં પાપથી પીછે હઠ કરનારા કોઈક જ મળે ! પાપથી નહિ ડરનારા સચા ભાવે ધર્મ કરે તેતો અતિ દુર્લભિત છે. પરંતુ અવસરે-પર્વાદિ દિવસોમાં પણ ધર્મ કરનારા બહુ જ ઝાઝા જીવો મળે.

'દુઃખ પાપથી જ અને સુખ ધર્મથી જ' આ સર્વ આસ્તિક દર્શન સંમત સનાતન સત્ય હોવા છતાં પણ પાપ નહિ કરનારા અને ધર્મ જ કરનારા પણ જ્યારે અલ્પ જીવો મળે ત્યારે હિતૈષી મહાત્માના મુખમાંથી કારુણ્યબુદ્ધિથી સ્વાભાવિક શબ્દો સરી પડે કે તો તેવા લોકો અમૃત સમાન ક્ષીર-દૂધનો ત્યાગ કરીને વિષપાન કરે છે. જાણી જોઇને અમૃતકુંભ ઢોળીને આકંઠ વિષપાન કરનારની ઉપમાને પામે તેમાં નવાઇ નથી. મહર્ષિ કાંઇ તેને શાપ નથી આપતા પણ મૂર્ચ્છિત ચેતનાને જાગૃત બનાવવા કહે છે કે-ભાઇ ! સુખ જોઈએ છે અને દુઃખ નથી જોઇતું તો દુઃખના માર્ગનો ત્યાગ કર

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

(ગાંધીનગર, પિ

હાલા દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેલાજી ગુઢકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(ચકવાલા)
ચાંદમલજી ગુઢકા
(ચાણગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ કારતક વદ-૧૧ મંગળવાર તા. ૨૯-૧૧-૯૪ [અંક-૧૪

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

-પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-બીજું (ગતાંકથી ચાલુ)

આજે ઘણી ખરાબી થઇ છે. તેનાથી આપણે બચવું છે. શાસ્ત્રે જેમ સંસારના સુખ માટે ધર્મ કરવાની ના કહી છે તેમ માન-પાનાદિ માટે પણ ધર્મ કરવાની મના કરી છે. માન-પાનાદિ માટે ધર્મ કરે તે ધર્મી કહેવાય ? આપણે જે સુખ જોઇએ છે તે સંસારની કોઇ ગતિમાં છે ? સંસારના સુખમાં જ મઝા આવે, લહેર આવે તો દુર્ગતિમાં જ જવું પડે-તેવી ય શ્રદ્ધા છે ? સદ્ગતિમાં જવું હોય તો સંસારના સુખમાં મઝા ન આવવી જોઇએ, ધર્મમાં જ મઝા આવવી જોઇએ, જે કાંઇ કષ્ટ આવે તે મઝેથી ભોગવવાની તૈયારી જોઇએ.

આજે ભણેલા જેટલાં પાપ કરે છે તેટલા પાપ મોટે ભાગે અભણ નથી કરતા ! તમે જેમાં મઝા કરો છો તે બધામાં પાપ છે તેમ લાગે છે ? **ભગવાને જે ધર્મ બતાવ્યો છે તે એવો નિર્દોષ અને નિરવદ્ય છે કે તેમાં જરા પણ પાપ ન લાગે.** સંસારમાં રહે તો તે ધર્મ થાય નહિ માટે આખો સંસાર છોડવાનો છે તે પણ હૈયાથી. જેટલાં કષ્ટ સંસારના સુખ માટે વેઠો છો તેના કરતા પણ વધારે કષ્ટ ધર્મ માટે વેઠતા થાવ તેમ કહ્યું છે. તો જે સુખ જોઇએ છે તે મળશે.

આત્માને સુંદર બનાવવો છે ને ? શરીરને શણગારવું છે કે આત્માને શણગારવો છે ? શરીરનો માલીક આત્મા છે ને ? શરીર સારૂં બનાવવું છે કે આત્માને સારો બનાવવો છે ? શરીર સારૂં બનાવો અને આત્મા ભૂંડો બને તે ચાલે ? આ શરીર તો ભૂંડું

છે. શરીર માટે જ ઘણાં પાપ થાય છે. જે આત્માઓ સમજી જાય છે તેઓ આ શરીર માટે પાપ નથી કરતા. 'આ શરીર તો ગધેડાની જાત છે. આત્માનું મોટામાં મોટું બંધન છે. તેને જરા પણ પોષવાનું નથી. તેને આપવાનું થોડું અને તેની પાસે કામ ઘણું લેવાનું છે. તેને નવરું પણ રાખવા જેવું નથી. તો આત્માનું ભલું કરવાનું મન થશે.

આત્માનું ભલું કરવાની જેને ઇચ્છા થાય તેનું નામ જ અધ્યાત્મ છે ! આત્માનું ભાન થયું છે ? 'જે સુખ આપણે જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે'–આવી શ્રદ્ધા છે કે તેમાં ય હજી શંકા છે ?' આપણે જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી' પણ છે ખરું'–આવી જે ઇચ્છા થાય તે જ મોક્ષની શ્રદ્ધાનો નમૂનો છે. એકવાર આ શ્રદ્ધા થઇ જાય તો સંસારના સુખ માટે જે કષ્ટ વેઠું તેના કરતાંય વધારે કષ્ટ ધર્મ માટે વેઠું તો જ કલ્યાણ થાય–તેમ આપોઆપ સમજાઈ જશે. બાકી હું ગમે તેટલી રાડો પાડીશ તો ય નહિ સમજાય ! ભગવાનનો ધર્મ પામવો હશે-કરવો હશે તો મજેથી કષ્ટ વેઠવાં પડશે. કષ્ટ ભોગવ્યા વિના સાચો ધર્મ આજ્ઞા મુજબનો થાય જ નહિ. પૈસા અને પૈસાથી મળતું સુખ ભોગવવા કષ્ટ વેઠો અને ધર્મ માટે તો કાંઇ કષ્ટ વેઠવાનું નહિ, સુખે સુખે ધર્મ થાય તો કરવાનો' આમ માને તે બધા ધર્મ પામવા માટે ય લાયક નથી. ધર્મ પામવા માટે જે ગુણ જોઇએ તે સમજાવવા છે.

તે પહેલાં પાયાની વાત હૈયામાં લખી લો કે–આપણે જે સુખ જોઇએ તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. તો આપણને આ સંસાર ગમે છે કે, મોક્ષ ગમે છે? સંસાર માટે મહેનત કરવી છે કે મોક્ષ માટે મહેનત કરવી છે ? સંસારના સુખ માટે જેટલી મહેનત કરો તે પાપ છે. પૈસા માટે જેટલી મહેનત કરો તે ય પાપ છે. મોક્ષ માટે મહેનત કરો તે ધર્મ છે.

આત્માના હિતની જ ઇચ્છા આત્માને મોક્ષે મોકલવાની ઇચ્છા તેનું નામ જ અધ્યાત્મ છે. આવી ઇચ્છાવાળો જીવ શરીરનો સેવક ન હોય, આત્માનો જ સેવક હોય. તે જે કાંઇ પ્રવૃત્તિ કરે તે આત્માના ઉદ્ધાર માટે જ કરે.

અધ્યાત્મ પામવાનો પહેલો ગુણ છે–કલ્યાણ મિત્રનો યોગ. કલ્યાણ મિત્રોની સોબત કરવાની છે. તે માટે તમારે તમારું જે વર્ત્તન ઊંધું છે તે સીધું કરવું પડશે–સુધારવું પડશે. મોક્ષ કોને જોઇએ ? આત્માને સુધારવો હોય તેને, આત્માને બગાડવો હોય તેને ધર્મ પણ ગમે નહિ. આત્માને બગાડનાર અકલ્યાણ મિત્રો છે. આત્માને સુધારવો હોય તો કોની સાથે સંબંધ રખાય ? સારા સાથે જ સંબંધ રખાય. જેની તેની સાથે બેસાય નહિ, વાત-ચીત થાય નહિ, સંબંધ રખાય નહિ. આજે તમારે એવા એવા સાથે સંબંધ

છે કે જેનું વર્ણન પણ ન થાય. 'જેનું નામ પણ દેવા જેવું નથી, જેનું મોઢું પણ જોવા જેવું નથી તેને ય પગે લાગો છો.' આ શું બરાબર છે ?

ધર્મી ડાહ્યા-સમજુ હોય. તેમ જોઇને સમજદાર સુખીનું ય માથું નમી જાય. તે કહે કે-ભલે ગરીબ છે પણ ધર્માત્મા છે. મારી ય શરમમાં નહિ આવે.

આત્માને સુધારવાનું મન છે ને ? આત્મા કયારે સુધરે ? મોક્ષ માટે ધર્મ કરે તો. તે માટે સાધુપણું જ જોઇએ છે, બંગલા-બગીચાદિ કશું જોઇતું નથી. સાધુપણું કોને મળે ? દુનિયાની બધી સુખ-સામગ્રી હૈયાથી છોડે તેને.

ધર્મ માટે બધાં જ કષ્ટ મજેથી વેઠવાની ઇચ્છા થાય તે બધા અધ્યાત્મની ભાવનાવાળા કહેવાય. આત્માનું કલ્યાણ કરવું છે કે શરીરનું કલ્યાણ કરવું છે ? શરીર તો અહીં જ સળગી જવાનું છે. અનંતા શરીર લીધા અને મૂકયાં. પણ આત્મા મરવાનો નથી, કદી મરતો નથી, સદા રહેવાનો છે. તે આત્માનું કલ્યાણ કરવાનું. મન થાય તો ગુણો આવે. તેમાં પહેલો ગુણ કલ્યાણ મિત્રનો સંયોગ નામનો છે. તે મેળવવા શું કરવું તે હવે પછી—

卐 સ્વીકાર અને સમાલોચના 卐

આચાર્યપદ ગુણ ગરિમા યાને પ્રેરક પરિચય-સંકલન-પૂ. મુ. શ્રી તપોરત્ન વિજયજી મ. સંપાદક પૂ. મુ. શ્રી ધર્મતિલકવિજયજી મ. પ્રકાશક-મહેતા પુનમચંદ દીપચંદ પરિવાર. ૭૮ એસ. વી. રોડ, અરિહંત એપાર્ટમેન્ટ, બીજે માળે, ઇરલા, મુંબઇ-૫૬ ક્રા. ૧૬ પેજી ૧૧૨ પેજ મુલ્ય રૂા. ૧૦) પૂ. આ. શ્રી વિજયનરચંદ્રસૂરીશ્વરજી મ.ની આચાર્યપદવી નિમિતે તેમના જીવન કવન આ પુસ્તિકામાં આલેખાયું છે સાથે આચાર્યપદની વિશેષતા ગુણો ગરિમા વિ.નું આલેખન થયું છે પદવી પ્રસંગે મળેલ શુભેચ્છાઓ તથા પાટ પરંપરા દર્શાવેલ છે.

પ્રાકૃત વિજ્ઞાન પાઠશાળા—સરલ સુબોધિકા-સંકલનકાર-પૂ. મુ. શ્રી ભવ્યચંદ્ર વિજયજી મ. પ્રકાશક-શ્રી કાળુશીની પોળ પંચ ટ્રસ્ટ કાળુશીની પોળ, કાલુપુર, અમદાવાદ-૧ ડેમી ૮ પેજી પેજ ૧૯૨. પૂ. સાધુ સાધ્વીજી મ.ને ભેટ છે. શ્રાવકોને રૂા. ૧૨) આ પુસ્તક પ્રકાશક તરફથી જ્ઞાન ખાતેથી છપાયું છે. પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ.એ પ્રાકૃત ભાષાના અભ્યાસ માટે પૂ. પાદ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના અષ્ટમ અધ્યાયને આધારે પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા તૈયાર કરેલી છે.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

(૨૮)

વિભીષણના હાથે દશરથની ઘાતકી હત્યા.

'ભવિષ્યમાં થનારી જનક રાજાની પુત્રી જાનકીના કારણે દશરથ રાજાના પરાક્રમી પુત્ર વડે હે રાવણ ! તારૂં મૃત્યુ થશે.'

રેવા નદીના કિનારે પડાવ નાંખીને શ્રી વીતરાગ પરમાત્માની પૂજા કરવામાં તલ્લીન બનેલા રાવણની પૂજા તે સમયે અજાણ પણે સહસ્ર-કિરણ નામના ખેચરેન્દ્ર વડે છોડાયેલા પાણીના પૂરથી ધોવાઇને સાફ થઇ જવાથી રોસાયમાન થયેલા રાવણે સહસ્ર-કિરણ સાથે યુધ્ધ કરીને તેને છેવટે બંધનમાં બાંધ્યો હતો. અને પછી મુકત કર્યો હતો. આ વખતે સંસારથી વૈરાગ્ય પામેલા સહસ્રકિરણે દીક્ષા અંગીકાર કરવાની તૈયારી કરી હતી. અને પોતાના મિત્રરાજા અનરણ્ય રાજા સાથે 'બંનેમાંથી ગમે તે એક દીક્ષા લે ત્યારે બીજાએ દીક્ષા લેવી' આ શરત કરી હોવાથી તાત્કાલિક આ સમાચાર અયોધ્યામાં પહોંચાડયા હતા. અને શરત મુજબ અનરણ્ય રાજાએ પણ બાળકુમાર દશરથને રાજ્ય ઉપર સ્થાપન કરીને પ્રવ-જ્યા અંગીકાર કરી હતી.

રાવણ તો ત્યાર પછી વિજયયાત્રા માટે ચાલ્યો ગયો હતો.

અને આ બાજુ બાળકુમાર દશરથ ધીમે ધીમે યુવાવસ્થાને પામી રહ્યા હતા. અને બીજી તરફ મિથિલાનગરીમાં જનક રાજા પણ યુવાવસ્થાને પામ્યા હતા.

વીતરાગના ધર્મમાં સમર્પ વીતાવતા રાજા દશરથ અપરાજિતા (કૌશલ્યા)ને, જેનું પહેલા કૈકેયી નામ હતું અને મિત્રા નામની રાણીથી જન્મેલી હોવાથી તથા સુંદર શીલવાળી હોવાથી જેનું સુમિત્રા એવું બીજું નામ હતું તે સુમિત્રાને અને 'સુપ્રભા' નામની એમ ત્રણ રાજકન્યાઓને પરણ્યા. (અહીં કૈકેયી=સુમિત્રા=લક્ષ્મણ-જીની માતા સમજવા. ભરતની માતા કૈકેયી સાથે હજી દશરથ રાજાના લગ્ન થયેલા નથી.)

ધર્મ અને અર્થને બાધા ન પહોંચે તે રીતે રાજા દશરથ ત્રણેય રાણીઓ સાથે ક્રીડામાં સમય વીતાવી રહ્યા છે.

આ તરફ ભરતાર્ધના ધણી લંકેશ્વર રાવણે એક વખત ભરી સભામાં નૈમિત્તિકને પ્રશ્ન કર્યો. કે—આ અમરો (=દેવો) પણ ખરા અર્થમાં અમર નથી. એક ને એક દિવસ તેમને પણ મોત આવે જ છે. સંસારવાસીઓને મૃત્યુ અવશ્ય દેવ આવે જ છે. તો 'હે નૈમિત્તિકોત્તમ નિઃશંક અને નીડરપણે કહો કે મારૂ મૃત્યુ સ્વાભાવિક રીતે જ થશે કે પછી અન્યના કારણે થશે?'

અને સત્ય કહેનારા નૈમિત્તિકે કહ્યું

કે-'હે રાવણેશ્વર ! ભવિષ્યમાં થનારી જનક રાજાની પુત્રી જાનકીના કારણે દશરથ રાજાના પરાક્રમી પુત્રના હાથે તારૂં મૃત્યુ થશે.'

આ સાંભળતા જ વિભીષણે કહ્યું-જો કે આ નૈમિત્તિકની વાણી હંમેશાં સાચી જ પડી છે છતાં હું તેની આ વાણીને જડથી જૂઠી કરી નાંખીશ. રાવણનો નાશ કરનારા સીતા કે રામ, લક્ષ્મણાદિ જન્મે તે પહેલાં જ તેના પિતા જનક અને દશરથને હું હણી નાંખીશ. જેથી સીતા કે રામ કોઇની ઉત્પત્તિ જ ન થાય. હું હવે બનતી ઝડપે અયોધ્યા જઇને દશરથને અને મિથિલામાં જનકનો ઘાણ બોલાવી દઉં છું. નૈમિત્તિકે કહેલી હે બંધુ! તમારા મૃત્યુની ભવિષ્ય-વાણીને હું જૂઠી જ સિદ્ધ કરી આપીશ.'

રાવણે વિભીષણને જનક અને દશરથને જીવતા જ હણી નાંખવાની વાતમાં સંમતિ આપી. અને સભાનું વિસર્જન થયું.

વિભીષણે અયોધ્યા જવાની તૈયારી કરવા માંડી.

આ સભામાં હાજર રહેલા દેવર્ષિ નારદ જલ્દી અયોધ્યા જઇને દશરથ રાજાને વાત કરતાં કહ્યું કે-શ્રી સીમંધર સ્વામીના દીક્ષા ઉત્સવને જોઇને હું મેરુ પર્વત ઉપર ગયો હતો. ત્યાં ચૈત્યોને વંદીને લંકામાં શ્રી શાંતિનાથ પ્રભુના ભવ્ય પ્રાસાદમાં પ્રભુદર્શન કરીને સભામાં ગયો ત્યારે ત્યાં જે વાત થઇ તે પૂરી કરતાં કહ્યું કે વિભીષણ તમારા વધ માટે આવી રહ્યો છે. હવે હું તમારી જેમજ મારા સાધર્મિક-બંધુ જનક રાજાને આ સમાચાર પહોંચાડી દઉ છું.

નારદજીના ગયા પછી બંને રાજાના મંત્રીઓએ કોઇને પણ જરા સરખી ગંધ ન આવે તે રીતે બંને રાજા ગુપ્ત વેશે નગર બહાર નીકળી જતાં જ રાજાની લેપ-મયી આબેહૂબ પ્રતિમા કરીને ગાઢ અંધ-કારમાં પલંગ ઉપર સૂવાડી દીધી.

ધમધમતા આવેલા વિભીષણે ગાઢ અંધકારમાં સૂનેલા માનેલા દશરથ રાજાને તલવારના એક જ ઝાટકે હણી નાંખ્યા. લાખની પ્રતિમાનો શિરચ્છેદ થતાં જ આખુ નગર રાજાનું મૃત્યુ જાણીને શોક મગ્ન બની ગયું. મંત્રીઓએ મૃતકાર્ય કર્યું પછી દશરથને મરેલો જાણીને વિભીષણ જનકને મારવાની જરૂર ન લાગી. લંકા પાછા ફર્યા.

— સ્વીકાર-સમાલોચના —

ઘોર અંધકાર-લે. પૂ. મુ. શ્રી જય-દર્શનવિજયજી મ. પ્ર. કિશોર ખંભાતી, એ-૩૦૨ સંભવનાથ જિનદીંગ જૈન મંદિર રોડ, વિરાર વેસ્ટ. આર્થિક સહકાર-શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરકિયા, ૧૭-બી દિગ્વિજય પ્લોટ જામનગર. પ્રાપ્તિસ્થાન શા. મુકુંદભાઇ રમણલાલ, ૫ નવરત્ન ફ્લેટસ, નવા વિકાસ ગૃહ માર્ગ, પાલડી, અમદા-વાદ-૭. સ્વ. પૂ. આ. શ્રી વિજયરવિચંદ્ર સૂ. મ. નું બીજું પુસ્તક પ્રશ્નોત્તર કર્ણિકા માં ભુલો શોધીને આ. શ્રી નરેન્દ્રસાગર સૂ. મ. એ પ્રશ્નોત્તર કર્ણિકા શુદ્ધિ પ્રકાશ' નામનું પુસ્તક લખ્યું છે અને તે શુદ્ધિ પ્રકાશ અંગે સ્વ. પૂ.મ.ના શિષ્ય લેખક મુ. શ્રીએ શુદ્ધિ પ્રકાશમાં આમી છે તે બતાવવા સાથે તે તે પ્રકાશની સ્પષ્ટતા કરી છે જે આચાર વિચાર અને આરાધના સંપન્ન આત્માઓ માટે માર્ગદર્શક છે.

❋ ખોટું ના લગાડતા હો ને ❋

—શ્રી ભદ્ર ભદ્ર

તમે ફ્રીમાઇન્ડેડ છો ?

મારા મિત્રરત્નને મદભર યુવા-દશા એક દિવસ આવી. અને પછી કયાંક જોવા જવાનું જ થયું. ભણવામાં પહેલેથી જ ડફોળચંદ હતો. એટલે એસ. એસ. સી.થી એટલે કે 'બે ગધેડા જુઓ'ના બોડમાં જ સલવાઇ ગયેલા. આમ તો મિત્રશ્રેષ્ટની એસ. એસ. સી.માં જ પંચવર્ષીય યોજના હતી.

પરંતુ 'બલકના બ્વાબો અને બ્વાહિશો ભાગ્યવિધાતાના શરણાગત છે. સેવી-સેવીને સજાવી, સજાવીને સાચવી રાખેલા શમણાંઓ વિધિના લેખ ઉપર લોઢાની મેખ મારી શકતા નથી.' આવું વાકય એના વાંચવામાં આવ્યું એજ દા'ડે એના પિતાશ્વ્રયે આ 'ઢ' ઢાંઢાને ચોપડા ફાડવામાંથી (ભણવામાંથી) બળાત્કારે ઉઠાવી લીધેલો.

આ 'ઢ' ધંધામાં તો આગળ વધી ગયો. મહિને દા'ડે પાંચેક હજાર તો કમાઇ નાંખે છે. આવા અમારા પાંચ હજાર માસિક આવકધર મિત્રવર્યને 'જોવા' જવાનું થયું.

બંને મળ્યા. ટોસ ઉછાળ્યો કે નહિ ? કોણ જીત્યું ? પહેલી બેટીંગ કોણે કરી ? બોલીંગમાં પેસ એટેક હતો, ફાસ્ટ બોલર હતા કે પછી બાઉન્સરો જ ઉછળ્યા એની એને યાદ ના રહી. પણ મિત્રે મને કીધું કે-વિરોધ પક્ષે મને અપડુડેટ જોઇને અંગ્રેજીમાં જ પૂછ્યું કે-'તમે ફ્રીમાઇન્ડેડ છો?' મેં મારી ધંધાદારી બુદ્ધિથી તરત જ વિચારી લીધું કે-ફ્રી એટલે મુકત, માઇન એટલે મારા માટે, ડેડ એટલે મરવા માટે. એટલે કે તમે મારી પાછળ મરી પડવા તૈયાર છો ને ? આ અર્થઘટન કરીને મેં ફટ દઇને 'હા. હા. એમાં પૂછવાનું જ શું? એમ કહી દીધું. (શાસ્ત્ર પંકિતના મતિ ધડંત અર્થો કરનારને અહીં યાદ નો કરતાં હો ને ?)

પછી બોલીંગ કરવાનો વારો ઓવર બદલાઇ એટલે મારો વારો આવતા જ મેં પૂછ્યું-'તમે પણ ફ્રી માઇન્ડેડ જ છો ને ? એટલે તેણે કહ્યું કે-'હા. હા. રહેવું જ પડે ને ? આ તમારી નજર સામે જ તો મારા બોયફ્રેન્ડને શેકહેન્ડ કર્યો. અને બોય ફ્રેમીને થોડીવાર રહીને આવવાનું કીધું.' હકીકતમાં તો વિરોધ પક્ષે સીધી જ સિકસર ફટકારી હતી. પણ અમારા 'ઢ' રત્ન એમ સમજ્યા કે-'આ પણ મારી પાછળ મરી પડવા તૈયાર છે. અને એટલે જ તો મારી દેખતાં જ એક ભાઇ સાથે (હજી અમે પરણ્યા નથી તો પણ) શેકહેન્ડ-સેકંડમાં જ હેન્ડ હેન્ડ હવે કહી દેતા, પેલો ભાઇ તો જતો રહ્યો. અને એના પ્યારના પ્રેમીને પણ થોડીવાર રહીને જ આવવાનું કીધું. હમણાં ને હમણાં જ તેની સાથે ચાલી ના નીકળી. એટલે બીજા બધાં

કરતાં તેનું મન મારી મહત્તા વધુ છે ? (શબ્દોને જ ચૂંથ્યા કરનારો સત્ય શું સમજે ?)

પછી તો બંનેનું એકબીજા સાથે જ ગોઠવાઈ ગયું. પિતૃઘરેથી કન્યા પિયુઘરે આવી. થોડા ક દિવસ પછી પેલા ભાઈઓ પિયુઘરે આવ્યા. છુટથી વાતચીતનો દોર શરૂ થયો. મારા મિત્રથી સહન ન થતાં જરા કડક ચાવાળા શબ્દો કાઢયા કે–શું છે આ બધું ?

[પછી પેલા બે ય બોયને કીધુ–'હવે પછી અહીં આવ્યા છો તો તમારા ટાંટીયા ભાંગી નાંખીશ હા.' બેય ભાગ્યા.]

પત્ની રત્ના બોલ્યા કે–તમે ક્રીમાઇન્ડેડ છો તેવું કહેલું ને ? હવે કેમ આવું પૂછો છો ?

મિત્ર રત્ને કહ્યું કે–તે હું ક્યાં ના પાડું છું ? હું તો તું કહે તે ક્ષણે, તે સ્થળે અને તે રીતે તારી પાછળ મરી પડવા તૈયાર જ છું. પણ એમાં આ બે ગેંગાની શું જરૂર પડી ? અને પહેલા તું તારા પ્રાણ તો ન્યોચ્છાવર કર, પછી હું 'ક્રીમાઇન્ડેડ' બનું ને ?

અખંડ સૌભાગ્યવતી બોલ્યા કે–ક્રીમાઇન્ડેડ એટલે ઉદારતા. મનની સંકુચિત વૃત્તિનો ત્યાગ.

અખંડ સૌભાગ્યધર બોલ્યા કે–તારી પાછળ તું કહે, તે તે રીતે મરી જવાની મારી તૈયારી છે એનાથી બીજી ચડીયાતી ઉદારતા આ વિશ્વમાં ક્યાં જોવા મળશે ? (વિરોધ ન થાય ત્યાં સુધી અર્થભ્રમના ઘેનમાં જ કુંભકર્ણો ઘોયા કરે છે.)

શ્રીમતીને લાગ્યું કે–ચોકકસ આ બુધ્ધુ જ ભટકાઇ ગયો લાગે છે. એટલે તે 'ઓ માય ગોડફાધર' આટલું બોલીને લમણે હાથ દઇને બેસી ગઇ.

તરત જ શ્રીમંતે કહ્યું કે–એમાં (ગોડ–ગોળ, ફાધર–તોડનાર એટલે) ગોળ તોડનારને બૂમ પાડવાની કયાં જરૂર છે ? આપણે બે ય જાતે જ ગોળ તોડીને મારી ઉદારતાની ખુશીમાં ગજ્યું મોટું કરીએ.'

શ્રી પ્રેયસીવર્યા ફરી બોલ્યા–ઓહ ગોડ!

તરત ધણીશ્વર બોલ્યા કે–ઓહો ! તને એટલી યે ગમ નથી કે ગોળને કાન નથી. તું ગમે તેટલા મધુર-નિશ્વાસા નાંખીશ તોય તારી સામે ગોળ નહિ આવે. તરસ લાગે ને તો માટલા પાસે આપણે જવું પડે, શું ? કંઇ માટલું આપણી પાંહે નો આવે.

અમારા બુધ્ધુરત્ને અર્થમાં અનર્થ કર્યા. પણ ઉપરથી બંનેના જીવનમાં અનર્થ ના આવ્યો. પણ ખુશાલી આવી ગઇ. ધીમે ધીમે પત્નીએ અંગ્રેજી બોલવાનું બંધ કર્યું (સમજુ છે ને ? અંગ્રેજી ભાષાનું અપમાન તો ન જ થવા દેવાય ને ?) તો પેલા ગમ્મત ગુલાલે તુટી-કુટી અંગ્રેજી બોલવાનું શરૂ કર્યું.

એકવાર પત્નીએ કહ્યું–'જમવાનું થઇ ગયું છે ને કયાં જાવ છો ?'

અરે હમણાં જ આઇ એમ આવીંગ

તું આર જમવા નોટ બેઠી જતીંગ. આપણે બંને સાથે જમીંગ. ઓ કે ! ઓ કે.

ખુશીના ઝલકમાં આ રીતે વર્ષો વીતી ગયા.

એકવાર ટેક્ષીમાં બેસીને જતાં હતા. વરસાદમાં ગાડી કયાંક ફસાઇ ગઇ. પત્નીશ્રીએ પૂછયું–શું થયું ? પતિરત્ન બોલ્યા કે–ધ કાર ઈઝ કીચડમાં ફસીંગ એન્ડ નોટ હાલીંગ–ડુલીંગ.

પત્નીને થયું પતિ બુધ્ધુ હતા પણ સાથે બુદ્ધ(–ભગવાન) જેવા છે.

હવે બંનેની જીંદગી–નૈયા આયુષ્યના સમંદરના મઝધારમાંથી કિનારા સુધી આવી ચૂકી હતી. કયુ મોજુ (રોગ–એટેક–લેમરેજ-માંથી ગમે તે) કોને પહેલા સાગરના સામા કિનારે પહોંચાડી દેશે તે જતી જિંદગીમાં કહી શકાય તેવું ન હતું.

'સર્વકાર્યાક્ષમાવસ્થા, સર્વ રોગાશ્રયાવસ્થા...જરા.'

ઘડપણ સર્વ કાર્ય માટેની દુર્બળાવસ્થા છે અને દરેક રોગો માટે આશરો–સ્થાન છે.

જીવનનો લગભગ હાસ્ય–રસ યુવાવસ્થામાં અને બાળદશામાં જ વાપરી નાંખ્યો હતો. એટલે હવે પાકે પાંદડે ગંભીર રસ ડોશા–તંબૂ નાંખીને બેઠો હતો. પણ...

એક દિવસ એક ત્રિપુંડ તાણેલા, ટીપણુ લઇને, લાકડીરત્ન ધારી એક ભવિષ ભાખનારા જોષી મા'રાજ તેમના ઘરે આવી ચડયા.

આવતાં જ તેમણે પત્નીશ્રીને આશીર્વાદ દેતા કહ્યું કે—

'અખંડ સૌભાગ્યવતી ભવ.'

આટલું સાંભળતાં જ પત્ની તાડુકી ઉઠયા કે–'શું મને વહેલી મારી નાંખવી છે ?'

એટલે જોષીરાજ સડક થઇ ગયા. પછી તેમણે આશીર્વાદની ભારતી બદલીને કહ્યું–'દીર્ઘાયુ ભવ.'

મેમસાબનું બોઇલર ફાટયું–'શું મને વિધવા બનાવવી છે ?'

જોષી મહારાજના દર્દનો પાર ના રહ્યો. એટલે તેમણે છેલ્લે આશીર્વાણી બદલી અને હાથો જુગારી બમણું રમે એમ બોલીંગ કરી જોઇ. તે બોલ્યા કે–'હે દેવિ ! સુખી ભવ.'

અને આ શબ્દોએ દેવીના મુખ ઉપર સુખ ઉપજાવ્યું.

પતિદેવે જોષીને પૂછયું–'અમારા બેમાં ફ્રીમાઇન્ડેડ કોણ છે ?' જોષી તો અંગ્રેજી જાણતા હતા. તેમણે પત્નીના ૬૫ વરસના શરીર ઉપર ગાઉન કે પંજાબી ડ્રેસમાંથી એક ડ્રેસ જોતાં જ કહી દીધું કે–'આ દેવિ. ફ્રી માઇન્ડેડ છે.'

પતિરાજે એનો પોતાનો જ અર્થ કરીને કહ્યું કે–'મારી પત્ની મારી પાછળ મરવા તૈયાર થશે. એમ ? એટલે પહેલાં મારે જ મરવાનું ? અરે રે !'

'અને અમે બંને સાથે મરીએ તો ?' પતિરાજે પ્રશ્ન કર્યો.

'તો ઉભા રો. મને પહેલાં જતો રેવા દો. પછી તમ–તમારે મરજો. કયાંક હોળીનું નાળિયેર હું બનીશ.' પછી પતિ બોલ્યો 'જોયું ને. પૈસા લીધા વગર જ ભલા ગઇને!'

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(ભાગ - ૬)

પ્ર–૬૮ ત્રીજા દૂષણનું સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ.–ધર્મના ફળ વિષયમાં સંશય થવો તેને વિતિગિચ્છા નામનો દોષ કહ્યો છે. અર્થાત્ કરેલા ધર્મનું ફળ હશે કે નહિ તેવો જે સંશય તેનું નામ વિતિગિચ્છા છે.

પ્ર–૬૯ તે દૂષણ કેવી રીતના પરિહરવાનું કહ્યું છે ?

ઉ–આત્માના શુભ પરિણામથી અર્થાત્ કરેલા ધર્મના ફળમાં જરા પણ સંદેહ ન કરવો. જેમ ગીતામાં પણ કહ્યું છે કે, "કર્મણ્યેવાડધિકારસ્તે મા ફલેષુ કદાચન" તેમ આજ્ઞા મુજબ ધર્મ કરવો. તે આજ્ઞા મુજબ કરાતો ધર્મ, આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી આત્માની બધી કાળજી રાખનાર છે. જે વખતે જે જરૂર પડે તે પૂરી પાડનાર છે.

પ્ર–૧૦૦ વિતિગિચ્છાનું વિશેષ સ્વરૂપ સમજાવો.

ઉ–વિતિગિચ્છા એટલે ધર્મના ફળ પ્રતિ સંદેહ. પ્રમાણ–યુક્તિ અને આગમથી નિર્દોષ એવા પણ શ્રી સર્વજ્ઞ ભગવંત એવા શ્રી તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ધર્મમાં દુષ્કર એવો કરાતો જે તપ, તે તપનું ફળ રેતીના કોળીયા સમાન નિરર્થક છે કે નિર્જરાફળથી રહિત શરીરના કલેશ માત્ર જ ફળ છે. કેમકે દુનિયામાં પણ ખેતી આદિની ક્રિયા પણ સફળ અને નિષ્ફળ એમ બે રીતના જોવામાં આવે છે તેવી રીતના આ તપાદિ ધર્મ અનુષ્ઠાનોની ક્રિયા પણ હોઈ શકે. વળી પૂર્વપુરુષો યથોદિત માર્ગનું આચરણ કરનારા હોવાથી તેમને વિષે ફળનો યોગ ઘટી શકે. જ્યારે આ કાળમાં ધીરજ–સંહનન બળાદિની હાનિવાળા અમારા વિષે તેવી રીતનો ફળનો યોગ ન પણ ઘટી શકે. ભગવાનના વચન ઉપર અપ્રતીતિ થવાથી તે દોષરૂપ બને છે.

પ્ર–૧૦૧ ઉપર જે શંકાનું સ્વરૂપ જણાવ્યું અને અહીં જે આ વિતિગિચ્છાનું સ્વરૂપ જણાવ્યું તો તે બેમાં કાંઈ જ ભેદ ફેર લાગતો નથી તો બે જુદા જુદા કેમ કહ્યા ?

ઉ–જુઓ ! શ્રી સર્વજ્ઞ ભગવંતના વચનમાં સંશય કરવો તેને શંકા કહેલી જ્યારે ધર્મના ફળના વિષયમાં સંદેહ કરવો તેને વિતિગિચ્છા કહી છે. તેથી શંકા સકલાસકલ પદાર્થરૂપ દ્રવ્યગુણ વિષયવાળી છે જ્યારે વિતિગિચ્છા ક્રિયાના ફલના વિષય વાળી છે. માટે તે બંન્નેમાં વિશેષતા–ભેદ તો છે.

"यतः शङ्का सकला सकलपदार्थभावत्वेन द्रव्यगुण विषया, इयं तु क्रियाफलविषयेति भेदः ।"

પ્ર.–૧૦૨ અન્યપ્રકારે વિતિગિચ્છાનું સ્વરૂપ સમજાવો.

ઉ–વિતિગિચ્છાનો અન્ય અર્થ કરતાં કહ્યું છે કે, વિતિગિચ્છા એટલે નિંદા તે સદાચાર અને સાધુના વિષયભૂત છે અર્થાત્ સદાચારોની નિંદા કરે કે સાધુની નિંદા કરે. જેમકે, સાધુના મલમલીન ગાત્ર જોઇ કહે કે પરસેવાના જલ મિશ્રીત મલવાળા દુર્ગંધિ શરીરવાળા આ મહાનુભાવો પ્રાસુક પાણીથી શરીરને સાફ કરે–ધુવે તો કયો દોષ લાગે તે સ્વરૂપ જે નિંદા કરવી તે પણ વિતિગિચ્છા છે.

પ્ર–૧૦૩ ચોથા દૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ–મિથ્યામતિના ગુણોની પ્રશંસા કરવી તે મિથ્યાદૃષ્ટિ પ્રશંસા નામનો ચોથો દોષ છે. જેને 'અન્યતીર્થિક પ્રશંસા' પણ કહી છે. અન્ય મતવાળાની–બૌદ્ધ–ભૌતિક–વેદાંતિક–સાંખ્યો આદિની પ્રશંસા કરતાં કહે કે–ખરેખર આ લોકોનો તે રાજા પણ ભગત છે, રાજમાન્ય છે, નિર્દોષ એવી વિદ્વત્તાદિ ગુણવાળા છે, ઘણા ઘણા અતિશયો દેખાય છે.–આવી રીતના પ્રશંસા કરવાથી લોકમાં પણ થાય કે અર્હંતો પણ જો આ બધાની પ્રશંસા કરે છે માટે આ બધા ધર્મો પણ સારા હશે.

પ્ર–૧૦૪ અન્ય દર્શનીઓની પ્રશંસા કરવાથી શેની પુષ્ટિ થાય ?

ઉ–અન્ય દર્શનીઓ સ્વયં સન્માર્ગથી ચ્યુત અને ઉન્માર્ગગામી છે. તેવા ઉન્માર્ગગામીઓની સ્તવના કરતાં ઉન્માર્ગની પુષ્ટિ થાય છે એટલું જ નહિ ઘણા ભોળા ભદ્રિક જીવો સન્માર્ગથી ચ્યુત પણ થાય છે. તે બધું પાપ તે ઉન્માર્ગીની પ્રશંસા કરનારને લાગે છે. તેમ કરનારો અચિંત્ય ચિંતામણિ સમાન સમ્યક્ત્વગુણને દૂષિત પણ કરે છે યાવત્ તેનાથી રહિત પણ બને છે.

પ્ર–૧૦૫ તો અન્યના ગુણોની પ્રશંસા ન જ કરાય ? જો ન જ કરાય. તેમ કહેશો તો આ સજ્ઝાયના કર્ત્તા મહામહોપાધ્યાયજીએ અમૃતવેલની સજ્ઝાયમાં પણ 'અન્યમાં પણ દયાદિક ગુણો." એમ કહ્યું છે તેનું શું ?

ઉ–પ્રશંસા અને અનુમોદનાના તાત્ત્વિક ભેદને સમજવાથી આ પ્રશ્નનો ઉત્તર આપોઆપ સમજાઇ જશે. જાહેરમાં કોઇના ગુણનું વર્ણન કરવું તેનું નામ પ્રશંસા છે. જ્યારે હૈયામાં જ કોઇ અન્યના ગુણની અનુમોદના કરવી તેનું નામ અનુમોદના છે.

અન્ય મતની કે અન્ય મતમાં રહેલા જીવના ગુણની જો જાહેરમાં પ્રશંસા કરવી હોય તો યથાર્થ હકીકત પણ સાથે કહેવી જોઇએ જેથી કોઇ ઊંધું ન લઇ જાય. તેવી તૈયારી ન હોય તો માત્ર હૈયામાં તેના ગુણની અનુમોદના કરી સંતોષ માનવો પણ જીભની ચળને છંછેડવી નહિ. આ આત્મામાં રહેલા ઉદારતાદિ ગુણો જો તે ભગવાનના શાસનને પામ્યો હોત તો કઇ ગુણો તાત્ત્વિક લાભ મેળવી શકત પણ ભગવાનના શાસનની છાયા પણ પડી ન હોવાથી ધાર્યા તાત્ત્વિક લાભથી વંચિત રહે છે. જેમકે, વેશ્યાના રૂપની

પ્રશંસા કરવી હોય તો સાથે જ કહેવું જોઇએ કે "વેશ્યા રૂપવતી હોવા છતાં પણ અગ્નિની જ્વાળા જેવી છે માટે તેની છાયામાં પણ જવા જેવું નથી. નહિ તો બાળ્યા વિના નહિ રહે" વિષ્ટામાં પડેલ ચંપકના પુષ્પની સુવાસ વર્ણવાય પણ માથે ન ચઢાવાય-આવો વિવેક જેમ ત્યાં છે તેવો અહીં આવી જાય તો કોની પ્રશંસા થાય, કોની ન થાય, કઇ રીતના થાય તે બધું આપોઆપ હૈયામાં સ્વતઃ સમજાઇ જાય.

વળી અમૃતવેલની સજ્ઝાયમાં પણ અન્યમાં રહેલા કયા દાનાદિક ગુણો જે શ્રી જિનવચન અનુસાર હોય તો તેની અનુમોદના કરવાની કહી છે, નહિ કે પ્રશંસા.

ત્યાં કહ્યું છે કે-

"અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,
સર્વે ચિત્તમાં અનુમોદીયે, સમકિત બીજ નિરધાર રે.

(ચેતન૦...૨૦ અમૃતવેલની સજ્ઝાય)

વળી તાર્કિક શિરોમણિ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજાએ પણ કહ્યું છે કે-"અન્ય મતોમાં પણ જે જે સારી વાતો છે તે શ્રી જિનશાસન રૂપી મહાસમુદ્ર-માંથી ઉડેલા મૌક્તિક રૂપી રત્નો જ છે."

પ્ર-૧૦૬ પાંચમાં દૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ-મિથ્યામતિઓનો પરિચય કરવો તેને મિથ્યામતિ પરિચય કે પરતીર્થિકોપએવ કે અન્યતીર્થિક સંસ્તવ નામનું પાંચમું દૂષણ છે, અન્યતીર્થિકોની સાથે રહેવાથી, પરસ્પર સંભાષણ બોલવાથી, વાતચીત કરવાથી જે પરિચય થાય તેથી તેમની ક્રિયાઓ જોવાથી સાંભળવાથી તેમના જેવું સુખશીલીયાપણું આવતા વાર લાગે નહિ જે દૃઢ સમકિતીને પણ સમકિત ગુણથી પાડનાર બને તો મંદબુદ્ધિવાળા અને નવાજ ધર્મને પામેલાની વાત શી કરવી માટે મિથ્યામતિના પરિચયનો ત્યાગ કરવો જરૂરી છે.

પ્ર-૧૦૭ આ પાંચના ત્યાગનું ફળ કયા દૃષ્ટાન્તથી સમજાવ્યું છે ?

ઉ-આ રીતના પાંચે ય દૂષણોનો ત્યાગ કરવાથી સમકિત સ્વરૂપ શુદ્ધ મતિ-બુધિરૂપી અરવિંદ-કમળ ખીલી ઊઠશે અને તેની વાસના-સુગંધ મહ્યા કરશે.

(ક્રમશઃ)

જિન શાસનનું રહસ્ય સમજો

-શ્રી રતિલાલ ડી ગુઢકા-લંડન

જેને ઘણા ફક્ત ઉપર વાલો જ કહે છે કોઇ એને ધણી કહે છે. કોઇ એને માલીક કહે છે. કોઇ ઇશ કોઇ ઇશ્વર કોઇ હજાર હાથવાળો કોઇ મારો નાથ બેલી છે ભિન્ન ભિન્ન નામથી ઓળખાય છે વ્યવહારમાં બોલાય છે કે–ધાર્યું ધણીનું થાય. માલિક કરેગા વહી હોગા. ઇશ્વરની ઇચ્છા. ઉપર વાળાની મરજી મુજબ થશે, ઉપરવાળો હજાર હાથનો છે તે ધારે તે કરી શકે, એના ઇચ્છા વિના ઝાડનું પાંદડુ પણ નથી હાલતું, એ ધારે તો રાજાને રંક કરે અને એ ધારે તો રંકને પણ રાજા બનાવી દે આ પ્રમાણે બધે વ્યવહારમાં ભાષા બોલાય છે. એવી ભાષા પાછળ એવી માન્યતા રખાય છે.

વળી દુઃખ આવે અને આને મંગળ નડે છે, આ મંગળવારી કન્યા છે આને શનિ નડે છે. આને તો પનોતિ બેઠી છે. આને તો ગુરૂ હમણાં ઉચ્ચનો છે આને તો પનોતી બેઠી છે એનો ઘોડો હમણાં તેજીમાં છે એના તો ઘણા સારા દિવસો છે ભાઇ તારે હમણાં શનિના જાપ કરવા પડશે તારે મંગળના જાપ કરવા પડશે. તારે રાહુની શાંતિ કરાવવી પડશે. આ પ્રમાણે જ્યોતિષીઓ સુખ દુઃખની નાડ હાથમાં લઇ જાણે ના બેઠા હોય. એટલે જેના કારણે જે દુઃખી છે તે બિચારો તે દુઃખને દૂર કરવા માટે તેની ઉપાસના જાપ આદિ કરે છે પરંતુ ઘણું કરી છૂટયા પછી પણ પાછો દુઃખીનો દુઃખી એટલે એ જીવે સુખ દુઃખનો દાતા કર્તા માન્યો છે તે માન્યતા સાચી છે કે ખોટી છે?

આ બધા પ્રશ્નોથી આપણું અંતર મુંઝાય છે કયાંથી સાચો માર્ગ મળતો નથી કઇ રીતે દુઃખમાંથી છૂટવું. અને દુઃખ શું છે, સુખ દુઃખ જીવનમાં શા માટે આવે છે! કયાંથી આવે છે? કોણ મોકલે છે. કેમ આવે છે. એક મહાદુઃખી બીજો બહુજ સુખી એક બિચારો રોગમાં રીબાય છે તો બીજાને નખમાંય રોગ નથી. એકની પીડા અસહ્ય છે તો બીજાને લીલા લહેર આનંદ પ્રેમ વિનોદ છે એકના ઘરમાં ખાવાનું ઘણું છે. તો બીજાને ૩ દિવસ થયા ભીખ માંગતા પણ મલતું નથી. કોઇને પુત્ર છે તો પણ દુઃખ છે અને કોઇને પુત્ર નથી તેનું દુઃખ છે કોઇને પૈસો અઢળક છે છતાં દુઃખી છે અને કોઇને પૈસો નથી એનું દુઃખ છે કોઇના ઘરમાં અઢળક ધન ધનલક્ષ્મી સંપતિ વૈભવ મહેકે છે છતાં મહાદુઃખી છે અને કોઇને આજ ને ઘરતી છે આનું કારણ કોણ છે આ કોના હાથની વાત છે શું ઇશ્વરની બધી લીલા હશે. ?

આ સંસારમાં કયાંય સમાનતા દેખાતી નથી વિષમ એકના જેવા ગુણધર્મો બીજામાં ન હોય તે વિષમ એવી વિષમતા આ સંસારમાં ડગલે ને પગલે દેખાય છે જેમકે માતાપિતાના ગુણ ધર્મો પુત્રો સાથે નથી મળતા. માતાના જેવી પુત્રી નથી હોતી પુત્રીના જેવી માતા નથી હોતી વળી પિતાના જેવો પુત્ર નથી કોતો–ભાઇ

જેવો ભાઈ સરખા વિચારવાળો નથી એક માતાના બે દિકરા પણ સમાન વિચારધારા સમાન બુધ્ધિમો સમાન સ્વભાવ આદિ નથી ધરાવતા. આ સંસારમાં બધા જ સુખી કે શ્રીમંત પણ નથી દેખાતા. બે સગાભાઇમાં પણ એક રામ છે તો બીજો રંક પણ જોવા મળે છે. બંને સરખા સુખી નથી બંને સરખા પદ અધિકારી નથી કેતા સરખી પોસ્ટ નથી બંનેની સરખી બુદ્ધિ કે સરખી ચિંતા નથી અને બંનેનું સરખું રૂપ પણ નથી એકજ બાપની દિકરીઓ બંને એક સરખા ઘરમાં જઇ શકતી નથી અને કદાચ જાય તો પણ એક સરખું સુખ મળતું નથી.

એક સુખી છે તો બીજો દુઃખી છે. એક રાજા છે તો બીજો રંક–એક શ્રીમંત અમીર છે તો બીજો નિર્ધન–ગરીબ છે એક રાજી છે તો બીજો નારાજ છે એક શેઠ તો બીજો નોકર છે, એક માલીક છે તો બીજો ગુલામ છે એકનો ઉચ્ચ કુળમાં જન્મ તો બીજો હલકા કૂલમાં છે. એક મળ મૂત્રાદિ સાફ કરવાના ધામો કરે છે. તો બીજો રાજમહેલ બંગલામાં સોનાના રત્નોના પારણામાં ઝુલે છે. એકને ખાવા પણ નથી મળતું તો બીજાના ઘેર ખાવાનું અઢળકે છે પણ ખાનાર કોઈ નથી. એક લાખોમાં પૂજાય છે ફૂલોના હાર તોરાથી તો બીજાના કોઈ ભાવ પણ નથી પૂછતું, એકને મળવા હજારો દોડતા આવે છે, તો બીજાને માંદગીમાં કોઇ સામુ નથી જોતું. એકની સેવા કરનારા ખડે પગે ઘણાં ઉભા છે, તો બીજો કરગરે છે છતાં સામું નથી જોતું કોઇ એકના પહેરવા કપડાના કબાટ ભર્યા છે, બીજાને શરીરની લાજ રાખવા પૂરતા કપડા નથી. એકને પાણી માંગો ત્યાં કેસરીઆ દૂધ મળે છે, જ્યારે બીજાને દૂધ તો શું પાણી પણ પૂરૂ નથી મળતું એકને બંગલો હાટ હવેલીઓ છે, જ્યારે બીજાને ઘાંસની ઝુંપડી પણ માંડ મળી છે. એમ આ સંસાર વિસમતા વિવિધતાને વિચિત્રતાથી ભરેલો છે ભરપૂર છે.

સંસાર ખરેખર ચિત્રવિચિત્ર છે જે ન બનવું જોઇએ. જે બનવાની શકયતા કે સંભવના વિચારી પણ ન શકાય તે આ સંસારમાં બનતી દેખાય છે. નાનપણમાં માતાપિતા પરલોક થાય–કોઇ કોઇ આત્માને અર્ધ સંસારે ઘર ભંગ થાય વળી અધિક ન બનવાનું દારૂ પીવા જેવું નથી તેના કેવા ભયંકર પરિણામો આવે છે અને છોડી નથી શકાતા અને છતાં નવા પણ પીએ છે અને પસ્તાય છે એ જ દશા સીગારેટ બીડી ગાંજો તમાકુની છે આપણી સામે પીનારાને કેટલાયને કેન્સર કે છાતીના રોગો થયા છે અને એમાં કોઇને જીવલેણ બને છે છતાં આ વ્યસનો છોડી નથી શકાતા. કેટલાય ચોરી કરીને જેલની સજા ભોગવે છે છતાં લોકો જાણે છે કે ત્યાં દુઃખ છે તો પણ લોકો એવા ખૂન બળાત્કારના પાપો છોડી નથી શકતા આવા વિચિત્ર સંસારની વિચિત્રતાનો કોઇ પાર નથી–આ રીતે વિવિધતાઓ વિષમતાઓ અને વિવિધતાઓથી આ સંસાર ભરેલો છે એનું નામજ સંસાર છે.

આ બધી સમશ્યાનો ઉકેલ લાવવો હોય તો ઇશ્વર કુદરત માલિક કે ઉપરવાળા

કોઇને પણ આપણા સુખ-દુઃખના માનવા કર્તા કર્તા આપણેપોતેજ આપણા ભૂતકાળના કરેલા સારા-નરસાં કર્મને જ કારણ માની લઇએ તો બધી જ શંકાઓ દૂર થઇ જાય અને બીજાને દોષ કે આરોપ મૂકવાનો પ્રશ્ન જ ન રહે જેમ ભરયુવાનીના એકના એક પુત્રના મૃત્યુ બાદ માતા પિતાના મનમાં જો કર્મે આવું બન્યું એવું માની લેવામાં આવે કે આવ્યું તો ઇશ્વર પ્રત્યે અશુભ ભાવ ન આવે-કારણ દાખલો જેમ ખરાબ થાય તો ઉપરવાળાની મરજી સારૂં થાય તો મેં કેટલી મહેનત કરી છે કેટલા ઉજાગરા કેટલા પૈસા બગાડયા છે દા.ત. પરીક્ષામાં કે કોઇ સારા કાર્યમાં પાસ થયા તો આપણે કે વિદ્યાર્થી કહે છે કે મેં કેટલી મહેનત કરી છે. કેટલા ઉજાગરા કર્યા હતા વાંચવામાં ગોખવામાં ત્યારે માંડ પાસ થયો છું ખાવા ન બેસતો અને મમ્મી બોલાવે તો ગુસ્સે થતો અને બીજો કે પોતે નાપાસ થશે તો કહેશે ભગવાનની મરજી નહિ હોય ધંધામાં કમાણી થાય તો મહેનત કેટલી કરીએ છીએ લોહીનું પાણી કરીએ છીએ નુકશાન આવે તો નસીબ વાંકા ઉપરવાળો નારાજ હશે,

જન્મ-મરણથી પણ આત્માનીજ સિદ્ધિ થાય છે અર્થાત્ એક વાત નકી છે કે શરીર એ આત્મા નથી અને આત્મા એ શરીર નથી આત્મા શરીરથી જુદો છે શરીર આત્માથી ભિન્ન છે પરંતુ સંસારમાં જીવંત અવસ્થામાં બંને સાથે રહે છે. મૃત્યુ સમયે બંને જુદા થઇ જાય છે અને જન્મ સમયે પાછા એકત્ર થઇ જાય છે જો આત્માને શરીર માનીએ તો આત્મા ચેતન શક્તિ રહિત જડ સિદ્ધ થશે. અને જો શરીરને આત્મા માનીએ તો શરીર જડના બદલે જ્ઞાન-દર્શનાદિ યુકત ચેતન સિદ્ધ થશે-પરંતુ જડ શરીર એ જડ જ છે એ કયારેય જોતા નથી કે જાણતો નથી એને જ્ઞાનપણ નથી થતુ કે દર્શન પણ નથી થતું જો જડ શરીરને ચેતન આત્મા માનીએ તો તો તે પણ અજર-અમર-અવિનાશી શાશ્વત નકી થશે. અને એવા સિદ્ધ થયેલા આત્માને આપણી કદી બાળીએ નહિ કે સ્મશાનમાં ન લઇ જઇએ. અને કાયમ માટે સાચવી રાખીએ પરંતુ એ પણ પ્રત્યક્ષ નથી દેખાતું કે નથી અનુભવાતું મર્યા પછી તુરંત આપણે સ્મશાન યાત્રાની તૈયારી કરીએ છીએ અને લકડા ઉપર ગોઠવીને અગ્નિ સંસ્કાર કરીએ છીએ અને પિતાનો અગ્નિ સંસ્કાર પણ પુત્ર જ કરે છે જો શરીર એજ આત્મા હોય તો પુત્ર પિતાનો અગ્નિ સંસ્કાર શા માટે કરે ! અને કરે તો પુત્ર પિતાનો ખૂની ગણાય એટલે આ વ્યવહાર પણ સિદ્ધ કરે છે કે આત્માએ શરીર નથી અને શરીર એ આત્મા નથી. આત્મા શરીરમાંથી ચાલ્યા ગયા પછી શરીરને મૃતક જાહેર કરીને મડદું માનીને જ પુત્ર પિતાના મૃત શરીરે અગ્નિ દાહ આપે છે.

મડદાને પુનર્જીવીત કરવાના વિજ્ઞાનના સ્વપ્ના સફળ થયા નથી. લાખેના લાડીલા કેનેડીને ફરીથી જીવીત કરવાને માટે વિજ્ઞાને ઘણાં પ્રયત્નો કર્યા પરંતુ કોઇ પરિણામ નથી આવ્યું અને પુનર્જીવીત કરવાની વિજ્ઞાનની નવી શાખામાં છેલા ૨૫ વર્ષોથી અનેક ઉપર ઘણાં પ્રયોગો કરવામાં આવ્યા અનેકના મૃત શરીરને એક કેપ્સુલમાં ભરીને રાખીને તેના શરીરમાં પ્રાણવાયુ પૂરીને રકત પરિભ્રમણ કરવાની ઘણી મહેનત કરવામાં આવી પરંતુ અત્યાર લગી વિજ્ઞાન અંશ પણ સફળ થયું નથી.

બિહાર સરકાર કયાં અદાલતની તોહિન કરે છે ?

['બુલ્લા દિલનો સંવાદઃ શ્રી સંમેત શિખરજી' એ શીર્ષક હેઠળ સવારના દૈનિક 'પ્રવાસી'માં શનિવારથી [ગઈકાલથી] આરંભાયેલી શ્રેણીનો બીજો મણકો આજે અહીં પ્રસ્તુત છે. આ શ્રેણીમાં શ્રી સમેત શિખરજીની આસપાસ રચાયેલા વિવાદનું સંબંધિત પક્ષના શ્રેષ્ઠીઓ અને ધર્મગુરુઓની મુલાકાત લઇ નિરૂપણ કરાશે અને જૈન સમાજ આ પવિત્ર તીર્થને લાલુ યાદવની સરકારના મલિન ઇરાદાથી કઇ રીતે રક્ષા કરી શકે એ માટેનો ચર્ચામંચ આ કટારથી વાચકોને સાંપડી રહેશે. વાચકોને પોતાના અભિપ્રાયો ટુંકમાં અને મુદ્દાસર (૩૦૦ શબ્દોની મર્યાદામાં) લખી મોકલવા નિમંત્રણ છે. આ શ્રેણી સપ્તાહના સાતેય દિવસ સવારના 'પ્રવાસી'માં પ્રગટ થશે.]

બાદશાહ અકબરના ફરમાનથી માંડીને દેશની સર્વોચ્ચ અદાલતના આદેશ સુધી શ્રી સમેત શિખરજીની માલિકી, વહીવટ, અંકુશ અને કબજો શ્વેતાંબર જૈનોના હાથમાં સોંપાયેલો હતો. સાતમી જુલાઇ ૧૯૯૩ના રોજ બિહારના ગિરિડીહ જિલ્લાની અદાલતના સબ-જજ સમક્ષ લાલુ પ્રસાદ યાદવના વડપણવાળી રાજ્ય સરકારે એક શપથનામું (એફિડેવિટ) રજૂ કર્યું. અગાઉના અદાલતી આદેશોનો આદર કરીને રાજ્ય સરકાર શ્રી સમેત શિખરજી પારસનાથ પર્વતના વહીવટ માટેની વ્યવસ્થામાં કોઇ ફેરફાર કરવાનો ઇરાદો ધરાવતી નહીં હોવાનું ભારપૂર્વક કહેવામાં આવે છે.

સરકારી અધિકારીઓ, શ્વેતાંબરો અને દિગંબરોનું નવું બોર્ડ રચીને આવા કોઇ બોર્ડને કબજો સોંપવાની કોઇ દરખાસ્ત કે ઇરાદો હોવાનું લાલુ સરકાર નન્નો ભણે છે. શપથનામું શેઠ શ્રેણિકભાઇ કસ્તુરભાઇના વડપણ હેઠળ શ્વેતાંબરોના શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના માલિકી, વહીવટ, અંકુશ અને કબજાને કબૂલે છે. એમાં કોઇ ફેરફાર કરીને અદાલતની અવગણના કરવા જેવું પગલું નહીં ભરવાની ખાતરી આપે છે. સપષ્ટ શબ્દોમાં કહે છે કે કોઇ ફેરફારનો પ્રશ્ન ઊઠતો જ નથી.

વિશ્વાસે વહાણ ચાલે. શ્વેતાંબરો રાજ્ય સરકારના અદાલતમાં અપાયેલાં વચનનો ભરોસો કરે છે. એને ઝાઝા દિવસ થયા નથી ત્યાં બિહાર સરકારની આંખમાં સાપોલિયાં રમતાં જણાય છે. ભરોસો તૂટે એવાં પગલાં સરકાર લેવાની હિલચાલ આદરે છે. હજુ તો છ મહિના માંડ વીત્યા નથી ત્યાં કયા ચમત્કારને કારણે શ્રી સમેત શિખરજીના વહીવટમાં ફેરફાર કરવા લાલુ સરકાર બાવરી બને છે. શ્રી સમેત શિખરજી પારસનાથ પર્વત પર કાંઇ અજુગતું બન્યું નથી. ભાવિકોને તકલીફો પડી નથી. ઊહાપોહ થયો નથી. અશાંતિ સર્જાઈ નથી છતાં સરકાર કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ખડો થયાનું

ઉપજાવી કાઢે છે. મંત્રાલયમાં ચક્રો ગતિમાન થાય છે. શ્રી સમેત શિખરજીનો કબજો મેળવવા, સરકાર હસ્તક લેવા, શ્વેતાંબરોને અપાયેલા કાનૂની અદાલતી અધિકારને ફેરવી તોળવા વિધાનસભાનું સત્ર ચાલતું નહીં હોવાની આડશમાં બિહાર શ્રી સમેત શિખરજી (નિયંત્રણ) વટહુકમ ૧૯૯૪ મુસદ્દો ઘડી કાઢવામાં આવે છે. મુસદ્દો કેબિનેટ સમક્ષ મંજૂરી માટે મુકાતાં મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદને અગાઉથી આ સંદર્ભમાં સંમતિ વ્યક્ત કર્યાની વાત રજૂ કરાય છે.

મુસદ્દો રજૂ કરતાં મુકાતા આગ્રહભર્યા શબ્દો કાંઇક આવા છે : શ્રી સમેત શિખરજી પારસનાથ પર્વત અને એ સાથે સંકળાયેલી સંસ્થાઓના વહીવટ વિશે અનેકવાર વિવાદ ઊઠયા છે એટલે કાયદો તથા વ્યવસ્થાની ગંભીર સમસ્યા નિર્માણ થઇ છે. શાંતિ અને સુવ્યવસ્થા જોખમમાં મૂકાઇ છે. આવી સ્થિતિમાં શ્રી સમેત શિખરજીના યોગ્ય અને સારા વહીવટ પૂજા કરવા ઇચ્છુકો અને તીર્થયાત્રીઓને મૂળભૂત અને આવશ્યક સગવડો આપવાના હેતુસર તેમ જ એમના અને પવિત્ર સ્થળ તથા જૈન ધર્મ, સંસ્કૃતિ અને કળાના કેન્દ્ર તરીકે તેનો સર્વાંગી વિકાસ અને એ માટે તાકીદની કાર્યવાહી, જરૂરી છે. એટલે તમામ મુશ્કેલીઓ દૂર કરવા અને જરૂરી સવલતો પૂરી પાડવા માટે વટહુકમનો મુસદ્દો તૈયાર કરાયો છે.

૬ જાન્યુઆરીએ આ મુસદ્દો તૈયાર છે. ગઇ ૨૭ ફેબ્રુઆરીએ એને લાલુ પ્રસાદની કેબિનેટ મંજૂરી આપે છે. સફનસીબે અત્યારે વિધાનસભા ચાલુ છે છતાં વટહુકમ માટે તૈયાર કરાયેલો મુસદ્દો કાયદો બનીને છ મહિના પહેલાં અદાલત સમક્ષ રજૂ કરાયેલા શપથનામાથી વિપરીત શ્રી સમેત શિખરજીનો વહીવટ બદલી શકે છે. લાલુ પ્રસાદ પાસે બહુમતીની ભાવનાનો આદર કર્યા વિના જે અદાલતના આદેશની અવગણના કરીને જે સરકાર શ્રી સમેત શિખરજીને પોતાના અંકુશ હેઠળ લેવા માટે વટહુકમનો મુસદ્દો તૈયાર કરી શકે એ કાલ ઊઠીને ન જાણે શું નહીં કરે ? ભાવિકોની આળસ જોખમી છે.

[આવતી કાલે સવારે 'પ્રવાસી'માં વટહુકમના મુસદ્દાના જોખમી સ્વરૂપની ચર્ચા કરાશે.

રવિવાર ૨૦-૩-૯૪

પૂ.આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ.
: પત્ર વ્યવહારનું સરનામું :

પૂ આચાર્યદેવશ્રીની નિશ્રામાં ઇંદોરથી હાસમપુરા તીર્થ છ'રી પાલિત સંઘ તા. ૨૭-૧૧-૯૪ના પહોંચશે તા. ૨૮-૧૧-૯૪ થી હાસમપુરા તીર્થ ઉપધાન શરૂ થશે તા. ૧૫-૧-૯૪ (પોષ સુદ ૧૫) સુધી ત્યાં સ્થિરતા થશે ત્યાંનુ સરનામુ—

કે. જૈન તીર્થ પેઢી હાસમપુરા તીર્થ વાયા-ઉજજૈન (મ.પ્ર.)

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી


- સદ્‌ગુણ મેળવવા સિવાયની બધી ક્રિયાઓ અધર્મ છે. અને એ જો ધર્મ મનાતી હોય તો મહા અધર્મ છે.
- ધર્મ દેશના એટલે મુક્તિપુરીમાં જવાનું આમંત્રણ !
- ધર્મ દેશના એટલે સમ્યક્‌ત્વનું મંડન અને મિથ્યાત્વનું ખંડન !
- ધર્મ દેશના એટલે દાતાર અને યાચકની સુંદરમાં સુંદર ગોષ્ઠા !
- જૈન ધર્મ એ માત્ર કુલાચાર જ નથી પણ ગુણની પરીક્ષા પૂર્વકનો સત્ય અને સારભૂત વસ્તુનો સ્વીકાર છે.
- આરંભ એટલે જીવ ઘાત સંમુખ જવું તે !
- સમ્યગ્‌દૃષ્ટિ આત્માઓ સંયમના પૂજારી હોય છે અને પાપથી ડરનારા હોય છે.
- દુનિયાને અર્થ અને કામમાં મસ્ત બનાવીને, કારખાનાં ખોલાવીને કે ધંધે લગાડીને લોકોને સુખી કરવાની ભાવના રાખવી એ મુનિનો ધર્મ જ નથી.
- મુનિઓ પાસે પેટની ચિંતા કરાવવાની ઇચ્છા જ સૂચવે છે કે અધઃપાતનું પગથીયું મોટું ખોદાઇ રહ્યું છે.
- મુનિઓને 'મુધાદાયી' ને 'મુધાજીવી' કહ્યા છે તેનો અર્થ એ છે કે ઉપકાર કરે તે પણ વિના બદલે અને આહારાદિ લે તે પણ વિના બદલે.
- રજોહરણ એ ધર્મધ્વજ છે. એ લઇને ગમે તેમ વર્ત્તાય નહિ.
- ત્યાગ અને ત્યાગનો ઉપદેશ એજ એક નિર્ગ્રંથનો માર્ગ છે.
- પ્રભુની આજ્ઞાનો ભંગ એ બધાને માટે હાનિકારક છે. પછી ચાહે તમે હો કે ચાહે અમે હોઇએ.

(ટાઇટલ બીજાનુ ચાલુ)

અને સાચા સુખના માર્ગે પ્રયાણ કર. સાચું–વાસ્તવિક સુખ પામીશ એટલે દુઃખોને જલાંજલિ જ આપી છે. માટે જો તારે દુઃખ, બરબાદી અને વિપત્તિ જોઇતી હોય તો પાપ માર્ગનો આશ્રય કર અને સુખ સંપત્તિ અને આબાદી જોઇતી હોય તો ધર્મ માર્ગે પ્રયાણ કર. આત્મિક આબાદી–આઝાદી પામ્યા પછી કોઇ જ વિટંબણા છે જ નહિ. માટે વિચારીને જે માર્ગે જવું ત્યાં પ્રયાણ કર !

'શુભાસ્તે પંથાનઃ !'

શ્રી જૈન શાસન (અઠવાડિક) શ્રી મહાવીર જૈન [illegible] કોબા, જિ. ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯. egd.No. G. SE.N 84



પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- ભગવાન અરિહંત મોક્ષમાર્ગના દર્શક છે. મોક્ષે જવું હોય તેને મોક્ષ માર્ગ જોઇએ મોક્ષમાર્ગે જવું હોય તો મોક્ષમાર્ગ બતાવનાર ઉપકારી લાગે. સંસાર ભયંકર અટવી છે તે અટવી લંધાવનાર ભગવાન અરિહંત સાર્થવાહ જેવા છે.

  અમે અને તમે અટવી લંઘવા ન નીકળ્યા હોઇએ તો માર્ગ પામ્યા જ નથી, આવી લંઘવા નીકળ્યા હોઇએ તો માર્ગ પામ્યા છીએ કાં માર્ગ પામવાની તૈયારીમાં છીએ.
- અનંતાનુબંધી કષાય સમકિતને રોકે. અપ્રત્યાખ્યાની કષાય દેશ વિરતિને રોકે પ્રત્યાખ્યાની કષાય સર્વ વિરતિ રોકે સંજ્વલનના કષાય વિતરાગતા રોકે
- જેટલા શ્રાવક હોય તેને ધનનો લોભ હોય તો તેને ભૂંડો લાગતો હોય તો ધર્મ લોભ તેના હૈયામાં સાચો હોય.
- ધર્મી તેનું નામ કે જેને પોતાના ધર્મની ચિંતા હોય તેમ બીજાના ધર્મની પણ ચિંતા હોય.
- પાંચેય ઇન્દ્રિયોના અનુકૂલ વિષયો પર રાગ અને ભૂંડા વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ.
- ભગવાનની પાસે આવી સંસારની સામગ્રી માંગે તેને પુણ્ય ન હોય તો મલે જ નહિ. પુણ્ય હોય અને મલે તો સાથે મિથ્યાત્વ, અવિરતિ, કષાય એવા ગાઢ બંધાય કે તેમાં એવો લીન થઇ જાય કે અનંતકાળ સુધી ઠેકાણું ન પડે.
- પૈસાના અર્થીપણાએ અને ભોગ, મોજ-શોખ ના અર્થીપણાએ તમારી પાસે શું શું કરાવ્યું છે ? અહીં આટલું ખરાબ થાય છે તો મર્યા પછી કેટલું ખરાબ થશે તેની કલ્પના કરો. એ પૈસાએ અને મોજશોખે તમને અહીં કેવા પાયમાલ કર્યો છે ! તમે કદી જુઠું નથી બોલ્યા ને ? રાગ-દ્વેષ કેટે પડયા છે અને સાચા બોલા રહી શકયા નથી. ધન-ભોગ કેટલા ભૂંડા છે તે સમજાવવું પડે તેવું છે કે સમજાઇ જાય તેવું છે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)- C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૨૫૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

આ શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-382009.
૫૨૫૪

તો બન્ને સમાન દોષના ભાગી છે.

જે સાહુજ્જે વટ્ટઇ આણાભંગે
પવટ્ટમાણાણં ।
મણવાયાકાયેહિં
સમાણદોસં તયં વિંતિ ।।

શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞાના ભંગમાં પ્રવૃત્તિ કરનારા-ઓને મનથી, વચનથી કે કાયાથી સહાય દેનારા સમાન દોષના ભાગીદાર છે.

અઠવાડિક

વર્ષ	અંક
૭	૧૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- પાપના ડર વિના સ્વયં પાપથી પાછા હઠાય નહિ.
- અહિતથી નિવૃત્તિ કરાવનાર અને હિતમાં પ્રવૃત્તિ કરાવનાર વાકયોના સમુદાયને ઉપદેશ કહેવાય છે.
- ગમે તેવા સમયમાં આત્માને શાંતિ આપે એનું જ નામ ધર્મ !
- જગતમાં જે જે પાપો થાય છે તે તે વિષયવાસનાને આભારી છે.
- અર્થ કામના જ રસિયાઓ અર્થકામની ખાતર જ ધર્મનું અવલંબન કરનાર અને અર્થકામની પ્રવૃત્તિને પોષવા, વૃદ્ધિંગત કરવા અને સારામાં સારી રીતિએ ખીલવવા ખાતર ધર્મનું બલિદાન કરનારા કોઈપણ કાળે સચ્ચું સુખ પામ્યા પણ નથી, પામતા પણ નથી અને પામવાના પણ નથી.
- જેનામાં ઉદારતા ઉપર પ્રેમ નથી, સદાચાર તરફ પ્રીતિ નથી અને તપશ્ચર્યાની ઇચ્છા નથી, તેનામાં સારી ભાવના કયાંથી આવે ?
- રાગ ઘટશે અને ત્યાગ તપશે ત્યારે જ તમે તમારા જીવનમાં કરવા લાયક કાર્યો કરી શકશો.
- સાચા સ્વામી તે છે કે જે સેવક પાસે એના આત્માનું ભૂંડું થાય તેવું કાંઇપણ કરાવે નહિ.
- જેને ત્યાગ અને સંયમ ન ગમે એને વીતરાગદેવ અને નિર્ગ્રંથ ગુરૂ ગમે છે એમ માની શકાય એમ નથી.
- શ્રી જૈન શાસનમાં ત્યાગ, વૈરાગ્ય અને સંયમ એ કોઇ નવી વસ્તુ નથી અને મોક્ષના અર્થિને ત્યાગ, વૈરાગ્ય અને સંયમ વિના એક ક્ષણ પણ ચાલે તેમ નથી.
- 'ધર્મ ચાલ્યો જાય તો સુખ પણ ચાલ્યું જ જાય. ધર્મ હોય તોજ સુખ !' આટલું સમજે તો શ્રી જિનેશ્વરદેવ અને નિર્ગ્રંથ ગુરૂદેવની પાસે પૌદગલિક સુખો માગવાની વૃત્તિ રહે નહિ. જેનાથી સાચું અને શાશ્વત સુખ મળે તેમ હોય, તેનાથી જાય એવું સુખ માંગાય ?
- 'રાજા પાસે જઇ મુઠી આટો માગવો' એ જો રાજાની મશ્કરી ગણાય તો જે દેવ, સંસારથી તારનાર છે તે સંસાર તારકની પાસે સંસારમાં રહેવાની સહાય માગવી અને ભોગ સુખની માગણી કરવી એ કઇ જાતનું ડહાપણ ગણાય !
- જે દુનિયામાં રાગ ભરેલો છે તે દુનિયામાં રહીને જ ત્યાગ કેળવશો ત્યારે જ કેવળજ્ઞાન અને મુકિત મળશે.
- જે ભવને ભયંકર માની ધર્મને ભદ્રંકર માને તે જ સાચો તત્ત્વજ્ઞાની છે.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીશ્રી
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલદ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ મેઢ (પાલડી)
ચાંદમલ પદમશી ગુઢકા (થરાદ)

વર્ષ ૭] ૨૦૫૧ માગસર સુદ-૪ મંગળવાર તા. ૬-૧૨-૯૪ [અંક-૧૫

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

પ્રવચન-ત્રીજું

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૩ સોમવાર તા. ૭-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

સંબંધો કાયવ્વો, સધ્ધિં કલ્લાણુદ્ધેઉમિત્તેહિં
સોયવ્વં જિણવયણું, ધરિયવ્વા ધારણા સમ્મં ॥૧॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ જે શાસન સ્થાપ્યું છે તે મોક્ષને માટે જ સ્થાપ્યું છે. જ્યાં સુધી જીવને સંસાર રહેવા જેવો લાગે નહિ, મોક્ષ જ મેળવવા જેવો છે તેમ લાગે નહિ ત્યાં સુધી અધ્યાત્મભાવ આવે નહિ. સાધુપણા વિના મોક્ષે જવાય નહિ. તે સાધુપણું આ મનુષ્ય જન્મમાં જ મળે માટે આ જન્મને દુર્લભ કહ્યો છે. દેવજન્મને પણ દુર્લભ નથી કહ્યો. ચારગતિમાં સુખ દેવામાં જ છે છતાં ય તેની કિંમત ન આંકી અને મનુષ્ય ગતિની જ આંકી છે. બધા જ શ્રી અરિહંત પરમાત્માઓએ આ મનુષ્ય જન્મને દુર્લભ કહ્યો છે તે આપણને મલી ગયો છે. હવે આપણી ઇચ્છા આ સંસારથી છૂટી વહેલા મોક્ષે પહોંચવાની છે ને ? આવી ઇચ્છા જેની હોય તેને આ સંસારના ભોગભોગવવાનું મન થાય ? આવો જન્મ પામીને આ સંસારના ભોગ મઝેથી ભોગવે તે સોનાના પાત્રમાં દારૂ ભરે છે. જૈનશાસનને પામેલાને અને સમજેલાને ભોગ ભોગવવા પડે તો કમને ભોગવે કે મઝેથી ભોગવે ?

શ્રાવક સંઘમાં પણ કોણ આવે ? જેને સંસારમાં રહેવું પડે તો દુઃખી હૈયે રહે તે. શ્રી સંઘમાં વિરાગપૂર્વકના ત્યાગી જોઇએ કાં સંસારને ત્યજ-

વાની ભાવનાવાળા જોઇએ. સંસારમાં જ મઝા આવે તેને શાસન ગમે નહિ, તેનો નંબર સંઘમાં પણ ગણાય નહિ. રોજ ભગવાનનાં દર્શન-પૂજન કરે તેવાં ઘર કેટલાં મળે ? જેના ઘરમાંય કોઇ રાત્રિભોજન ન કરે તેવાં પણ ઘર કેટલાં મળે ? શ્રાવક શ્રાવિકામાં પણ રોજ ઉભયટંક પ્રતિક્રમણ કરનારા કેટલા ? ધર્મના અભ્યાસી પણ કેટલા? બધા નવતત્ત્વ જાણે ? સંતાનોને ય શું ભણાવો છો ?

જૈન સંઘમાં રહેલાને સંસાર ગમતો જ ન હોય. મનુષ્યપણું મળે તો તેને સાધુપણું જ ગમે, સાધુપણું કદાચ લઇ ન શકે તે બને પણ આજનો ધર્મી ગણાતો ય મોટોવર્ગ સંસારની સાધનામાં એવો પડયો છે કે-કરોડપતિઓ પણ પૈસા મેળવવા ભિખારીની જેમ ભટકે છે. ધંધા એવા કરે છે કે-તે કરતાં કરતાં મરે તો દુર્ગતિમાં જ જાય મહારંભી અને મહાપરિગ્રહી, તે બેને સારા માનનારાને પણ નરકગામી કહ્યા છે. મહાસુખીનાં દર્શન મંદિર-ઉપાશ્રયમાં ન થાય. તેમને ભગવાનની પૂજામાં લાવવા હોય તો બોલાવવા જવું પડે અને મૂકવા જવું પડે. તે આવે એટલે પૂજા અટ પૂરી કરવી પડે. આવા બધા મરી મરીને કયાં જાય ? તેવાને જોઇને દયા ન આવે તો અમારા હાથમાં ઓઘો પણ શોભે ખરો ?

જે જીવ મોક્ષનો અર્થી નહિ, સંસારથી છૂટવાની ભાવના વાળો નહિ, સાધુપણાની ઇચ્છા નહિ તે બધા ભગવાનના શાસનમાં કે સંઘમાં નહિ પણ પેસી ગયેલા છે આવી દશા થઇ તે સુધારવી જોઇએ. સાધુ ન થઇ શકે, થવાની ભાવના નથી તેવો એક આદમી હોય ખરો ? જે સારામાં સારી ચીજ હોય તેને લેવાની ઇચ્છા ન હોય તેવો આદમી હોય ? ખરેખર સુખનો અર્થી જીવ, દુઃખના લેશ વિનાનું, પૂરેપૂરું, કદી નાશ ન પામે તેવા સુખની જ ઇચ્છાવાળો હોય અર્થાત્ મોક્ષનો જ અર્થી હોય તે માટે સાધુપણાનો અર્થી હોય. આવી ઇચ્છાવાળો જે ન હોય તે શ્રી સંઘમાં જ નહિ. તેવા જો શ્રી સંઘના આગેવાનો હોય તો શ્રીસંઘ નાશ પામે. આજનો સંઘ પાપીઓને આશ્રય આપે છે, ધર્મની નિંદા કરનારા જૈન ઘરના જ પાકયા છે. ઇતર તો હજી વખાણ કરે છે કે-'આમનો ધર્મ બહુ જ ઝીણો' જયારે ઘરના કહે કે-'આ ખવાય, આ ન ખવાય આ પીવાય આ ન પીવાય, આમાં ય પાપ આમાં ય પાપ...તો મરી જઇએ.'

તમારો પરિવાર મોક્ષનો અને તે માટે સાધુપણાનો અર્થી ન હોય તો દયા આવે ? મારો પરિવાર મરીને કયાં જશે તેની ચિંતા થાય છે ? આજે મોટાભાગને પોતાના સંતાનોની-પરિવારની દયા જ નથી. સંસારનું જ શીખવે, પાપમાં જોડે, ધર્મનું કાંઇ ન શીખવે તે બધા મરી મરીને કયાં જાય ? તમારો છોકરો પૈસા કમાવીને આવે તો પૂછો ખરા કે કેવી રીતે કમાયો ?

ધર્મી ગણાતા કેવા હોવા જોઇએ તે સમજાવવું છે. **ધર્મી કોણ ? મોક્ષે જવાની ઇચ્છા હોય, તે માટે સાધુપણાની ઇચ્છા હોય તે.** તેવી ઇચ્છા ન હોય તે શ્રાવક ધર્મ પણ પામે. ખરો ? આજે શ્રાવક પણ કેટલા મળે ? શ્રાવક અને નવતત્ત્વ ન જાણે તેમ બને ? તે સંસારને ભૂંડો માને કે સારો માને ? સંસારને ભૂંડો માને તો ત્યજવા જેવો માને કે મઝા કરવા જેવો માને ? આવી દશા કેળવવી હોય તેને પંદર ગુણો મેળવવાના છે. તેની વાત આપણે શરૂ કરી છે.

પહેલો ગુણ કલ્યાણમિત્રોનો સંયોગ નામનો છે. શ્રાવક કોની સાથે બેસે ? અને ઊઠે ? કેવી વતચીત કરે ? ધંધા કેવા અને શું સમજીને કરે ? તેના સોબતિયા કેવા હોય ? જેને આ સંસાર છોડવા જેવો લાગે છે. ઝટ મોક્ષ જવું છે તેને સોબત કોની ગમે ? જે આત્માના હિતની જ ચિંતા કરે તેવા કલ્યાણ મિત્રોની જ સોબત તેવા આત્માઓને ગમે. બે શ્રાવક ભેગા થાય તો ધંધાની વાત કરે કે ધંધો છોડવાની વાત કરે ? શ્રાવક તો મંદિરમાં પણ સંસારની વાત ન કરે. આજે બહુ જુલમ થઇ ગયો છે. મંદિર-ઉપાશ્રયમાં આવી સંસારની વાત કરે તેના કરતાં તેઓ ન આવે તો સારા !

પ્ર૦ તે પછી ધર્મ ટકશે શી રીતે ?

ઉ૦-વિધિપૂર્વક કરે તેનાથી. વિધિનો ખપી હોય તે ય સારો છે. વિધિના ખપ વિનાના ગમે તે રીતે આવે-જાય તેથી પાપ જ બાંધે છે.

પ્ર૦-મોક્ષની વાત ન કરે તેનાં વ્યાખ્યાન વખાણાય છે.

ઉ૦-તે તમારા પાપે.

સાધુ સંસારની વાત કરે ? ધર્મથી બધું જ મળે પણ ધર્મ પાસે મંગાય શું ? જે સાધુ કહે કે-ધર્મથી આ આ મળે તો સાચો શ્રાવક હોય તે કહે કે-ધર્મથી બધું જ મળે. પણ તે મળે અને ગમી જાય તો અમારું શું થાય ? આજનો મંદિર-ઉપાશ્રયમાં જનારો મોટો ભાગ પૈસા મેળવવા અને સુખી થવા જાય છે. મોક્ષ કેટલા માગે ? રોજ ચૈત્યવંદન કરો છો તેમાં પહેલી માગણી કઇ છે ? 'ભવનિર્વેએ.' તેનો અર્થ સમજો છો ? સુખમય સંસારથી ભાગી છૂટવાની જે ઇચ્છા તેનું નામ ભવનિર્વેદ છે.

પ્ર૦- આપ જ આમ બોલો છો.

ઉ૦-શાસ્ત્ર શું કહે છે ?

પ્ર૦-બીજા જુદું કહે તો તે શાસ્ત્ર ભણેલા નથી.

ઉ૦-તેમનું તે જાણે. નહિ ભણેલા હોય તેમ લાગે છે. ભણેલા અને જાણકાર આવું બોલે ?

(ક્રમશઃ)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ-૯ (ગતાંકથી ચાલુ)

પ્ર-૧૦૮ ચોથા-પાંચમા દૂષણનું તાત્પર્ય સમજાવો.

ઉ-મિથ્યાદૃષ્ટિગુણવર્ણન કરવું કે મિથ્યામતિનો પરિચય કરવો એને સમકિતના દૂષણ-અતિચાર કહ્યા છે. તેમાં મિથ્યામતિઓની નિંદા કરવાનો કે ઉતારી પાડવાનો શાસ્ત્રકાર પરમર્ષિઓનો આશય હોય પણ નહિ. પણ વાસ્તવિક જે સ્વરૂપ વર્ણન છે તે સમજાવ્યું છે. દોષનો ત્યાગ કરવો હોય તો દોષ-વાનનો પણ ત્યાગ કરવો તે સુતરાં સિદ્ધ થાય છે. શ્રી જૈનશાસનમાં દોષની નિંદા છે પણ દોષિતની નિંદા કહી નથી. અસત્ય, ઉન્માર્ગ, ખોટા આદર્શ રૂપ દોષોનો ત્યાગ કરવો તે તેનું તાત્પર્ય છે. દુનિયામાં પણ કહેતી છે કે 'સંગ તેવો રંગ' જીવ એ ભાવુક દ્રવ્ય હોવાથી મોટાભાગે જેવો સંગ મલે તેમાં રંગાઇ-રંજાઇ જાય છે. માટે સદ્ગુણોને પામવા માટે જેમ દોષોને ઓળખી, દોષોનો ત્યાગ કરવાનો છે તેમ દોષવાળાનો ત્યાગ કરવો તે પણ તેટલો જ આવશ્યક છે તે વાત સુજ્ઞજનો સારી રીતના સમજી શકે છે.

વળી મિથ્યામતિની પ્રશંસા કે પરિચય નહિ કરવો તેનો અર્થ "જૈનો એકલ-પેટા છે, સંકુચિત દૃષ્ટિના છે, બીજાના ગુણોના અસહિષ્ણુ છે, પોતાનો જ કક્કો ખરો માનનારા છે, ઇર્ષ્યાલુ છે, બીજાનું સારૂં જોઇ શકતા નથી, પોતાના ઉપાસકો બીજે ખેંચાઇ ન જાય માટે વાડાબંધી રાખે છે" આવો અર્થ કરનારા-માનનારા-બોલનારા તો શ્રી જૈન શાસનના વાસ્તવિક પરમાર્થને પામ્યા પણ નથી. અનાદિકાળથી આત્મા દોષોથી ભરેલો છે, ગુણનું તો સ્વપ્ન પણ આવતું નથી માટે માંડમાંડ દોષોથી છૂટતો હોય અને ગુણની સન્મુખ થતો હોય તો તેના રક્ષણ માટેની આ સાચી હિતચિંતા છે. બંધન પણ દૂધાળા ઢોરના હોય હરાયા જનાવરના નહિ. માટે આત્માના કલ્યાણની-ભલાની જે આપ્ત પુરૂષોએ મર્યાદા બાંધી છે તેનું પાલન કરવું તેજ હિતકર માર્ગ છે. સદ્ગુર્વાદિની સેવા ભક્તિ અને સત્સંગથી ગુણવાન આત્માઓ આ બધી વાતો સારી રીતના સમજી શકે છે અને આચરીને પોતાનું કલ્યાણ પણ સાધે છે.

પ્ર-૧૦૯ આ દૂષણો નયભેદે ઘટાવો.

ઉ-આ દૂષણો સમ્યક્ત્વ ગુણને મલીન કરનારા હોવાથી, સમ્યક્ત્વમાં અતિચાર લગાડનારા હોવાથી વ્યવહાર નયના મતે સમ્યક્ત્વના અતિચાર રૂપ છે. જ્યારે નિશ્ચય-નયના મતે તો સમ્યક્ત્વનો અભાવ જ હોય છે. કહ્યું છે કે—"एकस्मिन्नप्यर्थे."

આઠ પ્રભાવક

ઢાળ-છઠ્ઠી

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ.
વર્ત્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન ધન શાસન મંડન મુનિવરા...૨૮

ધર્મકથી તે બીજો જાણીયે, નંદિષેણ પરે જેહ.
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ.
ધન૦...૨૯

વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ,
રાજદ્વારે રે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ.
ધન૦...૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જી પણ કાજ.
તેહ નિમિત્તી રે ચોથો જાણીએ, શ્રી જિનશાસન રાજ.
ધન૦...૩૧

તપગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ.
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.
ધન૦...૩૨

છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો બલી, જિમ શ્રી વયર મુણિંદ.
સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિચંદ.
ધન૦...૩૩

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ.
સિદ્ધસેન પરે નરપતિ રીઝવે, અદ્ભુમ વર કવિ તેહ.
ધન૦...૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિપૂર્વક અનેક.
યાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક.
ધન૦...૩૫

પ્ર-૧૧૦ પ્રભાવક કોને કહેવાય ?

ઉ-શ્રી જૈનશાસન તો સ્વયં પ્રકાશિત છે. પરન્તુ તે તે દેશ-કાળમાં, જગતના જીવોના હૈયામાં શ્રી જૈનશાસન વસી જાય, શાસન પ્રત્યે બહુમાન-ભક્તિ પેદા થાય, શાસનની રૂચિ પ્રગટે-શાસન પ્રત્યે અહોભાવવાળા ભદ્રિક પરિણામી બને તેવી ઉચિત પ્રવૃત્તિ આદિ વડે શાસનને પ્રકાશિત-પ્રભાવિત કરે તેને પ્રભાવક કહેવાય.

પ્ર–૧૧૧ ખરેખર પ્રભાવકતા ગુણ કોનામાં આવે ?

ઉ–'જેને પોતાની જાત કરતાં પણ શાસન મહાન લાગે,' 'શાસન છે માટે અમે છીએ,' 'શાસન ન હોત તો અમારામાં કશું ન હોત,' 'અમારાથી જ શાસન છે તેમ નહિ પણ શાસનથી જ અમે છીએ' એમ માને તેવા આત્માઓમાં જ સાચો પ્રભાવકતા ગુણ આવે.

શાસનના પુણ્યે બધું મેળવે–ભોગવે, શાસનના નામે બધું ચરી જાય અને શાસન કરતાં પણ જાતની પ્રભાવનામાં જ ઇતિશ્રી માને તેવા આત્માઓમાં સાચો પ્રભાવકતા ગુણ આવે નહિ.

પ્ર–૧૧૨ આના ઉપરથી સાચો પ્રભાવક કોણ બની શકે તે સમજાવો.

ઉ–શાસન ન હોય તો આપણે તો હતા ન હતા જ છીએ, આપણે નહિ હોઇએ તો શાસન હતું–ન હતું થવાનું જ નથી પણ શાસન તો રહેવાનું જ છે માટે શાસન માટે–શાસનની રક્ષા, આરાધના–પ્રભાવના માટે, કષ્ટોને, અપમાનોને–ખોટા આક્ષેપોને પણ મજેથી વેઠીને, જરાય વિચલાયમાન થયા વિના કે કોઇના માંય મૂંઝાયા વિના શાસનની જ સેવા–ભક્તિ અને રક્ષાદિમાં ઉદ્યત બન્યો રહે તે જ આત્મા સાચો પ્રભાવક બની શકે.

પ્ર–૧૧૩ પ્રભાવક કેટલા કહ્યા છે ! ઉ–આઠ,

પ્ર–૧૧૪ કયા કયા ?

ઉ–પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા, સિદ્ધ અને કવિ–આ આઠ પ્રભાવકો કહ્યા છે.

પ્ર–૧૧૫ પહેલા પ્રભાવકનું સ્વરૂપ સમજાવો.

ઉ–પ્રાવચનિકને પહેલો પ્રભાવક કહ્યો છે. પ્રવચન એટલે દ્વાદશાંગી. તે જેમની પાસે હોય તેનું નામ પ્રાવચનિક ઉપલક્ષણથી વર્ત્તમાનકાળમાં જેટલું શ્રુત વિદ્યમાન હોય તેના પરમાર્થના પારને પામેલાને પણ પ્રાવચનિક કહેવાય. (ક્રમશઃ)

સહકાર અને આભાર

૫૦૦) રૂ. પૂ. પિતાશ્રી મણિભાઇ જે. વોરાના ૨૦૫૦ ના અષાઢ સુદિ–૧૧ ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસની પુણ્યતિથિ નિમિત્તે ઇન્દિરાબેન તરફથી (અમદાવાદ–સાબરમતી) પૂ.મુ.શ્રી પ્રશાન્ત દર્શન વિ.મ.ની પ્રેરણાથી.



ચરણ સુવાસ

(પૂ.સા. શ્રી ચરણશ્રીજી મ.નું આરાધક જીવન)

—: પ્રાપ્તિસ્થાન :—

શાહ કાંતિલાલ ચુનીલાલ

૫૯ બેંક ઓફ ઇન્ડિયા, ૧૮૫ શે.મ મેમન સ્ટ્રીટ, મુંબઇ–૨

મનહરલાલ પી. શાહ ચાવાળા

મહેતા માર્કેટ, સુરેન્દ્રનગર

વાઘજીભાઇ ભુદરભાઇ શાહ

હનુમાનવાળો ખાંચો, જહાપનાહની પોળ, કાળુપુર રોડ, અમદાવાદ

જૈન શાસન વિશેષાંક કાયમી યોજના

રૂા. ૧૧) હજાર આજીવન વિશેષાંક સૌજન્ય શુભેચ્છક

રૂા. ૫) હજાર આજીવન વિશેષાંક સહાયક શુભેચ્છક

રૂા. ૧) હજાર આજીવન વિશેષાંક શુભેચ્છક

આપનું નામ ન આવ્યું હોય તો આ કાયમી શાસન રક્ષા અને જ્ઞાન પ્રચારની યોજનામાં લખાવવાનું ચૂકશો નહિ.

પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી

રૂા. ૫૦૧) આજીવન સભ્ય

૧. રાજેન્દ્રકુમાર છોટાલાલ શાહ બી–૨૩, ગૌતમનગર, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઇ–૯૨.

૨. જગમોહનદાસ લીલાધરભાઇ ગાંધી ૧૯–બી, મહેતા એપાર્ટમેન્ટ ત્રીજામાળે, પંજાબી ગલી, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઇ–૯૨.

૩. કાંતીલાલ ગીરધરલાલ સંઘવી બી–૧૦૧ રીટા પેલેશ (હર્ષાપાર્ક) ગાર્ડન પાસે ચંદાવરકર લેન બોરીવલી (વેસ્ટ) મુંબઇ–૯૨.

રૂા. ૧૦૧) શુભેચ્છક.

૧ વ્રજલાલ જગજીવનદાસ દોશી
૧૦ એ ગીતા એપાર્ટમેન્ટ ચંદાવરકર લેન બોરીવલી (વેસ્ટ) મુંબઇ–૯૨

૨. ટેકચંદ સોમાજી જૈન
એ–૧૦૨ આઇ. દર્શન સોડાવાલા લેન ,, ,,

૩. શાંતીલાલ ભીખાલાલ શાહ
બી–૪ ગ્રાઉન્ડ ફ્લોર સાગર દર્શન, ચંદાવરકર લેન ,, ,,

૪. રમણીકલાલ મોતીલાલ શાહ
એ–૧૦૩ વર્ધમાન દર્શન જામલીગલી જૈન દેરાસરની બાજુમાં ,, ,,

૫. મફતલાલ શીવલાલ શાહ
વાઘવાડી, રાજભવન પાછળ એલ.ટી. રોડ બોરીવલી (વેસ્ટ) ,,

૬. જયંતીલાલ પાનાચંદ શાહ બી–૪૦૨ રીટાપેલેસ,
(હર્ષાપાર્ક) ચોથા માળે ચંદાવરકર લેન ગાર્ડન પાસે ,, ,,

૭. પ્રકાશકુમાર હરિલાલ દોશી બી–૨૦૪ સાંઇ દર્શન સોડાવાલા લેન ,, ,,

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી

૧૦૦૧) આજીવન શુભેચ્છક

શાહ નંદલાલ જીવરાજ ભાડલાવાળા
સિદ્ધાર્થ ૨૮–૪૧ મહલાદ પ્લોટ પટેલ ડેરી ફાર્મ પાછળ, રાજકોટ

પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠની પ્રેરણાથી

૫૦૧) દિનેશચંદ્ર મોહનલાલ શાહ
૫૧ તુરેલ પખાડીરોડ હીરજી નરશી ચાલ, મલાડ (વેસ્ટ) મુંબઇ–૬૪
૫૦૧) ભાનુભાઇ કે. વખારીયા
૨૦૩ ધાન મહલ, ઐન. એલ. હાઇસ્કુલ સામે, એસ. વી. રોડ મલાડ વે. મુંબઇ–૬૪
૧૦૦૦) પ્રિમીયર કાર્ડ મેન્યુ. કુાં. ૧૮૪ દાદી શેઠ અગીયારી લેન મુંબઇ–૨
૧૦૦૦) રોલેકસ કાર્ડ મેન્યુ. કુાં. ૧૬૯ ,, ,,
૩૦૧) મીકી કાર્ડ મેન્યુ. કુાં. ,, ,,
૫૦૧) ચુડીદાર કાર્ડ કુાં. નરલ સ્ટોર્સ ,,

– અનુકરણીય કાર્ય –

શ્રી વિજયલબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાલા ચિકપેટ, બેંગલોર કે અધ્યાસકોં (બાલક–બાલિકાઓ ઔર મહિલાઓ)ને શ્રી દીપાવલી કે પર્વ દિનોં મેં અધ્યાપકોં કી શુભ પ્રેરણા સે ફટાકે નહી ફોડતે હુએ ઉનસે બચને વાલે પૈસોં સે સુકૃત કાર્ય કરનેકા નિર્ણય કિયા । તદનુસાર ઉન અધ્યાસકોં કો પાઠશાલા કી તરફ સે એક પ્રતિજ્ઞા–પત્ર દિયા, જિસમેં ફટાકે નહી ફોડના તથા રાત્રિ ભોજન નહી કરના થા । બચ્ચોં ને અપને અપને બચાયે હુએ પૈસોં મેં સે દો દિન ભવ્ય સ્નાત્રપૂજા (કરીબન ૬ હજાર રુપિયે) એવં ગરીબોં કી મિઠાઇ હેતુ અંદાજિત ૮ હજાર રૂપિયે એકત્ર કિયે । જિસસે મિઠાઇ કે ૨૫૦૦ પેકેટ બનાકર અનાથાશ્રમોં એવં હોસ્પીટલોં મેં વિતરિત કિયે ગયે । ઇન બચ્ચોં કા ૧. શાહ મિશ્રીમલજી નવરતનમલજી ૨. સોલંકી બ્રધર્સ ૩. મનોરંજન સિલ્ક સેન્ટર ૪. માન્યવર ૫. હીરા–ટેકસટાઇલ્સ ૬. જબરચંદજી પગારિયા ઇન મહાનુભાવોં કી તરફ સે સન્માન કિયા ગયા ।

જ્ઞાનપંચમી કે દિન ભી અધ્યાસકોં ને પાઠશાલા કો જ્ઞાન કે પ્રતિ ભક્તિ અનુસાર ૫૧–૫૧ રૂપયે ભેટકર અંદાજિત ૨૧ હજાર કી રાશિ પ્રદાન કી ।

ઇસ તરહ અધ્યાસકોં ને અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કિયા ।

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

(૨૯) ન્યાસીભૂતોસ્તુ મે વરઃ ।

મહાસતી સીતાદેવીના શીયળરત્નની સુરક્ષા કરવા માટે જે રામભકત વિભીષણ પોતાના સગા ભાઇ લંકેશ્વરની સામે આવનારા સમયમાં જેહાદ (ધર્મયુદ્ધ) જગવવાના છે એ જ વિભીષણ આજે રામચંદ્રજી, લક્ષ્મણજી તથા સીતાજીની જડને (બીજને) જડમૂળથી ઉખાંડી નાંખવા માટે દશરથ અને જનક રાજાને ખતમ કરવા છેક લંકાથી અયોધ્યા આવ્યા. રાજા દશરથની આબેહૂબ બનાવટી પ્રતિમાને સાચા દશરથ રાજા સમજીને તલવારના એક જ ઝાટકે દશરથ રાજાનું માથું ધડથી છૂટું, કરી નાખ્યું. ચિતામાં રાજા દશરથનું મડદું બળી ગયા પછી વિભીષણને જનક રાજાને હણવાની હવે કોઇ જરૂર ન લાગી કેમ કે દશરથ હણાઇ ગયા પછી તેના પુત્રોની શકયતા જ નથી. પછી જનક રાજાની પુત્રી જન્મે તોય શું ? આમ વિચારી વિભીષણે મિથિલાનગરીએ જવાનું માંડી વાળીને લંકા તરફ જ પ્રયાણ કર્યું.

આ તરફ ગુપ્તવેશ ધારણ કરીને કોઇને પણ કશી જ ખબર ના પડે તે રીતે જનક અને દશરથ બન્ને રાજાઓ રાજયમાંથી નીકળી ગયા પછી ફરતાં ફરતાં તે બન્નેનો મેળાપ થઇ ગયો. અને બન્ને મિત્ર રાજાઓ સાથે જ ફરવા લાગ્યા.

બન્ને મિત્ર-રાજાઓ ફરતાં ફરતાં ઉતરાપથ તરફ ચાલ્યા. ત્યાં કૌતુકમંગલ નામના નગરમાં શુભમતિ રાજાએ પૃથ્વિશ્રી રાણીથી જન્મેલી કૈકેયી નામની પોતાની પુત્રીનો સ્વયંવર યોજયો હતો. હરિવાહન આદિ ઘણાં પરાક્રમી રાજાઓ આ સ્વયંવરમાં કૈકેયીને પરણવા માટે આવ્યા હતા.

ગુપ્તવેશે ફરતાં ફરતાં આવેલા રાજા દશરથ અને જનક પણ આ સ્વયંવર મંડપમાં આવી ચડયા. દરેક રાજાએ એ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું પછી પ્રતિહારીના હાથ ઝાલીને રત્નાલંકારોથી સુશોભિત બનેલી કૈકેયીએ રંગમંડપમાં પ્રવેશ કર્યો. અને એક-પછી એક રાજાઓને જોતી ગઇ અને આગળ ચાલતી ગઇ.

ફરતાં ફરતાં આખરે કૈકેયી મુસાફરના વેશમાં ગુપ્ત રીતે રહેલા દશરથ રાજા પાસે આવી. અને દશરથ રાજાને જોતાં જ તેના શરીરમાં હર્ષાવેશથી રોમાંચ થયો. અને તેથી હર્ષપૂર્વક કૈકેયીએ સ્વયંવરની વરમાળા દશરથ રાજાના કંઠમાં આરોપણ કરી.

"એક રખડું મુસાફરના વેશમાં રહેલા

આ ગરીબડાને પસંદ કરીને કૈકેયીએ અમારૂં હળહળતું અપમાન કર્યું છે.” આવું પોતાના મનથી માની લઈને હરિવાહનાદિ દરેક રાજાઓ દશરથની સામે યુધ્ધ કરવા તૈયાર થયા.

‘આ રખડું માણસ અમારાથી આંચકી લેવાતી આ કૈકેયીનું રક્ષણ શું કરી શકવાનો હતો ? આવા વાગ્બાણો મૂકવા સાથે યુધ્ધ માટે સજ્જ થઈને આવેલા હરિવાહનાદિ દરેક રાજાઓને દશરથે જોયા. અને પછી તેણે રાજકુમારી ચોસઠ કળાની પારગામી કૈકેયીને કહ્યું-તું આ રથ હંકાર જેથી આ શત્રુઓની સાન હું ઠેકાણે લાવી શકું. આમ કહેતાં જ અત્યંત ઉત્સાહી બનેલી કૈકેયીએ રથના ઘોડાની લગામ હાથમાં ખેંચી અને ધનુષ ધારણ કરીને રાજા દશરથે રથ ઉપર આરૂઢ થઈને ધનુષનો ગગનભેદી ટંકાર કર્યો.

કળાની પારગામી કૈકેયીએ ઝપાટાબંધ પોતાના રથને શત્રુરાજાઓના રથની તદ્દન નજીક લાવવા માંડયો અને એકલા હાથે ઝઝુમતાં શીઘ્રવેધી રાજા દશરથે એટલા જ વેગથી એક-એક રાજાના રથના ભૂકકેભૂક્કા બોલાવા માંડયા ત્રાસ-ત્રાસ પામી ગયેલા દરેક શત્રુરાજાઓ રણમાંથી જીવ લઈને નાશી છૂટયા.

કૈકેયી સાથે દશરથના લગ્ન થયા.

હવે દશરથે કૈકેયીને કહ્યું-હે દેવિ ! તારા સારથિપણાથી હું ખુશ ખુશ થયો છુ કોઈક વરદાન માંગ.”

કૈકેયીએ કહ્યું-‘હે સ્વામીન્ ! હમણાં એ વરદાનને તમારી જ પાસે થાપણ રૂપે રાખી મૂકો. હું અવસરે તે માગીશ.’

દશરથે તે વાતનો સ્વીકાર કર્યો.

અયોધ્યાથી એકલા નીકળેલા રાજા દશરથ હવે સૈન્ય સહિત કૈકેયી સાથે રાજગૃહ તરફ ચાલ્યા. અને મગધેશ્વરને જીતીને ત્યાં જ રહ્યા. હજી વિભીષણની શંકાના કારણે તેમને અયોધ્યા જવુ ઉચિત ના લાગ્યુ. તેથી જ તેમણે કૌશલ્યાદિ રાણીઓને મગધ દેશમાં તેડાવી લીધી અને સુખેથી કાળ પસાર કરવા લાગ્યા.

જનક રાજા પોતાની મિથિલાનગરી તરફ ગયા.



જૈન શાસન તથા મહાવીર શાસન માટે
નવસારીના પ્રતિનિધિઓ
શ્રી ભરતભાઇ એમ શાહ
ઠે. ડી. એન. આર. ડાયમંડ
આશાનગર બોમ્બે હાઉસ સામે,
નવસારી ફો.નં. ૫૦૪૬૪ તથા ૫૬૫૬૧
શ્રી ભૂપેન્દ્રભાઇ ગભરૂચંદ કોઠારી
એ. જયશાલી એપાર્ટમેન્ટ,
ગ્રાઉન્ડ ફ્લોર નાગ તલાવડી
નવસારી

❋ ખોટું ના લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

કેશરનું રેશનીંગ યાને રેશનીંગનું કેશર

એક વખત એક ભઇ ઉતાવળમાં અને ઉત્સાહમાં આવી જઇને હાથમાં થેલી લઇને રેશની'ગની દુકાને ગયા. લાંબી લાઇન ત્યાં તેલ લેવાવાળાની લાગેલી. પેલા ભાઇ તો સીધા જ લાઇનમાં ઉભા રહ્યા વગર આગળ ઘુસવા લાગ્યા. એટલે બધાંએ હો–હા કરી મુકીને એ મઇને કોણીઓ મારી મારીને છેક બાઉન્ડરી લાઇન ઉપર મોકલી દીધા. એ ભઇ પાછા ત્યાંથી છેક દુકાન સુધી પહોંચવા લાઇનની લક્ષ્મણ રેખા ઓળંગીને આગળ ગયા. તો લાઇનરોએ પાછા એમને બબડાટ કરીને હાથ ઝાલીને પાછા દેશપાર કરી દીધા. પેલા ભઇ ફરી પાછા એજ રીતે આવ્યા. લાઇનરોએ ઘાંટા–ઘાંટ કરીને બોચીથી પકડીને ધક્કે ચડાવ્યા. એટલે અત્યાર સુધી મૌન રહેલા એ ભઇ બોલ્યા કે–'લે તમે મને આ રીતે ધક્કે જ ચડાવ્યા કરશો તો હું દુકાન જ નહિ બોલું જાવ.'

આ રેશન–કાર્ડ કોના માટે છે તે તમને ખબર છે ? અમીર–ગરીબ બધા માટે નહિ. અમુક આવક ઉપરની આવક વાળા માટે નથી. તોય લોકો જુઠું સફેદ જુઠ્ઠું બોલે ને વધુ હોવા છતાં પોતાની આવક ઓછી બતાવીને રેશન–કાર્ડથી રસ્તા–અનાજનો લાભ લેતા હોય છે. બંગલાવાળા આવું નથી ખાતા.

હવે તો તમારા જૈન દહેરાસરોમાં પણ આવું જ બનવાનું છે ને કે–'અમુક આવક વાળાએ એક જ વાટકી, તેનાથી વધુ આવકવાળાએ બે વાટકી કેશર વાપરવું. પણ રેશની'ગના તેલની જેમ પૈસા પણ ભરપાઇ કરી દેવાના. અને જે લોકો રેશની'ગનું તેલ ન વાપરતા હોય તેમણે સ્વદ્રવ્યથી પોતે ઘસેલા પૂજા કરવી. અમીરોને માટે તો આ રેશની'ગના કેશરનો કાયદો લાગતો જ નથી. કેમકે તેમને તો રેશની'ગ કાર્ડ જ અપાતું નથી.'

અરે ભાઇ ! તમે કહો છો તેમ કેશર–વાટકીનો ભાવ નકકી કરવામાં આવે તો તો બહુ જ સારૂ. કેમકે રેશની'ગ કાર્ડવાળા પણ કેટલાંયે લોકો રેશની'ગનું તેલ ગળું બગાડતું હોવાથી નથી વાપરતા. તેમ પાણીદાર કેશર દેરાસરનું વાપરવાની મજા જ શેની આવે. લોશન જેવું ઘટ્ટ લાલાશ પડતું પીળું કેશર આપણી જાતે તૈયાર કરીને પૂજા કરવામાં મજા કેટલી બધી આવે છે. વળી વાટકી દીઠ અમુક રકમ મહિને દા'ડે ભરપાઇ કરવા છતાં છાસ જેવું પાણીદાર જ કેશર વાપરવાનું હોય તેના કરતા તો જાતે જ ના ઘસી લઇએ. અને પછી તો સ્વેચ્છાએ જ લોકો કેશર–વાટકીનું મુલ્ય આપતા થઇ જાય તો તો દેરા-

સરમાં પણ કેશર સારૂં-ઘટ્ટ જ વપરાય ને? પણ આવું કૈંક થવું જોઇએ.

આવો નિયમ તો હમણાં ઘડી કાઢીએ કે-'બધા જૈન સંઘો હવે પછીથી આગળ જણાવ્યા મુજબ જ વર્તે' પણ પેલો તેરમો ઠરાવ આપણને નડશે કે કનડશે તો નહિ ને ?' એમાં તો અમીર વંશોને પણ મફતમાં જ અને પાછી દેવદ્રવ્યથી પૂજા કરવાની જોગવાઇ કરી આપેલી છે. ને આપણા નિયમમાં તો બધાએ પોતાના જ ખર્ચે પૂજા કરવાની વાત છે. એ ઠરાવના સમર્થકોને રેશનીંગનું તેલ કદાચ નહિ મળતું હોય એટલે રેશનીંગના તેલ-ઘારાની વાત તેમને મગજ-બહાર જતી રહી હોવી જોઇએ. અને એ ઠરાવ તો જૈનોના શાસ્ત્ર-ધારા મુજબ બન્યો હશે તો તો ચોકકસ રાજકથા કે દેશકથાના પ્રખર-વિરોધિ જૈન શાસ્ત્રોમાં પ્રાયઃ રેશનીંગ-પદ્ધતિની ચર્ચા નહિ હોય. અથવા તો એ બધાં રાજકારણના મોટા મોટા સળગતા સવાલોને મહત્વ આપવામાં એક રેશનીંગ જેવી સાવ મધ્યમ કે ગરીબ વર્ગને લાગુ પડતી વાત ઠરાવ ટેકેદારો ભૂલી ગયા હોવા જોઇએ. આ કાળમાં કોઇ બહુશ્રુત તો નહિ જ ને ?

અમને તો લાગે છે કે-એ ઠરાવ ભલેને બે વરસનો થયેલો છે. પણ તે બાબતમાં આપણો છેલ્લો નિર્ણય જ મહત્વનો ગણાય. એટલે આપણે સત્વરે પૂર્વના ઠરાવને રદ કરવા પૂર્વક આપણા નિયમ-સ્વીકારની ઉદ્‌ઘોષણા કરી જ દેવી જોઇએ. આપણા નિયમની સન્માનનીયતા સિદ્ધ કરવા માટે આપણે કહીશું કે-'અમારા નિયમથી સ્વદ્રવ્યથી પૂજાનો લાભ તો મળે જ છે તથા સ્વમાન પૂર્વક પૂજા કરી શકાય છે ?' જ્યારે પેલા ઠરાવથી તો સ્વદ્રવ્યથી પૂજાનો લાભ તો નથી જ મળતો પણ ઉપરથી દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે છે. અને મોટા-મોટા અમીર વંશોને પણ દેરાસરનું વાપરવામાં સ્વમાન ભંગનો ખતરનાક દુષ્પ્રસંગ બનવાની સો ટકાની ખાત્રી છે. એટલે આવા ખતરનાક નુકશાનકારી એ ઠરાવને આપણે સૌ સાથે મળીને જ દરિયામાં પધરામણાંજલિ ધરી દઇએ.

અરે ! પણ તમે એ પણ વિચારો કે છ-છ વરસ થયા છતાં પણ તે ઠરાવનો કોઇએ અમલ કેમ નથી કર્યો ?

ચોકખું જ છે ને. આપણા સંઘોના ટ્રસ્ટીઓ કે શ્રાવકાદિઓ કંઇ એવા ઠરાવને થોડાં સ્વીકારવાના હતા. પણ તેની જેમ આપણો નિયમ નહિ કરવારાય તેવું માનવાની જરૂર નથી. કારણ કે ઠરાવની વિદ્યમાનતા હતી તો પણ લોકોએ આપણા શાસ્ત્ર નિયમ મુજબનું જ કર્યું છે તો પછી ઠરાવ તજીને નિયમ સ્વીકારવામાં તો બધાં જ લગભગ ઉત્સાહી બનશે જ.

જો ઠરાવ કરીને ઠુઠવાઇને ઠીકરૂ જ થઇ ગયો હોય ને તો તો...

નિયમ-ઘોષણાની જરૂર નથી કેમ ? સારુ કંઇ વાંધો નહિ. (સ્વદ્રવ્યથી પૂજાનો બોધપાઠ લેવા આગ્રહભરી વિનંતી છે.)

❀

જ્ઞાન ગુણ ગંગા

—પ્રજ્ઞાંગ

૦ કષાયનું સ્વરૂપ

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કષાયનું સ્વરૂપ વર્ણવતાં જણાવ્યું છે કે—

'कम्मं कसं भवो वा कसमाओसिं जओ कसाया ता ।
कसमाययंति व जओ, गमयंति कसं कसाय त्ति ।।१।।
आउ व उवायाणं तेण, कसाया जओ कसस्साया ।
जीव परिणामरुआ ।।२।।

અર્થ : જેના યોગે પ્રાણીઓ બાધિત થાય છે તેનું નામ 'કષ' કહેવાય છે અને 'કષ' એટલે 'કર્મ' અથવા 'સંસાર' તેનો લાભ જેના યોગે થાય છે તે કારણથી ક્રોધાદિ કષાય કહેવાય છે. જે કારણથી ક્રોધાદિ કષાયો, કર્મને અથવા ભવને પમાડે છે તે કારણથી પણ તે કષાયો કહેવાય છે. અથવા જે કારણથી ક્રોધાદિક સંસારના અથવા કર્મના હેતુઓ છે તે કારણથી પણ તે કષાય કહેવાય છે અને તે કષાયો જીવના પરિણામ રૂપ છે.

અથવા

'कृषन्ति–विलिखन्ति कर्मरुपं क्षेत्रं सुखदुःख शस्योत्पादनायेति कषायाः'

અર્થાત્ સુખ અને દુઃખ રૂપ અનાજને ઉત્પન્ન કરવા માટે જે કર્મરૂપ ક્ષેત્રનું વિલિખન–બેહન કરે છે તે કષાયો કષાયો કહેવાય છે.

અથવા

'कलुषयन्ति शूद्धस्वभावं सन्तं कर्ममलिनं कुर्वन्ति जीवमिति कषायाः'

એટલે કે શુધ્ધ સ્વભાવવાળા એવા પણ જીવને જે કર્મથી મલીન કરે છે તે કષાયો કહેવાય છે.

કષાયો જ સંસારનું મૂલ છે આ વાત શ્રી દશવૈકાલિકમાં પૂ. શ્રી શય્યંભવસૂરિજી મહારાજા ફરમાવતાં કહે છે કે–

कोहो अ माणो अ अणिग्गहिआ,
माया अ लोभो अ पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचन्ति मूलाइं पुणब्भवस्स ।।'

'અનિગ્રહિત અર્થાત્ નહિ રોકેલા ક્રોધ અને માન તથા વૃધ્ધિ પામતા માયા અને લોભ' આ સંપૂર્ણ અથવા કિલષ્ટ એવા ચારે કષાયો અશુભભાવરૂપ પાણી દ્વારા પુનર્જન્મરૂપી વૃક્ષનાં તેવા પ્રકારનાં કર્મરૂપ મૂલને સિંચે છે.

ક્રોધાદિ કષાય મહાભય છે એ પ્રમાણે

'નો ઇંન્દ્રિય પ્રણિધિ'નું વર્ણન કરતાં શ્રુત કેવલી પૂ. શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજ પણ ફરમાવે છે કે–

'कोहं माणं मायं, लोहं च महब्भयाणि चत्तारि ।
जो संभइ सुद्धप्पा, एसो नोइंदिअप्पणिही ।।'

ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાભયો છે. આ ચાર મહાભય રૂપ કષાયોને જે શુધ્ધ આત્મા ઉદય નિરોધ આદિએ કરીને રોકે છે એનું નામ'નો ઇન્દ્રિય પ્રણિધિ' છે.

આ ચારે મહાભયોને વમવા તેજ ધર્મની આરાધનાનો ઉપાય છે.

'कोहं माणं च मायं, लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ, इच्छंतो हिअमप्पणो ।।'

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે પાપની વૃધ્ધિના કારણો છે માટે દોષ રૂપ છે. તેથી આત્માનું હિત ઇચ્છતા આત્માએ એ ચારે દોષોનું વમન કરવું જોઇએ.

હકિકતમાં સુધારો

જૈન શાસન વર્ષ–૭ અંક–૭માં સંમેતશિખર પહાડના જૈન તીર્થના ઝઘડા અંગેના ઉલ્લેખમા—૧૯૩૧–૩૨મા કેશવલાલ પ્રેમચંદ મોદીના વકીલ લંડન પ્રીવી કાઉન્સીલમાં કેશ લડવા ગયેલા અને શ્વેતાંબર તરફી જજમેન્ટ આવેલું તેમ આવ્યું છે.

તેમાં હકિકત ભૂલ છે તે કેશવલાલ પ્રેમચંદ મોદી નહોતા પરંતુ મારા સ્વ. પિતા શ્રી છોટલાલ ત્રિકમલાલ પારેખ (વીરમગામ વાળા) હતા.

તેમની ઝીણવટભરી વાંચન દૃષ્ટિથી ભારતની ફેડરલ કોર્ટમાં શ્વેતાંબર પક્ષ હારી ગયેલો તેને જીતવાના ચાન્સીસ છે તેમ તેમણે તે વખતે સર ચીમનલાલ સેતલવડ અને ભૂલાભાઇ દેશાઇને વાત ગળે ઉતરાવી હતી એટલે છોટાલાલ પારેખને ઇંગ્લાંડ કેશ લડવા ત્યાંના વકીલને મદદ કરવા મોકલેલા તેમાં શ્વેતાંબરના પક્ષમાં ચુકાદો આવેલો.આ રીતે શ્રીમાન સૂર્યકાંત છોટાલાલ પરીખ જણાવે છે તે રીતે ભૂલ સુધાર મુકેલ છે તેમ સમજવું

卐 સ્વીકાર અને સમાલોચના 卐

વિજય રામચંદ્રસૂરીશ્વરજી–જિનવાણી કલ્યાણ શ્રદ્ધાંજલિ વિશેષાંક–માર્ગદર્શક પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ., પૂ. ચક્રિવરશ્રી કિર્તિયશ વિજયજી મ. સંપાદકો શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ (તંત્રી શ્રી જિનવાણી પાક્ષિક) શ્રી કીરચંદ જે. શેઠ, મનોજ કે. શેઠ (તંત્રી કલ્યાણ માસિક૦ પ્રાપ્તિ સ્થાન જિનવાણી કાર્યાલય. કલ્યાણ પ્રકાશન મંદિર વઢવાણ શહેર શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ શ્રી કાંતિલાલ શાહ પલ્લ બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૫૯ શેખ મેમન સ્ટ્રીટ મુંબઈ–૨ ડેમી ૮ પેજી ૨૬૪ પેજ ફોટા પેજ ૪૦.

સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રીની અનેકવિધ અદ્વિતીય અને અનુપમ પ્રતિભાને આલેખતા પૂ. આ. ભગવંતો આદિ ચતુર્વિધ સંઘના લેખો વિ.નો મધુરમ સંગ્રહ આ વિશેષાંકમાં કરવામાં આવ્યો છે. તેઓશ્રીજીના અનુપમ પ્રભાવ અને પ્રતિભાને 'કો વા વર્ણયિતું ક્ષમઃ' કોણ વર્ણન કરી શકે તેમ છે ? છતાં સમુદ્રને ઓળખાવવા બાળક 'બાહુયુગ્મં વિતત્ય' બે હાથ પહોળા કરીને સમુદ્રનું માપ બતાવે છે તેમ આ વિશેષાંકમાં માત્ર નિર્દેશ અને દિગ્દર્શન રૂપ કરાતો આલેખ માત્ર છે અને તેમ છતાં આ વાંચનથી તેઓશ્રીના પરમ પ્રભાવિક જીવનની સમુદ્દર ઝાંખી પ્રાપ્ત થશેજ.

તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા અ૦ ૧–અભિનવ ટીકા કર્તા–પૂ.મુ. શ્રી દીપસાગરજી મ. પ્રકાશક અભિનવશ્રુત પ્રકાશન પ્ર. જે. મહેતા પ્રધાન ડાકઘર પાછળ, જામનગર–૩૬૧૦૦૧. ડેમી ૮ પેજી ૧૬૦ પેજ અ૦ ૨–પેજ ૧૮૪ અ૦–૩ પેજ ૧૬૦ અ૦ ૪ પેજ ૧૭૬ અ૦ ૫ પેજ ૧૮૪ અ૦ ૬–પેજ ૧૬૮ અ૦ ૭ પેજ ૧૬૦ અ૦ ૮ પેજ ૧૪૪ અ૦ ૯ પેજ ૧૬૨ અ૦ ૧૦ પેજ ૭૨ દશ અધ્યાયના દશ પુસ્તક છે.

તત્ત્વાર્થ સૂત્ર એ મહાન ગ્રંથ છે તેના કર્તા પૂ. ઉમાસ્વાતિજી મ. છે. તે ગ્રંથકર્તાનો ઉલ્લેખ કરવો જરૂરી ગણાય. તે ગ્રંથ ઉપર અનેક ટીકાઓ વિવેચનો લખાયા છે તેનો આધાર લઈને ટીકાકર્તા મુનિરાજશ્રીએ સુંદર વિવેચન સાથે બોધ મળે તેવી ગુજરાતી વિવરણ રૂપ ટીકા લખી છે જે આ સૂત્રના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. આ ગ્રંથોના દ્રવ્ય સહાયક શ્રી વીશાશ્રીમાળી જ્ઞાતિ તથા જામનગરના સમ્યક્ શ્રુત પ્રેમી શ્રાવક ગણ છે.

એક ચિંતન

—અજ્ઞાંગ

"કામરાગે અણનાથ્યા સાંઢ પરે બેસ્યો સ્નેહરાગની રાચે ભવપંજર વસ્યો."

આ સંસારમાં આત્માને જકડી રાખવાનું મોટામાં મોટું જો બંધન હોય તો એક માત્ર રાગ જ છે. તે રાગને પરવશ બનેલા આત્માઓની હાલત સંસારીઓના અનુભવમાં છે. રાગી બનેલ જીવની હાલતનું વર્ણન કરતાં ઉપકારીઓએ કહ્યું છે કે, જે જીવ જેમાં રકત-રાગી બને છે તેના દોષોને પણ ગુણરૂપ જ જૂએ છે અને વિવેકથી વિકલ બનેલો તે સાચી વાત સાંભળવા જેટલી સ્થિરતા પણ રાખી શકતો નથી. કહ્યું પણ છે કે–જે વસ્તુ જેને પ્રિય હોય છે. તે વસ્તુ રૂપ અને ગુણથી રહિત હોય તો પણ તેને તે જ સુંદર લાગે છે. તે જ કારણે મહાદેવે રત્નના હારને ત્યજીને સર્પને ગળામાં ધારણ કરેલો છે."

આ રાગ, કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ રૂપે જીવોને એવો વળગ્યો છે કે તેના પાશમાંથી છુટવું અત્યંત દુર્લભ છે. માટે સ્તુતિકારે પણ કહ્યું છે કે–"કામરાગ અને સ્નેહ રાગ ઘણી જ સહેલાઇથી હજી નિવારી શકાય છે જ્યારે દૃષ્ટિરાગ તો એવો પાપી છે જે સજ્જનો માટે પણ દુરૂચ્છેદ બને છે."

રાગની કારમી દશાના પંજામાં જીડાયેલા જગતનું સ્વરૂપ બતાવતાં પૂ. શ્રી જિનવિજયજી મહારાજે પણ ભગવાનની સ્તવના કરતાં કહ્યું કે–"હે ભગવન્ ! આ કારમા કામરાગે મને અણનાથ્યા સાંઢ જેવો બનાવ્યો છે અને તેથીજ ઉચ્છૃંખલ અને સ્વચ્છંદી સાંઢ જેવા બનેલા મેં એવી એવી ઘૃણાજનક, નફટાઇની પણ હદને વટાવે એવી ચેષ્ટાઓ કરી છે જેને કહેવી પણ લજ્જાજનક બની છે. અને કામરાગનું બીજ સ્નેહરાગ હોવાથી કુટુંબ પરિવારાદિના સ્નેહપાશમાં બંધાયેલો હું આ ભવ રૂપી પિંજરામાં વસી રહ્યો છું તેમાંથી મુકત થવાનું સ્વપ્ન પણ આવતું નથી."

ખરેખર કામરાગ એ આત્માને પાગલ, ઉન્મત્ત અને ઉદ્ધતં બનાવનાર છે. તેને જ આધીન બનેલો આત્મા એવો બેભાન બન્યો છે કે તેનો બધો વિવેક ચાલ્યો ગયો છે અને તેથી એવી પશુતાને આચરે છે કે લખતાં લેખીની પણ લાજે ! આ કામરાગની પરાધીનતાનું નાટક એવું કારમું છે જેનું વર્ણન ન થાય પણ મદોન્મત્ત બનેલા તેમાં જ મજા માનીને સંસારનું સર્જન કરે છે. કામરાગનો અભિન્ન સાથી સ્નેહરાગ છે કેમકે, સ્નેહમાંથી જ કામ ઉત્પન્ન થાય છે. આ બન્ને પ્રકારના રાગે આખા જગતને આત્મહિતથી એવું વેગળું રાખ્યું છે કે સાચી વાત સાંભળી–વિચારી શકત. પણ નથી.

માટે જેઓએ આત્મોન્નતિના પંથે પગ માંડવા હોય તેમણે આ બે રાગોને કાયમી તિલાંજલિ આપવી, તેનો પડછાયો પણ ન પડે તેમ જીવવું તે જ હિતકર–શ્રેયસ્કર માર્ગ છે.

પધારો ..પધારો... શ્રી ઉપધાન તપના પ્રસંગે પધારો...

શ્રી પાનસર તીર્થ મધ્યે

શ્રી પંચમઙ્ગલ મહાશ્રુતસ્કન્ધાદિ

ઉપધાનતપની આરાધનાના પાવન પ્રસંગે

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

સહર્ષ જણાવવાનું કે પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ સ્વ. આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત શ્રી વિ. મહોદય સૂ. મ. સા.ની પરમતારક આજ્ઞાથી પૂજ્યપાદ સ્વ. આ. ભ. શ્રી :વ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા.ના શિષ્યરત્ન પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. અમરગુપ્ત સૂ.મ. સા. તથા તેઓશ્રી.ના શિષ્યરત્ન પૂ.આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.સા. આદિની તથા પૂ. પરમારાધ્યપાદ-શ્રીના આજ્ઞાવર્તિ પ્રવર્તિની પૂ.સા. શ્રી જયાશ્રીજી મ.ના આજ્ઞાવર્તિ પૂ.સા. શ્રી મણિપ્રભા-શ્રીજી મ તેમજ પૂ.સા. શ્રી પરમપ્રભાશ્રીજી મ. આદિની પરમતારક નિશ્રામાં; નીચે જણાવેલ શુભ મુહૂર્તે શ્રી પંચમઙ્ગલ મહાશ્રુતસ્કન્ધાદિ ઉપધાનતપની આરાધના કરાવવાનો અમોએ શુભ નિર્ણય કર્યો છે. તો આ પરમ તારક શ્રી ઉપધાન તપની આરાધના કરવાની ભાવનાવાળા સૌને નીચે જણાવેલા સ્થાને વહેલામાં વહેલાં નામ નોંધાવવા અમારી નમ્ર વિનંતી છે.

શ્રી ઉપધાન તપનો પ્રારંભ : પોષ સુદ-૬ શુક્રવાર તા. ૬-૧-૧૯૯૫

શુભ સ્થળ :- શ્રી પાનસર તીર્થ (અમદાવાદથી ૩૫ કિ.મી.) **મુ. પો. પાનસર** વાયા કલોલ (જિ. મહેસાણા)

માળારોપણ :-મહા વદ-૧૯ શુક્રવાર તા. ૨૪-૨-૧૯૯૫

-: નામ નોંધાવવાના શુભ સ્થળ :-

જયેન્દ્રભાઇ વેલજીભાઈ હરણીયા
૨૦૩ માધવકુંજ, સાઉથ પોંડ રોડ,
વિલે પારલે (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૫૬
ફોન : ૬૧૪૮૧૪૭

વેલજીભાઇ દેપારભાઇ હરણીયા
૧૭-બી. દિગ્વિજય પ્લોટ,
મુ. પો. **જામનગર-૩૬૧૦૦૫**
ફોન : ૭૬૪૬૫

શા. મફીણ સોહનલાલ
૧૩૮-બી, ચંદાવાડી, બીજે માળે,
સી. પી. ટેંક રોડ, મુંબઇ-૪૦૦૦૦૪
ફોન : ૩૮૭૬૬૫૬ - ૩૮૮૬૩૨૦

શા. મુકુંદભાઇ રમણલાલ
ધરતી ટેક્ષટાઇલ્સ
૨, વૃંદાવન શોપિંગ સેન્ટર, પાનકોરનાકા,
રતનપોળ, **અમદાવાદ-૩૮૦૦૦૧**
ફોન : ૬૨૧૮૦૫

નેમંત્રક : **શ્રી વેલજીભાઇ દેપારભાઇ હરણીયા**
હ: શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણીયા (જામનગર-સૌરાષ્ટ્ર)

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा. Regd. No. G. SEN 84
कि. गांधीनगर, पिन - 382009



- આખું જગત પાંચેય ઇન્દ્રિયોના વિષયને પરવશ છે. જગતમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ રહેવાના છે. પાંચ ઇન્દ્રિયોના દ્વાર પર જાય તો તે બીચારા નાશ પામવાના છે. સાધુ હોય તો ઓઘા હાથમાં રહી જવાના અને ચરવળાવાળાના ચરવળા હાથમાં રહી જવાના. ધર્મ કરતી વખતે આ શેતાનને બહાર કાઢવાના છે.
- આ પાંચ ઇન્દ્રિયોના અનુકુળ વિષયો તરફ જે ખેંચાશે અને પ્રતિકુળ વિષયો તરફ આંખ લાલ કરશે તેને કષાયો ખાઈ જશે.
- સંસારના બધા કામ બાધક છે ધર્મના બધા કામ સાધક છે. બાધક કામો મારે ચાલે ત્યાં સુધી કરવા નથી. કરવા પડે તો તેમાં રસ લેવો નથી. સાધક કામ રસપૂર્વક ઉલ્લાસપૂર્વક કરવાના જેથી કામ થઈ જાય.
- તમને લોભ, માન, માયા, ક્રોધ ભુંડા લાગ્યા ? તમે લોભમાં સફળ થાવ તો રાજી નહિ ને ? માયાથી ધાર્યું કામ થાય તો રાજી નહિ ને ? માનમાં ધાર્યું મળે તો રાજી નહિ ને ? તમે ગુસ્સો કરો અને બીજા હાજી કરે તો રાજી નહિ ને ?
- રોજ આત્માને પૂછવાનું કે લોભની સફળતામાં આનંદ થાય છે કે દુઃખ ? કષાય ભુંડા લાગ્યા છે તેની પ્રતિતિ કરવી છે ? લોભ કરે, સફળ થાય તેમાં આનંદ થાય તો ભુંડા કેમ કહેવાય ? આનંદ અવિરતિના ઘરનો છે, દુઃખ થાય તો મિથ્યાત્વ નથી.
- લોભાદિ કષાયો મીઠી ચળ જેવા છે. લોભમાં સફળતા આવે તો થાય કે આ તો જેને ભુંડા માનું છું તેની સફળતામાં જો આનંદ આવે તો મારૂં ગાંડપણ વધી જશે. હું આગળ વધીશ તો મારૂં શું થશે ?

સમકિતીને રોજ અવિરતિના ધક્કા લાગે. તમને અવિરતિએ ધક્કો માર્યો હોય તેવું લાગતું નથી. તમે તો અવિરતિને ભેટીને આગળ વધી રહ્યા છો.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૬(-૧-૨-૧૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

~~૫૨૫૫~~

તે જ શ્રી જિનમતનો જાણુ કહેવાય

ધમ્મત્થકામભોગાણ હારણં
કારણં દુહ સયાણં ।
મા કુણસુ કયભવોહં
કોહં જઇ જિણમયં મુણાસિ ।।

જો તમે (ખરેખર) શ્રી જિનમતને જાણો છો તો ધર્મ અર્થ અને કામ ભોગોનો નાશ કરનાર, સેંકડો દુઃખોનું કારણ અને ભવની વૃધ્ધિને કરનારા ક્રોધને કરો મા !

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૧૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

ચિંતન

–પ્રજ્ઞાંગ

जन्तूनामेष संसारः कारागारनिभः खलु ।

સર્વ જીવ હિતવત્સલ કરૂણાનિધાન એવા શ્રી અરિહંત પરમાત્માએ એ આ સંસારને કારાગાર–કેદખાનું–જેલ સમાન કહ્યો છે. ચેતનવંતો એવો જે જીવ પોતાની થોડી ઘણી પણ ચેતનાનો ઉપયોગ કરે તો તેને સ્વયં સ્વાનુભવોથી પણ આ સંસાર કારાગાર ન લાગે એવું બને જ નહિ. કેદખાનામાં જેમ બંધન, તાડન, પીડન આદિ દુઃખો કેદીઓ ઉપર અમાનુષી રીતે ગુજારવામાં આવે છે તેના કરતાં પણ કઇ ગણા દુઃખો વેદનાઓ–પીડાઓ જીવને આ સંસાર કેદખાનામાં ભોગવવી પડે છે. પણ મોહ રૂપી અજ્ઞાન મદિરાના આ કંઠ પાનથી બેહોશ–મુર્ચ્છિત બનેલો જીવ તેમાં જ મજા માને છે ! તેથી જ એ કેદખાનાને મોટી અમીરાતની મહોલાત માને છે. પછી તેમાંથી મુકત થવાનું સ્વપ્ન પણ દુષ્કર બને છે. જેને બંધન એ બંધન લાગે તો તેનાથી છુટવું મન થાય પણ જેને બંધન એ મધઝરતી લાળ સમાન મીઠા મધુરા લાગે તેને તો તેમાંથી છુટવાનું મન કેમે કરીને થાય ? જેમ ભુંડને અશુચિમાં જેવી મજા આનંદ આવે તેવી અત્તરના ડોજમાં ન જ આવે ? જીવ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી બંધનોની ગાંઠને વધુ ને વધુ મજબુત કરવાની પ્રવૃત્તિ કરે છે અને કરોળિયાની જેમ 'ઉદ્યમી' બની પોતાના જ બંધનોની જાળમાં સપડાઇ આ સંસારના ફેરાને વધારે છે.

તેથી હિતૈષી આપ્તપુરૂષોનાં વચનથી જેઓને આ સંસાર કારાગાર સમાન લાગે છે તેઓ તો પોતાની સઘળીય શકિતઓનો સદુપયોગ આ કારાગારમાંથી સદંતર મુકત થવા કરે છે. જ્ઞાનિઓ તો ત્યાં સુધી કહે છે કે, જેમને આ સંસાર એ ખરેખર કારાગાર સમાન લાગ્યો છે, તેમાંથી જ મુકત થવાનું મન થયું છે તેવા જ આત્માએ ખરેખર વિવેકવંતી ચેતનાના સ્વામી છે બીજા બધા ચેતન કહેવાતા હોવા છતાં પણ જડના સગાભાઇ જેવા જ છે. આ સંસાર રૂપી કારાગારમાં રહેવાનું મોટામાં મોટું કારણ હોય તો કર્મો જ છે. તેથી વિવેકવંતી ચેતનાના સ્વામીને આ કર્મોનો જ નાશ કરવાનું મન હોય તે માટે કર્મનાશના જ ઉપાયો પ્રયત્ન પૂર્વક સેવે. કર્મોના સંપૂર્ણ ક્ષય માટે શ્રી સર્વજ્ઞ ભગવંતોએ કહેલો ધર્મ એજ કર્મક્ષયનું મોટામાં મોટું ઔષધ છે. માટે તે ધર્મને આજ્ઞા મુજબ આદરવા હંમેશા પ્રયત્નશીલ હોય છે. બંધનમાં જકડાયેલો તેનાથી મુકત

[જુઓ ટાઇટલ ૩ ઉપર]

હાલારદેશો. રત્ન પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

- તંત્રીઓ -
પ્રેમચંદ મેઘજી ગુલાબ (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ચાંદમલ પદમશી ગુલેછા (ચાલગઢ)

વર્ષ ૭ | ૨૦૫૧ માગસર સુદ-૧૧ મંગળવાર તા. ૧૩-૧૨-૯૪ [અંક-૧૬

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-ત્રીજું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૩ સોમવાર તા. ૭-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

આધિ, વ્યાધિ અને ઉપાધિ કોને હોય ? શ્રાવકને આધિ, વ્યાધિ કે ઉપાધિ ન હોય, સંઘમાં રહેલાને પણ ન હોય. મોટે ભાગે ઉપાધિવાળાને આધિ થાય, આધિવાળાને વ્યાધિ થાય. માટે આધિ અને વ્યાધિની જનેતા ઉપાધિ છે તમારી શી હાલત છે ?

શ્રાવક કહેવરાવવા છતાં ય જેનામાં શ્રાવકપણું પણ ન હોય, સમ્યક્ત્વ પણ ન હોય, ગાઢ મિથ્યાત્વનો ઉદય હોય, સંસારમાં જ મઝા કરે તેનાં વખાણ થાય ? તે અમારી પાસે આવતો હોય અને અમે તેને સાચું ન સમજાવીએ અને માત્ર તેનાં વખાણ જ કર્યા કરીએ અને તે દુર્ગતિમાં જાય તો અમે મોકલ્યો કહેવાય ! અમારી પણ જોખમદારી ઘણી છે. રોજ આવનારને 'આ સંસાર છોડવા જેવો ન લાગે, મોક્ષ મેળવવા જેવો ન લાગે' તે અમારી ખામી કહેવાય જો અમે તેને સાચું ન સમજાવીએ તો.

અધ્યાત્મભાવ પામવો હોય, પામેલો ટકાવવો હોય, ખીલવવો હોય તો ૫૦દર ગુણો જોઇએ. તેમાં પહેલા ગુણની વાત ચાલે છે. તમારી બેઠક-ઊઠક કોની સાથે હોય ? તમારી મૈત્રી પણ કોની સાથે હોય ? બે શ્રાવક ભેગા થાય તો વાત શું કરે ? સંસારની વાત કરે કે ધર્મની વાત કરે ? વેપારાદિની વાત કરે કે વેપારાદિ છોડવાની વાત કરે ? વેપારાદિ કરવા પડે તો તેમાં અનીતિ આદિ મજેથી કરવાની વાત કરે કે અનીતિ આદિ કરીશું તો આપણું શું થશે-તેવી વાત કરે ?

પ્ર૦–તે વખતે તેવી વાતો યાદ નથી આવતી.

ઉ૦– તો તમને ધર્મી પણ કહેવાય ?

તમને સંસારમાં મઝા કરતા, અનીતિ આદિ કરતા જોઇને સાધુ પણ અંજાય તો તમારું બધું પાપ તેને લાગે ! આ કાળમાં તો 'અનીતિ આદિ કર્યા વિના ચાલે જ નહિ, નીતિ કરીએ તો મરી જ જઇએ' તેમ તમે કહો અને સાધુ પણ તે વાતમાં હા પાડે તો તેનું સાધુપણું પણ જાય. આજે તમે બધા નીતિપૂર્વક જીવવા માગો તો ન જીવાય તેવું છે ?

પ્ર૦–મોજમઝા ન થાય.

ઉ૦–શ્રાવક મોજમઝા કરે ખરો ? સંસારની મોજમઝા કરે તેમાં જ આનંદ પામે તેનામાં શ્રાવકપણું પણ હોય ખરું ?

આજે શ્રાવક ગણાતામાં ય બારવ્રતધારી કેટલા મળે ? રોજ ત્રિકાળ પૂજા ઉભય ટંક આવશ્યક, સામાયિક, સ્વાધ્યાય કરનારા કેટલા મળે ? રાત્રિભોજન નહિ કરનારા કેટલા મળે ? જેના ઘરમાં ય રાત્રિભોજન થતું જ ન હોય તેવા ઘર કેટલા મળે ? ઘરનો છોકરો બહાર પૈસા નાખી આવે, ઘરને નુકશાન કરે તો ઘરમાં રાખો ખરા ? છોકરો રાતે ય મઝેથી ખાય, ધર્મ ય ન કરે તો તમને કાંઇ લાગે નહિ અને ઉગારથી બચાવ કરો તો તમે બાપ છો કે શત્રુ છો ?

પ્ર૦–રોજ કકળાટ કરવો ?

ઉ૦–નકકી કરો કે–છોકરો ઊંધે માર્ગે ચાલે તો ય ઝઘડો કરવો નહિ.

શ્રાવક સંસાર છોડવાની અને મોક્ષે જવાની ઉતાવળવાળો હોય. તે માટે સાધુ થવાની ભાવનાવાળો હોય. સાધુપણાની શકિત આવે માટે શ્રાવકપણું સારી રીતે પાળે. તેવો આત્મા કલ્યાણમિત્ર સાથે જ સંસર્ગ કરે, અકલ્યાણમિત્રોથી દૂર રહે. જે આત્માના હિતની જ ચિંતા કરે, ધર્મની જ સલાહ આપે, પાપ નહિ કરવાની વાતો કરે તેનું નામ કલ્યાણમિત્ર છે. અનીતિ આદિ મઝેથી કરે તો પોતે જ માને કે–હું ઘણો નીચે ઉતર્યો છું. માર્ગાનુસારી જીવ ભુખ્યો મરે પણ અનીતિ ન કરે તેમ લખ્યું છે. માર્ગાનુસારી કોણ ? અનીતિના ધનથી પેટ ભરવા કરતાં ઝેર ખાઇ મરવું સારું તેમ માને તે. આજે તો શ્રાવકો પણ આવા દેખાતા નથી !

સોબત કોની કરાય ? આત્માના હિતની–ધર્મની વાત કરે તેની સાથે જ મૈત્રી હોય, બેઠક–ઉઠક હોય, વાત–ચીત હોય. તેવા ન હોય તે ધર્મ પામે નહિ, ધર્મ કરે તો ય દેખાવનો જ ધર્મ કરે. આજે કોઇનેય પૂછાય કે–તમે પૂજા કેમ નથી કરતા ?

રાતે ય કેમ બાવ છો ? જે પોતે સારો આચાર પાળે, સારી વાતો કરે, સારી સલાહ આપે તેની સાથે જ તમારે મૈત્રીને ?

સભા :- બોલાય તેવું નથી.

ઉ૦-તમારી સાથે વાત શું કરવી ? રોજ વ્યાખ્યાનમાં આવનારને આવા સાથે સોબત કરવાનું ય મન ન થાય તો તે કેવા કહેવાય ?

આજે વ્યાખ્યાન સાંભળે છે પણ કશું સમજવાની ઇચ્છા નથી. સાધુ કહે તે સાંભળવાનું પણ કરવાનું નહિ. સાધુ કહે તે કરીએ તો ઘર-બારાદિ ચાલે નહિ તેમ ઘણા કહે છે.

તમે બાધા પરસ્પર પૂછો ખરા કે-હજી આપણને સંસાર છોડવાનું મન કેમ થતું નથી ? મોક્ષે જવાની ઇચ્છા પણ કેમ થતી નથી ? નિયમિત પૂજા પણ કેમ કરતા નથી? શક્તિ મુજબ દાન પણ કેમ આપતા નથી ? ધર્મ પણ કેમ કરતા નથી ? જો તમે આવું પૂછતા થાવ તો ય તમારામાં સુધારા થઇ જાય.

દ્રવ્ય પૂજા કોને છે ? દ્રવ્યની મમતા ઉતારવા માટે છે. જેની પાસે દ્રવ્ય હોય તેને પૂજા કરવાની છે. જેની પાસે દ્રવ્ય ન હોય તેને દ્રવ્ય પૂજા કરવાનો અધિકાર નથી. આજના પૂજા કરનારા જે રીતે પૂજા તો તેને મંદિરમાં પણ ન પેસવા દેવાય ! પૂજામાં રાતીપાઇ ખર્ચે નહિ અને પૂજાથી લાખ રૂ. માગે તેવા ભિખારીઓને મંદિરમાં આવવા દેવાય ? મંદિરે જવા માટે નીકળે અને પગલે પગલે જે ફળ કહ્યાં છે તે કોને માટે છે ? આ સંસાર છોડવા અને ભગવાન થવા જતા હોય તેને માટે !

તમારી મૈત્રી કલ્યાણમિત્ર સાથે છે ?

પ્ર૦-જે માનવતાનાં કાર્યો કરે તેને કલ્યાણમિત્ર કહેવાય ?

ઉ૦-માનવતાના કયાં કાર્યો કરે ? શ્રી અરિહન્ત ભગવાનનાં દર્શન-પૂજન ન કરે, સામાયિક-પ્રતિક્રમણાદિ ન કરે તેવાના માનવતાના કાર્યોએ સત્યાનાશ કાઢી નાખ્યું ! આજે માનવતા પણ દેખાય છે ખરી ?

આજે તમે સરખે-સરખાને જમાડો પણ ગરીબને જમાડો ખરા ? તમારો ગરીબ સંબંધી કોઇનેય ઘેર ભોજનના ટાઇમે ન જાય. તમે જ કહો કે- આવા આવે છે ! તમે ગરીબનું કામ કરો ? તેની પાસે તો આંટા-ફેરા જ કરાવો ને ? દુઃખીને ય સુખી બનાવે તેવા કેટલા ? આપણા શ્રાવક સંઘમાં ય એવા સુખી છે કે તે જો ધારે તો એક શ્રાવક દુઃખી રહે નહિ !

(ક્રમશઃ)

જ્ઞાન ગુણ ગંગા

—પ્રજ્ઞાંગ

૦ 'યોગશાસ્ત્ર'માં ગુરુને વંદન કઇ રીતના કરવું તે અંગે કહ્યું છે. કે—
'वन्दनं वन्दनयोग्यानां धर्माचार्याणां पञ्चविंशत्यावश्यकविशुद्धं द्वात्रिंशद्दोषरहितं नमस्कारणम्' ।

અર્થાત 'વંદન' એટલે વંદનને યોગ્ય ધર્માચાર્યોને પચ્ચીશ (૨૫) આવશ્યકોથી વિશુદ્ધ અને બત્રીશ (૩૨) દોષોથી રહિત કરવામાં આવેલો નમસ્કાર.

પચ્ચીશ આવશ્યક શ્રી 'આવશ્યક નિર્યુક્તિ'માં આ પ્રમાણે કહ્યા છે

'दो ओणयं अहाजायं किइकम्मं बारसावयं ।
चउसिरं तिगुत्तं च दुपवेसं एगनिक्खमणं (गा०-१२०२)

બે અવનત, યથાજાત મુદ્રા, કૃતિકર્મ–દ્વાદશાવર્ત્ત, ચાર શિરોનમન ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ.

બે વખતના વંદનમાં આ ક્રિયાઓ આ પ્રમાણે થાય છે.

૧) બે અવનત :–'इच्छामि खमासमणो ! निसीहिआए' બોલતી વખતે પોતાનું અર્ધું શરીર નમાવવામાં આવે તે પહેલું અર્ધાવનત બીજી વારના વાંદણામાં પણ તેમ કરવાથી બે અવનત થાય છે.

૨) યથા જાત મુદ્રા :—જન્મતી વખતે કે દીક્ષા–યોગ કરતી વખતે જેવી મુદ્રા બે હાથ જોડી લલાટે લગાડવા રૂપ ધારણ કરવામાં આવે છે તેવી જ મુદ્રા આ વંદન માટે કરવામાં આવે છે, તેમાં ચોધો કે ચરવાળો અને મુહપત્તી હાથમાં રાખી, બે હાથ જોડી, મસ્તક નમાવીને ઊભા રહેવાનું હોય છે.

૩) કૃતિકર્મ–દ્વાદશાવર્ત્ત વંદન. કરતી વખતે 'अहो कायं काय' રૂપ ત્રણ અને 'जत्ता भे जवणि, ज'ंच भे' રૂપ બીજા ત્રણ એમ એક વખતના વંદનમાં બોલતાં ગુરુ–ચરણે હાથનાં તવાં લગાડી અને તે પોતાના લલાટે સ્પર્શના રૂપ કરાય ત્યારે આવર્ત્ત થાય છે. એટલે બે વારના બાર આવર્ત્ત.

૪) શિરોનમન :–'कायसंफास' કહેતાં પોતાનું માથું ગુરૂ ચરણે નમાડવું તે એક શિરોમન, અને 'खामेमि खमासमणो ! देवसियं वइक्कम' બોલતી વખતે ફરી પોતાનું માથુ નમાવવું તે બીજું શિરોનમન. એમ બે વારનાં વંદનના મળીને ચાર શિરોનમન થાય.

૫) ગુપ્તિ-મન-વચન અને કાયાને બીજા વ્યાપારોથી દૂર કરવી માત્ર વંદનમાં ઉપયોગ પૂર્વક પ્રવર્તાવવી તે ત્રણ ગુપ્તિ.

૬) પ્રવેશ-'અણુજાણહ મે મિઉગ્ગહં' કહી પહેલા વંદનમાં ગુરુની અનુજ્ઞા લઇ પ્રવેશ કરાયા તે પહેલો અને અવગ્રહમાંથી બહાર નીકળી પછી બીજીવારના વંદનમાં અવગ્રહમાં આજ્ઞા લઇ પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ એમ બે પ્રવેશ.

૭) નિષ્ક્રમણ :-પહેલા વાંદણા વખતે 'આવસ્સિઆએ' પદ બોલી અવગ્રહમાંથી બહાર નીકળવું તે નિષ્ક્રમણ.

બીજાં વંદણા વખતે આ પદ બોલવામાં આવતું નથી માટે નિષ્ક્રમણ એક જ થાય છે.

આ રીતે દ્વાદશાવર્ત્ત વંદનના પચ્ચીસ આવશ્યક કહ્યા.

હવે ટાળવા યોગ્ય બત્રીશ (૩૨) દોષો આ પ્રમાણે છે.

૧ -આદરહીનતા દોષવી તે.
૨ -અકકડાઇ રાખવી તે
૩ ઉતાવળ કરવી તે
૪ -સૂત્રોનો અવ્યકત ઉચ્ચાર કરવો તે.
૫ -કુદકા મારીને વંદન કરવું તે.
૬ -પરાણે વંદન કરવું તે
૭ -આગળ-પાછળ હલન-ચલન કરવું તે
૮ -પાણીમાં માછલાની જેમ વંદન સમયે ફર્યા કરવું તે.
૯ -મનમાં દ્વેષ રાખીને વંદન કરવું તે
૧૦ -બે હાથ ઘૂંટણની બહાર રાખીને વંદન કરવું તે
૧૧ -ભયથી વંદન કરવું તે
૧૨ - અન્ય પણ મને વંદન કરશે, એવી બુદ્ધિથી વંદન કરવું તે.
૧૩ - મૈત્રીની ઇચ્છાથી વંદન કરવું તે
૧૪ -હોંશિયારી બતાવવા વંદન કરવું તે.
૧૫ -સ્વાર્થ બુદ્ધિથી વંદન કરવું તે.
૧૬ -ચોરી-છૂપીથી વંદન કરવું તે.
૧૭ -અયોગ્ય વખતે વંદન કરવું તે.
૧૮ -ક્રોધથી વંદન કરવું તે.
૧૯ -ઠપકાથી વંદન કરવું તે.
૨૦ -રાજી રાખવા વંદન કરવું તે

૨૧ –નિંદા કરતાં વંદન કરવું તે.
૨૨ –વંદન કર્યું ન કર્યું અને બીજી વાતોમાં વળગવું તે.
૨૩ –કોઇ દેખે તો વંદન કરે, પણ અંધારું કે આંતરો હોય તો ઊભો રહે તે.
૨૪ –આવર્ત્ત વખતે હાથ બરાબર લલાટે ન અડાડે તે.
૨૫ –રાજ–ભાગ ચૂકવવાની માફક તીર્થંકરોની આજ્ઞા સમજીને વંદન કરે તે.
૨૬ –લોકાપવાદથી બચવા વંદન કરે તે.
૨૭ –રજોહરણ કે ચરવળો તથા મસ્તકને બરાબર સ્પર્શ ન કરે તે.
૨૮ –ઓછા અક્ષર બોલે તે.
૨૯ –વંદન કરીને 'મત્થએણ વંદામિ' ખૂબ ઊંચેથી બોલે તે.
૩૦ –બરાબર ઉચ્ચાર કર્યા વિના મનમાં જ બોલે તે.
૩૧ –ખૂબ ઊંચેથી બોલીને વંદન કરે તે.
૩૨ –હાથ ભમાવીને બધા એકી સાથે વંદન કરે તે.

શ્રી શંખેશ્વર તીર્થ

અત્રે મૂળનાયક પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના લેપ પૂર્ણ થતા. આસો સુદ ૮ ને બુધવારના રોજ સવારના શુભ મુહુર્તે દાદાના. અઢાર અભિષેક ધામધુમ પૂર્વક કરવામાં આવ્યા હતા. ઘીની ઉપજ રેકર્ડ ભૂત થવા પામી હતી બપોરે વિજય મુહુર્તે દાદાના રંગમંડપમાં શેઠશ્રી ઉમેદચંદ રૂગનાથ ચા વારા સુરત તરફથી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બપોરે સ્વામિ વાત્સલ્યનું જમણ તથા ગામમાં ઘર દીઠ ચાર લાડવાની, પ્રભાવના પૃથ્વીરાજજી ચીમનલાલ વાકલીવારા તરફથી થયેલ. વિધિ વિધાન જામનગરવાસ શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબજ શુધ્ધતા પૂર્વક કરાવેલ સંગીતમાં અને શ્રી દીલીપભાઇ ઠાકુરે સારી જમાવટ કરી હતી હવેથી દાદાની નીયમીત પૂજા ચાલુ થઇ ગયેલ છે. યાત્રિકોએ દાદાની યાત્રા કરવા પધારવા વિનંતી છે.

સહકાર અને આભાર

૩૦૦) સંઘવી વિનોદભાઇ લક્ષ્મીચંદભાઇ તરફથી પૂ. મુનિરાજ
શ્રી વિનોદવિજયજી મ.ના ઉપદેશથી. આકોલા

❋ ખોટું નો લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

'હીરા મુખસે ના કહે'

મને હતું જ કે–તે દિવસે મેં મારા વરદમુખેથી નહિ ઉચ્ચારેલા ગુણ અંગે બધાંને ઉત્કંઠા હશે જ. જો કે મેં તો પહેલેથી જ કહી દીધેલું કે–મારો ગુણ જ એટલો બધો દબાવ્યા છતાં પ્રગટ થઇ ચૂકયો છે ને કે મારા જીગરજાન દુશ્મનને પણ તે પરાણે પણ ગાવાનું મન થઇ જાય, એટલે દરેકે સર્વાનુમતે કશા જ વિરોધ વિના સ્વીકારેલા મારા એ ગુણને હવે હું બોલુ તો કંઇ તેમાં મારી ઘમંડી મનોદશા ગણાય જ નહિ. સત્ય પ્રગટીકરણની જ મનઃસ્થિતિ સમજવાની હોય.

'હિરા મુખસે ના કહે લાખ હમારા મોલ' તે ના જ બોલે ને, દેખીતુ છે. એને મોઢું જ કયાં છે તે બોલે ? તમે તપાસ કરજો કોઇ પણ ઘરેણા કે હિરા–માણેક નહિ બોલતા હોય તો તેમને મોઢું હશે જ નહિ. અને બીજી પણ એક વાત છે કે–જો હિરા બોલવા માંડે તો દરેક કિંમતી હિરા પાસે ઇન્કમટેક્ષના એ ફિસરો ઇન્કમટેક્ષ માટે ઉઘરાણા શરૂ કરી દેશે. એટલે હિરા નથી બોલતાં એમાં ય એના ટેશનું–ટેક્ષનું ગણિતશાસ્ત્ર જ કામ કરે છે. બાકી તો હિરો જાત એવી છે કે ફિલ્મ નિર્માતા પાસેથી જેટલી કિંમત લેવાની હોય એટલી બોલી જ જાય છે. જે કિંમત બોલે છે એવા હિરા પાસેથી વર્ષ–બે–પાંચ વરસના કરોડોના આવકવેરા વસલૂમ કરવાની ઇન્કમટેક્ષવાળા પાસે તેવડ નથી. કટકી મળતી હોય તો તે જાણે. અને જે બિચારા માંડ માંડ મહિનો ખરચી પૂરી કરે છે તેવા લોકો પાસેથી આ ઓફિસરો કડક અવાજથી જ વેરો વસૂલ કરી લે છે.

'દેવડીએ દંડાય છે ચોર મૂઠી જારના
લાખ ખાંડી લુંટનારા મહેફીલે મંડાય છે'

આવી કવિવાણી છે ખરી, પણ એ વાણીને સાચી કરવાની જવાબદારી કંઇ ઇન્કમટેક્ષના ઓફિસરોને આપણે કયાં સોંપી છે ? હવે તો ખરેખર કોઇ બાળઠાકરને કે યુવા ઠાકરને કોઇકે વિનંતી કરવી જોઇએ કે–ભાઇ ! તમે હિરાઓ પાસેથી આવકવેરાની રકમ વસૂલ કરાવો દો. જેથી એટલો ખર્ચો તો અમારે ગરીબ–ગુરબાએ સરકારને આપવાનો ઓછો તો થાય.

સરકારે તો પ્રજાને સમાનતાની દૃષ્ટિએ જોવાની હોય. ટેક્ષ લેવા હોય તો બધા પાસેથી લેવો જોઇએ. અને ના લેવો હોય તો કોઇ પાસેથી નહિ લેવાનો.

તમને ખબર છે ? એક રાજાએ એના નગરમાં જાહેરાત કરેલી કે—જે જેટલા કરોડના માલિક હોય તેણે તેટલા ધ્વજ પોતાના મહેલ ઉપર ફરકાવવાના અને જે જેટલા

લાખના માલિક હોય તેણે તેટલા દીવા પ્રગટાવવાના. એક શેઠ ૯૮ લાખના માલિક હતા તે રોજે ૯૮ દિવા પ્રગટાવતા હતા. રાજાને ખબર પડતાં બે લાખ રૂપિયા તેના ઘરે મોકલાવી કહેવડાવ્યુ કે-રોજે ૯૮-૯૮ દિવા પ્રગટાવવાની મહેનત કરવાની તમારે જરૂર નથી, હવે પછીથી એક કોટિધ્વજ જ ફરકાવ જો. રૈયત બે લાખ લેવાની ના પાડે છે. રાજા ૯૮ દિવા પ્રગટાવવાની ના પાડે છે. આખરે વિજય રાજાનો થયો. કોટિધ્વજ લહેરાવા લાગ્યો.

શિયાળા ટાણે શેરડીની કાંતળીમાંથી છૂટી પડેલી રસધાર જોઇને કર નાખવાનો વિચાર કરતાં જ બીજી વખત એજ શેરડીમાંથી રસધાર નો'તી છૂટી. અને કરનો વિચાર પાછો ખેંચતા જ રસધાર વછૂટી ગયેલી આવું તમે નિશાળમાં ભણતાં ભણતાં કયાં નથી સાંભળ્યુ. ?

પણ આ ટાણે રાજાશાહી નથી. લોકશાહી છે ઇ પાછુ હું ય સાલો ભૂલ-કણો ભૂલી ગયો. 'સમાનતાની વાતો હંધેય ઠેકાણે નો હાલે' ઇ પદારથ જ્ઞાન પણ મને થયુ.

હવે પાછો હું તે દા'ડે જરમીન-કૂલોની ફોરમમાં ફસાઇ ગયો તો, ને અહીં અટાણે પાછો ઇન્કમટેક્ષની બેધારી નીતિમાં અટવાઇ ગયો કે ભદ્રંભદ્ર ! તું પાછો તારા રસ્તે ચડ. પોતાના ગુણો ના ગાવા ઇ જેમ મહાન પુરૂષનું લશ્કર (લક્ષણ) છે તેમ પારકાના દોષો ના બોલવા ઇ પણ મહાન પુરૂષનું જ લક્ષણ છે.

હાં તો સાંભળો ! લો મહાજનો કાન દઇને જરા મને સાંભળો, મારો અઢળક વાર પ્રશંસા કરવા લાયક ગુણ એ જ કે-'આખી પોળના કોઇ જ સભ્યો (બાળકો, બાળકીઓ, યુવકો, યુવતીઓ, પુરૂષો, પુરૂષણીઓ, વૃધ્ધો, વૃદ્ધાઓ જ કોઇ પણ સભ્યો અરે ! એટલું જ નહિ પોળના કુતરાઓ, કુતરીઓ ગલુડીયાઓ ગાયો, બિલાડીઓ, ઉંદરડાઓ, વગેરે વગેરે)ની સાથે આટલા વરસ થયા છતાં હું ઝગડયો જ નથી. મારામાં ઝગડવાની શકિત જ નહિ માટે હોં. સત્યની સુરક્ષા માટે એકલે હાથે ઝઝુમતા જવાંમર્દોને જોઈને મારા શરીરમાં જોમ ભરાઇ જાય, મારા ખૂનમાં ખુન્નસ ખળ ખળ વહેવા માંડે, અરે ! રૂંવાટાનું તો પૂછવું જ શું ? બંદૂક લઇને ખડા થઇ ગયેલા સૈનિકોની જેમ જ એક સામટા ઊભા થઈ જાય. કદમ ઉઠાવુ ત્યાં તો પગ પણ ધ્રુજી ઉઠે. (અને આવી ઘણુ ઘણાટી સાંભળીને મારો કબજીયાતનો રોગ નેસ્તનાબુદ થઇ જતો.) અણધાર્યું જ થઇ આવેલુ લોટેશ્વર મહાદેવનું સંસ્મરણ મારા કદમોની દિશા જ બદલી નાંખે.

જાણે મને કહેતા હોય કે-'હે ભદ્ર ! સત્ય સાટે શહીદ થવાની તારે જરૂર નહિ. પાછો ફર. તારી પવિત્ર કારકીર્દિની ગૌરવગાથા કલંકથી ખરડાઇ જશે. નામના મેળવવા કરતાં બદનામી લાગી ના જાય તેની જ તું સતત ચિંતા કર.' અને મારા અંતરાત્માના આ પોકારથી બદનામી થવાના ડરથી ખરેખર કંઠ સુધી ઇચ્છા છતાં સત્ય સાટે શહાદત પામવા સાહસ નો કરતો. બોલો બદનામી ભીરૂ ભદ્રંભદ્ર કી જય....

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ-૧૦ (ગતાંકથી ચાલુ)

પ્ર-૧૧૬ બીજા પ્રભાવકનું સ્વરૂપ સમજાવો.

ઉ-ધર્મકથી તે બીજો પ્રભાવક છે. જેની ધર્મકથા અમોઘ હોય છે. પોતાના ઉપદેશ વડે લોકોને ધર્મસંમુખ તો બનાવે છે પણ હૃદયમાં જે જે સંદેહ-શંકા પેદા થાય તેનો પણ દૂર કરે છે. શ્રોતાને એમજ લાગે કે, મારા મનની જ વાત જાણે કહી રહ્યા છે. જે ક્ષીરાશ્રવાદિ લબ્ધિ સંપન્ન પણ હોવાથી મેઘના જેવી ગંભીર વાણી વડે આક્ષેપણી, વિક્ષેપની સંવેગીની અને નિર્વેદની રૂપ ચાર પ્રકારની ધર્મ કથા વડે લોકોના હૃદય-મનને આનંદિત કરવા સાથે સન્માર્ગની સન્મુખ બનાવે છે.

ચાર પ્રકારના અનુયોગમાં ધર્મકથાનુયોગ પણ તેટલો જ મહત્ત્વનો છે. તે કારણે જ દશ પૂર્વધર મહર્ષિઓને અમોઘ દેશના શક્તિના સ્વામી હોવાથી માત્ર સ્વોપકારરૂપ શ્રી જિનકલ્પ સ્વીકારવાનો શાસ્ત્રે નિષેધ કર્યો છે. ધર્મકથાનુયોગ પણ ભવ્યાત્માઓને માર્ગાભિમુખ બનાવવાની સાથે બુદ્ધ-પ્રબુદ્ધ બનાવવાનું શ્રેષ્ઠતમ સાધન છે. કહેનારા ગીતાર્થ હોવાથી શ્રોતા જરાપણ ઊંધો ભાવ લઇ જતા નથી તેઓ પણ વિવેકી બને છે. અને કથામાંથી પણ સાચું તત્ત્વ-સાચો પરમાર્થ સમજી પોતાનું પણ આત્મકલ્યાણ સાધે છે.

પ્ર-૧૧૭ તેમાં જે દૃષ્ટાન્ત આપ્યું છે તે સામાન્યથી જણાવો.

ઉ-ધર્મકથીમાં શ્રી નંદિષેણ મહર્ષિનું દૃષ્ટાન્ત આપ્યું છે.

શ્રી નંદિષેણ એ પરમાર્હત્ શ્રી શ્રેણિક મહારાજાના પુત્ર છે. ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામિ પરમાત્માની દેશના સાંભળી વૈરાગ્યવાસિત બની પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમુત્સુક બન્યા છે. ભગવાન ખુદ તેમને મના કરે છે કે, હજી વાર છે અને શાસનદેવી પણ કહે છે કે-તમારે હજી ભોગાવલિકર્મ બાકી છે માટે વાર છે. તો પણ મક્કમ બનાં જાતે જ પંચમુષ્ટિ લોચ કરી દીક્ષાને ગ્રહણ કરે છે. ભાવિભાવ જાણી ભગવાન મૌન રહે છે. દીક્ષા લીધા પછી તપ અને સ્વાધ્યાયમાં જ મગ્ન બને છે. તીવ્ર ભોગાવલિ કર્મનો ઉદય થાય છે તે નિષ્ફળ કરવા વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ વડે આત્માને કૃશ કરે છે. 'વ્રતભંગ કરવા કરતાં મરવું સારૂં' એ ન્યાયે મરવા માટે તૈયાર થાય છે પણ તેમના પુણ્યે ખેંચાયેલી શાસનદેવી બચાવી લે છે-પ્રયત્નો નિષ્ફળ કરે છે.

એક વાર તપના પારણે ભૂલથી વેશ્યાના ગૃહે જઇ 'ધર્મ લાભ' કહે છે ત્યારે તે વેશ્યા કહે છે કે અહીં તો 'અર્થલાભ'ની જરૂર છે. તેજ વખતે ચારિત્ર મોહનીય કર્મ ઉદયમાં આવે છે અને અભિમાનમાં ચઢી તપથી પ્રાપ્ત લબ્ધિથી તૃણ તોડી ૧૨॥ ક્રોડ સુવર્ણની વૃષ્ટિ કરાવે છે. વેશ્યાની આજ્ઞાથી કર્મોદયના કારણે તેની વાતનો સ્વીકાર કરી ત્યાં રહેવાનું નક્કી કરે છે. ચારિત્રથી પતિત પામવા છતાં પણ ભગવાનના માર્ગની અવિહડ શ્રદ્ધા સ્વરૂપ સમ્યક્ત્વ રત્ન હૈયામાં દેદીપ્યમાન હોવાથી વેશ્યાને કહે છે કે-'રોજ દશ જનને પ્રતિબોધ કર્યા પછી જ ભોજન કરીશ.' આથી જ તેમના હૈયામાં જે સમ્યગ્ધર્મની વાસના છે તે જણાઇ આવે છે. વેશ્યાના ઘરે કેવા કેવા લોકો આવે તે સુવિદિત જ છે. વેશ્યાના ઘરે રહી રોજ દશ જણને પ્રતિબોધ કરી, ભગવાનનો માર્ગ ગ્રહણ કરાવવો તે નાનુસુનું કામ નથી જ. 'નંદિષેણ મહર્ષિ પડ્યા અને વેશ્યાના ઘરે રહ્યા' આટલું જ જાણનાર-માનનાર-કહેનારની શ્રધ્ધામાં શંકા પડે તેવું છે. આવું કામ બાર-બાર વર્ષ સુધી કર્યું. છેલ્લે નવ પ્રતિબોધ પામ્યા, દશમો પામતો નથી, સમય વીતે છે ત્યારે વેશ્યા મશ્કરીમાં કહે કે, 'દશમા તમે ! તો તે જ સમયે ભોગાવલિ કર્મક્ષીણ થવાથી પોતે જાગે છે, ભગવાન પાસે આવી આલોચના કરી પુનઃ ચરિત્રનો સ્વીકાર કરી, નિરતિચાર પાળી પોતાનું આત્મકલ્યાણ સાધે છે.

પ્ર-૧૧૮ ત્રીજા પ્રભાવકનું સ્વરૂપ જણાવો.

ઉ-વાદીને ત્રીજો પ્રભાવક કહ્યો છે. ભગવાનના માર્ગ આગમથી પરિકર્મિત મતિવાળો અને તીક્ષ્ણ-કુશાગ્ર બુધ્ધિ સંપન્ન હોવાના કારણે દિગ્ગજ એવા મૂર્ધન્ય પંડિતોથી પણ અપરાજિત પ્રજ્ઞાવાળો જે હોય તેને વાદી કહ્યો છે અર્થાત્ ભગવાનના શાસન-માર્ગની રક્ષાના સમયે વાદનો પ્રસંગ ઊભો થાય ત્યારે પ્રતિવાદીની સામે મધ્યસ્થ સભ્યજનોની-સભાપતિની સમક્ષ સ્વપક્ષનું મંડન અને પ્રતિવાદીના પક્ષનું ખંડન એવી એવી યુક્તિ-દલીલોથી કરે કે પ્રતિવાદીની બધી યુક્તિઓનું ખંડન કરે અને પ્રતિવાદી તેમની એકપણ યુકિતનો પ્રતિકાર પણ ન કરી શકે અને શાસનનો જયજયકાર કરે-જયલક્ષ્મીને પ્રાપ્ત કરે

નિરૂપમવાદ લબ્ધિવાળો હોવાથી વાચાળવાદીઓના સમૂહ વડે પણ જેની વાણી પરાસ્ત ન થાય તે વાદી.

પ્ર-૧૧૯ ત્રીજા પ્રભાવકમાં કહેલ દૃષ્ટાન્ત સામાન્યથી જણાવો.

ઉ-ત્રીજા પ્રભાવકમાં શ્રી મલ્લવાદીનું દૃષ્ટાન્ત આપ્યું છે. તેઓ સંસારી અવસ્થામાં વલ્લભીપુરના શિલાદિત્ય રાજાના ભાણેજ હતા. શ્રી મલ્લવાદી મહારાજા તર્કનિપુણમતિ, તીક્ષ્ણ પ્રજ્ઞા, સતેજ સ્મૃતિના ધારક હતા. તેમની બુદ્ધિની પરીક્ષા માટે દેવીએ એકવાર પૂછ્યું કે-તમને શું પ્રિય ભાવે છે ? તો કહે-વાલ, અને છ માસ બાદ પુનઃ પૂછ્યું કે, કેન સહ ? તો તેઓએ જવાબ આપ્યો કે-ગુડેન સહ ! આવા તીવ્ર મેધાવી હતા.

તેઓએ રાજય સભામાં બૌધ્ધ આચાર્યની સાથે વાદ કરી તેને હરાવી, તે

બૌદ્ધાચાર્યથી પહેલા હારી ગયેલા. પોતાના ગુરૂને રાજધાનીમાં પ્રવેશ કરાવ્યો હતો. અને રાજસભામાં જયલક્ષ્મી વરી. શ્રી જૈન શાસનનો જયજયકાર કરાવ્યો હતો. તે દેશમાંથી જે દેશનિકાલનો પ્રસંગ આવેલ તો તેને પુનઃ પ્રવેશ કરાવ્યો હતો. સભાષ્ય શ્રી દ્વાદશારનય ચક્રવાલ જેવા તર્કગ્રન્થની રચના કરી છે. આવી રીતના અનુપમ-અજેય પ્રતિભા-તર્કશક્તિથી શાસનની સુંદર પ્રભાવના કરી હતી.

પ્ર-૧૨૦ ચોથા પ્રભાવકનું સ્વરૂપ સમજાવો.

ઉ-નૈમિત્તિક એ ચોથો પ્રભાવક છે. ત્રણે કાળ સંબંધી લાભ-અલાભ રૂપ યથાર્થ જ્ઞાનને જાણનારો કે તે સંબંધી અધ્યયન કરનારને નૈમિત્તિક કહ્યો છે. યથાર્થ નિમિત્ત શાસ્ત્રના જ્ઞાન દ્વારા અવસરે શાસનની અનુપમ પ્રભાવના કરે તેથી તેને ય પ્રભાવક કહ્યો છે.

પ્ર-૧૨૧ ચોથા પ્રભાવકમાં કોનું દૃષ્ટાન્ત આપ્યું છે ?

ઉ-ચોથા પ્રભાવકમાં શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજાનું દૃષ્ટાન્ત આપેલ છે. જેઓએ મિથ્યામતિથી આવર્જિત બનેલ રાજાને યથાર્થ નિમિત્ત કથન દ્વારા જૈનધર્મથી વાસિત બનાવી.' શ્રી જૈન શાસનની સુંદર પ્રભાવના કરી હતી.

પ્ર-૧૨૨ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા શ્રી જૈન શાસનમાં કઇ રીતના પ્રસિદ્ધ છે. ?

ઉ-તેઓશ્રી નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ છે.

પ્ર-૧૨૩ તેઓએ કયા પ્રભાવિક સ્તોત્રની રચના કરી છે ?

ઉ-તેઓએ 'શ્રી ઉવસગ્ગહરં' સ્તોત્ર'ની રચના કરી છે ? (ક્રમશઃ)

જૈન તીર્થ દર્શન ભાગ-૧

અભિપ્રાય

પરમ ઉપકારી શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના પાવન ચરણ કમલમાં માલેગામથી ડો. રાજેન્દ્ર મેહતાના કોટિ કોટિ વંદના.

જૈન તીર્થ દર્શનનો પહેલો ભાગ દેખી વંદન કરી હૃદયમાં સ્થાપી, અનંતા તીર્થોના દર્શન કર્યા ખૂબ અતિ આનંદ થયો. અદ્‌ભુત ગ્રંથ થયો છે. રોજ દર્શન કરી મનને પવિત્ર બનાવી આત્મિક આનંદ મેળવવાનું સાધન તૈયાર થયું છે. આપશ્રીની સતતની મહેનત ભવ્ય આત્માઓને તારનાર જરૂર બનશે.

પ્રતિમાના ફોટા બહુજ સુંદર આકર્ષક આવ્યા છે અમોને વિશેષ આનંદ થયો. કયારેય વિરામ નહિ. ગ્રંથો નોંધાવી દીધા. આવી ભવ્ય ગ્રંથમાલા આપના કસાયેલ હસ્તે તૈયાર થાય જેથી અનેક આતમાઓનો ઉદ્ધાર થાય એજ અભિલાષા.

卐 સ્વીકાર અને સમાલોચના 卐

જય શત્રુંજય–લે.પૂ આ. શ્રી વિજય મુક્તિ પ્રભ. સૂરીશ્વરજી મ.પ્ર. વિજયમુક્તિ ચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાલા ૨૦૪ કુંદન એપાર્ટમેન્ટ સુભાષ ચોક સુરત ક્રા. ૧૬ પેજી પેજ ૨૦૦ મૂલ્ય રૂા. ૧૫) આ પુસ્તકમાં શ્રી શત્રુંજય મહિમાને વર્ણવતી ૧૨ કથાઓનો સંગ્રહ છે જે કથાઓ રોચક છે. અને ભવ્ય શૈલીમાં આલેખાયેલી છે ખાસ વાંચવા યોગ્ય છે.

ગુરુ મળજો તો આવા મળજો–લે. પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વર મ. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૮૮ પેજ મૂલ્ય રૂા. ૧૫) આ પુસ્તકમાં શાસન શિરદાર પૂ.આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.નું જીવન કંડારેલું છે જે ૨૨ પ્રકરણમાં હૃદયંગમ છે. પૂ. શ્રીના જીવનના મર્મને સમજવા તથા સાધના પથમાં પ્રગતિ કરવા અતિ ઉપયોગી છે.

મુંઝવણમાંથી મુક્તિ–લે.ઉપર મુજબ પ્રકાશક સંસ્કૃતિ પ્રકાશન સુરત ક્રા. ૧૬ પેજી ૧૨૬ પેજ મૂલ્ય ૧૫) આ પુસ્તકમાં સિદ્ધ હસ્ત લેખક પૂ.શ્રીજીના હસ્તે લખાયેલ ૧૯ લેખોનો સંગ્રહ છે પુસ્તકના નામ પ્રમાણે અનેક મુંઝવણો અંગે માર્ગદર્શન મલે છે અને તે ખાસ વાંચવા વિચારવા અને સમજવા યોગ્ય છે

આધ્યાત્મિક પત્રમાળા–લે. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીજી સં. પૂ.પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવર પ્ર. ભદ્રંકર પ્રકાશન ૪૯–૧ મહાલક્ષ્મી સોસાયટી સુજાતા ફ્લેટ પાસે શાહીબાગ અમદાવાદ–૪ ક્રા. ૧૬ પેજી પેજ ૧૨૮ મૂલ્ય રૂા. ૧૨

પૂ પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્ય શ્રીજીના પ્રેરણા દાયી પત્રોનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. તાત્વિક અને અધ્યાત્મિક દૃષ્ટિએ મનન કરવા યોગ્ય છે મહાત્માઓના હૈયામાં લેખન વાંચન અને મનન તથા ઉપદેશમાં આધ્યત્મિકતા તરતરવરવી જોઇએ તેનું આ પત્રોમાં સંવેદન સમાયેલું છે.

સ્તોત્ર દ્વય–સં. પૂ. આ શ્રી ભદ્રંકર સૂરીશ્વરજી મહારાજ પ્ર. શ્રી ભુવન ભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર–મદ્રાસ હે. લબ્ધિભૂવન જૈન સાહિત્ય સદન નટવરલાલ ચુનીલાલ શાહ છાણી ગુજરાત.

ભક્તામર તથા કલ્યાણ મંદિર સ્તોત્ર તથા તેનો ભાવાર્થ તથા એક એક ગાથા ઉપર શાસ્ત્રીય રાગોમાં ભક્તામર સૂત્ર ઉપર પૂ. દેવભ.મ. તથા કલ્યાણમંદિર સ્તોત્ર ઉપર પૂ. જ્ઞાન વિમલસૂ.મ. રચેલા સ્તવનો આપ્યા છે જે ભાવ વૃધ્ધિને કરનારા છે.

અધ્યાત્મકલ્પદ્રુમ–(સાર્થ)–ગ્રંથકર્તા પૂ.આ.શ્રી મુનિસુંદર સૂ. મહ રાજા મ.પૂ. મુ. શ્રી વિક્રમસેન વિ.મ.પ્ર. લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાલા છાણી હે. નટવરલાલ ચુનીલાલ શાહ છાણી ડેમી ૧૬ પેજી પેજ ૧૩૮ મૂલ્ય રૂા. ૧૦) પૂ. સાધુ સાધ્વીજી તથા જ્ઞાનભંડારોને ભેટ મહાન ગ્રંથ ગ્રર્થ સહિત સામેલ છે આવા ગ્રંથોનું શ્રાવક શ્રાવિકાઓ પણ નિત્ય વાંચન મનન કરતી રહે તો પણ પરિણતિ અને સમ્યગ્દર્શનની શુધ્ધિ થતા આત્મ વિકાશનો માર્ગ પ્રદીપ્ત બની શકે છે.



પ્યારા ભૂલકાંઓ,

તમે સૌ અભ્યાસમાં રચ્યા–પચ્યા છો. મહિને–મહિને આવતી પરીક્ષાની તૈયારીઓ પણ કરતા હશો. સારા માર્કે પાસ થવા માટે ઘણી રાતો ઉજાગરા પણ કરતા હશો ને પરિણામ સારૂં મેળવતા પણ હશો. પરંતુ...

સાથે સાથે તમારે આ પણ જાણવું જરૂરી છે કે શિક્ષણની કસોટી કેવળ પરીક્ષાથી નથી મળતી.

વિનય, વિવેક, સચ્ચારિત્ર તથા સુસંસ્કારોથી જ ઘણુંતર દીપી ઉઠે છે. શિક્ષણની સાચી મહત્તા જીવનમાં સચ્ચારિત્રથી ગણાય છે.

પ્યારા બાલબિરાદરો ! તમારા હેતુએ મારા પર જે આવી રહ્યા છે. તેમાંથી ચૂંટી–ચૂંટીને તમારા માટે આ વિભાગમાં હું પ્રસ્તુત કરૂં છું. સાથે તમારે માટે જે વડિલોએ ઉપયોગી, બોધક તેમજ રસમય લખાણ તૈયાર કરીને મને મોકલી આપે છે તે પણ હું પ્રસિદ્ધ કરૂં છું. નાની નાની વાર્તાઓ, નવા બનાવો, ઉપયોગી પ્રશ્નોત્તર ટુચકાઓ, હાસ્યલેખ વગેરે કાળજીપૂર્વક તૈયાર કરી મોકલતા રહેજો. કેમ બરાબરને !

હવે વધુ આવતા અંકે.....

રવિશિશુ

ઠે. જૈન શાસન કાર્યાલય.

આજનો વિચાર

સંસાર એટલે હું પદની નિશાળ.

— કથાનક —

ઠસોઠસ રાજદરબાર ભર્યો હતો. રાજા અકબર તથા એના બાર રત્નો પણ સભાજનો સાથે બેઠા હતા. તેમાં ચતુર બીરબલની ગેરહાજરી કેમ ગણી શકાય ? તેના સીવાય રાજકાર્યમાં મઝા આવે નહીં. રમુજ બીરબલ એકાદ હાસ્ય લેખ ફટકારે ને સૌ ખીલખીલાટ હસ્યા વગર રહે નહિં.

થોડો સમય રાજસભાનું કાર્ય ચાલ્યું. સવાલ–જવાબોની આપ–લે થવા લાગી. ત્યાં એક મુસાફર દોડતો–દોડતો રાજદરબારમાં આવ્યો. સૌને કુદતો કુદતો તે મુસાફર રાજા પાસે ઉભો રહ્યો, સૌની નજર તેના પર સ્થિર થઇ ગઇ.

હાંફતા મુસાફરે રાજા અકબરને ઝળી ઝળી નમસ્કાર કર્યા અને બોલ્યો,

હે કૃપાનાથ, અન્નદાતા, મારે એક પ્રશ્ન પૂછવો છે.

પૂછ ભાઇ પૂછ, ચોકકસ તારા મનનું સમાધાન થઇ જશે. રાજા અકબરે પ્રેમથી ઉત્તર વાળ્યો.

હે પરમેશ્વર ! આ દુનિયામાં એવું કયું પ્રાણી છે કે જે સવારે ચાર પગે, બપોરે બે પગે, અને સાંજે ત્રણ પગે ચાલે છે ?

પ્રશ્ન પુરો થયો ને સૌ વિચારમાં પડયા. રાજા તેમજ સભાસદો માંથુ ખંજવાળવા લાગ્યા. આશ્ચર્ય પૂર્વક સૌ એકબીજાના મોઢા જોવા લાગ્યા.

આવું પ્રાણી કોણ હશે તેના વિચારોએ સૌને મૌન કરી દીધાં.

સૌની વિચિત્ર મુખાકૃતિ જોઇને ચતુર બીરબલ મૂછમાં હસતો હતો મલક મલક હસતાં બીરબલને રાજા અકબરે તિરકસ નજરે જોયાં.

અલ્યા બીરબલ, શું જવાબ મળી ગયો ?

જી, જહાંપનાહ, તેનો પ્રશ્ન પુરો ન થાય તે પહેલાં મેં તેનો જવાબ મેળવી લીધો હતો.

એમ, તો તું જવાબ આપીશ.

જહાંપનાહનો આગ્રહ હશે તો હું જરૂર જવાબ આપીશ.

જવાબ જણાવતાં બીરબલ બોલ્યા, એ પ્રાણીનું નામ છે, મનુષ્ય. કારણ કે મનુષ્ય પોતાના બાળપણમાં બે હાથે અને પગે ચાલે છે. યુવાવસ્થામાં બે પગે ચાલે છે અને વૃદ્ધાવસ્થામાં બે પગે અને એક લાકડીએ ચાલે છે. એટલે આ ઉખાણા માટે મનુષ્ય બરાબર બંધ બેસે છે.

સૌની બત્રીશી બોલી ઉઠી. —વિરાગ

— શબ્દ સંશોધન —

સૂચના : જે શબ્દોના બીજા પર્યાય વાચી એવા શબ્દ શોધવાના છે કે જેના પ્રથમ અક્ષરથી નીચેનું વાકય બને.

'સંસાર છોડવા જેવો છે.'

(૧) પુત્રનું બીજું નામ
(૨) પ્રેમનું બીજું નામ
(૩) ચીંતવનનું બીજું નામ
(૪) બાળકીનું બીજું નામ છોકરી
(૫) કેલનું બીજું નામ
(૬) રસ્તાનું બીજું નામ
(૭) જેવું'નું બીજું નામ
(૮) છોડવાનું બીજું નામ
(૯) અંતરનું બીજું નામ

—પારૂલ એ. શાહ-હલોલ

— જવાબ—શબ્દ સંશોધન —

૧ શ્રીફળ, ૨ રાજ, ૩ મકાન, ૪ ચંદ્ર, ૫ દ્રમક, ૬ સૂર્ય, ૭ રીત, ૮ જીવ, ૯ નેત્ર, ૧૦ માલિક, ૧૧ રીવાજ, ૧૨ વંદન ૧૩ દરિયો, ૧૪ નાથ, ૧૫ છોડી ૧૬ જોમ.

જગ્યા પુરો

૧ બ્રહ્મચર્ય વ્રત... પ્રકારના છે.
૨ બ્રેડને વાસી રાખતાં તેમાં.....જીવ ઉત્પન્ન થાય છે.
૩ ધર્મમાં પ્રવેશ કરવાનો માર્ગ.....છે.
૪ તીર્થંકરની માતા.....કહેવાય છે.
૫ બધા જીવોની માતા...કહેવાય છે.
૬ શ્રાવકે.....વખત પૂજા કરવી જોઇએ.
૭ માનવ..., ..., ..., ભુલી ગયો છે.
૮ ધર્મ એ...નો વિષય છે...ને નથી.

—દર્શન એચ. શાહ-રાજકોટ

શાસન સમાચાર

મુંબઈ-શ્રીપાલનગર – અત્રે ધર્મપ્રેમી સુશ્રાવક શ્રં. લાલચંદજી છગનલાલજીના સમાધિપૂર્ણ સ્વર્ગારોપણ થતાં તેમના સુકૃતોની અનુમોદનાર્થે તેમના પરિવાર તરફથી પૂ. આ. ભ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ. પૂ આ. ભ શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કારતક સુદ દ્વિ. ૧૩ થી વદ ૨ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર આદિ સાથે ભવ્ય મહોત્સવ ઉજવાયેા.

અમદાવાદ–હાનસૂરીશ્વર જ્ઞાન મંદિરમાં વિવિધ આરાધનાની અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મ. તથા પૂ પં.શ્રી ગુણશીલવિજયજી મ.ની નિશ્રામાં કારતક વદ ૬ થી કારતક વદ ૧૪ સુધી શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા ભવ્ય મહોત્સવ ઉજવાયેા.

પાલીતાણા–જંબુદ્વીપ મંદિર ખાતે પૂ. પં.શ્રી અશોકસાગરજી મ. ની નિશ્રામાં ઉપધાન તપ થત ૬૦૦ આરાધકેા જોડાયા છે.

મુંબઈ-લાલબાગ–અત્રે પૂ. આ. શ્રી વિજય રાજતિલક સૂ. મ., પૂ. આ. શ્રી વિજયમહોદય સૂ. મ. આદિની નિશ્રામાં સંસારી પિતાશ્રી પૂ મુ. શ્રી જિનહર્ષ વિ. મ. ની સંયમ જીવન અનુમોદનાર્થે તથા પોતાના માતુશ્રી સવિતાબેન સુકૃતોની જીવીત અનુમોદનાર્થે શેઠ જયંતીલાલ ચુનીલાલ પરિવાર શ્રી ચંદ્રકાંત તથા જિતેન્દ્ર જયંતિલાલ તરફથી કા. વદ ૩ થી ૫ શાંતિસ્નાત્ર સહિત ત્રણ દિવસનેા ભવ્ય મહોત્સવ ઉજવાયા.

નાસિક–અત્રે પૂ. મુ. શ્રી નયવર્ધનવિ. મ.ની નિશ્રામાં પર્યુષણ આરાધના તથા પૂ. આ. શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મ. આદિ મહાત્માઓના સંયમ જીવનની અનુમોદનાર્થે વાર્ષિક ૧૧ કર્તવ્યેાની ઉજવણી અત્રે સિદ્ધચક્ર મહાપૂજન, ૧૦૮ પાર્શ્વનાથપૂજન લઘુ શાંતિસ્નાત્ર ભવ્ય સ્નાત્ર મહોત્સવ ૩૧ છોડનું ઉજમણું ઇત્યાદિ મહોત્સવ કારતક સુદ ૬ થી ૧૨ સુધી ભવ્ય રીતે ઉજવાયેા.

ઇંદોર–અત્રે પીપલી બજાર શ્રી અર્બુદ ગિરિ જૈન ઉપાશ્રયમાં બિરાજમાન પૂ આ.શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. આ. શ્રી કનકચંદ્રસાગરસૂરીશ્વરજી મ. આદિનું ચાતુર્માસ પરિવર્તન નળીયા બાપેાલમાં શેઠશ્રી ખેમચંદજી રાજમલજી ગુગલીયા પરિવાર તરફથી વાજતે ગાજતે થયું. પ્રવચન બાદ પ્રભાવના થઇ બપેારે સીમંધર સ્વામી મંદિર શત્રુંજય પટ દર્શન કાર્યક્રમ થયેા ત્યાં ૧૨ હજાર ઉપર ભાવિકેા દર્શન કરવા આવેલ.

વદ ૧ ના શ્રી વિમલચંદજી સુરાણાને ત્યાં સસ્વાગત પધારતા વચ્ચે વીંછીયાવાળા શ્રી ભુપતભાઇ જીવણલાલભાઇને ત્યાં માંગલિક પ્રવચન સંઘપૂજન થયા. સુરાણાજીને ત્યાં

પ્રવચન થયું બાદ નાસ્તો તથા સંઘપૂજન થયું. વદ ૨ ના શાહ રમણીકકુમારજી મહેશનગર પૂ. સસ્વાગત પધારેલ તેમને ત્યાં માંગલિક સંઘપૂજન વિ. થયું.

તરાઇ (ગુજ.) અત્રે પૂ. મુનિરાજ શ્રી મલ્લિષેણવિજયજી મ. ની નિશ્રામાં તેઓશ્રીના અઠમથી ચાલતા વીશ સ્થાનક તપના પાંચમી ઓળીમાં ૧૮ ઉપવાસની મહાતપસ્યા તથા પૂ. ધન્યસેન વિ. મ. ના શ્રેણીતપ આદિ નિમિતે શ્રી સિદ્ધચક્રમહાપૂજન આદિ પંચાન્હિકા મહોત્સવ કા. સુદ ૫ થી સુદ ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

બોરીવલી–અત્રે ચંદાવરકર લેનમાં પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂ. મ. ની નિશ્રામાં કુ. જિગીશાકુમારી તથા ફાલ્ગુની કુમારીની દીક્ષા માગશર વદ ૪ ના નકી થતા તે નિમિતે સિધ્ધચક્રપૂજન સહિત ત્રણ દિવસનો મહોત્સવ જેસીંગભાઇ લક્ષ્મીચંદ દાણી તરફથી ઉજવાયો છે.

પ્રેાપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ

આશીષ કોર્પોરેશન ૨૩–૩૧ બોટાદવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ–૨

ફોન :– ૨૦૬૧૫૮૫ : ૨૦૫૮૮૨૯

,, ઘર :– ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

નવો મળેલો સહકાર

૧૧૧૫) શાહ જયંતિલાલ ખીમજી ગુઢકા મિઠાઇવાલા તરફથી
ચિ. મયુરકુમારના લગ્ન નિમિતે ભેટ–જામનગર
૫૦૧) શાહ હેમરાજ ભીમશી ગાલા અંધેરી ઇસ્ટ
૫૦૧) છોટાલાલ ડાયાલાલભાઇ લાખાબાવળવાળા હૈદ્રાબાદ
૩૦૧) છોટાલાલ ડાયાલાલભાઇ ,, અતુલના લગ્ન નિમિતે ભેટ ,,
૫૦૧) ધ યુનિક ઓટો સ્ટોર એમ. એસ. માર્ગ,
શ્રી ભરતભાઇ ગેલેકસી (રાજકોટ) વાળાની પ્રેરણાથી, મુંબઇ–૪
૧૦૧) શાહ કિરણકુમાર કાંતિલાલભાઇ ચંદુલાલ જે. શાહની પ્રેરણાથી વસઇ [થાણા]

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- કલ્યાણનો અર્થી, ખોટી દયા કે ખોટી ઉપકારની ભાવનામાં કદી જ લેવાતો નથી.
- પ્રભુ શાસનની ખરી તપસ્વિતા પ્રભુ આજ્ઞાના પાલનમાં છે.
- આ લોકની લાલસામાં અને શરીરની મમતામાં સડતો આત્મા, પ્રભુ શાસનની તપસ્વિતાના રહસ્યને પામી જ શકતો નથી.
- સાધુએ, દુનિયાદારીના કોઇ પણ પદાર્થની પ્રશંસા ન કરવી જોઇએ.
- શાસનના મૂળભૂત સિધ્ધાંતો ઉપર પ્રહારો થતા હોય તે વખતે આડંબરી શાંતિ રાખવી તે ચેતનવંતી શાંતિ નથી મડદાની છે.
- વિષય અને વિષયની સામગ્રી આત્મગુણોનો નાશ કરનારી છે.
- જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને સંયમની સામગ્રી એ આત્મગુણોને ખીલવનારી સામગ્રી છે.
- સંસારનો રાગ એ ભયંકર રોગ છે. એથી એ રાગની પ્રશંસા કરનારા અને પુષ્ટિ કરનારા ત્યાગીઓ વસ્તુતઃ ત્યાગી નથી.
- જે આત્મા, અવ્યાબાધ પદને ઇચ્છે છે, તેને દુનિયા માટે અવ્યાબાધ થવું જોઇએ.

(અનુ. ટાઇટલ ૨નું ચાલુ)

થવા જેવા તરફડીયા મારે, ફાંફા મારે, બૂમાબૂમ કરે અને જે રીતે છૂટાય તે રીતના બધા જ પ્રયત્નો કરી છૂટે. તેની જેમ બંધનોથી મુકત થવા ઉત્સુક એવો આત્મા કોઇ છોડાવે તેની રાહ ન જોતાં, છૂટવા માટેના પ્રયત્નો જારી જ રાખે. કેમકે કહ્યું પણ છે કે

'उत्सुकस्य वरं श्रेयानन्योऽद्वा न प्रतीक्षणम्'

માટે જ્ઞાનિઓની પટુ પ્રજ્ઞાના પ્રકાશના માર્ગે ચાલી આ સંસારને કારાગાર સમાન માની, તેમાંથીજ મુકત થવાના સંપૂર્ણ પ્રયત્નો આદરી, તેમાંથી મુકત થઈ આત્માની સાચી સ્વાધીન અને પરમાનંદ રૂપ મુકત દશાને સૌ અનુભવો તેજ મંગલ કામના

— પ્રજ્ઞાંગ



- ધર્મસ્થાનમાં તેનેજ આવવાનો અધિકાર છે કે જે ભાઇને બાર નરકની દીવડી લાગે અને બાઈને ભાઈ નરકનો દીવડો લાગે. જેની આંખ અને કાન ઠેકાણે નથી તે અહીં (સાધુપણામાં બેઠા હોય તો ય નકામાં છે. જેનું મન ઠેકાણે નથી તે તો બિલકુલ નકામા છે. તેને ઘા વાગે જ નહિ ઘા વાગ્યા વગર ગાંઠ ઘડાય નહિ.
- તમને જ્યાં સુધી સંસારની સામગ્રી ભૂંડી ન લાગે, મારનારી ન લાગે ત્યાં સુધી તમારૂં ઠેકાણું પડવાનું નથી તમારૂં મન ત્યાં જ જવાનું છે.
- સાધુ વંદનને વિઘ્ન માને છે. સાધુ સન્માન સત્કારને પરિષહ સમજે છે.
- શાસ્ત્રે ચાર પ્રકારના કષાયને સંસારનું મૂળ કહ્યું છે. તે ચારના બીજા ચાર ભેદ પાડયા છે. અનંતાનુબંધીના સમકિતને રોકી લાગે છે. જેને ક્રોધ, માન, માયા લોભ ભૂંડા ન લાગે તેને સમકિતની સ્વપ્નેય આશા રાખવી નહિ, આ ચારનો સંસારના કામ માટે ઉપયોગ ભૂંડો જ છે તેવી પ્રતિતિ ન હોય તેને ય સમકિતની આશા રાખવી નહિ.
- લોભ વગરનો માણસ આગળ વધે ? લોભ કરવો હોય તો માયા કર્યા વગર ચાલે ? દુનિયામાં માન વિનાનું જીવતર શું ? અવસરે ક્રોધ ન કરીએ તો આબરૂ શું ? આ તમારો મત છે. તમે કહો કે આ અમારો મત નથી ત્યારે કષાયોને ભૂંડા માનવાની ભૂમિકા રચાશે.
- અધર્મી પોતાનાથી અધિક સુખીને જૂએ અને ધર્મી પોતાનાથી અધિક દુઃખીને જૂએ.
- અવિરતિએ જગતને ઘેલું કર્યું છે, કષાયને પુષ્ટ કર્યા છે, મિથ્યાત્વને ગાઢ કર્યું છે, પાંચેય વિષયોના અનુકૂળ વિષયો પર રાગ અને પ્રતિકૂળ વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૪૨૫૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
કિ. ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯.

તેની સદ્ગતિ સુલભ છે

નાણં નિયમગ્ગહણં નવકારો
નયરુઈ અણીહા ય ।
પંચનયભૂસિઆણં ન
દુલ્લહા સુગ્ગઈ હોઇ ॥

જ્ઞાન, નિયમોને ગ્રહણ કરવા, નવકાર, ન્યાય માર્ગમાં રૂચિ, નિસ્પૃહતા આ પાંચ 'ન' કારથી વિભૂષિત આત્માની સદ્ગતિ દુર્લભ હોતી નથી.

અઠવાડિક

વર્ષ	અંક
૭	૧૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

Received on 28/12/84

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

વર્ષ ૭] ૦૫૧ માગસર વદ-૨ મંગળવાર તા. ૨૦-૧૨-૬૪ [અંક-૧૭

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-ત્રીજું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૩ સોમવાર તા. ૭-૫-૧૯૬૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

પ્ર૦ સંઘ ગાઢે, મંદિર બંધાવે તેના કરતાં સાધર્મિકના આવાસો કરે તેમાં સારો કોણ ?

ઉ.- ભગવાનની પૂજાની જરૂર નહિ તેવું માનનારાનું અનાજ ખાય તેની ય બુદ્ધિ બગડે. જે સાધર્મિકની ભક્તિ કરે તે ભગવાનની ભક્તિ ન કરે તેમ બને ખરૂં ? મા-બાપને ખવરાવવા કરતાં ભિખારીને ખવરાવવું સારૂં છે ? જે મા-બાપને ન ખવરાવે તે ભિખારીને ખવરાવે ખરા ? ભગવાનની ભક્તિમાં ન ખરચે, તે નામના-કીર્ત્તિ માટે ખરચે તો કેવા કહેવાય ? તેનો જે ઉપયોગ કરે તેનો ય દમ કાઢે.

આજે તમારી મૈત્રી એવા સાથે છે કે જે સદ્બુદ્ધિ આપે નહિ. પછી અધ્યાત્મભાવ પમાય શી રીતે ? અધ્યાત્મભાવ પામવો છે ? તો મૈત્રી કલ્યાણમિત્રો સાથે જોઇએ. ખોટા કામ કેમ કરો તેમ પૂછનારા ગમે ને ? મોક્ષની ઇચ્છા પેદા કરવા શ્રાવક, શ્રાવકની સાથે મૈત્રી રાખે. તેવા ન હોય તેની સાથે મૈત્રી પણ ન રખાય, વાત-ચીત પણ ન થાય. આજે તમારી વાતો કઇ હોય ? પોતાની પ્રશંસા અને બીજાની નિંદા. ધર્મની વાતો તો લગભગ હોય નહિ ને ?

આજે મોટા મોટા કારખાનાદિના માલીકો કહે છે કે-અમે અનેકનું પેટ ભરીએ છીએ માટે ધંધાદિ કરીએ છીએ. તેના નોકરોને પૂછો કે તેમનું પેટ ભરે છે કે ફોડે છે ? કામ ઘણું લે અને પગાર ! તમારા નોકરો ચોર બન્યા હોય, અપ્રમાણિક બન્યા

હોય તે તમારા પાપે ! નોકરો ખરાબ થયા તે શેઠીયા ખરાબ થયા છે માટે. આગળ શેઠ અને નોકરોને પિતા–પુત્ર જેવો સંબંધ હતો. નોકરને વિશ્વાસ હતો કે–મારો કોઇ પણ પ્રસંગ મારા શેઠ સાચવ્યા વિના નહિ રહે. આજે એવો વિશ્વાસ છે ?

'મારે વહેલામાં વહેલા મોક્ષે જ જવું છે, તે માટે ધર્મ જ પ્રધાન છે' આવી દશા પામવી હોય તેને સંયોગો સારા જોઇએ. આ 'કલ્યાણમિત્રયોગ' નામનો પહેલો ગુણ પામ્યા પછી બીજો ગુણ છે 'સોઅવ્વં જિણુવયણ'–રોજ શ્રી જિનવચન સાંભળવું.

રોજ વ્યાખ્યાન સાંભળનારા કેટલા ? અમદાવાદમાં જૈનોની વસતિ કેટલી ? બધા જ જો વ્યાખ્યાન સાંભળતા હોત તો ઉપાશ્રય નાના પડત કે મોટા ? જો તમે વ્યાખ્યાન સાંભળીને બરાબર સમજ્યા હોત તો ઉત્તમ ધર્માત્મા થઈ ગયા હોત. પછી એક સાધર્મિક સીદાતો ન હોત. તમને જ મનમાં થાય કે 'ગરીબ જૈન આવે તો તેને જમાડયા વિના મોકલુ નહિ. તેને જરૂર પડે તો સહાય કર્યા વિના રહુ નહિ. સરખે સરખા આવે તેની ખબર ન લઉં તો તે ખરાબ નથી પણ ગરીબની સંભાળ ન લઉં તો મને કલંક લાગે !'

આજે તમે બધા વાસ્તવિક રીતે ધર્મ કેમ નથી કરતા ? વાસ્તવિ· ગુણ નથી માટે ગુણ હોય તો ધર્મ કરવાનું મન થાય જ. દુર્ગુણીને ધર્મ કરવાનુ મન જ ન થાય. તે કદાચ ધર્મ કરે તો દેખાવ માટે જ કરે. આજે દેખાવનો ધર્મ કરનારા ઘણા છે. સાચો ધર્મ કરનારા કો'ક. ભગવાનની પૂજાદિ માટે ટીપ કરો તો આબરૂ વધે અને તમારા ખાવા–પીવાદિ માટે ટીપ કરી તો ? આજે મંદિરોની રક્ષા થઈ કે કેમ તે ચિંતા છે ! પૂર્વના ભાગ્યશાલિઓ મંદિરો બાંધી ગયા છે. આજે તે મંદિરોને સાચવનાર મોટે ભાગે કોઈ દેખાતું નથી.

પ્ર૦– નવા મંદિરો બંધાવવાં બંધ કરો તો.

ઉ૦– તેની ના પાડનારા કોણ છે તેને ઓળખી લો. તેમને ધર્મ ગમતો નથી, ધર્મમાં પૈસા ખર્ચાતા જોઇને તે લોકોની આંખો બળે છે. સંસારની મોજમઝાદિ કરતા જોઇને તેઓને કશું થતું નથી. તે હૈયાકૂટયાઓની વાતમાં તમે ન આવો.

પ્ર૦– આમાં આચાર્યો પણ સંમતિ આપે છે.

ઉ૦– તે પણ તેમના જેવા હશે. તમારા માન–પાનાદિમાં મૂંઝાય તેની દશા આવી જ હોય !

તમારે સાધુ કેવા જોઇએ ? તમારી વાતમાં હા એ હા કરે, તમને ગમતી વાતો કરે તે કે શાસ્ત્ર મુજબ કહે તે ? આ પાટ ઉપર બેસનારા સાધુએ પણ સમજી સમજીને બોલવું જોઇએ. ધર્મથી બધું જ મળે તેની ના નથી, પણ ધર્મથી જે

મળે અને તે ગમી જાય તો શું થાય તે પણ સાથે જ કહેવું જોઈએ... પુણ્યથી મળતું દુનિયાનું સુખ ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું પણ નથી. ધર્મિષ્ઠ દુનિયાનું સુખ ભોગવવું પડે તો દુઃખી હૈયે, કર્મને ભોગવે પણ રાજીથી ન ભોગવે. શ્રાવકને મળેલું ધન ધર્મમાં ઘણું ખર્ચાય, ભોગમાં થોડું ખર્ચાય અને સંગ્રહ તો તે રાખે જ નહિ. ધનનો ભોગ તે પાપ છે, સંગ્રહ તે મહાપાપ છે અને સુપાત્ર દાન તે જ ધર્મ છે-આ વાત ઘણીવાર કહી છે પણ યાદ કોણ રાખે ?

શ્રાવકને સુપાત્ર દાન વગર ચેન જ ન પડે. સુપાત્ર દાન વિનાનો દા'ડો વાંઝિયો લાગે. તમારો રોજનો ઘર-પેઢીનો ખર્ચ કેટલો ? અને ધર્મનો ખર્ચ કેટલો ? જગતના ભંગલા-ભંગિયાદિ જોઈને ખુશ થનારા કેટલા ? મંદિરાદિ જોઈ દુઃખી થનારા પણ કેટલા ? ધર્મહિન આવા હોય પણ ધર્મ પામેલા આવા હોય નહિ.

અધ્યાત્મભાવ પામવો હોય તો 'સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે, સાધુપણું જ પામવા જેવું છે' તે લગાડવું પડશે. આ બધા ગુણ મેળવવા પડશે. ગુણ મેળવ્યા વિના નહિ ચાલે. હૈયું સુધારો. ધર્મ સારા બનવા કરો પણ દેખાવનો ન કરો.

સોબત, ધર્મની વાત કરે તેની સાથે કરાય, અધર્મની વાત કરે તેની સાથે ન કરાય. રોજ સદ્‌ગુરુ મુખે જિનવાણી સાંભળવી જોઈએ. સાંભળનારા સાચા ભાવે સાંભળે તો સુધારો થઈ જાય, 'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે અને ધર્મ જ પામવા જેવો છે'-આ ભાવના પેદા કરો તો હજી સુધરવાનો અવકાશ છે. આ મહ દુર્લભ મનુષ્યભવ ન હારી જાવ તે માટે આ વાત છે. સમજીને અમલમાં મૂકશો તો ભલું થશે. બાકીના ગુણનું વર્ણન હવે પછી.

શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર ... જૈન કેન્દ્ર
કોબા (ગાંધી ... ૩૮૨૦૦૯

આ સંસારમાં બધું સુલભ છે માત્ર બોધિ વિના.

સુલહો વિમાણવાસો, એગચ્છત્તા ય મેઇણી સુલહા ।
દુલહા પુણ જીવાણં જિણિંદ વરસાસણે બોહી ॥

વૈમાનિક દેવપણું પામવું સુલભ છે, એક છત્રી પૃથ્વીનું રાજ્ય પામવું સુલભ છે. પરંતુ પ્રાણીઓને શ્રી જિનેશ્વર દેવના શાસનમાં, સમ્યગ્દર્શન કે ભવોભવ શ્રી જિનધર્મની પ્રાપ્તિ રૂપ બોધિ પામવી દુર્લભ છે.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૦ રામ સીતા જન્મ

વિભિષણ જેવા પ્રચંડ પરાક્રમીના હાથે દશરથ રાજાનું પ્રતિબિંબ મૃત્યુ પામ્યું હતુ. પરંતુ બિંબ તો હજી સૃષ્ટિ ઉપર સુખના શ્વાસ લઇ રહ્યું હતુ.

મગધેશ્વરને હરાવીને ત્યાં જ સ્થિર થયેલા રાજા દશરથે કૌશલ્યા વગેરેને ત્યાં જ બોલાવી લીધા. અને સુખે કાળ પસાર કરવા લાગ્યા.

એક દિવસ અપરાજીતા દેવીએ (કૌશલ્યાએ) હાથી, સિંહ, ચંદ્ર અને સૂર્ય આ ચાર સ્વપ્નોને જોયા. બળદેવના જન્મના સૂચક આ સ્વપ્નો હતા. યોગ્ય સમયે અપરાજીતાએ સંપૂર્ણલક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. પુત્ર જન્મના પ્રભાવથી રાજા પાસે લક્ષ્મીના નિવાસ જેવા જ પદ્મ (–કમળ) ભેટ રૂપે આવતાં રાજાએ પુત્રનું "પદ્મ" એવું નામ પાડયું. જે "રામ"ના નામથી પ્રસિદ્ધ થયા.

એક વખત વિષ્ણુના (અર્ધચક્રીના–વાસુદેવના) જન્મના સૂચક એવા હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, શ્રીદેવી, અને સમુદ્ર આ સાત સ્વપ્નોને સુમિત્રાએ જોયા. દેવલોકમાંથી આવીને ઋધિવંત દેવનો જીવ સુમિત્રાના ઉદરમાં આવ્યો. સમય થતાં સુમિત્રાએ સંપૂર્ણ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. રાજાએ તેનું 'નારાયણ' નામ પાડયું. જે 'લક્ષ્મણ'ના બીજા નામથી પ્રખ્યાત થયા.

આમ રામ અને લક્ષ્મણની જન્મભૂમિ માગધદેશ બની. ક્રમસર વૃધ્ધિ પામતા આ રામ–નારાયણની તાકાતથી ધૈર્ય પામીને રાજા દશરથ ફરી પાછા અયોધ્યા આવી ગયા.

સમય જતાં કૈકેયીએ પણ શુભ સ્વપ્ન દર્શન પૂર્વક ભરતના ભૂષણ રૂપ 'ભરત' નામના પુત્રને જન્મ આપ્યો. અને સુપ્રભાએ પણ શત્રુને હણી નાંખે તેવા બાહુબળવાળા "શત્રુઘ્ન" નામના પુત્રને જન્મ આપ્યો.

ભરત તથા શત્રુઘ્નને અને રામ તથા લક્ષ્મણને પરસ્પર અતિ સ્નેહ હોવાથી કોઇ એકબીજા વિના રહી શકતા ન હતા.

રામયણના મુખ્ય ગણાતા અયોધ્યાના દરેક પાત્રો અસ્તિત્વમાં આવી ગયા છે.

હવે સીતા અને ભામંડલની ઉત્પત્તિ જોઇએ.

દારૂગ્રામમાં વસુભૂતિ બ્રાહ્મણની અનુકોશા પત્નીથી અતિભૂતિ નામે પુત્ર જન્મ્યો હતો. યુવાન અતિભૂતિ સાથે સુંદર સુશીલ 'સરસા' ના લગ્ન થયા. કથાનક નામના બ્રાહ્મણે સરસા ઉપર રાગ થઇ જતાં તેનું હરણ કર્યું. પત્નીની શોધમાં અતિભૂતિ નીકળ્યો. અને પુત્ર–પુત્રવધૂને શોધવા માતા–

પિતા નીકળ્યા. વર્ષો વીત્યા. આખરે માતા-પિતાને અટવીનાં સાધુ ભગવંત પાસેથી ધર્મ પ્રાપ્તિ થતા બન્નેએ દીક્ષા સ્વીકારી. અંતે દેવલોકમાં ગયા.

આ બાજુ 'સરસા' પણ કોઇ સાધ્વીજીના દર્શન થતાં તેમની પાસે દીક્ષા લઇ અંતે ઇશાન દેવલોકમાં દેવી બની.

સરસાના વિયોગથી દુઃખી થયેલો અતિભૂતિ મૃત્યુ પામીને ઘણો સંસાર ભટકયો. આખરે હંસબાળ બન્યો. બાજપક્ષી તેને ખાઇ ખાઇને ખલાસ કરી રહયો હતો. તેવામાં સાધુ ભગવંત પાસેથી સાંભળવામાં આવેલા નમસ્કાર મહામંત્રના પ્રભાવથી કિન્નરમાં દેવ થયો. અને ત્યાંથી ચ્યવીને કુંડલમંડિત નામે રાજકુમાર થયો. ભોગાસકત કથાનક પણ સંસારમાં ભટકીને ચક્રધ્વજ રાજાના પુરોહિતનો 'પિંગલ' નામે પુત્ર થયો.

એક જ ગુરૂ પાસે ચક્રધ્વજ રાજાની 'અતિસુંદરી' નામની રાજકુમારી સાથે ભણતા પિંગલને પરસ્પર પ્રેમ થઇ જતાં પિંગલે રાજપુત્રીનું અપહરણ કર્યું અને કશી આવડત ન હોવાથી પિંગલ ઘાસ-લાકડાના ભાર વેચીને જીવન ગુજારતો હતો.

એક વાર કુંડલમંડિત રાજકુમારે અતિસુંદરીને જોતાં જ અન્યોન્ય અનુરાગ થતાં રાજકુમારે આ રાજકુમારીનું અપહરણ કર્યું. અને માતા-પિતાના ભયથી ભાગી જઇને પલ્લીમાં રહ્યો. દશરથ રાજાની ધરતીને ઉપદ્રવ કરતો તે પકડાયો અને છેવટે મુકત કરાયો. ભમતાં ભમતાં તે મુનિચંદ્ર નામના મુનિવર પાસે ધર્મ સાંભળી શ્રાવક થયો. રાજયની ઇચ્છાવાળો જ તે મૃત્યુ પામી જનક રાજાની વિદેહા રાણીના ગર્ભમાં અવતર્યો.

સરસા પણ સંસારમાં ભટકીને આખરે વેગવતી નામની પુરોહિત પુત્રી બની અને દીક્ષા લઇ. મૃત્યુ પામી બ્રહ્મલોકમાં ગઇ અને ત્યાંથી ચ્યવીને વિદેહા રાણીના ગર્ભમાં અવતરી. (વિસ્તારથી પછી આવશે.)

જે પૂર્વભવમાં પતિ-પત્ની હતા. તે બન્ને અહીં ભાઇ-બેન રૂપે ગર્ભમાં અવતર્યા છે. યોગ્ય સમયે વિદેહાએ પુત્ર-પુત્રીને સાથે જન્મ આપ્યો.

પેલા પિંગલે દેવલોકમાં જઇને પૂર્વભવને જોતાં પોતાના શત્રુ કુંડલમંડિતને ઓળખીને રોષથી જન્મતાની સાથે જ વિદેહાના પુત્રનું અપહરણ કર્યું. અને પત્થરની શિલા સાથે પછાડીને આ બાળકને ખલાસ કરી નાંખવા વિચાર્યું. પણ પોતે પૂર્વભવમાં આચરેલા દુષ્ટકર્મના ભોગવેલા ફળોને યાદ કરતા તેણે ગર્ભ-બાળની હત્યા કરવાનો વિચાર છોડી દીધો. અને દિવ્ય આભૂષણોથી તે બાળકને શણગારીને એક ઉદ્યાનમાં ધીમે રહીને મૂકી દીધો.

દિવ્યાલંકારવાળા આ બાળ-પુત્રને જોઇને ચંદ્રગતિ નામના વિદ્યાધર રાજાએ પુત્ર વિહોણી પોતાની પત્નીને આ પુત્ર સોંપ્યો અને પુત્ર જન્મનો નગરમાં ઉત્સવ કરાવ્યો.

આ ચંદ્રગતિ રાજા અને પુષ્પવતી

—: સ્વીકાર અને સમાલોચના :—

કૃપાનો ધોધ વરસાવો – સંકલનકાર પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. સંપાદક પૂ. મુ. શ્રી ભુવનભૂષણ વિજયજી મ, પ્રકાશક– પાર્શ્વોદયુદય પ્રકાશન કે. રાજેન્દ્ર સી. પરીખ ૧૦૬ સમ્રાટ કોમ્પલેક્ષ ચોઇસ રનેકબારની પાછળ નવરંગપુરા અમદાવાદ–૯ ફોન ૪૬૯૧૦૪ ડેમી ૮ પેજી ૧૪૦ પેજ મૂલ્ય રૂા. ૩૦–

સ્વ. પૂ. પાદ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પરમ ભક્તિથી આ ગીતો સંકલનકાર પૂ. આચાર્યદેવશ્રીએ રચ્યા છે. તેમની કાવ્ય શૈલી અને શબ્દ સંયમ દૃઢ આકર્ષક અને હૃદયંગમ છે તેમાં વળી સ્વ. પૂજ્યપાદ શ્રીજીની અનુપમ વિશિષ્ટતાને ગૂંથીને આ કાવ્યો ખૂબ સુંદર બન્યા છે. જે આત્માને ગુરૂદેવ પ્રત્યેના તાર સંધાન રૂપ છે અને માનનીય છે.

નરભવ નગર સોહામણું– પ્રવચનકાર પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સંપાદક પૂ આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. પ્રકાશક ઉપર મુજબ ડેમી ૮ પેજી ૨૭૦ પેજ મૂલ્ય રૂા. ૪૦)

પુસ્તકમાં ઉદારપૂર્ણ સહયોગ આપનાર વેલજીભાઇ દેપારભાઇ હેંણિયા ૧૭ શ્રી દિગ્વિજય પ્લોટ જામનગર

પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના મનનીયના મનનીય પ્રવચનોનો આ ભવ્ય સંગ્રહ છે. 'મનુષ્ય

નામની રાણી તે બીજું કોઇ નહિ પણ આ બાળ–પુત્રના જ પૂર્વભવના વસુભૂતિ અને અનુકોશા નામના માતા–પિતા.

દિવ્ય આભૂષણોથી બાળકની ચોમેર પ્રકાશના મંડળો રચાયા હોવાથી રાજાએ પુત્રનું નામ પાડયું ભામંડલ.

જન્મતાં જ પુત્રના અપહરણથી કરૂણ રૂદન કરતી માતા વિદેહાના રૂદનથી આખુ કુટુંબ શોકમાં ડૂબી ગયું. જનક રાજાએ દરેક દિશામાં માણસોને મોકલ્યા પણ બધેથી નિરાશ પાછા ફરેલા માણસોને જોઇને રાજા–રાણી અતિ દુઃખી થયા. સમય પસાર થતો ગયો તેમ એક સમય એવો આવ્યો કે જનક–વિદેહાનો શોક મંદ પડી ગયો.

સીતા અનુક્રમે કળામાં પ્રવીણ બની. અને કલાપૂર્ણ બની. યુવાન-લાવણ્યનીતરતી સીતાને યોગ્ય વરની જનક રાજાએ શોધ કરી. દરેક દેશમાં ગયેલા માણસો તેને કુમારોના ચિત્રો લાવ્યા પણ રાજાને કોઇ પસંદ પડયું નહિ.

જનક રાજાના દિવસો ચિંતા ભર્યા વીતી રહ્યા હતા.

જન્મની સાથે 'તા' એ નામથી શ્રેષ્ઠીવર્ય શ્રી હુરચંદ હંરાચંદભાઇ સુરત તરફથી પુસ્તક પ્રગટ થયેલ તેની આ ચોથી આવૃત્તિ નવા નામથી પ્રગટ થાય છે. જે પ્રવચનો મનનીય છે દરેક અડધા પાને પૂજ્યશ્રીના ઉપદેશ કણિકા સાથે ફોટો મુકેલ છે.

દક્ષ જ્યોત-પર્યુષણ વિશેષાંક – ડેમી ૮ પેજી ૭૪ પેજ પાર્શ્વનગર ચાલ પેઠ રોડ-અગાસી તીર્થ વાયા વીરાર જી. થાણા (મહા.) માસિકનો પર્યુષણ વિશેષાંક પ્રગટ થયો છે. પં. શ્રી પ્રભાકર વિજયજી મ. ના પર્યુષણ અંગેના લેખો આદિનું સંકલન છે.

વીસ સ્થાનક તપ વિધિ – પ્રેરક પૂ. આ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. પ્ર શ્રી ત્રિભુવન જૈન સાહિત્ય સદન ઠે. નટવરલાલ ચુનીલાલ શાહ છાણી (ગુજ.) ક્રા. ૧૬ પેજી ૮૪ પેજ મુલ્ય રૂા. ૨-૫૦ વીશ સ્થાનક તપની વિધિનું સુંદર સંકલન છે.

નવપદ આરાધના વિધિ સં. પૂ. આ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. પ્ર ભુવન ભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર મદ્રાસ ઠે. રાજેશકુમાર નટવરલાલ કાપડીયા છાણી (ગુજરાત) ક્રા ૧૬ પેજી ૪૪ પેજ મુલ્ય રૂા. ૭

નવપદજી ઓળીની વિધિ સુંદર રીતે સંકલિત કરેલ છે.

સમાધિ સોત – રચયિતા પૂ. મુ. શ્રી નયવર્ધન વિજયજી મ. પ્ર. જયંતિલાલ મણિલાલ મહેતા ૮-૩૦૧ રત્નપુરી ગૌશાળા લેન મલાડ ઇસ્ટ મુંબઇ-૬૭ ક્રા. ૩૨ પેજી મુલ્ય રૂા. ૨ અંત સમયે અને આરાધના માટે ઉપયોગી દશવિધિ ષડ્વિધ આરાધના કર્તા પૂ. મુ. શ્રીએ સુંદર રીતે કાવ્યમાં સંકલિત કરી છે જે દરરોજ સાંજે મનન કરવા યોગ્ય છે આ નાની પુસ્તીકાની પાંચ આવૃત્તિ પ્રગટ થઇ તે તેની આદેયતા સૂચવે છે.

દિલ જેના દરિયાવ –લે. પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. પ્ર. સંસ્કૃતિ પ્રકાશન રામવાટિકા ૪૧૧ સમેત શિખર એપાર્ટમેન્ટ ગોપીપુરા કાજીનું મેદાન સુરત ક્રા. ૧૬ પેજી પેજ ૧૧૨ મુલ્ય રૂા. ૧૨ લેખક પૂજ્યશ્રીજીની પ્રવાહિત અને હૃદયંગમ શૈલીથી લખાયેલ ૧૫ વાર્તાઓનો સુંદર સંગ્રહ છે તે વાંચન મનન કરવા યોગ્ય છે.

મુંઝાતા માનવીને – લેખક પ્રકાશક ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૧૨૪ મુલ્ય રૂા. ૧૫ પૂજ્યશ્રીના સિધ્ધહસ્ત હસ્તે લખાયેલા ૩૦ લેખોનો મનનીય સંગ્રહ છે.

પળપળના પલટા – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૧૨ પેજ રૂા. ૧૦

મહર્ષિ પ્રસન્નચંદ્રની પરમ બોધ દાયક કથા આકર્ષક અને અંતરને ડોલાવતી શૈલીમાં લખાયેલ છે જે ખાસ વસાવવા વાંચવા યોગ્ય છે.

જ્ઞાન ગુણ ગંગા

--પ્રજ્ઞાંગ

શાશ્વતી શ્રી જિનપ્રતિમાઓને દાઢી મૂછ પણ હોય છે. "रिष्टरत्नजाः ।
"श्मश्रुरोमराज्यश्च ओष्टाः विद्रुमनिर्मिता : ।"
તે અંગે શ્રી સમવાયાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે - अवठियकेसमंसुरोमणहे" - જેમને દાઢી, મૂછ, રોમ અને નખ રહેલા છે એવી શ્રી જિન પ્રતિમાઓ.

તથા શ્રી ઉવવાઇ સૂત્રમાં પણ કહ્યું છે કે- "अवट्ठियसुविभत्तचारुमंसू ।"
જેમને શોભતી દાઢી રહેલી છે એવી શ્રી જિન પ્રતિમાઓ.

ચક્રવર્તી વૈતાઢ્યપર્વતની તમિસ્રા અને ખંડપ્રપાતા ગુફામાં પ્રકાશને માટે જે મંડળો કાકીણીરત્નથી આલેખે છે તે મંડલો જ્યાં સુધી ચક્રવર્તીનું રાજ્ય હોય ત્યાં સુધી ગુફાને માર્ગે જવા આવવા માટે કાયમ રહે છે. તે પ્રમાણે શ્રી 'પ્રવચન સારોદ્ધાર' નો અભિપ્રાય છે.

स्याद्यावच्चक्रिणो राज्यं तावत्तिष्ठन्ति सन्ततम् ।
मंडलानि च वद्ये च गुहामार्गे गतागते ।"

જ્યારે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રમાંના શ્રી અજિતનાથ સ્વામિ ભગવાનના ચરિત્રમાં એમ જણાવ્યું છે કે-"જ્યાં સુધી ચક્રવર્તી જીવે છે ત્યાં સુધી ગુફાના દ્વાર ઉઘાડાં રહે છે અને ગુફાની અંદર આલેખેલાં મંડળો પણ કાયમ રહે છે.

"उदघाटितं गुहा द्वारं गुहान्तर्मण्डलानि च
तावत्तान्यपि तिष्ठन्ति यावज्जीवति चक्रभृत् ।।"

ઉત્તર કુરુના પંચેન્દ્રિય તિર્યંચો પણ છઠ્ઠ છઠ્ઠને આંતરે આહાર લે છે. તે અંગે કહ્યું છે કે -

"पंचिन्दियतिरिनराणं सहावियं अट्ठ अट्ठमाओ ।"

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો અનુક્રમે છઠ્ઠ છઠ્ઠને આંતરે અને અઠ્ઠમ અઠ્ઠમને આંતરે આહાર લે છે.

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

તે મહાપુરૂષના ચરણમાં આ માહરૂં મસ્તક રહો.

મારા આ લેખ કોઇ જુએ ને સુધારા-વધારા સૂચવે તો સારૂ. મારી આવી જ ભાવના હોવી જોઇએ અને હતી જ હોં. એટલે આ લેખને જોવા-તપાસવા-સુધારવા-વધારવા આપવું તે અંગે મેં થોડીવાર પૂરતો ઉપયોગ મૂક્યો. આંખો મીંચતા જ સંસાર આખો ભૂલાઇ ગયો. જે સમસ્યા હતી તેની સાથે સમાધાનનું જોડાણ થયું. અને એક નામ મારી નજર સમક્ષ તરવરવા લાગ્યું.

હું તરત જ તેમની પાસે પહોંચી ગયો. એમના નામમાં બે "૨" હતા. એટલે હું સમજ્યો કે એ જ દ્વિરેફ હશે. જેના નામમાં બે "૨" હોય તે દ્વિરેફ કહેવાય. અવી દ્વિરેફની વ્યાખ્યા છે. મને મારા લેખ વાંચીને કીધુ. "તમારા લેખ વ્યાખ્યાન વખતે કામ આવે એવા છે." હું મલકાઇ ઉઠ્યો. મારા ગુણો સાંભળીને નહિ હોં. પણ એ દ્વિરેફની ગુણગ્રાહિતાના ગુણથી રંજિત બનીને. કયારે ય પણ કોઇ વ્યકિત બીજી વ્યકિતના વખાણ કરે ત્યારે અધિકૃત ગુણના માલિક ખુશ થાય ત્યારે ત્યારે આવું જ અર્થઘટન કરવું સારૂ પડે.

અને આપણા ગુણ ગાનાર સામે અમસ્તુ પણ, ઇચ્છા ન હોય તો પણ અંતરથી નિર્લેપભાવે રહીને થોડું હસી જવું. એટલે શું છે કે ગુણગાન કરનારને પ્રસન્નતા મળે છે. અને લોકોને પ્રસન્ન રાખવાનું આચરણ કરવું એ પણ એક ગુણ જ છે ને? કેમ એક શ્લોકમાં કીધું છે કે-"પ્રિયવાકય બોલવાથી સમસ્ત લોક ખુશ થાય છે. એટલે એ જ બોલવુ. વચન બોલવામાં વળી દરિદ્રતા-કંજૂસાઇ કરવાની જરૂર શી છે?"

હવે તમે તમારા ગુણગાનાર સામે સાગરવત્ ગંભીર બની જશો તો નુકશાન દેખીતુ છે. "એક તો ગુણગાયકને-ગુણ ઉવાચકને-એમ થશે કે-હું આટલું બધું બોલ્યો સરસ, તો ય આ ગુણધરે મારી કિંમત ના કરી. પાછું તેમને ગમ્યુ નથી લાગતું. અથવા તો એમને મારા બોલવામાં કશી ખબર જ પડતી નથી લાગતી." આવું-આવું ગંભીર બની જવાથી ગંભીર પરિણામ આવવાની શકયતા છે. પછી તો બોલનારનું પણ મન કોચવાઇ છે. એટલે મેં આવા બધા અખતરા કરી જોયેલા-કોઇ મારા વખાણ કરે ત્યારે પહેલા તો હું ગંભીર રહેતો. તેથી લોકો મને બુધ્ધુ જ ગણવા માંડયા. મને થયુ કે મારા જ ગુણ ગાનાર મને જ બુધ્ધુ કહે તે તેમના માટે ઉચિત નહિ. હું તો સંભાળી લઇશ. પણ ગુણ-ગાનારે જ સમજવું પડશે. પછી તો હું ગુણ-ગાનાર સામે જરાક

મલકાવા લાગ્યો. નિર્લેપ ભાવે નહિ હોં હાર્દિક–અંતઃકરણ પૂર્વક જો કે ત્યારે પણ કેટલાક લોકોએ ટીકા તો કરી જ કે લો એક જરા અમથો તેનો ગુણ ગાયો એમાં તો મલકાઇ ગયા. પણ કોઇએ "બુધ્ધુ" ના કીધો ને એ જાણી મને પારાવાર શાંતિનો અનુભવ થયો.

પેલી વાત આવે છે ને કે–એક સભામાં ભાષણકાર બોલ્યા કે 'આ સભાના અડધા લોકો ગાંડા છે.' એટલે તરત જ અડધી સભાએ ઉભા થઇને કહ્યું કે–આ શબ્દ પાછો ખેંચો. ભાષણકારે તેમની હાર્દિક વિનંતિનો સ્વીકાર કરીને કહ્યું કે– 'આ સભાના અડધા લોકો ગાંડા નથી.' પછી સભા પૂરી થતાં એ જ લોકો મૂછ મરડી ને કહેવા લાગ્યા. જોયું ને, એના શબ્દો પાછા ખેંચાવ્યાને એમ ત્યારે.

હું આ રીતે ગુણગાનાર સામે દીર્ઘ-દૃષ્ટિ દોડાવીને હસતો રહું છતાં કોઇએ સ્ટેજ ઉપર મારી ગુણગાવત પાર્ટી ના ગોઠવી તે ના જ ગોઠવી. પછી તો મેં મારા અધિકારની રૂએ મારા ગુણાનુરાગી જનોને સામે ચાલીને ઘેર–ઘેર જઇને પાર્ટી ગોઠવવા કીધું. અને તે લોકો ય કમને પણ તૈયાર થયા. પછી હું મારા મનમાં કુલાતો કુલાતો બબડયો કે–હું હવે બરાબર, સાલુ મહાપુરૂષના સ્ટેજ જેવી મને પોસ્ટ ના મળે તો, આ જીવનમાં પામી શકાતી બધી ડીગ્રીઓ ન મળવાનો વસવસો મારું મોત બગાડી નાંખત.

મારી સ્ટેજ ઉપર પાર્ટી ગોઠવાઇ. લોકો મારા એક પછી એક ગુણ ગાતા રહ્યા. હું મલકાટ ઉપરથી ખડખડાટ હસવા સુધી પહોંચી ગયો. મને ખખડાટ હસતો જોઇને પબ્લિક વધુ હસતી હતી. પણ કહેવાય છે ને કે–બહુ હસે છે તે તું રોવાનો થયો છે. એવું જ થયું. આમ તો કંઇ જ ના બનત પણ સાલુ છેલ્લે છેલ્લે એક યુવાન ઉભો થયો. તેણે પાર્ટીની મૂળ ઉત્પત્તિની પારાયણ કહી સંભળાવી. હું જો કે અંદરથી કચવાયો, ધૂંધવાયો પણ મહાપુરૂષ તરીકેની એક લાભ નિભાવવા ખાતર ચૂપ જ રહ્યો. તેણે તો જાણે મારી ધીરજ સામે પડકારભરી ચેલેંજ ફેંકી હોય તેમ મને લાગ્યું.

તે યુવાન છેક છેલ્લે જ કહેવા માંડયુ કે–"અમારી લગીરે ઇચ્છા ન હોવા છતાં પણ આ મહાપુરૂષે પરાણે કાકલુદીઓ કરી–કરીને અમને આ ગુણ–ગાવત પાર્ટી યોજવા ફરજ પાડી અને અમે આ ગોઠવી પણ ખરી. (હું મહાપુરૂષ એ યુવાનના એક–એક શબ્દે ઇલેકટ્રીકના સોટના ઝટકાની વેદના પામતો હતો. મને થયું આ સાલો માઇકને હવે છોડશે નહિ. એટલે મેં ઇલેકટ્રીક સીટીને ભાવભરી પ્રાર્થના કરી કે હે પ્રકાશ પાથરનારી સ્વીટી હમણાં તું માત્ર પાંચ–દશ મિનિટ પૂરતી જ જતી રહે કે જેથી અંધારાનો લાભ લઇને હું અહીંથી ભાગી છૂટું. પછી ભલેને આ ગમે તેટલું બરાડયા કરે. પણ મારી પ્રાર્થના નિષ્ફળ ગઇ.

આખરે મને એક સુંદર ઉપાય મળી

ગયેા. હું જેટલું મેાડું કરું એટલું નુકશાન મારે જ હતુ. કેમકે એ યુવાન આટલી બેફામ રીતે મારી આટકણી કાઢતાં કાઢતાં એક વાકય તેા એવું બેાલ્યેા કે–આ સાલેા ગધેડેા ઠગલગત છે.'' આ સાંભળતા જ લેાકેા એના પર તૂટી પડશે એવું મને હતુ. પણ ઊલટાનું લેાકેા તેા પેટ પકડીને હસવા લાગ્યા. અરે! ઘણાં તેા તાળીઓનેા ગડગડાટ કરવા લાગ્યા. અને ઘણાં તેા મારી પાસે જ આવીને ડીસ્કેા કરવા લાગ્યા. એટલે આ જ અરસામાં મેં બેભાન થઇને ઢળી પડવાનેા ઢેાંગ કરીને સ્ટેજ ઉપર જ ખુરશી ઉપરથી ગબડયેા. જો કે પ્રેકટીશ નેા'તી એટલે એકાદ્દ હાડકું બેાખરૂ તેા થયુ પણ આ સમય ચૂં કે ચાં કર્યા વગર પડયા રહેવાનેા હતેા.

મને લેાકેા ઉલેા કરશે એવી આશા મને હતી જ નહિં. પણ દયાળુ લેાકેા ભેગા થઇ એક ઠંડા બેાળ પાણીનેા ગ્લાસ કડકડતી ઠંડીમાં જ મારા ઉપર ઢેાળી દીધેા. મને થયું કયાંક આણી ડેાલથી બીજવી નાંખશે આ જડભરતેા. એટલે ફટ કરતાં ક ને ઉલેા તેા થઇ ગયેા. પણ મારી ચેામેર ઘેરા હતેા. એવામાં જ પ્રકાશ પાથરનારી વિજળી દેવી અદ્રશ્ય થઇ ગઇ. હું મુઠ્ઠી વાળીને ભાગ્યેા કે તરત-પકડેા–ચેાર... ચેાર... પકડેા પકડેા કહીને મારા હાડકા બેાખરા કરી નાંખ્યા. વિજળી આવતાં મને લેાકેાએ છેાડી મૂકયેા. પણ ત્યારનેા દા'ડેાને આજની ઘડી હું ગુરૂ-ગાવત પાર્ટી ગેાઠવવાનું રાતના સપનુ જોવાની યે બેા ભૂલી ગયેા.

પેાતાના ગુણગાન વખતે ગંભીર રહેનારા એ મહાપુરૂષેા મને સાંભરી આવ્યા. મેં કીધું કે ધન્ય છે એ મહાપુરૂષેાને કે જેઓ ગાળેા કે ઢેાષેા સાંભળીને પણ ક્રોધ-બ્રોધ ન કરતાં ગંભીર જ રહે છે. અને સ્વમાનલેાક પાર્ટીમાંથી પાછા ફરી શકે છે.

ooo

સ્વીકાર અને સમાલેાચના

બેનડી તું પાવન રહેજે – લે. પૂ. મુ. શ્રી રાજચંદ્ર વિજયજી મ. પ્ર. મહાવીર શુભ સંદેશ સાધના ટ્રસ્ટ ૩૫ ૬૩જી ગલી કબૂતરખાના પાસે ભુલેશ્વર મુંબઇ–૨ ફેાન ૨૦૧ ૬૪૭૬ ફુલ્સ કેપ ૧૬ પેજી ૯૦ પેજ મૂલ્ય રૂા. ૬)

આજની વિકૃત સંસ્કૃતિમાં બ્રહ્મચર્ય ન પાળવું અને સંતાન ન જોઇએ તેવા વિકૃત માનસનેા ઇલાજ આજે ગર્ભપાત બતાવાય છે જન્મ પહેલાંના બાળની હત્યાનેા ભયંકર પ્રચાર છે. આવા ભયંકર અત્યાચારથી બચવા શાન આશ્વાસન અને સાચી માહિતી પુરી પાડતી આ પુસ્તિકા છે જે ખૂબ વાચન અને મનન પ્રચાર કરવા યેાગ્ય છે.

પ્રેરણાનું અમૃતપાન – લે. પૂ. પં શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર પ્ર. ભદ્રંકર પ્રકાશન ૪૯–૧ મહાલક્ષ્મી સેાસાયટી પાસે શાહીબાગ અમદાવાદ

કિં. ૧૬ પેજી પેજ ૧૪૪ મુલ્ય રૂા. ૨૦) પૂ. પં. મ. અનેક મુનિઓ પર લખેલા પ્રેરણા પત્રેા છે જે વિવિધ માર્ગદર્શન સાથે પ્રેરણા આપે છે અને વિવિધ ચિંતનેા પ્રગટાવે છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આજની કારમી પરિસ્થિતિ પેટની ભૂખને નહિ, પરન્તુ મનની ભૂખને જ વધારે આભારી છે.
- શ્રધ્ધાપૂર્વકની સમજણ કલ્પ વેલડી છે, જ્યારે શ્રધ્ધા વગરની સમજણ એ વિષ વેલડી છે.
- જે પુણ્ય, વિષય કષાયને રોગ ન માનવા દે, તે પાપાનુબંધી પુણ્યનો પ્રકાર છે. આવા પુણ્યના ઉદયે મળતી સંપત્તિ એટલે હળાહળથી મિશ્રિત દુધનો કટોરો.
- સંસાર એટલે આત્માની મલીનાવસ્થા ! મોક્ષ એટલે આત્માની શુધ્ધા વસ્થા.
- મોક્ષ એટલે આત્માની સ્વાભાવિક નિર્મળ અવસ્થા અને એ નિર્મળ અવસ્થા જેના યોગે પ્રગટે તે ધર્મ !
- શાસનના રક્ષક અને પ્રભાવકતો શાસન સામેનાં આક્રમણોને દૂર કરીને થવાય, આપપક્ષાના વાજાં વગડાવ્યે ન થવાય.
- સંસારના સુખની સ્પૃહામાત્રથી પણ આત્મા પાપના લેપવાળો બને છે. માટે દુઃખનો ડર જોઇએ નહિ અને સાંસારિક સુખની સ્પૃહા જોઇએ નહિ.
- જેનામાં શ્રી જિનની આજ્ઞાનો સાચો પ્રેમ હોય તેનું હૈયું શ્રી જિને કહેલા ત્યાગ, સંયમ અને તપ માટે તલસાટ ન જ અનુભવતું હોય એ બનવાજોગ નથી.
- સંપ કરવો હોય તો, સિધ્ધાંતને અનુસરતા સત્યને ગ્રહણ કરવાની અને સિદ્ધાંતને બાધક વસ્તુને તજવાની વૃત્તિ જોઇએ અને તે હોય તો જ સાચી એકતા થઇ શકે.
- જડની પ્રગતિમાં આત્માની પ્રગતિ નથી.
- સંસારની પ્રવૃત્તિઓનો તીવ્રરાગ અને તીવ્રરસ, એ ભવાભિનંદીપણાની સૂચક વસ્તુ છે.
- સંસાર પ્રત્યે રોષવાળા અને મોક્ષ પ્રત્યે ગાઢ રાગવાળા બન્યા વિના પરમાર્થિક સત્ય હાથ લાગે જ નહિ.
- તમે જો મોક્ષના અર્થી બનો, તો તમારે માટે સત્યની ગવેષણા બહુ સહેલી બની જાય.
- પરિણામની ચંચલતા, અલ્પસત્ત્વતા અને વ્રતમાં પ્રમાદ આ ત્રણનો યોગ ઘણી જ ભયંકર વસ્તુ છે.
- પાપથી બચવાની ભાવનાવાળા માટે દેરાસર કે ઉપાશ્રય એ વિશ્રામ સ્થાનો છે.

શાસન સમાચાર

ચાર જૈનાચાર્યોનું એક સાથે ચાતુર્માસ પરિવર્તન

સુરેન્દ્રનગર, પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા., આ. ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા., આ. મહાબલ સૂરીશ્વરજી મ.સા. અને આ. પુણ્યપાલ સૂરીશ્વરજી મ.સા. એમ ૪ જૈનાચાર્યોનું એક સાથે ચાતુર્માસ થવાથી જૈન સંઘ માં અનેરો આનંદ છવાઇ ગયેા. ૨૨ વર્ષ પછી આવી એકતા થવાથી બધા ભાઇ બહેનેા પ્રસન્નતાથી ઝુંમી ઉઠયા હતા.

શ્રી વાસુપૂજ્યજી જૈન દેરાસરથી જૈનાચાર્યોના પરિવર્તનના સામૈયાનેા પ્રારંભ થયેા હતેા, અને દેરાસર રેાડ, વિઠ્ઠલ પ્રેસ રેાડ, કેાઠારી બાલમંદિર રેાડ થઇ જવાહર સેાસાયટીમાં પહેાંચ્યા હતા, ત્યાં બીપીનભાઇ (હેમુશા)ના ઘરે મંગલાચરણ થયું હતું. અને ચંદ્રકાંતભાઇ, બિપીનભાઇ, નરેશભાઇ, ગીતાબેન વગેરે ભાઇ બહેનેાએ સંઘ પૂજન કર્યું હતું. ત્યાંથી ભરતભાઇ ને ઘરે મંગલાચરણ કરી આરાધના કરી આરાધના ભુવન થઇ મેન રેાડ થઇ પૂર્વ વિભાગમાં જય હિંદ સેાસાયટીમાં વજુભાઇ ને ત્યાં બધા આચાર્યદેવેા પધાર્યા હતાં. રસ્તામાં શહેનાઇ બેન્ડ, કઠેચીની મંડળી વગેરે ૭-૮ મંડળીઓએ ધૂમ મચાવી હતી. ત્યાં વજુભાઇ, ચંદ્રેશભાઇ, યુવા કાર્યકર્તા અતુલભાઇ ચાર્ટર્ડ એકાઉન્ટેટે મંગલાચરણ પછી ગુરૂપૂજન કર્યું હતું. ત્યાર બાદ એક સાથે વાજતે-ગાજતે ભાવસાર બેાર્ડિંગમાં પટ જારવા ગયા હતા. ત્યાં જૈનાચાર્ય શ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા. વિશાળ સભાને સંબેાધન કરતાં જણાવ્યું કે મનુષ્ય જન્મ મલ્યા પછી મેાક્ષની સાધના કરવાનું મેદાન મળી જાય છે. દ્રાવિડ અને વારિખિલ્લજી આજના દિવસે અનેક આત્માઓ સાધના કરી મેાક્ષ પ્રાપ્ત કર્યો છે, આપણે આત્મા ના આધ્યાત્મિક ઉત્થાન કરવા પ્રયત્ન કરવેા જોઇએ, અન્યથા મનુષ્ય ભવ તેા સમાપ્ત થઇ જવાનેા.

જૈનાચાર્ય શ્રી મહાબલ સૂરીશ્વરજી મ. સા. અને આ. શ્રી પુણ્યપાલ સૂરીશ્વરજી મ. સાહેબે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતુ. શ્રી કચવન્નભાઇ, મનહરભાઇ, અતુલભાઇ વી. શાહ વગેરેના ટુંકા પ્રવચનેા થયા હતા. અને બન્ને સંઘેા ભવિષ્યમાં આવી રીતે કંધાથી કંધા મિલાવી એકતા કાયમ રાખે એવી આશા વ્યકત કરી હતી.

ગદગ કર્ણાટક — પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનતિલક સૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પૂ. આ. શ્રી અશેાકરત્ન સૂરિજી મ. ઠા. પની નિશ્રામાં શ્રી મહાવીર કેાલેાનીમાં આસેા મહિનામાં અઢાર અભિષેક સ્વામિ વાત્સલ્ય અને શાન્તિસ્નાત્ર સાથ

મહોત્સવ ઉજવાયો હતો. શ્રી સંઘના દહેરાસરમાં ૧૮ અભિષેક સ્વામિવાત્સલ્ય અને શાંતિસ્નાત્ર સાથ મહોત્સવ ઉજવાયો હતો. આયંબિલની ઓળી અને પારણાં થયાં હતાં પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની વર્ધમાન તપની ૯૩ મી ઓળીના પારણા નિમિતે આસો વદ ૧૦ના શા. રાજેન્દ્રકુમાર પુખરાજજીએ શ્રી સંઘ સાથે પૂ. ગુરૂ મ. ને પધરાવી ગુરૂ પૂજન કરી શ્રીફળના ગોળાની પ્રભાવનાનો લાભ લીધો હતો. બેસતા વર્ષ શ્રી નવસ્મરણ અને શ્રી ગૌતમ સ્વામિના રાસના વાંચન પછી કંચન ઇલેકટ્રીક વાળાએ પ્રભાવના કરી હતી. કા. શુદ ૧૫ ના ચાતુર્માસ પરિવર્તન માટે હુબલીના દરબાર બેન્ડ અને શ્રી સંઘ સાથે પૂ. ગુરૂ મ. નો લાભ લઇ શા. કાંતીલાલ દલીચંદે અને અશોકકુમાર કુંદન મલજી એ શ્રીફળની અને પાંચ મેવાની પ્રભાવના કરી હતી. સુદ–૧૫ શત્રુંજય પટદર્શન ભાતુ પૂજા પ્રભાવના આંગી થયા વદ–૨ના વિહાર કરી મહાવીર કોલોનીમાં સ્થિરતા કરી કંપલી હોસપેટ થઇ દાવણગિરિ પોષ સુદમાં પધારશે. મહા સુદ સુધી સ્થિરતા કરશે.

પુણ્ય તિથિ ઉત્સવ

ભરૂચ — પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરિજી મ. પૂ. વારિષેણ સૂરિજી મ. ની નિશ્રામાં પૂ. આ. વિક્રમસૂરિજી મ. પૂ. આ. વીરસેન સૂરિજી મ.ની પુણ્યતિથિ પ્રસંગે શાન્તિ સ્નાત્ર શત્રુંજય અભિષેક પૂજન સહ અઠ્ઠાઇ ઉત્સવ ધામધૂમથી આસો વદ ૧૦ થી કા. સુ. ૩ સુધી ઉજવાયેલ. દિવાળી આરાધના થયેલ બાળકોએ કટાકડા ત્યાગ કરતા તેઓના બહુમાન થયેલ.

જ્ઞાન પંચમી આરાધના પ્રસંગે નવપદ રપધો વિવિ. રપધો ચાતુર્માસ નિયમના ઇનામો બહુમાનો થયેલ.

શત્રુંજય યાત્રા પટ્ટદર્શન પાંજરાપોળમાં ગયેલ જ્યાં ભાતુ અપાયેલ ચાતુર્માસ પરિવર્તન ટી. એન. કાપડિયાને ઘેર થયેલ પૂ. શ્રી એ કા. વદ–૬ના છાણી ઓમકાર તીર્થ તરફ પ્રસ્થાન કર્યું છે.

મહેસાણા — શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણા સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનો ઇનામી સમારંભ શ્રાવણ સુદ–૧૫ના રોજે પૂજ્ય મુનિરાજ શ્રી ગુણપ્રભવિજયજી મહારાજ સાહેબની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં શૈક્ષણિક હેવાલ રજુ કરાયો હતો. પૂ. મહારાજ સાહેબે સમ્યગ્ જ્ઞાનની મહત્તા સમજાવી હતી. સંસ્થાના સેક્રેટરી શ્રી બાબુભાઇ જે. મહેતા તથા કાર્યકર શ્રી મનુભાઇએ પ્રાસંગિક વકતવ્ય કરેલ. મહેસાણા શ્રી સંઘના ટ્રસ્ટી શ્રી અંબાલાલભાઇ ના શુભ હસ્તે રૂા. ૨૨૦૦–નું ઇનામ વિતરણ કરવામાં આવેલ છે.

શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના કરવા–કરાવવા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ખારગામ ગયા હતા. તે સ્થળે સુંદર આરાધના થઇ હતી. અને ઠીક સ્થળેથી સંસ્થાને આર્થિક સારો સહકાર મળેલ છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ–૧૧ (ગતાંકથી ચાલુ)

પ્ર૦ રાજાને કઇ રીતના પ્રતિબોધ પમાડયો તે વાત સામાન્યથી જણાવો.

ઉ૦ વરાહમિહિર અને ભદ્રબાહુ બંન્ને બ્રાહ્મણોએ પ્રતિબોધ પામી શ્રી જૈનદીક્ષાને અંગીકાર કરી. ગુર્વાદિના વિનયથી થોડા જ કાળમાં શાસ્ત્રના પારગામી થયા. તેમાં શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા નાના હોવા છતાં ઘણા ગુણસંપન્ન અને યોગ્યતાવાળા હોવાથી ગુરૂ મહારાજે તેઓને આચાર્યપદવી આપી પોતાના પદ ઉપર આરૂઢ કર્યા. તેથી કોપથી વરાહમિહિરે દીક્ષાનો ત્યાગ કર્યો અને જૈનધર્મનો દ્વેષી થઇ જ્યોતિષાદિ વડે પોતાનો નિર્વાહ ચલવવા લાગ્યો.

એકવાર રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. વરાહમિહિરે તેની જન્મપત્રિકા કાઢી સો વર્ષના દીર્ઘાયુવાળો જણાવ્યો. બધા લોકો તેથી રાજાની પાસે જઇ આશીર્વાદાદિ આપવા લાગ્યા. શ્રી જૈન સાધુઓ તો બધા લોક વ્યવહારથી પર હોય છે. અને લોકોત્તર મર્યાદાના પાલક હોય છે. તેથી જૈન ધર્મ ઉપરના દ્વેષને કારણે આ નિમિત્ત પામી વરાહમિહિરે રાજાના કાન ભંભેર્યા કે, આ જૈન મહર્ષિઓ કેવા વ્યવહારના પણ અજાણ છે. બધા ધર્મવાળા આવી ગયા પણ તેઓ આવ્યા નહિ. આ વાતની શ્રાવકોએ ચાતુર્માસ બિરાજમાન પૂ શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજાને વાત કરી તો તેઓએ જણાવ્યું કે– "રાજાને કહેજો કે તમારો આ પુત્ર સાતમા દિવસે બિલાડીથી મરણ પામશે તેથી તે વખતે રાજાનો શોક દૂર કરવા આવીશું. બે વાર નાહકનું આવવું–જવું શા કામનું?" આ સાંભળી રાજાએ નગરમાંથી બધી બિલાડી દૂર કરાવી. પણ સાતમા દિવસે ધાવ માતા બાલકને સ્તનપાન કરાવી રહી છે તે જ વખતે બિલાડીના આકારવાળી બારણા ઉપરથી અર્ગલા–ભૂગળ પડી અને નાના બાલકના મસ્તક પર પડવાથી તૂર્ત જ તે બાલક મરણને પામ્યો. શોકાતુર એવા રાજાના શોકને શ્રી આચાર્ય ભગવંતે આવી દૂર કર્યો. રાજાએ પૂછયું કે–તમારી બધી વાત સત્ય ઠરી પણ બિલાડીથી મૃત્યું તેમાં કેમ વિસંવાદ થયો. ત્યારે શ્રી આચાર્ય મહારાજે તે ભૂગળ મંગાવી અને તેના પર બિલાડીના મુખનો આકાર જોઇ, રાજાને તેઓના જ્ઞાનની પૂરી પ્રતીતિ થઇ. તેમના ઉપર હૈયાથી બહુમાન થયું

તેવી જ રીતના એકવાર વરાહમિહિરે રાજાને કહ્યું કે, અમુક દિવસે ભાવન

(૫૨) પલનો મત્સ્ય આકાશમાંથી પડશે. ત્યારે શ્રી આચાર્ય મહારાજે જણાવ્યું કે બાવર (૫૨) પલનો નહિ પણ તેમાં થોડા ઓછા પલનો પડશે. શ્રી આચાર્ય મહારાજની વાત સત્ય પડી. તેથી રાજા જૈન ધર્મનો રાગી થયો. વરાહમિહિર બે ય વાર ખોટો પડવાથી શ્રી જૈન ધર્મનો અત્યંત દ્વેષી થયો.

આ રીતના શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજાએ નિમિત્ત શાસ્ત્રદ્વારા, રાજાને જૈન ધર્મનો અનુયાયી બનાવવા સાથે શાસનની સુંદર પ્રભાવના કરી.

પ્ર૦ આ દૃષ્ટાંતનું તાત્પર્ય જણાવો.

ઉ૦ શ્રી જૈનમુનિઓ જ્યોતિષ, નિમિત્ત, સ્વપ્નશાસ્ત્ર, શકુન હસ્તરેખા, તલ આદિ લક્ષણોનું સાંગોપાંગ જ્ઞાન ધરાવતા હોય છે. પણ સંસારના કયારે પણ તેનો ઉપયોગ કરતા જ નથી, ભૂલેચૂકે ય તેવો ઉપયોગ ન થઈ જાય તેની પૂરી કાળજી રાખે છે. માત્ર આવા પ્રસંગોએ, જગતમાં શ્રી જૈન શાસનનો ઉદ્યોત થાય ત્યારે જ તેનો ઉપયોગ કરે છે.

પ્ર૦ વર્ત્તમાનમાં પણ આવું જોવા મળે છે ?

ઉ૦ હા, શ્રી જિન મંદિરાદિના ખાત કે શીલાસ્થાપનના મુહૂર્તો સુવિહિતો સ્વયં કાઢી આપતા નથી પરંતુ અન્ય પાસેથી શ્રાવકો કાઢાવી લાવ્યા હોય તે માત્ર જોઈ આપે છે.

પ્ર૦ શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજના જીવનનો જ્ઞાન દાનનો પ્રસંગ ટુંકમાં જણાવો.

ઉ૦ શ્રી ભદ્રબાહુ સ્વામિજી મહારાજા, નેપાલ દેશમાં મહાપ્રાણાયમ ધ્યાન કરી રહ્યા હતા. જેના પ્રતાપે ચૌદ પૂર્વોના માત્ર અંતમુહૂર્તમાં જ પાઠ કરી શકાય. શ્રી સંઘની આજ્ઞાથી, શ્રી સ્થૂલભદ્રજી સ્વામિ મહારાજાદિ ૫૦૦ મુનિઓને પૂર્વના જ્ઞાનનો અભ્યાસ કરાવી રહ્યા છે. માત્ર એક શ્રી સ્થૂલભદ્રજી સ્વામિ મહારાજ સિવાય બીજા બધા ખિન્ન થઈ ચાલ્યા ગયા છે. સાત વાચના દ્વારા તેઓને દશ પૂર્વનું અધ્યયન કરાવ્યું.

એકવાર શ્રી સ્થૂલભજી મહારાજા, ગુર્વાજ્ઞાથી અમુક જગ્યાએ સ્વાધ્યાય કરી રહ્યા છે. તે વખતે તેમની યક્ષા આદિ સાત સંસારી સંબંધે બહેન સાધ્વીઓ વંદનાર્થે આવી. ગુરૂ મહારાજના કહેવાથી જ્યાં સ્વાધ્યાય કરી રહ્યા છે તે જગ્યાએ આવી. તે વખતે શ્રી સ્થૂલભદ્રજીએ મહારાજાને પોતાના જ્ઞાનનો પરચો બતાવવાનું મન થયું. તેથી સિંહનું રૂપ ધારણ કરીને રહ્યા. તે વખતે સાતેય બહેન સાધ્વીજીઓએ સિંહને

જોતાં, બાલરાઇને પાછી આવી, ગુરુ મહારાજને વાત કરી. તેઓ કહે, તમે પુનઃ જાવ. ફરીથી જઇ શ્રી સ્થૂલભદ્રજી સ્વામિજીને વંદનાદિ કરી પાછી ચાલી ગઇ.

જ્યારે તેઓ વાચના લેવા આવ્યા ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજએ કહ્યું કે-'अंगाऽणेाऽस्ति' ! વિચાર કરતાં પોતાની ભૂલ સમજાઇ માફી માગી. અને શ્રી સંઘના આગ્રહથી જ બાકીના ચાર પૂર્વનું જ્ઞાન મૂલથી આપ્યું, બીજાને નહિ આપવાની શરતે. કારણ પડતો કાળ આવે છે, કે, જીવો પચાવી શકે તેવા નથી માટે.

આ પ્રસંગનો એટલો જ બોધ છે કે જ્ઞાન પણ પાત્રને જ આપવાનું છે, તે અપાત્રને નહિ. અપાત્રને આપેલું જ્ઞાન, જ્ઞાનનો અને તે અપાત્રનો બન્નેનો નાશ કરનારૂં બને છે. જેમ કાચા ઘડામાં નાંખેલું પાણી, ઘડાનો અને પાણીનો નાશ કરે છે તેની જેમ અપાત્રમાં આપેલું જ્ઞાન બને છે. ચોર્યાસી ચોવીસી સુધી જેઓનું નામ અમર રહેવાનું છે. તેવા શ્રી સ્થૂલભદ્રજી સ્વામિ મહારાજને પણ જો જ્ઞાનનો પરચો બતાવવ નું મન થયું. તો આજકાલ સામાન્ય જાણનારને તે જ્ઞાન કુટી નીકળે તેમાં નવાઇ નથી. અયોગ્ય જીવોના હિતને માટેની આ વાત છે. આ વાત સમજાવવાની પણ યોગ્ય-અર્થી જીવોને જ છે, બીજા તો આમાંથી પણ શાસ્ત્રકાર પરમર્ષિઓનો જ દોષ કાઢશે

પ્ર૦ પાંચમાં પ્રભાવકનું સામાન્યથી સ્વરુપ જણાવો.

ઉ૦ આ લોક કે પરલોકના કોઇપણ સુખ-સામગ્રી-સાહ્યબી આદિની ઇચ્છા વિના, નિરાશંસભાવે, ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબ વિપ્રકૃષ્ટ એટલે અઠ્ઠમ કે અઠ્ઠમથી ઉપર કઠોર-દુષ્કર તપનો જે કરનાર હોય તેને પાંચમો તપસ્વી નામનો પ્રભાવક કહ્યો છે.

પ્ર૦ અહીં તપસ્વીના કયા કયા વિશેષણો આપ્યા છે ?

ઉ૦ આજ્ઞા મુજબના તપ ગુણશ્રી જે દીપે-શોભે છે, ધર્મના મુળીયાને રોપે છે, શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને કયારેય લોપાતો નથી પણ આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે છે, કર્મ બંધનના જે કારણો-આશ્રવો તેનાથી દૂર રહે છે અને કયારે ય પણ ક્રોધને તો કરતો નથી-આવા વિશેષણોથી યુકત તપસ્વીને પાંચમો પ્રભાવક કહ્યો છે. (ક્રમશ)

સુધારો :-

જૈ. શા. અંક ૧૫ પેજ ૪૧૫ ઉપર સહકાર અને આભારમાં બોરીવલીની રકમ પૂ. આ. શ્રી પ્રભાકર સૂ. મ.ના ઉપદેશ છપાયેલ છે તેને બદલે તે રકમ પૂ. મુ. શ્રી અજીત વિ.મ. ના ઉપદેશથી એમ વાંચવું.



- દુઃખમાં મઝા કરતો હોય અને સુખથી ગભરાતો હોય તેવા જીવનું દૃષ્ટાંત લેવું છે.
- આવી સારી ગતિમાં આવ્યા પછી દુર્ગતિમાં ગયા તો સંખ્યાત અસંખ્યાત કાળ સુધી ઠેકાણું નહિ પડે.
- અહીં આવી જેને દુર્ગતિમાં જવું હોય તેનું કાંડુ શી રીતે પકડાય ?
- અખંડ ધર્મ કરનારો પણ જો સંસારનો રસિયો હોય તો દુર્ગતિમાં જાય.
- આત્માની ચિંતા કરે તે વિચારશીલ છે. બીજી ચિંતા કરે તે વિચારમૂઢ છે.
- દુર્ગતિમાં જવું નથી સદ્‌ગતિ સુખ માટે નથી માંગતાં પણ આત્માની પ્રગતિ માટે માંગીએ છીએ. આવું જ છે ને ? સુખને માટે સદ્‌ગતિ માંગનારા ગાઢ મિથ્યાદૃષ્ટિ છે.
- ઇન્દ્રિયોને જીતવા પુરૂષાર્થ કરવો નહિ તો આ ઇન્દ્રિયો તમને સંસારમાં ઘસડી જાશે. આંખને, કાનને ભટકાતા મૂકયા, ગંધ, રસ, સ્પર્શને ભટકતા કર્યા તો તે પકડીને દુર્ગતિમાં લઇ જાશે.
- અવિરતિથી ભાગી છૂટેલા સાધુ અને સાધ્વી છે. તેની સાથેની છૂટવાથી ગડમથલમાં પડેલા શ્રાવક અને શ્રાવિકા છે અને તેની સાથે ગેલ કરનારું આખું જગત છે.
- ભગવાન અરિહંતો જગતના નિર્યામક બનીને ષટ્‌કાયના જીવોની રક્ષાનો ઉપાય બતાવનારા છે.
- જેને સંસાર સાગર તરવાનું મન થાય તો માર્ગ મલી જાય, સંસાર અટવી લંઘવાનું મન થાય તો માર્ગ મલી જાય. અરિહંત તે માર્ગ સ્થાપીને ગયા છે તે જ તેમનો મોટો ઉપકાર છે.
- સાધુ તો સંસારથી એવા પર હોય કે લીલા લહેર કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૨૬૬
આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
૧૧૬૫૧૫

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૧૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

Received 6.1.89

વિવેક વિનાનો તપ નકામો

विवेकेन विना यच्च
तत्तपस्तनुतापकृत् ।
अज्ञानकष्टमेवेदं नो
भूरिफलदायकम् ॥

વિવેક વગરનો તપ માત્ર શરીરને તપાવનારો છે, જ્ઞાનિઓએ તેને માત્ર અજ્ઞાન કષ્ટ રૂપ કહ્યો છે અને તે તપ મોક્ષ રૂપ ફલને આપનારો બનતો નથી.

卐

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-382009.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- જેનાથી રાગાદિ શત્રુઓ ઘટે તે જ સાચું જ્ઞાન છે અને તેવા જ્ઞાનવાળા જે હોય તે જ સાચા જ્ઞાની છે.
- જેના યોગે આત્મા તપ અને નિયમમાં જોડાય અને પરિણામે સુંદર અને શીલ સંપન્ન બને તે જ સાચો સ્વાધ્યાય છે.
- શ્રી જિનેશ્વર દેવની આ ાના સેવનમાં જ જે પોતાનું શ્રેય માને છે, તે જ સાચો શ્રી સંઘ છે.
- આપત્તિને પણ હસતાં હસતાં ભોગવવી તે સાચી સ્વતંત્રતા છે અને રોતાં રોતાં ભોગવવી તે પરતંત્રતા છે.
- સંસારનો છેદ કરવો એટલે લોકોને મારવા તે નહિ પણ આત્માની સાથે લાગેલા કર્મ રૂપ શત્રુઓનો નાશ કરવો તે.
- જ્યાં સુધી ચિત્ત, ભોગ સુખની લોલુપતાથી અર્થ કામને માટે દોડી રહ્યું છે, ત્યાં સુધી આત્મિક સુખનો ગંધ સરખો પણ મળી શકવાનો નથી.
- શિક્ષણ એનું નામ કે દરેક વસ્તુનો વિવેક બતાવે જેનાથી વિવેક ના પામેશ તે શિક્ષણ ન કહેવાય.
- જેને પાપનો ભય પેદા થાય તે સુશિક્ષિત !
- જેને પાપનો ભય ઉડી જાય તે કુશિક્ષિત !
- સઘળા ય ગુણોને અટકાવનાર અને સઘળા ય દોષોને પેદા કરનાર જો કોઇ હોય તો તે એક ભોગલાલસા છે.
- ભોગમાં રહેલા અને ભોગને સારા માનનારા ધર્મી નથી તેમ ભોગને સારો કહેનારો ધર્મ ગુરૂ નથી.
- સન્માર્ગને સ્થાપન કરવો એ જેમ ધર્મ છે, તેમ ઉન્માર્ગને ઉખેડવો એ પણ ધર્મ છે.
- દુનિયાના વિષયો પરથી રાગ ન છૂટે ત્યાં સુધી પરમાત્મા ઉપર સાચો રાગ થવો મુશ્કેલ છે.
- સંઘ તે કે જે મોક્ષમાર્ગનો આરાધનારો હોય અને સંસારમાર્ગનો શોષક હોય.
- કજીયાના નામે ઉન્માર્ગને પોષવો, સાચી વાતને દબાવી દેવી અને સુસાધુઓની સત્યવૃત્તિને નિંદવી, એમાં ડહાપણ નથી પણ ઘેલછા છે.
- સત્યના બચાવ માટે છતી શકિતએ બેદરકાર રહેનારા પણ પાપના ભાગીદાર છે.

પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ મવાય ચ

-: તંત્રીઓ :-
ચુનીલાલ મોહનલાલ ગુંદ
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
પ્રાણલાલ પ્રેમજી મુહતા
(પ્રાણનગર)

વર્ષ ૭] ૨૦૫૧ પોષ સુદ - ૨ મંગળવાર તા. ૩-૧-૯૫ [અંક-૧૮

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-ચોથું

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૪ મંગળવાર તા. ૯-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

સંબંધો કાયવ્વો સિદ્ધિં કલ્લાણુહેઉમિત્તેહિં
સોઅવ્વં જિણુવયણું ધરિયવ્વા ધારણા સમ્મં ।।

અધ્યાત્મભાવને પેદા કરવા માટેના ગુણોનું વર્ણન આપણે કરી રહ્યા છીએ. અધ્યાત્મભાવ પેદા થયા વિના જોઇએ તેવી ધર્મપ્રવૃત્તિ થઇ શકતી નથી. જગતના જીવોને સુખ-સંપત્તિની ચિંતા હોય છે. સુખ સંપત્તિ કેમ મેળવવી તેની જ પંચાતમાં તેઓ હોય છે. જેને થાય કે-"મારા આત્માનો સંસારથી નિસ્તાર કેમ થાય, વહેલો મોક્ષે કેમ પહોંચું" આવી ભાવના જેના હૈયામાં પેદા થાય તે જ ધર્મની આરાધના સાચી કરી શકે, અધ્યાત્મભાવ પામી શકે. આજનો મોટોભાગ ધર્મ પણ શા માટે કરે છે તે સવાલ છે !! મોટોભાગ સંસારમાં સુખી થવા અને મજા કરવા ધર્મ કરે છે. મોક્ષ તો ઘણાને યાદ પણ નથી. મોક્ષ યાદ છે ? આ સંસાર રહેવા જેવો નથી તેમ લાગે છે ? સંસારમાં મઝાથી રહ્યા છો કે દુઃખથી રહ્યા છો ? જે **સાધુ-સાધ્વીને પણ મોક્ષ યાદ ન હોય અને અહીં ખાવા-પીવા, માન-પાનાદિમાં જ મઝા કરતા હોય તો તે પણ સંસારમાં રખડવાના છે.** તમે બધા ધર્મ કરો છો તે શા માટે કરો છો ?

સભા- મોક્ષ માટે.

હૈયાથી બોલો છો કે સારૂં લગાડવા બોલો છો ? જો મોક્ષ માટે જ ધર્મ કરતા હોત તો સંસારમાં આજે જે રીતે જીવો છો તે રીતે જીવત જ નહિ. જેને મોક્ષ જ જોઇ તો હોય તે બજારમાં અનીતિ મઝેથી કરે ? ધર્મને કલંક લગાડે આજે તો લોક પણ કહે છે કે-ચાંલ્લાવાળાનો વિશ્વાસ ન કરવો-આવી પરિસ્થિતિ કેમ ઇ ? 'ભગવાનનાં દર્શન-પૂજન કરૂં તે હું મોક્ષ માટે કરું છું' તેમ કહે ને બજારમાં બધાને ઠગે તો લોક કહે ને કે-ભગવાનનો ભકત આવો હોય ?

જે જીવ સંસારથી છૂટવા અને વહેલા મોક્ષે જવા ઇચ્છતો હોય તે કેવી રીતે જીવે ? સાચા ધર્મિનું વર્ત્તન જોઇને લોક કહે કે આના જેવો કોઇ માણસ નથી. દુશ્મનને ય વિશ્વાસ હોય કે મારા પૈસા તેના ઘેર સલામત છે. મારી જુવાન દિકરી તેની સાથે મોકલી હોય તો ય ચિંતા નહિ-તેવી તેની આબરૂ હોય. ધર્મો કોનું નામ ? મોક્ષ માટે જ ધર્મ કરો છો ને ? આ સંસાર ગમતો નથી ને ? સુખ અને સંપત્તિ એ બંન્ને ભૂંડાં લાગે છે કે સારાં લાગે છે ? જેને દુનિયાની સુખ અને સંપત્તિ પુણ્યથી મલી હોય તો પણ ખરાબ જ લાગે, ફેંકી દેવા જેવી લાગે, ભોગવવા જેવી નથી. તેમ લાગે, કયારે તેનાથી છૂટું તે જ ભાવના હોય-તેવો જીવ મોક્ષ માટે ધર્મ કરનારો કહેવાય. ઘર-બારાદિ છોડવા જેવાં લાગે છે ?

બધા જ શ્રી અરિહંત પરમાત્માએ રાજકુળમાં જન્મે, ગર્ભમાં આવે ત્યારથી ઇન્દ્રાદિ દેવો દોડાદોડ કરે, ઘણી ઘણી સુખ-સામગ્રી-સાહ્યબી પામે છતાં ય તે બધુ મૂકી મૂકીને ચાલતા થયા તો તેઓ ગાંડા હતા ? તેમના ભગત કહેવરાવનારા તમે મઝેથી સંસારમાં રહ્યા છો તો ડાહ્યા છો ? બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ સુખસામગ્રીવાળો સંસાર છોડી, સાધુ થઇ ઘોર તપ કરી મઝેથી બધાં કષ્ટો-પરિષહો-ઉપસર્ગો વેઠીને મોહને મારી, વીતરાગ થઇ કેવળજ્ઞાન પામી, મોક્ષમાર્ગ સ્થાપી મોક્ષે જાય છે. અને આપણને કહીને જાય છે કે-જો તમારે સાચું અને વાસ્તવિક સુખ જોઇતું હોય તો મોક્ષે જ આવવા જેવું છે. અને સાધુ જ થવા જેવું છે. તેમ એક-બે નહિ પણ અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે તે વાત બેસે છે ? તમે બધા મઝેથી સંસારમાં બેઠા છો કે દુઃખથી ?

પ્ર૦- સંસારમાં દુઃખ છે તેનાથી છૂટકારો થાય તો ચિત્તમાં શાંતિ થાય. તે શાંતિ થાય પછી મોક્ષનો વિચાર થાય.

ઉ૦- સંસારમાં દુઃખ શાથી છે તે કહો ? સુખ અને સંપત્તિનો મઝેથી ભોગવટો કરો છો તેથી જ દુઃખ આવે છે. દુઃખ શાથી આવે છે તે જોવું નથી અને અમારે સુખ જોઇએ તો તે બેનો મેળ થાય ખરો ?

દુનિયાની સુખ અને સંપત્તિમાં મઝા ન કરો તો દુઃખ આવે નહિ. દુનિયાની સુખ-સંપત્તિ-સાહ્યબીની જે ઇચ્છા, તેના ઉપરનો જે રાગ તે જ ભૂંડામાં ભૂંડો છે તેમ અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે તે વાત હૈયામાં બેઠી છે ?

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા છે. તેમની આજ્ઞા પૂરેપૂરી પાળી તેવા બીજા પણ અનંતા આત્માઓ મોક્ષે ગયા. આપણે રહી ગયા તે શાથી ? ભૂતકાળમાં ભૂલ થઇ તે કબૂલ. હવે અત્યારે ભૂલ કરાવી છે ? સંસારમાં જે દુઃખી છે તે સંસારની સુખ-સંપત્તિના રાગી છે અને તે માટે પાપ કરનારા છે માટે દુઃખી છે, બીજા નહિ, દુઃખના કારણો મઝેથી સેવવાં છે અને મારે દુઃખ જોઇએ નહિ-એમ કહો તે ચાલે ?

શ્રી અરિહંત પરમાત્માના આત્માને કેવી ઉત્તમ સામગ્રી મલી હતી ! જન્મે ત્યારે શ્રી ઇન્દ્રાદિ દેવો અભિષેક કરે, જેમની સેવા કરે છતાં ય બધી સામગ્રી છોડી સાધુ થાય અને કષ્ટો મઝેથી વેઠે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવને, શ્રી સૌધર્મેન્દ્રે કહ્યું કે-હે ભગવન ! આપને મારણાન્તિક પણ ઘણાં કષ્ટો આવવાનાં છે, તો મને સાથે રહેવાની રજા આપો. ત્યારે ભગવાને કહ્યું છે કે -"ગાંડો થા મા ! કોઇ શ્રી અરિહંતે પારકાની સહાયથી કેવળજ્ઞાન મેળવ્યું નથી, મેળવતા નથી કે મેળવશે પણ નહિ" અને આપણે બધા સુખના ભિખારી બનીએ તે ચાલે ? જેને બધી જ અનુકુળતા જોઇએ અને એક પ્રતિકુળતા ન ચાલે તે ધર્મ પામે ?

અરે ! પણ જો અનુકુળતાના જ અર્થી હોઇએ અને પ્રતિકુળતાના દ્વેષી હોઇએ તો અમારામાં પણ હજી સાધુપણું આવ્યું નથી. જ્ઞાનિઓએ તો અમને કહ્યું છે કે-સુખ હોય તો ય ભોગવવું નહિ અને દુઃખ ન આવે તો જ્ઞાનિની આજ્ઞા મુજબ ઉભાં કરી કરીને મઝેથી વેઠવાં. ખાવા-પીવાનું હોય તો ય ખાવું-પીવું નહિ અને તપ કરવો. તમને બધાને દુનિયાની સુખ-સંપત્તિ છોડવા જેવી છે તેમ લાગે છે ? કે મઝેથી સુખ-સંપત્તિ ભોગવો છો ? સંસારમાં મઝેથી રહે તે શ્રાવક-શ્રાવિકા જ નહિ. જે સાધુ સાધ્વી પણ અનુકુળતા મઝેથી ભોગવે અને પ્રતિકુળતાથી આઘા ભાગે તો તે સાધુ-સાધ્વી પણ નહિ. તમારા કરતાં વધારે પાપ બાંધે. ઓઘો લઇને પણ સંસારમાં રખડે. દુનિયાના સુખને માટે અભવ્યો, દુર્ભવ્યો અને ભારે કર્મી ભવ્ય જીવો અનંતીવાર સાધુ પણું લે, સારામાં સારું પાળે, અનંતીવાર નવમા ગ્રૈવેયકમાં જાય પણ ધર્મ પામ્યા નહિ. તમારે સંસારમાં મરતાં કરતાં મોક્ષે જવું છે તો બાપનો માલ છે ! ! દુનિયાના સુખમાં જ જેને મઝા આવે, તે માટે જે કરવું પડે તે બધું મઝેથી કરે તે બધા મિથ્યાદૃષ્ટિ જીવો છે. સુખમાં મઝા આવે અને દુઃખ થાય તે હજી ય ધર્મ પામશે. પણ સુખમાં મઝા આવે તેને જ સારી માને તે તો ભગવાનને ય માનતા નથી

[ક્રમશઃ]

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ-૧૧ (ગતાંકથી ચાલુ)

પ્ર.-૧૩૦ તપનું અજીર્ણ શું કહ્યું છે ?

ઉ. ક્રોધને તપનું અજીર્ણ કહ્યું છે.

પ્ર.-૧૩૧ તપનું ફળ શું કહ્યું છે ?

ઉ. નિર્જરાને જ તપનું ફળ કહ્યું છે. 'तपसा निर्जरे' ति वचनाद् !

પ્ર.-૧૩૨ સાચી નિર્જરા પણ કયારે થાય ?

ઉ. વિશુદ્ધ કોટિના તપ કરાય તો.

પ્ર.-૧૩૩ વિશુધ્ધ કોટિનો તપ કયારે બને ?

ઉ. મહામહોપાધ્યાય શ્રી યશો વિજયજી ગણિવર્યે 'જ્ઞાનસાર'માં વિશુદ્ધ કોટિના તપનું સ્વરૂપ વર્ણવતા ફરમાવ્યું છે કે-

"यत्र ब्रह्म जिनार्चा च कसायाणां तथा हृतिः ।
सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ।।"

(તપો અષ્ટક શ્લો. ૬)

જેમાં મન-વચન-કાયાથી બ્રહ્મચર્યનું પાલન છે, શ્રી જિનેશ્વર દેવની પૂજા ભક્તિ છે, કષાયોની હાનિ છે અને જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી જિનાજ્ઞા સાથેને સાથે જ રહે છે-સાનુબન્ધા જિનાજ્ઞા છે-તે તપને શુદ્ધ કોટિનો તપ કહ્યો છે.

પ્ર.-૧૩૪ નિરાશંસ ભાવે તપ કરવાનું કયાં કહ્યું છે ?

ઉ. આગમમાં આ વાત તો કહી જ છે પણ શ્રી દશ વૈકાલિક સૂત્રમ. પણ કહ્યું છે કે-

"चउव्विहा खलु तवसमाही भवइ, तं जहा नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नो कित्ति-वण्ण-सद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा, चउत्थं पयंभवइ, भवइ य एत्थ सिलोगो
विविह गुण तवो रए य निच्चं,
भवइ निरासए निज्जरट्ठिए ।
तव सा धुणइ पुराण-पावगं, जुत्तो सया तव-समाहिए ।।

તપસમાધિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે-ધમ્મિલની જેમ આ લોકનાં સુખ લબ્ધિ આદિ પ્રગટાવવા નિમિત્તે તપને નહિ કરવો, બ્રહ્મદત્તની જેમ અન્ય જન્મમાં સુખ-ભોગાદિ સામગ્રી મેળવવાની ઇચ્છાથી તપ નહિ કરવો, અર્થાત્ આ લોક કે પરલોકના ફળની આશંસા પૂર્વક તપ કરવો. એ રીતે સર્વદિગ્વ્યાપી ખ્યાતિ રૂપ કીર્ત્તિની, એક દિશાવ્યાપી ખ્યાતિ રૂપ વર્ણવાદની, અર્ધદિગ્ વ્યાપી ખ્યાતિ રૂપ શબ્દની અને તે જ સ્થાને સ્તુતિ થવી વગેરે પ્રશંસાની આશંસાથી પણ તપ કરવો નહિ. અને એક માત્ર કર્મ નિર્જરા સિવાય બીજી કોઇ પણ આશાએ તપ કરવો નહિ. એ પ્રમાણે આ ચોથું પદ સમાધિરૂપ છે. આ વિષયનો સંગ્રહ શ્લોક પણ આ પ્રમાણે છે કે-"અનશન વગેરેની અપેક્ષાએ ઉત્તરોત્તર વિશિષ્ટ એવા તપમાં રકત જે સાધુ નિત્ય આ લોક, પરલોકની સર્વ આશાઓ રહિત કેવળ નિર્જરાનો અર્થી હોય છે તે હંમેશા તપ સમાધિથી--આનંદથી-યુકત વિવિધ તપ વડે જૂનાં પાપોને-કર્મોને નિર્જરે છે. (નવાં બાંધતો નથી અને ક્રમશઃ બધાં જ કર્મોથી મુકત થાય છે.)

પ્ર-૧૩૫. છઠ્ઠા પ્રભાવકનું દૃષ્ટાંત સાથે સ્વરૂપ જણાવો.

ઉ. જેઓને પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાદેવીઓ, આકાશગામિની આદિ લબ્ધિઓ, પ્રભાવક મંત્રે સહાયક હોય છે અને તેના દ્વારા અવસરે શ્રી વજસ્વામિ મહારાજની જેમ શાસનની પ્રભાવના કરે છે તે વિદ્યાવાન નામનો છઠ્ઠો પ્રભાવક છે.

પ્ર.-૧૩૬ શ્રી વજસ્વામિજી મહારાજનો તે પ્રસંગ ટુંકમાં જણાવો.

ઉ. એકવાર દુષ્કાળના સમયમાં શ્રી સંઘને વિદ્યાથી વિકુર્વેલા પટ ઉપર બેસાડી સુકાળવાળા પ્રદેશમાં લઇ ગયા. તે નગરનો રાજા બૌદ્ધ ધર્મનો અનુયાયી હતો. તેમજ પ્રજાનો પણ મોટો ભાગ બૌદ્ધધર્મનો જ અનુયાયી હોવા સાથે આર્હતો ઉપર દ્વેષભાવ ધરાવતો હતો તેથી આર્હતોને પુષ્પો પણ ન મલી શકે તેવો હુકમ રાજા પાસે કરાવ્યો. શ્રી પર્યુષણા મહાપર્વના દિવસોમાં પુષ્પો વિના પ્રભુજીની ભકિત કઇ રીતના થાય ? તેથી શ્રી સંઘે યુગ પ્રધાન એવા શ્રી વજસ્વામિજી મહારાજાને વિનંતિ કરી, કે-અમોને પુષ્પો મળે અને ભગવાનની ભકિત કરીએ તેવી વ્યવસ્થા કરાવો. તેથી વિશિષ્ટ શ્રુત જ્ઞાની એવા શ્રી વજસ્વામિજી મહારાજા, આકાશગામિની લબ્ધિ દ્વારા પોતાના પિતાના મિત્ર પાસે મહાસેન વનમાં ગયા અને તેણે પણ આવાગમનનું કારણ પૂછતા-પુષ્પોની જરૂર છે તેમ જણાવતા, વીસેક લાખ કરોડનાં તૈયાર પુષ્પો આપ્યા. અને ત્યાંથી પદ્મહ્રદમાં શ્રી દેવની પાસે જઇ તેની પાસેથી પણ પુષ્પો ગ્રહણ કર્યા અને પછી તિર્યંકજુંભક દેવોએ વિકુર્વેલા વિમાનમાં બેસી, ગીત,-વાજિંત્રોના નાદ પૂર્વક, મહા મહોત્સવ પૂર્વક સુભિક્ષ નગરમાં આવ્યા અને શ્રાવકોને પુષ્પો આપ્યા. તે જોઇ રાજા પણ પ્રતિબોધ પામ્યો, અને નગરજનો પણ પ્રતિબોધ પામ્યા,

આ રીતના વિદ્યાદિનો શાસનની પ્રભાવનામાં ઉપયોગ કરી અનેક આત્માઓને સાચા ધર્મી બનાવ્યા. આના ઉપરથી સુજ્ઞ ભાવિકો સારી રીતના સમજી શકે છે કે, પ્રાપ્ત વિદ્યા-મંત્રાદિનો ઉપયોગ શાસન સમર્પિત આત્માઓ પોતાની કીર્ત્તિ આદિ માટે કરતા નથી. પણ જરૂર પડે અવસર આવે શાસનની આરાધના-રક્ષા અને પ્રભાવનામાં જ કરે છે.

પ્ર.-૧૩૭ સાતમા પ્રભાવકનું સ્વરૂપ જણાવો.

ઉ. અંજન-પાદલેપ-તિલક-ગુટિકા, સકલ જીવોનું આકર્ષણ કરવાની સિદ્ધિ આદિ સિદ્ધિઓ જેમને સિધ્ધ છે અને તે સિધ્ધિઓથી અવસરે શાસનની પ્રભાવના કરે તેને સિધ્ધ નામનો સાતમો પ્રભાવક કહ્યો છે.

પ્ર.-૧૩૮ સાતમાં પ્રભાવકમાં કોનું દૃષ્ટાન્ત આપ્યું છે.

ઉ. સાતમા સિધ્ધ પ્રભાવકમાં અંજન-ચૂર્ણ આદિના પ્રયોગથી શાસનની સુંદર પ્રભાવના કરનારા શ્રી કાલિક સૂરીશ્વરજી મહારાજાનું દૃષ્ટાન્ત આપ્યું છે.

પ્ર.-૧૩૯ આઠમા પ્રભાવકનું સ્વરૂપ જણાવો.

ઉ. કવિ નામનો આઠમો પ્રભાવક કહ્યો છે. 'कवते इति कवि' એ લે કે નવી નવી રચનાની ચતુરાઈ યુકત અત્યંત મનોહર, શ્રોતાઓને પણ સાંભળવી ગમે તેવી, રસદાર-રસના આસ્વાદ વડે સજ્જનોના હૃદયને આનંદ કરાવનારી, નિર્દોષ-વૈદુષ્યપૂર્ણ, સુંદર ગદ્ય-પદ્ય રચનાઓ વડે તજ્ઞોના મનને હરનારી કૃતિઓ વડે જે વર્ણન કરે તેને કવિ કહ્યો છે. તેવી કૃતિઓ દ્વારા જે શાસનની પ્રભાવના કરે તેને કવિ નામનો આઠમો પ્રભાવક કહ્યો છે.

પ્ર.-૧૪૦ આઠમા પ્રભાવકમાં કોનું દૃષ્ટાન્ત આપ્યું છે ?

ઉ. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજાનું માત્ર ધર્મના હેતુથી જ, અમૃતના રસ જેવા મીઠાં મધુર ભાવાર્થોથી ભરેલા કાવ્યોથી રાજાને ખુશ કરે છે તે આઠમા ઉત્તમ કવિ પ્રભાવક શ્રી સિધ્ધસેન દિવાકર સૂરીજી મહારાજા જાણવા.

પ્ર.-૧૪૧ આઠમા પ્રભાવકના વર્ણનમાં જે ઉપમાં આપી તે વાસ્તવિક કયારે બને ?

ઉ. આઠમા પ્રભાવકના સ્વરૂપના વર્ણનમાં અમૃતના રસ જેવા મીઠાં-મધુર અર્થ ભર્યા કાવ્યો બનાવી રાજાને ખુશ કરે તે વાસ્તવિક ત્યારે જ બને કે, માત્ર ધર્મનો જ-સદ્ધર્મ પમાડવાનો જ હેતુ હોય તો જ. (ક્રમશઃ)

—: સ્વીકાર અને સમાલોચના :—

સાધુ સેવા આપે મુક્તિ મેવા —લેખક પૂ. આ. શ્રી વિજયરાજશેખર સૂરીશ્વરજી મ પ્રકાશક શ્રી વેલજી ડેપાર હરણીયા જૈન ધાર્મિક ટ્રસ્ટ ૧૭–બી દિગ્વિજય પ્લોટ જામનગર–૩૬૧ ૦૦૫ ડેમી ૮ પેજી ૩૦૬ પેજ મૂલ્ય રૂા. ૫૫) આ ગ્રંથમાં સાધુ સેવાનું મહત્વ સુસાધુનું સ્વરૂપ ગુરૂવંદન સુપાત્રદાન સાધુઓનો સમાજ ઉપર ઉપકાર એ પાંચ વિષયો લઈને સુંદર વિશદ અને હૃદય વિવેચન કર્યું છે ગુરૂતત્ત્વની પ્રાપ્તિ અને શુધ્ધિ આરાધના બુધ્ધ માટે ઘણો ઉપયોગી ગ્રન્થ છે.

દિલ અટકો તોરા ચરણ કમલ મેં– લે. પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ. સ પૂ મુ. શ્રી કલ્પરત્ન વિ. મ. પ્ર. દિવ્ય દર્શન ટ્રસ્ટ ૩૬ કલિકુંડ સોસાયટી ધોળકા (ગુજરાત) ક્રા. ૧૬ પેજી ૧૧૦ પેજ મૂલ્ય રૂા. ૧૫)

દિવ્ય દર્શનના અગ્રલેખોને સંકલન કરીને અત્રે પૂ. મુનિરાજશ્રીએ ગોઠવ્યા છે જે મનનીય છે.

જીવનની ઔષધિ મનની સમાધિ– લે. પ્ર ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૧૬ પેજ મૂલ્ય રૂ. ૧૭)

દિવ્ય દર્શનના અગ્રલેખનું સંકલન અત્રે પૂ મુનિરાજશ્રીએ કર્યું છે તે વાંચવા યોગ્ય છે.

વાચના વૈભવ – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૦૮ પેજ મૂલ્ય રૂા. ૧૫) પૂ આચાર્યદેવ દ્વારા મુનિઓને વારંવાર અપાયેલી હિતશિક્ષાનો સાર અત્રે રજુ થયો છે જે આત્મહિતના અર્થીઓ માટે વિચારણા કરવા યોગ્ય છે.

સ્તુતિ વૈભવ– સં પૂ. મુ. શ્રી કલ્પરત્ન વિજયજી મ. પ્ર. સાયન જૈન સંઘ ૧૮૭ જૈન સોસાયટી શિવ મુંબઈ–૨૨ ક્રા. ૧૬ પેજી પેજ ૯૦ મૂલ્ય રૂા. ૧૨ પ્રભુ આગળ બોલવાની પ્રાર્થના રૂપ સ્તુતિઓનું લેખકે સુંદર આયોજન કર્યું છે. નવ પદના અષ્ટકો લઘુશાંતિ સ્તવ ગુર્જર અનુવાદ વિ. આપ્યા છે આત્મભાવના માટે ઉપયોગી છે.

જ્ઞાન પંચમી મહાપર્વ – સં. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂ. મ. પ્ર. વિજય મુક્તિચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાલા ૨૦૪ કુન્દન એપાર્ટમેન્ટ સુભાષ ચોક ગોપીપુરા સુરત ફુલસ્કેપ ૧૬ પેજી મૂલ્ય રૂા ૭)

જ્ઞાન પંચમી મહિમા, દેવવંદન અને જ્ઞાનપંચમીનું સ્તવન વિ. નો સંગ્રહ છે જે જ્ઞાનપંચમીના આરાધનામાં ઉપયોગી છે.

દીવાળી પર્વ – સં. પ્ર. ઉપર મુજબ ફુલસ્કેપ ૧૬ પેજી ૫૦ પેજ મૂલ્ય રૂા. ૭) દીવાળી દેવવંદન સ્તવન વિ.નો સંગ્રહ છે.

ચિંતનની પળોમાં – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૩૨ પેજી ૬૪ પેજ મૂલ્ય રૂા. ૫) પાને પાને હૃદયંગમ એક એક ચિંતન આપેલ છે મનન કરવા યોગ્ય છે.

સાહસના શિખરેથી – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૧૦૪ મુલ્ય રૂા. ૧૨) ઐતિહાસિક સાહસ કથા રોમાંચક શૈલીમાં આલેખાઇ છે જે હાથમાં લીધા પછી મુકવાનું મન ન થાય તેવી છે.

વાર્તા રે વાર્તા નાનકડી વાર્તા – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૧૦૪ મુલ્ય–રૂા.૧૨ નાની મોટી વાર્તાઓનો આ સંગ્રહ છે જે વાર્તાઓ બાળ ભોગ્ય શૈલીમાં સુંદર રીતે લખાય છે તે શ્રધ્ધા સંસ્કારની પ્રેરક બને તેવી છે

જીંદગી એક ઝંઝાવાત – લે. પ્ર. ઉપર મુજબ ક્રા, ૧૬ પેજી ૧૩૪ પેજ મુલ્ય રૂા. ૧૦)

વંદિત્તા સૂત્રની ટીકામાં પરિગ્રહની પરિમાણ ઉપર આવતી કથાને સળંગ રસ-ભર શૈલીમાં ગુંથી છે પરિગ્રહની અપ-રિમિતતા અને લોભ શું કામ કરે છે તે જાણી પરિગ્રહના પરિણામ તરફ લાવવા આ કથા પ્રેરક બને છે.

વાર્તા રે વાર્તા–મજેની વાર્તા – લે. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૧૦૬ મુલ્ય રૂા. ૧૨) બાળકો માટે રસપ્રદ એવી ૧૭ કથાઓનો આ સંગ્રહ છે બાળકો માટે આવા પ્રકાશનો ખાસ વસાવવા જોઈએ.

ગુરૂદેવનો પ્રેરણા પ્રકાશ – લે. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર પ્ર. ભદ્રંકર પ્રકાશન ૪૯–૧ મહાલક્ષ્મી સોસાયટી સુજાતા પાસે શાહીબાગ અમદા-વાદ ક્રા. ૧૬ પેજી ૧૪૪ પેજ શાહ ભાઇચંદ મેઘજીભાઈ પરિવાર તરફથી ભેટ. પૂ. પં. મ. શ્રીએ પૂ. આ. ભ. શ્રી વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ. ને લખેલા પત્રોનો સંગ્રહ છે જે પ્રેરણાદાયી મને આત્માને પ્રબોધક છે.

અમી દૃષ્ટિથી સંયમ સૃષ્ટિ – લે. પ્ર. ઉપર મુજબ પૂ પં. મ. એ પૂ. મુ. શ્રી મહાસેન વિજયજી મ.ને લખેલા વિવિધ પ્રેરણાદાયી પત્રોનો સંગ્રહ છે. ક્રા. ૧૬ પેજી પેજ ૯૬ મુલ્ય રૂા. ૧૫)

પર્યુષણ ચિંતનિકા – લે. પૂ. આ. શ્રી રાજયશ સૂ. મ. પ્ર. ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ પેઢી

પર્યુષણના આઠ દિવસ અંગે ચિંતન લખ્યું છે. પર્યુષણના પ્રથમ ૩ દિવસના પ્રવચનો અંગે તે ત્રણ દિવસની ચિંત-નિકામાં ચિંતન જરૂરી ગણાય.

અનગમતા મોતી – લે. ઉપર મુજબ પ્રકાશક શ્રી લબ્ધિ સૂરીશ્વરજી સંસ્કાર કેન્દ્ર શાંતિનગર સોસાયટી આશ્રમ રોડ અમદાવાદ–૧૩ ક્રા. ૩૨ પેજી લેખક આ. મ. શ્રીના પ્રવચનોની કણિકાઓનો સંગ્રહ છે.

નવો મળેલો સત્કાર

રૂા. ૧૫૧) શાહ કનકરાય જગજીવનદાસ ગડા ના ચિ. સુપુત્ર મનિષના લગ્ન નિમિત્તે હેમેન્દ્રભાઇની પ્રેરણાથી ભેટ. રાજકોટ

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૧ તો રામ-સીતાને પરણી નહિ શકે

તમે સીતા રામને પરણાવી હોવા છતાં ધ્યાન રાખજો જનકરાજ કે–અમને હરાવ્યા વિના રામ સીતાને પરણી નહિ શકે. બ.કી તો તમારૂ જેમ અપહરણ કર્યું છે તે જ રીતે હે જનકરાજ ! તમારી તે પુત્રી સીતાનું પણ અહીં બેઠા બેઠા અપહરણ કરવાની મારામાં પૂરી તાકાત છે. અને આ મારા પુત્ર ભામંડલ સાથે તેને પરણાવી શકું છું. છતાં મિત્રના નાતે તમને આટલી તક આપુ છું.

ભામંડલના શોકને હજી માંડ-માંડ ભૂલ્યા ત્યાં તો નવયુવાન બનેલી કલાપૂર્ણ રાજકુમારી સીતા માટેના યોગ્ય વરની ચિંતામાં જ હજી તો જનક રાજા ડૂબેલા છે. અને તેમાં તેમના માથે એક નવી આફત આવી પડી.

દૈત્ય જેવા મ્લેચ્છોના ક્રૂર-ઘાતકી અર્ધબબ્બરના રાજાઓએ ચારેબાજુથી ચડાઇ કરીને મિથિલા નગરીને ઘેરી લીધી. અને જનક રાજાને ઉપદ્રવો કરવા લાગ્યા. પ્રલયકાળના સમુદ્રના પાણીની જેમ તે મ્લેચ્છરાજાઓને અટકાવવા માટે જનકરાજા અસમર્થ હતા. તેથી તેણે દશરથ રાજા તરફ સહાય માટે દૂત રવાના કર્યો.

દૂત પાસેથી બધાં સમાચાર જાણીને દશરથ રાજા જનકને સહાય કરવા યુધ્ધભેરી વગડાવી પ્રયાણ કરવા જતા હતા ત્યાં જ રામચંદ્રજીએ દશરથરાજાને અટકાવ્યા અને કહ્યું–મ્લેચ્છોનો ઉચ્છેદ કરવા જો ખુદ દશરથ રાજા પોતે જશે તો ભાઇઓ સહીતનો આ રામ શું કરશે ? મહેરબાની કરીને આ કાર્ય માટે હે તાત ! અમને આદેશ આપો. ભરત મહારાજાથી માંડીને ઇક્ષ્વાકુ કુળમાં પુરૂતત્વ તો જન્મથી સિદ્ધ થયેલું છે.” આમ અનેક વચનો દ્વારા રાજા દશરથને અટકાવીને ભાઇ સાથે રામ સૈન્ય સાથે મિથિલા તરફ ચાલ્યા.

મિથિલાની નજીક પહોંચતા જ રામે મિથિલાને ઘેરીને રહેલા ક્રૂર-ભયાનક મ્લેચ્છોને જોયા. અને રામને જોતાની સાથે જ મ્લેચ્છોએ રામને ઉપદ્રવ કરવા માંડયો. અને એકી સાથે અસ્ત્રોનો વરસાદ વરસાવીને મ્લેચ્છોએ રામના સૈન્યને આંધળું કરી નાંખ્યું. અને આ સાથે જ શત્રુ-મ્લેચ્છો પોતાનો વિજય માનવા લાગ્યા, જનક રાજાને હવે મોત નજર સામે જ દેખાતું હતું. અને લોકોને પોતાનો સંહાર થવાનો ભય હવે વધુ ફફડાવી રહ્યો હતો.

આ અરસામાં રામચંદ્રજીએ ધનુષ ઉપર બાણ ચડાવી ધનુષનો ટંકાર કર્યો.

અને ધનુષના ટંકારની સાથે જ અસ્ત્રો વડે રામચંદ્રજીએ કરોડો મ્લેચ્છોને હરણાઓને શિકારી હણી નાંખે તેમ ક્ષણવારમાં હણી નાંખ્યા. 'આ જનક તો બાયલો છે. તેનું સૈન્ય તો મચ્છર જેવું છે. અને તેની સહાયમાં આવેલું આ સૈન્ય તો પહેલેથી જ આંધળું બની ગયું છે તો પછી આ આકાશને ઢાંકી દેતા ગરૂડ જેવા બાણોનો વરસાદ હવે કોણ વરસાવી રહ્યું છે?' આમ બબડતા આતરંગાદિ મ્લેચ્છ રાજાઓ એકી સાથે રામચંદ્ર તરફ હુમલો કરવા અસ્ત્રોને વરસાવતા રામ તરફ દોડયા. પણ રામે તે બધા ય મ્લેચ્છોને એક ક્ષણમાં જ ભગાડી મુકયા. રામના પ્રચંડ પરાક્રમથી ફફડી ગયેલા મ્લેચ્છો કાગડાની જેમ દિશે-દિશામાં ભાગી છૂટયા.

મ્લેચ્છો ભાગી છૂટયા પછી જ જનક રાજા અને પ્રજાનાં જીવમાં કંઈક જીવ આવ્યો.

ખુશ થયેલા જનક રાજાએ પોતાની રાજપુત્રી સીતાને રામચંદ્રને અર્પણ કરી. રામચંદ્રજીને પ્રથમ સંગ્રામમાં જ વિજયની અને સીતાદેવીની પ્રાપ્તિ થઈ. અને જનકરાજાની બાજુ બધી આફતો દૂર ટળી ગઈ.

આ જ સમયે લોકો પાસેથી સીતાના અદ્‌ભૂત રૂપને સાંભળીને તેને જોવા માટે નારદ મુનિ સીધા જ સીતાજીના ખંડમાં પ્રવેશી ગયા.

પીળા-પીળા વાળ વાળા, પીળી-પીળી આંખો વાળા, ફાંદાળા, છત્રધારી, હાથમાં દંડવાળા, કૌપીન સહિતના, પાતળા શરીરવાળા, ફરકયા, કરતી ચોટલીવાળા ભયંકર દેખાતા નારદને જોઈને ભય પામેલી સીતા ઓ મા, ઓ મા. ની બૂમો પાડતી નાસીને લોંયરામાં જતી રહી. અને દાસીઓ તેમજ દ્વારપાલકોએ નારદને હાથે-પગેથી પકડીને મારવા માંડયા, કેમે કરીને તેમનાથી જીવતા છૂટેલા નારદજી ઉડીને સીધા વૈતાઢય પર્વત ઉપર ગયા. અને ભામંડલને રૂપ-સૌંદર્યશાલી મહાસતી સીતા દેવીનું ચિત્ર આલેખીને બતાવ્યું.

ચિત્ર જોયા પછી સીતાને પોતાની પત્ની તરીકે મેળવવા ભામંડલ સીતાનું જ રટણ કરતો ખાધા-પીધા વગર ઢબળો પડવા લાગ્યો. એને કયાં ખબર છે કે અત્યારે સીતા તેની સગીબેન છે. પૂર્વભવની વાત જુદી હતી.

કેમ કરીને ભામંડલના મિત્રો દ્વારા વિદ્યાધરેશ્વર ચંદ્રગતિ રાજાએ સીતાના કારણે ભામંડલની થયેલી દુર્બલાવસ્થા જાણી લીધી.

નારદજી પાસેથી સીતાના પાકા સમાસમાચાર મેળવીને ચપલગતિ વિદ્યાધરને જનક રાજાનું અપહરણ કરવા આજ્ઞા કરી. અને મધ્યરાત્રિએ કોઇ જાણી ના શકે તેમ ચપલગતિએ પલંગ સહિત જ જનક રાજાનું અપહરણ કરી ચંદ્રગતિ રાજાને સોંપ્યા. ચંદ્રગતિ રાજાએ જનક રાજાને કહ્યું કે-

તમે રામને સીતા અર્પણ કરી તો ભલે કરી. પણ ધ્યાનમાં રાખજો કે-અમને પરાજય પમાડયા વિના રામ સીતાને પરણી શકશે નહિં. બંધુ સ્નેહથી આટલું

કહ્યું છે બાકી તો તમારી જેમ હે જનક-રાજ ! તમારી તે સીતાનું પણ અપહરણ કરવાની અને મારા પુત્ર ભામંડલ સાથે તેને પરણાવી દેવાની મારામાં પૂરી તાકાત છે. મિત્રના નાતે તમને આટલી તક આપું છું. ભવિષ્યમાં થનારા બળદેવ અને વાસુદેવને આપવા માટેના વજ્રાવર્ત અને અર્ણવાવર્ત નામના બે દુઃસહ તેજ વાળા, હજારો યક્ષથી અધિષ્ઠિત થયેલા ધનુષ મારે ત્યાં છે તેને હે જનકરાજ ! તમે લઈ જાવ. અને આ બે માંથી ગમે તે એક પણ ધનુષને આ રામ ધારણ કરી શકશે તો જ તમારી સીતા રામચંદ્રજીને પરણી શકશે."

આવી મયંકર પ્રતિજ્ઞા બળાત્કારે જનક-રાજાને અહાય કરાવીને જનકરાજાને મિથિલા માં પહોંચાડી દીધા. અને ભામંડલ બન્ને ધનુષ અને પરિવાર સાથે ચંદ્રગતિ રાજા નગર બહાર આવીને રહ્યા.

જનકરાજાએ પ્રતિજ્ઞાની વાત રાણી વિદેહાને કરી. એક એક આફતમાંથી જનકરાજા માંડ-માંડ પસાર થાય છે ત્યાં જ બીજી આફત આવીને ઉભી રહે છે.

વાત સાંભળતા જ મહારાણી વિદેહા રૂદન કરવા લાગ્યા. કે-હે દૈવ ! તું કેવો ઘાતકી છે. પુત્રને હરીને તું તૃપ્ત નથી થયો કે હવે મારી પુત્રીને હરવા ઇચ્છે છે. કન્યાનું દાન તો લોકો પણ સ્વેચ્છાથી કરે છે. જ્યારે મારે તો તે પણ પારકાની ઇચ્છા મુજબ કરવાનું થયું. કદાચ રામ ધનુષને ધારણ કરી ના શકે તો અન્ય અનિષ્ટ પુરૂષ મારી પુત્રીનો પતિ બનશે. અરે રે!"

વિલાપ કરતાં રાણી વિદેહાને રામની શક્તિની પૂરી ખાત્રી આપીને જનકરાજાએ સાંત્વન આપ્યું.

સીતાનો સ્વયંવર યોજાયો. દેશ-દેશના રાજાઓ આવ્યા. સીતાને નજરે જોતાં જ ભામંડલ કામાતુર બન્યો.

રામનું મનમાં ધ્યાન કરતી સીતા ધનુષની પૂજા કરી યોગ્ય સ્થાને બેઠી.

જનકરાજાએ જાહેર કર્યું કે-જે કોઇ આ બે માંથી એક પણ ધનુષને ઉપાડશે તે સીતાને વરણી શકશે.

એક પછી એક રાજાઓ ધનુષ પાસે આવવા લાગ્યા. પણ સર્પોના ગૂંચળાથી લપેટાયેલા, લોહાથી ભયંકર લાગતા અને આગના ભડકે ભડકા ઉછળતા હોવાથી દુઃખેથી જોઇ શકાય તેવા તે ધનુષને કોઇ સ્પર્શી જ ના શકેયું. ઉપાડવાની તો વાત જ કયાં ? હવે દશરથ પુત્ર રામ ધનુષ પાસે આવ્યા. ત્યારે ચંદ્રગતિ રાજા મશ્કરી કરવા પુર્વક તેને જોવા લાગ્યા. જનક-રાજાના મનમાં ફાળ પડી. પણ નિઃશંક રામ ધનુષ પાસે પહોંચી ગયા. રામના આવતાં જ અને તેમને દેખતાં જ આગના ભડકા અને સાપના ફૂંફાડા બધુ ય શાંત થઇ ગયું. હાથ વડે ધનુષને સ્પર્શીને, લોહપીઠ ઉપર સ્થાપન કરીને નેતરની લાકડીની જેમ નમાવી દઇને વજ્રાવર્તે ધનુષને રામચંદ્રજીએ ધારણ કર્યું અને કાન સુધી દોરીને ખેંચીને ધનુષનો ટંકાર કર્યો. અને આજ સમયે રાજકુમારી સીતા દેવીએ હર્ષોલ્લાસ સાથે સ્વયંવરની વર-માળા રામચંદ્રજીના કંઠમાં આરોપી દીધી.

* ખોટું નો લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

તુમ્હારે લિયે

હું મારી જિંદગીમાં જુઠું નથી બોલ્યો સાહેબ ! સાચું કહું છું પેલા વકીલના હાથમાં જે રૂમાલ છે તે મારો છે.

(વકીલ બોલ્યા–જા જા. હવે. તું કયાંથી લાવ્યો તો. આ તો મેં ભદ્રકાળી આગળથી ખરીદેલો છે. લો. ભઇ સાહેબ મારો રૂમાલ લેવા આવ્યા.)

જજ સાહેબે પૂછયું કે–તારી પાસે "આ રૂમાલ તારો છે" એવી કોઇ સાબિતી છે ખરી ?

દાવો કરનારે કીધું કે–હા સાહેબ ! વકીલ પાસે 'તે રૂમાલ તેનો છે' તેની કોઇ લેખિત સાબિતી નથી. એટલે જ મારો છે એમ સાબિત થાય છે. સાહેબ ! સાચુ કહું છું એ રૂમાલ મારો જ છે. (વકીલ કતરાયા જ કરે છે.)

"પણ તું સાબિતી તો આપ." જજ-સાહેબ બોલ્યા.

સાહેબ ! સાચુ કહુ છું, તમારા સોગંદ બસ, પેલા વકીલના સોગંદ બસ એ રૂમાલ મારો છે.

"તું સાબિતી આપ. એમ તો મારી પાસે ય એવો જ રૂમાલ છે બોલ એટલે એ ય તારો થઇ ગયો કંઇ."

તો તો મારા બે રૂમાલ ચોરાયા છે. (હું બે ય રૂમાલ મારો હોવાનો દાવો કરૂ છું બેમાંથી એક તો કંટાળીને આપશે ને એમ માનીને.)

જજ સાહેબ ને વકીલ મૂરખ થોડા હતા તે રૂમાલ જતાં કરે. ચાલે તો એ પહેરણ પણ ભાગી લે.

ભગવાન પાસે દેરાસરમાં સંસારના સુખની માંગણી કરાય, ભગવાનની પૂજા દેવદ્રવ્યથી કે પારકા દ્રવ્યથી કરી શકાય, સુપનાની બોલીનું દ્રવ્ય પ્રભુની પૂજામાં વાપરી શકાય, આવા તો કૈંક ખોટા દાવા કરનાર ઠેક–ઠેકાણે છે. એકાદો ય દાવો સાચો પડી

રામની આજ્ઞાથી લક્ષ્મણે અર્ણવાવર્ત ધનુષને ધારણ કરીને તે ધનુષનો ગગન-ભેદી ટંકાર કર્યો. આશ્ચર્ય ચકિત થયેલા વિદ્યાધરેશ્વરોએ પોતાની દેવી જેવી અઢાર કન્યાઓ લક્ષ્મણ સાથે પરણાવી

તિલકા પડી ગયેલા, ફિક્કા દેખાતા ચંદ્રગતિ અને ભામંડલ વગેરે આવ્યા તેવા જ ખાલી હાથે પોતાના નગરે પાછા ફર્યા. જનકરાજાએ દશરથરાજાદિને મિથિલા તેડાવ્યા.

જનકરાજાના ભાઇ કનકે ભરતકુમારને પોતાની ભદ્રા નામની કન્યા પરણાવી.

પુત્રો અને પુત્રવધૂઓ સાથે રાજા દશ-રથ અયોધ્યા આવ્યા.

જાય તો ગંગા નાહ્યા. એવું હશે એ લોકોને. પાપુ શાસ્ત્રની કાયદા કલમ બોલીને આ બોટા ભાવને તોડી પાડનારા વકીલો તથા શાસ્ત્રીય કલમ અનુસાર ચૂકાદો દેનારા જજમેનો બંધ શાસ્ત્રની સાચી કલમને જતી કરીને એકે દાવામાં દાવેદારને ફાવવા દે એમ નથી. રૂમાલની જેમ જ હોં.

અરે બાપુ! તમે ય યાર નથી સમજતાં. પેલા હજજારો રૂપિયા કમાનાર વકીલને જજ સાહેબ તો ચીંગૂસ હતા કે એક બે-ચાર રૂપિયાના રૂમાલનું ય દાન કરી ના શકયા. એમ તમે ચીકણા થોડા છો? ભીંડા વેડા કે વેદિયા વેડા તમારામાં થોડા છે? આ ક્લેશ થાય એના કરતા તો થોડું જતું કરવું. એકલું શાસ્ત્રનું પૂછડું પકડી રાખવાનો હવે સમય નથી. હવે શાસ્ત્ર-શાસ્ત્ર કરીને જૂનવાણી કે સંકુચિત બનવાની ત્રેવડ નથી. થોડું શાસ્ત્રનું ને થોડું ઘરનું ભેળું કરીને હલાવોને બાપુ!

હે મહાભાગ! તું સુજ્ઞ (જાણકાર) નથી. પણ અજ્ઞ (અજ્ઞાન) છે. પણ સારું છે કે તું દુર્વિદગ્ધ (થોડું જ્ઞાન અને થોડું અજ્ઞાન બે ય ભેળું કરીને તૈયાર થયેલું સેમ્પલ) નથી. કેમકે દુર્વિદગ્ધને તો સાક્ષાત્ બ્રહ્મા પણ સમજાવી શકતા નથી.

હે અજ્ઞત્વાવચ્છિન્ન મહાભાગ! (અજ્ઞ મહાભાગ!) અમે શાસ્ત્ર સમૂળગુ આઘુ મૂકી દઈને કે આખે આખુ શાસ્ત્ર સાથે રાખીને બેનાંથી ગમે તે રીતે પેલા દાવેદારનો ચૂકાદો દેવા તૈયાર છીએ. પણ ભેળસેળ વાળુ કરીને ય અમને જો કે વાંધો નથી. પણ ઈ ભેળસેળ બધી વાતે આવશે. અને તેને જ એ ભેળસેળ પસંદ નહિ પડે. બોલો મહાભાગ! અમે અપાસરામાં ટી.વી. વીડીયોમાં સીનેમા જોઇએ અને તમારા ઘરે 'ધર્મલાભ' દેવા આવીએ એ તો તમને પસંદ છે ને? સાધુવેષમાં રહીને સ્વાદિષ્ટ ટીફીનો તમારા ઘરોમાંથી અપાસરે મંગાવી લઇએ તો તમને ચાલશે ને?

ધ્યાન રાખો મહાભાગ! કે-શાસ્ત્રની જેને પડી ના હોય તેવા મહાપુરૂષો સાથે શાસ્ત્રોના પાના ધરીને વાત કરતાં અમને તો હવે શરમ આવે છે હોં. અને મહાભાગ! તું આવી વચલા માર્ગની વાતોમાં કયાં ફસાણો. કોઇ આખડી.. (ભગવાન પાસે ઇષ્ટ માટે માનતા કરવી તે.) રાખડી ધારી તારી સાથે બાખડી ગયા કે શું? કંઇ નહિ. હું ઉદાર છું-કોઇ જળ તુમ્હારા હૃદય તોડ દે. તડપતા હુઆ જળ કોઇ છોડ દે. તબ તુમ મેરે પાસ આના બંદે! મેરા ઘર ખુલ્લા હૈ ખુલ્લા હી રહેગા તુમ્હારે લીયે...

પ્રોપર મુંબઇમાં
જૈનશાસન-શ્રી મહાવીર શાસન તથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે
રકમ ભરવાનું સ્થળ
શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ
આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બોટાદવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલ્લી, મુંબઇ-૨
ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી વિજયાનંદ કમલ વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર, રાજતિલક
મહોદય સૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

રળિયામણું રાજનગરના ઉપનગર

મજાના મેમનગર મધ્યે

વિરાટ શ્રમણ સંઘસર્જક પિંડવાડાના પનોતાપુત્ર મરુધરરત્ન સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની દિવ્યકૃપાથી પિંડવાડા (રાજ.) નિવાસી સંઘવી **શા. મેલાપચંદ હીરાચંદ** પરિવાર દ્વારા સ્વદ્રવ્યથી નિર્માપિત ભવ્ય શીખરબંધી જિનપ્રાસાદે **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** આદિ અનેક જિનબિંબોનો ભવ્ય

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ....

પાવન નિશ્રા

સિધ્ધાંતમહોદધિ સૂરિ "પ્રેમ" ના અઠ્ઠેડતપ પ્રભાવક પટ્ટાલંકાર વર્ધમાનતપની ૧૦૦+૧૦૦+૮૧ ઓળીના વિક્રમસર્જક સમારાધક તપસ્વિ સમ્રાટ પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજા** જૈનશાસન જ્યોતિર્ધર સૂરી 'રામ' ના પટ્ટધરરત્ન આજીવન ગુરુ ચરણોપાસક ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા** આદિ સુવિશાલ મુનિગણ...

મહોત્સવ પ્રારંભ :- પોષ વદ ૧૨ શનિવાર. તા. ૨૮-૧-૯૫.

દીક્ષા કલ્યાણકનો તથા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો તેમજ અધિવાસના અંજનશલાકા મહા સુદ ૫ શુક્રવાર. તા. ૩-૨-૯૫

પ્રતિષ્ઠા દિન તથા દિક્ષા પ્રદાન : મહા સુદ ૬ રવિવાર. તા. ૫-૨-૯૫

મહોત્સવ સ્થળ : શ્રી વાણારસી નગરી, વર્ધમાન જૈન સંઘ ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર. અમદાવાદ-૫૨

આયોજક : શ્રી વર્ધમાન જૈન શ્વે. મૂર્તિ. સંઘ. ગુરુકુલ સામે મેમનગર અમદાવાદ ૫૨

તા.ક. પોતાના પ્રતિમાજીઓની અંજનશલાકા કરાવવાં ઇચ્છુક પુણ્યાત્માઓએ પોષ સુદ ૫ સુધીમાં મોડામાં મોડા પ્રતિમાજી ઉપરનાં સરનામે પહોંચાડવા....

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ વર્તમાન કાળમાં બકુશ અને કુશીલ એ ચારિત્રો છે તે અંગે.

निग्गंथसिणायाणं पुलाय सहियाण तिण्ह वोच्छेओ ।
समणा बउसकुसीला जा तित्थं ताव होहिंति ।।

(પ્રવચન સારોદ્ધાર દ્વાર-૯૩, ગા. ૭૩૦)

ચરમકેવલી શ્રી જંબૂસ્વામિ ભગવાન પછી **'मणपरमोहिपुलाए'** (ગા. ૬૯૩) વચનથી નિર્ગ્રંથ, સ્નાતક અને પુલાક શ્રમણનો વ્યવચ્છેદ-અભાવ થયો છે. જ્યારે બકુશ અને કુશીલ સ્વરૂપ શ્રમણો તીર્થ સુધી રહેવાના છે. **'बकुसकुसीलेहिं वट्टए तित्थं'** એ પ્રમાણે વચન પણ છે. અર્થાત્ બકુશ અને કુશીલ શ્રમણો તીર્થની હયાતિ સુધી રહેવાના છે.

૦ નિર્ગ્રંથાદિ પાંચમાં કોને કઈ પ્રતિસેવના-વિરાધના હોય તે અંગે.

मूलुत्तर गुणविसया पडिसेवा सेवए पुलाए य ।
उत्तरगुणेसु बउसो सेसा पडिसेवणा रहिया ।।

(પ્રવ. સારો દ્વાર-૯૩, ગા. ૭૨૬)

આ જ ભાવની ગાથા શ્રી પંચનિર્ગ્રંથી પ્રકરણમાં પણ છે. તેની ટીકામાં કહ્યું છે કે-પુલાક શ્રમણની પ્રતિસેવના-વિરાધના અને કુશીલ શ્રમણની પ્રતિસેવના, મૂલગુણ કે ઉત્તરગુણ એમાંથી કોઈ એકની હોય છે. **'पुलाकप्रतिसेवना कुशीलप्रतिसेवना, मूलगुणानामुत्तारगुणानां चान्यतमस्य विराधना ।'**

વળી શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં એમ કહ્યું છે કે-

'प्रतिसेवना पञ्चनां मूलगुणानां रात्रिभोजन विरतिषष्ठानां पराभियोगाद् बलात्कारेणा न्यतम प्रतिसेवमानः पुलाको भवति, मैथुनमेवेत्येके..... प्रतिसेवना-कुशीलो मूलगुणानविराधयन्नुत्तारगुणेषु काञ्चिद्विराधनां प्रतिसेवते ।।' (અધ્યાય-૯, इत्युत्तकम् सू. ४९)

ભાવાર્થ :—"પ્રતિસેવના પાંચે મૂલગુણ અને છઠ્ઠા રાત્રિભોજનવિરતિની બીજાના અભિયોગથી બળાત્કારથી કોઈ પણ એકને વિરાધતો પ્રતિસેવના પુલાક થાય છે, જ્યારે કેટલાક એક માત્ર મૈથુનને જ સેવતો પ્રતિસેવના પુલાક છે એમ કહે છે.

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

શાસન સમાચાર

ઇંદોરથી છ'રી પાલિત સંઘ

ઇંદોરથી હાસમપુરા તીર્થનો છ'રી પાલિત સંઘ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં નીકળ્યો સંઘપતિઓ શ્રી ખેમચંદજી રાજમલજી ગુગલીઆ શ્રી શાંતિકુમારજી બમ શ્રી છગનલાલજી મન્નાલાલજી બડનગરવાળા શ્રી બાપુલાલજી તેજકુમારજી તથા શ્રી બાબુલાલજી અનીલકુમાર ડીગડાન વાળા હતા. કા. વદ-૩ના સવારે સંઘપતિઓની સ્થાપના થઇ શ્રી અબુદગિરિ શ્રી સંઘ તરફથી સંઘપતિઓનું બહુમાન થયું.

પૂ. શ્રીની આંખનું ઓપરેશન કરનાર ડો. શ્રી ચૌધરી નું પણ શ્રી સંઘ તરફથી તથા શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ લંડન તરફથી બહુમાન થયેલ.

બાદ પાંચ દેરાસરની ચૈત્ય પરિપાટી થઇ. માંગલિક તથા સંઘપતિઓ તરફથી પ્રભાવના થઇ.

વદ-૪ સવારે આઠ વાગ્યે પ્રયાણ સંઘનું થયું મોટી સંખ્યામાં વળાવવા આવ્યા ૩૦૦ યાત્રિકો સંઘમાં રહ્યા. રિષભ ફેમીકલ્સ મુકામ થયો. ત્યાં ૬૦૦ ઉપર ભાવિકો આવ્યા. તા. ૨૩ના અગ્રવાલ હોસ્ટેલમાં લંડન બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ તરફથી સંઘ વાત્સલ્ય થયું. વેલજીભાઇ લક્ષ્મણ તરફથી સંઘપૂજન થયું

સાવેરમાં બીડવાળા લીલાધર રામજી તરફથી સંઘભક્તિ થઇ.

ઉજ્જૈન આવતાં ગજેન્દ્ર પારેખ તરફથી યાત્રિકોને કટોરીની પ્રભાવના તથા એક ભાઇ તરફથી સંઘપૂજન પંત નગરમાં ગુગલીઆના વેવાઇ તરફથી સંઘપૂજન ફ્રીગંજ સંઘ તથા રાજેન્દ્રકુમાર બાંઠીયા તરફથી સંઘપૂજન થયા ટાવરથી ઉજ્જૈન સંઘ ભવ્ય સ્વાગત કર્યું. શહેરના દેરાસરોએ દર્શન કર્યા બારી કુંઇ, અજીતનાથ મંદિર હીર સૂ. ઉપાશ્રય તથા અવન્તિ પાર્શ્વનાથ ટ્રસ્ટ વિ. સંઘોએ ગુરુપૂજન સંઘ પતિઓનું સન્મ વિ. કર્યું અવંતિપાર્શ્વનાથ સંઘે સાધર્મિક ભક્તિ કરી.

વદ-૯ના હાસમપુરા ઉપધાન કરાવનાર શા નથમલજી ટેકચંદજી તરફથી સામૈયું થયું. માળની બોલી એંસી હજાર ઉપર થઇ. સંઘપતિ તરફથી યાત્રિકોને સ્ટીલ થાળીનો સેટ અપાયો બે હજાર ઉપર સંખ્યા થઇ સંઘપતિઓ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું ખૂબ ઉત્સાહથી સંઘ પુરો થયો.

કા.વ. ૧૦ થી ઉપધાન શરૂ થયા ૩૬ માળવાળા ૪૦ બીજા અને ૨૦ ત્રીજા ઉપધાનવાળા છે. પોષ સુદ-૧૪ તા. ૧૧-૧-૬૫ માળ થશે ઉત્સાહથી ઉપધાન ચાલુ છે.

થાણાથી સમ્મેતશિખરજી આદિ તીર્થયાત્રા સંઘવી પરિવાર દ્વારા

શ્રી સિદ્ધચક્ર મંડલ આયોજીત અને મહાવીર ટ્રાંસપોર્ટ દ્વારા સંચાલિત થાણાથી સમ્મેતશિખરજી-પાવાપુરી આદિ તીર્થોનો ૨૧ દિવસીય યાત્રા સંઘ સ્પેશીયલ ટ્રેનથી ૭૦૦ યાત્રિકો સાથે કાર્તિક સુદિ ૫ ના દિવસે પ્રયાણ થયેલ. તા. ૭-૧૧-૬૪ના રોજ સવારના ૭ વાગે બેંડવાજા સાથે સંઘપતિ સંઘવી કુંદનમલ મુતાજી પરિવારના નિવાસ સ્થાને સંઘ પધારેલ. શ્રીફલ અને પાંચ રૂ. સંઘપૂજન થયેલ. ત્યાંથી ઠેરાસરે આવતાં ઠેર-ઠેર સંઘપતિ પરિવારનું માલાઓથી સ્વાગત થયેલ. અત્રે વિરાજીત પૂ. મુનિ શ્રી જિનસેન વિજયજી અને રત્નસેનવિજયજીને વંદન કરી-મંગલ આશીર્વાદ લઇ મુંબઇ સેન્ટ્રલ તરફ પ્રયાણ કરેલ. દાદર વિરાજીત આચાર્ય શ્રી રત્નાકર સૂરિજીનો મંગલ આશિર્વાદ લઇ મુંબઇ સેન્ટ્રલ પહોંચતા શુભેચ્છકો, અને મિત્રજનો દ્વારા સંઘની પરિવારનું અભૂતપૂર્વ સ્વાગત થયેલ. થાણા ટ્રસ્ઠ મંડલ, રાજસ્થાન જૈન સંઘ અધ્યક્ષ અને સિધ્ધચક્ર મંડલના અધ્યક્ષે સંઘવી પરિવારનું માલા અને સાફાથી બહુમાન કરેલ.

સંઘ ઉવસગાહરં તીર્થ, સમ્મેતશિખરજી, પાવાપુરી, લક્ષુવાક, ચમ્પાપુરી, રાજગૃહી અયોધ્યા, હસ્તિનાપુર નાગેશ્વર થઇ તા. ૨૬-૧૧-૬૪ના રોજ મોહનખેડા આવેલ. સફલ યાત્રા પ્રવાસ રહ્યો હતો.

—: નવો મળેલો સહકાર :—


૨૫૧) શ્રા. શ્રી પરમ તપસ્વી પૂ આ.શ્રી વિ.રાજતિલક સૂ.મ. તથા સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મ. ની તારક નિશ્રામાં સં. ૨૦૫૧ કા.વ. ૯ થી ૧૩ સુધી સ્વ. શ્રી ગીરધરલાલ ધનજીભાઇ વોરા પરિવાર તરફથી તેમના સુપુત્રોના ધર્મારાધત અનુમોદનાર્થે ઉજવાયો. શ્રી પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે ભેટ બોરીવલી મુંબઇ.

(અનુ. પાના નં.૪૮૩ ઉપર ચાલુ

જ્યારે મુલગુણોને નહિ વિરાધતો, ઉત્તરગુણોમાં કાંઇક વિરાધનાને કરતો પ્રતિસેવના કુશીલ કહ્યો છે.”

હવે પુનઃ ચાલુ વિષયની વાત કરતાં કહે છે કે, પ્રતિસેવક બકુશ માત્ર ઉત્તરગુણોને જ વિરાધક છે, પરંતુ મુલગુણોનો જ નહિ.

બાકીના કષાય કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક શ્રમણો પ્રતિસેવના-વિરાધનાથી રહિત છે, અર્થાત્ મુલગુણ કે ઉત્તરગુણોના અવિરાધક જ છે.



- લોભની સફળતા મારા માટે નિષ્ફળતા છે. માયાની સફળતા મને હરામખોર બનાવનાર છે, માનમાં આનંદ મને મદોમત્ત બનાવનાર છે, અને ક્રોધનો આનંદ મને સળગાવી મૂકનાર છે. આવું જેને થાય તેને કષાય ભૂંડા લાગ્યા કહેવાય.
- શાસ્ત્રે કહ્યું છે કે લોભથી પીડાતો ગૃહસ્થ અને લોભને આધીન ગૃહસ્થ એક પણ પાપ ન કરે તે સંભવિત નથી.
- અટવીમાં બાવીશ પિશાચ કહ્યા છે. સાધુ સાધ્વીને કહ્યું છે કે પિશાચો ગણે ક્ષણે ઉપદ્રવ કરશે, તમને જંપીને જીવવા નહિ દે. સાધુપણું પાળવા નહિ દે, બધું છોડીને આવ્યા પણ આ બાવીશ પિશાચને નહિ જીતે તો તમને ખાઇ જશે.
- ભગવાને કહ્યું છે કે સીધે માર્ગે ચાલશો તો જ ફાવશો. ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું તેનું નામ જ ઉગ્ર વિહાર.
- સુખનો રસિયો ધર્મને અધર્મ બનાવી અને પથી જ જંપે છે. ધર્મને રસિયો અધર્મને ધર્મ કરે. બાવું તે અધર્મ છે ને? ધર્મી બાય તો અધર્મરૂપ જ થઇ જાય. નિર્જરા જ કરે. અમારી બધી ક્રિયાઓ મોક્ષનો વેપાર કહી છે.
- ધર્મના જ્ઞાનની જેને કિંમત ન હોય તો સમજવું કે તે જીવને સંસાર તરવા જેવો લાગ્યો નથી.
- સંસાર અટવી ભયંકર છે. અટવીમાં જીવો અનાદિકાળથી નાના-મોટાં, સુખી-દુઃખી બધા જ અથડાય છે. જેને અથડાવવાથી બચવું હોય તેને અટવી ઓળખવી પડે.
- ગુણઠાણું જ તેનું નામ કે જેને મનની ભૂખ આકરી લાગે તો જ નીતિમાન રહી શકે.
- તપ ઇન્દ્રિયોને જીતવા અને બાવાપીવાની લાલસાથી છૂટવા માટે કરવાનો છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ દયા વિના બધું નકામું છે

ददातु दानं विदधातु मौनं
वेदादिकं चापि विदांकरोतु ।
देवादिकं ध्यायतु सन्ततंवान
चेद्दया निष्फलमेव सर्वम् ।।

દાન આપો, મૌન ધારણ કરો, વેદાદિક અથવા તો બીજા ગમે તે શાસ્ત્રોને જાણો અને નિરંતર દેવાદિકનું ધ્યાન કરો. પરન્તુ જો એક દયા નથી તો તે બધું નિષ્ફળ છે.

વર્ષ ૭

અંક ૧૯

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ધર્મની રક્ષા માટે ધર્મ સામે આવતા આક્રમણ સામે અડગ પણે ઉભા રહેવાનો નિષેધ અહિંસા કદી જ કરતી નથી.
- તમારી શિથિલતા ખાતર સિધ્ધાંતોને શિથિલ કરવાની કૂટનીતિ અહીં નહિ ચાલે.
- શ્રી જૈન શાસનને માનનારાઓ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે ઉપાદેય છે, એમ હરગીજ નહિ માને.
- વસ્તી વધારવા જતાં સિધ્ધાંત તૂટી જાય, એ કદી ન જ નિભાવાય.
- જગત આખું સંયોગ-વિયોગનું ધામ છે અને જગતમાં સંયોગ-વિયોગની જ મોટી ધમાચકડી છે.
- જડના યોગે જ જીવની ભારેમાં ભારે ખાના ખરાબી કરી નાખી છે, છતાં પણ અજ્ઞાન જીવ જડના યોગમાં જ સુખ માનીને મથી રહ્યો છે, માટે જ જીવ દુઃખી થાય છે.
- મેલો આત્મા પૂરેપૂરો ચોખ્ખો બને, એનું નામ છે મોક્ષ !
- સુખી જો હૈયાવાળો હોય તો ઇચ્છે કે-"સૌ સુખી બનો !" તેમ મારી ભાવના એ જ છે કે-"સૌ લાયક બને અને સૌ સાધુ બને તો સૌથી સારું !"
- 'સારૂં શું અને ખોટું શું ?' તેમજ 'હિતકર શું અને હાનિકારક શું' એનો વિચાર કર્યા વિના, યુગની સાથે માત્ર આંખો મીંચીને જ દોડવું, એ તો મૂર્ખાઈ છે !
- જીવનની બધી જરૂરિયાતોને કાપી નાખવી, સંયમશીલ બનવું અને સંતોષથી જીવવું. તે જ સાચા સુખી થવાનો સાચો ઉપાય છે.
- રાગ જેટલા પ્રમાણમાં ઘટે એટલા પ્રમાણમાં સુખનો અનુભવ થાય.
- પરાવશતાનું સાચું ભાન થઇ જાય તો ય દુઃખ ઘણું ઘટી જાય.
- જ્યાં સદા રહેવાય નહિ, ત્યાં કદી પણ સદાનું સુખ સંભવે નહિ !
- જીવે જીવવા જેવું એક ભગવાને કહેલું સાધુપણું જ છે.
- જે જીવનમાં જેટલું પાપ, તેટલું તે જીવન ખરાબ !
- જે ધર્મને પોતે જ ધક્કે દે છે, એ વળી એ ધર્મની પ્રભાવના કરશે ? એ ધર્મની પ્રભાવના કરે કે અધર્મની !

કોબાતીર્થોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર.

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેલાજી ગુરુડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલનપુર)
ચાંદમલ પદમશી ગુરુડા (ચાંદગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ પોષ સુદ – ૯ મંગળવાર તા. ૧૦-૧-૯૫ [અંક-૧૯

--: અધ્યાત્મભાવને પામવાના ગુણો :--

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન–ચોથું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૪ મંગળવાર તા. ૮-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

ભગવાનને માને અને મોક્ષની ઇચ્છા ન થાય તે ત્રણ કાળમાં બને. જેને સંસાર ગમે નહિ, મોક્ષ જ ગમે. મોક્ષ માટે જ મહેનત કરું તેવો ભાવ જન્મે, આત્માના કલ્યાણની ઇચ્છા વિના બીજી કોઇ ઇચ્છા જન્મે નહિ તેનું નામ અધ્યાત્મ છે. આજે તો આત્મા ભૂલાઇ ગયો છે, આ શરીરની જ મોંકાણ મંડાઇ છે. તમે પાપ કરો છો તે કયા વિશ્વાસે કરો છો ? પાપથી શું મળે ? દુઃખ. દુઃખ જોઇએ છે ? દુઃખ ન જોઇએ તે પાપ કરે ? આજે તો લોકો પણ કહે છે કે–શ્રાવકો પણ અનીતિ આદિ પાપો મજેથી કરે છે, તેથી કજોડી થાય છે. ધર્મની શ્રદ્ધા ઘટતી જાય છે. શ્રાવકને જોઇ શ્રાવક થવાનું મન થતું નથી. તે બધાનું મૂળ 'દુનિયાનું સુખ ખૂબ ગમે છે અને દુઃખ નથી ગમતું' તે છે. દુનિયાની સુખ–સંપત્તિ જ સારી લાગે, મજેથી ભોગવવા જેવી લાગે, અધિક અધિક મેળવવા જેવી લાગે અને તે માટે જે કરવું પડે તે બધું મજેથી કરે તે બધા મિથ્યાદૃષ્ટિ કહેવાય કે સમ્યગ્દૃષ્ટિ કહેવાય ? તમે ક્યાં છો ?

આપણા આત્મા માટે આપણે બોલી શકીએ કે–મારી શી દશા છે ? જેને દુનિયાની સુખ–સંપત્તિ ગમે તે શ્રાવક કહે કે–હજી મારામાં ઠેકાણું નથી ! ઘણા સાધુઓને પણ થાય કે અમે ય કાંઇ કરતા નથી, બાળ ચેષ્ટા જ કરીએ છીએ, સાધુ-

પણાનો અભ્યાસ કરીએ છીએ, હજી અમારામાં ય કાંઇ ઠેકાણું નથી. તમે સંસારમાં મોજમઝાદિ કરો અને અમે સમ્યગ્દૃષ્ટિ છીએ તેમ માનો તો તે બાપનો મલ છે ?

પ્ર.– દુનિયાની સુખ સંપત્તિ ન ગમે તેટલા માત્રથી સમ્યગ્દૃષ્ટિ કહેવાય ?

ઉ.– હા. જરૂર કહેવાય. તે કેવા ઉત્તમ જીવ હોય !

પુણીયા શ્રાવકની વાત જાણો છો ને ? તેનાં સામાયિકનાં વખાણ ખુદ ભગવાને કર્યાં કે, સામયિક તો પુણીયા શ્રાવકનું. તેને બે આનાથી અધિક મૂડી વધારવાનુ મન ન હતું. અને તમે શું કરો છો ? જે કોટિપતિ ભિખારીની જેમ ભટકે તે સમકિતી હોય ? તમારે લહેર કરવી છે ને શ્રાવક કહેવરાવવું છે તે બને ? અમે ય અહીં લહેર કરીએ, માન–પાનાદિમાંજ મઝા કરીએ તો અમારી પણ નકકી દુર્ગતિ થવાની છે. ભગવાન ખુદ કહી ગયા છે કે–'જે સાધુઓ શ્રાવકોની સારી સારી ભકિત લઇ મોજ કરે છે, ગપ્પા મારે છે. ભણતા–ગણતા નથી, સંયમ સારું પાળતા નથી તે બધા દુર્ગતિમાં જ જવાના છે.

તમે બધા શ્રાવક છો ને ? શ્રાવકકુળમાં જન્મેલા રોજ ભગવાનનાં દર્શન–પૂજન ન કરે, સામાયિકાદિ ન કરે તો શ્રાવક કેમ કહેવાય ? આજના તમારાં કુળો નામનાં થઇ ગયાં. આજે જૈનનું એક ઘર એવું મળે જ્યાં રાત્રિભોજન કોઇ કરતું ન હોય ! તમારા ઘરમાં રાત્રિભોજન ચાલુ છે ? ભગવાનનાં દર્શન પૂજનાદિ પણ ન કરે તેમ બને ? તમારા દીકરા–દીકરી તેવાં હોય ? તમારો છોકરો કમાય નહિ તે ન ચલાવો પણ ભગવાનનાં દર્શન–પૂજન ન કરે, સામાયિકાદિ ન કરે તો ચલાવો–આ વાત ખરી છે ? તમે બધા બાપ છો કે શત્રુ છો ?

આધ્યાત્મભાવ પામવાના પંદર ગુણની વાત ચાલે છે, શ્રાવક કોની સાથે બેસે ? ઊઠે ? કોની સાથે વાતચીત કરે ? શ્રાવક, શ્રાવકને મળે ત્યારે ધર્મની જ વાત કરે. તેની સાથે જ મિત્રતા હોય. જે આત્માની આત્માના, હિતની વાત કરે. ધંધાદિ કયાં સુધી કરવા છે ? ધંધાદિમાં ખોટું ન થાય તેની કાળજી રાખો. ભગવાનના ભકતથી આ આ ન થાય' આવી વાત કરે તેની સાથે મૈત્રી સંબંધ હોય. આડીઅવળી વાત કરે, સંસારની પુષ્ટિની વાત કરે તેની સાથે તેને ફાવતુ ન હોય. આ પહેલો ગુણ છે. શ્રાવક મળે તો વ્યાખ્યાન–પ્રતિક્રમણમાં કેમ નથી આવતા તેમ પૂછો ને ? તમને પણ કોઇ આવું પૂછે તો ગમે ને ? આવી દશા ન હોય તે શ્રાવક કહેવાય ? આ પહેલો ગુણ નથી તો આગળના ગુણો કઇ રીતે આવે ?

શ્રાવક મોટા વેપારીને મળે તો શું કરે ? તેના ગુણ ગાય કે તેમને પણ હાથ જોડીને કહે કે–બજારનું શું કામ છે ? મોટા શ્રીમંતને તમે બજારમાં કેમ જાવ છો

તેમ કહેનાર કાઇ શ્રાવક છે ? બધા માખણીયા જ ભેગા થયા છે ? તમને શેઠીયા ગમે પણ ધર્મ કરનારો ગરીબ ગમે નહિ ને ? ધર્મ કરનારો ગરીબ હોય તો તેને આગળ બેસાડોને? મોટો શ્રીમંત આવે તો સાધુને ય કાળજી રાખવી પડે. તેમને ખરાબ ન લાગે તેવું બોલવું પડે. કદાચ વધારે બોલે તો સાધુને ય શીખામણ આપે કે-મોટો શેઠીયો છે, જરા સાચવીને બોલો !

પ્ર.- આપને ન આપે.

ઉ. હું ન સાંભળું તે જુદી વાત. બાકી ઘણા કહે છે કે-આમની (મારી) પાસે જવું નહિ, માત્ર સાધુ થવાની જ વાત કરે છે.

ભગવાનનો સાધુ તો તેની પાસે જે નવો આદમી આવે તેને સાધુપણું જ સમજાવે. સાધુપણા વિના પૂરેપૂરો ધર્મ થાય જ નહિ. ભગવાને સાધુધર્મને જ ધર્મ કહ્યો છે. શ્રાવક ધર્મને ધર્માધર્મ કહ્યો છે. તેમાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો તે પણ ઊંચામાં ઊંચા સંવાસાનુમતિ શ્રાવકનો ! જેને સાધુધર્મની ઇચ્છા નહિ તેને શ્રાવક ધર્મ પણ અપાય નહિ, આપીએ તો અમે ય પાપના ભાગી બનીએ. તમે ભગવાનના જીવનને વાંચ્યું છે ? ભગવાને ભૂલ કરી તો રખડી ગયા . દુનિયાનું બધું જાણો પણ જેમનાં શાસનમાં છો તે ભગવાનનું જીવન પણ જાણો છો ?

સંસારમાં મોજ આવે અને દુઃખ ન થાય તે શ્રાવક નહિ તેમ કહું તે પસંદ છે કે બહાર જઇને કહો કે-મહારાજને ધંધો નથી. બધાને અધર્મી કહે છે ! સંસાર સારો ચલાવવે હોય, મઝેથી રહેવું હોય તો સાધુની વાત સાંભળવી પણ કરવી નહિ તેમ ઘણા બોલે છે અને માને પણ છે- તમારો છોકરો કહે કે-મારે સાધુ થવું છે તો તે વાત તમને ગમે ખરી ? તમારાં સંતાનો ઝટ મોક્ષે જાય તે ભાવના ખરી ? તમારે પણ વહેલા મોક્ષે જવું છે ? તમને સંસાર ગમતો નથી ને ? આ વાતમાં જ વાંધો પડે છે. જેની પાસે સુખ ન હોય તેને કદાચ સંસાર ન ગમે તે હજી બને. પણ જેની પાસે ઘણું સુખ હોય તેને સંસાર ન ગમે તે બને ? જેને સંસારમાં રહેવું ગમે સંસારનું સુખ ભોગવવું ગમે, સંપત્તિ-સાહ્યબી જ ગમે તેનામાં જૈનપણું પણ ન હોય, શ્રાવકપણું પણ ન હોય, તે ભગવાનના સંઘમાં પણ ન હોઈ શકે. તમારી શી હાલત છે.

(ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૨ ઘરડાં થઇએ એ પહેલાં જ.....

અયોધ્યા નગરીના સુખના દિવસો વીતી રહ્યા છે.

એક દિવસ દશરથ રાજાએ અપૂર્વ ઋદ્ધિ-પૂર્વક શાંતિસ્નાત્ર ભણાવ્યુ. અને તે પૂર્ણ થયા પછી સ્નાત્ર-જળ (ન્હવણ-જળ) સૌ પહેલાં પોતાની પટ્ટરાણી અપરાજિતા કૌશલ્યા દેવીને કંચુકિ (=અંતપુરનો સેવક) દ્વારા મોકલાવ્યુ. અને ત્યાર પછી બાકીની દરેક રાણીઓને મોકલાવ્યું.

પરંતુ અહીં બન્યુ એવું કે-પછી મોકલાયેલું સ્નાત્ર જળ લઈ જનારા સેવકો યુવાન હતા તેથી તે જળ બીજી રાણીઓને પહેલાં પહોંચી ગયુ તે દરેક રાણીઓએ રાજાએ મોકલાવેલા સ્નાત્ર-જળને વંદન (પ્રણામ) કર્યું. (અને પછી મસ્તક ઉપર લગાડયું.)

કૌશલ્યા દેવીનો સેવક વૃદ્ધ હોવાના કારણે ત્યાં સ્નાત્રજળ પહોંચતા ઘણી વાર લાગી. આથી હજી સુધી સ્નાત્રજળ તેમને મળ્યુ ન હોવાથી કૌશલ્યા દેવી વિચારવા લાગી કે-"રાજાએ મારા સિવાય બધી જ રાણીઓ ઉપર સ્નાત્ર-જળ મોકલવા દ્વારા પ્રસાદ (મહેરબાની) કરી. જ્યારે પટ્ટરાણી એવી મને જ આ સ્નાત્ર-જળ ના મોકલ્યું ? મંદભાગી મારે હવે જીવવા વડે પણ સર્યું. માન હણાયા પછીનું જીવન તો મરણ કરતાં પણ વધુ દુઃખ દેનારૂ બને છે."

આ પ્રમાણે વિચારીને અંદરના ઓરડામાં જઇને વસ્ત્ર વડે ફાંસો ખાઇને આપઘાત કરવા કૌશલ્યા દેવી તૈયાર થયા.

આ બાજુ મહારાણી આપઘાત કરવાની તૈયારીમાં જ છે. અને ત્યાંજ રાજા ત્યાં આવી ચડયા. અને આત્મહત્યા કરી રહેલી મહારાણીને જોયા. આથી તેમના મૃત્યુ પામવાના ભયથી ડરી ગયેલા રાજાએ તેમને તેમ કરતાં અટકાવી દીધા અને પૂછયું-"હે દેવી ! તારૂં કોનું અપમાન કર્યું કે જેથી તું આ દુઃસાહસ કરવા તૈયાર થઇ. શું ભાગ્યયોગે મારાથી તો એવું કોઇ અપમાન થઇ ગયુ નથી ને ?"

ગદ્ ગદ્ વાણીમાં કૌશલ્યા બોલ્યા-"હે નાથ ! તમે વીતરાગ પરમાત્માનું સ્નાત્ર-જળ દરેક રાણીઓને મોકલ્યું પણ મને જ ના મોકલ્યું....." હજી તો આ વાત ચાલી રહી છે ત્યાં જ સ્નાત્ર-જળ લઇને કંચુકિ આવ્યો. તેણે કહ્યું-હે દેવી ! રાજાએ આ અરિહંતનું સ્નાત્ર-જળ (આપના માટે) મોકલાવ્યું છે'

રાજાએ જાતે જ તે પવિત્ર સ્નાત્ર-જળ રાણીના મસ્તક ઉપર છાંટયું. અને પછી

કંચુકીને પૂછયું-'તું કેમ આટલો બધો મોડો આવ્યો ?'

ત્યારે કંચુકિએ કહ્યું-"હે રાજન્ ! ખરેખર તો આમા મારો કોઈ વાંક નથી. પરંતુ દરેક કાર્યમાં અશકત બનાવી દેનારૂં આ મારૂ ઘડપણ મને અપરાધી બનાવી રહ્યું છે. આપ પોતે જ મને જુઓ."

આ સાંભળતાં જ રાજાએ કંચુકિ તરફ નજર માંડી. ઘરડા કંચુકિના આખા શરીરે ધોળા વાળ થઈ ગયા હતા. આંખની ભમરના રૂંવાડા-લાંબાવાળથી તેની તેજ હિન આંખો ઢંકાઈ ગઇ હતી. શરીરના લોહી અને માંસ સૂકાઇ ગયા હતા. આખા શરીરના દરએક અંગો ધ્રુજતા હતા. ઘંટના લોલકની જેમ દાંતો હલ્યા કરતાં હતા. આખા શરીરની ચામડી ઉપર કરચલીઓ પડી ગઇ હતી. મરવાને જ જાણે ઇચ્છતો હોય તેમ તે ડગલે પગલે ચાલતાં ચાલતાં બચકાયા કરતો હતો.

વૃધ્ધ કંચુકિની વૃદ્ધા-અવસ્થાની આ કારમી અસહ્ય લાચાર-મજબૂર દશા જોઇને યૌવનના નંદનવનમાં રહેલાં મહારાજા દશરથે વિચાર કર્યો કે-ઘડપણની આ પાનખર અમારા યુવાન શરીરના આ નંદનવનમાં આવે તે પહેલા જ અમે ચતુર્થ-મોક્ષ પુરૂષાર્થ માટે પ્રયત્ન કરવા માંડીએ કંચુકિ જેવી દશા અમારી થાય તે પહેલાં જ મોક્ષ-પુરૂષાર્થ માટે અમે પ્રયત્ન શરૂ કરી દઈએ.

કંચુકિની ઘડપણ-દશાને જોઇને વૈરાગ્ય -તન્મય બનેલા રાજા દશરથ વિષયોથી પરાડ્મુખ બની સંસારમાં કેમે કરીને કાળ પસાર કરવા લાગ્યા.

સંયમને અને દશરથ રાજાને હજુ થોડા જોજનોનું છેટું હતું.

એક વખત શ્રી સત્યભૂતિ નામના ચતુર્જ્ઞાની મુનિવર અયોધ્યામાં પધાર્યા. ત્યાં આવેલા ભામંડલ અને ચંદ્રગતિ રાજાની હાજરીમાં જ ભામંડલનો પૂર્વભવ કહ્યો. આથી ભામંડલનો સીતા દેવી ઉપરનો અત્યાર સુધીનો જે કામરાગ હતો તે ખલાસ થઈ ગયો. જન્મતાં જ વિખૂટા પડેલા ભાઇ-બેનનો ભાઇ-બેન તરીકેનો મેળાપ થયો. ભામંડલે સીતાદેવીને પ્રણામ કર્યા. ત્યારે પોતાનો સગોભાઇ છે તેમ જાણીને સીતાદેવીએ આશિષ આપ્યા. ચંદ્રગતિ રાજાએ જનક રાજા અને વિદેહા રાણીને અયોધ્યા તેડાવી. તેમના ખોવાયેલા પુત્ર ભામંડલની ઓળખ આપી. ત્યારે વિદેહાના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યુ.

પછી દશરથ રાજાનો પૂર્વભવ કહેતાં શ્રી સત્યભૂતિ મુનિવરે કહ્યું કે-"સોનાપુરમાં ભાવન વેપારીની દીપિકા નામની પત્નીથી હે રાજન્ ! તું પુત્રી રૂપે જનમ્યો. સાધુઓ પ્રત્યે દ્વેષ રાખવાના પાપે તું સંસારમાં પશુ બનીને ભટકયો. ભટકતાં ભટકતાં ઘણાં ભવો પછી તું રત્નમાલી ખેચર રાજા બન્યો. અને તારે સૂર્યંજય નામે પુત્ર થયો. એક વખત તું એક ઘમંડી વિદ્યાધરેશ્વરને જીતવા માટે સિંહપુર નગરે ગયો. અને આખા સિંહપુર નગરને બાળ-વૃધ્ધો અને પશુઓ તથા

ઉપવન સહિત સળગાવીને સાફ કરી નાંખવા માટે તેં હઠપૂર્વક આરંભ કર્યો. સિંહપુર નગરને હજી તો તું સળગાવવાની શરૂઆત કરતો જ હતો ત્યાં પૂર્વજન્મના તારા પુરોહિત ઉપમન્યુએ દેવલોકમાંથી આવીને આવું અકાર્ય કરતાં તને અટકાવ્યો. તેણે પણ તારો પૂર્વભવ કહેતાં-કહ્યું—હે મહાનુભાવ! આવુ ઘોર પાપ ના કરીશ. તું પહેલાં ભૂમિનંદન રાજા હતો. તેં માંસ ન ખાવાની બાધા લીધી. પણ ઉપમન્યુ નામના પુરોહિતના કહેવાથી તેં તે પ્રતિજ્ઞા ભાગી નાંખી. પેલા પુરોહિતને દર્દુર નામના માણસે મારી નાંખ્યો. તે મરીને હાથી થયો. ભૂરિનંદન રાજાએ તેને પકડયો. યુદ્ધમાં તે હાથી મૃત્યુ પામીને હું ભૂરિનંદન રાજાનો પુત્ર અરિસૂદન બન્યો. અને જાતિસ્મરણ થતાં દીક્ષા લઇ મૃત્યુ પામીને હું તારી નજર સામે સહસ્રાર દેવલોકમાં દેવ થયેલો ઊભો છું. હે દશરથ! તું ભૂરિનંદન રાજા મરીને વનમાં અજગર થયો. વનમાં લાગેલા દાવાનળમાં તું મરી ગયો. અને બીજી નરકે ગયો. ત્યાં પણ મેં તને પ્રતિબોધ પમાડયો. અને ત્યાંથી મરીને તું રત્નમાલી બન્યો. હે રત્નમાલી! યાદ કર. પહેલાં તો તે માંસ ન ખાવાની પ્રતિજ્ઞા (મારાજ કહેવાથી) ભાંગી હતી અને ભવમાં ભટકયો હતો. તો આ અનંત દુઃખ દેનારા નગરદાહ કરવાથી તું પાછો ફર. ત્યાર પછી વૈરાગ્ય પામી સૂર્યંજય સાથે રત્નમાલી એવા તેં દીક્ષા લીધી. અને દેવલોકથી ચ્યવીને તું દશરથ બન્યો. અને સૂર્યંજય તે રાજા જનક બન્યા. અને પૂર્વના તારા નંદિવર્ધનના ભવના તારા નંદિષેણ પિતા હતા તે હું સત્યભૂતિ બન્યો છું. આ સાંભળીને વધુ વૈરાગ્ય પામીને રામને રાજ્ય સોંપી દીક્ષા લેવાના નિર્ણયથી દશરથ નગરમાં ગયા.

નવો મળેલો સહકાર

૫૦૧૩૩. સાવત્થી તીર્થનાપ્રણેતા શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. તથા તેમના શિષ્ય મુનિરાજ શ્રી શરદચંદ્ર વિજયજી મ. તથા બાલમુનિરાજ શ્રી અજીતચંદ્ર વિજયજી મ.ના સદુપદેશથી સં. ૨૦૫૦ સાવતી તીર્થના આંગણે પર્યુષણ પર્વની થયેલ અભૂતપૂર્વ આરાધનાના ઉપલક્ષ્યમાં

શ્રીસંભવનાથ જિનમંદિર ટ્રસ્ટ સાવત્થી તીર્થ શ્રી જિન શરદ ફાઉંડેશન સાવત્થી નગર તરફથી ભેટ.

પ્રોપર મુંબઇમાં
જૈનશાસન-શ્રી મહાવીર શાસન તથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે
રકમ ભરવાનું સ્થળ
શ્રી હરખચંદ ગોવિંદજી આરૂ
આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બેનાદવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨
ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૧૪૮૨૯
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

* ખોટું નો લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

આવા રવિવારો ફરી ફરી નથી આવતા

એક નાનો બાબો બુટ પહેરીને જ સીધો દેરાસરમાં દોડી ગયો. એટલે દેરાસરમાં રહેલા લગભગ બધાએ જ સમજીને હડીયાપટ્ટી કરી મૂકી. અને "આવાને તે દેરાસર હોતા હશે. બુટ-કુટ કાઢયા વગર જ મમ્મા-પપ્પાઓ સીધા છોકરા તરફ જોયા વગર જ દેરાસરમાં ઘુસી જાય છે. કંઈક ભાન તો રાખવી જોઈએ કે નૈ ?" આમ મોટેથી બોલતા બોલતા જ છોકરાને ઉંચકીને સીધો બહાર મૂકી દીધો.

એવામાં એક ભગત આવી ચડયા. પૂછે-શું થયું ?

એટલે પેલા બાલોદ્ધારક બોલ્યા-"આ જોને, છોકરાઓ બુટ પહેરી પહેરીને અંદર આવ્યા કરે તો ય તેમના મમ્મા-પપ્પા કંઈ ભાન બાન રાખતા જ નથી."

ભગત કહે-સાલુ આપણે તે કેટલેક ધ્યાન રાખવું. આ તો સારૂ થયુ તમે હતા તે આને બહાર લઈ આવ્યા. ન હોઈએ તો ત્યાં સુધી દેરાસરમાં આ રહે તો આશાતના કેટલી બધી કરે.

પછી તો બાલોદ્ધારકે બાલના મમ્મી-પપ્પાને સારી પેઠના તતડાવી નાંખ્યા. અને તે બન્નેએ બાળક વતી ભૂલની માફી માંગી.

આ સોના-રૂપાની રઢિયાળી તક જોઈને મેં તરત કહ્યું કે-"કેમ વડીલ ! હવે સમજાય છે ને કે-શાસ્ત્ર વિરૂધ્ધ એકફેક બસનારા અને લખનારા લોકોને પણ શાસ્ત્ર મુજબ માનનારા સાધુ ભગવંતો જડમૂળથી જ ખોડી નાંખે છે તે તદ્દન બરાબર છે. તમે જેમ દેરાસરમાંથી તરતજ બાલકને ઉંચકીને બહાર લઈ લીધો તેમ"

હા...હોં એ વાત તમે મોકાની કરી. દેરાસરમાં આડી-અવળી અવિધિથી પૂજા કરનારને પણ આપણે તતડાવી નાંખીએ છીએ, તો પેલા સાધુઓ તો ઉન્માર્ગદર્શકોનું ખંડન કરવા તૈયાર બને તેમાં હવેથી તો મેં નક્કી કર્યું કે તેમને અટકાવવા જ નહિ. એમને ઉન્માર્ગનું ખંડન ખુશીથી કરવા દેવુ.

કાલે આપણા ઉપાશ્રયમાં જ વસંત વિજયજી મ. નું વ્યાખ્યાન છે. કાલે રવિવાર છે ને એટલે આજથી જ તેની જાહેરાત કરી દઈએ એટલે લોકોને આવવું હોય તો આવી શકે ને ?

બહુ જ સારૂ કર્યું. આવા જાહેર વ્યાખ્યાનો હવેથી તમારે ગોઠવતા જ રહેવા. લોકો ધર્મ પામે એટલું તો કરવું જોઈએ ને. ?

પણ એ મ.સા. વ્યાખ્યાન શેના ઉપર આપશે ?

આ આપણી મોટી સુધર્માસ્વામીની પાટ છે ને ! તેના ઉપર.

ઇ તો ખરૂ, પણ કયા વિષય ઉપર ?

લોકો ધર્મ પામે એવા જ વિષય ઉપર.

પણ તો ય તને વિષય જાહેર કરવાની ના પાડી છે ?

ના રે. હું તો હમણાં કહી દઉં. પણ જ્યાં સુધી વિષય છૂપો રહે ત્યાં સુધી તેનો ઇન્તજાર વધુ રહે મારે હમણાં વિષય જાહેર કરી દેવો ઠીક નૈ.

જો મજા ઇન્તજારમેં હૈ વો મિલનમેં નહિ,

વિષય જાહેર કરવાની યે ઉછામણી બોલવાની છે ?

ના નાં વડિલ ! અવું નથી. "દેવ-દ્રવ્યથી પૂજા કરવામાં કયુ પાપ ના લાગે?" આ વિષય ઉપર વ્યાખ્યાન આપશે.

બાલોદ્ધારક વડિલ જરા ગંભીર બન્યા. તે કહે કે-"ભૈ અહીં દેવદ્રવ્યની એક તો ખોટ છે, ને એમાં દેવદ્રવ્યથી પૂજા કરવામાં પાપ ના લાગે આવું વ્યાખ્યાન આપશે. એટલે ભગતોની ભીડ ભાંગશે કે ભાગશે નહિ પણ લાગશે. ને ભંડારના તળીયા થોડા દેખાય છે તે હવે ચોકખા દેખાવા માંડશે. સારૂ થયુ તેં મને પહેલેથી ચેતવ્યો. તેમને તું ના પાડી દે કે-હું વ્યાખ્યન-વ્યાખ્યાન રાખવા નહિ દઉ."

અરે વડિલ ! તમે સમજ્યા નૈ. દેવ-દ્રવ્યથી પૂજા કરવામાં કયુ પાપ ના લાગે? અર્થાત્ બધાં જ લાગે. આવું સમજાવાના છે. સ્વદ્રવ્યથી પૂજા કરવાનું કહેવાના છે. દેવદ્રવ્યથી પૂજા કરવાની ના કહેવાના છે.

તે તો પૂજા કરનારા ઓછા થઇ જશે. સાલી તો ય મુશીબત જ છે. અઢીસો ઘરમાંથી અત્યારે માંડ પચાશ જણ આવે છે તે ય બંધ થઇ જશે. ના. ના. યાર તું જઇને ના જ કહી દે. આવું વ્યાખ્યાન આપણા ઉપાશ્રયે નહિ, બીજે કયાં ય ગોઠવવું હોય તો ભલે ગોઠવે.

બીજે વ્યાખ્યાન કરશે તો પૂજા કરનારા ઓછા નઇ થઇ જાય ?

ઇ જે થવું હોય તે થાય. આ ઉપાશ્રયને આવી વિવાદવાળી વાતો કરાવી કરાવીને બગાડવો નથી.

પણ અમે આ સંઘના સભ્યો છીએ અમારે અહીં જ આ વ્યાખ્યાન કરાવવું છે. બોલો તમે હા પાડો છો કે ના, પેલી ખુટવાળી વાત યાદ કરજો વડિલ

"હું ના પાડુ છું"

સારૂ. તો નહિ રાખીએ ખરેખર વ્યાખ્યાન ના થયુ.

થોડા દિવસ પછી આ બાલોદ્ધારક વડિલ મ. સા. પાસે આવીને કહેવા લાગ્યા કે-"સાહેબ ! લોકો દેરાસરમાં જરૂર ન હોવા છતાં બબ્બે વાંડકી કેશર વાપરે છે અને કેટલું બધુ નકકામુ જવા દે છે તે લોકોને સમજાવો કે તેમ ના કરે.'

સાહેબે કહ્યું-હું એવી વાતો કરવા મંડીશ ને તો તમારા દેરાસરે પૂજા કરનારા

ઓછા થઇ જશે કયાંક, જવા દોને એવી વાતો ને ગપ્પા ! લોકો ધરમ સમજે એવી જ આપણે વાતા કરીએ. નકામી વિવાદ-વાળી વાતો કરવાથી આ ઉપાશ્રય અભડાઇ જશે. કયાંક. હું તમારી જેમ વળ નહિ રાખુ. હું તો જ્યારે જ્યારે તક મળશે ત્યારે ત્યારે દેવદ્રવ્યથી પૂજા કરવાની જ ના પાડીશ. પણ તમે લોકો હવે જે વ્યાખ્યાનો બંધ રખાવતા થઇ ગયા છો તે તમારા હિતમાં ન ગણાય.

સાહેબ તે વખતે ભૂલ થઇ ગઇ. હવે ફરી વાર તેવું વ્યાખ્યાન જલ્દીથી ગોઠવી દો."

હવે તમને રસ જાગ્યો છે ત્યારે અમને હવે આવી વાતોથી હજાર ગાઉ છેટા રહેવામાં જ મજા લાગે છે.

વડિલ બોલ્યા–"સાહેબ ! એમ નહિ. છોડ કછોડ થાય પણ ભાવતર કમાવતર ન થાય."

તો અમારા માટે તો શ્રાવક–શ્રાવિકા મા–બાપ જેવા છે. એટલે અમે તમારા છોડ કહેવાઇએ.

બાલકોદ્ધારકને લાગ્યું કે–કંઇક બફાઇ ગયુ લાગે છે. વાતને સમેટતાં તે બોલ્યા, નહિ સાહેબ ! આ રવિવારે તો રાખો જ રાખો. મારી એક રૂપિયાની પ્રભાવના, કરવાની ભાવના છે.

પરાણે પણ સાહેબે વ્યાખ્યાન રાખ્યુ–'દેવદ્રવ્યથી પૂજા કરવામાં કયુ પાપ ના લાગે ?' આ વિષય ઉપર આલ્યુ. દેવદ્રવ્યથી પૂજા કરનારા લોકો મોટા રસ્તેથી પાછા વળવા લાગ્યા. બે વાડકી લેનાર એક વાડકી લઇને મહિને-દા'ડે વપરાયેલા કેશરના ખર્ચ ભરપાઇ કરવા લાગ્યા.

શેઠના આનંદનો પાર ન રહ્યો. તે કહે–'આવા રવિવાર તો રોજ આવતા રહેજો.'

સાહેબે કહ્યું–ભલા ! સન્ડે ઇઝ એ હોલીડે. બટ એવરી ડે ઇઝ નોટ સન્ડે. સો એવરી ડે ઇઝ નોટ વીલ બીકમ સન્ડે. બધાં દિવસો કંઇ રવિવાર બની નથી શકતા.

પાલીતાણા જતી કેટલીક એસ.ટી. બસો જયતળેટી (જંબુદ્વીપ) સુધી લંબાવ્યા અંગે.

વિ. નીચે જણાવેલી પાલીતાણા જતી એસ.ટી. બસો પાલીતાણાના જયતળેટી (જંબુદ્વીપ) સુધી યાત્રિકોની સગવડતા લંબાવવામાં આવી છે.

(૧) રાણકપુર–પાલીતાણા (વાયા–અમદાવાદ)
(૨) પાલનપુર-પાલીતાણા (વાયા– ")
(૩) જામનગર–પાલીતાણા (વાયા-રાજકોટ)

જનરલ મેનેજર
શેઠ આ. ક. પાલીતાણા

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ-૧૨ (ગતાંકથી ચાલુ)

પ્ર.–૧૪૨ આવી વાસ્તવિકતા વિનાના કાવ્યો કેવા કહેવાય ?

ઉ.– ધર્મ પમાડવાના હેતુ માટે વિના ગમે તેટલા સારા કાવ્યો બનાવાય તો તેમાં રાગદ્વિની જ પ્રશંસા પોષાઇ હોય તેથી તે માત્ર ભાટાઇ વેડા જ ગણાય. જેથી શૃંગાર રસનું જ પોષણ થાય અને પરિણામે સંસારની વૃધ્ધિ પણ થાય.

પ્ર.–૧૪૩ શ્રી જૈનશાસનમાં તે કેવી રીતના ઓળખાય છે ?

ઉ.– તાર્કિક શિરોમણિ તરીકે.

પ્ર.–૧૪૪ તેમને બનાવેલ પ્રસિદ્ધ ગ્રન્થ અને પ્રસિધ્ધ સ્તોત્રનું નામ જણાવો.

ઉ.– તેઓશ્રીએ બનાવેલ પ્રસિધ્ધ ગ્રન્થ 'સન્મતિ તર્ક' છે અને પ્રસિધ્ધ સ્તોત્ર 'શ્રી કલ્યાણ મંદિર' સ્તોત્ર છે.

પ્ર.–૧૪૫ તેમની પ્રશંસા કયા સુપ્રસિદ્ધ જૈનાચાર્યે કરી છે ?

ઉ.– પરમાર્હત શ્રી કુમારપાળ પ્રતિબોધક કલિકાલ સર્વજ્ઞ, સરસ્વતી પુત્ર પ. પૂ. આ. શ્રી. વિ. હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ, સ્વોપજ્ઞ 'શ્રી અયોગવ્યવચ્છેદ બત્રીશી' માં કહ્યું છે કે—

"क्व सिद्धसेनस्तुतयो महार्था ? अशिक्षिताऽऽलापकलाक्व चैषा ! ।"

કહી તેમની પ્રશંસા કરી છે.

પ્ર.– ૧૪૬ તેઓ કયા રાજાના પ્રતિબોધક હતા.

ઉ.– તેઓ પરદુઃખભંજન શ્રી વિક્રમ મહારાજાના પ્રતિબોધક હતા.

પ્ર.–૧૪૭ શ્રી સિધ્ધસેન દિવાકર સૂરિજી મહારાજાના જીવન પ્રસંગો ટુંકમાં જણાવો.

ઉ– તેઓ સંસારીપણામાં કુમુદચંદ્ર નામના રાજમાન્ય વિદ્વાન બ્રાહ્મણ હતા. તેઓની વિદ્વત્તા ખરેખર અનોખી પ્રતિભા સંપન્ન હતી. ઘણા વાદીઓના ગર્વનું ભંજન પણ કર્યું હતું. તેમાં તેઓએ એકવાર તે સમયના સુપ્રસિધ્ધ જૈનાચાર્ય વાદી મુખ્ય પૂ શ્રી વાદિદેવ-સૂરીશ્વરજી મહારાજાની પ્રસિધ્ધિ સાંભળી તેને નહિ સહન કરતાં, તેમની સાથે વાદ કરવા તેઓની સન્મુખ ચાલ્યા. યોગાનુયોગ આચાર્યદેવ પણ તે તરફ વિહાર કરીને આવતા હતા.

માર્ગમાં બંન્ને મલ્યા. જૈનાચાર્યને હરાવવાની એટલી બધી પ્રબલ જીજીવિષા હતી કે ત્યાં જ વાદ કરવાની ઇચ્છા પ્રગટ કરી. પૂ. આચાર્યભગવંતે કહ્યું કે, અહીં મધ્યસ્થ સભ્યો નથી તો વાદ કઇ રીતના થાય ? તો પણ તેઓએ કહ્યું કે-આ ગોવાળો આપણા વાદમાં મધ્યસ્થ બનશે. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવના જાણ પૂ. આચાર્ય ભગવંતે સંમતિ આપી. પછી વિદ્વાન એવા કુમુદચંદ્રે દિગ્ગજ વિદ્વાનોના મસ્તક ડોલી જાય તે રીતના સંસ્કૃત ભાષામાં પોતાના પક્ષનું મંડન કર્યું પણ આંધળાને આરસી અને બધિર આગળ મધુર-ગાન સમાન અજ્ઞ એવા ગોવાળોને કશું સમજાયું નહિ તેથી કહે કે, આ લાંબુ લાંબુ કાન ફાડી નાખે તેવું બેસુસું શું બોલે છે તેની કશી ખબર પડતી નથી.

શ્રી જૈનશાસનના જાણ અને મિથ્યામતના વિદ્વાનમાં આ જ ફેર છે. મિથ્યામતનો વિદ્વાન ગમે તેટલો પ્રતિભાશાલી, વકતૃત્વશાલી હોય તો પણ એકમાત્ર મિથ્યાત્વના પ્રભાવે અજ્ઞાન અને અભિમાનથી એવો આંધળો બન્યો હોય છે જેથી વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થતી જ નથી. બીજાને જીતવાની ઇચ્છામાં બધોજ સારાસારનો વિવેક પણ ભૂલી જાય છે.

માર્ગસ્થ જૈનાચાર્યો-સુવિહિતો દ્રવ્ય ક્ષેત્ર-કાલ-ભાવના જાણ હોય છે. દ્રવ્યાદિ પણ ધર્મની રક્ષા માટે જોતા હોય છે પણ પોતાનું મનફાવતું કરવા જોતા નથી. પૂ. શ્રી વાદિદેવસૂરિજી મહારાજા પણ શાસનને સમર્પિત, દ્રવ્યાદિના જાણ મહાપુરૂષ હતા. તેઓશ્રી સમજતા કે મધ્યસ્થ સભ્યો ગોવાળો છે તેથી પ્રાકૃત ભાષામાં બદ્ધ, કર્ણપ્રિય અને ગોવળો પણ સમજી શકે તે રીતના નૃત્ય-રાસ કરતા 'નવિ મારઇ નવિ ચોરિ કરઇ.' ઇત્યાદિ બોલવા લાગ્યા. તેથી તે સાંભળીને ગોવાળો પણ આનંદમાં આવી તેમની સાથે રાસ-નૃત્ય કરતા કરતા બોલવા લાગ્યા કે, આ કેટલું સારૂં ગાય છે—સમજાવે છે. આ જીત્યા, આ જીત્યા !

કુમુદચંદ્ર પણ પ્રામાણિક હતા તેથી પોતાની હાર કબૂલ કરી, છતાં પણ પૂ. આચાર્ય ભગવંતે કહ્યું કે, આપણે કોઇ મોટા રાજાની સભામાં મધ્યસ્થ સભ્યજનો વચ્ચે વાદ કરીને હાર—જીત નકકી કરીએ. તે પ્રમાણે કરી, રાજસભામાં કુમુદચંદ્રને હરાવ્યો. પ્રતિબોધ પામેલા તેણે પૂ. આચાર્ય ભગવંત પાસે દીક્ષાને ગ્રહણ કરી. ભણી-ગણી યોગ્યતા પામવાથી આચાર્યપદ ઉપર આરૂઢ કર્યા અને તેમનું પૂ. આ. શ્રી સિદ્ધ-સેન દિવાકર સૂરીજી નામ પાડવામાં આવ્યું.

૦ ૦ ૦

એકવાર વિહાર કરતાં તેઓ ઉજ્જયિની નગરીમાં આવતા હતા. તે વખતે

શ્રી વિક્રમ મહારાજા હાથી પર બેસી બહાર જતા હતા. જૈનાચાર્યના જ્ઞાનની પરીક્ષા કરવા માનસિક નમસ્કાર કર્યો. આચાર્ય ભગવંતે હાથ ઉંચા કરીને ધર્મલાભ આપ્યો. તે વખતે શ્રી વિક્રમ મહારાજાએ પૂછયું કે–અમે તો હાથ પણ જોડયા નથી નમસ્કાર પણ કર્યો નથી તો ધર્મલાભ શી રીતે આપ્યો ? તો પૂ. આચાર્ય ભગવંતે કહ્યું કે–તમે અમને મનથી નમસ્કાર કર્યો માટે અમે તમને ધર્મલાભ આપ્યો. તેમના આવા જ્ઞાનથી ચમત્કૃત બનેલા રાજાએ તમને 'સર્વજ્ઞપુત્ર' એવું બિરૂદ આપ્યું.

તેમના જ્ઞાનથી આકર્ષિત બનેલા રાજાએ તેમને રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું. દરરોજ ભિન્ન ભિન્ન કાવ્યોની રચનાદિ સાથે જ્ઞાનગોષ્ઠિ થવા લાગી. તેથી આનંદિત થયેલા રાજાએ આપેલ પાલખીમાં બેસી તેઓ આવાગમન કરવા લાગ્યા. આ સમાચાર તેમના પરમતારક ગુરૂદેવને મળતાં, તેઓ તેમની ખામી દુર કરવા ગુપ્તવેષે તે જ નગરમાં આવ્યા. અને પાલખી ઉપાડનાર ભોઈના સ્થાને રહ્યા. વૃદ્ધપણાથી પાલખી હાલમડોલમ થતી જોઇ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી મહારાજા બોલી ઉઠયા કે– 'किं तव बाधति स्कंधे' આ સાંભળતા જ તેમના ગુરૂદેવે તુરત જ કહ્યું કે **'बाधति बाधते नतु स्कंध :'** આ સાંભળતા જ તેઓ સમજી ગયા કે મારા તારક ગુરૂદેવ વિના બીજું કોઇ હોય નહિ. તેઓ તરત જ પાલખીમાંથી નીચે ઉતરી ગયા અને ગુરૂદેવના પગમાં પડી પોતાની ભૂલની ક્ષમાપના માગી.

o o o

પ્રાકૃતભાષાબધ્ધ આગમ ગ્રન્થોને જોઇને **'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसा धूभ्यः'** ઇ। પ્રમાણે સંસ્કૃતની રચના કરી પોતાના ગુરૂદેવને કહ્યું કે, આપની રજા હોય તો બધા જ સૂત્રોને હું જે પ્રકૃતમાં નિબધ્ધ છે તેને સંસ્કૃતમાં બનાવું. ત્યારે તેમના પૂ. ગુરૂદેવે જણાવ્યું કે–બાલ, સ્ત્રી, મૂર્ખ, મંદ પ્રાણીઓના હિતને માટે સૂત્રોને પ્રાકૃતમાં નિબદ્ધ કરાયા છે. તમો આવ્યું બોલ્યા માટે તમારે તેનું પ્રાયશ્ચિત કરવું પડશે. પાપભીરુ ભવોદ્વિગ્ન એવા તેમણે પૂ. ગુરુમહારાજે આપેલ પારાંચિત પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો. ધારે તો સ્વયં નવો પંથ ચલાવી શકે તેવા સમર્થ આચાર્ય ભગવંત પણ પોતાના ગુરૂદેવ આગળ કેવા બાળ જેવા છે તે આના પરથી સારી રીતના સમજાય છે. અલ્પજ્ઞાની એવા આપણે ઉન્માર્ગને પુષ્ટિ આપનારા બની જઇએ કે તે તરફ ન ખેંચાઇ જઇએ તેની વિશેષ કાળજી રાખવાનો બોધ આ પ્રસંગ આપણને આ કાળમાં તો ખાસ આપે છે.

o o o

અવધૂતના વેષે તેઓ ફરી રહ્યા છે. વિક્રમ રાજાને પ્રતિબોધ કરવાના હેતુથી પુનઃ ઉજ્જયિની નગરીમાં આવે છે. મહાકાલના મંદિરમાં ઉતરી મહાકલ નામના શિવલિંગ તરફ પગ રાખી સૂઇ જાય છે. સવારના મંદિરના પૂજારીઓ આવી આ દૃશ્ય જોઇ અવધૂતને ઊઠાડવા પ્રયત્ન કરે છે અને તે તરફ પગ નહિ રાખવા કહે છે પણ આ કાંઇ સાંભળતા જ નથી. ઘણો પ્રયત્ન કરવા છતાં પણ કાંઇ પરિણામ નહિ આવતા મહાકાલ ભકત એવા વિક્રમ રાજા પાસે જઇ બધી વાત કરે છે. રાજાના માણસો આવી સમજાવવા છતાં પણ માનતા નથી તેથી તેને ઊઠાડવા શિક્ષા કરવા કોરડા મારે છે. પણ તે કોરડા અવધૂતને ન વાગતા રાજાની રાણીઓને વાગે છે, રાણીઓ બચાવો... બચાવો'ની ચીસાચીસ કરી મૂકી છે. તે જોઇ રાજા, અવધૂતને ચમત્કારિક માની તેની પાસે આવે છે અને હાથ જોડી વિનંતિ કરે છે. કે–ભગવંત ! અમારા ઇષ્ટદેવ તરફ પગ રાખી સૂવું આપના જેવાને શોભતું નથી. તે ગુસ્સે થશે તો તમને પાયમાલ કરી નાખશે. તેઓ કહે છે કે–રાજન્ આ દેવ તો મારી સ્તુતિને પણ સહન કરી શકે તેવા નથી. તેમ કહી પહેલા ભગવાન શ્રી મહાવીર દેવની સ્તવના રૂપ સ્તુતીઓ રચે છે. તે પછી શ્રી કલ્યાણ મંદિર સ્ત્રોત્રની રચના કરે છે જેની અગિયારમી ગાથા બોલતાં જ શિવલિંગ એકદમ ફાટે છે અને તેમાંથી દેદીપ્યમાન શ્રી અવંતિ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થાય છે. આ જોતાં જ સૌ આશ્ચર્ય પામે છે.

રાજાના પૂછવાથી કહે છે કે–યુગપ્રધાન આચાર્ય શ્રી આર્ય સુહસ્તિ મહારાજા નલિનીગુલ્મ વિમાનના વર્ણન રૂપ અધ્યયનનો પાઠ કરી રહેલા તે સાંભળતા જ અવંતિ-સુકુમાલને જાતિ સ્મરણ થતાં પોતે નલિનીગુલ્મ વિમાનમાંથી અત્રે આવ્યા તે સમજાયું અને ત્યાં જવા તેમની પાસે દીક્ષાને ગ્રહણ કરે છે. તે જ રાત્રિમાં ઉપસર્ગને મજેથી સહન કરી નલિનીગુલ્મ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. યુગપ્રધાનાચાર્યથી પ્રતિબોધ પામેલી તેમની ભદ્રામાતા અને બત્રીશ પત્નીઓ દીક્ષાને લઇ કલ્યાણ સાધે છે. એક ગર્ભવતી પત્ની બાકી હોવાથી સમયે પુત્રને જન્મ આપે છે અને તે પિતાની યાદમાં 'અવંતિ પાર્શ્વનાથ' ભગવાનનું જિનાલય બનાવે છે. કાલાંતરે બ્રહ્મણોનું જોર વધતા તે બિંબ ઉપર આ મહાકાલ નામથી શિવલિંગને કરી તેને પૂજે છે. જે મારી સ્તવના સહન ન કરી શકવાથી મૂલ બિંબ પ્રગટ થાય છે. આ રીતના શ્રી વિક્રમ રાજાને પ્રતિબોધ કરે છે.

શ્રી વિક્રમરાજાએ જે રીતના શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢયો છે તેનું વર્ણન શ્રી પર્યુષણા મહાપર્વમાં સાંભળીએ છીએ.

શાસ્ત્રભક્તિ એજ મુક્તિની દૂતી

— ગુણપરાગ

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ આરાધેલી તારક આજ્ઞા મોક્ષરૂપ ફલને આપનારી બને છે અને વિરાધેલી આજ્ઞા સંસારના દુઃખના ફલને આપનારી બને છે. તે આજ્ઞાને જાણવા માટે શાસ્ત્ર વિના બીજો એક પણ ઉપાય નથી. કષ-છેદ અને તાપથી વિશુધ્ધ એવું કોઇનું પણ જે વચન હોય તો એક માત્ર શ્રી સર્વજ્ઞ ભગવંતનું જ વચન છે, જે બધી રીતે સુવિશુધ્ધ છે. કેમકે, શ્રી પ્રશમરતિ ગ્રન્થમાં વાચક પ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ પણ કહ્યું છે કે-

"यस्मात्रागद्वेषोद्धतचितान् समनुशास्ति सद्धर्मे ।
सन्त्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सद्भिः । १८७।
शासनसामर्थ्येन तु सन्त्राणबलेन चानवद्येन ।
युक्तं यत्तच्छास्त्रं तच्चेतत्सर्वविद्वचनम् ।।१८८।।"

જે કારણથી રાગ-દ્વેષથી ઉદ્ધત બનેલા જીવોને સદ્ધર્મમાં સ્થાપિત કરે છે અને દુઃખથી રક્ષણ કરે છે તેથી સજ્જન પુરૂષો વડે તે શાસ્ત્ર કહેવાય છે (કેમકે, વ્યાકરણના જાણકારો 'शास्ति' ને અનુશાસનના અર્થમાં અને 'त्रैङिति' ને રક્ષણના અર્થમાં અભિપ્રેત છે.)

માટે નિરવદ્ય રીતે શાસન કરવાથી અને સારી રીતે રક્ષણ કરવાથી તેને શાસ્ત્ર કહેવું તે જ યુકિત યુકત છે અને તેજ ખરેખર શ્રી સર્વજ્ઞભગવંતનું વચન જ છે.

અને યોગ્ય ગીતાર્થ ગુરૂ ભગવંતાદિની નિશ્રામાં રહી શાસ્ત્રનો અભ્યાસ કરી

શ્રી વિક્રમ મહારાજાએ જે રીતના કાર્યો કર્યા તેથી તેમના નામનો વિક્રમ સંવત શરૂ થયો. પૂ. આચાર્ય મહારાજાનો આવો ભકત હોવા છતાં પણ જૈન શાસનની મર્યાદાના જાણુ એવા આચાર્ય ભગવંતે નથી કહ્યું કે-મારા નામનો સંવત્સર ચલાવો. આ પણ માર્મિક બોધ વિચારવા જેવો છે.

આ રીતના શાસનની અનુપમ આરાધના-પ્રભાવના કરી તેઓ શ્રી સ્વર્ગવાસી થયા, તેમના જૈન સાધ્વીજી મહારાજાને આ સમાચાર આપવા એક બ્રાહ્મણ કવિ ગયા અને 'દક્ષિણપથમાં હવે વાદિ ખદ્યોતો પેદા થશે' એમ બોલતો બોલતો ફરવા લાગ્યો, તેમના જૈન સાધ્વીજી મહારાજે આ સાંભળતા સમજી ગયા કે- 'नूनमस्तगतः सूरिः'

(ક્રમશઃ)

તેના ઉપર પુખ્ત માર્ગસ્થ વિચારણા કરી, આત્મામાં પરિણામ પમાડવામાં જ આત્માનું સાચું શ્રેય છે. તો જ શાસ્ત્રોનો સાચો પરમાર્થ હાથમાં આવે છે. બાકી શાસ્ત્રોના નામે ગપ્પા મારનારા તો પોતાના અહિતની સાથે અનેકના ભાવિની સાથે ચેડા કરનારા છે, અનેકના આત્મધનને લુંટનારા છે.

'ગીતાર્થ'નું લક્ષણ બાંધતા ઉપકારી પરમર્ષિઓએ કહ્યું છે કે–

'गीयं मुणी एगट्ठं ठिइत्थं खलु वयंति गीयत्थं' इति वचनाद् गीतो ज्ञपरिज्ञया प्रत्याख्यानपरिज्ञया च विदितोऽर्थो येन स गीतार्थो ।।"

માત્ર બોલવાથી ગીતાર્થપણું આવતું નથી. તેમની દરેકે દરેક પ્રવૃત્તિ માર્ગસ્થ અર્થાત્ મોક્ષમાર્ગને જ અનુકૂલ વ્યાપારવાળી હોય કે નહિ કે મોક્ષમાર્ગને પ્રતિકૂલ વ્યાપારવાલી. માર્ગસ્થ પ્રરૂપણાથી જ તે અભિવ્યંગ્ય બને છે. જેમકે, લોકોક્તિ પણ છે કે–હીનકુલમાં ઉત્પન્ન થયેલાને માથે શીંગડા નથી હોતા કે ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલાના કપાળમાં શોભા નથી હોતી પરન્તુ જ્યારે જ્યારે તે બોલે છે ત્યારે જ તેની ભાષા ઉપરથી કુલનું માપ જણાઇ આવે છે." તેની જ જેમ જે ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ માર્ગસ્થ શુદ્ધ પ્રરૂપણા કરે તે ગીતાર્થ છે અને લોકહેરીમાં તણાઇને, શાસ્ત્રોના અર્થોનો પોતાની ફાવટ પ્રમાણે ઉપયોગ કરે તેની ગીતાર્થતા આપોઆપ ચાલી જાય છે તેમાં પૂછવાનું હોતું જ નથી. ભાષાજ્ઞાન માત્રથી શાસ્ત્રોના રહસ્યોનો તાગ આવવો માનવું તે તો મૂર્ખતાની પહેલી નિશાની છે. અનુભવની એરણ વિના શાસ્ત્રજ્ઞાન વાસ્તવિક પરિણામ પામી શકતું નથી.

માટે જ શ્રદ્ધાસંપન્ન આત્માનો ગીતાર્થ મુનિવરાદિની સલાહ-સૂચન વિના એક ડગલું પણ ભરતા નથી. જે કાળમાં લેભાગુ-લુંટારા વધી જાય ત્યારે જેટલી સાવધગિરિ લેનાર-દેનાર અર્થાત્ વેપારી અને ગ્રાહક રાખે છે તેના કરતાં પણ અધિક સાવધગિરિ આત્મહિતૈષિઓએ શાસ્ત્રના નામે જ ચરીખાનારા ચારે બાજુ મિલાડીના ટોપનં જેમ કુટી નીકળ્યા હોય ત્યારે રાખવી જરૂરી છે નહિ તો આપોઆપ અધઃપતનની ખાઇમાં પડી જતા વાર પણ નહિ લાગે અને કયારે તેમાંથી બહાર અવાય તે જ્ઞાની જાણે !

આ ભયાનક સંસારગર્ત્તામાંથી આત્માનો ઉદ્ધાર કરનાર કોઇ પણ ચીજ હોય તો તે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલ શ્રી જૈનધર્મ જ છે. તે ધર્મની આરાધના ભગવાનની આજ્ઞા મુજબ કરાય તો આત્માનું એકાન્તે કલ્યાણ સુનિશ્ચિત છે. બાકી ધર્મના નામે ધર્મનો વેપાર કરનારા ઘણા હોય છે. માટે જ કહ્યું છે કે, ધર્મના સ્વરૂપને યથાર્થ

જાણનારા દુર્લભ છે, તે કરતાં પણ ધર્મના યથાવસ્થિત સ્વરૂપને કહેનારા દુર્લભ છે, તે કરતાં શ્રદ્ધાળુ શ્રોતા દુર્લભ છે અને આજ્ઞા મુજબ ધર્મ કરનારા તો તેથી પણ અતિ દુર્લભ છે.

જગતના જીવો અનાદિકાળથી ભૌતિક સુખ માત્રના જ અર્થી છે. તે માટે તેમને ઉદ્યમ કરવાની પ્રેરણા આપવાની જરૂર જ નથી, સ્વતઃ તેમાં સૌ ઉદ્યમ કરે છે.ગળથૂંથીમાંથી તેનો રસ કેળવીને આવ્યા હોય છે. જ્યારે ધર્મ માટે જ તેમને ઉત્સાહિત કરવાની જરૂર પડે છે.

સુવિહિત શિરોમણિ, શાસ્ત્રકાર પરમર્ષિ પૂ. આ. શ્રી. વિ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

"उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ।।

ઉપદેશ વિના પણ અર્થ-કામ પ્રત્યે લોકો સ્વતઃ પટુ-હોંશિયાર હોય છે. જ્યારે ધર્મ શાસ્ત્ર વિના સમજી શકાતો નથી માટે શાસ્ત્રને વિશે જ આદર કરવો હિતાવહ છે.

અર્થ કામને માટે ગમે તેમ મહેનત કે પ્રવૃત્તિ કરવામાં આવે તો બહુ બહુ તો અર્થ કામની પ્રાપ્તિ ન થાય પણ બીજું નુકશાન થવાની સંભાવના નથી. જ્યારે ધર્મ તો આજ્ઞા મુજબ જ કરાય કેમકે विधौ तावत्सर्वानर्थाभाव' વિધિપૂર્વકની ક્રિયાથી બધા અનર્થોનો અભાવ થાય છે. અર્થાપત્તિથી અર્થોની પ્રાપ્તિ થાય છે. પણ જો જેમ તેમ અવિધિથી કે ઇચ્છિત સાંસારિક ફલોની પ્રાપ્તિ માટે-અર્થ-કામને માટે પણ ધર્મ જ કરાય-તો તે ધર્મ ભગવાનની આજ્ઞા રહિતનો હોવાથી તેનાથી એકાંતે નુકશાન જ થાય છે. જેમકે, રોગીના રોગનું બરાબર નિદાન કરી ચિકિત્સા કરવામાં આવે તો વ્યાધિ-નાશ થાય છે. બાકી યોગ્ય નિદાનના અભાવે ગમે તેમ ચિકિત્સા કરવામાં આવે તો વ્યાધિ નાશને બદલે વ્યાધિ એવો વકરે છે કે વર્ણન ન થાય અને રોગી જીવતો છતાં રિબાઇ રિબાઇને મરે છે.

अर्थादावविधानेऽपि, तदभावः परं नृणाम् ।
धर्मेऽविधानतोऽनर्थः, क्रियोदाहरणात्परः ।।
पडिवज्जिऊण किरियं, तीए विरुद्धं निसेवइ जोउ ।
अपवत्तगाउ अहियं, सिग्घं च संपावइ विणासं ।।"

(ક્રમશઃ)

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ કયા જીવો શોચનીય બને છે તે અંગે.


"भयवं ! के जीवा सोअणीआ भवंति ? गोयमा ! अपाविअजिणदिक्खाउ असुअ सिद्धंतवयणाउ अबोहिअलोआउ अकयधम्माउ अग्गहिअअणुव्वयाउ अट्ठमय पंच पमाय च उक्कसायसंजुत्ताउ अक्खामिय सव्वजीवाउ अणालोइअ सव्व पावाउ जे जीवा परलोअं गच्छंति ते सोअणीया हवंति,जओ अणंते संसारे सयलदुहनिहाणे निच्चं दुहं अणुहवंता चिट्ठंति ।।"

ભાવાર્થ :- હે ભગવાન્ ! કયા જીવો શોચનીય બને છે ? હે ગૌતમ ! જેઓ શ્રી જિનેશ્વર દેવોએ કહેલી દીક્ષા પામ્યા નથી, સિધ્ધાંતના વચનો જેમણે સાંભળ્યા નથી, નથી જાણ્યું લોકનું સ્વરૂપ જેમણે, નથી કર્યો ધર્મ જેમણે, નથા ગ્રહણ કર્યા અણુવ્રતો જેમણે, આઠ મદ-પાંચ પ્રમાદ-ચાર કષાયથી યુકત જેઓ છે, સઘળા ય જીવો સાથે ક્ષમાપના કરી નથી જેમણે, એક પણ પાપની આલોચના જેમણે કરી નથી, તેવા જે જીવો પરલોકમાં જાય છે તેઓ શોચનીય બને છે અને જેથી સઘળા ય દુઃખના નિધાનભૂત સંસારમાં અનંતકાળ સુધી હંમેશા દુઃખને અનુભવતા રહે છે."

૦ કયા જીવો શોચનીય બનતા નથી તે અંગે-

"भयवं ! के जीवा सोअणीया न हवंति ? गोयमा ! जे उण गहिअदिक्खाउ गहिअसिद्धंत वयणाउ कयसुकयाउ अंगीकयअणुव्वयाउ कयसाहम्मिअवच्छलाउ दिन्नदाणाउ नाणपढंतकय साहिज्जाउ सुहभावणाजुत्ताउ लेहिअजिण वयणाउ खामियसव्वजीवाउ आलोइअ सव्वपावाउ जे जीवा परलोअं जंति ते सोअणोआ न हवंति, जओ सिग्घमेव सग्गं मुक्खं वा गच्छंति ।।"

ભાવાર્થ :- "હે ભગવાન ! કયા જીવો શોચનીય બનતા નથી ? હે ગૌતમ ! જેઓ ફરીથી ગ્રહણ કરી છે દીક્ષા જેમને, ભણ્યા (સાંભળ્યા) છે સિદ્ધાંતના વચનો જેમણે, કર્યા છે સુકૃતો જેમણે ગ્રહણ કર્યા છે અણુવ્રતો જેમણે, કર્યું છે સાધર્મિક વાત્સલ્ય જેમણે, દાન આપનારા, ભણવા ભણાવવામાં સહાય કરનારા, શુભ ભાવનાથી વાસિત, શ્રી જિનવચનને લખતા લખાવનારા, સઘળા ય જીવો સાથે ક્ષમપના કરનારા સઘળા ય પાપોની આલોચના કરનારા એવા જે જીવો પરલોકમાં જાય છે તેઓ શોચનીય બનતા નથી. જેથી જલ્દીથી જ તેઓ સ્વર્ગ કે મોક્ષમાં જાય છે."



- સંસારનું સુખ એવું છે કે જે જ્ઞાની સાવચેત ન રહે તો તેને પણ ગળો જાય અને દુર્ગતિમાં લઇ જાય.
- સુખ મળે તે પુણ્ય છે પણ ગમે તે પાપ છે.
- જગતમાં પુણ્યશાલીઓ માટે જ સુખની સામગ્રી છે. તે સુખની સામગ્રીની મજા જ સંસારને જીવતો રાખનારી છે.
- સંસારનું સુખ જેને ગમે તેનો સંસાર શાશ્વત !
- સંસારમાં જીવ, જે પોતે સારું માન્યુ હોય તે મેળવવા શું શું નથી કરતો ?
- સંસારના સુખ માટે દુઃખ વેઠવા કર્મ સહાયક છે. તે કર્મ જ બોલાવે : દુઃખ વિના સુખ નહિ, મહેનત-મજુરી વિના પૈસા નહી'
- મોહનીય એક એવું પાપ કર્મ છે જે પાપ જ કરાવે. તે મોહનીયનો એક ભેદ મેવો છે જે પાપને પાપ માનવા દે જ નહિ. પાપ વિના તે ચાલતુ હશે તેમ કહેવરાવે.
- આજે અવિધિનું સામ્રાજ્ય છે. મુર્ખાઓનું આધિપત્ય છે. વિધિ જાણવાની મહેનત નથી. વિધિ જાણ્યા પછી કરવાની ઇચ્છા નથી.
- ધર્મ કરવા સમજ જોઇએ. તેમાં કર્મ સહાય ન કરે.
- ધર્મના સંસ્કારવાળું જે પુણ્ય તેનું નામ પુણ્યાનુબંધી પુણ્ય. ધર્મના સંસ્કાર જે પુણ્ય સાથે જીવતા ન હોય તે પુણ્ય પુણ્યાનુબંધી નહિ.
- કર્મ ગ્રન્થિને પોષનારા છે, સહાયક છે, ભેદનારા નથી. તેને ભેદવા માટે સારેમાં સારે પુરૂષાર્થ જોઇએ, સારા અધ્યવસાય જોઇએ અને આજ સુધી કદિ ન આવ્યો હોય તેવો અપૂર્વકરણ નામનો પરિણામ એટલે કે આત્માનો અધ્યવસાય વિશેષ આવે તો જ ભેદાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખા પાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ધર્મકલા વિનાની બધી કલા નકામી છે

बावत्तरिकलकुसला,
पंडिअपुरिसा अपंडिआ चेव ।
सव्वकलाणं पवरं जे,
धम्मकलं न याणंति ।।

સઘળી ય કલાઓમાં શ્રેષ્ઠ એવી ધર્મકલાને જેઓ જાણતા નથી તેવા બોંતેર (૭૨) કલાઓમાં કુશલ એવા પંડિત પુરૂષો પણ અપંડિત-મૂર્ખ જ છે.

વર્ષ ૭

અંક ૨૦

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા.૪૦૦

પૂજ્યશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- આ બધા સંસારના સુખ માટે જ તમે જે ધર્મ કરતા હો, તો તમે અસલમાં ધર્મ જ કરતા નથી.
- આત્માને નિર્મળ બનાવવાનો જે સાચો ઉપાય તેનું નામ ધર્મ!
- પુદ્ગલનું આકર્ષણ છતી આંખે પણ આંધળા જેવા બનાવી દે છે.
- જીવન એવું બનાવવું જોઇએ કે, મરતાં પણ જરા ય મૂંઝવણ થાય નહિ.
- થોડું પણ જડનું આકર્ષણ થઇ જાય તો ય તે જેને ખટકે, તે અંતરાત્મા છે.
- આત્માના ખરેખરા કોઇ વૈરી હોય તો તે રાગાદિ જ છે.
- ધર્મને સાચવતાં સેંકડો અજ્ઞાનની ગાળો ખાવી પડે તો પણ ધર્મમાં જ સ્થિર રહેવું અને શિષ્ટ ધર્માર્થી જનોને સન્માર્ગમાં સ્થિર રહેવાનું સમજાવવું, તે તો જ બને જો લોકલેરીનો ત્યાગ કર્યો હોય!
- સંસારના પરિભ્રમણનું અને એથી ઉત્પન્ન થતાં દુઃખોનું વાસ્તવિક કારણ, જીવનો કર્મ સાથેનો સંયોગ છે.
- તમારી પૂજાથી જીવે તે વીતરાગ નથી અને આગમ આદિની પરવા રાખ્યા વિના, કેવલ તમારી મહેરબાની પર જ જીવે છે, તે સાધુ નથી.
- 'પોતાને પ્રતિકૂળ બીજા પ્રત્યે ન આચરવું'-તે જ સાચા અહિંસાધર્મની મુખ્ય ચાવી છે.
- શ્રી જૈનશાસન પામેલો આત્મા, બહારની ખટપટમાં ન પડે પણ આત્માની ખટપટમાં પડે.
- આવેશને વશ થયેલો આત્મા હિતાહિત કોઇપણ રીતિએ વિચારી શકતો નથી.
- સમતા એટલે મૂર્ખતા નહિ પરન્તુ સાચી આત્મરમણતા.
- જેનું ધ્યેય અર્થ-કામાર્જન હોય તે ચિન્તન પણ કુચિન્તન! અને તે ધર્મ પણ કુધર્મ!
- પોતાપણાની ઉપાસના જ્યાં સુધી ચાલુ છે તે આત્માથી ધર્મ છેટો છે.
- જ્ઞાનીની આજ્ઞાનો સ્વીકાર એ પરિણામે ગુલામીનો નાશક છે.
- આજ્ઞાની અવગણના બંધન અને ગુલામીના જ કારણરૂપ છે.
- આ લોકમાં જે સુખ છે તે જ ભોગવી લેવું એ જાતિનું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન છે.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ધનચંદ પદમશી મુઢકા (થાનગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ પોષ વદ ૬ - ૧ મંગળવાર તા. ૧૭-૧-૯૫ [અંક- ૨૦]

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-૨૦૪૬ (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૪ મંગળવાર તા. ૮-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

આજે બહુ જ બગાડો થઈ ગયો છે. જે ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે તે ધર્મ મોટો ભાગ સંસારનું સુખ અને મોજમઝાદિ માટે કરે છે. ધર્મ પાસે શું માંગાય ? જે જોઈએ તે બધું માંગાય એમ જ માનો છો ને ? ભગવાન પાસે બાયડી ય માગો ને ? દુર્ધ્યાનથી બચવા, સદ્ધ્યાનમાં રહેવા, ધર્મ પામવા અને સારી રીતે કરવા માટે માગતા હો તો માગવાની છૂટ છે. જે પોતે ભુખે મરતો હોય, ધર્મ ન થઈ શકતો હોય તેવો શ્રાવક ભગવાનને કહી શકે કે—પેટમાં નાખવા જોગું મલી જાય તો ધર્મ કરી શકું. તો તે માટે માગવાની છૂટ છે. પણ તેને શા માટે માગ્યું તે સમજો. પેટ ભરવા માગ્યું કે ધર્મ સારી રીતે થઈ શકે માટે માગ્યું ? મોટાભાગનો તો ધર્મને છોડીને અધર્મ કરવાનો જ હેતુ છે. તમારી પાસે આજીવિકાનું સાધન છે તો શું કામ વેપારાદિ કરો છો ? આજીવિકાનું સાધન હોય તે શ્રાવક વેપારાદિ કરે ? વેપાર કરવા જેવો છે ? વેપારને ધર્મ માનો છો કે અધર્મ ? વેપાર મજબૂરીથી કરો છો કે ન છૂટકે કરો છો ?

પ્ર.- પહેલાં સંતોષ મેળવવો કે સમકિત મેળવવું ?

ઉ.- સંતોષી જીવ ધર્મ પામે. લોભીયા જીવ કદી ધર્મ ન પામે.

અનંતાનુબંધીના કષાય મંદ પડે તે જીવ જ સમ્યગ્દર્શન પામે ને? ક્રોધાદિ કષાયો કરવા જેવા નથી તેમ જેને લાગે તે ધર્મ પામે કે બીજા? અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ મંદ ન પડે તે ખુદ શ્રી તીર્થંકર ભગવાનની દેશના પણ ન માને. અહીં આવે તે સંતોષી હોવા જોઇએ. અહીં કેમ આવો છો? સાધુ તો બધાને સાધુ જ બનાવે. દુનિયાનો સુખી, બીજાને સુખી ન બનાવે તો ખોટો કહેો. સાધુ, સાધુપણાની વાત કરે તો સાધુને ય ખોટો કહેો, તો તમે શું સમજો છો તે જ ખબર પડતી નથી.

શ્રાવકને દુનિયાની સુખ-સંપત્તિ ગમે નહિ. કર્મયોગે મેળવવી પણ પડે અને ભોગવવી પણ પડે તો ય ખરાબ જ લાગે, દુઃખથી-કમને ભોગવે, શ્રાવક-શ્રાવિકા મઝેથી સંસારમાં રહે નહિ, તેમને ઝટ મોક્ષે જ જવાનું મન હોય. આવું મન ન હોય તે બધા મિથ્યાદૃષ્ટિ છે, સંઘમાં પેસી ગયેલા છે. તેને ધર્મની ન્યારી વાતો કરે તેની સાથે મૈત્રી હોય. જે ધર્મની વાત કરે તે જ ગમે, જે સંસારની વાત કરે તેની સાથે બેઠક-ઊઠક પણ શ્રાવકને ન હોય.

બીજો ગુણ છે-રોજ જિનવાણી સાંભળે. તેમાં તો આજે દેવાળું છે ને?

પ્ર.- જિનવાણી ગમે ત્યાં સાંભળવા જવાય?

ઉ.- જે આત્મા મોક્ષનો જ અર્થી છે તે સંસારની વાત કરે ત્યાં જાય? વેપાર કરવા ગામ ન હોય તો શહેરમાં જાવ ને? તેમ જિનવાણી સાંભળવા ત્યાં જ જાય કે જ્યાં મોક્ષની સાધુપણાની જ વાત થતી હોય.

હજી અધ્યાત્મભાવ પેદા થયો નથી માટે આવા પ્રશ્નો ઊઠે છે. જે શરીરની ચિંતા કરવા કરતાં આત્માની ચિંતા કરે, આત્માના ભલાની ચિંતા કરે તેનું નામ શ્રાવક છે. જે બીજું કશું ન સમજે પણ ભગવાન થવા ભગવાનના દરબારે જાય, સાધુ થવા સાધુ પાસે જાય, સંપૂર્ણ ધર્મ પામવા ધર્મ કરે, તો તે સારો જીવ છે. તમને ધર્મ ગમે છે કે પૈસા-ટકાદિ ગમે છે? પૈસા હોય તો ભોગ ગમે? સંગ્રહ ગમે? કે દાન ગમે? આજના સુખી લોકો મફત પૂજા કરતા કેમ થઇ ગયા? તમે તમારી સામગ્રીથી પૂજા કરો કે પારકી સામગ્રીથી પૂજા કરો? ભગવાનની પૂજા-ભક્તિ અમે અમારી શક્તિ મુજબ, અમારી સામગ્રીથી કરીએ છીએ તેમ કેટલા બોલે? ભગવાનની પૂજા કરવા પોતાની સામગ્રીનો ઉપયોગ કરવાનું મન થતું નથી તે ગુનો છે કે ગુણ છે? ખાલી હાથે પૂજા કરવા જવાય? આજે બધા એવા ભિખારી થયા છે કે-શ્રાવકપણું જ દેખાતું નથી. મારાવતી પૂજા કરજો કહેનારો મફત પૂજા કરે?

જેને આત્માના કલ્યાણની, ઝટ મોક્ષે જવાની ઇચ્છા હોય તે અધ્યાત્મભાવ પામેલો હોય, કાં પામવાનો હોય. તેની સોબત ધર્મની વાત કરનાર સાથે હોય, સંસારની વાત કરનાર સાથે નહિ. તેનો આત્મા રોજ જિનવાણી સાંભળ્યા વિના રહે નહિ. આજે નામના શ્રાવક ઘણા છે. સાચા તો ગણ્યાગાંઠ્યા છે. તેમાં ય વ્યાખ્યાનમાં આવનારા સાચા શ્રાવક ઓછા છે. સાંભળનારનો મોટો ભાગ ન સમજવાના પચ્ચક્ખાણ વાળો છે! સમજવા માટે પૂછનારા કેટલા મળે? સમજ્યા પછી શક્તિ મુજબ અમલ કરનારા કેટલા મળે? આ બધાનું કારણ હજી અધ્યાત્મભાવ આવ્યો નથી અને પામવાની ઇચ્છા પણ નથી થતી તે છે.

તમે બધા શ્રાવકકુળમાં જન્મ્યા છો પણ ધર્મનું શિક્ષણ મળ્યું નથી. તમારા ઘરમાં રોજ મોક્ષની વાત થાય? શ્રાવક રોજ કુટુંબને ધર્મનો ઉપદેશ આપે. કુટુંબને ધર્મ સમજાવવો તે શ્રાવકનો આચાર છે. તમારા ઘરમાં રિવાજ ખરો કે ધર્મની વાત રોજ થાય?

શ્રી જિનવાણી રોજ બરાબર સાંભળે તો તેને હેયોપાદેય, કર્ત્તવ્યાકર્ત્તવ્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેય પેય, તત્ત્વાતત્ત્વ સમજાય. તો તેનું ઠેકાણું પડે. મનુષ્યપણામાં 'શું કરવા જેવું અને શું ન કરવા જેવું' આ ન સમજે તો ગતિ શી થાય? તે માટે રોજ સાંભળે. સાંભળેલું ન સમજાય તો ચેન જ ન પડે.

હું તમને રોજ આ સંસાર ભૂંડો કહું. તમે હા પાડો પણ હૈયામાં ન લાગે તો ઠગો છો. આ સંસાર તો એટલો ભૂંડો છે કે જેને ગમે, મઝેનો લાગે તેના માટે સદ્ગતિના દરવાજા બંધ છે અને દુર્ગતિના ખુલ્લા છે. તે બધા દુઃખી જ થવાના છે, કદી સુખી થાય નહિ અને કોઇ કરી શકે પણ નહિ. ખરેખર સુખી કોણ? જેને લોભ-માન ઓછા હોય, જે સંતોષી હોય તે. તમને પૈસાવાળા સુખી દેખાય છે પણ તેમના જેવા ખરેખર દુઃખી કોઇ જ નથી. આજના પૈસાવાળાને પૈસા ક્યાં મૂકવા તે ચિંતા છે!

પ્ર.- પૈસાદારો ઉપર ગુસ્સો કેમ છે?

ઉ.- બહુ જ પાપ કરી રહ્યા છે તેથી દુર્ગતિમાં જ જશે. તેમ લાગે છે. તેનાથી અટકાવવા છે માટે ગુસ્સો કરવો પડે છે.

સમજે તેને સમજાવાય. સાધુની વાત સાંભળવી ગમે તેને સમજાવાય, બીજાને નહિ. **ભાર કરુણા પણ જાતવાન ઉપર થાય, જેની તેની ઉપર નહિ. જે સમજે તેવા ન હોય તેની તો ઉપેક્ષા જ કરવી પડે.**

રોજ શ્રી જિનવાણી સાંભળે તેને આ બધું સમજાય. આગળના ગુણોની વાત હવે પછી

શાસ્ત્રભક્તિ એજ મુક્તિની દૂતી

— શ્રી ગુણુપરાગ

(ગતાંકથી ચાલુ)

તે જ કારણથી ધર્માર્થી આત્માએ હંમેશા શાસ્ત્રને વિષે જ બહુમાન રાખવું જોઇએ કેમકે મોહ રૂપી અંધકારથી વ્યાપ્ત એવા આ સંસારને વિષે શાસ્ત્રરૂપી પ્રકાશ જ સન્માર્ગમાં પ્રવર્ત્તન કરાવનાર છે.

"तस्मात्सदैव धर्मार्थी, शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकारेऽस्मिन् शास्त्रलोकः प्रवर्त्तकः ।।"

શાસ્ત્ર ઉપર ભક્તિ પેદા કરવા શાસ્ત્રના ગુણગાન ગાતાં કહે છે કે, પાપ રૂપી વ્યાધિનો નાશ કરનાર શાસ્ત્ર છે, પુણ્યકાર્યોનું કારણ શાસ્ત્ર છે, સૂક્ષ્મ–બાદર આદિ અર્થોને જોનાર ચક્ષુ પણ શાસ્ત્ર છે અને સઘળાં ય કાર્યો ને સાધનાર પણ શાસ્ત્ર જ છે.

"पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्य निबन्धनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ।।

આવા શાસ્ત્રને વિષે જેઓની જરાપણ ભક્તિ નથી; તેઓની બધી ધર્મક્રિયા, આંધળાની જોવાની ક્રિયા સમાન અને ઇચ્છિત ફલને નહિ સાધી આપનારી બને છે.

"न यस्य भक्तिरेतस्मिन्नस्तस्य धर्मक्रियापि हि ।
अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ।।"

એટલું જ નહિ, શાસ્ત્રને વિષે જેનો અનાદર છે તેના સઘળા ય ગુણો ઉન્મત્ત પુરૂષના શૌર્યાદિગુણોની જેવા હોવાથી સજ્જન પુરૂષોમાં કયારેય પ્રશંસનીય બનતા નથી.

"यस्य त्वनादरः शास्त्रे, तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ।।"

મલીન વસ્ત્રની શુદ્ધિ જેમ નિર્મલ જલથી થાય છે તેમ મલીન અંતઃકરણ રૂપી રત્નની શુદ્ધિ પણ શાસ્ત્રથી જ થાય છે તેમ પંડિત પુરૂષો કહે છે.

"मलीनस्य यथात्यन्तं, जलं वस्त्रस्य शोधनम् ।
अन्तःकरणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ।।"

માટે જ શ્રી તીર્થંકર દેવોએ શાસ્ત્રની ભક્તિને મુક્તિની શ્રેષ્ઠ દૂતી જેવી કહી છે. અથ-ભક્તિથી જેઓની મુક્તિ નજીક નથી તેઓને શાસ્ત્રને વિષે સાચી ભક્તિ પણ પ્રાપ્ત થતી નથી.

"शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता ।"

શાસ્ત્ર ઉપર હૈયાની સાચી ભક્તિ હોય તો સ્વપ્નમાં પણ શાસ્ત્રથી વિરૂધ્ધ જરા-પણ બોલાઈ-લખાઈ ન જાય તેની કાળજી આત્મામાં આપોઆપ આવી જાય છે. પણ આજે 'અમે જ સાચા' 'અમે જ દેશકાળના જાણુ' આવી વૃત્તિ આજના સુધારકોમાં એવી ઘર કરી ગઈ છે કે, સાચું સાંભળવા જોગી ધીરજ પણ તેઓ ગુમાવી બેઠા છે અને પોતાના મનઘડંત વિચારોને શાસ્ત્રનો ઓપ આપી અનેક ભળા-ભોળા ભદ્રિકોને સન્માર્ગથી ચ્યુત કરી ઉન્માર્ગગામી બનાવી રહ્યા છે. આવા ઉપદેશકોમાં અગ્રેસર એવા પં. શ્રી ચંદ્રશેખર વિજયજી જણિ બાલેખિત 'ધાર્મિક વહીવટ વિચાર' નામનું પુસ્તક અગ્રસ્થાનને પામે તેવું છે, જેના પાને પાને શાસ્ત્રના નામે જ શાસ્ત્રીય સત્યો-પરમાર્થોનો લોપ કરવામાં આવેલ છે. અનેક વિસંવાદિતાઓથી ભરપુર છતાં પોતાની પીઠ પોતે જ થાબડનાર તેને 'સંવાદિત' જણાવે ત્યારે સુજ્ઞજનોમાં જે હાંસીપાત્ર બને છે. 'પંચ મારા માબાપ પણ મારો જ કકકો સાચો, એ જ તેના પ્રણેતાનો મુદ્રાલેખ છે.

પોતાની મનઘડંત સિધ્ધાંતવિહોણી શાસ્ત્રીયતારહિત વિચારણાઓમાં, પોતાના સ્વર્ગસ્થ ગુરૂદેવોને પણ સંડોવવા જેવી ધૃષ્ટતા આચરનાર લેખકશ્રીની બુધ્ધિ માટે બુધ્ધિમાનોને શંકા પડે છે અને પોતે જ પાછા 'ગીતાર્થ' બીજા બધા——! અશાસ્ત્રીયતા અને અવિચારી વિધાનોથી ભરપુર એવા આ પુસ્તકને જરાપણ આવકાર આપવાને બદલે તેને ઠપકારો-ઝાટકારો આપવો તેમાં જ શાસનપ્રેમી આત્માઓની શાન છે. કાંટા-વાળા આખા માર્ગને ચામડાથી ન મઢી શકાય પણ પોતાના પગમાં જોડા પહેરી સ્વબચાવ-રક્ષણ કરવું ન્યાયી છે તેની જેમ અવિચારીપણા માટે પંકાયેલા લેખકશ્રીજીથી જાતને બચાવવી તે જ યોગ્ય છે.

શાસ્ત્રાજ્ઞા ઉપર પ્રેમ કેળવી સૌ પુણ્યાત્માઓ આત્મકલ્યાણને સાધનાર બનો તે જ હાર્દિક મંગલ કામના.

નવો મળેલો સહકાર

૫૦૦) રૂા. સ્વ. રમણલાલ જે. વોરા અષાડ સુદ ૧૧ની સ્વર્ગતિથિ નિમિત્તે સુશ્રાવિકા ઈન્દિરાબેન તરફથી પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ. ના ઉપદેશથી મુંબઇ

૫૦૦) રૂા. શાહ પાનાચંદ કચરાભાઈ શેઠીયા વડાલા મુંબઈ

❋ ખોટું ના લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

હીરો-ઇન હિજડો.

એક પોળના ઓટલા-મેમ્બરો ભેગા મળીને મારા ગુણગાન સપ્તાહની ઉજવણી કરી રહ્યા હતા. મારો એટલો ગુણ તો આખી પોળના સભ્યોએ કોઇપણ વ્યકિતના વિરોધ વગર સર્વાનુમતે સ્વીકારેલો હતો, અને મારો આ ગુણ જ એવો હતો ને કે ગમે તેવા દુર્ગુણી-દુર્જનને પણ પરાણે પણ ગાવાનું મન થઇ જાય. અને કહેવાય પણ છે ને કે-જશમીનો=કુલોની ખુશ્બુ લેવા માટે દ્વિરેફો=ષટ્પદો=ભ્રમરો કુલના આમંત્રણની પત્રિકાની રાહ જોયા વિના જશમીનો પાસે દોડી જતાં હોય છે. (જોકે અહીં મને એક શંકા પડેલી કે-આ જશમીનો જેટલા પણ ભમરા/પતંગિયા આવે તે દરેકને તેની પાસે આવવા જ દે છે. અને ભમરા/પતંગિયાઓ પણ એક જશમીનને છોડીને બીજા પાસે તે જશમીનના દેખતાં જ જતા હોય છે, લોગમાં સ્ત્રી તરફ ભ્રમરવૃત્તિના માણસો તો ધિક્કારને પાત્ર છે જ. પણ આજ સુધી કોઇ લેખકે/સાહિત્યકારે કે મારી જેવા ભદ્રંભદ્રે કે મહાકાવ્ય રચનાર ઋષિઓએ કે કવિતા રચનારા કવિરત્નોએ કેમ જશમીનને ધિક્કાર્યું નથી? કેમકે સુંદર રૂપ-રંગ અને લાવણ્ય પરાગ ઝરતા તથા સેંટ અત્તર છાંટયા વગર પણ ખુશ્બુ ખુશ્બુ ફેલાવનારા આ પુષ્પોની પાસે તો અધધધ! કેટલા બધાં ભમરા અને પતંગિયાઓ આવે છે, અને છતાં ભ્રમરને વ્યભિચારી કહેવામાં જરા પણ ભ્રમ રહ્યો નથી. જ્યારે કુસુમને બદચલનનું વ્યભિચારી કહેવાનાં ખૂબસુરત કુલને પીડા થશે તેવી લોકોને પીડા થતી લાગે છે. નહિતર આમ ન હોય.

એટલે મારી શંકા તો એટલી જ છે કે-ભ્રમરને વ્યભિચારી ગણનારા લોકોને કુલને કેમ વ્યભિચારી નથી ગણતાં? મારા કૂળદુપ ભેજામાં થઇ એવી શંકા ય હું તો માનુ છું કે કોઇને નહિ થઇ હોય. અરે! આ 'કલ્યાણ' અને 'જૈનશાસન'ના શંકા-સમાધાનની કોલમો લખનારાઓને પણ આવી પ્રચંડ કેટિની તાકતદાર શંકા કોઇને થઇ નહિ હોય.

આ એક સળગાવતી સમસ્યા હતી. તેનો ઉકેલ ન આવે ત્યાં સુધી હું અન્ન-જળનો ત્યાગ કરીને બેસી ગયો. આ ભીષ્મ પ્રતિજ્ઞા લેતા તો લેવાઇ ગઇ પણ સહુ પ્રતિજ્ઞાની પ્રથમ પળથી જ અગ્નિપરીક્ષા શરૂ થઇ. અન્ન-જળની સતત યાદ સતાવવા લાગી. જો કે આ તો મારા સત્ત્વ સામેની એક પ્રચંડાતિપ્રચંડ ચેલેંજ હતી. હું અન્નદેવ કે વરૂણદેવ (જળ) સામે જરાય ઢીલો ના પડયો. જૈનો જેમ માસખમણ-પાસખમણ-અઠ્ઠાઇ-અઠ્ઠમ કે છઠ્ઠ-ઉપવાસની ઘોર તપશ્ચર્યા કરે અને પારણાના દિવસે તેમને આગલી રાતે કદાચ મગના મેરૂ-

પર્વતો, રાબડીના સ્વયંભૂરમણ સમુદ્રો અને ખાખરાના છત્રરત્નો સપનામાં આવે તેમ આ અન્નદેવ કે વરૂણદેવનું મને સપનુ ય ના આવ્યું. હું કોણ? ભદ્રંભદ્ર. હું. (અને અન્નદેવ કે વરૂણદેવના પણ સપનામાં હું ના ગયેા. શું કામ જઈએ? મારે થેાડી તેમની ગરજ છે? એ ના આવે તેા હું તેમના સપનામાં શું કામ જઉં?) આમ જોકે કોઈને નજર સામે ખાફેલા કોરા મગનાં મીઠુ-મરચું-ધાણાજીરૂ અને લીંબુ નીચાવીને ખાખરાના બડકા ઉપર લઈને ખાતા જોઇને હું એ જોવામાં એટલેા બધેા ઓતપ્રોત થઇ જાઉ કે મારા મેાઢાની છ એ છ લાળ ગ્રંથીઓ મેાંમા એકદમ વરસી પરે. પણ મને મેાંમા પાણી નેા આવે હેાં.

મને અન્ન-વરૂણ દેવનું સપનું કેમ ના આવ્યું? તેની પણ મેં તપાસ કરાવી, મારા મન પાસે. એટલે ખબર પડી કે-મારી કૂલ વ્યભિચારી છે કે નહિ? એ શંકાનું સમાધાન ના થાય ત્યાં સુધી પારણાનું નામ શુદ્ધાં ઉચ્ચારવાનું નથી. અને આ સમાધાન શેાધાયા વિનાની શંકા તેા અનિશ્ચિત મુદત સુધી ટકે તેમ લાગ્યું. એટલે પારણાનેા દિવસ નકકી થયા વિના સપનું કયાંથી આવે?

મારી શંકાનું સમાધાન મેળવવા મેં હવે યુદ્ધના ધેારણે અહીં આજ એશિયા ખંડના, ભારતદેશના ગુજરાત રાજયના કોઇ નગરના, કોઇ પરા વિસ્તારની પેાળના એક નાનકડા ટ્રાફીક જામ રૂમમાં બેઠા બેઠાં જ અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મન, જાપાન, રશિયા, ચીન, પાકિસ્તાન, ઇરાક, ઇરાન, ઇઝરાયલ, પેલેસ્ટાઇન, પેન્ટાગેાન, આફ્રિકા, બી બી સી. લંડન બધાંય વિશ્વના ખૂણે ખૂણે તપાસ કરાવી કે-ભાઇ! કુલને તમે કઇ જાતિમાં ગણેા છેા?

પણ મીસ્ટર ક્લિન્ટન કે જહેાન મેજર કે યાસર અરાફત કે સદ્દામ હુસેન કોઇને મારા અન્ન-જળ ત્યાગની ચિંતા જ ન હતી. મારૂં પારણું વધુને વધુ દિવસ સુધી મેાકૂફ રહ્યા કરતું હતું. મનેય જોકે ચિંતા મારા પારણાની નહિ પણ સળગાવતી સમસ્યાના પ્રચંડ સમાધાનની હતી... મને ઓચિંતુ જ યાદ આવ્યુ કે-"પારકી આશા સદા નિરાશા યે હૈ જગ-જન પાશા" એટલે મેં જાતે જ કમ્મર ઘસીને હાથની બાંયેા ચડાવીને શબ્દેાના કૂવેા ઉગાડેલા કોષને મારા હાથમાં લીધેા.

એક એક પુસ્તક (વૃક્ષના) પત્તા તપાસવા માંડયા. કૂલ શબ્દને શેાધતેા ને શબ્દ કુલને શેાધતેા હું આખી બા-રાખડીમાં રખડી આવ્યેા. અને એક ગુજરાતી કોષના શાસ્ત્રાધારે નકિક કર્યું કે કુલ એ પુરૂષજાત નથી અને નારી જાત પણ નથી. પણ હિજડા જાતિ છે. પાવૈયા-વ્યંઢળ જાતિમાં પણ આટલા ખૂબસુરત ખૂશબેાદાર સુમનેા ખીલતા જાણીને ખુશી-નાખુશી થઇ.

હવે ખબર પડી કે-"કુલેા પાસે ભમરા-ભમરી કે પતંગિયા-પતંગિયણ બન્ને જાતની દંપતિ જાય તેા પણ કુલને વાંધેા નથી હેાતેા. કેમકે સાંભળ્યુ છે કે-"નપુંસક-

નાન્યતર જાતિના જાતકો–જીવોને નર અને માદા બન્ને તરફ સરખુ જ આકર્ષણ હોય છે. તેથી તે વ્યંઢળો સમાનતા વાદી છે.

મારી આ અંગત અત્યંત ખાનગી શોધ છે. અત્યાર સુધી સિનેમા વાળાઓ પણ હીરો અને હીરોઇનના પ્રેમની પરાકાષ્ટા બતાવવા માટે "ફુલ ઔર ભંવરે, દીપ પતંગે" આવા કપલ (દંપતિ)ને શોધી કાઢતા હતા. પણ તેમને મારા આ તેજણી આવિષ્કારથી ચોકકસ ભ્રમ–જ્ઞાન થશે કે–ફુલ તો હિજડો છે. અને અમે તો હીરોઇનને એ ફુલ હિજડા સાથે જ સરખાવીએ છીએ. (એજ રીતે દીપ અને પતંગ (પતંગિયું) આ બંને નર છે. આમાં કોઇ માદા નથી.) આજ સુધી સ્ત્રી સન્માન અને સ્ત્રી સમાનતા અને પુરૂષ સમોવડી અને સ્ત્રી સ્વતંત્રતાની વાતો કરનારા મુકત મનના અમે લોકોએ સ્ત્રી સમાજની બરોબર હિજડા ફુલ સાથે સરખામણી કરીને સ્ત્રીઓનું હળહળતુ અપમાન કર્યું છે. અમે આટલા બધાં સુધરેલા છતાં ય પહેલાની જુનવાણી પ્રમાણે જ કર્યું. પુરાતત્વના આપણા પૂર્વજો કયારેક નાટક કે ભવાઇ રાખતા તેમાં સ્ત્રીના પાત્ર તરીકે હિજડાને કે પુરૂષને જ રાખતા હતા. નવાવાણી અમે એવું જ કર્યું ને? (પણ પુરાતત્ત્વવાણીના–જુનવાણીના પગલે પગલે જ ચાલવાનું હોય ને? શું યાર, તમે થી)

મારા અને પારણા વચ્ચે હવે એક રાતનું જ સમજોને છેટું હતુ બરોબર મારા સત્ત્વથી પ્રસન્ન થયેલા અન્નદેવ–અને વરઘોડેવ મારા સપને આવ્યા બરા હું પારણું કરવાની તૈયારીમાં પેલુ "બડકું" તૈયાર કરીને ઠેઠ મોઢાકમળ સુધી લઇ ગયો. ત્યાંજ પારણું કરાવનારા રાજ કારણી બોલ્યા કે–ગુજરાતમાં કુલો ભલે હિજડા જાતિના હોય પણ બાકીના છ એ છ ખંડોની પાકી ચકાસણી કર્યા વગર પારણું કરવું જરા ઉતાવળીયું કે'વાય.

મેં કીધું–"ભલા માણુ'! પાકશાસ્ત્રના નિષ્ણાત બોરા વર્ગને પૂછી જોને કે ભાત રંધાઇ ગયા છે કે નહિ તે જાણવા બે–ચાર દાણા જ દાબે કે બધા? અરે! આ મહેન્દ્રસિંહ ટિકાયતને પૂછી જોકે–'કિસાન બરોબો બધા ઘંઉ પાકી ગયા કે નહિ તે જાણવા બે ચાર જ રોડા તપાસે કે બધાં? હે રાજપુરૂષ! મારા પારણામાં અંતરાય કરવાની તારે જરૂર નથી. હવે રેવાતુ ય નથી." પણ તમારો એક ગુણ કયો હતો? એ બધુ અત્યારે નહિ. અવસરે વાત. આમેય ભદ્રંભદ્ર જેવા મહાપુરૂષે કહિ પોતાના ગુણ કહેવાના ન હોય એમાંય અટાણે તો નહિ જ.

જૈન શાસન તથા મહાવીર શાસન માટે
નવસારીના પ્રતિનિધિઓ
શ્રી ભરતભાઇ એમ શાહ
ઠે. ડી. એન. આર. ડાયમંડ
આશાનગર ઓબ્રોય હાઉસ સામે,
નવસારી ફો.નં. ૫૦૪૬૪ તથા ૫૯૫૯૧
શ્રી ભૂપેન્દ્રભાઇ ગભરૂચંદ કોઠારી
એ. જયશાલી એપાર્ટમેન્ટ,
ગ્રાઉન્ડ ફ્લોર નાગ તલાવડી
નવસારી

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

33 તેથી હું વનવાસ માટે જઈશ.

"તો અયોધ્યાની આ ધરતી ભરતને આપો."

આ બાજુ દશરથ રાજા રામચંદ્રજીને રાજ્યગાદી સોંપી દીક્ષા ગ્રહણ કરવાની તીવ્ર તમન્નાથી શ્રી. સત્યભૂતિ મુનિવર પાસેથી નીકળીને રાજમહેલે આવ્યા. અને દરેક રાણીઓને, પુત્રોને તથા મંત્રીઓને બોલાવીને પોતાની વ્રતગ્રહણ કરવાની તીવ્ર તમન્નાને ઔચિત્ય ખાતર જણાવી.

એજ સમયે નમસ્કાર કરીને ભરતકુમાર બોલ્યા "હે પ્રભો! હું પણ તમારી સાથે જ દીક્ષા ગ્રહણ કરીશ. તમારા વિના હું એક ક્ષણ પણ રહી શકુ તેમ નથી. હે પ્રભો! જો આપ મારી આ વિનંતિનો સ્વીકાર નહિ કરો તો મારે તો બે અત્યંત દુઃસહ્ય કષ્ટો આવી પડશે. એક તો તમારો ન વેઠી શકાય તેવો વિયોગ. અને બીજું આ સંસારનું તર્પણ ("—તાપમાં તપવું")

રાજકુમાર ભરતની આ વૈરાગ્યભરી વાત સાંભળીને માતા કૈકેયીએ વિચાર્યું કે-'હવે પછી મારે પતિ પણ નહિ રહે અને પુત્ર પણ નહિ રહે.' આમ વિચાર્યા પછી તેણે દશરથ રાજાને કહ્યું કે-"યાદ છે, સ્વામિન! કે તમે મને સ્વયંવરના ઉત્સવ સમયે, મારા સારથીપણાથી ખુશ થઈને સ્વયં (અને જ) વર-વરદાન આપ્યું હતું. હે નાથ! તમે ઉચ્ચારેલી પ્રતિજ્ઞા પાળવામાં સદા કટિબદ્ધ છો. માટે આ સમયે મારે તે થાપણ રૂપે રહેલા મારા વરદાનની જરૂર છે, તે મને આપ આપો. કારણ કે મહાપુરૂષોની પ્રતિજ્ઞા પત્થર ઉપર પાડેલી લોઢાની લકીર જેવી ચિરકાળ સ્થાયી હોય છે."

એક પણ પળનો વિલંબ કર્યા વિના દશરથ રાજા બોલ્યા કે-"તને આપેલું વરદાન મને બરાબર યાદ છે. અને તેથી જ મારે આધીન જે કાંઈ છે તેમાંથી હે દેવિ! તું મારા દીક્ષા વ્રતને અટકાવવા સિવાયની કોઇ પણ ચીજ માંગી લે."

અને રાણી કૈકેયીએ વરદાનની માંગણી કરવાની ભૂમિકા રચવા પૂર્વક કહ્યું કે-" હે સ્વામિન્! જો તમે પોતે દીક્ષા લેવાના છો તો આ વિશ્વંભરા-આ ધરા-આ પૃથ્વિ અયોધ્યાની આ રાજ્યગાદી મારા પુત્ર ભરતને આપો."

"આ પૃથ્વિને તું આજે જ હમણાં જ ગ્રહણ કરી લે."

આમ કહીને રાજા દશરથે લક્ષ્મણ સહિત રામચંદ્રજીને ખુલાસો કરતાં કહ્યું કે-"આ કૈકેયીના સારથીપણાથી ખુશ થયેલા મેં પહેલાં તેમને વરદાન આપ્યું

હતું. અને તેણે મારી પાસે થાપણ રૂપે રાખી મુકેલું અને અવસરે માંગવાનું કહેલું તે વરદાન ભરતને રાજ્ય આપવાની માંગણી રૂપે માંગ્યું છે.

રાજ્ય ગાદીના ખરા હકદાર પોતે હોવા છતાં હૈયાપૂર્વક ખુશ થતાં રામચંદ્રજીએ કહ્યું કે-"મહાસત્વશાળી મારા વહાલા ભાઇ ભરતને માટે મારી માતા કૈકેયીએ અયોધ્યાનું રાજ્ય માંગ્યું છે તે તો અત્યંત સુંદર કર્યું છે. પરંતુ હે પિતાજી! એક વાતનું મને દુઃખ છે કે-તમે મને આવું જણાવ્યું તે તો આપની મારા ઉપરની કૃપા નજર છે. પરંતુ આવું મને કહેવા સુધી પણ તમને અમે પહોંચાડયા તે તો હે તાત! મારા આપની પ્રત્યેના અવિનયનું સૂચક છે. આ ભરતને તો શું પણ આ અયોધ્યાના એક બંદિને-કેદિને પણ જો ખુશ થઇને તમે અયોધ્યાનું આ રાજ્ય સોંપ્યું હોત તો પણ તમારા ચરણના સેવક એવા મને તેમાં અનુમતિ કે નિષેધ કરવાનો કોઇ જ અધિકાર નથી.

હે તાત! ભરત પણ હું જ છું. તમે ભરતને રાજ્ય આપ્યું તેમાં મને જ આપ્યા બરાબર છે. તમારા માટે તો અમે બન્ને રામ કે ભરત સમાન જ છીએ. માટે હે તાત! મારી હાર્દિક તમન્ના છે કે ઉત્કૃષ્ટ આનંદપૂર્વક મારા વહાલા ભાઇ ભરતનો રાજ્ય ઉપર અભિષેક કરાય.'

હકકના સીમાડા ઉપર પણ નિઃસ્પૃહ બનેલા રામચંદ્રજીના વચનો સાંભળીને ખુશી સાથે આશ્ચર્ય પામેલા દશરથ રાજાએ જેવો મંત્રીશ્વરોને ભરતનો રાજ્યાભિષેક કરવા આદેશ આપ્યો તેવા જ ભરતકુમાર બોલ્યા કે-"હે તાત! મેં તે પહેલેથી જ તમારી સાથે દીક્ષા અંગીકાર કરવાની તમને વિનંતિ કરેલી છે. માટે હે તાત! કોઇના પણ વચનથી (ભલે પછી તે વચન મારા નિઃસ્પૃહી વડિલ બંધુ રામચંદ્રજીનું હોય) મારી આ વિનંતિનો ઇન્કાર તમારાથી કરી શકાશે નહિ."

રાજાએ પણ કહ્યું કે-"આટલા લાંબા કાળ સુધી તારી માતાને મેં આપેલું થાપણ રૂપે મારી જ પાસે રાખેલું વરદાન આજે તારી માતાને આપીને હું ઋણમુકત બન્યો છું. હે વત્સ! રાજ્ય સ્વીકારવાનો ઇન્કાર કરીને મારી પ્રતિજ્ઞાને તું ખોટી ન પાડ. મારી અને તારી માતાની રાજ્ય સ્વીકારની આજ્ઞા છે તે તારાથી ઉલ્લંઘી શકાશે નહિ.

વચમાં પડતા રામચંદ્રજીએ પણ ભરતને કહ્યું કે-હે બંધુ! તને અભિમાન જરાય નથી છતાં પણ પિતાજીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ખાતર પણ તું આ રાજ્યને ગ્રહણ કર."

આ સાંભળતાં તો આખમાં આંસુ ભરાઇ આવતાં ભરતે વડિલબંધુના પગમાં પડીને ગદ્ગદ સ્વરે કહ્યું કે-ઉદાત્તવૃત્તિવાળા તાતપાદને અને વડિલબંધુ આપને આ રીતે મને રાજ્ય સોંપવું તે આપને માટે જરૂર ઉચિત છે. પણ હે બંધુ! તે રાજ્યને ગ્રહણ કરવું મારા માટે તો કોઇ હિસાબે યોગ્ય નથી. શું હું પણ આ પિતાનો પુત્ર નથી? શું હું તમારો નાનો ભાઇ

નથી ? આ રીતે રાજ્યનો સ્વીકાર કરૂં તો તો જગત મને માતૃમુખો-એવકૂફ ગણશે.

જ્યાં સુધી ભરત રાજ્ય ન સ્વીકારે ત્યાં સુધી પિતાજી દીક્ષા ગ્રહણ કરી શકે તેમ નથી. મને પોતાની હાજરીમાં આ ભરત રાજ્યનો સ્વીકાર કરશે નહિ આથી પિતાજીની ઋણમુક્તિ થઇ શકશે નહિ. સર્જાયેલી પરિસ્થિતિ ઉપરથી આવું નિશ્ચિત કરીને રામચંદ્રજીએ દશરથ રાજાને કહ્યું કે-"હું જ્યાં સુધી અયોધ્યામાં હઇશ ત્યાં સુધી આ ભરત રાજ્યનો સ્વીકાર નહિ કરે માટે હે તાત ! હું વનવાસ માટે જઉં છું." આ રીતે જણાવીને ભક્તિપૂર્વક પિતાને નમસ્કાર કરીને ચોધાર આંસુડે ભરત રડવા લાગવા છતાં તેની પરવા કર્યા વિના ધનુષ-બાણને ધારણ કરીને રામચંદ્રજી ત્યાંથી નીકળી ગયા.

राज्यं नादास्यते
तस्माद्वानवासाय याम्यहम् ।

મારી હાજરીમાં ભરત રાજ્યને ગ્રહણ નહિ કરે માટે હું વનવાસ માટે જઉં છું.

શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા કેનસુમરાવાળા નાઈરોબીની વિવિધ તપસ્યાઓ

૧ વર્ષીતપ
૨. વીશ સ્થાનક તપ પુરો
૩. વર્ધમાન તપ ૧૩ ઓળી
૪. પંચમી ૬૫ પુરો
૫. નવાણું યાત્રા સાત છઠ્ઠ બે અઠ્ઠમ સાથે
૬. મહાવીર સ્વામીની ૧૨ અઠ્ઠમ
૭. છ માસી તપ પુરો
૮. ચારમાસી તપ પુરો
૯. નવપદજી ઓળી બે વાર પૂર્ણ
૧૦. પુનમ તપ
૧૧. ચૌદ પૂર્વ તપ
૧૨. એકાદશી તપ પુરો
૧૩. મેરુ તેરસ.
૧૪. લખી પડેવા તપ પુરો
૧૫. ગણધર તપ પુરો
૧૬. ઉપધાન તપ એક
૧૭. અઠ્ઠાઇ ચાર
૧૮. ૪૫ આગમ તપ પુરો
૧૯. સમોવસરણ તપ પુરો
૨૦. અક્ષય નિધિ તપ પુરો
૨૧. મોક્ષ દંડક તપ
૨૨. ચંદનબાળા બે અઠ્ઠમ
૨૩. નાના કલ્યાણક તપ પુરો
૨૪. પંચરંગી તપ

૨૫ સુશ્રાવિકા પાનીબેનની આ મહાન તપસ્યાઓની અનુમોદના

શ્રી શંખેશ્વર પાર્શ્વજિનેન્દ્રાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃત સૂરિભ્યો નમઃ

શ્રી હાલારી વીશા ઓશવાળ શ્વે. મૂ. ત. જૈન ધર્મશાળા

વીરમગામ હાઇવે મુ. શંખેશ્વર (વાયા : વીરમગામ) ગુજરાત

મુખ્ય કાર્યાલય :– શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર-૩૬૧૦૦૫

દાતાઓના નવા નામો તખતીઓ

૧૨૫) હજાર શાહ કાનજી નરશી કુ. બી. વિંગ મુંગણીવાળા
હોલ ૨૦×૪૦ આગળ ભોજનશાળા વિભાગ

૨૫) ,, શાહ જેઠાલાલ દેવશી ખીમસીયા બી. રૂમ. ૧ ચેલા મુંબઇ

૨૫) ,, ,, રાયચંદ જેઠાભાઇ ગડા (વેટીંગ એસરી) હોલ આગળ ટીબ્રી મલાડ

૪૫) ,, ,, લખમણ વીરપાર માદ્ર ઉપાશ્રય આગળની ઓસરી સોડસલા

૨૫) ,, ,, મેઘજી રણમલ દોઢીયા નાઘેડી હાલ મુલુન્ડ
હા. શાંતિલાલ તથા હા. ન્યાલચંદ મેઘજી ઉપાશ્રય ઓસરી

૫૧) ,, ,, રણમલ રામજી ગુદકા ગાગવા ઉપાશ્રય રૂમ નં. ૪ સાયન મુંબઇ

૨૧) ,, ,, લાલજી હરગણ ગુદકા સીગમ ગોરેગાંવ મુંબઇ

૫૧) ,, શાહ વીરચંદ ગોસરભાઇ સુચરીઆ ડબાસંગ જામનગર
હા. રતીલાલ વીરચંદ ઉપાશ્રય રૂમ નં. ૩

૩૧) ,, શ્રીમતી ઝવીબેન પ્રેમચંદ વેલજી ગુદકા ઉપાશ્રય સીડી નીચે રૂમ નવાગામ

શ્રી નિભાવ ફંડ (૧૫ હજાર)

૬. શાહ રમણિકલાલ કેસવજી (ચાપાબેરાજા) આર. કે. શાહ જામનગર

૭. ,, શાંતિલાલ મોતીચંદ હરીયા હા. જયંતિલાલ (પડાણુ) જામનગર

૮. શ્રી પ્રોવીડન્ટ પ્લાસ્ટીક ઇંન્ડસ્ટ્રીઝ હા. રામજી આણંદ તથા કુલચંદ કેવસી ,,

૯. શાહ જેઠાલાલ ધરમસી હા. કાનજી જેઠાભાઇ બેરાજા જામનગર

૧૦. ,, ગોપાલજી કરમસી જાખરીયા હા. રમણીકલાલ ગોપાલજી (વડાલ) ,,

૧૧. ,, ગોસર વીરપાર દોઢીયા હા. શાંતાબેન ગોસર નવાગામ જામનગર

૧૨. શ્રીમતી પદ્માબેન લખમણ કરણીયા જોગેશ્વરી મુંબઇ
ઓસવાળ કેટરર્સ હા. મુરજીભાઇ

બાંધકામ સહાયક ફંડ (૧૧ હજાર)

૬. શાહ લખમણ નથુભાઈ સાવલા હા. હીરજીભાઈ ઢીંચડા બીળી માટુંગા મુંબઈ
૭. ,, હીરજી પામાભાઈ હા. લીલાધર સીગમ ,, ,,
૮. ,, મેઘજી લખમણ હરીયા ચી. કીશોરના શ્રેયાર્થે નવાગામ શાંતાક્રુઝ ,,
૯. ,, નથમલ લખમણ ગડા હા. મેઘજી નાથાભાઈ પાણી હોલ દીબડી વાંદરા
૧૦. ,, વેરશી હીરજી હા. નિરેન તથા કિતેષભાઈ મોટા આંબલા મુલુન્ડ
૧૧. ,, મેઘજી પામાભાઈ જુના હરીપર હાલ લંડન
૧૨. શ્રીમતી મોંઘીબેન માણેકચંદ ગોસર સુતરધરી માહીમ મુંબઈ
૧૩. શાહ લખમશી પુંજાભાઈ ચંદરીયા હા. જયંતિલાલ વિનોદ મહેન્દ્ર રાવળપર મુંબઈ
૧૪. શ્રીમતી જમનાબેન દેવરાજ પેથરાજ ગુઢકા સીગય હા. હેમરાજ, ઝવેરચંદ, કેસવજી, કુલચંદ તથા કાંતિલાલ દેવરાજ ગોરેગાંવ મુંબઈ
૧૫. શાહ લાલજી વીરજી માડ્ લાખાબાવર જામનગર

શુભેચ્છક (૫ હજાર)

૯૮. શ્રીમતી પુરીબેન ભગવાનજી રાજપાર ખીમસીયા ચેલા હા. કુલચંદ પુંજાભાઈ હાલ નાઇરોબી
૯૯. શાહ સોજપાર નાથાભાઈ માડ્ ડબાસંગ જામનગર
૧૦૦. શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકા સીગય મુંબઈ
૧૦૧. ,, રાયચંદ કારાભાઈ હરીયા હા. કુલચંદ મુંગણી માટુંગા મુંબઈ
૧૦૨. શ્રી. ગંગાબેન ગોસર કમરા હરીયા મોટામખીયા હા. મગનલાલ તથા ગુલાબભાઈ શાંતાક્રુઝ ગોળીબાર રોડ
૧૦૩. શાહ કાંતિલાલ વૃજપાલ ગોસરાણી રાસંગપર મુલુન્ડ
૧૦૪. ,, લખમશી નરશી દોઢીયા હા. કંકુબેન આરબલુસ પ્રભાદેવી
૧૦૫. ,, રાયચંદ મોકર જાખરીયા રાસંગપર માટુંગા
૧૦૬. ,, શ્રીમતી પદ્માબેન કેસવજી કચરા સુમરીયા ગોઇજ માટુંગા મુંબઈ
૧૦૭. શ્રીમતી હેમતીબેન હીરજી નથુભાઈ માડ્ ગોઇજ માહીમ
૧૦૮. ,, જીવીબેન ગોવા મુરા. ગોસરાણી નવાગામ અંધેરી

૧૦૯. શ્રી ડાયમન્ડ અગરબતી હા. અમૃતલાલ ગોવિંદજી મુંબઇ
૧૧૦. શાહ લીલાધર જેઠાભાઇ દોઢીયા નવાગામ મહીમ મુંબઇ
૧૧૧. ,, કુલચંદ પરબત લાલજી ચંદરીઆ લાખા માવળ કાળા ચોકી મુંબઇ
૧૧૨. ,, કુલચંદ હીરજી માલદે ,, ,, નળ બજાર
,, નરશી મેરગ સુમરીયા વસઇ હા. કમલાબેન નરશી ૮૨૭૭૭ ,,

બાકી નકરાની વિગત—

કેન્ટીન દુકાન આગળ પાછળ ઓસરી બાંધકામ કુલ ૧૦૦૦ ફુટ

૧ વિશ્રામ ફુટ ૪૦૦ ૫૧૦૦૦/
૨ કેન્ટીન ફુટ ૪૦૦ ૪૫૦૦૦/ | એક સાથે ઠરાવો રૂા. ૧૨૫૦૦૦/
૩ ,, ,, ૨૦૦ ૩૦૦૦૦/

૧૨૬૦૦૦/

સ્ટાફ ક્વાર્ટર્સ

૧ ફુટ ૫૦૦ નકરો ૬૧૦૦૦/
૨ ,, ૫૦૦ ,, ,,
૩ ,, ૨૫૮-૩૦૦ નકરો ૩૫૦૦૦/
૪ ,, ,, ,,
૫ ,, ,, ,,
૬ ,, ,, ,,

બગીચા અને ક્રીડાંગણનું કાર્ય કરવાનું છે તેના નકરા

આગલા માર્ગે ચાર બગીચા
૧થી૪ નકરો દરેકના રૂા. ૭૫૦૦૦/
૧થી૨ ક્રીડાંગણ પાછળના
ભાગ દરેકના નકરો રૂા. ૧૨૫૦૦૦/

વર્તમાન સમાચાર

ધર્મશાળામાં યાત્રિકોની આવન જાવન સારી થાય છે કારતક સુદ ૧ તથા કા. સુ. ૧૫ તથા પોષ દશમીના દિવસોમાં ધર્મશાળા કુલ થઇ ગઇ હતી.

દક્ષિણ વિભાગ (બીજી વીંગ) નું અંદર પ્લાસ્ટર થઇ ગયુ છે બહાર ચાલે છે. ઉપાશ્રયનું પ્લાસ્ટર હવે થશે.

આગળના ભાગમાં બગીચા ક્રીડાંગણના ૪ વિભાગ છે વચ્ચેથી રસ્તાની ચોકડી પડે છે. તે ચાર વિભાગની જુદી જુદી તકતી રહેશે.

પાછળના ભાગમાં બે મોટા વિભાગ પડે છે વચ્ચે રસ્તો છે તેના નકશા પણ નકકી થયા છે આકર્ષક અને આહલાદક પ્લાન કર્યું છે.

કંપાઉંડવોલ અને મુખ્ય ગેટનો નકશો નકી થયો છે અને તેની મુખ્યદાતા તરીકેની તકતી નકી થઇ છે જે હવે પછી જાહેર થશે.

ધર્મશાળાના બાંધકામમાં શ્રી કાનજી હીરજી મોદી આદિ સક્રિય અને ઉદ્યમથી કાર્ય કરી રહ્યા છે સંચાલન માટે મુંબઇના મુખ્ય કાર્યકર્તાઓ અને જામનગરના કાર્યકર્તાઓ સાથે મળીને નવી કમિટી નકી થાય છે.

ધર્મશાળાના સંચાલન ખર્ચમાં ત્રણ વર્ષ કાળજી રાખવાની દૃષ્ટિએ ૫-૫ હજારની ત્રણ વર્ષની યોજના વિચારી છે તે અંગેની પ્રવૃત્તિ ચાલુ થયે જાહેર કરવામાં આવશે.

સર્વ હાલારી વીશા ઓશવાળ ભાવિકો તથા સકલ શ્રી જૈન સંઘને શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ આવતા અહીં પધારવા અને ઉતરવા માટે નમ્ર વિનંતિ છે.

આ બાંધકામમાં માત્ર હાલારી વીશા ઓશવાળ મહાજનનું જ દાન લેવામાં આવે છે. એક બીજાને પ્રેરણા કરી આ કાર્યમાં સહકાર આપશો.

આપનું એક નામ આ મહાન કાર્યમાં સહકાર રૂપે આવે તે અનુમોદનીય છે. શુભેચ્છક તથા નિભાવ ફંડ તથા બાંધકામ ફંડમાં સહાયક તો અવશ્ય બનો તે સાડકાર પણ કિંમતી થશે.

-: ધર્મશાળા કમિટિના સભ્યો :-

૧. કેશવલાલ કુલચંદ શાહ-નાઇરોબી, ૨. હરખચંદ નેમચંદ શાહ-નાઇરોબી
૩. કાનજી હીરજી શાહ-જામનગર, ૪. મહેન્દ્રભાઇ સોજપાર ગોસરાણી-જામનગર
૫. જતીનકુમાર મેઘજી દોઢીયા-નાઇરોબી ૬. મનસુખલાલ ગોપટલાલ દોઢીયા-મુંબઇ
૭. મગનલાલ લક્ષ્મણ મારૂ-થાણા ૮. હરખચંદ ગોવીંદજી મારૂ-ઘાટકોપર
૯. છગનલાલ નેમચંદ શાહ-મુલુંડ ૧૦. શાંતિલાલ ઝીણાભાઇ ધનાણી-જામનગર
૧૧. મનસુખલાલ રાયચંદ પારેખ-જામનગર ૧૨. રતિલાલ પદમશી શુદકા-થાનગઢ
૧૩. હરિલાલ અમૃતલાલ શાહ-અમેરિકા ૧૪. જયંતિલાલ મેરગ ધનાણી-જામનગર

મુંબઇ સંપર્ક : C/o. મગનલાલ લક્ષ્મણ મારૂ
પારસમણિ મહાત્મા ગાંધી રોડ, નવપાડા, થાણા (મહારાષ્ટ્ર) ફોન ૫૦૧૪૧૩

શ્રી હાલારી વીશા ઓસવાલ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) ઇન્ડિયા

શાસન સમાચાર

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના પીપલગામમા ઉજવાયેલ અદ્‌ભૂત ઐતિહાસિક જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

પરમ પૂજ્ય આ. દે. શ્રી પ્રભાકર સૂરીશ્વરજી મહારાજની પાવન નીશ્રામાં સા. શ્રી. હંસકીર્તિશ્રીજીની પ્રેરણાથી શાહ છોટાલાલ નગીનદાસ પરિવાર સુશ્રાવક શાહ છોટાલાલ નગીનદાસના સુકૃતોની અનુમોદના નિમિત્તે જીવતું જગતીયું તરીકે એક અદ્‌ભૂત મહોત્સવ ઉજવાઇ ગયો.

જે મહોત્સવમાં આખા ગામને કમાનો રોશની દ્વારા ઉજાગળ કરવામાં આવ્યું હતું. વિવિધ પૂજા અને જિનેન્દ્ર ભક્તિ માટે નાસિક, સંગમનેર પૂના–ખડકી તેમજ સ્થાનિક મંડળે અદ્‌ભૂત ભક્તિની રમાવટ કરી હતી. માગસર વ. ૫ ના દિવસે દેરાસરજીને દેવવિમાન તુલ્ય બનાવાયું હતું. ગામમાં પ્રથમ વાર આવી મહાપૂજા બની હતી. રોજ પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવી હતી. વિવિધ ભાવનાઓ એક એકથી ચઢિયાતી અપાતી હતી. ગહુલીઓ એક એકથી ચઢે તેવી બનાવાઇ હતી. રોજ સંઘપૂજનો થતા હતા.

આ મહોત્સવના અંતિમ દિવસે મહારાષ્ટ્રમાં થયેલ દીક્ષાર્થીઓના માતા–પિતાનું તેમજ દીક્ષાર્થીઓના ધર્મ પત્નિઓ તેમજ મહારાષ્ટ્રના દરેક ગામોના સંઘપ્રમુખનું બહુમાન કર્યું હતું. પીપલગામ બેંકનો લોલ પણ નાનો પડયો હતો. જ્યાં ત્યાં ઉભેલી હકડેઠઠ માનવમેદની આનંદોલ્લાસ અનુમોદના કરતી હતી.

પૂજ્ય શ્રીએ પ્રવચનમાં ફરમાવ્યું હતું કે આ ધર્મસભા છે. અહીં કોઇએ આ શેઠે આટલી ફેકટરી બનાવી માલું કાંઈ બોલવું નહિ નહિતો મારે ચાલુ પ્રવચને અટકાવવું પડશે. દીક્ષાર્થીઓની માતાઓ રત્નકુક્ષી બને છે. હજારો જિનમંદિરો સોના ચાંદી અને ઝવેરાતના બનાવે તેના કરતાં પોતાના પૂત્ર–પૂત્રીને ચારિત્ર અપાવનારને શાસ્ત્રકારો એ વધુ ભાગ્યશાળી કહ્યા છે. દીક્ષાર્થીના પિતા કુટુંબ અને શાસનનું ગૌરવ વધારે છે. દીક્ષાર્થીની પત્ની અખંડ સૌભાગ્યવંતી બને છે. જૈન સંઘના પ્રમુખ બન્યા પછી પ્રમુખોની શું જવાબદારી છે. તે પૂજ્યશ્રીએ સમજાવ્યું હતું.

પૂર્વના આચાર્ય ભગવંતોએ લોહી અને હાડકાના ખાતર દ્વારા આજ લગી આપણને આ જૈન ધર્મનો પાક આપ્યો છે. જિનશાસનની આજ્ઞા સમજવા માટે ખાસ ભાર મૂકયો હતો. પ્રભુની આજ્ઞાને ઓવફા બનનારની દુર્ગતિ થાય છે. પ્રભુની આજ્ઞા માનવી તેમની આજ્ઞા મુજબ વહિવટ કરવો તેમાં તીર્થંકર પદ સુધીનું પુણ્ય

બંધાવાના શકયતા છે. દરેક દીક્ષાર્થીઓના માતા પિતા તથા પત્ની તેમજ સંઘપ્રમુખનું સુંદર ભરત ભરેલી શાલ શ્રીફળ તથા હારતોરાથી બહુમાન થયેલ. શેઠશ્રી છોટાભાઈને ચાંદીનો રથ નાનો અર્પણ કરાયો હતો.

આ આખો પ્રસંગ શ્રી છોટાભાઈ નગીનદાસનો ૯૦ વર્ષની ઉંમરે પુણ્ય પ્રભાવ, આરાધનાનો અજોડ પ્રેમ અને તેમનો ઉત્સાહ નિહાળી સૌ તાજુબ બની ગયા હતા. લક્ષ્મી મળવી જૂદી વાત છે ધર્મક્ષેત્રમાં પ્રભાવક દાન કરવું તે જૂદી વાત છે. આ પ્રસંગ નિહાળી અનેકો વિચારી રહ્યા હતા આપણે પણ જીવનમાં આવો એક મહોત્સવ કરવો.

શ્રી છોટાભાઈનો વિશાળ પરિવાર તેમની આજ્ઞા ઉઠાવવા કટિબધ્ધ હતા. માતા પિતા પ્રત્યેનો બહુમાનભાવ કુટુંબનો સંપ અને આરાધના અનુકરણીય-અવિસ્મરણીય અને અનુમોદનીય બન્યા છે.

જીવદયાની સુંદર ટીપ થઇ હતી ત્રણે ટાઇમ મહેમાનોની અદ્‌ભૂત સાધર્મિક ભકિત થઇ હતી.

દીક્ષાર્થીઓના કુટુંબીજનોને સેવાની જોડી-સાલ વિગેરે દ્વારા બહુમાન થયું હતું. પધારેલ સાધર્મિક-ભાઇ-બેનોને સેવાની જોડી દ્વારા બહુમાન તેમજ ગામના અગ્રણી અજૈનોને ઘડિયાળ આપી બહુમાન કર્યું હતું. કુલ ૩૦૦ પૂજાની જોડી ભારે, ૧૫૦ ઘડિયાળો, ૧૫૦ શાલો અપાઇ હતી.

નિત્ય સવારે પૂજ્યશ્રીના તત્વાનની સરવાણી વહાવતા જિનામૃતનું પાન કરી સાધર્મિકો ભાવ-વિભોર બની જતા હતા. બપોરે પૂજનો અને રાત્રે ભાવનામાં નાના મોટા સૌ એકાકાર બની માનવજીવનની મોંઘીરી ક્ષણોને સોનેરી બનાવી સમ્યગ્‌દર્શનને નિર્મળ બનાવવા પૂર્વક જિનવચનની શ્રદ્ધાનો પાયો અંતરમાં ઉંડો ઉતારતા હતા.

છોટાભાઇએ જીવનકાળ દરમ્યાન નિત્ય બે ટાઇમ પ્રતિક્રમણ, પોતાના પરિવારમાંથી છ જેટલી બેનોને સંયમ પંથે મોકલ્યા સંયમ લેવા માટે અનેકને પ્રોત્સાહિત કરી સહાય કરી શાસન સેવા કરી. ૯૦ વર્ષની ઉંમરે બેસણા કરે છે. ૧૪ નિયમ ધારણ પચ્ચકૂખાણ કરે છે. હસ્તગિરિ, પિપળગામ, નાસિક, પાલિતાણા, શિરસાળા, અમલનેર, ચાંડવડ, વિગેરે સ્થાનોમાં પ્રતિમાજી પધરાવ્યા છે. સમ્યગ્‌જ્ઞાનમાં જીવવિચાર નવતત્વ, સાધુવિધિ કરેલ છે. રોજ ચારથી પાંચ સામાયિક તેમજ પર્વ દિવસે પૌષધની આરાધના કરે છે.

રાત્રિભોજન સંપૂર્ણબંધ, જ્ઞાનપંચમી નવપદજી, મૌન એકાદશી તેમજ વર્ધમાન તપની ૧૬ ઓળી કરેલ છે. ત્રણ ઉપધાન-છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઇ કરેલ છે. પીંપળગામ તેમજ સિધ્ધગિરિમાં શાશ્વતી ઓળીની આરાધના કરાવેલ છે. બે ચાતુર્માસ સિદ્ધગિરિ કર્યા. ૯૯ સિદ્ધગિરિયાત્રા અનેક પુણ્યશાળીઓને સિદ્ધગિરિ યાત્રા કરાવી. ગુરૂ ભગવંતોના ચાતુર્માસ પરિવર્તનના લાભ લીધા છે. ઉપધાનમાં સુંદર લાભ લઇ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરેલ છે. શ્રી સંઘમાં આગેવાન શ્રાવક તરીકે ખુબજ સુંદર કાર્યો કરેલ છે. પરિવારને ધર્મ સંસ્કારો આપી ધર્મવાસિત બનાવ્યું છે.



- ધર્મની બાબતમાં આપણે 'સંતોષી' છીએ ! પૈસાની બાબતમાં જગત 'અસંતોષી' છે.
- માન-પાન, ખ્યાતિ-પ્રખ્યાતિ-પ્રતિષ્ઠાદિ ગમે તે બધા મોટે ભાગે દુર્ગતિગામી. તે બધા જ પાપ કરે અને ધર્મ પર્વ તે માટે જ કરે.
- દેવ-દેવીના ભક્તો દેવ-દેવીની જેવી ભક્તિ કરે છે તેવી જો ભગવાનની કરે તો મોક્ષ આ રહ્યો !
- બાર ભાવના વાળામાં જ સાચી મૈત્રી આવે !
- આપણે જ કરેલા પાપથી જ દુઃખ આવે તો તે દુઃખને ખરાબ કહેવાનો શો અધિકાર છે ?
- સારી રીતે ખાઇ-પી શકાય, ભોગવી શકાય, મજા કરાય તે માટે દુઃખ કાઢવું તે જ પહેલા નંબરનું પાપ !
- જે પુણ્યથી મળે તે જ સંસારનું સુખ. જે સ્વભાવથી મળે તે આત્માનું સુખ !
- સુખમાં ફાવે તે સાધુ હોય તો સાધુ મટે, શ્રાવક હોય તો શ્રાવક માટે, સમકિતનું સમકિત જાય અને માર્ગાનુસારીનો નીતિ ધર્મ પણ જાય તેટલું ભયંકર આ સુખ છે.
- સંસારના સુખના અર્થી માટે દુર્ગતિ જ છે આ વાત જેના હૈયામાં ન બેસે તે બધા મિથ્યાદૃષ્ટિ જ છે.
- સંસારના સુખને સારા માને તે શ્રાવકના કુળ જ નહિ. તે સુખના ગેરલે જ વ્યસન વધ્યા, ખોટા ધંધા વધ્યા, લક્ષ્મીનો લોભ વધ્યો, બધા જ પાપ વધ્યા.
- મારે જવાનું છે તો કયાં જવું તેનો નિર્ણય ન કરે તેને બુદ્ધિમાન કહેવાય કે કેવો કહેવાય ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

સવિ જીવ કરું અઠવાડિક શાસન રસી.

શ્રી જિનવાણી નિર્મલ પ્રજ્ઞાનું પ્રદાન કરો

અનાદિનિધનાઽદીના, ધનાદીનામતિપ્રદા ।
મતિપ્રદાનમાદેયાઽનમા, દેયાજ્જિનેન્દ્રવાક્ ।।

આદિ,–અંત રહિતા, દીનતા રહિતા, ધનાદિને આપનારી, ગ્રહણ કરવા લાયક, કોઇને પણ નહિ નમનારી એવી શ્રી જિનેશ્વરદેવની વાણી અમને બુદ્ધિનું દાન આપો અર્થાત્ અમારી પ્રજ્ઞા નિર્મલ કરો.

વર્ષ ૭ અંક ૨૧

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- દર્શન એટલે શ્રી જિનેશ્વર દેવ, તેમની આજ્ઞાનુસાર વર્ત્તનારા નિર્ગ્રંથ ગુરૂદેવો અને શ્રી સર્વજ્ઞ દેવોથી ઉપદિષ્ટ ગણધર દેવોથી ગુમ્ફિત અને પૂર્વાચાર્યોથી સુરક્ષિત આગમ તે જ અમારૂં તારક, એના સિવાય ઉદ્ધાર જ નથી એમ માનવું તે દર્શન !
- 'મારે દુઃખ નથી જોઇતું અને સુખ જોઇએ તેમ દુનિયાના સઘળા ય જીવોને દુ ખ નથી જોઇતું પણ સુખ જોઇએ છે'-આ વિચાર હૃદયમાં સ્થિર થઈ જાય તો માણસાઈ આવ્યા વિના રહે જ નહિ.
- શ્રાવકકુલમાં જન્મ્યા પછી મોક્ષમાર્ગ આરાધવાની અરૂચિ, એ ખરે જ ભયંકર પાપ છે.
- જે પ્રવૃત્તિના પરિણામે પરિગ્રહની એટલે કે-અર્થકામની લાલસા વધવાનો હોય, તે પ્રવૃત્તિને સાચો મુનિ કદિ જ સાથ આપી શકે નહિ.
- શાસનના પૂજારીઓએ ગભરાયા કે મૂંઝાયા વિના માનાપમાનની ચિંતા છોડીને પ્રભુ આજ્ઞા મુજબ પ્રભુમાર્ગની રક્ષાના પ્રયત્નો અવિરતપણે ચાલુ રાખવા જોઇએ.
- મોહવશ બનેલા આત્માઓ કોઇના થયા પણ નથી અને થવાના પણ નથી.
- લોભ એ એવી ભયંકર વસ્તુ છે કે-ભલભલા આત્માઓ પાસે એ નહિ કરવાનું કાર્ય કરાવી નાખે છે.
- શાસનની પ્રભાવનાને નામે જાતની પ્રભાવનામાં મચી પડવું, એ પ્રભુશાસન પ્રત્યેની ભયંકરમાં ભયંકર અને ન માફ કરી શકાય તેવી નિમકહરામી છે.
- શાસનના પ્રતાપે મેળવેલી મોટાઇ અને નામનાનો ઉપયોગ જાત પ્રભાવનામાં કરવો, એના જેવી ભયંકર નફટાઇ બીજી કોઇ પણ નથી.
- જયાં કોરો સ્વાર્થ હોય છે, ત્યાં વ્યવહાર પણ કદરૂપો બને છે.
- રસનાની લાલસાને આધીન બનેલા પામર આત્માઓ સુદેવ, સુગુરૂ અને સુધર્મને પણ સમય આવ્યે નીંદવાનું નથી ચૂકતા !
- 'મધુર' રસોના સ્વાદની ઇચ્છા, એ પણ પ્રમાદ જ છે.
- ધર્મક્રિયા માત્ર સંસારની લાલસા કાપવાને માટે કરવાની છે.
- અનુકૂળતા ઇચ્છવી અને પ્રતિકૂળતાથી મૂંઝાવું એ પતનનું કારણ છે.
- આવેશ એ ભયંકર વસ્તુ છે. આવેશમાં આત્મા કશો જ સુંદર વિચાર નથી કરી શકતો.

કલાપૂર્ણ સૂરિમંત્ર સમારાધક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મોહનજી ગુહકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વડોદરા)
ચારુચંદ્ર મોહનલાલ ગુહકા (ખાચરોદ)

વર્ષ ૭] ૨૦૫૧ પોષ વદ - ૮ મંગળવાર તા. ૨૪-૧-૯૫ [અંક- ૨૧]

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-પાંચમું

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૫ બુધવાર તા. ૯-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ-૧

સંબંધો કાયવ્વો, સદ્ધિં કલ્યાણહે ઉમિત્તેહિં ।
સોઅવ્વં જિણુવયણું, ધરિયવ્વા ધારણા સમ્મં ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિઓ અધ્યાત્મભાવને પામવાના ઉપાયોને સમજાવી રહ્યા છે. જેમ સંસારના જીવો દુનિયાના સુખ માટે અને સંપત્તિ માટે ધર્મની એક વાત કાને ધરતા નથી. ધર્મને આઘો મૂકીને પણ ગમે તે રીતે સુખ અને સંપત્તિ મેળવવા ગમે તે પ્રવૃત્તિ કરે છે. તેમ જે જીવોને આ સંસારથી છૂટી વહેલામાં વહેલા મોક્ષે જવું છે, તે માટે અધ્યાત્મભાવ પામવો છે તેઓ પણ તે માટે સારી પ્રવૃત્તિ કરે છે. જેને પોતાનો વહેલો મોક્ષ થાય, પરલોક ન બગડે તે માટે આખા સંસારની ઉપેક્ષા કરે તો સમજી લેવું કે તે આત્મા અધ્યાત્મભાવ પામવાનો છે. જે લોકો સંસારની સાધના માટે બધું કરે, ઘોર પાપ કરે, જેલમાં ફસાવાનું થાય તો ય ગભરાય નહિ અને ધર્મની વાતમાં માસથી આ આ ન થાય તેમ કહે તે ધર્મ કરી શકે ? સંસારથી બચી શકે ? મોક્ષે જઈ શકે ? જેને સંસાર છોડવા જેવો ન લાગે, મોક્ષ મેળવવા જેવો ન લાગે, પરલોક ન બગડે તેની ચિંતા ન હોય તેવો જીવ અધ્યાત્મભાવ પામી શકે ? તમે અધ્યાત્મભાવ પામ્યા છો ? અધ્યાત્મભાવ પામવાની ઇચ્છા છે ?

જેને અધ્યાત્મભાવ પામવાની ઇચ્છા હોય તેને ધર્મની જ વાત ગમે, સંસારની વાત ન ગમે તેવા જ મિત્રો–સાથી અને સંબંધીની સોબત ગમે. માત્ર સંસારની જ વાત કરે તે ન ગમે, ધર્મની જ વાત કરે તેની સાથે બેઠવું, ઊઠવું ગમે. દીકરા પણ તે જ ગમે જે ધર્મની વાત કરે ને સાંભળે. સંસારમાં જીવવાવાળા જેમ ધર્મની વાત સાંભળવા તૈયાર નથી હોતા તેમ જેને વહેલા મોક્ષે જવું હોય તે સંસારની વાતમાં રસ લે ? બે શ્રાવક ભેગા થાય તો ધર્મની, મોક્ષની, સંસારથી છૂટવાની, દુર્ગતિમાં ન જવાય તેની સાવધગિરિની સદ્ગતિમાં કેમ જવાય તેની જ વાત કરે. વેપારાદિની વાત કરવી પડે તો કરે પણ તેમાં મન નહિ. તમને આ વાત પસંદ છે ? આવા જીવને જીનવાણી સાંભળ્યા વિના ચેન પડે નહિ. સુસાધુનો યોગ હોય તો જિનવાણી સાંભળ્યા વિના રહે જ નહિ. આજે આવા શ્રાવક કેટલા મળે ?

આ કાળમાં તો સાધુઓ પણ ભગવાનની વાતથી ઊલટી વિપરીત વાત કરનારા થયા છે. ભગવાન ખુદ કહી ગયા છે કે–મારા શાસનમાં ઘણા સુંડાઓ, મહા-મિથ્યાદૃષ્ટિ પાકવાના છે. માટે આ કાળમાં જેને ધર્મ કરવો હશે તેને ઘણા સાવધ રહેવું પડશે, ગમે તેમ કર્યે ધર્મ ન થાય. ધર્મનો સંસર્ગ કરવો મુશ્કેલ છે. ધર્મની વાત આજે સારા માણસોને ય ગમતી નથી. શ્રાવક જિનવાણી સાંભળ્યા વિના રહે ? આ અમદાવાદ એવું છે જ્યાં સદા સાધુ હોય. વ્યાખ્યાન ન ચાલે તેમ ન બને. અહીં રહેનારો શ્રાવક વ્યાખ્યાન સાંભળ્યા વિના રહે ? આજે નહિ સાંભળનારા કેટલા ? મોટો ભાગ. કારણ તેમને આત્માને ઝટ મોક્ષે પહોંચાડવાની ભાવના નથી પરલોક ન બગડે તેની ચિંતા નથી, સદ્ગતિ થાય અને વહેલી મુક્તિ થાય તે સ્વરૂપ અધ્યા-ત્મભાવ પેદા થયો નથી. કરવો છે ? આજનો સાંભળવા આવનારો મોટો ભાગ દેખાવનું સાંભળે છે, સમજવાનું દિલ નથી. સાધુ શું વાત કરે ? સંસાર છોડવાની જ વાત કરે. તમારી શી ઇચ્છા છે ?

મહાપુણ્યોદયે જૈનકુળમાં જન્મ મળ્યો છે. દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા જેવા સુદેવ મળ્યા છે, આખા સંસારને ભૂંડો કહેનારા અને છોડવા જેવો સમજાવનારા સુગુરુ મળ્યા છે, ત્યાગમય ધર્મ મળ્યો છે–આટલી ધર્મસામગ્રી મળી છે તો તમારી શી ઇચ્છા છે ? ઝટ મોક્ષે જવું છે ? મોક્ષે ન જવાય ત્યાં સુધી દુર્ગતિમાં જવું ન પડે તેમ જીવવું છે. સદ્ગતિ મળે ધર્મની સામગ્રી મળે અને વહેલા મોક્ષે જઈએ–આવી પણ ભાવના પેદા થઇ છે ? દુનિયાની સુખ–સંપત્તિ ગમે તે રીતે મેળવવી છે અને ભોગવવી છે તેવો જે નિર્ણય છે તેવો જ મોક્ષે વહેલામાં વહેલા જવાનો નિર્ણય

છે ખરો ? આવો જેનો નિર્ણય હોય તેને ધર્મની વાત કરનારા સિવાય સંસારની જ વાત કરનારા સાથે સંબંધ પણ ન ગમે. ધર્મની જ વાત કરનારા મિત્રો, સાથી, સંબંધી ગમે. મા-બાપ પણ એવા જોઈએ જે ધર્મની વાત સમજાવે.

બીજો ગુણ છે જિનવાણી સાંભળ્યા વિના રહે નહિ, અને સાંભળેલું સમજ્યા વિના રહે નહિ. આજના શ્રાવકો, સદ્‌ગુરુનો યોગ હોય તો જિનવાણી સાંભળ્યા વિના રહે જ નહિ-તેમ બોલાય ? તમે બધા તેવા છો ? તેવા થવાનો વિચાર પણ છે ? ધર્મનું કામ આવે અને ન સાંભળો તે જુદી વાત. પણ સંસારનું કામ આવે તો ય સાંભળ્યા વિના ન રહો તો અધ્યાત્મભાવ આવ્યો તેમ કહેવાય !

પ્ર- સંસારના વ્યવહારમાં રહેવું પડે ને ?

ઉ- સંસારનો વ્યવહાર એવો જ હોય જે ધર્મકામમાં અંતરાય કરે જ નહિ. તેના સ્નેહી, સંબંધી, પરિચિતોને ખબર જ હોય કે-આ સમયે આ ભાગ્યશાલી આ આ ધર્મક્રિયામાં જ હોય. આ ચિંતા તમારામાં ન હોય તો ધર્મ શી રીતે આવે ?

ધર્મ તો આત્મા ધારે તો જ કરી શકે, જે સમજદાર હોય, નિશ્ચયવાળો હોય, અધ્યાત્મભાવ જાગ્યો હોય તે જ કરી શકે. બાકીના તો ધર્મ સાંભળે પણ નહિ, સાંભળેલું સમજે પણ નહિ, સમજેલું યાદ પણ રાખે નહિ. અમે સાંભળેલું અને સમજેલું અમારા સાથીઓ, કુટુંબ-પરિવારાદિને કહ્યા વિના રહીએ નહિ તેવો પણ નિર્ણય ખરો ? બજારમાં સારી ચીજ આવી હોય, ન લાવી શકો તે બને પણ ઘરે આવીને કહો શું ?

જેને અધ્યાત્મભાવ આવ્યો, આત્માના કલ્યાણનો નિર્ણય થયો તે આત્મા બદલાઈ જાય. તેને મોક્ષ વિના બીજો વિચાર પણ ન હોય, સંસારમાં રહે તો ય સંસારમાં મન ન હોય, ધર્મમાં જ મન હોય. જે આત્માઓ, ધર્મ પામ્યા તે થોડાકાળમાં જ મોક્ષે ગયા, તેવી કેટલી કથાઓ સાંભળી ? અધ્યાત્મભાવ પામેલા જીવો એવા ઉમદા હોય છે કે જેનું વર્ણન ન થાય. તેને ધર્મ કરે તેના ઉપર રાગ હોય. ધર્મ ન કરે તે સગો દિકરો પણ વહાલો ન લાગે. તે સંસારમાં ન છૂટકે જ રહ્યા હોય. 'હું સંસારમાં ન છુટકે રહ્યો છું" તેમ તમે કહી શકો ખરા ? સંસારમાં રહેવાનું મન પણ નથી તેમ પણ કહી શકો ખરા ? આવું ન કહી શકે તે શ્રાવક હોય ખરા ? શ્રાવકને સંસારમાં રહેવાનું મન હોય ? તે લગ્ન પણ કરે, વેપારાદિ પણ કરે પણ તેનું મન શું હોય ? સંસારની બધી પ્રવૃત્તિ કરે પણ કરવાનું મન હોય ? સાધુ ન થાય તે બને પણ સાધુ નહિ થવાની ઇચ્છા ન હોય તે બને ? જેને આવી ઇચ્છા ન હોય તે બધા નાટક કરે છે, દેખાવ કરે છે, ધર્મની ઘણી નિંદા કરાવે છે. (ક્રમશઃ)

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

"અજ્ઞાન વિમોચન"

ટીનુએ એક વખત પપ્પુને કહ્યું–બોલ, તું અંધારામાં એકલા જતાં ડરે છે ને?

પપ્પુએ ડચકારો બોલાવીને ના પાડી.

ટીનુંએ કીધું–હા, હવે રહેવા દે ને, તું ડરે જ છે.

પપ્પુએ જરા હસતા હસતા કહ્યું–ના યાર, સાચું કહું છું

ટીનુને પોતાની વાત સાચી જણાતા ફરી કહ્યું. હવે તો તું હરયો એટલે ચોકકસ ડરે છે તે નકિક થઇ ગયું.

પપ્પુએ કીધુ–ના બે. સાચું કહું છું. જો તને વિશ્વાસ ના બેસતો હોય તો ચાલ મારી સાથે અંધારામાં.

આ જોક્સ કોઈએ બનાવ્યો અને મેં વાંચ્યો એટલે તેના ત્રીજા જ દિવસે મને આવી જ દશામાંથી પસાર થવું પડયું.

બન્યુ એવું કે–હું ભીવંડી ગયેલો. ત્યાં એક સાધ્વીજી મ. સાહેબે મને કીધું કે –બોલો તમને એક પ્રશ્ન પૂછું પણ એનો જવાબ તમને નહિ આવડે.

મેં કીધુ–તમને જવાબની ખબર જ છે તો પછી મને શું કામ પૂછો છો?

તમારી પરીક્ષા કરવા.

પણ મને નહિ આવડે એવું તમારે પૂછવાની જ કયાં જરૂર છે.?

આ તો એમ કે તમારામ બુદ્ધિ કેટલી છે તે જાણવા માટે.

મેં કીધું પણ–ચોપડી બનારનો પ્રશ્ન ના પૂછતા.

પણ કઇ ચોપડી બહારનો નહિ પૂછવાનો?

આપને જે ઠીક લાગે તે ચોપડી નકિક કરો ને?

તમે વાંચ્યા વગરની યે ચોપડીના જવાબો આપી શકશો?

હા. હા. એમાં નવાઇ શું છે? કકકો અને બારખડી અને એકડા સિવાયનું કંઇ આ ચોપડીઓમાં બોવું આવવાનું છે? પૂછો તમ–તમારે.

પણ તમે જવાબ કઇ રીતે આપશો?

પ્રશ્ન પૂછયા વગર કઇ રીતે આપું? પહેલા પૂછો, પછી વાત. પ્રકાશો.

મ.સા. બોલ્યા–"એક પુત્રને બે માતા હતી. એક માતા પોતાના સગા પુત્રને ઓળખતા હતા પણ તે મૃત્યુ પામ્યા હતા. અને બીજા માતા પોતાના એજ સગા પુત્રને નજર સામે બેઠેલો હોવા છતાં ઓળખી શકતા નથી. બોલો આમાં માતા કોણ હશે અને પુત્ર કોણ હશે?"

મેં જવાબ દેવા માટે ચિંતનનો આરંભ કર્યો. અને થોડીવાર પછી દેખાવ

ખાતર કીધું કે–ઓહો! આવો સહેલો સવાલ છે. મને તો એમ કે અમેરિકાને પણ જવાબ દેવો ભારે પડી જાય એવી ભડ–ભડ બળતી ગંભીરાતિગંભીરાતિ-ગંભીર સમસ્યા હશે. પણ આમાં તો કંઈ નથી.

તો જવાબ દેતા વાર કેમ થઇ?

એ તો આપના પ્રશ્નનું ગૌરવ વધા-રવા માટે મેં હાથે કરીને વાર કરી. ફટ્ દઇને જવાબ કહી દઉં તો આપને મારી બુદ્ધિ તરફ સન્માન જાગે એતો હમજ્યા, પણ આપને આપનો પ્રશ્ન પૂછવા બદલ સંકોચ થાય. કે–'આવો સહેલો પ્રશ્ન કયાં પૂછ્યો?' એટલે ગીધડાનજર દોડાવીને મેં જવાબ માટે વિલંબ કર્યો છે. બાકી આવા પ્રશ્નનો જવાબ દેવો એતો મારા માટે ડાબી જીભનો ખેલ.

સારૂં હવે તો જવાબ બોલો. હું જવાબ તો કહીશ. પણ પહેલા તમે કહો કે–તમને આ પ્રશ્નનો જવાબ આવડે છેકે નૈ? આપ જિજ્ઞાસાવૃત્તિથી પૂછો છો કે પરીક્ષાવૃત્તિથી. જો કે બે માંથી ગમે તે વૃત્તિ હોય. મારે એમાથી કશો મતલબ નથી. (એવું હશે તો આપણે કલ્યાણના શંકા–સમાધાન કારને તથા જૈનશાસનના શંકા સમાધાનકારને પૂછાવી લઇશું. મહાવીર શાસનના પણ શંકા–સમાધાનકારને પૂછાવીશું) પણ આપ ખરેખર જિજ્ઞાસાધર વિદ્યાના અર્થી છો કે પરીક્ષક છો એ તો મારે જાણવું જ પડેને હો કે. અમને તો આવડે જ છે.

તો તો હવે મારા જવાબ દેવામાં સંકોચ રાખવાની જરૂર આમ તો નથી જ. પણ પહેલા તમને જવાબ આવડે છે એ મને ખાત્રી કેમ થાય? એટલે તમે પહેલો કાગળ ઉપર લખો.

પછી એ કાગળ મને આપી દો. હું ચોરી કર્યા વગર જ પરીક્ષા આપીશ. કાગળમાં જોઇને જવાબ દેવો કંઇ ચોરી ના કહેવાય. કાગળમાંથી એ શબ્દો ઉઠાવીને હું મારા ખિસ્સામાં મૂકું તો ચોર્યું કહેવાય. કાગળની વસ્તુ કાગળ પાસે રહે એમાં ચોરી થોડી કહેવાય. નહિતર તો બધાં અંધજનોને જ સજ્જન કહેવા પડશે. દેખનારા બધાં ચોર ગણાશે.

તમને ના અપાય. પણ જવાબ કાગ-ળમાં લખીને અહીં મૂકી દઇશું. પછી તમે બોલો એટલે કાગળ જોવાનો.

અને સાધ્વીજી મ. સાહેબે લખવા માંડ્યુ. મેં ઘણું વિચાર્યું પણ સાલુ જવાબ જ નો મળ્યો. એટલે પાછો હું કહેવા લાગ્યો કે–ઇ યે બા. આમાં તો તમે તમારૂં નામ લખ્યુ. આપણા પ્રશ્નનો જવાબ જ તમારે તો લખવાનો છે.

હા, તો અમે અમારૂ નામ નથી લખ્યુ કંઇ, પ્રશ્નનો જવાબ જ લખ્યો છે.

મેં કીધુ પેલા બેનને બતાવો, મને ના બતાવતા બસ. ઓ સંપાયેન થે અટે આવો. આ સિઠ્ઠીમેં કા લિખીયો હૌ વો વાંસો.

મહારાજ સા. કહે–નહિ અણુમેં કા હૌ વો વાંસવા રી જરૂરત કોની થે અતરો

જ બોલો કે અણ મેં મારો નોમ લિખીયો ડો હૈ ?

મેં કીધું આ બોટું. તમે પ્રશ્ન જ પેલા બેનને એવો પૂછો છો ને કે એટલે એ જવાબ જ એવો આપે. ૪ નો હાલે. ચિઠ્ઠીમાં જે લખ્યું છે એ જ વાંચવા દેવાનું હોય ને ? શાસ્ત્રમાં જે લખ્યું હોય એ જ વાંચવા દેવાનું હોય. પણ આપણી મરજી મુજબનો જવાબ કઢાવવા એવી જાતનો પ્રશ્ન કરવાની જરૂર જ નથી.

દેખો માજી આ મ. સા. તમને 'મારૂં નામ આમાં લખ્યું છે ? આવું પૂછશે પછી તમે ના કહેશો એટલે "તો શું લખ્યું છે ?" આમ તો પૂછશે જ. આ બે પ્રશ્નોના જવાબ દેવા કરતા હું તમને એક જ પ્રશ્ન પૂછું છું કે–'આમાં જે લખ્યુ હોય તે વાંચો' એટલે કામ પૂરૂ. (તમને શ્રાવકોને વિગતવાર વાત કરવાની જરૂર નથી. પૂરી વાતો શ્રાવકો જાણતા થશે તો સંસાર માટે ધરમ કરવાની દેવદ્રવ્યથી પૂજા કરવાની અમારી આવી આવી બધી વાતો તમને બોટી લાગશે.) માજી તરત બોલ્યા, (એમને ઘેર જમાઇ આવેલાને, એટલે ઉતાવળમાં હતા) કે–"દેવાનંદા"

મ. સાહેબને મેં કીધુ–લો. આટલો સહેલો જવાબ તમે મોઢે ના બોલી શકયા તે તમારે લખવો પડયો. ? હું લેખિત કે મૌખિક પરીક્ષા આપુ જ નહિ. લઉ પણ નહિ. આ તો મેં પેપર જ જોયું છે. તમે પાસ સાહેબ ! પચાસમાંથી પચ્ચાસ માર્ક બસ. પછી તો મને લાગ્યું કે–હવે વધુ બેસવામાં મારૂં અજ્ઞાન પ્રગટીકરણ અહીં જ થઇ જશે. એટલે હું–"બીજું કંઇ કામકાજ હોય તો જણાવજો. સાહેબ ! શાતામાં રે' જો." આમ કહીને ઉભો થયો.

એટલે મ. સા. બોલ્યા–"મીંયાભાઇ પડે પણ..." આ વાકયથી જ હું તો ઝટકાઇ ગયો. મારા અજ્ઞાનનું વિમોચન છેલ્લી ઘડીએ થઇ જતાં હું તત્ત્વજ્ઞાન પામ્યો. બોલો અંતઘડીએ તત્ત્વજ્ઞાન પ્રાપ્તિવાન્ ભદ્રં ભદ્રં કી જય.

ડોળીયા શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ

અત્રે મૂળનાયક શ્રી શંખેશ્વર નેમીશ્વર પ્રભુજી તથા શિખરમાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજીની પ્રતિમાજીની યાત્રાનો ભવ્ય લાભ લે છે. સવારથી સાંજ સુધી ઘણા યાત્રિકો આવે છે દર્શન પૂજન કરી ધન્ય બને છે. તેમાં શિખરમાં પંચધાતુના ૨૨૦૦ કિલો વજનના પ્રતિમાજી સાક્ષાત્ સુવર્ણના લાગે છે.

આ જગ્યાએ શ્રેષ્ઠિવર્યશ્રી હરખચંદ નેમચંદભાઇ શાહ તરફથી બારસના પ્રતિમાજી ભરાવવાના હતા પછી ધાતુના પ્રતિમાજી ભરાવવાની વિચારણા થતાં તેમણે સમ્મતિ આપીને ખૂબ સહકાર આપ્યો અને તેમની ઉદારતાથી જ આ જગ્યાએ આવા અદ્‌ભુત પ્રતિમાજી પધરાવી શકાયા છે. તે માટે તેમની ઉદારતાની અનુમોદના કરીએ છીએ.

– રામજી લક્ષ્મણ માડ
મેનેજીંગ ટ્રસ્ટી

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૪ "જલ્દી જા, રામ તો કયારના ચે ગયા."

દશરથ રાજાએ એક માત્ર પોતાની દીક્ષા-સ્વીકારની વાત કરી અને ત્યાં જ એક રાજકુટુંબમાં વિચિત્ર પ્રસંગો બનવા લાગ્યા.

પિતાજીનો વરદાનના ઋણની મુક્તિ માટે છેવટે રામ ધનુષ્ય-બાણ ધારણ કરીને વનવાસમાં ચાલ્યા જવાનો નિર્ણય જણાવી ત્યાંથી નીકળી ગયા. વનવાસમાં જતાં રામને જોઈને દશરથ રાજા વારંવાર ભયંકર મૂર્છા પામવા લાગ્યા.

રાજા પાસેથી નીકળેલા રામચંદ્રજી સીધા જ માતા કૌશલ્યા પાસે આવ્યા. માતાને નમસ્કાર કરીને કહ્યું કે-'હે માતા! જે રીતે રામ તારો પુત્ર છે તે રીતે ભરત પણ તારો પુત્ર છે. પોતાના વરદાનની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે પિતાએ ભરતને રાજ્ય આપ્યું છે. પરંતુ હું અહીં હોઉં ત્યાં સુધી ભરત રાજ્યનો સ્વીકાર નહિ કરે. (અને ત્યાં સુધી પિતા ઋણથી મુક્ત થઈ ના શકતાં દીક્ષા સ્વીકારી નહિ શકે) માટે મારે હવે વનમાં જવું તે જ ઉચિત છે. હે માતા! જે નજરથી તું રામને જુએ છે તેથી પણ વિશેષ કૃપા ભરી નજરથી ભરતને જોજે. મારા વિયોગથી કયારેય તારા મનને મોહું ના લગાડીશ. બસ હવે હું જઉ છું."

આ શબ્દો સાંભળતા જ માતા કૌશલ્યા મૂર્છા આઇને જમીન ઉપર પટકાઈ પડયા. કેમે કરીને ચંદન જળ વડે દાસીઓ દ્વારા સ્વાસ્થ કરાયેલા માતા કૌશલ્યાએ છાતીફાટ રૂદન કરતાં કરૂણ શબ્દોમાં કહેવા માંડયું કે-"અરેરે! મને મૂર્છામાંથી કોણે મુકત કરી. મૂર્છા મારા માટે સુખપૂર્વકના મૃત્યુ માટે હતી. હવે મૂર્છાથી મુકત બનીને જીવતી હું રામના વિરહના દુઃખને શી રીતે વેઠી શકીશ? હે કૌશલ્યા! ખરેખર તો તું વજ્રથી ઘડાયેલી છે. તારો પુત્ર વનમાં જશે અને પતિ દીક્ષા લેશે આટલું સાંભળવા છતાં પણ તારા હૃદયના બે ટુકડા કેમ ના થઇ ગયા?"

આ રીતે કરૂણ કલ્પાંત કરતાં માતા કૌશલ્યાને રામચંદ્રજીએ કહ્યું-હે માતા! સિંહણનો પુત્ર વનમાં એકલો જ ફરવા જતો હોય છે. જ્યારે સિંહણ તો સ્વસ્થ બનીને જ રહેતી હોય છે. તે કયારેય જરાય દુઃખ ધારણ કરતી નથી હોતી. હે અમ્બા! તું જ વિચાર કે પિતાનું વરદાનનું ઋણ હું અહીં રહીશ ત્યાં સુધી શી રીતે દૂર થશે?

આવા યુકિત યુકત વચનો દ્વારા માતા કૌશલ્યાને શાંત પાડીને તેમને નમસ્કાર

કરીને તથા અન્ય ત્રણેય માતાઓને પણ નમસ્કાર કરીને રાજમહેલમાંથી નીકળવા લાગ્યા.

આ જોતાં જ દૂરથી દશરથ રાજાને નમસ્કાર કરીને સીતાદેવી કૌશલ્યા માતાને નમીને બોલ્યા મને આર્યપુત્રની સાથે જવા માટે હે માતા! અનુજ્ઞા આપો.

ફરી કરૂણ રૂદન કરતાં કૌશલ્યાએ પુત્રવધુ સીતાદેવીને કહ્યું. કે–હે દિકરી! રામચંદ્ર તો પિતાની અનુજ્ઞાથી વન તરફ જાય છે. અને પુરૂષસિંહ એવા તેને માટે વન વેઠવો દુષ્કર નથી. જ્યારે તું તો જન્મથી માંડીને જ ઉત્તમ–ઉત્તમ વાહનોમાં જ દેવીની જેમ લાલન–પાલન કરાયેલી છું. પગેથી ચાલીને હે વત્સે! તું વનના કષ્ટોને શી રીતે સહન કરી શકીશ? તારા શરીરની કમળ જેવી સુકોમળતાને જંગલના ટાઢ–તડકા કિલષ્ટ કલેશ ઉપજાવશે. અને રામચંદ્રને પણ આ કલેશ કષ્ટદાયી બનશે. તારા પતિને અનુસરવામાં હે સીતા! હું તને અટકાવી પણ નથી શકતી અને આવનારા અનિષ્ટ કષ્ટોનો વિચાર કરીને તને જવાની અનુજ્ઞા પણ હું આપી શકતી નથી.''

સીતાદેવીએ કહ્યું–હે માતા! તમારા તરફની મારી ભક્તિ મારા માર્ગને ક્ષેમકર=કષ્ટ વિનાનો બનાવશે. માટે હું રામચંદ્રજીને અનુસરીશ.'' આમ કહીને સીતાદેવી પણ ફરીવાર કૌશલ્યાને નમીને રામચંદ્રજીની પાછળ ચાલ્યા.

સીતાજીના જવાથી તો નગરની સ્ત્રીઓમાં હાહાકાર મચી ગયો. રાજમહેલની સંપૂર્ણ સગવડોવાળી જિંદગી જીવેલી આ સુકોમળ મહાસતી સીતાદેવી વન–જંગલોના જંગલી ટાઢ–તડકાને કઈ રીતે સહી શકશે? આ રીતે શોકથી ગદ્ગદ વાણી બોલતી નગરની નારીઓ વનવાસ માટે જતાં સીતાદેવીને કેમે કરીને જોઈ શકયા. અર્થાત્ સીતાદેવીનું વનવાસ જવું નગરની નારીઓથી અસહ્ય બની ગયું હતું.

રામચંદ્રજીને વનવાસ માટે નીકળી ગયેલા સાંભળતાં જ ક્રોધથી ધમધમી ઉઠેલા લક્ષ્મણજીએ મનમાં વિચાર્યું કે –પિતા તો સ્વભાવથી જ સરળ છે. પણ સ્ત્રીઓ સ્વભાવથી અવળચંડી હોય છે. નહિતર આટલા લાંબા સમય સુધી વરદાનને થાપણ રૂપે રાખી મૂકીને અત્યારે આવા સમયે જ માંગવાનું તેને (કૈકેયીને) કયાંથી સૂઝે? પિતાએ તો ભરતને રાજ્ય આપી દીધું માટે તેઓ તો કૃતકૃત્ય થઈ જ ગયા છે. પરંતુ હવે અમને પણ કૃતકૃત્ય બાકી રહી ગયાની બીક નથી. માટે ડર વગરનો બનેલો હું હમણાં જ કુલાંગાર ભરત પાસેથી રાજ્ય આંચકી લઈને વડિલબંધુ રામચંદ્રજીને સોંપી દઉં જેથી ક્રોધ પણ શાંત થાય. અથવા કંઈ નહિ. તણખલાની જેમ રાજ્યને તરછોડીને ચાલ્યા ગયેલા વડિલ બંધુ રાજ્ય સ્વીકારશે નહિ અને ભરત ઉપર મારા ક્રોધને કારણે પિતાજીને પણ દુઃખ થશે. માટે પિતાજીને દુઃખ ન થઈ જાય અને ભલેને ભરત પણ રાજા બને. હું તો સેવકની જેમ રામચંદ્રજીને અનુસરીશ.''

આમ વિચારીને લક્ષ્મણજીએ પિતાને નમીને અને વનમાં જવાનું જણાવીને માતા સુમિત્રાને જણાવવા માટે નમસ્કાર કરીને કહ્યું કે–"હે માતા! સમુદ્ર કદિ મર્યાદા વિના રહી નથી શકતો. હું રામ વિના અહીં રહી શકુ તેમ નથી. માટે વનવાસ માટે જનારા રામની પાછળ જ હું જઇશ."

કોઇ પણ રીતે ધીરજ ધારણ કરીને સુમિત્રા માતાએ પણ કહ્યું કે–"તું મારો ખરા અર્થમાં પુત્ર છે. કે જેથી તું વડિલ ભ્રાતાને અનુસરે છે. હે વત્સ! મને નમસ્કાર કરીને રામચંદ્રજીને ગયાને ઘણો સમય થઇ ગયો છે. તેથી હવે વિલંબ ના કર. ઉતાવળ કર નહિતર તારે અને રામને ઘણું અંતર પડી જશે."

આ શબ્દો સાંભળીને તો ખુશ-ખુશ થઇ ગયેલા લક્ષ્મણ ફરી વાર માતા સુમિત્રાને નમીને જલ્દીથી કૌશલ્યા પાસે ગયા. અને નમીને કહ્યું કે–"હે માતા! આર્યબંધુ વનવાસ માટે એકલાં જ નીકળી ગયાને ઘણો વખત થઇ ગયો છે. હું તેની પાછળ જવા માટે ઉત્સુક બનેલો આપને જણાવવા આવ્યો છું."

માતા કૌશલ્યા ઉપર ત્રીજી વાર આફત આવી. આંખોમાં આંસુ ભરીને તેઓ બોલ્યા કે –"હે વત્સ! હું કેવી ભાગ્યહીન-મંદ-ભાગી અભાગણી છું કે પુત્ર અને પુત્રવધુ તો વનમાં ગયા હવે બાકી હતુ તો તું પણ મને મુકીને વનમાં જઇ રહ્યો છે. રામના વિરહની વેદનામાં આશ્વાસન દેવા માટે હે વત્સ! તું એક તો અહીં મારી પાસે રહે."

લક્ષ્મણે કહ્યું–"રામચંદ્ર જેવાની માતા થઇને તમે એક સામાન્ય સ્ત્રીની જેમ હે માતા! આવું અધૈર્ય કેમ ધારણ કરો છો? મારા વડિલ બંધુ ક્ષણે ક્ષણે મારાથી દૂર થઇ રહ્યા છે. મારે જલ્દીથી રામની સાથે થઇ જવું છે. હે માતા! આવા રૂદન કરીને મારા જલ્દી જવામાં વિઘ્ન ના કરો."

કૌશલ્યાને આ પ્રમાણે કહીને ધનુષ-બાણ ધારણ કરીને લક્ષ્મણજી વનવાસ માટે ચાલી નીકળ્યા.

त्रयोपि निर्ययुः पुर्या विकस्वरमुखाम्बुजाः ।
विलासोपवनायेव वनवासाय सोद्यमाः ।।
४८३ ।।

વિલાસના ઉપવનમાં જતા હોય તેમ વનવાસ માટે ઉદ્યમવાળા, વિકસ્વર મુખ-કમળ વાળા રામ, લક્ષ્મણ, સીતા એ ત્રણેય નગરીમાંથી નીકળ્યા.

પ્રોપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ

આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બોટાદવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલ્લી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯

,, ઘર :- ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

ભાગ-૧૨ (ગતાંકથી ચાલુ)

પ્ર-૧૪૮ આવા ગુણો વાળા ન હોય તો ય કોને પ્રભાવક કહ્યા છે ?

ઉ- કાળના પ્રભાવે કદાચ આવા ગુણોવાળા ન પણ દેખાય તો પણ ભગવાનની તારક આજ્ઞા પ્રમાણે યાત્રા, પૂજા આદિ અનેક પ્રકારના ધર્માનુષ્ઠાનો વિધિપૂર્વક કરે તેને ય પ્રભાવક કહ્યા છે.

પ્ર-૧૪૯ આના ઉપરથી નિષ્કર્ષ શું નીકળે ?

ઉ- 'आणाए धम्मो' આજ્ઞામાં જ ધર્મ છે.

પ્ર-૧૫૦ આઠ પ્રભાવકો અન્ય ગ્રન્થોમાં કઇ રીતે કહ્યા છે ?

ઉ- અન્ય ગ્રન્થોમાં આઠ પ્રભાવકો આ રીતના કહ્યા છે.

૧. અતિશેષ ઋધ્ધિવાળા-અતિશય લબ્ધિવાળા-અતિશેષ એટલે અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, આમર્ષૌષધિ આદિ અતિશયો એટલે લબ્ધિરૂપી ઋધ્ધિઓ જેમની પાસે હોય તે અતિશેષધિર્ધ. ૨- ધર્મકથક ૩- વાદી ૪- આચાર્ય ૫- ક્ષપક-તપસ્વી ૬- નૈમિત્તિક ૭- વિદ્યાવંત ૮- રાજગણસંમત-રાજસમ્મત એટલે રાજાને પ્રિય, ગણસમ્મત એટલે મહાજન આદિને બહુમાન્ય.

(પ્રવચન સારોધ્ધાર ગા. ૯૩૪ની ટીકામાંથી)

(૧૩) પાંચભૂષણ

(ઢાળ-સાતમી)

સોહે સમકિત જેહથી, સખિ જિમ આભરણે દેહ;
ભૂષણ પંચ તે મન વસ્યાં, સખિ મન વસ્યાં તેહમાં નહિ સંદેહ.
મુજ સમકિત રંગ અચલ હોજો રે. ...૩૬

પહેલું કુશલપણું તિંહા, સખિ વંદન ને પચ્ચક્ખાણ;
ક્રિયાનો વિધિ અતિ ઘણો, સખિ આચરે તેહ સુજાણ.

મુજ ...૩૭

બીજું તીરથ સેવના, સખિ તીરથ તારે જેહ.
તે ગીતારથ મુનિવરા, સખિ તેહશું કીજે નેહ.

મુજ૦ ... ૩૮

ભકિત કરે ગુરૂદેવની, સખિ ત્રીજું ભૂષણ હોય.
કિણહી ચલાવ્યો નવિ ચલે, સખિ ચોથું ભૂષણ જોય.

મુજ૦ ... ૩૯

જિનશાસન અનુમોદના, સખિ જેહથી બહુજન હુંત,
કીજે તેહ પ્રભાવના, સખિ પાંચમુ ભૂષણ ખંત.

મુજ૦ ... ૪૦

પ્ર- ૧૫૧ ભૂષણ કોને કહેવાય ?

ઉ- જેમ અલંકારાદિથી શરીર શોભે છે, તેમ જેનાથી સમકિત ગુણ શોભે તેને ભૂષણ કહેવાય છે. અર્થાત્ આ ગુણો વડે સમ્યકૃત્વ અલંકૃત થાય છે-શોભે છે.

પ્ર- ૧૫૨ ભૂષણ કેટલાં છે ? કયા કયા ?

ઉ- ભૂષણ પાંચ છે. તે આ પ્રમાણે. ૧- ધર્મક્રિયા અનુષ્ઠાનોની વિધિમાં કુશલપણું. ૨- તીર્થ સેવા, ૩- દેવ-ગુરૂની ભકિત ૪- ધર્મમાં દૃઢતા, ૫- શાસનની પ્રભાવના.

પ્રવચન સારોદ્ધાર ગ્રન્થમાં પાંચ ભૂષણ આ રીતના પણ કહ્યા છે.

"जिणसासणे कुसलया पभावणा ऽऽयणसेवणा थिरया ।
भत्ती य गुणा सम्मत्तदीवया उत्तमा पंच ॥९३५॥

૧- શ્રી જિનશાસનમાં કુશલતા.

૨. પ્રભાવના.

૩- આયતન આસેવના-આયતન એટલે ઘર-સ્થાન. તે આયતન દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. તેમાં શ્રી જિનમંદિર આદિ તે દ્રવ્યાયતન કહેવાય અને જ્ઞાન-દર્શન-ચારિત્રના આધાર રૂપ સાધુ વગેરે ભાવાયતન છે. તે આયતનનું આસેવન એટલે પર્યુપાસના,

૪- સ્થિરતા. ૫- ભકિત.

પ્ર- ૧૫૩ પહેલા ભૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ- ધર્મક્રિયાઓ-ધર્માનુષ્ઠાનોની વિધિમાં કુશલપણું તે પહેલું ભૂષણ છે. દેવ-ગુરૂને વંદન કઇ રીતના કયારે કરવું ઇત્યાદિ, પચ્ચકખાણ કેટલાં છે, કયારે કઇ રીતના લેવાય, શ્રી જિનપૂજાદિની વિધિ, આવશ્યક ક્રિયાઓ આદિનું સ્વરૂપ વગેરે ઘણો વિસ્તાર

છે. તો પણ તે બધું સુવિહિતોની પાસે સારી રીતના સમજી અને આચરે છે. તે પોતાના સમ્યક્ત્વ ગુણને દીપાવવા સાથે ક્રિયાઓ–અનુષ્ઠાનોને પણ દીપાવે છે આજ્ઞા–વિધિમુજબ કરાતી ક્રિયાઓ જોઇ અનેક આત્માઓ ધર્મની સંમુખ બને છે.

પ્ર–૧૫૪ બીજા ભૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ– તીર્થસેવના નામનું બીજું ભૂષણ છે. જેનાથી તરાય તેનું નામ તીર્થ. તે દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે. તેમાં નદી–નાળા આદિ તરવા તે દ્રવ્ય તીર્થ છે અને સંસાર સાગર તરાય તે ભાવતીર્થ છે.

ભાવતીર્થ પણ બે પ્રકારના છે. સ્થાવર અને જંગમ તેમાં શ્રી સિદ્ધાચલાદિ તીર્થ-ભૂમિઓ–તીર્થધામો તે સ્થાવર તીર્થ છે અને ભગવાનની આજ્ઞા મુજબ જીવતા એવા સુવિહિત ગીતાર્થ ભગવંતો તે જંગમ તીર્થ છે. તેવા શ્રી ગીતાર્થ મુનિવરો ઉપર જ સ્નેહ કરીને અર્થાત્ તેમનો સત્સંગ–સત્પરિચયાદિ કરી આત્મકલ્યાણના માર્ગે જવું તે બીજું ભૂષણ છે.

પ્ર– ૧૫૫ ગીતાર્થ કોને કહ્યા છે ?

ઉ– 'गीयं मुणी एगट्ठं ठिइत्थं खलु वयंति गीयत्थं' इति वचनाद् गीतो ज्ञपरिज्ञया प्रत्याख्यान परिज्ञया च विदितोऽर्थो येन स गीतार्थो ।

વળી કહ્યું છે કે—

"गीयं भण्णइ सुत्तं, अत्थो तस्सेव होइ वक्खाणं ।
उभएण य संजुत्तो, सो गीयत्थो मुणेयव्वो ।।"

ગીત એટલે આગમ તેના અર્થનો જે જાણુ તેનું નામ ગીતાર્થ અર્થાત્ જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી એટલે કે ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાથી સારી રીતના જાણ્યા છે આગમના ગૂઢ અને ગંભીર અર્થના પરમાર્થો–રહસ્યો જેણે તેનું નામ ગીતાર્થ છે.

પ્ર– ૧૫૬ ત્રીજા ભૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ– દેવ અને ગુરૂની વિનય–વૈયાવચ્ચ–સેવા પૂજા આદિ હૈયાના બહુમાન પૂર્વક ભક્તિ કરવી તે દેવ–ગુરૂની ભક્તિ રૂપ ત્રીજું ભૂષણ છે.

તે ભક્તિ પણ આજ્ઞા મુજબ કરે તે પોતાનો આત્મા પણ ગુરૂપદને અને દેવપદને પામે તે માટે જ કરે. તે ભક્તિ પણ સ્વયં પોતાની શક્તિ પ્રમાણે મન–વચન–કાયાના ઉલ્લાસ–ઉમંગ પૂર્વક કરે, બીજા પાસે કરાવે જેથી સૌ દેવ–ગુરૂ તરફ આકર્ષિત થાય, ભદ્રિક ભાવનાવાળા બને.

પ્ર- ૧૫૭ દેવ અને ગુરૂનું સામાન્યથી સ્વરૂપ જણાવો.

ઉ- ક્ષુધાદિ અઢાર દોષોથી રહિત અને શ્રી અરિહંતપણાની પ્રાતિહાર્યાદિ અતિશય ઋધ્ધિથી યુકત જે હોય તે સુદેવ કહેવાય છે.

નિર્ગ્રંથ તે ગુરૂ કહેવાય છે. ગ્રન્થ તે મિથ્યાત્વાદિ અભ્યંતર અને ધન-ધાન્યાદિ બાહ્ય તે બંન્ને પ્રકારની ગાંઠનો જેઓએ સર્વથા મન-વચન-કાયાથી કરવા રૂપે, કરાવવા રૂપે કે અનુમોદવા રૂપે ત્યાગ કર્યો છે તે કારણથી તેમને નિર્ગ્રંથ કહેવાય છે.

મિથ્યાત્વ, ત્રણવેદ હાસ્યાદિ (હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, શોક) ષટ્ક અને ક્રોધાદિ ક્રોધ-માન-માયા-લોભ ચાર એમ ચૌદ પ્રકારની અભ્યંતર ગાંઠ છે અને ધનધાન્ય-ક્ષેત્ર-વાસ્તુ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદ-સોનું-રૂપું એમ નવ પ્રકારની બાહ્ય ગાંઠ છે છે તે બન્નેનો સર્વથા-સર્વપ્રકારે યાવજ્જીવ સુધી જે પરિત્યાગ કરવો તેને નિર્ગ્રંથ કહેવાય છે.

પ્ર-૧૫૮ ચોથાં ભૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ- ધર્મમાં દૃઢતા-સ્થિરતા રાખવી તેનું નામ ચોથું ભૂષણ છે અર્થાત ગમે તેવા ઉપસર્ગો-પરિષહો આવે કે કષ્ટો કે પીડાઓ આવે તો પણ ભગવાનના ધર્મથી જરાપણ ચલાયમાન ન થાય કે અન્ય ધર્મીઓનાં ચમત્કારાદિ દેખી પણ પોતાના ધર્મથી જરાય ચલિત ન થાય કે કોઇ આત્માઓ ધર્મમાં અસ્થિર બનતા હોય તો તેમને પણ સ્થિર કરે તે ધર્મમાં દૃઢતા સ્થિરતા નામનું ચોથું ભૂષણ છે.

પ્ર- ૧૫૯ આ અંગે કોઇ દૃષ્ટાન્ત જણાવો.

ઉ- ભગવાન શ્રી મહાવીર પરમાત્માથી અંબડ પરિવ્રાજક ધર્મને પામ્યો. તે એક વખતે રાજગૃહીમાં જતો હતો તેને ધર્મમાં વધુ સ્થિર કરવા ભગવાને ખુદે કહ્યું કે-ત્યાં તું સુલસા શ્રાવિકાને ધર્મલાભ જણાવજે. તેથી તેણે વિચાર્યું કે-આટલી મોટી રાજગૃહી નગરીમાંથી માત્ર સુલસા શ્રાવિકાને અમારી ધર્મની પૃચ્છા જણાવવા કહ્યું તેનું કારણ હશે. તેથી સુલસાના ધર્મની પરીક્ષા કરવા માટે નગર બહાર પોતાની લબ્ધિથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશના રૂપો વિકુર્વીને લોકોને આકર્ષિત કર્યા. છેલ્લે ખુદ શ્રી તીર્થંકર પરમાત્માનું રૂપ વિકુર્વી સમવસરણમાં બેસી દેશના આપવા લાગ્યો. પણ સુલસા કુતૂહલ વૃત્તિથી પણ ન જ ગઇ સખીઓ સમજાવે છે તો પણ કહે છે કે-તીર્થંકર ચોવીસ જ હોય પચ્ચીશમાં હોય જ નહિ. આ રીતના પોતાના ધર્મમાં દૃઢ રહી. આ રીતના તેણીની ધર્મમાં અતિશય દૃઢતા જોઇ, બધી માયાજાલ સંહરી, શ્રાવકના વેષે સુલસા શ્રાવિકાને ઘેર ગયો તો તેણીએ જે આદર-સત્કાર કર્યો તે જોતાં થયું કે ખરેખર સાધર્મિક પ્રત્યે કેવું અપૂર્વ વાત્સલ્ય-બહુમાન છે પછી કહે છે કે-ભગવાને ખુદે અમારા ભેગા તમને ધર્મપ્રવૃત્તિ જણાવી છે તે સાંભળતા જ તેણી રોમાંચિત હર્ષાશ્રુવાળી થઈ ગઇ.

જો એક શ્રાવિકા માત્ર પણ આટલી દૃઢતા વાળી હોય તો તેનાથી વધુ ગુણ સ્થાને રહેલા આત્માઓએ તો કેટલી બધી દૃઢતા-સ્થિરતા રાખવી તે સમજાવવાની જરૂર જ નથી. ધર્મમાં જેટલી વધુ દૃઢતા-સ્થિરતા રાખીએ તો જ ધર્મ દીપી ઊઠે. બાકી બીજાથી વાત-વાતમાં મૂંઝાનારા, અસ્થિર બનેલા તો પોતાનો ધર્મ પણ હારી જાય છે અને બીજાઓને પણ ધર્મથી ચ્યુત કરાવે છે. કમમાં કમ પોતાના ધર્મમાં તો મક્કમ બનવું તે જ આ પ્રસંગનો બોધપાઠ છે.

પ્ર- ૧૬૦ પાંચમાં ભૂષણનું સ્વરૂપ સમજાવો.

ઉ-, શાસનની પ્રભાવના કરવી તે પાંચમું ભૂષણ છે. શ્રી જિનેન્દ્ર શાસનનો જગતમાં જયજયકાર થઇ જાય, લોકો શાસન તરફ પ્રીતિ-રૂચિવાળા બને. ભદ્રિક ભાવવાળા બને, આદર બહુમાન પેદા થાય તેવાં જે જે આજ્ઞા મુજબ કાર્યો કરવા તે શાસનની પ્રભાવના નામનું પાંચમું ભૂષણ છે.

પ્ર- ૧૬૧ પૂર્વે આઠ પ્રભાવકમાં પણ આજ વાત આવી તો પુનરુક્તિનો દોષ ન લાગે ?

ઉ- ગુણગાન આવામાં પુનરુક્ત દોષ લાગતો નથી. વળી પ્રભાવન અહીં ફરી કહેવાનું કારણ એ પણ છે કે, તે સ્વ-પરને ઉપકારી અને શ્રી તીર્થંકર નામકર્મ બંધનું કારણ હોવાથી તેની પ્રધાનતા બતાવવા માટે છે.

પ્ર-૧૬૨ આ બોલનારો શી માંગણી કરે છે ?

ઉ- 'મુજ સમકિત રંગ અચળ હોજો'-અર્થાત્ આ પાંચે ભૂષણોની મદદથી મારો સમકિત તરફનો પ્રેમ અચલ-સ્થિર બની રહો એમ ઇચ્છે છે. (ક્રમશઃ)



નવો મળેલો સહકાર

૨૯૨૫] રૂા. શ્રીમતી જીવીબેન વીરપાર મેઘજી ૧૦૪ મોલીશન વે, ઇલગ્યુર એમ. સેકસ યુ. કે. તરફથી ખુશી લેટ શાહ રતિલાલ દેવચંદ ગુઢકાની પ્રેરણાથી

૨૯૨૬] રૂા. સ્વ ગીરધરલાલ ધનજીભાઇ વોરા પરિવાર (રાધનપુરવાળા) તરફથી હ. રાજુભાઇ

શાસન સમાચાર

મુંબઇ બોરીવલીના આંગણે અભૂતપૂર્વ જીવિત મહોત્સવ ઉજવાયો

બોરીવલી ચંદાવરકરલેન મધ્યે ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામિ પરમાત્માના જિનાલયમાં, પરમ તપસ્વી પૂ આ. શ્રી. વિ. રાજતિલક સૂ. મ. તથા સુવિશાલ ગચ્છાધિપતિ પૂ આ. શ્રી. વિ. મહોદય સૂ. મ. ની તારક નિશ્રામાં સ્વ. શ્રી ગીરધરલાલ ધનજીભાઇ વોરા તરફથી તેમના સુપુત્રો અને પુત્રવધુઓએ કરેલ ધર્મારાધનાની અનુમોદનાર્થે જીવિત મહોત્સવ પાંચ પાંચ આચાર્યો ભગવંતોની તારક નિશ્રામા–કા.વ. ૯થી કા. વ. ૧૩ સુધી પંચાહ્નિક મહોત્સવ ઉજવાઈ ગયો.

કા. વ. ૮ના બન્ને પૂજ્યો સપરિવાર સસ્વાગત સુ. શ્રી કાંતિલાલ ગીરધરલાલના ગૃહે પધારેલ ત્યાં ગુરૂપૂજન સંઘ પૂજનાદિ કરાયેલ. ત્યાંથી ૯ ક. ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના દીક્ષા કલ્યાણકનો તથા પૂજ્યોના પ્રવેશનો વરઘોડો નીકળેલ કે જે ઇન્દ્રધ્વજ ૧૧ શણગારેલ ઘોડાઓ, પાઠશાલાના બાલક –બાલિકાઓ, પ્રખ્યાલ ઢોલીઓ, શરણાઈ વાદકો, બે બેન્ડ, બેડાવાળી બેનો, ત્રણ બગીમાં બેઠી ત્રણેય પુત્રોના પરિવાર સાથે વર્ષીદાન આપતા તથા રથ અને અનુકંપાની ગાડીથી યુકત હતો. જે મુખ્ય માર્ગે ફરી ઉપાશ્રયે ઉતરેલ. પ્રવચન બાદ ૧૦–૧૦ રૂા. નું સંઘપૂજન તે પછી સકલ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય કરાયેલ. જેમાં લગભગ ૫ હજાર ભાગ્યશાલીઓનો લાભ મળેલ

સાંજના ૬ ક. શ્રી જિનાલયના શણગાર અને પ્રભુજીની મનોહર અંગરચના રૂપ મહાપૂજનું આયોજન કરાયેલ. જેમાં મુખ્ય માર્ગથી જિનાલયનો માર્ગ દિવાની રોશનથી શણગારેલ તથા ૧૪ સુપનો, રંગોળી, ફુલોની સુંદર રીતના સજાવટ, પૂ. શ્રીજીની દેહપ્રમાણ પ્રતિકૃતિ, બેન્ડની સલામીથી સૌને આકર્ષિત કરતી અનેક ભાવિકોએ દર્શન કરી જાતને ધન્ય બનાવી હતી.

કા.વ. ૧૧ના સવારના ૭થી ૮ પ્રવચન અને ૧૩–૧૩ રૂા.નું સંઘપૂજન તથા ૧૦ ક. શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન પ્રભાવના–૧–૧ રૂા.

કા.વ. ૧૨ ના ૬થી ૧૦ પ્રવચન તે પછી કાંદીવલી દહાણુકર વાડીમાં નવનિર્મિત નૂતન શ્રી જિનાલયમાં શ્રી જિનબિંબોને ભરાવવાની બોલી બોલાતાં સારી ઉપજ થયેલ. તે પછી ૭–૭ રૂા. નું સંઘપૂજન તથા સર્વે પૂ.આચાર્ય ભગવંતાદિને કામળી કાપડ વહોરાવાયેલ. તે પછી શ્રી બૃહદશ્રોત્તની શાંતિસ્નાત્રનો પ્રારંભ. શ્રીફળની પ્રભાવના. સાંજના ૪ ક. પૂજ્યોનો વિહાર થયેલ. અમદાવાદ તરફ.

કા. વ. ૧૩ના શ્રી સત્તર ભેદી પૂજા ભણાવાયેલ. પ્રભાવના સુંદર અંગ રચના મહોત્સવ દરમ્યાન દરરો જ સુંદર અંગરચના, રાસણાઇ વાદન આદિ થયેલ પૂ. આ. શ્રી હેમભૂષણ સૂ. મ. ના પ્રવચન થયેલ. વિધિકાર શ્રી રમણિકભાઇ તથા સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળા આવેલ. યાદગાર એવો મહોત્સવ ઉજવાયેલ. જીવન સુકૃતનું અમૂલ્ય સંભારણું બનેલ અને યોગાનુ યોગ પૂજ્યોનો મુંબઇ પ્રવેશ અને પ્રયાણ સુ. શ્રી કાંતિભાઇને ત્યાંથી થયેલ. તેમને અકુમ કરેલ. રાજુભાઇએ સારી જહેમત ઉઠાવેલ.

કા.વ. ૧૧ ના સવારે પ.પૂ. આ. ભગવંતોનું પ્રવચન પ. પૂ. તપસ્વી સમ્રાટ ૧૦૦+૭૨મી(=૧૭૨) ઓળીના આરાધક પ. પૂ. જિતસેન વિજય મ. સા.ના પારણાનો દિવસ પ્રવચન બાદ ૧૩-૧૩ રા. નું સંઘ પૂજન ૧૦ વાગે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ત્યાર બાદ પ્રભાવના ભવ્ય અંગરચના થયેલ.

અહિંસા પ્રેમી જનતા જાગૃત બને

ગુજરાત સરકારે સરદાર સરોવરમાં વીસ દહાડે (૨૦) વીસ લાખ ટન માછલા પેદા કરવાની યોજના કરી છે તે પણ લોભામણા નામે લોકોને આકર્ષવા માટે માછલાની બેતી એક કીલો વજનમાં નાના મોટા ૫૦) ના હિસાબે ગણીએ તો ફકત એક ટનમાં (૫૦) પચાસ હજારની સંખ્યાથી અને વીશ લાખ ટનમાં ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦ પંદર આંકડાની સંખ્યા એટલે હજારો મણની સંખ્યા થાય આ બધુ શા માટે ફકત પરદેશી હુંડીયામણ મેળવવા માટે અબજ પૈસા મેળવવાની લાલચે થઇ રહ્યુ છે પૈસા મેળવવા માટે બીજા અનેક ઉપાયો મળી રહે પરંતુ નિર્દોષ એવા મુક જીવોની કતલે આમ કરી-કરાવી સમગ્ર દેશ માટે ભયંકર ખેલ ખેલાઇ રહ્યો છે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ જેવું આ કૃત્ય કુદરત પણ સહન નહી કરે તેની સહુ કોઇ રાજકારણીઓ તેમજ આગેવાનો નોંધ લે ફકત એક નાનકડા મચ્છુડેમની હોનારત સહુની નજર સમક્ષ છે સેંકડો વ્યકિતઓએ જાન ગુમાવ્યા કરોડો અબજોની મિલકતોનો નાશ થયો કેટલીય બાબતોના હજી લગી વળતર નહી મળવાની ખબર હર વખત પેપરોમાં વાચવા મળે છે જ્યારે આતો મહાકાય સરોવર જેવો ૨૧૪ કિલોમીટરની લંબાઇ ધરાવતો સરોવર કોઇ ઇચ્છે નહી પરંતુ કુદરત રૂઠે તો શું થાય સમજી શકાય તેમ છે સહુ દયાપ્રેમીઓ જાગૃત બનો અકબર બાદશાહનાં પણ જીવદયા પ્રેમી બનાવનાર આખા દેશમાં જીવદયાનો ઝંડો ફરકાવરાવ્યો એવા મહાપુરૂષ પૂજ્ય આચાર્ય શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ (૪૦૦ ચારસ વરસ ઉપર) તેમજ અન્ય સંત મહાત્માઓની આ પવિત્ર જન્મભૂમી ઉપર અનેક પરદેશીઓ પ્રેરણા મેળવવા આવતા અને આવે છે માટે આવી ભયંકર હિંસા ચલાવી નહી લેવાય. બીજી રીતે બીજી વખતે કયાય દાદ મળે નહી માટે ખાસ રાખી લક્ષ મુક જીવોને બચાવી પુન્યના ભાગીદાર બનો એજ.

કે. પી. શાહ
કચ્છ-વાગડ મનફરાવાળા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ શ્રી મહાવીર સ્વામિને નમઃ શ્રી ગૌતમ સ્વામિને નમઃ

અંજનશલાકા મહોત્સવે ભાવભર્યું આમંત્રણ

શુભ સ્થળ :– શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર,
૩૨૮, કાત્રક રોડ, બેંક ઓફ ઇન્ડીયાની ઉપર વડાલા, મુંબઇ–૩૧

–: દિવ્ય આશિષ :–

પૂ. ગચ્છાધિપતિ આ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.
પૂ. પ્રશાંતમૂર્તિ આ. શ્રીમદ્ વિજય જિતમૃગાંક સૂરીશ્વરજી મ. સા.

– આજ્ઞા અને આશીર્વાદ –

પૂ ગચ્છાગ્રણી આ. શ્રીમદ્ વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. સા.

– પાવન નિશ્રા –

પૂ. શાસન પ્રભાવક આ. શ્રી. વિ. રત્નભૂષણ સૂરીશ્વરજી મ. સા.
પૂ. વયોવૃદ્ધ મુ. શ્રી જયભૂષણ વિજયજી મ. સા.
પૂ. સેવાભાવી મુ. શ્રી કુલભૂષણ વિજયજી મ. સા. તથા
પૂ. સાધ્વીજી મ.શ્રી વીરપ્રભા શ્રીજી મ. આદિ ઠા. ૪

— મહોત્સવ —

તા. ૨૯–૧–૯૫ રવિવારથી તા. ૫–૨–૯૫ રવિવાર ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ આ મંગલ પ્રસંગે પધારવા માટે આપને ભાવભર્યું આમંત્રણ પાઠવતાં આનંદ અનુભવીએ છીએ.

જે કોઇને પોતાના ભગવાન તેમજ શ્રી સિદ્ધચક્રજી તથા અધિષ્ઠાયક દેવ–દેવી આદિ મરાવવાનાં હોય તેઓએ તા. ૨૮–૧–૯૫ સુધીમાં ઉપરના સ્થળે પહોંચાડવા. અંજન વિધિ થયાં બાદ આઠ દિવસની અંદર પોતપોતાના ભગવાન આદિ લઇ જવાના રહેશે.

આમંત્રક—શ્રી મહાવીર શ્વે. મૂ. તપાગચ્છ જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટના સબહુમાન પ્રણામ.

સંપર્ક :— શ્રી હરખચંદ ગોવિંદજી મારુ આશીષ કોરપોરેશન જુની હનુમાન ગલી, ૨૩—૩૧ બોટાદવાલા બીલ્ડીંગ બપોરે ૨થી ૮ મુંબઇ—૨ ફોન— ઘર ૫૧૩૨૨૨૩
ઓ. ૨૦૬૧૫૮૫ ૨૦૫૪૮૨૯



- વ્યાખ્યાન તે લેકચર કરવાની જગ્યા નથી. હૈયામાં સમજાયેલ સાચી વાત સમજાવવાની જગ્યા છે. અહીં આવેલા ધર્મ સમજવા જ આવ્યા હોય તો એના એવા પ્રશ્નો કરે કે સમાધાન આપવા જ પડે.
- સાધુપણું એટલે એક પણ પાપ કરવાની જરૂર નહિ તે જગ્યા. ગૃહસ્થપણું એટલે પાપ કર્યા વિના ચાલે નહિ તે જગ્યા.
- 'કયાં જવું છે ?' તે ધ્યેય પરથી નક્કી થાય તો ખોટું કામ થાય નહિ અને સાચું કામ કર્યા વિના ચેન ન પડે. ખોટું કામ કરવું પડે અને સારૂં કામ ન થાય તો દુઃખનો પાર નહિ !
- સાધુપણું ભેટમાં કે લાચચ આપીને અપાતુ નથી. તેવી રીતે આપે તો તે પાપ કરે છે. કેમકે શાસ્ત્રમાં તેનો નિષેધ છે. જેને મોક્ષજ જોઇએ તે માટે સઘળાં ય સુખોનો ત્યાગ કરે અને બધાજ દુઃખ વેઠે તેને માટે સાધુપણું છે. મોજમજાદિ માટે સાધુ થવાનું નથી.
- સુખની પ્રાપ્તિ માટે ધર્મ કરવો એટલે વસ્તુતઃ અધર્મ જ કર્યો કહેવાય. કેમકે સુખ માટે ધર્મ કરે તો સાથે જ મિથ્યાતત્વ, અવિરતિ અને કષાય ગાઢ બંધાય અને તેથી સંસાર જ વધે.
- અહીં પ્રમાદ કર્યો, કરવા લાયક ન કર્યું, ન કરવા લાયક કર્યું તો દુર્ગતિમાં જવું પડે. દુર્ગતિમાં ગયેલા માટે સંસાર લાંબો છે. તો કમાણીની જગ્યાએ મોટી ખોટ જ કરી કહેવાય ને ?
- ધર્મમાં મજા ન આવે તો સમજવું કે હજી સંસારમાં ઘણું ભટકવાનું બાકી છે.
- ધર્મને અને સંસારની બધી ચીજોને વૈર છે. ધર્મ રાખવો તો અધર્મ આઘો કરવો જ પડે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૪૧૬૯ ૧૧-૮-૨૨

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

સાપ્તાહિક

સવિ જીવ કરું શાસન રસી.

ધર્મ લઘુતા નહિ કરવી જોઇએ

धम्मखिसं कुणंताणं अप्पणो अपरस्सय ।
अबोहि परमा होइ इइ सुत्ते विभासियं ।।

ધર્મની અવહિલના કરવાવાળા જીવો, પોતાના આત્માના અને બીજા આત્માઓના બોધિબીજ સમ્યક્ત્વનો નાશ કરે છે–એમ આગમમાં કહેલું છે.

વર્ષ ૭

અંક ૨૨

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382007.

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા.૪૦૦

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આ જીવનની જો એક ક્ષણ પણ નકામી જાય, મોક્ષમાર્ગની આરાધના વિનાની જાય, તો એથી આપણને જ્ઞાનની દૃષ્ટિએ ખૂબ જ નુકશાન થાય છે પણ એ નુકશાનનો ખ્યાલ આપણને આવવો જોઈએ ને ?
- જેમ સ્યાદ્વાદ જેવો કોઇ સિધ્ધાંત નથી, તેમ અભયદાન જેવો કોઈ ધર્મ નથી.
- અભયદાતાઓમાં શિરોમણિ એવા આપણા દેવ, જગતના જીવોને પોતાના તરફથી સદાને માટે અભય મલે એવી રીતે પોતાના જીવનને મથતા આપણા સદ્‌ગુરૂ, તેમજ જેના સેવનથી જીવોને અભય આપવા જેવું જીવન આવે–એવો આપણો ધર્મ અથવા ધર્મનું કોઇ પણ અનુષ્ઠાન બીજા જીવોને અભય આપવા પૂર્વકનું હોય અને અનુષ્ઠાનોને સેવનારને પોતાને પણ અભય બનાવનારૂં હોય, એમાં નવાઇ પામવા જેવું કાંઇ છે જ નહિ.
- આચારમાં ઢીલા બનેલાઓ સાચી પ્રભાવના કરી શકે જ નહિ.
- ઉપકારના નામે આચારને ઢીલા બનાવવાની વાત તો, આચાર પાલનથી કંટાળેલાઓ કરે છે, અથવા અજ્ઞાની કરે છે.
- જેમને સારી રીતિએ આરાધના કરવી છે, જેમને પોતાની આરાધનાનો પણ રક્ષા કરવીને અને એથી આગળ વધીને જેમને આરાધનાના માર્ગની પ્રભાવના પણ કરવી છે, તેમના માથે આક્રમણો તો આવે જ.
- ધર્મગુરૂનું સાચું કર્ત્તવ્ય એ છે કે–ધર્મને બતાવવો. ધર્મને સેવવો અને ધર્મનો ઉપદેશ કરવો અને ધર્મને જે સેવે તેને ધર્મમાં સહાય કરવી એ જ ધર્મગુરુનું કામ છે. એ સિવાય કોઇ કામ અમારૂં છે નહિ અને અમે એ સિવાયનું કામ કરીએ પણ નહિ.
- કોઇની ય વાતમાં આવી જઇને, દાક્ષિણ્યતામાં પણ ભાન ભૂલીને અથવા કોઇની પણ શેહમાં દબાઇ જઇને, માર્ગ મૂકાઇ જાય તેમ કરવું તેમાં લાભ નથી પણ નુકશાન જ છે.
- હૈયા ઉપદેશથી જેવાં હલાવાય, તેવાં આદેશ નહિ. હૈયું હાલી ઊઠયા પછી તો, સામાન્ય સૂચન માત્રથી પણ કામ થઇ જાય.
- પાપથી જે ડરે નહિ તે સાચું પ્રતિક્રમણ પણ કરી શકે નહિ !

કચ્છવાગડ સંસ્કારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રી
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(ડુંગરવાળા)
હરેન્દ્રકુમાર અમૃતલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર ચીમનલાલ શાહ
(ડોમ્બીવલી)
ચંદ્રકાન્ત પ્રેમજી મુંદરા
(થાણા નગર)

વર્ષ ૭] ૨૦૫૧ મહા સુદ -૧ મંગળવાર તા. ૩૧-૧-૯૫ [અંક- ૨૨]

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-પાંચમું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૫ બુધવાર તા. ૬-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ-૧

આજે શ્રાવક સમાજથી અને સાધુથી જેટલી નિંદા થાય છે તેટલી બીજાથી નથી થતી. ઘરના જેટલું નુકશાન કરે છે તેટલું નુકશાન બહારના બીજા નથી કરતા. બીજા તો કહે છે કે-જૈન ધર્મ બહું સારો છે, બહુ ઝીણો છે. ઘરના કહે કે-વાત-વાતમાં ધર્મ કરો તો થતો હશે? ધર્મ ન થાય તો શું પાપ થાય? તમારે દુઃખ જોઇતું નથી, સુખ જોઇએ છે અને સંસાર છોડવાનું મન નથી તો અધ્યાત્મભાવ આવે? સંસારમાં તો બધું કરવું પડે તેમ બોલે તે સાધુ હોઇ શકે?

સભા :- તેવા સાધુ સમજદાર કહેવાય છે.

ઉ- ભગવાન કહી ગયા છે કે-આ પાંચમાં આરામાં ઘણા મુંડાઓ મહામિથ્યા-દૃષ્ટિ પાકવાના છે. આનો આજે અનુભવ થઇ રહ્યો છે.

તમારા આ ગામવાળાએ તો ઠાઠ વાળ્યો છે. 'ભગવાનની પૂજા ન કરે તો ચાલે. માત્ર કુલપૂજા કરે તો ય ચાલે. પર્વ દા'ડે પૂજા કરે તો ય ચાલે' આવા ઠરાવો, આ...યો તમારા ગામમાં કરે છતાં ય કોઇને કાંઇ થાય નહિ. આનું એક જ કારણ છે કે હજી અધ્યાત્મભાવ આવ્યો નથી.

પ્ર- ભગવાનની પ્રતિમાઓ ભોંયરામાં દટાયેલી મલી આવે છે ત્યાં કોણ પૂજા કરતું હતું?

ઉ– આવા પ્રશ્ન કરનાર આ બધા મૂરખના આગેવાન જ કહેવાય ને ? જેની ખબર પણ ન હોય તેનો દાખલો પોતાની વાતની પુષ્ટિ માટે આપે તે બધા કેવા કહેવાય ? શાસ્ત્રના જાણ કહેવાય ? આવી મૂર્તિઓ મલી આવે પછી વિધિપૂર્વક અઢાર અભિષેકાદિ કરી તેની પૂજા–ભક્તિ કરાય છે તેની ખબર નથી ? ખોટા બચાવો ન કરો. ધર્મ કરીને પણ આ જન્મ હારી જશો.

એક ગામમાં એક આચાર્યનું મોટું સામૈયું કરાયું. તે જોઇને તેમણે વ્યાખ્યાનમાં કહ્યું કે–અમે આ લોકોનું શું ભલું કર્યું કે અમારું આવું સામૈયું કરે છે ? અમારા માટે તો કાળા વાવટા લાવવા જોઈએ. તે પછી તમારા બધાના ઉપકાર માટે જે જે ઠરાવો કર્યા, જે જે કર્યું તેથી તમારા ગામને ઘણું કલંક લાગ્યું છે. ગુરૂપૂજનનું દ્રવ્ય પણ વૈયાવચ્ચમાં લઇ જવાય આવો ઠરાવ કરે તો તે ચલાવાય ? આવા ઠરાવો કર્યા તે શ્રાવકો ઉપર ઉપકાર કર્યો કે અપકાર કર્યો કહેવાય ? આ પંચમકાળમાં આવા ઘણા બધા પાકશે. તેમનાથી સાવધ બનાવવા આ બધી વાત કરવી પડે છે. તમે બધા જો ડાહ્યા અને સમજુ થઇ જાવ તો હજી ય ઘણું સુધરી શકે તેમ છે. **સાચું સમજાવવા છતાં ય તમે નહિ સમજો અને શાસ્ત્ર વિરૂધ્ધ બોલે કે લખે તે બધું ચલાવી લો તો તમે અમારા ભકત નથી પણ શત્રુ છો,** આજે જો અમે સાવધ અને સન્માર્ગમાં સ્થિર ન હોઇએ તો અમને ય પતિત કરનારા કેટલાક છે.

જે ધર્મ મોક્ષ આપે તે શું ન આપે ? ધર્મથી બધું જ મળે ? તેની ના નથી પણ શું મેળવવા ધર્મ થાય ? સંસારનું સુખ મેળવવા ધર્મ કરીએ, સુખ મલી પણ જાય. તે પછી અમારૂં શું થાય તેમ કોઇએ પૂછ્યું છે ?

પ્ર– પહેલા ધર્મની બાબતમાં રસ જગાવો પછી આગળની વાત.

ઉ– 'ધર્મ ગમે તે માટે કરો' તેમ કહ્યા પછી 'આ આ માટે ધર્મ ન થાય' તેમ કહીએ તો અમે જૂઠ્ઠા કહેવાઇએ કે સાચા કહેવાઇએ ? સાધુ બે ભાષા બોલે ?

પ્ર– કડવી દવા પાવા ગળપણ આપવું પડે ને ?

ઉ– કોને કહ્યું ? કયા મૂરખાએ સમજાવ્યું ? સાધુ બે ભાષા બોલે તો શ્રોતાઓને થાય ને કે–આ ભગવાનના સાધુ છે કે ગપ્પીદાસ છે ?

આજના શ્રાવકો સાધુઓને પણ ઓળખે છે. પણ તેઓ મોટેભાગે લાલચુ અને માખણીયા બની ગયા છે. સાચું કહેવાની હિંમત નથી. જાણવા છતાં ય સાચું કહેતા નથી. 'આપણે શું તેમનું તે જાણે,–તેવી મનોવૃત્તિ ઘર કરી ગઇ છે. તેથી ઘણો બગાડો થાય છે.

પ્ર– કહીએ તો સાધુની અશાતનાનો દોષ ન લાગે ?

ઉ– જરા પણ નહિ. વિનયપૂર્વક બધું કહેવાય. ઘણા શિષ્યોએ ગુરૂનો પણ ઉધ્ધાર કર્યો છે શાસ્ત્રો શ્રાવક-શ્રાવિકાને સાધુ-સાધ્વીના મા–બાપ જેવા કહ્યા છે અને અવસરે રાજા જેવા પણ બને. મા દીકરાની કેટલી કાળજી રાખે ? દીકરો આડું અવળું કરે તો બાપ ધોલ મારે, આંખ પણ લાલ કરે. સમજાવવા છતાં ય ન જ સુધરે તો રાજાની જેમ કાઢી પણ મૂકે.

આ તો શ્રી જૈનશાસન છે. તેમાં કોઇનો પક્ષપાત ચાલતો નથી. જમાલિ જેવો ભગવાનનો ભાણેજ, જમાઇ અને શિષ્ય, પ્રસંગ પામીને ભૂલ્યો અને બોલ્યા કે–'ભગવાન પણ ભૂલે !' તો તેના જ શિષ્યો તેમની સામે બેઠા અને તેમની વાતનો પ્રતિકાર કર્યો. જમાલિ તેમની એક પણ વાતનો જવાબ ન આપી શકયા, તો તે બધા જમાલિને મૂકીને ભગવાન પાસે ગયા. તો ભગવાને ઠપકો આપ્યો ?

અમે પણ કદાચ ભાનભૂલીએ અને ઊંધે માર્ગે જઇએ, તો તમે જાણવા છતાં ય રોકો નહિ તો અમારા ભકત નથી પણ દુશ્મન છો ! તમે રોજ અમારી પાસે આવો અને અમે તમને સંસાર ભૂંડો ન સમજાવીએ, સંસારનું સુખ ભૂંડું ન સમજાવીએ, તે સુખ મેળવવા આમ કરો, તેમ કરો–એમ કહીએ, તમારા સંસારની પુષ્ટિ થાય તેવી વાતો કરીએ તો—શાસ્ત્રે અમને પણ કસાઇ કરતાં ય ભૂંડા કહ્યા છે, વિશ્વાસથી આવેલાની કતલ કરનારા કહ્યા છે. જે ઉપદેશક સાધુ પોતાની પાસે આવેલાને વિધિ–અવિધિ ન સમજાવે, જે રીતે ધર્મ કરવો જોઇએ તે ન કહે, ગમે તે રીતે ધર્મ થાય એમ કહે તેને કસાઇ કરતાં પણ ભૂંડો કહ્યો છે. અનેકના ભાવ પ્રાણ લુંટનારો કહ્યો છે.

પ્ર– આજે કહેવા જઇએ તો સાધુ સાંભળતા નથી.

ઉ– તમને કહેતાં આવડતું નથી. વિનય–વિવેકથી કહો તો સાંભળવું જ પડે. તેવા સાધુ તમારે ઘરે આવે તો કહો–કે તમે આવો તે મારી ઇચ્છા નથી પણ ધર્મની નિંદા ન થાય માટે આવવા દઉં છું. જો તમે આ રીતે કરો તો યોગ્ય હોય તો તેમાં સુધારો થઇ જાય.

તમે માખણીયા ભગત ન બનો. રોજ અમને શું પૂછો છો ? 'સુખ–સંજય યાત્રા નિર્વહો છો જી !' પછી 'ભાત–પાણીનો લાભ દેશોજી' તેમ કહો છો આપણાં સૂત્રો જ એવાં છે કે સમજે તો બધી અકકલ આવી જાય. (ક્રમશઃ)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

(૧૪) પાંચ લક્ષણ

(ઢાળ–આઠમી)

લક્ષણ પાંચ કહ્યા સમકિતતણાં,
ધુર ઉપશમ અનુકૂળ, સુગુણ નર !
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી,
ચિંતવીએ પ્રતિકૂળ સુગુણ નર !
શ્રી જિનભાષિત વચન વિચારીએ શ્રી જિન૦ ...૪૧

સુર નર સુખ જે દુઃખ કરી લેખવે,
વંછે શિવસુખ એક સુગુણ નર !
બીજું લક્ષણ તે અંગી કરે,
સાર સંવેગ સુટેક. સુગુણ નર !

શ્રી જિન૦ ...૪૨

નારક ચારક સમભવ ઉભગ્યો,
તારક જાણીને ધર્મ સુગુણ નર !
ચાહે નીકળવું નિર્વેદ તે,
ત્રીજું લક્ષણ મર્મ સુગુણ નર !

શ્રી જિન૦ ...૪૩

દ્રવ્ય થકી દુખીયાની જે દયા,
ધર્મહીણાની રે ભાવ સુગુણ નર !
ચોથું લક્ષણ અનુકંપા કહી,
નિજ શકતે મન લાવ સુગુણ નર !

શ્રી જિન૦ ...૪૪

જે જિન ભાખ્યું તે નહિ અન્યથા,
એહવો જે દૃઢ રંગ સુગુણ નર !
તો આસ્તિકતા લક્ષણ પાંચમું
કરે કુમતિનો એ ભંગ સુગુણ નર !

શ્રી જિન૦ ...૪૫

પ્ર- ૧૬૩ લક્ષણ કોને કહેવાય ?

ઉ- 'लक्ष्यते वस्तु अनेनेति लक्षणम्'. જેના વડે વસ્તુતત્ત્વ જણાય અર્થાત્ વસ્તુને ઓળખાવનારી જે નિશાની તેને લક્ષણ કહ્યું છે.

પ્ર- ૧૬૪ સમકિતનાં કેટલાં લક્ષણ છે ? કયા કયા,

ઉ- પાંચ ૧- ઉપશમ, ૨- સંવેગ, ૩- નિર્વેદ, ૪- અનુકંપા, ૫- આસ્તિક્ય. આ પાંચે ગુણોનો સદ્ભાવ આત્મામાં સમ્યક્ત્વનો નિશ્ચય કરાવે છે.

પ્ર- ૬૫ પહેલાં લક્ષણનું સ્વરૂપ સમજાવો.

ઉ- પહેલું 'ઉપશમ' નામનું લક્ષણ છે. ક્રોધનો અભાવ અર્થાત્ સકારણ કે નિષ્કારણ પણ ગુસ્સો આવે જ નહિ તે ઉપશમ છે. કેટલાક જીવોને શ્રી જિનેશ્વર દેવોના વચનથી, કેટલાકને કષાયના કટુ ફલો જોવાથી અને કેટલાકને સ્વાભાવિક રીતે જ ઉપશમ હોય છે. ઉપશમ ગુણ પામેલો આત્મા તો બધાનું ભલું ઇચ્છે છે, કોઇનું ય બુરું સ્વપ્નને પણ ઇચ્છતો નથી. તેમાંય પોતાના પ્રત્યે અપરાધ કરનારનું ય મનમાં ય પ્રતિકૂલ-ખરાબ ઇચ્છતો નથી. અપરાધીનું પણ નહિ બગાડવાનું મન, હૈયાની સુંદર પરિણતિ વિના શકય નથી. 'જેવા સાથે તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' એવી મનોદશાવાળાને ઉપશમનું સ્વપ્ન પણ આવવું શકય નથી.

ધર્મનો સાર પણ ઉપશમભાવને પામવામાં જ કહ્યો છે માટે તે ગુણ મેળવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

પ્ર- ૧૬૬ ઉપશમ તે કયા દોષનો ગુણ છે ? તે દોષને કેવો કહ્યો છે ?

ઉ- ક્રોધનો અભાવ તેનું નામ ઉપશમ છે. ગમે તેવા પ્રસંગોમાં ગુસ્સો આવે જ નહિ તો માનવું પડે કે ઉપશમગુણ પેદા થયો છે, 'कोहो पीई विणासेइ' ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, 'ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફળ જાય' 'ક્રોધ અગ્નિ જેવો છે' 'ક્રોધ ચંડાલ જેવો છે'-ઇત્યાદિ હિતબુદ્ધિથી કહી ક્રોધથી દૂર રહેવા ઉપકારી પરમર્ષિઓ વારંવાર પ્રેરણા આપ્યા કરે છે.

પ્ર- ૧૬૭ બીજા લક્ષણનું સ્વરૂપ જણાવો.

ઉ- દેવ અને મનુષ્યનાં સઘળાં ય સુખોને દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી જાણી, વાસ્તવિક અને પારમાર્થિક એવાં એક માત્ર મોક્ષનાં જ સુખને ઇચ્છે તેનું નામ 'સંવેગ' નામનું બીજું લક્ષણ છે.

પ્ર- ૧૬૮ આ લક્ષણનું તાત્પર્ય સમજાવો.

ઉ– સંસારના સઘળાં ય સુખો, સુખાભાસ રૂપ જ છે, સુખે મીઠાં મધુર અને રમ્ય છે પણ પરિણામે તો દુઃખદાયી જ છે. વળી તે બધાં સુખો દુઃખ મિશ્રીત, અપૂર્ણ અને અલ્પકાલીન છે. તેની ઇચ્છા પણ પાપ જ છે.

જ્યારે મોક્ષનું સુખ એ જ સાચું અને વાસ્તવિક છે, વળી દુઃખના કલેશ વિનાનું, પરિપૂર્ણ અને કાયમ માટે રહેવાવાળું છે. માટે એક માત્ર મોક્ષને પામવાની ઇચ્છાથી જ ધર્મ કરવાનો છે. જેનું પરિણામ દુઃખદાયી અને વિડંબણા રૂપ હોય તેવા સાંસારિક સુખ માટે ધર્મ કરાય–એવું પ્રતિપાદન કોઇ પણ સુજ્ઞ કરે નહિ. કરે તો તે આપોઆપ પોતાની જાતે જ બાલિશતામાં ખપે છે. માટે આત્મકલ્યાણ ઇચ્છુક મુમુક્ષુ જનો મોક્ષને માટે જ ધર્મ કરે છે–કરવાનું કહે પણ છે.

પ્ર– ૧૬૯ ત્રીજાં લક્ષણનું સ્વરૂપ સમજાવો.

ઉ– 'નિર્વેદ' તે ત્રીજું લક્ષણ છે. નારક તિર્યંચ વગેરે સાંસારિક દુઃખોથી નિર્વિણ્ણતા એટલે કે કંટાળો, તે નિર્વેદ છે. દુઃખથી અતિગહન આ સંસારરૂપી ચારક –જેલખાનામાં અતિભારે કર્મ રૂપી કોટવાલો વડે ભિન્ન ભિન્ન પ્રકારે વિડંબના પામતાં, તેનાથી બચાવનાર એક માત્ર ધર્મને જ જાણે અર્થાત્ ભગવાન શ્રી જિનેશ્વર દેવોનો ધર્મ જ આ સંસારથી તારનારો છે એમ બરાબર સમજી નારકી અને કેદ માના જેવા સંસારથી કંટાળીને તેમાંથી ભાગી છૂટવાની જે ઇચ્છા તેનું નામ નિર્વેદ છે. એટલે કે ટૂંકમાં, સંસારથી ભાગી છૂટવાની જે ઇચ્છા તેનું નામ નિર્વેદ છે.

પ્ર– ૧૭૦ મતાંતરે બીજું–ત્રીજું લક્ષણ જણાવો.

ઉ– મતાંતરે–કેટલોક ભવભીરૂ સંવિગ્ન આચાર્ય ભગવંતાદિના મતે 'સંસારથી ભાગી છૂટવાની જે ઇચ્છા' તેનું નામ સંવેગ છે અને 'સંસારનાં સુખમાત્રને દુઃખરૂપ જાણી મોક્ષ સુખને જ ઇચ્છે' તેનું નામ નિર્વેદ છે–એમ કહ્યું છે.

પ્ર– ૧૭૧ ચોથાં લક્ષણનું સ્વરૂપ જણાવો.

ઉ– દુઃખી જીવોના દુઃખને દૂર કરવાની જે ઇચ્છા તેનું નામ અનુકંપા કહી છે. તે અનુકંપામાં પોતાની શક્તિને જરાપણ ગોપવે નહિ અર્થાત્ શક્તિ પ્રમાણે અનુકંપા કરે, તે પણ નિષ્પક્ષ પણે. પક્ષપાતપણાથી તો પોતાના પુત્રાદિના દુઃખને દૂર કરવાની ઇચ્છા તો વાઘ આદિમાં પણ હોય છે.

પ્ર– ૧૭૨ અનુકંપાના કેટલાં ભેદ છે ? કયા કયા સમજાવો.

ઉ– અનુકંપાના દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા એમ બે ભેદ છે. તેમાં દુઃખી જીવોને ઇન્દ્રિયે જે દયા કરવી તે દ્રવ્ય અનુકંપા છે અને ધર્મથી રહિત જીવોની

જે દયા કરાવી તે ભાવ અનુકંપા છે. અર્થાત ધર્મરહિત પણાથી જ દુઃખ દૌર્ભાગ્યાદિને પામેા છેા માટે દુઃખ આદિ ન જોઇતા હેાય બધાં જ દુઃખના કારણ કર્મોનેા જ મૂળમાંથી નાશ કરવા એક માત્ર શ્રી જિનધર્મનું જ સેવન કરેા તેમ સમજાવવું.

પ્ર- ૧૭૩ અનુકંપા માટે શું કહ્યું છે ?

ઉ- દાનના વર્ણનમાં સુપાત્રનેા મહિમા ઘણેા વર્ણવાયેા છે, પાત્રાપાત્રની વિચારણા કરવાની પણ કહી છે. પરન્તુ શ્રી જિનેશ્વર દેવેાએ અનુકંપાનેા કયાંય પણ નિષેધ કર્યો નથી. પરન્તુ શ્રી અનુકંપામાં ય વિવેક રાખવાનેા છે. કેમકે દુનિયામાં પણ કહેવાય છે કે-'દાન દૂધના હેાય, કારૂના નહિ.' ભુખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નગ્નને વસ્ત્ર કે રહેઠાણ વિનાનાને રહેઠાણ અપાય પણ પૈસા આપતા પુષ્ત વિચાર કરવેા પડે જેથી પાપની પ્રવૃત્તિનું જરાપણ પેાષણ ન થઇ જાય.

પ્ર- ૧૭૪ પાંચમાં લક્ષણનું સ્વરૂપ સમજાવેા.

ઉ- વિદ્યમાનપણાની બુધ્ધિ જેને હેાય તેનું નામ આસ્તિક અને તે આસ્તિકનેા જે ભાવ અથવા તેા કર્મ તેનું નામ આસ્તિકય. 'શ્રી જિનેશ્વર દેવેાએ જે કહ્યું તે જરાપણ અન્યથા-ખેાટું છે જ નહિ' આવેા મનમાં જે દૃઢ વિશ્વાસ તેનું નામ આસ્તિકતા નામનું પાંચમું લક્ષણ છે. જે કુમતિનેા નાશ કરનાર છે. કેમકે, રાગ-દ્વેષ અને મેાહનેા મૂળમાંથી જેમણે ઉચ્છેદ કર્યો છે તેમણે ખેાટું બેાલવાનું કેાઇજ કારણ નથી. ખેાટું બેાલવાના કારણેા વિચારેા તેા સ્વયં સમજાશે કે રાગ, દ્વેષ અને મેાહ જ છે. રાગી-દ્વેષી-મેાહવાળેા જીવ જ ખેાટું બેાલે જ છે.

કહ્યું પણ છે કે-

"सव्वाइं जिणेसस्भासियाइं वयणाइं नन्नहा हुंति ।
इयबुद्धि जस्स मणे सम्मत्तं निच्चलं तस्स ।।"

શ્રી જિનેશ્વરદેવેાએ કહેલાં સર્વ વચનેા જરાપણ અન્યથા ખેાટાં હેાતાં જ નથી' આવી બુધ્ધિ જેના મનમાં હેાય તેનામાં નિશ્ચલ સમ્યકત્વ સમજવું.

પ્ર- ૧૭૫ આ પાંચે લક્ષણેા પૂર્વાનુપૂર્વીથી કહ્યા તેનું કારણ જણાવેા.

ઉ- ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા આ પાંચે લક્ષણેા યેાગ્યતા અને શ્રેષ્ઠતાનાકારણે આ રીતના બતાવ્યા છે.

પ્ર- ૧૭૬ જીવને આ પાંચે ગુણ કઇ રીતના પ્રાપ્ત થાય છે ?

ઉ- જીવને આ પાંચે ગુણ પશ્ચાનુપૂર્વીના ક્રમથી પ્રાપ્ત [illegible] શ્રી જિન-

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૫ આખરે ભરતનો રાજ્યાભિષેક.

ભાગ્ય વિધાતા અને રાણી કૈકેયી ઉપર આક્રોશ વરસાવનારા નગરજનો રામ, લક્ષ્મણ, સીતાના ચાલ્યા જવાથી કષ્ટદાયી દશાને પામ્યા. અને અત્યંત અનુરાગથી નગરજનો પણ રામની પાછળ ચાલ્યા.

ચોધાર રડતાં રાજા દશરથ પણ અંતઃપુરના પરિવાર સાથે જલ્દીથી રામની પાછળ જવા લાગ્યા. નગર આખુ જાણે રામ વિના રહી ન શકતું હોવાથી રામની પાછળ ચાલ્યું.

માતા–પિતા અને નગરજનોને પાછળ–પાછળ આવતાં જાણીને રામચંદ્રજી આગળ વધતા અટકી ગયા. અને વિનયપૂર્ણ વાણી વડે કેમે કરીને દરેકને નગર તરફ પાછા વાળ્યા. અને પછી રામચંદ્રજીએ વધુ ઉતાવળે વન તરફ ચાલવા માંડ્યું.

ગામડે–ગામડે અને નગરે–નગરે વૃધ્ધો અને શ્રેષ્ઠિરત્નોએ પોતાને ત્યાં રહેવા રામચંદ્રજીને વિનંતિઓ કર્યા કરી. પણ રામચંદ્રજી કયાંય રોકાયા નહિ.

આ તરફ ભરતે છેવટે રાજય તો લીધું જ નહિ પણ ઉપરથી ભાઈના વિરહથી પીડા પામેલો તે પોતાની અને કૈકેયીની ઉપર આક્રોશ કરવા લાગ્યો. આથી પ્રવ્રજ્યા માટે ઉત્સુક બનેલા દશરથ રાજાએ સામન્તો અને સચિવોને લક્ષ્મણ સહિત રામને રાજય સંભાળી લેવા માટે પાછા બોલાવી લાવવા મોકલ્યા.

પશ્ચિમ દિશા તરફ જતાં રામને શોધી કાઢીને સામન્ત સચિવોએ રાજાની આજ્ઞાપૂર્વક રાજય તરફ પાછા ફરવા દીન વદને રામચંદ્રજીને વિનંતિ કરી. પરંતુ રામચંદ્રજી પાછા ના ફર્યા. અને સામન્તોને નગર તરફ જવાનું કહેવા છતાં કોઇપણ રીતે રામ પાછા ફરશે તેવી આશાથી તેઓ રામચંદ્રની પાછળ–પાછળ જ ચાલ્યા.

હવે ઘણું ચાલ્યા પછી રામચંદ્રજી એક વિશાળ વૃક્ષ નીચે બેઠા. અને સામન્તાદિને કહ્યું કે–તમે લોકો હવે અહીંથી પાછા ફરો. કેમકે અહીંથી હવે કષ્ટદાયી

વચન ઉપર અવિહડ વિશ્વાસ થયા પછી હૈયામાં સાચી દયા પેદા થાય છે, તે પછી સંસારથી ભાગી છૂટવાની ઇચ્છા થાય અને ધર્મ જ તારક લાગે, પછી આ સંસારના સઘળાં ય સુખ માત્ર દુઃખ રૂપ લાગે અને એક માત્ર મોક્ષ સુખની જ ઇચ્છા થાય. એટલે આત્મામાં સાચા ભાવે ઉપશમ આવે.

(ક્રમશઃ)

માર્ગની શરૂઆત થાય છે. અમારા કુશળ સમાચાર પિતાજીને આપજો. અને મારી અથવા તમારી જેમજ ભરતની પણ સેવા કરજો. હવે અમે અહીંથી આગળ જઇશું. તમે દરેક હવે સમજીને પાછા વળો તે જ ઉચિત છે.''

આંખમાં આંસુની ધારા વહાવતા સામન્તાદિ બધાં અમને ધિક્કાર છે. આવું વારંવાર બોલતાં ધીમા પગલે પાછા ફર્યા. આ બાજુ રામચંદ્રજી માર્ગમાં આવેલી ગંભીરા નામની મોટી નદી લક્ષ્મણ તથા સીતાદેવીની સાથે પાર કરવા લાગ્યા. સામન્તો અને સચિવોથી જ્યાં સુધી રામચંદ્રજી દેખાયા ત્યાં સુધી જોયા અને રામચંદ્રજી નજરથી દેખાતા બંધ થતાં આંસુ ભર્યા દુસકા ભરતા ભરતાં બધા જ અતિ ગમગીન અને ધીમા પગલે અયોધ્યા તરફ પાછા ફર્યા. અને નગરમાં આવીને રામચંદ્રજીના બધાં જ સમાચાર જણાવ્યા.

હવે દશરથ રાજાએ કહ્યું–હે વત્સ ભરત! રામ-લક્ષ્મણ તો પાછા ના આવ્યા. હવે તું આ રાજ્ય ગ્રહણ કર. મારી દીક્ષામાં વિઘ્ન ના નાંખ.''

હું તો કેમે કરીને આ રાજ્ય સ્વીકારવાનો જ નથી. હું જાતે જઇને પ્રસન્ન કરીને વડિલબંધુને અહીં પાછા લઇ આવીશ.'' ભરત આમ બોલતો હતો ત્યાં જ આવી ચડેલી કૈકયીએ કહ્યું–હે નાથ! તમે સત્યપ્રતિજ્ઞ છો. તમે તો ભરતને રાજ્ય આપી દીધું. પરંતુ તમારો આ વિનયી પુત્ર રાજ્યને ગ્રહણ નથી કરતો તથા મને તેમ જ અન્ય માતાઓને પણ આ સર્જાયેલી પરિસ્થિતિના કારણે પારાવાર દુઃખ છે. કશું જ સમજ્યા વિચાર્યા વિના પાપીણી એવી મારા વડે હે નાથ! છતે પુત્રે પણ તમારા આ રાજ્યને રાજા વિહોણું કરી દેવાયું છે. કૌશલ્યા, સુમિત્રા અને સુપ્રભા ના કરૂણ કલ્પાંતો સાંભળીને મારૂં હૃદય ચિરાઇ જાય છે. માટે હે નાથ! મને અનુજ્ઞા આપો કે જેથી ભરત સાથે જઇને હું રામ લક્ષ્મણને પાછા અયોધ્યા લઇ આવું.

ખુશ થયેલા રાજાએ અનુજ્ઞા આપતાં જ ભરત અને મંત્રીવરો સાથે અત્યંત ઉતાવળથી કૈકેયી રામ તરફ ચાલી.

જતાં જતાં છઠ્ઠા દિવસે કૈકેયી-ભરતે એક વિશાળ વૃક્ષ નીચે બેઠેલા રામ-સીતા-લક્ષ્મણને જોયા.

રથમાંથી ઉતરતાની સાથે જ મારા વત્સ! મારા વત્સ! બોલતાં બોલતા કૈકેયી દોડી અને રામચંદ્રના મસ્તક ઉપર ચુંબનો ભરવા લાગી.

તથા પગમાં પડેલા સીતા અને લક્ષ્મણને પણ બન્ને હાથથી વીંટીને અત્યંત કરૂણ રૂદન કરવા લાગી.

ભરત પણ અશ્રુભરી આંખે રામચંદ્રના પગમાં પડયો. અને મૂર્છા ખાઇને ઢળી પડયો. રામ વડે સ્વસ્થ કરાયેલો ભરત બોલ્યો હે બંધુ! અભકતની જેમ મને તરછોડીને તમે અહીં કેમ આવી ગયા? ''માતાના દોષથી ભરત રાજ્યનો અર્થી બન્યો છે'' આવો મારા ઉપરનો અપવાદ

દૂર કરો અને મને પણ તમારી સાથે જ લઈ જાવ, અથવા અયોધ્યા પાછા ફરીને રાજ્યનો સ્વીકાર કરો. હે બંધુ! આમ થશે તો જ કુળના નાશક તરીકેનું મને ચડેલું કલંક દૂર થશે. હે બંધુ! વિશ્વના મિત્રો જેવા આ લક્ષ્મણ તમારા મંત્રી બનશે, શત્રુઘ્ન તમારા છત્રધર થશે અને હું તમારો પ્રતિહારી બનીશ. આપ અયોધ્યા પાછા વળો."

ભરત આમ બોલતો હતો ત્યાં જ કૈકેયી બોલી કે-હે વત્સ! તું સદા ભ્રાતૃવત્સલ છે. તારા ભાઈ ભરતનું આટલું વચન માન. આ પરિસ્થિતિ સર્જાઈ તેમાં તારા પિતા કે ભરતનો નહિ પણ સ્ત્રી સ્વભાવને સુલભ એવો મારો જ દોષ છે. કુલટાને દોષને છોડીને જગતમાં સ્ત્રીઓમાં જેટલાં જુદા જુદા દોષો છે તે બધાં દોષની ખાણ એવી મારામાં આવીને વસ્યા છે. પતિને, પુત્રોને અને માતૃજનોને આવું દુઃખ દેનારું કર્મ મેં જ આચર્યું છે. હે વત્સ! મારા આ અપરાધને ક્ષમા આપ."

આ રીતે રૂદનપૂર્વક બોલતી માતા કૈકેયીને રામચંદ્રજીએ કહ્યું કે-"દશરથ રાજાનો પુત્ર થઈને લીધેલી પ્રતિજ્ઞાને હું શી રીતે છોડું?', પિતાએ ભરતને રાજ્ય આપ્યું છે. અને મારી તેમાં પૂરેપૂરી સંમતિ છે આ વચન તે બન્નેના જીવતા હું નિરર્થક શી રીતે કરી શકું? અર્થાત્ મારાથી અયોધ્યાનું રાજ્ય સ્વીકારી શકાય નહિ. અને તેથી જ પિતા અને મારા આદેશથી ભરત જ અયોધ્યાના રાજા બનશે. ભરતને માટે તો હે માતા! પિતાની માફક હું પણ અનુલ્લંઘ્ય છું. માટે મારી આજ્ઞા ભરતને સ્વીકાર્યા વિના ચાલશે જ નહિ.

આમ કહીને ઇશારાથી સીતાજીએ લાવેલા જળ સંપુટ વડે રામચંદ્રજીએ સ્વયં સર્વસામન્તોની સાક્ષીએ રાજ્યાભિષેક કર્યો.

કૈકેયીને નમસ્કાર કરીને રામચંદ્રજીએ દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર્યું.

કમને અયોધ્યા તરફ પાછા ફરેલા ભરતે અયોધ્યાના રાજ્યભારનો પિતા તથા વડીલ બંધુની આજ્ઞાથી સ્વીકાર કર્યો.

અને દીક્ષાનો માર્ગ હવે નિષ્કંટક બનતા ઘણા સમયથી જે પ્રવ્રજ્યા લેવાની ઇચ્છા હતી, તે પ્રવ્રજ્યા મહામુનિ શ્રી સત્યભૂતિ પાસે જ ઘણા પરિવાર સાથે દશરથ રાજાએ અંગીકાર કરી.

स्वभ्रातृवनवासेन भरतः शान्तियेतो हृदि ।
अर्हत्पूजोद्यतोऽरक्षद्राज्यं यात्रिक वत्सुधीः
॥१३०॥

પોતાના ભાઈના વનવાસથી હૃદયમાં પીડા પામેલો બુદ્ધિશાળી ભરત અરિહંતની પૂજામાં ઉદ્યત બનેલો થકો પ્રતિહારીની જેમ અયોધ્યાના રાજ્યનું રક્ષણ કરવા લાગ્યો.

अग्निना पच्यतेधान्यं
फलं कालेन पच्यते ।
वयसो पच्यते देहः
पापी पापेन पच्यते ॥

અગ્નિથી અનાજ પાકે છે કાલ વડે ફલ પાકે છે ઉંમરથી શરીર પાકે છે અને પાપી પાપથી પકાવાય છે.

❋ ખોટું નો લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

સુલસા જેવી શ્રાવિકાને ભાવ ધરીને સંભારી.

"કંઇક આપો શેઠ. ત્રણ-ચાર દિવસનો ભૂખ્યો છું. દયા કરો દયાળુ. ભગવાન તમારું ભલું કરશે."

"કીધું ને એકવાર કે કંઇ નથી, આગળ જા."

"અરે શેઠ! આવું શું કરો છો. આ મારા પેટ સામું તો જુઓ. કંઇ દયા કરો બા. ભગવાન તમને સો વરસના કરે."

(ગુસ્સામાં) તને કીધું ને કે-"કંઇ નથી, આગળ જા. આ હવાર પડીને બસ હાલી જ નીકળ્યો છો. કંઇ વેળા-કવેળા તો હમજો. જા. કશું નથી."

'શેઠ તમારા પગે પડું. કંઇક દયા કરો શેઠ.!'

'અલ્યે જાય છે કે નહિ. કેટલીવાર કે'વાનું હોય કે કંઇ નથી."

પછી ભિખારી બોલ્યો-તમારી પાસે કાંઇ નો હોય તો હાલો મારી ભેળા. મારી પાસે ય કાંઇ નથી.'

શેઠે કહ્યું-"સાલા ભિખારા, ભિખારો તું છે હું નહિ, સમજ્યો ને! હરામ હાડકાના થઇ જઇને કંઇ ના હોય એટલે નીકળી જ પડોછો ભીખ માંગવા. હું મરી જઉં તોય ભીખ નો માંગુ."

રહેવા દો ને, શેઠ હવે. મંદિરમાં જઇને ભગવાન પાસે તમે શું માંગો છો! એ અમને ખબર છે. તમારા સાધુ-સંતો પાસે જઇને લાલ-પીળી રંગરંગની રાખડીઓ કેમ બાંધો છો, એ અમને ખબર છે.

"બકવાસ બંધ કર. ભિખારાને અહીંથી ચાલતી પકડ."

હું લાચાર બનીને તમારી પાસે ભીખ માંગુ છું એટલે હું તો ભીખારી છું જ પણ શેઠ... કંઇ નહિ જવા દો. ભગવાન તમારું ભલું કરે. ભગવાન તમારી વાહ લીલીછમ્મ રાખે.

'ઉભો રે. આગળ શું બબડવાનો હતો તે કહેતો જા.'

'ના. બાપુ. નાને મોઢે મોટી વાત એક ભીખારી થઇને મારે ના કરાય.'

'ના. ના. ઉભો રે. લે આ રૂપિયો. હવે મને શું કહેવાનું હતું તે કહે.'

શેઠ સાહેબ! ભગવાન તો આપણને બધાને મળ્યો છે. મારો તમારો બધાનો આ ભગવાન એક જ છે. માંગ્યા કરવાના આ સંસ્કારો જાગૃત થઇ જાય અને મંદિરમાં ભગવાન પાસે પણ કંઇક માંગી બેસીએ તો! આ બીક અમને સતત ડરાવે છે. અમે તો અહીં બેઠા બેઠા જ ભગવાનને કહીએ છીએ કે-"હે ભગવાન! આવેલી અને આવનારી પરિસ્થિતિને

સમતાભાવે સહી લેવાની અમને શક્તિ દેજે.” હવે માત્ર મંદિરો અને ઉપાશ્રયોના પવિત્ર રહેલા વાતાવરણને કોઇ સંસારના ધન-વૈભવની માંગણીઓ કરી-કરીને અપવિત્ર ન કરે તેવી તને (ભગવાનને) પ્રાર્થના.

શેઠને આ જરા વધુ પડતું લાગ્યું કે- “એક તો આ લોકો પૈસા અને ખાવાનું લઈ જાય છે, ને ઉપરથી અમને ય ભિખારી ગણીને અમને ય ઉપદેશ-ભારતી સંભળાવે છે.” એટલે જરા કરડા બનીને શેઠે કહ્યું કે “ચલ જા હવે, હમણાં હમણાંથી તમે લોકો વધુ પડતું બોલતાં થઇ ગયા છો કેમ ?’

હથે વધુ ઉભા રહેવામાં મજા ની, એમ સમજીને “ભગવાન તમારું ભલુ કરે.’ એમ કહે તો તે જલ્દી જતો રહ્યો. આમે ય રૂપિયો તો મૂળી જ ગયેલો.

‘બાલદપિ હિતં ગ્રાહ્યં=બાળક કે અજ્ઞાની ઉર્ફે મૂર્ખ પાસેથી પણ હિતકારી વાત ગ્રહણ કરવી જોઇએ” આ સિદ્ધાંતને શિરસા વંદન કરીને શેઠે પણ વિચાર્યું કે-‘એક ભિખારી પણ આટલું તો સમજે છે કે દેરાસર કે અપાસરામાં સંસારના સુખની માંગણી નો કરાય.’

પણ સાલુ બીજી બાજુ એમ થાય છે કે-આપણા કેટલાક સાધુપુરૂષો જ ભગવાન પાસે જ ધન-વૈભવની માંગણી કરવાનું જોર-શોરથી કહે છે, તેનું શું ?’

શેઠ તો પાછા મુંઝાયા. તે મુંઝવણમાંથી વિચાર દશામાં પરોવાયા. આખરે ઉકેલ મળ્યો. શેઠે વિચાર્યું કે-“આખરે ભગવાન પાસે સંસારના સુખની માંગણી કરવાનું “સંસારને અસાર કહેનારા શાસ્ત્રો કરે જ શાના ? જે ધર્મરાગી મહાનુભાવ શક્ય એટલો દંભ વગર ધર્મ તો કરે જ છે, પણ તેને પૂર્વના કોઇ કર્મના કારણે ધન કે પુત્રાદિની પ્રાપ્તિ ન થઇ હોવાથી તેનું મન ખરેખર ધર્મમાં સ્થિર રહી શકતું નથી. તે વ્યકિત ધર્મમ. ચિત્તને સ્થિર કરવા માટે ધન-પુત્રાદિની માંગણી કરે તો તેવી વ્યકિત માટે તે ઉચિત છે. કેમકે તેને ધર્મમાં ચિત્તને જોડવાનું દંભરહિત પણે મન છે. પણ ધનાદિ મેળવીને મોજ-મજા નથી ઉડાડવી. અને આવી ધર્મરાગી વ્યકિતએ ધનાદિની માંગણી કરી હોય તોય તે કંઇ ધનાદિની માંગણી ના ગણાય. પરંતુ ધર્મમાં ચિત્ત-સ્થિરતાની જ માંગણી ગણાય.

ના. બાબા આવી રીતના શુદ્ધ આશયથી ધનાદિની માંગણી કરીને તેવો શુદ્ધ આશય નિભાવવાની તાકાત આપણી નહિ હોં. એ તો સુલસા જેવા મહાશ્રાવિકાઓનું જ કામ છે હોં ભૈ.

કંઇ નહિ. ભિખારીને આપેલ એક રૂપિયાએ મારો અજ્ઞાનોદ્ધાર તો કર્યો. બોલો અજ્ઞાનોદ્ધારક – હિતચિંતનકાર ભદ્રંભદ્ર કી જય. અને ભિખારીદેવની પણ જય.

卐

શાસન સમાચાર

હાસમપુરા તીર્થમાં ભવ્ય ઉપધાન

અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કા. વ. ૧૦ તથા વદ-૧૨ એમ ઉપધાન શેઠશ્રી નથમલજી ટેકચંદજી પરિવાર વાંસાવાલા (ઇંદોર) તરફથી શરૂ થયા. ૬૯ તપસ્વી હતા. ૩૯ માળ હતી. જંગલમાં મંગલ એ રીતે ભવ્ય આરાધના થઇ ઉપધાન દરમ્યાન ધર્મવિધિ પ્રકરણ વંચાયું તે વહોરાવવાનો લાભ લીલાધર રામજી બીડ(મહા.)વાળાએ લીધો પાંચ પૂજા ૧. અમરકુમાર કનકચંદ ખંભા ૨. છગન લાલજી વડનગર વાળા ૩. બાબુલાલજી ચાણોદીયા રતલામ ૪. રતિલાલ હરિલાલ શ્રીગોંદા (મહા) ૫. કુલચંદજી બાચરેચ ગુરૂપૂજન લક્ષ્મીબેન હંસરાજ પોપટ નાંદરોબીએ લંધો.

ઉપધાન કરાવનાર તરફથી થાળી આદિ સ્ટીલનો સેટ થેલી સહિત તથા પૂજાની પેટી ડબ્બી સહિત આપેલ તપસ્વીઓ તરફથી ચાંદી (૧૨૦ ૩) તથા બીડ શ્રીગોંદા પારેલા ૬ ઉપધાન તપસ્વીઓ તરફથી ભવ્ય અલૌકિક પ્રાર્શ્વનાથ પ્રભુજીની છબી લેમીનેશન વાળી અપાઇ.

માળની બોલી ખૂબ સુંદર થઇ પહેલી માળ શાહ પોપટ રાજા ગુઢકા તરફથી પ્રેમચંદ મેઘજી મુંબઇને બીજી માળ કેશમલજી નથમલજીએ શ્રીમતી જ્યોત્સના-બેન કમલકુમારજી (ઇંદોર) ત્રીજીમાળ લીલાધર રામજીભાઇ બીડ ચોથીમાળ હરકીશનદાસ હરિલાલ પારોલા (ધુલીયા) પાંચમી માળ વેલજી પાનાચંદ દ્વારા શ્રીમતી રળિયાતબેન વેલજી ઘાટકોપર છઠી માળ બાગમલજી મારૂ દ્વારા શાંતિબેન શાંતિલાલજી ઉન્હેવા સાતમી માળ લીલાધર કચરાભાઇ તરફથી ચેતનભાઇ ઇંદોર વિ. સારી બોલીથી પહેરાવાઇ માળની ઉપજ માળવામાં રેકોર્ડ રૂપ થઇ ઉપધાન કરાવનાર શા કેશરીમલજી શા સમરથ મલજી શા તારાચંદજી શા દિનેશકુમાર મજનલાલજીનું બહુમાન હાસમપુરા ટ્રસ્ટ, તપસ્વીઓ તથા શાંતિનગર સંઘ, મારવાડી સમાજ જૈન યુવક મંડળ ઇંદોર અને બીજા પણ ભાવિકો તરફથી ઘણા ઉત્સાહથી થયું.

પોષ દશમીના ૫૫ હજાર તથા માળ ઉપર ૫૫ હજાર સંખ્યા થઇ અને બીજા પણ ૧૦ હજાર જેટલા ભાવિકો પધારેલ તે બધો લાભ ઉપધાન કરાવનારે લીધો.

માળ મહોત્સવ પ્રસંગે તેમના તરફથી શાંતિ સ્નાત્ર આદિ પંચાહ્નિકા મહોત્સવ થોળાયો ઉપધાન કરાવનાર તરફથી ૮ છોડ તથા બીજા ૧૫ છોડ એમ ૨૩ છોડનું ભવ્ય ઉજવણું થયું. વારંવાર પૂજાઓ પણ ભાવિકો તરફથી ભણાતી હતી.

પોષ સુદ ૧૦ બુધવાર તા. ૧૧-૧-૬૫ ના જીર્ણોદ્ધાર મુજબ ભવ્ય જિનમંદિરનું ખનન મુહૂર્ત શા નંદલાલ નાથુલાલજી ચૌધરી ઢેવાસવાળાએ હાથે થયું તે દિવસે થાન થાણા મુંબઇ જામનગરથી ભાવિકો આવી જતાં સારી રકમો જીર્ણોદ્ધારમાં લખાઇ હતી. પોષ વદ-૨ બુધવાર તા. ૧૮-૧-૬૫ ના મંદિરનું શિલાન્યાસ શાહ ખાંતિલાલ લાલચંદભાઇ તળાજા વાળા હસ્તે ઘણા ઉલ્લાસથી થયું અને જીર્ણોદ્ધારમાં સારી રકમો લખાઇ હતી.

પૂ. આચાર્યદેવશ્રી અત્રેથી ઉજ્જૈન ઇંદોર થઇ ધાર પધારશે ત્યાં મહા સુદ ૩ તા. ૨-૨-૬૫ આર. કે. કેમીસ્ટ ઇંદોરનાકા જૈન મંદિરનું શિલારોપણ છે ત્યાંથી ફાગણ સુદમાં ડો. અમૃતલાલ નહાર તરફથી બંધાયેલ આરસના ભવ્ય જિનમંદિરમાં અંજન શલાકા પ્રતિષ્ઠા પ્રસંગે ફા. સુ.-૩ વાપી પહોંચવા ધારણા છે.

ફાગણ સુદ-૧૧ સુધી ત્યાં સ્થિરતા છે. સરનામું

C/o ડો. અમૃતલાલ નહાર
નહાર બિલ્ડીંગ નહેરૂ સ્ટ્રીટ
વાપી (જી. વલસાડ) ગુજરાત

બારેજાથી માતર તીર્થનો છ'રી પાલક યાત્રા સંઘ

પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. મહોદય સૂરીશ્વરજી મ. સા. ના આશિર્વાદથી પંન્યાસ પ્રવર મધુકરવકતા પૂ. ભદ્રાનંદ વિ. ગણિવર્ય મ.સા.ના પ્રશિષ્ય શિષ્યરત્ન પૂ. મુનિ શ્રી મુકિતધન વિ. મ. પૂ. મુનિ શ્રી પુણ્યધન વિ. મ. તથા પૂ. સા મૃગનયના શ્રીજી મ. પૂ. સા. પ્રગુણા શ્રીજી મ. પૂ. સા. ભવ્યદર્શના શ્રીજી આદિ ઠાણા ૧૦ની પાવન નિશ્રામાં શા લોગીલાલ રતિલાલ પરિવાર આયોજીત બારેજાથી માતર તીર્થનો સંઘ કારતક વદ-૧૦ થી વદ ૧૨ સુધીનું આયોજન થયેલ. ૪૫૦ ભાવિકો હતા.

૦ યાત્રા સંઘનું પ્રયાણ કારતક વદ ૧૦ દિવસ પહેલો.

આજનો શુભ દિવસ શુભ મુહુર્તો સવારે ૬ કલાકે માંગલ્ય ભુવનથી નીકળીને સંઘપતિને ત્યાં પધાર્યા. ત્યાં ગુરૂપૂજન માંગલિક વિગેરે થયા. અને સમય થતા તેમના ઘરેથી ઢોલ વાદક, મોરની રચના, કમલની રચના, હાથી, વિસનગરનું બેન્ડ પાર્ટી વિશાલ સાજન માજન સાથે, પાછળ ૧૪ ઘોડાની રજવાડી ગાડીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને બીરાજમાન કરવામાં આવેલ. ગામમાં ફરતાં ફરતાં શ્રી આદીનાથ જિનાલયે દર્શન કરી શ્રી શાંતિનાથ પ્રભુનાં દર્શન કરી શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દર્શન કરી એક કલાક જેવું થયું અને ગામ બહાર ઝણ ઝરતી આવતા બારેજા જૈન સંઘ સરફથી સંઘવીનું બહુમાન માતર તીર્થમાં સન્માન પત્ર આપીને કરવાનું હતું. તે કોણ કરે તેનાં માટે ઉછામણીની શરૂઆત થયેલ. અને ૧૨ હજાર ૧૫ રૂપીયામાં શા લોગીલાલ હઠીસીંગ પરિવારને લાભ મળેલ. ગામ બહાર માંગલીક સંભળાવી સંઘનું પ્રયાણ થયેલ.

નવાગામમાં આવતા ગામની બહાર દૂધથી પગ ધોઇને રૂ ૩. સંઘપૂજન થયેલ અને ૯ કલાકે ભવ્ય સામૈયા સાથે નવાગામમાં પ્રવેશ કરેલ. નવાગામ માટે પહેલા વહેલો પ્રસંગ હતો. શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના દર્શન કરી ભવ્ય મંડપમાં પાટ ઉપર પૂ. શ્રી પધારતા ૧૦-૩૦ કલાકે પ્રવચન થયેલ. તેમાં તીર્થયાત્રા અને યાત્રિકોની મહત્તા ઉપર પ્રવચન થયું અને રૂ ૩. નું સંઘપૂજન થયેલ.

બપોરે ૨ કલાકે શ્રી પંચકલ્યાણ પૂજા તથા રાત્રે ભાવના થયેલ પ્રભુજીને ભવ્ય અંગરચના ફુલનો શણગાર વિગેરે થયેલ અને અમદાવાદથી સુપ્રસિદ્ધ સંગીતકાર રૂપેશ એન્ડ પાર્ટીએ રમઝટ જમાવી હતી.

૦ કારતક વદ ૧૧ દિવસ બીજો.

નવાગામથી ૫-૩૦ કલાકે પ્રભુજીનાં દર્શન ચૈત્યવંદન કરીને ૧૩ કી. મી. નો વિહાર કરી ૯ કલાકે માતર તીર્થમાં ભવ્યાતિભવ્ય પ્રવેશ થયેલ. ૧૦-૩૦ કલાકે સાચા સુમિતનાથના દર્શન કરી મન નાચી ઉઠયું. ત્યાર બાદ માંગલીક સંભળાવ્યું.

બીજે દિવસે નવાગામથી માતર આવતા રસ્તામાં દૂધથી પગ ધોઇને ૧૩) રૂ.નું સંઘપૂજન થયેલ. અને સવારે બેસણાના ટાઇમે ૭) રૂ. નું સંઘપૂજન થયેલ. બપોરે ૨-૩૦ કલાકે વ્યાખ્યાન મોટા હોલમાં રાખેલ. પૂ. મ. સા. પધારતા આખો હોલ ચીકકાર ભરાઈ ગયેલ અંદર બેસવા માટે પણ પડાપડી હતી. સવા કલાક પ્રવચન ચાલ્યું. ગામના લોકો પણ મુંઢર લાલ લીધો હતો. અને ગામના લોકોને તથા સંઘમાં પધારેલ યાત્રિકોને પ્રવચનની અસર ખુબ જ ઉંડી થઇ ગયેલ. અને ૧૬) રૂ. નું સંઘપૂજન થયેલ. અને સાંજે બીજા બેસણાના ટાઇમે ૪) રૂ. નું સંઘપૂજન થયેલ. રાત્રે જિનાલયમાં ભાવના શ્રી ખેડા જૈન યુવક મંડલે ભકિત રસથી તરબોળ કરી દીધા હતા. આરતી મંગલ દીવાની ઉછામણી ૯ હજાર રૂ. માં થયેલ. અને ૨ રૂ.ની પ્રભાવના થયેલ.

૦ માળા રોપણનો દિવસ કારતક વદ ૧૨ દિવસ ત્રીજો.

સવારે ૬-૩૦ કલાકે વાજતે ગાજતે શ્રી સાચા સુમિતનાથનાં દર્શન ચૈત્યવંદન કરવા દેરાસરમાં આવી. પ્રભુજીને હીરાનો હાર સંઘપતિએ પહેરાવ્યો. પછી ૮-૩૦ કલાકે ભવ્ય વરઘોડો ઢોલ, મોરની રચના, કમલની રચના, હાથી, વિસનગરનું બેંડ પ્રભુજીને ૧૪ ઘોડાની રજવાડી ગાડીમાં પધરાવી સાજન માજન સાથે નિકળ્યો આખા ગામમાં ફરી ૧૦-૩૦ કલાકે ઉતર્યો અને ધર્મશાળામાં મોટા હોલમાં નાણુ સમક્ષ માલા રોપણની વિધિ શરૂ થઇ હતી. સંઘપતિને માલાનો સમય થતા માલા પહેરાવવામાં આવી હતી. અને સંઘપતિની માળની ઉછામણી પણ ૧ લાખ ને ૯ હજાર રૂપીયા થઇ હતી.

માલા પહેરનાર	માલા પહેરાવનાર
(૧) સંઘપતિ શા ભોગીલાલ રતીલાલ જયાબેન ભોગીલાલ શા	શા જયંતિલાલ જગજીવનદાસ ભલાણી હ. રાજુભાઇ
(૨) ,, પ્રકાશ ભોગીલાલ શા ગીરા પ્રકાશભાઇ શા	શા મણીકાલ સોમચંદ પરિવાર (મહીજ)
(૩) ,, રાકેશ ભોગીલાલ શા કુંતલબેન રાકેશભાઇ શા	વીરેન્દ્રકુમાર તથા તુષારકુમાર
(૪) ,, પ્રકેશ ભોગીલાલ શા	,, ,,
(૫) સંઘપતિ શા સુબોધચંદ્ર રતીલાલ વિમલાબેન સુબોધચંદ્ર શા	શેઠ શ્રી જિનદાસ મોહનલાલ પરિવાર હ. બુધાલાલ (સાણંદ)
(૬) ,, શા પનુભાઇ રતીલાલ સરોજબેન પનુભાઇ શા	શા શાંતિલાલ ચુનીલાલ પરિવાર (બીડજ)
(૭) ,, શા તેજપાલભાઇ રતીલાલ શોભનાબેન તેજપાલભાઇ શા	શેઠ શ્રી કસ્તુરચંદ કેશવલાલ

સંઘપતિ તરફથી યાત્રિકોને ચાંદીનો સીક્કો આપીને બહુમાન કરવામાં આવેલ અને સંઘપતિ તરફથી ૨૫ રૂા. સંઘ પૂજન થયેલ. તથા બીજા ૩ રૂા. નું સંઘપૂજન થયેલ. સંઘપતિ તરફથી પેઢીમાં સારી રકમ અપાઇ. સ્ટાફને પણ ભેટ અપાઇ. બપોરે માલા પછી સકલ સંઘનું સ્વામિવાત્સલ્ય થયેલ. પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. સર્વ મંગળ બાદ સૌ રોતા હૈયે છૂટા પડયા હતા.

યાત્રા સંઘના મંગળ મનોરથથી પૂર્ણાહુતિ સુધીમાં સંઘપતિ પરિવારનો ઉત્સાહ ઉત્તમ હતો નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં સૌ સંતોષ પામ્યા અને ભાવ વૃધ્ધિ થઇ હતી.

બારેજા યુવાન કાર્યકરોનું સંઘપતિશ્રીએ બહુમાન કરેલ. યાત્રા સંઘના સંભારણા એ મોક્ષના ભારણા છે સૌ તે પામે અજ મંગલ અભિલાષા.....

૦૦૦

સુધારો– અંક ૧૮ માં મેમનગર અમદાવાદની જાહેરાત છપાઇ છે તેમા પ્રતિમા આપવાનો દિવસ પો. સુદ ૫ છપાયેલુ છે તેને બદલે પોષ સુદ ૪+૫ એમ સુધારીને વાંચવું.

શ્વેતાંબર જૈનો આનંદવિભોર. ચૌદ વર્ષ બાદ અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થનાં તાળાં ખુલ્યા

મહારાષ્ટ્રના આકોલા જિલ્લામાં શીરપુર ખાતે ઐતિહાસિક તીર્થ અંગે જૈનોના બે ફિરકા શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે વર્ષોથી વિવાદ ચાલતો હતો તે અંગે તા. ૩૦-૧૧-૬૪ ના રોજ કોર્ટે આપેલા એક ચુકાદામાં શ્વેતાંબર જૈનોના કબજાહકક માન્ય રાખતાં શ્વેતાંબર જૈન સમાજમાં આનંદની લહેરી પ્રસરી છે.

અનેક કોર્ટ કેસોમાં અટવાયેલા આ વિવાદ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘેરો બન્યો હતો અને છેલ્લાં ચૌદ વર્ષથી મંદિરને સીલ કરી દેવામાં આવ્યું હતું. માત્ર એક બારીમાંથી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરી શકતાં હતાં છેલ્લાં સો વર્ષથી વિવાદમાં સપડાયેલ આ પ્રાચીન તીર્થ અંગે ૧૯૨૯માં પ્રિવી કાઉન્સિલે એક ચુકાદા દ્વારા આ તીર્થનો સંપૂર્ણ વહીવટ શ્વેતાંબરો કરે તેમ ફરમાવ્યું હતું. પરન્તુ કમનસીબે દિગંબરોએ ૧૯૬૦ માં એ ચુકાદો દગાબાજીથી મેળવ્યો છે, માટે કેસ ફરી ચલાવવાનો દાવો કર્યો હતો. ૧૯૬૦ના આ દાવાનો ચુકાદો અનેકવિધ દલીલોના ચકરાવાઓ પસાર કરીને ૩૪ વર્ષના અંતે તાજેતરમાં કોર્ટે આપ્યો છે તેમાં નામદાર કોર્ટે જણાવ્યું છે કે, પ્રિવી કાઉન્સિલનો ચુકાદો શ્વેતાંબરોએ દગાબાજી કરી છે તેમ દિગંબરો સાબિત કરી શકયા નથી માટે આ કેસ ડિસમિસ કરવામાં આવે છે.

શ્વેતાંબર જૈનોની તરફેણ કરતા કોર્ટના ચુકાદાના સમાચાર જાણતાં જ સુરતનાં શ્વેતાંબર જૈનોમાં આનંદની લહેર કરી વળી હતી. મહીધરપુરા હીરા બજારમાં ઉત્સાહી યુવાનોએ પેંડા વહેંચ્યા હતા. અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થ અંગેના આ ચુકાદાથી સમેતશિખર તીર્થ વિવાદમાં પણ શ્વેતાંબર જૈનોની તરફેણમાં નૈતિક બળ મળ્યું છે તેમ જૈન અગ્રણીઓ માને છે.

-(મુકિતદૂત)

નવો મળેલો સહકાર

૧૫૧) શ્રી જૈન શ્વે. મુ. પૂ. સંઘ
સાયન (વેસ્ટ)મુંબઈ પૂ. મુનિરાજ
શ્રી નંદીશ્વર વિ. મ. ના ઉપદેશથી
ભેટ


પૂ. મુનિરાજશ્રી મુકિતધન વિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી મ. ના ઉપદેશથી :-

૧૧૦૦) ભોગીલાલ રતિલાલ શાહ દલાલ
આર. બી. શાહ ચોખાબજાર,
કાલુપુર અમદાવાદ-૧

૫૦૧) રાજેન્દ્રકુમાર રતિલાલ શાહ
૨-૧૫ મંગલમૂર્તિ એપાર્ટ
નારણપુરા અમદાવાદ

૧૦૧) રસીકલાલ અંબાલાલ શાહ
૭- વિશાલ એપા, ભટ્ટ
પ.લડી અમદાવાદ

શ્રી જૈન શાસન (અઠવાડિક) રજિ. ગાંધીનગર, પિન-382009. Reg No. G. SF/ 84



- જરૂરતવાળા માટે જેના દ્વાર સદા ખુલ્લા હોય તેનું નામ સદ્‌ગૃહસ્થ ! પૈસાવાળા જ સદ્‌ગૃહસ્થ તેમ નહિ.
- ધર્મી જીવ પાપનો તિરસ્કાર કરનાર જ હોય.
- જગતના બધા આત્માઓ પાંચે પ્રકારના પ્રમાદના રમકડાં છે.
- બહુ સુખશીલીયા અને લોભી જીવો મોટે ભાગે વ્યસની હોય.
- સંસારનો દ્વેષી હોય તે જ મુક્તિનો રાગી હોય, મુક્તિનો રાગી તે જ ધર્મનો પ્રેમી હોય. ધર્મનો પ્રેમી તે જ અધર્મનો દ્વેષી હોય.
- શિષ્ટ તેનું નામ જેને કોઇ પણ ડાહ્યો માણસ ખોટું ન કહી શકે તેવો તેનો વ્યવહાર હોય.
- જે પોતાના પાપ ન જૂએ તે બીજાને શું ઉપદેશ આપે ? આપે તો નઠોર છે. અવસરે બીજાને ય પાપમાં જોડે.
- આવી સુંદર ધર્મસામગ્રી પામેલા જીવો જે રીતે જીવી રહ્યા છે તેથી તેમનો ભારે અનર્થ થવાનો છે. તેનાથી બચાવવા બધા જીવોને જાગતા કરવાની મહેનત છે. પણ ઘોર નિદ્રામાં પડેલાને આ પાપોદય દેખાતો નથી. પોતાનો ય પાપોદય દેખાય નહિ તેવો અંધાપો આવ્યો છે. તેવા અંધાપાવાળાની આંખ ઉઘાડવા વ્યાખ્યાન છે.
- વસ્તુને વસ્તુરૂપે ન ઓળખાવે તે ઐવકૂફ કહેવાય. કોઇને ઐવકૂફ કહેવો તે ગાળ છે. આવો આવો હોય તે ઐવકૂફ છે તેમ ન ઓળખાવે તે મહાપાપી છે.
- તમને લાખો રૂા. મળે તેની સામે વાંધો નથી. પણ લાખ મળે તો આનંદ થાય તો તે પાપોદય કે પુણ્યોદય ?
- દુનિયાના સુખ મળે આનંદ થવો તે હર્ષ નામનો આંતરશત્રુ છે. તે હર્ષમાં ને હર્ષમાં આયુષ્ય બાંધે તો કઇ ગતિનું બાંધે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખ.ભાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૨૫૮ ૫૨૨૮ ૮૯-૧૫-૨૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-382009.

શ્રી જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ છે.

લબ્ભઇ સુરસામિત્તં,
લબ્ભઇ પહુઅત્તાણં ન સંદેહો ।
ઇક્કો નવરિં ન લબ્ભઇ,
જિણિંદવરદેસિઓ ધમ્મો ।।

દેવોનું સ્વામિપણું-ઇન્દ્રપણું પામી શકાય છે તેમજ પ્રભુતા પણ પામી શકાય છે તેમાં કાંઇ સંદેહ જેવું નથી, પરન્તુ શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલો ધર્મ પામી શકાતો નથી, તે જ અત્યંત દુર્લભ છે.

અઠવાડિક

વર્ષ	અંક
૭	૨૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- અત્યારે આ માર્ગને શુદ્ધ રાખવાની અને શુદ્ધ સ્વરૂપે વહેતો રાખવાની જવાબદારી આપણા બધા ય ઉપર વર્ત્તમાન શ્રમણ પ્રધાન સંઘ ઉપર છે આપણી મહત્તાની ખાતર, આપણી મોટાઈ ટકાવી રાખવા ખાતર, આપણા વચનને ઉભું રાખવા ખાતર, આ માર્ગને ખરાબ કરવો અગર છતી શક્તિએ બેદરકાર બન્યા રહીને આ માર્ગને ખરાબ કરવા દેવો. એના જેવું ભયંકર બીજું કોઇ પાપ નથી.
- 'મારે અનાહારી પદ જોઇએ છે. માટે હું આ રીતિએ અનાહારિપણાનો અભ્યાસ કરું છું અને આ અભ્યાસથી મારાં કર્મોની નિર્જરા થશે. એટલે મારી આરાધના વધશે અને પરિણામે મારાં સકલ કર્મો ક્ષીણ થતાં મને અણાહારી પદ મળશે' આવું લક્ષ્ય તપ કરનારે અવશ્ય રાખવું જોઇએ.
- કોઇ બાહ્ય તપની આપણે ત્યાં બહુ કિંમત આંકવામાં આવી નથી. સારી કિંમત તો વિવેકપૂર્વકના તપની જ આંકવામાં આવી છે.
- આહાર એ આત્માનું વ્યસન છે. અને તપ એ અનાહારી પદને પામવા માટે છે.
- તપ એ પાપજનિત કર્મોની નિર્જરાનું પરમ કારણ છે. અને તપ જો વિવેક પૂર્વક અને ચઢતા પરિણામે કરવામાં આવે તો તપથી કશું જ અસાધ્ય નથી. યાવત્ મુક્તિ પણ અસાધ્ય નથી.
- જેના તરફ બહુ દ્વેષભાવ પેદા થઇ જાય છે, તેના ગુણો ગુણો રૂપે જોઇ શકાતા નથી.'
- અતિ રાગ દ્વેષને દોષરૂપે જોવામાં અંતરાય કરે અને અતિ દ્વેષ ગુણને ગુણ રૂપે જોવામાં અંતરાય કરે.
- દુઃખથી ડરવું નહિ, સુખના લોભીયા બનવું નહિ અને વિવેક પૂર્વક જીવવું–આવું લક્ષ્ય બની જાય તો કોઇપણ કલ્યાણ એવું નથી કે જે આપણે માટે અશક્ય બન્યું રહી શકે !
- એક માત્ર મોક્ષના જ હેતુથી આચરવા લાયક તપને, જો વિપરીત હેતુના જ આગ્રહપૂર્વક સેવાય, તો એ તપ પણ મિથ્યાત્વશલ્યે સહિત ગણાય.
- આત્માને પાડવાને માટે, સન્માર્ગે ગયેલાને સન્માર્ગથી ભ્રષ્ટ કરવાને માટે આંતર-શત્રુઓ તો ટાંપીને બેઠા હોય છે, જરાક ચૂક્યા તો એ પોતાને કબજે કરી લે. આ વાત જેને સમજાઈ હોય તેણે આંતરશત્રુઓથી કેટલા બધા સાવધ રહેવું જોઇએ !

હાલ વિરાજમાન પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ ગુલાબચંદ ઢડ્ઢા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર રાજસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (અમદાવાદ)
પ્રાણલાલ પદમશી ગુંદિયા (થાણા ગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ મહા સુદ -૮ મંગળવાર તા. ૭-૨-૯૫ [અંક- ૨૩]

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-પાંચમું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ સુદિ-૧૫ બુધવાર તા. ૯-૫-૧૯૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ-૧

તમે તમારાં સંતાનોને શા માટે ભણાવો છો ? વધારે પાપ કરી દુર્ગતિમાં જાય અને આવો જન્મ દુર્લભ બને માટે એવું ભણાવો છો જેનું વર્ણન ન થાય. ભણી-ગણી મઝેથી અનીતિ અન્યાયાદિ કરી ખૂબ પૈસા કમાય, મોજ-મઝાદિ કરે તે માટે ભણાવે તે સંતાનોની કતલ કરે છે, સત્યાનાશ કાઢે છે, સંસાર વધારે છે. જે પોતાનાં સંતાનોને ધર્મનું ન ભણાવે અને માત્ર સંસારનું જ ભણાવે તે બધા પોતાના સંતાનોને દુર્ગતિમાં જ મોકલવાની ઇચ્છાવાળા છે. ભણાવવાનું શા માટે છે ? સાચું-ખોટું સમજે, ખોટાથી અટકે, સાચામાં શક્તિ મુજબ પ્રવૃત્તિ કરે માટે ભણાવવાનાં છે.

આ સંસાર પાપ વિના ચાલતો નથી માટે રહેવા જેવો નથી તેવી શ્રધ્ધા છે ? ના કહાય તો અધ્યાત્મભાવ આવ્યો નથી. તે લાવવાના ગુણોની વાત ચાલી રહી છે. તેની સોબત ધર્મની વાત કરે તેની સાથે હોય, સંસારની જ વાત કરનાર સાથે ગાઢી બેઠક ઉઠક સાચા શ્રાવકની ન હોય. રોજ શ્રી જિનવાણી સાંભળ્યા વિના રહે નહિ. જિનવાણી બરાબર સાંભળે તો ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કર્તવ્યાકર્તવ્ય, હેયોપાદેય, તત્ત્વા-તત્ત્વનું ભાન થયા વિના રહે નહિ. સાંભળેલું ન સમજાય તો સમજવાની મહેનત કરે. સાંભળેલી વાતની રોજ ચિંતા કરે, મનન કરે અને કુટુંબને પણ સમજાવે.

આજે તમે બધા મઝેથી અનીતિ કરો છો તે નીતિથી જીવાય તેમ જ નથી માટે કે લોભાંધા બન્યા છો માટે ? ધનના ભિખારી છો માટે જ કરો છો ને ? પણ યાદ રાખો

કે–મહારંભી અને મહાપરિગ્રહી તથા તે બેને સારા અને કરવા જેવા માનનારને શાસ્ત્રે નરકગામી કહ્યા છે. નરકમાં કેટલાં દુઃખ છે? કેટલો કાળ વેઠવાનાં છે? ઓછામાં ઓછા દશ હજાર વર્ષ અને વધુમાં વધુ તેત્રીશ સાગરોપમ. ત્યારે શું કરશો? રાડો પાડી પાડીને જીવવું પડશે. પરમાધામી એવા માર મારશે જેનું વર્ણન ન થાય. સખ્ત ભુખ સહન કરવાની, તરસ પણ એવી જ સહન કરવાની, ગરમી પણ એવી, ઠંડી પણ એવી, રોમ–રોમ જેટલા રોગ પણ સહન કરવાના. આવી દુર્ગતિમાં જવું છે? નથી જવું તો શું કરો તો ન જવાય તે જાણ્યું છે? સદ્ગતિમાં જવું છે તો કેમ જવું છે? ત્યાં સુખ છે માટે કે ધર્મ થઇ શકે માટે? આ ભાવ પેદા નહિ થાય તો હું પંદર ગુણ બોલી જઈશ, તમને ગમશે નહિ, પછી પામવાની વાત કયાં રહી?

સાચા શ્રાવકને ધર્મની વાત કરે તેની સોબત ગમે, સંસારની વાત કરે તેવા મિત્રો ગમે નહિ. જિનવાણી રોજ સાંભળે, સાંભળીને સમજે અને સમજીને યાદ કરે અને કુટુંબને સમજાવે. તમે તમારા પરિવારને ધર્મ સંભળાવ્યા વિના સૂતા નથી ને? આ–આ કરવા જેવું છે, આ–આ કરવા જેવું નથી તેમ કહો ને? મારો દીકરો પણ અન્યાયાદિ કરે તે ય ન જ ચાલે. નીતિથી જે મળે તેમાં મજેથી જીવો–તેમ કહો ને? જેને આત્માનું કલ્યાણ ન કરવું હોય તેને આ વાત ગમે નહિ. તમને ગમે છે? ઝટ મોક્ષે જવું છે ને? સંસારમાં મજેથી નથી રહ્યા ને? મજેથી અનીતિ કેમ કરો છો? પરલોકનો ભય નથી, દુર્ગતિનો ભય નથી, સદ્ગતિનો ખપ નથી, અહીં લહેર કરવી છે–તેને અધ્યાત્મભાવ પામેલો કહેવાય? આજના અધ્યાત્મી એટલે ગપ્પીદાસો! આધ્યાત્મની વાતો કરે અને સંસારમાં મજેથી રહે? તેને અધ્યાત્મી કહેવાય?

આજે તમે અનીતિ ન કરો અને નીતિ માર્ગે ચાલો તો જીવી ન શકો તેમ છે? મજેથી ખોટાં કામ કરે અને પોતાને સારા તરીકે ઓળખાવે તેવા પાપીનાં પણ વખાણ કરીએ તો અમારી પણ કઈ ગતિ થાય? આ પાપે બેસીને દુર્ગતિમાં જનારા ઘણા છે. આ પાપે બેસનારની જવાબદારી ઘણી છે, પાટ ઉપરથી ગમે તેમ બોલનારને સારો કહેનારા શ્રાવકો પણ માર્ગ ભૂલેલા છે. ધર્મથી જે જોઇએ તે બધું જ મળે પણ તે માટે ધર્મ ન થાય, એમ જો સાથે ન કહે તો તે સાધુ પણ તમને દુર્ગતિમાં મોકલનાર છે. જેનાથી મોક્ષ મળે તેનાથી બધું જ મળે પણ તે મેળવવા જેવું નથી એ તેમ સમજાવવું પડે ને?

આપણા ભગવાન સુખસાહ્યબીમાં જન્મે. જેઓનો જન્માભિષેક ઇન્દ્રાદિ દેવો કરે છતાં પણ સઘળી સુખસાહ્યબી–રાજરિદ્ધિ છોડી સાધુ થાય. જે ભગવાને રાજઋધ્ધિ આદિ છોડી તે મેળવવાનું મન થાય તે ભગવાનનો ભકત કહેવાય?

શ્રાવકને રાજઋદ્ધિ આદિ મેળવવાનું મન હોય કે ધર્મી થવાનું મન હોય ? તમે અહીં શું મેળવવા આવો છો ? ધર્મ મેળવવા આવો છો કે સુખ મેળવવા આવો છો ? 'સંસારમાં બહુ પાપ કરવાં પડે છે, તેમાથી છૂટાય માટે અહીં આવીએ છીએ, પરલોક બગાડવો નથી પણ સુધારવો છે' આમ જે બોલે તે સારા ભાવે આવનારા છે. એવા પુણ્યાત્માઓ અમે પણ ભૂલતા હોઇશું તો અમને ય બચાવશે. બાકી સંસારના સુખ અને સંપત્તિના ભકતા તો અમારૂં પણ સત્યાનાશ કાઢવા આવે છે, અમને ય ઊંધે માર્ગે લઇ જવા આવે છે. ઘણાને મંદિર-ઉપાશ્રયમાં પણ પેસવા દેવા જેવા નથી. ઘણા વર્ષ વટહારો પણ ખોટો વહીવટ કરે છે. પણ આજે તો શ્રીમંતોનું રાજ્ય છે !

અધ્યાત્મભાવ પામવો છે ? તમે કહો કે-"સંસારમાં પાપ વગર જીવાય તેમ નથી માટે આ સંસારથી છૂટી ઝટ મોક્ષે જવું છે. સંસાર કદાચ ન છોડી શકીએ તો સંતોષથી જીવવું છે, જેથી પરલોક ન બગડે દુર્ગતિ ન થાય, સદ્ગતિ થાય અને ધર્મની સાચી આરાધના કરી વહેલા મોક્ષે જઇએ.' મરવાનો ભય સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને હોય જ નહિ, સદા મરવા માટે તૈયાર હોય. આવી શ્રધ્ધા જેને હોય તે જ ભગવાનના સંઘમાં, બાકી બધા સંઘ બહાર કહેવાય. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકામા પણ મહામિથ્યાદૃષ્ટિ હોઇ શકે છે માટે તેનાથી સાવધ રહેવાનું છે. **ઘરના બરાબ પાકે ત્યારે તેનાથી સાવધ ન રહો તો શું થાય ? ઘર બગાડે ને ?** તમને સારા બનાવવા છે, તે માટે અધ્યાત્મભાવ પમાડવો છે, તેના ગુણો પમાડવા છે. ત્રણ ગુણનું વર્ણન કરી આવ્યા, બાકીના ગુણોનું વર્ણન હવે પછી.

વ્યવસાયનું ફળ

વવસાયફલં વિહવો વિહવસ્સ ફલં સુપત્તવિણિઓગો ।
તદભાવે વવસાઓ વિહવોડવિય દુગ્ગઇ નિમિત્તં ।।

વ્યવસાયનું ફલ વિભવ છે. વિભવનું ફળ સુપાત્રમાં વિનિયોગ છે. જો તેનો સુપાત્રમાં યોગ ન થાય તો તે વ્યવસાય અને વિભવ બંન્ને ય દુર્ગતિમાં લઇ જનાર છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

(૧૫) છ જયણા

ઢાળ–નવમી

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યા વળી જેહ.
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેય રે.
ભવિકા સમકિત યતના કીજે ...૪૬

વંદન તે કર યોજના કહીયે, નમન તે શીશ નમાડે.
દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભકિત દેખાડે રે.
ભવિકા૦ ...૪૭

અનુપ્રદાન તે તેહને કહીયે, વાર વાર જે દાન.
દોષ કુપાત્રે પાત્ર મતિયે, નહિ અનુકંપા માન રે.
ભવિકા૦ ...૪૮

અણબોલાવે જેહ બોલવું, તે કહીયે આલાપ.
વારવાર આલાપ જે કરવો, તે કહીએ સંલાપ રે.
ભવિકા૦ ...૪૯

એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર.
તેમાં પણ કારણથી જયણા, તેહ અનેક પ્રકાર રે.
ભવિકા૦ ...૫૦

પ્ર– ૧૭૭ જયણા એટલે શું ?

ઉ– જેનાથી સમ્યક્ત્વ ગુણનું રક્ષણ થાય તેને જયણા–યતના કહી છે.

પ્ર– ૧૭૮ જયણાના ભેદ કેટલા છે ?

ઉ– છ.

પ્ર– ૧૭૯ સામાન્યથી તેના નામ જણાવો.

ઉ– પરધર્મીઓને, તેમના દેવો વગેરેને, તેમણે ગ્રહણ કરેલી શ્રી જિન પ્રતિમાઓ આદિને પણ ૧–વંદન ન કરવું ૨– નમન ન કરવું, ૩– ગૌરવ ન કરવું ૪– અનુપ્રદાન ન કરવું, ૫– આલાપ ન કરવો ૬– સંલાપ ન કરવો.

પ્ર- ૧૮૦ જયણાનો વિશેષાર્થ જણાવો.

ઉ- બીજા ધર્મવાળાના ધર્મગુરૂઓ, બીજા ધર્મવાળાના દેવો, બીજા ધર્મવાળાઓએ શ્રી. જિન પ્રતિમા વગેરે ગ્રહણ કરી પોતાના તરીકે ઠરાવ્યા હોય કે પોતાના કબજા-માલિકીમાં રાખી, પોતાની રીતે માનતા-પૂજતા હોય તેને વંદનાદિ ન કરવા તેનું નામ જયણા છે.

પ્ર- ૧૮૧ વંદન કોને કહેવાય ?

ઉ- બે હાથ જોડી પ્રણામ કરવો તેનું નામ વંદન છે.

પ્ર- ૧૮૨ નમન કોને કહેવાય ?

ઉ- માથું નમાવી પ્રમાણ કરવો તેનું નામ નમન છે.

પ્ર- ૧૮૩ ગૌરવ કોને કહેવાય ?

ઉ- દાન એટલે માન-સન્માન ગૌરવાદિથી ભક્તિ દેખાડવા માટે જરૂરી ઇષ્ટ અન્ન-પાન-વસ્ત્ર આદિનું દાન આપવું તેનું નામ ગૌરવ છે.

પ્ર-૧૮૪ અનુપ્રદાન કોને કહેવાય ?

ઉ- વારંવાર જે દાન આપવું તેનું નામ અનુપ્રદાન છે.

પ્ર- ૧૮૫ કુપાત્ર દાનમાં કયારે દોષ લાગે ?

ઉ- પાત્ર બુધ્ધિથી કુપાત્રને દાન આપવામાં આવે તો તેમાં દોષ છે. વળી તેવા દાનને અનુકંપા પણ દાન માનવાનું નથી. પાત્રાપાત્રની બુધ્ધિ વિના દીન-દુઃખી પ્રાણી માત્રને જીવાડવાનો પ્રયત્ન કરવો તેનું નામ અનુકંપા છે.

પ્ર- ૧૮૬ સુપાત્ર કોને કહ્યું છે ?

ઉ- ભગવાનની આજ્ઞા મુજબ રત્નત્રયીની આરાધના કરે તેને સુપાત્ર કહ્યાં છે.

પ્ર- ૧૮૭ ઉત્તમોત્તમ પાત્ર કોને કહ્યા છે ?

ઉ- શ્રી તીર્થંકર પરમાત્માને.

પ્ર- ૧૮૮ આલાપ કોને કહેવાય ?

ઉ- બોલાવ્યા વિના બોલવું તેનું નામ આલાપ કહેવાય છે. 'આઙ્' ઉપસર્ગ ઇષદ્ અર્થમાં હોવાથી કાંઇક બોલવું તે આલાપન કહેવાય.

પ્ર- ૧૮૯ સંલાપ કોને કહેવાય ?

ઉ- વારંવાર આલાપ કરવો તેનું નામ સંલાપ છે.

પ્ર-૧૯૦ જયણા પાલનનું ફળ શું કહ્યું ?

ઉ– આ જયણાઓના પાલનથી સમકિત પણ દીપે છે અને વ્યવહાર પણ દીપે છે. જોકે ખાસ કારણ પ્રસંગે આ જયણાઓમાં પણ જયણા રાખવાની હોય છે તેના પણ અનેક પ્રકારો છે.

પ્ર– ૧૯૧ વ્યવહાર કઇ રીતના દીપે ?

ઉ– આ જયણાનું પાલન કરનાર સમકિતી લોક વ્યવહારમાં ભલે કદાચ અતડો દેખાય કે ધર્માંધ ગણાય પણ લોકોત્તર વ્યવહારમાં તો દીપે જ છે. અને લોક વ્યવહારમાં પણ 'દૃઢ ધર્મી' 'ટેકીલો' ની છાપ પણ તેને દીપાવે છે. મુશીબતો પડે તો પણ પોતાના ધર્મમાં જ દૃઢ રહેવું તે ગુણ બને છે. અને જે પોતાના ધર્મમાં મકકમ હોય તે વ્યવહારમાં પણ ટેકને જાળવી રાખે છે. જે વખતે જે ગમે તેમ કરે તે બધા તો સિધ્ધાંત વિહોણા છે એટલે જે વખતે જે અનુકૂળ હવા–પ્રવાહો કે વિચાર ધારાઓ ચાલુ હોય તેમાં દોરાઈ જાય છે અને વ્યવહાર શુધ્ધિ પણ જાળવી શકતા નથી. માટે મકકમ ધર્મી જ ધર્મને દીપાવવાની સાથે વ્યવહારને પણ દીપાવે છે.

પ્ર–૧૯૨ આ જયણાઓનો પરમાર્થ જણાવો.

ઉ– પરધર્મી, પરિવ્રાજક, ભિક્ષુક, બૌધ્ધ આદિ દર્શનવાળાઓ, તથા શંકર, વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર, બુધ્ધ આદિ જે અન્યતીર્થીક દેવો તથા તે લોકોએ ગ્રહણ કરેલ શ્રી જિનબિંબોને વંદન નમન નહિ કરવાનું કારણ લોકમાં મિથ્યાત્વની વૃધ્ધિ થાય છે. તેમની અન્ન–પાનાદિથી ગૌરવપૂર્વક ભકિત આદિ કરવાથી પણ લોકોને મિથ્યાત્વીઓ ઉપર બહુમાન–સદ્‌ભાવ થવાથી મિથ્યાત્વને પામે છે. તે જ રીતના મિથ્યાત્વની સાથે ભોળવાથી તેમનો પરિચય વધવાથી સ્વયં મિથ્યાત્વનો ઉદય થાય અને પોતે પણ પોતાના ધર્મથી પતિત થાય. તેમજ તે લોકોએ ગ્રહણ કરેલ શ્રી જિનબિંબાદિની પૂજા–ભકિત કરવાથી પણ લોકોનું મિથ્યાત્વ મજબૂત બને છે. ટુંકમાં આ જયણાનું પાલન એટલા માટે કરવાનું છે કે, આર્હંતો પણ જો આ બધું કરે તો તે કરવા જેવું જ હશે તેમ માની લોકો પણ તે બધું કરવા માંડે તેથી જેટલું મિથ્યાત્વ વધે, પુષ્ટ થાય તે બધું પાપ તેને લાગે.

સમકિતી એ મહા વિવેકી જીવ છે. સાચા–ખોટાનો; સારાસારનો, હેય–ઉપાદેયનો વિવેક સારામાં સારી રીતના કરી શકે છે. અન્ય દેવાદિનું અપમાન–તિરસ્કાર કરવાનો તેનો લેશ હોતો નથી પણ પોતે જે સન્માર્ગ પામ્યો છે તેના અવિશુદ્ધ પણ આશય પાલનમાં જ કટિબદ્ધ હોવાથી કદાચ અન્યોને તે જીવ 'કદ્‌ગ્રહ' 'ધર્માંધ' લાગે તો તેનો કોપાય નથી. 'બધાને સારૂં લગાડનારા' કયારે પણ સન્માર્ગમાં સ્થિર રહી શકતા નથી. દુનિયામાં રહેવા છતાં પણ દુનિયાથી નોખો એ સમકિતી જીવ છે. અંતે તો સત્ય ધર્મનો જ જય થાય છે.

'વાતવાતમાં ગભરાય', 'આને-તેને ખોટું ન લાગે,' 'મારૂં સારૂં ન કેમ થાય' આવું માનનારા કાયરોને તો સમકિતનું સ્વપ્ન પણ આવવાનું નથી પણ તેઓ તો પોતાનાં ને અન્યના મિથ્યાત્વના મૂળિયાં જ મજબૂત કરે છે. ધર્મ પાલનમાં મક્કમતા કેળવી, પ્રાપ્ત સન્માર્ગની પ્રાણાન્તે પણ રક્ષા કરવી તેમાં જ સ્વ-પરનું સાચું શ્રેય અને પ્રેય છે. આવો મુદ્રાલેખ જ સમ્યક્ત્વ ગુણનું પરિપાલન-રક્ષણ અને ઉદ્દીપન કરવા સમર્થ બને છે.

પ્ર-૬૩ શાસ્ત્રીય પરિભાષામાં જયણાનો અર્થ સમજાવો.

ઉ- 'रागद्दोसविउत्तो जोगो असढस्स होइ जयणाओ'

અસઢ કપટ રહિત ભદ્રિક સરળ પરિણામી જીવનો રાગ દ્વેષાદિથી રહિત એવા જીવનો જે યોગ-વ્યાપાર કે પ્રવૃત્તિ તેને જયણા કહી છે.

પ્ર- ૬૪ જયણાનો રૂઢિ અર્થ શો છે?

ઉ- જયણાનો રૂઢિ અર્થ જીવદયા પાલનમાં અભિપ્રેત છે. 'जयणा' यतना-जलगालनादिजीवरक्षणोपाय विशेषलक्षणा' જયણા એટલે કે યતના-પાણી ગાળવું આદિ જીવરક્ષાના ઉપાયવિશેષો સ્વરૂપને યતના કહી છે.

પ્ર- ૬૫ જયણાના મહિમાનું વર્ણન કરો.

ઉ- સુવિહિત શિરોમણિ, યાકિની મહત્તરાસૂનુ પૂ. આ. શ્રી વિ. હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ શ્રી પંચાશક ગ્રન્થમાં (૭મું પંચા. શ્લો. ૩૧-૩૨-૩૩) પણ આ પ્રમાણે કહ્યું છે કે યતના પૂર્વક જ સઘળી ય ધર્મક્રિયાઓ કરવાની કહી છે, કેમકે, જીવરક્ષાને જ ધર્મનો સાર કહ્યો છે.

ધર્મના સારભૂત જયણાના ગુણગાન ગાતા કહ્યું છે કે-

"जयणा उ धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव ।
तव्वुड्ढिकरी जयणा एगंत सुहावहा जयणा ॥३१॥

જયણા જ ધર્મની માતા છે, ધર્મની પાલિકા પણ જયણા જ છે, ધર્મની વૃદ્ધિ કરનારી પણ જયણા છે અને એકાંતે સુખદાયી પણ જયણા છે.

જયણાના પાલનમાં જ આરાધકપણું છે.

जयणाए वट्टमाणो जीवो सम्मत्तणाण चरणाणं ।
सद्धाबोहासेवण-भावेणाराहगो भणितो ॥३२॥

જયણામાં પ્રવૃત્ત જીવ શ્રદ્ધા-બોધ અને આસેવનના ભાવથી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો આરાધક કહ્યો છે. (ક્રમશઃ)

અમૂલ્ય તમારા ઘરની મૂડી રૂપ ભવ્યતમ અનુપમ ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ–પહેલો મૂલ્ય રૂા. ૬૫૦–૦૦

બન્ને ભાગનું અગાઉથી મૂલ્ય રૂા. ૧૦૦૦
એક પેજના શુભેચ્છકના રૂા. ૩૦૦૦

આ ગ્રંથના પહેલા ભાગમાં—ગુજરાત રાજસ્થાન અને વિદેશ– આફ્રિકા લંડન–જાપાનના ૩૭૮ તીર્થો જિનમંદિર અને મૂલનાયકોના ફોટા છે અને સંક્ષિપ્ત ઇતિહાસ છે. જુદ્દા અને રાજ્યના નકશાઓ છે જે યાત્રાએ જનારા માટે માર્ગદર્શક છે. –૪ કલર ભવ્ય ચિત્રો–બોર્ડર ડીઝાઇનોથી સુશોભિત છે. દર્શન કરતાં પ્રભુજીના ફોટા આદિ પાસે ઠેર ઠેર સ્તુતિઓ સ્તવનો મુકેલા છે જેથી ભકિત ભાવ સાથે તીર્થ દર્શન કરી શકાય.

બીજા ભાગમાં— ૧. બિહાર ૨. બંગાલ ૩. ઉત્તર પ્રદેશ ૪. મધ્ય પ્રદેશ ૫. પંજાબ ૬. હરિયાણા ૭. કાશ્મીર ૮. ઓરીસ્સા ૯. આંધ્ર ૧૦. તામિલનાડુ ૧૧. કેરાલા ૧૨. કર્ણાટક ૧૩. મહારાષ્ટ્રના તીર્થો આવશે.

આ બીજા ભાગમાં એક પેજના શુભેચ્છકના રૂા. ત્રણ હજાર છે. એક પેજમાં નીચે એક લીટીમાં નામ આવશે તથા એક સેટ તેમને મળશે. બે હજાર નકલ છપાશે તીર્થનું નામ પસંદ કરીને રૂા. ૩૦૦૦ મોકલી શુભેચ્છક બનો.

આ બીજો ભાગ સંવત્ ૨૦૫૧ દિવાળી સુધીમાં પ્રગટ કરવાની ભાવના છે.
આ ગ્રંથ તમારા ઘરની મૂડી બનશે. મળો અગર લખો.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

C-O શ્રુતજ્ઞાનભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ જામનગર સૌરાષ્ટ્ર (ગુજરાત)

મુંબઇમાં પ્રાપ્તિ સ્થાન

(૧) શાહ મગનલાલ લક્ષ્મણ મારૂ
પારસમણિ મહાત્મા ગાંધી રોડ નવપાડા થાણા (ફોન નં ૫૦૧૪૧૩

(૨) પ્રેમચંદ મેઘજી ગુઢકા
૩–૩૮–૩૯ શેઠે બિલ્ડીંગ જે. બી. રોડ પરેલ મુંબઇ ૧૨ ફોન નં ૪૧૩૨૮૨૯

(૩) પ્રવિણભાઇ શેઠ C/o ભારતી ટ્રેડર્સ
૨૦૯ દાદી શેઠી અગ્યારીલેન મુંબઇ–૨

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૬ નમસ્કાર તો નહિ જ મળે રાજન્!

"વીતરાગ શ્રી અરિહંત પરમાત્મા તથા સાધુ ભગવંતો સિવાય અન્ય કોઇ પણ મારા માટે નમસ્કાર કરવા યોગ્ય નથી. માટે મારા નમસ્કાર વિના હે રાજન્! તારે મારૂં જે કંઇ પણ જોઇતું હોય તે લઇ જા. પણ મારો નમસ્કાર તો આ શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી તો તને નહિ જ મળે."

વન-વિહાર કરતાં કરતાં રામચંદ્રજી સીતાદેવીના જંગલના પાદ-વિહારના લાગેલા અતિ ગાઢ થાકને દૂર કરાવવા એક વિશાળ વડવૃક્ષની છાંયામાં બેઠા.

આજુબાજુ નજર કરતાં રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે કોઇના ડરથી આ પ્રદેશ હજી હમણાં જ ઉજ્જડ બની ગયો લાગે છે. એટલામાં જ ત્યાંથી પસાર થઇ રહેલા એક માણસને બોલાવીને પૂછયું કે-આ પ્રદેશ ઉજ્જડ કેમ લાગે છે?

તે માણસે બનેલી હકિકત કહેતાં કહ્યું કે-અવંતિદેશનો સિંહ પરાક્રમી રાજાનો દશાંગપુરનો સામંત રાજા વજ્રકર્ણ નામે છે. વજ્રકર્ણ એક વખત જંગલમાં શિકારે નીકળ્યો. તેણે એક કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા મહામુનિ પાસેથી ઉચિત સમયે ધર્મ સાંભળી શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો, અને તે જ મહામુનિ પાસે એવો દૃઢ અભિગ્રહ લીધો કે-"અરિહંત પરમાત્માને અને સાધુ ભગવંતને છોડીને હું અન્ય કોઇને પણ નમસ્કાર નહિ કરૂં."

આ દૃઢ અભિગ્રહ લીધો તો ખરો પણ તે વજ્રકર્ણ રાજા માટે એક ધર્મસંકટ આવ્યું કે-"પોતાના માલિક રાજા સિંહોદર ને નમસ્કાર નહિ કરવાથી તો સિંહોદર રાજા પોતાનો દુશ્મન બનશે. હવે શું કરવું?"

લીધેલા અભિગ્રહને તો પ્રાણના ભોગે પણ પાળવાનો વજ્રકર્ણનો દૃઢ-નિર્ધાર હતો. આથી જ તેને પ્રાપ્ત થયેલા એક ઉપાય મુજબ તે વજ્રકર્ણ રાજાએ પોતાની આંગળીની વીંટીમાં શ્રી મુનીસુવ્રત સ્વામીની પ્રતિમા સ્થાપન કરાવી અને જ્યારે જ્યારે સિંહોદર રાજાને નમવાનો વખત આવતો ત્યારે ત્યારે તે વીંટીમાં રહેલા ભગવાનને નમતો અને સિંહોદર રાજાને નમવાનો દેખાવ માત્ર કરવા લાગ્યો. આમ તો સિંહોદર રાજાને આ વાતની ખબર ના પડત. પરંતુ કેટલાંક દુર્જનોમાંના કોઇકે સિંહોદર રાજાને આ વાત જણાવી અને તે જ ક્ષણે સિંહોદર ક્રોધથી સળગી ઉઠયો.

પરંતુ કોઇ માણસે જઇને વજ્રકર્ણ

રાજાને સિંહોદર રાજાનો તેના ઉપર થયેલા ક્રોધની વાત કરી.

વજ્રકર્ણ રાજાએ તે માણસને પૂછયું કે તને મારા ઉપર સિંહોદરના ક્રોધની ખબર કયાંથી પડી ?

તે આગંતુક માણસે કહ્યું કે-કુંદપુરમાં વસતા સમુદ્ર સંગમ નામના પિતા અને યમુના નામની માતાનો હું વિદ્યુદંગ નામે વણિક વેપારી છું. ઉજ્જયીની નગરીમાં વેપાર માટે ગયેલો હું યૌવન પામેલો હતો તેથી કામલતા નામની મૃગનયના લાવણ્ય નીતરતી વેશ્યાના શરીરને જોતાં જ હું તેનામાં ગાઢ અનુરાગી બન્યો. એક રાત તેની સાથે પસાર કર્યા પછી તેનામાં જ આસકત બનેલા મેં જન્મથી માંડીને અત્યાર સુધી કષ્ટોને વેઠી-વેઠીને મારા પિતાએ એકઠું કરેલું ધન માત્ર છ માસમાં જ ખલાસ કરી નાંખ્યું.

એક દિવસ વેશ્યાએ મને કહ્યું કે-આ અવંતી નગરીના (ઉજ્જૈયીની) સિંહોદર રાજાની પટ્ટરાણી શ્રીધરા જેવા કાનના બે કુંડળો તું મને લાવી આપ.

ધન તો મારી પાસે હતુ નહિ માટે શ્રીધરા રાણીના તે બન્ને કુંડળોને ચોરવાનું મેં વિચાર્યું. કામ ઘણું જ કપરૂ હતું કેમકે એક તો રાજમહેલમાં કોઈને ખબર ના પડે તે રીતે જવાનુ. શ્રીધરાના ખંડમાં જઈને તેને ખબર ના પડે તે રીતે તેના કાનના બન્ને કુંડળો ચોરવાના અને તે ચોરીને પકડાઈ ન જવાય તે રીતે પાછા ફરવાનું અને એક વેશ્યાના એક રાતના શરીરના સુખમાં તે-કુંડળોની સોદાબાજી કરી નાંખવાની.

આટલું જાનનું જોખમ હોવા છતા હું આતર પાડીને રાજમહેલમાં રાજા-રાણીના ખંડ સુધી તો પહોંચી ગયો. રાત ઘણી વીતી ચૂકી હતી. છતાં રાજાને ગમે તે કારણસર ઉંઘ આવતી ન હતી. એટલે શ્રીધરાએ રાજાને કહ્યું-'હે નાથ ! આજે તમને ઉંઘ કેમ નથી આવતી ?'

ત્યારે રાજા બોલ્યા-હે દેવિ ! જ્યાં સુધી મને પ્રણામ કરવામાં નફ્ફટ કરનારો આ વજ્રકર્ણ રાજા જીવતોને જીવતો મારા હાથે હણાય નહિ ત્યાં સુધી મને ચેનથી ઉંઘ આવે કયાંથી ? તેના મિત્રો, પુત્રો અને બાંધવો સહિત તેને આવતી કાલની સવારે ખલાસ કરી નાંખીશ પછી જ હું ચેનથી ઉંઘી શકીશ. આજની રાત હે દેવિ ! ભલે ઉંઘ વિનાની પસાર થાય."

આટલું સાંભળતાની સાથે જ કુંડળની ચોરી કરવાનું પડતું મૂકીને હે રાજન્ ! સાધર્મિક વાત્સલ્યના નાતે હું બનતી ઝડપે અહીં આવ્યો છું.

આ સાંભળીને વજ્રકર્ણ રાજાએ નગરીને અન્ન-જળ-તૃણાદિકથી પૂરી ભરી દીધી અને થોડા જ સમયમાં આકાશમાં શત્રુ સૈન્યથી ઉડતી ધૂળની ડમરીઓ જોવામાં આવી. ક્ષણવારમાં જ સિંહોદર રાજાએ દશાંગપુર નગરને ચારે બાજુથી પ્રબળ સૈન્ય વડે ગાઢ ઘેરો ઘાલી દીધો.

સિંહોદર રાજાએ દૂતને મોકલીને કહેવડાવ્યું કે—"હે ધૂતારા ! તારી માયા-પ્રપંચ અને છળ કપટથી તે ઘણા સમય સુધી મને છેતર્યો છે. હવે તારી તે વીંટી વગર અહીં આવીને મને નમસ્કાર કર

નહિતર તારા કુટુંબની સાથે તું આજે મારા હાથે યમરાજના ઘરે ધકેલાઇ જઇશ."

અને સામે જ ધર્મના ખમીર ભર્યો પ્રત્યુત્તર વળતાં વજ્રકર્ણ રાજાએ કહેવડાવ્યુ કે-તારા માલિકને જઇને કહે દૂત! તું કહેજે કે-અરિહંત શ્રી વીતરાગ દેવ તથા નિર્ગ્રંથ સાધુ ભગવંતો સિવાય અન્ય કોઇને પણ નમસ્કાર નહિ કરવાનો વજ્રકર્ણનો દૃઢ નિર્ધાર છે. અહીં મને મારી તાકાતનું જરાય અભિમાન નથી પણ મારા પ્રાણ પ્યારા ધર્મની ઇજ્જતનું તો મને પૂરેપૂરૂ અભિમાન છે. મારા જીવતાં તો મારા નમસ્કાર સિવાયનું હે રાજન્! તું જે કંઇ પણ મારૂ લેવું હોય તે લઇ શકે છે. પણ મારા નમસ્કાર હું આ જીવતા શરીરમાં જ્યાં સુધી છું ત્યાં સુધી તો તને નહિ જ મળે ધર્મનું સંરક્ષણ કરવા માટે તો હું બીજે પણ ચાલ્યો જઇશ. તું સાથ આપીને મને ધર્મનું દ્વાર આપ. બાકી મારો નમસ્કાર છેવટના શ્વાસ સુધી તને નહિ મળે."

આવું સાંભળીને સિંહોદર રાજા એકના બે ના થયો. તે ના જ થયો. અને નગરને મજબૂત ઘેરો ઘાલીને તેના દેશને લુંટવા કરતા આ સિંહોદર રાજાએ આ પ્રદેશને ઉજ્જડ બનાવી દીધો છે."

આવું કહેનારા તે દરિદ્રને રામચન્દ્રજીએ રત્ન અને સુવર્ણમય માળા અર્પણ કરી. અને તેઓ દશાંગપુરની બહાર શ્રી ચંદ્રપ્રભ સ્વામીને ચૈત્યમા વંદના કરીને ત્યાં બહાર રહ્યા.

સ્વીકાર અને સમાલોચના

ભદ્રંકર જિનગુણ સ્તવન મંજુષા- સં પૂ. આ. શ્રી વિજય જિનપ્રભ સૂરીશ્વરજી મ. પ્ર. શ્રી ભદ્રંકર જિન પ્રકાશન ડીસા ડેમી ૮ પેજી ૬૫૦ પેજ મૂલ્ય રૂા. ૮૫ પ્રાપ્તિ સ્થાન શાહ નવીનચંદ્ર ચીમનલાલ ૪ પારસ સોસાયટી નેમનાથ નગર ડીસા (ઉ. ગુ) ૩૮૫ ૫૩૫ સ્તુતિ ચૈત્યવંદન સ્તવન સવાધ્યાયો શ્રી આનંદ ઘનજી ચોવીશી મહો. યશો વિજયજી મ. ચોવીશ આદિનો સુંદર સંગ્રહ છે. આ વિશાલ સંગ્રહિ અતિ ઉપયોગી છે આરાધના ભકિતના રસીઓ માટે મોટું સહાયક સાધન છે. આ વિશાળ સંગ્રહમાં ૨૪ ભગવાનના ચૈત્ય વંદન અને થોયો મુકવાથી વધુ ઉપયોગી બને.

પ્રાતઃ પાર્શ્વ પ્રણામ - સં. પૂ. આ. શ્રી. વિજય પૂણ્યાનંદ સૂરીશ્વરજી મ. ઠે. શ્રી ભુવન ભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર વી. વી. વોરા હેમાલી ડ્રેસીસ ૪૩૬ મીન્ટ રોડ મદ્રાસ ૬૦૦ ૦૭૯ ફા. ૩૨ પેજ મૂલ્ય રૂા. ૨૭ શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના ૧૦૮ નામ મુજબ ૧૦૮ ફોટા સાથે આ પુસ્તિકા પ્રગટ થઇ છે જે નિત્યદર્શન માટે ઘણી ઉપયોગી છે.

卐

:: શ્રી પાર્શ્વનાથાય નમઃ ::

:: હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરિશ્વરો નમઃ ::

આત્મ કલ્યાણ એવં રાષ્ટ્ર શાન્તિ સમાધિ હેતુ

નવકાર મહામંત્ર કા ૧.૨૫ કરોડ કા જાપ.

સ્થાન : મણીધારી દાદાવાડી પ્રાંગણ, દૂરભાષ : ૫૪૨૦૩, ૫૫૩૦૧, ૫૩૧૦૩.
એ.બી. રોડ, ગુના (મ. પ્ર.) એસ.ટી.ડી. કોડ - ૦૭૫૪૨

માન્યવર,

આપકો યહ જાનકર પ્રસન્નતા હોગી કિ હાલાર દેશોદ્ધારક પરમ પૂજ્ય સ્વ. આચાર્ય **શ્રી વિજય અમૃત સૂરિજી** મ. સા. કે વિદ્વાન શિષ્યરત્ન પૂ. આચાર્ય **શ્રી વિ. જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ. સા. કી સદ્ પ્રેરણા સે એક વિશાલ અનુષ્ઠાન ૧.૨૫ કરોડ નવકાર કા જાપ એવં બૃહદ શાન્તિ સ્નાત્ર મહોત્સવ આગામી. એપ્રિલ ૯૫ તદનુસાર મિતી ચૈત્ર શુ. સં ૨૦૫૨ વિક્રમી સે ૧૫ મઈ ૧૯૯૫ તદનુસાર જ્યેષ્ઠ શુ. પ્રતિપદા તક આયોજીત કિયા જા રહા હૈ. ઇસ અનુષ્ઠાન મેં ભારતવર્ષ કે કોને-કોને સે જૈન ધર્માવલમ્બી ભાગ લેંગે તથા ભારતવર્ષ કે કેન્દ્રિય એવં રાજ્યોં કે બહુત સે મંત્રી, સાંસદ વિધાયક ભી ભાગ લેંગે.

આપસે વિનમ્ર નિવેદન હૈ કિ ઇસ મહાન આયોજન કો સફલ બનાને મેં નિમ્નાનુસાર સહયોગ પ્રદાન કરેં.

૧. ઇસ આયોજન કી જાનકારી અપને નિકટવર્તી ક્ષેત્રોં મેં પ્રસારિત કરેં.

૨. ઇસ આયોજન મેં, જાપમેં ભાગ લેને કે ઇચ્છુક શ્રદ્ધાલુઓ કે નામ અપને યહાં સે સમિતિકો ભેજકર.

૩. ઇસ અનુષ્ઠાન કી રાષ્ટ્રીય સમિતિ કે લિએ અપને યહાં સે એક પ્રતિનિધિ કો મનોનીત કર ઉનકા નામ ભિજવા કર.

૪. અનુષ્ઠાન મેં યથા સમ્ભવ નકરે-સહયોગ રાશિ **લોઢા ફાઉન્ડેશન** કે નામ સે મણિધારી દાદાવાડી પ્રાંગણ, એ. બી. રોડ, ગુના. (મ. પ્ર.) કે પતે પર ચૅક, ડ્રાફ્ટ યા મનીઓર્ડર દ્વારા ભિજવાકર.

૫. અનુષ્ઠાન કે દિનોં મેં અપને યહાં સે ભજન મન્ડલી/સંગીત મંડલી/સ્વયંસેવક દલ ભેજકર.

યહ એક રાષ્ટ્રીય સ્તર કા આયોજન હૈ જિસમેં બિના કિસી ભેદભાવ કે લગભગ ૫૦ હજાર શ્રધ્ધાલુઓં કે ભાગ લેને કી સમ્ભાવના હૈ. આશા હૈ, કિ આપકા અમૂલ્ય યોગદાન ઇસ શુભ કાર્ય મેં પ્રાપ્ત હોગા !

વિનીત,
દેવેન્દ્રસિંહ લોઢા 'અધ્યક્ષ'

સમ્પર્ક સૂત્ર :- ૧. દેવેન્દ્રસિંહ જૈન, લોઢા, અધ્યક્ષ એફ-૧૪, મહાશ્વેતા નગર, ઉજ્જૈન (મ.પ્ર.) ૨. નવકાર મંત્ર અનુષ્ઠાન રાષ્ટ્રીય સમિતિ મણિધારી દાદાવાડી પ્રાંગણ, એ. બી. રોડ, ગુના (મ.પ.) ૪૭૩૦૦૧ ૩. ડૉ. અમૃતલાલજી નાહર નહેરૂ સ્ટ્રીટ, વાપી વાપી જીલ્લા-વલસાડ (ગુજરાત.) ૪. મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ, શાક માર્કેટ કે સામને, જામનગર.

લાભ લેને હેતુ નકરે

એકાસના કા એક દિન કા લાભ ૭૧૦૦.૦૦ આગી પૂજન સામગ્રી એક દિન કી ૨૫૧.૦૦
ઉપાસના કા એક દિન કરાનેકા લાભ ૫૧૦૦.૦૦ વિદ્યુત વ્યવસ્થા એક દીન કી ૧૦૦૧.૦૦
દીપક અખંડ અગરબત્તી એક દીન કી ૨૦૧.૦૦ જલ (પાની) વ્યવસ્થા ,, ૫૦૧.૦૦
આવાસ વ્યવસ્થા એક દીન કી ૧૦૦૧.૦૦ માલા નવકારવાલી ૩૦૦૦.૦૦
ધ્વજ નારિયેલ ચઢાવા એક દીન કા ૫૦૧.૦૦ ટેન્ટ વ્યવસ્થા પ્રતિદિન ૫૦૦.૦૦
પૂજન સેટ (પ્રતિસેટ) ૧૫૦.૦૦ સ્વાગત સમિતિ સદસ્ય ૧૧૧.૦૦
ધાર્મિક પુસ્તકેં ૧૦૦૦૦.૦૦ નવકાર પૂજન પાટિયે ૫૦૦ (પ્લેટ) ૨૦૦૦૦.૦૦
આસન મુંહપત્તી ૫૦૦ ૧૫૦૦૦.૦૦ ઠવણી ૫૦૦ (સાપડા) ૧૦૦૦૦.૦૦
ઇન્દ્રધ્વજા એક ૫૧૦૦.૦૦ ત્રિગણા મય ભણ્ડાર ૧૧૦૦૦.૦૦
રથ પાલકી ૨૧૦૦૦.૦૦ ગધે-રજાઇ તકિયે ચાદર, એક સેટ કા (૫૦૦ સેટ) ૫૦૦.૦૦
પૂજન પાટલે-નવગ્રહ પાટલે દશદિક્પાલ પાટલે-સિદ્ધ ચક્ર યંત્ર હરેક કા ૧૧૦૦.૦૦

નોટ :- ૧. પૂરા ખર્ચ અનુષ્ઠાન કા એવં એક દિન કા નકરા લાભ ૨૧,૦૦૦- રૂપયે રહેગા જિસમેં આપકો એક સાથ ૩ લાખ નવકાર કે અનુષ્ઠાન કા લાભ મિલેગા.

૨. અનુષ્ઠાન કી પૂર્ણાહુતિ કે દિન કા ખર્ચ લગભગ ૫ લાખ રૂપયે આવેગા, ઉસ દિન મેં એક સે અધિક ભાઇ ભી ચાહે તો ઉનકા નામ દિયા જા સકતા હૈ. સમાપન કે દીન કા લાભ લેને વાલે એક ભાગ્યશાલીકો પૂરા ૧.૨૫ કરોડ નવકાર કા અનુષ્ઠાન કરાને કા લાભ મિલેગા.

૦ ૦ ૦

❋ ખોટું નો લગાડતા હોં ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

ના રહે માયા તણાં બંધન મને છેલ્લી ઘડી

આજથી લગભગ પચ્ચીશેક વરસની વીતેલી વાત છે. ત્યારે હું ચોથું ધોરણ ભણતો હતો. ભણવામાં તો આમે ય હું તેજસ્વી-તેજાબી હતો. ત્યારે અમારા બેન અમને વાર્તા કહેતાં. બપોરે બાફેલા મગનો વાડકો ભરીને નાસ્તો આલતા. એ મગ આધાને પચ્ચીશ વરસ સુધી હું પાછા એવા જ મગ પ્રાપ્ત નથી કરી શક્યો. (કહેવાય છે ને કે—નાનપણથી પડેલા ધર્મના સંસ્કારો ચિરંજીવી હોય છે. નાનપણમાં લીધેલી દીક્ષાની મજા જેટલી મજા મોટા થઇને લીધેલી દીક્ષામાં નથી હોતી. પણ આવું કોઇને જટ સમજાતું જ નથી. સંસારમાં પણ કમાલ છે. ૨૨-૨૫ વરસ સુધી છોકરીના લગન નો થયા હોય તો કહે કે કેવડી મોટી થઇ હવે તો પયણાવો. અને એજ બેન દીક્ષા માટે તૈયાર થાય તો કહે કે—બિચારી સાવ નાની બાળ. દીક્ષા તો મોટા થઇને લેવાની હોય.

આઠ વરસનો છોકરો દીક્ષા લેવા તૈયાર થાય તો તરત કહે કે "આવડાને સમજ શું પડે? બસ મૂંડવાની જ વાત." અને ટી. વી. સિરીયલમાં પાંચ જ વરસનો બાબલો જોઇને મમ્મી પોતાના મોન્ટુ-પીન્ટુને કહે કે- "જો, આમ, તું આઠ-આઠ વરસનો ઢાંઢો થયો તો ય તું ડોબો જ રહ્યો." ઠીક છે. સંસાર છે ભૈ, ચાલ્યા કરે. આમે ય જે ખારૂ છે તેને જ આ સંસાર મીઠું કહીને નથી બોલાવતો? એવું ત્ય રે.)

જ્યારે જ્યારે (મેં ખાસ નોંધ રાખી છે કે) મારી પાસે મગ આવે એટલે ચોથા ધોરણના પિત્તળના વાડકામાં અપાતા મગ અચૂક યાદ આવતા. કયારેક મગ આવે તો ઢીલા રાબડા જેવા જ આવે. થાળીમાં લીધા હોય તો તે મગનો રસો થાળીના આખા એરિયામાં પેટ્રોલીંગકરવા જ નીકળી પડે. વગર હુલ્લડે તે રસાનું પેટ્રોલીંગ ચાલુ જ હોય. જેમ ભગવાનની પૂજાનું કેશર હોય ને તેમ. કેશર એટલું પાણીદાર ઘસાયેલું હોયને કે ચાંદલો કરવાનું કેશર જેટલા ફેટનું હોય તેટલા ગણુ પાણી વાળું ભગવાનની પૂજાનું કેશર હોય. (હું તો જાને જ ઘરનું જ ઘસનારો ભગત છું હોં ભૈ, પણ આવી બધી વાતો ધ્યાનમાં રાખવાની મજા કૈંક ઓર જ હોય છે. જ્યાં આપણું કાંઇક ઉપજે ત્યાં બે ચાર સુભાષિતો મોટા સત્તાવાહી સૂરે સંભળાવી પણ દઇએ.) પછી તે કેશરથી પૂજા કરવા જઇએ એટલે જેવી આંગળી બોળીએ એવું જ બધુ કેશર ભગવાન પાસે ના આવવું હોય તેમ છટકીને ભાગી જઇને વાટકીમાં જ સમાઇ જાય. કેશરના પકડવાનો વારંવાર પ્રયત્ન કરીએ છતાં આવે જ નહિ.

કેટલાંક તો કેશર ઝરતા હાથે જ પૂજા કરે. પાછળથી આવનારને ચમત્કાર લાગે

કે ચોકકસ કોઇ દેવ આવીને પૂજા કરી ગયા લાગે છે. નહિતર આ પલાસણ ઉપર કેશરના છાંટણા હોય કયાંથી ? અને એને જો કોઇ અખબાર સાથે સંબંધ હોય તો છાપામાં આવે એટલે ચોકકસ સમજવાનું કે દરેક ભાવિક ભકતો દર્શન કરી ના લે ત્યાં સુધી એ છાંટણા પુરાવા રૂપે જ મૂકવા પડે.

કેટલાંક તો શું કરે, કેશરમાં છાસની જેમ પરાશ તરી આવે પછી તે પરાશને જુદા વાટકામાં કાઢી લઇ કેશરના છાસના લોંદાની જેમ લોંદા લઇ લે. બે કે બેથી વધુ જ વાડકી ભરી લે. દીર્ઘદૃષ્ટિ વાપરીને. એમ કે પૂજા કરતાં કરતાં કેશર ખૂટી જશે તો ? પછી પાછી પરાશ કેશર-કચોળામાં નાખીને બરાબર મિશ્રણ કરીને છૂછડા જેવા કેશર લોંદા લઇ ભગવાન પૂજવા જાય. આમાં ય મુશ્કેલી પડે. કેમકે આંગળી ઉપર કયારેક મોટો લોંદો આવે તે કયારેક નાનો આવે. પણ ચિંતા ના. ત્રણ-ત્રણ કેશર-કટોરીના સ્ટોકીસ્ટ બની ગયા પછી કેશર ખુટવાની કોઇ શકયતા નથી.

મોટા પૈસાદાર શેઠને પાણીદાર મગ નીતારીને પીરસાય તેમ પૂજારી ટ્રસ્ટી કે કટકી આપનારા શેઠ માટે શીખંડ કે આઇસ્ક્રીમના લીસ્સા લોશન જેવું લાલ ચોળ ઘસી રાખેલું કેશર તે તે મહાભાગના કરકમલમાં પેશ કરે. વળી આ શેઠ એક જ વખત આંગળી બોળીને બન્ને ચરણે પૂજા કરે ત્યારે મારા જેવો કોઇ તર્ક લગાવે કે-એક વખત ચમચીમાંથી શીખંડ ચાંટી ગયા પછી તમે તે ચમચી ફરીથી ભરીને ચાંટો છો કે એમને એમ જ ચાંટો છો ? એટલે પાછા દરેક વખતે (કુલ તેર વખત) આંગળી કેશર-ભીની કરીને પૂજા કરે. પણ પાછું શીખંડ કે ઠંડુકીમ એંઠું ન મૂકે તો ખાઉધરો માની બેસે તેમ કેશર-કચોળી પણ એઠાં કેશરવાળી જ ધોવામાં જાય. થાળી ધોઇને પીવામાં આંબેલના જેટલા લાભની ખરેખર તેમને ખબર નહિ હોય, મેં જોકે તેવા ભાગ્યવાનોના શ્રેયાર્થે આવું જનરલ નોલેજનું પુસ્તક છપાવવાનું વિચારેલું. પણ સાલુ મૂડી રોકાણ લાખ સુધી પહોંચે તેમ લાગ્યુ. એટલે પેલા શેઠને ઘેર જઇને જ થોડાક વખાણ કરીને તેમને મારે જે લખવાનું હતુ તે માંડી વાળીને મોઢા મોઢ જ જણાવ્યુ. તેથી શેઠ પણ ખુશ થયા. મને ચા પાઇ. આમ તો હું ચા નો વિરોધી હતો. પણ અપવાદે ચા ચલાવી લીધી. એ ય કદાંક... લાભાલાભ પણ જોવો જ પડે ને, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જોઇને. એટલે મારૂં ચા-પાન તો શાસ્ત્રોકત જ ગણાય. પછી તો ખાખરા સાથે પેલા મગ પણ આવ્યા. મને લાગ્યુ આ ચોક્કસ પચ્ચી વરસ પહેલાના જ લાગે છે. જરા ય રસો નહિ. ધૂમાડા નીકળે. મેં ખાખરાના બડકા ઉપર લીધા હું...હા હું...હા હું...હા નો મંત્રોચ્ચાર કરતાં કરતાં ગરમ-ગરમ મગ મોઢામાં તો નાંખ્યા પણ મારા દાંત પ્રોમિશ ટુથ પેસ્ટ ઘસ્યા વગર એટલા બધા પોચા થઇ ગયેલાને કે આ મગને ભાંગી જ ના શકયા. આટલા

બધાં કોરડુ મગ હોય એ તો મને નવાઇ-જનક લાગ્યુ. ખાતાં ખાતાં કરડ કરડ ને કચડ કચડ થવા લાગ્યુ. હું મારૂ મોઢું બરાબર બંધ રાખીને પીન ડ્રોપ સાયલેન્સની સ્ટાઇલથી એક એક મગને ડાઢ વચ્ચે કચ-ડવા લાગ્યો. પણ સાલો શ્વાસનળીમાંથી વોઇસ બહાર ફેલાવા લાગ્યો. પછી તો પાડોશીનો પણ બહેલનો ભય રાખ્યા વિના જ ભચડ ભચડ કરીને મોંઢાના બધાં મગ પતાવી દીધા.

પછી તો જીવનભરનો દુશ્ચર અભિગ્રહ કર્યો કે-"ચોથા આરામાં, પિત્તળના વાડ-કામાં, બાધેલા, બાફેલા, કોરા મગ, ના મળે, ત્યાં સુધી મારે બીજા મગ અડવા નહિ. (જેમ બાળપણમાં થયેલા દીક્ષાના ભાવ જુવાનપણમાં પડી જાય ત્યારે તે ભાગ્યશાળી અભિગ્રહ નથી કરતાં કે-જ્યાં સુધી હું દીક્ષા ન લઈ શકું ત્યાં સુધી મારે અમુક-અમુક વસ્તુનો ત્યાગ. બસ એની જેમજ.) અને ભૂલથી ખવાઇ જાય તો મગના દાણા દીઠ પાંચ પાંચ ખમાસણા દેવા."

હું આમ તો લોકપ્રિય માણસ એટલે નવકારશીના આમંત્રણોને હું તેમનું દિલ તૂટી જવાના ભયથી પાછું ઠેલી ના શકું. અને વાણિયા-નાસ્તામાં તો મગ ૯૯ ટકા હોય હોય ને હોય જ. મને મગ પીરશે એ પહેલા હું અભિગ્રહવાળા મગનું વર્ણન કરીને પૂછું કે-'એવા હોય તો આલો.' પેલા ભાગ્યશાળી તો ટપ કરતાં આપી દે. પણ હું ચાખું ત્યારે મને થાય કે-'ના આ એ મગ નથી.' પણ પાછા દાણા ગણુ તો અંદાજે ઓછામાં ઓછા બે બે અઢી-અઢી સેંચૂરી જેટલા થાય. ત્યારે મને એમ થાય કે-'આમ તો આ મગ ચોથા ઘેારણના જેવા જ છે હોં.' પણ પાછુ થાય કે-'હે આત્મન્! આવો દંભ કોના માટે. તારી આમાણિકતા ના ગણાય આ કે". દાણા દીઠ પાંચ ખમા-સણાની ઝંઝટમાંથી છૂટવા હવે આ મગ ચોથા ઘેારણના થઇ ગયા. ના. ના. આવી માયા કયા ભવને કારણે. ઘેર આવી થેાડું ઘેારીને ખમાસણા માટે તૈયાર થઇ પુરા બારસો ખમાસણા ઉભા ઉભા હાંફતાં હાંફતા દેવા માંડયા. મનમાં થતુ કે ધર્મ જ થાય છે ને? પાછું થતું કે શકિત મુજબનો જ ધર્મ કરવો જોઇએ. એ દિવસે તો મારા ટાંટિયા ભરાઇ ગયા.

સવારે ચાલવાના હોશ-કોશ ઉડી ગયા. પછી તો એક-બે જ દાણા ચા.મી લેતો. પણ એય મોંઘુ પડવા લાગ્યુ. છેવટે મગ ઉપરથી સંપૂર્ણ રસનાની રસ-લાલચ તજી દઇને મગનો (હારીને) અંતે મૂળથી સર્વથા ત્યાગ જ કરી દીધો. આવો પણ ત્યાગ મારા આત્માને લાભ કરશે કે નહિ એ વિચારવાની આ વેળા ન હતી. એટલું ચોકકસ થયું કે-મારા પગને તકલ રાહત થઇ ગઇ. મગ માટેની મારી ન્યોચ્છાવરી હે બંધુ-જનો! તમે મગ ખાતા ખાતા યાદ કરજો.

શાસન સમાચાર

કુણઘેર (પાટણ) – અત્રે પૂ. આ. શ્રી વિજય ભાનચંદ્ર સૂ. મ. ની નિશ્રામાં શ્રીમતી પ્રેમીબાઈન તથા કુમારી સેફાલી-બેનની દીક્ષા નિમિત્તે સંઘવી ચીમનલાલ મોતીચંદ પરિવાર તરફથી વીશ સ્થાનક પૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ યોજાયો પોષ વદ–૬ ના દીક્ષા ઠાઠથી થઈ.

પૂ. સા.શ્રી મોક્ષરત્ના શ્રીજી.ની મ પદ મી ઓળી તથા પૂ. સા. શ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ. ના એક તર પ૦૦ આંબેલ તથા માતુશ્રી ચંદન બેનના વિવિધ તપસ્યા અનુમોદનાર્થે તથા સ્વ. ચંચનબેન શાંતિલાલના આત્મ શ્રેયાર્થે સિદ્ધચક્રપૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ સહિત પંચાહ્નિકા મહોત્સવ યોજાયેલ.

આંબલણ (તા. કાંકરેજ) અત્રે પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી મ. ના ઉપદેશથી શા. ગોવીંદજી દેપારભાઈ ગુઢકા (નવાગામ–દાંતીવાડા) હાલ મોંબાસા કેન્યા તરફથી સંપૂર્ણ આર્થિક સહયોગથી શ્રી ભદ્રંકર આરાધના ભવનનું નિર્માણ થતા માગશર સુદ ૧૦ તા. ૧૨–૧૨–૯૪ના પૂ. મુ. શ્રી સુરેંદ્રવર વિજયજી મ. પૂ મુ. શ્રી જિનચંદ્ર વિ. મ. પૂ મુ. શ્રી મુનિચંદ્ર વિજયજી મ ની નિશ્રામાં ઉદ્ઘાટન થયું સ્વાગત તથ દાતા શ્રી ગુલાબભાઇ ગોવીંદજી તથા મણિલાલભાઇ ઝવેરચંદભાઇ નાઇરોબીવાળાનું સન્માન કરવામાં આવેલ.

સાંપરા (પાટણ) – અત્રે પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી મ. ના ઉપદેશથી શાહ ઝવેરચંદ કુલચંદભાઇ ગડા પરિવાર તરફથી સંપૂર્ણ સહયોગથી શ્રીભદ્રંકર કુંદ-કુંદ આરાધના ભવનનું નિર્માણ થયું. તેમાં ગૃહમંદિર બનાવીને શ્રી સુમતિનાથ પ્રભુ-જીની પૂ. પં. શ્રી મહાયશ વિજયજી મ.ની નિશ્રામાં પ્રતિષ્ઠા થઇ શ્રી ઝવેરચંદભાઇ તથા શ્રી ગોવીંદજી દેપાર ગુઢકા તરફથી શાંતિસ્નાત્ર રથયાત્રા, નવકારશી સમસ્ત ગામમાં મીઠાઇ પેકેટ અપાયા.

ઉજ્જૈન – પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ. આદિ હાસમપૂરાથી પોષ વદ–૩ પધારતા કેશવનગર કરમશી વેરશી શાહને ત્યાં માંગલિક થયું. બાદ અશોક બાબુ ટ્રાન્સપોર્ટ વાળા તરફથી સામૈયું થયું. દોલતગંજ બારાકુવા આદિનાથ ઉપાશ્રયે ઉતર્યું ત્યાં પ્રવચન થયું તથા અશોકબાબુ તરફથી પ્રભાવના થઈ.

પોષ વદ ૪ ફ્રીગંજ શ્રી રાજેન્દ્રકુમાર બાંઠીયાને ત્યાં માંગલિક થયું નરેન્દ્રકુમાર સુરાણાને ત્યાં પુત્ર લગ્ન પ્રસંગે શ્રી સિદ્ધ-ચક્રપૂજન હોવાથી દેરાસરથી હાથી ઉપર પ્રભુજી સાથે બેંડવાજા સાથે સુરાણા પેલેશ પધાર્યા ત્યાં પ્રવચન તથા સંઘપૂજન થયું બપોરે ઠાઠથી સિદ્ધચક્રપૂજન, જીવદયા ટીપ થયા ૨–૨ રૂા. ની પ્રભાવના થઈ.

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.

ચમકતા હીરા જેવા વિચારો

પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- સુખી થવાની ઇચ્છાવાળો કયારે શું પાપ ન કરે તે કાંઇ કહેવાય નહિ, જયારે સારા થવાની ઇચ્છાવાળાને પાપનું મન નહિ.
- સારા થવું તો એકલા જ પડવું પડે. ટોળા સાથે રહેવાય નહિ. જેને ટોળા સાથે રહેવું હોય તે સારો બને નહિ.
- કોઇ પણ ખોટું કામ જાણી બૂઝીને કરે નહિ અને સારૂં કામ શકિત મુજબ કર્યા વિના રહે નહિ તે સારો માણસ !
- સુખી થવાનો દુર્ગુણ નીકળે અને સારા થવાનો સદ્ગુણ પેદા થાય તે કાલથી સુધારો થઇ જાય !
- ધર્મનું ખોટું લઇને પાપ છૂપાવવા મહેનત કરે તેના જેવો પાપી આત્મા એક નથી.
- સારા સદા સુખી. સુખી સદા દુઃખી.
- ગુણાઢાણું એટલે ડહાપણનું લક્ષણ !
- સુખી થવાની ઇચ્છાવાળાને ખરાબ થતાં વાર નહિ, સારા થવાની ઇચ્છાવાળાને મોટેભાગે કોઇ ખરાબ કરી શકે નહિ.
- સારા થવાની ઇચ્છા તે ગુણ ! સુખી થવાની ઇચ્છા તે જ મોટામાં મોટું પાપ !
- માયાવી હંમેશા અવિશ્વાસુ હોય, પોતાના સ્વાર્થ માટે બીજાનું બગાડવામ જરાય સંકોચ થાય નહિ.
- સારા દેખાવાની ઇચ્છા તે જ મોટામાં મોટો દોષ !
- સારા થવા સુખને ય છોડવું પડે, દુ ખને ય સ્વીકારવું પડે. સુખનો લાલચુ અને દુઃખનો ભીરૂ સારો થઇ જ શકે નહિ.
- ધર્મી દરિદ્રી હોય તો ય સુખી. પાપી શ્રીમંત હોય તો ય દુઃખી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

१६-८५-२७

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिध्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष	अंक
७	२४

श्री जैन शासन कार्यालय

श्रुत ज्ञान भवन
७५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

सुवर्णनी जेम जीवनी विशुध्धि :

सदोषमपि दीप्तेन सुवर्णं
वह्निना यथा ।
तपोऽग्निना तप्यमानस्तथा
जीवो विशुद्धयति ॥

अग्निवडे मलीन एवां सुवर्णनी जेम, भगवाननी आज्ञा मुजब करातां तप रुपी देदीप्यमान अग्नि वडे तपावतो जीव विशुद्ध थाय छे. कर्म रजथी निर्मल थाय छे.

प.पू. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.
कि. गांधीनगर, पिन-382009.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ શ્રીમંતાઇ કે દરિદ્રતા એ વસ્તુતઃ ભક્તિ શીલતા કે અભક્તિ શીલતાનું કારણ જ નથી. હૃદયનો શુદ્ધ ભાવ એજ ભક્તિ શીલતાનું વાસ્તવિક પ્રબલ પ્રકારનું કારણ છે.

૦ જેઓ પોતાના આરાધક ભાવને ટકાવવા અને ઉજ્જવલ બનાવવા ઇચ્છતા હોય તેઓએ અવશ્યમેવ શાસ્ત્રકારોએ ફરમાવેલા પ્રત્યેક વિધાન પ્રત્યે કૃચિવંત બનીને, શક્તિને ગોપવ્યા વિના અધિકાર મુજબની આરાધનાની ક્રિયાઓ કરવાને ઉજમાળ બનવું જોઇએ. શ્રી જિન શાસને ફરમાવેલી એક પણ ક્રિયા પ્રત્યે આત્મામાં અરૂચિ ભાવ ન આવી જાય એનો તો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. આરાધનાની કોઇ ક્રિયા સંયોગવશ ન થઇ શકે તો ય તેના આદરભાવમાં તો લેશ પણ ઉણપ આવવી જોઇએ નહિ.

૦ શ્રી વીતરાગ દેવને હૃદયમાં ધારણ કરવા એનો અર્થ એજ છે કે–'એ તારકની આજ્ઞા પ્રત્યે સાચા શ્રદ્ધાલુ બનવું અને એ તારકની આજ્ઞાનો જીવનમાં જુદરમાં સુંદર પ્રકારે અમલ કરવામાં પ્રમાદાદિને વશ બનાય નહિ તેની કાળજી રાખવી.

૦ જે જ્ઞાનથી આત્મા દિવસે દિવસે પાપથી પાછો ન હઠે પણ ઉલટો પાપક્રિયા કરવે વધુને વધુ ઝુકતો જાય. દરરોજ પાપની ભાવના ઘટવી જોઇએ તેને બદલે જે જ્ઞાનના યોગે અનંત જ્ઞાનીઓની આજ્ઞા હૃદયમાં ઉતરે જ નહિ અને આત્મા દિવસે દિવસે દુનિયામાં જોડાનારી પ્રવૃત્તિમાં ઊંડો ને ઊંડો જ ઉતરે તે સમ્યગ્જ્ઞાન નથી !

૦ જે દર્શનથી અનંતજ્ઞાનીઓની વાતોમાં પણ ખોટી શંકા થાય અને બુદ્ધિવાદના નામે અનંતજ્ઞાનીઓએ ફરમાવેલી વાતોની ઠેકડી કરવાનું મન થાય, તે સમ્યગ્દર્શન નથી એટલે કે સાચી શ્રદ્ધા પણ નથી.

૦ દુનિયાની નામના માટે, વાહવાહ માટે, ખ્યાતિ માટે તથા અર્થ–કામ આદિ ખાતર સહવામાં આવતાં કષ્ટો કે સેવવામાં આવતા માત્ર દેખાવના જ સદાચારો તે સમ્યક્ ચારિત્ર નથી.

૦ પાપથી ડરે એની જ સદ્ગતિ થાય, નહિ કે પાપની દિશામાં ધસે તેની !

૦ જે જ્ઞાન પાપની પ્રવૃત્તિને ધક્કો મારીને પણ ખસેડે તે જ સમ્યગ્જ્ઞાન છે !

૦ 'અનંતજ્ઞાની કે જે પ્રાણી માત્રના ઉપકારી છે, તે કોઇનું ભૂંડું થાય એવું તો ન જ કરે, એટલું જ નહિ પણ એમના કહેવામાં એકાંતે ભલું જ હોય, એમાં લેશ પણ અયથાર્થતા હોય જ નહિ' એવી માન્યતા જેના યોગે ટકી રહે તે જ સમ્યગ્દર્શન છે

૦ જેના યોગે આસક્તિ છૂટે અને પરિણામે સંસારનો સંબંધ તુટે તથા આત્મા મુક્તિએ પહોંચે તે જ સમ્યક્ચારિત્ર છે !

હજારદ્વારોદ્ધારક પૂ.આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
ચુનીલાલ મોહનલાલ ગુદેચા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીલાલ દોશી (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી મુકડા (થાણા રોડ)

વર્ષ ૭] ૨૦૫૧ મહા સુદ-૧૪ મંગળવાર તા. ૧૪-૨-૯૫ [અંક- ૨૪]

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

પ્રવચન-છઠું

૨૦૪૬, વૈશાખ વદિ-૧ ગુરૂવાર તા. ૧૦-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

કજ્જે પરોવયારો, પરિહરિઅવ્વા પરેસિં પીડા ય ।
હેયા વિસયપવિત્તી, ભાવેયવ્વં ભવસરુવં ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિઓ, અધ્યાત્મભાવ કોનામાં પેદા થાય તે વાતને સમજાવતાં ફરમાવી રહ્યાં છે કે-શરીરનાં કષ્ટોની પરવા કર્યા વિના આત્માના કલ્યાણને સાધવાની ઇચ્છા હોય તે જીવ અધ્યાત્મભાવને પામેલો કહેવાય. તે અધ્યાત્મ ભાવ પામવો હોય, ટકાવવો હોય સ્થિર કરવો હોય તો પંદર ગુણ જોઇએ. તેની વાત આપણે કરી રહ્યા છીએ.

તેને સંસારની જ વાત કરનારા સાથે મેળ ન ખાય, ધર્મની જ વાત કરનારા સાથે બેસવું, ઊઠવું ગમે. રોજ શ્રી જિનવાણી સાંભળવી ગમે. તેનું જ ચિંતન-મનન કરે અને કુટુંબને પણ સમજાવે. આ ત્રણ ગુણની વાત કરી આવ્યા. આ બધા ગુણો હોય તો અધ્યાત્મભાવ આવ્યો હોય તો ટકી રહે અને ન આવ્યો હોય તો પ્રાપ્ત થાય.

અધ્યાત્મભાવ પ્રાપ્ત કરવો છે ? આ સંસારમાં ગમતું નથીને ? આ સંસારનું સુખ મઝેથી ભોગવતાં ભોગવતાં મરું તો દુર્ગતિમાં જ જવું પડે-તેની ગભરામણ થાય છે ? તે સુખ છોડી શકાતું નથી તેનું દુઃખ થાય છે ? જેને પોતાના આત્મકલ્યાણની ઇચ્છા ન હોય તેને ધર્મની પ્રવૃત્તિ કરવી પડે તો કરે પણ હૈયાના ઉલ્લાસપૂર્વક કરવી જોઇએ-તે રીતે કરે નહિ.

આવા ગુણવાળો દુનિયામાં બધાને સારો લાગે. કોઇને તેની ઉપર દુર્ભાવ હોય નહિ અને તેને પણ કોઇની ઉપર દુર્ભાવ થાય નહિ. કુટુંબીની ભક્તિ કરો, સાચવો તેમાં નવાઇ કરો છો ? આજે તો કુટુંબનું પણ પાલન કરો છો ખરા ? એક ભાઇ લહેર કરે, અને એક ભાઇ મજુરી કરીને મરે તો ય કેડાણું ન પડે તેની ખબર રાખો છો ? પોતાનું કુટુંબ દુઃખી હોય અને તમે સુખ મઝેથી ભોગવો તો અધ્યાત્મ પામેલા કહેવાવ ? ગ્રન્થકાર આગળના ગુણનું વર્ણન કરતાં કહે છે કે-કુટુંબીને સાચવો તેમાં નવાઇ નથી પણ જે પોતાનો કુટુંબી ન હોય અને તે ભીડમાં હોય તે તેના ઉપર પણ ઉપકાર કર્યા વિના રહે નહિ. જે પોતે સુખી હોય અને પાડોશી દુઃખી હોય તો જોઇ શકે નહિ તે ત્રીજો ગુણ છે. તમારી આંખે બેસનારા-ઊઠનારા દુઃખી હોય અને તમે દુઃખ દૂર કરી શકો તેવા હો છતાં પણ તેમનું દુઃખ દૂર ન કરો તો તમને કેવા કહેવા પડે ?

અધ્યાત્મભાવને પામેલા કાં પામવાની તૈયારી વાળા જીવો કેવા હોય તે માટેના આ ગુણોની વાત ચાલે છે. અમે ધર્મ પામી ગયા છીએ તેમ કહેનારાએ સમજવું જોઇએ કે-હજી મારે શું શું કરવાનું છે, શું કરું તો અધ્યાત્મભાવ ટકે અને વધે. તમારી આંખ સામે કોઇપણ દુઃખી ચઢે અને તમારી તાકાત હોય તો તમે ઉપકાર કર્યા વિના ન રહો ને ? તાકાત છતાં તમે ન કરો તો દેખાવના જ ધર્મી છો તેમ કહેવું પડે. સંસારમાં તો દુઃખી જીવો દુઃખમાં રિબાઇને દુર્ગતિમાં જાય છે. તે બિચારા દુઃખમાં રિબાય નહિ અને દુર્ગતિમાં જાય નહિ તે ચિંતા ધર્મીને ન હોય તો કોને હોય ? આત્માના હિતચિંતકને કોઇ ઉપર દયા આવ્યા વિના રહે નહિ તેમ બને નહિ. પોતાની શક્તિ હોય તો તે ઉપકાર કર્યા વિના પણ રહે નહિ. ગ્રન્થકાર જે વાત કહી રહ્યા છે તે વાત તમારા મનમાં ઉતરે છે ?

પ્ર- સુખ-દુઃખ કર્મને આધીન છે.

ઉ- તમે માંદા હો અને કુટુંબી કહે કે તમારા કર્મથી માંદા છો તો તે માંદગી ભોગવો તો તમને શું થાય ? તમે દુઃખી હો અને કોઇ તમારી ખબર ન રાખે તો શું થાય ? પારકાની વાતમાં 'તેનાં કર્મ તે ભોગવે' તેમ બોલે તે નિષ્ઠુરતા કહેવાયને ?

આજે મોટેભાગે આવું થયું છે કે-તેનાં કર્મ તે ભોગવે. તેથી ભિખારી કે યાચકાદિ તમારે ઘેર આવે તે ગમે નહિ. ભિખારીને ટુકડો ફેંકો તે ધર્મનું લક્ષણ છે ? ધર્મી એટલે તેના પરિચયમાં આવનારો દુઃખી હોય તો તેનું દુઃખ દૂર કર્યા વિના રહે નહિ. કદાચ પોતાની શક્તિ ન હોય તો પોતે માગવા જાય અનેતેનું દુઃખ દૂર કરે-કરાવે

તમે ધર્મના હૈયાને જાણતા નથી ! જન દુર્ગતિમાં જવું નથા, સદ્ગતિમાં જવું છે, ઝટ મોક્ષે જવું છે તે માટે જ ધર્મ કરે છે તેવા જીવનો સ્વાભાવ આવો જ હોય.

પ્ર૦-બધાનો પરોપકાર શી રીતે થાય ?

ઉ૦-શકિત મુજબ કરવાનો છે. પોતે ય કરે અને બીજા પાસે પણ કરાવે, કરાવ્યા વિના ન રહે. બધાને સુખી ન કરી શકે પણ ભાવના શી હોય ?

આ જીવ એવો હોય છે કે તે દુઃખીનું દુઃખ ખમી શકતો નથી. પોતે દુઃખી હોય તો હજી ન માગે પણ બીજાના દુઃખને દૂર કરવા માગવું પડે તો તેમાં સંકોચ નહિ. આ ગુણ ન હોય તો પણ મહેનત કરો તો આવે, પછી અધ્યાત્મભાવ પણ પેદા થાય, તે પેદા થાય અને ટકે તો મોક્ષ પણ નજીક થાય.

વહેલા મોક્ષે જવું છે ને ? આ સંસાર રહેવા જેવો નથી ને ? સંસારમાં ઘણાં પાપ કરવાં પડે છે ને ? ધર્મી દુઃખ વેઠે પણ પાપ ન કરે, પાપ બને તેમ ઓછાં અને દુઃખ પૂર્વક કરે. આવા સંતોષી જીવને કદાચ ખોટું કામ કરવું પડે તો દુઃખી હૈયે કરે તેથી જે કર્મ બંધાય તે રસ-કસ વગરનું બંધાય અને ફળ આપ્યા વિના ચાલ્યું પણ જાય. 'અપોસિ હોઇ બંધો' તે આવા જીવ માટે. તે પોતાની ફરજ પણ ન ચૂકે.

પ્ર૦-શ્રાવકો ફરજ ચૂકે તો સાધુઓએ યોજનાઓ કરવી જોઇએ કે નહિ ?

ઉ૦-તમને સાધર્મિક ભકિત કરવાનું કેટલું કહીએ છીએ ? તમારી અકકલ કેકાણે છે ને ? અમે નાણાં ઉઘરાવવા જઇએ ?

ખરેખર ધર્મી તો સાધર્મિકને જોઇને ખુશી ખુશી થઇ જાય, પોતાની શકિત હોય તો જમાડયા વિના ન રહે. તમે બધા જો આજ્ઞા મુજબ સાધર્મિકભકિત કરનારા હો તો એક પણ સાધર્મિક દુઃખી રહી શકે તેવી સ્થિતિ નથી.જે ધર્મિનો પાડોશી પણ દુઃખી ન રહે તેનો સાધર્મિક દુઃખી રહે ? દુઃખી સાધર્મિકને જોઇને તેનું દુઃખ દૂર કરવાનું મન ન થાય તે ધર્મી આત્મા નથી, એવો આત્મા ધર્મ પામેલો નથી. સાધર્મિક માટે શું શું કરવું જોઇએ-તે માટે કેટલીવાર સમજાવ્યું છે ? અહીં આવનારાઓ તો અનેકવાર સાંભળ્યું છે ને ?

આજનો કાળ હજી સારો છે. ધર્મી ધારે તો કોઇ જ દુઃખી ન રહે. પણ જે સુખી લોકો પોતે સુખી થવા બીજાને દુઃખી કરનારા છે, તે સાધર્મિકની ખબર રાખે ? જે પોતે જ શ્રીમંત થવા અનેકને ઠગે, શીશામાં ઉતારે, લુચ્ચાઇ કરે, હેરાન કરે તે

બીજાને–સાધર્મિકને વળી સુખી કરતા હશે ? અધ્યાત્મભાવ આવ્યા વિના આ ન બને. જેને પોતાના આત્માને મોક્ષે પહોંચાડવો છે, દુર્ગતિ ન થાય અને ધર્મ કરવા માટે સદ્ગતિ થાય તેમ જીવવું છે તેના માટે આ વાત છે.

પ્ર૦–સાધુ ભગવંતો માત્ર સાધર્મિક ભક્તિનો ઉપદેશ આપે, બીજું કશું ન કરી શકે ?

ઉ૦–સાધુની પ્રતિજ્ઞા શી છે ? કોઈપણ પાપ વ્યાપાર, સાવદ્યકામ મન–વચન કાયાથી, સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, કરતાને સારા માને નહિ. સાધુ તો ઉપદેશ આપે, સમજાવે. સમજાવવા છતાં ય નરકમાં જ જવાનાં પણ કામ જેઓ મજેથી કરે તો તેઓનું કાંડું પકડે ?

પ્ર૦–સાધુ મકાનની યોજના કરે ?

ઉ૦–ઘર માંડવાની યોજના કરે તેના જેવી આ વાત છે. સાધુ તો ઉપદેશના અધિકારી છે. તમે સામાયિક પાળતાં બે આદેશ માગો તો સાધુ શું કહે ? પહેલો આદેશ માગો તો સાધુ કહે કે–'ફરી કરવા યોગ્ય છે.' તમે કહો કે–વાત સાચી છે, યથાશક્તિ કરીશ. બીજો આદેશ માગો કે–'સામાયિક પાળ્યું' તો સાધુ કહે કે–'આચાર છોડતો નહિ.' આ આદેશમાં ૨. અમારાથી તમારા પાપ–કાર્યમાં ય અનુમતિ ન આવે તેની કેટલી કાળજી રાખી છે. તો તમારાં મકાનાદિની યોજના સુસાધુઓથી કરાય ?

પ્ર૦–પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મ. જાડું કપડું ઓઢયું અને કુમારપાળ રાજાએ પૂછયું આમ કેમ ? તો કહ્યું કે–તારા સાધર્મિકોની સ્થિતિ કેવી હશે તે વિચાર. તેમ કહીને સાધર્મિકભક્તિ કરાવીને ?

ઉ૦–શ્રી કુમારપાળ મહારાજામાં યોગ્યતા હતી તો કામ થઈ ગયું. તેઓએ પૂ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને કહ્યું હતું કે–હું અઢારદેશનો રાજા ખરો પણ આપનો તો સેવક છું. માટે મારે કરવાં જેવાં કામોના ઉપદેશમાં ખામી રાખતા નહિ. આવું તમે કહી શકો છો ? હું તમને કહું છું તો ય કેટલી મુશ્કેલી પડે છે.' અમે તો ઉપદેશ આપીએ. આ આ કરવા જેવું છે તેમ કહીએ. આ બધા મુખ નથી પણ ડાહ્યા છે, ધાર્યું કરી શકે તેવા છે પણ કરવું નથી માટે જ નથી કરતા. આ બધા પૂજા કરવા માટે ઘરની સામગ્રી વાપરી શકે તેવા છે ને ? ભગવાનની પૂજા કરવા ય પોતાની સામગ્રી ન વાપરે તે સાધર્મિક ભક્તિ કરે ?

[ક્રમશઃ]

વિકટ વાણીની વિરૂપતા

—વિરાગ

પ્રત્યેક ઇન્દ્રિય એક-એક કાર્ય કરે છે જ્યારે ત્રણ ઇંચ લાંબી લુલીનું કાર્યક્ષેત્ર બે છે. એક સ્વાદ અને બીજો વાદ.

અન્ય ઇન્દ્રિયો પર વિજય મેળવવો હજી સુલભ છે. પણ કલીય કાટ ન ખાય તેવી બે ધારી તલવાર જેવી આ જીભલડી પર વિજય પ્રાપ્ત કરવો અત્યંત મુશ્કેલ છે. માટે જ એક કવિએ કહ્યું છે કે,

'હે ઇશ્વર ! તું ભોજન અને વચનમાં મર્યાદા રાખ.'

અતિશય ભોજન અને અતિશય ભાષણ મહા અનર્થને સર્જનારું છે. હજુ એક અપેક્ષા સ્વાદ જીતી શકાય છે પરંતુ વાદ તો...

વિગઇનો રસ છોડી દેવો આસાન છે પરંતુ કોળી સર્જે તેવી વિચિત્ર વાણી નો રસ છોડી દેવો આસાન નથી અયોગ્ય શબ્દોની રજુઆતથી કેવી કોનારત સર્જાય છે તે માટે આપણે એક સુખી કુટુંબનું દૃષ્ટાંત જોઇએ.

બાળપણમાં જેને બીનામાંથી સુકામાં સુવડાવ્યો છે, થોડો મોટો થતાં જેનું સંડાસ પણ સાફ કર્યું છે. જેને ખાતા પણ શીખવાડયું છે. ત્રણ વર્ષની ઉંમરથી ૧૭ વર્ષની ઉંમર સુધી ભણાવવા માટે લાખ્ખો રૂપિયા ખર્ચ્યા, વહુના બાળ રમાડવાની કોંશમાંને કોંશમાં કરોડ રૂપિયા ખર્ચીને પરણાવ્યો.

વહુરાણી ઘરમાં આવી, દિવસો મઝેથી પસાર થવા લાગ્યા. ધીરે ધીરે વહુરાણીએ પોતાનું પરાક્રમ ચાલું કર્યું. સર્વેને દિવસે તારા દેખાડવા લાગી. સહુ કોઇ તેનાથી ત્રાસવા લાગ્યા. પરાક્રમી વહુરાણીના કારણે વર્ષોથી સાથે રહેતા પિતા-પુત્ર વચ્ચે અટરાગ થવા લાગ્યો અવરનવર થતી બોલાચાલીને કારણે પુત્રે પરિવારનો ત્યાગ કર્યો. પોતાના પરિવારને સાથે લઇને તે અન્ય રહેવા ચાલ્યો ગયો.

બન્ને વચ્ચેનો વ્યવહાર બંધ થઇ ગયો કોઇ કોઇનું મુખ જોવા રાજી નથી. કોઇ પ્રસંગમાં ભેગા થઈ ગયા હોય તો પણ બન્ને એક બીજાને પુંઠ બતાવ્યા વગર રહેતા નહી. જમવાનો કે બોલવાનો વ્યવહાર હોય જ કયાંથી ?

વર્ષોના વર્ષો વિતવા લાગ્યા અનેક જન્મ જયંતીઓ પસાર થવા લાગી એકાએક એક દિવસ પિતાને પુત્રની જન્મ જયંતી યાદ આવી ગઇ, તે દિન નજીક આવતો હોવાથી પિતાના મનમાં પુત્ર-પ્રેમ ઉછળવા લાગ્યો. હૃદયમંદિરમાં ઉછાળા મારતો પુત્રપ્રેમ હવે

કોઇપણ રીતે ઓછો રહે તેમ ન હતો. માન-અપમાનને નેવે મૂકીને અને વેર-ઝેરને તિલાંજલિ આપીને પિતા પુત્રને ત્યાં જવા નીકળ્યા. જન્મ દિનની ખુશાલી વ્યકત કરવા પિતા મિઠાઇનું પેકેટ લઇને પહોંચી ગયા પુત્રના ઘરે...

વીતિ ગયેલી લાખ્ખો પળો પછી એકાએક પિતાનું મુખડું જોતાં પુત્રની આંખમાંથી હર્ષના મોતીઓ સરી પડયાં, પિતાશ્રી ખુબ સારી રીતે આગતા સ્વાગતા કરી. સુંદર પ્રકારની રસવંતી દ્વારા પિતાશ્રીની ભક્તિ કરું તેમ વિચારતો પુત્ર પિતાશ્રીને ઘરે બેસાડી ઉપડયો બજારમાં...

પરાક્રમી પુત્રવધુ ધીરે રહીને સસરા પાસે આવી. ઠાવકાસથી બોલવા લાગી, બાપુજી, શા માટે મીઠાઇનો ખર્ચો કર્યો ? શું જરૂર હતી મીઠાઇની ?

ભોળા અને ભદ્રીક સસરા તરત જ બોલી ઉઠયા દીકરી ! આમાં ખર્ચનો પ્રશ્ન જ નથી મારી દુકાને અવારનવાર આવા ઘણાં મીઠાઇના પેકેટો આવે છે. અમે રહ્યાં બે. મીઠાઇ ખાઇ ખાઇને અમે કંટાળી ગયા છે, ધરાઇ ગયાં છે. હવે તો આ મીઠાઇના બોક્ષો નોકરોને આપી દેવા પડે છે. પુત્રનો જન્મદિન આવતો હોવાથી નોકરોને ન આપતાં તે બોક્ષ અત્રે લઇ આવ્યો, એટલે ખર્ચનો પ્રશ્ન જ કયાં રહ્યો ?

બસ, સસરાજી વાકય પુરૂં કરે તે પહેલાં જ વહુરાણી અસલ રૂપમાં આવી ગઇ. નખશીખ સળગી ઉઠી. ગર્જના કરતી ધડાકો કર્યો, એટલે તમે અમને નોકર સમજો છો ને ? વર્ષો વીતવા છતાં પણ તમને તમારો દિકરો, દિકરો નથી લાગતો નથી ને ! ખબરદાર, જો અહીં ઉભા રહ્યાં છો તો ! હાલતી પકડો અહીંથી, આ પેકેટ લઇને ! અમે કંઇ તમારા નોકર નથી. ભીખારી પણ નથી. અમે ઘણી મીઠાઇ જોઇ છે ને ખાધી પણ છે. ચાલ્યા જાવ અહીંથી.

વર્ષોનું વેરઝેર ભૂલીને આવેલા પિતાશ્રીને આ શબ્દો કાળ જેવા લાગી ગયા. હળધૂત કરતી વાણીનો રણકાર સાંભળીને પિતાશ્રી તો ઘેાળી પુણી જેવા થઇ ગયા અવળી વાણીનો આઘાત પિતાશ્રી જીરવી ન શકયા. પિતાશ્રી ત્યાં ને ત્યાં જ ઢળી પડયાં.

શબ્દોની અયોગ્ય રજુઆત અને વિચિત્ર અર્થઘટનને કારણે કેવી ભયંકર હોનારત સર્જાઇ ઉઠી. ભોળા ભાવે નિકળતી વાણી વડે જો આવી હોનારત સર્જાતી હોય તો કપટ અને માયાપૂર્વક ઉચ્ચારાતી વાણી વડે કેવી હોનારત સર્જાતી હશે તે વાંચકો જ વિચારી લે તે યોગ્ય છે...

જૈન ધર્મ પ્રચાર-એક સુપ્રયત્ન

એક પરિવર્તનશીલ વિશ્વમાં દરેક વસ્તુ પરિવર્તનશીલ છે, એક દિવસે જ્યાં ઊંચા આકાશને આંબતી હવેલી દેખાતી ત્યાં આજે કુતરા વિચાળે છે.

જ્યાં અસંખ્ય માનવોનો મેળો ઉત્સવ કરતો હતો ત્યાં આજે ભૂતડા રડે છે.

ખંતથી જોવો કે ધર્મનીતિ, રાજનીતિ સમાજ ને વ્યકિત સર્વ સમયના પ્રભાવથી બદલાતા રહે છે. જૈનો માં પણ કાલનો પ્રભાવ પડવો તે સ્વાભાવિક છે. કાલની વિષમતાથી જૈન ધર્મ પણ છીન્ન ભીન્ન પ્રત્યક્ષ થઈ ગયો.

જ્યાં કરોડો લાખોની સંખ્યામાં વીતરાગ પ્રભુના ઉપાસકો હતા. ત્યાં ૨૨-૨૨ તીર્થંકરોની કલ્યાણકભૂમિઓ હતી. એવા બિહારમાં સ્થાનીય એક પણ જૈન ઘર નથી. પ્રશ્ન થવો સ્વાભાવિક છે. જે ક્ષેત્રનું નામ પણ પ્રભુવીરના વિચરવાથી બિહાર પડયુ હતું. જ્યાં લાખો લોકો જૈનો હશે એ નિર્વિવાદ વાત છે. પરંતુ વર્તમાન સ્થિતિ એનાથી વિપરિત કેમ ? આ પ્રશ્નનો ઉતર મેળવવા માટે આપને ભૂતકાળને વાંચવો પડશે.

ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ ભયંકર દુકાળો પડયા હતા. ત્યાં પૂર્વ ભારતની પ્રજા વિશેષ કરીને અહિંસા પ્રેમી શ્રાવક વર્ગ દુષ્કાળ જનિત હિંસાથી ત્રાસી જઈને કોઇ દક્ષિણ દિશામાં કોઇ પશ્ચિમ દિશામાં ચાલ્યા ગયા.

જે શ્રાવકો ત્યાં રહ્યા હતા તેઓ સંમેતશિખરને કેન્દ્ર બનાવી તેની આજુબાજુ વસી ગયા તે ત્યાં અનિજ પદાર્થના વ્યવસાયમાં મગ્ન થયા. જેના પ્રભાવે સેંકડો સંખ્યામાં ધનવાન લોકોએ જિનમંદિર સ્થાપ્યા જેના જૈન દર્શનના અવશેસો આજે પણ પુરૂલીયા વર્ધમાન બાકુડા, હુમકા આદિ ક્ષેત્રોમાં મલે છે. આ પ્રમાણોથી અનુભવ થાય છે કે આ ક્ષેત્રમાં શ્રાવક વર્ગ ૧૨૦૦ વર્ષથી વધુ રહ્યાં હશે.

કંઇ રાજય ઉપદ્રવ શાસકના દુવ્યવહારને કારણે સાધુ સંતોનો સંબધ તુટી ગયો હતો.

કાલાન્તરે શ્રાવકના સરાવક નામે ઓળખાયા પણ બંગાલી ભાષામાં વકારનો કોઇ સ્થાન નહિ હોવાથી સરાવકનો સરાક ભાઇ તરીકે ઓળખાવા લાગ્યા. કંઇ પરિસ્થિતિ વશ ધર્મથી પણ દૂર નીકળી ગયા. પરંતુ આચાર ક્રિયા જોતા આજે પણ લાગે છે કે તેઓ જૈન શ્રાવક છે. [૧] શુધ્ધ શાકાહારી છે (જે બિહાર બંગાળમાં ગૌરવની વાત છે) [૨] પાણી ગાળીને જ વાપરે છે. [૩] લસણ વાપરતા નથી. [૪] સર્વના ગૌત્રદેવ તીર્થંકરના નામથી જ છે [૫] ભોજનમાં કાચો શબ્દ પ્રયોગ નથી કરતા.

[૬] દીવાળીમાં મહાવીરના નિર્વાણની વિધિ ક છે.૨ [૭] એક પણ ભીખારી નથી એવા અનેક નિયમો આજે પણ પાળે છે. તેઓ સરળ છે. આજથી ૭૦–૮૦ વર્ષ અગાઉ પૂ. ઉ. મંગળ વિજયમુનિ પૂ.પ્રભાકર વિ. ના સતત પ્રયાસથી સરાક જૈન શ્રાવક ધર્મના સુપરીચિત થવા લાગ્યા પૂજ્યોના પ્રયત્ને અનેક સરાક જૈન સાધુપણ બન્યા છે.

કંઈ વર્ષોથી પૂજ્યશ્રીના સ્વર્ગવાસ પછી કાર્યમાં વિઘ્નો આવવા લાગ્યા. સફળતા દુર થવા લાગી એક વર્ષથી પૂ. સરાક રત્ન પં. સુયશમુનિજી મહારાજે આ કાર્યમાં સુપ્રયત્ન કર્યો છે. જાગૃતિ આવવા લાગી છે. પૂ. તપસ્વી આચાર્ય શ્રી વારિષેણસૂરિજી મહારાજે પણ આ કાર્યમાં રસ લઇને પૂ. પંન્યાસજીની પ્રેરણાથી ૩૦ દિન વિચારણ કરેલ ને પૂ. આ. શ્રી વારિષેણસૂરિ મ.ની નિશ્રામાં એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી જેના પ્રમુખ રતનલાલ મગનલાલ દેસાઇ કલકતા બનેલ છે. યુવાવિધિકાર સમાજ-રત્ન મનોજકુમાર હરણના માર્ગદર્શનને અનેક ભાવુકો દાન ગંગા વહાવે છે. બે નગરમાં પૂજ્યોના ચાતુર્માસ છે.

સરાકભાઇઓની આરાધના માટે ૪ ગામમા મંદિર ૪ ગામમાં પાઠશાળા ચાલું છે. પૂ. આ. શ્રી હેમપ્રભસૂરિજી મ. ની નિશ્રામાં શિખરજીમાં વિશાળ સંમેલન પણ સરાકભાઇઓનું થયેલ છે.

પૂજ્યોના વિચારણે આજે સરાક સમાજમાં ધર્મ ચર્ચાઓ જાગૃતિમાં છે ૭ મંદિરોના કાર્ય નવા–પ્રારંભ થયેલ છે.

આજે પૂર્વ ભારતના તીર્થોની રક્ષા માટે સરાક ભાઇઓનો સહકાર આવશ્યક છે. ૩૬૬ ગામોમાં સરાક શ્રાવકો વસે છે. નવા જિનમંદિરોના નિર્માણથી જીર્ણમંદિર ઉધ્ધારમાં પુણ્ય વિશેષ છે, તેના કરતા કંઈ ગુણો વિશેષ લાભમાર્ગથી વંચિત થયેલા શ્રાવકોને સ્થિર કરવામાં લાભ છે. સર્વ ધર્મ એક તરફને સાધર્મિક ભક્તિ એક બાજુ કુલ નહિતો કુલની પાંખડી રૂપે તન મન વચન ધન સત સાહિત્યથી આકાર્યમાં સહાયક થવું સૌની ફરજ છે.

સમ્પર્ક સ્થળ– જૈન મંદિર —પુણ્ય શિશુ—ભરૂચ

૧૧, હૈશામરોડ, ભવાનીપુર કલકત્તા–૨૦

सयलजय जंतुपत्थियसुहफलया कप्पपायवलयव्व ।
सग्गापवग्गसंगमनिबंधणं जयइ जिणपूया ।।

જગતના સઘળા ય પ્રાણીઓને ઇચ્છિત સુખ આપવા માટે કલ્પવૃક્ષની લતા સમાન અને સ્વર્ગ અને મોક્ષનું કારણ શ્રી જિનપૂજા જય પામો.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

જો કોઇ એવી પણ શંકા કરે કે, જયણામાં કથંચિત્ આરંભરૂપ હોવાથી તેના પાલકને ચારિત્રનું આરાધકપણું કયાંથી સંભવે ? તો તેના સમાધાનમાં કહ્યું છે કે— અધિક દોષનુ નિવારણ કરવાના કારણે, નિવૃત્તિપ્રધાન જ જયણા બુદ્ધિમાનોએ જાણવી જોઇએ.

एसा य होइ नियमा तदहिगदोसविणिवारणी जेण ।
तेण णिवित्तिपहाणा विण्णेया बुद्धिमंतेहिं ॥३२॥

(૧૬) છ આગાર

ઢાળ-દશમી

શુદ્ધ ધર્મથી નવિ ચાલે, અતિ દૃઢ ગુણ આધાર લલના,
તો પણ જે નવિ એહવા, તેહને એહ આગાર લલના...૫૧

બોલ્યું તેહવું પાળીએ, દૃંતી-દૃંત સમબોલ લલના,
રાજાજનના-દુર્જનતણા, કમ્છપ કોટીને તોલ લલના. બોલ્યું૦૫૨

રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના,
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના. બોલ્યું...૫૩

ગોલો જનનો ગણ કહ્યો, ચોરાદિક બલ જાણ લલના,
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના. બોલ્યું૦...૫૪

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના,
તે હેતે દૂષણ નહિ, કરતાં અન્ય આચાર લલના બોલ્યું૦...૫૫

પ્ર-૧૯૬—આગાર કોને કહેવાય ?

ઉ—આગાર એટલે છુટછાટ. અર્થાત્ વતાદિ અખંડિત બની રહે તે માટે અનિવાર્ય કારણોસર, કોઇના પણ દબાણ આદિને વશ બનીને અનિચ્છાએ પણ કરવી પડતી વત બાહ્ય પ્રવૃત્તિ.

કર્મને પરવશ બનેલો સંસારી જીવ, સમજીને ગ્રહણ કરેલા વત—નિયમાદિને ભાંગી ન નાખે તે માટે ઉપકારી પરમર્ષિઓએ સાચી હિતચિંતા કરી, આગાર બતાવ્યા છે.

કાઉસ્સગ્ગનો ભંગ ન થાય તે માટેના આગાર શ્રી અન્નત્થ-સૂત્રમાં બતાવ્યા છે, નવકારશી આદિ પચ્ચક્ખાણનો ભંગ ન થઈ જાય તેના માટે પણ અન્નત્થણાભોગેણં, સહસાકારેણં, ઇત્યાદિ આગારો બતાવ્યા છે. આગારના કારણે અજાણતા થયેલી ભૂલભ્રાંતથી પચ્ચક્ખાણાદિનો ભંગ થતો નથી.

પ્ર-૧૯૭-અહિં આગાર કોને માટે કહ્યા છે?

ઉ-મહેનત કરનારને પસીનાથી મેળવેલ પાઇની કમાણીની કિંમત પણ બરાબર સમજાય છે જેમ તેમ ખોટી રીતના ના વેડફાય તેની કાળજી રાખે છે. તેમ મહેનત કરી મેળવેલ ધર્મની કિંમત પણ તે આત્માને બરાબર સમજાય છે. તેથી જ દૃઢપણે સન્માર્ગને વળગી રહેનારા સાત્ત્વિકપુરૂષો પ્રાણાન્ત આપત્તિમાં કે મોહક લોભામણી લાલચોથી પણ શુદ્ધ ધર્મથી લેશ માત્ર પણ ડગતા નથી. પણ મેરૂની જેમ અણનમ સ્થિર રહે છે. તેવી સાત્ત્વિકતા કદાચ કોઈ ધર્માત્મામાં ન પણ હોય, બીજાના દબાણાદિથી તેને અનિચ્છાએ પણ ધર્મબાહ્ય પ્રવૃત્તિ કરવી પડે તેવા જીવો માટે અહીં આગાર કહ્યા છે, બધા માટે તો નહિ જ.

પ્ર-૧૯૮-અહિં આગાર કેટલા કહ્યા છે?

ઉ-છ.

પ્ર-૧૯૯. કયા કયા છ આગાર કહ્યા છે?

ઉ-૧-રાજાભિયોગ, ૨-ગણાભિયોગ, ૩-બલાભિયોગ, ૪ દેવાભિયોગ. ૫ ગુરૂ નિગ્રહાભિયોગ, ૬-કાન્તારવૃત્તિ.

પ્ર-૨૦૦-કેવું બોલવું જોઇએ?

ઉ-આપણાથી પળાય તેવું જ બોલવું જોઇએ. 'પ્રાણ જાય પણ 'પણ' ન જાય'— તેમ માનનારા જ પોતાના પણ-વચન માટે પ્રાણ આપી દે છે. સાચી માનવતા પણ બોલેલું પાળવામાં છે. તેના દૃષ્ટાંતો લોકો-લોકોત્તર શાસનમાં ઘણા બધા જોવામાં આવે છે.

પ્ર-૨૦૧-સજ્જન અને દુર્જનના બોલનો વિશેષ દૃષ્ટાંત સાથે સમજાવો.

ઉ-સજ્જનોના બોલ દંતી-હાથીના દાંત જેવા કહ્યા છે. બહાર નીકળેલા હાથીના દાંત જેમ અંદર પાછા પેસતા નથી તેમ સજ્જનોને, બોલેલું ગળવું-પાછું ખેંચવું પડતું નથી.

જ્યારે દુર્જનોના બોલ કાચબાની કોટિ-ડોક સમાન છે. કાચબાની ડોક જેમ ઘડીકમાં બહાર અને ઘડીકમાં અંદર પાછી પેસી જાય છે તેમ પોતે બોલેલું પોતાને ગળવું પડે છે કે ફેરવી તોળવું પડે છે.

પ્ર–૨૦૨–તેનો નિષ્કર્ષ સમજાવો.

ઉ–સજ્જન પુરૂષોનું મજ્જકમાં પણ કહેવાયેલું વચન શીલા–પત્થર ઉપર કોતરેલાં અક્ષર જેવું હોય છે અર્થાત્ અફર હોય છે. જ્યારે દુર્જનોનું સોગંદ ખાઈને કહેવાયેલું પણ વચન પાણીમાં આલિખિત અક્ષર જેવું હોય છે અર્થાત્ 'અભી બોલા અભી ફોક.'

આ જ વાત સંસ્કૃત સુભાષિતમાં પણ કહી છે કે–

'भद्रिस्तु लीलया प्रोक्तं शिलालिखितमक्षरम् ।
असद्भिः शपथेनापि जले लिखितमक्षरम् ।।'

પ્ર–૨૦૩–પહેલા આગારનું સ્વરૂપ સમજાવો.

ઉ–રાજાનો જે અભિયોગ–અનિચ્છાએ પણ જે પ્રવૃત્તિ કે ક્રિયા કરવી પડે તેનું નામ અભિયોગ છે. રાજાના ઉપલક્ષણથી રાજ્ય કે રાષ્ટ્રના વડાના આદેશ–આજ્ઞાથી સમકિતથી વિરૂદ્ધ આચરણ કરવું પડે તેને રાજાભિયોગ નામનો પહેલો આગાર કહ્યો છે. તેમ કરતાં ય મિથ્યાત્વ લાગતું નથી. આ વાત છ યે આગારમાં સમજી લેવી.

પ્ર–૨૦૪–પહેલા આગારમાં કોનું દૃષ્ટાંત આપ્યું છે ?

ઉ–શ્રી કાર્ત્તિક શેઠનું.

પ્ર–૨૦૫–તે દૃષ્ટાંત સામાન્યથી જણાવો.

ઉ–શ્રી કાર્ત્તિક શેઠ સમ્યગ્દૃષ્ટિ એવા મહાશ્રાવક છે. અને પોતાની આરાધનામાં જ મસ્ત છે. એકવાર તે નગરમાં મિથ્યાત્વી એવો ગૈરિક તાપસ આવ્યો. અને પોતાના તપથી આખી નગરીને વશ–પ્રભાવિત કરી, બધા લોકો તેને વંદન–પૂજન–સત્કાર માટે જવા લાગ્યા. ઇતઃ તે નગરનો રાજા પણ તેનો ભકત બન્યો. એક માત્ર સમ્યગ્દૃષ્ટિ એવો શ્રી કાર્તિક શેઠ તેને વંદનાદિ માટે પણ જતો નથી. પ્રાપ્તિના આનંદ કરતાં ય અપ્રાપ્તિનો અસંતોષ એ મિથ્યાત્વનો કારમો પ્રભાવ છે. તેનાથી આ તાપસ પણ મુકત ન હતો—બધા આવતા તે કરતાં શ્રી કાર્તિક શેઠ નથી આવતા તે વાત તેના હૈયામાં શલ્યની જેમ અને આંખના કણાની જેમ ખૂંચતી. ઈર્ષ્યા–અસૂયાદિથી પીડાતો તે તેનો બદલો લેવા ઝંખતો. એકવાર રાજાએ ખુદે તેને પોતાને ત્યાં પારણાનું આમંત્રણ આપ્યું. જે તકની રાહ જોતો તે અનાયાસે આવી જતાં તેણે રાજાને એટલું જ કહ્યું કે—જો કાર્ત્તિક શેઠ મને પીરસે તો હું તમારાં આમંત્રણનો સ્વીકાર કરૂં. રાજા કહે કે તેમ થઈ જશે. જ્યારે તેણે જમવાનો દિવસ આવ્યો ત્યારે રાજાએ શ્રી કાર્ત્તિક શેઠને બોલાવીને ગૈરિકને પીરસવાની આજ્ઞા કરી. ત્યારે શ્રેષ્ઠિએ રાજાને કહ્યું કે—આપની આજ્ઞાથી જ પીરસીશ. તે પછી રાજાજ્ઞાથી જ શેઠ તે તાપસને પીરસવા લાગ્યા ત્યારે તે તાપસ

શેઠને ચીડવવા નાક ઉપર આંગળી ઘસવા લાગ્યો 'મેં તારૂં કેવું નાક કાપ્યું' તેમ જણાવવા માટે જ. સમ્યગ્દૃષ્ટિ આત્માઓના હૈયાની ઉદારતા અને મનોહર મનોદશા કેવી હોય છે કે તે વખતે શ્રેષ્ઠીને આ તાપસ ઉપર જરા પણ ગુસ્સો કે દુર્ભાવ ન આવ્યો પણ પોતાના જ કર્મનો દોષ કાઢતા વિચારવા લાગ્યા કે–મેં જો પહેલેથી દીક્ષાને ગ્રહણ કરી હોત તો આવો વખત ન આવત.

તે પછી તેમણે એક હજાર વણિક પુત્રો સાથે દીક્ષાને ગ્રહણ કરી પોતાનું કલ્યાણ સાધ્યું.

પ્ર. ૨૦૬–શ્રી કાર્ત્તિક શ્રેષ્ઠી અને તાપસનો જીવ હાલ ક્યાં છે ?

ઉ.–શ્રી કાર્ત્તિક શ્રેષ્ઠિનો જીવ હાલ શ્રી સૌધર્મેન્દ્ર તરીકે છે અને ગૌરિક તાપસનો જીવ શ્રી સૌધર્મેન્દ્રનું વાહન જે ઐરાવણ હાથી છે તેના આભિયોગિક દેવ તરીકે છે.

પ્ર. ૨૦૭–સૌધર્મેન્દ્રને 'શતક્રતુ' પણ કહેવાય છે તેનું કારણ જણાવો.

ઉ.–શ્રી કાર્ત્તિક શેઠે, શ્રી કાર્ત્તિક શેઠના ભવમાં શ્રાવકની અગિયાર પ્રતિમાઓ સો (૧૦૦) વાર વહન કરી હતી તેથી તે ભવની અપેક્ષાએ તેમણે 'શતક્રતુ' પણ કહેવાય છે.

પ્ર. ૨૦૮–બીજા ગણાભિયોગનું સ્વરૂપ સમજાવો.

ઉ.–ગણ એટલે ઘણા જનો–લોકોનો જે સમુદાય અથવા ગણ એટલે સ્વજન–સગા–વહાલાનો જે સમુહ તેના અભિયોગથી જે કાંઇ પ્રવૃત્તિ આદિ કરવી પડે તે ગણાભિયોગ નામનો બીજો આગાર છે.

પ્ર. ૨૦૯—ત્રીજા આગારનું સ્વરૂપ સમજાવો.

ઉ.—બલ એટલે ચોર–લુંટારા આદિ બળવાન પુરૂષોની હઠના કારણે જે અનિચ્છા પૂર્વકની પ્રવૃત્તિ કરવી પડે તેને બલાભિયોગ નામનો ત્રીજો આગાર કહ્યો છે.

પ્ર. ૨૧૦—ચોથા આગારનું સ્વરૂપ સમજાવો.

ઉ.–કુલ દેવતા–ક્ષેત્ર દેવતા આદિ દેવોના દબાણથી જે પ્રવૃત્તિ કરવા પડે તેને દેવાભિયોગ નામનો ચોથો આગાર કહ્યો છે.

પ્ર. ૨૧૧—પાંચમા આગારનું સ્વરુપ સમજાવો.

ઉ.—ગુરુ એટલે માતા–પિતા વગેરે. અન્યત્ર કહ્યું પણ છે કે—'સજ્જનોના મતે માતા–પિતા–કલાચાર્ય, જ્ઞાતિજનો, વૃદ્ધ–વડિલો અને ધર્મોપદેશકો—એ ગુરૂવર્ગ કહેવાય છે.' આ ગુરૂવર્ગનો જે નિગ્રહ–આગ્રહ તેના કારણે જે કાંઇ પ્રવૃત્તિ કરવી પડે તે ગુરૂ નિગ્રહાભિયોગ નામનો પાંચમો આગાર કહ્યો છે.

પ્ર. ૨૧૨—છઠ્ઠા આગારનું સ્વરૂપ સમજાવો.

ઉ.—આજીવિકા દર્લભ બને કે ભયંકર જંગલાદિકમાં મુશ્કેલી આવે તે વખતે જે પ્રવૃત્તિ કરવી પડે તે છઠ્ઠો ભીષણ-કાંતાર વૃત્તિ નામનો આગાર છે.

અથવા કાંતાર એટલે જંગલ તેમાં જે વૃત્તિ એટલે નિર્વાહ કરવો તે કાંતારવૃત્તિ અથવા જંગલ જેમ બાધા-મુશ્કેલીનું કારણ છે તેમ અહીં કાંતાર શબ્દ, લક્ષણાથી વ્યંજિત 'બાધા' અર્થમાં વિવક્ષીત કરવો. તેથી બાધાથી-મુશ્કેલીથી વૃત્તિ એટલે પ્રાણ ધારણ રૂપ નિર્વાહ થાય તે કાંતારવૃત્તિ અર્થાત્ મહામુશીબતે જીવનનિર્વાહ થાય તે કાંતારવૃત્તિ

પ્ર. ૨૧૩—આગાર આપવાનું કારણ સમજાવો.

ઉ.—જો વ્રત-નિયમાદિમાં આગાર ન હોય તો વ્રતાદિના ભંગનો પ્રસંગ આવે અને કદાચ વ્રતભંગ થઇ જાય તો વ્રત તરફ ઉપેક્ષા-બેદરકારી-નિરૂત્સાહીપણું આવી જાય અને વ્રત માત્ર નામનું રહી જાય. આવું ન થાય માટે આ આપવાદિક આગારો શાસ્ત્રકાર પરમર્ષિઓએ બતાવ્યા છે. જો કે સમકિતી જીવ પરધર્મી આદિને વંદનાદિ કરતો જ નથી. પણ આ છ અભિયોગના કારણે કયારેક ભક્તિ-બહુમાન વગર દ્રવ્યથી વંદનાદિ કરે તો સમ્યકત્વમાં અતિચાર પણ લાગતો નથી કે ભંગ પણ થતો નથી.

(ક્રમશઃ)

સહકાર તથા આભાર

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.ના ઉપદેશથી.

૫૦૧) શ્રી અલૌકિક પાર્શ્વનાથ જૈન તીર્થ પેઢી હાસમપુરા

૨૫૧) શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકા હાસમપુરા
પ્રથમ માળ પરિધાન નિમિતે પરેલ મુંબઇ

૨૫) શાહ ખેતશી નરશી અ. સૌ. મણિબેનના ત્રીજા ઉપધાન નિમિતે મુલુંડ મુંબઇ
પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી । ઉપદેશથી

૨૫૧) શેઠ લીલાધર રામજી શેઠ રમણિકલાલ લીલાધર શ્રીમતી માલતીબેન
રમણીકલાલ ખીડ (મહારાષ્ટ્ર)ના હાસમપુરા ઉપધાન, માળારોપણ નિમિતે

૫૧) શેઠ હરકીશનદાસ હરિલાલના હાસમપુરા ઉપધાન માળ નિમિતે પારોલા (ધુલીયા)
પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી

૭૬૨) હાસમપુરા ઉપધાન કરનાર બહેનો તરફથી.

પૂજ્ય-શ્રી-ની ત્રિપદી અને પ્રસાદી

સંસાર છોડવા જેવો, મોક્ષ મેળવવા જેવો, સંયમ લેવા જેવું

આ ત્રિપદી ઉપર છેલ્લા ઘણાં વર્ષોમાં વ્યાખ્યાનો એવી રીતે પૂજ્ય આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી આપતા કે શ્રોતાઓને નીત નવિન લાગે. (એવર-ગ્રીન) વ્યાખ્યાન પહેલાં શ્રોતાઓ પોતાની જગ્યાએ આગળના ભાગે બેસતા ને રસ પૂર્વક શેજ પાન કરતા. પૂજ્યશ્રીમાં એવી અગાધ-શક્તિ હતી કે તેમની વાણી સાંભળવા મુંબઇ શહેરમાં પરામાંથી દૂર દૂરથી લોકો ટાઈમસર પહોંચે પૂજ્યશ્રીના વ્યાખ્યાનો મે ઘણાં ઉતાર્યા છે તેના નમુનારૂપે આપુ છું.

તમને રાગ થાય તેનું દુઃખ છે. તમે રાગી કે વિરાગી. શાસ્ત્રમાં લખ્યું છે. શ્રાવક વિરાગી સાધુ ત્યાગી. વિરાગી-નહિતર ઢોંગી. વિરાગ પૂર્વકનો ત્યાગી-નહિંતર ઢોંગી.

ડોક્ટરો કહે છે આજના બધા રોગો ખાવાપીવાથી થાય છે. તમને ખાતાય નથી આવડતું. ને પીતાય નથી આવડતું અગાઉ ૫ થી-૬ ગામ વચ્ચે ૧ વૈદ્ય હતો.

ઘણા સાધુ વિગઇ આવા લાયક નથી. આયંબીલ એકાસણા જ કરવા જોઈએ આ હાથે કરી મારી પાસે બોલાવે છે.

આજે નીતિ માર્ગે ચાલનારો શ્રાવક શોધ્યો જડતો નથી.

ભગવાનની પૂજા કરતા તેમની આજ્ઞા પાલન તે મહા પૂજા છે.

દુઃખ ન આવે તો ઉભુ કરી વેઠવું. સ્વદ્રવ્યથી પુજા કરો છો ?

ચાંદલો કરતા કેટલો ટાઈમ લાગે છે ? તેટલી શાન્તિથી પૂજા કરો છો.

આજના રાજકર્તા જેટલા પાપ કરે છે તેટલા અગાઉના રાજા ન કરતા.

કાળ ખરાબ નથી તમે સારા થઇ જાવ.

પૈસો પાપ સંધરવો તે મહા પાપ-પૈસાવાળાનો ભાવ પુછવાવાળા તેના ગાડુ છે. કિંમત ઢાંકેલાની છે, નાગાની નહિં.

આજે સૌ શક્તિ મુજબ ધર્મ કરે તો સાતે ક્ષેત્ર છલકાઇ જાય.

હું ફસાયેલાઓને બહાર કાઢવા આવ્યો છું ધર્મ સિવાય કોઇ રક્ષણકાર નથી સાધુ તપ કરે તો સારૂ ભણી શકે. અમારૂ અલંકાર તપ છે.

દુઃખમાં ગભરાય તે બાયલા ધર્મ વગર સુખ મલતું જ નથી પણ ધર્મ સુખને લાત મારવાનું કહે છે.

આજે ધર્મ કરનારા જેટલું ધર્મને નુકશાન કરે છે. તેટલું બીજા નથી કરતા આજ પરિસ્થિતિ બહુ જ ખરાબ છે.

અનીતિનું ધન સાતે પેઢીનું ખોદી નાખે ?

કર્મ સિવાય આપણો કોઇ શત્રુ નથી. આયુષ્ય જીવનમાં એક જ વાર બંધાય કયારે તે ખબર નથી માટે ચોવીસે કલાક સાવધ રહેવું જોઇએ, આત્માને જાગૃત રાખવાની જરૂર છે.

સંયમ તપ વિના અહિંસા પમાય નહિ, ભગવાને જે કહ્યું છે તે કરવા આપણે બંધાયા છીએ. આ કાળ સારો છે કર્મને દોષ ન દયો.

આજે જેટલા પ્રધાનો સાથે બેસનારા ધર્મ વેચનારા છે

આજના શેઠીયા સરકારના ગુલામ છે.

શરીર સાચવવા જેવું નથી આત્મા સાચવવા જેવો પહેલા પ્રીતિ થાય પછી ભક્તિ થાય ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે કોઇ દર્શનમાં નથી, સર્વ શ્રેષ્ઠ દર્શન આપણને મલ્યું છે.

મારે મારૂં પોતાનું કશું કહેવાનું નથી બધુ શાસ્ત્ર મુજબ જ.

સંસારથી છુટવા મોક્ષ પામવા ધર્મ સિવાય કોઇ સાધન નથી, ને ધર્મ સાધુ થયા વગર પુરે પુરો પળાય નહિ, આ કાળે બળાત્કાર કર્યા વગર કોઇ ધર્મ કરતા જ નથી.

વંદન એ અદ્‌ભુત કોટીની ક્રિયા છે. જેથી નાસ્તિક પણ આસ્તિક બની જાય.

તમે લગભગ સંસારના મજુર છો.

ભવ વગરના દાન શીલ તપની કાંઇ કિંમત નથી.

અજ્ઞાનીએ જ્ઞાનીની નિશ્રામાં ચાલવું.

ભુખ્યાએ જે સાધનાને તપ કર્યા છે તે પેટ ભરાએ નથી કર્યા. પેટ કદી કોઇનું ભરાણું છે ? તે તો મોટો ખાડો છે.

આર્ય દેશના લોકોમાં ધર્મ રહે નહિ એવી યોજના ગોઠવાઇ છે. આ દેશને પાયમાલ કરી નાખ્યો સારા માણસોને ગામમાં રહેવું ભારે પડી ગયું છે. આજના છાપા મૂર્ખાઓએ વાંચવા જેવા નથી. રાજ કર્તા ચોર છે. મોટા ચોર છે આપણે ડાહ્યા થઇ જાવ જગતને કોઇ સુધારી શકયું નથી.

સારામાં સારૂ જીવન જીવવાની કળા એટલે આર્ય, તે એવી રીતે જીવી જાણે કે, દુર્ગતિમાં ન જાય.

આજના ભણેલા જેટલા મૂર્ખો કોઇ કાળે ન હતા. આ ભણેલાઓએ દેશની જે દશા કરી છે તે કોઇ કાળે સુધરી શકે તેમ નથી.

કાયદા વિરૂદ્ધ બધાવર્તયા છે જેથી નીતિનો નાશ થયો. જયાં સુધી આ દેશમાં

હિંસા તથા અનીતિનો ધંધો-વહેવાર ચાલે છે ત્યાં સુધી આ દેશમાં સુખ-શાન્તિ સમૃદ્ધિ આવશે નહિ.

આજે પગાર મોં માગ્યો લેવો છે ને કામ કાંઇ ન કરવું. મોટે ભાગે કોઇ એ ફીસ નહિ હોય જ્યાં ઓવરટાઇમ ન હોય.

કામ ન હોય છતાં આ જ માણસ માણસ ન રહે તેવા કાયદા છે.

આજ પરસ્પર દ્વેષ પેદા કરી દેશના ટુકડે ટુકડા કરી નાખ્યા.

આજે કોઇ બીન ગુનેગાર માણસ મલતો નથી.

સંસારનુ સુખ એજ દુઃખનુ મુળ છે.

આજના રાજકર્તા તો ભીખારી છે ? માણસને હેવાન બનાવ્યા. શેઠને સઠ બનાવ્યા શાહને ચોર બનાવ્યા છતાં તમે તેની પાછળ દોડો છો. તમને લાત મારે તો તમે તેના પગચુમો છો. તમે ડાહ્યા થઇ જાવ તો કામ થઇ જાય.

આજે પ્રમાણિક તો છે જ નહિ. કોર્ટ વકીલો બધું ખોટું છે. માટે ડાહ્યા થઇ ને જીવવું જો સુખી થવુ હોય તો.

આજે ઝાઝા પૈસાવાળા થવામાં માલ નથી. સુખ નથી.

પાપનું ફળ તો ભોગવ્યા વિના છુટકો નથી.

આજે ઢંભીનો દેખાવ આચરણ જુદુ.

આ તા પૂ.શ્રી ના વ્યાખ્યાનમાનું સેમ્પલ છે બાકી તો મોટા મોટા પુસ્તકો ભરાય તેટલું આપણને પૂ.શ્રી એ સમજાવ્યું છે. તેમાથી કેટલુ આપણે પચાવી, આચરણમાં લાવી આપણું જીવન સુધારીએ એ જ આસ છે. પૂ.શ્રીને લાખ-લાખ વંદન.

પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાંથી

– અમુભાઇ દોશી, ૧૩×૧૦ જયરાજ પ્લોટ વીતરાગ-રાજકોટ

અમૃત મણી

પરોપકાર કદી પારકાં
માટે હોય નહિ,
પરોપકાર તો
પારકાંના કાર્ય માટે
મળતો
આત્મસંતોષ છે.

સ્વાર્થમાં ડુબેલો
માનવી એટલે
બે પગ ધરાવતું પશુ.
પરમાર્થમાં ડુબેલો
માનવી એટલે
બે પગ ધરાવતો મનુષ્ય.

(પરમાર્થ)

શ્રાવક સમાચાર

સોલાપુર મુકામે પૂજ્યશ્રીજીની ગુણાનુવાદ સભા અને જિનભક્તિ

સુવિશાળ ગચ્છાધિપતિ પ્રશાંતમુર્તિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી સોલાપુર નિવાસી મુમુક્ષુ ચિ. રાજેશકુમારની પારમેશ્વરી પ્રવ્રજ્યાને અનુલક્ષીને સોલાપુરમાં ઉજવામાં આવનાર અષ્ટાન્હિકા મહોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા સોલાપુર જૈન સંઘ તેમજ સંઘવી પૂનમચંદ પુખરાજ ઓસવાલ પરિવારની આગ્રહભરી વિનંતિને સ્વીકારી શાસન પ્રભાવક પૂ. આ. દેવ શ્રી વિજય જયકુંજરસૂરીશ્વરજી મ.ના પરિવારમાંથી પૂ. મુનિરાજ શ્રી ધર્મદર્શન વિ. મ., પૂ. મુનિરાજ શ્રી પુણ્યરક્ષિત વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી સૌમ્યદર્શન વિ. મ. ઠા. ૩ કલાડથી ઉગ્ર વિહાર કરી સોલાપુર પધાર્યા. પરમતારક સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ આ. દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પોષ સુદ ૧૩ ની દીક્ષા તિથિને અનુલક્ષીને પૂજ્યોનો નગરપ્રવેશ પણ તે જ દિવસે નિરધાર્યો. તદનુસાર સંઘવી પરિવાર તરફથી આકર્ષક પેમ્ફલેટ સર્વ ગામમાં વિતરીત કરાયું અને વાજતે ગાજતે સુંદર રીતે સાહેબજીનો નગર પ્રવેશ થયો. વિશાળ મેદની સાથે પૂજ્યોએ પ્રવેશ કર્યા બાદ પૂ.શ્રીજીની ગુણાનુવાદ સભાનું આયોજન થયું તેમાં ત્રણે પૂજ્યોએ રસાળ ઓઘવતી શૈલીમાં પૂ.શ્રીના ગુણ ગાઇ સભાને સંબોધન કરી, તે પૂર્વે યુવાનોએ પૂ.શ્રીના ગુણો વર્ણવતું ભાવવાહી ગીત સંગીત સાથે ગાયું હતું. પૂજ્યોના વ્યાખ્યાન બાદ સ્થાનીક સંઘના ટ્રસ્ટી શ્રી માણેકચંદભાઇ અધ્યાપક શ્રી કનુભાઇ આગેવાન શ્રી ભેરૂલાલજી તેમજ મુમુક્ષુ રાજેશકુમાર ઓસવાલે પૂ.શ્રીના ગુણગાન કરી અંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ પૂ.શ્રીજીની પ્રતિકૃતિનું ગુરૂપૂજન કરવાનો ચડાવો મોટી રકમ બોલી સંઘવી પુનમચંદ પુખરાજ પરિવારે લઇ ગુરૂપૂજન કર્યું હતું. મુમુક્ષુ પરિવારની સાથોસાથ બીજા પણ છ એમ કુલ ૭-૭ ગ્રાનું સંઘપૂજન કરાયું, બપોરે પૂ.શ્રીના ઉપકારોની સ્મૃતિમાં સંઘવી ચંપકલાલ લુંકડ પરિવાર તરફથી નવપદની પૂજા સ્થાનીક ગીતસંગીત રસીયા ભકતોએ ગાઇ હતી. પેંડાની પ્રભાવના કરાઇ હતી. રાતના યુવાનોએ ભાવના ભણાવી હતી. આજ પ્રસંગને અનુલક્ષીને અનુકંપા દાન તરીકે ૫૦ ધાબળા ગરીબોને રાતના ઠંડીમાં જઇ ઓઢાડવામાં આવ્યા હતાં. એકંદરે સોલાપુર સંઘના આંગણે અપૂર્વ ગુરૂભક્તિ નિમિત્તક પ્રસંગ પહેલી જ વાર સારી રીતે ઉજવાયો. પૂજ્યોના પ્રવચનો રોજ ચાલુ છે. ચિ. રાજેશકુમારની દીક્ષા અંગેનો મહોત્સવ પો. વદ ૫ થી ૧૨ સુધી છ દીક્ષા સુરત મુકામે મા. સુદ ૬ ના થશે.

પથ દિવડા

પ્રેરક પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- પાપ કરીને સુખી થવું તે મહા દુઃખી થવાનો રાજમાર્ગ છે. પાપ ન કરવા બદલ દુઃખ ભોગવી લેવું અને સુખ ઓછું મળે તોચલાવી લેવું તે મહાસુખી થવાનો રાજમાર્ગ છે.
- પરિગ્રહી બધા દુઃખી ! પરિગ્રહમાં જેસેલ પણ પરિગ્રહમાં સુખ નથી, સંતોષમાં છે તેમ માને તે જ સુખી !
- દુનિયાના પદાર્થોની ઇચ્છા માણસને પાગલ બનાવનારી છે.
- મોજશોખના સાધનો માટે પૈસા મળે અને ભગવાનની ભક્તિ માટે પૈસા ન મળે તો પાપોદયવાળા જ કહેવાય ને ?
- પૈસા પાપ છે તેમ માને તે જ પુણ્યશાલી ફાવે !
- મહેલ જેલ ન લાગે, પૈસો અનર્થકારી ન લાગે તે જ પાપોદય !
- બહારની આંખ ગમે તેટલી સારી હોય પણ હૈયાની આંખ ઉઘડી ન હોય તો તે બધા આંધળા જ કહેવાય ને !
- પરલોક માને તે મજેથી પાપ કરે ? ભય લાગે તો પાપ થાય ?
- પાપ પ્રવૃત્તિ કરતાં જેનું હૈયું ન કંપે તે આસ્તિક નથી. આસ્તિકનું હૈયું પાપ કરતાં કંપ્યા વિના રહે નહિ.
- સુખ માટે ધર્મ કરનારને કોઇ ગુરુ પૈદા થતો નથી.
- જે સુખ પાપ કરાવનાર છે, દુર્ગતિમાં ભટકાવનાર છે. તે સુખને સારું લગાડનાર કર્મ છે. તે કર્મને સારું કહેવાય ? ઉપકારક કહેવાય ?
- તત્ત્વનો પરિચય કરવાની ઇચ્છા ય ન થાય તે ધર્મ પામવા લાયક નથી.
- દુઃખ સહન કરતાં આવડે તે ગુણસંપન્ન થઇ જાય.
- કષ્ટ ભોગવે તે જ ધર્મ કરી શકે. મજા કરનારા ધર્મ ન કરી શકે. મજા કરવી તે ખોટી તેમ લાગે તે ધર્મ કરી શકે. કષ્ટ ભાગવે તે જ સાધુપણું પાળી શકે. અનુકૂળતા ભોગવવા નીકળેલ સાધુપણાનો દેખાવ કરી શકે, પાળે નહિ.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાભાભાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક
સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં [illegible] (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯૯૫-૨૬ ૫૧૫૧૦

णमो चउवीसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

તેને જ સંઘ કહેવાય

निम्मलनाणपहाणो,
दंसणजुत्तो चरित्तगुण वंतो।
तित्थयराणाजुत्तो,
वुच्चइ एयारिसो संघो ।।

નિર્મલજ્ઞાન વડે પ્રધાન, સમ્યગ્દર્શનથી યુક્ત, સમ્યક્ ચારિત્ર-ગુણવાળો, શ્રી તીર્થંકરપરમાત્માની તારક આજ્ઞાને માનનારો જ સંઘ એ સંઘ કહેવાય છે.

–સમ્યક્ત્વ સપ્તતિકા

અઠવાડિક

વર્ષ	અંક
૭	૨૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN - 361005

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ધર્મી થવું એટલે સાવચેત થવું !
- ધર્મનો હૈયામાં વાસ, એટલે આત્માના પરિણામ ઉપર સુંદર ચોકી !
- જે જૈન હોય તેને પાપ કરવાનું ગમે નહિ અને પાપથી છૂટવાનું એનું દિલ હોય !
- 'પાપ ઉપાદેય લાગે, સંસારસુખ ઉપાદેય લાગે'–તે બધા અધર્મના પરિણામ છે !
- આ દેશની હવા, ભોગની નહિ પણ ત્યાગની પ્રેરણા આપે.
- લક્ષ્મી તુચ્છ છે એવું હૃદયમાં વસી જાય તો, પરમાત્માનું નામ પણ સાચા ભાવે લઇ શકાય.
- લક્ષ્મી જ સુખનું સાચું સાધન છે, આવું જેના હૈયામાં વસ્યું છે, તેના હૈયામાં પરમાત્માનો વાસ સાચા રૂપમાં હોઇ શકે નહિ. પરમાત્માનું એ નામ લેતો હોય તો પણ તે પરમાત્માને પોતાની લાલસા પૂરી કરી આપનારા ગુલામ બનાવવાને ઇચ્છે છે.
- લક્ષ્મીને તુચ્છ નહિ માનનારા અને લક્ષ્મીમાં ખૂબ રાગવાળા માણસો ઉપર ભરોસો મૂકતા પણ વિચાર કરવો પડે.
- યથા શક્તિ ધર્મને આચરવો એનો અર્થ એ છે કે–શક્તિ હોય તો ધર્મને જ સેવવો અને સંસારને સેવવો પડે તો પણ ઉદાસીન ભાવે સેવવો કેમ કે ધર્મના સેવનમાં જ રાજી અને અધર્મનું સેવન થાય તેની ખટક રહ્યા જ કરે.
- ધર્માત્મા તે જ જેની ધર્મ તરફ જ દૃષ્ટિ હોય અને અધર્મ તરફ પૂંઠ હોય, અધર્મને આચરવા છતાં ય અધર્મનો અણગમો હોય.
- ધર્માભિમુખ બનેલો આત્મા તે કે જેના હૈયામાં સંસારના સુખ પ્રત્યે અણગમો પેદા થયો છે અને આત્મિક સુખની જેના હૈયામાં ચાહના પ્રગટી છે
- જૈનાચાર્યો દ્વારા કહેવાતી વાતો માત્ર જૈનોના હિતને માટે જ નથી હોતી પરન્તુ જગતના જીવ માત્રના હિતને માટે હોય છે. પછી તે ભલેને જૈનોને જ ઉદ્દેશીને કહેવાઇ હોય.
- માણસ પોતે જ પોતાના ભાવીને સર્જે છે ! કોઇ કોઇના ભાવીને સર્જી શકતું નથી.
- મહાપુરૂષોએ આ આર્યદેશની જે પ્રધાનતા ગાઇ છે, તે આ આર્યદેશની અધ્યાત્મ પ્રધાનતાને જ આભારી છે.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદાચંદ પદમશી ગુંદા (થાનગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ મહા વદ-૯ મંગળવાર તા. ૨૧-૨-૯૫ [અંક- ૨૫]

(ગતાંકથી ચાલુ)

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-છઠ્ઠું

૨૦૪૬, વૈશાખ વદિ-૧ ગુરૂવાર તા. ૧૦-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

પ્ર.-ઉત્સવો, મંદિરો ન કરો, સાધર્મિકભક્તિ કરો, તેમાં પૈસા આપો તેમ ઘણા કહે છે.

ઉ.-આવું કોણ કહે છે ? જેને ધર્મ સાથે સ્નાન સૂતક નથી તે. આવા લોકો તો ધર્મ ય નહિ કરે અને ભકિત ય નહિ કરે. 'ભક્તિ ન કરો તો ચાલે' તેમ કહે તે ભગવાનના સાધુ હોઈ શકે ? ભગવાનની ભક્તિ તો મારી ભાવનાથી કરું છું તેમ માનનારો જીવ સાધર્મિકભક્તિ કર્યા વિના રહે નહિ. શક્તિવાળો વગર પૈસે પૂજા કરે તે શું સાધર્મિકભક્તિ કરવાનો છે ? જેઓ થોડો ય ધર્મ કરે છે તેઓ હજી સાધર્મિક-ભક્તિ કરે છે બાકી બીજા તો વાયડી વાતો કરે છે.

આજે તો તમે ભગવાન તોળા છો. તમે જે રીતે જીવો છો તેથી દુર્ગતિમાં જ જવાના છો તેમ લાગે છે. તમને ધર્મ ગમે છે કે સંસાર ગમે છે ? વહેલા મોક્ષે જવું છે ને ? આ સંસારમાં રહેવું નથી ને ? શક્તિ મુજબ ધર્મ કરો છો ? ભગવાનની પૂજા મફત કરો છો ને ? તમારાં ઘર મજેથી ચાલે અને ભગવાનનું મંદિર નભાવવું પડે ! મંદિર માટે કેસર-સુખડાદિની ટીપ થાય તો લખપતિ શું માંડે ? જે માંડે તે

જોઇ થાય કે આ બધા અહીં બેસવા પણ લાયક નથી. તમારા જેવા શ્રીમંતો હાજર હોય અને ભગવાનની ભક્તિ માટે ટીપ કરવી પડે તે તમારી શ્રીમંતાઇને કલંક કહેવાય ને ? સો ઘરની વસ્તીવાળું ગામ ભગવાનનું એક મંદિર પણ ન સાચવી શકે તો તમે ધર્મ પામેલા કહેવાવ ?

પોતાનો જ સંબંધી ન હોય તેનું ય દુઃખ દૂર કર્યા વિના આ ગુણ પામેલો જીવ ન રહે. કુટુંબને પાળો તે પરોપકાર નથી પણ કર્ત્તવ્ય છે. પોતાના કુટુંબીને દુઃખી જોઇને કાંઇ ન કરે તેવા પણ શ્રાવકો હોય ખરા ? આગળ ખ્યાતિ હતી કે શ્રાવકનો સંબંધી દુઃખી ન હોય. પાડોશી પણ ધર્મ પામે માટે તેને ય દુઃખ ન રહેવા દે. જૈનોની આબરૂ હતી કે-તેની પાડોશમાં જે રહે તે ય સારો થઈ જાય, તેની ખબર લીધા વિના ન રહે. રબારીનો છોકરો શ્રી શાલિભદ્ર થયો તે વાત યાદ છે ને ? ધર્મ પામેલા જીવો આવી ખોટી દલીલો કરે કે-'આજે ઓનછવો, મંદિરોની જરૂર નથી.'

અધ્યાત્મભાવને પામેલો જીવ પરોપકારી હોય. શક્તિ હોવા છતાં ઉપકાર થઇ શકે તેમ હોવા છતાં ય ઉપકાર ન કરે તેમ બને ? આજે બની રહ્યું છે. શ્રાવકોની કિંમત ઘટતી જાય છે. આજે મામલો બહુ બગડી ગયો છે. લોક શ્રાવકોની પણ ઘણી ટીકા કરે છે, તેમાં સત્યાંશ ઘણો હોય છે.

તે પછી આગળનો ગુણ છે કોઇને ય પીડા ન થાય તેમ જીવવું જોઇએ. શ્રાવક તેવી રીતે જ જીવે કે જેથી તેનાથી બીજા કોઇને ય પીડા ન થાય. તેને ઘેર આવેલો ગ્રાહક ખુશી થઇને જાય, દુઃખી થઇને નહિ. કોઇને ય પીડા થાય તેવું એકે ય કામ કરે નહિ. બીજાને પીડા થાય તેવું વેપારમાં પણ ન કરે. તમે કહો કે-અમે તેમજ જીવીએ છીએ. વેપારાદિમાં ચોરી કરતા નથી, જૂઠ બોલતા નથી, ચોપડા બે રાખતા નથી, અનીતિ કરતા નથી. આજે જો વેપારી સાચા અને સારા થઈ જાય તો આ સરકાર ચાલે નહિ. આજે સરકાર નથી, રાજય નથી પણ કુરાજય જેવું છે. આવા કાળમાં શ્રાવકોએ અને ધર્મિઓએ એવી રીતે જીવવું જોઇએ કે—જે દૃષ્ટાંતભૂત બને. તમારા ચોપડામાં જે ન હોય તે તમારી પેઢી કે ઘરમાં ન હોવું જોઇએ. આજે ઘણી ધાડો પડે છે પણ પકડાયેલાને ય સજા થાય છે ? કારણ, બધાના ભાગ છે, બધા જ ચોર તેવી સ્થિતિ પેદા થઇ છે.

પ્ર૦-શાસ્ત્ર સાપેક્ષ દેશનાથી પીડા થતી હોય તો ફેરફાર કરાય ?

ઉ૦-તે પીડાની કશી કિંમત નથી. તે પીડા તેના પાપે થાય છે. સાચી વાત કહીએ અને અયોગ્યને ગુસ્સો આવે તો શું કરીએ ? તું લુચ્ચો છે, ચોર, બદમાશ છે તેમ કહીએ

છીએ ? આવું આવું કરે તે લુચ્ચો કહેવાય, ચોર કહેવાય, જુઠો કહેવાય. આનાથી પણ દુઃખ લાગે તે માણસ કહેવાય કે જનાવર કહેવાય ?

ચોરી કરે તે ચોર કહેવાય, જૂઠ બોલે કે લખે તે જુઠ્ઠો કહેવાય આવું આવું કરે તે ખરાબ કહેવાય પણ તું ચોર, તુ જુઠ્ઠો, તું ખરાબ તેમ ન કહીએ. ઉપદેશ કે શું બોલવું અને શું ન બોલવું તે બધું શાસ્ત્રે લખ્યું છે. સાવદ્ય-નિરવદ્ય ભાષાના ભેદને ન જાણે તેણે ઉપદેશ આપવો નહિ. એમ પણ શાસ્ત્ર ફરમાવે છે.

બે વત્તા બે પાંચ ન કહેવાય. તેમાં કોઇને ખોટું લાગે તો શું કરીએ ? ભણેલો બે ને બે પાંચ જે કહે તે માની લે ? તે તો કહે ને કે, બે ને બે ચાર જ થાય પણ પાંચ નહિ. આ તો વાણિયાનો ન્યાય છે કે 'છપ્પન દોઢું છયાશી, બે છૂટના લાવ ચોર્યાશી' આમ કહીને કોઇને ય પીડા ન કરાય.

૬ પછીનો ગુણ છે 'ઇંદિયા વિસયપવિત્તી' પાંચે ય ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો તરફ દોડ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ તેનો ત્યાગ કરે. શ્રાવક વિષયની પ્રવૃત્તિ ઓછી જ કરતો જાય. એવી પ્રવૃત્તિ ન કરે કે લોકમાં નંદનીય બને; તે કયારે બને ? આગળનો ગુણ આવે તો.

'ભાવેયવ્વં ભવસરૂવ'–રોજ સંસારના સ્વરૂપનો વિચાર કરવો જોઇએ. બાર ભાવનામાં સંસાર ભાવના આવે છે તેનો વિચાર કરો છો ? આ સંસાર કેવો છે ? રોજ ભવભાવના ભાવે તેને કદી દુઃખ થાય નહિ. આ સંસાર તો દુઃખમય છે, તેમાં દુઃખ હોવું તે નવાઇ નથી, સુખ હોય તે નવાઇ છે ! રાજા પણ દુઃખી છે, શ્રીમંત પણ દુઃખી છે, શેઠ-શાહુકાર પણ દુઃખી છે. આ સંસારમાં માત્ર એક ધર્મિને છોડીને બીજા બધા દુઃખી છે. તમારા પૈસા જાય તો કહો ને કે–જવાના જ હતા, તે ગયા તેમાં દુઃખ શું ? પૈસા મેળવતા મને ખબર હતી કે–પૈસા મળે ય ખરા, ન ય મળે. મળ્યા પછી જશે તેય ખબર હતી. સંસારમાં ય સુખી રહેવું હોય તો આ ભાવના ભાવવા જેવી છે.

શાસ્ત્રે બાર ભાવના હંમેશા વિચારપૂર્વક ભાવવાની કહી છે. સાધુને ય ભાવવાની છે. શ્રાવકનેય ભાવવાની છે. જે ભાવે તેનું ધર્મિપણું ટકે. તેથી સાધુ–સાધ્વી, શ્રાવક શ્રાવિકા; અસમાધિમાં મરે નહિ, સમાધિથી મરે. આજનો મોટો ભાગ અસમાધિમાં જીવે છે અને અસમાધિમાં મરે છે. પૈસા ઓછા હોય તો ય દુઃખ, વધારે ન હોય તો ય દુઃખ.

આત્માને સુખી બનાવનાર ધર્મ વિના કોઇ નથી. જેનામાં સદ્ધર્મ આવે તે આત્મા સુખી જ હોય. સાધુ કે શ્રાવક દુઃખી હોય તો ય દુઃખી નહિ, તે તો કહે કે–

મઝામાં છું. સંસાર છે પાપ કર્યું હોય તો દુઃખ આવે. તેમાં રોવાનું શું ? પુણ્યયોગે સુખ મળે તો તેમાં મલકાવા જેવું શું છે ? દુનિયાના સુખમાં રાજી થાય અને દુઃખમાં નારાજ થાય તે ધર્મ પામવા નાલાયક છે. દુનિયાના સુખમાં વિરાગી હોય અને દુઃખમાં સમાધિવાળો હોય તે ધર્મ પામવા લાયક છે.

આ સંસારમાં રહેનારે દુઃખની ફરિયાદ કરવાની નહિ. દુઃખમય સંસારમાં દુઃખ ન હોય તો શું હોય ? ભગવાને આ સંસારને દુઃખરૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહ્યો છે. આ સંસારમાં રહેનારે 'હું દુઃખી છું' તેમ બોલવું તે પોતાની બુદ્ધિનું નીલામ કરવા જેવું છે. જેને દુઃખ ન જોઇતું હોય તેને આ સંસાર છોડવો જોઇએ. પણ આજના મોટાભાગના દુઃખી એવા છે કે જેને કોઇ સુખી કરી શકે જ નહિ !

આ સંસારમાં પુણ્યયોગે જે સુખી પણ હોય, તે સુખ મઝેથી ભોગવે, તેમાં જ આનંદ માને તો તે મરીને ક્યાં જાય ? પુણ્ય હોય તો બધું ધાર્યું મને પણ તે મઝેથી ભોગવે તો તેની ગતિ કઇ થાય ? સંસારનું સુખ પણ દુઃખ આપે તો દુઃખની વાત ક્યાં રહી ? તે સુખ જેને સારું લાગે તે બધા જ દુઃખી થવાના છે. અને દુઃખ જેને ખરાબ લાગે તે પણ દુઃખી થવાના છે. આ સંસાર મઝેથી સેવે તે દુઃખી જ થવાના છે તેને તો સુખની આશા પણ રાખવી નહિ. આજે જેને કન્યા નથી મલી તે રીબાય છે અને પરણ્યા પછી પણ ઘણા રીબાય છે. આ રીતે ભવના સ્વરૂપનો વિચાર કરે તેને ભવમાં રહેવાનું ગમે જ નહિ. માટે આજનો મોટોભાગ સંસારના સ્વરૂપનો વિચાર કરતો નથી. તે વિચાર કરતો થાય તો કામ થાય. આજે જે સુખી દેખાતા હોય તે કાલે ય દુઃખી થાય અને જે દુઃખથી ડરતા હોય તે પણ દુઃખી થવાના છે. આજના લોકોને જેમ સુખ પચતું નથી તેમ દુઃખ પણ પચતું નથી ! આ સંસારમાં દુઃખ ન આવે તે નવાઇ ! સુખ જ કાયમ બન્યું રહે તે આશ્ચર્ય. સંસારમાં દુઃખ આવે તેની ફરિયાદ ડાહ્યો માણસ કરે નહિ. તેને ભાવસ્વરૂપને ઓળખ્યું કહેવાય. તે પછીના ગુણોનું વર્ણન હવે પછી.

તેને સંઘ ન કહેવાય

सुहसीलाओ सच्छंद चारिणो वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहुजणाओ मा भणउ संघुत्ति ।।

સુખશીલીયા, સ્વચ્છંદચારી, મોક્ષમાર્ગના વૈરી, આજ્ઞાથી ભ્રષ્ટ એવા ઘણા જનોના સમુદાયને 'સંઘ' એમ ન કહો ! (અર્થાત્ તેને સંઘ ન કહેવાય)

"હું" પદની હંગામી

— શ્રી વિરાગ

આજનો માનવી વારે-તહેવારે 'હું' પદને યાદ કરે છે. પરંતુ તેને એટલું તો જરૂર યાદ હશે કે ઉઠવું હોય, બેસવું હોય, ખવું હોય, પીવું હોય, ચાલવું હોય, દોરવું હોય, બાંધેલું પચાવવું હોય અથવા ધનવાન બનવું હોય તો કાંઇક 'હું' પદવી નહી બનાય. હું પદને બાજુએ મુકવું જ પડશે.

જો પુણ્ય હશે તો જ ધનવાન બનાશે ને પુણ્ય ઇશે તો જ ભુખ લાગશે ને પુણ્ય હશ તો જ ખાવાનું પણ મળશે. આવી વાત આજના માનવીને યાદ નથી આવતી. વાતે વાતે પુણ્ય જ યાદ કરવું પડશે.

આજે મોટે ભાગે પુણ્ય અને પાપ કોઇને યાદ આવતા નથી અને જે રીતે યાદ આવવા જોઇએ તે રીતે યાદ પણ નથી આવતા. પુણ્યનું ફળ પ્રાપ્ત થાય ત્યારે પુણ્ય યાદ આવવું જોઇએ ને પાપનું ફળ મળે ત્યારે પાપ યાદ આવવું જોઇએ તેના બદલાં પુણ્યનું ફળ મળે ત્યારે હું પદ યાદ આવે છે અને પાપનું ફળ મળે ત્યારે કાંઇક બીજું-ત્રીજું યાદ આવી જાય છે. આવી પરિસ્થિતિ આજના માનવીની છે.

કોઇપણ પ્રકારના સુખની સામગ્રી મળે અને તે વખતે સૌથી પહેલું પુણ્ય યાદ આવે એવા તો હજારે એક મળવા પણ મુશ્કેલ. જેટલું સારૂં મળે તે બધું પુણ્યને ખાતે ભળાવે એવા શ્રી શ્રીપાલ મહારાજાનો એક પ્રસંગ અત્રે યાદ આવી જાય છે.

ધનને કમાવવા માટે શ્રી શ્રીપાલ મહારાજા મા અને મયણાને ઘરે મુકીને પરદેશ ગયા હતા. પરદેશમાં અનેક પરાક્રમો કરીને ઘણું ધન ઉપાર્જન કર્યું. બાર મહીનાની લાંબી મુસાફરી ખેડીને તેઓશ્રી લાડી વાડી અને ગાડી સાથે નગરની બહાર પધાર્યા હતા. તે અવસરે પ્રજાપાલ રાજાની નગરી સૈનિકોથી ઘેરાઇ ગઇ હતી.

માતાના મનમાં ચિન્તા પેઠી. તે મયણા સુંદરીને કહેવા લાગી, હવે આપણું કોણ? આપણે કયાં જઇશું? વળી શ્રી શ્રીપાલ પણ કયાં હશે? તેમને સમાચાર પણ કોણ આપશે? બાર બાર મહીના વીતી ગયા તેમના કાંઇ સમાચાર નથી? નગરી તો ઘેરાઇ ગઇ છે હવે આપણું શું થશે?

માતાજીની વાત સાંભળી મયણાસુંદરી નમ્રતા પૂર્વક બોલી, હે માતાજી! આપ સ્વસ્થ થાઓ. આપ ચિન્તા કરશો નહિ. આજે ભગવાનની પૂજા કરતાં અનેરો આનંદ આવે છે. અકલ્પિત ઉમંગના અનુભવ સાથે મારૂં ડાબું અંગ પણ સ્ફુરણ થયું છે. એટલે મને ચોકકસ વિશ્વાસ છે કે આજે જ તમારા આર્યપુત્ર અવશ્ય આવવા જોઇએ.

જો બેટા, તારા પતિદેવ આજે જ

આવશે તો હું તારૂં મોહું મીઠું કરાવીશ માતાએ હેતની હેલી વર્ષાવી.

તે જ અવસરે વાસેલા દ્વારની સાંકળ ખખડી ઉઠી. શ્રી શ્રીપાલ મહારાજા ઘરના આંગણે આવી ઉભા રહ્યાં. સાસુ અને વહુની મીઠી મધુરી થોડીક વાતચીત પણ તેઓએ સાંભળી લીધી. શ્રી શ્રીપાલ મહારાજા મનમાં વિચારી રહ્યા છે કે—

'ખરેખર, ભવોદધિ તારક ધર્મના આરાધક જીવોની કલ્પના પણ કેટલી બધી સાચી હોય છે !'

પ્રફુલ્લિત થયેલા શ્રી શ્રીપાલ મહારાજાએ ફરી સાંકળ ખખડાવી. સાંકળ ખખડયાનો ધ્વનિ માતાના કાને અથડાયો માતા ચમકી ઉઠી અને બોલી ઉઠી. જા બેટા, જરૂરી બારણા પાસે. અકાળે બારણાની સાંકળ કોણે ખખડાવી ? મને લાગે છે કે, 'તારા પતિદેવ જ આવ્યા લાગે છે.'

હંસગતિએ ચાલતી મયણા સુંદરીએ ધીરે રહીને બારણું ઉઘાડયું. તરત જ શ્રી શ્રીપાલ મહારાજા અંદર પ્રવેશ્યા. માતાને પગે પડયા ત્યાર બાદ મયણા સુંદરીએ પણ પતિદેવના ચરણે સ્પર્શ કર્યો. હર્ષાવેષમાં આવેલા માતાજી પુત્રના ખબર-અંતર પૂછવા લાગ્યા. તે વખતે શ્રી શ્રીપાલ મહારાજા બોલ્યા. અત્યારે વાત કરવાનો સમય નથી. મા, અત્યારે તો અહીંથી ચાલો. હું તમને બંનેને નગરીની બહાર લઈ જાઉં. બીજી, ત્રીજી કોઈ વાત અત્યારે કરશો નહિ. શ્રી શ્રીપાલ મહારાજાએ ઝટ દઈને માતાને ખભે બેસાડી દીધાં અને મયણાને કાખમાં નાંખી, ઘરની બહાર ચાલી નીકળ્યાં. થોડી પળોમાં તો તેઓ નગરીની બહાર આવ્યાં. જ્યાં સૈનિકોનો મોટો પડાવ હતો અને તેની વચ્ચે આવેલા વિશાળ મંડપમાં ત્રણેય આવી પહોંચ્યાં.

મંડપની મધ્યમાં આવીને શ્રી શ્રીપાલ મહારાજાએ મા અને મયણાને નીચે ઉતાર્યા. મા અને મયણાની આંખો ચક્કર વક્કર ઘુમવા લાગી. મંડપનો ઠાઠ જોવા લાગ્યા મંડપ એવો રોનકદાર હતો કે મા અને મયણા બંને અંજાઈ ગયા. શ્રી શ્રીપાલ મહારાજા આટઆટલી સાહ્યબી સાથે પાછા ફર્યા હશે તેવી કલ્પનાય તેઓને આવતી નથી. અરે ! આ બધું આપણે શું જોઈ રહ્યાં છીએ ? વળી, બાર બાર મહિનાની મુસાફરીમાં જે જે રાજાઓને જીત્યા હશે તે તે રાજાઓએ પોતપોતાની કન્યાઓ શું શ્રી શ્રીપાલમહારાજાને પરણાવી છે ? શું આ નગરીને ઘેરો પણ તેમનાં જ સૈનિકોએ ઘાલ્યો છે ?

માતાની વિચાર-ધારા તોડવા શ્રી શ્રીપાલ મહારાજાએ માતાના ચરણોમાં શીર્ષ ઝુકાવ્યું. તરત જ નજીક ઉભેલી આઠેય પત્નીઓએ પણ માતાના ચરણે સ્પર્શ કર્યો. પછી આઠેય પત્નીઓ મયણા સુંદરીના પગમાં પડી.

એ પછી, આઠેયમાં મોટી પત્ની શ્રી શ્રીપાલ મહારાજાના પરાક્રમો કહી સંભળાવે છે. કયાં કયાં ઉપસર્ગો આવ્યા ? કયા કયા

કણે સહન કર્યા ? કયાં કયાં યુદ્ધ કર્યું ? આવા અનેક પરીષહોનું વર્ણન તે કરવા લાગી. અને ઉપદ્રવોને પોતાની શક્તિથી કઇ રીતે દૂર-સુદૂર કર્યા તેના શબ્દાર્થનું ખૂબ વર્ણન કર્યું. આ સાંભળી માતા અને મયણાને સંતોષ થયો.

વળી અમારા પિતાશ્રીની આગ્રહભરી વિનંતીથી તમારા સુપુત્રે હાથ પીળાં કર્યાં અને માથું તાલ કર્યું અર્થાત્ અમ રી સાથે લગ્ન કર્યું. આ શબ્દો ઉચ્ચારતાં આઠેય પત્નીના મસ્તકો નીચા નમી ગયા. માતાએ આશીષ આપ્યાં.

સઘળો વૃત્તાંત પૂર્ણ થયા પછી શ્રી શ્રીપાલ મહારાજા બોલ્યા, હે માતાજી ! આટઆટલું પામ્યો છું તે બધો નવપદનો પ્રભાવ છે. આ બધો પુણ્યનો પ્રભાવ છે. મારી શક્તિ એ હું કશું જ પામ્યો નથી. આ તો પુણ્યનો પ્રભાવ છે. હે માતાજી; આ બધું પામવામાં તમારો તથા મયણા સુંદરીનો પણ ઉપકાર ઓછો નથી.

જોયું, આ રીતે આપણને પુણ્ય યાદ આવશે ખરા ? દુનિયાની જે કાંઇ સુખ-સાહ્યબી મળી છે તે સઘળી પુણ્યથી જ જ મળી છે તેવું યાદ રહેશે ખરૂં ? પુણ્યોદયના કાળમાં દેવ-ગુરૂ અને ધર્મ પણ યાદ આવશે ખરા ? માતા-પિતા અને ઉપકારી પણ યાદ આવશે ખરા ?

જો આ રીતે આપણે પુણ્ય-પાપને યાદ કરીશું તો આપણે સીધાદોર થઇ જઇશું. પછી હું પદને આપણે યાદ પણ નહી કરીએ. હું પદને કારણે અવિનીતતા અને સ્વચ્છન્તા વધતી જાય છે. આવા પાપથી છેટા રહેવાનું મન આપણને થશે ખરા ? આવું પાપ કરતાં આપણને કંપારી છૂટશે ખરી ? આવા પાપને કારણે પુણ્ય-પાપ યાદ આવતાં નથી.

માટે, હું પદને છોડીને વાતેવાતે પુણ્ય-પાપને યાદ કરતાં થઇ જઇએ તો આપણા હાથથી અને આપણા હૈયાથી પુણ્ય જ વધારે થશે. જેટલું પુણ્ય વધારે થશે તેટલું પુણ્ય પણ રસપૂર્વકનું થશે અને પાપ પ્રવૃત્તિ છૂટી જશે.

કપુત —હરિશ નાયક

કોલેજમાંથી પૂરપાટ સાયકલ દોડાવી આવતા પુત્રને જોઇ માએ કહ્યું. ભલે આવ્યો ભાઇ ! જરા લોટ દળાવીને આવને? ઘરમાં લોટ જરા પણ નથી !

મા ! તું મારા માટે ઝટ બ્રેડ બટર અને ચા... કરી દઉં છું બેટા તું લોટ દળાવીને આવ એટલામાં...

મા ઝટ કરજે ! મારી આજે ટેનિસની ગેઇમ છે.'

બેટા તું આ બાજુ દડાવી આવ અને બીજી બાજુ હું તારો બ્રેક ફાસ્ટ...

પણ મા, મને ટાઇમ કયાં છે ! મારે એટલી ઉતાવળ છે કે...

અત્યાર સુધી શાંત રહેલા ઘરડા પતિએ ડબ્બો ઉપાડયો, ડબ્બો લઇ તેઓ સાયકલના કેરિયલ ઉપર મુકવા લાગ્યા ત્યાં જ કોલેજીયન પુત્રે ઉપરથી કહ્યું: પિતાજી સાયકલ ના લઇ જશો મારે મોડું થશે આજે અમારી ફાઇનલ ગેઇમ છે. શિક્ષણ વિનય વિવેક ન શીખવે શું કામનું. (ચંદન)



પ્યારા ભૂલકાંઓ,

તમારી સંખ્યાબંધ ટપાલો ટપાલી લઈને આવે છે ત્યારે મને ઘણો જ આનંદ હર્ષ થાય છે. તમારા પત્રો વાંચી તેમાંથી તારણ કાઢવું.

તમારા સૌની ભાવના એક જ છે કે બાલવાટિકા નિયમિત આવે.

તમારી ભાવના સાકાર બને તે માટે જરૂર પ્રયત્ન કરીશ. પરંતુ કોઈ કારણસર નિયમિત આપી શકતો નથી તેથી દીલગીર છું.

સાથે સાથે આપસૌને લાગણીથી એટલું જણાવું છું કે તમારા લખાણો જે આવે છે તે બધા અધકચરાં, ઉતારા અને એક સરખા હોય છે, આવા લખાણો વાચકોને બહુ આકર્ષી શકતા નથી. લખાણો અવનવા અને વાંચકોને રસપદ બને તેવા મોકલવા.

એટલું જ નહિ પણ સારા અક્ષરે કાગળની એક જ બાજુએ લખીને મોકલવા. પોસ્ટકાર્ડના લખાણો સ્વીકારતા નથી. બસ,

આટલી સૂચનાને આપ સૌ વધાવી લેશો. ફાલતુ સમયનો જરૂર ઉપયોગ કરી મનનીય સુંદર લખાણો લખી મોકલશો. લખવાની ઇચ્છા થાય તો મુદ્દાસર અને ઉપયોગી લખાણ લખી મોકલશો.

બસ, વિશેષ આવતા અંકે...

—રવિશિશુ

જૈનશાસન કાર્યાલય–જામનગર

આજનો વિચાર

મોક્ષની સાથે જે જોડી આપે તે ધર્મ જ સાચો ધર્મ.

શબ્દ લાલિત્ય–ઉકેલ

ઉભી ચાવી	આડી ચાવી		
૧. અરઢેરા	૧ અનંતાનું બંધી	૭ માળા	૧૧ ભદ્રબાહુ સ્વામી
૨ તાનસા	૫ સ્થિર	૮ રીત	૧૩ અકબર
૩ નરક	૬ સામાચારી	૧૦ દિવ્ય	૧૫ સંવત્સરી
૪ મેઘકુમાર	૯ કટકુ	૧૨ વત્સ	૧૬ વત્સ
		૧૪ કલ્પધર	૧૭ વકરવું
		૧૫ સંવર	૧૮ બોધ

૨૦ લાડકુ ૧૯ તેલા
૨૧ ગોવાળ ૨૨ સ્વામીભાઇ
૨૩ ઇદ ૨૫ વદ
૨૪ બાપા ૨૬ કુમારપાળ

—અમિષ

શોધખોળ

૧ કાકા ગુના ચોપડા લેવા બજારમાં ગયા છે.
૨ મારા માશી રોમન ભાષા બોલે છે.
૩ દાદા દમરી લેવા બગીચામાં ગયા છે.
૪ મિના રંગીન સાડી પહેરી દર્શન કરવા ગઇ છે.
૫ કેવળજ્ઞાનીને નિદ્રા ક્યારેય પણ આવતી નથી.
૬ સંત રામેશ્વર નર્મદા નદિને કિનારે ધ્યાન ધરતાં હતાં.
૭ બાળકો પીચકારીમાં રંગીન પાણી ભરે છે.
૮ સામી પરબ દામ લઇને પાણી નથી આપતી.
૯ વીર તાળું ક્યાં છે?
૧૦ ચંચી કુવાએ પાણી ભરવા ગઇ છે.
૧૧ દિપકે રીસ કરીને રિવોલ્વર લીધી.
૧૨ મર ચાવી બોઇ નાંખી.
૧૩ આંબલીયાસણ ઉતરીને પરાંતીયા જવાય છે.

રૂપાલી બિપીનકુમાર-અંજાર

૧. કાજુ ૨. શીરો ૩. કાકડ ૪ નારંગી ૫. દ્રાક્ષ ૬. સંતરા ૭. પીચ ૮. બદામ ૯. રતાળું ૧૦. ચીકુ ૧૧ કેરી ૧૨. મરચા ૧૩. આંબલી.

રત્ન રાશી

સોળ જાતના રત્નો :—

૧. રત્ન	૯ અંજન
૨ વજ્ર	૧૦ રજત
૩ વૈડુર્ય	૧૧ જ્યોતિરસ
૪ લોહિતાક્ષ	૧૨ અંક
૫ મસાર ગલ્લ	૧૩ અંજન પુલક
૬ હંસગર્ભ	૧૪ રિષ્ટ
૭ પુલક	૧૫ જાતરૂપ
૮ સૌગન્ધિક	૧૬ સ્ફટિક

સંકલિત : (હરેશ એચ. મહેતા-રાજકોટ

બાલ ગઝલ

૦ મોહ નહિ મમતા નહિ,
નહિ રાગ યા દ્વેષ !
ઉસકો હોતા નહિ,
જન્મ-મરણ કા કલેષ.
૦ ઘડે સે ઘડા ભરાતા હૈ,
જ્ઞાન ગુરુ સેહી મિલતા હૈ !

—પ્રશીતા

કથાનક મૂલ્ય ભાષાનું

એક વખત એક રાજા, મંત્રી અને દરવાન ત્રણેય ફરવા નીકળ્યા. જંગલમાં દૂર જતાં ત્રણેય ભૂલા પડી ગયા. ત્રણેય એક બીજાને શોધવા લાગ્યા.

શોધતાં શોધતાં ત્રણેય એક સાધુ પાસેથી પસાર થયા.

પહેલાએ પૂછયું. હે પ્રજ્ઞા ચક્ષુ, આપે

અહીંથી કોઇને પસાર થતાં જાેયા ?

જવાબ મળ્યો, ના ભાઇ હું અંધ છું. પૂછનારે કહ્યું માફ કરજો. મારી ભૂલ થઇ છે. એવું બોલી ઘોડો દોડાવ્યો.

થોડીવારે મારતે ઘોડે બીજો માનવી આવ્યો તેઓ બોલ્યો. હે સુરદાસ ! અહીંથી કોઇ પસાર થયું છે ?

જવાબ મળ્યો. હા ભાઇ, રાજા ગયા લાગે છે. તેઓ પણ આગળ વધ્યા.

પળ બે પળ પછી ત્રીજાએ આવીને પૂછ્યું.

અબે અંધા ! યહાંસે કોઇ નિકલા હૈ. સાધુએ જવાબ આપ્યો હા ભાઇ, પહેલા રાજા ગયા છે. પછી મંત્રીશ્વર ગયા છે. ને હવે તું તેમની પાછળ જઇ રહ્યો છું.

આગળ જતાં ત્રણેય ભેગા થઇ ગયા વાતમાં વાત થતા ત્રણેયને આશ્ચર્ય લાગ્યું. આંધળા સાધુએ આપણને કઇ રીતે ઓળખ્યા ? ચાલો, ખુલાસો કરીએ. આપણે પાછા ફરીયે ને બાવાજીને પૂછીએ.

ત્રણેય બાવાજી પાસે પહોંચી ગયા અને નમસ્કાર કરીને બાવાજીને પૂછ્યું.

બાવાજી ખુલાસો કરતાં બોલ્યા,

'હે 'પ્રજ્ઞાચક્ષુ' આ સંબોધનમાં વિવેક વિનેય છે. આ સંબોધન કરનાર ઉત્તમ કુળનો અને સંસ્કારી હોવો જોઇએ, એમ માની મેં તેને રાજા માન્યો.

'હે સુરદાસ' આ સંબોધન પહેલાં કરતાં ઓછું માન ધરાવે છે. ઉત્તમકુળમાં જન્મ લીધા હશે પણ અસંસ્કારી હોવા જોઇએ. ઉદ્ધતાઇનો આંશિક છાંટો જણાતા મેં તેને મંત્રી તરીકે ઓળખ્યા અને જ્યારે

'અબે અંધા' આ ત્રીજા સંબોધનના વણો સાંભળતાં જ મારા કાન સરવા થઇ ગયા. ભારોભાર તિરસ્કાર ભરેલો છે. નથી ઉત્તમકુળ કે નથી મળ્યા ઉત્તમ સંસ્કારો અવર્ણવાદની બદબુ જેના મોઢામાંથી આવતી હતી તેવાને મેં કરવાન માની લીધો.

ખરેખર,

ભાષાથી માનવીનું મૂલ્યાંકન થઇ શકે છે.

સંસ્કાર ચુકતવાણી માનવીને શોભાવે છે.

મોરખીયા વસુમતિ બી. રાધનપુર

સ્વીકાર અને સમાલોચના

દિવ્યભક્તિગીત ગંગા–સં. પંડિત કનૈયાલાલ ફકીરચંદ વલાણી ન્યારા ચેમ્બર્સ રોડ, **નાઇરોબી** કેન્યા

પ્રભુ ભક્તિમાં ઉપયોગી ગીતોનો સુંદર સંગ્રહ છે જે ભક્તિરસ જમાવવામાં ઉપયોગી છે.

ખુશ્બુ : સં. પ્ર. ઉપર મુજબ. કિં. રૂા. ૧૬પૈજી ૧૮ પેજ.

મણિભદ્ર વીરના ગીતો વે. નો સંગ્રહ છે. આ પુસ્તિકામાં પ્રભુજી કરતાં પણ મણિભદ્રજીનો મહિમા વધુ લખીને પરમાત્માની આશાતના કરી છે અને લોભી લાલચુઓની લાલસા વધારીને ભ્રમમાં નાખવાનું બને છે. લેખકની દિવ્યભક્તિ ગીત ગંગા પુસ્તકથી તદ્દન વિરૂદ્ધ આ પુસ્તિકા છે કહીંને કૂવામાં પગ રાખવાની લેખકની વૃત્તિ ભક્તિને બદલે ભ્રમ ફેલાવીની વૃત્તિ સૂચવે છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :—

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

(૧૭) છ ભાવના

ઢાળ–અગીયારમી

ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું
તે ભાવના રે ભાવો મન કરી પરવડું.
જો સમકિત રે તાજું સાજું મુળ રે,
તો વતતરૂ રે દિયે શિવપદ અનુકુલ રે...૫૬

અનુકુળ મુળ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ રે.
જે રે ક્રિયા ગર્વભરિયા, તેહ જુઠા ધંધ રે.
એ પ્રથમ ભાવના, ગુણો રૂઅડી, સુણો બીજી ભાવના.
બારમું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના...૫૭

ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દઢ સહી,
તો મોટો રે ધર્મપ્રાસાદ ડગે નહીં.
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીયે,
તેણે કારણ રે સમકિત શું ચિત્ત થોભીયે...૫૮

થોભીયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમરત ગુણનું, એહનું મન લાવીએ.
તેહ વિણ છુટા રત્ન સરિખા, મુલ-ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવો ભવે...૫૯

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે સમકિત તસુ આધાર રે.
છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મળે,
શ્રુત શીલનો રે તો રસ તેહમાં નવિ ઢળે...૬૦

નવિ ઢળે સમકિત ભાવના રસ, અમિય સમ સંવર તણો,
ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો.
ઇમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ...૬૧

પ્ર : ૨૧૪–ભાવના કોને કહેવાય ?

ઉ : 'भाव्यते अनेन स्वतत्त्वं–स्वस्वरूपम् तद्'–જેના વડે વસ્તુના પોતાના સ્વરૂપનો વિચાર કરાય તેનું નામ ભાવના કહી છે.

પ્ર : ૨૧૫–અહીં સમ્યક્ત્વની ભાવના કેટલી કહી છે ? અને કયા અર્થમાં અભિપ્રેત છે ?

ઉ : અહીં સમ્યક્ત્વની ભાવના છ કહી છે જેનાથી સમકિત જેવો સુંદર ગુણ વધુ ને વધુ સુવાસિત બનાવી શકાય તેનું નામ અહીં સમ્યક્ત્વની ભાવના સમજવાની છે. માટે જ કહે છે કે–મનને પવિત્ર–નિર્મલ કરીને એ ભાવનાઓ ભાવવી જોઇએ.

પ્ર : ૨૧૬–એ છ ભાવનાઓ કઇ કઇ છે.

ઉ : સમકિત એ ૧–ધર્મનું મુળ છે, ૨–ધર્મ નગરનું દ્વાર છે, ૩–ધર્મમંદિરની દૃઢપીઠ છે, ૪–ધર્મનો નિધિ છે, ૫–ધર્મનો આધાર છે અને ૬–ધર્મનું ભાજન છે.

પ્ર : ૨૧૭–અન્યત્ર કેટલી ભાવનાઓ કહી છે ?

ઉ : શ્રી યોગશાસ્ત્ર, શ્રી શાંતસુધારસ, શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ આદિ ગ્રન્થોમાં અનિત્યાદિ બાર અને મૈત્રી–કરૂણા–પ્રમોદ–માધ્યસ્થ એમ ચાર ભાવનાઓ કહી છે. તથા પાંચ મહાવ્રતની પચ્ચીશ (૨૫) ભાવના કહી છે, ૨૫ પ્રકારની અપ્રશસ્ત ભાવના પણ કહી છે.

પ્ર : ૨૧૮–ભાવના માટે શું કહ્યું છે ?

ઉ : 'निच्चमभावेयव्वा पमत्तेणं'–અર્થાત્ ભાવનાઓ હંમેશા અપ્રમત્તપણે ભાવવી જોઇએ.

પ્ર : ૨૧૯–પહેલી ભાવનાનું સ્વરૂપ જણાવો.

ઉ : જેમ મુળ વિનાનું ઝાડ પ્રચંડ પવનમાં ધુજતું તુરત જ ધરાશયી થઇ જાય છે તેમ સમકિત રૂપી મુળ વિનાનું ધર્મ રૂપી વૃક્ષ કયારે ધરાશયી થઇ જાય તે કહેવાય નહિ.

માટે જ સજ્ઝાય કર્તા પણ કહે છે કે–જો સમકિત રૂપી તાજું જ મુળ, કપાયા વિનાનું સાજું હોય તો વ્રત રૂપી વૃક્ષ મોક્ષ રૂપી ફળ અવશ્યમેવ આપે છે. માટે સમકિત એ મોક્ષ રૂપી ફળનું ધર્મ રૂપી વૃક્ષનું રસભર્યું અનુકુળ મુળ છે. અને ગુણોથી સુંદર તેવી આ પહેલી ભાવના છે.

પ્ર : ૨૨૦–અનુકુળ મુળ વિનાની મતિ કેવી કહી ? તેનું ફળ શું કહ્યું ?

ઉ : સમકિત રૂપી અનુકુળ મુળ વિનાની મતિ-બુદ્ધિ આંધળી જ કહી છે. તેવી આંધળી બુદ્ધિથી ખોટા ગર્વમાં આવી જે કાંઇ ક્રિયા-કાંડો કર્યા કરે છે તે બધો જુઠો-ખોટો ધંધો સમજવો. જુઠા-ખોટાના ધંધાનું ફળ કાયકલેશાદિ વિના બીજું કાંઇ નથી. સાચો બુદ્ધિમાન કયારે પણ ખોટનો ધંધો કરે જ નહિ અને કદાચ કરે તો તે સાચો બુદ્ધિમાન કહેવાય પણ નહિ.

પ્ર : ૨૨૧-આવું શાથી કહ્યું ?

ઉ : જેમ જન્માંધ માણસ કાંઇ દેખી શકતો નથી તેમ મોહાંધ-રાગાંધ પણ યથાસ્થિત વસ્તુ સ્વરૂપને જોઈ-સમજી શકતો નથી એટલું જ નહિ પણ પોતાની જ મમતમાં મકકમ રહી, પોતાનો જ કકકો ખરો કરવા મથી, સાચું સમજાવનારનું પણ સાંભળતો નથી. પરિણામે સંસારને જ વધારે છે.

પ્ર : ૨૨૨-અંધોમાં કોને વધારે ખરાબ કહ્યા છે ?

ઉ : જન્માંધો તો દયા પાત્ર છે. ઘુવડો પણ દિવસે જોઇ શકતા નથી પણ હજી રાત્રિમાં જોઇ શકે છે, જ્યારે કામાંધોને વધુ ખરાબ કહ્યા છે. કારણ કે કામાંધ માણસ તો દિવસ કે રાત્રિના પણ જોઇ શકતો નથી, અહોનિશ એક માત્ર કામ-ભોગના જ વિચારોમાં હોવાથી, દેખતો હોવા છતાં પણ અંધ જેવી આચરણા કરે છે માટે કામાંધોને વધુ ખરાબ કહ્યા છે.

પ્ર : ૨૨૩-બીજી ભાવનાનું સ્વરૂપ જણાવો.

ઉ : સમકિત એ ધર્મ રૂપી નગરીનું દ્વાર-બારણું છે. મોટામાં મોટું નગર ચારે બાજુથી કિલ્લાથી યુકત હોવા છતાં પણ દ્વાર-બારણા વિનાનું હોવાથી, લોકોનું આવાગમન શકય નથી તેમ સમકિત રૂપી દ્વાર-બારણા વગર ધર્મ રૂપી મહાનગરમાં પ્રવેશ પામવો પણ અશકય બને છે.

પ્ર : ૨૨૪-ત્રીજી ભાવનાનું સ્વરૂપ સમજાવો.

ઉ : સમકિત એ ધર્મરૂપી પ્રાસાદની દૃઢ પીઠ છે. જેના ઉપર પ્રાસાદ-મહેલ-મકાનાદિ ટકે તે પીઠ (ઇજનેરી ભાષામાં પ્લીન્થ) કહેવાય. તેથી જે પીઠ સમાન હોય તે પીઠ કહેવાય. જેટલી પીઠ વધુ મજબુત તેટલી પ્રાસાદાદિ વધુ મજબુત. તેથી ધર્મ રૂપી મોટો પણ પ્રાસાદ સમકિત રૂપી દૃઢ પીઠવાળો હોવાથી કયારે પણ ડગતો નથી.

પ્ર : ૨૨૫-મોટો મહેલ પણ કયારે શોભતો નથી ?

ઉ : ખોટા પાયા-પોલા પાયા ઉપર મોટું ચણતર કરાય કે મોટા મહેલ બનાવાય તો તે કયારે ય શોભતા નથી. કેમકે બંટોળિયાથી ડગુમગુ થયા જ કરે છે. કયારે પડી જાય તે કહેવાય નહિ.

પ્ર : ૨૨૬–પ્રાસંગિક શો બોધ આપ્યો ?

ઉ : જેટલું મોટું-ઊંચું ચણતર હોય તેટલો ઊંડો અને મજબુત પાયો હોય તો મોટા મકાનાદિની પણ મજબુતાઈ સારી બને. માટે ધર્મ રૂપી મોટા પ્રસાદને બરાબર સ્થિર રાખવા, હંમેશા સમકિતને વિષે જ ચિત્તને સ્થિર કરવું. પોલ પાયાના મકાનો જેમ ડગુમગુ થયા કરે છે તેમ ચિત્તમાં જો અસ્થિરતા આવે તો સમકિતમાં પણ ડગુમગુ થાય તેમાં જો ડગુમગુ થાય તો તેનાથી પડતા જરાપણ વાર લાગે નહિ માટે પ્રાપ્ત ગુણની રક્ષા માટે ચંચલતા–અસ્થિરતાને છોડી સ્થિરતાને કેળવવા પ્રયત્ન કરવો જોઇએ.

પ્ર : ૨૨૭–ચોથી ભાવનાનું સ્વરૂપ સમજાવો.

ઉ : સમકિત એ ધર્મનો નિધિ છે, અર્થાત્ સમકિત એ સઘળા મુલ ગુણ અને ઉત્તર ગુણ રૂપી રત્નોને સાચવવા માટે નિધાન–ભંડાર સમાન છે.

પ્ર : ૨૨૮–સમકિત વિનાના ગુણો કેવા કહ્યા છે ?

ઉ : સમકિત વિના સઘળાય ગુણો અને ઉત્તર ગુણો છુટાં રત્નો જેવા કહ્યાં છે.

પ્ર : ૨૨૯–સમકિત વિનાના ગુણોનું ફળ શું કહ્યું ?

ઉ : ચાલાક અને ચપળ ચોર, ભંડારમાંથી રત્નાદિની ચોરી કરવા પળે પળે સાવધ અને જાગૃત હોય છે. જેવી અનુકુળ તક મલે તો ચોરી કર્યા વિના રહેતો નથી.

તેની જેમ પ્રાપ્ત ગુણ રત્નોની ચોરી કરવા માટે ચોરો ભવોભવથી આત્મામાં છુપાઈને જ બેઠા છે, જીવ જરાક અસાવધ–ગાફેલ થયો તો ગુણ રત્નોને ચોરી જતાં વાર લાગતી નથી. તે ચોરો જીવને સમ્યક્ત્વથી પાડી પછી ગુણરત્નોને ચોરીને ચાલ્યા જાય છે અને મહાશ્રીમંત એવા પણ આત્માને ઘડીના છઠ્ઠા ભાગમાં દરિદ્રી અને પાયમાલ કરી દે છે.

પ્ર : ૨૩૦–અહીં કયા ચોરોની વાત કરી છે ?

ઉ : અહીં અભ્યંતર રાગ–દ્વેષ–કષાયાદિ મોહના ચોરટાઓની વાત અભિપ્રેત છે.

પ્ર : ૨૩૧–પાંચમી ભાવનાનું સ્વરૂપ જણાવો.

ઉ : સમકિત એ ધર્મનો આધાર છે. આધાર એટલે કે આશ્રય. આધાર કે આશ્રય વિના કોઇ ચીજ–વસ્તુ ટકી શકતી નથી, તેને ટકવા માટે કોઇને કોઇ આધાર કે આશ્રયની જરૂર પડે છે. જેમ જગતના સઘળા ય પદાર્થોનો આધાર પૃથ્વી મનાઇ છે તેમ શમ–શાંતિ–સમતા, દમ–ઇન્દ્રિયોનો સંયમ આદિ સઘળા ય ઉત્તમ ગુણોને–ધર્મોનો ટકવાનો આધાર સમકિત જ છે.

પ્ર : ૨૩૨-છઠ્ઠી ભાવનાનું સ્વરૂપ સમજાવો.

ઉ : સમકિત એ ધર્મનું ભાજન છે. ભાજન એટલે પાત્ર-વાસણ વિશેષ. જેમ ખાન-પાનાદિના દ્રવ્યો ભાજન વિના નાશ પામે છે કે ઢોળાઇ-રોળાઇ જાય છે. તેમ સમકિત રૂપ ભાજન વગર ધર્મદ્રવ્યો નાશ પામે છે. તેથી સમકિત રૂપ ભાજનમાંથી શ્રુત અને શીલનો અર્થાત્ જ્ઞાન અને ચારિત્ર રૂપી અમૃતનો રસ ક્યારે પણ ઢળતો નથી-ઢોળાઇ જતો નથી.

પ્ર : ૨૩૩-પ્રાસંગિક શો ઉપદેશ આપ્યો ?

ઉ : નિરંતર આ પ્રમાણે સમકિતની જે છ ભાવનાઓ કહી, તે છ યે ભાવનાઓ ઉપર આદર-હૈયાના બહુમાન પૂર્વક હંમેશા ભાવો જેથી આત્માનો પરિપૂર્ણ ધર્મ-મોક્ષ દશા-પેદા થાય.

પ્ર : ૨૩૪-ભાવના ભાવતા જે ઉપમા બતાવી તે સમજાવો.

ઉ : આ રીતે નિરંતર સમકિતની છ યે ભાવનાઓ ભાવવામાં આવે તો પરમાર્થ બોધ રૂપી સમુદ્ર હંમેશા ભરેો રહે છે અને ઉત્તમ પુણ્ય રૂપી જોરદાર પવનના સૂસવાટા વાય છે ત્યારે આત્મામાં આનંદના તરંગો ઉછળે છે. અર્થાત્ તત્ત્વ સંવેદનરૂપ જ્ઞાનની પ્રાપ્તિ થવાથી આત્મા, આત્માના સાચાં-વાસ્તવિક સુખના-આનંદના તરંગોમાં મગ્ન બને છે-મોક્ષ સુખનો અહીં જ અનુભવ કરે છે.

પ્ર : ૨૩૫-ભાવના શા માટે ભાવનાની કહી છે.

ઉ : આ છ યે ભાવનાથી ભાવિત બનેલું સમ્યક્ત્વ અલ્પ કાળમાં નિરૂપમ મોક્ષ સુખને સાધનારૂં બને છે, કેમકે, ભાવના એ વ્રતાદિને દૃઢ રાખવાનું સુદૃઢતમ સાધન છે એટલું જ નહિ આત્માને ઉત્સાહિત બનાવી, સાધ્યની સિદ્ધિ માટે અનુપમ પ્રેરક બળ પૂરૂં પાડે છે. જેથી સમકિતની નિર્મલતા થવા સાથે, બોધ પણ માર્મસ્થ-નિર્મલ બને છે અને નિરતિચાર ચારિત્ર પામી, ક્રમશઃ આગળ આગળના ગુણઠાણે ચઢી, આત્માના મુળ સ્વરૂપને પામી, નિરૂપમ મોક્ષલક્ષ્મીને વરે છે. અને અનંત જ્ઞાનાદિ ગુણોમાં જ મગ્ન બને છે. (ક્રમશઃ)

૦ આત્મસ્વભાવ ધર્મ પામવો અતિદુર્લભ છે.

धम्मो पवत्तिरूवो, लब्भइ कइया वि निरयदुक्खतया ।
जो निअवत्थुसहावो, सो धम्मो दुल्लहो लोए ।।

નરકનાં દુઃખથી પીડા પામીને ક્યારેક પ્રવૃત્તિ રૂપ ધર્મ તો પામી શકાય છે પણ જેમાં આત્મ વસ્તુનો સ્વભાવ રહેલો છે એવો જે ધર્મ તે આ લોકમાં દુર્લભ છે.

શાસન સમાચાર

પાલિતાણા–સર્વોદય સોસાયટીમાં વસતા શ્રી મણીલાલ ફાવચંદભાઇ મણીયાર ઉમ્મર વર્ષ ૮૩ની વયે તા. ૨–૧–૯૫ ના રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં અને કરાવતાં શુદ્ધિ સમાધિપૂર્વક અવસાન પામતાં તા. ૧૦–૧–૯૫ ના રોજ ભગિની મંડળના વિશાળ હોલમાં શ્રીયુત વેણીભાઇ પોપટલાલ દોશીના પ્રમુખસ્થાને શ્રી સર્વોદય સોસાયટી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તથા સ્થાનિક સંસ્થાઓ તરફથી ગુણાનુવાદ કરતાં ઘણા વકતાઓએ સ્વર્ગસ્થ આત્માને ભાવાંજલિ અર્પતાં વકૃતવ્યો કરેલ. ભાઇઓ તથા બહેનોની મોટી સંખ્યામાં હાજરી હતી.

તેમના પરિવાર તરફથી તા.૧૨–૧–૯૫થી સિદ્ધચક્ર મહાપૂજન સાથેનો ત્રણ દિવસનો મહોત્સવ યોજાયો હતો. પૂજા, અંગરચના, ભાવના, પ્રભાવના, સંઘજમણ, વગેરે ઘણા ઉત્સાહ પૂર્વક થયેલ. પ. પૂ. આચાર્યભગવંત શ્રી યશોવર્મ સૂરીશ્વરજી મ. સા.ની શુભ નિશ્રામાં મહોત્સવ ઉજવાયેલ અને શ્રી મહાજનની વાડીમાં પ. પૂ. આચાર્યદેવ શ્રીનું પ્રવચન રખાયેલ...

તેમના સુપુત્રો શ્રી મુળચંદભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી સુરેશભાઇ, શ્રી નરેશભાઇ તથા મણીયાર પરિવારે તન મન અને ધનથી સારો એવો લાભ ઉઠાવ્યો હતો.

૦ પુસ્તક પ્રકાશન–સંયમપર્યાયની ઉજવણી ૦

છાણી ખાતે પૂ. આ. ભ. પુણ્યાનંદ સૂ.મ.ના નવમાં વર્ષમાં આ. પદ તથા દીક્ષાના ૪૮માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે શા. ચુનિલાલ માણેકલાલ તરફથી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો પો. વ. ૨ ના પૂજયશ્રીનું અમીનનગરથી શા. ભૂપેન્દ્રભાઇ કાન્તિલાલ તરફથી સામૈયું કરાયેલ. પ્રવચન પછી શા. નટવરલાલ ચુનિલાલ તરફથી સંઘપૂજન થયેલ. તથા પો. વ. ૫ ના સવારે પ્રવચનમાં પૂ. મુનિવર્ય મહાસેન વિજય મહારાજે ગુણાનુવાદ કરેલ. અંતે સાધ્વીરત્ના વિજ્ઞાનશ્રીજી રચિત 'વિજ્ઞાન ગીતમાલા ભાગ–૨' ની પ્રકાશનવિધિ વડોદરા નિઝામપુરા નિવાસી બીપીનભાઇ કે. વોરાના શુભહસ્તે થયેલ, મુદ્રિકાબ્લેન સી. શાહે ગુરૂ ગહુંલી મધુરકંઠે ઝીલાવેલ, પછીથી વિવિધ મહાનુભાવો તરફથી ૧૦૩ા. સંઘપૂજન થયું હતું. બપોરે શા. નટવરલાલ ચુનિલાલ તરફથી પાર્શ્વપ્રભુના ૨૭ અભિષેક પૂજન ઠાઠથી થયેલ, અંતે પેંડાની પ્રભાવના કરાઇ હતી.

પો.વ. ૬ના શાન્તિનાથ પ્રભુની સાલગિરિ નિમિતે સવારે દેશીવાદ્ય સાથે નૈત્યપરિપાટી ત્રણ મંદિરોની નીકળી હતી. અમીન-

(અનુ. ટાઇ. ૩ પર જુઓ)

– એક ચિંતન –

आर्ये देशे कुले श्रेष्ठे मानुष्यं प्राप्य मोक्षदम् ।
साधयस्यमुना भोगान् सुधया पाद शौचवत् ।।

એકાન્તે હિતવત્સલ જગતપૂજ્ય શ્રી તીર્થંકર પરમાત્માઓએ આ મનુષ્યભવને દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે. પુણ્યયોગે સુખસામગ્રી, રાચરચિલું, એશ આરામની સામગ્રી વૈભવ–વિલાસ મલવા સુલભ છે પરન્તુ ધર્મ સામગ્રી સંપન્ન આવો મનુષ્યજન્મ મળવો અતિશય દુર્લભ છે. દુનિયામાં પણ સૌનો અનુભવ છે કે, જેને જે ચીજ ભારે મહેનત અને જહેમત કરીને મેળવી હોય છે તેને પોતાના પ્રાણથી પણ અતિપ્રિય માની તેનું જતન કરે છે અને ખોટો ઉપયોગ ન થાય કે, ખોટી રીતે વેડફાઇ ન જાય તેની પૂરી કાળજી રાખે છે.

કાગડાને ઉડાડવા ચિંતામણિ રત્નને ઉડાડનાર, કાચ અને મણિને, ઐરાવણ હાથી અને રાસભને, આંબા અને એરંડાને સમાન માનનારને માટે બધાજ એકી અવાજે અભિપ્રાય બાંધે છે કે કાં તો તે અણસમજુ, અબુધ છે; કાં મૂરખ શિરોમણિ છે. પણ પોતે જ મોક્ષ સાધક આવા જન્મનો ઉપયોગ જન્મ ઘટાડવાને બદલે જન્મ વધે તેવી પ્રવૃત્તિ માટે કરે તો તેવો બને છે પણ ત્યારે પોતાની જાત યાદ આવતી નથી, જગતના મોટા ભાગની મનોવૃત્તિ એવી જ છે કે, બધાને ડુંગર પર બળતું દેખાય છે પરન્તુ પગ પાસે બળતું દેખાતું નથી.

માટે જ ઉપકારી પરમર્ષિએ કુંભકર્ણની જેમ ગાઢ મોહનિદ્રામાં મસ્ત બનેલા આપણને જગાડવા ભારપૂર્વક કહે છે કે–ભાગ્યશાલી ! બીજાની નાનામાં નાની પણ બધી અણ આવડત અને મૂર્ખાઇ બાજનજર જેવા આપણાથી છૂપી રહી શકતી નથી પણ તારી જાતને જો ! બીજાને મૂરખ કહેવા કરતાં પોતાની જાતને જો.

આર્યદેશ અને ઉત્તમ જૈન–જાતિ કુલમાં મોક્ષને આપનારા એવા મનુષ્યપણાને પામીને કામ–ભોગોની જ સાધના કરે છે તો સુધા–અમૃતથી પગ ધોનારને જે ઉપમા આપે તો જ તારી જાતને લાગું પડે છે એમ કહી કામ–ભોગોને બદલે એક માત્ર મોક્ષને આપનારા ધર્મની આરાધનામાં ઉજમાળ બન એમ શાસ્ત્રકાર પરમર્ષિ ફરમાવે છે. મોક્ષની જ સાધના કરવી એ જ આ જન્મનો સાચો સદઉપયોગ છે અને ધર્મ પણ એક માત્ર મોક્ષને માટે જ કરાય તે પણ ગર્ભિત સૂચીત કરે છે. માટે મહામુલ્ય મનખા દેહને પામીને મોક્ષની સાધનામાં જ લયલીન બનો તે જ મંગલ ભાવના —પ્રજ્ઞાંગ

(અનુ. પાન ૬૨૪નું ચાલુ)

નગરશ્રેષ્ઠ સ્વ. ગુરૂભગવંત ભદ્રંકર સૂરિ મ. ની ગુરૂમૂર્તિ પ્રવેશ પણ સા. સદનમાં થતાં સંઘમા ઉલ્લાસ અપૂર્વ હતો, ગુરૂભકતો

તરફથી લાડુની પ્રભાવના અપાયેલ. વ. ૧૧ થી સાધ્વીના ૫૦ વર્ષની દીક્ષા પર્યાયની ઉજવણી નિમિત્તે પાંચ દિન મહોત્સવ થશે.

પ્રભુ વીર વચન

સ્વ પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- દરેક ધર્મકાર્યમાં અમારે ઉપદેશ જ કરવાનો છે આદેશ નહિ. ઉપદેશ પણ અમારી જાતને આગળ લાવવા માટે નહિ. ભગવાનનો માર્ગ દીપે અને નવા આવેલા ધર્મ પામે. અમારી જાતને આગળ કરીને ઉપદેશ કરીએ તો તે પ્રમાણે કરનારો તરી જાય અને અમે ડૂબી જઇએ.
- સંસાર અટવી ભયંકર છે. અટવીમાં જીવો અનાદિકાળથી નાના-મોટાં, સુખી-દુઃખી બધા જ અથડાય છે. જેને અથડાવવાથી બચવું હોય તેને અટવી ઓળખવી પડે.
- સીધે માર્ગે મોક્ષે જવા નીકળેલ અટવી લંઘવા નીકળેલા મહાત્માને ભૂખ હોય તો તે પેટની. વાંકા માર્ગે થઇ સીધે માર્ગે થઇ મોક્ષે જવું છે તેવા જીવોને પેટની જ પીડા હોય. શ્રાવકને મનની ભૂખ લાગે તો તે તેને મારવાની મહેનત જ કરતો હોય. શ્રાવક મનની ભૂખ મારવાનો પ્રયત્ન કરે અને અવસરે પેટની ભૂખને મારવાનો પણ પ્રયત્ન કરે.
- ધર્મ પામેલાંને ધર્મ જ ગમે. અધર્મ કદિ ગમે જ નહિ. કદાચ કોઇવાર અધર્મ ગમી જાય તો ભારોભાર દુઃખ થાય કે ન ગમવાનું ગમી જાય છે.
- અધર્મ ગમે તે ધર્મ પામેલો કહેવાય નહિ.
- સંસારની જેટલી સારી સામગ્રી તે બધી અધર્મ રૂપ છે, અધર્મ કરાવનારી છે.
- આપણે ધર્મસામગ્રીથી જ પુણ્યશાલી છીએ તેમ લાગ્યું છે ?
- માન પાનાદિ મળે તે પુણ્યોદય છે, પણ જેને મળે અને ગમે તે પાપોદય છે.
- હોંશિયારીમાં ઘમંડ આવે તો તે પોતાનું અને જગતનું સત્યાનાશ કાઢે. આ કરાય અને આ ન કરાય તેવો વિવેક ન કરાવે તે હોંશિયારી શા કામની ?
- જે સાચાં-ખોટાંનો વિવેક ન કરાવે તે જ્ઞાન છે કે અજ્ઞાન છે ? કહેવાય જ્ઞાન પણ કામ કરે અજ્ઞાનનું.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

પ્ર૧૫૬
૧૧-૧૨-૨૯
આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬૭	૨૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

Regd. No. B 3165

તો શોકકલિથી
સ્ત થાય નહિ.

अन्योऽहं स्वजनात्परिजनाच्च
विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियतामतिरियं
न बाधते तं हि शोककलिः ।।

હું સ્વજનથી પરિજનથી, વૈભવથી અને આ વળગેલા શરીરથી પણ જુદો છું આવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક રૂપી કલી સંભવતો નથી–પીડતો નથી.

અંગૂઠે અમૃત વસે

-મોક્ષાભિલાષી

ગૌતમસ્વામીજીની ગુરુમૂર્તિ પાસે એક મહાનુભાવ ઊભા હતા. બે હાથ જોડીને મનમાં કશુંક ગણગણતા હતા. આંખો બંધ હતી. હળવેકથી સરકીને હું તેમનો નજીકમાં ઊભો રહી ગયો; તેમને ખબર ન પડે તેમ થોડીવાર પછી તેમણે પોતાની હથેળીમાં છુપાવી રાખેલો રૂપિયાનો સિક્કો કાઢયો અને ગૌતમસ્વામીજીના જમણા હાથના અંગૂઠાને અડાડયો. ફરીવાર આંખો બંધ કરીને કશુંક ગણગણવા લાગ્યા. થોડીવાર પછી રૂપિયો ખિસ્સામાં સાચવીને મુકી દીધો. ફરીવાર આંખો બંધ ફરીવાર પ્રાર્થનાનો ગણગણાટ. (હું થોડે દૂર ગયો છુપાઇને જોવા લાગ્યો કશુંક નવું ગતકડું જોવા મળશે એ વિચારે વધારે ઉત્સુક બન્યો પણ મારે નિરાશ થવું પડયું. તેઓએ કામ પૂરું કર્યું હતું. ત્યાંથી તેઓ સીધા બહાર આવી ગયો. મંદિરની બહાર તેમને આંતરીને ઊભો રહ્યો.

પ્રસન્નસ્મિત સાથે પૂર્ણ આત્મીયતાથી મેં કહ્યું 'શું નામ આપનું મહાનુભાવ ? બહુ સરસ ભક્તિ કરો છો તમે.' સાકર વેરવી જરૂરી હતી. ને મેં વેરી. અને તેની તત્કાળ અસર પણ થઇ. તેઓ આછું મલકાયા. હવે કડવાટ પિવડાવવાની હતી. મેં તમામ મધુરતા ઠાલવતાં કહ્યું 'તમે ગૌતમસ્વામીજી પાસે ઘારસું ઊભા રહ્યા. મારી નજર પડી ત્યારે તમે તેમની મુર્તિને કશુંક અડકાડતા હતા. શું હતું એ ?' સીધે સીધું પૂછી લીધું મેં. મેં જોઇ લીધેલું કે આત્મીયતાનું સંધાન બરાબર થયું છે. તેમણે પણ હૈયું ખોલીને વાત કરી દીધીઃ 'આજે સાહેબ ! બેસતે વરસે વ્યાખ્યાનમાં ગૌતમસ્વામીજીનું કથાનક સાંભળેલું એમાં આવેલું કે તેમના અંગૂઠાના સ્પર્શથી ક્ષીરનું ભોજન અક્ષય બની ગયેલું એટલે...' તેમણે આછાં શરમિંદા નયનો મારી આંખોમાં પરોવ્યા. હું બિલકુલ સાહજિક સ્વસ્થતા સાથે તેમને જોતો હતો. 'એટલે સાહેબ ! આપણને થયું કે ચલો, અજમાયશ કરી જોઇએ, આમના અંગુઠાને અડકાડેલો આ રૂપિયો તીજોરીમાં મુકી જોઇએ, જોઇએ તો ખરા...' તેઓ નીચું જોઇ ગયા. તેમના હૃદયની સ્વચ્છતા ને સરળતા મને સ્પર્શી ગઇ.

મેં કહ્યું 'પુણ્યવાન, આ પૈસા અક્ષય થઇ જશે, કદાચ. પણ તમારું શું ? પૈસા અક્ષય થઇ જશે તોય તમારા હાથમાં શું આવશે ? સુખ ? નહિ રે નહિ. આ પૈસાથી તમે સુખી જ થશો એવું ચોકકસપણે તો કશું કહી શકાય એમ નથી. એના કરતાં તમે જ આ અંગુઠાનો સ્પર્શ પામી જાઓ. તમે જ અક્ષય બની જાઓ, અક્ષય સુખો પામી જાઓ ! કેમ લાગે છે મારી વાત ?'

હા. હા હું તમને પૂછું છું, કેમ લાગે છે મારી વાત ? મારી આ વાત પેલા મહાનુભાવને ગળે ઊતરી કે નહીં, તેને બાજુ પર રાખીએ. મારી આ વાત કે વાચક ? તમારે ગળે ઊતરી કે નહીં ? નહીં બોલો ?

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ સ્થાપના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ધનજીભાઈ પદમશી મુઢકા (જામનગર)

વર્ષ ૭] ૨૦૫૧ મહા વદ-૧૪ મંગળવાર તા. ૨૮-૨-૯૫ [અંક-૨૬]

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-સાતમું

૨૦૪૬, વૈશાખ વદિ-૨ શુક્રવાર તા. ૧૧-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

"યથેહ લવણાંભોધિઃ પૂરિતો લવણોદધિઃ ।
શારીરમાનસૈર્દુઃખૈરસંખ્યૈર્ભવસ્તથા ॥૧॥

કિં ચ સ્વપ્નાપ્તધનવન્ન તથ્યમિહ કિંચન ।
અસારં રાજ્યવાજ્યાદિ તુષખંડનવત્તથા ॥૨॥

તડિદાડંબરાકારં સર્વમત્યંતમસ્થિરમ્ ।
મનોવિનોદફલદં બાલધૂલીગૃહાદિવત્ ॥૩॥

યશ્ચ કશ્ચન કસ્યાપિ જાયતે સુખવિભ્રમઃ ।
અધુદિગ્ધાસિધારાગ્રગ્રાસવન્નેવ સુન્દરઃ ॥૪॥"

અધ્યાત્મભાવ જેનામાં પેદા થયો હોય તેને આ સંસારથી છૂટી વહેલામાં વહેલા મોક્ષે પહોંચવાની ભાવના હોય. 'મારો આત્મા અનાદિકાળથી આ સંસારમાં ભટકે છે તેનો આ સંસારથી વહેલામાં વહેલો નિસ્તાર કરવો છે' આવી વૃત્તિ પેદા થાય તેને અધ્યાત્મભાવ પામવાની ઈચ્છા થાય. ત્યારે અધ્યાત્મભાવ આવ્યો હોય તો તેને પુષ્ટ કરવા અને તે ન આવ્યો હોય તે તેને પેદા કરવા માટેના આ પંદર ગુણની વાત આપણે કરી રહ્યા છીએ.

તેને મૈત્રી કોની સાથે હોય ? જે ધર્મની વાત કરતો હોય. મોક્ષની વાત કરતા હોય, સંસારની અસારતાની વાત કરતો હોય તેવા કલ્યાણમિત્રો સાથે મૈત્રી હોય. રોજ શ્રી જિનવાણી સદ્‌ગુરૂનો યોગ હોય તો સાંભળ્યા વિના રહે નહિ, સાંભળેલું ન સમજાય તો સમજવા પ્રયત્ન કરે. સમજેલું કુટુંબીને કહે. કુટુંબ પાલનમાં ઉપકાર નથી પણ કુટુંબથી જે વ્યતિરિક્ત–ભિન્ન હોય અને જરૂરવાળો હોય તો તેનો પણ પોતાની શક્તિ મુજબ ઉપકાર કર્યા વિના રહે નહિ. કોઇને પણ પીડા થાય તેવું તેનું વર્ત્તન હોય નહિ, વિષયની પ્રવૃત્તિને છોડે અને સ્વસ્વરૂપનો વિચાર કરે. આટલા ગુણ આપણે જોઇ આવ્યા. તેનો આપણા આત્મા સાથે વિચાર કરવાનો કે જેથી ખ્યાલ આવે કે આપણામાં અધ્યાત્મભાવ આવ્યો છે કે નહિ.

આ સંસાર કેવો છે ? આ સંસારમાં પુણ્યથી બધી સારી સામગ્રી મલે તો પણ તે મૂકીને જ જવું પડશે ને ? છૂટકો છે ? તે મૂકીને જવું પડશે તો દુઃખી થઇને જવાના કે–આ બધું છોડવું પડે છે. આવી રીતે મરશો તે પણ દુર્ગતિમ જવું પડશે. અને દુનિયાનું સુખ મઝેથી ભોગવતાં ભોગવતાં મરો તો પણ દુર્ગતિમાં જવું પડે. સુખી માણસે લહેર કરે છે તો તે લહેર કરતાં કરતાં મરે તો ક્યાં જાય ?

દુનિયાની સુખ–સામગ્રી મળે પુણ્યથી પણ ગમે શાથી ? પાપના ઉદયથી. પાપનો ઉદય ન હોય તેને તે સુખ સામગ્રી ગમે નહિ. કદાચ ભોગવવી પડે તો કમને ભોગવે પણ મઝેથી આનંદ પૂર્વક ભોગવે નહિ. દુનિયાની સુખ સામગ્રીમાં લહેર કરતાં કરતાં મરે તે દુર્ગતિમાં જ જાય–આ શ્રદ્ધા છે ? આ શ્રદ્ધા આવવી કઠીન પણ છે ? તમે મઝેથી તે સુખ ભોગવો છો, તમને કાંઇ જ થતું નથી તો તમે દુર્ગતિનાં જશો તેમ ચિંતા થાય છે ? આ બધા સુખી લોકોને અમે રોજ 'સંસાર ભૂંડો, સુખ ભૂંડું જ' તેમ કહ્યા કરીએ તો ગમીએ ખરા ? ઘણા કહે છે કે–'આ (હું) તો રોજ એકની એક વાત કરે છે. સંસાર છોડવાની અને સાધુ થવાની વાત કરે છે. બધા સાધુ થશે તો સાધુને વહોરાવશે કોણ ?' તમે અમારા માટે સંસારમાં રહ્યા છો ? અમારે મોક્ષની અને સાધુપણાની વાત વિના બીજી વાત કરવાની નથી. જેને જે ગમે તેની જ વાત કરે ને ? આજે એવું અજ્ઞાન ચારે પ્રકારના શ્રી સંઘમાં વ્યાપ્યું છે કે જેનું વર્ણન ન થાય.

'ધર્મથી પુણ્ય બંધાય. તે પુણ્યથી ધાર્યું સુખ પણ મળે. પણ તે સુખ ભોગવવામાં મઝા આવે તો દુર્ગતિમાં જ જવું પડે–એ ધર્મથી મળેલું સુખ પણ હેય જ ગણાય'–આ પાયાની વાત નહિ બેસે ત્યાં સુધી ઠેકાણું નહિ પડે. અમે ગમે તેટલી મહેનત કરીએ પણ તમારા પલ્લે કાંઇ નહિ પડે. આ સંસારમાં ગમે તેટલું સુખ મળ્યું હોય તો પણ મૂકીને જ જવું પડે ? ચાલે ? મરવાનો ભય બધાને છે પણ જનમવાનો

ભય કોઈને નથી. ઘેર કોઇ જન્મે તો સાંકર વહેંચે અને મરે તો મોંકાણ માંડે તે ધર્મનું લક્ષણ છે ? ભગવાનના શાસનને પામેલો આત્મા જન્મને ખરાબ માને, મરણને નહિ, મરણને તો તે મહોત્સવ માને. મરતી વખતે આનંદ કોને થાય ? તમને મરવાનો ભય છે કે આનંદ છે ? જીવન એવું જીવવું જોઇએ કે જેથી મરણ વખતે મઝા આવે. તમે કહી શકો કે-'મને મરણની ચિંતા નથી. મને વિશ્વાસ છે કે-મારી દુર્ગતિ થવાની નથી, કેમકે સમજ્યા પછી મેં ખોટું કામ જાણીબૂઝીને કર્યું નથી, કદાચ કરવું પડયું હોય તો દુઃખી હૈયે કર્યું છે. મારી સદ્ગતિ થવાની છે. કેમકે, મેં શક્તિમુજબ સારાં કામ પણ કર્યાં છે. તેથી ત્યાં પણ મારી મોક્ષની સાધના ચાલુ રહેવાની છે અને વહેલો મોક્ષે જઇશ. 'આવા જીવને મરવાનો ભય હોય ? આપણને મરવાનો ભય છે ? જેને મરણ પણ યાદ ન આવે તેના જેવા મૂર્ખા બીજા કોણ ?

આ સંસાર કેવો છે તેનું વર્ણન કરતાં આ ગ્રન્થકાર પરમર્ષિ ફરમાવી રહ્યા છે કે-'લવણસમુદ્ર જેમ ખારા પાણીથી ભરેલો છે, તેમ આ સંસાર આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરેલો છે.' ઉપાધિ શું ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ ઉપાધિ છે. તેને માટે સખત જે ચિંતા રહે છે તે આધિ છે. આધિ વધી જાય તો વ્યાધિ આવ્યા વિના રહે નહિ માટે આધિ અને વ્યાધિની જનેતા ઉપાધિ છે. ઘર-બારાદિ એવી ઉપાધિ છે કે તેને સાચવવા શું શું કરો છો તેનું ય વર્ણન થાય તેમ છે ? આજે તો 'મારી પાસે આટલું ધન છે' તેમ પણ તમે બોલી શકો તેમ નથી કારણ ? તમે જે પૈસો મેળવ્યો છે તે પણ ખોટી રીતે મેળવ્યો છે. નહિ તો 'મારી પાસે આટલા પૈસા છે' તેમ કહેવામાં ભય શેનો ?

આજે તો માર્ગાનુસારી જીવોનો પણ દુષ્કાળ પડયો છે તેને મરવાનો ભય નથી હોતો પણ જીવવા માટે જે ખોટું કરવું પડે છે તેનો તેને ઘણો ભય હોય છે તમે તો ખોટું મઝેથી બોલો ને લખો ને ? આજે ખોટું લખવા કે બોલવા ભણેલાં-ગણેલાં ય ભાડે મળે છે ! ખોટા ચોપડા કેમ લખાય તે પણ ભણાવે તે શિક્ષણ કહેવાય ખરું ? આજનું શિક્ષણ તેવું છે માટે અમે તેને ભૂંડામાં ભૂંડું કહીએ છીએ. તે માત્ર ધનની જ કિંમત આંકે છે. ગમે તે રીતે ધન મેળવવું અને મોજમઝા કરવી તેમાં જરા ય વાંધો નથી આવતો તે શિક્ષણને વખાણાય ખરું ?

ઘર-બારાદિ ઉપાધિ ન લાગે તે માનવ, માનવ જ નથી. તે બધી ઉપાધિની જે ચિંતા તે આધિ કહેવાય છે. તે આધિથી વ્યાધિ થાય છે. ગમે તેટલા ડોક્ટર-હવા હોવા છતાં પણ રોગી કેટલા છે ? ઘર-બારાદિ ભલે મળે પુણ્યથી પણ છે ઉપાધિ તેમ માનો

છો ? તેને સાચવવાની ચિંતા કેટલી છે ? બહુ ચિંતા કરે તે માંદા જ પડે ! લવણ સમુદ્ર ખારા પાણીથી ભરેલો છે તેમ આ સંસાર, આધિ, વ્યાધિ ઉપાધિથી ભરેલો છે. આ સંસારમાં પુણ્યથી મળેલી ચીજો ઉપર મોહ હોય તો તે ય ઉપાધિ છે. 'આ બધું મલ્યું છે તે જવાનું છે' તેની ચિંતા કરીશ તો મારે દુર્ગતિમાં જવું પડશે–તેમ સમજો છો ? આ સંસારની ઉપાધિ ખારી ઝેર જેવી છે. તેને સાચવવા શું શું કરો છો તેનું વર્ણન થાય તેમ નથી. તેને લઈને હંમેશના રોગી જેવા છો. આધિ–વ્યાધિ અને ઉપાધિથી ભરેલો આ સંસાર છોડવા જેવો લાગે છે કે સાચવવા જેવો લાગે છે? જેને આ સંસાર છોડવાનું પણ મન સરખું નથી તે બધા ગાંડા જેવા છે ! ઘર–બારાદિને ઉપાધિ ન માને, ઘણા પૈસાને ઉપાધિ ન માને, તેને સાચવવા–સંભાળવા ગમે તેમ જીવે તેના જેવા અજ્ઞાન બીજા કોઇ છે ?

જેને આ સંસાર છોડવા જેવો લાગે, મોક્ષ જ મેળવવા જેવો લાગે તે જીવ અધ્યાત્મભાવ પામે. તમને આ સંસાર છોડવા જેવો લાગે છે ? નથી છૂટતો તેનું દુઃખ છે ? 'બિચારો મરી ગયો' તેમ કહે તે ગમે કે 'જીવતાં જીવતાં સંસારનો ત્યાગ કરે' તેમ કહે તે ગમે ? સંસારને તજીને મરવું છે કે રીબાઇ રીબાઈને મરવું છે ? સંસાર છોડવાનું મન કે સાચવવાનું મન છે ? મરવાનું તો નક્કી જ છે તો ન છૂટકે મરવું છે કે રોતા રોતા મરવું છે ?

માનવતાનુ મોત વધુ કરુણ

એક શહેરમાં નોટીસ બોર્ડ પર લખવામાં આવ્યું હતુ, આપણા શહેરના પાંચ સારા માણસો એક અકસ્માતમાં માર્યા ગયા છે.

એ સમાચાર વાંચીને એક વૃધ્ધે કહ્યુ, કાંઇ વાધો નહી'.

જોડે એક બીજા પણ સમાચાર લખેલા હતા એક ભ્રષ્ટાચારીને મળેલ પ્રમોશન ?

વૃધ્ધે નિસાસો નાખતા કહ્યુ બહુ ખરાબ થયુ ભારે મોટુ નુકસાન !

એ સાંભળીને એક યુવકે પૂછ્યુ દાદા પાંચ માણસોના મૃત્યુ બદલ તમે અફસોસ ન કર્યો પણ એક ભ્રષ્ટાચારીને પ્રમોશન મલ્યુ એનો તમે અફસોસ વ્યકત કર્યો એમ કેમ ? પેલા વૃધ્ધ સજ્જને કહ્યુ માણસના મોત કરતા માનવતાનુ મોત એ વધારે કરુણ ઘટના છે.

એક હજાર સારા માણસોના અવસાનથી દેશને જેટલુ નુકશાન નથી થવાનુ એટલુ નુકશાન એક અયોગ્ય વ્યકિત પદાધિકારી બની જાય તેનાથી થાય છે.

મનુષ્યની ખોટ નિવારી શકાય માનવતા નહી પેલા વૃધ્ધ માણસની વાતમાં ભારોભાર સચ્ચાઇ હતી. વેદના હતી. લાયકપદ માટે લાયક માણસ શોધવાનું કામ આજકાલ કપરૂં બન્યુ છે.

કારણ કે માણસોને પદમાં એટલા માટે રસ હોય છે કે તેઓ પદનું શોષણ કરી શકે. (ચંદન–દીવાળી અંક ૧૯૯૪)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

(૧૮) છ સ્થાન

ઢાળ–બારમી

ઠરે જિહાં સમકિત તે સ્થાનક, તેહના ષડવિધ કહીએ રે.
તિહાં પહેલું સ્થાનક છે ચેતન, લક્ષણ આતમ લહીએ રે.
ક્ષીર નીર પરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગો રે.
અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ કિસે વલગો રે...૬૨

બીજું સ્થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે.
બાલકને સ્તનપાન વાસના, પૂર્વ ભવ અનુસારે રે.
દેવ–મનુજ નરકાદિ તેહના, છે અનિત્ય પર્યાય રે.
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજગુણ આતમસત્ય રે...૬૩

ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મ તણે છે યોગે રે.
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિક સંયોગે રે.
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે.
દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે....૬૪

ચોથું સ્થાનક છે તે ભોકતા, પુણ્ય–પાપ ફલકેરો રે.
વ્યવહારે, નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે.
પંચમ સ્થાનક છે પરમપદ, અચલ અનંત સુખવાસો રે.
આધિ–વ્યાધિ તન મનથી લહીએ, તસુ અભાવ સુખ ખાસો રે.૬૫

છઠ્ઠું સ્થાનક મોક્ષતણું છે, સંયમ જ્ઞાન ઉપાયો રે.
જો સહેજે લહિયે તો સઘલે, કારણ નિષ્ફલ થાયો રે.
કહે જ્ઞાન નય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી ક્રિયા રે.
ન લહે રૂપું રૂપું ભણી, છીપ ભણી જે કરિયા રે...૬૬

કહે ક્રિયા નય ક્રિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે ?
જલ પેસી કર–પદ ન હલાવે, તારુ તે કિમ તરશે રે ?
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાતી તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે...૬૭

ઇણી પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે.
રાગ-દ્વેષ ટાળી મન વાળી, તે શમ સુખ અવગાહે રે.
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઇ નહિ તસ તોલે રે.
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક **જસ** ઇમ બોલે રે.. ૬૮

પ્ર : ૨૩૬-સ્થાન એટલે શું ?

ઉ : જેને વિષે સ્થિરતા કરાય તેનું નામ સ્થાન છે. જેને વિષે સમકિત સ્થિર થાય તેનું નામ સમકિતનાં સ્થાન કહ્યાં છે.

પ્ર : ૨૩૭-સમકિતનાં સ્થાન કેટલાં છે ? કયા કયા છે ?

ઉ : સમકિતનાં સ્થાન છ છે. તે આ પ્રમાણે. ૧-આત્મા છે, ૨-આત્મા નિત્ય છે, ૩-આત્મા કર્મોનો કર્ત્તા છે, ૪-આત્મા કર્મોનો ભોકતા છે, ૫-મોક્ષ છે અને ૬-મોક્ષના ઉપાયો છે.

પ્ર : ૨૩૮-સ્થાન શાથી કહ્યા છે.

ઉ : આ છ સ્થાન છે તો સમકિતની કિંમત છે. જરૂર છે. આ છ સ્થાન-પદ ન હોત તો સમકિતની જરૂર પણ ન હતી, કારણ ધર્મી વગરનો ધર્મ નકામો છે. જો આત્મા જ ન હોત તો આત્માની નિત્યાનિત્યની વિચારણા ન હોત, આત્માને કર્મ બંધન ન હોત, આત્માને કર્મના ફળ ભોગવવાં ન પડત અને આત્માની મુક્તિ પણ ન હોત. આત્માની મુક્તિ માટેના ઉપાયો પણ ન હોત. માટે આ છ સ્થાનની શ્રદ્ધા જ સમ્યક્ત્વને સ્થિર કરનારી ને તેનો નિશ્ચય કરાવનારી છે.

પ્ર : ૨૩૯-પહેલાં સ્થાનને સામાન્યથી સમજાવો.

ઉ : 'આત્મા છે' તે પહેલું સ્થાન છે. ચેતના છે લક્ષણ જેનું તેનું નામ આત્મા છે-જીવ છે. પ્રાણોને ધારણ કરે તેનું નામ જીવ છે, જે જીવતો હતો, જીવે છે અને જીવવાનો પણ છે.

જે પ્રાણોને ધારણ કરે તેનું નામ પ્રાણી એટલે કે જીવ છે. દરેક દરેક સંસારી પ્રાણી ઇન્દ્રિય-બલ-શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ પ્રાણોને ધારણ કરે જ છે માટે ચેતના સ્વરૂપ લક્ષણ તેમાં ઘટી શકે છે. પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયાનું બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ દશ પ્રાણ કહ્યા છે.

તેમાં બેઇન્દ્રિયોને સ્પર્શનેન્દ્રિય, કાયબલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય રૂપ ચાર પ્રાણ હોય છે; બેઇન્દ્રિયને તે ચાર અને રસનેન્દ્રિય તથા વચનબલ એ છ પ્રાણ હોય છે; તે ઇન્દ્રિયને તે છ પ્રાણ સાથે ઘ્રાણેન્દ્રિય સહિત સાત પ્રાણ હોય છે, ચઉરિન્દ્રિયને તે સાત અને ચક્ષુરિન્દ્રિય સહિત આઠ પ્રાણ હોય છે અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને

પાંચ ઇન્દ્રિય, કાયબલ, વચનબલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય સહિત નવ પ્રાણ હોય છે જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ઉપરોક્ત દશે દશ પ્રાણ હોય છે. આ પ્રાણોથી વિયુક્ત થવું તેનું નામ મરણ છે પણ જીવની જે ચેતના છે જે વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપ હોય છે તે ચેતના જેને ભાવમન કહેવાય છે તેનો નાશ કયારે ય થતો નથી. જે ચેતના સ્થાવરાદિમાં અવ્યક્ત હોય છે જ્યારે ત્રસાદિ જીવોમાં કાંઇક વ્યકત, સંપૂર્ણ વ્યકત તે રીતના હોય છે.

દરેકે દરેક શરીરધારી પ્રાણીઓ સ્પષ્ટ કે અસ્પષ્ટ જે કાંઇ ચેષ્ટા કરે છે તે શરીરમાં આત્મા છે માટે જ કરે છે. જો શરીરમાં આત્મા જ ન હોય તો કાંઇ ચેષ્ટા કરી શકે જ નહિ. જગતમાં કીડીથી માંડીને કુંજર યાવત્ દેવલોકના ઇન્દ્રાદિ દેવો પણ જે ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ કરે છે તે દરેકમાં ચેતના-ભાવમન-થોડી ઘણી પણ જે સમજ છે માટે કરે છે. તેથી નિશ્ચિત થાય છે કે, આત્મા શરીરમાં રહેવા છતાં પણ શરીરથી જુદો છે. આત્મા એ શરીર નથી અને શરીર એ આત્મા નથી જ પણ બંને જુદા જુદા છે, બંનેના ધર્મો જુદા જુદા છે આ વાતની પ્રતીતિ સૌને સારી રીતના થાય છે અને વનસ્પતિ આદિમાં પણ જીવ છે તે વાત સૌએ સ્વીકારી છે માટે નકકી થાય છે કે, આત્મા છે.

પ્ર : ૨૪૦-આત્માનું મુળ સ્વરૂપ કેવું છે ?

ઉ : આત્માનું મુળ સ્વરૂપ શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર આદિ સ્વરૂપ છે.

પ્ર : ૨૪૧-આત્માનું વર્ત્તમાન સ્વરૂપ કેવું છે ? શાશ્વી છે ?

ઉ : આત્માનું વર્તમાન સંસારી સ્વરૂપ છે તે શુધ્ધ સ્વરૂપ નથી પણ વિરૂપ છે. તે પણ ક્ષીર અને નીરની એકમેકતાની જેમ કર્મ રૂપી પુદ્ગલોથી મિશ્રીત થવાના કારણે સંસારી વિરૂપ બન્યું છે પણ વાસ્તવિક રીતે તો તેથી અલગું-નિરાળું છે.

પ્ર : ૨૪૨-તેને ભિન્ન પાડનાર કોણ છે ? તેનું પરિણામ શું આવે ?

ઉ : ક્ષીરનીરની જેમ એકમેક બનેલ કર્મપુદ્ગલોથી મિશ્રીત બનેલ આત્માને ભિન્ન-જુદો પાડનાર અનુભવ રૂપી હંસની ચાંચ છે. એકમેક બનેલ ક્ષીરનીરમાં, હંસની ચાંચ લાગે તો ક્ષીર અને નીર જુદા પડી જાય છે તેમ અનુભવ જ્ઞાનની પ્રાપ્તિથી, સામર્થ્ય યોગના કારણે ક્ષપક શ્રેણિ ઉપર આરુઢ થયેલો આત્મા, કર્મથી બનેલ વિભાવ દશાને દૂર કરી, વીતરાગ દશાને પામે છે અને ચૌદમે ગુણઠાણે ભાવોપગ્રાહી કર્મોનો સંપૂર્ણ નાશ કરીને, આત્માની સર્વથા શુધ્ધ-કર્મરહિત અવસ્થાને પામે છે અર્થાત્ સિધ્ધ-બુધ્ધ-મુકત થાય છે.

પ્ર : ૨૫૩–હંસની ઉપમા શાથી આપી છે ?

ઉ : હંસ માટે કહેવાય છે કે, તેની ચાંચમાં એવા પુદ્ગલો હોય છ કે, એક મેક બનેલા દૂધ–પાણીમાં ચાંચ બોળે તો દૂધ અને પાણી જુદા થઇ જાય છે. જેમ દૂધમાં ખટાશ પડી જાય તો દૂધના ફોદે ફોદા થાય તેમ.

પ્ર : ૨૪૪–આત્માની વિશેષથી સિધ્ધિ કરો.

ઉ : 'અસ્તિ' એટલે છે, અને 'ચ' શબ્દ એવકાર એટલે 'જ' કાર રૂપ હોવાથી આત્મા છે જ. કેમકે, દરેકે દરેક પ્રાણીમાં સ્વાનુભવ રૂપ પ્રમાણ પ્રસિદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે.

આ ચૈતન્ય, એ પૃથ્વી આદિ પાંચ ભૂતોનો ધર્મ [સ્વભાવ] નથી જો ચૈતન્ય ભૂતોનો સ્વભાવ હોય, તો પૃથ્વીની કઠીનતાની જેમ બધી જગ્યાએ હંમેશા જણાવું જોઇએ. પણ માટીના ઢેફામાં અને મડદામાં ચૈતન્ય જણાતું નથી.

વળી ચૈતન્ય એ ભૂતોનું કાર્ય પણ નથી. અત્યંત વિલક્ષણ સ્વભાવવાળું હોવાથી ચૈતન્ય અને ભૂતમાં કાર્ય–કારણભાવની પ્રાપ્તિ થતી નથી. પ્રત્યક્ષથી પણ ભુતો કાઠિન્યાદિ સ્વભાવવાળા જણાય છે, ચૈતન્ય તેનાથી જુદા સ્વભાવનું છે તો પછી ભુત અને ચૈતન્યમાં કાર્ય–કારણભાવ કઇ રીતના ઘટે ? માટે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ પણ નથી અને ભૂતોનું કાર્ય પણ નથી. દરેક પ્રાણીઓથી અનુભવસિદ્ધ ચૈતન્ય વિદ્યમાન છે.

જગતમાં જે પદાર્થો સંશયાત્મક બને છે તેનું અસ્તિત્વ વિદ્યમાન હોય છે. આત્મા છે કે નહિ આવો સંશય જ આત્માની સિધ્ધિ કરે છે અસત્ પદાર્થનો સંશય થતો જ નથી.

જેમ અરણી કાષ્ટમાં અગ્નિ છે, તલમાં તેલ છે, દૂધમાં દહીં છે–ભલે પ્રત્યક્ષ ગોચર ન થાય પણ કાર્ય રૂપે જણાય છે તેમ શરીરમાં આત્મા રહેલો છે. આપણા જેવા ચર્મચક્ષુથી આત્મા ગ્રાહ્ય બનતો નથી તેથી પ્રત્યક્ષથી આત્માનો અપલાપ કરવો તે મૂર્ખાઇ છે. વિશિષ્ટ જ્ઞાનિઓને આત્મા પ્રત્યક્ષથી ગોચર બને છે. અનુભવી–આપ્ત પુરુષોની વાત દુનિયામાં ગ્રાહ્ય બને જ છે. માટે પ્રત્યક્ષથી પણ આત્મા સિધ્ધ થાય છે.

ધુમથી અગ્નિનું અનુમાન કરાય છે તેમ લિંગ ઉપરથી લિંગીનું પણ અનુમાન કરાય છે. માટે અનુમાન પ્રમાણથી પણ આત્માની સિધ્ધિ થાય છે. અને આગમ આપ્ત-પુરૂષોએ પ્રણીત કરેલાં હોવાથી આગમ પ્રમાણથી પણ આત્માની સિધ્ધિ બેશક નિઃસંદેહ રીતે થાય જ છે. પોતાની જાતમાં જેમ સુખ–દુઃખનું સંવેદન સંવિત થાય છે તેની જેમ જ અન્ય આત્મામાં પણ સુખ–દુઃખનું સંવેદન અનુમેય કરાય છે. આ રીતના

એક જીવાત્માની સાથે દરેકે દરેકના જીવાત્મા પણ જુદા થાય છે. માટે જેમ હું પોતે આત્મા છું તેમ મારા જેવા અનંતાનંત આત્માઓ છે.

દશ પ્રાણોને યથાયોગ્ય પ્રાપ્ત થાય તે રીતે જે ધારણ કરે તેને પ્રાણી-જીવની વાત ઉપર કરી તે સંસારી જીવાત્મામાં તો ઘટી શકે પણ મોક્ષમાં ગયેલા જીવોમાં તો આ દશમાંથી એકપણ પ્રાણ હોતા નથી તો તેમાં આત્માની સિધ્ધિ કઇ રીતના કરવી ? આવી શંકાનું સમાધાન આપતાં ઉપકારી પરમર્ષિઓ ફરમાવે છે કે-'अतति-गच्छति तान् तान् ज्ञानादीन् पर्यायान्' અર્થાત્ જે અનંતજ્ઞાનાદિ પર્યાયોમાં જે પરાવર્તિત થયા કરે છે તે આત્મા છે. અને આત્માનો વ્યુત્પત્તિ નિમિત્તક આ અર્થ સ્ત્રી સિધ્ધ પરમાત્મામાં પણ સમુચિત રીતે ઘટી શકે છે માટે સિધ્ધાત્માની સિધ્ધિ પણ સારી રીતના થાય છે.

પ્ર : ૨૪૫-બીજું સ્થાન સામાન્યથી સમજાવો.

ઉ : પહેલાં સ્થાનમાં 'આત્મા છે' તે વાતની સિધ્ધિ કરી આવ્યા. જો આત્મા છે પણ તે નાશવંત હોય, ક્ષણ વિનાશી હોય તો બધી જ ક્રિયાઓ નિરર્થક અને નિર્હેતુક બની જાય છે. આત્મા છે ખરો પણ 'આત્મા નિત્ય છે' તે બીજું સ્થાન છે. નિત્ય વસ્તુને પૂર્વ અનુભૂત ચીજ-વસ્તુનો ખ્યાલ હોય છે. જો ક્ષણવિનાશી વસ્તુ માનીએ તો તેને અનુભૂતિનો પ્રશ્ન જ ઉત્પન્ન થવાનો નથી. ઘણી અનુભૂતિ થતી જોવામાં આવે છે માટે નક્કી થાય છે કે આત્મા નિત્ય છે.

પ્ર : ૨૪૬-આત્માની નિત્યની સિધ્ધિમાં કયું દૃષ્ટાન્ત આપ્યું છે ?

ઉ : આત્મા નિત્ય હોવાના કારણે પોતે અનુભવેલી પૂર્વની વસ્તુ યાદ કરી શકે છે. જેમકે. નવજાત બાલકને જન્મતાંની સાથે જ સ્તનપાનની ઇચ્છા થાય છે અને પૂર્વભવોની વાસના-સંસ્કારના કારણે જ કેમ સ્તનપાન કરવું તે આવડી જાય છે, પણ શીખવાડવું પડતું નથી. તેમાં પૂર્વભવના અનુભવની અનુભૂતિ જ કારણ છે, જો તેવા અનુભવની અનુભૂતિ ન હોત તો આમ બનત પણ નહિ. માટે નિશ્ચિત થાય છે કે, આત્મા નિત્ય પણ છે. [ક્રમશઃ]

: પાંચ 'વ'કાર વૃદ્ધિ પામેલા અનર્થકારી છે :

वैरवैश्वानरव्याधि-वादव्यसनलक्षणाः ।
महानर्थाय जायन्ते, वकाराः पञ्च वर्द्धिताः ॥

વૈર, વૈશ્વાનર-અગ્નિ, વ્યાધિ, વાદ અને વ્યસન રૂપ આ પાંચ 'વ'કારો વૃધ્ધિ પામેલા મહાન અનર્થ માટે થાય છે.

જ્ઞાન ગુણ ગંગા

— પ્રતાંગ

૦ ત્રણ કારણે મુનિભગવંતોને વસ્ત્ર રાખવાની આજ્ઞા છે. કહ્યું છે કે-'તિહિં ઠાણેહિં વત્થં ધારેજ્જા હરિવત્તિયં, દુગંછાવત્તિયં, પરિસહવત્તિયં' અર્થાત્-'લજ્જા અથવા સંજમ તેના રક્ષણ માટે, લોકમાં દુગંછા-નિંદા ન થાય તેના માટે તથા ટાઢ, તડકો, ડાંસ, મચ્છર વગેરેના પરિષહની રક્ષણ કરવા માટે'-આ ત્રણ કારણે મુનિઓને વસ્ત્ર ધારણ કરવાના કહ્યા છે.

૦ નિર્જરા અને મોક્ષમાં ભેદ છે. તે અંગે કહ્યું છે કે, દેશથી કર્મનો ક્ષય થાય તે નિર્જરા અને સર્વથી કર્મનો ક્ષય થાય તે મોક્ષ-એ વિશેષ છે. શ્રી સ્થાનાંગ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે—

ननुनिर्जरामोक्षयोः कः प्रतिविशेषः उच्यते, देशतः कर्मक्षयोनिर्जरा, सर्वतस्तु मोक्ष इति ।।

૦ પાંચ ભરત અને પાંચ ઐરવતમાં મધ્યમ બાવીશ જિનેશ્વરોના શાસનમાં તથા પાંચ મહાવિદેહમાં સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત આ ત્રણ ચારિત્ર હોય પણ છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ એ બે ચારિત્ર ન હોય, કહ્યું છે કે—

तिन्नियचारित्ताइं बावीसजिणाण एरवएभरहे ।
त ह पंतविदेहेसु बीयंतइयं नवि होइ ।।

૦ દેવતાઓના દાંત અને કેશ અંગે-શ્રી ઉવવાઇય સૂત્રમાં દેવતાઓને દાંત તથા કેશ કહેલા છે. તે આ પ્રમાણે—

'पंडुरससिसकलविमलणिम्मलसंख-गोखीरफेणदगरयमुणालियाधवलदंतसेढी ।
तथा अंजण-धणकसिणरुयगरमणीयणिद्धकेसा' इति ।

પરંતુ શ્રી સંગ્રહણી સૂત્રમાં નથી કહ્યા તે આ પ્રમાણે કે—

'केसट्ठिमंसनहरोमरहिया' इति ।

પરંતુ શ્રી જીવાભિગમ સૂત્રની વૃત્તિમાં એમ કહ્યું છે કે, દેવોને દાંત તથા કેશ હોય પરંતુ તે વૈક્રિય રૂપે હોય, સ્વાભાવિક રૂપે ન હોય, કેમકે તેમનું શરીર વૈક્રિય છે માટે—

'दन्ता केशाश्चामीषां वैक्रियादृष्टव्या न स्वाभाविका वैक्रियशरीरत्वादिति ।'

- શ્રી સ્થાનાંગ સૂત્રની અંદર મૃગશિર, આર્દ્રા, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, મૂલ, અશ્લેષા, હસ્ત અને ચિત્રા એ દશ નક્ષત્રોની સાથે ચંદ્રમાનો યોગ આવે તે સમયે શ્રુતજ્ઞાનના ઉદ્દેશાદિ કરાય તો તે જ્ઞાનવૃધ્ધિ આદિને પામે છે તેમ કહ્યું છે—

'दसनक्खत्ताणस्सविद्धिकरापण्णत्ता, तं जहा-मिगसिरअद्दा-पूसो-तिन्निय-पुव्वाइ-मूलमस्सेसा । हत्थोचित्ता य तहा दसविद्धिकराइं णाणस्स ।'

- શ્રી સ્થાનાંગ સૂત્રમાં દશ પ્રકારનો લોચ કહેલો છે તેમાં પાંચ ઇન્દ્રિયોનો જય અને ચાર કષાયનો ત્યાગ એ નવ પ્રકારે ભાવલોચ કહ્યો છે અને દશમો કેશ-માથાના વાળનો-લોચ એ દ્રવ્યલોચ કહ્યો છે.

- મનઃપર્યવજ્ઞાની મનોદ્રવ્ય સૂક્ષ્મ છે તો પણ તેને દેખી શકે છે પરંતુ ચિંતનીય ઘટાદિ સ્થુલ વસ્તુને તો તે જોઇ શકતા નથી. શ્રી આવશ્યક સૂત્રની વૃત્તિમાં પૂ. શ્રી મલગિરિજી મહારાજાએ કહ્યું છે કે—

'मनःपर्यायज्ञानी मनोद्रव्याणि सूक्ष्माण्यऽपि पश्यन्ति चिंतनीयं तु घटादीकं स्थूलमपि न पश्यन्ति ।'



—: અઢાર અભિષેક :—

પાલિતાણા પવિત્ર શત્રુંજય ગિરિરાજ પર આદેશ્વર દાદાના આ વર્ષે અઢાર અભિષેક માટે પાલીતાણામાં સ્થિર થયેલ પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં ફાગણ સુદી ચોથ ને રવિવાર તા. ૫-૩-૬૫ ના રોજ પાલિતાણા મુકામે બોલી બોલાવી આદેશ આપવામાં આવશે.

અભિષેક ફાગણ વદી ૮ [આઠમ] તા. ૨૪-૩-૬૫ શુક્રવાર કે આદેશ્વર દાદાના જન્મ કલ્યાણકનો દિવસ છે તે દિવસે સવારના ૮-૩૦ વાગ્યે શરૂ થશે. ચાલુ સેવા પૂજા બંધ વાગ્યા પછી શરૂ થશે. ભાગ્યશાળીઓને લાભ લેવા પધારવા વિનંતિ છે.

શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ

આજથી ૮૨ વર્ષ પહેલાંનો પોષ સુદ ૧૩ નો શુભ દિવસ એટલે આપણા સહુના પરમોપકારી, ધર્મદાતા, સમકીતદાતા, પરમશાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ સિધ્ધાંતનિષ્ઠ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો ગંધારતીર્થમાં સંયમ ગ્રહણ દિન. આ મંગલકારી દિવસ સંસારમાં રાચતા-માચતા-ફસાયેલા ભવ્યજીવોને મોક્ષ માર્ગના રાજમાર્ગરૂપ દીક્ષાની યાદ અપાવી જીવનમાં દીક્ષા ગ્રહણ કરવા પ્રેરે છે તેથી તે દીનની પુણ્યસ્મૃતિ કરતાં, ઉજવવાના પુનિત પ્રસંગે રચેલ...

卐 દીક્ષા દિન પ્રશસ્તિ 卐

(સાખી)

હે...જિનશાસનના ગગને આજે, ઊગ્યું સુવર્ણ પ્રભાત,
ધન્ય ધન્ય વડોદરાની ધરતી, ધન્ય બન્યુ ગુજરાત...૧
ધર્મીજનોનો મેળો મળીયો, માનવ ભવ 'ફળ' સુણવા,
'સર્વવિરતી વિણ ભવ એળે છે, શક્તિ ધરો મેળવવા'...૨
ગુરૂવરની ત્રિપદી યાદ આવે, છોડવા જેવો સંસાર,
સંયમ સાધી, મોક્ષ મેળવીએ, કરીએ આતમ ઉધ્ધાર...૩
દેવ-ગુરૂના દીક્ષા દિન રૂડા, કરતાં જગનું કલ્યાણ,
સંયમ ગુણ પ્રગટે જીવનમાં, ગાતાં 'પ્રશસ્તિ'ગાન...૪

પ્રશસ્તિ

(રાગ-હે ત્રિશલાના જાયા...)

પોષ સુદ તેરસ જયકારી, દીક્ષા દિન ગુરૂવરકારી,
એ શુભ દીનની સ્મૃતિ કરતાં, દીક્ષા લાગે પ્યારી...પોષ સુદ...ટેક
મુક્તિપુરીનો રાજમારગ, ઉત્તમ દીક્ષાનો જાણો,
માનવ ભવમાં એહ પમાતો, દુર્લભ ભવ ઓળખાણો,
પંચ પરમેષ્ઠી હે એનો સહારો, પામવા શિવગતી ન્યારી...પોષ સુદ...૧
જિનવર જ્યારે દીક્ષા લે ત્યારે, ઉત્કટ ભાવ દિલ ધરતા,
મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાતું, આત્મ રમણ રમતાં,
દીક્ષા દિન અનોખા પ્રભુના, સવિ જીવ કલ્યાણકારી...પોષ સુદ...૨
ઓગણી અગણ્યોતેર પોષ માસની, સુદ તેરસ સુખકારી,
પ્રેમ ગુરૂને મળ્યું જવાહીર, જિનશાસન બલીહારી,
'રામવિજયજી' નામે પંકાયા, સૂરિ પ્રેમના પટ્ટધારી...પોષ સુદ...૩
જન્મ કહેવાણને વતન પાદરા, નામ ત્રિભુવનદાસ,
સત્તર વર્ષે ગંધાર તીર્થે, લીધો જેણે સંન્યાસ,
ઉપકારી યાદ કરવાનો આ, ધન્ય દિવસ મનોહારી...પોષ સુદ-૪

યાદ આવે ગુરૂના ઉપકારી, દાન-પ્રેમ સૂરિરાયા,
પિતાની દાદી, કુટુંબ કોઠારી, મંગલ વિજય મુનિરાયા,
છોટાં-મરથ માતાપિતાને કેઇ આતમ હિતકારી...પોષ સુદ-૫
આત્મ-કમલ-વીર-દાન-પ્રેમના, સમુદાયનું જવાહીર,
છઠ્ઠી પાટ દિપાવી સૂરીશ્વરે, ઝળકે હીર-ખમીર,
વીરની સીત્યોતેરમી પાટે, શાસન ધૂરાધારી...પોષ સુદ-૬
બાળ દીક્ષાનો કાયદો કઢાવી, દીક્ષા સુલભ બનાવી,
સંયમધરને વિકસીત કરવા, વિરાગ સીંચ્યો બની માળી,
દીક્ષાન દાનેશ્વરી પ્યારા, સંઘના પ્રાણાધારી...પોષ સુદ-૭
અણનમ હૈયે, અણનમ પગલે, અણનમ બની એ ચાલ્યા,
અણનમ પ્રભુ શાસનની વાતો, કહેતા રહ્યા નવિ માલ્યા,
રોમેરોમે વ્યાપી ગઇતી, જિનશાસનની ખુમારી...પોષ સુદ-૮
એકતાના નાપ્રે પ્રભુનું શાસન, ડગમગ આજે દિસે,
શાસ્ત્ર સિધ્ધાંતના રક્ષકથી એ સદા જયવતું રહેશે,
વર્તમાને આ ધર્મધુરંધરે, સિધ્ધાંત નષ્ટતા નિવારી....પોષ સુદ-૯
સત્યના રક્ષક વીર પુરૂષની, સદા કસોટી થાતી,
જીવનની પરવા નથી કરતા, દુર્બળ નહીં તસ છાતી,
સત્ય કદાપી છુપાઇના રહેતું, ઘેર હોવેના અંધેરો...પોષ સુદ-૧૦
સિધ્ધાંતનિષ્ઠ રામચન્દ્રસૂરીશ્વર, સમર્થ ગીતાર્થ વડેરા,
અજબ સાધના, ગજબ દેશના, શાસનના એ સિતારા,
શાસન પ્રેમી પારખજો તસ જીવન, સાચા બની ઝવેરી...પોષ સુદ-૧૧
શાસ્ત્રવિરૂધ્ધ ધર્મકાર્યોમાં જેનાં, નહીં સહી કે સિકકા,
ગુરૂવર રામચન્દ્રસૂરિ નામે, શાસન વાગે આજ ડંકા,
અજોડ પ્રભાવક કહીને નવાજે, ધરી શાસન વફાદારી...પોષ સુદ-૧૨
તેરનો આંક ગણુગમતો મનાતો, પુણ્યશાળીને ફળતો,
ગુરૂવર દિક્ષા, છ ગ ઉ યાત્રા, વીર જન્મ દિન જયવંતો,
શાંતિ-અનંતનાથ પ્રભુનો, જન્મ તેરસ સુખાકારી...પોષ સુદ-૧૩
સંસારમાંહી ફસેલા ધર્મીને, આ દિન સંસાર ભૂલાવે,
જિન વચનો ઝરતી ગુરૂવાણી, દીક્ષાના ભાવ જગાવે,
સંયમ કેરા ગુણગાવાનો, અવસર આનંદકારી...પોષ સુદ-૧૪
પુરવના કોઇ પ્રબલ પુણ્યોદયે, પુણ્ય પુરૂષ અમે પાયા,
અમર રહો હો ગુરૂવર રાયા, 'ધર્મરસિક સુતે' ગાયા,
શું દીક્ષા વિણ રહી જાશું જીવનમાં ? શું જાશું માનવભવ હારી ?...પોષ સુદ-૧૫

સં. ૨૦૫૧ પોષ સુદ-૧૩ રચયિતા 'ધર્મરસિક સુત'
તા. ૧૪-૧-૯૫ શનીવાર -મહેન્દ્ર રસીકલાલ શાહ-અમદાવાદ

શાસન સમાચાર

તપાગચ્છીય-રત્નત્રયી આરાધક સંઘ વડોદરા શહેર આરાધના ભુવનના ઉપક્રમે વડોદરા શહેરમાં તપસ્વી સમ્રાટ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રાજતિલક સૂ.મ.સા. તથા ગચ્છાધિપતિ પ.પૂ. મડોદયસૂ. મ.સા.ના આગમન પ્રસંગે નીકળેલ ઐતિહાસિક રથયાત્રા તથા ભવ્ય સામૈયા-પહેરામણી પૂજા પૂ. ગુરુદેવના ગુણાનુવાદ આદિ

—: શાસન પ્રભાવક કાર્યક્રમો :—

રત્નત્રયી આરાધક સંઘ, વડોદરા શહેર 'આરાધના ભુવન'માં પૂ.આ. શ્રી જિનેન્દ્રસૂ. મહારાજના મંગલ પ્રવેશ તેમજ માગસર માસમાં પૂ.આ. શ્રી સોમસુંદરસૂ. મ.સા., પૂ.આ. શ્રી અમરગુપ્તસૂ. મ.સા. તથા પૂ. આ. શ્રી ચંદ્રગુપ્તસૂ. મ.સા.ની નિશ્રામાં 'આરાધના ભુવન'ની નામકરણ વિધિ ઉદ્‌ઘાટનના ભવ્ય સમારોહ સંપન્ન થવાથી મંગલમય વાતાવરણ ઊભું થયેલ. વડોદરા શહેરમાં લાંબાગાળા બાદ તપસ્વી સમ્રાટ તથા પૂ. ગચ્છાધિપતિ આદિ આચાર્ય-ભગવંતોનું વિશાળ પરિવાર સાથે આગમન નિમિત્તે તપાગચ્છીય રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે પોસ સુદ ૧૨ અને ૧૩ના ભવ્ય કાર્યક્રમો યોજાયેલ. પોષ સુદ ૧૨ તા. ૧૩-૧-૯૫ શુક્રવારે પૂજ્યો બીલ ગામથી વિહાર કરી શ્રી મનસુખભાઇ દીપચંદ શાહના નિવાસ સ્થાન માધવબાગ સોસાયટી મકરપુરા પધારેલ. સવારે ૯ કલાકે 'આરાધના ભવન' ઘડીયાળી પોળથી ભવ્ય રથયાત્રા અનેરા ઉત્સાહ-આનંદ સાથે નીકળેલ. મોખરે ધર્મ ધ્વજ સાથે અશ્વ સવારે ગજરાજ ઉપરથી વર્ષીદાન શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા પરિવાર આપતા હતાં. વઢવાણથી આવેલ રામ માંડળી અને નાસિકના સુપ્રસિધ્ધ ઢોલીઓના ઢબકતા નાદોથી સારાએ શહેરને ગુંજતું કરેલ. મહારાજા બેન્ડ ભક્તિમય સ્તવનો અને ધૂન વગાડતું હતું. બે ઘોડાની બગ્ગીમાં પૂ. ગુરુદેવની વિશાળ પ્રતિકૃતિ લઇ શ્રી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલ પરિવાર બેઠેલ. ચાંદીના કલાત્મક રથમાં પ્રભુજીને લઈ કૃષ્ણકાંતભાઇ ફોઠારી બેઠેલ. સાથે ૫૬ દિકકુમારિકાઓ અને ૩૬ કળશધારી બહેનો રથ સાથે આગળ વધતી હતી. પરંપરાગત રજવાડી વેશપરિધાન કરેલ બાળકો-યુવાનો રથયાત્રામાં સૌનું ધ્યાન કેન્દ્રીત કરી જૈન શાસનની જય, અને ગુરુદેવનો જયજયકાર બોલાવતા હતાં. ઊંટગાડીમાં પૂજ્યશ્રીની પ્રતિકૃતિ અને આખરમાં અનુકંપાદાનની ઊંટગાડીમાં

જૈનેતરોમ લાડુ અપાતા હતાં. રથયાત્રામાં વાડીશાક માર્કેટથી પૂજ્ય આચાર્યાદિ ભગવંતો પધર્યા રથયાત્રાને જુહારવા રાજમાર્ગની બન્ને બાજુ જૈન-જૈનેતરો ઊભા હતાં.

રથયાત્રા અનેરા અર્કષણોથી રાજમાર્ગ ફરીને ઘડીયાળીપોળ, પીપળા શેરી આરાધના ભુવનશ્રી રામચંદ્રસૂ પ્રવચન મંડપમાં પધારેલ. માર્ગમાં વિવિધ ગહુંલીઓ અને સોનારૂપાના ફૂલોથી વધાવેલ. પૂજ્યશ્રીના મંગલાચરણ પછી પૂજ્યોને નવાંગી ગુરૂપૂજન શ્રી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલે બોલી બોલીને કરેલ. પૂજ્યોને કામળી વહોરાવવાનો લાભ બાલચંદભાઇ મગનભાઇ શાહ પરિવારે લીધેલ.

શ્રી સંઘ માટે સાધારણ ખાતાની ટીપની શરૂઆત થયા બાદ પૂ. આ. શ્રીમદ્‌વિજય હેમભુષણસૂ. મ. સાહેબ મનનીય પ્રવચન આપેલ. પધારેલ દરેકને કુમકુમ તિલક કરી ચાંદીની લગડી અને સાકરના પડાની પ્રભાવના કરાયેલ.

બપોરે ૩ કલાકે શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરીમાં પ્રવચનકાર પૂ. આ. શ્રી હેમભુષણસૂ. મ. સા. તથા પૂ. મુ. શ્રી હિતરૂચિવિજય મ.સા. સરળ શૈલીમાં પ્રવ. આપેલ. રૂા. ૪૫ નું સંઘપૂજન થયેલ.

સાંજે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય પીપળા શેરીમાં ભવ્ય મહાપૂજા થયેલ ચિત્તાકર્ષક વિવિધ રંગોલીઓની રચનાઓ થયેલ. પૂજ્યો સાથે શ્રી સંઘના ભાઇ-બહેનો સાંજે દર્શનાર્થે ગયેલ. મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ પધારેલ.

પોષ સુદ-૧૩ તા. ૧૪-૧-૯૫ શનિવાર

પૂજ્ય આચાર્યાદિ ભગવંતો 'આરાધના ભુવન' ઘડીયાળીપોળ થી નીકળી દેરાસર પ્રભુજીના દર્શન કરેલ. વિહાર કરી પૂજ્યો શ્રી જગદીશભાઇ બાલુભાઇ શાહના નિવાસ સ્થાને સત્યમ સોસાયટી હરણી રોડ પધારેલ રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે પૂજ્યોનુ ભવ્ય સામૈયું શરૂ થયેલ. ધર્મ ધ્વજ સાથે અશ્વ સવારો, ઊંટગાડા અને ગજરાજ ઉપર થી વર્ષીદાન શ્રી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલ પરિવારે આપેલ. બે ઘોડાની બગ્ગી માં પૂ.આ. શ્રી રામચંદ્રસૂ.જી મહારાજની વિશાળ પ્રતિકૃતિ લબ્ધશ્રી મનુભાઇ જેચંદભાઇ શાહ પરિવાર બેઠેલ. પ્રસિધ્ધ મહારાજા બેન્ડ-વાજા સાથે સામૈયું સાજન-માજન સાથે શ્રી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલના ગૃહ ચૈત્ય પ. મહાવીર ધામસોસાયટી હરણી રોડ દર્શનાર્થે આવેલ. ત્યાર બાદ બહાર શ્રી રામચંદ્રસૂરીશ્વરજી પ્રવચન મંડપમાં ગુણાનુવાદ સભામાં ફેરવાયેલ. અનંત ઉપકારી, સુસમર્થ અધ્યાત્મયોગી પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની દીક્ષાતિથિની ભવ્ય સ્મૃતિમાં ગુણાનુવાદ શ્રવણ અર્થે વિશાળ જનમેદની ઉપસ્થિત થયેલ. બહારગામથી ગુરુભક્તો મોટી સંખ્યા પધારેલ. પ્રારંભે ગુરૂવંદન, મંગલાચરણ પછી, ગુરૂગુણગીત સુમધુર સ્વરમાં શ્રી ધર્મેન્દ્રભાઇ શાહે અને ઇન્દ્રકુમારે ગાયેલ. 'ગુરૂ ગુણ ગીત શ્રવણ કરી સર્વે ભાવવિભોર

બનેલ. પૂજ્ય ગુરૂદેવનું નવાંગી ગુરૂપૂજન બોલી બોલીને શ્રી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલ પરિવારે કરેલ. તેમજ પૂજ્યોને કામળીઓ વહોરાવવાનો લાભ પણ દલાલ પરિવારે લીધો હતો.

પૂજ્યશ્રીના ગુણાનુવાદ પ્રભાવક પ્રવચનકાર પૂ.આ. શ્રી હેમભૂષણસૂ. મ.સા. કરેલ. વડોદરા જિલ્લાના પાદરા ગામમાં ઉછરેલ અને ગંધારમાં દીક્ષીત થઈ વડોદરામાં વડી દીક્ષા થયેલ તે યાદ કરી પૂ. શ્રીના શાસન સિદ્ધાન્ત સંરક્ષકતા અને શુધ્ધ પ્રરૂપકતા આદિ ગુણોને યાદ કરી પૂજ્યશ્રીના જીવન-કવનનું શ્રવણ કરાવેલ. પૂ. મુ. શ્રી હિતરૂચિવિજય મહારાજ સાહેબે પણ સુંદર અને સરળ શૈલીમાં હૃદયદ્રાવક, વાણીમાં પૂજ્ય ગુરૂદેવના ગુણાનુવાદ કરેલ. ઉપસ્થિત વિશાળમેદની ગુણાનુવાદ શ્રવણ કરી ધન્ય બનેલ. રત્નત્રયી આરાધક સંઘના આરાધકો તરફથી રૂા. ૫૧ નું સંઘપૂજન થયેલ. તેમજ પધારેલ દરેકનું સાધર્મિક વાત્સલ્ય બેસાડીને ભક્તિભાવ પૂર્વક રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે થયેલ. પૂજ્ય ગુરૂભગવંતોને વડોદરા ધર્મક્ષેત્રમાં આ વરસે ચાતુર્માસમાં પૂજ્ય ગુરૂભગવંતોને મોકલવા માટે આગ્રહભરી વિનંતી કરાયેલ.

આમ તપસ્વી સમ્રાટ તથા ગચ્છાધિપતિ આદિ વિશાળ મુનિગણની વડોદરામાં પાવન પધરામણી પ્રસંગે ભવ્ય રથયાત્રા-મહાપૂજા-સામૈયા સાથે પૂજ્ય ગુરૂદેવના ગુણાનુવાદ ઇત્યાદિ પ્રસંગો શાસન પ્રભાવક અવિસ્મરણીય અને આત્મકલ્યાણકારી બનેલ.

સહકાર તથા આભાર

૫૦૧] સાવત્થીતીર્થનાં સર્જક, અજોડ શાસન પ્રભાવક, આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા મધુરભાષી મુનિપ્રવર શ્રીમદ્ શરદચન્દ્રવિજયજી મ. તથા સૌજન્ય મૂર્તિ મુનિરાજ શ્રી અજીતચન્દ્રવિજયજી મહારાજનાં સદ્ઉપદેશથી સાવત્થી તીર્થનાં આંગણે શ્રી સંભવનાથ જિનપ્રાસાદમાં પંચમ સાલગીરી મહોત્સવમાં શ્રી ઋષીમંડલ મહાપૂજન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, તથા શ્રી સત્તરભેદી મહાપૂજા, આદિ જિનભક્તિ મહોત્સવ પાંચ હજારથી વધુ વિરાટ જનસમુહની ઉપસ્થિતિમાં ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં અદ્ભુત શાસન પ્રભાવનામય મહોત્સવ ઉજવાયેલ, તેનાં ઉપલક્ષ્યમાં ભેટ

શ્રી સંભવનાથ જિનમંદિર ટ્રસ્ટ, સાવત્થીતીર્થ.

૧૦૦૦] શૈલેષ સુખમલ શાહ સુરત

ભુપેન્દ્રભાઈ કોઠારી. નવસારીવાળા પ્રેરણાથી શુભેચ્છક સભ્ય


૫૦૦] શ્રીમતી જયાબેન પ્રેમચંદ

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આત્માના હિતને ઉદ્દેશીને જે વિચાર કરાય, વાત કરાય અગર તો વર્ત્તન કરાય, તે સર્વનો સમાવેશ 'અધ્યાત્મ'માં થાય !
- 'તમે ઇચ્છો તો તમને મળ્યા વિના રહે જ નહિ' એવી જો કોઇપણ વસ્તુ હોય, તો તે એક મોક્ષ જ છે.
- સાચા સુખને માટે શ્રી વીતરાગ અને સર્વજ્ઞના શરણને સ્વીકારો.
- આપણે જે જે સાધનોને સુખના સાધનો માન્યાં છે, તેમાંનું એક પણ સાધન એવું નથી કે જે સાધનના યોગે, આપણે જેવા સુખ ઇચ્છીએ છીએ તેવા સુખને પામીએ !'
- જીવને દુઃખ ગમતું નથી અને સુખ જ ગમે છે માટે ઇચ્છાઓ થયા કરે છે પણ ઇચ્છાઓને કોઇ માપ પણ નથી અને ઇચ્છાઓની કોઇ એક સરખી સ્થિતિ પણ નથી.
- જ્યાં સુધી આત્મા રાગી અને દ્વેષી હોય છે ત્યાં સુધી આત્મા સર્વજ્ઞ બની શકતો જ નથી.
- જેઓ શુભ ઉપદેશને આપનાર નથી, ધર્મચારી નથી પણ પાપચારી છે અને વિનય યોગ્ય સ્થાને વિનય કરનારા નથી, તેઓ સાધુ વેષમાં હોય તો ય કુસાધુઓ છે !
- શ્રી જૈન શાસનમાં સઘળાં ય પર્વોનું વિધાન એ માટે જ કરાયું છે કે-એના આરાધન દ્વારા આત્મા કર્મથી મુકત બને.
- મંગલની ઇચ્છા સૌને છે. પણ સાચું મંગલ આત્મ શુદ્ધિ ઉપર આધાર રાખે છે.
- ભગવાન શ્રી જિનેશ્વર દેવોના જેવો અન્ય કોઇ ઉપકારી છે જ નહિ.
- શ્રી પર્યુષણ પર્વ, એ વર્ષ ભરમાં લાગેલા દોષોથી અને થયેલા કલેશોથી આત્માને મુક્ત બનાવનારૂં વાર્ષિક પર્વ છે !
- સંસારમાં ભટકતા જીવો ઉપર ખરો ઉપકાર કરવો હોય, તો એ જીવોને સંસારના સુખના રાગથી છોડાવવા જોઇએ અને એમના હૈયામાં મોક્ષના સુખનો રાગ ભરવો જોઇએ.
- પરમાત્માનો સૌથી મોટો ઉપકાર કયો ? જીવને તેના સ્વરૂપનું ભાન કરાવીને એ સ્વરૂપને પ્રગટાવવાનો ઉપાય દર્શાવી ગયા, એ જ એ તારકોનો મોટામાં મોટો ઉપકાર છે.
- આત્માને નિર્મળ બનાવવાનો જે સાચો ઉપાય, એનું નામ ધર્મ !
- આજની કારમી પરિસ્થિતિ પેટની ભૂખને નહિ પરન્તુ મનની ભૂખને જ આભારી છે.

શ્રી જૈન શાસન (અઠવાડિક) જામનગર, પિન-૩૮૨૦૦૯ Reg No. G. SEN 84



- જેમ જેમ ભણતર વધે અને સ્વાર્થ વધે તો સમજી લેવું કે ભણતર અજ્ઞાન પામ્યું!
- દુઃખની ગભરામણ હજી આ ભવમાં જાય તેવી નથી. સુખ તરફની દોટ એકદમ અટકી જાય તેવી નથી. મારી દુઃખની ગભરામણ અને સુખ તરફની દોટ ભૂંડી છે તેવું જો સમજી જઈએ તો અમને અમારી દીક્ષા ફળી અને તમને તમારી શ્રાવકપણાની દીક્ષા ફળી.
- ખાવામાં મઝા મારનારી છે. તમારાં બચ્ચાંને શી રીતિએ ખબર પડે કે આ ખાવાથી નુકશાન થાય? અભક્ષ્ય તો ન જ ખાવું અને ભક્ષ્ય પણ રસપૂર્વક ખવાય તો આત્માને નુકશાન જ થાય પણ મનગમતું ખાવું તે સુખ અને મનને ન ગમે તે ખાવું તે દુઃખ આ તમારી માન્યતા છે એટલે ગમે ત્યારે ગમે તે ખવાય-પીવાય ગમે તે જોવાય એવા અપલક્ષણો પેસી ગયા.
- જે ધર્મક્રિયા કરનારને સંસારની ક્રિયા કરતાં એમ ન થાય કે આ પાપ છે તેને ધર્મની ક્રિયા આત્મા પર શું અસર કરે? સામાયિક કરીને ઉઠે અને સંસારની ક્રિયા મજેથી કરે તેના સામાયિકની તેના આત્મા પર શી અસર થઇ? પુણ્યાનુબંધી પુણ્ય સંસ્કારને આભારી છે. આજે સામાયિક કરનારાને જેટલા સારા ભાવ સામાયિકમાં ન આવે તેટલા સંસારની ક્રિયામાં બહુ સારા ભાવ આવે છે. એ 'સામાઇયં બહુસો કુજ્જા' એ જૂઠ્ઠું જ બોલે છે ને? સામાયિક આદિ ધર્મક્રિયા મજેથી કરતા હોય અને સંસારની ક્રિયા વેઠથી કરતા હોય તેને ધર્મની આત્મા પર અસર થઇ છે એમ કહેવાય. આજે તો એવું છે કે સંસારની ક્રિયા રસથી કરે છે અને તે ક્રિયા સારામાં સારી રીતિએ થાય તે માટે થોડી ઘણી ધર્મક્રિયા પણ કરી લે. સંસારની ક્રિયાનું એટલું બધું જોર કે વખતે ધર્મક્રિયા દૂર હઠી જાય. ધર્મક્રિયા કરનારો સંસારની ક્રિયા રસમી કરવાનું જે અપલક્ષણ છે તે કાઢવા માટે જ ધર્મક્રિયા કરે છે ને? અનાદિકાળથી આપણે અપલક્ષણો જીવો છીએ. આપણે અપલક્ષણો રહેવું છે કે સારા થવું છે?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧-૯૨-૨૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૭૫૫

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

સાતે ક્ષેત્રો સદૈવ જય પામે છે

जिनभवनबिम्ब पुस्तक
चतुर्विध श्रमणसङ्घ रूपाणि ।
सप्त क्षेत्राणि सदा जयन्ति
जिनशासनोक्ताणि ।।

શ્રી જિનેશ્વર દેવના શાસનમાં કહેલાં, શ્રી જિન ભવન, શ્રી જિન-બિંબ, શ્રી જિનાગમ, સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ સાતે ય ક્ષેત્રો હંમેશા જય પામે છે.

卐

॥ શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ॥

॥ પૂ શ્રી વિજયદાન–પ્રેમ–રામચન્દ્ર–મુક્તિચન્દ્ર–મહોદયસૂરિશ્વરગુરુભ્યો નમઃ ॥

દક્ષિણના કાશી'શા પુનાની પાવન ધરા પર

ફાતિમા નગરને આંગણે

નવનિર્મિત શ્રી મુનિસુવ્રત સ્વામી–પ્રાસાદ

અંજન શલાકા–પ્રતિષ્ઠા મહોત્સવે

– અમ–પર અમીવર્ષા કરનારા –

જૈન શાસનના જ્યોતિર્ધર મહારાષ્ટ્ર દેશોદ્ધારક આચાર્યદેવેશ

શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

મોક્ષ માર્ગના મહા ધીરસ્તા સિંહગર્જનાના સ્વામી આચાર્યદેવ

શ્રીમદ્ વિજયમુક્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

– અમને આજ્ઞા–આશિષ દેનાર –

સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા

– અમે પાવન–નિશ્રા પાયા –

પ્રશમરસપયોનિધિ પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજયજયકુંજર સૂરીશ્વરજી મહારાજા**

સૂરિમંત્રપંચપ્રસ્થાનારાધક પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**

પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. **મુનિપ્રવર શ્રી શ્રેયાંસપ્રભવિજયજી** ગણિવર

માતા–પિતાની અચિંત્યકૃપાએ દેવ–ગુરુભક્તિમાં જોડાયા સ્વદ્રવ્યથી મંદિર નિર્માણ અને ગૃહાંગણે વિધિપૂર્વક પ્રતિમા નિર્માણ કરાવી આજે મહામહોત્સવન અમે મંડાણ કર્યા છે આપ આપના પ્રતિમાજીઓ ચૈત્ર સુદ–૧૦ સુધીમાં પહોંચાડી અંજનશલાકાનો અમને લાભ આપો.

: મહોત્સવ મંડાણ :	: અંજનશલાકા :	: પ્રતિષ્ઠા :
ચૈત્ર વદ–૧૪ શુક્રવાર	વૈશાખ સુદ–૬, શનિવાર	વૈશાખ સુદ–૭ રવિવાર
તા. ૨૮–૪–૯૫	તા. ૬–૫–૯૫	તા ૭–૫–૯૫

સ્થળ : શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વે. મૂ મંદિર ટ્રસ્ટ–ફાતિમાનગર

સર્વે નં. ૧૭ પ્લોટ નં–૨૦ હડપસર પુના–૪૧૧૦૧૩

: આમન્ત્રણકર્ત્તા :

પુના નિવાસી **શા. વીરચંદ હુકમાજી પરિવાર–રામલેનવાળા**

સંઘવી જે. વીરચંદ એન્ડ સન્સ ન્યૂ ટીમ્બર માર્કેટ પ્લોટ–૫૨–A

પુના–૪૧૧૦૦૨ ☎ ઓ. ૬૫૪૫૪૪ રેસિ. ૬૮૧૪૮૨

પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોદાજી ગુંદેચા (મદ્રાસ)
હરેન્દ્રકુમાર રાજસુખલાલ શાહ (વાલકેશ્વર)
સુરેશચંદ્ર ભીખાચંદ કોઠારી (વાલકેશ્વર)
ચાંદમલ પદમશી મુહકમ (થાણા ગઢ)

વર્ષ ૭ ૨૦૫૧ ફાગણ સુદ-૬ મંગળવાર તા. ૭-૩-૯૫ [અંક-૨૭]

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-સાતમું [ગતાંકથી ચાલુ]

૨૦૪૬, વૈશાખ વદિ-૨ શુક્રવાર તા. ૧૧-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

આ સંસારની પુણ્યથી મળતી-મળેલી સઘળીય ચીજો ઉપાધિ જ છે તેમ લાગે છે ? તે મેળવવા અન્યાયાદિ કરો અને પુણ્ય હોય તો જ મળે પણ મળેલી તે ચીજને સારી માનો તો તમારા જેવા અજ્ઞાન કોઇ નથી. પુણ્યાધીન સંસારની ચીજ મળે કે ન મળે તેની ચિંતા કરવા જેવી નથી. તેવી ચિંતા ન કરે તો તેને વ્યાધિ આવે નહિ, કર્મયોગે આવે તે જુદી વાત. મેં મારા જીવનમાં એવા શેઠીયા જોયા છે જે આ બધી ચીજોને ઉપાધિ જ માનતા હતા, તેથી તેમને આધિ કે વ્યાધિ નડતી ન હતી.

'આ સંસાર આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલો છે, માટે રહેવા જેવો નથી'-આ વાત તમારા હૈયામાં નથી માટે તમને સારા વિચાર પણ આવતા નથી શરીરનાં અને મનનાં અસંખ્ય દુઃખોથી ભરેલો આ સંસાર છે. સ્વપ્નમાં મળેલું ધન જેમ સાચું નથી તેની જેમ આ બધી સામગ્રી છે પુણ્ય યોગે ગમે તેટલું ધન મળે તો પણ રાચવા જેવું શું છે ? 'આ ધન મારૂં નથી તે મૂકીને જ જવાનું છે, તે મને મૂકીને ન જાય તો પણ મારે તેને મુકીને જવાનું છે. માટે તેના ઉપર મમતા ન થાય'-આવી કાળજી રાખો તો કામ થાય. તમારામાં ધનની મમતા નથી ને ? શક્તિ હોય તો દાન કર્યા વિના ન રહો ને ! લક્ષ્મીવાન ઉદાર હોય કે કૃપણ હોય ? તે છુટે હાથે દાન આપે કે બાંધ્યે હાથે દાન આપે ? ધન છોડવું સહેલું છે કે કઠીન છે ? આજનો મોટો ભાગ ધન

મેળવવાં અને સાચવવાં ઘણું ઘણું કષ્ટ મઝેથી વેઠે છે પણ તે દાન ન કરી શકે, ઘણા તો કૃપણ પણ એવા છે કે તે ભોગવી પણ ન શકે. તમે ધનનો સદુપયોગ કરો ? કુટુંબી, આડોશી–પાડોશીને સુખી રાખો ? ધનને સાચવવાના વિચાર કરવા કરતાં ધનનો સદુપયોગ કેમ કરવો તે વિચારો તો આધિ પણ ન આવે. આજે બહુ પૈસાવાળો બહુ મોટી ઉપાધિમાં છે. પૈસા કયાં મુકવા તેની કેટલી ચિંતા છે ? તો ય તમને લક્ષ્મી ભૂંડી લાગે છે ? દાન કરવાનું મન થાય છે ? આજે તો છોકરા ભોગવે તે ય બાપને ગમતું નથી. મોટો ભાગ ઉડાઉ પાકયો છે ! પણ તે જ છોકરા અનીતિ કરી પૈસા કમાઇ લાવે તો બાપને સારા લાગે છે તે બિચારા અનીતિ આદિ મઝેથી કરે છે તો કયાં જશે તેવી ચિંતા થાય છે ? જે પોતાના આત્માની જ ચિંતા ન કરે તે બીજાની ચિંતા કરે ?

આ ભવ કેવો છે ? અહીં બધું મુકીને જવાનું છે તો તેના ઉપર મમતા કરાય ? આજે મેળવેલું કાલે ચાલ્યું જાય–તેવા ધન ઉપર વિશ્વાસ રખાય ? રાજ્ય–સુખ–સાહ્યબી મળેલી કયારે ચાલી જાય તે ખબર નથી. વિજળી ચમકે ને ક્ષણવાર અંધારૂં જાય તેમ આ બધી રાજ્ય–ઋધ્ધિ આદિ સામગ્રી આજે છે અને કાલે નથી. તે ઘડીભર સુખ આપે અને ઘણો કાળ દુઃખ આપે.

આ રીતે સંસારનું સ્વરૂપ સમજે તેની સંસારની મમતા છુટે, તેના માટે આકી ચિંતા નહિ, આકા પાપ કરે નહિ તેથી તે એવી રીતે જીવે અને મરે કે લોક વખાણ કરે. શ્રાવકને મરવાની ચિંતા ન હોય, મરવા માટે હંમેશા તૈયાર હોય. તમે સાધુ નથી થઇ શકયા પણ તમારો પરિવાર વહેલો સાધુ થાય તે ગમે ને ? તમે મરતી વખતે દીકરા–પરિવારને કહીને જવાના ને કે–'મરા જેવી મુર્ખાઇ નકરતા. સંસાર છોડીને મરશો મેં તો ભૂલ કરી કેમકે, સંસારની મમતા હતી માટે સંસાર ન છોડયો. તમે તેવું ન કરતા.'

તમને સાધુ થવું ગમે કે દુનિયામાં સુખી થવું ગમે ? જે સુખી પેઢી વધુને વધુ મોટી કરે, કારખાનાદિ ખોલે તો તે મહાદુઃખી છે, ભગવાને તેને નરકગામી કહ્યો છે. સુખી છતાં અધિકને અધિક વેપારાદિ કેમ કરે છે ? મહાલોભી છે માટે ને ? તે મહાલોભને સારો માને તો કયાં જાય ? મહારંભી અને મહાપરિગ્રહી તથા તે બેને સારા માનનારો નરકે જાય તેમ શાસ્ત્રે કહ્યું છે.

પ્ર–મોટી પેઢી ખોલે તો બીજાને લાભ થાય ને ? અનેકનું પોષણ થાય ને ?

ઉ–તમારા નોકરો જ તમારી પ્રશંસા કરે છે કે નિંદા કરે છે ? તમારા નોકરોમાં તમારી શી આબરૂ છે ? જે ખરેખર પ્રમાણિક હોય તે તો કહે કે–શું કરીએ ? પેટ ભરવું છે માટે શેઠની ગાળો ખાવી પડે છે, અપમાન–તિરસ્કાર વેઠવા પડે છે !

આ સંસારનું સુખ કેવું છે તેનું વર્ણન કરતાં ફરમાવે છે કે-"નાના છોકરા માટીનાં ઘર બાંધે અને આનંદ પામે તેના જેવું અસ્થિર અને વિજળી જેવું અનિત્ય આ સુખ છે સંસારની સઘળી ય ચીલે અસ્થિર, અનિત્ય, ઉપાધિવાળી અને પરિણામે દુઃખ આપનારી છે' માટે તેમાં આનંદ પામવા જેવું નથી. આજના શ્રીમંતો જેટલા દુઃખી છે તેટલા સંતોષી ગરીબો નથી.

મારે મારા આત્માની મુક્તિ કરવી છે પણ હજી તેની ઇચ્છા ય જાગી નથી તેનું દુઃખ કેટલાને છે? ભગવાને મોક્ષ જ મેળવવા જેવો કહ્યો છે પણ હજી મને તે મોક્ષ મેળવવા જેવો લાગતો નથી માટે હું મહાપાપી છું, દુષ્ટ છું, ઘણા પાપ બાંધીને આવ્યો છું માટે ભગવાનની વાત ગમતી નથી-તેમ થાય છે? આ સંસાર છોડી શકયા નથી તે પાપનો ઉદય લાગે છે? હજી પણ તે છોડવાનું મન થતું નથી તો મહાપાપી છું તેમ લાગે છે? આ સંસારમાં સુખ કે સંપત્તિ કાંઇ સુંદર નથી. જે છે તે બધું ભટકાવનારું છે. જો ડાહ્યા ન હોઉં તો. જો ડાહ્યો અને સાવધ થાઉં તો જ બચી જાઉં. સંસારના સુખને જ સારું અને ઉપાદેય માનનારા મોટા સુખીની મોટી દુર્ગતિ થાય. હજી ગરીબને પાપ કરવાની સામગ્રી ઓછી મળે. સુખી વધારે પાપ કરે છે કે દુઃખી વધારે પાપ કરે છે? આજે વધુ પાપ કોણ કરે છે? આજે ભણેલાં-ગણેલાં સુખી લોકો જેટલાં પાપ કરે છે તેટલાં બીજાને કરવાની ઇચ્છા છતાં ય કરી શકતા નથી. માટે ઓછી દુર્ગતિમાં જશે.

આજના સુખી માણસોથી ધર્મની નિંદા વધારે થાય છે. જે સુખી અધ્યાત્મભાવને પામેલા હોય, સંસાર સ્વરૂપની ચિંતા કરતા હોય તે જ સારા હોય. તમે આ સંસારમાં રહ્યા છો તે રહેવું પડે માટે રહ્યા છો કે મજેથી રહ્યા છો? શ્રાવક-શ્રાવિકા સંસારથી છુટવાની મહેનત કરે પણ કર્મ જોરદાર હોવાથી છુટી શકતા નથી તેમ કહે ને? ભગવનના શ્રી સંઘમાં સાધુ-સાધ્વી, સાવક-શ્રાવિકા આવે. સાધુ-સાધ્વીએ સંસાર છોડયો છે, શ્રાવક-શ્રાવિકાને સંસાર છોડવાનું મન છે પણ છોડી શકતા નથી માટે સંસારમાં રહ્યા છે. જેને સંસાર છોડવાનું મન ન હોય તે સાચા શ્રાવક-શ્રાવિકા નથી, શ્રી સંઘમાં પણ વાસ્તવિક રીતે તેમનો નંબર નથી. ભગવાનના કહ્યા મુજબ તમે શ્રાવક-શ્રાવિકા છો?

ધર્મથી મળે બધું જ પણ ધર્મ શા માટે થાય? 'ધર્મ મોક્ષ માટે જ કરાય, આલોક અને પરલોકના સુખ માટે ન જ કરાય' આ વાત ભગવાન કહી ગયા છે મંજુર છે? મોક્ષને માટે જ ધર્મ કરનારને મોક્ષ ન મળે ત્યાં સુધી આલોક અને પરલોકનું સુખ મળ્યા વિના રહે નહિ પણ ધર્મિને તે ગમે નહિ. માટે ધર્મ આ બધું સમજીને

કરવો જોઇએ. સમજુ આદમીથી સમજવા છતાં પણ જેમ તેમ ધર્મ કરાય નહિ, કરે તો મહેનત ફોગટ થાય. મહેનત માથે પડે. આ સંસારનું સુખ ભૂંડામાં ભૂંડુ છે તેમ લાગે છે ? સાચું સુખ મોક્ષમાં જ છે તે વાત હૈયામાં બેસી ગઇ છે ?

આ સંસારમાં જે કાંઇ સુખ દેખાતું હોય તે કેવું છે ? તો કહે છે કે-મધથી લેપાયેલી તલવાર ચાટે તો શું થાય ? તેના જેવું આ સુખ છે. પરિણામે જરા પણ સુંદર નથી. આ રીતે ભવસ્વરૂપની રોજ ચિંતા કરે. આ સંસારનું સુખ દેખાવનું છે. ક્ષણિક છે. દુઃખ આપનારૂં છે. આ રીતે વિચાર કરે તેને સંસારમાં રહેવાનું મન હોય નહિ, ન છુટકે રહેતા હોય. સંસારમાં મઝેથી રહે તે ભગવાનને ઓળખતા નથી, શ્રાવકપણું પામ્યા નથી, પામવાની ઇચ્છા પણ નથી. તમે શેમાં છો ? ધર્મ પામ્યા છો ? પામવાની ઇચ્છા પણ છે ? સમજીને સાચું બોલો. તમારે કહેવું જોઇએ કે-'રોજ વ્યાખ્યાન સાંભળવા છતાં પણ સમજવા છતાં પણ હજી આ સંસાર છોડવાનું મન થતું નથી તે પાપોદય છે. ઘરમાં રહેવું પડે તેની શરમ આવે છે.' આવું સમજો તો ય તમને આ બધી વાતો લાભ કરે.

શ્રાવક-શ્રાવિકા સાધુ થવાની ભાવનાવાળા જોઇએ. પોતાના સંતાન સાધુ-સાધ્વી થાય તે ગમે, સંસારમાં રહે તે ગમે નહિ. આ રીતે ભવના સ્વરૂપનું ચિંતન કરી સાચા વિરાગી બની જાય તે મારી ભાવના છે. બાકીના ગુણોનું વર્ણન હવે પછી.

શ્રી જિન મંદિર નિર્માણના લાભો

रम्यं येन जिनालयं निजभुजोपात्तेन कारापितं.
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा ।
वेद्यं तेन नरामरेन्द्रणहितं तीर्थेश्वराणां वदं,
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्द्योतितम् ।।

જે સદાચારી પુરૂષ વડે શુદ્ધ મનથી, પોતાના બાહુબળથી મેળવેલ પોતાના ધન વડે, મોક્ષને માટે જ મનોહર એવું શ્રી જિનમંદિર કરાવાયું, તેના વડે મનુષ્ય અને દેવેન્દ્રો વડે પણ પૂજિત શ્રી તીર્થંકરપદ પણ બંધાય છે, આ મનુષ્ય જન્મનું સાચું ફલ પ્રાપ્ત કરાયું, શ્રી જિનમતની આરાધના કરાઇ અને પોતાના કુલ-ગોત્રને ઉજ્જવલ કરાય છે.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

સાધર્મિકોનો આકૃતોદ્ધાર

'ભરત આખરે છે કોણ ? કે જે વજ્રકર્ણ જેવાના પક્ષમાં રહીને આવો બકવાસ કરે છે ?'

અચ્છ, તો તું ભરતને હજી નથી ઓળખતો એમ ને ? કંઇ વાંધો નહિ. આજે જ આ ઘડીએ જ તને ભરતની ઓળખાણ કરાવી આપું છું કે તે કોણ છે ? ઉઠ, ઉભો થા. હવે તો યુદ્ધ માટે જ પૂરેપૂરી તૈયારી કરીને અને બખ્તર પહેરીને આવજે. કારણ કે તારી આ ભુજાથી તું હણાયો નથી એટલી ઘડી જ તારી જિંદગી જાણજે. આજે તાર સો યે સો વરસ પૂરા કરી ના નાંખુ તો તું કહેજે.'

એક દરિદ્ર માણસ પાસેથી દશાંગપુરની આજુબાજુની ઉજ્જડતાનો ઉતિહાસ સાંભળીને તેને રત્ન અને સુવર્ણમય કંઠી ભેટ ધરીને દશાંગપુરની બહાર શ્રી ચંદ્રપ્રભુના ચૈત્યમાં વંદના કરીને ત્યાં જ બહાર રહેલા રામચંદ્રજીએ લક્ષ્મણને વજ્રકર્ણ રાજા પાસે મોકલ્યો.

આકૃતિથી ઉત્તમ દેખાતા લક્ષ્મણજીનું ભાવભીનું સ્વાગત કરીને વજ્રકર્ણ રાજાએ ભોજન માટે આગ્રહ કર્યો. લક્ષ્મણજીએ પોતે પોતાના વડિલબંધુ તથા ભાભી સાથે આવ્યાની વાત જણાવતાં વજ્રકર્ણ રાજા રાજાશાહીનું ભરપૂર ભોજન લઇને રામચંદ્રજી પાસે આવ્યા. અને પૂરા સ્નેહથી ત્રણેયને જમાડયા. હજી વજ્રકર્ણ રાજા આ ત્રણેય કોણ છે ? તે જાણતા નથી.

ભોજન પછી રામચંદ્રજીની શિખામણ અનુસાર લક્ષ્મણજી સીધા અવંતિના રાજા સિંહોદર પાસે પહોંચી ગયા. અને કહેવા લાગ્યા કે–'સર્વે રાજાઓને દાસ કરી દેનારા અયોધ્યાના ધણી ભરત રાજા તને કહેવડાવે છે કે–હે સિંહોદર ! તું વજ્રકર્ણ રાજા સાથે વિગ્રહ-વિરોધ કરવાનું છોડી દે.'

સિંહોદરે કહ્યું કે–'ભરત તો તેની સેવા કરનારા ભકતો ઉપર જ પ્રસન્ન રહે છે. બીજા ઉપર નહિ. મારો આ સામંત વજ્રકર્ણ દુષ્ટ દાનતવાળો બનીને મને નમસ્કાર નથી કરતો. તેથી આના ઉપર તું જ કહે કે હું પ્રસન્ન શી રીતે થઉં ?'

'ધર્મના પાલનના કારણે આ વજ્રકર્ણ તને નમસ્કાર નથી કરતો. તેથી તેના ઉપર તારે ક્રોધ કરવો ન જોઇએ. અને સમુદ્ર સુધીની આ પૃથ્વિનું સામ્રાજ્ય સંભાળનારા ભરતની આજ્ઞા તારે માનવી જોઇએ.' લક્ષ્મણે કહ્યું :

આ સાંભળીને ક્રોધાયમાન થઇ ગયેલા સિંહોદરે કહ્યું કે–'તે ભરત આખરે છે

કોણ ? કે જે આવા દુષ્ટ વજ્રકર્ણનો પક્ષ લઇને મારી સામે આવો બકવાસ કરે છે?'

આ સાંભળતાં જ ક્રોધથી લાલઘુમ થયેલી આંખોવાળા લક્ષ્મણજી બોલ્યા કે– 'તું ભરતને નથી ઓળખતો એમ ને ? અચ્છા તો હમણાં જ તને આ ઘડીએ જ ભરતની પૂરી ઓળખાણ કરાવું છું. તું જોઈલે. ઉઠ, ઉભો થા. બખ્તર બાંધીને સંગ્રામ માટે સજ્જ થા. મારી પ્રચંડ ભુજાના પ્રહારથી તું હણાયો નથી ત્યાં સુધીની જિંદગીને જીવી લે. આજે તારા દા'ડા ભરાઇ ગયા છે. આજેજ તારા સો એ સો વર્ષ પૂરા કરી ના નાંખુ તો મને કહેજે.'

અને વધુ ગુસ્સે ભરાયેલો સિંહોદર રાજા સૈન્ય સહિત લક્ષ્મણજી ઉપર તુટી પડયો. લક્ષ્મણે પણ હાથીને બાંધવાનો થાંભલો ખેંચી કાઢીને તે થાંભલે ને થાંભલે શત્રુ સૈન્યને ધોઇ નાંખ્યું. અને કુદીને સીધા જ લક્ષ્મણજી સિંહોદરના હાથી ઉપર ચડી બેઠા. અને સિંહોદરને તેના જ કપડાંથી ગળામાં બાંધીને દશાંગપુરના નગરજનોને આશ્ચર્ય દેખાડતાં દેખાડતાં ગાયની જેમ દસડીને રામચંદ્રજી પાસે લઇ આવ્યા.

રામચંદ્રજીને જોતાં જ ઓળખી જઇને તેમને નમસ્કાર કરીને પોતાના અપરાધની ક્ષમા માંગતા કહ્યું કે–'મારે જે કરવા યોગ્ય હોય તે મને જણાવો.'

રામચંદ્રજીએ કહ્યું કે–'વજ્રકર્ણની સાથે સંધિ કર.'

તરત જ સિંહોદરે તે વાત કશી જ આનાકાની કર્યા વિના સ્વીકારી લીધી.

રામની આજ્ઞાથી આવેલા વજ્રકર્ણ રાજાએ પોતે અત્યાર સુધી ભરતાર્ધના ધણી એવા બળદેવ તથા વાસુદેવ એવા રામ તથા લક્ષ્મણને ઓળખી ન શકયાનો અફસોસ વ્યક્ત કર્યો અને ગાયની જેમ બંધાયેલા સિંહોદર રાજાને મુકત કરવા વિનંતી કરી. સાથે સાથે કહ્યું કે–આ મારા સ્વામી સિંહોદરને એટલું કહો કે–શ્રી અરિહંતદેવ તથા સાધુ ભગવંતો સિવાય અન્યને પ્રણામ નહિ કરવાના મારા અભિગ્રહમ વિઘ્ન ન કરે.'

આ સાંભળતાંજ રામચંદ્રજીએ આખની ભમર ઉંચી કરીને સિંહોદર સામે માત્ર જોયું. આ જોવામાં જાણે રામચંદ્રજીએ એમ પૂછયું કે–'બોલ ભાઇ ! હજી તારો શું ઇરાદો છે ?'

અને તે ભાવને સમજી જઇને સિંહોદર રાજાએ તરત જ તે વાતનો પણ સ્વીકાર કર્યો. અને તરત જ લક્ષ્મણજીએ સિંહોદરને મુકત કર્યો મુકત થયેલા સિંહોદરે વજ્રકર્ણને સ્નેહથી ભેટી પડીને પોતાનું અર્ધું રાજય વજ્રકર્ણ રાજાને આપ્યું.

વજ્રકર્ણ રાજાએ પોતાને જે નવયુવાન વણિકપુત્રે ચેતવ્યા હતા. તેના માટે સિંહોદર રાજા પાસેથી શ્રીધરા રાણીના કાનના બંને કુંડલો માંગીને વણિકપુત્ર વિદ્યુદંગને આપ્યા. તથા લક્ષ્મણજીને પોતાની આઠ કન્યા અને સામંતો સહિત સિંહોદર રાજાએ લક્ષ્મણજીને ત્રણસો કન્યાઓ અર્પણ કરી.

અમે અયોધ્યા પાછા ફરીશું ત્યારે કન્યાઓને પરણીશું. એમ કહીને કન્યાઓને હાલ પુરતી પોતાના પિતાના ઘરે જ રહેવા દીધી અને રામચંદ્ર સહિત લક્ષ્મણ અને સીતા અન્યત્ર ચાલી નીકળ્યા.

લાલસાની વિરૂપતા

એક બ્રહ્મણ વૈદર્ભ બ્રાહ્મણ તરીકે ઓળખાતો તેની પાસે એક અદ્‌ભુત વિદ્યા હતી તે આકાશમાંથી મોતીઓનો વરસાદ વરસાવવાની અમુક ક્ષેત્રનો યોગ થાય ત્યારે આકાશમાન આકળ ટીપા મોતીમા ફેરવાઇ જતા એની સામે નજર કરતા મંત્રોચ્ચાર કરતો અને એ મોતીઓ આકાશમાંથી જમીન પર વરસતાં આ વિદ્યા શીખવા માટે એક શિષ્ય પણ તેની સાથે રહ્યો હતો.

એકવાર ગુરૂ શિષ્ય ચેતીય રાષ્ટ્ર જવા નીકળ્યા. ચેતીય રાષ્ટ્રીયમાં એક જંગલ હતું તેમાં લુંટારા રહે પુરા પુરા પાંચસો એ જંગલમાંથી પસાર થતા લોકોને પકડીને લુંટી લે તેમની પાસેથી કાંઇ ન નીકળે તો પકડાયેલામાંથી એક જણને ધન લેવા મોકલે બીજાને પકડીને બાંધી રાખે પેલો ધન લઈને આવે ત્યારે બંનેને જવા દે આમ બાનમાં રાખીને ધન પડાવવાની તેમનીલુંટારૂ રીત હતી.

ગુરૂશિષ્ય આ લુંટારાનાં હાથમાં ઝડપાઈ ગયા. ગુરૂને પકડીને બાંધીને બાન રાખ્યા શિષ્યો ઘણાં કાલાવાલા કર્યા પણ લુંટારા એક ના બે ન થયા છેવટે ગુરૂજીને પ્રણામ કરીને શિષ્ય બોલ્યો. ગુરૂજી તમે ગભરાશો નહિ. હું બે જ દિવસમાં ધન લઇને આવી જઇશ આજે મોતીઓનો વરસાદ નક્ષત્ર યોગ છે તમને આ લોકો પીડે તો પણ સહન કરજો પરંતુ તમારી વિદ્યાનો પ્રયોગ કરીને મોતીઓ વરસાવતા નહિ જો એમ કરશો તો તમારૂ આવી બનશે એમ કહીને શિષ્ય ત્યાંથી નીકળ્યો.

લુંટારાએ વૈદર્ભ બ્રાહ્મણને બાંધી રાખેલો રાત પડી અંધારૂ થયું. આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પ્રકાશવા લાગ્યો વૈદર્ભ બ્રાહ્મણને થયુ કે આ મોતી વરસાવવાનો નક્ષત્ર યોગ છે મારી વિદ્યા અજમાવીને મોતીઓ વરસાવી આ લુંટારૂઓને આપીને અહીંથી છુટુ એમ વિચારીને તેણે લુંટારૂઓને પુછયુ ભાઇઓ તમે શા માટે પકડયો છે.

'લુંટારૂ કહે ધન માટે.

બ્રાહ્મણ કહે 'હાલમાં મારી પાસે ધન નથી મારો શિષ્ય લેવા ગયો છે ન જાણે તે કયારે આવે જો તમારે ધન જોઈતુ હોય તો હું તમને મોતીઓ વરસાવી આપું અત્યારે નક્ષત્ર યોગ છે અને આ યોગમા મોતીઓ આકાશમાંથી વરસી શકે તેની વિદ્યા આવડે છે જો તમારે મોતીઓ જોઈતા હોય તો અને મને છોડી મુકવો હોય તો હું કહુ એમ કરો લુંટારાઓને બ્રાહ્મણની વાતમાં વિશ્વાસ બેઠો.

એમાંનો બ્રાહ્મણે કહ્યા પ્રમાણે તેને સ્નાન કરાવ્યું. સુખડ અને બીજા સુવાસીત દ્રવ્યોનો એના શરીરે લેપ કર્યો નવા વસ્ત્રો પહેરાવી ફુલહાર કર્યા પછી બ્રાહ્મણને બેસાડયો.

વૈદર્ભ બ્રાહ્મણે પોતાની વિદ્યાનો પ્રયોગ કર્યો આકાશ સામે કયાંય સુધી જોયા કર્યું પછી મંત્ર બોલ્યો અને સામે જ મોતીઓનો વરસાદ થયો.

મોતીઓ વીણીને એની એક પોટલી બાંધી લુંટારા ત્યાંથી ચાલી નીકળ્યા તેમણે બ્રહ્મણને મુકત કર્યો બ્રાહ્મણ પણ તેમની પાછળ ચાલતો થયો.

આગળ જતા એક બીજુ જંગલ આવ્યુ એમાં બે પાંચસોએ લુંટારા ફસાયા સૌને બીજી લુંટારૂ ટોળીએ પકડી લીધા ધન પડાવવા લાગ્યા એટલે પહેલી ટોળીના સરદાર કહે તમારે ધન જોઇતુ હોય તો આ બ્રાહ્મણને પકડો તેને આકાશમાંથી મોતીઓ વરસાવવાની વિદ્યા આવડે છે તેણે અમને મોતીઓ વરસાવી આપ્યા. એ તમને પણ વરસાવી આપશે એટલે બીજી ટોળીએ પહેલી ટોળીને છોડી મુકીને બ્રાહ્મણને પકડયો અને કહે, અમને આ મોતીઓ વરસાવી આપ.

બ્રાહ્મણ બોલ્યો ભાઇઓ, હું તમને મોતીઓ વરસાવી આપું પણ એનો નક્ષત્ર-યોગ જતો રહ્યો હવે એવો યોગ એક વર્ષ પછી આવશે ત્યાં સુધી રાહ જોવી પડશે.

આ સાંભળીને લુંટારા ગુસ્સે થઇ ગયા એના સરદારે તેની તલવારથી બ્રાહ્મણ પર ઘા કર્યો. બ્રાહ્મણનાં બે ટુકડા કરી નાખ્યા બ્રાહ્મણના મડદાને પડતું મુકી તેઓ આગલી ટોળીનો પીછો કરવા લાગ્યા અને યુકિત પુર્વક આગલી ટોળીને પકડી પાડી બંને ટોળીઓની ધમસાણ લડાઇ જામી એમાં આગલી ટોળીના પાંચસે એ લુંટારા મરાઇ ગયા.

પછી મોતીના વહેંચણીની બાબતમા બચેલી લુંટારૂ ટોળીમાં કજીયો થયો તેમાંથી લડાઇ થતાં અઢીસો અઢીસોની બે ટુકડી પડી એમાંથી એક ટુકડી મરાઇ.

એમાંથી પણ કજીયો થતાં બે ટુકડી પડી અને એક ટુકડી મરાઇ.

એમ કરતા છેવટે બેજ લુંટારા બચ્યા એ બંનેએ મોતીઓની પોટલી એક જગાએ છુપાવી પછી એની પાસે ચોકી કરવા એક લુંટારો ખુલ્લુ ખડગ લઇને બેઠો બીજા ગામમાં ખોરાક લાવવા ગયો.

ઝાડ નીચે બેઠેલા ખડગધારી લુંટારાના મનમાં લોભ જાગ્યો ને વિચાર થયો કે જેવો પેલો ગામમાંથી આવે કે તરત જ તેના ખડગથી ટુકડા કરવા બધો જ લુંટનો માલ સામાન મોતીઓ લઇ લેવા, બીજી બાજુ ગામમા ગયેલ લુંટારૂને પણ એવોજ વિચારો આવ્યો એણે પોતે ખીચડી બનાવી પોતે ખાધા પછી તેમા ઝેર ભેળવ્યું ને લઇને આવ્યો જંગલમાં કે જ્યા પેલો બેઠો હતો.

જેવુ તેણે ખીચડીનું વાસણ નીચે મુકયુ કે ખડગધારી લુંટારૂએ ખડગનો ઘા

કર્યો અને પેલા લુટારૂના શરીરના બે ટુકડા થઈ ગયા તરફડીને મરણ પામ્યો.

ખડગ લેહુ મેલી મોતીઓની પોટલી કાઢી ભૂખ લાગેલી એટલે ખીચડી ખાવા બેઠો ઝેર ચઢયુ એટલે તે પણ મરણને શરણ થયો આમ ધનના લોભમાં સૌનો વિનાશથયો.

આ બાજુ પેલો શિષ્ય ધન લઇને આવ્યો ગુરૂજીને જોયા નહિ તપાસ કરતા તેમની લાશ બે ટુકડામાં મળી તે દુ:ખી થયો અને મનોમન કહેવા લાગ્યો 'આખરે ગુરૂજીએ મારી વાત માની નહી' અને મોતને ભેટયા.

શિષ્યે લાકડાં એકઠા કરી ચિતા બનાવી શબને મુકીને પુજા કરીને વિધિપૂર્વક આગ ચાંપી.

ત્યાંથી આગળ આવતા પાંચસો લાશો જોઇ.

એથી આગળ ચાલતાં અઢીસો લાશો ભાળી !

એમ કરતા છેવટે બસો અડતાલીસ લાશો બીજી શિષ્યને વિચાર આવ્યો કે ચોકકસ બે ટોળીઓ મળી હશે અને મોતીઓ માટે લડી મરી હશે બીજી ટોળીમાં પણ પાંચસો માણસો હોવા જોઇએ. તેમાનાં બે જણ કયાંક મરેલા પડયા હોવા જોઇએ.

આગળ જતાં બે જણના શબ પાસે વાસણમાં ખીચડી પિરસાયેલી પડી હતી બીજાના શબના બે ટુકડા હતા પાસે જ મોતીની પોટલી હતી.

શિષ્ય આ બધુ હૃદયદ્રાવક દ્રશ્ય જોઇ સ્વગત બોલી ઉઠયા.

અનુચીત માર્ગે ધન ચાહે થાય તેનો વિનાશ. ચોરોએ હણ્યો બ્રાહ્મણ એમ એમનીય પડી લાશ.

મોતીની પોટલી લઇને શિષ્ય ત્યાંથી ચાલતો થયો. [પરમાર્થ]



— જાપાની કહેવતો —

૦ શેરના કુતરાને પણ ગરીબ ઘરની જાણ હોય છે.

૦ કુશળ કારીગરોને રોજી રળવા દુર દેશાવર જવું પડતું નથી.

૦ તેલ ખુટશે એટલે દીવો આપમેળે જ બુઝાવાનો છે.

૦ જેનો આદિ છે તેનો અંત પણ હોવાનો જ સંસારમાં.

૦ ઉછીની લાવેલી બિલાડી કંઇ ઉંદરડા ન મારે !

૦ સોયનાં નાકામાંથી કંઇ આંખ આકાશ ન દેખી શકાય !

૦ પાસે રહેતો મિત્ર દુર રહેતાં સગાંથી વધુ ખપનો.

૦ આંખ ફોડી નાંખવા એક તણખલું પણ પુરતુ છે. (પરમાર્થ)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર : ૨૪૭–જો આત્મા નિત્ય છે તો કયારેક દેવ, કયારેક નારકી આદિ થાય છે તો તે કઇ રીતના બને ?

ઉ : નિત્ય તેને જ કહેવાય કે જેમાં કયારે પણ કોઇ પણ ફેરફાર થઇ શકે નહિ. જો તેમાં કયારે કાંઇ પણ ફેરફાર થાય તો તે નિત્ય કહેવાય નહિ.

આત્મા નિત્ય જ છે કહીને 'જ'કાર એ-'અપિ' શબ્દમાં હોવાથી 'આત્મા અનિત્ય પણ છે' તે તેનો અભિપ્રેત અર્થ છે. શ્રી જૈન શાસનમાં આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માન્યો જ નથી પણ આત્માને નિત્યાનિત્ય માન્યો છે. અર્થાત્ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય માન્યો છે એટલે કે પોતાના ગુણોની અપેક્ષાએ તો આત્મરૂપી રાજા અવિચલિત અને સદા અખંડિત જ છે એટલે કે આત્મા નિત્ય જ છે. જયારે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માના દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકીના પર્યાયો બદલાયા કરે છે અર્થાત્ પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય પણ છે.

જેમ કુશલ નટ કે બહુરૂપી ભિન્ન ભિન્ન રૂપો કરે છે પણ મુળ રૂપે તો તે એક જ છે તેની જેમ આત્મા દ્રવ્યરૂપે નિત્ય જ છે અને પર્યાય રૂપે અનિત્ય છે.

પ્ર : ૨૪૮–'આત્મા નિત્ય જ છે' એ વાત વિશેષથી સમજાવો.

ઉ : આત્મા નિત્ય છે એટલે કે, ઉત્પત્તિ અને નાશ વગરનો છે. કારણ કે, જીવને ઉત્પન્ન કરનારા કારણનો અભાવ હોવાથી અને સતનો સર્વથા વિનાશ થતો ન હોવાથી આત્મા નિત્ય છે.

પણ આત્મા, સાંખ્યોએ માનેલ કુટસ્થ નિત્ય 'અપ્રચ્યુતઅનુત્પન્ન-સ્થિરૈકસ્વભાવં નિત્યત્વં'-રૂપ નથી. આત્માને કુટસ્થ નિત્ય માનવાથી, તે નિત્યત્વનું લક્ષણ આત્મામાં ઘટી શકાતું નથી. કેમકે, આત્માના કેવલજ્ઞાન અને કેવલદર્શન ગુણો પણ સમયે સમયે બદલાયા કરે છે તે પણ ન ઘટે. કેમકે, કુટસ્થ નિત્ય માનવાથી સ્વભાવ ભેદ પણ માની શકાય નહિ, સ્વભાવ ભેદ માનીએ તો તેમાં કુટસ્થ નિત્યત્વની ક્ષતિનો પ્રસંગ આવે છે.

તે જ રીતના આત્માને એકાંતે અનિત્ય જ માનવામાં આવે તો બંધ-મોક્ષ આદિ પણ આત્માને વિષે ઘટી શકતા નથી. જેમકે, જો આત્માને નિત્ય ન સ્વીકારીએ અને માત્ર અનિત્ય જ માનીએ તો 'કૃતનાશ અને અકૃત આગમ' નામને મોટો દોષ

લાગે છે. અર્થાત્ પોતે કરેલાનો નાશ અને પોતે નહિ કરેલાની પ્રાપ્તિનો પ્રસંગ આવે છે. તે આ રીતના પોતે કર્મ કરે તો પણ કર્મનું ફળ બીજાને મળે, કર્મ બંધ બીજાને થાય અને કર્મનો ક્ષય અન્યનો થાય, ભુખ બીજાને લાગે અને તૃપ્તિ બીજો પામે. તેવી રીતના હિંસ્ય-હિંસક ભાવો પણ ઘટી શકતા નથી તે જ રીતના માતા-પિતા, પુત્ર-પુત્રી, પત્ની આદિનો વ્યવહાર પણ ઘટી શકતો નથી. આથી બૌદ્ધોનો ક્ષણિકવાદ રૂપ સિદ્ધાંત પણ ટકી શકતો નથી.

માટે સ્યાદ્વાદ શૈલીથી આત્મા નિત્ય પણ છે સ્વીકારવાથી બધો વ્યવહાર સમુચિત રીતે ઘટી શકે છે. અને અન્યોની એક પણ યુક્તિ ટકી શકતી નથી.

પ્ર : ૨૪૯-ત્રીજું સ્થાનક સમજાવો.

ઉ : જેમ આત્મા છે, આત્મા નિત્ય છે તેમ ત્રીજું સ્થાન 'આત્મા કર્મોનો કર્ત્તા પણ છે.' કર્ત્તા એટલે કે કરનાર કોઇપણ કૃતિ-વસ્તુ આદિને કરનાર તેનો કર્ત્તા કહેવાય છે તેની જેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન-વચન-કાયાના યોગોની મદદથી, કર્મ સાથે જે સંબંધ રચે છે તેથી આત્મા કર્મનો કર્ત્તા પણ છે.

પ્ર : ૨૫૦-તેમાં આપેલું દૃષ્ટાંત સમજાવો.

ઉ : જેમ જગતમાં કુંભકાર, દંડ-ચાકડો-મૃત્તિકા આદિની સહાયથી કુંભ-ઘડાનો કર્ત્તા કહેવાય છે તેની જેમ મિથ્યાત્વાદિની સહાયથી આત્મા પણ આત્મા સાથે કર્મોનો સંબંધ કરાવવાથી, આત્મા પણ કર્મોનો કર્ત્તા કહેવાય છે.

પ્ર : ૨૫૧-નિશ્ચયનયથી આત્મા કેવો છે ?

ઉ : નિશ્ચયનયથી આત્મા પોતાના શુદ્ધોનો કર્ત્તા છે.

પ્ર : ૨૫૨—વ્યવહારનયના કેટલા ભેદ બતાવ્યા અને કયા કયા ?

ઉ : વ્યવહારનયના અનુપચિત વ્યવહાર નય અને ઉપચરિત વ્યવહારનય એમ બે ભેદ કહ્યા છે.

પ્ર : ૨૫૩-અનુપચરિત એટલે શું ?

ઉ : મુખ્યપણે જે હોય તે અનુપચરિત કહેવાય.

પ્ર : ૨૫૪-ઉપચરિત એટલે શું ?

ઉ : ગૌણપણે જે હોય તે ઉપચરિત કહેવાય.

પ્ર : ૨૫૫-અનુપચરિત અનેઉપચરિત વ્યવહારનયથી આત્માનું કર્ત્તાપણું જણાવો.

ઉ : અનુપચરિત વ્યવહાર નયથી આત્મા, પુદ્ગલ દ્રવ્યરૂપ કર્મનો પણ કર્ત્તા છે જ્યારે ઉપચરિત વ્યવહારનયથી આત્મા, પોતાના શરીર વગેરેનો પણ કર્ત્તા છે.

પ્ર : ૨૫૬—નિશ્ચયનય અને વ્યવહાર નયનું સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ : નિશ્ચયનય એ માત્ર ભાવની જ પ્રધાનતાનો સ્વીકાર કરે છે. આત્મા પોતાના ગુણોનો જ કર્ત્તા છે, તેથી તે પોતે, બીજાનો કર્ત્તા કઇ રીતના બની શકે ? અર્થાત્ ન જ બની શકે. વળી તે નય, દેશથી પણ ગુણ ખંડન કે વિરાધનામાં સંપૂર્ણ ગુણખંડન કે વિરાધના માને છે. ચારિત્રની દેશથી પણ વિરાધનાથી ચારિત્રની સાથે જ્ઞાન-દર્શનનો પણ નિષેધ કરે છે.

निच्छयनयस्स चरणस्सुवघाए नाणदंसणवहोऽवि ।
ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ।।

(ઉપ. માલા ગા. ૫૧૦)

તથા નિશ્ચયનયથી તો જ્ઞાની જ જ્ઞાન પામે છે, ચારિત્રી જ ચારિત્ર પામે છે, સમકિતી જ સમકિત પામે છે. અર્થાત 'કરાતું' એ કરાયું'નો સ્વીકાર નથી કરતો પણ 'કરાયેલું જ કરાયું' એમ માને છે.

વ્યવહાર નય એ ભાવની સાથે દ્રવ્યની પ્રધાનતાનો પણ સ્વીકાર કરે છે. તેથી આ નય, દેશથી પણ ગુણના ખંડન કે વિરાધનાથી પણ ગુણનો સંપૂર્ણ અપલાપ નથી કરતો પણ તે ગુણ વિનાના બીજા ગુણોને પણ માન્ય રાખે છે. ચારિત્રાદિમાં કે ઉત્તર-ગુણોમાં કદાચ ખામી આવે કે દોષ સેવાય તો પણ જ્ઞાન-દર્શનની સાથે અંશે ચારિત્રને માન્ય રાખે છે. તેથી જ વ્યવહારનયથી અજ્ઞાની જ્ઞાન પામે, મિથ્યાત્વી સમકિત પામે છે, અવિરતિવાળો વિરતિધર બને છે. 'કરાતું પણ કરાયું'નો સિધ્ધાંત માન્ય રાખે છે.

એટલે નક્કી થાય છે કે, નિશ્ચયપૂર્વક જ વ્યવહાર માનવાનો છે પણ એમાંથી એકને પણ ગૌણ માનવાના નથી. એકલો નિશ્ચય નય પણ માનવાનો નથી તેમ એકલો વ્યવહારનય પણ માનવાનો નથી. પણ નિશ્ચય દૃષ્ટિને હૈયામાં રાખીને વ્યવહારનયને અનુસરવાનું છે. પણ નિશ્ચય દૃષ્ટિનો લોપ કરીને વ્યવહારનયનો આદર કરવાનો નથી.

જેમ અત્રે આ સમ્યક્ત્વ અંગેની વિચારણા ચાલે છે તો નિશ્ચય સમ્યક્ત્વ એટલે જે મૌન એટલે કે મુનિપણું તે જ સમ્યક્ત્વ છે અને જે સમ્યક્ત્વ છે તે જ, મૌન મુનિપણું છે.

જ્યારે વ્યવહાર નયના મતે સમ્યક્ત્વ અને ઉપશમાદિ સમ્યક્ત્વનાં કારણો પણ સમ્યક્ત્વ છે.

કેમકે, કહ્યું છે કે-"જો જિનમતનો સ્વીકારતા હો, તો વ્યવહાર અને નિશ્ચયને છોડતાં નહિ. કેમકે, વ્યવહાર નયનો ઉચ્છેદ (નાશ) કરવાથી તીર્થનો નાશ પણ અવશ્ય થાય છે."

जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छयं मुयह ।
ववहारनउच्छेए तित्थुच्छेओ जओऽवस्सं ।।' [ક્રમશઃ]

શાસન સમાચાર

માટુંગાના આંગણે દીક્ષા દિવસની ભવ્ય ઉજવણી

વિક્રમની વીસમી સદીમાં ખૂબ જ દુર્લભ બનેલી દીક્ષાને પોતાના પુરૂષાર્થથી અને પ્રબળ પુણ્યોદયથી સુલભ–અતિસુલભ બનાવનારા જૈનશાસનના રાજા તપાગચ્છાલંકાર આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પો. સુ. ૧૩ ના દિવસે દીક્ષા દિવસની ઉજવણી કરવાનો મનોરથ માટુંગા વાસીઓના હૈયે જાગતાં તેઓએ પૂ મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મને આ પ્રસંગે સ્થિરતા કરવા વિનંતી કરતાં પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો હતો. અને ગુરૂભક્તો ગુરૂભક્તિના આયોજનમાં ગૂંથાય ગયા હતા.

દૈનિક પેપરોમાં ગુણાનુવાદની જાહેરસભાની તથા તે દિવસે પ્રભુજીને થનારી લાખેણી આંગીની જાહેરાત આપવામાં આવી હતી. ગુણાનુવાદ સભાનુ સ્થળ નારાયણ શામજી વાડી નક્કી કરવામાં આવ્યું હતું. સુદ ૧૩ ના સવારે ૮–૩૦ વાગે ગુરૂભક્ત શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવારના નિવાસસ્થાન 'ગિરિવિહાર'ના જિનાલયમાં દર્શન કરી બહાર રમણીય દેવવિમાનાકારક ગુરૂમંદિરમાં બિરાજમાન પરમારાધ્યપાદ પૂજ્ય ગુરૂદેવશ્રીની મુર્તિ સમક્ષ ગુરૂવંદનવિધિ કરી ચતુર્વિધ શ્રી સંઘે ગુરૂસ્તુતિ કરી હતી. બાદ ખોના પરિવાર તરફથી સૌનુ સંઘપૂજન કરાયુ હતું.

ત્યાંથી ગાડીમાં બિરાજમાન પૂજ્યશ્રીની શોભાયમાન મનોહર પ્રતિકૃતિ સાથે સામૈયાપૂર્વક પૂ મુનિશ્રી નારાયણ શામજી વાડીમાં પધાર્યા હતા. સામૈયુ પહોંચતા પૂર્વે જ વાડીનો વિશાળ હોલ ઉભરાવા માંડયો હતો શિસ્ત બદ્ધ વોલિયંટરો સૌનું અભિવાદન સ્વાગત કરતા હતા, તો વળી ગુરૂભક્તો સોને કેસરનું–બાદલાનું તિલક કરી ચાંદીના સિક્કાથી સંઘપૂજન કરતા હતા.

વ્યાખ્યાનપીઠની બાજુમાં ખડી કરાએલી કુલહારોથી શણગારાએલી 'સૂરિરામ'ની વિશાળ પ્રતિકૃતિને સકલસંઘે ગુરૂવંદન કર્યું. પછી પૂ. મુનિશ્રીએ મંગલાચરણ ફરમાવ્યું. મંગલાચરણ પૂર્ણ થતાં દીક્ષાદિવસની પાવનસ્મૃતિ–નિમિત્તક આ ભવ્ય પ્રસંગને અનુરૂપ ગુરૂગુણગીત તૈયાર કરાયુ હતુ. જે પ્રપુલ્લકુમાર શાહે સૂરીલા કંઠે ગાયું હતું. ત્યારબાદ શ્રાવકોના વ્યક્તવ્યોનો આરંભ થયો હતો.

સૌ પ્રથમ શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહે આ આખ્યાય પ્રસંગની રૂપરેખા આપી હતી ત્યારબાદ માટુંગા સંઘના પ્રમુખે તથા અગ્રગણ્ય વ્યક્તીએ પૂ ગુરૂદેવશ્રીની મહાનતાને બિરદાવીને આ પાવનપ્રસંગ માટુંગા સંઘના આંગણે પ્રાપ્ત થયો તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. પછી ખંભાતના શ્રેષ્ઠિવર્ય શ્રીયુત

બાબુલાલ છગનલાલ શ્રોફે પોતાના અનુભવોને વાચા આપીને પૂજ્યશ્રીની ગુણગરિમા બિરદાવી હતી... પૂજ્યશ્રીના પ્રવચનો ફકત પ્રવચનો ન હતા સાક્ષાત્ દેશના હતી... પૂજ્યશ્રીના પ્રવચનોનું એક એક વાકય કેટલું બધુ અર્થગંભીર હતુ... પૂજ્યશ્રી એક એક શબ્દમાં કેટલું બધું ભરી દેતા હતા, વગેરે વગેરે રસપ્રદ રજુઆત તેમણે કરી હતી. બાદ શ્રી જયપ્રકાશ શાહે પોતાની જોશીલી જબાનથી અને વિશિષ્ટ અદાથી પૂજ્યશ્રીને અનેક અનેક વિશેષણોથી નવાજ્યા હતા. છેલ્લે સાવરકુંડલાવાળા શ્રી વિનોદભાઇ વકીલે 'રામગુણ કહ્યા ન જાય'... લલકારી સુંદર સ્વરૂપે ગુણાનુવાદ કર્યા હતા.

ત્યારબાદ વિશાળ હોલને સાંકડો બનાવતી ઉભરાએલી માનવમેદની જેની ફાગડોળે રાહ જોતી હતી તે પૂજ્ય મુનિરાજ શ્રી નયવર્ધન વિ.મ.એ પૂજ્ય ગુરૂદેવશ્રીની સ્તુતિ કરી ગુણાનુવાદ શરૂ કર્યા હતા જૈનશાસનમાં ગુરૂતત્ત્વનું મહત્ત્વ ભાવાચાર્યોનો ગુણવૈભવ, જે જે કાળે શાસન સત્ય–સંસ્કૃતિ પર આવ્યા તે તે સમયે તેનો સજ્જડ સામનો કરનારા સમર્થ પુરૂષો પ્રાયઃ પાકતા જ દહ્યા છે, તે જ રીતે વર્તમાન સમયની વિષમતાનું પૂ.શ્રી દ્વારા કેવું નિવારણ થયું. આજના દિને દીક્ષા સ્વીકારનારા ગુરૂદેવશ્રીએ દીક્ષામાર્ગની સરળતા માટે કેવો ભગીરથ પુરૂષાર્થ કર્યો. શાસન–સત્ય અને સિદ્ધાંતો સામે ચેડા કરનારા પાકયા તો તેનો પૂ.શ્રીએ સખ્ત વિરોધ

FORM (IV)

રજીસ્ટર્ડ પેપર (સેન્ટ્રલ) રૂલ્સ

૧૯૫૬ ના અન્વયે

"જૈન શાસન અઠવાડિક" અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિ સ્થળ :– વઢવાણ શહેર. સૌરાષ્ટ્ર

પ્રસિદ્ધિનો ક્રમ:–દર મંગળવાર

મુદ્રકનું નામ :– સુરેશ કે. શેઠ

કઇ જ્ઞાતિના :– ભારતીય

ઠેકાણું :– સુરેશ પ્રિન્ટરી, મેઈન રોડ, વઢવાણ

પ્રકાશક :– સુરેશ કે. શેઠ

તંત્રીનું નામ :– સુરેશ કે. શેઠ

ઠેકાણું :– સુરેશ પ્રિન્ટરી મેઇન રોડ, વઢવાણ

કઇ જ્ઞાતિના :– ભારતીય

માલિકનું નામ :– શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

ઠેકાણું :– લાખાબાવળ (જામનગર)

આથી હું જાહેર કરૂં છુ કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

સુરેશ કે. શેઠ

તા. ૬–૩–૧૯૯૫

કર્યો. પરંતુ તેવા વખતમાં તેની કરણી પ્રત્યે કોપ ધરાવનારા પૂજ્યશ્રી તે વ્યકિત પ્રત્યે કેવી કરુણા વરસાવનારા હતા ! વગેરે વગેરે ઘણા ઘણા મુદ્દાઓને સૌ કોઇ સાંભળી શકે તે રીતે બુલંદ ધ્વનિએ મુનિશ્રીએ વિગતવાર પીરસ્યા હતા. ગુરુગુણ ગંગામાં સ્નાન કરી રહેલા સૌની નજર જાણે ઘડિયાલ જોવા તૈયાર ન હતી અને ૧૨ ના ટકોરા પડતા મુનિશ્રીએ ઉપસંહાર કર્યો.

આ પ્રસંગે જીવદયાની સુંદર ટીપ પણ કરવામાં આવી હતી.

ગુણાનુવાદની જાહેરસભાના આ પ્રસંગે મુંબઇના લગભગ દરેક દરેક પરાંઓમાંથી ગુરુભકતો ચાવી પહોંચ્યા હતા. પરાઓમાંથી પધારેલા સાધર્મિકોની સમહુમાન ભકિત વ્યાખ્યાન પછી રાખવામાં આવી હતી.

આજના સમગ્ર આયોજનનો લાભ ગુરુભકત શ્રીમાન નાનચંદ જુઠાભાઇએ લીધો હતો.

આજે ચાંદીના સીક્કાની પ્રભાવના ગુરૂભકતો (માટુંગા) તરફથી હતી, ચંદનબાળા જૈનસંઘ તરફથી ૫-૫ રૂા.નું સંઘપૂજન હતું અને શ્રીયુત્ નાનચંદભાઇ જુઠાભઇ તરફથી સૌને લાડવાની પ્રભાવના હતી.

આજે શ્રી વાસુપૂજ્યસ્વામીના જિનાલયે પરમાત્માને લાખેણી આંગી રચવામાં આવી હતી.

વસમી વીસમી–એકવીસમી સદીમાં શાસન રક્ષા–આરાધના–પ્રભાવનાનો સુવર્ણ ઇતિહાસ સર્જીને યુગપુરૂષ તરીકે અમર બની ગએલા પૂજ્યશ્રીના નામ–કામના પુણ્યે ગુરુભકતો શૂન્યમાંથી કેવું સર્જન કરી શકે છે. તેનુ દૃષ્ટાંત આજનો આ પ્રસંગ આપતો ગયો !

પાલીતાણા–પૂ. સા. શ્રી મનોહરશ્રીજી મ. પો. સુ ૧૦ બુધવારે રાત્રે ૮-૪૫ કલાકે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કાલધર્મ પામ્યા બીજે દિવસે ત્રણ વાગ્યે માનવ મહેરામણની હાજરીમાં ત્રણ બેન્ડ સાથે પાલખી નીકળી હતી આદિનાથ સોસાયટી પ્લોટમાં અગ્નિસંસ્કારનો ગોકુલ આશ્રમવાળા ભાઇ શ્રી નવીનભાઇ બાબુલાલ કુબેરદાસ ગાંધીએ મોટી બોલી બોલી લાભ લીધો જીવદયાની ટીપ આદિ અનેક કાર્યો થયા.

જંબુદ્વીપ આરાધના ભવનમાં પો. વ. ૧ થી ૫ સુધી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

પૂ. સા. શ્રી મ. પૂ. વિદ્વાન મુનિચન્દ્ર જંબુવિજયજી મ.ના સંસારી માતુશ્રી હતા તેમણે પૂર્ણ સમાધિ આપી હતી.

શ્રાવિકાશ્રમ–પાલિતાણા દેરાસર માં શ્રી પાર્શ્વપ્રભુનો પ્રવેશ–મહોત્સવ તથા પ્રતિષ્ઠા મહોત્સવ—પરમપૂજ્ય આ. ભ. શ્રી રવિપ્રભ સૂ. મ., પ. પૂ. આ. ભ. શ્રી મહાબલ સૂ. મ. તથા પ. પૂ. પ્રવચન પ્રભાવક આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ મ. આદિની શુભનિશ્રામાં જાલોરથી લાવેલ પ્રાચીન શ્રી પાર્શ્વનાથપ્રભુનો વિ-સં. ૨૦૫૧

મહાસુદ ૯ ને ભવ્ય પ્રવેશ-મહોત્સવ થયેલ એ વખતે વિશાલ સંખ્યામાં સાધુ-સાધ્વી હાજર હતાં. મહારાષ્ટ્ર ભુવનથી ભવ્ય પ્રભુજીનો વરઘોડો (રથયાત્રા) શરૂ થયેલ. તે રથયાત્રા શ્રાવિકાશ્રમમાં ઉતરી ત્યાં સામે પ્રભુજી લેવા આવેલ બેંડવાળા સાથે કલશવાળી કુમારિકાઓથી ભવ્ય વરઘોડો શોભતો હતો.

પ્રભુજીનો પ્રવેશ શ્રાવિકાશ્રમના દેરાસરમાં ગભારામાં પ્રભુજીનો પ્રવેશ થયા પછી સામુદાયિક ચૈત્યવંદન થયેલ ત્યાર બાદ માંગલિક પ્રવચન, સંઘપૂજન, પ્રભાવનાદિ થયેલ બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઇ ત્યારબાદ કુંભ સ્થાપના શાંતિસ્નાત્ર મહાપૂજન આદિ મહોત્સવ સાથે મહા વદ ૪ ને ઉપરોકત ગુરૂભગવંતની નિશ્રામાં પ્રતિષ્ઠા થઇ.

જિનમંદિર તથા પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ.મ.ના ગુરૂમંદિરનાં ખનનવિધિ તથા શિલા સ્થાપન મહોત્સવ

પ.પૂ.આ.ભ. શ્રી રવિપ્રભ સૂ.મ., પ.પૂ. વાત્સલ્યનિધિ આ.ભ. શ્રી વિજય મહાબલ સૂ.મ., પ.પૂ. પ્રવચનકાર આ.ભ. શ્રી વિજય પુણ્યપાલ સૂ.મ.ની શુભનિશ્રામા મહારાષ્ટ્ર ભુવનના બાજુની જગ્યામાં પરેશભાઇ આદિ સમસ્ત એમના પરિવારવતી માહ સુદ ૬ ને ભવ્ય મહોત્સવપૂર્વક જિનમંદિર તથા પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ.મ.ના ગુરૂમંદિરની ખનનવિધિ થયેલ છે અને ઉપરોકત ગુરૂભગવંતોની નિશ્રામાં જ માહ વદ ૬ દિ. ૨૧-૨-૯૫ને શિલા-સ્થાપન મહોત્સવ થયેલ.

શ્વે.તીર્થ દર્શન : અભિપ્રાય

શ્રી શ્વેતાંબર જૈન તીર્થ દર્શન ભા-૧ મલ્યો છે. પુસ્તક બહુ જ સરસ સુંદર બન્યું છે. ખૂબજ ઉપયોગી થશે. માહિતી સભર છે મહેનત ખૂબજ લીધી છે તે દાદ માગી લે છે.

મહેતા અમૃતલાલ ગોવરધન
પ્રમુખ
શ્રી ભચાઉ જૈન શ્વે. મુ. જ્ઞા. જ્ઞા.
વીશા શ્રીમાળી વાણીયા મહાજન



પ્રોપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ

આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બોટાદવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલ્લી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૬
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ધર્મના ફક્ત તરીકે પૌદ્ગલિક પદાર્થોની ઇચ્છા, એ ઘણી ખરાબ ઇચ્છા છે.
- ખરેખર, સંસારની આરાધના માટે જેવી સ્થિરતા અને ધીરતા છે તેવી સ્થિરતા અને ધીરતા મોક્ષની સાધના માટે આવી જાય, તો મોક્ષ સહજ પણ દૂર રહે નહિ.
- સાધુ એક માત્ર સંસારતારક ધર્મનો જ ઉપદેશ આપે. કારણ કે સાધુને શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા સિવાયનું કશું જ બોલવાનું કે આચરવાનું હોતું નથી.
- કેવલ શ્રીમંતપણાની લાલસા એ એક દૃષ્ટિએ નયું ભિખારીપણું છે !
- જાગતો તે તે કે જે વસ્તુ સ્વરૂપને બરાબર જૂએ ! જેમાં વસ્તુને ઊંધા સ્વરૂપે જોવાય તે જાગૃતિ નથી.
- જાગૃતિ આવે ત્યાં તો આત્મધર્મની વાતો હોય. આજ તો પૌદ્ગલિક ભાવનાના યજ્ઞમાં આત્મધર્મના હોમ થાય છે !
- કુટુંબ-પરિવાર, પૈસા-ટકા અને કુદર્શન ઉપર જેમને ગાઢ રાગ હોય તેઓ સાચા ધર્મને સમજી શકતા નથી.
- સંસારના સુખ અને સુખની સામગ્રી ઉપરનો રાગ ઘટે નહિ અને ધર્મ પરનો સાચો રાગ જન્મે નહિ ત્યાં સુધી જીવ ધર્મ પામી શકે નહિ !
- જો આત્માની કિંમત આપણા હૈયામાં વધારે બેસી જાય તો આપણું જીવન ફરી જાય !
- ખરો આત્મવાદી કોણ ! જે મોક્ષવાદી હોય તે. જેને મોક્ષ ન જોઇતો હોય તે આત્મવાદી જ નહિ.
- સાચો મોક્ષવાદી જીવ તો મોક્ષ માટે તરફડતો જ હોય.
- જગતમાં રહે અને જગતની જેને પડી ન હોય તેનું નામ શ્રાવક !
- શ્રાવક એટલે પૈસાને હાથનો મેલ સમજનારી જાત !
- કર્મના ઉદયના આધારે જીવે તે જડજીવન અને જ્ઞાનીની આજ્ઞાના આધારે જીવે તે જ જીવજીવન છે !

પ્રભુ વીરનું વચન પત્રિકા

સ્વ પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- ભગવાનના શાસનની દીક્ષાનો તમને ભાવ જન્મે, દીક્ષા ન થાય તેનું દુઃખ થાય. તમને મનમાં એમજ થયા કરતું હોય કે આવી સારી સામગ્રી પામ્યા છતાં હું દીક્ષા નથી પામી શકયો તેનું દુઃખ જ રહ્યા કરતું હોય તો તમે આરાધક.
- ભગવાનની આજ્ઞા ત્રિકાલાબાધિત છે. તેમની આજ્ઞા મુજબનું આરધન, શાસનની રક્ષા અને શાસનની પ્રભાવના તે ત્રણ આપણા કામ છે.
- હું કેટલા કાળથી ભટકું છું તે ખ્યાન ન આવે તે પોતાને અજ્ઞાન ન માને ? આજે ખરી ખૂબી ત્યાં છે કે હું અજ્ઞાન છું તેમ લાગતું નથી. ખરી તાજૂબી એ છે કે ધર્મ કરનારને હું અજ્ઞાન છું તેમ નથી લાગતું. તમે અરિહંતને કેમ નમો છો તેનો કોઇ જવાબ છે. અરિહંતને નમસ્કાર શા માટે તે પૂછે તો જવાબ દેવાની તાકાત નથી તે કેટલું મોટું અજ્ઞાન છે.
- આપણે સંસારથી થાકયા ન હોઇએ તો આ ધર્મ જ પાપરૂપ થવાનો. એ ધર્મ જ ગાંડો બનાવે.
- ભગવાન મોક્ષમાં ગયા, આપણા માટે મોક્ષ માર્ગ મૂકી ગયા, મોક્ષે જવાને સંદેશ આપી ગયા. ભગવાન કહે છે કે જે મને માનતો નથી તે મોક્ષને માનતો જ નથી. જે મોક્ષને માને તે ભગવાનને માને જ.
- મનુષભવ સારો તે એટલા જ માટે કે આ ભવમાં જ સાધુ થવાય અને મોક્ષે જવાય. જેને સંસાર રહેવા જેવો લાગે તેને કોઇ દિવસ મોક્ષ મળે જ નહિ. સંસાર રહેવા લાયક નથી તેમ લાગે ત્યારે જ મોક્ષ મલે.
- ધર્મથી આવેલ સુખને છોડી દે તેનું નામ ધર્મી. ધર્મથી આવેલ સુખને છોડી દે તે જ ડાહ્યો રહી શકે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯-૮૫-૨૯-૨૯ ૫૧૫૪

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૨૮+૨૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

પ. પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

તે મૂરખ જ ગણાય !

को चक्कवट्टिरिद्धं,
चइउं दासत्तणं समभिलसइ ।
को वि रयणाइ मुत्तुं,
परिगिण्हइ उवलखंडाई ।।

ચક્રવર્ત્તીપણાની ઋધ્ધિનો ત્યાગ કરીને દાસપણાનો અભિલાષ કોણ કરે ? રત્નોને છોડીને પત્થરના ટુકડાને કોણ ગ્રહણ કરે ? કોઇ જ ન કરે. કરે તો જેમ મૂરખ શિરોમણિ ગણાય. તેમ મોક્ષસાધક એવા મનુષ્યપણાને પામીને સંસારની સાધના કરે તે તેવો જ ગણાય ને !

એક ચિંતન

दाराः परिभवकारा बंधुजनो बंधनं विषं विषयाः ।
कोऽयं जनस्य मोहो, ये रिपवस्तेषु सुहृदाशा ।।

જગતના સઘળા ય જીવો ઇચ્છિત વાંછિતની પૂર્તિને માટે અવિરત ભગીરથ પ્રયત્નો આદરે છે છતાં પણ વાંછિત તેમનાથી લગભગ સેંકડો જોજન દૂર-સુદૂર ભાગતું ફરે છે કાં હાથતાલી દઇ જતું જોવા મળે છે. તેનું નિદાન કરતાં આપ્તપુરૂષો કહે છે કે મૂળથી જ ઊંધા માર્ગે મોટો ભાગ પ્રયત્ન કરે છે. જે ખરેખર શત્રુ છે તેને પ્રાણ પ્યારા મિત્ર માનવામાં આવે તો આવી દશા થાય તે સહજ છે. આજ વાતનો નિર્દેશ કરતાં પરમહિતૈષી મહાપુરૂષ ફરમાવે છે કે–"સ્ત્રીઓએ પરિભવનું કારણ છે, બંધુજન એ બંધન સમાન છે અને પાંચે ઇન્દ્રિયોના મનગમતા કામભોગો એ વિષ જેવા છે. સ્વાનુભવ સિદ્ધ આ વાત હોવા છતાં ય આશ્ચર્યની વાત તો એ છે કે લોકોનો એવો અપૂર્વ મોહ છે કે જે આત્માના ભયંકર હિતશત્રુ હોવા છતાં ય મહાન મિત્ર સમાન લાગે છે."

બહુ જ શાંત ચિત્તે આ વાત વિચારવામાં આવે તો સૌને પ્રાણાન્તિકપણે આ વાત સ્વીકારવી પડે તેમ છે. જેની ઉપર અતિવિશ્વાસ મૂકયો હોય અને તેનાથી જ દગા કપટના ભોગ બનાય તો હૈયામાં કેવા કેવા ભાવો જન્મે તે સુવિદિત છે. તેવી જ રીતે મિત્ર પણ શત્રુની ગરજ સારે તો શું શું થાય તે ય સમજવું કઠીન નથી. પરંતુ એક માત્ર ધાર્યા સુખોની કલ્પના જ વાસ્તવિકતાથી દૂર રાખે છે જેને જ્ઞાનિઓ મોહ સ્વરૂપે ઓળખાવે છે. તે એક એવો 'અનાપ્ત' હોવા છતાંય 'આપ્ત' જેવો દેખાવ કરી બધાને નચાવે છે. જે આત્માના ભયંકર કારમા શત્રુઓ છે તેને મિત્ર જેવા મનાવે છે અને જે ખરેખર હિતકારી મિત્રો છે તેમને શત્રુ મનાવી, આત્મા ઉપર તેનો પડછાયે ય ન પડે તેની પૂરી કાળજી રાખે છે. આત્માના હિતકર મિત્રોને વશ પડે તે 'બગડી' ગયો અને શત્રુઓને વશ પડે તે 'સુધરી' ગયો ન્યાલ ન્યાલ થઇ ગયો એવું મનાવી આત્માને એવી રીતના ઘેરી લે છે કે તેના પંજામાંથી નીકળવું મુશ્કેલ પડે.

પરંતુ જે પુણ્યાત્માઓને વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થઇ જાય છે અને બેહોશીનો કેફ ઉતરી જાય છે તેઓ સાચો વિવેક પામી. આત્મા કલ્યાણના પંથે પા...પા પગલી ભરી સાચું કલ્યાણ સાધે છે. સૌ વાચકો સાચી વિવેકદૃષ્ટિને પામી શીઘ્રાતિશીઘ્ર કલ્યાણને પામો તે જ મંગલ કામના.

–પ્રજ્ઞાંગ

પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

વર્ષ ૭] ૨૦૫૧ ફાગણ વદ-૫ મંગળવાર તા. ૨૧-૩-૯૫ [અંક-૨૮-૨૯

-: અધ્યાત્મભાવને પામવાના ગુણો :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-આઠમું

૨૦૪૬, વૈશાખ વદિ-૪ સોમવાર તા. ૧૪-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

"पुज्जा पूयेअव्वा न निंदियव्वा य केइ जियलोएे ।
लोगेाणुवत्तिअव्वेा गुणरागेा होइ कायव्वेा ॥"

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિ અધ્યાત્મભાવ અને તેના ગુણોનું વર્ણન કરી રહ્યા છે. આત્મામાં અધ્યાત્મભાવ આવ્યો કયારે કહેવાય ? શરીરનાં કષ્ટોની ચિંતા વિના આત્માના પોતાના ગુણો પ્રગટ કરવાની ઇચ્છા થાય તો અધ્યાત્મભાવ આવે. જ્યાં સુધી જીવને આ સંસારનું સુખ સારૂં લાગે, તે સુખ માટે જે સંપત્તિ જોઇએ તે સારી લાગે ત્યાં સુધી આત્મામાં અધ્યાત્મભાવ આવે નહિ.

મહાપુણ્યોદયે મનુષ્યભવ મળ્યો છે, તે પણ આર્યદેશમાં, આર્યકુળમાં, આર્યજાતિમાં. તેમાં ય જૈનકુળમાં અને જૈનજાતિમાં તે પણ એવી જગ્યાએ જ્યાં અનેક શ્રી શ્રી જિનમંદિરો છે, સુસાધુઓનું આવાગમન છે અને વાર-તહેવારે શ્રી જિનવાણી પણ સાંભળવા મળે છે. તો તમને આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે તે ભાવના પેઠા થઇ છે ? આવી ભાવના જેને થાય તે જ આત્માઓ વાસ્તવિક રીતે શ્રી સંઘમાં આવેલા છે, બાકી બધા તો પેસી ગયેલા છે, જે શ્રાવક-શ્રાવિકાને સંસારમાં જ મઝા આવતી હોય તો તે શ્રાવક-શ્રાવિકા નથી. તે રીતે જે સાધુ-સાધ્વીને પણ

ખાવા-પીવાદિમાં, આરામાદિમાં મઝા આવતી હોય તો સમજી લેવું કે તે સાધુ-સાધ્વી પણ સાચા સાધુ-સાધ્વી નથી સંસાર જ ગમે તે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા હોય ? માટે જ શાસ્ત્રે કહ્યું છે કે-અનંતીવાર ઓઘા લીધા છતાં ય સંસારમાં જ રખડયા. ઓઘો હોવા માત્રથી કાર્યસિદ્ધિ થાય નહિ. તે લીધા પછી તેને જ બરાબર વફાદાર રહે, ભગવાનની આજ્ઞા મુજબ જ જીવે, આજ્ઞા મુજબ ન જીવાય તો તેનું દુઃખ રાંડે, કયારે આજ્ઞા મુજબ જીવું તેમ મન હોય તો કાર્યસિદ્ધિ થાય. આ સંસારનું સુખ, મોજમઝા, માન-પાનાદિ જેને ગમે નહિ, વહેલામાં વહેલા મોક્ષે જ જવાનું મન હોય તેનું ઠેકાણું પડે. મનુષ્યભવ પામ્યા પછી સાધુપણાની જ ઇચ્છા હોય, સાધુપણું ન લઇ શકે તે બને, પણ સંસારમાં રહેવાનું પસંદ નહિ-આવી દશા જેની હોય તે શ્રી સંઘમાં ગણાય. આ વાત તમારા હૈયામાં છે ? હૈયામાં હોય તો તમારો નંબર શ્રી સંઘમાં છે. જેને સંસારના સુખમાં, ખાવા-પીવાદિમાં જ મઝા આવે તે બધા નામના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા છે.

અધ્યાત્મભાવ મેળવવાના ગુણોની વાત ચાલે છે. આજે આ ગુણો દેખાતા નથી. તે ગુણો પેદા થાય તો આત્મા મઝેનો થાય. તમને સંસારમાં મઝા આવે છે ? આ ભવ પામી શું મેળવવા જેવું છે ? શું મેળવવાની મહેનત કરી છે ? તમારે ઘેર જન્મેલાં સંતાનો ધર્મ સમજે ખરાં ? તમે સંતાનોને ધર્મનું ભણાવો છો ખરા ? અને સંસારનું બધું ભણાવો છો ને ? છોકરો કમાતો થાય તો રાજી અને વિરાગી થાય તો ? સાધુના સહવાસમાં આવેલો વિરાગી ન થાય તો તે સાધુ પણ ખોટા. આવા જીવો શ્રી સંઘમાં ઝળાય ખરા ? છોકરો કહે કે-'મારે સાધુ થવું છે' તો અહીં બેસેલામાંથી પણ કેટલાને ગમે ? 'સમ્યક્ત્વ વિના ધર્મ ફળે નહિ' તે સાંભળવા છતાં ય મને સમ્યક્ત્વ શી રીતે મળે તે વિચારણા આવી છે ? ગુરૂને પણ કહ્યું છે કે-'સંસાર ભૂંડો લગાડો, સમ્યક્ત્વ પમાડો નહિ તો રખડી જઇશ' આવી વાત હૈયામાં ચાલે છે કે સંસારની મઝામાં જ આનંદ છે ?

આ ગુણ પામવા હોય તેને આત્માના હિતની જ વાત કરે, ધર્મની વાત કરે તે જ ગમે, તેવાની સાથે બેઠક-ઊઠક હોય તમારી બેઠક-ઊઠક કોની સાથે છે ? શ્રાવકો ભેગા થાય તો શું વાત કરે ? સંસાર છોડવાની કે સંસારને મઝેનો બનાવવાની ? વેપારાદિ કરે તે કરવા પડે માટે કે મઝેથી કરે ? આજીવિકા હોય તો વેપારાદિ કરે ? વેપારાદિ મઝેથી કરે તો તેનામાં જૈનપણું આવ્યું કહેવાય ? કમમાં કમ જૈનપણું પણ પામીને મરવું છે કે જૈનપણું પામ્યા વિના મરવું છે ? આ મનુષ્યજન્મ દુર્લભ છે, સારી જગ્યાએ મળ્યો છે. તેને સફળ નહિ કરીએ તો નુકશાન આપણને છે. દુર્ગતિમાં

જવું પડશે. કેટલો કાળ જાય તે કહેવાય નહિ. વખતે અનંતોકાળ પણ નીકળી જાય. આ જોખમ ખેડવું છે?

ખાવું-પીવું, પૈસા-ટકા કમાવવા, મોજમઝાદિ કરવી આ જ ભાવનામાં રહ્યા તો કઇ ગતિમાં જવું પડે? પછી આ જન્મ નિષ્ફળ જાય ને? ફરી કયારે મળે? ઘણા કહે કે-મોક્ષ કોને જોયો છે? આવા જીવો ધર્મ કરે તે ન છુટકે, દેખાવ માટે જ કરે ને? સંસારનાં કામ માટે કેટલાં કષ્ટો વેઠો છો? અને ધર્મ માટે? પૈસા કમાવવામાં કયાં કયાં ગયા છો? જ્યાં ધર્મ સાંભળવા પણ ન મળે તેવી જગ્યાએ પણ જાવ છો ને? આવો દુર્લભ મનુષ્યજન્મ પામીને પૈસા કમાવાની, સુખી થવાની, મોજમઝાદિ કરવાની જ ઇચ્છા હોય તે શ્રી સંઘમાં હોય? શ્રાવક પણ કહેવાય? તમારે શ્રાવક થવું છે? ઝટ મોક્ષે જવું છે કે સંસારમાં મઝા કરવી છે? આટલી જિંદગી ગઇ શું મેળવવા મહેનત કરી છે? સમ્યક્ત્વ મેળવવા ય મહેનત કરી? બારવ્રત કે એકાદ વ્રત લીધેલાં પણ કેટલા મળે? જે સાધુને પણ ખાવા-પીવામાં, માન-પાનાદિમાં મઝા આવે, ધર્મક્રિયામાં પ્રમાદ આવે તો તે ય ભગવાનના સાચા સાધુ નથી.

આ ગુણ પામવાની ઇચ્છાવાળાને આત્માના હિતની વાત કરે તે જ ગમે, સંસારની વાત કરે તેની સાથે ઝાઝો મેળ ન જામે. રોજ શ્રી જિનવાણી સાંભળવી ગમે. સાધુનો યોગ હોય તો શ્રી જિનવાણી સાંભળ્યા વિના ન રહે. આજે તો સાધુનો યોગ હોય તો શ્રી જિનવાણી સાંભળ્યા વિના ન જ રહેતા હોય તેવા કેટલા નીકળે? આત્મા જાગતો ન થાય, સમજતો ન થાય તો કોઇ કામ ન થાય. અમે રોજ 'આ સંસાર ભૂંડો કહીએ, મોક્ષ મેળવવા જેવો કહીએ' તમે સાંભળનારા હાજી. હાજી. કહો અને સંસારમાં મઝા કરતા હો તો કરો. પૈસા મેળવવા અને મોજમઝાદિ કરવા માટે જેટલાં પાપ કરવાં પડે તે બધાં પાપ મઝેથી કરો તો મરીને કયાં જાવ? તમારી આવી દશા જોઇને અમને ય દયા ન આવે તો અમેય કેવા કહેવાઇએ?

આપણે આ સંસારમાં રહેવું નથી, ઝટ મોક્ષે જવું છે. તમને વહેલા સાધુ થવાનું મન છે અને સાધુ થયેલાને સાધુપણું સારામાં સારું પાળવું છે, પ્રમાદમાં મઝા કરવી નથી-તો આવા જીવો અધ્યાત્મભાવને પામેલા કહેવાય. પછી તેને સંસારની વાત કરનારા સાથી ન ગમે, ધર્મની જ વાત કરનારા ગમે. અમારે ત્યાં પણ પ્રમાદથી દૂર રહેવાની વાત કરનારા જોઇએ. સાધુનો યોગ હોય તો શ્રી જિનવાણી સાંભળ્યા વિના ન રહે. શ્રી જિનવાણી સાંભળ્યા પછી યાદ કરે અને રોજ કુટુંબને સમજાવે-આવા કેટલા મળે?

(ક્રમશઃ)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર–૨૫૭ અનુપચરિત અને ઉપચરિત વ્યવહારનય વિશેષથી સમજાવો.

ઉ–અનુપચરિત વ્યવહારનયથી આત્મા પોતાના કર્મોનો પણ કર્ત્તા હોવાથી, કર્મ સાથે પોતાને ય સંબંધ થાય છે તે વાત માન્ય રાખે છે. જો કે નિશ્ચયનયથી, આત્મા પોતાનામાં એવા અધ્યવસાયો–પરિણામોને પેદા કરે છે કે જેથી કર્મવર્ગણાના પુદ્ગલો ચોંટીને બંધાય છે. વાસ્તવિક રીતે કર્મબંધનો કર્ત્તા ન હોવા છતાં પણ કર્મબંધરૂપ ફળ આવે છે, માટે આ શુદ્ધ–અનુપચરિત વ્યવહારનયથી તેનો કર્ત્તા આત્મા બને છે.

ઉપચરિત વ્યવહારનયથી કર્ત્તાપણું આ રીતના જાણવું. જેમ કે, કોઇ સુતાર લાકડાનો હાથી બનાવે કે શિલ્પી પ્રતિમા આદિ બનાવે કે કુંભાર ઘટ આદિ બનાવે તો તે સુતાર, શિલ્પી અને કુંભાર તેના તેના કર્ત્તા કહેવાય છે. વાસ્તવમાં તો સુતારાદિ તે સુતારાદિના શરીરમાં રહેલો આત્મા છે. તો તે કર્ત્તા કયાંથી થાય? તેથી ઉપચારથી, પોતાના શરીર દ્વારા પોતાનો આત્મા કરનાર હોવાથી. ઉપચરિત વ્યવહારનયથી તે હાથી આદિનો પણ કર્ત્તા કહેવાય છે.

પ્ર–૨૫૮ આત્મા કર્મનો કર્ત્તા છે આ વાત વિશેષથી સમજાવો.

ઉ–કરનારો તે કર્ત્તા. જીવ કરે છે એટલે કર્ત્તા છે. જીવ મિથ્યાત્વાદિ બંધના કારણોથી જોડાઇને તે તે કર્મોને બાંધે છે કરે છે માટે જીવ કર્મનો કર્ત્તા છે. જો જીવ કર્મોનો કર્ત્તા ન હોત તો દરેક જીવોમાં દેખાતા જુદાં-જુદા પ્રકારના સુખ–દુઃખ આદિના સંવેદનો પણ ન થાત. જગતના જીવોમાં સુખ કે દુઃખની વિચિત્રતા દેખાય છે તેથી સુખ કે દુઃખનું સંવેદન અનુભવાય છે. તે વિચિત્રતા કારણ વિનાથી હોતી જ નથી. જો તે વિચિત્રતા કારણ વિનાની માનવામાં આવે તો તેનો હંમેશ માટે કાં સદ્ભાવ કાં અભાવ માનવાનો પ્રસંગ આવે. કહ્યું છે કે–'નિત્યં સત્ત્વમસત્ત્વં વાઽહેતોરન્યાનપેક્ષણાત્' અર્થાત્–હેતુ ન હોવાથી, અન્યની અપેક્ષા પણ ન હોવાથી નિત્ય સત્ત્વ કે નિત્યઅસત્ત્વહોય એ ન્યાય છે તેથી સુખ કે દુઃખના અનુભવરૂપ કાર્યમાં, જીવના પોતાનાજ કરેલ કર્મ જ કારણ છે પણ બીજાના નહિ. માટે આત્મા કર્મોનો કર્ત્તા છે તે વાત સિદ્ધ થાય છે.

પ્ર–૨૫૯ ચોથાં સ્થાનનો સામાન્યાર્થ જણાવો.

ઉ–આત્મા જ પોતાના કર્મોનો ભોકતા–ભોગવનારો છે. જેમ જીવ મિથ્યાત્વા-

દિથી જે કર્મો બાંધે છે તેમ તે બાંધેલાં કર્મોના ફળને ભોગવનારો પણ જીવ પોતે જ છે. જો જીવે પોતે જ બાંધેલાં કર્મોના ફળને જીવ પોતે જ ભોગવે છે તે વાત ન માનીએ તો આખો વ્યવહાર માર્ગનો ઉચ્છેદ થઈ જાય. પછી તો ખાય બીજો અને તૃપ્તિ બીજાને થવી જોઈએ, માંદો એક પડે અને સાજો બીજો થાય-પણ આવું જોવામાં આવતું નથી કે આવું બનતું પણ નથી. દુનિયામાં પણ કહેતી છે કે-'જેવી કરણી તેવી ભરણી' 'ખાડો ખોદે તે પડે,' તે બધાનો વાચ્યાર્થ પણ આ જ છે કે, જે જેવું કરે તેનું ફળ પણ તે જ પામે છે. માટે નિશ્ચિત થાય છે કે, પોતે કરેલાં શુભાશુભ કર્મોનાં શુભાશુભ ફળનો ભોકતા પણ આત્મા પોતે જ છે.

પ્ર-૨૬૦ જીવ કેટલી રીતના પોતે કરેલાં કર્મનો ભોકતા છે ? કઇ કઇ ? કેવી રીતે ?

ઉ—જીવ બે પ્રકારે પોતે કરેલાં કર્મોનો ભોકતા છે. નિશ્ચય નયથી અને વ્યવહાર નયથી. વ્યવહાર નયથી આત્મા પોતે જ પુણ્ય અને પાપોના ફળોને ભોગવનારો છે. જ્યારે નિશ્ચય નયથી આત્મા પોતે પોતાના જ ગુણોને ભોગવે છે.

પ્ર-૨૬૧ આનો તાત્પર્યાર્થ જણાવો.

ઉ-અન્યનો આત્મા સાથેનો સંગ માત્ર, આત્માની વિભાવ-દશાને વધારનારો છે. વળી બાહ્ય પદાર્થોનો સંગ જ બધી ઉપાધિનું મૂળ છે તેમાંથી જ સંસાર ખીલે છે, પુષ્ટ થાય છે.

જ્યારે નિઃસંગ અવસ્થા એ જ આત્માની સાચી દશા છે, જેમાં માત્ર આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોમાં જ રમવાનું છે ઉપાધિ ન હોવાથી ઉપાધિજન્ય એક પણ દોષનો સંભવ નથી. નિરૂપાધિક દશા એ જ સચ્ચિદાનંદ દશા છે.

માટે આત્મા, આત્માના જ્ઞાનાદિ અનંતગુણો અને તે ગુણોને પેદા કરનારાં સહાયક સાધનો વિના આત્માનું કશું જ પોતાનું નથી, બધું બારકું જ છે, તેથી બહિરાત્મદશા ત્યાગી, અંતરાત્મદશા પામી, પરમાત્મદશાને પામવાનો જ પુરુષાર્થ કરવો જોઇએ.

પ્ર-૨૬૨-આત્મા કર્મોનો ભોકતા છે તે વાત વિશેષથી સમજાવો.

ઉ-આત્મા પોતે જ પોતે કરેલાં શુભાશુભ કર્મોનાં ફળને ભોગવે છે. આ વાત લોકવ્યવહાર અને આગમ પ્રમાણથી ઘટી શકે છે.

જો જીવ પોતાના કરેલ કર્મોના ફળનો ભોકતા ન હોય તો શ્રી સિધ્ધ ભગવંતો અને આકાશની જેમ તેને સુખ દુઃખનો અનુભવ ન થાય, કેમકે સુખ-દુઃખના અનુભવમાં કારણરૂપ શાતા કે અશાતાવેદનીય કર્મ વિદ્યમાન નથી. પણ દરેકે દરેક સંસારી આત્મામાં સ્વસંવેદન સિદ્ધ સુખ-દુઃખનો અનુભવ જોવાય છે. સુખી કે દુઃખી જીવોને જોઇને લોક પણ કહે છે કે, 'આ પુણ્યશાલી જીવ છે માટે આવાં

આવાં સુખોને ભોગવે છે,' 'આ બહુ પાપી જીવ છે માટે નરકની વેદના સમાન આવાં આવાં દુઃખોને અનુભવે છે.'

વળી કારણને અનુરૂપ જ કાર્યની નિષ્પત્તિ થાય છે તે વાત સર્વજન સુવિદિત છે.

આગમમાં પણ કહ્યું છે કે-'સર્વ કર્મ જીવ પ્રદેશ રૂપે ભોગવે છે પણ અનુભવ એટલે રસથી ભજના છે' કર્મમાં પણ કહેવાય છે કે—કરોડો કલ્પે-વર્ષે પણ કરેલાં કર્મોનો ક્ષય થતો નથી. જેમ હજારો ગાયોમાં વાછરડું પોતાની માતા ગાયને ઓળખી જાય છે, તેમ કર્મ પણ કરનારને જ ભોગવવું પડે છે. માટે નક્કી થાય છે કે-આત્મા કર્મોનો ભોક્તા પણ છે.

પ્ર-૨૬૩—પાંચમા સ્થાનનું સામાન્યથી વર્ણન કરો.

ઉ૦ મોક્ષ છે એ પાંચમું સ્થાન છે. 'આત્માનો મોક્ષ થાય છે.' જે બદ્ધ હોય તે જ મુકત થાય. જે બદ્ધ ન હોય તેને મુકત થવાનું નથી. આત્મા કર્મોથી બંધાય છે માટે આત્મા કર્મોથી મુકત પણ થાય છે. મોક્ષ એ છૂટકારા અર્થમાં પણ વપરાય છે. આનો, આનાથી મોક્ષ થયો-એમાં જે કોઇ બંધન અવસ્થાને પામેલ હશે તેનો મોક્ષ-છૂટકારો થયો એ વક્તાનો અભિપ્રાય છે. આત્મા કર્મોના બંધનોથી-સર્વથા છૂટકારો પામે ત્યારે આત્માનો મોક્ષ થયો એ અભિપ્રેત અર્થ છે.

મોક્ષ શબ્દ 'મુચ' ધાતુ ઉપરથી બન્યો છે. 'મુચ' ધાતુ મુકાવું અર્થમાં પણ વપરાય છે. આત્મા, કર્મોથી સર્વથા મૂકાયો-મુકત થયો એટલે મોક્ષને પામ્યો. બંધનથી મુકત વ્યકિત કે વસ્તુને આ મુજબ બંધનથી મુકાયો તેવા પ્રયોગો પણ થાય છે તે પણ મુકત અર્થમાં અભિપ્રેત છે.

તેથી કર્મનાં સઘળાં ય બંધનોથી મુકત થવું તેનો જ અર્થ આત્માનો મોક્ષ થયો એટલે કે મોક્ષ છે તે નક્કી થાય છે.

પ્ર-૨૬૪ મોક્ષ સ્થાન કેવું જણાવ્યું છે ?

ઉ-અચલ અને અનંત સુખના ધામરૂપ પરમપદ મોક્ષ સ્થાન છે.

પ્ર-૨૬૫ મોક્ષમાં કેવું સુખ જણાવ્યું છે.

ઉ-આધિ-વ્યાધિ આદિ સર્વ દુઃખોનો સર્વથા સર્વ પ્રકારે અભાવ જ હોવાથી ખાસું-પૂરેપૂરું સુખ મોક્ષમાં જ છે.

નિબંધ હરિફાઇ—અરિહંત વિષય ઉપર ધાર્મિક નિબંધ લેખન હરિફાઇનું આયોજન થયું છે તેમાં નાના મોટા સહુ ભાગ લઇ શકશે. નામ ઉંમર અને સરનામું અંગ્રેજીમાં કરી નિબંધ મોકલી આપશે.

અરિહંત ઉમેદ ભવન, ૨૬૫, લિંગી ચેટ્ટી સ્ટ્રીટ, મદ્રાસ ફો. ૫૧૬૩૬૧

સામાયિક–૨કુરણ

શાસ્ત્ર પાઠો માટે ગાંધી બનવું કે શૂંઠને ગાંઠીયે ગાંધી બનવું ?

આજે શાસ્ત્ર વિહિત આરાધના ક્રિયા, વિધિ, આદિમાં કોઇ જાણકાર શાસ્ત્ર પાઠ શોધે કે પૂછે તે તો બરાબર ગણાય પરંતુ જેમને જાણવું કે શોધવું નથી અને માત્ર પાઠ માગે તે તો વાદ નહિ પણ વિતંડા રૂપે બની જાય.

એક ભાઇ મારી પાસે આવ્યા અને કહે કયા શાસ્ત્રમાં છે કે સ્વપ્નની બોલી દેવદ્રવ્યમાં જાય ? ઘણા બેઠા હતા આ ભાઇને જાણવું સમજવું લાગ્યું નહિ બોટી ચર્ચા ન થાય તેથી કહ્યું કે તમે કયા ગ્રંથ જોવા છે તે કહેજો તેમાંથી શોધી આપીશ, પછી ગ્રંથનું નામ તો લીધું નહિ ત્યાં વાત પતી.

એક પુત્ર તેની માતાને કહે કે આ મારા પિતા છે તેની ખાત્રી શી ? શું તેનો કોઇ પુરાવો મળે ? પરંતુ પિતા તરીકે વહેવાર ચાલે છે તેજ પુરાવો છે. પં. શ્રી પ્રભુદાસભાઇએ લખ્યુ છે કે આજ દસ્તાવેજ વિ. વિના માલિક નકી ન થાય તેવા કાયદા થયા છે પરંતુ એક ભાઇ એક મકાનમાં રહે છે જમીન ખેડે છે તેની ૩–૪ પેઢીની ચાલે છે તેની વહી કે દસ્તાવેજ નથી તો તેને કોણ કાઢી શકે ? તે રહે છે અને જમીન ૩–૪ પેઢીથી ખેડે છે તેજ પુરાવા છે. પુરાવા અભાવે તે ઘર કે જમીન છોડી દેતો નથી.

પ્રતિક્રમણવિધિમાં શાંતિ સકલતીર્થ વિ. કયાંથી આવે કે ઇ ગોઠવ્યા વિ. માટે પુરાવો માગે તો શું મળે તે જ પુરાવા છે કે બધા તે પ્રમાણે કરે છે ?

ગુરુપૂજનનું શાસ્ત્રમાં વિધાન નથી. હોય તો તેવો પાઠ આપો તેમ કોઇ કહે તો તે જ પુરાવો છે કે ગુરુપૂજનની વિધિ ચાલે છે ? જેને શાસ્ત્રનો પાઠ નથી મલ્યો તેમણે કેટલાએ ગુરુપૂજન વિધિ બંધ કરાવી. તો પછી પાઠ માગવાનો અર્થ શો ?

ગુરુપૂજન જ્ઞાન પૂજન થાય છે ત્યાં જો તે રકમ સંઘમાં જમા ન થતી હોય તો ત્યાં જ્ઞાનપૂજન ગુરૂપૂજન એ પણ લાભને બદલે હાની કરે ? સંઘમાં જમા ન કરે અને સાધુ પાસેથી બારોબાર ચાલી જાય તો તે સાધુ પણ તે દ્રવ્યના ચોર બને. સાધુને ચોર બનાવે તેવું ગુરુપૂજન અને જ્ઞાન પૂજનમાં રકમ કેમ મૂકી શકાય ?

ગુરૂપૂજનનો પાઠ નથી તો તે વિધિ બંધ નથી કરાવતા તેજ તેનો પુરાવો છે. છતાં જિજ્ઞાસા કે જાણવા માટે પાઠ શોધવો તે જરૂરી છે પણ પાઠ શોધવાને નામે તેનો અપલાપ કરવો તે વિતંડા છે.

આ પાઠમાં ચરિત્ર મલે તો ન ચાલે, નોંધ મલે તો ન ચાલે તેમ માનનારા પણ કોઇ સાધુના કે ગુરૂના પત્રમાં તેવા ભાવનું આવી જાય તો તરત માની લે તો તે કદાગ્રહ ગયો ન લાગે ? મહા પુરૂષોએ લખેલ ચરિત્રમાં વર્ણન આવે તે માન્ય ન કરાય તે ચરિત્રકાર ઉપર જ અવિશ્વાસ ગણાય કે નહિ ?

છતાં ગુરૂપૂજન માટે બહેનો પૂજન કરે છે શરીરનો ભાગ દેખાય તેમ કહે તો વાસક્ષેપ નાખો કે વેર વહોરવા જાવ ત્યારે શું થાય ? જેમની દૃષ્ટિમાં જ ખામી છે તે તો અજુગતી નજર કરશે જ તેને કોણ રોકશે ? પરંતુ અયોગ્યને કારણે યોગ્ય વિધિનો અપલાપ ન થાય.

આમ છતાં જેઓ ગુરૂપૂજનના શાસ્ત્ર પાઠ નથી તેમ કહે છે તેમને હું નિવેદન કરૂં છું ચરિત્ર આદિ નહિ પરંતુ આગમ પંચાંગીમાંથી આ ગુરૂપૂજનનો પાઠ રજુ કરીશ અને તે વખતે પાઠ માગનારા પ્રમાણિક રહે તો સારૂં અને છતાં ન રહે તો એ પાઠ વાંચીને કમશે કમ ગુરૂપૂજનનો જ નિષેધ કરશે તો પણ વધતો વ્યાઘાત તેમનો બંધ થશે તે પાઠ હવે પછીના સામાયિક સ્કુરણમાં મુકીશ.

એટેન્શન

મિલ્ટ્રીમાં રહેલા સૈનિકને એટેન્શન શબ્દ બોલતાં સાવધાન મુદ્રામાં આવી જાય તે પ્રસિદ્ધ છે.

તેમ આ વખતે પોષ દશમી પ્રસંગે જન્મ ભૂમિ પંચાંગમાં ૧૧ નો ક્ષય હતો તેથી ૧૦+૧૧ સાથે કરનારા પ.પૂ.આ.ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયમાં પં. હેમરત્નવિજયજી ગણિવરની નિશ્રામાં કાત્રજમા માગશર વદ ૮--૯-૧૦+૧૧ સોમ મંગળ બુધ તા. ૨૬-૨૭-૨૮ ડીસેમ્બર ૯૪ લખીને શાસ્ત્રીય એટેન્શન બતાવ્યું તે ધન્યવાદને પાત્ર છે બાકી કોઇ કલરવ કરે તે ભયથી કંઇ ફેરફાર લખવો પડે તેમ બંને કોઇએ ૧૧ નો ક્ષય હોવાથી ૯ નો ક્ષય કરીને દશમને ઉભી રાખવા પ્રયત્ન કર્યો છે તે માટે કલ્યાણક તિથિઓને પણ અક્ષય માનવા વડે કલ્યાણક તિથિઓને પણ પર્વ તિથિ માની એ વિશિષ્ટતા ગણાય.

૨૦૫૧ ફા. સુ. ૧
ડુંકવાડા
(વાપી)

જિનેન્દ્રસૂરિ

જૈનં જયતિ શાસનં

—પ્રેમપ્રીય

જૈન શાસન પાંચમા આરાના અંત સુધી જયવંતુ રહેવાનું છે. ચરમ તીર્થપતિ અરિહંત પરમાત્મા દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામી ફરમાવી ગયા છે કે મારૂ શાસન ચાળણીની માફક ચળાવાનું છે તેમજ મારી ગેરહાજરીમાં મારૂ શાસન સિંહના કલેવર સમાન ગણાવવાનું છે. સિંહના કલેવરને પણ જોઇને હાથી વગેરે બીજા પ્રાણીઓ ભાગી જાય છે. સિંહના કલેવરને ઉની આંચ પણ ન આવે પરંતુ સિંહના કલેવરમાં પડેલા કીડાઓ જ સિંહના કલેવરને કોતરી કોતરીને જર્જરીત કરી દે છે તેમ ભગવાન મહાવીર દેવે ભાખ્યું છે કે મારા શાસન પર ઇતર ધર્મીઓ તરફથી આક્રમણ આવી શકવાના નથી પણ મારા શાસનમાં રહેલા કીડા સમાન આચાર્ય વગેરે સાધુઓ અને સુધારક ગણાતા શ્રાવકો જ શાસ્ત્ર વિરુધ્ધ પ્રરૂપણા અને પ્રવૃત્તિઓ કરવા દ્વારા શાસનને કોતરી કોતરી જીર્ણ-શીર્ણ કરી નાખવાના પ્રયત્ન કરશે. ભગવાને ભાખ્યું ભાવિ આજે નજરો નજર પ્રસંગે પ્રસંગે દેખા દીધા કરે છે. આવો જ એક પ્રસંગ તા. ૫ ફેબ્રુઆરી ૧૯૯૫ ના રોજ બનવાનો છે જે શાસનની મર્યાદાનો ભયંકર વિઘાતક છે. આચાર્યશ્રી રાજયશસૂરિજીની નિશ્રામાં શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરાથી અત્યંત વિરૂદ્ધ કાર્ય 'લકી ડ્રો' (લોટરી) પદ્ધતિથી શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ. તીર્થ પારસનગર નગપૂરા (દુર્ગ–મધ્યપ્રદેશ) માં પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા પધરાવવાના અને પ્રતિષ્ઠાના પ્રસંગમાં તા. ૫ ફેબ્રુઆરી ૧૯૯૫ ના દિવસે બનવાનું છે.

'લકી ડ્રો' પધ્ધતિ એ લોટરી પધ્ધતિ છે. લોટરી એ સુધરેલો જુગાર છે.

આજની સરકાર દેશી દારૂની બંદી કરાવે છે અને વિલાયતી [સુધરેલા] દારૂને સપોર્ટ આપે છે તેવી રીતે જ જુગાર બંદી કરાવે છે કોઇ જુગાર રમતુ હોય તો ત્યાં ધાડ પડાવી જુગારીઓને પકડી જેલ ભેગા કરે છે જયારે કલબોમાં રમાતા સુધરેલા જુગારોને અને લોટરીના જુગારોને સપોર્ટ આપે છે કેમકે સરકાર સ્વાર્થી અને બીન સમજદાર છે સરકારને તો આવા કુકર્તવ્યોમાંથી પણ કમાણી કરવાની જ વૃતિ હોય છે.

લકી ડ્રો (લોટરી)વગેરે સુધરેલા જુગારો પણ સાત વ્યસનોના મહાપાપોમાંનું એક મહાપાપ જ છે. આવા મહાપાપો ધર્મસ્થાનો અને પ્રતિષ્ઠા આદિના ધાર્મિક પ્રસંગોમાં સેવાય તો ધર્મના સ્થાનો મહા અધર્મના સ્થાનો અને ધર્મકાર્યો મહા અધર્મના કાર્યો બની જાય છે જેના પરિણામ આગળ જતા શાસનમાં મહા વિઘાતક નિવડે છે જેનાથી જૈન શાસન અને જૈન સંઘને ઘણું ભોગવવું પડે છે.

નગપૂરા (દુર્ગ–મધ્ય પ્રદેશ)માં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ પ્રભુજીની પ્રતિમા ભરા-

વવાના અને પ્રતિષ્ઠાના પ્રસંગમાં 'લકી ડ્રો'ની જે પદ્ધતિ અપનાવાઇ છે એ એક શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ સર્વોદય વિકાસ એવં પ્રતિષ્ઠા સમિતિ દ્વારા છપાયેલી પત્રિકા દ્વારા જાણવા મળ્યું જેમાં લકી ડ્રા (લૉટરી) રૂપ સુધરેલા જુગારનું મહાપાપ જ કરવાનું થઇ રહ્યું છે.

આજે ગચ્છાધિપતિઓ ગચ્છના ધોરીઓ મોટા મોટા વ્યાખ્યાનકારો અને વિદ્વાન ગણાતા આચાર્યાદિ સાધુ ભગવંતો અને સુશ્રાવક આગેવાનો લકી ડ્રા (લૉટરી)ના જુગારના પાપ કૃત્ય પ્રતિષ્ઠાદિના પ્રસંગોમાં કરાવનારા અને કરનારા આચાર્યાદિ સાધુઓને વ્યવસ્થાપકોને જુગારના પાપકૃત્ય કરવા પૂર્વકનો ધાર્મિક પ્રસંગમાં લાભ લેનારા અને એમાં ગૌરવ માનનારાઓને સમજાવી આવા ભયંકર પાપોથી ધર્મસ્થાનોને મુક્ત કરાવવામાં કેમ ઉપેક્ષા કરતા હશે અને એઓ ન સમજે તો તેનો વિરોધ પણ કેમ નથી કરતા એનું કાંઇ કારણ સમજાતું નથી. શાસન રક્ષક મહાપુરૂષો આવા ધર્મ પ્રસંગો આદિમાં સેવાતા પાપાચારોના વિરોધની સિંહ ગર્જના નહી કરે તો આ લુંટારા એ જૈન શાસનને ખોડી બામણીનું ખેતર સમજી જૈન શાસનની ઘણી ઘણી શાસ્ત્રીય વાતો અને મર્યાદાઓ તથા શુભ પ્રણાલિકાઓનો ખુદ્દો બોલાવી નાખશે.

થોડા વર્ષો પહેલા સિધ્ધગિરિ રાજ ઉપર જ્યારે લકી ડ્રા [સુધરેલા જુગારના] મહાપાપોથી પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી ત્યારે પણ જૈન શાસનના આચાર્યાદિ ઘણા ધોરી પુરૂષોએ સમજાવવા છતાં ન માનતા જોરદાર વિરોધ કર્યો હતો કેટલાક આચાર્યાદિના અને આગેવાન શ્રાવકોના જકડી અને ઝીદ્દી વલણના કારણે એ પ્રતિષ્ઠાના પ્રસંગમાંથી લકી ડ્રા (લૉટરી) પદ્ધતિના જુગારનું મહાપાપ ન નીકળ્યું પરંતુ પ્રતિષ્ઠામાં ભાગ લેનારા કેટલાક પુણ્યશાલીઓ શાસન નાયક આચાર્ય ભગવંતો વગેરેના માર્ગદર્શન મુજબ પ્રભુજીની પ્રતિષ્ઠાને યોગ્ય એવી પોતાની રકમ દેવદ્રવ્યમાં ભરપાઇ કરીને એ મહાપાપથી બચી ગયા હતા.

પત્રિકામાં લકી ડ્રો 'પધ્ધતિથી શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા ભરાવવાનું તથા પ્રતિષ્ઠા કરાવવાનું લખાણ આ પ્રમાણે છે.

'દેશભરના અસંખ્ય શ્રાવક શ્રાવિકાઓની.... ...તીર્થ નિર્માણ પૂર્ણતા સાથે ૫ ફેબ્રુઆરી ૧૯૯૫ એ ઐતિહાસિક પ્રતિષ્ઠા સંપન્નતા માટે તીર્થ ભક્તોની ઇચ્છાનું રૂપ રૂા. ૫૫૫૫ ની 'પુણ્યાત્મા તીર્થ નિર્માણ'ની યોજનામાં લાભ લેવાવાલા ભાગ્યશાલીઓને શ્રી જિનેશ્વર પાર્શ્વ પ્રભુજીની પ્રતિમા ભરાવવાનો તથા પ્રતિષ્ઠા કરાવવાનો અવસર આપવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે તથા 'પુણ્યાત્મા તીર્થ નિર્માણ યોજનામાં' રસીદોમાંથી બે નામ ડ્રા દ્વારા કાઢવામાં આવશે. પ્રથમ આવનાર ભાગ્યશાલીને શ્રી આત્મજ્ઞાય કમલાકર લબ્ધિયાય પાર્શ્વપ્રભુની પ્રતિમા (૪૧ ઇંચ) ભરાવવાનો લાભ તેમજ દ્વિતીય ભાગ્યશાલીને પ્રતિષ્ઠાનો લાભ આપવામાં આવશે. ડ્રા શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થમાં ૨૮ ડિસેમ્બર ૧૯૯૪ ના તીર્થ

પૂજ્ય પ્રતિષ્ઠાચાર્યશ્રીની નિશ્રામાં કાઢવામાં આવશે. 'આવા' આપશ્રી આજે જ ૫૫૫૫ રૂા.નો બેંક ડ્રાફ્ટ શેઠ લબ્ધિનાથ શાંતિનાથ પારસ ટ્રસ્ટ દુર્ગના નામે બનાવી શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થ પારસનગર પો. નગપુરા જિ. દુર્ગ (મ. પ્ર.) ના સરનામા પર મોકલી આપો અને મૂર્તિ ભરાવવાનો તથા પ્રતિષ્ઠાનો અપૂર્વ અવસર પામો.'

લોટરીમાં ૧૦ રૂા. ૧૦૦ રૂા. આદિ લગાડી ૧૦ લાખ–૨૦ લાખાદિ રૂપિયાની મોટી રકમ મેળવે છે તો એ ૧૦ રૂા. ૧૦૦ રૂા. આદિના બદલામાં ૧૦ લાખ–૨૦ લાખાદિની મોટી રકમ મેળવવી એ એક જાતનો જુગાર જ છે તેમ ૫૫૫૫ રૂા. માં ૫–૧૦ કે ૨૫ લાખાદિ રૂા.માં ચઢાવા થી મેળવાતી પ્રભુ પ્રતિષ્ઠાનો લાભ લેવો એ પણ એક જાતનો જુગાર જ છે અને આવાં જુગારમાં આવી રીતના અત્યલ્પ રકમમાં પ્રતિષ્ઠાદિનો લાભ લેવાની વૃત્તિ અને લાભ લેવો એ મહાપાપ છે.

આ એક મોટું પાપ છે તેમ પ્રતિષ્ઠાદિ પ્રસંગોમાં બોલીઓ–ચઢાવા બોલાવવાની જે શાસન માન્ય પરંપરા છે તેનો ભંગ કરવાનું પણ મહાપાપ આમાં થઇ રહ્યું છે ચઢાવા બોલવા દ્વારા જે દેવદ્રવ્યની વૃધ્ધિ થવાની હતી અને એના દ્વારા અનેકાનેક જિનમંદિરોના જીર્ણોધ્ધારાદિના કાર્યો કરવા દ્વારા જિન મંદિરોને જયવંતા રાખવાનું જે અનુપમ કાર્ય પૂર્વ પરંપરાથી થતું આવ્યું હતું તેનો અહિં વિનાશ નોતરે એવું ચઢાવા બોલવાની શાસન માન્ય પરંપરાનો ભંગ કરવાથી દેવદ્રવ્યની હાનિ કરવાનું ઘોરાતિઘોર પાપ આ પ્રવૃત્તિમાં થવાનું છે.

તેમજ ચઢાવા બોલતી વખતે ચતુર્વિધ સંઘમાં જે ભાવોલ્લાસની વૃધ્ધિ જેમ જેમ ચઢાવા બોલતા જાય તેમ વધતી જાય છે અને અનુમોદનાદિ દ્વારા ભાવિકો જે લાભ ઉઠાવે છે એનાથી પણ તેઓને વંચિત કરવાનું ભયંકર પાપ થવાનું છે.

લકી ડ્રા પધ્ધતિથી પ્રતિષ્ઠાદિના કાર્યો કરવામાં દીર્ઘ દૃષ્ટિથી નિહાલવામાં આવે તો આવા અનેકાન્તેક નુકસાનોનો ખ્યાલ આવ્યા વગર ન રહે.

તીર્થસ્થાનોમાં ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં કે ધર્મકાર્યોમાં લકી ડ્રા (લોટરી)ના જુગારની હલકામાં હલકી કુટનીતિ અપનાવવામાં તીર્થસ્થાનો ધર્મસ્થાનો કે ધર્મનો કોઇ વિકાસ થતો નથી એ વાસ્તવિક હકીકત છે.

અંજન શલાકા પ્રતિષ્ઠા આદિના કાર્યો એ કાંઇ રમતગમતના પ્રોગ્રામો નથી એ તો જોખમદારી અને જવાબદારીના કાર્યો છે આવા પ્રસંગોમાં લકી ડ્રા [લોટરી] જુગારનું મહા પાપ આચરવામાં આવે તો પ્રતિષ્ઠાદિ કરનારા આચાર્યોદિને નુકસાન થવાની–સંઘને નુકશાન થવાની જિનમંદિર પ્રતિમાદિને નુકસાન થવાની તથા પ્રતિષ્ઠાદિ કરાવવાનો લાભ લેનારને પણ નુકશાન થવાની શકયતા રહે છે. સિધ્ધગિરિમાં લોટરી પધ્ધતિથી જે પ્રતિષ્ઠા થઇ તેમાં પ્રતિષ્ઠા પહેલા અને પછી શું નુકશાન થયું તે જગજાહેર છે જ. કદાચ કોઇનું પાપી

પુણ્ય જોર કરતું હોય ને નુકશાન થાય તો જિનાજ્ઞા ભંગના ઘણા પાપો આમાં થવાથી એવા પાપ કાર્યો બંધાય કે એના પરિણામે પરલોકમાં દુર્ગતિની અંદર દુરન્ત દુઃખો ભોગવવાનો અવસર આવી લાગે. સંસારમાં અનંતકાલ પણ ભુંડા હાલે ભટકવું પડે.

આગળ જઈને પ્રતિષ્ઠા સમિતિએ અને આચાર્યશ્રી રાજયશ સૂ. એ તો હદ કરી નાખી છે એમણે દાન ધર્મને ઉડાડી દેવાનું પણ એ કુકૃત્ય કર્યું છે.

શુભ સંદેશ પધારો...

પ. પૂ. આ. શ્રીમદ્ રાજયશ સૂ. મ. સા. ની નિશ્રામાં શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ નગપુરા [દુર્ગ–મ. પ્ર.]માં પરમતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વ પ્રભુના જન્મ–દીક્ષા કલ્યાણક અવસર પર ૨૭–૨૮–૨૯ ડીસેમ્બર ૧૯૯૪ એ અટ્ઠમતપ આરાધનાર્થે પધારો. તીર્થમાં અટ્ઠમતપ કરવાવાળા તપસ્વિઓના નામો લકી ડ્રો કાઢવામાં આવશે જે પુણ્યશાળી તપસ્વીનું નામ આવશે એને શ્રી અમીઝરા પાર્શ્વ પ્રભુની પ્રતિમા (૩૧ ઇંચ)નો મૂળ ગભારાના નિયત સ્થાનમાં પ્રતિષ્ઠાનો લાભ આપવામાં આવશે.

જૈન શાસનમાં દાન–શીલ–તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ તીર્થંકર ભગવંતોએ બતાવ્યો છે. ગૃહસ્થ શ્રાવક ધન દ્રવ્ય લઇને બેઠો હોય છે એને ધનદ્રવ્યની મૂર્છા ઉતારવા દાન ધર્મ મુખ્યતયા કરવાનો છે માટે જ પરમ તારક તીર્થંકર ભગવંતો ચાર પ્રકારના ધર્મોમાં પ્રથમ દાન ધર્મ પ્રરૂપ્યો છે જેને દાનધર્મ મુખ્યતયા કરવાનો છે એવા ગૃહસ્થોને અટ્ઠમતપ કરાવી. અઠમ કરનારાઓના લકી ડ્રો દ્વારા નામ કાઢી તેને શ્રી અમીઝરા પાર્શ્વનાથની પ્રતિષ્ઠાનો લાભ આપવો એમાં મફતીયો ધર્મ કરાવવાનું મોટું પાપ પણ કરાવાઇ રહ્યું છે. ધનની મુર્છા ઉતારવા માટે ધન ખર્ચી ચઢાવા દ્વારા પ્રતિષ્ઠાનો લાભ લેવાની શાસન સમ્મત પ્રણાલિકાને પણ આ મફતીયો લાભ આપવા દ્વારા નેસ્તનાબુદ કરવાનું પાપ છે અને તપથી જુગાર રમવાનું પણ આમાં પાપ સમાયેલું છે.

લકી ડ્રો દ્વારા શ્રી અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમાજીને ગભારામ નિયત સ્થાને પ્રતિષ્ઠાનો લાભ આપવાની જાહેરાત કરવા દ્વારા અટ્ઠમતપની આરાધના કરવા માટે ગૃહસ્થોને આમંત્રણ આપવામાં આવ્યું એમાં પણ અટ્ઠમની આરાધના પ્રતિષ્ઠાની લાલસાથી કરાવવાનું કાર્ય હોવાથી શાસન મર્યાદા વિરૂધ્ધનું એક અનોખું પાપ છે.

શાસન પ્રભાવક અને રક્ષક પરમગીતાર્થ પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ કર્યા ? કે જેમણે શાસ્ત્રીય સિધ્ધાંતોની રક્ષા ખાતર જબરજસ્ત ભોગ આપ્યો છે. શાસ્ત્રના સિધ્ધાંતો જગતને સમજાવી મહાન ઉપકાર કર્યો છે. અને આચાર્યશ્રી શ્રી રાજયશસૂરીજી કર્યા ? કે જેઓ આ. ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજની બધી જ શૈધ્ધાન્તિક માન્યતાઓને કબરમાં દાટી તેઓશ્રીજી વિરૂધ્ધની 'માણકમાં બોલવાની એક તીથિની આરાધના કરવાની પખ્ખી પ્રતિક્રમણ આદિમાં સંતિકરં બોલવાની'

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ ઓસપ્પિણુવસપ્પિણી બારસઅરગેસુ હોઇ સંમત્તં ।
તિયચઉપંચસુ વિરઈ અવસપ્પુવસપ્પિ તિચઉત્થે ।।

અવસર્પિણી અને ઉત્સર્પિણીના બારે આરામાં સમ્યક્ત્વ હોય છે અર્થાત્ સમ્યક્ત્વ જીવ પામી શકે છે. જ્યારે વિરતિ તો અવસર્પિણીના ત્રીજા-ચોથા અને પાંચમા આરામાં તથા ઉત્સર્પિણીના ત્રીજા-ચોથા આરામાં પમાય છે

૦ અટ્ઠણ્હં જણણીઓ તિત્થયરાણં તુ હુંતિ સિદ્ધાઓ ।
અટ્ઠ ય સણંકુમારે માહિંદે અટ્ઠ બોધવ્વા ।।૩૨૫।।
નાગેસુ ઉસભપિયા સેસાણં સત્ત હુંતિ ઈસાણે ।
અટ્ઠ ય સણંકુમારે, માહિંદે અટ્ઠ બોધવ્વા ।।૩૨૬।।

(પ્રવચન સારોદ્ધાર-દ્વાર-૧૨)

શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનથી શ્રી ચન્દ્રપ્રભ સ્વામિ ભગવાન સુધીની તેઓની આઠે ય માતાઓ મોક્ષમાં ગઈ છે.

શ્રી સુવિધિનાથ સ્વામિ ભગવાનથી શ્રી શાંતિનાથ સ્વામિ ભગવાનની-તે આઠેનીય માતાઓ સનતકુમાર નામના ત્રીજા દેવલોકમાં ગઈ છે.

ઇત્યાદિ કેટલીએ પ્રવૃત્તિઓ કરવાના પાપમાં પડી ગયા છે એમાં વળી લટકી ડે। જેવા જુગારના ઘોર પાપથી પ્રતિષ્ઠાદિ કરવાના ફતવામાં ફસાઇ જૈન શાસનની મર્યાદાઓના ભૂક્કા બોલાવી લોકોને ઉન્માર્ગના રવાડે ચઢાવી જૈન શાસનને પારાવાર નુકસાન કરી રહ્યા છે કે જેઓએ જૈન જયતિ શાસનનું સૂત્ર લોકોને આપી તેના નારા લગડાવ્યા છે. ક્યાં જૈન જયતિ શાસન"નું સૂત્ર અને ક્યાં તેઓશ્રીની જૈન શાસનથી તદ્દન વિપરીત અને વિરૂધ્ધ પ્રવૃત્તિઓ ?

શાસન માર્ગથી ભૂલા પડેલા આચાર્યશ્રી ! દુર્ગતિના સંસારમાં પરિભ્રમણ કરાવનારી અને પોતાના આત્માનો વિનિપાત નોતરનારી પ્રવૃત્તિઓથી પોતાની ગાડીને રીવર્સમાં લઈ શાસનના અને તેઓના ગુરૂ-પરમ ગુરૂવર્યોના માર્ગે ચાલે તો શાસને અનહદ નુકશાન કરવાના પાપથી બચી જાય અને શાસનનું ભલું કરવા સાથે પોતાનું પણ ભલું કરી શકે.

સત્ય હકીકતને સમજી સન્માર્ગે ચાલનારા બનો. શાસનની સદ્પ્રવૃત્તિઓ કરવામાં તેઓશ્રી લાગી જાય એજ એક શુભેચ્છા.

શ્રી કુંથુનાથ સ્વામિ ભગવાનથી શ્રી મહાવીર સ્વામિ ભગવાન સુધીની આઠેયની માતાઓ માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં ગઇ છે.

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામિના પિતા નાગકુમારમાં ગયા છે.

ભગવાન શ્રી અજિતનાથ સ્વામિથી શ્રી ચન્દ્રપ્રભ સ્વામિ ભગવાનના પિતા-તે માતના પિતા-ઇશાન નામના બીજા દેવલોકમાં ગયા છે.

મતાંતરે શ્રી અજિતનાથ સ્વામિ ભગવાનના પિતા મોક્ષમાં ગયા છે.

શ્રી સુવિધિનાથ સ્વામિ ભગવાનથી શ્રી શાંતિનાથ સ્વામિ ભગવાનના પિતા-તે આઠેના પિતા-સનતકુમાર નામના ત્રીજા દેવલોકમાં ગયા છે.

શ્રી કુંથુનાથ સ્વામિ ભગવાનથી શ્રી મહાવીર સ્વામિ ભગવાનના પિતા-તે આઠેના પિતા-માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં ગયા છે.

• જે શિબિકામાં શ્રી તીર્થંકર પરમાત્માઓ આરૂઢ થઇ વ્રત ગ્રહણ કરે છે તે શિબિકાના નામ. (વિચારસાર પ્રકરણ)

૧ સુદર્શના	૨ સુપ્રભા
૩ સિદ્ધાર્થા	૪ અભયંકરા
૫ નિર્વૃત્તિકરી	૬ મનોહરા
૭ મનોરમા	૮ સુરપ્રભા
૯ શુક્રપ્રભા	૧૦ વિમલપ્રભા
૧૧ પૃથ્વી	૧૨ દેવદિન્ના (દેવદત્તા)
૧૩ સાગરદત્તા	૧૪ નાગદત્તા
૧૫ સર્વાર્થસિદ્ધા	૧૬ વિજયા
૧૭ વૈજયંતી	૧૮ જયંતિ
૧૯ અપરાજિતા	૨૦ દેવકુરુ
૨૧ ઉત્તરકુરુ	૨૨ દ્વારવતી
૨૩ વિશાલા	૨૪ ચંદ્રપ્રભા

• જે વયે વ્રત ગ્રહણ કર્યું તે--

વીરો અરઓ નેમી પાસો મલ્લી ય વાસુપુજ્જો ય ।
પઢમવએ પવ્વઇયા સેસા ઉણ પચ્છિમવયંમિ ।।

(વિચારસાર પ્રકરણ ગા. ૧૨૬)

શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાન, શ્રી અરનાથ સ્વામિ ભગવાન, શ્રી મલ્લિનાથ સ્વામિ ભગવાન, શ્રી નેમિનાથ સ્વામિ ભગવાન, શ્રી પાર્શ્વનાથ સ્વામિ ભગવાન અને ચરમતીર્થપતિ શ્રી મહાવીર સ્વામિ ભગવાને પ્રથમ વયમાં વ્રતને ગ્રહણ કર્યું અને બાકીના અઢાર [૧૮] શ્રી તીર્થંકર પરમાત્માઓએ પાછલી વયમાં વ્રતને ગ્રહણ કર્યું. (ક્રમશઃ)



પ્યારા ભૂલકાંઓ,

બાલવાટિકા માટે તમારી મમતા કાચા સુતરના તાંતણે બંધાયેલ છે તે જાણી આનંદ, આવા નમૂનેદાર પત્રો વાંચી મને શેર શેર લોહી ચઢે છે.

તમારા લખાણો વાંચતા મને એમ થાય છે કે બાલ્યકાળમાં તમારા માત-પિતાએ સુસંસ્કારોનું આરોપણ તમારા જીવનમાં કર્યું છે. તે સંસ્કારો મોટા થાવ તો પણ ટકાવી રાખજો.

આજ આ યુગમાં કુટેવો જલ્દી પેસી જાય છે માટે બાલ્યકાળમાં હંમેશાં સારી સોબત કરજો. મન બગડે તેવું જોશો નહિ, વાણી બગડે તેવું બોલશો નહિ અને કાયાથી કોઇનું ખરાબ કરશો નહિ. કોઇની ખરાબ વાતો સાંભળશો નહિ. સારા સંસ્કારો મેળવવા ટકાવવા માટે આટલું જરૂર લક્ષમાં રાખજો. સુંદર ચારિત્ર પળાય તે માટે સારૂં સારૂં વાંચન કરજો. સારૂં વાંચન પ્રસારિત કરતા નાના નાના મેગેઝીનો વસાવજો, મન થાય ત્યારે તેનું વાંચન કરજો. વાચેલું મનન કરજો.

શ્રાવક કૂળમાં તમને જે જન્મ પ્રાપ્ત થયો છે તે તમારી મહાન પૂણ્યાઇ છે. તે કૂળને અજવાળનારું આચરણ આચરીને જીવન અજવાળજો.

સુદેવ-સુગુરુ અને સુધર્મની યથા યોગ્ય સમજણ મેળવી. શ્રદ્ધા-ભક્તિ-બહુમાન કેળવી એમના કહ્યા પ્રમાણે જીવન નૌકા ચલાવશો તો કયારેય પસ્તાવાનો વારો નહી આવે, બાલ્યવયમાં સુંદર આરાધના કરો છો પણ એ આરાધનાને મોટા થઈને ભૂલશો નહિ.

તમારા લખાણો વહેલા પ્રગટ થાય તે માટે તમે સૌ વિનંતી કરો છો. તે વિનંતી મારા ધ્યાનમાં છે અવશ્યે અમલ કરવા પ્રયત્ન જરૂર કરીશ ને હવે તમે મારી કહેલી વાત સ્વીકારશોને !

-રવિશશુ
૬. જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર

મકાનની છત કાચી હોય તો પાણી પેસી જાય તેમ કાનની છત કાચી હોય તો કુવિચારો ઘુસી જાય.

સંપાદક નોંધ

(બાળકો આપણી બાળવાટીકામાં એક નવી-જૂની કહેવતોનો એક છોડ ઉગ્યો છે. એક-એક પુષ્પ દરેક બાળવાટિકામાં આજથી

સુગંધ ફેલાવશે.

તમને ગમશે ને ! તમારી બાળવાટિકામાં તમને શું પસંદ આવ્યું ? તમારા કાવ્ય-લેખો-વાર્તા-ટુચકા-હાસ્યલેખ વગેરે સુંદર અક્ષરમાં લખી મોકલશો ને!)

કહેવત કથા

અક્કલ વેચી ચણા ખાધા

અક્કલ હોંશિયારીથી બુદ્ધિભર્યા તેમજ સુંદર કામ પણ કરી શકાય છે. અક્કલમાં ખામી હોય તો મુર્ખામી ભરેલાં કામો પણ થઇ જાય છે આ માટે એક સુંદર કહેવત પ્રચલિત છે "અક્કલ વેચી ચણા ખાધા" આ અંગેની કહેવત કથા આ પ્રમાણે છે

શહેરમાં એક શ્રીમન્ત શેઠ રહેતા હતાં જે ખુબ લોભી હતાં. એક પાઇ પણ બીજા માટે તો ઠીક પોતાના માટે પણ વાપરે નહિ, કરકસરથી રહે. એક ઠગ બાવાને આ વાતની જાણ થઇ તેણે એ શેઠને લુંટવાનો ત્રાગડો રચ્યો.

બાવો એક પોપટની સાથે શહેરમાં આવ્યો. આ પોપટ પઢાવેલો. જે કોઇ તેને સવાલ કરે તેનો હકારમાં એકજ જવાબ આપે "જરૂર" એક દિવસ મોકો જોઇ બાવાએ એક સ્થળે પાત્રમાં થોડું ધન દાટી દીધું. રાતના એકાન્તમાં દાટેલ હોવાથી કોઇને ખબર ન પડી. બાકી, આ સ્થળ દિવસના સમયે ભારે ભીડવાળું જ રહેતું. બીજે દિવસે બાવો પોપટને લઇને એ સ્થળે બેઠો લોકો ભેગા થઇ ગયાં એટલે બાવાએ પોપટને પૂછયું, "બોલ બચ્ચા આ સ્થળે કાંઇ ધન-દૌલત મળી શકે તેમ છે ? પોપટ તો શીખવેલું બોલી ગયો 'જરૂર-જરૂર' બાવાએ લોકો તરફ જોઇને કહ્યું જુવો મારો પોપટ ત્રિકાળ જ્ઞાની છે. તેનું કહેવું ખોટું પડે જ નહિ. એમ કહી તેને ધન દાટી રાખ્યું હતું ત્યાં જ ખાડો ખોદાવ્યો તો તેમાંથી પણ સાથે ધન નીકળી આવ્યું. આ જોઇ લોકો વાહ વાહ કરવાં લાગ્યાં અને પોપટનાં ગુણ ગાવા લાગ્યો. આ ભીડમાં શેઠનો નોકર પણ હતો. જેને ઘરે આવી શેઠને સઘળી હકીકત કહી. આ આ સાંભળી લોભી શેઠનું લોભપણું સળવળી ઉઠયું. બીજે દિવસે શેઠ બાવા પાસે આવ્યો બાવો તેની જ રાહ જોતો ત્યાં ધૂણી ધકાવીને બેઠો હતો. શેઠે વંદન બંદન કરી બાવાને પૂછયું આ પ્યારો પોપટ આપને વેચવો છે ?

બાવાએ કહ્યું 'શેઠજી ! આ પોપટ નથી મારાં બચ્ચાં બરાબર છે અને આ તો જ્ઞાની છે. તે દેવી જ્ઞાન ધરાવે છે.

'આપ કહો તે કિંમત આપણે ચરણે ધરી દઉં શેઠે કહ્યું. આ સાંભળી, બાવો તો મૌન જ રહ્યો. શેઠ વધારે જીદે ભરાયાં, 'મહારાજ આપ કહો તે કિંમત આપવા તૈયાર છું પણ મને આ પોપટ આપી દો. આખરે રકઝક પછી સાધુએ કહ્યું આપને નારાજ કરવા માંગતો નથી તમને યોગ્ય લાગે તે કિંમત આપો. શેઠ વિચારમાં પડયાં, શું આપવું ? કેટલી રકમ કહેવી તે ન સુઝતાં તેને પોપટને જ પૂછયું, પોપટજી તમારી કિંમત રૂા. ૫૧૦૦૬ બરોબર છે, પઢાવેલાં પોપટે તુરંત કહ્યું 'જરૂર જરૂર' પોતાની વાતમાં સંમતિ મળતાં શેઠ તો ખુશ ખુશ થઇ ગયો. જુઓ મહારાજ પોપટે પોતે જ સંમતિ બતાવી

પોતાની કિંમત બતાવી છે તેથી આપ પણ પોપટ મને આપીને આ રોકડા રૂા. ૫૧૦૦૦ લઈ લો છેવટે ઘણીવારે બાવાએ પોપટ શેઠને સોંપી દીધો. શેઠ ખુશખુશ થતાંથતાં જ્ઞાની પોપટને ઘર તરફ લઇ ગયાં અને બાવો પોતાનો મુકામ ઉઠાવી ત્યાંથી છૂ થઇ ગયો. શેઠે ઘરે આવી રાજી થતાં થતાં પોપટને પૂછયું–બોલ બેટા અહીંથી ધન મળશે ખરુ? તુરંત પોપટ બોલી ઉઠયો 'જરૂર...જરૂર' પછી પૂછવું જ શું? શેઠે એકદમ અધીરા થઈ ત્યાં બોદી કાઢયું તો માત્ર પથરા નીકળ્યાં. શેઠે વિચાર્યું કાંઇ ભુલ થઇ લાગે છે પ્રશ્ન બરાબર થયો નથી એટલે શેઠ તેને બગીચામાં લઇ ગયાં બોલ બેટાં અહીં ધન દાટયું છે. એજ જવાબ 'જરૂર—જરૂર' શેઠે તો બગીચો બોદાવી કાઢયો પાછો એના એજ પથરાં આમ શેઠે તો દોડાદોડી કરી મુકી બે ત્રણ–ચાર પ્રયત્ન શેઠે કર્યા. પણ કંઇ જ ધન ન મળ્યું, લોકોને પણ હવે આ વાતની જાણ થઇ ગઇ. પોપટ માત્ર જરૂર જરૂર બોલે છે બીજું તેથી વધુ કંઇ બોલી શકતો નથી. લોકો પણ એકબીજાને કહેવા લાગ્યા શેઠે 'અકકલ વેચી ચણા આધા'

–મનીષા

બાળ ગઝલ

કંચન સે કીરત બડી, કીરત સે કલ્યાણ;
કલ્યાણ સે ઇજ્જત બડી,
ઇજ્જત સે બડા દાન.

–ઇશીતા

(દુઃખ દુઃખ દુઃખ)

રાણીના જીવનમાં દુઃખ–સીતા
રાજાના જીવનમાં દુઃખ–શ્રેણિક
ચક્રવર્તીના જીવનમાં દુઃખ–સનતકુમાર
મુનિના જીવનમાં દુઃખ–ખંધકમુનિ
બાળકના જીવનમાં ,, –અમરકુમાર
પત્નીના જીવનમાં ,, –અંજના
પશુના જીવનમાં ,, –હાથી (મેઘકુમાર)
પક્ષીના જીવનમાં ,, –જટાયું
પ્રધાનના જીવનમાં ,, –શકટાલ
શેઠના જીવનમાં ,, –સુદર્શન શેઠ
કસાયના જીવનમાં ,, –કાલસૌરીક
ચોરના જીવનમાં ,, –વંકચુલ
સતીના જીવનમાં ,, –દ્રૌપદી
રાજકુમારીના જીવનમાં દુઃખ–ચંદનબાળા
પતીના જીવનમાં દુઃખ–નળરાજા

–દર્શન નમન એચ
રાજકોટ

જૈન શાસન સુધારો

જૈન શાસન અંક ૨૨ તા. ૩૧-૧-૬૫ સહકારમાં રૂા. ૫૦૧) રાજેન્દ્રકુમાર રતિલાલ શાહ અમદાવાદ છપાયેલ છે તેના બદલ શાહ રાજેન્દ્રકુમાર જયંતિલાલ અમદાવાદ સમજવું.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

૩૮. ત્યાં સુધી પુરૂષવેશમાં જ રહેજો

આ બન્ને મુસાફરોની કતલ કરી નાંખીને તેમની સાથે રહેલી પેલી રૂપસુંદરીનું મારા માટે હરણ કરીને અહીં લઇ આવો. બાકી રાનિકો તમને બધું કરવાની છૂટ છે.'

સિંહોદર રાજાના ઘેરા-બંધનમાંથી વજ્રકર્ણ રાજાનો ઉદ્ધાર કરીને રામચંદ્રજી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં સીતાદેવીને સખ્ખત તરસ લાગી.

રામની આજ્ઞાથી લક્ષ્મણ પાણી લેવા ગયા. પાણીની શોધ કરતાં કરતાં એક નયન-રમ્ય સોહામણું સરોવર લક્ષ્મણજીના જોવામાં આવ્યું.

એજ વખતે કુબરનગરનો કલ્યાણમાલા નામનો રાજા પણ ત્યાં ક્રીડા કરવા આવ્યો હતો. લક્ષ્મણને જોતાં જ તે પુરૂષવેશમાં ધારી કલ્યાણમાલા નામની સ્ત્રી-રાજા વાસનાતુર બની. તેણે લક્ષ્મણને ભોજન માટે આમંત્રણ કર્યું. અને લક્ષ્મણ પાસેથી જાણીને રામચંદ્રજી અને સીતાદેવીને પણ ત્યાં જલ્દીથી શિબિર બનાવીને તેડાવી લીધા.

સ્નાન-ભોજન પૂર્ણ થયા પછી લજ્જાથી નીચા મુખવાળી તે કલ્યાણમાલાને કહ્યું કે-હે ભદ્ર! શા માટે સ્ત્રી થઇને પુરૂષના વેશમાં રહે છે?'

કલ્યાણમાલાએ કહ્યું-કુબરપુરના વાલિખિલ્ય નામના રાજાની પૃથ્વિ નામની રાણી ગર્ભવતી હતી તેવા સમયે જ ભયંકર બિહામણા લાગતા મ્લેચ્છોએ પ્રચંડ સૈન્ય સાથે આ નગરી ઉપર હુમલો કર્યો. અને વાલિખિલ્ય રાજાને જીવતા જ પકડી બધાની નજર સામે બાંધીને તે મ્લેચ્છો ઉપાડી ગયા. પૃથ્વિ નામની રાણીએ આ બાજુ પુત્રીને જન્મ આપ્યો છતાં બુદ્ધિશાળી મંત્રીઓએ પુત્ર જન્મની જ જાહેરાત કરી. ત્યારથી માંડીને હું સ્ત્રી હોવા છતાં પુરૂષના વેશમાં રહું છું. હું સ્ત્રી છું તેવી હજી મંત્રીશ્વરો અને માતા સિવાય કોઇને ખબર પડવા દીધી નથી.

મારા જન્મથી- યૌવન સુધીના કાળ સુધી હરામખોર મ્લેચ્છોએ મારા પિતાને તેમની પકકડમાં જ જકડી રાખ્યા છે. પિતાની મુકિત થાય માટે તે હરામખોરો માંગે છે તેટલું ધન તેમને પહોંચતું કર્યા કરૂં છું છતાં તે નાલાયકો ધન ગ્રહણ કરી લે છે પણ મારા પિતાને મુક્ત કરતાં નથી. તો હે રઘુનાથ! આપ મહેરબાની કરીને મારા પિતાને આ મ્લેચ્છોની યાતનામાંથી મુક્ત કરાવો.'

રામચંદ્રજીએ કહ્યું "અમે જ્યાં સુધી મ્લેચ્છો પાસેથી તારા પિતાને છોડાવીએ

નહિ ત્યાં સુધી હે ભદ્રે ! તું પુરૂષવેશથી જ રાજ્ય કરતી રહેજે.'

આ સાંભળતાં જ કલ્યાણમાલા અત્યંત પ્રસન્ન થઇ ગઇ. સુબુદ્ધિમંત્રીએ કહ્યું-'આ લક્ષ્મણ કલ્યાણમાલાના પતિ બનો.'

રામચંદ્રજીએ કહ્યું-'હમણાં તો અમે દેશ-તર જઇએ છીએ પણ પાછા ફરતાં લક્ષ્મણ કલ્યાણમાલાને પરણશે.'

આમ કહી ત્યાં ત્રણ દિવસ રહીને રાત્રે બધા સૂતા હતા ત્યાં જ રામચંદ્રજી ત્યાંથી આગળ ચાલ્યા ગયા, અને ચાલતાં ચાલતાં રામચંદ્રજી ક્રમે કરીને નર્મદા નદીને ઉતર્યા.

મુસાફરોએ અટકાવવા છતાં રામચંદ્રજીએ વિંધ્યાટવીમાં પ્રવેશ કર્યો.

અને જેવો પ્રવેશ કર્યો કે તરત જ દક્ષિણ દિશામાં કંટકિવૃક્ષ ઉપર રહેલા કાગડાએ અવાજ કર્યો. આ અપશુકન હતુ. અને ક્ષીરવૃક્ષ ઉપર રહેલ અન્ય પક્ષીએ મધુર અવાજ કર્યો. આ શુકન હતું. હર્ષ વિષાદ પામ્યા વિના રામચંદ્રજી આગળ જ ચાલ્યા. કારણ કે શુકન કે અપશુકન તો દુર્બલ લોકો ગણતા હોય છે.

આગળ જતાં રામચંદ્રજીએ દેશનો નાશ કરવા નીકળેલું ઉંચા કરેલા હથિયારોવાળું ભયંકર મ્લેચ્છોનું સૈન્ય પોતાના તરફ આવી રહેલું જોયું.

મ્લેચ્છોનો નવયુવાન સેનાપતિ સીતાદેવીને જોઇને કામાતુર બન્યો અને બબડાટ કરતો પોતાના સૈનિકોને કહેવા લાગ્યો કે-"આ બન્ને મુસાફરોની કતલ કરી નાંખીને તેમની સાથે રહેલી પેલી રૂપસુંદરીને હરણ કરીને મને સ્વાધીન કરો. જાવ, સૈનિકો પેલી સુંદરીને મેળવવા માટે તમને બધું જ કરવાની છૂટ છે.'

આટલું બોલીને સેનાપતિ પણ સૈન્ય સહિત રામચંદ્રજી તરફ પ્રચંડ આક્રમણ લઇને આવ્યો. આ જોઇને લક્ષ્મણજીએ રામચંદ્રજીને કહ્યું હે બંધુ ! આપ આર્યા-દેવીની સાથે જ અહીં જ રહો. હમણાં જ આ કૂતરા જેવા મ્લેચ્છોને ઠેકાણે પાડીને હું આવું છું.'

આટલું કહીને લક્ષ્મણજીએ ધનુષનો ગગનભેદી પ્રચંડ ટંકાર કર્યો અને આ ટંકારના ત્રાસથી ત્રાસી જઇને મ્લેચ્છો ક્ષણ પણ ઉભા રહ્યા વિના જીવ લઇને ભાગી છૂટયા. 'આ જોઇને મ્લેચ્છોના રાજાએ વિચાર્યું કે જેનો ધનુષ્યનો ટંકાર આટલો ત્રાસજનક છે તે જો બાણ છોડવા માંડશે તો તો શું ય થશે ! આમ વિચારીને સમય સૂચકતા વાપરીને મ્લેચ્છ રાજા સૈન્ય સહિત શસ્ત્રો ત્યજીને રામના શરણે આવ્યો. પણ હજી લક્ષ્મણજીનો તેમના ઉપરનો ક્રોધ શાંત થયો નથી.

શરણે આવી ગયેલા મ્લેચ્છરાજે કહ્યું. કૌશાંબીના વૈશ્વાનર પિતા અને સાવિત્રી માતાનો રૂદ્રદેવ નામનો બ્રાહ્મણ પુત્ર છું. જનમથી માંડીને કુરકર્મી મે એકે ય પાપ કરવાનું બાકી નથી રાખ્યું. એક વખત ખાતર પાડતો હું રાજપુરૂષોના હાથે ઝડપાઇ ગયો. રાજાએ શૂળીએ ચડાવવાની સજા ફરમાવી. પણ કોઇ વેપારી શ્રાવકે દંડ ભરીને મને જીવતો બચાવ્યો. અને હવે

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

દેરાસરમાં ટી. વી. તે કંઈ જોડાતુ હશે ?

આપણી સાથે બહુ ડહાપણ નહિ મારવાનુ હા, તારી જેટલી હોંશિયારી હોય ને એ બધી મને નહિ બતાવવાની.

હવે મને ડોઢો થતો.

નહિ તો તું શું કરી લઇશ ?

જોવું છે તારે ?

પણ મેં કર્યું શું ? એ તો બોલ.

હવે મને છાનીમાની ડોઢઇ કર્યા વગરની

હવે મને વધુ ઉભા રહેવામાં થોડોક ઓછો સાર લાગ્યો. એટલે ક્ષેત્ર-સંન્યાસ સ્વીકારીને હું પેલા દાઢા હોકના હાથમાંથી છટકવાની તક મળતાં જ છટકી ગયો.

જો કે હું ઘરેથી નીકળ્યો ત્યારે જ બિલાડી આડી ઉતરેલી અને દેરાસર જવા જેવા ધર્મના કામમાં બિલાડીનો વિચાર કરવો બહુ સારો ન લાગ્યો. એટલે દર વખત બિલાડી રસ્તો કાપે ત્યારે ત્યાંથી જ પાછો ફરી જઇને, ગોળની કાંકરી કે દહીં વાંદી લઇને નવકાર, ઉપસગ્ગહરં, આદિ મંગલ કરીને જ જતો. આ એકજ વાર ભૂલી ગયો અને એનો પ્રત્યક્ષ પ્રભાવ જોવા મળ્યો. ..

મારી આ દુર્ઘટનાની વિગત એવી છે કે-બિલાડીની અવગણના કરીને હું દેરાસર

પછી ચોરી ન કરવાની તે શ્રાવકની વાત સ્વીકારી હું તે દેશ તજીને ભમતો ભમતો આ કાક નામની પલ્લિમાં હુ આવી ચઢ્યો. સમય જતાં પલ્લીપતિ બન્યો. અહીં રહ્યો રહ્યો લુંટારાઓ પાસે નગરાદિકને લુંટાવું છું. અને હું જાતે જ રાજાઓને જીવતા જ પકડીને અહીં લઇ આવું છું. પરંતુ હે સ્વામિન્ ! હું તમને વશ છું. હું આપની શી આજ્ઞા કરૂં ? મારાથી થઈ ગયેલા અવિનયની મને ક્ષમા આપો.

રામચંદ્રજીએ કહ્યું-'વાલિખિલ્લ રાજાને મુકત કર'

આ સાંભળતા જ કાક ક્લેચ્છે વાલિખિલ્લને મુકત કર્યો. વાલિખિલ્લ રાજાએ રામચંદ્રજીને નમસ્કાર કર્યા. અને રામચંદ્રજીને ક્લેચ્છરાજ કાકને બીજી આજ્ઞા કરતાવતા કાકરાજ વાલિખિલ્લને તેમના કુબરનગર સુધી સહી સલામત રીતે મૂકી આવ્યા.

જન્મ્યા પછી પહેલીજ વાર પોતાની પુત્રીને પુરૂષવેશમાં રહેલી જોઇને વાલિખિલ્લ રાજા આનંદ પામ્યા

કાક પોતાની પલ્લિએ ગયો.

વનવાસ ભોગવતાં રામચંદ્રજીએ ક્રમે કરીને વિંધ્યાટવીને પસાર કરી. અને માર્ગમાં આવેલી તાપી નદીને ઉતર્યા.

ગયેા તેા ખરા પણ દર્શન કરતી વખતે દરરોજ ભગવાનની જમણી તરફ જ ઉભેા રહેતેા હતેા. પણ આજે કેાણ જાણે શું ય સૂઝયું કે હું બરાબર ભગવાનની સામે જ ઉભેા રહ્યો. સાઇડ ઉપર ન રહયેા. આથી પાછળ રહેલા ચૈત્યવંદન કરનારા દરેકને ભગવાન દેખાતા બંધ થયા.

એક ભાઇએ મને ટકેાર પણ કરી કે સાઇડમાં ઉભા રહે. પાછળ કેાઇને ભગવાનના દર્શન જ નથી થતા. પણ હું દેરાસરમાં ત્રણ-ત્રણ નિસિહી કહીને પ્રવેશેલેા. એટલે આખા સંસારને જાણે સમૂળગેા ભૂલી ગયેા હેાઉ તેમ તે ભાઇની વાણીએ મને કશી અસર ના થઇ.

પછી તેા એક ભાઇએ મને હાથ ઝાલીને જરા સાઇડ ઉપર ધકેલ્યેા. એટલે હવે તેા મારામાં ભલે તાકાત નહિ છતાં આ તેા સ્વમાનનેા સ્વાલ થઇ ગયેા. એટલે હું પાછેા સ્થિતિસ્થાપકની જેમ મૂળ સ્થાને આવી ગયેા.

પછી તેા બે-ચાર ભાઇએ હેા-હા કરી. ઘાંટા-ઘાંટી થઇ એટલે હું જરાક (ગભરાઇને નહિ હેાં કેમકે ધર્મસ્થાનમાં ગમે તે વ્યક્તિ ગમે તેમ કરતેા હેાય તેને મારવા સુધીની મનેાવૃત્તિ ધર્મજનેા મનમાં આવવા નથી દેતા. એટલે) સાઇડ ઉપર ખસી ગયેા. પણ પાછેા (હવે તેા દર્શન કરવાનું કામ પતી ગયેલુ છતાં) ધીરે ધીરે પગને લાંબેા ટુંકેા કરતા કરતા મેં મારી પૂર્વની ભૂમિ સંપાદન કરી લીધી. અને પછી વટની સાથે જ હું ત્યાંથી ખસ્યેા.

પણ મને બિલાડી નડેલી તે ભૂલાઇ ગયેલું હું દર્શનાદિ કરીને બહાર નીકળ્યેા એટલે એક અલમસ્ત શ્રાવકભાઇએ મારેા ઉધડેા લઇ નાંખ્યેા. મારી સામે એમણે દલીલ શું કરી ખબર છે ? એ ભાઇ કહે કે-ઘરમાં ટી.વી. જોનારની વચ્ચમાં ઉભા રહીને જુએા તેા લેાકેા ચીડાય છે કે નહિ ? તેા પછી ભગવાનના દર્શન કરનારની વચેાવચ્ચ ઉભા રહીને દર્શનમાં અંતરાય શું કામ બાંધેા છેા ?

મને તેમની આ દલીલ નહિ જેટલીયે પસંદ ના પડી. કેમકે કયાં રાજાભેાજ અને કયાં ગાંગેા તેલી. એમ કયાં ભગવાન કયાં ટી.વી. પણ મારે તેની અલમસ્ત કાયા જોઇને નમતુ જોખવાનેા ના છૂટકે પ્રસંગ આવ્યેા. કઇ નહિ. બાકી તેા મારી પાસે બીજી ધારદાર દલીલ હતી કે-'ટી.વી. જોડેાતા શેાધાયા ત્યારે તમે ભગવાનના દર્શનમાં અંતરાય કરનારને શું કહેતા હતા ? પણ સત્તા આગળ શાણપણ સારૂ નહિ એમ સમજીને માર પડશે તેવા ડરથી હું વધુ જીભા જોડી કર્યા વગર, ચૂં કે ચાં કર્યા વગર જ ઘર ભેગેા જ થઇ ગયેા.

સાલુ ઘરે જઇને વિચાર્યું તેા લાગ્યું તેા ખરૂ કે ટી.વી. જોનારની આડા ઉભા રહીને અંતરાય ન કરાય તેમ દેરાસરમાં ય દર્શનમાં અંતરાય ન જ કરવેા જોઇએ. (અહીં તમે ટી.વી. જોવાની છૂટ લઇ નેા લેતા. ભગવાનના દર્શનમાં અંતરાય ન કરવાનેા બેાધ લેજો.)

મારા કરતાંય દુનિયામાં બુદ્ધિશાળી લેાકેા પડયા છે ખરા. દા.ત. અલમસ્ત દલીલબાજ શ્રાવકભાઇ દલીચંદ શાહ.

પંક્તિકી આવાજ

-શ્રી ચંદ્રરાજ

રાજગૃહીને આંસુ ભરી અલવિદા

વેદનાની વ્યથામાંને વ્યથામાં જ આખરે તેં પિતાના શબનો સંસ્કાર કર્યો.

પણ...હવે તારૂ ચેનનું ચમન ચિંથરેહાલ થઇ ચૂક્યુ હતુ.

પિતની વિરહ વેદના અને કદર્થના ભરી અપકારોની યાદ તને કયાંય ચેન વળવા દેતુ નથી. એક દિવસ મરી જવાના જ વિચારોમાં વમળોમાં તું ખેંચાઇ ગયો.

"જે થવાનું હતુ તે થઇ ગયુ. આમને આમજ કુણિક વેદના-વ્યથિત રહેશે તો એક દિવસ એવો આવશે કે આ રાજ્ય છિન્ન-ભિન્ન થઇ જશે." આમ મંત્રીઓએ વિચારી તારો શોક દૂર કરવા એક બનાવટી તામ્રપત્ર બતાવી તને છેતર્યો તું છેતરાઇ પણ ગયો.

તામ્રપત્રમાં મંત્રીઓએ જાતે જ લખ્યુ હતુ કે-"મૃત પિતા પુત્રે આપેલા પિંડાદિને પ્રાપ્ત કરે છે. મર્યા પછી પિતાને પુત્ર પિંડાદિ [અન્નાદિ] આપે તો તે જ્યાં હોય ત્યાં રહ્યા રહ્યા ગ્રહણ કરે છે."

જાણે બનાવટી તામ્રપત્રથી છેતરાઇ ગયેલો કુણિક તું પિંડાદિ દેવા લાગ્યો. અને ત્યારથી માંડીને લોકમાં આ પિંડદાન કરવાનો કુરિવાજ ચાલુ થયો છે.

પિંડદાન કરતાં કરતાં તારો શોક ધીમે ધીમે દૂર થવા લાગ્યો હતો.

છતાં પણ-સિંહાવલોકન ન્યાયથી જ્યારે જ્યારે પિતાની શય્યા-આસન આદિ તારી નજરે ચડતાં, ફરી ફરી પિતાની કદર્થના સ્મૃતિ. વેદનાકારી યાદ આવી જતી અને શોકનો સમંદર તારા અંતરને ભરી દેતો. આ પિતૃવિરહ યાદ તારા કૈંક આંસુના બલિદાન લઇ લેતી. દિવસો જતાં આખરે એ દશા આવીને ઊભી રહી કે તું હવે રાજગૃહ નગરમાં રહીને ચેનથી જીવીના શકે તેવું બન્યું.

અને...

આખરે...

એક દિવસ...પિતાની સતાવતી વિરહ-યાદની ભૂમિને અશ્રુભીની આંખે અલવિદા કરી, આંસુના કુલો જનમભોમના ચરણે ધરી. કુણિક તું એક સુંદર ચંપાના વૃક્ષ નીચે તારા આદેશથી બનાવેલી ચંપા નામની નગરી તરફ ચાલ્યો ગયો.

ततश्च पुर्यां चंपायां गत्वा सघभवाहनः ।
महीत्रिमां श्रेणिकसूर्भ्रातृभिः सहितोऽन्वशात् ।।

ચંપા પુરીમાં બળ/લશ્કર વાહન સાથે જઇને તે પૃથ્વિ ઉપર હે શ્રેણિકના પુત્ર ! ભ્રાતાઓ સાથે તેં અનુશાસન કર્યું. !

શાસન સમાચાર

મહારાષ્ટ્ર ચેવલામાં શ્રી જૈન શાસનનો જય જયકાર

અનેક સંઘમાં સુમેળ કરાવનાર વર્ધમાન તપોનિધિ–પ્રવચન પ્રભાવક–વ્યવહાર દક્ષ પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂ જી મ.સા. મહારાષ્ટ્રના અન્ય સંઘોના મહોત્સવોમાં નિશ્રા આપવા અંગેની વિનંતીઓને ગૌણ કરી મનમાડ સંઘ તેમજ ચેવલા સંઘમાં પ્રવર્તતા મતભેદોના કારણે. પીપલગામથી મનમાડ પધાર્યા હતા. જિનમંદિર અને ઉપાશ્રયનું કામકાજ કેટલા વર્ષોથી બંધ પડયું હતું તે ચાલુ કરાવ્યું હતું. રોજ પ્રવચન થતા હતા.

ચેવલામાં પોષ સુ ૧૦ ના રોજ પધારતા ભવ્ય સ્વાગત પૂર્વક પધરામણી થઇ. પ્રવચનમાં વેરઝેરના વિપાકો તેમજ સમજણ સહિષ્ણુતા સરળતા દેવગુરૂ ધર્મનો પ્રેમ શું લાભ કરે ? આ બધી બાબતો ખૂબ સારી સમજાવી હતી. સૌએ સાથે બેસી આ કામ પાર પાડયું.

પરિણામે કોર્ટમાં ચાલતાં કેસો પાછા ખેંચી લેવાયાં. ૧૬૫૦ સુધીના શ્રી સંઘના ચોપડા ઓડિટ કરાવવાના તેમજ શ્રી સંઘ સમક્ષ રજૂ કરવાનું નકકી થયું. શ્રી સંઘમાં આનંદ આનંદ વ્યાપી ગયો. અને બીજે દિવસે પૂજ્ય શ્રી શશીકાન્તભાઇને ત્યાં પધારતા સૌનું રૂા. ૨ થી સંઘપૂજન સહુની સાધર્મિક ભકિત થયેલ. પૂજયશ્રીના સદુપદેશથી શ્રી સંઘમાં સારી જાગૃતિ આવી છે. એક પછી એક કામ ઉકેલવાનું કામ ચાલુ છે.

મુંબઇ લાલબાગના આરાધક શ્રી મનહરભાઇની દીક્ષા અને વડી દીક્ષા ખૂબજ ઉલ્લાસ પૂર્વક થઇ પૂ.આ. પ્રભાકર સૂ.મ.ના શિષ્ય મુનિ મોક્ષરક્ષિત વિજય બન્યા.

ગુજરાતમાં હિંમતનગર પાસે હરસોલના વતની અને છેલ્લા કેટલાંક વર્ષોથી મુંબઇમાં રહેતા મનહરભાઇએ સૌ કુટુંબીઓની મોહમાયા–મમતાને છોડી ઘરેથી નાસી જઇ ચારિત્ર–દીક્ષા અંગીકાર કર્યું. કેટલાં વર્ષોથી દીક્ષાની તેમની ભાવના હતી મનોબળ મજબુત બનાવી કામ કાઢી લીધું

મનહરભાઇએ સંસારીપણામાં કરેલી અનુમોદનીય આરાધનાઓ છેલ્લાં કેટલાંય વર્ષોથી લાલબાગની અંદર નિયમિત જિનવાણી શ્રવણ–જાપ–સ્વાધ્યાય પૌષધ–જિનપૂજા વિગેરે વર્ષીતપ, શ્રેણિતપ, સિદ્ધિતપ, વર્ધમાનતપની ૪૭ ઓળી પૂર્ણ, ૬૦૦ દિવસમાં ૫૦૦ આયંબિલ પંચકલ્યાણકની આરાધના, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, ૩૧ ઉપવાસ તથા ૩૬ ઉપવાસ પૌષધ સહિત કરી સૌ આરાધકોની ભક્તિ સાથે પ્રભાવના આપી, શ્રી સિદ્ધગિરિ, રાણકપુર, સમેતશિખરજી આદિ તારક તીર્થભૂમિઓની યાત્રાઓ કરી છે. મુંબઇ ઠાકુરદ્વાર પાઠશાળાની અંદર ૪૦૦ બાળકોને સામાયિક કરાવતા પ્રભાવ-

નાઓ આપતા હતા. સાધુ વિધિ સંપૂર્ણ તૈયાર કરી છે. સંસારીપણામાં લગભગ ત્રણ ટાઈમ દેવવંદન કરતા હતા. ૧૪ નિયમ ધારતા ઉપધાન કરેલ છે.

માલેગામની અંદર માગસર સુ. ૧૦ રોજ ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં વર્ધમાનનગર ઉપાશ્રયમાં વર્ષીદાનના વરઘોડા સહિત ખુબજ ઉલ્લાસમય વાતાવરણમાં તેઓની દીક્ષા થઇ. ઉપકરણોની બોલી ખુબ સુંદર થઇ, સંઘપૂજન શ્રીફળ લાડવાની પ્રભાવના થઇ દીક્ષા બાદ લગભગ આયંબિલ ચાલુ છે. વિહાર ખુબજ ઉલ્લાસપૂર્વક ઉત્સાહ પૂર્વક કરે છે. જિનભક્તિ–સ્વાધ્યાય–જાપ વૈયાવચ્ચ–વિગેરેની રુચિ ખુબ છે. બન્ને ટાઇમ ઉભા ઉભા પ્રતિક્રમણ વિગેરે કરે છે.

તેઓની વડી દીક્ષા યેવલાની અંદર પોષ વદ ૬ના રોજ સુંદર બેન્ડ સરણાઇ ત્રાસા વરઘોડા રથયાત્રા પૂર્વક શ્રી રામ કોલોનીમાં શ્રી લલિતભાઇ મંડલેચાના ગૃહ આંગણે સુંદર મંડપ બાંધી થઇ. જુદાજુદા આરાધકો તરફથી રૂા. પાંચથી સંઘપૂજન થયેલ. લાડવાની પ્રભાવના તેમજ પધારેલાની સાધર્મિક ભક્તિ થયેલ રોહિણીતપ, અષ્ટમીતપ ઉચ્ચર્યા હતા. ઉપસ્થિત સૌ આરાધકોએ પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા કરી હતી. સૌને આકર્ષક સુંદર કાર્ડ આપવામાં આવ્યા હતા. શશીકાન્તભાઇ તરફથી લાડવાની પ્રભાવના લલીતભાઇ તથા શાંતિભાઇ તરફથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી. ભાવિકોએ ગુરૂભગવંતનું નવાંગી પૂજન કર્યું હતું. ઉપકરણો વહોરાવ્યા હતા. આ પ્રસંગે માલેગામ શ્રી સંઘના આરાધકોએ તેમજ મનમાડના આરાધકોએ પધારી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. વડી દીક્ષા પ્રસંગનો સુંદર મંડપ આદિના લાભ ઉદાર દિલ શ્રી લલિતભાઇ મંડલેચા પરિવારે લીધો હતો. પોતાના ઘર આંગણે ભવ્ય જિનમંદિર ઉપ શ્રય બનાવવા માટે જગ્યા લીધી છે.

યેવલા શ્રી સંઘના અગ્રણી જયંતિભાઇ તેમજ સૌ સંઘના ભાઇ બેનોએ સાથ સહકાર આપી પ્રસંગ સારી રીતે દિપાવ્યો હતો. વડીદીક્ષાનો ખુબજ અનુમોદનીય ઇતીહાસીક પ્રસંગ બની ગયો. નામકરણ પછી ડોકટરે પાંચ વર્ષ સુધી કાયમી પુજામાં એ સાધર્મિક વાત્સલ્ય કરવાનો આદેશ લીધો હતો.

યેવલાથી વિહાર કરી પૂજ્યશ્રી સંગમનેર થનાર પૂ.આ. વિચક્ષણસૂ.મ. નિશ્રામાં શ્રી અંજન શલાકા મહોત્સવમાં જવા પધારશે.

મોક્ષે જવું છે ? આટલું કરો/કરાવો

ધનનો રાગ ઘટાડો, ધર્મનો વધારો પેઢી, દુકાન ફેકટરીનો પ્રેમ છોડો જિનમંદિર ઉપાશ્રયનો પ્રેમ વધારો કુટુંબ, પરિવાર, સ્નેહિ સંબંધીનો સ્નેહ ઘટાડો, શ્રી સંઘ સાધર્મિકનો સ્નેહ વધારો પાપક્રિયાઓ, ની મમતા છોડી સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, જાપ, દેવવંદન જેવી આત્મતારક ધર્મ ક્રિયાઓની લગની લગાડો ભોજશોખ અને ઠાઠ માઠમાં રોકાણ ઇન્વેસ્ટમેન્ટને બદલે

સાત ક્ષેત્રો-પાઠશાળા વગેરે સંપત્તિને જોડી પુણ્યાનું બંધી પુણ્યના ઉપાર્જન કરનારા બનો. છાપા-મેગેઝીનો તરફ સમય ફાળવવાના બદલે સ્વાધ્યાય ગીતાર્થ ગુરૂભગવંતો દ્વારા સર્જન થયેલું સાહિત્ય વાંચો ધર્મ સ્થાનકોની સાર સંભાળ પાછળ બુદ્ધિ લગાડોને ધર્મ તત્ત્વ સમજવા ઊંડા ઉતરો મોહના મટી મોક્ષના અભિલાષી બનો.

ભવ્ય યાત્રા સંઘ તથા પદવી પ્રદાન

સિદ્ધાંત મહોદધિ પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા. તથા સુવિશાલ ગચ્છાધિપતિ, પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની પરમકૃપાથી સુરેન્દ્રનગર નુતન જૈન આરાધના ભુવનમાં વાત્સલ્યનિધિ પૂ. આ. ભ. આદિ સુ. મ. આ. ભ. વિજય મહાબલ સૂ.મ. સા., સિદ્ધાંત-પ્રભાવક પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલ સૂ. મ., તપસ્વી પૂ. મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ. સા. આદિ ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ કરી વર્ધમાન તપોનિધિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રાજતિલક સૂ. મ. તથા ગચ્છાધિપતિ પૂ આ. ભ. શ્રીમદ્વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા.ના શુભાશિષને પ્રાપ્ત કરી કા. સુ. ૧૫ ના સાંજે વિહાર કરી ૩૫૦ કિ.મી. સિરોહી પાસે રહેલ પાડીવ મુકામે ૫૧ દિવસના ભવ્ય સંઘમાં નિશ્રા પ્રદાન કરવા માગશર સુદ ૨ ના અતિભવ્ય સ્વાગત-સહ પધાર્યા. પાડીવ નિવાસી શા. રતનચંદ ચુનીલાલ ભીકાજી પરિવારે સહુપ્રથમ ભવ્ય પેમ્ફલેટ બહાર પાડી બાદ કુમકુમ પત્રિકા બહાર પાડી ઠેરઠેરથી યાત્રિકોને આમંત્ર્યા હતા. સંઘ પ્રયાણ પૂર્વે ભવ્ય શાંતિસ્નાત્ર સહ ૫ છોડના ભવ્ય ઉજમણાપૂર્વક દશ દિવસનો ભવ્ય ઓચ્છવ કરેલ. આખા ગામના ઉલ્લાસનો પાર નહોતો સંઘવી ઉતમભાઇ, મુલચંદભાઇ, હીરાચંદભાઇ અમૃતભાઇ તારાબેન સુશીલાબેન, ચેતનાબેન રેખાબેન આદિ સમસ્ત સંઘવી પરિવારે પ્રસંગ દીપાવવા માટે થનગની રહ્યો હતો યાત્રિકો આદિ માનવ-મહેરામણ ઉમટી રહ્યો હતો.

આજે ઘણે ઠેકાણે ઉપધાન, ઓલી, સંઘપૂર્વે આમંત્રણ પત્રિકામાં માણસોને, આરાધકોને બોલાવવા ચેન આપશું. આવું આપશું કહી કહી લલચાવી લાવવામાં આવતાં એવા લોકો પેસી જાય છે કે જેથી આરાધકોની આરાધના ભોખમાઇ જાય છે. વ્યવસ્થા તૂટી જાય છે. આવું કાંઇ નહીં છતાં લોકોનો સાચા આરાધકોનો વસારો ઘણો વધી ગયો.

સંઘવી પરિવારે ગામમાં ઘર દીઠ જર્મન સિલ્વરની ૧ થાળી વાટકો, ૧ દીવાની પ્રભાવના કરેલ અને આવેલ તમામ યાત્રિકોને બેડીંગ બિસ્તરો, બગલથેલો નેપકીન, તેલની શીશી અને વેસલીનશીશી સંઘપ્રયાણપૂર્વે આપવામાં આવેલ. માગશર સુદ ૪ ના બન્ને ટાઇમનું સાધર્મિક વાત્સલ્ય સંઘવી તરફથી થયેલ. શાંતિસ્નાત્ર વિજયમુહુર્તે ભણાવાયેલ.

યાત્રિક સંઘમાં ૧૧૦૦ હતા તેમાં ૭૦૦ યાત્રિક છરી પાલતા હતા. માગશર સુદ ૫ ના સંઘનું ભવ્ય

પ્રયાણ થયેલ. પૂ. ગુરૂદેવો સંઘવીના નિવાસસ્થાને પધારેલ. શેરીઓ, રસ્તાઓ ભવ્ય રીતે શણગારેલા હતાં. ૭-૧૫ પછી પ્રયાણ થયું. ગામના ત્રણેય દેરાસરનાં પ્રભુનાં કંઠે સોનાની ત્રણ ચેન ભાવથી પહેરાવી, ચૈત્યવંદન કર્યા બાદ મંદિર બહારના ભવ્ય શમીયાણામાં મંગલાચરણ, પ્રવચન બાદ સંઘવી પરિવારને તિલક કરવાની, પાઘડી પહેરાવવાની, ચુંદડી ઓઢાડવાની ઉછામણી થઈ. છ આંકડાઓ ભરાવા લાગ્યાં. આજની સાધર્મિક ભક્તિ પાડિવ સંઘે કરી.

બપોરે ત્રણ વાગે પાડીવથી સંઘ ડોડુઆ તરફ આગળ વધ્યો. માગશર સુદ ૬ ના સવારે કાલંદ્રી તરફ પ્રયાણ થયું. વિનીતા નગરી રચાઈ જતી. એક બાજુ હારબંધ શ્રાવકોના, સંઘવી પરિવાર તથા મુનિ-ભગવંતોના પાલો, તંબુઓ ગોઠવાઈ જતાં. એક તરફ સાધ્વીજી ભગવંતો, શ્રાવિકાઓ વગેરેના તંબુઓ ગોઠવાઈ જતાં. બધે ભવ્ય વિશાલ વ્યાખ્યાન મંડપ પણ થતાં. તેમાં ભગવાન જિનેશ્વર દેવનો રથ રહેતો. સર્વ કાર્યકરોને સહુ સહુના કાર્યો સોંપી દેવામાં આવેલ.

સવારે ૪ વાગે શરણાઇ બજી ઉઠતી, યાત્રિકો નિત્ય કાર્ય નિદ્રા ત્યજી, નિદ્રા પરિત્યાગ કરી પ્રતિક્રમણ કરવા લાગી જતાં બરાબર પોણા છ વાગે રથવાલા વ્યાખ્યાનમાં મંડપના ટેંટમાં પૂ ગુરૂભગવંતો સાથે ચૈત્યવંદન કરી ૩-૪ સ્તવનો દ્વારા ભક્તિ અંગોત્રીમાં સ્નાન કરી ગુરૂવંદના કરી સંઘપતિ પરિવારને તિલકવિધિ થતી. બાદ પોણા સાત વાગે પૂર્ણ જયણા બાલવી સંઘ પ્રયાણ થતું. સૌ પ્રથમ ઈન્દ્રધ્વજા, ઝુલતો ગજરાજ, નિશાન ડંકાને શાસન ધ્વજવાળા બે ઘોડેસ્વારો બાદ શત્રુંજયના દાદાની પ્રતિકૃતિ, તથા સ્વ. સિદ્ધાંત-મહોદધિ શ્રી પૂ. આ. ભ. વિ પ્રેમસૂ. મ. સા. તેમજ સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ મ. ની પ્રતિકૃતિથી મંડિત શણગારેલી ઉંટગાડી બાદ. ખીમા-ડાનું પ્રસિધ્ધ પ્રતાપ બેંડ, પૂ. આચાર્ય ભગવંતો આદિ ગુરૂભગવંતો સંઘવી પરિ-વાર આદિ, યાત્રિકો બાદ વિશાલને ઉતુંગ શિખર મંડિત શ્રી ધર્મનાથ ભ આદિ પાંચ આરસ પાષાણના બિંબોથી મંડિત ભવ્ય રથ બાદ પૂ. સાધ્વીજી વિમલકીર્તિ-શ્રીજી મ., પૂ. સાધ્વીજી હર્ષિત પ્રજ્ઞાશ્રીજી આદિ વિશાલ ૭૦ ઉપર સાધ્વી ગણ બાદ શ્રાવિકાગણ. છરી પાલતા આ સંઘની વિશે-ષતા એ હતી કે બધા શિસ્તબધ્ધતા પૂર્વક સાથે જ ચાલતા.

મુકામે પહોંચતા સંઘવી પરિવાર સાથે ગુરૂ ભગવંતાદિ સંઘનું ભવ્ય સામૈયું થતું. મંગલાચરણ સાંભળ્યા પછી સૌ યાત્રિકો જિનની પૂજા અને સ્નાનાદિ કરી વિશાળ મંડપમાં પૂજા અર્થે આવી પહોંચતા અને વિધવિધ મંડલો તથા વિધવિધ સંગીતકારો સ્નાત્રમાં ભક્તિની રમઝટ જમાવતા. બપોરે યાત્રિકોના એકાશનમાં અપૂર્વ ભક્તિ થતી. ૩૫-૪૦ આઈટમો (વાનગીઓ સાથે ત્રણ ચાર જાતની મીઠાઇઓથી થતી ઔદાર્યપૂર્ણ ભક્તિથી લોકો મોઢામાં આંગળા નાંખી

જતાં. ગમેાગામના સંઘેામાં પણ એવી જ સંઘવી પરિવારથી ભક્તિ થતી હુંજારેા મહેમાનેાની થતી અજોડ સાધર્મિક ભક્તિ નીહાળી લેાકેા આવેા ઉદારતા પૂર્ણ સંઘ પ્રથમ જ જોયેા એવું બેાલી ગદ્‌ગદ હૈયે અનુમેાદના કરતા બપેારે ૨ા થી પૂ પ્રવચનકાર આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ. મ. તથા મુનિદર્શનરત્નવિજયજી મ. નું પ્રવચન થતું. પૂ. આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ. મ. ગિરિવરના મહિમાને અને મિથ્યાત્વના અંધકારને ચીરતી વાણી યાત્રિકેાના હૈયામાં અજબ પરિવર્તન લાવતી, બાદ સંઘવી પરિવારનું બહુમાન તેનેા ચઢાવેા થતેા. નવ નવા ગામેામાં વિધવિધ સ્થલેામાં સંઘવી તરફથી તથા સામુદાયિક ટીપમાંથી ઉદાર રીતે લક્ષ્મી ખર્ચાતી, બાદ પેાષા વાગે સામુહિક ચૈત્યવંદન, આરતી, પ્રતિક્રમણ અને ભાવનામાં વિવિધ મંડલેા અને ગવૈયાઓ ધૂન મચાવતાં, આ રીતે આખેા દિવસ કયાં જતેા તેની ખબર પણ પડતી નહેાતી. લગભગ રેાજ સંઘપૂજનેા થતાં ૫-૧૦-૧૮ ગા. ના સંઘપૂજનેા થતાં ઘણીવાર તમામ યાત્રિકેાની અન્ય અન્ય વ્યક્તિ દ્વારા પગ દૂધથી ધેાઈ પહેરામણી સાથે સંઘપૂજનેા થતાં. રેાજ અઠ્ઠમેા થતાં, રેાજ શુદ્ધ આંબેલ તેમજ રેાજ ચાલુ આંબેલ થતા વિહારમાં ૨૫૦-૪૫૦ જેટલાં પણ આંબેલ થતાં. રેાજ ૨૪ કલાકમાં ૪-૪ ટુકડીઓ 'નમેા જિણાણું જિઅ ભયાણું'નેા અખંડ જાપ કરતી અખંડ જાપ ચાલુ રહેતેા. ૧૨ થી ઉપર તીર્થોના રસ્તામાં સંઘવીએ દર્શન કરાવ્યાં. સંઘ બે દિવસ પાટણ રેાકાયેા. ત્યાં માગશર વદ ૪ ના આશિષ સેાસાયટીમાં સવારે દૂધથી પગ ધેાઈ યાત્રિકેાનું બહુમાન થયું. બપેારે સકલ સંઘની સાધર્મિક ભક્તિ તથા તે જ દિવસે જિનમંદિરની વર્ષગાંઠ નિમિત્તે ૧૮અભિષેક કરાવ્યા. આ બધેા લાભ ઉંબરીવાલા પ્રકાશભાઈએ લીધેલ. બીજે દિવસે પાટન જિનમંદિરેાના દર્શન કર્યાં. ત્રણ દિવસ સંઘે શંખેશ્વરમાં સ્થિરતા કરી. પેાષ દશમીની આરાધના અઠ્ઠમ પૂર્વક ત્યાં કરી. ૭૦૦ યાત્રિકેામાંથી ૪૨૫ ઉપર અઠ્ઠમેા થયાં. ૫ વર્ષની ઉંમરની બાલિકાઓએ પણ અઠમ કર્યા. તમામ અઠમ તપસ્વિઓનું ચાંદીની વીંટી તથા વાંટકાથી બહુમાન કરેલ.

આ ઉપરાંત ૧૨૦૦ ઉપર શ્રાદ્ધમાન્ય પેાષ દશમીના શંખેશ્વરમાં અઠમેા થયાં. હસ્તગિરિ બે દિવસ સંઘ રેાકાયેા. ત્યાં સારી રકમ તીર્થોદ્ધારમાં આપી.

સંઘ દરમ્યાન એક ભવ્ય ચમત્કારિક પ્રસંગ એ બન્યેા કે સંઘનેા લીંબડીથી ૨ા કિ. મી. દૂર પડાવ હતેા. ચારે બાજુ પેાધમાર વરસાદના સમાચાર આવી રહ્યાં હતાં. આખા સૌરાષ્ટ્ર વડેાદરા, મુંબઈ-સુરત સુધી મેાવઠાની અસર થયેલ. લીંબડીથી થેાડે દૂર ભયંકર કરા પડેલા પણ અહીં પડાવમાં એક પાણીનું ટીપું પણ ન પડયું. તપજપનેા તથા દેવગુરૂ ધર્મની કૃપાનેા કેવેા પ્રગટ પ્રભાવ. વધુ અનુમેાદનીય બીના એ બની હતી કે સંઘવીના મુખ્ય મેાટાભાઇ ઉત્તમભાઇએ જ્યારથી સંઘ પ્રયાણ થયું ત્યારથી અખંડ આયંબિલનેા તપ ૫૧દિવસ સુધી ચાલુ રાખેલ.

સંઘમાં પોષ સુદ ૧૩ ની ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની દીક્ષાતિથિની સ્મૃતિની ભવ્ય ઉજવણી થઇ. ગુરૂપૂજનના ભવ્ય ચઢાવા ભવ્ય ગુણાનુવાદ તથા પ્રભુજીની ભવ્ય આંગીથી પ્રસંગ ઝળહળી ઉઠયો હતો.

પોષ વદ ૩ ના અનેક બગીઓ, બેડાવાલી બહેનો, બે રથો, ઘોડાઓ ઉંટગાડી, અમદાવાદનું સુપ્રસિદ્ધ મિલન બેંડ આદિ બે બેંડો તથા ગજરાજ સાથે પાલિતાણામાં સંઘનું ભવ્ય સામૈયું થયું. રા–૩ કલાક ફરી તલેટી થઇ સાબરમતી યાત્રિક ભુવનમાં સામૈયું ઉતર્યું. સાબરમતી યાત્રિકભુવન, બનાસકાંઠા યાત્રિકભુવન, ખીવાંદી યાત્રિકભુવનને સંઘ માટે બુકીંગ કરવામાં આવેલ હજારો આમંત્રિત મહેમાનો આવી પહોંચેલા, સંઘવીની રસોડાની ઉદારતાએ લોકોને આશ્ચર્યાન્વિત કરી દીધાં. સંઘ ચાર દિવસ પાલિતાણા રહ્યો, પૂજય આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ. મ.ના પ્રભાવક પ્રવચનો ચૌવિહાર છઠ્ઠની યાત્રિકોને એવી ચાનક લગાડી કે ૧૫૦ ઉપર ચૌવિહાર છઠ્ઠપૂર્વક સાત જાત્રા થયેલ. ૧૦ વર્ષના બાલકોથી માંડી ૭૦ ઉંમર સુધીનાએ ચૌવિહાર છઠ કરી સાત જાત્રા કરેલ. આ સાત જાત્રાએ તો સંઘ ઉપર કલશ ચઢાવી દીધો. સંઘવી અને યાત્રિકોના હૈયાસાં છૂટા પડવાનો ઘેરો વિષાદ હતો. વદ ૫ ના પ્રવચન બાદના વક્તવ્યમાં સંઘવી હીરાચંદજી અને યાત્રિકો ગદગદ બની ગયા. રોજ અઠમ કરનારને ૨૦૦રૂા.ની શુદ્ધ આયંબિલ કરનારને ૧૫૦–રૂા.ની ચૌવિહાર છઠ કરનારને પણ ૧૫૦ રૂા.ની પ્રભાવના થયેલ સૌ મુમુક્ષુ ભાઇ બહેનોનું વ્યા.માં ૫૧-૫૧ રૂા. આપી બહુમાન કરેલ. ૭૦૦ તમામ યાત્રિકોનું મોટો થાળ આપી બહુમાન કરેલ.

પોષ વદ ૫ ની સાંજે સંઘમાલની ઉછામણી અનેડ બોલાઇ. સંઘવી પરિવારનું તથા કાર્યકરોનું બહુમાન થયું. પોષ વદ ૬ ની સવારે મોતીશા શેઠની ટુંકમાં પૂ. આ. ભ. શ્રી રવિપ્રભ સૂ. મ., પૂ. આ. ભ. શ્રી મહાબલ સૂ. મ. પૂ. આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ. મ.ની નિશ્રામાં મુનિ શ્રી કમલરત્ન વિજયજી મ., મુનિશ્રી દર્શનરત્નવિજયજી મ., મુનિ શ્રી વિમલરત્ન વિજયજી મ. ગણિપદ પ્રદાનની ભવ્ય ક્રિયા થઇ (આ પ્રસંગ અન્યત્ર વિસ્તારથી લખેલ છે.)

સંઘવી પરિવારે ૭ તોલાનો સુવર્ણનો હાર દાદાને કંઠે ધર્યો અને વિજય મુહુર્ત દાદાના દરબાર સન્મુખ સંઘવીઓને સંઘમાલને, પ્રસંગ ઘોળાયો. બે વાગે પૂર્ણ થયો અને સાંજે ૧૬ બસ દ્વારા તમામ યાત્રિકોને કચ્છ ભદ્રેશ્વરની પંચતીર્થી, તારંગા, મહેસાણા, બામણવાડા આદિની યાત્રા કરાવવા સંઘવી રડતી આંખે વિદાય થયા. પોષ વદ ૧૦ સવારે પાડીવમાં સંઘ ભવ્ય સ્વાગત સાથે પહોંચ્યો. તે દિવસના સાધર્મિક–વાત્સલ્યનો લાભ સંઘવી પરિવારે લીધો. ૫૧ દિવસના યાત્રાના સંભારણા વારંવાર વાગોળતા ભીની આંખે યાત્રિકોએ વિદાય લીધી. પૂ. આ. ભ. શ્રી મહાબલ સૂ. મ. આદિ હાલ મહારાષ્ટ્ર ભુવનમાં બિરાજમાન

છે. મહારાષ્ટ્ર ભુવન પાસેના વિશાલ મેદાનમાં પરેશભાઈ તરફથી બનાવા ભવ્ય જિનાલય અને ભવ્ય ગુરૂમંદિર (સ્વ. ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. નું) તેના માહ સુદ ૬ ની ખનનવિધિ તથા મહા વદ ૪ ની શિલાસ્થાપન વિધિ થશે. તથા માહ સુદ ૯ ની દેસૂરીવાલા નેનમલજી દેવીચંદજીની સુપુત્રીની સા. હર્ષિતાશ્રીજી મ. પાસે મહારાષ્ટ્ર ભુવન મધ્યે ભવ્ય દીક્ષા મહોત્સવ થશે. આ પ્રસંગો આ પૂજ્યશ્રીજીના નિશ્રામાં ઉજવાશે.

પાલીતાણા-જિન ભક્તિ મહોત્સવ (હિન્દી રાષ્ટ્રભાષામાં પુસ્તક જૈન પ્રવચન પ્રકાશન સંસ્થાન ૯૬, ધનજીસ્ટ્રીટ; મુંબઈ-૩ તરફથી પ્રકાશિત થયેલ. તે પુસ્તક સંઘવી રતનચંદ ચુનીલાલ ભીકાજી પરિવારે પ. પૂ. વાત્સલ્યનિધિ આ.ભ. શ્રી વિજય મહાબલ સૂ મ. તથા પ. પૂ. સિધ્ધાંત-પ્રભાવક આ. ભ. શ્રી વિજય પુણ્યપાલ સૂ મ. ને વિ. સં ૨૦૫૧ પોષ વદ ૬ ઇ. ૨૨-૧-૯૫ ના સંઘની માલાના દિવસે ગિરિરાજ શત્રુંજય પર દાદાના દરબારમાં વહોરાવી વિમોચનવિધિ કરેલ.

પાલિતાણા મહારાષ્ટ્ર ભુવન મધ્યે દેસુરીવાલા નેનમલજી દેવીચંદજીની સુપુત્રી ચંદનબાલા બેનનો ભવ્ય દીક્ષા મહોત્સવ.

ચેન્નઈ (મુંબઈ)માં હાલ રહેતા હોવાથી ત્યાં પોષ વદ ૮ મંગલવાર ઇ. ૨૪-૧-૯૫ થી પોષ વદ ૧૨ શનિવાર ઇ. ૨૮-૧-૯૫ સુધી ભવ્ય પંચાન્હિકા મહોત્સવ, ઉજવી વર્ષીદાનની બબ્બે રથયાત્રા મુંબઈમાં થઈ પછી માહ સુદ ૪ શુક્રવાર ઇ. ૩-૨-૯૫ને પાલિતાણા બસ દ્વારા પધાર્યા. અમુક સંબંધિયો અગાઉ આવી ગયા હતાં. પાલિતાણામાં પ. પૂ. વ્યાખ્યાન-વાચસ્પતિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની પરમ કૃપાથી પ. પૂ. આ. ભ. શ્રી વિજય વિબુધપ્રભ સૂ. મ., પ. પૂ. આ.ભ. રવિપ્રભ સૂ. મ., પ.પૂ આ. ભ. શ્રી વિજય મહાબલ સૂ મ, પ. પૂ આ. ભ. શ્રી વિજય પુણ્યપાલ સૂ. મ., પ. પૂ. ઉપાધ્યાય શ્રી અજિતવિજયજી મ, પ. પૂ. ગણિવર્ય શ્રી કમલરત્નવિજયજી મ., પ.પૂ. ગણિવર્ય શ્રી દર્શનરત્નવિજયજી મ., પ. પૂ. ગણિવર્ય શ્રી વિમલરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં મહારાષ્ટ્ર ભુવન-પાલિતાણામાં ઉજવાયો.

માહ સુદ ૪ શુક્રવાર ઇ. ૩-૨-૯૫ ને મહારાષ્ટ્ર ભુવનમાં સિધ્ધચક્ર મહાપૂજન ભણાવાયેલ. ત્રણે દિવસ અત્રે તલેટીમાં ભવ્ય અંગરચના કરાવેલ. મહા સુદ ૫ શનિવાર ઇ. ૪-૨-૯૫ ને નાસિકના ઢોલથી મધમધતા વાતાવરણ મધ્યે દીક્ષાર્થી ચંદનબાલાનો વર્ષીદાનનો વરઘોડો નિકળ્યો હાથી પર વર્ષીદાન આપ્યું.

આજે બપોરે વ્યાખ્યાનમાં મહારાષ્ટ્ર ભુવન સંઘ તરફથી દીક્ષાર્થી ચંદનબાલાને સન્માન-પત્ર અર્પણ કરાયેલ. તિલક આદિથી બહુમાનની ઉછામણી થયેલ. બહુમાન પછી દીક્ષાર્થી બેનના ઘરે પ. પૂ. આ. ભ. શ્રી રવિપ્રભ સૂ. મ. આદિ આચાર્યોના સાંગૈયા

સાથે પગલા થયા. માંગલિક પ્રવચન પ. પૂ. પ્રવચનકાર ગણિવર્ય શ્રી દર્શનરત્ન વિજયજીએ કરેલ. પછી દીક્ષાર્થીબેને ચાંદીની ગીની આદિથી આચાર્ય આદિ ગુરૂભગવંતોનું પૂજન કરેલ. ત્યાર બાદ સંઘપૂજન થયેલ. અત્રે રાત્રે પ્રતિક્રમણમાં પ્રભાવના તથા રાત્રે દીક્ષાર્થીના ઘેર રોજ ગીત ગવડાવામાં આવતા હતાં. માહ સુદ ૬ ને ૭ા વાગે દીક્ષાર્થી ચંદનબાલા બહેનીમાં વર્ષીદાન આપતાં પૂ. આચાર્ય ભગવંતોની સાથે દેરાસર તથા પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના ગુરૂમંદિરની ખનન વિધિમાં પધારેલ. ત્યાંથી વર્ષીદાન આપતાં દીક્ષા મંડપમાં દીક્ષાર્થી પધાર્યા. દીક્ષામંડપમાં અંતિમ વિદાયતિલક તિલક પર વાંદલા ચોંડવા આદિની ઉછામણી થયેલ. ત્યાર બાદ દીક્ષાની ક્રિયા શરૂ થઇ તથા ત્રણ કુમારિકા બેનોએ ચતુર્થવ્રતની ક્રિયા કરી, ઓઘો આપવાનો સમય થતાં પ. પૂ. ગણિવર્ય શ્રી કમલરત્નવિજયજી મહારાજે દીક્ષાર્થી ચંદનબાલા બેનને ઓઘો અર્પણ કર્યો. ત્યાર બાદ દીક્ષાર્થીબેનને વેષપરિવર્તન માટે લઇ જવાતાં અત્રે દીક્ષાર્થી ચંદનબાલાબેનને અર્પણ કરવાના ઉપકરણોની ઉછામણી શરૂ થયેલ. એ વખતે પ. પૂ આ. શ્રી રવિપ્રભ સૂ મ., પ. પૂ. આ. ભ. મહાબલ સૂ મ., પ. પૂ. આ. ભ. પુણ્યપાલ સૂ. મ. આદિ પધારતાં જય જય નાદ ઉઠયો તથા ઉછામણીમાં અનેરો રંગ ચઢયો. ઉછામણીયો પછી તો રેકર્ડ સ્થાપિત કર્યો. દીક્ષાર્થીબેન માટે ઓઘો તથા મુહપતિ માતાપિતાએ અર્પણ કરેલ હતો. દીક્ષાર્થી ચંદનબાલાબેનને કામલી અર્પણ કરવાની ઉછામણીનો લાભ શા મુલચંદજી નેમિચંદજીએ લીધો. કપડો વહોરાવવ નો ઉછામણી શા કાલિદાસજી મુલચંદજીએ લીધી. પાંગરણીનો ઉછામણી શા ચંદનમલજી નેનમલજીએ લીધેલ. સાઢાની ઉછામણી શા ભંવરલાલજી દાનમલજીએ લીધેલ. પાત્રાનો ચઢવો શા. ઘેવરચંદજી શેષમલજીએ લીધો. પુસ્તકનો ચઢાવો શા બાબુલાલજી મોહનલાલજીએ લીધો. સાપડાનો ચઢાવો શા પુખરાજજી કેશરીમલજીએ લીધો. ત્રવણીનો ચઢાવો નરશી મોહનલાલ સાઉલાએ લીધો. ચેતનાનો ચઢાવો શા ભબુતમલજી પુનમચંદજીએ લીધો. દાંડાનો ચઢવો શા સૂરજમલજી આઇદાનમલજીએ લીધો. દંડાસણનો ચઢાવો શા ઘેવરચંદજી શેષમલજીએ લીધો. આસનનો ચઢાવો શા નાગરાજજી કેશરીમલજીએ લીધો. નોકારવાલીનો ચઢાવો. શા ગણેશમલજી પન્નાલાલજીએ લીધો. સંથારાની ઉછામણી શા ભંવરલાલજી દાનમલજીએ લીધી. ચરવલીની ઉછામણી જસરાજજી રૂપાજીએ લીધી. સુપડીની ઉછામણી શા ભબુતમલજી નેમિચંદજીએ લીધી. બધા આચાર્ય ભગવંતોની ગુરૂપૂજનનો ચઢાવો શા ભંવરલાલજી દાનમલજીએ લીધો. નુતન દીક્ષિતનું નામ જાહેર કરવાની ઉછામણી શા ભવરલાલજી દાનમલજીએ લીધી. ચતુર્થવ્રત લેનાર ત્રણ બેનોને મેડતાની ચુંદડી ઓઢાડવાનો લાભ શા ઘેવરચંદજી

શેષમલજીએ લીધો. લોચ, નામકરણ થયાં. કરેમિભંતે લારા ભીષ્મપ્રતિજ્ઞા પ, પૂ. આ. ભ. શ્રી રવિપ્રભ સૂ. મ. એ કરાવેલ દીક્ષાર્થીનું નામ સા.શ્રી ચારિત્રરમાશ્રીજી રાખેલા અને પૂ. સા. શ્રી લક્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. ના શિષ્યા તરીકે જાહેર કરેલ હતા. દીક્ષા પછી પ. પૂ. આ. ભ. શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મ. સા. એ પુણ્ય-પ્રવચન કરેલ પછી નુતન દીક્ષિત સંઘ સાથે તલેટી વાજતે-ગાજતે દર્શન કરવા ગયેલ.

દાવણગેરે-(કર્નાટક) પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ આ. શ્રી અશોકરત્ન સૂરીશ્વરજી મ. ઠા. ૫ ની પાવન નિશ્રામાં અને પૂ. સાધ્વીજીશ્રી સુવ્રતાશ્રીજી મ. ના શિષ્યરત્ના પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા. ૮ ની ઉપસ્થિતિમાં શાહ ભીમાજી પરીવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર સ્વામિવાત્સલ્ય સાથ અઠ્ઠાઇ મહોત્સવ. શ્રી અનિતા બ્હેનની દીક્ષા નિમિતે શાહ હીરાચંદ દલીચંદ તરફથી શ્રી સિદ્ધચક્રપૂજન સાથ પાંચ દિવસનો મહોત્સવ. સ્વ. ખુમીબાઇના શ્રેયાર્થે શાહ લક્ષ્મીચંદજી કાંતિલાલ તરફથી શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન મહોત્સવ. સ્વ. સંઘવી રાયચંદજીના શ્રેયાર્થે સંઘવી રાયચંદ હીરાચંદ તરફથી સિદ્ધચક્રપૂજન સાથ પાંચ દિવસનો મહોત્સવ. મુથા બાહરમલજી ઢેલરીયા પરિવારના શાહ ચંપાલાલ અને પન્નાલાલ તરફથી શામનુર રોડ ઉપર પોતાના નિવાસ સ્થાનની બાજુમાં સ્વદ્રવ્યથી નિર્માણ કરેલા શ્રી આદિનાથજી ભગવાનના ચૌમુખી દહેરાસરમાં અંજન શલાકા એ નવકારશી અન્ય સ્વામિવાત્સલ્ય સાથ પ્રતિષ્ઠા મહોત્સવ ખુબ ઉદારતા અને ઉલ્લાસથી ઉજવાયેા હતેા. પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની વર્ધમાન તપની ૯૪ મી ઓળીના પારણા નિમિતે સ્વ-ઘેર શ્રી ચતુર્વિધ સંઘ સાથે પગલાં કરાવી પ્રભાવના સંઘપૂજન આદિનેા લાભ લીધેા હતેા. કે. બી. એક્ટેશનમાં શાહ સુરજમલ બાબુલાલે બનાવેલ નુતન મંદિરમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ આદિ જિનેશ્વરેાના પ્રવેશ નિમિતે શ્રી શાંતિસ્નાત્ર સ્વામિવાત્સલ્ય સાથ ત્રણ દિવસનેા મહેાત્સવ. હિરીયુરમાં શ્રી શાંતિસ્નાત્ર, બે સ્વામિવાત્સલ્ય સાથ ત્રણ દિવસનેા મહેાત્સવ. પૂ આચાર્ય મ. અને પૂ. સાધ્વીજી મ. આદિ ચૈત્ર સુદ ૧ ના ઉંટી પધારવાની સંભાવના છે. વૈશાખ સુદ ૭ના પ્રતિષ્ઠા નિમિતે મહેાત્સવ થવાનેા છે.

કુમઠે (કેારેગાંવ) મધ્યે પંચાન્હિકા ભવ્ય પ્રતિષ્ઠા મહેાત્સવ

મહારાષ્ટ્ર દેશમાં વિચરતા, શાસન પ્રભાવક પ. પૂ. આ. શ્રીમદ્ વિજયકુંજરસૂરીશ્વરજી મહારાજના પાવન પગલે અંજન શલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, નાના મેાટા મહેાત્સવેાની ઉજવણીએા ચાલુ રહેતા મહારાષ્ટ્રના ગામેામાં શાસન પ્રભાવનાની જય-વિજયની પતાકાએા ફરકી રહી છે. શાસન પ્રભાવક પરમેાપકારી પરમારાધ્યપાદ પ. પૂ. આ. શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજ તેઓના વિનેય રત્ન પ્રભાવક પ્રવચનકાર પ. પૂ. આ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભ સૂ.

મ. તથા તેઓના વિનેયરત્ન પ્રવચનકાર પ. પૂ. મુનિપ્રવર શ્રી શ્રેયાંસપ્રભવિજયજી ગણિવર્યશ્રીની શુભ નિશ્રામાં પોષ વદ-૬ના શુભદિને કોરેગાંવના ઉપાશ્રયમાં કુમઠેના થનાર પ્રતિષ્ઠા મહોત્સવ સંબંધી મહત્વના ચઢાવા બોલાયા હતા. જૈનનાં માત્ર પાંચ ઘરોથી યુકત એવા પણ કુમઠે ગામમાં પૂજ્યપાદશ્રીનો ભવ્ય ગામ પ્રવેશ થયો. આવા નાનકડા ગામમાં પણ જૈન અને જૈનેત્તરોનો શ્રી જિનવાણી શ્રવણ રસ સારો જોવા મળતો હતો. સાથે સાથે મહોત્સવ દરમ્યાન દરેકમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. મહા સુદ ૫ ના ભવ્ય રથ-યાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. મહા સુદ ૬ ના શુભદિને કરાડમાં અંજન થયેલ શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાનનો ભવ્ય નગર પ્રવેશ થયો. મુળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાનનાં પ્રતિષ્ઠાનો ચઢાવો લેનાર શાહ ગુલાબચંદજી જેસાજી રાઠોડ પરિવાર, શ્રી મહાવીર સ્વામિ ભગવાનનો ચઢાવો લેનાર શ્રી ગણપતચંદ પદ્મચંદ સંઘવી (બીજાપુર-કર્નાટક), શ્રી શાંતીનાથ ભગવાનનો ચઢાવો લેનાર શ્રી પિતાંબર ગુલાબચંદ દોશી પરિવાર તથા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો ચઢાવો લેનાર શ્રીમતી માણિકબાઈ કુબેરચંદ ભંડારી પરિવાર તથા કાયમી ધ્વજાના ચઢાવવાનો લાભ લેનાર મહેતા ચંદુલાલ નાનચંદ (કોરેગાંવ) પરિવાર અને કળશનો ચઢાવાનો લાભ લેનાર મોહનલાલ પિતાંબર દોશી તથા શ્રીકાંત વીરચંદ ભંડારી પરિવારે શુભમુહુર્તે શ્રી જિનબિંબ, ધ્વજા, દંડ, કળશાદિની પ્રતિષ્ઠા કરી હતી. આ શુભ પ્રસંગે કોલ્હાપુર, સાતારા, કોરેગાંવ આદિ આજુબાજુનાં અનેક ગામોનાં સંઘો સ્પેશીયલ બસો તથા વિવિધ વાહનો દ્વારા ઉપસ્થિત રહ્યાં હતા. પ્રતિષ્ઠા પ્રસંગ બાદ ભવ્ય વ્યાખ્યાન મંડપમાં બીજા કેટલાંક મહત્વના ચઢાવા બોલાયા જે પૈકી કુમઠે ગામના સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા આરાધના ભુવનનો આદેશ સતારા નિવાસી શેઠશ્રી ગુલબાજી હિ-દુજી નીંબજીયા પરિવાર હસ્તે બચુભાઇ તથા સ્વ. સિંહગર્જનાના સ્વામિ પ. પૂ. આ. શ્રીમદ્ વિજય મુકિતચંદ્રસૂરીશ્વરજી મહારાજા વ્યાખ્યાન હોલનો આદેશ મુંબઇ-માટુંગા નિવાસી તલકચંદ જેસાજી પરિવાર હસ્તે જયંતીભાઇ રૂમાલવાળાને આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ પૂ.પાદશ્રીના ચાતુર્માસ અંગે કોલ્હાપુર, સાતારા, કોરેગાંવના સંઘો તરફથી ભારે આગ્રહ પૂર્વક વિનંતીઓ થઇ હતી. મ. સુદ ૭ ના દ્વારોદ્ઘાટન વિધિ કુમઠે નિવાસી સુભાષ શાંતીલાલ મહેતા પરિવારે ચઢાવો લઇ કરેલ. મહોત્સવ દરમ્યાન ત્રણે સમય નાસ્તો, નવકારશી, સાધર્મિક ભકિતનો લાભ જુદા જુદા ભાગ્યશાળીઓએ લીધો હતો. આ મહોત્સવ પ્રસંગે પૂ. સાધ્વી શ્રી જયાશ્રીજી મ. ના આજ્ઞાવર્તિની પૂ. સાધ્વી શ્રી મેરુકીર્તિશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી ઉત્તમગુણાશ્રીજી મ. આદિ ઠાણા ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- સંસારનં મમતા છોડવા માટે ધર્મની આરાધના કરવાની છૂટ છે પણ મમતા વધારવા અને સંસારનું સુખ મેળવવા ધર્મ આરાધના કરવાની છૂટ નથી.
- સાધુ, શ્રાવક-શ્રાવિકાની ચિંતા કરે તેા તે સાધુ જ નથી. અમારે-સાધુએ તમારી શી ચિંતા કરવાની ? તમારા આત્માની ચિંતા કરવાની કે તમારા ઘર-બાર, વેપાર-ધંધાદિ બરાબર ચાલે છે કે નહિ તેની ચિંતા કરવાની ?
- પુણ્યથી જે સુખ મળે તે ભોગવવા જેવું નથી અને પાપથી જે દુઃખ મળે તે અવશ્યમેવ ભોગવવા જેવું છે.
- સર્વજ્ઞ જે કરે તે આપણાથી કરાય નહિ. તે અનુચિત કરે નહિ.
- ભગવાનની આજ્ઞા મુજબ જીવવાવાળા સાધુઓની આંખ શાસ્ત્ર વિના બીજી કોઈ હોય નહિ. શાસ્ત્રના આધાર વિના બોલે નહિ. તેમને વિચારવાનું, વર્ત્તવાનું શાસ્ત્ર મુજબ જ.
- મોક્ષ માટે જ ધર્મ કરે તે ધર્મ નિર્મળ છે. સંસારની ઇચ્છાથી ધર્મ કરે તેા તે ધર્મ મેલા કરે છે
- મોક્ષનેા આશય ભળે તેા જ ધર્મ ધર્મ બને. નહિ તેા તે જ ધર્મ અધર્મ કરતાં પણ વધારે નુકશાન કરનાર બને.
- ભગવાનની વાતથી વિપરીત બોલે તેને શાસ્ત્રે મિથ્યાદૃષ્ટિ કહ્યો છે,
- પેાતાનેા ધર્મ બોધને બીજાને ધર્મ આપનારા શું ધર્મ આપવાના છે ? તે લોકો સંસ્કૃતિની કે શાસનની શું રક્ષા કરવાના છે ?
- ધર્મના રક્ષણ માટે કલેશ કરવેા તે ધર્મ છે પણ ખોટી સમતા રાખવી તે મોટામાં મોટો અધર્મ છે.
- ધર્મી આત્મામાં દુઃખ વેઠવાની શક્તિ હોય અને સુખ ભોગવવાનેા કંટાળેા હોય.
- મોક્ષ જ સુખ છે. તે સિવાય બાકી બધાને સુખ કહેવું તે સુખ શબ્દનેા વ્યભિચાર છે
- ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે.
- જેને સાધુપણાની ઇચ્છા ન હોય તેનું સામાયિક એ સામયિક નથી, [redacted]પૂજા એ પૂજા નથી.
- ગૃહસ્થપણું સારી મજેથી ભોગવાય; ભવાંતરમાં ય દુનિયાની સુખ સામગ્રી સારામાં સારી મળે તે માટે ભગવાનની પૂજા કરે તેા તે ભગવાનનેા ભગત નથી પણ દુનિયાના સુખનેા ભગત છે.



- ધર્મથી જે દુનિયાનું મળે તે સારૂં લાગી જાય તે હજી ધર્મ પામ્યો નથી. પુણ્યના પ્રભાવમાં જે અંજાઈ જાય તેને ધર્મ મળે જ નહિ.
- જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે કૂટી કોડી નહિ એનું નામ સમ્યગ ચારિત્ર.
- સંસાર કોઇ અપેક્ષાએ સારો નહિ. સંસાર અનાદિ અનંતકાળનો દુઃખરૂપ, દુઃખ ફલક અને દુઃખનુબંધી જ છે. સંસાર અસાર, સાગર જેવો તોફાની, ભયંકર અટવી જેવો, વિકાળ રાક્ષસ જેવો છે ! જેને મોક્ષને માન્યો છે તે કદી સંસારને સારો ગણે નહિ. તે સંસારને ભૂંડો જ માને.
- સંસાર છોડવા જેવો ન લાગે તેને મિથ્યાત્વ નામનો દોષ લાગે. સંસાર ન છૂટી શકે તેને અવિરતિ નામનો દોષ કહ્યો છે. અને છુટયા પછી તેમાં દોષ લાગ્યા કરે તે કષાય નામનો દોષ છે. આ ત્રણે ય દોષને પાર કરી જઇએ ત્યારે યથાખ્યાત નામનું ચારિત્ર આવવાનું છે.
- સંસાર રહેવા જેવો છે તેવું જેને લાગતું હોય તેને માટે ધર્મ જ કરવા જેવો છે એવી વાત કોઇ સમજાવી શકયું નથી.
- અનંતા અરિહંતો એક જ અવાજે કહી ગયા કે હું અનાદિનો છું. મારો સંસાર અનાદિનો છે. આ સંસાર અનાદિ કર્મસંયોગથી બનેલો છે. તે સંસાર દુઃખરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી છે. આવું જે માને તેને જ ધર્મ સંભળાવાય.
- સંસારમાં જેવા કર્મ કર્યા હોય તેવા સંયોગ મલવાના. સંયોગને આધીન ન થાવ તો જ છૂટાણું પડે.
- સાધુ નિરંતર સ્વાધ્યાય કરતો હોય તો જગતના ભણેલા જે ન જાણે તે સાધુ જાણે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વહવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯-૯-૯૬

૫૧૫૩

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૩૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

અપૂર્વ એવો મોહ !

दाराः परिभवकारा बंधुजनो
बंधनं विषं विषयाः ।
कोऽयं जनस्य मोहो,
ये रिपवस्तेषु सुहृदाशो ।।

સ્ત્રીએ પરિભવને કરનારી છે, બંધુજનો બંધનરૂપ છે અને વિષયો વિષ જેવા છે તો પણ જે આત્માના ખરેખર શત્રુઓ છે તેમને જ વિષે મિત્રની આશા રાખવી-મિત્ર માનવા તે જ ખરેખર કેવો અપૂર્વ મોહ છે ?

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯.

卐

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

મિથ્યાત્વ-મિથ્યાદૃષ્ટિપણું, દુર્લભ બોધિપણું અને હાડકાના માળાપણું – એ કાંઇ ગાળો નથી, પણ એ માત્ર વસ્તુસ્વરૂપની ઓળખાણ છે. દુઃખે કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. એવી અયોગ્યતા આત્મામાં સંપાદન કરવી, એનું નામ દુર્લભબોધિપણું અને સુખે કરીને કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય એવી યોગ્યતા કેળવવી તેનું નામ સુલભબોધિપણું ! ધર્મરૂપ ચૈતન્યહીન બનવું તે હાડકાના માળાપણું ! જેમ રોગથી ખવાઇ ગયેલા દર્દી પ્રત્યે જોનારને દયા આવે અને દયાથી કહે આ બિચારામાં લોહીનું નામ નિશાન નથી નર્યાં હાડકાં દેખાય છે, જાણે હાડકાનો માળો ! તેમ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞારૂપ ચૈતન્યહીનને જોઇ સાચા જ્ઞાનિઓ પણ એમની દયા ચિંતવતાં એમને હાડકાનો માળો કહે છે માટે છે માટે એ ગાળ નથી. એવા શબ્દોથી ગભરાઓ મા ! પણ સાંભળી સાંભળીને સાવધ થાઓ ! એ શબ્દો ગાળ આપનારા નથી પણ ચાતકને બોધનારા છે. જેનામાં આ સ્થિતિ હોય તે દૂર કરે અને ન હોય તે એવી સ્થિતિ કયે ન આવી પહોંચે એની કાળજી રાખે–એ માટે ચેતવનારા આ શબ્દો છે !

જેમ માસ્તર વિદ્યાર્થીને 'મૂર્ખા' કહે એ ગાળ છે ? નહિ પણ વિદ્યાર્થીને ભવિષ્યમાં ડાહ્યો બનાવવાના હેતુએ કહે છે માસ્તરને લાગણી છે માટે કહે છે. માસ્તરનું તાડન એ તાડન નથી, તર્જન એ તર્જન નથી, ઉપાલંભ એ ઉપાલંભ નથી. દોષો જોવા છતાં ન કહે, ન સૂચવે, એ દોષો કાઢવાના પ્રયત્નો ન કરે, તો તે સાચાં માબા। પણ નથી, સાચા શિક્ષક પણ નથી અને સાચા ધર્મ ગુરૂપણ નથી !!

- હિતના અર્થીઓએ ધર્મ કરવો તેમ કહ્યું છે. પણ દુનિયાના સુખના અર્થીઓએ નહિ. સુખનો ભિખારી કયારે ભૂલો પડે તે કહેવાય નહિ.
- ધર્મના ફળ તરીકે દુનિયાનું સુખ માંગવું, મળે તો તેમાં લેપાવું તે અજ્ઞાનતા છે.
- ધર્મી આત્મમાં દુઃખ વેઠવાની શકિત હોય અને સુખ ભોગવવાનો કંટાળો હોય.
- સારામાં સારા ઉપકારી મળે પણ અયોગ્ય જીવ ઉપર ઉપકાર ન કરી શકે.
- પાપમાત્રને જે નહિ કરવા રૂપે, નહિ કરાવવા રૂપે, કરતાને સારા નહિ માનવા રૂપે તજે તેનું નામ સાધુ !
- આ તો ભગવાનની ગદ્દી છે, ભગવાને કહેલ કહેવાનું છે, પોતાના ઘરનું કશું કહેવાનું નથી. મને પણ પૂછે કે, શાના આધારે કહો છો ? તો મારે તેને શાસ્ત્રમાંથી આધાર બતાવવો પડે 'હું કહું છું' તેમ ન કહેવાય. આ શાસનના સ્થાપક શ્રી અરિહંતદેવો પણ એમ કહે છે કે–'અનંતા શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે તે હું કહું છું અને ભવિષ્યમાં થનારા અનંતા શ્રી તીર્થંકરદેવો પણ આમ જ કહેવાના છે.'

પ્રેરણા મુખ્ય શાસના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મતાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનલાલ શાહ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (અમદાવાદ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વાલવડ)
પ્રાણલાલ ધરમશી મુહડા (પાલનપુર)

વર્ષ ૭] ૨૦૫૧ ફાગણ વદ-૧૨ મંગળવાર તા. ૨૮-૩-૯૫ [અંક-૩૦

—: અધ્યાત્મભાવને પામવાના ગુણો :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન- આઠમું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ વદિ-૪ સોમવાર તા. ૧૪-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

શ્રાવકના ઘરમાં શ્રાવક ધર્મની વાત ન કરે તે બને નહિ. 'આ જન્મ મોક્ષે જવા માટે છે તે માટે સાધુ જ થવા જેવું છે. આ સંસારમાં રહેવા જેવું નથી. પાપના ઉદયે સંસાર ન છુટી શકે. સાધુપણું પણ ન લેવાય તો પણ સાધુ થવાની ભાવના જીવતી રાખવી જોઇએ'—આવી વાત તમારા ઘરમાં ચાલુ છે ? તમારે તમારા પરિવારને ક્યાં મોકલવો છે ? જેના ઉપર બહુ પ્રેમ બતાવો છો તે મરીને ક્યાં જશે તેની ચિંતા છે ? સંતાનોને શું બનાવવાની ઇચ્છા છે ? લગ્ન કરાવવાની કે સંસાર છોડાવવાની ? સંસાર છોડાવવાની ઇચ્છા ન હોય તો તમારે ઘેર જનમવું તે પુણ્યોદય કહેવાય કે પાપોદય કહેવાય ? શાસ્ત્રે શ્રાવકને ઘેર જન્મે તેને મહાપુણ્યશાલી કહ્યો છે તેને બદલે આજે શ્રાવકને ઘેર જન્મે તે ઘોર પાપ કરીને આવ્યો છે તેમ કહેવું પડે છે. કારણ તમારે ઘેર જન્મે તેને સંસારનું બધું શીખવો પણ ધર્મનું કશું શીખવો નહિ.

નવતત્ત્વને સમજનારા કેટલા ? કયું તત્ત્વ મેળવવાં જેવું છે ? કયું તત્ત્વ છોડવાં જેવું છે ? કયું તત્ત્વ સેવવાં જેવું છે ? પુણ્ય શું ? પાપ શું ? આ બધા સમજે છે ખરા ? જેને મોક્ષની અને સાચે ભાવે ધર્મને કરવાની ઇચ્છા નથી તે મોટો શ્રીમંત હોય તોય દુઃખી છે ! તે બહુ પૈસાવાળો મરીને જાય ક્યાં ? આજે ખાન-પાન બગડી ગયા છે, બધું બગડી ગયું છે. તમને સુધારવા માટે સારા બનાવવા માટે શું કરવું તે

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર

જ ખબર પહડી નથી ! તમને સાચા ધર્મી બનાવવા હોય, સાચા શ્રાવક બનાવવા હોય તો ય શું કરવું તે જ સમજાતું નથી. કયાંથી શરૂઆત કરું ? જે વાત કરું તો મોટો ભાગ કહે કે–અમારાથી આ તો ન જ બને.

વ્યાખ્યાન કેમ છે ? અમારી વિદ્વત્તા–પંડિતાઇ બતાવવા વ્યાખ્યાન કરતા હોઇએ તો અમે પણ નકામા છીએ. 'આ સંસાર ભૂંડો છે, મોક્ષ જ મેળવવા જેવો છે, સાધુધર્મ જ કરવા જેવો છે, તે નથી કરી શકતા તે અમારો પાપોદય છે. અમારો પરિવાર બહેતો મોક્ષે જાય, દુર્ગતિમાં ન જાય તેમ હૈયાથી માનતા થાવ, સમજતા થાવ તે માટે વ્યાખ્યાન છે.

સંસારના સ્વરૂપનું રોજ ચિંતન કરે તેના ઉપર આપણે વાત કરી રહ્યા છીએ, અનિત્યાદિ બારે ભાવના રોજ મહેનત કરીને ભાવવાની છે. તમે ભાવો છો ? સંસારની ભાવના ભાવે તેને સંસારમાં રહેવાનું ગમે નહિ. પુણ્યથી જે કાંઇ સામગ્રી તમને મલી છે તે બધી સાથે લઇ જઇ શકાય તેવી છે ? તે બધી અહીં મૂકીને જ જવાનું ને ? તેને માટે જે કાંઇ પાપ કર્યા હોય તે તમારે જ ભોગવવાના ને ? તે સામગ્રી પણ તમને મૂકીને જતી રહે તેમ પણ બને ને ? આ સંસારમાં એવો પણ વખત આવે ને કે કોટિપતિને ય ખાવાના સાંસા પડે ? આ બધી તમને ખબર છે ને ? આ રીતે સંસારના સ્વરૂપનો વિચાર કરે તેને આ બધું સમજાય પછી તેને સંસારમાં રહેવું ગમે નહિ.

તે પછીનો ગુણ છે–તમારા જેટલા પૂજ્ય હોય તે બધાની રોજ ભક્તિ કરવી જોઇએ. સુદેવ–સુગુરુ અને સુધર્મ તો પૂજ્ય છે જ. પણ માતા–પિતાદિ વડીલો પણ પૂજ્ય છે તે બધાની રોજ ભક્તિ કરવાની છે. આજે તો મા–બાપાદિ વડીલોની ખબર ન રાખે તેવો વખત આવી ગયો છે. તમે ધર્મ તો નથી કરતા પણ તમને સંસાર ચલાવતા પણ આવડતો નથી. સંસારમાં ય તમારી આબરૂ નથી. છતે છોકરે મા–બાપ ભૂખ્યાં મરે છે, દુઃખી દુઃખી થાય છે, રીબાઇ રીબાઇને જીવે છે અને છોકરો બાયડી સાથે લહેર કરે છે. આજે તમારો આખો સંસાર બગડી ગયો છે. દીકરાવાળા કહે છે કે–આના કરતાં દીકરા ન હોત તો સારું થાત ! આવો વખત શાથી આવ્યો ? પૂજ્યની પૂજા ગઇ માટે.

સેવા–ભક્તિ જેટલા વડીલ હોય તે બધાની કરવાની અને નિંદા કોઇની કરવી નહિ. કોઇમાં ખામી દેખાય તો તેને સમજાવાય, તેના વડીલને કહેવાય પણ ગામમાં ફજેતો ન કરાય. તમે બે–ચાર ભેગા થાવ તો બીજાની નિંદ–કુથલી જ કરો ને ? જેની વાત કરવી હોય તે તેની હાજરીમાં કરવી–આ નિયમ જો બધા લઇ લે તો આ પાપથી ઘણી

જાય. પણ આજે આ બધા ગુણો લગભગ નાશ પામ્યા છે. તેમાં ય આનિંદા ગુણ તો દાટ વાળ્યો છે.

જે લોકમાં વસો છો તે લોકમાં ખરાબ કહેવાય તેવુ કામ કરવુ નહિ. લોક કહે કે આ ધર્મી માણસ બહુ સારો છે. જ્યારે આજે તમારી લોકમાં શી છાપ છે ? ચાંલ્લા કરે તેનો વિશ્વાસ કરવો નહિ, તે માત્ર ધર્મનો ઢોંગ કરી લોકોને ઠગે છે. આ વાત સાચી પણ દેખાય છે ને ? ધર્મી દુકાન ઉપર પણ જૂઠ બોલે ? ચોરી કરે ? આજે તો એવી ચોરી થાય છે કે-જો તમને પકડીને પોલીસ લઇ જાય તો લોક કહે-તેજ દાવનો હતો. કોઇને ય દયા આવે નહિ. આવી હાલત થઇ છે.

જે લોકમાં વસતા હો તે લોકને વિશ્વાસ જામવો જોઇએ કે-આ મરી જાય પણ ખોટું કામ કદી કરે નહિ. તેની સાથે મારી યુવાન છોકરી મોકલી હોય તો ય ચિંતા નહિ. તેને લાખ રૂપિયા આપીએ તોય ચિંતા નહિ. આવી તમારી છાપ છે ? આ ગુણો કેમ નથી આવતા ? પામવા નથી માટે. 'મારા આત્માનું શું થશે ? હું મરીને ક્યાં જઇશ ? આવી જેને ચિંતા પણ ન હોય તેનામાં આ એક પણ ગુણ ન હોય !

ઝટ મોક્ષે જવું છે ? આ સંસારથી છૂટવું છે ? દુનિયાની સુખ-સંપત્તિ દુર્ગતિમાં જ મોકલનારી છે તે ખબર છે ? મહારંભી અને મહાપરિગ્રહિને નરકગામી કહ્યા છે. ગમે તેટલા પૈસા મળે તે ઓછા જ લાગે, મોટા મોટા પાપના ધંધાદિ મજેથી કરે જરાપણ દુઃખ ન થાય. તે બધા નરયમાં જાય 'નરક માનો છો ? નરકમાં એવી પીડા છે જેનું વર્ણન ન થાય.

મરવાનું નક્કી જ છે. 'મારે દુર્ગતિમાં જવું નથી ત્યાં ઘણું દુઃખ છે માટે નહિ પણ ધર્મની સામગ્રી ન મળે માટે. તેથી કોઇ ખોટું કામ મઝાથી કરવું નથી' આવો પણ નિર્ણય છે ખરો ? 'મારે સદ્ગતિમાં જવું છે. તે ત્યાં સુખ છે માટે નહિ પણ ધર્મની સામગ્રી મળે. અને મોક્ષ માર્ગની આરાધના ચાલુ રહે તે કરી વહેલામાં વહેલાં મોક્ષે જવું છે'-આવી પણ ભાવના તમારી છે ખરી ? રોજ આ વિચાર કરો તો ય જીવન બદલાઇ જાય.

તમે બધા શ્રાવક છો ને ? ધર્માત્મા પણ છો ને ? રોજ ઉભયકાલ પ્રતિક્રમણ ત્રિકાળ પૂજા સામાયિક સ્વાધ્યાય કરનાર કેટલા મળે ? શક્તિ મુજબ દાન ધર્મ કરનારા કેટલા મળે ? શીલ પાળનારા કેટલા મળે ? પર્વતિથિએ પણ તપ કરનારા કેટલા મળે ? 'રોજ સંસાર ક્યારે છૂટે' 'ક્યારે છુટે' તે ભાવના કરનારા કેટલા મળે ? આજે ઘણી ગરબડ થઇ છે. અહીં જે આવે તે બધા પાપથી ડરનારા હોય ને ? ધર્મને મજેથી કરનારા હોયને ? સંસાર ન છૂટકે કરનારા હોય છે ? મનુષ્યપણામાં સાધુપણું ક્યારે મળે તે ચિંતામાં હોય ને ? સાધુપણું પામ્યા વિના મરવું પડે તેનુ દુઃખ હોય ને ? (ક્રમશઃ)

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર : ૨૬૬–આધિ કોને કહેવાય ?

ઉ : મનમાં જેટલાં દુઃખો તે બધા આધિરૂપ છે.

પ્ર : ૨૬૭–વ્યાધિ કોને કહેવાય ?

ઉ : શરીરનાં જેટલાં દુઃખો તે બધા વ્યાધિરૂપ છે.

પ્ર : ૨૬૮–આધિ–વ્યાધિની જનેતા કોણ છે ?

ઉ : ઉપાધિ.

પ્ર : ૨૬૯–તેનો ફલિતાર્થ જણાવો.

ઉ : આખો સંસાર ઉપાધિ રૂપ છે. ઉપાધિનો વળગાડ તે વળગાડ નથી લાગતો પણ તેમાં જ સુખ માની આત્મા ઉપાધિને જ સમાધિ માની ભવનું ભ્રમણ વધારે છે. ઉપાધિઓનો સર્વથા અભાવ એ જ આત્મિક સુખનો સ્તોત્ર છે. નિરૂપાધિક દશા એ જ મોક્ષપદની પ્રાપ્તિ છે. તેને માટે જ બધી સાધના કરવાની છે.

પ્ર : ૨૭૧–આના ઉપરથી ટુંકમાં જણાવો કે જીવમાત્ર કેવાં સુખને ઇચ્છે છે ?

ઉ : બધા જીવો બોલી ન શકે પણ હૈયાથી દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને આવ્યા પછી કયારે ય નાશ ન પામે તેવાં જ સુખને ઇચ્છે છે.

પ્ર : ૨૭૨–ઉપલક્ષણથી શું નક્કી થયું ?

ઉ : ઉપલક્ષણથી મોક્ષથી ભિન્ન અવસ્થા જે સંસાર તે સંસારનું સુખ દુઃખ મિશ્રીત, અપૂર્ણ અને ક્ષણિક નક્કી થાય છે. કેમકે, ઉપાધિજન્ય–કર્મજન્ય સંબંધી દુઃખદાથી જ છે, સ્તવનમાં પણ કહ્યું છે કે–'કર્મજનિત સુખ તે દુઃખરુપ, સુખ તે આતમ ઝાંખ ! (શ્રી રત્નવિજયજી કૃત શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનનું સ્તવન–'ઋષભ જિનેસર વાંછિત પૂરન.')

પ્ર : ૨૭૩–શાસ્ત્રીય રીતે મોક્ષસુખનું વર્ણન કરો.

ઉ : મોક્ષનું સુખ એવું અનુપમ છે કે તેનું વર્ણન કરવું તે વચનાતીત છે. ખુદ શ્રી કેવલિભગવંતો મોક્ષનું સુખ જાણે–અનુભવે છે પણ સંપૂર્ણરીતે વાણીથી સમજાવી શકતા નથી માટે જ કહેવાય છે કે 'મૂક ગુડને ન્યાય.' મુંગો માણસ ગોળની

મીઠાશ માણી શકે છે પણ વર્ણવી શકતો નથી તેના જેવી તે વાત છે.

તો પણ મોક્ષનું સુખ કેવું છે તેનું વર્ણન કરતાં 'શ્રી આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે—

'નવિ અત્થિ માણુસાણં તં સોક્ખં નવિ ય સવ્વદેવાણં ।
જં સિદ્ધાણં સોક્ખં અણાબાહં ઉવગયાણં ।।૧૮૦।।'

અર્થાત્–'અવ્યાબાધ એવા મોક્ષપદને પામેલા શ્રી સિદ્ધ ભગવંતોને જે સુખ છે, તેવું સુખ ચક્રવર્ત્તી આદિ મનુષ્યોને પણ નથી અને અનુત્તર વિમાનવાસી દેવોને પણ નથી.' (મનુષ્યોમાં સૌથી વધુ સુખી ચક્રવર્તી હોય છે અને બધા દેવોમાં વધુમાં વધુ સુખી અનુત્તર વિમાનવાસી એવા શ્રી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો છે માટે સૌથી વધુમાં વધુ સુખીની અપેક્ષાએ તે બેનું ગ્રહણ કર્યું છે. ઉપલક્ષણથી બીજા પણ સુખી જીવો સમજી લેવા.)

દેવાદિનું સુખ મુક્તિસુખનો અંશ માત્ર પણ નથી તે વાત પ્રકારાન્તરે કહે છે.

'સુરગણસુહં સમત્તં સવ્વદ્ધાપિંડિયં અણંતગુણં ।
ન ય પાવઇ મુત્તિસુહં ણંતાહિવિ વગ્ગવગ્ગૂહિં ।।૧૮૧।।'

અર્થાત્–ભૂતકાળમાં થયેલા, વર્ત્તમાનમાં વિદ્યમાન અને ભવિષ્યકાળમાં થનારા–એ પ્રમાણે સઘળાય દેવોના સમુદાયનું સઘળાય પ્રકારનું જે સુખ તેને સઘળા ય–ત્રણે કાલના જેટલા સમયો તેના વડે ગુણવામાં આવે અને જે સંખ્યા આવે તેના કરતાં પણ અનંત-ગણું મોક્ષમાં શ્રી સિદ્ધપરમાત્માનું સુખ હોય છે.

અર્થાત્–સઘળા ય કાળના સમયો વડે ગુણેલું જે સુખ જેટલાં પ્રમાણમાં આવે તેટલાં પ્રમાણવાળાં સુખને અસત્ કલ્પનાથી એક આકાશ પ્રદેશમાં સ્થાપન કરાય, તે રીતના સકલ લોકાકાશના અનંત પ્રદેશને પૂરવા સ્વરૂપ અનંત ગુણાકારથી ગુણેલું જે સુખનું પ્રમાણ આવે તેનો વર્ગ કરવામાં આવે (તે સંખ્યાને તે જ સંખ્યા વડે ગુણતાં જે જવાબ આવે તે તેનો વર્ગ કહેવાય છે, જેમકે, ૨×૨=૪ ૨ નો વર્ગ ૪, ૫×૫=૨૫, ૫ નો વર્ગ ૨૫, ૨૫×૨૫=૬૨૫, ૨૫ નો વર્ગ ૬૨૫ કહેવાય) તે વર્ગિત કરેલ સંખ્યાને ફરીથી વર્ગ કરવામાં આવે, એ પ્રમાણે અનંત વર્ગના વર્ગો વડે વર્ગિત જે સંખ્યા આવે, તે ચરમ કક્ષાને–પ્રકર્ષરૂપ પામેલ સંખ્યા પણ મુક્તિસુખને આંબી શકતી નથી. અર્થાત્ તેના કરતાં પણ મુક્તિ સુખ અનંતગણું છે.

આ જ વાતની પુષ્ટિ માટે કહે છે કે—

'सिद्धस्स सुहो रासी सव्वद्धापिंडितो जइ हवेज्जा ।
सोऽणंतवग्गभइतो सव्वागासे न माइज्जा ॥९८२॥'

શ્રી સિદ્ધ ભગવંતોનું જે સુખ છે તે સુખના સમુદાયને, સઘળા ય કાલના સઘળા ય સમયો વડે ગુણતાં અનંતવર્ગ રૂપ થવાથી સઘળાય આકાશમાં માતુ નથી તેવું અનંતગણું સુખ છે.

આ વાત માત્ર તેમના અનુપમ અનંતાનંત સુખને સમજાવવા પૂરતી છે. બાકી શ્રી સિધ્ધ પરમાત્મા તો નિયત દેશમાં જ રહેલા છે. લોકમાં પણ કહેવાય છે કે-કોઇ માણસને અમૃતના આસ્વાદ સમાન તૃપ્તિનો અનુભવ થાય તો તે કહે છે કે, જગતના બધા ખાદ્ય પદાર્થો કરતાં પણ આમાં મને એવો આસ્વાદનો આનંદ આવ્યો છે જેનું વર્ણન પણ ન થાય.

પ્ર : ૨૭૪-મોક્ષ સુખની નિરૂપમતાને જણાવનારૂં શાસ્ત્રીય દૃષ્ટાંત જણાવો.

ઉ : મોક્ષસુખની નિરૂપમતાને જણાવનાર શાસ્ત્રીય દૃષ્ટાંત લિલ્લનું છે તે આ પ્રમાણે છે.

'जह नाम कोइ मिच्छो नगरगुणे बहुविहे वियाणंतो ।
न चएइ परिकहेउं उवमाइ तहिं कसंतीए ॥'

(આ. નિ. ગા. ૯૮૩)

એક મોટા અરણ્યમાં એક લિલ્લ વસે છે. એક વાર એક રાજા અશિક્ષિત અશ્વથી પોતાના પરિવારાદિથી છુટો પડેલો તે અરણ્યને પામ્યો. ભૂખ-તરસથી આકુલ-વ્યાકુલ થયેલો, અત્યંત શ્રમિત એવો તે રાજા તે લિલ્લ વડે જોવાયો. રાજાની આગતા-સ્વાગતાદિ કરી, સ્વસ્થ કરી નગરમાં લઇ જવાયો. પોતાનો જીવિતદાતા છે એમ માની, રાજા પણ તેને નગરમાં લાવ્યો અને ઉપકારી છે તેથી તેને પોતાની જેમ જ રાખે છે. પાંચે ય ઇન્દ્રિયોના અનુકૂળ-મનગમતાં વિષયોના ભોગવટામાં કાળને પસાર કરે છે. એક વાર તેને અરણ્યમાં જવાનું મન થયું. રાજા વડે પણ વિસર્જન કરાયેલો તે અરણ્યમાં ગયો તે વખતે અરણ્યવાસીઓ તેને પૂછે છે કે, નગર કેવું હોય છે, ત્યાં કેવું કેવું સુખ ભોગવ્યું ? અનુભવવા-જાણવા છતાં પણ ઉપમાના અભાવે બોલી શકતો નથી-સમજાવી શકતો નથી. તેની જેમ ઉપમાના અભાવે ઉપમાતીત અને વચનાતીત અનુપમ એવું શ્રી સિધ્ધ પરમાત્માનું સુખ છે.

આ રીતના સ્વ-સ્વભાવમાં જ મગ્ન હોવાથી સર્વકાલતૃપ્ત, અતુલ, સર્વદા ઉત્સુકતા વિનાના નિર્વાણને પામેલા એવા શ્રી સિદ્ધભગવંતો શાશ્વત અને અવ્યાબાધ એવા સુખમાં મગ્ન છે.

પાલિતાણાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાયેલો પ. પૂ. તપસ્વી મુનિરાજશ્રી કમલરત્નવિજયજી મહારાજ, પ. પૂ. પ્રવચન પ્રભાવક મુનિરાજ શ્રી દર્શન-રત્નવિજયજી મહારાજ, પ. પૂ. ન્યાયવિશારદ મુનિરાજ શ્રી વિમલરત્નવિજયજી મહારાજનો શત્રુંજય ગિરિરાજ મોતીશા ટુંકમાં ઉજવાયેલ

સર્વ પ્રથમ ભવ્ય ગણિપદ–મહોત્સવ : એક ઝાંખી

સૌ પ્રથમ તો ગણિપદ-મહોત્સવની પત્રિકા અને પેમ્પલેટથી ભારતભરમાં નિમંત્રણ શાહ ધર્મચંદ-પુખરાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવારે પાઠવેલ તથા શંખેશ્વર, મુંબઇ, પિંડવાડા–પાલિતાણા વગેરે સ્થળે કપડા પરના બોર્ડો લખાવી મુકેલ.

(૧) ગણિવરપદ પ્રદાન કરનારા પ. પૂ. વાત્સલ્ય મહોદધિ આ. શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજા, તથા પ. પૂ. પ્રવચનપ્રભાવક આ. શ્રીમદ્વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજાનો પાડીવ નગરથી આયોજિત પાડિવ પાલિતાણા છ'રીપાલક સંઘના આયોજક શાહ રતનચંદ ચુનીલાલ ભીકાજી પરિવાર આયોજિત સંઘ સાથે પોષ વદ ૩ દિ, ૧૬–૧–૯૫ ના પાલિતાણા નગરમાં ભવ્ય પ્રવેશ થયો. અમદાવાદથી સ્પેશ્યલ બેન્ડપાર્ટી આવેલ, હાથી ઘોડા, આદિ અને ગેંડાથી વાતાવરણ ગુંજિત બનેલ. પ્રવેશ વખતે સામૈયામાં ઘોડા, હાથી અનેક રથો, અનેક ઇન્દ્રધ્વજા, પ, બગી, બેડાવાળી નાની નાની કુમારિકાઓ વગેરે સારી સંખ્યામાં આવી હતી. પોષ વદ ૩ ને સાંજે પદવી નિમિતે 'પ્રેમસૂરિજી વિહાર' ધર્મશાળામાં ગીત ગવડાવવામાં આવેલ.

પોષ વદ ૪ ને ઉપરોક્ત ત્રણેય મુનિભગવંતોની ગણિ પદવી નિમિતે મુંબઇથી બે બસ તથા પિંડવાડાથી એક બસ તથા મેટાડોર આવેલ. આજે ગણિપદવી નિમિતે શાહ ધરમચંદ પુખરાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવાર પિંડવાડાવાળા તરફથી મહારાષ્ટ્ર ભુવનમાં નવાણું અભિષેક મહાપૂજન અને બે રૂપિયાની પ્રભાવના થયેલ. પૂજામાં જીવ દયાની સારી ટીપ થયેલ. ત્રણે દિવસની સાધર્મિક ભક્તિનો લાભ સંઘવી રતનચંદ ચુનીલાલ ભીકાજી પરિવારે આગ્રહપૂર્વક વિનંતિ કરીને લીધેલ. શાહ ધર્મચંદ, પુખરાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવાર તરફથી આજે સંઘજમણ થયેલ. ગણિપદવી નિમિતે મહારાષ્ટ્ર ભુવનમાં મહોત્સવ રાખવામાં આવેલ. પરમાત્માની ભવ્ય અંગરચના પિંડવાડાના વેપ્સ મંડલ (વિજયપ્રેમસૂરિજી મંડલ) ના ભાઇઓએ કરેલ. રાત્રે પ્રતિક્રમણ પછી ધર્મચંદ પુખરાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવાર તરફથી બહેનોમાં ગીત ગવડાયેલ. રાત્રે ૦૧ ભાવનામાં પિંડવાડાના વેપ્સ મંડલના છોકરાઓએ ડાંડીયારાસ કરેલ. ગણિપદવી પ્રસંગે લોપાલસાગર (કરેડા), સુરત, મુંબઇ, પિંડવાડા, ડીસા, પાટણ, નામલી

(૧૮લામ, મુંડારા, મદ્રાસ આદિથી ભક્ત વર્ગ આવેલ. પિંડવાડાથી ૪૦૦ ઉપર ભક્તવર્ગ આવેલ. બીજા મદ્રાસથી પ્લેનમાં ભાવનગર થઇ આવેલ. ગણિપદનો પ્રસંગ ખરેખર બહોળો અદ્વિતીય થયેલ. મુંબઇ મહાનગરીમાં ગણિપદવીનું મુહુર્ત પૂ. ગચ્છાધિપતિએ આપેલ. એ પ્રસંગે પિંડવાડાના ઘણા ભાગ્યશાળીઓ મુહુર્ત લેવા ગયેલ. તથા ગણિપદવી પણ તીર્થોમાં રાજા ગિરિરાજ (શત્રુંજય) પર થયેલ. ઇતિહાસ જોતાં ગણિપદવીનો પ્રસંગ ગિરિરાજ પર પ્રાયઃસર્વપ્રથમ થયેલ.

પોષ વદ ૫ : સવારે પૂ. વાત્સલ્યનિધિ આ. શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મ તથા પૂ. તપસ્વી મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ. આદિ મુનિભગવંતો તેમજ ચતુર્વિધ સંઘ સાથે સંઘવી પ્રેમવિહારમાં શાહ ધર્મચંદ પુખરાજ કિસ્તુરચંદજીને ત્યાં પધારેલ. સર્વપ્રથમ પ્રેમસૂરિવિહારમાં સિદ્ધાંત મહોદધિ, પરમગુરૂદેવ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.ની ગુરૂમુર્તિને સંઘ-સંઘવી સાથે વંદન કરેલ. ત્યાર બાદ માંગલિક પ્રવચન, સંઘપૂજન થયેલ. સંઘવીનું બહુમાન ધર્મચંદ, પુખરાજ. કિસ્તુરચંદજી જોગાતર પરિવારે કરેલ. વેપ્સમંડલ તથા અન્ય બેંડ સાથે તહેટી દર્શન કરવા ગયેલ. ત્યાર બાદ લગભગ ૧૦ વાગે ચતુર્વિધ સંઘ પ્રેમસૂરિજી વિહારમાં ગણિપદવીની ઉછામણી માટે વેપ્સમંડલ સાથે ધર્મચંદ પુખ. રાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવાર સાથે પધારેલ. પ્રેમસૂરિજી વિહારમાં પૂ. વાત્સલ્યનિધિ આ. શ્રી વિજય મહાબલસૂરિજી મ. તથા પૂ. સિધ્ધાંત-પ્રભાવક આ શ્રી વિજય પુણ્યપાલસૂરિજી મ., પૂ. મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ. આદિ પધારેલ. પૂ. મુ.શ્રી કમલરત્નવિજયજી મ. ના ગુરૂદેવ મેવાડ દેશોધ્ધારક પૂ. આ. શ્રી વિજય જિતેંદ્રસૂરીશ્વરજી મ. ઉદયપુરથી સંઘ લઇ પાલિતાણા પધારેલ. એમને રોકવાની આગ્રહભરી વિનંતિ ધર્મચંદ પુખરાજ કિસ્તુરચંદજી જોગાતર પરિવારે કરેલ, પરંતુ એમને મહા સુદ ૯ ને નાકોડા તીર્થમાં ઉપધાન શરૂ થનાર હોઇ ન રોકાઈ શકવાથી અગાઉથી જ ત્રણે શિષ્ય-પ્રશિષ્યો પર ગણિપદવીનો શુભ આશીર્વાદનો વાસક્ષેપ કરી આપેલ. તેમજ પૂ. ઉપકારી આ. શ્રી ગુણરત્ન સૂ. મ. ને પાટણ પ્રતિષ્ઠા પર જવાનું હોઇ ત્રણે મુનિ ભગવંતો પર વાસક્ષેપ કરી આશીર્વાદ આપેલ તેમજ પોતાના શિષ્ય મુનિરાજ શ્રી રવિરત્નવિજયજી મ. તથા પૂ. આ. શ્રી જિતેન્દ્ર સૂ. મ. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી પુણ્યરેખાશ્રીજીના શિષ્યાઓને રાખેલ. ઉછામણી હસ્તગિરિ આદિ તીર્થોમાં આપવાનું તથા દેવદ્રવ્યમાં લઇ જવા જણાવેલ, પ્રેમસૂરિજી વિહારમાં સવારે સાડા દસ વાગે પૂ. પ્રવચન પ્રભાવક આ. શ્રી પુણ્યપાલસૂરિજી મ. તથા પ્રવચન પટ્ટુ મુનિરાજ શ્રી દર્શનરત્નવિજયજી મ. નું પ્રવચન થયેલ, ત્યાર બાદ ગણિપદવીની ઉછામણીની શરૂઆત થયેલ. પૂ. મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ. ને વર્ધમાન વિદ્યામંત્રનો પટ વહોરાવવાનો ચઢાવો શાહ કિસ્તુરચંદજી જોગાતર (પિંડવાડા) પરિવારે લીધેલ. નવકારવાળી વહોરાવવાની ઉછામણી શાહ વીર-

ચંદજી છોગાલાલજી પરિવાર પિંડવાડાવાળાએ લીધેલ. કામળી વહોરાવવાની ઉછામણી શાહ મગનલાલ વનેચંદજી પરિવારે (હસ્તે જશવંતભાઇએ) લીધેલ. જાપ કરવા માટેની રેશમી ચોલપટ્ટો વહોરાવાની ઉછામણી શાહ હીરાચંદ પુખરાજજી ઢાંતરાઇવાળાએ લીધેલ. આસન વહોરાવવાની ઉછામણી શાહ પુખરાજજી કાનાજી ઢાંતરાઇવાળાએ લીધેલ.

પ્રવચન પટ્ટ પૂ. મુનિરાજ શ્રી દર્શનરત્નવિજયજી મ. ને વર્ધમાન વિદ્યાનો પટ વહોરાવવાની ઉછામણી શાહ પુખરાજજી કાનાજી ઢાંતરાઇવાળાએ લીધેલ. નવકારવાળી વહોરાવાની ઉછામણી શાહ અચલદાસજી દાનમલજી પિંડવાડાવાળાએ લીધેલ. કામળી વહોરાવાની ઉછામણી શાહ મેલાપચંદજી સુરચંદજી પિંડવાડાવાળાએ લીધેલ. રેશમી ચોલ પટ્ટો વહોરાવાની શાહ નેનમલજી દેવીચંદજી દેસૂરીવાળાએ લીધેલ. આસન વહોરાવાની ઉછામણી શાહ બાબુલાલજી ભૂરમલજી પિંડવાડાવાળાએ લીધેલ.

પૂ. ન્યાયવિશારદ મુનિરાજ શ્રી વિમલરત્નવિજયજી મ. ને વર્ધમાન વિદ્યાનો પટ વહોરાવાની ઉછામણી શાહ રામચંદ્રજી શેષમલજી લુણાવાવાળાએ લીધેલ. નવકારવાળી વહોરાવાની ઉછામણી શાહ કુંદનમલ પૂનમચંદજી પિંડવાડાવાળાએ લીધેલ. કામળી વહોરાવાની ઉછામણી શાહ પુખરાજજી કાનાજી ઢાંતરાઇવાળાએ લીધેલ. રેશમી ચોલપટ્ટો વહોરાવાની ઉછામણી શાહ મીઠાલાલજી રામચંદજી પિંડવાડાવાળાએ લીધેલ. આસન વહોરાવાની ઉછામણી શાહ શંકરલાલજી સાંકલચંદજી ઢાંતરાઇવાળાએ લીધેલ. પદવી ઉપર પધારેલ બધા આચાર્ય ભગવંતોને ગુરૂપૂજન કરવાની ઉછામણી શાહ પુખરાજજી કાનાજી ઢાંતરાઇવાળાએ લીધેલ. બધા આચાર્ય ભગવંતોને કામળી વહોરાવાની ઉછામણી શાહ વીરચંદ માણેકચંદજી પરિવાર પિંડવાડાવાળાએ લીધેલ. ત્રણે મુનિભગવંતોને ગણીપદવીમાં વર્ધમાન વિદ્યા ગણવા માટે રેશમી ચોલપટ્ટો તથા જેના પર બેસી વર્ધમાન વિદ્યા ગણે તે આસન વહોરાવાની ઉછામણી તથા ગણિપદવી પ્રસંગે જીવદયાની ટીપ : આટલી ક્રિયા મોતીશા ટુંક ગિરિરાજ પર થયેલ. બીજી બધી ઉછામણી પ્રેમસૂરિજી વિહારમાં થયેલ. ત્યારબાદ ૯ રૂપિયાનું જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી સંઘપૂજન થયેલ.

ઉછામણી થયા પછી હાથી, અનેક ઘોડા બેંડ તથા પરમાત્માની રથયાત્રાની શોભાને વધારે એવી શણગારેલી બે બગી સાથે પરમાત્માની રથયાત્રા નીકળેલ.

રથયાત્રા પ્રેમસૂરિ વિહારથી પ્રારંભ થઇ પાછી પ્રેમસૂરિજી વિહારમાં ઉતરતાં માંગલિક તથા પ્રવચન થયેલ. તથા બપોરે સાબરમતી યાત્રિક ભુવનમાં પ્રવચન થયેલ, તેમાં શાહ ખુમચંદ કપૂરજી સિરોડીવાળા તથા સુરેન્દ્રનગરવાળા ક્ષીરચંદ જે. શેઠ (કલ્યાણના તંત્રી) તથા રાજુભાઉ તરફથી ગણિપદવી નિમિતે ૧-૧ રૂપિયાનું સંઘપૂજન થયેલ. આજે સાંજે શાહ કિસ્તુરચંદજી હંસાજી પરિવાર તરફથી પરમાત્માની ભવ્યાતિ-

ભવ્ય મહાપૂજા મહારાષ્ટ્ર ભુવન દેરાસરમાં થયેલ. ચતુર્વિધ સંઘ સાથે પૂ. આ. શ્રી રવિપ્રભ સૂ. મ., પૂ. આ શ્રી મહાબલ સૂ. મ. આદિ મહાપૂજામાં આગ્રહભરી વિનંતિથી પધારેલ અને ચતુર્વિધ સંઘ સાથે દેરાસરમાં ચૈત્યવંદન થયેલ. સાંજે પ્રતિક્રમણ પછી બહારગીઓન પિંડવાડાવાળાએ ગીત ગવરાવેલ.

સુરેન્દ્રનગરમાં જોગમાં પ્રવેશ પછી ગણિપદવી નિમિતે અનેક પૂજનો તથા સંઘપૂજનો જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી થયેલ તથા પિંડવાડા તથા મુંબઇમાં શાહ ધર્મચંદ પુખરાજ કિસ્તુરચંદજી પરિવાર તરફથી પૂજા આદિ ભણાવાયેલ..

પોષ વદ ૬ નો ગણિપદનો દિવસ : આજે સવારે શુભમુહુર્તે ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે ગિરિરાજ પર ચઢેલ. ત્યાં મોતીશાની ટુંકમાં પરમાત્માના સમવસરણ સમક્ષ ગણિપદની ક્રિયા શરૂ થયેલ. એ પ્રસંગે પ. પૂ. આ. શ્રી વિબુધપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી રવિપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી મહાબલ સૂ. મ., પૂ. આ શ્રી પુણ્યપાલ સૂ મ., પૂ. આ. શ્રી યશોવર્મ સૂ મ. આદિ પધારેલ. લગભગ ૧૦૦ સાધુ-સાધ્વી આદિ ચતુર્વિધ સંઘની હાજરીમાં ત્રણે મુનિભગવંતોને ગણિપદ પ્રદાન થયું. પૂ. આ. શ્રી રવિપ્રભ સૂ. મહારાજે ત્રણે મુનિભગવંતોને કાનમાં વર્ધમાન વિદ્યા સંભળાવેલ. પૂ. મુનિરાજ શ્રી ભવ્યભૂષણ વિ. મહારાજે જોગાતર પરિવાર, તથા પિંડવાડા સંઘનું ગૌરવ તથા ત્રણે મુનિભગવંતોની યોગ્યતા પર સુંદર પ્રવચન કરેલ. ત્યાર બાદ બધા આચાર્ય ભગવંતોને ગુરૂપૂજન તથા કામળી વહોરાવાયેલ. નુતન ગણિવર્યોને ચતુર્વિધ સંઘે વંદન કરેલ. ત્યાર બાદ નુતન ગણિવર્યોને વર્ધમાન વિદ્યાનો પટ નવકારવાળી, કામળી, આસન, ચોલપટ્ટો વગેરે વહોરાવાની ઉછામણી જે ભાગ્યશાળીઓએ લીધેલ, તે તે ભાગ્યશાળીઓએ વહોરાવી લાભ લીધેલ. પછી ભક્તવર્ગે કામળી, આદિ વહોરાવેલ. જોતજોતામાં કામળીઓનો ઢગલો થઇ ગયો. પદવી પછી મોતીશા ટુંકમાં તથા દાદાના દરબારમાં ચૈત્યવંદન થયેલ, ત્યાર પછી નુતન ગણિવરો પૂજ્ય આચાર્ય ભગવંતો સાથે શાહ રતનચંદ ચુનીલાલ ભીંડાજી પરિવાર આયોજિત પાડિવ-પાલિતાણા છ'રી પાલક સંઘની માળા માટે દાદાના દરબારમાં રોકાયેલ પદવી નિમિતે સાધુ-સાધ્વી ભગવંતોમાં ૯ ઉપવાસ, ૨૧ અઠમ, આદિ તપશ્ચર્યા થયેલ. નુતન ગણિવર્યોનું ગુરૂપૂજન આદિ થયા પછી ૪૧ રૂ. નું સંઘપૂજન નીચેના ભાગ્યશાળીઓ તરફથી થયેલ. પદવી-પ્રદાન બાદ જીવદયાની ટીપ પણ ઘણી સારી થયેલ.

શાહ ધર્મચંદજી પુખરાજજી કિસ્તુરચંદજી (રૂા. બે), શાહ રણજિતમલ છોટાલાલજી મરડિયા (રૂા. બે), શાહ અમૃતલાલ ચુનીલાલ મહેતા, શાહ અંબાલાલ તારાચંદજી, શાહ ચંદ્રકાંત છગનલાલજી, શાહ શિવલાલ જવેરચંદજી, શાહ પ્રકાશચંદ્ર દાનમલજી, શાહ બાબુલાલ ભૂરમલજી, શાહ છોટાલાલ છગનલાલજી, શાહ મગનલાલ વનેચંદજી,

શાહ મીઠાલાલ રાયચંદજી, શાહ મેલાપચંદ સુરચંદજી, શાહ રતનચંદજી રાયચંદજી, શાહ હિંમતલાલ અચલદાસજી, શાહ જીવરાજ ધૂપાજી, શાહ જુહારમલજી હંસાજી, શાહ જયંતિલાલ કુંદનમલજી, શાહ ઉત્તમચંદજી કાનમલજી, એક સદ્‌ગૃહસ્થ તરફથી, એક સદ્‌ગૃહસ્થ તરફથી, શાહ મેલાપચંદજી માણેકચંદજી, શાહ અચલદાસજી દાનમલજી, શાહ વીરચંદજી માણેકચંદજી, શાહ શાંતિલાલ ધરમચંદજી કોઠારી, (બધા પિંડવાડાવાળા છે.) શાહ છગનલાલજી વસંતકુમારજી મંડોવારિયાવાળા, શાહ દીપચંદજી ધૂપાજી, શાહ હજારીમલજી અદીંગજી, શાહ નથમલજી મોપાજી, શાહ હજારીમલજી લુંબાજી, શાહ હીરાચંદજી વકતાજી, (બધા ફાંતરાઈવાળા છે.) શાહ હસ્તિમલજી પુખરાજજી ચુંડારાવાલા, શાહ મિશ્રીમલજી રમેશચંદજી રોહિડાવાળા, શાહ જેશિંગલાલજી ચોથાલાલભાઈ ડીસાવાળા, શાહ સમરથમલજી ભભુતમલજી પિંડવાડાવાળા, શાહ ભૂરમલજી હજારીમલજી પિંડવાડાવાળા, શાહ ચંપાલાલજી ચુનીલાલજી પિંડવાડાવાલા, શાહે અમૃતલાલજી કાલિદાસજી ડીસાવાળા, શાહ પુખરાજજી કાનાજી ફાંતરાઈવાળા આમ કુલ ૪૧ રૂા. નું સંઘપૂજન થયેલ. પરમાત્માની ભવ્ય અંગરચના થયેલ. બધે હર્ષનું વાતાવરણ છવાઈ ગયેલ. પદવી પ્રસંગે ઘણા અભિનંદનો આવેલ. પરંતુ જગ્યાના અભાવે થોડાક જ પ્રસ્તુત છે.

— પદવી પ્રસંગે વર્ષોવેલા અભિનંદનોમાંથી —

જૂનો વીરાગાણું

પિંડવાડા પોષ વદ-૩

વિનીત મુનિવર્યો કમલરત્ન વિ., દર્શનરત્ન વિ., વિમલરત્ન વિ. અનુવંદના સહ અત્ર સર્વે પૂજ્યકૃપાએ શાતામાં છીએ. ત્યાં પણ એજ ચાહના! પૂર્વપુણ્ય તથા દેવગુરૂ કૃપા અને વાંચેલ્લાસથી પ્રાપ્ત રત્નત્રયીની યથાશક્તિ સુચારૂ આરાધના, વિશુદ્ધિરૂપ સંયમપર્યાય, યોગ્યતાના ક્રમે પ્રાપ્ત થતી પદવીઓ એ જ માર્ગે પુનઃ પ્રગતિ દ્વારા પરમ ક્ષાયિકભાવોના પ્રાપક ઔદાયિક ક્ષાયોપશમિક ભાવોના પ્રકાશને પાથરે, એ શુભાશિષ આ માંગલિક પ્રસંગે પાઠવું છું. તત્રસ્થ સર્વેને અત્રસ્થ સર્વે તરફથી યથાયોગ્ય વંદનાનુવંદના સુખશાતા પૃચ્છા-તીર્થયાત્રામાં યાદ કરશો.

આચાર્ય જગચ્ચંદ્રસૂરિની અનુવંદના

પરમપૂજ્ય દર્શનરત્નવિજયજી મહારાજની પવિત્ર સેવામાં સુરેન્દ્રનગરથી વિરલની કોટિશઃ વંદનાવલિ.

તીર્થાધિરાજ શત્રુંજયના મંગલમય તારક સાન્નિધ્યમાં વિશાલ સંઘ અને અનંત ઉપકારી પૂ. ગુરૂદેવોના પાવન સાન્નિધ્યમાં આપની ગણિપદવીનો મંગલ પ્રસંગ ઉજવાતો હશે, ચારે બાજુ હર્ષ-ઉલ્લાસ હશે.

આપની સુંદર અનુમોદનીય સંયમયાત્રાનું એક ગૌરવમય સુંદર નજરાણું 'ગણિપદ' આપવા આપને સહુ તત્પર હશે. ત્યારે આ પદ મેળવવા બદલ મારા જેવો આપને કઇ ભાષામાં, કેવી રીતે, અભિનંદન આપે, એની મને કશી ખબર નથી. સંસારીઓને તો અમે 'કોન્ગ્રેટસ' કહીએ, પણ આપ સર્વેની પાસે તો આ બધાં શબ્દો ખુબ વામણા લાગે છે. આજે હર્ષના મહાસાગરમાં શબ્દો ડુબી જાય છે. આજે હું આપની ખૂબ ખૂબ અનુમોદના કરૂં છું.

આપની મોક્ષમાર્ગ તરફની યાત્રા સંયમયાત્રામાં હજુ પણ આવા જ જવલંત પદમુકામો આવતા રહે અને આપની યશગાથા હજુ પણ વધુ જવલંત બની જિનશાસનમાં સુવર્ણાક્ષરે અંકિત થઇ અનેરી શાન સાથે શાસન પ્રભાવના કરે તેવી જ મંગલ પ્રાર્થના. એજ...

લિ. વિરહ ના વંદન....

વીરવિભુની અંતિમ દેશના

પ્રવચનકાર-પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.

જૈન પ્રવચન પ્રચારક સંસ્થાન દ્વારા ગુજરાતીમાંથી હિન્દીમાં અનુવાદિત ઉપરોક્ત અત્યંત મનનીય પ્રવચન પુસ્તકનું વિમોચન ગણિપદવીના શુભ દિવસે થવા પામ્યું હતું. આ સંસ્થા દ્વારા હિન્દી માસિકનું પ્રકાશન થઇ રહ્યું છે, હવે પુસ્તક પ્રકાશનનો શુભારંભ થતા હિન્દીભાષી જનતાએ આ પ્રવૃત્તિને હૈયાના આવકાર સાથે વધાવી લીધી હતી.

○ બુદ્ધિ આદિનું સાચું ફળ :

बुद्धेः फलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम् ।।

બુદ્ધિનું સાચું વાસ્તવિક ફળ તત્ત્વની વિચારણા કરવી તે છે, દેહ-શરીરનો સાર, વ્રતોને ધારણ કરવા તે છે, અર્થ-પૈસાનો સાર ખરેખર પાત્રદાન છે અને વાણીનું ફળ મનુષ્યોને પ્રીતિ આપવી અર્થાત્ હિત-મિત-પ્રિયભાષણ કરવું તે છે.

ગણિપદની પત્રિકાનું સંક્ષિપ્ત અવતરણ

શ્રી શત્રુંજય તીર્થાધિપતયે નમઃ

શ્રીદાનપ્રેમ–રામચંદ્ર–રાજતિલક–મહોદય–મિત્રાનંદસૂરીશ્વરેભ્યો નમઃ

શ્રી શત્રુંજય મહાતીર્થ મોતીશા ટુંક મધ્યે પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી કમલ–રત્નવિજયજી મહારાજ, પૂજ્ય દર્શનરત્નવિજયજી મહારાજ, પૂજ્ય વિમલરત્નવિજયજી મહારાજના ગણિપદ પ્રદાનના ભવ્ય મહોત્સવ પર પધારવા.

શ્રી સંઘ આમંત્રણ–પત્રિકા

: દિવ્ય–કૃપા : પ.પૂ. સિદ્ધાંત મહોદધિ પૂ.આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ
પ.પૂ. વ્યાખ્યાન–વાચસ્પતિ આ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

આજ્ઞા અને આશીર્વાદ : પ.પૂ.તપસ્વીસમ્રાટ આ.શ્રીમદ્વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજ
પ.પૂ.સુવિશાલ–ગચ્છાધિપતિ આ. શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ

નિશ્રા અને પદપ્રદાતા

પ.પૂ. પ્રશાંતમૂર્તિ આ. શ્રીમદ્વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ., પ.પૂ. સરલસ્વભાવી આ. શ્રીમદ્વિજય રવિપ્રભસૂરીશ્વરજી મ., પ.પૂ. મેવાડદેશોદ્ધારક આ. શ્રીમદ્વિજય જિતેન્દ્ર સૂ. મ., પ.પૂ. વ્યાકરણ વિશારદ આ. શ્રીમદ્વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ., પ.પૂ. વાત્સલ્ય મહોદધિ આ. શ્રીમદ્વિ. મહાબલ સૂ મ., પ. પૂ. સિદ્ધાંતપ્રભાવક આ. શ્રીમદ્વિજય પુણ્યપાલસૂ. મ., પ. પૂ. ઉપાધ્યાય શ્રી અજિતવિજયજી ગણિવર્ય

સ્વસ્તિ શ્રી આદિ જિન પ્રણીત જિનમંદિરાદિ ધર્મસ્થાન વિભૂષિતે.....નગરે દેવગુરુ-ભક્તિકારક, જિનધર્માનુરાગી શ્રમણોપાસક શ્રી.....ની સેવામાં (લિખી પિંડવાડાનગરથી શા ધર્મચંદ, પુખરાજ, રમેશ, પ્રકાશ, મહેંદ્ર અશોક, રસિક. અરવિંદ, તરૂણ, ભરત, પારસ, પુણ્યપાલ, ચિરાગ, વિકાસ, ફ્રેનીસ, આશિષકુમાર, ભાવિક કુશલ ભાતેન્દ્ર, પ્રિયાંશ સેનકો, પ્રતીક, હંસાન્ત, અગન, બેટાપેતા શા કિસ્તુરચંદજી હંસરાજજી ડિડોસાચોહાન જોગાતર પરિવારના સપ્રેમ પ્રણામ વંચનાજી.

હૃદયની ભવ્ય ભાવનાઓ સાથે જણાવતાં અત્યંત આનંદ થઈ રહ્યો છે કે અમારા ભાઈ–ભત્રીજા આદિએ આજથી ૨૫ વર્ષ પહેલા વિ.સં. ૨૦૨૫ વૈશાખ સુદ ૭ને દીક્ષા અંગીકાર કરેલ. જે રાજસ્થાનમાં એક આખા કુટુંબની દીક્ષારૂપે રેકર્ડ થયેલ. દીક્ષા લીધા પછી ગુરુની કૃપા, પાંડિત્ય ગરિમા અને એમની યોગ્યતાએ એમને યથાર્થની ધરાતલ પર ઉભા કર્યો છે. જેના પ્રભાવે જૈનશાસનના ગણિપદ પર આરૂઢ કરાતા જોઈ અમારો મનરૂપી મયૂર આજે આનંદથી નાચી રહ્યો છે. પ.પૂ. તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ, મહામનીષીપ્રવર પૂ.આ. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની દિવ્યકૃપાથી પ.પૂ. તપસ્વી સમ્રાટ આ. શ્રીમદ્વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજ તથા ગચ્છાધિપતિ પૂ.આ. શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી સુરેન્દ્રનગર વિ.સં.

૨૦૫૦ના ચાતુર્માસમાં પ.પૂ. પ્રશાંતમૂર્તિ આ. શ્રીમદ્‌વિજય નિત્યાનંદસૂ જી મહારાજ આદિના વરદહસ્તેથી ભગવતીજીના જોગમાં પ્રવેશ કરાવેલ જેની અનુજ્ઞારૂપ ગણિપદ પોષ વદ ૬ રવિવાર દિ. ૨૨-૧-૯૫ને શ્રી શત્રુંજય મહાતીર્થની મોતીશા ટુંકમાં પ્રદાન કરવામાં આવશે. આ પ્રસંગે અને આ નિમિત્તે થનાર મહોત્સવમાં આપને સપરિવાર પધારવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

નિમંત્રકઃ-શા. ધર્મચંદ પુખરાજ કિસ્તુરચંદજી જોગ ૧૨ પરિવાર

મરૂધર દેશી સદ્ધર્મસંરક્ષક તપસ્વીરત્ન પૂજ્યમુનિરાજશ્રી કમલરત્નવિજયજી મહારાજનો

પુણ્ય-પરિચય

એક કહેવત છે કે જીવન પૂરૂં કરવું એક મહાન વસ્તુ નથી, પરંતુ જીવન જીવવું એ મહાન વસ્તુ છે. મહાપુરુષોમાં જીવન જીવવાની કલા સહજ સિદ્ધ હોય છે. એવા જ એક મહાન પુરૂષ કમલરત્ન વિજયજી મહારાજ, જેઓ પોષ વદ ૬ દિ. ૨૨-૧-૯૫ ને સિદ્ધગિરિરાજ પર પ. પૂ. મહાતપસ્વી આ. શ્રીમદ્‌વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. ગચ્છાધિપતિ આ. શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજના શુભ-આશીર્વાદથી ગણિપદ પર આરૂઢ થઇ રહ્યા છે. ત્યારે એમની જીવન-કથ જાણવી ઘણી રસપ્રદ થઇ જાય છે. પવિત્રતાની મૂર્તિસમાન, પરમારાધ્યપાદ, સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના જન્મથી પવિત્ર બનેલ પિંડવાડાની પાવન ધરતી પર કિસ્તુરચંદભાઇની ધર્મપત્ની નંદિબેનની કુક્ષિથી વિ.સં. ૧૯૮૭ ભાદરવા વદ ૭ને શ્રી કાલિદાસભાઇ જન્મ પામ્યા. કાલિદાસભાઇ એટલે વર્તમાનમાં પૂજ્ય મુનિશ્રી કમલરત્નવિજયજી મહારાજ. અનેક જિનમંદિરો અને અનેક ઉપાશ્રયોથી સુશોભિત પિંડવાડાનગર ધર્મના વાતાવરણથી સમૃદ્ધ હતું. એમાં પણ માતાપિતાના સુસંસ્કારોથી કાલિદાસભાઇનું જીવન પણ ધર્મમય બનતું ગયું. લોઢું પારસમણિના સ્પર્શથી જેમ સોનુ બની જાય છે તેમ સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આ. શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા તેમના પ્રભાવક પટ્ટધરરત્ન, વ્યાખ્યાન-વાચસ્પતિ પૂજ્યપાદ આ. શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ પૂજ્યોના સમાગમથી કાલિદાસભાઇ પણ શુદ્ધ અને વિશુદ્ધ બનતાં ગયા. વૈરાગ્યનો અગ્નિ પ્રબળ થતો ગયો. કમલાબેન નામની સુશીલ કન્યા સાથે લગ્ન ગ્રંથીથી જોડાયેલા હોવા છતાં પણ એમનું મન તો ધર્મમાં જ લીન થતું ગયું પ્રબળ બનેલા વૈરાગ્ય અગ્નિએ એમના સંસારના રસમાં એવી આગ

લગાડી કે, રહ્યો સહ્યો સંસારનો રસ પણ બળીને ખાખ થઇ ગયો અને પુત્ર દિનેશ અને વીરેંદ્ર, પુત્રી વસંતી અને લલિતાકુમારી, પત્ની કમલાબેન, આમ સમગ્ર પરિવાર સાથે સંસારત્યાગનો નિર્ણય કર્યો અને ૩૨ વર્ષની ભરયુવાવયમાં બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી આ નિર્ણય પર મહોર છાપ લગાવી. વિક્રમ સંવત ૨૦૨૫ વૈશાખ સુદ ૭ના શુભદિવસે પિંડવાડા નગરે આગમપ્રજ્ઞ પૂજ્યપાદ આ. શ્રીમદ્‌વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજા આદિની શુભ નિશ્રામાં ભવ્ય ઉત્સાહ અને ઉમંગથી સમગ્ર પરિવાર સાથે દીક્ષિત બની કાલિદાસભાઇ પૂ.આ. શ્રી જિતેંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય બની પૂ. મુનિશ્રી કમલ-રત્નવિજયજી મ.ના નામથી ઘોષિત થયા. એમના ધર્મપત્ની કમલાબેન, પુત્રરત્નો દિનેશ-કુમાર, વીરે-દ્રકુમાર અને એમની સુપુત્રી વસંતીકુમારી અને લલિતાકુમારી અનુક્રમે સા. શ્રી કિરણ પ્રજ્ઞાશ્રીજી, મુનિશ્રીદર્શનરત્નવિજયજી મ. મુનિશ્રી વિમલરત્નવિજયજી મ., સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી, સા. શ્રી લક્ષિતપ્રજ્ઞાશ્રીજીના નામે ઘોષિત થયેલ. સંયમજીવન અંગીકાર કર્યા પછી પૂ.આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ પાસે ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા મેળવી ન્યાય-વ્યાકરણના પ્રકાંડ વિદ્વાન પોતાના બન્ને પુત્રરત્નોનું સુંદર ઘડતર કર્યું. વિનય-વૈયાવચ્ચ, તપ-સ્વાધ્યાય, ધ્યાન આદિમાં લીન બનેલ ત્રણે મુનિવરોની યોગ્યતા જોઇ પૂજ્યોએ તેઓને શ્રી ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો. પૂ. આ. શ્રી મહાબલસૂરીશ્વરજી મ. તથા પૂ.આ. શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મ.ની કૃપાથી શ્રી નિત્યાનંદ સૂ.મ.ની નિશ્રામાં યોગ સૂચારૂરૂપે પૂર્ણ થયા. જિનાજ્ઞા તેમજ ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરી સંયમસાધનાની અંદર આગળ વધેલા ત્રણે પૂજ્યોએ જ્ઞાન સાધના અને સંયમસાધનામાં ખૂબ સુંદર વિકાસ સાધ્યો છે. સુવિશાલ-ગચ્છાધિપતિ પૂ.આ.. શ્રીમદ્‌-વિજય રામચંદ્રસૂ.જી મહારાજાની કૃપામેળવી એમની આજ્ઞાથી જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા, ત્યાં ત્યાં સંઘોમા દ્રવ્ય અર્પણના દ્વેષોથી સંઘોને બચાવી સંયમની સુંદર સુવાસ ફેલાવેલ છે. નિર્દોષચર્યા તથા ઉત્કૃષ્ટ સંયમપાલનની સાથે શુદ્ધ મોક્ષમાર્ગની પ્રરુપણાથી અનેક ભાવિકો પર ઉપકાર કરીને ત્રણે પૂજ્ય-મુનિવરોએ જિનશાસનની જાહોજલાલી (શાન) વધારવામાં પોતાનો સુંદર સાથ-સહયોગ આપ્યો છે. રાજસ્થાનમાં બહુલતયા વિચરણ કરીને અનુપમ ઉપકાર કરનાર પૂજ્ય મુનિશ્રી સાચા અર્થમાં મરુધરદેશે સદ્‌ધર્મ-સંરક્ષક તરીકે ઓળખાય છે. ભવિષ્યમાં પણ પદસ્થ બનેલ ત્રણે પૂજ્ય મુનિવરો સંઘને શુદ્ધ માર્ગ બતાવી જિનશાસનની અનુપમ આરાધના પ્રભાવના કરીને અનેક ભવ્ય-આત્માઓ પર ભાવોપકાર વરસાવનારા બનો.

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ વ્રત ગ્રહણ કરવાનો સમય :

वासो अरिट्ठनेमि सिज्जंसो सुमइ मल्लीनामो य ।
पुव्वण्हे निक्खंता सेसा उण पच्छिमण्हंमि ।।

(શ્રી વિચારસાર પ્રકરણ ગા. ૧૩૦)

શ્રી સુમતિનાથ સ્વામિ ભગવાન, શ્રી શ્રેયાંસનાથ સ્વામિ ભગવાન, શ્રી મલ્લીનાથ સ્વામિ ભગવાન, શ્રી નેમિનાથ સ્વામિ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ સ્વામિ ભગવાનને પૂર્વાહ્ને વ્રતગ્રહણ કરવા મોકલ્યા તથા બાકીના શ્રી ઋાગણીશ તીર્થંકર પરમાત્માઓ પશ્ચિમાહ્ને વ્રત ગ્રહણ કરવા મોકલ્યા.

૦ ૧૧ રૂદ્રોના નામ તથા કયા તીર્થંકરના સમયે થયા તે—

भीमावलि जियसत्तू भद्दो विस्साहलोय सुपइट्ठो ।
अचलो य पुंडरीओ अजियंधर अजियनाहो य ।।

पेढालुच्चिय दसमो इक्कारसमो य सच्चइसुयत्ति ।
एए रुद्दनामा इक्कारस हुंति अंग हरा ।।

भीमावली उ उसभे जियसत्तू होइ अजियतित्थंमि ।
सुविहियाइसु रुद्दा पेढालो संतिपेरंतो ।

सच्चइसुओ य रुद्दो बोधव्वो वद्धमाणतित्थंमि ।
एए रुद्दा सव्वे भणिया इसमंमि पुव्वंमि ।।

(વિચાર સાર પ્રકરણ)

ભીમાવલિ, જિતશત્રુ, ભદ્ર, વિશ્વાહલ, સુપ્રતિષ્ઠ, અચલ, પુંડરીક, અજીતધર, અજિતનાથ, પેઢાલ અને સત્યકીએ અગિયાર રૂદ્રોના નામ છે.

તેમાં ભીમાવલિ નામનો રૂદ્ર શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનના તીર્થમાં, જિતશત્રુ નામનો રૂદ્ર શ્રી અજિતનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં અને ભદ્રથી પેઢાલ સુધીના રૂદ્રો શ્રી સુવિધિનાથ સ્વામિ ભગવાનથી શ્રી શાંતિનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં અને

સત્યકી નામનો રૂદ્ર શ્રી મહાવીર સ્વામિ ભગવાનના તીર્થમાં થયા. દશમા પૂર્વમાં તે તે બધુ વર્ણન આવે છે.

० चउदसपुव्वुच्छेओ संघयणं पढमयं च संठाणं ।
सुहुम महापाणाणि य छिन्नाइं थूलभद्दंमि ।।

(વિચાર સાર પ્રકરણ)

ચૌદમું પૂર્વ, પ્રથમ સંઘયન તે પ્રથમ સંસ્થાન તથા સુક્ષ્મ મહાપ્રાણ નામનું ધ્યાન શ્રી સ્થુલભદ્ર સ્વામિની સાથે વિચ્છેદ પામ્યા.

० दसपुव्वस्स य छेओ संघयण च उत्थयस्स तहचेव ।
साहूंमि वइरनामे खीरासवलद्धिसंपन्ने ।

ખીરાશ્રવ લબ્ધિથી યુક્ત શ્રી વજ્રસ્વામિ મહારાજાની સાથે દશમું પૂર્વ અને ચોથા સંઘયણનો વિચ્છેદ થયો.

—: ચાતુર્માસ ઓળી નિર્ણય :—

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વાપી ડો. અમૃતલાલભાઈ તરફથી બંધાવેલ ભવ્ય શિખરબંધી જિન મંદિરની અંજન શલાકા પ્રતિષ્ઠા થઇ તે વખતે તેમનું ચાતુર્માસ મલાડ ઇસ્ટ રત્નપુરીમાં અને ઓળી ચંદનબાલા ઉપાશ્રય વાલકેશ્વર નક્કી થયેલ છે. સરનામું :-

ચંદનબાલા ઉપાશ્રય
રતિલાલ ઠક્કર માર્ગ, રીજ રોડ, વાલકેશ્વર, મુંબઇ-૬

: સર્વજ્ઞ ભાષિત ધર્મની સર્વોત્તમા :

सव्वं बलं धम्मबलं जिणाइ, सव्वा कहा धम्मकहा जिणाइ ।
सव्वा कला धम्मकला जिणाइ, सव्वं सुहं मुत्तिसुहं जिणाइ ।।

સઘળાય બળોને ધર્મબળ જીતે છે, સઘળી ય કથાઓમાં ધર્મકથા શ્રેષ્ઠ છે, સઘળી ય કલાઓમાં ધર્મકલા શ્રેષ્ઠ છે અને સઘળા ય સુખોને મુક્તિનું સુખ જીતે છે.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
પિ. ગાંધીનગર-382009.

જૈન શાસન

પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- ભગવાનની પૂજા ભગવાન થવા માટે છે. સાધુની સેવા ભક્તિ સાધુ થવા માટે છે. ધર્મની કાર્યવાહી ચારિત્ર મેળવવા માટે છે. ધર્મ કરનારને સમ્યક ચારિત્ર ન મળે ત્યાં સુધી તે દુઃખી જ હોય ને ?
- અનંતીવાર 'નમો અરિહંતાણં' બોલનારા હજી સંસારમાં ભટકે છે. તેને હજી સંસારથી પાર પામવું નથી. તેને સુખના ફાંફા મારવા છે. સુખ મળે તો તેમાં પાગલ થવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખ આવે તો તેમાં રિબાઇને મરવું છે. તે કોઇ દહાડો વિચાર ન કરે કે દુનિયાના સુખથી ફાયદો શું ? દુઃખથી રોવાના ફાંફા શા ? તેવા જીવો રોતા રોતા મરે અને પાછા દુઃખમાંથી મહાદુઃખમાં જાય.
- સમ્યગદર્શન મેળવવાની મહેનત ન કરે તો નવપૂર્વ ભણેલો પણ આ અટવીના માર્ગને જોઇ શકતો નથી.
- સમ્યગદર્શન આવ્યું હોય તો આ સુખમય સંસાર છોડવા જેવો જ લાગત. આ સુખમય સંસાર હજી છોડવા જેવો લાગતો નથી તે સૂચવે છે કે હજી સમ્યગદર્શન આવ્યું નથી.
- સાધર્મિકની ભક્તિ જેવી ભક્તિ નહિ. સાધર્મિકતા સગપણ જેવું સગપણ નહિ.
- ધર્મ કરવો સહેલો છે. પણ સમ્યગ દર્શનનું અર્થીપણું કઠીન છે. ધર્મ કરે તેમાં મહત્તા નથી આવતી. મારે તો સમ્યગદર્શન માટે ધર્મ કરે તેવા જીવો જોઇએ છે.
- અહીંયા મજેથી સુખ ભોગવવું તે દુર્ગતિમાં જવાનો ધંધો છે. દુઃખ રોતે રોતે ભોગવવું દુર્ગતિમાં જવાનો ધંધો છે. દુઃખ ખૂબ ખૂબ મજેથી ભોગવવું અને સુખ તાકાત આવે તો છોડી દેવું અને ન છૂટી શકે તો રોતા રોતા ભોગવવું તે સદ્ગતિમાં જવાનો ધંધો છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૫૬૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭

અંક ૩૧

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

PIN- 361005

૦ પાત્રનું લક્ષણ

પાકારેણોચ્યતે પાપં,
ત્રકારસ્ત્રાણવાચકઃ ।
અક્ષરદ્વયસંયોગે,
પાત્રમાહુર્મનીષિણઃ ।।

'પા' કાર એ પાપ વાચી શબ્દ છે અને 'ત્ર'કાર એ રક્ષણ વાચી શબ્દ છે. તેથી જે પાપથી બચાવે એ પ્રમાણેના બે 'પા' 'ત્ર' શબ્દના સંયોગને બુદ્ધિશાલિઓ 'પાત્ર' કહે છે.

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

૦ પચ્ચક્ખાણના ફલ અંગે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ માં અધ્યયનમાં કહ્યું છે કે—

"पच्चक्खाणेण भंते ! जीवे किं जण यइ ?
पच्चक्खाणेण आसवदाराइं निरुंभइ ।"

હે ભગવંત ! પ્રત્યાખ્યાનથી જીવ શું ઉત્પન્ન કરે ? પ્રત્યાખ્યાનથી જીવ આસવ-દ્વારોનો નિરોધ કરે છે. (અર્થાત્ આવતાં કર્મોને રોકે છે.)

શ્રી ભગવતીજી સૂત્રના બીજા શતકના પાંચમાં ઉદ્દેશમાં પણ કહ્યું છે કે—

'से णं भंते ! पच्चक्खाणं किं फले ?' 'संजमफले'

હે ભગવન્ ! તે પ્રત્યાખ્યાનનું શું ફળ છે ? તેના ઉત્તરમાં કહ્યું છે કે-તેનું (પચ્ચક્ખાણનું) ફલ સંયમ છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં પણ પચ્ચક્ખાણનું ફલ જણાવતાં કહ્યું છે કે—

पच्चक्खाणंमि कए आसवदाराइं हुंति पिहिआइं ।
आ सवदारप्पिहणं, तण्हावुच्छेअणं होई ॥१५९४॥

तण्हावुच्छेएण य, अउलोवसमो भवे मणुस्साणं ।
अउलोवसमेण पुणो, पच्चक्खाणं हवइ सुद्धं ॥१५९५॥

तत्तो चरित्तधम्मो, कम्मविवेगो अपुव्व करणं च ।
तत्तो केवलनाणं, सासय सोक्खो तओ मोक्खो ॥१५९६॥

અર્થાત્-પચ્ચક્ખાણથી કર્મ આવવાનાં દ્વારો-નિમિત્તો બંધ થાય છે, તેથી તૃષ્ણાનો છેદ થાય છે. તૃષ્ણા છેદથી મનુષ્યોને અતુલ ઉપશમ પ્રગટે છે, તેથી તેનું પચ્ચક્ખાણ શુદ્ધ થાય છે. તેથી ચરિત્ર ધર્મની પ્રાપ્તિ થાય છે, જૂનાં કર્મોનો-વિવેક-નિર્જરા થાય છે. અપૂર્વકરણ પમાય છે, તેથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને કેવલ-જ્ઞાનથી શાશ્વત સુખના સ્થાન રૂપ મોક્ષ મળે છે.

(ક્રમશઃ)

પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધના ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘાજી ગુડકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વલ્લભીપુર)
પ્રતાપ ચંદ્રલાલ ગુડકા (પાલનપુર)

વર્ષ ૭] ૨૦૫૧ ચૈત્ર સુદ-૪ મંગળવાર તા. ૪-૪-૯૫ [અંક-૩૧

--: અધ્યાત્મભાવને પામવાના ગુણો :--

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

પ્રવચન-આઠમું (ગતાંકથી ચાલુ)

૨૦૪૬, વૈશાખ વદિ-૪ સોમવાર તા. ૧૪-૫-૯૦ જ્ઞાનમંદિર, અમદાવાદ

તમારે સદ્ગતિ જોઇએ છે તો શા માટે જોઇએ છે ? ધર્મ કરવા કે મોજમઝાદિ કરવા ? મોજમઝાદિ કરવા સદ્ગતિ માગે તે કદાચ સદ્ગતિ પામી પછી દુર્ગતિમાં જાય ! સદ્ગતિ જો ધર્મ કરવા જોઇએ છે તો અહીં ધર્મ કેટલો કરો છો ?

આજે મોટાભાગને પરલોકની ચિંતા નથી. આપણે ત્યાં જનમવું તે ભૂંડું છે મરવું તે ભૂંડું નથી. સારી રીતે મરીને મોક્ષમાં ય જવાય અને સદ્ગતિમાં ય જવાય. ત્યાં જઇને પાપ ન કરવું હોય તો તે રીતે જીવે તો તેનું ગટ ઠેકાણું પડી જાય. આજે બધાને મરવનો ભય છે પણ જનમવાનો ભય નથી. જન્મે તો સાઠર વહેંચો અને મરે તો મોંકાણ માંડો છો.

આવો સારો મનુષ્ય જન્મ પામ્યા પછી જો તમારે તમારી ગતિ સુધારવી હોય તો રોજ વિચારો કે—"આ મનુષ્યજન્મ મોક્ષે જ જવા માટે છે. તે માટે સાધુ થવા માટે છે. સાધુ ન થવાય તો સાધુ થવાની ભાવનામાં રહેવું. શક્તિ મુજબ સારામાં સારું શ્રાવકપણું પાળવું. ધર્મ કરવો. સંસારમાં સંતોષથી રહેવું. પૈસા અને પૈસાથી મળતાં સુખ માટે જે ઘોર પાપ કરો છો તે કરવા જોઇએ નહિ." આજે પૈસા મેળવવા તમે કેટલાં પાપ કરો છો ? સંતાનોને સંસારનું ભણાવવા કેટલા પૈસા ખર્ચો છો ? ધર્મનું ભણાવવા કેટલા પૈસા ખર્ચો છો ? પાઠશાળા ચલાવવા પણ ટીપ કરવી પડે ને ? આજની પાઠશાળાઓની હાલત કેવી છે ?

લોકવિરુદ્ધ કામ નહિ કરવા જોઇએ, તો લોક વિરુદ્ધ કેટલાં કામ છે તે જાણો છો ? ધર્મી માટે લોકને અખંડ વિશ્વાસ હોય કે–આ મરી જાય પણ ખોટું કામ ન કરે. આવો વિશ્વાસ થાય તેમ જીવવું જોઇએ, લોકને તમારા માટે આવો વિશ્વાસ છે ? 'શ્રી જયવીયરાય સૂત્ર'માં પણ 'લોગવિરુદ્ધચ્ચાઓ' માગો છો ને ? તેનો અર્થ સમજો છો ? લોગ વિરૂદ્ધ કામોમાં આ લોક વિરુદ્ધ, પરલોક વિરૂદ્ધ અને ઉભયલોક વિરૂદ્ધ કામો આવે છે. ખોટું બોલવું, ઊંધી શીખામણ આપવી, ચોરી કરવી તે બધા લોગવિરૂદ્ધ કામો છે, મજેથી અનીતિ કરવી. ઇન્કમટેક્ષની ચોરી કરવી તે પણ લોક વિરૂદ્ધ કામ કહેવાય કે સારાં કામ કહેવાય ? તમારી પાસે કેટલા પૈસા હોય તો જાહેર કરી શકો ? તમે સુખી હો અને કોઇ જરૂરિયાતવાળો કે દુઃખી તમારે ઘેર આવે તો તમે રાજી થાવ કે નારાજ થાવ ? તમારે ઘેર તમારા જેવો કાં તમારાથી અધિક આવે તો તેને માન–પાન મળે પણ ગરીબ આવે તો તેનો આદર–સત્કાર કરો ખરા ?

જેને મોક્ષ જ જોઇતો હોય, ધર્મ જ ગમતો હોય તેનામાં આ ગુણો આવે. તે પછીનો ગુણ છે ગુણરાગ કેળવવો જોઇએ. આપણામાં ગુણ ન હોય અને બીજામાં હોય તો ગુણરાગ છે ખરો ? તમે સુખી હોવા છતાં દાન ન દઇ શકો અને બીજો ઓછા પૈસા છતાં સારૂં દાન કરે તો તે જોઇ થાય કે આ ભાગ્યશાળી છે અને હું નકામો છું. મારાથી ઓછા પૈસા છતાં અવસરે અવસરે કાંઇકને કાંઇક ખર્ચે છે અને મારા પાસે ઘણા પૈસા છતાં કાંઇ ધર્મ માર્ગે ખર્ચવાનું મન પણ થતું નથી–તેમ અકકલ આવે ? આવો ગુણરાગ હોય તોય કામ થઇ જાય. શક્તિ મુજબ રોજ ધર્મ કરો છો ? તમારા ઘરના ખર્ચા વધ્યા છે પણ ધર્મના ખર્ચા વધ્યા છે ? ઘટયા છે કે છે જ નહિ ? આજે પૂજા કરનારાને પૂજાને કોઇ ખર્ચો નથી. પૂજા પણ પારકે પૈસે કરે છે. ન હોય તો દેવદ્રવ્ય-માંથી કરે છે.

તમને પૈસો ગમે છે તે બરાબર છે પણ દાન ગમે છે ? તમે કહો કે–અમને દાન ગમે છે. પૈસો નહિ. પૈસો તો પરિગ્રહ છે માટે પાપરૂપ લાગે છે અને દાન તો ધર્મ લાગે છે. મારો ઘરના ખર્ચા કરતાં ધર્મનો ખર્ચો વધારે છે. કદાચ બહુ ન કરી શકું પણ મારી સાથેનો ધર્મ સારો કરે તો મને તેના ઉપર પ્રેમ થાય છે. આવી દશા તમારી ધર્મીમાત્રની હોવી જોઇએ. આત્માનું ભલું કરવું હોય તો સંસારની સુખ-સંપત્તિ ભૂંડી જ લાગવી જોઇએ. **જેણે આત્માનું કલ્યાણ કરવું હોય તેણે દુનિયાના સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિનો ગુણ કેળવવો જોઇએ.** આ ગુણ આવશે ભગવાનનાં વચન ઉપરની શ્રદ્ધા નિર્મળ થશે. જ્ઞાન પરિણામ પામશે અને સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થશે. અને વહેલું આત્મકલ્યાણ થશે. આ બધા ગુણોને પામી–પામવા તો પુરૂષાર્થ કરી અધ્યાત્મભાવને પામો. અને તેને આત્મસાત્ કરી વહેલામાં વહેલા પરમાત્મને પામો. એજ એકની એક સદા માટેની **શુભાભિલાષા.**

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર : ૨૭૫–શ્રી સિધ્ધભગવંતના પર્યાયવાચી શબ્દો જણાવો.

'सिद्धत्ति अ बुद्धत्ति य पारगयत्ति य परंपरगयत्ति य ।
उम्मुक्कमम्मकवया अजरा अमरा असंगा य ॥९८७॥
निच्छिन्नसव्वदुक्खा जाइजरामरणबंधणविमुक्का ।
अव्वाबाहं सोक्खं अणुहवयंती सया कालं ॥९८८॥'

કૃતકૃત્ય હોવાથી સિદ્ધ છે, કેવલજ્ઞાન અને કેવલદર્શનથી સંપૂર્ણ જોવાથી બુદ્ધ છે, ભવ સમુદ્રના પારને પામવાથી પારગત છે, પુણ્યબીજ રૂપી સમ્યક્ત્વ, જ્ઞાન–ચારિત્રના ક્રમથી તેના સ્વીકારના ઉપાયોને સંપૂર્ણ પામી–આરાધી–હવે કશું બાકી ન હોવાથી પરંપરાગત છે, સઘળાય કર્મોથી રહિત હોવાથી ઉન્મુકત કર્મ કવચવાળા છે, વયના અભાવથી અજર છે, આયુષ્યના અભાવથી અમર છે, સકલ કલેશોના અભાવથી અસંગ છે, સઘળાય દુઃખોથી રહિત હોવાથી નિસ્તીર્ણ સર્વદુઃખવાળા છે, જાતિ–જન્મ, જરા એટલે વયની હાનિ, પ્રાણોના ત્યાગ રૂપ મરણ, સંસારના બંધનના હેતુભૂત આઠે પ્રકારના કર્મના બંધનોથી મુકાયેલા એવા શ્રી સિદ્ધ ભગવંતો એકપણ વ્યાબાધાથી રહિત એટલે કે અવ્યાબાધ એવા સુખને હંમેશા અનુભવતા રહેલા છે.

પ્ર : ૨૭૬–'આત્માનો મોક્ષ છે' તેમ કહેવાથી બૌદ્ધમતની માન્યતાનું નિરાકરણ કઇ રીતના થયું તે સમજાવો.

ઉ : આત્માનો મોક્ષ છે એટલે કે સત્ એવા જીવનો રાગ–દ્વેષ–મોહ–અજ્ઞાન, જન્મ–જરા આદિ દુઃખોના ક્ષય–નાશ રૂપ જીવની અવસ્થા વિશેષ સ્વરૂપ મોક્ષ છે. આમ કહેવાથી બૌધ્ધો જે કહે છે કે,–'દિવાના બૂઝાવા–ઓલવાવા–રૂપ જીવના અભાવ સ્વરૂપ નિર્વાણ એટલે કે મોક્ષ છે' તે વાતનું નિરાકરણ થાય છે.

બૌધ્ધો દિવાની જ્યોત બુઝાઇ જાય તેની જેમ જીવના સર્વથા નાશને જ મોક્ષ કહે છે. તેના સમર્થનમાં એ દલીલ આપે છે કે, જેમ દિવો બુઝાઇ ગયા પછી પૃથ્વીમાં જતો નથી, આકાશમાં જતો નથી, કોઇ દિશાઓમાં કે કોઇ વિદિશાઓમાં પણ જતો નથી. પરંતુ તેલનો ક્ષય થવાથી કેવલ શાંતિને પામે છે. તેમ મોક્ષ પામેલ જીવ પણ પૃથ્વીમાં જતો નથી કે આકાશમાં જતો નથી કે કોઇ દિશાઓમાં કે કોઇ વિદિશાઓમાં

જતો નથી. પરંતુ ક્લેશ નાશ થવાથી ફક્ત શાંતિને પામે છે.

જો આ રીતના માનવામાં આવે તો દીક્ષા-વ્રત-પચ્ચક્ખાણ-નિયમ આદિનું પાલન નિરર્થક થાય છે. એમ આપત્તિ આપીને દિવાનું દૃષ્ટાંત પણ અસિદ્ધ છે તે વાત જૈનો સમજાવે છે. તે આ રીતે-દિવાની જ્યોતનો સર્વથા વિનાશ નથી. પરંતુ પુદ્ગલોની તેવા પ્રકારના પરિણમનની વિચિત્રતાના કારણે જ તે અગ્નિના-જ્યોતના પુદ્ગલો જે પ્રકાશરૂપ હતા તે અંધકાર રૂપને પામે છે. તથા દિવો બુઝાવાથી તરત જ અંધકારના પુદ્ગલ રૂપ વિકાર ઉત્પન્ન થાય છે તેથી તે દેખાતો નથી. અંધકાર દેખાતો નથી માટે નથી તેમ પણ માનવું યુક્તિ યુક્ત નથી. કારણ કે અંજનના રજની જેમ આ અંધકાર સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરિણામ સ્વરૂપ હોવાથી પવન વડે હરણ કરાતી અંજનની જે કાળી રજ ઉડે છે, તે અભાવથી નહિ પણ સૂક્ષ્મ પરિણામ સ્વરૂપ હોવાથી દેખાતી નથી.

જેમ દિવો અન્ય પરિણામને પામીને બુઝ યેલો-નિર્વાણ પામેલો કહેવાય છે. તેમ કર્મરહિત એવો જીવ પણ ફક્ત અમૂર્ત આત્મ સ્વરૂપ અન્ય પરિણામને પામીને નિર્વાણ પામ્યો કહેવાય છે એટલે વિદ્યમાન જીવની દુઃખના ક્ષય સ્વરૂપ જીવની જે અવસ્થા તે નિર્વાણ એમ નક્કી થયું. પણ જીવના અભાવ સ્વરૂપ એ નિર્વાણ તે વાત ખોટી સિધ્ધ થાય છે.

પ્ર : ૨૭૭-છઠ્ઠાં સ્થાનનું સ્વરૂપ સમજાવો.

ઉ : મોક્ષને પામવાના ઉપાયો છે એ છઠું સ્થાન છે. ઉપેયની-સાધ્યની-સિધ્ધિ કર્યા પછી ધ્યેયને પામવાના ઉપાયો પણ બતાવવા પડે. કેમકે, ઉપાય વિના ઉપેયની પ્રાપ્તિ થતી નથી. ઉપેય રૂપ મોક્ષને પામવાના ઉપાયો સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-સંયમ કહ્યા છે. ઉપાય વિના જો ઉપેયની પ્રાપ્તિ થતી જ હોય તો ઉપાયને માટે કોઇ મહેનત તો ન કરે પણ તે ઉપાયો-કારણો પણ બતાવેલાં નિરર્થક અને નિર્હેતુક બની જાય. કારણ વિના કાર્યની સિધ્ધિ થતી જ નથી એ નિર્વિવાદ સર્વસંમત વાત છે. માટે જ કાર્યની સિદ્ધિ માટે કારણો પણ બતાવાય છે. તે કારણોનું સમુચિત--આજ્ઞા મુજબ આસેવન થાય તો કાર્યની સિદ્ધિ સહજ થાય જ છે. કારણોની બાબીન કારણે કાર્ય વિલંબમાં પડે તે પણ સહજ છે.

અહીં સંયમ અને જ્ઞાન કહેવાથી તેમાં દર્શનનો પણ સમાવેશ સમજી લેવો.

પ્ર : ૨૭૮—જ્ઞાનનય કોને કહેવાય અને તેનું સામાન્યથી દૃષ્ટાંત સાથે સ્વરૂપ સમજાવો.

ઉ : જ્ઞાનનય જ્ઞાનને જ પ્રધાન માને છે અને ક્રિયાને માને તો ગૌણ માને છે. જ્ઞાન પૂર્વકની ક્રિયા હોય તો ઠીક છે બાકી જ્ઞાન વગરની ક્રિયાને તો ખોટી-જુઠી જ માને છે.

રૂપું ચાંદી લેવી હોય પણ છીપમાં જ રૂપું માને તેઓ વાસ્તવિક રૂપુંને લઇ શકતા નથી.

પ્ર : ૨૭૬—ક્રિયાનય કોને કહેવાય અને તેનું દૃષ્ટાંત સાથે સામાન્યથી સ્વરૂપ સમજાવો.

ઉ : ક્રિયાને જે પ્રધાન માને તેનું નામ ક્રિયાનય છે કહ્યા તે જ્ઞાનને માને તો પણ ગૌણપણે માને છે પણ ક્રિયા વિના કશું જ નથી તેમ માને છે. તેના સમર્થનમાં જણાવે છે કે-ક્રિયા વગરનું જ્ઞાન નકામું છે. જેમ નદી-નાળાદિ પાણીમાં પેસી તરવૈયો-તરવાનું જ્ઞાન હોવા છતાં પણ-હાથ-પગને હલાવવાની ક્રિયા ન કરે તો તે કઇ રીતના તરી શકે ? અર્થાત્ જ્ઞાન હોવા છતાં પણ ન જ તરી શકે. માટે ક્રિયા જ પ્રધાન છે તેમ કહે છે.

પ્ર : ૨૮૦-સિદ્ધાંતી શું કરે

ઉ : એકલું જ્ઞાન કે એકલી ક્રિયા માનવામાં ઘણા જ દૂષણ અને ભૂષણ છે. બંને ય પોતપોતાના સમર્થનમાં ઘણી દલીલો કરે છે.

ક્રિયા ઉપરના આદર વિનાનું એકલું જ્ઞાન અને જ્ઞાન ઉપરના બહુમાન વિનાની એકલી ક્રિયા નકામી-નિરર્થક છે. ઇચ્છિત સાધ્યને સિદ્ધ કરવા સમર્થ બનતા નથી. પરંતુ અપાયકારી પણ બને છે.

જેમ કે, કહ્યું છે કે-'એગ ચક્કેણુ૦' અર્થાત્ એક ચક્ર વડે ચાલતો રથ ઇચ્છિત સ્થાનને પહોંચાડવા સમર્થ બનતો નથી. એકલા જ્ઞાનને 'પંગુ' કહ્યું છે અને એકલી ક્રિયાને 'આંધળી' કહી છે.

જેમ એક નગરમાં આગ લાગી તેનાથી બચવા નગરજનો ભાગી છુટયા, માત્ર એક આંધળો અને એક લંગડો બાકી રહ્યા. આગથી બચવા આંધળો આમ-તેમ ફાંફા મારતો આગ તરફ જઇને તેમાં જ બળી ગયો જ્યારે લંગડો ચાલવા અસમર્થ હોવાથી આગ પાસે આવી અને તેમાં બળી ગયો. અર્થાત્ આંધળાનો ગમન ક્રિયા પણ જ્ઞાન નહિ હોવાથી તેનો નાશ કરનારી બની, તેમ પાંગળાનું જ્ઞાન ગમન ક્રિયાના અભાવે તેનોય નાશ કરનારૂં બન્યું.

માટે જ્ઞાની એવો સિદ્ધાન્તી અપ્રમત્તપણે જ્ઞાન અને ક્રિયામાં ઉદ્યમિત બની પોતાનું કલ્યાણ સાધે છે. જ્ઞાન અને ક્રિયાનો સહયોગ જ ઇચ્છિત સ્થાને પહોંચાડવા સમર્થ બને છે.

જેમકે, એક જંગલમાં દાવાનલ સળગ્યો. બધા લોકો જીવ બચાવવા ચારે બાજુ ભાગી છુટયા, તેમાં એક આંધળો અને એક લંગડો-પંગુ બાકી રહ્યા. તે વખતે આંધળો જીવ બચાવવા આગ તરફ જતો હતો તે જોઇ પંગુએ કહ્યું-ભાઇ ! તે તરફ ન જા, ત્યાં

જ આગ છે. તેણે કહ્યું કે–તો શું કરવું ? ત્યારે પંગુએ કહ્યું કે–'ભાઈ ! હું લંગડો છું, ચાલવા સમર્થ નથી, પણ આગથી બચવાનો માર્ગ જાણું છું, તો તું મને તારા ખભા ઉપર બેસાડી દે અને જે માર્ગે કહું તે માર્ગે ચાલ તો આપણે બંને ઇચ્છિત સ્થાને પહોંચી જઈશું.' આંધળાએ પણ તે પ્રમાણે કર્યું. તો બંને ઇચ્છિત નગરે પહોંચી ગયા. તો જ્ઞાન પૂર્વક જેઓ ક્રિયા કરે છે અને ક્રિયાની વિશુદ્ધિ માટે જ્ઞાનનો અભ્યાસ કરે છે– તે બંને જણા ઇચ્છિત–મોક્ષ સ્થાને પહોંચી શકે છે.

આના ઉપરથી આપણે સૌએ પણ તે જ બોધપાઠ લેવાનો છે કે, જ્ઞાન ઉપર બહુમાન કેળવી, જ્ઞાનને ભણવા અને પરિણામ પમાડવા પુરૂષાર્થ કરી, આજ્ઞા મુજબ ક્રિયામાં આદરવાળા બની, 'એક વિના પણ ચાલે' તેવી દુષ્ટ વાસના દૂર કરી, શક્તિ પ્રમાણે બંનેમાં ઉદ્યમી બની કલ્યાણ સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ. (ક્રમશઃ)



—: સ્વીકાર અને સમાલોચના :—

ક્ષાન્તિ કિરણ જ્યોત—પ્રકાશક ભાવિક કોર્પોરેશન ૮૯–૯૧ જુની હનુમાન ગલી, ધનજી મુળજી બિલ્ડીંગ, ત્રીજે માળે, રૂમ નં. ૩૭, મુંબઇ–૨. દ્રવ્ય સહાયક હસ્તિમલ પુખરાજજી મુંડારાવાળા તથા લલિતકુમાર રામચંદ્રજી લુણાવાવાલા, સાઇઝ ક્રા. ૧૬ પેજી પેજ ૧૧૫ મુલ્ય રૂા. ૨૦) આ પુસ્તકમાં પૂ. સા. શ્રી કિરણપ્રજ્ઞાશ્રીજી મ.નું આદર્શ જીવન આપેલું છે. તેમને આવેલી શ્રધ્ધાંજલિઓ વિ. આપેલ છે. પ્રાંતે અનિત્યાદિ ૧૨ તથા મૈત્રી આદિ ૪ ભાવનાઓ ચઉશરણ સુકૃત અનુમોદન દુષ્કૃત નિંદા વિગેરેનું વર્ણન કર્યું છે જે મનન કરવા યોગ્ય છે.

મંગલં જિન શાસનમ્–લે. પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ., પ્ર. પૂ. પં. પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાલા, ઠે. અશોકકુમાર હિંમતલાલ શાહ, એચ. એ. માર્કેટ, ત્રીજે માળે, કપાસિયા બજાર, અમદાવાદ–૧. ક્રા. ૧૬ પેજી પેજ ૫૦ મુલ્ય રૂા. ૬)

આ પુસ્તિકામાં શ્રાવક કઇ રીતે જાગે ? દર્શન વિધિ શું ? પૂજન વિધિ શું વિ. અંગે સુંદર સમજણ આપવામાં આવી છે.

ઋષિમંડલ સ્તોત્ર—સં. હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી, મુલચંદ મારવાડીની ચાલ, ટેલીફોન એક્સચેંજ સામે, મલાડ ઇસ્ટ, મુંબઇ. ક્રા. ૧૬ પેજી, ૨૦૮ પેજ તેમાં ૮૪ પેજમાં ગ્રંથ છે. ૧૧૬ પેજમાં તેમના ગ્રંથો અંગેના અભિપ્રાયો છે.

ઋષિમંડલ સ્તોત્રનું વિવેચન છે, જે સ્તોત્રના અર્થને સમજવા ઉપયોગી છે.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

ધન મેળવવા શ્રાવક થયો, અરે રે !

તાપી નદીને ઉતરીને આગળ ચાલતાં ચાલતાં સીતાદેવી તરસ્યા થયા. આથી નજીકમાં આવેલ અરૂણગ્રામ નામના ગામમાં કોઇ સુશર્મા બ્રાહ્મણીના ઘરે પાણી પીવા ગયા. બ્રાહ્મણીએ સુંદર આવકાર આપીને આસન ઉપર બેસાડીને ઠંડુ અને મીઠું પાણી પાવા માંડયુ, એટલામાં જ ક્રોધી સ્વભાવવાળો કપિલ નામનો બ્રાહ્મણ ઘરે આવી પહોંચતા પત્ની ઉપર રોસાયમાન થઇને કહેવા લાગ્યો કે–"હે પાપીણી ! આવા ગંધાતા–મેલ લોકોને–ઘરમાં કેમ પેશવા દીધા. તેં મારા અગ્નિહોત્રને અભડાવી મૂક્યું.'

આટલું સાંભળતાં તો ક્રોધથી ધૂંઆપૂંઆ થઇ ગયેલા લક્ષ્મણજીએ બ્રાહ્મણી સહિત પોતાના પૂજ્ય વડિલ બંધુનું અપમાન સહન ન થતાં હાથીની જેમ તે કપિલને ઉંચે ફંગોળીને આકાશમાં ફેરવવા માંડયો.

પરંતુ રામચંદ્રજીએ કહ્યું–અરે ! આવા પોતાની જાતને બ્રાહ્મણ માનતા બબડાટ કરતાં આ અધમ બ્રાહ્મણને છોડી દે ભાઇ ! આવા એક કીડા જેવડા ઉપર ક્રોધ શું કરવાનો ?

રામચંદ્રજીની આ આજ્ઞાથી લક્ષ્મણજીએ કપિલને ધીમે રહીને છોડી મૂક્યો અને ત્યાંથી લક્ષ્મણ–સીતા સહિત રામ અન્યત્ર ચાલી નીકળ્યા.

ચાલતા ચાલતાં તેઓ એક ભયંકર અટવીમાં આવી ચડયા. વર્ષાઋતુનો કાળ આવી ગયો હતો. તેથી વરસાદ વરસવો શરૂ થઇ ગયો હતો. એક વિશાળ–ઘેઘૂર વટવૃક્ષ નીચે જ રહીને રામચંદ્રજીએ વર્ષાકાળ પસાર કરવાનું નક્કી કર્યું.

આથી તે વડવૃક્ષનો અધિષ્ઠાયક દેવ ઇભકર્ણ ભયભીત બનીને પોતાના માલિક ગોકર્ણયક્ષ પાસે જઇને કહેવા લાગ્યો કે–કોઇ દુ:સહ તેજના ધરનારા લોકોએ મારા વૃક્ષ નીચે આવીને તેમના પ્રચંડ પ્રતાપથી મને હાંકી કાઢયો છે. માટે હે પ્રભુ ! રક્ષણ કરો.

અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને ગોકર્ણ યક્ષે કહ્યું કે–'આ તો આઠમાં બળદેવ અને વાસુદેવ આવ્યા છે. તે તો પૂજા કરવા લાયક છે.' આમ કહીને ત્યાં આવીને ગોકર્ણયક્ષે રાત્રિના સમયે નવ યોજન લાંબી અને બાર યોજન પહોળી ધનધાન્યાદિ, મહેલ, મકાન, દુકાનાદિથી સમૃદ્ધ 'રામપુરી' નામની નગરી રામચંદ્ર માટે તૈયાર કરી.

સવારે મંગલ શબ્દોથી જાગૃત થયેલા રામચંદ્રજીએ પોતાની નજર સામે વીણાધારી યક્ષને અને મહાઋદ્ધિવાળી આ નગનગરીને જોઇ. પછી ગોકર્ણયક્ષે પોતાની ઓળખ આપીને આ નગરીમાં રહીને

પોતાને સેવાનો લાભ આપવાની રામચંદ્રજીને પ્રાર્થના કરી. રામચંદ્રજીએ આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

એક દિવસ આ તરફ પેલો કપિલ બ્રાહ્મણ આવી ચડ્યો. આવી નયનરમ્ય સ્વર્ગનગરી જેવી નગરીને જોઈને વિસ્મય પામ્યો. અને માનુષીના રૂપમાં રહેલી કોઇ યક્ષિણીને પૂછ્યું કે–'આ નવી નગરી કોની છે ?'

પેલી માનુષીએ કહ્યું–'રામચંદ્રજી માટે ગોકર્ણયક્ષે બનાવેલી આ રામપુરી છે. આ દયાનિધિ રામચંદ્રજીએ દીન/અનાથાદિને હમેશા દાન આપીને તેના દુઃખને દૂર કર્યા છે.'

લાકડાનો ભારો દૂર મૂકીને તે માનુષીના પગમાં પડીને કપિલ બોલ્યો–હે ભદ્રે ! હું રામના દર્શન કરવા શી રીતે જઈ શકું તે મને જણાવ.

માનુષી બોલી–આ નગરીના ચાર દ્વાર છે. અને ચારેય દ્વારો ઉપર યક્ષો રક્ષણ કરે છે. માટે નગરીમાં પ્રવેશ દુર્લભ છે. પણ પૂર્વના દ્વાર ઉપર જે ચૈત્ય છે તેને વિધિપૂર્વક વંદન કરીને અને શ્રાવક થઈને જો તું જઇશ તો તને પ્રવેશ મળશે.

આ સાંભળીને ધનનો અર્થી કપિલ સાધુ ભગવંતો પાસે ગયો. લઘુકર્મી હોવાથી ધર્મ સાંભળીને શ્રાવક બન્યો. પછી પોતાના ઘરે જઇને પોતાની પત્નીને ધર્મ સંભળાવીને શ્રાવિકા બનાવી અને પછી આ જન્મથી દરિદ્રતાથી બળેલા તે બન્ને ધન લેવા માટે જ રામપુરીમાં ગયા અને પૂર્વદ્વારના તે ચૈત્યને વંદના કરી.

ત્યાર પછી રાજમહેલ તરફ ગયા. અને રાજમહેલમાં બેઠેલા રામ–લક્ષ્મણ સીતાદેવીને જોઇને ઓળખી જતાં કપિલ ભયભીત થઇ ગયો. અને લાગ જોઇને પાછા ભાગી જવાનું વિચારવા લાગ્યો. પણ ત્યાં જ લક્ષ્મણજીએ કહ્યું–ડરીશ નહિ હે બ્રાહ્મણ ! જો તું ધનનો અર્થી હોય તો ધન માટે અહીં આવીને રામચંદ્રજીને ગભરાયા વિના પ્રાર્થના કર.

આથી ડર દૂર થતાં નજીક આવેલા કપિલ બ્રાહ્મણે રામચંદ્રજીને આશિષ આપ્યા અને આસન ઉપર બેઠો.

રામચંદ્રજીએ પૂછ્યું કે-તું કયાંથી આવે છે ?

કપિલે કહ્યું–શું આપે મને ના ઓળખ્યો ? જેના ઘરે આપ અતિથિ બનીને આવ્યા હતા અને જેણે આપને દુર્વચનો સંભળાવ્યા ત્યારે ક્રોધાયમાન થયેલા આ (લક્ષ્મણ) પાસેથી હું આપના વડે જીવતો છોડાવાયો હતો તે હું કપિલ બ્રાહ્મણ છું.

બ્રાહ્મણી સુશર્મા પણ સીતાદેવીને આશિષ આપીને દીનવદને બેસી.

પછી રામચંદ્રજીએ અઢળક સંપત્તિ આપીને બ્રાહ્મણનું દારિદ્રય ફેડી નાંખ્યુ.

પછી પ્રતિબોધ પામેલા તે બ્રાહ્મણે યથારૂચિ લોકોને દાન દઇને નંદાવર્તસૂરીશ્વરજી પાસે દીક્ષા અંગીકાર કરી.

વર્ષાકાળ પૂર્ણ થતાં આગળ જવાની ઇચ્છાવાળા રામચંદ્રજીને ગોકર્ણયક્ષે અંજલિપૂર્વક કહ્યું–આપના વિશે મારી કોઇ ભક્તિ-

ની સ્ખલના થઇ હોય તો ક્ષમા કરશો. તમારી ઉચિત પૂજા કરવાને હે મહાભુજ! કોણ સમર્થ છે?' આમ કહીને તેણે રામચંદ્રજીને સ્વયંપ્રભ નામનો હાર આપ્યો. લક્ષ્મણજીને દિવ્યરત્નના બનેલા બે કુંડળ આપ્યા. અને સીતાદેવીને દિવ્ય મુગટ તથા ઇચ્છિતનાદ કરનારી વીણા આપીઅને અનુજ્ઞા મેળવીને રામચંદ્રજી આગળ ચાલ્યા. ગોકર્ણ યક્ષે રચેલી તે રામપુરીનું વિસર્જન કર્યું.

'ધન મેળવવા માટે કપિલ બ્રાહ્મણ શ્રાવક બન્યો.' આટલી જ વાત ઉપર નજરને સ્થિર કરીને અજ્ઞાન રહેવાની કે અજ્ઞાનને પાળવા-પોષવાની ભૂલ ના કરશો. નજરને પ્રતિબોધ પામી, ઇચ્છા મુજબ દાન દઇ શ્રી નંદાવર્તસ સૂરી. પાસે તે જ કપિલ બ્રાહ્મણે દીક્ષા લીધી' ત્યાં સુધી પણ પહોંચાડવાની તકલીફ લેશો. અને આમ કરવાથી જ કપિલ બ્રાહ્મણને સાચો ન્યાય આપી શકાશે.

"આવી એકતા ન ખપે!"

એક નગરમાં ધનાઢય એક શેઠ રહે. મોટે ભાગે ધનાઢય હોય તે સુધારક વિચારના હોય. આ શ્રીમંત શેઠને એક દિવસ વિચાર આવ્યો કે 'એક એવું સ્થાન ઉભું કરવું જોઇએ કે જ્યાં આખુંય નગર આવે, સહુ પ્રેમથી ભળે, મળે અને છૂટા પડે.

સૌ પ્રથમ રાધેશ્યામનું મંદિર બનાવ્યું ત્યાં તો હરેકૃષ્ણના ભકતોની લાઇન લાગવા માંડી.

શંકરપાર્વતીનું મંદિર બંધાવ્યું પણ તેના ભકતોની ઠઠ જામવા લાગી.

પછી વિશાળ ચર્ચ બંધાવ્યું તરત જ ઇશુ ખ્રિસ્તના ભકતો દોડી આવ્યા. ચર્ચમાં અન્ય ધર્મીઓ તો ડોકાયા પણ નહી.

પછી વિચાર કરી જૈન તીર્થધામ બનાવ્યું ત્યાં તો ફક્ત શ્વેતાંબરો જ આવવા લાગ્યા.

અરે! કોઈ કોઇનામાં જતું-આવતું જ નથી હવે કરવું શું? શી રીતે બધા સંગઠિત થાય?

રૂપિયા ભલે લાગે. પણ કોઇપણ ભોગે બધાને એક કરવા છે.

પ્રશ્ન જટીલ બની ગયો, ધનાઢય શેઠ દુઃખિત થવા લાગ્યા. ચિંતાના ચકોએ પણ રાતના ઉજાગરા શરૂ કરાવ્યા. ઉપાય સુઝતો નથી પણ એક દિવસ પરોઢીયે તે ઉજાગરો સફળ થયો.

સવારના ચારના ટકોરા પડયા ને શેઠના પેટમાં કાંઇક ગડબડ થવા લાગી. મનમાં વિચારોની ગાડી દોડે જતી હતી. વિચારોને સ્થગીત કરી શેઠ વિચાર ભૂવન તરફ ચાલ્યા.

બસ! સમસ્યા ઉકલી ગઇ વિચાર કરી લીધો. તેજ દિવસથી સૌ મજુરો રાખીને ફલસ જાજરૂ બનાવવાનો ઓડર આપી દીધો. સાત દિવસમાં સંડાસ તૈયાર થઇ ગયા.

ઓહ! પછી તો પૂછવાનું શું? આખુંય ગામ દોડી દોડી આવવા લાગ્યું. એક પણ બાકી નહી, નહી જાતિનો ભેદ કે નહિ વર્ણનો ભેદ.

અને સંગઠનનું એ સ્વપ્ન સાકાર બની ગયું. શેઠ રાજી રાજી થઇ ગયા.

પણ,

એ હતું જાજરૂનું સંગઠન!

(જગત કયારેય સારી બાબતમાં સંગઠિત બનતું નથી તો...બાંધછોડીયા સગવડીયા કે સ્વાર્થભર્યા સંગઠનનો કોઇ અર્થ પણ નથી.

માટે, આવી એકતાથી ભરમાશો નહી નહી અને આવી એકતા કરવા લલચાસો પણ નહી.

શ્રી શત્રુંજય વંદનાવલિ

રચયિતા : પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

(રાગ : એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.)

કનકગિરિનો મહિમા મોટો, જગમાં એ પંકાય છે,
દર્શન ફરસન પૂજનથી, ભવભવના પાપ પલાય છે,
શિવસુંદરી વરવાની જાણે, પાગ એ સોહાય છે,
એવા ગિરિવરરાયને પંચાંગ ભાવે હું નમું...૧

ત્રિભુવન તારણ એહ તીરથ, દુષમકાલે જાણીયે,
સકલ તીરથમાં સાર એ ગિરિ, અહોનિશ વખાણીયે,
તીરથ ન કોઇ એહ સરિખો, કહ્યું સીમંધર નાણીયે,
એવા ગિરિવર રાયને પંચાંગભાવે હું નમું...૨

સોહે મૂરત આદિ જિનની, એ ગિરિ પર વંદિયે,
રંગરેલ વાધે હિત સાધે, વંદી પાપ નિકંદિયે,
રાયણરૂખ સોહામણું જ્યાં, નિરખીને આનંદિયે,
એવા ગિરિવર રાયને પંચાંગભાવે હું નમું...૩

પૂર્વનવાણું વાર સમવસર્યા, પ્રભુ સિદ્ધાચલે,
તેજલવંતા પાવન પગલા, શોભતા વિમલાચલે,
તેથી એ ગિરિવર શિખર ઉપર, ધ્યાન ધરીએ પલપલે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૪

જેના છે એકવીસ નામ જગમાં, સમરતાં સુખ પામીયે,
જ્યાં કાંકરે કાંકરે અનંત સિધ્યા, વંદિને દુઃખ વામીયે
એ તીરથ પ્રભુની પૂજી ફરસી, મોહરાયને ડામીયે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૫

પાંચ કોડી મુનિ સહ પુંડરીક, સ્વામી જ્યાં સિદ્ધિ વર્યા,
વળી દ્રાવિડ વારિખિલ્લ પણ એ, ગિરિવરે ભવજલ તર્યા,
પાંડવ કોડી વીસ સાથે, કર્મશત્રુને હર્યા,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું... ૬

શિવવધુના ભરથાર બનીયા, દેવકી ષટ નંદના,
શાંબ પ્રદ્યુમ્ન બાંધવોને, નિત્ય કરીયે વંદના,
જ્યાં સાડી આઠ કોડી સાથે, કરી ભવ નિકંદના
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૭

જ્યાં દેશોદેશના સંઘ આવી, ભાવથી યાત્રા કરે,
શત શત હજારો વાર ગુણલાં, ગાઈને ભવજલ તરે,
હંસ મયૂરા ઇણ ઠામે, કર્મને સુરગતિ વરે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૮
એહ તીરથ શાશ્વતુ છે, એમ જિનવર બોલતાં,
અવર તીરથ જગ કો નહિં, એમ જાણી સુરનર ડોલતાં,
જ્યાં પાપીઓ પણ બનતા પાવન, હૃદય હારને બોલતાં
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૯
જ્યાં મણિમાણેકની ખાણને, વળી રત્ન ખાણ રાજે બહુ,
વાવડિયું રસ કુંપિકાની, એનું વર્ણન શું કહું ?
જે ધરે ધ્યાન એકાગ્રચિત્તે તે વરે મુકિત વહુ,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૦
ઇહાં સાત છટ્ઠને દોય અટ્ઠમ, જાપ વિધિયે જે કરે,
પામે તે ભવનો પાર ને વળી, રિદ્ધિ સિદ્ધિને વરે,
મહિમા એહનો દાખવા, સુરગુરૂ પણ પાણી ભરે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૧
સુરજકુંડના નીરથી જ્યાં, આધિ વ્યાધિ પલાય છે,
દ્રવ્ય-ભાવ વૈરી ઘણાં જ્યાં, આવી શાંત જ થાય છે,
શેત્રુંજી નદીના સ્નાનથી જ્યાં, કર્મમળ ધોવાય છે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૨
પ્રદક્ષિણા પણ નિત્ય દેતાં, ચંદ્રા સૂરજ બેઉ જણા,
વિદ્યાધરો સૂર અપ્સરા, ગાતાં ગુણો એ ગિરિતણાં,
વળી ઘાતી અઘાતી કર્મ બાળી, જીવો અહીં સિધ્યા ઘણાં,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૩
ચૈત્રી કાર્તિકી પૂનમે યાત્રા-કરે જે નરવરા,
પાતિક ગાળે યુગયુગોના, એ ગિરિવર દુઃખહરા,
શિવવધુ કેરો પામે સંયોગ, કરે આતમ સુખકરા,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૪
જ્યાં નીલુડી રાયણતલે પ્રભુનાં, પીલુડા પાય સોહાય છે,
જે દીયે પ્રદક્ષિણા પ્રેમથી, તસ કાયા નિર્મલ થાય છે,
વળી શીતલ છાંયડી જેહની જ્યાં, જોતાં મન મલકાય છે,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૫

નેમિ વિના ત્રેવીસ પ્રભુ એ-ગિરિવર પર આવીયા,
સંઘ કાઢી ભરતે આદિ મુખથી, ગિરિને વધાવીયા,
વળી સોનલવંતા ભવન પ્રભુનાં, જેણે ભાવે કરાવીયા,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૬
પાપી અભવ્યો એ ગિરિને, નજરે ના નિહાળતાં,
પણ ભવિ જીવો સ્પર્શનાથી, પાપપુંજ પખાળતાં,
કલિકાળમાં એ મોટું તીરથ, દુઃખ હરે કેઇ કાળનાં,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૭
આંખડી મારી બની પાવન, આજ શત્રુંજય દીઠડો,
સવા લાખ ટકાનો દહાડલો, મુજ મનમાં લાગ્યો મીઠડો
કરી યાત્રા સાચી આજ મેં તો, ભવ ભાસ્યો અનીઠડો,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૮
રહ્યો ગર્ભાવાસમાં જેણે, ગિરિનું દરસન નવિ નર્યું,
કર્યું ભાવે સ્પર્શન જે જીવોએ, તેણે શુભ ભાથું ભર્યું,
ગુણ ગાઉં કે તા એ ગિરિના, સ્તવનથી ભવ દુઃખ હર્યું,
એવા ગિરિવર રાયને, પંચાંગ ભાવે હું નમું...૧૯
સુરનર સુરમણિ સુરગવિ સમ, એ ગિરિ નિત ધ્યાઇએ,
અહોનિશ શાશ્વત એ નગવરને, થોકે થોકે ગાઇયે,
કરી કર્મચૂરા બની શુરા, શિવમહેલમાં જાઇયે,
એવા ગિરિવર રાયને; પંચાંગ ભાવે હું નમું...૨૦
વંદનાવલિ મેં આજ ગાઇ, શ્રી શત્રુંજય ગિરિતણી,
ધન્ય ધન્ય દિવસ સોનલવંતો, ઉગ્યો રત્નચિંતામણિ,
સમ્યગ્દર્શન શુદ્ધ કરીને, હર્ષ ભાવે શિવભણી,
એવા ગિરિવર રાયને, પચાંગ ભાવે હું નમું...૨૧

❀ કળશ ❀

એમ ભાવ ભરીને ધ્યાન ધરીને, કનકગિરિ મહિમા ગાઇયો,
રામચંદ્રસૂરિ સામ્રાજ્યે આજે, પુણ્ય અવસર પાઇયો,
દર્શન નિર્મલ કરણ કાજે, ઘટમા આતમ ધ્યાઇયો,
એ વંદનાવલિ રચી ભાવે, હર્ષ ઉમંગ છાઇયો...૧
ધન્ય ધન્ય ગિરિવર ધન્ય ઘડિ દિન સોનલ સૂરજ ઉગીયો,
નવખંડા પારસ શુભ સાન્નિધ્યે, મનનો મનોરથ પુગીયો,
એ હજાર સુડતાલીસ મહા સુદ-અષ્ટમી દિન જાગીયો,
તીર્થ ઘોઘા બંદર પૂર્ણ કીધી, કર્મ કટક જાણે ભાગીયો...૨

આત્માને જ્ઞાનીના ઉપદેશો

-શાહ રતિલાલ ડી. ગુઢકા-લંડન

અનંતજ્ઞાની, આત્મતત્વના જ્ઞાતા સર્વજ્ઞ કેવલી ભગવંતોનો એક જ ઉપદેશ છે કે પ્રાણી માત્રને હિતકારી એવો કરૂણાથી ભરપૂર એવો જૈન ધર્મ જ સાર છે કેવલી ભગવંતો આપણા હિત ખાતર આદેશ ફરમાવે છે કે આપણે અસંખ્ય સમુદ્રો અને પર્વત જેટલું થાય એટલું આપણે ખાધું-પીધું. છતાં તૃષા કે ક્ષુધા મટી નહિં. શાસ્ત્રો તો ત્યાં લગી કહે છે, માતાનું દુધ સાગરથી અધીક પીધું. પણ આ કાળમાં માતાનું દુધ તો સુકાઈ ગયું છે. જન્મ આપનાર માતાને એના વિશે પડી નથી કેતા પોતાનું દુધ આપવા માટે જ અણઘમો છે. એટલે કે-આજે તો પરાયું દુધ બોટલમાં ભરી પરાયા હાથે પાવામાં આવે છે. માતાને એ પણ ટાઇમ નથી. બધી જ માતાને ટાઇમ નથી એવું નથી પણ જનરલી આજે આવું વધારે પડતું થઇ રહ્યું છે. પછી આપણે રાડો પાડીએ કે બકવાસ કરીએ અમારા સંતાનો આવા અમારા છોકરા અમારૂં માનતા નથી. અમારા છોકરા આમ કરે છે. તો વાંક આપણો છે મૂળથી જે માતાનું દુધ બાળકના ઉદરમાં જાય છે જન્મતાં તે બાળકનો કુદરતી માતા ઉપર અતિ વ્હાલ થાય છે. પિતા ઉપર અથાગ પ્રેમ થાય છે માતાનું દુધ પીધું અને એની બુદ્ધિ પણ સતેજ બને છે ને કુદરતી સંસ્કાર માતા-પિતાના ગળથુંથીથી આપેલ તે ટકી રહે છે પણ આજે આ બધું ભૂલાયું તો સંતાનો મા-બાપને ભૂલી જાય છે. મોટા થતાં દરકાર કરતા નથી કર્મ પ્રાબલ્યની વાત જુદી છે. વળી મૂળથી પાયાના સંસ્કાર પાઠશાળા જૈનશાળા પ્રભુદર્શન આપણે આપ્યા નથી.

આગળ વાત વળી ત્યાં લગી પરમાત્માએ કહ્યું કે જ્યારે જ્યારે આપત્તિ આવી. અને સંપત્તિ ના મળી ત્યારે રોવાયું. એના આંસુ અત્યાર લગી સમુદ્ર જેટલા લેગા થયા એટલે મૂળ વસ્તુ બની કે સુખ કરતાં દુઃખ અનંતગણું ભોગવ્યું છે. તો પણ લાલસા ના ઘટી. અનેક ભવો અનેક સાથે સગાવટ કરી અને સ્વજન મિત્રરૂપે પણ છતાં આ કાળમાં ઘણું ભુલાયું છે, ઘણું નેવે મુકાયું છે પણ જે વડીલો માતાપિતાને ભૂલ્યા. અને શ્રાવક ધર્મનું રહસ્ય વચન ભૂલ્યાતો પટકાઇ પડશું તો બધું જ હારી જાશું. પછી આરો કે ઓવારો નહિ મળે.

ખાવા પીવામાં નિયમ સંયમી ન હોઇએ તો ઉત્તમ આરાધના થઇ ના શકે માટે ખાવા પીવામાં સંયમી નિયમી રહેવું. જ્યાં ત્યાં ન ખાવું-જેવું તેવું ન ખાવું અને અભક્ષ્યને તો અડાય જ નહિ. રાત્રે ન ખાવું, રાત્રે ખાવામાં અનંતો દોષ છે તેવું સંત પુરૂષોએ કેવળી ભગવંતોએ પોતાના જ્ઞાનમાં જોયું અને આપણા હિત માટે ઉપદેશ્યું છે સમજાવ્યું અને એના માટે બનતો પ્રયાસ કરવો જોઇએ. લાચા-

રીથી ખાવું પડે તો પણ આત્મામાં અનંતુ દુઃખ લાગે. આત્મા ઘવાય. મન ન માને પણ કારણવસાત ખાવું પડે તો પણ મન મન વિના અને બાકી રાત્રિ ભોજનના તો અનંતા દોષ શાસ્ત્રના પાને લખાયા છે તેમ રાત્રે ખાવાથી અનંતુ નુકશાન અને જીવ-હિંસાના દાખલાઓ બન્યા છે તેનું વર્ણન પણ શાસ્ત્રમાં આવે છે માટે સમજુ મુમુક્ષુ પ્રાણીને તે ત્યાજ્ય યોગ્ય છે.

વળી જેમ રાત્રે તો ન જ ખાવું પણ દિવસે પણ ખાવામાં સંયમી અને પોતાનું પેટ શરીર ઉંમર તપાસી ખાવું. એટલે ઉંમર ખાસ તપાસવી. શાસ્ત્રકાર ભગવંતો આપણા ભલા માટે આપણા હિત માટે આ બધું ખાસ ભારપૂર્વક બતાવી ગયા છે એટલે કે ઉપદેશ આપ્યો છે. હિતવાણી પીરસી છે.

ભલા આત્માઓ ભક્તિ કરવા માટે ધર્મ કરવા માટે ધર્મનું મર્મ જાણવા માટે ધર્મ સાંભળવા માટે ઉઠતાંની સાથે જ વિચારે સમય અનુકૂળ હોય તો આજે મારે પ્રતિ-ક્રમણ કરવું છે. આજે મારે સામાયિક કરવી છે. પછે આજે મારે દેહરે જઇ પ્રભુભક્તિ અષ્ટપ્રકારી પૂજા દર્શન વગેરે ક્રિયા કરી પછી જ મુખમાં પાણી લેવું છે કે પછી જ ભોજન. ઠરીશ. એથી વળી આગળ વિશેષ ભાવના આજે મારે ઉપાશ્રય પૌષધ-શાળામાં જઇ સામાયિકનું રહસ્ય પ્રભુવાણી ધર્મ ઉપદેશ સાંભળવા જઇશ. આવી ઉત્તમ ભાવના પણ ભવ ભાવઠ ભાંગી અને ઉત્તમ ધર્મ સામગ્રી મેળવી જીવ ભવપાર પામી શકે છે. ભાવના એક ઉત્તમ ચીજ છે. ભાવના ઉત્તમ હોય તો અવશ્ય સાધકને સાધ્ય બની શકે છે.

કોઇને પ્રશ્ન કે શંકા થાય કે અમો તો લંડન જેવા દેશમાં રહીએ છીએ અને અહીંયા ઉપાશ્રય પૌષધશાળા કે ગુરૂ ભગ-વંત તો નથી તો કયાં જવું શું કરવું કેમ કરવું. તો સૌ પ્રથમ એવી ઉત્તમ ભાવના ભાવવી કે હું પણ કયારે સંયમના પંથે વળુ અને વળી હું આ જંજાળથી મુક્તિ મેળવી જલ્દી સાધુ ભગવંતોની વાણી સાંભળું કેમકે તેના વિના ઉધ્ધાર નથી પણ લાચાર છું અત્યારે તો પણ ભાવના ઉત્તમ ચાલુ જ રાખવી અને અત્યારે જ્યાં હોઇએ ત્યાં એકાંત સ્થાન મેળવી મનની ઉત્તમ ભાવનાથી એ સ્થાનને ઉપાશ્રય પૌષધશાળા સમજી અને સ્વાધ્યાય મનન ચિંતન કાયોત્સર્ગ અને નમસ્કાર મહામંત્રની સાધના અને સંતપુરૂષોના ચરિત્ર વાંચન દ્વારા સાધના કરવી એથી અવશ્ય એક દિવસ એવો અવસર સુયોગ મળી શકશે એજ.

જીવ પાપાચારથી બચી ધર્મના રસ્તે વળે તો મોટો સમ્રાટ બને થોડા જ કાળમાં મોક્ષ નગરનો સ્વામી પણ બની શકે. આ બધી જ વસ્તુનું મૂળ સમ્યક્ત્વ છે. સમ્યક્ જીવનમાં આવે તો જ આત્મા પરમાત્મા બની શકે. અને એવો ધર્મ શ્રી જિનેશ્વર દેવના શાસનમાં જ મળશે બીજે કયાંય નહિ મળે.

શાસન સમાચાર

સુશ્રાવક કાંતિલાલ હીરાલાલ પારેખ પરિવાર તરફથી શ્રી પુના કેમ્પ મધ્યે ઉજવાયેલ ભવ્યાતિભવ્ય જિનભક્તિ-મહોત્સવ.

પૂજ્ય ગ્લાન મુનિપ્રવર શ્રી કર્મજીતવિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં તથા પૂ.પાદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂજ્ય વૈયાવચ્ચી મુનિરાજ શ્રી હિતરત્નવિજયજી મ. સા. ની શુભ પ્રેરણાથી શ્રી પુના કેમ્પ મધ્યે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનપ્રાસાદ મહા સુદ દ્વિતિય આઠમથી મહા સુદ બારસ સુધી સુશ્રાવક કાંતિલાલ હીરાલાલ પારેખ તથા અ.સૌ. મંજુલાબેન કાંતિલાલ પારેખના જીવન સુકૃતની અનુમોદનાર્થે પંચાન્હિકા જીવીત મહોત્સવ સુંદર રીતે ઠાઠમાઠથી ઉજવાયેલ.

મહા સુદ ૧૦ ના રોજ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજનમાં ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના ફોટા શેરીઓમાં ખુબ જ સુંદર રીતે મુકી અને પૂજન ભણાવેલ.

મહા સુદ ૧૧ ના રોજ શ્રી લઘુ શાંતિ સ્નાત્રમાં ૨૭ જાતના ૨૭-૨૭ નંગ ફળ તથા નૈવેદ્ય દ્વારા મુંબઈ લાલબાગના યુવાનોએ સુંદર માંડલાની રચના કરેલ અને શ્રી લઘુ શાંતિ સ્નાત્ર ભણાવેલ.

વિધિકાર તેમજ સંગીતકાર તરીકે મુંબઈથી શ્રી કુમારપાળ નાનુભાઈ ઝવેરીએ શાસ્ત્રોકત વિધિથી તેમજ શાસ્ત્રીય સંગીતથી ભાવિકોને પ્રભુભક્તિમાં લીન કરેલ. એક એકથી ચઢિયાતી વિવિધ પ્રભાવનાઓ થતી. મહા સુદ ૧૨ ના રોજ વ્યાખ્યાનમાં સવારે શાહ ઈશ્વરલાલ ગુલાબચંદ જૈન જ્ઞાનદાન પાઠશાળા જોજીત સમ્યકૃત્વના સડસઠ બોલની સજઝાયની પરીક્ષા આપનાર ભાગ્યશાળીઓનું બહુમાનનો લાભ પણ આ પરિવારે લીધેલ. મહા સુદ ૧૨ ના રોજ ભવ્યાતિભવ્ય મહાપૂજા લાલબાગ (મુંબઈ)ના યુવાનો તથા પુના કેમ્પના શતાબ્દી યુવક મંડળના યુવાનોએ ખુબ જ સુંદર રચનાઓ સાથે કરેલ. શ્રી વાસુપૂજ્ય જિનપ્રાસાદમાં પ્રવેશતા ત્રણ જગતના નાથના દર્શન થતા હૈયું ડોલી ઉઠે તેવી અદ્ભુત અંગરચના નિહાળવા મળતી હતી. ગભારામાં પરમાત્માની પાછળની આખી દિવાલ ઉપર ચાંદીનો વરખ, પ્રત્યેક બિંબને સોના ચાંદીના વરખની આંગી તથા જિનાલયની અંદર ૬૦૦ થી અધિક દિપકોની રોશની, અષ્ટમંગલોની રચના તથા જીવદયાની ટીપ આદિ કાર્યો મહાપૂજાનું આકર્ષણ હતું. બાર ગુણોથી અલંકૃત ૧૨ માં શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનની રંગોળી, તેમજ સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની સુવર્ણ કમળમાં નેચરલ રંગોળી પુનાના કુ. હેમલતા સાગવેકરે રચાયેલ.

પૂજ્ય મુનિરાજ શ્રી દરરોજ પરમાત્મા ભક્તિ પ્રેરક પ્રસંગો ઉપર વ્યાખ્યાન આપતા હતા. મહાપૂજાના દિવસે મોટી રાત સુધી દર્શનાર્થીઓ દર્શનાર્થે આવેલ. અનેક લોકોએ દર્શનનો લાભ લીધેલ.

ઐતિહાસિક છાણી નગરે શતાબ્દી ઉત્સવ તથા દીક્ષા ઉત્સવ

૧૪૩ પુણ્યાત્માઓની દીક્ષાની ખાણી એવી છાણી નગરીમાં છેલ્લા ૧૦૦ વર્ષના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવો પુણ્ય પ્રસંગ ઉજવી ધન્ય બની ગયું. શાંતિનાથ જિનાલય શતાબ્દિ ઉત્સવનો પ્રારંભ તા. ૧૨-૨-૯૫ થી થયેલ. પૂ.આ.શ્રી પુણ્યાનંદ સૂરિજી મ. સા., પૂ.આ.શ્રી વારિષેણસૂરિજી મ., પૂ. પંન્યાસ અશોકસાગરજી મ., પં. જિનચંદ્રસાગરજી મ., પં. હેમચંદ્રસાગરજી મ., નુતન પં. મહાસેનવિજય મ., પં. વિનયસેનવિજય મ., ઠાણા-૩૨, સા.શ્રી સૂર્યયશાશ્રી, સા. વિજ્ઞાનશ્રી મ. આદિ છાણીના રત્નો પૂજ્યોની નિશ્રામાં સાત દીક્ષાઓ, બે-પંન્યાસ પદવી ૯૦૦ સમુહ આયંબિલ તપ, અષ્ટોતરી શાંતિસ્નાત્ર, અનેક ગ્રંથોના પ્રકાશન, સમારોહ, શાંતિનાથપ્રભુના બાર ભવના પટો, પાંચ મહાપૂજનો, સંગીતકાર જયંતકુમાર રાહી, નીકેશ સંઘવીના ભક્તિ ગીતો, ભવ્યાતિભવ્ય ગજરાજ સાથેની પાંચ વર્ષીદાન રથયાત્રાના વરઘોડાઓથી પ્રસંગ સુંદર ઉજવાયો.

સંજયકુમાર-મુનિ સિધ્ધસેનવિજય મ.
ગુરૂ મુનિ વિક્રમસેન વિ. મ.

નરેન્દ્રકુમાર-મુનિ નયસેનવિજય મ.
ગુરૂ પં. મહાસેન વિ. મ.

સુરેન્દ્રભાઇ માસ્તર-મુનિ સંયમસેન વિ. મ.
ગુરૂ પુણ્યાનંદસૂરિજી

ચંદુભાઇ માસ્તર-મુનિ વિરાગસેન વિ. મ.
ગુરૂ પુણ્યાનંદસૂરિજી

પંકજકુમાર ધંઢોર-મુનિ પદ્મચંદ્રસાગર મ.
ગુરૂ પં. હેમચંદ્રસાગર મ.

જિજ્ઞેશકુમાર સુરત-મુનિ આગમચંદ્ર સાગર મ.
ગુરૂ મુનિ પૂર્ણચંદ્રસાગર મ.

સુષમાકુમારી છાણી સા. સિદ્ધગુણાશ્રીજી
ગુરૂ સા. લક્ષગુણાશ્રીજી.

છાણીના ઇતિહાસમાં એક સાથે ૧૫ દિવસમાં ૭ દીક્ષાનો પ્રસંગ સર્વ પ્રથમ ઉજવાયો હતો. તેમાં પણ એક સાથે ૪ ભાઇઓની દીક્ષાનો પ્રસંગ પણ પ્રથમવાર ઉજવાયો છે. ૨૧-૨-૯૫ ના ૧૦૧ મી ધજા ચઢાવવાનો લાભ હંસરાજભાઇ કાંતિલાલ શાહે મોટો ચઢાવો બોલી લાભ લીધો હતો. અઠમતપ બહુમાન, ૯૦૦ સમુહ આયંબિલ ચાંદીના સિક્કાથી બહુમાન, છપ્પન દિક્કુમારી સ્નાત્ર ઉત્સવ, લલિત વિસ્તરા, લબ્ધિપ્રશ્ન, છાણી સૌરભ, પુણ્યાનંદભક્તિ, ૐકાર તીર્થ, ભક્તિ કરૂ ભવતણ, ગ્રંથ પ્રકાશનોનો સમારોહ ઉજવાયેલ, વરઘોડામાં સર્વએ ખુલ્લા પગે રાસ નૃત્યોનો લાભ વીરમગામના ૪૦ શરણાઇ પાર્ટીના સૂટમાં લીધેલ. બગીઓમાં ખુલ્લા હાથે નાચતા કુદતા મુમુક્ષુઓ વડે વર્ષીદાન અપાયેલ, કોલ્હાપુરવાળા તરફથી ચાંદીની ઘોડિની તથા

સુરેન્દ્રભાઈ પરિવારે કટાસણાની યુવકો તરફથી થાળી વાટકી, ગુરૂભક્તોએ પુસ્તકોની ઘર દિઠ સંઘમાં પ્રભાવના કરેલ તથા શ્રી શાંતિનાથ દાદ નો ૮×૧૦ નો લેમીનેશન ફોટો કોલ્હાપુર નિવાસી અમરગાંધી તરફથી ઘર દીઠ અપાયેલ પૂ. મુનિ મહાસેનવિજય પૂ. ગણી વિનયસેનવિજય મ. ની પંન્યાસ પદવી પ્રસંગે ૧૫ રૂા. સંઘપૂજન થયેલ. કામળી આદિ ઉપકરણના ચઢાવા સુંદર થયેલ.

પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી ૬૫ મી ઓળી પૂર્ણાહુતિએ આયંબિલ ખાતામાં વિશિષ્ટ દાન સંઘપૂજન પૂ.મુનિ લબ્ધિચંદ્ર સાગર મ. ૩૮૦ આયંબિલ અનુમોદનાર્થે ૧૫ રૂા. સંઘપૂજન થયેલ. પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મ. ચાતુર્માસની જય હેતુ ભીંવડી સંઘ તરફથી ૫ રૂા. તથા પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી મ. ચાતુર્માસ જય હેતુ દાદર જ્ઞાનમંદિર તરફથી ૫ રૂા. સુરેન્દ્રભાઈ માસ્તરની દીક્ષા નિમિતે કોલ્હાપુર-સુરતના યુવકો તરફથી ૫ રૂા. સંઘપૂજન થયેલ. મહા વદ ૬ ના દીક્ષાના ઉપકરણોની બોલી રેકર્ડ રૂપ થયેલ. અત્રે પૂ.આ.શ્રી પુણ્યાનંદ સૂ. ની નિશ્રામાં ૪ મુનિવર તથા ૧ સાધ્વીજીની વડીદીક્ષા ફા. સુદ ૧૦ ના થશે ત્યારબાદ વડોદરા થઈ ભરૂચ ચૌત્રી ઓળી માટે પધારશે. પૂ. તપસ્વી વારિષેણસૂરિજી ઠા. ૩ કેવડિયા કોલોની પ્રતિષ્ઠા કરાવી નરસિંહપુર (એમ. પી.)માં વૈશાખ મહીને અંજન શલાક પ્રતિષ્ઠા હેતુ છાણીથી મહા વદ ૧૧ ના વિહાર કરેલ છે.

નવો મળેલો સહકાર

૨૫૦) પૂ.સા. મ. શ્રી ત્રિલોચનાશ્રીજી મ.ના ઉપદેશથી પૂ.સા.મ. શ્રી જ્યોતિપ્રભાશ્રીજી મ.ના સંયમ પર્યાયના ૫૦ વર્ષના નિમિતે એક સદ્‌ગૃહસ્થ ભેટ
હ: હરેશ એમ. શાહ-પાટણ

૧૦૦) શેઠ ચંપાલાલ પન્નાલાલ ઢેબરીયા તરફથી પૂ.આ.મ.શ્રી અશોકરત્નસૂરિજી મ.શ્રીની નિશ્રામાં અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાતાં પૂ. મુનિરાજ શ્રી અમરસેન વિ. મ.ના ઉપદેશથી ભેટ-દાવણગિરિ.

૧૦૦) રામચંદ્ર ઇલેકટ્રીકલ્સ હ: કાંતિલાલ શાહ હિરિયુરવાલા તરફથી
પૂ. મુનિરાજ શ્રી અમરસેન વિ. મ. ના ઉપદેશથી ભેટ-હિરિયુર.

૧૫૧) શાહ જયંતિલાલ પદમશી વાઘજી લાખાબાવળવાળા તથા શાહ જયંતિલાલ હધુ આણંદ તરફથી ચિ. ફાલ્ગુની તથા ચિ. જીગ્નેસના લગ્ન નિમિતે ભેટ.

૧૦૧) સ્વ. શાહ મહેન્દ્ર સોજપાળ ગોસરાણીના શ્રેયાર્થે ભેટ-જામનગર.

વિણયે સિસપરિક્ખા
સુહડપરિક્ખાય હોઈ સેગામે ।
વસણે મિત્તપરિક્ખા
દાણપરિક્ખા દુકાલ ।।

વિનયથી શિષ્યની પરીક્ષા થાય છે, સુભટની પરીક્ષા યુદ્ધમાં થાય છે. મિત્રની પરીક્ષા દુઃખમાં થાય છે દાનની પરીક્ષા દુષ્કાળમાં થાય છે.



- ભગવાન અરિહંતો ખુદ કહી ગયા છે કે જ્યાં સુધી હું સમ્યગદર્શન ન પામ્યો ત્યાં સુધી હું આંધળો હતો, અજ્ઞાન હતો. સમ્યગદર્શન વગરની ક્રિયા ધૂળ પર લિંપણ છે, આકાશમાં ચિતરામણ જેવી છે.
- સાધુ ખાવા માટે નથી ખાતાં, પીવા માટે નથી પીતા. ખાવા–પીવા માટે ખાય તે સાધુ કહેવાય ? અણાહારી થવાની ઇચ્છા વિના ખાય તેનું નામ જૈન નહિ.
- સમ્યગદર્શન બધાના મૂળમાં છે. સમ્યદર્શન વિનાના જ્ઞાનના પાયામાં જ અજ્ઞાન છે જેને સમ્યગદર્શન ન જોઇતું હોય તેને માટે ભગવાને કહેલ અને ગણધરોએ ગુંથેલ દ્વાદશાંગી સંસારમાં રખડાવનારી શીલા છે.
- સંસારના સુખના ભિખારીને જૈન શાસનમાં સ્થાન નથી. સંસારના સુખને જે ન વખાણે, તેની ભારોભાર નિંદા કરે તેને જ સ્થાન છે. સંસારના સુખની નિંદા તે મોટામાં મોટો ધર્મ છે.
- પૈસો ભૂંડો, બંગલો ભૂંડો, પરિવાર ભૂંડો, સ્ત્રી ભૂંડી, સ્ત્રી માટે પુરૂષ ભૂંડો આવું સાંભળતા જેને ધા લાગે તો તે સંસારમાં ભટકનારો જીવ છે. આ જેને સાંભળવું ગમે તેનામાં લાયકાત આવી છે. અથવા તો આવવાની છે.
- આજે ધર્મ કરનારાને મોટા ભાગને અધર્મનું ધ્યાન વધારે છે. અધર્મનું ધ્યાન અને ધર્મની ક્રિયા એ બેનો મેળ કયાં ખાય ? પૈસા માટે દર્શન પૂજનની ક્રિયા કરે અને મન અધર્મમાં હોય તો તેનો મેળ કયાં ખાય ?
- સમ્યગદર્શન વગર આખું જગત આંધળું છે. સમ્યગદર્શન જેને ગમે તેજ દેખતો થાય.
- સુખમાં જયારે લહેર આવે ત્યારે યાદ આવે કે લહેર કરવાથી દુર્ગતિમાં જવું પડશે ? કોઇપણ નાનું મોટું પાપ થાય ત્યારે દુર્ગતિ દેખાય ? આવો આસ્તિક ભાવ આવે તેવો જીવ સમકિતની અભિમુખ થયો છે. આનુ નામ જ શુદ્ધ યથા પ્રવૃત્તિકરણ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ [illegible] પ્રિન્ટરમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૩૨

સમ્યક્ત્વ સમાન કાંઈ જ નથી

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रम्।
सम्यक्त्वबन्धोर्नपरो हि बन्धुः,
सम्यक्त्वलाभान्नपरो हि लाभः।।

સમ્યક્ત્વરત્ન સમાન બીજું કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યક્ત્વ મિત્ર સમાન બીજો કોઇ શ્રેષ્ઠ મિત્ર નથી, સમ્યક્ત્વબંધુ સમાન બીજો કોઇ શ્રેષ્ઠ બંધુ નથી, અને સમ્યક્ત્વ લાભ સમાન બીજો કોઇ શ્રેષ્ઠ લાભ નથી.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આ દુનિયાનું સુખ ભૂંડું કહેવા-સમજાવવા માટે અમે ફરીએ છીએ. તે હૈયામાં ઉતરાવવું કઠીન છે પણ તે જ કામ અમારે કરવાનું છે. તેમાં અમે ચૂકીએ તો તમારા ગુરૂ થવા પણ લાયક નથી.
- સંસારરૂપી સાપનું ઝેર ન ચઢે તેના માટે જડિબુટ્ટી સમાન જિનમંદિર-ઉપાશ્રયાદિ છે.
- આ લોક અને પરલોકના સુખ માટે ધર્મ કરે તે બધા ઝેરીલા છે. તે ય મરે અને 'તે માટે ય ધર્મ કરાય' કહી બીજાને ય મારે.
- કર્મથી પીડાતા જીવોને કર્મથી મુક્ત બનાવવા સાધુપણા જેવો બીજો એક ધર્મ નથી. તે માટે જ સાધુ બનાવવાના છે.
- સાચો શિષ્યભાવ કેળવ્યો હોય તે જ ગુરૂપણું દીપાવી શકે.
- શ્રી જૈન શાસનમાં દીક્ષાની નવાઈ નથી. પણ જૈન શાસનમાં જન્મેલા મરતા સુધી દીક્ષા ન લે તે નવાઇ ! મરતી વખતે 'દીક્ષા વગર હું મરી જાઉં છું' તેનું દુઃખ ન હોય તે નવાઇ !
- શાસન પોતાનું થયા વિના આત્માઓ નિસ્તાર નથી.
- જેને મન શાસન પ્રધાન નથી પણ પોતાની જાત જ પ્રધાન છે તે તો પોતાનું અને બીજાનું અહિત કરનારા છે. તે બધાં શાસનના થયા નથી અને થવાના પણ નથી. પણ શાસનના નામે ચરી ખાનારા છે.
- જે ભગવાને રાગાદિ શત્રુઓનો મૂળમાંથી નાશ કર્યો તેનો ભગત રાગાદિની પુષ્ટિ થાય તેવું કાંઇ પણ કરે ખરો ?
- સાધુપણું એ સંસાર રોગનું ઔષધ છે.
- સંસારના સુખની-અનુકુળતાની ઇચ્છા થાય, એટલે સાધુપણું જાય.
- દુનિયાના પદાર્થો ઉપર રાગ તેનું નામ સંસાર ! દુનિયાથી બચાવનાર ઉપર રાગ તેનું નામ ધર્મ !
- આ સંસારનો સામનો કરનાર જો કોઇ ચીજ હોય તો એક માત્ર ભગવાનનો ધર્મ જ છે, જો તે આજ્ઞા મુજબ કરાય તો,
- અમે આ સંસારનું સુખ ભૂંડું કહીએ અને જે હશે તે બધા તો ધર્મ સાંભળવા ય લાયક નથી.

હાલ વિરાજમાન પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મહતે ચ

તંત્રી
પ્રેમચંદ મેઘાજી ગુંદ
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(પાલીતાણા)
પ્રાણલાલ પરસોત્તમ કુંડલા
(થાના ગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ ચૈત્ર સુદ-૧૧ મંગળવાર તા. ૧૧-૪-૯૫ [અંક-૩૨

卐 માવતર કમાવતર ન થાય 卐

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

લોકની સંમુખ જોઇને ધર્મની આચરણા કરવા ઇચ્છનારા ધર્મની આચરણા ઉચિત રીતે આચરી શકતા નથી, તથા એજ કારણે ધર્મના અર્થીએ, શ્રી જિનેશ્વરદેવ ઉપદિષ્ટ કરેલા ધર્મનું સેવન કરવામાં અજ્ઞાની લોકથી બેપરવા રહેવું જ જોઇએ !

પ્ર૦-છોરૂં કછોરૂં થાય, પણ માવતર કમાવતર થાય ?

ઉ૦-એ ઉત્તમ કહેવતો 'સુ' ને લાગુ પડે; 'કુ'ને માટે એ કાંઇ નહિ. માવતર કમાવતર ન થાય, પણ માવતર હોય તો ને ! જન્મ આપે તે જ સાચી જનેતા અને પેદા કરે તે જ સાચો પિતા, એવું જૈન શાસન નથી માનતું. ઠીક છે, વ્યવહારથી એ માતા પિતા કહેવાય, પણ એટલા માત્રથી તે સાચું માતૃત્વ કે પિતૃત્વ બતાવી શકે છે એમ નથી જ. એજ કારણે શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલી માતૃભક્તિ અને પિતૃભક્તિનું રહસ્ય સમજવા જેવું છે. માતા પિતા સાચા માતાપિતા બને. તો તે ઉપકારીઓની સેવામાં સર્વસ્વનું સમર્પણ થાય, બાકી તો વિચાર કરવા થોભવું જ પડે, એ શંકા વિનાની જ વાત છે. આથી ઉપકારનો બદલો વાળવાનો ઇન્કાર નથી. કશું ઊંધું તો કોઇ લેતા જ નહિ. ઉપકારના બદલામાં અંગુઠા પકડાવે તો તે પકડાય, ઓરડીમાં પૂરે તો તેમ પણ થાય અને માથું માગે તો તે પણ અપાય, પણ અધર્મ કરવાનું કહે તો તો કહી જ દેવાય કે 'એ તો કદી નહિ જ બને ! મા-બાપે શરીર પાળ્યું છે, તો શરીર ઉપર ભલે તેઓ હુકમનો અમલ કરે, પણ આત્મા ઉપર તેમનો ઇચ્છા મુજબનો અધિકાર નથી જ.

શાસ્ત્ર કહે છે કે-'માતા પિતાના ઉપકારનો બદલો ધનાદિકથી અને બાહ્યસેવાઓથી ન વાળી શકાય, પણ અજ્ઞાની મા-બાપને રોતાં છોડીને જવું પડે તો તેમ પણ કરીને, પોતે જ્ઞાની તથા સદાચારી બનીને, ધર્મ પમાડવાની શક્તિ કેળવી ધર્મ પમાડે, તો તો બદલો વાળ્યો કહેવાય.' અને એ રીતે બદલો વાળે તે દીકરા. નહિ તો નહિ. ભૂંડણ સો જણે પણ એને વિષ્ટા ચૂંથવાનું ન મટે અને સિંહણને એક જ દીકરો હોય, પણ એ એક દીકરાથી એ નિરાંતે ઊંઘે તથા એને દુશ્મનનો ભય કે ભોજનનો વાંધો ન રહે. એ રીતે ધર્મ પમાડીને બદલો વાળે તે જ સપૂત કહેવાય.

* * *

સાધુ નાડી પણ ન પકડી શકે, વૈદ્ય કે ડોકટર પણ સાધુ ન બતાવી શકે. 'કલાણી ચીજથી રોગ જાય'-એમ પણ સાધુ ન કહી શકે, અર્થ-કામની કોઇપણ વિદ્યાનો સાધુ ઉપદેશ ન દે, મંત્ર-તંત્ર વગેરે કાંઇપણ સાધુ ન કહી શકે. સાધુથી આંક ફરક પણ ન કઢાય, એનાથી પડીકાં પણ ન અપાય, અને એનાથી દોરા-ધાગા વગેરે કશું જ ન થાય ! અર્થાત્-દુનિયાદારીની, એટલે કે સંસાર વ્યવહારની પ્રવૃત્તિ જોરદાર થાય એવો લેશ પણ ઉપદેશ સાધુથી ન અપાય.'

પ્ર૦-જ્યારે સાધુથી એવો ઉપદેશ ન થાય, ત્યારે શું શ્રાવકથી તેવો ઉપદેશ થાય?

ઉ૦-જે ક્રિયા સાધુથી ન થાય તે શ્રાવકથી થાય એમ નથી. સાધુને કાચા પાણીને અડવાની ના પાડી અને તમને સરોવરમાં ડુબકી મારવાની છુટ છે એમ ? એમ ન માનતા. કાચા પાણીને ન અડવાની તમને આજ્ઞા કરે તો તે આજ્ઞા તમે પાળી ન શકો, તે માટે જ તમને તેવી આજ્ઞા કરી નહિ. જે ચીજનો નિષેધ ન કર્યો તે તમારામાં લાયકાત ઓછી જોઇ માટે, પણ એટલા માટે તમને એ કરવાની છુટ આપી છે એવું ન માનતા.

સાધુને પાંચ મહાવ્રત કહ્યાં અને ગૃહસ્થો માટે અણુવ્રતો કહ્યાં એથી એવું ફલિત નથી જ થતું કે સ્થાવર જીવોની હિંસા વિગેરે કરવાની ગૃહસ્થને છુટ આપી છે; પણ એનો અર્થ એટલો જ થઇ શકે છે કે-તમારાથી અમલ કરી શકાય તેમ નથી, માટે નિષેધ ન કર્યો.

સાધુને જે ન કલ્પે તે શ્રાવકને છડેચોક કલ્પે, એવું ન માનતા અને ન બોલતા. આજ્ઞા કરનારા ઉપર બહુ જોખમદારી છે અને તે જોખમદારીને તારકો બરાબર સમજતા. આજ્ઞા કરનારા જો અનંતજ્ઞાનીઓ અને અનંતજ્ઞાનીઓને જ અનુસરનારા ન હોત, તો તો બધા જ વિરાધક થાત; કારણ કે-વિધેય કોટિમાં એક મુક્તિમાર્ગ જ છે અને નિષેધ કોટિમાં તો આખો યે સંસાર પડયો છે. પણ આખા સંસારનો એકદમ ત્યાગ કરનારા બધા જ આત્માઓ ન જ હોઇ શકે અને કરવા ઇચ્છનારા પણ એકદમ ન જ કરી શકે;

એજ કારણે અનંતજ્ઞાની પરમર્ષિઓએ આજ્ઞાના વિભાગ પાડયા અને લાયકાત મુજબ જુદી જુદી આજ્ઞા કરી.

સંસારના રસિયાથી તો આનંદ પૂર્વક નાનામાં નાના સાધુની વાત પણ ન સાંભળી શકાય, કારણ કે એની વાતમાં પણ શીક્ષા હોય જ. મોટાની વાતમાં મોટી જ વાતો હોય, જેમ વાણીયાની વાતમાં પૈસો તો હોય જ, તેમ શ્રી જિનેશ્વર દેવના શાસનનો નાનામાં નાનો સાધુ પણ સંસારને ખોટો જ કહે. જો કોઇ પાટ ઉપર બેસીને સંસારને સાચો કહે; તે એ આ શાસનનો સાધુ નહિ ! વેશ હોય તો થે કહી દેવાનું કે-'એ બીજા, એ અમારા સાધુ નહિ !' જેમ મંદિરમાં ભગવાનની મૂર્તિ પાસે સ્ત્રી બેસાડેલી હોય તો કહેવું પડે કે-એ અમારા દેવ નહિ પણ બીજાના, તેમજ અહીં પણ કહેવાય.

જો કોઇ સાધુ પાટે બેસીને પાપમય કારખાનાં ખોલવાની, આરંભ-સમારંભની કે વકીલ બનાવવા વગેરેની વાતો કરે, તો પૂછવું કે-'આપ કોણ છો ?' અને એમને કહી દેવું કે-'અમને પૈસા કમાતાં, ભોગ ભોગવતાં, પરણતાં, વરઘોડે ચઢતાં બહુ આવડે છે; સંસાર તો અમને ખુબ ગમ્યો છે; એમાં જો તમારે અમને જોડવા હોય તો તમે ગુરૂ થવાને લાયક નથી; અને જો ગુરૂ જ થવું હોય તો અમારો એ શોખ ઉડાડો !' વળી વધુમાં કહો કે-'અમે સાગરમાં તો પડેલા છીએ, અમને બચાવો, જો અપાય તો સ્ટીમર આપો, તે ન અપાય તો લાકડાની હોડી આપો, તે ય ન અપાય તો લાકડાનો કકડો આપો, પણ અમારી ઉપર પથ્થરની શિલા ન નાખો !' પથ્થરની શિલા નાખનારને તો ખૂની જ કહેવો પડે ને ? ખરેખર, સંસાર એ સાગર છે, એમાં સર્વવિરતિ એ સ્ટીમર છે, દેશવિરતિ એ લાકડાની હોડી છે અને સમ્યક્ત્વ એ લાકડાનો ટુકડો છે તથા અર્થ-કામ એ પથ્થરની શિલા છે. ડુબતાઓ માંડમાંડ હાથ હલાવી ઊંચા આવવા મથતા હોય, ત્યાં ઉપરથી પથ્થરની શિલા નાખે ત્યાં શું થાય ?

સભા:-એવા પાછા ઉપકારી ગણાવા મથે છે.

ઉ૦-એ જ દુઃખ છે, માટે તો બોલવું પડે છે. તમે એમને કહો કે-'અમારી પાસે તરવાનું સાધન નહિ હોય તો ઉછાળા મારીને આવશું. પણ મહેરબાની કરીને તમે ઉપરથી પથ્થરની શિલા ન નાખો. પાપમાં જોડનારા તમારાથી તો બજાર વચ્ચે ઊભા રાખી માથાં કાપનારા દુશ્મન સારા; પણ તમે તો ચરણમાં ઝુકાવી ઝુકાવી અને માથે હાથ ફેરવી ફેરવીને અનંતાભવની કતલ કરનાર છો માટે મહાબૂંડા !'

(નવપદ દર્શન પુસ્તકમાંથી)

હુંડી

શહેરની જાણીતી પેઢી ઢાંચી પડી. વાયુવેગે આખા શહેરમાં તેમજ આખા પંથકમાં વાત ફેલાઇ.

લોકોની લાખોની રકમ સલવાઇ ગઇ હતી. પેઢી ઢાંચી પડયાના સમાચારે થાપણદારોનાં ટોળેટોળાં પેઢી ઉપર આવી ચઢયાં. પેઢીમાં 'શેઠ બેસી રહ્યા છે. સામે મુનીમ ચોપડામાં માથું ઘાલી બેસી રહ્યા છે. એક જ મુનીમ શેઠની પેઢીમાં રહ્યાં છે. મુનીમ નાનપણથી જ શેઠના મિત્ર જેવો છે. આજે એમનો જ શેઠને સધિયારો છે.

સવારનો પહોર છે. મુનીમ બેઠા છે. ત્યાં શેઠ આવી ગાદીએ બેઠા. એકબીજા સામે જોયું. મુંઝવણનો પાર નથી. કેટલાંને જવાબ આપવો ? શું કરવું તે કશું જ સુઝતું નથી. વેપારમાં મોટી ખોટ આવી છે. શેઠ છતાં ના હિંમત નથી. થાપણદારોને સંતોષકારક જવાબ આપે છે. એમના નાણાં કલકત્તાની પેઢીમાં સલવાઇ ગયાને પેઢી ઢાંચી પડી. એટલે શેઠ બિચારા કરેય શું ? શ્રદ્ધાના બળે વેપાર કર્યો પણ સમુળગું જવા બેઠા જેવું લાગ્યું. ઓછામાં ઓછા પુરૂ થાપણદારોએ ભીંસ વધારી એટલે બજારમાં રહીસહી શાખ પણ પેઢીની તુટવા માંડી પણ શેઠની હજુ આબરૂ જળવાઇ રહી છે. નેકદિલ માનવી સાચા બોલો માણસ છે. એટલે પૈસાનો લોભ નથી. એવું પણ લોકોમાં ચર્ચાતું હતું ત્યાં જ બાજુનાં ગામનો ગિરાસદાર જેની આ પેઢીમાં મોટી થાપણ જમા હતી તે લેવા આવ્યો બંદૂક લટકાવી છે. મૂછો ભારે બોલિયા, માથે ફેટો, ભરાવદાર ચહેરો જોતાં જ ભયની ધ્રુજારી વછુટી જાય એવો આ જાગીરદાર પેઢીમાં આવી બેઠો. શેઠ મારા પૈસાનું હું...મારે આજેજ પૈસા જોઇએ.

શેઠે ધીરજ ધરવાનું કહ્યું મુનીમે પણ ટાપસી પૂરી.

શેઠે આવતીકાલે સવારમાં આવી લઇ જવાનું કહ્યું. જાગીરદાર બોલ્યો. જુઓ શેઠ આવતીકાલે લેવા આવીશ પૈસા તૈયાર રાખજો નહીં આવો તો જોયા જેવી થાશે સમજ્યા !

'હા, હા, તમતમારે કાલે સવારે આવજો, વેંત થઇ જાશે...' શેઠે કહ્યું. રાત્રિ પડી. શેઠની ઉંઘ હરામ થઇ ગઇ છે. અત્યારે તો આ બલા ટળી છે. પણ આવતી કાલે મારે શો જવાબ આપવો મારી આબરૂનો ધજાગરો થશે. હે ભગવાન ! હે જિનેશ્વર ! તું મારી લાજ રાખજે બાપલા ! મેં કદી ખોટું કર્યું નથી કોઇને અન્યાય કર્યો નથી. મારી લાજ રાખજે મારા નાથ !

સવાર પડી કહ્યા મુજબ જાગીરદાર પેઢી ઉપર આવી પહોંચ્યો. શેઠે રાત્રિના સમયે હુંડી અમદાવાદના શેઠ ઉપર લખીને તૈયાર રાખી હતી. તે પેલા જાગીરદારના હાથમાં આપી જાગીરદારને સમજાવ્યું. અમદાવાદ જઇ લઇ આવવા કહ્યું.

જાગીરદાર રવાના થયો. મુનિમે શેઠને પૂછયું શેઠ આપે હુંડી તો લખી આપી પણ એ પેઢીમાં તો આપણું ખાતું નથી

તો સ્વીકારશે કઇ રીતે ?

શેઠ મોહ્યા. ત્રિભોવનદાસ તમે ચિંતા ન કરો બધું પ્રભુ ઉપર છોડો. નરસિંહ મહેતાની લાજ રાખી હતી એમ મારી લાજ નહીં રાખે ? હું પણ એક વેપારીનો દીકરો છું તમે નાહકની ચિંતા છોડો અને ઉપરવાળા ઉપર ભરોસો રાખો. મુનીમ આથી ચુપ રહ્યા.

જાગીરદાર અમદાવાદ પહોંચ્યો. સરનામા પ્રમાણે માણેકચોકની પેઢી શોધી કાઢી. જાણીતી પેઢી એટલે શોધતાં વાર ન થઇ. જાગીરદારે મુનીમના હાથમાં હુંડી આપી. મુનિમે હુંડી જોઇ ખાતાં તપાસ્યા પણ આ નામનું ખાતું મળ્યું નહિ. મુનીમ વિચારે છે ત્યાં જ શેઠ પેઢી ઉપર આવી ચઢયા. મુનીમે શેઠને વાત કરીને હાથમાં હુંડી આપી.

શેઠે હુંડી જોઇ ફરી તપાસી ઝીણી નજરે અક્ષરો તપાસ્યા. નામ અજાણ્યું છે. પેઢી અજાણી છે પણ એ લખનારની હિંમત ખોટી ન હોય. શેઠ સમજુ છે તેમણે હુંડીમાં અક્ષર ઉપર ટપકેલાં આંસુના બિંદુ જોયા ને તેના કારણે અક્ષર ચોકાયા છે. એ પારખું શેઠથી અજાણ્યુ ન રહ્યું.

શેઠે વિચાર્યું લખનાર અજાણ છે પણ આવડી મોટી રકમની હુંડી છે. ગમે તેમ તોયે એ વેપારી છે. જરૂર ભીડમાં આવેલ હોવો જોઇએ. આ પેઢીનો માલીક તો ઉપરવાળો છે. આપણે તો માત્ર વહીવટ કરનારા છીએ. લેખાંજોખાં લેવાવાળો તો ઉપર બેઠો છે. વેપારીનો દીકરો આવી નાખી દેવા જેવી વાત કરે નહિ. ને આવડી મોટી રકમની હુંડી લખે પણ નહિ. શેઠે ફરી હુંડી જોઇ આંસુના બિન્દુ નજર સમક્ષ તરવર્યા. જરૂર લખનારે લખતી વખતે આંસુ સાર્યા લાગે છે. ખરી ભીડમાં આ માણસ આવ્યો હોવો જોઇએ. હું'ય એક વેપારી છું વેપારમાં ય ખોટ તો આવે જ આપણે એક બીજા વેપારીની આવા કપરાં સંજોગે એની એબ ઢાળવી જોઇએ. પૈસો તો આજ છે ને કાલે નથી. પણ વેપારીની શાખ મહત્વની છે. આબરૂ મહત્વની છે. લખનારે કઠણ કાળજું કરી, ભગવાન પર ભરોસો રાખી હુંડી લખી છે તો મારે પણ એ વેપારી પર ભરોસો રાખવો જોઇએ. એ ભરોસો હું તોડું તો તો ભગવાન રૂઠે જરૂર રૂઠે. વખાના માર્યા માણસે હુંડી લખી છે તો મારે મદદ કરવી જોઇએ.

શેઠે મુનીમને પૈસા ગણી આપવા કહ્યું. મુનીમે આનાકાની કર્યા સિવાય શેઠના હુકમનું પાલન કર્યું ને પૂરા એક લાખ ગણી આપ્યાં.

મુનીમે કહ્યું શેઠ ! પણ કયા ખાતામાં આ પૈસા ઉધારવાના ? શેઠે તરત જ જવાબ આપ્યો ખર્ચ ખાતે ઉધારો પૈસા લઇ જાગીરદાર રવાના થયો.

શહેર આખામાં શેઠની આબરૂની વાત જાગીરદારે કરી. આ વાત વાયુ વેગે આખા શહેરમાં ફેલાઇ શેઠની આબરૂ છે.' જુઓ પેલા જાગીરદારને લાખ રૂપિયા મળ્યાં. પાછા થાપણદારો થાપણો લેવા આવતા હતા તે વળી પાછા થાપણો મુકવા ધસારો કરવા લાગ્યા. પૈસાનો ઢગ થયો. સમય પલટયો.

કલકત્તાની પેઢીમાંથી શેઠના ડુબેલા પૈસા મળ્યા. શેઠે વેપાર શરૂ કર્યો. રૂના વેપારમાં અઢળક નફો થયો. ધીરે ધીરે પેઢીની નામના ઉભી થઇ.

શેઠે વિચાર કર્યો. જેને મને એક લાખ રૂપિયા આપેલા તે શેઠને હું પૈસા વ્યાજ સાથે પરત કરૂં અને હિસાબ ગણવા મુનીમને કહ્યું. મુનીમે હિસાબ માંડયો દોઢ લાખ રૂપિયા જેટલી રકમ મુનીમે કહી. શેઠે મુનીમને તૈયાર રાખવા જણાવ્યું. મુનીમે પૈસાની કોથળી તૈયાર કરી. અમદાવાદની પેઢીના શેઠ તકિયા માથે માથું ઢાળી બેઠા છે. ત્યાં હુંડી લખનાર શહેરના શેઠ પેઢી ઉપર આવી અમદાવાદના શેઠને પગે લાગ્યા શેઠે આવો કહી આવકાર આપ્યો. પૂછપરછ કરી હુંડીની વાત કાઢી પૈસાની કોથળી શેઠના પગમાં મૂકી. અમદાવાદના શેઠે પાઇ પણ લેવાની ના પાડી.

હવે કરવું શું ! મોટી મુંઝવણ ઉભી થઇ. કોઇ પૈસા લેવા તૈયાર નથી.

આજીજી વિનંતી શરૂ થઇ. છેવટે અમદાવાદના શેઠે તેડ કાઢયો.

આમ કરો તમે આ રકમ પાછી લઇ જાઓ. તમારા શહેરમાં આ સદાવ્રતમાં વાપરજો.'

ના છુટકે વેપારી શેઠે આપેલ રકમ પાછી લીધી ને શહેરમાં આવી સદાવ્રતમાં એ રકમ અમદાવાદના શેઠ થકી જમા કરાવી.

આજે પણ અમદાવાદના શેઠના નામે સદાવ્રત ચાલું જ છે ભૂખ્યાને રોટલો મળે છે.

ભગવાનના ભરોસે લખાયેલ હુંડીનો આથી વધુ સદુપયોગ બીજો કયો હોઇ શકે?

(પરમાર્થ)

દીક્ષિત બનેલા પંડિત સુરેન્દ્રભાઇ ચુનીલાલ આસ્તર

સુરેન્દ્રભાઇ છાણીના છે અને કોલ્હાપુરમાં ઘણા વર્ષ ધાર્મિક શિક્ષક તરીકે કામ કરીને પ્રેમ સંપાદન કરેલ નાઈરોબી પણ ધાર્મિક શિક્ષણ આપવા ગયા હતા. છાણી, મીયાગામ, બેલગામ પણ શિક્ષક હતા. ધાર્મિક અભ્યાસ ઉપરાંત સંગીતના પણ તે વિદ્વાન છે.

વર્ષો પૂર્વે મહેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં કર્મ પયડી તથા સંસ્કૃત વ્યાકરણ સુધી અભ્યાસ કર્યો હતો. અનેક પૂજ્યના કૃપાપાત્ર અને પૂ. સાધુ-સાધ્વીજી મ. ના અધ્યાપક છે. અનેક જ્ઞાન ભંડારોના સ્થાપક છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં વિવિધ મહોત્સવોમાં સુરીલી સંગીત ભક્તિ કરી છે. સસંગીત મંડળો સ્થાપ્યા છે. સેંકડો પુણ્યવાનોના સંયમ જીવનના રાહબર પ્રેરણાના પ્રચંડ પુર વહેડાવ્યા છે તેમના દાદા પૂ.જવિ.મ. ભાઇ પૂ. અરૂણપ્રભ સૂ. મ. પુત્ર પૂ. વિક્રમસેન વિ. મ. ભાતુશ્રી-પૂ. રત્નરેખાશ્રીજી મ. બહેનો પૂ. પ્રભાશ્રીજી મ. પૂ.જયવંતાશ્રીજીમ., પૂ. હર્ષકાંતાશ્રીજીમ. આદિ ઘણી દીક્ષાઓ થઇ છે.

તેમણે છાણી મુકામે પૂ.આ.શ્રી વિજય પુણ્યાનંદ સૂ. મ. સા. આદિની નિશ્રામાં મહા વદ-૬ મંગળવાર તા. ૨૧-૨-૯૫ ના ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે. તેઓશ્રી મહાવીર શાસન, જૈન શાસનના સદાના માનદ પ્રચારક હતા તેમને અમારા અભિનંદન સાથે અભિવંદન છે.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર-૨૮૧ જ્ઞાનનયનું વિશેષથી સ્વરૂપ સમજાવો.

ઉ-જ્ઞાનનય કહે છે કે જ્ઞાન જ આલોક અને પરલોકના ફળની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે. તેના સમર્થનમાં કહે છે કે-

"नायम्मि गिण्हियव्वे अगिण्हि अव्वम्मि चेव अत्थम्मि ।
जइ अट्ठमेव इय जो उवए सो सो णओ नाम" ।।

(આવ. નિ. ગા. ૧૦૬૬)

વસ્તુ સારી રીતના જ્ઞાત થયા પછી અર્થાત્ વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થયા પછીજ તેમાં ઉપાદેય-આદરવા લાયક, હેય એટલે છોડવા લાયક અને જ્ઞેય એટલે જાણવા લાયક રૂપ પ્રવૃત્તિ થાય છે. એટલે કે, વસ્તુનું જ્ઞાન થયા પછીજ ઉપાદેયનો આદર, હેયનો ત્યાગ અને જ્ઞેયમાં મધ્યસ્થ ભાવ રખાય છે. જેમકે, આલોકને વિષે જીવને જ્ઞાન થયા પછી પોતાને સુખ આપનારા પદાર્થોને વિષે આદરભાવ હોય છે, દુઃખ આપનારા પદાર્થોને વિષે હેય ભાવ હોય છે અને સુખ કે દુઃખ આપનારા નથી તેને વિષે માત્ર જ્ઞેય ભાવ હોય છે, તેવી રીતના પરલોકમાં-સુખ આપનારા સમ્યગ્દર્શનાદિને વિષે ઉપાદેય ભાવ, દુઃખ આપનારા મિથ્યાત્વાદિને વિષે હેય ભાવ, અપેક્ષાથી અભ્યુદયાદિને વિષે જ્ઞેય ભાવ હોય છે.

માટે આલોક અને પરલોકના ફલની પ્રાપ્તિ માટે જ્ઞાનને વિષે જ પ્રયત્ન કરવો જોઈએ

સારી રીતના નહિ જણાયેલી-અજ્ઞાત એવી વસ્તુમાં પ્રવૃત્તિ કરવાથી તો ફલનું વિસંવાદીપણું જોવામાં આવે છે. અન્યોએ પણ કહ્યું છે કે—

"विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता ।
मिथ्याज्ञानात् प्रवृत्तस्य, फला संवाद दर्शनात्" ।।

મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલામાં ફલનો વિસંવાદ જોવાથી, સાચી જાણકારી-સાચું જ્ઞાન જ મનુષ્યોને ફલદાયી મનાયું છે પણ માત્ર ક્રિયા ફલદાયી મનાઈ નથી.

વળી આગમમાં પણ કહ્યું છે કે-

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काहिति ?, किंवा नाहि छेय पावगं ?" ।।

પ્રથમ જ્ઞાન અને પછી દયા-સંયમ એ રીતે સર્વકાર્યોમાં સંયત-સંયમી રહી શકે. અજ્ઞાની શું કરશે ? અથવા હિત અને અહિતને શું જાણશે ?

જે કારણથી શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર દેવો વડે પણ કેવલ અગીતીર્થોના વિહારનો પણ નિષેધ કરાયો છે. આગમમાં પણ કહ્યું છે કે—

"गीयत्थो य विहारो बीओ गीयत्थमीसितो भणितो ।
एत्तो तइयविहारो नाणुन्नातो जिणवरेहिं" ॥

એક સ્વયં ગીતાર્થનો વિહાર, બીજો ગીતાર્થની નિશ્રામાં વિહાર કહ્યો છે પણ આ બે સિવાય ત્રીજો વિહાર શ્રી જિનેશ્વરદેવોએ અનુજ્ઞા આપેલો નથી.

અર્થાત્ આંધળા વડે આંધળો કયારે પણ સન્માર્ગમાં લઈ જવાતો નથી આ તેનો અભિપ્રાય છે. આ બધી વાત ક્ષાયોપશમિક જ્ઞાનને આશ્રયીને કરી.

ક્ષાયિકજ્ઞાનને આશ્રયીને જ્ઞાનનું જ વિશિષ્ટ ફલ સાધકપણું પણ તેજ રીતના જાણવું જોઇએ. જેમકે, શ્રી અરિહંત પરમાત્માઓ પણ સંસાર સમુદ્રના કિનારે રહેલા, અનુપમ દીક્ષા ધર્મનાં પાલક, ઉત્કૃષ્ટ તપ અને ચારિત્રના આરાધક હોવા છતાં પણ જ્યાં સુધી જીવાજીવાદિ સઘળાય પદાર્થોના અવબોધરૂપ કેવળજ્ઞાનને પામતા નથી ત્યાં સુધી તેઓ પણ મોક્ષને પામતા નથી.

આથી સુનિશ્ચિત થાય છે કે, આલોક અને પરલોકના ફળની પ્રાપ્તિનું પ્રધાન કારણ જ્ઞાન જ છે. આ રીતે જ્ઞાનીજ પ્રધાનતાને જણાવવામાં તત્પર એવો જે ઉપદેશ તેવા નયનું નામ જ્ઞાનનય છે. આ જ્ઞાનનય ચાર પ્રકારના સામાયિકમાં જ્ઞાનસ્વરૂપ જ એવા સમ્યક્ત્વ સામાયિક અને શ્રુતસામાયિકને જ પ્રધાનપણે માને છે. જ્યારે દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિકને માનતો નથી કે ગૌણપણે પણ માને છે.

આ રીતના જ્ઞાનનયનું સ્વરૂપ જણાવ્યું.

પ્ર–૨૮૨ ક્રિયાનયનું સ્વરૂપ વિશેષથી સમજાવો.

ઉ–ક્રિયા જ આ લોક અને પરલોકના ફળની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે એમ ક્રિયાનય કહે છે અને પોતાના પક્ષની સિદ્ધિના સમર્થનમાં ક્રિયાનય પણ 'नायंमि गिण्हियव्वे.' એજ ગાથાને જણાવે છે. (આવ.નિ.ગા. ૧૦૬૬ જે ઉપર સંપૂર્ણ લખી છે.)

ક્રિયાનય કહે છે કે, આ લોક અને પરલોકના ફળની પ્રાપ્તિ માટે જ્ઞાત–જણાયેલા એવા ઉપાદેય–હેય–જ્ઞેય પદાર્થોને વિષે જ પ્રવૃત્તિ કરવી જોઇએ. જે કારણથી, પ્રવૃત્તિ–ક્રિયારૂપ પ્રયત્ન વિના, જ્ઞાનવાળાઓને પણ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ કયારે પણ થતી નથી. અન્યો વડે પણ કહેવાયું છે કે—

"क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् ।
यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात् सुखितो भवेत्" ॥

મનુષ્યોને માટે ક્રિયા જ ફલદાયી મનાયી છે પરન્તુ જ્ઞાન ફલદાયી મનાયું નથી. જે કારણથી સ્ત્રીના અને ભક્ષ્યાદિના ભોગને જાણનારો માત્ર જ્ઞાનથી સુખી થતો નથી.

અર્થાત્ સ્ત્રી એ ભોગનું સાધન છે, ભક્ષ્યભોજનથી તૃપ્તિ થાય એમ જાણવા છતાં એવું હોવા છતાં પણ તે અંગેની પ્રવૃત્તિ રૂપ ક્રિયા ન કરે તો ભોગાદિ સુખની પ્રાપ્તિ થતી નથી.

જેમ આ લોકમાં જ્ઞાન હોવા છતાં પણ ક્રિયા વિના ફળની પ્રાપ્તિ થતી નથી, તેમ પરલોકના ફળને મેળવવાની ઇચ્છાવાળાએ પણ ક્રિયા જ કરવી જોઇએ. કેમકે, આગમમાં પણ કહ્યું છે કે—

"चेइय कुलगण संघे आयरियाणं च पवयण सुए य।
सव्वेसु वि तेण कयं तवसंजममुज्जमंतेण" ॥

અર્થાત્—'તપ અને સંયમમાં ઉદ્યત (ક્રિયામાં અપ્રમત્ત) એવા તેના વડેજ ચૈત્ય-કુલ-ગણ-સંઘ આચાર્ય-પ્રવચન અને શ્રુત એ સર્વેને વિષે ઉદ્યમ-પ્રવૃત્તિ, કરાયેલી જાણવી.'

કેમકે શ્રી તીર્થંકર પરમાત્મા અને શ્રી ગણધર દેવો વડે પણ ક્રિયા રહિતનું જ્ઞાન પણ વિફલ-નિષ્ફલ જ કહ્યું છે.

सुबहुंपि सुयमहीयं किं काहिइ चरणविप्पहीणंस्स ?।
अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि" ॥

'આંધળાની આગળ બળતાં લાખો કરોડો દીપકની જેમ ચારિત્રથી રહિતનું ઘણું પણ ભણેલું શ્રુતજ્ઞાન શા કામનું ?'

આ પ્રમાણે ક્ષાયોપશમિક ચારિત્રને-ક્રિયાને અંગીકાર કરીને ક્રિયાની પ્રધાનતા જણાવી. અહીં ચારિત્ર અને ક્રિયા એ પર્યાયવાચી શબ્દો જાણવા. અર્થાત્ ચારિત્ર એ ક્રિયા અર્થમાં છે.

ક્ષાયિક ચારિત્રમાં પણ ક્રિયા જ વિશિષ્ટ ફલને સાધનારી બને છે. જેમકે, જે કારણથી શુદ્ધ શ્રી અરિહંત પરમાત્માઓ પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જ્યાં સુધી સઘળાંય કર્મરૂપી લાકડાંને બાળવા માટે અગ્નિ સમાન, પાંચ હ્રસ્વોચ્ચારણકાલ માત્ર રહેનારી સર્વસંવર રૂપ ચારિત્રની ક્રિયાને પામતા નથી ત્યાં સુધી મોક્ષને પામતા નથી.

માટે સુનિશ્ચિત થાય છે કે, આ લોક પરલોક યાવત્ મુક્તિને પમાડનાર ફલની પ્રાપ્તિનું પ્રધાન કારણ ક્રિયા જ છે. આ રીતે ક્રિયાની પ્રધાનતાને જણાવનારો જે ઉપદેશ તે નયનું નામ ક્રિયા નય છે.

આ ક્રિયાનય પણ ચાર પ્રકારના ચારિત્રમાં દેશ વરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિકને જ, ક્રિયાની પ્રધાનતાવાળા હોવાથી ઇચ્છે છે. જ્યારે સમ્યક્ત્વ સામાયિક અને શ્રુત સામાયિક અપ્રધાન હોવાથી ઇચ્છતો નથી અથવા ગૌણ રીતે માને છે.

(ક્રમશઃ)

સર્વે સ્વાર્થના સગાં

—શાહ રતિલાલ ડી. ગુલકા-લંડન

જીંદગી તો એક મિનારો છે. મૃત્યુ એ કિનારો છે. ઘણીવાર જીવનમાં અટપટા કે અજાયબી પ્રસંગ સોનાની ઘડી હાથમાં આવી જાય છે. વજ્રબાહુ અને મનોરમા સતી લગ્ન કરી રથમાં બેસી પોતાને ગામ જઇ રહ્યા હતા. રસ્તમાં એક પર્વત આવે છે ત્યાં મહાત્મા મહામુનિ બિરાજમાન છે. વજ્રબાહુને હાથે હજુ મીંઢળ બાંધેલ છે હજુ ૨૪ કલાક પણ નથી વીતી પણ તેમને ઉત્તમ ભાવ જાગે છે. શેના ભાવ સાધુ મહાત્માને વંદન કરવાના ભાવ જાગે છે. આવા ભાવ જાગવા પણ મહાન પુણ્યાનુંબંધી પુણ્ય હોય તો જ જાગે છે. તેમના સાળા મશ્કરી કરે છે. શું બનેવી કેમ તમારે દીક્ષા લઇ સાધુ થવું છે, જરૂર થવું છે. સાળો કહે છે દીક્ષા લેવાના ભાવ છે તો જલ્દી કરો અને (બનેવી) વજ્રબાહુ લગ્નના પહેલે જ દિવસે રસ્તામાં જ દીક્ષા લેવાનો નિર્ણય મનોમન કરી લીધો અને એ તો ઘરેણા વસ્ત્રો ઉતારવા લાગ્યા અને મુનિ ભગવંતને કહે છે કે મને દીક્ષા આપો.

હવે સાળો શું કહે છે. મેં તો મજાક કરી હતી, તો બનેવી કહે છે કે તારી મજાક મારા માટે લાભનું કારણ બન્યું. તો કહે પણ મારા બેનનું શું. તો શું કહે છે તે સાંભળો—મનોરમા જો શીયળવાન હશે તો મારે કંઇજ કેવાનું રહેતું નથી અને જો ગુણવાન હશે તો જરૂર એ એનું નિભાવી લેશે. તે જ સમયે મનોરમા પણ દીક્ષા લેવા તૈયાર થાય છે.

આવા આવા પ્રસંગો ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે લખાયેલા છે. શાસ્ત્રમાં શીયળ ધર્મ વિશે આવે છે કે અગ્નિમાં બળી મરવું, ઝેર ખાઇ મરવું સારૂ પણ શીયળ ધર્મનું ખંડન કદી કરવું નહિ. શીયળવૃત સમું કો નહિ, ભાખે શ્રી વીર ભગવાન–સુખ આપે શાશ્વતા દુર્ગતી પડતા રાખે રે. શીયળ સમું વૃત કો નહિ.

શીયળની શું તાકાત છે. જે વખતે ખુબ વરસાદ પડતા પાણીના પૂર વધી રહ્યાં છે અને ગામમાં આવી રહ્યા છે તે વખતે રોહિણીએ શિયળના પ્રભાવે પાણીના પૂર પાછા વાળ્યા. કેટલું નિર્મળ શીયળ હશે. સતી સીતાજીનું શીયળ અગ્નિની ખાઇ પાણી થઇ.

શાસન સમાચાર

હસ્તગિરિતીર્થ–અત્રે શાહ ચંદ્રકાંત દેવશીભાઇ તરફથી તેમના માતુશ્રી ભાગ્યશાળી કંકુબેન દેવશીભાઇની ઇચ્છા તીર્થમાં મંદિર બનાવી પ્રતિષ્ઠા કરવાની હતી તે મુજબ હસ્તગિરિ મહાતીર્થમાં પેઢી તરફથી મળેલ જમીનમાં પૂ મુનિરાજ શ્રી જિનદર્શન વિ.મ. તથા પૂ. મુ શ્રી પુણ્યરતિ વિ.મ.ના ઉપદેશથી શ્રી સીમંધરસ્વામી મંદિર તૈયાર કર્યું અને પ.પૂ આ.શ્રી વિ. ૨ જતિલક સૂ. મ, પૂ. આ. શ્રી વિ. મહોદય સૂ. મ. આદિની પુનીત નિશ્રામાં ફાગણ વદ ૧૧ના ભવ્ય મહોત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર સાથે પ્રતિષ્ઠા કરી શ્રી કંકુબેનના સંસારી પુત્રીઓ હાલ પૂ.સા.શ્રી જિતમોહાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી હિતપ્રિયાશ્રીજી મ. આદિ પણ આ પ્રસંગે પધાર્યા હતા.

❋ ખોટું ના લગાડતા હો ને ❋

—શ્રી ભદ્રંભદ્ર

ઓપન બુક એકઝામનો વિરોધ તો હજી કાયદેસર છે. પણ કૉલેજ બુક એકઝામનો વિરોધ શું કામ કરાતો હશે? આ સાલી સાગરવત્ ગંભીર ચિંતાજનક છે.

અરે! વડીલ! તમે સમજ્યા નહિ. માત્ર ચોપડીઓની જે પરીક્ષા વિરોધ કરવા લાયક છે. પણ માટલા કેન્દ્ર, રીફીલ કેન્દ્ર આ બધી તો જીવન જીરૂરિયાતની પરીક્ષા છે. એનો વિરોધ કયાં છે? ખાલી ચોપડીની બંધ કે ઉઘાડી ધાર્મિક કે સામાજિક આ જ પરીક્ષા નિષિદ્ધ છે.

તમને વડીલ એ ખ્યાલ હશે કે–નવ-નિર્માણના તોફાન વખતે સ્કુલોમાં છેલ્લી વાર્ષિક પરીક્ષા લીધા વગર બધાને પાસ કરેલા ત્યારે લોકોના આનંદનો પાર નહતો એવો સુવર્ણ–અવસર ત્યાર પછી આવી શકયો જ નથી.

પરીક્ષાની વાત સાંભળીને જ વિદ્યાર્થી-ઓ ડરમાં ને ડરમાં પૂરૂ ખાતાય નથી, બિચારા પુરૂ ઉંઘતા ય નથી, રમી પણ શકતા નથી. બિચારા, ભારતભરના વડા-પ્રધાન કરતાં ય વિદ્યાર્થીઓ તે કાળે અને તે સમયે બીઝી હોય છે. આખું વર્ષ દૂધ ઘી બદામ ખવડાવીને તગડા બનાવ્યા હોય તો ય બિચારા સૂકાઈ જાય છે.

કીધુ છે ને કે–'સુખાર્થીને વિદ્યા કયાંથી? વિદ્યાર્થીને સુખ કયાંથી?

એટલે ભઇ પરીક્ષા એટલે બળતી ચિતા. બાળતી ચિતા અને પાછા પરીક્ષા વખતે ગમે તેવા કુળવાન્–ખાનદાનને શંકાભરી નજરે જોવામાં આવે. ચોરી શું ચીજ છે? એ વાત વિદ્યાર્થીઓ પરીક્ષા વખતે જ સમજી શકતા.

અને પરીક્ષાના પ્રશ્નપત્રનો એક પણ પ્રશ્ન નોકરી–ધંધામાં પૂછાતો નથી. ખાલી પીલી બાળકોને બિચારાને બોધરેશનમાં નાંખી એના રમત–ગમતની જિંદગી ઝુંટવી લેવાય છે.

ધાર્મિક પરીક્ષાઓમાં ય આવું જ છે. હા હજી પદાર્થોનું જ્ઞાન થાય માટે પરીક્ષા લેવાય તો તો હમજ્યા પરીક્ષા આપવા માટે જ પદાર્થજ્ઞાન ભણતા હોય તો તેના જીવનમાં પદાર્થજ્ઞાન શું આવશે પથરા?

ઓ હો હો...ભદ્રંભદ્ર! તમે તો પરીક્ષાની ઉઘાડે દા'ડે કરપીણ હત્યા કરી કાઢી પરીક્ષાને જો તમારે ઉંદર–બિલાડીનું વેર લાગે છે.

ના યાર! એવું નથી. જા પાટણ, અમદાવાદ, ખંભાત જે સાધુ–સાધ્વીજીની પાઠશાળા ચાલે છે તેમાં કેટલીયે પરીક્ષા લે છે કે નહિ તે પૂછી જો. એમાં ભણનારાજ કંટાળી જાય છે. અને નવાઇ તો એ વાતની છે કે–કંટાળી ગયેલા સાધુ–સાધ્વીજીને પૂછીએ ને કે–'કેમ કંટાળ્યા?' તો કહે કે

ભણવાનુ આમને આમ જ અધુરૂ રહે છે. પંડિતો ના તો ત્રાસ છે ત્રાસ.' આવું બોલનારા એ જ સાધુ-સાધ્વીજી ભગવંતો પાછા બાળક-બાળિકાને આકર્ષવા માટે કે, ધર્મ પમાડવા માટે કે પોતાનો સ્વાધ્યાય કરવા માટે કે, પોતાનું સત્ત્વ વધારવા માટે કે, સાધુ જીવનના કંટાળાને દૂર કરવા કે પુસ્તક ફટાફટ બરાબર ચલાવવા માટે કે, યશકીર્તિની કામનાથી વગેરે વગેરે શુદ્ધ-વિશુદ્ધ-અર્ધશુદ્ધ આશયથી પુસ્તક-પરીક્ષા લેખિત-મૌખિક લેતા હોય છે.

ના હોય ?

તને કઇ ગમ ના પડે તો બોલ નહિ. હાલ્યે સુખ. બોટી ચડ નો ચડાય.

મારે કાલે "ચાલો ઉપાશ્રય જઇએ" વિષય ઉપર પરીક્ષા આપવાની છે તમારૂ ફોમ લેતો આવું ? ભદ્રંભદ્ર !

છે, તું સાલો નકટો છે. હજી હમણાં જ તો પરીક્ષાનું નાક કાપ્યુ તોય તું ચોટાડીને લાવ્યો.

પણ તમે ત્યાં પેપરમાં પરીક્ષાનું ખંડન લખી નાંખજો ને.

હા, આ તરકીબ સારી છે હોં તો તો મારૂય ફોમ લેતો આવજે.

છેવટે તમારૂ હૈયુ-પરાવર્તન થયું ખરૂં હોં. પેનો બધી ચાલે એવી જ લાવજો હોંને. બગલ થેલાની જરૂર નથી.

ધર્મ પ્રાપ્તિ કેટલી થઇ ? તેટલી જાણે પૂરતી જ પરીક્ષા હોય તો તો હજી ચાલો અને તેય કંઇ લેખિત પરીક્ષાથી જ જણાય તેવું કયાં છે ? કે ને ચાલો પરીક્ષા ખંડ તો જોવા મળશે છેવટે કંઇ નહિ તો અલ્પાહારનો પણ લાભ આપી શકાશે. પરીક્ષાનો કેવો ક્રિયાસ્કો થયો તે જાણવા મળશે તે નફામાં.

ભક્તિના નવ પ્રકારો

(૧) સત્સંગ-ઇશ્વરની આસ્થાવાળા [શ્રદ્ધાવાળા] મહાપુરુષોની સોબત.

(૨) પ્રભુ કથા પ્રીતિ-પ્રભુકથા ઉપર અનહદ પ્રેમ.

(૩) ગુરુચરણ સેવા-અમાપ ભક્તિ

(૪) નિષ્કપટ-ઇશ્વર ગુણ સંકીર્તન

(૫) મંત્રજાપ-પ્રભુમાં અતૂટ વિશ્વાસ સાથે ભજન

(૬) સદાચાર-શીલ-વિરતિપ્રેમ સદ્‌ગુરુસેવા

(૭) ઇશ્વરમય વિશ્વનું દર્શન-સંત તરફ અનહદ પ્રેમ.

(૮) યથા લાભ સંતુષ્ટ-પરદોષનું સ્વપ્નમાં પણ અદર્શન

(૯) પ્રાણિમાત્ર તરફ પ્રેમ-સરલતા, અભય, અદ્વેષ, અખેદ.

શાસ્ત્રે ચિત્તના મલને દૂર કરવા માટે આ નવ સાધનો બતાવ્યાં છે.

-વિપુલ બી. શાહ
ભૂલેશ્વર



પ્યારા ભૂલકાંઓ,

બાલવાટિકા માટે તમારી જે મમતા બંધાઇ છે તે જોઇને મારો આનંદ-ઉત્સાહ વધી જાય છે. આ વિભાગને વધુ ને વધુ સંગીત અને વિવિધ પ્રકારની સામગ્રીથી સમૃદ્ધ કરવા ઇચ્છીએ છીએ તે પહેલાં;

મારી વાત ધ્યાનથી સાંભળો-વાંચો.

(૧) મુદ્દાસરનું અને ઉપયોગી લખાણ લખો.

(૨) કાગળની એક બાજુએ લખો.

(૩) શાહીથી લખો.

(૪) સ્વતંત્ર શક્તિથી લખો.

(૫) કોઇ પુસ્તિકાદિમાંથી લખો તો નીચેના ભાગમાં તે પુસ્તિકાદિનું નામ અવશ્ય લખો ને હવે,

તમારી કલમ ચલાવો. ઇતિહાસ, ભૂગોળ, પ્રવાસ, વ્યવહાર, શોધખોળ, વિજ્ઞાન, ભૂલભૂલામણી, ઉખાણાં, કોયડા, રમૂજ ટુચકા વિગેરે તત્વજ્ઞાનને સ્પર્શતું જે કાંઇ વાંચ્યું, વિચાર્યું હોય તે ટુંકમાં સારા અક્ષરોથી સુવાચ્ય શૈલીએ લખી મોકલશોને !

રવિશિશુ

જૈન શાસન કાર્યાલય

— આજનો વિચાર —

શ્રદ્ધા એ મોટામાં મોટું બળ છે.

— શોધખોળ —

નીચેના વાક્યોમાં તમને સારી લાગતી વસ્તુઓના નામ ગુંથાઇ ગયા છે. શોધખોળ કરી જિનભક્તિમાં વાપરવા ભાવ કરશો.

૧ બે કાગળના વેપારીઓમાંથી એકે રીમ કાગળ ખરીદ્યા.

૨ મંદિર આગળ બેન્ડવાજાં બુધવારે વગાડવામાં આવશે.

૩ મણીલાલે ખુબ દામ ખર્ચો ત્યારે તે ઉભો થઇ શકયો.

૪ કાશી ખંડમાં બેસીને જૈન શાસન વાંચે છે.

૫ કાકા જુગલ માટે પીપર લાવ્યા.

૬ શ્રી રામ આદર્શ અને સંત રાજવી હતા.

૭ આંખો મીંચી કુતરૂ દરવાજા પાસે સુતુ છે.

૮ દાદા ડમરૂ વગાડે છે ચાલો આપણે જઇએ.

૯ પાન ખાઇને પીચકારી જ્યાં ત્યાં ન મારવી.

૧ કેરી, ૨ જાંબુ, ૩ બદામ, ૪ શીખંડ, ૫ કાજુ, ૬ સંતરા, ૭ ચીકુ, ૮ દાડમ, ૯ પીચ.

–કેતન ઓ. શાહ-ડભોઇ

: કથાનક :

— જ્ઞાનની કિંમત —

એક જ્ઞાની ગુરૂ હતા. તેમની પાસે એક વિદ્યાર્થી ભણવા આવ્યો.

શ્રીમદ્ ભાગવત એ હિંદુ ધર્મનો મહાન ગ્રંથ ગણાય છે. તેના બાર સ્કંધ અને અઢાર હજાર શ્લોક છે. આ મહાગ્રંથ એ વિદ્યાર્થી ભણવા માંડયો. થોડા વર્ષોમાં તો એ વિદ્યાર્થી તે ગ્રંથ ભણી ગયો.

એક દિવસ પેલા વિદ્યાર્થીએ ગુરૂને પ્રણામ કરીને કહ્યું: ગુરૂજી ! હું આખું યે ભાગવત્ ભણી ગયો છું. હવે શું ભણું ?

ગુરૂજીએ કહ્યું: તારૂં ભાગવત્ હજુ અધુરૂં છે. પુરૂં કરવું જોઇએ.

તરત જ વિદ્યાર્થી બોલ્યો, 'ગુરૂજી ! મેં તો આખોય ગ્રન્થ પૂરો કરી દીધો છે. અને સાથે અર્થ પણ આપે જ કરાવ્યા છે ને !' તો પછી અધુરો કેમ ગણાય ?

ગુરુજી કહે, જો બેટા સાંભળ ! જેટલા સ્કંધ અને શ્લોકો તને યાદ રહ્યા હોય તેટલું જ આવડયું ગણાય. બાકી અધૂરું જ ગણાય.

શિષ્ય બોલ્યો–ગુરુજી મને બધા શ્લોકો યાદ છે. તે ગ્રન્થ મને અસ્થીમજ્જા જેવો આવડી ગયો છે.

ગુરુજી બોલ્યા–તો તેમાંથી જેટલા શ્લોકો બરાબર સમજ્યા હોય તેટલા જ આવડયા ગણાય !

વિદ્યાર્થી ફરી ઉત્તર આપ્યો, મને બધા જ સમજાઇ ગયા છે.

ગુરુજી બોલ્યા, તો એ બધા શ્લોકો માંથી જેટલા આચરણમાં મૂકયા હોય તેટલું જ ભાગવત્ તને આવડયું ગણાય.

શિષ્ય ચૂપ થઇ ગયો. તેને લાગ્યું કે ખેતે ભાગવતમાં જણાવ્યા પ્રમાણે હજુ તેનું વર્તન નથી.

તે જોઇ ગુરુજી બોલ્યા, કે ભાઇ ! 'ધર્મના ગ્રંથો ફકત ભણી જવાથી કશો લાભ થતો નથી. જ્યારે એમાં કહ્યા પ્રમાણે જીવનમાં ઉતારીએ, એમાં જણાવ્યાં મુજબ જીવન જીવતાં શીખીએ તો જ મેળવેલું ભણેલું જ્ઞાન સાર્થક બને.'

ગુરુજીની આટલી ટકોરે પેલા શિષ્યને જાગૃત બનાવી દીધો. જીવન ચારિત્રવાન બની ગયું.

–કુશલ હર્ષદભાઇ શાહ-રાજકોટ

– હાસ્ય હોજ –

ગાડીવાળો–ચાલો સાહેબ–મારી ગાડીમાં આવી જાવ ગાડી ખાલી છે.

મુસાફર–તારી ગાડી ખાલી છે પણ અહીં તો બિસ્સાં ખાલી છે.

–મુકુંદ પી. ઝવેરી–નવસારી

— 'તર'નું તરબોળીયું —

કપડું ફાડવામાં વપરાતુ તર–કાતર
જાદુગરને કામમાં આવતું તર–છુમંતર
ગામડામાં જોવા મળતું તર–ખેતર
મકાન ચણવામાં વપરાતું તર–ચણતર
નિશાળમાં વપરાતું તર–ભણતર
આંકડામાં વપરાતું તર–સત્તર
સુગન્ધ આપતું તર–અત્તર
ખેતરમાં નખાય તર–ખાતર
પક્ષીના નામમાં આવતું તર–કબુતર
એક દિશામાં વપરાતું તર–ઉત્તર
શિક્ષણ આપનાર તર–માસ્તર
સ્કુલમાં લઇ જવામાં તર–દફતર
જીવવા માટે વપરાતું તર–જીવતર
રોગની ચિકિત્સા કરવા માટે
વપરાતું તર–દાકતર

તેમ જીવન પણ ધર્મથી તર કરી દો.

ભરત જયંતિલાલ સંઘવી–દેણપ

— બાલ વાટિકા અમર રહો —

બાળમાં છું પણ વાળમાં નથી
લબ્ધિમાં છું પણ ઉપાધિમાં નથી
વાનમાં છું પણ વાતમાં નથી
ટિકામાં છું પણ મૂળમાં નથી
કામમાં છું પણ આચરણમાં નથી
અર્થમાં છું પણ ભાવમાં નથી
મસ્તમાં છું પણ નમાલામાં નથી
રથમાં છું પણ ગાડીમાં નથી
હોજમાં છું પણ કુવામાં નથી

–લબ્ધિ એન. શાહ (૭. ૪)
(વાલકેશ્વર)

— બાળ ગઝલ —

૦ દેવ દુર્લભ દેહ પામી,
ધર્મને ભુલશો નહિ,
ભૂલ્યા યદિ જો ધર્મને,
તો નરકમાં રડશો નહિ.

૦ રાજા ગયા મહારાજા ગયા ને,
ગયા છે ઈંદ્ર મોરારી,
અચાનક એક દિવસ ઉપડવું,
આવશે તહારી વારી.

–યશીતા

"નવું જાણો"

પ્રશ્ન–સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની કેમ ?

ઉત્તર–જંબુદ્વિપ ૧ લાખ યોજનનો છે. તેને ફરતો લવણ સમુદ્ર (૨ લાખ યોજન બંને બાજુ) ૪ લાખનો ઘાતકી ખંડ (બંને બાજુ ૪–૪ લાખ ૮ લાખનો કાલોદધિ સમુદ્ર (બંને બાજુ ૮–૮ લાખનો) ૧૬ લાખનો અને અર્ધ પુષ્કર દ્વિપ (બંને બાજુએ ૮–૮ લાખ) ૧૬ લાખનો. એટલે ૧+૪+૮+૧૬+૧૬=૪૫ લાખ યોજનમાંથી જ મનુષ્યોનાં જન્મ મરણ થતાં હોય છે અને મનુષ્યો જ માત્ર મોક્ષમાં ગમન કરતાં હોવાથી સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની છે.

–એચ. એચ. મહેતા
રાજકોટ

❀ જ્ઞાન ગુણ ગંગા ❀

— પ્રજ્ઞાંજ

○ 'આર્ય' શબ્દનો અર્થ કરતાં શ્રી 'અભિધાન ચિંતામણિ'માં કહ્યું છે કે—

'अर्यं ते अभिगम्यते इति आर्यं'—

અર્થાત્ જેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે આર્ય.

'आरात् पापेभ्यः कर्मभ्यः यातः स आर्यः'

આર એટલે દૂર, પાપ કર્મોથી જે દૂર થયો છે તે આર્ય.

○ 'શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ'માં શ્રી મેરૂપર્વતના સોળ (૧૬) નામો કહ્યા છે.

मंदर मेरु मणोरम, सुदंसण सयंपभे य गिरिराया ।
रयणोच्चए सिलोच्चय, मज्झे लोगस्स नाभी य ॥१॥

अच्छे य सूरियावत्ते, सूरियावरणे इय ।
उत्तमे य दिसाई य, वडिंसे इय सोलसे ॥२॥

૧-મંદર, ૨-મેરુ, ૩-મનોરમ, ૪-સુદર્શન, ૫-સ્વયંપ્રભ, ૬-ગિરિરાજ, ૭-રત્નોચ્ચય, ૮-શિલોચ્ચય, ૯-લોકમધ્ય, ૧૦-લોકનાભિ, ૧૧-અચ્છ, ૧૨-સૂર્યાવર્ત, ૧૩-સૂર્યાવરણ, ૧૪-ઉત્તમ, ૧૫-દિશાદિ અને ૧૬-અવતંસક.

○ ચક્રવર્તીના ચૌદ રત્નોનું સ્વરૂપ.

सेणावई माहावई, पुरोहिय तुरय गय वड्ढइ इत्थी ।
चक्कंछत्तं चम्मं मणि कागिणि खग्ग दंडा य ॥

૧ સેનાપતિરત્ન—સઘળાય સૈન્યનો કુશલ નાયક જે ચક્રવર્તીની સહાય વિના પણ કેટલાક દેશો જીતે છે.

૨ ગાથા—ગૃહ—પતિરત્ન—ભોજન સામગ્રી તથા ફળ—કુલાદિ આદ્ય ચીજ-વસ્તુઓ પૂરી પાડનાર.

૩ પુરોહિત રત્ન—શાંતિકર્મ તથા અન્ય ધાર્મિક વિધિઓ કરાવનાર.

૪ અશ્વરત્ન—અતિઉત્તમ જાતિનો ઘોડો.

૫ ગજરત્ન—અતિ ઉત્તમ જાતિનો હાથી.

૬ વર્ધકિરત્ન—દરેક જાતનું બાંધકામ કરનાર તથા પૂલો વગેરે બનાવનાર.

૭ સ્ત્રીરત્ન—ચક્રવર્તીની પટ્ટરાણીને યોગ્ય સ્ત્રી.

૮ ચક્રરત્ન–સર્વ આયુધો–શસ્ત્રોમાં શ્રેષ્ઠ અને દુર્જેય શત્રુનો પરાભવ કરનારું શસ્ત્ર.

૯ છત્રરત્ન–મસ્તક ઉપર ધારણ કરવાનું અતિ મનોહર છત્ર,

૧૦ ચર્મરત્ન–નદી, સરોવર આદિ જલાશયોને પાર કરવામાં ઉપયોગી ચામડાનું વિશિષ્ટ સાધન.

૧૧ મણિરત્ન–દૂર સુધી પ્રકાશ આપનારો અને રોગને હરનારો એક પ્રકારનો અદ્‌ભૂતમણિ

૧૨ કાકિણીરત્ન–ખડકને પણ કોરવા શક્તિમાન વસ્તુ.

૧૩ ખડગરત્ન–ઉત્તમ પ્રકારની તલવાર

૧૪ દંડ રત્ન–વિષમભૂમિને સમ કરનાર તથા અદ્‌ભૂત ત્વરાથી જમીન ખોદી આપનારું એક પ્રકારનું હથિયાર.

૦ નવનિધિનું સ્વરૂપ–શ્રી પ્રવચન સારોદ્ધારમાં આ પ્રમાણે કહ્યું છે.

णेसप्पे पंडुयए पिंगलते सव्वरयण महापउमे ।
काले य महाकाले, माणवग महानिहि संखे ।

૧ નૈસર્પનિધિના કલ્પોમાં ગ્રામ, આકર, નગર, પાટણ, દ્રોણમુખ, મંડળ, સુંધાવાર, ગૃહ વગેરેની સ્થાપનાનો વિધિ બતાવેલો હોય છે.

૨ પાંડુક નિધિના કલ્પોમાં ગણિત, ગીત, ચોવીસ પ્રકારનાં ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર વર્ણવેલા હોય છે.

૩ પિંગલક નિધિના કલ્પોમાં પુરુષ, સ્ત્રી, હાથી, ઘોડા વગેરેનાં આભરણો બનાવવાનો વિધિ વર્ણવેલો હોય છે.

૪ સર્વરત્નનિધિના કલ્પોમાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનું વિગતવાર વર્ણન હોય છે.

૫ મહાપદ્મનિધિના કલ્પોમાં વસ્ત્ર તથા રંગની ઉત્પત્તિ, તેના પ્રકાર, તેને ધોવાની રીતો તથા સાત ધાતુઓનું વર્ણન હોય છે.

૬ કાલનિધિના કલ્પોમાં સમગ્રકાલનું જ્ઞાન, શ્રી તીર્થંકરાદિના વંશનું વર્ણન તથા સો (૧૦૦) પ્રકારનાં શિલ્પોનું વર્ણન હોય છે.

૭ મહાકાલનિધિના કલ્પોમાં લોહ, સુવર્ણ, મુકતા, મણિ, સ્ફટિક, પરવાળાં આદિના વિવિધ ભેદો તેની ઉત્પત્તિ આદિનું વર્ણન હોય છે.

૮ માણવકનિધિના કલ્પોમાં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્ર સામગ્રી યુદ્ધનીતિ દંડનીતિ આદિનું વર્ણન હોય છે.

૯ શંખનિધિના કલ્પોમાં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક આદિનું સંપૂર્ણ વર્ણન હોય છે.

અર્થાત્ આ નવેનિધિમાં શાશ્વત કલ્પઆચારનાં પુસ્તકો હોય છે અને વિશ્વસ્થિતિનું વર્ણન કરેલું હોય છે.



- જેને મોક્ષની રૂચિ નહિ તેને ક્રિયાની રૂચિ કહેવાય જ નહિ.
- જ્યારે પાપ કરવાનું મન થાય ત્યારે ઝટ આત્માની દયા આવે કે તારૂં શું થશે ? કોઇને ખરાબ કામ કરતો જોઇ એમ થાય ને કે બિચારાનું શું થશે ? આવો આસ્તિકભાવ અને અનુકંપાભાવ જેનામાં આવે તે ખરેખર મોક્ષને ઇચ્છે છે.
- સંસારના સુખમાં લહેર થાય જ નહિ. સુખમાં લહેર કરવી એટલે દુઃખને ગ્રહણ કરવું પાપ તો કરવું જ નહિ, પાપ કરે તો દુર્ગતિ થાય. આ ત્રણ વાત ગમે તેને ભગવાનની વાત આંશિક ગમી કહેવાય. તેને પછી આત્માની અનુકંપા થાય, બીજાને સુખમાં મહાલતા જોઇ દયા આવે, ઇર્ષ્યા ન થાય. આનું નામ સાચી અનુકંપા છે
- ધર્મ કરનારને ધર્મ જ્ઞાન ન હોય અને દુનિયાના જ્ઞાનનો રસ હોય, ધર્મના જ્ઞાનની પરવા ન હોય તેને ધર્મ પણ ડુબાડનારો થવાનો.
- અરિહંત પરમાત્માને ઓળખ્યા વિના જે તેના દર્શન–પૂજન–સ્તવનાદિ કરે છતાં આત્માને અજ્ઞાનનો અજ્ઞાન જ રાખે, સંસારનો રસિયો જ રાખે, દહાડે દહાડે સંસારનો જ ભિખારી બનાવે. જે અરિહંતના દર્શન–પૂજન સેવનાદિ કરે તેને સંસારનો રસ વધે કે ઘટે ? વધે તો આ ધર્મ પણ તેને ડુબાડનારો થયો કે નહિ ?
- તમે દુનિયાનું કામ કરવામાં રચ્યા–પચ્યા રહેશો એક ધર્મના જ્ઞાનથી છેટા રહેશો તો તમારૂં તેથી ભલું નહિ થાય.
- જેટલા દુનિયાના જ્ઞાનના રસિયા છે તેને તત્ત્વનું જ્ઞાન થાય જ નહિ. આ જ્ઞાન જ્ઞાન કોને માટે ? જેને સંસાર સાગરથી તરવાનું મન થાય તેને માટે. જેને સંસાર સાગરથી તરવાનું મન ન થાય તેને અમારાથી ભણાવાય નહિ.
- તમારે જીવનમાં સંસાર જીવવો છે કે ધર્મ ? તમારા કુટુંબને સંસાર જીવાડવો છે કે ધર્મ ? આર્યદેશાદિમાં જન્મેલા જે એમ કહે કે અમારે તો સંસાર જીવવો છે. ધર્મ તો ઠીક છે તો પછી તેને આર્યદેશાદિ સામગ્રી શું ફળી ? અમારે તમને સંસાર નથી જીવાડવો પણ ધર્મ જ જીવાડવો છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

~~2440~~

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૩૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૦ મનુષ્યજન્મનાં સાચાં ફલો

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः,
सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य,
नृजन्मवृक्षस्य फलान्यमूनि ।।

શ્રી જિનેશ્વર દેવની પૂજા, સદ્ગુરુની પર્યુપાસના દીન-દુઃખી-અનાથ પ્રાણીઓની અનુકંપા, સુપાત્રમાં દાન, ગુણાનુરાગ, શ્રી જિનવાણી શ્રવણનો અપૂર્વ રાગ એ આ મનુષ્યજન્મ રૂપી વૃક્ષના ફલો છે,

卐

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- શ્રી જિનાજ્ઞાની આરાધના, એ અનન્તા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.
- સંસારના કોઈપણ સુખનો જેને ખપ નથી અને એક મોક્ષનો જેને ખપ છે, એવાઓને માટે જ દીક્ષાનો માર્ગ છે. પછી તે રાજા હોય કે રંક હોય ?
- ભગવાનના દર્શન-પૂજન કરે પણ ભગવાન ઓળખવાનું મન થાય નહિ, ભગવાનની આજ્ઞા સમજવાનું પણ મન થાય નહિ તો સમજવું કે, હજી સંસારમાં ભટકવાનું ઘણું બાકી છે.
- ભગવાનનો સેવક બને તેને પુણ્યથી મળતી પણ સંસારની સારામાં સારી સમગ્રી આત્માનું ભૂંડું કરનારી જ લાગે.
- મોક્ષની વાત ન કરે તે સાધુ પણ નહિ અને મોક્ષની ઇચ્છા થાય નહિ તે શ્રાવક પણ નહિ.
- શ્રી જિનેશ્વર દેવની આજ્ઞને માનવી તેનું નામ શ્રી જિન ભક્તિ ? તે માન્યતા મુજબ જીવન ઘડવાનો પ્રયત્ન કરવો તેનું નામ ભક્તિ ભાવ !
- જે જનમાં મહાપણું હોય તે મહાજન કહેવાય. મોટું ટોળું હોય પણ તેનામાં જો મહાપણું હોય નહિ, તો તે મહાજન કહેવાય નહિ. એકમાં પણ જો મહાપણું હોય તો તે મહાજન કહેવાય. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજાએ લખ્યું કે-'એકોઽપિ શાસ્ત્રનીત્યા યઃ, વર્તતે સ મહાજન :!' શાસ્ત્રોએ ફરમાવેલી જાતિને અનુસારે વર્તનારો એક પણ હોય, તોય તે મહાજન કહેવાય.
- ધર્મથી તો વિષયા સકિત ઘટે અને વિષય વિરાગ વધે !
- ધર્મથી સંસારનો રાગ ઘટે અને મોક્ષનો રાગ વધે.
- આજ્ઞા મુજબ ધર્મ કરનારને સંસારથી છોડાવીને મોક્ષને પમાડનારી ક્રિયાઓની આડે જે પ્રમાદ આવતો હોય તે પ્રમાદ તો દુશ્મન જેવો લાગે.
- ધર્મથી કષાયો ઘટે, આત્માના ગુણોને પ્રગટાવવાનું આકર્ષણ વધે.
- જેમ જેમ જરૂરિયાત ઘટે, તેમ તેમ પાપ કરવાની જરૂરિયાત પણ ઘટે. પછી જેની જીવવાને માટે જરૂર નહિ. તેમાં ભય કરવો નહિ'-આવો નિર્ણય કરો અને યથા શકય અમલ કરો તો ઘણો સંયમ આવી જાય. તમે બધા જો આવા સંયમી બની જાવ તો તમારાં ઘર કેવાં ચાલે.

પ.પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

• સંરક્ષક •
પ્રેમચંદ તેજાજી ગુંદ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (મુંબઈ)
સુરેશચંદ્ર રિખવ (મુંબઈ)
પ્રાણલાલ પદમશી ગુંદા (મુંબઈ)

વર્ષ ૭ | ૨૦૫૧ ચૈત્ર વદ-૩+૩ મંગળવાર તા. ૧૮-૪-૯૫ [અંક-૩૩

✠ પ્રકીર્ણ ધર્મોપદેશ ✠

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

૨૦૪૩, અષાઢ સુદિ-૫ ને બુધવાર તા. ૧-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઈ

પ્રવચન-પહેલું

(૨૦૪૩ માં શ્રીપાલનગરમાં આપેલાં પ્રવચનોનું સારભૂત અવતરણ હવેથી શરૂ કરવામાં આવે છે અને આપણા સૌના પરમ શ્રધ્ધેય, પરમ આદરણીય અનંતોપકારી સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીની સૂક્ષ્મ દૃષ્ટિતળેથી આ પ્રવચનો પસાર થવાથી જેની ગ્રાહ્યતા આપોઆપ વધી જવાની છે તેમાં બે મત નથી. સૌ વાચકો તેને વધાવશે તે અપેક્ષા સહ શ્રી જિનાજ્ઞા કે સ્વ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. અવ. સંપા.)

जयसिरिसुहाइं जीवा, सव्वे वीच्छन्ति भीरुणो दुक्खा ।
दुक्खमओ अ भवो इअ, तम्मुक्खोवायमाह जिणो ।१।
रायगिहे गुणसिलए, समोसढो चेइयंमि वीरजिणो ।
सव्वजिअणुग्गहत्थं, गौअमपुट्ठो भणइ एवं ।।२।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આ **ધર્મોદેશ** નામના ગ્રન્થની શરૂઆત કરતાં મનુષ્યપણાને પામેલા, સંજ્ઞીપણાને પામેલ, પાંચે ઇન્દ્રિયોના ધણી અને સુંદર ધર્મસામગ્રી પામેલા એવા પણ જીવે દુઃખથી ગભરાયેલા અને દુનિયાના જય, લક્ષ્મી અને દુનિયાના અનેક પ્રકારના સુખોની ઇચ્છા કર્યા જ કરે છે. પરન્તુ તે જીવોને એ ખ્યાલ નથી આવતો કે-'આ સંસાર દુઃખમય છે. આ સંસારમાં એવી એક ચીજ

સુખ આપનારી નથી કે જેની ઇચ્છા પાપોદય વગર ન થાય અને તે ઇચ્છા ખુદ પાપ-રૂપ ન હોય. એવીજે ચીજની ઇચ્છા થઇ અને તે મલી જાય તે પુણ્યોદય પણ તેમાં આનંદ આવે તે પાપોદય છે. આ કારણથી સંસાર સુખમાં સહાયક એવી સઘળી વસ્તુ દુઃખરૂપ; દુઃખફલક અને દુખાનુબંધી ન હોય એવી નથી. આ વાત તેમની સમજમાં આવી જ નથી.

જો આ સંસાર દુઃખમય છે તો દુનિયાનું સુખ કેવું કહેવાય ? દુઃખાય, દુઃખ-ફલક અને દુઃખાનુબંધી અને સંપત્તિ પણ કેવી કહેવાય ? દુઃખમય દુઃખફલક અને દુઃખાનુબંધી. આથી તેના દ્વારા જેઓ સુખ મેળવવા ઇચ્છે અને તે સુખને મજેથી ભોગવવા ઇચ્છે તે મર્યા પછી દુઃખી થાય કે સુખી થાય ? તેમને ખ્યાલ આવે કે આ ભવ ભૂંડો છે, સંસાર રહેવા જેવો નથી અને ભગવાનને પૂછે કે, દુઃખથી બચવું હોય તો શું કરવું જોઇએ ? તો ભગવાન કહે કે, મોક્ષે જાવ. મોક્ષે ન જાવ ત્યાં સુધી જન્મ-મરણ ઊભાં છે, જીવવા માટે અનેક ચીજોની જરૂર પડવાની, તે મેળવવા મહેનત કરે, અનેક ધમપછાડા કરે તો તે કાળમાં કોઇ સુખી હોય ખરૂં ? જ્ઞાનિઓ કહે છે કે, સાચું સુખ સંસારમાં છે જ નહિ, તે તો મોક્ષમાં જ છે.

સંસારથી ગભરાયેલા જીવો સાધુ પાસે આવે તો સાધુ પણ તેને શું કહે ? તારે આ દુઃખથી બચવું છે તો મોક્ષે ગયા વિના છુટકો નથી. આ જ વાત આપણા શાસ-નના શિરતાજ શ્રી ગૌતમ સ્વામી મહારાજા, રાજગૃહી નગરીના ઉદ્યાનમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધારે છે ત્યારે પૂછે છે ત્યારે ખુદ ભગવાન કહે છે કે-આ દુઃખથી બચી સંસારથી છુટી મોક્ષે જવાની ઇચ્છા કેવી હોવી જોઇએ તે ફરમાવતાં કહે છે કે-

'जयसिरिसुहमिच्छंता, जयमाणा अविअ सम्मकिरियासु :
तदुवायमयाणंता, न लहन्ति लहन्ति जाणंता ।'

જે લોકો દુનિયામાં અજેય બનવા, કોઇ મારો પરાભવ ન કરી શકે એવી શક્તિ માંગે, મને લક્ષ્મી પણ એવી મલો કે મારા જેવો સુખી કોઇ ન હોય, મારી પાસે સુખની સામગ્રી એટલી હોય અને તે ભોગવવાની તાકાત પણ એવી હોય કે તે સુખ મજેથી ભોગવું; આવી ઇચ્છાના બળે ગમે તેટલી સારી ક્રિયાઓ કરે પણ જો તે સંસારનું સ્વરૂપ ન જાણે, સંસારનાં સુખનું સ્વરૂપ ન જાણે, તે સુખના ભોગવટાનાં પરિણામ ન જાણે તો તેને આ બધી ચીજો મળે ખરી ? કદાચ મળે તો પણ તે દુર્ગતિમાં જાય.

જે જીવો જાણતા હોય અને પોતાના જ્ઞાનનો સદુપયોગ કરે તો સંસારના સાચા સ્વરૂપને પામી શકે. દુનિયાના જય માટે, લક્ષ્મી માટે અને સુખ માટે ઉદ્યમ કરવા જેવો ન લાગે પણ આંતરશત્રુઓનો જય કરવા જેવો લાગે, જ્ઞાનાદિ લક્ષ્મી મેળવવા જેવી લાગે અને આત્મિક સુખમાં જ રમણતા કરવી ગમે તેવા જીવોને મોક્ષ ન મળે ત્યાં સુધી દુનિયાની આ બધી સામગ્રી પૂંઠે ને પૂંઠે ફરે છે છતાં તે જીવો આ સામગ્રીને હેય જ

માને છે, કદિ તેમાં રંગાતા નથી.

જ્યારે આજે જુઓ કે, થોડી લક્ષ્મી મલી તો પાસે મંદિર હોય તો દર્શન કરવાનું મન થતું નથી, સાધુ આવે ત્યારે વ્યાખ્યાન સાંભળવાનું મન થતું નથી. જૈન કુળમાં જન્મેલા છતાં જૈન ધર્મ શું એમ પૂછો તો શું કહે ? તમારો છોકરો તમને પૂછે કે, આ જન્મમાં શું કરવા જેવું છે તો તમે શું કહો ? તમે તેમને એવા 'હોશિયાર' બનાવ્યા છે કે આ પૂછે જ નહિ ! કોઇ બાપ એવું કહેનારો મળે કે-'દિકરા ! તને દુનિયાનું ભણાવ્યો પણ આ ધર્મ સમજે નહિ તો તારું કમાયેલ બાવું નથી. બે વર્ષ સાધુ પાસે જઇ આવ અને તત્ત્વનો અભ્યાસ કર. તને ગમી જાય, મન થાય તો મોટો મહોત્સવ કરીશ. તને મન નહિ થાય તો ઘેર આવીશ તો પાછો રાખીશ.' તમે બધા શ્રાવક છો ને ? ભગવાનનો ધર્મ સમજ્યા છો ને ? આ સંસારમાં મજેથી બેઠા છો ? ધર્મ સમજે તે જીવ આ સંસારમાં મજેથી બેસી શકે નહિ. તેને તો સંસારમાં રહેવું તે કતલખાનામાં રહેવા જેવું લાગે. કતલખાનામાં જાનવરનો જેમ નંબર આવે તેમ કપાઇ જાય તેમ સંસારમાં રહેનારો કપાયા કરે છે. જે સાવધ હોય તે ઓછો કપાય. જેમ જેમ દાંડા જાય છે તો તેમ તેમ પુણ્ય વધારે બંધાય છે કે પાપ વધારે બંધાય છે ? કર્મ ખપે ઘણાં કે બંધાય ઘણાં ? સમયે સમયે સાત કર્મ બંધાય છે જ્યારે આયુષ્યકર્મ જીવનમાં એકવાર બંધાય છે. કયારે બંધાય તે ખબર છે ? માટે ચોવીશે ય કલાક સાવધ રહેવું પડે. ભાદ્રમાસની અમાવાસ્યાની ભયંકર અંધારી રાત હોય, ચારે બાજુ મેઘ ચઢયા હોય, કોઇ દેખી ન શકાય તેવે વખતે વિજળીના ઝબકારામાં સોયમાં દોરો પરોવવો હોય તો કેવી રીતે તૈયાર રહો ? તેવી જ સાવધગિરિ હોય તો દુર્ગતિનું આયુષ્ય ન બંધાય અને સદ્ગતિનું આયુષ્ય બંધાય.

આવી સાવધગિરિ આપણી છે ? ધર્માત્મા કહેવરાવીએ, ધર્મી તરીકે ઓળખાવીએ છતાં પરલોકની ચિંતા ન હોય, પાપ બંધાય તેનો ડર ન હોય, સારું પુણ્ય બંધાય તેવી ઇચ્છા ન હોય, કર્મ ખપાવવાની પણ ઇચ્છા ન હોય તે જ્ઞાની કહેવાય કે અજ્ઞાની કહેવાય ? શાસ્ત્રે તો કહ્યું છે કે, જૈન શાસનને સમજેલો જીવ જ્ઞાની હોય. શ્રાવક અને શ્રાવિકા સાધુ ન થઇ શકે, સંસારમાં બેઠાં બેઠાં મરે તો ય દેવલોકમાં જાય તેય વૈમાનિક દેવલોકમાં. ત્યાંથી મનુષ્યમાં આવીને શકિત હોય તો સાધુ થઇને મોક્ષે જાય અને કદાચ કોઇના ભવ બાકી હોય તો સારામાં સારી મનુષ્ય ગતિ અને ઊંચામાં ઊંચો દેવલોક પામી થોડા કાળમાં-ભવમાં મોક્ષે જાય. સમ્યકૃત્વ પામેલો જીવ જો સમ્યકૃત્વ હારી ન જાય તો દુર્ગતિમાં જાય ? તમે બધા સમ્યકત્વ પામ્યા છો ? સમ્યકત્વ પામવાનું મન છે ? મન છે તો આ સંસાર ભૂંડો છે, સુખ-સંપત્તિ ભૂંડી છે, શું જાણે તો મોક્ષ સાધે, શું ન જાણે તો સંસારમાં રખડી જાય તે વાત સમજવી પડે ને ? તે વાત હવે પછી.

જૈન રામાયણના પ્રસંગો

—શ્રી ચંદ્રરાજ

તે પાપના મને સોગંદ

અયોધ્યાનો રાજા ભરત શું એટલો બધો તાકાતવાળો છે કે જેથી અતિવીર્ય રાજાની આજ્ઞા નથી માનતો ?

અતિવીર્ય તો પ્રચંડ શક્તિશાળી છે જ. પણ ભરત પણ કંઈ જેવો તેવો નથી. માટેજ બન્ને વચ્ચે થનારા રણસંગ્રામમાં કોણ જીતશે એ જ સંશય છે.

રામપુરીમાં વર્ષાકાળ પસાર કરીને રામચન્દ્રજી આગળ ચાલ્યા. ચાલતા ચાલતાં ભયંકર અટવી પસાર કરીને સંધ્યા સમયે વિજયપુરની બહારના ઉદ્યાનમાં આવી એક ઘર જેવા સુંદર-વિશાળ વટવૃક્ષની નીચે રાતવાસો કર્યો. રામચન્દ્રજી અને સીતાદેવી ચાલવાના થાકથી ઘસઘસાટ ઉંઘી ગયા અને લક્ષ્મણજી પણ સખ્ખત થાકેલા હોવા છતાં આખી રાત વડીલબંધુ તથા ભાભીની રક્ષા કરતાં જાગતા રહ્યા.

રાત્રિના પ્રસંગે એક બનાવ બન્યો.

વિજયપુર નગરના મહીધર રાજા અને ઇન્દ્રાણી રાણીની વનમાલા નામની પુત્રી નાનપણથી જ લક્ષ્મણજી તરફ આકર્ષાયેલી હતી તેથી તેમને જ આ જીવનમાં પતિ તરીકે સ્વીકારી લીધા હતા. પણ દશરથ રાજાની દીક્ષા અને રામચંદ્રાદિનું વનગમન સાંભળીને મહીધર રાજા ખેદ પામ્યા હતા. અને તેથી જ સુરેન્દ્રરૂપ નામના ભાઈ રાજકુમાર સાથે મહીધર રાજાએ વનમાલાને પરણાવવાનું નિશ્ચિત કરી લીધું હતું પણ આ સાંભળીને વનમાલા આત્મઘાત કરવા તે જ રાત્રે દૈવયોગે તે જ ઉદ્યાનમાં આવી ચડી.

'આ જન્મમાં લક્ષ્મણ મારા પતિ ન બની શકે તો આવતા જન્મમાં પણ તે જ મારા પતિ હજો.' આટલું કહીને ગળે ફાંસો ખાઈ. ને જેવી વનમાલા લટકી કે તરત જ પાછળ પાછળ આવેલા લક્ષ્મણજીએ પોતાની ઓળખ આપીને તેને બચાવી લીધી. સવારે બધો વૃતાંત લક્ષ્મણે રામચન્દ્રજીને કહ્યો.

આ તરફ રાજમહેલમાં વનમાલાને ન જોતાં આખા નગરમાં હોહા મચી ગઇ સૈનિકો સહિત મહિધર રાજા વનમાલાને શોધતાં શોધતાં જેવા લક્ષ્મણાદિને જોયા કે તરત પોતાના સૈનિકોને હુકમ 'કર્યો કે-રાજકુમારીને ઉઠવી જનારા આ નાલાયકોને હણી નાંખો.'

અને શસ્ત્રો ઉંચકીને સૈનિકો લક્ષ્મણને હણવા દોડયા. આથી ક્રોધાયમાન થયેલા લક્ષ્મણે ધનુષ ઉપર દોરી ચડાવીને ધનુષનો અત્યંત ત્રાસ કરનારો ટંકાર કર્યો. અને એ

(અનુ. પાન ૭૭૭)

卐 જેને મન પ્રભુ–આજ્ઞા તેને મન મુક્તિ 卐

—શ્રી રતિલાલ ડી. ગુઢકા-લંડન

પ્રભુ આજ્ઞા પાવનકારી. પ્રભુ આજ્ઞા મુક્તિ દેનારી છે. પ્રભુ આજ્ઞા વિના ઘોર સંસારમાં રખડવું પડે છે. પ્રભુ આજ્ઞા વિના ઓવારો નહિં જડે. પ્રભુ આજ્ઞા તો અનંત સુખ દેનારી છે. પ્રભુ આજ્ઞા વિના પગ પણ ન મંડાય તો પછે બીજા કાર્યો તો થાય જ કયાંથી. જુઓ સિદ્ધસેન દિવાકરસૂરિજી મ. એ નમસ્કાર મહામંત્રને પરિવર્તન સંસ્કૃતમાં કર્યું. નમોઽર્હત્ રૂપે–ગુરૂને બતાવ્યું, ગુરૂએ કહ્યું આમ ફેરવવાથી જિનેશ્વરદેવો ગણધરદેવો ઉપર અશ્રદ્ધા થઇ તેનું મહાન પ્રાયશ્ચિત આવે. ગુર્વાજ્ઞા પ્રેમી સૂરિજીએ પ્રાયશ્ચિત માંગ્યું. સૂરિજીએ ૧૨ વર્ષ ગુપ્ત રેવાનું અને એક રાજાને પ્રતિબોધ કરવાનું પ્રાયશ્ચિત આપ્યું. તહતિ કરી સ્વીકાર્યું. ગુપ્ત થઇ ગયા ૭ વર્ષે અવંતિ આવ્યા ત્યાં સ્ફોટથી અવંતી પાર્શ્વનાથ પ્રગટ કર્યા. રાજા પ્રતિબોધ પામ્યો બાકી ૫ વર્ષ માફ પુનઃ સંઘમાં લીધા.

હવે આડીંયા આ વાત આ લેખવાથી સમજુ જનોમાં ધર્મપ્રેમી અને પ્રભુ આજ્ઞા પ્રેમીઓએ કેટલું વિચારવા જેવું છે કે એક નાનીશી ભૂલ–એક નમસ્કાર મહામંત્રને ફક્ત પરિવર્તન કર્યું. પણ લોપનથી કર્યો. ફક્ત ટુંકામાં સંસ્કૃતમાં જોડી દીધું શું ? નમોઽર્હત્–સિદ્ધાચાર્યો. પાધ્યાય–સર્વસાધુભ્યઃ આ પંચપરમેષ્ઠીને વંદના નમસ્કાર રૂપે કરવામાં આવ્યું. ટુંકમાં અને એ આજે પ્રતિક્રમણમાં થોય બોલવા પહેલાં શાંતિ બોલવા પહેલાં તથા શાંતિસ્નાત્રમાં પ્રભુનું સ્નાત્ર મહોત્સવ કરવામાં ખાસ ઉપયોગ કરાય છે છતાં પણ પોતાની મેળે આમ કરવાથી કેટલું અને કેવું કઠીન પ્રાયશ્ચિત આવ્યું છે. તે પણ તરત જ ગુરૂ આજ્ઞા માથે ચડાવી તહત્તિ કહીને સ્વીકારેલ છે.

અહીંઆ ખાસ સુજ્ઞજનોએ સમજવું જરૂરી છે કે આવા મહાન આચાર્ય જેવા આચાર્યને પણ પ્રભુ આજ્ઞા વિરોધ પ્રભુ આજ્ઞાનું ગણધરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને નમસ્કાર મહામંત્રનું કરેલ પરિવર્તન બદલ ૧૨ વર્ષ ગુપ્ત અને એક રાજાને પ્રતિબોધ કરવાનું આ કાર્ય કાંઇ સહેલું નથી. રાજાને પ્રતિબોધ કરવો અને એમાંએ પાછું ગુપ્ત વેશે રહેવું એ પણ બાર બાર વર્ષ લગી જરા બરાબર વાંચજો–વિચારજો, કે આ શેના માટે ત્યારે આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી તો મહાન આચાર્ય હતા, ધુરંધર જ્ઞાની હતા અને એ કહેવા ધારત તો કહી શકત પોતાનો બચાવ કરી શકત. કે મેં શું ખોટું કર્યું છે ? અગર તો બીજો બચાવ કરત કે મેં જે કર્યું છે તે બધાના લાભ માટે સારા માટે કર્યું છે. સુગમ પડે માટે કર્યું છે તેમ કહી શકત. પણ ના એ સમજતા હતા કે જરૂર મારી ભૂલ થઇ છે. મેં પ્રભુ

આજ્ઞાનો ગુર્વાજ્ઞાનો અનાદર કર્યો છે હું કોણ આમ મરજી પડે તેમ શાસ્ત્રોને કે સૂત્રોને ફેરવી પરિવર્તન કરનાર હું કોણ માત્ર મને શું હક છે ? મેં–પ્રથમ આજ્ઞા કેમ ન લીધી ? એવું તરત જ સમજતા.

આજે તો જૈનો એક શ્રાવક ઉઠીને પણ ઘણીવાર પોતાની મરજીમાં આવે એમ ધર્માનુષ્ઠાનો રાખી દીએ છે કેતાં પોતાની ઇચ્છાનુસાર જે તિથિએ કલ્યાણક હોય એ તિથિએ જ ઉજવવું જોઇએ વળી બીજા ઘણા કાર્યો જેવાં કે ધ્વજાદિન વર્ષગાંઠ–સિવાય પર્વોદિન કાર્તિકી–ચૈત્રી પૂનમ વગેરે જે દિવસે જે વારે આવે ત્યારે જ તે જ દિવસે જ ઉજવવા જોઇએ અને તેમ જો ન કરવામાં આવે તો જિનાજ્ઞા ગુર્વાજ્ઞા શાસ્ત્રાજ્ઞા ભંગનો મહાન દોષ લાગે અને એનું પ્રાયશ્ચિત મહાન આવે મોટું અને એ પણ જાણી જોઇ સમજ્યા પછીથી આવું જો કરવામાં આવે તો પછી ભયંકરમાં ભયંકર દોષના ભાગી બનીએ. આપણે કોણ કે શાસન ઉત્થાપન કરીને આપણે ઠીક લાગે તેમ કરીએ આ વિશે તો વર્ણન ઘણું જ છે અને વિશેષે તો ગુરૂગમ આદિ જાણીને અવશ્ય શુદ્ધિ માટે અને એ પણ આજ દિ લગી જે જે કાર્યો અજાણમાં કે જાણી જોઇને જે જે કરેલ હોય તેના વિશે અને વિશેષ ભવ આલોચના ગુરૂ પાસે માંગવા જોઇએ.

જૈન શાસનની નાવ ચલાવવા માટે ગુરૂભગવંતો આર્ય દેશમાં બિરાજે છે. શાસ્ત્રના પાને છે તુંગિયા નગરીમાં શ્રાવકોને સુદેવ–સુગુરૂ–સુધર્મ પ્રત્યે અડગ શ્રધ્ધાની પરીક્ષા કરવા ખુદ ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામી ગયા. અને તેઓશ્રીએ ઓઘો ડાબી બાજુએ રાખવાનો હોય તેમ છતાં પણ જાણી જોઇને જમણી બાજુએ રાખ્યો. આ જોઇ ગણધર જેવ ગણધર ભગવંતને અનંત લબ્ધિના માલીકને ત્યાંના કોઇપણ શ્રાવકે વંદન કર્યું નહિ. ત્યારે ગૌતમ સ્વામીને ખ્યાલ આવ્યો. આવા તો કેટલાએ દ્રષ્ટાંતો એક–ઠવિલા ઇત્થંપિ ઇહયંપિ કેવાથી કોટા કોટી સાગરોપમ વધાર્યો. શું કીધું કે ત્યાં પણ ધર્મ છે, અને અહીંયા પણ ધર્મ છે. બોલ્યા છે કેટલું. અને દુઃખ કેટલું પડયું પલ્યોપમથી અસંખ્યગુણું સાગરોપમ થાય. અસંખ્યા એટલે હિસાબ વગરનો મોટો કાળ જુગના જુગ સમજાય છે. આ વાત.

હું સર્વજ્ઞ છું એવું બોલી હે પ્રભુ તારી આજ્ઞાને પગ નીચે કચડીને–એજ ગોશાળો એતો એના જન્મોના જન્મોની ઘોર અધોગતિ ઓદી નાંખી અને એના આત્માને એક ભયંકરમાં ભયંકર દુઃખમાં નાંખ્યું.

શાસ્ત્રના પાને છે કે હેમચંદ્રાચાર્ય પોતાના પટધર આચાર્ય રામચંદ્રસૂરિજીને આજ્ઞા કરી હતી કે આ બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવી અને ગુર્વાજ્ઞાને માન્ય રાખી અને બાલચંદ્રને પદવી ન આપી. ગુરૂ ખાતર કોઇપણ જાતનો બચાવ ન કર્યો બદકે ધગધગતી પાટ ઉપર સુવું પડયું તો સુઇ ગયા, પણ આજ્ઞાને જીવંત રાખી.

જરા વિચારો એક ગુરૂ આજ્ઞા ખાતર ધગ-ધગતી પાટ ઉપર શા માટે સુવું પડયું હશે. વિચારો કેટલી બધી ગુર્વાજ્ઞાની કિંમત સમજ્યા હશે. પ્રભુ આજ્ઞા પાવનકારી છે પાપને પખાળનાર છે ગુરૂ આજ્ઞા ગુણકારી છે. ગુરૂ આજ્ઞાથી ગુણોનો સમુહ જડયો જીવનમાં આવે છે. શાસ્ત્રના પાને આવે છે કે,–

પ્રભુ આજ્ઞા–ગુરૂ આજ્ઞા સિવાય આ માથું કયાંય ન નમે. વિતરાગદેવ સિવાય અને ત્યાગી ગુરૂ સિવાય. એની ખાતર જયસિંહે મહમદ બેગડાની સામે કેટલું ઝઝુમ્યો. બંને પગ કપાયા એક હાથ કપાયો તોય એ ન ઝુકયો. શું કહે છે પ્રભુ આજ્ઞા બાકી ચાલું ચાલે એ તો જીવ બચે છે નમી પડયામાં શું વાંધો છે ? માતા નાના બાળકને મોઢામાં કાંકરો કે કોઇ હલકી ચીજ નાખે તે જોઇ જલ્દી બળાત્કારે પણ એ બહાર કઢાવે એમ છે ધર્મીજનો. સંત પુરૂષો આપણને કાંકરા કે કોલસા રૂપી જયાં ત્યાં જે મોઢામાં નાખીએ છીએ એને સંત પુરૂષો વાણી દ્વારા આવા આગમ દ્વારા બળાત્કારે પણ સમજાવી અને સારે માર્ગે વાળે છે. ત્યાં ત્યાં વીતરાગ સિવાય ન નમાય એ બતાવે છે.

સમ્યકૂત્વ વિષે–પરીક્ષા–કોને નમાય અંબડ પરિવ્રાજકે–પ્રભુને કહ્યું કે હું રાજ-ગૃહિ જાઉં છું મારા જેવું કામ આજ્ઞા પ્રભુ કહે છે કે સુલસાને ધર્મલાભ કહેજો. તહત્તિ !–અંબડ તો ઉપડયો રાજગૃહી અને રસ્તામાં વિચારે છે કે એવું તે શું સુલશામાં ભર્યું છે કે પ્રભુ એક સુલસાને જ ધર્મલાભ આપ્યો–વાંચકો વિચારજો. અંબડ તો ત્યાં જઇ રોજ શહેરના ૪ દર-વાજે નવા નવા રૂપ લઇ બેસી જાય છે. એક દિ બ્રહ્માનું, એક દિવસ વિષ્ણુનું, એક દિવસ શંકરનું પણ ગામ આખું દોડી દોડી જાય છે. પણ સુલસા એક નથી જાતી બધા પાડોશીઓ ખુબ જ કહે છે સમજાવે છે પણ મૌન અને ૪ થા દિવસ તીર્થંકર પ્રભુનું રૂપ બનાવી બેસી ગયો ત્યારે ઘણા ધર્મીઓ કહે છે–આજ તો ચાલ તારો ભગવાન તિર્થંકર આવ્યો છે ત્યારે સુલસા શ્રવિકા શું કહે છે.

તીર્થંકર પ્રભુની બનાવટ કરીને આ તો કોઇ ઠગારો છે ધૂતારો છે. જા ભાઇ જા બેન આવા ઠગારા ધૂતારાને સુલસા જોવા પણ આવી ના શકે. જિન આજ્ઞા એજ પરમો ધર્મ.

તામલી તાપસે ૬૦ હજાર વર્ષ આયંબિલ તપ કર્યો અને પારણામાં ૨૧ વખત ધોયેલા ચોખા વાપરીને છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કર્યો તો પણ જિનાજ્ઞા રહિત એ અજ્ઞાનતપ બહુ જ અલ્પ ફળ આપનારો બન્યો. શાસ્ત્રના પાને પાને જિનાજ્ઞા એજ મહત્વનું છે. બાકી પ્રભુ આજ્ઞા વિના–કોતરા ખાંડવા–મડદાને સોનાના ઘરેણાં પહેરાવવા ભયંકર શુન્ય જંગલમાં રડવું. આ બધું નિષ્ફળ છે તેમ પ્રભુ આજ્ઞા વિના જિન પૂજા કે ધર્મ ક્રિયા નિષ્ફળ જાય છે. પ્રભુ આજ્ઞા વિના આજ લગી કોઇ જીવ મોક્ષે ગયો નથી. પ્રભુ આજ્ઞાને શુદ્ધ ભાવથી

સ્પષ્ટ સમજવાને પ્રયત્ન કરવો (ભાવ સેવવો તે (સમ્યગ્જ્ઞાન) સ્પષ્ટ સમજાયેલી દૂધને દૂધ તરીકે જાણવું તે અને આત્મામાં ઉતારવી તે (સમ્યગ્દર્શન) અને પ્રભુ આજ્ઞાનું શકય એટલું પાલન કરવું પ્રભુ આજ્ઞાને માન્ય રાખી આદર કરવો [સમ્યગ્ચારિત્ર].

અનુતર વિમાનમાં રહેનારા દેવોને સુખનું તો માપ નથી હોતું, છતાં તે બાજુ અણગમો હોય અને તેઓ રાતને દિવસ તત્વ ચિંતામાં જ પડયા હોય છે. સુંદર સંગીત ચાલુ હોય છે છતાં તે બાજુ મન રાખતા નથી. ૩૩ સાગરોપમનું આયુષ્ય તેમને મોટી જેલ લાગે છે. શા માટે તો ત્યાં તેઓને વિરતિનો અભાવ છે. ફકત બે ઘડીનું સામાયિક તેમને ઉદયમાં નથી આવતું જેથી તો તત્વ ચિંતનમાં જ તે પડયા રહે છે કે કયારે અહીંથી છુટીએ. સુખનો તો માપ નથી છતાં આમ કેમ બચ્છે છે. આપણું સુખ કેટલું અને આપણું આયુષ્ય કેટલું જરા વિચારો.

ખુદ તીર્થંકર પરમાત્મા દીક્ષા લેતા નાચી ઉઠે છે. ભગવાનનો સાધુ ૮ મા ભવે મોક્ષ જાય તેવી મહોર મારી દીએ છે. એમનો ફોર્મ પાસ થઇ જાય છે. સીકકો લાગી ગયો. આપણો પુન્યોદય પાપોમાં ઢંકાઇ ગયો છે. જેથી પાપ પ્રવૃત્તિમાં વધારે ટાઇમ પસાર થાય છે. હૈયું એવું કઠણ બની જાય છે કે જેથી જલ્દી સામાયિક, પૂજા, પચ્ચકખાણ પ્રવૃત્તિ કરવાનું મન ન થાય. મનુષ્ય ભવ કર્મ ખપાવવા માટે છે. માટે જ ભગવાને ધર્મ ક્રિયાઓ કરવા બતાવી છે. એજ માટે શુભભાવનાથી પ્રભુ આજ્ઞાનુસારે હંમેશાં ધર્મક્રિયા કરવાથી આત્માનો મોક્ષ થાય છે. એજ—



ભૂલશો માં

જીંદગી સુધી કુટી કુટીને ધન ભેગુ કર્યું છે તેવા એક સોનીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી શરીર પણ ઉષ્ણતા પકડી રહ્યું હતું બાપાની સેવા ચાકરી કરતા દિકરાઓ ડોકટરને બોલાવી લાવ્યા. ડોકટરે આવી તબીયત તપાસવા માંડી શરીર ગરમ લાગતા ડોકટરે થરમોમિટર કાઢી સોનીના બગલમાં દબાવ્યું થોડીક મિનિટો પસાર થવા બાદ ડોકટરે થરમોમિટર હાથમાં લીધું ડોકટર થરમોમિટર જોતા બોલી ઉઠયા ભાઇ તાવ ૧૦૫ છે (૧૦૫ તાવ છે) આ સાંભળી છેલ્લા મહિનાથી જેણે બજારનું મુખડું જોયું નથી તેવા સોનીના મનમાં સોનાના ભાવ તાલ રમતા હતાને તરત જ તાડુકી ઉઠયો દીકરા શું ઉલો છે. જા જલ્દી વહેંચી નાખ બોલતા બોલતા સોનીએ પ્રાણ છોડયો. સોની સોનાનો વિચાર કરે, પૈસા કમાવનાર પૈસાનો વિચાર કરે અને ભગવાનની આજ્ઞા માનનારો ભગવાનની આજ્ઞાનો વિચાર કરે અન્ય વિચારોમાં ભગવાનની આજ્ઞાને ભૂલવી એ મોટું પાપ છે.

—રશ્મીકા મોહનલાલ

(સંદેશ તા. ૫-૬-૬૩

સમકિતના સડસઠ બોલની સજઝાય ઉપર પ્રશ્નોત્તરી :-

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ગતાંકથી ચાલુ]

પ્ર : ૨૮૩–આ બંને નયોનો ફલિતાર્થ સમજાવો.

ઉ : આ પ્રમાણે બંને નયોની એકાંત વાત સાંભળ્યા–જાણ્યા પછી તેના પરમાર્થભૂત રહસ્યને નહિ જાણતો આત્મા સંશયને પામે કે આમાં તત્ત્વ શું હશે ? તો તેના સમાધાનમ કહ્યું છે કે–

'सव्वेसिंपि नयाणं बहुविहवत्तव्वयं निसामित्ता ।
तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ।।'

(આવ. નિ. ગા. ૧૦૬૭)

આ પ્રમાણે સઘળાય નયોના, સામાન્ય જ, વિશેષ જ, સામાન્ય વિશેષ ઊભયાત્મક જ એક બીજાની અપેક્ષા રહિત વિવિધ પ્રકારના મંતવ્યોને જાણીને, સઘળાય નયોને એકી. મતે સંમત એવું જે વચન કે જે જ્ઞાનોપાર્જન સાથે ચારિત્રની આરાધનામાં જ તત્પર છે તે જ સાધુ છે–તે વાતનો સ્વીકાર કરવો જોઇએ. કારણ કે, બધા જ નયો તત્ત્વથી તો ભાવ નિક્ષેપાને જ ઇચ્છે છે–માને છે.

'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' કહી ખુદ શ્રી તત્ત્વાર્થકારે પણ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેની એકરૂપતામાં જ–પણ ભિન્નતામાં નહિ–મોક્ષમાર્ગ કહ્યો છે.

તે જ રીતે નિર્યુક્તિકારે પણ પ્રકાશક એવું જે જ્ઞાન સુંદર એવો જે તપ અને વિશુદ્ધ એવું જે સંયમ તે ત્રણેની એકરૂપતામાં જ શ્રી જિનશાસનમાં મોક્ષ કહ્યો છે– એમ કહ્યું છે. માટે જ્ઞાન અને ક્રિયા બંનેની પ્રધાનતા જાણી, બંનેમાં પ્રયત્ન કરવો જોઇએ જ.

પ્ર : ૨૮૪–શમસુખની પ્રાપ્તિમાં કયું કારણ બતાવ્યું છે ?

ઉ : આત્માના મોટામાં મોટા શત્રુ રાગ અને દ્વેષને દૂર કરી, સડસઠ (૬૭) બોલનો પરમાર્થ જાણી, સમ્યક્ત્વને વિષે જ મન કરી, સમકિતની આરાધના કરે તે જ આત્માઓ નિશ્ચે કરીને શમસુખને પામે છે.

પ્ર : ૨૮૫–સમકિતમાં નિશ્ચલને કઇ ઉપમા આપી છે ?

ઉ : જે આત્માઓનું મન સમકિતમાં જ નિશ્ચલ હોય તેહની તોલે આ જગતમાં કોઇ નથી. પછી ચાહે કે દુનિયાનો મોટામાં મોટો શહેનશાહ પણ ન હોય, યાવત્ દેવેન્દ્ર પણ ન હોય. પણ તેહની સમાન નથી જ.

પ્ર : ૨૮૬-કર્ત્તાના ગુરૂનું નામ જણાવી તે આપવાનું કારણ જણાવો.

ઉ : આ સજ્ઝાયના કર્ત્તા મહામહોપાધ્યાય, લઘુ 'હરિભદ્ર' તરીકે વિખ્યાત પૂ. શ્રી યશોવિજયજી ગણિવર્ય છે અને તેમના ગુરુ પૂ. શ્રી નયવિજયજી મહારાજા છે.

શ્રી જૈન શાસનમાં શ્રી તીર્થંકર પરમાત્માઓને છોડીને કોઇ પણ સુવિહિતો ગુરૂ વગરના હોતા નથી. ભવભીરૂ, સંવિગ્ન અને પ્રામાણિક એવા તેઓ પોતાના ગુરૂના ગૌરવમાં જ પોતાનું ગૌરવ માને છે. પોતાના નામથી ગુરૂને ઓળખાવવા કરતાં ગુરૂના નામથી જ પોતાની ઓળખ આપવામાં આનંદ અનુભવે છે. કારણ ભવનિસ્તારક એવા ગુરૂ મહારાજે મારો હાથ ન ઝાલ્યો હોત તો આ સંસાર સાગરના કીચ્ચડમાં હું કયાંનો કયાં ખુંપી ગયો હોત.

ગમે તેવા મહાનમાં મહાન, સમર્થમાં પણ સમર્થ, પ્રતિભાસંપન્ન ગુણવંતા એવા પણ શિષ્યો ગુરૂની આગળ તો નાના બાળકની જેમ જ રહે છે, 'મારામાં કશું જ નથી' 'જે કાંઇ શકિત છે તે તારક પૂ. ગુરૂદેવને જ આભારી માની.' ગુરૂના નામનુ રોશન કરવામાં પોતાની ઉન્નતિ માને છે. કેમકે, દીક્ષા લેનાર આત્મા પોતાના મન-વચન અને કાયાના યોગો તો પૂ ગુરૂદેવને સમર્પિત કરે છે પણ પોતાનું સંસારી અવસ્થાનું નામ પણ બદલી નાખે છે અને દીક્ષિત અવસ્થાના નુતન નામે ઓળખાય છે. સાધુપણામાં પણ સંસારી નામની ઓળખ આપવી-તે રીતના જ ઓળખાવે તો ય નિષેધ ન કરવો તે ખરેખર સાધુપણાનું સૌભાગ્ય નથી પણ કલંક છે. આ રીતના કરનારા શાસનની સેવા-ભકિતના નામે પોતાની જ નામના વધારે છે તેમાં કોઇપણ પ્રામાણિક વિચારક અસંમત હોય જ નહિ તે નિર્વિવાદ વાત છે.

ગુરૂનો નામે ઓળખાવવાના આનંદથી તેઓ વંછિત રહે છે ગુર્વાદિ વડેલોની આજ્ઞામાં જ જિનાજ્ઞાની આરાધના છે એટલું જ નહિ સ્વોત્પ્રેક્ષિત મતિકલ્પનાના વિચાર પ્રવાહોને ફેલાવવાનું સ્વપ્ન પણ તેમને આવતું નથી. શ્રી જિનાજ્ઞાને અનુસરતી ગુર્વાજ્ઞામાં જ આત્માનું કલ્યાણ છે તે વાત સુવિનિતવિનેયજનોના હૈયામાં કોતરાયેલી હોય છે.

ગુરૂ પારતન્ત્ર્ય એજ કલ્યાણનો બીજ મંત્ર છે, કેમકે, સુવિહિત શિરોમણિ, સમર્થ શાસ્ત્રવેત્તા, સ્વ-પર દર્શનના જાણ પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી ષોડશક ગ્રન્થમાં ગુરૂપારતંત્ર્યનો ઘણો જ મહિમા ગાયો છે અને પરમગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માની પ્રાપ્તિનું કારણ પણ ગુરૂ પારતંત્ર્ય જ કહ્યું છે.

'गुरुपारतंत्र्यमेव च, तद्बहुमानात्सदाशयानुगतं ।
परमगुरुप्राप्तिरिह, बीजं तस्माच्च मोक्ष इति ।।'

(ષો.ડ.-૨, શ્લો.-૧૦)

અર્થાત્-'ગુરુનું પારતંત્ર્ય જ, ગુરુની આજ્ઞાનું આધીનપણું-આ ગુરુ મહારાજ મારા સંસાર ક્ષયમાં અનન્ય કારણ છે, આવા હૈયાની પ્રીતિ-બહુમાન યુકત શુભાશયવાળા ગુરુ બહુમાનથી ભવાંતરમાં પરમગુરુની પ્રાપ્તિ થાય છે-સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવનું દર્શન થાય છે જેનું બીજ આ ગુરુપારતંત્ર્ય છે અને તેથી પરંપરાએ મોક્ષ પણ થાય છે.'

વળી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે પણ શ્રી 'ગુરુતત્ત્વ વિનિશ્ચય' માં ગુરુભકિતનો મહિમા ગાતાં કહ્યું છે કે-

'अम्हारिसा वि मुक्खा, पंतीए पंडिआणं पविसंति ।
अण्णं गुरुभत्तीए, किं विलसिअमब्भुअं इत्तो ? ।।'

અમારા જેવા મુર્ખ પણ ગુરુભકિતના પ્રભાવથી પંડિતોની પંકિતમાં પ્રવેશ કરે છે તે માટે ગુરુભકિતથી વધીને આશ્ચર્યકારી પ્રભાવ બીજો કયો હોઇ શકે ?'

માટે ગુર્વાદિના નામસ્મરણાદિ રૂપ ગુરૂભકિત એજ સઘળાં ય કલ્યાણોનું કારણ છે. માટે તારક ગુરૂદેવનું વાર વાર નામસ્મરણ સંસારરોગને શમાવવા અપૂર્વ સંજીવની ઔષધ જેવું છે. અને સઘળા ય આત્મગુણોની પ્રાપ્તિ-નિર્મલતા અને સ્થિરતાનું પણ કારણ જાણી સુવિહિતો દરેક કાર્યોમાં પ્રાતઃસ્મરણીય પોતાના તારક ગુરૂદેવાદિને યાદ કરે જ છે.

પ્ર : ૨૮૭-સમકિતી માટે શાસ્ત્રકારોએ શું કહ્યું છે ?

ઉ : **'सम्यग्दर्शन पूतात्मा न रमते भवोदधौ.'** સમ્યગ્દર્શનથી પવિત્ર એવો આત્મા આ સંસારમાં વસે ખરો પણ રમે નહિ.

'વસવું' અને 'રમવું'નો ભેદ સારી રીતના સમજી શકાય છે. વસવું પડે તો વસે પણ રમે-જરા પણ લેપાય નહિ-તેમ રહે.

પ્ર : ૨૮૮-સમકિતીની દશા કેવી કહી છે ?

ઉ : સમકિતી જેવો સુખી આત્મા જેમ એક પણ નથી તેમ સમકિતી જેવો દુઃખી આત્મા પણ એક પણ નથી. શુભ પ્રાપ્તિનું જે સુખ છે તેમ સંયમધર્મની અપ્રાપ્તિનું દુઃખ પણ તેટલું જ છે.

પ્ર : ૨૮૯-વાસ્તવિક સમકિત કોને કહ્યું છે ?

ઉ : સુદેવ-સુગુરુ અને સુધર્મ ઉપરની અવિચલ શ્રદ્ધા તેનું નામ જ સમકિત છે

P.P. Gunratnasagarji Jnanmandir. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર

અર્થાત્ શ્રી અરિહંત પરમાત્મા એજ મારા દેવ છે, નિર્ગ્રંથ ગુરૂ એજ મારા ગુરૂ છે અને શ્રી અરિહંત પરમાત્માએ કહેલો ધર્મ એજ મારો ધર્મ છે–આવી જે અનુપમ-અવિચલ શ્રધ્ધા તેને તો સમકિત કહ્યું છે.

પરંતુ આત્મપરિણામને જ સમ્યકૃત્વ કહ્યું છે.

'सम्यक्त्वं तु मिथ्यात्वक्षयोपशमादिजन्यो रुचिरूप आत्मपरिणामविशेषः, आह च–'से य सम्मत्ते पसत्थसममत्तमोहनीय कम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पण्णत्ते ।'

અર્થાત્–મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી ઉત્પન્ન થનારો રૂચિરૂપ જે આત્મપરિણામ વિશેષ તેનું નામ જ સમ્યકૃત્વ છે. કહ્યું પણ છે કે–'પ્રશસ્ત એવા સમ્યકૃત્વ મોહનીયના દલિયાઓના અનુવેદનથી ઉપશમ–ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો પ્રશમ–સંવેગાદિ લક્ષણ-વાળો શુભ એવો જે આત્માનો પરિણામ તેને જ સમ્યકૃત્વ કહ્યું છે.

અન્યત્ર પણ આ જ વાત કહી છે કે—

'सम्यग्दर्शनम्–तत्त्वश्रद्धानलक्षणं विपर्ययव्यावृत्तिकारि असदभिनिवेशशून्यं शुद्धवस्तुप्रज्ञापनानुगतं निवृत्ततीव्रसंक्लेशं, उत्कृष्टबन्धाभावकृत शुभात्मपरिणाम-रूपम् ।'

સમ્યગ્દર્શન એટલે તત્ત્વની શ્રદ્ધા સ્વરૂપ, વિપર્યય–અતત્ત્વથી–મિથ્યાત્વથી પાછું ફેરવનારૂં, અસદ્ એવા અભિનિવેશ–કદાગ્રહથી રહિત, શુધ્ધ વસ્તુની પ્રજ્ઞાપના–પ્રરૂપણાથી યુકત, દૂર થઇ ગયો છે તીવ્રસંક્લેશ જેમાં, ઉત્કૃષ્ટ કર્મબન્ધની સ્થિતિનો જે અભાવ જેમાં એવો જે આત્માનો શુભ પરિણામ તેનું નામ જ સમ્યગ્દર્શન છે.

પૂ. ગુરૂદેવાદિ વડિલોની કૃપાથી પ્રાપ્ત બોધ પ્રમાણે આ પ્રશ્નોત્તરીનું લખાણ કરેલ છે. મતિમંદતા તથા છદ્મસ્થપણાથી ભૂલભાલ થઇ હોય તો જાણકારોને ધ્યાન ખેંચવા નમ્ર વિનંતિ છે જેથી સુધારો કરી શકાય. ઘણું ખરૂં લખાણ શ્રી પ્રવચન સારોદ્ધાર, શ્રી આવશ્યક નિર્યુકિત, પ્રબોધ ટીકા આદિને નજર સમક્ષ રાખીને કરેલ છે છતાં પણ શ્રી જિનાજ્ઞા વિરુધ્ધ લખાયું તો પુનઃ ત્રિવિધે ક્ષમાપના યાચું છું.

(સંપૂર્ણ)

[અનુ. પાન ૭૬૮ નું ચાલુ]

સાંભળતા જ શત્રુસૈન્ય વેર-વિખેર થઇ ભાગી ગયું.

લક્ષ્મણને ઓળખી જઇને મહીધર રાજાએ કહ્યું-હે ધનુર્ધર ! ધનુષ ઉપરથી આ પણછને નીચે ઉતાર. આ સાંભળતાં લક્ષ્મણજીએ ધનુષની દોરી નીચે ઉતારી ત્યારે જ સ્વસ્થ થયેલ મહીધર રાજાએ અતિ મહોત્સવપૂર્વક રામચન્દ્રાદિનો ભવ્ય નગર પ્રવેશ કરાવ્યો. અને વનમાલા લક્ષ્મણને અર્પણ કરી.

રામચન્દ્રજીનો અહીં કાળ પસાર થઈ રહ્યો છે.

એવામાં એક દિવસ અતિવીર્ય નામના રાજાના દૂતે આવીને મહીધર રાજાને કહ્યું કે-હે સ્વામિન! અયોધ્યાના નરેશ ભરત સાથે સંગ્રામ થયેલો હોવાથી અતિવીર્ય રાજા સહાય માટે તમને જલ્દી આવવા માટે જણાવે છે ઘણા બધા રાજાઓ ભરતના પક્ષે સહાય કરવા આવી ગયા છે.

લક્ષ્મણે દૂતને પૂછયું-અતિવિર્ય સાથે ભરતને વિગ્રહ થવાનું કારણ શું છે?

દૂતે કહ્યું-ભરતની ભક્તિને ઇચ્છતા અમારા રાજાની ભરત રાજા આજ્ઞા સ્વીકારતા નથી તે કારણે સંગ્રામ મંડાયો છે.

રામે પૂછયુ-અયોધ્યાનો રાજા ભરત શું એટલો બધો શક્તિશાળી છે કે જેથી અતિવીર્યની આજ્ઞા નથી સ્વીકારતો ?

દૂતે કહ્યું-અતિવીર્ય રાજા તો પ્રચંડ શક્તિશાળી છે જ. પણ ભરત રાજા પણ કંઇ જેવા તેવા નથી. માટે જ તો આ બન્નેના યુદ્ધમાં કોણ જીતશે તે મોટો સંશય છે.'

'જા, માલિકને જઇને કહે કે હું જલ્દી આવું છું' આમ કહીને મહીધર રાજાએ દૂતને રવાના કરીને રામચંદ્રજીને કહ્યું કે-આ અતિવીર્ય રાજા કેવો મૂર્ખ છે. કે જે અમને બોલાવીને ભરતરાજા સાથે યુદ્ધ કરાવવા માંગે છે. પણ સઘળા સૈન્ય સહિત જઇને તેનાજ પક્ષમાં રહીને છૂપા દુશ્મન બનીને અમે અતિવીર્ય રાજાને જે ખલાસ કરી નાંખીશું.

રામચંદ્રજીએ કહ્યું-તમારે ત્યાં જવાની જરૂર નથી, તમારા પુત્રો સાથે હું જ ત્યાં જઈશ અને યથોચિત કરીશ.

આમ કહીને સૈન્ય સહિત રાજપુત્રો સાથે લક્ષ્મણ-સીતા સહિત રામચંદ્રજી અતિવીર્યના નંદાવર્તનગરની બહાર ઉદ્યાનમાં આવ્યા.

ત્યાંના ક્ષેત્રદેવતાએ પ્રગટ થઈને આપનું શું ઉચિત કરું ? તેમ રામને પૂછતાં 'અમારે તારી જરૂર નથી.' આમ કહ્યા છતાં યક્ષે કહ્યું કે-અતિવીર્ય રાજા સ્ત્રીઓથી હારી ગયો આવા તેના અપયશ માટે હું તમને બધાને સ્ત્રી રૂપવાળા કરીશ ! આમ કહીને તેણે રામ-લક્ષ્મણ સહિત આખા સૈન્યને સ્ત્રી રૂપવાળું કર્યું.

હવે રામે દૂત દ્વારા કહેવડાવ્યુ કે-'મહીધર રાજાએ તને સહાય માટે પોતાનું આ સૈન્ય મોકલ્યુ છે.'

અતિવીર્ય બબડયો કે-મરવાનો થયેલો ઘમંડી તે પોતે તો ના આવ્યો અને માત્ર સૈન્યને જ મોકલ્યુ. અને તે પણ આવું સ્ત્રીઓનું. કશો વાંધો નહિ. [ક્રમશ:]

શાસન સમાચાર

દહેરાસરજીના પાયાના માર્ગદર્શક સંયમી પ. પૂ. આચાર્યદેવ શ્રી વિચક્ષણસૂરિ મ. સા. તથા મહોત્સવના માર્ગદર્શક વર્ધમાન તપોનિધિ, પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરિની નિશ્રામાં

—: અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ :—

મહારાષ્ટ્રનું સંગમનેર ધન્ય ધન્ય બની ગયું

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાનું સંગમનેર શહેર છે. આ શહેરની અંદર જૈનોના લગભગ ૫૦ થી ૬૦ કુટુંબો વસે છે. ગૃહમંદિર, ભવ્ય જિનમંદિર, જ્ઞાન ભંડાર, ઉપાશ્રય, ધર્મસંસ્કારો, શ્રદ્ધા, સુદેવ, સુગુરૂ, સુધર્મની ભક્તિભાવની સૌરભ રોજ–રોજ વૃદ્ધિ પામી રહી છે.

શ્રી જિનશાસનના જ્યોતિર્ધર, સ્વ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન, અમારા મહારાષ્ટ્રની અંદર ઘેર ઘેર ધર્મની જ્યોત પ્રગટાવવામાં શ્રીમદ્ વિ. યશોદેવસૂરીશ્વરજી મ.નો મહાન ઉપકાર છે. તેઓનો સંગમનેર ઉપર વિશેષ ઉપકાર છે.

શહેરની અંદર વર્ષો જુનું જિનમંદિર હતું શહેરનો વિકાસ થતાં ૨૦ વર્ષ અગાઉ જૈનોએ નાસિક રોડ ઉપર યશોદેવનગરની અંદર શ્રી કુંથુનાથ જૈન સોસાયટીની સ્થાપના કરી. જૈનને મન ઉપાશ્રય દેરાસર શ્વાસોશ્વાસ કરતાં વધુ કિંમતી હોય છે. સોસાયટીની જગામાં અગાઉથી જ વિશાળ જગ્યા દેરાસર ઉપાશ્રય માટે ફાળવવામાં આવી.

આ જિનમંદિરની અંદર ખૂબ જ મહત્વનું માર્ગદર્શન અવારનવાર પ. પૂ. આ. દેવ. શ્રી વિચક્ષણસૂરીશ્વરજી મ. તેમજ પ. પૂ. મુનિરાજ શ્રી કર્મજિતવિજયજી મ. તરફથી મળેલ છે. સંગમનેરનો શ્રી સંઘ આ ઉપકારને કદી વિસરશે નહિ.

પૂ. આ. પ્રભાકર સૂરિ મહારાજે સંઘને ખૂબ જરૂરી માર્ગદર્શન આપેલ તેમજ તેઓને ઘણાં સંઘોના પ્રભાવક કાર્યોને મૂકી સંગમનેર પધાર્યા તેને પણ સંઘ ભૂલી શકશે નહિ.

આ જિનમંદિર નિર્માણમાં ભારતભરના ઘણાં ઘણાં શ્રી સંઘોએ ઉદારતા પૂર્વક સહકાર આપેલ છે.

આ પાવનકારી પ્રતિષ્ઠા મહોત્સ ખૂબજ ઉલ્લાસપૂર્વક ઉત્સાહપૂર્વક સુંદર રીતે ઉજવાય તે માટે ગચ્છાધિપતિ પ. પૂ. આ. દેવ શ્રી મહોદયસૂરીશ્વરજી મ. ને વિનંતિ કરી તેઓશ્રીએ પ.પૂ.આ. દેવ શ્રી વિચક્ષણસૂરીશ્વરજી મ., પ પૂ.આ. દેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા., પ. પૂ મુનિરાજ શ્રી

વિનોદવિજયજી મ. સા.ને આ પ્રસંગે નિશ્રા આપવા મોકલી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. પ્રતિષ્ઠાનું શુભ મુહુર્ત પણ પૂ. ગચ્છાધિપતિશ્રીએ કાઢી આપી અમારા ભાવોલ્લાસમાં ભારે વૃદ્ધિ કરી છે.

આ ભવ્ય મહોત્સવની દિર્ઘકાળ સુધી **યાદ રહે તેવી આછેરી ઝલકો.**

પૂ. ગુરૂભગવંતો મહોત્સવના અગાઉ ભવ્ય સામૈયા સહિત પધાર્યા હતા ભાવિકોના હૃદયમંદિરમાં રોજ શ્રી જિનવાણીના સંચાર થતા હતા. રોજ નવી નવી ગહુલીઓ ગાઇ. શ્રાવિકાઓનો મહોત્સવમાં ઉમંગ ઉછરે તેવું વાતાવરણ સર્જન કરતા હતા. મહોત્સવનો દિવસ નજીક આવતા પૂ. ગુરૂભગવંતોને ગામના ઉપાશ્રયેથી ભવ્ય સામૈયા પૂર્વક શ્રી કુંથુનાથ સોસાયટીમાં લાવવામાં આવ્યા. તમામ બંગલાઓ કમાનો અને રોશનીથી શોભી રહ્યા હતા.

સમગ્ર ગામ અને સોસાયટીના ઘરોની ઉપર શ્રી જિનશાસનની સુંદર રેશમી ધજાઓ ફરકાવવામાં આવી હતી. ઘેર ઘેર કમાનો તોરણો બાંધવામાં આવ્યા હતા. રોજ શ્રાવિકાઓ પ્રભાતિયા ગાતી હતી.

મહોત્સવના નિમંત્રણની પત્રિકા કેસરના છાંટણા કરી ચતુર્વિધ સંઘને પધરામણી કરાવી–ભક્તિ કરી, ગુરૂપૂજન કરી. પ્રથમ કંકોત્રી ગામમાં બિરાજમાન પ્રભુને લખી ભંડાર ઉપર મુકવામાં આવી હતી. ત્યાર બાદ ગામેગામ મોકલવામાં આવી.

મહોત્સવની અંદર રોજ ભાવભરી પૂજાઓ ભણાવાતી–ભવ્ય આંગીઓ થતી. રોજ તત્વથી ભરપૂર પ્રવચનો થતાં રોજ ભાવનામાં અનેરી ભક્તિની રસલહાણ થતી હતી.

પ્રભુજીના ચ્યવન કલ્યાણક પ્રસંગે નાના મોટા સૌ જે ઉમંગ પૂર્વક નાચી ઉઠયા હતા. જે વાતાવરણ નિર્માણ થયું હતું તે અદ્‌ભુત કોટિનું હતું. રોજ નિતનવી વાનગીઓથી ત્રણે ટાઇમ સાધર્મિક ભક્તિ થતી હતી.

વિશાળ મંડપની અંદર ભવ્ય સ્ટેજ ઉપર પ્રભુના કલ્યાણકોની ઉજવણી રોજ દબદબા પૂર્વક થતી હતી. દરેક પ્રસંગે ઓલીઓ ખૂબ જ સુંદર થતી હતી. સ્ટેજ ઉપર ભવ્ય રાજદરબારની અંદર ઇન્દ્ર–ઇન્દ્રાણી, પ્રભુના માતા–પિતા, મંત્રીશ્વર, પુરોહિત, દ્વારપાળ, રાજ જોષી મહારાજ, પ્રિયંવદા દાસી, કુળમહત્તરા વિગેરે શોભી રહ્યા હતા. કલ્યાણકના પ્રસંગે બંને આચાર્ય ભગવંતોના માર્મિક પ્રવચન થતા હતા.

૫૬ દિકકુમારીકા દ્વારા પ્રભુજીનો જન્મ–મહોત્સવ ઉજવાયો જે ઉડીને આંખે વળગે તેવો હતો.

પ્રિયંવદા દાસી દ્વારા પ્રભુના જન્મના સમાચાર પ્રસંગે જે ભાવભરી વકતવ્ય થયું ભાવિકોના હૃદયની અંદર એવા ભાવ જગાડયા કે ઓ આવા ભગવાન આપણે પામ્યા છીએ ? હવે તો ભવસાગર તરી જવા પુરૂષાર્થ કરવો જોઇએ.

પ્રભુજીના નામકરણવિધિ ફઇબા દ્વારા અદ્‌ભુત થયું હતું. જેવા ઠાઠમાઠ સજીને બધા આવતા કે બધા એકીટશે જોયા કરે.

દુતન જિનમંદિરની અંદર બાર મહિના સુધી લાઇટ ફિટીંગ નહિં કરવાનું નક્કી થયું છે.

મામા મામી મામેરું લઇ આવ્યા. તે વખતે એક પરિવારે ગુરૂ ભગવંતને વિનંતી કરી ગુરૂ ભગવંત પધારો અને અમારી લાડકી કુળદિપિકાનું નામ આપની નિશ્રામાં પાડીએ કોઇને આ નવું લાગે. પરંતુ શાસ્ત્રમાં નવાંગે ગુરૂપૂજન કરી ગુરૂ સમક્ષ નામ જાહેર કરે એમ વિધિ છે. નામ ગુણ સંપન્ન જોઇએ. બોલતા ધર્મ દિપે બેણીનું 'બ્રાહ્મી' નામ પાડવામાં આવ્યું. બ્રાહ્મી આદિનાથ પ્રભુની પુત્રી હતી. સંયમ લઇ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયેલા છે. ગુરૂ ભગવંતે કહ્યું બાલિકાને એવા સુંદર સંસ્કાર આપજો કે વહેલા વહેલા મુકિતપદ પામે તેની ભાવના થાય તો સંયમ પંથે ઉલ્લાસથી જવા દેવી. તમો પણ ઉત્તમ જૈનાચાર પાળી દુર્લભ માનવ જીવનને સફળ બનાવો.

પ્રભુના રાજ્યાભિષેક વખતે કેદીઓને મુકત કરવામાં આવ્યા તે દૃશ્ય ખૂબ જ પ્રેરક હતું. પોલિસ ચાર કેદીને 'સાંકળ-દોરડાથી બાંધી લાવે છે. મુકત કરે છે. કેદીઓ બોલ્યા. હે રાજન્ જીવનમાં થોડી ભૂલ કરી તો અમને જેલની સજા થઇ. પરંતુ આપ જેવા રાજાએ અમને કેદમાંથી મુકત કર્યા છે. હવે અમે સારા બનીશું. સારો ધર્મ કરીશું અને વીતરાગનો ધર્મ પાળી અમે સંસારના કેદખાનામાંથી મુકત બનીશું. તમામ કેદીઓ ગુરૂ ભગવંતને વંદન કરી પછી ગયા હતા. ભગવાનની જય બોલ્યા હતા.

પ્રભુજીનો દીક્ષા કલ્યાણકનો વરઘોડો અત્યંત ભવ્ય હતો. ત્રણ ચાર બેન્ડ, ભજન મંડળીઓ, રાજસભા, ઇન્દ્રધ્વજા, પ્રભુનો ભવ્ય શણગારેલો રથ, યુવકોની ભકિત, દાંડીઆ રાસ, શ્રાવિકાઓ વિવિધ પ્રકારની ગહુંલીઓ લઇ ચાલી રહી હતી. સાજન-માજન-ઠાઠમાઠ ભવ્ય હતો. વિવિધ વેષ-ભુષા સાફામાં સૌ શોભતા હતા. સમગ્ર પ્રજાજનો વરઘોડો નિહાળી અનુમોદી રહ્યા હતા. પ્રાછળ અનુકંપાની લારી હતી. સોની લીંબુના સરબતથી ભકિત કરાતી હતી. સવારના ૯ વાગ્યાનો વરઘોડો બપોરે ૨-૦૦ વાગે પૂર્ણ થયો હતો.

પ્રભુજીને દીક્ષા પ્રસંગે માતા-પિતા-કુળ મહત્તરા દ્વારા જે વિદાય અપાઇ ત્યારે સૌની આંખો અશ્રુભિની બની ગઇ હતી. ડુસકે ડુસકે સૌ રડી પડયા હતા.

શ્રી ગજાનન ઠાકુરે સમગ્ર પ્રસંગ કર-વ્યાન-ભકિતમાં અનેરી રંગત જમાવી હતી. પ્રતિષ્ઠા-સારોદ્ઘાટન વિગેરેની બોલીઓ લાખોની અંક વટાવી ગઇ હતી.

રોજ ચતુર્વિધ શ્રી સંઘની ઉત્તમ દ્રવ્યોથી સાધર્મિક ભકિત થતી હતી. રોજે રોજ નવી નવી પ્રભાવનાઓ અપાતી ગામે ગામથી ભાવિકો પધાર્યા હતા. પ્રેરક પ્રસંગોની અદ્ભુત રચનાઓ શોભી રહી હતી. થાળી ઘોઇને પીએ તેઓને રોજ પ્રભાવના અપાતી. નાના મોટા સૌએ તન મન ધનનો ખૂબ સાથ આપ્યો તેથી આ પ્રસંગ ખૂબ

સુંદર ઉજવાયો. પૂ સાધ્વીજીશ્રી ભવ્યરત્નાશ્રીજી આદિ ઠાણા હોવાથી ઉત્સાહ પુરો હતો. દરેક પ્રસંગે શ્રી સંઘ વાજતે ગાજતે ગુરૂ ભગવંતને બેન્ડવાજા સહિત લેવા જતો હતો અને મૂકવા જતો હતો. રોજ નિત નવી ગહુંલીઓ ભાવિકો બનાવતા હતા.

ૐ હ્રીં શ્રી શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃની માળા નિત્ય ગણવાના ભાવિકોએ સંકલ્પ કર્યા હતા.

અનેક ગામોમાંથી ભાવિકો પધાર્યા હતા. જેઓએ આ કાર્યમાં સાથ–સહકાર આપ્યો તેવા સૌનું સુંદર બહુમાન કરવામાં આવ્યું હતું. આવો મહોત્સવ કદી જોયો નથી. જોવા મળશે કે કેમ ? તેવું સૌ બોલતા હતા. માલેગ મના વિધિકારક મનસુખભાઇ તથા પ્રેમચંદભાઈએ સતત પંદર દિવસ સુધી તમામ વિધાન ખુબ સારી રીતે કરાવ્યા કેટલો બધો પરિશ્રમ છતાં મુખ ઉપર જરાય થાક દેખાય નહિ.

રોજ સાંજે સૂર્યાસ્ત **પહેલાં પ્રાયઃ** ભોજન બંધ થઈ જતું. સૌ પધારેલા મહેમાનોએ સુંદર સહકાર આપ્યો હતો. વાહ સંગમનેર વ.હ. આ શબ્દો ચોમેર ગુંજતા હતા.

દેવ ગુરૂ અને ધર્મની કૃપાથી મહોત્સવની પૂર્ણાહુતિ સુધી બધું જ બરાબર પાર ઉતરી ગયું હતું.

પુનાની અંદર વૈશાખ મહિનામાં થનાર અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રા આપવા માટે અગ્રણીઓ વિનંતી કરવા આવેલા તે વિનંતિનો પૂ આ. વિચક્ષણ સૂ. મ.જે સ્વીકાર કર્યો હતો.

લહેર લીલા લહેર, લીલા લહેર લીલા લહેર, ભાગ્ય મળી શ્રી મુનિ સુવ્રતની લહેર.

નાના મોટા સૌને આ મુખપાઠ થઈ ગયું હતું.

આ બંને કડીઓએ ભાવિકોના મનની અંદર શુભ ભાવોની વૃદ્ધિ કરી હતી. સોસાયટી નાની હતી. પરંતુ દશ્ય એવું બની ગયું હતું જાણે ગામ બની ગયું હોય.

વૃદ્ધો બોલતા હતા જીવનમાં પ્રભુના પ્રતિષ્ઠા મહોત્સવો ઘણાં જોયા. પરંતુ સંગમનેરમાં જે નિહાળ્યું, જોયું જાણ્યું માણ્યું તે તો સુવર્ણ અક્ષરે લખવા જેવું બની ગયું છે. પંદર દિવસ સુધી સૌનો એક સરખો ઉત્સાહ–ઉલ્લાસ, રોજે રોજ આનંદની વૃદ્ધિ થતી હતી. સ્થાનિક યુવક મંડળના ભાઇઓ જિનભક્તિ તેમજ સર્વ વ્યવસ્થાઓની અંદર ખૂબ ઉમંગભેર ભાગ લઇ પ્રસંગને દિપાવ્યો હતો. રોજ દેરાસરમાં સ્નાત્ર ભણાવવાનું નક્કી થયું છે.

સર્વ વ્યવસ્થાપકોએ જણાવ્યું હતું કે આ મહોત્સવ દરમ્યાન જિનાજ્ઞા વિરૂદ્ધ જાણતા–અજાણતા થયું હોય તેમજ કોઇ પણ ભાઇબેન સાથે જરા પણ અવિનય થયો હોય, દુઃખ પહોંચ્યું હોય તેની ક્ષમાપના માંગીએ છીએ. સૌના સહકારથી અકલ્પનીય કામ શકય બની ગયું.

આપણે સૌ ગુણસંપન્ન બનીએ આપણા હાથે આરાધના–પ્રભાવના શાસન સેવાના ખુબ કામો થાય અને મુક્તિપદ પામનારા બનીએ. પૂ. આ. વિચક્ષણસૂરિ મ. પુના તરફ પૂ. આ. પ્રભાકરસૂરિ મ. માલેગાંવ તથા પૂ. વિનોદ વિ. મ. નાસિક તરફ વિહાર કરેલ છે.



- તમારો જેના પર રાગ કે દ્વેષ થાય તે બેયનો નાશ થાય. રાગીને પંપાળીને અને દ્વેષીને થપાટ મારીને મારો.
- જગત જગતનું વૈરી ન હોત તો જગતમાં ભટકતા ન હોત! ષટ્કાયનું એક મોટામાં મોટું કતલખાનું તેનું નામ જગત! જે ભગવાનનું તત્ત્વજ્ઞાન સમજ્યો છે, જીવમય જગતના સ્વરૂપને સમજ્યો છે. જીવની હિંસાથી કેમ બચાય તે સમજ્યો છે તે જ બચ્યો છે.
- અહીં જે અવ્યાબાધ બને તેને અવ્યાબાધ પદ મળે. જગતને આખું જગત વ્યાબાધ કરનારું છે. વિશેષ પ્રકારે બીજાને પીડા કરે તે વ્યાબાધ.
- જ્યારે દુઃખ આવે ત્યારે મુંઝવણ થાય તો એમ થાય છે ને કે બચ્યા! દુઃખમાં મુંઝવણ કરે તો વધારે દુઃખ આવે તેથી દુર્ગતિ તું તારી ઊભી કરે છે.
- અભવી–દુર્ભવી, ભારે કર્મી ભવી ગ્રંથિને ઓળખી શકે જ નહિ. ગ્રંથિ એટલે ગાઢ રાગ–દ્વેષની ગાંઠ.
- સમકિત હોય નહિ, મેળવવાની તાલાવેલી હોય નહિ અને ધર્મીપણાનો આડંબર કરતા હોય તો માર્યા જ જવાના.
- ગમે તેટલા સુખ સાહ્યબી સંપત્તિમાં તમે બેઠા હો. જે માંગો તે મળે તેવુ હોય, ભોગવવા ધારો તે ભોગવી શકો તેવી સામગ્રી અને અનુકૂળતા હોય તે વખતે તમને એમ લાગે ખરૂં કે ભારે પાપોદય વર્તી રહ્યો છે!
- સમ્યગ્‌દર્શન જેને થયું હોય તેને મોક્ષ પોતાનું ઘર લાગે, સંસાર પારકું ઘર લાગે. તેનું શરીર સંસારમાં હોય પણ મન મોક્ષમાં હોય. સમ્યગ્‌દર્શનવાળો જીવ જેને દે[redacted]-ગુરૂ ધર્મ ન કહે. તે તો કહે કે જગતના દેવ કરતાં મારા દેવ ને ખાં, જે અરિહંત હોય તે જ દેવ, જે નિગ્રંથ હોય તે જ ગુરૂ હોઈ શકે અને સંવર નિર્જરારૂપ મારો ધર્મ છે. સમકિતીનો ચોકો જ જુદો હોય. તે જ્યાં બેઠો હોય ત્યાં ઓળખાયા વગર રહે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

શ્રી શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી ... કેન્દ્ર, કોબા.
૧૮-૬-૩૨ ૪૧૪૮

નમો ચઉવિસાए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૩૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૦ અનુપકારી મનુષ્યો તૃણથી હલકા છે.

तृणं चाहं वरं मन्ये
नरादनुपकारिणः ।
घासो भूत्वा पशून् पाति,
भीरुन् पाति रणाङ्गणे ।।

અનુપકારી મનુષ્ય કરતાં પણ હું તૃણને શ્રેષ્ઠ માનું છું જે ઘાસ થઈને પશુઓ રક્ષણ કરે છે અને યુદ્ધભૂમિમાં કાયરોનું રક્ષણ કરે છે. (યુધ્ધમાં જે કાયર મોંમાં તૃણ લે તેને કોઇ જ હણે નહિ.)

卐

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી -

- સંસારના સુખનો લોભ ગયા વિના, દુઃખથી સર્વથા મુકત બનાય અને સુખ શાશ્વત બને, એ શકય જ નથી.
- સંસારના સુખના રાગ ઉપર અણગમો પેદા થયા વિના સાચા શરણ્યના શરણને સ્વીકારી શકાશે નહિ.
- શ્રી વીતરાગ પરમાત્માના ચરણોના શરણને સ્વીકારવું, એટલે ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને સમર્પિત થવું અને આજ્ઞા મુજબ જીવન જીવવું.
- પાપ કરે તેને ય સજા ભોગવી પડે, પાપ કરાવે તેને ય સજા ભોગવવી પડે અને પાપની જે અનુમોદના કરે, તેને ય સજા ભોગવવી પડે.
- અસાર એવા સંસારને સાર ભૂત માનનારો આત્મા બહિરાત્મા કહેવાય છે.
- દુનિયાની આધિ વ્યાધિ કે ઉપાધિનું કોઇપણ મૂળ હોય તો તે અર્થ-કામની આસકિત જ છે.
- જે દિવસે અર્થકામની આસકિત એ દુઃખનું મૂળ છે એમ સમજાઇ જશે, પછી તો વગર કહ્યો આત્મા સન્માર્ગે આવશે.
- મરણથી ડરવું એ બેવકૂફી છે, જન્મથી ડરવું એ બુદ્ધિમતા છે.
- જે ધર્મ સંસાર માટે હોય, તે ધર્મ વાસ્તવિક ધર્મ જ નથી આ વાત એક માત્ર શ્રી જૈન શાસન જ કહે છે.
- મુકિત એ જેનું ધ્યેય નથી એ સાચો જૈન નથી જ.
- દેશકાળના નામે પણ શ્રી જિનશાસનથી ઊલટું બોલવું કે અવસરોચિત સત્યને ગોપવવું, એ તો શ્રી જિનશાસનનો ભયંકર કોટિનો દ્રોહ જ કહેવાય.
- શ્રી જિનાજ્ઞાની આરાધના, એ અનન્તા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.
- સંસારના કોઇપણ સુખનો જેને ખપ નથી અને એક મોક્ષનો જેને ખપ છે, એવાઓને માટે જ દીક્ષાનો માર્ગ છે. પછી તે રાજા હોય કે રંક હોય ?
- ભગવાનના દર્શન-પૂજન કરે પણ ભગવાન ઓળખવાનું મન થાય નહિ, ભગવાનની આજ્ઞા સમજવાનું પણ મન થાય નહિ તો સમજવું કે, હજી સંસારમાં ભટકવાનું ઘણું બાકી છે.

પ્રેરણા મુજબ શાસના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

વર્ષ ૭] ૨૦૫૧ ચૈત્ર વદ-૧૧ મંગળવાર તા. ૨૫-૪-૯૫ [અંક-૩૪

પ્રકીર્ણ ધર્મોપદેશ

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

૨૦૪૩, અષાઢ સુદિ-૫ ને બુધવાર તા. ૨-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઈ

પ્રવચન-બીજું

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ શું છે ? ધર્મનું સ્વરૂપ શું ? કયો ધર્મ મોક્ષ સાધક બને ? કયો ધર્મ સંસારવર્ધક બને ? શું ધર્મ પણ બૂંડો બને ? અનેકાંત રૂપ શ્રી જૈન શાસનમાં જ એકાંત છે : ઇત્યાદિ જાણવાનું મન છે તો—

સહસ્રાવધાની, સુવિહિતશિરોમણિ પૂ. આ. ભ. શ્રી વિ. મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા વિરચિત 'પ્રકીર્ણ ધર્મોપદેશ' ગ્રન્થને અનુલક્ષીને; પ. પૂ. પરમશાસન પ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ, તપાગચ્છીયાવિચ્છિન્ન સામાચારી સંરક્ષક, મોક્ષમાર્ગના અજોડ ઉપદેશક, પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ સુવિશદ વિવેચનથી યુક્ત આપેલ આ પ્રવચનનું તટસ્થબુદ્ધિથી, શાંતચિત્તે વાંચન કરી, ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજી, આજ્ઞા મુજબ ધર્મ આરાધી ધર્મના વાસ્તવિક ફળ મોક્ષને પામો તે જ શુભાભિલાષા...

- ધર્મી આત્મામાં દુઃખ વેઠવાની શક્તિ હોય અને સુખ ભોગવવાનો કંટાળો હોય.
- મોક્ષ જ સુખ છે. તે સિવાય બાકી બધાને સુખ કહેવું તે સુખ શબ્દનો વ્યભિચાર છે.
- ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે.
- જેને સાધુપણાની ઇચ્છા ન હોય તેનું સામાયિક એ સામાયિક નથી, તેની પૂજા એ પૂજા નથી.

૦ ગૃહસ્થપણું સારી રીતે મજેથી ભોગવાય, ભવાંતરમાં ય દુનિયાની સુખસામગ્રી સારામાં સારી મળે–તે માટે ભગવાનની પૂજા કરે તો તે ભગવાનનો ભગત નથી પણ દુનિયાના સુખનો ભગત છે.

जं सुहं तस्स जे हेऊ, जं भयं ज च अप्पणो ।
विणासी अविणासी अ, इय जाणं मुच्चइ भवा ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનનાં પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આ **પ્રકીર્ણ ધર્મોપદેશ** નામના ગ્રંથમાં એમ સમજાવી આવ્યા કે–જગતના સઘળાય જીવો દુઃખના ભીરૂ છે, દુઃખ તેમને શાથી આવે છે તેની તેમને ખબર નથી. તેથી જગતમાં કોઇ તેમનો પરાભવ ન કરે તેવો જય તેઓને જોઇએ છે, એવી લક્ષ્મી જોઇએ છે જે બીજા પાસે ન હોય અને કોઇની પાસે ન હોય તેવું સુખ તેઓને જોઇએ છે. આવી ઇચ્છાવાળા તે જીવો હોવાથી ગમે તેટલી સારી ધર્મક્રિયાઓ કરવા છતાં પણ અજાણ હોવાથી તેઓ ધર્મના વાસ્તવિક ફળને મેળવી શકતા નથી. જેઓ જાણકાર હોય છે તેઓ જ ધર્મના વાસ્તવિક ફળને પામી શકે છે. જાણકાર કોણ કહેવાય ? જે આંતર શત્રુનો જય ઇચ્છે, જ્ઞાનાદિ લક્ષ્મીને ઇચ્છે, આત્મિક સુખનો અનુભવ કરતાં કરતાં સાચું સુખ પામે તે. તે આપનાર ધર્મ છે માટે ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઇએ એમ આ ગ્રંથકાર કહે છે. ધર્મ જ બધી ચિંતા કરનાર છે.

જેમકે, આ કાળમાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા આજ્ઞા મુજબ સારામાં સારો ખૂબ ધર્મ કરે તો ય મોક્ષે જવાના ? ના. તો આગળના ભવ માટે શું તે ચિંતા કરે ? શાસ્ત્ર કહે છે કે, તેની ચિંતા ધર્મ જ કરે. જે જીવ અહીં સારામાં સારી રીતે ધર્મ કરે, અધર્મ કરતો ન હોય તે અહીંથી મરીને ક્યાં જાય ? સારી ગતિમાં જાય, તેમાં શંકા ખરી ? જેવો જેનો ધર્મ તેવું તેનું ફળ મળે આ વાત માનો છે ? શ્રી શાંતિનાથ ભગવાન તીર્થંકરના ભવમાં ચક્રવર્તી થઇ મોક્ષે ગયા છે. તે પહેલાના પણ દરેક ભવોમાં સારામાં સારી મનુષ્યગતિ અને ઊંચામાં ઊંચો દેવલોક પામ્યા છે. સારામાં સારી આજ્ઞા મુજબ ધર્મ કરે તે જીવની મુક્તિ ન થાય ત્યાં સુધી દેવગતિ અને મનુષ્યગતિ વિના બીજી ગતિ જ નહિ. આ વિશ્વાસ છે ? ધર્મ કરે તેની દુર્ગતિ હોય જ નહિ, સદ્ગતિ તેની રાહ જોઇને બેઠી હોય : આવી શ્રદ્ધાવાળાને મોક્ષ વિના બીજો વિચાર હોય ખરો ? વચમાં પણ બીજો વિચાર આવે ? ધર્મથી આ–આ સુખ મળે તેમ સાંભળી તે સુખની માંગણી કરે તો તેને લાભ થાય કે હાનિ થાય ?

જે ધર્મ આ લોકની ચિંતા કરે તે ધર્મ કરતે કરતે જીવ કદાચ એકલો પણ પડે તો ય વિચારે કે-'મેં ભૂતકાળમાં પાપ કર્યું હશે, કોઈને એકલા પાડયા હશે માટે એકલો પડયો છું.' પણ મેં ધર્મ કર્યો માટે એકલો પડયો છું તેવી ધર્મ પ્રત્યે અરુચિ ન થવા દે. આ ધર્મ જય આપે, લક્ષ્મી આપે, સુખ આપે, આપત્તિ આવી હોય તો દૂર કરે, ધર્મ-અર્થ અને કામ એ ત્રણે વર્ગમાં સારભૂત ધર્મ છે. આ શ્રદ્ધા છે ?

ભૂતકાળના પાપના યોગે ધર્મ કરનારો જીવ દુઃખી દેખાય પણ ભવિષ્યમાં તે સુખી થવાનો છે. તેમ કસાઇ પણ કોટિપતિ હોય તે ભૂતકાળમાં ધર્મ કરેલો તેનું ફળ છે પણ અહીંથી મરીને તે કયાં જશે ? ધર્મના ફળ તરીકે સુખી થાય, પૂબ સુખ મજાથી ભોગવે તો તે મરીને કયાં જાય ? જ્ઞાની કહે છે કે, ધર્મથી સંસારનાં બધા સુખો મળે. સારામાં સારી પદવી ધર્મના પ્રતાપે મળે. ચક્રવર્ત્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ ધર્મથી થાય, પૈસા પણ ધર્મથી મળે. અર્થ-કામ ધર્મની સાથે વળગેલા છે પણ ધર્મના ફળ તરીકે તે માગે તો શું થાય ? મોટો ભિખારી તે થયો ને ? ભગવાન પાસે પણ તે જ માંગે તો શું થાય ? ભગવાન કયાં ગયા ? મોક્ષમાં. ભગવાન પાસે મોક્ષ વિના બીજું નં માય ?

ભગવાન કહી ગયા છે કે, આ સંસાર ભયંકર છે, દુઃખમય છે. દુઃખ ન જોઇતું હોય તો મોક્ષ મેળવવો જોઇએ. શ્રી અરિહંત પરમાત્માઓ ધર્મશાસન શા માટે સ્થાપે છે ? સંસારના જીવો સંસારના સુખના વિરાગી બને, ગમે તેવું દુઃખ આવે તો સમાધિવાળા બને. આ જ ધર્મનું ઊંચામાં ઊંચું ફળ છે. ધર્મી જીવ દુઃખી-દરિદ્રી હોય અને કોઇ પૂછે કે, કેમ છો ? તો તે કહે કે, મજામાં છું. રહેવા ઘર નથી, ખાવા અનાજ નથી, તો ય કહે કે, 'મજામાં છું.' ગમે તેવું દુઃખ આવે તો ય ધર્મી મજાથી જીવે ગમે તેટલું સુખ મળે તો તે હોપાય નહિ. આ વાત મંજુર છે ? ધર્મી, સુખ આવે તો ગાંડો થાય, સુખ જાય તો રોવા બેસે, દુઃખ આવે તો 'આમ થાય છે, તેમ થાય છે' તેમ કયાં કરે તો તે ધર્મી કહેવાય ? આપણે માનીએ કે ધર્મી દુઃખી ન હોવો જોઇએ, સુખી હોવો જોઇએ પણ ભૂતકાળમાં પાપ કર્યા હોય તો દુઃખ ન આવે ? ધાર્યા સુખ મળી જ જાય તેમ બને ? નહિ જોઇતાં દુઃખ ટળે જ તેમ બને ? ધર્મીને તો સુખમાં વૈરાગ્ય અને દુઃખમાં સમાધિ હોય. એ બીજું કશું ન માંગે.

જીવ ધર્મ પામ્યો એટલે દુઃખ ગયું અને સુખ આવ્યું. ઊંચામાં ઊંચો જય બધી લક્ષ્મી, સારામાં સારા સુખને આપનાર આ ધર્મ છે. આપત્તિ આવે તો આપતિને હરનાર આ ધર્મ છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગમાં ધર્મ જ પ્રધાન છે. (ક્રમશઃ)

જૈન ધર્મ અને ઈતિહાસ (બિહાર અને બંગાળ)

–જિનદત્તભાઇ કાન્તિલાલ શાહ

બિહાર પ્રદેશ એટલે જૈન ધર્મનો પ્રદેશ; બિહાર સાથે જૈન ધર્મનો સંબંધ બિહારપ્રદેશની ઉત્પત્તિથી ચાલ્યો આવે છે. કેટલાય તિર્થંકરોની જન્મભૂમિ બિહાર છે. પ્રભુશ્રી મહાવીર સ્વામિએ સ્થળે સ્થળે વિહાર કર્યા તે કારણથી જ પ્રજાએ તે પ્રદેશનું નામ વિહાર [બિહાર] પાડયું. ત્યાંથી માનભુમિ' અને સિંહભુમિ'ના રસ્તે ઓરિસ્સા તરફ પ્રભુ જતા, તે ભૂમિઓની આખી સરાક જાતિની પ્રજા જૈન ધર્મી હતી [આજે પણ તે જાતિ જૈન જ છે પણ સાધુ ભગવંતોનું આલંબન ન મળવાથી અપ્રસિદ્ધ છે.]

માનભૂમિની 'પશ્ચિમ બ્રાહ્મણ' નામની બ્રાહ્મણ જાતિનો ઇતિહાસ કહે છે કે તેઓ ભગવાન શ્રી મહાવીરના વંશજો છે. આ પશ્ચિમ બ્રાહ્મણ જાતિ આર્યોની અતિ-પ્રાચીન અને વૈદિક આર્યોથી અલગ પડતી તેમનાથી પ્રાચિન જાતિ છે. 'માનભૂમ' અને અને 'સિંહભૂમ' જિલ્લાઓમાં આજે પણ જૈન ધર્મના પ્રાચિન દેરાસરો, સ્તુપો વિગેરેના અવશેષો સાક્ષી પૂરે છે.

મહાન રાજવી સમ્રાટ ખારવેલ પરમ જૈન રાજા હતો. તેણે બિહાર ઉપરાંત દૂર દેશ–વિદેશમાં જૈન ધર્મનો અનેક રીતે પ્રચાર કર્યો હતો અને અનેક જૈન મંદિરો બંધાવવા ઉપરાંત પહાડો પર જૈનવિહારો મંદિરો બનાવેલાં જૈન શિલાલેખો આજે પણ ઉપલબ્ધ છે. પુરાતત્વ વિભાગને શાહબાદમાંથી જૈન ધર્મના સાતમીથી નવમી સદીના અમૂલ્ય અવશેષો પ્રાપ્ત થયા છે, માનભૂમ, સિંહભૂમ જિલ્લામાં ઇ.સ. પૂર્વેથી માંડીને અગ્યારમી સદી સુધીના અવશેષો મળ્યા છે. ગયા જેડેને પહાડીઓ પર પણ અનેક મળ્યા છે.

શ્રી મહાવીર સ્વામિએ લાઢ પ્રદેશ [પશ્ચિમ બંગાળ]માં વિહાર કર્યો હતો. જ્યાં પ્રભુને લોકોએ ખુબ જ કષ્ટો આપ્યા હતા. ઉપસર્ગો કર્યા હતા. ત્યાં પ્રભુના જવા પછી તે અનાર્ય પ્રદેશમાં ધર્મનો પ્રભાવ વધીને ત્યાંથી જૈન ધર્મ પાળવા લાગી હતી. અને કોટિવર્ષ [ઉત્તર બંગાળ]માં શ્રી ભદ્રબાહુ સ્વામિ જેવા મહાપુરૂષનો જન્મ થયો હતો અને દિક્ષા લઈને મહાન જ્ઞાની આચાર્ય થયા હતા તેમના ચાર શિષ્યો દ્વારા ચાર શાખાઓ શરૂ થઇ જેનાં નામ જ બંગાળનાં પગરણાનાં નામ છે. તે આ પ્રમાણે (૧) કોટિવર્ષિકા શાખા (૨) તામ્રલિપ્તિકા શાખા (૩) પૌન્ડ્રવર્ધનિકા શાખા અને (૪) દાસીખબડીકા શાખા.

પાંચમી સદીના તામ્રપત્ર પરનો લેખ જે પૂર્વ બંગાળના પહાડપુરમાંથી મળી આવ્યો છે તેમાં 'ગુપ્તરાજ્યના' કાળના આચાર્ય ભગવંત દ્વારા જિનમંદિરની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે

સાતમી સદીમાં હ્યુસેન સંગ બંગાળમા પ્રવાસે આવ્યો ત્યારના તેના પ્રવાસ વર્ણનોમાં બંગાળના વિભિન્ન ભાગોમાં જૈનો અને નિર્ગ્રંથોને વિશદ સંખ્યામાં જોયા અને મલ્યાનો ઉલ્લેખ છે. પુરાતન શોધખોળમાં પાલવંશના રાજ્યકાળ સમયના અવશેષો મળ્યા તેમાં જિનેશ્વર, ભગવંતોની પ્રતિમાઓ પ્રચુર પ્રમાણમાં મળી આવી હતી. પાલવંશના રાજાઓ બૌધ હતા. [ચતુર્વિધ]

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

ક્રોધથી બબડતા તેણે કહ્યું–હું એકલો મારા હાથે ભરતને જીતીશ. આમ કહીને તેણે અપયશ કરાવનારા સ્ત્રી સૈન્યને કાઢી મૂકાવ્યું.

આ દરમ્યાન જ કોઇ એક વ્યક્તિએ કહ્યું–'રાજન્ !' કંઇક તો વિચારો. એક તો મહીધર રાજા પોતે તો ના આવ્યો પણ ઉપરથી તમારી મશ્કરી–અપમાન કરવા માટે આવું નખ્ખોદ કાઢનાર સ્ત્રીઓનું સૈન્ય મોકલ્યું.

આ સાંભળતાં જ અત્યંત ક્રોધાયમાન થયેલા અતિવીર્ય રાજાએ ક્રોધથી જ બરાડા પાડવા માંડયા કે–આ આપણા આંગણામાં આવી પહોંચેલા સ્ત્રી સૈન્યને ગળચીમાંથી પકડી પકડીને જલ્દીથી નગરની બહાર કઢી મૂકો.

આ સાંભળતાં જ ચારે બાજુથી સૈન્ય સહિત સામન્તો સ્ત્રીવેશમાં રહેલા સૈન્યને ઉપદ્રવ કરવા દોડયા.

રામચંદ્રજીએ હાથીનો થાંભલો ઉખાડી નાંખીને તે બધાય સામન્તોને પછાડી દીધા. આથી અત્યંત ક્રોધાયમાન થયેલો અતિવીર્ય પોતે સ્થાનમાંથી તલવાર ખેંચીને સ્ત્રી સૈન્ય સામે યુદ્ધ કરવા દોડી આવ્યો.

જેવો આવ્યો કે તરત જ લક્ષ્મણજીએ તેની તલવારને તેના હાથમાંથી ઝુંટવી લીધી અને તેના માથાના વાળને જોરથી પકડીને તેને ખેંચ્યો અને તેનાજ કપડાંથી તેને બાંધીને આખી નગરીના લોકોની દેખતાં નગરીમાં હરણાંની જેમ ઢસેડયો.

પણ દયા આવી જતાં સીતાદેવીના કહેવાથી લક્ષ્મણે તેને મુકત કર્યો અને ભરત રાજાની આજ્ઞા સ્વીકારાવી.

ક્ષેત્રદેવતાએ સ્ત્રીવેષનાં સંહરણ કરતાં પ્રગટ થયેલા રામ-લક્ષ્મણને ઓળખીને અતિવીર્ય રાજાએ પ્રણામ કર્યા. પણ આ પરાજયથી વૈરાગ્ય થઇ આવતા અતિવીર્ય રાજા દીક્ષા લેતા હતા. ત્યાં જ રામચંદ્રજીએ તેને કહ્યું–તું મારા માટે બીજો ભરત છે. આમ રાજ્યને તરછોડ નહિ ! પણ વૈરાગ્ય પામ્યા પછી અતિવીર્ય રાજા પાછા ના ફર્યા. પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી પોતે દીક્ષા સ્વીકારી.

રામચંદ્રજી વિજયપુર પાછા ફર્યા. અતિવીર્યના પુત્ર વિજયરથે લક્ષ્મણને રતિમાલા તથા અયોધ્યા જઈને ભરતને વિજય સુંદરી નામની બન્ને બહેનો પરણાવી.

રામ અન્યત્ર જવા તૈયાર થતાં વનમાલાએ લક્ષ્મણને પોતાને સાથે થઇ જવા કહ્યું–અતિકરૂણ રૂદન કર્યું વનમાલાએ હઠ ના છોડી અને કહ્યું કે–તો પછી મને ત્યારે જ મરી જવા દેવી હતી. પ્રાણેશ્વર ! શા માટે જીવાડી. હવે તો અડધી મરેલીદશામાં

જીવીશ. તમારા વિયોગમાં હે નાથ ! યમરાજ મને ઉપાડી જશે.

લક્ષ્મણજીએ કહ્યું–આવું ન બોલ. હું તને પાછા ફરતાં જલ્દીથી આવીને લઇ જઈશ.

તમે મને હવે લેવા આવશો તેની મને આશા નથી.

તો તું મને ભયંકરમાં ભયંકર સોગંદ આપ બસ. જેથી હું કદાચ તને લેવા ન આવું તેવું ન બને.

અને વનમાલાએ કહ્યું–જગતના રાત્રિ–ભોજન કરનારા જીવોના રાત્રિભોજનનું તમને પાપ લાગે 'જો તમે હે પ્રાણેશ્વર ! પાછા નહિ ફરો તો આવા સોગંદ વન–માલાએ અપરાવ્યા.

લક્ષ્મણજીએ આ વાતનો સ્વીકાર કરતાં કહ્યું–રાત્રિભોજકોના રાત્રિભોજનના તે પાપ–ના મને સોગંદ બસ. પ્રિયે ' (આ સોગંદમાં રાત્રિભોજનની ખતરનાક ભયંકરતા સૂચિત થાય છે.)

રાત્રિ પૂરી થવાને વાર હતી ત્યાં જ રામચંદ્રજી વગેરે દરેકને સૂતા મૂકીને આગળ ચાલ્યા (લક્ષ્મણ પણ વનમાલાને રડતી મૂકીને સૂતેલી મૂકીને રામચંદ્રજી સાથે ચાલી નીકળ્યા.)

–: શ્વેતાંબર જૈન તીર્થ દર્શન :–

આ મહા ગ્રન્થનો ભા–૧ પ્રગટ થઇ ચૂકયો છે બીજા ભાગનું કામ ચાલે છે.

પ્રથમ ભાગ–મૂલ્ય રૂા. ૬૫૦)

દ્વિતીય ભાગ–મૂલ્ય રૂા. ૬૫૦)

અગાઉથી બંને ભાગના ગ્રાહક–મૂલ્ય રૂા. ૧ હજાર બીજા ભાગમાં એક પેજમાં ગુલેચ્છક (એક લીટી લખશે) રૂા. ૩) હજાર તેમને એક સેટ ભેટ મળશે.

આ બધા ભાવો સંસ્થાના કાર્યાલય જામનગરથી છે. દૂરથી કે પરદેશથી મંગાવનારે તે મંગાવવાનો ખર્ચ જુદો આપવાનો રહે છે.

C/o. શ્રુત જ્ઞાનભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર

વ્યવસ્થાપક
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

卐

ગીરનારનો સૂચિત રોપવે એ પવિત્ર તીર્થને વ્યભિચારના અડ્ડામાં ફેરવી નાખશે

લેખક : ઉમેશ પારેખ

મોહનદાસ કરમચંદ ગાંધીએ હિંદ સ્વરાજ નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે ભારતનું સત્યાનાશ ડોકટરોએ, વકીલોએ અને રેલવેએ કાઢયું છે. રેલ્વે કેવી રીતે પ્રજાનું સત્યાનાશ કાઢે છે તે સમજાવતાં ગાંધીજી કહે છે કે રેલ્વે દ્વારા શહેરના લુચ્ચા, સ્વાર્થી અને બદમાશ લોકો ગામડાંઓ સુધી પહોંચે છે અને ત્યાંની પ્રજાનું શોષણ કરી તેમને બરબાદ કરે છે. વીસમી સદીના પૂર્વાર્ધ માં ગાંધીજીએ દેશના સંદર્ભમાં જે વાત રેલ્વે માટે કરી હતી તે આજે ગિરિમથકોના સંદર્ભમાં રોપવેને લાગુ પડે છે. જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર રોપવે બાંધવાની ગુજરાત સરકારના પર્યટન ખાતાની યોજનાનો આ જ કારણે વિરોધ થઇ રહ્યો છે.

આપણા પૂર્વજોએ અનેક તીર્થોની સ્થાપના પર્વતોનાં શિખરો ઉપર કરી તેની પાછળ પણ એક ભોજીક કામ કરી રહ્યું છે. તેમની યુક્તિ એવી હતી કે પવિત્ર તીર્થો સુધી પહોંચવાનો માર્ગ જો અઘરો હોય તો ખરેખરો ભક્તિભાવ ધરાવનાર લોકો જ ત્યાં સુધી પહોંચી શકે અને તીર્થનું વાતાવરણ બગડે નહિ, જે ગિરિમથકોનું વાતાવરણ આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માનવામાં આવ્યું છે ત્યાંકા મોજશોજક તમામ પરિબળો પણ હાજરાહજૂર હોય છે. ગિરિમથક સુધી પહોંચવાનો માર્ગ જો સરળ અને આસાન બનાવવામાં આવે તો ધર્મપ્રેમીઓને બદલે ભોગસુખના રસિયાઓનો ધસારો ત્યાં વધી જાય અને આધ્યાત્મિક શાંતિનું વાતાવરણ ડહોળાઈ જાય. આજે પણ પહાડ ઉપર આવેલાં જે તીર્થો સુધી પહોંચવા માટે રોડની સુવિધા ઉપલબ્ધ છે તેનું વાતાવરણ તપાસીલ્યું એટલે ઉપરની વાતની ખાતરી થઇ જાય છે. રોપવે યોજના તો રોડ કરતાં પણ વધુ હાનિકારક છે કારણ કે તે પહાડની ટોચ ઉપર પહોંચવા માટેનો સૌથી આસાન તરીકો છે.

ભારતભરનાં તીર્થસ્થળોનો ઇતિહાસ કહે છે કે જે તીર્થો સુધી પહોંચવા માટે રોડ આવવા રોપવેની સગવડ કરવામાં આવી તેની પવિત્રતા નાશ થઇ છે. ગુજરાતની સરહદે આવેલું માઉન્ટ આબુ તેનું ઉદાહરણ છે. જે પહાડ ઉપર વૈદિક અને જૈન ધર્મના ભવ્ય મંદિરો અને આશ્રમો આવેલાં છે એ આજે વ્યભિચારના અડ્ડા જેવો બની ગયો છે. માઉન્ટ આબુમાં દારૂ બહુ છુટથી મળે છે અને અમુક ગેસ્ટ હાઉસો

કોલગર્લ સપ્લાય કરવાનો ધંધો કરે છે. મુંબઇ, વડોદરા અને અમદાવાદથી હાઇ સોસાયટીની કોલગર્લ્સને લઇ શ્રીમંતોના નબીરાઓ અહીં આવે છે અને દારૂના જયાફતો ઊઠાવે છે. ગુજરાતમાં પહાડની ઊંચાઇએ આવેલું અંબાજી પણ આજે વેશ્યાઓનું ધામ બની ગયું છે. તેની સરખામણીએ જ્યાં પહોંચવું આજે પણ કઠિન છે તેવાં જૂનાગઢ, શત્રુંજય, બદરીનાથ, કેદારનાથ, સમ્મેતશિખર વગેરે પહાડી તીર્થો આજે પણ દૂષણરહિત રહ્યાં છે. રોપવે જેવાં સાધનો વડે શહેરી જીવનમાં તમામ દૂષણો એક જ મિનિટમાં આ પવિત્ર તીર્થ સુધી પહોંચી જઇ શકે છે.

મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની રાજધાની રાયગઢના જે કિલ્લા ઉપર હતી ત્યાં રોપવે બાંધવાની એક યોજના મહારાષ્ટ્ર સરકારે સાડાપાંચ કરોડ રૂપિયાને ખર્ચે તૈયાર કરી છે. થોડા સમય અગાઉ મુખ્ય પ્રધાન શરદ પવાર આ યોજનાનું ઉદ્ઘાટન કરવાના હતા પણ શિવભકતોના વિરોધને કારણે તેમણે આ કાર્યક્રમ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. રાયગઢના સૂચિત રોપવેનો વિરોધ અખિલ મહારાષ્ટ્ર ગિરિ-આરોહણ મહાસંઘ નામની સંસ્થા દ્વારા થઇ રહ્યો છે. પર્વત ખેડુઓ અને ટ્રેકરોની બનેલી આ સંસ્થાના પ્રમુખ વિધાનસભ્ય સાબીર શેખ છે. મહારાષ્ટ્ર સરકારના પર્યટન ખાતાએ આ રોપવે બાંધવાની જવાબદારી પૂણેના શ્રી શિવાજી રાયગઢ સ્મારક મંડળને સોંપી છે. રોપવેની યોજના સામેના વિરોધને મહારાષ્ટ્ર સરકારે મચક ન આપી એટલે સાબીર શેખ અને તેમના સાથીદારો થોડા સમય અગાઉ મુંબઇના ફ્લોરા ફાઉન્ટન ખાતે ઉપવાસ ઉપર બેઠા હતા. આ યોજનાના વિરોધીઓ કહે છે કે રાયગઢ ઉપર જો રોપવે આવશે તો શિવાજી મહારાજની આ રાજધાની ફૂટબુખાનામાં ફેરવાઇ જશે.

રાયગઢ ઉપર રોપવે બાંધવાની યોજનાનો વિરોધ કરી રહેલા સાબીર શેખ આ માટે સિંહગઢનું ઉદાહરણ આપે છે. આ પ્રાચીન કિલ્લામાં છેક ઉપર સુધી વાહન લઇ જવાની સુવિધા થઇ તે પછી ત્યાં દારૂ અને વેશ્યાઓનાં અનિષ્ટો વધી રહ્યાં છે, તેમ સાબીર શેખનું કહેવું છે. રાયગઢ ઉપર જો રોપવે આવશે તો તેના હાલ પણ સિંહ-ગઢ જેવા થશે તેવો તેમને ડર છે. છત્રપતિ શિવાજી મહારાજે પોતાની રાજધાની તરીકે રાયગઢનો કિલ્લો પસંદ કર્યો તેનું કારણ તેની દુર્ગમતા હતી. હવે આ કિલ્લાને જો સુગમ બનાવી દેવામાં આવશે તો તે શિવાજી મહારાજનું અપમાન થશે એમ સાબીર શેખ કહે છે. વૃદ્ધો, અપંગો અને બાળકોને જો આ કિલ્લાનાં દર્શન કરવા હોય તો તે માટે ડોલીની વ્યવસ્થા છે જ. તેમના બહાને જો રોપવે ઊભો કરી દેવામાં આવશે તો ૯૦ ટકા આળસુ શ્રીમંતો અહીં અમનચમન કરવા આવી ચડશે અને પોતાના ધનનું બીભત્સ પ્રદર્શન કરશે એવો સાબીર શેખને ડર છે. તેમને એવો પણ ડર છે કે રોપવે આવવાથી અહીં ઠેર ઠેર દારૂના અડ્ડાઓ ખૂલી રહ્યાં જશે.

કે રોપવે આવવાથી અહીં ઠેર ઠેર દારૂના અડ્ડાઓ ખૂલી જશે.

રાયગઢનો કિલ્લો ચડવા માટે જો કષ્ટો વેઠવામાં આવે તો તેનાથી રાષ્ટ્ર માટે આત્મસમર્પણ કરવાની ધગશ નિર્માણ થાય છે. આ રીતે વિકટ પહાડ ચડનારા લોકો શિવાજી મહારાજને સાચી શ્રદ્ધાંજલિ આપી શકે છે. તેને બદલે એક મિનિટમાં ઉડન-ખટોલા દ્વારા આ ગઢ ઉપર ચડી જનારાઓ તો તેને પિકનિક સ્પોટ બનાવી દેશે અને તેની મહાનતા નષ્ટ થશે એવો ભય શિવભક્તોને છે. તેમના પ્રચંડ વિરોધને કારણે રોપવેની આ યોજના અટકી પડેલી છે. મહારાષ્ટ્ર સરકારના ઇરાદો તો રાયગઢ પછી પ્રબલગઢ, સિંહગઢ, શિવનેરી, રાજગઢ, પ્રતાપગઢ વગેરે તમામ કિલ્લાઓ ઉપર રોપવેની ચડાઇ લઇ જવાનો છે. આ તમામને તેઓ ટુરિસ્ટ આકર્ષણ બનાવે તો અઢળક કુડિયામણ રળી શકાય તેમ છે. મહારાષ્ટ્ર ટુરીઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન તો એક નિર્લેપ વેપારી સંસ્થા છે અને તેનું કામ રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાને વેચવાનું અને નફો રળવાનું છે. આ ધંધામાં રોપવે ખુબ મદદરૂપ પુરવાર થઈ શકે છે એટલે તેને માટે આગ્રહ રાખવામાં આવી રહ્યો છે.

રોપવેના આગમન સામે માત્ર ભારતમાં જ વિરોધ થઈ રહ્યો છે તેવું નથી. થાઈલેન્ડમાં ચિયાંગમાઇ નામનું પવિત્ર ગિરિમથક આવેલું છે જેની ટોચ ઉપર એક પ્રાચીન બૌદ્ધ મઠ આવેલો છે. વિશ્વના કરોડો બૌદ્ધનું આ શ્રદ્ધાસ્થળ છે. આજથી ૭૦ વર્ષ અગાઉ આ પહાડ ઉપર ચડવા માટે એક રોડ બાંધવામાં આવ્યો હતો જેના માટે આસપાસના ગામના લોકોએ શ્રમદાન કર્યું હતું. આરસ્તો પાકો થઇ ગયો તે પછી અહીં આંતરરાષ્ટ્રીય સહેલાણીઓની સંખ્યા વધતી ગઇ. ટુરિસ્ટોના આવાગમનને કારણે અહીંના મઠને ડોલરની પણ મોટી આવક ઊભી થઇ. ઈ. સ. ૧૯૮૧માં ટુરીઝમ ઓથોરીટી ઓફ થાઇલેન્ડના અધિકારીઓએ વિચાર્યું કે પવિત્ર પહાડની ટોચ ઉપર પહોંચવા માટે જો રોપવે બાંધવામાં આવે અને તેના ઉપર કેબલ કાર શરૂ કરવામાં આવે તો ટુરિસ્ટોની સંખ્યામાં પ્રચંડ વધારો થાય અને દેશની તિજોરીમાં વધુ હુંડિયામણ પણ આવે. આ યોજના સાકાર કરવાનું કામ એક આનગી પેઢીને સોંપવામાં આવ્યું.

ચિયાંગમાઇના દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને અને બૌદ્ધ સાધુઓને જેવો આ યોજનાનો ખ્યાલ આવ્યો કે તેઓ તેનાં સંભવિત પરિણામોનો વિચાર કરી ચિંતામાં મુકાઇ ગયા. તેમને ખ્યાલ આવી ગયો કે રોપવે શરૂ થશે એટલે ટુરિસ્ટોની સંખ્યા ખુબ વધી જશે. પછી આ સહેલાણીઓનું મનોરંજન કરી નફો રળવા માટે પહાડ ઉપર મંદિરગૃહ, નાઇટ ક્લબો, સેકસ પાર્લરો, રિસોર્ટ વગેરે શરૂ થઇ જશે. બૌદ્ધ સાધુઓ કહે છે, કે ભગવાન બુધ્ધના અવશેષો આ દુર્ગમ પર્વત ઉપર એટલા માટેજ મૂકવામાં

આવ્યા હતા કે જેને કારણે ખરેખરી શ્રદ્ધા ધરાવતા ભાવિક જ અહીં સુધી પહોંચી શકે અને આ સ્થળની પવિત્રતા જળવાઈ રહે. તેઓ એવી ચેતવણી આપે છે કે જો આ પર્વત ઉપર પહોંચવાનું સરળ બની જશે તો જેમને આધ્યાત્મ સાથે કશી લેવાદેવા નથી લેવા લાગેલા લોકો માત્ર આનંદપ્રમોદ ખાતર ગિરિમથક ઉપર પહોંચી જશે અને ત્યાંના શાંત વાતાવરણને કલુષિત કરી મુકશે.

થાઇલેન્ડમાં એક પર્વતની ટોચ ઉપર આવેલા બૌદ્ધ તીર્થ ઉપર રોપવે બાંધવાની યોજનાનો સ્થાનિક પ્રજા અને શ્રદ્ધાળુઓ દ્વારા વિરોધ થઈ રહ્યો હતો ત્યારે વિરોધાભાસ એ હતો કે એ તીર્થના મઠાધિપતિ જ આ યોજનાનું સમર્થન કરી રહ્યા હતા. તેમની દલીલ એવી હતી કે રોપવે બાંધવાથી તેમના મંદિરમાં વધુ ટુરિસ્ટો આવતા થશે અને તેમની આવક વધશે. તેમના સમર્થનનું બીજું રહસ્ય એ હતું કે રોપવે બાંધનાર કંપનીએ તેમને વચન આપ્યું હતું કે તેઓ પોતાના ખર્ચે જીર્ણોદ્ધાર કરાવી આપશે. થાઇલેન્ડમાં આ રોપવેના પ્રશ્ને એવું ઘમસાણ મચી ગયું કે રીતસર બે પક્ષ પડી ગયા અને અખબારોમાં ચર્ચાપત્રોનો મારો આ યોજનાના વિરોધમાં ચાલ્યો. તેમ છતાં સરકારે દાદ ન આપી એટલે ચિયાંગ માઇની તળેટીમાં રહેતા લોકો શેરીઓમાં ઉતરી આવ્યા. ચિયાંગ માઇ યુનિવર્સિટીના કલા તેમ જ સંસ્કૃતિ વિભાગ તરફથી પણ આ યોજનાનો ઉગ્ર વિરોધ થયો. તેમનું કહેવું છે કે ડોલર કમાવા માટે દેશના સાંસ્કૃતિક વારસાને વેચવાનો કોઈને અધિકાર નથી.

ભારતભરમાં બહુ ઓછાં ગિરિમથકો ઉપર આજ સુધી રોપવેની યોજના સાકાર થઇ છે. ઉત્તર પ્રદેશમાં હરિદ્વાર અને મસૂરી, બિહારમાં રાજગીર અને ગુજરાતમાં પાવાગઢ ખાતે રોપવે બાંધવામાં આવ્યા છે. પાવાગઢના રોપવે બાંધવામાં આવ્યા છે. પાવાગઢના રોપવે કલકત્તાની ઉષા બ્રેકો લિમિટેડ નામની કંપની દ્વારા બાંધવામાં આવ્યો છે અને જૂનાગઢ તેમજ શત્રુંજય ઉપર પણ આ કંપની જ રોપવે બાંધવાની હતી. શત્રુંજય તીર્થ તો જૈનનું સુવાંગ તીર્થ છે અને જૈનોનો મોટો વર્ગ શત્રુંજય ઉપર રોપવે બાંધવાના વિરોધમાં છે એટલે ગુજરાત સરકારે આ યોજના તો પડતી મુકી છે પરંતુ થાઇલેન્ડના ચિયાંગ માઇમાં બન્યું છે તેમ જૂનાગઢના સૂચિત રોપવેનું સમર્થન ગિરનારના અંબાજી મંદિરના મુખ્ય મહંત દ્વારા જ થઇ રહ્યું છે એટલે સરકાર આ યોજનામાં ઝડપથી આગળ વધે તેવી સંભાવના છે. થાઇલેન્ડમાં જે જાગૃતિ છે તે હજી ગુજરાતમાં જોવા મળતી નથી એટલે ગિરનારનો રોપવે એક વાસ્તવિકતા બની રહેશે તેમ હાલ તુરત તો જણાય છે. (મહાજનમૂ) સૌજન્ય : સમકાલીન ૨૭-૧૧-'૬૪



પ્યારા બાલકાઓ,

હમણાં તો નિશાળો, બાળમંદિરો અને હાઇસ્કુલોમાં તમારે રજાઓ ચાલુ હશે કેમ ખરું ને ? રજાઓના દિવસોમાં શું કરશો એ કહો તો ખરા ?

જુઓ, આવા દિવસોમાં બહુ રખડવું નહિ, જ્યાં ત્યાં જેની તેની સોબત કરવી નહિ. સ્કુલ-કોલેજમાં જે ભણ્યા હોય તેનું પુનરાવર્તન કરવું દેવપૂજા-ગુરુવંદન-ધાર્મિક પાઠશાળાઓમાં નિયમિત હાજરી આપવી. અવસરે ઘરના કાર્ય કરવામાં શરમ રાખવી નહિ. તમારા બા-બાપુજી તમારા માટે કેટકેટલાં કષ્ટો સહન કરીને તમને ઉછેરે છે. તેમને દરેક રીતે ઉપયોગી અને આશ્વાસન રૂપે ન થાવ તો તમારા જીવનની કાંઇ કિંમત નથી.

વિશેષ તમારી શક્તિને પ્રોત્સાહન આપવાના જ સદાશયથી આ વિભાગ અત્રે ચાલુ કર્યો છે. તેમાં તમારા લખાણો થોકડે-થોકડા આવે છે. બધાને સ્થાન નથી મળતું પરંતુ મારી ઉપર શ્રદ્ધા રાખી, અવારનવાર લેખો મોકલતા રહેજો, સાધનોની મર્યાદાના કારણે સંયોગવશાત્ સારા લેખો પ્રગટ કરતા વિલંબ થાય તો પણ તમારે મુંઝાવું નહિ.

હવે આગળ મળશું...

રવિશશુ
જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર

ધર્મધન એજ સાચું ધન છે.

તાંતણાઓ બંધન

કેદનું બંધન	લગ્નનું બંધન
દુકાનનું બંધન	વ્યવહારનું બંધન
ડોકટરનું બંધન	વૈદ્યનું બંધન
પુત્રનું બંધન	પરિવારનું બંધન
આવાનું બંધન	પીવાનું બંધન

સ્નેહીઓનું બંધન સંસાર એ પણ બંધન
જગત એ પણ બંધન

વ્હાલા વાચકો, શ્રેષ્ઠ બંધન છે ધર્મનું તેમાં છે વ્રત, નિયમ, પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞા વગેરે.

પરંતુ કયા બંધન નથી તે વિચારીને મને જણાવશો ?

—હર્ષિત એન. શાહ
વાલકેશ્વર

જોડકણા

૧ સમરશા	૧ આસો સુદ પુનમ
૨ અક્ષય તૃતીયા	૨ આદિનાથ ભગવાન
૩ અબ તો પાર	૩ ધનેશ્વરસૂરિ મ.
ભયે હમ સાધો	
૪ શત્રુંજય માહાત્મ્ય	૪ વરસીતપ
૫ પાંચ પાંડવ	૫ આત્મારામજી મ.
૬ નવ્વાણું યાત્રા	૬ જ્ઞાનવિમલ સૂ. મ.
૭ ૮૦ યોજન	૭ ૧૫ મો ઉદ્ધાર
પૃથુલ છે	
૮ ફાગણ	૮ શત્રુંજય
વદ–આઠમ	
૯ તુમ હરિસહુ પાયો	૯ કારતક સુદ પુનમ
૧૦ પુંડરિક સ્વામી	૧૦ પાંચ કરોડ મુનિ

—પીન્કી જે. શાહ
ભાવનગર

કથાનક

નકલ કરશો નહિ

ચંપકલાલ મારા એક અંગત મિત્ર હતા. તેમનું નામ ચંપકલાલ હતું પણ ગુણધર્મો તદ્દન જુદા હતા.

ચ એટલે ચોકસીયા
પ એટલે પંતુજી
ક એટલે કોઇના ગાંજ્યા ન જાય
(મશ્કરા)

આ મિત્ર મશ્કરી કરવામાં ખૂબ જ માહેર્યા, ટી.વી., સિનેમા, નાટક, ભવાઇ આદિ જોવાના ખૂબ જ શોખીન, સિનેમાના ગીતો ગણગણાવાનો ભારે શોખ. એકવાર કોઇ સિનેમાનું કે નાટકનું ગીત સાંભળે કે તરત જ યાદ રહી જાય. પ વર કુલ બુદ્ધિ કોઇપણ નટ કે નટીનો વેશ ભજવવા તૈયાર થઇ જાય. કદાચ કાર્બન કોપી ઝાંખી નીકળે પણ ચંપકલાલની વેશભુષા તથા ભવાઇ કરવાની પદ્ધતિ જાણે ફોટો કોપી જ જોઇ લો.

એક દિવસ ચંપકલાલ પેન્ટ, શુટ અને ગળામાં નેક–ટાઇ ભરાવી, અણીયારા ચમકતાં બુટ પહેરી, માથે ફેન્સી કલગીવાળી ટોપી પહેરી, મુળની બખોલમાં એંજિન ઠબાવી, હાથને નેતરની સોટીનો સ્પર્શ કરાવી. શરદ પૂનમની સમી સાંજે રાજકોટ હજુર પેલેસ રોડ પર ફરવા નીકળ્યા.

જેમ હસ, બાર મણનો ગજરાજ માર્ગ શોકીને મઝેથી માહલતો હોય તેમ. જેમ આ નેતરની સોટી જોવા ચંપકલાલ બાપાના બગીચામાં માહલતા હતા.

એંજિન ધૂમાડાના ગોટેગોટા કાઢે જતું હતું હતું અને સાથે સિનેમાના ગીતો અનેરા સુરોમાં ગવાઇ રહ્યા હતા. કા...કા.... કોઆનો કંઠ સાંભળીને સૌ કોઇ મોઢું મચકોડતા હતાં.

તેઓ ગાઇ રહ્યા હતા.

'તુંજે મેં અપના બનાના ચાહતા હું'

ભાઇશ્રી ચંપકલાલ પોતાની ધૂનમાં ગાતા–ગાતા વેશ ભજવતાં–ભજવતાં માર્ગ કાપી રહ્યા હતા તે અવસરે...

સામેથી એક જુવાન વાયરણ છોકરી આવી રહી હતી. આપણો હીરો ચંપકલાલ પોતાની મસ્તિમાં ગાયે જતો હતો. તે

છોકરીએ તે ચંપકલાલના બેસૂરા સૂર સાંભળ્યો. મગજ ચગડોળે ચઢવા લાગ્યું.

ચંપકલાલ ધ્રુવ પંકિત વારંવાર દોહરાવા લાગ્યા તે છોકરીને ઝબકારો થતાં તેણે પગમાંથી જૂનું પુરાણું ખાસડું કાઢયું.

ગાવામાં મશગુલ એવા ચંપકલાલને કાંઇ ખ્યાલ ન આવ્યો. ધૂવાડા કાઢતાં ચંપકલાલના સુંવાળા ગાલ ઉપર તે જૂનું પુરાણું ચંપલ પડાક કરતું અથડાયું સુવાળો ગાલ લાલ ટામેટા જેવો થઇ ગયો.

ચંપકલાલ ભાનમાં આવ્યા.

ખરેખર ! આજે ગાયન ગાવાનું ઇનામ મળી ગયું. નકલની સજા બહુ મજાની મળી ગઇ.

ગાલ તડબુચ જેવો વધવા લાગ્યો.

જોયું પુરસ્કાર શું મળ્યો ? ટી. વી., વગેરે જોવાથી અને તેની નકલો કરવાથી શું થાય છે. કેવી કુટેવો પડે છે ? આવા સમજણા વગરના ગાયનો ગાવાથી તથા ચલચિત્રોમાં આવતા સંવાદોની ભવઇ કરવાથી આપણું જીવન બરબાદ થઇ જાય છે.

જગ જાહેર માર ખાતા ચંપકલાલની જેમ આપણું સ્થિતી-પરિસ્થિતિ ન થાય તે માટે ચેતતા જઇએ.

પરેશ સી. વાસા
રાજકોટ

હાસ્ય એ દરબાર

કનુ : મનુ, ભારત અને હિન્દુસ્થાનની લડાઇ થશે ?

મનુ : કનુ, ઇન્ડિયા વચ્ચે ન પડે તો સારૂં.

(અજ્ઞાન છતાં પંચાતની ટેવ)

પં. હરેશભાઇ

નિહાળો

લગ્નના પ્રથમ વર્ષે પતિની વાત પત્ની સાંભળે છે.

લગ્નના બીજા વર્ષે પત્નીની વાત પતિ સાંભળે છે. અને

પછીના વર્ષોમાં પતિ-પત્નીની વાતો (ઝઘડો) આડોશી-પાડોશી સાંભળે છે.

(સંસારની આ વિચિત્રતા નિહાળો)

મનાલી ચુ. શાહ-મદ્રાસ

સીધું-ઉંધું વાંચો

રમા રતીને તીર માર
જો મજાનો જામ જો
દે લતા તાલ દે
કમુ ચાલ ચા મુક
જો ચુંનીયા નીચું જો
દેવદાસ ઢાવ દે
જો વીર રવી જો
લે રતીયા તીર લે
લે સરસ રસ લે
ખા રમા માર ખા

(આ આગળ પાછળથી એક વંચાય છે તેમ જીવને ધર્મ શ્રધ્ધા પણ ઉલટ સુલટ પ્રસંગમાં સ્થિર રહેવી જોઇએ.)

હર્ષીત એન. શાહ
મી. આર. શાહ

ॐ એક અનોખું ઉદાહરણ ॐ

આનનીયશ્રી,

આપના વિસ્તારમાં ચાલતી કોઇપણ પ્રકારની હિંસક પ્રવૃતિને કાયદાનો સહારો લઈને આપ અટકાવી શકો છો, અને નિર્દોષ જીવોની રક્ષા દ્વારા મોટામાં મોટુ પુણ્ય બાંધી શકો છો.

આ જાહેરનામાનો ઉપયોગ કરીને આપના વિસ્તારમાં પણ આવા કાર્યો કરાવી શકો છો. વધુ માહિતી માટે સંપર્ક કરો:-'મહાજનમ્', ૫૧૦, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪, ફોન ૩૬૧૦૨૧૮, ૩૬૧૬૨૧૭

જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા દ્વારા મુંબઇ પોલીસ અધિનિયમની-૧૯૫૧ની કલમ ૩૩[ય] અન્વયે જાહેરનામું.

જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠાના ધ્યાન ઉપર લાવવામાં આવેલ છે કે મુકતેશ્વર જલાશય યોજનામાં મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા ઇજારાથી તથા જાહેર લોકો દ્વારા બીન અધિકૃત રીતે માછલાં પકડવામાં આવે છે સદરહું જલાશયનાં કિનારે મુકતેશ્વર મહાદેવનુ પુરાણું સ્થળ છે. જેથી ત્યાં તીર્થસ્થાન હોવાથી ઘણાં યાત્રાળુઓ સ્નાન તથા દર્શનાર્થે આવે છે ત્યાં માછલાં પકડવાથી લોકોની લાગણી દુભાય છે. જેથી મંદિરનાં આજુબાજુનાં વિસ્તારમાં કોઇપણ વ્યક્તિને માછલાં પકડવા નહીં કે મારવાની પ્રવૃત્તિ સામે પ્રતિબંધ મુકવાનું મને યોગ્ય જણાયેલ છે.

વાસ્તે હું બી. કે. શાહ આઇ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ (મ) અન્વયે મળેલા અધિકાર રુએ મુકતેશ્વર જળાશય યોજનાનો વિસ્તાર પૈકીના મહાદેવના મંદિરની આજુ-બાજુના ૧૦૦૦ (એક હજાર) મીટરના વિસ્તારમાંથી કોઇપણને તે વિસ્તારમાં માછલાં પકડવાં નહી કે નદી અથવા જળાશયને કોઇપણ રીતે બગાડ કરવા ઉપર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૪ જાન્યુ. સને ૧૯૬૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સહી

(બી. કે. શાહ)

જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા

શાસન સમાચાર

મુંબઈ-પ્રિન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ ફેવકરણ કેન્સન મધ્યે સામુદાયિક શ્રી ચૈત્ર માસની શાશ્વતી ઓળીના આરાધના કરાવવા માટે શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રયે બિરાજમાન પરમ પૂજ્ય પ્રાચીન સાહિત્યોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય જિનેન્દ્રસૂરીજી મહારાજ સાહેબે પોતાના શિષ્ય સરળ સ્વભાવી પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિ.મ. તથા સ્વ. પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય જયંતશેખર સૂરીશ્વરજી મ.ના શિષ્ય પરમ તપસ્વી ૧૦૦+૮૭ ના ઓળીના આરાધક પૂ. મુનિરાજશ્રી દિવ્યાનંદ વિ.મ.ને મોકલેલ સં. સુ. ૭ થી દરરોજ પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ.ના નવપદ ઉપર તથા શ્રીપાલ મયણાસુંદરીના ચરિત્રના વ્યાં.થી લોકોને સરો ઉત્સાહ થયેલ તેમજ વ્યા.માં અત્યંબીલ કરનાર દરેક તપસ્વીઓને તથા પ્રતિ.માં જુદી જુદી વ્યકિતઓ તરફથી સારી એવી પ્રભાવના કરવામાં આવતી હતી. ઓળીની આરાધના જુદાજુદા નવ ભાઈઓ તરફથી કરાવવામાં આવેલ તેમજ પારણા પણ તેમના તરફથી કરાવવામાં આવેલ. લોકો વ્યા.માં સારી સંખ્યામાં લાભ લેતા.

લોરેલતીર્થ-(બનાસકાંઠા)-અત્રે પૂ. આ.શ્રી વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. ગણિવર્યશ્રી ગુણયશવિજયજી મ.પૂ. ગણિવરશ્રી કીર્તિયશવિજયજીમ. આદિની નિશ્રામાં મુમુક્ષુ પ્રકાશકુમારની દીક્ષા વૈ.સુ ૬ ના થશે જે નિમિત્તે સંઘવી મગનલાલ કસ્તુરચંદ પરિવાર તરફથી પંચાહ્નિકા જિનેન્દ્ર ભકિત મહોત્સવ યોજવામાં આવેલ છે.

રાજકોટ-શ્રી મહાવીર જન્મ કલ્યાણક-ના કાર્યક્રમ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે જણાવ્યું હતું કે-

ગુજરાતમાં ગૌવંશ હત્યા ઉપર પ્રતિબંધ છે તે કાયદામાં જે છટકબારીઓ છે તે બંધ કરવામાં આવશે.

પાલીતાણા તીર્થધામમાં શેત્રુંજી નદી કેમમાં મસ્ત્ય હિંસા ઉપર આજથી પ્રતિબંધ મુકયો છે માછીમારીના કોન્ટ્રાકટ અપાયા છે તે વળતર આપીને પાછા ખેંચી લેવામાં આવશે.

નર્મદા નદી ઉપર ગુજરાતની હદમાં માછીમારીના કોઇ કોન્ટ્રાકટ આપવામાં નહી આવે નદી ત્રણ રાજ્યોમાં વહે છે તેથી ગુજરાતની હદમાં માછીમારી નિષેધ કાયદેસર લાગુ પાડવાની હૈયા ધરણ આપી હતી.

ગુજરાતમાં ગૌવંશ હત્યા પરના પ્રતિબંધ છે. પરંતુ ગુજરાતમાંથી ગૌવંશ રાજ્ય બહાર ગેરકાયદેસર કતલ ખાનાઓમાં જાય છે તેને અટકાવવાનાં પગલાં લેવાશે.

શ્રીહસ્તગીરી તીર્થ-અત્રે પરમ પૂજ્ય તપસ્વી સમ્રાટ આચાર્ય દેવશ્રી રાજતિલક સૂરીજી મ. સાહેબ તથા ગચ્છાધિપતિ પ. પૂ.

આચાર્યદેવશ્રી મહોદય સૂ. મ. સાહેબની શુભ નિશ્રામાં શાહ ચંદ્રકાંત દેવશી માટુંગા વાલા તરફથી ફાગણ વદી ૮ થી શ્રી સીમંધર સ્વામી આદી ત્રણ જિનબિંબોની નુતન દેવકુલકા મધ્યે પ્રતિષ્ઠા નિમિત્તે પંચાહ્નીકા મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ ફા. વ. ૧૧ ના સવારે શુભ મુહુર્તે પ્રતિષ્ઠા થયેલ બાદ શ્રી બૃહદઅષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ ફળનૈવેદ્ય ગોઠવણી ખૂબજ ભવ્ય રીતે થયેલ આ પ્રસંગે પાલીતાણાથી પૂ.આ. ભ. શ્રી રવિપ્રભસૂ.મ., પૂ.આ. શ્રી અમરગુપ્તસૂ.મ.સા., પૂ.આ. શ્રી ચંદ્રગુપ્તસૂ.મ.સા. પૂ.આ. શ્રી હેમભૂષણસૂ. ઉપાધ્યય શ્રી અજીત વિજયજી ગણીવર્ય આદી બહુસંખ્ય સાધુ મહાત્માઓ પધારેલ. પાંચે દિવસ ત્રણે ટાઇમની સાધર્મિક ભક્તિ સુંદર રીતે થયેલ જીવદયાની ટીપ સુંદર થઇ હતી વિધિવિધાન જામનગરવાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાએલા સંગીતમા પાલીતાણાવાલા શ્રી દલપતભાઇ નંદલાલની મંડળી આવતા જમાવટ સારી થઇ હતી.

બળેજ તીર્થ–અત્રે પૂ. પન્યાસ પ્રવર શ્રી વજસેન વિજયજી ગણીવર્ય મ. સા.ની શુભ નીશ્રામાં જીનાલયનો જીર્ણોદ્ધાર પુર્ણ થતા માહ વદી ૧૪થી પ્રતિષ્ઠા મહોત્સવ સંઘવી ભાઈચંદ મેઘજી માડ પરીવાર તરફથી ખૂબ ભવ્યતાથી ઉજવાયેલ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બૃહદ નંદનવત પૂજન બૃહદ અષ્ટોતરીસ્નાત્રયુકત અષ્ટાહ્નીકા મહોત્સવ ઉજવાયેલ ફા. સુ. ૪ના ચ ર જિનબીંબની પ્રતીષ્ઠા થયેલ બપોરના આખા ગામનુ જમણ થયેલ જીવદયાની ટીપ ખુબ સુંદર થવા પામી હતી વિધી વિધાન જામનગરવાલા શ્રી નવીનચન્દ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલી સંગીતમાં શંખેશ્વરવાળા દીલીપ ઠાકરે સારી જમાવટ કરેલી.

૦ ધર્મ લાભ કેવો છે !

सकल कुशलवल्लीपुष्करावर्त्तमेघो,
दुरितत्तिमिरभानुः कल्पवृक्षोपमानः ।
त्रजलनिधिपोतः सर्वसंपत्ति हेतुः,
स भवतु सतत वः श्रेयसे धर्मलाभः ।।

સઘળી ય કુશલતા રૂપ વેલડીને માટે પુષ્કરાવર્ત્તના મેઘ સમાન, દુરિત–પાપ રૂપી અંધકારનો નાશ કરવા સૂર્ય સમાન, કલ્પવૃક્ષની ઉપમાવાળો, ભવ સમુદ્રના પાર પમાડવા માટે પોત–જહાજ સમાન, સઘળી ય બાહ્ય–આભ્યંતર સંપત્તિ–ગુણ સંપત્તિનું કારણ એવો ધર્મલાભ હંમેશને માટે તમારા કલ્યાણને માટે થાવ !

રાત્રિભોજન–અહિતકારક

अहनो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञो डश्नात्यसौ पुण्यभाजनम् ।।
(યોગશાસ્ત્ર)

રાત્રિ એટલે કે સૂર્યાસ્ત પછી ભોજન કરવું, સ્વાસ્થ્ય માટે અનેક રીતે હાનીકારક છે. રાત્રિભોજન કરવાથી અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. રાત્રિફલ પ્રભાવથી પાચનશક્તિ મંદ થાય છે, વૈદિક વાકમય અનુસાર, રાત્રિભોજનથી ટેવાયેલાં વ્યક્તિમાં, જંતુસંસર્ગ થવાની સંભાવના વધુ રહે છે, વૈદિક એમ કહે છે કે, જે વ્યક્તિ પુણ્યકર્મ કરવાવાળા અને રાત્રિભોજયથી થતા નુકશાનથી પરિચિત હોય છે તેઓ સૂર્યોદયથી ૪૮ મિનીટબાદ અને સૂર્યાસ્તથી ૪૮ મિનિટ પહેલા ભોજન કરી લે છે.

करोति विरतिं धन्यो यः सदा निशिभोजनात् ।
सोऽर्द्धा पुरुषायुषस्य स्यादवश्यमुपोषितः ।।

જે વ્યકિત હંમેશ માટે રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે, તેને પોતાની અર્ધી આયુષ્ય જેટલા ઉપવાસનું ફળ મળે છે. આપણા પુરાણ સાહિત્યની ખુબી છે કે, લોકોની સમજમાં વાત બરાબર આવી જાય તે હેતુ ધર્મનો સહારો લઈને પણ લોકોને સમજાવવા પ્રયત્ન થયો છે. જેમકે...


चत्वारो नरकद्वारा प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव संधानानन्तकायिके ।।
(પદ્મપુરાણ)

રાત્રિભોજન પરસ્ત્રી સાથે સહવાસ, બોળ અથાણું ખાવું તથા કંદમૂળ ખાવું આ ચારે નરકના દ્વાર છે.

મતલબકે, આ ચારેના સેવનથી શરીર અને મનને તકલીફ સિવાય કંઇ મળતું નથી.

(આરોગ્ય સંજીવનીના અંકમાંથી)
અનુવાદ–રામજીભાઇ ગઢવી જાંબુડા
જિ. તા. જામનગર

Reg No. G. SEN 84



- શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ જોરદાર બને એટલે તેની મેળે અપૂર્વકરણ આવે. અને અનિવૃત્તિકરણ આવી મિથ્યાત્વને ખેદાન મેદાન કરી નાંખે ! સારા પરિણામ પેદા થાય તે તેનામાં ખરાબ પરિણામોનો કચરો સાફ કરવાની તાકાત છે. ખરાબ પરિણામોએ જેમ સંસારમાં રખડાવ્યા તેમ સારા પરિણામોમાં મોક્ષમાં લઇ જવાની તાકાત છે.
- જૈન શાસનના નવે તત્ત્વોમાં આત્મવાદ અને કર્મવાદ ગમે નહિ તો તે ગમે તેટલી આધ્યાત્મિક વાતો કરતો હોય તો પણ તે બધી વાંઝણી જ છે. તેને અધ્યાત્મ માટે આત્માને કેળવ્યો જ નથી. જેને સુખ જોઇએ અને દુઃખની એક સામગ્રી ચાલે નહિ તેને અધ્યાત્મિક કહેનારા વાયડા લોકો છે.
- દુઃખમાં મુંઝાવું તે દુર્ગતિમાં જવાનો રસ્તો છે. દુઃખ તો સંસારમાં જેણે પાપ કર્યા હોય તેને આવે, આવે અને આવે જ. પાપ ન કર્યું હોય તેને દુઃખ આવે નહિ. દુઃખ એ તો આત્માની વોશીંગ કંપની છે. દુઃખ તારા આત્મા પરના બધા પાપ ધોઇ રહ્યું છે. એક પાપ ઉદયમાં આવે જો તું સાવધ ન હોય તો ઘસડીને ઘણાં પાપમાં લઇ જાય. દુઃખમાં રોવું પણ આવે, ખુબ પણ પડે છતાં કહેવું કે મઝામાં છું કેમ કે મેં પાપ લહેરથી કર્યું છે. ગોઠવીને હોંશિયારીથી મઝેથી કર્યું છે.
- પોતે જેવા ન હોય તેવા દેખાવવાની ઇચ્છા થવી તે દંભનું પહેલું પાપ છે. પછી બીજાને ફસાવવાનું પાપ થાય છે. અને પછી તેના માટે બીજા કેટલાયે પાપ કરે તેનું વર્ણન ન થાય.
- બે ઘડીની સામાયિક ત્યારે જ સાચી કહેવાય કે જીવનભરનું સામાયિક કયારે લેવાય તેનું મન જ રહ્યા કરતું હોય.
- મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણ મોટા પાપ છે સુખ સારૂં લાગવું અને દુઃખ ન લાગવું તે મિથ્યાત્વ છે. સુખ સારૂં લાગે તે અવિરતિ છે. અને સુખ મેળવવાની મહેનત તે કષાયના તોફાન છે. સુખ મલી જાય અને આનંદમાં નાચે તે એક જાતનો સન્નેપાત છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ ક. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराण उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं पत्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી

સમ્યગ્દૃષ્ટિના લિંગો.

सव्वत्थ उचियकरणं,गुणाणुराओ रई अ जिणवयणे ।
अगुणेसु अ मज्झत्थं, सम्मद्दिट्ठिस्स लिंगाइं ।।

સર્વત્ર ઉચિત કરણ, ગુણાનુરાગ, શ્રી જિનવચનમાં રતિ અને ગુણરહિત-દોષિતને વિષે મધ્યસ્થપણું– એ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો-ચિહ્નો છે.

વર્ષ ૭

અંક ૩૫

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન ૨૧, દિગ્વિજય પ્લોટ

જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

o શ્રી જિનાજ્ઞાની આરાધના, એ અનન્તા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.

o સંસારના કોઇપણ સુખનો જેને ખપ નથી અને એક મોક્ષનો જેને ખપ છે, એવાઓને માટે જ દીક્ષાનો માર્ગ છે. પછી તે રાજા હોય કે રંક હોય !

o ભગવાનના દર્શન-પૂજન કરે પણ ભગવાન ઓળખવાનું મન થાય નહિ ભગવાનની આજ્ઞા સમજવાનું પણ મન થાય નહિ તો સમજવું કે, હજી સંસારમ ભટકવાનું ઘણું બાકી છે.

o ભગવાનનો સેવક બને તેને પુણ્યથી મલતી પણ સંસારની સારામાં સારી સામગ્રી આત્માનું ભૂંડું કરનારી જ લાગે.

o મોક્ષની વાત ન કરે તે સાધુ પણ નહિ અને મોક્ષની ઇચ્છા થાય નહિ તે શ્રાવક પણ નહિ.

o શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને માનવી તેનું નામ શ્રી જિન ભક્તિ ! તે માન્યતા મુજબ જીવન ઘડવાનો પ્રયત્ન કરવો તેનું નામ ભક્તિ ભાવ !

o જે જનમાં મહાપણું હોય તે મહાજન કહેવાય. મોટું ટોળું હોય પણ તેનામાં જો મહાપણું હોય નહિ, તો તે મહાજન કહેવાય નહિ. એકમાં પણ જો મહાપણું હોય તો તે મહાજન કહેવાય. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજાએ લખ્યું કે 'એકોડપિ શાસ્ત્રનીત્યા યઃ, વર્તતે સ મહાજનઃ !' શાસ્ત્રોએ ફરમાવેલી નીતિને અનુસારે વર્તનારો એક પણ હોય, તોય તે મહાજન કહેવાય,

o ધર્મથી તો વિષયા શકિત ઘટે અને વિષય વિરાગ વધે !

o ધર્મથી સંસારનો રાગ ઘટે અને મોક્ષનો રાગ વધે.

o આજ્ઞા મુજબ ધર્મ કરનારને સંસારથી છોડાવીને મોક્ષને પમાડનારી ક્રિયાઓની આડે જે પ્રમાદ આવતો હોય તે પ્રમાદ તો દુશ્મન જેવો લાગે.

o ધર્મથી કષાયો ઘટે, આત્માના ગુણોને પ્રગટાવવાનું આકર્ષણ વધે.

o જેમ જેમ જરૂરિયાત ઘટે, તેમ તેમ પાપ કરવાની જરૂરિયાત પણ ઘટે, પછી 'જેની જીવવાને માટે જરૂર નહિ. તેમાં ખર્ચ કરવો નહિ'-આવો નિર્ણય કરો અને યથા શકય અમલ કરો તો ઘણો સંયમ આવી જાય. તમે બધા જો આવા સંયમી બની જાવ તો તમારાં ઘર કેવાં ચાલે.

પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રી
પ્રેમચંદ મેઘજી ગુંદ (કચ્છવાળા)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી મુકીમ (પાલનપુર)

વર્ષ ૭] ૨૦૫૧ વૈશાખ સુદ-૯ મંગળવાર તા. ૯-૫-૯૫ [અંક-૩૫

તિથિનો પ્રશ્ન સિદ્ધાંતનો છે?

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

(૨૦૪૨ ના જેઠ સુદ ૮ ને રવિવાર તા. ૧૫-૬-૧૯૮૬ ના પ. પૂ શ્રી આત્મારામજી મહારાજાના ગુણાનુવાદના પ્રવચનમાંથી)

પ્ર-તિથિનો પ્રશ્ન સામાચારી છે. કે શાસ્ત્ર છે ?

ઉ-બહુલેા બહુલેા કહે કે તિથિપ્રશ્ન સામાચારી છે તો તે વાંચી હસવું આવે છે. રોજ સવારના પ્રતિક્રમણ કરનાર પુણ્યાત્મા તપચિંતવણી કાઉસ્સગ્ગ વખતે 'અદ્ય કા તિથિ ?'-આજે કંઇ તિથિ છે ? નો વિચાર કરે છે. તો તિથિ જોવા શાસ્ત્ર જોવું પડે ને ? તિથિ શાના આધારે નક્કી થાય ? 'તિથિ સામાચારી છે, તેમ આગમનો સંશોધક બોલે (જૂઓ તા. ૧૬-૬-૮૬ મુંબઇ સમાચાર મુ. શ્રી જંબૂવિજયજીનો લેખ) તો તેને આગમમાં શું શું ગોટાળા કર્યા હશે ?

પ્ર-આજે પાંચમ છે કે કાલે પાંચમ છે તેની શું ચિંતા કરવી આપણે તો આરાધના કરવાથી કામ છે ને ?

ઉ-કેાર્ટમાં જે તારીખ પડે તેજ તારીખે જાવું કે બીજી તારીખે જાવ ? ગમે તે પાંચમ ન કહેતા ભાદરવા સુદની જ પાંચમ (હાલમાં ચોથ) કેમ લખી ? બે ભાદરવા આવે ત્યારે કયા ભાદરવામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી તે પ્રશ્ન કેમ કરાયેા ? ગમે ત્યારે ન કરતા બીજા જ ભાદરવામાં શ્રી પર્યુષણા પર્વ કરવા તેમ કેમ કહ્યું ? ભાદરવા માસ વિના શ્રી પર્યુષણા પર્વ કયારે ય થયા નથી તે હકીકત છે. બે ભાદરવા આવે તો શ્રી પર્યુષણા પર્વ કયારે કરવા તે અંગે બધી જ શ્રી કલ્પ-સૂત્રની ટીકામાં નવમા વ્યાખ્યાનમાં દરેકે દરેક શ્રી ટીકકાર ભગવંતોએ ખૂલાસો કર્યો કે-

"જેમ બે ચૌદશ આવે તો પહેલી ચૌદશ મૂકી બીજી ચૌદશે પકખીની આરાધના કરવી તેની જેમ બે ભાદરવા માસ આવે તો પહેલો ભાદરવો માસ મૂકી બીજા ભાદરવા માસમાં શ્રી પજુષણ મહાપર્વની આરાધના કરવી. આટઆ અક્ષરો હોવા છતાં ગાંડીયારેડા કહે છે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ ?

પ્ર-આજે તો બધા કહે છે કે, આ તો ટીકાકારોનો મત છે મૂલકારનો નહિ ?

ઉ-જેટલા જેટલા ટીકાકાર પરમર્ષિઓ થયા તે બધા ભવભીરુ-સંવિગ્નગીતાર્થ હતા. મૂલકારના આશયથી જરાય આઘા પાછા થયા વિના ટીકા કરી છે તે ય મૂલકારનો આશય વધુ સ્પષ્ટ કરવા અને મંદમતિના જીવો પણ સારી રીતે સમજી શકે માટે. મૂળને વળગીને ટીકા કરે તે ટીકા સાચી મુલને આઘુ મુકીને ટીકા કરે તે તો મેવકુફનો આગેવાન કહેવાય !

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માને તો કોઇ જ ઝઘડો નથી લવાદે પ્રશ્ન પૂછેલ કે- "તમારા આચાર્યો જુઠ્ઠા છે ? જે પંચાંગમાં થ ન હોય તે તમે બોલો છો ?" તે સાગરજી મ. તેનો જવાબ નથી આપી શક્યા. તિથિની બાબતમા મરજી આવે તેમ થાય નહિ.

તમે બધા ડાહ્યા થઈ જાવ. તે સાધુને પૂછે અને કહો કે આગમને બગાડવા રહેવા દો. અમારે આગમ આવી રીતે નથી સુધરાવવા. તેમને આગમ પરિણામ પામ્યા લાગ્યા નથી, નામનામાં પડી ગયા લાગે છે. નહિ તો 'આગમવેદી' આમ બોલી શકે ?

આવું લખનારાના વખાણ કર્યા છે. તમે સારા છો. બધા મેવકુફોને ઓળખાવ્યા છે. (જુઓ. તા. ૧૪-૬-૮૬ નું મુંબઇ સમાચાર જૈનદિવાંકરનો લેખ) આજે સમાજમાં શું ચાલી રહ્યું છે તે સમજો છો ? જૈનો તો ડાહ્યા હોય !

તિથિ તો સામચારી છે ગમે તે મનાય આવું લખે તેના જેવો જુઠ્ઠો બીજો નથી. શાસ્ત્રે કહ્યું છે કે, તિથિ બાર મહીને ૩૬૦ જ આવે. તિથિનો ક્ષય એટલે તિથિ નાશ નથી પામતી અને તિથિની વૃદ્ધિ તો તે વધતી નથી. ૭ા'ડા ૧૩-૧૪-૧૫-૧૬ આવે પણ તિથિ તો ૧૫ જ હોય. ગયા વર્ષે ૧૩ મહિના હતા છતાંય સંવત્સરી બામણામાં શું બોલ્યા કે "બારમાસાણું ચઉવ્વીસ પકખાણું ત્રણસો સાઇઠ રાઇદીયાણું" અધિકમાસ ગણત્રીમાં લેવાય નહિ, પ.પૂ. શ્રી હીરસૂરીશ્વરજી મ. તથા પ.પૂ શ્રી સેનસૂરીશ્વરજી મ. પણ શ્રી હીરપ્રશ્ન અને શ્રી સેનપ્રશ્નમાં પણ આ પ્રમાણે લખી ગયા છે. શ્રી સાગરજી મ. પણ લખી ગયા છે કે-"પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય નહિ તેમ જૈન શાસનનો જાણકાર બોલી શકે નહિ." પહેલાં શ્રી સંવત્સરી પાંચમે હતી આજે ચોથે છે માટે ચોથ ભંગાય નહિ. પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માને તો કોઇ કજીયો નથી. નહિ માનવાથી વિરાધના છે. આપણે તો સાચી વાત પકડી રાખી છે. સૌ આ સમજીને સાચા આરાધક બનો તે અપેક્ષા.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

:- આમુખ :-

॥ નમો નમઃ શ્રી રામચન્દ્રસૂરયે ॥

॥ ઐં નમઃ ॥

अन्नाणसम्मोह तमोहरस्स नमो नमो नाणदिवायरस्स ॥

'અજ્ઞાનનો જે સંમોહ તે રૂપી અંધકારનો નાશ કરનાર જ્ઞાનરૂપી દિવાકર-સૂર્યને નમસ્કાર થાઓ !'

અનંતજ્ઞાની એવો પણ આત્મા, મોહરાજાએ પાયેલી અજ્ઞાન રૂપી મંદિરના પાનની તેના જ મદમાં મસ્ત બનીને પોતાનું સાચું સ્થાન અને ભાન ભુલી ગયો છે. તેથી અજ્ઞાનની આંધીમાં અટવાયેલો તે જે કાંઈ કરે છે તેથી દુઃખ દુઃખ, અને દુઃખ જ પામે છે. તે 'પર' રૂપમાં જ મોજમજા માને છે તેથી તે 'પર'ના સાંયોગિક સુખને જે એકાંતે દુઃખ રૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી છે તેમાં જ સુખ માને છે. તેથી પાપમાં જ પાવરધો બની પાપથી પ્રચુર એવો તે ચારે ગતિમાં ભટકયા કરે છે.

અનંતજ્ઞાની એવા આત્માની આવી શોચનીય દશા જોઇને અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓને તેના ઉપર સાચી ભાવદયા જન્મે છે. તેથી તે પરમતારકો સમ્યગ્જ્ઞાનનું અંજન આંજી તેની સાચી ચેતના જાગે, કાંઇક વિવેક દૃષ્ટિ ખીલે તે માટે પ્રયત્ન કરે છે. તેમાં જે આત્માઓને તેઓનું જ્ઞાનાંજન લાભદાયી બને છે તેનામાં કાંઇક જાગૃતિ આવે છે અને તેને પોતાના 'સ્વ' સ્વરૂપનું કાંઇક ભાન થાય છે. આવું સાચું ભાન આવ્યા પછી, અજ્ઞાનનું આવરણ કાંઇ ખસ્યા પછી જીવ કઇ રીતે વિકાસ કરે છે અને પોતાના સાચા સ્વરૂપને પામે છે તે માટે મહાપુરૂષોએ અનેક પ્રકારે ઉપદેશો ફરમાવ્યા છે.

તેમાંનો એક ઉપદેશ એટલે જ આ શ્રી પંચસૂત્ર છે જેમાં ચેતનવંતો જીવ કઇ રીતે વિકાસ સાધે છે તેનું વર્ણન છે. પાપને પાપ રૂપે સમજ્યા પછી તે પાપથી દૂર થવા અને ગુણોને મેળવવા શું કરવું તે માટે પ્રથમ પાપ પ્રતિઘાત-ગુણ બીજ નામનું સૂત્ર છે. તે પછી ગુણો મેળવવા શું કરવું તે માટે બીજું 'સાધુધર્મ પરિભાવના' સૂત્ર છે તેની ભાવના ભાવ્યા પછી કઇ રીતે પ્રવ્રજ્યા અંગીકાર કરવી તે માટે ત્રીજું 'પ્રવ્રજ્યા

ગ્રહણવિધિ' સૂત્ર છે. તે પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી કઈ રીતે જીવવું તેના માટે ચોથું 'પ્રવ્રજ્યા પરિપાલના' સૂત્ર છે અને પ્રવ્રજ્યા પાલનનું ફળ શું તે સમજાવવા પાંચમું 'પ્રવ્રજ્યા ફલ' નામનું સૂત્ર છે.

તેના આ અર્થનો બરાબર અભ્યાસ કરી તેના ઉપર પૂર્ણ મનન-ચિંતન અને ધારણા કરી તેને બરાબર આત્મસાત્ કરી સૌ કોઇ વાચકો-ભાવિકો 'પ્રવ્રજ્યા અને પ્રવ્રજ્યાના ફલને પામી, આત્માની અનંતીગુણલક્ષ્મીના સ્વામી બનો તે જ મંગલ ભાવના.

શ્રી ચિરન્તનાચાર્યકૃતં

।। अथ पंचसूत्रम् ।।

[મૂલ તથા ભાવાર્થ]

१–पावपडिग्घायगुणबीजाहाणसूत्रं.

અનાદિકાળથી કર્મસંયોગના યોગે જીવ અનંત દુઃખમય એવા આ સંસારમાં પરિભ્રમણ કરે છે. તેનાથી મુક્ત થવા માટે વિધિ બહુમાન અને આદર પૂર્વક શ્રી અરિહંત પરમાત્માના ધર્મનું જ આસેવન કરવું જોઇએ. તે ધર્મની ભાવથી સાચી રીતે પ્રાપ્તિ તથા પ્રકારના ભવ્યત્વાદિકના પરિપાકથી અને પાપકર્મોના વિનાશથી થાય છે. તે તથા ભવ્યત્વને પરિપાક કરવા માટે ચાર શરણ, દુષ્કૃત્ય ગર્હા અને સુકૃતની અનુમોદનાનું આસેવન કરવું જોઇએ. તે કેવી રીતે કરવું તે માટે આ 'પાપપ્રતિઘાત અને શુભ બીજાધાન સૂત્રનો' ઉપન્યાસ છે.

પ્રથમ મંગલ તરીકે અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર કરે છે.

णमो वीयरागाणं सव्वण्णूणं देविंदपूइआणं जहट्ठिअवत्थुवाइणं तेलुक्कगुरूणं अरूहंताणं भगवंताणं ।।

આ સંસારથી પાર ઉતારે તેનું નામ મંગલ છે. અને દરેક શિષ્ટપુરૂષોનો એ આચાર છે કે કોઇપણ ગ્રન્થની નિર્વિઘ્ન પરિસમાપ્તિ તેમજ તેના પારમાર્થિક જ્ઞાનને માટે પોતાના ઇષ્ટદેવને નમસ્કાર સ્વરૂપ મંગલ કરવું જોઇએ.

સર્વથા રાગ અને દ્વેષથી રહિત, જગતના સર્વપદાર્થોને સર્વ રીતે જાણનાર શ્રી સર્વજ્ઞ, સર્વદેવેન્દ્રોથી પણ પૂજાયેલા, વસ્તુતત્ત્વને યથાર્થ રીતે કહેનારા, ત્રણે લોકના ગુરૂ, આ સંસારમાં હવે ફરીથી જન્મ નહિ લેનારા એવા શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ. આ રીતે મંગલાચરણ કરીને શ્રી તીર્થંકર દેવોના ચાર મૂલાતિશય પણ ગર્ભિત રીતે સૂચવ્યા છે. તે આ પ્રમાણે શ્રી વીતરાગ કહીને અપાયાપગમાતિશય, સર્વજ્ઞ પદથી જ્ઞાનાતિશય, 'देविंदपूइआणं' પદથી પૂજાતિશય અને 'जहट्ठिअवत्थु वाइणं' પદથી વાગતિશય.

તેઓ શું કહે છે તે જણાવે છે–

જે એવમાઇક્ખંતિ–ઇહ ખલુ અણાઇજીવે, અણાઇ જીવસ્સ ભવે, અણાઇકમ્મ-સંજોગ નિવ્વત્તિએ, દુક્ખરૂવે, દુક્ખફલે, દુક્ખાણુબંધે ।।

તે શ્રી જિનેશ્વ દેવો ફરમાવે છે કે–આ જગતમાં જીવ અનાદિનો છે, અનાદિ એવા જીવનો સંસાર પણ અનાદિનો છે અને તે સંસાર અનાદિ એવા કર્મસંયોગથી બનેલો છે. તે સંસાર જન્મ, જરા, મરણ, વ્યાધિ, રોગ, શોકાદિથી દુઃખરૂપ એટલે કે દુઃખથી ભરેલો છે, તથા ચારે ગતિમાં જન્મ-મરણાદિ ચાલુ હોવાથી દુઃખફલક એટલે દુઃખના ફળને જ આપનારો છે તથા દુઃખાનુબંધી છે એટલે કે અનેક ભવો વડે વેદી શકાય એવી કર્મોની પરંપરાને બાંધનારો છે.

તેનાથી મુકત થવાનો ઉપાય શું તે જણાવે છે.

ए अस्स णं वुच्छित्ती सुद्धधम्माओ, सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ, पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ ।।

આ સંસારનો વિચ્છેદ શુદ્ધ ધર્મ–સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધનાથી થઇ શકે છે. તથા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ મિથ્યાત્વ મોહનીયાદિ પાપકર્મોના નાશથી થાય છે. તથા પાપકર્મોનો વિનાશ તથાભવ્યત્વાદિ કારણોના પરિપાકથી થાય છે. સિદ્ધિ ગમનને યોગ્ય એવો જે અનાદિ પારિણામિક ભાવ તેને તથાભવ્યત્વ કહેવાય છે. તેની સાથે કાલ, નિયતિ, કર્મ અને પુરુષકાર પણ તેનાં કારણો છે.

હવે તથાભવ્યત્વના પરિપાકના સાધનો જણાવે છે.–

तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाणसेवणं, अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलेसे तिकालम-संकिलेसे ।।

તે તથાભવ્યત્વને પરિપાક કરવાના સાધનો ઉપાયો આ પ્રમાણે છે. શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધભગવંતો, શ્રી સાધુભગવંતો અને શ્રી કેવલી ભગવંતે પ્રરૂપેલો ધર્મ એ ચારનું ભાવથી શરણ સ્વીકારવું; પાપકર્મોની–આ ભવમાં કે પરભવમાં કરેલાની–પર-સાક્ષીએ ફરી નહિ કરવા સ્વરૂપ ગર્હા અને આત્મસાક્ષીએ નિંદા કરવી કેમકે; પાપકર્મોના અનુબંધને દૂર કરવા માટે આ જ ઉપાય છે. તથા સુકૃતની કરણી કરવી અને અનુમોદના કરવી એજ કારણથી મોક્ષના અર્થી એવા ભવ્યપ્રાણીઓએ હંમેશા મન, વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક આ ચાર શરણાદિ કરવા લાયક છે. તેમાં જો તીવ્ર રાગાદિ રૂપ સંકલેશના પરિણામ હોય તો તેણે વારંવાર આ ચાર શરણાદિ સ્વીકારવા અને જેને સંકિલષ્ટ પરિણામ ન હોય તેને ત્રિકાલ તો તેનો અવશ્ય પાઠ કરવો જોઇએ. (ક્રમશઃ)

લઘુ બોધકથાઓ

-પૂ. આ. શ્રી અનંતગુણાશ્રીજી મ.

[૧] પારમાર્થિક જ્ઞાન જ પરમપદનો પંથ :

ભગવાન શ્રી જિનેશ્વર દેવોનો ધર્મ સદૈવ જયવંતો વર્ત્તે છે અને વર્તવાનો પણ છે. તે ધર્મ જ અનાદિથી પરિભ્રમણ કરતાં એવા આત્માનું ભ્રમણ અટકાવી સાચાં અને વાસ્તવિક સુખનો સ્વામી બનાવનાર છે. પણ જો તે સાચી સમજ પૂર્વક કરાય તો. દુનિયાની દરેક પ્રવૃત્તિમાં સમજ જરૂરી જ નહિ પણ અનિવાર્ય જ છે એમ માનનારો વર્ગ માત્ર ધર્મમાં જ કેમ વિલક્ષણ નીતિ અપનાવે છે તે સમજી શકાતું નથી. અને અણસમજ કેવી હાસ્યાસ્પદ બને છે અને સમજ કેવી ઉત્તમ દશાને પમાડે છે તે માટે એક નાનકડું દૃષ્ટાંત જણાવું છું. ગમે તેટલું જ્ઞાન હોય પણ જો તેનો મર્મ હાથમાં ન આવે-સમજાય નહિ તો હાલત શોચનીય બને છે. કેમકે વિદ્વાનો શ્રમ-અભ્યાસ કરનારા ઘણાય હોય છે પણ તેના પરમાર્થને પામનારા માત્ર વિરલા જ હોય છે.

પ્રતિષ્ઠાનપુર નગરમાં શાલિવાહન રાજા વિશાળ રાજ્ય સુખને અનુભવે છે. તેને ચંદ્રલેખા વગેરે પાંચસો (૫૦૦) પત્નીઓ છે જે બધી, બધી ભાષાની વિશારદ અને કવિત્વશક્તિવાળી ઘણી વિદુષી છે અને રાજા તે બધાની સાથે આનંદ પ્રમોદમાં પોતાના કાળને પસાર કરે છે.

એકવાર ગ્રીષ્મઋતુમાં રાજા પોતાના અંતઃપુર આદિ પરિવારની સાથે જલક્રીડાને માટે સરોવરમાં ગયો છે. અને જલની ક્રિડાને કરે છે. તે વખતે રાજાની મુખ્ય પટ્ટરાણી ચંદ્રલેખા અત્યંત સુકુમાર હોવાથી પરસ્પર જલને નાખવાથી થતી શીતલતાને સહન કરી શકતી નથી અને રાજા તેણી પરના અત્યંત પ્રેમથી તેણી ઉપર પાણીનો છંટકાવ કર્યા કરે છે. તે વખતે ભાષાવિશારદ વિદુષી એવી તે રાણી સંસ્કૃત ભાષમાં રાજાને કહે છે કે-'દેવ! મ મોદકૈઃ સિંચય!' વારંવાર આવી વિનંતી છતાં રાજા તેની હોંશિયારીને સમજી શકતો નથી અને 'મોદકૈઃ સિંચય' સાંભળતાં જ દાસી પાસે સુગંધી મોદકોથી પૂર્ણ થાળ મંગાવે છે. ત્યારે રાજાની મુગ્ધતા અને મુર્ખાઇથી રાણી એકદમ હસી પડી. પોતાની મશ્કરીથી મુંઝાયેલા રાજાએ હસવાનું કારણ પૂછતાં રાણીએ કહ્યું કે-દેવ! અન્ય અર્થના બદલે અન્ય અર્થના જ્ઞાનથી અર્થાત્ મા તા કહેવાનો વાસ્તવિક પરમાર્થ નહિ સમજી શકવાથી મને હસવું આવ્યું, બીજું કારણ નથી.

કથા માત્ર મનોરંજન કરવા નથી પણ વાસ્તવિક બોધને પામી તે પ્રમાણે વર્તવાનું શીખવાડવા માટે છે. જ્ઞાનના સાચા રહસ્યને પામી 'હૃદયગ્રાહિણસ્તાસાં ક્વિત્રાઃ સંતિ ન સંતિ વા।'માં આપણો નંબર લગાવીએ તેવી જ હાર્દિક મંગલ મહેચ્છા છે.

વિવિધ વાંચનમાંથી

અવતરણકાર : પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. મુંબઇ

૧૦. પચ્ચક્ખાણ અને તેનું ફળ

નવકારશી...	એકસો વર્ષના નરકાયુ દ્વારા જે કર્મ ખપે તેટલા કર્મને દૂર કરે.		
પોરિસિ...	એક હજાર વર્ષના નરકાયુ દ્વારા	,,	,,
સાઢ પોરિસિ...	દસ હજાર વર્ષના નરકાયુ દ્વારા	,,	,,
પુરિમડ્ઢ...	એક લાખ વર્ષના ,,	,,	,,
એકાસણું...	દસ લાખ વર્ષના ,,	,,	,,
નવિ...	એક ક્રોડ વર્ષના ,,	,,	,,
એકલઠાણું...	દસ ક્રોડ વર્ષના ,,	,,	,,
એકત્તિ...	સો ક્રોડ વર્ષના ,,	,,	,,
આયંબિલ...	એક હજાર ક્રોડ વર્ષના ,,	,,	,,
ઉપવાસ...	દસ હજાર ક્રોડ વર્ષના ,,	,,	,,

છેલ્લા જંબૂસ્વામિ કેવલી પછી ૧૦ વસ્તુઓનો વિચ્છેદ

૧ કેવલજ્ઞાન, ૨ મનઃપર્યવજ્ઞાન, ૩ પરમાવધિ, ૪ પુલાકલબ્ધિ, ૫ આહારક શરીર, ૬ ક્ષપકશ્રેણી, ૭ ઉપશમશ્રેણી, ૮ જિનકલ્પ, ૯ ચારિત્ર (સૂક્ષ્મ સંપરાય પરિહાર વિશુદ્ધિ અને યથાખ્યાત. આ. ૩ ચારિત્ર) અને ૧૦ મોક્ષ.

સ્ત્રીઓ શું ન પામી શકે ?

અરિહંતપણું, ચક્રવર્તીપણું, વાસુદેવપણું, બલદેવપણું, સંભિન્નશ્રોતલબ્ધિ, ચારણલબ્ધિ, પુલાક લબ્ધિ ચૌદપૂર્વ, ગણધરપણું, આહારક શરીર.

૬ પ્રકારે ભગવંત પણ અસમર્થ

૧ ભવ્ય જીવને અભવ્ય ન કરી શકે. ૨ અભવ્ય જીવને ભવ્ય ન કરી શકે. ૩ જીવને અજીવપણું ન કરી શકે. ૪ અજીવને જીવપણું ન કરી શકે. ૫ સુખીને દુઃખી ન કરી શકે. ૬ દુઃખીને સુખી ન કરી શકે.

૧૪ રાજલોક પ્રમાણ

એક દેવ સૌધર્મ દેવલોકથી ક્રિડાપૂર્વક હજાર ભાર લોઢાના ગોળા પોતાના સર્વ બળથી ભુમિ પ્રતિ ફેંકે, તે ગોળો ૬ માસ ૬ દિવસ ૬ પ્રહર ૬ મુહુર્ત ૬ ઘડી ૬ પળે પૃથ્વી પર આવે છે ત્યારે એક રાજ પ્રમાણ થાય. તેવા ચૌદરાજ લોક જાણવા.

આ અવસર્પિણીમાં અભવીજીવ આઠ જણ.

૧ સંગમદેવ, ૨ કાલસૌકરીક કસાઇ, ૩ કપિલા દાસી, ૪ અંગારમર્દક આચાર્ય, ૫ રોહગુપ્ત, ૬ પાલકમુનિ, ૭ પાલક રાજપુત્ર (કૃષ્ણનો પુત્ર) ૮ વિનયરત્ન મુનિ.

૬ સંઘયણવાળાની ગતિ.

- પહેલા સંઘયણવાળા કેવલજ્ઞાન પામી મોક્ષ સુધી જાય, અને અશુભ અધ્યવસાયથી નીચે સાતમી નરક સુધી જાય.
- બીજા સંઘયણવાળા ઉપર બારમા દેવલોક સુધી જાય અને અશુભ અધ્યવસાયથી છઠ્ઠી નરક સુધી જાય.
- ત્રીજા સંઘયણવાળા ઉપર દસમા દેવલોક સુધી જાય અને અશુભ અધ્યવસાયથી પાંચમી નરક સુધી જાય.
- ચોથા સંઘયણવાળા ઉપર આઠમા દેવલોક સુધી જાય અને અશુભ અધ્યવસાયથી નીચે ચોથી નરક સુધી જાય.
- પાંચમા સંઘયણવાળા ઉપર છઠ્ઠા દેવલોક સુધી જાય અને અશુભ અધ્યવસાયથી ત્રીજી નરક સુધી જાય.
- છઠ્ઠા સંઘયણવાળા ઉપર ચોથા દેવલોક સુધી જાય અને અશુભ અધ્યવસાયથી બીજી નરક સુધી જાય.

મનુષ્યગતિમાંથી આવેલાના ૬ લક્ષણો.

૧ સુભાંગી હોય. ૨ મીઠાવચનવાળો હોય. ૩ દાતાર હોય. ૪ સરળ હોય. ૫ ચતુર હોય. ૬ ચતુરાઇ સાથે પ્રીતિવાળો હોય.

દેવગતિમાંથી આવેલાના ૬ લક્ષણો.

૧ સત્યવાદી-દૃઢધર્મી હોય. ૨ દેવગુરૂનો ભક્ત હોય. ૩ ધનવાન હોય. ૪ રૂપવાન હોય. ૫ પંડિત હોય. ૬ પંડિત સાથે પ્રીતિ કરનારો હોય.

તિર્યંચગતિમાંથી આવેલાના ૬ લક્ષણો.

૧ લોભી હોય. ૨ કપટી હોય. ૩ જુઠો હોય. ૪ અતિક્ષુધાળુ હોય. ૫ મૂર્ખ હોય. ૬ મૂર્ખની જોડે પ્રીતિ કરનારો હોય.

નરકગતિમાંથી આવેલાના ૬ લક્ષણો.

૧ કાળો હોય. ૨ કલેશી હોય. ૩ રોગી હોય. ૪ અત્યંત ભયશીલ હોય. ૫ અત્યંત આરંભી હોય. ૬ ક્રોધી હોય.

(ક્રમશઃ)

સિકંદર બાદશાહ 'ખાલી હાથે આવ્યા—ખાલી હાથે જશું.'

—શ્રી રતિલાલ ડી. ગુઢકા-લંડન

જગતમાં દૃષ્ટાંત રૂપે સિકંદર બાદશાહનું દૃષ્ટાંત જોવા મળે છે તે મુજબ મહાપુરૂષોએ કહ્યું છે કે જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા તો મૃત્યુથી ભાગી છુટી શકે તેમ હોય અથવા હું નહિ જ મરૂં આવો જેનો વિશ્વાસ હોય તે ભલે સુખે સુવે સુખેથી મોજ મજાહ કરે પણ એવું તે કદી બનવાનું નથી.

નાના હતા ભણતા હતા ત્યારે અમોને આ દ્રાંત પાઠશાળામાં ધર્મગુરૂજી આપતા હતા અને વળી ઇતિહાસ પણ વાંચેલો છે તેમ થોડું યાદ આવે છે તે મુજબ અને આજે પણ દાખલા દેવાય છે. સિકંદર બાદશાહ જેવો બધું મુકીને મરી ગયો.

અનુમાન સંવત ૩૨૭ માં હિંદુસ્તાન ઉપર ચડાઇ કરીને સિકંદર જ્યારે પોતાને દેશ પાછો ફરે છે, તે સમયે ત્યારે તેને રસ્તામા અનેક વ્યાધીઓએ ઘેરી લીધો કેમ શરીરમાં ઘણી જ વેદના—દુઃખ દર્દ થઇ રહ્યા છે અને પોતે બાદશાહ એક રાજા છે એટલે હકામાંતો કોઇપણ જાતની કમી ન જ હોય. હકીમો, વૈદો, પીર ફકીરોએ ખૂબ જ ઉપચાર કર્યા પણ વેદના શમતી નથી. દર્દ ઉપાધિ ઘટતી નથી બલકે દર્દ અને ઉપાધિથી વધારે ઘેરાઇ રહ્યો છે સિકંદર બાદશાહ. તેવા સમયે સિકંદરને બહુ જ અસરણતા લાગી. બહુ જ અસહાયતા લાગી અને હતાશ બની ગયો, નિરાસામાં એણે જગતને ચાર સંદેશ આપ્યા છે. જેને સિકંદરના ચાર (ઓર્ડર) ફરમાન કહે છે. તે કહે છે શું ? સાંભળો :

[૧] ફરમાન—મારા મરણ વખતે બધી મીલકત અહિં પધરાવજો. મારી નનામી સાથે કબ્રસ્તાનમાં પણ લાવજો જે બાહુ બળથી મેળવ્યું. તે ભોગવી ના શક્યો, અબજોની દોલત આપતાં પણ એ સિકંદર ના બચ્યો.

હજારો નિર્દોષ જીવોના પ્રાણ હરીને અને અનેકને કષ્ટ આપીને લડાઇ કરીને જેગી કરેલી બધી મીલકત સિકંદર આપી દેવા તૈયાર હતો, પણ એ સંપત્તી એનો જીવ બચાવી ના શકી, તો અહીંઆ વિચારવાનું છે, આપણે સમજવાનું છે કે, સિકંદર જેવા સિકંદરને એક રાજા હતો, અબજો ધનનો માલીક હતો અઢળક સંપતી, હજારો નહીં લાખો સેવકો અને વૈદ્યો, હકીમોનો તો પાર નથી છેવટે સર્વસ્વ આપી દેવા તૈયાર છે તો પણ કંઇ એને સહાયતા મળતી નથી અને સિકંદરની મૃત્યુની ઘડી એની આંખો સામે દેખાવા લાગી તો આપણને પણ આપણા મૃત્યુની ઘડી કયારે આંખ સામે આવી ઉભી રહે એની ખબર નથી. સિકંદરને તો ખબર પડી ગઇ પણ આપણને હજુ ખબર પડતી નથી. હા

આપણને ખબર છે કે જરૂર આપણને એક દિવસ મોત આવવાનું છે, પણ કયારે આવવાનું છે એની ખબર નથી. અરે આવશે એક દિન એવો કે નહિં કાગળથી જણાવે કે નહીં આગળથી જણાવે, નહીં તાર કે સમાચાર, નહીં ફોન કે બાબુ અરે આવશે એ તો અજાણ્યો. અહીંયા મુળ વાત ઉપર આવીએ-સિકંદરને મૃત્યુ દેખાઇ રહ્યું છે આંખ સામે ત્યારે એણે જગતને કહ્યું કે ! શું બીજું ફરમાન.

(૨) ફરમાન-મારૂં મરણ થતાં બધા હથિયાર લશ્કરને અહીં લાવજો, અને મારા મૃત દેહ પાછળ અને આગળ સર્વેને દોડાવજો. આખા જગતને જીતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું અને વળી મહાન યોદ્ધાઓ, મહાન લડવૈયાઓ વિકરાળ દળ-લશ્કર પણ ભુપાળને (રાજાને) નહિ કાળથી બચાવી કે છોડાવી શક્યું.

દ્રષ્ટાંત આપણા આત્માને પ્રથમ લાગુ પડે છે, અને આવા દ્રષ્ટાંતોને સામે લઇ વધારે જાગવા જેવું છે અને આત્માને વારંવાર જન્મ-મરણના દુઃખથી છોડાવા આપણે કટીબદ્ધ થવાનું જણાવે છે કે-

જે સેનાની આગેવાની લઇને સિકંદરે ધરા ધ્રુજાવી હિન્દુસ્તાનમાં કેટલાએ રાજાઓને એણે વગર લડાઇએ નમાવ્યા હતા અને બહાદુર સિકંદરની બહાદુર સેના કાળ સામે લાચાર થઇને ઉભી રહી ત્યારે અહીંઆ શું બતાવે છે કે, સિકંદર વિકરાળ વાઘ જેવો હતો અને ધરણીને ધ્રુજાવે તેવું બાહુબળ હતું. એજ બાહુબ જેમ નદીનું પાણી સુકાય તેમ સુકાઇ ગ ને કર્મ રાજાની બેડીઓ પગમાં પડી જાઇ છે રોગ રાજાના પંજામાં સપડાઇ ગયા છે તો આવા સિકંદર બાદશાહને કર્મરાજા આગળ લાચાર થઇ નમવું પડયું તો આપણી-મારી-તમારી તો શક્તિ એની સામે શું ! આપણને કયારે કર્મરાજાના સિપાઇઓ પકડી લીએ ભયંકર વેદનાની કોટડીમાં કયારે પૂરી દીએ એની ખબર નથી માટે આપણે આત્માને વારંવાર જગાડી કેવાનું છે કે હે આત્મન્ ચેતીજા. અહીંઆ સિકંદરે પણ લાચાર થઇને કહ્યું કે-

(૩) ફરમાન-મારા બધા વૈદ્યો હકીમોને પીર-ફકીરોને અહીં બોલાવજો અને મારો જનાજો એજ વૈદ્યોને ખંભે ઉપડાવજો. કટા કરદીઓના દરદને દફનાવનારૂં કોણ છે દોરી તુટી આયુષ્યની તો સાંધનારૂં કોણ છે. જ્યારે આયુષ્ય પુરૂં થાય છે ત્યારે લાખ કરો ઉપાય પણ એક ન લાગે કાય લાખો ઉપાય પણ બધા નિરર્થક થાય છે. જેમકે દીવામાં દીવેલ ખુટયું છે. દીવેલ તો ખુટયું પણ વાટ પણ બરી ગઇ છે. હવે નવું દીવેલ પૂરાય તેમ નથી.

અહીંઆ એક દ્રષ્ટાંત આત્માને ઉદ્દેશીને લખું છું. જેસલ જાડેજો રજપુત હતો અને તેને એક લત લાગી હતી, તે બહારવટું કરે છે. તેણે સતી તોરલને ઉપાડીને દરીયા વાટે લઇ જાય છે. દરિયામાં તોફાન શરૂ થયું. જેમ આપણા જીવનમાં આવું જ બને કે આપણે એરોપ્લેન દ્વારા હવાઇ માર્ગે દેશ પરદેશ જઇ રહ્યા હોઇએ અને પ્લેનના મશીનો બંધ થવા માંડયા, પાયલોટ બાબુ

કરે ભાઇ જેનાથી આ છત્રી દ્વારા ઉડી શકાય તે લોકો જલ્દી કરો તમારો જીવ બચાવો હવે આ બેર કયાંય પોંચી શકે તેમ નથી કારી કોઇ ફાવતી નથી અને પડું પડું તૈયારી છે. તેવા સમયે પ્લેનનો પાયલોટ પોકારી પોકારીને કહે કે–ભાઇઓ તમો દરેક તમારા ઇષ્ટદેવને યાદ કરો. પ્રભુના નામનું સ્મરણ કરો તમારા ગુન્હા પાપને પ્રકાશ કરો અને પરમાત્માની મહેર હશે અને હું પણ મહેનત કરૂં છું. એજ પ્રમાણે હરદરિયામાં સ્ટીમર લઇ જાય છે અને સખત વાવાઝોડું ઉપડયું. તોફાન ભયંકર તથા વરસાદની અનગળ ધારા વરસી રહી છે. અને બીજું બાજુ સ્ટીમરમાં પાણી ભરાવા લાગ્યું છે તેવા સમયે સ્ટીમરનો જે હેડ મુખ્ય હોય તે શું કહે ભાઇ કોઇ રસ્તો નથી અને સખત વાવાઝોડું પવન અંધકાર કંઇજ દેખાતું પણ નથી, હવે એક જ ઉપાય છે પ્રથમ તો તમો દરેક ઇષ્ટદેવનું સ્મરણ કરો. પ્રભુને યાદ કરો નમસ્કાર મહામંત્રનું શુભ ભાવથી સ્મરણ કરો અને જો આયુષ્ય હશે તો જરૂર કંઇક હાથ લાગશે બીજી બાજુ એવું બને અને સ્ટીમર ડુબવાની તૈયારી હોય તેવા સમયે જેને તરતા આવડતું હોય તે આ પાટીયાને લઇ તરી પેલે પાર જઇ શકશે ;પણ તેવા સમયે જાન બચાવવો છે તો બધા જ મહેનત કરે મને શું સમજે કે આમે મરવાના તો છીએ તો એટલે તેવા સમયે મુળવાત ઉપર આવીએ. દરીયામાં તોફાન ઉપડયું છે એમ આપણા ઉપર આપણા આત્મા ઉપર કયારે તોફાન ઉપડે એની ખબર નથી. તો દરીયામાં તોફાન થઇ થયું ત્યારે જેસલને બહુ જ બીક લાગી તેણે સતી તોરલને કહ્યું. મને બહુ જ બીક લાગે છે. વ્હાણ ડુબવાની તૈયારી છે ત્યારે તોરલ કહે છે તને બીક લાગે છે કારણ કે વ્હાણ ડુબી જાશે તો તારૂં મોત થશે તેમ તને મરવાની બીક લાગે છે. પણ તેં ઘણા નિર્દોષ માણસને તેમજ પ્રાણીઓને માર્યા છે. તેને વિના વાંકે મારતો હતો મારી નાખતો ત્યારે તને એમ ન થયું કે તેઓને પણ જીવવું છે. આજે તને ભય લાગે છે. પાપ તારા સંભાળ જાડેજા, પાપ તારા સંભાળ; તારી નાવડીને ડુબવા નહીં દઉં, એમ જેસલ ! તોરલ કહે છે જી.

છતાં હવે આવા સમયે તોરલ તેને કહે છે કે–પાપ તારૂં પ્રકાશ કેતા બધા ગુન્હા કબુલ કર અને અંતર આત્માથી તેનું પ્રાયશ્ચિત કરી લે અને સર્વ જીવોને અંતર આત્માથી ખમાવ તથા ચોરાસી લાખ જીવાયોની ખમાવને મન વચન કાયાના શુભ ભાવ વડે ચારે શરણ સ્વીકારી આત્માની નિંદા ગર્હા કર તારા પાપોને પખાડતો જા. જરૂર તને સહાય મળશે અને હું તારી નાવલીને ડુબવા નહિં દઉં. જેસલને સારી શિખામણ આપનાર સતી તોરલ મળી ગયા પણ !

સિકંદરને ત્યારે કોઇ શીખામણ આપનાર નહતું. તેથી તેણે જગતને ઉદ્દેશીને કહ્યું કે એટલે કહેવું પડયું કે, કટા કરનીઓના કરકને કહનાવનાર કોણ છે. કોરી

(અનુ સં. પેજ ૬૧૬ ઉપર)

જૈન શાસન આજીવન સભ્ય તથા કાયમી વિશેષાંક યોજના

જૈન શાસનની કાયમી સભ્ય યોજના મુજબ આજીવન ગેરના ફોરેન માટે રૂા. ૩૦૦૦ હજાર હતા તે રૂા. ૪૦૦૦ હજાર હવે છે. આજીવન દાતાના રૂા. ૫૦૦૦ હજાર છે અને તેથી વધુ રકમ આપે તે આજીવન પ્રધાન દાતા છે.

આજીવન વિશેષાંક શુભેચ્છક યોજનામાં રૂા. ૧૦૦૦ હજાર શુભેચ્છક સભ્ય છે. રૂા. ૫૦૦૦ હજાર આજીવન સહાયક સભ્ય છે તથા રૂા. ૧૧૦૦૦ હજાર આપે તે આજીવન શુભેચ્છક સૌજન્ય સભ્ય છે. પરદેશમાં રૂા. ૧૦૦૦ હજાર ભરનારને એક વર્ષ અંક આવે પછી દર વર્ષે વિશેષાંક શુભેચ્છા તથા અંક આવે. ૫૦૦૦ અને ૧૧૦૦૦ હજાર ભરનારને કાયમ અંક મોકલી શકાશે.

લંડનમાં શ્વે. જૈન તીર્થ દર્શન આટે મળો

શ્રી શ્વેતાંબર જૈન તીર્થ દર્શન ભાગ-૧ પ્રગટ થયો છે તેનું મૂલ્ય ૬૫૦) રૂા. છે. બીજા ભાગના પણ રૂા. ૬૫૦) થશે બંનેના અગાઉથી ગ્રાહક થનારના રૂા. ૧) હજાર છે. પોસ્ટેજ તથા ડ્રાફ્ટનો ખર્ચ જુદો થશે. તે માટે મળો.

રતિલાલ ડી. ગુદકા-લંડન

— નવો મળેલો સહકાર —

પૂ. સા. મ. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી.

૨૫૧) શ્રીમતી મણીબેન ભગવાનજી નરશી સાવલા ઓળી નિમિતે લંડન
(હ: શાહ ઝવેરચંદ લાધાભાઇ નાગડા)

૫૧) શ્રીમતી મોતીબેન જેઠાલાલ શાહ તરફથી
પૂ સા. મ. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ. ની ૭૯ મી ઓળીના અનુમોદન અર્થે ભેટ.
હ: શાહ ઝવેરચંદ લાધાભાઇ નાગડા જામનગર.

૬૨-૫૦) શ્રીમતી ઝવીબેન પ્રેમચંદ તથા શ્રીમતી દેવકુંવરબેન તરફથી ઓળી નિમિતે ભેટ.
હ: શાહ ઝવેરચંદ લાધાભાઇ નાગડા જામનગર

૫૦૦) શાહ તેજપાલ કચરાભાઇ—મુકુંદભાઇ આર. શાહની પ્રેરણાથી અમદાવાદ

૫૦૦) શ્રી મનસુખલાલ ધરમશીભાઇ વોરા-શ્રી મહેન્દ્રભાઇની પ્રેરણાથી મુ. રાંદલ

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

મહેલના ઝરૂખેથી ભવ વૈરાગ

'તને પાછો લેવા ન આવું તો રાત્રિ-ભોજન કરનારના રાત્રિભોજનનું પાપ મને લાગે' આવા સોગંદ ખાઇને વનમાલાને કેમે કરીને ધીરજ ધરવાનું કહીને લક્ષ્મણ રામ-સીતા સાથે રાત્રિના છેલ્લા પ્રહરે આગળ નીકળી ગયા.

ક્ષેમાંજલિ નગરીના શત્રુદમન રાજાના એક દૂતે. પણ પાંચ પાંચ મરણતોલ પ્રહારોને શરીર ઉપર ઝીલી લઇને તે રાજાની જિતપદ્મા નામની કન્યાને લક્ષ્મણજી પરણ્યા. થોડાં ક દિવસ ત્યાં રહીને રામ-ચંદ્રજી આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં રામચંદ્રજી વંશસ્થલમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજા અને પ્રજાને ભયથી વ્યાકુળ જોઇને એક માણસને રામ-ચંદ્રજીએ તેનું કારણ પૂછતાં તે માણસે કહ્યું કે—આ સામે રહેલા પર્વત ઉપરથી આજે ત્રણ-ત્રણ દિવસ થયા રોજ રાત્રે અત્યંત ભયંકર ગર્જનાઓ સંભળાયા કરે છે. માટે તેના ભયથી રાજા તથા પ્રજા રાત્રિના સમયે અન્યત્ર ચાલ્યા જાય છે. અને સવારે પાછા અહીં આવી જાય છે.'

કૌતુકથી પ્રેરાઇને રામચંદ્રાદિ ત્રણેય પર્વત ઉપર ગયા. અને ત્યાં કાયોત્સર્ગમાં રહેલા બે મુનિઓને જોયા. તે મુનિવરોને વંદન કરીને રામચંદ્રજીએ વીણા વગાડી લક્ષ્મણજીએ ગીત ગાયું અને સીતાદેવીએ નૃત્ય કર્યું.

સમય જતાં રાત્રિ થઇ. અનલપ્રભ નામનો દેવ રોજની માફક આવ્યો. અને વેતાલરૂપ ધારી તેણે ભયંકર અટ્ટહાસ્ય વડે બન્ને મુનિવરોને ઉપદ્રવ કરવાની શરૂઆત કરી.

આથી રોષાયમાન થઇ ગયેલા રામ-લક્ષ્મણ બન્ને તે વેતાલ રૂપ ધારીને હણવા માટે તૈયાર થયા. વૈદેહી-સીતાદેવીને બન્ને મુનિવરો પાસે મુકીને જેવા રામ-લક્ષ્મણ પેલા ઉપદ્રવ કરનારની પાછળ દોડયા કે તરત જ તેમના અસહ્ય તેજને સહી નહિ શકનારો પેલો દેવ ત્યાંથી ભાગીને દેવ-લોકમાં ચાલ્યો ગયો.

આ બાજુ બન્ને મુનિવરોને કેવલજ્ઞાન થતાં તેમનો કેવલ મહોત્સવ કરવા દેવો આવ્યા.

હવે નમસ્કાર કરીને રામચંદ્રજીએ પૂછ્યું કે—હે ભગવન્ આ દેવ આ રીતે આપને ઉપસર્ગ શા માટે કરતો હતો.

કુલભૂષણ અને દેશભૂષણ નામના બન્ને ભાઇ મુનિવરોમાંથી કુલભુષણ કેવલી ભગવંતે કહ્યું કે—પદ્મિની નગરીમાં વિજયપર્વત નામના રાજાનો અમૃતસ્વર નામનો દૂત

હતો તેને ઉપયોગા નામની પત્ની હતી. અને ઉદિત-મુદિત નામના બે પુત્રો હતા. આ અમૃતસ્વર. બ્રાહ્મણને એક વસુભૂતિ નામનો મિત્ર હતો. તેના વિશે અમૃતસ્વરની પત્ની ઉપયોગા આસકત બની હતી. તેથી પોતાના પતિને મારી નાંખવા ઇચ્છતી હતી. હવે રાજાના કામ માટે અમૃતસ્વરને બહાર ગામ જવાનું થતાં વસુભૂતિ પણ તેની સાથે ગયો અને આગળ જતાં તક જોઇને વસુભૂતિએ અમૃતસ્વરને હણી નાંખ્યો. હત્યા કરીને પાછા ફરેલા વસુભૂતિએ લોકોને કહ્યું કે-અમૃતસ્વરે મને પરાણે પાછો મોકલ્યો. અને જઇને ખુશીપૂર્વક ઉપયોગાને કહ્યું કે-હું આપણા બેના સંયોગ અને સંભોગમાં વિઘ્ન બનનારા અમૃતસ્વરને મેં ખતમ કરી નાંખ્યો છે.

આ સાંભળીને કુલટા ઉપયોગા બોલી કે-તેં બહુજ સારૂ કર્યું. હવે આ બન્ને પુત્રોને પણ તું હણી નાંખ જેથી આપણે તદ્દન વિઘ્ન વગરના બનીને મનગમતા શરીરના ભોગો ભોગવીએ.

વસુભૂતિએ આ વાત પણ સ્વીકારી.

પરંતુ ભાગ્યયોગે વસુભૂતિની પત્નીને આ વાતની ગંધ આવી ગઇ. આમેય તેને વસુભુતિની અને ઉપયોગાની દાનત પસંદ હતી જ નહિ. આથી ક્રોધાયમાન થઇને તેણે ઉપયોગાના બન્ને પુત્રોને તેમનું મોત વસુભુતિ કરી નાંખશે તેમ કહ્યું.

આથી (પોતાની માના દુશ્ચરિત્રથી રોષે ભરાયેલા જ હતા અને તેમાં આવી વાત સાંભળતા) અત્યંત રોષાયમાન થઇ ગયેલા ઉદિતે જલ્દીથી જઇને વસુભુતિની હત્યા કરી નાંખી. તે મરીને નલપલ્લીનાં મ્લેચ્છ બન્યો.

ઉદિત-મુદિતે એક દિવસ ધર્મ સાંભળતાં વૈરાગ્ય પામીને મતિવર્ધન મુનિવર પાસે દીક્ષા લીધી. અને સમેતશિખરે ચૈત્યોને વાંદવા જતાં તે બન્ને મુનિવરોને પૂર્વભવના વેરથી હણવા માટે પેલો મ્લેચ્છ તૈયાર થયો. પણ મ્લેચ્છના રાજાએ તેને અટકાવી દીધો. મ્લેચ્છનો રાજા પૂર્વભવમાં હરણ હતો. શિકારી પાસેથી તે પૂર્વભવમાં ઉદિત-મુદિતનું વડે જીવતો છોડાવાયો હતો તેથી મ્લેચ્છ રાજાએ આ ભવમાં ઉદિત-મુદિતનું રક્ષણ કર્યું. અનશન કરીને ઉદિત મુદિત મહાશુક્રમાં દેવ થયા.

સંસારમાં વસુભૂતિનો જીવ ભટકતો જ રહ્યો પણ ઉદિત-મુદિત ઉપરના વેરને છોડતો નથી.

એક વખત રત્નરથ અને ચિત્રરથ રાજકુમાર બન્યા ત્યારે વસુભુતિ જે જ પ્રિયવદ રાજાની કનકાભા રાણીનો રાજપુત્ર બન્યો. આમ ત્રણેય ઓરમાન ભાઇ બન્યા.

રાજા બનેલા રત્નરથને એક રાજાએ શ્રી પ્રભા નામની કન્યા પરણાવી પણ માંગણી કરવા છતાં ધૂમકેતુને ન આપી. આથી ક્રોધાયમાન બનેલા ધૂમકેતુએ રત્નરથની પૃથ્વી લુંટારાઓ દ્વારા લુંટવા માંડી તેથી રત્નરથે યુદ્ધમાં ધૂમકેતુને પૃથ્વી ઉપર પછાડીને તેને જીવતો જ પકડી લીધો. જેલમાં અત્યંત રીતે ઘણી વિડંબના આપીને

પછી મુક્ત કર્યો. આથી ધૂમકેતુ તાપસ બન્યો. પણ સ્ત્રીનો સંગ કરીને પોતાનો તપ તેણે પોતે જ બાળી નાંખ્યો. ત્યાંથી સંસારમ ભટકતો ભટકતો તે આખરે તાપસ બની મૃત્યુ પામી આ અનલપ્રભ દેવ બન્યો. અને રત્નરથ-ચિત્રરથ સ્વર્ગના સુખો ભોગવતાં ક્રમે કરીને આ અમે કુલભૂષણ અને દેશભૂષણ રાજકુમાર બન્યા.

અમને બન્નેને પિતા ક્ષેમંકરે એક અધ્યાપક પાસે ભણવા મુકયા. બાર વર્ષ સુધી ત્યાંજ રહીને સર્વ વિદ્યા ભણ્યા. તેરમાં વરસે ઉપાધ્યાય સાથે અમે પિતા પાસે આવ્યા. નજરમાં આવતાં અમારા બન્નેની નજર અમારા જ રાજમહેલના ઝરૂખામાં બેઠેલી એક સૌંદર્યમય અને લાવણ્ય નીતરતી એક સ્ત્રીને જોઇ અમે બન્ને કામાતુર બન્યા. પિતાને નમસ્કાર કરી, ખબર કુશળ પૂછી અમે માતા પાસે ગયા. ત્યારે ત્યાં પેલી યુવતી બેઠી હતી. અને માતાને અમે નમસ્કાર કર્યા ત્યારે માતાએ કહ્યું- "આને તમે બન્ને ઓળખતાં નથી. તમે જ્યારે ઉપાધ્યાય પાસે કલાભ્યાસ કરવા ગયા ત્યારે આનો જન્મ થયો હતો. માટે આ તમારી નાની સગી બેનને તમે કયાંથી ઓળખો."

આ સાંભળતા જ અમે બન્ને શરમિંદા થઇ ગયા. અને અજ્ઞાનથી સગ બેન સાથે સંભોગની ઇચ્છા કરનારા અમને બન્નેને ભવ-વૈરાગ્ય થયો. અને ગુરૂ પાસે જઇને અમે તરતજ દીક્ષા ગ્રહણ કરી. અમારા વિયોગથી પિતા અનશન કરી મૃત પામ્યા. ગરૂડેશ દેવ બનેલા તે અમારા પૂર્વભવના સ્નેહથી ખેંચાઇને અમારા ઉપરના ઉપસર્ગને ટાળીને અહીં આવ્યા છે.

ઉપસર્ગની વાત કરતાં કુલભૂષણ કેવલી બોલ્યા કે-એકવાર અનંતવીર્ય કેવલીની પર્ષદામાં કોઇ શિષ્યે આપના પછી કેવલી કોણ થશે? તે પ્રશ્નના જવાબમાં અનંત વીર્ય કેવલી ભગવંતે અમારા બન્નેનું નામ આપતાં ત્યાં હાજર રહેલા અનલપ્રભ દેવને પૂર્વજન્મનું વેર તાજુ થતાં તથા કેવલીનું વચન મિથ્યા બનાવવા માટે અમને ચાર દિવસથી ઉપસર્ગ કરતો હતો. અને તમારા બન્નેના ભયથી તે નાશી ગયો છે.

ગરૂડેશ મહાલોચનદેવે રામચંદ્રજીને પ્રસન્ન થઇ કંઇ માંગવા કહ્યું. પણ રામચંદ્રજીએ ના પાડતા; ગરૂડેશ ભવિષ્યમાં કયારેક તમારો પ્રત્યુપકાર કરીશ એમ કહી પોતાના સ્થાને ગયા.

રામચંદ્રજીની આજ્ઞાથી ત્યાંના રાજા સુરપ્રભે અર્હત્ચૈત્ય બનાવ્યુ. અને તે ગિરિનું રામગિરિ નામ પડયુ.

ત્યાંથી નીકળીને રામચંદ્રજી દંડકારણ્યમાં પ્રવેશ્યા.

(અનુ. પાન ૮૧૫)

તુટી આયુષ્યની તો સાધનારૂં કોણ છે માટે તે કહે છે કે-

[૪] ફરમાન-ખુલી હથેળી રાખી જીવો જગતમાં આવતા ને ખાલી હાથે સૌજનો આ જગતથી ચાલ્યા જતાં, યૌવન ફના, જીવન ફના, જર ને જોરૂ ફના, પરલોકમાં પરીણામ ફળશે પુણ્યના ને પાપનો. આ દૃષ્ટાંત મુમુક્ષુ જીવ માત્રને સમજાવે છે એજ શિવમસ્તુ સર્વજગતઃ એવી ભાવનાથી.

શાસન સમાચાર

જામનગર–ઓસવાળ કોલોની નવપદની શાશ્વતી ઓળી

ઓળીમાં આઠે દિવસમાં નવપૂજાઓ ઠાઠમાઠ અને વાજીંત્રોના સુમધુર તાલો સાથે લાભ લેનાર સુશ્રાવક ઝવેરચંદ લાધાભાઈ સુશ્રાવક મણીબેન ભગવાનજી પરિવાર સુ. શ્રા. લક્ષ્મીબેન કપુરચંદ પરિવાર, સુ.શ્રા. રમાબેન લાલજી હેમરાજ પરિવાર, નવ દિવસ આરાધક બેનો તરફથી દેવલોકમય વાતાવરણ જાણે ઉભું કરાયું હોય તેમ ઉત્તમોત્તમ પ્રભાવનાઓ સાથે મહોત્સવની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિતે પૂ સા. અનંત-પ્રભાશ્રીજીના શિષ્યા પ્રશાંતદર્શનાશ્રીજી તથા કુલદર્શનાશ્રીજીની નિશ્રામાં તથા ભવ્યદર્શના-શ્રીજીની ૭૯ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિતે સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજીની પ્રેરણાથી મહાવીર શાસનને તથા જૈન શાસનને ભેટ ૨૫૧. વ્યાખ્યાન તથા પૂજાઓ પ્રભાવનાઓ પૂજા ભણાવવા વિમલનાથ મંદિર આવે તેમને ખુશીલેટ તથા પેટી ભેટ આપેલ.

જામનગર ઓસવાળ કોલોની નવપદજી આયંબિલ ઓળી દરમ્યાન પૂજાઓમાં લાભ લેનારા ભાગ્યશાળીઓ

ચૈત્ર સુદ ૭ તા. ૭–૪–૬૫, શુક્રવાર આદીનાથ પંચકલ્યાણક પૂજા, મણીબેન ભગવાનજી પરીવાર લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઈ (મીતલવાળા) સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૮, તા. ૮–૪–૬૫ શનીવાર મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા, મણી-બેન ભગવાનજી નરશી પરિવાર લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઈ (મીતલ-વાળા) સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૯, તા. ૯–૪–૬૫ રવિવાર પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, ઝવેરચંદ લાધાભાઈ (મીતલવાળા) તરફથી સુપુત્ર ચી. સતિષકુમારના શુભલગ્નની ખુશાલી નીમીતે સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૦–૪–૬૫ સોમ-વાર વેદનીય કર્મ નિવારણ પૂજા. મણીબેન ભગવાનજી નરશી પરીવાર તરફથી હ. ઝવેરચંદ લાધાભાઈ (મીતલવાળા) સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૧–૪–૬૫ મંગળ-વાર શાંતી જીનેન્દ્ર પંચકલ્યાણક પૂજા, લક્ષ્મીબેન કપૂરચંદ લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઈ [મીતલવાળા] રીમા બેનના શુભ લગ્નની ખુશાલી નીમીતે, સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૨–૪–૬૫ બુધવાર બારવ્રતની પૂજા, લક્ષ્મીબેન કપૂરચંદ લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઈ (મીતલવાળા) સમય બપોરે ૩–૦૦ વાગે.

ચૈત્ર સુદ ૧૩ તા. ૧૩–૪–૬૫ ગુરૂવાર

અંતરાય કર્મ નિવારણ પૂજા, લક્ષ્મીબેન કપૂરચંદ લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઇ [મીતલવાળા] સમય બપોરે ૩-૦૦ વાગે.

ચૈત્ર સુદ ૧૪ તા. ૧૪-૪-૬૫ શુક્રવાર અરિહંત પદ પૂજા, રમાબેન લાલજી હેમરાજ પરીવાર લંડનવાળા તરફથી હ. ઝવેરચંદ લાધાભાઇ [મીતલવાળા] સમય બપોરે ૩-૦૦ વાગે.

મુંબઇ-પૂ.આ શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. આદિ મુંબઇ પધારતાં બોરીવલી. શ્રી ચંદાવરકર લેન જૈન સંઘ તરફથી સામૈયું પ્રવચન પ રૂા.નું સંઘપૂજન થયું.

ગોરેગાંવ-શ્રી હાલારી વીશા ઓસવાળ ભાઇઓ તરફથી સામૈયું પ્રવચન અને ૧૫-૧૫ રૂા.નું સંઘપૂજન થયું.

શાંતાકુઝમાં શા લખમશી ગોવીંદજીભાઇ હ. કાંતિલાલભાઇ તરફથી એંડમ રોડથી સામૈયું પ્રવચન તથા સાધર્મિક ભક્તિ અને ૫-૫ રૂા.ની પ્રભાવના થઇ.

માટુંગા-બી.બી. શાહ ભીમજી જીવરાજ ગડા તરફથી સામૈયું તેમને ઘેર સાધર્મિક ભક્તિ તથા પ્રવચન અને સંઘ પૂજન થયું.

ચંદનબાલા-વાલકેશ્વર આવતા સામૈયું પ્રવચન ૧૦ રૂા. સંઘપૂજન થયું. ઓળીની સુંદર આરાધના થઇ. ઓળી ૩ ભાવિકો તરફથી થઇ. તેમના તરફથી તથા ભાવિકો તરફથી ઘાટી પ્રભાવનાઓ થઇ.

ચૈત્ર વદ ૭ના શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયે પધારતા શ્રી સંઘ તરફથી સામૈયું પ્રવચન થયું, સંઘપૂજનો થયા. ચૈત્ર વદ ૧૨ નમિનાથ ઉપાશ્રયે સામૈયું પ્રવચન સંઘપૂજન થયું. ડેવકરણ મેન્શન શ્રી સંઘ તરફથી વદ ૧૩ના પ્રભુજીનું પ્રવેશ અને સામૈયું પ્રવચન સંઘપૂજન થયા.

વાલકેશ્વરતીર્થમાં શાસન પ્રભાવના

પ. પૂ. તપસ્વી નુતન ગણિવર શ્રી કમલરત્નવિજયજી મ.ના શિષ્યરત્ન પ. પૂ. વ્યાકરણ વિશારદ ગણિવર શ્રી દર્શનરત્ન વિજયજી મ. તથા જોશીલા પ્રવચનકાર મુનિરાજ શ્રી ભાવેશરત્નવિજયજી મ. સા. અતુલભાઇની વિનંતિથી વાલકેશ્વરતીર્થમાં ઓલી કરાવવા પધારેલ પ્રવેશ વખતે ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે લેવા આવેલ. ગહુંલી આદિ થયેલ. ચૈત્ર સુદ ૧૨ ને અઢાર અભિષેક તથા ચૈત્ર સુદ ૧૩ ને જન્મકલ્યાણક હોવાથી ૫૬ દિક્કકુમારીકાનું સ્નાત્ર થયેલ. અમદાવાદથી આર્ટિસ્ટો પધારેલ. ચૈત્ર સુદ ૧૪ના દિવસે પૂ. પં. જગવલ્લભવિજયજી મ. એકાએક વિહાર કરતાં પધારેલ અત્રેના તીર્થના ઉદ્ધારક સાધ્વીજી સુગુણાશ્રીજી મ.ડેનોમાં ખુબ જાગૃતિ લાવેલ રાત્રે પુરૂષોમાં રામાયણ પર જાહેર પ્રવચનો થયેલ. ચૈત્ર સુદ ૧૫ ને સિદ્ધચક્રમહાપૂજન ભણાવાયેલ અને ચૈત્ર વદ ૧ ને ઉપાશ્રયોના પારણા તથા ઉપાશ્રયના શિલાલેખની અનાવરણ વિધિ થયેલ. ચૈત્ર વદ ૧ ની સાંજે પૂ.પં. જગવલ્લભવિજયજીમ. ઓરસદ તરફ આ. પૂ. ગણિવર દર્શનરત્નવિજયજી મ. ઉમેટાતીર્થ તરફ વિહાર કરેલ. માર્ગમાં માંડવગઢ વૈશાખ સુદ ૬ ને અંજનશલાકા પર પહોંચવા ભાવના રાખે છે.



- સંસાર અસાર ભગવાન બોલે અને તે ન લાગે તો જાણવું કે મિથ્યાત્વ ગઢ છે તે અસાર લગાડવાનું મન થાય તો મિથ્યાત્વ મંદ પડે. મંદ મિથ્યાદૃષ્ટિને ભગવાનની વાત યાદ રહે છે. તેને સુખ યાદ આવે તો અંદરથી જ અવાજ આવે કે મરી જઈશ. તેને મેળવવાની ધાંધલ કરી તો કષાય તને ખાઇ જશે.
- દુનિયાના રંગ-રાગમાં શું બજ્યું છે? દુનિયાની કોઈ ચીજ જોવામાં, સાંભળવામાં, ભોગવવામાં આનંદ આવ્યો તો આત્મા બગડ્યો જ સમજો સંસાર તો નર્યું ગંધાતુ કીચડખાનું છે આ કીચડખાનામાં તેને જ આનંદ આવે કે જે મિથ્યાત્વ અવિરતિ અને કષાયમાં બેડોશ હોય.
- જૈન શાસનમાં જાણવાનું અને ભણવાનું એટલા માટે છે કે જીવને સાચા અને ખોટાનો ખ્યાલ આવે. સાચું આચરણમાં આવે નહિ અને ખોટું છૂટે નહિ તો તે નકામું છે.

  સમ્યગદર્શન અને સમ્યગ જ્ઞાનથી જીવને સાચા-ખોટા પરિણામનો ખ્યાલ આવે છે. જ્ઞાની જ્ઞાનની વાતો કરે પણ અમલ કરવામાં અખાડા કરે તો તે અસલમાં જ્ઞાની નથી.
- જે દેવ-ગુરૂ-ધર્મને માનીએ છીએ તેને ઓળખવાની ઇચ્છા ન થાય તો સમજવું કે સમ્યગદર્શન છે જ નહિ.
- જે જીવને સારામાં સારા દેવ-ગુરૂ મળે અને તેને દેવ-ગુરૂ થવાનું મન ન થાય તો સમજી લેવું કે તે મુરખ શિરોમણી છે. તેને કોઇ દિવસ સમ્યગદર્શન થવાનું નથી.
- મારે અરિહંત થવું છે. અરિહંત ન થવાય તો મારે સિદ્ધ થઇને મોક્ષમાં જવું છે. પણ મારે આ સંસારમાં રહેવું જ નથી. જેને આ મન ન હોય તે અસલમાં અરિહંતનો પૂજારી જ નથી. આ થવાનું મન થાય તેને સાધુ થવાનું મન છે જ. તમને સાધુ થવાનું મન થતું નથી તેનું કારણ એ છે કે તમારે અરિહંત થઇને કે સિદ્ધ થઇને મોક્ષે જવું જ નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧-૬-૫૫-૪૬

નમો ચઉવ્વીસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ કલિકાળના છ ગુણો

दाता दरिद्रः कृपणो धनाढयः,
पापी चिरायुः सुकृती गतायुः ।
कुलीनदास्यं ऽद्यकुलीनराज्यं,
कलौ युगे षड् गुणमावहंति ॥

કલિકાળના છ ગુણો દાતા દરિદ્રી, કૃપણ શ્રીમંત છે, પાપી માણસો લાંબુ જીવે છે, સારા માણસો અલ્પ આયુષ્યવાળા છે, કુલીન માણસો દાસ્યપણું કરે છે અને અકુલીન માણસો રાજ્ય સત્તા અધિકારીપણું ભોગવે છે.

વર્ષ ૭

અંક ૩૬

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

ગુણગ્રાહી કેવા

કાગડો જેમ મેલું ચૂંથે છે અને ભૂંડ જેમ વિષ્ઠાને ગોતે છે તેમ આજનો મહા બુદ્ધિશાળી માનવી અવગુણોને ગોતતો ફરે છે. ગુણ કે અવગુણ ગ્રહણ કરવા સહેલાં છે પરંતુ ગુણગ્રાહી બનવું બહુ જ કઠીન છે. પૂર્વકાળમાં કદાચ જો અવગુણ દેખાય જાય તો ગુણગ્રાહી તે અવગુણોને આચ્છાદીત કરતા એવા એક ગુણની પ્રશંસા એવી કરે કે તે અવગુણ નામ શેષ થઈ જાય આવું જ એક મહામુનિ માટે બન્યું.

નામ હતું શ્રી નંદીષેણ મુનિ, કર્મ-સંયોગે તેઓ વેશ્યાને ઘરે રહ્યા હતા. હરહંમેશ દશ દશ મનુષ્યોને પ્રતિબોધ પમાડતા હતા. આ રીતે બાર-બાર વર્ષ વ્યતીત થયા. જેમાં ૪૩૨૦૦ જાર પુરૂષો કે જેઓ કામાતુર થઇને વેશ્યાને ઘરે આવતા હતા. તેઓને ધર્મકથા કહીને, ધર્મ માર્ગમાં સ્થિર કરીને વૈરાગ્ય પ્રજ્વલિત કરીને શ્રી મહાવીર પરમાત્મા પાસે સંયમ લેવા માટે મોકલ્યા હતા.

'હું તો કર્મના વશથી પતીત થયો છું, પણ બીજા દશ માનવીઓને દરરોજ પ્રતિબોધ પમાડયા વિના હું આહાર કરીશ નહિ.' એવો અભિગ્રહ તેમને લીધો હતો અને તે અભિગ્રહ સંપૂર્ણ પાળ્યો. પ્રતિબોધ પામનાર માનવીઓમાં કોઇએ પણ તેઓનો પ્રત્યક્ષ દોષ પણ ગ્રહણ કર્યે નહોતો, પરંતુ ઉલટા તેઓ વિચારતા કે અહો ! આ ધર્મકથા કહેનાર કોઇ મહ પુરૂષ લાગે છે કે જેણે મોહજાળમાં પડયા છતાં પણ પોતાના ગુણોને ભસ્મીભૂત કરી નાખ્યા નથી. કાજળની કોટડીમાં રહ્યા છતાં પણ પોતાના આત્મ સ્વભાવને મલિન થવા દીધો નથી તેઓના આત્માને ધન્યવાદ છે.

તેઓ જો કે કોઇ કારણસર પતિત થયેલા છે પણ અવશ્ય અલ્પ કાળમાં જ આ કાર્યથી પાછા ઓસરશે. તેઓશ્રીએ અમારાં જ્ઞાનનેત્રો ઉઘાડયાં છે. આ મહા-મુનિ મોહ સાગરમાં ડુબ્યા છતાં ન બુડયા જેવા છે. આવા કોઇ મહાત્મા દેવો લઇને ગોતવા જઇએ તો પણ મળવા દુર્લભ છે.

ખરેખર ! અમારા જેવા પાપીઓને તારવા માટે જ આ વેશ્યાના ગૃહમાં નાવ રૂપ થઇને રહ્યાં જણાય છે, બીજું કોઇપણ હેતુ કલ્પનામાં આવી શકતો નથી. આવા નાના પ્રકારના ઉત્તમ વાકયોથી આવેલ કામાતુર માનવીઓ ધર્મકથા કરનારની સ્તુતિ કરતા હતા. ખરેખર ! આવાઓને તો ગુણગ્રાહી જ કહેવા પડશે.

—મલયકુમાર કુમારપાળ શાહ
નાસીક

ધર્મધુરંધર પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા-મુબજ શાસન અંગે સિદ્ધહસ્ત રહ્યા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્ધા વિરાધ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુલેચ્છા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ દાલ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી મુહતા (ચાંદગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ વૈશાખ વદ-૨ મંગળવાર તા. ૧૬-૫-૯૫ [અંક-૩૬

આત્માની રોગી અને નિરોગી અવસ્થાને જાણો !

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

૨૦૨૮ના મહા વદ ૭ને રવિવાર તા. ૬-૧૨-૧૯૭૨ મુ. ખંભાત

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી વીતરાગ પરમાત્માની સ્તવના કરતાં ફરમાવે છે કે-'હે વીતરાગ ! તારી સેવા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન કરવું એજ મોટામાં મોટી સેવા છે. કારણ કે, આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે.' આ વાત જો યાદ રહે તો ય કામ થઈ જાય.

આપણા સૌનો પુણ્યોદય છે કે, જન્મથી જ શ્રી અરિહંત પરમાત્માની સેવા મલી. રોજ 'નમો અરિહંતાણં' બોલનારા ઘણાને ભગવાન શું ચીજ છે, ભગવાન કેવી રીતે શું કરે થાય તેની ખબર નથી. પછી તેમની આજ્ઞા શું છે તે સમજવાનો વિચાર સરખો પણ આવે શી રીતે ? હૈયામાં સાચી શ્રદ્ધા પેદા થઈ હોય તો તેને સમજ્યા વિના ચેન પડે ખરૂ ? શ્રદ્ધા તો જીવને જંપીને બેસવા જ ન દે. ભગવાન પર શ્રદ્ધા છે અને સંસારમાં મજા આવે, મજા આવે તેનું દુઃખ પણ નહિ તે બે નો મેળ જામે ખરો ? ભગવાનના ભગતને સંસાર ગમે ખરો ? 'નમો અરિહંતાણં' બોલનારાને ભગવાન જ્યાં ગયા ત્યાં જવાનું મન પણ ન થાય તેમ બને ખરૂં ? પણ આજના નવકાર ગણનારાને ખાવા-પીવાદિમાં જ મજા આવે છે, સંસારના લાલ-પીળા જ બહુ ગમે છે તો તે નવકાર શ માટે ગણે છે તે પૂછવું પડે ને ? જેની પૂજા-ભક્તિ કરો તે શા માટે કરો તે સમજ્યા વિના કામ થાય ખરૂં ? વેપારી શેનો વેપાર કરે છે, શા માટે વેપાર કરે-તે ખબર નથી તેમ કહે તો ચાલે ? નોકરને કોની નોકરી, શા માટે કરૂં તે ખબર નથી

તેમ કહે તો ચાલે ? દુનિયામાં બધું જ સમજે છો પણ ધર્મમાં જ બધા વાંધા છે. તેનું કારણ હજી સાચી શ્રદ્ધા જ પેદા થઇ નથી.

ખરેખરી શ્રદ્ધા તો આત્મામાં અભય પેદા થાય પછી પેદા થાય છે શ્રી અરિહંત પરમાત્માની છાયા મલી પછી તો સંસારનો ભય મટી જવો જોઇએ. મરવું સ્વાભાવિક છે, જનમવું કૃત્રિમ છે. તેને જનમવાનું દુઃખ હોય પણ મરવાનું નહિ. દુનિયાની ચીજ-વસ્તુ મેળવવાનું દુઃખ હોય પણ તે ચાલી જાય તેનું નહિ. આપણું ભાગ્ય સારૂં છે પણ આપણે સારા લાગતા નથી.

આજે તમને બીમારી શેની છે ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિની છે કે ધર્મની સામગ્રીની છે ? ધર્મની સામગ્રીની હોય તેનું જીવન જ જુદું હોય. આ બધી સામગ્રી ધર્મના પ્રભાવે મલી છે તેમ લાગે તો તેને શું શું કરવાનું મન ન થાય ! ! પણ ધર્મના પ્રભાવે જ આ બધું મલ્યું છે તેવી અચલ શ્રદ્ધા છે ? પૈસા ધર્મે આપ્યા તેમ માનો છો ? ધર્મે જો આપ્યું છે તેમ માનો તો ધર્મને જરૂર પડે તો ઘરમાં પડયા રહો ખરા ?

શ્રધ્ધાની ઠેકડી કરવાની નહિ. શ્રધ્ધા ઘણું માગે છે, શ્રધ્ધા વાતોડિયા પાસે આવતી નથી. તેને અને શ્રદ્ધાને તો વૈર હોય છે. શ્રદ્ધા બજારમાં મળે ખરી ? તમારે જોઇતી ન હોય અને અમારે આપવી હોય તો તમારામાં શ્રદ્ધા આવે ? જોઇએ તો મહેનત કરે ત્યારે આવે કે એમને એમ આવે ?

આપણા બધાનું પુણ્ય ઊંચામાં ઊંચું છે-માટે આવી સારામાં સારી ધર્મસામગ્રી મલી. હવે આ મનુષ્ય જન્મમાં મેળવવા જેવું શું દુર્લભ છે, તે વાત સમજાવવી છે. ભગવાનના પૂજારીને શું દુર્લભ લાગે ? અમે જે આપવા માગીએ તે તમારે જોઇતું નથી ને ?

તમને કોઇ નવો સ્નેહી મળે તો ઘર-પેઢી આદિની વાત કરો તેવી ઓળખાણ આપો. પણ દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી મલી માટે મહાપુણ્યશાલી તેવી ઓળખ આપો ખરા ? અહીં તો તમને જિનમંદિરના દર્શન થાય, સાધુ મહારાજનો યોગ પણ સદા મલ્યા કરે અને વાર-તહેવારે ધર્મ સાંભળવા પણ મળે માટે આપણું પુણ્ય બહુ ઊંચું- તેમ કહો ખરા ?

હું આત્મા છું. મારો સંસાર પણ અનાદિકાલનો છે, રાગાદિ રૂપ અભ્યંતર સંસાર છે અને જન્મ-મરણાદિ રૂપ બાહ્ય સંસાર છે. તે સંસાર અનાદિકાલીન કર્મ સંયોગથી છે. તે સંસાર દુઃખમય છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે-આ છ વાત

હંમેશા યાદ કરવાની છે. રોજ યાદ કરો ખરા ?

આજે ઘણા જીવો તો ધર્મ કરીને પણ સંસાર વધારી રહ્યા છે. ભગવાને જેના માટે ના પાડી તે માટે જ ધર્મ કરે. સંસારમાં ઘણો કાળ ભટકવાનો પાપનો પુરવઠો ઘટી ગયો છે તે ભેગો કરવા જ અહીં આવ્યા હોય તેમ લાગે છે. મૂરખ જીવ, વેપાર કરીને પણ બાપની મૂડી ખોવે. ખરાબ માણસના હાથમાં ઓઘો આવે તે ય ખરાબ. સંસાર બરાબર ચાની રહે માટે ભગવાનને માને-પૂજે તો શું પરિણામ આવે ? ધર્મપણ માન-પાનાદિ માટે કરે તો કેવો કહેવાય ?

વિદ્વાન થવા પણ ભણવાની મના કરી છે. આજે શિક્ષણ કેમ બગડી ગયું ? ભણેલા પાગલ જેવા થઇ ગયા છે. તેમને માટે તો આ શાસ્ત્ર પણ શસ્ત્રનું જ કામ કરે છે. તેવા જીવો તો અનંતીવાર ઓઘા લઇને ડુબ્યા, આત્માને સારો બનાવવા માટે ભણનારા કેટલા જીવો મળે ? જગત ખરાબ લાગે તેને જૈનપણું ગમે. જગત ગમે તેને અને જૈનપણાને લેવા-દેવા નથી. શરીરનું જ્ઞાન હશે પણ આત્માનું જ્ઞાન કેટલાને હશે ? આત્માનું અહિત ન થાય તેની ચિંતા કરનારા કેટલા મળે ? અમે વ્યાખ્યાન કેમ કરીએ ? સઘાને પોતાના આત્માનું ભાન થાય અને હવે મારો આત્મા સંસારમાં વધુ ન ભટકે પણ વહેલામાં વહેલો મોક્ષને પામે માટે.

આજે આપણને સામગ્રી સારામાં સારી મલી છે પણ તેની કશી કિંમત નથી. જેટલી કિંમત ઘર-બારાદિની છે તેટલી ધર્મની છે ? અસલમાં આ સામગ્રી જોઇતી ન હતી અને મલી ગઇ છે. તમને પૈસા-ટકા ધાર્યા ન મળે માટે પુણ્ય ઓછું લાગે છે. પણ ધાર્યું ધર્મ કરી શકતો નથી માટે મારામાં ઘણી ખામી છે તેમ લાગે છે ખરું ? શરીરના રોગનું ભાન છે માટે ડોકટર અને દવાખાનાની જરૂર લાગે છે. પણ આત્માના રોગી તરીકે કેટલા આવે ? ઘણા તો અમને સુધારવા આવે છે. આગળના વૈદ્યો ચહેરો જોઇ કહેતા કે, સાવચેત થઇ જા. અમે તમને રોગી કહીએ તો માનો ? જેમ શરીરના રોગ છે તેમ આત્માના પણ રોગો છે તે ખબર છે ? આ પુસ્તકમાં દવા લખી છે માટે વાંચીએ છીએ. **જે શાસ્ત્ર વાંચનારને હું રોગી છું તેમ ન લાગે તો તેને પાટ ઉપર બેસવાનો અધિકાર નથી,** અમે રિવાજ મુજબ ધર્મલાભ દઇએ માટે ગમે છે પણ તમને ખબર પડે કે-ઘર-બારાદિ છોડાવવા ધર્મલાભ દઇએ છીએ તો ધર્મલાભ પણ લો ખરા ?

(ક્રમશઃ)



જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

૦ શ્રી તીર્થંકર પરમાત્માઓ પ્રજ્ઞાપનીય અર્થોને જે કહે છે તે તેમનો વચનયોગ છે અને શ્રોતાઓને ભાવશ્રુતનું કારણ હોવાથી તે દ્રવ્યશ્રુત છે.

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

"केवलणाणेणत्थे, णाउं जे तत्थ वण्णवणजोगे ।
ते भासइ तित्थयरो, वयजोगसुयं हवइ सेसं ।।"
(આ. નિ. ગા. ૭૮)

કેવળજ્ઞાન વડે અર્થોને જાણીને, તેમાં જે પ્રજ્ઞાપનીય અર્થો છે, તેને તીર્થંકર કહે છે. તે તેમનો વાગ્યોગ છે અને તે દ્રવ્યશ્રુત છે.

૦ પંચાંગ પ્રણામ કઈ રીતે કરવા તે શ્રી જિનદાસગણિએ અનુયોગદ્વાર ચૂર્ણિમાં કહ્યું છે. કે—

"पंचंगीएण वंदणिएण तं जहा–जाणु दुगं भूमिए निविडिएण, हत्थुदुएण भूमिए अवटुंभिय, ततो सिरपंचमं निवाडेज्जा ।।"

ઘૂંટણીએ પડી બન્ને ઢીંચણોને જમીન ઉપર ટેકવી તેની સાથે બે હાથની પ્રણામાંજલિનું સંયોજન કરી તે ઉપર શિર ટેકવવું અને તે રીતે પ્રણિધાનપૂર્વક પંચાંગ પ્રણિપાત કરવો.

૦ ગુરુવિરહમાં ગુરુની સ્થાપના કરવી જોઈએ તે અંગે શ્રી વિશેષાવશ્યકમાં શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે ફરમાવ્યું છે કે—

"गुरु–विरहम्मि य ठवणा, गुरूवएसोवदंसणत्थं च ।
जिण–विरहम्मि व जिणबिंब सेवणाऽऽमन्तणं सहलं ।।"

જ્યારે ગુરુ ભગવંતનો વિરહ હોય ત્યારે ગુરુના ઉપદેશને–આદેશને સમીપમાં રાખેલો દેખાડવા માટે સ્થાપના કરવી. જેમ શ્રી જિનેશ્વર દેવના વિરહમાં તેમની પ્રતિમાનું સેવન આમંત્રણ સફળ થાય છે તેમ અહીં પણ સમજવું. વળી શ્રી દેવેન્દ્રસૂરિએ ગુરુવંદન ભાષ્યમાં પણ જણાવ્યું છે કે—

"गुरुगुणजुत्तं तु गुरु, ठाविज्जा अहव तत्थ अक्खाइं ।
अहवा नाणाइतिअं, ठविज्ज सक्खं गुरु–अभावे ।।२६।।

ગુરુ વિદ્યમાન ન હોય ત્યારે [ધર્માનુષ્ઠાન-સામાયિકાદિ કરતાં] ગુરૂના ગુણોથી જે યુકત હોય, તેને ગુરૂ તરીકે સ્થાપવા; અથવા તેના સ્થાને અક્ષાદિ કે જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો સ્થાપવાં.

૦ 'યાપનીયા' (जावणिज्जाए) શબ્દ શમન કે ઉપશમન ક્રિયાના અર્થમાં વપરાય છે. શ્રી ભગવતીજી સૂત્રના ૧૮મા શતકના ૬ઠ્ઠામાં ઉદ્દેશામાં આ શબ્દ તે રીતના વપરાયો છે.

"किं ते भंते जवणिज्जं ? सोमिला ! जवणिज्जे दुविहे पन्नत्ते, तं तं जहा-इंदिय जवणिज्जे य नोइंदिय-जवणिज्जे य ।"

से किं ते इंदिय-जवणिज्जे ? इंदिय-जवणिज्जं मे सो इंदिय-चक्खिंदिय-घाणिंदिय जिब्भिदिय फासिंदियाइं निरुवहयाइं वसे वट्टंति । से तं इंदियजवणिज्जे ।

से किं तं नाइंदिय-जवणिज्जे ? नोइंदिय-जवणिज्जे जं मे कोह-माण-माया-लोभा वोच्छिन्ना, नो उदीरेंति से तं नोइंदिय-जवणिज्जे, से तं जवणिज्जे !"

સોમિલ બ્રાહ્મણ અને શ્રી મહાવીરસ્વામિ ભગવાન વચ્ચેનો આ વાર્તાલાપ છે. છે. બ્રાહ્મણ પૂછે છે અને ભગવાન તેનો જવાબ આપે છે.

"હે ભગવન્ ! તે યાપનીય શું છે ? હે સોમિલ ! યાપનીય બે પ્રકારે છે. તે આ પ્રમાણે-ઇન્દ્રિય યાપનીય અને નો-ઇન્દ્રિય યાપનીય.

હે ભગવન્ ! ઇન્દ્રિય યાપનીય એટલે શું ?

હે સોમિલ ! શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય-એ પાંચેઇન્દ્રિયો ઉપઘાત રહિત મારે આધીન વર્તે છે, તે 'ઇન્દ્રિય યાપનીય' છે.

હે ભગવન્ ! નો ઇન્દ્રિય-યાપનીય એટલે શું ?

હે સોમિલ ! મારા ક્રોધ-માન-માયા અને લોભ એ ચારે કષાયો વ્યચ્છિન્ન-નાશ પામેલા હોઇ ઉદયમાં આવતા નથી, તે નોઇન્દ્રિય-યાપનીય છે. આ પ્રમાણે યાપનીય કહ્યું.

વળી, પૂ. શ્રી હરિભદ્રસૂ. મ એ શ્રી આવશ્યક સૂત્રની ટીકામાં વંદન અધિકારમાં અર્થાત ઇન્દ્રિય અને મનની વિષયો તથા વિકારોથી ઉપઘાત રહિત અવસ્થા એ યાપનીય છે એમ કહ્યું છે.

• સાધુઓ 'વર્તમાન જોગ' કહે છે. તે અંગે શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે,

"आउसस्स न वीसासो कज्जाम्मि बहूणि अंतरायाणि ।
तम्हा हवइ साहूणं वइमाण जोमेण ववहारो ।।"

આયુષ્યનો વિશ્વાસ નથી અને કરવાં જેવાં કાર્યોમાં ઘણા અંતરાયો સંભવે છે, તેથી સાધુઓનો વ્યવહાર સંક્ષેપ વર્ત્તમાન કાળપૂર્વક જ હોય છે.

૦ પાપને છેદે અને ચિત્તને વિશુદ્ધ કરે તેનું નામ પ્રાયશ્ચિત્ત છે. તે અંગે શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

"पावं छिंदइ जम्हा, पायच्छित्तं तु भन्नइ तम्हा ।
पाएण वा वि चित्तं, विसोहइ तेण पच्छित्तं ॥" १५०८॥

જે કારણથી પાપને છેદે છે તેથી તેને પ્રાયશ્ચિત્ત કહેવાય છે અથવા પ્રાયઃ-ઘણા ભાગે ચિત્તનું વિશોધન કરે છે તેથી તે પચ્છિત્ત-પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

૦ 'ભાત-પાણીનો લાભ દેશોજી' આનો કયો અભિપ્રેત છે તે અંગે 'શ્રાદ્ધવિધિ-પ્રકરણ'ની ટીકામાં પૂ.આ. શ્રી રત્નશેખર સૂ.મ.જણાવ્યું છે કે—

"अत एवात्र पंदोर्लगित्वा इच्छकारि भगवन् ! पसाउ करी फासुएणं एसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं, वत्थ-पडिग्गहकंबल-पायपुंछणेणं, पडिहारी-पीठ-फलग-सिज्जा-संथारेणं, ओसहभेसज्जेणं भयवं ! अणुग्गहो कायव्वो ! इति व्यक्त्या निमन्त्रणं च कार्यम् ।

ત્યાર પછી પગે લાગીને નીચેના પાઠપૂર્વક નિમંત્રણા કરવી-"હે ભગવન્ ! આપની ઇચ્છા પ્રમાણે પ્રસાદકૃપા કરીને પ્રાસુક-નિર્દોષ, એષણીય-ગ્રહણ કરવા યોગ્ય એવા અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય એવા આહાર વડે, તથા વસ્ત્ર, પ્રતિગ્રહ-પાત્ર, કંબલ, પાદપ્રોંછનક-રજોહરણ વડે, પ્રતિહારી-ગૃહસ્થોથી વાપરી પાછી આપવા જેવી વસ્તુઓ, પીઠ-આસન, ફલક-પાટિયું, શય્યા, સંસ્તારક-સંથારિયા વડે તથા ઔષધ, ભૈષજ્ય વડે અનુગ્રહ કરવો.

૦ દરેક ક્રિયાના પ્રારંભમાં શ્રી ઇરિયાવહી પ્રતિક્રમણ કરવાનું કહેલ છે—

"ववहारावस्सयमहा-निसीहभगवइ विवाह चूलासु ।
पडिक्कमणचुण्णिमाइसु, पढमं इरियापडिक्कमणं ॥"

વ્યવહારસૂત્ર, આવશ્યક સૂત્ર, મહાનિશીથસૂત્ર, ભગવતીસૂત્ર, વિવાહચૂલિકા તથા પ્રતિક્રમણની ચૂર્ણિ આદિમાં પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે.

શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે—

"अपडिक्कंताए ईरियावहिआए न कप्पइ चेव काउं किंचि वि चिइवंदण-सज्झायज्झाणाइअ । ઇર્યાપથ-પ્રતિક્રમણ કર્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન આદિ કાંઇ પણ કરવું કલ્પતું નથી.

પૂ આ. શ્રી વિ. હરિભદ્રસૂરિશ્વરજી મ. એ પણ શ્રી દશવૈકાલિકસૂત્રની વૃત્તિમાં કહ્યું છે-
'ईर्यापथ-प्रतिक्रमणमकृत्वा नान्यत किमपि कुर्यात् तदशुद्धताऽऽपत्तेः"
ઇર્યાપથ-પ્રતિક્રમણ કર્યા વિના સામાયિક, પ્રતિક્રમણ આદિ અન્ય કાંઇ કરવું કલ્પે નહિ, કારણ કે તે અશુદ્ધ થવાનો સંભવ છે.

૦ શ્રી ઇરિયાવહી પડિક્કમણાના ૧૮,૨૪,૧૨૦ ભાંગા કહ્યા છે. તે આ રીતે—

જીવના ભેદ ૫૬૩ તેની વિરાધના અભિહયા આદિ દશ પદોથી થાય છે. તેથી ગુણતાં.

૫૬૩ -- જીવ ભેદ
×૧૦ -- અભિહયાદિ દશપદ

૫૬૩૦
×૨ રાગ દ્વેષથી ગુણતાં

૧૧૨૬૦
×૩ મન-વચન-કાયાના યોગથી ગુણતા

૩૩૭૮૦
×૩ કરવું-કરાવવું-અનુમોદવા ૩૫ ત્રણ કરથી ગુણતાં

૧૦૧૩૪૦
×૩ ભૂત, ભવિષ્ય વર્ત્તમાન ત્રણકાળથી ગુણતાં

૩૦૪૦૨૦
×૬ (અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા આ છની સાક્ષીથી ગુણતાં)

૧૮,૨૪,૧૨૦



जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं अणंतसंसारिओ भणिओ ।।

શ્રી જિનપ્રવચનની ઉન્નતિ કરનાર, સમ્યગ્જ્ઞાન-દર્શનાદિ ગુણોના પ્રભાવક એવા શ્રી દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર જીવને અનંતસંસારી કહ્યો છે.



[ચતુર્વિધ] જિનદત્તભાઇ કાંતિલાલ જયસુખભાઇ પ્રેમચંદ

આપણા જૈન શાસનની પરંપરા પ્રમાણે જૈન શાસનના અંગભૂત એવાં ક્ષેત્રો ની સમજ અને તેની જાળવણી અંગેની સમજ આપણા વડીલો સુધી કંઇક જળવાઇ રહી છે પણ અંગ્રેજોની અસર તળે શરૂ થયેલી નવી શિક્ષણ પદ્ધતિથી તૈયાર થયેલા નવા શિક્ષિત જૈનોની છેલ્લી બે પેઢીઓ આ બાબતમાં સાવ અનભિજ્ઞ-અજ્ઞાન અને ઉપેક્ષા વૃત્તિવાળા જણાય છે.

તેમને જિનમંદિર, જિનબિંબ, જૈન આગમો, સાધુજી, સાધ્વીજી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રોનું મહત્વ તો શું પણ તાત્પર્ય પણ પૂરેપૂરું ખબર હશે કે કેમ તે પ્રશ્ન છે. એમાંય જેમ મોટા શહેરનો જૈન તેમ તેમ દ્રવ્યવ્યવસ્થાનો વિરોધી મુંબઇ કે અમદાવાદનો કહેવાતો બુદ્ધિજીવી વર્ગ એવું કહેતો સંભળાશે કે 'મંદિરે-મૂંદિરોની વાત છોડો હવે તો સાર્વજનિક દવાખાના ખોલો' કે પછી 'ભંડારનો પૈસો ગરીબ જૈનોને આપી દેવો જોઇએ.' કે પછી શ્રાવકને જમાડવા કરતાં ગરીબોને પૈસો આપી દેવો જોઇએ' આ બધાંય વાક્યો ક્ષણભર માટે સાચાં લાગી જાય તેવાં છે. પણ વાસ્તવમાં જો વ્યક્તિ વિચારે કે આ મારા પ્રભુના શાસનને ટકાવનારા મજબુત સ્થંભો છે અને મારા પ્રભુનું શાસન-મારો જૈન ધર્મ તો જ ટકશે જો ધર્મના આ મુખ્ય સાત અંગો તો જ ટકશે. શાસન પ્રત્યે જો મારાપણાનો ભાવ આવે તો જેમ પોતાના ઘરને ટકાવનાર થાંભલાને કાઢીને બીજાનું ઘર ટકાવવા માટે કોઇ થાંભલો કાઢીને આપી નથી દેતું અથવા તેનું નુકસાન નથી થવા દેતું તેમ ધર્મના આ સાત ક્ષેત્રોને હાની પહોંચાડવાનો કોઇપણ જૈન વિચાર પણ ન કરે. પણ અફસોસ એ વાતનો છે કે જે જૈને સબળ, સક્ષમ-પહોંચવાળા છે તેમાંનો ૭૦ ટકા વર્ગ સાત ક્ષેત્રોમાં કશું સમજતો જ નથી અને સમજદાર વર્ગ કોઇને કોઇ અંગત કે ઉપેક્ષાના કારણે માથું મારતો નથી. થોડો ઘણો વર્ગ જ એવો છે કે તે સંભાળપૂર્વક ક્ષેત્રોની રક્ષા કરે છે. તેમાં પણ લોકશાહીના દૂષણરૂપ ચૂંટણી-પદ્ધતિ બહુમતિ વાદના કારણે સમજદારોનું પણ સંઘોમાં ઉપજતું નથી.

આ બધાનાં ઉપાયરૂપે સાતક્ષેત્રોની સમજ આપતું શિક્ષણ પાઠશાળાઓમાં ફરજિયાત ભણાવવું જોઇએ તેથી દેવદ્રવ્ય (જિનમંદિર-જિનમૂર્તિ), જ્ઞાનદ્રવ્ય (જિન આગમ) ગુરૂ દ્રવ્ય (સાધુજી-સાધ્વીજી), શ્રાવક-શ્રાવિકા (સાધારણ) વિગેરે દ્રવ્યોનું અજ્ઞાન અવસ્થામાં હાનિ કે ભક્ષણ થતાં અટકાવી શકે કારણ કે વહીવટ તો ભવિષ્યમાં આજના બાળકો જ કરવાનાં જ છે ને ? એટલું ધ્યાનમાં રાખીએ કે સંસ્થા કે સંગઠનો કે કોઇ પણ બંધારણીય સંસ્થા પણ ગમે તેવા કપરાં કામમાં પણ પોતાના બંધારણ બહાર જઇને સંસ્થાનો પૈસો વાપરી શકતો નથી અથવા વાપરતી નથી તો આપણા સંઘો જ શા માટે દેરાસરના પૈસાને જ્યાં ત્યાં વેડફવાની ઇચ્છા કરે છે? શા માટે સાધર્મિકોના પૈસા ગમે ત્યાં વેરી નાખે છે ? આશા છે કે પાઠશાળાઓ, નિગ્રંથ અને સંસારથી અલિપ્ત એવા ગીતાર્થ ગુરૂભગવંતોનું માર્ગદર્શન લઇને અભ્યાસક્રમમાં સાતક્ષેત્રો અંગેનો અભ્યાસ કરાવે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૨] લોહીયાળ ઘાણી, સેંકડો મુનિવરોની મૃત્યુશૈય્યા.

'ત્યાં પરિવાર સહિત તને મરણાંત ઉપસર્ગ આવશે.'

'અમે ત્યાં આરાધક થઈશું કે નહિ, પ્રભો !'

''તારા સિવાય આ બધા જ આરાધક બનશે.'

અને દંડકારણ્યમાં આવી ચડેલા રામચંદ્રજીને સુગુપ્ત અને ત્રિગુપ્ત નામના બે ચારણ મુનિઓમાંથી સુગુપ્ત મુનિવરે જવાબ આપતાં કહ્યું કે—

કુંભારકટ નામનું આપણે જે સ્થળે ઊભા છીએ તે નગર હતું. દંડક નામનો અહીં રાજા રાજ્ય કરતો હતો.

શ્રાવસ્તીમાં તે સમયે જિતશત્રુ રાજા હતો તેની ધારિણી નામની રાણીથી સ્કંધક અને પુરન્દરયશા નામે પુત્ર-પુત્રી જન્મ્યા હતા.

જિતશત્રુ રાજાએ દંડક રાજા સાથે પુરંદરયશાને પરણાવી હતી.

એક વખત જિતશત્રુ રાજા પોતાની સભામાં અરિહંતના ધર્મની ગોષ્ટી-ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે દંડક રાજાનો પાલક નામનો બ્રાહ્મણ દૂત ત્યાં આવી ચડયો. અને તે પાલકે અરિહંતના ધર્મનું ખંડન કરવા માંડયું.

આ સહન ન થતાં રાજકુમાર સ્કંધકે મિથ્યાદ્રષ્ટિ એવા દુષ્ટ બુદ્ધિવાળા તેનું સચોટ યુક્તિઓ કહેવા દ્વારા મુળથી ખંડન કરી નાંખ્યું.

આથી નિરૂત્તર થઇ ગયેલો તે સભાસદો વડે મશ્કરીને પાત્ર થયો. પણ ત્યારથી સ્કંધકકુમાર ઉપર વૈરભાવ રાખતો તે એક દિવસ કુંભારકટ નગરે પાછો ફર્યો.

એક દિવસ આ અસાર સંસારથી વૈરાગ્ય પામીને સમૃદ્ધિની છોળો ઉછળતી હોવા છતાં રાજકુમાર સ્કંધકે પાંચશો રાજપુત્રો સાથે શ્રી મુનિસુવ્રત સ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી. અને એક દિવસે આચાર્ય પદે સ્થાપન થયા.

પોતાની બહેન પુરંદરયશા આદિને બોધ પમાડવાની ઇચ્છાથી સ્કંધકાચાર્યે પૂછ્યું કે-હે પ્રભો ! પુરંદરયશા આદિને બોધ પમાડવા જઉં ?

'ત્યાં પરિવાર સહિત તને મોત લાવનારૂં મરણાંત કષ્ટ આવશે.' પ્રભુએ કહ્યું.

સ્કંધકાચાર્યે ફરી પૂછ્યું-'પ્રભો ! અમે આ મરણાંત કષ્ટ આવવા છતાં ત્યાં આરાધક રહીશું કે નહિ ?' (અર્થાત્ મરણાંત કષ્ટ સમયે કોઇ દુર્ધ્યાનમાં તો ચડી નહિ જઇએ ને ?)

પ્રભુએ કહ્યું–'તારા વિના આ બધાં જ આરાધક થશે.'

સ્કંધકાચાર્ય બોલ્યા–'એ પણ ઘણું છે.' અને આમ કહીને સ્કંધકાચાર્ય કુંભારકટ નગર તરફ ચાલ્યા.

પાંચસો મુનિવરો સાથે આવેલા સ્કંધકાચાર્યને જોતાં જ પેલા દુષ્ટ-ક્રુર પાલકને પોતાના અપમાનનો બદલો વાળી વૈરની સળગતી રહેલી આગને બુઝાવવાના અરમાનો જાગ્યા. અને તુરત જ સાધુ ભગવંતને રહેવાની વસતિ-સ્થાનમાં પાપી પાલકે શસ્ત્રો દટાવી દીધા.

સ્કંધકાચાર્યે આપેલી દેશનાથી રાજા તથા પ્રજા ખુશ-ખુશ થઇ ગયા.

રાજમહેલે આવીને ગુપ્ત રીતે વાત કરતાં દુષ્ટ જ્ઞાનતના પાલકે કહ્યું કે–હે સ્વામિન્! આ સ્કંધક સાધુના વેષમાં છુપાયેલો શૈતાન છે. આ પાખંડી બકાચારી ઢંભીએ હજાર-હજાર માણસોને એકલે હાથે હણી શકે એવા આ ચુનંદા સૈનિકોને સાધુના વેષમાં અહીં લાવીને છુપી રીતે શસ્ત્રો દટાવી દીધા છે. (એ લોકો શસ્ત્રો ઉગામે એટલા ડગલા જ તમારૂં મોત છેટું છે.) મારી વાત ઉપર વિશ્વાસ ના આવતો હોય તો જાતે જઇને ત્યાંની જમીન ખોદાવો અને જુઓ કે ત્યાં શસ્ત્રો દાટયા છે કે નહિ.'

આ સાંભળતાં જ રાજાએ ચારે બાજુથી મુનિવરની વસતિને ખોદાવી. અને જાત-જાતના દટાયેલા શસ્ત્રો જોઇને અત્યંત ખેદ પામ્યો.

અને કશું સમજ્યા-વિચાર્યા વિના જ તે મૂરખ રાજાએ પાલકને કહ્યું કે–સારૂં થયું કે તેં મને આ પહેલેથી જ જણાવી દીધું. ખરેખર તારા કારણે જ હું હે મંત્રિ દેખતો છું. (બધું જાણી શક્યો છું.) એ સાધુના વેષમાં છુપાયેલા દુષ્ટ શૈતાનનું જે કરવા યોગ્ય હોય તે તું જ કર. હવે પછી ફરી મને પૂછવા જેટલી પણ તારે રાહ જોવાની જરૂર નથી.'

(વેરના બદલાની આગ ઠારવાની આટલી સુંદર તક મળી જતાં ખુશ-ખુશાલ થયેલા પાપી) પાલકે એક તેલ પીલવાની ખતરનાક ઘાણી તૈયાર કરાવી.

અને જેટલી વધુ ને વધુ પીડા સ્કંધકને થાય તે રીતે બધા સાધુઓને ઘાણીમાં પીલવાનું તેણે વિચાર્યું.

સ્કંધકાચાર્યની જ આંખ સામે એક એક એમ કરતાં દરેક સાધુઓને યંત્રમય ઘાણીમાં ઉંધી રીતે ફેરવીને પાલક ખતમ કરવા લાગ્યો.

એક બાજુ ઘાણીમાં પીલાતા સાધુઓને સ્કંધકાચાર્ય અંતિમ સુંદર આરાધના કરાવતા હતા. તો બીજી બાજુ એજ મહાવ્રતધરોના મડદા જોઇને પેલો પાપી મોજ-ભરી મહેફિલ ઉડાવતો હતો.

બે-પાંચ નહિ–સો–બસ્સો નહિ પણ ચારસોને નવ્વાણું–નવ્વાણું સાધુઓનો આ રીતે (રાક્ષસ જેવા તે પાપીયા) પાલકે ઘાણીમાં ઘાણ કાઢી નાંખ્યો.

હવે છેલ્લા એક બાલમુનિ અને સ્કંધકા-

આર્ય બાકી હતા. ત્યારે સ્કંધાચાર્યે પાલકને કહ્યું-'પહેલા ઘાણીમાં મને નાંખ. ઘાણીમાં પીલાતા આ બાલમુનિને હું નહિ જોઇ શકું'.

પાલકને તો વધુ મજા આવી. સ્કંધકાચાર્યને જેટલા વધુ ને વધુ રીબાવાય તેટલા ઓછા ! આવી દૈત્ય દાનવના તે રાક્ષસ પાપીએ તો સ્કંધકાચાર્યની સગી આંખો સામે જ ફૂલ જેવા કોમળ તે બાલમુનિને વધુ ખુશ થતાં થતાં પહેલાં જ પીલી નાંખ્યા.

સ્કંધકાચાર્યથી અંતિમ નિર્યામણા પામેલા પાંચશોએ પાંચશો શિષ્યો કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

અત્યાર સુધી અન્ય મુનિવરોને અંતિમ પળની આરાધના કરાવતાં-કરાવતાં શાંત રહેલા સ્કંધકાચાર્ય હવે શાંત રહી ના શકયા. જિંદગીભર કરેલી ઘોર-ઉગ્ર તપશ્ચર્યાના તેઓ સોદાગર બની ગયા.

ઘાણીમાં પીલાવાના સમયે તેમણે નિયાણું કરીને તપશ્ચર્યાની સોદાબાજી કરી લીધી. તેઓ બોલ્યા. 'જો મેં કરેલી તપશ્ચર્યાનું કંઇ પણ ફળ હોય તો આ દંડકરાજાનો, આ પાપી પાલકનો અને તેના કુળ તથા રાષ્ટ્રનો હું આવતા ભવે હત્યારો બનું.'

અને પાલકે સ્કંધકાચાર્યને પણ ઘાણીમાં નાંખીને પીલી નાંખ્યા.

(નાલાયક પાલકે અપમાનના વેરની આગ મુનિવરોના શરીરના રકત રંગી શોણિતર્થ બુઝાવી.)

સ્કંધકાચાર્ય મૃત્યુ પામીને વન્હિકુમાર દેવ થયા. [illegible]

સ્કંધકાચાર્યનું રજોહરણ ઉપાડીને ઉડેલી સમડીના મોઢામાંથી તે યોગાનુયોગ પુરંદરયશા પાસે પડયું. તેમાં રહેલા પોતાની જ રત્નકંબલના તંતુઓ જોતા ભાઇ મુનિના આવા મૃત્યુથી તે, 'હે પાપી ! પાપી ! તેં આ શું કર્યું ? આ રીતે દંડક રાજાને આક્રોશ કરવા લાગી.

[હવે કોઇ પણ જાગે તો ય ઘણું-ઘણું મોડું થઇ ગયું હતું.]

શાસનદેવીએ પુરંદરયશાને ઉપાડીને શ્રી મુનિસુવ્રત સ્વામી પાસે મૂકતા તેણે દીક્ષા સ્વીકારી.

હવે અવધિજ્ઞાનથી પૂર્વજન્મનું પોતાનું લોહીયાળ-ભોગ જોઇને અત્યંત તીવ્ર રોષે ભરાયેલા સ્કંધકાચાર્યના જીવ અગ્નિકુમારે પાપી પાલકને, નગરજનોને અને [વિચાર્યા વિનાના આદેશો દેનારા] દંડક રાજાને બાળીને ભસ્મસાત કર્યા. ત્યારથી આ ઉજજડ બની ગયેલો પ્રદેશ દંડક રાજાના નામથી દંડકારણ્ય બન્યો.

મૃત્યુ પામેલો દંડક રાજા દુઃખદાયી યોનિઓમાં ભટકતો ભટકતો આખરે આ 'ગંધા' નામનો રોગી પક્ષી બન્યો. મુનિવર એવા અમને જોતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને અમારા ચરણસ્પર્શથી તે નિરોગી બની કંચનવરણી કાયાવાળો બન્યો છે.

તેના મસ્તકે રત્નના અંકુર જેવી જટાઓ થવાથી તે 'જટાયુ' તરીકે પ્રખ્યાત થયો છે.

મુનિવર સુશ્રુતના મુખેથી પોતાની ગયા જનમની લોહી ખરડી દાસ્તાન સાંભ-

ળીને ફરી મુનિવરના ચરણોમાં પડીને જટાયુએ ધર્મ સાંભળ્યો અને શ્રાવકવ્રતનો સ્વીકાર કર્યો. જીવહિંસા, માંસાહાર, અને રાત્રિભોજન નહિ કરવાની એક માંસાહારી પક્ષી જટાયુએ પ્રતિજ્ઞા સ્વીકારી.

અને રામચંદ્રજીને મુનિવરોએ કહ્યું– હવે આ તમારો સાધર્મિક છે. સાધર્મિકનું વાત્સલ્ય જૈન શાસનમાં શ્રેયસ્કર કહ્યું છે. આમ કહી મુનિવરો આકાશમાર્ગે ચાલ્યા ગયા.

વિદ્યાધરેશ્વર રત્નજટીનો અહીં મેળાપ થયો પછી રામચંદ્રજી બે ભેરોને આપેલા અશ્વ યુકત રથમાં બેસીને 'જટાયુ'ને સાથે લઇને અન્યત્ર ક્રીડાપૂર્વક વિચરી ગયા.

શ્રી મહાવીર નમોસ્તુતે શ્રી લબ્ધિ ભુવનતિલક ભદ્રંકર ગુરુભ્યો નમઃ

—: નરસિંહપુર [મ. પ્ર.] નગરે :—

ઐતિહાસિક પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે ભાવપૂર્ણ આમંત્રણ પૂ. લબ્ધિભુવનતિલક ભદ્રંકરસૂરિ કૃપા પ્રાપ્ત પૂ. શાંતમૂર્તિ આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મ. ના પટ્ટધર પૂ વિશ્વ વિક્રમી તપસ્વી ઉગ્ર વિહારી મરાઠવાળા ઉદ્ધારક આ. શ્રી વારિષેણસૂરિજી મ. ને પૂ પં. વિનયસેન વિ. મ. ના શિષ્ય મુનિ વજ્રસેન વિ., મુનિ વલ્લભસેન વિ. ઠા. ૩ ની પાવન નિશ્રામાં યુવા વિધિકાર મનોજકુમાર હરખના માર્ગદર્શને નુતન શિખરબદ્ધ જિનાલયે શ્રી મહાવીર પરમાત્મા શ્રી શ્રેયાંસનાથ શ્રી મુનિ સુવ્રતસ્વામિ, શ્રી લબ્ધિનિધાન ગૌતમસ્વામિ દાદાગુરૂ યક્ષ યક્ષણી પ્રાસાદદેવી મંગલમૂર્તિ પ્રતિષ્ઠા પ્રવેશનો ધ્વજાદંડ કલસારોપણ ઉત્સવ ભવ્યાતિભવ્ય રીતે મનાવવામાં આવનાર છે. પૂ.શ્રી કેવળીયા કોલોની પ્રતિષ્ઠા ઉત્સવ, માંડવગઢતીર્થ યાત્રા, ખંડવા શાશ્વતી ઓળી પ્રસંગે આયંબિલો, હરસુદ વીરજન્મોત્સવ, ખીરકિયામાં પૂ. આ. ભદ્રંકરસૂરિ મ. ત્રીજી પુણ્યતિથી પૂ. અ. અભયરત્નસૂરિ મ. સંયમ અનુમોદનાર્થે સમુહ આયંબિલ ભકતામર મહાપૂજન, શત્રુંજય, ભાવયાત્રા, નવપદપૂજા વિગેરે ભવ્ય અનુષ્ઠાનો ઉજવીને અત્રે પધારશે.

- વૈ. સુદ ૫, ૫–૫–૯૫ ના પૂ. ગુરૂવરો તથા જિનબિંબોનો પ્રવેશોત્સવ.
- ઉત્સવ–પ્રારંભ, ૬–૫–૯૫ થી ૯–૫–૯૫ સુધી રોજ પૂજનો આંગી ભાવના પ્રવચન.
- ૧૦–૫–૯૫ ભવ્ય સિદ્ધચક્ર મહાપૂજન નંદાવર્ત પૂજન આદિ.
- ૧૧–૫–૯૫ બીજાપુર રાજસ્થાન બેન્ડ, વીરભગામ શહનાઇ ગજરાજ સાથે રથયાત્રા.
- ૧૨–૫–૯૫ ભવ્ય પ્રતિષ્ઠા ઉત્સવ શાંતિસ્નાત્ર પૂજન ગરીબોને ભોજનાદિ.
- પ્રતિદિન પ્રવચન ભકતામરપાઠ, પૂજન આંગી ભાવના ત્રણે સમયની નવકારશી જમણો નૃત્યકારો દ્વારા ભકિત કાર્યક્રમ ગોરધન પાર્ટી દ્વારા સંગીત વેલજીભાઇ ઇન્દોર દ્વારા વિધિવિધાન થશે. ○ સ્થળ–જૈન મંદિર, સ્ટેશન રોડ–નરસિંહપુર (M.P.)
- પૂ.શ્રી અત્રેથી, કરઠા ૨૮–૫–૯૫ ના પૂ. ભુવનતિલક સૂ. મ. પુણ્યતિથિ ઉત્સવ ઉજવીને દાહોદ–મુંબઇ ચાતુર્માસાર્થે પધારશે.

* મોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

દેતાં પોતાનું પણ જાય મૂરખને જ્ઞાન કદિ નહિ થાય.

ગંગારૂપ ગંગાબાને ત્યાં એકવાર એક ગામડાના પ્યોર પટેલ આવ્યા કાઠીયાવાડી બોયર્ણ એટલે નીચેથી લેટેસ્ટ જી-સ પેન્ટ અને ઉપને કમરથી ફૂલ જ નહિ પણ પાવરફુલ કે હાઉસફુલ બેગી અને સફેદ રંગનો નાડાનો ઝુલતો કમરપટ્ટો અને નાળિકમળ યથા પેટ-પટારારતન અને પીઠ મણિના થોડા થોડા દર્શન કરાવે તેવા શરીર ઉપરનું પહેરણ.

વળી માથે મોટી તાસળી મૂકાવીને કપાવેલા છાલીયા કટ વાળ એ વાળની ઉપર વળી પાઘડી અસલ કાઠીયાવાડી ભાભા જ જોઇ લ્યો. હાથમાં કડીયાળી ડાંગ તો ખરી જ.

કદાચ દ્વાપરના વરસાદનું કોઇ મોટું મેઘ-બૂંદ પટેલની બરાબર મસ્તકની બ્રહ્મનાડી ઉપર પડે તો તે ટકલા ઉપરથી બુંદના હિરાકણો ચારે તરફ મોતીના દાણાની જેમ વેરાય હોં.

આ પટેલ સાક્ષર નહિ પણ નિરક્ષર. એટલે સીટી બસમાં જવું હોય તો કશી તકલીફ નહિ. જેટલા નિરક્ષર (અભણ) એટલા નિડર બનાય આપણને સાપ કરડે એવું જ્ઞાન છે એટલે ડરીએ છીએ પણ નાના બાળાને આવું જ્ઞાન નથી એટલે એને કંઇ આવું ડરવાનું હોય જ નહિ. એ તો ઉલટાનો સાપને રમકડું હમજીને પકડવા જાય. તમારે ૨૭-૧૧-૯૩ ની શનિવાર-સંદેશની પૂર્તિ જોવી. એમાં નાના બાળકોએ સાપને મોઢામાં નાખેલા બતાવ્યા છે. પણ મોટા માણસને નથી બતાવ્યો. એટલે સાક્ષરતા કરતા નિરક્ષરતા અજ્ઞાનતા સારી.

તમે જ જુવોને જીવહિંસામાં પાપ આવું તમે વ્યાખ્યાનમાં સાંભળ્યા પછી સવારના પહોરમાં ગેસ સળગાવતાં પૂંજણીથી પૂંજવાનું, પાછું પાણી ગળવાનું, કોઇ જીવ ના હોય ત્યાં પરાતમાં પૂંજીને ઠારવાનું, કોઇ જીવડું ઠરેલા પાણીમાં તરફડતુ હોય તો તરત મલમલના કે પાણી ચૂસે એવા કપડા ઉપર તેને પાણીમાંથી કાઢીને મેકવાનુ. પછી ઠરેલુ પાણી ભીમની પત્ની હેડંબાના પુત્ર ઘટોત્કચ જેવા ઘટમાં કે ઢોચકામાં ભરતા પહેલા અમદાવાદી કે પાટણના ઢોચકાને બરાબર જોઇને પૂંજવાનું તેમાં કોઇ જીવાત હોય અને જલ્દી બહારના નીકળે તો કંટાળ્યા વગરજ મોડુ થતુ હોય તો ય તેને બહાર કાઢયા પછી જ ઠરેલુ પાણી એય પાછુ તદ્દન ઝીણુ ગરણુ મુકીને ગળ્યા પછી મરણાનો સંખારો સૂકાઇ ન જાય તે રીતે રાખવાનું અને પછી ધર્મીજનો આવું પાણી એક-ઢોઢ ગલાસ જ નહિ પણ એક સામટું જ જાણે પાણી

ભાળ્યુ જ ના હોય એ રીતે ઢાઢ–એ લોટા જેટલું એક જ એકાસણામાં ઢીંચી જાય. અને એટલામાં જ ઢોચકું છેક તળિયે જ આવી જાય. ફરી ભરવાનું...ફરી પીવાનું...

આટલી બધી કડાકૂટ કેમ ? જીવહિંસામાં પાપ જાણ્યુ માટે જ ને ? જેને આવું જ્ઞાન નથી કે આવી કશી પડી નથી તેને છે આવી કશી કડાકૂટ હ્હેર કરે છે ને એ લોકો બોલો તમને આ વાત ના ગમીને ?

"કયાંથી ગમે પણ ? જે અજ્ઞાનતા જિંદગીનું કમોત બેઠુ કરી દે તેવી નિરક્ષરતા–અજ્ઞાનતા તો કોઇને જ ના પોષાય. અરે ! ખુદ સરકાર પણ ગામે ગામના ગઢીયાઓને સાક્ષર બનાવવા માટે વારે ઘડીએ ટી.વી.ના પ્રોગ્રામો ગોઠવે છે ને તમે નિરક્ષરતામાં નીડરતાના નારા લગાવો છો."

ઇ જે હોય તે, પેલા પટેલ તો બસ સ્ટોપ ઉપર એક ભાઇને લાલદરવાજાની બસ આવે તો કહેવાનું કહીને હ્હેરથી ટાંટીયા લાંબા કરીને બસ સ્ટેન્ડે બેસી ગયા. પેલા ભાઇને લાલ દરવાજાની બસ ભરચક આવશે ને નહિ ઉભી રે'તો ? એવી ચિંતા હતી. પટેલને શું ? એક ગઇ તો બીજી.

બન્યુ એવું કે બસ ભરચક આવી. ભીડ જોઇને પટેલે તેમાં જવાનું બોકડૂક રાખ્યુ. પેલા ભાઇ ઢોડીને ચડી ગયા. પટેલ બોલ્યા. આ મરે નહિ તો બીજુ શું થાય ? શું ઉતાવળ છે ? બીજીમાં જઇશુ.

પછી તરત જ એક બાલી બસ આવી. પટેલ શાંતિથી ચડયા. વિચાર્યું કે પેલા મુર્ખા જ કે'વાય ને.

કંડકટરે પૂછયુ–'બોલો પંદ કયાંની ટીકીટ આપું ?'

એક જ આલો ભઇ લાલદરવાજાની.

તરત બસ ઉભી રખાવીને કંડકટરે કીધું. આ તો કાલુપુરની છે કાકા જેટલી લાલ બસ એટલી બધી કંઇ લાલદરવાજા ની જાય. હેઠા ઉતરો (પછી બબડયો આવા ને આવા કેટલાં ક ભર્યા હશે ભારતમાં બિચારૂ ભારત ઉચુ જ કયાંથ આવે ?) એક ગમખ્વાર પરાજય પામીને પટેલ પાછા પોતાનો બાકડો હાચવીને બેસી ગયા પછી કંડકટરને સંભળાવા લાગ્યા કે ભોડ કયાંથી વાંચે ? હું થોડો સાકસર (સાક્ષર) છું હું તો નિરીક્ષક (નિરક્ષર) છું. તારે બોલવું જોઇએ ને પહેલેથી અને પાછો "ડોબા જેવો મને કે છે લે. આ ડાંગ જોઇ લે."

હું પાછળ ઉભો ઉભો પેટ પકડીને હસ્યા કરતો હતો. મેં શહેરમાં જઇને પટેલના નાલેશીભર્યા પરાક્રમની વાત એક સાધુ મહારાજને કરતાં તેમણે કહ્યું કે જેટલી લાલબસ એટલી લાલદરવાજા ના જાય તેમ જેટલા સંસ્કૃત ગ્રંથો એ બધાં કંઈ શાસ્ત્રપાઠના ગણાય. જિનેશ્વરની આજ્ઞા મુજબ ચાહે ગુજરાતી જ હોય તો તે પણ શાસ્ત્રપાઠ જ છે. આજ્ઞા બહારનું સંસ્કૃત હોય કે પ્રાકૃત હોય તે હત્તરવાર શાસ્ત્રપાઠ તરીકે ના ગણાય.

એજ રીતે "સાધુ મહારાજે કીધું એ બધુ સાચુ. અને ગમે તે સાધુએ કીધુ એ

સાચું'' એવું'ય નહિ માની લેવાનુ શાસ્ત્રોક્ત કહેનારા સાધુ ભગવંતે જેટલું શાસ્ત્રોક્ત-જિન આજ્ઞા મુજબનું કીધુ એટલુ સાચુ જો શ્રાવક પણ જિનઆજ્ઞા મુજબનું જ બોલે કે લખે તે તે સાચો અને સાધુ જિન આજ્ઞા વિરૂદ્ધ બોલે કે લખે કરે તો તે ખોટ.''

પછી તો એ જ પટેલનો બસમાં મને થયેલો બીજો અનુભવ પણ મેં કીધો.

બન્યુ એવું કે-બસમાંથી પટેલ બરતરફ કરાય પછી લગભગ માત્ર એક જ કલાકમાં લાલદરવાજાની બસ આવી. (આ વખતે તો પટેલે નક્કિ જ કરેલું કે-જો આ બસ લાલદરવાજા જવાની ના હોય તો ત્યાં લઇ જવા માટે સત્યાગ્રહના ઉપવાસ ઉપર ઉતરી જવું. પણ અહીં તો મરણાંત ઉપવાસની શુભ ભાવના હતી માટે જ સમજોને કે બસ લાલદરવાજા જ જવા જ તૈયાર થયેલી.)

પટેલની આજુબાજુ બેઠેલા લોકોએ ટીકીટ માંગતી વખતે એમ કહ્યુ કે-''એક ઘનશ્યામભાઇ'' 'એક પરમાનંદ', 'એક ધનાસુથાર' પટેલે આ બધુ ધ્યાનથી સાંભળ્યુ પછી કંડકટર તેની પાસે આવતા બોલ્યો-'બોલો કાકા !'

કાકા બોલ્યા-'એક ધૂળા પટેલ'

શું ધૂળા પટેલ ?

'હા...કા બાપુ હાચુ કઉ છું. માર નામ ધૂળો જ છે એને મારી અકટ પટેલ છે. તમને વિસવા નો બેસે તો હું શું કરૂં ?'

'ભારતનો ઉદ્ધાર કયાંથી થાય ? આવા ડોબા જ ભર્યા હોય ત્યાં ?' કંડકટર બોલ્યો.


પેલા બધાંએ તો એમના નામ કીધા. એમ હું મારૂં જ નામ બોલુ છું, મારૂ કંઇ બનાવટી નામ નથી બોલતો.

અરે કાકા એ બધા તો હીરાલાલની ચાલી, પરમાનંદની ચાલી, ધનાસુથારની પોળ ત્યાં જવાના છે એમના નામ નથી બોલ્યા. તમારે કયાં જવું છે ?

'મારે તો લાલદરવાજા જવું છે' આખી બસ ઘડી ભરતો હસવા માંડ્યો. કાકા પણ લોકોને ખુશ જોઇને હસવા માંડયા. (વાહ, ભગવાને ખરૂ સેન્સપણ બનાવ્યુ હોં.)

'જોયું ને ? રાજા ! સમજ્યા કર્યા વિના પોતાની જ મતિ કલ્પનાથી બોલનારનું કેવું બફાઇ જાય છે ! નિરક્ષરતાના લીધે પેલા નિરીક્ષક પટેલની કેવી ભૂંડી દશા થઇ કયાં, કયારે, શું બોલવું ? કોની આગળ બોલવુ ? આવું કશું જ જાણ્યા કર્યા વગરનાની હાંસી જ થાય.

તમસો મા જ્યોતિર્ગમય-હેપ્રભુ ! અંધારામાં નહિ અજવાળામાં લઇ જા.



પ્રેાપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી માર

આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બોટાદવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯

,, ઘર :- ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)



શાસન સમાચાર

પુના ફ્રાતિમાનગર – અત્રે સંઘવી વીરચંદજી ચુનીલાલજી હુકમાજી પરિવાર (રામસેનવાળા) તરફથી સ્વદ્રવ્ય નિર્મિત અને સ્વદ્રવ્યથી અંજનશલાકા પ્રતિષ્ઠા કરવા માટે શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન મંદિર તથા પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વર ગુરુમંદિરનો ઉત્સવ પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂ.મ., પૂ.આ.શ્રી વિજયજયકુંજર સૂ. મ., પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભ સૂ. મ. ની નિશ્રામાં અતિ ભવ્ય રીતે ઊજવાયો વૈ. સુદ ૬ ના અંજનવિધિ અને વૈ. સુદ ૭ ના પ્રતિષ્ઠા થયેલ.

દાંતરાઇ–અત્રે શેઠશ્રી સોમાજી લુંબાજી ચૌહાણ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી મંછીબાઇની વિવિધ તપસ્યાદિ સુકૃત જીવનની અનુમોદના અર્થે તેમના પરિવાર તરફથી વીશ સ્થાનક પૂજન અષ્ટોત્તરી સ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ પૂજન જીરાવલા તીર્થયાત્રા વિ. ભવ્ય કાર્યક્રમ પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વૈ. સુદ ૬ થી વૈ. સુદ ૧૩–૧૪ શનિવાર સુધી ભવ્ય રીતે ઊજવેલ છે.

હાલાર **તીર્થ** આરાધના ધામ–અત્રે શ્રીમતી ઉમરબેન પ્રેમજી ભીમશી સોની પરિવાર તરફથી ચિ. પૌત્ર જીગ્નેશકુમારની દીક્ષા નિમિતે ભવ્ય વરઘોડો સ્નાત્ર મહોત્સવ વિ. ભવ્ય કાર્યક્રમ ઊજવાયો છે. દીક્ષા વૈ. વદ દ્વિતીય ૧૧ ગુરૂવાર તા. ૨૫–૫–૯૫ ના પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી ગ.ની નિશ્રામાં થશે.

એકના એક ચિ. દીક્ષા રે છે તે માટે તેમના કુટુંબ તથા સગા–સ્નેહીઓ અને જ્ઞાતિજનોમાં ખુબ ઉત્સાહ ભને ઉદારતા પ્રવર્તે છે.

અમદાવાદ–વાસણા–અત્રે પ. પૂ.આ. ભ. શ્રી વિ. નરરત્નસૂરીશ્વરજી મ.ના કાલધર્મ નિમિતે પૂ.આ.ભ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ., પૂ. આ. ભ. શ્રી વિજય હિમાંશુ સૂ. મ., પૂ. આ. ભ. શ્રી વિજય જયઘોષ સૂ. મ. આદિની પુનિત નિશ્રામાં ચૈત્ર વદ ૭ થી ચૈત્ર વદ ૦) સુધી નવાન્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો. અજીતશત્રુ વિનયમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રીએ ૧૯૮૯ માં દીક્ષા અંગિકાર કરેલ. અને તેમના પિતાશ્રીએ દીક્ષા અપાવી ૧૧ મહિના પછી પૂ. આ. ભ. શ્રી વિજય હિમાંશુ સૂ. મ.એ દીક્ષા અંગીકાર કરી હતી. પૂ. આ. ભ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મ., પૂ. આ. ભ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ., પૂ આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. ની છાયામાં વિકાસ થયો હતો. બંનેય પૂ. આ. ભ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્નો બન્યા હતા.

મહેસાણા–શ્રી સીમંધરસ્વામી મંદિ-

રમાં પૂ.આ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી સીમંધરસ્વામી ઉપાસકગણ વતી ગાંધી ઠાનજીભાઇ જેચંદભાઇ સંઘવી પરિવાર તરફથી અંજન શલાકા મહોત્સવ ચૈત્ર વદ ૧૪ થી વૈ. સુદ ૭ સુધી ભવ્ય રીતે યોજાયો.

અંભાત–અત્રે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર, પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. ગુરુમંદિર નિર્માણ આદિ શ્રી તપાગચ્છ અમર જૈનશાળા આયોજન થયું તે પૂર્ણ થતાં તે નિમિતે તથા ગુરુમુર્તિની પ્રતિષ્ઠા આદિ નિમિતે વૈ. સુદ ૨ થી વૈ. સુદ ૧૧ સુધીનો ભવ્ય મહોત્સવ પૂ.આ.ભ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. પૂ.આ.ભ. શ્રી વિ. મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભવ્યાતિભવ્ય આયોજન થયું છે.

નવાગામ–જૈનપુરી (હાલાર) મધ્યે શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયની ૭૫ મી વર્ષગાંઠ નિમિતે ત્રણ દિવસનો ભવ્ય હિરક મહોત્સવ પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રી આદિની નિશ્રામાં ભવ્ય રીતે આયોજન થયો છે આ જિનમંદિરની પ્રતિષ્ઠા ૭૫ વર્ષ પૂર્વ પૂ. મુનિરાજ શ્રી ગૌતમ સાગરજી મ ની નિશ્રામાં થઇ હતી. વૈ. સુદ ૫ પૂજા સાધર્મિક ભક્તિ શાહ મુરા ધામાણી પરિવાર તરફથી સુદ ૬ ના કુંભ સ્થાપન શાહ હીરાભાઈ હધાભાઇ પરિવાર તરફથી તથ બપોરે સાધર્મિક ભક્તિ તથા નવગ્રહ પૂજન શાહ મેઘજી લખમણ હરિયા પરિવાર તથ શાહ ભોજા મેઘજી, શાહ કચરા મેઘજી, શાહ મોકર મેઘજી વીરપરિયા પરિવાર તરફથી તથા સુદ ૭ ના સવારના અભિષેક તથા ધજારોપણ થયું.

બપોરે સાધર્મિક ભક્તિ તથા શાંતિસ્નાત્ર, વડાદાદા શ્રી દેવરાજ દેવશી ગુઢકા આદિ વડિલોના આત્મશ્રેયાર્થે શાહ રામજી મેઘજી ગુઢકા પરિવાર તરફથી થયું. વિધિ માટે સુરેશભાઈ હીરાલાલ શાહ તથા પૂજા ભક્તિ માટે શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ જામનગરથી આવેલ તથા સ્થાનિક શ્રી ચંદ્ર જિનેન્દ્ર ભક્તિ મંડળે ભાગ લીધો મહોત્સવ દરમ્યાન ચણ નિરણ તથા કુતરાને લાડુ શા લીલાધર જેઠાભાઈ પરિવાર તરફથી રાખેલ હતા.

વરલી–અત્રે વૈ. સુદ પ્રથમ ૪ ના પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ પધારતાં શાહ મુળજી ડાયાભાઇને ત્યાં પ્રવચન સંઘપૂજન થયા.

સાતરસ્તા–અત્રે પૂ.આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. આદિ વૈ. સુદ બીજ ચોથના પધારતાં શાહ વેલજી હીરજી ગુઢકા તરફથી તેમના માતુશ્રી તપસ્વી પૂ. સા. શ્રી મહેન્દ્ર પ્રભાશ્રીજી મ.ની પ્રથમ તિથિ નિમિતે પંચકલ્યાણક પૂજા, આંગી પ્રભાવના થયા. આમંત્રિતોની સાધર્મિક તથા બપોરે પ્રવચનમાં કામળી વિ. વહોરાવી પ્રભાવનાનો લાભ લીધો,

પૂ.શ્રી ઘાટકોપર, થાણા, મુલુંડ, ભીવંડી વિ. તરફ પધારશે.

. . . . . (અઠવાડિક) Reg No. G. SEN 84

શ્રી મહાવીર જૈન ગ્રંથમાળા કેન્દ્ર, કોબા.

જય જિનેન્દ્ર જય ગુરુદેવ

સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- સમકિત આવ્યું એટલે સંસારની કોઇપણ ચીજ તેને તેનું ભલું કરનારી ન લાગે તે સારી ચીજ આવે તો ઉદ્દઉપયોગ કરી નાંખે. તેને તો બધું ભયંકર અને ભયભૂત લાગે કયારે છોડું ? કોણ છોડાવે કે એમ જ થયા કરતું હોય.
- સંસાર એ ચેપી રોગ છે. ભલે અમે તેનાથી આઘા હોઈએ પણ જો અમે ૨. પથ્યાદિ બરાબર ન પાળીએ તો અમને પણ વળગી પડે
- સાધુ પામેલાને ય સમકિત ન હોય. જો તેને સમકિતની તાલાવેલી ન હોય તો ભલેને સાધુ થાય પણ ત્યાંથી તે નરકમાં જાય. વેવલાવેડા કરે સ્વર્ગમાં ન જવાય.
- સંસાર શત્રુનું ઘર છે. કોઇ મારૂં હિતચિંતક નથી. સુખની ચિંતા કરનારો કોઇ દહાડો હિતની ચિંતા કરનારો જ નથી.
- સંસાર દુશ્મનનું ઘર ન લાગે. તેની બધી સામગ્રી દુશ્મન તરીકેની ન લાગે. મા-બાપ પણ જો સુખની ચિંતા કરતા હોય પણ હિતચિંતા ન કરતા હોય તો તે પણ દુશ્મન ન લાગે તો પછી સમ્યગદર્શન થશે શી રીતે ?
- દુઃખની મૂંઝવણ થાય, સુખમાં આનંદિત થવાય તો તે વખતે થાય ને કે પાપોદય છે ! આ બે વખતે આત્માની દયા ન આવે તો આત્મા માયો જવાનો. તે વખતે આત્માની દયા ન આવે તો મોક્ષની ઇચ્છા જન્મે નહિ. મોક્ષની ઇચ્છા જોરદાર ન જન્મે તો સંસારથી ભાગી છૂટવાની ઇચ્છા જન્મે નહિ.
- અમારે અમારા સુખની ચિંતા કરનારા ન હોય તે ચાલે. હિતની ચિંતા કરનારા ન હોય તે ન ચાલે. હિતની ચિંતા આત્માના ઘરની છે સુખની ચિંતા મોહના ઘરની છે.
- જ્યાં સુધી આ સંસાર જેવો ભયંકર છે તેવો ભયંકર સમજાય નહિ તેમાથી પાર પામવાનો જેનો ઇરાદો થાય નહિ તેની તો આ શાસનમાં કિંમત જ નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

5998 9-6-94 37

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ સમ્યક્ તત્વમાર્ગને નહિ જાણનારની મનોદશા.

तत्त्वं मार्गमजान्नतो विवदन्ते परस्परं ।
स्वाग्रहं नैव मुञ्चन्ति, रूष्यन्ति हितभाषिणे ।।

તત્વમાર્ગને નહિ જાણનારા પરસ્પર વિવાદ કરે છે, પોતાના આગ્રહને છોડતા નથી અને હિતશિક્ષા આપનાર ઉપર રોષ કરે છે.

વર્ષ ૭

અંક ૩૭

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

પૂજ્યશ્રી કહેતા હતા કે–

–શ્રી ગુણદર્શી

૦ દુઃખ હોવું તે સંસારનો સ્વભાવ દુઃખી ન થવું તે આત્માનો સ્વભાવ !

૦ જેને ભગવાનનો ધર્મ સમજાઇ જાય તે દુઃખી પણ સુખી. જેને ભગવાનનો ધર્મ ન સમજાય તે સુખી પણ દુઃખી !

૦ શરીરની ગુલામી છોડી, શરીર પાસે ગુલામી કરાવવી તો જ ઊંચામાં ઊંચો ધર્મ થાય.

૦ આજે સાધારણનો તોટો તે સુખી હોઠોની માનસિક ગરીબાઇનું પ્રદર્શન છે.

૦ જે જ્ઞાન આત્માને સુધારે તેનું નામ કેળવણી.

૦ બીજાને દુઃખી કરનારા કયારે ય સુખી હોય નહિ.

૦ જન્મેલો સદા માટે મરવા તૈયાર હોય તેનું નામ જ્ઞાની છે !

૦ બીજાની ખરાબી પોતાને નડવાની નથી, પોતાની ખરાબી જ પોતાને નડવાની છે.

૦ જેને મુક્તિ ન જોઇએ અને દુનિયાના માન–પાનાદિ જ જોઇતા હોય તેનો વિશ્વાસ રખાય જ નહિ પછી તે સાધુ હોય કે ગૃહસ્થ હોય.

૦ જેના ચોપડામાં ન હોય તેવી એક ચીજ જેના ઘરમાં ન હોય તેનું નામ માનવ માનવ–માનવ તરીકે જીવે તે પ્રગતિ. માનવને કશું છૂપાવવા જેવું ન હોય તે પ્રગતિ ! બાકી બધી અવગતિ. પોતાના વિચાર–વર્તન અને ચોપડા પણ છૂપાવવા પડે તેનું નામ અવગતિ.

૦ સારી ચીજ પણ ખપ વિનાનાને અપાય તો તે તેનો દુરૂપયોગ કરે !

૦ શાસન પોતાનું થયા વિના આત્માનો નિસ્તાર નથી.

૦ જેને મન શાસન પ્રધાન નથી પણ પોતાની જાત જ પ્રધાન છે તે તો પોતાનું અને બીજાનું અહિત કરનારા છે તે બધા શાસનના થયા નથી અને થવાના પણ નથી. પણ શાસનના નામે ચરી ખાનારા છે.

૦ જે ભગવાને રાગાદિ શત્રુઓનો મૂળમાંથી નાશ કર્યો તેનો ભગત રાગાદિની પુષ્ટિ થાય તેવું કાંઇ પણ કરે ખરો ?

૦ ભગવાને સુખ છોડયું કે રાખ્યું ? દુઃખ વેઠયું કે કાઢયું ? ભગવાનનો ભગત સુખ મેળવવા અને દુઃખ કાઢવા જ મહેનત કરે તે ત્રણ કાળમાં બને ખરું ?

૦ વર્ષોથી વ્યાખ્યાન સાંભળવા છતાં–ધર્મક્રિયાઓ કરવા છતાં પણ મંદિરમાં મોક્ષ યાદ ન આવે, ઉપાશ્રયમાં ત્યાગ યાદ ન આવે, સામાયિક કરનારને રાગ–દ્વેષ ભૂંડા ન લાગે, પ્રતિક્રમણ કરનારને પાપ ભુંડા ન લાગે નવકારશી કરનારને આહાર ભુંડો ન લાગે તો તેણે કર્યું શું ? તેના ધર્મને કેવો કહેવાય ?

પ્રેરક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુલુંડ)
હેરોલ્ડકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ (વડોદરા)
પ્રાણલાલ પરમશી ગુડકા (થાણા ગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ વૈશાખ વદ-૧૦ મંગળવાર તા. ૨૩-૫-૯૫ [અંક-૩૭

આત્માની રોગી અને નિરોગી અવસ્થાને જાણો !

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

(ગતાંકથી ચાલુ)

તમે અને અમે બધા એક રોગથી પીડાઈએ છીએ. તે રોગનું નામ જ છે સંસાર સંસાર એટલે લાલ-પીળા દેખાય તે નહિ. પણ હૈયામાં જે રાગાદિના પરિણામ છે તે જ વાસ્તવિક સંસાર છે. મોક્ષમાં ગયા તે સિવાયના બધા જ સંસારી.

જેને સંસાર નામનો રોગ યાદ નહિ તે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા પણ નહિ. જેને પોતાના સંસાર રોગનું ભાન થાય અને તે કાઢવા પ્રયત્ન કરે તે જ શ્રી સંઘમાં આવે. જેને સંસાર રોગ ન લાગે તેનો જૈન શાસનમાં નંબર જ નથી.

તે રોગ જાય કયારે અને આરોગ્ય આવે કયારે ? મોક્ષમાં જાય તો. સંસાર એ આત્માનો મોટામાં મોટો રોગ અને મોક્ષ એ જ આત્માનું સાચું આરોગ્ય. જે રોગી પોતાને રોગી સમજે તો તેને નિરોગી થવાનું મન થાય. દુનિયામાં કોઇ રોગી એવો ન મલે જેને નિરોગી થવાનું મન નહિ ! જેનો રોગ હલકો થાય તે સાધુ બને, જેનો રોગ મારે હોય તે ગ્રહસ્થ બને. સંસારના રસિયા અહીં પેસી જાય તો તે ધર્મનું ય સત્યાનાશ કાઢે. સંસાર એ રોગ છે- એ રોજ ખટકે ખરો ? રોજ નિરોગી થવાના વિચાર આવે ખરા ? માટે જ મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યું છે કે- ગમે તેટલું ભણેલા હોય પણ જો મોક્ષ યાદ ન આવે તો તે અજ્ઞાન છે. કેવલ સંસારની નામના-કીર્તિ માટે ભણતા-ગણતા હોય તો તે અજ્ઞાન જ છે. ગમે તેટલા દવાખાનાં ધર્મના સ્થાન ખોલો પણ બધા રોનારા જ આવે. રોગી રોગ કાઢવા આવ્યા

હોય તો જંપીને બેઠવા દે ખરા ? ડોકટરને અડધી રાતે ય વિઝીટે બોલાવે. અમને કોઇ વિઝીટે નથી બોલાવતું. કેમકે મોટાભાગને દર્દનું ભાન નથી. સંસાર નામના રોગનું ભાન થાય તેં ગુરૂને જંપીને બેઠવા ન દે. વારંવાર ખાવું-પીવું, આરામ કરવો. મોજ મજા કરવી તે બધા રોગના ચિહ્નો છે. માણસ નવરો દેખાય તો લાગે કે, આ રોગી છે. શરીરના રોગો જુદા છે, આત્માના રોગના ચિહ્નો જુદા છે. આ તો એવા રોગી છે કે, તેને રોગી પણ કહેવાય નહિ. હોસ્પિટલમાં રાખેલા દર્દીને ડોકટરના કન્ટ્રોલમાં રહેવું પડે છે. ડોકટર કહે તે જ ખવાય-પીવાય અને કરાય. આજે તો ડોકટર અને દર્દી બધા ય બગડી ગયા છે તે જુદી વાત છે. આખો સંસાર આત્માનું વિરૂપ છે, મોક્ષ જ આત્માનું સ્વરૂપ છે. રોગ એ ગુણ નથી પણ વિકાર છે. આરોગ્ય પોતાપણું છે. જેને સંસાર નામના રોગની ખબર પડી તેને આરોગ્યની ચિંતા તો રોજની હોય ને ?

આ સંસાર રોગનું ભાન કરાવનારા શ્રી અરિહંત પરમાત્મા એ જ ખરેખરા ધન્વતરી થઇ ગયા. તેઓને પોતાના રોગનું ભાન થઇ ગયું એટલું જ નહિ પણ આ રોગ મને એકલાને નહિ જીવ માત્ર બધાને જ પીડે છે. માટે મારે મારો રોગ કાઢવો એટલું જ નહિ પણ મારામાં શકિત આવે તો બધાનો રોગ કાઢવો છે– આવો ભાવ પેદા થાય તે જ શ્રી અરિહંત પરમાત્મા થાય. પછી તો ઘણો ઘણો પુરૂષાર્થ કરે ત્યારે તેઓ ભગવાન થાય છે. એ પરમ તારકોનું અણગારપણું બધા સાધુને પ્રેરણારૂપ છે. એઓશ્રીએ જે સાધુપણાનું વર્ણન કર્યું તે પોતાના જીવનમાં જીવીને પછી વર્ણવ્યું-બતાવ્યું છે. સાધુપણું એ સંસાર રોગનું ઔષધ છે,

અમે સાધુ થયા તે દુઃખ માત્રને મજેથી ભોગવવા અને કદાચ દુઃખ ના આવે તો જ્ઞાનીની આજ્ઞા મુજબ ઊભા કરી કરીને ભોગવવાના છે. સંસારના સુખની અનુકુળતાની ઇચ્છા થાય એટલે સાધુપણું જાય. કપડામાં સાધુ રડે અને હૈયાથી સંસારીને ય વટલાવે તેવો બને. જે જીવ દુ.ખને મજેથી ભોગવે તો દુઃખ નાશ પામે અને દુઃખથી આઘા રહે તો દુઃખ આવી આવીને વળગે. ભણો તો આ બધુ સમજાય. તમે એટલા માટે ભણતા નથી કે આજ્ઞા જાણમાં ન આવે !

સમજ કોનું નામ ? હૈયામાં સમજ આવી જાય તો બધુ સમજાઇ જાય. દેખતો માણસ થાંભલે અથડાય તો લોક શું કહે અને આંધળો માણસ અથડાય તો શું કહે ? સમજ પેદા થાય પછી જીવને જંપીને બેઠવા ન દે. તે માટે પહેલા પોતાની જાતને ઓળખવાની છે કે, 'હું કોણ છું ? મારૂ સ્વરૂપ શું છે ?' અહીં સુધી આવેલા અમે પણ સાવચેતી ન રાખીએ તો અમને ઓઘાને ય વફાદાર ન રહેવા દે. આજે સેવા શબ્દનો કેવો વ્યભિચાર કરે છે. માને મૂકી સ્ત્રીની સેવા કરનારને લોક સારો કહે છે. આજનું શિક્ષણ જગતનું સત્યાનાશ કાઢનાર છે પણ તમે બધા તો માનો કે– સાધુઓ મૂરખ

છે. આજના તમારા ભણેલા છોકરામાં પાઈ જેટલો પાવર નથી.

સંસાર રોગની સામે અમારો સંગ્રામ છે તમે પણ કરો તેવી ઇચ્છા છે. માટે ભગવાનની આજ્ઞા સમજાવવા મહેનત કરું છું. પણ તમે અહીં સાંભળેલી વાત ઘરે કરો ખરા ? ઘરમાં પરસ્પર વાત કરો કે– 'તું મને ગમે, હું તને ગમું' તે રોગ છે. દશમે રાગ ઓલી માફી માગો છો તો તે કયા રાગની માફી માગો છો ? શ્રાવક રાગી હોય કે વિરાગી હોય ? સંસારમાં હોય તો ય રાગ ભૂંડો લાગે માટે વિરાગી હોય. સંસાર રોગ છે તો આપણને બધાને વળગ્યો છે પણ ખટકે છે ખરો ? શરીરના રોગ બધાને ખટકે પણ આત્માના રોગ કો'કને ખટકે. જેને આત્માના રોગ ખટકે તે ધર્મને માટે લાયક ઠરે.

રાગાદિ રોગ છે. રાગ–દ્વેષને ક્રોધ–માન–માયા–લોભ–હસવું–રડવું તે બધા રોગ છે. આ ગમે, આ ન ગમે, આ જોઇએ– આ ન જોઈએ તે પણ રોગ છે. બહુ વેપારાદિ કરતા હોય. તેની પૂંઠે ભીખારીની જેમ ભટકવું તે ય રોગ છે. તેને જ રાજી કરવા દેવ–ગુરૂ–ધર્મને લુણે તે તો રોગની અસાધ્ય દશા છે. રોગ એવો ફેલાઇ ગયા છે કે વાત ન પૂછો. મોટો ભાગ સાંભળનારો પણ એવો પાકયો જેનું વર્ણન ન થાય. રોગ દુર કરવાને બદલે રોગ વધે તેવું જ સાંભળવા આવે. એકાદ તેવી ફાવતી વાત આવી જાય તો તે જ લઈને જાય. આ વાત હું બોલું તે ઘણાને ઝાઝી પસંદ પડે નહિ. તમને ગમે કે ના ગમે પણ ભગવાને જે ના પાડી તે હું બોલવાનો નથી. ભગવાને જેની ના પાડી તે અમારાથી બોલાય નહિ.

આત્મા સાથે તમારે સંબંધ છે ? ભગવાનને કેમ યાદ કરો છો ? દુઃખમાં જ ભગવાન યાદ કરો કે સુખમાં પણ ભગવાન યાદ આવે ? સુખમાં તમારે ભગવાનનો ખપ પડે ખરો ? પાયાની વાત સમજાઇ નથી તેનું આ પરિણામ છે. જે વાતો જૈન કુળોમાં સહજ હોય, ગળથૂથીમાં હોય તે ય સમજાવતા નવ નેજે પાણી ઊતરે છે.

ભગવાનની સેવા–પૂજા–ભક્તિ કરતાં પણ ભગવાનની આજ્ઞા પરમસેવા છે. આજ્ઞાની સમજ આવી જાય તો વિરૂદ્ધ કરવું પણ પડે તો ય દુઃખનો પાર ન હોય. તેવા આત્માનો નિસ્તાર પણ વહેલો થાય. **દુનિયાના પદાર્થો ઉપર રાગ તેનું નામ સંસાર. દુનિયાથી બચાવનાર ઉપર રાગ તેનું નામ ધર્મ !** રાગની હાજરીમાં જ ધર્મ કરવાનો છે. ધર્મ ઉપર રાગ કરીને દુનિયાના પદાર્થો ઉપરના રાગને કાઢવાનો છે. સુદેવ–સુગુરૂ–સુધર્મ ઉપર રાગ કરવાનો છે, ધર્મના સાધનો ઉપર રાગ થાય તો તેને મારવાની મહેનત કરવાની તેમ સુદેવાદિ ઉપર રાગ ન થતો હોય તો તેના ઉપર રાગ કરવાની મહેનત કરવાની. સંસારના પદાર્થો ઉપર તમને રાગ થઇ જાય તો તો ક્ષંતવ્ય ગણાય પણ અમને તેના ઉપર રાગ થાય તો તે કલંક. રાગ છોડવા માટે તો આ મોટો મહોત્સવ છે. તે માટેની મહેનત કરતાં થાવ તો કામ થઇ જાય. વિશેષ હવે અવસરે.

ભારતના જૈન સંઘો સાવધાન

"ધાર્મિક વહિવટ વિચાર" પુસ્તક માન્ય કરવા જેવું નથી. ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકના લેખક પં. ચન્દ્રશેખર વિ. ગણિ છે. એની તાજેતરમાં બીજી આવૃત્તિ પ્રગટ થઇ છે. સકલ સંઘમાં આ પ્રકારમાનાં સંબંધ પુસ્તકો વિવાદાસ્પદ બન્યાં છે. તેમ આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થતાં જ આ પુસ્તક પણ વિવાદાસ્પદ બન્યું હતું. એ અંગે સારો એવો ઉહાપોહ સંઘમાં જાગ્યો હતો. એ પુસ્તકની પરીક્ષાનું આયોજન પણ બંધ રાખવું પડ્યું હતું. એ પુસ્તકના મુળ લખાણમાં ઘણી ગંભીર ભૂલો હતી. એ મેટર છપાયા પછી કેટલાક વિદ્વાન ગણાતા મુનિઓને સુધારવા મોકલ્યું એ મુનિઓએ ભુલોનું પરિમાર્જન કરી જે લખાણો મોકલ્યાં તે પુસ્તક પાછળના પરિશિષ્ટમાં ઉમેરવાં પડયાં હતાં. છતાંય એમા પૂર્વના સુવિહિત ગીતાર્થ પૂ. આ. ભગવંતોએ માન્ય રાખેલી અને આચરેલી પરંપરાનું ખંડન તથા ઘણી અશાસ્ત્રીયબાતોનું વિધાન ઊભું જ રહ્યું હતું. એમાં આપેલા શાસ્ત્રપાઠો પ્રતિપક્ષી આચાર્ય ભગવંતોને માન્ય હોવા છતાં 'લેંસનું ગાય તળે અને ગાયનું લેંસ તળે' એ કહેવત મુજબ શાસ્ત્રપાઠોના અર્થઘટનમાં ઘણી ગરબડો છે.

અરેખર જલશરણ કરવા જેવા આ પુસ્તકનું વિતરણ ન કરવું, બીજી આવૃત્તિ ન છપાવવી એવા ઉગ્ર આંદોલન સામે આંખ આડા કાન કરી તાજેતરમાં બીજી આવૃત્તિ છપાવવામાં આવી છે. જે પહેલી આવૃત્તિ માન્ય કરવા જેવી ન હતી એ જ વાતનું પુનરાવર્તન આ બીજી આવૃત્તિમાં કરવામાં આવ્યું છે. ધાર્મિક વહીવટ અંગે સકલ સંઘ માન્ય બીજાં ઘણાં પુસ્તકો વિદ્યમાન હતા તેથી આ પુસ્તકને પ્રકાશિત કરવાની કોઇ આવશ્યકતા નહોતી. પહેલી આવૃત્તિની જેમ આ બીજી આવૃત્તિમાં પણ સં. ૨૦૪૪ના મીની મુની સંમેલને કરેલા અશાસ્ત્રીય અને મૃતપ્રાયઃ ઠરાવોને ફરી જીવિત કરવાનો પ્રયત્ન કરવામ આવ્યો છે. એ સંમેલનમાં ઠરાવો કર્યા પછી સંમેલનપરસ્તો એ જ એ ઠરાવોનો છડેચોક ભંગ કર્યો છે. આવા ઢંગધડા વગરના પુસ્તકની આવૃત્તિઓ પ્રકટ કરવીએ હાસ્યાસ્પદ છે. એમને સંઘમાં ડહોળાણ ઊભું કરનાર છે. ધાર્મિક વહીવટ વિચાર બીજી આવૃત્તિના પરિમાર્જકો પણએક જ ગચ્છના ૩ આચાર્યો અને ચોક પં. છે.

સકલ સંઘમાં રહેલા બીજા ગચ્છના સુવિહિત ગીતાર્થ પૂ આ ભગવંત આદિ મુનિઓનો આ પુસ્તકના લખાણ બાબત શું અભિપ્રાય છે ? તેઓ એને માન્ય કરે છે કે કેમ ? તે જાણ્યા વિના કોઇપણ સંઘે કે ટ્રસ્ટોએ આ વિવાદાસ્પદ પુસ્તકના આધારે મિલકતનો વહીવટ કરવો ઉચિત નથી. સાંભળવા મુજબ મુંબઇમાં અનેક

(અનુ. પેજ ૮૫૨ ઉપર)

પહેલા તેઓશ્રી જ વિચારે.....

—પં. રાજુભાઇ પંડિત [વિકેાલી]

(ધાર્મિક વહિવટ વિચારનેા વિરેાધ થયેા અને શાસ્ત્રીય પાઠેા અપાયા ત્યારે પૂ.આ. શ્રી વિ. જયઘેાષ સૂ. મ. જાહેર છાપાંઓમાં નિવેદન કરે છે જાહેરમાં લખવું નહિ અને મળી જવું તે અંગે અત્રે સ્પષ્ટતા કરેલી છે. સં.)

૦ 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક ઠરાવેાના આધારે જરૂર લખાયું છે. પરંતુ ૨૦૪૪ના તે ઠરાવેા શાસ્ત્રાધારિત નથી. માટે પુસ્તક પણ શાસ્ત્રાધારવાળુ ન હેાવાથી પ્રમાણભૂત શી રીતે બની શકે ?

૦ જે પુસ્તકની બબ્બે આવૃત્તિઓ જાહેરમાં મુકાઈ ગઇ છે. જે પુસ્તકને શાસ્ત્રાધારિત હેાવાનેા જોરશેારથી પ્રચાર થઇ રહ્યો છે ત્યારે તે પુસ્તક અંગે કેાઇને કંઈ પણ પૂછવું હેાય તેા ખાનગીમાં, રૂબરૂમાં મળવાની વ ત શી રીતે કરાય ?

સંમેલન થયા પછી થયેલેા ખળભળાટ હજી તેા માંડ શાંત થયેા હતેા તેા આ પુસ્તકની પ્રથમ તથા દ્વિતીય આવૃતિ છપાવીને જૈન શાસનના શાંત વાતાવરણને શા માટે ડહેાળવામાં આવ્યું ? ૨૦૪૪ના સંમેલનના થયેલા વિરેાધને રૂબરૂમાં બેસીને સમજી લેવાયેા હેાત તેા સંમેલન પછી થયેલી શાસનની અપ્રભાજના તથા સંઘના દ્રવ્યના દુર્વ્યયને ત્યારથી જ શું અટકાવી શકાયેા ન હેાત ? પૂર આવે ત્યારે પાળ બાંધવાનેા કેાઇ અર્થ છે ?

૦ ૨૦૪૪ના તે વિવાદાસ્પદ ઠરાવેા અંગે તેા માત્ર છાપામાં જ નહિ પણ વ્યાખ્યાનમાં પણ સામસામા પડવાની જરૂર ન હતી. ત્યારે જ આપે બેસીને શાસ્ત્રોકત નિષ્કર્ષ લાવવાની યેાગ્ય રીત શા માટે ના અપનાવાઈ ? હજુ પણ વિવાદાસ્પદ તે ઠરાવ તથા ઠરાવના આધારે લખાયેલ તે પુસ્તક શાસ્ત્રોકત રીતે પ્રમાણભૂત સિદ્ધ ન થાય ત્યાં સુધી તે પુસ્તકની પ્રથમ તથા દ્વિતીય એ બન્ને આવૃત્તિના વિચારોને કેાઇએ પ્રમાણભૂત ન ગણવા' એવું જાહેર કરવાની જરૂર છે તેવું શું નથી લાગતું ?

૦ સંબેાધ પ્રકરણનાં આધારે દેવદ્રવ્ય ના ઠરાવને પ્રમાણભુત સિદ્ધ કરવાનેા પ્રયત્ન કરાયેા છે પણ સંબેાધ પ્રકરણની તે ગાથાઓમાંથી ધાર્મિક વહિવટ વિચારમાં જણાવાયું તે 'શ્રાવકે દેવદ્રવ્યથી પૂજા કરી શકાય' તથા સ્વપ્ન ઉપધાનાદિની ઉછામણીઓ કલ્પિત દેવદ્રવ્ય ગણાય ' તેવું સિદ્ધ થઈ શકતું જ નથી.

૦ શ્રાદ્ધજીત કલ્પના આધારે સુવર્ણાદિ રુપ ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચ ખાતે જવાનું સિદ્ધ કરવા પ્રયાસ કરાયેા છે પણ શ્રાદ્ધજીત કલ્પનેા તે પાઠ સુવર્ણાદિ રૂપ ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચમાં જાય તેવું જણાવતેા જ નથી. 'શ્રાદ્ધજિત કલ્પ ગ્રંથની રચના સમયે ગુરૂપૂજન હતું નહિ અથવા તેા ગુરૂપૂજન શાસ્ત્રીય નથી.' આવું કહેનાર આપશ્રી તે જ ગ્રંથના આધારે ગુરૂપૂજન વૈયાવચ્ચ ખાતે શી રીતે લઇ જવાનું કહી શકયા ?

ગુરૂપૂજન શાસ્ત્રીય જ છે. (આ અંગે 'શાસ્ત્રદૃષ્ટિના દર્પણમાં ગુરૂપૂજન' આ નામનું પુસ્તક પૂ. પૂર્ણચંદ્ર વિ. તરફથી બહાર પાડવામાં આવ્યું છે તેમાં નવાંગી ગુરૂપૂજન શાસ્ત્રોક્ત છે તેને અંગેના જે પાઠો તેમાંના ઘણા ભાગના આપશ્રીના જ વિદ્વાન શિષ્યરત્ન પૂ. પં. શ્રી જયસુંદર વિ. ગ. મોકલાવેલા છે. તેવું તેમણે જ કહેલું છે.] શ્રાદ્ધજિત કલ્પનો પાઠ વસ્ત્રાદિ-વસ્ત્ર, પાત્ર, ઉપકરણ રૂપ ગુરૂદ્રવ્યની વાત જણાવે છે, સુવર્ણાદિ રૂપ ગુરૂદ્રવ્યની નહિ. સુવર્ણાદિ સ્વરૂપ ગુરૂપૂજન વૈયાવચ્ચમાં નહિ પણ જિર્ણોદ્ધાર તથા નુતન ચૈત્ય કરણાદિ [આદિ પદથી દેવકુલિકા]માં વપરાય તેમ દ્રવ્ય સપ્તતિકા સ્પષ્ટ કહ્યું છે. દેવદ્રવ્યની વાત માટે દ્રવ્ય સપ્તતિકાને પ્રમાણભુત ગણવાની અને ગુરૂદ્રવ્ય માટે દ્રવ્ય સપ્તતિકાને અપ્રમાણભુત ગણવાની તે કયાંનો ન્યાય ?

૦ આપના જણાવ્યા મુજબ 'અન્ય આવક બંધ થતાં મંદિરનો નિર્વાહ કરવા યતિઓએ સ્વપ્નની બોલી શરૂ કરી છે.' તો વર્તમાન સમયે કઇ આવક બંધ થઇ કે જેથી સ્વપ્ન આદિની બોલીને કલ્પિત દેવદ્રવ્ય ગણાવ્યું અને તેવી મહોર છાપ માર્યા પછી તેનાથી દરેક શ્રાવકોને પૂજા કરવાની છુટ આપી ? (આમાં તો યતિઓની પરંપરા મુજબનું પણ ન જળવાયું. યતિઓ કરતાં પણ નીચા ઉતરી ગયા] જ્યાં ભગવાન અપૂજ રહે તેમ છે ત્યાં તો ખુદ શાસ્ત્રકારો જ દેવદ્રવ્યથી પુજા કરવાની છુટ આપે છે.

૦ સ્વપ્નાદિની બોલી અંગેનો કયાંય પાઠ મળતો નથી તેવુ આપ જ કહો છો અને છતાં 'સ્વપ્નાદિની બોલી કલ્પિત દેવદ્રવ્ય છે' તેને સિદ્ધ કરવા આપ સંબોધ પ્રકરણનો આધાર આપો છો. આ પાઠમાંથી પણ આપની વાત તો સિદ્ધ થતી જ નથી.

૦ સ્વપ્નાદિની બોલી અંગેનો કયાંય પાઠ મળતો નથી તેવું આપ જ કહો છો અને છતાંય તે બોલી કલ્પિત દેવદ્રવ્ય છે તેવું સિદ્ધ કરવા આપ સંબોધ પ્રકરણનો પાઠ આપો છો. અને ગુરૂપૂજન કે જે શાસ્ત્રીય છે તેને અશાસ્ત્રીય ઠરાવ્યા પછી પણ આપ સુવર્ણાદિ રૂપ ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચમાં જાય તેવો પાઠ આપવાનો પ્રયાસ કરો છો. કિમાશ્ચર્યં અતઃ પરમ્ !

૦ પ્રસ્તુત પુસ્તકમાં તો ગુરૂદ્રવ્યના દ્રવ્યસપ્તતિકા–શ્રાદ્ધવિધિ આદિમાં જણાવેલા પૂજાર્હ અને ભોગાર્હ એ બે ભેદોને ખોટા ઠરાવીને તે ગ્રંથકારો કરતા પણ પોતાને વધુ વિદ્વાન ગણતા મુ. અભયશેખર વિ. કાદાચિત્કત્વ અને અકાદાચિત્કત્વ એવા મનઘડંત બે ભેદો લોકોના મનમાં ઠસાવવાનો શાસ્ત્ર વિરૂદ્ધ કુપ્રયત્ન કર્યો છે તેનું તમે પરિમાર્જન કેમ ન કર્યું.

૦ ઠરાવને તથા પુસ્તકના લખાણને પણ પરસ્પર વિરોધ છે. ઠરાવમાં દરેક શ્રાવકે દેવદ્રવ્યથી પૂજા કરવાની વાત છે. જ્યારે લખાણમાં અશકત સ્થળોમાં દેવદ્રવ્યથી પૂજા કરવાની વાત છે, તે આ બે

(અનુ. પેજ ૮૫૨ ઉપર)

॥ શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિચન્દ્રસૂરિસદ્ગુરૂભ્યો નમઃ ॥

પ. પૂ. આ. શ્રી વિજય શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના
સમુદાયના પૂ. આ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. સા.
પૂ. આ. શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ. સા. નું

'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક અંગે નિવેદન

'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકની તાજેતરમાં બહાર પડેલ નવી આવૃત્તિ હમણાં જ જોવા મળી, પુસ્તક જોતાં એ પુસ્તક ધાર્મિક વહીવટને બદલે ધાર્મિક ગેરવહીવટ દર્શાવતું જણાયું. તેથી કોઈ પણ સંઘ કે વ્યકિત એનું અનુસરણ કરી ધર્માદા દ્રવ્યનો ગેરવહીવટ કરવાના દોષમાં ન પડે, તે માટે તાત્કાલિક સંઘને જાણ કરવાની જરૂર જણાતા આ નિવેદન કરવું પડયું છે.

દેવદ્રવ્ય વગેરે ધર્મદ્રવ્યની રક્ષા કરવી એ શ્રીસંઘની પ્રત્યેક વ્યકિતનું મહત્વનું કર્તવ્ય છે. આથી આ પુસ્તકનો પ્રચાર-પ્રસાર બંધ થાય, તે માટે સૌ કોઇએ સક્રિય બની, તેનો વિરોધ કરવો જ જોઈએ એવું અમારૂં સ્પષ્ટ મંતવ્ય છે.

છેલ્લાં કેટલાક વર્ષોથી પ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. નવા નવા મુદ્દાઓ ઉભા કરી સતત શ્રીસંઘમાં વિખવાદ ઉભો કર્યા જ કરતા હોય છે, જે ખરેખર દુઃખદ બીના છે.

શ્રી જૈનશાસનમાં તો ધન કમાવાની પ્રવૃત્તિને પણ પાપ તરીકે માનવામાં આવી છે. આમ છતાં જે સંસારનો ત્યાગ ન કરી શકે તેણે પોતાના ગૃહસ્થ જીવનના નિર્વાહ માટે જે ધનની આવશ્યકતા હોય તેટલું ધન પણ તે ધર્મને બાધ ન પહોંચે તે રીતે ઉચિત માર્ગે મેળવવા પુરૂષાર્થ કરે તો શાસ્ત્રકારોએ તેનો નિષેધ કર્યો નથી. પણ એ જ ગૃહસ્થ તે રીતે ધન મેળવવાનો પુરૂષાર્થ ન કરતાં અન્ય પાસે હાથ લાંબો કરીને, યાચના કરીને પારકા દ્રવ્યથી પોતાની આજીવિકા ચલાવવા ઇચ્છે તો શાસ્ત્રકારોએ તેનો નિષેધ પણ કર્યો છે, આવા પરમ વિવેકને દર્શાવતા જૈન શાસનનાં પ્રભુપૂજાદિ કર્તવ્ય બજાવવા માટે શ્રાવકો અન્ય પાસે દ્રવ્યથી અપેક્ષા રાખીને (અન્ય પાસે હાથ લાંબો કરીને) પરદ્રવ્યથી કે દેવને સમર્પિત કરાયેલા દેવદ્રવ્યથી પૂજા કરવાનું વિધાન ન જ હોય તે કોઇ પણ વિચારક સમજી શકે તેવું છે. આમ છતાં ધર્મશાસ્ત્રોના પાઠોનો જે કુતર્કોનો કયારેય અંત હોતો નથી એવા કુતર્કોના જોરે મનઘડંત અર્થ કરીને ભોળા લોકોને ભોળવવાનો પ્રયત્ન કરવો તે લેશ પણ ઉચિત નથી.

પુસ્તકનાં લેખકશ્રીએ પુસ્તકમાં એવા અનેક વિધાનો કર્યા છે કે જેનાથી સ્વદ્રવ્યથી પૂજા કરવાનો, દેવદ્રવ્ય-ગુરૂદ્રવ્યાદિ ધર્મદ્રવ્ય વ્યવસ્થાનો શાસ્ત્રસાપેક્ષ માર્ગ નાશ પામે અને શ્રાવકો પોતે પૂજા કરવા માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરતા થાય. પરિણામે અનેક રીતે દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યનો વેડફાટ અને વિનાશ થાય.

આ પુસ્તકમાં શાસન અને શાસ્ત્રને સમર્પિત મહાપુરૂષોએ દર્શાવેલ ઉજળી પરંપરાને તોડનારા રજુ કરાયેલ વિકૃત વિચારો-વિધાનોથી ભાવિમાં થનારા અનેક અનર્થોને લક્ષ્યમાં રાખીને શ્રીસંઘને બચાવી લેવા આ નિવેદન જાહેર કર્યું છે. એવા વિચારોની સમીક્ષા હવે પછી કરશે.

લિ. આચાર્યદેવ વિજય સોમસુંદરસૂરિ.
આચાર્યદેવ વિજય જિનચંદ્રસૂરિ
વિ. સં. ૨૦૫૧ ચૈત્ર વદ ૫ બુધવાર

[પાના નં. ૮૪૮ નુ ચાલુ]

સંઘોની તથા ટ્રસ્ટોના વહીવટદારોની તા. ૨૬-૩-૯૫ના રોજ એક મીટીંગ રાખવામાં આવી છે.

અને એમાં ધર્માદા દ્રવ્યના વહીવટ માટે માર્ગદર્શક તરીકે આ પુસ્તકને માન્યતા આપવાનો પ્રયત્ન થવાનો છે. મુંબઇ, અમદાવાદ, બેંગ્લોર, મદ્રાસ, કલકત્તા કે ભારતના કોઇપણ ગામના ધર્માદા મિલકતના વહીવટદારોને હિતબુદ્ધિથી ભારપૂર્વક જણાવવાનું કે આ પુસ્તકમાં લખેલી ઘણી બાબતો વિવાદાસ્પદ છે વહીવટ માટે એને માન્યતા આપવાનું કોઈપણ વહીવટદાર ઉતાવળું પગલું ભરવાની ગંભીર ભુલ ન કરે એની ખાસ ભલામણ છે. આ પુસ્તકના આધારે વહીવટ કરનારા કેવા મહાન દોષમાં પડશે એની વિગત હવે પછીના પરિપત્રમાં આપવામાં આવશે.

ધાર્મિક વહીવટ વિચારની બીજી આવૃત્તિમાં મહત્વની સૂચના :-

લખાણથી પહેલી આવૃત્તિ જેમ રદબાતલ થાય છે તેમ બીજી આવૃત્તિ પણ રદબાતલ કરવા જેવી છે.

સિદ્ધાંત સંરક્ષક આ.વિ. મિતાનંદસૂરિ.
સંવત ૨૦૫૧ ચૈત્ર સુદ-૧ શનિવાર
તા. ૧-૪-૯૫ અમદાવાદ

(પાના નં. ૮૫૦ નું ચાલુ)

માંથી સાચું શું ગણવું ? શાસ્ત્રકાર ભગવંતો તો 'શ્રાવકે સ્વદ્રવ્યથી જ યથાશક્તિ પૂજા કરવી જોઇએ. અને જ્યારે ભગવાન અપૂજ રહે તેવા સમયે તે પુરતા દેવદ્રવ્યથી પૂજા કરવાનું જણાવે છે. વાસક્ષમાં ષોડશક મૂલ અને ટીકાથી પરદ્રવ્યથી ધર્મ ન કરાય તે પાઠો જોયા પછી તો મારે ત્યાં જ ચર્ચા થઇ કે આપણે પરદ્રવ્યથી પૂજાના થાય તે પાઠ આપી શકતા નથી. અને તેઓ પરદ્રવ્યથી ધર્મ ન થાય તે પાઠો આપે છે તે જાણ્યું હશે જ.

મંદિર સંકુલોમાં અગ્નિસંસ્કાર ન થાય તે જરૂરી છે

જિનમંદિરો તેના કંપાઉન્ડમાં હાલમાં જે પૂજ્ય આચાર્યદેવોના અગ્નિસંસ્કાર રીને કર્યાય જોવાય છે તે ઇચ્છવા યોગ્ય નથી. અગ્નિસંસ્કારના ધુમાડા મંદિરને લાગે તે પણ મંગલ નથી.

તે વાતે મુનિ ભગવંતોએ અને શ્રાવકોએ ખ્યાલમાં રાખવા જેવી છે. જો ધ્યાન અપાય તો મુ. સ. જયજિનેન્દ્ર વિ. માં લખાણ આવ્યુ છે. તેમા અભયકુમારે કઠિયારા મુનિ પ્રત્યે સદ્ભાવ પેદા કર્યો વિ. લખીને લખ્યુ છે કે.—

'આ વાત આજે ફરીથી એ માટે કરવી પડી કે આજે આપણી સાધુ સંસ્થા અન્યોને તે દુષ્કર લાગે એવા નિયમોનું પાલન કરે છે આપણી શ્રમણ સંસ્થાનો ત્યાગ કોઇપણ શ્રમણ સંસ્થા કરતાં વધારે છે. છતાં તે પોતાના વર્તુળ શિવાય કેમ પ્રભાવ પાડી શકતા નથી ? એ વિચારવા જેવું છે.

આજે સાધુઓમાં લોકેષણા વધતી જતી હોય એવું દેખાઇ આવે છે. વર્તમાન-પત્રોના વાંચકો આ વાત સારી રીતે જાણે છે.

વળી હમણાં હમણાં આચાર્ય ભગવંતોના કાળધર્મ પામ્યા પછી તેમના મૃતદેહને અગ્નિસંસ્કાર, અગ્નિસંસ્કારના સ્થાને કે ગામ બહાર નહિ કે તળાવના કિનારે ન કરતાં કોઇ દહેરાસરના સંકુલમાં કરવાની એક પ્રથા શરૂ થઇ છે.

આ પ્રથા શરૂ કરવાની પાછળનો આશય એવો હોય છે કે તે સ્થળે તેમનું સમાધિ મંદિર બનાવવામાં આવે અને તેમની કાયમી સ્મૃતિ જળવાય.

હવે જો આવી રીતના મંદિરોનાં સંકુલમાં સ્મારકો રચાતાં જશે તો પરિસ્થિતિ એવી થશે કે પછી ત્યાં કોઇ જગ્યા જ નહિ રહે. એટલે હવે આ દહેરાસરના સંકુલમાં ગુરૂ ભગવંતોના અગ્નિસંસ્કાર કરવાની પ્રથા વહેલામાં વહેલી તકે બંધ થાય એ વાત ઇચ્છવા યોગ્ય છે.

જય જિનેન્દ્રની વાત મુજબ સાધુની છાપ નથી પડતી તેમ એકાંતે નથી પરંતુ આ દેરાસરના સંકુલમાં અગ્નિસંસ્કારની પ્રથા એ પણ એક સાધુ સંસ્થા માટે નબળાઇનું કારણ ગણાય. બાકી આચાર્યોના સ્મારક થાય તે તો ધર્મસ્થાનને લગતા થાય. તેમ પૂર્વે પણ થયું છે.

બાકી ગામ બહાર મૃત્યુ થાય તો મૃતકને ગામમાં ન લાવે. બારોબાર અગ્નિ-સંસ્કારની વ્યવસ્થા કરે તે પ્રથા સાધુ કે ગૃહસ્થ બંને માટે જરૂરી ગણાય. સ્મશાન ભૂમિ

કે તેવા સ્થાને લઇ જવામાં સ્મશાન યાત્રા નીકળે તે અયોગ્ય નથી. કેમ કે મહાત્માઓ પ્રત્યેની સદ્‌ભાવનાનું તે પ્રતિક છે. છેલ્લા વર્ષોમાં આ પ્રથા ભાયખલા દેરાસરના સંકુલમાંથી શરૂ થઇ જણાય છે. અગ્નિસંસ્કાર ઉચિત ભૂમિએ થાય અને સ્મારક યોગ્ય સ્થાને થાય તે વિચારવા યોગ્ય છે.

તિથિ સિદ્ધાંત છે એમા શંકા કેમ ?

શાસ્ત્રોમાં તિથિ અંગેના સિદ્ધાંતો નકી કર્યા છે પાંચમ આઠમ આદિમાં પૌષધ કરવા વિધાન છે કલ્યાણક તિથિઓ પણ નિશ્ચિત છે. દીક્ષા સ્વર્ગાદિ તિથિઓ વર્ષગાંઠની તિથિઓ, ઉપધાન માળની તિથિઓ, તેમજ અનેક તપો અમુક અમુક તિથિએ જ કરવાના વિધાનો છે. આયુષ્યનો બંધ પણ પ્રાયઃ પર્વ તિથિએ પડે છે તેવું શાસનમાં વિધાન છે.

આ તિથિઓ એ સિદ્ધાંત છે પરંતુ તે દિવસે તપ જપ કે અનુષ્ઠાન શું કરવા તે સામાચારી છે કોઇ ઉપવાસ આંબેલ એકાસણું કરે વર્ષગાંઠ આદિમાં કોઇ સ્નાત્ર પૂજા મોટી પૂજા શાંતિસ્નાત્રમાં સાધર્મિક ભક્તિ, સાધર્મિક વાત્સલ્ય વિગેરે કરે. તેમાં એકાંત નથી પણ સામાચારી લેવી અને યથાશક્તિ યથાશક્ય કરે. પરંતુ પર્વ તિથિ, તપની તિથિ, વર્ષગાંઠ તિથિ, ઉપધાન માળની તિથિ દીક્ષા તિથિ, કલ્યાણક તિથિ વિ. નિશ્ચિત છે. ગમે તેમ આગળ પાછળ ન ચાલે. આ તિથિ અંગે લોકોત્તર ટીપણામાં ચાંદ્ર અને સૌર્ય તિથિની ક્ષય વૃધ્ધિ નિશ્ચિત હતી જ્યારે લૌકિક ટીપણામાં તે અનિશ્ચિત છે. અને તેના નિયામક સૂત્રો છે. તેથી તિથિની સામાચારી માની ગમે ત્યારે ગમે તે દિવસે આગળ પાછળ કરવાની વાત બંધ બેશે નહિ. પરંતુ તે નિશ્ચિત તિથિએ શક્તિ સંયોગ આદિ મુજબ કરે અને તે સામાચારી છે, તેમ તપવિધિ વિગેરેમાં પણ તિથિ નિશ્ચિત લખીને સામાચારી જુદી લખી છે.

તિથિએ સિદ્ધાંત છે ને નિશ્ચિત છે.

૨૦૫૧ વૈ. સુ. દ્વિ.–૪
સાત રસ્તા મુંબઇ.

જિને-દ્રસૂરિ

* ખોટું ના લગાડતા હો ને *

—શ્રી ભદ્રંભદ્ર

બેઝબેમાં બોઝ્બે મચાવેલો તરખાટ

આમ તો હું સમજણો થયા પહેલાથી જ ખાખી બંગાલી જેવો હો. સમજણા થયા પછી તો વધુ વૈરાગી બન્યો. અને આવી વૈરાગદશા હતી એટલે જ મારે એકવાર 'રોટલો મળે પણ ઓટલો ના મળે' એવી કલંક-ભારતીથી બદનામ થઇ ગયેલા બોઝબેમાં જવાનું થયું.

મારી જેવા મહાપુરૂષે સ્ટેશન સુધી એકલુ જવું સારૂ નહિ. કોઇ શું સમજે ? આને આગળ-પાછળ કોઇ લાગતુ નથી. પણ મને મૂકવા કોણ આવે ? બધા આપણા માટે નવરા થોડા છે કંઇ ? એટલે છેવટે કોઇ સાથે આવે તેવું ના લાગતા મેં વિચાર્યું કે– 'તારી જો હાક સુણી કોઇ ના આવે તો [તું] એકલો જાજે (૨) એકલો જાજે રે....' અત્યારે મારી સાથે એક સ્ટેશન જેવા સ્ટેશને આવનાર કોઇ નથી (તો સમશાને તો કોણ આવશે ?] તો મારે એકલા જવું એ જ કળિયુગમાં સારૂ ગણાશે અને હું એકલો જ હો સ્ટેશન સુધી આવી ગયો.

અહીં નું વાતાવરણ જ જુદુ હતુ. હું મને મહાપુરૂષ તરીકે ભૂલી ગયો. સમશાનની જેમ અહીં પણ બધાં જ જીવો લગભગ સમાન હતા, મુંબઇની ટીકીટબારી એ ગયો નંબર આવ્યો ત્યારે મેં ટીકીટનો ભાવ પૂછવાનો વિચાર કરેલા પણ બધા ય મેં માગ્યા પૈસા આપી આપીને જતાં હતાં એટલે મને સંકોચ થયો. ઘર માટે દાડમ કે સફરજન કે મોસંબી લેવાની હોય તો 'દેરાસર માટે લેવી છે યાર સસ્તુ કર કંઇક' આમ ભાવતાલ કરનારો હું એક અક્ષર પણ ઉચ્ચારી ના શકયો એણે માંગ્યા ને મેં ફટ કરતાં દઇ દીધા પછી જીવ તો બળ્યો કે ભાવતાલ કર્યો હોત તો બે-ચાર રૂપિયાનો ફાયદો તો થાત.

અરે ! દેરાસર બેઠેલા માળી પાસેથી ય રકઝક કરીને આખા ને મોટા ફૂલો લઇએ છીએ. પડિકમણાની ચોપડીમાં ય પંદર-વીશ ટકા કમીશન માંગીએ છીએ કેશર પણ પાંચ-છ જગ્યાએ ભાવ પૂછીને લઇએ છીએ. જૈન શાસ્ત્રો તો જો કે કહે જ છે કે 'કુલ દેરાસરના પત્થર-ઇંટ-લાકડા આ બધુ તથા શિલ્પીને પગાર દેવો' આ બધી બાબતોમાં લાંબી રકઝક કર્યા વિના ઉચિત મૂલ્ય વડે [મોં માગ્યા મૂલ્યથી નહિ] લેનાર-દેનારની પ્રસન્નતા પૂર્વક બધુ ખરીદવું જેથી બન્નેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આદિ થાય છે.

જ્યારે અહીં તો મોં માંગ્યા વગર સિદ્ધાંત ભણે આપી જ દેવા પડે છે. સરકાર ભાવ નકકી કરી લે એ તે કંઇ ચાલતુ

હશે ? કોઈને પોષાય ના પોષાય તો ય બધાને એક જ ભાવે આપવાનું આ તે કંઈ રીતે છે ? [પણ અહીં મને પાછું તત્વજ્ઞાન થયું કે છૂક છૂક ગાડીમાં બેસવાની ટીકીટ જેટલા પૈસા ના હોય તો ન બેસાય. પણ પારકે પૈસે રેલગાડીમાં બેસવાની વ્યવસ્થા રેલ્વે સરકારે ના કરી તે બરાબર નથી.

રેલ્વે સરકારે ફર્સ્ટ કલાસની મોજ માણવા, લકઝરી બસોની મોજ માણવા કે એરોપ્લેનમાં ઉડવાના સ્વપ્ના પૂર્ણ કરવા [બધા જ માણસો ચાહે તે ગરીબ હોય કે શ્રીમંત બધાં માટે] માટે હવે કોઇ [તેરમાં] ઠેરાવ કરવાની જરૂર પાકી ગઇ છે]

હું પાછો ભાવ તાલ કરવા ટીકીટબારી તરફ જવાનું વિચારીને કદમ ઉઠવું ત્યાં જ કોઇક બેન એનાઉન્સમેન્ટનો બાઉન્સર [જાહેરાતનો બોલ શબ્દો] 'બમ્બઇ જનેવાલી ગાડી પ્લેટફોર્મ નં. ૮ ઉપરસે ઉપડનેકી તૈયારી મેં હૈ. મેં ઘડીભર વિચાર્યું કે "ટીકીટની માથાકુટતો સ્વાર્થ માટે જ છે. અને રેલ્વેમાં જવું તે હાર્દિક રીતે પરોપકાર વૃત્તિ છે. [કેમ કે જો હું ટીકીટ ની માથાકુટમાં જઉ તો બીજા ટિકીટવાળાને જલ્દી ના મળે, વળી રેલગાડીવાળાને હું ગાડીમાં બેસુ નહિ ત્યાં સુધી ગાડી ઉપાડી ના શકાય અને તેનાથી બધા જ પૈસેન્જરો ને અઢળક પરેશાની થાય અને મુંબઇ જેટલો જલ્દી પહોંચુ એટલો લોકોપકાર વધુ તો થાય ને.

કહ્યું પણ છે કે- "सता संपतय तथा प्रवृतय परोपकाराय' મહાપુરૂષોની સંપતિઓ અને પ્રવૃતિઓ પરોપકાર માટે જ હોય છે.

"કદમો હૈ મેરે વહાં પરાર્થ હોતા હૈ જહાં" આવી બધી પંક્તિઓ મને એકદમ સ્ફુરાયમાન થઇ અને હું મારૂ પોટલું-બિસ્તરૂ લઇને વજનના ભારથી લથડાતો લથડાતો હાંફી-હાંફીને સ્ટેશનનો દાદરો ચડયો આઠ નંબર ઉપરથી વિસલ તો વાગી હું હજી ત્રીજા જ કોઠામાં હતો ત્યાં તો એક ભઇ સાથે વ્યવસ્થિત રીતે ટકરાતા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ થઇ ગયા બે ય સોના-ચાંદીના દાગીના ફેંકાઇ ગયા હતા. બધાને ગાડી પકડવાની ઉત વળ હતી એટલે મને બે-ચાર જણે ભુલથી જ હોં ચગદયો પણ ખરો.

અસ્વસ્થ અવસ્થામાં ધર્મભાવનાને ધક્કો પહોંચે છે. મારામાં ક્રોધાસુર પ્રવેશ્યા હું બહુ જ બબડયો પણ હાંસળે કોણ ? હું સ્વાવલંબી હતો એટલે ગુલીને ના બોલાવ્યો બીજી બ્યુંગલ વાડી, રણગાડી હવે અધીરી બનેલી, હું ય ગભરાઇ ગયો હતો.

આખરે ઉતાવળમાં આઠ નંબર ઉપર જવાને બદલે સાતના લોઢાના પગથિયા ઉતરી ગયો. ગાડી ઉભી રહેલી જોઇને 'હાશ' થયુ. [ઉતાવળ અને ઉશ્કેરાટમાં ધૈર્ય ગુમાવી દેવાનું હોવાથી સત્ય ભુલાઇ જાય છે. ગાડી સાવ ખાલી હતી. ચોટલે હું તો ઝટપટ સામાન ગોઠવી મસ્ત મજાની

સંડાસ બાથરુમ દુર ના પડે એટલી નજીકની બાંકી આગળની સીટ ઉપર બેસી ગયો [અહીં પણ મને તત્વજ્ઞાન થયું કે સૌ પહેલા માનવ કુલ ફેસીલીટી પૂર્ણ સગવડ શોધે છે પછી નીચલી કક્ષાની સગવડ તરફ પૂર્ણ સગવડ મેળવવાની તીવ્ર-તમન્ના સાથે નજર કરે છે. એમ સાધુ ભગવંતો પહેલા સર્વવિરતિ દીક્ષાની વાત અને પછી ઉતરતા ક્રમે દેશ વિરતિ શ્રાવકપણાની વાતો દેશનામાં કહે છે. અને કહેવા માટે બીજાઓને જણાવે છે તે તદ્દન સાચુ છે. જીંદગીના આવા કેટલા યે પ્રસંગો બને છે એ બધા સાથે કોઇ મારી જેમ ધર્મને ઓતપ્રોત કરવા માંડે તો તે ખરેખર સત્ય સમજતાં બહુ જ સરળતા થઇ પડે)

ગાડીમાં હું એકલો જ હતો એટલે ચિંતનધારા માટે ખરેખર નિરવ શાંતિ હતી. ગાડી મળી ગયેલી અને જગ્યા મળી ગયેલી પછી ચિંતા કશી હતી નહીં. થોડીવાર થઇ એટલે મારી નજર એક પીળા રંગના મોટા ગોળ પતરાના ૨-સાડા બે ફૂટના બોર્ડ ઉપર પડી તેમાં કાળા અક્ષરે અંગ્રેજીમ સાત નંબર કરેલો હતો. મને હું સાત નંબરના ડબ્બામાં બેઠેલો છું એમ થયું. હવે આઠ નંબર કઇ બાજુ છે ? તે જોવા હું જરા નીચે ઉતર્યો તો સાલુ બધે સાત જ લખેલું જોયું. આ અરસામાં આઠ નંબર ઉપરની મુંબઇ ગાડી ઉપડી.

એટલે સામે આઠ નંબર જોતા જ હું ભડકયો કે જે તબાવે જઇને તરસ્યા રેવા જેવું થયું છતી શક્તિએ છતે ટાઇમે, મારી જ પોતાની ગાડી એક જ ભૂલ ના કારણે અરે રે ! હું ચુકી ગયો. (અહીં પણ દીક્ષા લેવાનું ચુકી જવાનો અફસોસ કરવાનું તત્વજ્ઞાન થયું ખરૂં. પણ હમણા એ વિચાર ચિંતન ગાડી ઉપડી ગયાની લાયમાં સારૂ ના લાગ્યું.] તરત જ, 'ગાડી ઉપડી ગઇ તો ય શું ?' એમ માનીને પોટલુને બિસ્તરૂ ઉચકીને દોડ્યો. ઉતાવળમાં પાછો પગ કપડામાં ભરાયો ને હું સીધો જ ગાડીના પાટા ઉપર પડયો. એ ય પાછુ કોઇ લોટેશ્વર મહાદેવના તાજા જ પ્રસાદમાં મારૂ મોઢુ-માથુ પવિત્ર થયા થૂ થૂ કરતો ઉભો થયો. મોઢા ઉપરથી હાથ વડે લુછયુ તો પ્રસાદ હાથમાં આવ્યો જલ્દી ગંદકી સંહારક નળેશ્વર મહાદેવના શરણે જઇ પત પખાળ્યુ. પણ મોઢમાં એક કણ આવી ગયેલો. એટલે ઉમકે ઉમકા જ આવ્યા. મેં બહુ જ કોગળા કર્યા. કપડાની જેમ મોઢુ બદલી નાખવાની તીવ્ર ઝંખના જાગી પણ શું કરૂં ? દીક્ષાની ગાડી ચુકયા પછી વિષય-વાસનામાં વિષ્ટાના રસનો બોધ થતાં સંસાર ઉપર સંપૂર્ણ નફરત થઇ જ ગઇ હતી. પોટલા-બોટલાની માયા છોડીને ભાવા થઇ જવાનું જ લગભગ નક્કિ કર્યું મેં તો.

પણ..ત્યાં તો એનાઉંસમેન્ટ થયું કે-મુંબઇની ગાડીમાં બોંબ મૂકાયો હોવાની શંકા પડતા પૂરી તપાસ થયા પછી ઉપડશે. અત્યારે મણિનગર સ્ટેશને ગાડીને રોકવામાં આવી છે. [ભાવા થવાનો હળદરીયો વૈરાગ્ય પેલા દુઃખને લીધે હતો એટલે ચાલ્યો ગયો.

વૈરાગ્ય પણ બીજુ સુખ દેખાતા ભાગી જાય છે. વૈરાગ્ય પણ કેવો છે ? સુખનો શત્રુ લાગે છે.) હું તો મણીનગર જલ્દી કાળુપુરથી પહોંચી ગયો. થોડી તકલીફ પડી ઇ તો હોય હવે...

કાળુપુરથી મણીનગર તકલીફોનો મર્દ છાતીથી સામનો કરીને પણ પહોંચી ગયો. અને ગાંડીને [મને મૂકીને જતી રહીને એટલે ગાંડી ' ગાડીને] જોતા જ હું ગાંડો થઇ ગયો. અને મેં "ભલુ થજો બોમ્બ મુકનારનું કે...." આટલી બોમ્બ મુકનારની આભારવિધિ કરી લીધી [હમ ધરમ કરમ દોનોં મે હારા હૈ]

બસ હવે તો હથોડા વાંધો નો'તો હવે થોડી જ વારમાં ગાડી ઉપડશે જ. મને એમ જ હતુ. મારા સિવાય લગભગ બધા પેસેન્જરોના મુખ ઉદાસ હતા. લગભગ ૨ ૩ કલાક વીતી ગયા. હવે તો હું પણ ઉશ્કેરાયો. એ મુરખાને આ જ ગાડીમાં બોમ્બ મુકવાનું કયાં સૂજયું ? કોણ જાણે આવી કુટેવો કયાંથી શીખી આવ્યા છે તે. સુખેથી જંપતા ય નથી ને જંપવા દેતા ય નથી.

ત્યાં તો બધાનો સામાન પણ ચેક થવા લાગ્યો. હું મારા પોટલા-બોટલાનો સંસાર આગળ જ હતો. કોઇ ડંડો પછાડતો પછાડતો આવીને પોલિસ મને કહે– ' ઓ ય ભગત ! પોટલા ખોલ દે. ઇસમે બોમ્બ કિસીને સંતાડયા નહિ હૈ ને ?

ભલા માણસ હું તો ગાડી ચૂકી ગયેલો માણસ છું. બોમ્બ ગાડીમાં મુકાયેલો હતો એટલે હું છેક કાળુપુરથી ચાલતો ચાલતો અહીં આવ્યો છું. કંઇ મારા પોટલામાં બોમ્બ છે એટલે નથી આવ્યો.

' તુમ બોલતા હૈ કિ નહિ.'

મેં કીધુ આના કરતા તો માવો જ બની ગયો હોત તો મારૂ તો ભલુ થાત. છેવટે છેડા છોડીને પોટલું બતાવ્યું તો ઉપર ઉપરથી જ જોઇને ઠોલો જતો રહ્યો મેં બબડતાં બબડતાં જ પોટલું બાંધ્યુ. ["હોય એ તો.. સંસાર છે ચાલ્યા કરે." આ વિચાર અટણે ના આવ્યો.)

આખરે ગાડી ઉપડી બધાં ખુશ થયા. હું ગાડીના પ્રવાસમાં ઘણી નવા-જૂની જાણી શકયો. પણ મારી મુસાફરીનો અંત સારો આવ્યો. એક સિકસર ફટકારવાનું બોમ્બેની બસમાં જ બન્યું.

સીટી બસમાં વાલકેશ્વર એકસો ચાર નંબરમાં જવા બેઠો. મેં પાંચની નોટ કઢી ટીકીટ માંગતા જ કંડકટર બોલ્યો તુમ ગુજરાતી હો ના. મેં હા પાડી. પછી એક મહારાષ્ટ્રીયન યુવતી ચડી તેણે ટિકીટ માટે પરચુરણ આપ્યુ, પછી કંડકટરે મને કીધુ– "તુમ્હારે લોગ કભી પરચુરણ નહિ દેતે બોમ્બેવાલે દેખો તુરત દે દેતે હૈ કિ નહિ. ? પછી એક કાકા ચડયા તેણે નોટ જ આપી. મેં કાકાને પૂછતાં તે ગુજરાતી હોવાનું બોલ્યા. પછી એક ભાઇ ચડયા

તેમણે પરચુરણ આપ્યું. તરત કંડકટર મને બતાવી ગયેા. પેલી યુવતી અને કંડકટર મારી મશ્કરી કરવા લાગ્યા.

મને ચેાકકસ લાગ્યુ કે- આ માત્ર જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતનું અપમાન છે. (એકના અપમાનમાં આખા સંમેલનનું અપમાન થાય તેમ) અને ગુસ્સે ગુજરાત દેશપ્રેમી હું મહારાષ્ટ્રની ધરતી ઉપર બેારબે ની બસમાં બે ચાર જણાએ કરેલા ગુજરાતના ઉળહળતા અપમાનને સાંખી ના શકયેા.

માત્ર તત્વજ્ઞાન મારી મદદે આવ્યુ. મેં કંડકટરને કીધુ- 'ગુજરાતે અહિંસા પ્રધાન દેશ હૈ'

'હેાગા ઇસમેં હમે કયા લેના દેના ?'

"મહારાષ્ટ્રમેં અહિંસાકી તરફ બેદરકારી હૈ.' મેં કીધુ.

'વેા તેા હૈ હી મગર બાત કયા હૈ'

'વેાર્હ. બટાટા હું સુનેા હૈયા ! બેારબે કે કયાહિન લેાગેાકેા તુમ્હારી કયા નહિ આવતી હૈ જ્યારે હમારે ગુજરાતકે લેાગેા કેા તુમ્હારી કયા આવતી હૈ' મેં કીધુ.

'વેા કૈસે ?'

અરે ભૈયા તુમ આખેા દિવસ બસમેં પરચુરણ્ને ભાર ઉંચક ઉંચક કર આંટાફેરા મારેા છેા અને વજન લઇને ફરતે હેા તેા પણ મહારાષ્ટ્રીયન લેાગ ઉનકા ભાર ઓછા કરનેકુ તુમકેા દે દેતે હૈ ! ઔર હમ કયા બાકર તુમારા ભાર ઓછેા કરતા હૈ કી યે બિચારા કેટલે ભાર ઊચકશે.

મારી બાઉન્ડ્રી લાઇનની સિકસરથી ગુજરાતી કાકા ખુશ ખુશ થઇને મને શાબાશી આપવાના જ હતા. કંડકટર અને પેલી યુવતી મારી સિકસરથી ડઘાઇ જ ગયા મારા સ્ટેશને ઊતરતા પહેલાં પેલી યુવતીને મેં બાય-બાય કર્યું અને કંડકટરનેા ખભેા હલાવીને 'કયેાં જી' ફિર મળેંગે કહીને ઉતર્યેા બિચારા બધાં ડઘાઇ ગયા.

પણ ખરેખર ઇતિહાસકારેાએ મારેા સંપર્ક સાધવેા જોઇએ. વર્લ્ડરેકેાર્ડ નેાંધની ગીનીશબુકમાં સ્થાન પામવાના કે ઇતિહાસમાં સુવર્ણાક્ષરે પ્રખ્યાત થવાના મને ઓરતા ન હેાય પણ ઇતિહાસકારેાએ ગુજરાતના ગૌરવની શાનનું સન્માન કરવાનું તે યાદ રાખવું જોઇએ ને ? એટલેા જ ઇતિહાસકારેા મારેા સંપર્ક સાધે તેા ગુજરાતના હિતમાં ગણાશે.

અત્યારની બકાબેા થ એવી બગડી ગઇ છે ને કે ગમે તેટલી ખાધી તેા ય મને બબ્બુ યાદ જ નથી આવતું કે- હું બેારબે આવ્યેા શું કામ ?

પાણી અળગણ ન વાપરેા,
ગળીને જ વાપરેા.

જીવ દયાને જયણા પાળેા,
હિંસા ન આચરેા.

દયા ધર્મને પાળેા,
જીવ બચાવેા રક્ષા કરેા.

કર્મ ખપાવેા ને સૌ
મેાક્ષ સુખ જગવરેા.

શાસન સમાચાર

પાનસર મુકામે ઉજવાયેલ ભવ્ય ઉપધાન તપ માળારોપણનો પ્રસંગ....

જયેન્દ્રભાઇ હરણીયા...આ એક નામ લઇએ એટલે નજર સમક્ષ ગુરૂભકત જયેન્દ્રભાઇ ઉપસી આવ્યા વગર રહે નહી. સ્વ. પૂજયપાદ ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની વિશુધ્ધ દેશના પધ્ધતિના શ્રવણે ધર્મ આરાધનામાં જ જીવનને તરબોળ કરનાર જામનગરના શ્રી જયેન્દ્રભાઇ હરણીયા ને સં. ૨૦૫૦ ના સુરતમાં પ. પૂ. આ. શ્રી. વિ. અમરગુપ્ત સૂરિ. મ. ના ચાતુર્માસ દરમિયાન પ. પૂ. આ. શ્રી. વિ. ચન્દ્રગુપ્ત સૂરિ. મ. ની વાંચના સાંભળવાનો યોગ સાંપડયો. પૂજયશ્રીની વિશુધ્ધ-જોરદાર-શાસ્ત્ર સિધ્ધાંત આચરણા વિ. બાબતો અંગેની શાસ્ત્રીય માર્ગદર્શનાનુસાર વાંચના સાંભળી જયેન્દ્રભાઇનો માંહેલો મોરલો નાચી ઉઠયો. તેમને એક ભાવના થઇ આવી વાંચનાનો લાભ ઘણાંબધાને એકધારો મળે તો... સંસારની ઉપાધિમાં ફસાયેલા આપણે આપણાં જ ગામમાં-આપણાં નજીકના ઉપાશ્રયમાં આવું સુંદર શ્રવણ કરવા યોગ્ય મળે તે છતાં નોકરી-વેપાર-ધંધાના બંધન થી સમય ફાળવી નથી શકતા. આથી આવી વાંચના એકાંત સ્થળે જોવાય તો ? અને જયેન્દ્રભાઇને થયુ. ઉપધાન તપની આરાધનાનું આયોજન થાય તો ઉપધાન તપની આરાધના પણ થાય સાથે સળંગ વાચનાનો પણ આરાધકોને લાભ મળે.

આથી સ્વ. પૂજયપાદશ્રીની દિવ્યકૃપાથી તેઓશ્રીના પટ્ટાલંકાર, ગચ્છાધિપતી, પ. પૂ. આ. મહેદય સૂરિ. મ. સા.ની આજ્ઞાથી પ. પૂ. આ. વિ. શ્રી વિ. અમરગુપ્ત સૂરિ. મ.ની નિશ્રામાં પાનસર તીર્થ મુકામે ચરમ તીર્થપતી શ્રી મહાવીર સ્વામી ભગવાનની છત્રછાયામાં પોષ સુદ ૬ સં. ૨૦૫૧ ના ઉપધાન તપનો પ્રારંભ થયો. સારી એવી સંખ્યામાં આરાધકો જોડાયા. સૌથી વિશિષ્ટ વાત એ બની કે સામાન્યતઃ આપણે ત્યાં આવી આરાધનાનું આયોજન થાય છે ત્યારે તેમાં ઉંમરલાયકની સંખ્યા વધુ જોવા મળે છે અહીં યુવાન ઉંમરના સાધર્મિક ભાઇ બહેનો વધુ જોડાયા. દિવસ પસાર થતા ગયા તેમ આરાધકોનો ઉમંગ વધવા લાગ્યો. જયેન્દ્રભાઇની ઉદારતા પણ અદ્‌ભુત હતી. ફકત ઉપધાન તપ આરાધકો જ નહીં પણ જેમને પણ ફકત વાંચનાનો જ લાભ લેવો હોય તેઓને પણ પાનસર પધારવાની રહેવાની છુટ. દિન-પ્રતિદિન પૂજયશ્રીની વાંચના

શ્રાવક-શ્રાવિકામાં અનેરૂં ચેતન પુરૂ પાડવા લાગી. રાત્રે પ્રતિ. બાદ પુરૂષોની જ વાંચના પ્રશ્નોત્તરી રૂપે થતી. દરેક પ્રશ્નોનાં શાસ્ત્રીય સચોટ ઉત્તરો એ સર્વને સ્વ. પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રીની યાદ અપાવી દીધી. જયેન્દ્રભાઈનો ઉત્સાહ પણ દરરોજ વધતો હતો. આમ આરાધનાનો સ્વાદ અને વાંચનનો પણ સ્વાદ માણતા માણતા દિવસો કયાં વહી ગયા તે ખબર ન પડી. અને આખરે માળારોપણનો દિવસ આવી પહોંચ્યો મહા વદ ૧૦ ના માળારોપણનો દિવસ રહ્યો.

આયોજક પરિવારે આ પ્રસંગે ઉપધાન પૂર્વક શાંતિસ્નાત્ર આદિ ૩ દિવસનો મહો. યોજેલ જેમા મહા વદ ૯ નાં માળનો ભવ્ય વરઘોડો નીકળેલ માળની ઉછામણી પણ ઉલ્લાસ પૂર્વક આરાધકોએ બોલીને ધનની મૂર્છા ઉતારવાનો શુભ પ્રયત્ન કરેલ.

માંડા વદ ૯ ના રાત્રે પાનસર ધર્મશાળાન પટ્ટાંગણમાં બાંધેલ મંડપમાં આરાધકો કાર્યકરો વિ. ના બહુમાનનો ભવ્ય પ્રસંગ યોજાયેલ. આયોજક શ્રી વેલજીભાઈ દેપારભાઈ હરણીયા હ. જયેન્દ્રભાઈ હરણીયા પરિવાર તરફથી આરાધકોને અષ્ટપ્રકારી પૂજાનો ચાંદીનો સામાન દરેકને અપાયેલ કાર્યકરોનું પણ વિશિષ્ટ બહુમાન કરેલ.

આ બહુમાનના પ્રસંગે દિલીપભાઇ, મોહનભાઇ, મનુભાઇ, પ્રકાશભાઇ, જયેન્દ્રભાઇ વિ. ખૂબ સુંદર પ્રાસંગિક પ્રવચન કરેલ. મોહનભાઈએ જણાવેલ કે ઉપધાન નિમિતે પ. પૂ આ. વિ. શ્રી ચન્દ્રગુપ્ત સૂરિ. મ. ની જે વાંચના સાંભળવાનો અનુપમ લ્હાવો મળ્યો તે ભુલાય તેમ નથી ડીસાવાળા પ્રકાશભાઈએ પણ વાંચનની મુકત મને અનુમોદના કરી આવો સુંદર યોગ યોજવા બદલ જયેન્દ્રભાઈનો ખુબ જ આભાર માનેલ.

અમદાવાદના શ્રી મનુભાઇ નગીનદાસ કે જેઓ પાનસરના પ્રસંગમાં ખૂબ સક્રીય હતા તેઓએ જણાવ્યું કે 'સૂરિરામ' જતા થતું હતું કે હવે અંધારૂ છવાઇ જશે. પૂજ્યપાદ શ્રીની જેમ આવી સચોટ દેશના કયાં સાંભળવા મળશે ? પણ અહીં પાનસરમાં પૂ. આ. વિ. ની વાંચના સાંભળતા થયું કે સૂરિરામ' ગયા પણ 'ચન્દ્ર' ને મુકતા ગયા છે આજ સુધી આ 'ચન્દ્ર' ગુપ્ત હતો તે હવે આ વાંચનાનું શ્રવણ થતાં એ ચન્દ્રગુપ્ત સૂરિ રૂપે બહાર આવેલ છે.

ઉપધાન તપ આરાધકો-કાર્યકરો વિનો, શ્રી જયેન્દ્રભાઈએ આભાર માનેલ.

અમારા તરફથી કાર્યકરો તરફથી કોઉપણ આરાધક તથા આમંત્રિત મહેમાનનું મન દુભાયુ હોય કે કંઈપણ અગવડ પડી હોય તો તે બદલ ક્ષમા યાચીએ છીએ.

આમ એક અદ્‌ભુત આયોજનની પૂર્ણાહુતિ થતા માળ પહેરવાના હરખ સાથે સહુએ હવે આવી વાંચના છોડવી પડશે તેનું પણ ખુબ દુઃખ થતું હતું...



- સુખ આવે તો મને લેવાનું મન થતું નથી અને દુઃખ આવે તો ભોગવવામાં આનંદ થાય છે. તેવું જો શીખવાડયું હોય તો આ અરિહંતે જ.
- પુણ્યથી મળેલ સંસારના સુખથી આઘા રહેવા જેવું અને જે દુઃખનો ભય છે તે દુઃખની સામે જવા જેવું એવું એ અરિહંતોએ શીખવ્યું એટલું જ નહિ પણ કરીને બતાવ્યું.
- અરિહંતોએ સમ્યગદર્શનથી અટવી જોઈ, તેને લંઘવાનો માર્ગ જોયો. સંસારને સાગર જેવો જોયો સંસાર અટવીમાં રહેવું અને મોજ કરવા જવું તે અનેક જીવોને દુઃખી કર્યા વિના થાય નહિ.
- પુણ્યના યોગે રૂપ જોવાની સામગ્રી મળે તે જુએ નહિ, રસ મળે પણ રસને ભોગવે નહિ. સારી સુગંધી મળે પણ ઉપયોગ ન કરે, મનગમતું સાંભળવા મળે સાંભળે નહિ, સ્પર્શની સામગ્રી મળે છતાં ભોગવે નહિ તેનું નામ ધર્મ મા.
- સુખમાં મજા કરીએ, લહેર કરીએ તો માર્યા જઈએ આ વાત યાદ આવે તે ખરો 'નમો અરિહંતાણં' બોલનારો છે. મજેથી, ટેસથી ખાનારો, સુખ ભોગવનારો 'નમો અરિહંતાણં'ની આશાતના કરનારો છે. તમે આશાતના વધારે કરો છો કે ધર્મ ?
- જેના હૈયામાં મોક્ષ નથી ઉઠયો, પરલોક નથી ઉઠયો તેવા જીવોને સુધારવાની આશા રાખવી તે આકાશમાંથી ફળ તોડવા જેવી વાત છે.
- અમારા સંતાન ડાહ્યા થાય, શાણા થાય સજ્જન થાય, ભૂખે મરે તો પણ પાપ ન કરે માટે ભણાવું છું તેમ માનનારા કેટલા ?
- મનની ભૂખથી અનંતકાળ રખડયો અને પેટની ભૂખે સત્યાનાશ કાઢી નાંખ્યું એવું લાગે છે ? પેટની ભૂખ જેને ભૂંડી નથી લાગી તે પણ પાયમાલ થઈ જાય છે ભુખ જેને ભુંડી નથી લાગી તેનું તો શું થાય તેની કલ્પના પણ નથી થઈ શકતી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૩૯

ઉપવાશ એટલે શું ?

उपावृत्तस्य दोसेभ्यः,
सम्यग्वासो गुणैः सह ।
उपवासः स विज्ञेयो,
न शरीर विशोषणम् ।।

દોષોથી પાછાવળવું અને ગુણોની સાથે સારી રીતે વાસ કરવો–ગુણ મેળવવા–તેનું નામ ઉપવાસ જાણવો 'પણ માત્ર શરીરને શોષવું અર્થાત્ લાંઘણ કરવું તે ઉપવાસ નથી,

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

મનસ્વી આગમવૃતિથી સાવધાન

સ્થાનકવાસી સંપ્રદાયમાં વિદ્વાન તરીકે ઓળખાતા શ્રી ઘાસીલાલજી મહારાજે સ્થાન. સંપ્ર. માન્ય ૩૨ આગમ સૂત્રો ઉપર સંસ્કૃત-હિન્દી-ગુજરાતીમાં ટીકાઓ રચી છે. તે જૈન શાસન માન્ય પંચાંગીથી સાવ જ વિરૂદ્ધ છે એટલું જ નહિ આગમોના અર્થોને પણ પોતાની માન્યતા મુજબના કર્યા છે. તેનો પુરાવો અક્ષરશઃ આ મુજબ છે.

શ્રી ઘાસીલાલજી કૃત શિવકોષના પ્રથમ પાના ઉપર આ મુજબ છે.

"જૈન સમાજ મેં જૈનાચાર્ય જૈન ધર્મ દિવાકર પૂજ્ય આચાર્ય શ્રી ઘાસીલાલ મહારાજ સે કૌન અપરિચિત હૈ ? વિશ્વમેં જૈસા સૂર્યકા પ્રકાશ ફૈલ રહ હૈ વૈસા હી આચાર્ય મહારાજકા યશરૂપી સુપ્રકાશ પ્રકાશિત હો રહા હૈ ઇસમેં ભી શ્રી સ્થાનક વાસી જૈન સમાજ પર મહારાજ સા. કા. અવર્ણનીય ઉપકાર હૈ કારણકી જૈન સમાજ મેં જો બત્તીસ આગમ ગ્રંથ હૈ ઉનકે ઉપર સ્થાનકવાસી સમાજકી માન્યતા યાને પ્રરૂપણા કે અનુસાર શાસ્ત્ર ગ્રંથમેં અર્થઘટન નહિ થા. ઇસ ક્ષતિ કો દુર કરને કે લિયે પૂજ્ય આચાર્ય શ્રીને બત્તીસ આગમકી સ્થાનકવાસી સમાજકી પ્રરૂપણા અનુસાર કા અર્થઘટન કરકે સ્વતંત્ર સંસ્કૃત ટીકા એવં ઉસકા હિન્દી ગુજરાતી ભાષાનુવાદ સહિત સામાન્ય વર્ગભી સરલતાસે સમજ સકે ઇસ પ્રકાર બત્તીસ આગમ ગ્રંથો કી રચના કી. બત્તીસ આગમ ગ્રંથ પૈકી ૬૦ ગ્રંથ મ. સા. કી વિદ્યમાનતા મેં હી પ્રકાશિત હો ગયે થે ઔર જિનગ્રંથકા પ્રકાશન કાર્ય અવશિષ્ટ રહા વહ કાર્ય પૂર્ણ કરને કે લિયે શ્રી અ. ભા. પ્રવે. સ્થા. જૈન શાસ્ત્રોધ્ધાર સમિતિ એવં મ. સા. કે સુશિષ્ય સંસ્કૃત પ્રાકૃતજ્ઞ પંડિત મુનિ શ્રી કન્હૈયાલાલજી મ. સા. પૂર્ણ ધગશ સે અવિરત શ્રમ પૂર્વક કાર્ય કર રહે હૈ.

—પંડિત કરૂણાશંકર વે. પંડયા

આ ઉપરથી સાબિત થાય છે કે આ સૂત્ર વૃતિ શાસ્ત્ર વિરૂધ્ધ છે.
તેથી વાંચનારાઓએ વિવેક પૂર્વક વાંચવા ભલામણ

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ (રાજકોટ)
ડુંગરશીભાઈ વીરચંદ શેઠ (અમદાવાદ)
ચીમનલાલ પદમશી મુકદમ (ખાંડાગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ જેઠ સુદ-૮ મંગળવાર તા. ૦૬-૬-૯૫ [અંક-૩૯

卐 પ્રકીર્ણ ધર્મોપદેશ 卐

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૫ ને બુધવાર તા. ૨-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - બીજું) (ગતાંકથી ચાલુ)

ધર્મીને દુઃખ આવે નહિ કે આવે ? હવે કહો કે, ધર્મીને પણ દુઃખ આવે પણ તે દુઃખનાં ધર્મી દુઃખી ન હોય, ઉલટો દુનિયાના સુખમાં દુઃખી હોય. તેને દુનિયાનું સુખ ભોગવવું પડે તેનું દુઃખ હોય છે ! સમ્યગ્દૃષ્ટિ આત્મા ચક્રવર્તી પણ હોય, તો તે ચક્રીપણાના રાજ્યને કેવું માને છે ? પાપરૂપ, ત્યજવા જેવું જ. જેને ચક્રવર્તીપણું ધર્મના ફળ તરીકે માંગીને મેળવ્યું તે ચક્રવર્તીપણું ભોગવીને ક્યાં જાય ? નરકમાં જ. દરેકે દરેક ચોવીશીમાં ચોવીશ શ્રી તીર્થંકરદેવો, બાર ચક્રવર્તીઓ થાય છે. આ ચોવીશીમાં સુભૂમ અને બ્રહ્મદત્ત એ બે ચક્રવર્તી, ધર્મના ફળ તરીકે ચક્રવર્તીપણું માગીને ચક્રવર્તી થયા; ધર્મ તેમણે સારામાં સારો કરેલો. કેમ કે, મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી ન થાય ચક્રવર્તી થવા પામે સમ્યગ્દર્શન જોઇએ.

બ્રહ્મદત્ત ચક્રવર્તીના ભૂતકાળના ભાઇ આ ભવમાં સાધુ થયેલા. પૂર્વભવમાં ચિત્ર અને સંભૂતિના ભવમાં તે બંન્ને એ સાધુપણું લઇને સારામાં સારો ધર્મ કરેલો. તેમાંથી એક બ્રહ્મદત્ત ચક્રી થયા અને બીજા શ્રેષ્ઠી પુત્ર થયા. વિરાગ પામી સાધુ થઇ અવધિજ્ઞાની થયા. પ્રસંગ પામીને તે મુનિનો અને ચક્રવર્તીનો ભેટો થાય છે. ચક્રવર્તીને ખૂબ ધર્મ સમજાવે છે. ચક્રીને તે મુનિ પર ભાઇ તરીકેનો પ્રેમ થાય છે પણ સાધુ તરીકેનો નહિ. છેલ્લે તે ચક્રી મુનિને કહે છે કે, 'ધર્મના ફળ તરીકે જે મેળવવું તે મળ્યું છે. તમે ય શું કામ આવાં કષ્ટ વેઠો છો ? અહીં આવી જાવ, મારું આ રાજ્ય

ભોગવો' તે સાંભળીને મુનિ ચોકી ઊઠે છે કે ધર્મના ફળ તરીકે, ધર્મને વેચીને આ ચક્રવર્તી થયો છે. માટે 'असाध्योऽयम्' એમ માનીને તેને મુકીને ચાલતા થાય છે. સારામાં સારા ઉપકારી મળે પણ અયોગ્ય જીવ ઉપર ઉપકાર ન કરી શકે.

અભવી, દુર્ભવી અને ભારેકર્મીભવી જીવ ગમે તેટલો ધર્મ કરે પણ તેનો ધર્મ, ધર્મરૂપ ન બને. ચક્રીપણું, વાસુદેવપણું, પ્રતિવાસુદેવપણું જે ધર્મથી મળે તે ધર્મ જુદો. આજે જે રીતે ધર્મ કરો છો તે ધર્મથી તો કાંઇ ન મળે. ભગવાને ધર્મ આશંસા રહિત કરવાનો કહ્યો છે ધર્મ આ લોક કે પરલોકના સુખની આશંસા વિના તત્વ સમજીને કરવાનો છે પણ ગાડરિયા પ્રવાહની જેમ ધર્મ કરવાનો નથી. આજને ધર્મ કરનારો મોટો ભાગ ધર્મ સમજતો નથી. સામાયિક કરનારને સામાયિક શું છે, સામાયિક શા માટે કરવાનું છે તેની ખબર નથી, સામાયિકમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર વિના બીજી કશી વાત ન થાય તેની ખબર છે ? સામાયિકમાં રહેલો, છોકરા આવે, સ્નેહી આવે તો ખબર ન પૂછે તેવા કેટલા મળે ? તમે સામાયિકમાં હો અને સ્નેહી મળવા આવે તો શું કહો ? તમે કાંઇ ન બોલો અને તે સ્નેહી તે વખતે ચાલ્યો જાય તો તમને મનમાં શું થાય ? સામાયિકમાં તો જ્ઞાનાદિ ગુણો જેનાથી આવે તે જ વિચાર, તે જ વાત અને તેવું વર્તન કરવાનું છે.

માટે જ જ્ઞાની કહે છે કે, ધર્મની ક્રિયા ગમે તેટલી સારામાં સારી કરે તો પણ તે જો અહંકાર-સમજદાર ન હોય તો તેને ધર્મનું વાસ્તવિક ફળ મળતું નથી. ધર્મથી દુનિયાના ફળ માંગવાની જરૂર નથી, તે તો આપવા ધર્મ બંધાયેલો છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આજ્ઞા મુજબ બરાબર જીવે તો વૈમાનિક દેવમાં જ જાય, ત્યાં ય એવી રીતે જીવે કે ત્યાંથી સારામાં સારી મનુષ્યગતિ પામે, ધર્મનો યોગ મળે, સાધુપણું પામે અને તે ભવમાં મોક્ષે જાય. અને કદાચ કર્મ બાકી હોય તો પાંચમા ભવે, સાતમા ભવે યાવત થોડા ભવમાં મોક્ષે જાય. આટલું વચન ધર્મ આપે છે. ધર્મ જય આપે, લક્ષ્મી આપે, સુખ આપે, આપત્તિ માત્રને ટાળે અને છેક મોક્ષે મુકી આવી, સાથેને સાથે રહે તે ધર્મ પાસે મોક્ષ વિના બીજું કાંઇ માંગાય ખરું ?

આ સંસાર તે જ દુઃખ છે તેથી શ્રી ગૌતમ મહારાજાએ ભગવાનને પૂછ્યું કે આ દુઃખથી છુટવા શું કરવું ? તો ભગવાને કહ્યું કે, મોક્ષ મેળવવા જ મહેનત કરવી. મોક્ષ વિના કશું મેળવવા જેવું છે જ નથી તેમ સમજાવવા આ ગ્રન્થની રચના કરી છે.

જીવો શું જાણે તો ધર્મનું ફળ પામે? શું ન જાણે તો ધર્મનું ફળ ન પામે તે વાત ચાલી રહી છે. તે સમજાવવા મારે પૂછવું છે કે, તમે બધા ધર્મ કરો છો તે શા માટે કરે છો? તમને તમારો સંસાર ગમે છે? તમારે ઘર છે, બીકતી પેઢી છે, બૈરાની સારી અવક છે, મજેથી આઇ-પી શકો છો, મોજ મજા લહેર કરો છો, તેમાં આનંદ છે ને?

જે જીવ કાંઇ જ સમજતો ન હોય, જેનામાં સમજણ ન હોય તે જીવ સંસારના સુખ માટે ધર્મ કરે તો હજી ક્ષંતવ્ય ગણાય. તેનામાં સમજ આવે તો તે જીવ સુધરી જાય અને સાચા ભાવે ધર્મ કરે, પણ સમજવા છતાં, જાણવા છતાં કે 'સંસારના સુખ સંપત્તિ માટે ધર્મ ન થાય' તે છતાં ય જો તે માટે જ- સંસારના સુખ માટે જ ધર્મ કરે તો તે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાની ઉત્થાપના કરે છે.

સભા : ધર્મ કરીને આવ્યા તે જીવો આશંસા કરે તે સમજી શકાય. પણ જે જીવો પાપ કરીને આવ્યા હોય તે આશંસા કેવી રીતે કરે?

ઉ. પાપ કરીને આવેલા જીવોને પહેલા તો ધર્મ કરવાનું મન ન થાય. કદાચ મન થાય તો તે દુઃખથી બચવા અને સુખ મેળવવા ધર્મ કરે. કયું સુખ? સંસારનું. એટલે તેઓ પણ સંસારમાં રખડયા કરવાના છે.

પ્ર. જેઓને આશંસાની ખબર નથી તેવા જીવોને ધર્મ આગે જોડવા હોય તો કઇ રીતે જોડાય?

ઉ. તેઓ જે રીતે ધર્મ કરતા હોય તેનો એકદમ નિષેધ ન કરાય. તેઓ અજ્ઞાન હોવાથી તેમને ઝાઝું નુકશાન થતું નથી. તેઓને સમજાવવામાં આવે અને સાચું સમજી જાય તો લાભ થઈ જાય.

જેમ નાનું બાળક છે તેને રૂપિયો આપી સોનાની કલ્લી લેવી હોય તો તે આપી દે. પણ તે સમજદાર થાય તો આપે? આજના તો નાનાં નાનાં છોકરાં ય ખોટી વસ્તુ માં હોંશિયારને અધિક પૈસા ન આપે તેવા છે. કદાચ એકાદ બે વાર અપાઇ ગયા હોય તો પછી સમજી જાય છે અને આપતા નથી. તેમ જેટલા ધર્મ કરનારા હોય તેમને ગુરૂ સમજાવે તો સમજવાની લાયકાતવાળા હોવા જોઇએ. અને ગુરુ તેમને કદાચ ન સમજે ત્યાં સુધી ધર્મ કરવા દે.

અજ્ઞાનબાઇઓ ઘણો ઘણો તપ કરે છે. વિવિધ પ્રકારના તપોમાં 'અક્ષયનિધિ' નામનો એક તપ આવે છે. આ તપ કરીએ તો ભંડાર અખૂટ રહે- ભરપૂર રહે એમ માનીને

મોટો ભાગ આ તપ કરે છે. અમે મારવાડ પ્રદેશમાં હતા. આ તપમાં ઘણી બાઇઓએ પ્રવેશ કર્યો. મેં કહ્યું કે– 'તમે બધા આ તપ શા માટે કરો છો ? તમારો ભંડાર પૈસા થી ભરપૂર રહે તે માટે કરતા હો તો તે પૈસો અહીં મુકીને તમારે જવું પડશે. જે પૈસો મળે તેનો મજેથી ભોગવટો કરશો તો તેની સજા તમારે જ ભોગવવી પડશે. આ તપ તો આત્માના અક્ષય ગુણોનો નિધિ પેદા કરવા માટે કરવાનો છે.' આ સાંભળ્યા પછી ઘણી અજ્ઞાન બાઇઓ કહે કે– 'સાહેબ ! આવું આજે સાંભળ્યું. હવેથી આત્માના ગુણોનો ભંડાર ભરવા કરીશું.' અજ્ઞાન હોય ત્યાં સુધી તેઓ કરતા હોય તો એકદમ નિષેધ ન કરાય પણ તેમને સમજાવાય અને સમજદાર બન્યા પછી તેઓ આત્માથી વિરૂદ્ધ કરવા નથી ઇચ્છતા, તેથી તેમને ધર્મ કરવા દેવાય છે.

ધર્મ આત્માને જય આપે, લક્ષ્મી આપે. સુખ આપે પણ કોને ? જાણકારને જે જીવ અજ્ઞાન હોય તે ધર્મ કરતો કરતો સદ્‌ગુરુનો યોગ પામે અને સમજી જાય તો તેનું ઠેકાણું પડી જાય. પણ જે જીવને સમજાવવા છતાં ય ન સમજે અને ઉપરથી કહે કે, 'સુખ માટે ધર્મ ન કરીએ તો શું કરીએ' તેવાનું તો સદ્‌ગુરુ મળે તો ય ઠેકાણું ન પડે તે તો સદ્‌ગુરુને ય મુરખ કહે, દેશ–કાળના અજાણ કહે !

શ્રી બાહુબલિજી યુદ્ધભૂમિમાં સાધુ થયા છે. ત્યારે શ્રી ભરતજીને લાગે કે, મારા કારણે સાધુ થઇ ગયા. એટલે એકદમ દોડીને આવીને તેમના પગમાં પડીને શું કહે છે તે યાદ છે ? 'આ રાજ્ય તે સંસારરૂપી વૃક્ષનું બીજ છે સંસારને વધારનાર છે– એમ જે ન સમજે તે અધમ છે. તે અધમોમાં પણ અધમ હું છું જે સમજવા છતાં રાજ્યને છોડતો નથી. સાચા બાપના દિકરા તમે, હું નહિ' સાધુ થઇશ ત્યારે બાપનો સાચો દિકરો થઇશ.' તમે બધા જૈનપણું પામ્યા છો ? ધર્મ સમજ્યા છો ? ધર્મ કરો છો તે શા માટે કરો છો ?

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા મોક્ષમાં જતે જતે છેલ્લી દેશનામાં કહી ગયા કે– ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ જગતમાં કહેવાય છે પણ તેમાં ખરો પુરૂષાર્થ તો એક મોક્ષ જ છે અને મોક્ષને મેળવી આપે તે ધર્મ બીજો પુરૂષાર્થ છે. બાકી અર્થ અને કામ એ બે તો નામના પુરૂષાર્થ છે, અનેક અનર્થોને કરનાર છે, પુરૂષથી સાધ્ય માટે તે પુરૂષાર્થ કહેવાય છે પણ તે બે માટે તો ધર્મ કરાય જ નહિ. ભગવાને નિરાશંસ ભાવે ધર્મ કરવાનો કહ્યો છે. (ક્રમશઃ)

ધાર્મિક વહિવટ વિચાર અંગે
પૂ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. ને
આવેશ છોડીને વિચારવા વિંનતિ

વિ. સં. ૨૦૪૪ ના મીની મુનિ સંમેલનના અધ્યક્ષ પૂ. આ. ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા) તથા પ્રવર સમિતિના ભૂતકાલીન સભ્ય પૂ. આ. શ્રી નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજના નીચેના સ્પષ્ટ લખાણોને ધ્યાનમાં લઇ—

ભૂતકાલ અને ભાવી જૈન પેઢી માટે કલંક રૂપ નિર્ણયોના પ્રચારાર્થે તૈયાર કરાયેલ ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકને પાછુ ખેંચી લેવા માટે પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. ને તત્કાલ આદેશ કરી સંઘમાં થનારા સંભવીત ડહોળાણને અટકાવો.

સંમેલન...ના...અધ્યક્ષ

પૂ. આચાર્ય શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. [ડહેલાવાળા] નો—

સંમેલનની નિષ્ફળતા અંગેનો હૃદયદ્રાવક પત્ર

ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

परमोपकारी गुरुदेव श्री विजयसुरेन्द्रसूरीश्वरजी गुरुभ्यो नमः

आचार्य श्री विजय रामसूरि

શાન્તિનગર — તા. — —૧૯

જૈન ઉપાશ્રય — (પ્ર.) ભા. સુ. ૧૦

મુ. પો. અમદાવાદ — સં. ૨૦૪૯

તત્ર શાસનપ્રભાવક આચાર્ય શ્રી મેરૂપ્રભસૂરિજી મ. આદિ ઠોગ...

અનુવંદના વંદના સુખશાતા સહ અત્ર દેવગુરૂકૃપાએ સુખશાતા વર્તે છે. આપશ્રી સર્વે શાતામાં હશો. અત્ર સર્વે શાતામાં છીએ.

આપનો ૧૬/૮ નો પત્ર મલ્યો, આપે મારો અભિપ્રાય પુછાવ્યો તો જણાવવાનું કે આ સંમેલનને સફળ કહેવું તે મને વ્યાજબી લાગ્યું નથી. આ સંમેલનનું ધ્યેય સમગ્ર તપગચ્છની એકતાનું હતું. પરંતુ તે અપેક્ષા પુર્ણ ન થઇ ને કેટલાંય સમુદાય તેમાંથી સતાવાર કે બિનસતાવાર રીતે ખસતા ગયા તે અંગે પણ આપણાં તરફથી કોઇ પ્રતિક્રિયા પણ કરવામાં આવી નથી.

ચાલુ સંમેલન દરમ્યાનમાં જ મેં આ તિથિના નિર્ણયને હાલ જાહેર ન કરવા જણાવેલ. સામા પક્ષને જ્યાં સુધી આ નિર્ણયમાં અનુકૂળ ન કરીએ ત્યાં સુધી એકતા આભાસી જ રહેશે. પરંતુ તે વખતે આપણા પક્ષે ઓંકારસૂરિજી આદિનું વલણ. નિર્ણય જાહેર કરી જ દેવાનું હતું. એમની ગણતરી પ્રમાણે સામો પક્ષ પાછળથી. પણ આ નિર્ણયમાં જોડાશે જ. પણ તે ગણતરી સંપૂર્ણ ખોટી પડી છે. તે આપણે સારુ જાણીએ જ છીએ.

વળી વિ. સં. ૨૦૪૪ની સાલમાં જ પ્રવરસમિતિમાં નક્કી થયેલ પાંચ સભ્યોમાંથી સીધા ૧૮ (બધા જ) ને પ્ર. સ. માં સ્થાન આપવું પડ્યું તેની પાછળના આશયથી પણ આપ અજાણ નહિ જ હોય ? તે વખતે પરિસ્થિતિ એટલી બધી વણસી ચૂકી હતી કે જો તે-તે (માંગણી કરનાર) સમુદાયને આ સમિતિમાં પ્રવેશ ન મળે તે. સંમેલનથી છુટા થવાની તૈયારીવાળા હતાં.

મારી ૧૫૦૮ અસંમતિ છતાં અનેકના અતિશય દબાણને કારણે મન ન હોવા છતાં આ વાત સ્વીકારવી પડી. પ્રવરસમિતિના વિસ્તૃતીકરણથી સંમેલનની રહી સહી નક્કરતા પણ ખોખરી થઇ ગઇ એવું મને લાગે છે.

સંમેલનની એક વાક્યતા ટકવાને બદલે શાસનમાં હાલ ૪-૫ વિભાગ થઇ ચુક્યા છે. ટુકડા વધે તેવી એકતા. એકતા કહેવાશે ? વિચારશો.

આમાં કોઇ ગેર સમજ હોય તો જણાવશો. પ્રત્યુત્તર પાઠવશો. કામકાજ જણાવશો. સહવર્તિ મુનિગણને અનુવંદનાદિ વિદિત હોજો.

લિ. રામસૂરિ

નોંધ નં. ૪૪-વિ. સં. ૨૦૪૪ ની સાલમાં જે અમદાવાદ ખાતે ગીની મુનિસંમેલન થયું હતું. કે જેને લગતી બીનાઓનું વર્ણન અને જાત અનુભવ આ શતાબ્દિ સ્મારક ગ્રંથમાં હું આપી ચૂક્યો છું તે મુનિસંમેલનના મુખ્ય અધ્યક્ષ તેમ જ પાંચની પ્રવરસમિતિમાંના મુખ્ય આચાર્ય એવા પૂ. આ. શ્રી વિજયરામસૂરિજી મહારાજશ્રી (ડહેલાવાળા) તે સંમેલનની નિષ્ફળતા અંગે. તિથિપ્રશ્ન અંગેના ઠરાવ બાબત અંગે આ પત્રમાં પોતાની હૃદયવેદના જે ઠલવે છે વાંચતાં જ વાચકોને પણ પ્રતીતિ થશે કે ૨૦૪૪ નુ મુનિસંમેલનતે અજોડ ઐતિહાસિક થયેલ છે' તેવું ગણાવવા માટે સૌરાષ્ટ્ર આદિને ગામે ગામ અને શહેરે-શહેરે ફરીને પદરથૈયાએ પણ સંઘોને શરમમાં નાખીને જે સહિઓ સંમેલનના ઓવારણાંરૂપે લીધેલી તેમ જ 'સંમેલન પ્રચાર' પત્રિકા દ્વારા અને જૈનપત્રના કોલમોના કોલમો ભરીને વખાણો કરવા પાછળ જે નાણાંનો છૂટે હાથે

વ્યય કર્યો હતો તે બધા ઉપર પાણી ફરી વળવા પામ્યું છે એટલું જ નહિ પરંતુ ઠરાવ કરનારા એવા પૂજ્યોમાંના એકાદ પૂજ્ય પણ એકાદ ગામનાય શ્રીસંઘ પાસે તે ઠરાવોનો અમલ કરી-કરાવી શકયા પણ નથી જ !! એટલું જ નહિ; પરંતુ સાંભળવા પ્રમાણે હવે આ સંમેલનમાંથી સહી પાછી ખેંચી લઈને છુટા થવાની પણ તૈયારીમાં છે !!! આમ પરિસ્થિતિના આરે સંમેલન આવીને ઉભું હોવા છતાં 'છદ્મસ્થતાને લીધે જે દૂષિત ઠરાવો થવા પામેલા છે અને જે ઠરાવો, ભાવિ જૈન પેઢી માટે કલંકરૂપ જણાય છે તેમાંથી છૂટા થતાં પહેલાં સુધારાઓ થવા પામે તો તે ઇચ્છનીય ગણાશે.' એમ ઉપસંહારમાં ભૂતકાલીને પ્રવરસમિતિના આચાર્ય તરીકેની મારી ફરજ બજાવવા જણાવું છું. (સંવત્સરી-શતાબ્દિ મહાગ્રંથ પેજ ૩૪૨-૩૪૪)

આ પત્ર અને તેની નીચેની નોંધ વાંચ્યા પછી ૨૧ ભવભીરૂ ગીતાર્થ સુવિહીત આચાર્ય ભગવંતોએ મળીને કરેલા શાસ્ત્રાધારીત ઠરાવોની પૂજ્ય આ. શ્રી જયઘોષ સૂ. મ. નિવેદનની વાત કેટલી ભ્રામક છે. તે સહેલાઇથી સમજાય તેવું છે પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહિવર પણ ૨૧ આચાર્યો અને સંમેલનની ૧૦૦ ટકા સફળતાના ગીત ગાય છે તે કેટલા માયાજાળથી ભરેલા છે તે પણ ખ્યાલ આવે છે.

—: સુપાત્રદાનનું ફળ :—

चारित्रं चिनुते विनोति विनयं ज्ञानं नयत्युन्नतिं,
खुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागम् ।
पुण्यं कन्दलयत्यधं विदलति स्वर्गं ददाति क्रमान्-
निर्वाण श्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ।

સુપાત્રને વિષે સ્થાપન કરેલું—આપેલું, પવિત્ર ન્યાયોપાર્જિત એવું ધન ચારિત્રને અપાવે છે, વિનયને વિસ્તારે છે; જ્ઞાનને પમાડે છે, ઉન્નતિને પોષે છે, પ્રશમ એવા તપની વૃદ્ધિ કરાવે છે, ત્યાગનો ઉત્સાહ વધારે છે, પુણ્યને એકઠું કરે છે, પાપને દૂર કરે છે, સ્વર્ગને આપે છે અને ક્રમે કરીને નિર્વાણલક્ષ્મી મોક્ષ સુખને પમાડે છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૪] તો... તું રાવણ નથી.

કામાતુર બનેલી લંકાના ધણી રાવણની બહેન રામચંદ્રજી પાસે શરીરના સંભોગની આશાથી ખેંચાઇને નાગકુમારી જેવું યુવતી નું રૂપ ધારણ કરીને આવીને ઉભી રહી

રામચંદ્રજી બોલ્યા કે હે ભદ્રે ! યમરાજના ઘર જેવા આ ભયંકર દંડકારણ્યમાં તું કયાંથી આવી ચડી ?

યુવતીએ કહ્યું–"અવંતિરાજાની હું કન્યા રાજભવન ઉપર સૂતી હતી ત્યારે મધરાતે આકાશમાં આસકત બનેલા કોઇ ખેચરે મારું અપહરણ કર્યું. અને તે મને અહીં અરણ્યમાં લાવ્યો. પણ બીજા કોઇ ખેચરે આ જોઈને મારું અપહરણ કરનારા ખેચરને તલવાર ખેંચીને કહ્યું–'હે પાપી ! આ સ્ત્રીરત્નને ઉપાડીને તું કયાં જઇશ ? આ હું તારો કાળ તારી સામે ઉભો છું' આ બોલતા બન્ને યુવાનો વચ્ચે યુદ્ધ થતાં બન્નેએ અંતે એક બીજાને મારી નાખ્યા. આથી એકલી પડી ગયેલી દિશા ભૂલેલી હું આમ તેમ ભમતી–ભમતી તમને પુણ્યયોગે પામી છું તેથી હે સ્વામિન્ ! કુળમાં ઉત્પન્ન થયેલી કુમારી એવી મને તમે પરણો. મહાપુરૂષને કરેલી પ્રાર્થના ફોગટ નથી જતી'

આ સાંભળીને 'આ ચોકકસ કોઇ કપટી છે. માયાવી છે' આવું બન્ને ભાઇઓએ મનથી નિશ્ચિત કરીને બન્ને એક બીજા સામે જોઇને જરા ક હસ્યા. [એટલે કે શુર્પણખાની કપટવૃત્તિ બન્ને રામજી ગયા તેમ હાસ્ય દ્વારા બન્નેએ એક બીજાને જણાવી દીધુ.]

હવે રામચંદ્રજીએ કહ્યું–હું તો સ્ત્રી સહિત છું માટે તું લક્ષ્મણને ભજ. લક્ષ્મણ નેં તે યુવતીએ પ્રાર્થના કરતાં લક્ષ્મણજીએ કહ્યું–તું પહેલાં મારા પૂજય વડીલ બંધુ પાસે ગઇ માટે તું પણ મારા માટે પૂજય જ ગણાય. તેથી બીજી વાત હવે કરવાની જ નથી રહેતી.

આ રીતે પોતાની કામ–વાસનાની માંગણી પુરી ન થતાં અને પુત્ર શમ્બુકના વધને યાદ કરતાં શુર્પણખા અત્યંત રોષાયમાન થઇને ત્યાંથી ચાલી ગઇ.

પાતાલ લંકામાં આવીને પોતાના પતિ ખર ખેચરને શમ્બુકના શિરોચ્છેદની વાત કરી.

આ સાંભળતાં જ ચૌદ–ચૌદ હજાર વિદ્યાધરો સાથે ખરખેચર રામચંદ્રજીને ઉપદ્રવ કરવા આવ્યા.

'હું હાજર હોઉં ને આર્યપુત્ર પોતે જાતે જ બાવાઓની સામે યુદ્ધ કરવા જશે ?' આમ કહીને લક્ષ્મણે રામચંદ્રજીને યુદ્ધમાં જતાં અટકાવ્યા અને પોતે જ જવા આગ્રહપુર્વક તૈયાર થયા,

આથી રામચંદ્રજીએ કહ્યું-'ભલે વત્સ ! યુદ્ધ કરવા તું જા પણ જો તને કોઈ સંકટ આવી પડે તો મને બોલાવવા માટે તું સિંહનાદ કરજે.'

રામચંદ્રજીની આજ્ઞા સ્વીકારીને ધનુષ્યને ધારણ કરીને લક્ષ્મણજી જઈને શત્રુ સૈન્યને હણવા લાગ્યા.

એકલવીર શુરવીર લક્ષ્મણજીની સામે ખર ખેચરનું યુદ્ધ વધુ ફાટી નીકળ્યું આથી પોતાના પતિના બળમાં વધારો કરવાના ઈરાદાથી શુર્પણખા જલ્દીથી રાવણ પાસે પહોંચી ગઇ. અને કહેવા લાગી કે

દંડકારણ્યમાં રામ-લક્ષ્મણ નામના કોઇક બે અજ્ઞાન-મુર્ખ માણસો આવ્યા છે. તેણે તારા ભાણેજ શમ્બુકનો શિરોચ્છેદ કરી નાંખ્યો છે.

અને આ સાંભળીને, નાના ભાઇ સહિત મારા પતિ સૈન્ય લઇ જઇને અત્યારે લક્ષ્મણ સાથે ભીષણ યુદ્ધ કરી રહ્યા છે.

વળી પોતાના નાનાભાઇ લક્ષ્મણની તાકાતથી અને પોતાની તાકાતથી ઘમંડી બનેલો રામ તેની પત્ની સાથે વિલાસ કરી રહ્યો છે

અને સીતા તો શું કહું ભાઇ ! એટલી રૂપ અને લાવણ્યથી ભરેલી છે કે ન તો એ દેવી છે ન તો નાગ કુમારી છે છતાં કોઇ અનન્ય જાતની એ માનુની જ છે.

સુર-અસુરની દેવીઓને દાસ કરી દેનારૂ તે સીતાનું રૂપ ત્રૈલોક્યમાં પણ તેનું પ્રતિચ્છન્દ [=પ્રતિકૃતિ= સમાન વ્યકિત]ના મળે તેવું વચનથી પણ વર્ણવીના શકાય એટલું અદ્‌ભૂત-અને અદ્વિતીય છે

આ સમુદ્રો સુધીના સામ્રાજ્યના હે ધણી ! આ પૃથ્વી ઉપરના જેટલા પણ રત્નો છે તે બધાંને માટે એક માત્ર તું જ લાયક છે.

રૂપની સંપત્તિથી દૃષ્ટિને પલકારો પણ આપવાનું મન ના થવા દે એવું આ સ્ત્રી-રત્ન હે રાવણ ! તું ગ્રહણ કરી લે. અને જો તું આવા સર્વોચ્ચ શ્રેષ્ઠતમ સ્ત્રીરત્નને ગ્રહણ નહિ કરે તો...તો તું રાવણ નથી.'

પોતાની રામ સાથેના સંભોગની નહિ સ્વીકારાયેલી વાસનાથી પીડાયેલી અને પુત્ર ના શિરોચ્છેદ થી સળવળી ઉઠેલી, શુર્પણખાએ રાવણની પરસ્ત્રી લંપટની એક નબળી કડી ઉપર પ્રચંડ પ્રહારો કરી કરીને રાવણ ની વાસનાને, એટલી હદે ઉશ્કેરી મુકી કે જેથી લંકાનો ધણી સોળ-સોળ હજાર મંદોદરી જેવી રાણીનો નાથ એક મહા-સતી જેવા મહાસતી સીતાદેવીને પોતાના અંતઃપુરનું સ્ત્રીરત્ન બનાવવા તૈયાર કર્યો.

પુષ્પક નામના વિમાનમાં આરૂઢ થઇને વિમાનને આદેશ કર્યો કે 'જ્યાં જાનકી છે ત્યાં હે વિમાનરાજ ! તું જલ્દી(મને લઇ)જા'

અને પ્રચંડ તીવ્ર વેગથી વિમાન ત્યાં આવી પહોંચ્યુ જ્યાં દૂર વૃક્ષ નીચે રામ અને સીતા દેવી બેઠા હતા. (ક્રમશઃ)

— પાઠશાળા —

આજના પરિવર્તન શીલ જગતમાં દરેક ક્ષેત્રમાં પરિવર્તન થઇ રહ્યું છે તેમ શિક્ષણ ક્ષેત્રે–ધર્મક્ષેત્રે પરિવર્તન થઇ રહ્યું છે, ધર્મના સંસ્કાર, જપ, તપ, મંત્ર, આરાધના, સ્વાધ્યાય, સાધના, સંયમ ચારિત્ર, વિધિ–વિધાન–શાસ્ત્રાભ્યાસમાં કંઈક પરિવર્તનની ઝાંખી થઇ રહી છે. તેના માર્ગ–દર્શક પથદર્શક તરીકેનું સાધન સાધ્ય આજે બે બાબત પર નીર્ભર છે એક જૈન પાઠશાળા અને જૈન સાધુ સમુદાય સમાજ પર ધર્મ સુરક્ષિત છે.

આજના ભૌતિકવાદ જમાનાવાદમાં વિડિયો ટી. વી. જી. ટી. વીના જમાનામાં બાળકથી વૃદ્ધ સુધીના તમામ માનવીના આચાર–વિચાર–વર્તન, વાણી, સભ્યતા, વિવેક, વિનય, નમ્રતા, નિતિ નિયમ, સદ્‌ભાવના, વાત્સલ્ય ભાવના, સ્નેહ, પ્રેમ, જીવદયા, પરોપકાર ભાવના, ઉદારતા, સત્ય નિષ્ઠા, કર્તવ્ય નિષ્ઠા, અહિંસા જેવા ઉત્તમ ગુણ સંસ્કારમાં જડ મૂળથી પરિવર્તન જોવા મળે છે. આપણી પ્રાચીન આર્યાવત સંસ્કૃતિના સંસ્કાર પર જબરદસ્ત ફટકો પડયો છે. ધર્મના સંસ્કારમાંથી શ્રદ્ધા–વિશ્વાસમાં પણ પરિવર્તનની લાગણી જોવા મળે છે. તેના કારણે આજે છોકરામાં વહેમ, શંકા, કુશંકા, અંધશ્રદ્ધા આંધળું અનુકરણ વિદેશી સંસ્કૃતિ તરફ આંધળી દોટ મૂકીને ભૌતિક સુખ લાલસા પાછળ દોડી રહ્યો છે. તેના કાળમાં પંજામાંથી લાલસાના અજગરના ભરડામાંથી બચવવાનો એક અનમોલ ઉપાય આજે દેખાય છે આપણી પાઠશાળાઓને સુચારૂ અને વાસ્તવિક બનાવવાની જરૂર છે.

વર્તમાન યુગમાં પાઠશાળા ચાલે છે ખરી પણ કેવી રીતે, કેવા પ્રકારની કયા ? અને કઇ હાલતમાં ચાલે છે ? કઇ–કઇ જગ્યાએ કેવી જગામાં સ્થાનમાં ચાલે છે ! કયા સમયે–કયારે – નિયમિત – અનિયમિત પણે ચાલે છે તેના કોઇ ધારા ધોરણ, નિયમ ખરા કે ? આવી દશામાં પાઠશાળા ચાલે છે અને ઘણી બધી સમસ્યાઓ વચ્ચે પાઠશાળા ચાલે છે. તેનાથી સૌ કોઇ વાકેફ છે અને સાથે સાથે ચિંતિત પણ છે. આ વિકટ સમસ્યાનો કોયડો ઉકલી શકે તેમ છે. અને તેનું સુંદર પરિણામ આવી શકે તેમ છે ? ફકત તે બાબતમાં સમય, ધ્યાન લોગ, અહોભાવ સદ્‌ભાવ, ઉદારતા, સહજભાવે કાર્ય કરનાર વર્ગ તરફ વિશ્વાસ, શ્રધ્ધા, સાહનુભૂતિ વાત્સલયભાવ રાખવાની જરૂર છે.

પાઠશાળાને વેગવાન–ગતિમાન–પ્રગતિમય બનાવવા માટે એક (થીંકીંગ) બેંકની રચનાની જરૂર છે. સેવાભાવ, ઉત્સાહીત શિક્ષક–શિક્ષિકાઓની, ધર્મપ્રેમી સુશ્રાવકોની કમિટી બનાવી તેમના માટેની કાર્ય રૂપરેખા કામગીરીની વ્યવસ્થાનું ક્ષેત્ર નકકી કરવું તેમજ વફાદારીપૂર્વક, પ્રમાણિકપણે કાર્ય કરનાર માટેની જરૂરિયાતની જોગવાઇની

વ્યવસ્થાની યોજનાની ખાસ જરૂર છે. જેમકે સરકારી ખાતામાં સુંદર, સ્વચ્છ, સુઘડ, નિયમિત કાર્ય માટે સચિવ હોય છે નિષ્ણાત સચિવ તેના ખાતાનો સુંદર કાર્ય વહીવટ કરીને લોકોને સરકારને આદર પ્રિય બને છે અને ઉપયોગી બને છે તેમ પાઠશાળા માટે આવા આદર્શ સચિવોની ખાસ જરૂર છે અને તેમની શોધ કરવાની આપણા સૌની પવિત્ર ફરજ બને છે. તેના માટે જે જે ધાર્મિક પાઠશાળાઓમાંથી પૂર્ણ અભ્યાસ કરી પદવી પ્રાપ્ત કરી તેજસ્વી વિદ્યાર્થીઓને બીજા ક્ષેત્રોમાં પોતાની આજીવીકા માટે પરિવાર માટે બીજા ક્ષેત્રોમાં ન જવા દેતા તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને પાઠશાળામાં ગોઠવી દેવા જોઇએ અને તેમના માટે બનતું બધું જ કરવું જોઇએ. આ બાબતમાં પાઠશાળાના વહીવટદાર સંચાલક મંડળ અને અનેક સંઘના આગેવાન ટ્રસ્ટીઓ રસ લઇ આ બાબતમાં પ્રકાશ પાડી તેમની શક્તિનો જ્ઞાનનો ઉપયોગ પાઠશાળાના કાર્ય પાછળ કરવામાં આવે તો આજની પાઠશાળાની કાયા પલટ થઈ જાય તેમ છે. નહીં તો આજે માતૃભાષામાં (ગુજરાતી) ચાલતી શાળાઓની જે સ્થિતિ હાલત છે તેવી પરિસ્થિતિ પાઠશાળાની જોવા મળશે. ભવિષ્યમાં આપણી પ્રાચીન સંસ્કૃતિના સંસ્કાર ધન જોવા નહીં મળે.

આજે જે કંઇક ધર્મ સંસ્કાર, તપની મહત્તાના ગુણ-ગાન-ગૌરવની ભાવના જોવા મળે છે તે આપણા દાદા-દાદી માતા-પિતા મોટાભાઇ-બહેન વડીલોની આંગણી ઝાલી બાળપણમાં દેવ-મંદિર, દેવ-દર્શન, સાધુભગવંત ગુરૂદર્શન, વંદન, જિનવાણીના પ્રભાવે ધર્મ જળવાઇ રહ્યો છે અને સચવાઇ રહ્યો છે. તેના જ કારણે આજે જૈન શાસનમાં જે જે સાધુ ગુરૂ-ભગવંત આચાર્યો, ગચ્છાધિપતિઓની પરંપરા જોવા મળે છે તે આપણા વારસાગત ધર્મના સંસ્કારના પરિણામે અંકબંધ જળવાઇ રહ્યો છે અને વીતરાગ પ્રભુની ઓળખ આંખી - અરિહંત પરમાત્માની ઓળખ થઈ રહી છે આ બધો પ્રતાપ પાઠશાળાના સુધાર્મિક સંસ્કારનો છે. પાઠશાળા જ દુનિયાભરની સંસ્કૃતિની ધોરી નસ તાડી છે. પાઠશાળા એજ ધર્મ સંસ્કારનો પ્રાણ આત્મા છે. પાઠશાળા એજ માનવ-ભવને સાર્થક બનાવનાર ઘડનાર રચનાર સર્જન કરનાર અને સંયમ માર્ગી, મોક્ષ-માર્ગી બનાવનાર બાળકો માટે અનમોલ શસ્ત્ર સાધન-સાધ્ય છે.

આજે સામાયિક પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ, વર્ષીતપ, સેવાપૂજા - પૂજન કરનારની સંખ્યા મોટા પ્રમાણમાં જોવા મળશે પરંતુ મોટા-પર્વના દિવસોએ ધાર્મિક પ્રસંગે સામાયિક-પ્રતિક્રમણના સૂત્ર-કંઠસ્થ અર્થ સાથે શુદ્ધ રૂપે અને તેના અર્થના જાણકાર કેટલા નીકળશે ? એતો ઘણા બધા મહાનુભાવોને ધ્યાનમાં હશે જ અથવા જાત અનુભવ પણ થયો હશે ?

ધાર્મિક ગાથાઓ કેટલાને કંઠસ્થ હોય

છે ? તેના જાણકાર કેટલા ? સમજનાર કેટલા ? નવકારશી કરનાર કેટલા ? કદાચ ઘણા બધા હશે પરંતુ તેના પચ્ચક્ખાણ આપનારની સંખ્યા ખૂબ જ જૂજ પ્રમાણમાં હોય છે પછી ધર્મના વિધિ-વિધાનના કાર્યની તો વાત જ શી કરવી. ઘણા ભાગ્યશાળીઓને પચ્ચક્ખાણ તેમજ ગુરૂ-ભગવંતને શાતા-વંદન કરવામાં પણ ઘણી વખતે અવિધિ જોવા મળે છે તેવા સમયે તેનો સાચો માર્ગ ઉપાય છે આપણી પાઠશાળાઓને ઉત્તેજન આપી તેના વિકાસ માં સૌ સહભાગી-સહભાગી બનીએ તો ઘણા બધા ધર્મના પ્રશ્નોના ઉકેલ કોયડા આપ મેળે ઉકેલી જઇ શકે તેમ છે ફક્ત પાઠશાળા તરફનો ઝોક ગૌરવની ભાવના અને તેનો અહોભાવપૂર્વક સન્માનની દૃષ્ટિ કેળવવાની જરૂર છે અને માત-પિતાઓ પોતાના બાળકોને નિષ્ઠાપૂર્વક મોકલાવાની જરૂર છે તથા કાર્યકર્તાઓની સેવાની નિષ્ઠાપૂર્વક 'સંમાનપૂર્વક, કદર-દાનની વૃત્તિ અને વાત્સયભાવની વફાદારી પૂર્વક પ્રેરણા અને કાર્ય કરવાની પધ્ધતિમાં રસ લેવાની વૃત્તિ રાખવાની જરૂર છે. તેની મહત્તાની સુજબુજની જરૂર છે દરેકને લાગવું જોઇએ કે બાળકો માટે પાઠશાળા એ જ માનવજીવનની ધાવ માતા છે તેનું રક્ષણ-પોષણ, જતન, કરવું એ અમારી ફરજીયાત કર્તવ્ય પાલનની પ્રતિજ્ઞા છે જ્યારે હું તેનું સાચું સ્વરૂપ જાણીશ ત્યારે જ સાચો શ્રાવક તરીકેનું બિરૂદ પામીશ આવી અટલ શ્રધ્ધા-વિશ્વાસ દઢતા આપણા સૌમાં પેદા થશે જ ત્યારે પાઠશાળા અને જૈન સમાજ, આર્યાવતના સંસ્કારની ખુમારી તેજસ્વિતાના દિવ્ય જ્ઞાનના પ્રકાશ અને રોશનીની સંસારી પદાર્થનો અંત ટુંક સમયમાં લાવી દિવ્ય મંગલમય જીવનની શુભ શરૂઆત થતાં વાર નહીં લાગે પાઠશાળા એજ જીવન મંગલ મંત્ર છે. સૌ કોઇને મોક્ષમાર્ગી બનવું છે પરંતુ પાઠશાળાની રિધ્ધિ સિધ્ધિની ઓપ નથી કે તેની સિધ્ધિની અમૂલ્ય કિંમત આજે લોકોને સમજાતી નથી પાઠશાળા એજ દિવ્ય મંગલમય જીવનનો ધ્યેય-હેતુ-લક્ષ હોવો જોઇએ એવી તીવ્ર ઝંખના હોવી જોઇએ તો પાઠશાળા કલ્પવૃક્ષ જેવું દિવ્ય-મય-જ્ઞાનની ગંગા વહેવા લાગે તેમ છે પણ પાઠ-શાળાની આજે કિંમત છે કોને ?

રસિકલાલ સી. ભાવનગરના

પ્રણામ સાથે વંદન

૫. સી. ગાલા એપાર્ટમેન્ટ જીતેન્દ્ર રોડ.

મલાડ પૂર્વ મુંબઇ-૯૭

न धम्म कज्जापरमत्थि कज्ज, न वाणिहिंसा परमं अकज्जं ।
न प्रेमरागा परमत्थि बंधो न बोहिलाभा परमत्थि लाभो ।।

આ જગતમાં ધર્મકાર્ય સમાન બીજું કોઇ જ શ્રેષ્ઠ કાર્ય નથી, પ્રાણિહિંસા સમાન બીજું મોટું અકાર્ય નથી. પ્રેમરાગ સમાન બીજું મોટું બંધન નથી, બોધિસમ્યક્ત્વની પ્રાપ્તિ સમાન બીજો કોઇ જ શ્રેષ્ઠ લાભ નથી.

શાસન સમાચાર

પાલીતાણા : પૂ. આ. શ્રી કીર્તિસેન સૂ મ. ઠા–૩નું ચાતુર્માસ રાજકોટ પ્રહલાદ પ્લોટમાં નક્કી થયું છે.

અમદાવાદ : વાસણા અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય નરરત્ન સૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થયો. પૂ. આ. ભ. શ્રી વિજય હિમાંશુ સૂ મ. સા.ના સંસારી પણે પુત્ર હતા સ્વ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે ભવ્ય મહોત્સવ ઉજવાયો.

માટુંગા કેંગ્સકૅંસ મુંબઇ : અત્રે શેઠશ્રી ગોવીંદજી જેવંતભાઇ ખોના તરફથી પૂ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ના આચાર્ય પદવી દિન તથા ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠાદિન તથા નિમિતે વૈ. સુ.–૬ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન રાખેલ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ. આદિ પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી નયવર્ધન વિજયજી મ. આદિ સત્કારાગત આ પ્રસંગે પધારેલ. નવકારથી ભક્તિ રાખેલ બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ઠાઠથી ભણાવાયું.

માટુંગા : બી.બી. અત્રે શ્રી અચલ ગચ્છ જૈન સંઘના ઉપક્રમે જિનાલયની દ્વીતીય વર્ષગાંઠ નિમિતે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં ઉત્સવ ઉજવાયો તા. ૭ ના પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. પધાર્યા સિદ્ધચક્ર પૂજન થયું તા. ૮ ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તા. ૯ ના અઢાર અભિષેક તથા ધ્વજા ચડાવાઇ. ત્રણે દિવસ કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિ કરવામાં આવી.

કેડા [ઉ.ગુ.] : અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલક સૂ. મ. પૂ. આ. શ્રી વિજય મહોદય સૂ. મ. પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂ. મ. આદિની નિશ્રામાં જેઠ સુદ–૩ થી સુ. ૯ સુધી સિદ્ધચક્ર પૂજન આદિ ત્રિદિવસીય મહોત્સવ સંઘવી ચંદુલાલ જેસંગભાઇ, શાહ રમણલાલ મફતલાલ ગં. તારાબેન ચીમનલાલ તરફથી યોજવામાં આવેલ છે.

ચાંદરાઇ (રાજ.) : અત્રે પૂ. ગણિવર શ્રી કમલરત્ન વિ. મ. તથા પૂ. ગણિવર્ય શ્રી વિમલરત્ન વિજયજી મ. ની નિશ્રામાં સુપુત્રી નિશાબેન કાંતિલાલની દીક્ષા તથા પિતાશ્રી કુલચંદજી તથા ચાતુશ્રી હુલાસીબાઇના આત્મશ્રેયાર્થે જેઠ સુદ ૩ થી ૧૦ શાંતિસ્નાત્રાદિ ભવ્ય મહોત્સવ યોજાયો છે.

મુંબઇ લાલબાગ : અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદય સૂ. મ. પૂ. આ. શ્રી વિજય કનકશેખર સૂ. મ. પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. આદિની નિશ્રામા

સ્વ. પિતાશ્રી પોપટલાલ જેઠાલાલ વખારીયા તથા સ્વ. માતુશ્રી મણિબેનના આત્મશ્રેયાર્થે બાબુલાલ પોપટલાલ તરફથી વૈ. વ. ૧૩થી જેઠ સુદ ૨ સુધી શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ.

ઢલોઇમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂ. મ. ની આજ્ઞાથી આણા ચોમાસે જઈ રહેલા પ. પૂ. મરૂધરદેશે સદ્ધર્મ સંરક્ષક મણિવર્ય શ્રી કમલરત્ન વિજયજી મ. ના શિષ્ય પ્રશિષ્ય-રત્નો વ્યાકરણ વિશારદ મણિવર્ય શ્રી દર્શન-રત્ન વિજયજી મ. તથા જોશીલા પ્રવચનકાર મુનિરાજશ્રી ભાવેશરત્ન વિજયજી મ. ચૈત્ર વદ ૧૦ સોમવાર દિ. ૨૪-૪-૯૫ને વાડીલાલ પોપટલાલ સહ-પરિવાર તરફથી ભણાવાયેલ શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં (ઢલોઇ) નિશ્રા આપી હતી. પૂજનમાં જીવ-દયાની ટીપ સારી થયેલ.

અલિરાજપુરમાં શત્રુંજયની ભાવ યાત્રા

વૈશાખ સુદ ૩ અખાત્રીજના દિવસે મધ્યપ્રદેશના સર્વ પ્રથમ નગરે તપસ્વી પ. પૂ. મણિવર્ય શ્રી કમલરત્ન વિજયજી મ. સા. શિષ્ય પ્રશિષ્ય પ. પૂ. વ્યાકરણ વિશારદ મણિવર્ય શ્રી દર્શનરત્ન વિજયજી મ. સા. તથા જોશીલા પ્રવચનકાર મુનિરાજ શ્રી ભાવેશરત્ન વિજયજી મ. સા. નો પ્રવેશ થયો એ દિવસે બપોરે કાકડીવાલા પરિવાર તરફથી મણિવર્યશ્રી આદિના પોતાના ઘરે વાજતે-ગાજતે પગલા કરાવ્યા. સંક્ષેપ પ્રવચન થયેલ ત્યારપછી વાજતે ગાજતે અગ્રેના બન્ને દેરાસરોના ચતુર્વિધ સંઘ સાથે દર્શન-ચૈત્યવંદન થયેલ. ત્યારપછી પોણો કલાક મણિવર્ય શ્રીનું પ્રવચન થયેલ અને સાધ્વીજી જયનંદિતા શ્રીજી આદિએ બહેનો-માં વધુ શત્રુંજય ભાવ યાત્રામાં જાગૃતિ લાવેલ. ભાવ યાત્રાનો બધો લાભ કાકડીવાલા પરિવારે લીધેલ તથા ભાતી આપવામાં આવેલ મણિવર્યશ્રી આદિ લક્ષ્મણી તીર્થ થઇ ભકતામર તીર્થ આદિના દર્શન કરવા મંગલ વિહાર કરશે.

ઘાટકોપર : અત્રે કોઠારી લક્ષ્મીચંદ ઉજમશીના સુપુત્ર ચંદુલાલભાઇની સુપુત્રી રીટાબેનની દીક્ષા અમદાવાદ થવાની હોય તે નિમિતે ઉત્સવમાં પૂ આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ તથ પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. આદિ સ્વાગત વૈ. વ. ૫ ના પધાર્યા. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાયું વદ-૬+૭ સત્તર ભેદ. પૂજા વદ-૮ ના વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો પ્રવચનો વિ. નો સારો લાભ લેવાયો.

વદ ૯-૧૦ બે દિવસ ઇસ્ટમાં સ્વાગત પ્રવચનોમાં સંઘ પૂજન વિ. નો લાભ શ્રી હાલારી વીશા ઓસવાળ મિત્રમંડળે ઉત્સા-હથી લીધો વદ ૯ ઝવેરચંદ ગોવીંદજીને ત્યાં સ્વાગત મંગલિક તથા વદ ૧૦ શાહ ગોવીંદજી મેપાભાઇને ત્યાં હ: હરખચંદ-ભાઇ સાધર્મિક ભક્તિ પ્રવચન. વિ. થયા.

થાણા : પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરિશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરિશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય વીરશેખર સૂરિશ્વરજી મ. એ હાલારી વીશા ઓસવાલ જ્ઞાતિમાંથી થયેલ ચારે પૂજ્ય આચાર્ય ભગવંત આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્ર પ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ અત્રે વૈશાખ વદ ૧ના પધાર્યા હતા ટીંબી નાકા દેરાસરથી સ્વાગત થયું હતું થાણા તેમજ મુલુંડના ઓસવાલ ભાઇઓની સારા ઉત્સાહ સાથે હાજરી હતી ભગવાનજી કચરાભાઇ શાહના બંગલે ઉતારો થયો હતો મંગલિક બાદ શ્રીમતી મેઘીબેન લખમણ મારૂ તરફથી નવકારશી થઇ બાદ ચારે પૂજ્ય આ. દેવોનું પ્રવચન થયું વદ-૨ ના સવારે શાહ મેઘજી ડાયાભાઇ ગોસરાણી તરફથી નવકારશી અને બાદ પ્રવચન અને બપોરે પૂજા વદ-૩ના સવારે કલ્પતરુના ભાઇઓ તરફથી નવકારશી તથા પ્રવચન બાદ દેરાસરે ૧૮ અભિષેક થયા વદ-૪ ના શાહ પેથરાજ લખાભાઇ હ સોમચંદભાઇ પેથરાજ તરફથી સવારે નવકારશી તથા ત્યાર બાદ તેમના તરફથી નૂતન મકાનના પ્રવેશ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયું બહુ ઉત્સાહથી ભણાવાયું વિધિકાર પ્રૌઢિવર્યશ્રી પાનાચંદભાઇ તથા સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળાએ ખૂબ જમાવટ કરી હતી જીવદયાની બોરદાર ટીપ થઇ ઉપરાંત સોમચંદભાઇએ પણ જુદી જુદી સારી રકમો દાનમાં જાહેર કરી પૂજન બાદ કાકાભાઇ સિંહણના મુંબઇ વાસી તથા આમંત્રીત આદિની સાધર્મિક ભક્તિ થઇ ૮૫૦ જેટલી સંખ્યા થઇ. ખૂબ ઉત્સાહથી ચારે દિવસ પ્રસંગ ઉજવાયો જે ઠાણા શ્રી નવપાડા સંઘમાટે ખુબ આનંદનો અવસર બન્યો.

શ્રીપાલનગર : મુંબઇ અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. પૂ. આ. શ્રી વિજય ચન્દ્રોદય સૂરીશ્વરજી મ. પૂ. આ. વિજય કનકશેખર સૂ. મ. આદિની નિશ્રામાં વરસીતપના પારણા થયા સવારે પૂ. સા. શ્રી હંશશ્રીજી મ. ના પરિવારના પૂ. આ શ્રી ના વરસીતપ નિમિત્તે સવારે ૮ વાગ્યે ચૈત્ય પરિપાટી તીન બત્તી તથા ચંદનલાલ દેરાસરે થઇ શ્રી પાનલગર વર્ષીતપના મહિમાનું પ્રવચન થયુ બાદ તેમના સંસારી સંબંધી તરફથી તથા પ. મુ. શ્રી પુરંદર વિ.મ.ના ૧૭મી દીક્ષા પ્રવેશ તથા પૂ. આ. શ્રી કનકશેખર સૂ. મ. ના ભાણેજ તરફ થી પૂ. મુ. શ્રી કીર્તિધ્વજ વિ. મ. ના વરસીતપ પુર્ણાહુતિ નિમિતે સંઘપુજનો થયા શ્રી પાલનગર ટ્રસ્ટ દ્વારા પારણાની સુંદર વ્યવસ્થા થઇ પ્રભાવનાઓ થઇ તથા પધારેલ સાધર્મિકોની ભક્તિ સારી રીતે થઇ.

લાલબાગ : મું. ૪ અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં પૂ. આ. ભ. વિજય જયંત શેખર સૂ. મ. ના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. ની ૧૦૦+૮૭ મી ઓળી પૂર્ણ થતાં ચૈત્ર વદ ૯ સવારે સાત

વડાલા તથા શીવમાં ધર્મ પ્રભાવના :-

પૂ.શાસન પ્રભાવક આ. શ્રી વિજય રત્નભૂષણસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩ ની પાવન નિશ્રામાં વડાલા-મુંબઇમાં તારીખ ૨૬-૧-૯૫થી નવ દિવસનો ભવ્ય અંજન-શલાકાનો મહોત્સવ ગચ્છાધિપતિ આ. શ્રી વિ. સુદર્શનસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા અને આશીર્વાદથી ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો છે. તે પછી શીવ સંઘમાં તા. ૧૮-૨ થી ૩ દિવસનો જિનભક્તિનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ તેઓશ્રી વડાલા પધાર્યા; તેઓશ્રીની નિશ્રામાં પ્રાચીન હસ્તલિખિત સાહિત્યનું કામકાજ ચાલે છે. તે અંગે તેઓશ્રીએ વડાલામાં સ્થિરતા કરી.

ચૈત્રી ઓળીની આરાધના માટે શીવ-સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ચૈત્ર શુ ૩ના વડાલાથી શીવ પધાર્યા. તેઓશ્રીની નિશ્રામાં ઓળીની આરાધના ખૂબ જ સારી રીતે ઉલ્લાસપૂર્વક થઇ. તપસ્વીઓનાં પારણા-બહુમાન આદિ પણ સારી રીતે કરવામાં આવેલ છે.

વરસીતપના પારણા નિમિત્તે શીવ સંઘની તથા તપસ્વીઓની આગ્રહભરી વિનંતી થતાં પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો. તદનુસાર વૈશુ. ૧ થી ત્રણ દિવસના ભવ્ય મહોત્સવપૂર્વક વરસીતપના તપસ્વીઓના પારણા પૂજ્યશ્રીની નિશ્રામાં ઉલ્લાસપૂર્વક થયેલ છે.

ચાતુર્માસ નિર્ણય

મુંબઇ-વાલકેશ્વર શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘની ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતી થતાં પૂજ્ય ગચ્છાધિપતિ માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શન-સૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા પૂર્વક પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કરવાથી શ્રી સંઘ ખૂબજ આનંદિત થયો છે અષાડ શુ.૫ સોમવાર તા. ૩-૭-૯૫ના મંગલ મુહૂર્તે ચોમાસાનો પ્રવેશ કરશે.

પૂ વયોવૃદ્ધ તપસ્વી મુનિરાજ શ્રી જયભૂષણવિજયજી મ.સા.નો ૯૧ વર્ષની ઉંમર છે. વૃદ્ધાવસ્થાને કારણે નાની/મોટી તકલીફો રહેતી હોવા છતાં પણ તેઓશ્રીની જાગૃતિ ખૂબ જ સારી છે અને સુંદર આરાધના કરે છે. ડો. નીતિન એ. શાહ તથા વૈદ્યરાજ સૌરીન્દ્રધામીની કાળજીભરી દવા તથા સેવાભાવી પૂ. મુ. કુલભૂષણ-વિજયજી મ.સા.ની અખંડ સેવાથી ઉંમરના પ્રમાણમાં તેઓશ્રીનું સ્વાસ્થ્ય સારું જળવાઇ રહ્યું છે.

ચોમાસાનું ઠેકાણું :-સુપાર્શ્વનાથ જૈન સંઘ ન્યૂ ચન્દ્રભુવન, ૧૦૨-વાલકેશ્વર રોડ, મુંબઇ-૪૦૦૦૬૬

કલકત્તા-ભવાનીપુરમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલયની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે શ્રી જિનેન્દ્રભક્તિ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ.

પરમારાધ્યપાદ પ્રવચન પ્રભાવક વ્યા-ખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી નવનિર્મિત થયેલ. અને પરમપૂજ્ય વર્ધમાન તપોનિધિ પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્ય-

શ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલ. શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલયની ૨૫મી વર્ષગાંઠ વિક્રમ સંવત ૨૦૫૧ વૈશાખ સુદ ૬ના હોવાથી તે નિમિત્તે ભવ્ય સમારોહ પૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયેલ.

તેમાં વિશેષ્ટ કાર્યક્રમ.

૧. બે બેનેના વર્ષીતપનાં પારણાં.
૨. શ્રી પાર્શ્વનાથપ્રભુના ૧૦૮ અભિષેક.
૩. શ્રી સત્તરભેદી પૂજા તથા ધ્વજારોપણ
૪. શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા
૫. શાસનપ્રભાવક ભવ્ય રથયાત્રા
૬. કલકત્તા સમસ્ત શ્રી સંઘોનું સ્વામી-વાત્સલ્ય અને સાધર્મિક ભક્તિ.
૭. દરરોજ સવારે પ્રભાતીયાં-રાત્રે ભાવના દરરોજ પૂજા, પ્રભાવના
૮. દરરોજ દેવાધિદેવની ભવ્ય અંગરચના

વિધિવિધાન :-શ્રી નવપદ આરાધક મંડળે કરાવેલ.

પૂજા-ભાવનામાં શ્રી અરિહંત આરાધક મંડળ, જીવદયા મંડળ શ્રી વીરમંડળ.

શ્રી પાર્શ્વમહિલા મંડળ, શ્રી જિન-ભક્તિમહિલા મંડળે પ્રભુ ભક્તિમાં અનુપમ સહયોગ આપેલ.

શ્રી રથયાત્રાનું આયોજન શેઠશ્રી કાળીદાસ તારાચંદ શાહ પરિવાર તરફથી થયેલ હતું તેની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી ધર્મપ્રિય યુવાગૃપના ઉત્સાહી કાર્યકર ભાઇઓએ કરેલ.

છેલ્લા ૨૫ વર્ષમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુની અસીમ કૃપાથી તથા પૂજ્યપાદ ગુરૂભગવંતોની પ્રેરણાથી ભવાનીપુરમાં ઉતરોતર જૈન પરિવારો વધવાથી શ્રી ભવાનીપુર શ્રી સંઘ દિનપ્રતિદિન આરાધના માર્ગમાં આગળ વધી રહેલ છે.

ઉંટીમાં પ્રતિષ્ઠા અને દીક્ષા

ઉટકમંડ [ઉંટી]માં પૂ.આ. શ્રી વિજય ભુવનતિલક સૂ. મ.ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ.મ.પૂ, શ્રી અમરસેનવિ.મ. ઠા. ૪ની પાવન નિશ્રામાં અને પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ.ઠા. ૯ની ઉપસ્થિતિમાં વૈશાખ શુદ ૭ના શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ પ્રતિષ્ઠા નિમિત્તે શુ. ૨ થી અટ્ઠાઇ મહોત્સવનો પ્રારંભ રોજ ભવ્ય આંગી રચના બન્ને સમયના સ્વામી વાત્સલ્યો, અનુકંપા દાન પ્રતિષ્ઠા દિવસે નવકારશી. મહાપૂજા શ્રી કુંભસ્થાપનાદિ શ્રી નવગ્રહાદિ પૂજન, અઢાર અભિષેક પૂ.સા. શ્રી ભાગ્યયશાશ્રીજી મ.ની વર્ષીતપનું પારણ પૂ.સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ.ની વ.તપની ૬૮મી ઓળીનું પારણું આમોદ નિવાસી શ્રી પન્નાકુમારી શુ. પ ના ભાગવતી પ્રવજ્યા પૂ. સા. શ્રી પાવનશિલાશ્રીજી ગુરુજીનું નામ પૂ.સા. શ્રી ઋજુશિલા શ્રીજીમ. શ્રી જલયાત્રા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો શુદ ૭ ના પ્રતિષ્ઠા અષ્ટોતરી સ્નાત્ર વિધાન માટે બોરીયાથી સુરેન્દ્ર સી. શાહ અને પૂજા ભક્તિ માટે અમદાવાદથી ચેતનકુમારની પાર્ટીનુ આગમન જીવદયાની ટીપ પૂ. આ. મ.નુ ઉંટીમાં ચાતુર્માસ નિર્ણય પૂ. આ. મ. અને પૂ.સા.મ. વિહાર કરી શુદ ૮ ના કુન્નુર સસ્વાગત પધાર્યા છે હાલ સ્થિરતા થશે.



- સમકિતી જીવને સંસારના બધા કામ કરવા પડે. જ્ઞાની કહે છે કે તેની પાસે કર્મ કરાવે તો જ છોડે. અટવી લંઘ્યા એટલે મોક્ષ નગરી આ રહી, ત્યાં ગયા પછી કશી ઉપાધિ નથી. માનસિક અને શારીરિક દુઃખ ગયા. સુખનો કોઇ પાર નથી. સુખ બધું આત્મિક છે માટે આત્માને નુકશાન થવાનું નથી.
- 'નમો અરિહંતાણં' ગણનારાને અરિહંત ગમ્યા નથી. અરિહંતનો માર્ગ ગમ્યો નથી. એવા અનંતા આત્મા છે કે જેને અરિહંત ગમ્યા હતા તે પણ ચક્કરવામાં ચઢી ગયા. માર્ગ નહિ પામેલા તો ભટકે છે પણ પામેલા પણ ભટકી રહ્યા છે.
- ધર્મને આપનારો યોગ્ય જોઇએ. ધર્મને લેનારો યોગ્ય જોઇએ. ધર્મ પણ યોગ્ય જોઇએ. અને લેવા દેવાનો વિધિ પણ યોગ્ય જોઇએ,
- દુનિયાનું સુખ ધર્મી જીવના પગમાં પડે પણ તેની સામે તેની આંખ લાલ જ હોય. સાચા ભાવે નમો અરિહંતાણં બોલનારની પૂંઠે સુખ ફર્યા જ કરે પણ બોલનારની તો તેની સામે લાલ જ આંખ હોય.
- અર્થ-કામ ભૂંડા લાગી જાય પછી જ માર્ગમાં આવવાનો, પછી જ તો આગળ વધવાનો અને મનની ભૂખ તો જ મરવાની.
- અર્થ-કામ આવે તો હસે, અર્થ-કામ જાય તો રડે તે બધા પાગલો મરવાના છે. અર્થ-કામ આવે તો મલકાય નહિ જાય તો રડે નહિ તેનું નામ સમકિતી.
- ભગવાન અટવીના માર્ગદર્શક છે અટવી લંઘવા સાર્થવાહ જેવા છે. માટે 'નમો અરિહંતાણં' બોલી તેમને નમસ્કાર કરીએ છીએ. સંસાર અટવી કયારે લંઘાય ? આવા ભાવ ન આવે તેને નવકાર જરાય કામ ન આવે.
- ધન અને ભોગ સારા લાગ્યા તો તમે ચોકકસ માનજો કે સળગી ઉઠયો. તે જ હોયાની ભૂખનું મૂળ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રગટ કર્યું

5 ~~૧૧૨૬~~ ૧૧-૧૧-૯૦

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘાણી ગુલાબ (મુલાણા)
હસમુખકુમાર મણીલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ દોઢ (ધ્રાંગધ્રા)
પ્રભાશંકર પદમશી ગુલાબ (ભાવનગર)

તો બન્ને સમાન દોષના ભાગી છે

જે સાહુજ્જે વટ્ટઇ આણાભંગે પવટ્ટમાણાણં ।
મણવાયાકાયેહિં સમાણદોંસં તયં વિંતિ ।।

વર્ષ ૭ અંક ૪૦

શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞાના ભંગમાં પ્રવૃત્તિ કરનારાઓને મનથી, વચનથી કે કાયાથી સહાય દેનારા સમાન દોષના ભાગીદાર છે.

પા. શ્રી [illegible] જ્ઞાન મંદિર
[illegible] [illegible] ગવના કેન્દ્ર, કોબા

પાઠશાળા એટલે શું? શા માટે?

પાઠશાળા—જિન-વાણી, દિવ્ય-વાણીની જડીબુટ્ટી છે.

પાઠશાળા—સંસાર રૂપી સાગરમાં દિવાદાંડી રૂપ છે.

પાઠશાળા—સંસારમાં માર્ગ ભુલેલાનો પથ દર્શક રૂપ છે.

પાઠશાળા—મોક્ષમાર્ગના ભોમિયા રૂપ છે.

પાઠશાળા—કુ-કર્મમાંથી મુક્તિ અપાવનાર મરજીવા રૂપ છે.

પાઠશાળા—સંયમી આત્માઓની પગદંડી છે.

પાઠશાળા—મોક્ષમાર્ગની સીડી છે.

પાઠશાળા—સંયમ-ચારિત્ર, શીલની રક્ષા માટેની માસ્ટર-કી છે.

પાઠશાળા—પ્રાચીન-ધાર્મિક સંસ્કારોનો અખુટ જ્ઞાનનો ખજાનો છે.

પાઠશાળા—જમાનાવાદ-ભૌતિકવાદનો નાશ કરનાર અણું બોમ્બ રૂપે છે.

પાઠશાળા—દારૂ, જુગાર, વ્યસન, વ્યભિચાર, માદક પદાર્થ સેવન, ભાંગ, ઈંડા, કંદમુળ જેવા આહાર-પીણાંમાંથી મુક્તિ અપાવનાર કલ્યાણ મિત્ર રૂપ છે.

પાઠશાળા—સુદેવ, સુગુરૂ, સુધર્મની સાચી પરખ-ઓળખ આપનારી ચુંબકીય સોય લોકાયંત્ર છે.

પાઠશાળા—વિદેશી સંસ્કૃતિના આક્રમણ સામે ઢાલ સમાન છે.

પાઠશાળા—મુંગા-અબોધ-પ્રાણીઓની રક્ષા કરાવનારી ધાવમાતા રૂપ છે.

પાઠશાળા—પ્રાચીન ગ્રંથો, પ્રાચીન પ્રવચનો, પોથીઓ; પ્રાચીન સાહિત્યનો અમુલ્ય, દુર્લભ જ્ઞાનનો ભંડાર રૂપે છે.

પાઠશાળા—સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, વ્રત, તપ, વિધિની સાચી ઓળખ, પરખ, સમજણની પારાશીશી છે.

પાઠશાળા—અધર્મી, અજ્ઞાનની, અવિવેકીને ધર્મી અને મોક્ષમાર્ગી બનાવવા માટેની પારસમણી રૂપ છે.

પાઠશાળા—શાસ્ત્રીય, વિધિ, વિધાન, પૂજન, પૂજા, અર્ચનની ઓળખ પરખ માટેની પ્રયોગશાળા રૂપે છે.

પાઠશાળા—ધાર્મિક સંસ્કાર-જ્ઞાનની પરબ સમાન છે.

-રસીકલાલ સી. ભાવસાર
મલાડ-પૂર્વ, મુંબઇ-૯૭

હજારો ઉદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ ડોઢ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી મુળદા (પ્રાણગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ જેઠ સુદ-૧૫+૧ મંગળવાર તા. ૧૩-૬-૯૫ [અંક-૪૦

✠ પ્રકીર્ણ ધર્મોપદેશ ✠

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૫ ને બુધવાર તા. ૨-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - બીજું) (ગતાંકથી ચાલુ)

ધર્મના ફળ તરીકે સંસારના સુખની ઇચ્છા જ ન કરાય તેમ કહ્યું છે. કેમ કે, સંસારનું સુખ એ સુખ જ નથી, તેને સુખ માને તેનામાં મિથ્યાત્વ હોય.

તમને દુનિયાનું સુખ મળ્યું છે તો તે ભોગવવું પડે માટે ભોગવો છો પણ હૈયાથી ભોગવતા નથી. એમ મારે કહેવું છે. તમે અહીં કેમ આવો છો ? અમને પાટ ઉપર બેસાડો છો, પગે લાગો છો, 'વાચના આપો' તેમ કહો છો પણ તમને જે સુખ મળ્યું છે તે ભોગવો પણ છો, તો તે મજેથી ભોગવો છો કે ન છુટકે ભોગવો છો તે જાણવું છે ?

સભા : અંદર દોષ છે તેથી મજા આવી જાય છે.

મજા આવે છે તે જ આમી.

ધર્મી તેનું નામ તેને દુનિયાનું સુખ ભોગવવું પડે તો ભોગવે પણ તેમાં મજા આવે નહિ.

૩. કોઇપણ હેતુથી ધર્મ કરો તેમ કહે છે.

૪. કોઇપણ હેતુથી ધર્મ કરો તેમ સાધુથી બોલાય નહિ કે લખાય નહિ. દુશ્મનને મારવા ય ધર્મ કરે તો કરાય ?

આ ભગવાન શ્રી સુધર્માસ્વામિ મહારાજાની પાટ છે. આ પાટ ઉપર બેસી ગમે તે હેતુથી ધર્મ કરો તેમ બોલાય નહિ. આવું બોલવું હોય તેને આ પાટને અભડાવવી ન જોઇએ. સારી વાત ન જ સમજી શકે તેવાને છોડી દો. તેવાને અમે નિષેધ ન કરીએ.

આજના પૂજા કરનારને પૂજા કરતો જોઇને તેની કાનપટ્ટી પકડી મંદિર બહાર કાઢવાનું મન થાય છે. તે બધા કેમ પૂજા કરે છે તે ખબર પડતી નથી. કેસર, ચંદન બધું પારકું! ભગવાનની મૂર્તિને પણ કેવી રીતે ઉપડો છો? નાના બાળકને કેવી રીતે ઉપાડાય તે ખબર નથી? ઘણા પૂજા કરનારા ભગવાનની આશાતના જ કરે છે. અહીં કશી વ્યવસ્થા ન હોય તો, 'અહીં કેસર નથી, બરાસ નથી, ભગવાન પણ તૈયાર નથી, કાંઇ ઠેકાણું નથી, કશી વ્યવસ્થા રાખતા નથી. ટ્રસ્ટીઓ નાલાયક છે, આ મંદિરમાં હવે આવવું નહિ...' આવું બબડયા કરે તે ભગવાનની આશાતના નથી! અમે ગમે તેટલું કહીએ, સમજાવીએ પણ તેમની રીત સુધરતી નથી.

પ્ર. આપ સાચું સંભળાવો છો. પણ જેમ ચાલતું હોય તેમ ચાલે છે.

ઉ.–માટે તો કહું છું કે, તમે ધર્મ કરો છો પણ ધર્મ પામેલા નથી અને નહિ સુધારો તો પામવાના પણ નથી. ધર્મ પામવો હશે– કરવો હશે તો ડાહ્યા થવું પડશે.

આજે તમે જે રીતે મંદિરમાં જાવ છો તે રીતે ધર્મ થોડો થાય છે અને પાપ ઘણું બંધાય છે. સીધો જોયા વિના મંદિરમાં પેસે, વચમાં જે અડફેટે આવે તેને ઠોકર મારતો જાય, કોઈ સુંદર રીતે સ્તવનાદિ કરતાં હોય તો ય જોરથી ઘંટ વગાડે: તે બધા લાયક છે કે નાલાયક છે? ધર્મ કરવો હશે તો વિવેક કરવો પડશે. માટે જ આ ગ્રન્થકાર મહાત્મા સમજાવે છે કે, જાણકાર જીવ ધર્મના ફળને પામે છે, અજાણને કશું ફળ મળતું નથી!

અભવી જીવ સદા રખડવાના છે, દુર્લભબીજીવ પણ તેનું દુર્લભવ્યપણું ન ટળે ત્યાં સુધી રખડવાના છે, ભારે કર્મી ભવિજીવ ચરમાવર્ત્તમાં આવ્યા છતાં ધર્મ ન પામે ત્યાં સુધી સંસારમાં રખડયા કરવાના છે. કોઇક જીવને છેક છેલ્લે ભવે પણ ધર્મની પ્રાપ્તિ થાય. જેમ કે દૃઢ પ્રહારી જેવો મહાપાપી જીવ. બધાને હેરાન કરે, મારે તેનો પ્રહાર એવો-જે ખાલી ન જાય માટે દૃઢ પ્રહારી નામ પડેલું. એક ગામમાં લુંટ પાડી બ્રાહ્મણના ઘરમાં પેઠો. તે વખતે બ્રાહ્મણ સામો થયો તો બ્રાહ્મણને હણ્યો, ગાય વચમ આવી તો ગાયને હણી અને ગર્ભિણી બ્રાહ્મણી આડી આવી તો તેને ય હણી. તેનો ગર્ભ પણ

બહાર પડેલો તરફડે છે આ જોઈને સારી ભવિતવ્યતા યોગે તેને થયું કે– મેં આ શું કર્યું ?' એકદમ ભય લાગી ગયો કે, મેં બહુ ખોટું કામ કર્યું. એકદમ તલવારને નાંખીને ભાગ્યો. જંગલમાં ગયો તો ત્યાં એક મુનિ ધ્યાનમાં ઉભેલા તેમને કહે કે– 'હું બહુ પાપી છું, મેં ઘણાં ઘણાં પાપ કર્યા છે. મારા માટે બચવાનો ઉપાય છે ?'

ધર્મ સમજે તેને પાપ ન સમજાય તેમ બને ? ધર્મ સમજેલો જીવ દુનિયાનું સુખ મજેથી ભોગવે ? શ્રી તીર્થંકર દેવોએ પણ દુનિયાનું સુખ મજેથી ભોગવ્યું હોત તો તેઓ પણ શ્રી તીર્થંકર દેવ થયા ન હોત ! તે પરમ તારકોના આત્માઓ તો ન છુટકે જ તે સુખ ભોગવે છે. ધર્મ આવ્યો છે કે નહિ તેની ખાત્રી કરવી હોય તો દરેક પોતાના આત્માને પૂછે કે, 'તને દુનિયાદારીના સુખમાં મજા આવે છે ? કદાચ મજા આવી જાય તો તે મજા સારી લાગે છે કે ખરાબ લાગે છે ?' દુનિયાદારીના સુખોની મજાથી પાપ બંધાય કે પુણ્ય ? તે પાપ સદ્ગતિમાં લઈ જાય કે દુર્ગતિમાં લઈ જાય ? સામાયિક, પ્રતિક્રમણાદિમાં પણ આ વિચાર આવે છે ?

શાસ્ત્રે કહ્યું છે કે, બે ઘડીના સામાયિકમાં જેને મજા આવે તે જિંદગીસરના સામાયિકને અર્થી હોય. **સાધુપણાની ઇચ્છા ન હોય તેનું સામાયિક સામાયિક નથી, તેની પૂજા એ પૂજા નથી, ગૃહસ્થપણું સારી રીતે મજેથી ભોગવાય; ભવાંતરમાં ય દુનિયાની સુખ-સામગ્રી સારામાં સારી મળે તે માટે ભગવાન ની પૂજા કરે તો તે ભગવાનનો ભગત નથી પણ દુનિયાના સુખનો ભગત છે.** તમે બધા ભગવાનના ભગત છો કે સુખના ભગત છો ? દુનિયાદારીની સુખ સામગ્રી કેવી લાગે છે ? મેળવવા જેવી ? ભોગવવા જેવી ? સાચવવા જેવી ? સાથે લઈ જવા જેવી ? તેને અહીં મૂકીને જવું પડે તો પગ પછાડતા પછાડતા જવાના ને ? તમે મરી જશો તો વીંટી ય કાઢી લેશે. તો પછી જે મૂકીને જ જવાનું છે તે હાથે કરીને સમજી ને મૂકવું છે કે મરણ આવે ત્યારે વાત એવો વિચાર છે ? ભગવાનની પૂજા કરનારો સાચો તે જ કહેવાય જેને સાધુપણાની ઇચ્છા હોય !

જૈન શાસનના આઠમા વર્ષના પ્રારંભે

જૈન શ્રમણોપાસક રત્નો

પ્રગટ થશે-શ્રાવણ વદ પ્રથમ ૧૨ મંગળવાર તા. ૨૨-૮-૯૫

શ્રી જૈન શાસનના નૂતન વર્ષારંભે વિશેષાંક પ્રગટ કરવામાં આવે છે, સાતમા વર્ષના પ્રારંભે 'શ્રી જૈન શ્રમણોપાસિકા રત્નો' વિશેષાંક પ્રગટ થયો હતો. આ આઠમા વર્ષના પ્રારંભે 'જૈન શ્રમણોપાસક રત્નો' વિશેષાંક પ્રગટ કરવાનો થશે.

જૈન શાસનના મહાન શ્રાવકો તથા આરાધના અને સત્ય માટે અડગ રહેલા શ્રાવક રત્નોના જીવન ટુંકમાં અગર તે તે પ્રસંગોને આલેખીને અષાઢ વદ ૧૦ શનિવાર તા. ૨૨-૭-૯૫ સુધીમાં પૂજ્ય આચાર્યદેવો આદિ મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મ. તથા લેખકોને મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

આ વિશેષાંકમાં વાર્ષિક શુભેચ્છક કે વાર્ષિક સહાયક શુભેચ્છક તથા વ્યાપારની જાહેરાતો લેવામાં આવશે નહિ.

કાયમી ખર્ચને પહોંચી વળવા માટે વિશેષાંક કાયમી શુભેચ્છક આદિ યોજના કરી છે તેમાં જેમણે લાભ લીધો છે તેમને ફરી લાભ લેવાનો રહેતો નથી પરંતુ જેઓએ આ કાયમી વિશેષાંક યોજનામાં લાભ લીધો નથી તેવા જૈન શાસન પ્રેમીઓને આ યોજનામાં જોડાઈને સહકાર આપવા નમ્ર વિનંતિ છે.

જૈન શાસન વિશેષાંક કાયમી યોજના

રૂા. ૧૧૫ હજાર આજીવન શુભેચ્છક સૌજન્ય

રૂા. ૫૫ હજાર આજીવન શુભેચ્છક સહાયક

રૂા. ૫૫ હજાર આજીવન શુભેચ્છક

આ શુભેચ્છકોને આજીવન જૈન શાસન ચાલુ રહેશે તથા દરેક વિશેષાંકમાં તેમની શુભેચ્છક તરીકેની શુભેચ્છા છપાશે. પરદેશમાં રૂા. ૫૫ હજાર ભરનારને માત્ર વિશેષાંક જ મોકલાશે.

આપ આપની આ કાયમી યાદમાં શુભેચ્છા મોકલી આપશો એવી નમ્ર વિનંતિ છે. શ્રી જૈન શાસનના માનદ પ્રચારકો તથા શુભેચ્છકોને નમ્ર વિનંતિ છે કે આપ શ્રી નવા નવા શુભેચ્છકો બનાવીને વહેલાસર મોકલી આપવા પ્રયત્ન કરશો.

'આજીવન વિશેષાંક શુભેચ્છક યોજના'ની પહોંચ ખુટકે નજીકમાં મોકલાશે. કાયમી ખર્ચને અને વિશેષાંકના ખર્ચને પહોંચી વળવા આ યોજનામાં સહકાર આપવા સૌ હિતેચ્છુ બંધુઓને નમ્ર વિનંતિ છે.

જૈન શાસન કાર્યાલય

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) India

'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક પૂર્વેના મહાપુરૂષોના પુસ્તકોનું શું ?

હાલમાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તકના પ્રચારમાં જે મર્યાદાઓનું પૂર્વના વર્તમાન કાલિક મહાપુરૂષોએ નિરૂપણ કરેલા અને જેનો અમલ શ્રી સંઘમાં ચાલુ છે તે પુસ્તકોનું શું ?

પૂ. પં. મ. ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકનો વિકલ્પ શું ? તેમ પૂછે છે તો તેમના તે પુસ્તકના વિકલ્પ એક નહિ અનેક હતાં. શાસ્ત્રોમાં અનુપ્રેક્ષાપૂર્વકના સ્પષ્ટી કરણો છે તથા તેને આધારે પ્રગટ થયેલા અનેક પુસ્તક પૂ. આ. ભ. આદિએ સંપાદિત માર્ગદર્શન પૂર્વકના પુસ્તકો છે. જુઓ

(૧) પૂ.પાદ આ. ભ. શ્રી કૈલાશસાગર સૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ આ. ભ. શ્રી વિજય કલ્યાણસાગર સૂરીશ્વરજી મ. ના માર્ગદર્શન પૂર્વક શ્રી સીમંધર સ્વામી તીર્થ પેઢી તાર્થ કરે છે તે પેઢીએ ધર્મદ્રવ્ય છપાવ્યું છે હાઇવે મહેસાણા.

(૨) પૂ પાદ આ. ભ. શ્રી વિજય સોમચંદ્ર સૂરીશ્વરજી મ. એ સંપાદન કરેલ દેવદ્રવ્ય વ્યવસ્થા પુસ્તિકા પણ માર્ગદર્શક છે શું ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક તેનું સમર્થક છે કે વિઘાતક છે ?

[૩] પૂ.પાદ ઉપાધ્યાજી ભ. શ્રી ધર્મસાગરજી મ. ના માર્ગ દર્શનથી પૂ પાદ પં. શ્રી અભયસાગરજી મહારાજે સંપાદન કરેલ પુસ્તક 'ધર્મદ્રવ્ય વ્યવસ્થા'ના આધારે ઘણા દેશોમાં વહિવટ અને વ્યવસ્થા થાય છે તો તે શું 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક જેવું છે? ને પુસ્તકનો કોઇ વિરોધ કરતું નથી.

(૪) પૂ.પાદ આ. ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના પ્રવચનોનું પ્રકાશન કરતા 'દિવ્ય દર્શન' નો વિશેષાંક જે કુંભોજ ગિરિતીર્થમાં મળેલા ચતુર્વિધ સંઘોનું પૂ.પાદ આ. ભ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મળેલ સંમેલન અંગેનો છે તેમાં પૂ. આ. ભ. શ્રી તથા પૂ. આ. ભ. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ. આદિએ ધર્મદ્રવ્ય વ્યવસ્થા ધર્મક્ષેત્ર વહિવટ અંગે વિસ્તૃત સુંદર માર્ગદર્શન આપ્યું છે અને વિશેષાંક ૨૦૪૪ ના સંમેલન પૂર્વે જ નજીકમાં જ પ્રગટ થયો છે તો તે વિશેષાંકમાં આપેલું માર્ગદર્શન ફોગટ છે ? કે જેથી 'ધાર્મિક વહિવટ વિચાર'ને પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. મહત્વ આપે છે ?

(૫) હાલમાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સાથે જ મુંબઈમાં વિચરતા હતા તે પં. શ્રી હેમરત્ન વિજયજી મ. એ 'ચાલો જિનમંદિર જઈએ' પુસ્તકમાં એક આખુ પ્રકરણ સાતક્ષેત્ર વ્યવસ્થા ધર્મદ્રવ્ય વ્યવસ્થા માટે લખ્યું છે તે અનેક આવૃત્તિમાં અને બીજે પ્રગટ થયું છે. તો તે પ્રકરણ માત્ર હાથ ઘસવા માટે લખાયું છે ? કે જેથી નવું કલ્પના અને વિકલ્પોથી તૈયાર કરેલા 'ધર્મિક વહિવટ વિચાર' પુસ્તકનું મહત્વ તેઓશ્રી આંકે છે ?

(૬) પૂ.પાદ આ. ભ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ. લખેલ 'ચૈત્યદ્રવ્ય દેવદ્રવ્ય' અનેક વિકલ્પોને સ્પષ્ટ કરે છે અને શાસ્ત્રના વચનોના બરાબર અર્થ કરે છે તે લખાણ શું સંઘમાં માન્ય નથી ? કે જેથી પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તકને નામે દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના વિનાશકારી ચાંચીયાગીરી જેવું પુસ્તક પ્રગટ કરે તેના જ પ્રચારમાં રાચે છે ?

આમ છતાં અંજનશલાકા, પ્રતિષ્ઠા, તીર્થમાળ ઉપધાન માળ, સ્વપ્નની બોલી આરંભની બોલી, ઉપધાનના નકરા પહેલા પૂજાની બોલી વિ. બોલીઓને કલ્પિત કહી 'દેવકું સાધારણ' બનાવે છે અને તેમાંથી જૈન પૂજારીને પગાર અને જૈનો અષ્ટપ્રકારી પૂજાના દ્રવ્યો [જલ ચંદન પુષ્પ ધૂપ દીપ અક્ષત ફલ નૈવેદ્ય] લાવીને પૂજા કરે. તેવું પ્રતિપાદન કરે છે તો તેઓ જ નિર્ણય કરે કે આ રીતે જે વ્યવસ્થા કરે તે જ સંઘમાં મારે ચાતુર્માસ કરવું– તો ખબર પડે કે તેમની વાતને કોનું સમર્થન છે ?

તેમણે 'કરોડપતિ કૃપણતાને કારણે દેવદ્રવ્યથી પૂજા કરે તો પાપદોષ લાગે નહિ અને અધ્યવસાય નિર્મળ થાય તથા સમકિત શુદ્ધ થાય' આવું પ્રતિપાદન તેઓશ્રી કરે છે તે સંમેલન કે સંમેલનમાં આવેલા પૂ. આ. ભગવંતોના વિચારો નથી. પરંતુ સંમેલન ને નામે પોતાના વિચારો જ ફેલાવવાનો કિમિયો છે. છતાં તેમના અનુયાયીઓમાંથી ૨૫ ટકાને પણ તે વિચારનો અમલ કરાવી શકે તેમ છે ? તે અનુયાયીઓ તેઓશ્રીનો પક્ષ માત્ર રાગ કે પૂર્વગ્રહથી ખેંચે તેને બદલે મધ્યસ્થ અને સત્યશોધની દૃષ્ટિ રાખે તો ઘણા વિકલ્પો ઘટી જાય તેમ છે અને દેવદ્રવ્ય–ગુરૂદ્રવ્ય માટેના ખોટા વિકલ્પોનો અસ્ત થાય તેમ છે.

સંમેલનમાં ઠરાવ છે કે જૈનેત્તરો પાસે પૂજા ન કરાવવી અને બાસક્ષેપ પૂજા કરી સંતોષ માનવો તો તે ઠરાવ કોણે માન્ય કર્યો છે ? છતાં તે માટે પૂ. પં. શ્રી મ. એક પણ શબ્દ બોલતા નથી તે વિચારવા જેવું છે.

સંમેલનના નામનો પૂર્વગ્રહ નીકળી જાય તો તેઓની વાત પલટાતા વાર ન લાગે.

સંમેલનના ઘણા બધા આચાર્યદેવો આ બધું જાણે છે અને તેથી આ ખોટા વિકલ્પોનો અમલ કરાવતા નથી કરવાનો આગ્રહ, વિચાર કે ઉપદેશ પણ આપતા નથી. એ જ સત્ય માર્ગનું મહત્વ સૂચવે છે અને ભારતના કોઇ સંઘો પણ આ વિકલ્પ સ્વીકારતા નથી. સંમેલનના આ ઠરાવોમાં દેવદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજાના દ્રવ્યો લાવી પૂજા કરવાનો શેઠશ્રી ચેલિકભાઇ કસ્તુરભાઇ તથા શેઠશ્રી અમુંદજી કલ્યાણજી પેઢી પણ સ્વીકાર કરતા નથી.

સમજ આવે તો આ ખોટી વાતનો આગ્રહ અને ભાવિ અનર્થનું કારણ શાંત થઇ જાય.

૨૦૫૧ વૈ. વદ-૬

ઘાટકોપર જિને-દ્રસૂરિ

ચૈત્ર વદ ૭ની ૬ઠ્ઠી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે
સ્વ. પૂજ્યપાદ આ. ભ. શ્રીમદ્ વિજય કનકપ્રભ સૂરીશ્વરજી મ. સા. નું

વિરહ ગીત

રચયિતા : વિવેક શિશુશાસન

વિરહ થયો છે આપનો સહાને માટે મમ હૃદયમાં લાગે છે આઘાત કારમો...
ઉપકારી કનકપ્રભ સૂરિદેવ સદા અમર રહો.

જય હો આપને કે જેને બાલ્યાવસ્થામાં સંયમ સ્વીકારી રત્નત્રયીની ઉજ્જવલ આરાધના
કરી તે આરાધક સૂરિદેવ અમર રહો.

યતિ ધર્મમાં જેઓએ અપ્રમત્ત બની જિનશાસનની પ્રભાવના સહ પોતાના ગુરૂભગવંતનું
નામ દેદીપ્યમાન કર્યું તે સૂરિદેવ અમર રહો....

કનક શબ્દને ધારણ કરતા આપે અનેક નગરોમાં જિનવાણીનું પાન કરાવ્યું છે તે
પ્રસિદ્ધ પ્રવચનકાર સૂરિદેવ અમર રહો...

નભ શોભે છે જેમ ચંદ્રથી, તેમ આપ શાસનમાં સરલ સ્વભાવથી શોભી રહ્યા હતા
તે સરલ સ્વભાવી સૂરિદેવ અમર રહો...

કવો કાલજી કૃપાલુ કરૂણા હો દાન દરિયા દયાન દયાના ભંડાર એવા વાત્સલ્ય-વારિધિ
સૂરિદેવ સદા અમર રહો...

પ્રભુ ભક્તિને વિષે સદા મગ્ન રહેતા અને શ્વાસે શ્વાસે પરમાત્મા પ્રત્યેની અડગ
શ્રદ્ધાવાળા સૂરિદેવ અમર રહો....

ભવોભવને વિષે આપે કંઈક જીવોની દયા કરી હશે અને આ ભવમાં પણ
દયાના કરનાર સૂરિદેવ અમર રહો....
સૂરિપદને ભાભરનગરમાં મુનિસુવ્રત સ્વામીની શીતલ છાયામાં પ્રાપ્ત કરી ગચ્છાધિપતિ
ના ગુણથી શોભતા સૂરિદેવ અમર રહો....
રિપુને જીતવા માટે આપ સદા જાગૃત રહેતાને દર્દોને સમતાભાવે સહન
કરતા સમતા સાગર સૂરિદેવ અમર રહો...
શ્વસન યંત્રો બંધ પડયા પછી દેહ ૩૦ કલાક રહેવા છતાં બગડયો નહિ તે
ચમત્કારી સૂરિદેવ સદા અમર રહો...
રડી રહ્યો છે આપના ઉપકારને યાદ કરતો શિષ્ય પરિવાર એવા પરમ
જંગમતીર્થ સ્વરૂપ સૂરિદેવ સદા અમર રહો...
જીવનની પળેપળજેને આત્મોન્નતિ સાથે શાસન રક્ષાને પ્રભાવનામાં વાપરી છે
એવા શાસક રક્ષક સૂરિદેવ અમર રહો...
મનને પણ વશ કરી તન મનથી દિન દુખીઓ ઉપર પ્રતિદિન ઉપકાર કરનાર
દયાપ્રેમી સૂરિદેવ સદા અમર રહો...
હાથમાં અજબનો ચમત્કારિક પ્રભાવ હતો, જેના પ્રભાવે ધર્મકાર્યો સદા ચાલુ રહેતાં
તે ધર્મ પ્રભાવક સૂરિદેવ અમર રહો...
રાજ્ય પર રાજ્યમાં વિચરી અનેરી ધર્મ પ્રભાવના પ્રસરાવનાર દેશો દેશના
વિજયવંત સૂરિદેવ સદા અમર રહો...
જાયા હતા મણીબેન માતાના ને બન્યા જિનશાસનના એવા શાંતિચંદ્ર સૂરિજીના લાડીલા
કનકપ્રભ સૂરિદેવ સદા અમર રહો...
સકલ વિશ્વનું હિતચિંતી હમેશા આત્મ સાધનામાં, સદા રકત રહેતા અધ્યાત્મયોગી
સૂરિદેવ સદા અમર રહો...
દાન કર્યું છે જેને અનેકોને સંયમનું અને આપી છે હિતશિક્ષા જેને એવા
સંયમદાતા સૂરિદેવ સદા અમર રહો...
અંત સમયે પણ નવકાર મહામંત્રને મનની અંદર રટન કરનાર
સમતાભાવી, એવા સૂરિદેવ સદા અમર રહો...
રમતા હતા સદા જે નિજાનંદની મસ્તિમાં અને બીજાને પણ આનંદ
આપતાં એવા મોક્ષયાત્રી સૂરિદેવ સદા અમર રહો...
રહો સદા અમોને સ્વપ્નની અંદર દર્શન આપતાં અને રહો સદાને માટે
અમ જેવાનો ઉદ્ધાર કરતા સૂરિદેવ અમર રહો....
હો શત શત વંદન હાડેચા ગામમાં સમાધિ વરનાર, ભાભરનગરના ભૂષણ ગચ્છાધિપતિ
વિજય કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજ સદા અમર રહો...

卐 ગુરૂચરણસ્પર્શ 卐

—શ્રી હિતકાંક્ષી

હમણાં હમણા વિશેષ પ્રકારે ગૃહસ્થોમાં દેખાદેખીથી ગુરૂમહારાજના ચરણનોસ્પર્શ કરવાની પ્રવૃતિ ચાલી પડી છે. વિવેક ચુકીને જે રીતે આ પ્રવૃત્તિ ચાલી પડી છે એ તો અવશ્યમેવ સુધારો માગે એવી છે.

ગુરૂચરણસ્પર્શ શાસ્ત્રવિહિત હોય તો તેનો અપલાપ કરવાની બુદ્ધિ નથી. અવિવેક દૂર થાય અને સાધુ ભગવંતોના આચારોનું પાલન થાય એ જ શુભ આશય છે. અવિવેકનું નિવારણ થાય અને આચાર પાલન થાય આ બે વાતમાં જ્ઞાની પુરૂષોનો વિરોધ કદાપિ હોઇ શકે નહિ.

અવગ્રહમાં પ્રવેશ કરવા માટે જ્યારે ગુરૂની આજ્ઞા મેળવવી જરૂરી હોય ત્યારે તેમના ચરણનો સ્પર્શ કરવા માટે પણ આજ્ઞા મેળવવી જરૂરી ગણાય.

વંદન, વૈયાવચ્ચ કે શુશ્રુષા (શરીરસેવા) ગુરૂની આજ્ઞા લઇને અથવા ઇચ્છા જાણીને કરાય તે યોગ્ય છે.

ગુરૂની આજ્ઞાનો અભાવ અને અનિચ્છા હોય ત્યારે શિષ્ટજનો તેમને પ્રતિકુળ હોય તેવું વર્તન કરે નહિ.

જિનશાસનમાં આજ્ઞાપ્રાધાન્ય : "आणाए धम्मो" (ધર્મ આજ્ઞામાં છે.) એ જિનશાસનનું પ્રધાનસૂત્ર છે. તેથી શ્રમણ (સાધુ) કે શ્રાવકે આજ્ઞાને નજર સમક્ષ રાખીને, પોતાના પરિણામ અને વ્યવહાર બગડે નહિ તેનો ખ્યાલ રાખીને પ્રત્યેક વ્યવહાર ધર્મ ગુરૂની આજ્ઞાપૂર્વક જ કરવાનો હોય છે. તેમ ગુરૂચરણનો સ્પર્શ પણ તેમની આજ્ઞા લઇને અથવા ઇચ્છા સમજીને જ કરવો ઉચિત ગણાય. અન્યથા ભક્તિ-ભાવથી કરેલો ચરણસ્પર્શ પણ દોષરૂપ બને.

શિષ્ટ સમાજના વ્યવહાર મુજબ પણ ગુરૂના ચરણનો સ્પર્શ ગુરૂની આજ્ઞા લીધા બાદ કરવો તે ઉચિત જણાતું નથી.

૩. ગુરૂમહારાજ ઊભા થઇને ચાલવા માટે પગ ઉઠાવીને ડગલું માંડી રહ્યા હોય એવા વખતે ગુરૂમહારાજને ખ્યાલ ન આવે તેમ ચરણસ્પર્શ કરાય છે. એથી ગુરૂ-મહારાજની સ્થિતિ પડી જવા જેવી બની જાય છે.

૪. ગુરૂમહારાજ માર્ગમાં ચાલી રહ્યા હોય, ગોચરી–પાણી વહોરવા માટે જઇ રહ્યા હોય ત્યારે પણ ગુરૂમહારાજને ખ્યાલ ન આવે તેમ આજુબાજુમાંથી અચાનક

આવીને તેમના ચરણનો સ્પર્શ કરાય છે, ત્યારે એકા એક ગતિરોધ થવાથી પણ ગુરૂમહારાજની સ્થિતિ પડી જવા જેવી બની જાય છે.

૫. ગુરૂમહારાજ સવારમાં ગરમ પાણીનો ઘડો ત્રાંસમાં ઢાલવી રહ્યા હોય તે વખતે ગુરૂમહારાજને ખ્યાલ ન આવે તેમ અચાનક જ તેમના ચરણનો સ્પર્શ કરાય ત્યારે પગ ઉપર જીવજંતુ ચઢયાની આશંકાથી ગુરૂમહારાજ સંભ્રમિત થઈ જાય, હાથમાંથી ઘડો પડીને ફુટી જાય અને ગરમ પાણીથી પોતે દાઝી જવાના તેમ જ અન્ય જીવોની વિરાધના થવાના પ્રસંગો પણ બને.

આવા દુઃખદાયક પ્રસંગો ભલે કયારેક જ બને તો પણ તેને ઉપેક્ષા કરવા યોગ્ય માની શકાય નહિ.

૬. ગુરૂમહારાજ નિદ્રાધીન હોય ત્યારે પણ આકૃતને વશ બની તેમના ચરણનો સ્પર્શ કરાય છે તેથી ગુરૂમહારાજની નિદ્રાનો ભંગ થાય છે. નિદ્રા ભંગ થવાથી ગુરૂની આશાતના થાય છે અને અડનારને અશાતાવેદનીય કર્મ બંધાવાનો સંભવ રહે છે.

૭. ગૃહસ્થો નામું લખતાં હોય કે નોટો ગણતા હોય ત્યારે તેમના શરીરને વારંવાર કોઈ અડયા કરે તો બે ધ્યાન થવાથી તેમનાં તે કામ બગડે છે તે અનુભવસિદ્ધ હોવાથી સ્પષ્ટ સમજાય તેવી વાત છે.

તેવી જ રીતે ગુરૂમહારાજ કાઉસ્સગ્ગમાં હોય, ધ્યાનમાં હોય કે ચિત્તની એકાગ્રતાપૂર્વક સ્વાધ્યાય કરી રહ્યા હોય ત્યારે પણ તેમના ચરણનો સ્પર્શ કરાય છે. તેથી કાઉસ્સગ્ગનો, ધ્યાનનો અને ચિત્તની એકાગ્રતાનો ભંગ થાય છે અને આરાધનામાં અંતરાય થાય છે તે પણ સ્પષ્ટ સમજાય તેવી વાત છે. એથી એવા વખતે અડવું દોષરૂપ બને છે.

૮. જયાં રોજ ૫૦–૧૦૦ શ્રાવકો વંદન કરવા આવતા હોય એવી વસતિમાં રહેલા સાધુ ભગવંતો સ્વાધ્યાય, જાપ, ચિંતન, મનન, અધ્યયન આદિ કરતા હોય, વાંચના આપતા હોય, પડિલેહણ કરતા હોય ત્યારે આ બધું ચિત્તની એકાગ્રતાપૂર્વક કરી શકતા નથી. બેધ્યાન બનવાથી ગુરૂનાં જ્ઞાન–ધ્યાન–અધ્યયન આદિની હાનિ (તેમાં અંતરાય) થવાનો સંભવ રહે છે. જ્ઞાનધ્યાન આદિમાં અંતરાય થવાથી અંતરાય કરનારને જ્ઞાનાવરણીય કર્મ બંધાવવાનો સંભવ રહે છે.

૯. સાધુભગવંતો 'સંઘટ્ટો લેવો' આદિ જોગની ક્રિયા કરતા હોય ત્યારે પણ આકૃતને વશ પડેલા ગૃહસ્થો ચરણસ્પર્શ કરવા આવી જવાનો અને જોગની ક્રિયામાં વિક્ષેપ આદિ થવાનો સંભવ રહે છે.

૧૦ 'મારે સુશ્રુષા (શરીર સેવા) કરાવવી નહિ' એવો અભિગ્રહ કોઇ સાધુ-ભગવંતે કર્યો હોય ત્યારે ગુરૂની આજ્ઞા વગર ચરણસ્પર્શ કરીને ચરણશુશ્રુષા કરવા લાગી જનારા ગૃહસ્થો ગુરૂમહારાજના અભિગ્રહનો ભંગ કરાવે છે. તેથી ગુરૂને અને શુશ્રુષા કરનારને દોષ લાગે છે.

૧૧. આજ્ઞા લીધા વિના પુરૂષોને ગુરૂમહારાજના ચરણનો સ્પર્શ કરતા જોઇને કેટલીકવાર અજ્ઞાન બાળાઓ પણ ગુરૂમહારાજનું ધ્યાન અન્યત્ર હોય તેવા વખતે અચાનક જ તેમના ચરણનો સ્પર્શ કરી લેવાના પ્રસંગો પણ કયારેક બની જાય.

૧૧. ગુરૂમહારાજ માત્રાનો પ્યાલો લઇ માતુ પરઠવવા કે ડોલ લઇ કાંપનું પાણી પરઠવવા જઇ રહ્યા હોય ત્યારે પણ તેમના ચરણનો સ્પર્શ કરાય છે, જે ઉચિત નથી.

૧૩. ગુરૂમહારાજને શિયાળામાં ઠંડી આદિના કારણે ચરણસ્પર્શ પ્રતિકુળ હોય, શરીરને અશાતા ઉપજાવનાર બને તેમ હોય અથવા કાર્યમાં વિઘ્નરૂપ બને તેમ હોય અથવા કાર્યમાં વિઘ્નરૂપ બને તેમ હોય તેવા વખતે ગુરૂમહારાજ તરફથી ઘણો નિષેધ કરાવા છતાં તેની અવગણના કરીને પણ હઠાગ્રહથી ગુરૂમહારાજના ચરણનો સ્પર્શ કરાય છે.

વારંવાર બનતા આવા પ્રસંગો કયારેક કોઇકને કષાયની ઉદીરણા થવાથી અશુભ કર્મબંધનું નિમિત્ત પણ બની શકે છે.

૧૪. ગૃહસ્થોને એકવાર ચરણસ્પર્શની આદત પડી ગયા પછી પોતે ચોમાસાના દિવસોમાં વરસાદથી પલળીને આવ્યા હોય– શરીર અને વસ્ત્રો ભીનાં હોય, સ્નાન કરીને આવ્યા પછી માથાના વાળ ભીના હોય, હાથે બાંધેલી રક્ષાપોટલી ભીની હોય, કોઇ પ્રસંગે ગળામાં ફુલની માળા પહેરેલી હોય, ખીસામાં કે હાથમાંની થેલીમાં સચિત વસ્તુ હોય, કાંડે પાવરવાળી ઘડીયાળ બાંધેલી હોય, સાંભળવા માટે કાને પાવરવાળું મશીન રાખેલું હોય ત્યારે પણ ગુરૂમહરાજ તરફથી ઘણો નિષેધ કરાવા છતાંય તેમના ચરણનો સ્પર્શ કરાય છે. આથી ગુરૂમહારાજને સચિતનો સંઘટ્ટો થાય છે તેથી તેઓ દોષમાં પડે છે અને ગુરૂમહારાજને સંઘટ્ટો કરાવવાથી ગૃહસ્થ પણ દોષમાં પડે છે.

૧૫. પોતાનો ચરણસ્પર્શ આદિની પ્રતિકુળતાને કારણે થતી આશાતા, કાર્યમાં વિઘ્ન, આરાધનામાં અંતરાય આદિ કારણોસર કોઇ સાધુ ભગવંત તરફથી, આજ્ઞા લીધા વગર જ ગુરૂમહારાજના ચરણનો સ્પર્શ કરવા ટેવાઇ ગયેલા ગૃહસ્થોને જયારે, પોતાના શરીરનો સ્પર્શ કરવાનો નિષેધ કરવામાં આવે છે ત્યારે સ્વેચ્છાએ ગુરૂચરણ-સ્પર્શના અતિ આગ્રહી બની ગયેલા ગૃહસ્થો તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે, 'અમારો ભાવ સારો છે.' અર્થાત્ 'અમે આપના ચરણનો સ્પર્શ સારા ભાવથી કરીએ છીએ.'

પરન્તુ તેઓ પોતાની કલ્પના મુજબના ભાવને જ સારો ભાવ ગણતા હોય છે. વાસ્તવિક સારો ભાવ કોને કહેવાય એનું એમને પ્રાયઃ જ્ઞાન હોતું નથી. આમ છતાં આપણે માની લઈએ કે એમનો ભાવ વાસ્તવિક સારો છે. તો પણ સારા ભાવની એમની દલીલને વાજબી ઠરાવી શકાય તેમ નથી. કારણ કે એકલો સારો ભાવ તો કોઇનેય ઇષ્ટ નથી. સારા ભાવની સાથે કરાતું કાર્ય પણ સારૂં જ હોવું જોઇએ. સારો ભાવ તો સારા ભાવની દલીલ કરનારને પોતાને પણ માન્ય હોતો નથી અને જગતને પણ માન્ય હોતો નથી.

સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થનો પાડોશી. સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થના છ માસના બાળકને હેતથી રમાડવા માટે આવે છે. બાળકને રમાડવાના સારા ભાવથી જ તે, બાળકને બે હાથે પકડીને આકાશમાં ઉછાળી-ઉછાળીને ઝીલે છે. તેમાં એકવાર બાળક ઝિલાતું નથી. જમીન ઉપર પટકાઈને સખત ઇજા પામે છે. ત્યારે સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થ, પાડોશીને પૂછે છે કે, 'તમે અમારા બાળકને કેમ આવી સખત ઇજા પહોંચાડી ?' જવાબમાં પાડોશી કહે છે કે, 'મારો ભાવ સારો હતો, તમારા બાળકને હૈયાના હેતથી રમાડવાનો જ ભાવ હતો' તો તેના આવા એકલા સારા ભાવને મા-બાપ સહિત આખું જગત માન્ય રાખવા તૈયાર થશે નહિ. બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ વિવેકપૂર્વકની સારી જ હોવી જોઇતી હતી એમ જરૂર માનશે. બાળકને રમાડવાના સારા ભાવની સાથે રમાડવાની ક્રિયા સારી નહોતી માટે પાડોશીને સજાને પાત્ર કે ઠપકાને પાત્ર અવશ્ય ગણશે.

અહીં આપણે જોયું કે બાળકને રમાડવાનો એકલો સારો ભાવ માન્ય બની શકતો નથી વાજબી ઠરતો નથી. બાળકને રમાડવાના સારા ભાવની સાથે તેને રમાડવાની ક્રિયા પણ બિલકુલ જોખમ વગરની નિર્દોષ જ હોવી જોઇએ. ભાવ સારો હોય અને ક્રિયા ખોટી કે ખરાબ હોય તે ચાલે નહિ. સારા ભાવ સાથે કરાતી ક્રિયા પણ અવશ્ય-મેવ સારી હોવી જોઇએ.

(યોગ્ય ક્રિયા રહિત સારા ભાવનું આલંબન એ તો કયારેક કોઈ જીવ વિશેષ માટે હોવાથી રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો યોગ્ય ક્રિયા સહિતનો સારો ભાવ જ છે. પ્રાથમિક કક્ષામાં ભલે હજી તેવો ભાવ પેદા ન થયો હોય, પણ યોગ્ય ક્રિયા કે જે અવગ્રહની મર્યાદામાં રહીને કરાય છે એ જ રાજમાર્ગ ગણાય.)

આમ સારા ભાવની સાથે કરાતી ક્રિયા પણ વિવેકબુદ્ધિ સહિતની સારી જ હોવી જોઇએ. એકલો સારો ભાવ કયાંય કામ લાગે નહિ.

તેમ ગુરૂમહારાજના ચરણસ્પર્શની બાબતમાં ગૃહસ્થનો એકલો સારો ભાવ માન્ય બની શકે નહિ. (અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

વિચાર વસંત

પૂ. મુ. શ્રી
જયદર્શન વિ. મ. સા.

ધાર્મિક વહીવટ વિચાર
[બીજી આવૃત્તિ]
પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[સુજ્ઞ વાચકો, લખાણ છપાવામાં મુદ્રણદોષની ક્ષતિ રહી ગઈ હોય તે સુધારીને વાંચવા ભલામણ છે.]

પ્ર. 'બીજી આવૃત્તિમાં પ્રથમ આવૃત્તિના સમગ્ર કલેવરને અનેક પ્રકારના નૂતન સંસ્કાર-પરિષ્કાર પણ કરાયેલ હોવાથી પ્રથમ આવૃત્તિ કરતા પણ આ બીજી આવૃતિ અધિકતર પુષ્ટ અને પ્રમાણિક બની છે.' આથી 'મહત્વની સૂચના' ખરેખર સાચી છે.?

ઉ.-ના જરાય નહિ. પ્રથમ આવૃત્તિના કલેવરને પરઠવી દેવાનો માર્ગ જ ઉત્તમ હતો. કલેવરને ગમે તેટલા નૂતન સંસ્કાર-પરિસ્કાર કરવામાં આવે તો પણ તે કલેવર કદાચ પુષ્ટ બની શકે, પરંતુ પ્રમાણિક તો ન બની શકે. કલેવરને નવા કપડાં પહેરાવવાથી કલેવર સજીવન બનતું નથી. કલેવરને માથે ઉપાડીને ફરવાનો આટલો આગ્રહ શા માટે ?

પ્ર. 'ધાર્મિક વહીવટ વિચારના આ નવસંસ્કરણને વિશિષ્ટ કોટિનું સ્વરૂપ પરિમાર્જિક પૂજનીય આચાર્ય ભગવંતાદિએ આપેલ છે' તેનું શું ?

ઉ.-ભાગ્યશાળી આચાર્ય ભગવંતાદિએ મહત્વની મૂળભૂત અશુદ્ધિઓ જરા પણ દૂર ન થાય તેની કાળજી રાખીને પરિમાર્જન કર્યું હોવાથી આ નવ સંસ્કરણની અશ્રદ્ધેયતા પહેલા કરતા પણ વધુ પ્રબળ અને પુષ્ટ બની છે. આ પુસ્તકની ગંભીર અશુદ્ધિઓના ઝેરકાર સમર્થકો જ જ્યારે પરિમાર્જન કરવા બેસે ત્યારે પુસ્તક શુદ્ધ અને તેવી આશા રાખવી નકામી છે. લેખક પરિમાર્જકનું સહિયારૂં ચાલતું હોય તેવું, પરિમાર્જિત પુસ્તક કદી પ્રામાણિક હોઇ શકે નહિ.

પ્ર. "આ પુસ્તકમાં જે કાંઇ વિધાનો વગેરે કરવામાં આવ્યા છે. તે શાસ્ત્રાધાર સાથે જ કરાયા છે. આમ છતાં જે તે વિધાનો સામે કોઇ વાંધો ઉઠાવે તો અમને તે અંગે પુછાવીને જ કોઇપણ નિર્ણય ઉપર આવવાની મારી વિનંતિ છે." લેખકની આ વિનંતિ તમે ધ્યાનમાં કેમ નથી લેતા ?

ઉ. કારણ કે લેખકની વિનંતી ઠંબી છે. વાંધાજનક વિધાનો કરતા રહેવાનો લેખકશ્રીનો સ્વભાવ છે. એવા વિધાનો સામે અવાજ ઉઠે ત્યારે પોતાના મળતીયા

પરિમાજ'કોને આગળ કરીને આઘાપાછા થવાનું તેમને વધુ ગમે છે. વાંધા જનક વિધાનો કરતા રહીને, વાંધો ઉઠાવનારાઓને– 'પૂછાવીને નિર્ણય ઉપર આવવાની' વિનંતી કરતા રહેવાનું હવે તેમને કોઠે પડી ગયું છે. વાંધાજનક વિધાનો કરતાં પહેલાં, છપાવતા પહેલાં, વાંધો ઉઠાવનારાઓને પૂછાવવાનું તેઓશ્રીને કયારેય યાદ આવતું નથી રાજકારણીઓની વિનંતી જેવી વિનંતી કરવાને બદલે વાંધો ઉઠાવનારાઓની વાતને વિચારવાનું રાખ્યું હોત તો આવી વાંધાજનક વિનંતીઓ કરવાનો સમય લેખકશ્રીને ન આવત બાકી આ પુસ્તકમાં ઢગલાબંધ વિધાનો શાસ્ત્રાધાર વિહીન કરવામાં આવ્યા છે. એ વાત લેખકશ્રીના પણ ધ્યાન બહાર તો નથી જ છતાં પુસ્તકમાં કરેલા વિધાનો શાસ્ત્રાધાર સાથે જ કરાયા છે. એવું બોંબારીને લખી નાંખવાની તેઓશ્રીની 'હિંમત' અપ્રતિમ છે.

પ્ર. 'દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય અદિના સંબંધમાં વિ. સં. ૨૦૪૪ની સાલમાં અમદાવાદમાં મળેલા મુનિસંમેલને જે પરામર્શ કરીને શાસ્ત્રીય નિર્ણયો લેવામાં આવ્યા હતા તેનો પણ આ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે." લેખકીયની આ વાત સામે તો તમારે વાંધો નથી ને ?

ઉ.–વિ. સં. ૨૦૪૪ની સાલમાં અમદાવાદમાં કેટલાક શ્રમણોનું મુનિસંમેલન શા માટે મળ્યુ ? કેટલા ગીતાર્થોને ઇરાદાપૂર્વક સંમેલનમાં આમંત્રણ ન આપ્યું ? સંમેલનની કાર્યવાહી કેટલાને પંસદ હતી ? સંમેલનની ભીતરની વાતો કેવી અને કેટલી ચોંકાવનારી હતી ? સંમેલનના નિર્ણયો કેવા વાંધાજનક અને અશાસ્ત્રીય હતા ? સંમેલનના અગ્રણી આચાર્યોમાંથી કેટલા આચાર્યો સંમેલનમાંથી ખસી ગયા ? વગેરે બાબતો જગજાહેર છે. દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય વગેરે અંગે સંમેલને લીધેલા વિવાદાસ્પદ નિર્ણયોનો હજી પણ પ્રતિકાર થઈ જ રહ્યો છે છતાં તે નિર્ણયોને 'શાસ્ત્રીયનિર્ણય' તરીકે પ્રચારવાનું સંમેલનના ઝંડાધારીઓનું કૃત્ય અને તેની પાછળ રહેલી તેઓની રાજરમતને લોકોએ ઓળખી લેવી જોઇએ. આ પુસ્તકના ખાસ સમર્થકો જે રીતે સંમેલનના કલેવરને ખભે ઉપાડીને ફરી રહ્યા છે તે રીતે બીજા સમુદાયો સંમેલનને મહત્વ આપતા નથી. ખરેખર તો સંમેલનના વિવાદાસ્પદ નિર્ણયોનો આ પુસ્તકમાં 'ઉલ્લેખ કરવામાં આવ્યો છે' એમ કહેવા કરતા 'વિવાદાસ્પદ નિર્ણયોનું અનુનપૂર્વક સમર્થન કરવામાં આવ્યું છે' એમ લેખકે લખવાની જરૂર હતી માટે તેમની ઉપરોક્ત લેખકીય વાત સામે પણ અમારે જરૂર વાંધો છે.

પ્ર. "કહ્યું છે કે, ધર્મદ્રવ્યના કોઇપણ ખાતાનો ગેરવહીવટ કરનાર આત્મા દારિદ્રય પામે, રોગિષ્ટ બને, અપયશનો ભાગી બને. તેના કુળનો નાશ થઇ જાય." [પૃ.૨] આ શાસ્ત્રીય વાતમાં વિશેષ કશું કહેવું છે ?

ઉ.-ના, જરૂર કહેવું છે. ધર્મદ્રવ્યના કોઈપણ ખાતાનો ગેરવહીવટ કરનાર આત્માની જેમ જ ગેરવહીવટ થાય તેવું માર્ગદર્શન આપનાર આત્મા પણ દારિદ્રય વગેરે ફળોને પ્રાપ્ત કરે છે. આટલી વાત યાદ રહી જાય તો ધર્મદ્રવ્યની વ્યવસ્થામાં પોતાને અનુકૂળ આલંબનો ઉભા કરી અયોગ્ય પરિવર્તન કરાવવાનું ઝનુન ઓસરી જાય.

પ્ર. "જિનમંદિરના નિભાવ માટે કલ્પેલું (કાયમી તિથિ) તથા જિનભક્તિ નિમિત્તે જે કંઈ ઉછામણી વગેરે શાસ્ત્રીય આચરણા કરી હોય, તેનાથી ઉત્પન્ન થયેલ તે કલ્પિત દેવદ્રવ્ય કહેવાય" [પૃ-૧૫] સંબોધ પ્રકરણના આધારે કરેલી કલ્પિત દ્રવ્યની આ વ્યાખ્યા સાચી છે ?

ઉ.-ના; અસત્યની ભેળસેળવાણી છે. સંબોધ પ્રકરણની તે ગાથામાં 'જિનભક્તિ નિમિત્તે જે કાંઇ ઉછામણી વગેરે શાસ્ત્રીય આચરણા કરી હોય' આવી વાત નથી. માટે સંબોધ પ્રકરણની તે ગાથાનો અર્થ કરતી વખતે આ જ લેખકશ્રીએ 'ઉછામણી' ની વાત લખી નથી. (જુઓ પૃ. ૧૬૧) અહીં તેઓશ્રીએ 'ચરિત' શબ્દનો અર્થ 'શ્રાવકોએ જિનભક્તિનો નિર્વાહ થાય તે માટે કલ્પીને કોષ (રસાયી ફંડ) રૂપે જે રકમ મૂકી તે કલ્પિત (ચરીત) દેવદ્રવ્ય કહેવાય છે' એવો કર્યો છે.

પ્ર. પાનું ૧૬૧ પેજ ઉપર તો તેમણે 'સ્વપ્નાદિકની ઉછામણી વગેરે શાસ્ત્રીય આચરણોથી ઉત્પન્ન થતા દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્ય કહેવાય છે. કેમ કે તે જિનભક્તિના નિમિત્તથી આચરણાથી ઉત્પન્ન થયેલ છે. ગાથામાં "જિનભત્તીય છે નિમિત્તા જ ચરિય" શબ્દો દ્વારા આનો સ્પષ્ટ ઉલ્લેખ છે' આવું સ્પષ્ટ લખાણ કર્યું જ છે ને ?

ઉ. 'સંબોધ પ્રકરણ' ગ્રંન્થ રચનાના સમયમાં, આજના જેવી બોલીઓ બોલાતી ન હતી એ તો લેખકશ્રીએ પણ કબુલ કર્યું છે. ગ્રન્થકારશ્રીને તે સમયમાં જિનાલયના અર્થકાર્યોનો સારી રીતે નિર્વાહ થઇ શકે તેવી કલ્પના સાથે મુકાતા ધનને કલ્પિત દેવદ્રવ્યના ભેદમાં ગણવું ઇષ્ટ હતું તે સૌ કોઇ સમજી શકે છે. બોલીના દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવાનો આગ્રહ સંબોધપ્રકરણ ગ્રન્થકારશ્રીનો નથી, એ આગ્રહ તો વિ. સં. ૨૦૪૪ના સંમેલનના શ્રમણોનો છે પોતાના આગ્રહમાં ગ્રન્થકારશ્રીને અને તેઓશ્રીના શ્લોકને ઘસડી લાવવાનું કૃત્ય કે આગ્રહ, લેખકશ્રી આદિ માટે જરા પણ શોભાસ્પદ નથી. (ક્રમશઃ)

શાસન સમાચાર

મુલુન્ડ ઝવેર રોડ જૈન દેરાસર

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિ યોગીન્દ્ર વિજય મહારાજ સાહેબ તથા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયંતશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી દિવ્યાનંદ વિજય મહારાજ સાહેબ તથા પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજસેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી ધર્મસેખર વિજય મહારાજ સાહેબ આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં વૈશાખ સુ. ૧૫ ના મહુવાવાળા અનોપબેન રામચંદ ઘોઘારી હાલતા જગતિયા નિમિતે સિદ્ધચક્ર પૂજન ભણાવેલ છે.

વૈશાખ વ. ૧ ના રોજ સાવરકુંડલા વાળા અમૃતલાલ જેચંદ દોશીના સુપુત્રો મહેશ, પ્રવિણ, રાજેન્દ્રના માતુશ્રી પ્રભાબેનના સ્વર્ગવાસ થતા તેમના આત્મકલ્યાણ માટે સિદ્ધચક્ર પૂજન ભણાવેલ છે.

માતુશ્રી વિજયાબેન મોહનલાલ સંઘવી સણોસરાવાળાના આત્મશ્રેયાર્થે ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ વૈશાખ વ. ૩ના રોજ બપોર નવાણુ પ્રકારી પૂજા ભણાવેલ છે વૈશાખ વ. ૪ના બપોરે પંચકલ્યાણ પૂજા ભણાવેલ છે. વૈશાખ વ. ૫ ના રોજ સવારે ૧૦ વાગે સિદ્ધચક્ર પૂજન ભણાવેલ હતું.

સિહોરવાળા સમરતબેન કુંવરજીના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્રો સ્વ. મનસુખભાઇ, નવીનભાઈ, શશીકાંતભાઇ કિશોરભાઇ તરફથી વૈશાખ વ. ૬ ના રોજ બપોર સિદ્ધચક્ર પૂજન ભણાવેલ હતું.

ચારે સિદ્ધચક્ર પૂજન ઠાઠમાઠથી ભણાવેલ હતા જુદા જુદા સંગીતકારો આવેલ હતા પૂજન નિમિતે પ્રભુજીને ભવ્ય અંગ રચનાઓ થયેલ હતી.

પુના–શ્રી વાસુપૂજ્ય સ્વામી મહારાજ ટેમ્પલ ટ્રસ્ટ પુના કેમ્પ સંચાલિત શા. ધનરાજ ગુલાબચંદ જૈન જ્ઞાનદાન પાઠશાળા પુના કેમ્પ યોજીત પુના શહેર તથા આજુબાજુના વિસ્તારના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ માટે ચૈત્ર વદ ૧ એક દિવસનું ધાર્મિક વહીવટ માર્ગદર્શન તેમજ પુના શહેરના તેમજ આજુબાજુના વિસ્તારના પાઠશાળાનાં બાળકોનું અઠવાડીયાં માટેનું પાઠશાળા આયોજન પૂ. આ. શ્રી વિચક્ષણ સૂરીશ્વરજી મ. સા. તથા પૂ આ. શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ. સા. આદિઠાણાની શુભ નિશ્રામાં યોજાએલ. જેમાં ધાર્મિક વહીવટ કેમ કરવો ? તે

અંગે પૂ. આચાર્ય ભગવંતોએ માર્ગદર્શન આપેલ. આ માર્ગદર્શન સવારે ૧૧ થી બપોરે ૪ વાગ્યા સુધી ચાલ્યું હતું.

શ્રી વાસુપૂજ્ય સ્વામી મહારાજ ટેમ્પલ ટ્રસ્ટના માનદ્‌મંત્રી શ્રી નરેન્દ્રભાઇ કે. શાહ તથા શ્રી મોગીલાલ વી. શાહ તેમજ શ્રી પુનઃ સંઘ મંદિરના પ્રમુખ શ્રી ચંદુલાલ સરૂપચંદ શાહે તેમનું મંતવ્ય રજુ કર્યું હતું.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિચક્ષણ સૂરીશ્વરજી મ. સાહેબે ધાર્મિક વહીવટ માર્ગદર્શનની ભૂમિકારૂપ વ્યાખ્યાન આપેલ, અને વિસ્તૃત વર્ણન પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજાએ કરેલ.

દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, સાત ક્ષેત્ર દ્રવ્ય તથા જ્ઞાનદ્રવ્ય આદિની ઉપજ તેમજ તેનો સદુપયોગ વગેરેની સુંદર માહિતી આપેલ. તેમને બપોરે ૨ થી ૪ ઉપરના વિષયને અનુલક્ષીને મુંઝવતાં પ્રશ્નોના પ્રત્યુત્તરો પણ પૂ. આચાર્ય ભગવંતે આપેલ.

ટ્રસ્ટ તરફથી બપોરે ૧ થી ૨ સાધર્મિક ભક્તિ તેમજ સાંજે ૪ વાગે અલ્પાહારનું આયોજન થયું હતું.

આ પ્રવચનમાં જુદાં જુદાં ટ્રસ્ટનાં લગભગ ૧૦૦ ભાઇઓએ ભાગ લીધેલ, દરેકને ૧-૧ ફોલ્ડર, બોલપેન, દેવદ્રવ્યાદિ-વ્યવસ્થા વિચાર (પુસ્તિકા) ચોવીસ જિન ઝુહારીએ (પુસ્તિકા), શ્રી ફળ, રૂપિયો આપીને તેઓનું બહુમાન કરેલ.

પાઠશાળા અંગે પૂ. મુ. શ્રી તત્વરત્ન વિ. મ. તથા પૂ. મુ. શ્રી હિતરત્ન વિ. મ. વાંચનાએ આપેલ ૩૦૦ રૂા. જેટલું ઉપકરણો દ્વારા બહુમાન થયેલું.

ભીવંડી–અત્રે પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. આદિ વદ ૦)) સોમવારે પધાર્યા સોમ મંગળ અજન્ટા કમ્પાઉન્ડ બુધ ગોકુલ નગર ગુરૂ અશોકનગર તથા શુક્ર સવારે ગોપાલનગર પ્રવચન બપોરે ભીડભંજન પ્રવચનો થયા રાત્રે ઓસવાલ સાગર (વાડી) માં ભાઇઓ સમક્ષ પ્રવચન થયું. દરરોજ ભાવિકો તરફથી સંઘ પૂજનો થતા હતા.

વદ–૫ શનિવારે થાણા ગોમા ફીટવેલમાં પધાર્યા ત્યાં ભાવિકો તથા ફેકટરીના કર્મચારીઓ સમક્ષ હિંદીમાં પ્રવચન થયું ફેકટરી તરફથી સંઘ પૂજન થયું.

(અનુ. પાના નં. ૬૧૬ નું ચાલુ)

અજ્ઞાનના હરના કલ્પનાજન્ય ભાવને સારો ભાવ કહેવાય નહિ.

ભગવાનની આજ્ઞા મુજબના ભાવને જ સારો ભાવ કહેવાય.

સારા ભાવની સાથે ચરણસ્પર્શરૂપ ક્રિયા પણ વિવેકપૂર્વકની અર્થાત ગુરૂમહારાજની આજ્ઞાપૂર્વકની હોવી જરૂરી છે. ગુરૂમહારાજની આજ્ઞા લીધા વગર તેમના શરીરને અડવાની ક્રિયા સારી ગણાતી નથી.

ગુરૂમહારાજના શરીરને અડવાની આજ્ઞા પણ તેમની વેયાવચ્ચ આદિના ખાસ પ્રયોજન વિના માગવી યોગ્ય જણાતી નથી.



- શ્રી જિનેશ્વરદેવનો સાધુ સંયમ અને તપનું પાલન કરનાર હોય, શ્રાવક સંયમ અને તપના અર્થી હોય સંયમ અને તપનું પૂરેપૂરૂં પાલન થાય ત્યારે જ મોક્ષ મળે, કેમકે સંયમ એ સંવર સ્વરૂપ છે. અને તપ એ નિર્જરા સ્વરૂપ છે. અને તેજ જગતમાં ધર્મ છે. પૂરેપૂરો સંવર અને પૂરેપૂરી નિર્જરા થાય ત્યારે જ મોક્ષ થાય !
- આ સંસાર જોઇએ જ નહિ, મોક્ષ જ જોઇએ તેના માટે માટે સંયમ અને તપ જ સાધન છે, બીજા કોઇ સાધન નથી આવું જે ન સમજે તે બધા જ અજ્ઞાની કહેવાય !
- જેને સંયમ અને તપ જ જોઇએ છે, તેની જ આરાધના કરવી છે અને તેના દ્વારા આગળ વધવું છે, તેવા વિચારવાળા બધા ડાહ્યા કહેવાય ! જેને આવો વિચાર ન હોય તે સાધુ હોય તો પણ મૂરખ કહેવાય ! આ સંયમ અને તપ મળવવા માટે જ સમિતિ ગુપ્તિનું વિધાન છે.
- જેને સાધુપણામાં કે શ્રાવકપણામાં મજા આવે તેનો સંસાર સુધરી ગયો કહેવાય !
- જેને લૌકિક સુખ સારૂં લાગે અને દુઃખ ખરાબ લાગે તે ધર્મ પામવા માટે નાલાયક છે. સુખ મેળવવાની ઇચ્છા અને દુઃખથી બચવાની ઇચ્છા પાપ છે.
- લોભી જીવો કૃપણ અને સંતોષી જીવો ઉદાર હોય, અધિક અધિક પૈસા મેળવવાની ઇચ્છાવાળામાં કદિ ઉદારતા આવે નહિ. તેનો પૈસો મોટે ભાગે સારે માર્ગે વપરાય નહિ. સંતોષી જીવ જાણે જે હોય તેમાંથી અવસરે અડધામાંથી અડધું આપે.
- જે સુપાત્રમાં દાન દે તે સુપાત્ર બને જેને સુપાત્ર બનવાની ઇચ્છા નથી તેનું દાન સુપાત્રદાન નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૧૨૩
૧૮-૧૨-૮૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૭ | અંક ૪૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણકો :—

परद्रव्यं यदा दृष्ट्वा,
आकुले ह्यथवा रहे ।
धर्मकामो न गृह्णाति,
ब्रह्म सम्यद्यते तदा ।।

પરદ્રવ્ય જાહેર કે એકાંતમાં જોઈને ધર્મનો અર્થી તે દ્રવ્ય ગ્રહણ કરતો નથી અને ત્યારે તેને બ્રહ્મ પ્રાપ્ત થાય છે. ઉ૦ પાઈ ટીકાં પરદ્રવ્ય લેવા ગૃહસ્થને પણ મન ન થાય તો સાધુની તો વાત કયાં કરવી ?

લઘુકથા : —પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જીભલડી : તારે ખરી અને મારે પણ ખરી !

મોં બોલ્યું માટે બોલ બોલ કરવું તે સજ્જન પુરૂષનું કામ નથી. અવસર અનવસર જાણ્યા વિના યદ્વાતદ્વા પ્રલાપ કરનાર ને બકવાટ કરનારો મૂરખ શિરમણિ કહેવાય છે, લોકમાં પણ જે પોતાની લુલી (જીભ) ને વશ ન રાખે તો બધા તેનો ફિટકાર પણ કરે છે. માટે તો કહેવાય છે કે 'જીભ ! તું મિત્ર તું જ શત્રુ ! તું જ વિષ ! તું જ અમૃત !' જીભે જગતમાં જેટલો સંહાર કરાવ્યો છે તેટલો કદાચ બીજાએ નહિ કરાવ્યો હોય ! બધાને 'કડવા' જેમ ન બનવું તેમ માત્ર' મધમીઠાં પણ ન બનવું પણ સત્ય-પથ્ય હિતકર વચન બોલવું તેમાં જ સ્વપર ઉભયનું કલ્યાણ છે, બાકી અકલ્યાણ છે. આ અંગે એક નાનકડું દૃષ્ટાન્ત આંખ ઉઘાડનાર બનશે તેમ લાગે છે માટે જણાવું છું.

કોઇ એક મૂરખ મુસાફર માર્ગના શ્રમ થી થાકેલો, ભુખ્યો-તરસ્યો થયેલો કોઇ એક સ્થવિરાને ત્યાં ગયો અને ભૂખની પીડાને શમાવવા ભોજનની માગણી કરી. દયાથી તે સ્થવિરાએ પણ જલ્દી તૈયાર થઇ શકે તેવી રસોઇ રાંધવાની શરૂઆત કરી.

તે વખતે તે મૂરખાએ તે વૃદ્ધાને પૂછ્યું કે- 'તારા ઘરમાં જે આ હૃષ્ટપુષ્ટ લોંસ છે તે જો મરી જાય તો આ નાનાં દરવાજામાંથી કઇ રીતના બહાર કાઢે ?' નવરા બેઠા નખ્ખોદ વાળે તે આનું નામ ! ત્યારે વૃદ્ધાએ શાંતિથી કહ્યું કે- ભાઇ ! આવું અપમંગલ બોલવું સારૂં નથી' ઠાવકો થઇને તે મૌન રહ્યો. પણ તેની જીભલડીને ચેન ન પડયું એટલે ફરી પૂછે કે- તારે કોઇ પુત્ર છે ?' ત્યારે આનંદમાં આવેલી વૃદ્ધા કહે કે- હા. છે અને વેપાર માટે વિદેશ ગયો છે. આટલાથી જિજ્ઞાસા શાંત ન થતા અ પણા આ મુરખ શેખર પૂછે કે- 'જો ત્યાં તે મૃત્યુ પામે તો તારો નિર્વાહ કઇ રીતના થાય ?' તેથી આવું સાંભળી ગુસ્સે થયેલી તેણી એ (આવું સાંભળતા ભલભલાને કોપ ચડે તે સહજ છે)- અડધી રંધાયેલી ખીચડી તેના માથા ઉપર નાખી તેને ઘરની બહાર તગડી મૂકયો.

માર્ગમાં જતા એવા તે મુરખને કોઇ બીજો મુસાફર પૂછે છે કે- તારા માથામાંથી આ શું ઝરે છે ? ત્યારે તે મુરખ શેખર કહે છે કે- જીભનો રસ !

કહેવાનું તાત્પર્ય એ છે કે જીભને વિષરૂપ બનાવવી કે અમૃતરૂપ તે આપણા હાથની વાત છે. જો વિષરૂપ બનાવશો તો બધે જ તમારે અપમાનિત થવું પડશે કોઇ આશરો પણ નહિ આપે. અને અમૃત રૂપ બનાવશો તો બધાનો સદ્ભાવ લાગણી પ્રેમ જીતી શકશો બધાને વિશ્વાસુ બની સાચ્ચા સલાહકાર પણ બની શકશો.

હજારોદેશો...રક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુડકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
ચુનીલાલ વીરચંદ શેઠ
(પાલડીવાલા)
ખાનચંદ પદમશી ગુડકા
(પાલનપુર)

વર્ષ ૭] ૨૦૫૧ જેઠ વદ ૮ મંગળવાર તા. ૨૦-૬-૯૫ [અંક-૪૧

卐 પ્રકીર્ણ ધર્મોપદેશ 卐

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૫ ને બુધવાર તા. ૨-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - બીજું) (ગતાંકથી ચાલુ)

જે હાથે ભગવાનની પૂજા કરો તે હાથે કોઇનો પૈસો પડાવી લેવાય ? જે જીભથી ભગવાનના ગુણ ગાવ તે જીભથી જૂઠ બોલાય ? તમે જુઠું બોલો તો દુઃખ થાય કે આનંદ થાય ? તમે શાહુકારની ગાદી પર બેસીને, શાહ લખાવીને મોટેભાગે જુઠું બોલો છો તો તમને તમારૂં ગૃહસ્થપણું ખટકે છે ? સંસારમાં ખોટાં કામો કરો છો, દુનિયાનાં સુખની ઇચ્છા છે માટે તે મેળવો છો, ભોગવો છો તેનું પણ તમને દુઃખ છે ? આ દુનિયાદારીના સુખથી છૂટવા માટે ધર્મ કરો છો કે વધુને વધુ તે સુખ મેળવવા અને ભોગવવા માટે ધર્મ કરો છો ?

'ધર્મ જય આપે, લક્ષ્મી આપે, સુખ આપે, અનિષ્ટોને દૂર કરે, અર્થ અને કામ પણ આપે, માટે ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઇએ' આ પ્રમાણે 'ઉપદેશ રત્નાકર'માં કહેલી વાતને સાંભળી દુનિયાના જીવો તે સુખ મેળવવા દોડશે અને તેમાં જ મજા કરશે. આવું ન થાય તે માટે તે ગ્રન્થકાર પરમર્ષિએ આ 'પ્રકીર્ણ ધર્મોપદેશ' નામનો સ્વતંત્ર ગ્રન્થ લખ્યો. અર્થ ય દુર્લભ નથી, કામ ય દુર્લભ નથી પણ દુર્લભ મોક્ષ છે. તે મોક્ષ આપે તેવો ધર્મ દુર્લભ છે. તમારે કયો ધર્મ જોઇએ છે ?

પ્ર. ધર્મની વ્યાખ્યામાં સાધુપણું જ આવે ?

ઉ. ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે. શ્રાવકપણાને ધર્માધર્મ કહ્યો છે. તેમાં રાઇના દાણા જેટલો ધર્મ અને મેરૂ જેટલો અધર્મ; તે પણ ઊંચામાં ઊંચા શ્રાવકનો.

સમકિતી જીવ પણ 'મારો આ સંસાર કયારે છૂટે, કયારે ભગવાને કહેલું સાધુપણું પામું' એવા વિચારવાળો હોય છે તો શ્રાવક સાધુ થવાની ઇચ્છાવાળો ન હોય એમ બને? જેને સંસાર મજેનો લાગે, સંસારનું સુખ ભોગવવા જેવું લાગે, સંસારની મોજ મજા કરવા જેવી લાગે તેનામાં સમકિત હોય ખરૂ? સમકિત શું ચીજ છે, સમકિત કયારે થાય તે જાણો છો? સમકિત કાંઇ રમકડું નથી કે હું આપી દઉં અને તમે લઇ લો! સમકિત તો આત્માની ચીજ છે, તે પામવા ઘણી ઘણી મહેનત કરવી પડે. સમકિત મેળવવા સંસારના સુખના રાગ ઉપર દ્વેષ કરવો પડે અને પોતાના જ પાપે આવતાં દુઃખના ઉપર રાગ કરવો પડે તો ગ્રન્થિ ભેદાશે. ગ્રન્થિ શું ચીજ છે? ગાઢ રાગ-દ્વેષનો જે પરિણામ તે ગ્રન્થિ છે. તમારો વધારેમાં વધારે રાગ કયાં છે!

આજે મોટાભાગે પૈસા ઉપર જ રાગ છે. પૈસા ખાતર કુટુંબને ભૂખે મારે, હેરાન કરે, મા-બાપને ય મારે એટલું નહિ સગી સ્ત્રીને પણ સળગાવનારા છો! જૂઠ પણ મજેથી બોલે, ચોરી પણ કરે.

તમે બધા ભગવાનના દર્શન-પૂજન તો કર્યા વિના રહો નહિ ને? તે દર્શન પૂજન શા માટે કરો છો? ધર્મ પામવા. ધર્મ કોને કહેવાય? સાધુપણાને જ. સાધુપણું અમે કોને આપીએ? બધાને? ના. જેને દુનિયાનું મળેલું બધું સુખ છોડવાની ઇચ્છા હોય કોઇ આપે તો ય લેવાની ઇચ્છા ન હોય, આના પ્રતાપે ભવિષ્યમાં પણ આવાં આવાં સુખો મને મળો એવી ય ઇચ્છા ન હોય તેને. મારે દેવલોકમાં જવું છે, રાજા-મહારાજાદિ થવું છે તેવી ઇચ્છાવાળાને આ સાધુધર્મ અપાય? ભગવાને ધર્મ સાધુપણામાં જ કહ્યો છે. સમકિતી જીવ ધર્મ સમજે છે પણ કરી શકતો નથી માટે તેને 'બાળ' કહ્યો છે. દેશવિરતિધર થોડો બાળ અને બાકી પંડિત છે; સાધુને પંડિત કહ્યો છે પાપ માત્રને જે નહિ કરવા રૂપે, નહિ કરાવવા રૂપે, કરતાને સારા નહિ માનવા રૂપે તજે તેનું નામ સાધુ! તેથી જ ભગવાનનાં દર્શન-પૂજન, સામાયિક, પ્રતિક્રમણાદિ બધું તે માટે જ- સાધુપણું પામવા જ- કરવાનું છે.

આ ગ્રન્થકાર મહર્ષિ કહી રહ્યા છે કે, સુખ શું છે તે સમજો. સુખના ઉપાય શું તે સમજો, ભય કોનાથી તે સમજો ભયનું કારણ શું તે સમજો. વિનાશી શું, અવિનાશી શું: આ બધું જે સમજે તે આ સંસારથી મૂકાય અને મોક્ષને પામે.

તમારે સુખ જોઇએ છે ને? સુખ શું ચીજ છે? તમે સુખ કોને-કોમાં-માનો છો? આ મહાત્મા **'મોક્ષ એવ સુખમ્'** કહે છે. **મોક્ષ જ સુખ છે.** તે સિવાય **બાકી બધાને સુખ કહેવું તે સુખ શબ્દનો વ્યભિચાર છે.** દુનિયાનાં જેટલાં

સુખ છે તે દુઃખના ઉપાયભૂત છે, દુઃખરૂપ છે અને નવાં દુઃખ ઊભાં કરનાર છે. ભૂખ લાગે અને મજેથી ખાઓ તો એવાં પાપ બંધાય કે ભવિષ્યમાં ખાવા મળે નહિ. મજેથી ખાવું તે વધુ દુઃખ મેળવવાનો અને ભવિષ્યમાં ખાવા ન મળે તેવો ઉપાય કરે છે. નારકીને સંપૂર્ણ ભૂખ હોય છે જેની હદ નહિ. વારંવાર ખાવાની ઇચ્છા થાય, ઇચ્છા થતાંની સાથે એવા એવા પુદ્ગલો પેસે કે માથાં પછાડે, પગ પછાડે, રાડારાડ કરે. સારું સારું મજેથી ખાનારા, ખવું તે પાપ છે એમ નહિ માનનારા, મરીને મોટેભાગે કયાં જાય ? આજે તો ખાવામાં સુખ માનનારા શું શું ખાય છે ? જનાવરોને કાપી કાપીને ખાય છે' પક્ષીઓને બાફી બાફીને ખાય છે; તે બધા મરીને કયાં જવાના ? ખાવા-પીવાદિ સુખ ઘણા જીવો દેવું કરી કરીને પણ ભોગવે છે તો તે બધા મરીને કયાં જવાના ?

ઘરમાં રહેલા તમે, મજેથી ઘરમાં બેઠા છો તેમ ખબર પડે છતાં તમને જો શ્રાવક માનીએ તો અમે પહેલા નંબરના મૂરખ છીએ. શ્રાવકને ઘરમાં રહેવું પડે માટે રહે પણ મજેથી કદી ન રહે. તે શ્રાવક વેપાર-પેઢી કરવા પડે માટે કરે કે મજેથી કરે ? શ્રાવક જૂઠ બોલે ? ચોરી કરે ? અનીતિ કરે ? બીજાને ઠગે તે ગુનેગાર છે અને શ્રાવક થઈને બીજાને ઠગે તે મોટામાં મોટો ગુનેગાર છે ! તેમ અમે પણ ખોટી સલાહ આપીએ, ખોટું સમજાવીએ તો તમારા કરતાં અમે વધારે ગુનેગાર છીએ. સાધુ થઈને મજેથી ખાઈએ, પીઈએ, બધી અનુકૂળતા ભોગવીએ તો આ સાધુવેષ અમારું પણ રક્ષણ ન કરે. ઘણાં સાધુ પણ નરકે ગયા. શાસ્ત્રે તો કહ્યું છે કે, આ પાંચમાં આરામાં ઘણા આચાર્યો પણ નરકે જવાના છે તો તમારી શી હાલત—?

તેથી સુવિહિત શિરોમણિ આ. ભ. શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજ આપણને બધાને સમજુ બનાવવા ઇચ્છે છે. તે માટે અમને પણ સમજુ બનવાનું કહે છે. ઉપદેશ પણ કોણ આપે ? ઉત્સર્ગ અને અપવાદને જે સમજે, ગુરુએ જેને અધિકાર આપ્યો હોય તે... ગુરુ પણ આજ્ઞા કોને આપે ? જુઓ કે, શાસ્ત્રની વાત બરાબર સમજ્યો છે, બીજાને સમજાવી શકશે તેને ઉપદેશની આજ્ઞા આપે. જેટલા સાધુ તે બધા ઉપદેશક એમ નહિ. અલબત્ત મૌન જ સારું, તે ખૂણામાં બેઠો બેઠો નવકારવાળી ગણે તો સારો. મૂરખ સાધુ વ્યાખ્યાન ન કરે તે સારો. વ્યાખ્યાન કરી ગપ્પાં મારે તે બહુ ખોટો !

તમે મુનીમ કોને બનાવો ? મૂરખ છોકરાને પેઢી સોંપો કે હજારોનો પગારદાર નોકરિયાતને સોંપો ?

પ્ર.– ગુરૂએ જ્યારે આજ્ઞા આપી ત્યારે સમજદાર હોય પણ પછી સમજ ચાલી જાય અને ગુરૂની ગેરહાજરી હોય તો ?

ઉ.– તો તે ય ડૂબી જવાના. જેવી તમારી હાલત તેવી તેની હાલત. તમે પુણ્યથી મળેલ દુનિયાનું સુખ મજેથી ભોગવી દુર્ગતિમાં જવાના તેમ એ. માન–પાનાદિમાં મજા કરી, તમે 'સારા' કહો માટે ભગવાને ન કહ્યું હોય તેવું બોલી, તમારા કરતાં મોટી દુર્ગતિમાં જવાના. જાણીને પાપ કરે તેની વધારે ભૂંડી હાલત થાય.

આ તો ભગવાનની ગાદી છે, ભગવાને કહેલ કહેવાનું છે, પોતાના ઘરનું કશું કહેવાનું નથી. મને પણ પૂછે કે, શાના આધારે કહો છો ? તો મારે તેને શાસ્ત્રમાંથી આધાર બતાવવો પડે. 'હું કહું છું' તેમ ન કહેવાય. આ શાસનના સ્થાપક શ્રી અરિહંતદેવો પણ એમ કહે છે કે– 'અનંતા શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે તે હું કહું છું અને ભવિષ્યમાં થનારા અનંતા શ્રી તીર્થંકરદેવો પણ આમ જ કહેવાના છે.'

સુખ શું છે ? તે વાત સમજાવતા આ મહાત્મા કહે છે કે, મોક્ષ સુખ તે જ સાચું સુખ છે. તે વિનાના બધાં જ સુખ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે. તે સુખને સુખ કોણ કહે ? ગાઢ મિથ્યાદૃષ્ટિ હોય તે.

શ્રાવક સુખી હોય અને પૂછીએ કે– તું સુખી છે ? તો તે કહે કે– 'મહારાજ ! સંસારમાં શું સુખ છે ? સંસારમાં કોઇ સુખી હોય ? પાપથી જીવીએ છીએ.' આવું હૈયાથી કહેનાર શ્રાવકો જોઇએ છે. 'હું સુખી છું' તેમ જે કહે તે તો શ્રાવક નથી. શ્રાવક તો ઘરને કતલખાનું માને. ગૃહસ્થાવાસને નરકાવાસ માને. ગૃહસ્થપણું કોણ માંડે ? કામ–ભોગ વિના ન ચાલે તે તે દુઃખથી માંડે કે મજાથી માંડે ? મજાથી માંડે તે તો શ્રાવક નથી. તમે ઘર–પેઢી મજાથી કરો છો કે દુઃખી હૈયે કરો છો ? તમારાં વખાણ કરનારા તમને ફાંસીએ ચડાવે છે તે વાત સમજાવવી છે.

જાણકાર જીવ જ ધર્મનું ફળ પામે, અજાણ જીવ ન પામે તે વાત હવે પછી—

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

મથાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨]

પ્રથમ શ્રી અરિહંતદેવના શરણનું સ્વરૂપ કહે છે.

जावज्जीवं मे भगवंतो परमतिलोगनाहा, अणुत्तरपुन्नसंभारा, खीणरागदोसमोहा, अचिंतचिंतामणी, भवजलहिपोआ, एगंत सरणा, अरहंता सरणं ।

અનંતજ્ઞાનાદિક સમગ્ર ઐશ્વર્યાદિક વડે યુકત, ધર્મનો યોગ પમાડવા વડે અને પ્રાપ્ત ધર્મના રક્ષણ વડે ત્રણે જગતના જીવોના સર્વોત્તમ નાથરૂપ, શ્રી તીર્થંકર નામ સ્વરૂપ સર્વોત્તમ પુણ્યના સમુહવાળા, સર્વથા રાગ, દ્વેષ અને મોહથી રહિત, ચિંતવ્યા વિના પણ અપવર્ગ અર્થાત મોક્ષને આપનારા હોવાથી અચિંત્ય ચિંતામણિ રત્ન સમાન, સંસાર રૂપી સમુદ્રમાંથી તારનારા હોવાથી પ્રવહણ-જહાજ સમાન, તથા બધા જ આશ્રિતોનું એકાંતે હિત કરનારા હોવાથી, એકાંતે શરણ કરવા યોગ્ય એવા તેમજ અહંત એટલે કે અશોકવૃક્ષાદિ આઠ મહાપ્રાતિહાર્ય રૂપ પૂજાને યોગ્ય એવા શ્રી અરિહંત ભગવંતોનું મારે જીવન પર્યંત શરણ હો.

હવે શ્રી સિદ્ધભગવંતોના શરણનું સ્વરૂપ કહે છે—

तहा पहीणजरामरणा अवेअकम्मकलंका पणट्ठवाबाहा, केवलनाणदंसणा सिद्धिपुरनिवासी निरुवमसुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा सरणं ।।

તથા જન્મ, જરા-મરણાદિથી રહિત, સર્વથા કર્મના કલંક રૂપી મલોથી રહિત, સર્વથા બધી બાધા-પીડાઓથી રહિત, કેવળજ્ઞાન અને કેવળ દર્શનને ધારણ કરનારા, મુક્તિપુરીમાં એટલે કે સિદ્ધશીલામાં રહેવાવાળા, અનુપમ એવા આત્માના સુખ સાગરમાં મગ્ન, સર્વથા કૃતકૃત્ય થયેલા એવા શ્રી સિદ્ધભગવંતોનું મારે નિરંતર શરણ હો.

હવે ત્રીજા શ્રી સાધુભગવંતોના શરણનું સ્વરૂપ કહે છે.

तहा पसंतगंभीरासया सावज्जजोगविरया पंचविहायार जाणगा परोवयारनिरया पउमाइनिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाणभावा साहू सरणं ।।

તથા પ્રશાન્ત અને ગંભીર આશયવાળા એટલે કે જેઓના ચિત્તના પરિણામ શાન્તિના-ક્ષમાના યોગથી, અત્યંત શાંત અને અગાધ હોવાથી ગંભીર હોય છે, જેઓ

સઘળાય સાવદ્ય-પાપ વ્યાપારોથી મનથી, વચનથી અને કાયાથી કરવા રૂપે, બીજા પાસે કરાવવા રૂપે અને જે કોઇ કરતા હોય તેને સારા માનવા રૂપ અનુમોદનાં રૂપે-વિરામ પામેલા હોય છે, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચરિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચે આચારના સ્વરૂપને જાણનારા અને પાળનારા હોય છે, જેઓ એકાન્તિક અને આત્યન્તિક એવો પરનો ઉપકાર કરવામાં તત્પર હોય છે, કમલાદિની જેમ નિર્લેપ હોય છે અર્થાત કમલ જેમ કાદવમાં ખીલે છે અને પાણીથી વધે છે છતાં પણ તે બન્નેથી જેમ નિર્લેપ હોય છે તેની જેમ મુનિઓ પણ કામભોગ રૂપ પંકથી ઉત્પન્ન થઇ કામભોગવાળા સંસારમાં રહ્યા હોવા છતાં તે બંન્નેથી લેપાતા નથી એટલે કે તેનો સર્વથા ત્યાગ કરે છે; જેઓ એકાગ્રચિત્તે ધ્યાન કરવામાં અને વાંચનાદિ પાંચે પ્રકારનો સ્વાધ્યાય કરવામાં જ નિરંતર મગ્ન રહે છે, તેથી જ આજ્ઞા મુજબના ધર્માનુષ્ઠાનો કરવા વડે તેઓના ચિત્તના પરિણામ અત્યંત વિશુધ્ધ-નિર્મળ હોય છે; જેઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના વડે મોક્ષને જ સાધનારા હોય છે એવા શ્રી સાધુ ભગવંતોનું મારે શરણ હો અર્થાત તેઓના શરણને હું સ્વીકારૂં છું.

હવે ચોથું શરણ શ્રી કેવલિભાષિત ધર્મનું સ્વરૂપ બતાવે છે.

तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरसुमाली रागद्दोसविसपरममंतो, हेऊ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ।।

તથા સુરો-અસુરો અને મનુષ્યોથી પૂજાયેલો, સમ્યગ્દર્શનાદિ આત્મગુણોનો ઘાતક મોહ રૂપી અંધકારનો નાશ કરવા માટે સૂર્ય સમાન, રાગ અને દ્વેષ રૂપી વિષનો નાશ કરવા માટે પરમમંત્ર સમાન, સઘળા જ કલ્યાણોનું કારણ. કર્મ રૂપી વનને બાળવા માટે અગ્નિ સમાન, આત્માના શુધ્ધ સ્વરૂપ મોક્ષને આપનાર એવો શ્રી કેવલી ભગવંતે પ્રરૂપેલો સમગ્ર ઐશ્વર્યાદિ ગુણે કરીને યુકત એવો ધર્મ યાવજ્જીવ સુધી મારે શરણભુત હો.

હવે દુષ્કૃતની નિંદા કરવા માટે કહે છે.

सरणमुवगओ अ एएसिं, गरहामि दुक्कडं ।।

આ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી અરિહંતાદિ ચારનું શરણ કર્યા પછી હું મારા દુષ્કૃતોની નિંદા કરું છું.

તે દુષ્કૃતો કયા છે તે વાત કહે છે—

जं णं अरहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा उवज्झाएसु वा साहुसु वा साहुणीसु वा अन्नेसु वा धम्मट्ठाणेसु वा माणणिज्जेसु पूअणिज्जेसु, तहा माईसु वा

पिईसु वा बंधूसु वा मित्तेसु वा उवयारिसु वा, ओहेण वा जीवेसु मग्गट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्ग साहणेसु, जं किंचि वितहमायरिअं अणा-यरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेण वा वायाए वा काएण वा कयं वा कारावि अं वा अणुमोइअं वा, रागेण वा दोसेण वा मोहेण वा, इत्थ वा जम्मे जम्मंतरेसु वा, गरिहिअमेअं दुक्कडमेअं उज्झिअव्वमेअं विआणिअं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ एवमेअं ति रोइअं सद्धाए, अरिहंतसिद्ध समक्खं गरहामि अहमिणं दुक्कडमेअं उज्झिअव्वमेअं । इत्थ मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं ।।

શ્રી અરિહંત પરમાત્માઓ, શ્રી સિધ્ધપરમાત્માઓ, શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાય ભગવંતો, શ્રી સાધુ ભગવંતો, કે સાધ્વીજી ભગવંતો તથા અન્યોને વિષે ધર્મસ્થાનોને વિષે તથા સામાન્યથી અધિક ગુણવાળાને વિષે માનનીય અને પૂજનીયોને વિષે તથા માતા, પિતા, બંધુ, મિત્ર, ઉપકારીઓને વિષે, સામાન્યથી સમ્યગ્દર્શનાદિ માર્ગમાં રહેલા જીવોને વિષે કે માર્ગમાં નહિ રહેલા જીવોને વિષે, માર્ગને સાધનાર પુસ્તકાદિને વિષે તથા માર્ગને નહિ સાધનારા અક્ષ્યાદિને વિષે; જે કાંઇ શરીર વડે નહિ આચરવા લાયક અને મન વડે નહિ ઇચ્છવા લાયક એવું સૂક્ષ્મ કે બાદર પાપાનુબંધી પાપ મેં વિપરીતપણે આચર્યું હોય, તે પણ મનથી, વચનથી કે કાયાથી, મેં પોતે કર્યું હોય, બીજા પાસે કરાવ્યું હોય કે જે કોઇ કરતા હોય તેને સારા માની અનુમોદ્યું હોય; તે પણ રાગથી, દ્વેષથી કે મોહથી આ જન્મમાં કર્યું હોય કે અતીત જન્માંતરોમાં કર્યું હોય તે સઘળું ય પાપ ગર્હિત છે, સધ્ધર્મથી રહિત હોવાથી દુષ્કૃત છે અને એકાંતે હેય કોટિનું હોવાથી ત્યાજ્ય કરવા લાયક જ છે એવું મેં કલ્યાણમિત્ર એવા શ્રી ગુરુભગવંતોના વચનથી જાણ્યું છે. અને 'આ એમ જ છે' એ પ્રમાણે શ્રધ્ધાથી મને રૂચ્યું છે. તેથી જ શ્રી અરિહંત પરમાત્મા અને શ્રી સિદ્ધપરમાત્માની તેમજ ઉપલક્ષણથી આત્મ સાક્ષીએ પણ આ ત્યાજ્ય કરવા લાયક સર્વ દુષ્કૃતને હું ગર્હું છું, નિંદું છું અને આ સંબંધમાં મારું તે પાપ મિથ્યા થાઓ...મિથ્યા થાઓ...મિથ્યા થાઓ...એમ ત્રણ વાર માફી માગું છું.

(ક્રમશઃ)

卐

卐 જિજ્ઞાસા અને તૃપ્તિ 卐

જિ૦ પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ મ એ 'ધાર્મિક વહીવટ વિચાર' નામના પોતાના અગાઉ પ્રગટ કરેલા પુસ્તકની પરિમાર્જિત બીજી આવૃત્તિમાં ૮ મા સવાલના જવાબમાં (પૃ. ૬૪-૬૫) લખ્યું છે કે—

'સ્વપ્નદ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં જાય અને તેનો ઉપયોગ કેસર, સુખડ, પૂજારીનો પગાર વગેરે દેરાસર સંબંધી સર્વ કાર્યોમાં થાય એટલે તે શ્રી જિનભક્તિ સાધારણનું દ્રવ્ય ગણાય.'

પોતાના ઉપરોક્ત વિધાનના સમર્થનમાં તેમણે ત્રણ આધારો આપ્યા છે.

'(૧) વિ. સં. ૨૦૪૪ ના સંમેલનીય ગીતાર્થ જૈનાચાર્યોનો સર્વાનુમતે અભિપ્રાય.

(૨) શ્રી હરિભદ્ર સૂરિ મહારાજ રચિત સંબોધ પ્રકરણની કલ્પિત દેવદ્રવ્ય અંગેની ગાથા.

(૩) બે મહાગીતાર્થ જૈનાચાર્યો પૂ. પાદ શ્રીમદ્સાગરાનંદસૂરીશ્વરજી મ.સા. તથા તરણતારણહાર ગુરૂદેવ પૂ. પાદ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના લખાણ.'

આ પ્રમાણે તેમણે રજુ કરેલા ત્રણ ત્રણ આધારોથી 'સ્વપ્નદ્રવ્ય એ શ્રી જિનભક્તિ સાધારણનું દ્રવ્ય છે' એ વાત માન્ય થઈ શકે ખરી ?

તૃષ્ટિ—ના, એ વાત કદાપિ માન્ય થઈ શકે તેવી નથી અને એ કથિત સંમેલન પછીના આજ સુધીના છ વર્ષના ગાળામાં પ્રાયઃ કોઈ પણ સંઘોએ એ માન્યતા સ્વીકારી નથી. હવે આપણે તેમણે આપેલા ત્રણ આધારોમાં કેટલું વજુદ છે તેનો વિગતથી વિચાર કરીએ...

(૧) પ્રસ્તુત વિ. સં. ૨૦૪૪ નું સંમેલન એ કોઇ વિધિ પૂર્વકનું સંમેલન ન હતું.

૦ એક પૂ. આચાર્ય ભગવંતે પત્ર લખીને બોલાવેલા, તેમજ રૂબરૂમાં નિમંત્રિત કરેલા કેટલાક આચાર્યાદિ મુનિવરોનું એ મિલન હતું.

૦ આ મિલનમાં હાજર રહેલાની દબાણ પૂર્વક સહીઓ લેવાનું નક્કી કર્યું ત્યારે એક આચાર્ય ભગવંતને એ મિલનમાંથી નીકળી જવું પડયું. જે રહ્યા તેમાંના અમુકને અનિચ્છાએ દબાણને વશ થઈને સહી આપવી પડી અને અમુકે શરમે ભરમે સહી તો આપી પણ પાછી થોડા સમયમાં જ એ નિર્ણયો પોતાને માન્ય નથી એવા પ્રકારની જાહેરાત કરી. બાકી રહ્યા તેમાંથી મોટા ભાગના તો એ ઠરાવો અંગે આજે પણ ઉદાસીન અને મૌન છે અને તેમાંથી પણ કેટલાક તો આજે પણ તેને ઉચિત માનતા નથી. એટલું જ નહિ, પણ આજ સુધી જે મુજબ શાસ્ત્રાપેક્ષ પરંપરાનુસારી વહીવટ ચાલતો હતો તેમજ કરવાનું પણ જણાવતા હોય છે, ફકત તે વખતે એ તથાકથિત સંમેલનના સુકાની બનેલા પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. અને પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ ના સમુ-

દયનો કેટલોક વર્ગ અદ્યાપિ સંઘના મોટા ભાગને અમાન્ય રહેલા તે ઠરાવોને અમલી બનાવવા માટે પ્રયત્નશીલ રહ્યો છે. આવી સ્થિતિમાં એ સંમેલનીય આચાર્યોના સર્વાનુમત અભિપ્રાય છે, એમ શી રીતે માની-મનાવી શકાય, આવી સ્થિતિમાં એ અભિપ્રાયનું મૂલ્ય કેટલું ! એ સ્વયં વિચારી લેવું.

૦ વિ સં. ૨૦૪૪ના એ કહેવાતા સંમેલન અગાઉના વિ. સં. ૧૯૯૦ અને વિ. સં. ૨૦૧૪ ના વિધિ પૂર્વકના સંમેલનોના સર્વમાન્ય નિર્ણયોમાં સ્વપ્નદ્રવ્યને જીર્ણોદ્ધાર અને નુતન જિનમંદિર નિર્માણ આદિમાં લઇ જવા યોગ્ય દેવદ્રવ્ય તરીકે જ ઠરાવવામાં આવેલું છે, જેનો ઉલ્લેખ શ્રી જૈન શ્વે. મૂ રાજનગર સંઘ વતી શ્રી કસ્તુરભાઇ મણિભાઇ નગરશેઠ દ્વારા પ્રકાશિત વિ. સં: ૧૯૯૦ માં અ. ભા. શ્રી જૈન શ્વે. મુનિ સંમેલને કરેલા નિર્ણયોની પુસ્તિકામાં તેમજ સ્વ. પૂ ઉ. શ્રી ધર્મસાગરજી મ.એ તથા સ્વ. પૂ આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ એ ધર્મદ્રવ્ય વ્યવસ્થા, અંગેની પોતે વર્ષો પહેલાં બહાર પાડેલી પુસ્તિકાઓમાં વિગતથી કર્યો છે અને તેના આધારે જ લગભગ દરેક સંઘોમાં આજે વહીવટ ચાલી રહ્યો છે. પ્રસ્તુત વિ. સં. ૧૯૯૦ અને ૨૦૧૪ ના બંને સંમેલનોમાં વર્તમાન સઘળા શ્રમણ સમુદાયોના વડિલ પૂજ્યો ઉપસ્થિત હતા અને જેઓ સંયોગવશાત ઉપસ્થિત રહી શકયા ન હતા તેમની પાછળથી પત્રો દ્વારા સંમતિ મેળવી લેવામાં આવી હતી. આથી તે નિર્ણયો સાચા અર્થમાં સર્વસંમત હતા.

(૨) સંબોધ પ્રકરણનો કલ્પિત દ્રવ્ય અંગેનો શ્લોક અને તેની વ્યાખ્યા પૂ. પંન્યાસજી મ.એ પોતે પ્રસ્તુત પુસ્તકના પૃ. ૧૬૧ પર દર્શાવી છે તે નીચે મુજબ છે.

'रिद्धिजुअ सम्मएहिं,
सद्धेहि अहव अण्णा चेव
जिणभत्तिइ निमित्तं,
जं चरिएं सव्वमुवओगि'

અર્થ : 'ધનવાન શ્રાવકોએ અથવા સંઘ માન્ય શ્રાવકોએ કે જેણે સ્વદ્રવ્યથી જિનાલય બંધાવ્યું છે તે શ્રાવકોએ જિનભક્તિનો નિર્વાહ થાય તે માટે કલ્પીને કોઇ (સ્થાયી ફંડ) રૂપે જે રકમ મુકી હોય તે કલ્પિત (ચરિત) દેવદ્રવ્ય કહેવાય છે. આ કલ્પિત દેવદ્રવ્ય, દેરાસરજી અંગેના કોઇ પણ (સર્વ) કાર્યોમાં ઉપયોગી બની શકે છે.'

આમ છતાં ધનવાન શ્રાવકોએ મંદિરના નિર્વાહ માટે જ અર્પણ કરેલા કલ્પિત દ્રવ્યમાં સુપનાદિની બોલીના દેવદ્રવ્યને પંન્યાસજી મહારાજે જોડી દીધું છે અને તેઓ તેને કોઇ રીતે ઉચિત સિધ્ધ કરી શકયા નથી. પૂર્વના બંને સંમેલનોમાં સઘળા વડિલ પૂજ્યોએ સ્વપ્નાદિની બોલીના દ્રવ્યને શ્રી જિનભક્તિ સાધારણમાં ગણાવવાનો કે લઇ જવાનો કયારેય વિચાર સુધ્ધાં કર્યો નથી; આમ છતાં એ બધાની ઉપરવટ થઇને પણ આવું સાહસ કરવાનું તેમને જચ્યું તેમાં તેમની શાસ્ત્ર સાપેક્ષતા કયાં રહી ?

(૩) પોતાના મતિકલ્પિત નિર્ણયોને સાચા ઠરાવવા માટે જે બે આચાર્ય ભગવંતોના લખાણોનો હવાલો તેઓ આપી રહ્યા છે, તે બંનેય આચાર્ય ભગવંતોના માન્યતાઓનો સંપૂર્ણ અનાદર કરીને એ કહેવાતા સંમેલને તિથિ અંગેનો ૨૨ મો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યા પછી હવે સંમેલનને એ બે આચાર્ય ભગવંતોના નામે વાત કરવાનો અધિકાર રહ્યો છે ખરો ? તેમ છતાં પં. મ.એ એમના નામે આ વાત કરી છે તો તે લખાણો અંગે પણ વિચારી લઇએ. પૂ. સાગરજી મ.ના લખાણમાં સુપનની બોલીના દ્રવ્ય અંગે કોઇ સ્પષ્ટ વાત નથી. જ્યારે સ્વ. પૂ પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ આ વિષયમાં મધ્યસ્થ સંઘને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય નહિ દર્શાવતા, 'અન્ય પૂ ગીતાર્થ આચાર્ય ભગવંતોના અભિપ્રાયો મંગાવ્યા સિવાય કોઇ પણ પગલું નહિ ભરવાની સલાહ આપી છે.' વધુમાં પોતે તથા પોતાની શિષ્ય પરંપરા શાસ્ત્ર વિરુદ્ધ પગલું ભરી દુર્ગતિના ભાજન ન બને તે માટે પોતાના ગીતાર્થ શિષ્ય પ્રશિષ્યોના પણ આ વિષે અભિપ્રાયો મંગાવ્યા હતા, જે પ્રસ્તુત પુસ્તકના પરિશિષ્ટમાં પ્રગટ કરેલા પત્રોથી જણાય છે.

જોકે આ પુસ્તકમાં પણ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ જેના જેના અભિપ્રાયો મંગાવ્યા અને જેના અભિપ્રાયે આવ્યા તે બધા પ્રકાશિત ન કરતાં માત્ર પોતે કરેલા નિર્ણયને અનુકુળ લાગે તેવા પત્રો જ પ્રકાશિત કર્યા છે.

વધુમાં પંન્યાસજી મ.એ પ્રગટ કરેલા પૂ. તારણતારણહાર ગુરૂદેવશ્રીના પ્રસ્તુત પત્ર અંગે વિશેષ માહિતી મેળવતાં જાણવા મળે છે કે-તિથિ કે તારીખ વગરનો પૂ. ગુરૂદેવશ્રીજીનો આ પત્ર એ પત્ર નહિ પણ કાચો ખરડો હતો જે વાસ્તવમાં મધ્યસ્થ સંઘને મોકલાયો જ નથી. પૂજ્યશ્રી તેમાં હજી સુધારા વધારા કરાવવા ઇચ્છતા હતા જ તેઓશ્રીના તે વખતે પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂરિ. મ. પર લખેલા વૈ. વદ ૮ ના પત્રથી સ્પષ્ટ જાણવા મળે છે. આ પત્રમાં તેઓશ્રીએ પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ.ને જણાવ્યું છે કે-

'જે મધ્યસ્થ સંઘને લખવા ધારેલો ઉત્તર, તેના પરના સુધારા વધારાનો તમારો પત્ર મલ્યો હતો. પણ મધ્યસ્થ સંઘે હાલ એ પ્રશ્ન મુલતવી રાખ્યો, કેમકે પેઢીએ એ પ્રશ્ન માથે લઇ લીધો છે. તેથી હવે એ ઉત્તરની વિશેષતા ન ગણાય, છતાં એમાં સુધારા કરીને એ ઉત્તર એમને આપીશું.'

આ પત્રમાં પ. પૂ. ગુરૂદેવશ્રી વતી પૂ. ભાનુવિજયજી (પૂ. સ્વ. શ્રી જ્ઞાનભાનુ સૂ. મ.)ની સહી છે. આમ જેમાં હજી તો સુધારા કરવાના બાકી છે અને પત્રરૂપે મધ્યસ્થ સંઘને મોકલાયો જ નથી તેવા અનેક સુધારા-વધારાની આવશ્યકતાવાળા એક કાચા ખરડાનો પૂ. પંન્યાસજીએ પોતાના અશાસ્ત્રીય મંતવ્યની પુષ્ટિ માટે પત્ર તરીકે ઉપયોગ કરી લીધો છે, તે જાણીબુઝીને કર્યો છે કે અજાણપણે કર્યો છે તે તો જ્ઞાની

જાણે; પરંતુ આવી બાબતમાં જરા પણ ચોકસાઇ રખવામાં આવી નથી તે હકીકત આથી પૂરવાર થાય છે. આમ છતાં આ જાણ્યા પછી પણ તેઓ સુધારો કરીને પોતાની વૈચારિક સરળતાનો દાખલો બેસાડશે તો તેમણે જાણી બુઝીને પત્રનો ખોટો ઉપયોગ કર્યો છે, એવું કોઇને પણ કહેવાનો અવકાશ નહિ રહે. પછી તો–

તત્કાલીન અન્ય ગીતાર્થોના અભિપ્રાયો જુદા આવવાથી મધ્યસ્થ સંઘે તેમજ મહાગીતાર્થ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. એ પ્રસ્તુત ઠરાવની વાતને કાયમ માટે પડતી મૂકી હતી, તેમ તે પ્રસંગ પછીનો ઇતિહાસ બોલે છે. આમ છતાં આટલા વર્ષો બાદ હવે પૂ. પંન્યાસજી મ. તે પૂજ્યશ્રીના આવા પ્રકારના કાચા ખરડારૂપ લખાણનો આધાર લઇ પોતાના અશાસ્ત્રીય મંતવ્યને પુષ્ટ કરવાના પ્રયત્નો કરે છે તે તરણું લઇને તરવા જેવું છે.

–પૂ પં. મહારાજે પોતાના મનઃકલ્પિત મંતવ્યની પુષ્ટિ માટે રજુ કરેલા ગ્રંથો આધારો કેટલા વજુદ વિનાના છે તે આથી સમજી શકાય છે. (ક્રમશઃ)

[જિનવાણી તા. ૩૦-૪-૬૫]

:: સુઘોષા ::–

કાર્યાલયનું ઉદ્‌ઘાટન અમદાવાદ શેખનો પાડો, ઝવેરી વાડ સામે, રીલીફ રોડ, અમદાવાદ–૧ તા. ૫–૬–૬૫ ના થયેલ છે.

શાસન સમાચાર

માલેગામ કેમ્પ વિસ્તારમાં ઉજવાયેલ અતિ ભવ્યાતિભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

પ. પૂ. આ. દેવશ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી માલેગામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ આયોજન કરી આ મહોત્સવ સુંદર રીતે પાર પાડેલ છે.

કેમ્પ વિસ્તારમાં માત્ર પાંચ ઘર હોઇ જૈન સંઘ તિલક રોડે ખુબ ઉદ્ધારતા વાપરી ધંધો રોજગાર ભુલી વર્ધમાનનગરની અંદર પંચ કલ્યાણક મહોત્સવ ઉજવેલ.

માલેગામ કેમ્પ વિસ્તારમાં દેરાસર બને તે માટે સ્થાનકવાસી તેમજ અન્ય ભાવિકો જંખતા હતા. તેઓ બધા દર્શન વંદન પૂજન કરી શકે તે માટે આ દેરાસર નિર્માણ કર્યું છે. જૈન સંઘ તિલક રોડની ભાવના અનુમોદનીય છે. પાંચ વિધિકારોએ વિધિ કરાવી હતી.

મહોત્સવ દરમ્યાન રોજ પંદરસો ભાઇ–બેનોની ઠંડકથી ભક્તિ કરવામાં આવતી હતી આ ભક્તિનો લાભ જુદા જુદા ભાવિકો તરફથી લેવાયેલ હતો.

દીક્ષા કલ્યાણકનો વરઘોડો ભવ્ય નીકળ્યો હતો. ચાર કલાક વરઘોડો ફર્યો. કોઇને જરાય તકલીફ ન પડી. દીક્ષાર્થી પ્રેમકુમારે વર્ષીદાન કર્યું હતું. કેમ્પમાં વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ વિ. થઇ હતી.

પ્રતિષ્ઠા સમયે વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ

થઇ હતી.

આજુબાજુના ઘરોમાં લાડવા મોકલવામાં આવ્યા હતા. કેરીનો રસ આદિની ઇત્તર સહુ જનની સેંકડોની સંખ્યામાં ભક્તિ થઇ હતી.

મહારાષ્ટ્રમાં જૈન કેમ્પમાં વિહરમાન વીશ મંગળ મૂર્તિની શ્યામલવાળું દેરાસર પ્રથમ છે. આ દેરાસર ભાવિમાં તીર્થ સ્વરૂપ બની રહેશે. આજે અનેક જનો જિનેશ્વર દર્શન પૂજન કરી પાવન બની રહ્યા છે. આ દેરાસર પાંચ મહિનામાં સુંદર આરસ મય બન્યું તે એક આશ્ચર્ય છે. આ માટે મુ.શ્રી હસમુખભાઇની ખુબ મહેનત અનુમોદનીય બની છે.

પ્રતિષ્ઠાના દિવસે પૂજ્યશ્રીની પાવનકારી પ્રેરણાથી અમદાવાદ રખીયાલથી આવેલ ૫૦૦ વર્ષ જુની ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠા ખીરવીરા ગામમાં સાધ્વી હંસકીર્તિશ્રીજી મ.ની નિશ્રામાં ચલ પ્રતિષ્ઠા નીકળેલ.

માણેગાંવ વૈ. વદ બીજી અગ્યારસના ગામના મોટા દેરાસરમાં મંગળ મૂર્તિની સ્થાપના તથા ડો. રાજેન્દ્રભાઇને ત્યાં દેરાસરની સ્થાપના થઇ છે. આરસના ભવ્ય પ્રતિમા બિરાજમાન થયા છે.

અંજન તેમજ પ્રતિષ્ઠાના ચઢાવા કલ્પનાતીત થયા છે.

મહોત્સવમાં દરરોજ સાડા બાર હજાર નમો જિણાણંજીઅ ભવ્યણું જાપ સાથે આંબિલ થતા હતા. આંબિલ કરનારની ભારે ચાંદીની વાટકી તેમજ સાંકળી અઠ્ઠમ કરનારને ૩૫૧ રૂપિયાથી બહુમાન થયેલ હતું. અંજન. શલાકાનો મહોત્સવના ખર્ચને પહોંચી વળવા મુશીબત હતું ત્યાં તેમાં પૈસાનો વધારો રહ્યો છે.

પાલીતાણા–અત્રે શ્રી મહારાષ્ટ્ર ભવન ધર્મશાળાના જૈન મંદિરમાં શ્રી પાર્શ્વનાથ સ્વામી આદિ જિનબિંબો તથા પુંડરિક સ્વામી શ્રી ગૌતમ સ્વામીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. સૂ. મ., પૂ. આ. શ્રી વિજય મહાબલ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત સૂ.મ., પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂ. મ. આદિની પુનિત નિશ્રામાં થઇ. આ પ્રસંગે જેઠ સુદ ૬ થી ૧૦ શાંતિસ્નાત્ર આદિ પંચ્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

સુરત–અઠવા લાઇન્સમાં તપસ્વી પૂ. પં. શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરની બીજી સ્વર્ગતિથિ નિમિત્તે જેઠ સુદ ૧૦ થી ૧૪ પંચ્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત પૂ પં શ્રી ગુણશીલવિજયજી મ.ની નિશ્રામાં ઉજવાયો. જેઠ સુદ ૧૪ ના સ્વ. પં. મ.નો કલ્યાણ માસિકનું સ્મૃતિ વિશેષાંક વિમોચન થયું હતું.


અમદાવાદ–પરમ પૂજ્ય આરાધ્યપાદ કર્મગ્રંથ નિષ્ણાત આચાર્ય ભગવંત પ્રેમસૂરીશ્વરજી મ. ની ૨૭મી સ્વર્ગારોહણતિથિ નિમિતે સવારે ૯ વાગે દાનસૂરીશ્વર જ્ઞાન મંદિરમાં ગુણાનુવાદ આ. ભગવંત વિ. સુદર્શનસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં થયેલ. પ્રવચનમાં પૂ શ્રીએ તેમના જીવનની પરમ ઉત્કૃષ્ટ આરાધનાનું વર્ણન કરેલ વ્યાખ્યાનમાં બે–બે રૂપિયાનું સંઘપૂજન તથા ગુરૂપૂજન થયેલ. મનસુખભાઇનું પોળના નેમિનાથના દેરાસરમાં આંગી થયેલ. પૂજા ભણાવાયેલ પ્રભાવના થયેલ.

મુરબાડ (મહારાષ્ટ્ર) પ. પૂ. આ. ભ. વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના ૮૬માં શિષ્ય પ. પૂ. મોક્ષરતિ વિ.મ. તથા પૂ. સા. શ્રી પૂર્ણયશા શ્રીજી મ. ના સંયમ જીવનનાં તેરમા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે વૈ. વ.-૫ ને શુક્રવાર તા. ૧૬ ૫-૯૫ ના રોજ તેમનાં સંસારિક પિતાશ્રી જયંતિલાલ કુંવરજી મહેતા પરિવાર(મુલુંડ) તરફથી ગુરૂપૂજન તથા સંઘ પૂજન રૂા. ૨૧)નું તથા મુરબાડ નગરે સ્વામી વાત્સલ્ય કર્યું. તથા મુરબાડ સંઘ તરફથી રૂા. ૧૫) નું સંઘ પૂજન એમ કુલ્લે રૂા. ૩૬) નું સંઘ પૂજન થયું તથા ગુરૂપૂજનની ઉછામણીનો ચડાવો મુરબાડ નિવાસી શેઠશ્રી નવીનભાઇ મોહનભાઇ પરિવારે રૂા. ૨૧,૫૦૧) માં લીધો તથા નવે અંગે ગીનીથી પૂજન કર્યું, તથા કામળી ઓરાવાનો ચડાવો રૂા. ૫૦૦૧) માં મુલુંડ નિવાસી શેઠશ્રી પ્રવિણભાઇ રતીલાલ શાહે લીધો.

મુલુંડ મુંબઇ- અત્રે અવેર રોડ શાહ અમીચંદ ગોરધનદાસ શાહ કુંભણવાળા પરિવાર તરફથી સ્વ. શાહ કાંતિલાલ અમીચંદ શાહના આત્મ કલ્યાણ અર્થે વૈશાખ વદ ૧૧ શુક્રવાર ના, ૨૬-૫-૯૫ ના સવારે શ્રી સિદ્ધચક્ર મહા પૂજન ઠાઠથી ભણાયું. આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ પધાર્યા હતા.

વદ ૧૩ના શાહ રાયશી રુપાભાઇ ડબાસંગવાળા હ: નેમચંદભાઇ તરફથી શ્રી સિદ્ધચક્ર મહા પૂજન ઠાઠથી ભણાયું પૂ. આ. શ્રી વીરશેખર સૂ. મ. આદિ પણ પધાર્યા હતા. જીવદયાની ટીપ સારી થઇ આમંત્રિતોની ભક્તિ થઇ બંને પૂજનમાં સુશ્રાવક પાનાચંદભાઇ પૂજન ભણાવવા પધાર્યા હતા તથા સંગીતકાર શ્રી મનુભાઇ એ રસ જમાવ્યો હતો.

ગોંડલ-અત્રે પ. પૂ. ઉ. પુન્યોદય સાગરજી મ. ની નિશ્રામાં ડોળીયા તીર્થ મુકામે પૂ. પાદ ગચ્છાધિપતિ આચાર્ય ભ. શ્રીમદ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. હાલાર કેસરી આચાર્યદેવશ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના હસ્તે વિધિ સહીત ભરાવેલા ૨૩ ઇંચના શ્રી મુનીસુવ્રત સ્વામીની અંજન શલાકા થયેલ તે પ્રતિમાજી ભાણવડ નીવાસી હાલ રાજકોટવાળા શાહ નવલચંદ મોતીચંદ પરિવાર તરફથી તે પ્રતિમાજીની પ્રતિષ્ઠા ગોંડલ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી પ્રાસાદે વૈશાખ વદ-૫ ના ખૂબ જ ઉમંગ ઉત્સાહ પૂર્વક થયેલ સવારે પ્રભુ પ્રવેશ તથા જલ યાત્રાનો વરઘોડો નીકળેલ શુભ મુહુર્ત પ્રતિષ્ઠા થયેલ બપોરે વિજય મુહુર્તે શ્રી બ્રહદ અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સુંદર થયેલ બે ટાઇમ સંઘ જમણ પણ થયેલ. વિવિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહના મંડળીએ સુંદર રીતે કરાવેલ સંગીતમા રાજકોટના અનંતકુમાર નગીનદાસે સારી જમાવટ કરી હતી આ નિમિતે તેમના તરફથી સારી દાનની જાહેરાત થઇ હતી મુંબઇ, રાજકોટ, ભાણવડ, જામનગર, હૈદ્રાબાદથી ભાવિકો સારી સંખ્યામાં પધારેલા.



ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[ક્રમાંક-૨]

પ્ર૦ લેખકશ્રી તો સ્પષ્ટ લખે છે કે 'સમય જતાં નિર્વાહ માટેનું ફંડ ભક્તો પાસેથી મેળવવામાં મુશ્કેલી થઇ ત્યારે નિર્વાહ કરવાની કલ્પનાથી બોલી ચડાવાની પદ્ધતિ શરૂ કરાઇ. એ દ્વારા મળતી રકમ તે કલ્પિત દેવદ્રવ્ય ગણાઇ. સ્વપ્નાદિની 'આ બોલીમાં સ્પર્ધા થતી' (પૃ ૧૭૬) આ માન્યતા મુજબ કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવામાં શું વાંધો છે ?

ઉ૦ જિનાલયોના નિર્વાહ કરવાની કલ્પનાથી સ્વપ્નાદિની બોલી ચડાવાની શરૂઆત થઇ એવી લેખકશ્રીની માન્યતાને કોઇ આધાર છે ? આવી કલ્પનાથી, કઇ સાલથી, કયા મહાપુરૂષે બોલી ચડાવાની શરૂઆત કરી. તેના પુરાવાઓ સંભેલનના શ્રમણો કે આ લેખકશ્રીએ આપવા જોઇએ. બાકી એવા કોઇ આધાર-પુરાવા વિના, પોતાની કલ્પનાને સૈકાઓ જુની કલ્પના તરીકે રજુ કરવામાં છેતરપીંડીથી વિશેષ શું હોય ? આ લેખકશ્રી આદિની કલ્પનાથી સ્વપ્નાદિનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્ય બની જતું નથી. [ભૂતકાળમાં આવા જ એક કલ્પનાશીલ આચાર્યશ્રીએ 'શ્રુતની આરાધના સ્વરૂપ ઉપધાનની માળની બોલીને દ્રવ્યને વ્યાવહારિક જ્ઞાનના શિક્ષણોમાં વાપરવાનો આગ્રહ રાખ્યો હતો' પરંતુ તત્કાલીન ગીતાર્થ મહાપુરૂષોએ આ કલ્પનાનો સખત વિરોધ કરી તેને અમાન્ય રાખી હતી]

પ્ર૦ નિર્વાહના સંકલ્પથી થયેલી આ (સ્વપ્નાદિ) બોલી- ચડાવાની રકમ [જિન મંદિર અંગેના તમામ કાર્યોમાં] ઉપયોગી થાય છે. માટે તેને પૂજા દેવદ્રવ્યમાં લઇ જઇ શકાય નહિ....આથી જ બોલીની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં જ ગણવી પડે એમ લાગે છે. [પૃ-૧૭૭] લેખકશ્રીની આ વાત તો બરાબર છે ને ?

ઉ૦ ના, બિલકુલ બરાબર નથી. બોલીની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં ગણાતી જ નથી. આ તેમની કલ્પનાની પેદાશ છે. બોલીની રકમને અમે પૂજા દેવદ્રવ્યમ લઇ જવાનું માનતા જ નથી. છતાં લેખકશ્રીએ બોલીની રકમ પૂજા દેવદ્રવ્યમાં ન જાય તેની સિદ્ધિ કરવાની વ્યર્થ કસરત કરી છે. ખરેખર તો બોલીની રકમને સંબોધ પ્રકરણમાં બતાવેલ દેવદ્રવ્યના ત્રણ પ્રકારોમાં જ સમાવેશ કરવાના આગ્રહને કારણે તેમને આવી વ્યર્થ કસરતો કરવી પડે છે. વર્તમાનમાં દેવદ્રવ્ય તરીકે ગણાતા બધા દ્રવ્યને

સંબોધ પ્રકરણમાં બતાવેલ ત્રણ પ્રકારોમાં જ સમાવિષ્ટ કરવું જોઇએ. અને તે મુજબ એનો ઉપયોગ કરવો જોઇએ, એવો આગ્રહ કોઇ શાસ્ત્રકારોએ સેવ્યો નથી. આ લેખકશ્રી આદિને એવો આગ્રહ રાખવો હોય તો આપણે શું કરીશું?

પ્ર૦ સંમેલનીય ઠરાવમાં કરેલી વ્યાખ્યા અને આ લેખકશ્રીને કરેલી કલ્પિત દ્રવ્યની વ્યાખ્યામાં તમને તફાવત નથી લાગતો?

ઉ૦ સંમેલને તો આખાના શબ્દોને પકડયા વગર જ કલ્પિત દ્રવ્યનો અર્થ કર્યો છે. જ્યારે લેખકશ્રીએ આખાના શબ્દો પકડીને અર્થ કર્યો છે. એટલે બંન્નેના અર્થોમાં ભિન્નતા આવી છે. છતાં લેખકશ્રી ને સંમેલનની વફાદારી બતાવવાની હોવાથી 'વિશેષ વિચાર' કરતી વખતે લેખકશ્રી લપસી પડયા છે. સંમેલન અને લેખકશ્રી: બન્નેમાં કલ્પિતદ્રવ્યમાં સ્વપ્નાદિ બોલીઓની ભેળસેળ કરી હોવાથી એકેયની વ્યાખ્યા માનવા જેવી નથી અને એથી જ બન્નેના લખાણોમાં આવતા વિરોધોની પણ ચિંતા કરવાની જરૂર રહેતી નથી.

પ્ર૦ 'જેઓ સ્વદ્રવ્ય ખર્ચવાનું શકય ન હોય તેવા સ્થાનમાં પણ પૂજારીના પગારાદિનો નિષેધ કરે છે અને હોહા મચાવે છે, તેઓ શિલ્પી અને સલાટોની તિજોરીઓને છલકાવી આપતો દેવદ્રવ્ય માટે કેમ કદી અવાજ પણ કરતાં નથી?' (પૃ-૧૭૦) આનો જવાબ આપો.

ઉ૦ તમે જવાબ માંગો જ છો તો આપી દઉં છું: અશકત સ્થળોમાં દેવદ્રવ્ય-થી પૂજારી આદિ રાખીને પણ પ્રભુ પૂજા કરાવવી પણ પૂજા બંધ ન રાખવી. એવું તો વિ. સં. ૧૯૯૦ના સંમેલને ઠરાવેલું હોવાથી કોઇ એની સામે હોહા મચાવતું જ નથી. અમે પણ એનો વિરોધ કરતાં નથી. આ વિષયમાં લેખકશ્રી પોતે ફોગટ હોહા કરી રહ્યા છે શિલ્પી-સલાટોનો સવાલ ઉઠાવીને, સંમેલને ઠરાવેલાં દેવદ્રવ્યના ઉપયોગની સરખામણી સલાટોની તિજોરીઓ છલકાવી આપતાં દેવદ્રવ્યની સાથે કરીને લેખકશ્રીએ સુખદ આંચકો આપ્યો છે! હા, આ બન્ને સામે અમારો વિરોધ છે જ. લેખકશ્રીને અમારો વિરોધનો અવાજ ન સંભળાયો હોય તો હવે સાંભળી લે.

પ્ર૦ 'ઘણા વર્ષોથી કેટલેય ઠેકાણે સ્વપ્ન દ્રવ્યની આવક સંપૂર્ણ સાધારણમાં કે ૧૦ આની યા ૬ આની સાધારણમાં જતી હતી ત્યારે પણ એની સામે સોળે ય આની રકમ દેવદ્રવ્યમાં ચાલું રાખવાનું કાર્ય તે શ્રમણોએ કર્યું જ છે. નિરર્થક ભયો ઉભા કરીને સંમેલનના શ્રમણોને બદનામ કર-વાની વાત બિલકુલ ઇચ્છનીય ન ગણાય' (પૃ-૧૭૧) આ રજુઆત સાચી છે?

ઉ૦ આ રજુઆત સાચી હોતી હશે, ભલા માણસ. આ તો ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ છે. સ્વપ્નદ્રવ્યની આવક સંપૂર્ણ ૧૦ કે ૬ આની સાધારણમાં લઇ જવાની

પ્રથા કેટલેક ઠેકાણે હતી તેમાંથી મોટાભાગે દેરાસર સંબંધી ખર્ચ કરવામાં આવતો હતો. (જુઓ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે પૃ-૩૦) તે સિવાય સાધારણમાં વાપરવાની વાત જવલ્લેજ થતી હતી. આ પ્રથા સામે વિરોધ ઉઠાવનારા પૂજ્યોએ દેરાસર સંબંધી ખર્ચમાં કે તે સિવાયના સાધારણમાં વાપરવાની એમ બંનેને પ્રથાનો વિરોધ કર્યો હતો. અને સંપૂર્ણ દેવદ્રવ્યમાં જ સ્વપ્ન દ્રવ્ય જવું જોઇએ તેવું ઠોસ પ્રતિપાદન કર્યું હતું. (જુઓ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે પૃ-૧૦) વિ. સં. ૨૦૪૪ના સંમેલને દેરાસર સંબંધી ખર્ચ કરવા માટે ૬ કે ૧૦ આનાથી પણ આગળ વધીને સંપૂર્ણ રકમ દેવકા સાધારણમાં લઇ જવાનું કૃત્ય કર્યું છે. આની સામે જ અમે વિરોધ કરી રહ્યા છે અને સંપૂર્ણ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્યમાં લઇ જવા પૂર્વક દેવકા સાધારણ તરીકે તેનો ખર્ચ ન જ કરવાની વાત કરીએ છીએ. હવે તમે જ સમજી શકશો કે સંમેલનવાળાને અમે બદનામ કરીએ છીએ કે સંમેલનવાળા અમને નાહક બદનામ કરી રહ્યા છે !

પ્ર૦ 'સંમેલનના શ્રમણોની નજરે ટુંક સમયમાં પૂજારીઓના પગાર ત્રણ હજાર સુધી પહોંચી જશે તેવું દેખાઇ રહ્યું છે આ પગારને પહોંચી વળવાની તાકાત જ્યારે બધી રીતે માતબર અને ધનવાન સંઘો પાસે હોવા છતાં શુદ્ધ સાધારણ ખાતે તેટલી મોટી રકમોનાં ફંડ તેઓ નહિ કરે ત્યારે તેઓ પુજા (અક્ષાન) સ્વરૂપ દેવદ્રવ્ય-માંથી જ તે મોટા પગારો ચૂકવશે આ બાબત ખૂબ અનુચિત ગણાશે' (પૃ-૧૭૨) આમાં તેમને શું લાગે છે ?

૭૦ સંમેલનના ઝંડાધારીઓને પૂજા (આક્ષાન) સ્વરૂપ દેવદ્રવ્યમાંથી પૂજારીઓના પણ પગાર ચૂકવાય તે બાબત ખૂબ અનુચિત લાગે છે પરંતુ દેવદ્રવ્ય સ્વરૂપ બોલી ના દ્રવ્યને ઠેકડું સાધારણનું લેબલ લગાવીને તેમાંથી પૂજારીઓના પગાર આદિનો ખર્ચ કરવાનું જરા પણ અનુચિત નથી. લાગતું એ આશ્ચર્યની વાત છે. દૂર સુધી નજર નાંખી શકનારા આ ઝંડાધારીઓ પગ નીચેનું જોઇ શકતા નથી.

(ક્રમશઃ)

સ્વીકાર સમાલોચના

સમાધાન–આલેખક– પૂ. આ. શ્રી વિજય ભદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. પ્ર. શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ કંપોઝનગર પાસે મહેસાણા (ઉ. ગુ.) ડેમી ૧૬ પેજી ૨૬૪ પેજ મૂલ્ય રૂા. ૩૦

ચેતનને ઉદ્દેશીને લખાયેલા ૬૩ પત્રો નો સંગ્રહ છે આ પત્રોમાં કર્મનું તત્વજ્ઞાન સમજાવ્યું છે. રોજ બરોજના જીવનમાં બનતા પ્રસંગો સાથે જીવનને સુધારવાના ઉપદેશો આપેલા છે. કર્મ તત્વજ્ઞાનને સમજવા માટે આ પત્રો ઉપયોગી છે.

'ધાર્મિક વહીવટ વિચાર' પારાયણ

અધ્યાય—૧ —ઠોઠ નિશાળિયો

('ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરીને પં. શ્રી ચંદ્રશેખરવિજયજીએ જૈન સંઘની શાંતિમાં ખલેલ પહોંચાડી છે. પોતાને 'શાંતિદૂત' એકતાના ફિરશ્તા' માનનારા આપણા તે રજવાડી બાપુના આનંદને આલેખવામાં આવ્યો છે. આવો ભાયુઓ આપણે પણ તે આનંદને માનીએ.)

બાપુના દરબાર ભરાયો છે–ડાયરો જામ્યો છે. હાજી હા...કરનારા ઠાકોરો બાપુને લળી લળી સલામ ભરે છે અને યથા સ્થાને પોતાનું સ્થાન શોભાવે છે ડાયરામાં હો... હા...તાબેદારો ગોકીરો મચ્યો છે. ચારે બાજુથી બાપુને વધામણીઓ મલી રહી છે અને બધા બાપુને પોરસ ચઢાવી રહ્યા છે. આપણા બાપુ પોતાની જાતને ખરેખર મહાન 'શાંતિદૂત' 'એકતાનાં ફિરશ્તો' માની ભાવિના પગલા વિચારી તન્દ્રામાં ડુબી ગયા છે (માત્ર ડોળ કરે છે).

'બાપુ! આપે તો ગજબ કર્યો! ભલભલા વિરોધીઓની ઊંઘ ઉડાડી દીધી. ખરેખર બાપુ આપની માએ જ સવાશેર સુંઠ ખાધી છે કે આપને જવાબ આપવા કોઇ માડી જાયો તૈયાર થતો નથી. બાપુ આપે તો આપની એવી 'માયાજાળ' ફેલાવી છે કે વિરોધ પક્ષના નેતાઓ પણ–સલાહકારો પણ આપનું જ ગાણું ગાતા હોય આપને જ સહાયક થતા હોય તેમ આપની પહેલી આવૃત્તિમાં કોઇને જવાબ આપવાની તસ્દી જ લેવા દીધી ન હતી.

પણ આપના નામથી શરૂઆત થાય તેવો કોઇ એક કોણ 'ચન્દ્ર...' નામ યાદ નથી આવતું. તે થોડો ઊંચો–નીચો થતો પણ તેને ય દબાવી દીધો. તેને ય એક ચોપાનીયું પાડવા દઈ રાજી કર્યો પણ આપની આગળ તે બધાનું કાંઇ ચાલ્યું નહિ. 'ગેહેનર્દિન'ના જેમ બધા આપોઆપ શાંત થઈ ગયા. શું બાપુ આપની યોજના હતી! શું મુત્સદ્દિગિરિ હતી! બાપુ મને તો લાગે છે કે દિલ્હીનો દરબાર હવે આપ જ શોભાવશો અને લાલ કિલ્લાનો તાજ પણ આપના મસ્તકે જ શોભશે!

આપણા લોકલાડિલા બાપુ! ચારે બાજુથી આપણા જ વિજયના વાજાના અવાજો આવી રહ્યા છે. ગોબેલ્સને ય ભૂલાવે તેવું આપણું પ્રચાર તંત્ર એવું છે કે ઠેરઠેર સૌ આપના બાપુનું જ ગાણું ગાય છે! સવાર પડે અને આપણા બાપુના નવા ફતવાની રાહ જુએ છે. બાપુએ તો કમાલ કરી... ખરેખર બાપુ તો સવાઇ (!) હીરલા પાકયા! જે વાત બાપુના પૂર્વજોની બુદ્ધિમાં ય નહિ આવી તે આપણા બાપુના ભેજાએ શોધી કાઢી. ખરેખર બાપુ આપે તો સાતે પેઢીને તારી દીધી. ધન્ય છે બાપુ આપની માવડીને! સ્વર્ગના પિતૃ દેવો પણ બાપુની આ શોધથી આશ્ચર્ય પામ્યા છે કે આપણા ગગા... એ તો કમાલ કરી... કમાલ...! બાપુએ એવી જડબેસલાક શોધ આપણને કરી આપી કે આપણા પૈસાનો જરા ય વ્યય નહિ અને આપણને મોટા ધર્માત્માનો 'ઈલ્કાબ' 'મફત'માં મલી જાય! આવા આપણા બાપુ હવે બીજી આવી શોધ કરે તેની આપણે રાહ જોઇએ જેથી એક કામ કરવું પડે નહિ અને મફતના કોળીયા મલી જાય.' આવા પોરસાઇ 'વીરરસ'ના વચનોથી પોરસાતા બાપુની ઘણી બમ્મા....ઘણી બમ્મા...ઘણી બમ્મા...!!



- આ શરીર ભૂંડામાં ભૂંડું છે. તેને સાચવવા ઇન્દ્રિયો ડાકણ જેવી મળી છે, નચાવવા મર્કટ સમાન મન મળ્યું છે, આત્મા બેભાન છે એટલે ઇન્દ્રિયો વગેરે ભેગા મળી તેને દુર્ગતિમાં મૂકી આવશે.
- દુનિયાની સુખ સામગ્રી, આપણે સાવચેત ન રહીએ તો સંસારમાં રખડાવનારી છે, દુર્ગતિમાં લઇ જનારી છે તેથી જ તે મોટામાં મોટી ભવની ભાવઠ છે.
- જ્યાં સુધી પૈસો કિંમતી લાગે ત્યાં સુધી ધર્મ થઇ શકતો નથી.
- સ્વાર્થીના ગુણ પણ દોષ છે. પરમાર્થીના બે કટુ શબ્દ પણ ગુણ છે હિત માટે કડક કહેવું તે પણ ધર્મ છે.
- લક્ષ્મીની ડાકણથી ફસાયેલાને મૂકાવનાર 'દાન' નામનો ભુવો છે.
- અમને ય જો મોક્ષ યાદ ન આવે તો આ સાધુપણું મળ્યું તેય પાપાનુબંધી ! તમને ય મોક્ષ યાદ ન આવે તો જૈનપણું મળ્યું તે ય પાપાનુબંધી !
- સ્વાર્થ માટે ભગવનનું નામ દેનાર, ભગવાનના નામને ય વટાવનાર છે.
- હૈયાની આંખ વિનાનાને, આ પાંચે ય ઇન્દ્રિયો–શાસ્ત્રે જેને મોહની કૂતી કહી છે તે દુર્ગતિમાં લઇ જનારી છે.
- જેને મોક્ષ ન જોઇએ તે બધા દુઃખી ! જેને મોક્ષ જોઇએ તે બધા સુખી !
- આ સંસારી સાગરમાં મોક્ષ માર્ગ તે દિવાદાંડી છે.
- અનાદિનો ઊંધો સ્વભાવ ફેરવવા માટે શ્રી અરિહંત પરમાત્માએ શાસન રૂપી સર્ચલાઇટ બતાવી છે.
- સુખ ભોગવાની અને દુઃખ નહિ ભોગવવાની કુટેવ નીકળે તો મોક્ષ મળે !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

१९-५-४२ ५७०२

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष ७ | अंक ४२

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
अप, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

–: मणुकेा :–

आयरइ जइ अकज्जं
अन्नो किं तस्त तुज्अ चिंताए ।
अप्पाणमेव घिंतसु
अज्जवि वसमं भवदु हाणं ।।

हे आत्मन ! बीजे आदमी अकार्य करे तेा तेनी चिंता तारे शुं ? तारी चिंताथी ते अकार्यथी ओछेा अटकवानेा छे ? माटे तुं तारी पेातानी ज चिंता कर के, हजी सुधी आ भवदुःखमां वसी रह्यो छुं तेा तारे तेनाथी कयारे मुकत थवुं छे ?

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

દેવદ્રવ્ય અંગે પૂ. શ્રી સાગરજી મ.નું માર્ગદર્શન

સાગર સમાલોચના સંગ્રહ યાને આગમોદ્ધારકની શાસનસેવા પૃષ્ઠ ૯૪

૧. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે (ઉછામણીપૂર્વક) ઇન્દ્રમાલાદિક લેવાં, ઉછામણીપૂર્વક આરતિ ઉતારવી વગેરે ઉપદેશો સાધુઓના હોય છે જ. દેવદ્રવ્ય કે તેની આવકના નાશનો પ્રસંગ ટાળવા જિનકલ્પી સરખાયે પણ પ્રયત્ન કરવાનો છે. ॥૬૩૧॥ (સમય)

સિદ્ધચક્ર વર્ષ ૨ અંક ૩ પૃ. ૭૦ સમાલોચના

ચૈત્યવાસીઓથી પહેલાં દેવદ્રવ્ય શબ્દ જ ન હોતો એમ કહેનારા શ્રીનિશીથ અને બૃહતકલ્પ વગેરેમાં કહેલ દેવદ્રવ્યરક્ષણના સૂંગનાદિત એટલે શાસનના આવશ્યક કાર્યને જાણતા કે માનતા નથી એમ ચોકકસ સમજાય છે. ને તેવાઓ પોતાનો અવાજ બહાર પાડી શ્રદ્ધાળુઓને માર્ગ ચૂકવે છે. માટે શ્રદ્ધાળુઓને તેવા સમયના નામે સડતાના અવાજને ઉવેખવો જ ઉચિત છે. ॥૫૦॥

દેવદ્રવ્યના રક્ષણ અને ભક્ષણનું ફળ, ચૈત્યવાસીઓ તરફથી નથી કહેવાયું; પણ ચૈત્યવાસીઓની અધમવૃત્તિને જમીન દોસ્ત કરનાર ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ શ્રી ઉપદેશપદ સંબોધ પ્રકરણને શ્રી ષોડશકજી જેવા ગ્રંથોમાં વાસ્તવિકપણે જ જણાવેલ છે. માટે કોઇપણ તેનો નાશ કે ઉપેક્ષા કરે કે ખાઇ જવાને માટે આડી કલ્પના કરે તે શાસ્ત્રની શ્રદ્ધાવાળાઓને અદૃષ્ટવ્યમુખ જ છે. ॥૫૧॥

એક હાર્દિક વિનંતિ

મુકિતકૂત જૂન ૧૯૯૫ ના અંકમાં પૃ. ૧૬ ઉપર

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. જણાવે છે કે-"...તે નિર્ણયો ૨૦૪૪ના સંમેલનના ૨૧ આચાર્યોએ અનેક શાસ્ત્રાધારો સાથે કરેલા છે તેમણે તે અંગે સર્વાનુમતે કરેલા ઠરાવોનો પ્રવકતા છું" આવું લખાણ છે.

અને પૃ. ૧૭ ઉપર આ. વિજયઘોષસૂરિ મ.ની સહીથી આપેલ જાહેર નિવેદનમાં જણાવ્યું છે કે- "સં. ૨૦૪૪ના શ્રવણ સંમેલનના ૨૧ ભવભીરૂ ગીતાર્થ સુવિહિત આચાર્ય ભગવંતોએ મળીને કરેલા શાસ્ત્રાધારિત ઠરાવોને આધારે લખાયેલ "ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક અંગે"...

આ લખાણના સંદર્ભમાં પૂ. ૨૧ આચાર્ય ભગવંતોમાંથી સંમેલનમાંથી તે તે સમયે વર્તમાન પત્રોમાં જાહેરાત કરાવવા દ્વારા છૂટા થઇ ગયેલ પૂ. આચાર્ય ભગવંતોને એક અતિ નમ્રભાવે વિનંતિ કરૂં છું કે- "આપશ્રીના સંમેલનમાંથી છૂટા થઇ ગયા અંગેની જાહેરાતો આવી ગયા છતાં હજી પણ સંમેલન તથા 'ધાર્મિક વહિવટ

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

સૂચના :- આ પછીનો અંક નં. ૪૩+૪૪ તા. ૧૧-૭-૯૫ના પ્રગટ થશે.

હજારો શોધ્યારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મેલાજી ગુહડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલડીયા)
ચાંદમલ ઘેવરમલ ગુહડા (ચાલગઢ)

વર્ષ ૭] ૨૦૫૧ જેઠ વદ ૦)) મંગળવાર તા. ૨૭-૬-૯૫ [અંક-૪૨

પ્રકીર્ણ ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૭ ને શુક્રવાર તા. ૩-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - ત્રીજું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકાર શ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના અવ૦)

• ધર્મી કોણ ? સંસારનું સુખ ભોગવતા દુઃખ થાય અને દુઃખ ભોગવતાં મજા આવે.

• સંસારના સુખને સુખ કહે તે મિથ્યાદૃષ્ટિ છે.

• જેને મોક્ષની ઇચ્છા નહિ તે ધર્મ માટે લાયક નહિ. તે ગમે તેટલો ધર્મ કરતો હોય તો પણ તેનો સંસાર વધવાનો, વધવાનો ને વધવાનો છે.

• ભગવાનની સાચી વાત મોકાસર ન કહી શકે તેણે આ પાટ અભડાવવી ન જોઇએ. આ તો ભગવાન શ્રી સુધર્માસ્વામીની પાટ છે. સાચું ન કહેવું હોય તેને આ પાટ ઉપર બેસવાનો અધિકાર નથી.

• તાત્કાલિક લાભને જુએ તે નાસ્તિક, ભગવાને કહેલા લાભને જુએ તે આસ્તિક !

जं सुहं तस्स जे हेऊ, जं भयं जं च अप्पणो ।
विणासी अविणासी अ, इय जाणं मुच्चइ भव्वा ।।

मुक्खो सुक्खं तस्स य, हेऊ नाणाइया भयं मोहो ।
कम्माणि अप्पणो तहा, विणसइ देहाइ न हु जीवो ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે, જગતના જીવો સદા માટે દુઃખથી ડરે છે અને દુનિયાનું સુખ મેળવવા ભાગાભાગ કરે છે. તેથી તેમને દુનિયામાં કોઇ તેમનો પરાભવ ન કરી શકે તેવો જય જોઇએ છે, કોઇની પાસે ન હોય તેવી લક્ષ્મી જોઇએ છે અને બીજા પાસે ન હોય તેવું સુખ જોઇએ છે પરન્તુ તેમને ખબર નથી કે આ સંસાર ભયંકર છે, દુઃખમય છે, દુઃખરૂપ છે તેનું ફળ પણ દુઃખ છે અને દુઃખની પરંપરાને વધારનાર છે.

ધર્મ પણ સંસારનું સુખ જરૂર આપે– સંસારનું સુખ ધર્મથી જ મળે. પણ સુખ શું ચીજ છે તે, જીવ સમજે નહિ ત્યાં સુધી ભગવાન કહે છે કે, તે ગમે તેટલી સારામાં સારી ધર્મક્રિયા કરે તો પણ તેના આંતરશત્રુઓનો જય થાય નહિ, જ્ઞાનાદિ લક્ષ્મી પેદા થાય નહિ, આત્મિક સુખનો અનુભવ થાય નહિ અને મોક્ષ પણ મળે નહિ.

ભગવાને કહેલી વાત, ભગવાનની આજ્ઞાનુસારે સમજાવતા આ મહાત્મા ફરમાવી રહ્યા છે કે, ધર્મ કરનારા જીવોને શું જ્ઞાન હોય તો ધર્મના વાસ્તવિક ફળને પામે? સુખ શું ચીજ છે સુખના કારણ શું છે? આત્માને ભય કોનો છે? તે ભય શાને લઇને છે? આ વાત ન સમજે તે કદિ સંસારથી છૂટી શકતો નથી. જ્ઞાની કહે છે કે– મોક્ષ એ જ સુખ છે. સમ્યગ્જ્ઞાનાદિ એ મોક્ષના ઉપાયો છે. આત્માને ભય મોહનો છે. તે મોહ કર્મને લઇને થાય છે. તે કર્મનો અને મોહનો નાશ કરી શકાય છે જ્યારે આત્માનો નાશ કદિ થતો નથી. આવું જાણનાર જીવ આ સંસારથી મુકાય છે અને મોક્ષને પામે છે.

જેટલા ધર્મ કરનારા હોય તે બધાને સંસારથી છૂટવાનું મન હોવું જોઇએ. અને મોક્ષની ઇચ્છા પેદા થવી જોઇએ. જેનામાં સંસારનો ભય ન હોય, સંસારથી છુટવાની ઇચ્છા ન હોય, મોક્ષની ઇચ્છા પેદા ન થઇ હોય તે ગમે તેટલો ધર્મ કરે તે સંસાર વધારનાર બને, દુઃખ નથી જોઇતું છતાં દુઃખમાં વધારો કરે!

જ્ઞાનીઓ કહે છે કે, અભવી, દુર્ભવી અને ભારે કર્મી ભવ્ય જીવોને મોક્ષની ઇચ્છા થતી નથી, એક પુદ્ગલ પરાવર્ત્તની અંદર જેનો સંસાર હોય તે ભવ્ય કહેવાય. તેને મોક્ષની ઇચ્છા થવાની સંભાવના છે પણ કોને? જે લઘુકર્મી હોય તેને. ભારે કર્મી જીવ ચરમાવર્ત્તમાં આવ્યો હોય તો ય તેને મોક્ષની ઇચ્છા થતી નથી, આપણો નંબર શેમાં છે? વિશિષ્ટ જ્ઞાનીની ગેરહાજરીમાં હું ચરમાવર્ત્તમાં છું કે અચરમાવર્ત્ત કાળમાં છું તે નક્કી કરવું હોય તો શું કરવું? આત્માને પૂછવું પડે કે– "તને સંસારનો

ભય લાગે છે ? મોક્ષ મેળવવાની ઇચ્છા થાય છે ? કે સંસાર સુખમાં જ રાચવું છે ? જેને હૈયાથી આ સંસારનો ભય લાગે, તેનાથી છુટવાનું મન થાય અને ઝટ મોક્ષે જવાનું મન થાય તે લઘુકર્મી જીવ કહેવાય. જેને મોક્ષની ઇચ્છા ન થાય તે જેટલો ધર્મ કરે તે સંસારમાં રખડાવનાર બને.

પ્ર.- સંસારની ઇચ્છા નથી અને ધર્મ કરે છે ?

ઉ.- સંસારનું કાંઈપણ મેળવવું છે તેવી ઇચ્છા કોને ન હોય ? મોક્ષ જોઇએ તેને

પ્ર.- કોઈ જીવ સંતોષી હોય એટલે સંસારની ઇચ્છા ન હોય. પણ મોક્ષ તરફ આકર્ષણ ન હોય તો ?

ઉ.- જે અજાણ છે, કાંઇ જાણતા નથી તે ગમે તે રીતે શુભ કરે તે તેની મરજીની વાત છે કેમ કે તે હજી અજ્ઞાન છે. તે અજ્ઞાનને સારા સાધુનો યોગ મળે, ભગવાનની વાત સાંભવતા સાંભળતા ખબર પડે કે, 'સંસાર ભયંકર છે, મોક્ષ સુખમય છે' તો તેનું ઠેકાણું પડી જાય. તેવા આત્માની અહીં વાત આવે છે.

પ્ર.- સંસાર પર તીવ્ર રાગ ન હોય તો ?

ઉ.- આવો એક સંસારી જીવ બતાવ ! સંસારી જીવો સુખના ભુખ્યા અને દુઃખથી ગભરાનારા છે. આજના દુઃખી પણ દુઃખમાં શું કરે છે ? અને આજના સુખી સુખ મેળવવા શું કરે છે ? મોક્ષના આરાધક મોક્ષ માટે જે મહેનત કરે તેનાં કરતાં કઈંક ગુણી મહેનત સુખના ભુખ્યા જીવો કરે છે. તમે ઘણી મહેનત કરો છો કે અમે ઘણી મહેનત કરીએ છીએ ?

સંસારમાં તમે સુખ મેળવવા જે કરવું પડે તે કરો છો. ગાળ દે તો ય સહન કરો છો, અપમાન વેઠો છો, તિરસ્કાર વેઠો છો. ઘણા લોકો શેઠની અનેક ગાળો ખાય છે. તેને પૂછીએ કે, તારા બાપને ગાળ દે તો ય સાંભળી લે છે ? તો તે કહે કે, પેટ ભરવા પૂરતું અહીંથી મળે છે. જો આ નોકરી છુટી જાય તો બીજે મળે તેમ નથી. માટે મારા બાપને બેવકૂફ કહે તે સાંભળવું પડે છે. તમે બધા પોતાના કાર્યની સિદ્ધિ માટે કેટલું સહન કરો છો ? તેમ ધર્મ માટે કેટલું સહન કરો ? અહીં પણ કોઇ કહે કે આમ ન થાય તો કહી દે કે, કાલથી નહિ આવીએ. ધર્મ તો મરજી હોય, અનુકુળતા હોય તો કરે નહિ તો ન ય કરે. (ક્રમશઃ)

જૈન શાસનના આઠમા વર્ષના પ્રારંભે

જૈન શ્રમણોપાસક રત્નો

પ્રગટ થશે-શ્રાવણ વદ પ્રથમ ૧૨ મંગળવાર તા. ૨૨-૮-૯૫

શ્રી જૈન શાસનના નૂતન વર્ષારંભે વિશેષાંક પ્રગટ કરવામાં આવે છે, સાતમા વર્ષના પ્રારંભે 'શ્રી જૈન શ્રમણોપાસિકા રત્નો' વિશેષાંક પ્રગટ થયો હતો. આ આઠમા વર્ષના પ્રારંભે 'જૈન શ્રમણોપાસક રત્નો' વિશેષાંક પ્રગટ કરવાનો થશે.

જૈન શાસનના મહાન શ્રાવકો તથા આરાધના અને સત્ય માટે મક્કમ રહેલા શ્રાવક રત્નોના જીવન ટુંકમાં અગર તે તે પ્રસંગોને આલેખીને અષાઢ વદ ૧૦ શનિવાર તા. ૨૨-૭-૯૫ સુધીમાં પૂજ્ય આચાર્યદેવો આદિ મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મ. તથા લેખકોને મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

આ વિશેષાંકમાં વાર્ષિક શુભેચ્છક કે વાર્ષિક સહાયક શુભેચ્છક તથા વ્યાપારની જાહેરાતો લેવામાં આવશે નહિ.

કાયમી ખર્ચને પહોંચી વળવા માટે વિશેષાંક કાયમી શુભેચ્છક આદિ યોજના કરી છે તેમાં જેમણે લાભ લીધો છે તેમને ફરી લાભ લેવાનો રહેતો નથી પરંતુ જેઓએ આ કાયમી વિશેષાંક યોજનામાં લાભ લીધો નથી તેવા જૈન શાસન પ્રેમીઓને આ યોજનામાં જોડાઈને સહકાર આપવા નમ્ર વિનંતિ છે.

જૈન શાસન વિશેષાંક કાયમી યોજના

રૂા. ૧૧) હજાર આજીવન શુભેચ્છક સૌજન્ય

રૂા. ૫) હજાર આજીવન શુભેચ્છક સહાયક

રૂા. ૧) હજાર આજીવન શુભેચ્છક


આ શુભેચ્છકોને આજીવન જૈન શાસન ચાલુ રહેશે તથા દરેક વિશેષાંકમાં તેમની શુભેચ્છક તરીકેની શુભેચ્છા છપાશે. પરદેશમાં રૂા. ૧) હજાર ભરનારને માત્ર વિશેષાંક જ મોકલાશે.

આપ આપની આ કાયમી યાદમાં શુભેચ્છા મોકલી આપશો એવી નમ્ર વિનંતિ છે. શ્રી જૈન શાસનના માનદ પ્રચારકો તથા શુભેચ્છકોને નમ્ર વિનંતિ છે કે આપ શ્રી નવા નવા શુભેચ્છકો બનાવીને વહેલાસર મોકલી આપવા પ્રયત્ન કરશો.

'આજીવન વિશેષાંક શુભેચ્છક યોજના'ની પહોંચ બુકો નજીકમાં મોકલાશે. કાયમી ખર્ચને અને વિશેષાંકના ખર્ચને પહોંચી વળવા આ યોજનામાં સહકાર આપવા સૌ હિતેચ્છુ બંધુઓને નમ્ર વિનંતિ છે.

* જૈન શાસન કાર્યાલય *

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) India



ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[ક્રમાંક-૩]

૫૦ "વિ. સં. ૨૦૪૪ના સંમેલને પણ સ્વપ્નાદિ દ્રવ્યને દેવદ્રવ્યમાં જ લઇ જવાનું ઠરાવ્યું છે. હા, તે દેવદ્રવ્યનો વિશેષ ભેદ ૧૯૯૦ના સંમેલને કર્યો ન હતો તે આ સંમેલને તેને 'કલ્પિત દેવદ્રવ્ય' કહીને ઠરાવ કરેલ છે. ખરેખર તો ૧૯૯૦ના સંમેલનમાં આ ઠરાવ ઉપર જે સર્વસંમતિ સધાઇ છે તે તેમાંના "ચોગ્ય જણાય છે" એ શબ્દોથી તે વખતે પોલી સર્વસંમતિ થયાનું સ્પષ્ટરૂપે દેખાય છે. ૨૦૪૪ના સંમેલને તો એકદમ સ્પષ્ટતા કરી છે" [પૃ. ૧૭૩] આ વાતની સ્પષ્ટતા કરશો ?

ઉ૦ આ રહી સ્પષ્ટતા, વિ.સં. ૧૯૯૦ ના સંમેલને સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્યમાં લઇ જવાનું ઠરાવ્યું, ત્યારે તે સંમેલનના પૂજ્યોને જિનમંદિરના તમામ ખર્ચા તેમાંથી કાઢવાની કાનત ન હતી તેથી તેઓને વિશેષભેદ કરવાની કોઇ આવશ્યકતા ન હતી. વિ.સં. ૨૦૪૪ના સંમેલને સ્વપ્નદ્રવ્યથી ઠેરાસરો ચલાવવાની હઠ છોડી દીવાથી, સ્વપ્નદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં ઘુસાડી દેવકું સાધારણ બનાવી દીધું છે. આટલું ઓછું હોય તેમ પોતાની આ વાત ઉપર તેઓ 'વિશેષ' કર્યાનો ગર્વ અનુભવે છે. અશકત સ્થળોમાં અપવાદ પદે દેવદ્રવ્યથી જિનપૂજાદિ કરાવવી અને જૈનોના નબીરાઓને પૂજા કરાવવા માટે સ્વપ્નદ્રવ્ય સ્વરૂપ દેવદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યનું નામ આપી, દેવકું સાધારણ બનાવી દેવું; આ બંને વચ્ચેના તફાવતને સમજવા જેટલી સ્વસ્થતા ૨૦૪૪ના સંમેલનની રહી નથી. ૧૯૯૦નાં સંમેલનની સર્વસંમતિ પોલી હોવાનું સ્પષ્ટ જોઇ શકનારા આ લેખકથી ૨૦૪૪ના સંમેલને સર્વસંમતિ સાધી જ ન હતી. એ સત્ય જાહેર કરતા કેમ અચકાય છે ? ૨૦૪૪નાં શ્રવણ સંમેલનમાં સમગ્ર તપાગચ્છના સાધુઓને આમંત્રણ અપાયું જ ન હતું એ વાત જાણતા હોવા છતાં એ સંમેલનના ઝંડાધારી આ લેખકશ્રીને ૧૯૯૦ના સંમેલન સાથે પોતાના સંમેલનને બેસાડવાના અખરખા કેમ થાય છે ? પોલી સર્વસંમતિની ચર્ચા કરનાસ લેખકશ્રી ૨૦૪૪ના સંમેલનમાંથી સંમતિ આપ્યા પછી પણ પ્રવર સમિતિના આચાર્ય સંમેલનનો વિરોધ કરીને ખસી ગયા– તે વાત જાહેર કરવા જેટલી નિખાલસતા કેમ બતાવવી નથી ?

પ૦ "જો દેવદ્રવ્યના ત્રણ પેટા ખાતાઓ વહીવટી ચોપડે જુદાં પાડી દેવામાં આવે તો આ અંગેના વિવાદોનું શમન થઇ જાય" [પૃ-૧૬૨] લેખકશ્રીએ બતાવેલો આ સરળ રસ્તો તમે કેમ સ્વીકારતા નથી ?

ઉ૦ આ અંગે લેખકશ્રીનું અજ્ઞાન ઊભરાય રહ્યું છે તે તમે જ જુઓ: સંબોધ પ્રકરણમાં દેવદ્રવ્યના જે ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે તેની ભેળસેળ કયો સંઘ કરે છે ? આજે ચાલતા વહીવટ મુજબ–

(૧) આદાન (ભાડું) આદિથી પ્રાપ્ત થતી રકમ સ્વરૂપ પૂજા દેવદ્રવ્યને અલગ ખાતે જ જમા કરવામાં આવે છે.

(૨) પ્રભુજી આગળ ચઢાવેલાં અક્ષત, ફળ, નૈવેદ્ય, વસ્ત્ર વગેરેના વેચાણથી પ્રાપ્ત થયેલી રકમ જેને નિર્માલ્ય દેવદ્રવ્ય કહેવાય છે તેને પૂજા કે કલ્પિત દેવદ્રવ્ય કરતા અલગ જ રાખવામાં આવે છે.

(૩) શ્રાવકોએ જિનભક્તિનો નિર્વાહ થાય તે માટે કલ્પીને કોયરૂપે જે રકમ મૂકી હોય તેવી કલ્પિત દેવદ્રવ્ય સ્વરૂપ રકમને પૂજા કે નિર્માલ્ય દેવદ્રવ્ય કરતા અલગ જ રાખવામાં આવે છે.

આ સ્થિતિમાં ચોક્કસ કહેવું જ પડશે કે ત્રણ કોથળી અલગ જ રાખવામાં આવે છે. લેખકશ્રીએ વિવાદનું કરવાના રસ્તા તરીકે બતાવેલો માર્ગ નવો વિવાદ ઉભો કરે છે. બોલીથી ઉત્પન્ન થયેલ દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં લઈ જવાની આ લેખકશ્રીની હઠના કારણે તેમને ત્રણ કોથળી દેખાતી નથી.

પ૦ બોલીના દ્રવ્યને ચોથા ભેદ તરીકે કરવાથી તમને ગૌરવ દોષ નહિ આવે ? [પૃ-૧૬૭]

ઉ૦ સામાન્યથી દેવદ્રવ્યના આદાન અને નિર્માલ્ય એવા બે જ ભેદ પણ શાસ્ત્રકારોએ પાડયા છે. સંબોધ પ્રકરણકારે આ બે ભેદ સિવાય ત્રીજો કલ્પિત દેવદ્રવ્ય નામનો પણ ભેદ પાડયો જ છે. આ શાસ્ત્રકારોને ગૌરવદોષ નથી નડતો, તો અમને શું કામ નડે ? દ્રવ્યવ્યવસ્થામાં પ્રતિકૂળતા સર્જે તેવા લાઘવને સ્વીકારવાની ઉતાવળ કરવા જેવી નથી.

પ૦ "વિજય પ્રસ્થાન" નામના પુસ્તકની પ્રસ્તાવનાના આધારે સ્વ. પૂ. પાદ વ્યા. વાચસ્પતિ આ. દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે જ જિનની ભક્તિ અને જિનપૂજાના ઉપકરણોની વૃધ્ધિ માટે દેવદ્રવ્યની વૃધ્ધિ કરવાનું જણાવેલ છે." [પૃ-૧૬૮] શું તેમનું વચન પણ તમને માન્ય નથી ?

ઉ૦ તેઓશ્રીના વચનને વટાવીને લોકોનું 'વંચન' કરવાનો લેખકશ્રીનો આ હાસ્યાસ્પદ પ્રયાસ છે. વાસ્તવમાં દેવની ભક્તિ માટે આવેલું દ્રવ્ય અને દેવની ભક્તિ સ્વરૂપે આવેલું દ્રવ્ય બન્ને સામાન્યથી દેવદ્રવ્ય કહેવાય અમારા પૂજ્યપાદ સ્વ. પરમ ગુરુદેવશ્રીએ પરિમાર્જિત

કરી આપેલ શ્લોકો અને તેના અર્થોમાં ઉપર જણાવેલ બંન્ને દેવદ્રવ્યનો સમાવેશ થાય છે. માટે દેવની ભક્તિ માટે આવેલા દેવદ્રવ્ય (ચૈત્યદ્રવ્ય)થી જિનની ભક્તિ અને જિનપૂજાના ઉપકરણો લાવી શકાય. આ સ્પષ્ટ સમજી શકાય તેવું સત્ય છે. તેઓ શ્રીમદ્‌ની દેવદ્રવ્યવિષયક અર્થ-સ્પષ્ટતા જગજાહેર છે. મિથ્યા તેઓશ્રીના નામે અર્ધસત્ય ફેલાવવા પાછળનો લેખક-શ્રીનો હેતુ સારો તો ન જ હોઈ શકે !

પ્ર૦ હવે જો શક્તિમાન શ્રાવકો પણ સ્વદ્રવ્યને દેવદ્રવ્યમાંથી જિનભક્તિ માટેનું જિનાલય બનાવી શકે તો સ્વદ્રવ્યમાંથી જ જિનપૂજાની સામગ્રી ગોઠીનો પગાર આપવો એવો આગ્રહ શા માટે રાખે છે ? (પૃ-૧૬૮)

ઉ૦ સહુ સરસ વાત કરી ! શક્તિમાન ગૃહસ્થ જો પોતાના મકાનને બદલે ધર્મદાના મકાનમાં રહી શકે તો પછી પોતાના ખાવા પીવા પહેરવા ઓઢવા આદિનો ખર્ચ પણ તેણે (ધર્મદાને બદલે) પોતાના પૈસે જ કરવે જોઇએ એવો આગ્રહ શા માટે ? ના, સંમેલનના ઝંડાધારીઓનો એવો કોઇ આગ્રહ નથી. હે સજ્જનો, તમે આ વાત બરાબર યાદ રાખો !

પ્ર૦ "હાલ તો દેવદ્રવ્યની એક જ કોથળી રાખીને જિનભક્તિ માટે ઉપયોગ કરીએ છે. પણ આથી તો નિર્માલ્ય દેવ-દ્રવ્યની રકમમાંથી પણ જિનપૂજા થવાનો સંભવ રહે, જેનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. એટલે આથી ત્રણ કોથળીઓ કરાવ અને કલ્પિત દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર અપાય, જિનપૂજાની સામગ્રી લવાય તો તો શાસ્ત્રવ્યવસ્થા બરોબર જળવાઇ રહે" (પૃ-૧૬) એમ તમને નથી લાગતું ?

ઉ૦ ત્રણ કોથળી જુદી કરેલી જ છે. આ વાત પૂર્વે જણાવી દીધી છે. ખરેખર તો બોલીના દ્રવ્યથી પૂજારીને પગાર અને જિનપૂજાની સામગ્રી લાવવાની વાત કરીને લેખકશ્રી શાસ્ત્રવ્યવસ્થા જાળવવામાં વિઘ્ન નાંખે છે. દેવદ્રવ્યની કોથળીમાંથી જિન-ભક્તિ કરવાની વાત સંમેલનના ઝંડાધારી-ઓની છે. અમારી નહિ. માટે અમને કોઇ આપત્તિ આવતી નથી. અશક્ત સ્થળોમાં દેવદ્રવ્યથી પણ પૂજારી દ્વારા પૂજા કરાવવામાં અમારે નિર્માલ્ય દેવદ્રવ્ય વાપરવાની જરૂર પડતી નથી. નિર્માલ્ય સિવાયનું દેવદ્રવ્ય એટલું બધું છે કે નિર્માલ્ય દેવ-દ્રવ્ય અશક્ત સ્થળોએ જિનપૂજામાં વાપરવાનો અવકાશ રહેતો જ નથી. (ક્રમશઃ)

પ્રોપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ
આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ ભોટાહવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨
ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૬
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

દેવકુ સાધારણ અને સાધારણના ભેદ અંગે સ્પષ્ટતા

-અભ્યાસી

દેરાસરમાં અષ્ટપ્રકારી પૂજા તથા અન્ય ખર્ચ (જે દેવદ્રવ્યમાંથી કરી ન શકાય) માટે તે તે પૂજાના નામથી વાર્ષિક ચઢાવા બોલાય. (આખું વરસ કેસર પૂજા... તરફથી ધૂપપૂજા... તરફથી વગેરે બોર્ડ ઉપર લખાય.) આ દેવકુ સાધારણ તરીકે ઓળખાય. આ રીતે પૂજારીના પગાર વગેરે માટેય સ્વતંત્ર વાર્ષિક ચઢાવા બોલાય. આ સિવાય વાર્ષિક ચઢાવાને બદલે રૂા. ૧૦૧ વગેરેની તિથિઓ દેરાસર નભાવવાના ફંડ તરીકે લખાય તો એ પણ દેવકુ સાધારણ ગણાય. આ આવકમાં કેસર, ધૂપ, દીપક, પુષ્પપૂજા વગેરેના થયેલા ચઢાવાની રકમ અરસ પરસ ફેરવી શકાય. (પુષ્પપૂજાના ખર્ચ કરતાં ચઢાવો મોટો થયો હોય અને ધૂપપૂજાનો ખર્ચ તેના ચઢાવા કરતાં વધારે હોય તો પુષ્પપૂજાના ચઢાવાની રકમ ધુપપૂજા ખાતે લઇ શકાય. આ રીતે અષ્ટપ્રકારી પૂજામાં ગમે તેમ વાળી શકાય.) અષ્ટપ્રકારી પૂજાના ચઢાવાની રકમમાંથી પૂજારીનો પગાર ન આપતાં તેનો અલગ ચઢાવો કરી લેવો જોઇએ. આ દેવકુ સાધારણ દેરાસર સંબંધી ખર્ચા માટે જ હોવાથી ચાલુ (સપ્તક્ષેત્ર) સાધારણ ખાતે આનો આનો ઉપયોગ થઇ જ ન શકે. દેવકુ સાધારણ એ દેવદ્રવ્ય અને સાધારણ (સપ્તક્ષેત્ર) દ્રવ્યની વચ્ચેનું પ્રત્યે છે. તેથી અવસરે એ એનાથી ઉંચા (દેવદ્રવ્ય) ક્ષેત્રમાં લઇ જવાય, પરંતુ નીચેના (સપ્તક્ષેત્ર સાધારણ) ક્ષેત્રમાં ન જ લઇ જવાય.

ઘણી જગ્યાએ આ બે સાધારણ વચ્ચેનો ભેદ નહિ સમજવાથી સાધારણનાં નામે દેવકું સાધારણ વપરાઇ જતાં સંઘ દેવદ્રવ્યના દેવાદાર બની ગયા છે. સપ્તક્ષેત્ર સાધારણ પણ ધાર્મિક, અને કેવળ ધાર્મિક જ દ્રવ્ય હોવાથી સામાજિક, સાંસારિક કાર્યો માટે એ દ્રવ્ય કે એ દ્રવ્ય નાં સ્થાનો વાપરી શકાય જ નહિ. (ઉદા. સાધારણ ખાતાની જગ્યામાં સાધર્મિકો તરીકે પારણાં, અત્તરવારણાં, સાધર્મિક વાત્સલ્ય વગેરે ધર્મકાર્ય નિમિત્તે, જૈનો જમી શકે, પરંતુ એજ જૈનો એ સ્થાનમાં લગ્નાદિ પ્રસંગે જમણવાર ન ગોઠવી શકે. તીર્થયાત્રા માટે બહારથી આવેલા યાત્રિકો સાધારણ ખાતાની જગ્યામાં ઉતરી શકે, પરંતુ એજ યાત્રિકો જાનૈયા તરીકે ત્યાં ન ઉતરી શકે. કાર્ય પાછળનો આશય, નિમિત્ત ધર્મને અનુલક્ષીને હોય તો જ ધર્મસ્થાન વાપરવાનો અધિકાર છે.

દેવદ્રવ્યાદિના પૈસા બેન્કોમાં રાખવાથી સંભવતા દોષો અંગે થઇ રહેલો ઉહાપોહ વધુ પડતો અને બીન જરૂરી છે ટ્રસ્ટ એક્ટ જેવાં નિયંત્રણો ધાર્મિક ક્ષેત્રમાં હતાં નહિ અને વહીવટદારો પાપભીરુ હતા ત્યારના કાળમાં શરાફોને ત્યાં રોકાતી ધાર્મિક રકમ ઘણી સલામત હતી. આજે

બદલાયેલા કાળમાં સરકાર, વ્યાપારી, વહીવટદારો વગેરે ધાર્મિક દ્રવ્યની પવિત્રતા અંગે વિશ્વાસપાત્ર રહ્યા નથી. તેથી આજે તો દેવદ્રવ્યની આવક પોતાના ગામમાં કે બીજા યોગ્ય સ્થાનોમાં જીર્ણોદ્ધાર કે નવા મંદિર બાંધવામાં વપરાઇ જાય, જ્ઞાનદ્રવ્ય પણ પ્રાચીન ધર્મગ્રન્થોની સુરક્ષામાં વપરાઇ જાય. અને બેંકો વગેરેમાં રોકવાની જરૂર જ ઉભી ન થાય. એવી વ્યવસ્થા કરવી એ જ રાજમાર્ગ છે. બાકી સંયોગવશ જે રકમ રોકવી પડે. એ વર્તમાન કાયદા પ્રમાણે બેન્કોમાં રાખ્યા સિવાય બીજો કોઇ ઉપાય સલાહભર્યો નથી. સંભવિત દોષને નામે જો બેન્ક ડીપોઝીટનો નિષેધ કરવામાં આવશે તો વહીવટદારો પોતાના ધંધામાં કે સાધર્મિકોના હિતને નામે, સામાજિક કાર્યોમાં દેવદ્રવ્યાદિનો દુરૂપયોગ કરે એવી સંભાવના વધતી જાય છે.

બીજું બેંકો હિંસક કાર્યો સિવાયનાં બીજા પણ અનેક કાર્યો માટે ધીરાણ કરતી હોય છે. ધાર્મિક ટ્રસ્ટોની થાપણ સિવાય બીજી થાપણ પણ એમને ઘણી મોટી મળતી હોય છે. આ બે વાત ધ્યાનમાં લેવામાં આવે તો આપણાં ધર્મદ્રવ્યોનો ઉપયોગ હિંસક કાર્યોમાં થવાનો દોષ એકાન્તે લાગે છે. એવું નથી એ સ્પષ્ટ છે.

સાથે સાથે આજે શરાફી પેઢીઓ પણ એવા એવા ધંધામાં ધીરાણ કરતી હોય છે અને વહીવટદારોના પોતાનાય ધંધા એવા હોય છે કે એમના હાથમાં ધર્મદ્રવ્ય સોંપવાથી હિંસાના દોષથી બચવું શકય નથી. અને વધુમાં આવા ખાનગી ધીરાણોથી કાયદાનો ભંગ અને કયારેક મૂળ દ્રવ્ય જ ડૂબી જવાનો સંભવ રહે છે.

એકંદરે સાત ક્ષેત્રની શાસ્ત્રીય મર્યાદા અને સરકારી કાયદાઓનો ખ્યાલ રાખીને ધર્મદ્રવ્યની યથાશકય શુધ્ધ વ્યવસ્થા કરવા માટે કાર્યકરો જાગૃત હોય તોજ દોષમાંથી બચી શકાય એવી જટિલતા અત્યારે વહીવટમાં પેસી ગઇ છે.

નમ્ર આમંત્રણ

'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક અંગે કે સાતક્ષેત્ર વ્યવસ્થા અંગે કોઇપણ વ્યકિતને સત્ય હકીકત સમજવાની ઇચ્છા હોય તે દરેક મહાનુભાવોને શકય તેટલા શાસ્ત્રપાઠો સાથે [શાસ્ત્રના નામો સાથે) અંગત રીતે કે જૈન શાસનમાં જવાબો આપવામાં આવશે તો દરેક જિજ્ઞાસુને આ અંગે કંઇ-જાણવા ભાવના હોય તો જૈન-શાસન સાપ્તાહિકના સરનામે પત્ર વ્યવહાર કરી શકે છે.

રાજુભાઇ પંડીત
હેપલાનાખા અમદાવાદ
ઠે. જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન ૪૫ દિગ્વીજય પ્લોટ
જામનગર

સહકાર અને આભાર

૧૦૦] શ્રી ગુજરાત જૈન શ્વે. મૂ. સંઘ પૂ. આ.શ્રી વિજયવારિષેણ સૂ. મ.ના ઉપદેશથી ટાડરવાલા (એમ.પી.)

જાહેરાત કરનારે જવાબ દેવો જોઈએ.

(પૂ. આ. શ્રી વિજયજયઘોષ સૂ. મ. એ 'ધાર્મિક વહિવટ વિચાર' અંગેની ચર્ચામાં જાહેર છાપામાં ન આપવું. મને પુછી જવું' તેમ જાહેરાત આપેલ. જ્યારે લેખક પૂછવા ગયા તો તેઓશ્રીએ પાઠ ન આપ્યો અને બીજા મુનિ પાસે મોકલ્યા અને તે પણ પૂ. આચાર્યદેવશ્રી પૂછાવશે તો જવાબ આપીશ આવો ઉત્તર આપે તે વિ. કેટલુ પ્રમાણિક છે તે આ કિરણભાઇએ મોકલેલ લખાણ ઉપરથી આરાધકે એ સમજવા યોગ્ય છે. -સં.)

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યભગવંત જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની ગુજરાત સમાચારમાં જાહેરાત વાંચી. 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક અંગે કોઇને કંઇ પણ શંકા વિ. હોય તો રૂબરૂ મળવાથી તેનુ સમાધાન કરીશું. આ જાહેરાત વાંચી હું યોગાનુયોગ તા. ૩-૫-૯૫ એ અમદાવાદ હતો તેથી પૂ. આચાર્યદેવ જયઘોષસૂરીશ્વરજી મ. સા. કે જેઓશ્રી પાલડી પંકજ સોસાયટીમાં બિરાજમાન હતા ત્યાં ગયો. વંદન, સુખશાતા વિ. વિનયપૂર્વક કર્યા બાદ મેં તેઓશ્રીને જણાવ્યું કે આપની જાહેરાત વાંચી. મને કેટલીક શંકાનું શાસ્ત્રીય સમાધાન જોઇએ છે માટે આપની પાસે આવ્યો છું. તેઓશ્રીએ મને કહ્યું 'પુછો.' અને મેં નીચે મુજબ પ્રશ્ન કર્યો.

પ્ર૦ : શકિતસંપન્ન શ્રાવક ભાવનાસંપન્ન ન હોય તો દેવદ્રવ્યથી પૂજા કરે તો તેને દોષ ન લાગે તેવો શાસ્ત્રપાઠ આપવા કૃપા કરશોજી.

ઉ૦ : (પૂ. આચાર્ય ભગવંતે જણાવ્યું કે) જુઓ, કૃપણતા એક તેની નબળી કડી છે. પણ તે સિવાય તે પૂજા, આંગી ભાવના આદી વિવિધ પ્રભુ ભક્તિના કાર્યો દ્વારા ઘણોજ લાભ મેળવે છે. એટલે તે દેવદ્રવ્યથી પૂજા કરે તો તેને દોષ લાગે નહિ,

ત્યારે મેં પૂજ્યશ્રીને જણાવ્યું કે સાહેબ આ રીતે તર્ક કરશું તો આવા ઘણાં તર્ક થશે. માટે આપના તર્કને શાસ્ત્રાધાર હોય તો આપો જેથી શંકાનું શાસ્ત્રસાપેક્ષ સમાધાન થઇ શકે ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું કે આ બધી વાતો તમને પૂ. અભયશેખરવિજયજી ગણી સમજાવશે. એટલે એક મહાત્મા મને પૂ. અભયશેખરવિજયજી ગણી પાસે લઇ ગયા. મેં વંદન વિ. કર્યા બાદ પૂ. અભયશેખરવિજયજી ગણીને કહ્યું કે મને પૂ. ગચ્છાધિપતિ જયઘોષસુરીશ્વરજીએ આપની પાસે મોકલ્યા છે. મને કેટલાક પ્રશ્નો છે. શંકાઓ છે. તો હું આપને લખીને આપું છું. મારૂં સરનામું આપું છું. તો આપ આપની અનુકુળતાએ શાંતિથી પ્રત્યુત્તર પાઠવવા કૃપા કરશોજી. ત્યારે તેઓશ્રી એકદમ અસ્વસ્થ થઇ ગયા અને મને કહ્યું 'તમારા જેવા કેટલાય રખડેલ અને

કુટકલિયા આવ્યા કરે બધાને કંઈ લેખીત જવાબ આપવા બેસાય નહિ.' ત્યારે મેં પૂજ્યશ્રીને કહ્યું કે,

'સાહેબજી આવા શબ્દો આપના માટે શોભાસ્પદ નથી. આપ મહાપુરૂષ છો, ઉંચા સ્થાને બિરાજમાન છો. કોઈપણ વ્યકિત આવે પણ આપને આપના સ્થાનને અનુરૂપ પ્રત્યુત્તર આપવો જોઈએ. ભગવાનના સમોવસરણમાં ૩૬૩ પાખંડીઓ બેસતા હતા, પણ કયાંય ભગવાને- એમને ઉતારી પાડયા નથી આ પેપરમાં જાહેરાત આપી એટલે આવ્યો છું.' છેવટે તેમને મને કહ્યું કે, ઠીક છે જે પ્રશ્નો પુછવા હોય તે લખીને આપો. પાછો હું ગચ્છાધિપતિ પાસે બેઠો એક મહાત્માએ મને લેટરપેડ, કાર્બન તથા પેન આપ્યા મેં ગચ્છાધિપતિની સામે બેસીને બધા પ્રશ્નો કાર્બન પેપર રાખી લખ્યા. મારૂં સરનામુ લખ્યું.*

(જેની ઝેરોક્ષ આ સાથે છે.) ત્યારે બાદ મેં ગચ્છાધિપતિને મારી ડુપ્લીકેટ નકલ ઉપર પત્ર મળ્યાની પહોંચ સહી કરવા જણાવ્યું તેઓશ્રીએ સહી ન કરતા પાછો પૂ. અભયશેખરવિજયજી ગણી પાસે મોકલ્યો. તેઓશ્રીએ મારા પ્રશ્નો વાંચી મને જણાવ્યું કે પ્રત્યુત્તર લેખિત નહિ મળે હું રૂબરૂ સમજાવીશ. ત્યારે મે કહ્યું કે, 'મે આપને મારા પ્રશ્નો લેખિત આપ્યા છે. અને હું ચોકસ આપની પાસે અપેક્ષા રાખું છું કે આપે પ્રમાણિક પણે આપની અનુકુળતાએ મને લેખિત પ્રત્યુત્તર પાઠવવા જોઈએ 'આ વાત જયારે બે ત્રણવાર મેં તેમને કરી ત્યારે તેઓશ્રી વધુ ગુસ્સે થઈ ગયા. અને બોલ્યા કે કોઈપણ પ્રશ્નનો લેખિત ઉત્તર મળશે નહિ.

ફરી પાછો મેં આગ્રહ રાખ્યો કે 'મારી ચોકકસ આપની પાસે અપેક્ષા છે કે આપ આપની અનુકુળતાએ મને લેખિત ઉત્તર આપો.' ત્યારે એક બીજા મહાત્મા બોલ્યા કે, 'તમને ના પાડી છે કે લેખિત ઉત્તર મળશે નહિ તો તમે વારેવારે લેખિતની વાત કેમ કરો છો ?' ત્યારે મેં તેઓશ્રીને જણાવ્યું કે, 'મારી વિનંતી છે અને

*ત્રણ પ્રશ્નો (૧) શકિત સંપન્ન શ્રાવક જો ભાવના સંપન્ન ન હોય તો તે દેવ દ્રવ્યમાંથી પ્રભુ પૂજા આંગી વિગેરે કરે તો તેને દોષ લાગતો નથી એ આપની માન્યતા અનુસાર શાસ્ત્રપાઠ આપવા કૃપા કરશો.

(૨) પૂ. સાધુ ભગવંતો પકૂખી અતિચારમાં ગુરૂદ્રવ્ય ભક્ષણ સંબંધી પ્રાયશ્ચિત માંગે છે તો તે કયું ગુરૂ દ્રવ્ય ભક્ષણ થયુ તે જણાવશો.

(૩) અમે અમારા સંઘમાં સાધારણનો ફાળો કરીએ છીએ તેથી શ્રાવકને પ્રભુ પૂજા વિ. માં દેવ દ્રવ્યનો દોષ ન લાગે અમારા સંઘમાં દેવદ્રવ્ય ઘણું જ છે તો દેવદ્રવ્ય વાપરીએ. શ્રાવકોની ધનની મુર્છાના ત્યાગ રૂપે જ જમા થયેલુ છે તો પછી સાધારણનો ફાળો કરવાની જરૂર ખરી ? સરનામુ

કિરણ બી. શાહ
સી-૪ ૬ઠ્ઠે માળે ૩૯ નેપીયન્સી રોડ
મુંબઇ ૪૦૦૦૩૬

※

અપેક્ષા છે કે જે વાત આપ રૂબરૂ સમજાવો છો તેજ આપે પ્રમાણિક પણે મને લેખિત આપવી જોઈએ' ત્યારે પૂ. અભયશેખરવિજયજી ગણી બોલ્યા કે 'મને ગચ્છાધિપતિ મહોદયસૂરીશ્વરજી મ. સા. પુછાવશે તો હું લેખિત આપીશ' ત્યારે મે તેમને કહ્યું કે 'હું કાંઇ ગચ્છાધિપતિમહોદયસૂરીશ્વરજીના પ્રતિનિધિ તરીકે આવ્યો નથી. હું સ્વતંત્ર વ્યકિતગત રીતે આપની જાહેર અખબાર વાંચીને મારી શંકાઓના સમાધાન શાસ્ત્ર સાપેક્ષ રીતે થાય તે માટે આવ્યો છું. અને આપ મને કહીદો કે 'તમારા જેવા રખડેલ અને કુટકલિયા કેટલાય આવ્યા કરે' એ કેટલું શોભાસ્પદ છે? મેં આગળ વધીને તેઓશ્રીને જણાવ્યું કે આપશ્રીને ઉદ્વેગ થતો હોય તો હું અહીંથી મિચ્છામી દુક્કડમ દેવાપૂર્વક નીકળી જાઉં ત્યારે પાછા તેઓશ્રીએ મને કહ્યું કે, હું તમને સમજાવું. તમે મને પહેલાં 'હા' પાડો કે મને સંતોષ છે પછી હું તમને લેખિત આપીશ' ત્યારે મેં તેઓશ્રીને કહ્યું કે, એમ હું આપને 'હા' કેવી રીતે પાડું ? આપશ્રી શાંતિથી વિચારી મને લેખિત આપો. હું પણ શાંતિથી આપનો પ્રત્યુત્તર વાંચી મને સંતોષ થશે તો જરૂરથી સંતોષ થયો છે તેમ લેખિત આપીશ, અને મને વિશેષ કંઇ અસંતોષ હશે તો ફરીથી આપને પ્રશ્ન પૂછીશ બાકી આપ કબાણુ કરો કે પહેલાં હા પાડો તો જ હું લેખિત આપું તે વાત કોઇપણ રીતે પ્રમાણિક ઠરતી નથી.

છેવટે આ વાતચીત દરમ્યાન મેં તેઓશ્રીને પુછયું કે દેવદ્રવ્યમાંથી ઘીના ડિબા આંગી વિ. થઇ શકે ? ત્યારે તેઓશ્રીએ મને સ્પષ્ટ ના પાડતા જણાવ્યું કે, 'ના અત્યારે ન થઇ શકે. કારણ કે વર્તમાનમાં ભારતભરનાં સંઘોમાં અત્યારે ગીતાર્થ આચાર્ય ભગવંતોની અનુજ્ઞાથી થતુ નથી. એટલે ન કરાય. ત્યારે મે તેમને વળતો પ્રશ્ન કર્યો કે પૂ. પં. ચંદ્રશેખર વિજયજી મ. સા. કહે છે કે અત્યારે પણ કરાય. ત્યારે તેઓશ્રી બોલ્યા કે પં. ચંદ્રશેખર વિજયજી ભલે કહે પણ અત્યારે પરંપરા નથી એટલે ન કરાય જ્યાં સુધી તમામ આચાર્ય ભગવંતો સર્વાનુમતે નિર્ણય ન લે ત્યાં સુધી ન કરાય ત્યારે મેં આગ્રહ રાખ્યો કે આ વાત તો આપ લેખિત આપો ! અત્યારે ફરીથી તેઓએ લેખિત આપવાની મને સ્પષ્ટ ના પાડી દીધી.

અંતે આ બધી વાતચીત દરમિયાન તેઓશ્રીની ઉદ્વેગતા વધતી હતી. મેં બે ત્રણ વાર કહ્યું કે આપશ્રીને ઉદ્વેગતા વધતી હોય તો હું નીકળી જાઉં ત્યારે બીજી એક મહાત્માએ મારો હાથ પકડીને કહ્યું 'જુઓ, તમને કોઇપણ પ્રશ્નનો લેખિત ઉત્તર મળશે નહિ. બીજીવાર આવો ત્યારે પણ જીજ્ઞાસા ભાવથી આવજો. અને લેખિત તો નહિ જ મળે તે શરતે આવજો'

છેવટે મેં તેઓશ્રીને કહ્યું કે મારાથી કંઇ અવિનય થયો હોય તો મિચ્છામી દુક્કડમ પાઠવું છું. તેમ કહી હું ત્યાંથી નિકળી ગયો.

卐 જિજ્ઞાસા અને તૃપ્તિ 卐

(ગતાંકથી ચાલુ)

જિ૦ 'સતિ દેવાદિ દ્રવ્યે' વગેરે શાસ્ત્રમાં આવતા પાઠોના આધારે શ્રાવકો માટે દેવદ્રવ્યમાંથી પૂજાની વ્યવસ્થા થઇ શકે ?

તૃ૦ ના. થઇ શકે. 'સતિ દેવાદિ દ્રવ્યે..' આદિ શાસ્ત્ર પાઠો દેવદ્રવ્યની વ્યવસ્થા માટેના છે. પણ શ્રાવકોની પૂજા વિધિ માટેના નથી. શ્રાવકે પોતાની પૂજા માટે તો પૂજાવિધિના પાઠોનો આશ્રય લેવો જોઇએ. પૂજાની વિધિમાં દરેક સ્થાને સ્વદ્રવ્યથી સ્વશક્તિ અનુસારે જ પૂજા કરવાનું ફરમાવ્યું છે. કોઇ પણ સ્થળે પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પૂજા કરવાની વિધિ બતાવી નથી. પર્યુષણા અષ્ટાહ્નિક વ્યાખ્યાનમાં શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યની વાત આવે છે. ત્યાં દરેક કર્તવ્ય શક્તિ અનુસારે જ કરવાનો ઉપદેશ છે, જે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. પૂજાની વિધિ અને દેવદ્રવ્યની વ્યવસ્થાના પાઠોની ભેળસેળ કરવાથી તો દેવદ્રવ્યનો નાશ થશે અને શ્રાવકોને પાપમાં પડવાનો માર્ગ ખુલ્લો થશે, જે કોઇ પણ રીતે હિતાવહ નથી.

જિ૦ શ્રાવક જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઇએ એવો દ્રવ્યસપ્તતિકા, શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોમાં જે પાઠ છે તે તો ફક્ત ઘર દેરાસરના માલિકે સંઘ ચૈત્યમાં પૂજા દ્રવ્યથી જ કરવી જોઇએ તે માટે છે પરન્તુ ઘર દેરાસર વગરના શ્રાવકો માટે નથી તેઓ તો સંઘચૈત્યમાં પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પણ પૂજા કરી શકે છે—આવા પ્રકારનું 'ધાર્મિક વહીવટ વિચાર'માં નિરૂપણ કરેલું છે તે યોગ્ય છે?

તૃ૦ ના, આવા પ્રકારનું નિરૂપણ જરા પણ યોગ્ય નથી, સાધુને નટનો નાચ જોવાનો નિષેધ આવી જ જાય છે. એ જ રીતે જો ઘરદેરાસરનો માલિક પોતાના ઘર દેરાસરમાં ઉત્પન્ન થયેલા દેવદ્રવ્યથી (જે મોટા ભાગે સ્વદ્રવ્યનું જ બનેલું છે) પૂજા ન કરી શકે તો ઘરમંદિર વગરનાઓ તો દેવદ્રવ્યથી પોતાની પૂજાનું કર્તવ્ય કઇ રીતે કરી શકે ? પંન્યાસજીનું પ્રસ્તુત નિરૂપણ ઘરમંદિર નહિ રાખનારા શ્રાવકોને સ્વદ્રવ્યથી પ્રભુપૂજાના લાભથી વંચિત કરનારૂં બનવાથી ઉન્માર્ગ દેશના સ્વરૂપ છે.

ધા. વ. વિ. બીજી આવૃત્તિના પૃ. ૨૪૪ થી ૨૪૭ ઉપર 'પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે 'મધ્યસ્થ બોર્ડ'ને લખેલો પત્ર' એવા હેડીંગ નીચે રજુ કરાયેલ પત્રના ખરડામાં લખ્યું છે કે—

'પૂજા વિધિ માટે, પંચાશકજીમાં સ્વદ્રવ્યથી પૂજા કરવાનું વિધાન છે અને શ્રાદ્ધવિધિ આદિના આધારે એવું વિધાન છે કે (૧) ઋદ્ધિમાન શ્રાવક સપરિવાર મોટા આડંબર સાથે પોતાની પૂજાની સામગ્રી લઇ

પૂજા કરવા જાય અને (૨) મધ્યમ શ્રાવક, સકુટુંબ પોતાનું દ્રવ્ય લઈ પ્રભુપૂજા કરવા જાય, ત્યારે (૩) ગરીબ શ્રાવક સામાયિક લઈને પ્રભુના દેરાસરે જાય અને ત્યાં જઈ સામાયિક પારી ફૂલ ગુંથવા વગેરેનું કાર્ય હોય તે કરે.' (જુઓ : ધા.વ વિ. આવૃત્તિ–૨ જી, પેજ ૨૪૬) આ સિવાય પણ અનેક ગ્રંથોમાં 'स्वविभवानुसारेण'–स्वशक्त्यनुसारेण' પોતાના વૈભવ મુજબ: પોતાની શક્તિ મુજબ–એવું વિધાન કરેલ છે.

જેમાં કયાંય પરદ્રવ્યથી પૂજા કરવાની વાત આવતી નથી. શાસ્ત્રદૃષ્ટિએ આ વાત થઈ, હવે આપણે વહેવારદૃષ્ટિએ પણ વિચારીએ.

માર્ગાનુસારી ગૃહસ્થ દુનિયાના વ્યવહારમાં પોતાનું કોઈપણ કાર્ય પારકા પૈસે કરવાની વૃત્તિ ધરાવતો નથી. અહીં તો તે કક્ષાથી આગળ વધેલા શ્રાવકનો અધિકાર ચાલી રહ્યો છે. ગૃહસ્થપણામાં મુખ્યતા દાનધર્મની છે. 'धर्मस्य आदि पदं दानम्'– અને औदार्यं प्रथमं लिंगम–આવા આવા શાસ્ત્રવચનો દાનધર્મની મહત્તા બતાવે છે. તેથી જ સુવિહિત શિરોમણી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પહેલા દાનવિંશિકા અને પછી પૂજા વિંશિકા રચી દાનમાં સુપાત્રદાન મહત્વનું છે અને ભગવાન શ્રી તીર્થંકરદેવ સમા ઉચ્ચતમ સુપાત્ર કોઈ નથી. નિત્ય યથાશક્તિ સ્વદ્રવ્યથી પૂજા કરનારા ગૃહસ્થને હંમેશા શ્રેષ્ઠ સુપાત્રદાનનો લાભ મળે છે. પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી પણ પૂજા થઈ શકે એવો ઉપદેશ દેનારા વર્તમાનના કેટલાક ગીતાર્થો ગૃહસ્થોને શ્રેષ્ઠ સુપાત્રદાનથી વંચિત કરવાનો અને વ્યવહારમાં પણ પોતાના કોઈ કાર્ય પારકે પૈસા કરવાની અમાર્ગાનુસારી વૃતિથી પર રહેનારાઓને પારકે પૈસે પૂજા કરતા કરી લૌકિક સદ્વ્યવહારની ભૂમિકાથી પણ નીચા ઉતારવાના પ્રયત્ન કરી રહ્યા છે, તેના નુકસાન વિવેકી શ્રાવકોએ સ્વયં વિચારી લેવા.

જિ० પરંતુ, જેની મુદ્દલ શક્તિ ન હોય તે સ્વદ્રવ્યથી પૂજા કઈ રીતે કરી શકે?

તૃ० એવો શ્રાવક પણ વગર પૈસે પ્રભુભક્તિનો લાભ મંદિરના બીજા કાર્યો કરવા દ્વારા મેળવી શકે છે, તે આપણે શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોના આધારે ઉપર જોઈ ગયા. મતિકલ્પનાથી લાભાલાભનો વિચાર કરવો યોગ્ય નથી. આજ્ઞા વિહિત પ્રવૃતિમાં જ સઘળા લાભ સમાયેલા છે.

જિ० દર્શનશુદ્ધિ, શ્રાદ્ધદિનકૃત્ય, ઉપદેશપદ, ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ તથા દ્રવ્યસપ્તતિકા એ દરેક ગ્રંથોમાં 'सति हि देवद्रव्ये...' વાળો પાઠ મળે છે જે એમ દર્શાવે છે કે દેવદ્રવ્ય હોય તો દરરોજ ચૈત્યસમારચન (સમારકામ) મહાપૂજા–સત્કાર સંભવિત બને. વળી ઉપદેશપદ, શ્રાદ્ધદિનકૃત્ય આદિમાં એમ પણ કહ્યું કે–જિનમંદિર, જિનપ્રતિમાની યાત્રા (અઠ્ઠાઈ મહોત્સવ) સ્નાત્ર વગેરે પ્રવૃતિઓ ચાલુ રાખવામાં કારણ ભૂત સુવર્ણ વગેરે રૂપ ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કરવી એ ઉચિત છે. આ પાઠોને આધારે શ્રાવકો ભગવાનની પૂજાની પોતાની કરણી આવા પ્રકારના દેવદ્રવ્યમાંથી કરી શકે અને

(અનુ. ટાઈટલ ૩ ઉપર)



પ્યારા ભૂલકાંઓ,

બાલવાટિકા વધું ભૂલકાંઓને ગમે છે તે તેમના સ્વહસ્તે લખાયેલા પત્રોથી જણાઇ આવે છે. અભિપ્રાયો સાથે આવતાં ટુંકા લખાણોથી જ આ બાલવાટિકા મઘમઘી રહી છે. તેની શોભા તમારા લખાણો પર છે. ચાલું મનનીય લખાણો અવરનવર છપાતાં રહેશે કે; જ્યારે તમારા ચુંટેલા લખાણો મને મળશે ત્યારે.

જૈન શાસનમાં આવતી બાલવાટિકા તમને ગમતી હોય તો તમે તમારા સગાં-સ્નેહી-સંબંધી અને મિત્રોને બાલવાટિકા વંચાવતાં હશો, ન વંચાવતા હોય તો હવેથી જરૂર વંચાવજો અને તમારા મિત્રો, સ્નેહી-સંબંધીઓ શ્રી જૈન શાસનના ગ્રાહકો ન હોય તો ચોક્કસ તેઓને ગ્રાહકો બનવાની પ્રેરણા કરજો.

બીજું તમારા દરેકના પ્રશ્નોના ઉત્તરોમાં જણાવવાનું કે તમારી તાજા કલમ ચાંચી, તમારા લખાણો..મળે છે પણ બધા છાપવા જેવા હોતાં નથી કોઇમાં સુધારો-વધારો પણ કરવો પડે છે. કોઈ લખાણો તો બિલકુલ બીનઉપયોગી હોય છે. માટે ઉપયોગી, જરુરી, કાંઇક નવીનતા ઉપજાવે તેવા, અને મનનીય, ચીંતનીય લખાણો વહેલા તકે મોકલવા પ્રયત્ન કરજો.

હવે હું મોડા વહેલા છાપવા મોકલું પરંતુ તમે સૌ સુંદર અક્ષરે લખાણો કાગળની એક બાજું લખી મોકલવાનું ચુકશો નહિ.

તમારા સર્વેની લાગણી બદલ આભાર.....

વાર્, ત્યારે ફરી આવતે મહીને.....

રવિ શિશુ
C/o જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર
'નવકાર ભવપાર ઉતારે છે'

કથાનક

પ્રયોગ વાણીનો

હું નદી કિનારે ફરતો હતો, ત્યાં એકાએક અવાજ સંભળાયો,

'ચાલ, બહેન ચાલ, જલ્દી ચાલ.'

મેં પાછળ વળીને જોયું. થોડે દૂરથી એક જૈન મારી તરફ ચાલ્યા આવતા હતા.

હું પાછો પગલા ભરવા માંડયો. ત્યાં ફરીથી અવાજ આવ્યો...

'ચાલ બહેન ચાલ જલ્દી ચાલ,

મોટું થાય છે.'

હું ચમકયો અવાજ કયાંથી આવે છે? બહેન એકલાં છે ને.....

પાછી મેં નજર પાછળ ફેરવી

એક કુંભારની છોકરી તેના ગધેડાને ઉદ્દેશીને કહેતી હતી કે

'ચાલ બહેન ચાલ, જલ્દી ચાલ.'

હું વિચારોમાં ખોવાયો. ત્યાંને ત્યાં સ્થિર થઈ ગયો નજીક આવતી છોકરીને ઢબી રાખી પૂછયું 'આ ગધેડાને તું બહેન શા માટે કહે છે?

હસતાં હસતાં છોકરી બોલી– ભાઈ, મારા ઘરે વાસણો લેવા માટે મોટાં મોટાં ઘરની બહેનો આવે છે, તેઓ મારા વાસણો પર ટકોરા મારે છે. બે ચાર વખત બબડાવે છે. આમતેમ ફેરવીને જૂએ. જોતાં કોઈવાર તોડી પણ નાંખે. તે વખતે મારે મારા વચનો કાબુમાં રાખવા જોઈએ. જો હું ગુસ્સે થઈ જાઉં અને ગમે તેમ બોલી નાંખું તો મારું ઘરાક ચાલ્યું જાય.

હું બોલ્યો. બહેન આ વાતને અને આ ગધેડાને બહેન કહેવાની વાતને શો સંબંધ છે?

છોકરી બોલી, ભાઈ જો હું એને ગધેડી કહીને બોલાવું તો મને ગધેડી બોલવાની ટેવ પડી જાય એટલા માટે હું તેને બહેન કહીને બોલાવું છું.

જો ગધેડી બોલવાની ટેવ પડી જાય તો મારે આંગણે આવેલા ઘરાકને પણ વાત વાતમાં ગધેડી કહેવાય જાય તે. મારું ઘરાક ચાલ્યું જાય. મારો ઘરસંસાર રખડી પડે માટે મારી જીભ પર વારંવાર બહેન શબ્દ લાવું છું.

જોયું,. એક કુંભારની છોકરી પોતાની જીભને કાબુમાં રાખવા માટે ગધેડીને બહેન બહેન કહીને બોલાવે છે તો આપણે સૌ નાના–મોટાને માનથી બોલાવવાની ટેવ પાડીશું?'

સારા શબ્દોનાં પ્રયોગથી સૌના લાડકા બનાય છે હલકા શબ્દો બોલવાથી હલકાઇ બતાય છે. અપ્રિય બનાય છે રોજીંદા વ્યવહારમાં સારા શબ્દોનો પ્રયોગ કરીશું તો કોઇકવાર થતું મોટું નુકશાન લાભમાં ફેરી જશે.

પૂજન એફ. મસાલિયા
(રાધનપુર)

હાસ્ય હોજ

છગન : મગન મારી આંગળી મરડાઈ ગઈ!
મગન : મિત્ર, એમાં શું ગભરાય છે? આપણા કાનિયો ધોબી છે ને તેને ધોવા આપી દેજે.

(સમજણપૂર્વક વાણીનો ઉપયોગ કરો.)

પત્ની : કેમ આટલી જડપથી લખો છો?
પતિ : (લખતાં લખતાં જ) અરે ગાંડી, તું જોતી નથી આ પેન્સીલ બચુકડી છે તે ખલાસ થઈ જશે તેની પહેલાં લખી લઉં ને?

(બુદ્ધિનું દેવાળું કાઢશો નહી.)

રમેશભાઇ મસાલિયા
ખેતવાડી મુંબઇ

(અનુસંધાન ૬૫૮ નું ચાલું)

શ્રી સંઘ તેવા પ્રકારની વ્યવસ્થા ગોઠવી આપે એવું અર્થઘટન પ્રસ્તુત પુસ્તકમાં કર્યું છે તે બરાબર છે ?

તૃ૦ આ પાઠો શ્રાવકોને પોતાની જિનપૂજાની કરણી માટે તે તે પ્રકારના દેવદ્રવ્યનો ઉપયોગ કરવાની છૂટ નથી આપતા. પરન્તુ પહેલા કહી ગયા તેમ અવધારણ બુદ્ધિએ શ્રી જિનભક્તિના ઉત્સવ, મહોત્સવ, યાત્રા, સ્નાત્ર, આંગી, પૂજા આદિ માટે તે તે પ્રકારના દેવદ્રવ્યના નિધિમાં શ્રાવકે સ્વશક્તિ અનુસાર સદા વૃદ્ધિ કરતાં રહેવું જોઇએ જેથી તે તે કાર્યો સુંદર પ્રકારે સદા થતા રહે એવા પ્રકારની પ્રેરણા કરે છે. આમાં લેવાની વાત નથી પણ આપવાની વાત છે. ઉપયોગ કરવાની વાત નથી પણ સમર્પણ કરવાની વાત છે. જેઓ વિપરીત અર્થઘટન કરે છે તેઓ ઉન્માર્ગદેશનાના માર્ગે જઇ રહ્યા છે. આજે પણ અનેક સંઘોમાં આવા પ્રકારના પ્રભુ-ભક્તિ નિમિત્તના ભંડોળ દ્વારા તે તે ભાગ્યશાળીઓ તરફથી તે તે દિવસોમાં પૂજા આંગી. પ્રભાવના, ઉત્સવ, મહોત્સવ, રથયાત્રા આદિ કાર્યો સુંદર પ્રકારે થયા કરે તેવી વ્યવસ્થા દરેક સંઘોમાં ચાલુ જ છે. એજ રીતે પોતાની નિત્યપૂજાની કરણી માટે શ્રી જિનભક્તિ સાધારણના ભંડોળમાં પોતાનો યથાયોગ્ય ફાળો નોંધાવી સ્વ-દ્રવ્યથી પૂજા કરવાનો લાભ વિવેકી શ્રાવકો લઇ રહ્યા છે અને સુવિહિત ધર્મોપદેશકો ઉપદેશ દ્વારા તેવા શાસ્ત્રવિહિત કાર્યોમાં પ્રેરણા આપી રહ્યા છે.

જિ૦ કેટલાકો સંઘના દેશસરમાં જિન-ભક્તિ સાધારણનો (દેવકું સાધારણ) ભંડાર મૂકાવે છે અને સ્વદ્રવ્યથી પૂજાનો આગ્રહ રાખે છે તે ઉચિત છે ?

તૃ૦ તેમાં અસુચિત જેવું કશું નથી, કારણ કે જેઓ શાસ્ત્રવચનને અનુલક્ષીને સ્વદ્રવ્યથી પૂજાનો આગ્રહ રાખે છે તેઓ શ્રી જિનભક્તિ સાધારણનો ભંડાર પારકા દ્રવ્યથી પૂજા કરવાની સગવડ આપવા નથી મૂકાવતા પણ અનેક કારણોસર જેઓ પૂજાદિની સામગ્રી રોજ લાવી ન શકતા હોય તેઓ દેશસરમાં તૈયાર રખાયેલી જેટલી સામગ્રી વાપરે તેટલું દ્રવ્ય કે તેનાથી અધિક તે ભંડારમાં નાંખી તેને સ્વદ્રવ્ય બનાવી સ્વદ્રવ્યથી પ્રભુપૂજા કર્યાનો આનંદ અનુભવે તે માટે એ મૂકાવે છે. કયાંક કયાંક તે ભંડાર ઉપર પણ તેવા પ્રકારનું લખાણ લખવામાં આવ્યું હોય છે જે ધ્યાન પૂર્વક વાંચવાથી આ હકીકતની પ્રતિતી થશે.

(અનુસંધાન ટાઇટલ ૨ નું ચાલુ)

વિચાર' પુસ્તક સાથે આપશ્રી દરેકને ફરી પાછા જોડી દેવાયા છે તેથી હાલમાં તેમજ ભવિષ્યમાં આપશ્રીના નામને સંમેલન કે 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક સાથે આપ-શ્રીને કોઇ જોડી ના શકે તે અંગે સ્વતંત્ર કે સંયુક્ત નિવેદન આપવું અતિ આવશ્યક છે એવું મને જણાય છે. આપશ્રીના નિવેદનથી માનુ છું કે– ઘણાં ભાવિકો સત્ય સમજી સંમેલનની અસત્યતા સમજી ભ્રમણા ત્યજી સન્માર્ગની આરાધના કરી શકશે.–રાજુભાઇ પંડિત



- શાસ્ત્રે કહ્યું છે કે– સાધુ જ જીવજીવન જીવે, કેમકે તેને જડની અપેક્ષા રહી નથી. જે જડની અપેક્ષા પણ છે તે જડના સંયોગથી છૂટવા માટે છે. સાધુને આહાર પાણી વસ્ત્ર યાત્રાદિનો ઉપયોગ કરવો પડે તે પણ આ જડન સંયોગથી છૂટવા માટે કરે, જેથી નવાં કર્મ પેસે નહિ, જુના કર્મ નીકળી જાય. તે માટે જડનો સંયોગ કરવો પડે અને કરે માટે સાધુનું જીવન જીવજીવન છે. જગતમાં જીવજીવન તરીકે જીવતો હોય તો વીતરાગનો સાધુ જ. આવા જીવજીવનો જેને ખપ લાગે તે બધા શ્રાવક-શ્રાવિકા

- 'સુખ માટું ભૂંડુ કરનાર છે. આજસુધી તેને મારી ભયાનક પાયમાલી કરી છે.' આવું જેને લાગે તેને સુખમાં વિરાગ આવે અને 'દુઃખ મારા ભલા માટે આવ્યું છે' આવું જેને લાગે તેને દુઃખમાં સમાધિ રહે.

- જે કોઇને નિર્વાણપદ ન જોઇતું હોય, મુક્તિ ન જોઇતી હોય તે બધા જે કાંઇ ધર્મ કરે તે વાસ્તવમાં ધર્મ નથી. પછી સાધુ પણ આ ઇચ્છા વગરન હોય તો આ ધર્મનો આસ્વાદ તે સાધુને પણ ન આવે. ધર્મનો સ્વાદ મોક્ષના અર્થીને જ આવે, સંસારના સુખમાં મજા કરનારને અને દુઃખથી ગભરાનારાને ધર્મનો સ્વાદ કદી આવે નહિ.

- ધન અને ભોગ જેને ભૂંડા લાગ્યા પછી તેને સંસાર અટવી કહો, સંસાર સાગર કહો કે પછી સંસાર રાક્ષસ કહો તે બધું જ મંજુર હોય ને ?

- સમ્યગદર્શન ન હોય તો ગમે તેટલું ભણે પણ આંધળા જ રહેવાના. ગમે તેટલું ભણેલો સમ્યગદર્શન વગર આંધળો જ ને ?

- અર્થ-કામ ભૂંડા છે. પછી મોક્ષને પુરૂષાર્થ કહ્યો છે. ભગવાન પણ કહી ગયા છે કે ધર્મ પણ પુરૂષાર્થ છે જો મોક્ષનું કારણ હોય તો જ બાકી તે ધર્મ પણ અધર્મ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

~~૫૧૮૧~~

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૭	૪૩+૪૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

—: મણકો :—

जहित्ता पुव्वसंजोगं
णाइसंगेयबंधवे ।
जो न सज्जइ भोइटिं
तं वयंबूम बंमणं ।।

પૂર્વના માતા પિતાદિ તથા બેન આદિ સંબંધી તથા ભાઇ વિ.ને છોડીને જે પૂર્વના ભોગમાં લપટાતો નથી જેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.



પ્રા. શ્રી જૈનાનંદ સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
વિ. [illegible]

'મુક્તિદૂત' માસિકના જુન ૧૯૯૫ના અંકના અવળા પ્રચારથી સાવધાન

"શક્તિસંપન્ન શ્રાવક ભાવના–સંપન્ન ન બને અને સ્વદ્રવ્યને બદલે દેવદ્રવ્યથી જિનપૂજા કરે તો તેને પાપ ન બંધાય" આવો કુપ્રચાર હમણાં હમણાં પં. શ્રી ચન્દ્ર-શેખરવિ. મ. આદિ સંમેલનના સમર્થકોએ જોરશોરથી શરૂ કર્યો છે. તેઓનું આ અવિચારી વિધાન 'શાસ્ત્રીય છે' એવું સિદ્ધ કરવા માટે તેમને એક પણ શાસ્ત્રપાઠ મળતો નથી. તેમના આ મનસ્વી પ્રચારથી મુગ્ધલોકોનું અધઃપતન કરનારૂ એક કૂટ આલંબન ઉભું થાય છે.

અમારા સ્વર્ગીય ગુરુદેવ પૂ.પાદ કમલસૂરીશ્વરજી મ. સા. આદિ વિ.સં. ૧૯૧૬ની સાલના ખંભાતના સંમેલનમાં હાજર હતા આવી વાત અમારી જાણ અને માન્યતાનુસાર સત્યથી વેગળી છે. ખંભાતના વિ.સં. ૧૯૭૬ના સંમેલનનો દેવદ્રવ્ય વિષયક ઠરાવ પંન્યાસજીની માન્યતાને બિલકુલ સમર્થન કરનારો નથી. બાકી તેમણે રજુ કરેલા પૂ. પાદ પ્રેમસૂરીશ્વરજી મ.સા. સાથેના પત્ર વ્યવહારના પત્રોમાં શાબ્દિક ફેરફાર, નવો ઉમેરો અને લીટીઓ છૂપાવવી વગેરે કરવામાં આવ્યુ હોવાથી, તેમની વિશ્વસનીયતા નષ્ટ થઇ ગઇ છે. પત્રવ્યવહાર પણ સંપૂર્ણ પ્રગટ કરવામાં આવેલ નથી. આટલું બધું અઘટિત-કૃત્ય કર્યું હોવા છતાં, વિ.સં. ૨૦૪૪ના સંમેલનને જોરદાર સમર્થન મળી રહ્યું છે એવો ગોકીરો મચાવવો, સંમેલનને ટેકો ન આપે તેવા આચાર્યોને શાસ્ત્રના જાણકાર ન માનવા અને સંમેલનમાં મ-તુ મારે એવા આચાર્યોને જ ગીતાર્થ માનવા : આવો સંમેલનના સમર્થકોનો વિચાર એકદમ અસ્થાને છે.

વિ.સં. ૨૦૪૪ના સંમેલનના અશાસ્ત્રીય ઠરાવોનો વિરોધ કરનારા આચાર્યોને 'શાસ્ત્રના નામે ઝગડો કરનારા' કહેવા, સંમેલનમાં બેસી ગયા માટે પોતે કહે તે બધું જ શાસ્ત્રીય જ કહેવાય અને શ્રી સંઘના ભાઇ–બહેનોએ એને શાસ્ત્રીય માની જ લેવું આવી સંમેલનના સમર્થકોની હઠ કેટલી હદે ઉચિત ગણાય !

શ્રી સંઘના ભાઇ–બહેનો બરોબર સમજી રાખે કે– સંમેલનના સમર્થકો દ્વારા રજુ કરાતી વાતો એકદમ શાસ્ત્રીય જ છે, એકદમ યથાર્થ છે, એવું માની લેવાની ઉતાવળ કરવા જેવી નથી.

શાસ્ત્રના નામે કૂટ આલંબનો ઉભા કરીને મુગ્ધજીવોનું અધઃપતન જ કરવાની કોઇની મનોવૃત્તિ હોય તો તેના નિવારણનો કોઇ ઉપાય અમારી પાસે પણ નથી.

—: ફોન નંબર નોંધી લેશો :—

મહેતા ભગનલાલ ચત્રભુજ, જામનગર. ફોન : ૭૫૩૨૯

કુ.ગા.દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસાના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ સંસાય ચ

તંત્રીઓ
ચુનીલાલ મોહનલાલ ગુજરાતી
હેમેન્દ્રકુમાર મણિલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પરમાણી મુકુંદ (ગોંડલ)

વ. ૭ | ૨૦૫૧ અષાઢ વદ ૭)) મંગળવાર તા. ૧૮-૭-૯૫ [અંક-૪૩-૪૪

卐 પ્રકીર્ણ ધર્મોપદેશ 卐

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૭ ને શુક્રવાર તા. ૩-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - ત્રીજું)

(ગતાંકથી ચાલુ)

સાધુ તો કેવળ ધર્મ કરવા આવ્યો છે. તેનેય જો મોક્ષની તીવ્ર ઇચ્છા જાગે નહિ, સંસારનો ભય લાગે નહિ તો—! સંસારનો ભય એટલે સંસારના સુખનો ભય. તનને સંપત્તિનો ભય, અમને માન-પાનનો ભય જોઇએ. તમે સંપત્તિ માટે ધર્મ છોડો, અમે માન-પાન માટે ધર્મ છોડીએ, લોકોને ગમે તેવું બોલીએ. લોકને શું ગમે? માટે સમજો કે, જેને સંસાર ભૂંડો લાગે નહિ, મોક્ષની તીવ્ર ઇચ્છા જાગે નહિ તેનો વળી ધર્મ કેવો? થાય તો કરવાનો. જરાક અપમાન થાય તો ધર્મ મૂકી દેતા વાર નહિ. ધર્મ માટે તો જરાય કષ્ટ સહન કરાય નહિ આવી તેમની માન્યતા હોય. તમે બધા ઘરમાં, પેઢીમાં, બજારમાં, કેટલું સહન કરો છો. ઘરમાં કશીય કિંમત ન હોય તોય ઘર છોડી દે તેવા કેટલા ? બજારમાં આબરૂ ન હોય તોય જાય નહિ એવા કેટલા ? આજના ગ્રાહકો તો વેપારીને મોંઢામોંઢ કહે છે કે 'ચોર ! બહુ લુચ્ચાઇ કરો છો. ગળા કાપો છો, બહુ ઠગો છો' છતાંય વેપારી મૂછમાં હસે છે અને તે બધું સાંભળી લે છે. કેમકે, તે વેપારી માને છે કે, ગ્રાહકને ઠગ્યા વિના પૈસા મળે નહિ અને તેને ઠગવો હોય તો તે જે કહે તે સાંભળી લેવું પડે.

તમે બધા સંતોષી છો કે અસંતોષી છો ? એક રૂપિયે કેટલા પૈસા લો ? આજે તો જેટલા વધારે પૈસા મળે તે માટે તે જૂઠ પણ વધારે કેળવી કેળવીને બોલે છે. તેમ

ધર્મ કરનારને કોઇ ગમે તેમ બોલે ઘેલા કહે, વેવલા કહે તો ય તે ધર્મમાં પાછો પડે કે આગળ વધે ?

પ્ર૦–ત્યાં તાત્કાલિક લાભ દેખાય છે.

ઉ૦– તાત્કાલિક લાભને જુએ તે નાસ્તિક ! ભગવાને કહેલા લાભને જુએ તે આસ્તિક !

આસ્તિક કોણ કહેવાય ? પરલોકને માને તે. તમે બધા પરલોકને માનો છો ? પરલોક ન બગડે તે માટે સારી રીતે જીવો છો ? હું ચોરી કરું, જુઠું બોલું, કોઇને ઠગું, વિશ્વાસઘાત કરું તો મારો પરલોક બગડે, મારે દુર્ગતિમાં જવું પડે આવી પણ શ્રદ્ધા છે ? આજે તો આસ્તિક કહેવાતા નાસ્તિક કરતા ખરાબ છે. નાસ્તિકનેય વટલાવે તેવા છે.

તમે બધા આત્મા છો ? તમારે અહીંથી જવાનું છે તો કયાં જવું છે તેનો વિચાર કર્યો છે ? હું આત્મા છું. ખોટું કરીશ તો મને જ નુકશાન થવ નું છે, મારો પરલોક બગાડવાનો છે આવી પણ તમને ચિંતા છે ? તમારે ઘેર છોકરો જન્મે તો તમે રાજી થાવ છો. શાથી ? ઘર ચલાવનાર પાકયો, મરતા સુધી સેવા કરનાર પાકયો, મને આમ આમ લાભ થશે તે જ વિચાર ને ? આવા વિચારવાળાને ત્યાં જે જન્મે તે મરીને દુર્ગતિમાં જાય છે ! તો તમારે ઘેર જનમવું તે સારૂં કે ખરાબ ? શાસ્ત્રે, જૈનજાતિમાં અને જૈન કુળમાં જન્મે તેને મહાપુણ્યશાલી કહ્યો છે. જ્યારે આજે તો એવા જૈનકુળ થઇ ગયા છે કે જન્મનારનું નિકંદન નીકળી જાય !

પ્ર૦– જન્મે તેનું પુણ્ય કામ નહિ કરે ?

ઉ૦– ઘણાનું પુણ્ય ખવાઇ ગયું. ધર્મના સંસ્કાર લઇને આવેલા પાછાના સંસ્કાર ભૂંસાઇ ગયા. સંયોગોના આધારે કામ થાય. માટે તો સારા સંયોગોમાં વસવાનું શાસ્ત્રે કહ્યું છે.

નાનાં છોકરાં હંમેશા મા–બાપનું મોં જુએ છે. નાનો છોકરો રડતો હોય તોય તેની માનો હાથ ખરબચડો હોય તો ય તેના હાથમાં જઇને શાંત થઇ જાય. બીજી સુંવાળા હાથવાળી બાઇ તેડે તો ય શાંત ન થાય. આ અનુભવ નથી ? તમે તમારાં સંતાનોને શું સલાહ આપો છો ? શું શીખવો છો ? તેને ખોળામાં બેસાડીને કોઇ દિ કહ્યું છે કે – 'તું ભાગ્યશાલી જીવ છો ! મારે ઘેર જન્મ્યો તને સારામા સારો સાધુ બનાવવો છે. સાધુ ન બને તો શ્રાવક બનાવવો છે.' તમારો ભણેલો છોકરો તમને પૂછે કે, મારે આ જન્મમાં શું કરવાનું તો તમે શું કહો ?

તમે બધા આજે પુણ્ય, પાપ પરલોક આત્માને માનતા નથી.

સવા : માનીએ છીએ માટે તો ધર્મ કરીએ છીએ.

ઉ. તમે બધા તો ધર્મ દેખાવ માટે કરો છો.

ધર્મ કરનારો આત્મા કેવો હોય ? સંસાર તો તેને ગમતો જ ન હોય. સંસારનો તો તેને ભય લાગે. સંસારનું સુખ અને સંપત્તિથી તો તે ગભરાતો હોય. સંસારમાં મજેથી રહેતા હોય, લહેરથી સુખ ભોગવતા હોય તેને ધર્મી કહેવાય ? પુણ્ય યોગે તમને સામગ્રી સારામાં સારી મળી છે પણ તમે સારા નથી એમ મારે કહેવું છે. તમે બધા તો પુણ્યયોગે મળેલી સંસારની સુખ સામગ્રી મજેથી ભોગવો છો, મારા બધા દિકસ સારા પોસ્ટ ઉપર છે, દિકરીઓને પણ સારે ઘેર પરણાવીને ઠેકાણે પાડી દીધી છે. આવું તમે અમને કહો અને અમે તમને 'પુણ્યશાલી' કહીએ તો અમારૂં પણ નખ્ખોદ નીકળી જાય ! તમારા દિકરા–દિકરી ધર્મને જાણે નહિ, ધર્મને પહેચાને પણ નહિ તેવા દેશમાં તમે તેને મોકલો અને તેની હોંશિયારીના અમારી પાસે વખાણ કરો તો તમને ય ધર્મી કહેવાય ખરાં ?

તમે બધા શ્રી અભયકુમારને ઓળખો છો ? તેઓ શ્રી શ્રેણિક મહારાજાના દિકરા છે, પાટવી કુંવર છે, રાજ્યના ખરા અધિકારી છે. છતાં તેમનો તો એક જ વિચાર હતો કે, 'મારે તો આ રાજ્ય છોડીને ઝટ સાધુ જ થવું છે.' શ્રી શ્રેણિક મહારાજા તેમને રાજગાદી ઉપર બેસાડવા ઇચ્છે અને તે માટે કહે છે ત્યારે શ્રી અભયકુમાર કહે છે કે, 'મારે આ રાજગાદી નથી જોઇતી. આપને ઘણા દિકરા છે. જેને રાજગાદી ઉપર બેસાડશો તેની હું જ્યાં સુધી સંસારમાં રહીશ ત્યાં સુધી જેવી આપની સેવા કરૂં છું તેવી તેની સેવા કરીશ.' છતાંય શ્રી શ્રેણિક મહારાજા કહે છે કે, તું જ લાયક છે મારે તો તને રાજગાદી આપવી છે. ત્યારે ય શ્રી અભયકુમાર ના... ના... જ કરે છે. શ્રી શ્રેણિક મહારાજા જ્યારે વારંવાર આગ્રહ રાખે કરે છે, ત્યારે તેઓ વિચાર કરે છે કે, સંસારમાં હજી છું ને આવો આગ્રહ કરે તે સારૂં નહિ એટલે કહે છે કે–'પિતાજી ! ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અત્રે પધારવાના છે તો તેઓને પૂછીને પછી જ જવાબ આપીશ'. આ સાંભળી શ્રી શ્રેણિક મહારાજા ચૂપ થઇ ગયા, કાંઇ જ વિલંબ નથી કર્યો

તમે તમારા છોકરાને લગ્ન કરવાનું કહો અને તે કહે કે, ગુરૂ મહારાજને પૂછયા પછી વાત ! તો તમે શું કહો ? છોકરો મારો છે કે સાધુનો ? તમે જેટલું સાંભળો છો તે સમજો છો કે નહિ તેની ખબર પડતી નથી ! અમલમાં મૂકવાની ઇચ્છા છે કે નહી તેની ય ખબર પડતી નથી. અભયકુમાર ભગવાનને પૂછવાનું કહે તો રાજા સહન કરે ? પણ રાજા તે પછી એક અક્ષર બોલ્યા નથી. કેમકે, ભગવાનના પરમ ભગત હતા. તમે સાધુના ભગત ખરા પણ છોકરો સાધુના કહ્યા મુજબ જીવે તે પસંદ નહિ. સાધુ કહે તે મુજબ ચાલીએ તો ઘર–બારાદિ ચાલે નહિ. આવી મોટા ભાગની ફૅમીવર્ગની માન્યતા

છે. તમે સંસારમાં ભગવાનના કહ્યા મુજબ જીવો છો કે તમારી મરજી મુજબ જીવો છો ? તમારે પૈસાની જરૂર પણ પડે, પૈસો કમાવવા પણ જાવ પણ તે કેવી રીતે મેળવો ? તમે જે રીતે પૈસો કમાવ છો તેમાં ભગવાનની આજ્ઞા છે ? ભગવાનની આજ્ઞા તો જેની તાકાત હોય તેને સંસાર છોડી, મોક્ષે જવા માટે સાધુ થવાની છે. પણ જેની તાકાત ન હોય અને સાધુ ન થઇ શકે અને સંસારમાં રહેવું પડે તો તે આજીવિકા માટે વેપાર કરવો પડે માટે કરે કે કર્યા વિના ચાલે જ નહિ એમ માનીને કરે ? સુખી જીવો વેપાર કરવા વેપાર કરે કે પૈસા વિના જીવી શકે તેમ નથી માટે કરે છે ? શ્રાવક વેપાર કયારે કરે ? ન ચાલે તેમ હોય તો જ કરે ને ? વેપારને પણ પાપ માનીને કરે કે સારો માનીને કરે ?

તમે આપણા મહાપુરૂષોની પરંપરા જોઇ નથી. શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનથી શ્રી અજિતનાથ સ્વામિ ભગવાન થયા ત્યાં સુધી પચાસ લાખ કોડ સાગરોપમ કાળ ગયો. ત્યાં સુધીમાં અસંખ્યાત રાજાઓ થયા. પણ એક રાજા એવો નથી થયો કે જે સાધુ થયા વિના મર્યો હોય. અને સાધુ થઇને ય મોક્ષે કે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયો ન હોય ! ઘર ચલાવનાર પાકે એટલે દિકરાને રાજ્ય સોંપીને સાધુ થતા અને કહીને જતા કે–'તારે ત્યાં પણ રાજ્ય ચલાવનાર પાકે એટલે તું પણ સંસાર છોડીને સાધુ થઇ જજે.' તમારી શ્રી પરંપરા છે ? તમારી પરંપરા બગડી ગઇ છે તેમ લાગે છે ? જૈન-કુળની પરંપરા જીવતી નથી તેનું બહુ દુઃખ છે ? જે મહાભાગશાળી હોય, સમજ-શક્તિ આવી હોય તે આ માર્ગે આવે તો ભલે પણ તમે તેને આ માર્ગે મોકલો ખરા ? તમને પણ આ માર્ગે આવવાનું મન છે ખરૂં ? સાધુ થવાના મન વગરનો હોય તે શ્રાવક જ નહિ, ભલે મોટાં મોટાં મંદિરો બાંધે તો પણ ! તે મંદિર નામનાદિ માટે બાંધે છે.

એક ગામમાં શ્રાવકના ઘર ઓછાં હતાં. ગામવાળા બહારથી પૈસા લાવી લાવીને શિખરબંધી મંદિર બંધાવતાં હતાં. મે તેઓને કહ્યું કે, તમે આવી રીતે શિખરબંધી મંદિર શું કામ બંધાવો છો ? નાનાં ઘરમંદિર જેવું બંધાવો. તો કહે કે, અમારા ધોળમાં નિયમ છે કે, જ્યાં શિખરબંધી મંદિર હોય ત્યાં જ કન્યા આપવી. આવાને કેવા કહેવાય ? આવી રીતે મંદિર બંધાવે તે મરીને કયાં જાય ?

આ સંસાર કરવા જેવો નથી આવું જેના મનમાં ન હોય તે શ્રાવક જ નહિ. જે અમને પણ કહે કે, સાહેબ ! વેપાર વગર તો ન ચાલે. અને અમે ય કહ્યું કે; કર ! તો તમારી લેગા અમે ય મરીએ. શ્રાવકને વેપાર કરવો પડે તો ન છૂટકે કરે. વેપારને પાપ માને એટલે તેમાં અનીતિ આદિ મહાપાપ તો મરી જાય તો ય ન કરે. અનિતિથી પૈસો ન મેળવે. આજે ઘણાં કહે છે કે, ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ. તે દેખાવમાં ભગત છે પણ લોકોને ઠગનારો છે. તમારે સંસારમાં રહેવું પડયું છે અને રહ્યા છો તો આનંદમાં છો કે દુઃખમાં છો ? (ક્રમશઃ)

卐 વિચારકો માટે વિચારણીય વિગત 卐

—શ્રી મુક્તિપંથ પથિક

જૈન શાસનમાં ઉપદેશને ઘણું જ મહત્વ આપવામાં આવેલું છે. ઉપદેશ એ ધર્મ પામવાનું અનુપમ કોટીનું અંગ છે. ઉપદેશ દ્વારા અનેક ભવ્યાત્માઓ ધર્મમાં જોડાઈ છે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના ધર્મને પામી મોક્ષમાં જાય છે. સમ્યગ્દર્શનાદિ નિસર્ગ અને અધિગમથી પમાય છે તેમાં ય નિસર્ગથી સમ્યગ્દર્શનાદિ પામનારા જીવો થોડા હોય છે અધિગમ એટલે ઉપદેશાદિના નિમિત્તથી સમ્યગ્દર્શનાદિ પામનારા જીવો ઘણા હોય છે કિન્તુ ઉપદેશ મુખ્યતયા વ્યાખ્યાનમાં અપાય છે વ્યાખ્યાન કરવા માટે પણ જેનો તેનો અધિકાર નથી. વ્યાખ્યાન માટે કોણ અધિકારી છે ? એના માટે શાસ્ત્રમાં સુન્દર ફરમાન છે. ઉત્સર્ગ–અપવાદને બતાવનારાં બૃહત્કલ્પ–નિશીથ વગેરે આગમ ગ્રન્થોનો તથા અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરીને ગીતાર્થ બનેલા સાધુ જ વ્યાખ્યાન કરવાના અધિકારી છે આજે ગમે તેવા અનભ્યાસી (અભ્યાસ વગરના) સાધુને વ્યાખ્યાનની પાટ પર બેસાડીને કે બેસીને વ્યાખ્યાન કરનારા સાધુઓએ જૈન શાસનમાં ઘણો જ વિપ્લવ જગાડ્યો છે ઘણી ઉન્માર્ગની પ્રરૂપણાઓ પ્રવૃત્તિઓ ચલાવી છે આવું બધુ ચાલે છે અને એમાં જૈન સમાજનો મોટો ભાગનો વર્ગ અજ્ઞાન, અણસમજુ અને સ્વાર્થી રહ્યો છે એ કારણ છે. કદાચ અનભ્યાસીને વ્યાખ્યાન કરવાનો સમય આવે તો લખેલું વાંચે અને શંકા પડે તો જ્ઞાનીને પૂછો તેમ કહે.

જૈન સમાજ જો શાસન દૃષ્ટિવાળો હોત તો ઉન્માર્ગથી પ્રરૂપણાઓ અને પ્રવૃત્તિઓ ન ચાલત. આજે તો સાધુ બન્યાને બે મહીના કે બે વરસ પણ થયા ન હોય અને વ્યાખ્યાનની પાટ ઉપર બેસવાનું મન થઈ જાય છે અને બેસે પણ છે અને વ્યાખ્યાન કરવાનો ચસકો લાગ્યા પછી આગમાદિ શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાનું જીંદગીભર માટે બાજુમાં રહી જાય છે અને જીંદગીભર વ્યાખ્યાન કરવાનું ધતીંગ એના જીવનમાં ચાલુ રહે છે વ્યાખ્યાનકાર બનનારે તો પહેલા ગુરૂગમથી આગમાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઇએ અને એના દ્વારા આત્મામાં સંયમની સુન્દર પરિણતિ કેળવવી જોઇએ. પછી જ ગુરૂની આજ્ઞા થતા વ્યાખ્યાનની પાટ ઉપર બેસવું જોઇએ અને આવો સાધુ ભવ્ય જીવો પર ઉપદેશ દ્વારા જે લાભ કરે તે અનેરો હોય છે. અપરિણતો જે પાટ ઉપર ચડી બેઠા છે અથવા બેસાડવામાં આવ્યા છે. એના પરિણામે જૈન શાસનને ઘણું ઘણું વેઠવું પડ્યું છે એ આન્તર ચક્ષુથી નિહાળવામાં આવે તો ખ્યાલ આવે.

વ્યાખ્યાન કરવાની વિધિ અને મર્યાદાઓનો પણ આજે તો લોપ થતો ચાલ્યો છે. ઘણી ઘણી અવિધિઓ અને મર્યાદાઓનો ભંગ થઇ રહ્યો છે અવિધિ અને મર્યાદા

ભંગના મોટા પાપ આજે મોટા ભાગના વ્યાખ્યાનોમાં ચાલી રહ્યાં છે એમાં રાતે વ્યાખ્યાન કરવાનું પણ મોટું પાપ અનેક સ્થળે ચાલે છે અને આધુનિક વકતાઓ ચલાવી રહ્યા છે.

ભૂતકાળમાં સિંહાવલોકન કરીએ તો તીર્થંકર ભગવંતોના કયાંય પણ રાતે વ્યાખ્યાન-દેશના ચાલતી ન હતી અને કદાચ કોકવાર લાભ જોઇ એ રાતે પણ દેશના આપી હોય તો પણ એમનું દૃષ્ટાંત ન લેવાય. એઓ અતિશય જ્ઞાનીઓ છે અતિશય જ્ઞાનીઓએ કોઇ શાસ્ત્ર વિરૂદ્ધ પણ પ્રવૃત્તિ લાભ જોઇને કરી હોય તેનું દૃષ્ટાન્ત લઇ એ પ્રવૃતિ અતિશય જ્ઞાન વગરનાઓએ કરવાની ન હોય. અતિશય જ્ઞાન વગરના આપણા એવાઓએ તો અરિહંત પરમાત્માઓની આજ્ઞા મુજબનું કાર્ય કરવાનું હોય. ગણધર ભગવન્તોએ કે પૂર્વાચાર્યોઓએ પણ આજની માફક દિવસે વ્યાખ્યાનાદિમાં અથવા દેહરાસરાદિના ઓઠો ઉપર જાહેરાતો કરીને રાતે વ્યાખ્યાનો કરાય છે તેવી રીતે કર્યા નથી એમ પૂર્વાચાર્યોનો ઇતિહાસ અવલોકતા જણાય છે. વર્તમાનમાં પણ કેટલાક આચાર્યોએ આ રીતની જાહેરાત કરીને વ્યાખ્યાનો કર્યા નથી અને કરાવ્યા નથી કેટલાક આચાર્યો દ્વારા એ પ્રવૃતિ તાત્કાલિક લાભ જોઇને ચાલુ કરાઇ છે પરન્તુ તે હવેના કાળમાં કેટલો લાભ કરનારી છે એનો વિચાર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે વર્તમાનના પણ કેટલાક આચાર્યો રાતે વ્યાખ્યાન કરતા કે કરાવતા તે અપવાદ રૂપે જ હતું.

કોઇકવાર સંજના વિહાર કરીને ગયા હોય અને જૈન જૈનેતર લોકો વ્યાખ્યાન માટે વિનંતી કરતા તો અપવાદ રૂપે એકાદ દિવસ માટે રાતે ત્યાં વ્યાખ્યાન કરી લેતા અપવાદ રૂપે રાતે કોઇકવાર વ્યાખ્યાન કરી લેવું પડતું કે કરાવી લેવું પડતું એ વાત અલગ હતી એ અપવાદિક પ્રવૃતિને ઉત્સર્ગ પ્રવૃતિ ન બનાવાય.

ઉત્સર્ગની પ્રવૃતિને અપવાદની પ્રવૃતિ બનવાઇ રહી છે અને અપવાદની પ્રવૃતિને ઉત્સર્ગની પ્રવૃતિ બનાવાઇ રહી છે એમ લાગે છે. રાત્રિના વ્યાખ્યાનની પ્રવૃતિનો વેગ વધી રહ્યા હોવાના કારણે દિવસે વ્યાખ્યાન કરવાની પ્રવૃતિ અપવાદ રૂપે બની રહી છે. અને રાતની વ્યાખ્યાન કરવાની અપવાદ રૂપ પ્રવૃતિ ઉત્સર્ગ રૂપે બની રહી છે જે ખરેખર અત્યન્ત અઘટિત છે.

સાધુઓ જ્યાં વિહાર કરીને જાય છે. ત્યાં દિવસના વ્યાખ્યાન કરતા ઉપરાંત રાતના વ્યાખ્યાન કરવા માટે લોકોને પ્રેરણા કરે છે દિવસના વ્યાખ્યાનાદિમાં અને ઓઠો પર જાહેરાતો કરાવે છે અને રાતે વ્યાખ્યાનો બેસે છે અને લોકો રાતના શહેરનાં જુદા જુદા ઠેકાણેથી સ્કુટર-મોટર મોટર સાયકલ આદિ દ્વારા ભાગાભાગ કરતા વ્યાખ્યાનમાં આવે છે રાતે ૧૧ વાગે અને બાર બાર વાગે વહાનોનો ફટાફટ અવાજ કરતા ઘરે જાય છે જેમાં જયણા ધર્મનો તો ખાતમો જ બોલાઇ જાય છે. એ વાહનોથી કેટલાએ

જીવોના જાન લેવાઇ જતા હશે અને કોઇકવાર તો પોતાનો જાન પણ જોખમમાં મુકાઇ જવાનો અવસર લાગી જાય છે. ઝાડાદિ ઉપર નિરાંતે જંપીને બેઠેલા કે ઉંઘતા પક્ષીઓ વગેરેને પણ વાહનોના ફટાફટ અવાજથી કેટલો ફફડાટ અને ત્રાસ થતો હશે.

જીવોની વિરાધના કરાવી અને વ્યર્થ ત્રાસ આપી રાતના વ્યાખ્યાનો કરવા એ શાસ્ત્રદૃષ્ટિએ કેટલા ઉચિત છે એ વિચારક ગીતાર્થ આચાર્યાદિએ ખૂબ જ ગંભીરતાથી સમજવાની ને વિચારવાની જરૂર છે.

વ્યાખ્યાન માટેનો પ્રશસ્ત કાલ દિવસનો છે એમાં પણ સવિશેષ પ્રશસ્ત કાલ સવારનો ચઢતા પહોરનો છે માટે જ મોટા ભાગે વ્યાખ્યાનો સવારના નવ વાગ્યાથી સાડા દશ અગ્યાર વાગ્યા સુધીના રાખવામાં આવે છે. બપોરનો કાલ પ્રશસ્ત ખરો પણ સવારના જેવો તો નહી જ. પ્રશસ્ત કાલમાં વ્યાખ્યાન શ્રવણ કરવાથી સુન્દર અસર થાય છે ભાવોલ્લાસ અને પ્રસન્નતા વધે છે જૈન શાસનમાં દ્રવ્ય-ક્ષેત્ર આદિને શુભ અનુષ્ઠાનો માટે મહત્વ આપ્યું છે તેમ કાલને પણ એટલું જ મહત્વ આપ્યું છે શુભ અનુષ્ઠાનો પ્રશસ્ત કાલમાં કરવાનું વિધાન છે. રાતે વ્યાખ્યાનમાં વક્તાને શ્રોતાઓના મોઢા દેખાતા નથી એથી શ્રોતાઓ ઉંઘે છે કે જાગતા સાંભળે છે એનીજ વક્તાને ખબર ન પડે આવી અવસ્થામાં વક્તાને માત્ર લેકચર ઝાડે રાખવું પડે છે.

રાતે વ્યાખ્યાનકારને શ્રોતાઓના મોઢા ન દેખાય તેથી રાતે લાઇટનો પણ શ્રાવકો ઉપયોગ કરે છે ઇલેકટ્રીક લાઇટમાં જીવોની હિંસા પણ કેટલી ભયંકર થાય છે ? એ તો જાણવા મળે ત્યારે હૈયામાં ફફડાટી છુટી જાય. કેટલીકવાર તો શ્રોતાઓ લાઇટ વ્યાખ્યાન માટે કરીને ગયા પછી લાઇટ બંધ કરવાનું ભુલી પણ જાય છે એના કારણે આખી રાત લાઇટ સળગ્યા કરે અને જીવોની ઘોર હિંસા થયા કરે. ઉઠ્યા પછી કોઇને ખ્યાલ આવે તો એ બંધ કરે નહીતર રાતની માફક દિવસે પણ લાઇટ સળગતી રહેવાથી જીવોની વિરાધના ચાલુ રહે છે. કેટલીકવાર તો આવી વિરાધના ટાલવા સાધુ પણ શ્રાવકને લાઇટ બંધ કરવાનો ઉપદેશ આપવાનું પાપ માથે વ્હોરી લે છે સાધુને લાઇટ ચાલુ કરવામાં જેમ જીવ વિરાધનાનું પાપ છે તેમ લાઇટ બંધ કરવામાં પણ જીવ વિરાધનાનું પાપ લાગે જ છે. સાધુ ગોચરી ગયા હોય ત્યારે ઘરમાં પ્રવેશતા કે પ્રવેશ્યા બાદ કોઇ ગૃહસ્થ લાઇટ બંધ કરે કે ચાલુ કરે બેલ વગાડે રેડીયો ટી. વી. ની સ્વીચ ઓન કરે ત્યારે એ ઘરમાંથી વહોર્યા વગર નીકળી જાય તો પછી સાધુને વ્યાખ્યાન કરવાનું અને એમને શ્રોતાઓના મોઢા દેખાય માટે લાઇટનો ઉપયોગ શ્રાવકો કરે તો એમાં શું સાધુને દોષ ન લાગે ? (ક્રમશઃ)

વેરની વૃત્તિ વિરાધના છે કે આરાધના ?

શું ચન્દ્રશેખરવિજયજી મહારાજ પોતાની દૃષ્ટિએ માખી જેવા (અડધીઆની) અમને મારવા તલવાર (સાડાપંદરાની) નો ઉપયોગ કરશે ? (!)

—સુરેશ વી. શાહ-સુરત

પં. ચન્દ્રશેખરવિજયજી છેલ્લા પાંચ દિવસથી નીચેના વિષયો જુદા જુદા સંઘોમાં એક જ કેસેટ વગાડી રહ્યા છે. શાસ્ત્રીય મતભેદ હોઈ શકે, મતભેદની તંદુરસ્ત ચર્ચા પણ હોઈ શકે. ભૂતકાળમાં સજ્જનતા પૂર્વક અનેક વાદ વિવાદો આ જૈન શાસનમાં થયા છે પણ કયારેય કોઇના અવાજને દબાવવામાં નથી આવ્યો. કયારેય કોઈ એક જ વ્યકિત, એક જ સમુદાયને નીચો દેખાડવાનો મલીન અને હીન પ્રયાસ નથી કરાયો. સુરતના જૈનો શાણા છે સમજું છે. જેથી જ અઠવા લાઇન્સના પ્રવચન બાદ બહાર ચર્ચા ચાલી છે કે શું વ્યાખ્યાનનો કોઇ બીજો વિષય જ નહિ ? ભૂતકાળમાં પૂ. આ. સાગરજી મહારાજ અને રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ વચ્ચે તિથી વિષયક વિવાદ થયો છે. પણ એ બેમાંથી એકેય મહાપુરૂષે પોતાની સજ્જનતા, સભ્યતા અને સૌમ્યતાને છોડી નથી. આજે આપણે શું જોઇ રહ્યા છીએ ? જીવતલાલ પ્રતાપશી શેઠ, કસ્તુરભાઇ લાલભાઇ શેઠ, શ્રેણીકભાઇ કસ્તુરભાઇ શેઠ, શંખેશ્વર તીર્થના મેનેજીંગ શ્રી અરવિંદભાઇ પન્નાલાલ શેઠ, પૂ બાપજી મહારાજ પૂ. મેઘસૂરીશ્વરજી મ., પૂ. મનોહર સૂરીશ્વરજી મ., પૂ. શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ., પૂ કનકપ્રભસૂરીશ્વરજી મ., પૂ. કનકચન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. ભદ્રસૂરીશ્વરજી મ., પૂ. ચરણવિજયજી મ. પૂ કમલસૂરીશ્વરજી મ., પૂ. હાનસૂરીશ્વરજી મ., પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. પૂ. લબ્ધિસૂરીશ્વરજી મ. આદિ અનેકને માટે જેઓશ્રી પૂજ્ય, આદરણીય કે શિષ્ય-બાળક જેવા હતા તેવા આ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ માટે વર્તમાનમાં સુરત પધારી પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજે ભારે વાણીનો વ્યાભિચાર કર્યો છે, પોતાનું છીછરાપણું, અગંભીર્યપણું, અદિર્ઘ-

દૃષ્ટિપથ છતું કર્યું છે. મળેલી વકતૃત્વ શક્તિનો લોકોને ધર્મમાં જોડવાના બદલે શાસન રક્ષાના અનેક કાર્યો કરનારા એવા મહાપુરૂષ ઉપર કાદવ-કીચડ ઉડાડવાનો ગંદો ગોબરો પ્રયાસ કર્યો છે. છતાં જે 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' કહેનાર અને 'ગાળો દે ગોશાળે તોયે દિલમાં સમતા ધરતા' એવા પ્રભુ વીરના વચનોમાં વિશ્વાસ રાખવા છતાં જ્યારે પૂજ્ય ઉપકારી વડીલ ગુરુબંધુ ગુરુદેવ ઉપર આવા અધમ કક્ષાના વાકપ્રહારો થયા તેથી કયા ગુરુભકતનું હૈયું દુઃખ ન અનુભવે ?

પં. ચન્દ્રશેખર વિ. મ. સા. કહ્યું કે 'મને એ લોકો અસ્થિર મગજ વાળા તરીકે કહે છે.' અમે કોઇને આવું કહેતા નથી. પ્રભુ લોકો જ આપના પરસ્પર વિરોધી વિચારોથી આવું માનતો હોય તો નવાઈ નથી ! કારણ કે આપશ્રી ગઇકાલે જુદું કહેતા હતા ! આજે જુદુ જ કંઇક કહો છો ! અને આવતી કાલે નવું જ કંઇક કહેશો !

આપશ્રી વર્ગને ઉશ્કેરવા કહો છો કે આપણે સાડા પંદરઆની અને સામે વાળા અડધાઆનીમાં છે છતાં શાના દબાવી જાય ? 'અમારે કોઇને શા માટે દબાવવા પડે ? અને જ્યારે અમે અડધા આનીમાં જ છીએ તો પછી એ તમને કઇ રીતે દબાવી શકે ? બહુમતિવાળા જ લઘુમતિને દબાવી શકે ને ? અને શું આપના પ્રયત્નો એવા નથી ?

અમારી ઉપેક્ષા કરવાની-બહિષ્કાર કરવાની આપશ્રી તરફથી સતત પ્રેરણા મળે છે. ખરેખર તો આટલા બધા આનીમાં તમે હોવા છતાં પણ કેમ અડધી આનીની ઉપેક્ષા નથી કરી શકતા ? કેમ સવાર પડે ને અમારી બદનામી-અમારા વડીલ ઉપકારી મહાપુરૂષોની બદનામી કરાય છે ? શા માટે આપ અમારા નાના-મોટા સાધુઓની રસ્તામાં વિહારમાં મળવા દોડવાની વૃત્તિઓ જાગે છે ? આજ બતાવે છે કે તમે સાડા પંદર આનીમાં તમે છો તે વિધાનો ખોટા છે.

સાધુઓને ગોચરી નથી વહોરતા કે જ્ઞાન મંદિરથી પાણી નથી વહોરાવાતું એ આક્ષેપમ તથ્ય કેટલું છે ? લોક લાગણી જીતવા અને ઉશ્કેરવા જ તો આવા વિધાનો નથી કરતાને ? લોકો અમદાવાદ જ્ઞાનમંદિર જઇને તપાસ કરી શકે છે.

'અમને મિથ્યાત્વી-કુગુરૂ-ઉત્સૂત્રપ્રરૂપક વગેરે કહેવામાં આવે છે. શું તમે એક જ સમકિત ? સુગુરૂ ? સસૂત્ર પ્રરૂપક ?' આવા ગમે તેવા ઢંગધડા વગરના આક્ષેપો કરો કે સામે ચડીને આવા વિશેષણો તમે તમારી જાતે તમારા ઉપર લગાવી દયો. શાસ્ત્રકારોએ વ્યાખ્યા બનાવી છે એને જ સૌએ લક્ષમાં લેવી જોઇએ અને આવા વિશેષણો આપણી જાતને ન લાગે તેની અમારે અને સૌને પણ કાળજી રાખવી જોઇએ.

'જિનેન્દ્રસૂરીશ્વરજી, કીર્તિયશવિજયજી, શ્રેયાંસપ્રભવિજયજી, નયવર્ધનવિજયજી વગેરે કોઇ અમને જવાબ આપી નથી શકયા' એ અભ્યાસી મહાત્માઓ જવાબ ન આપી શકે તેવું આપનું ગપ્પું અમે માની શકીએ તેમ નથી. છતાં આપ પાઠ આપી શકો તેમ છો ? ફરી હજુ એકાદ જાહેર પ્રવચન રાખો, હવે અમે અમારી સલામતની પણ માગણી મુકતા નથી. જે પરિણામ આવે તે ભોગવવાની તૈયારી સાથે અમો આવવા તૈયાર છીએ.

'પ્રેમસૂરી મ. સા. ને એકતા કરવી હતી. પણ રામચન્દ્રસૂરી મ. કરવા દેતા નહોતા' આવા જાહેર ઉચ્ચારણોથી તો આપે આપના ગુરૂદેવની આશાતના કરી છે, લઘુતા કરી છે તમારા ગુરૂ મહારાજનું કઇ ઉપજતું ન હતું. તેવા હતા શું ? વિશેષતો આ વિષયમાં શું કહી શકાય.

સાડા પંદર આની નો દાવો કરનાર આપશ્રી કોણ કોણ મળીને આટલો સરવાળો થયો ? આ. રામસૂરીડેલાવાળા કે વિશાળ સાગર સમુદાય આદિ આપના તપોવનના તિથિના દેવદ્રવ્યના-ગુરૂદ્રવ્યના-માતૃ સદનના-વ્યવહારીક શિક્ષણ આપવાના-તપોવનના ઝાડપાન રોપવાના ત્યાં ગાય-ભેંસ રાખી પાડા-આખલા પાસે સંયોગ કરાવી મહાવ્રતના ભુક્કા બોલાવાના-વગેરે કયા વિચારો સમંત છે તેટલું જરા જાહેર કરશોજી ? કયા કયા સમુદાયો તમારી સાથે છે તે જણાવશો ? તમારા સાડા પંદર આનીના દાવામાં કોઇ વજૂદ નથી આ બધી પ્રવૃત્તિ આપ કયા શાસ્ત્રપાઠના આધારે અને ૧પા આનીમાંથી કયા આચાર્યોશ્રી અનુમોદના કરે છે. તે અમને આપશોજી.

તમે હવે જ્યારે સંવત્સરી ભેદ આવશે ત્યારે કઇ રીતે કરવાના ? પૂ. સાગરજી મ. સા. નો સમુદાય કઇ રીતે કરવાનો ? પૂ. નેમસૂરીશ્વરજી મ. સા. નો સમુદાય કઇ રીતે કરવાનો ? આ ટકાવારીમાં તમે કેટલામાં છો તે હવે ગણીત ગણશો બીચારી સભા આમાં કંઇ જાણતી ન હોય. એના ભોળપણનો ઉપયોગ આપે ઉંધુ ઠસાવવામાં દરેક વાતમાં કરી રહ્યા છો. જે અતિ દુઃખદ છે. આપને સૌથી વધુ લાગી આવી હોય તો એ વાત છે કે આપ બોલો છો કે લાલબાગમાં તાળા માર્યા, શ્રીપાળનગરમાં પેસવા ન દીધો લાલબાગમાં ૧૫ મિનિટ બેઠતા ? શ્રીપાળનગરમાં ૧૦૦ માણસોની હાજરીમા ગયા ન હતા ? વળી, શું આપ સ્થાપનાચાર્ય ઉપર હાથ મુકીને કહી શકશો મને આવવા ન દીધા ? શું પોતાના વડીલોની ઉપર થતા બેરહમ આક્ષેપો પોતાના જ ઘરમાં સાંભળવા આપને આમંત્રણ દે ? તમારા તપોવનમાં તમે કેમ આજ સુધીના દસ વરસના ઇતિહાસમાં અન્ય સમુદાયના સાધુને ચાતુર્માસ બોલાવતા નથી ? સ્થિરવાસ યોગ્ય સાધુને સ્થિરવાસ કરવા દેતા નથી ? તપોવનમાં આવી તપોવન વિશે યથા તથા બોલનારને આપ આવવા દેશો ? સ્વભાવિક છે કે ન આવવા દો. આમાં ઠેર ઠેર વગોવવાની જરૂર ખરી ?

ભૂતકાળમાં અનેક મહાપુરૂષોને ઘણી ઘણી તકલીફો પડી છે, આફતો આવી છે, અરે ભગવાન મહાવીર સ્વામી ઉપર અનેક ઉપસર્ગો આવ્યા છે. પણ કયાં ભગવાને પોતાની જાતના થયેલા અપમાનને આવી ભાષામાં કયાંય રજુ કરી હોય તો તે શાસ્ત્ર જણાવો ! આ બેય સ્થાનની વાત ઠેર ઠેર કહી છે. તો ગોડીજીની વાત કેમ દબાવો છો ? મુંબઈના ચાર આસના રોકાણ છતા તે ઉપાશ્રય કેમ પાવન નથી કર્યો ? તમે બધા એક છો અને સાડા પંદરઆનીમાં એમને પણ તમારી સાથે ગણો છો ત્યારે તમે ત્યાં કેમ એકાદ રવિવારની શિબિર ન ગોઠવાવી શકયા ? એ બહાર પાડશો ?

"આ. રામચન્દ્રસૂરી મહારાજે પૂ. કલાપૂર્ણસૂરીજીના સાધ્વીજીઓને ભોળવીને લઈ લીધી" ! પૂ. સા. શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ.ને એક વખત મળો. એ ભોળવાઈ જાય તેવા છે ? નહિ તેની તપાસ કરો, એમનો સમુદાય તપ-ત્યાગ-સ્વાધ્યાય-અભ્યાસમાં કેટલો લીન છે તે તપાસો કચ્છ વાગડમાં પણ એવા ગામો કે આગેવાનો છે કે પૂ. કનકસૂ મ.ની સિદ્ધાંતિક પરંપરા તેમના પરિવારે તોડી તે ગમ્યું નથી અને હજી તેમની સાથે રહેલા ઘણા સાધુ-સાધ્વીને તે ગમતુ નથી તે તપાસ કરવી તમારે માટે જરૂરી. કોઈના ઉપર ભલા-ભોળાના લેબલ મારતાં પહેલાં તથ્યની તપાસ આપના જેવા જવાબદાર સાધુએ પ્રથમ કરવી જોઈએ કે એ ગ્રુપ સ્વેચ્છાએ જોડાયું છે કે કોઈના દબાણથી કે ભોળવાઈને જોડાયું છે ?

બાકી આપે અને સંભેલને શું કર્યું છે ? પૂ. આ. મિત્રાનંદસૂરીજીના શિષ્ય પૂ. પં. *શ્રી હેમરત્નવિ. મ.ને શુરૂથી છૂટા કોણે પડાવ્યા ?* પૂ. આ. કનકપ્રભસૂરીશ્વરજી અને પૂ. આ. શાંતિચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાંથી આ. સોમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ને સમુદાયથી શુરૂથી કોણે છૂટા પડાવ્યા ? પૂ. બાપજી મહારાજના શિષ્ય અને આ. વિબુધપ્રભસૂરીજીના ગુરૂભાઈ પૂ. આ. ભદ્રંકરસૂરીજીને કોણે ખેંચ્યા ? આ બધો પ્રતાપ કોનો છે ? આ બધી પ્રવૃતિ કોને આભારી છે ? કોણ કાવાદાવા-માયા-પ્રપંચ રચે છે અને એમાં જ રમે છે ? તે ખુલાસો હવે પછીના પ્રવચનમાં કરશોજી ?

જૈન શાસનમાં અનેક મહાપુરૂષો જ્ઞાની-ધ્યાની-વિદ્વાન-વક્તા થઈ ગયા. કોઈ મહાપુરૂષોથી આવેશ અધિકારમાં ચર્યા તથા બોલાયું નથી. ઘણા મહાનપુરૂષોના ગ્રંથોના સર્જનમાં કયાંય અયોગ્ય ભાષામાં લખાયુ નથી. કોઈ મહાપુરૂષોના વ્યકિતત્વને હણવાની કોશીષ કરાઈ નથી કાદવ ઉછાળવાની કલીષ્ટ પ્રવૃતિ મહાપુરૂષોની નિંદા કુથલીથી જ લચલચતા પ્રવચનોથી પ્રાપ્ત શું થઈ શકશે ? સરવાળે અનંતકલ્યાણકારી જૈન શાસન ઉપર જ લોકોને ફીટકાર વરસસે. લોકોને થશે કે ધર્મમાં પણ આટઆટલા ઝઘડા ?

વહોરાવતા નથી એવા ગપ્પા મારી અભાવ ઉભો કરાવી શકશો પણ અનેકોના બોધી-બીજના નાશમાં નિમિત્ત કોણ ?

ક્ષણીક આવેશ ગુસ્સો તો છદ્મસ્થ એવા સૌ કોઇનેય આવે, પણ એ ક્ષણીક જ રહે. પ્રસન્નચન્દ્રરાજર્ષીને પણ આવી ગયો, અને ચૌદશોચુમ્માલીશ ગ્રંથોના રચયીતા હરીભદ્રસૂરી મહારાજને પણ આવી ગયો પણ ચેતી ગયા તો સાધી ગયા. બાકી વેરની પરંપરા વધે તેવા વચનો ઉચ્ચારવાથી આત્માનું હિત તો નથી જ.

આપની સાડાપંદર આની સામે આપની નજરે માત્ર ચડધી આનીમ રહેલા અમને આપ ધિક્કાર અને તિરસ્કારની નજરે જુઓ તે નવાઇ અને આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આ તો મચ્છર કે માખીને મારવા ઐરાવણને લાવવા જેવું અને તમારી વાણીમાં તલવારનો પ્રહાર કરવા જેવું કહાપણ (!) નું કામ દેખાય છે. કરવું ન કરવું, અટકવું ન અટકવું તે આપના પર અવલંબે છે સંઘશાંતિ અને સંઘએકતા ના સ્વપ્ન-દ્રષ્ટાઓ માટે આવી વાણી– આવી વર્તણુંક શોભાસ્પદ નથી પરંતુ સુજ્ઞજનને તમારી વાણી દુર્યોધનનો દ્વેષ દેખાય તો નવાઇ નહિ હોય એવું લાગે છે. બહુમતિમાં રહેલા ગોશાળાએ પણ લઘુમતિમાં રહેલા કરૂણાસાગર મહાવીરદેવ ઉપર જુલ્મ વર્તાવ્યો હોય તેવું કયાંય વાંચવામાં આવ્યું નથી. સાંભળવામાં આવ્યું નથી આવી પ્રેરણા આપને કયાંથી મળી તે પણ સમજાતું નથી. પણ આપની વાણીની છાપ ઘેલા ભકત વર્ગ સિવાય તટસ્થ– સ્વસ્થ શાણા અને સમજુ એવા વિવેકી જૈનો ઉપર જરાય સારી પડી નથી તે નજરે દેખાય છે.

તેઓશ્રીએ પ્રવચનમાં કહ્યું કે "શું બીચારા ગરીબોને પૂજા જ નહિ કરવાની ? એમને શ્રીમંતોના કેશર ઘસવાના કે કુલો જ ગુંથવાના ? રામચન્દ્રસૂરીજીના મત મુજબ તો બીચારા ગરીબોને પૂજા જ ન થઇ શકે ! ભગવાનનો સ્પર્શ પણ નહિ કરવાનો !

'હજુ તો શાહી પણ સુકાઇ નથી એટલા દિવસો પહેલાં એટલે કે ઘેર બેઠા તત્ત્વજ્ઞાનના ૧૬૯૫ ના જ ૩૦–૩૧ ના અંકમાં તેઓ લખે છે કે **પ્રભુ ભક્તિ કરવાને અસમર્થ માણસ ધનવાનોને પ્રભુ ભક્તિમાં મદદગાર નથી બની શકતો ? કુલો લાવી આપીને કે કેસર વાટી આપીને ?**"

માત્ર આટલા ટુંકા દિવસોમાં જ જો નિવેદનને ફેરવી તોળતા હોય અને ગરીબો ની યાદ એકાએક આવી જતી હોય તે આશ્ચર્યજનક નથી ? તે યાદ યાદ છે કે આડંબર છે ?

ગરીબો માટેનું આ કર્તવ્ય શું હલકી પ્રકારનું છે ? કાલે તો એમ પણ કહેશે કે શિષ્યોને શું ગુરૂઓના માત્રા પરઠવાના અને ઠલ્લા પરઠવાના ? કાપ કાઢવાના અને કાજા હોવાના ? વાસ્તવમાં આવા કોઇ જ કામ હલકી પ્રકારના નથી પણ ઉત્તમ પ્રકારનું પુન્ય બંધાવનાર અને કર્મનિર્જરા કરાવનાર આ કાર્યો છે.

આજે ગરીબોની દયા આવી કે શું ભગવાનને બીચારાએ સ્પર્શ જ નહિ કરવાનો ? કાલે તો એમ પણ કહેશે એમ સી. વાળી બહેનોને શું તેટલા દહાડા સુધી ભગવાનને સ્પર્શ નહિ કરવાનો ? પૂજા જ નહિ કરવાની ? શ્રીમંતોને અને ગરીબોને ઉશ્કેરો હવે કદાચ બહેનોને પણ ઉશ્કેરશે કે શું ? ભલું પૂછવું તમારું. તમારે તો એક જ માત્ર લક્ષ છે કોઈપણ ભોગે રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.નો એકડો કાઢવો છે. પણ એ ત્રણ કાળમાં કદાપી શકય નથી બનવાનું કેમકે રામચંદ્રસૂરિજી મ.એ સિદ્ધાંતમાં સમાઇ ગયા છે. સિદ્ધાંતનો એકડો નીકળે તે તેમનો એકડો નીકળે કદાચ એથી જ આપ સિદ્ધાંતનો એકડો ઉડાવે છડે ચોક તેનો એકડો કાઢવાના ઉદ્યમમાં છો.

આપ કહો છો કે હસ્તગીરીમાં દસ કરોડ રૂપિયા દેવદ્રવ્યના વાપરી નાખ્યા દેવદ્રવ્યમાંથી નુતન મંદિર બનાવાય ?" નૂતન મંદિર બનાવાય કે ન બનાવાય એ તમે ગીતાર્થ જાણો. દેવદ્રવ્યનો શું ઉપયોગ થાય એ તમારા લેજાની પેઢાશ તમારી પાસે રાખો બાકી દેવદ્રવ્ય હસ્તગિરિમાં વપરાયું છે તે તો જિર્ણોદ્ધાર જ કરાયેલ છે શું તમને એટલીએ ખબર નથી કે હસ્તગિરિ એ પ્રાચિન તીર્થ છે. શું તમને એટલી પણ ખબર નથી કે હસ્તગિરિ એ શત્રુંજયની જ એક ટુંક છે ? એવા પ્રાચિન ઐતિહાસિક-સિદ્ધાચલની ટુંક સમાન હસ્તગિરિનો જીર્ણોદ્ધાર થાય અને એમાં દેવદ્રવ્ય વપરાય તો એમાં તમને કેમ પેટમાં કળયું કે જેથી સુરતનાં પાંચ વ્યાખ્યાનમાં આ જ રેકોર્ડ વગાડી ?

આપશ્રીએ કહ્યું કે "હવે એક સંઘાચાર્યની જરૂર છે." શું તમે ૨૦૪૪માં બોલાવેલા સંમેલનમાં સંઘાચાર્ય તરીકે પૂ. પાદ આ. ભ. શ્રી રામસૂરીશ્વરજી મ. ડેલાવાળાને નથી બનાવ્યા ? શું તમે સંઘના આંતરિક પ્રશ્નો માટે એક પ્રવર સમિતિ નથી બનાવી ? શા માટે હવે નવું કરવાની જરૂર પડી ? શું એ નિર્ભ્રાંત માન્ય નથી ? શું એમણે સંમેલન સફળ નથી થયું એવું કહ્યું એટલો એમના વિરૂધ્ધ પણ સુરતની સભામાં ઉશ્કેરણી કરી ? તમારા દેવદ્રવ્યથી પૂજાના વિધાનમાં ટેકો નથી આપ્યો તેથી તમારું મગજ ગયું જ્યારે સ્વાર્થ સરે એટલો વૈદ્ય વૈરી એવી નીતિ અપનાવી છે ? રામચન્દ્રસૂરી મહારાજ વિરૂધ્ધ રામસૂરીશ્વરજી ડેલાવાળાને ખડા કરી દેવાની તમારી લીલા શા માટે ? હવે ડેલાવાળાની તમને જરૂર નથી કે જેથી નવા

સંઘાચાર્ય નીમવા છે ? કે પછી તમારે જ સંઘાચાર્ય બની જવું છે ? એવી ભાવના છે એ તમારા પ્રવચનોથી નક્કિ દેખાય છે. બધા વડીલોને સાઇડ પર હડસેલીને સંઘનું સુકાન તમારે જોઇએ છે. પણ યાદ રાખજો કે ગંભીર અને જ્ઞાની બન્યા વિના તમે એ સ્થાને પહોંચી શકો તેમ નથી.

આપે કહ્યું કે કીર્તિયશવિજયજીને શ્રેણીકભાઇ શેઠ મળ્યા ત્યારે સલાહ આપી કે દેવદ્રવ્ય વાપરવાનું નહિ. પણ અલગ આનું ફંડ કરો હવે દસ કરોડની જરૂર હોય તો શ્રેણીકભાઇ શેઠ શું ઘેર ઘેર ઉઘરાવવા જાય ? દેવદ્રવ્ય સમેતશિખર જવા બેઠું છે તો પણ નહિ વાપરવાનું ? તો પછી કયારે વાપરવાનું ? ”

આવી વાત કીર્તિયશવિજયજી મ. એ કરી છે કે નથી કરી તે અમે જાણતા નથી પણ કરી હોય તો ખોટું શું છે ? આજે એકાદ સંઘ કાઢવામાં એક જ વ્યકિત કરોડ કરોડ રૂપિયા ખર્ચી શકે તેવો જૈન સંઘ જાજરમાન હોય તો દેવદ્રવ્ય ન ખર્ચાય તો ખોટી કઇ સલાહ આપી ? શ્રેણીકભાઇ શેઠ ઘેર ઘેર ઉઘરાવા જાય એવું શા માટે બને ? શું તીર્થ રક્ષાની જવાબદારી એકલા શ્રેણીકભાઇ શેઠની છે ?

શ્રેણિકભાઇ તો કરોડ રૂા. દેવદ્રવ્યના આપતા હતા પણ શ્રેણિકભાઇએ કહ્યું કે પેઢી પાસે પણ દેવદ્રવ્ય છે. પણ આપણે છીએ શકિત છે તો દેવદ્રવ્ય કેમ વાપરવું અને તેમના આ વચન સાંભળી શાસન પ્રેમીઓ તેમના ઉપર વરસી પડયા કદાચ તમોને મનમાં ઉદ્વેગ પણ થયો હોય ?

તમારા તપોવનના ફંડ કરવા ટ્રસ્ટીઓ જાય છે કે તમે માથે ભાર લઇને ફરો છો ? લોકો પાસે ખોળા તમે પાથરો છો કે ટ્રસ્ટીઓ ? મારા માથે કરોડોનું દેવું થઇ ગયું છે એવી ભીખારણ વૃત્તિ ટ્રસ્ટીઓ કરે છે કે તમે ? શા માટે શ્રેણીકભાઇ ને આમ સહકાર નથી આપતા ?

બીજી વાત તપોવન માટે તમારો દાવો છે કે મેં મુંબઇથી વિરોધો વચ્ચે પણ સાત કરોડ એકઠા કર્યા જો તમારા તપોવન માટે વિરોધો વચ્ચે પણ તમે સાત કરોડ એકઠા કરી શકતા હોવ તો સમગ્ર જૈન શ્વેતાંબર સમાજના તીર્થ માટે સીતેર કરોડ ભેગા કરવાની તમારી તાકાત નથી ? આમાં તો તમને જૈન સમાજ નો નાનો મોટો બચ્ચે બચ્ચો સાથ સહકાર આપે. સુરતમાંથી ગયા ચાતુર્માસમાં માત્ર

ત્રીસ લાખ સમેતશિખરજી માટે કરી આપ્યા. જ્યારે મુંબઇમાંથી તમે એક પણ રૂપિયો કરાવ્યો નથી. તમારે મન તપોવનનું મહત્વ વધારે છે તે તીર્થનું ? એ તમારા સ્વાર્થી વલણથી લોકોને દેખાઇ આવશે કે નહિ ?

આપે એક પ્રવચનમાં કહ્યું કે "સિધ્ધાચલમાં તમામ ખર્ચ દેવદ્રવ્યમાંથી અપાતો હતો પણ રામચન્દ્રસૂરી મહારાજે દેવદ્રવ્યમાંથી ન અપાય તેવું માનતા હોવાથી તે માટે મોટું ફંડ કરી આપ્યું. છતાં આ વરસે પાંચ લાખ રૂપિયાનો તોટો પડયો જે એમના ભક્ત વર્ગે પુરો કરી આપ્યો આવતા વરસે એનાથી વધશે. એ તોટો પુરો ન થાય તો દેવદ્રવ્યમાંથી જ અપાશે ને ? શ્રેણીકભાઇ એ શરત મૂકીને આ કામ કર્યું છે કે ઘટાડો પડે તો દેવદ્રવ્યમાંથી વાપરશું. અને રામચન્દ્રસૂરીજીએ એને સંમતિ આપી છે."

પ્રથમ વાત તો એ કે આટલું મોટું ફંડ એમણે કરી આપ્યું તો તમારી કે બીજા કોઇની ફરજ નથી આ અંગે વધારે બીજું મોટું ફંડ કરી આપવાની ? તોટો એમણે આ વરસે ભરપાઇ કરી આપ્યો ભવિષ્યમાં કોણ કરશે એવા તમારા સવાલો તમારી તીર્થ પ્રત્યેની-દેવદ્રવ્ય પ્રત્યેની અશ્રદ્ધા પેદા કરાવે છે. બાકી તમારા જેવા વકતા હયાત હોય અને તપોવનના તોટા માટે વરસો વરસ ઉઘરાણા કરીને પુરા કરાતો હોય તો આ તો સિમંધર સ્વામીના મુખે કહેવાયું છે કે નહિ કોઇ શત્રુંજય તોલે રે..." ત્રણ લોકમાં આ તીર્થ જેવું શાશ્વત તીર્થ કોઇ નથી એ તીર્થ માટે તમે તમારા ભક્તોને પ્રેરણા ન કરી શકો ? તમારી કોઇ ફરજ જ નથી ? છતાં તમે હાથ ઉંચા કરશો તો અમારે તમારા તપોવનની માફક કોઇ પ્રોજેકટ નથી અમારા પ્રોજેકટોમાં આવા તીર્થો જ છે. અમે બેઠા છીએ એના ગમે તેટલા તોટા પુરવા કરવા માટે. માટે આવી માયકાંગલી શરમજનક વાત તમારા મોઢામાંથી નીકળે તે તમારા જેવાને જ શોભે ?

આ શાસન તો જયવંતુ છે કઇ કેટલા વસ્તુપાળો કુમારપાળો પડયા છે કે એકલા એકલા આવા તીર્થો માટે પોતાની સંપતિ ન્યોચ્છાવર કરી દેશે કેટલાય ભીમા કુંડલીયા જેવા અને ભામાશા જેવા શ્રદ્ધાવંત શ્રાવકો છે જે પોતાની તમામ સંપતિ અવશરે શાસનને માટે સમર્પિત કરીને રહેશે તમે તપોવનમાંથી ઉંચા નહિ આવો એથી બીજા સાધુઓ આ કામ નહિ કરી શકે તેવું માનતા નહિ. આપને આપની જ શકિતનું ગર્વ હોય તો આવી માયકાંગલી વાતો સાંભળીને અમે અપીલ કરીએ છીએ કે આ બધું ભુંસુ કાઢી નાખજો.

આપે કહ્યું કે મેં 'સંમેલનના આધારે 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક લખ્યું છે. વાસ્તવમાં સંમેલને થોડીક છટકબારી આપી. તમે તો હવે દેવદ્રવ્યમાંથી દેરાસરનું બધું કામ કરવાની છુટ આપી દીધી છે. બારીમાંથી બારણું કરી નાખ્યું છે. સંમેલનમાં સહી આપનારની પણ આવી ભાવના નહિ હોય તો કરોડપતિ કૃપણતાને કારણે દેવદ્રવ્યથી પૂજા કરે તો કોઇપણ દોષ ન લાગે તેમ મુંબઇથી પ્રરૂપીને બારી અને બારણું અને દિવાલ બધું ઉડાવી દીધું. સંમેલનકારો પણ તમારી પ્રરૂપણાથી શરમ અનુભવતા હશે.

તમે કહો છો કે ૧૯૭૬, ૧૯૯૦, ૨૦૧૪ વગેરે સંમેલનમાં થયેલા ઠરાવો પ્રમાણે જ દેવદ્રવ્યનો અમે સં૦૪૪ માં ઠરાવ કર્યો છે. આ તો એક ભળહળતું જુંઠાણું છે. તમારે બીજા કેટલા મહાવ્રત અકબંધ છે તે તો જ્ઞાની જાણે. પણ મૃષાવાદ વિરમણ અંકબંધ નથી તે તો હવે સાબિત થઇ જાય છે. આગળના સંમેલનોના ઠરાવમાં દેવદ્રવ્યથી પૂજા કરવાનો નિર્ણય માત્ર ભગવાન અપૂજ ન રહે તેના માટેનો છે. જ્યારે તમારા ત્રણ ત્રણ આવૃતિના પુસ્તકમાં તો તમે દેવદ્રવ્યથી પણ નિર્ધન તો શું પણ કરોડપતિ પણ શ્રાવક પૂજા કરી શકે તેવું સિદ્ધ કર્યું છે. સુરતના પ્રવચનોમાં બોલ્યા છો કે બીચારા ગરીબોને શું દેરાસરના કચરા કાઢવાના અને કુલગુંથવાના જ કામો કરવાના? અમે પૂછીએ છીએ કે શું આ કામ હલકા છે?

તમે કહ્યું કે 'પરમાત્માની ભક્તિ સારામાં સારી કરવા દેવદ્રવ્યનો ઉપયોગ કરી શકાય. બેસતા વરસે ભગવાનની સારામાં સારી આંગી કરવાનું મન થાય અને ૨૫૦૦ રૂપિયાની ટીપ થાય તો તેની સામે ૭૫૦૦ રૂપિયા દેવદ્રવ્યના ખૂણે ભગવાનની ભક્તિ કરી શકાય.' કોના બાપની દિવાળી? ભગવાન દેવદ્રવ્યનું ઉઠાવવામાં કંઇ કયાં બોલવાના છે? ઉઠાવો અને કરો. ને દરરોજ ભવ્ય અંગરચના! માત્ર બેસતા વરસે જ શા માટે? બેસતા મહિને પણ રાખોને!? અરે બેસતા મહિને જ શા માટે થઇ શકિત હોય તો બાર પર્વતિથિએ દરરોજ અંગરચના કરાવોને! અરે સમ્યગદર્શન નિર્માણ થાય તો તે તો બાર તિથિએ જ શા માટે દરરોજ કરાવોને! સરવાળે અહીં આવીને જ અટકશો અને જેટલું દેવદ્રવ્ય સ્ટોકમાં છે તે બધું જ પુરૂ કરીને ભાવી પેઢી માટે દેવદ્રવ્યથી જિર્ણોદ્ધારની વ્યવસ્થા છે તેને પુરી કરીને દેવાળીયો વહીવટ જ સોંપવો છે? દેવદ્રવ્યના પૈસે સમ્યગદર્શનની શુદ્ધી કરાવા નીકળેલા ઓ મહારથીઓ! જરા ભવિષ્યનો તો વિચાર કરો.

આજે ઠેર ઠેર સાધારણના તોટા પડે છે. અને એના ફંડફાળા કરાય છે. એ તો દરેક સંઘ પોતાની જરૂરીયાત મુજબ કરી લેશે. પણ જ્યારે દેવદ્રવ્ય પુરેપુરૂ ખલાસ થઇ જશે પછી એના માટે લાખો–કરોડો કોણ આપશે? તમે શેત્રુંજય જેવા તીર્થ માટેના તોટા માટે જો પાંચ લાખ રૂપિયા અપાવી શકતા નથી તો કરોડો રૂપિયા પછી

કોની પાસેથી મેળવશો ? સમેતશિખર માટે દસ કરોડ જોઇએ છે તો લમણે હાથ દેવા માંડયા છો તો ભવિષ્યમાં દેવદ્રવ્ય જેવી રકમ જ નહિ હોય તો કોની પાસેથી એકઠા કરશો ? આજે તો દેવદ્રવ્ય છે તો તમે શ્રેણીકભાઇને કહી દીધું કે એ વાપરો ! કાલે એક રૂપિયો દેવદ્રવ્યમાં નહિ હોય ત્યારે કયા ફંડ ઉપર તરાપ મારશો ?

તમે કહો છો કે ભગવાનની પૂજા માટે જ જો કેસર-સુખડ વગેરેમાં દેવદ્રવ્ય ન વપરાય તો શું કરવાનું ? પેલી વાત તો પૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઇએ એ વાત તમેય માનો છો. માટે તો કહો છો કે મારા તપોવનના બધા બાળકો સ્વદ્રવ્યથી પૂજા કરે છે. તો પછી આ ઉપદેશ આપવામાં શું તકલીફ પડે છે ?

બીજા અમારા તમને પ્રતિપ્રશ્નો છે કે જો કેશર-સુખડ ભગવાનની ભક્તિ માટે છે માટે વપરાય તો પછી પૂજા જોડી પણ શ્રાવક એમાંથી લાવી શકે ને ? કારણ કે એ પણ ભગવાનની ભક્તિ માટે જ લાવવાની છે ને ? કોઇ શ્રાવક પૂજા જોડી પહેરીને પેઢી ઉપર જવાનો નથી એ તો દેરાસર પૂજા માટે જ ઉપયોગમાં આવવાના છે. તો સ્વદ્રવ્યથી ૨૦૦ કે ૩૦૦ રૂપિયાની પૂજા જોડ લાવે તેના કરતાં બે પાંચ હજારની જ સૌ કોઇ સીલ્કની સારામાં સારી, ભારામાં ભારી નહિ લાવી શકે ? શા માટે ન લાવી શકે તમારી દલીલને લાગે ? દસ વીસ રૂપિયાના પૂજાના બટવા કે એલ્યુમિનિયમની પેટીઓ દેરાસર લઇ જવી તેના કરતાં તો સોના ચાંદીની પેટીઓ બધા ન લઇ જાય ભગવાનની ભક્તિ દેવદ્રવ્યથી સારામાં સારી કરવાનું કહો છો તો સોના ચાંદીની પેટીઓ જ લઇ ને જાય ને ? કોના બાપની દીવાળી ? દેવદ્રવ્ય તો ઘણું ય પડયું છે. પછી એનો ઉપયોગ શો? આવા કુતર્કો કરવાનું રહેવા દયો.

વળી દેવદ્રવ્યથી શ્રાવક પૂજા કરી શકે તો જૈન પૂજારીને પણ કેમ અપાય ? તે તો કામ કરીને લેવાનો છે. દેવદ્રવ્યથી પૂજા કરનારા મંદિરનું શું કામ કરશે ?

આમ તમારા રામચન્દ્રસૂરીશ્વરજીના વિરોધને પડકારવા બીજા કોઇ શસ્ત્રો ન મળ્યા કે આવા આવા કુતર્કોથી એમના સામે લડવા મંડયા છો ? પણ યાદ રાખજો દેવદ્રવ્યના રક્ષણને બદલે ભક્ષણના પ્રચાર મારો જોરદાર ચલાવ્યો છે તે તમને આત્માને ખૂબ જ ભાર રૂપ બનાવી દેશે.

આપે એક પ્રવચનમાં કહ્યું કે અમે આ. કમલસૂરીશ્વરજી, હાનસૂરીશ્વરજી અને પ્રેમસૂરીશ્વરજી મહારાજની જ માન્યતા મુજબ કર્યું છે. એમના વિચારોથી વિરૂદ્ધ જઇને રામચંદ્રસૂરીજીના સમુદાયે ગોકીરો મચાવ્યો છે !'

ગોંડલના પ્રચારમાં પાવરધા પંન્યાસજી મહારાજ તમને કોઇ નહિ પહોંચે બાકી

જાહેર કરો કે એઓશ્રીજીના સાહિત્ય નીચે સહી બંને પક્ષ કરે તો હાલ સમાધાન થઈ જાય. એમના વિચારો તમને માન્ય હોત તો જોઇતું તું શું? પણ એનાથી તો ઘણા આઘા ખસી ગયા છો?

અરે ભૂતકાળના એ *વડીલોની* વાત તો જવા દો. આ ભુવનભાનુસુરીજીમ, ના પરમતેજ અને લલીતવિસ્તરા નામના ગ્રંથોના વિવેચનમાં જે લખ્યું છે તેના પર સહી કરો ને તો પણ વિવાદ ને અને તમારી માન્યતાને અવકાશ નથી રહેતો.

બાકી હૈયાની વરાળ તમારે કાઢીને જૈન ઉપાશ્રયોને સમરાંગણ બનાવવા હોય, પાણીપતના મેદાનો કરવો હોય તો તમે તેમાં કાંઇ કાંદા કાઢી નહિ શકો. તમારી એક પણ વાત શાસ્ત્ર સામે ન ટકી શકવાને કારણે સભાની સહાનુભૂતિ મેળવવા એકની એક વાત કરવી પડે છે.

પંન્યાસજી મહારાજ સુરત અઠવાડીયું રોકાયા કેટ કેટલા પ્રવચનોમાં એક જ વાત મૂકી અમને ઉત્સૂત્રભાષી કહે છે, અમને મિથ્યાત્વિ અને કુગુરૂ કહે છે, અમને ગોચરી પાણી વહોરાવતા નથી. હવે તો કલાપૂર્ણસૂરી મહારાજ, ભદ્રંકરસૂરી મહારાજ, ઓંકારસૂરી મહારાજ વગેરે ને બધાને આવા વિશેષણો લગાવે છે. શું એ એક જ સાચા? અમે બધા ખોટા? અમે બધા કુગુરૂ? અમે બધા મિથ્યાત્વિ? આવી આવી વાતો સુરતમાં કરી. મુંબઇમાં એમનાથી કંઇ થઇ શકયું નહિ. લાલબાગ અને શ્રીપાળનગર જઇ ન શકાયું. એનું વેર સુરતમાં વાળ્યું. સુરતના એ જોય આચાર્યોના ભકતવર્ગને ઉશ્કેર્યો અને પોતાના પ્રભાવમા લીધો. બીચારા ભોળા અજ્ઞાન લોકોને ધર્મની વાતો સમજાવવાને બદલે ચારપાંચ દિવસ આ જ વાત કરી. પણ તમેજ આ. કલાપૂર્ણસૂરિજી અને આ. ઓંકારસૂરીશ્વરજી મ. સા. માટે ભૂતકાળમાં ઘણું ઘસાતું બોલી ચૂકયા છો. અંતરિક્ષજીમાં શિબિરો માં તમે બળાપા કાઢયા છે કે આવા શકિતશાળી આચાર્યો ઓચ્છવ મહોચ્છવ ઉપધાનોમાં શાસન પ્રભાવનામાં જાતની પ્રભાવના માં જ લાગેલા છે. કોઇને તીર્થની પડી નથી આ બધો ભૂતકાળ કેમ દાટી દીધો છે અને એક જ આ. સોમચન્દ્રસૂરીજી મ. ના સમુદાય વિરૂદ્ધ આટલી આગ ઓકી રહ્યા છો?

આપની ઇચ્છા છે કે ૨૦૨૦ નો પટ્ટક સજીવન કરવો જે તીથિમાંથી છૂટો પડેલો આપનો વર્ગ અને મૂળમાર્ગે પાછો ફરેલો બે તિથિવાળો અન્ય વર્ગ એક થાય. પ્રથમ ગોચરી–પાણીનો વહેવાર શરૂ કરવો. આની પાછળનું મૂળ કારણ એ છે કે આપને એક તિથિના સ્થાનો ચાતુર્માસ માટે જલ્દી મળતા નથી. બે તિથિના સ્થાને જઇ શકાતું નથી માટે આ મુખ્ય પ્રોબલેમ છે. પણ તમે બધાં એક થયા છો પછી કેમ એકતિથિ ના સ્થાનો મળતા નથી? તમારી ગણત્રી હતી કે એમની સાથે ભળીશું એટલે એમના

સ્થાનો મળી જશે. અને સ્થાનો પડાવવાજ એમની સાથે તમે સંધી કરી છે તે તમારૂં ષડયંત્ર ખુલ્લુ પડી ગયું છે અને એથી જ સામો પક્ષ પણ સાવધ થઈ ગયો એટલે પાછા બે તિથિવાળા સાથે સમાધાનની ભૂમિકા પર આવ્યા. આ તો તમે જેમની સાથે સમાધાનો કર્યો છે તેમને અંધારામાં રાખીને વાટાઘાટો ચલાવીને એમને આપેલા વિશ્વાસ નો દ્રોહ કરી રહ્યા છો. અને તમારી અવિશ્વસનિયતા એક તિથિ પક્ષને પણ સમજાઇ ગઇ છે.

તમારી હાલત હાલમાં હિંદુસ્તાન પાકિસ્તાનના ભાગલા પછીના પાકીસ્તાનને ટેકો આપવા અત્રેથી ગયેલા મુસ્લિમો જેવી છે. ત્યાં તેમને મુજાહીરો તરીકે–બહારથી આવેલા તરીકે જ ઓળખે છે. બીજી કક્ષાના નાગરિકો તરીકે તેમને ગણે છે. તમારી હાલત સંમેલનમાં જોડાયા પછી આવા તત્વો જેવી થઇ ગઇ છે. એથી તમે વધારે અકળામણ અનુભવો છો.

એક સામાન્યજન પણ ન બોલી શકે તેવી સાધુ તરીકે ઉશ્કેરણી જનક, અવિવેકી ભાષામાં તમે જે પ્રવચનોમાં આગ ઓકી રહ્યા છો એ પેદાકરાયેલી આગ અમને કંઈ જ નહિ કરી શકે. લેંસના સિંગડા લેંસને જ ભારી પડશે.

ગરીબો માટે આપને હવે હેત ઉભરાયું છે તો સારૂ છે. પણ દેવદ્રવ્ય માંથી ગરીબોની સેવા કરવાના બહલે તમારા તપોવનમાં બે કરોડ રૂપિયા ફીકસ પડયા છે તેમાંથી કરો. ત્યાં તો ગરીબ વિદ્યાર્થીનું કોઇ સ્થાન નથી. બીચારા ગરીબોને કેવા ધુત્કારાય છે અને શ્રીમંતોને સાત હજાર ફી આપનાર કેવા તરત દાખલ થઇ જાય છે એના સુરતના જ બે કિસ્સા છે. કતારગામમાં એક શ્રાવકે આપની કેટલી પગચંપી કરી છતાં તેને ધિક્કાર પૂર્વક ના કહી દીધી. પેલો બિચારો વરસે સાત હજાર કમાતો નથી એની પાસેથી સાત હજારની ફી માંગવામાં આવે તો એ કયારે તપોવનમાં દાખલ કરી શકે ?

ઝવેરીયા ગુરૂકુળમાં દોઢસો વિદ્યાર્થી છે. જે સંપૂર્ણ ફી ઓફ ચાર્જમાં રાખે છે જયારે તમે આટલી બેંક બેલેન્સ હોવા છતાં, બધાને મફત ભણાવો તો પણ ભણાવી શકાય તેવી સધ્ધરતા હોવા છતાં ગરીબોને પ્રવેશ નથી આપતા એ તમારી ગરીબો પ્રત્યેની ભક્તિ છે ? સદ્ભાવના કે કરુણા છે ?

(ક્રમશઃ)



ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

પ્ર૦ લેખકશ્રી તો સ્પષ્ટ લખે છે કે 'સમય જતાં નિર્વાહ માટેનું ફંડ ભક્તો પાસેથી મેળવવામાં મુશ્કેલી થઇ ત્યારે નિર્વાહ કરવાની કલ્પનાથી બોલી ચડાવાની પદ્ધતિ શરૂ કરાઇ. એ દ્વારા મળતી રકમ તે કલ્પિત દેવદ્રવ્ય ગણાઇ. સ્વપ્નાદિની 'આ બોલીમાં રૂપયો થતી' (પૃ–૧૭૬) આ માન્યતા મુજબ બોલીનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવામાં શું વાંધો છે?

ઉ૦ જિનાલયોના નિર્વાહ કરવાની કલ્પનાથી સ્વપ્નાદિની બોલી ચડાવાની શરૂઆત થઇ એવી લેખકશ્રીની માન્યતાને કોઇ આધાર છે? આવી કલ્પનાથી કઇ સાલથી, કયા મહાપુરુષે, બોલી– ચડાવાની શરૂઆત કરી? તેના પૂરાવાઓ સંમેલનના શ્રમણો કે આ લેખકશ્રીએ આપવા જોઇએ. બાકી એવા કોઇ આધાર – પૂરાવા વિના, પોતાની કલ્પનાને સૌકાઓ જૂની કલ્પના તરીકે રજુ કરવામાં છેતરપીંડીથી વિશેષ શું હોય? આ લેખકશ્રી આદિની કલ્પનાથી સ્વપ્નાદિનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્ય બની જતું નથી. (ભૂતકાળમાં આવા જ એક કલ્પનાશીલ આચાર્યશ્રીએ 'શ્રુતની આરાધના સ્વરૂપ ઉપધાનની માળનો બોલીના દ્રવ્યને વ્યવહારિક જ્ઞાનના સાધનોમાં વાપરવાનો આગ્રહ રાખ્યો હતો' પરંતુ તત્કાલીન ગીતાર્થ મહાપુરુષોએ આ કલ્પનાનો સખત વિરોધ કરી તેને અમાન્ય રાખી હતી.

પ્ર૦ 'નિર્વાહના સંકલ્પથી થયેલી આ (સ્વપ્નાદિ) બોલી–ચડાવાની રકમ (જિનમંદિર અંગેના તમામ કાર્યોમાં। ઉપયોગી થાય છે. માટે તેને પૂજા–દેવદ્રવ્યમાં લઇ જઇ શકાય નહિ... આથી જ બોલીની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં જ ગણવી પડે એમ લાગે છે. (પૃ–૧૭૭) લેખકશ્રીનું આ વાત તો બરાબર છે ને?

ઉ૦ ના, બિલકુલ બરાબર નથી. બોલીની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં ગણાતી જ નથી.આ તેમની કલ્પનાની પેદાશ છે.બોલીની રકમને અમે પૂજા દેવદ્રવ્યમાં લઇ જવાનું માનતા જ નથી. છતાં લેખકશ્રીએ બોલીની રકમ પૂજા દેવદ્રવ્યમાં ન જાય તેની સિદ્ધિ કરવાની વ્યર્થ કસરત કરી છે. બોલીની રકમને સંબોધ પ્રકરણના નામે કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવાનાં આગ્રહને કારણે તેમને આવી વ્યર્થ કસરતો કરવી પડે છે.

પ્ર૦ સંમેલનીય ઠરાવમાં કરેલી વ્યાખ્યા અને આ લેખકશ્રીએ કરેલી કલ્પિત દ્રવ્યની વ્યાખ્યામાં તમને તફાવત નથી લાગતો?

ઉ૦ સંમેલને તો ગાથાના શબ્દોને પકડયા વગર જ કલ્પિત દ્રવ્યનો અર્થ કર્યો છે. જ્યારે લેખકશ્રીએ ગાથાના શબ્દો પકડીને અર્થ કર્યો છે એટલે બન્નેના અર્થોમાં ભિન્નતા આવી છે. છતાં લેખકશ્રીને સંમેલનની વફાદારી બતાવવાની હોવાથી 'વિશેષ વિચાર' કરતી વખતે લેખકશ્રી લપસી પડયા છે. સંમેલન અને લેખકશ્રી બન્નેએ કલ્પિતદ્રવ્યમાં સ્વપ્નાદિ બોલીઓની ભેળસેળ કરી હોવાથી, એકેયની વ્યાખ્યા માનવા જેવી નથી. અને એથી જ બન્નેના લખાણોમાં આવતા પરસ્પર વિરોધોની પણ ચિંતા કરવાની જરૂર રહેતી નથી.

પ્ર૦ 'જેઓ સ્વદ્રવ્ય ખર્ચવાનું શક્ય ન હોય તેવા સ્થાનમાં પણ પૂજારીના પગારાદિનો નિષેધ કરે છે અને હોહા મચાવે છે, તેઓ શિલ્પી અને સલાટોની તિજોરીઓને છલકાવી આપતા દેવદ્રવ્ય માટે કેમ કદી અવાજ પણ કરતા નથી? (પૃ–૧૭૦) આનો જવાબ આપો.

ઉ૦ તમે જવાબ માંગો જ છો તો આપી દઉં છું : અશક્ત સ્થળોમાં દેવદ્રવ્યથી પણ પૂજારી આદિ રાખીને પ્રભુપૂજા કરાવવી, પણ પ્રભુપૂજા બંધ ન રાખવી એવું તો વિ. સં. ૧૯૯૦ના સંમેલને ઠરાવેલું ઠાંઠવથી "કોઇ એની સામે હોહા મચાવતું હોવા"ની હોહા લેખકશ્રી જ ખોટી રીતે મચાવી રહ્યા છે. "શિલ્પી સલાટોની તિજોરીઓને છલકાવી દેતા દેવદ્રવ્યના નામે બૂમાબૂમ કરવા પાછળનો લેખકશ્રીનો આશય સમજાતો નથી. શાસ્ત્રોમાં શ્રી જિનાલય બાંધવાની વિધિમાં, શિલ્પશાસ્ત્રના નિયમો મુજબ શિલ્પી દ્વારા શ્રી જિનાલય બંધાવીને તે શિલ્પી વગેરેને ઉદારતાપૂર્વક દ્રવ્ય આપીને પ્રસન્ન કરવાનું જણાવ્યું છે. પ્રાચીન કાલમાં સ્વદ્રવ્યથી મંદિરો બંધાતા, અત્યારે પણ ઘણા ધર્માત્મા બંધાવે છે. દેવદ્રવ્યથી બંધાતા મંદિરોમાં પણ શિલ્પીઓની જરૂર તો પડે અને તેથી તેમને ઉચિત દ્રવ્ય આપવાનું હોય તે અપાય. આમાં આક્ષેપ કે કટાક્ષ કરવા જેવું કશું નથી. કેટલાક શિલ્પીઓ આમાં અનીતિ કરી ખોટી રીતે વધુ ખર્ચો કરાવી દેતા હોય તો તેથી સાવધ રહેવાની સૂચના આપી શકાય. શ્રી સંઘના કાર્યકરો કુશળ, ઉદાર અને સાચા ધર્માત્મા હોય તો શિલ્પીઓ પણ અનીતિ કરતા કરાવતા નથી– એ અનુભવસિદ્ધ સત્ય છે,

પંન્યાસજીને આવા કુશળ કાર્યકરોનો અને પ્રામાણિક શિલ્પીઓનો સંપર્ક નહિ થવાથી કડવા જ અનુભવ થયા હોય તે શક્ય છે. પણ તેથી દાઝેલા પંન્યાસજીની આ બૂમાબૂમ સાચી નથી. શું પંન્યાસજી હવે શિલ્પીઓની સહાય વિના જ મંદિરો બંધાવવા માંગે છે? શિખર ચુકત પ્રાસ્તદોને બદલે ઘરદેરાસર જેવાં મંદિરો બંધાવવાની ભલામણ કરે છે? પંન્યાસજી પોતાના વિધાનની પૂરી સ્પષ્ટતા કરો બાકી તો કરોડપતિ કુપણ શ્રાવકના સ્વદ્રવ્યને સલા-

મત રાખીને તેને દેવદ્રવ્યથી પૂજા કરવાની રજા આપનારા સંમેલનવાદી પંન્યાસજી, જૈનેતર શિલ્પીને અપાતા દેવદ્રવ્યની આટલી ચિંતા કરવા માંડે ત્યારે એમના ઢંગ ઉપર દયા આવે છે.

પ્ર૦ 'ઘણા વર્ષોથી કેટલેય ઠેકાણે સ્વપ્નદ્રવ્યની આવક સંપૂર્ણ સાધારણમાં કે ૧૦ આની યા ૬ આની સાધારણમાં જતી હતી ત્યારે પણ એની સામે સોળેય આની રકમ દેવદ્રવ્યમાં ચાલુ રાખવાનું કાર્ય તે શ્રમણોએ કર્યું જ છે. નિરર્થક ભયો ઉભા કરીને સંમેલનના શ્રમણોને બદનામ કરવાની વાત બિલકુલ ઈચ્છનીય ન ગણાય' (પૃ-૧૭૧) આ રજુઆત સાચી છે?

ઉ૦ તદ્દન ખોટી આ તો ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ છે. સ્વપ્નદ્રવ્યની આવક સંપૂર્ણ ૧૦ કે ૬ આની સાધારણમાં લઇ જવાની પ્રથા કેટલેક ઠેકાણે હતી. ને કે તેમાંથી મોટા ભાગે દેરાસર સંબંધી ખર્ચ કરવામાં આવતો હતો. (જુઓ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. પૃ-૩૦) સાત ક્ષેત્ર સાધારણમાં તે વાપરવાની પ્રથા પણ કયાંક હતી. આ અશાસ્ત્રીય પ્રણાલિકાનો વિરોધ, અત્યારે પંન્યાસજી જેને વિરોધી વર્ગ કહે છે એ જ પક્ષના, પૂજ્યોએ કરેલો. (પંન્યાસજી અને એમના પરિમાર્જકો ત્યારે એ જ પક્ષમાં હતા.) આજે પંન્યાસજી, પરિમાર્જકો વગેરે એમનાં જ કેટલાક પૂજ્યો પોતાના અંગત કારણોસર એ પક્ષ છોડીને સામા પક્ષે ગયા અને તેના આ સંમેલનમાં ભળ્યા. છ આની, દસ આની સ્વપ્નદ્રવ્ય પ્રભુભક્તિમાં વપરાય તેનો વિરોધ કરવાને બદલે હવે સંમેલન સોળે સોળ આની સ્વપ્નદ્રવ્ય પ્રભુભક્તિમાં વાપરવાની છૂટ આપે છે. અને એનું સમર્થન કરવામાં, સંમેલનવાદી બીજા પૂજ્યો કરતાં, તેમના પક્ષમાં નવા ભળેલા આ પૂજ્યો વધુ ઉત્સાહ બતાવી રહ્યા છે. કોણ કોને બદનામ કરી રહ્યું છે– તે સમજવા આટલો ઇતિહાસ જાણી લેવો બસ છે.

પ્ર૦ 'સંમેલનના શ્રમણોની નજરે દુઃષમ સમયમાં પૂજારીઓના પગાર ત્રણ હજાર સુધી ત્રહોંચી જશે તેવું દેખાઈ રહ્યું છે. આ પગારને પહોંચી વળવાની તાકાત જ્યારે બધી રીતે માતબર અને ધનવાન સંઘો પાસે હોવા છતાં શુદ્ધ સાધારણ ખાતે તેટલી મોટી રકમનાં ફંડ તેઓ નહિ કરે ત્યારે તેઓ પૂજા (આદાન) સ્વરૂપ દેવદ્રવ્યમાંથી જ તે મોટા પગારો ચૂકવશે. આ બાબત ખૂબ અનુચિત ગણાશે' (પૃ-૧૭૨) આમાં તમને શું લાગે છે?

ઉ૦ સંમેલનના સમર્થકોને પૂજા (આદાન) સ્વરૂપ દેવદ્રવ્યમાંથી પૂજારીઓના મોટા પગારો ચૂકવાય તે બાબત ખૂબ અનુચિત લાગે છે પરંતુ દેવદ્રવ્ય સ્વરૂપ બોલીના દ્રવ્યને દેવકા સાધારણનું લેબલ લગાવીને તેમાંથી પૂજારીઓના પગાર આદિનો ખર્ચ કરવાનું જરા પણ અનુચિત લાગતું નથી એ આશ્ચર્યની વાત છે. 'પૂજારીના પગાર પૂજા દેવદ્રવ્યમાંથી અપાઇ જશે'ની ગંભીર ચિંતા કરનારા આ સંમેલન સમર્થકો શ્રાવકોને છતી શક્તિએ દેવદ્રવ્યમાંથી પૂજા કરવાની છૂટ આપે છે. જૈનેતરને પગાર આપવામાં મહાદોષની ચિંતા કરનારને, જૈન એનો દુરૂપયોગ કરે એની સામે વાંધો નથી, આવા 'દીર્ઘદર્શી' વિચારક ગીતાર્થો' મળ્યા બદલ સંમેલનવાદીઓની ઈર્ષ્યા થાય એવું છે!

(ક્રમશઃ)

લઘુ બોધકથાઓ

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પાપનો બાપ કોણ ?

ઉત્તમ કુલ અને જાતિમાં જન્મેલા આત્માઓ ખરેખર પુણ્યશાલી કહેવાય છે પણ એક જ પાપના કારણે તેઓ પોતાની ઉત્તમ જાતિ અને કુલના સુંદર આચારોને પણ ભૂલી જાય છે અને જે સઘળાં ય અનર્થોનું મૂળ છે, સઘળા ય પાપોનો જનક છે તેવા એક પાપને આધીન થઇને બધી જ જાતિના અકાર્યોમાં મજેથી પ્રવૃત્ત થાય છે તે વખતે કોઇ પાપ તેમને પાપ જ લાગતું નથી. બધામાં પાપ, પાપ કરાએ તો જીવી જ ન શકાય તેમ સ્વયં માને છે અને બીજાઓને મનાવે છે સઘળા ય પાપનો બાપ કોણ છે તેના માટે શાસ્ત્રપ્રસિધ્ધ એક જ દૃષ્ટાન્ત જો ચેતના હોય તો ઘણું જ બોધદાયક છે.

એક બ્રાહ્મણ કાશી દેશમાં બાર વર્ષનો અભ્યાસ કરી ચૌદે વિદ્યાનો પાર પામી કરીને પોતાના નગરમાં આવ્યો કુટુંબીજનોએ તેનું ઉચિત સ્વાગત કર્યું. તેની પત્ની રૂપવતી-શીલસંપન્ન બુદ્ધિનિધાન અને જિનમતમાં કુશળ હતી. તેણીએ વિચાર કર્યો કે દુનિયામાં કહેતી છે કે-"મોટા પંડિતો વ્યવહારથી શુન્ય હોય છે. ભણ્યા પણ ગણ્યા નથી હોતા મારા પતિનું જ્ઞાન કેવું છે તેની મારે પરીક્ષા કરવી જોઇએ આમ વિચારીને અવસર પામી વિનયપૂર્વક પોતાના પતિને પૂછ્યું કે- "હે પ્રાણપ્રિય ! પાપનો બાપ કોણ છે ? તે જણાવો. પંડિતે પોતાનું માથું ખંજવાળ્યું બધા જ શાસ્ત્રો યાદ કર્યા પણ સાવ જ નિસત્તર રહ્યો તેથી પોતાની પત્નીને કહે કે, મને ખબર નથી પણ તને ખબર હોય તો જણાવ.

પત્ની માત્ર ઉપભોગનું રમકડું નથી પણ સાચા અર્થમાં ધર્મ-પત્ની છે. પોતાનો પતિ પણ ધર્મ માર્ગે વળે અને આત્માનું હિત સાધે તે ભાવના ધર્મપત્નીના હૈયામાં વસેલી હતી તેથી કહે કે અત્રે અમુક આચાર્ય ભગવંત વિદ્યમાન છે તેમની પાસે જઇને આપણે જાણીશું ! ભાગ્યશાળી વાચકો વિચારો ! જેને હૈયે સંસારના સુખોની કામના કરતાં આત્માના હિતની ચિંતા હોય છે તે આત્માની મનોદશા કેટલી મનોહર હોય છે. પછી તેઓ પૂ. આચાર્ય ભગવંત પાસે ગયા અને યોગ્ય વિનયાદિ કરી પોતાના મનની શંકા જણાવી.

શ્રી જૈનશાસનના માર્ગસ્થ આચાર્યો જ સાચા અર્થમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણ હોય છે. આવો મોટો પંડિત આવ્યો હોય તો કઇ રીતના સમજાવવો તે જાણે છે. તેથી આચાર્ય ભગવંતે તે દ્વિજવર પંડિતને કહ્યું કે- ભાગ્યશાળી કાલે સવારે વહેલી પરોઢે તમે આવશો.

તો તમારો જવાબ મળી જશે. મનનું સમાધાન થઇ જશે.

તે પંડિત મનમાં શંકા-કુશંકા કરતો પોતાના ઘરે ગયો અને અજંપામાં રાત્રિ વ્યતીત કરી. જ્યાં કુતુહલ હોય ત્યાં નિદ્રાદેવી રુસણા લે છે. જવાબની જિજ્ઞાસામાં ઉત્સુક એવો તે પંડિત વહેલી સવારે પૂ. શ્રી આચાર્ય ભગવંતના ઉપાશ્રયે પહોંચી ગયા.

આચાર્ય પ્રવરે પણ તે પૂર્વે એક બહુશ્રુત ગંભીર શ્રાવક પાસે ઉપાશ્રયની બહાર એક મરેલાં કૂતરાનું મડદું મૂકાવેલ અને ઉપાશ્રયના એક ખૂણામાં ગુપ્ત રૂપે રુપિયો મૂકાવેલ.

જ્યારે તે પંડિત પૂ. આચાર્ય ભગવંત પાસે પોતાના પ્રશ્નનો ઉત્તર માગે છે ત્યારે ગીતાર્થ એવા તે સૂરિદેવ કહે છે કે, "પંડિત વર્ય! તમારા પ્રશ્નનો ઉત્તર તો હમણાં જ આપું પણ એક કામ કરો તો ઘણો આનંદ થશે. અમારા ઉપાશ્રય નજીક આ કૂતરાનું મડદું પડ્યું છે તેથી અમારા સ્વાધ્યાયનો વ્યાઘાત થાય છે એથી જો તમો તે મૃતકને ખસેડીને દૂર મૂકી આવો તો સારું.

ત્યારે તે દ્વિજવર પંડિત કહે છે કે- "હે પૂજ્ય! પવિત્ર એવો બ્રાહ્મણ થઇને આવું નિંદનિય, અપવિત્ર એવું કાર્ય હું કયારે પણ નહિ કરું?" ત્યારે તે મુનિપુંગવેશ્વર કહે છે કે- "ભાગ્યશાલી! આ કામ હું મફતમાં નથી કરાવતો પણ જો તમે આ કામ કરશો તો એક રોકડો રૂપિયો અપાવરાવીશ.

'નાણું દેખી મુનિવર ચળે' એ ન્યાયે રૂપિયાના લાભથી લોભાંધ બનેલો તે વિચારે કે આટલી વહેલી પરોઢે મને કોણ જોવાનું છે! એમ વિચારી તેણે તે કાર્ય કર્યું અને પછી શુદ્ધ થઇ આચાર્ય ભગવંત પાસે આવ્યો તેઓએ પણ અમુક ઠેકાણે આ મૂકાવેલો છે તેમ કહ્યું.

પછી તેણે પોતાનો જવાબ પૂછ્યો તો આચાર્ય ભગવંતે કહ્યું કે- ભાઇ જવાબ તો આપી દીધો "પણ તે કહે કે હું સમજી શકયો નથી. પછી આચાર્ય ભગવંતે તેને સમજાવવા જ યુક્તિ કરેલી તે બધી કહી કાર્યનો પરમાર્થ જણાવ્યો તેથી તે મનમાં આશ્ચર્ય પામેલો આનંદિત થયો અને ઘરે આવીને પત્નીને કહે કે-

'સઘળા ય પાપનો બાપ લોભ છે'

માટે કથાનું તાત્પર્ય એ છે કે- સઘળા ય પાપનોનો બાપ, બધા જ અનર્થોનું મુળ, સઘળો ય અકાર્યોને મજેથી કરાવનાર જ્ઞાનાદિગુણોનો પણ નાશ કરનાર એવો લોભ જાણી તેને દૂર કરવા પ્રયત્ન કરવો તેમાં જ સાચી પ્રજ્ઞાશીલતા છે.

કોયડો

ચાર અક્ષરનું નામ છે, પહેલા બે અક્ષર લઇએ તો લગ્નમાં મુખ્ય ગણાય છેલ્લા બે અક્ષર લઇ તો આખો અંજાય જાય. ત્રીજો અને બીજો અક્ષર લઇએ તો એક સંખ્યા થાય બીજા તથા ચોથો અક્ષર લઇએ તો ફુળ એવો અર્થ થાય છે. અને ચાર અક્ષર જોગા કરીએ તો એક ગામનું નામ થાય છે.

(૨૦૧૨૬) અંકિત સમીરભાઇ શાહ

મુલુંડ

શાસન સમાચાર

જામનગર–: દિગ્વિજય પ્લોટ–અત્રે શાંતિભવન જૈન ઉપાશ્રયમાં પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી વેકેશન પાઠશાળા એક માસ સારી રીતે ચાલી બાળક બાળિકાઓએ સારો અભ્યાસ કર્યો ૬૫ બાળકોએ પાંચ વિભાગમાં પરીક્ષા આપી પૂ. મુનિરાજ શ્રી વીરસેન વિજયજી મ. ની નિશ્રામાં મેળાવડો રાખ્યો હતો હેમાબેન વેલજી પારેખ તરફથી ૨૫૦૦ના હા. વી. ઓ. જૈન શિક્ષણ સંઘ તરફથી ૨૧૦૦ અને વિમલનાથ દેરાસર પેઢી તરફથી ૫ રૂા. ગુલાબચંદભાઇ દેવરાજ તરફથી ૨ રૂા તથ વીરચંદ ગોસર તરફથી ૧ રૂા. પુનમચંદ નેમચંદ પારેખ તરફથી નોટબુક દરેકને આપી હતી. પ્રિયા રતિલાલે થોડા દિવસમાં અતિચાર કરી એક ભૂલવગર ચોદસો અતિચાર બોલેલી તેને કુસુમબેન અજીતભાઇ તરફથી ચાંદીની વાટકી કસ્તુરબેન હરણીયા તથા રંભાબેન મગનલાલ તરફથી ૫૧–૫૧ તથા એક સદ્‌ગૃહસ્થ તરફથી ઇમીટેશન હીરાનીબુટી અપાઇ, પૂર્વી ભરતકુમાર બે પ્રતિક્રમણ પૂરા કરતા એક બુટી આપવામાં આવેલ. શ્રીમતી પ્રભાબેન પ્રવીણચંદ કાનજી મોદીના ૫૦૦ એકાંતર આંબેલનુ જેઠ સુદ ૧૫ ના પારણુ થતાં તે નિમિત્તે સિદ્ધચક્ર મહાપૂજન રખાયું પૂ. મુનિરાજશ્રી વીરસેન વિજયજી મ. આદિ પધારેલ સવારે પ્રવચનમાં સંઘપૂજન પૂજનમાં શ્રીફળની પ્રભાવના રાખી જીવદયા ટીપ ૭૫૦૦) ઉપર થઇ પૂજન ભણાવવા સુશ્રાવક નવીનચંદ્ર બાબુલાલભાઇ તથા જિન ભક્તિ માટે વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ.

ભલાડ ઇસ્ટ–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિનો જેઠ વદ ૧૩ ના સવારે પ્રવેશ થયો હતો પુષ્પા પાર્કથી સામૈયું થયું હાથી બગીઓ બે બેન્ડ અને હજારો ભાવિકો હતા. રત્નપુરી સામે નાટયગૃહ હોલમાં મંગલ પ્રવચન હતું ગુરુપૂજનનો લાભ શાહ પોપટલાલ રાજા ગુઢકા લાખાબાવલ વાળાએ લીધો સંઘપૂજન ૫–૫ રૂા નું થયું ૨૩૦૦ ની સંખ્યા હતી. પૂજન રૂા (૧) કેશરીચંદ બાબુભાઇ ઝવેરી (૨) જયુભાઇ છેડા (૩) શ્રીમંતી મોંઘીબેન લખમણ વીરપાર ધારૂ હ. મગનભાઇ સોણસલાવાળા થાણા (૪) શાહ પોપટલાલ રાજાભાઇ ગુઢકા પરેલ મુંબઇ (૫) તરફથી થયું.

બેંગલોર–ચિકપેઠ આદિનાથ જૈન શ્વે સંઘમાં પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. નો ચાતુર્માસ માટે બેંગલોર પધારતા તિરુપાતુરથી જેઠ સુદ ૧૪ થી પદયાત્રા સંઘ બેંગલોર જયનગર સુધી જયતિલાલ ચંદુલાલજી કોઠારી તરફથી નીકળ્યો.



- દુ:ખમાં ભગવાનને એટલા માટે યાદ કરવા છે કે દુ:ખ સહવાની શક્તિ મળે સુખમાં એટલા માટે યાદ કરવા છે કે સુખ છોડવાની શક્તિ મળે
- દુનિયાના સુખ માટે દુ:ખ વેઠવા લોક તૈયાર છે પણ ધર્મ માટે દુ:ખ વેઠવા મોટો ભાગ તૈયાર નથી.
- આજનો ધર્મ કરનારો મોટો ભાગ ધર્મમાં કાચો છે, અધર્મમાં પાકો છે.
- આર્યદેશનું શિક્ષણ : દુ:ખને રોવે નહિ, સુખ માટે કોઈ ફરિયાદ કરે નહિ.
- જૈન શાસનનું શિક્ષણ : કોઇને દુ:ખી કરી, કોઈનું સુખ ઝુંટવી સુખી થવાય જ નહિ. ચાલે તો સુખ છોડી જ દેવું. સુખની જરૂર પડે તે જ પાપ તેની સાથે રહેવું પડે તો સાચવી-સંભાળીને રહેવું. દુ:ખ મારાં જ પાપની સજા માટે મજેથી વેઠી જ લેવું.
- જૈન કાયમ સુખી હોય તે દુ:ખી હોય જ નહિ. કેમકે, તેણે પુણ્યમુજબ જીવતાં આવડે છે તેને દુનિયાનો આનંદ ખપતો નથી પણ આત્માનો જ આનંદ ખપે છે.
- ધર્મ જીવને પાપથી બચાવી શાણો બનાવી છેક મોક્ષમાં મૂકી આવીને આત્મામાં રહે છે.
- વેષ-પહેરવેષ પણ હૈયાનો સૂચક છે, જેવો વેષ હોય તેવું હૃદય હોય જાતિ-જ્ઞાતિની જે મર્યાદા ચાલી આવતી હતી તે મર્યાદા નાશ પામી તેથી હૈયા પણ નાશ પામ્યા.
- સાધુ બનીને પણ શરીરને સાચવે, ઇન્દ્રિયોને રમાડે, બધી અનુકૂળતા-મોજ મજા માટે જે કરવું પડે તે કરે, તેને માટે ય દુર્ગતિ જ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ભાવનગર) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

~~૫૧૬૦~~ ૨૮-૫-૭૫-૪૬

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પંડિત કોણ ?

પવણ પહલ્લિકરકમલલગ્ગ-
લગ્ગજલલવચલમ્મિ જીયમ્મિ ।
કલ્લે કાહ ધમ્મં,
કો ભણઇ સકણ્ણ વિણ્ણાણો ?

પવનથી હણાયેલા કમલના પાંદડાના અગ્ર ભાગ ઉપર લાગેલા પાણીના બિંદુની જેવા ચંચલ આ જીવનમાં 'હું કાલે ધર્મ કરીશ' આવું કોઇ પણ જાણકાર પંડિત માણસ બોલે ખરો !

વર્ષ ૭

અંક ૪૫+૪૬

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.
ચતુર્થ પુણ્યતિથિ વિશેષાંક

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

શાસનના સિંહ પુરુષની યાદ

—પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

શ્રી જૈન શાસન જયવંતુ છે. અને તે પાંચમા આરાના છેડા સુધી રહેશે. તે સાથે તે તે સમયે તે શાસનને સ્થિર અને જયવંતુ રાખનારા મહાપુરૂષો પણ થવાના તેમાંય જયારે અરણ્યમાં પશુઓની પ્રવૃત્તિ વધી જાય છે ત્યારે સિંહ આવે તો તે બધા પલાયન કરી જાય છે.

આવી જ સ્થિતિ જૈન શાસનમાં જમાનાવાદ, સુધારકવાદ, નાસ્તિકવાદ, સ્વચ્છંદવાદ અને સિધ્ધાંત વિપ્લવવાદના પ્રસંગોમાં જેઓ શ્રી એ સિંહ પુરૂષની ગરજ સારીને જૈન શાસન વાદ સતત સ્થિર જાગૃત અને જયવંતુ બનાવ્યું હતું તેવા મહાપુરુષ પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ થઈ ગયા.

તેઓશ્રીની વસમી વિદાય ૨૦૪૭ અષાડ વદ ૧૪ની બની તે શ્રી શાસન હૃદયી શ્રી સંઘને અત્યંત ઉદવેગને કરનારી બની એઓ શ્રીજીની શાસન પ્રતિબ્ધાથી શ્રી સંઘ સદા ઉન્નત હતો અને ગમે તેવા પ્રસંગે કોઇની સેહમાં તણાવું નહિ અને સત્યની ઉદ્ઘોષણા કરવી તે તેમનું એક અજબ નૈતિક બળ હતું. અને તેવી ઉદ્ઘોષણાથી સૂર્યના પ્રકાશથી ઘુવડની આંખો બંધ થઈ જાય. તેવા આત્માઓ જરૂર તે સામે ઘુરકીયા કરે પરંતુ શાસનની જયપતકા તો સંદતર દિગંત ફરકતી જ રહેતી.

વિષમ કાલમાં મહા સમકાળ લાવી આપનારા આવા મહાપુરુષોની યાદ સદૈવ રહે છે એ યાદનો સ્વાદ પણ તેમના ઉપદેશના પ્રસાદ આપી જાય છે અને અંતરમાંથી એ યાદની સાથે કંઇ અનુભવના ધર્મના વાદ સ્પષ્ટ દેખાઇ આવે છે.

આ સિંહપુરૂષની સદાની ગર્જના જૈન જયતિ શાસનમ્‌ની હતી કેમકે દેડકો ગમે તેટલો ડ્રાઉં ડ્રાઉં કરે પણ મેઘ ગર્જનાને પહોંચે નહિ તેવી રીતે આ સિંહપુરૂષનું આગમ જ્ઞાન, શ્રુતજ્ઞાનની સ્મૃતિ, તત્ત્વ ગ્રહણની શક્તિ, તત્ત્વ પ્રદાનની યુક્તિ, પ્રવચન રસમાં મુક્તિની શુકિત જીવનમાં અનાસકિત, સ્વપરના પક્ષપાતથી મુકિત, બાલ વૃધ્ધ કે યુવાન પાસે વાત કરવા આત્મીયતાની દૃષ્ટિ, શાસનના કાર્યોમાં સ્ફૂર્તિ, પૂર્વાપરના સંબંધનું અનુસંધાન કરતી ઉકિત, દ્વેષીને પણ દ્વેષ વિના જોવાની દૃષ્ટિ, પતીતને પણ પાવન કરવાની તેમની મૂર્તિ.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

આચારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ. ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મોહનજી ગુંદા (ખંભાત)
હેમેન્દ્રકુમાર મણિલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી ગુંદા (પાલનપુર)

વર્ષ ૭] ૨૦૫૧ અષાઢ વદ ૧૩) મંગળવાર તા. ૨૫-૭-૯૫ [અંક-૪૫-૪૬

卐 પ્રકીર્ણ ધર્મોપદેશ 卐

–પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૭ ને શુક્રવાર તા. ૩-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન – ત્રીજું) (ગતાંકથી ચાલુ)

શ્રી અભયકુમારનો નિર્ણય હતો કે, સાધુ થયા વિના મરવું નથી. આ જનમમાં સાધુ થયા વિના મરવું તે આ મનુષ્યભવનો દુરપયોગ છે. શ્રી ઋષભદેવ ભગવાનની પરંપરા પણ આજ સૂચવે છે કે, આ જનમમાં સાધુ થયા વિના મરાય જ નહિ.

પ્ર૦ તે વખતે ચોથા આરાના પ્રારંભનો કાળ હતો. આ તો પાંચમો આરો છે.

ઉ૦ પાંચમા આરામાં શ્રાવક ગમે તેમ જીવે તોય શ્રાવક કહેવાય એમ કહેવું છે ને ?

સભા: આજે બરાબર શ્રાવક બહુ ઓછા મળે છે.

પૂ. શ્રી: ઓછા મળે છે તે આ માર્ગનો ઉપદેશ ચાલુ છે માટે મળે છે. આજે ઘણા જૈનકુળ છે પણ સાધુ થવાના વિચારવાળા બહુ ઓછા છે.

પ્ર૦ આજે ઘણા સાધુ વક્તા બન્યા છે. મોટી માનવ મેદની જોઇ રાજી થાય છે અને જેમ આવે તેમ બોલે છે.

ઉ.૦ તે ય તમે સાંભળો છો ! જો તમે ડાહ્યા હો તો સાધુ ગમે તેમ બોલી શકે નહિ.

આપણી મૂળ વાત સમજો કે, શ્રી શ્રેણિકરાજા જેવો બાપ આજે એકપણ મળે ખરો ? તમે તમારા છોકરાને લગ્ન કરવા કહો અને તે છોકરો કહે કે, સાધુ મહારાજ પાસે જઈશ, ભગવાન શું કહી ગયા તે સમજ્યા પછી જવાબ આપીશ તો તમે શું કહો ? આજે તો તમે બધા સાધુ પાસે ગયેલો તમારો છોકરો વિરાગી થાય તો બગડી ગયો તેમ માનો છો. તમારે તો સાધુ થવાનું મન ન થાય તેવો છોકરો જોઇએ છે. તમારો પણ સાધુ થઇને મરવું છે તેવો વિચાર છે ખરો ?

પ્ર.૦ મનમાં ભાવ તો હોય.

ઉ.૦ ખરેખર ભાવ છે ? ગપ્પું ન મારો. આવો ભાવ હોય તો તો રાજી થાઉં.

પ્ર.૦ આવો ભાવ હોય તેનું જીવન કેવું હોય ?

ઉ.૦ તેનું જીવન બહુ જ સારું હોય કોઇપણ ધર્મક્રિયા તેનાથી શક્ય હોય તો કર્યા વિના ન રહે. તેને આજીવિકાદિ માટે વેપારાદિ કરવા પડે તો ન છૂટકે પાપ માનીને કરે. વેપારાદિમાં અનિતી તો કરે જ નહિ. આવો જીવ સુખી હોય તો મંદિરમાં કેશર-સુખડાદિની ટીપ કરવી ન પડે. પૂજારીને પગાર પણ મંદિરમાંથી ન આપવો પડે.

આજે લાખોપતિ અને કોટિપતિ શ્રાવકો છે. પણ મંદિર ન બાંધ્યું હોય તેવો એક શ્રીમંત શ્રાવક નથી તેમ કહી શકો છો ? સુખી શ્રાવકે પોતે મંદિર બાંધ્યું હોય તેવા શ્રાવક કેટલા મળે ? તમે કહો કે, બહુ મોટા શ્રીમંતો તો ઉપાશ્રયે આવે જ નહિ. કદાચ તે આવી જાય તો સાધુને ગભરાવું પડે. તેને ગમે તેવું બોલવું પડે. તેમાંથી સાધુ બગડયા છે. તમારા ગામના શેઠીયાઓને રાજી કરવા માટે સાધુઓ સાધુપણું ભૂલ્યા છે.

પ્ર.૦ આપો તો પૈસા ખરચવાની જ વાતો કરો છો.

ઉ.૦ શ્રીમંત ધર્મી છે કે નહિ તેનું માપ આનાથી નીકળે. જેની પાસે પૈસા હોય તેને ખરચવાની વાત છે પણ દાન દેવા માટે કમાવવાનું નથી.

મંદિર પડતું હોય અને જે સુખી તેની ખબર પણ ન લે તેની શ્રીમંતાઇમાં ધૂળ પડી ! તેવાને તો શ્રીમંત કહેવો તે પાપ છે ! ગરીબને મંદિર પડતું જોઇને થાય કે, મારી શક્તિ હોત તો હું કરત તો તે સારો છે. આગળ ગરીબ શ્રાવક, સંઘ ભેગો થાય અને કામ બતાવે તો આ કામ કોને પૂછીને કરો છો તેમ પૂછી શકતો હતો ! આજે સંઘમાં ગરીબ બોલી શકે કે તમારા કહ્યામાં મરતુ મારે ? આજે ધર્મ ન જાણતા ગરીબની કિંમત નથી પણ ધર્મી ન હોય તે શ્રીમંતની જ કિંમત છે.

આજે તમે વહીવટદાર કોને નીમો ? મંદિરે ન આવે અને ઘેર રહે સહી

સહી કરી આપે તેને. આજે બધી વાત બગડી ગઇ. ખરો વહીવટદાર તો મંદિર ઉઘડે ત્યારે હાજર હોય, મંદિર બંધ થાય ત્યારે ય હાજર હોય, વાસી પૂજા રહી ગઇ હોય તો પકડી પાડે. મંદિરમાં કેટલી પાષાણની, કેટલી ધાતુની, કેટલી પંચતીર્થિ, કેટલી ચોવિશીની મૂર્તિઓ છે તે તેને આંગળીને વેઢે હોય. આજે તેવો કોઇ છે ? તમે તો ભગવાન પૂજારીને સોંપી દીધા છે. આજના સુખી મોટે ભાગે ધર્મ કરતા નથી અને બીજા ધર્મ કરે છે તે તેને ફાવતો કરે છે. વધુને પૂજા કરતા જોઇ તેને બહાર કાઢવાનું મન થાય છે. પણ અમારું તે સાંભળે ખરા ?

શ્રી અભયકુમારે ભગવાનને પૂછવાનું કહ્યું તો શ્રી શ્રેણિકરાજા ચૂપ થઇ ગયા છે. તે તમને સારૂં લાગે છે કે ખરાબ લાગે છે ? કોઇપણ કામ કરવું તે ભગવાનની આજ્ઞા મુજબ કરવું છે તેમ મનમાં છે ? જૈન લગ્ન કેમ કરે ? મોજમજા માટે કરે કે મારાથી અનાચાર ન થાય, ગમે તેની સામે આંખ ન નાંખું માટે અને તે ય કરવા જેવું નથી તેમ માનીને કરે ! લગ્ન કર્યું હોય પણ લગ્ન વખતે મજા ન હોય તેવા કેટલા ? પેઢી બોલવી પડે પણ મજા ન હોય. શું કરૂં પાપનો ઉદય છે માટે પેઢી કરવી પડે છે આવું બોલનાર કેટલા શ્રાવક મળે ? વેપાર મજેથી કરૂં છું તેમ શ્રાવક બોલે ? વેપાર સારો ચાલે છે તેવા વખાણ કરે તે શ્રાવક કહેવાય ? આજના શ્રાવક કહેવાતા કેવા કેવા વેપાર કરે છે ? મોટા શ્રીમંતો કર્માદાન કરતાં થઇ ગયા. તેવાનું માન અહીં વધારે છે. બારવ્રતધારી ગમે ત્યાં બેઠો હોય તોય તેની તમને કાંઇ કિંમત નહિ.

હવે આ બાજુ શ્રી મહાવીરસ્વામિ ભગવાન રાજગૃહીમાં પધાર્યા છે. શ્રી શ્રેણિક મહારાજા, શ્રી અભયકુમારાદિ પરિવાર સાથે ભગવાનને વંદન કરવા જાય છે. દેશના સાંભળે છે. પ્રસંગ પામીને શ્રી અભયકુમાર ભગવાનને પૂછે છે કે– "હે ભગવાન ! આપના શાસનમાં છેલ્લા રાજર્ષિ કોણ છે ?" જે રાજા ઘણને સાધુ થાય તે રાજર્ષિ કહેવાય. ભગવાન કહે છે કે – " આ ઉદયન છેલ્લા રાજર્ષિ થઇ ગયા છે. હવે મારા શાસનમાં કોઇ રાજા સાધુ નહિ થાય. " શ્રી અભયકુમારને જાણવું હતું તે જવાબ મળી ગયો. હું લગ્ન કરૂં કે હું રાજ્ય લઉં તેમ પૂછાય ? સમજુ કેવો હોય તે સમજાય છે ?

દેશના સાંભળીને બધા ઘરે આવે છે. શ્રી અભયકુમાર શ્રી શ્રેણિક મહારાજાના પગમાં પડીને કહે છે કે– " પિતાજી ! આપ ભગવાનના પરમ ભગત છો. તેમને ખબર છે કે મારા પિતાજી ક્ષાયિક સમકિતના ધણી છે. હું ભગવાનનો સામાન્ય ભગત છું. પરમ ભગતનો દિકરો સાધુ થયા વિના મરી જાય તે પસંદ છે ? ભગવાન કહે છે કે,

મારા શાસનમાં હવે કોઈ રાજા સાધુ થવાનો નથી. માટે મારે આ રાજ્ય જોઇતું નથી."

પ્ર૦ અભયકુમાર બુદ્ધિનિધાન હતા માટે તેમને પૂછતાં આવડયું અને જવાબ આપનાર ખુદ ભગવાન હતા. આજે આવું પૂછતાં આવડે ?

ઉ૦ વ્યાખ્યાન બરાબર સાંભળે તેને બધું આવડે. સાધુ બધું શીખવે. કેમ બોલાય... કેમ ચલાય... ધર્મ જ કરવા લાયક છે, વેપાર કરવા લાયક નથી. ધર્મ રાજીથી કરાય, વેપાર કરવો પડે તો ન છૂટકે કરાય. વેપાર ખુદ પાપ છે તેમાં અનીતિ આદિ પાપ તો ન જ કરાય. આ જન્મમાં સાધુપણું જ કરવા લાયક છે, સંસાર નહિ. તમે બધા ઘરમાં બેઠા છો તે રાજીથી કે દુઃખથી ?

પ્ર૦ આવો ઉપદેશ ન મળ્યો હોય તો આ જ્ઞાન કયાંથી થાય ?

ઉ૦ શ્રાવકો સાચું ન સમજે તેનો દોષ સાધુઓનો છે. સાધુઓ સાચું ન સમજાવે તો મહાગુનેગાર છે. જેઓને સમજવું નથી તેઓ સારા સાધુઓ પાસે જતા નથી, આવી વાત ગમતી નથી. સંસારનું સુખ કેમ મળે તે જ સાંભળવાની ઇચ્છા છે માટે શ્રાવકો પણ દોષિત છે.

સાધુ માત્ર સંસારનાં સુખનું જ વર્ણન કરે અને તેના પરિણામ ન બતાવે તો શ્રાવક ઉભો થઇને વિનયપૂર્વક ન પૂછે કે— "ભગવંત ! તો પછી આપે આ સુખ કેમ છોડી દીધુ ? આ સુખમાં મજા કરે તે મરીને જાય કયાં ? તમે આવું કોઇને પૂછયું છે ? તમે પૂછો તો સાધુ શું કહે ?

પૂ. આ. શ્રી કાલિકસૂરીજી મહારાજાને દત્ત રાજા પૂછે છે કે— " ભગવન્ ! યજ્ઞનું ફળ શું " તે રાજા મિથ્યામતિ હતો, મોટા મોટા યજ્ઞો કરાવતો હતો અને તેમાં ધર્મ માનતો હતો. ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે— 'નરક' ફરી રાજાએ પૂછયું કે– 'હું કયાં જઇશ ?' તો આચાર્ય મહારાજે કહ્યું કે– 'નરકે' ! ફરી પૂછે કે, 'તમે કયાં જશો ?' તો કહે કે –'સ્વર્ગે' આમ કોણ બોલી શકે ? માર્ગસ્થ હોય તે. આપણા આચાર્યોએ આ રીતે માર્ગ સાચવ્યો છે. તેઓ રાજાથી પણ ગભરાયા નથી. જો અગ્નિમાં પશુઓને હોમવાથી સદ્ગતિ થતી હોય તો તું જ સળગી જા ! સાચી વાત બેકાસ્ટર ન કહી શકે તેણે આ પાટ અભડાવવી ન જોઇએ. આ તો ભગવાનની પાટ છે. સાચું ન કહેવું હોય તેને આ પાટ ઉપર બેસવાનો અધિકાર નથી

(ક્રમશઃ

卐 વિચારકો માટે વિચારણીય વિગત 卐

(ગતાંકથી ચાલુ) —શ્રી મુક્તિપંથ પથિક

રાતે સાધુઓની વ્યાખ્યાન પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલુ થવાથી ઘણા ગામોમાં દિવસે વ્યાખ્યાન સાંભળવા આવતા નથી દિવસે વ્યાખ્યાન બેસતું નથી. રાતે વ્યાખ્યાન બેસે તે લોકો આવે લોકોને રાતના વ્યાખ્યાનો અનુકુળ આવે છે કેમકે દિવસે એમને વ્યાપાર ધંધા ચાલુ રાખવા છે પૈસા કમાવા છે અને વ્યાખ્યાનો કરવાથી લોકોને રાતે જ વ્યાખ્યાન સાંભળવાની અને દિવસે વ્યાખ્યાનમાં ન આવવાની ખોટી ટેવ પડે છે દિવસે વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા થતી નથી અને રાતે જઇશું રાતે જઇશું એમ જ કરે છે અને રાતે વ્યાખ્યાન સાંભળવા આવે આખો દિવસ ધંધો નોકરી આદિ કરવા દ્વારા થાકી ગયેલા બીચારા લોકો શું વ્યાખ્યાન સાંભળે ? કેટલાકને તો અડધુ પડધુ વ્યાખ્યાન ઝોકા કે ઉંઘમાં જ જાય. દિવસે પણ કેટલીક વાર કેટલાક શ્રોતાઓ વ્યાખ્યાનમાં ઝોકા ખાય છે તો પછી રાતની તો વાત જ શું કરવી ?

રાતે વ્યાખ્યાન કરવાનું એક ભયંકર પરિણામ તો એ આવ્યું કે રાતે કેટલાક વ્યાખ્યાનકારો પુરૂષ અને સ્ત્રીઓની સભામાં વ્યાખ્યાન કરે છે જે મર્યાદા ભંગનું અને અરિહંત પરમાત્માની આજ્ઞા ભંગનું મહાપાપ છે સાધુઓએ રાતના સ્ત્રીઓ વચ્ચે ઉભા પણ રહેવાનું નથી. સાધુઓના સ્થાનમાં પણ સ્ત્રીઓ અંધારૂં થયા પછી રાતે ન આવી શકે એની સાથે વાતો ન કરી શકે તો પછી સ્ત્રીઓની ઉપસ્થિતિ જે પુરૂષ સભામાં છે એમાં સાધુ વ્યાખ્યાન કરે તો તે કઇ રીતે સાધુતાની મર્યાદા અને શાસનની મર્યાદાની દૃષ્ટિએ ઉચિત છે ?

સ્ત્રીઓની ઉપસ્થિતિમાં રાતે વ્યાખ્યાનો કરવાથી કેટલીકવાર મોટા અનર્થો પણ થવાની શકયતા રહે છે કોઇ વિશિષ્ટ વ્યાખ્યાનકાર વ્યાખ્યાન કરતાં હોય ત્યારે યુવા વર્ગ અને યુવતી વર્ગો પણ આવે અને એઓ વ્યાખ્યાન પછી અને પહેલા પરસ્પર વાતો કરી પરિચય કરે અને એનું પરિણામ એ આવે કે યુવા યુવતી વર્ગના જીવન પણ બગડી જવાની શકયતા રહે. એવું પણ બને કે મા–બાપો એમ સમજતા હોય કે અમારા દીકરા દીકરીઓ વ્યાખ્યાન સાંભળવા ગયા છે અને એવું પણ બનવાની શકયતા રહે કે યુવાન છોકરા છોકરીઓ વ્યાખ્યાન સાંભળવા આવવાના બહાને હરવા ફરવા પણ જાય અને એમાં કયા અનર્થો ન સર્જાય. એ કાંઇ જ ન કહી શકાય. આવો કીસ્સો કયારે એક પણ બને તો તે શાસન અને ધર્મને કલંકિત કરનારૂં બને જ.

શાસ્ત્રકારોએ સાધુ માટે આત્મહિત સાધવાનું મુખ્યતયા ફરમાન કર્યું છે આત્મ-હિત સાધવા સાથે પરહિત કરવા માટે પોતે સમર્થ હોય અને ગુરૂએ અનુજ્ઞા આપી હોય તેણે પરહિત કરવા નિકલવાનું છે વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિઓ કરવાની છે વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિ પણ સંયમ સ્વાધ્યાય ગુર્વાદિની વૈયાવચ્ચ વગેરેની પ્રવૃત્તિની બાધક ન બને તે રીતે કરવાની છે આખો દિવસ લોકોને બોલાવી બોલાવી– કે વંદન કરવા આવેલાને બેસાડી બેસાડીને ઉપદેશ આપવાનું કામ કે વ્યાખ્યાન કરવાનું કામ કરવાનું નથી.

કોઇ ધર્મનો અર્થી થઇને આવ્યો હોય ત્યારે ધર્મોપદેશક કે વ્યાખ્યાન કરનાર માટે તો ફરમાન છે કે ગમે ત્યારે કોઇ પણ માણસ અર્થી થઇને ધર્મ સમજવા આવે ત્યારે માતરાની કે કફાદિની તકલીફ હોય તો માતરાની કે કફની કુંડી પાસે રાખીને પણ ધર્મ સમજાવવાનો છે. પણ પોતાની નિત્ય આવશ્યક ક્રિયાઓની ઉપેક્ષા કરીને નહી રાતે તો મુખ્યતયા સાધુને સ્વાધ્યાય ધ્યાનાદિ જ કરવાના છે છતા કોઇ ધર્મ સમજવા સામેથી આવે તો અધિકારી સાધુએ ધર્મ પણ સમજાવવાનો છે પરન્તુ જાહેરાતો કરીને અને જેમાં લાઇટ આદિનો ઉપયોગ કરવો પડે તેમજ ગૃહસ્થોને મોટર વગેરે વાહના-દિનો ઉપયોગ કરવો પડે તે રીતે વ્યાખ્યાનો ગોઠવીને રાતના વ્યાખ્યાનો કરવાના નથી.

જૈન શાસનમાં જયણા ધર્મ મુખ્ય છે જયણા વગરનો ધર્મ બોગસ છે આત્માને કાંઇ જ લાભ કરનારો નથી માટે જ મંદિરમાં પણ રાતે ભમતી ફરવાનો વ્યવહાર નથી અને ભમતી ફરાતી નથી તો પછી રાતના ટાઇમમાં વ્યાખ્યાન માટે વાહનવ્યવહાર લોઇટ વગેરેનો ઉપયોગ કરવો કઇ રીતે ઉચિત છે જેમા જયણા તો જરા પણ ન સચવાય.

એક બાજુ એમ બોલાય કે આજના વાહનો ડીઝલ–પેટ્રોલથી ચાલે છે ડીઝલ–પેટ્રોલ પરદેશથી આવે છે એના બદલામાં હીન્દુસ્તાનમાંથી પશુઓ વગેરેના માંસ દિ મોકલાવાય છે એ માંસાદિનું સમ્પાદન કરવા માટે હીન્દુસ્તાનમાં કેકાણે કેકાણે કતલ–ખાનાઓમાં પશુઓ વગેરે ધમધોકાર કપાય છે એટલે આજના વાહનો ડીઝલ–પેટ્રોલથી નથી ચાલતા પરન્તુ પ્રાણીઓના લોહી ઉપર ચાલે છે આ વાત સાચી જ છે તો વહા-નોનો ઉપયોગ કરીને લોકો વ્યાખ્યાનમાં આવે તે કઇ રીતે ઉચિત છે ? અને એનેજ કારણે રાતે વ્યાખ્યાન રાખવું તે પણ કઇ રીતે ઉચિત છે ? વિચારકોએ આમાં ખરેખર વિચારવા જેવું છે કે એમાં વકતા–શ્રોતા સાધુ–શ્રાવકને ધર્મ થાય છે કે અધર્મ ?

કેટલાકનું એવું પણ માનવું છે કે લોકો ઘેર બેઠા ટી. વી. જુએ રેડીઓ સાંભળે ફરવા જાય કે ઉંઘે એના કરતા રાતે વ્યાખ્યાનમાં આવે તો શું વાંધો. એમાં પણ

કોઇક ધર્મ પામી જાય ને લાભ થઈ જાય માટે જાહેરાતો વગેરે કરીને પણ રાતે વ્યાખ્યાન કરવામાં શું વાંધો છે ? આજે કેટલાએ માણસો (સાધુ વગેરે) માઇકમાં વ્યાખ્યાન કરવાથી પણ કોઇકને ધર્મ પામવાનો લાભ દેખાડે છે તો રાતે વ્યાખ્યાન કરવામાં લાભ માનનારા માઇકમાં વ્યાખ્યાન કરવાનું અપનાવી લેશે ખરા ? કેટલાકો ધાર્મિક પ્રસંગોમાં ટી.વી. વીડીયોનો ઉપયોગ કરવામાં લાભ દેખાડે છે મંદિરાદિમાં પ્રતિષ્ઠા વગેરેના થતા પ્રોગ્રામો જોવાનો લાભ ટીવીમાં મળે છે વીડીયો ફીલમ ઉતાર્યા બાદ અવર નવર એ ધાર્મિક પ્રતિષ્ઠાદિના પ્રસંગની ફીલમ જોવાથી એવા સંસ્કાર પડે કે જેથી કદાચ માણસ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાદિ તરીકે જન્મ્યો હોયને ટી.વી. વીડીયો ફીલમમાં જોએલા અરિહંતની મૂર્તિ કે સાધુ કે સાધુના ઉપકરણોના આકાર–વાળા માછલાને જોવાથી જાતિ સ્મરણ થઇ જાય અને એ સમ્યગ દર્શન દેશ વિરતિનો ધર્મ પામી જાય આવો લાભ ટી. વી. વીડીયોના ઉપયોગમાં બતાવે છે તો શું ટી.વી. વીડીઓ વગેરે પણ ધાર્મિક પ્રસંગોમાં અપનાવશે ?

આવા ખોટા લાભો દેખાડીને રાતના વ્યાખ્યાનની પ્રવૃત્તિ વગેરેને ઉત્તેજન આપવું કોઇ રીતે બરોબર નથી કેમકે આવી પ્રવૃત્તિઓમાં અરિહંત પરમાત્માની આજ્ઞા નથી અરિહંત પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધની રાતે જાહેરાતાદિ કરીને વ્યાખ્યાન કરવા આદિની પ્રવૃતિમાં કોઇ ધર્મ પામી જવાનો લાભ થાય એમ એકાંતે ન કહી શકાય. જ્યારે રાતે વ્યાખ્યાન કરવામાં નુકસાનો તો બેઠા જ છે.

રાતે વ્યાખ્યાન કરવાથી (૧) જયણા પલાતી નથી (૨) વાહનોનો ઉપયોગ કરવાથી જીવોની હિંસા અને પશુ પંખીઓનો ત્રાસ (૩) દિવસે વ્યાખ્યાન સાંભળવાની ઉપેક્ષા અને રાતે વ્યાખ્યાન સાંભળવાની ખોટી ટેવ (૪) લાઇટનો ઉપયોગ કરવાથી ઘોર જીવોની હિંસા (૫) સ્ત્રીઓની પણ ઉપસ્થિતિમાં રાતે વ્યાખ્યાન કરવાથી શાસન અને સાધુતાની મર્યાદાનો ભંગ આવા અનેક નુકસાનોની સાથે જિનાજ્ઞા ભંગનું મોટું પાપ થાય છે.

માટે આવા દોષોથી બચવા સાધુઓએ શાસ્ત્રાનુસારે વિચારક બની જાહેરાતાદિ કરીને રાતના વ્યાખ્યાનો કરવાનું બંધ કરવું જોઇએ. શ્રાવકોએ પણ સાધુઓને દોષથી બચાવવા તેમજ પોતે પણ દોષથી બચવા રાતે વ્યાખ્યાન સાધુ પાસે ન કરાવવા જોઇએ અને કરાવવાનો આગ્રહ પણ ન રાખવો જોઇએ કોઇ સાધુ રાતે વ્યાખ્યાન કરવાનો આગ્રહ રાખે તો પણ રાતના વ્યાખ્યાન ટાળવા જોઇએ અને શ્રાવકોએ દિવસના જ વ્યાખ્યાન સાંભળવાનો કટ્ટર આગ્રહ રાખવો જોઇએ.

વર્તમાન વિવાદ સંદર્ભમાં મહત્વનું માર્ગદર્શન

—પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્ર૦ દેવદ્રવ્યનો ઉપયોગ શું કરવાનો ?

ઉ૦ મૂળ વિધી એ છે કે સુખી શ્રાવકો જીવતા હોય તો દેવદ્રવ્યને રાખી મૂકવાનું છે. જ્યારે સારો કાળ હતો ત્યારે દેવદ્રવ્યના, જ્ઞાનદ્રવ્યના, અને સાધારણ દ્રવ્યના ભંડાર રાખવામાં આવતા જેમ ભગવાનના દર્શન કરે તેમ આ ત્રણે ભંડારોના દર્શન કરતા. જ્યારે આસમાની સુલતાની થાય, કોઇ કરનાર ન હોય તેવે વખતે ભગવાન અપૂજનીક ન રહે તે માટે ભગવાનની પૂજા ભક્તિમાં તેનો ઉપયોગ કરવાનો છે.

શ્રાવક પૈસે ટકે સુખી હોય તો પોતાના પૈસે મંદિર બાંધે કે દેવદ્રવ્યથી બાંધે ? આપણા મંદિર તો કામધેનું જેવા છે. તેમાં ઉપજ થયા જ કરવાની.

આજે કાળ બદલાઈ ગયો છે. સરકાર પણ અયોગ્ય આવી છે. બધાની નજર ધર્માદા દ્રવ્ય પર પડી છે આજે મંદિરમાં વધારે ઢાગીના રાખવા જેવા નથી. તે બધા ભાંગીને અને મંદિરમાં જે કાંઇ ઉપજ થાય તે પોતાના મંદિરમાં કે બીજા મંદિરોમાં ખંચી નાંખવા જેવી છે. ઘણા મંદિરો જીર્ણોધ્ધાર માંગે છે. તે બધામાં પૈસા આપી દેવા જેવા છે. પછી સરકાર શું લેવાની છે ? તે લેવા આવે તો કહી દેવાનું કે 'આ મંદિર છે, આ મૂર્તિઓ છે, આટલો ખર્ચો છે. તમે આપો તો ઠીક છે.' પછી તે ભાગી જશે. આ વાત છેલ્લા ચાલીશ વર્ષોથી કરતો આવ્યો છું પણ ટ્રસ્ટીઓ જો આપી દે તો વહીવટ શું કરે ? આજના ટ્રસ્ટી ખર્ચી શકતા જ નથી વખતે પોતાના ઘરનું બચાવવા ટ્રસ્ટનું આપી દેશે. નામના કિર્તી માટે આજના લોકો વહીવટ કરે છે. આવા લાયકાત વગરના વહીવટ માટે હોવા ન જોઇએ. પણ તમે લોકો જ નમાલા હો તો....

તમે ઘર પેઢી ચલાવો છો છોકરા છોકરી પરણાવો છો તો પૂજા આદિનો ખર્ચો શું ભારે પડે છે? આજે ઘણીખરી નુકશાની જૈનોની થઇ હોય તો દેવાદિદ્રવ્યનો ભોગ કર્યો તેનું ફળ છે. આજે મોટા ભાગના પેટમાં દેવદ્રવ્ય ગયું છે. માટે તમે સમજો અને સાવચેત થાવ તો બચી શકો. (પ્રવચનમાંથી સંકલિત)

તીથિ આદિના સાચા સિદ્ધાન્તને વળગીને રહેવાનો આગ્રહ સેવનારાઓએ રાતના વ્યાખ્યાનો ન કરવાના સિદ્ધાન્તને પણ વળગીને રહેવું જોઇએ એક સિદ્ધાન્તને વળગીને મોટી મોટી વાતો કરવી અને બીજા સિદ્ધાન્તોને વેગળા મૂકી સિધ્ધાન્ત વિરૂદ્ધ પ્રવૃતિ કરવી એ સિધ્ધાન્તવાદીઓ માટે જરા પણ ઉચિત નથી સિધ્ધાન્તવાદીએ તો દરેક સિધ્ધાન્તોને વળગીને જ રહેવું જોઇએ. સિદ્ધાન્તાનુસારજ સ્વપરને ઉપકાર કરનારી પ્રવૃતિઓ કરવી જોઇએ. સહુ વિચારક બની સિધ્ધાન્તાનુસાર પ્રવૃતિઓ કરી સ્વ-પરનું હિત સાધનારા બનો એજ એક શુભેચ્છા. (સંપૂર્ણ)

—: સિદ્ધાન્ત સંરક્ષણ સમયે સુવિહિતોનું કર્તવ્ય :—

પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

શ્રી જૈન શાસનના રહસ્યને પામેલા ઉપકારી પરમર્ષિઓએ જે જે શાસ્ત્રરત્નોની રચના કરી છે, તે દરેકનું ધ્યેય સ્વનો ઉપકાર સાધવા સાથે, પરનો ઉપકાર સાધવાનું છે. પોતાની બુદ્ધિના ગર્વથી નહિ : એટલે કે—પોતાની જાતને બુદ્ધિશાળી તરીકે જાહેર કરવાના ઇરાદાથી નહિ : કોઈનો પણ પરાભવ કરવાના ઇરાદાથી પણ નહિ : અને ધન, કીર્તિ આદિ સંબંધી ઇહલૌકિક તથા દિવ્યભોગાદિ સંબંધી પારલૌકિક પૌદ્ગલિક અભિલાષાથી પણ નહિ : પરન્તુ કેવળ જીવો ઉપરની અનુગ્રહબુદ્ધિથી જ, કે જે અનુગ્રહબુદ્ધિમાં સ્વ પ્રત્યેની અનુગ્રહબુદ્ધિનો પણ સમાવેશ થઇ જાય છે, તેવી અનુગ્રહબુદ્ધિથી જ ઉપકારી શાસ્ત્રકાર મહારાજાઓએ વિવિધ શાસ્ત્રરત્નોની રચના કરી છે. ઉપકારી મહાપુરૂષોની આ પ્રકારની મનોવૃત્તિ ખૂબ વિચારવા જેવી છે, ઊંડાણથી મનન કરવા જેવી છે અને મક્કમપણે અનુસરવા જેવી છે. ઉપકારી મહાપુરૂષોની આ પ્રકારની મનોવૃત્તિનો, કલ્યાણના અર્થી આત્માઓએ, જરા પણ ભેદરકારી સેવ્યા વિના, અભ્યાસ કરવા જેવો છે આ મનોવૃત્તિનો વિવેકપૂર્વક જો અભ્યાસ કરવામાં આવે, તો તે અભ્યાસ આત્માને અનેક દુર્ગુણોથી મુકત બનાવવાને સમર્થ બને છે, અનેક સદ્ગુણો પમાડવાને સમર્થ બને છે અને એ રીતિએ તે અભ્યાસ શાશ્વત એવા મુકિતસુખને પણ પમાડનારો બને છે.

પ્રજ્ઞાગર્વની ભયંકરતા :

કોઇ પણ સાચો વિદ્વાન, કે જે વિદ્વત્તાના વાસ્તવિક પરમાર્થને પામેલો છે, તે કદીપણ પોતાની બુદ્ધિનો ગર્વ કરવાને પ્રેરાતો નથી. બુદ્ધિમત્તાનો ગર્વ પણ આત્માને અધોગતિએ ખેંચી જનારો છે. ગમે તેવી તીક્ષ્ણ પણ પ્રજ્ઞાને ધરનારો આત્મા, જ્યારે તેના ઘમંડનો ભોગ બની જાય છે, ત્યારે તે ગમે તે પદ ઉપર સ્થિત હોય કે ગમે તે વેષને ધરનારો હોય, તો પણ તે એક નિર્બુદ્ધિ આત્મા કરતાં પણ અધિક અધમ કોટિનો બની જાય છે. બુદ્ધિના ગર્વમાં તે સત્યને તે ઉવેખી શકે છે. બુદ્ધિના ગર્વમાં તે શ્રી જિનપ્રણીત સિદ્ધાંતોનો પણ અપલાપ કરી શકે છે. બુદ્ધિના ગર્વને આધીન બનેલો આત્મા, સ્વ કે પરના વાસ્તવિક હિતને સાધવાને અસમર્થ બની જાય છે અને અવસરે સ્વ-પરના હિતનો કારમી રીતિએ ઘાત કરનારો પણ બની જાય છે. એવા માણસની રચના, કદાચ, અન્ય યોગ્ય જીવોને માટે ઉપકારક પણ થઇ જાય, તો પણ તેને પોતાને માટે તો તે પાપનું જ

કારણ બને છે. બુદ્ધિના ગર્વથી પ્રેરાઇને, પોતાની બુદ્ધિશાલિતાનું પ્રદર્શન કરાવવાના મનોરથોને સેવતો આત્મા, કદાચ શાસ્ત્રસિદ્ધાન્તના પ્રતિપાદનમાં નિપુણ હોઇને સુયોગ્ય જીવોને માટે ઉપકારનુ કારણ બની પણ જતો હોય, તોય તે પોતે તો પોતાના આત્માના હિતને હણનારો જ બને છે: એટલું જ નહિ, પણ એવા આત્માને સ્ખલના પામતાં પણ વાર લાગતી નથી અને એકવાર સ્ખલના પામ્યા બાદ તો તે કારમા અભિનિવેશને જ આધીન બની જાય છે. આ કારણે, સાચા ઉપકારિઓ કોઇ પણ પ્રવૃતિ પ્રજ્ઞાગર્વે કરીને આદરતા નથી. પોતાના આત્મામાં પ્રજ્ઞાનો લેશ પણ ગર્વ પ્રગટતાની સાથે જ, ઉત્તમ આત્માઓ ચેતી જાય છે અને એ આન્તર રિપુને ઉગતો જ ડામી દેવાને તત્પર બની જાય છે. પ્રજ્ઞાગર્વ રૂપ ભયંકર શત્રુને જો જરા પણ પોષણ મળી જાય છે, તો ક્રમે કરીને તે આત્મા ઉપર જબરૂં આધિપત્ય મેળવી લે છે અને એ પછી તો, અતિ ભાગ્યવાન આત્મા જ, કોઇ સુન્દર ભવિતવ્યતાના યોગે સુન્દર નિમિત્તને પામીને, એ શત્રુને શત્રુ તરીકે પિછાની શકે છે અને તેના આધિપત્યમાંથી મુકત બની શકે છે. આથી, આપણામાં ગમે તેવી તીક્ષ્ણ બુધ્ધિ હોય, તે છતાં પણ તેનો જરાય ગર્વ કરવો જોઇએ નહિ. આપણે તો આપણી તીક્ષ્ણ પણ બુધ્ધિને અનન્તજ્ઞાનિઓના માપે માપતાં શીખવું જોઇએ: અને જેને એ રીતિએ પોતાની બુધ્ધિને માપતાં આવડે, તે તો અનન્તજ્ઞાનિઓની આજ્ઞાને જ શરણે, પોતાની બુધ્ધિનું સમર્પણ કર્યા વિના રહી શકે નહિ.

૫૨-પરાજયની ઇચ્છાથી પણ પર રહો :

ઉપદેશ આદિમાં જેમ પ્રજ્ઞાગર્વના એક લેશને પણ અવકાશ નહિ હોવો જોઇએ, તેમ પરાભિભવની ઇચ્છાના પણ એક અંશનેય અવકાશ નહિ હોવો જોઇએ. ઉપદેશ આદિની પ્રવત્તિમાં, પરાભિભવની ઇચ્છા પણ એકેય અંશે નહિ હોવી જોઇએ. પરાભિભવની ઇચ્છાથી અપાતો ધર્મોપદેશ પણ, કર્મનિર્જરાનું કારણ બનવાને બદલે, કર્મબંધનું કારણ બની જાય છે. આપણે વિચારી ગયા છીએ કે-વિપરીત ધ્યેય સત્પ્રવત્તિને પણ કયી રીતિએ વિષ રૂપ અગર તો ગર રૂપ બનાવી દે છે. પરાભિભવની, એટલે કે-પરના પરાજયની ઇચ્છા, એ પોતે જ એવી ભયંકર વસ્તુ છે કે-તે એવી ઇચ્છાથી થતી સત્ય પ્રવત્તિને પણ, તેના આચરનારને માટે ભવવૃધ્ધિનું જ સાધન બનાવી દે છે. વિચારો કે-મિથ્યાત્વની સાથે કષાયથી ઘેરાએલા આત્માઓ, કયી સારી અને તારક પણ ક્રિયાને સ્વપરના હિતની વિઘાતક બનાવી દેતા નથી? તેવા આત્માઓ, દેખીતી રીતિએ, ઉત્તમ અગર તો સ્વરૂપે તારક પણ પ્રવત્તિઓને આચરતા હોય, ત્યારે પણ તેઓ પોતાના આત્માને કર્મના બોજાથી હલકો બનાવવાને બદલે ભારે જ બનાવતા હોય છે. તેવા આત્માઓ શાસ્ત્રને સ્વોત્કર્ષ અને પરાપકર્ષનું શસ્ત્ર બનાવતાં પણ

અચકાતા નથી. પોતાનો ઉત્કર્ષ અને બીજાનો અપકર્ષ સાધવાની લાલસામાં તેઓ હિંસકભાવથી પર રહી શકતા નથી, માયા આદિથી પણ પર રહી શકતા નથી અને કારમા પણ અસત્યોનું ઉચ્ચારણ તેઓને માટે સ્વાભાવિક જેવું બની જાય છે. સ્વોત્કર્ષ અને પરાપકર્ષની લાલસાને આધીન બનેલા આત્માઓને માટે માયા તો જીવનસંગિની જેવી બની જાય છે. યેન કેન પરનો અપકર્ષ કરવાની ઇચ્છા-વાળા બનેલા, બાહ્ય દૃષ્ટિએ ત્યાગી અને વિદ્વાન પણ દેખાતા આત્માઓ, શાસ્ત્રોના સિદ્ધાન્તોની સાથે માયાભરી કૂટ રમત રમતાં અચકાતા નથી અને બંને રીતિએ તેઓ પોતાના હિતને હણવાની સાથે, બીજા પણ સંખ્યાબંધ ભદ્રિક અને અજ્ઞાન આત્માઓના હિતનો પ્રકારમો સંહાર કરનારા બની જાય છે. આથી ઉપકારી મહાપુરૂષોએ જ ફરમાવે છે કે-કોઇ પણ પ્રસંગમાં કે કોઇ પણ સંયોગોમાં પરનો અપ-કર્ષ કરવાની વૃત્તિ ન આવી જાય, તેની પણ સાવધગીરી કલ્યાણના અર્થિઓએ અવશ્ય રાખવી જોઇએ.

ઉન્માર્ગનું ઉન્મૂલન પણ પારકાને પરાજિત કરવાની વૃત્તિથી ન જ થવું જોઇએ :

સ૦ મારો પ્રશ્ન જરા લાંબો અને અંગત છે, તો ક્ષમા કરશો. શાસ્ત્રના પાઠોનો કોઇ ખોટો અર્થ કરતો હોય અને એમ કરીને લોકમાં સિદ્ધાન્તથી વિપરીત વાતોને ફેલાવતો હોય, તો તેવા માણસને પરાજય પમાડવાની ઇચ્છાથી પુસ્તક લખવું અથવા બીજા પણ પ્રયત્ન કરવા એ શું ગેરવ્યાજબી છે? આપે તેવાં પુસ્તકો નથી લખ્યા? વ્યાખ્યાન અને લેખ દ્વારા આપે શાસ્ત્રવિરૂદ્ધ વાતો લખનાર કે બોલનારનું ખંડન નથી કર્યું? મારી જાણ મુજબ આપે તેવાં પુસ્તકો પણ લખ્યાં છે અને વ્યાખ્યાનો તથા લેખો દ્વારા પણ આપે તેવો પ્રયત્ન કર્યો છે. છતાં આપ કહો છો કે-'કોઇ પણ પ્રસંગ કે સંયોગમાં પરાપકર્ષની વૃત્તિ નહિ આવવી જોઇએ' -તો સમજવું શું?

આ પ્રશ્નનો ખૂલાસો આપતાં પહેલાં, પ્રશ્નકારે પ્રશ્ન પૂછતાં પહેલાં માગેલી ક્ષમા સંબંધી ખૂલાસો કરી દેવો જરૂરી છે. આ પ્રકારનો પ્રશ્ન પૂછતાં, કોઇએ પણ કશો જ સંકોચ રાખવાની જરૂર નથી. જિજ્ઞાસુબુદ્ધિથી આવો પ્રશ્ન પૂછવામાં આવે, એ કાંઇ અજાણ્યો નથી કે જેથી ક્ષમા માગવાની જરૂર હોય. કહેવાએલી લખાએલી વસ્તુની સાથે કહેવાતી વસ્તુ અસંગત ભાસે, તો રૂબરૂમાં પૂછી ખૂલાસો મેળવી લેવો અને જ્યાં સુધી આપવામાં આવતો ખૂલાસો હૃદયમાં જચે નહિ, ત્યાં સુધી જેટલી શંકાઓ હૃદયમાં પ્રગટે, તેને પ્રગટ કરીને તેનું સમાધાન મેળવવાના પ્રયાસમાં લાગી રહેવું, એ વસ્તુ હૃદયમાં જો સાચો જિજ્ઞાનુસુભાવ હોય તો અનેક રીતિએ આવકારદાયક જ છે. વગર

સમજ્યે હાજી-હા કર્યે જાવ, તેનો કાંઇ અર્થ જ નથી. ન સમજાય ત્યાં અગર વધુ સમજવાને માટે પ્રશ્નો પૂછવા, એ તો અર્થિપણાનું એક લક્ષણ છે: એટલું ધર્મોપદેશકે તો એવા શ્રોતાને જાણીને આનંદ જ પામવાનો હોય. અર્થિપણાના યોગે પ્રશ્ન પૂછવાને ઉત્સાહિત બનેલા શ્રોતાને પ્રશ્ન પૂછતાં અટકાવી દેવો, એ ધર્મોપદેશકને માટે શોભાભર્યું નથી જ.

સ૦ આપ જિજ્ઞાસુ શ્રોતાને પ્રશ્ન પૂછતાં અટકાવતા નથી, પણ પૂછવાની કેટલીક વાર તો પ્રેરણા પણ કરો છો એ હું જાણું છું, એટલે મેં કોઇ ટકોર કરવાના હેતુથી ક્ષમા માગી નથી, પણ વિવેક પૂરતું જ તેમ કહ્યું હતું.

તમે ટકોર કરવાના હેતુથી ક્ષમા માગી એમ હું માનતો જ નથી. વિચક્ષણ અને અર્થી પ્રશ્નકાર તો શ્રોતાજનોમાં રસ પેદા કરે છે અને ધર્મોપદેશકની પણ વાણીને ખીલવવાના કારણ રૂપ બને છે. વિચક્ષણ એવો અર્થી પ્રશ્નકાર પણ ચાલુ વિષયની છણાવટમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે, એટલે એવા પ્રશ્નકારોના પ્રશ્નો તો સાચા ધર્મોપદેશકને ગ્લાનિ નહિ પણ આનંદ જ ઉપજાવે છે. આટલો ખૂલાસો એટલા માટે કર્યો કે-કોઇ પણ અર્થી આવા પ્રશ્નો પૂછતાં સંકોચ રાખે નહિ.

હવે તમારા પ્રશ્ન સંબંધી ખૂલાસો કરું છું. શાસ્ત્રના પાઠોનો જે કોઇ ખોટો અર્થ કરતો હોય અને તેમ કરીને તે જનતામાં સિદ્ધાન્તથી વિપરીત વાતોનો ફેલાવવાનો પ્રયત્ન કરતો હોય, તો શક્તિસંપન્ન આત્માઓએ તેનો પ્રતીકાર કરવામાં, પોતાની લેશ પણ શક્તિને ગોપવવી જોઇએ નહિ. પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે—

'धर्मध्वंसे क्रियालोपे, स्वसिध्धान्तार्थविप्लवे ।
अपृष्टेनापि शक्तेन, वक्तव्यं तन्निषेधितुम् ॥१॥'

અર્થાત્-ધર્મનો ધ્વંસ, ક્રિયાનો લોપ અને સિધ્ધાન્તના અર્થોમાં વિપ્લવ, એ પ્રસંગો જ એવા છે કે-કોઇ પૂછે નહિ તો પણ. તેવા પ્રસંગોએ શક્તિસંપન્ન આત્માઓએ તેના નિષેધની વાણી અવશ્ય ઉચ્ચારવી જોઇએ. ધર્મનો ધ્વંસ કરવાના પ્રયત્નો ચાલી રહ્યા હોય, તારક ક્રિયાઓને ઉડાવવાના પ્રયાસો થઇ રહ્યા હોય અને અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ભવ્યાત્માઓના નિસ્તારને માટે ફરમાવેલા સિદ્ધાન્તોના અર્થોમાં વિપ્લવ જગાવીને સ્વચ્છન્દી સિધ્ધાન્તોને પ્રચારવાની પ્રવૃત્તિઓ ચાલુ હોય; તેવા સમયે સાચા શાસનસ્થ આત્માઓ, શક્તિ છતાં નિષેધ કર્યા વિના રહી શકતા જ નથી. કદાચ શક્તિના અભાવે તેઓને મૌન રહેવું પડે, તોય તેમના

હૃદયમાં તેની કારમી વેદના થતી હોય છે અને તેઓ એ જ ઇચ્છે છે કે– 'કોઇ શક્તિશાલી પાકો અને આનો નિષેધ કરો!' શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના ગુરુદેવ આચાર્યભગવાન શ્રીમદ્ દેવચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જેવા મહાપુરુષે પણ, એક વાર પ્રસંગ પામીને એવો વિચાર કર્યો હતો કે–'ધિક્કાર છે પત્થર જેવા અમને, કે જેમની હયાતિ છતાં મત્સરવાળા મિથ્યાદૃષ્ટિઓ જૈનોને અતિશય ઉપદ્રવ પમાડે છે.' આવા ઉપકારી મહાપુરુષોને જ અનુસરવાની ઇચ્છાવાળો એવો કોણ હોય, કે જે શાસ્ત્રપાઠોના ખોટા અર્થો કરીને પણ સિદ્ધાંતથી વિપરીત વાતોને ફેલાવવાનો પ્રયત્ન કરનારાઓ વિષે છતી શક્તિએ અને છતી સામગ્રીએ મૌન રહે? જેનામાં સુશ્રદ્ધા હોય, તે તો એવા પ્રસંગે બેદરકાર રહી શકે જ નહિ. 'છતી શક્તિએ અને છતી સામગ્રીએ જે એવા પ્રસંગે મૌન રહેવાનો અને મધ્યસ્થ બનવાનો ડોળ કરે છે, તેનામાં ભવભીરૂતા અને શ્રદ્ધાસંપન્નતા છે.' –એવું માનવાને કોઇ બુદ્ધિશાલી તૈયાર થાય જ નહિ. ઉપકારી મહાપુરુષો તો ફરમાવે છે કે–'એવા પ્રસંગે છતા સામર્થ્યે જેઓ ઉપેક્ષા સેવે છે, તેઓ શ્રી જિનાજ્ઞાના વિરાધક બનીને ઘોર સંસારમાં જ પરિભ્રમણ કરનારા બને છે' આથી તેવા અવસરને પામીને, મારી શક્તિ મુજબ મેં પુસ્તકો લખ્યાં છે-એ વાત સાચી છે તેમ જ તેવા અવસરને પામીને વ્યાખ્યાનો દ્વારા અને લેખો દ્વારા પણ ઉન્માર્ગના ઉન્મૂલનપૂર્વક સન્માર્ગનું સ્થાપન કરવાનો યત્કિંચિત શક્ય પ્રયાસ મેં કર્યો છે–એ વાત પણ સાચી છે: એટલું જ નહિ, પણ વર્તમાનમાં ય પ્રસંગે પ્રસંગે હું તેમ કરવાનો શક્ય પ્રયત્ન અવશ્ય કરું છું અને ભવિષ્યમાં ય આ જાતિના પ્રયાસ પ્રત્યે કોઈ પણ રીતિએ ઉપેક્ષાભાવ ન આવી જાય, એની પણ બનતી સાવધગીરી રાખું છું. માત્ર આ પ્રયત્નના સ્વરૂપને સમજવામાં પ્રશ્નકાર ભાઇએ ભૂલ કરી છે. કોઇ પણ માણસને પરાજય પમાડવાની ઇચ્છાથી જ આ જાતિનો પ્રયત્ન થયો નથી અને થતો પણ નથી.' શાસ્ત્રોના પાઠોના ખોટા અર્થો કરીને, સિદ્ધાન્તથી વિપરીત વાતોનો પ્રચાર કરનારનો પણ, તેને પરાજય પમાડવાની ઇચ્છાથી, પ્રતીકાર કરવાનો હોય જ નહિ. તે તો બીચારો તેના પાપે પરાજય જ પામી રહ્યો છે: કારણ કે–તે દુષ્ટ કર્મોનું ઉપાર્જન કરી રહ્યો છે. તે બીચારાની તો દયા ખાવાની હોય. ધ્યેય તો સિદ્ધાન્તસંરક્ષણનું જ હોય. **પ્રતીકારનો પ્રયત્ન કેવળ સ્વપરહિતને અનુલક્ષીને, સિદ્ધાન્તસંરક્ષણના ધ્યેયથી જ કરવો જોઇએ.** કોઇ પણ રીતિએ એમાં પર–પરાજયની વૃત્તિને મહત્ત્વ નહિ આપવું જોઇએ. સિદ્ધાન્ત આદિ તારક વસ્તુઓના સંરક્ષણ માટે, શાસ્ત્રવિહિત પ્રતીકારની પ્રવૃતિ કરવી-એ એક વાત છે અને સામાને પરાજિત કરવાને માટે કોઇ પ્રવૃત્તિ કરવી–એ બીજી વાત છે. આ બે વસ્તુઓનો ભેદ સમજાઇ ગયા બાદ, પ્રશ્નકારે જેવો પ્રશ્ન પૂછ્યો છે તેવો

પ્રશ્ન ઉદ્ભવે જ નહિ. સ્વપરના કલ્યાણની બુદ્ધિથી જ, સિદ્ધાન્તાદિના સંરક્ષણને માટે અવસરે ગ્રન્થો લખવા, વ્યાખ્યાનો આપવા અગર તો લેખો લખવા, એ પણ કર્મનિર્જરાનું એક પરમ કારણ છે : જ્યારે કેવળ પરાભિસવની પ્રવૃત્તિ આધીન બનીને પુસ્તકો લખવાં, વ્યાખ્યાનો આપવાં કે લેખો લખવા, એ કર્મબંધનું જ કારણ છે. આ કારણે જ એમ કહેવાયું કે–કોઇ પણ પ્રસંગમાં કે કોઇ પણ સંયોગો વચ્ચે પરનો અપકર્ષ કરવાની વૃત્તિ ન આવી જાય, તેની પણ કલ્યાણના અર્થી આત્માઓએ પૂરેપૂરી સાવધગીરી રાખવી જોઇએ. એવી સાવધગીરી જો ન રહે, તો અવસરે ઉન્માર્ગે ચઢી જતાં વાર ન લાગે. સિદ્ધાન્તસંરક્ષણને માટે કટિબદ્ધ બનેલો પણ આત્મા, પરાભિસવની વૃત્તિને આધીન બની જવાને પ્રતાપે, સિદ્ધાન્તસંરક્ષક તો બની રહી શકતો નથી : પરન્તુ જે સિદ્ધાન્તના સંરક્ષણને માટે તે ઉદ્યમશીલ બન્યો હોય છે, તે સિદ્ધાન્તનો જ અવસરે સંહારક બની જાય છે.

પ્રગટ થાય છે એક અણમોલ ગ્રંથ

પ. પૂ. કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કૃત
શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના ૭ મા પર્વ જૈન રામાયણ ઉપર

પ. પૂ. વ્યા. વા. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં
વિશિષ્ટ વિવેચન યુકત

જૈન રામાયણ

૬ ભાગ એક જ વોલ્યુમમાં લગભગ પેજ એક હજાર

મૂલ્ય રૂા. ૨૫૦)

એક સાથે ૧૦ કે વધુ નકલ લેનારને ૧૦ ટકા કમીશન મળશે.

લખો : શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
(/૦ શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (સૌરાષ્ટ્ર) ગુજરાત

સુરત આરાધના ભવન ખાતે સત્ય સામે થયેલા હુમલાને અમે સખ્ત શબ્દોમાં વખોડીએ છીએ.

પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીએ એક અઠવાડીયું સુરત રહી પોતાના "ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકના પ્રચાર માટે દેવદ્રવ્ય અને ગુરૂદ્રવ્ય વિશે શાસ્ત્રવિરૂધ્ધ પ્રરૂપણા કરી, ત્યાર બાદ રામચન્દ્રસૂરીશ્વરજી આરાધના ભવનમાં પૂ. દિવ્યકિર્તિ વિજયજી મ. સા. ની નિશ્રામાં નવસારીના કાર્યકર એવં યુવાવકતા શ્રી નરેશભાઇના વકતવ્યમાં ધાંધલ ધમાલ થઇ અને પ્રવચનસભા ડહોળી નંખાઇ. સંઘના પ્રમુખ ડો. રમેશભાઇ ઉપર ચંપલ ફેંકી. પત્થર મારી અપમાનજનક ભાષા ઉચ્ચારી ધમકીઓ અપાઇ. આ બધું કરાવનાર જે પણ હોય તેમના માટે આ શોભાસ્પદ નથી. બે બે હજારના ટોળાએ આવી રીતે ધર્મસ્થાનકોમાં તોફાન કરવા માટે આવવું તે શું ઉચિત છે ? શું ધર્મસ્થાનકોમાં આવા હુમલા કરવાથી સત્યને તમે પ્રગટ થતું અટકાવી શકશો ? સત્ય ન જીરવવાથી અકળામણ અનુભવતા વિરોધીઓ માટે આવો રસ્તો અપનાવવો, શાસ્ત્રવિહિત છે ?

આ ઉપરાંત સત્ય ખાતર સતત ભોગ આપનાર શ્રી અનીલભાઇ વાસદાવાળાને ત્યાં હિચકારો હુમલો તથા થયેલા તોફાન આદિ કાર્યો ઘણાજ અનુચિત છે. ઉપરની સર્વે ઘટનાને અમે સૌ સખ્ત શબ્દોમાં વખોડીએ છીએ.

શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ,
શ્રીમતિ ચન્દ્રાવતી બાલુભાઇ ખીમચંદ રી. ટ્રસ્ટ (મલાડ)
શ્રી તપાગચ્છ ઉદય કલ્યાણક શ્વે. મૂ. પૂ. ત. જૈન સંઘ (બોરીવલી),
શ્રી રત્નપુરી (ગલાડ)ના આરાધકભાઇઓ,
શ્રી દેવચંદનગર (મલાડ)ના આરાધક ભાઇઓ,
શ્રી સાંચોરના આરાધક ભાઇઓ
શ્રી કુર્લાના આરાધકો,
શ્રી મુલુંડના આરાધક ભાઇઓ,
શ્રી તારદેવ જૈન સંઘ,
શ્રી ધનજીવાડી (મલાડ) જૈન સંઘ,
શ્રી હરિયાળી વિહોજ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ
શેઠ શ્રી ભેરૂલાલજી કનૈયાલાલજી રી ટ્રસ્ટ, અને આરાધકો (ચંદનબાળા),
શ્રી તારદેવ જૈન મિત્ર મંડળ,
શ્રી શ્રીપાલનગર સ્નાત્ર મંડળ,
શ્રી ઋષભ જિન ભકિત મંડળ (પ. ચન્દ્રશેખર વિ. મ. સાં. પ્રેરિત)
શ્રી ગૌતમકુટિર જૈન સંઘ (વાલકેશ્વર),
શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર (મલાડ)
શ્રી સિમંધર સ્વામી જૈન દેરાસર (માટુંગા)
શ્રી આદિનાથ જૈન મંદિર દૌલતનગર,
શ્રી ધર્મદ્રવ્ય રક્ષા સમિતિ ગુજરાત મહારાષ્ટ્ર-રાજ.
શ્રી લાલબાગ જૈન સ્નાત્ર મંડળ, (પાછળ)

શ્રી જીતેન્દ્ર રોડના આરાધકભાઇઓ (મલાડ)
શ્રી શ્રીપાલનગર જૈન સંઘ,
શ્રી વિશ્વમંગલ સ્નાત્ર મંડળ (ડેવકરણ મેનશન)
શ્રી તારદેવ જૈન મિત્ર મંડળ
શ્રી વર્ધમાન જૈન સેવા મંડળ (લાલબાગ)
શ્રી શ્રી અજીત જૈન ભક્તિ મંડળ (મલાડ)
શ્રી શ્રેણીક નગર જૈન સંઘ (ઘાટકોપર)
શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ–લોહાર ચાલ જૈન સંઘ (ડેવકરણ મેન્શન)
શ્રી આદિવર મૂ. પૂ. જૈન સંઘ શ્રંગર (ગોરેગામ)
શ્રી પુષ્પાપાર્ક જૈન આરાધક ભાઇઓ મલાડ (વેસ્ટ)
શ્રી જિનશાસનરક્ષા સમિતિ (લાલબાગ)
શ્રી કુમુદ મેન્શન જૈન સંઘ (તારદેવ) વગેરે

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ 'મારે મુક્તિ જોઇએ છે માટે જન્મ-રહિત થવું છે'– આવું જ્ઞાન જેના હૈયામાં જચે તે સાચો વિદ્વાન્ બને.

૦ નગરમાં રહેવું પણ કોઇને ય દુઃખ રૂપ ન થવાય તે રીતે જીવવું તેનું નામ નાગરિકતા !

૦ જન્મરહિત થવાના ધ્યેય વિનાનો ધર્મ, ધર્મ જ નથી.

૦ જેને મુક્તિ ન જોઇએ અને દુનિયાના માન–પાનાદિ જ જોઇતા હોય તેનો વિશ્વાસ રખાય જ નહિ, પછી તે સાધુ હોય કે ગૃહસ્થ હોય !

૦ પૈસાના અને સુખના લોભી જીવો સુધરી શકે નહિ.

૦ જેના ચોપડામાં ન હોય તેવી એક ચીજ ઘરમાં ન હોય તેનું નામ માનવ !

૦ માનવ–માનવ તરીકે જીવે તે પ્રગતિ માનવને કશું છુપાવવા જેવું ન હોય તે પ્રગતિ ! બાકી બધી અવગતિ પોતાના વિચાર વર્તન અને ચોપડા પણ છુપાવવા પડે તેનું નામ અવગતિ !

૦ જેને પોતાનો વિચાર પણ છુપાવવા જેવો ન હોય તેનું નામ પ્રગતિવંત માનવ !

૦ ધર્મી કોણ ? સંસારનું સુખ ભોગવતાં દુઃખ થાય અને દુઃખ ભોગવતાં મજા આવે.

૦ સંસારના સુખને સુખ કહે તે મિથ્યા-દૃષ્ટિ છે.

૦ જેને મોક્ષની ઇચ્છા નહિ તે ધર્મ માટે લાયક નહિ. તે ગમે તેટલો ધર્મ કરતો હોય તો પણ તેનો સંસાર વધવાનો, વધવાનો ને વધવાનો છે.

૦ ભગવાનની સાચી વાત મોકાસર ન કહી શકે તેણે આ પાટ અલંકારવી ન જોઇએ. આ તો ભગવાન શ્રી સુધર્માસ્વામીની પાટ છે. સાચું ન કહેવું હોય તેને આ પાટ ઉપર બેસવાનો અધિકાર નથી.

'तस्मै श्री गुरवे नमः ।'

—पू. मुनिराजश्री प्रशान्तदर्शन विजयजी महाराज

भगवान श्री जिनेश्वरदेवोએ भव्यात्माओना आत्मकल्याणने माटे स्थापेलु 'श्री जैन शासन' जगतमां जयवन्तु वर्तो ! भव्य जिज्ञासु अर्थी आत्माओने यथार्थ समजावनार, अवसर आवे शासननी अनुपम रक्षा करनारा पू. आचार्य भगवन्तो सदैव जयवन्ता वर्तो ! आ कलिकालमां शासनने सोळे कळाએ प्रकाशित करी, अनुपम आराधना, परम प्रकृष्ट प्रभावना अने सुंदर कोटिनी रक्षा करी शासनना सत्य सिद्धान्तोनो वावटो जगतमां अखुनम लहेतो राखनार महापुरुष तरीके सौनी नजरमां अनन्तोपकारी प्रातःस्मरणीय भवोदधित्राता प. पू. आचार्यदेव श्रीमद्द विजयरामचन्द्र-सूरीश्वरजी महाराजाधिराजनी अलબેલી मनोहर मूर्त्ति तरी आवे छे ! જેओ पूज्य-श्रीने दिवंगत थये नेत-नेतामां चार वर्षो पूरा थई गया. स्थूलदेहे भले तेओ विद्यमान नथी पण पुण्यस्मृति देहे तेओश्री 'अमर' ज छे. જેओश्रीजीनी वाणी आत्माने अलौकिक आनंदनी अनुभूति करावे छे साथे साथे आराधनामां अपूर्व બળ आपे छे सुप्त चैतनाने जागृति आपे छे, अप्रमत्तपणाने पेदा करवा प्राण पूरे छे.

જેઓश्रीजीनो वात्सल्य वर्षावतो सुप्रसन्न चहेरो अमीभरी आंखो, प्रशान्त-सौम्य मुखकमल, 'सविजीव करूं शासनरसी'नी भावनाथी परिपूर्ण हृदय; शास्त्रोना परमार्थग्राही अनुपम कोटिनुं सम्यग्ज्ञान, आदर्शभूत गुरुभक्ति, अप्रमत्त आराधना, सर्वत्र सरलता, सत्य सिध्धान्तोना संरक्षणनी धगश, शासन माटे प्राणार्पणनी वृत्ति, दृढ निश्चयबळ, अडग आत्मविश्वास, अनुपम निर्णायक शक्ति : आदि गुणो आ समर्थ आचारना आश्रये भारतभरमां मजेथी रमता ते आजे निराधार देखाय छे. पारका नामे चरी खावानी स्वार्थी वृत्तिने देशवटो आपवानी जरूर छे. पितानी नामना गौरवने वधारे ते सुजात पुत्रनी जेम, गुरुनी नामनानो उपयोग पोताना मान-प्रतिष्ठामां करवाने बदले, गुरुએ बतावेला सन्मार्गे ज चाली तेमनुं गौरव वधारवुं ते ज सुजात सुशिष्यनुं कर्त्तव्य छे. पारकी वस्तु पोताना नामे चढावनार दुनियाना अन्यायी शासनमां पण 'गुनेगार' गणाई 'सजापात्र' गणाय तो निष्पक्ष लोकोत्तर शासननी तो वात ज शी करवी ? माटे शांतचित्ते विचारी 'गुरुपद'नुं गौरव जाळववुं जरूरी छे.

आचार पालननी मक्कमता, मार्गस्थ धर्मोपदेशनुं ज लक्ष, अने अजब निस्पृहता आ त्रणे गुणोએ पूज्यश्रीजीनी प्रभावकता चोमेर फेलावी. आवा सद्गुरुनो सुयोग पण आत्मानी सुंदर भवितव्यताने सूचवे छे. सूर्यनो प्रकाश घुवड न देखे ते सूर्यनो

દોષ નથી તેમ આવા સુગુરુને પામી, વર્ષો સુધી તેમના પડખા સેવી, પછી જમાનાની હવામાં તણાઇ તેમના વિરોધી બનવું તે તો આત્માની ભયંકર અધમદશા બતાવે છે. આ પરમ તારક, અનંતોપકારી શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા મુજબ જે સન્માર્ગ આપણને યથાર્થ બતાવ્યો છે તે માર્ગે ચાલવું તેમાં જ આપણું સાચું શ્રેય છે.

ગુરુ એટલે તત્વમાર્ગના જાણુ, તત્વમાર્ગનું જ નિરૂપણ કરનારા 'નિર્ગ્રન્થ' પણ ગોટાળા વાળીને સ્વાર્થ સાધનારા 'ગોર' નહિ સ્વયં નિષ્પાપ જીવન જીવે અને જે અર્થી આત્મા આવે તેને નિષ્પાપ જીવન પંથ બતાવે-તે માર્ગે ચલાવે તેનું નામ ગુરુ! અવસર આવે સન્માર્ગ અને ઉન્માર્ગનો વિભાગ કરવામાં ગોટાળા વાળે, લોકોથી ડરે, ગોળ ગોળ બોલે, ફેરવ્યું તોલે તે શ્રી જૈન શાસનના ગુરુ નથી પણ ગોર કરતાંય હલકી જાતના નામના વેષધારી છે. કેમકે, 'ગુરુ' કેવા હોય તે અંગે કહ્યું પણ છે કે-

"गु' शब्दस्त्वंधकारारुयो, 'रू' शब्दस्तन्निरोधकः ।
उभयोः संमिलित्वा च, 'गुरु' रित्यभिधीयते ॥"

'ગુ' શબ્દ અંધકાર વાચી છે 'રુ' શબ્દ અંધકારનો નિરોધકવાચક છે તે બંન્ને ભેગા મળીને 'ગુરુ' એ પ્રમાણે કહેવાય છે.

અર્થાત્ આત્માના અજ્ઞાન-મિથ્યાત્વાદિ જનિત અંધકારને દૂર કરી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ આપી સન્માર્ગે ચલાવે તે ગુરુ કહેવાય.

સદ્ગુરુ, હિતૈષી આત્માઓને સન્માર્ગે ચલાવવા સમર્થ હોય છે, કુબોધનો નાશ કરી આગમના અર્થોનો યથાર્થ બોધ-તાત્પર્યાર્થ-કરાવવા કુશલ હોય છે, સદ્ગતિ-દુર્ગતિનાં કારણો પુણ્ય-પાપના સ્વરૂપનું વર્ણન કરવામાં વિશારદ હોય છે, કૃત્ય-અકૃત્ય, ગમ્ય-અગમ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, હેય-ઉપાદેય આદિનો વિવેક આપવામાં પ્રવીણ હોય છે માટે જ સંસાર સમુદ્રથી પાર ઉતારવા સુસઢળ સુકાની સમાન બને છે. સદ્ગુરુના ગુણગાન ગાતાં પરમર્ષિઓ ભારપૂર્વક ફરમાવે છે કે- નરકાદિ દુર્ગતિમાં ડૂબતા પ્રાણીનું રક્ષણ કરવાની તાકાત નથી પિતામાં કે નથી તો માતામાં; નથી બન્ધુમાં કે નથી મિત્રોમાં, નથી પુત્રોમાં કે નથી પુત્રીમાં; નથી સ્ત્રીમાં કે નથી સ્વામિમાં: તે તાકાત તો નથી દુનિયાની સારામાં સારી સામગ્રીમાં તે તાકાત તો છે એક માત્ર શાસન સમર્પિત સદ્ગુરુમાં જ. કે જેઓ સુદેવ કુદેવ, સુગુરુ કુગુરુ અને સુધર્મ-કુધર્મનો સાચો વિવેક કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

શ્રી જૈન શાસનની ગુરુતા પણ રેઢી નથી પડી કે ગમે તેમાં પેઠા કહ્યા જાય. ત્રિકરણયોગે સમર્પિત શિષ્યભાવ પામ્યા વિના સાચી ગુરુતા આવવી સંભવિત જ નથી.

તેવી ગુરુતા જ સંસારનો ઉચ્છેદ કરનારી સંસાર તારક બની શકે છે. તેવી ગુરૂતાને પામેલા સદ્‌ગુરૂઓને માટે જ શાસ્ત્રે 'જહાજ'ની ઉપમા આપી છે. ગુરૂતાતે પડાવી પાડેલા ગુરૂઓ ભકતોને માટે જહાજ સમાન નથી બનતા પણ પોતાના પરિવાર-આશ્રિતો ભકતોને ડુબાડવા માટે પત્થરની શીલા સમાન બને છે. માટે સાચી ગુરૂતાને પામવા સાચો શિષ્યભાવ પેદા કરવો એ જ સુશિષ્યનું પ્રથમ કર્તવ્ય છે.

માટે તો સુદેવ-સુગુરૂ-સુધર્મની પરીક્ષા કરીને સ્વીકારવાનું વિધાન કરવામાં આવ્યું છે કહ્યું પણ છે કે– 'કસોટીના પત્થર પર ઘસાવું, છેદ, તાપ, તાડન વડે જેમ સુવર્ણની પરીક્ષા કરાય છે તેમ શ્રુત, શીલ, તપ અને દયા ગુણો વડે ધર્મની પરીક્ષા કરાય છે' તેથી જ જ્યારે ગુરૂઓના નામે ફરતા વેષધારીઓ મોક્ષમાર્ગને છિન્નભિન્ન કરવા દ્વારા કુગુરૂતાનું સામ્રાજ્ય ફેલાવે છે ત્યારે સાચી ભાવ દયાના સ્વામિ મહાપુરૂષો તેનો મક્કમ પ્રતિકાર કરી કુગુરૂઓને ઓળખાવે છે. કારણ કે આત્મહિતૈષી જીવો કુગુરૂને સુગુરૂ માની તેના ફંદામાં ફસાય તો પોતાનું ભયંકર અહિત સાધે, સાચા કલ્યાણથી વંચિત બને છે–તે વાત મહાપુરૂષોને માટે અસહ્ય બને જ તેથી તેઓ તેમને બચાવવા ભગીરથ પ્રયત્ન કરે તેમાં નવાઇ નથી પણ તે જ સાચી ગુરૂતા છે.

મહાપુરુષોના હૈયાના આ પોકારને શબ્દદેહથી વાચા આપતા સહસ્રાવધાની શાસ્ત્રકાર પરમર્ષિ પ. પૂ. આ. શ્રી વિ. મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજાએ શ્રી 'અધ્યાત્મ-કલ્પદ્રુમ'માં કહ્યું છે કે-

> न्यस्ता मुक्तिपथस्य वाहकतया, श्री वीर ! ये प्राक् त्वया
> लुंटाकास्त्वदृतेऽभवन् बहुतरा स्तच्छासने ते कलौ ।
> बिभ्राणा यतिनाम तत्तानुधियां, मुष्णंति पुण्यश्रियः;
> पूत्कुर्मः किमराज्यके ह्यपि तलारक्षा न किं दस्यवः ॥'

અર્થાત 'હે શ્રીવીર ! પ્રથમ આપે જેઓને મુક્તિપથના વાહકપણાએ કરીને સ્થાપ્યા હતા. તેમાંના તે ઘણા આ કલિકાલમાં આપના અભાવમાં આપના શાસનમાં લુંટારા જેવા થયા. તેથી જ યતિનામને ધરનારા તેઓ અલ્પબુદ્ધિવાળા આત્માઓની પુણ્ય લક્ષ્મીને ચોરી લે છે. આ વાતનો પોકાર અમો કયાં જઇને કરીએ ? રાજ્યના અભાવમાં કોટવાળો પણ શું ચોર નથી પાકતા ?'

ભગવાનના શાસનમાં સુંદર કોટિની મર્યાદાઓ બાંધવા છતાં પણ સાધુ વેષધારી આત્માઓ, પોતાના ધારેલા વેષને પણ-માન-મોટાઇ-નામના કીર્તિ પ્રસિદ્ધિના હોલે-ભેવડા

નિવડીને શાસનને ડહોળવાનું કામ કરે જ છે. 'એકતા' 'શાંતિ' 'સંપ' ના નામે શાસનમાં વિપ્લવો જગાવે છે. માટે જ પ્રાર્થનાસૂત્ર 'શ્રી જયવીયરાય'માં 'સુહગુરુ જોગો'ની માગણીને ઉપાદેય ગણાવી છે. કેમકે, સદ્‌ગુરુની આજ્ઞારૂપી નિશ્રા વિના ધર્મની સાધના-આરાધના-ઉપાસના સાચી થતી જ નથી સારાં પણ રસાયનો તેનો પ્રયોક્તા વૈદ્ય જો મૂઢ હોય તો દર્દીને નિરોગી બનાવવાને બદલે તેના નાશનું કારણ બને છે તેની જેમ સદ્‌ગુરુની નિશ્રા વિનાની ધર્મકરણી કર્મરોગને વધારવામાં નિમિત્ત બને છે. રસ પણ જેવી દુન્યવી ચીજ પણ જો અયોગ્યના હાથે વપરાય તો જીવાડવાને બદલે મારનારી બને તો મહારસાયણ સમાન ધર્મ, સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે ન કરાય તો આત્માની મુક્તિ દૂર કરે અને સંસાર વધારે તેમાં નવાઇ નથી ! જગતમાંય વિશ્વાસઘાતીઓથી સૌ સાવધ સાવચેત રહે છે તો ધર્મગુરુના પદે રહી વિશ્વાસુઓનો વિશ્વાસઘાત કરે તે કેવા કહેવાય અને કેવી ઘોરમી અંધાધૂંધી અવ્યવસ્થા ફેલાવે તે વિચારવાની જરૂર છે. આજે તો આ વાત પ્રત્યક્ષ અનુભવાય છે. માટે આત્મહિતૈષી ધર્મોથી પ્રાણીઓએ સદ્‌ગુરુના ચરણે જઈ તેમનું જ શરણ સ્વીકારવું તેમાં સૌનું કલ્યાણ છે. જેથી જમાનાની એક પણ ઝેરી હવા આપણને અસર ન કરે. આપણા સૌના મહાપુણ્યે શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવેલા લક્ષણવાળા સદ્‌ગુરુ આપણને અનાયાસે મળ્યા છે. ભલે તેઓ સદેહે વિદ્યમાન નથી પણ આપણા ભલા માટે એવું અણમોલ માર્ગદર્શન આપણને આપી ગયા છે. જેનું સતત મનન-ચિંતન આપણા માટે સંજીવની જડીબુટ્ટી સમાન છે.

પૂર્વની આરાધના પ્રતાપે મળેલો જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ આત્માને વિદ્વાન બનાવે છે પણ એ ક્ષયોપશમ મિથ્યત્વ મોહનીયનો સહચરીત હોવાથી તેવા આત્માની વિદ્વતા સ્વ-પરના હિતની ઘાતક થવા સાથે શ્રાપ રૂપ બને છે. તેઓ સદ્‌ગુરુના વચનોનો અનાદર કરે છે. માત્ર પોપટિયા છીછરા જ્ઞાનના ધણી હોવાથી તેમનું જ્ઞાન કોઈપણ વસ્તુની વાસ્તવિકતાને સ્પર્શતું નથી-તાત્પર્યો-રહસ્યોને સમજી શકતા નથી. કદાચ સમજે તો પણ પૌદ્‌ગલિકતામાં જ આનંદ માને છે, તેના રસને જ પોષે છે. ભણ્યા પછી તો 'માતેલા સાંઢ' જેવા બની પોતાના જ્ઞાનનો ઉપયોગ સાચી વસ્તુઓને ડહોળવામાં કરે છે, નામના-પ્રસિદ્ધિના હેતુ બધું જ વિપરીત કરે છે. તેવાઓને પ્રાપ્ત શક્તિઓ સાચા રૂપમાં પચતી નથી-તેનો સદુપયોગને બદલે દુરુપયોગ કરે છે. પોતાના લખેલા-બોલેલાની નિરંતર પ્રશંસા કરે છે તેવાઓને કોઇ સાચી ભૂલ બતાવે તો તેઓ પોતાની ભૂલનો બચાવ કરવાની હઠીલી હદે ચઢી જાય છે અને પછી સન્માર્ગથી પતિત થઇ અનેકને પતિત કરવામાં આનંદ માને છે.

આવા કારમા સમયે 'સર્ચલાઈટ' સમાન પૂ. પરમગુરુદેવશ્રીજી આપણા વચ્ચેમાંજ છે તેઓ પ્રેરણા કર્યા કરે છે કે-

'કોઇનીય વાતમાં આવી જઇને, દક્ષિણ્યતામાં પણ ભાન ભૂલીને અંધવા કોઇની પણ શેહમાં દબાઈ જઇને, માર્ગ મૂકાઇ જાય તેમ કરવું તેમાં લાભ નથી પણ નુકશાન જ છે. માર્ગના પાલનમાં મકકમ રહેવાથી માર્ગ વિરુદ્ધ વાતમાં સાથ નહિ આપવાથી કદાચ મૂર્ખાઓ માનતા હોય તે માનવાનું બંધ કરે કે જગત ફસી જાય તેની પણ પરવા મહાપુરુષને હોય નહિ. આ પણા મહાપુરુષો આટલા મકકમ ન હોત તો, પ્રભુ શાસન આપણા સુધી શુદ્ધ સ્વરૂપે પહોંચી શકત નહિ. એ મહાપુરુષોએ ઘણું બધું સહ્યું પણ માર્ગને શુદ્ધ ને અખંડિત રાખ્યો તો આજે આપણે શુદ્ધ માર્ગની યથાશકિત આરાધના પણ કરીએ છીએ. આજે તો આ માર્ગને શુધ્ધ રાખવાની તે શુધ્ધ સ્વરૂપે વહેતો રાખવાની કપરી જવાબદારી આપણી સૌની છે. આપણી મહંત્તાની ખાતર, મોટાઈ ટકાઇ રાખવા કે વચનને ઊભું રાખવા આ માર્ગને ખરાબ કરવો, અગર છતી શકિતએ બેદરકાર બન્યા રહીને આ માર્ગને ખરાબ કરવા દેવો એના જેવું ભયંકર પાપ એક નથી. અધર્મ કરવામાં જે પાપ સમાયેલું છે તેના કરતાં વધુ પાપ અધાર્મિકતા ઉપર 'ધર્મસંમતિનો ઓપ' ચઢાવવામાં છે.'

શાસનસેવા અને ધર્મસેવાના બણગાં ફુંકી ઊગતાં યુવાન વર્ગને ઉન્માર્ગમાં દોરી જતા, લોકરૂચિને અનુકૂળ જમાનાવાદના વાકયો બોલી તાલીઓ પડાવી, સત્યસિદ્ધાન્તોનો અપલાપ કરવામાં જીવનનો લહાવો માનતા વક્તાઓ-વિવેચકોનો શરૂડો ફાટયો છે ત્યારે પૂજ્યશ્રીજીના આ વચનો કેટલાં ઉપકારી છે તે વાચકો સ્વયં વિચારી લે.

આ મહ પુરૂષ શાસનની રક્ષા માટે જીવનભર ઝઝુમ્યા, સાચા આદર્શોની અણમોલ મુડી આપી, આત્મસ્વરૂપની ઓળખાણ કરાવી સ્વયં સન્માર્ગની સાધના કરી-કરાવી જીવનને ધન્યતમ બનાવી ગયા. તેમના પગલે ચાલવામાં જ કલ્યાણ છે અને એક અંગ્રેજી કહેવત પ્રમાણે 'ધી લીવ્સ ઓફ ગ્રેટ મેન ઓલ રીમાઇન્સડઅસ, પ્લેટ વી કેન મેક અવર લીવ્સ સબલાઇમ' મહાપુરૂષની જીવન કહાણીઓ આપણને આપણું જીવન સુઘડિત બનાવવાની પ્રેરણા કરે છે.' આજ ભાવના સાથે સદ્‌ગુરૂના સાચા સેવક-ઉપાસક બની આ મનુષ્યભવને સાર્થક કરી સિધ્ધિપદને શીઘ્ર પામનારા બનીએ તે જ મંગલ મહેચ્છા.

અમૂલ્ય દર્શનીય વસાવવા યોગ્ય ગ્રંથ

પ્રગટ થઈ ચૂકેલ છે.

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

સંપાદક : પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

ભાગ ૧લો મૂલ્ય રૂા. ૬૫૦) પ્રગટ થયો છે.

ભાગ ૨જો મૂલ્ય રૂા. ૬૫૦) છપાય છે.

જેમાં ગુજરાત રાજસ્થાનના ૩૭૮ જિન મંદિરો મૂલનાયકજી આદિન ફોટા
તેના ઇતિહાસ સાથે અપાયા છે. જીલ્લાવાર નકશાઓ અપાયા છે.
બીજા ભાગમાં ગુજરાત રાજસ્થાન સિવાયના ભારતના
મુખ્ય તીર્થો આદિના જિન મંદિરો આદિ આવશે.
બંને ભાગનું અગાઉથી મુલ્ય રૂા. ૧૦૦૦)
એક પેજમાં શુભેચ્છકને રૂા. ૩૦૦૦)

શુભેચ્છકનું નામ એક લીટીમાં એક તીર્થ નીચે આવશે.
—અગાઉથી ગ્રાહક થનારા લખે.—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર

લંડન–રતિલાલ ડી. ગુઢકા ૧૧૭ સડબરી એવન્યુ નોર્થ વેમ્બલી ટેલેક્ષ નં. ૨૪૪૪૨
નાઇરોબી – શાહ મેઘજી વીરજી
મુંબઇ-શાહ મગનલાલ લક્ષ્મણ મારૂ થાણા ફોન : ૧૪૦૧૪૧૩
શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકા પરેલ ફોન : ૪૧૩૨૮૨૯
શાહ અશ્વિનકુમાર પ્રેમચંદ હરખિયા ભીવંડી ફોન : ૨૩૬૬૬
શાહ પ્રવિણચંદ્ર ગંભીરદાસ શેઠ મલાડ ,રે. ૮૮૯૫૪૬૯-ઓ ૨૦૬૧૨૨૦
શાહ હરખચંદ ગોવિંદજી મારૂ ઘાટકોપર ૨૦૬૧૫૮૮
અમદાવા મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા જ્હાર ગાંધીરોડ ૩૪૦૨૯૧
શાહ મુકુંદભાઇ રમણલાલ શાહ પાનકોર નાકા ફો : ૬૨૧૮૦૫ ઓ.૩૫૭૯૬૬

આપની નકલ નકી તરત કરી લો.

–: ગુરુ મળજો તો આવા મળજો :–

–પૂ. આ. વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

(૧) પુત્રના લક્ષણ પારણે

પુત્રના લક્ષણ જે પારણામાંથી જ પરખાઈ આવતા હોય, તો પછી પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના અનેક સુલક્ષણો બાળપણથી જ ઝળકયા વિના ન રહે, એમાં શી નવાઇ ? સંઘસ્થવિર જૈન શાસનના જ્યોતિર્ધર 'પૂ. આચાર્ય-દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ' તરીકે જે સૂર્ય પોતાના અસ્ત ટાણે પણ મધ્યાહન કરતાં ય સવાયો પ્રકાશ પાથરી ગયો, એ સૂર્યનો 'શ્રી રામવિજયજી મહારાજ' તરીકે જ્યારે ઉદય પણ થયો નહોતો. પરંતુ 'ત્રિભુવન' ના રૂપમાં જેનો હજી તો અરુણોદય જ આરંભાયો હતો, એ આરંભ પણ કેટલો આભા અને અસ્મિતા ભર્યો હતો, એની પૂરી પ્રતીતિ કરાવી જતા થોડાક પ્રસંગો જોઇએ.

જે સાલમાં પૂ. આત્મારામજી મહારાજ સ્વર્ગવાસી બન્યા, એ જ ૧૯૫૨ ની સાલમાં જન્મ પામવાનું સૌભાગ્ય ધરાવનાર ત્રિભુવનના પુણ્યનો આમ તો જો કે જોટો જડે એમ ન હતો. છતાં બીજી રીતે વિચારીએ, તો એના સૌભાગ્યની આસપાસ ઠીક-ઠીક વિઘ્નો ને વિપત્તિઓ પણ ઘેરાયેલી હતી, એથી જ એ ના જન્મ બાદ દસ દિવસે પિતા છોટાલાલ રાયચંદ ચુડગર પાદરામાં સ્વર્ગવાસી બન્યા. એમની ખરાબ તબિયતના સમાચાર મળતાં જ સમરથબહેન એક ટોપલામાં નવજાત ત્રિભુવનને લઇને દહેવાણથી પાદરા જવા રવાના થયા, પણ મા–દીકરો પાદરા પહોંચે, એ પૂર્વે તો છોટાલાલભાઇનો જીવન–દીપ બુઝાઇ ગયો. આ પછી ત્રિભુવન જ્યારે સાત વર્ષનો થયો, ત્યારે પ્લેગ રોગ ફેલાતાં સમરથબહેનનો જીવનદીપ પણ ઓલવાઇ ગયો.

ત્રિભુવન માટે આ કંઇ જેવા તેવા આઘાતજનક બનાવો ન ગણાય ! આમ છતાં પૂર્વના કોઇ મહાપુણ્યનો મહોદય જ એને 'રતનબા'નો ભેટો કરાવી ગયો. નેવું વર્ષનું દીર્ઘાયુ ધરાવતા 'રતનબા'નો પુણ્યયોગ જ ત્રિભુવનમાં ધરબાયેલા 'શ્રી રામવિજયજી મહારાજ'નું પ્રગટીકરણ કરી ગયો. માત પિતાની છાયા ગુમાવી બેઠેલા ત્રિભુવનને જો પોતાના–પિતાના પિતાના માતુશ્રી રત્નમણીબહેન (પિતા છોટાલાલ, એમના પિતા રાયચંદભાઇ, એમના પિતા માનચંદભાઇના ધર્મ પત્ની રત્નમણીબહેન)નો ભેટો ન થયો હોત, તે કદાચ જૈન જગતને શ્રી રામચન્દ્રસરીશ્વરજી મહારાજની ભેટ પણ ન મળી હોત.

પાંચ વર્ષની વયે પાદરાની ગુજરાતી શાળામાં શિક્ષણ લેવાનો આરંભ કરનારા ત્રિભુવને તેર વર્ષની વયે સાત ગુજરાતી તથા એક અંગ્રેજી ચોપડીનો અભ્યાસ કરીને સ્કુલ છોડી દીધી હતી. વ્યવહારિક શિક્ષણ સાથે એણે પાંચ પ્રતિક્રમણ, પ્રકરણ, ભાષ્ય કર્મગ્રંથ, સ્તવન સજઝાય આદિનો ધાર્મિક અભ્યાસ નવ વર્ષ સુધીમાં પૂરો કરી દીધો હતો અને આગળનો ધાર્મિક અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

છ વર્ષની વયે રતનબાના ધર્મસંસ્કારોથી સંસ્કારિત બનેલા ત્રિભુવને સંયમ ન લેવાય, ત્યાં સુધી શ્રી આણંદશ્રીજી મહારાજ પાસે, ઘેબરના ત્યાગની પ્રતિજ્ઞા કરી હતી. રતનબા સમજતા હતા કે, ત્રિભુવન સંયમ સ્વીકારવા જ જન્મ્યો છે, એથી સંયમના સંસ્કારો નાબૂદ રહેવા છતાં મોહાવેશથી તેઓ અવારનવાર એમ પણ કહેતા કે, બેટા ! તારે દીક્ષા જરૂર લેવાની છે, પરંતુ મારા મૃત્યુ પછી !

નવ વર્ષની વયથી જ ઉકાળેલું પાણી પીનારા અને બાર વર્ષની વયથી ઉપાશ્રયમાં બેસવા-ઉઠવા અને સુવાનું રાખનારા ત્રિભુવને નવ વર્ષની વયે ભાગી જઈને એકવાર શ્રી નીતિવિજયજી દાદાના પ્રશિષ્ય શ્રી ચંદનવિજયજી મહારાજ પાસે સંયમ સ્વીકારવાનો પ્રયત્ન કરેલો. પણ સગાવહાલાઓને આ વાતની ખબર પડી જતા સૌ ત્રિભુવનને ત્યાંથી ઉઠાવી લાવેલ.

આ ઘટના બન્યા પછી ત્રિભુવનની સંયમની ભાવનામાં ઓટ લાવવા સગાવહાલાઓએ પ્રયત્ન કરવામાં જરા ય કચાશ ન રાખી. કોઇએ એને કહેલું : તારા માટે બનાવેલા આ બધા કપડા ફાટી જાય, પછી તું દીક્ષાનો વિચાર કરજે, ત્યારે શેકડો જવાબ મળેલો કે, લાવો ફાંતર, અત્યારે-આજે જ બધા કપડા ફાડી નાંખું.

કોઇએ કહેલું : ત્રિભુવન અમારી માવ-મિલકત ને પેઢીઓ : આ બધું જ તારા નામે કરી દેવા અમે તૈયાર છીએ, શરત એક જ કે, તું દીક્ષાની વાત ભૂલી જાય તો ? ત્યારે પણ જવાબ મળેલો કે, ધર્મની પેઢી ચલાવવાનું મૂકી દઇને કર્મની આ પેઢીએ મને બેસાડવાનો તમને બધાને કેમ આટલો બધો આગ્રહ છે, એ જ મને સમજાતું નથી.

દીક્ષાની વાત વારંવાર ઉચ્ચારતા ત્રિભુવનને એના કાકા તારાચંદભાઇ અને મોહનલાલ વકીલ એકવાર વડોદરાની કોર્ટના એક પારસી જજ પાસે લઇ ગયા અને જજને કહ્યું : સાહેબ ! આ છોકરાને કંઈ સમજાવો ને ? વાતવાતમાં દીક્ષા સિવાય આને બીજું કશું જ યાદ આવતું નથી ?

જજે જરા રોફ સાથે ત્રિભુવનને પૂછયું : શું સંસારમાં રહી ધર્મ નથી થઇ શકતો કે દીક્ષાની વાત કરે છે ? ધર્મ તો સંસારમાં રહીને પણ થાય !

ભલભલા જેની આગળ અંજાઇ જાય, એવા જજને રોકડો જવાબ આપતા ત્રિભુવને કહ્યું : આપ સંસારમાં રહીને અત્યારે કયો કયો ધર્મ કરો છો, એ મને જરા જણાવો, પછી હું આપને જવાબ આપું.

આ સાંભળીને જજે કહ્યું : આ છોકરો તો દીક્ષા લેવા જ સર્જાયો છે. એને તમે નહિ જ રોકી શકો !

ત્રિભુવનના સગાઓ એ સમયમાં 'મુંબઇ સમાચાર'માં એક એવી જાહેર ખબર પણ પ્રગટ કરી હતી કે, ત્રિભુવન દીક્ષા લેવાની ભાવના ધરાવે છે. પણ કોઇએ એને દીક્ષા આપવી નહિ. જે કોઇ દીક્ષા આપશે, એની સામે કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે ! આ જાહેરાતનો જવાબ વાળતા ત્રિભુવને કહેલું કે દીક્ષા તો મારે લેવી છે ને ? હું મજબૂત છું, પછી આવી જાહેરાતનો શો અર્થ છે ?

પાદરા તો વિહારનું ગામ. એથી કેટલાં ય સાધુઓ વિહારમાં આવે ને જાય. ત્રિભુવન ઉપાશ્રયમાં જ લગભગ રહે, સાધુઓને એ ગોચરી લઇ જાય; વિહાર આદિની બધી વ્યવસ્થા એ સંભાળે. વિહારમાં આવેલા અપરિચિત મુનિઓને શરૂઆતમાં એ વંદન ન કરે જ્યારે સુસાધુતાની પૂરી ખાતરી થાય ત્યારે જ એ વંદન કરે. એ કાળના સાધુઓ પણ અજોડ હતા. બધી વાત જાણ્યા પછી એઓ ત્રિભુવનની પીઠ થાબડતા કહેતા કે, ભાઇ ! ધર્મના વિષયમાં આવો જ પક્કો રહેજે. પાણી પીધા પછી કાંઇ ઘર પૂછવા ન જવાય ! માટે સુસાધુતાની ખાતરી થાય, પછી જ સાધુઓના ચરણમાં માથું ઝુકાવજે.

પાદરામાં રતનબાનું જાજરમાન વ્યક્તિત્વ જેમ નમનીય હતું, એમ ત્રિભુવનના વ્યક્તિત્વને પણ વડીલો માન્ય રાખતાં રતનબા જ્યારે પૂજા કરવા નીકળતા, ત્યારે વેપારીઓ પણ દુકાન પરથી નીચે ઉતરીને એમની અદબ જાળવતા, એમ સંઘના આગેવાનો ઘણી બધી બાબતોમાં ત્રિભુવનને લઇને જ આગળ વધતા.

એકવાર પૂ. સાગરજી મહારાજનું પાદરા પધારવાનું નક્કી થયું. પાદરામાં શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજને માનવાવાળો વર્ગ ઠીકઠીક હતો, ત્યારે એ વર્ગે વ્યાખ્યાનની પાટની બે બાજુ શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજના મોટા મોટા ફોટા ગોઠવી દીધા. ત્રિભુવનને થયું કે, આ પ્રશ્ને વાતાવરણ વિક્ષુબ્ધ ન બનવું જોઇએ. એથી પૂ. સાગરજી મહારાજ પાસે આગલા મુકામે પહોંચી જઇને ત્રિભુવને બધી પરિસ્થિતિ જણાવીને અંતે

કહ્યું કે, આપ માની લેજો કે, આપની આસપાસ બે ચોકીદાર ઊભા કરવામાં આવ્યા છે !

પૂ. સાગરજી મહારાજે ત્રિભુવનની વિનંતિ માન્ય રાખી અને એક વેવાઇ ઊણો થૂંતો અટકી ગયો. આમ બાળક હોવા છતાં ત્રિભુવનની વિનંતિ ત્યારે નાના મોટા અનેક આચાર્ય ભગવંતો માન્ય રાખતા.

પાદરા આસપાસ પધારતા ઘણા બધા આચાર્ય ભગવંતો ત્રિભુવનની સંયમ-ભાવનાથી પરિચિત હોવાથી એને કહેતા કે, તું અમારી પાસે દીક્ષા લઇ લે, તો તારી પ્રગતિ ખૂબ જ ઝડપથી થઇ જશે, અને આટલા વર્ષે તું આચાર્ય બની જઇશ. ત્યારે નીડર ત્રિભુવન વિનય પૂર્વક જવાબ આપતો કે, હું તો મારા આત્માનું કલ્યાણ કરે એવા ગુરુદેવની શોધમાં છું. આચાર્યપદની લાલચમાં હું જો લપેટાઈ જાઉં, તો મારું કલ્યાણ કઈ રીતે થાય !

૧૯૬૮ની સાલમાં વડોદરા ખાતે પૂ આચાર્યદેવ શ્રી કમલસૂરીશ્વરજી મહારાજ ની નિશ્રામાં પૂ. આત્મારામજી મહારાજના સમુદાયનુ એક સંમેલન યોજાયું. ત્યારે બાળક અને શ્રાવક હોવા છતાં એ સંમેલનમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય ત્રિભુવનને મળ્યું હતું. આ બનાવ બાલ્યવય ધરાવતા ત્રિભુવનના વ્યક્તિત્વને સમજવામાં ઠીકઠીક ઉપયોગી થાય, એવો નથી શું ? સંમેલન વખતે પ્રતિદિન પૂ ઉપા. શ્રી વીરવિજયજી મ. ની નિશ્રામાં ત્રિભુવનને પ્રતિક્રમણ કરવાનો લાભ મળતો.

એક જમાનામાં ૧૫૦-૧૫૦ માણસ જ્યાં એક રસોડે જમતું, એ ઘરમાં એક દુકાળ એવો આવી લાગ્યો કે, પરિવાર ખાલી થઈ ગયો, અને આંખ ઠરે એવા દીકરા તરીકે સૌની નજરે એક ત્રિભુવન જ જણાવા માંડયો. ઘરની સ્થિતિ એટલે બધી સારી ન હોવાથી સ્કૂલનો અભ્યાસ છોડયા પછી ત્રિભુવન ચીમનભાઇ દલાલને ત્યાં ગાલસપ્લાયનું કામકાજ, મોહનલાલ વકીલને ત્યાં અરજી લખવાનું કાર્ય તથા ચુનીલાલ શિવલાલને ત્યાં નામું લખવાનું કાર્ય કરતો.

ત્રિભુવન એકવાર પાદરા સ્ટેશને સાકર બદામની ગુણો છોડાવવા ગયો. એ પાર્સલ માં વજન કરતા માલની ઘટ વધુ હતી. એથી સ્ટેશન માસ્તરે ઘટના પૈસા મંગાવીને પોતે રાખી લીધા. ત્રિભુવને ઘટના પૈસા માંગ્યા છતાં માસ્તરે ન આપ્યા એટલું જ નહિ, પણ માસ્તરે પૈસા મળ્યા છે, એવા લખાણ પર ત્રિભુવનની સહી કરાવી લીધી. ઠગાઇની આ ઘટનાથી ત્રિભુવનને ખૂબ દુઃખ થયું. એણે મનમાં ગાંઠ વાળી કે, માસ્તરને સીધો કરવો જ રહ્યો !

થોડા દિવસ પછી ત્રિભુવન ફરી સ્ટેશને ગયો, ત્યાં આવેલા પાર્સલોમાં રેશમી કાપડનું એક નાનકડું પાર્સલ હતું, એ નજર ચૂકવીને ત્રિભુવને પોતાની થેલીમા મૂકી દીધું : આ પાર્સલ ન મળતા માસ્તર ખૂબ મુંઝાયા. ગાર્ડે બધા પાર્સલ ગણીને માસ્તરને સોંપ્યા હતા, એથી એ પાર્સલની જવાબદારી માસ્તરની ગણાય. બે દિવસ પછી એ પાર્સલ લઇને ત્રિભુવન સ્ટેશન માસ્તર પાસે ગયો. એણે ઘરના પૈસાની પુનઃમાંગણી કરી માસ્તરે કહ્યું: તું તારી કયાં માંડે છે ? મારા માથે તો મોટી ચિંતા આવી પડી છે. રેશમી કાપડનું એક પાર્સલ જડતું નથી.

ત્રિભુવને કહ્યું: માસ્તર સમજી જાવ. અનીતિના પૈસા રાખશો તો આવી ઘણી આપત્તિઓ આવશે. લો, આ રેશમી કાપડનું પાર્સલ અને મને આપી દો ઘરના પૈસા ! જેથી હિસાબ ચૂકતે થઇ જાય, ત્રિભુવનને માસ્તર તરફથી પૈસા મળી ગયા.

બાપ-દાદાઓનું થોડું દેણું હતું અને એ દિવસોમાં એ દેણું ચૂકવી શકાય, એવી પરિસ્થિતિ ન હોવાથી લેણદારોને સમજાવીને રતનબા પાછા વાળતાં. એમાં એક દિ'જરા માથાભારે એક લેણદાર ઉઘરાણી માટે આવ્યો. ત્યારે ત્રિભુવન ઘરમાં સ્કૂલનું લેસન કરી રહ્યો હતો. લેણદારે ગુસ્સામાં આવી જઇને આડું અવળું ઘણું સંભળાવી દીધું. રતનબા માટે ય એ જેમતેમ બોલ્યો. એણે કહ્યું: 'પૈસા લેતા મીઠા લાગે તે અને આપવાના ગવસરે આવું સાંભળવું પડે, એ ય કઠે છે ?'

ત્રિભુવનનું વીરત્વ આ ટોણો સાંભળીને કાબૂમાં ન રહ્યું. એણે જવાબ વાળ્યો; "જેમને તમે પૈસા આપ્યા છે, એમની પાસે ઉઘરાણી કરવા જાવ, આ રીતે અમને શા માટે હેરાન કરો છો ?" આ સાંભળીને રતનબા દોડતાં બહાર આવ્યા. એમણે ત્રિભુવનના મોં પર હાથ મૂકતાં કહ્યું: બેટા ! આમ ન બોલાય. પૈસા ચૂકવવાની જવાબદારી આપણી જ છે. પણ હાલ સંયોગો સારા નથી. એથી વિવશ છીએ, માટે આવું બોલવા બદલ કાકાની માફી માંગ !

ત્રિભુવને લેણદારની માફી માંગી. પછી લેણદારને દાદીમાએ શાંતિથી કહ્યું: 'હાલ અનુકુળતા નથી, અનુકુળ પરિસ્થિતિ થતા તમારા પૈસા પહેલા ચૂકવીશું, માટે નિશ્ચિત રહેશો.' આ સાંભળીને લેણદારને પણ શાંતિ થઇ.

ચુનીલાલ શિવલાલે ત્રિભુવનની હોંશિયારી અને બહાદૂરી જોઇને એને વેપારના કામકાજ માટે એકવાર રાજસ્થાન જેવા દૂરના પ્રદેશમાં આવેલા બાલોતરા ગામમા મોકલેલો. આવો પ્રવાસ એકલપંડે કરીને જ્યારે ત્રિભુવન પાદરા આવ્યો, ત્યારે પાદરામાં સૌએ એના ખૂબ વખાણ કરેલા.

'પુત્રના લક્ષણ પારણામાં' આ કહેવતને સાચું પાડતું, ત્રિભુવનનું બાળપણ આ જાતનું હતું. જે બુદ્ધિપ્રતિભા, જે પ્રતિષ્ઠા, અને જે વ્યક્તિત્વની સિદ્ધિ માટે આજે ૨૫-૩૦ વર્ષની વય પણ ટૂંકી પડે, એ સિદ્ધિના શિખરો ત્રિભુવને ૧૬-૧૭ વર્ષની નાની વયમાં જ સર કરી નાખ્યા હતા,

[૨] દુર્લભાતિદુર્લભ દીક્ષા પ્રાપ્તિ

સિદ્ધિ જ્યારે અવશ્યંભાવિ હોય છે, ત્યારે એવા સંજોગો આપ સહજ રીતે જ સરજાઈ જતા હોય છે કે, જેથી આજના ઓવારે રહેલી સિદ્ધિને પણ પૃથ્વીના પાટલે અવતરવાની ફરજ પડે !

ત્રિભુવનનો જન્મ જાણે દીક્ષાની સાધના માટે જ થયો હતો. અને એથી જ એને એવા એવા સંજોગો સાંપડતા જ ગયા કે, એની સંયમભાવનામાં દિવસે દિવસે વધારો થતો જ રહે. સંયમ સ્વીકારવાનો એનો સંકલ્પ અખુટ હતો, પણ એ સંકલ્પને સિદ્ધ થતાં અટકાવનારું એક તત્ત્વ હતું; દાદીમા રતનબહેન !

જેટલીવાર દાદીમાએ ત્રિભુવનને ધર્મનું ધાવણ પાતા સંયમ લેવાની પ્રેરણા આપી હતી, એટલી એટલીવાર સાથે એ પણ કહ્યું હતું કે, તારે મારા મરણ બાદ જ દીક્ષા લેવાની છે. આ વાત જ ત્રિભુવનને સંસારનો ત્યાગ કરતાં અટકાવતી હતી. એમાં વિક્રમ સંવત ૧૯૬૮ના ચાતુર્માસ માટે પૂ. પં. શ્રી દાન વિજયજી ગણિવર્ય પાદરા પધાર્યા અને પૂ ઉપાધ્યાય શ્રી વીર વિજયજી ગણિવર અને પૂ. મુનિરાજશ્રી પ્રેમવિજય મહારાજ પાદરા પાસેના કરાપરા ગામમાં ચાતુર્માસ માટે પધાર્યા. ત્રિભુવન પાદરામાં મળેલ ગુરૂનિશ્રાનો લાભ તો લેતો જ હતો, તદુપરાંત કરાપરામાં જતો આવતો રહીને એ પોતાની સંયમભાવના વિશેષ રીતે દૃઢ બનાવતો હતો. એમાં એક દિવસ શ્રી પ્રેમવિજયજી મહારાજે એટલી જ ટકોર કરી કે, ત્રિભુવન ! કોઇના આયુષ્યનો કયાં ભરોસો છે ? દાદીમાની પહેલા તું જતો રહે, તેમ પણ કેમ ન બને ? માટે આટલા ખાતર સંયમ સ્વીકારવામાં ઢીલ કરવા જેવી નથી !

ટકોરને તો ટકોર જ ઘણી થઈ પડે. ત્રિભુવનના મગજમાં આ વાત જડબેસલાક બેસી ગઇ. દાદીમા માત્ર મોહવશ બનીને જ પોતાને રોકવા માગતા હતા,પોતે ન હોય, તો ય દાદીમા મારી રીતે સચવાઇ જાય એમ હતું. આ વાતની તો ત્રિભુવનને બાતરી જ હતી. એથી એણે મનોમન નિર્ણય લઇ લીધો કે, ચાતુર્માસ પછીનું પહેલું જ જે મૂહૂર્ત આવે, એ સોંધી લઇને સંયમ સ્વીકારી લેવું.

પોતાની આ ભાવનાને મનમાંને મનમાં પુષ્ટ બનાવતો ત્રિભુવન ચાતુર્માસ બાદ એક દિ,એકાએક જ પોષસુદ આઠમ લગભગ વડોદરા જઈ પહોંચ્યો. ત્યાં બિરાજમાન શ્રી જ્ઞાનવિજયજી મ, તથા શ્રી પ્રેમવિજયજી મ. સમક્ષ હાજર થઈને એણે વિનંતિ કરી : ગુરૂદેવ ! દૃઢ સંકલ્પ સાથે દીક્ષાનું મુહૂર્ત લેવા આવ્યો છું. માટે નજીકમાં આવતો સારામાં સારો દિવસ ફરમાવો, જેથી વર્ષોનું આરૂં સંયમ-સ્વપ્ન સિધ્ધ થઈ શકે.'

શ્રી પ્રેમવિજયજી મહારાજ તો વિશેષ રીતે ત્રિભુવનની યોગ્યતા પરખી ગયા હતા. એથી વિઘ્નો આવે, તો એનો સામનો કરવાની તૈયારી પૂર્વક દીક્ષાદાન કરવા તેઓ ઉત્સાહિત હતા. પોષસુદ તેરસનો દિવસ સર્વ શ્રેષ્ઠ હતો. વડોદરામાં દીક્ષા થાય, એમ ન હતી. પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મહારાજ જંબુસર બિરાજમાન હતા. એક બે દિવસની વિચારણા બાદ બધુ ગોઠવાઇ ગયું. કોઠારી કુટુંબે કંકુનો ચાલ્લો કર્યો. અને ત્રિભુવને જંબુસર તરફ પ્રયાણ કર્યું. વડોદરા માસરરોડની ૨૬વે પાદરા થઈને જ પસાર થતી હોવાથી પોતાને કોઇ જોઇ ન જાય, એ માટે પાદરા આસપાસના પ્રદેશમાં સીટની નીચે સૂઇ જઇને ત્રિભુવન રાતે આઠ વાગે માસરરોડ પહોંચ્યો.

માસરરોડથી જંબુસર છ માઇલ દૂર થતું હતું. રાતનો સમય હતો. અને મનમાં બીક પણ લાગતી હતી. એથી જંબુસર જતા એક ખળકગાડાની પાછળ પાછળ ચાલતો સત્તર વર્ષનો ત્રિભુવન પગે ચાલીને લગભગ રાતે અગીઆર વાગે જંબુસર પહોંચ્યો. ઉપાશ્રયમાં જઇને પૂ. ઉપાધ્યાયજી મહારાજને એણે બધી વાત કરી. ઉપાધ્યાયજી મહારાજે ત્રિભુવનને સૂઈ જવા જણાવ્યું. રાતે સાધુઓને ઉઠાડીને એમણે કહ્યું કે, કાલે સવારે જ આપણે આમોદ જવાનું છે, અને પોષ સુદ તેરસે ત્રિભુવનને દીક્ષા આપવાની છે. સૂતેલા ત્રિભુવને આ સાંભળ્યું અને એને આનંદ થયો કે, હવે ચોકકસ આ મુહૂર્ત સચવાઇ જશે.

પોષ સુદ બારસની સવારે પૂ. ઉપાધ્યાયજી મહારાજની સાથે ત્રિભુવન પણ જંબુસરથી વિહાર કરીને આમોદ આવ્યો, ઓળીવાર બાદ વંદનાર્થે આવેલા એક બહેન ત્રિભુવનને ઓળખી ગયા. એમણે પૂછયું : 'સબુડા ! તું અહીં કયાંથી ?'

ત્રિભુવનનું હુલામણું નામ સબુડો હતું. સબુડાએ ચોગ્ય જવાબ વાળીને એ બહેનને વિદાય કર્યા. એ બહેન ત્રિભુવનના સગા હોવાથી પૂ. ઉપાધ્યાયજી મહારાજ ચિંતિત થઇ ગયા કે, આ ગામમાં પણ ત્રિભુવનને દીક્ષા ન આપી શકાય. આ વાતની જાણ થતા જ ત્રિભુવન ભાંગી પડયો. એણે શ્રી મંગળવિજયજી મહારાજને કહ્યું : આપશ્રી આ મુહૂર્ત સચવાઇ જાય, એવું કંઇક કરો.

શ્રી મંગળવિજયજી મહારાજ પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાસે આવ્યા. એમણે કહ્યું : આપ આજ્ઞા આપો, તો ગંધાર તીર્થમાં જઈને દીક્ષાનું કાર્ય પતાવવાની મારામાં હિંમત છે. આમોદથી ગંધાર ચૌદ માઈલ થાય. પોષ સુદ તેરસની આડે ગણતરીના જ કલાકો હતા. પૂ. ઉપાધ્યાયજી મહારાજની આજ્ઞા મળતા જ શ્રી મંગળવિજયજી મહારાજ અને શ્રી પદ્મવિજયજી મહારાજની સાથે એ જ સાંજે સાત માઈલનો વિહાર કરીને ત્રિભુવન પણ ટંકારીયા ગામમાં પહોંચ્યો. ત્યાંથી પોષ સુદ તેરસની સવારે સાત માઈલનો વિહાર કરીને સૌ ગંધાર પહોંચ્યા. બે મુનિવરો, પેઢીના મુનીમજી, પૂજારી અને ઉપધિ લઈને વડોદરાથી આવેલ કોઠારી કુટુંબનો એક સભ્યઃ આટલી નાનકડી હાજરી. વચ્ચે સેંકડોના દીક્ષાદાતા બનવાનું ભાગ્ય ધરાવનાર ત્રિભુવનની દીક્ષાવિધિ શરૂ થઈ.

મંદિરનો રંગમંડપ ! દરિયા કિનારો ! પવનના સુસવાટા ! આવા વાતાવરણ વચ્ચે દીક્ષાવિધિ ચાલવા માંડી, ચારે બાજુ રહેલા દીપકો પવનના સુસવાટે જાણે હમણાં જ ઓલવાઈ જશે, એવા ભય વચ્ચે ય વિધિ આગળ વધી રહી. ત્યાં કોઈ હજામ હાજર ન હોવાથી મુનીમની સૂચનાથી બાજુના ગામમાંથી હજામને તેડવા એક માણસ રવાના થયો. પણ એ આવે એ પૂર્વે તો મુંડનની ક્રિયા ચાલુ કરવી પડે, એમ હતી. કેમકે તો જ મુહુર્ત સચવાય એમ હતું ! એથી શ્રી મંગળવિજયજી મહારાજ જાતે જ ત્રિભુવનનું મુંડન કરવા બેસી ગયા. થોડીવારમાં જ હજામ આવતા મુંડન કાર્ય પુરૂં થયું અને દીક્ષાની ક્રિયા આગળ ચાલી. ઝિલમિલ થતાં દીવા પવનના સુસવાટા સાથે ટકકર લેતા છેક સુધી પ્રજ્વલિત રહ્યા અને ત્રિભુવનનું ચિરદૃષ્ટ સ્વપ્નસિદ્ધ થતા એને 'શ્રી રામવિજયજી'નું નામ મળ્યું. ત્યારે શ્રી મંગળવિજયજી મહારાજના મોઢેથી સહજ રીતે જ એવા શબ્દો સરી પડયા કે 'આ દીવા જાણે એવો સંકેત કરી ગયા કે, શ્રી રામવિજયજીના જીવનમાં અનેક ઝંઝાવાતો જાગશે, પણ એ ઝંઝાવાતો આમને ઝુકાવી નહિ શકે. રામવિજયજી એ ઝંઝાવાતો સાથે ઝઝુમતા રહીને નિરંતર વિજયી જ નીવડતા રહેશે.'

ગંધારમાં દીક્ષાનું મુહુર્ત સચવાઈ ગયું, આટલા માત્રથી જ કામ પતી જતું નહોતું ! ખરી કસોટી ને જવાબદારી હવે જ શરૂ થતી હતી. બાનગી દીક્ષા હોવાના કારણે તોફાન તો આવવાનું જ હતું. એથી સુરક્ષિત–ક્ષેત્રમાં જો પહોંચી ન જવાય, તો નાવ કિનારે આવીને ડૂબે, એવી શકયતા હોવાથી પોષ સુદ તેરસે જ ગંધારથી વિહાર કરીને ત્રીજે દિવસે સૌ ભરૂચ આવ્યા. દીક્ષાની આસપાસના દિવસોમાં આટલો ઉગ્ર વિહાર કરવા છતાં શ્રી રામવિજયજી મહારાજના મુખ ઉપર તો સંયમ પ્રાપ્તિની પ્રસન્નતા જ [redacted]

ભરૂચ આવતા જ પાદરાથી સગા સંબંધીઓનું ટોળું ઉતરી પડયું. પૂ. ઉપાધ્યાયજી મહારાજને નૂતન મુનિવરે કહ્યું કે, આપ જરાય ચિંતા કરતા નહિ, હું બધાને સમજાવી દઈશ.'

પાદર માં દીક્ષાના સમાચાર જ્યાં પહોંચ્યા, ત્યાં જ ધમાલ મચી ગઈ. ગમે તે રીતે ત્રિભુવનને ઉપાડી લાવવાની વાતો સગાવહાલાઓ કરવા માંડયા. અને આવા જ ઝનૂન સાથે તો ભરૂચ જવા રવાના થયા. રતનમાને પણ આઘાત તો ખૂબ જ લાગ્યો હતો, પણ એ સમજુ દાદીમા હતા. એથી એમણે ત્રણ ચાર ડાહ્યા માણસોને આનગીમાં લઈ જઈને કહ્યું કે, ત્રિભુવને જો ખરેખર દીક્ષા જ લઈ લીધી હોય અને એ અહીં આવવા રાજી જ ન હોય, તો એને ઉપાડી લાવવાની મહેનત ન કરતાં પણ મારા તરફથી એને કહેજો કે, હવે સાધુપણું બરાબર પાળે!

પાદરાથી નીકળેલું ટોળું ભરૂચમાં પ્રવેશ્યું અને ઉપાશ્રય ગાજી ઉઠયો. શ્રી રામ વિજયજીએ જોઈને કહ્યું: "આમ ધાંધલ ધમાલ કરવાનો શો અર્થ? તમને બધાને જવાબ આપવા હું બંધાયેલો છું માટે બધા શાંતિથી બેસો." બધા બેસી ગયા. બે કલાક સુધી વાતચીત ચાલી. પણ નુતન મુનિ તો મક્કમ જ હતા, એ મક્કમતા જોઈને ડાહ્યા માણસોએ કહ્યું: "અમારી સાથે રતનબાએ કહેવડાવ્યું છે કે, શ્રી રામવિજયજી આવવા રાજી ન હોય તો બળજબરીથી લાવતા નહિ, અને મારાવતી એમને કહેજો કે, હવે સંયમ સારી રીતે પાળે!"

આ વાત થતા જ બધો મામલો શાંત થઈ ગયો. સૌ વિલે મોઢે પાદરા તરફ પાછા ફર્યા. પૂ. ઉપાધ્યાયજી મહારાજ, રામવિજયજીની મક્કમતા જોઈને છક્ક થઈ ગયા. એમણે નહોતું ધાર્યું કે, વિઘ્નોના આ વાદળ આ રીતે વરસ્યા વિના જ વિખરાઈ જશે.

ભરૂચથી વિહાર કરીને બધા મુનિવરો જંબુસર આવ્યા. ત્યાં પૂ. પ્રેમવિજયજી મહારાજ આદિ શ્રી રામવિજયજી મહારાજને લેવા આવી પહોંચ્યા હતા. જંબુસરથી વડોદરા પહોંચવાનું હતું. એથી વચમાં પાદરા આવતું હોવા છતાં એના પાદરેથી વિહાર કરીને સૌ વડોદરા પહોંચ્યા. બે દિવસમાં ચોત્રીસ માઈલનો વિહાર થયો હોવાથી શ્રી રામવિજયજી મહારાજના પગે સોજા આવી ગયા. બે ત્રણ દિવસના ઉપચાર પછી સોજા ઉતરી જતા નૂતન મુનિશ્રીને વડીદીક્ષાના જોગમાં પ્રવેશ કરાવવામાં આવ્યો અને ૧૯૬૯ના ફાગણ સુદ બીજે પૂ. મુ. શ્રી હંસવિજયજી મહારાજની અને પૂ. પં. શ્રી સંપત વિજયજી ગણિવરની નિશ્રામાં વડી દીક્ષા થતા સૌનો આનંદ નિરવધિ બન્યો.

જેમની નિશ્રામાં સેંકડો દીક્ષાઓ ધામધુમથી થવા પામી, એ પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને, દીક્ષા મેળવતા આ રીતે ઘેાળે દહાડે તારા નીથે ઉતારવા જેવેા કેવેા પ્રચંડ પુરૂષાર્થ કરવેા પડયેા હશે, એની માહિતી આજે કેટલાને હશે ?

૩. માતાનેા મેાહાવેશ

દીક્ષા ગ્રહણ કર્યા પછીના થેાડા મહિનાઓ બાદ બનેલેા આ પ્રસંગ છે. શ્રી રામ વિજયજી મહારાજની કુનેહભરી વર્તણુંકથી પાદરાનું દીક્ષાવિરોધી વ્યાપક વાતાવરણ ઠીકઠીક શાંત થઇ ગયું હતું. રતનબા જેવી વ્યકિત જ્યારે ત્રિભુવને લીધેલા પગલાંની અનુમેાદના કરનારી બની જાય, પછી સગાવ્હાલાઓનેા વિરોધ કયાં સુધી ટકી શકે ?

શ્રી રામવિજયજી મહારાજ હૈયાથી માનતા હતા કે, મારા માથે દાદીમા રતનબાનું મેાટું ઋણ છે, કેમકે હું દીક્ષા પામી શકયેા, એના મૂળમાં રતનબાનું સંસ્કાર સિંચન જ રહેલું છે. એથી પાદરાનું વાતાવરણ જરાક શાંત થાય, એટલે મારે પાદરા જઇને રતનબાને 'ધર્મલાભ' આપવા દ્વારા એમનું હૈયું એવું બનાવવું જોઇએ કે, આ દીક્ષાની અનુમેાદનાનું પુણ્ય લાધું એઓ બાંધી શકે !

આવી ભાવના ગુરૂદેવેા સમક્ષ વ્યકત થતા ગુરૂદેવેા યેાગ્ય સમય જોઇને શ્રી રામવિજયજીને સાથે લઇને પાદરામાં પ્રવેશ્યા. રતનબાના આનંદની અવધિ ન રહી. શ્રી રામવિજયજી મહારાજ રતનબાના ઘરે વહેારવા ગયા. સમજુ રતનબાનેા મેાહ પાછેા ઉછળા મારી ગયેા. શ્રી રામવિજયજી મહારાજ ઘરમાં પ્રવેશ્યા અને રતનબાએ અંદરથી બારણું બંધ કરી દઇને કહ્યું :

'હવે હું તમને જવા દઇશ નહિ, હું જીવું ત્યાં સુધી તમારે અહીં જ રહેવાનું'

શ્રી રામવિજયજી મહારાજ સમજી ગયા કે, આ મેાહનેા આવેશ છે. એથી મેાહાવેશને શમાવવા શાસ્ત્રની વાત આગળ કરતા એમણે એટલું જ કહ્યું: 'મારાથી આ વેશમાં અહીં રહેવાય...!?'

આટલા નાનકડા પ્રશ્નાર્થે રતનબાનેા મેાહાવેશ શાંત થઇ ગયેા. છતાં એમણે બીજી માંગણી મૂકતાં કહ્યું કે, તેા હું જીવું ત્યાં સુધી પાદરામાં જ રહેવાની વિનંતી સ્વીકારેા !

શ્રી રામવિજયજી મહારાજે પુનઃ કહ્યું, "વગર કારણે આ રીતે સ્થિરવાસ કરવાની પણ ભગવાનની આજ્ઞા નથી, આ વાત તમે નથી જાણતા શું ?" લાડકવાયાના આ

પ્રશ્નનો રતનબા બીજો તો શું જવાબ આપી શકે ? મોહ હોવા છતાં એમનામાં મોહાંધતા તો નહોતી. જ. એથી પ્રતિબંધ ઉઠાવી લેતા એમણે કહ્યું: "સારામાં સારું સંયમ પાળજો અને સારામાં સારી શાસનની પ્રભાવના કરજો.'

શિક્ષાની સાથે રતનબાના આશીર્વાદ ગ્રહણ કરીને શ્રી રામવિજયજી મહારાજ ઉપાશ્રયે આવ્યા એમની બધી વાત સાંભળીએ વડીલોએ કહ્યું, "હવે તારો સંયમમાર્ગ નિષ્કંટક બની ગયો. આપણે પાદરા આવ્યા, એ સારું થયું, જેથી રતનબાને પૂરો સંતોષ થઈ જવા પામ્યો."

શ્રી રામવિજયજી મહારાજની દીક્ષા પછીના થોડા મહિનાઓ બાદ શ્રી રતનબા સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યાં. દીક્ષાની અનુમોદના કરતા એમણે દેહ છોડયો. આ વાત સાંભળીને માતૃઋણ અદા થયાનો સંતોષ શ્રી રામવિજયજી મહારાજે અનુભવ્યો.

૪. માત્ર હાજરીથી જ હંફાવ્યા

દીક્ષા બને વડી દીક્ષા પર હજી તો આંગળીના વેઢે ગણી શકાય, એટલા જ મહિનાઓ વીત્યા પછીનો આ એક પ્રસંગ બુદ્ધિ કે સાહસ પ્રગટ થવા માટે વર્ષો કે વયની અપેક્ષા ન રાખતા, યોગ્ય અવસરની જ અપેક્ષા રાખે છે, એની પ્રતીતિ કરાવી જાય છે.

વડોદરા શહેર હતું અને ફાગણ મહિના પછીના દિવસો હતા. શ્રી રામવિજયજી મહારાજના પૂર્વ પરિચિત એક આચાર્યદેવ વડોદરામાં એક સભા ભરીને એમાં વિધવા વિવાહ થઈ શકે, આના જેવા ઠરાવો પસાર કરવા માંગતા હતા. મોટી વયને મોટો પર્યાય ધરાવતા એ આચાર્યદેવને ભય એક તાજેતરમાં જ દીક્ષિત થયેલા શ્રી રામવિજયજી મહારાજનો હતો, એઓ જો પોતાની સભામાં આવી જાય, તો પોતાની બધી જ ધારણાઓ ધૂળમાં મળી જાય. એથી એમણે સભામાં પધારવા માટેની આમંત્રણ પત્રિકામાં તાજા કલમે લખાવ્યું કે, અઢાર વર્ષથી પાત્રીસ વર્ષ સુધીની વ્યક્તિઓએ જ આ સભામાં પધારવું !

આ આમંત્રણ પત્રિકા હાથમાં આવતા જ શ્રી રામવિજયજી મહારાજ સમજી ગયા કે, મને કે મારા ગુરૂદેવોને સભામાં પ્રવેશવા ન દેવા માટે જ આ કલમ ઉમેરવામાં આવી છે. એઓ ગુરૂદેવો પાસે પહોંચ્યા. અને એમણે વિનંતી કરી કે, આપની અનુજ્ઞા હોય, તો આ સભામાં જવાની મારી ભાવના છે. હું ભલે નાનો રહ્યો, પણ આપશ્રી જેવા સિંહનું સંતાન છું. મને અઢારમું બેસી ગયું છે, એથી સભામાં પ્રવેશતા મને કોઈ રોકી નહિ શકે.

ગુર્વાજ્ઞા પ્રાપ્ત થતાં જ શ્રી રામવિજયજી મહારાજ સભા સ્થળે જવા રવાના થયા. સભામાં કોણ કોણ પ્રવેશે છે, એનું નિરીક્ષણ કરતા આચાર્યદેવની નજર આવી રહેલા શ્રી રામવિજયજી મહારાજ પર પડી. તેઓ એકદમ ડઘાઈ ગયા ને પૂછી બેઠા : કોના આમંત્રણથી આવ્યા છો ?

શ્રી રામવિજયજી મહારાજે તરત જ જવાબ વાળ્યો : આપના આમંત્રણથી જ આવ્યો છું. મને અઢારમું બેસી ગયું છે. પોતે ગણિત માંડવામાં ભૂલ્યા હતા. એનો ખ્યાલ આવી જતા જ આચાર્યદેવે નૂતન મુનિને કહ્યું : વ્યાખ્યાન આપશો ને ? જવાબ મળ્યો : આમ તો હું સાંભળવા જ આવ્યો છું. છતાં આપની ઇચ્છા હશે, તો સભામાં છેલ્લે થોડું બોલીશ.

આ જવાબ સાંભળીને આચાર્યદેવના આઘાતનો પાર ન રહ્યો. પોતાની બધી જ ધારણાઓ ધૂળમાં મળી જતી જોઈને 'વિધવા વિવાહ' નો પ્રશ્ન વચમાં લાવ્યા વિના જ અડધો કલાક બીજી બીજી વાતો કરીને એમણે સભાનું વિસર્જન કરી નાંખ્યું.

દીક્ષાના પ્રથમ વર્ષે જ જૈનની હાજરી-માત્રથી અસત્યના આવરણ પોતાનો લેશ પણ પ્રભાવ બતાવ્યા વિના જ વેરવિખેર થઈ ગયા. એ પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જીવનની છેલ્લી ઘડી પળ સુધી અસત્ય સામે સંગ્રામમાં ઝુકે નહિ, પણ ઝઝુમતા જ રહે, એમાં નવાઈ શી ?

૫. વાણીબીજ પર અમૃતવર્ષા

વિક્રમની ૧૯૬૯ની સાલનું પ્રથમ ચાતુર્માસ પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર આદિ બાર મુનિવરોની નિશ્રામાં સિનોર થયું, આ ચાતુર્માસમાં એક પ્રસંગ એવો બની જવા પામ્યો કે, જેથી શ્રી રામવિજયજી મહારાજના અંતરની ધરતીમાં 'વ્યાખ્યાન વાચસ્પતિ' બિરૂદને શોભાવનારૂં જે વાણી બીજ ધરબાયેલું પડ્યું હતું. એની પર વચનસિદ્ધ પુરૂષના હાથે અમૃતનું અભિસિંચન થવા પામ્યું.

નર્મદાનદીનાં કાંઠે વસેલા આ સિનોરમાં એ જમાનામાં સો ઉપરાંત જૈન પરિવારો વસતા હતા. ચાતુર્માસનો કાળ ચાલતો હતો. અને પ્રવચનની જવાબદારી પૂ. પં. શ્રી દાનવિજયજી મહારાજના શિરે હતી. એમાં એક દિવસ એવું બન્યું કે, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીની દાઢમાં દુખાવો થયો બીજા દિવસે વ્યાખ્યાન વાંચી શકવાની અશક્તિ એમણે દર્શાવી, ત્યારે ચરણસેવા કરી રહેલા શ્રી રામવિજયજી મહારાજને પૂ. ઉપાધ્યાયજી મહારાજે આજ્ઞા ફરમાવી કે, બીબા ! કલ કા વ્યાખ્યાન તેરે કું કરને કા હૈ, તૈયારી કર લેના.

બાર સાધુઓમાં પોતે સૌથી નાના હતા અને દીક્ષા લીધાને હજી વર્ષ પણ પૂરું થયું ન હતું. એથી શ્રી રામવિજયજી મહારાજને થયું કે, આ તો મજાકમાં મને કહેતા લાગે છે. એથી એમણે આ વાત પર વિશેષ ધ્યાન કેન્દ્રિત ન કર્યું અને સવારે પોતાના રોજીંદા ક્રમ મુજબ અભ્યાસ કરવા બેસી ગયા. પૂ. ઉપાધ્યાયજી મહારાજને વિશ્વાસ હતો કે, બીજા તૈયાર હો કે બેઠા હોગા.

શ્રી રામ વિજયજી મહારાજને ત્યારે પૂ ઉપાધ્યાયજી મહારાજ 'બીજા'ના નામે જ સંબોધતા. વ્યાખ્યાનનો સમય થયો. શ્રાવકો વ્યાખ્યાન માટે વિનંતિ કરવા આવ્યા ત્યારે ઉપાધ્યાયજી મહારાજે કહ્યું: રામવિજયજી કો લે જાવ!

તે કાળના સમજુ, ગંભીર અને ગુરૂવચનને શિરોધાર્ય કરનારા શ્રાવકો શ્રી રામવિજયજી મહારાજ પાસે પહોંચ્યા. અને એમણે વ્યાખ્યાન વાંચવા પધારવાની વિનંતી કરી. ગઈ રાતની વાત યાદ આવી જતાં જરાક મુંઝવણ સાથે શ્રી રામવિજયજી મહારાજ ઉભા થયા ને પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાસે જઈને એમણે કહ્યું: ગુરૂદેવ! હું વળી વ્યાખ્યાન કેમ કરી શકીશ?

પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું: કયું કલ તુજે કહા થા ન? તૈયારી નહી કી કયાં?

આ વાર્તાલાપ સાંભળી રહેલા પૂ. પં. શ્રી જ્ઞાન વિજયજી મહારાજે કહ્યું: મહારાજ કહી રહ્યા છે, તો આજ્ઞા સ્વીકારી લે, તને વાંધો નહિ આવે.

શ્રી રામવિજયજી મહારાજ આજ્ઞા શિરોધાર્ય કરીને પાટ ઉપર બેઠા. કયા વિષય પર બોલવું? પાઠશાળામાં જોએલી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય યાદ આવતા જ એમની મુંઝવણ મટી ગઈ અને સમકિતના વિષય પર એ દિવસે કશી જ પૂર્વ-તૈયારી વિના એમણે પ્રવચનનો પ્રારંભ કર્યો. પહેલો જ પ્રયાસ હોવાથી એ પ્રવચન જરા ઝડપથી એમણે પૂર્ણ કર્યું. ઉપાધ્યાયજી મહારાજે ઉપર બેઠા બેઠા આ પ્રવચન સાંભળ્યું. હતું. એથી પ્રવચન પૂર્ણ થયા બાદ પોતાની સેવામાં ઉપસ્થિત થનાર રામવિજયજી મહારાજ પર અંતરના અકૃત્રિમ આશીર્વાદ વરસાવતા એમનાથી સહસા બોલાઈ જવાયું: બીજા! કિતન સુંદર વ્યાખ્યાન દીયા! તું તો જબ્બર શાસન પ્રભાવક હોગા, ઇતના ખ્યાલ રખના હિ, અબસે વ્યાખ્યાન ધીરે ધીરે કરના!

વચન સિદ્ધ એક વિભૂતિના અંતરના ઊંડાણમાંથી નીકળેલા આ આશીર્વાદ હતા. એ કદી અફળ રહે ખરા? સાવ સહજ રીતે 'સમકિત'ના વિષયને અનુલક્ષીને વહી નીકળેલું એ પ્રવચન વહેણ આજીવન સમ્યકત્વનું જ સંદેશવાહક બની રહ્યું.

આ પછી ૧૯૭૦ની સાલમા ખંભાતમાં શ્રી રામવિજયજી મહારાજના શિરે પ્રવચનની જવાબદારી આવતા પંદર દિવસ સુધી અધ્યાત્મસારના શ્લોકો ઉપર પ્રવચનો કરીને તેઓશ્રીએ શ્રોતાઓને મુગ્ધ કરેલ. પછીના વર્ષોમાં અવાર-નવાર વ્યાખ્યાન કરવાનો પ્રસંગ અવતો, છતાં શાસ્ત્રાધ્યયનની પોતાની પ્રવૃત્તિમાં જરાય ન ઇતા આવતા દીક્ષા વિના તેઓશ્રી એ જવાબદારી અદા કરતા. દીક્ષા પછીના સાતમા વર્ષે જીવનના ચોવીસમા વર્ષથી નિયમિત તેમના પ્રવચનનો પ્રારંભ થયો, જે ક્રમ બીમારી આદિના પ્રસંગો બાદ કરતા જીવનના અંતિમ વર્ષ સુધી અખંડ ચાલુ જ રહ્યો અને 'વ્યાખ્યાન વાચસ્પતિ' બિરૂદને એઓશ્રી સાચા અર્થમાં શોભાવી ગયા.

૬. સમાધિ-સિદ્ધિના મૂળમાં

શ્રી રામવિજયજી મહારાજના જીવન સાથે સંઘર્ષ જાણે જોડાયેલો જ હોય, એવું લાગ્યા વિના ન રહે. અનેક આપત્તિઓનો સામનો કરીને સંયમ સ્વીકાર્યું. પ્રથમ ચાતુર્માસ સિનોરમાં થયું. થોડા જ મહિનાઓમાં એમના શરીર ઉપર ખુજલીનો વ્યાધિ ફેલાયો. એમાં વૈદકીય ઉપચાર ચાલુ કર્યા. એક વૈદ્યે વળી અઢી તોલા સફેદ મરી ઘી સાકર સાથે લેવાનું જણાવ્યું. આ ઉપચાર વિપરીત પડતા આખા શરીરે દાહ ઉઠ્યો અને ચામડી કાળી પડી ગઇ. બીજા વૈદ્યને બતાવતા એણે કહ્યું કે, આ તો ખોટો ઉપચાર થયો છે. બીજી દવા આપીને એણે વ્યાધિ શમાવ્યો.

દાહનો વ્યાધિ તો શાંત થયો, પણ અઢી તોલા મરી પેટમાં જવાને કારણે પિત્તનો કાયમી પ્રકોપ ઘર ઘાલી ગયો ને તપશ્ચર્યા માટે શરીર નકામા જેવું બની ગયું. આ પછી અવારનવાર કોઇને કોઇ રૂપે પિત્તના પ્રકોપનો વ્યાધિ પોતાનો પરચો બતાવવા માંડ્યો. ૧૯૭૩માં અમદાવાદ તરફ વિહાર નક્કી થયો, તબિયત જોઇએ એટલી સારી ન હોવાથી આ સમાચાર અમદાવાદમાં બિરાજમાન પૂ. બાપજી મહારાજને મળતાં એમના દબાણથી વિહારમાં ડોળી સાથે રાખવામાં આવી, પણ શ્રી રામવિજયજી મહારાજ ડોળીનો ઉપયોગ કર્યા વિના જ વડીલોની સાથે અમદાવાદ વિદ્યાશાળા પધાર્યા.

એક સારા વૈદ્યે તબિયત જોઇને વડીલોને ખાનગીમાં કહ્યું: શ્રી રામવિજયજી મહારાજના શરીરમાં એવો વ્યાધિ ઘર ઘાલી ગયો છે કે, આ મહારાજ છ મહિનાથી વધુ જીવશે નહિ. વૈદ્યની આ વાત સાંભળીને બધા વડીલો ચિંતિત બની ગયા. એમાં એક અનુભવી ડોક્ટરનો ભેટો થતા એણે કહ્યું: એક છેલ્લો પ્રયોગ છે, ૬૦૬નું એક ઇંજેક્શન આ મહારાજ લે, તો દાહ ચોકકસ શાંત થઇ જાય, પણ આ ઇંજેક્શન ચાલીસ મિનિટ સુધી ચાલે. ઇંજેક્શન લીધા બાદ સતી ભયંકર દાહ પેદા થતા તૃષા

લાગે. પણ પાણીનું ટીપું પણ આપવાનું નહિ. જો આટલી તૈયારી હોય, તો હું અખતરો અજમાવું.

વડીલોએ લાંબી વિચારણા કરીને આ પ્રયોગ અજમાવવાનું નક્કી કર્યું. શ્રી રામવિજયજી મહારાજે કહ્યું કે, આ રીતે જ વ્યાધિ જતો હોય, તો દાહ-તૃષાને સહન કરી લેવાની મારી તૈયારી છે.

આ પ્રયોગ સફળ થયો. શ્રી રામવિજયજી મહારાજે ખૂબ જ સમતાથી ઈંજેકશન લીધું. બરાબર ચાલીસ મિનિટ સુધી એ ઈંજેકશન ચાલ્યું. સાંજે પ્રતિક્રમણ કર્યાબાદ શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજને શ્રી રામવિજયજી મહારાજે વિનંતી કરી કે, આપની કૃપાથી દાહનો ઉપદ્રવ હું ખમી શકીશ, એવો મને વિશ્વાસ છે. આમ છતાં કદાચ પીડા અસહ્ય બને, ત્યારે મને સમાધિ મળી રહે, એ માટે એક એક સાધુને વારાફરતી મારી ચોકી કરવા બેસાડશો. જેથી મારા હાથે કોઈ ભૂલ થવા ન પામે.

એ રાત અસહ્ય દાહ અને અસહ્ય તૃષાનો બેવડો ઉપદ્રવ પળેપળે વધતો જ રહ્યો. પણ શ્રી રામવિજયજી મહારાજે એને ખૂબ જ શાંતિથી સહન કર્યો, જેના પ્રભાવે એ દિવસથી દાહની વ્યાધિએ વિદાય લીધી એ લીધી ! જીવનના છેડા સુધી આવેલી અનેક બીમારીઓને સમતાથી વેઠીને, છેલ્લે સ્પૃહણીય સમાધિ સાથે પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સ્વર્ગવાસી બન્યા. સમાધિની આ સિદ્ધિના મૂળિયા સિનોર-અમદાવાદ આ ઘટનાથી બદ્ધમૂલ બન્યા હોય, એ શું સંભવિત નથી ?

૭ દીર્ઘ દૃષ્ટિના દાન

દૃષ્ટિના દાન મળવા પણ સહેલા નથી, ત્યાં દીર્ઘદૃષ્ટિના વરદાન મળવા તો કયાંથી સહેલા હોય ? પણ શ્રી રામવિજયજી મહારાજને નાનપણથી જ આવા વરદાન મળી ચૂકયા હતા, એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ જાણવા-માણવા જેવો છે.

૧૯૭૭ની સાલનું ચાતુર્માસ વડવા (ભાવનગરમાં) હતું ને વડીલોની નિશ્રા હતી. શ્રીરાજચન્દ્રના કેટલાક ભકતોએ 'શ્રીમદ્ રાજચન્દ્ર' નામનું એક ઉત્તમ પુસ્તક ગુરુ-નિશ્રામાં વાંચવાની ભાવના વડીલો સમક્ષ વ્યકત કરતા આ માટે સુયોગ્ય વ્યકિત તરીકેની પસંદગી સૌએ શ્રી રામવિજયજી મહારાજ પર ઉતારી. શ્રી રામવિજયજી મહારાજે રાજચન્દ્રના ભકતોને કહ્યું : આ પુસ્તકની ખામીઓ પણ સાંભળવાની તમારી તૈયારી હોય, તો મને વંચાવવા વાંધો નથી ! આ વાત માન્ય રાખવામાં આવતા પુસ્તકનું વાંચન ચાલુ થયું.

શ્રી રામવિજયજી મહારાજની દીર્ઘદૃષ્ટિ, તીક્ષ્ણબુધ્ધિ અને હાજર જવાબીએ રાજચન્દ્રના ભકતોના મન હરી લીધા. પુસ્તકમાં જે જે ખામીઓ હતી, એને સૌએ એકીમતે કબૂલ રાખી. થોડા મહિનાઓમાં એક પુસ્તક પૂરૂં થયું. સૌએ શ્રી રામવિજયજી મહારાજને વિનંતિ કરી કે,

'શ્રીમદ્ રાજચન્દ્ર-આ પુસ્તક આપની નિશ્રામાં વાંચતા અમને ઘણું બધું જાણવા મળ્યું છે. આ પુસ્તકની ખામીઓ જોતા અમને એમ થાય છે કે, આની ખામીઓ દૂર થવી જોઇએ. જેથી વાચકો ગેરમાર્ગે ન દોરવાય. તો આપ આવી ખામીઓનું સંમાર્જન કરતું લખાણ કરી આપો, તો અમે એ પુસ્તક ફરી છપાવીને પછી પ્રચારમાં મૂકીએ.'

આ વિનંતીનો જવાબ વાળતા દીર્ઘદૃષ્ટિ અપનાવીને શ્રી રામવિજયજી મહારાજે વળતી જ પળે જણાવ્યું કે, તમારી ભાવના આવકાર્ય છે. આ રીતે પુસ્તકનું શુદ્ધિકરણ થઇ જાય, એ કોને ન ગમે? આમ છતાં એક વાત તમને માન્ય હોય, તો શુધ્ધિકરણ કરી આપવાની મારી તૈયારી છે.

રાજચન્દ્રના ભકતોએ 'વાત' જણાવવાની માંગણી કરતા શ્રી રામવિજયજી મહારાજે જણાવ્યું કે, નવું પુસ્તક છપાવો, એમાં મથાળે 'શ્વે. મૂ. જૈન સંઘના એક મુનિરાજે દર્શાવેલ સુધારાઓ મુજબ આ પુસ્તક છપાવવામાં આવે છે.' આવું લખાણ મુકવાની તમારી તૈયારી હોય, તો શુધ્ધિકરણ કરી આપવા મને કોઇ વાંધો નથી.

આ વાત આવતા જ રાજચન્દ્રના એ ભકતો વિચારમાં પડયા. એમણે કહ્યું : અમે અમારા આશ્રમના કાર્યકર્તાઓ સમક્ષ આ વાત મુકીશું. અને એ કાર્યકરો જો આ વાત માન્ય રાખશે, તો આપની પાસે શુધ્ધિકરણ કરાવવા આવીશું.

શુધ્ધિકરણ કરી આપવા ઉપરાંત આવી ખાસ કલમ મૂકાવવા પાછળ પૂજયશ્રીનો આશય એ હતો કે, આ કલમ મૂકાવાથી એ વાત નકકી થઇ જાય કે, પૂર્વે આ પુસ્તકમાં ખામી-ભૂલો હતી. જેને સુધારીને છાપી હોવાથી રાજચન્દ્રનું આ એક જ પુસ્તક શાસ્ત્રીય દૃષ્ટિએ ભૂલવિનાનું છે અને બીજા પુસ્તકો શુધ્ધિકરણની અપેક્ષા રાખે છે. જો આવી કોઇ કલમ મુકયા વિના શુધ્ધિકરણ મુજબ પુસ્તક છપાવી દેવામાં આવે, તો આવો કોઇ અર્થ તારવી ન શકાય અને આ પુસ્તક શુધ્ધ હોવાથી બધા પુસ્તકોને શુધ્ધ માનવાની ભૂલના ભોગ અનેક વાચકો બની ગયા વિના ન રહે!

(૮) ઝંઝાવાતને ઝુકાવનારા

૧૯૭૬ની સાલ હતી. દેવદ્રવ્યાદિ અંગે શાસ્ત્રસિદ્ધ નિર્ણયો લેવા ખંભાતમાં

ચોજાયેલ મુનિસંમેલન અને એમાં સાત વર્ષનો સંયમ પર્યાય ધરાવતા શ્રી રામવિજયજી મહારાજને પણ મળેલાં મહત્વનાં સ્થાન માન આદિની વાતો અમદાવાદમાં જનજીભે ગવાઇ જ રહી હતી, એમાં એમનું ચાતુર્માસ વડોદાની સાથે વિદ્યાશાળામાં નક્કી થતા આખું અમદાવાદ એમની વાણીમાં રસતરબોળ બની જાય, એવું એક આંદોલન જાગ્યું.

એ જમાનામાં અમદાવાદમાં ભદ્રકાળી માતાના મંદિરે દશેરા આસપાસ પ્રતિવર્ષ બોકડાનો વધ થતો હતો. આ વધ્ય પાછળ ઘણા 'દિલ' દ્રવ્ય હતા. પણ આ વધ સામે પ્રચંડ આંદોલન ઊભું કરવામાં હજી કોઇ સફળ થયું ન હતું. આ સફળતાના અધિકારી બનવા પામ્યા : પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજ અને પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ ! ગુરુશિષ્યની આ જોડલીએ હિંસા અટકાવવા કમર કસી. સૌ પ્રથમ પ્રવચન દ્વારા જૈનોને જગાડવા પોળેપોળે પ્રવચનો ચોજાયા, બીજી તરફ પૂજારીઓ સાથે વાટાઘાટોનો દોર પણ ચાલુ રહ્યો. થોડા દિવસોમાં તો એક પ્રચંડ ઝંઝાવાતની જેમ આખા અમદાવાદમાં આંદોલનની વાતો ફેલાઇ ચૂકી.

પૂજારીઓ શરૂમાં તો ગુરુશિષ્ય સાથે વાત કરવાય તૈયાર ન હતા. પણ જ્યાં પ્રચંડ જનમતનું જાગરણ થયું, ત્યાં જ એમને વાટાઘાટો કરવા વિવશ બનવું પડયું. એમણે એક વાત એવી મૂકી કે, લાખ રૂપિયા અપાવો, તો બોકડાનો વધ બંધ કરીએ ! શ્રી રામવિજયજી મહારાજે કહ્યું : અમે કોઇ સોદો કરવા માંગતા નથી. વળી અમારી પાસે તો પાઇનો ય પરિગ્રહ નથી. માટે બીજીવાર આવી વાત ઉચ્ચારતા પણ નહિ. જો તમને અહિંસા પાલનનું કર્તવ્ય બજાવવા જેવું જણાય, તો જ બલિદાન બંધ કરજો. આ માટે જનજાગૃતિનું કાર્ય અમે કરતા રહીશું.

પૂજારીઓ અકકડ રહ્યા. આ પછી જાગૃતિનું કાર્ય ઝડપભેર આગળ વધતા અહિંસાના એ આંદોલનમાં હિન્દુ પ્રજા અને હિન્દુ સંન્યાસીઓ ઉપરાંત મુસ્લિમો પણ જોડાયા. એક દિવસ માણેકચોકમાં પચાસ હજારની પ્રચંડ માનવ મેદની ઉભરાઇ. વગર માઇકે શ્રી રામવિજય મહારાજની કર્તવ્યની હાકલ કરતી વીરવાણી સૌને સંભળાવવા એક નવો જ અભિગમ અપનાવાયો. પૂજ્યશ્રી પોતાનું ટુંક પ્રવચન પૂરું કરે, એ પ્રવચનના શબ્દો ઝીલી લઇને અન્યવકતા એ પ્રવચનને આગળ સંભળાવે. આ રીતે 'આગળ આગળ શ્રવણ' ની પદ્ધતિથી પચાસ હજારની પૂરી માનવ મેદની અહિંસાની એ આલબેલ સાંભળીને 'અહિંસા પરમો ધર્મ'નો નાદ જગાવવા એટલી બધી અધીરી બની ગઇ કે, દશેરાની આગલી રાતે એક મોટો માનવ મહેરામણ ભદ્રકાલીના મંદિરના આંગણે ઉમટી પડયો.

એ માનવ મહેરામણ જોઇને જ પૂજારીઓ ઢીલાઢેસ થઇ ગયા. અને એમણે જાહેર કર્યું કે, 'આવતી કાલથી બોકડાની બલિબંધી જાહેર કરવામાં આવે છે.' આ જાહેરાત થતાં જ આખું અમદાવાદ નાચી ઉઠયું. સૌએ નકકી કર્યું કે, વધ માટે લવાયેલા બોકડાઓનું એક સરઘસ કાઢીને અહિંસાના જયજયકારથી અમદાવ દના રાજ માર્ગોને ગજવી મૂકવા !

દશેરાની સવારે આંદોલનના અગ્રણીઓ ગુરુશિષ્ય પાસે આવ્યા. આંદોલનને વરેલી સિદ્ધિની વધામણી આપીને સરઘસમાં પધારવા એમણે વિનંતિ કરી, તો જવાબ મળ્યો કે, અમારું કર્તવ્ય પૂરું થઇ જાય છે. અમારે તો 'બલિબંધી' થી જ સંબંધ હતો. સરઘસના માન સન્માન પામવા કઇ અમે આ આંદોલન જગાડયું ન હતું. માટે સરઘસ માં અમે તો ન જ જોડાઇ શકીએ. અમારૂં કામ પૂરું થઇ ગયું. હવે તમને એમ લાગતું હોય કે, આ સરઘસ દ્વારા અહિંસાનો જયનાદ વધુ ફેલાઇ શકે એમ છે, તો તમે સરઘસમાં જોડાઇ શકો છો.

અહિંસાના આંદોલન–અભિયાનને મળેલી આ સિદ્ધિ પછી ગુજરાતના ગામડે ગામડે અનુપમરીતે ગવાઇ અને છવાઇ ગયેલા શ્રી રામવિજયજી મહારાજના નામ કામને વખાણવાને બદલે અહિંસાના ફિરસ્તા તરીકે ગવાતા, ગાંધીજીએ વખોડતા એવી પ્રતિક્રિયા વ્યકત કરી કે, 'બલિબંધી' કરાવીને તો શ્રી રામવિજયજી મહારાજે પૂજારી-ઓના પેટ પર પાટું માર્યું છે.

ગાંધીજીના આ વિકૃત વિચારનો શ્રી રામવિજયજી મ. સચોટ જવાબ વાળ્યો. આ પછી અમદાવાદના એક જૈન ઉદ્યોગપતિએ પોતાના બંગલાના કંપાઉન્ડમાં સાઠ કુતરાઓને સંવત્સરી જેવા મહાન દિવસે મારી નંખાવ્યા. ગાંધીજીએ આ હિંસાની તરફેણ કરતા વિચારો વ્યકત કરતા શ્રી રામવિજયજી મહારાજને થયું કે, આંધીની જેમ ફેલાતા ગાંધી–વિચારોને જડબાતોડ જવાબ આપીને સંઘ અને સમાજને સાચો માર્ગ દર્શાવવો જ રહ્યો. એમની લાલબત્તી સમી આ પ્રવૃત્તિ સામે સોળ લેખો લખવાની જાહેરાત સાથે એક લેખમાળાનો પ્રારંભ ગાંધીજીએ પોતાના 'નવજીવન' પત્રમાં કર્યો. પણ લેખ પ્રગટ થાય, એ જ દિવસે પૂજયશ્રી વ્યાખ્યાનમાં એવો સચોટ પ્રતિકાર આપવા માંડયા કે, એ લેખોની કોઇ એવી અસર ઊભી થવા ન પામી, એથી હતાશ થઇને આઠ લેખોમાં જ એ લેખમાળા પૂરી કરવાની ગાંધીજીને ફરજ પડી. આવા બધા નિમિત્તોથી ગાંધીજીને ઘણાખરા ખરેખરા સ્વરૂપમાં ઓળખી ગયા અને એમની સાબર-મતી આશ્રમ આદિ પ્રવૃત્તિઓ માટે મળતા દાનને મોટો ધકકો પહોંચ્યો. એક વખત

ગાંધીજીએ પ્રવચનમાં હાજર રહેવાની ભાવના દર્શાવતા પૂજ્યશ્રીએ જવાબમાં જણાવ્યું કે, ધર્મ સિવાયની કોઇ વાત ન કરવાની શરતે આવી શકો છો ! પણ ગાંધીજી આવી શરત સ્વીકારે ખરા ? ગાંધીજી તો સભામાં ન આવ્યા, પણ ગાંધી ભક્તો જરૂર આવતા થયા ને સાચું સમજીને સત્યને સ્વીકારનારો વર્ગ ધીમે ધીમે વૃદ્ધિ પામતો ગયો.

આ જ ચાતુર્માસ દરમિયાન અભક્ષ્ય ખાનપાનની વિરુદ્ધમાં પોળેપોળે પ્રવચનો યોજાયા. શ્રી રામવિજયજી મહારાજની વાણીથી એવી તો જંગી-જાહેર અસર પેદા થવા પામી કે, એ સમયની મહાલક્ષ્મી-ચન્દ્રવિલાસ જેવી પ્રખ્યાત હોટેલોમાં દૂધની ખપત સત્તર મણથી ઘટીને માંડમાંડ બે ત્રણ મણ સુધીની થઇ જવા પામી.

સરદાર વલ્લભભાઇ પટેલ જેવાના મગજમાં પણ હોકાના માથા ફેરવી શકનારી શક્તિના સ્વામી તરીકે શ્રી રામવિજયજી મહારાજ પ્રતિષ્ઠિત થઇ જતા તેઓ અવાર-નવાર પ્રવચનમાં આવતાં થયા. એકવાર એમણે વિનંતિ કરી કે, અસહકાર કે સ્વરાજ્ય ની ચળવળ પણ ધાર્મિક બાબત જ ગણાય. આપના જેવા સમર્થ જૈનમુનિ જો આ હિલચાલમાં રસ દાખવે, તો પ્રજામા માં જાગૃતિનો જુવાળ આવ્યા વિના ન રહે.

જરાય શેહશરમમાં તણાયા વિના શ્રી રામવિજયજી મહારાજે સરદાર વલ્લભ-ભાઈને કહ્યું કે, જે દિવસે મને આવી પ્રવૃત્તિઓમાં 'ધાર્મિકતા'નું દર્શન થશે, એ દિવસે કોઇના આમંત્રણની અપેક્ષા રાખ્યા વિના એક ધર્મગુરુ તરીકે પ્રજાને જાગૃત કરવાનું કર્તવ્ય અદા કર્યા વિના હું નહિં રહું. પણ આજે તો આવી ચળવળોમાં મને ધાર્મિકતાનો છાંટો ય દેખાતો નથી.

આમ, અમદાવાદનું આ આખું ય ચાતુર્માસ એક એકથી સવાઇ સિદ્ધિઓ હાંસલ કરાવનારું ચાતુર્માસ સાબિત થયું. ગાંધીવાદ ત્યારે એક આંધીની જેમ ફેલાઇ રહ્યો હતો, જૈનસંઘને આવી આંધીથી બચાવી લેવાનું કર્તવ્ય ધર્મગુરૂ તરીકે શ્રી રામ-વિજયજી મહારાજે એવી બહાદુરી પૂર્વક એ દિવસોમાં અદા કર્યું કે, એ આંધી હજી ય જૈન સંઘને અકડાવી શકી નથી. માત્ર ચોવીસ વર્ષની વય ધરાવતા એ વખતના શ્રી રામવિજયજી મહારાજના સિંહનાદ આજે ય અમદાવાદની પુરાણીપેઢીના કાનમાં ગુંજી રહ્યા હોય, તો એ નવાઇ પામવા જેવું ન ગણાય !

૯. અમીરવંતી નીડરતા

૧૯૮૩નો સાલમાં પૂ. આ. શ્રી કાનસૂરીશ્વરજી મહારાજ આદિ સપરિવાર ચાતુ-

માસાર્થે ખંભાતની ભૂમિને પાવન કરવા પધાર્યા. શ્રી રામવિજયજી મહારાજની ધર્મદેશનાના ધ્વનિ સંપૂર્ણ શહેરમાં જાદુઇ આકર્ષણ જન્માવી ગયા. એ વર્ષમાં અતિવૃષ્ટિ એટલા બધા મોટા પ્રમાણમાં થવા પામી કે, લોકરાહત માટે ફંડ ઊભું કરીને મદદકાર્ય હાથ ધરવાની આવશ્યકતા અધિકારી વર્ગને જણાઇ. સૌએ વિચાર કર્યો કે, શ્રી રામવિજયજી મહારાજની પ્રવચન સભામાં જઇને ટહેલ નાખીશું, તો સારામાં સારો ફાળો નોંધાઇ જશે.

અધિકારીઓનું એક મોટું જુથ ભેગું મળીને શ્રી રામવિજયજી મહારાજને મળ્યું એમની બધી વાત સાંભળ્યા બાદ પૂજ્યશ્રીએ કહ્યું : પ્રવચન બાદ તમે તમારી રજુઆત કરી શકો છો. અધિકારીઓનું મોટું જુથ પ્રવચન સભામાં ગોઠવાઇ ગયું. પોતાના પ્રવચનમાં પૂજ્યશ્રીએ પ્રસંગોચિત અતિવૃષ્ટિની પરિસ્થતિનું વર્ણન કરીને કર્તવ્ય બજાવવાનો સદુપદેશ સભાને આપ્યો. પછી અધિકારીઓએ પણ પરિસ્થિતિ દર્શાવી અને ફંડ શરૂ થયું. નાનકડા ગણાતા જૈનસંઘની અપેક્ષાએ એ ફંડ નાનુ ગણાય એવું ન હતું. પણ અધિકારીઓ તો ઘણી જ મોટી આશા રાખીને આવ્યા હોવાથી એમણે ટીકા કરતા જણાવ્યું :

'જૈનો તો ઓચ્છવ-મહોત્સવોમાં જ પૈસા ખરચી જાણે. માનવસેવાના આ અવસરે અમે તો ખૂબ જ મોટી આશા સાથે અહીં આવ્યા હતા. વિશ્વાસ રાખ્યો હતો કે, અમારી ઝોળી છલકાઇ જશે. પણ ઝોળી હજી અધૂરી હોવાથી અમે પ્રવચનકારશ્રીને વિનવીએ છીએ કે, હવે તેઓ જૈનસમાજને માનવસેવાનો પણ મહિમા બતાવે.'

આ ટીકા સાંભળીને મૌન રહે, તો એ શ્રી રામવિજયજી મહારાજ શાના ? જૈનસંઘની સાવ ગેર વ્યાજબી ટીકાનો જવાબ વાળતા એઓશ્રીએ જણાવ્યું કે, સંખ્યામાં થોડા હોવા છતાં જૈનોનું દાન દરેક ક્ષેત્રે ઝળહળતું જ રહેતું આવ્યું છે. અને માનવ સેવાની વાતો કરનારો આજનો મોટો વર્ગ તો લગભગ પારકે પૈસે જ તાગડધિન્ના કરતો હોય છે. જૈનોની સંખ્યાની દૃષ્ટિએ આ ફંડ કંઇ નાનું ન ગણાયું છતાં તમે આવી ટીકા કરો, એ કોઇ રીતે યોગ્ય નથી. જે વર્ગ ધર્મશ્રદ્ધાળુ છે અને પ્રભુભક્તિના મહોત્સવો કરે છે, એ જ વર્ગ આવા વખતે પોતાનો પૈસાનો ભંડાર ખુલ્લો મુકતો હોય છે. બાકી બચેલો-ગયેલો વર્ગ તો સૂકિયાણી સલાહો આપવામાં જ કૃતિકર્તવ્યતા માનનારો હોય છે, આવો અમારો અનુભવ છે. તમે બધા જોકે આવી જમાતના નહિ જ હો. તમે બધા નેતાઓ જો આ પ્રસંગે મહિના મહિનાને પગાર આ ફંડમાં આપી દો, તો લીલા દુકાળની અસર ધોવાઇ જાય ! જૈનોએ નોંધાવેલા રકમનો

આંકડો જો તમને ઓછો જ જણાતો હોય, તો અમારો આ સંઘ લખાવેલી રકમને ભેવડાવી દેવાનું કર્તવ્ય અદા કરવામાં જરાય માછી પાની કરે એમ નથી. એમ મને લાગે છે, પણ બોલો, તમે જેટલા અહીં હાજર છો, એટલા અધિકારીઓ પણ મહિના મહિનાનો પગાર ધરી દેવા તૈયાર છો ખરા ?

પૂજયશ્રીની આ વાણીને સફળ કરવા જૈનસંઘે નોંધાવેલ રકમ વિના વિલંબે ભેવડાવી દીધી. એથી અધિકારીઓમાં ગાલ પર એવી થપ્પડ પડી કે, બધા ઢબાઈ જ ગયા. જૈનસંઘની ઉદારતા જોવા છતાં માત્ર એક મહિનાનો પગાર આપવાની યોગ્ય વાતને તેઓ અમલમાં ન મૂકી શકયા, જૈનોનું ધસાતું બોલેલા એ આગેવાનો જયારે સભામાંથી વિદાય થયા, ત્યારે એમના મોંમાથી શબ્દો સરી પડયા :

'આવી નીડરતા આજે પહેલીવહેલી જ જોઈ ! ખરેખર પૈસા તો વેપારીઓ જ અને એમાં પણ જૈનો જ ખરચી જાણે ! એમની સાથે ડોડમાં ઉભા રહેવાનું આપણું તો ગજું જ નહિ !'

રાજકીય અધિકારીઓના પડછાયાથીય ડરવાની નામદાઈ અને નેતાઓના પગ પૂજવાની ભાટાઈ આજે જયારે વધતી જતી જાય છે, ત્યારે આ પ્રસંગમાંથી પડઘાતો બોધપાઠ આવકારવા જેવો નથી શું ?

૧૦. અપીલને અયોગ્ય દલીલ

૧૯૮૪ની સાલ. સુરત શહેર અને ટાઉનહોલ. શ્રી રામવિજયજી મહારાજનું પ્રવચન હકડેઠઠ ઉભરાયેલી મેદની વચ્ચે ચાલી રહ્યું હતું. કોલેજિયનોની સંખ્યા ખૂબ જ મોટી હતી. પ્રશ્નોની ઝડી વરસી રહી હતી. પણ જે જવાબો મળતા, એથી ઘણા ઘણાના કાળજાની કમાડ ખુલી જતા. જિજ્ઞાસુઓના એ સમૂહમાં એક પ્રશ્નકાર એવો પણ ઘુસી ગયો હતો કે, જે પ્રવચનકાર સૂંઘવી મારવા માંગતો હતો. એણે આવુ વિષયની મર્યાદા તોડીને એક વિચિત્ર જ પ્રશ્ન રજૂ કર્યો:

"કોઈ માણસ ભૂખ્યો-તરસ્યો હોય અને જૈન સાધુ ગોચરી-પાણી લઈને આવતા હોય, તો ભૂખના દુઃખથી ટળવળતા માણસને ભિક્ષામાંથી જૈન સાધુ કાંઈ આપી શકે કે નહિ ?"

ખલખલાને મુંઝવી મારે એવા આ પ્રશ્નનો જવાબ બાળતા વળવી જ પળે શ્રી રામવિજયજી મહારાજે જણાવ્યું કે, પ્રશ્નકારને કદાચ ખબર નહિ હોય કે, જૈનશાસનમાં ગોચરી લેવા જવાનો અધિકારી કોણ છે, સાધુપણાના કપડા પહેર્યા અને પાત્રા હાથમાં આવી ગયા, એટલા માત્રથી ભિક્ષા માટે નીકળવાની લાયકાત આવી જતી નથી. ગોચરીનો અધિકાર મેળવવા પણ શાસ્ત્રોનો અભ્યાસ કરવો જરૂરી છે. શાસ્ત્રાભ્યાસ

કરીને જે ગીતાર્થ બને, એ જ ગોચરી લેવા જવાનો અધિકારી ગણાય. આવો ગીતાર્થ પરિસ્થિતિ જોઇને જે કોઇ પગલું ભરે, એ શાસ્ત્રાજ્ઞાને અનુરૂપ જ હોય. એથી પ્રશ્નકાર જણાવે છે, એવી કોઇ પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે શાસ્ત્રાજ્ઞાને અનુરૂપ જણાય, એવું પગલું લેવાની ગીતાર્થને આજ્ઞા છે.

આવો તર્કબદ્ધ જવાબ આપ્યા બાદ પૂજ્યશ્રીએ પછી એ વાત સમજાવી કે, જૈનસાધુને ભિક્ષા આપનારો વર્ગ કયા ઉદ્દેશથી ભિક્ષા આપે છે, એ સમજી લેવા જેવું છે. ભિક્ષા આપનારનો ઉદ્દેશ એક એ જ હોય છે કે, મારી આ ભિક્ષા રત્નત્રયીના આરાધક સાધુઓના ઉપયોગમાં જ આવવી જોઇએ. જેમ જે નાણાં જે ટ્રસ્ટને જે ઉદ્દેશથી અપાયા હોય, એ નાણાં એ ઉદ્દેશ મુજબ જ વપરવા જોઇએ. બીજા જ કોઇ ઉદ્દેશની પૂર્તિ માટે એ નાણાં વાપરનારો જેમ ગુનાપાત્ર ગણાય છે, એમ ધર્મ-ભિક્ષાનો દુરૂપયોગ કરનાર સાધુ પણ જૈનશાસ્ત્રોનો ગુનેગાર જ બને છે.

એકવાર પ્રવચનમાં એ વિષયની છણાવટ ચાલી રહી હતી કે, સિદ્ધાંતનો જાણકાર જો સત્યનો આગ્રહી ન હોય, તો બીજો કોણ હોય ?

એકતાને આવકારનારા, સત્યને બાજુ પર મૂકીને પણ સમાધાન સાથે સ્નેહ ધરાવનારા થોડાક શ્રોતાઓ એ સભામાં હાજર હતા. એમાંથી એકે પ્રશ્ન કર્યો:

"સાહેબ ! આપ તો જ્ઞાની છો, જ્ઞાનીએ તો આવો આગ્રહ ન જ રાખવો જોઇએ. દીર્ઘાતિક પકડ રાખવાથી જો સમાજમાં સંઘર્ષનું વાતાવરણ પેદા થતું જણાય, તો અમારા જેવા અજ્ઞાની ભલે આગ્રહ રાખે, પણ જ્ઞાનીએ તો ઢીલું મૂકી દેવું ન જોઇએ શું ?

શ્રી રામજવિયજી મહારાજે પ્રશ્નકારની વાતને લક્ષમાં જ જવાબ વાળતા કહ્યું : તમે પોતે જ જ્યારે તમારી જાતને અજ્ઞાનીમાં અને અમને જ્ઞાનીમાં ખપાવો છો, ત્યારે તો સત્યનો આગ્રહ રાખવાની અમારી જવાબદારી અનેક ગણી વધી જાય છે. અજ્ઞાની તો અજ્ઞાનના કારણે દૂધમાં ને દહીંમાં પગ રાખે ને એકતા સાચવવા સત્યને છેહ દે, એ હજી અક્ષમ્ય ન ગણાય, પણ જ્ઞાની જો જ્ઞાનનો પ્રકાશ મળ્યા પછી પણ દૂધ દહિયે રહે અને સાચા-ખોટામાં પગ રાખે, તો તે કઇ રીતે ચાલી શકે ? તમે તમારી જાતને અજ્ઞાની માનો અને છતાં અજ્ઞાનથી પકડાયેલી ખોટી વસ્તુને કદાગ્રહ પૂર્વક પકડી રાખો છો, તો અમારે જ્ઞાનથી જચી ગયેલી વસ્તુનો આગ્રહ રાખવો જ જોઇએ ને ? માટે તમારી દૃષ્ટિએ ય જ્ઞાની તરીકે અમારાથી ઢીલું કેમ મૂકી શકાય ?

સારી એકતા કેવી હોય ? એકતા કયારે થાય, કોની સાથે થાય અને કઇ રીતે

થાય ? આ વિષય પર ખૂબ જ તલસ્પર્શી એ પ્રવચન ચાલી રહ્યુ હતું. વાત વ્યાજબી હોવા છતાં આંધળી એકતાના એક આરાધકથી ન રહેવાયું એણે પથરો નાંખતા પૂછયું: સાહેબ ! સાવરણી પણ કચરો ત્યારે જ સાફ કરી શકે છે, જો એની સળીઓ વચ્ચે એકતા હોય, છૂટી સળીઓથી કચરો સાફ થઇ શકતો નથી, એ સળીઓ જ્યારે એકતાના તાંતણે બંધાય છે, ત્યારે જ સાવરણી તરીકે પોતાનું કાર્ય બજાવી શકે છે.

માથું ખંજવાળવું પડે, એવા આ પ્રશ્નનો હાજર જવાબ આપતા શ્રી રામવિ. મ. વળતી જ પળે કહ્યું: આપ્રશ્નકારને ખબર નથી લાગતી કે, કેવી સળીઓ વચ્ચે એકતા હોય, તો કચરો નીકળે. જે સળીઓ તુટેલી હોય, એનું સ્વરૂપ જ એનામાં શોધ્યું જડતુ ન હોય, એવી સળીઓ બાંધીને જો કચરો કાઢવામાં આવે, તો એ સાવરણી જ ઉપરથી કચરો વધારવામાં નિમિત બને. જૂનો કચરો તો પડયો જ રહે, ઉપરથી નવો કચરો પેદા થાય, અને એની સફાઇ માટે સારી સાવરણી લાવવી પડે, જે સળીઓ સારી હોય, મજબૂત હોય, એને જ એકદોરે બાંધવામાં આવે, તો આવી એકતા કચરો દૂર કરી શકે. આવી એકતાના તો અમે પ્રખર હિમાયતી છીએ: સુદેવ-સુગુરુ–સુધર્મને જે સમર્પિત હોય, એ પરપ્રાંતીય, પરદેશીય અને પરગચ્છીય ગણાતો હોય, તો ય એની સાથે એકતાના દોરે બંધાવા ભગવાનનો ભકત તૈયાર જ હોય જેનામાં આવું સમર્પિતતા ન હોય અને જે સ્વપ્રાંતીય, સ્વદેશીય, અને સ્વગચ્છીય ગણાતો હોય, તો ય એની સાથે ભળવામાં ભગવાનના ભકતને પોતાનું ભકતપણું કલંકિત થતું લાગતું હોય. આવા અસમર્પિતો વચ્ચે જેમજેમ એકતા થતી જાય, તેમ તેમ શાસનમાં કચરો જ વધતો જાય.

આ દલીલ સાંભળીને સૌના દીલ આનંદી ઉઠયા. જેની સામે કોઇ જ અપીલ ન એવી આ દલીલ હતી.

(૧૧) એકે હજારાં

આંધીને પણ અટકાવી શકાય છે, પણ જો હૈયામાં હિંમત હોય તો ! પવનની લેરખી પણ આપણને અટકાવી શકે છે, પણ જે યુદ્ધમાં જેની કિંમત ગણાય, એવી હિંમત હૈયામાં ન હોય તો !

૧૯૮૫ ની સાલના ચાતુર્માસ માટે વડીલોની સાથે શ્રી સમવિજયજી મહારાજ સુરતથી મુંબઇ તરફ આગળ વધ્યા. સિંહનું નામ સાંભળીને સસલા ફફડી ઉઠે, એમ આ સમાચાર મુંબઇમાં ફેલાતા જ શાસનને અસમર્પિત વર્ગ ફફડી ઉઠયો. એ વર્ગને થયું કે, મુંબઇમાં જો શ્રી રામવિજયજી મહારાજ આવશે, તો આપણી સુધારાની વાતો-

ના ગોટલા ને છોતરાં ઉખેડી નાખ્યા વિના નહિ રહે.

જેની પાસે શેકેલો પાપડ ભાંગવા જેટલી પણ તાકાત ન હોય, એ પણ સિંહને હંફાવવાની અફવાઓ ફેલાવી શકવાની તાકાત તો ધરાવતો જ હોય છે. શ્રી રામ વિ. મહારાજ માટે સુધારાવાદી વર્ગે એવી એવી અફવાઓ અને એવા એવા ભયોની વાતોનુ વાવાઝોડું ફેલાવી દીધું કે, અમદાવાદમાં બિરાજમાન પૂ. આચાર્યદેવશ્રી સિદ્ધિસૂરિજી મ. (પૂ. બાપજી મ.) અને પૂ. આ. શ્રી મેઘસૂરિજી મ. જેવા સાત્વિક પુરુષે પણ ગભરાઈ ઉઠયા એમણે તારા દ્વારા એવા સમાચાર કહેવડાવ્યા કે, 'મુંબઈ જવાનું હાલ માંડી વાળો, ગુજરાત તરફ પાછા વળો.'

આ તાર મળ્યો, ત્યારે સૌ અંધેરી પહોંચી ગયા હતા. મુંબઈના વાતાવરણમાંથી ઉડતી ઉડતી જે અફવાઓ આવતી હતી, એથી શ્રી દાનસૂ મ. પણ થોડ. વિચલિત થઈ ગયા હતા અને એવા વિચારવાળા બની ગયા હતા કે, આવી આંધીની સામે પડવું, એના કરતા અંધેરી ચાતુર્માસ પતાવીને પાછા ફરી જવું, આ જ ડહાપણભર્યું ગણાય. અંતરમાં આ વિચાર ઘોળાતો તો હતો જ. એમાં વળી અમદાવાદથી તાર આવ્યો, એથી બધા સાધુઓને વિચારણા માટે ભેગા કરવામાં આવ્યા. મુંબઈમાં પ્રવેશ કરવાથી જે જે આપત્તિઓ આવવાની સંભાવના હતી, એની જ વિચારણા એ રીતે ચાલુ થઈ કે, ત્યાં બેઠેલા શ્રી મંગળવિજયજી મ.ને થયું કે, આ નાવડું કદાચ કિનારે આવીને ડૂબી જશે !

શ્રી રામવિ. મ. ને દીક્ષા આપવાની હિંમત કરનારા શ્રી મંગળવિ. મ. ખુમારી પૂર્વક વળતી જ પળે સૌને કહ્યું; 'યુદ્ધ જાહેર થતા સેનાપતિ બધા સૈનિકોને ભેગા કરે અને પાનો ચડાવવાની જેવી વાતો કરે, એવી આપણી આ મિટિંગ બનવી જોઇએ પાછા પગલા ભરે એ રજપૂત નહિ. આપણને સૌને એકે હજારા જેવા શ્રી રામવિ. મ. પર વિશ્વાસ હોવો જોઈએ. આ સિંહનો એક સાદ થતા જ બધા સસલાઓ ઊભી પૂંછડીએ ભાગી જવાના છે ! એટલું ભૂલ્યા વિના આપણે આપણી વિચારણાને આગળ વધારીએ, એવી મારી વિનંતી છે.'

શ્રી મંગળવિ. મ. ની આ વીર વાણી સાંભળતા જ સૌના હૈયામાં હિંમતનો સંચાર થયો અને હિંમતભેર મુંબઈમાં પ્રવેશવાનું નક્કી થયું. એથી અનેક અફવાઓ, અટકળો અને લમણાઓના અંધાર ઘેરા પડદાઓમાં ઊભા ચીરા મૂકતું મુંબઈ તરફનું એ પ્રયાણ જેમ જેમ આગળ વધતું ગયું, એમ એમ સ્વાગતના સૂરોની જેમ વિરોધના વાવટા પણ વધુ સૂસવાટા બોલાવવા માંડયા. મુંબઈ લાલબાગમાં પ્રવેશવાના દિવસે તો

વિરોધીઓ રહ્યવાયા બનીને સામૈયાના માર્ગ પર કાચ વેરવા સુધીની વિટ્ટાઇ કરીને જ જંપ્યા, પણ ત્યારે જેમ કાચ વેરનારા હયાત હતા, એમ એ કાચના એ કટકાઓને હાથ લોહી-પરડયા થાય, તો ય તેને દૂર ફગાવનારા હકતોનીય ભીડ હતી.

શ્રી રામવિ. મ. ની પૂરી સુરક્ષા ઓઢીને ગ્રે સ્વાગત, વિરોધીઓની બધી મુરાદોને માટીમાં મેળવીને લાલબાગમાં ઠેકઠેકમ પહોંચ્યું, ત્યારે સૌનો આનંદ નિરવધિ બન્યો. એ પહેલી જ ધર્મદેશનામાં શ્રી રામવિ. મ. જે જે અમૃત વરસાવ્યું, એથી ઘણા ઘણાના હૈયા સંતૃપ્ત થઇ ગયા, અને ઘણોખરો વિરોધ શાંત થઇ ગયો.

ચોરાસી બંદરના વાવટા તરીકેની ખ્યાતિ ધરાવનારૂં મુંબઇ અને એમાં ય વળી મુંબઇનું ધર્મકેન્દ્ર ગણાતું લાલબાગ ! મુંબઇ લાલબાગની પાટેથી શ્રી રામવિ. મ. જે સત્યનું મંડન કરતી અને અસત્યનું ખંડન કરતી એવી ધર્મવાણી વહાવી કે, એના પડઘા ચોમેર ઘુમી વળ્યા. મુંબઇના આ ચાતુર્માસ દરમ્યાન અનેકાનેક જાતના ઝંઝાવાત જગવતા પ્રશ્નો જન્મ્યા પણ એ પ્રશ્નોની આગમાં તો શ્રી રામવિ. મ.ની સુવર્ણસમી વાગ્ધારા વધુ તેજસ્વી તરીકે ઉત્તીર્ણ બનીને બહાર આવી. આ વર્ષથી માત્ર છ મહિનાના ધ્યેય સાથે પ્રકાશિત થયેલું સાપ્તાહિક 'જૈન પ્રવચન' પૂરા ૪૬ વર્ષ સુધી અંખડ ચાલ્યું, અને આ પર ઘણાના દિલ પરિવર્તનનું પ્રેરક બની રહ્યું.

મહાવીર વિદ્યાલયની અશાસ્ત્રીય પ્રવૃત્તિઓનો વિરોધ આદિ અનેક ચર્ચાત્મક પ્રશ્નોથી આ ચાતુર્માસ ભરચક રહ્યું. ૧૯૮૫-૮૬ના મુંબઇમાં થયેલ બંને ચાતુર્માસો અનેક રીતે ઐતિહાસિક બન્યા. બીજા ચાતુર્માસમાં પૂ. શ્રી રામવિ. મ.જે ભગવતી સૂત્રના છ મહિનાના યોગોદ્વહન પૂર્વક શાસનની રક્ષા-પ્રભાવનાની પ્રવૃત્તિ ચાલુ રાખી. ૧૯૮૭ કાર્તિક વદ ત્રીજે તેઓશ્રીને ગણિ-પંન્યાસ પદારોપણ થયું. અંધેરીના સુપ્રસિદ્ધ ઉપધાન તપની આરાધના પૂર્ણ થયા પછી સૌએ ગુજરાત તરફ વિહાર લંબાવ્યો.

મુંબઇની પ્રવચન-પ્રભાની આખા ગુજરાત ઉપર પણ અસર ઊભી કરી ગઇ હતી, એથી અનુયાયીની જેમ વિરોધી વર્ગ પણ ઠેરઠેર વૃદ્ધિ પામ્યો હતો. ભાવનગર, લીંબડીમાં પ્રવેશ ટાણે દીક્ષા વિરોધીઓએ એટલી હદ વાતાવરણ બગાડી મૂકયું કે, ન પૂછો વાત. લીંબડીના ઠાકોરને વાતાવરણની ઉગ્રતા જોઇને પં. શ્રી રામવિ. મ. સમક્ષ આવીને કહેવું પડયું કે, સાહેબ ! બારનું વાતાવરણ ખૂબ વિચિત્ર છે. પ્રવેશ કઇ રીતે થશે ?

શાંતિથી જવાબ મળ્યોઃ 'આ તો અમારા ઘરની જ ધમાલ છે, એથી થતી જતા

વાર નહિ લાગે.' સામૈયું ફરીને ઉપાશ્રયે આવ્યું. મંગલાચરણ થયા બાદ વિરોધી યુવક વર્ગે વ્યાખ્યાન અટકાવવા એવી માંગણી કરી કે, અમને અમારા પ્રશ્નોના જવાબો મળવા જોઈએ. એ વિના આ ધાંધલ-ધમાલ શાંત નહિ થાય.

પં. શ્રી રામવિજયજી મ. જે આ માંગણીનો સ્વીકાર કરતા કહ્યું કે, બપોરે બે વાગે તમને તમારા બધા જ પ્રશ્નોના જવાબ આપવામાં આવશે, બસ! યુવકો શાંત થઈ ગયા. પ્રવચન ચાલુ થયું. પ્રવચનની પૂર્ણાહુતિ થતા સુધીમાં જ વગર પૂછયે ઘણા ઘણા પ્રશ્નોના જવાબ મળી ગયા હતા. બપોરે પ્રશ્નોની ઝડી વરસી, પણ બધા પ્રશ્નોના જવાબ મળતા વિરોધીઓ મોંઢામાં આંગળા નાખી ગયાં.

આ પછી વઢવાણમાં પ્રવેશ વખતે પણ ધાંધલ ધમાલનો સિલસિલો ચાલુ રહ્યો. વ્યક્તિને જોયા-ઓળખ્યા વિના જ વિરોધ કરનારા માણસો શ્રી રામવિજયજી મ. ને જ સામેથી પૂછે કે, રામવિજયજી મ. ક્યાં છે, અમારે કાળા વાવટા બતાવીને એમનો વિરોધ કરવો છે. જ્યારે જવાબ મળે કે હું જ છું. તમે ખુશીથી વિરોધ કરી શકો છો. ત્યારે વિરોધીઓ એવી ભોંઠપ અનુભવે કે, એમના હાથમાંથી કાળા વાવટા આપો-આપ જ પડી જાય.

'હરામવિજયજી! પાછા જાવ'ના વિરોધી લખાણોને સુધારીને 'હે રામવિજયજી! ભલે પધાર્યા'ના લખાણો દ્વારા પ્રખ્યાત પાટણના એ ચાતુર્માસ પ્રવેશની રોમાંચક વાતો આજે ય પાટણના વાતાવરણમાં ઘૂમરાઈ રહેલી છે. આમ, મુંબઈની શાસન પ્રભાવના પછીનો એ કાળ પૂ. પં. શ્રી રામવિજયજી મ. માટે એક તરફ ભક્તોની વૃદ્ધિ કરાવનારો, તો બીજી તરફ વિરોધના વાતાવરણને વધુ વ્યાપક બનાવનારો પણ બની રહ્યો!

૧૨. સાદ પડે રજપૂત છૂપે નહિ.

૧૯૯૦ના ખંભાત ચાતુર્માસ પછીનો સમય હતો. પૂ. આ. શ્રી હાન સૂ. મ. આદિ ખંભાત રોકાયા અને પૂ. પં. શ્રી રામવિજયજી ગણિવર આદિ મુનિવરો ખંભાત આસપાસના નાર, પેટલાદ, ધર્મજ આદિ ગામોમાં વિચરણ કરવા પધાર્યા. ગામડે ગામડે પ્રવચનો દ્વારા એવું ધર્માકર્ષણ પેદા થયું કે, જેથી જૈનો-અજૈનોથી પૂ. ની પ્રવચન સભાઓ ભરપૂર રહેવા માંડી. આ બધી વાતો વાયરે ચડીને શ્રી રાજચન્દ્ર આશ્રમ (આગાસ)ના કાર્યકર્તાઓના કાનમાં પહોંચી. એમને ભાવના થઈ કે, આવા પ્રવચનકારને આપણા આશ્રમમાં લાવવા જ જોઈએ.

કાર્યકર્તાઓ વિનંતી કરવા આવ્યા. પં. શ્રી રામવિજયજી ગણિવરને થયું કે;

આશ્રમમાં જવાનું થાય, તો તો જૈનશાસન વિરૂદ્ધ રાજચન્દ્રની જે વિચારધારા છે, એનું ખંડન કરવું, એ મારી ફરજ થઈ પડે છે. ત્યાં જવું અને હું જો સાચું ન સમજાવું, તો આશ્રમની માન્યતાને જાણે-અજાણે હું ટેકો આપનારો બની જાઉં ! માટે નાહકનો કલેશ ઉભો થાય, એના કરતાં ન જાવું સારૂં ! આવી ભાવનાથી એમણે વધુ-ચારવાર આશ્રમની વિનંતિ ટાળી. આમ છતાં જ્યારે જોરદાર આગ્રહ ચાલુ જ રહ્યો, ત્યારે પૂ. પં. શ્રી રામવિજયજી ગણિવરે કહ્યું : તમારો આટલો બધો આગ્રહ છે, એથી મને એમ લાગે છે કે, જિજ્ઞાસા બુદ્ધિથી તમે મને લઈ જવા માંગો છો, અને સત્યને જાણવાની ઉત્કંઠાનું જ બીજું નામ જિજ્ઞાસા છે, એમ સમજીને તમારી વિનંતિનો હું સ્વીકાર કરૂં છું.

આશ્રમા કાર્યકર્તાઓ ખુશ થઈ ગયા. હૈયાના ઉમળકાથી પૂજ્યશ્રીને સૌએ આશ્રમમાં પધરાવ્યા. પ્રવચનો ચાલુ થયા. પં. શ્રી રામવિજયજી મહારાજ સામાન્ય રીતે જૈન શાસનમાં ગુરૂતત્વનો મહિમા સમજાવી રહ્યા હતા, એથી સમજનાર સાનમાં બધું જ સમજી જાય, એવી એ છણાવટ હતી, છતાં સામેથી જ જ્યારે એવા પ્રશ્નો થયા, ત્યારે સ્પષ્ટ-જવાબો આપવાની ફરજ અદા કર્યા વિના પૂ. પંન્યાસજી મ. રહે ખરા ?

પૂ. પંન્યાસજી મહારાજે જ્યારે સામેથી જ પ્રશ્નો થયા, ત્યારે સૌમ્ય છતા એવી સચોટ શૈલીથી જવાબો વાળ્યા કે, જેથી આશ્રમમાં હલચલ મચી ગઈ. ત્યારે ત્યાં શ્રી લઘુરાજસ્વામી બિરાજમાન હતા. સભામાંથી જ સવાલો આવે, પછી તો સત્યનું સમર્થન કર્યા વિના રહેવાય જ કેમ ? સમર્થનની એ પળોમાં અમુક કદાગ્રહી વ્યક્તિઓ દ્વારા જ્યારે ઉગ્ર વાત વધુ સર્જવામાં આવ્યું, ત્યારે કહેવાનું બધું કહી દઇને પં. શ્રી રામ-વિ. મહારાજે અંતે એટલું જ કહ્યું કે,

'તમારો આ આશ્રમ વધુમાં વધુ અડધો માઇલમાં વિસ્તરેલો હશે ? પણ પ્રભુનું શાસન તો ભારતભરમાં ફેલાયેલું છે. વિહારમાં નાના નાના ગામડાઓમાં પણ જે જિજ્ઞાસાવૃત્તિ જોઇ, તે પણ અહીં જોવા ન મળતા દુઃખ થાય, એ સહજ ગણાય. આ આશ્રમમાં જ ધર્મ ભરાઇ પડયો છે.' એમ માનનારા થાપ ખાઇ રહ્યા છે મારા અહીં આવવાથી તમારી ઇચ્છા ફળી નથી, પણ અમે કાંઇ ભાટ કે ભાંડ નથી. અમે તો પ્રભુ-માર્ગના દેશક છીએ. તેથી વિપરીત તમારી આશા હોય, તો તે ન ફળે, એમાં મારો કે પ્રભુશાસનનો દોષ નથી. આજની કટોકટીને પળે હું ભય કે માનને આધીન તણાઇને સાચું ન બોલ્યો હોત, તો હું મારા આત્માને અને મારા ધર્મને ઠગનારો સાબિત થાત, પણ અવસર આવતા હું આટલું કહી શકયો છું; તેથી મગરૂરી અનુભવું છું અને ભવોભવ આવી સ્થિતિ મળો, એમ હું ઇચ્છું છું.'

સત્યના આ સમર્થનની વાતો જ્યારે 'વીર શાસન' આદિ પત્રો દ્વારા વધુ ફેલાવો પામી, ત્યારે શાસનસમર્પિત આરાધકોના આનંદનો પાર ન રહ્યો. સાચું કહેવાના અવસરે આડુંઅવળું બોલનારા કે મૌન રહેનારા કેટલાક સાધુઓની ત્યારે બોલબાલા હતી, જેથી આવી પળે સત્યના આવા સમર્થકનું દર્શન પણ ઘણા ઘણાને આનંદિત કરી મૂકે, એમાં શી નવાઈ?

આ પ્રસંગે ૧૯૮૭ની સાલમાં અમદાવાદમાં ચૈત્ર વદ ૧૪ મળેલા દેશવિરતિ આરાધક સંઘના અધિવેશનમાં પાંચસો પૌષધ ધારકોથી શોભતી સભામાં પૂ. પંન્યાસજી મ.જે ઉચ્ચારેલી વીરવાણીની સૌને સ્મૃતિ થઈ. ત્યારે તેઓશ્રીએ ખુમારી સાથે કહ્યું હતું કે,

'આભ અને પાતાળ એક થાય, ગમે તેવા ને ગમે તેટલાં કલંક અમારા માથે ચઢાવવામાં આવે; ગમે તેટલી કનડગત થાય, તો પણ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ એક કદમ પણ અમે નહિ ભરીએ કે આવા વર્ગમાં અમે નહિ ભળીએ, પ્રભુ-માર્ગના વિરોધીના-પગમાં માથું મુકીને જીવવાનું અમે હરગીઝ પસંદ નહિ જ કરીએ. પ્રભુ આજ્ઞાની ખાતર અમે એકલા પડી જઈએ, તો ય શો વાંધો છે? આ વાત હું ખુલ્લી ચેલેન્જ રૂપે જાહેર કરતા ડરતો નથી.'

સાદ પડે જેમ રજપૂત છૂપો ન રહી શકે, એમ શાસનની રક્ષાના પ્રસંગ આવતા શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. ધનુષ્યના રણટંકાર સમા આવા પડકાર કર્યા વિના કયાંથી રહી શકે?

૧૩. માતા સમરથની સમર્થ સહાય

વિક્રમ સંવત ૨૦૨૬ ની સાલનું વાતાવરણ ભ. શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી રાષ્ટ્રીય ઉજવણી અંગેના વિરોધથી વ્યાપ્ત હતું. શાસનરક્ષાની પળ ઉપસ્થિત થઈ હોય, અને શકિત હોય, તો શાસન સમર્પિત નાનામાં નાનો સાધુ પણ મૌન ન રહી શકે, તો પછી જેમના શિરે આચાર્યપદ જેવી જવાબદારી સ્થાપવામાં આવી હોય, એ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જેવી પ્રચંડ શકિત-ભકિત-વ્યકિત તો કયાંથી મૌન રહી શકે?

૨૫૦૦ મી ઉજવણીના રાષ્ટ્રીયસ્તરનો વિરોધ પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.એ શરુ કર્યો અને ઉજવણીના ઉપાસકોના પેટમાં તેલ રેડાયું. એમને થયું કે, હવે આપણા પાસા પોબાર નહિ પડે. જે ઉજવણીનું વિરોધી-વાતાવરણ પૂર્વે એક ફૂંક જેવું

જણાતું હતું, એજ વાતાવરણ આ મહાપુરુષે વિરોધનો સૂર ઉઠાવ્યો અને એક વાવાઝોડાની જેમ પૂરા જૈન જગત ઉપર ફરી વળ્યું. એથી હતાશ થયેલા એક વર્ગે આ વિરોધની વસૂલાત કરવાની તક જોતવા માંડી. પૂ. આચાર્યદેવશ્રી ત્યારે શાંતાકુઝ મુંબઇમાં ચાતુર્માસ બિરાજમાન હતા.

પર્યુષણના દિવસો ચાલતા હતા અને ભવ્યાતિભવ્ય શાસન પ્રભાવનાનું સર્જન થઈ રહ્યું હતું. એમાં સંવત્સરીનો સૂર્ય ઊગ્યો. કેટલાક વિરોધીઓ ભાડુતી ટોળું લઇને શાંતાકુઝના વ્યાખ્યાન હોલમાં ઘુસી ગયા અને વિના કારણ હો હા કરીને એઓએ વાતાવરણ ડહોળી નાંખ્યું. પૂ.શ્રીએ પૂછયું : તમે બધા શા માટે આવ્યા છો ? તમારો આગેવાન કોણ છે ? અને તમે શું કહેવા માંગો છો ?

આગેવાની વિનાના એ ટોળાએ જવાબ વાળ્યો : તમે નવાંગી ગુરુપૂજન કેમ કરાવો છો ? અમે આજે કોઇપણ હિસાબે નવાંગી પૂજન નહિ જ થવા દઇએ.

વાતાવરણમાં વ્યાપતી ઉગ્રતા ને વ્યગ્રતા જોઇને કેટલાંક આગેવાનોએ પૂ.શ્રીને પૂછયું કે, આપનો વિરોધ ન હોય, તો હમણાં જ પોલિસને હાજર કરી દઇએ. જેથી વાતાવરણ શાંત થઈ જાય અને સંવત્સરીની આરાધનામાં વિક્ષેપ ઊભો ન થવા પામે.

પૂ.શ્રીએ સૌમ્ય મુખમુદ્રામાં કહ્યું : આ બધાં જૈનો જ છે. એમની સામે પોલીસ લાવવાની હોય ? આ તો બધા સમજી જાય, એવા છે ! આટલું કહીને પૂ.શ્રીએ એ ટોળાને ઉદ્દેશીને કહ્યું.

'પહેલાં તમે એક વાત સમજી લો કે, હું નવાંગી ગુરુપૂજન કરાવતો નથી. શાસ્ત્રમાં નવાંગી ગુરુપૂજનનો નિષેધ મળતો નથી, ઠેરઠેર નવાંગી પૂજનો થયાની વિગતો મળે છે. એથી કોઇ નવાંગી ગુરુપૂજન કરવાની ભાવના દાખવે, તો એને મારાથી અટકાવી કેમ શકાય ? જો શાસ્ત્રમાં નવાંગી ગુરુપૂજનનો નિષેધ મળતો હોય, તો જાહેરમાં માફી માંગવાની મારી તૈયારી છે, અને કોઇ નવાંગી ગુરુપૂજન કરવા માંગતો હોય, તો એને અટકાવવાની જવાબદારી લેવા હું તૈયાર છું. નવાંગી ગુરુપૂજન જાતે કરાવવું અને કરતાંને અટકાવવું નહિ–આ બે વચ્ચે તો ઘણું મોટું અંતર છે. આ તમે સમજી જાવ, તો તમારો વિરોધ શાંત થઈ જાય.'

પૂ.શ્રીની આ વાત ખુબ વાજબી હતી. પણ વિરોધનો ઝંડો જેમને પકડાવવામાં આવ્યો હતો, એ ઝનુન તો કશું જ સાંભળવા તૈયાર ન હતું. એનો તો એક જ કદાગ્રહ હતો કે, નવાંગી ગુરુપૂજન નહિ જ થવા દઇએ અને બારસા સૂત્રનું વાંચન પણ નહિ જ થવા દઇએ.

પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.ના જીવનમાં તો આથી ય વધુ કટોકટીના કેટલા ય પ્રસંગો આવી ગયા હતા. એથી આવા કદાગ્રહની સામે શાસ્ત્રીય-વાતને પડતી મૂકી દેવાની તો સંભાવનાય કયાંથી કલ્પી શકાય ? એઓશ્રીએ વળતી જ પળે જવાબ આપ્યો કે, તમારા કદાગ્રહની સામે એ સદાગ્રહ છે કે, બારસા સૂત્રનું વાંચન પૂર્ણ કર્યા વિના હું આ વ્યાખ્યાન પાટ પરથી ઊભો નહિ જ થાઉં !

આટલો જવાબ આપીને પૂ.શ્રી પલાંઠી લગાવીને શાસ્ત્રવાંચનમાં એ પાટ ઉપર જ મગ્ન બની ગયા. વિરોધીઓ થોડીવાર સુધી હો-હા કરીને અંતે થાકયા અને એમની વિદાય પછી નવાંગી ગુરુપૂજનની વિધિ પત્યા બાદ પૂ.શ્રીએ બારસાસૂત્રનું વાંચન જ્યારે પૂર્ણ કર્યું, ત્યારે કદાગ્રહની સામે વિજયી બનેલા એ સદાગ્રહને સૌ મસ્તક ઝુકાવી ઝુકાવીને નમી રહ્યા !

આ જ ચાતુર્માસમાં છેલ્લા દિવસોમાં ઉપરોકત ઉપદ્રવને ટપી જાય, એવો શારીરિક ઉપદ્રવ પૂ.શ્રીને ચોમેરથી ઘેરી વળ્યો જેને જીવલેણ કહી શકાય, એવી એ માંદગીની ગંભીરતા દિવસે દિવસે, કલાકે-કલાકે, અને પળે-પળે વધતી ચાલી અને અમુક વિરોધીઓએ તો ત્યાં સુધીની વાતો વહેતી મૂકી દીધી કે શ્રી રામચન્દ્રસૂરિજીના જીવન સૂર્ય અસ્ત પામવ ની અણીએ છે. આ સૂર્ય થોડા સમયનાં ઢળ્યો કે ઢળી પડશે.

એ વ્યાધિ ખરેખર ખુબ જ ગંભીર હતી. આખા શરીરે એ રીતના સોજા આવી ગયા હતા કે, પૂ.શ્રીને કોઇ ઓળખી જ ન શકે, શરીરની ચામડીનો રંગ પણ કાળો થઇ જવા પામ્યો હતો. એક રૂમમાં પૂ.શ્રી અને બે ત્રણ સાધુઓ સિવાય બીજાઓનો પ્રવેશ બંધ હતો. ખાસખાસ ડોકટરો સિવાય બીજા ડોકટરો પણ એ રૂમમાં પ્રવેશ મેળવી શકતા ન હતા. આમ છતાં એ વ્યાધિને અપૂર્વ સમાધિ પૂર્વક સહન કરતા પૂ.શ્રી તો 'નિર્વાણપદમપ્યેકં'ની ભાવનામાં જ મશગુલ હતા.

એ ભયંકર માંદગીમાં પૂ.શ્રી જે સમતા-સમાધિ રાખી શકતા, એ જોઇને નાસ્તિક જેવા ગણાતા એક ડોકટર પણ આસ્તિક અને પૂ.શ્રી આજીવન ભક્ત બની ગયા. ભક્તોના હૈયા સતત ચિંતિત હતા. એમાં એક દહાડો એવો પ્રસંગ બન્યો કે, જેથી સૌની ચિંતામાં ઘટાડો થવા પામ્યો.

બપોરનો સમય હતો. પૂ.શ્રી પાટ પર સૂતા હતા. આજુબાજુ બે ત્રણ સાધુઓ સેવામાં હતા. ત્યાં તો એક અજાણ્યા વ્યક્તિએ પ્રવેશ કર્યો. એણે પૂ.શ્રીને કહ્યું : ચિંતા ન કરતા. આ માંદગીમાંથી ઉભા થઇને હજી તમે લગભગ બે દસકા પૂરા કરવાના છો.

પૂ.શ્રી કંઇ વિચાર કરે, એ પૂર્વે તો એ અજાણી વ્યક્તિ અદૃશ્ય થઇ ગઇ. સહવર્તીને પૂ.શ્રીએ પૂછયું કે, જરા બહાર તપાસ કરો કે, હમણાં જે વ્યક્તિ બહાર ગઇ, એ કોણ છે? સાધુઓની નજરમાં તો કોઇ વ્યક્તિ કે એણે ઉચ્ચારેલી વાણી, આ કશું જ પ્રતિબિંબિત થયું ન હોતું. એથી એઓ તો તરત જ દરવાજો ખોલીને બહાર ગયા તો ત્યાં કોઇ વ્યક્તિ જોવા ન મળી. સાધુઓ સાશ્ચર્ય રૂમમાં પાછાં આવ્યા. એમણે બધી વાત કરી, તો પૂ.શ્રીએ કહ્યું : હમણાં જ એક ભાઇ આવીને મને કહી ગયા કે, ચિંતા ન કરતા, હજી લગભગ બે દસકા સુધી તમને કોઇ વાંધો નહિ આવે. મેં એ વ્યક્તિને જોઈ અને એના આ શબ્દો કાનોકાન સાંભળ્યા. છતાં તમને કંઇ જ ખબર નથી, એ આશ્ચર્ય ગણાય!

જે વ્યક્તિને પૂ.શ્રી જોઇ-સાંભળી શકયા, એ જ વ્યક્તિને નજીકમાં બેઠેલા સાધુઓ ન તો જોઇ શકયા હતા કે ન તો સાંભળી શકયા હતા. એથી એઓએ કહ્યું: સ હેમજી! આપના માતુશ્રી દેવ બન્યા છે. અને અવારનવાર અદૃષ્ય રીતે સહાય કર્યા કરે છે. એજ દેવાત્મા આ આગાહી કરવા આવ્યા હોવા જોઇએ. અ પને એકવાર બાળપણમાં પ્રગટપણે માતાએ સહાય કરેલ. એ પછી એઓ પ્રગટપણે આજે હાજરાહજુર થયા લાગે છે.

આ દેવી આગાહી સાંભળ્યા પછી સૌના દિલને દિલાસો મળ્યો, અને આ પછી થોડા જ સમય બાદ પૂ.શ્રી સાજા થયા. આગાહી મુજબ બે દસકામાં કંઇક ઓછું સતર વર્ષનું જીવન પૂ.શ્રીએ પૂર્ણ કર્યું. આ આગાહી બાદ પૂ.શ્રી બરાબર ૧૭ વર્ષ જીવ્યા.

પૂ.શ્રીના માતુશ્રી સમરથબેન મૃત્યુ પામીને દેવ બન્યા હોવા જોઇએ, આ જાતની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ બાળપણમાં પણ બન્યો હતો, પૂ.શ્રી 'ત્રિભુવન' નામધારી હતા, ત્યારે માતાના સ્વર્ગવાસ બાદ એકવાર બાળ ત્રિભુવનની આંખોમાં સખત દુખાવો ચાલુ થયો. આંખો ખોલી પણ ન શકાય એવો ભયંકર દુખાવો સહન કરતો ત્રિભુવન દાદરા પાસે સૂઇ ગયો હતો, એ દાદરો, ઉપરના માળ પર લઇ જતો હતો. આખી રાતનો ઉજાગરો હતો ને આંખમાં પાછો દુખાવો થતો હતો એથી ત્રિભુવન એકલો પડયો પડયો પડખા ફેરવી રહ્યો હતો. આંખો બંધ હતી. આસપાસ કોઇ ન હતું. એમાં એકાએક માળ પરથી નીચે ઉતરતા પોતાની મા સમરથબેન એને દેખાયા. ધીમે પગલે તેઓ ત્રિભુવનની પાસે આવ્યા અને તેની દુખતી આંખો પર હાથ ફેરવ્યો. તે વખતે ભયભીત ત્રિભુવનથી રાડ પડાઇ ગઇ અને આંખો ખુલી ગઇ. તેની રાડ સાંભળીને આજુબાજુમાંથી દાદીમા-ફોઇ આદિ દોડી આવ્યા. સૌએ પૂછયું બેટા! શું બહુ દુખે છે? તેં હમણાં રાડ કેમ પાડી? ત્રિભુવને કહ્યું : મારી માતા મારી પાસે આવી અને મારી આંખ પર હાથ મુકયો એથી મારાથી રાડ પડી ગઇ. મા અદૃશ્ય થઇ ગઇ પણ

મને દુખાવો મટી ગયો. આ રીતે ત્રિભુવનના જીવનમાં એક ચમત્કાર સર્જાઈ ગયો.

સૌને વિશ્વાસ બેઠો કે, જરૂર ત્રિભુવનની આ દેવાત્મા હોવી જ જોઇએ. નહિ તો એના સ્પર્શમાત્રથી આંખનો ભયંકર દુખાવો આમ પળવારમાં ક્યાંથી ગાયબ બની શકે ?

આ રીતે બે વાર પ્રગટ રીતે સહાયક બનનારા દેવાત્મા સમરથ મહેનની સમર્થ સહાય તો પળેપળે અને પગલે પગલે ચાલુ જ હતી, એમ. પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂ. મહારાજના સતત સંઘર્ષમાંય સહર્ષ ટકી શકનારા જીવનને જોતા નથી લાગતું શું ?

૧૪. ગંભીરવંતુ ધર્મનેતૃત્વ :

૧૯૯૧ની સાલનું અમદાવાદ-વિદ્યાશાળાનું ચાતુર્માસ પૂર્ણ થતા પાટણ, અને રાધનપુરમાં શાસનપ્રભાવનાના અનેકવિધ પ્રસંગો ઉજવાયા. આ પછી આબુતીર્થની યાત્રાનો લાભ લઇને પૂ. ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવર પાલનપુર પધાર્યા. ૨-૩ દિવસ સ્થિરતા કરવાની ભાવના હતી. પ્રવચન ચાલુ થયા.

સંઘના કેટલાક આગેવાનો સુધારક વિચારના હતા. એમને થયું કે, આ પ્રવચનનો પ્રવાહ ચાલુ રહેશે, તો સંઘમાં જાગૃતિ આવશે. એથી બાલદીક્ષા દેવદ્રવ્ય આદિ વિષયો અંગેની પોતાની માન્યતા સામે વિરોધ ઊભો થવા પામશે. આવું કંઈ બનવા ન પામે. એ માટે શ્રી રામવિજયજી મહારાજ પાલનપુરમાં વધુ રોકાય નહિ, અથવા રોકાય તો ય આવા પ્રશ્નો પર પ્રવચન ન આપે, એવું કંઈક કરવું જોઇએ.

આવા વિચારથી સંઘના કેટલાક આગેવાનો ઉપાશ્રયે પહોંચ્યા. બપોરનો સમય હતો. પૂ. ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી મહારાજ સાધુઓને વાંચન આપી રહ્યા હતા. એક આગેવાને કહ્યું: "અમે આપની સાથે થોડીક વાતો કરવા આવ્યા છીએ."

પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું: બોલો, તમારે શી વાત કરવી છે ? આવેલા ભાઈઓમાંના એક આગેવાન કાને જરા બહેરા હતા. એમણે વાતની શરૂઆત કરતાં કહ્યું : સાહેબ ! આપશ્રી આ શહેરની અને વર્તમાન જૈન સંઘોની પરિસ્થિતિથી અજાણ નહિ જ હો ! આજે ઠેરઠેર સંઘર્ષનું વાતાવરણ છે. કોઇ સંઘમાં આજે શાંતિ નથી. બધે જ લગભગ બાલદીક્ષા. દેવદ્રવ્ય આદિની ચર્ચાઓ ચાલે છે. આપ અહીં પધાર્યા, એ અમારા સંઘનું સૌભાગ્ય ગણાય. સાંભળ્યું છે કે, આપ ત્રણ ચાર દિવસ જ રોકાવાના છો. એથી અમે એટલી વિનંતી કરવા આવ્યા છીએ કે, વ્યાખ્યાનમાં એવા કોઇ પ્રશ્નો ન ચર્ચાય તો સારું. જેથી અમારા સંઘની શાંતિ ડહોળાય નહિ. અમારી આ વિનમ્ર વિનંતિ છે. પણ કદાચ આપ આને ન સ્વીકારો અને વ્યાખ્યાનમાં

આવા પ્રશ્નો ચર્ચાશે, તો પરિણામ સારૂં નહિ આવે: તો કદાચ આપની પાસેના આ બાલમુનિઓ આપની પાસે નહિ રહી શકે. પોલિસ મારફત અમે એમને ઘર ભેગા કરાવી દઇશું. પરંતુ અમને વિશ્વાસ છે કે, આવું કંઇ બનવા નહિ જ પામે અને અમારા સંઘની શાંતિ નહિ જ ડહોળાય.''

અગેવાને જે કહી નાંખ્યું હતું, એનો પ્રતિકાર ન થાય, તો ધર્મનેતૃત્વ કયાંથી દીપે ? પોતાની સામેના આક્રોપ હોત, તો પૂજ્યશ્રીને મૌન રહેવામાં કોઇ વાંધો ન હતો. પણ આ તો સત્ય અને શાસન સામે અડપલું હતું. એથી બહેરા આગેવાનને કાનમાં ભૂગળું ભરાવવાનો ઇશારો કરીને પૂજ્યશ્રીએ જવાબ વાળતા કહ્યું :–

''આમ તો અમારે અહીં ખાસ રોકાવાનું ન હતું. પણ તમારી આ બધી વાત સાંભળતા હવે અહીં અઠવાડિયું રોકાવાની ભાવના થાય છે, કારણ કે તો જ તમારો સંઘ શાંતિના સાચા સ્વરૂપને સમજીને પૂર્વગ્રહથી મુકત બની શકશે. એ શાંતિને શું બાળવી છે કે, જ્યાં સત્યાસત્યની વાતો ન હોય ! આવી સ્મશાન શાંતિ-માંથી તમારા સંઘને બેઠો કરવા અને જાગૃતિ આણવા હવે આવતી કાલથી જ આ બધા પ્રશ્નો પર વિવેચન કરવાની ભાવના થાય છે. તમે બધા પ્રવચનમાં હાજર રહી શકો છો, અને હું જો આગમ વિરૂધ્ધ એક પણ અક્ષર બોલતો હોઉં, તો તમે ખુશીથી મારી કાનણ્ટી પકડીને મારી જીભ પણ ઝાલી શકો છો. બાકી જૈન સિધ્ધાંતોની સમજણ અમે જો સંઘની સભાઓમાં પણ ન આપી શકીએ, તો પછી કયાં આપી શકીએ ? જાહેર પ્રવચનોમાં આવી વાતોને અવકાશ ન હોય, તો પછી જૈન સિદ્ધાંતોના અમૃતને પીરસવાનું સ્થાન કયું ? માટે હવે એક અઠવાડિયા સુધી અહીં રોકાવાનો નિર્ણય કરવા પૂર્વક હું તમને સૌને જણાવું છું કે, બાલદીક્ષા, દ્રવદ્રવ્ય આદિ સમ-જવા જેવા સવાલોને આવતીકાલથી જ હું ચર્ચવાનો છું. એમાં જયાં પણ હું શાસ્ત્રદૃષ્ટિથી આડો જતો હોઉં, ત્યાં મને અટકાવવાની સંપૂર્ણ સત્તા હું તમને સોંપું છું. બોલો, હવે આ અંગે બીજું કંઇ કહેવું છે ?

આ પ્રશ્નાર્થ ઉભો રાખીને એક વાતનું સ્પષ્ટીકરણ કરતાં પૂ. ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી મહારાજે કહ્યું: ''બાલમુનિઓ અંગે તમે જે કહ્યું. એ વિષયમાં જણા-વવાનું કે, અમે ખૂબ ખૂબ પરીક્ષા લીધા બાદ દીક્ષા આપીએ છીએ. એથી મારી પાસેના બાલસાધુઓને બધી તાકાત કામે લગાડીને ઘરભેગા કરવાની તમને છૂટ છે. હું પણ જોઉં છું કે, તમે એમને કઇ રીતે સમજાવીને લઇ જઇ શકવામાં સફળ બની શકો છો ? આ કાંઇ કાચા ઘડા નથી કે, ટપલી મારતા જ ફુટી જાય. આ તો અગ્નિ-પરીક્ષામાં ઉત્તીર્ણ થઇને આવેલા સુવર્ણઘટ છે.''

શ્રી રામવિજયજી મહારાજની આ ખુમારી જોઇને આગેવાનોનું કહેવાતું બધું જ ખમીર પાણી પાણી થઇ ગયું. એઓ શું બોલે ?

સત્યના સમર્થનને અટકાવવા માટે આવવાનો આશય તો સાચે જ રદ્દ થઇ ગયો. ઉપરથી આ આગમન તો સત્યના સમર્થનને વેગ આપવામાં નિમિત્ત બની જવા પામ્યું. બીજા દિવસથી એ સભા વધુ ચિક્કાર થવા માંડી, અને એ આગેવાનોને ય લાજે-શરમે પ્રવચનમાં જોડાવું પડયું.

પૂજ્યશ્રીના પ્રવચનોમાં બીજા જ દિવસથી દેવદ્રવ્યાદિની સુંદર સમજણ અપાવા માંડી. એ વાતો શાસ્ત્ર સિદ્ધ હોવાથી એનો વિરોધ પણ કોણ કરી શકે ? વળી સંઘનો ઘણો મોટો ભાગ એ સત્યના અમીપાન હોંશેહોંશે કહી રહ્યો હતો અને મજબુતાઇ ધારણ કરી રહ્યા હતો.

ચાર દિવસના બદલે અઠવાડિયું રોકાઇને પૂ. ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી ગણિવરે જ્યારે વિહાર કર્યો, ત્યારે જાણે ભવ્ય ચાતુર્માસ કરીને વિદાય થતા હોય, એવો માનવ મહેરામણ વળાવવા ઉમટયો અને વિદાયની એ વેળા ઘણાંઘણાંની આંખમાં આંસુના તોરણ બાંધી ગઇ !

(૧૫) સાચી સંવત્સરીની સુરક્ષા કાજે

૧૯૯૧ની સાલ હતી અને રાધનપુરનું ક્ષેત્ર હતું. પૂ. ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિ. ગણિવર અને પૂ. પંન્યાસ પ્રવર શ્રી રામ વિ. ગણિવરમાં આચાર્યપદને વહન કરવાની યોગ્યતા તો કયારનીય પ્રગટ થઇ ચૂકી હતી. યોગ્યતાના અભાવે પદપ્રદાનમાં વિલંબ નહોતો થતો, પણ શ્રી પ્રેમવિ. મ. ની પદ સ્વીકારવાની તીવ્ર અનિચ્છા જ આ વિલંબનું કારણ બનતી હતી. પૂ. આચાર્યદેવ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ જબરા જ્યોતિર્વિદ હતા.

એક દિવસ પંચાગ જોતા જોતા જ એક વર્ષ બાદ આવતો વૈશાખ-સુદ-છઠ (વિ. સં. ૧૯૯૨) નો મંગલદિવસ એમની આંખ અને એમના અંતરમાં વસી ગયો, અને એમણે મનોમન દૃઢ સંકલ્પ કરી નાંખ્યો કે, ૧૯૯૧ ના આ વર્ષમાં તો મારે ઉપાધ્યાય પ્રેમવિ. ને આચાર્યપદ આપી જ દેવું છે.

શ્રી દાનસૂ. મ. આ પૂર્વે શ્રી પ્રેમવિ. મ.ને આચાર્યપદ લેવા ઘણી ઘણીવાર કહ્યું હતું. પણ શિષ્યની નિરીહતા આગળ ગુરુદેવ મૌન થઇ જતા હતા. અને આચાર્યપદ

લંબાતું જતું હતું. પણ આ વખતે તો એમણે દૃઢ સંકલ્પ જ કરી નાંખ્યો કે, માને કે ન માને. મારે આચાર્યપદ આપીને જ રહેવું છે, આ સંકલ્પ મુજબ રાધનપુરના આંગણે ગુપ્ત રીતે આચાર્યપદ પ્રદાનનું આયોજન નક્કી થયું. પત્રિકા પણ છપાવીને તૈયાર રાખવામાં આવી. બીજી તરફ પાટણ બિરાજમાન શ્રી પ્રેમવિજયજી મહારાજ ઝડપી વિહાર કરીને રાધનપુર આવે, એવી ગોઠવણ થઇ ગઇ. એમનો વિહાર થતા જ બધે પત્રિકાઓ રવાના થઇ ગઇ.

ગુરૂદેવની તબિયત અંગે સાશંક બનીને જલ્દી જલ્દી આવેલા શ્રી પ્રેમવિ. મ. સુંદર તબિયત નીહાળવા ઉપરાંત જ્યાં રાધનપુરમાં મંડાયેલા મહોત્સવની વિગત જાણી, ત્યાં જ એમને કંઇક ખ્યાલ આવી ગયો. એમણે ગુરૂદેવને પૂછ્યું: 'આપે મને યાદ કર્યો, એનો આનંદ છે, પણ ઝડપી વિહારનું કારણ જાણવા હું આતુર છું'

શ્રી દાનસૂ. મ.જ આચાર્યપદ પ્રદાનની પત્રિકા ધરી દેતા કહ્યું: 'મારે તમારી કોઇ વાત સાંભળવી નથી. તમને આચાર્ય પદ અને શ્રી રામવિજયજીને ઉપાધ્યાયપદ આપવાનો મારો મક્કમ નિર્ણય છે.'

શ્રી પ્રેમવિ. મ. એક બાળકની જેમ રડી પડયા. પણ શ્રી દાનસૂ મ. મક્કમ જ રહ્યા, એથી રાધનપુરના આંગણે પદ પ્રદાનનો એ મહોત્સવ ઉજવાતા ગુરૂદેવ પૂ. આ. શ્રી પ્રેમસૂ. મ. ના નામે તથા શિષ્ય પૂ. ઉપાધ્યાય શ્રી રામવિ. ગણિવરના નામે જાહેર થયા. એ જ વખતે શ્રી રામવિ. મ. ને આચાર્યપદ અર્પણ કરવાનું મુહુર્ત શ્રી દાનસૂ. મ. નક્કી કરી નાંખ્યું.

શ્રી પ્રેમસૂ. મ. એક બીમાર મુનિની સેવા પડતી મૂકીને પાટણથી આવ્યા હતા. એથી તેઓશ્રી તરત જ રાધનપુરથી પાટણ તરફ ચાતુર્માસાર્થે વિહાર કરી ગયા. શ્રી દાનસૂ. મ. આદિનું ચાતુર્માસ રાધનપુર થયું. આ ચાતુર્માસ દરમિયાન એકવાર પૂ. આચાર્યદેવે, ઉપાધ્યાય શ્રી રામવિ. ગણિવરને કહ્યું કે, તિથિ આદિના પ્રશ્નો હવે તમારે સમજી લેવા જોઇએ. અમે તો હવે પાકા પાન ગણાઇએ, શાસનના સત્યો હવે તમારે જ જાળવવાના છે.

આટલી ભૂમિકા બાંધ્યા પછી પૂ. આચાર્યદેવે સમય ફાળવીને ઉપા. શ્રી રામવિ. મ.ને તિથિનો પ્રશ્ન સમજાવવા માંડયો. એમણે એ વાત પણ કહી કે, આવતી સાલ સંવત્સરી જુદી આવે છે. આજ સુધી સાચી સંવત્સરી આરાધનારા પણ ખોટી સંવત્સરી કરે, તો નવાઇ ન લાગે, એવું આજનું વાતાવરણ છે. મુનિ સંમેલન બેઠું થયું, ત્યારે

પણ આપણે તો તિથિના પ્રશ્નને ચર્ચી કરી શાસ્ત્રાધારે નિર્ણય કરવા વડીલોને વિનવ્યા હતા. પણ વડીલોએ આ વિનંતિ પર લક્ષ્ય ન આપ્યું. પૂ. બાપજી મહારાજ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજે પણ આ પૂર્વે મને કહ્યું છે કે, તમારા જેવા જ્યોતિષ ભણેલા પણ પાંચમના ક્ષયે છઠનો ક્ષય કેમ કરો છો ? હું તો ચોથ પાંચમ લેગા જ કરું છું. ત્યારે મેં તેઓશ્રીને કહ્યું કે, હું પણ એ ભૂલ હવે નહિ કરું.

આ બધી વાતો સમજાવીને પૂ આચાર્યદેવે, ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી મ ની આંગળ એવી પણ ભાવના વ્યકત કરેલી કે; આવતી સાલ સંવત્સરીમાં મતભેદ ઊભો થવાનો સંભવ છે એથી મારી એવી ઇચ્છા ખરી કે, સંઘમાં સાચી સંવત્સરીની આરાધના થાય, તે માટે બરાબર મકકમ પ્રયત્નો કરવા.

આ બધી વાતો સાંભળીને અને આ પૂર્વે કેટલાંય વર્ષોથી આરંભાઇ ગયેલા તિથિ-વાદને જાણીને ઉપા. શ્રી રામવિ. મ.ને થઇ ગયું કે, એક ને એક બે જેવી સીધી આ તિથિની વાત છે અને છતાં શાસ્ત્રો અને શાસ્ત્રાનુસારી પરંપરાને આ વિવાદનો ઉકેલ માટે વચ્ચે ન રાખવાના કદાગ્રહના કારણે આ તિથિચર્ચાને કેવી અટપટી બનાવી દેવાઇ છે ! રાધનપુરના ચાતુર્માસમાં ઉ. શ્રી રામવિ. ગણિવરને તિથિસંબંધી જાણકારી આપીને પૂ. આચાર્યદેવે કંઇક સંતોષ અનુભવ્યો.

શ્રી પ્રેમસૂરિજી મહારાજને પદપ્રદાન થઇ ગયું. ઉપા. શ્રી રામવિજયજી ગણિવર માટે આચાર્યપદ પ્રદાનનું મુહુર્ત નકકી થઇ ગયું. તિથિ પ્રશ્નની સંપૂર્ણ જાણકારી એમને આપવામાં આવી. આ બધા બનાવોની પાછળ કોઇ યોગાનુયોગ લખાયેલો હોવો જ જોઇએ, એવી પ્રતીતિ કરાવતો એક બનાવ મહા મહિને બની ગયો. રાધનપુર અને પાટણમાં ચાતુર્માસ રહેલા બધા મુનિવરો શંખેશ્વર પધાર્યા. પાટડીમાં મહા મહિને પ્રતિષ્ઠા હોવાથી બધાનો વિહાર પાટડી તરફ જ થવાનો હતો, પણ ત્યાં અચાનક જ ખંભાતથી શ્રી કસ્તુરભાઇ અમરચંદ આદિ આગેવાનો એક મહોત્સવ પ્રસંગે પધારવા આગ્રહભરી વિનંતિ કરવા ઉપસ્થિત થયા અને શ્રી દાનસૂરિજી મહારાજ ઝીંઝુવાડાથી પાટડી તરફ વિહાર કરી ગયા, તેમજ શ્રી પ્રેમસૂ. મ. આદિને ખંભાત તરફ વિહાર કરાવવામાં આવ્યો.

વર્ષો સુધી પડછાયાની જેમ સાથે રહેલાનો અંતસમયે પણ સંયોગ કુદરતને માન્ય નહિ હોય, એથી પાટડી મુકામે મહા–સુદ બીજે પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મ. કાળધર્મ પામ્યા. એ રાતે શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. આદિ ખંભાત તરફના વિહારમાં માતર સુધી પહોંચ્યા હતા. વજ્રઘાત સમા આ સમાચાર મળતા જ ગુરુદેવ અને શિષ્યો આ

બંનેના આઘાતનો પાર ન રહ્યો, પણ હવે તો જે બની ગયું હતું, એ મિથ્યા થનાર ન હતું. રંગેથી ખંભાતનો ધર્મમહોત્સવ રંગેચંગે ઉજવાઈ ગયા બાદ અનેક સંઘોએ પૂ. ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવરની આચાર્યપદાર્પણ મહોત્સવ અને ચાતુર્માસનો લાભ પોતપોતાના સંઘને આપવા આગ્રહભરી વિનંતિઓ રજુ કરી. એમાં વિશિષ્ટ લાભનો વિચાર કરીને મુંબઇ લાલબાગની વિનંતિનો સ્વીકાર થયો.

પૂ. આ.દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. પોતાના ગુરૂદેવ દ્વારા આજ્ઞાર્પિત બે કર્તવ્યો અદા કરવા કૃતસંકલ્પ હતા.

એક કર્તવ્ય હતું : ઉપાધ્યાય શ્રી રામવિજયજી ગણિવરશ્રીને ગુર્વાદિષ્ટ મુહૂર્તે આચાર્યપદાર્પણ કરવાનું અને બીજું કર્તવ્ય હતું : સંવત્સરીની સાચી આરાધનાના માર્ગને પ્રગટ કરી સાચી આરાધના કરવા-કરાવવાનું. ખંભાતથી મુંબઇ સુધીના વિહારોમાં આ બંને કર્તવ્યોના અમલ અંગે ઘણી ઘણી વિચારણાઓ થવા પામી સંવત્સરીની સાચી આરાધનના માર્ગને ટકાવી રાખીને સંઘને તેમાં જોડવો એ કાર્ય કંઇ સહેલું ન હતું. મેરૂ જેવી મક્કમતા આ માટે અપેક્ષિત હતી. એથી ઉ. શ્રી રામવિજયજી ગણિવરે મુંબઇ પહોંચ્યા બાદ ઘણી સંભવિત વિકટ પરિસ્થિતિના કથન ઉપરાંત પૂ. ગુરૂદેવશ્રીની સમક્ષ ત્યાં સુધી કહ્યું કે, કાલ ઉઠીને કદાચ આ લાલબાગમાં આપણે એકલા સાધુઓએ જ સંવત્સરીની આરાધના કરવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય. માટે સાચી આરાધનાનું પગલું ઉઠાવતા પૂર્વે આ બધો વિચાર કરવો જ રહ્યો. સાચી આરાધના માટેનું પગલું ઉઠાવ્યા બદ પીછેહઠ કરવાનો અવસર ન આવે, એ માટે આવી વિચારણા કરવી એ કાયરતા નહિ, સાચી વીરતા જ ગણાય.

શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. તો ગમે તે ભોગે આ બંને કર્તવ્ય અદા કરવા દૃઢ સંકલ્પિત હતા. એથી એઓશ્રીએ કહ્યું : 'ભલે ને ગમે તેવી વિકટ પરિસ્થિતિ પેદા થાય, સાચાની સાધના કરવા જતાં ભલે એકલા થવું પડે, પણ પૂ. ગુરૂમહારાજના મનોરથની પૂર્તિ કરવાનો અને આજ્ઞાને શિરોધાર્ય કરવાનો મારો નિર્ણય મક્કમ જ છે.'

સિંહબાળ આમેય સત્વશાળી જ હોય છે, એમાં વળી સિંહપિતાનું પીઠબળ મળે, પછી તો એ સાત્વિકતા સમસ્ત સંસારની સામે ય પડકાર ફેંકતા કયાંથી ડરે ? પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. તરફથી આવું પ્રચંડ પીઠબળ મળતા જ ઉ. શ્રી રામવિજયજી ગણિવરની સાત્વિકતામાં સિંહ જેવું સામર્થ્ય ઘસમસી આવ્યું. એથી ૧૯૯૨ ના વૈશાખ સુદ છઠે પૂ. ઉપાધ્યાયજી શ્રી રામવિજયજી ગણિવરને આચાર્યપદે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા આ પછી ગુરૂશિષ્યની જોડલીએ પૂ. બાપજી મ., પૂ. લબ્ધિસૂરિ

મ., પૂ કનક સૂ. મ. આદિ અનેક વડીલ પૂ. આચાર્યોના સાથ અને આશીર્વાદ પૂર્વક સંવત્સરીની સાચી આરાધના અંગે મક્કમ નિર્ણય લીધો.

તિથિ અંગે ૧૯૯૨ માં સંવત્સરીનો જ પ્રશ્ન સૌની આંખ સામે હતો. આજ સુધીમાં ભા. સુદ પનો ક્ષય આવ્યો હોય, એવા ત્રણેક પ્રસંગો આવેલા. તેમાં પૂ.સાગરજી મ. સિવાય સૌએ ઉદયાત્‌તિથિ સાચવી, તેમ આ વખતે પાંચમની વૃદ્ધિમાં ઉદયાત્ ચોથ સાચવવાનો જ મહત્ત્વનો પ્રશ્ન હતો. પૂ. જ્ઞાનસૂરિજી મ.ની પણ આ અંગે ભલામણ હતી. જો કે પૂનમ અમાસનું ય ખોટું ચાલી પડયું હતું. પણ આ ખોટાનો દાખલો લઈ સંવત્સરીની વિરાધના તો ન જ થવી જોઇએ. આ વિષયમાં પૂ. આ. શ્રી પ્રેમસૂરિજી મ. પૂરા જ મક્કમ હતા.

પત્ર વ્યવહાર પછી પૂ. બાપજી મ., પૂ. લબ્ધિસૂરિજી મ. વગેરે વડીલો પણ આ વિચારણામાં સહર્ષ સંમત થયા. તે પછી સાચી સંવત્સરી આદિની આરાધના અંગેની જાહેરાત થઇ. અનેકાનેક વડીલોના સાથ સહકાર પૂર્વક આ જાહેરાત થવા છતાં સામેથી આવનારો હલ્લો મુખ્યત્વે પૂ.શ્રીજીએ જ ઝીલવાનો હતો. આમાં પૂ.શ્રી પહાડની જેમ અણનમ રહેશે, એવો વડીલોને અડગ વિશ્વાસ હતો, અને એ વિશ્વાસ સાચો ઠર્યો, એમ પૂ.શ્રીજીના જીવનની અંતિમ દિન સુધીના ઘડીપળ સૂચવી ગયા. સાચી સંવત્સરી આદિની આરાધનાની જાહેરાત પછી અનેક વમળો સરજાયા, પણ આની સામે સત્યના પક્ષકારો અણનમ જ રહ્યા, જેથી સાચી આરાધનાનો એ માર્ગ આજેય અનેકાનેક આરાધકો માટે માર્ગદર્શક બની રહ્યો છે અને અનેક વડીલો ઉપરાંત ગુરૂશિષ્યનો સિંહ સમી આવી સાત્વિકતાની પ્રતીતિ વર્ષોના વર્ષો સુધી ભાવિપેઢીને કરાવતો રહેશે, એ નિઃશંક છે.

૧૬. અમીરવંતુ ધર્માચાર્યત્વ

એકવાર આગેવાનશ્રી કસ્તુરભાઈ લાલભાઇ પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. પાસે આવ્યા: લવાદી ચર્ચામાં પૂ. શ્રી વિજયી જાહેર થઇ ગયા હતા અને તિથિવિષયક પૂ.ની માન્યતા પર સત્ય અને સિદ્ધાંતની મહોર છાપ લાગી ચૂકી હતી, એ પર્વોના આ દિવસો હતા. પૂ.ને શ્રી કસ્તુરભાઇએ વિનંતી રૂપે કહ્યું;

'તિથિ પ્રશ્ને આપ સાચા છો, પણ બહુમતિ બીજી તરફ છે, માટે સંઘમાં શાંતિ સ્થપાય, આ અંગે આપ કંઇક વિચારો.'

પૂ.શ્રીએ જવાબ આપ્યો: 'તમે જ કહો છો કે, આપ સાચા છો. પછી આ અંગે મારે બીજું શું વિચારવાનું હોય ?'

શ્રી કસ્તુરભાઇએ પોતાની વાતને દોહરાવતા પુનઃ કહ્યું: 'આપ કહો, તો જગતમાં જાહેર કરું કે, તિથિપ્રશ્નને આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. સાચા છે. પણ હવે સંઘની શાંતિ ખાતર કંઈક બાંધ છોડ કરો, એટલી જ મારી વિનંતિ છે.'

પૂ.શ્રીએ તરત જ જવાબ વાળ્યો: 'જે વાતને હું સાચી માનું, તમે પણ સાચી માનો અને જગતનાં ચોગાનમાં તે રીતે જાહેર કરવા પણ તૈયાર થાવ અને આમ છતાં તે સત્યને આપણે બંને જોગા થઇને દરિયામાં ડૂબાડી આવીએ, આ કેવું કહેવાય ?' કસ્તુરભાઇએ કહ્યું, સાહેબ, કયારેક શાંતિ ખાતર સત્યને ય બાજુ પર મુકવું પડે.'

જવાબ મળ્યો: 'ના આ વાત બરાબર નથી. શાંતિ ખાતર સત્યને ધક્કો ન પહોંચાડાય.'

બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાનનું એક વાકય આગળ કરતા કસ્તુરભાઇએ કહ્યું: 'આ વડાપ્રધાન પણ શાંતિ માટે સત્યને બાજુ પર મુકવાનું કહે છે.'

પૂ.શ્રીએ કહ્યું: 'બ્રિટનના વડાપ્રધાન કદી આપણા માટે પ્રમાણભૂત ન ગણાય.

ગાંધીજીને વચમાં લાવતા કસ્તુરભાઇએ કહ્યું; 'સાહેબ, ગાંધીજી પણ કહેતા હતા કે, શાંતિ ખાતર સત્યને મુકી દેવું પડે, તો મુકી દેવું જોઇએ.'

પૂ.શ્રીએ જવાબ વાળ્યો; 'આ વાત બરાબર નથી. ગાંધીજી તો એમ કહેતા હતા કે, શાંતિ સળગી જતી હોય, તો ભલે સળગી જાય. પણ સત્યને મુકી શકાય નહિ.

આ જવાબ આગળ કસ્તુરભાઇ લાલભાઇ મૌન થઇ ગયા.

દિલ્હીના ચાતુર્માસ દરમિયાન કેટલાંક આગેવાનોને એવો વિચાર આવ્યો કે, પૂ.શ્રી અને વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ વચ્ચે એક મુલાકાત યોજાય, તો સારૂં. જેથી આ બંને એકબીજાને સમજી શકે અને ભારતના લાભમાં કોઇ પરિણામ આવે. એમણે પૂ.ને વાત કરી, પૂ.શ્રીને પણ થયું કે, ભલે એકવાર મળીએ, જેથી વડાપ્રધાનના માનસનો ખ્યાલ તો આવી જાય.

મુલાકાત નકકી થઇ. પૂ.શ્રી સમયસર વડાપ્રધાનના નિવાસ સ્થાને પહોંચી ગયા. જવાહરલાલ નહેરૂએ પૂ.શ્રીને આવકાર્યા. એમણે પૂ.શ્રીનું નામ તો સાંભળ્યું હતું, પણ સાક્ષાત દર્શન અને પ્રત્યક્ષ પરિચય આજે જ થતો હતો. થોડીક ઔપચારિક વિધિ પત્યા બાદ મુલાકાત શરૂ થઇ.

પૂ.શ્રીએ વાત શરૂ કરી, એટલે નહેરૂજી તો મસ્તક નીચું રાખી મૂંઝા મૂંગા

સાંભળવા લાગ્યા. તેમને એવા સંસ્કાર મળેલા કે, સાધુસંતો જે ઉપદેશ આપે તે નતમસ્તકે સાંભળવાનો જ હોય, પણ તેમાં વચ્ચે કાંઇ બોલાય નહીં. પૂ.શ્રી તો દેશની ધાર્મિક અને વર્તમાનમાં પ્રવર્તિત પરિસ્થિતિ અંગે તેમના હૈયામાં શું છે, તે જાણવા માગતા હતા અને તે પછી કહેવા યોગ્ય કહેવા ઇચ્છતા હતા. એટલે પૂ.શ્રીને નહેરૂજીને કહ્યું કે, આપ તો કુછ બોલતે નહીં, તો આપકા કયા ખ્યાલ હૈ વો મેરી સમજમેં કૈસે આવે ? એટલે નહેરૂજીએ તરત માથું ઊંચું કર્યું અને કહ્યું કે, કયા આપ હમારી બાત ભી સૂનેંગે ? પૂ.શ્રીએ કહ્યું: 'જરૂર'

આ પછી પરસ્પર વાર્તાલાપ ચાલ્યો. પૂ.શ્રીએ દેશની વર્તમાન હાલત તથા દેશ નૈતિક તેમજ આધ્યાત્મક દૃષ્ટિએ કેટલો નીચો ઉતરી રહ્યો છે, સાચા માણસોને જીવવામાં કેટલી તકલીફ છે, વગેરે હકીકત નહેરૂજીના ધ્યાન ઉપર મૂકી. ત્યારે તેઓ પણ આશ્ચર્ય વ્યકત કરવા લાગ્યાં. આ પછી ચર્ચાયેલા દરેક પ્રશ્ન અંગે પોતે શકય એટલું કરવા પ્રયત્ન કરવા, પણ વર્તમાનની નોકરશાહીના ચોકઠામા કેટલી સફળતા મળશે, તે અંગે નહેરૂજીએ શંકા દર્શાવી. વાતચીત રસમય બનતા નકકી કર્યા કરતા વધારે સમય પસાર થઇ ગયો. પૂ.શ્રીને ત્યારબાદ રાષ્ટ્રપતિશ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદને મળવાનું હતું. તેમના તરફથી એ બાબતનો સંદેશો આવતા આ મુલાકાત પૂરી થઇ. નહેરૂજીએ ફરી પણ કોઇ પ્રસંગે આ પ્રમાણે મુલાકાત થશે, તો પોતાને આનંદ થશે, એમ કહ્યું અને પૂ.શ્રી ત્યાંથી વિદાય થઇ રાષ્ટ્રપતિના સ્થાને પધાર્યા. *

સિદ્ધાંત મહોદધિ પૂ. આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. તથા વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. શ્રીમદ્ વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.નું સંયુકત ચાતુર્માસ પાલિતાણા ખાતે નકકી થયું. વિ. સં. ૨૦૦૬ની એ સાલ હતી.

એકવાર એક ભકતે પૂ.શ્રીને પૂછયું: આ ચાતુર્માસમાં પૂ. ગુરૂદેવશ્રી સાથે રોકાશે?

પૂ.શ્રીએ કહ્યું: આ શું બોલ્યા ? પહેલા મિચ્છામી દુકકડં માગો. ગુરૂદેવ મારી સાથે નહિ, હું ગુરૂદેવની સાથે રહેવાનો છું. હું ગુરૂદેવની સાથે રહેવ.નો છું એવું તમે માનો, એમાં મર્યાદા સચવાય છે, અને ગુરૂદેવ મારી સાથે રહેવાના છે. આવું તમે માનો, એમાં મર્યાદાભંગ છે.

ભકત પૂ.ની આવી ગુરૂભકિત જાણીને દંગ થઇ ગયો.

વ્યાખ્યાનમાં સમરાદિત્ય-કથાનું વાંચન ચાલતું હતું. અગ્નિશર્માની ભીષ્મ તપશ્ચર્યાની વાતો સાંભળીને સભા દંગ થઇ ગઇ: તો આવો તપ કરવા છતાં અગ્નિશર્માનું

જે પતન થયું, એ સાંભળીને સભા વધુ ઢિંગ થઇ ગઇ. એક શ્રોતાએ પૂછયું : સાહેબ, આવો કઠિન તપ પણ અગ્નિશર્માને પતન પામતા કેમ બચાવી ન શકયો ?

પૂજયશ્રીએ જવાબ વાળ્યો : અગ્નિશર્માનું પતન એણે સ્વીકારેલ તાપસી–દીક્ષાને આભારી હતું. અગ્નિશર્માને જો જૈન સાધુનો ભેટો થયો હોત અને એણે જૈન-દીક્ષા સ્વીકારી હોત, તો આવા પતનની સંભાવના ન રહેત. કેમકે જૈન સાધુ તો માધુકરી વૃત્તિ પર જીવન જીવનારા હોય છે. એક જ ઘરે ભોજન કે ભિક્ષા જૈન સાધુને માટે વર્જ્ય છે. એક ઘરે ભિક્ષા ન મળે, તો જૈન સાધુ બીજા ઘરે જાય. ત્યાં ન મળે તો ભિક્ષા માટે ત્રીજા ઘરે જાય. આવી જીવનવૃત્તિ હોવાના કારણે જૈન સાધુના જીવનમાં લગભગ કયારે ય એક જ ઘરની ભિક્ષાથી પારણું કરવાની ને પારણું ન થાય, તો એક મહિનાના ઉપવાસ સ્વીકારવાની, આવી પ્રતિજ્ઞાને અવકાશ જ ન રહે. માટે જો અગ્નિશર્મા જૈનત્વની છાયામાં આવ્યા હોત, તો એમની તપશ્ચર્યા ઝરમર તારક બની જાત !

મુખ્યત્વે જૈન શ્રોતાઓથી ભરચક એક સભા હતી અને પૂજયશ્રી પ્રવચન આપી રહ્યા હતા. ભગવાન શ્રી મહાવીરદેવ કે જૈન સાધુનો રપષ્ટ ઉલ્લેખ કર્યા વિના પૂજયશ્રી દેવ–ગુરૂ–ધર્મનું સુંદર સ્વરૂપ સમજાવી રહ્યા હતા. અને જૈનો એ સ્વરૂપ હોંશેહોંશે સાંભળી રહ્યા હતા. કલાકેક ચાલેલા એ પ્રવચનનો સાર એ હતો કે, દેવ એ જ હોઇ શકે કે, જેનામાં રાગ–દ્વેષનો અંશ પણ હયાત ન હોય ! રાગ–દ્વેષ પર વિજય કરવાનો જેમનો પુરૂષાર્થ પળેપળે ચાલુ જ હોય, એ ગુરૂ કહેવાય ! અને આવો પુરૂષાર્થ જે માર્ગે ચાલવાથી ધીમેધીમે પણ સફળ થાય, એને જ ધર્મનું નામ આપી શકાય !

આ પ્રવચન સાંભળીને જૈનોના અંતર અહોભાવથી ઉભરાઇ ઉઠયા. એમાંના એક શ્રોતાએ દિલના દ્વાર ખોલી નાંખીને પૂરી નિખાલસતા સાથે કહ્યું :

"આપ દેવનું જે સ્વરૂપ સમજાવો છો, એ તો અદ્‌ભુત અદ્‌ભુત–લાગે છે. પણ ગુરૂત્વનું આપે સમજાવેલું સ્વરૂપ સાંભળ્યા પછી તો એમ જ લાગે છે કે, આ ગુરૂત્વ પણ કંઇ ઓછું અદ્‌ભુત નથી ! આવું ગુરૂત્વ તો અમે જેને દેવ માનીને પૂજીએ છીએ, એ દેવોમાંય જોવા ન મળતા એમ થઇ આવે છે કે, અમારા દેવો અમારે કયાં મૂકી આવવા ? આમાં અમને અમારી મૂળની ભૂલ એ લાગે છે કે, ગુરૂને ગોતવામાં જ અમે થાપ ખાઇ ગયા છીએ, એથી નથી તો અમને સાચા દેવ મળી શકયા કે નથી તો અમને સાચા ધર્મની પ્રાપ્તિ થઇ શકી ?

રાજસ્થાનના પ્રખ્યાત શહેર પાલીમાં પૂજયશ્રીની પધરામણી થઇ, 'વ્યાખ્યાન વાચસ્પતિ' તરીકે પંકાતા પૂજયશ્રીની પધરામણીનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર તો પૂજયશ્રીનું

પ્રવચન જ હોય, એથી પ્રવચન સભામાં મોટો માનવ મહેરામણ ઉભરાયો એમાં ભાવનિક્ષેપાને જ પૂજ્ય માનતા સ્થાનકવાસી શ્રોતાઓ મોટી સંખ્યામાં હોવાથી પૂજ્યશ્રીએ પ્રસંગોપાત નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આ ચારેય નિક્ષેપાઓનું મહત્ત્વ સમજાવવા માંડયું. અકાટય તર્કો અને દિલને અપીલ કરી જતી દલીલો સાંભળીને અકળાઇ ઉઠેલા એક શ્રોતાએ પથરો ફેંકવાની અદાથી પ્રશ્ન કર્યો :

"ગમે તેટલા તર્કો, ગમે તેટલી દલીલો અને યુક્તિઓનો આશરો લેવામાં આવે, તો ય એક વાત તો નકકી જ છે કે, કોઇ કાળે પથ્થરની ગાયના આંચળમાંથી દૂધ નથી નીકળી શકવાનું. ગાયનું નામ દૂધ ન આપી શકે, ગાયનું ચિત્રય દૂધ ન આપી શકે. દૂધ જોઈતું હોય, તો સાચી ગાય પાસે જ જવું પડે. આ એક અકાટય હકીકત છે. પછી નામ-સ્થાપનાદિ નિક્ષેપાને આટલું બધું મહત્વ આપી શકાય ?

પૂ.શ્રીએ વળતી જ પળે જવાબ આપતાં જણાવ્યું : કોણે કહ્યું કે, પથ્થરની ગાય દૂધ મેળવી આપવામાં નિમિત્ત નથી બની શકતી ? ગાયને જે ઓળખતો જ નથી, એને પથ્થરની ગાયના માધ્યમે સાચી ગાયની ઓળખાણ આપી શકાય છે. અને આ રીતે સાચી ગાયને ઓળખીને એ જે દૂધ મેળવી શકે છે, એ દૂધ પત્થરની ગાયના માધ્યમથી મળ્યું, એમ કહેવાનો ઇન્કાર કોણ કરી શકે છે ? માત્ર અસ્વીકાર કરવાથી કઇ સ્થાપના-નિક્ષેપો નિરૂપયોગી બની શકતો નથી. માત્ર 'ભાવ ભાવ'ની વાતો કરનારાઓને ય સ્થાપનાદિ નિક્ષેપો માન્યા વિના કયાં ચાલે એમ છે ? સંસારના વ્યવહારમાં પણ સ્થાપનાની ડગલે પગલે જરૂર કયાં નથી પડતી ?

આ પ્રશ્નાર્થ સભામાં સન્નાટો સરજી ગયો. ત્યાં તો પૂ. શ્રીએ આગળ વધતા પોતાનો ઓઘો ઊંચો કરીને કહ્યું : આ ઓઘો ફેંકી દઇને હું તમારે ત્યાં ગોચરી આવું, તો તમે 'પધારો' એમ પણ કહો ખરા ! સ્થાનકવાસી કે તેરાપંથી સાધુ પણ ઓઘાને આઘો મૂકીને ગોચરી વહોરવા આવે, તો આ સભામાંનો કોઇ જૈન એમને ભિક્ષા વહોરાવે ખરો ? સ્થાપના નિક્ષેપાનો જ આ મહિમા નથી શું ? ચારિત્ર તો આત્મગુણ છે, પણ એની સ્થાપના આ ઓઘામાં કરાઈ છે. એથી ઓઘો ધારણ કરનારો સંયમી ગણાય છે. સૌભાગ્યવતી સ્ત્રી ભાલે ચાંલ્લો કરે છે, એ પતિની સ્થાપના નથી તો શું છે ? કોઇપણ સૌભાગ્યવતી સ્ત્રી શું ચાંલ્લો ભૂંસવા અને સૌભાગ્ય કંકણ તોડવા તૈયાર થાય ખરી ? આમ સંસારમાંય સ્થાપના-નિક્ષેપા વિના ચાલતું નથી, તો ધર્મમાં તો ત્રણે નિક્ષેપાના સ્વીકાર પૂર્વક ભાવનિક્ષેપાનું મહત્ત્વ સ્વીકાર્યા વિના ચાલે જ કઇ રીતે ?

પૂ. પ્રવચનકારશ્રીનું હાજર જવાબીપણું અને જવાંમર્દીપણું જોઇને સૌ છક્ક થઈ ગયા.

ઉપાશ્રયનું સાધન ન હોવાથી એક ગામમાં ધર્મશાળામાં ઉતારો મળ્યો. ત્યાં થોડા સંન્યાસીઓ પણ ઉતર્યા હતા. જૈનોની વસતી ઘણી મોટી હતી, એની સરખામણીમાં જૈનોની વસતી સાવ ઓછી હોવા છતાં સાધુઓની આગતા-સ્વાગતા, ભિક્ષા-ભક્તિ આદિમાં ઉત્સાહિત જૈનોને જોઇને સંન્યાસીઓને મનમાં એક વિચાર આવ્યો કે, આપણી સંખ્યા થોડી છે અને આપણને માનવાવાળા ઘરો ઘણા છે. છતાં આપણને સાચવવામાં આપણો વર્ગ ઉપેક્ષા સેવે છે, જ્યારે આ જૈન સાધુઓ ઘણા છે ને જૈન વસતી ઓછી છે. છતાં સાધુઓની સેવામાં જૈનો ખડે પગે રહે છે. આનું કારણ શું હશે ? આ શંકા એક સંન્યાસીએ પૂ.શ્રી આગળ વ્યક્ત કરી, તો જવાબ મળ્યો :

'અમે અમારી મર્યાદાઓને વળગી રહ્યા છીએ, તમે મર્યાદાઓને ઓળંગી ગયા છો, આ જ કારણ છે. ખોટું ન લગાડતા. વધુ સાચું કહું, તો વારંવાર વિનંતિ કરવા આવે, પછી અમે ભિક્ષા માટે જઇએ છીએ, એમાંય જરૂરી ચીજ બધે ફરીને મેળવીએ છીએ, માટે તમારી ઉપર જૈનોનો સદ્‌ભાવ ટકી રહ્યો છે, જ્યારે તમારે તો ઘોળી દાળ (દૂધપાક)ને કાળી રોટી (માલપુઆ) જોઇએ. આ કોઇ ન આપે, તો તમે ચીપીયો ઉગામો ને કયારેક શાપ પણ આપો, પછી તમારા ભક્તોનો તમારી પરનો સદ્‌ભાવ કયાંથી ટકી રહે ?'

સંન્યાસીઓએ પોતાની ભૂલ કબૂલી, ત્યારે પૂ.શ્રીએ વધુમાં કહ્યું કે, જૈનો તો જાણે છે કે, અમારા સાધુ કાચા પાણીને અડે નહિ, ભિક્ષા ન મળે તો ય એ જાતે રાંધવા બેસે નહિ કે ખરીદવા પણ જાય નહિ. આવો ખ્યાલ હોવ થી પોતાનું કર્તવ્ય સમજીને પણ જૈનો ભક્તિભાવથી અમારી સેવા ઉઠાવે છે. જ્યારે તમારા સમાજને તો ખબર છે કે, અમારી સાર સંભાળ પર જ અમારા સંન્યાસીઓનું જીવન નથી. અમે ભિક્ષા નહિ આપીએ, તો ય એમના માટે કૂવાતળાવ ખુલ્લા છે અને રાંધતા એમને આવડે છે. આથી તમારો સમાજ તમારી ઉપેક્ષા સેવે છે. તમારા પૂર્વજોની જેમ તમે ય તમારા આચારોના પાલનમાં ચુસ્ત રહ્યા હોત, તો આજ જેવી દુર્દશા નૈ થઇ હોત !

સંન્યાસીઓ પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મનું આ પૃથક્કરણ સાંભળીને છક્ક થઇ ગયા.

એકતાની આંધી એક એવી ભયાનક ઝડપથી જૈન જગતમાં ફેલાઇ રહી હતી કે, એથી ભલભલા સમજુને પણ આશ્ચર્ય થાય. તિથિસત્ય-દેવદ્રવ્ય-ગુરૂદ્રવ્ય બધું સત્ય જાણે. એ આંધીના આવેગમાં નામશેષ બની જશે, એવી દહેશત સેવતા એક ભક્તજને પૂ.શ્રીને પ્રશ્ન કર્યો : સાહેબજી ! આંધી જોરદાર તોફાન મચાવી રહી છે. અક્કડ રહેતા તાડ જેવા ઝાડને ય ધૂળ ચાટતા કરી દે, એવી રીતે કુદાતી આ આંધીથી બચવું હોય, તો

હવે આપે કોઈ વિચાર કરવો જ રહ્યો, નહિ તો સકળ સંઘથી આપ એકલા અટુલા પડી જશો.

પૂ.શ્રીની નજરમાં પહાડ ઉપસી આવ્યો. એઓશ્રીએ કહ્યું : જૈન શાસનને સમર્પિત સાધુ તરણા જેવો પણ ન હોય, એથી એને પવનની એક ફુંક પણ નમાવી ન શકે, એ તાડ જેવો પણ ન હોય, એથી એને ગમે તેવી આંધી ઉખેડીને ફેંકી દઈ ન શકે. જૈનશાસનનો સાધુ તો પહાડ જેવો હોય. જે આંધીને ય અટકી જવાની ફરજ પાડે. આંધી આવે, ત્યારે તરણા કે તાડને ભય હોય, પણ પહાડને કોઈ જાતનો ભય હોય ખરો ! પછી આવી નમાલી વાતો શા માટે કરવી જોઇએ ?

પૂ.શ્રીના પહાડ જેવા અણનમ જવાબને ભક્ત સાંભળી જ રહ્યો. અને એ આંધી ખરેખર પહાડ સાથે ટકરાઈને પાછી વળી ગઈ. સત્યની સુરક્ષાના એ મુદ્રાલેખ મને કોઇ ફેરવી ન શક્યું.

પૂ.શ્રીજીનું જીવન જાણે અસત્ય સામે આક્રમણ જાહેર કરીને સત્યનો વિજયનાદ જગવવાનો જ મુદ્રાલેખ ધરાવતું હતું. 'સુ' થી સંધિ અને 'કૃ' થી 'કિટ્ટા' ! સત્યને સર્વસ્વનું સમર્પણ અને અસત્યના ઓછાયાથી ય અભડાવવાનું નહિ ! આવું જીવનવ્રત જીવનારા હજી કદાચ સામે પગલે ચાલીને કોર્ટના દ્વાર ન ખખડાવે, એ મની શકે, પણ જ્યારે સામેથી કોઇ કોર્ટમાં હાજર થવાની ફરજ પાડે, ત્યારે એ જરાય ગભરાયા વિના કોર્ટના કાંગરેય સત્યનો ધ્વજ લહેરાતો મૂક્યા વિના પાછા ન ફરે !

પૂ.શ્રી જાત પરના આક્રમણને ખાળવા એકેવાર કોર્ટે નહોતા ગયા, જ્યારે છતાં જૈન શાસન પરના આક્રમણને ખાળવા જેટલી વાર કોર્ટે જવું પડ્યું હતું, એટલીવાર ગૌરવભરી ગતિએ ગયા હતા અને વિજયનો વાવટો લઇને પાછા ફર્યા હતા. કોર્ટમાં સત્યના સોગંદ લેવાની વિધિથી જ કાર્યનો પ્રારંભ થાય, એથી પૂ.શ્રીને પણ આ વિધિ તો કરવી જ પડતી. પણ પૂ.શ્રી એવી વિશિષ્ટ શૈલીથી સોગંદવિધિ કરતા કે, એ પ્રારંભ જોઇને જ ન્યાયાલય પ્રભાવિત થઇ જતું.

અનોખી રીતે સોગંદવિધિ કરતા પૂ.શ્રી જણાવતા કે, વિ.સં. ૧૯૬૯ની સાલમાં પોષ સુદ-૧૩ ના દિવસે ગંધાર તીર્થમાં પૂ. મુનિરાજ શ્રી મંગળવિજયજી મ.ના હાથે જૈનદીક્ષાનો સ્વીકાર કરતા મેં જે પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞા સ્વીકારી હતી, એમાંની બીજી 'અસત્ય બોલીશ નહિ, બોલાવીશ નહિ ને બોલતાને અનુમોદીશ નહિ' આ પ્રતિજ્ઞાના આધારે હું જણાવું છે કે....

આ રીતની પૂ.શ્રીની સોગંદવિધિથી જ કોર્ટ પ્રભાવિત થઇ જતી. આ વિધિ સહેતુક અને સરહસ્ય હતી. જે સત્ય બોલવાની પ્રતિજ્ઞા સ્વીકારીને હું જણાવું છું

આ રીતે સોગંદ લેવામાં આવે, તો આડકતરી રીતે એવો અર્થ નીકળી શકે કે, આજ સુધી અસત્ય બોલવાનું ચાલુ હતું અથવા તો અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞાનો ભંગ થઈ ચૂકયો હતો, એથી જ તો કોર્ટમાં આ નવી પ્રતિજ્ઞા સ્વીકારવી પડી !

આવા ખોટો અર્થ કોઇ તારવી ન શકે, એ માટે પૂ. શ્રી આ રીતે સોગંદવિધિ જ એવી અનોખી પદ્ધતિથી કરતા કે, અજૈન ન્યાયાધીશોને પણ પંચ મહાવ્રતોનું સ્વરૂપ સમજી આવતી અને પૂ. શ્રી જ્યારે આ ઇચ્છાની પૂર્તિ અર્થે જૈનસાધુના પાંચ મહાવ્રત વર્ણવતા, ત્યારે આવા જૈનસાધુને કોર્ટમાં ઘસડી લાવનારા તત્ત્વોની મેલી મુરાદોનો ન્યાયમૂર્તિઓને ખ્યાલ આવી જતો અને અંતે એ જાતના કેસોમાં સત્યનો જયજયકાર થઇને જ રહેતો !

પૂ. શ્રીના જીવનમાં ત્રીસથી વધુવાર કોર્ટોમાં ઉપસ્થિત રહેવાના પ્રસંગો આવ્યા હતા, પરંતુ એક પણ પ્રસંગે એવું નહોતું બનવા પામ્યું કે, પૂજ્યશ્રીની સાચી વાત નો કોર્ટ તરફથી અસ્વીકાર થયો હોય ! ઉપરથી કોર્ટ પણ એ સત્ય પર ન્યાયની મહોર છાપ મારીને પૂ. શ્રીજીનો વિજય જાહેર કર્યા વિના ન રહેતી.

(૧૭) ખુમારી અને ખમીરી

સૂર્યનો ઉદય થતા ઘુવડોની જમાત ઉડાઉડ કરવા માંડે, અને એને કોઇ અશાંતિ ગણે, તો શું શાંતિના સ્થાપના માટે સૂર્યે પોતાનો પ્રકાશ સમેટી લેવો જોઇએ ? ના, આવી શાંતિ શા કામની કે, જ્યાં અંધકાર ફેલાઈ જતા માનવ જેવા માનવને અંધારામાં અથડાઈને માર્ગભ્રષ્ટ બનવું પડતું હોય ?

પૂજ્યશ્રી મુંબઇ પ્રવેશ્યા અને જાણે સત્યનો સૂર્ય પ્રખર તેજે મધ્યાકાશે આવીને પ્રકાશવા માંડયો એથી બાલદીક્ષા દેવદ્રવ્ય જેની ચર્ચાઓમાં સાચું જાણવા મળતા લગભગ ઘરઘરમાં બે જાતની વિચારધારાઓ વહેતી થઇ. વર્ષોનું અસત્ય સત્યનો પ્રકાશ પડતા ફફડી ઉઠે, એ સહજ હતું. અને આ જરૂરી પણ હતું. પણ કેટલાંક શાંતિ પ્રિય માણસોને આવી અશાંતિ ન ગમી. એમણે નકકી કર્યું કે, ચર્ચાત્મક પ્રશ્નોની તરફેણમાં કે વિરોધમાં થતા પ્રવચનો જ બંધ કરવા ! જેથી મુંબઇમાં શાંતિ સ્થપાઇ જાય.

શાંતિની આ જાતની સૂફિયાણી વાતો પ્રચારનારા આગેવાનો સૌ પ્રથમ સુધારાવાદી અને જમાના મુજબની વિચારધારાના પ્રચારક આચાર્યદેવ પાસે પહોંચ્યા. એમણે કહ્યું : આપશ્રી મુંબઇના વર્તમાન વાતાવરણથી પરિચિત જ છો. આમાં શાંતિ સ્થાપવાનો એક જ માર્ગ અમારી નજરે ચડે છે. હાલ જે પ્રવચનો બંધ રાખવામાં આવે,

તો વાતાવરણ આપોઆપ શાંત થઇ જાય. કેમકે પ્રવચનો સાંભળીને જ જનતા ઉશ્કેરાય છે અને એથી વાતાવરણ અશાંત બને છે.

જમાનાવાદી આચાર્યે આ વાત સ્વીકારી લઇને પ્રવચન બંધ રાખવાની કબૂલાત આપી. આગેવાનોના મનમાં થયું કે, અહીં ભલે આપણે આપણી વાત મનાવી શકયા, પણ શ્રી રામવિજયજી મહારાજ પાસે સફળતા મળવી સહેલી નથી ! આવી આશંકા હોવા છતાં સૌ પૂજ્યશ્રી પાસે પહોંચ્યા. આગવાનોની બધી વાતો સાંભળ્યા બાદ પૂજ્યશ્રીએ કહ્યું :

'જિનવાણીનું શ્રવણ એ જૈનમાત્રનું કર્તવ્ય છે. શાંતિના નામે હેઠળ આવી જિનવાણીને અટકાવવાનું તમારા જેવાને મન થાય; એ ભારે ખેદનો વિષય ગણાય. અટકાયત તો એની જ કરવાની હોય, જે પાપનો માર્ગ હોય ! જિનવાણીનું શ્રવણ કરવું અને કરાવવું, આનાથી ચડિયાતો સાચી શાંતિ સ્થાપવાનો તથા પુણ્યનો બીજો માર્ગ નથી.એથી તમારી વિનંતિ તો હું કઇ રીતે સ્વીકારી શકું ! શ્રોતાઓએ વ્યાખ્યાનમાં આવવું, ન આવવું, એ એમની મરજીની વાત છે, કોઇ નહિ આવે તો અમે કઇ શ્રોતાઓની ભીખ માંગવા માટે નહિ નીકળીએ છેવટે અમારા સાધુઓ સમક્ષ પણ વરસતા પ્રવચન ચાલુ રાખીને કર્તવ્ય અદા કરીશું.'

ખુમારી અને ખમીરીથી ભરપૂર આ જવાબ સાંભળ્યા પછી આગેવાનો હતપ્રભ હૈયે ઊભા થઇ ગયા. આ વિના તેઓ બીજું કરી પણ શું શકે ? એ આગેવાનોમાં કેટલાંક એવા નવલોહિયા યુવકો ય હતાકે, જેઓ આજે પહેલીવાર જ પૂજ્યશ્રીના દર્શન પામતા હતા. એમના હૈયા પલટાઇ ગયા હતા. વૃદ્ધોને એમણે કહ્યું: આવી ખમીરવંતી સત્યની મૂર્તિ અમે તો પહેલવહેલી જ જોઇ ! આજથી હવે અમે આ સાધુના પક્ષમાં છીએ અને જમાનાવાદની સામે રણશિંગુ ફુંકવાની પ્રતિજ્ઞા સ્વીકારીએ છીએ.

કહેવાની જરૂર નથી કે, આ ઘટના બન્યા બાદ જમાનાવાદ સામેના એ જંગે ને એ જેહાદે વધુ ઉગ્રતા ધારણ કરી, અને સત્યને સમજનારો વર્ગ દિવસે દિવસે વૃદ્ધિંગત બનતો રહ્યો.

(૧૮) સાચને નહિ આંચ

સાચને કદિ આંચ નથી આવતી અને જેને આંચ આવવાનો ડર સતાવતો હોય એ કદિ 'સાચ' તરીકે શોભી શકતું નથી. આ સત્યની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ છે

એક શહેરનો સંઘ એક તિથિના ગણાતા આચાર્યદેવ ઉપર અનુરાગ ધરાવતો

હતો. આમ છતાં પૂ આચાર્યદેવ શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ અને આ મહાપુરૂષ દ્વારા પ્રચારાતી સૈદ્ધાંતિક-વાતો તરફ પણ સદ્ભાવ ધરાવતો હતો. એક વર્ષે તિથિ-દિન અંગેના વિવાદને કારણે સંવત્સરી ભેદ આવતો હતો. એથી સંઘ ભેગો થયો. લાંબી વિચારણાને અંતે સંઘમાં એવો નિર્ણય લેવાયો કે, આપણે જે સંવત્સરી સિધ્ધાંત દૃષ્ટિએ સાચી હોય, એની જ આરાધના કરવી છે. આ માટે આપણે આપણા ઉપકારી આચાર્યદેવ પર પત્ર લખીને સાચો નિર્ણય મેળવવો જોઈએ.

સંઘમાં થયેલ આ જાતના નિર્ણયને અમલી બનાવવા સંઘે એ આચાર્યદેવને અમદાવાદ પત્ર લખ્યો કે, આ વર્ષે સંવત્સરી ભેદ આવે છે, અમારો સંઘ સિધ્ધાંતની દૃષ્ટિએ જે સાચી હોય, એવી સંવત્સરીની આરાધના કરવા ઇચ્છે છે. આ અંગે સંઘની મિટિંગ મળી હતી માટે આપશ્રીને વિનંતિ કરીએ છીએ કે, સાચી સંવત્સરી કઇ ? આ અંગે અવશ્ય તરત જ માર્ગદર્શન આપશો.

પત્ર અમદાવાદ પહોંચ્યો. ૮-૧૦ દિવસ થવા છતાં કોઇ જવાબ આવ્યો નહિ. પુનઃ પત્ર લખવામાં આવ્યો, પણ એ પત્ર પણ નિરૂત્તર જ રહ્યો. પુનઃ સંઘ ભેગો થયો. એમાં એવો નિર્ણય લેવાયો કે, હવે આપણે બે તિથિ પક્ષના આગેવાન પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પર પત્ર લખીને-સાચું માર્ગદર્શન મેળવીએ.

આ નિર્ણય મુજબ મુંબઇ લાલબાગ બિરાજમાન પૂ. શ્રી પર સંઘે પત્ર લખ્યો પત્ર પહોંચતાની સાથે જ પૂ. શ્રી તરફથી વિગતવાર એવું-સુંદર માર્ગદર્શન મળ્યું કે, સાચી સંવત્સરી કઇ ? એ સમજતા સંઘને જરાય વાર ન લાગી અને એ વર્ષે સાચી સંવત્સરીની આરાધના કરી આટલું જ નહિ, કાયમ માટે એ સંઘ સાચી તિથિનો આરાધક બની ગયો.

સંઘના આગેવાનોને કામ પ્રસંગે અમદાવાદ જવાનું થતા, ઉપકારી આચાર્ય ભગવંત પાસે વંદનાર્થે જતાની સાથે જ પહેલો પ્રશ્ન એ પૂછવાનું થયું કે, આપના જવાબની ઘણી રાહ જોયા બાદ અમે મુંબઇ લાલબાગ પત્ર લખ્યો અને ત્યાંથી મળેલા માર્ગદર્શન મુજબ સંવત્સરીની આરાધના કરી. આપે જવાબ કેમ ન આપ્યો, એ અમારા માટે હજુય પ્રશ્ન જ છે.

જવાબ મળ્યો : જે સત્ય હોય, એમાં જ સહી અપાય ! અસત્ય કદાચ આચરવું પણ પડે, પરંતુ સહી તો સાચા ઉપર જ અપાય.

સાચાને અંતરથી સાચું માનનારા આવા આચાર્યદેવો પણ મળવા આજે દુર્લભ

છે. એથી આવા આચાર્યદેવને હૈયામાં બિરાજમાન કરીને સંઘના એ આગેવાનો ઊભા થયા. આ પ્રસંગથી સત્યનો એમનો પક્ષપાત વધુ સુદૃઢ બનવા પામ્યો.

૧૯. દીર્ઘ દૃષ્ટિના સ્વામી

પરમ પવિત્ર શાસ્ત્રશિરોમણિ શ્રી કલ્પસૂત્રના સામાચારી વ્યાખ્યાનમાં એ શબ્દ પ્રયોગ વારંવાર વાંચવા મળે છેઃ આયરિયા પચ્ચવાયં જાણંતિ. સાધુ સમાચારી વર્ણવતા આ વ્યાખ્યાનમાં વારંવાર એ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે, આચાર્યોને પૂછીપૂછીને બધું કરવું જોઇએ. કેમકે એઓ દીર્ઘદૃષ્ટિના સ્વામી હોય છે. એથી વાતેવાતે એમને પૂછતા રહેવાથી નકામું કામ થતું અટકી જાય છે અને સારું કામ વધુ ફળવાન બને છે.

પૂજ્યશ્રી આવી દીર્ઘદૃષ્ટિના સ્વામી હતા, એને જણાવતો એક પ્રસંગ જાણવા જેવો છે. એકવાર એક મુનિરાજ અજૈનોના ઘરમાં વહોરવા ગયા. મકરસંક્રાન્તિના એ દિવસો હતા. એથી ગોચરીમાં તલના લાડુ સહજ રીતે મળ્યા. ગોચરી વાપરવાની શરૂઆત કરી, ત્યાં લાડવો તોડતા જ અંદરથી પૈસા નીકળ્યા. આવો પ્રસંગ પહેલ વહેલો જ બન્યો હતો, એથી સૌને આશ્ચર્ય થયું: પૈસાનું હવે શું કરવું ? આ પ્રશ્નના ઉકેલ રૂપે ઘણાનો જવાબ એવો આવ્યો કે, આ પૈસા દેવદ્રવ્યના ભંડારમાં નંખાવી દેવા. ગોચરી લાવનાર મુનિને થયું કે, આ વિષયનો અંતિમ નિર્ણય પૂ.શ્રીને પૂછીને જ લેવો યોગ્ય ગણાય. એથી તેઓ પૂ.શ્રી પાસે પહોંચ્યા. એમણે બધી વિગત જણાવી. પૂ.શ્રીએ કહ્યું: તલના લાડુ જેના ઘરેથી આવ્યા હોય, એનું ઘર બરાબર યાદ હોય, તો આ પૈસા એને પાછા આપી આવવા જોઇએ. આપણે ધર્મલાભ લાડુનો આપ્યો છે, પૈસાનો નહિ. એથી પૈસા પાછા આપી દેવા જોઇએ.

મુનિએ કહ્યું: મને ઘર બરાબર યાદ છે. એક મુમુક્ષુ શ્રાવકને લઈની આપની આજ્ઞા મુજબ પૈસા પરત કરવા જવામાં મને વાંધો નથી.

મુમુક્ષુના હાથમાં પૈસા અપાવીને મુનિશ્રી એ અજૈનના ઘરે જઇ પહોંચ્યા, જેના ઘરેથી તલના લાડુ વહોર્યા હતા. મુનિએ એ ભાઇને કહ્યું: તમે તલના જે લાડુ વહોરાવ્યા હતા, એમાંથી પૈસા નીકળ્યા છે. એ પાછા આપવા આવ્યા છીએ.

અજૈન ભાઇએ કહ્યું: મકર સંક્રાન્તિના દિવસોમાં દાનનો લાભ લેવા આ રીતે લાડુમાં પૈસા મૂકવાનો અમારો રિવાજ છે. માટે આપ એ પૈસા ખુશીથી રાખી શકો છો. અમે કંઇ ભૂલથી પૈસા લાડુમાં મૂક્યા નથી.

મુનિશ્રીએ પોતાનો આચાર સમજાવતા કહ્યું: જૈન સાધુ તરીકે અમારે માટે પૈસો રાખવાની વાત તો દૂર રહી, પણ પૈસાનો સ્પર્શ પણ વર્જ્ય છે. માટે જ પૈસા અપાવવા આ ભાઇને સાથે લાવવામાં આવ્યો છે.

આ વાત સાંભળીને અજૈનભાઇના આશ્ચર્ય અને અહોભાવનો પાર ન રહ્યો. પૂ.શ્રીની દીર્ઘદર્શિતાના પ્રભાવે એ ભાઇની જૈન સાધુ પરની શ્રદ્ધામાં કેઇ ગણો વધારો થયો. એમ સંભવિત હતું કે, એ પૈસા દેવદ્રવ્યના ભંડારમાં નંખાવી દીધા હોત, તો પેલા અજૈન ભાઇને એમ થાત કે, જૈન સાધુઓ પણ પૈસા રાખતા લાગે છે!

૨૭. આજુનમ વકતૃત્વ.

સાચા વકતાનું લક્ષણ શું? જે સભા ઉપરાંત પોતાની જીભ ઉપર પણ પૂરો કાબૂ ધરાવતા હોય, જેનામાં આવેશ આવી જતો ન હોય, પણ જરૂરી પ્રસંગે જેને આવેશને ખેંચી લાવવો પડતો હોય, એ સાચો વક્તા! આવા વક્તા માટે આવેશમાં આવી જઇને ગમેતેમ બોલાઇ જવું અને પછી એના વારણ માટે મિચ્છામિ દુક્કડં દેવાનો વારો આવવો, સંભવિત જ ન ગણાય.

આવું સાચું વકતૃત્વ પૂ. આ. શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજીમાં બાલ્યવયથી જ ખીલેલું હતું. એની પ્રતીતિ કરાવી જતો એક પ્રસંગ માણવા જેવો છે.

તા. ૨૧-૭-૧૯૨૯ના 'જૈન પ્રવચનમાં' પ્રસિદ્ધ થયેલ પૂ. મુ.શ્રી રામવિજયજી મ. ના પ્રવચનમાં એ ભાવના શબ્દો આગળ-પાછળના પૂરા સંદર્ભ સાથે આલેખિત હતા કે,

'અહીંથી ત્યાં (પરદેશ) જઇ આવી, નકલી, બની, પાપની ક્રિયાઓનો પ્રચાર કરે છે. આજે સારા ઘરે પણ અભક્ષ્ય અપેયનો વિચાર નથી. જૈનોના ઘરે પણ ઢાઢના શીશા અને ઇંડા ચટણીની જેમ ખવાય છે.'

આજુબાજુના સંદર્ભ સાથે આ વાકયને જો બરાબર વાંચવામાં આવે તો એ સહેલાઇથી સમજાઇ જાય એમ હતું કે, આ વાકય બધા જૈનો પર આક્ષેપ કરનારૂં નહોતું, પણ જે જૈનો અભક્ષ્ય ખાન-પાન કરતા હોય, એને ઉદ્દેશીને જ આ વાકય બોલાયેલું હતું! પણ પૂ. શ્રી પ્રત્યે દ્વેષ ધરાવનાર અમુક વર્ગે તો આ વાકયને ખૂબ ખૂબ ચગાવીને પૂ. શ્રી. પર એવો આક્ષેપ મૂકયો કે, આ વાકય દ્વારા શ્રી રામવિજયજી મ.જે જૈન સંઘ પર એવો આક્ષેપ કર્યો છે કે, જે ક્ષમ્ય ન ગણાય.

થોડા જ દિવસોમાં વિરોધી વર્ગે ક્રમનો વાઘ કરીને આ પ્રશ્નને પત્ર અને

પત્રિકાઓ દ્વારા એ રીતે ચગાવ્યો કે, ઠેરઠેર આ વાત જ વિવાદ બનીને ચર્ચવા માંડી. 'જૈન પ્રવચન'માં એ ભાવનો ખુલાસો પણ આપવામાં આવ્યો કે, જે જૈનો અભક્ષ્ય ખાનપાન કરતા હોય, એમને એ માર્ગેથી પાછા વાળવા માટે જ આ વાક્ય ઉચ્ચારાયું છે, આનાથી સમગ્ર જૈનોના ગૌરવને જરા ય ધક્કો પહોંચતો નથી. ઘણા વિદ્વાનોએ પણ આ જાતના અભિપ્રાય પ્રગટ કર્યો. આમ છતાં આ વિવાદ ન જ શમ્યો. ત્યારે પૂ આ. શ્રી સાગરાનંદસૂરિજી મ. જામનગરમાં બિરાજમાન હતા. એમણે પણ આ વિવાદને શાંત પાડવા એક જાહેરસભામાં એવા ભાવનું જણાવ્યું કે,

'જે કોઇ પણ કોર્ટમાં બદનક્ષીનો કેસ ચાલે, તો તે કોર્ટ પણ માત્ર એક જ વાક્યના શબ્દો ઉપરથી બદનક્ષી થઇ, એમ માનતી નથી, કોર્ટ આખા પેરેગ્રાફ અને પ્રકરણ ઉપર ધ્યાન આપે છે. આ વાત જો ખ્યાલમાં રાખવામાં આવે, તો આજકાલ જે ચર્ચા ચકડોળે ચડાવવામાં આવી છે, એ શાંત થઇ જાય. જૈનોના ઘરે પણ દારૂના શીશા અને ઇંડા ચટણીની જેમ ખવાય છે, આ વાક્ય મુનિવર્ય શ્રી રામવિજયજીએ કહ્યું છે, તેમાં કોઇ ના પાડતું નથી, ખુદ તેઓ પણ આ વિષયમાં ના પાડતા નથી. પણ તમે આખું પ્રકરણ અને આખો પેરેગ્રાફ વાંચો, તો વક્તાનો આશય શો છે, એ તરત જ સમજી શકશો. અનાર્ય દેશની વાસના લઈ આવેલા જૈનો માટે જ આ કહેવામાં આવ્યું છે. જેઓ બધા જૈનોને આ વાક્ય લાગુ પાડવા માંગે છે, તેઓની ધારણા ભૂલ ભરેલી છે.'

એક મોટી સભા ભરીને શ્રી સાગરજી મહારાજે આ વિષયમાં ખૂબ જ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું, આમ છતાં વિરોધીઓ પોતાનો જ ધક્કો ખરો કરાવવા તોફાનો કરતા રહ્યા. અંતે આ વિવાદ મુંબઈ હાઇકોર્ટના એડવોકેટ જનરલ સર જે. થી કાંગા આદિ સમક્ષ પહોંચ્યો, અને એથી ય આગળ વધીને આ વિષયમાં ગાંધીજીએ પોતાનું નીચે મુજબનું મંતવ્ય જાહેર કર્યું :

'જે વાક્યનો ઉહાપોહ તમે કર્યો છે. એને હું નિર્દોષ વાક્ય ગણું છું. એમાં જૈન માત્ર ઉપર આક્ષેપ નથી. પણ જે જૈનો અખાદ્ય વસ્તુ ખાય છે, તેની ઉપર આક્ષેપ છે અને બોલનારની માન્યતા એવી છે કે, અખાદ્ય ખાનારાનો સંપ્રદાય બગડતો જાય છે.'

ગાંધીજીએ જ્યારે આ રીતે શ્રી રામવિજયજી મ.ની વાત પર સચ્ચાઇનો સિક્કો માર્યો, ત્યારે વિરોધીઓનો વિરોધ હવા વિનાના ફુગ્ગા જેવો નિષ્પ્રાણ બની જવા પામ્યો.

(૨૧) સાધુવેશ એટલે શું ?

એક શહેરમાં વેશ-ફરીફાઇનું આયોજન થયું. ત્યાં સુધારાવાદનું જોર હતું એ

વખતે પૂ.શ્રીએ વિહાર કરતા કરતા એ શહેરમાં પધાર્યા હતા. હરીફાઇનું આયોજન જૈનોતરફથી જ થવા પામ્યું હતું. એક ભાઇને હરીફાઇમાં ભાગ લેવાનું મન થયું. એમણે પોતાના પુત્રને જૈન સાધુના વેશમાં સજ્જ કરવાનું નક્કી કર્યું. એમને થયું કે, જૈન સાધુનો વેશ જો બરાબર સજાવવો હોય, તો જૈનસાધુ પાસે જ જવું જોઇએ, એ ભાઇ ઉપાશ્રયમાં આવ્યા. ત્યાં પૂ.શ્રીની નિશ્રામાં બિરાજમાન સંખ્યાબંધ સાધુઓમાં બાળ મુનિઓને ય જોઇને એમના આનંદનો પાર ન રહ્યો. એમને થયું કે, મારૂં સંતાન પણ આ બાળમુનિની જેમ શોભશે અને પહેલું ઇનામ જીતી લાવશે.

એ ભાઇએ મુનિવરોને વિનંતિ કરી કે, વેશ હરીફાઇનું આયોજન થયું છે. મારો પુત્ર એમાં ભાગ લેવાનો છે. તો આપ જૈન સાધુનો વેશ એને ન પહેરાવી શકો શું ? મુનિવરો એ ભાઇને પૂ.શ્રી પાસે લઇ ગયા. એમની પાસેથી બધી વાત જાણ્યા પછી પૂ.શ્રીએ એમને પૂછ્યું :

'સાધુવેશના મહિમાનો ખ્યાલ છે ? જે વેશ પહેર્યા પછી બળગો ન કરી શકાય, એવા વેશનું નામ જ સાધુવેશ ! બીજા બધા વેશ પહેર્યા પછી એમાં પરિવર્તનને અવકાશ રહે છે. શેઠ નોકરનો વેશ પહેરીને પુનઃ શેઠનો વેશ પહેરી શકે છે, નોકર માટેય આ રીતે વેશપરિવર્તનને અવકાશ રહે છે. પણ એક માત્ર સાધુવેશ જ એવો છે કે, જે પહેર્યો એ પહેર્યો ! પહેર્યા પછી જ્યાં પરિવર્તનને લેશ માત્ર અવકાશ ન હોય, એ સાધુવેશ ! તમારો બાળક આ રીતે સાધુવેશ પહેરવા તૈયાર હોય અને તમે આ રીતે પહેરાવવા તૈયાર હો, તો અમે વાજતે ગાજતે સાધુવેશ પહેરાવીએ, બોલો ! તમારી આવી તૈયારી છે ?'

પૂ.શ્રીએ સહાસ્ય પૂછેલા આ પ્રશ્નનો પેલા ભાઇ બીજો તો શો જવાબ વાળી શકે ? આ પછી પૂ.શ્રીએ આવી હરીફાઇના નુકશાન, આવી હરીફાઇથી થતું સાધુતાનું અવમૂલ્યન આદિ શાંતિથી સમજાવતા એ ભાઇને પણ સત્ય સમજાયું.

આવી રીતની અનોખી 'સાધુવેશ'ની વ્યાખ્યા એ ભાઇએ કદી સાંભળી ન હતી. ભૂલ સમજાઇ જતા વેશ–હરીફાઇમાંથી એ ભાઇ ખસી ગયા. આનું નામ પ્રતિભા પૂર્વકનો પડકાર ! એકલો પડકાર જ્યાં ધાર્યું ફળ ન આપી જાય, ત્યાં એ પડકારમાં પ્રતિભા ભળે, તો સાચું ફળ મળ્યા વિના ન રહે !

※

એકવાર પૂ.પાદશ્રીની નિશ્રામાં એક આચાર્યદેવ સપરિવાર પધાર્યા. આગંતુક આચાર્યદેવ અને એમનો શિષ્ય–સમુદાય સંગીતના વિષયમાં ઠીકઠીક જાણીતો હતો. બીજે દિવસે પૂ.શ્રી દર્શનાર્થે મંદિરમાં પધાર્યા. ત્યારે આગંતુક આચાર્યદેવ પણ સાથે જ જોડાયા. ચૈત્યવંદન બાદ સ્તવનનો આદેશ માંગીને એમણે પૂ.શ્રીને પૂછ્યું :

'આપ કહો, એ રાગમાં સ્તવના કરવા મારા શિષ્યો સજ્જ છે, આપ ઇચ્છા દર્શાવો, એ રાગમાં એ સ્તવન બોલશે.'

પૂજ્યશ્રીજી પાસે વિવેક હતો અને સાથે સાથે વેધકતાય હતી. પૂ શ્રીજીએ કહ્યું: જે રાગ ગાવાથી વિરાગ વધતો હોય, વીતરાગ તરફનો રાગ વૃદ્ધિંગત બનતો હોય અને પુદ્ગલનો રાગ ઘટતો હોય, એ રાગમાં ગાશો, તો ભક્તિ સફળ થશે.

આ જવાબ સાંભળીને સૌ છક્ક થઇ ગયા. જવાબ સામાન્ય હતો, પણ એમાં તો ભક્તિમાર્ગના મુસાફરને માટે જે મહત્ત્વનું ગણાય, એવું પૂરેપૂરું માર્ગદર્શન સમાઇ જતું હતું.

(૨૨) ચારિત્ર જ ચમત્કાર

ચમત્કાર કરવામાં માને, એ મહાપુરૂષ નહિ, મહાપુરૂષો કદી પણ માનપાન પામવા ચમત્કાર કરે જ નહિ! આમ છતાં મહાપુરૂષો સાવ સાહજિક રીતે જે કંઇ કરે, એ ચમત્કારથી ય વિશેષ પ્રભાવક બની રહે, એમાં નવાઇ નહિ! પૂજ્યપાદશ્રી આ અર્થમાં એવા મહાપુરૂષ હતા કે, એઓશ્રીની મહાનતાનું મૂલ્ય જ આંકી ન શકાય જેઓની બોલચાલ જ જે બનાવોમાં ચમત્કાર સરજી જતી અનુભવાતી હોય, એવા થોડાક પ્રસંગો જોઇએ.

એક બાળ મુમુક્ષ રાતે ભાવનામાંથી પાછો ફરતો હતો, એવામાં એવી કોક જગા પર એનો પગ પડી ગયો કે, જેથી એ અવાક્ બની ગયો, જાણે એની જીભ જ સીવાઇ ગઇ. મૂંગાની જેમ એ કંઇ જ બોલી ન શકે આવો અદૃષ્ટ-પરચો મળતા જ સૌ ચિંતા મગ્ન બની ગયા.

પૂજ્યપાદશ્રી આરામમાં હતા. છતાં જગાડીને પૂજ્યશ્રી સમક્ષ બધી વિગત દર્શાવવામાં આવી. પૂજ્યશ્રીજીએ મુમુક્ષુને બોલાવાનો પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી, પૂજ્યશ્રી બેઠા થઇ ગયા. અને સૂરિમંત્રનો જાપ પૂજ્યશ્રીએ શરૂ કર્યો. જાપનો પ્રારંભ થતાની સાથે જ સહવર્તી સાધુએ સ્પષ્ટ જોયું કે, પૂજ્યશ્રીની આસપાસ એક તેજોવલય રચાયું. જાપ પૂર્ણ થયા બાદ મંત્રિત એ વાસક્ષેપ પૂ. શ્રીએ બાળમુમુક્ષુના મસ્તક પર નાંખ્યો. અને વળતી જ પળે એક ચમત્કાર સરજાયો. એ મુમુક્ષુ સાવ સહજ રીતે વાતો કરવા માંડયો.

એક મુમુક્ષુ બાળક! દીક્ષાનું મુહુર્ત નીકળી ગયું. તીર્થોની યાત્રા કરીને મુમુક્ષુ પોતાના ગામમાં આવ્યો. પણ સાથે સાથે ભયંકર તાવ લેતો આવ્યો. ઉપચારો કરવામાં કંઇ જ બાકી ન રાખ્યું. પણ તાવ હઠવાનું નામ લેતો ન હતો.

મુમુક્ષુ ઉપરાંત એના પિતાની ચિંતાનો આરો-ઓવારો નરહ્યો. દીક્ષા પ્રસંગ નજીક આવતો હતો અને વાયણા આદિની ઘડીઓ ગણાતી હતી. પરંતુ તાવ જરા ય મચક આપતો ન હતો. મુમુક્ષુના પિતાજી પૂ. શ્રીના ખાસ ભકત હોવાથી પૂ. શ્રી પાસે પહોંચ્યા. એમણે ચિંતા વ્યકત કરી : દીક્ષાનો દિવસ નજીક ને નજીક આવી રહ્યો છે, પણ મુમુક્ષુના દેહમાં ફેલાયેલો તાવ ખસવાનું નામ લેતો નથી. માટે આપ શ્રીનો વાસક્ષેપ લેવા આવ્યો છું.

પૂ. શ્રીએ સાવ સહજ રીતે કહ્યું : આમાં ચિંતા શી કરે છે ? શાસનદેવો મુમુક્ષુને સહાય નહિ કરે, તો કોને કરશે ?

આટલા આશ્વાસન પૂર્વક પૂ. શ્રીએ વાસક્ષેપ આપ્યો. મુમુક્ષુના પિતાના મનમાંય વિશ્વાસ જાગી ગયો. એ વાસક્ષેપ એમણે મુમુક્ષુના મસ્તક ઉપર નાંખ્યો અને બીજી પળે તાવ ગાયબ થઇ ગયો. દિવસોના ઉપચારો પણ જે તાવને હઠાવવામાં જ્યાં સફળ નહોતા થયા, ત્યાં માત્ર પૂજ્યશ્રીનો વાસક્ષેપ કાચી પળમાં સફળતા વર્યો. આ ચમત્કાર નહિ તો શું ? પૂ. શ્રીએ કરેલ નિષ્ઠાભર્યા જાપનો અને નમસ્કારનો જ આ ચમત્કાર ગણાય ને ?

એક સાધ્વી ભગવંત. જીપાલિતાણામાં એમનું ચાતુર્માસ. સિદ્ધિતપનો એમણે આરંભ કર્યો. તપ રંગચંગે પૂરો થવાના દિવસો ગણાઇ રહ્યા હતા. ત્યાં જ રંગમાં એકાએક ભંગ પડયો. સિદ્ધિતપની સિદ્ધિને આડે ત્રણ દિવસ બાકી રહ્યા, ત્યાં જ એકાએક મે સજ્જડ રીતે બંધ થઇ ગયું અને આંખોનું તેજ અલોપ બની ગયું. તેમજ બેભાન જેવી દશા જોઇને સૌ ચિંતાતુર બની ગયા.

સાધ્વીજી મકકમ મનોબળ ધરાવતા હતા. આવી કટોકટીમાં ય એમણે તપ પૂરો કર્યો. પારણું થયા બાદ થયેલા ઉપચારો જ્યારે જરા પણ કારગત ન નીવડયા, ત્યારે એક ભાઇને થયું કે, પૂ. શ્રી નો વાસક્ષેપ થાય, તો આ વિપત્તિ જરૂર દૂર થઇ જાય, એ ભાઇ પૂ. શ્રી પાસે ગયા. બધી હકીકત જાણીને પૂ. શ્રીએ સ્વહસ્તે એક હિતશિક્ષા લખી આપવા પૂર્વક સૂરિમંત્રથી મંત્રિત વાસક્ષેપનું પ્રદાન કર્યું.

પૂ. શ્રીએ હિતશિક્ષા પત્ર લખી આપ્યો. એની પરથી એ ભાઇના દિલમાં એવો વિશ્વાસ જાગી ચૂકયો કે, સાધ્વીજીની બંધ આંખ ખુલી જ જવાની ! અને બન્યું પણ એમ જ. વાસક્ષેપ થતાની સાથે જ દૃષ્ટિના પડલ દૂર થવા માંડયા અને થોડા જ સમયમાં હિતશિક્ષાનો પત્ર વાંચી શકાય, એવી દૃષ્ટિ મળી ગઇ. આને ચારિત્રનો ચમત્કાર નહિ તો બીજું શું કહી શકાય ?

જૈન સંઘની કોઠાસૂઝ

'જૈન સંઘ અવહેલના પ્રતિકાર સમિતિ પીંડવાડા'ના અનામી સભ્યોએજ હૃદયમાં કેલવવા જેવી છે.

લેખક : પ્રેમપ્રિય

તા. ૧-૬-૯૫ના ગુજરાત સમાચારમાં 'શ્રી જૈનસંઘની કોઠાસૂઝ' એ હેડીંગ નીચે લિ. જૈનસંઘ અવહેલના પ્રતિકાર સમિતિ પીંડવાડાએ જે લખાણ કર્યું છે તે જૈનસંઘના ધ્યાનને 'ધાર્મિક વહિવટ વિચાર' નામના પુસ્તકના વિરોધ તરફથી બીજી બાજુ દોરનારૂ છે.

પીંડવાડાની જૈનસંઘ અવહેલના પ્રતિકાર સમિતિના સભ્યો એ જે લખ્યું કે 'શ્રી શ્રમણ સમ્મેલનના વિરોધિઓએ... જૈનસંઘમાં ઘણુંજ કલેશમય અને દુઃખદ વાતાવરણ ઉભુ કર્યું છે' એ ખરેખર સત્યથી સાવજ વેગલું છે. સમ્મેલનના વિરોધીઓએ ૨૦૪૪ના સમ્મેલનના અશાસ્ત્રીય ઠરાવો દ્વારા ઉન્માર્ગે દોરવાતા શ્રી સંઘને દેવદ્રવ્ય દિ દ્રવ્યના નુકસાનના ખાડામાં પડતા બચાવવા માટેજ વિરોધ કર્યો છે ન કે જૈન સંઘમાં કલેશમય અને દુઃખદ વાતાવરણ ઉભુ કરવા ! વાસ્તવમાં તો સમ્મેલન પરસ્તોએજ અશાસ્ત્રીય ઠરાવો કરીને વિખવાદનો મધપુડો છેડયો છે અને એના કારણેજ જૈન સંઘમાં સંકલેશનું દુઃખદ વાતાવરણ ઉભું કર્યું છે.

૪૪ની સાલના સમ્મેલનમાંથી કેટલાએ આચાર્યો નીકલી ગયા કેટલાએ આચાર્યો સંમેલનના ઠગવેનો અમલ પોતાના ગણાતા ક્ષેત્રોમાં કરાવવામાં નિષ્ક્રિય બની ગયા એથી સંમેલન જ સાવ મૃતપ્રાય થઇ ગયું છે. મૃતપ્રાય સંમેલનના ઠરાવોને પુષ્ટ કરવા માટે ધાર્મિક વહિવટ વિચાર નામના પુસ્તક બહાર પાડી સંમેલનને જીવતું કરવા જે પ્રયત્ન કરાયો છે. તેણે થોડો ઘણો પણ શીથીલ થયેલા વિરોધને પાછો વેગવન્તો કરીને એ પુસ્તક લેખકે જ વિખવાદ ઉભો કર્યો છે.

વિખવાદ કોણ ઉભો કરે છે અને વિખવાદ ઉભો કરવા દ્વારા કલેશમય અને દુઃખદ વાતાવરણ ઉભું કરવાનો આક્ષેપ કોના ઉપર કરાય છે. એનોજ ખ્યાલ પીંડવાડાની જૈન સંઘ અવહેલના પ્રતિકાર સમિતિના સભ્યોને નથી. માટે 'ચોર કોટવાલને

દંડે' એ ન્યાયે સંમેલનના અશાસ્ત્રીય ઠરાવોનો વિરોધ કરી અને શાસ્ત્રીય વાતો સમજાવી દેવદ્રવ્યાદિના નુકસાનથી લોકોને બચાવવા પ્રયત્ન કરનારાઓને દંડવાનું ઘોર પાપ એ બીચારાઓ કરી રહ્યા છે.

એ ! પીંડવાડા સમિતિના સભ્યો જૈન શાસને ધન સંપત્તિનું મહત્વ નથી આંકયું શાસનના સત્યોનું રક્ષણ કરવા ગમે તેટલી ધન સંપત્તિ ખર્ચાઈ જાય એનો અફસોસ કરવાની આવશ્યકતા નથી. શાસનના સત્યોનું રક્ષણ કરવા માટે ઉદાર દિલ પુણ્યાત્માઓ પ્રચારાદિ માટે જે દ્રવ્ય ખર્ચે છે. તે પોતાનું ખર્ચે છે કોઈ સંસ્થાનું કે ટ્રસ્ટનું ખર્ચાતું નથી. તેમજ પોતાનું ખર્ચાય છે એમાં એઓ અપૂર્વ લાભ મળ્યાનું માને છે. અમારૂં ધન વેડફાઈ ગયું એમ માની જરા પણ ખેદ કરતા નથી માટે સંમેલન પરસ્તો અંકે પીંડવાડા સમિતિના સભ્યોએ જરા પણ ગેાકીરેા મચાવવાની જરૂરીયાત નથી. શાસનના સત્ય સિદ્ધાંતોનું રક્ષણ કરવા અને દેવદ્રવ્યાદિ ધર્મ દ્રવ્યોના ગેર વહીવટને રોકી દેવદ્રવ્યાદિના પારાવાર નુકશાનને અટકાવવા પુણ્યાત્માઓએ પોતાનું દ્રવ્ય પ્રચારાર્થે વાપર્યું છે દેવદ્રવ્યાદિના લાખો રૂપીયાનો વેડફાટ સંમેલનના અશાસ્ત્રીય ઠરાવોથી થવાનો હતો તેને રોકવા ધર્મ પ્રેમીઓએ પોતાના લાખો રૂપીયાનો સદ્વ્યય કર્યો છે.

સંમેલન પરસ્તો પોતાની વાતને સાચી સાબિત કરવાની તેવડવાળા ન હોવાના કારણે સંમેલન પરસ્તો અને પીંડવાડા સમિતિના સભ્યો 'સંમેલન વિરોધીઓ લાખો રૂપીયાનો વેડફાટ કરી રહ્યા છે' એમ છાપાઓમાં લખી લખીને જૈન સંઘને ભડકાવવાનું કામ કરી રહ્યા છે. અને જૈન સંઘનું બીજે ધ્યાન દોરી રહ્યા છે. જેથી ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકનો કે સંમેલનનો વિરોધ કરવા દ્વારા જૈન સંઘનું ધ્યાન ન દોરવાય

આગળ જતા **'પ્રભુ મહાવીરને જેમ ગોશાલો-જમાલી વગેરેએ છોડયા ન હતા છતા પ્રભુ મહાવીરે તે લોકો ઉપર કરૂણા જ વરસાવી હતી.'** વગેરે લખી. સંમેલનનો વિરોધ કરનારાઓને અને વિરોધના પાયામાં રહેલા આ. દે. શ્રીરામચન્દ્રસૂરીશ્વરજી મ. ને ગોશાલા અને જમાલી તરીકે ચીતરીને પીંડવાડાવાસી એ સમિતિના સભ્યોએ ભયંકરમાં ભયંકર કાળુ કૃત્ય કર્યું છે આ સમિતિના સભ્યોમાં પણ ખરેખર એવી જડશેખરતા ઘર કરી ગઈ છે કે જેઓ જમાલી-ગોશાળા અને પ્રભુ મહાવીરના શાસ્ત્રોમાં નોંધાયેલા પ્રસંગોને પણ સમજી શકયા નથી.

શ્રાવસ્તિ નગરીમાં જ્યારે ગોશાલો પોતાને જિન તરીકે ઓળખાવતો હતો ત્યારે ભગવાન મહાવીરને પૂછવામાં આવ્યું કે શ્રાવસ્તિ નગરીમાં શું એ જિન છે ત્યારે

પ્રભુ મહાવીરે કહ્યું શ્રાવસ્તિ નગરીમાં બે જિન નથી પણ એક જ જિન છે. ગોશાળો પોતાની જાતને ખોટી રીતે જિન તરીકે ઓળખાવે છે. આ વાત જ્યારે શ્રાવસ્તિનગરીમાં પ્રસરી અને ગોશાળાને સાંભળવા મળી ત્યારે ગોશાળો સમવસરણમાં ધમધમાટ કરતો આવ્યો અને ગોશાળાએ કહ્યું હે ઠેવાર્ય ! ગોશાળો જિન નથી એમ શા માટે બોલે છે તારો શિષ્ય ગોશાળો તો મરી ગયો પરિષહ અને ઉપસર્ગ સહન કરવા માટે સમર્થ એવા તેના શરીરમાં આવીને હું વસ્યો છું ત્યારે ભગ. મહાવીરે સ્પષ્ટ કહ્યું છે કે હે ગોશાળા તું જિન નથી તે જ મારા શિષ્ય તરીકે ગોશાળો છે તારી જાતને છુપાવે છે તે બરોબર નથી.

એ વખતના આ પ્રસંગમાં ભગવાન મહાવીરનું અપમાન સહન નહી કરી શકનારા ભગવાનના શિષ્ય સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના બે મહામુનિઓ જ્યારે ગોશાળાને સમજાવે છે કે હે ગોશાળા તું ભગવાનનો શિષ્ય છે શા માટે તારી જાતને છુપાવે છે ઇત્યાદિ એ મહામુનિઓના વચનોને સાંભળી ક્રોધાવિષ્ટ થયેલા ગોશાળાએ બે બંને મહા મુનિઓ ઉપર તેજોલેશ્યા નાખી ભસ્મીભૂત કરી નાખ્યા. અંતે ભ. મહાવીર પર પણ તેજોલેશ્યા નાખી એ તેજોલેશ્યા ભ. ને પ્રદક્ષિણા કરીને ગોશાળાના જ શરીરમાં પ્રવેશ પામી જેના પરિણામે સાત દિવસમાં ગોશાળો મૃત્યુ પામ્યો. તેજોલેશ્યાની પીડાથી ગોશાળો જોરદાર પીડાવા લાગ્યો ત્યારે ભ. મહાવીરે ગૌતમાદિ મહામુનિઓને કહ્યું કે તમે ગોશાળાને કઠોર ભાષામાં સમજાવો કે તું જિન નથી તું ફોગટ તારી જાતને જિન તરીકે ઓળખાવે છે વગેરે. છેલ્લા છેલ્લા પણ મરતા પહેલા ગોશાળાની મતિ સુધરી ગઇ સમ્યગ્દર્શન પામી ગયો જિન તરીકેની પોતાની કરેલી જુઠ્ઠી પ્રસિદ્ધિ મુનિ હત્યાની અને ભગ. મહાવીરની કરેલી ઘોર આશાતનાનો ભારે પશ્ચાતાપ થયો.

૪૪ ના સંમેલનના વિરોધીઓએ સંમેલનના અશાસ્ત્રીય ઠરાવોનો અને ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકના અશાસ્ત્રીય લખાણનો) વિરોધ જ કર્યો છે કોઇને ગાળ દીધી નથી કે અમદાવાદમાં સંમેલન પરસ્તોના વ્યાખ્યાન સભાની અંદર સંમેલનના વિરોધી પુણ્યાત્માને સંમેલનવાદીઓએ જે રીતે આચાર્યાદિ સાધુઓની હાજરીમાં માર પીટ કરી એવી માર પીટનું કાળુ કૃત્ય સંમેલન વિરોધીઓએ કર્યું નથી તો પછી ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકનો કે સંમેલનના ઠરાવોનો વિરોધ કરનારાઓને ગોશાળા તરીકે બીરદાવવા એ ખરેખર બુદ્ધિનું દેવાળું કાઢવા બરોબરનું છે.

જમાલીની પણ સઘલી હકીકતની બાદબાકી ભેળવીને જમાલી તરીકે બીરદાવ્યા હોત તો બુદ્ધિનું પ્રદર્શન ન થાત. જમાલીએ ભગ. મહાવીર પર તેજોલેશ્યા નાખવાનું ગોશાળાની માફક કાળુ કૃત્ય કર્યું નથી. જમાલીએ તો ભગવાનની 'કડે માણે કડ'ની

એક સૈદ્ધાંતિક વાત નથી માની. સ્થવીર સાધુઓએ ઘણું સમજાવ્યા છતાં જમાલી ન માન્યા ત્યારે એમને સંઘ બહાર કર્યા છે અને એ ભગ. મહાવીરની વાતથી વિરૂદ્ધ જાતનો પ્રચાર કરતા કરતા જ જીવન પૂરૂં કર્યું છે.

શાસ્ત્રીય વાતોનો પ્રચાર કરનાર અને અશાસ્ત્રીય વાતોનો જોરશોરથી વિરોધ કરનાર આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. કે તેમના વર્ગને જમાલી તરીકે છાપાઓમાં જાહેર કરવ દ્વારા 'જૈન સંઘની અવહેલનાના પ્રતિકાર કરવા માટે નીકળી પડેલી પીંડવાડાની જૈનસંઘ અવહેલના પ્રતિકાર સમિતિના સભ્યોએ પૂ.શ્રીની અને તેમના વર્ગની ઘોર અવહેલના કરી છે જે બુદ્ધિશાળી વર્ગ સારી રીતે સમજી શકે છે. પીંડવાડાની કીર્તિને પણ તેમણે કલંક લગાડ્યું છે.

આ પીંડવાડા સમિતિના સભ્યોએ આગળ વધીને **'લાખો રૂપિયાનો વેડફાટ દ્વારા સકળ શ્રી સંઘને છિન્ન ભિન્ન કરવા માટે અને પોતાના મનમાનિત મત-અનુનનું છાપાઓમાં પ્રદર્શન કરવા માટે જે વર્ગ શ્રી સંઘમાં છેલ્લા પચાસ-સાઠ વર્ષથી કુખ્યાત બન્યો છે.'** એ પ્રમાણેનું પાપિષ્ઠ લખાણ કરીને અને એમાં કુખ્યાતની ગાળ દઈને તો દુર્જનતાની હદ વટાવી ગયા છે.

આ. દે. શ્રી રામચંદ્રસૂ. મ. તથા તેમના વર્ગે કયારે પણ સંઘને છિન્ન ભિન્ન કરવાનો પ્રયત્ન કર્યો નથી. હૈયાના કોઇ ખુણામાં છે સંઘને છિન્ન ભિન્ન કરવાની ભાવના કોઇ દિ કરી નથી અને રાખી નથી. માત્ર લોકોમાં પ્રસરાતી અને કરાતી શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા અને પ્રવૃત્તિઓનો વિરોધ કરીને સંઘને ઉન્માર્ગે જતા અટકાવવાના અને સન્માર્ગમાં સ્થિર કરવાના જ પ્રયત્નો કર્યા છે તે પણ ઘરનાઓની અને બહારનાઓની ગાળો ખાઈને.

ખરેખર સિંહાવલોકન કરીને જોઇએ તો લાગશે કે નજીકના ભૂતકાલમાં ૨૦૪૨ના પટ્ટકે અને ૨૦૪૪ ના સંમેલને જ સંઘમાં જોરદાર છિન્ન-ભિન્નતા કરી છે. ૧૯૪૨ ની સાલમાં એક તિથિ પક્ષમાં પણ કેટલાએ સોમવારની સંવચ્છરી કરી અને કેટલાએ રવિવારની સંવચ્છરી કરી એથી સંઘમાં તો છિન્ન ભિન્નતા થઇ સાથે લગભગ દરેક સાધુ સમુદાયોમાં પણ છિન્ન-ભિન્નતા થઇ. ૪૨ ના પટ્ટકમાં કેટલાએ આચાર્યો ભેગા થયા નહી અને કેટલાએ આચાર્યો એમાંથી નીકળી ગયા. ૪૨ ના સંમેલનમાં પણ આવીજ પરિસ્થિતિનું સર્જન થયું. જે છિન્ન-ભિન્નતાની ટોચે પહોંચ્યું. જૈન સંઘને છિન્ન-ભિન્ન કરનાર ગણ્યા ગાંઠયા આચાર્યોની સહીથી અને મોટા ભાગના જૈન શાસનના હિતાહિતને નહી સમજનારા, આ. દે. શ્રી રામચન્દ્ર સૂ. મ.ને નહી માનનારા કેટલાક શ્રાવકોની સહીથી બહાર પડેલ ૪૨નો પટ્ટક અને ૪૪નું સંમેલન એક નાટક રૂપ જ બન્યું.

જાણવા મુજબ પટ્ટક અને સંમેલનના વિરોધ પક્ષો જૈન સંઘમાંથી નેસ્તનાબૂદ કરવા એની કોઇજ કિમ્મત જૈન સંઘમાં ન રહે એવી ઉંડી ઉંડી પણ દુર્ભાવનાથી કરાયેલ પટ્ટક અને સંમેલન જ નેસ્ત નાબુદ થઇ ગયા જેવા લાગે છે. જેના ઠરાવોનુ પાલન લગભગ ભારત ભરના સંઘોમાં થતું નથી પોતે પણ કરતા નથી અને એ ઠરાવોનુ પાલન બળાત્કારે જણાવા મુજબ સંઘોમાં શરતી ચોમાસા નકકી કરીને કરાવવાનું કેટલાક પ્રયત્નો કરે છે તેમજ 'ધાર્મિક વહીવટ વિચાર' જેવા પુસ્તકો બહાર પાડી પાડીને કરાવે છે અને વળી એ પુસ્તકને પરીક્ષામાં મુકી લોકોના મગજમાં ઠરાવોની અશાસ્ત્રીય વાતો ઘુસેડવા પ્રચારિત કરવાના પણ યત્ન કરાયા છે એ પુસ્તકનો જ્યારે જોરદાર વિરોધ ઉપડયો ત્યારે નાક ઘસીને પણ કેટલીક અશાસ્ત્રીય વાતોની બીજી આવૃતિમાં સુધારો પુસ્તકના લેખકને કરવો પડયો અને કેટલીક અશાસ્ત્રીયવાતો એમને એમ જ રહેવા દીધી માટે શ્રીસંઘમાં કોણ છિન્ન ભિન્નતા કરે છે એ દ્વેષ ઇર્ષ્યાના ઉંધા ચશ્મા કાઢીને મધ્યસ્થ દ્રષ્ટિથી એ પીંડવાડા સમિતિના સભ્યો જુએ તો છિન્ન ભિન્નતાની સત્ય હકીકતનો ખ્યાલ આવે.

સત્ય વસ્તુનો જૈન શાસનના સિધ્ધાન્તોનો પ્રચાર પ્રભાવના કે સુરક્ષા માટે લાખો રૂપિયા હૈયાના ઉમળકા અને ઉત્સાહથી ધર્મપ્રેમી લોકો ખર્ચી સદુપયોગ થયાનું માને છે ત્યારે પીંડવાડાની એ સમિતિના સભ્યોને કે એમના ગુરૂઓનેજ લાખોનો વેડફાટ લાગે છે એ એમની ખરેખર કમનસીબજ છે 'દુઃખે પેટ અને કુટે માથું' જેવી પરિસ્થિતિ એમના માટે થઇ છે શાસન પ્રેમીઓના વિરોધથી સંમેલનના ઠરાવો ટુટી પડયા જેવી પરિસ્થિતિનું અને ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક રદ્દીમાં જાય એવી પરિસ્થિતિનુ સર્જન થતું દેખાવાથી જે દુઃખ થયુ એથી સમિતિવાળા અને સંમેલન પરસ્તો (લાખો રૂપિયા) સન્માર્ગે વપરાતા છતા લાખોનો વેડફાટ થઇ રહ્યો છે એમ બોલી-લખી માથું કુટી રહ્યા છે.

જે સમેલન નિષ્ફલ અને વેર વિખેર થયું એ સંમેલનને શરૂઆતમાં ગોઠવવા માટે અને પાછળથી સંમેલનના ઠરાવોનો પ્રચાર કરવા માટે છાપાદિમાં જે રૂપિયા ખર્ચાયા અને 'ધાર્મિક વહિવટ વિચાર' નામના જે પુસ્તકો વ્યર્થ ગયા અને બીજી આવૃત્તિની હજારો નકલ છપાઇ એમાં જે રૂપિયા ખર્ચાયા એમાં રૂપીયા નો વેડફાટ નથી લાગતો ત્રીજી આવૃતિની પણ એજ સ્થિતિ છે અને શાસન પ્રેમીએ શાસ્ત્રીય સિધ્ધાન્તોના રક્ષણ માટે લાખો રૂપિયા ખર્ચે એ વેડફાટ લાગે છે. વાહ ! પીંડવાડા સમિતિના સભ્યો ધન્યવાદ છે તમારી બુધ્ધિને **આપકી લંપસી દુસરેકા કુશકી** જુઓ ! પીંડવાડા સમિતિના સભ્યોની બુધ્ધિનું પ્રદર્શન કેવુ અદ્ભૂત છે ?

મનમાનિમત મત ઝનુન છાપાઓમાં પ્રદર્શન કર્યું છે કે ભારત ભરના મોટા ભાગના સંઘોને દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યના નુકસાનથી બચાવવા સંમેલનના ઠરાવોનો વિરોધ આ. ભ. શ્રી રામચન્દ્રસૂ. મ. તથા તેમના પક્ષે કર્યો જેના પ્રભાવે ભારત ભરના મોટા ભાગના સંઘો એ સંમેલનના ઠરાવો ન અપનાવવાના કારણે દેવદ્રવ્યાદિ દ્રવ્યના દુરુપયોગથી બચી ગયા ? જો વિરોધ ન કર્યો હોત તો કેટલાએ સંઘો દેવદ્રવ્યાદિનો દુરૂપયોગ કરી બેઠકી નાખત ને ભારે પાપમાં પડત જેનાથી છુટકારો ભવોભવમાં પણ થવો મુશ્કેલ થઈ પડત.

મનમાનિમ મત ઝનુન તો ગત પોષ દશમીના અટ્ઠમની આરાધના શંખેશ્વર તીર્થમાં થતી હતી ત્યારે જે ઝઘડો કરવામાં ત્યારે કોનામાં હતું તે એક તિથિ પક્ષના પણ કેટલાક મધ્યસ્થ માણસોને પણ જણાઈ આવ્યું હતું એ વખતે સંમેલનના વિરોધી આમે જે અન્યાયી સંઘર્ષ ઉભો કરાયો હતો તે વખતે પણ સંમેલનના વિરોધી વર્ગે શાંતિ જાળવી હતી નહિતર ત્યાં એકબીજા કેટલાઓના માથા રંગાઈ ગયા હોત. આ. મહાબલ સૂ. મ. જે શાંતિ અને સમતા પૂર્વક આખી બાજી હાથમાં લઇ લીધી એથી મોટો અનર્થ થતો બચી ગયો અને શંખેશ્વર તીર્થની ગૌરવવાન્તી ગરીમાને કાળુ કલંક લાગતુ બચી ગયું નહિતર જગ જાહેરમાં શંખેશ્વરતીર્થ કલંકિત થઇ જાત. શંખેશ્વર તીર્થના ટ્રસ્ટી અરવિંદભાઇને તોફાની ઝનુનીઓએ કેવો ત્રાસ વર્તાવ્યો એ તો અરવિંદભાઇને પુછીને જાણી લેવા જેવો છે એ અન્યાયી અને ઝનુની સંઘર્ષ ઉભો કરવામાં કેટલાક સાધુઓ છુપી રીતિએ તો કેટલાક જાહેર રીતે ભળી ગયા હતા.

ઓ ! જૈન સંઘ અવહેલના પ્રતિકાર સમિતિના પીંડવાડાવાસી સભ્યો તમોએ એ સંઘર્ષમાં ભાગ લીધો તો ખરો ? "સાચા દિલે જગમાં જાહેર કરજો" જેથી તમારી પ્રેસ્ટીજ વધશે તમે કેવા છો ? મત ઝનુની કે શાંત સ્વભાવી ? લોકોને ખ્યાલ આવશે.

સંમેલન વિરોધિ એ વર્ગ (આ. દે. શ્રી રામચન્દ્ર સૂ. મ. તથા તેમનો વર્ગ) ૫૦-૬૦ વર્ષોથી કુખ્યાત બન્યો છે કે સુખ્યાત બન્યો છે એ જોવા સંમેલન પરસ્તો અને પીંડવાડાવાસી સમિતિના સભ્યોને જોવા સાચી આંખજ નથી 'કેવળ એ વર્ગ કુખ્યાત બન્યો છે' એમ ભસી નાખ્યુ છે જેનો કાંઇ જ અર્થ નથી.

'જૈન સંઘ અવહેલના પ્રતિકાર સમિતિના પીંડવાડાવાસી સભ્યે' આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. સા. ને તો નથી ઓળખ્ય શકયા પણ સંસારી પણે પીંડવાડાના વતની જેમના પ્રત્યે પીંડવાડાનો સંઘ અનુપમ કોટીનો અહો ભાવ ધારણ કરતો હતો એવા

સચ્ચારિત્ર ચુડામણિ સિધ્ધિન્ત મહોદધિ કર્મ સાહિત્ય નિષ્ણાત આચાર્ય ભગવન્ત શ્રી પ્રેમસૂ. મ. સા. ને પણ ઓળખી શકયા નથી ને ઓળખ્યા હોત તો એ વર્ગ આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. અને એમનો વર્ગ ૫૦–૬૦ વર્ષોથી કુખ્યાત બન્યો છે એવો જુઠ્ઠો આરોપ લગાવાનુ મન ન થાત.

આ. ભ. શ્રી રામચન્દ્રસૂ. મ.ને જૈન શાસનમાં જે જે વખતે ચાલતી શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણાઓ અને પ્રવૃતિઓનો વિરોધ કર્યો છે તે આ. ભ શ્રી પ્રેમસૂ. મ.ની આજ્ઞા અનુમતિથીજ કર્યો છે કેટલાક વિરોધો તો આ. ભ. શ્રી હાનસૂ. મ. ની હાજરીમાં જ તેઓશ્રીની સમ્મતિથી કરતા હતા.

અમદાવાદમાં ભદ્રકાલી બોકડાના બલિનો વિરોધ કરી બોકડાનો વધ હમ્મેશ માટે બંધ કરાયો એમાં આ. ભ. શ્રી પ્રેમસૂ. મ.ની આજ્ઞા સમ્મતિ અને એમનો સહયોગ હતો.

ગાંધીવાદનો વિરોધ જૈન કોન્ફરેન્સનો વિરોધ, દીક્ષા વિરોધી યુવક સંઘનો વિરોધ બાલદિક્ષા વિરોધી સુધારક વર્ગનો વિરોધ, આવા નાનામોટા જે જે વિરોધ ૫૦–૬૦ વર્ષમાં કર્યા એમાં આ. ભ. શ્રી હાનસૂ. મ. ની હયાતીમાં તેમની આજ્ઞાથી અને આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ની આજ્ઞાથી તેમજ આ. ભ. શ્રી. હાન સૂ. મ. ની ગેરહાજરીમાં આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ની આજ્ઞાથી કરાયા હતા અરે ! કેટલાક વિરોધમાં તો આ. ભ. શ્રી કમલસૂ. મ. ની પણ સમ્મતિ હતી એમની આજ્ઞાથી કરાયા હતા જેના પરિણામે જૈન સંઘનો મોટો વર્ગ ગાંધીવાદી બનતો અટકી ગયો હતો.

જેના પરિણામે જૈન કોન્ફરન્સ શ્રમણાદિ સંઘ પર સત્તા જમાવી ન શકી. વિધવા વિવાહાદિના પાપી ઠરાવો કરીને જૈન સંઘને પાપમાં પાડવાની હતી તેનાથી પણ સંઘને બચાવ્યો જેના પરિણામે બાલ દીક્ષાનો ને દીક્ષાનો વિરોધ કરનાર યુવક સંઘને પરાસ્ત કરી દીક્ષા અને બાલદીક્ષાનો માર્ગ મોકળો કર્યો એથી આજના કાલમાં વરઘોડાઓ કરીને માતા પિતાઓ મજેથી પોતાના બાળકોને દીક્ષા અપાવી શકે છે.

તિથીની બાબતમાં આ. ભ. શ્રી હાનસૂ મ. ના કથન અનુસાર ૧૯૯૨માં લાલ-બાગ ઝુંબઇમાં પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ની ઇચ્છાથી જ અને આજ્ઞાથી જ સાચી તિથિની આરાધના કરવાનો માર્ગ પ્રરૂપ્યો હતો. તિથિની સાચી આરાધના સંઘને એ માટે વ્યાખ્યાનાદિમાં સમજાવવાનું આ. ભ. શ્રી પ્રેમસૂ મ. આ. ભ. શ્રી રામચન્દ્રસૂ. ને ફરમાવ્યું ત્યારે આ. ભ. શ્રી રામચંદ્રસૂ. કહ્યું કે ગુરૂદેવ આપ તિથીનો સચ્ચો માર્ગ

સમજાવવાનું કહો છો પણ એનાથી ગામેગામમાં અને ઘરેઘરમાં સંઘર્ષો ઉભા થશે. મા-દિકરી, બાપ-દિકરા, ધણી-ધણીયાણી જુદી જુદી તિથિની આરાધના કરવાના કારણે ઝઘડાઓ થશે જ. આપશ્રી આમાં વિચાર કરો તિથિના વિષયમાં સત્ય માર્ગની પ્રરૂપણા કર્યા બાદ ઝઘડાઓને જોઇને પીછે હઠ કરવાનો વખત ન આવે ત્યારે આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. કહ્યું તું બીજો વિચાર ન કર સંઘને સાચા માર્ગની આરાધના કરાવવાની આપણી ફરજ છે. આટલું કહ્યા પછી આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. તિથિનો સાચો માર્ગ સમજાવવાનું કામ ઉપાડયું જેના પરિણામે જૈન સંઘમાં લોકો સારા પ્રમાણમાં સાચી તિથિની આરાધના કરવા લાગ્યા.

અસત્ય માર્ગનો વિરોધ કરવાની અને સત્ય માર્ગની પ્રરૂપણા કરવાની જોરદાર મનોવૃત્તિવાળા આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. હતા એ કાર્ય કરવા માટે એઓશ્રીની આંખ આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. ઉપર પહેલેથી જ ફરતી હતી.

૨૦૦૮ની સાલમાં આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા નું ચાતુર્માસ મુંબઇ લાલબાગમાં હતું ત્યારે સામે સુધારકવાદી આચાર્યનું પણ ચાતુર્માસ મુંબઇમાં હતું તે વખતે સુધારકવાદી આચાર્ય શાસ્ત્ર વિરૂદ્ધ ઘણી ઘણી જમાનાવાદી પ્રરૂપણા કરતા હતા. ત્યારે આ. ભ. શ્રી. પ્રેમસૂ. મ. નો આત્મા જાગૃત બન્યો સુધારકવાદના ઉન્માર્ગે જૈન સંઘના લોકો ન દોરવાય એટલા માટે આ. ભ. શ્રી. પ્રેમસૂ. મ. એ વખતના મુનિરાજશ્રી ભાનુવિજયજી (વર્તમાનમાં આ. શ્રી ભુવનભાનુસૂ. મ.)ને કહ્યું કે તું સુધારકવાદી આચાર્યની શાસ્ત્રવિરોધી સુધારકવાદની જુઠી પ્રરૂપણાનો વ્યાખ્યાનમાં વિરોધ કર તે વખતે ગમે તે કારણે મુ. રા શ્રી ભાનુ વિ. મ. (આ ભુવનભાનુ સૂ) ના પાડી ત્યારે આ. ભ. પ્રેમસૂ. મ. કહ્યું કે તુ વિરોધ ન કરે તો હું રામ. વિ. (આ. રામચંદ્ર સૂ.) ને બોલાવું છું. મુ. રા. શ્રી ભાનુ વિ. મ. ને લાગ્યું કે ગુરૂમહારાજ ચોકકસ આ. ઇ. શ્રી રામચંદ્રસૂ. મ. ને બોલાવશે અને તેઓ આવશે જ. છેવટે મુ. રા. શ્રી ભાનુ વિ. મ. ને ગુરૂમહારાજ આગળ નમતું જોખીને વિરોધ કરવો પડયો. એ વિરોધ એવો કરાયો કે કર્યો એ વખતના લોકો જાણે જેનું કાંઇજ ફલ ન આવ્યું ઉલટાનો સ્વપક્ષ જ ખંડાઇ ગયો. સ્વપક્ષના કેટલાએ આચાર્યોને ખોટું લાગ્યું

આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સત્યના કટ્ટર પક્ષપાતી હતા. જૈન શાસનમાં અસત્ય પ્રરૂપણાઓને જરાએ ચલાવવા માંગતા ન હતા આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ. એમની આજ્ઞા-અનુમતિ સાથ કે સહકારથી જ શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણાઓનો કે પ્રવૃત્તિઓનો વિરોધ કરતા હતા પોતાની સ્વતંત્ર મતિથી એક ડગલું પણ ભરતા ન હતા. ૫૦-૬૦

વર્ષના ગાળામાં આ. વિ. શ્રી રામચંદ્રસૂ. મ. જે જે વિરોધ કર્યો એમાં આ. દે. શ્રી સાગરાનંદસૂ. મ. આ. ભ. શ્રી કમલસૂ. મ. નો આ ભ. શ્રી લબ્ધિસૂ. મ.નો આ. ભ. શ્રી સિદ્ધિસૂ મ.નો આ. ભ. શ્રી કનકસૂ. મ. આ. ભ. શ્રી અમૃતસૂ મ.નો આ. ભ. શ્રી ભદ્રસૂ. મ. વગેરેનો પુરેપુરો સાથ સહકાર આ. ભ. શ્રી રામચંદ્રસૂ મ.ને હતો. આવો દીવા જેવો ઉઘાડો ઇતિહાસ હોવા છતા સીધે સીધા આ. ભ. શ્રી રામચંદ્રસૂ. મ.ના વર્ગને 'કુખ્યાત' તરીકે લખવાની ધૃષ્ટતા કરી એ ખરખર ગજબની વાત છે. આમાં પરોક્ષ રીતે (આડકતરી રીતે) આ. ભ. શ્રી. રામચંદ્રસૂ. મ. તથા તેમના ગુરૂદેવ આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. તેમના પણ ગુરૂ આ. ભ. શ્રી. દાન સૂ મ. તથા પૂજ્ય વડીલો આ. ભ. શ્રી સિદ્ધિસૂ મ. આ. ભ. શ્રી કમલસૂ. મ. આ. ભ. શ્રી. લબ્ધિસૂ. મ. આ. ભ. શ્રી કનકસૂ. મ. આ. ભ. શ્રી ભદ્રસૂ. મ. આ. ભ. શ્રી સાગરાનંદસૂ. વગેરે પૂ.ને પણ આ. ભ. શ્રી રામચં સૂ મ. ના વર્ગ સાથે 'કુખ્યાત' તરીકે લખીને ભાંડવા જતા ભાંડી નાખવાનું કુકૃત્ય કરીને એ મહાગુરૂઓની કેવી ઘોર અશાતના કરી નાખી એનો ખ્યાલ આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. અને તેમના વર્ગ પ્રત્યે દ્વેષાન્ધ બનેલા પીંડવાડા સમિતિના એ સભ્યોને કયાંથી આવે ?

એ વર્ગની બે જવાબદાર જાહેરાતો પેમ્ફલેટો પોસ્ટરો પત્રિકાઓથી શ્રી સંઘ ઉશ્કેરાવાની કોઇ જ જરૂર નથી કારણ કે.....

જે પીંડવાડામાં એક મહા વિભૂત આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. પાકયાં, એ પુણ્યવંતા પીંડવાડા ગામને કલંકિત કરનારાઓ પીંડવાડા સમિતિના સભ્યોએ એ વર્ગે (સંમેલન વિરોધી વર્ગે) જે કાંઈ જાહેરાતો પેમ્ફલેટો પોસ્ટરો કે પત્રિકાઓ બહાર પાડી છે તે જવાબદારી પૂર્વકની પાડી છે. સત્યને સમજવા માંગતા હો તો તેમની સમજાવવા માટેની પૂર્ણ તૈયારી છે સંપર્ક સાધવો હોય તો સાધી લેજો પણ જાહેર છાપાઓમાં ગપ્પા મારવાનું છોડી દો.

ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકની બે-બે વારની આવૃત્તિઓ બહાર પાડીને હજારો પુસ્તકો ગામેગામ લોકોને ત્યાં પહોંચી જતા હોય તો તેની અશાસ્ત્રીયતા જણાવવા માટે પેમ્ફલેટ આદિનો ઉપયોગ કરવો પડે. એમાં અકળાવવાની શી જરૂર છે ?

પીંડવાડા સમિતિના સભ્યોએ એ વાત ધ્યાનમાં લઇ લેવા જેવી છે કે તમે જે લખાણ જૈન સંઘને ગુમરાહ કરવા માટે કર્યો છે તેવી રીતે સંમેલન વિરોધી વર્ગે જે પેમ્ફલેટાદિ બહાર પાડયા છે તે લોકોને ઉશ્કેરવા માટે નહિ બલ્કે સંમેલનના ઠરાવોની અને ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકની અશાસ્ત્રીયતા સમજાવવા માટે અને લોકોને

શાસ્ત્રીય વાતોની સમજ આપવા માટે.

પેમ્ફલેટાદિ દ્વારા તો સાચી સમજવાળા અને મધ્યસ્થ દૃષ્ટિવાળા કોઇ ઉશ્કેરાયા નથી. વાસ્તવમાં તો પીંડવાડા સમિતિના સભ્યોજ ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકના વિરોધથી અકળાઇને ઉશ્કેરાઇ ગયા છે અને ધંગધડા વગરનું દ્વેષપૂર્ણ ગાલીગલોચવાળું લખાણ 'ગુજરાત સમાચાર'માં લખી કાઢયું છે. વાસ્તવમાં તો આ લખાણ એમણે લખ્યું છે કે પં. ચંદ્રશેખર વિ.એ લખી આપ્યું છે એની જાણકારી મેળવવા ખોજ કરવાની જરૂર છે.

હકીકત છે કે જ્યારે પોતાની વાતનો વિરોધ થતો હોય અને પોતાની વાત તુટી પડતી હોય ત્યારે આવા અલિચ લખાણ કરવાની પદ્ધતિ પરમત અસહિષ્ણુ લોકો કેટલીક વાર અપનાવતા હોય છે એવી જ પદ્ધતિ પીંડવાડાની એ સમિતિના સભ્યોએ અપનાવી લાગે છે.

ઓ ! પીંડવાડા સમિતિના સભ્યો જૈન સંઘની અવહેલનાનો પ્રતિકાર કરવા તમો નિકળી પડયા છો પરંતુ તે પહેલા ધાર્મિક વહીવટ વિચાર નામની પં. ચંદ્રશેખર વિ. મ. ના પુસ્તકમાં કરેલી અશાસ્ત્રીય વાતો છે અને ૪૪ નો સાલના સંમેલનના ઠરાવો પણ કેટલા શાસ્ત્રવિરૂદ્ધ છે એ સમજવું હોય તો તમારા ગામમાં જ આ વખતે વર્ધમાન તપોનિધિ પરમ તપસ્વી પ. પૂ. આ. ભ. શ્રી રાજતિલક સૂ. મ. સા. તથા પ્રશાંતમૂર્તિ સુવિશાળ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી મહોદય સૂ. મ. સા. આદિ ગુરૂભગવંતોનું ચોમાસું છે ત્યાં આ. પ્ર. શ્રી હેમભૂષણસૂરિજી મ. પાસે સમજી શકાય એમ છે અમદાવાદમાં મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી ગણિવર પાસે મુંબઇમાં આચાર્યદેવ શ્રી જિનેન્દ્રસૂ. મ. પાસે આ. ભ. મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. પાસે પૂ. આ. ભ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ. તથા મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ. પાસે તેમજ વાપીમાં મુનિરાજ શ્રી જયદર્શન વિ. મ. પાસે જ્યાં અનુકુલતા હોય ત્યાં જઇને સમજી શકાશે.

સમજવું જ ન હોય અને અમે માનીએ એજ સાચું એમ કદાગ્રહિત બુદ્ધિથી માનીને યદ્વા તદ્વા લખાણો કરવા દ્વારા મહાપુરૂષોની અવહેલના જ કરવી હોય અને જૈન શાસનની ભંડી કરાવવી હોય તો એનો કાંઇજ અર્થ નથી. તમારી સમિતિનું જે જૈનસંઘ અવહેલના પ્રતિકાર સમિતિ નામ રાખ્યું છે એના પર કુચડો ફેરવીને ભૂંસી નાખવા જેવું છે.

'જે વર્ગ (સંમેલન વિરોધી વર્ગ) પાસે શાસ્ત્રના પુરાવા નથી, પોતાના મતને સાબિત કરનારી કોઇ દલીલો નથી, શ્રમણ સંઘ પ્રત્યે કોઇ સદ્ભાવ

નથી તે વર્ગ પાસે પૈસાનો બેફામ બેડફાટ સીવાય બીજી કોઇ આશા રાખવી વ્યર્થ છે.' આ લખાણ પણ હડહડતા જુઠથી ભરેલું છે. પીંડવાડાની એ સમિતિના સભ્યો પક્ષાન્ધ બની ગયા લાગે છે માટે જ આવું હડહડતું જુઠું લખાણ કરવાનું દુસાહસ કરી બેઠા છે. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. ને આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. થોકબંધ શાસ્ત્ર પાઠો મોકલાવ્યા છે પં. ચંદ્રશેખરના અને આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. ના ૪૪ ના સંમેલન પૂર્વના લખાણો અને અન્ય આચાર્યોના પણ લખાણ મોકલાવ્યા છે એની જાણ હોવા છતાં આંખ આડા કાન કરતા લાગે છે કદાચ જાણવા ન મળ્યું હોય તો ઓ પીંડવાડાના સમિતિ સભ્યો ! પં. ચંદ્રશેખર વિ. પાસે જઇને જાણી લેશો તો તમારો સંમેલન વિરોધી વર્ગ પાસે શાસ્ત્રના પુરાવા નથી એવો ભ્રમ ભાંગી જશે અને એમને પુછજો કે પાઠો આવ્યા પછી તમે શું જવાબ આપ્યો એ કહે તેના ઉપરથી શાસ્ત્રના પાઠોને ન સમજી શકવાની તેમની અજ્ઞાનતાનો તમને ખ્યાલ આવી જશે અને એથી તમને થશે કે આવા અજ્ઞાની અને ઉન્માર્ગી મહારાજની પાછળ અમે કયાં અટવાઈ પડયા !

આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. મોકલાવેલા થોકબંધ પાઠોનો અર્થ પણ ન સમજી શકયા એટલે આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ.ને પત્રથી પં. ચંદ્રશેખરવિજયજીને લખવું પડયું કે પાઠોનો અર્થ કરી મોકલાવો જેથી તેના ઉપર વિચાર કરી શકાય. જે પાઠોના અર્થો મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ. જેવા એક નહાના મહાત્મા સારી રીતે સમજી શકયા. અને લાલબાગની સભાને સુંદર રીતે સમજાવી શકયા એ પાઠોનો અર્થ જો પંન્યાસજી ગણાતા ચંદ્રશેખર વિ. મ. ન સમજી શકે તો પાઠો માંગવાનો અધિકાર પણ એઓ ધરાવે છે ખરા ? પણ નહી એ પાઠો એવા હતા કે એનાથી ધાર્મિક વહિવટ વિચાર પુસ્તકની પોકલતા સાબીત થાય એવી હતી. અશાસ્ત્રીયતા પુરવાર થાય તેમ હતી. એટલે સિધો જ પત્ર લખી નાખ્યો કે પાઠોના અર્થ કરી મોકલાવો–કદાગ્રહિત માનસ હોય ત્યારે બરોબર આવું જ છલ કરવું પડે છે.

'શ્રમણ સંઘ પ્રત્યે કોઇ સદ્ભાવ નથી' વાહ તમારામાં જ શ્રમણ સંઘ પ્રત્યેનો દુનિયા ભરનો સદ્ભાવ ભરાઇ ગયો છે બીજા બધા સદ્ભાવ વગરના જ છે. વાહ શું તમારૂં લખાણ ? બ્રહ્માજીને પણ તમારા લખાણ ઉપર ઓવારી જવાનું મન થઈ જાય એવું છે પં૦–૬૦ વરસથી એ વર્ગ કુખ્યાત બન્યો છે વગેરે લખાણ કરીને આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. ને તો શું પણ આડકતરી રીતે આ. ભ. શ્રી પ્રેમ સૂ.મ. આ ભ. શ્રી કમલ સૂ. મ., બાપજી મ., પૂ. સાગરજી મ. વગેરે બધાએ ને 'કુખ્યાત'ની ગાળ આપીને આવા શ્રમણ સંઘના અગ્રણી એવા મહાપુરૂષો પ્રત્યે કેવો તમે સદ્ભાવ

બતાવ્યો ? તે જૈન સંઘ સમજી શકે એમ છે જૈન સંઘ અનાજ ખાય છે. ઘાસ ખાતો નથી. શું સમજ્યા ?

'એ વર્ગ (સંમેલન વિરોધી વર્ગ) પાસે પૈસાનો બેફામ વેડફાટ સીવાય બીજી કોઇ આશા રાખવી વ્યર્થ છે.' આવું લખાણ કરીને એ પીંડવાડા સમિતિનાં સભ્યો ! તમે એ વર્ગ પાસે પૈસાનો બેફામ વેડફાટની આશા રાખવાની મુર્ખામી શા માટે કરી? અથવા જૈન સંઘ પાસે શા માટે આવી મુર્ખામી કરાવો છો ? તમારા લખાણ ઉપરથી તો આવો જ અર્થ નીકળ્યો કે એ વર્ગ પાસે બીજી આશા રાખવી વ્યર્થ છે. પૈસાનો વેડફાટની આશા રાખવામાં વાંધો નથી.

અમે શું લખીએ છીએ એનું પણ ભાન નથી રહ્યું અથવા તો કોકના લખાણ ઉપર સહી કરવા દ્વારા સંમેલન વિરોધના યુદ્ધમાં સામા પક્ષ તરફથી ઊંટ બન્યા લાગો છો ? જે હોય તે ખરૂં ? જાની લાલુ. તે પછીનું લખાણ તો ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક જે અશાસ્ત્રીયતાથી ખીચોખીચ ભરેલું છે એના લખાણ કરવા દ્વારા પીંડવાડા સમિતિના સભ્યોએએ પુસ્તક લેખકની કેવલ ભાટાઈજ કરી છે. એમ લાગે છે.

ઓ પીંડવાડા સમિતિના સભ્યો ! બહુ તો અમો તમને શું કહીએ. દ્વેષ ઈર્ષ્યાના ચશ્મા તમારી મધ્યસ્થ દૃષ્ટિ કેળવી ૪૪ના સંમેલન પૂર્વના ખુદ પં. ચંદ્રશેખર વિ. ગણિના તથા આ. દે. શ્રી ભુવનભાનુસૂ. મ. ના દેવદ્રવ્ય અને ગુરૂદ્રવ્ય વગેરેના લખાણો તેમના પુસ્તકોમાં અને દિવ્યદર્શનમાં લખાયેલા છે તે વાંચી લો ૪૪ના સંમેલનના પૂર્વે જ દક્ષિણમાં સંમેલન બોલાવ્યા પૂ. આ. ભુવનભાનુસૂ મ. તથા આ. શ્રી જયઘોષસૂ. મ. એ દક્ષિણના શ્રી સંઘોને શાસ્ત્રીય માર્ગદર્શન આપ્યું છે. તેનો 'દિવ્યદર્શન'નો વિશેષાંક પ્રગટ છે. અને તે માર્ગદર્શન પછી પં. ચંદ્રશેખર વિ. મ. પં. હેમરત્ન વિ. મ. મુ. રત્નસુંદર વિ. માર્ચ ૪૪ના સંમેલનમાં પૂ. ભુવનભાનુસૂ. મ. જયઘોષસૂ. મ.ના આ માર્ગદર્શન ઉપર કાળો મેશ લગાવી દીધો છે. દિવ્યદર્શન મેળવીને વાંચજો. અને પં. ચંદ્રશેખર વિ. મ. ને પણ ચશ્મા ઉતરાવીને વંચાવો તો તેમને થશે કે ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક મેં બોટું લખ્યું છે માટે એ પુસ્તકોને કયાંક ગુપ્ત ભંડારમાં ભંડારી દેવા જોઇએ અને પૂર્વના પોતાના લખેલા પુષ્કળ લખાણોના અનુસારે પ્રરૂપણા, કરવાનું શરૂ થાય. જેથી સંમેલનના વિરોધીઓનો વિરોધ શમી જાય અને પં. ચંદ્રશેખર વિ. મ. ના મનમાં પણ વિરોધના કારણે કદાચ થયેલ અશાંતિ પણ શમી જાય. બોલો કરશો એટલું કામ ? છે હિંમત ?

શાણાઓને જ્ઞાનમાં સમજાવવા આટલું બસ છે સાચુ સમજી સાચા માર્ગે આવી પીંડવાડાની જૈન સંઘ અવહેલના પ્રતિકાર સમિતિના સભ્યો મહાપુરૂષોની અને શ્રમણ સંઘની તથા જૈન શાસનની અશાતનાથી બચે એજ એક હાર્દિક મનોકામના. *

અલવિદાની પળે... [રાગ : અય મેરે પ્યારે વતન]

દુઃખ ભરી છે અલવિદા, દર્દભીની અલવિદા દે છે દુઃખ અપાર,
વેળા વસમી છે અહા, દર્દ ઘેર્યા આ બધા રડી રહ્યા ચોધાર. (૧)
સિદ્ધાંત ખાતર ઓ ગુરુ ! તેં પ્રાણ ન્યોચ્છાવર કર્યા, છો પ્રાણ જાયે તોયે ના સિદ્ધાંત જેના આ કર્યા પ્રાણ ન્યોચ્છાવર કરી, સિધ્ધાંતને જીવન ધરી (૨)
કયાં ગયો આધાર– વેળા વસમી. (૨)
ઝલનો ટંકાર તારા વચન–બાણોમાં થતો, અસત્યોના મડદા પડે ને સત્યનો જયરવ થતો
ઓ સત્યવાદી મૂર્તિ તારી ના દેખાયે આ ઘડી (૨) કયાં ગયો આધાર–વેળા. (૩)
આંધી ને તુફાનમાં અણનમ તું લડવૈયો રહ્યો,
શાસન તણો ઝળહળ થતો તું ભાગ્ય–વિધાતા બન્યો.
ડુબતી અમ જીવન તણી નૈયા તણા ખેવૈયા હે ! (૨) કયાં ગયો આધાર–વેળા. (૪)
નિઃસ્પૃહ જીવન જીવનારા તાહરા દર્શન થતાં, સ્પૃહા તજી ધન વેરતા જીવો ઘણા ધન ધન થતાં; ઓ વિરાગ ગુરૂવરા ! તું જ નિઃસ્પૃહા અમને મળો–કયાં ગયો આધાર–વેળા.(૫)
જિનવાણીનો સાચો ફરિસ્તો તું હતો ચાલ્યો ગયો,
સદીઓ પછી પણ તુજ સરખો કોણ હવે મળશે અહો.
વારી જગા ખાલી જ જોવાના હવે દિવસો મલ્યા– કયાં ગયો-વેળા (૬)
તેં બતાવ્યા માર્ગનો ફરનાર જયારે હું બનું, શાસ્ત્રને રગરગ વણીને શુદ્ધ આચારો ધરૂ,
સૃષ્ટિ પર ઋણમુક્તિનો આ અંશ તો મુજને મળે. કયાં ગયો–વેળા–(૭)
દિવસો જતાં દુઃખ વિસરે પણ કાંઇ વિસરાતું મથી, ચેતન–રહિતને દેહ--યાદે અશ્રુ ટપકે આંખથી; હે વિધાતા તેં રૂઠીને દુઃખ દીધું કેવું આ ? કયાં ગયો–વેળા–(૮)
પંખી બધાં લેગાં થતાં સમી સાંજ ટાણે વૃક્ષમાં, ને બધાં ઉડી જતાં સુબહા થતાં ક્ષણ-વારમાં; તું ગયો છોડી અમોને એકલો કયાં મુલકમાં (ખલકમાં) રડતી આંસુધાર–વેળા-(૯)
આંખે અમારી તાહરી આ પાલખી જોવી ન્હોતી,
તુજ કાળધર્મની વાણીને આ કાનથી સુણવી નોતી; (કાને કદિ)
અરમાન બસ્મીભૂત થયા તુજ ઐગ્નિસંસ્કારે અહા– કયાં ગયો--વેળા–(૧૦)
રડતી આંખે આ અમારી છે તને શ્રદ્ધાંજલિ
'પાછા (ચાલ્યા) ગયેલા આવેના'ને દર્દભીની અંજલિ
પીડિત હૈયે દિનવદને વેદનાભર અંજલિ– કયાં વેળા–(૧૧)
એક દિન જવું જ્યાં બધાંને તે મલકમાં તું ગયો.
પંજર મૂકીને તું ઉઠીને એકલો ચાલ્યો ગયો
સાથી–સંગાથી બધાને તું મૂકી ચાલ્યો ગયો થઇ ગયા નોંધાર. વેળા (૧૨)

રચયિતા–રાજુભાઇ પંડિત (અમદાવાદ)

પરમગુરૂદેવ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના ચરણે

ગીતાંજલિ યુગલ

—પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિવિજયજી મ.

(૧) (ગઝલ : તર્જ : મંદિર છે મુક્તિતણી...)

ચારે તરફ ધુમ્મસ-બિછાવેલી દિશા, સમજાય છે
ખરતા સિતારા જેવી આ જિજીવિષા, સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
તો બંધ આંખોમાં છવાયેલી નિશા, સમજાય છે ૧

રણરેતના સહેલાણીની મંઝિલ હવે સમજાય છે
ધુમ્મસભર્યું આકાશ, દિગ્ ધુમિલ, હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
ક્ષિતિજે નિરખતી આંખની મહેફિલ હવે સમજાય છે ૨

હરિયાવને પણ હોય છે આરો, હવે સમજાય છે
નિર્જલ સરોવર થાય અંગારો, હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
તો આંખને પણ હોય પલકારો, હવે સમજાય છે ૩

ભડભડ સળગતી આગ શી આશા, હવે સમજાય છે
ને પાનખરના મૌન નીસાસા, હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
સૂની પડેલી આંખની ભાષા હવે સમજાય છે ૪

અંધારઘેરી રાતના પગરવ, હવે સમજાય છે
સંગીતના અટકયા પછીની સ્તબ્ધ, હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સાથે નથી
આંખો અને આંસુતણું સગપણ હવે સમજાય છે ૫

અંધારછાઇ રાત તેજસ્વી ઝબકે, સમજાય છે
હોંકાર જંગલ બીજુ રણઝણતો ખલકે, સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
તો આંખ તેમજ આંખ વચ્ચેનો ફરક સમજાય છે ૬

આજે તમસનો અર્થ કંઇ આંખો હવે સમજાય છે
પિંજરતણા પંખી તણી પાંખો હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
આંખો પૂછે છે આંખને, આંખો હવે સમજાય છે ? ૭

રાતો અને દિવસોતણો નાતો હવે સમજાય છે
રાતો અને શતોતણી રાતો હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
આંખો અને આંખોતણી વાતો હવે સમજાય છે ૮
રણના સરોવરમાં કુળે છે શું ? હવે સમજાય છે
ખંડેરને ખંડેર કહે છે શું ? હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
આંખો બિડાયેલી જૂએ છે શું ? હવે સમજાય છે ૯
ઝાડી ખીણોમાં ખુજતા પડયા હવે સમજાય છે
ને ઓટમાં ડુબી જતા મોજાં હવે સમજાય છે
શ્રી રામચન્દ્રસૂરીન્દ્ર જ્યારે આંખની સામે નથી
કીકીવિહોણી આંખની દુનિયાને હવે સમજાય છે ૧૦

(૨) (ગઝલ : તર્જ : કોઇપણ : દા.ત. દંસકૂ કી ડગર પે)

સૂરિરામના ચરણમાં, સૂરિરામના શરણમાં
સાંત્વન મને મળે છે, સૂરિરામના સ્મરણમાં ૧
સૂરિરામ – નામનું મેં, એક કોહિનુર રત્નમ
વચ્ચે જડી દીધું છે, મુજ હૃદય આભરણમાં ૨
તુફાન હો તિમિર હો, સૂરિરામ છે સુકાની
શંકા નથી મને તો, સંસાર નિરતરણમાં ૩
સુખશીલમાં ન વીત્યું, નહિ દુઃખ ઉદ્ધરણમાં
સૂરિરામનું જીવન તો, બસ આત્મઉદ્ધરણમાં ૪
સૂરિરામની સભામાં, અણુસાર કૈં' મળ્યો' તો
માહોલ રે ! હશે ત્યાં, કેવો સમવસરણમાં ૫
તે સ્વચ્છ છે મનુષ્યો, જેઓ કદી ડુબ્યા'તા
સૂરિરામના હૃદયના, પાવન કૃપા ઝરણમાં ૬
આક્રન્દ દુઃખ ટળે છે, આનન્દ સુખ મળે છે
સૂરિરામના વચનના, અણિશુદ્ધ આચરણમાં ૭
સૂરિરામ કહી ગયા છે: સંસારમાં સ્વપ્નવત છે
સુખનો પ્રકાશ મળશે, તુજ આત્મજાગરણમાં ૮
શાને હતાશ થાઉં ! સૂરિરામ શબ્દદેહે
સાથે જ છે સદાયે, જીવન અને મરણમાં ૯
સૂરિરામ સામું દોડે, મોક્ષાર્થી માર્ગ મનડું
સરવર તરફ મુસાફર, દે દોટ જેમ રણમાં ૧૦

‘૨’ કારની પ્રશ્નોત્તરી

‘૨’ ની આદિવાળા શબ્દોથી જવાબ આપવો

મોકલનાર :—

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્ય રત્ન પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂ. મહારાજાનાં આજ્ઞાનુવર્તિની પ. પૂ. સા. શ્રી ધર્મલત્તાશ્રીજી મહારાજ આદિ ઠા. ૫

આ પ્રશ્નોત્તરી ગુરુદેવનાં નામ બોલતા પ્રથમ અક્ષર ‘૨’ આવે છે. માટે ગુરુદેવની પાવન પવિત્ર છાયામાં રહીને મેં મારૂં સંયમ જીવન પાળ્યું. ૧૩ વર્ષની નાની વયમાં ચારિત્ર ગ્રહણ કરીને સંયમ પાળી આજે મને સંયમ જીવનનાં ૪૧ વર્ષમાં પ્રવેશ થયો. હું તો ગુરૂદેવને એટલી જ વિનંતી કરૂં છું કે હે ગુરૂદેવ ! ભવોદધિ-તારક ગુરૂદેવ, આપશ્રીજીનો ઉપકાર હું માનું તેટલો ઓછો છે આ ઉપકાર હું કોઇ પણ રીતે ભૂલી શકીશ નહીં. હું જ્યાં સુધી મોક્ષમાં ન જાઉ ત્યાં સુધી આપશ્રીજીની પાવન પવિત્ર છાયા મને મળો એવી જ એક અભિલાષા.

(ર, રા, રી, રિ, રુ, રૂ, રે, રૈ, રો, રં, રઃ ઋ)

૧ આ વર્તમાન કાળમાં સૌથી વધારે વર્ષો સુધી દિક્ષા પર્યાય તથા આચાર્ય પદવી પાળનાર તથા જેમને ગચ્છાધિપતિનું બિરૂદ મળ્યું હતું તે ગુરૂદેવનું નામ.
૨ નેમનાથ ભગવાનની સાથે નવભવની પ્રીત ... એ રાખી હતી.
૩ ચાર ધ્યાનમાંથી એક ધ્યાનનું નામ ....
૪ અઢાર પાપસ્થાનકમાંથી એક પાપ સ્થાનકનું નામ ...
૫ ... વિના અયોધ્યા સૂની.
૬ ભકતામર સૂત્રની એક ગાથા જે ‘૨’ થી શરૂ થતી હોય.
૭ ૨૪ તીર્થંકરમાંથી બે તીર્થંકરની જન્મભુમિ ... છે.
૮ બકરાનો વધ કરતાં કયાં આચાર્યે અટકાવ્યા હતા.
૯ આત્માનો શત્રુ ... છે.
૧૦ સૂર્યનું પર્યાયવાચક નામ ... છે.
૧૧ સાધુઓનું મુખ્ય ઉપકરણ ... હોય છે.
૧૨ સોળવિદ્યા દેવીમાંથી એક દેવી ... છે.
૧૩ બાલદિક્ષાનાં વિરોધને અટકાવનાર મહાત્મા ... હતા.
૧૪ ... જેવા કુલડાને શામળ જેવો રંગ.
૧૫ સીતા સતીનું હરણ કરનાર ... હતા.
૧૬ ... વર નારી, રૂપથી રતિહારી.

૧૭ ત્રણ ... મુજ આપો તાતજી.
૧૮ સમેતશિખરજીની પંચતીર્થિમાંથી એક તીર્થ ... છે.
૧૯ મારવાડની પંચતીર્થિમાંથી એક તીર્થ .... છે,
૨૦ ભારતમાં સૌથી વધારે શિષ્યોનો સમુદાય આ કાળની અંદર વિદ્યમાન છે. તે આચાર્ય ભગવંતનું નામ ...
૨૧ સોળ સતીમાંથી બે સતીઓનાં નામ ... અને ... છે.
૨૨ કિસ્મતને હંમેશા હથેળીમાં ...
૨૩ ચારિત્રની આરાધના ... ની આરાધના છે.
૨૪ ... થી છૂપાઇને દિક્ષા લઇ .... મુનિ બન્યા.
૨૫ કોલસાની .... થાય છે.
૨૬ કેન્સર મહા ભયંકર ... છે.
૨૭ નરકમાં જવાનું પ્રથમ દ્વાર ... છે.
૨૮ દશરથ રાજા ... બોલતા મૃત્યુ પામ્યા.
૨૯ ... ચંદનબાળા, વિનવે છે. આજ.
૩૦ ... માં અઇમુત્તા મુનિએ અનશન કર્યું હતું.
૩૧ .... ગીરિમાં વયરકુમાર મુનિએ અનશન કર્યું હતું.
૩૨ કામ, ક્રોધ, લોભ, અભિમાન કાબુમાં ... જોઇએ.
૩૩ સમય, મરણ, ઓહક કોઇની .... જોતાં નથી.
૩૪ .... ને કિરીયા સરખી, ભગવતી સૂત્રનો અંગ રે; પ્રાણી..
૩૫ ... નમે પ્રજા નમે, આણ ન લોપે કોઇ.
૩૬ દેવીઓ ... નો નાદ કરતી આવ.
૩૭ ૧૯૯૧ની સાલમાં .... વડાપ્રધાન મૃત્યુ પામ્યા.
૩૮ ઋષભદેવ પ્રભુનાં સમયમાં ચાર કુલમાંથી ... એક કુલ છે.
૩૯ નવ લોકાંતિક દેવોમાંથી ... એક દેવ છે.
૪૦ શત્રુંજય પર્વત ઉપર ... નાં પગલાં છે.
૪૧ ભારતની ચાર નદીઓમાંથી બે નદી ..: અને .. છે.
૪૨ ૨૭ નક્ષત્રોમાંથી બે નક્ષત્રનું નામ ... અને ... છે.
૪૩ સોમ અને ભીમ રાજાએ શત્રુંજય પર્વતને ... ની ઉપમા આપી હતી.
૪૪ શ્રેષ્ઠિ પુત્ર સુંદર રાજાએ શત્રુંજય પર્વતને ... ની ઉપમા આપી હતી.
૪૫ શિલ્પની ભાષામાં ... ચોળનો પાંચમો અને છેલ્લો કરવાને સિંહ દ્વાર કહેવાય છે.
૪૬ ૨૪ તીર્થંકરમાંથી એક તીર્થંકરનું નામ .... છે.

૪૭ ... એવા કર્મને તમે અટકાવો કારણ કે એ ધર્મને મંદ કરે છે.
૪૮ પંચ પ્રતિક્રમણમાંથી એક પ્રતિક્રમણ ... છે.
૪૯ જ્ઞાન, નિયમગ્રહણ, નવકાર, ન્યાયરુચિ અને નિષ્ઠા એ પાંચ નકારથી વિભુષિતનો સંસારમાં પ્રચાર હોતો નથી, તેને સંસારમાં ... પડતું નથી.
૫૦ કલ્યાણ કોટી નામના નગરમાં ... રાજાએ શત્રુંજયનું "સહસ્રકમલ" એવું નામ આપ્યું હતું.
૫૧ ... અજિત સુમતિ નમી, મલ્લી ઘન ઘાતિ વિનાશી.
૫૨ ઉદાયી ચરમ ... , તેમ કરો ખામણા સત્ય રે,
૫૩ ... કુંથુ છોડ કે, નેમ સંયમ લીના, સોના રૂપા
૫૪ ચૈત્ર શુદી પુનમને દિવસે ગુણ ... ભરીયા,
પંચ ક્રોડ શું પુંડરીક ગણધર, ભવસાયરને તરીયા...
૫૫ ... ને મન ચંદ્રજી પ્રભુ, વળી ... ને ગજરાજ,
સાંભય સમય પ્રભુ સાંભળો, મનડામાં મહારાજ, શું કહું તમને રે...
૫૬ ... ને .... રે, વીર તારી દેશના રે,
૫૭ ... શ્રી વીર દેખી શાસનનાં શિરતાજ,
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણ આજ.
૫૮ ... દોરી ઘુઘરી વાગે છુમછુમ .... હાલો હાલો...
૫૯ ... કથા છેડવાથી સમતા આવે..
૬૦ મૌન કરવાથી વાયુકાયનાં જીવોનું થાય છે.
૬૧ આહાર અને ... ની સંજ્ઞા જીવની ડાકણ છે.
૬૨ સાત નારકીમાંથી ... એક નારકી છે.
૬૩ સાત નારકીના ગોત્રમાંથી .... એક ગોત્રનું નામ છે.
૬૪ ... કરી ઋષિને કહેજી, આ જવલા મુજ આજ.
૬૫ ... જનકની પુત્રી જેના .. સમા ભરતાર, સીતા શીયલવંતી નાર
૬૬ ત્રિભુવનપાલનું જતન ... એ કર્યું હતું.
૬૭ પરમ પ્રભાવક શાસનના વળી ગચ્છ તણા અધિનેતા,
... આજે આશીષ સ્વર્ગથી દેતા.
૬૮ ... ને ... નું અભિમાન કરવું નહિ.
૬૯ અમદાવાદ શહેરનું બીજું નામ ... .
૭૦ મહાવીર પ્રભુના પંચ કલ્યાણકના ઢાળીયાના રચયિતા .
૭૧ મેતારજ મુનિની સજ્ઝાયના રચયિતા ... છે.

૭૨ વર્ધમાન તપની ૨૭૭મી ઓળી કરનાર (હાલમાં ચાલુ છે.) તે
મહાત્માનું નામ ... છે.
૭૩ બાઇ ચંપાદે માતે છ માસનાં ... ધરીયા હતા.
૭૪ છટઠા આરામાં જીવો .... ચરવા નીકળે.
૭૫ ... અજિતસેનાભિધ તિહાંકને, ... યશોમતી તાસ; ચતુરનર...
૭૬ સમવસરણની રચના કરીને આ પંચમ કાળનાં સંયમ દાતા ... આ. ભ. હતા.
૭૭ હાં રે મારે પૂરવ ભવનાં ... રોહિણી નામ જો
૭૮ ... ચાલ્યો .... ; સાથે લીધો રોનો પરિવાર
૭૯ મયણા સુંદરી ... હીંડોળે હીંચતી હતી.
૮૦ સગર ચક્રવર્તી રાજાએ જિનમંદિર સોના, ... અને ... બનાવ્યા હતા.
૮૧ જિનમંદિરની ... કરવી એ દરેક શ્રાવકોનું કર્તવ્ય છે.
૮૨ બાહ્ય તપનાં છેલ્લ માથી એક છેલ્લ ....
૮૩ સૌરાષ્ટ્ર આવેલાં એક ગામનું નામ ... છે.
૮૪ ... ખાવાથી મગજમાં ભ્રમણા વિચારો આવે છે.
૮૫ પૂરવ નવ્વાણું સમોસર્યા સ્વામી શ્રી ઋષભજિણંદ;
૮૬ ... પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ...
૮૭ પ્રભુપદ પદમ ... તળે પુજી, હરિ હું તો પામીશ હરખ અપાર.
૮૮ ૨૪ તીર્થંકરમાંથી એક તીર્થંકરના ત્રણ કલ્યાણક ... ગીરિ ઉપર થાય.
૮૯ દરેક તીર્થંકરની માતા સૂર્યને ... રંગનો જુએ છે.
૯૦ નાના બાળકો ... ને દિવસે .... કરે છે.
૯૧ દરેક તીર્થંકરના જન્મ મહોત્સવ સમયે દેવતાઓ ... નાં સિંહાસન ઉપર પ્રભુજીને સ્થાપે છે.
૯૨ ... ભોજન જે કર્યાજી, કીધા ભક્ષા અભક્ષ;
... રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષ રે.
૯૩ દરેક તીર્થંકરની માતાને ૧૪ સ્વપ્નોમાં આવતા એક સ્વપ્ન ... છે.
૯૪ રામચંદ્રજીની મુળ ચાર પટરાણીમાંથી એક પટરાણી ... હતી.
૯૫ લક્ષ્મણજીની મુળ આઠ પટરાણીમાંથી એક પટરાણી ... હતી.
૯૬ એક ૬ અક્ષરનું નામ છે જેમાં :-
૧ અને ૨ અક્ષર મળીને એક સતીના ભરથારનું નામ થાય છે.
૩ ,, ૪ અક્ષર મળીને આકાશમાં રોશની આપે છે.
૨ ,, ૬ અક્ષર મળીને એમાં 'ચી' શબ્દ ઉમેરવાથી મહાવીર પ્રભુનાં એક ભવનું નામ થાય છે. (જુઓ ટાઇટલ ૩ ઉપર)

— શાસન સમાચાર —

મહિમા-અત્રે જેઠ સુદ ૧૧ના પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. પધારતાં સવારે પ્રવચન થયું. પ્રવચન બાદ પૂ. આ. મ ની ૪૧મી દીક્ષા તિથિ નિમિત્તે ૪૧ જીવ છોડાવવા ભાઇ મગનલાલ લક્ષ્મણભાઇએ વાત મૂકતા ૪૫ જીવ છોડાવવાના રૂા. ૩૦૦૧ લેખે લખાઇ ગયા. ૭-૭ જીવ (૧) મોંઘીબેન લક્ષ્મણભાઇ વીરપાર માડ્ય-થાણા (૨) રાયશી રૂપા પરિવાર મુલુંડ (૩) શાહ મેવજી વીરજી તથા શાહ વેલજી વીરજી નાઇરોબી. ૩-૩ જીવ (૧) ઝવીબેન પ્રેમચંદ પોપટ માડ્ય (૨) સુરેન્દ્રભાઇ રાયચંદ કાલીદાસ પારેખ ૨-૨ જીવ (૧) શા ભીમજી જીવરાજ ગડા (૨) સોમચંદ ખીમજી વીરજી ગુદકા (૩) પ્રેમચંદ દેવરાજ (૪) મુળજી ડાયા ગોસરાણી (૫) છગનલાલ વેલજી પારેખ ૧-૧ જીવ (૧) ટોકરશી નરશી (૨) વેલજી લાધા હ. પુષ્પાબેન (૩)ઝવેરચંદ લાધા હ. યશોદાબેન-લાખાબાવળ (૪) મોતીચંદ કેશવજી (૫) કલ્યાણજી રામજી (૬) નરશી લખમશી (૭) ખીમજી માણેક (૮) પ્રેમચંદ કુંભા કુલ ૪૫૧

ત્યારબાદ શા. જીવરાજ લખમણ માડ્ય શા રાયશી રૂપાભાઇ હ. નેમચંદભાઇ શા રાયચંદ કાલીદાસ પારેખ શા સોમચંદ ખીમજી વીરજી શા છગનલાલ ખીમજી પારેખ તરફથી ૨-૨ રૂા. તથા પ્રેમચંદ પોપટ માડ્ય તરફથી ૧૧ રૂા. એમ ૧૧ રૂપીયાનું સંઘ પૂજન થયુ. તથા શ્રીમતી ઝવીબેન પ્રેમચંદ પોપટ માડ્ય તરફથી બપોરે પંચકલ્યાણ પૂજા અંગી ભાવના થયા..

ગિરનાર-પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ આ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂ. મ. સા.ના શિષ્યરત્ન પર્યાયવૃદ્ધ શાસનપ્રભાવક પૂ મુ શ્રી પુણ્યોદયવિજયજી મ. સા. આદિ ઠાણાનું ગિરનાર (જિ. રાયગઢ) માં જેઠ સુદ ૧૨ ના દિવસે ખૂબજ ઉલ્લાસપૂર્વક ચાતુર્માસ પ્રવેશ થયેલ. આ પ્રસંગે પૂના મુંબઇ આદિથી અનેક ભક્તો ઉપસ્થિત રહેલ. બરાબર ૧૦-૩૦ વાગે વાજતે ગાજતે ખૂબજ હર્ષોલ્લાસપૂર્વક સામૈયુ ચાલુ થયેલ. ઠેર ઠેર ગહુલીઓ થયેલ. ૧૧-૧૫ કલાકે પૂ શ્રીનું માંગલિક પ્રવચન થયેલ. આ પ્રસંગે અત્રે પધારેલ વર્ધમાન તપની ૧૦૦+૭૪ ઓળીના આરાધક તપસ્વી મુ. શ્રી જિતસેનવિ. મ. અને પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ. સા.નું પણ પ્રભાવિક પ્રવચન થયેલ. ત્યારબાદ ૧૪૧ રૂા. નું સંઘપૂજન અને શ્રીફળની પ્રભાવના થયેલ અને સકલ સંઘનું સ્વામી વાત્સલ્ય થયેલ. પૂ.શ્રીની પ્રેરણાથી વરસોથી એમને એમ બંધ પડેલ નૂતન શિખરબદ્ધ જિનાલયનું કામ ખૂબ જ ઝડપથી આગળ ધપી રહેલ છે.

દરોજ પૂ.શ્રીના પ્રવચન અને સંઘપૂજન આદિ ચાલુ છે. જેઠ વદ ૬ના દિવસે પૂ. તપસ્વી મુ. શ્રી જિતસેન વિ. મ. સા.ની ૧૦૦+૭૪મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે સંઘમાં સામુદાયિક આંબેલની આરાધના થયેલ. જેમાં ૧૮૨ આંબિલ થયેલ. દરેક તપસ્વીને ૨૦-૨૦ની પ્રભાવના થયેલ. આ સામુદાયિક આરાધનામાં કેટલાક ભાવિકોએ પોતાના ૪૦-૫૦ વરસની ઉંમરમાં પહેલી જ વાર આંબિલ કરેલ. આ પ્રસંગે ૩ દિવસ પૂજાઓ પણ ભણાવવામાં આવેલી.

લઘુ બોધકથાઓ

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

રે ! પ્રમાદ ! તારા પાપે

ધર્મકાર્યમાં ક્ષણનો પણ પ્રમાદ આત્માને ધર્મથી પતિત કરનારો બને છે. આ અંગે શાસ્ત્રપ્રસિધ્ધ દરિદ્રબ્રાહ્મણની વાત કરવી છે.

કોઇ એક નગરમાં જન્મથી જ દરિદ્રી અને પાછો આળસુ એવો એક બ્રાહ્મણ રહેતો હતો. દરિદ્રતા અને આળસને આમ મિત્રતા સારી હોય છે. પોતાની પત્નીની પ્રેરણાથી તે દાન લેવા રાજા પાસે ગયો અને રાજાને શુભ આશીર્વાદ આપી ઊભો રહ્યો તેના દેદાર પરથી દરિદ્રી જાણી રાજાએ કહ્યું કે- "હે વિપ્ર ! આજના સૂર્યાસ્ત સુધીમાં ઇચ્છિત દ્રવ્ય મારા ભંડારમાંથી ગ્રહણ કરી તારી દરિદ્રતાને દેશવટો આપી દે" રાજાની આજ્ઞાનો પત્ર લઇ હર્ષભેર ઘેર આવી પત્નીને વંચાવ્યો. તેની સ્ત્રીએ કહ્યું કે, સ્વામી ઝટ જાઓ અને ઇચ્છિત દ્રવ્ય લાવી આપણી ગરીબાઇને દૂર કરો કેમકે, શ્રેય કાર્યોમાં વિઘ્નો ઘણા હોય છે. ત્યારે વાચાલ એવા વિપ્રે કહ્યું કે- "પ્રિય ! જાતિમાં કહ્યું છે કે, 'શતં વિહાય ભોક્તવ્યમ્'- સેંકડો કામ પડતા મૂકીને જમવું. માટે જમી અને સ્વસ્થ થઇ પછી દ્રવ્ય લેવા જઇશ. પછી તેણે પાડોશીને ત્યાંથી આટો વ. લાવી તેની રસોઇ બનાવી પતિને જમાડયો અને કહ્યું સ્વામી જલ્દી જાવ અને કાર્ય સફળ કરો તો મૂર્ખ એવો તે કહે કે, "જમ્યા પછી સૂવાનું ન મલે તો સે. ડગલાં ચાલવું માટે ક્ષણવાર નિદ્રા કરી પછી જઇશ. તે સૂઇ ગયો. દરિદ્રીને નિદ્રા દેવી ઘણી વ્હાલી લાગે છે એવો ઘસઘસાટ ગાઢ નિદ્રામાં ઊંઘી ગયો કે માંડ માંડ તેની સ્ત્રીએ તેને જગાડયો અને ચજમહેલમાં મોકલ્યો ત્યાં સુધીમાં દિવસના ત્રણ પ્રહર તો પૂરા થયા. પત્નીની પ્રેરણાથી ચાલ્યો તો માર્ગમાં નાટક ચાલતું તે જોવા ઉભો રહ્યો. હજી તો ઘણો દિવસ છે માટે વાંધો નહિ આવે. આ રીતના નાટક ને કૌતુક જોવામાં તેનો દિવસ પૂરો થઇ ગયો તેનું તે મૂરખ શેખરને ભાન ન થયું. છેક સૂર્યાસ્ત સમયે હાંફળો હાંફળો થતો રાજ ભંડાર પાસે આવ્યો ત્યારે ભંડારી તેને તાળું મારી ઘેર જતો હતો અને બ્રાહ્મણને કહે કે- રાજાની મુદત તો પૂરી થઇ ગઇ તને કાંઇ દ્રવ્ય મલશે નહિ. પોતાના પ્રમાદ વશથી કાંઇ ન પામ્યો અને હાથ ઘસતો, પશ્ચાત્તાપ કરતો તે ઘેર પાછો આવ્યો અને દરિદ્રીનો દરિદ્રી જ રહ્યો.

માટે જે આત્માઓ પ્રમાદમાં પડી દુર્લભ એવો આ મનુષ્યભવ ગુમાવી દે છે તેઓ પછી પશ્ચાતાપ કરીને શોક કરનારા બને છે અને દુર્ગતિનું ભાજન બની સંસારમાં ભટકે છે. માટે દરેક પુણ્યાત્માઓએ પ્રમાદનો ત્યાગ કરી, ધર્મમાં જ ઉદ્યમિત થઇ આ જન્મને સફળ-સાર્થક કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. જેથી આત્માની અનંત-જ્ઞાન-લક્ષ્મીની અને અક્ષય શુદ્ધસ્થિતિની પ્રાપ્તિ અવિલંબપણે થશે.

(અનુ ટાઈટલ ૨ નું ચાલુ)

આ બધું યાદ આવે અને વિષાદ પણ સાથે આવી જાય છે આત્મા પોકારે છે કે આવી મહાન યાદથી વિષાદ કેમ ? વિષાદનું કારણ ? વિખવાદ, વિષવાદ, વિષમવાદ, વિતંડાવાદ, ઉન્માદ, પ્રમાદ, વિવાદ બકવાદ અસત્યવાદ, વિગેરેની વણઝાર, સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર રુપી મુક્તિ માર્ગને વિટંબનાની ઘેરી છાયા વળી ઘેરી રહી છે ત્યારે અજ્ઞાન અંધકારને ક્ષણમા ગચ્છંતિ કરાવનાર, શાસ્ત્રવાદને નિષ્કંટક પણે પ્રરુપનાર, કુવાદ અને કુટવાદનો ઘટસ્ફોટ કરનાર એવા સિંહપુરૂષની અવિદ્યમાનતા તેઓશ્રીની યાદમાં પણ વિષાદ પેદા કરી દે છે, અને વિષાદની સાથે કયારેક અશ્રુને વરસાદ પણ લાવી દે છે.

એથી એની ભાવના ઝંખના અને આતુરતા મનમાં પેદા થાય છે કે આવી મહાન વિભૂતિ તેમના પ્રતિછંદ રૂપે પણ, તેવા ભાવાત્મક પ્રતિમા રૂપે પણ અવસરે દર્શન આપો અને આ અરણ્ય સદન જેવા બનેલા જૈનશાસનને કલ્યાણ સદન રૂપે પરિવર્તનનો દુંદુભિ નાદ પ્રગટાવો.

૪ થા વર્ષની તેઓશ્રીજીની પુણ્ય તિથિની સ્મૃતિ તેઓશ્રીના મહાન ગુણો અને શાસનના પ્રભાવકતા અને રક્ષણની તપની શકિતના સદીના ભિખારી બનવાનું સામર્થ્ય આપો એજ હૃદયની એક અભિલાષા.

(અનુ. ૧૦૮૬ નું ચાલુ)

૫ અને ૮ અક્ષર મળીને નાદ એવો અર્થ થાય છે,

૧ ,, ૯ અક્ષરમાં 'નામુ' શબ્દ ઉમેરવાથી વિધાનસભાની ખુરશી ઉપરથી નીચે ઉતરે છે.

૩ ,, ૮ અક્ષર મળીને 'સ્થિર નહિ' એવો અર્થ થાય છે.

આ બધા અક્ષરો મળીને એક ઉત્તમ આત્માનું નામ થાય છે.

૯૬ એક ૧૮ અક્ષરનું નામ છે જેમાં :—

૨ અને ૪ અક્ષર મળીને પાણી એવો અર્થ થાય છે.

૩, ૪ અને ૫ અક્ષર મળીને સાધર્મિક ભક્તિ કરીને કપાળ ઉપર લગાડવું તે.

૩ અને ૯ અક્ષર મળીને બાણુમાંથી છુટે તે.

૬ ,, ૭ અક્ષર મળીને આચાર્ય એવું નામ થાય છે.

૫ ,, ૯ અક્ષર મળીને હાથનો પર્યાયવાચક નામ થાય છે.

૨ ,, ૧ અક્ષર મળીને વૃદ્ધાવસ્થા એવો અર્થ થાય છે.

આ બધા અક્ષરો મળીને એક ઉત્તમ આત્માનું નામ થાય છે.



- જે સીધા ચાલે તેના માટે સદ્‌ગતિ છે, વાંકા ચાલે તેના માટે દુર્ગતિ છે.
- ધર્મ વિના બીજું કશું ન ગમે, જ જીવવા જેવો લાગે, પૈસા પણ ન ગમે અને ભોગ પણ ન ગમે તેવો જે કાલ તે ધર્મનો 'યૌવન કાળ' છે.
- ભગવાનની આજ્ઞાનો પ્રેમ, દુઃખનો પ્રેમ અને સંસારના સુખનો દ્વેષ કરાવે.
- જે મારૂં ન હોય તેને મારૂં માનવું–સારૂં માનવું, તેને જ સાચવવામાં--ભોગવવામાં મેળવવામાં જિંદગી બરબાદ કરવી તેનું નામ સંસાર !
- સાધુને સારા માનનારને સંસારમા રહેવું ભૂંડું ખરાબ જ લાગવું જોઈએ.
- સુખનાં સાધનો વિના આનંદ ભોગવવાની શક્તિ તેનું નામ મોક્ષનો આનંદ.
- સંસારના પદાર્થોની ઇચ્છા તેનું નામ તૃષ્ણા તે જ મોટામાં મોટી ડાકણ છે. તે ડાકણના પનારે પડેલા કપડાના દેખાવમાં સારા છે પણ હૈયાથી સારા નથી.
- આખો સંસાર તે આશ્રવ છે, ભગવાનનું સાધુપણું તે જ સંવર છે. સાધુ સંવરમાં જીવનારો શ્રાવક આશ્રવમાં જીવનારો પણ સંવરભાવમાં રમનારો !
- બાર પ્રકારનાં તપ વગરનો સાધુ એટલે વર્ષો જુનું કલેવર !
- માણસ, માણસ તરીકે ય ઓળખાવવા લાયક ન રહ્યો હોય તો તે પ્રતાપ દુનિયાના સુખનો છે.
- ડગલે ને પગલે ભગવાનની આજ્ઞાનો વિચાર કરીને જીવે તે જૈન !
- જગતની સારી ચીજ જોઈ લેવાનું મન થાય એટલે માણસ બગડે ! દેવાનું મન થાય તો સુધરે.
- કયારે મરવું તે આપણા હાથની વાત નથી પણ કેવી રીતે મરવું તે આપણા હાથની વાત છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમ છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

5139

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

જિનધર્મ કેવો છે ?

ધર્મ श्चिन्तामणिः श्रेष्ठो,
धर्मः कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मो,
धर्म एवामृत तं परम ।

શ્રી જિનધર્મ એ ચિન્તામણિ કરતાં શ્રેષ્ઠ છે, ઉત્તમ એવા કલ્યાણને કરનારો છે, એકાન્તે હિતકારી છે અને શ્રેષ્ઠ એવું અમૃત પણ ધર્મ જ છે.

વર્ષ ૭

અંક ૪૭+૪૮

— વાપી મહોત્સવ સ્પેશ્યલ પૂર્તિ —

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

જ્ઞાન ગુણ ગંગા

— પ્રજ્ઞાંગ

જળમાં બીજા પાંચે કાયોનો સંભવ છે. આ અંગે શ્રી 'ઓઘ નિર્યુક્તિ'માં કહ્યું છે કે-

'जत्थ जलं तत्थ वणं जत्थ वणं तत्थ निच्छिओ अग्गी ।
तेऊ वाउ सहगया तसा य पच्चक्खया चेव ।।'

અર્થાત્-જ્યાં જલ-પાણી હોય ત્યાં વનસ્પતિ હોય છે અને જ્યાં વનસ્પતિ હોય ત્યાં અવશ્ય અગ્નિ હોય છે. તેજની સાથે વાયુ અવશ્ય રહેલો હોય છે. તથા ત્રસકાય તો જળમાં પ્રત્યક્ષ જ જોવામાં આવે છે અને પૃથ્વી વિના જળ રહી શકે નહિ તેથી પૃથ્વીકાય પણ આવી જાય છે.

૦ લિંગ આદિ સોળ વચનો જાણ્યા વિના સૂત્ર-વાચનાદિમાં પ્રવર્તે છે તે મૂઢ જીવો શ્રી જિનવચનનું ઉલ્લંઘન કરી શ્રી જિનાજ્ઞાના વિરાધક બને છે. આવું ન બને માટે વિધિના પરિજ્ઞાનથી જ સૂત્ર-અર્થનો સ્વાધ્યાય કરવો જોઇએ.

શ્રી અનુયોગ દ્વારાદિ સૂત્રોમાં તે સોળ વચનો આ પ્રમાણે કહ્યા છે.

૩-લિંગ ત્રણ છે-પુરૂષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસક લિંગ.

૩-વચન ત્રણ છે-એકવચન, દ્વિવચન અને બહુવચન.

૩-કાલ ત્રણ છે-અતીત, અનાગત અને વર્ત્તમાન.


૧-પરોક્ષ એટલે 'તે' નિર્દેશવચન.

૧-પ્રત્યક્ષ એટલે 'આ', પ્રત્યક્ષ વચન

૪-ઉપનય-અપનય, ચાર પ્રકારે છે, તે આ રીતે—

જે પ્રશંસા વચન તે ઉપનય વચન જેમકે, 'આ રૂપવતી સ્ત્રી છે,' જે નિંદા વચન તે અપનય વચન. જેમકે 'આ કુરૂપા સ્ત્રી છે' પહેલા પ્રશંસા અને નિંદા તે ઉપનય-અપનય વચન, જેમકે 'આ સ્ત્રી રૂપવતી છે પણ દુઃશીલા છે,' અને પહેલા નિંદા પછી પ્રશંસા તે અપનય-ઉપનય વચન. જેમકે, 'આ સ્ત્રી કુરૂપા છે પણ સુશીલવાળી છે.'

૧-અધ્યસ્થ વચન. ચિત્તમાં બીજું ધારણ કરી, છેતરવાની બુદ્ધિથી બીજું બોલવાની ઇચ્છા છતાં પણ જે હૈયામાં હોય તે જ બોલી નાખે તે અધ્યાત્મ વચન કહેવાય છે.



વર્ષ ૭] ૨૦૫૧ શ્રાવણ સુદ ૫ મંગળવાર તા. ૧-૮-૯૫ [અંક-૪૭-૪૮

卐 પ્રકીર્ણ ધર્મોપદેશ 卐

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૭ ને શુક્રવાર તા. ૩-૭-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન - ત્રીજું) (ગતાંકથી ચાલુ)

શ્રાવક સંસારનો રસિયો હોય કે મોક્ષનો રસિયો હોય ? જેને મોક્ષની ઇચ્છા નહિ તે ધર્મ માટે લાયક નહિ. તે ગમે તેટલો ધર્મ કરતો હોય તો પણ તેનો સંસાર વધવાનો, વધવાનો ને વધવાનો છે. અભવી સારામાં સારો એક અતિચાર ન લાગે તેવો ધર્મ કરી નવમા ગ્રૈવેયકે જાય તો પણ તે ધર્મી કહેવાય ? તેનો ધર્મ ધર્મ કહેવાય ? મોક્ષની ઇચ્છા વિના સંસારની ઇચ્છાથી મંદિર બાંધે તો પુણ્ય બંધાય કે પાપ બંધાય ? દુનિયામાં સુખી થવા ઉપાશ્રય બાંધે તો પુણ્ય બંધાય કે પાપ બંધાય ? તમે બધા અહીં આવો છો તે સુખી થવા આવો છો કે આ સુખથી છૂટવા માટે આવો છો ? મંદિર ઉપાશ્રયે શા માટે જવાનું છે ?

"દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશકમ;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્"

આ વાત બેસે છે ? દર્શન કરનારો મોક્ષની ઇચ્છાવાળો જોઇએ કે ન જોઇએ ?

પ્ર૦ : જેમ મોક્ષની ઇચ્છાવાળો કરે તેમ સ્વર્ગની ઇચ્છાવાળો ય કરે ને ?

ઉ૦ : તો તેને કોઇક સમજાવવું પડે કે નહિ ? જે કહે કે, હું સ્વર્ગ માટે

દર્શન કરવા જાઉં છું તો તું હા પાડે કે ના પાડે ? આ શ્રાવકોને સંસાર છોડવાની ઇચ્છા છે ? મોક્ષે જવાની ઇચ્છા છે ? સમજાવવા છતાં ય જે એમ જ કહે કે મારે આ તો જ (સ્વર્ગાદિ) જોઇએ છે તો તેને શું કહો ?

સભા: જેવો જીવ તેવો જવાબ !

મારે મોક્ષ ન જોઇએ, મોજમજા જોઇએ, પરલોકમાં સ્વર્ગ જોઇએ તે માટે જ હું ધર્મ કરું છું તેને શું કહો ?

તેને કહેવું પડે કે–તારો નાશ થશે. દર્શન જેવી પવિત્ર ક્રિયાને પાપ બનાવે છે.

સભા: સાંભળતા સુધરેને ?

આમ બોલનારા કદિ ન સુધરે. ધર્મ આ રીતે આ આ માટે ન થાય તેમ જાણવા છતાં ય તે માટે જ કરે તે કદિ ઠેકાણે ન આવે. તેવા તો ભગવાનથી પણ ધર્મ ન પામે.

જમાલિને ઓળખો છો ? ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો ભાણેજ, જમાઇ અને શિષ્ય છે. પાંચસો શિષ્યોનો ગુરુ છે. જ્યારે તેને ખુદ ભગવાનને ખોટાં કહ્યા તો તેના જ શિષ્યો તેની સામે પડે છે, સમજાવે છે પણ સમજતો નથી તો મૂકીને ભગવાન પાસે આવે છે. એકવાર તે જમાલિ સમવસરણમાં આવીને ખુદ ભગવાનને કહે છે કે–તમે જુઠ્ઠા છો. તમો કહો છે તે ખોટું તે. વખતે શ્રી ગૌતમ મહારાજા તેને સમજાવવા જાય છે તો ભગવાન કહે છે કે–હવે આ સમજાવવાને પણ લાયક રહ્યો નથી.

જે નફ્ફટ પણે બોલે તેને કહેવાય કે કરતા કરતા પામશે ?

શ્રાવકને વેપાર કેમ ચાલે છે ? ઘર કેમ ચાલે છે ? તેમ સાધુ પૂછે કે ધર્મનું શું ચાલે છે તેમ પૂછે ?

પ્ર૦ : જે કુલાચારથી ધર્મ કરે લાંબી સમજ ન હોય તો ?

ઉ૦ : કુલાચારથી ધર્મ કરનાર સાધુ પાસે આવે તો ધીમે ધીમે સમજી જાય. શાસ્ત્રે તો કહ્યું છે કે, જૈનપણાના આચારો જીવે તે કદી દુર્ગતિમાં ન જાય. જે કુલાચારથી ય ધર્મ કરે તેને સમજાવવાની મહેનત શેજ કરવાની. તેને ન સમજાવે તો તેના મા–બાપ નાલાયક છે, ગુરુ ય નાલાયક છે ! અહીં આવેલો સંસાર ખરાબ ના સમજે,

તે સમજાવવાની અમે પણ મહેનત ન કરીએ તો અમે ય ગુરુ થવા લાયક નથી. તે માટે તો અમે સંસાર છોડયો છે.

આજે અમને કોઈ પૂછતું નથી કે–મહારજ ! તમે સંસાર કેમ છોડયો ? તમને વિરાગ થવાનું કારણ શું ? આગળ તો રાજપુત્રો, મંત્રીઓ, શ્રેષ્ઠીપુત્રો સાધુ થતા તો તેમને પૂછતા' તા. આજે તો સાધુ પાસે લક્ષ્મીના મંત્ર માગે છે, વેપારના ભાવ–તાલ માગે છે, લગ્નના મુહૂર્ત માગે છે. શ્રાવક પૂછે કે–લગ્ન કયારે કરું ? વેપાર કેમ કરું ? તેમ પૂછનારા પાકી ગયા અને તેના ઉત્તર આપનારા પાકી ગયા. આ પાપ કેમ શરૂ થયું ? તમે બધા સંસારના લોભી થયા અને મોક્ષના અર્થી મટી ગયા માટે. હવે ચાલવા દેવું છે ?

બધાએ સમજવું પડે. તે માટે આ આચાર્ય ભગવંત સમજાવી રહ્યા છે કે–સુખ શું ચીજ છે ? ભય હોય તો કોનો છે ? તે ભય શાથી છે ? તે ભય ટળી શકે તેવો છે કે નહિ તે સમજે તે આ સંસારથી છૂટે. જાણકાર આ સંસારથી છૂટે, અજાણ સંસારથી છૂટે નહિ.

માટે જ્ઞાની કહે છે કે–મોક્ષ વિના સુખ નથી. સંસારમાં જે સુખ છે તેને સુખ કહેવું, સુખ માનવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તો જ બને. સંસારનું સુખ તો સુખ કહેવરાવવા લાયક નથી.

ભગવાનની સ્તવના કરતાં કવિઓ ગુજરાતી ભાષામાં લખી ગયા કે–

"સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ;
કર્મજનિત સુખ તે દુઃખ રુપ, સુખ તે આતમઝાંખ."

સંસારી બધા જીવો સુખના કામી છે. તેઓ જે સુખ ઇચ્છે છે તે મોક્ષ વિના બીજે કશે નથી. કર્મથી મલતું જે સુખ છે તે દુઃખરૂપ છે. તમારું સુખ તે સુખ છે ? સંસારનાં સુખની, તેના સાધનભૂત સંપત્તિની ઇચ્છા કયા કર્મથી થાય ? તે પાપરૂપ છે કે પુણ્યરૂપ ? તેનાથી નવાં પાપ બંધાય કે ખપે ?

સંસારનાં સુખને સુખ કહે તે મિથ્યાદૃષ્ટિ છે. તે સુખને દુઃખ કહે તે સમકિતિ. તે સુખ ભોગવતાં ધર્મીને દુઃખ થાય અને દુઃખ ભોગવતાં મજા આવે. ધર્મી કોણ ? દુઃખ આવે તો રાજી થાય અને સુખ મળે તો ગભરાય. તમે બધા સુખના અર્થી છો પણ સંસારના સુખનું અર્થીપણું સારું છે કે ખરાબ છે તે વાત સમજાવવી છે તે હવે પછી––

અમૂલ્ય દર્શનીય વસાવવા યોગ્ય ગ્રંથ

પ્રગટ થઈ ચૂકેલ છે.

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

સંપાદક : પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

ભાગ ૧લો મૂલ્ય રૂા. ૬૫૦/- પ્રગટ થયો છે.

ભાગ ૨જો મૂલ્ય રૂા. ૬૫૦/- છપાય છે.

જેમાં ગુજરાત રાજસ્થાનના ૩૭૮ જિન મંદિરો મૂલનાયકજી આદિના ફોટા તેના ઇતિહાસ સાથે અપાયા છે. જીલ્લાવાર નકશાઓ અપાયા છે.

બીજા ભાગમાં ગુજરાત રાજસ્થાન સિવાયના ભારતના મુખ્ય તીર્થો આદિના જિન મંદિરો આદિ આવશે.

બંને ભાગનું અગાઉથી મુલ્ય રૂા. ૧૦૦૦/-

એક પેજમાં શુભેચ્છકને રૂા. ૩૦૦૦/-

શુભેચ્છકનું નામ એક લીટીમાં એક તીર્થ નીચે આવશે.

—અગાઉથી ગ્રાહક થનારા લખે.—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર

લંડન-રતિલાલ ડી. ગુઢકા ૧૧૭ સંડબરી એવન્યુ નોર્થ વેમ્બલી ટેલેફોન નં ૨૪૪૪૨

નાઇરોબી – શાહ મેઘજી વીરજી

મુંબઇ-શાહ મગનલાલ લક્ષ્મણ ભારૂ થાણા ફોન : ૫૪૦૧૪૧૩

શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકા પરેલ ફોન : ૪૧૩૨૮૨૯

શાહ અશ્વિનકુમાર પ્રેમચંદ હરખિયા ભીવંડી ફોન : ૨૩૬૬૬

શાહ પ્રવિણચંદ્ર ગંભીરદાસ શેઠ મલાડ રે. ૮૮૬૫૪૬૯-ઓ.૨૦૬૧૨૨૦

શાહ હરખચંદ ગોવિંદજી ભારૂ ઘાટકોપર ૨૦૬૧૫૮૮

અમદાવાદ મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારૂ બજાર ગાંધીરોડ ૩૪૦૨૬૧

શાહ મુકુંદભાઇ રમણલાલ શાહ પાનકોર નાકા ફો : ૬૨૧૮૦૫ ઓ.૩૫૭૯૬૯

આપની નકલ નકી તરત કરી લો.

પહેલા આદેશ માથે ચડાવનારાએ વીરસૈનિકોએ હવે કેમ મોં ફેરવી લીધું ?

મુંબઇના સંખ્યાબંધ આજી-માજી જૈન વીરસૈનિકોએ પં. ચંદ્રશેખરવિજયજી સામે બળવો પોકારી પોતે તેમના એક વખતના આરાધ્યદેવથી કેવા સંજોગોમાં મુખ ફેરવી લીધું તેનું લેખિત બ્યાન પેશ કર્યું છે.

આ આજી-માજી વીરસૈનિકોના મતે અમને જેમના પર અખૂટ પ્રેમ અને આદર હતો એ પં. ચંદ્રશેખરવિજયજી ધર્મની એકધારી તોડીન કરવાનું ચાલુ કરતાં અમારે એમનો સાથ છોડવો પડયો છે.

કમલ લક્ષ્મીચંદ ઝવેરી, પારસ અજયકુમાર શાહ, કચવાન હેમેન્દ્ર ઝવેરી, કમલેશ એસ. મહેતા, પ્રવીણ સોહનલાલ શાહ, રાજેશ ચંદુલાલ શાહ, જયંત શાંતિલાલ મહેતા, દિલિપ હરગોવિંદદાસ શાહ, દિલિપ જયંતીલાલ શાહ, હરેશ રસિકલાલ શાહ, દક્ષેશ કેસરીચંદ શાહ, બિપીન ભોઇતારામ, ચેતન ભાણુલાલ શાહ સહિત કમસેકમ ૩૦ વીરસૈનિકોએ બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે આજથી પંદરેક વર્ષ પૂર્વે અમે બધા થનગનતા જૈન યુવાનો મુનિ ચંદ્રશેખરવિજયજીના પરમ ભકતો હતા. અમે એમના શબ્દો અને આદેશમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા હતા. તેમની વાણીમાં અમને જૈન ધર્મ અને સિદ્ધાંતોને પુનર્જીવ મળશે એમ માનતા હતા. અમને તેઓ એક મહાન યુગ પુરૂષ સમા ભાસતા હતા. અમારો એક પણ રવિવાર એમની શિબિરોમાં હાજરી આપ્યા વિના પસાર થયો હોય એવું અમને ખ્યાલ નથી.

એ વખતે અમને એમ લાગતું હતું કે રવિવાર જાણે એમની શિબિરો માટે જ સર્જાયો હશે. એમની વાણીમાં એક અજીબ પ્રકારનું ખેંચાણ હતું. અમે એ વાણીના પ્રવાહમાં તણાતા હતા. અમારે સ્વીકારવું છે કે અમે આજે વ્યસનમુકત છીએ તે ચંદ્રશેખરવિજયજીને આભારી છે. મોજશોખ અને એશઆરામના બધા દૂષણોથી જ અમે આજે પણ મુકત રહી શકયા છીએ તે માટે અમે તેમના આભારી છીએ.

એ વખતે અમારા પરમ ગુરૂદેવની (પં.ની) રૂઢિચુસ્તતા, સિદ્ધાંત પ્રત્યેની તેમની વફાદારી અમારા લોહીના કણેકણમાં વણાઇ હતી. પણ ત્યાર બાદ એક પછી એક જે ઘટનાની શૃંખલા સર્જાઇ તેણે અમારી તેમના પ્રત્યેની આસ્થા અને આદર ડગમગાવી દીધા.

આ ઘટનાઓ છે:

* ગુરૂદેવે તપાવન ઉભું કર્યું અને તેની સંપૂર્ણ જવાબદારી પોતાના હસ્તક

રાખી આને કારણે તેઓ સાધુ મટીને એક વહીવટકર્તાની ભૂમિકામાં આવી ગયા.

* આ વહીવટકર્તાની ભૂમિકાના ફળસ્વરૂપે જ તેમને આજે બધે કહેતાં ફરવું પડે છે કે હું સવા કરોડ રૂપિયાનો દેવાદાર છું. દાઝેલો છું, તમને દઝાડવા આવ્યો છું. કોઇ સાધુ આવું કહી કે વિચારી શકે ખરા ?

o અંતરિક્ષજીના મુદ્દા ઉપર તેમણે જે વલણ લીધું તેનાથી જૈન સમાજને ઘણી હાનિ પહોંચી છે.

સંવંત ૨૦૪૪ના અમદાવાદ મધ્યે મળેલા મુનિ સંમેલનમાં તેમણે જે વિદ્વંસક ભૂમિકા ભજવી તેનાથી જૈન સમાજમાં એકતા થવાને બદલે જૈન સમાજ અનેક જુથોમાં વહેંચાઇ ગયો. જૈન શાસનની એકતાની વાતો કરનારા પંએ શાસનમાં જેટલી પણ એકતા હતી તેના ફુરચા ઉડાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ભગવાન મહાવીરના ત્રિકાલબાધિત શાસનને એકસૂત્ર કરવાના પ્રયત્નો કરવાને બદલે તેને છિન્નભિન્ન કરનાર પ્રત્યે અમારી શ્રદ્ધા અખંડ કેવી રીતે રહી શકે ?

o શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સમયમાં પુણ્યપાલ નરેશને આવેલાં આઠ સપનાંના ફલાદેશમાંનું એક સિંહનું સપનું અત્યારે સાર્થક થતું દેખાય છે.

• માતૃસદન સંસ્થા ઊભી કરવાના તેમના તરંગી વિચારોએ અમારામાં રહેલી થોડી ઘણી શ્રદ્ધાએ પણ વિદાય લીધી.

o દેશભરમાં જૈન બેન્ક ઉભી કરવાના તેમના સૂચનને ધાર્મિક ગણવું કે વ્યવહારુ ગણવું એ અમે આજ સુધી સમજી શકતા નથી.

o પોતાના ધર્મમિત્ર પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખના મંતવ્યથી સાવ વિરુદ્ધ એવાં ઉચ્ચારણો કરીને તેઓ શું કહેવા માંગે છે ?

અમો, એમના પ્રત્યેના ઋણના ભારથી દબાયેલાઓ, આજે એમને એવી વિનંતી કરીએ છીએ કે જિનશાસનની એકતા, પ્રતિબદ્ધતા તથા અખંડિતતા જાળવવા માટે તેઓ સંયમ અને સહિષ્ણુતા દાખવે અને અમારા જેવાઓને ફરીવાર વિશુદ્ધ ધર્મભાવનાનો આદેશ આપે એવી આ વીરસૈનિકોએ અરજ ગુજારી છે.



ગ્રોપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસનતથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ


આશીષ કોર્પોરેશન ૨૩–૩૧ બોટાદવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ–૨

ફોન :– ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯

,, ઘર :– ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)





ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

પ્ર૦ : 'વિ. સં. ૨૦૪૪ના સંમેલને પણ સ્વપ્નાદિ દ્રવ્યને દેવદ્રવ્યમાં જ લઇ જવાનું ઠરાવ્યું છે. હા, તે દેવદ્રવ્યનો વિશેષલેહ ૧૯૯૦ના સંમેલને કર્યો ન હતો તે આ સંમેલને તેને 'કલ્પિત દેવદ્રવ્ય' કહીને ઠરાવ કરેલ છે. ખરેખર તો ૧૯૯૦ના સંમેલનનાં આ ઠરાવ ઉપર જે સર્વ સંમતિ સધાઇ છે તે તેમાંના 'યોગ્ય જણાય છે' એ શબ્દોથી તે વખતે પોલી સર્વસંમતિ થવાનું સ્પષ્ટરૂપે દેખાય છે. ૨૦૪૪ના સંમેલને તો એકદમ સ્પષ્ટતા કરી છે' (પૃ. ૧૭૩) આ વાતની સ્પષ્ટતા કરશોને ?

ઉ૦ : આ રહી સ્પષ્ટતા : વિ. સં. ૧૯૯૦ના સંમેલને સ્વપ્ન દ્રવ્યને દેવદ્રવ્યમાં લઇ જવાનું ઠરાવ્યું, ત્યારે તે સંમેલનના પૂજ્યોને જિનમંદિરના તમામ ખર્ચા તેમાંથી કાઢવાની જાનના ન હતી. તેથી તે પૂજ્યોને વિશેષલેહ કરવાની કોઇ આવશ્યકતા ન હતી. વિ. સં. ૨૦૪૪ના સંમેલને સ્વપ્ન દ્રવ્યથી દેરાસરો ચલાવવાની હઠ લીધી હોવાથી, સ્વપ્ન દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં ઘુસાડી દેવકું સાધારણ બનાવી દીધું છે. આટલું ઓછું હોય તેમ પોતાની આ વાત ઉપર તેઓ 'વિશેષલેહ' કર્યાનો ગર્વ અનુભવે છે. અશક્ત સ્થળોનાં અપવાદપદે દેવદ્રવ્યથી જિનપૂજાદિ કરાવવી અને છતી શક્તિએ જૈનોના નબીરાઓને પૂજા કરાવવા માટે સ્વપ્નદ્રવ્ય સ્વરૂપ દેવદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યનું નામ આપી દેવકું સાધારણ બનાવી દેવું : આ બંને વચ્ચેના તફાવતને સમજવા જેટલી સ્વસ્થતા ૨૦૪૪ના સંમેલનની રહી નથી. ૧૯૯૦ના સંમેલનની સર્વ-સંમતિ પોલી હોવાનું સ્પષ્ટ જોઇ શકનારા પંન્યાસજી, ૨૦૪૪ના સંમેલનની શોભા પ્રગટ ન કરે તેમાં જ તેમની ય શોભા છે. ૨૦૪૪નાં શ્રમણ સંમેલનમાં સમગ્ર તપાગચ્છના સાધુઓને આમંત્રણ અપાયું જ ન હતું, એ વાત જાણતા હોવા છતાં, એ સંમેલનના સમર્થક આ લેખકશ્રીને ૧૯૯૦ના સંમેલન સાથે પોતાના સંમેલનને સરખાવવાના અભરખા કેમ થાય છે ? પોલી સર્વસંમતિની ચર્ચા કરનારા લેખક પંન્યાસજી, ૨૦૪૪ના સંમેલનમાંથી સંમતિ આપ્યા પછી પણ પ્રવર સમિતિના આચાર્ય સંમેલનનો વિરોધ કરીને ખસી ગયા—તે વાત જાહેર કરવા જેટલી નિખાલસતા કેમ બતાવતા નથી ? પોલું અને નક્કર સમજવા માટે નક્કર સમજ શક્તિ જોઇએ.

પ્ર૦ : બોલીના દ્રવ્યને ચોથા 'લેહ' તરીકે ગણવાથી તમને ગૌરવ દોષ નડે

આવે ? [પૃ. ૧૬૭]

ઉ૦ : સામાન્યથી દેવદ્રવ્યના આદાન અને નિર્માલ્ય : એવા બે જ ભેદ પણ શાસ્ત્રકારોએ પાડયા છે. સંબોધપ્રકરણકારે આ બે ભેદ સિવાય ત્રીજો કલ્પિત દેવદ્રવ્ય નામનો પણ ભેદ પાડયો જ છે. આ શાસ્ત્રકારોને ગૌરવદોષ નડતો નથી, તો અમને શું કામ નડે ? અહીં ગૌરવદોષની વાત કરવામાં લેખકશ્રી બિનજરૂરી પાંડિત્ય દર્શાવી રહ્યા છે. આપણી શાસ્ત્રીય પરિભાષામાં એક વિષયને સ્પષ્ટ કરવા માટે જુદી જુદી કેટલીય અપેક્ષા મુજબ ભેદ-પ્રભેદ પાડવામાં આવે છે. ઉદા. જીવના ત્રસ-સ્થાવર એમ બે ભેદ, ત્રણ વેદની રીતે ત્રણ ભેદ, ચાર ગતિની રીતે ચાર ભેદ : એમ વિવિધ અપેક્ષાએ ભેદની સંખ્યા વિવિધ હોઈ શકે છે. આમાં ગૌરવદોષની વાતો કરીને અજ્ઞાનીઓની વાહવાહ મેળવવાની જરૂર નથી.

પ્ર૦ : 'વિજય પ્રસ્થાન નામના પુસ્તકની પ્રસ્તાવનાના આધારે સ્વ. પૂ. પાદ વ્યા–વાચસ્પતિ આ. દેવ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબે જ જિનની ભક્તિ અને જિનપૂજાનાં ઉપકરણોની ઋદ્ધિ માટે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું જણાવેલ છે' (પૃ. ૧૬૮) શું તેઓશ્રીનું વચન પણ તમને માન્ય નથી ?

ઉ૦ : તેઓશ્રીના વચનને વટાવીને લોકોનું 'વંચન' કરવાનો લેખકશ્રીનો આ હાસ્યાસ્પદ પ્રયાસ છે. વાસ્તવમાં દેવની ભક્તિ માટે આવેલું દ્રવ્ય અને દેવની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલું દ્રવ્ય : બંને સામાન્યથી દેવદ્રવ્ય કહેવાય. અમારા સ્વ. પૂ.પાદ પરમગુરુદેવશ્રીએ પરિમાર્જિત કરી આપેલ શ્લોકો અને તેના અર્થોમાં ઉપર જણાવેલ બંને દેવદ્રવ્યનો સમાવેશ થાય છે. માટે દેવની ભક્તિ માટે આવેલા દેવદ્રવ્ય (ચૈત્યદ્રવ્ય)થી જિનની ભક્તિ અને જિનપૂજાનાં ઉપકરણો વગેરે લાવી શકાય– આ સ્પષ્ટ સમજી શકાય તેવું સત્ય છે. તેઓશ્રીમદ્ની દેવદ્રવ્ય વિષયક અર્થ સ્પષ્ટતા જગજાહેર છે. મિથ્યા તેઓશ્રીના નામે અર્થસત્ય ફેલાવવાનો લેખકશ્રીનો ઇરાદો સફળ થાય એવો નથી.

પ્ર૦ : સંબોધપ્રકરણમાં જણાવેલ પૂજા, નિર્માલ્ય અને કલ્પિત દેવદ્રવ્યની સ્પષ્ટ સમજ આપો.

ઉ૦ : સંબોધપ્રકરણની તે ગાથાઓના (સંમેલને કરેલા ભેળસેળીયા અર્થ સિવાયના) અર્થ મુજબ પૂજા અને કલ્પિત (બોલીઓનું દ્રવ્ય નહિ) દેવદ્રવ્ય તરીકે ગણવું દ્રવ્ય, દેવની ભક્તિ માટે આવેલું દ્રવ્ય છે. સંબોધપ્રકરણમાં જણાવેલી વ્યવસ્થા મુજબ પૂજાદ્રવ્ય જિનદેહ સંબંધી કાર્યમાં અને કલ્પિત દ્રવ્ય જિનદેહ અને ગેહનાં સર્વકાર્યોમાં ઉપયોગી બને. અને એટલા માટે જ આ બંને દ્રવ્યને આજની વપરાતી ભાષામાં 'જિનભક્તિ સાધારણ' કહી શકાય

(ક્રમશઃ)

દેવદ્રવ્યરક્ષાનો શાસ્ત્રીય ઉપદેશ આપો
સંઘની સાચી વ્યવસ્થામાં ભાગી બનો

છેલાં પાંચ સાત વર્ષ થયા જૈન સંઘને મોક્ષ ઉદ્દેશીને આપવાના વ્યાખ્યાનને બદલે દહેરાસરની કઇ આવક દેવદ્રવ્ય કહેવાય અને અમુક આવક કલ્પિત દેવદ્રવ્ય કહેવાય. ગુરૂપૂજન દ્રવ્ય ગુરૂ વૈયાવચ્ચમાં વપરાય આવા શાસ્ત્ર સિધ્ધાંતથી ઉલટા વ્યાખ્યાનો અપાય છે. ઘણાં પુસ્તકો તેવા હોવા છતાં ધર્મવહીવટ પુસ્તકો બહાર પાડી જૈન સમાજને વિચારના ચકડોળે ચડાવી કલુષિત વાતાવરણ કર્યું છે.

અત્યાર સુધી હિંદુસ્તાનભરમાં સ્વપ્નાની બોલી ઉપધાન માળ પહેરામણીની બોલી વિગેરેની આવક દેવદ્રવ્યમાં જતી હવે એને બદલે એ બંને અને બીજી આવક કલ્પિત દેવદ્રવ્ય કહેવાય અને તે રકમ ગમે ત્યાં વપરાય અને એટલી હદ સુધી વાત કરે છે કે એ દ્રવ્યમાંથી સુખી શ્રાવકો પૂજા કરી શકે ગરીબ શ્રાવકો માટે એ દ્રવ્યમાંથી કેસર-સુખડ, બરાસ, ફૂલ ફલ નૈવેદ્ય વિગેરે પૂજાની સામગ્રી ખરીદીને સાધારણ સ્થિતિના શ્રાવક માટે સંઘે પૂજાની વ્યવસ્થા કરી આપવી આવા મતલબના ઉપદેશો અપાય છે. ધર્મ-વહીવટ પુસ્તકમાં એમ સમજાવે છે. હવે એ ઉપદેશનું અનુકરણ કરવું હોય તો સાધારણ સ્થિતિના શ્રાવક માટેનુ પૂજાનું કેસર, બરાસ ફુલ જુદા રાખવા પડે એ વાપરનારને હું સાધારણ સ્થિતિનો છું એ જગજાહેર થવાનું રહે આ ઉચિત છે ?

ખબર નથી પડતી કે શાસનનાં ઘણા કાર્યો છે તે મુકી દઇને શ્રાવક સંઘને ગરીબ અને શ્રીમંત દેખાડવા જેવી પ્રવૃત્તિ કરાવામાં ધમાધમ કરે છે.

દરેક દહેરાસરમાં સાધારણ ખાતાની ટીપ થાય છે. કેટલા દહેરાસરમાં કેસર પૂજાના ખર્ચનો મહીના માસનો ખર્ચ, પક્ષાલ પૂજા માટે દૂધનો મહિના માસનો ખર્ચ, ફૂલ પૂજાનો મહિના માસનો ખર્ચ, બધા ખર્ચના નકરા નકી કરી જાહેર કરે છે ત્યાં જ બાર માસના લાભ લેનાર ભાગ્યશાળીઓનાં નામ જુદા જુદા મહિનાના લખાઈ પણ જાય છે ઉપરાંત છુટક સાધારણની ટીપ થાય છે એટલે સૌ પોતાની શક્તિ પ્રમાણે રકમ લખાવે છે કોઇ રૂા. ૧૦૦) લખાવે કોઇ રૂા. ૧૦૦૦) લખાવે એ પણ ન બની શકે તો સાધારણ ખર્ચનો ભંડાર રખાય છે એમાં ચાર આનાથી માંડી ગમે તેટલા રૂપીયા નાખી માણસ લાભ લઇ સંતોષ પામે છે. આમ જુદી જુદી સ્કીમથી સાધારણનાં ખર્ચનાં પૈસા ભેગા થાય તેમાં કોઈ માણસે જરા પણ લાભ લીધો ન હોય તો પણ પૂજા કરી શકે છે એમાં કોને લાભ લીધો નથી એ કોઈ જાણતું નથી.

અને સાધારણ માણસ પણ નિસ્કોચ પૂજા કરે છે. અને શક્તિમાન માણસે ટીપ. માં પૈસા આપ્યા હોય તેમાં સૌને પૂજા કરતાં જોઇ આત્મ સંતોષ થાય છે. અને આ પણ ઉંચી સાધર્મીક ભક્તિ હું કરૂં છું તેનો સંતોષ થાય છે આવી સરળ પ્રણાલીકા છોડીને કલ્પીત દેવદ્રવ્યમાંથી પ્રભુ પૂજા થાય સાધારણ માણસને પૂજા કરતાં દોષ નથી આવી જાતનાં ઉપદેશો આપી શું ઉદ્દેશ છે તે જણાતું નથી

એક વખત આવું દ્રવ્ય સાધારણ ગણાઈ તો પછી મરજી મુજબ વાપરી શકાય એવાં વિચારનો ભાસ થાય છે

કલ્પીત દ્રવ્યની સાધારણ સમજવાળો માણસ સમજી શકે તે વ્યાખ્યા તે કે તમોએ આપેલી રકમ સ્થાવર કે રોકડ કાંઇ પણ બોલ્યા વગર કહેરાસરના વહીવટમાં ભેટ તરીકે આપો તો એ રકમ કલ્પીત દ્રવ્ય કહેવાય જે સાધારણ રકમની જેમ બધે વાપરી શકો. આની સામે દાન આપેલ વ્યક્તિ બીજો કાંઇપણ લાભ લીયે નહિ જેમકે સ્વપન ઉતારવાની બોલીમાં સહુ કુટુંબ સ્વપન ઉતારીને લાભ લીયે છે. ઉપધાન માળની બોલીમાં ઉપધાન કરનાર શ્રાવક શ્રાવીકા આચાર્ય ભગવંત હરતક માળ પહેરે છે. આ જાતનો ઉછામણી બોલીને લીધેલ લાભની આવક કલ્પીત દ્રવ્ય કહેવાય. નહિ ટુકામાં ઉછામણીથી લીધેલો લાભ કલ્પીત કહેવાય નહિ. પણ કોઇ પણ લાભ લીધા વગર ભેટ રૂપે રકમ કે મીલકત આપે તે કલ્પીત દ્રવ્ય કહેવાય. આગળના રાજા મહારાજા ધર્મ-સ્થળોને વહીવટ માટે રકમ મળી રહે એ માટે ગામો ભેટ તરીકે આપતાં એ ગામના મહેસુલની કે બીજી આવક શ્રી ધર્મસ્થાનોમાં ખર્ચો થતા તે કલ્પીત દ્રવ્ય કહેવાય ઉછામણી બોલીને લાભ લીધો હોય ત્યાં કલ્પના રહી જ કયાં કે તે કલ્પીત દ્રવ્ય કહેવાય.

આજે સ્વપન બોલીમાં કે ઉપધાનની માળ પહેરામણીની બોલીમ. લાખો રૂપિયા થાય છે બોલી બોલનાર આ રકમ પ્રભુ ભક્તિમાં જાય છે તેનો લાભ છે તમે સમજીને બોલે છે જો આ રકમ સાધારણ ખાતામાં જાય એમ નકી થશે તો જે લાખોની આવક છે તે હજારમાં પણ નહિ થાય. આ બાતરી પૂર્વકની હકીકત છે.

કહે છે કે ઘણા ગામડાઓમાં શ્રાવકો થોડા છે અને તે પણ સાધારણ શક્તિના છે. માટે પ્રભુ પૂજાનો ખર્ચ ઉપાડી શકે તેમ નથી તેથી આવી પ્રણાલીકા એટલે દેવ-દ્રવ્યની આવકમાંથી પ્રભુ પૂજા કરવાની વ્યવસ્થા થાય તો ત્યાંના શ્રાવકો પ્રભુ પૂજા વગરના ન રહે. પણ એ ગુરૂદેવની વિનંતી છે કે તમો જેમ સંસ્કૃતિધામ માટે પૈસાની જરૂરીયાતે શ્રાવકોને ઉપદેશ આપો છો અને લાખો રૂપિયા મલે છે તેમ ઉપરની હકીકત

શ્રાવકોનાં ઉપદેશમાં કેમ નથી આવતી. એક વખત ઉપદેશ આપવાનું ચાલુ કરો તો સંસ્કૃતિ ધામ કરતાં પ્રભુ પૂજા માટે કસ ગણા પૈસા આપશે આ તો જાણે હિન્દુસ્તાનનો શ્રાવકવર્ગ બધો સાધારણ સ્થિતિનો થઇ ગયો છે તેમ નકકી થાય છે તે સંઘનું અપમાન છે.

પોતાના મનમાં જે વિચાર થયો તે એનકેન રીતે સિધ્ધાંત થવો જોઇ પરાણે ઠરાવો પાસ કરાવા કલુષિત વાતાવરણ ઉંભુ કરવું એ બધું શું યોગ્ય છે શાસ્ત્રમાં આભિનિવેષક મિથ્યાત્વવાળાની સ્થિતિ કહી છે કે સાચુ તે મારૂં નહિ પણ મારૂં તે સાચું.

મોક્ષ સાધક ઉપદેશ છોડી સિદ્ધાંત વિહોળા ઉપદેશ આપી બુકો છપાવી સંઘનું વાતાવરણ કલુષિત કર્યું છે જેના પુરાવા રૂપે સુરતમાં લાકડીયો ઉડી.

આજે તો સરકારી ફીકસનાં વ્યાજની રકમની સ્કીમ છે તેનો વિચાર પૂર્વક ઉપયોગ કરીયે તો કોઇ ગામમાં સાધારણનો તુટો રહે નહી ગામ નાનું હોય તોય શક્તિ સંપન્ન સાત આઠ શ્રાવક હોય તે દરેક શકિત પ્રમાણે રકમ આપે અને તે બેંકમાં ફીકસ મુકવામાં આવે તો ૫–૬ વર્ષમાં ડબલ થાય પછી શ્રાવકો આપેલી રકમ લઇલીયે અને બીજી રકમની આવકનાં વ્યાજમાં સાધારણ ખર્ચ નીકળી જાય જે શ્રાવકોએ સહાય કરી હોય તેનાં નામ પણ રહે. જેવું ગામ. મોટા શહેરોમાંથી તો એ સ્કીમથી લાખો રૂપીયા મલે અને વ્યાજથી ડબલ થતાં આપેલી રકમ આપનાર વ્યકિતને પાછી મલી જાય ઉપરાંત લાભ લેનાર તરીકે યાદી રૂપ રહે એ રકમ એટલી બધી થાય કે જયાં જે ગામમાં જરૂરીયાત હોય તે ગામમાં એ રકમનાં વ્યાજમાંથી રકમ મોકલી શકો.

પૂ.પં.શ્રીમ.સા.ની વ્યાખ્યાન શકિત અજોડ છે (એવી શક્તિ કોઈ વિરલ સાધુ પાસે છે) 'અંતરીક્ષ પાર્શ્વનાથ' ના પ્રકરણ વખતે આપેલ વ્યાખ્યાનોથી સોનાના ઘરેણાંના ઢગ થયા હતા. 'સંસ્કૃતિ ધામ' માટે લાખો રૂપીયા ભેગા કર્યા. એ વ્યાખ્યાન શકિત જો આ વિષયમાં વાપરે તો એમના વ્યાખ્યાનથી. સાધારણ ખર્ચ માટેની ફીકસ ડીપોઝીટમાં લાખો. કરોડો ભેગા થાય. પાંચ વર્ષે સૌને રકમ પાછી મલી જાય લાભ લેનાર વ્યક્તિનાં નામ આવે. અને જે થાપણ થાય એના વ્યાજમાંથી ઘણા ગામડાઓને મદદ કરી શકો. આવો વ્યવસ્થિત પ્લાન થાય તો પન્યાસજી મ. સા. નું નામ જૈન શાસનમાં અમર રહે અત્યારે ખોટા સિધ્ધાંતો નકી કરવા એકલા જવાબદાર છે. કોઇ સાધુનો સાથ નથી પછી જૈન સમાજના દરેક સાધુ ભગવંતનો સાથ રહેશે. 'હમભી તુમારે સાથ હૈ.' એ દ્રશ્ય દેખાશે.

બાકી બોટું તે બોટું જ છે. બાકી. આજે દેવદ્રવ્યની વ્યવસ્થા એટલી સુંદર છે કે સંઘને કયાંય દોષ લાગે નહિ પણ પુન્ય જ બંધાય.

પૂ. પંન્યાસજી મ. સા. ની અત્યારે ઝુંબેશ ચાલે છે તે સિધ્ધાંત પ્રણાલીકા શરૂ થાય તો ભવિષ્યમાં જૈન સંઘની પડતીની નિશાની છે કારણ કે પછી તો ત્યાં સુધી નીચ કક્ષાની વાત આવશે કે માણસ ભૂખ્યો હોયતો ભગવાન પાસે ધરેલ ફ્રુટ-મીઠાઇ કેમ ન ખાય શકે ? કારણ કે દેવ દ્રવ્ય શ્રાવક વાપરી શકે તે સિદ્ધાંત નક્કી થયા પછી તમો ઉપરની હકીકતથી કેમ ના પાડી શકો ?

અત્યારની દેવદ્રવ્ય વ્યવસ્થાની ઉચ્ચત્તમ પ્રણાલિકા તોડાવી સંઘને દોષમાં નાખવાની જરૂર નથી પૂ. પન્યાસજી મ. સા ને વિંનતી છે કે આપ આપની વ્યાખ્યાન શકિત નો ઉપયોગ કરો જૈન કહેવાસરના સાધારણ ખર્ચ માટે લાખો રૂપીયા મલશે અમને તમારી વ્યાખ્યાન શકિતનો ભરોસો છે

આમ કરશો તો ચુસ્ત સિધ્ધાંતવાદી પ્રખર તપસ્વી સ્વ. આ. ભ. ભુવનભાનુ સૂરીશ્વરજીનાં આશીર્વાદ મલશે. સાંભળ્યું છે. ૨૦૪૪ના સંમેલનમાં જુની પ્રણાલીકાના સિદ્ધાંતો તોડવાના ઠરાવો સંમેલનમાં થશે તે એમને ન ગમતી વાત હોય અને કોઇને પોતે રોકી શકે તેમ ન હોય એથી એમને એ સાલ ચોમાસુ અમદાવાદથી એટલું બધું દુર કર્યું કે બોલાવે તો પણ પહોચી ન શકે કારણ કે સંમેલનની અંદર જે ઠરાવો થવાના હતા તે પૂ શ્રી ને પસંદ હતા નહિ બાકી આવતી સાલ સંમેલન થશે આવા આવા ઠરાવો પાસ કરાવાના છે. તે ગચ્છના વડાને ખ્યાલ ન હોય એ તો ન બને. હકીકતમાં પોતાને એ વાત ગમતી ન હતી. પસંદ ન હતી. ખોટું થાય છે તે સમજતા હતા એટલે દુર દુર ચાલ્યા ગયા. અસ્તુ .. -પ્રાણલાલ સી. શેઠ મલાડ(વે.)

: બુદ્ધિ આદિનું સાચું ફળ :

बुद्धेः फलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च ।
अर्थस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रतिकरं नराणाम् ।।

બુદ્ધિનું સાચું વાસ્તવિક ફળ તત્ત્વની વિચારણા કરવી તે છે, દેહ-શરીરનો સાર, વ્રતોને ધારણ કરવા તે છે, અર્થ-પૈસાનો સાર ખરેખર પાત્રદાન છે અને વાણીનું ફળ મનુષ્યોને પ્રીતિ આપવી અર્થાત્ હિત-મિત-પ્રિયભાષણ કરવું તે છે.

: સર્વજ્ઞ ભાષિત ધર્મની સર્વોત્તમા

सव्वं बलं धम्मबलं जिणाइ, सव्वा कहा धम्मकहा जिणाइ ।
सव्वा कला धम्मकला जिणाइ, सव्वं सुहं मुत्तिसुहं जिणाइ ।।

સઘળાય બળોને ધર્મબળ જીતે છે, સઘળી ય કથાઓમાં ધર્મકથા શ્રેષ્ઠ છે, સઘળી ય કલાઓમાં ધર્મકલા શ્રેષ્ઠ છે અને સઘળા ય સુખોને મુકિતનું સુખ જીતે છે.

સમજુને શિખામણ શાનમાં !

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

શ્રી 'પ્રવચન સારોદ્ધાર' ગ્રન્થમાં શ્રી જિનમંદિરની આશાતના દ્વારમાં આશાતના શબ્દની વ્યુત્પત્તિ કરતાં જણાવ્યું છે કે– 'સંપૂર્ણ રીતે જ્ઞાન–દર્શન અને ચારિત્ર ગુણોનો નાશ કરે તેને આશાતના કહેવાય છે.'

ભગવાન શ્રી જિનેશ્વર દેવના તારક શાસનને પામેલો–સમજેલો આત્મા, આ સંસારરૂપ સાગરથી તરવા માટે હંમેશા પરમ તારકોની આજ્ઞાનુસારે તારક સાધનોની સમ્યક પ્રકારે ઉપાસના કરવામાં સજ્જ હોય છે. સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીને પામવા, ખીલવવા અને નિર્મલ કરવા માટે શ્રી જિનાજ્ઞા રૂપ શ્રી જિન ભક્તિના પાલન વિના બીજો અમોઘ ઉપાય એક પણ નથી. શ્રી જિનાજ્ઞાના પાલન રૂપ સંપૂર્ણ ભાવભક્તિ સાધુ ભગવંતો કરે છે અને તે ભાવભક્તિને પામવા માટે શ્રાવકો દ્રવ્ય ભક્તિ પૂર્વક ભાવભક્તિ કરે છે. શ્રી જિનેશ્વરદેવની સ્વદ્રવ્યથી પૂજા–ભક્તિ કરવી, સ્વવિભવને અનુસારે તે શ્રાવકોનું પરમ કર્તવ્ય છે. દુનિયામાં પણ કહેતી છે કે–'સાથે તે સાથે' અર્થાત્ પોતે જાતે જે કાંઇ કર્યું તે પોતાની સાથ આવે. આબાલ ગોપાલ જનમાં સુવિહિત છે છે કે પોતાના દ્રવ્યથી દાનાદિ કરવામાં જે આનંદ આવે તે પારકા દ્રવ્યથી કરવામાં નથી જ આવતો અને આ સૌના અનુભવની પણ વાત છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના સ્વદ્રવ્યથી પૂજા ભક્તિ પણ દ્રવ્યની મુર્ચ્છા ઉતારવા માટે જ કરવાની છે નહિ કે વધારવા–આ એક સનાતન સુપ્રસિદ્ધ સિદ્ધાંત છે. તેથી વિવેકી આત્માઓ પોતાના દ્રવ્યથી જ શ્રી જિનપૂજાદિ કરે છે–કરાવે છે, અને માને છે કે, તો જ આત્માના જ્ઞાનાદિ ગુણો પેદા થાય, નિર્મલ થાય. અને સંપૂર્ણપણે પ્રગટ થાય. આ એક સ્પષ્ટ દિવા જેવી હકીકત હોવા છતાં પણ કદાગ્રહને વશ પડેલા આત્માઓ સીધી સાદી સરળ સ્પષ્ટ વાત ન સમજી શકે તેમાં નવાઇ નથી.

તેથી જ 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકના લેખક પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણી પોતાના મતની પુષ્ટિ માટે અને લોકોને ભ્રમમાં પાડવા પ્રયત્ન કરતાં પૂછે છે કે–દેવદ્રવ્યથી પૂજા કરે તો તેને શ્રી જિનમંદિરની ૮૪ આશાતનામાંની કઇ આશાતના લાગે ? ઉપર જણાવ્યા પ્રમાણે આશાતનાના અર્થને સારી રીતના સમજનાર, ભવભીરૂ, સંવિગ્ન એવા આત્માને આ પ્રશ્ન જ હાસ્યાસ્પદ અને લેખકના મહા અજ્ઞાનને જણાવનારો લાગે તેમાં નવાઇ નથી.

વિવાદાસ્પદ વિધાનો–વાતો કરવા માટે લેખકશ્રી બહુ જ નામાંકિત (!) છે. 'મારૂં તે જ સાચું' તે સિદ્ધાંત તેઓશ્રીએ એવો

આત્મસાત્ કર્યો છે કે ધુરંધર મહાપુરૂષને પણ હાથ ધોવા પડયા છે. આ તેમનો હઠીલો વર્ષોનો ઘર કરી ગયેલ જુનો અસાધ્ય રોગ છે. રોગનું સાચું નિદાન કરાયા પછી ઈલાજ કરાય તો રોગમુક્તિ થાય પણ આજે તેમનો રોગ એવો વકર્યો છે કે ખુદ ધન્વંતરીને પણ નામોશી મલે તેવી તેમની હાલત છે.

તેમનો રોગ વકરાવવામાં જાણે-અજાણે જવાબદારભરી વ્યક્તિઓનો પણ સિંહફાળો છે તેમ કહેવું જરાય ખોટું નથી. કેમકે, નીતિશાસ્ત્રે પણ કહ્યું છે કે 'રોગ અને શત્રુ ઉગતા જ ડામવા સારા' તે ન્યાયે સમુદાય-સંઘ શાસનના નાયકોએ જે પહેલી આવૃત્તિ વખતે પગલાં ભર્યા હોત તો આવો વખત ન આવત ! સમયસર નહિ કરાયેલો ઈલાજ, સેવાતી ઉપેક્ષાવૃત્તિ અને અનિર્ણાયકતાના કારણે આજે બધા પીડાઈ રહ્યા છે. સાથે સાથે સત્યપિપાસુ શાસનરસિક સમર્પિત આત્માઓને માઠું લાગે તો ભલે લાગે પણ આમને માઠું ન જ લાગવું જોઈએ-આવી લાગણીશીલતાએ પણ ઘણું જ નુકશાન કર્યું છે. જે પ્રશ્ન આખા શાસનને સ્પર્શતો હોય, શાસનના મુળભુત સિધ્ધાંતોને ઉખેડી નાખતો હોય તે વખતે સમુદાયાદિના નાયકો કેમ ચૂપ રહે છે તે જ સમજાતું નથી ! જવાબદાર ભર્યા સ્થાને રહેલા પુણ્યશાલી આત્માઓનો એક અવાજ જ બધાને ચેતનવંતા જેમવંતા કરે છે. પણ આમાં કલિકાલનો જ પ્રભાવ માનવો રહ્યો ! (બીજી અભીપ્સા હોય તો જ્ઞાની જાણે !)

શાસન જેઓના હૈયે વસ્યું છે તે આત્માઓ વિરોધનો વંટોળ જગાવવામાં પાછી પાની કરતા પણ નથી. પણ સાથેનાનો સાથ-સહકાર મલે કે ન મલે પણ સાચી વાતનું ડીમડીમ જગતમાં જાહેર કરે જ છે અને સન્માર્ગની રક્ષાના સહભાગીનો 'યશ' પામે છે.

જે આત્માઓ કારમા અભિનિવેશને વશ થાય છે તેમને પુણ્યયોગે જે કાંઇ પ્રજ્ઞાશીલતા આદિ મળે છે તેનો ઉપયોગ સ્વ-પરના હિતને બદલે અનેકના અહિતમાં જ ઠરે છે. પુણ્યાઇ હોય, લબ્ધિ-બોલવાની શક્તિ હોય, પોતાના પ્રચારના માધ્યમો હોય એટલે પોતાનો ઉત્કર્ષ અને બીજાઓનો અપકર્ષ કરવા-ઉતારી પાડવ પોતાના બધા જ પ્રયત્નો બાળવી રાખે છે. તે માટે શાસ્ત્રોને પણ શસ્ત્રરૂપ બનાવતા વાર લાગતી નથી, અસત્ય સાથે તો એવું ગઠબંધન થાય છે કે પોતે પહેલા જે બોલેલા તે ફેરવી તોળતા જરાય વાર લાગતી નથી. તેમના માટે સંસ્કૃતિનું એક સુભાષિત સત્ય બને છે કે-

'दन्तिदन्ताविवोद्यानां,
गीर्निगत्य न चाविशेत् ।
कूर्मग्रीवेव नीचानां,
निर्गताऽपि विशेत्पुनः ।।'

અર્થાત્-હાથીના દાન્તની જેમ સજ્જન પુરૂષોની વાણી બહાર નીકળ્યા પછી પ્રાણાંતે પણ પાછી ફરતી નથી જ્યારે દુર્જન પુરૂષોની વાણી કાચબાની ડોકની જેમ નીકળેલી પણ પાછી ફરી જાય છે.

એટલે કે સજ્જનોની વાણી પત્થરની રેખા જેવી છે અને દુર્જનોની વાણી પાણીની રેખા જેવી છે. 'અભી બોલા અભી ફોક.'

'મારું જ સાચું' આ લાલસાને આધીન બનેલાને મધ્યાની મૈત્રી બહુ જ ફાવે છે તે જ સાચી હિતકારીણી લાગે છે અને પછી તો ગમે તે પ્રકારે સામાને પછાડવા વિના ન જ રહું આવી ઇચ્છાને આધીન બનેલા શાસ્ત્રોના સિદ્ધાંતોની સાથે માયાજરી કુટ રમતો રમતા પણ અચકાતા નથી. જેનો પ્રત્યક્ષ દાખલો સજ્જનોને આ પુસ્તક વાંચતા દેખાય છે.

ખરેખર તો વાતે વાતે ફરી જનારા આવાઓને જરાય વિશ્વાસ કરવા જેવો નથી. આ 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકની બીજી આવૃત્તિમાં પરિમાર્જક તરીકે જે આચાર્ય મહારાજનું નામ છે તેઓએ ખુદ વાતચીતમાં કહેલ છે કે–'ભાદરવા સુદ પાંચમની સંવત્સરી કરવી તે આમના (પં. ચંદ્રશેખર વિ. મ.ના) મોજની નિપજ છે. અમે તો આજે આમ બોલે, કાલે બીજું બોલે તેથી તેમના પર વિશ્વાસ રાખતા નથી. જ્યારે તમે લોકો કેમ આટલો વિશ્વાસ રાખો છો?'

આના ઉપરથી પણ વાચકગણ સારી રીતના સમજી શકશે કે અવિશ્વસનીય વ્યક્તિની વાતોમાં કેટલું વજુદ હોય છે?

'સુધરે તો આપથી નહિ તો સગા બાપથી પણ નહિ' તે કહેવત અનુસાર આમને સુધારવાનો આપણો ઠેકો છે જ નહિ. હોય પણ નહિ. પરંતુ શાસનરસિક આત્મે-વછું ભવભીરૂ આત્માઓ સત્ય વાત સમજે અને ભગવાનની આજ્ઞા મુજબ સન્માર્ગે ચાલી પોતાના આત્માનું કલ્યાણ કરે તે જ હાર્દિક મંગલ કામના છે. જોજવાબદાર વિધાનો કરનાર, શ્રદ્ધાનો પાયો હચમચાવનાર, સન્માર્ગમાં પૂળો મુકનાર, સદ્ભાવનાઓ ઉપર અગ્નિ ચાંપનાર, સમ્યગ્જ્ઞાનથી સેંકડો યોજન દૂર રાખનાર આવા લેખકોથી સૌ પુણ્યાત્માઓ બચે અને આત્મહિતૈષીઓને બચાવે તે માટે જ આ પ્રયત્ન છે.

શાસન રક્ષા અને પ્રચારનું માસિક

શ્રી મહાવીર શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૧)
આજીવન સભ્ય રૂા. ૪૦૧)
(૬૨ મહિનાની ૧લી તારીખે પ્રગટ થાય છે.

—☆—

જૈન શાસનની રક્ષા અને પ્રચારનું અઠવાડિક

જૈન શાસન

૬૨ અંગળવારે પ્રગટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂા. ૫૧)
આજીવન સભ્ય રૂા. ૫૦૧)

આજીવન વિશેષાંક યોજના

૧ શુભેચ્છક સોજન્ય રૂા. ૧૧) હજાર
૨ શુભેચ્છક સહાયક રૂા. ૫) હજાર
૩ શુભેચ્છક રૂા. ૧) હજાર

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર. (સૌરાષ્ટ્ર) ઇન્ડિયા
ફોન : ૭૫૩૨૯ (શ્રી મગનલાલ મહેતા)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- શ્રદ્ધા માટે પુણ્યની જરૂર નથી પણ સમજની અને મનને કેળવવાની જરૂર છે.
- બેમાંથી જવું હશે તો દુઃખની સાથે સ્નેહ બાંધવો પડશે અને સુખની માથે શત્રુતા કરવી પડશે.
- હૈયાના શુભ પરિણામ પૂર્વકની જે પ્રવૃત્તિ તેનું નામ ધર્મ છે.
- ધર્મ સારા દેખાવા માટે નથી કરવાનો પણ સારા થવા માટે કરવાને છે.
- પૈસા માટે, પૈસાથી ધર્મ કરાવવો તે અધર્મ છે.
- દુનિયાનું સુખ ભૂંડુ લાગે તેને જ પરિગ્રહ ભુંડો લાગે. સુખ ભુંડું ન લાગે તેને પરિગ્રહ કલ્પતરું જેવો લાગે.
- ભૂંડું ઇચ્છે તેનું ય ભલું કરે પણ ભૂંડું ન ઇચ્છે– કરે તેનું નામ જૈન!
- અમે ય જો દુનિયાના સુખ માટે તરફડીએ તો તમારા કરતાં અમારો પાપોદય વધારે અમે પચ્ચક્ખાણ સર્વવિરતિના કર્યા અને જીવીએ અવિરતિમાં! તેમ તમે પણ જો દુનિયાના સુખ માટે જ તરફડતા હો તો દુનિયાના જીવો કરતાં ય તમારો પાપોદય વધારે.
- સાધુ સંસારના સુખ માત્રની જ વાતો કર્યા કરે. 'આ...આ...કરો તો આવું આવું સુખ મળે તેમ કહે તો તેના જેવો ઉન્માર્ગ દેશક એક નથી!
- તમારું સુખ જોઈને સાધુ રાજી થાય તો અમારો ઓઘો લાજે! તમને સુખની જ લાલચ અમે આપીએ તો અમે તમારું અહિત કરનારા છીએ.
- પોતાની જાતને બચાવવાની કાળજી રાખે તેનું નામ વકતા! બીજાને સમજાવવા મહેનત કરે અને પોતાની જાતને સમજાવે નહિ તે વકતા નહિ પણ બકતા! તે બધા વાયડા કહેવાય.
- આપણા દેવ-ગુરુ-ધર્મને દુનિયાના સ્વાર્થ માટે માનવા તે લોકોત્તર મિથ્યાત્વ કહેવાય.
- ગુણ પૂર્વકનું વર્તન તે સદાચાર છે જેનું હૈયું સારું ન હોય તેના સદાચાર 'માયાજાળ' છે. જેનું હૈયું સારું તેના સદાચાર 'કલ્પ વેલડી' છે
- ભાવધર્મ અકકલ સુધારનાર છે! મન તો ભૂખને મારનાર છે,
- સંસારના કામમાં રસ આવે તે સંસારમાં ભટકવાની 'જુવાની' કહેવાય.
- ખોટા પુરુષોના મનોરથ કદિ ફળતા નથી અને સારા પુરુષો મોટા મનોરથ કરતા નથી.

– ખોટું ન લગાડતા હો ને.... –

—શ્રી ભદ્રંભદ્ર

સનલાઇટના જીવન સંદેશનું સુંદર પાલન (ડબલ રોલમાં સનલાઇટ)

એ દિવસે બત્રીશમી તારીખ હતી. બરાબર સાડા બે વાગ્યા હતા. હું સાબુ લેવા ગાંધીની દુકાને ગયો. સનલાઇટ સાબુ માંગ્યો. ગાંધીએ ના પાડી કે નથી. મેં કીધું કેમ નથી ? ગાંધી કહે કંપની બંધ થઇ ગઇ છે મને હૈયે ફાળ પડી કેમ કે દરેક સાબુમ આ એક જ સાબુ એવો હતો કે જે નાવાના અને કપડા ધોવના ડબલ રોલમાં ચાલે.

સ્વર્ગસ્થ સાબુનો થોડો બરબરો કરીને હું ચિલે મોઢે, ગમગીન હૈયે સાબુ વગર જ પાછો ફર્યો સનલાઇટની વિરહ યાદ મને સતાવતી હતી. કેમકે બીજા સાબુ ડબલરોલમાં નો'તા. મોંઘા પણ હતા. એ તો જે કે હમજ્યા હવે.

મારા વદનકમળમાં ને હૃદય કમળમાં વ્યાપેલી હતાશા દૂર કરવા હું ધાર્મિક પુસ્તક લઈને બેઠો અને એ પુસ્તક વાંચતા વાંચતા મને ગંભીર પિકચરનો પ્રાણકુમારનો ડાયલોગ યાદ આવ્યો તે કહે છે કે– એક શેરખાં મરેગ લેકિન હજારો શેરખા પૈદા હોગા.' અને એજ રીતે શ્રી અંતરીક્ષજી તીર્થ માટે બોલેલા એક મહાન સંતની ઋષિવાણી પણ યાદ આવી તેઓ બોલેલા "એક ચંદ્રશેખર મરશે પણ હજારો ચંદ્રશેખરો પેદા થશે.

આ ડાયલોગ મેં "એક સનલાઇટ સાબુ મરેગા લેકિન હજારો સનલાઇટ પૈદા હોગા" આ રીતે પેલું ધાર્મિક પુસ્તક વાંચતા જોડી દીધો.

એ પુસ્તકમાં ઘણી વાતો ડબલ રોલમાં જ હતી ને એટલે હોં. દા : ત :– એમાં એવું લખ્યું છે કે (૧) દેવદ્રવ્યમાંથી જૈન પૂજારીને પગાર નો અપાય પણ દેવ-દ્રવ્યમાંથી જૈનો પૂજા કરી શકે. (૨) તમામ પ્રકારનું ગુરૂદ્રવ્ય દેવદ્રવ્ય ખાતે જાય એમ પણ કીધું અને ગુરૂપૂજનનું ગુરૂદ્રવ્ય વૈયા-વચ્ચમાં જાય એવું ય લખ્યું. (૩) દેવદ્રવ્યમાંથી ભગવાનની પૂજા કરી શકાતી હોવાથી જ્ઞાનદ્રવ્યથી ભગવાનની પૂજા કરાય પણ ધાર્મિક પુસ્તકો વસાવવા શ્રાવકોથી જ્ઞાનદ્રવ્ય વાપરી ના શકાય.

જો કે પુસ્તક-લેખકશ્રીએ દેવદ્રવ્ય જેવા અતિપવિત્ર દેવદ્રવ્યને શ્રાવકો પૂજા કરવા વાપરી શકે એમ કહીને દેવદ્રવ્ય જીર્ણોધ્ધારાદિમાં ભગવાન માટે જ વપરાયા કહીને કંટાળી ગયેલું તે હવે શ્રાવકોને પૂજામાં વાપરી શકવાની છુટ આપીને અપાર ઉદારતા બતાવી, વળી ગુરૂદ્રવ્ય બિનચારૂ જીર્ણોધ્ધારમાં વપરાઇ વપરાઇને પરેશાન થઇ ગયું હતું તેને ઉદારતાપૂર્વક હવેથી સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયા-

વચ્ચના ઉપયોગમાં વપરાવાની અનુમોદ તક આપી તે વાત પણ ઉદારતા સૂચવે છે પણ એક જ્ઞાનદ્રવ્ય સાધુ-સાધ્વીજી માટે જ ધાર્મિક પુસ્તકો લાવવા વપરાય છે તે શ્રાવકો માટે પણ ધાર્મિક જૈન પુસ્તકો માટે વાપરવાની છુટ કોઇથી પણ ડર્યા વગર આપવાની જરૂર હતી. દેવદ્રવ્ય દેવ માટે વપરાય, ગુરૂદ્રવ્ય ગુરૂ માટે વપરાય તો જ્ઞાનદ્રવ્ય જ્ઞાન માટે શું કામનો વપરાય ? હજી નવી આવૃત્તિમાં દેવદ્રવ્ય અને ગુરૂદ્રવ્યની જેમ જ્ઞાનદ્રવ્યને પણ ડબલરોલમાં જાહેર કરાય તો બહુ સારૂ થાય નહિ તો પછી રહી જશે તો રહી જશે. પછી તો ફરી એવું સંમેલન થાય અને તેમાં જ્ઞાનદ્રવ્યનો ઠરાવ પસાર થાય ત્યાં સુધી આપણે તથા જ્ઞાનદ્રવ્યે હેરાન થયા કરવું પડશે.

હા હજી રકુલો-કોલેજોમાં જ્ઞાનદ્રવ્યના વાપરીએ એ તો હવે હમજ્યા પણ ઘરમતું ભણવામાં જ્ઞાનદ્રવ્ય જૈન શ્રાવકો શું કામ નો વાપરી શકે ?

જો કે આમ દેવદ્રવ્ય ભગવાનની પૂજામાં વાપરવાની છુટ આપી પણ જૈન પૂજારીને દેવદ્રવ્ય આપવાની સ્પષ્ટ મનાઇ ફરમાવી દીધી એ જરા અજુગતુ પણ થયુ. એક જૈનપૂજારીને જૈનોથી જુદો તારવવો ઉચિત નહિ. દરેક જૈનો સમાન જ લાગવા જોઇએ જૈનપૂજારીને દેવદ્રવ્યનો પગાર આપવાની ચોકખી ના કહેવાથી એને કેવું લાગે બિચારાને. એને ય દેવની પ્રસાદી તો ગમે જ ને ? એટલે જૈન પૂજારીને શ્રાવકોથી અલગ તારવાની જરૂર નો'તી. કંઇ નહિ. ચલો હવે જે થયુ તે ફરીવાર ધ્યાન રાખશું.

જો કે દેવદ્રવ્યમાં ય એવું જ થયું. ગુરૂના પુન્યથી ગુરૂના ચરણે આવેલા ધનને દેવદ્રવ્યમાં વાપરવાની વાત જ કરવાની જરૂર નથી. દેવને કયાં કમી છે તે ગુરૂમાંથી તેને આપવું પડે. દેવનું દ્રવ્ય કોઇપણ વખતે ગુરૂ માટે વાપરવા દેવાય છે ? જો ના તો પછી ગુરૂદ્રવ્ય પણ શું કામ દેવદ્રવ્યમાં ગણવું જોઇએ ? દેવદ્રવ્ય જબરૂ છે હો પોતે ગુરૂના કામમાં નથી આવતુ ને ઉપરથી ગુરૂદ્રવ્યમાંથી પૂરેપૂરૂ લઇ જાય છે અથવા અડધું લઇ જાય છે.

આ તો મારૂ મારા બાપનું ને તારૂં મારૂ સહિયારૂં એવું કર્યું દેવદ્રવ્યે તો. દેવને કયા ખોટ છે ? શ્રાવકો ગુરૂદ્રવ્યમાંથી દેવનો ભાગ પાડે તે શ્રાવકોની ઉદારતા, પ્રમાણિકતા છે. પણ દેવદ્રવ્યે તો સમજવું જોઇએ ને ? એણે તો પોતે જ આમેથી ના પાડવી જોઇએ કે- ભૈ તું રાખ મારે. તો ઘણું આવે છે જરૂર પડે તો પોતાની પાસેથી આપવાનું પણ દેવદ્રવ્યે ગુરૂદ્રવ્યને કહેવું જોઇએ ઇ તે દૂર રહ્યું ને આખુંને આખું ગુરૂદ્રવ્ય હડપ કરી જવું છે એ તો પાડ માનો સંમેલનનો કે- જેથી સમાન હકકના આ જમાનામાં ગુરૂદ્રવ્યનો થોડો ભાગ-ગુરૂઓ માટે પણ ઉપયોગમાં લેવાનો રાખ્યો.

જો કે મને તો એ ય પસંદ નથી. ગુરૂદ્રવ્ય ગુરૂ માટેનું છે તેને દેવદ્રવ્યમાં આપવાની જરૂર જ શી છે ? આમાં તો જેવા સાથે તેવા જ થવું જોઇએ. એમ ના કરીએ તો આ જમાનામાં જીવાય નહિ.

અને બીજું કે સંમેલનના સમર્થકોએ કોઇ વિરોધ પક્ષથી ડરવાની જરૂર જ નથી. એ લોકો ગુણદ્રવ્ય દેવદ્રવ્યને આપીને દેવને ભલે વહાલા થવા જાય. આપણે કંઇ એ રીતે દેવને રીઝવવાની જરૂર નથી દેવ આપણા ઉપર રૂઠશે ત્યારે દેખા જાયેગા કાલની કોને ખબર છે લેર કરોને તમ તમારે 'આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા.'

તા.ક. :- કદાચ આપણા ઉપર દેવ રૂઠે ને તો આપણે એક બીજાને એક-બીજાનું જ નામ કઇ દેવાનું એવું હોય તો મારૂ નામ પહેલું કઇ દેને બસ મારૂ નામ તો તમને ખબર છે ને ? નથી ખબર ? અરેરે ! તો તો તું નાત બા'રો.. લખો બાર રાશિ માંયલો ઉંદર ભદ્રંભદ્ર ઊંદર હુંશ્રી બસ ત્યારે હો આવજો રામ રામ. એ આવજો રામ રામ રામ રામ સનલાઇટનો અંત જગત ઉપર આ ઉપકાર અવિસ્મરણીય ગણાશે.

✿

પ્રગટ થાય છે એક અણમોલ ગ્રંથ

પ. પૂ. કલિકાલ સર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ કૃત
શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના ૭ મા પર્વ જૈન રામાયણ ઉપર

પ. પૂ વ્યા. વા. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં
વિશિષ્ટ વિવેચન યુકત

જૈન રામાયણ

ભાગ એક જ વોલ્યુમમાં લગભગ પેજ એક હજાર

મૂલ્ય રૂા. ૨૫૦)

એક સાથે ૧૦ કે વધુ નકલ લેનારને ૧૦ ટકા કમીશન મળશે.

લખો : શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
૮/૦ શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર (સૌરાષ્ટ્ર) ગુજરાત

શાસન સમાચાર

ઉંટી–પૂ. આ. શ્રી વિ. ભુવનતિલક સૂ. મ. ના. શિષ્ય પૂ. આ. શ્રી.અશોકરત્ન સૂ. મ. ની નિશ્રામાં અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા. ૮ની ઉપસ્થિતિમાં વૈશાખ સુદ ૭ના નૂતન જિનાલયમાં શ્રી વાસુપૂજ્ય. સ્વામિ આદિની પ્રતિષ્ઠા નિમિત્તે સુદ ૨થી મહોત્સવ શરૂ. પૂ. સા. શ્રી ભાગ્યશાશ્રીજી મ. ના વર્ષીતપના પારણા અને પૂ. સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ. ની વ. તપની ૯૮મી ઓળીના પારણાનો વરઘોડો પગલાં ગુરૂ સંઘ પૂજન આદિ. પૂજા પ્રભાવના આંગી રચના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન. અષ્ટપ્રકારી સમૂહ પૂજા. આમોદ નિવાસી પન્નાકુમારીનો વર્ષીદાનનો અને જલયાત્રાનો ભવ્ય વરઘોડો. શ્રી કુંભસ્થાપનાદિ અઢાર અભિષેક સુદ પના દીક્ષા નામ પૂ. સા. શ્રી ઋજુશીલાશ્રીજી મ. ના શિષ્ય પૂ. સા. શ્રી પાવનશીલાશ્રીજી મ. સુદ ૭ના પ્રતિષ્ઠા. અષ્ટોતરી સ્નાત્રપૂજા આઠેય દિવસ નવકારશી અનુકંપાદાન દ્વારોદ્‌ઘાટન શ્રી સંઘ તરફથી પૂ. આ. મ. અને પૂ. સા. મ. નો ચાતુર્માસનો સ્વીકાર. વિધાન માટે બેંગ્લોરથી સુરેન્દ્રભાઈ અને અમદાવાદથી ચેતનકુમારની પાર્ટીનું આગમન ફૂન્નૂરનગરમાં પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ.ની વ. તપની ૬૫મી ઓળીનું પારણા અંગે વરઘોડો અલ્પાહાર ગુરુ સંઘ પૂજન શ્રી કુંભ સ્થાપનાદિ શ્રી ભક્તામર પૂજન શ્રી શાન્તિસ્નાત્ર મહાપૂજા પૂ. સા. શ્રી પાવનશીલાશ્રીજી મ.ની વડી દીક્ષા. પૂ. સ્વ ગુરુ ભગવંતના અને પૂ. સ્વ. અભયરત્ન સૂ. મ. ના ગુણાનવાદન વિધાન માટે બેંગ્લોરથી જિતેન્દ્રભાઇ અને અને પૂજા ભાવના માટે જ્ઞાની પાર્ટીનું આગમન.

કોટગિરિમાં શા. કુલચંદજી અને ધ. પ સાપરબાઇના જીવિત મહોત્સવ પ્રસંગે જે. વ. ૧૨-૧૩-૧૩ શ્રી કુંભ સ્થાપનાદિ અઢાર અભિષેક શ્રી શાન્તિસ્નાત્ર પૂજા નવકારશી. અનુકંપાદાન.

વિધાન માટે બેંગ્લોરથી મંડળનું આગમન પૂજા ભાવના માટે ઉંટીથી મંડળનું આગમન પૂ. આ. મ. અને પૂ. સા. મ. નો ઉંટીમા અષાડ સુદ ૨ ના સસ્વાગત ચાતુર્માસાર્થે પ્રવેશ થયેા છે.

ઇન્દોર-પૂ.ગ.શ્રી હર્ષનરત્નવિ.મ.આદિ ઇન્દોર પીપલી બજારમાં એ પહેલા ૨૧ દિવસ રોકાણા હતાં. દરરોજ પ્રવચન તથા લગભગ રોજ સંઘપૂજન થયેલ. સોસાયટીએમાં જાનકીનગર, તિલકનગર, ગુમાસ્તાનગર પણ વિનંતીથી પધારેલ. દેવાસસંઘના પ્રમુખ ઇન્દુમલભાઇ આદિ સંઘની ઇન્દોરમાં પધારી આગ્રહભરી વિનંતીથી ગ.શ્રી. આદિ ૧૬–૬–૬૫ જેઠ વદ ૪ને દેવાસ પધારેલ છે નગર પ્રવેશ ભવ્ય બેન્ડ તથા ૨૫ ઉપર ગંહુલિયેા થયેલ. આજ્ઞા ચાતુર્માસ માટે અષાડ સુદ ૨ના પ્રવેશ કરશે.

વાપીમાં ઉજવાએલો ભવ્યાતિભવ્ય

: અંજનશલાકા–પ્રતિષ્ઠાનો નવાન્હિક મહોત્સવ :

સંવત ૨૦૫૧ ફાગણ સુદ ૪ થી ફાગણ સુદ ૧૧

—: શુભ નિશ્રા :—

પૂ. હાલારદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિને-દ્રસૂરીશ્વરજી મ. સા.
પૂ. વિદ્વાન મુનિપ્રવર શ્રી નયવર્ધનવિજયજી મ. સા.

: આયોજક :

સ્વદ્રવ્યથી જિનાલય શ્રી અમૃતલાલ કસ્તુરચંદ નહાર
નિર્માતા : શ્રીમતી કુસુમબેન અમૃતલાલ નહાર સમસ્ત પરિવાર

- શ્રી શાંતિનાથ જિનાલયમાં થયેલી પાવની પ્રભુપ્રતિષ્ઠા.
- સમગ્ર વાપી પંથકે માણેલો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ.
- હજારોની મેદનીને કલાકો સુધી જકડી રાખતા તાદશ સ્ટેજ પ્રોગ્રામો.
- સમગ્ર પ્રસંગમાં નજરે ચડી આવેલી નહાર પરિવારની અનુમોદનીય ઉદારતા.
- આસોપાલવ કોમ્પલેક્ષમાં શ્રી નમિનાથ જિન મંદિરમાં પણ પાવની પ્રભુ પ્રતિષ્ઠા.

શુભ સ્થળ : શાંતિનાથ સોસાયટી, અલકાપુરી–વાપી

વાપીમાં ઉજવાએલ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

સોળમાં તીર્થપતિ, વિશ્વશાંતિ પ્રસારક ભગવાન શ્રી શાંતિનાથ સ્વામીના સંગેમરમરના નુતન જિનાલયના જિનબિંબોનો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ વાપીના આંગણે ઉજવાય ગયો.

નિર્માતાની ભવ્ય ભાવના :

ડો. અમૃતલાલ કસ્તુરચંદ નહાર, વાપીના અગ્રગણ્યશ્રીનું એમણે સ્વદ્રવ્યથી, કર્મોથી મલિન થયેલા પોતાના આત્માને ધવલિત કરવા, ધવલ એવા આરસપહાણના દેવવિમાનતુલ્ય જિનાલયનું નિર્માણ કર્યું છે. જિનશાસનના મહાન

જ્યોતિર્ધર અમર યુગપુરુષ, સુવિશુદ્ધ મોક્ષમાર્ગોપદેશક, કલિકાલ કલ્પતરૂ, જિનાજ્ઞા મર્મવેદી આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રવચનોથી મીંજાઇને, પુણ્યના યોગે મળેલી લક્ષ્મીનો સદ્વ્યય ધર્મના કાર્યોમાં કરવો જોઇએ એ સમજાયું. વળી સદ્ગુરૂ પાસેથી શક્તિ સંપન્ન શ્રાવકે જીવનમાં સ્વદ્રવ્યથી તારણહાર દેવાધિદેવ. પરમાત્માનું જિનાલય અને રત્નત્રયીની આરાધના કરવા માટે ઉપાશ્રય બંધાવવો જોઇએ એવી પરમાત્માની તારક આજ્ઞા છે અને શ્રાવક જીવનનું પરમ કર્તવ્ય છે એ જાણવ મળ્યું. અંતરમાં જાગેલી ભાવનાને ગુરૂભગવંત સમક્ષ પ્રગટ કરી. ગુરૂભગવંતે એમને પ્રોત્સાહન આપ્યું. શુભમુહુર્તે બંને કાર્યોનો મંગલ પ્રારંભ કર્યો. અવિરત પરિશ્રમ લાગે તન-મન અને ધનનો ભોગ આપીને બંને કાર્યો પૂર્ણ કર્યા. સં. ૨૦૫૦ માં તેમણે કુસુમ-અમૃત આરાધના ભવનનું ઉદ્ઘાટન તપસ્વી સમ્રાટ આ. ભ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મહારાજ અને સુવિશાલ ગચ્છાધિપતિ આ.ભ. શ્રી મહોદયસૂરીશ્વરજી મ.ની શુભનિશ્રામાં બહુસંખ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિથીમાં કરાવ્યું. જિનાલયનું કાર્ય પૂર્ણ થતાં તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે મુહુર્ત અને તારકનિશ્રા પ્રદાન કરવા ઉપરોકત બંને વડિલ ગુરૂભગવંતોને વિનંતી કરી. એમની પાસેથી સં. ૨૦૫૧ ના ફાગણ સુદ ૧૦ નું શુભમુહુર્ત પ્રાપ્ત કર્યું. પૂર્વના નિશ્ચિત કાર્યક્રમોના કારણે નિશ્રા પ્રાપ્ત કરવા સદ્ભાગી ન બની શકયા. આગમોદ્ધારક આ. ભ. શ્રી જિને-દ્રસૂરીશ્વરજી મહારાજ અને મધુર પ્રવચનકાર મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. સા. ને પણ તેમણે અગાઉથી વિનંતી કરી હતી. તેમની વિનંતીનો સ્વીકાર કરી બંને ગુરૂભગવંતો આ પ્રસંગે વાપી પધાર્યા હતા.

પાવન પધરામણી :

મહા વદ-૨-શુક્રવાર-પૂ. મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. સા. આદિ ઠાણા ખાસ અંજન પ્રતિષ્ઠા મહોત્સવ માટે પધારતા હોવાથી આજે તેઓનો સામૈયા સાથે નગર પ્રવેશ થયો હતો. જેમાં શ્રી અમૃતભાઇના સુપુત્ર-પૌત્ર મુનિઓ મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ., બાલમુનિ શ્રી મંગલવર્ધન વિ. મ. અને બાલમુનિ શ્રી હિતવર્ધન વિ. મ. નો પણ સમાવેશ થતો હતો.

તેમજ પ્રવર્તિની સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ., સા. શ્રી પદ્મકીર્તિશ્રીજી મ આદિ વિશાળ શ્રમણીવૃંદ પણ પધાર્યું હતું. જેમાં અમૃતભાઇના સુપુત્રી, ભાણી, ભત્રીજી, પુત્રવધુ સા. શ્રી પુણ્યદર્શનાશ્રીજી મ., સા. શ્રી સમ્યગ્દર્શનાશ્રીજી મ., સા. શ્રી ચારિત્ર-દર્શનાશ્રીજી મ., સા. શ્રી રાજદર્શનાશ્રીજી મ., સા. શ્રી સંવેગદર્શિતાશ્રીજી મ., સા. શ્રી

સંવેગવર્ધન શ્રીજી. મ., વગેરે સાધ્વીજીઓનો સમાવેશ થતો હતો. તેમજ અમૃતભાઇની વિનંતીથી સાધ્વીજી શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.ના શિષ્યાઓ સા. શ્રી પિયુષપૂર્ણાશ્રીજી મ., સા. શ્રી ઉદયપૂર્ણાશ્રીજી મ. આદિ ઠાણા પણ પધાર્યા હતા.

મહા વદ ૬ :

આજ રોજ પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ. નો દીક્ષાદિન હોઇ અમૃતભાઇની સાગ્રહ વિનંતીથી તેઓના નુતન ઉપાશ્રયે વાજતે ગાજતે સૌ પધાર્યા હતા. પૂ. મુનિશ્રીના ૨૪માં દીક્ષાદિન નિમિતે તથા બાલમુનિઓ શ્રી મંગલવર્ધન વિ. મ., શ્રી હિતવર્ધન વિ. મ. અને શ્રી વિમલવર્ધન વિ. મ. ની ૨૫ મી વર્ધમાનતપની ઓળીની પુર્ણાહુતિ નિમિતે આજે મુંબઇ-અમદાવાદ-રાજકોટ-વાપીના ગુરૂભકતો તરફથી ૨૫ ફૂ. નું સંઘ-પૂજન થયું હતું. બપોરે શ્રી નવપદજીની પૂજા ભણાવાઇ હતી. પ્રભુજીને ભવ્ય અંગરચના રચવામાં આવી હતી.

કુંભ સ્થાપના-મહા વદ ૧૩ :

આજે પ્રભાતે જિનાલયમાં શુભમુહુર્તે કુંભસ્થાપના, અખંડદીપક સ્થાપના અને જવારારોપણની વિધિ કરવામાં આવી હતી.

નૂતન શ્રી જિનબિંબોનો વરઘોડો અને પ.પૂ. આ. ભગવંતોનો નગરપ્રવેશ : ફાગણ સુદ ૨ :

આજના દિવસે ત્રણ ત્રણ પુણ્ય પ્રસંગનો ત્રિવેણી સંગમ થયો હતો. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સિવાયના બીજા પરમતારક શ્રી જિનબિંબો (૧) શ્રી વિમલનાથ સ્વામી (૨) શ્રી મુનિસુવ્રતસ્વામી (૩) શ્રી શાંતિનાથસ્વામી (૪) આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભસ્વામી અને (૫) પ. પૂ. ઉપકારી ગુરૂભગવંત આ. દેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ની ગુરૂમૂર્તિ એમ પાંચેય બિંબોને અલગ અલગ શણગારેલા પાંચ બળદગાડાઓમાં પધરાવવામાં આવ્યા હતા પરમાત્માના રથસહિત જળ-યાત્રાનો વરઘોડો પણ સામેલ કરાયો હતો. નગરના વિવિધ માર્ગોપરથી પસાર થઇને વરઘોડો ઝંડાચોક પહોંચ્યો. ત્યાંથી પ. પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. મુ. શ્રી યોગિન્દ્રવિજયજી મ. સા. આદિ સામૈયાસહ વરઘોડામાં જોડાયા. વિવિધ ગહૂંલીઓથી વધાવતા તેઓશ્રી સ્થાને પહોંચ્યા. નગરજનો નુતન જિનબિંબોના દર્શન કરીને પાવન થયા. સર્વત્ર આનંદ ઉલ્લાસનું વાતાવરણ છવાઇ ગયું હતું. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠાણા પણ સાગ્રહ વિનંતીથી પધાર્યા હતા. પૂ. આચાર્યદેવશ્રી મહોપકાર કરી ઠેઠ મધ્યપ્રદેશથી ઉગ્ર વિહાર કરી આજે આ પ્રસંગે ખાસ પધારી ગયા હતા.

મહોત્સવનો પ્રારંભ-શ્રી જિનબિંબોનો નૂતન જિનાલયમાં મંગલ પ્રવેશ :

ધન્ય ઘડી ધન્ય વેળા : ફાગણ સુદ ૪ :

આજે સવારે સૂર્યોદય પહેલા શુભમુહુર્તે નૂતન શ્રી જિનબિંબોનો નૂતન જિનાલયમાં મંગલ પ્રવેશ થયો હતો. વહેલી સવારે ચતુર્વિધ સંઘ ભેગો થઇ ગયો હતો. ધવલમંગલ ગવાતા હતા, મધુર વાજિંત્રોનો નિનાદ સંભળાતો હતો. સર્વત્ર હર્ષોલ્લાસ છવાયેલો હતો. પરમાત્માના પ્રવેશ સમયે "સ્વામી પધારો સ્વામી પધારો" ની હૈયાના ઉમળકાપૂર્વકની વિનંતીઓ હવામાં ગુંજતી હતી. ત્રણલોકના નાથના જિનાલયમાં પ્રવેશની સાથે સાથે જાણે ભકતજનોના હૈયામાં પણ પ્રવેશ પામી રહ્યાની અનુભૂતી થતી હતી. પ. પૂ. આચાર્યભગવંત ૐ પુણ્યાહં પુણ્યાહંનો મંત્રોચ્ચાર કરાવતા હતા.

બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવાઇ હતી.

ફાગણ સુદ ૫ :

આજે નવગ્રહાદિ પાટલા પૂજન, નંદ્યાવર્તપૂજન, નવપદપૂજન, વીશસ્થાનક પૂજન વગેરે. અંજનશલાકાન્તર્ગત વિધાનો કરવામાં આવ્યા હતા.

ફાગણ સુદ ૬ : માતા-પિતા, ઇન્દ્ર ઇન્દ્રાણીની સ્થાપના :

ચ્યવન કલ્યાણક :

આજથી પરમાત્માના કલ્યાણકોની ઉજવણી અને સ્ટેજ પ્રોગ્રામની શરૂઆત થતી હતી. શુધ્ધ વિધિવિધાનો કરાવતાં વિધિકાર શ્રી નવીનભાઇ અને પ. પૂ. આ. ભગવંતે પ્રથમ જિનાલયમાં ભગવાનનાં માતા-પિતા તથા ઇન્દ્ર ઇન્દ્રાણીની સ્થાપના કરી હતી. વિશાળ સંખ્યામાં ભાવિકો આ વિધાન જોવા ઉપસ્થિત થઇ ગયા હતા. ત્યારે અહિં અમૃતભાઇના સુપુત્ર રોહિતભાઇ તથા તેમના પત્નિ કવિતાબેનની માતા-પિતા તરીકે સ્થાપના કરી હતી તેમજ બીજા સુપુત્ર હરેશભાઇ તથા તેમના પત્નિ પ્રમિલાબેનની ઇન્દ્ર ઇન્દ્રાણી તરીકે સ્થાપના કરી હતી. ભગવાનને પડદો કરીને પૂ. ગુરૂભગવંતોનું સુવર્ણની મુદ્રા મૂકવા પૂર્વક નવાંગી ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. જે જિનબિંબ ઉપર સમગ્ર અંજનશલાકાની વિધિ કરવાની હતી તે શ્રી શાંતિનાથ ભગવાનના બિંબને એક મોટા પ્રક્ષાલજળ પરિપૂર્ણ નાળામાં પધરાવવા પૂર્વક મંત્રોચ્ચારસાથે ચ્યવનકલ્યાણકનું વિધાન કરવામાં આવ્યુ હતુ અને દરેક નૂતન શ્રી જિનબિંબો ઉપર માતૃકાન્યાસ-મંત્રાક્ષરો લખવામાં આવ્યા હતા. ત્યાબાદ સ્ટેજ પ્રોગ્રામ શરૂ થયો હતો. કલ્યાણકોની ઉજવણી માટે અમૃત ભાઇના નૂતન નિવાસસ્થાનના વિશાળ પટાંગણમાં વિશાળ મંડપ ખડો કરી સુંદર શોભાયમાન સ્ટેજ તૈયાર

કરવામાં આવ્યુ હતું. કે જેના પર એક બાજુ રાજભવન, એક બાજુ માતાનુ શયનભવન અને એક બાજુ ઇન્દ્રસભા ગોઠવવામાં આવતા હતા. આ સ્ટેજને વિવિધ પ્રકારની માનસીઓ દ્વારા ખૂબ જ સુંદર અને સાક્ષાત્કાર કરાવે તેવું શોભાન્વિત બનાવવામાં આવ્યુ હતુ.

ભગવાનનો આત્મા સ્વર્ગલોકમાંથી ચ્યવીને માતાની કુક્ષીમાં અવતરે છે. હસ્તિનાપુરી નગરીમાં નિરવ શાંતિ છવાએલી છે. મધ્યરાત્રિનો સમય વર્તે છે. અચિરામાતા રાજમહેલના પોતાના શયનગૃહમાં શય્યામાં પોઢેલા હોય છે. તે સમયે પરમાત્માના તીર્થંકરપણાને સુચવનારા ૧૪ મહાસ્વપ્નો ભગવાનની માતાને આવે છે. તે દૃશ્ય સંગીતકાર અનંતભાઇએ ગીતો ગાઇને તથા સ્ટેજ ઉપર હુબહુ રાજમહેલનું દૃશ્ય ખડું કરીને સાકાર કર્યું હતું. નાની નાની બાલિકાઓ નૃત્ય કરતી સ્વપ્નના દર્શન કરાવી ગઇ. સાથેસાથે નેપથ્યમાંથી પણ દેદિપ્યમાન ૧૪ સ્વપ્ન આકાશમાંથી ઉતરતાં અને માતાના મુખમાં પ્રવેશતાં દર્શાવાયા હતા.

સ્વપ્નાદર્શનબાદ જાગૃત થઇને અચિરામાતા વિશ્વસેન મહારાજાના શયનકક્ષમાં આવીને તેમને સ્વપ્નની વાત જણાવે છે અને બાકીની શેષરાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરે છે.

આ તરફ સ્વર્ગલોકમાં ઇન્દ્રમહારાજાનુ આસન કંપાયમાન થાય છે. અવધિજ્ઞાન વડે ભગવાનના ચ્યવનને જાણીને ઇન્દ્રમહારાજા શક્રસ્તવ વડે પરમાત્માની સ્તુતિ કરે છે.

પ્રભાતે વિશ્વસેન મહારાજા રાજદરબારમાં સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવીને ૧૪ મહાસ્વપ્નના ફળને જાણે છે. અહિં સ્વપ્નલક્ષણ પાઠક બનનાર યુવાનોએ એવું સુંદર આ પાત્ર ભજવ્યુ હતું કે લોકો સાચે જ તે ભવ્ય ભૂતકાળની દુનિયામાં ખોવાય ગયા હતા. આમ સમગ્ર પ્રસંગ સુંદર રીતે પૂર્ણ થયો હતો. ત્યારબાદ સકલસંઘનું સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યુ હતું. બપોરે ૩-૦૦૦ વાગે ચ્યવન કલ્યાણકનો વરઘોડો નીકળ્યો હતો.

ફાગણ સુદ ૭ : જન્મકલ્યાણક :

સૌ પ્રથમ જિનાલયમાં પરમાત્માના જન્મ કલ્યાણકનું વિધાન કરવામાં આવ્યુ હતું. પરમાત્માના બિંબને મંત્રોચ્ચારપૂર્વક જળમાંથી બહાર કાઢવામાં આવ્યુ હતું. જન્મ બાદ પરમાત્માના સૌ પ્રથમ દર્શન થતાં ભાવિકો ભક્તિઘેલા બની નાચી ઉઠયા હતા. પછી સ્ટેજ ઉપર જન્મકલ્યાણકની ઉજવણી થઇ હતી. પરમાત્માનો જન્મ થતાં જ છપ્પન દિકકુમારીકાઓના આસન કંપાયમાન થાય છે. તેથી તેઓ પરમાત્માના જન્મની

ઉજવણી કરવા આવે છે. માતાની રજા પ્રાપ્ત કરીને વાયુ વડે કચરો સાફ કરે છે. શીતલ જળ છાંટીને ભૂમિ શુદ્ધિ કરે છે. પછી કળશ, દર્પણ, પંખા વિગરે વડે તથા કેળના ત્રણ ઘર બનાવીને ભગવાનને મર્દન-સ્નાન વિલેપન-વસ્ત્રાભૂષણ વગેરે સર્વ વિધિ કરે છે. અધોલોકની કુમારીકાઓ જમીનમાંથી ઉપર આવતી આબેહુબ દર્શાવાઇ હતી.

આ સમયે ઇન્દ્રસભામાં નાચ-ગાન, નાટ્યરંગ ચાલુ હતાં. તેવામાં સૌધર્મેન્દ્રનું આસન કંપાયમાન થતાં ક્ષણાર્ધ તો પોતે કોપાયમાન બની ગયા. બાદ પરમાત્માનો જન્મ થએલો જાણી, પોતાના અપરાધની ક્ષમા માંગી પરમાત્માના જન્માભિષેક માટે તૈયાર થવા હરિણૈગમેષી દેવ દ્વારા સુઘોષા ઘંટાનો નાદ વગડાવે છે. પછી પોતાના પરિવાર સાથે માતા પાસે આવી, પરમાત્માને મેરૂપર્વત ઉપર પાંચ રૂપ કરીને લઇ જાય છે. ત્યાં ૬૪ ઇન્દ્રો પરમાત્માનો જન્માભિષેક કરે છે. અહિં સુવર્ણવર્ણના મેરૂપર્વતની રચના કરવામાં આવી હતી. અને એક પછી એક ઇન્દ્રો જન્માભિષેક કરતા ગયા.

આ આખા પ્રસંગને "હેલે ચઢયા હૈયા હેલે..." તથા "જિન જનમ્યા જયકારી..." વગેરે ગીત-સંગીતથી મઢી દેવામાં આવ્યો હતો.

ફા. સુ. ૮ : પુત્રજન્મવધામણા : ફૈબાઓ : નામસ્થાપન : પાઠશાળા ગમન :

પરમાત્માનો જન્મમહોત્સવ દેવ દેવીઓએ મનાવ્યો. પરંતુ રાજાવિશ્વસેન તો હજુ અજ્ઞાન જ હતા. તેથી આજના પ્રોગ્રામની શરૂઆત જન્મવધામણીથી થઇ હતી અનંતભાઇના વક્તવ્ય અને સંગીતમય સ્તુતિ સાથે પડદો ઉંચકાયો. હજી સભા વિશ્વસેન રાજાના ભવનની ભવ્યતા નિહાળવા જાય ત્યાં તો પ્રિયવંદા દાસી (મનાલી) હરખઘેલી બની, દોડતી, ખંજરી વગાડતી, વગાડતી, રાજભવનમાં આવી પહોંચી અને પોતાની છટાદાર વાણીથી રાજાને પુત્રજન્મના વધામણા આપે છે. આ આનંદદાયક સમાચાર સાંભળતા જ રાજા વિશ્વસેન વર્ણવી ન શકે તેવા આનંદિત બની ગયા રોમ રોમ પુલકિત થઇ ગયા અને મુગટ સિવાય બધા જ અલંકારો દાનમાં આપી તેને ન્યાલ કરી દીધી.

ત્યાં તો વિશ્વસેન રાજાના વિશાળ રાજકુટુંબનો પરિચય આપતા ઘણા ઘણા રાજભગિનીઓ આવ્યા. અને નાના વ્હાલા બાળની ભાળ પૂછવા લાગ્યા. જયાં બાલભાનુ સમા નવજાત શિશુના દર્શન કર્યા કે નેત્રમાં અમૃતના અંજન અંજાયા. અને ફૈબાઓ અને રાજા-રાણી વચ્ચે વાર્તાલાપ ચાલ્યો. અને નામ સ્થાપન કરવાનો નિર્ણય લેવાયો. રાજાજ્ઞાથી રાજજ્યોતિષી બોલાવાયા. રાજજ્યોતિષી ટીપણા લઇને હાજર થયા. ફૈબાઓએ

નામ પાડવા માટે પૂછયું ત્યારે જોષીજીએ લાંબુ લાંબુ ટીપણું ખોલ્યું. કેવું લાંબું ? જાણે આખું જગે તિષશાસ્ત્ર એમાં ઠલવાય ગયુ હતું જોષી મહારાજે કુંડલી બનાવી અને ફૈબાને રાશિ અક્ષરો જણાવ્યા. ત્યારે અચિરામાતા જોષી મહારાજને કહે છે કે જ્યારે બાળક મારા ગર્ભમાં આવ્યો ત્યારે મારી-મરકીના ભયંકર રોગની આંધી પણ એના પ્રભાવે સમી ગઇ હતી. માટે તેનું નામ શાન્તિકુમાર રાખીએ તો ? ત્યારે જોષી મ.ની સંમતિ મળતાં ફૈબાઓએ શાંતિકુમાર નામ જાહેર કર્યું ફૈબાએ તો ફૈયારામાં એટલુ એટલુ લાવ્યા હતા કે કેટલું વર્ણવી શકાય ?

શાંતિકુમાર નામ સ્થાપન થતાં વ્હાલા બાળને પારણામાં ઝુલાવવાનો કાર્યક્રમ શરૂ થયો. ઝુલાવવાની મોટી ઉછામણિ શ્રી રસિકલાલ પ્રેમચંદ શાહે લીધેલી. તેમણે પ્રભુજીને ઝુલાવ્યા. માતા-પિતાએ પણ ઝુલાવ્યા અને બધા ફૈબાએ પણ ઝુલાવ્યા. કાર્યક્રમની રંગત પૂબ જ જામી હતી.

ત્યં તો માતા-પિતાનો મોહ ઉછળ્યો અને શાંતિકુમારને પાઠશાળા લઈ જવાનો વિચાર આવ્યો. તૈયારી કરતાં રાજાને વાર શી ? વરઘોડો ચઢયો. પાઠશાળા જવા માટેનો આ બાજુ પાઠશાળામાં ય ધરખમ તૈયારી થઇ ગઇ હતી. કેટલાક ડાહ્યા વિદ્યાર્થીઓ તો શાંત જ હતા. પણ કેટલાક દુર્દાંત વિદ્યાર્થીઓ ધમાલ કરે. પણ બધાને શાંત થવા જણાવાયું હતું કારણકે રાજકુમાર આવી રહ્યા છે. તો વળી ઇન્દ્રસભામાં ત્યારે જ ઇન્દ્રાસન કંપી ઊઠયું. કેમ ? ઇન્દ્ર મહારાજાને ખ્યાલ આવ્યો કે પરમાત્માને પાઠશાળાએ લઈ જવાય છે ? ત્રણ ત્રણ જ્ઞાનના ધણી અજ્ઞાનીના વિદ્યાર્થી બને ? આ કેમ ચલાવી લેવાય ? તરત જ બ્રાહ્મણરૂપે મર્ત્યલોકમાં આવી. શિક્ષકના ઉચ્ચસ્થાને શાંતિ કુમારને બેસાડી પ્રભુજીને એવા પ્રશ્નો પૂછયા કે તેના પરમાત્મા દ્વારા અપાતા ઉત્તરો સાંભળી પંડકજી સન્ન થઇ ગયા ? ત્યારે ઇન્દ્રે સૌને પ્રભુજીનો પરિચય આપી અજ્ઞાતનાનું નિવારણ કર્યું !

આજે સવારનો આ પ્રોગ્રામ ઠીક લાંબો ચાલ્યો. તોય સભા અકડેઠઠ હતી. જન્મ વધાઇ ગીત-પાઠશાળા ગીત-ફૈયારાના ગીતથી અનંતલાભ આખી સભાને જકડી રાખતા હતા.

લગ્ન મહોત્સવ :

હા ? આજે વીતરાગ મૂર્તિને રાગની રંગોળી પૂરવા તૈયાર થવાનું હતું.

પરમાત્મા લગ્નગ્રંથિથી બંધાવાના હતા. આખી હસ્તિનાપુરી નગરી તો આનંદના હિલોળે હતી પણ શાંતિકુમાર તો પૂરા ઉદાસીનભાવમાં ઓતપ્રોત હતા. દેરાસરમાં ૨-૩૦ વાગે વિધિવિધાન થયા અને લગ્નનો વરઘોડો ચઢયો, તે પૂર્વે ભગવાનના મામા મામી (ચીમનભાઇ પુખ્યાણેન) એ મામેરૂ ઠાઠમાઠથી કર્યું હતું. મામેરામાં જાતજાતની બહુમૂલ્ય સામગ્રીઓ મૂકી હતી. તો વળી સાસુ સસરા (જયંતિભાઇ સરલાબેન) એ પણ લગ્નમાં કાયદામાં જાતજાતની ઘણી સામગ્રીઓ મુકી હતી. લગ્નના વરઘોડામાં સૌ મન મુકીને નાચ્યા. રાજકોટથી આવેલી રાસમંડળીએ રંગત જમાવી, અને લગ્નવિધિ શરૂ થઈ. ભવના ફેરા ફાપતા સ્વામી લગ્નનાં ફેરા કર્યા. 'આ લગ્ન છે. બંધન નથી...' 'કામ સુભટ ગયો હારી....' વગેરે પદ્યો દ્વારા પ્રભુજીની અનાસકિતની સ્તવના કરવામાં આવી હતી.

ફાગણ સુદ ૫. ૯-રાજ્યાભિષેક :

પ્રભુજીના રંગીન જીવનના એક એક પૃષ્ઠ ફેરવતા જતાતા' તેમાં આજે શાંતિકુમાર રાજ્યારોહણ કરવાના હતા. એક કક્ષમાં મહારાજા વિશ્વસેન મંત્રીધર સાથે વિચારણામાં મગ્ન હતા. અને તેમાં નિર્ણય લેવાયો કે રાજકુમારને રાજગાદી પર સ્થાપિત કરવા ! નિર્ણય જાહેર થતાં જ નગરી હસ્તિનાપુરી જાણે દેવનગરીમાં રૂપાંતરિત થઇ ગઇ. વિશાળ સ્ટેજ પર વચોવચ ઉત્તુંગ સિંહાસન પર શ્રી શાંતિકુમારને બિરાજમાન કરાયા હતા. આસપાસમાં રાજા રાણી મંત્રી સેનાપતિ કોષાધ્યક્ષ પુરોહિત મુકુટબધ્ધ રાજાઓ અભિષેક માટે હાજર થયેલા યક્ષ દેવતાઓ-વિશાળ સેના-નગરશેઠ વગેરે ઘણા ઘણાથી આ રાજસભા ઝળાહળા હતી. આ સભાની રોનક અને રોફની અલગ જ ભાત પાડતા હતા. ત્યાં તો સેનાપતિએ રાજસભાનો સમગ્ર કાર્યક્રમ રજુ કર્યો તે મુજબ સૌ પ્રથમ સંગીતકાર અનંતભાઇએ પ્રભુ ભક્તિનું ગીત શાસ્ત્રીય સંગીતમાં રજુ કર્યું. બાદ મંત્રી-પુરોહિતના વક્તવ્યો થયા. અને રાજપુરોહિતે શ્રી શાંતિકુમારને રાજ્યાભિષેક કર્યો. કુમારી મલ્લિકાએ-નિધિએ રાજાધિરાજને રાજ્યતિલક કર્યું. નૂતન નરનાથની છડી પોકારાઇ. ત્યારબાદ મુકુટબધ્ધ રાજાઓ અને દેવોએ રાજ્યભિષેક કર્યો.

પછીથી નગરશ્રેષ્ઠિથી માંડીને અગ્રગણ્ય નગરજનોએ નૂતન રાજવીનો ઢોળ કર્યો. આજના આ કાર્યક્રમમાં રાજકોટની રાસમંડળીના રાસ અને રાજકોટના નૃત્યકાર મહેન્દ્રભાઇના નૃત્યોને તો સભાને સ્તબ્ધ કરી દીધી હતી. તેમાં ય દીપક નૃત્યોથી તો લોકો આફ્રીન પુકારી બેઠા હતા. બધા જ કાર્યક્રમોમાં આજનો રાજ્યાભિષેકનો કાર્યક્રમ શિરમોર સમો બની રહ્યો હતો. અને તેમાં ય સેનાપતિ (પંકજભાઇ)નું તો એક એક કદમ પણ એવું શિસ્તબધ્ધ હતું કે જે પંચમ ચક્રવર્તી શ્રી શાંતિનાથ મહારાજાના

રાજ્યની શાન વધારતું જણાતું હતું.

ત્યાં તો 'જય જય નંદા... જય જય ભદ્રા...' નો કર્ણમંજુલ ધ્વનિ સંભળાયો નવ લોકાંતિક દેવો પ્રભુચરણોમાં હાજર થયા. સહજ વિરાગી અને સ્વરૂપ વિલાસી પરમાત્માને દીક્ષા ગ્રહણ કરવા ધર્મતીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે છે. તે દેવોની આત્મ રોમાંચક અરજી સાંભળી પ્રભુજી વતી શ્રી અમૃતભાઈ-કુસુમબહેને વરસીદાનનો શુભારંભ કર્યો 'એ પ્રભુ અંતરયામી, વિનવીયે શિરનામી...' ગીતે સૌને ભાવવિભોર બનાવી મૂક્યા.....

ફાગણ સુદ. દ્વિ. ૯-દીક્ષા કલ્યાણક :

નિકાચિત ભોગાવલી કર્મો હટાવવા સંસારમાં વસનારા વિશ્વવિભૂ હવે ત્યાગના માર્ગે સિંહકદમ ભરવા સજજ થયા. આજે સવારે ૯-૦૦ કલાકે દીક્ષા કલ્યાણકનો ભવ્યાતિભવ્ય વરઘોડો ચઢયો હતો. ઈંદ્રધ્વજ શરણાઈવાદન- ઘોડેસ્વારો ૬૪ ઇંદ્ર પદ પદ્મ દિકકુમારિકાઓ—મલપતો ગજરાજ—રાજકોટની રાસમંડળી બેન્ડો વડોદરાનું દરબાર બેન્ડ—મયુરકાર ભવ્ય શિબિકામાં પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાનનું વરસીદાન સૌધર્મેન્દ્ર રાજાની સુશોભિત ટ્રક, રાજદરબારની સુશોભિત ટ્રક, વિશાળ સાધુવૃંદ, પરમાત્માનો રથ, સુવિશાલ શ્રમણીવૃંદ વગેરે વરઘોડાની શોભામાં વૃધ્ધિ કરી રહ્યા હતા. મયુરાકાર શિબિકા ઘણી મનોહર બની હતી.

નગરના સમગ્ર રાજમાર્ગો પર વરઘોડો ફર્યો હતો. નગરમાં ચારેય બાજુ આનંદનો સાગર ઉભરાતો હતો. રસ્તાની બંન્ને સાઇડ ચિકકાર માનવમેદની જામ થયેલી જણાતી હતી લગભગ ૧૧-૩૦ના સુમારે વરઘોડો ફરીને હસ્તિનાપુરના પટાંગણમાં આવીને ઉભો રહ્યો પરમાત્મા સ્ટેજ ઉપર સજજ થયેલા ઉદ્યાનમાં પધાર્યા. આજના કાર્યક્રમની મંગલાચરણથી શરૂઆત થઇ. દીક્ષા કલ્યાણકના ગીતે સૌને ઉંડા વિચારમાં ગરકાવ કરી દીધા. બાર કુલમહતરા કુસુમબહેને પ્રવ્રજ્યાર્થી બનેલા પ્રભુને હૈયુ નિચોવીને હિતશિખ આપી. અને મમતાળુ માતા અચિરાદેવી ઉભા થયા તેમની પાસે માતાની મમતા પણ હતી. તેમ તીર્થંકરની માતા જેવી ધીરતા પણ હતી. મમતાની લાગણીના રંગે રંગાએલા શિખામણના એક એક શબ્દો સભાની આંખે આંસુના તોરણ બંધાવી દેતા હતા. સૌના હૈયા હચમચાવી દેતું માતાનું વકતવ્ય પૂર્ણ થતાં પિતા વિશ્વસેન રાજવી ઉપસ્થિત થયાં માર્ગની કઠોરતા, તેમાં જરૂરી વીરતા-ધીરતાનો સંદેશ સુણાવી આખર તો પિતૃપ્રેમથી પરાભૂત વાણી સુણાવી રહ્યા. આ જ અવસરે માતાની મમતાને કાવ્યદેહ આપતુ 'લે જે સમજીને દીક્ષાના ભાર....' ગીતે સૌને રડાવી મુકયા ત્યાં તો

ત્રિજગદીશ્વરે 'કરેમિ સામાઇયં'... ની પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. સા. એ પરમાત્માનો પંચમુષ્ટિ લોચ કર્યો. અને પરમાત્મા સંયમભાવમાં વિહરવા લાગ્યા.

આજે બપોરે પૂ. આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજમાં ગુરૂમૂર્તિના પ્રાણપ્રતિષ્ઠા સ્વરૂપ પાંચ અભિષેકો ઉલ્લાસભર્યા વાતાવરણમાં થયા હતા. બાદ ગુરૂવંદન ગુરૂસ્તુતિ વગેરે થયા હતા.

અધિવાસના—અંજનશલાકા :

અંજનશલાકા આ વિધાનને પ્રાણપ્રતિષ્ઠા કહેવાય છે. પરમાત્મ પ્રતિમામાં પ્રાણારોપણ કરવાનું એક અતિમહત્વ હોય છે તેથી જ પ્રતિમા પૂજ્ય બની શકે છે. આજે મધ્યરાત્રિ આસપાસના સમયે 'અધિવાસના'ના મહામાંત્રિક વિધાનો પૂ. આચાર્ય ભગવંતાદિએ કર્યા હતા. મંગલમૂહુર્તે આ વિધાન કરવા દ્વારા પ્રાણ પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યું હતું. બાદ ટુંક સમયમાં અંજનનું પણ મહામાંગલિક અને મહામાંત્રિક વિધાન કરવામાં આવ્યું કે—જેમાં મુહુર્તસમયે પૂ. આચાર્યદેવશ્રીએ સુવર્ણશલાકા દ્વારા પરમાત્મપ્રતિમાઓના નેત્રોમાં અંજન આંજ્યું. આ ક્રિયાને કેવલજ્ઞાનની પરમજ્યોતિના પ્રાદુર્ભાવની ક્રિયા ગણવામાં આવે છે. હવેથી પ્રતિમા દર્શનીય-પુજનીય બને છે. મધ્યરાત્રે આસપાસના સમયમાં જ આ સર્વક્રિયો સંપન્ન થયા હતા. તેથી પ્રભાતે ફાગણ સુદ-૧૦ ના પરમાત્માના પ્રથમ દર્શન માટે ભાવિકોની ભારે ભીડ જામી ગઈ હતી. સૌ કોઇ પરમાત્માના દિવ્ય દર્શન કરી ધન્ય બન્યા બાદ તરત જ સમવસરણમાં દેશના અને દેવવંદનાદિની ક્રિયા થઇ. ત્યારબાદ નુતન જિનાલયમાં નુતન શ્રી જિનબિંબો ઉપર નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેકની વિધિ કરવામાં આવી.

આસોપાલવ કોમ્પલેક્ષમાં નુતન જિનાલય :
શ્રી નમિનાથ આદિની પુણ્યપ્રતિષ્ઠા :

વાપીની ભૂમિ કેવી પુણ્યવંતી કે સ્વદ્રવ્યથી જિનાલય બંધાવનાર ભાવિકોના પણ અહિં દર્શન થાય છે. મોહનલાલ ગંગારામ-ગુલાબચંદ ગંગારામ અને ચંદ્રકાંત મગનલાલ આ પરિવારના સુપુત્રો—જિતેન્દ્રભાઇ અને રાજીવભાઇએ આસોપાલવ કોમ્પલેક્ષનું નિર્માણ કર્યું. ત્યારે આ આરંભના પાપથી બચવા માટે સાથોસાથ સામરણબદ્ધ શ્રી નમિનાથ ભગવાનનું જિનાલય પણ બંધાવ્યું. તેમાં પધરાવવાના શ્રી જિનબિંબોની અંજનવિધિ અમદાવાદમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની શુભનિશ્રામાં કરાવી હતી. અને એ પ્રાણપ્રતિષ્ઠિત બિંબોનો જિનાલય પ્રવેશ મહા સુદ ૯ ના શુભદિને થયો હતો. ત્યારબાદ

ફા. સુદ ૧૮ નાં શુભમુહૂર્તે પ્રતિષ્ઠા કરાવવાના નિમિતે ત્રણ દિવસનો શ્રી જિનભક્તિ મહોત્સવ તેઓના તરફથી ઉજવાયો હતો. એમાં આજે સવારે વાજતે ગાજતે પૂ.આ.ભ. શ્રી આદિ ચતુર્વિધ શ્રી સંઘ સાથે આસોપાલવમાં પધાર્યા હતા. અને ત્યાં 'ૐ પુણ્યાહં પુણ્યાહં'ના મંગલધ્વનિ ગાજી ઉઠયા હતા. ત્યારે સકલ શ્રી સંઘના નિરવધિ આનંદ ઉલ્લાસ વચ્ચે શુભમુહુર્તે-શુભલગ્ને પ્રભુ-પ્રતિષ્ઠા કરવામાં આવી. પૂ.આ.ભ. શ્રીએ માંગલિક ફરમાવ્યું. પ્રતિષ્ઠાપકોએ સુવર્ણ-રજતથી ગુરૂપૂજનાદિ કરી સંયમોપકરણો વહોરાવ્યા. બાદ ઉપસ્થિત સકલસંઘની નવકારશી તેઓના તરફથી રાખવામાં આવી હતી.

શ્રી શાંતિનાથ જિનાલયમાં પાવન પ્રતિષ્ઠા :

હર્ષોલ્લાસ સાથે શ્રી નમિનાથ જિનાલયમાં પ્રતિષ્ઠાવિધિ પુર્ણ કરી સકળશ્રીસંઘ હસ્તિનાપુરના આંગણે પહોંચ્યો. ત્યાંના વિશાળ મંડપમાં વ્યાખ્યાનસભા એકત્રિત થઇ હતી.

આજરોજ હાલારદેશોદ્ધારક પૂ. આ. ભ. શ્રી અમૃતસૂરીશ્વરજી મ. ની સ્વર્ગતિથિ હોવાથી હાલારના સુશ્રાવકોએ સ્વર્ગતથીના ગુણાનુવાદ વકતવ્યો કર્યા હતા. બાદ મુ. શ્રી નયવર્ધન વિ. મ.એ પ્રતિષ્ઠાનો મહિમા અને ગુણાનુવાદ બંને વિષયો વણી લઇને વ્યાખ્યાન આપેલ. મુ શ્રી દિવ્યાનંદ વિ. મ.એ પણ પોતાના જીવનમાં સ્વ.શ્રીનો ઉપકાર દર્શાવ્યો હતો. છેલ્લે પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્ર સૂ મ.એ પોતાના ઉપકારી ગુરૂદેવશ્રીના સુંદર ગુણાનુવાદ કરી તેઓશ્રીના જીવનની મહાનતા વર્ણવી હતી. આ બધા કાર્યો પુર્ણ થયા બાદ મલાડ-રત્નપુરી સંઘે પૂ. આ. ભ શ્રીને તેમજ મુંબઇ પાર્લા(વેસ્ટ)ના સંઘે પૂ.મુ શ્રી નયવર્ધન વિ. મ.ને ચાતુર્માસાર્થે વિનંતિ કરી હતી. જેનો પૂજ્યોએ સ્વીકાર કર્યો હતો.

આ બાજુ શ્રી શાંતિનાથસ્વામી જિનાલયમાં પ્રતિષ્ઠાની તમામ પુર્વતૈયારીઓ થઇ ચૂકી હતી. 'ૐ પુણ્યાહં પુણ્યાહં'નો ધ્વનિ વાતાવરણને ધ્વનિત કરી દેતો હતો. સૌના હૈયા હિલોળે ચઢયા હતા: ગામોગામના મળી હજારો ભાવિકો ભકિતની ભરતીમાં તણાતા હતા. ત્યારે શુભલગ્ન-શુભનવમાંશે ઘંટાનાદ સાથે શ્રી શાંતિનાથ સ્વામી આદિ સર્વે જિનબિંબો ગાદીનશીન કરવામાં આવ્યા. બરાબર આજ મુહુર્તે ગુરૂમંદિરમાં અનંતોપકારી પૂ. આ. ભ શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ની આબેહુબ જણાતી નયનરમ્ય ગુરૂમુર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. શિખરે પર વિજયધ્વજા લહેરાવવામાં આવી.

પ્રતિષ્ઠા બાદ ઉત્તરવિધિ કરવામાં મૂળનાયક ભગવાનની અષ્ટપ્રકારી પુજા આદિ સઘળી વિધિ થઇ. પૂ. ગુરૂભગવંતોની સુવર્ણ-રુપ્યનાણું મૂકવા પુર્વક નવાંગી પૂજા કરવામાં આવી. બાદ સામૂહિક ચૈત્યવંદન કરવામાં આવ્યું. અને ખુબ જ ભાવોલ્લાસ

સાથે પ્રતિષ્ઠાનો સમસ્તવિધિ સંપન્ન થયો.

બપોરે વિજયમુહુર્તે અત્રે શ્રી શાંતિનાથ સ્વામી નુતન જિનાલયમાં તથા શ્રી નમિનાથ સ્વામી નુતન જિનાલયમાં શ્રી બૃહદ્‌શ્નોત્તરી મહાસ્નાત્ર ઠાઠમાઠથી ભણાવવામાં આવેલ અને ત્યારબાદ ત્યાં આસોપાલવમાં સકલ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય થએલ હતું.

ફાગણ સુદ ૧૧ દ્વારોદ્‌ઘાટન :

આજરોજ સવારના સૂર્યોદય પુર્વે-શુભમુહુર્તે અત્રે શ્રી શાંતિનાથસ્વામી જિનાલયનું દ્વારોદ્‌ઘાટન સકલ શ્રી સંઘની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે અમૃતભાઇ પરિવારે કર્યું હતું. અને સદા માટે કલ્યાણના દ્વારની માફક જિનાલયના દ્વાર ખૂલ્યા મૂકયા હતા. ત્યાં સામુહિક ચૈત્યવંદન-સ્તવના વગેરે કરી પૂ.આ.ભ. શ્રી ચતુર્વિધ શ્રી સંઘ સાથે સસ્વાગત આસોપાલવ પધાર્યા હતા. ત્યાંય શુભસમયે આનંદોલ્લાસ સાથે ભાગ્યના દ્વારની માફક જાણે દેરાસરના દ્વાર ખુલ્લા મૂકયા. ત્યાં શ્રી નમિનાથ સ્વામીજીની સ્તુતિ કર્યા બાદ માંગલિક પ્રવચનાદિ થએલ.

આજે બપોરે શ્રી શાંતિનાથસ્વામીજી જિનાલયમાં સત્તરભેદી પૂજા ઠાઠમાઠથી ભણાવાએલ.

આ રીતે ડો. અમૃતભાઇ કસ્તુરચંદ નહાર પરિવાર યોજિત અંજન-પ્રતિષ્ઠાનો નવાન્હિક મહોત્સવ અનેરા આનંદ-ઉલ્લાસ-ઉછરંગ સાથે ઐતિહાસિક રીતે ઉજવાઇ ગયો.

ઉપસંહાર :

આ મહોત્સવ પ્રસંગે પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા તેમજ પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠાણા ઠેઠ મધ્ય પ્રદેશથી ઉગ્રવિહાર કરીને ખાસ પધાર્યા હતા.

પૂ.મુ. શ્રી નયવર્ધન વિ.મ. આદિ ઠાણા તથા પૂ. પ્રવર્તિની સા.મ.શ્રી હંસશ્રીજી મ. આદિ ઠાણા મુંબઇથી ખાસ વિહાર કરીને પધાર્યા હતા.

પૂ. સા. શ્રી પિયુષપુર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઉદયપુર્ણાશ્રીજી મ. આદિ ઠાણા ખાસ અમદાવાદથી ઉગ્રવિહાર કરીને પધાર્યા હતા. આ રીતે વિશાળ સાધુ-સાધ્વીજી સમૂહની તિશ્રા ઉપસ્થિતીથી આ આખોય પ્રસંગ દીપી ઉઠયો હતો.

આ મહામહોત્સવમાં અંજન-પ્રતિષ્ઠાના મહામાંગલિક મહાયાંત્રિક વિધિવિધાનો માટે સુવિશુદ્ધ ક્રિયાકારક શ્રી નવિનચંદ્ર બાબુલાલ જામનગરવાળા પોતાની મંડળી સાથે

પધાર્યા હતા. તેઓના ભક્તિભાવસભર શુદ્ધ વિધિવિધાનો આ પ્રસંગને માણ હતો.

પ્રભુભક્તિની રમઝટ-પ્રાસંગિક ગીતોની પરિમલ અને સ્ટેજ પ્રોગ્રામનું સુકાન આ તમામ જવાબદારી શ્રી અનંતભાઇ નગીનદાસ શાહ રાજકોટવાળાએ બજાવી હતી. પોતાની વિશાળ મંડળી સાથે પધારેલા અનંતભાઈએ પ્રભુભક્તિમાં સંગીતની ખુબ સુંદર રમઝટ મચાવી હતી અને દરરોજ સ્ટેજ કાર્યક્રમોમાં એવું સમર્થ સુકાન સંભાળ્યું કે કલાકો સુધી હજારોની મેદનીને જકડી રાખી મેદનીને પ્રભુભક્તિમાં તરબોળ બનાવી દેતા હતા

આ વિશાળ આયોજનની જવાબદારી શ્રી અનંતભાઇની સાથે શ્રી તુષારકુમાર બંસીલાલ શ્રી સંજયકુમાર મનહરલાલ અને શ્રેણિકકુમાર હેમચંદ્રભાઇ મુંબઇવાળાએ ખૂબ જ સફળતાપૂર્વક બજાવી હતી તેઓની રાત-દિવસની અતાગ મહેનતે પ્રસંગમાં માણ પૂર્યા હતા. તેમજ વાપીના શ્રી અજિત જૈન સેવા મંડળે પણ રાત-દિવસ જહેમત ઉઠાવીને ખૂબ સુંદર સેવા બજાવી હતી.

- કલ્યાણકોની ઉજવણી પ્રસંગે હંમેશા સમયાનુસાર અને પ્રસંગાનુરૂપ પ્રવચન પૂ. આચાર્યદેવશ્રી ફરમાવતા હતા.
- સમસ્ત કાર્યોમાં માર્ગદર્શક પૂ. મુનિરાજ શ્રી નયવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી મ. સા. બન્યા હતા. જેના પરિણામે સમસ્ત કર્યો તાદશ્ય ચિતાર ધારણ કરતા હતા.
- ઉજવાએલા પાંચેય કલ્યાણકોના પાંચ વરઘોડા પણ નીકળેલા હતા. જેમાં બહુ-સંખ્યામાં ભાઇ-બહેનો જોડાતા હતા. તેમાં દીક્ષાકલ્યાણકના વરઘોડાની ભવ્યતા તો અવર્ણનીય હતી.
- કલ્યાણકોની ઉજવણી શરૂ થઇ ત્યારથી જ શ્રી અમૃતભાઇ ક. નહાર પરિવાર તરફથી સમસ્ત વાપી સંઘના સાધર્મિકવાત્સલ્ય રખાયા હતા. આખા પ્રસંગના થઇને કુલ ૮ સાધર્મિક વાત્સલ્યોનો તેમણે લાભ લીધો હતો.
- મહોત્સવ દરમ્યાન રોજ રાત્રે ભાવના ભણાવાતી હતી. જેમાં અનંતભાઇ અને તેમની મંડળી મનમૂકીને વરસી પડતી હતી. રોજ ભાવનાઓમાં વાપીની ચિકકાર માનવ મેદની ઉભરાતી હતી.
- સમસ્ત કાર્યક્રમોના પોતે જ અધિકારી હોવા છતાંય શ્રી અમૃતભાઇ પરિવારે ઉદા-

રતા દાખવી કેટલાય પાત્રોની ઉછામણિ બોલવાની રજા આપી હતી. જેથી મંત્રીશ્વર સેનાપતિ-મુનિમજી-ઇશાનેન્દ્ર-કોષાધ્યક્ષ વગેરે ઘણા ઘણા પાત્રોની ઉછામણિ બહુ મોટી રકમથી બોલાએલી. જેથી લાખો રૂા.ની દેવદ્રવ્યવૃદ્ધિ થઇ હતી.

o સોનામાં સુગંધની માફક-અંજનશલાકાના આ મંગલમય પ્રસંગે જીવદયાનું એક અવિસ્મરણીય કાર્ય સંપન્ન થયું હતું. સ્થાનિક શ્રી અજિત જૈન સેવા મંડળ વાપી આતે જીવદયાનું કાર્ય ભારે જહેમતપૂર્વક કરી રહ્યું છે અને તેઓ એક જીવદયા કેન્દ્ર બનાવવા ઇચ્છતા હતા. ત્યારે મંડળના જ સક્રિય યુવા કાર્યકર શ્રી ઉજેશકુમાર છોટાલાલે પ્રારંભમાં જ બહુમોટી માતબર રકમની મોટી જગ્યા જીવદયા માટે દાનમાં જાહેર કરી ખૂબ અનુમોદનીય દૃષ્ટાંત પૂરું પાડયું હતું. તેમના આ દાનની જાહેરાત થયા પછી જીવદયા કેન્દ્રના ભાવિ પ્લાન માટે બીજા પણ ભાવિકોએ ભાવનાનુસાર દાનો જાહેર કર્યા હતા. આ કાર્યમાં પણ લાખોની રકમ લેગી થઇ હતી.

o વાપી જૈન સંઘે સ્વદ્રવ્યથી જિનાલય બંધાવનાર શ્રી અમૃતભાઇ ક. નડાર પરિવારનું, શ્રી જિતેન્દ્રભાઇ મોહનલાલ-શ્રી રાજીવકુમાર ચંદ્રકાંત તેમજ જીવદયાના કાર્યમાં મોટું યોગદાન આપનાર શ્રી ઉજેશકુમાર આ સૌનું ભાવભીનું બહુમાન કર્યું હતું. 'બહુમાન સ્વીકારવા નહિ ઇચ્છતાં આ પુણ્યવાનોનું કરાએલું બહુમાન'-આ મથાળાનતા ખરે ખર જોવા જેવી હતી. એજ રીતે આ સમગ્ર આયોજનમાં પોતપોતાનું યોગદાન, સમયદાન શક્તિદાન, આપનારા તમામનું શ્રી અમૃતભાઇએ ઉચિત બહુમાન કર્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમમાં સ્ટેજ, ડેકોરેશન અન્ય સાધન સામગ્રીવાળા સૌનું ઉચિત પારિતોષિક દાન તેઓએ આપ્યું હતું.

o આ આખાય પ્રસંગમાં શ્રી અમૃતભાઇના પરિવારના સાધુ-સાધ્વીજીઓ પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ., બાલમુનિ શ્રી મંગલવર્ધન વિ. મ., બાલમુનિ શ્રી હિતવર્ધન વિ. મ., તથા સાધ્વીજી શ્રી પુણ્યદર્શનાશ્રીજી મ., સા. શ્રી સમ્યગદર્શનાશ્રીજી મ. સા. શ્રી રાજદર્શનાશ્રીજી મ., સા. શ્રી સંવેગવર્ધનાશ્રીજી મ. આદિની સતત મળતી પ્રેરણા ખૂબ જ સહાયક નિવડી હતી.

o સૌથી છેલ્લે સૌથી મહત્વની વાત હતી-અમૃતભાઇ પરિવારની ઉદારતા ! અમૃતભાઇ તથા તેમના સુપુત્રો-રોહિતભાઇ-હરીશભાઇએ આ ભવ્ય આયોજન જે રીતે હાથ ધર્યું, તેના માટે છેલ્લા મહિનાઓથી રાત-દિવસ જે ભગીરથ પુરૂષાર્થ કર્યો, દરેક કાર્યોને ખૂબ સુંદર શાસન પ્રભાવક બનવવા પ્રયત્નો કર્યા, અને આ અંજનશલાકા

પ્રતિષ્ઠા મહોત્સવ જે આખા પંથકમાં છવાય ગયો—તે બધામાં શ્રી અમૃતભાઇ આદિની આશ્ચર્યજનક ઉદારતા ઉડીને આંખે વળગે તેવી હતી. પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મીનો વિનિયોગ કેવા સારા કાર્યોમાં થતો હોય છે. એનું જીવતું જાગતું ઉદાહરણ તેમણે પુરું પાડયું.

આ ભવ્ય પ્રસંગને નિહાળવા મુંબઇ, સુરત, નવસારી, નાસિક, અમદાવાદ, રાજકોટ, જામનગર તથા સમસ્ત વાપી પંથકના હજારો ભાવિકો ઉમટી પડયા હતા. આ પધારેલા સૌ કોઇ સાધર્મિકોની રહેવાની, જમવાની, તમામ વ્યવસ્થા આયોજકોએ ખૂબ સુંદર ગોઠવી બધાને પૂરી અનુકુળતા કરી આપી હતી.

જો કે આવા ઇતિહાસ સર્જક પ્રભાવક કાર્યોમાં શ્રી અમૃતભાઇ તો પોતાના પૂ. તારણહારા ગુરૂદેવ આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. વાત્સલ્યનિધિ મુ. ભ. શ્રી નયનદર્શન વિ. મ. ની તારક દિવ્ય કૃપા તેમજ પોતાના ઉપકારી વડિલો સ્વ. શ્રી કસ્તુરચંદભાઇ પ્રેમીબેન-ચંપાબેન-શાંતાબેન આદિના દિવ્ય આશિષને જ પીઠબળ તરીકે બિરદાવીને પોતાની નમ્રતા વ્યક્ત કરે છે.

મહોત્સવમાં લાભ લેનારા ખાસ મુખ્ય મુખ્ય પાત્રો :

પિતા–રોહિતભાઇ અમૃતલાલ નહાર
માતા–કવિતાબેન રોહિતભાઇ નહાર
મંત્ર–નગીનચંદ ચુનીલાલ શાહ
અચ્યુતેન્દ્ર, નગરશેઠ–અમૃતલાલ ક. નહાર
કોષાધ્યક્ષ–મુકેશ જયંતિલાલ શાહ
પ્રિયંવદા–મનાલી
સસરા–જયંતિલાલ ગુલાબચંદ નહાર.
સાસુ–સરલાબેન જયંતિલાલ નહાર.
શિક્ષક–નરેન્દ્રભાઇ લક્ષ્મીચંદ
પારણુ–રસિકલાલ પ્રેમચંદ શાહ
મંગલમૂર્તિ–૧) બાબુલાલ કપૂરચંદ જૈન
૨) ચીમનલાલ કસ્તૂરચંદ નહાર
૩) તારાચંદ રાજમલ પુનમિયા
પરિવાર. બોરડી.
કુલમહત્તરા–કુસુમબેન અમૃતલાલ નહાર

ઇન્દ્ર–હરીશભાઇ અમૃતલાલ નહાર.
ઇન્દ્રાણી–પ્રમિલાબેન હરીશભાઇ નહાર.
સેનાપતિ–પંકજ પ્રેમરાજ નહાર
ઇશાનેન્દ્ર–ઉજેશ છોટાલાલ શાહ
મુનીમજી–રતિલાલ વીરચંદ શાહ
રાજતિલક–મલ્લિકા નિધિ.
મામા–ચીમનલાલ કસ્તુરચંદ નહાર
મામી–પુષ્પાબેન ચીમનલાલ નહાર.
હરિણૈગમેષી દેવ–અભય જયંતિલાલ.
પટશાટક–મંદાબેન ઉજેકુમાર
છત્ર ધારક–પારસમલ ચોથમલ
સ્વપ્નલક્ષણપાઠક–જિનેશ, રાકેશ, પરેશ, મુકેશ, જેસલ
રાજ જ્યોતિષી—હરીઆ
છડીદાર—અક્ષય, પ્રશાંત, ગોકુળ, પરેશ

જા, સંયમ-પંથે દીક્ષાર્થી !
તારો પંથ સદા ઉજમાળ બને....

ભારતીય પરંપરા જેટલી પ્રાચીન છે એટલો જ પ્રાચીન શબ્દ છે 'દીક્ષા' આ ભૂમિની પરંપરાનો જૈન, બૌદ્ધ વગેરે ધર્મો ચિરકાળથી જાજરમાન સ્વરૂપે ઝળહળી રહ્યાં છે એમાં એક કારણ છે દીક્ષા. કેમ કે સામાન્યપણે તે તે ધર્મના પ્રધાન સંવાહકો છે સાધુઓ, શ્રમણો અને એ સાધુત્વનું સર્જન થાય છે દીક્ષા દ્વારા !! આથી જ આજેય દીક્ષાનો પ્રચાર પ્રસાર વિશેષ જોવાય છે. એમાંય જૈન ધર્મની દીક્ષા તો વધુ વિસ્મયજનક-આશ્ચર્યકારક છે. એની અત્યંત કડક આચારસંહિતા, ધોમધખતા તાપમાં ખુલ્લા પગે વિહાર, મસ્તકના કેશને હાથથી ખેંચી કાઢવા, વાહનનો ત્યાગ વગેરે બાબતો વર્તમાનના વિલાસી વાતાવરણમાં આઠમી અજાયબી જેવી છે અને છતાંય આ ધર્મમાં પણ દીક્ષા સતત પોંખાયા કરે છે એ જ દીક્ષાધર્મની વિશિષ્ટતા-મહત્તા પુરવાર કરી જાય એમ છે !!

પ્રશ્ન એ થાય છે કે દીક્ષા એટલે શું? વિદ્વાનોએ જુદા જુદા સંદર્ભોમાં સમાનાર્થક અનેક શબ્દોથી એની અલગ અલગ વ્યાખ્યાઓ કરી છે અને લોકમાનસે એનો સીધો-સાદો અર્થ કર્યો છે કે દીક્ષા એટલે સંસારનો ત્યાગ !! પણ હમણા દીક્ષાનો એક એવો સ-રસ અર્થ વાંચ્યો છે કે જે શબ્દાર્થ અને તાત્પર્યાર્થની દૃષ્ટિએ ય અદ્ભુત છે. દીક્ષાના બન્ને અક્ષરો જુદા કરીને નિરુક્ત પદ્ધતિએ આ અર્થ કરાયો છે કે દી=દીનતા અને ક્ષા=ક્ષય, જેનાથી દીનતાનો ક્ષય થાય તેનું નામ દીક્ષા!

આ અર્થનું તાત્પર્ય ઊંડાણથી વિચારવા જેવું છેઃ માત્ર વેશ પરિવર્તન કરી લેવાથી કે સ્થૂલ દૃષ્ટિએ સંસારનો ત્યાગ કરી જવાથી દીક્ષા પરિપૂર્ણ થઈ જતી નથી આંતરિક દીનતા દૂર થાય-સહજ મસ્તી પ્રગટે ત્યારે દીક્ષા સાર્થક ગણાય. કારણ કે દીનતા જન્મે છે અપેક્ષામાંથી જેટલી અપેક્ષા વધુ એટલી દીનતા વધુ. તમે કોઈના પ્રત્યે અમુક ચોક્કસ અપેક્ષા ધરાવતા હોય તો તમારે એની હરકતો વગેરે કમને પણ સહવાની દીનતા દાખવવી જ પડે. પરંતુ જો તમે સાવ નિરપેક્ષ જ હો તો તમારે મોટા ચમરબંધી સામે ય દીન ન થવું પડે. આમ દીનતા દૂર કરવાનો સંદેશ આપતો આ 'દીક્ષા' નો શબ્દાર્થ વાસ્તવિક રીતે તો અપેક્ષામુક્ત બનવા પ્રત્યે જ અંગુલિનિર્દેશ કરે છે. આ રીતે અપેક્ષામુક્ત જીવન જીવીને 'દીક્ષા'ને ઉપરોક્ત અર્થમાં ચરિતાર્થ કરી જનાર બારમી શતાબ્દીના શ્રીમાન વીરાચાર્યનો પ્રેરક પ્રસંગ જાણવા જેવો છેઃ

સિદ્ધરાજ જયસિંહની વિદ્વત્સભાના શણગાર સમા આ આચાર્યશ્રીને એકવાર

વાત વાતમાં સિધ્ધરાજે કહ્યું: 'આપને મળી રહેલા આ માન-પાન રાજયાશ્રયને આભારી છે.' આચાર્યશ્રીએ મર્મવાણી કહી: 'રાજન! જ્યારે ભક્તિમાં ગર્વ ભળે છે ત્યારે એ અર્થહીન બની જાય છે. એવી ભક્તિ સ્વીકારવા કરતા વિહાર વધુ શ્રેયસ્કર છે.' સિધ્ધરાજ ચમકયો. આચાર્યશ્રી વિહાર એને પાલવે એમ ન હતી. તેઓ વિહાર ન કરી જાય એની તકેદારી રાખવાનો આદેશ રાજાએ નગરરક્ષકોને આપ્યો. પરંતુ આચાર્યશ્રી તો લબ્ધિધારી હતા. તેઓ વિદ્યાબળે આકાશમાર્ગે રાજસ્થાનના પાલીનગરે પહોંચી ગયા.

સિધ્ધરાજે જ્યારે આ જાણ્યું ત્યારે એ શરમિંદો બની ગયો. એણે પોતાની ભૂલની કબૂલાત કરીને આચાર્યશ્રીને ફરી પાટણ પધારવા વિનંતી કરી. ઉદાર દિલના આચાર્યશ્રીએ એ વિનંતી સ્વીકારી અને મહાબોધપર-ગ્વાલિયર વગેરે અનેક સ્થળે વિચારીને સર્વત્ર સન્માન મેળવતા મેળવતા તેઓ પાટણ પધાર્યા ત્યારે સિધ્ધરાજને કહ્યું: 'સાચા સાધુ કોઇના ઓશિયાળા ન હોય, એ તમામ સ્થિતિમાં નિસ્પૃહ હોય, આ સત્ય સમજાવવા જ હું વિહાર કરી ગયો હતો.' સિધ્ધરાજને હવે એ સત્ય સમજાઇ ગયું હતું. નતમસ્તકે એણે એ સત્ય સ્વીકારી લીધું...

આવી અપેક્ષામુકત અવસ્થા સર્જાય ત્યારે દીક્ષા સાચા અર્થમાં સાર્થક બને. દીક્ષાર્થી આ કક્ષા સર કરીને દીક્ષાને દીપાવે એવી શુભેરચ્છા વ્યકત કરીએ અને 'શિવાસ્તે સન્તુ પન્થાનઃ'ની ભાવનાને અનુસરીને આપણે ગાઇએ કે:-

'જા, સંયમ-પંથે દીક્ષાર્થી,
તારો પંથ સદા ઉજમાળ બને...'

—મુનિ રાજરત્નવિજય
(ગુ. સ. ૨૯-૬-૯૫)

જાપાની કહેવતો

૦ શેરીનાં કૂતરાને પણ ગરીબ ઘરની જાણ હોય છે.

૦ કુશળ કારીગરોને રોજી રળવા દૂર દેશાવર જવું પડતું નથી.

૦ તેલ ખુટશે એટલો દીવો આપમેળે જ બુઝાવાનો છે.

૦ જેનો આદિ છે એનો અંત પણ હોવાને. જ સંસારમાં.

૦ ઉછીની લાવેલી બિલાડી કંઇ ઉંદરડા ન મારે!

૦ સોયનાં નાકામાંથી કંઇ આખુ આકાશ ન દેખી શકાય!

૦ પાસે રહેતો મિત્ર દૂર રહેતાં સગાંથી વધુ અપનો.

૦ આંખ ફોડી નાંખવા એક તણખલું પણ પુરતું છે. (પરમાર્થ)



- 'મારે સંસાર નથી જોઇતો મોક્ષ જ જોઈએ છે' આવી જેને ઇચ્છા ન હોય તે ભગવાનને ઓળખતાં ય નથી અને માનતા પણ નથી.
- અંતરની મજા જુદી છે, બાહ્ય મજા જુદી છે.
- દુનિયાની પ્રવૃતિ રસપૂર્વક પ્રેમથી થાય છે, જ્યારે ધર્મની પ્રવૃત્તિ મોટો ભાગ રસ વગર જ કરે છે પછી તેને ધર્મક્રિયામાં મજા શી રીતે આવે ?
- દુનિયાનું સુખ અને તેની સામગ્રી ગમતી હોય તો તે સાધુ હોય તોય તમારા કરતાં ભયંકર 'સંસારી' છે.
- ભગવાનને માનનારો રહે દુનિયામાં પણ દુનિયા સાથે તેને મેળ જામે નહિ.
- સંસારની અનુકૂળતા ભૂંડી ન લાગે, તેની ઇચ્છા થાય તો ય દુઃખ ન થાય તો સમજી લેવું કે– હજી ધર્મ આવ્યો નથી.
- સંસારના સુખની ઇચ્છા થાય ત્યારથી ગભરાય અને સુખ મળે તો મૂંઝાય તો તે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે.
- જેને મોક્ષ સાથે કાંઇ લાગે વળગે નહિ તેને ભગવાનની ઓળખ સાચી થાય નહિ.
- ભગવાનની ભક્તિ ભાવ માગે છે, ભાવ હ�ૃદયમાં પેદા થાય છે, ભાવ પેદા થવા મોક્ષની ઇચ્છા જોઇએ મોક્ષની ઇચ્છા દુનિયાના સુખમાં ઉદ્વેગ માગે છે.
- મોહનો ધંધો મૂંઝવવાનો તેની સામે તકરાર કરવાનો ધંધો ધર્માત્માનો !
- આજે મોટાભાગનું પુણ્ય છે સારૂં પણ તે પાપાનુબંધી છે કેમકે, તેના પાસે સારી રીતનું પાપ કરાવે છે, પાપ કરવા છતાં પણ કોઇ તેને કહી શકતું નથી કે કે રોકી શકતું નથી. દેવ–ગુરૂ–ધર્મની ય આશાતના કરાવે છે.
- જેને ઘર–બારાદિ યાદ છે અને દેવ–ગુરુ–ધર્મ યાદ નથી તેનું પુણ્ય પાપાનુબંધી જ કહેવાય ને ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખ બાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમ છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિ. કર્યું